શ્રી હરિ:

श्रीमद्-भागवतम्

તૃતીય સ્કંધ

દ્વિતીય વિભાગ

સંપાદક : કર્દમ ઋષિ

વિવેચક : કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી

॥ समुपायनम् ॥

विश्ववन्दनीय-अभिनवशुक-विद्वद्वरेण्य-ब्रह्मर्षिवर्य-पू.पा. श्रीकृष्णशङ्करशास्त्रिचरणानां पुण्यस्मृतौ त्रिवेणीसम्मेलनस्य चतुर्दशाधिवेशने श्रीमद्भ्य: ____________________ महानुभावेभ्य: सदैन्यम् समर्प्यते इदंग्रन्थ पुष्पम्

स्थलम् : **श्रीभागवत विद्यापीठम्**
दिनांक : २१/१०/२००२ अश्विनशुक्लपूर्णिमा सं. २०५८

समर्पक : **श्रीकृष्णानिधिप्रन्यासिगण:**
श्रीकर्दमात्मजो भागवतऋषि:

શ્રી હરિ :

શ્રીમદ્-ભાગવતમ્

તૃતીય સ્કંધ

શ્લોક, અન્વયાર્થ, ભાષાંતર, તત્વસુધા વિવેચન સહિત

દ્વિતીય વિભાગ

વિવેચક
કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી એવં
ભાગવતઋષિ કર્દમઋષિ શાસ્ત્રી

:પ્રકાશક:
શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ, સોલા, અમદાવાદ - ૩૮૨૪૮૧

વિવેચક :-
શ્રી કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી.
આતિથેયમ્ , **નડિયાદ**

પ્રકાશક :-
શ્રી ભાગવત વિદ્યાપીઠ,
કૃષ્ણધામ સોલા, **અમદાવાદ**

સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન છે.

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩
નકલ : ૨૫૦૦
દ્વિતીય આવૃત્તિ : ૧૯૯૮
નકલ : ૫૦૦૦

મુદ્રક :-
ગુજરાત ઓફસેટ
વટવા, અમદાવાદ

પ્રાપ્તિસ્થાન:-

૧. કૃષ્ણશંકર શાસ્ત્રી
આતિથેયમ્ , કોલેજ રોડ, નડિયાદ

૨. શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ સોલા, અમદાવાદ-૩૮૨૪૮
ટે. ૭૪૭૩૮૩૯

૩. શ્રી સરલા દલાલ.
૩૫, ન્યુ નવરંગ સોસાયટી,
ત્રીજે માળ, પેડર રોડ, મુંબઇ-૨૬
ટે. ૩૮૮૨૪૩૩

૪. શ્રી વિણાબહેન મનહરલાલ.
૫, આનંદ, ૫મો રસ્તો,
જુહુ સ્કીમ, વિલે પાર્લે (વે)
મુંબઇ - ૫૬

૫. શહેર ઓફિસ
૩૦૨, રીલીફ શોપીંગ સેન્ટર,
જી.પી.ઓ. પાસે, અમદાવાદ - ૧
ટે. ૫૫૦૨૯૪૫

૬. શ્રી નિરૂભાઇ પારેખ
૧૬, આદર્શ સોસાયટી,
અઠવા લાઇન્સ, સુરત -૭
ટે. ૨૨૮૯૬૪

૭. શ્રી ભગવાનદાસ દલાલ
યમુના વિહાર, રેસકોર્સ રોડ,
અજન્ટા સોસાયટી, અલકાપુરી,
વડોદરા ટે. ૩૮૦૨૦૦

શ્રીહરિઃ

વંદનકુસુમાવલિ

"પ્રભુના, પૂજ્ય જનના અને સ્વજનોના પુણ્યશીલના ઉપકારોનું ઋણવિમોચન શી રીતે થાય ? કેવલ કૃતજ્ઞ હૃદયે તેમના અમિત ઉપકારો સ્મરાય અને તેમના શ્રીચરણે પુષ્પાંજલિ તેમજ પ્રણામાવલિ સેવાર્થ સમર્પાય." આ આર્યાવર્તની પુણ્યપ્રણાલિકા છે.

પુણ્યજનોની એ પુણ્ય પ્રથાને અવલંબી દયામય શ્રીહરિને ચરણે આર્દ્રહૃદયે સર્વ પ્રથમ પ્રણામ પુષ્પાંજલિ સમર્પણ :– કારણ કે એ અનંત કરુણાનિધિના અમિત અનુગ્રહ અને મનોરથથી જ આ શ્રીમદ્ ભાગવતજીના સાર્થ અને સવિવેચન પ્રકાશનનું મંગલાચરણ થયું છે, જેના પ્રથમ દ્વિતીય સ્કંધનો પ્રથમ વિભાગ સંવત ૨૦૨૦ માં પ્રકટ થયો હતો. આજે તૃતીય સ્કંધનો દ્વિતીય વિભાગ પ્રકટ થઈ રહ્યો છે આ અવસરે —

શ્રી દ્વૈપાયન મહર્ષિના પાદકમલે પુનઃ પુનઃ પ્રણામ. વિષાદ, વિલાસ, પ્રમાદ અને વાદવિવાદ–સાગરમાં ડૂબતી 'બુધ–અબુધ' જનોની મતિને ઉગારવા અને નિઃશ્રેયસ નિવાસે વસાવવવા જેમણે શ્રીમદ્ ભાગવત તીર્થદ્વીપની સમાજને ભેટ ધરી અને તે તીર્થદ્વીપમાંથી હરિરસ–તરસ્યાં ચિત્ત–ચાતકને તોષવા–પોષવા ભગવદ્યશઃપીયૂષ–સરિતાને વહેતી કરી.

અને અનેક નમસ્કાર આચાર્યવર **શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના શ્રીચરણને**, કે જેઓએ અગમ અને અગાધ એવા શ્રીમદ્ ભાગવત–પીયૂષ–સમુદ્રમાં પ્રવેશી સુધારસ પાન કરવા શ્રીસુબોધિનીજીનાં સોપાન રચ્યાં, જે સોપાને ઊતરી જનસમાજે ભક્તિસુધાનું પાન કરી શ્રીહરિનાં દર્શન કીધાં અને સર્વ દર્શન શાસ્ત્ર શ્રવણનાં ફલ લીધાં. તત્ત્વસુધા શ્રીસુબોધિનીજીની સંપૂર્ણ ઋણવતી છે.

વળી શ્રીમદ્ ભાગવતચિંતક શ્રીધર સ્વામીજી વગેરે સંત પરમહંસ વૃન્દને; ભાગવત ભાષ્યકાર શ્રી રાઘવાચાર્યજી, શ્રી વિજયધ્વજાચાર્યજી, આચાર્ય શ્રીવિશ્વનાથ ચક્રવર્તીજી, આચાર્યશ્રીજી તેમજ શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીપુરુષોત્ત દીક્ષિત ગોસ્વામીજી આદિ આચાર્યવૃન્દને; ભાગવતવિવેચક શ્રીબંસીધર મહારાજ વગેરે પંડિતવૃંદને મારી વંદનપરંપરા. આ મહાન ચિંતકોની લેખિનીઓની પણ તત્ત્વસુધા કૃતજ્ઞ મધુકરી છે, એ સમર્થ ચિંતકોએ આનંદકન્દ ભાગવતના પ્રત્યેક પદકદંબનું વિવેચન કરી મુક્તિરસલહરી અને મુકુન્દરસમાધુરી પીવરાવી છે.

અને એક પ્રણામપુષ્પ, પૂ. શ્રી. બદરીનાથ શાસ્ત્રીજીના ચરણેઃ–પંડિતપંચાનન પૂ. શ્રી. બદરીનાથ શાસ્ત્રીજી સાથે જ્ઞાનગોષ્ઠિ કરવી, કે કોઈ પણ શાસ્ત્રની ચર્ચા સાંભળવી, તેમનું પ્રવચન સાંભળવું, શ્રીમદ્ ભાગવતનું તેઓનું સ્વતંત્ર ચિંતન સાંભળવું એ દુર્લભ લહાવો છે. સર્વ શાસ્ત્રો અને વેદોનાં રહસ્ય જ્ઞાન તો તેઓને હસ્તામલક છે. ભાગવતના અનેક દુરૂહ વિષયોની સ્પષ્ટતા અનેકવાર એમના અનુગ્રહથી મેળવતો.

સાહિત્ય મર્મજ્ઞ સ્ત્રીશિક્ષણ કેળવણી સંસ્કાર વતયાગનાં અધ્વર્યુ શ્રી કર્વે યુનિવર્સિટીનાં મૂલભૂત પ્રાણ સ્ત્રી–સ્વાતંત્ર્યનાં હિમાયતી વિદ્યાવિનયશીલસમ્પન્ન ભક્તહૃદય શ્રી પ્રેમલીલાબહેન ઠાકરસી અને આવા અનેક ગુણોથી શ્રી પ્રેમલીલાબહેનનાં દ્વિતીય પ્રતિકૃતિ સમાં શ્રીસુંદરબાઈ ઠાકરસીને આ પ્રસંગે એક સદ્ભાવપુષ્પ ન સમર્પું તો હૃદય અસંતુષ્ટ રહેશે. શ્રીપ્રેમલીલાબહેને અનેક ગુણ સમલંકૃત સર શ્રીવિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીના ઋણાપનયન માટે શ્રીમદ્ ભાગવત તત્ત્વસુધાના પ્રથમ ભાગનું પ્રકાશન કરી આ ગ્રન્થને પ્રકટ થવાનું પુણ્યકર્મ પ્રારંભ્યું છે.

પ. ભ. શ્રી ભાઈદાસભાઈ મગનલાલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ મહોત્સવ પ્રવર્તક એક પ્રસ્તોતા હતા. જેમની પ્રેરણા અને કાર્યથી મુંબઈ, સુરત વગેરે અનેક સ્થળોએ સમૂહ સપ્તાહનો પ્રારંભ થયો. એમની એ આરંભેલી યજ્ઞદીક્ષાને તેમનાં ધર્મપત્ની શ્રી ચંદ્રાબહેન અવિરત અનુસરતાં આવ્યાં છે. વર્તમાનકાળમાં શ્રીમદ્ ભાગવતના સમર્થ અને સર્વ વક્તા કથાકાર વ્યાસ એવા કોઈ પણ નહીં હોય કે

શ્રીચંદાબહેનના તે વક્તા આચાર્ય ન બન્યા હોય અને તેમનાં સ્વાગત ન પામ્યા હોય, તેમને પણ એક આદરપુષ્પ અર્પવું સ્થાને જ ગણાય.

વળી શ્રીભાગવત વિદ્યાપીઠ, કૃષ્ણનિધિ, શ્રી વલ્લભનિધિનાં ટ્રસ્ટોની સમસ્ત સેવા ક્રિયાઓમાં તેમનાં પુત્રી ઉષાકુમારી વગેરે કુટુંબીજનો સાથે સક્રિય નિત્યરસ રસ લેતાં દમ્પતી શ્રી વીણાબહેન અને મનહરલાલભાઈને આ અવસરે એક કૃતજ્ઞતા–કુસુમ અર્પવાની વૃત્તિને અટકાવી શકતો નથી.

મુદ્રણાલયના અધ્યક્ષ સ્વામીશ્રી ત્રિભુવનદાસજી મારા સતીર્થ્ય સુહૃદ છે. તેઓશ્રીએ અનેકવિધ શ્રમ લઈ પ્રકાશનને વેગ આપ્યો છે. ઉત્તરોત્તર પ્રકાશન પામનારા ભાગોને એમના દ્વારા સફળતા મળશે એ ભાવના સાથે એક આદરકુસુમ એમના કરકમલે પણ શોભે.

આ સાથે શાસ્ત્રી શ્રી ચન્દ્રકાન્તભાઈને થોડાં પુષ્પો સમર્પું તો તે યોગ્ય જ મનાશે. કારણ કે પ્રકાશનોનો સમગ્ર વિભાગ તેઓ સંભાળે છે. આ ગ્રન્થનું સંપાદન કાર્ય ચિ. કર્દમ ઋષિ કરે છે. એની પાસે એક આશા કે હવે તે લેખનનું કાર્ય સંભાળી લે એ જ સદ્‌આશીર્વાદ પુષ્પ એને સમર્પણ

લોકકલ્યાણનાં આવા ગ્રન્થોને પોતાને ત્યાં રાખવાની વ્યવસ્થા કરી ગ્રંથના ચાહકોને ગ્રન્થો આપવાની વ્યવસ્થા કરતાં શ્રી શાંતિલાલ ડી શાહ, શ્રી નિરંજનલાલ. હ શીશવાવાળા, શ્રી રમણલાલ પાદરાવાળા તેમજ આવાં સાહિત્યો તન–મન–ધનની સેવાથી જનસમાજના વિવિધ જનો પાસે વિવિધ દેશોમાં પહોંચાડતા ઓચ્છવલાલ ગોવર્ધનદાસ શાહને પણ આદર પુષ્પોનું અર્પણ યોગ્ય જ મનાશે.

મુ. શ્રી મણિભાઈ બાપુજી ગાંધી સેવાશીલ સાધુજન છે પણ મારા સ્વજન છે. તત્ત્વસુધાને 'શ્રીકૃષ્ણનિધિ' ટ્રસ્ટથી ગ્રંથાકારે આપવામાં આવે છે તેના તે ટ્રસ્ટી છે. તેમનો આદ્યંત સહયોગ છે, તેઓનું દીર્ઘાયુષ્ય ઇચ્છું છું એ જ મારું તેમને પુષ્પ છે.

મારા પૂજ્ય પિતાશ્રીની પવિત્ર અભિલાષા હતી કે મારે સંસ્કૃત ભણવું અને સર્વત્ર શ્રીમદ્ ભાગવતનું ગાન કરવું; તો જ વિપ્રના પિતા તરીકે તેમને સંતોષ થાય. એમની અભિલાષા મારે માટે આશિષ બની છે તેમના ચરણમાં મારું મન–મસ્તક નિત્ય નમે છે.

“શ્રીસત્સંગમંડળ” નડિયાદ-એક આદર્શપૂર્ણ સંસ્થા છે. સંપૂર્ણ નિમિત્ત છે. અનેક વર્ષો સુધી એ મંડળમાં ભગવદ્ યશોગાન પાન મને મળેલાં છે એનો હું અનન્ય ઋણી છું. મંડળના શ્રી ભાઈલાલભાઈ ગાંધી શ્રી ચિમનલાલ બાસુદીવાળા વગેરે ભગવદીયોને હું સ્મરું છું. અને શ્રીઠાકોરજીને દંડવત્ કરું છું.મારા ઉપવીત દીક્ષાચાર્ય અને શિક્ષારંભાચાર્ય પૂ. શ્રી ગોવર્ધન શાસ્ત્રીજીને પણ પ્રણામાંજલિથી પૂજું છે.

અનંત પ્રણામ અનંત સુજ્ઞજનોને કે જેઓને સંસ્કૃતિમાં રસ છે અને શ્રીમદ્ ભાગવતમાં જિજ્ઞાસા છે. એવા સુજનોની જિજ્ઞાસા તત્ત્વસુધાના નિર્માણમાં આત્મા છે.

અંતમાં અન્વય ભાષાન્તરે તેમજ તત્ત્વસુધાના વિવેચન સાથેનો ભગવાનના દક્ષિણ કરકમલ સ્વરૂપ આ તૃતીય સ્કંધ શ્રી નટવરપ્રભુના શ્રીકરકમલમાં શ્રીમદાચાર્યવર્ય શ્રી નટવરગોપાલ–શ્રી વ્રજરાયજીના કરકમલ દ્વારા સમર્પણ કરાતાં રસગુણ શૂન્ય હશે તો પણ સર્વરસગુણ પૂર્ણ બનશે.

તૃતીય સ્કંધનું અનાવરણ વિદ્યાવ્યાસંગી મનીષી ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ઇશ્વરભાઈ પટેલને હસ્તે થતાં સુવર્ણે સુગન્ધ ન્યાય સહજ બની જશે.

વાચકવૃંદની એક કરબદ્ધ ક્ષમા કે ગ્રન્થની પિપાસા વિલંબે પોષી રહ્યો છું. પરંતુ શ્રી ઠાકોરજીને વિનવું છું કે અવિલંબે પછીના ભાગો જનસમાજને કરકમલે ધરી શકું તેવો અનુગ્રહ કરી અપનાવ્યો છે તેથી અધિક અપનાવશે, એવી શ્રદ્ધા સાથે વિરમું છું. વિશેષમાં મુદ્રણમાં જે કંઈ ક્ષતિ રહી હોય તે મારે ફાળે નોંધે રસ ન મળે, રહસ્ય ન મળે, તેનો મને જ નિમિત્ત માનશે, સમાધિભાષાને નહિ.

—અતિથિ

શ્રીહરિઃ

પ્રાક્‌કથન

કોઈ પણ ગ્રન્થના અવબોધ માટે અને અવગાહન માટે પ્રાક્કથન–આમુખ કે પ્રસ્તાવના એ એક દિવ્ય પ્રાસાદની વેદિકા સમાન છે, પ્રાકકથન જિજ્ઞાસુને અજ્ઞાત ગ્રંથનુ આપાતતઃ જ્ઞાન કરાવી દે છે.

આ દૃષ્ટિએ તૃતીય સ્કંધના વિષયબોધ માટે પ્રાક્કથન લખવું સહજ આવશ્યક બન્યું છે. બાકી શ્રીમદ્ ભાગવતની પ્રસ્તાવના વિના સહજભાવે એનું પઠન શરૂ થતાં સ્વયં ગ્રન્થ સમજાય એવો છે. ઘણી વખત પ્રસ્તાવના કે આમુખ ગ્રન્થને કઠિન બનાવી મૂકે છે. તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ શ્રીમદ્ ભાગવત ગ્રન્થ ઘણો જ ગંભીર સાગર છે. પરંતુ રસજ્ઞો માટે તો સુખપેય "મધુર પ્રપા" છે. કોઈ પણ પાનાર મળે તો "કર્ણાંજલિ" ધરી દેતાં એનું સમગ્ર રહસ્ય વિના શ્રમે પી લેવાય છે.

આમ છતાં પ્રાસંગિક કંઈક લખવાનો આરંભ કર્યો છે. વ્યાસ મહર્ષિએ જે તાત્પર્યથી શ્રીમદ્ ભાગવતનો પ્રાદુર્ભાવ કર્યો છે તે તાત્પર્ય મારા જેવા લઘુમતિને દુરુહ જ હોય તો પણ કર્તવ્યપાલન એટલું જ અનુલ્લંઘ્ય છે તેથી લખવું જ રહ્યું,

શ્રીમદ્ ભાગવત સ્વયં રસરૂપ છે– ભગવદ્રૂપ છે. આનંદરૂપ છે. વાઙ્મયસ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવતનું દર્શન–શ્રવણ–પઠન–ચિંતન–અર્ચન એવું કાંઈ શ્રદ્ધાપૂર્વક કરનારના હૃદયમાં પ્રભુનો આવિર્ભાવ થવાનો જ.

શબ્દ અને અર્થ હમેશાં સહયોગી છે–અવિનાભાવ સંબંધ ધરાવનારા છે. શબ્દનું શ્રવણ થતાં જ અર્થ–પદાર્થનું સ્વરૂપ દૃષ્ટિ સામે આવશે જ. શ્રીમદ્ ભાગવત શબ્દ ઉચ્ચારતાં જ "ભગવાન હૃદયંગત" થવાના જ.

આવા શ્રીમદ્ ભાગવતનો પ્રથમ–દ્વિતીય સ્કંધ ભગવાનના દક્ષિણ–વામ ચરણકમલ છે. આ બંને સ્કંધોમાં અધિકાર અને સાંગ શ્રવણનો પ્રકાર વર્ણવ્યો છે. શ્રોતા–વક્તાના આવશ્યક ગુણો–ધર્મો એટલે "અધિકાર" એવો અર્થ સમજવો. પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાયના ચરિત્રથી તે સ્પષ્ટ થયેલ છે. શ્રી શૌનક–શ્રીવ્યાસજી–શ્રીપરીક્ષિત આ ત્રણ શ્રોતાઓ અને શ્રીસૂત મહર્ષિ, દેવર્ષિ નારદજી અને પરમર્ષિ શ્રી શુકાચાર્ય આ ત્રણ વક્તાઓ અને એ ત્રણેની યોગ્યતા પ્રથમ સ્કંધમાં સ્પષ્ટ સ્વરૂપે આપી છે.

દ્વિતીય સ્કંધમાં અંગો સહિત શ્રવણનું નિરૂપણ દશ અધ્યાયમાં ત્રણ પ્રકરણમાં વિચાર્યું છે. તત્ત્વધ્યાન પ્રથમ બે અધ્યાયથી, હૃદયપ્રસાદ–મનઃપ્રસન્નતા બે અધ્યાયથી, મનન છ અધ્યાયથી આમ મળી કુલ દશ અધ્યાયથી અંગો સહિત શ્રવણ કરવાનો પ્રકાર એટલે સાધન જ્ઞાન આ સ્કંધમાં ગાવામાં આવ્યું છે. પુનઃ વિસ્તાર થઈ જશે એટલે આટલું વિચારી તૃતીય સ્કંધનો વિષય શરૂ કરીએ.

તૃતીય સ્કંધના કુલ તેત્રીસ અધ્યાય છે. આ સ્કંધ ભગવાનનો "દક્ષિણ કર" છે. અને "સર્ગ" લીલા એવી એ સ્કંધની સંજ્ઞા છે.

કથા વિષયની દૃષ્ટિએ સ્કંધની ૧ થી ૧૯ અને ૨૦ થી ૩૩ અધ્યાયોનાં બે પ્રકરણોમાં વહેંચણી થાય છે. તેમાં શ્રી વરાહચરિત્ર અને કપિલગાથા આવા બે મુખ્ય પ્રસંગો આવે છે. તૃતીય સ્કંધના વિદુરજી શ્રોતા અને મહર્ષિ મૈત્રેય વક્તા છે. સૌ પ્રથમ આવશ્યક એવી પ્રકરણવિભાગચર્ચા અને "સર્ગ" શબ્દનો અર્થ વિચારી લઈએ.

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ २–१०–१

આ શ્લોક દ્વિતીય સ્કંધના દશમા અધ્યાયનો છે. એમાં સમજાવ્યું કે શ્રીમદ્ ભાગવત ગ્રંથમાં સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઉતિ-વાસના-મન્વન્તર-ઈશાનુકથા-નિરોધ-મુક્તિ-આશ્રય આવી દશ પ્રકારની લીલા-વાળા ભગવાનનું સ્વરૂપ વર્ણવ્યું છે. આ દશે પ્રકારની લીલાઓનું નિરૂપણ કરતાં વિસ્તાર થઈ જશે માટે "સર્ગ" સંબંધની જ ચર્ચા કરીએ.

સર્ગ એટલે સૃષ્ટિ એવો સામાન્ય અર્થ લઈએ અને તેનો વિભાગ સમજીએ. દેવોની સૃષ્ટિ અને તત્ત્વોની સૃષ્ટિ એવા બે પ્રકારની સૃષ્ટિનું નામ સર્ગલીલા. દેવો પણ તેત્રીસ છે અને તત્ત્વો પણ તેત્રીસ છે માટે "સર્ગલીલા"ના અધ્યાય પણ તેત્રીસ છે.

ચિંતકોએ "सर्गः कारणसम्भूतिः" આવું લક્ષણ કરી એનો અર્થ કર્યો કે कारणानां जगद्-हेतूनां महत्तत्त्वादीनां जन्म सा कारणसम्भूतिः- મહતત્ત્વ વગેરે જગતના હેતુઓની-કારણની ઉત્પત્તિનું નામ "સર્ગ-લીલા" આ એક વ્યાખ્યા છે. એનું તાત્પર્ય કે જગતની ઉત્પત્તિમાં જે જે કારણોની આવશ્યકતા છે, તેની 'ઉત્પત્તિનું નામ સર્ગ કહેવાય છે.

"भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः" ૨-૧૦-૩ દ્વિતીય સ્કંધના દશમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં એવો ઉલ્લેખ કર્યો કે (૫) મહાભૂત, (૫) તન્માત્રા, (૧૦) ઇન્દ્રિયો, (૪) અન્તઃકરણ આ ચોવીસ તત્ત્વોના કારણરૂપ (૩) ગુણો, અને ત્રણ ગુણોનું કારણ (૧) બ્રહ્મ મળીને ૨૮ તત્ત્વો થયા. (૪) પ્રાણીનાં બીજ, (૧) એક કાલ આમ મળીને કુલ "૩૩" તત્ત્વો થયાં. આ તેત્રીસની ઉત્પત્તિનું નામ "સર્ગ" આવો એક અર્થ થયો.

भूतमात्रेन्द्रियार्थानां सम्भवः सर्ग उच्यते ૧૨-૭-૧૧ શ્રીમદ્ ભાગવતજીના બારમા સ્કંધના ૭ મા અધ્યાયના ૧૧ શ્લોકમાં પંચભૂતતન્માત્રાઓ, ઇન્દ્રિયો અને અર્થોનો સંભવ પણ સર્ગ શબ્દથી ઓળખાય છે.

આ પ્રકારે લગભગ એક સરખી મળતી "સર્ગ"ની વ્યાખ્યાઓ જોવામાં આવી છે. પરંતુ શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં જે "સર્ગ"નું વર્ણન છે તે "સર્ગ" કોઈ સર્વ સાધારણ પ્રકારની "સૃષ્ટિ" નથી. એટલે પ્રત્યેક કલ્પોમાં થતી "સર્વસામાન્ય" સૃષ્ટિ જેવી સૃષ્ટિ નથી. "પરંતુ ભગવાને કરેલ સ્વતંત્ર સર્ગ છે-સ્વતંત્ર સૃષ્ટિ છે."

આ તૃતીય સ્કંધનો સર્ગ "ભગવાને પોતે ઇચ્છેલો"-અસાધારણ ગુણવાળો-પોતાને ઉપયોગી થાય તેવા ફલવાળો-એમ ત્રણ પ્રકારના ગુણવાળો સ્વતંત્ર સર્ગ એટલે સ્વતંત્ર સૃષ્ટિ છે. પુનઃ આ ત્રણે પ્રકારનો આપણે વિચાર કરીએ.

પ્રથમ પ્રકાર ભગવાને પોતે ઇચ્છેલો સર્ગ. આ સર્ગ લૌકિક અને અલૌકિક બે પ્રકારના ભેદવાળો છે. લૌકિક સર્ગમાં તેત્રીસ તત્ત્વોનો સર્ગ છે અને અલૌકિક સર્ગમાં તેત્રીસ દેવોનો સર્ગ છે. તેત્રીસ તત્ત્વોનો ઉપર ઉલ્લેખ કર્યો છે તથા લૌકિક સર્ગની વધુ ચર્ચા ન કરતાં તેત્રીસ દેવોનો સર્ગ થોડો સમજીએઃ-

બૃહદારણ્યક ઉપનિષદમાં अष्टौ वसवः-एकादश रुद्राः-द्वादश आदित्यास्त एकत्रिंशत् इन्द्रश्चैव प्रजापतिश्चेते त्रयस्त्रिंशाविति ॥ कतमे ते वसवः-अग्निश्च पृथिवी च वायुश्च अन्तरिक्षं चादित्यश्च द्यौश्च चन्द्रमाश्च नक्षत्राणि चैते वसवः ॥ कतमे ते रुद्राः-इति दशेमे पुरुषा प्राणः आत्मैकादशस्ते यदाऽस्माच्छरीरादुत्क्रामयन्त्यथ रोदयन्ति तद्यद्रोदयन्ति तस्माद्रुद्राः ॥ कतमे ते आदित्या इति द्वादशैवेति मासाः संवत्सरस्यैते आदित्याः एते हीदं सर्व-माददाना यन्ति ते-यदिदं सर्वमाददाना यन्ति तस्मात् आदित्याः ॥ દર્શાવ્યા પમાણે આઠ વસુ-અગિયાર રુદ્ર-બાર આદિત્ય-ઇન્દ્ર-પ્રજાપતિ મળીને તેત્રીસ દેવો થાય છે. તૃતીય સ્કંધમાં દર્શાવેલા આ સર્ગમાં સ્વયં ભગવાન દેવોની સૃષ્ટિ કરે છે-ખરું પૂછો તો આ સર્ગ જ ભગવદ્રૂપ છે.

આઠ વસુઓમાં અગ્નિ-પૃથ્વી-વાયુ-અન્તરિક્ષ-આદિત્ય-આકાશ-ચન્દ્રમા-નક્ષત્રો આ આઠ વસુઓ છે.

અગિયાર રુદ્રો-દશ પ્રાણો અને અગિયારમો આત્મા મળીને એકાદશ રુદ્રો થયા. રુદ્ર શબ્દની આ સ્થાને વ્યાખ્યા કરી છે કે "પ્રાણો અને આત્મા" દેહને છોડી જાય છે ત્યારે સર્વને રડાવે છે માટે તેમને રુદ્ર કહેવાય છે. આ રુદ્રો ૧૧ છે.

દ્વાદશ આદિત્ય-સંવત્સરના બાર માસની સંજ્ઞા બાર આદિત્યના નામ ઉપરથી બાર નામ થયાં છે. સર્વ લઈને જાય છે માટે તેમને આદિત્ય કહેવાય છે.

ઇન્દ્ર પ્રજાપતિ-આ બે બીજા દેવો છે. આ ઇન્દ્ર મેઘ કરનાર છે અને પશુઓનું પાલન કરનાર પ્રજાપતિ-વસુ-રુદ્ર-આદિત્ય-ઇન્દ્ર-પ્રજાપતિ મળીને કુલ તેત્રીસ દેવો થયા.

(આ તેત્રીસે દેવો યજ્ઞમાં ઉપયોગી છે. કર્મનું ફલ પ્રાપ્ત કરાવનારી યજ્ઞીય સામગ્રીઓમાં અષ્ટ વસુઓ રહેલ હોવાથી યજ્ઞમાં વસુઓ ઉપયોગી છે.

(અગિયાર રુદ્રો પરલોકમાં જવામાં ઉપયોગી હોઈ તેઓ પણ યજ્ઞમાં ઉપયોગી છે. તે જ પ્રકારે સૂર્યો આયુષ્યને હરનારા હોઈ ફલને કાબૂમાં રાખનારા હોવાથી યજ્ઞમાં ઉપયોગી છે. ઇન્દ્ર વૃષ્ટિનું દાન કરનાર અને યા કરનાર હોવાથી યજ્ઞમાં ઉપયોગી છે. પશુઓનાં ઘી વગેરે યજ્ઞમાં ઉપયોગી છે તે પશુઓનું રક્ષણ કરનાર. પશુપતિ છે તેથી પશુપતિ પણ યજ્ઞમાં ઉપયોગી થયા. આ તેત્રીસ દેવોનો સર્ગ-અલૌકિક સર્ગ છે.

બીજા પ્રકારનો ગુણ-ભગવાને કરેલી આ સૃષ્ટિમાં એટલે સર્ગમાં "અસાધારણ ગુણવાળો સર્ગ" છે. એનું તાત્પર્ય એવું છે કે આ સર્ગમાં સરજેલા બધા જ પદાર્થો ભગવદ્રૂપ છે. જ્યારે અન્ય સર્ગોમાં સરજેલા પદાર્થો કાર્યરૂપ છે.

ત્રીજા પ્રકારનો ગુણ-ભગવાને રચેલા આ સર્ગમાં "પોતાને ઉપયોગી થાય તેવા ફલવાળો" આ સર્ગ છે. એનું તાત્પર્ય એવું છે કે આ સર્ગ પોતાને ઉપયોગી થાય તેવા મોક્ષ, ભગવત્સેવા વગેરે ફલવાળો છે. જીવને મોક્ષ પ્રાપ્ત કરવાનો છે પરંતુ મોક્ષ મેળવવા માટે મોક્ષના અધિકારવાળો દેહ પ્રાપ્ત થાય તો જ મોક્ષ માટે ચતુર્થાશ્રમી પરમહંસને જ મોક્ષ સાંપડે. ગૃહસ્થ માટે મોક્ષ સંદિગ્ધ છે એવું સર્વસામાન્ય શાસ્ત્રોનું મંતવ્ય છે. પરંતુ તે અન્ય સર્ગોમાં છે. આ સર્ગ તો સર્વ ભગવદ્રૂપ છે તેથી ગૃહસ્થ દેવહૂતિજી અને મહર્ષિ કર્દમને મોક્ષ પ્રાપ્ત થયેલ જણાવ્યો છે.

તૃતીય સ્કંધના સર્ગની વિશિષ્ટતા છે કે "ભગવાનની પ્રસન્નતા"થી મોક્ષ પ્રાપ્ત થાય છે ત્યાં પરમહંસ દીક્ષા અનિવાર્ય નથી. ભગવાનની પ્રસન્નતા "ભક્તિ-જ્ઞાન-યોગ ભગવદાજ્ઞાનુસાર વર્તન" આ ચાર કારણોથી સંભવે છે. આ ચારે કારણો ત્રીજા સ્કંધમાં વર્ણવાયાં છે માટે આ સર્ગ "પોતાને ઉપયોગી તેવા ફલવાળો છે."

તાત્પર્ય એ છે કે "બ્રહ્મમાંથી-ભગવાનમાંથી ગુણોના વૈષમ્યને લીધે મહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો અને બુદ્ધિનો જન્મ તે સર્ગલીલા. આ બધાં બે પ્રકારનાં હોય છે. એક કારણરૂપ અને બીજાં કાર્યરૂપ છે. જુદાં જુદાં પ્રાણીઓના દેહમાં જે મહાભૂતો-તન્માત્રા વગેરે રહેલાં છે તે કાર્યરૂપ છે. આ કાર્યરૂપ મહાભૂતાદિના જન્મ આ તૃતીય સ્કંધમાં નથી. પરંતુ કારણરૂપ મહાભૂતાદિના જન્મ તે "સર્ગ" છે.

ઉપર વિચાર્યા પ્રમાણે તૃતીય સ્કંધના તેત્રીસ તત્ત્વોની અને તેત્રીસ પ્રકારના દેવોની સૃષ્ટિને લીધે તેત્રીસ અધ્યાય થયા. આ તેત્રીસ અધ્યાયના બે, ચાર અને દશ એવા પ્રકરણ વિભાગો છે.

પ્રથમ પ્રકાર-પ્રથમ પ્રકારમાં ૧ થી ૧૯ અને બીજા પ્રકારમાં ૨૦ થી ૩૩ આવા બે વિભાગો થાય છે જેમાં શ્રી વરાહ ભગવાન અને કપિલ ભગવાનની લીલાઓ આવે છે.

બીજો પ્રકાર-બીજા પ્રકારમાં અધિકાર-સૃષ્ટિ-ઉપપત્તિ-ફલ અથવા મુક્તિ એવાં અવાંતર ચાર પ્રકરણો બને છે. ૧ થી ૪માં અધિકાર, ૫ થી ૧૨ માં સૃષ્ટિ, ૧૩થી ૨૦ માં ઉપપત્તિ અને ૨૧થી ૩૩માં

ફલ અથવા મુક્તિ આ રીતે ૪–૮–૮–૧૩ મળી ૩૩ અધ્યાયમાં ચાર પ્રકરણ થયાં.

ત્રીજો પ્રકાર–આ ત્રીજા પ્રકારમાં સૂક્ષ્મભેદથી ૫–૨–૩ મળી તે કુલ દશ પ્રકરણ છે. આ પ્રકરણો ૫ મા થી ૩૩ મા અધ્યાયમાં સમાય છે. અને ૧ થી ૪ અધ્યાયનું "અધિકાર લીલા"નું પ્રકરણ સ્વતંત્ર છે. આ ચાર અધ્યાયનું પ્રકરણ વક્તા–શ્રોતાના અધિકારને દર્શાવતું ત્રીજા અને ચોથા સ્કંધ સાથે સંબંધ ધરાવે છે. દશ પ્રકારનો પ્રકરણ વિભાગ નીચે દર્શાવ્યો છે. અધિકાર પ્રકરણ સાથે ૧૧ પ્રકરણ સૂક્ષ્મભેદથી બને છે.


૧ થી ૧૯
૬. પ્રકરણ
અધિકાર
૧ થી ૪
ભગવાનથી સૃષ્ટિ
૫–૬
સગુણ બ્રહ્મથી સૃષ્ટિ
૭–૮–૯
કાલ સૃષ્ટિ
૧૦–૧૧
જીવોની સૃષ્ટિ
તત્ત્વોની સૃષ્ટિ
નામસૃષ્ટિ
૧૩ થી ૧૯


૨૦ થી ૩૩
૫. પ્રકરણ
તત્ત્વમુક્તિ
૨૦ થી ૨૪
કાલમુક્તિ
૨૫
ગુણાતીત મુક્તિ
૨૬–૨૭
સગુણ મુક્તિ
૨૮
જીવમુક્તિ
૨૯ થી ૩૦

ઉપર દર્શાવેલા કોષ્ટક પ્રમાણે તૃતીય સ્કંધના તેત્રીસ અધ્યાયનો બે વિભાગમાં વિવેક સમજાવ્યો છે.

તૃતીય સ્કંધના પ્રથમ ચાર અધ્યાયોનું સર્ગ–વિસર્ગલીલાનું અધિકાર પ્રકરણ છે. આ પ્રકરણ દ્વારા વક્તા–શ્રોતાની યોગ્યતાનો નિર્ણય થાય છે.

અધિકાર પ્રકરણ–ચાર અધ્યાયના અધિકાર પ્રકરણમાં વિદુર–મૈત્રેયની યોગ્યતા અંકાય છે.

શ્રી વિદુરજી પરીક્ષિત કરતાં ઉત્તમ શ્રોતા છે. પરીક્ષિત રાજા ભગવદીય છે અને ભગવદેકતાન પણ છે તે બે ગુણો શ્રી વિદુરજીમાં પણ છે. તદુપરાંત ગૃહમાં અનાસક્તિ–વ્રતાચરણ–તીર્થાટન આ ગુણો અધિક હતા.

ભગવાન બાદરાયણ આ સ્કંધનો શ્રીશુક ઉવાચથી પ્રારંભ કરે છે. આરંભના બે શ્લોકો શ્રીશુકદેવજીના છે અને બે શ્લોકો રાજર્ષિ પરીક્ષિતના છે. આ ચારે શ્લોકો શ્રી વિદુરજી અને મૈત્રેય મહર્ષિની શ્રેષ્ઠ કક્ષાનો પરિચય કરાવે છે કે—

श्रीशुक उवाच

एवमेतत् पुरा पृष्टो मैत्रेयो भगवान् किल ।
क्षत्त्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥१॥
यद्वा अयं मन्त्रकृद्वो भगवानखिलेश्वरः ।
पौरवेन्द्रगृहं हित्वा प्रविवेशात्मसात्कृतम् ॥२॥

શુકાચાર્યે કહ્યું—રાજન્ પરીક્ષિત ! જ્યારે શ્રી વિદુરજીએ પોતાના સમૃદ્ધિશાલી ભવનનો ત્યાગ કરી વનમાં પ્રવેશ કરેલો ત્યારે આ રીતે જ આ બાબતમાં એમણે એ પ્રશ્ન ભગવાન મૈત્રેયને પૂછેલો. એ તો જ્યારે પાંડવોના વિષ્ટિકાર બનીને અખિલેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં પધારેલા ત્યારે રાજા દુર્યોધનના રાજભવનને છોડીને વિદુરજીના નિવાસને પોતાનું ઘર માની એમાં પોતે વિના નિમંત્ર્યા બિરાજ્યા હતા.

राजोवाच

कुत्र क्षत्तुर्भगवता मैत्रेयेणास संगमः ।
कदा वा सह संवाद एतद् वर्णय नः प्रभो ॥३॥
न ह्यल्पार्थोदयस्तस्य विदुरस्यामलात्मनः ।
तस्मिन् वरीयसि प्रश्नः साधुवादोपबृंहितः ॥४॥

રાજા પરીક્ષિતે કહ્યું—ભગવાન મૈત્રેય સાથે વિદુરજીનો મેળાપ ક્યાં થયો ? એમની સાથે આ બાબતની વાતચીત ક્યારે થયેલી ? હે પ્રભો એ બધું મને કહો. વિદુરજી જેવા નિર્મળ મનવાળા પુરુષના મૈત્રેય જેવા શ્રેષ્ઠ મહર્ષિને કરેલા પ્રશ્નો સાધારણ બાબતોના ન હોય; અવશ્ય તે બન્નેના સંગમમાં ઉત્તમ પ્રકારનો સંવાદ થયો હશે.

આ રીતે તૃતીય સ્કંધની કથાનો ઉપક્રમ કરે છે.

કથા જીવન પ્રથાને શુદ્ધ બનાવનારી વસુધાની સુધા છે. શ્રવણ–કીર્તન–પઠન–મનન દ્વારા ચિત્તને સ્વસ્થ, શાંત અને સ્વચ્છ બનાવે છે. એક પણ અપવાદ વિના એકેએક વ્યક્તિ કથાથી જીવનમાં કાંઈક ભાથું મેળવે છે. કથાથી જો ભગવાન મળે તો પછી મેળવવાની કોઈ વસ્તુ દુર્લભ નથી.

રાજર્ષિ પરીક્ષિત ગંગાતીરે કથારસ પાન કરવા લાગ્યા. પ્રથમ સ્કંધ અને દ્વિતીય સ્કંધનું શ્રવણ કરતાં હરિચરણાનુરાગ ઉત્કટ બન્યો. બ્રહ્મર્ષિ શુકાચાર્યજી પણ રાજર્ષિની શ્રવણનિષ્ઠાથી આકૃષ્ટ થયા. પ્રસન્ન ચિત્તે સર્ગલીલાની કથાનો પ્રારંભ કર્યો. તૃતીય સ્કંધના તેત્રીસ અધ્યાયો છે. તેમાં પ્રથમ અધ્યાયથી ઓગણીસમા અધ્યાય સુધી શ્રી વરાહ ભગવાનનું ચરિત્ર અને વીસમા અધ્યાયથી ૩૩મા અધ્યાય પર્યંત શ્રી કપિલ પ્રભુનું ચરિત્ર ગાયું.

શ્રી પરિક્ષિતે, શુકાચાર્યના શ્રીમુખમાંથી પ્રસંગ ચર્ચાતાં સાંભળ્યું કે શ્રી વિદુરજી અને મૈત્રેય મહર્ષિ ગંગાતટે મળ્યા. અને હરિચર્ચામાં તરબોળ બન્યા. રાજાના હૃદયમાં જિજ્ઞાસા જાગી કે ઉત્તર–દક્ષિણ ધ્રુવ સંગમ જેવો દુર્લભ સંગમ આ બે તત્પુરુષોનો શી રીતે સંભવે ? શ્રી વિદુરજી તો રાષ્ટ્રના પ્રધાન મંત્રી અને મૈત્રેયમુનિ વનવાસી આત્મરત યોગી, એક રાજ્ય ન છોડે બીજા આશ્રમ ન ત્યજે. વળી આ બે મહાપુરુષો જો મળે તે "એમનો વાર્તા પ્રસંગ" વિશ્વમંગલ સાધક જ હોય.

આ પ્રકારની જિજ્ઞાસાએ કથા શરૂ થઈ ગઈ. હર્ષાવેગમાં આવી મૈત્રેયે કથા આરંભી. અતિ મધુર ભાવે શુકાચાર્ય બોલ્યા : રાજન્ ! મહાભારતના યુદ્ધના પૂર્વની આ ગાથા છે. દ્વૈતવનમાં પાંડવો વનવાસના વચનને પાળવા વસે છે. મહારાજ ધર્મની ઇચ્છા થાય છે કે, "જો કૌરવ પાંડવનું સમાધાન થાય તો સંગ્રામ કરવો નહીં. યુદ્ધ કોઈનાય કલ્યાણ માટે નથી. તો હું શ્રીકૃષ્ણ પ્રભુને વિનવું તેઓ કૌરવો સાથે મસલત કરે."

ભગવાન શ્રીકૃષ્ણ ધર્મરાજના મંતવ્યને સન્માની પાંડવો તરફથી સમાધાન માટે રાજા ધૃતરાષ્ટ્ર પાસે પહોંચ્યા. "અડધી સમ્પત્તિ, પાંચ ગ્રામ, પાંચ વચ્ચે એક ગામ" આવું કાંઈપણ સ્વીકારો, પાંડવો કબૂલવા તૈયાર છે. ભલે રાજ્ય પાંડવોનું છે તો પણ આપ ભાઈઓ છો તો તે રીતે પોતાનો હક્ક જવા દે છે, અલ્પમાં રાજી રહેવા તત્પર છે. આ હતો વાર્તાનો સાર.

રોષ અને આવેશપૂર્ણ દુર્યોધને ઉત્તર આપ્યો, "सूच्यग्रं नैव दास्यामि" સોયની અણી જેટલી પણ જમીન્ નહિ મળે. જે કાંઈ પાંડવોએ મેળવવું હોય તે યુદ્ધથી જ મેળવી લે. વાટાઘાટો તૂટી પડી. શ્રી કૃષ્ણ દ્વૈતવનમાં પાછા વળ્યા. બનેલી વિગત રાજર્ષિને આપી દીધી.

દરમ્યાન એક દિવસ મહારાજ ધૃતરાષ્ટ્રે મંત્રીવર્ય વિદુરજીને માર્ગદર્શન માટે તેડાવ્યા. દુર્યોધન, કર્ણ, દુઃશાસન, વગેરે ઉપસ્થિત હતા. પરંતુ પુણ્ય પરવારી બેઠા હતા એટલે ચર્ચા માટે બેઠા ન બેઠા સમાન હતું. સ્વધર્મ પાલન કરવું જોઈએ માનીને શ્રી વિદુરજીએ કહ્યું, રાજન્ ! "અવળે માર્ગે જનારા

સંતોને પોષણ ઉત્તેજન આપવું એ પોતાના સમાજના સમગ્ર અનર્થનું મૂલ છે” એનો આપ ખ્યાલ કરી હું કહું છું તે ઉપર તટસ્થ ચિત્તે વિચારો.” એમ બોલતા વિદુરજીએ પ્રસંગો ટાંકવા માંડયા. “લાક્ષાગૃહ દાહ, દ્રૌપદીનાં કેશ-વસ્ત્રોનું આકર્ષણ, દ્યૂતમાં કપટવિજય, વનવાસનો અવધિ પૂર્ણ થવા છતાં વચન પ્રમાણે રાજ્ય પાછું ન આપી કરેલ વચનભંગ, અને ભગવાન શ્રીકૃષ્ણે આપેલ માર્ગદર્શનનું ઉલ્લંઘન” આ વધી વસ્તુઓ અનિષ્ટની આગાહી કરે છે.

નીતિની નજરે નિહાળશો તો પણ લાગશે કે જેનાં પુણ્યબળ, પીઠબળ, પિંડબળ, પ્રજ્ઞાબળ, અને પ્રભુબળ, આવાં પાંચ બળ મોટાં હોય એના સામે માથું ઊંચકીએ તો જીવનમાં જયવારો ન આવે. માટે મોટા ભાઈ મારું માનો અને પાંડવોની ગાદી પાછી આપો.”

ઉપરનાં વાકયો પૂર્ણ થાય તે પહેલાં જ કર્ણ પ્રેરિત અને દુઃશાસન-શકુનિ દ્વારા ઉત્તેજિત દુર્યોધને શ્રીવિદુરજીનો પિતાજીની હાજરીમાં જ તિરસ્કાર કર્યો અને કઠોર વાકયોમાં વિદુરજીને સંભળાવી દીધું કે “કપટી ! બલિપુષ્ટ ! દાસીપુત્રને અહીં કોણે બોલાવ્યા. “निर्वास्यतामाशु” મારા નગરમાંથી નિસાસા નાખતી દશામાં હાંકી કાઢો.”

“ निर्गतः कौरवपुण्यलब्धः સંત વિદુરજી જરા પણ મનોવ્યથા કર્યા વિના તીર્થયાત્રારૂપે નીકળી પડયા. છત્રીસ વર્ષની યાત્રા આદરી. વિવિધ તત્ત્વોની શુદ્ધિ માટે ત્રણે સરિતાની બાર બાર વર્ષની યાત્રા આરંભી.

ઉપરની આ કથા પ્રથમ અધ્યાયની છે. ખૂબ જ ચિંતનશીલ વસ્તુઓ તેમાં સમજાવી છે. નિકટના સ્વજનથી થતો તિરસ્કાર-અનાદર ભગવાન તરફ વળવાનાં પાવન “પળ” છે. અનાસકત વિદુરજી ચાલ્યા. યાત્રાને બહાને જગતને યાત્રાનો પ્રકાર-પ્રયોજન-યમ-નિયમ આદિનું દર્શન કરાવ્યું. पुरेषु पुण्योपवनाद्रिकुंजेषु” વગેરે શ્લોકથી સમજાવ્યું કે “મથુરા, દ્વારકા, અયોધ્યા, હરિદ્વાર, જગન્નાથ વગેરે નગરોમાં યાત્રા કરતાં તેમજ ગિરિરાજ, ચિત્રકૂટ વગેરે ગિરિવરોમાં યાત્રા કરતાં પૃથ્વીતત્ત્વની શુદ્ધિ થાય. વૃન્દાવન વગેરે કુંજ વન-ઉપવનમાં જવાથી વાયુતત્ત્વની શુદ્ધિ થાય. ગંગા-યમુના-સરસ્વતી આદિ સરિતા-જલાશયોમાં સ્નાન કરી જલતત્ત્વની શુદ્ધિ કરાય. ભગવત્સ્વરૂપોનાં દર્શન કરવાથી તેજસ્-તત્ત્વની શુદ્ધિ મેળવાય. અને એકાકી વિચારતાં અને નામ સંકીર્તન કરતાં આકાશતત્ત્વની શુદ્ધિ થાય છે.

યાત્રાના નિયમોમાં “પગે ચાલી કરે તેટલી યાત્રા પરંતુ વાહનમાં વિચરે એ તો મુસાફરી” એ ન્યાયે ચરણે ચાલવું (૧) નદીતીરે સૂઈ જવું (૨) ભૂમિશયન (૩) હવિષ્યાન્નભોજન (૪) તીર્થ ઉપવાસ (૫) એકાંતરે ભોજન (૬) ઓછામાં ઓછી એક રાત્રી તીર્થ અધિવાસ (૭) અભ્યંગત્યાગ (તેલ ન ચોળવું) (૮) અવધૂત વેષ (૯) સગાંસ્નેહીને ત્યાં ન ઊતરવું (૧૦) પરાન્નત્યાગ (૧૧) વ્રતાચરણ (૧૨) પ્રાણીદયા :(૧૩) પ્રત્યેક ઇન્દ્રિયસંયમ (૧૪) યથાલાભસંતોષ (૧૫) આવા નિયમોનું વિદુરજીએ તીર્થયાત્રાને નિમિત્તે આચરણ કરી યાત્રિકોને આચરવાનું સૂચવ્યું.

તીર્થયાત્રામાં વિચરતાં શ્રી વિદુરજીને પ્રભાસ તીર્થમાં કૌરવ-પાંડવ સંગ્રામથી સર્જેલા સંહારની જાણ થઈ. બ્રહ્મચર્યનું ગૌરવ શ્રી ભીષ્મપિતામહ અને અસ્ત્રશાસ્ત્રનું સાક્ષાત્ સ્વરૂપ શ્રી દ્રોણાચાર્યના વિનાશને જાણી કલેશ થયો. શોકની શાંતિ માટે સરસ્વતીને તીરે પધાર્યા. સરસ્વતી ધર્મ-પુણ્યકર્મનું સ્વરૂપ છે—શ્રી યમુનાજીનું ભક્તિનું સ્વરૂપ છે—શ્રી ગંગાજી જ્ઞાનનું સ્વરૂપ છે. ક્રમશઃ વિદુરજી એ ત્રણેને કિનારે પધાર્યા છે. સરસ્વતીજીમાં આવેલ અગીઆર તીર્થોમાં સ્નાન કરી એકાદશ ઇન્દ્રિયોની શુદ્ધિ કરી.

માર્ગમાં શ્રી કાલિન્દી-યમુનાજીના કિનારે પરમ ભાગવત ઉદ્ધવજી મળ્યા. બન્ને ભેટયા. સાયંકાલના સમયે સત્સંગ કરવા બેઠા અને પ્રાતઃકાલે સત્સંગ સમાધિમાંથી જાગ્યા ત્યારે ભાન આવ્યું કે સવાર થઈ ગયું. અનેક જન્મનાં પુણ્ય હોય તો જ સત્સંગમાં રાતો વીતી જીવનનું પ્રભાત ઊગે. ૨૬મા શ્લોકથી ૪૫મા શ્લોક પર્યન્ત કુશલ પ્રશ્નો જ પુછાયા. આ નિમિત્તે ભગવાનનું અનુસંધાન જ કરવું હતું. આ પ્રસંગ ચર્ચતાં પ્રથમ અધ્યાય પૂર્ણ થયો. આ અધ્યાયમાં ૪૫ શ્લોક હતા. અધ્યાય ૨ જો, વિદુરજીની

પ્રશ્નાવલીથી ઉદ્ધવજીને ભગવાનના વિરહની વ્યથામાં ભરતી આવી. અસહ્ય વેદના સહી ન શક્યા. સૂક્ષ્મદેહથી ગોલોકમાં પધારી ભગવાનને ભેટી સ્થૂલ દેહમાં પાછા વળી અશ્રુભીની આંખને લૂછી વાણીનો પ્રારંભ કર્યો.

ભક્તરાજ વિદુર ! સૂર્યાસ્ત પછી સૂર્યનાં કુશળ શાં પૂછવાં ! સરિતાનાં નીર સુકાયા બાદ તીર ઉપર સૌંદર્યશાં મહાસાગરમાં વસતાં મત્સ્યોએ પારધિની બિછાવેલી જાળના કાંટામાં રહેલા માંસમાં પ્યાર કર્યો પરંતુ અમૃતમય ચંદ્રનું ચાટન કર્યું હોત તો મત્સ્ય અમર થઈ જાત. શ્રી વિદુરજી સાથે ભગવચ્ચર્ચા કરતાં કરતાં ઉદ્ધવજીએ પ્રભુની અપાર કરુણાનો ચિતાર આપતાં કહ્યું કે,

अहो बकी यं स्तनकालकूटं जिघांसयाऽपाययदप्यसाध्वी ॥
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ३।२।२३

ભગવાન કેવા કૃપાનિધિ છે. પૂતનાએ વક્ષઃસ્થળમાં વિષ લગાવી કેવલ કૃષ્ણનો વધ કરવાની વૃત્તિથી જ આવી અને વિષભર્યાં સ્તન્ય પાયાં તો પણ ભગવાને માતાને ઘટે તેવી જ દિવ્યગતિમાં દાન કર્યાં !

પ્રથમ અધ્યાયમાં વિદુરજીએ પ્રશ્નો કરેલા–ભગવાનના કુશળનો પ્રથમ પ્રશ્ન, સર્વ સ્વજન કુશળ પ્રશ્નના નિમિત્તે ભગવાનના કુશળ સંબંધી સાધારણ પ્રશ્ન, અને ભગવાનના ચરિત્રનો ત્રીજો પ્રશ્ન, આવા ત્રણ પ્રશ્ન કરેલા.

એના પ્રત્યુત્તરમાં આ બીજો અધ્યાય પ્રારંભાયો અને ભગવલ્લીલાઓનું વર્ણન શરૂ થયું. ૩૪ શ્લોક સુધીમાં પ્રભુની રાસલીલા પર્યન્ત ચરિત્રનું ગાન કરી વિરમ્યા.

આ અધ્યાયના સંકલનનો વિચાર કરતાં ૧ થી ૬ શ્લોકમાં ભગવાનને ભક્તરાજ ઉદ્ધવલાલ ઉપર કરેલો સ્નેહ, શ્લોક ૭ માં કુશળ સંબંધી પ્રશ્નનો પ્રતિ ઉત્તર, શ્લોક ૮ થી ૨૪ મા સુધી ભગવાનનું યશોમાધુર્યપૂર્ણ માહાત્મ્ય, અને શ્લોક ૨૫ થી ૩૪ સુધી ભગવાનનું ચરિત્ર વર્ણવી અધ્યાયની પૂર્ણતા કરી છે.

–અધ્યાય ૩ જો. ત્રીજા અધ્યાયમાં ૨૮ શ્લોક છે. મથુરાલીલા અને શ્રીકૃષ્ણભગવાનની મધ્યમાવસ્થાનું ચરિત્ર આ અધ્યાયમાં વર્ણવ્યું છે. દશ ઇન્દ્રિયો, ચાર અન્તઃકરણ, મળીને ચૌદ તત્ત્વોનું અને એ ચૌદના દેવતાઓનું નિરૂપણ કરવામાં આવશે. ત્રીજા અધ્યાયનો પ્રારંભ ભગવાનની મથુરાલીલાથી થયો. કંસ પ્રત્યે પ્રભુનો અનુગ્રહ છે માટે તો ભગવાન કંસની સર્વમુક્તિ માટે અખાડાની ધૂળમાં કંસરાજને રગદોળે છે. કંસ ભક્તોના મનમાં રહેલ દૈત્ય છે. કંસનો વધ કરીને ભક્તમનોગત દૈત્યનો નાશ કર્યો છે. "सांदीपनेः सकृत् प्रोक्त" સાંદીપન ઋષિના પુત્ર "સાંદીપનિ" હતા. મુનિ સાંદીપનિ સર્વજ્ઞ હતા. ભગવાને એક જ વાર વેદશ્રવણ કર્યાં અને ધારણ કર્યાં. લોકદૃષ્ટિએ તેજસ્વી અને મેધાવી ગણાવ્યા પરંતુ સર્વજ્ઞ ભગવાને વેદમર્યાદા અને વેદાજ્ઞાનું પાલન કરવા જ યજ્ઞોપવીત ધારણ કરી વેદાભ્યાસ કર્યો. ભગવાને પ્રથમ વિવાહ રુક્મિણી સાથે કર્યો. આ વિવાહ થાય એવી ખાસ લિપ્સા રુક્મિણીજીનાં માતાજીની હતી. શ્રી રુક્મિણી જ્ઞાનશક્તિ છે. રુક્મિણીજીનો વિવાહ સોમવંશનો છે. અને નાગ્નજિતીનો વિવાહ સૂર્યવંશમાં છે. ભગવાનથી અસુરોનો વધ, પાંડવ–વંશરક્ષણ, યાદવોની ધૃષ્ટતાથી મુનિઓનો શાપ, પ્રભાસમાં યાદવોની યાત્રા સુધીની કથા આ અધ્યાયમાં વર્ણવી અદયાય સમાપ્ત કર્યો.

અદયાય ૪ થો–ચતુર્થ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. આ અધ્યાયના આરંભમાં બે શ્લોકોથી યાદવોનાં નામ દઈને વિદુરજીએ કુશલ પૂછેલું તેનો પ્રત્યુત્તર આપ્યો કે યાદવો સંસ્કારશૂન્ય બન્યા અને અન્તે જગતમાંથી ગયા. આચાર્યશ્રીએ કહ્યું કે " सर्वं हि साधनं शून्यं यदि बुद्धिर्विनश्यति अकर्तव्यं तदा नास्ति महतामपि निश्चितम्–જ્યારે સર્વ બુદ્ધિનાશ પામે ત્યારે સર્વ સાધનશૂન્ય બને છે. બુદ્ધિ નાશ થતાં મહત્પુરુષોને માટે પણ અકર્તવ્ય જેવું કંઈ નથી,

ત્રીજા શ્લોકથી બાવીસમા શ્લોક સુધીની કથામાં ભગવાને બંધુઓનો વધ કેમ થવા દીધો એવી શંકાનું સમાધાન કર્યું. ભગવાને તેમનો ઉદ્ધાર જ કર્યો છે. દુઃસંગ અને વ્યસનમાંથી મુક્ત કર્યા છે. અને ઋષિના શાપ દ્વારા પાપનું નિવારણ કર્યું છે. શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આજ્ઞા કરી કે " બદરી " જાવ અને શીઘ્ર જાવ. બદરી શબ્દનો મુખ્ય અર્થ તો બદરિકાશ્રમ જ થાય છે. પરંતુ વ્યુત્પત્તિથી **बस्य दरी बदरी** એવો અર્થ થશે. અમૃતની ગુફા તરફ જવાનું કહ્યું, એટલે ભગવાને અમૃતસ્વરૂપ પોતાની પાસે જ આવવા કહ્યું હતું. ભગવાનની કૃપાથી તે વસ્તુ ઉદ્ધવજી સમજ્યા અને ગિરિદુર્ગ (ગિરનાર અથવા હરિદ્વાર) સુધી જઈ પ્રભુની સમીપે પાછા આવ્યા. ભગવાને જ્ઞાનદાન કર્યું. ઉદ્ધવજીએ ત્યાર બાદ બદરીનાથ જવાનો નિર્ણય કર્યો. ત્યાં સુધીની કથા ૨૨મા શ્લોક પર્યન્ત ઉદ્ધવજી કહી વિરામ પામ્યા.

શ્લોક ૨૩ થી ૨૬ સુધીમાં શ્રીકૃષ્ણવિયોગદુઃખી વિદુરજીને ઉદ્ધવજી આશ્વાસન આપે છે. અને શ્રી મૈત્રેય મહર્ષિને "ભગવાને આપને જ્ઞાન આપવાનો આદેશ કર્યો છે." એવો સુખદ સંદેશ આપે છે. ૨૭મા શ્લોકમાં શુકાચાર્યે કહ્યું, "ભગવદ્‌વાર્તા કરતાં બે ભગવદીયોની રાત પ્રભાત થઈ ગઈ." ૨૮મા શ્લોકથી ૩૨મા શ્લોકમાં યાદવોને બ્રાહ્મણોનો શાપ થયો પરંતુ પ્રભુકૃપાથી ઉદ્ધવજીને શાપની અસર ન થઈ. શ્રીકૃષ્ણ ભગવાનને ખ્યાલ હતો કે, 'મારા જ્ઞાનને ધારણ કરવા માટે કેવલ ઉદ્ધવજી જ સમર્થ છે. તેથી જ શાપની અસરથી મુક્ત કર્યા. અન્તના ૩૩ થી ૩૬ શ્લોકોમાં વિદુરજી ગંગાદ્વાર પધારશે. એ વસ્તુ વર્ણવી અધ્યાય સમાપ્ત કર્યો.

અધ્યાય ૫ અને ૬–અધ્યાય ૫ માના ૫૦ શ્લોક છે. અને છઠ્ઠાના ૪૦ શ્લોકો છે. ઉપરના ચાર અધ્યાયોમાં વક્તાના અધિકારો વર્ણવી પાંચમા અને છઠ્ઠા અધ્યાયમાં ગુણાતીત સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે. હરિદ્વારનાં ત્રણ નામ છે. અહીંથી શ્રી કેદારનાથ જવાતું હોવાથી હરદ્વાર, બદ્રિકાશ્રમ જવાતું હોવાથી હરિદ્વાર અને ગંગોત્તરી–યમુનોત્તરી જવાતું હોવાથી ગંગાદ્વાર કહેવાય છે.

द्वारि द्युनद्याः અચ્યુતભક્તિથી શુદ્ધ વિદુરજીએ અગાધબોધ મૈત્રેય મહર્ષિની દેવનદીતીરે ઝાંખી કરી પ્રણામનો પુરસ્કાર પાદસરોજે ધરી પ્રશ્નાવલી આરંભી. માનવ સુખની આશાથી, દુઃખનિવૃત્તિના આશયથી કર્માનુષ્ઠાન કરે છે. સુખ મળતું નથી, દુઃખ ટળતું નથી. દુઃખ દ્વિગુણિત થાય છે એનું શું કારણ ? ભગવાનના અવતારનું પ્રયોજન, ભગવલ્લીલાઓનું નિરૂપણ પણ વર્ણવો. આ બધાં પ્રશ્નો આપને એક જ આશયથી પૂછું છું કે, આપના જેવા સાધુશીલ મહાનુભાવોનું અવતરણ અને ભૂતલ-વિચરણ વિશ્વના મંગલ માટે છે.

ભગવન્ મૈત્રેય ! મનુષ્યનો સમય વૃથાવાદ, વૃથા ગતિ અને વૃથા સ્મૃતિમાં વહી જાય છે. ત્યારે આપના જેવા સંતવર્યોનો સમાગમ જીવનધનને બચાવી હિતમાર્ગે વાળી દેશે તેથી જ પૂછું છું. મધુકર માફક સમસ્ત શાસ્ત્રનો સાર કહેશો એવી શ્રદ્ધા છે.

મહર્ષિ મૈત્રેયે વિદુરજીની પૂર્વ ગાથા વર્ણવી. આપ સ્વયં "ધર્મરાજા" હતા. માંડવ્યશાપથી ભૂતલ ઉપર અવતર્યા છો. વાત એમ બની કે રાજાના દ્વારે ચોરી કરી ચોરો માલમિલકત લઈ નાઠા. અને બચવા માટે માંડવ્ય મુનિના આશ્રમમાં છુપાયા. નિર્દોષ ઋષિને નૃપતિએ દોષનજરે નિહાળી શૂળીની શિક્ષા ફરમાવી. યોગશક્તિથી આત્મરક્ષણ કરી મુનિ માંડવ્ય રાજા ઉપર રોષે ન ભરાતાં ધર્મરાજને શૂળીનું પૂછ્યું. ધર્મે ઉત્તર વાળ્યો, "પાંચ વર્ષની વયના આપે એક પતંગને શૂળ લગાવી પ્રાણ લીધા હતા. એનું આ ફળ છે" મહર્ષિએ હસીને કહ્યું, "બાલપણના દોષોની શિક્ષા સ્વપ્નમાં થાય : આ છે ધર્મવ્યવસ્થા. એ આપ ધર્મરાજ થતાં ચૂક્યા. જાવ ભૂતલ ઉપર અને સો વર્ષ શૂદ્રત્વ પામીને રહો." વિદુરજીને ભૂતલ

ઉપર શાપનો અવધિ સો વર્ષનો હતો તે પૂર્ણ થયો. હવે તેઓ વિશુદ્ધ ક્ષત્રિય અને પરમ વૈષ્ણવ છે એવું કહીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપવા લાગ્યા. વિદુરજી ભૂમિ ઉપર દોઢસો વર્ષથી પણ વધુ રહેલા છે. વિદુર ધૃતરાષ્ટ્રના સમવયસ્ક હતા. શ્રીકૃષ્ણ પ્રભુની આસુર વ્યામોહ લીલા પછી પણ ભૂતલ ઉપર વિદુર વસ્યા છે. આ શ્રી વિદુરજીને મૈત્રેય મુનિએ ૨૨ મા શ્લોકથી ભગવલ્લીલાઓ વર્ણવી સંભળાવી. ભગવાને પોતાના સ્વરૂપમાંથી જગત રચ્યું. તેમાં અઠ્ઠાવીશ તત્ત્વો રચ્યાં અને દેવો રચ્યા. આ દેવોએ ૩૮ મા શ્લોકથી ૫૦ મા શ્લોક પર્યંત ભગવાનની સ્તુતિ કરી અધ્યાય સમાપ્ત કર્યો. ત્યાર બાદ છઠ્ઠા અધ્યાયમાં કાર્યની એટલે સમષ્ટિ શરીરનો અને પુરુષ શરીરની ઉત્પત્તિનું વર્ણન કર્યું. આ પુરુષમાંથી સર્વ અવતારો થયેલા છે. પુરુષ સર્વ અવતારોનું મૂલ છે. છઠ્ઠો અધ્યાય પુરુષની ઉત્પત્તિનું વર્ણન કરી સમાપ્ત થયો.

૭–૮–૯ ત્રણ અધ્યાયોમાં "સગુણ સૃષ્ટિ"નું નિરૂપણ કર્યું છે. સગુણમાંથી–દેવમાંથી થયેલી સૃષ્ટિના નિરૂપણને "સગુણ સૃષ્ટિ" કહેવામાં આવી છે. વસ્તુતઃ સગુણ સૃષ્ટિના નિરૂપણનો આરંભ દશમા અધ્યાયથી થશે. પરંતુ આ ત્રણ અધ્યાયો સગુણ સૃષ્ટિના ઉપોદ્ઘાત રૂપે વર્ણવ્યા હોવાથી ત્રણ અધ્યાયના કથાપ્રસંગને "સગુણ સૃષ્ટિ" પ્રકરણ નામ આપ્યું છે. આ નામ આપવાનો આશય આ સગુણ સૃષ્ટિમાં સગુણ સૃષ્ટિ અને ભગવાનની વચ્ચે ગુણોની (સૃષ્ટિ રચવાની) સત્તા કહેવાની છે. પ્રસિદ્ધ ગુણોનું નિરૂપણ પૂર્વપક્ષ તરીકે મતાંતર ભાષાથી સાતમા અધ્યાયમાં કરેલું છે. ત્યાર બાદ આઠમા નવમા અધ્યાયમાં કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પત્તિ કહેલી છે. કારણ એટલે બ્રહ્મ અને કાર્ય એટલે જગત એવો અર્થ કરવો.

જરા સૂક્ષ્મ રીતે વિચારતાં સમજાશે કે કાર્યનું–જગતનું વર્ણન કાલના અંગ તરીકે દશમા અધ્યાયથી આરંભીને કરવાનું હોવાથી બ્રહ્માજીએ નવમા અધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરી છે. બ્રહ્માજીની સ્તુતિ સફલ થઈ એટલે સ્તુતિ દ્વારા બળ–બુદ્ધિ મળ્યાં જેથી બ્રહ્માજીને કાર્યને–જગતને રચવાનો ઉપાય જણાયો અને બ્રહ્મા જગત રચી શક્યા છે. આમ ૭–૮–૯ આ ત્રણ અધ્યાયોમાં પ્રથમ સૃષ્ટિનું સ્વરૂપ જેમાંથી થયું તે પુરુષનું સ્વરૂપ વર્ણવ્યું છે. આ સગુણ બ્રહ્મનું સ્વરૂપ કહેલું છે. ત્યાર બાદ બ્રહ્મા વગેરે જેમની ઉત્પત્તિ કહી તે બ્રહ્મા આ સ્વરૂપની વિભૂતિરૂપ છે. વળી બ્રહ્મા વગેરેની વિસર્ગમાં પણ બીજા પુરાણોમાં ગણના કરી છે. બીજાં પુરાણોમાં સામાન્ય રીતે વિસર્ગ કહેલ છે, તેવો વિસર્ગ ભાગવતમાં કહેલો નથી. શ્રીમદ્ ભાગવતમાં તો બધાંએ પુરાણોનો સાર કાઢી વર્ણવેલો છે. અને તે વર્ણન ઉત્તમ અધિકારીઓ માટે છે તેથી બીજાં પુરાણો જેવું વિસર્ગનું કથન ભાગવતમાં નથી. અહીં જે વિસર્ગ કહેવાનો છે તે ચતુર્થ સ્કંધમાં કહેશે તે વિસર્ગ વિભૂતિરૂપ હોવાનું સંભવતું નથી.

શ્રીમદ્ ભગવતપરંપરા–વિમર્શ–

શ્રીમદ્ ભાગવતજીની બે પરંપરાઓ છે. એક પરંપરામાં ભગવાને બ્રહ્માજીને, બ્રહ્માજીએ નારદજીને, નારદજીએ વ્યાસજીને, વ્યાસજીએ શુકાચાર્ય અને મહર્ષિ સૂતજીને ભાગવત કહ્યું.

જ્યારે બીજી પરંપરાઓમાં શ્રી સંકર્ષણે સનત્કુમારને, સનત્કુમારે સાંખ્યાયનને, સાંખ્યાયને પરાશરને અને બૃહસ્પતિજીને, અને પરાશરે મૈત્રેય મહર્ષિને કહ્યું.

આ બન્ને પરંપરાઓ જુદી છે. પ્રથમ પરંપરામાં ભગવાન અને બ્રહ્માજી આવે છે. બીજી પરંપરામાં સંકર્ષણ અને સાંખ્યાયન આવે છે. વળી બ્રહ્માને કહેલ ભાગવતમાં અને મૈત્રેયે વિદુરજીને કહેલ ભાગવતમાં વાક્યોનો ક્રમ પણ ભિન્ન આવે છે તેથી પ્રથમ ક્રમ પ્રમાણે જે વર્ણવ્યું છે તે ભાગવત કહેવાય; કારણ કે જે જે ભગવાને કહ્યું તે "ભાગવત" એવો ભાગવતનો અર્થ છે. બીજી પરંપરા ભગવદુક્ત નથી તે ભાગવત નથી આવો સંદેહ ન કરવો.

કારણ કે કોઈવાર ભગવાન મૂલ સ્વરૂપે ભાગવત કહે છે. કોઈવાર શ્રીકૃષ્ણાવતાર સ્વરૂપે કહે છે. કોઈવાર સંકર્ષણ–વાસુદેવના સ્વરૂપે કહે છે. તેથી આ ત્રણે સ્વરૂપે કહેલું ભાગવત કહેવાય માટે ભગવાને કહ્યું તે ભાગવત. સંકર્ષણજીએ કહ્યું તે ભાગવત અને શ્રીકૃષ્ણભગવાને મૈત્રેય ઉદ્ધવજીને કહ્યું છે તે પણ ભાગવત જ છે. "कृष्णस्तु भगवान् स्वयम्" એ વાક્ય ભગવાન માટે પ્રમાણ છે. ભગવાન અને બ્રહ્માજીનાં–મૈત્રેય વિદુરજીનાં વાક્યોનો અનુક્રમ ભિન્ન આવવાથી પણ બન્ને એક ભાગવત નથી એમ માનવાને કારણ નથી. કારણ કે આ વિષયમાં વાક્યો મુખ્ય નથી પરંતુ અર્થ મુખ્ય છે. સર્ગ–વિસર્ગાદિ વિષયો જેવા ભગવાને બ્રહ્માજીને કહેવા ઇચ્છેલા તે જ સર્ગાદિ વિષયો પરાશરે મૈત્રેયને કહેલા ભાગવતમાં છે.

ભગવાન શ્રીકૃષ્ણે મૈત્રેયજીને જે ઉપદેશ કરેલ તે જ ઉપદેશ વિદુરજીને કહેવા આજ્ઞા કરેલ અને વિદુરજીને તે જ ઉપદેશ કહેલો. ભગવાનના ઉપદેશ અને આજ્ઞાનુસાર મૈત્રેયજીએ ગુણાતીત દેવથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ તે જે અત્યંત ગોપ્ય કથા હતી તે જ કહેલી; પરંતુ અતિવિશુદ્ધચિત્ત મૈત્રેયજીને તેમાં શંકા ન થઈ જ્યારે વિદુરજીની ચિત્તશુદ્ધિમાં થોડું અંતર હોવાથી તેમને શંકા થઈ કે ગુણાતીતથી સૃષ્ટિ કેમ સંભવે.

વિદુરજીના બે સંદેહો—

(૧) ગુણથી પર બ્રહ્મથી–દેવથી સૃષ્ટિ ઉત્પન્ન થાય તે ન સંભવે, કારણ કે કાર્ય જે જગત છે તે ગુણવાળું છે અને કારણ બ્રહ્મ ગુણરહિત છે. આ રીતે કાર્યકારણની ભિન્નતા ન ઘટે.

(૨) તેમજ લોકમાં કાર્ય કરવાનું પ્રયોજન કામ છે. ગુણાતીતમાં તો કામ ન સંભવે તેથી સૃષ્ટિ જ થાય નહિ. આ બે સંદેહો ગુણાતીત બ્રહ્મના એટલે ઉપાધિ વિનાના ભગવાનન સ્વરૂપના શ્લોકમાં બતાવ્યા. શંકાકારનું માનવું છે કે બ્રહ્મને ગુણોની ઉપાધિવાળું માનવામાં તો ઉપરની શંકાઓ ન રહે પરંતુ બ્રહ્મને માયાનો સંબંધ હોય તો જ ગુણોની ઉપાધિ લાગુ પડે પરંતુ માયાનો સંબંધ બ્રહ્મને ન હોઈ શકે. આ શંકાનો ઉત્તર આપશે ૩–૭–૮ શ્લોકમાં કે આ ભગવાનની માયા છે. જે તર્કથી ન સમજાય તેવી છે. આ શ્લોકમાં 'भगवन्माया' એવું વાક્ય ન કહેતાં 'भगवतो माया' એવું વાક્ય લખીને સંબંધમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. ષષ્ઠી વિભક્તિનું તાત્પર્ય એ છે કે ભગવાનનો અને માયાનો સંબંધ નિત્ય છે. માયાનો નિત્ય સંબંધ થવાથી ભગવાનપણું ચાલ્યું નથી જતું કારણ કે ભગવાન મુખ્ય છે અને માયા જે ભગવાનની શક્તિ છે તે ભગવાનની આજ્ઞા પ્રમાણે કરે છે. જો માયા મુખ્ય હોત, કાર્ય કરતી હોત તો "भगवन्माया" એવો ઉલ્લેખ કરત. માયાનો ભગવાનની સાથે નિત્ય સંબંધ છતાં માયાના ગુણો ભગવાનમાં પ્રવેશી શકતા નથી પરંતુ ભગવાન જ માયાને સામર્થ્ય આપે છે.

શંકાકારને એમ લાગશે કે માયા અને ભગવાનના સ્વરૂપમાં વિરોધ દેખાય છે તો સંબંધ કેમ સંભવે, તો એનું એ સમાધાન છે કે માત્ર વિરોધ દેખાય છે પણ તે વિરોધ સાચો નથી. બ્રહ્મમાં "સર્વભવન" સામર્થ્ય છે; અને માયા તેવા બ્રહ્મની શક્તિ છે.

अशेषसंक्लेशशमं विधत्ते गुणानुवादश्रवणं मुरारेः–શ્રી મુરારિ ભગવાનના ગુણોનું સંકીર્તન એ જ આવા સંદેહ સંકટોને દૂર કરવાનું સાધન છે. આ ગુણાનુવાદથી ભગવાન્નો સાક્ષાત્કાર થાય અને સર્વ સંદેહો દૂર થાય.

૭–૮–૯ આ ત્રણ અધ્યાયો જે સગુણ સૃષ્ટિના ઉપોદ્ઘાતરૂપે છે તેમાં સાતમા અધ્યાયમાં ૧ થી ૧૩ શંકા–સમાધાન, ૧૪ થી ૧૯ શંકા–સમાધાન–સૂક્ષ્મ સિદ્ધાંત વર્ણન અને ૨૦ મા શ્લોકથી અધ્યાય સમાપ્ત થતાં સુધી વિદુરજીની શંકાઓનું વર્ણન છે.

૮ મા અને ૯ મા અધ્યાયમાં બ્રહ્માજીને ભગવાનની વિભૂતિ રૂપે વર્ણવ્યા છે. બ્રહ્માજીનું વિભૂતિપણું સાત પ્રકારે નક્કી થાય છે. બ્રહ્માની ભગવાનમાંથી ઉત્પત્તિ (૧), બ્રહ્માને સૃષ્ટિ રચવાના ઉદ્યમનો

આદેશ, તપશ્ચર્યાની આજ્ઞા (૨), બ્રહ્માજીની તપશ્ચર્યા (૩), બ્રહ્માજીની સ્તુતિ (૪), પુનઃ પ્રાર્થના અને વરયાચના (૫), સૃષ્ટિ રચવાનું માર્ગદર્શન (૬), અને આજ્ઞાનુસાર સૃષ્ટિ રચના (૭) આ સાત કારણોથી બ્રહ્માજી ભગવાનની વિભૂતિરૂપ છે.

બ્રહ્માજીનાં ત્રણ સ્વરૂપો છે. એક ભગવાન સ્વયં બ્રહ્મા બને છે, બીજું વિભૂતિરૂપ બ્રહ્માજી અને ત્રીજું શબ્દબ્રહ્મ અર્થસ્વરૂપ બ્રહ્માજી આ ત્રણ સ્વરૂપો બ્રહ્માનાં છે.

કલ્પવિચાર—

તૃતીય સ્કંધમાં અધ્યાય ૧૦, શ્લોક ૮ થી વર્ણવેલી સૃષ્ટિમાં પદ્મકલ્પનું વર્ણન છે. સાત્ત્વિક કલ્પોમાં પદ્મકલ્પ સર્વથી ઉત્તમ કલ્પ માન્યો છે. બીજા સ્કંધમાં ૨–૭–૮ હિરણ્યગર્ભને ઉત્પન્ન કરનાર સર્વરૂપ હોવા સંબંધી જે સંશયો કર્યા તેનું સમાધાન બીજા સ્કંધના નવમા અધ્યાયના ૩૨ થી ૩૫ ચતુઃશ્લોકીમાં કર્યું છે તેમાં “બ્રહ્મકલ્પ” કહેલો છે. ત્યારબાદ ૨–૯–૪૫ શ્લોકમાં વિરાટમાંથી જગત કેવી રીતે થયું તે તથા બીજા પ્રશ્નોના ઉત્તર આપવાની પ્રતિજ્ઞા કરી અને દશમા અધ્યાયના આરંભમાં મહાપુરાણનાં દશ લક્ષણો કહીને વિરાટમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કહેતાં બ્રહ્મકલ્પ વિકલ્પ સાથે ૨–૧૦–૪૬મા શ્લોક સુધી કહ્યો. એટલે સામાન્ય રીતે બધા પ્રશ્નોના ઉત્તર આવી ગયા તો પણ વિગતવાર ઉત્તર ન આવ્યા તેથી ૨–૧૦–૪૭ માં પદ્મકલ્પ કહેવાની પ્રતિજ્ઞા કરી અને ૩–૧–૧માં શ્રીવિદુર મૈત્રેયના સંવાદની વાત કરી મૈત્રેય મહર્ષિના મુખથી આદ્યપુરાણ કહેવા માંડ્યું—

‘उदाप्लुतं विश्वमिदं तदासीत्’ ૩–૮–૧૦ અને શેષ ઉપર પોઢેલા અલુપ્તજ્ઞાન–શક્તિ સ્વરૂપમાં રમણની ઇચ્છાવાળા ક્રિયા રહિત ભગવાને નિદ્રાને લીધે નયન બંધ કર્યાં ત્યારે આ વિશ્વ જલમાં ડૂબેલું હતું. આ જે પ્રલયનું વર્ણન છે તે વર્ણન પદ્મકલ્પ પહેલાંનો “તામસકલ્પ” હોવો જોઈએ.

‘तदाभिद्यत नाभिदेशात्’ ૮–૮–૧૩ મા શ્લોકમાં નાભિદેશમાંથી “પદ્મકોશ” પ્રગટ થયો. તે કમલમાં વિષ્ણુએ પ્રવેશ કર્યો. તેમાં વેદમય વિધાતા જેને લોકો સ્વયંભૂ કહે છે તે પોતે પ્રગટ થયા.”

ઉપરોક્ત જે વર્ણન છે તે ૧૩ થી ૧૫ સુધીમાં પદ્મકલ્પનું છે. આ પદ્મકલ્પ ઘણો જ શુદ્ધ છે. આ કલ્પનું વિસ્તૃત વર્ણન ૩–૧૦–૮ મા શ્લોકથી શરૂ કરશે. આ રીતે ૩૦,૩૩ કલ્પો છે. અથવા અનન્ત કલ્પ છે. “કલ્પ” એટલે બ્રહ્માનો એક દિવસ. આ દિવસ ચાર હજાર યુગનો હોય છે.

“સૃષ્ટિ નિરૂપણ અને પદાર્થોનું ભિન્ન વર્ણન”

સૃષ્ટિના નિરૂપણમાં પદાર્થોનું જુદા જુદા પ્રકારે કરેલું વર્ણન જોવામાં આવે છે તેનું કારણ ભિન્ન ભિન્ન કલ્પોમાં ભિન્ન ભિન્ન પ્રકારે પદાર્થો ઉત્પન્ન થતા હોવાથી વર્ણનભેદ આવે છે. આ દોષરૂપ નથી કારણ કે પૃથ્વીનું સ્વરૂપ જુદા જુદા કલ્પોમાં જુદું જુદું હોય છે. બીજા સ્કંધના પ્રથમ અધ્યાયના ૨૭ મા શ્લોકમાં “महीतलं तज्जघनं महीपते” કહીને વિરાટના “જઘન” સ્વરૂપે વર્ણવી છે. પદ્મકલ્પમાં તે વિરાટ સ્વરૂપની નાભિમાંથી નીકળેલ “કમલ” સ્વરૂપે વર્ણવી છે. આદિ વરાહ કલ્પમાં અતલ વગેરે પાંચ લોકની નીચેથી વરાહ ભગવાને પોતાના હસ્તથી તેને ઉપર લાવી કમલના પત્ર ઉપર મૂકેલી વળી તે જલમાં ડૂબી ગઈ ત્યારે ભગવાને વરાહ કલ્પમાં તેનો ઉદ્ધાર કર્યો. પ્રથમ જે નીચેના અતલાદિ પાંચ લોકમાંથી ઉપર લાવેલ શ્વેતવરાહ કલ્પ અથવા આદિવરાહકલ્પ વરાહકલ્પથી જુદો જ કલ્પ છે. આ કલ્પમાં પૃથ્વીનું રૂપ જુદા પ્રકારનું છે.

કલ્પોની અનંતતા—

કલ્પો અનન્ત છે અને અનેક થઈ ગયા છે. પરંતુ પૃથ્વીનાં જુદાં જુદાં સ્વરૂપ ત્રણ કલ્પોનાં જ વર્ણવ્યાં છે. એનું કારણ કે અન્ય જે કલ્પો છે તે આ ત્રણ કલ્પોના જ વિકારો છે. માટે બીજા કોઈ

પણ કલ્પોમાંની પૃથ્વીનું સ્વરૂપ તો ઉપર વર્ણવેલા જ ત્રણ કલ્પો પૈકી કોઈ એક કલ્પના આકારવાળી જ પૃથ્વી હોય છે.

આ ત્રણે કલ્પોમાં બીજા પણ કેટલા પ્રકારો હોય છે. બ્રહ્મકલ્પમાં એવી વ્યવસ્થા છે કે ભગવાનના પુરુષસ્વરૂપના અવયવોમાંથી જ સર્વ ઉત્પન્ન થાય છે. તે સમયે પૃથ્વી, સમુદ્ર વગેરેની ભગવાનથી જુદી સ્થિતિ નથી હોતી. આ કલ્પમાં સર્વ હરિના ભગવાનના શરીરરૂપ હોવાથી "હરિ" જ છે. પરંતુ હરિ આ વિશ્વ હું છું એમ નથી માનતા; પણ આ મારું શરીર છે એમ જ માને છે. પદ્મકલ્પમાં જ્યારે કમલમાંથી સર્વ જગત ઉત્પન્ન થાય છે ત્યારે તે જગત વિરાટના અવયવરૂપ નથી હોતું. પદ્મકલ્પમાં પ્રલયનું જલ પણ નથી હોતું. નારાયણ અદૃશ્ય રહે છે. માત્ર તેમની નાભિમાંથી નીકળેલું "કમળ જ" ભૂમિ ઉપર રહેલા કમળની પેઠે રહેલું હોય છે અને જલને કમલની અંદર ફરી ઉત્પન્ન કરેલું હોય છે. અથવા બ્રહ્માંડની અંદર રહેલું હોય છે. વિરાટ અદૃશ્ય રહેતાં માત્ર કમળ પ્રકટ જોવામાં આવે છે. આ કલ્પમાં કમળમાંથી સર્વજિત ભગવાનના સર્વ અંશો–જીવો, ભગવાનની માયા સાથે ભળેલા ઉત્પન્ન થાય છે. પદ્મકલ્પમાં જેમ જલની ઉત્પત્તિ કરવામાં આવે છે તેમ વરાહકલ્પમાં કોઈવાર ભૂમિ જુદી જ ઉત્પન્ન કરવામાં આવે છે. તે સમયે તે બ્રહ્માંડની ઢાલ પાસે નીચે રસાતલમાં જતી હોવાનું કહેલું છે. તે સમયે સાત સમુદ્રો હોવા સંબંધી કોઈ પ્રમાણ ન હોવાથી એ કલ્પમાં સાત સમુદ્રો હોતા નથી, તેથી અને ભૂમિ પચાસ કરોડના વિસ્તારવાળી હોવાનું જ્યોતિષ શાસ્ત્રથી વિરુદ્ધ હોવાથી તે કલ્પમાં તે ભૂમિ પણ તેટલા વિસ્તારવાળી હોતી નથી.

બ્રહ્મકલ્પમાં નારાયણે શયન કરેલું હોતું નથી પરંતુ તે અદૃશ્ય જ રહે છે. પદ્મકલ્પમાં નારાયણ પોઢેલા હોય છે. જ્યારે વરાહકલ્પમાં પણ તે કોઈવાર પોઢેલા હોય છે અને કોઈવાર પોઢેલા હોતા નથી.

બ્રહ્મકલ્પને છોડી અન્ય કલ્પોમાં પણ જગતનું મૂલ ભગવાન જ છે કારણ કે વરાહકલ્પમાં પૃથ્વીનો ઉદ્ધાર ભગવાન જ કરે છે. પદ્મકલ્પમાં પણ કમળ ભગવાનના આધારે જ રહેલું છે. આમ જોતાં જુદા જુદા કલ્પોમાં જગત જુદા પ્રકારે રહેલ છતાં સર્વ કલ્પોમાં જગતનું મૂલ તો ભગવાન જ છે. બ્રહ્મકલ્પ કે પદ્મકલ્પ કોઈ પણ કલ્પ ૩૬૦ હોય છે. બ્રહ્માઓ પણ જુદા જુદા હોય છે. કલ્પોમાં વેદોની આનુપૂર્વી પણ જુદી જુદી હોય છે. ભગવાનના અવતારો અને સંજ્ઞાઓ પણ જુદી જુદી હોય છે. ૮મા અધ્યાયના ૩૩ શ્લોકો છે. બ્રહ્માજી કમલમાંથી પ્રગટ થઈ પોતે કોણ છે તેની ચિંતા કરતાં ચારે દિશામાં નિહાળવા લાગ્યા ત્યારે તેમને ચાર મુખો થયાં. પોતાના રચનારને પણ જાણી ન શક્યા. સમાધિયોગ સાધ્યો અને ભગવાનની ઝાંખી પામ્યા. ૨૩ મા શ્લોકથી ૩૩મા શ્લોક પર્યંત ભગવાનના સ્વરૂપનું વર્ણન કર્યું. અધ્યાય સમાપ્ત થયો.

૯મા અધ્યાયના ૪૪ શ્લોકો છે. ૨૧ શ્લોકોથી બ્રહ્માજી સ્તુતિ કરે છે. આ સ્તુતિ સાકાર સ્વરૂપની છે. સાકારનાં દશ હસ્તનાં, દશ ચરણનાં મળી વીસ, એકવીશમો આત્મા મળી એકવીશ અંગ હોવાથી એકવીશ શ્લોકો સ્તુતિના છે. ૨૨ થી ૨૫ ચાર શ્લોકોમાં ચાર પ્રકારની યાચના–પ્રાર્થના છે.

કલ્પોમાં તત્ત્વવિચાર—

પ્રત્યેક કલ્પોમાં તત્ત્વોની સમાનતા નથી હોતી. ગુણાતીત દેવથી થયેલી કલ્પની સૃષ્ટિમાં મહત્તત્ત્વ હતું તેવું મહત્તત્ત્વ પદ્મકલ્પમાં નથી. પૂર્વકલ્પમાં મહત્તત્ત્વથી સૃષ્ટિ થાય છે જ્યારે પદ્મકલ્પમાં સર્વ સૃષ્ટિ પદ્મથી જ થાય છે. એવી પણ શંકા ન કરવી કે પદ્મમાંથી બ્રહ્મા કેવી રીતે પ્રકટે. કારણ ભગવાન પાલયિતા સ્વરૂપે કમલમાં પ્રવેશી બ્રહ્માના સ્વરૂપે પ્રકટ ભગવાને કમળમાં શબ્દબ્રહ્મના સ્વરૂપથી પ્રવેશ

કરેલો તેથી પહેલા સર્ગના પુરુષને બદલે પણ આ સર્ગમાં બ્રહ્મા છે, અને તે બ્રહ્મા પુરુષથી નાના સ્વરૂપથી જણાયેલા રહે છે. પદ્મકલ્પમાં વિરાટને બદલે પણ બ્રહ્મા જ છે.

આ શબ્દબ્રહ્મરૂપ બ્રહ્મા બે કાર્યો કરી શકે માટે તેમનાં બે સ્વરૂપો થયાં. આ સ્વરૂપોમાંથી એક ચતુર્મુખ બ્રહ્મા પોતે જ વેદના અર્થરૂપ થયા અને તે જ ચતુર્મુખ બ્રહ્માથી રૂપપ્રપંચ જગતના જુદા જુદા પદાર્થોની ઉત્પત્તિ થઈ. વળી બ્રહ્મા અંદરથી શબ્દબ્રહ્મરૂપ પણ થયા અને તેમનાથી વેદોની ઉત્પત્તિ થઈ. તાત્પર્ય કે અર્થરૂપ બ્રહ્મામાંથી રૂપપ્રપંચ–જગત ઉત્પન્ન થયું અને શબ્દબ્રહ્મરૂપ બ્રહ્મામાંથી વેદો ઉત્પન્ન થયા. આ બન્ન સ્વરૂપો એક હોય તેમ કહેવામાં આવે છે તો પણ અર્થરૂપ બ્રહ્માથી શબ્દરૂપ બ્રહ્માનું રૂપ જુદું છે.

અધ્યાય ૧૦ અને ૧૧–૧૨–અધ્યાય ૧૦મા નાં ૨૯ શ્લોક છે. અગિયારમાના ૪૧ શ્લોક છે. આ બન્ને અધ્યાયોમાં કાલસૃષ્ટિનું વર્ણન છે. કાલ દ્વારા તત્ત્વોની અને મુક્ત ન થયા હોય તેવા જીવોની સૃષ્ટિ કહેવામાં આવી છે. કાલનો કદી જન્મ થતો નથી પણ કાર્યથી જન્મ થાય છે. કાલમાં જે પદાર્થો ઉત્પન્ન થાય તેથી કાલનો જન્મ ગણાય પરંતુ કાલનો જન્મ નથી. તાત્પર્ય એટલું જ કે કાલ સૃષ્ટિનું કારણ છે. ૧૨ મા અધ્યાયમાં ૫૬ શ્લોક છે. તેમાં મુક્ત જીવોની સૃષ્ટિનું વર્ણન આ અધ્યાયત્માં છે. આ અધ્યાયમાં સનત્કુમારો, રુદ્ર, દક્ષ ઋષિઓ, વેદો, વર્ણો, આશ્રમના આશ્રમ ધર્મો વગેરેની ઉત્પત્તિની કથા આવેલી છે.

અધ્યાય ૧૩મો – ૧૩મા અધ્યાયના ૫૦ શ્લોકો છે. શ્રીવિદુરજીએ મહર્ષિ મૈત્રેયને પ્રશ્ન કર્યો છે કે સ્વાયંભુવ અનેમનુ શતરૂપા રાણી મળ્યાં પછી શું કર્યું. એના ઉત્તરમાં કે બ્રહ્માજીએ ગૃહસ્થ થવાની આજ્ઞા કરી ત્યારે પૃથ્વીની યાચના કરી ડૂબેલી પૃથ્વીની બ્રહ્માને જાણ થતાં ચિંતિત બ્રહ્માની નાસિકામાંથી વરાહ ભગવાનની ઉત્પત્તિ થઈ અને ઋષિઓએ વરાહ ભગવાનની સ્તુતિ કરી અને અધ્યાય પૂર્ણ કર્યો.

આ તેરમા અધ્યાયમાં ત્રીજા (વરાહ) કલ્પની કથા છે. કાલની સૃષ્ટિ અને જીવની સૃષ્ટિનું નિરૂપણ કર્યું અને તેનું નિરૂપણ કરવા બ્રહ્મકલ્પ અને પદ્મકલ્પનું પણ નિરૂપણ કર્યું. ભૂમિ પણ સૃષ્ટિનું કારણ છે માટે આ અધ્યાયમાં ભૂમિનું પણ નિરૂપણ કરવામાં આવે છે અને ભૂમિનું નિરૂપણ કરાય તે માટે વરાહકલ્પનું પણ નિરૂપણ કરવામાં આવે છે.

આ વરાહકલ્પમાં પ્રથમથી આરંભી સર્વ તત્ત્વોનું નિરૂપણ નથી કર્યું. એનો આશય એ છે કે પ્રથમ કલ્પોમાં જે સૃષ્ટિના પદાર્થોની ઉત્પત્તિ કહી હોય તે જ આ કલ્પમાં હોય છે. સામાન્ય રીતે પ્રથમ કલ્પના પદાર્થોના સાધારણ ગુણો પછીના પ્રત્યેક કલ્પોમાં ચાલુ જ રહે છે. માત્ર જે વધારાના ગુણો થયા હોય તે જ કહેવાના રહે છે. વધારાના ગુણો જો કોઈ પદાર્થને સ્થળે થાય તો તે પદાર્થના સ્થાનનો લોપ થાય.

દાખલા તરીકે વરાહકલ્પમાં ભૂમિની સ્થિતિ પ્રથમ કલ્પના જેવી નહોતી, તેથી તો ભૂમિ કમલમાંથી અથવા ભગવાનના જધનસ્થલમાંથી ઉત્પન્ન થયેલી હોવાનું પદ્મકલ્પમાં અને બ્રહ્મકલ્પમાં કહેલું છે તે પ્રસંગનો અહીં વરાહકલ્પમાં લોપ થયેલ છે. ભૂમિની સ્થિતિ પદ્મ અને વરાહકલ્પમાં જુદા પ્રકારની હોવાથી તે જ વસ્તુ આ અધ્યાયમાં કહેલી છે. ગયા કલ્પના અન્ય પ્રકારો આ કલ્પમાં ચાલુ રહેલા છે એ વસ્તુ સમજાવવા માટે મનુ રાજાની ઉપયોગિતા આ અધ્યાયમાં દર્શાવી છે.

પ્રથમ કલ્પમાં બ્રહ્માના “દેહના” ધ્યાન અને ઇચ્છા એવા બે વિભાગ થયા તે કહેલું. તેમાંથી ઇચ્છા શતરૂપા થયાં અને ધ્યાન મનુ થયા. આ મનુ ધ્યાનરૂપ હોવાથી બ્રહ્માજીને નિવેદન કરે છે કે

.B.
-2

આપે મને ગૃહસ્થ થવાનો આદેશ તો આપ્યો પરંતુ સ્થાન ક્યાં છે, ત્યારે બ્રહ્માજીને ધ્યાન આવ્યું અને ભૂમિ રસાતલમાં છે જાણી ચિંતા કરવા લાગતાં નાસિકામાંથી શ્રીવરાહ ભગવાનનું પ્રાકટ્ય થયું.

આ અધ્યાયનો ભૂમિની ઉત્પત્તિનો પ્રસંગ વાંચતાં વિચાર આવશે કે આ કલ્પની સૃષ્ટિ કોણે રચી ? અને સૃષ્ટિ રચવાની વ્યવસ્થા કેવી હશે ? પદ્મકલ્પમાં તો ભગવાનની નાભિમાંથી નીકળેલા પદ્મમાં રહી બ્રહ્માજીએ સૃષ્ટિ રચેલી જ્યારે આ કલ્પમાં પદ્મ નથી તો આ કલ્પમાં બ્રહ્માએ સૃષ્ટિ રચેલી કે નહિ રચેલી એવો સંદેહ થશે.

તો આવો સંદેહ ન કરવો. બ્રહ્માજી સત્યલોકમાં રહી સૃષ્ટિની રચના કરતા હતા. બ્રહ્માજીએ જલમાંથી ભૂમિને બહાર કાઢેલી એટલે રચેલી. ત્યાર બાદ બીજી સૃષ્ટિની રચના કરવા માંડેલા. ત્યાં ભૂમિ ડૂબી ગઈ. મનુ રાજાને પ્રજાની ઉત્પત્તિની આજ્ઞા કરી એટલે મનુ ભૂમિની શોધ માટે ગયા. મનુએ તે ન જોઈ એટલે બ્રહ્માજીને વિવેદન કર્યું. બ્રહ્માજીને લાગ્યું ફરીથી ભૂમિને રચીશ તો પણ ડૂબી જશે એટલે ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું. ભગવાન શ્રીકૃષ્ણ વરાહ સ્વરૂપે પ્રકટ્યા અને ભૂમિને ઉપર લાવ્યા.

૮. બારમા અધ્યાયના અંતમાં ૫૪, ૫૫, ૫૬, શ્લોકોમાં મનુરાજાને ત્યાં પ્રિયવ્રત વગેરે પાંચ સંતાનો થયાં એ જે સૃષ્ટિની કથા છે તે આદિ વરાહ કલ્પની કથા છે. આ તેરમા અધ્યાયમાં જે મનુ ભૂમિ માટે વિજ્ઞપ્તિ કરે છે તે બીજા દિવસના સવારની એટલે વરાહકલ્પની કથા છે. આ સૃષ્ટિ બ્રહ્માજી સત્યલોકમાં રચતા હતા.

વરાહ સ્વરૂપ શા માટે—

ભગવાને વરાહ સ્વરૂપ જ કેમ લીધું એનાં ઘણાં કારણ છે. એક તો જલમાંથી પદાર્થોને બહાર લાવવા માટે હાથી અને વરાહ જ સમર્થ છે તેથી આ બેમાંથી એક સ્વરૂપ લેવું જોઈએ. તેમાં પણ "વરાહ યજ્ઞસ્વરૂપ છે यज्ञो वै मन्युः–યજ્ઞ મન્યુ છે. મન્યુનો અર્થ ક્રોધ પણ થાય છે. મન્યુ પશુઓનો વધ કરે છે. હિરણ્યાક્ષ પશુ તુલ્ય છે તેનો વધ મન્યુ વરાહથી સંભવે માટે વરાહ સ્વરૂપ લીધું. આ આ કોઈ સ્થૂલ વરાહ નથી પરંતુ "યજ્ઞવરાહ" છે. એ સ્વરૂપનું મર્મ સમજવું હોય તો આ અધ્યાયના ૩૪મા શ્લોકથી ૪૫ શ્લોક સુધીની ઋષિઓએ કરેલી સ્તુતિ વાંચવી.

ભૂમિનું પ્રમાણ –

આ વરાહ કલ્પમાં વરાહ ભગવાનની ખરીઓથી દબાયેલા જલમાં જે પૃથ્વીને સ્થાપી છે તે પૃથ્વી એક લાખ યોજનના વિસ્તારવાળી ભૂમિ છે. પચાસ કરોડના વિસ્તારવાળી આ ભૂમિ નથી. તે ભૂમિ અન્ય કલ્પની છે. આ પચાસ કરોડના વિસ્તારવાળી ભૂમિનો ઉલ્લેખ ૩–૧૧–૩૯ શ્લોકના વાક્યમાં કહેલો છે. આ ભૂમિ જમ્બુદ્વીપના વિસ્તારવાળી છે. એનો વિસ્તાર ૫–૧૬–૫મા શ્લોકમાં એક લાખ યોજનનો કહેલો છે. કર્મ કરવાની ભૂમિ જમ્બુદ્વીપ છે, યજ્ઞવરાહે કર્મ કરવાની ભૂમિનો ઉદ્ધાર કર્યો છે. જ્યોતિષ શાસ્ત્રમાં ૫ હજાર યોજનનો વિસ્તાર બતાવ્યો છે તેનું કારણ ગણિતના આંકડાઓ મૂકવામાં નાના આંકડાઓનું તો સરલતાથી જ્ઞાન થઈ શકે માટે એક લાખનો વીસમો ભાગ લઈને પાંચ હજાર, યોજનનો ઉલ્લેખ કર્યો છે. આ એક લાખ યોજનની ભૂમિ જ્યોતિશ્ચક્રમાં રહેલી છે. ત્યાં "नियुत योजनविशालः" એવું કહેલું છે.

આ કલ્પમાં હિરણ્યાક્ષનો વધ એ મુખ્ય કાર્ય કે મહત્ત્વનું કાર્ય નથી. જો વધનું કાર્ય હોત તો ઋષિઓની સ્તુતિમાં સર્વજ્ઞ ઋષિઓ તેનો ઉલ્લેખ કરત. પરંતુ ભૂમિનો કેવલ ઉદ્ધાર કરવાનો હતો. ભૂમિને દાઢ ઉપર લઈને, વરાહ ભગવાન જલથી ઉપર આવ્યા તે વખતે નિર્બલ હિરણ્યાક્ષને કોઈ પ્રકારે હણીને જ ભૂમિ લાવીને સ્થિર કરે છે અને વરાહ પ્રકરણ અહીં પૂર્ણ થાય છે.

અન્ય કલ્પમાં હિરણ્યાક્ષનો વધ મુખ્ય કાર્ય છે તેમાં પ્રથમ ભગવાને ભૂમિનો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી ''સ્થાપન કર્યું,'' પુન; બ્રહ્માજીએ ભગવાનની "સ્તુતિ કરી" અને હિરણ્યાક્ષનો ''વધ'' કર્યો એવો ક્રમ દર્શાવ્યો છે. આ કથા ૧૮ અને ૧૯ મા અધ્યાયમાં આવશે.

વળી એક શંકા થશે કે કલ્પના આરંભમાં ભૂમિનો વરાહ ભગવાને ઉદ્ધાર કર્યો ત્યારે હિરણ્યાક્ષ યુદ્ધ કરવા આવ્યો તેની ઉત્પત્તિ ક્યારે થયેલી ?

તો એવું સમાધાન એ છે કે હિરણ્યાક્ષનો જન્મ આ કલ્પના પહેલાંના કલ્પમાં થયેલો. કલ્પના અંતે તેનો નાશ નહીં થયેલો. આરંભની સૃષ્ટિનો નાશ તો બ્રહ્માજીના એક વર્ષને અંતે થાય છે. બીજા અવાન્તર કલ્પોમાં માનવોનો નાશ થાય છે. કશ્યપ, મનુ વગેરે દેવો અને ઋષિઓ ઉપરના લોકમાં ચાલ્યા જાય છે અને દૈત્યો દિતિ વગેરે નીચેના લોકમાં ચાલ્યાં જાય છે. તેથી આદિકલ્પનો હિરણ્યાક્ષ ભૂમિના ઉદ્ધાર સમયે યુદ્ધ કરવા આવેલો.

૧૪ થી ૧૯ અધ્યાય–આ અધ્યાયોમાં સવિસ્તર શ્રીવરાહચરિત્ર વર્ણવ્યું છે. કોઈવાર ઉપર દષ્ટિ જોનાર કલ્પે કે પુનરુક્તિ દોષ જેવું દેખાય છે પરંતુ તાત્પર્ય એ છે કે વિદુરજીને વરાહચરિત્ર સવિસ્તર સાંભળવું છે. તેથી શ્રીશુકદેવજીએ બીજા કલ્પની કથાનો પ્રસંગ વિસ્તારપૂર્વક જણાવ્યો છે.

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બન્ને વૈકુંઠના જય–વિજય પાર્ષદો છે. વ્યાપિ વૈકુંઠ કે રમા વૈકુંઠ એ બેમાંથી કોઈપણ વૈકુંઠમાંથી મુક્ત થયેલા ફરીથી ન જન્મે. વૈકુંઠમાંનાં પક્ષીઓ પણ હરિગુણગાનપરાયણ હતાં. તેઓ પણ ક્રોધમુક્ત હતાં ત્યારે સાલોક્ય વગેરે ચાર પ્રકારની મુક્તિ પામેલા જય–વિજય સનકાદિ ઋષિઓ પ્રત્યે પ્રતિબંધ કરતું અયોગ્ય વર્તન ન કરે, મુક્ત સનત્કુમારોને ક્રોધ ન થાય અને જય–વિજયને અસહ્ય શાપ ન આપે, દિતિ અને કશ્યપ કદી પણ વિવેકસમય ન ચૂકે, હિરણ્યાક્ષનો વધ ભગવાનને હાથે થવા છતાં મોક્ષ ન થાય, હિરણ્યાક્ષ ભગવાનનો પાર્ષદ છતાં ભગવાન વરાહને કટુ વાકયો કહે – આવી અનેક વસ્તુઓ આ ૭ અધ્યાયના પ્રકરણમાં સામાન્ય દષ્ટિથી શંકા પેદા કરનારી લાગે છે. પરંતુ શંકા કરવાનું કોઈ કારણ નથી. આ સર્વ ભગવાનની ઇચ્છાથી થયું છે.

જો જય–વિજય ભગવાનની ઇચ્છાથી ભૂતલ ઉપર ન આવ્યા હોય તો તેમનું અમોઘ બલ અને અલૌકિક ઐશ્વર્ય તેમને કદી ન મળે. હિરણ્યાક્ષ અને વરાહ ભગવાનનું યુદ્ધ બ્રહ્માના એક દિવસ પર્યન્ત ચાલ્યું અથવા દેવોના એક દિવસ એટલે પિતૃઓના માસ પર્યન્ત ચાલ્યું તે પણ ભગવાનની ઇચ્છાથી જ થયું છે. હિરણ્યાક્ષની મુક્તિ ન થવામાં ભગવાને ક્રિયાશક્તિથી મારેલ છે માટે મુક્તિ ન થઈ, ભગવાને આ અવતાર મુક્તિ આપવા નથી લીધો માટે મુક્તિ ન થઈ, ભગવાનની મુકિત આપવાની ઇચ્છા ન હતી માટે પણ મુક્તિ ન થઈ. ભગવાને મુક્તિ આપવાની ઇચ્છા ન હતી. માટે જ વધ કર્યા પછી ઉદરવિદારણ કર્યું છે. જો વધ કર્યા પૂર્વમાં જ ઉદર ચીરે તો તેના પ્રાણો ભગવાનમાં પ્રવેશે અને મુક્તિ મળે જ. તાત્પર્ય કે જ્યારે ભગવલ્લીલાઓ દ્વારા અનેક લોકમંગલ કાર્યો કરવાં હોય છે ત્યારે ભગવાન મુક્ત જીવોને જન્મ આપે છે અને અલૌકિક લૌકિક બન્ને સુખો આપે છે.

સાંખ્ય સૃષ્ટિ—

અધ્યાય ૨૦–આ અધ્યાયના ૫૨ શ્લોક છે. શ્રી શૌનકાદિ મુનિઓની સર્ગ સંબંધી જિજ્ઞાસા આગળ વધે છે. મનુરાજને પૃથ્વી મળ્યા પછી શું થયું.વગેરે પ્રશ્નો પૂછે છે. શ્રી સૂતજી પ્રત્યુત્તર આપતાં કહે છે, મહર્ષિ આપના જેવી જ જિજ્ઞાસા વિદુરજીને થયેલી અને મુનિવર્ય મૈત્રેયે પ્રત્યુત્તર આપેલો એ જ પ્રત્યુત્તર તમને આપીશ. એટલું કહી ૧૨મા શ્લોકથી ૫૨ મા શ્લોક સુધી સૃષ્ટિનું નિરૂપણ કરે છે. તેમાં ૧૨ થી

૧૭ શ્લોક સુધીમાં एष सप्तदश प्रजापतिः આ શ્રુતિ વાક્યાનુસાર ૧૭ પ્રકારની સૃષ્ટિ વર્ણવી છે. એમાં ૭ નો પ્રાકૃત સર્ગ અને અગીઆરનો વૈકૃત સર્ગ વર્ણવ્યો છે.

આ સાંખ્યમતસંમત સૃષ્ટિ કયા કલ્પની હશે એ જિજ્ઞાસા થાય તો સમાધાન છે કે આઠમા અધ્યાયના ૧૦ મા શ્લોકમાં જે પ્રલયના જલમાં કમળ ઉત્પન્ન થયેલું તે કેવલ પદ્મકલ્પથી જુદો જે પદ્મકલ્પ બ્રહ્માંડમાં થયેલો તે કલ્પમાં જ સાંખ્ય મત સંમત પૃથ્વી થયેલી. તૃતીય સ્કંધના અધ્યાય ૫માં ૨૩ મા શ્લોકથી આરંભી જે સૃષ્ટિ વર્ણવી છે તે સૃષ્ટિ કરતાં આ સૃષ્ટિ જુદા પ્રકારની છે. આ સૃષ્ટિનો પ્રકાર ૩–૨૬ મા અધ્યાયમાં ૧૧ મા શ્લોકથી "पञ्चभिः पञ्चभिर्ब्रह्मन्" વાક્યોથી પાંચ પાંચના સમૂહથી પ્રાકૃત પદાર્થોની ઉત્પત્તિ થાય છે એ પ્રમાણે વર્ણવેલ છે. આ પદાર્થોની ઉત્પત્તિ સંખ્યા સહિત કહેવામાં આવી છે. માટે "સાંખ્ય સૃષ્ટિ છે."

મુક્તિ પ્રકરણ—

અધ્યાય ૨૧ થી ૩૩–વીસમા અધ્યાય પછીથી ૨૧ મા અધ્યાયથી આરંભી ૩૩ મા અધ્યાય સુધીમાં જ્ઞાન અને ભક્તિનું વિસ્તૃત વર્ણન કરે છે. આ પ્રકરણના કુલ ૧૩ અધ્યાયો છે. ૧૩ અધ્યાયના પ્રકરણમાં ૨૧ થી ૨૪ અધ્યાયોમાં પુરુષમુક્તિ, અને ૨૫ થી ૩૩ મા અધ્યાય સુધીમાં સ્ત્રીમુક્તિનો વિચાર કર્યો છે. પુરુષથી કર્દમ ઋષિ અને સ્ત્રીથી દેવહૂતિનું ગ્રહણ કરવું. શ્રી કર્દમ ઋષિને પ્રભુની કૃપાથી ચાર પુરુષાર્થો સિદ્ધ થયા છે માટે ચાર અધ્યાયમાં મુક્તિ વર્ણવી છે.

શ્રી દેવહૂતિ પણ પતિ સાથે જ હોવાથી તેમને પણ ચાર પુરુષાર્થો સિદ્ધ થયા છે. સ્ત્રીમુક્તિ પ્રકરણમાં અન્તઃકરણના નવ ગુણરૂપ નવ દોષોનો ત્યાગ કરવાનો હોય છે માટે ત્યાગ કરવાનો પ્રકાર સાધન વગેરેનું નવ અધ્યાયથી નિરૂપણ કર્યું છે.

અધ્યાય ૨૧ થી ૨૪ ચાર અધ્યાયના પ્રકરણમાં ચાર પુરુષાર્થો સિદ્ધ થયા તે વર્ણવ્યું છે. કર્દમઋષિએ તપ કર્યું અને ભગવાનની સ્તુતિ કરી. સ્તુતિમાં ૨૧મા અધ્યાયના ૧૫ મા શ્લોકમાં स चाहं એ શ્લોકમાં दुराशयः એ પદથી પોતાનો દોષ કબૂલ્યો છે તેથી ભગવાન પ્રસન્ન થયા છે. પોતાના દોષની કબૂલાતથી "ભક્ત"પણું સિદ્ધ થયું. ભક્ત થવું એ ધર્મ પુરુષાર્થ છે તે આ અધ્યાયમાં છે.

૨૨મા અધ્યાયમાં અર્થ પુરુષાર્થ સિદ્ધ થયો છે. ભગવાનને પ્રિય થવું એ જ જીવનનો અર્થ છે. કર્દમઋષિ ભગવાનના પ્રિયપાત્ર બન્યા છે. ભગવાન તેમના આશ્રમે મનુરાજને દેવહૂતિ સાથે મોકલે છે. મનુ કન્યા આપે છે. તે કન્યામાં "કપિલ" ભગવાનનો આવિર્ભાવ થવાનો હોવાથી અર્થ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

૨૩ મા અધ્યાયમાં કામ પુરુષાર્થ છે. દેવહૂતિએ કરેલી સેવા, ભગવાન દ્વારા વિમાનની પ્રાપ્તિ, અનેક લોકદર્શન, નવ સ્વરૂપે નવધા કન્યા ગર્ભોનું આધાન વગેરેથી કામ પુરુષાર્થસિદ્ધિ વર્ણવી.

૨૪ મા અધ્યાયમાં મોક્ષસિદ્ધિ. આ અધ્યાયના ૬ ઠા શ્લોકમાં કપિલ ભગવાનનું પ્રાકટ્ય, નવ કન્યાઓનો ઉદ્વાહ અને મુનિનો ત્યાગ મોક્ષ પુરુષાર્થને સિદ્ધ કરે છે.

સ્ત્રીમુક્તિ પ્રકરણ—

અધ્યાય ૨૫ થી ૩૩–અધ્યાય ૨૫મા માં ભક્તિનું નિરૂપણ કર્યું છે. જિજ્ઞાસુનો સંસાર વિરાગ પરિપકવ થતાં જ્ઞાનોપદેશ સંભવી શકે. દેવહૂતિ માતાએ આ અધ્યાયના ૭મા શ્લોકમાં સંસારથી સર્વથા નિર્વેદ પામી શરણે આવેલ છું. એમ ૧૧ મા શ્લોકમાં કહ્યું. ભગવાને સંતોનાં લક્ષણ કહી ભક્તિનો ઉપદેશ કર્યો. આ અધ્યાયના ૩૨ મા શ્લોકથી ૪૪મા શ્લોક સુધીમાં સમગ્ર ભક્તિમાર્ગ વર્ણવ્યો.

તત્ત્વામ્નાય કથન—

અધ્યાય ૨૬મો—આ અધ્યાયમાં તત્ત્વામ્નાય અથવા આત્મા અને અનાત્મના ભેદ વર્ણવ્યા છે. આ તત્ત્વામ્નાયને સાંખ્ય નિરૂપણ કહ્યું છે. આ અધ્યાયના આરંભમાં જ પ્રથમ શ્લોકથી સાંખ્યનું અને બીજા શ્લોકથી જ્ઞાનનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરી છે.

આત્મનિરૂપણ—

અધ્યાય ૨૭મો—આ અધ્યાયમાં આત્માના સ્વરૂપનું જ્ઞાન કહેલું છે. પ્રથમ પાંચ શ્લોકથી 'આત્મા' પ્રકૃતિથી ભિન્ન છતાં પ્રકૃતિનો સંબંધ થતાં સંસારપ્રાપ્તિ થાય છે, એમ વર્ણવ્યું છે. ૬ થી ૧૦ માં આત્મજ્ઞાનપ્રાપ્તિનાં સાધન, ૧૧ થી ૧૬ આત્મસાક્ષાત્કાર સંબંધી વિચાર, ૧૭ થી ૩૦ પ્રકૃતિથી આત્મા કઈ રીતે છૂટે તે પ્રકાર વર્ણવ્યો છે.

યોગનિરૂપણ—

અધ્યાય ૨૮મો—આ અધ્યાયમાં સબીજ યોગનું વર્ણન, અષ્ટાંગયોગ, અને ધ્યેય ભગવાનના સ્વરૂપનું વર્ણન છે. આ અધ્યાયનું ભગવત્સ્વરૂપ નિરૂપણ નિત્ય કીર્તનીય છે.

ભક્તિવર્ણન—

અધ્યાય ૨૯મો—આ અધ્યાયમાં દેવહૂતિ માતાએ ભક્તિ અને વૈરાગ્ય સંબંધી પ્રશ્નો પૂછ્યા છે. યોગના આચરણમાં બન્નેની પૂર્ણ આવશ્યકતા છે. કારણ કે એ બન્ને ઉત્તમ સાધન છે. આ અધ્યાયમાં ૨૮મા શ્લોકથી ૩૨મા શ્લોક સુધીમાં ભગવાનનો ભક્ત શ્રેષ્ઠ છે એ સમજાવ્યું છે.

વૈરાગ્ય—

અધ્યાય ૩૦ અને ૩૧; આ બે અધ્યાયોમાં વૈરાગ્યનું વર્ણન કર્યું છે. જીવ જગત છોડે છે. ત્યારે કેવી સ્થિતિ હોય છે અને જગતમાં માતાની કુક્ષિ દ્વારા આવે છે ત્યારે કેવી સ્થિતિ હોય છે, એનું નિરૂપણ કરી જીવને વૈરાગ્ય તરફ વાળે છે. જીવની ગર્ભ સ્તુતિનો ૧૨ મા શ્લોકથી ૨૨મા શ્લોક સુધી નિત્ય પાઠ કરવા જેવો છે.

સર્વનિર્ણય પ્રકરણ—

અધ્યાય ૩૨,૩૩—આ ૩૨મા અધ્યાયમાં સાત્વિકાદિ ત્રણે પ્રકારના જીવો માટે સાધન અને ફળનો નિર્ણય કરીને બલને ઉપદેશ ન કરવાનું અને સુપાત્રને વર્ણવાનું નિરૂપણ કર્યું છે. ત્યારે બાદ ૩૩મા અધ્યાયમાં શ્રી દેવહૂતિ માતાજીનો અનાસક્તિ અને ભગવત્પદપ્રાપ્તિ વર્ણવી સર્ગલીલાની સમાપ્તિ કરી છે. માતા દેવહૂતિએ બ્રહ્મજ્ઞાન મેળવી જલ ધારણ કરી પોતાના દેહને જલરૂપ બનાવી સરસ્વતીમાં મેળવી દીધો. દેવહૂતિજી માતાના ભગવાન કપિલ સ્વયં સરસ્વતીરૂપ હતા.

અંતમાં ફળશ્રુતિ—

य इदमनुशृणोति योऽभिधत्ते कपिलमुनेर्मतमात्मयोगगुह्यम्
भगवति कृतधीः सुपर्णकेतावुपलभते भगवत्पदारविन्दम् ॥

◆

કૃષ્ણશંકર શાસ્ત્રી

અનુક્રમણિકા

સ્કંધ ત્રીજો

અધ્યાય	વિષય	પૃષ્ઠ
૧	વિદુર તથા ઉદ્ધવનો મેળાપ	૫
૨	ભગવાનનાં બાલચરિત્રોનું સંક્ષિપ્ત વર્ણન	૩૩
૩	મથુરા તથા દ્વારકામાં કરેલાં ચરિત્રોનું વર્ણન	૫૦
૪	ઉદ્ધવનું બદરિકાશ્રમમાં જવું અને વિદુર મૈત્રેય મેળાપ	૬૩
૫	મૈત્રેયે વિદુરને કહેલ મહત્તત્ત્વાદિકથી થયેલી સૃષ્ટિનું વર્ણન	૭૯
૬	વિરાટ પુરુષની ઉત્પત્તિ તથા અધિદૈવાદિકના ભેદ	૧૦૩
૭	જીવાત્માનો અવિદ્યા સાથે સંબંધ કેમ થયો વગેરે વિદુરની શંકાઓ	૧૨૦
૮	ભગવાનના નાભિકમળમાંથી બ્રહ્મા જન્મ્યા	૧૩૭
૯	બ્રહ્માએ કરેલી ભગવાનની સ્તુતિ	૧૫૬
૧૦	પ્રાકૃતાદિક દશ પ્રકારની સૃષ્ટિ	૧૮૦
૧૧	કાલના સ્થૂલ સૂક્ષ્મ રૂપનું વર્ણન	૧૯૩
૧૨	બ્રહ્માની માનસી વગેરે સૃષ્ટિનું વર્ણન	૨૧૦
૧૩	વરાહ ભગવાનનો પ્રાદુર્ભાવ અને હિરણ્યાક્ષનો સંહાર	૨૩૫
૧૪	દિતિને કશ્યપથી ગર્ભાધાન અને તેથી દૈત્યોની ઉત્પત્તિ	૨૬૬
૧૫	સનત્કુમારોનું વૈકુંઠગમન અને જય-વિજયનો શાપ	૨૯૧
૧૬	જય-વિજય ઉપર પ્રભુએ કરેલી કૃપા	૩૨૦
૧૭	દિતિના ગર્ભથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનો જન્મ	૩૪૬
૧૮	હિરણ્યાક્ષ તથા વરાહ ભગવાન વચ્ચે થયેલું મહા યુદ્ધ	૩૬૦
૧૯	યુદ્ધમાં ભગવાન વરાહે હિરણ્યાક્ષ દૈત્યનો કરેલો નાશ	૩૭૮
૨૦	સૃષ્ટિની ઉત્પત્તિ	૪૦૦
૨૧	મનુનું શતરૂપા સાથે દેવહૂતિને લઈ કર્દમના આશ્રમમાં આગમન	૪૨૬
૨૨	મનુ મહારાજે પોતાની પુત્રી કર્દમને પરણાવી	૪૫૫
૨૩	દેવહૂતિની સેવા; કર્દમે વિમાન બનાવ્યું; દંપતીના ગાર્હસ્થ્યનું વર્ણન	૪૭૮
૨૪	કપિલદેવજીનો જન્મ અને કર્દમનું વનમાં જવું	૫૦૭
૨૫	દેવહૂતિને કપિલમુનિએ કહેલો ભક્તિયોગ	૫૨૮
૨૬	મહત્તત્ત્વાદિકની ઉત્પત્તિ તથા તત્ત્વોમાંથી વિરાટની ઉત્પત્તિ	૫૫૨
૨૭	પુરુષનું સ્વરૂપ તથા તેને જાણવાના ઉપાય	૫૮૩
૨૮	સબીજ યોગનું સ્વરૂપ; યોગથી ઉપાધિ રહિત સ્વસ્વરૂપનું જ્ઞાન	૫૯૮
૨૯	ભક્તિયોગના પ્રકારો તથા કાળનું સ્વરૂપ	૬૨૫
૩૦	કામાસક્ત પુરુષોની તામસી ગતિ	૬૪૮
૩૧	જીવનું ગર્ભમાં આવવું; જીવે કરેલી ભગવાનની સ્તુતિ	૬૬૨
૩૨	ગૃહસ્થના ધર્મ	૬૮૭
૩૩	કપિલદેવજીનું પધારવું; દેવહૂતિની મુક્તિ	૭૦૮
	અકારાદિ અને અધ્યાય ક્રમથી શ્લોકોનો અનુક્રમ	૭૨૯

॥ श्रीकृष्णः शरणं मम ॥

अथ श्रीमद्-भागवतम्

तृतीयः स्कंधः

સર્ગલીલા : શ્રીનાથજીનો દક્ષિણ કરકમલ : અધ્યાય ૩૩. બે પ્રકરણ. ૧ થી ૧૯ : ૨૦ થી ૩૩ શ્લોક ૧૪૧૬ ।। : અનુષ્ટુપ ૧૬૦૬ ।। : ઉવાચ ૧૪૦

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો વિચાર કરતાં અલ્પ પ્રમાણમાં પ્રથમ અને દ્વિતીય સ્કંધની અને ત્રીજા સ્કંધની સંગતિ કરી લેવી જોઈએ. આ વસ્તુને લક્ષ્યમાં રાખીને પ્રથમ અને દ્વિતીય સ્કંધનો સંક્ષેપમાં સંગ્રહ કરવો આવશ્યક છે.

પ્રથમ સ્કંધ અને દ્વિતીય સ્કંધ ભગવાનનાં દક્ષિણ અને વામ ચરણકમલરૂપી બે અંગો છે. ૧૯ અધ્યાયના પ્રથમ સ્કંધની 'અધિકાર' એવી સંજ્ઞા છે. ૧૦ અધ્યાયના બીજા સ્કંધની 'જ્ઞાન' એવી સંજ્ઞા છે.

'અધિકાર' એટલે શ્રોતા અને વક્તાની યોગ્યતાની કક્ષાનો ઉલ્લેખ. શ્રોતા તેમજ વક્તા ત્રણ પ્રકારના છે : એક સામાન્ય કક્ષાના, બીજા વિશિષ્ટ કક્ષાના અને ત્રીજા સર્વોત્તમ કક્ષાના.

જેઓ પુણ્યાભિલાષી, સ્વર્ગાભિલાષી, ફલાભિલાષી કે સુખાભિલાષી છે તેઓ સામાન્ય કક્ષાના શ્રોતા–વક્તા છે. પરંતુ જેઓ મોક્ષેપ્સુ, જ્ઞાનપિપાસુ અને તત્ત્વજિજ્ઞાસુ છે તેઓ મધ્યક્ષ કક્ષાના છે. જેઓ કેવળ ભગવત્સેવા-પરાયણ છે તેમજ ભગવાનમાં એકતાન છે તેઓ ઉત્તમ કક્ષાના છે. આવા ત્રણ પ્રકારના શ્રોતાઓનો વિચાર ૧૯ અધ્યાયમાં કરવામાં આવેલ છે; પરંતુ કોઈ પણ આશયથી કેવળ સાંભળવા માટે આવે તે પણ અધિકારી છે. કદાચ કો'ક કુતૂહલ વૃત્તિથી આવશે તો પણ તે શ્રદ્ધાશીલ બનીને જ જશે.

કારણ કે "સાંભળે તે સિદ્ધ પુરુષ થાય, તેને સાધનોની જરૂર ન પડે. હરિરસ પીએ તે હરિદાસ બને, એ આશાઓનો દાસ ન બને, એ હતાશ ન બને, એ ઉદાસ ન બને પરંતુ એના ઉરમાં સદા ઉલ્લાસ રહે.–" માટે સાંભળનાર માત્ર અધિકારી બને છે. તો પછી જો શ્રોતા કે વક્તાના ધર્મ સંપાદન કરીને સાંભળે તો તે અવશ્ય ઉત્તમ સિદ્ધિ મેળવે.

પરીક્ષિત રાજા આવા ઉત્તમ કક્ષાના શ્રોતા હતા. શ્રી શુકાચાર્ય મુનિ સર્વશ્રેષ્ઠ વક્તા હતા. તેમનામાં પ્રેમ અને વૈરાગ્ય પુષ્કળ હતાં. મોક્ષમહાસાગરને પેલે કિનારે વસેલા હરિગુણાનુવાદ પીયૂષને પીવા માટે પરીક્ષિત અતિ ઉત્કંઠ હતા. તેમને સંભળાવનાર શ્રી શુકમુનિ પણ તેમનાથી વધુ તત્પર હતા. શ્રી શુકદેવજી તો ભગવાન શ્રીકૃષ્ણના યશઃસરોવરમાં નિરંતર નિમગ્ન જ રહેતા હતા. તેઓ વક્તા છતાં શ્રોતા જ હતા; કારણ કે સંભળાવે તે પોતે પણ સાંભળે છે જ. ઉત્તમ વક્તા શ્રી શુકદેવજીએ રાજાને સાંભળવા માટે ઉત્કંઠ બનાવ્યા. વળી અધિકારી બનાવ્યા.

ત્યારે દ્વિતીય સ્કંધની શરૂઆત થઈ. તે બીજા સ્કંધના દશ અધ્યાય છે. "તત્ત્વધ્યાન, ચિત્તપ્રસાદ અને મનન" એવા ત્રણ વિભાગોમાં જ્ઞાનની ચર્ચા દ્વિતીય સ્કંધમાં કરી છે.

તત્ત્વનું ધ્યાન અને મનન કરનારના મનની પ્રસન્નતા જોઈએ. તેથી તત્ત્વધ્યાન અને મનન પ્રકરણની મધ્યમાં હૃદયની પ્રસન્નતાના પ્રકરણને મૂક્યું છે. દેહલી–ઉંબરા ઉપર મૂકેલ દીપક પરસાળ અને ઓરડાને

અજવાળે છે, તેમ હૃદયપ્રસાદ ધ્યાન અને મનનમાં પ્રકાશ પાડે છે. હૃદયની પ્રસન્નતા ભાવથી અને સ્તુતિથી વ્યક્ત થાય છે. ત્રીજા અધ્યાયમાં શ્રી શૌનક મુનિ જ્યારે ગાય છે કે “જે કાને કથા ન સાંભળી એ તો સર્પનાં દર છે”–વગેરે. ત્યારે સ્પષ્ટ ભાસે છે કે શ્રોતાનું મન રસતરબોળ બન્યું છે. ચોથા અધ્યાયમાં શ્રી શુકદેવજીની સ્તુતિથી વક્તાના ચિત્તની પ્રસન્નતા પણ સમજાય છે.

આ પ્રમાણે પ્રસન્ન થયેલ મનને તત્ત્વધ્યાન પ્રથમ બે અધ્યાયથી અને મનન છેલ્લા ૭ અધ્યાયથી પ્રાપ્ત થતાં રાજાના હૃદયમાં જ્ઞાનનો આવિર્ભાવ થયો. જ્ઞાનમાં રસ જાગ્યો. અને ભગવલ્લીલારહસ્યને વિસ્તારથી સાંભળવાની અને સમજવાની ઇચ્છા થઈ. બીજા સ્કંધના અંતમાં શ્રવણ કરતાં અધીરા થઈ પરીક્ષિત રાજા બોલ્યા કે શ્રી શુકાચાર્ય આપશ્રી મને હવે જ્ઞાનગાથા અને હરિકથાસુધા અપાર ઉદારતાથી પીવરાવો. શ્રોતાની ઉત્કંઠાએ વક્તાના ઉરમાંના ઉમંગસાગરમાં ભરતી આણી અને ત્રીજા સ્કંધથી બારમા સ્કંધ સુધીની ઉજ્જવળ કથાભાગીરથી વક્તાના મુખમાંથી વહન પામી. અને—

ત્રીજા અને ચોથા સ્કંધરૂપે શ્રી વિદુર–મૈત્રેયના વાર્તાલાપને શ્રી શુકમુનિએ રાજાની સમક્ષ મૂકયો. તૃતીય સ્કંધમાં ૩૩ અધ્યાય છે. ચતુર્થ સ્કંધમાં ૩૧ અધ્યાય છે. સર્ગ અને વિસર્ગ એવી બન્નેની સંજ્ઞા છે. સરવાળે થતા આ ૬૪ અધ્યાયો જાણે ભગવાનની ચોસઠ કલા જેવા છે. બન્ને સ્કંધ એકબીજાના પૂરક અને પોષક છે. બન્ને સ્કંધ ભગવાનના દક્ષિણ અને વામ કરકમલ છે. “ફિકર તેને કે જેના કર–હાથ કાર્ય ન કરે.” કાર્ય ન કરે તે કરને કર પણ કેમ કહેવાય. ભગવાનના દક્ષિણ કરથી થયેલી આ સૃષ્ટિ છે. અથવા તો આ સૃષ્ટિ ભગવાનનો જમણો હાથ છે.

‘સર્ગ’ શબ્દનો અર્થ કરીએ. સર્ગ એટલે સૃષ્ટિ. તત્ત્વોની અને દેવોની સૃષ્ટિ એટલે સર્ગલીલા. પુરુષથી ઉત્પન્ન થએલા જીવોની સૃષ્ટિ એટલે વિસર્ગ.

આ સર્ગ–સૃષ્ટિ જે સંસારમાં સર્વસામાન્ય પ્રકારનો દેખાય છે તેવો નથી. પરંતુ ભગવાને રચેલ લૌકિક અને અલૌકિક એવા બે પ્રકારનો સર્ગ છે. બન્ને પ્રકારનો સર્ગ તેત્રીસ ભેદવાળો છે. તેથી તેત્રીસ અધ્યાયો છે.

સર્ગનો જરા વધુ સ્પષ્ટ ખુલાસો કરીએ: “સૃષ્ટિને રચનારાં કારણોનું એકઠાં થવું તે સર્ગ.” આ સ્કંધમાં તેત્રીસ અધ્યાયોમાં આવા સર્ગનું વર્ણન છે. અલૌકિક સર્ગનાં કારણ કે સાધન તેત્રીસ દેવો છે અને લૌકિક સર્ગનાં સાધન–કારણ તેત્રીસ તત્ત્વો છે. ભગવાને એ તેત્રીસ દેવોને અને તત્ત્વોને રચ્યાં અગર ભગવાન સ્વયં તેત્રીસ દેવો અને તત્ત્વસ્વરૂપ બન્યા.

હવે દેવોની રચનાના અલૌકિક સર્ગમાં કયા દેવો આવે છે તેનો સંગ્રહ કરીએ. આઠ વસુઓ; અગિયાર રુદ્રો; બાર આદિત્ય; ઇન્દ્ર અને પ્રજાપતિ; મળીને તેત્રીસ દેવો થયા. આ દેવો યજ્ઞ સિદ્ધ કરવામાં અત્યંત ઉપયોગી છે તેમ જ જ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ ઉપયોગી છે. યજ્ઞ અને જ્ઞાન સુખપ્રાપ્તિમાં તેમ જ મોક્ષપ્રાપ્તિમાં સાધનભૂત છે. પરંતુ તે યજ્ઞ એટલે શું અને જ્ઞાન એટલે શું તેનો ખ્યાલ મનુષ્યને નથી. તેથી યજ્ઞનો અને મોક્ષનો ખ્યાલ આપવા માટે ભગવાને આ સૃષ્ટિની રચના કરી છે. તત્ત્વોની રચનાનો લૌકિક સર્ગ છે તેમાં અઠ્ઠાવીસ ‘તત્ત્વો’ અને ચાર પ્રકારનાં પ્રાણીનાં ‘બીજ’ અને એક ‘કાલ’ મળીને તેત્રીસ પ્રકાર થાય છે.

યજ્ઞ દ્વારા વિશ્વનો ભૌતિક ઉત્કર્ષ થાય, દ્રવ્યવૃદ્ધિ થાય, દ્રવ્યશુદ્ધિ થાય, દિલશુદ્ધિ થાય, દેહશુદ્ધિ થાય અને વિશ્વ સુખી થાય. સુખ એ આનંદની સામાન્ય કક્ષા છે. પરંતુ સુખની વાસ્તવિક કક્ષા એટલે પરમાનંદ.

આ પરમાનંદ જ્ઞાન કે ભગવત્સેવાથી થાય. જ્ઞાનથી પ્રેમ, ત્યાગ, વિવેક, આનંદ વગેરેની પ્રાપ્તિ થાય અને વિશ્વની શાંતિ થાય. આ બન્ને લક્ષ્યાંકને સાધવા શ્રી વરાહ અને શ્રી કપિલ અવતારો થયા. કર્મ–યજ્ઞની સિદ્ધિ વરાહથી થઈ અને જ્ઞાનની સમજ શ્રી કપિલ ભગવાનથી થઈ. કર્મ વિના જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વિનાનું કર્મ આંધળું છે, એવો સંકેત આ સ્કંધમાં કર્યો છે. તેથી બન્ને અવતારોને એક સ્કંધમાં વર્ણવ્યા છે. એક જ સ્કંધમાં બન્નેનો સંગ્રહ પરસ્પરના સહકારની અપેક્ષા સૂચવે છે.

યજ્ઞ અથવા કર્મનો વિસ્તાર ૧ થી ૧૯ અધ્યાયોમાં કરે છે. જ્ઞાનનો વિવેક ૨૦ થી ૩૩ અધ્યાયોમાં સમજાવે છે. આમ ઓગણીસ અને ચૌદ અધ્યાયમાં બન્ને પ્રકરણનો સમાવેશ છે.

વૈદિક કર્મ કરવા માટે '૧૯' ઋત્વિજની આવશ્યકતા રહે છે. તેથી ઓછી સંખ્યા ન ચાલે. જાણે યજ્ઞીય કર્મના આ પ્રકરણમાં તેથી જ ઓગણીસ અધ્યાય હશે એમ સૂચવે છે. આ ઓગણીસ અધ્યાયના પ્રકરણમાં બે નાયક અને પ્રતિનાયક છે. એક શ્રી વરાહ ભગવાન અને બીજો હિરણ્યાક્ષ. વેદનું સ્વરૂપ વરાહ ભગવાન છે. એમનો આદેશ અને આદર્શ "યાગ-યજ્ઞ" છે. 'યાગ' એટલે દેવતાઓને ઉદ્દેશીને દ્રવ્યનો ત્યાગ.. દ્રવ્ય નવ પ્રકારનાં છે. જેમાં સર્વ પદાર્થોનો સમાવેશ થઈ જાય છે. સર્વ દ્રવ્યોનો સુવ્યવસ્થિત રીતે વિનિયોગ કરવો એટલે જ યજ્ઞ. "**यज संगतिकरणार्थको धातुः**" **यज्**— એટલે સંગતિ કરવી. સુયોગ્ય રીતે સંગમ કરાવવો. યજ્ઞીય અગ્નિમાં આહુતિ આપી એમાંથી મેઘની રચના કરી વિશ્વનું કલ્યાણ સાધવું. આવા 'યજ્ઞ'નું વિધાન કરનાર અને એમાં વિઘ્ન કરનારને દૂર કરનાર શ્રી વરાહ ભગવાન છે.

શ્રી વરાહનો વિરોધી હિરણ્યાક્ષ છે. એ દ્રવ્યના ત્યાગમાં નથી માનતો પરંતુ ભોગમાં માને છે, સંગ્રહમાં માને છે. તેથી તેનો વધ કર્યો એટલે પૃથ્વીનું મંગલ કર્યું.

યજ્ઞથી ચિત્ત અને વિત્ત શુદ્ધ થયાં. અન્તઃકરણ શુદ્ધ થતાં 'જ્ઞાન' ધારણની યોગ્યતા આવી. તેને હવે જ્ઞાનની ભૂખ લાગી. તેને પૂરી પાડવાનું કામ શ્રી કપિલ ભગવાને કર્યું. ચૌદ અધ્યાયમાં જ્ઞાનતત્ત્વને પીરસ્યું. દશ ઇન્દ્રિય અને ચાર અન્તઃકરણ પવિત્ર થતાં તે ચૌદ સ્થાનોમાં જ્ઞાનરસે પ્રવેશ કર્યો. તેથી પરમાનંદની પ્રાપ્તિ થઈ.

આમ કર્મ-જ્ઞાનનો વિવેક સમજાવતો તૃતીય સ્કંધ શરૂ થયો. ત્રીજો સ્કંધ ઉપક્રમ સ્કંધ છે. અગિયારમો સ્કંધ ઉપસંહાર સ્કંધ છે. બન્ને મળી એ એક જ અંગ છે. વક્તા કે શ્રોતાએ જે આરંભમાં કહ્યું કે લખ્યું હોય તે જ સમાપ્તિમાં આવવું જોઈએ. અને ગ્રન્થની મધ્યમાં પુનઃ પુનઃ તેનું જ પુનરાવર્તન કરી પ્રતિપાદન કરવામાં આવતું હોય છે.

હવે તેત્રીસ અધ્યાયના આ સ્કંધનો પ્રકરણ વાર વિચાર કરીએ—

આ સ્કંધનાં બે પ્રકરણ છે. બંધલીલા-નિરૂપણ નામનું પ્રકરણ ઓગણીસ અધ્યાયનું છે. મોક્ષલીલા-નિરૂપણ પ્રકરણના ચૌદ અધ્યાય છે. પ્રથમ પ્રકરણમાં અવાંતર બીજાં પાંચ પ્રકરણ છે. તેવાં જ બીજા પ્રકરણનાં પણ— ગૌણ પાંચ પ્રકરણ છે. બન્ને મળી દશ પ્રકરણો થાય છે. તેનો વિભાગ અને વિવેક નીચે દર્શાવ્યો છે.

બંધલીલાના ૧૯ અધ્યાયમાં ૫ પ્રકરણ—

(૧) ગુણાતીતથી સૃષ્ટિ : આ પ્રકરણ ૧ થી ૬ અધ્યાયોમાં છે. બ્રહ્મ તો નિર્ગુણ છે. તે સૃષ્ટિ કેવી રીતે રચી શકે! જગતમાં તો રચનારા સર્વ સાકાર અને સગુણ હોય છે. આ શંકાના સમાધાન સાથે ગુણાતીતથી સૃષ્ટિ કેવી રીતે બની તેનો વિચાર આ પ્રકરણમાં કરે છે. આ પ્રકરણમાં પ્રથમ ચાર અધ્યાયમાં શ્રવણાદિના અધિકાર અથવા અધિકારીનું પણ કથન છે. વિદુરજી અધિકારી છે; કારણ કે તેમનામાં વૈરાગ્ય અને વિવિદિષા-જાણવાની વૃત્તિ બન્ને વસ્યાં છે. પછીના બે અધ્યાયમાં ગુણાતીતથી સૃષ્ટિ વર્ણવી છે.

(૨) સગુણ બ્રહ્મમાંથી સૃષ્ટિ : ત્રણ અધ્યાયના આ પ્રકરણમાં બ્રહ્મા વગેરેની ઉત્પત્તિનું કથન છે. આમાં સગુણ બ્રહ્મમાંથી થએલી વિસર્ગરૂપ સૃષ્ટિનું વર્ણન છે. ૭ થી ૯ અધ્યાયનું આ પ્રકરણ છે.

(૩) કાલસૃષ્ટિ : સૂક્ષ્મથી સ્થૂલ કાલનું સ્વરૂપ શું? એની સંજ્ઞા શી? કાલ કેવી રીતે સમજાય? યુગ એટલે શું? તે કેટલા? તેનું માપ શું? આ સમસ્ત વિવેચન આ પ્રકરણમાં છે. કાલસૃષ્ટિ પણ દશ પ્રકારની છે ૧૦ અને ૧૧ બે અધ્યાયનું આ પ્રકરણ છે.

(૪) મુક્ત જીવસૃષ્ટિ : મુક્ત જીવો પણ સૃષ્ટિમાં આવે છે. મુક્ત જીવોથી વિશ્વની પ્રતિષ્ઠા છે અને વ્યવસ્થા છે. આ પ્રકરણ '૧૨' મા એક જ અધ્યાયનું છે.

(૫) મુક્ત જીવસૃષ્ટિનો ઉપોદ્‌ઘાત : આસક્તને સૃષ્ટિમાં આવવું પડે, મુક્તને શા માટે? આ એક મહત્ત્વના પ્રશ્નને વિચારતું ૧૩ થી ૧૯ અધ્યાયનું આ પ્રકરણ છે.

હવે મુક્ત જીવસૃષ્ટિ પ્રકરણ ચૌદ અધ્યાયનું—

(૬) તત્ત્વમુક્તિવિચાર : ચોવીસ તત્ત્વોમાંથી દેહ અને દુનિયા બની છે. તેમાંથી મુક્ત થવું એટલે શું? વળી મુક્ત થવાની શૈલી અને સામગ્રી શી? આવી ચર્ચા આ પ્રકરણમાં થાય છે. આ પ્રકરણના— ૨૦ થી ૨૪ અધ્યાય છે.

(૭) જીવમુક્તિ : જીવાત્માને જગતમાંથી મુક્ત થવું આવશ્યક ખરું? અને જો મુક્ત થવું જરૂરી હોય તો તેનો ઉપાય શો? આ પ્રકરણ ૨૫ મા એક જ અધ્યાયનું છે.

(૮) ગુણાતીત મુક્તિ : ગુણાતીતોની મુક્તિનું સ્વરૂપ કેવું? અને સાધન ક્યાં? આ પ્રકરણ ૨૬ અને ૨૭ બે અધ્યાયનું છે.

(૯) સગુણ મુક્તિ : સગુણોએ સંસાર શી રીતે ત્યજવો? અને સંસાર ત્યજવો એટલે શું ત્યજવું? વળી શા માટે ત્યજવો? આ પ્રકરણ ૨૮ મા એક જ અધ્યાયનું છે.

(૧૦) સમસ્ત જીવમુક્તિ : સમસ્ત જીવોએ મુક્તિ કેવી રીતે મેળવી એનો વિવેક વર્ણવ્યો છે. વિશિષ્ટ જીવો તો મુક્ત થઈ શકે પણ સમગ્ર જીવોમાં તો સર્વસામાન્ય કક્ષાના જીવો પણ આવી જાય તેઓ કેમ છૂટી શકે? આ પ્રકરણ ૨૯ થી ૩૩ અધ્યાયનું છે.

બીજો પ્રકાર

૩૩ અધ્યાયના બીજી રીતે ચાર ગૌણ વિભાગ ચાર પ્રકરણથી પણ થાય છે. (૧) અધિકાર, (૨) સૃષ્ટિ, (૩) ઉપપત્તિ અને (૪) ફલ આવા ચાર ભેદ છે.

(૧) અધિકાર : ૧ થી ૪, પ્રથમ ચાર અધ્યાયમાં અધિકારનું વર્ણન છે.

(૨) સૃષ્ટિ : ૫ થી ૧૨ અધ્યાયમાં સૃષ્ટિનું વર્ણન છે. પાંચ પ્રકારની સૃષ્ટિ આ પ્રકરણમાં છે.

(૩) ઉપપત્તિ : ૧૩ થી ૨૦ અધ્યાયમાં યોગ્યતા જણાવે છે. આ પ્રકરણના આઠ અધ્યાય છે.

(૪) ફલપ્રકરણ : ૨૧ થી ૩૩ અધ્યાયનું છે. સાંખ્યયોગ અને ભક્તિથી મુક્તિનું નિરૂપણ છે.

અધ્યાય ૧ લો

श्रीशुक उवाच – एवमेतत् पुरा पृष्टो मैत्रेयो भगवान् किल ।
क्षत्त्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥ १ ॥
यद्वा अयं मन्त्रकृद्वो भगवानखिलेश्वरः ।
पोरवेन्द्र-गृहं हित्वा प्रविवेशात्मसात्कृतम् ॥ २ ॥

અન્વયાર્થ—**श्रीशुक उवाच**-શ્રી શુકાચાર્ય બોલ્યા, **पुरा**-પૂર્વે, **ऋद्धिमत्**-વૈભવ ભરેલા, **स्व-गृहम्**-પોતાના ઘરને, **त्यक्त्वा**-ત્યજી દઈને, **वनम्**-વનમાં, **प्रविष्टेन**-ચાલ્યા ગયેલા, **क्षत्त्रा**-વિદુરજી દ્વારા, **भगवान् मैत्रेयः**-ભગવાન મૈત્રેય મુનિ, **एवम्**-આ પ્રકારે, **एतत्**-આ જ વિષયમાં, **किल**-ખરેખર, **पृष्टः**-પુછાયેલા હતા. ૧ **वा**-કે, **अयम्**-આ, **वः**-આપના, **मन्त्रकृत्**-મંત્રણામંત્રી-વિષ્ટિકાર, **अखिलेश्वरः**-સર્વેશ્વર, **भगवान्**-ભગવાન શ્રીકૃષ્ણ, **पौरव-इन्द्र-गृहम्**-રાજા દુર્યોધનના રાજભવનને, **हित्वा**-ત્યજી દઈને, **आत्मसात् कृतम्**-પોતાના ઘર તરીકે માનેલા, **यत्**-વિદુરજીને ઘેર, **प्रविवेश**-પધાર્યા. ૨

અનુવાદ—શ્રી શુકાચાર્યે કહ્યું : રાજન્ પરીક્ષિત ! જ્યારે શ્રી વિદુરજીએ પોતાના સમૃદ્ધિશાલી ભવનનો ત્યાગ કરી વનમાં પ્રવેશ કરેલો ત્યારે આ રીતે જ આ બાબતમાં એમણે એ પ્રશ્ન ભગવાન મૈત્રેયને પૂછેલો. ૧. એ તો જ્યારે પાંડવોના વિષ્ટિકાર બનીને અખિલેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં પધારેલા ત્યારે રાજા દુર્યોધનના રાજભુવનને છોડીને વિદુરજીના નિવાસને પોતાનું ઘર માની એમાં પોતે વિના નિમંત્ર્યા બિરાજ્યા હતા. ૨

તત્ત્વસુધા—ભગવતી ભાગીરથીનો કિનારો છે. નવ તરુ-સુશોભિત મંડપ છે ત્યાં મધ્ય સભામાં સિંહાસને શ્રી શુકાચાર્ય બિરાજ્યા છે. પરીક્ષિત રાજા, ઋષિવૃન્દ, મુનિવૃન્દ અને વિવિધ શ્રોતૃવૃન્દથી સભા શોભે છે. પરીક્ષિત રાજા પ્રશ્નો કરે છે. શ્રી શુકાચાર્ય પરીક્ષિતની નિષ્ઠાથી પ્રસન્ન છે અને પ્રત્યુત્તરો આપ્યા કરે છે. એ રીતના પ્રશ્નોત્તરમાં દ્વિતીય સ્કંધ સુધીનો કથાપ્રસંગ આવ્યો. દ્વિતીય સ્કંધમાં આઠમા અધ્યાયના છઠ્ઠા શ્લોકથી ૨૫ મા શ્લોક સુધી રાજા અનેક પ્રશ્નો પૂછે છે.

શ્રી શુકાચાર્યજી એ બધા પ્રશ્નોમાંથી કેવલ બે ત્રણ પ્રશ્નોનો જ ઉત્તર દ્વિતીય સ્કંધના અંતિમ અધ્યાયોમાં આપે છે. પરંતુ અન્ય પ્રશ્નોનો ઉત્તર આપવાનો અવશિષ્ટ રહે છે. તે પ્રશ્નોના ખુલાસા માટે તૃતીય સ્કંધની શરૂઆત થાય છે. આ કારણથી આ સ્કંધના પ્રારંભમાં વક્તાને જ બોલવાનો આરંભ કરવાનો હોવાથી **श्रीशुक उवाच** વાક્યથી જ સ્કંધનો પ્રારંભ થાય છે. વળી મહાપુરુષોનું માનવું છે કે પ્રથમ દિવસે દ્વિતીય સ્કંધ સુધીની કથા થઈ છે અને સાયંકાળ થઈ જાય છે. તેથી કથા વિરામ પામે છે. પરિણામે વધુ પ્રશ્નો ચર્ચી શકાતા નથી. બાદ બીજે દિવસે પ્રાતઃકાલે શ્રી શુકાચાર્ય રાજાના અધૂરા પ્રશ્નોનો ઉત્તર આપવાનો આરંભ કરતા હોવાથી **श्रीशुक उवाच** વાક્યથી તૃતીય સ્કંધ શરૂ થાય છે.

વક્તા સાવધ હોય છે, અનેક પ્રકારની ચર્ચા કરતા હોય છે અને પાછા મૂળ પ્રશ્ન ઉપર આવીને ઊભા રહે છે. શ્રી શુકદેવજી તો યોગી છે અને સર્વજ્ઞ છે. તેઓ સ્નેહમય વચનામૃત કરે છે કે રાજન્ ! "एवमेतत् पुरा पृष्टः" આવા જ પ્રશ્નો એક વાર શ્રી વિદુરજીએ મુનિ મૈત્રેય પાસે મૂકેલા. ત્યારે મૈત્રેય મહર્ષિએ એનાં સમાધાન કરેલાં. તે જ ઉલ્લેખ મારે તમારા પ્રશ્નોની બાબતમાં કરવાનો છે તે કરું છું. "**मैत्रेयो भगवान् किल**" હવે શ્રી શુકદેવજી મૈત્રેયની યોગ્યતાનું વર્ણન કરે છે. એક વાત સુનિશ્ચિત છે કે શ્રોતા અને વક્તા સમાન કક્ષાના હોય

તો રસનો આવિર્ભાવ થાય. તેથી આ પ્રથમ શ્લોકમાં મુનિ મૈત્રેયને '**भगवान्**' પદનું વિશેષણ આપે છે અને વિદુરજીને "**क्षत्ता**" પદથી ઓળખાવે છે.

વક્તાની વિશિષ્ટતાનો પરિચય કરાવનાર બે પદ છે. એક પદ "**मैत्रेयः** અને બીજું પદ **भगवान्**" છે. વક્તામાં કરુણામય વાત્સલ્ય અને ભક્તિમય હૃદય એવા બે ગુણ હોવા જોઈએ. મૈત્રેય શબ્દથી બન્ને ગુણો તેમનામાં છે એમ સૂચવે છે. 'મિત્રા' તેમની માતાજીનું નામ છે. મિત્રાના પુત્ર મૈત્રેય કહેવાય છે. ભક્તિ અને દયા તો સાધ્વી જનનીનાં દૂધમાંથી જ મળેલાં અમીઝરણાં છે. આ બે ઝરણાં માતામાંથી મૈત્રેયજીમાં આવ્યાં છે, એવું મૈત્રેય પદથી સમજાવ્યું.

भगवान् પદથી વક્તાનું જ્ઞાનસામર્થ્ય બતાવે છે. 'ભગવાન' શબ્દનું વિશેષણ એક તો ભગવાન માટે વપરાય છે અને બીજું સમર્થ આચાર્ય પુરુષો માટે વપરાય. ભગવાન માટે જ્યારે વપરાય ત્યારે "ષડ્ ઐશ્વર્ય-સમ્પન્ન" એવો અર્થ થાય છે. આચાર્ય માટે વપરાય ત્યારે, "ઉત્પત્તિ અને વિનાશ, ગમન અને આગમન, બંધ અને મોક્ષ" આ ૭ વસ્તુને જાણે અને જીવાત્માને જણાવી મોક્ષ અપાવે એવા આચાર્યો માટે ભગવાન પદ વપરાયું છે. શ્રી મૈત્રેય મહર્ષિમાં એવી યોગ્યતા છે. શ્રીમદ્ ભાગવતના વક્તાઓમાં ભગવાન પદનું વિશેષણ સર્વત્ર આવે છે.

હવે શ્લોકના બીજા ચરણમાં શ્રોતાનો પરિચય આપે છે. જિતેન્દ્રિયપણું (૧), ત્યાગ (૨), સાત્વિક સ્થાનમાં નિવાસ (૩) આવા ત્રણ ગુણ ધરાવતા શ્રોતાને હરિરસ પીવામાં આનંદ આવે છે અને વક્તાને પાવામાં આનંદ આવે છે, "**क्षत्ता**" એટલે જિતેન્દ્રિય એવો અર્થ થાય. વિદુરજી જિતેન્દ્રિય છે. અન્તઃપુરના અધ્યક્ષ કે સચિવ, જિતેન્દ્રિય અથવા ઇન્દ્રિયવિકલ બેમાંથી એકને રાખી શકાય. ઇન્દ્રિયવિકલ એટલે કલીબ કરતાં જિતેન્દ્રિય શ્રેષ્ઠ ગણાય. "**त्यक्त्वा**" પદથી વિદુરજીનો મહાન ત્યાગ બતાવ્યો છે. સમૃદ્ધિશાલી રાજભવન અને પદ છોડનાર સામાન્ય ત્યાગી હોઈ ન શકે. "**वनं प्रविष्टेन**" કાયમ માટે વનમાં નિવાસ સૂચવીને સાત્વિક દેશ પણ સૂચવ્યો છે. આ પ્રકારે ઉત્તમ કક્ષાના વક્તા અને ઉત્તમ કક્ષાના શ્રોતા, આ તૃતીય સ્કંધની કથાનો પ્રારંભ કરે છે. એવું પ્રથમ શ્લોકથી વર્ણવી બીજા શ્લોકનો ઉપક્રમ કરે છે. (૧)

બીજા શ્લોકમાં એક પ્રશ્ન ચર્ચે છે. ઘરનો ત્યાગ તો જ્ઞાનમાર્ગમાં છે, ભક્તિમાર્ગમાં ગૃહત્યાગની આવશ્યકતા નથી. ભક્તિમાર્ગમાં ઘર અને જીવન ભગવાનને જ સમર્પણ કરી દીધાં છે પછી ત્યાગ કરવાનો રહેતો જ નથી, છતાં વિદુરજીએ કેમ ઘરનો ત્યાગ કર્યો હશે એવી શંકા થાય તેનું સમાધાન કરે છે કે વિદુરજીએ દુઃખી થઈ દ્વેષબુદ્ધિથી ગૃહત્યાગ નથી કર્યો; પરંતુ દુઃસંગમય વાતાવરણથી દૂર થવા પ્રસન્ન દિલથી ગૃહત્યાગ કર્યો છે. એ ત્યાગના મૂળમાં તો અખિલેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ પાંડવોના વિષ્ટિકાર તરીકે કૌરવોને ત્યાં આવેલ હોઈ તેમને ત્યાં જ ઊતરવું જોઈએ છતાં તેમના ઐશ્વર્યને ઠોકર લગાવી વિદુરજીને ત્યાં જ ઊતર્યા હતા. શ્રી શુકાચાર્યે કહ્યું, "રાજન્! તમે કેવા ભાગ્યશાળી છો કે સર્વના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ તમારા વડીલોના '**मंत्रकृद्**' વિષ્ટિકાર એટલે સંદેશવાહક રાજદૂત બન્યા." આ વાક્યના શ્રવણથી રાજા પરીક્ષિતનું હૃદય ભક્તિભાવથી આર્દ્ર બન્યું અને આંખલડી અશ્રુથી ભીંજાણી.

"**पौरवेन्द्रगृहं हित्वा**" ભગવાનનો ઉતારો દુઃશાસનના મહેલમાં રાખવામાં આવ્યો હતો. ભગવાને તે ઘરને પડતું મૂક્યું છે.

કૌરવોએ અને ખાસ કરીને દુર્યોધને ભગવાનને આગ્રહ કર્યો કે આપનો ઉતારો રાજ્યના અતિથિભવનમાં રાખેલ છે આપ ત્યાં કૃપા કરીને પધારો.

હસીને શ્રીહરિએ ઉત્તર વાળ્યો, રાજન્! આપનો આભાર. મારો તો ઉતારો માત્ર બે ઘરમાં જ સંભવે છે. એક મારા સ્વજનને ત્યાં અને અન્ય મારા સુહૃદ્જનને ત્યાં એટલે ભક્તજનને ત્યાં. રાજસભામાં રાજદૂતને રજ્જુ લઈ મને બાંધવાનું ફરમાન કરતા આપનાથી વધુ સુહૃદ્જન તો કોણ સંભવે!

અને સ્વજન એટલે સંબંધી જન. એ તો આપ થવાના હતા પરંતુ એ તો મેં ન થવા દીધા; બલભદ્ર ભૈયા બહેન સુભદ્રાને તમને વરાવવા ચાહતા હતા પણ મેં જ અર્જુનને વરાવી. કારણ કે આજની માફક મારે તમારે આંગણે આવવું પડે અને મારી સુભદ્રા મને કહે, 'ભાઈ જમીને જાને' તો શી રીતે તેને ના પાડું ? એની આર્દ્ર આંખલડીને કેમ ઉવેખી શકું ? રાજન્ ! તારું અન્ન ન ખાવું પડે એ કારણે જ સંબંધ ન બાંધ્યો. દુર્યોધન ! 'ભગવદ્દ્વેષીનું અન્ન ભક્તને ન ખપે અને ભક્તદ્વેષીનું અન્ન ભગવાનને ન ખપે. તમે તો ભગવાન અને ભક્ત બન્નેનો દ્વેષ અને દ્રોહ કરો છો તેથી જ વિદુરે તમને ત્યજ્યા અને મેં પણ સ્વાગત ત્યજ્યું.

દુર્યોધને પણ ભગવાનનો ઉતારો 'પૌરવેન્દ્ર'' એટલે દુઃશાસનને ત્યાં રાખ્યો હતો. એની એ સમજ હતી કે કૃષ્ણ તો 'રાજદૂત' છે. એટલે મારા રાજભવનમાં તો મારા જેવા રાજા–મહારાજા ઊતરે, રાજસેવક નહીં. રાજમિત્ર હોત તો મારે રાજમહેલે મહેમાન બનત. આવા અહંભાવધારી 'હેવાન'ને ત્યાં ભગવાન કદી પધારે ? શ્રીકૃષ્ણ ત્યાંથી ચાલ્યા અને—કુટિલતાભર્યા રાજભવનને ત્યજી વનમાં કુશલતાભરી કુટિરમાં વસતા વિદુરજીને ત્યાં વસ્યા; કારણ કે '**प्रविवेश आत्मसात्कृतम्**' વિદુરજીએ પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પિત કર્યું હતું. વિદુરજીએ નિવાસનું નામ આપ્યું હતું, "કૃષ્ણકુટિર." કુટિલતાથી રહિત નિવાસનું નામ કૃષ્ણકુટિર. પછી તે વન હોય કે રાજભવન.

વિદુરજી મધ્યાહ્ન સંધ્યા કરતા ગંગાતીરે વિરાજ્યા હતા. શ્રીહરિનો રથ એકાએક આંગણે આવ્યો. વિદુરાણી શ્રી મૃદુલાજીએ ગરુડધ્વજને નિહાળ્યો. ભ્રાંતિ લાગી કે મને દિવસે સ્વપ્ન આવે છે. ક્યાંથી આ કાંતારમાં શ્રીકૃષ્ણનો રથ ? એવું બોલીને મૃદુલા કુટિરમાં ચાલ્યાં ગયાં.

કુટિલકુંતલ શ્રીકૃષ્ણ રથમાંથી ઊતરી સ્વયં પર્ણકુટીમાં આવ્યા. અને બોલ્યા : 'અરે મૃદુલાજી ! મને ખૂબ ક્ષુધા લાગી છે, કાંઈ ખાવાનું આપો.'

સુધાનિધિની વાક્સુધા સુણી મૃદુલાજીની સૂધબૂધ ક્યાંય ચાલી ગઈ. નયન સજલ બન્યાં અને બોલ્યાં : 'દેવાધિદેવ ! દેવા જેવું મારે દ્વારે કાંઈ નથી.' વધુ ન વદી શક્યાં. ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યાં.

એક નાની શી માટીની હાંડલીમાં તંદુલ–ભાજી સિદ્ધ થઈ રહી હતી. તેને દેતાં મૃદુલા સંકોચ પામ્યાં. પરંતુ રાજી રાજી થઈ રાજાધિરાજે રાજભોગ ગણી ઘણા ભાવથી આરોગી. મધુરાં મન મળ્યાં ત્યાં મિષ્ટાન્ન. નહીં કે મીઠાં અન્ન મળ્યાં તે મિષ્ટાન્ન.

ત્યાં વિદુરજી આવી પહોંચ્યા. સાથે બે કેળાં લાવેલા. દ્વારકાધીશને ભાજી જમતા જોયા. પીડાનો પાર ન રહ્યો. મૃદુલાને કેળાં દીધાં મુકુન્દને દેવાને કાજ. ભાનભૂલી ભાર્યાએ છાલ ઉતારી કૃષ્ણના કરમાં પધરાવી અને ગર્ભ બાજુ ઉપર મૂકી દીધો. હાંસે હાંસે હરિએ છાલને આરોગી. આ જોઈ વિદુરજી બોલી ઊઠ્યા : 'દેવી ! જો તો ખરી તેં ઠાકોરજીને શું દીધું ?'

ભગવાનેજ ઉત્તર આપ્યો : 'વિદુર ! ખાવા જેવું જે હતું દીધું. ભક્તો તો પુત્ર ગણાય અને ભગવાન તો પિતા મનાય. પિતા છાલ ખાય અને પુત્રને માલ ખવડાવે–એવો ખ્યાલ લોકમાં પણ બાપને હોય તો જગબાપને–મને એટલો ય ન હોય ! યશોદાના દામણે બંધાયેલા દામોદર એવું વદીને વિરમ્યા.

આવા ઉત્તમાધિકારી શ્રી વિદુરજી જેવા શ્રોતાને ઉત્તમશ્લોકનાં યશઃપીયૂષ પીવા મળે. રાજા પરીક્ષિત એવા અધિકારી હોવાથી શ્રી શુકાચાર્યજીએ ત્રીજા સ્કંધની ગાથાનો મંગળ પ્રભાતમાં પ્રારંભ કર્યો તેના બે શ્લોક થયા. હવે ત્રીજા શ્લોકથી પરીક્ષિત રાજાના પ્રશ્નની શરૂઆત થાય છે—

राजोवाच — कुत्र क्षत्तुर्भगवता मैत्रेयेणाससंगमः ॥
कदा वा सह संवाद एतद् वर्णय नः प्रभो ॥ ३ ॥
न ह्यल्पार्थोदयस्तस्य विदुरस्यामलात्मनः ।
तस्मिन् वरीयसि प्रश्नः साधुवादोपबृंहितः ॥ ४ ॥

અન્વયાર્થ—**राजा उवाच**-રાજાએ પૂછ્યું:—**प्रभो**-હે સમર્થ ! હે શ્રીશુકદેવજી ! **भगवता मैत्रेयेण**-ભગવાન મૈત્રેય મુનિની, **सह**-સાથે, **क्षत्तुः**-જિતેન્દ્રિય વિદુરજીનો, **संगमः**-સંગમ, **कुत्र**-કયાં, **वा**-અને, **कदा**-કયારે, **संवादः**-વાતચીત, **आस**-થઈ, **एतद्**-આ બધું, **नः**-મને. **वर्णय**-કહો. ૩

अमल-आत्मनः-નિર્મલ મનવાળા, **तस्य**-તે, **विदुरस्य**-વિદુરજીનો, **तस्मिम्**-તે, **वरीयसि**-શ્રેષ્ઠ એવા મૈત્રેયને કરેલ, **प्रश्नः**-પ્રશ્ન, **अल्प-अर्थ-उदयः**-ક્ષુદ્ર અર્થને ચર્ચનાર, સાધારણ બાબતને બતાવનાર, **न हि**-ન જ હોય. પરંતુ **साधुवाद-उप-बृंहितः**-ઉત્તમ પ્રકારના વાર્તાલાપથી ભરેલ જ હોય. ૪

અનુવાદ—રાજા પરીક્ષિતે પૂછ્યું : ભગવાન મૈત્રેય સાથે વિદુરજીનો મેળાપ કયાં થયો ? એમની સાથે આ બાબતની વાતચીત કયારે થયેલી ? હે પ્રભો એ બધું મને કહો. ૩ વિદુરજી જેવા નિર્મળ મનવાળા પુરુષના મૈત્રેય જેવા શ્રેષ્ઠ મહર્ષિને કરેલા પ્રશ્નો સાધારણ બાબતોના ન હોય; અવશ્ય તે બન્નેના સંગમમાં ઉત્તમ પ્રકારનો સંવાદ થયો હશે. ૪

तत्त्वसुधा – આ ત્રીજા શ્લોકમાં कुत्र અને कदा એવાં બે પ્રશ્નાર્થક અવ્યયો છે. 'कुत्र'થી સ્થાન જાણવાની ઈચ્છા છે. અને 'कदा' થી સમય જાણવાની વૃત્તિ જણાય છે. બન્ને ઉત્તમ કોટિના પુરુષો જ્યાં મળે તે સ્થાન ઉત્તમ કોટિનું જ હોય. દેશની એટલે સ્થાનની અસર કર્મ ઉપર પડે છે. સાત્ત્વિક અને શાન્ત સ્થાન જો હોય તો ત્યાં થનારા શ્રવણ-કીર્તનમાં પણ સાત્ત્વિકતા પ્રવેશે છે.

'एतद् वर्णय'—વિદુર અને મૈત્રેયનો જે સંવાદ છે તે મને વર્ણવો, એવું પરીક્ષિત ઈરાદાપૂર્વક પૂછે છે. કારણ કે બીજા સ્કંધના આઠમા અધ્યાયમાં અનેક પ્રશ્નો પૂછ્યા છે. શ્રી શુકદેવજી તે પ્રશ્નોનો ખુલાસો કરે એમાં નવાઈ નથી. પરંતુ રાજાને હવે તે પ્રશ્નોના ઉત્તરમાં રસ નથી. હવે તો વિદુરજી અને મૈત્રેયના વાર્તાલાપને જ સાંભળવો છે તેથી કહ્યું કે एतद् આ પ્રસંગ મને કહો. ૩

न ह्यल्पार्थोदयस्तस्य—પરીક્ષિત રાજાના હૃદયમાં સાત્ત્વિકતા વધવા લાગી છે. તેઓ આ શ્લોકથી એમ કબૂલે છે કે "ઉત્તમ પુરુષોનો" વાર્તાલાપ સામાન્ય સુખને ચર્ચનાર નહીં હોય, પરંતુ આત્મહિતને દેનારો હોય. વળી ઉત્તમ કાળ અને ઉત્તમ સ્થાનમાં પણ થનારી ચર્ચા ભલે અલ્પ હોય પરંતુ એમાં ઉત્કૃષ્ટ ફળ આપવાનું સામર્થ્ય હોય છે. પવિત્ર દેશમાં અને પુણ્યશીલ પુરુષને અલ્પ પ્રમાણમાં પણ જળનું દાન કરીએ તો ઉત્તમ ફલ આપનાર છે તે રીતે ઉત્તમ પ્રદેશ, ઉત્તમ સમય અને ઉત્તમ કોટિના શ્રોતા-વક્તાની વચમાં થતી અલ્પ જ્ઞાનચર્ચા અખિલ વિશ્વનું કલ્યાણ દેનારી બની જાય છે. ભગવન્ શુકાચાર્ય ! આપ તો શ્રેષ્ઠતમ વક્તા અને શ્રેષ્ઠતમ પુરુષ છો. પરંતુ હું તો મલિન મનવાળો અને શાપિત જીવ છું. હું શું પ્રશ્નો કરી શકું ?–નીતિના જાણકાર વિશુદ્ધ મનવાળા વિદુરજી અને સર્વશ્રેષ્ઠ લક્ષણવાળા મૈત્રેયજીની ચર્ચા સાધુવાદથી જ ભરપૂર હોઈ શકે, તેથી હવે મારા પ્રશ્નોને બદલે આ સુજન પુરુષે જે સત્સંગ કર્યો તે જ કહો. એમ કહી પરીક્ષિતે પોતાનું દૈન્ય પ્રકટ કર્યું. ૪

सूत उवाच – स एवमृषिवर्योऽयं[1] पृष्टो राज्ञा परीक्षिता ॥
प्रत्याहं तं सुबहुवित् प्रीतात्मा श्रूयतामिति ॥५॥

અન્વયાર્થ **सूत उवाच**-સૂતમુનિએ કહ્યું, **परीक्षिता राज्ञा**-પરીક્ષિત રાજાએ, **एवम्**-આ પ્રમાણે, **पृष्टः**-પુછાયેલ, **सः**-તે, **अयम्**-આ, **सुबहुवित्**-ઘણા બહુશ્રુત, **ऋषिवर्यः**-ઋષિશ્રેષ્ઠ શ્રી શુકદેવજી, **प्रीत-आत्मा**-પ્રસન્ન ચિત્તે, **तम्**-તે રાજાને, **श्रूयताम्**-સાંભળો, **इति**-એમ, **प्रति-आह**-કહેવા લાગ્યા. ૫

અનુવાદ—શ્રી સૂતમુનિએ કહ્યું કે, જ્યારે પરીક્ષિત રાજાએ ઋષિઓનાં શ્રેષ્ઠ શ્રીશુકદેવમુનિને આ પ્રમાણે પૂછ્યું ત્યારે અત્યંત બહુશ્રુત શ્રીશુકદેવજી પરીક્ષિત ઉપર પ્રસન્ન થઈને કહેવા લાગ્યા, રાજન્ ! સાંભળો. ૫

---

[1] एवं मुनिवर्योऽथ प्रा. पा. ।

તત્ત્વસુધા—**ऋषिवर्यः**—શ્રી શુકદેવજી ઋષિવર્ય છે. મંત્રોને જાણનાર ઋષિ કહેવાય. મંત્રોથી અન્યનું મંગલ કરનાર ઋષિવર્ય મનાય. પરીક્ષિત રાજાનું કયા મંત્રથી કલ્યાણ થશે તેવું શ્રી શુકાચાર્ય જાણે છે. વળી **सुबहुवित्** પણ છે. બહુશ્રુત એટલે ઘણાં શાસ્ત્રોને જાણનાર. અને સુબહુવિત્ એટલે સર્વ શાસ્ત્રોના જાણકાર છે. તે ઉપરાંત પ્રીતાત્મા પુષ્કળ પ્રસન્નચિત્ત છે. વક્તા જેટલા પ્રસન્નચિત્ત હોય તેટલો જ ભક્તિરસ પાઈ શકે છે. આ પ્રકારે શુકદેવ ઋષિવર્ય, સર્વજ્ઞ અને સુપ્રસન્ન હોઈ ઉત્તમ કક્ષાના પુરુષ છે એવું નક્કી થયું. તેઓ રાજાના દૈન્યથી રાજી થયા. તેને આશ્વાસન આપે છે: રાજા મનમાં ઓછું ન લાવો. તમે મલિન મનવાળા નથી. પરંતુ માતાના ગર્ભમાં હતા ત્યારથી જ તમારી બીજશુદ્ધિ થઈ છે. એવું સમજાવવા 'राज्ञा' અને 'परीक्षिता' એ પદો વાપર્યાં. રાજા એટલે પુણ્યશાળી અને પરીક્ષિત્ એટલે બીજશુદ્ધ પુરુષ. ૫

श्रीशुक उवाच[२] – यदा तु राजा स्वसुतानसाधून् पुष्णन्नधर्मेण विनष्टदृष्टिः
भ्रातुर्यविष्ठस्य सुतान् विबन्धून् प्रवेश्य लाक्षाभवने ददाह ॥६॥

અન્વયાર્થ—**श्रीशुक उवाच**–શ્રી શુકાચાર્યે કહ્યું: **यदा**–જ્યારે, **तु**–તો, **विनष्टदृष्टिः**–નષ્ટ થયેલ દૃષ્ટિવાળા–વિવેકશૂન્ય, **राजा**–ધૃતરાષ્ટ્ર રાજા, **असाधून्**–દુષ્ટ એવા, **स्व-सुतान्**–પોતાના પુત્રોને, **अधर्मेण**–અધર્મથી, **पुष्णन्**–પોષણ આપતા, **यविष्ठस्य**–નાના, **भ्रातुः**–ભાઈના, **विबन्धून्**–પિતા વિનાના નિરાધાર, **सुतान्**–પુત્રોને, **लाक्षा-भवने**–લાક્ષાગૃહમાં, **प्रवेश्य**–ઉતારો આપીને, **ददाह**–બાળી મૂકયા. (વંશસ્થવૃત્ત) ૬

અનુવાદ—શ્રીશુકાચાર્યે કહ્યું: રાજન્! વિવેકદૃષ્ટિશૂન્ય તેથી જ અંધ રાજા ધૃતરાષ્ટ્રે પોતાના ઉન્માર્ગગામી પુત્રોને અધર્મથી પોષતા અને સદ્‌ગત થયેલા નાના ભાઈ પાંડુના પુત્રો પાંડવોને તેમણે લાક્ષાગૃહમાં ઉતારો આપી બાળી મૂકયા. ૬

તત્ત્વસુધા—શ્રી શુકદેવજી દશ શ્લોકથી એક કથાપ્રસંગ આરંભે છે. તેમાં પ્રતિપાદન કરે છે કે વિદુરજીએ શા માટે હસ્તિનાપુરનો ત્યાગ કર્યો. પ્રથમ તો ૬-૭-૮-૯ આ ચાર શ્લોકમાં ધૃતરાષ્ટ્ર રાજાના મહાન એવા ચાર અપરાધો ગણાવે છે. ધર્મશાસ્ત્ર વિરુદ્ધ (૧), લોકશાસ્ત્ર વિરુદ્ધ (૨), નીતિશાસ્ત્ર વિરુદ્ધ, (૩) ઈશ્વર–આજ્ઞાનું ઉલ્લંઘન (૪), આવા અસહ્ય ચાર અપરાધો રાજાએ આચર્યા. ૧૦ મા શ્લોકમાં વિદુરજીને સલાહ લેવા માટે આમંત્રિત કર્યા છે. ૧૧-૧૨-૧૩ આ ત્રણ શ્લોકોમાં વિદુરજી સલાહ આપે છે. ૧૪-૧૫ આ બે શ્લોકમાં વિદુરજીનો તિરસ્કાર વર્ણવે છે. આ દશ શ્લોકથી વિદુરજીએ ઘરનો ત્યાગ કેમ કર્યો તે સ્પષ્ટ થશે.

માનવ જો ભગવાનની આજ્ઞાનું કેવલ પાલન કરે તો તેને કોઈ અપરાધ કર્યા હોય તો પણ તેમાંથી શુદ્ધ થવાનો અવસર છે. પરંતુ સન્નિપાતના રોગી જેવો ઉચ્છૃંખલ બનેલ મનુષ્ય તેમ નથી કરતો. રાજા ધૃતરાષ્ટ્રે ધર્મ, નીતિ અને લોકવિરુદ્ધ વર્તનના ત્રણ દોષ આચર્યા. તેથી પ્રથમ ત્રિદોષનો રોગ લાગુ પડયો. ત્રિદોષ જ્યારે વકર્યો ત્યારે સન્નિપાત થયો અને પ્રભુઆજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. "ધર્મ, નીતિ અને લોકવિરુદ્ધ વર્તન ત્રિદોષ છે. ભગવદ્–આજ્ઞા–ઉલ્લંઘન સન્નિપાત છે."

હવે પ્રથમ છઠ્ઠા શ્લોકમાં તામસ દોષનું વર્ણન કરે છે. **यदा तु राजा**—'રાજા' શબ્દનો ભાવ એવો છે કે 'રાજમદ'વાળો પુરુષ. રાજમદવાળાને દીર્ઘદૃષ્ટિ નથી હોતી. રાજા પાસે મંત્રી વિવેકી હોય છે, તે રાજાને સંભાળે છે. પરંતુ '**तु**' અવ્યયથી એમ પણ કહે છે કે વિદુર મંત્રી ઉપરથી રાજા ધૃતરાષ્ટ્રનો સ્નેહ ચાલ્યો ગયો છે તેથી સલાહને સાંભળે તેવો સંભવ નથી.

पुष्णन् अधर्मेण विनष्टदृष्टिः અવળે માર્ગે જનાર પુત્રોને અન્યાય અને અધર્મથી પોષનાર પિતા અંધદૃષ્ટિ મનાય. ધૃતરાષ્ટ્રની અન્તર્દષ્ટિ એટલે વિવેકબુદ્ધિ નાશ પામી છે. "રાજમદથી સદ્‌બુદ્ધિ નાશ પામી, મંત્રી ઉપરના

---

२. शुक उवाच प्रा. पा.

અભાવથી નીતિ નાશ પામી, અધર્મથી પુત્રનું પોષણ કરતાં શાસ્ત્રદષ્ટિ નાશ પામી, આમ સદ્‌બુદ્ધિ, નીતિદષ્ટિ અને શાસ્ત્રદષ્ટિનો નાશ થયો એટલે વિવેકનો નાશ થયો. આમ છતાં જો દયાનો છાંટો રહ્યો હોત તો સારું; પરંતુ નાના ભાઈના અને બાપવિનાના પુત્રોને કપટ કરી લાક્ષાગૃહમાં પ્રવેશ કરાવી બાળ્યા તેથી સદ્દગત ભાઈનો અને પુત્રોનો વિશ્વાસઘાત કર્યો. 'તમોગુણ'નું પરિણામ આ શ્લોકમાં વર્ણવ્યું. હવે રજોગુણનું પરિણામ સાતમા શ્લોકમાં દર્શાવે છે :

यदा सभायां कुरुदेवदेव्याः केशाभिमर्षं सुतकर्म गर्ह्यम् ॥
न वारयामास नृपः स्नुषायाः स्वास्रैर्हरन्त्याः कुचकुङ्कुमानि ॥ ७ ॥

અન્વયાર્થ—**नृपः**-રાજા ધૃતરાષ્ટ્ર, **यदा**-જ્યારે, **सभायाम्**-સભામાં, **स्वास्रैः**-પોતાનાં આંસુથી, **कुच-कुङ्कुमानि**-વક્ષઃસ્થળ ઉપરના કુંકુમલેપને, **हरन्त्याः**-ધોનારી, **कुरु-देवदेव्याः**-કુરુવંશને ઉજાળનાર દેવી, **स्नुषायाः**-પુત્રવધૂ દ્રૌપદીના, **अभिमर्षम्**-કેશ ખેંચવાના, **गर्ह्यम्**-નિંદવા લાયક, **सुतकर्म**-દીકરાના કામને, **न वारयामास**-અટકાવ્યું નહીં. ૭

અનુવાદ—ધૃતરાષ્ટ્રે ભરસભામાં જ્યારે અશ્રુઓથી વક્ષઃસ્થળ ઉપરના કુંકુમલેપને ધોઈ રહેલી એવી પુત્રવધૂ કુરુકુલના દેવની મહારાણીના કેશ ખેંચવાના પોતાના દીકરાઓના કુકર્મને અટકાવ્યું નહીં. ૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં कुरुदेवदेव्याः એવા પદથી એક વાત કહે છે કે રાજા યુધિષ્ઠિર કુરુદેવ છે. કારણ કે રાજસૂય યજ્ઞ કરવાથી રાજપદ પ્રાપ્ત કરીને દેવ બન્યા છે. વળી રાજ્યની ઈચ્છા ત્યજી શાંત સ્વભાવના બની બેઠેલા હોવાથી પણ દેવ બન્યા છે. દેવાધિદેવ શ્રીકૃષ્ણનો આશ્રય હોવાથી પણ દેવ બન્યા છે. આવા દિવ્ય પુરુષની પત્ની પણ દેવી હતાં. યજ્ઞમાંથી દ્રૌપદીની ઉત્પત્તિ છે તેથી દેવી છે. કેશ ઉપર અભિષેક થયેલ છે તેથી પણ દેવી છે, કુરુદેવની રાણી છે તેથી પણ દેવી છે. તેમના કેશ ખેંચવાનું નિંદ્ય કર્મ થાય તે પુત્રોનો અપરાધ નથી; પિતાનો અપરાધ છે.

સભામાં આ કુકૃત્ય કર્યું એટલે પરલોક નાશ પામ્યો. કેશનો સ્પર્શ કર્યો એટલે સર્વ સુકૃત નાશ પામ્યાં. 'રાજા'ની હાજરીમાં આ અપકૃત્ય થયું તેથી ધૃતરાષ્ટ્રનું ક્ષાત્રતેજ નાશ પામ્યું. રસ્તે જનારી સ્ત્રીનો રસ્તે જનાર કોઈ કુપુરુષ અપરાધ કરે તો ક્ષાત્રધર્મ છે કે તેને અટકાવે અને ન માને તો તેનો વધ કરે, જ્યારે ધૃતરાષ્ટ્ર તો ક્ષત્રિય છે, રાજા છે, પિતા છે, છતાં નથી રોકતા એ મહાન અપરાધ છે. રાજસ અપરાધનું કથન આ શ્લોકમાં કહીને પછીના શ્લોકમાં સાત્વિક દોષ કહેશે. ૭

द्यूते त्वधर्मेण जितस्य साधोः सत्यावलम्बस्य वनागतस्य ॥
न याचतोऽदात् समयेन दायं तमो जुषाणो यदजातशत्रोः ॥ ८ ॥

અન્વયાર્થ—**यत्**-અને વળી, **तमः**-અજ્ઞાનને, **जुषाणः**-સેવનારા ધૃતરાષ્ટ્ર, **द्यूते**-જુગારમાં, **तु**-તો, **अधर्मेण**-અધર્મ કરીને, **जितस्य**-જીતેલા, **सत्य-अवलम्बस्य**-સત્યને જ વળગી રહેલા, **वन-आगतस्य**-વનમાંથી આવેલા, **समयेन**-અવધિ પૂરી થતાં, **याचतः**-માગણી કરનારા, **साधोः**-સદાચારી એવા, **अजातशत्रोः**-અજાતશત્રુ યુધિષ્ઠિરની, **दायम्**-વારસાઈ મિલકતને, **न अदात्**-આપતા ન હતા. ૮

અનુવાદ—તેમ જ દ્યૂતમાં કપટથી જીતી લીધેલા, સદાચારી, સત્યને જ વળગી રહેલા, સમય પૂર્ણ થતાં વનમાંથી પાછા આવેલા અજાતશત્રુ રાજા યુધિષ્ઠિરે કરાર પ્રમાણે પોતાનો વારસાઈ ભાગ માગ્યો, પરંતુ મોહવશ બનેલા ધૃતરાષ્ટ્રે તે આપ્યો નહીં. ૮

તત્ત્વસુધા—યુધિષ્ઠિર રાજા 'અજાતશત્રુ' છે, સત્યાવલંબી છે, સદાચારી છે, વારસાઈ મિલકતના અધિકારી છે, કરાર પ્રમાણે માગનાર છે છતાં ધૃતરાષ્ટ્ર તેમની વારસાઈ મિલકત આપવા તૈયાર નથી. રાજા તરીકે યુદ્ધમાં સમ્પત્તિ મેળવી હોય તો કદાચ બક્ષિસના બધા ભાગ એવો અર્થ કરાય. પરંતુ જુગારનો આશ્રય લીધો અને ધર્મરાજ જુગાર ખેલવા ચાહતા ન હતા. જુગારના સ્થાનમાંથી ચાલ્યા ગયા હતા. ત્યારે ધૃતરાષ્ટ્રે પુત્રોના કહેવાથી આજ્ઞા કરી, સોગન દઈ પાછા દ્યૂત રમવા તેડયા હતા તેમજ દ્યૂતમાં પણ અન્યાયનો–કપટી રીતનો આધાર લીધો હતો.

याचतः પરસ્મૈપદ કૃદન્ત વાપર્યું છે. આત્મનેપદમાં વપરાય છે છતાં પરસ્મૈપદ વાપરવાનું કારણ યુધિષ્ઠિર પોતાના હિત કે હક્ક માટે રાજ્યભાગ નથી માગતા. પણ કૌરવોના કલ્યાણ માટે રાજ્યભાગ માગે છે; કારણ કે ભાવિમાં યુદ્ધ ન થાય એવું તેમનું હૃદય હતું. ૮

यदा च पार्थप्रहितः सभायां जगद्गुरुर्यानि जगाद कृष्णः ॥
न तानि पुंसाममृतायनानि राजोरु मेने क्षतपुण्यलेशः ॥ ९ ॥

અન્વયાર્થ--**यदा**–જ્યારે, **पार्थ–प्रहितः**–ધર્મરાજાએ મોકલેલા, **जगद्गुरुः कृष्णः**–જગદ્ગુરુ શ્રીકૃષ્ણ, **सभायाम्**–સભામાં, **पुंसाम्**–પુરુષો માટે, **अमृतायनानि**–અમૃત તુલ્ય-હિતકર, **यानि**–જે વચનો, **जगाद**–બોલ્યા–કહ્યાં, **तानि**–તે વાક્યોને, **क्षत-पुण्य-लेशः**–થોડા બચેલા પુણ્યને પણ પરવારેલા, **राजा**-ધૃતરાષ્ટ્ર, **उरु**–ઉત્તમ, **न मेने** ન માનવા લાગ્યા. ૯

અનુવાદ—ધર્મરાજ યુધિષ્ઠિરે સમાધાન માટે મોકલેલા જગદ્ગુરુ શ્રીકૃષ્ણ ભગવાન સભામાં આવી ધૃતરાષ્ટ્ર પાસે અમૃત તુલ્ય વચનો કહેવા લાગ્યા છતાં તે વચનોને જેનું બચ્યું–સચ્યું પણ પુણ્ય ક્ષીણ થયેલ છે એવા ધૃતરાષ્ટ્રે ન સ્વીકાર્યાં કે ન સાંભળ્યાં. ૯

તત્ત્વસુધા—જેના ત્રિદોષ વિકાર પામી વધે તેને સન્નિપાત થાય. સર્વ પ્રકારે પતન થાય તે સન્નિપાત કહેવાય. ધૃતરાષ્ટ્રે ભગવાનનાં વચન ન માન્યાં એ સન્નિપાત રોગનું પરિણામ છે.

શ્રીકૃષ્ણ ભગવાનની ત્રણ યોગ્યતા દર્શાવી: (૧) पार्थप्रहितः–યુધિષ્ઠિરે મોકલ્યા છે. પૃથા ભગવાનનાં ફોઈ થાય. પિતા નથી માતા છે તેવી સ્થિતિમાં ભગવાનનો ધર્મ છે કે ફોઈને ઓછું ન આવે એટલે આશ્રય આપવો જોઈએ. 'પૃથા' ભક્તિ છે. ભક્તિને કલેશ ન ગમે, સમાધાન ગમે, તેથી સમાધાન માટે મોકલ્યા. (૨) जगद्गुरुः–જનાર ભગવાન તો જગદ્ગુરુ છે. જો ગુરુનાં વચન હોય તો વગર વિલંબે અને વગર વિચારે પાળવાં જોઈએ તો પછી જગદ્ગુરુનાં વચન કેમ ઉલ્લંઘાય. જગદ્ગુરુ હોવાથી સર્વના હિતૈષી ગણાય, પક્ષપાત ન કરે. કૌરવ–પાંડવમાં સમાન દૃષ્ટિથી જુએ. (૩) कृष्णः–કહેવાથી જેને નિત્યાનંદ ગમે, કલેશ ન ગમે, એવી યોગ્યતા ધરાવતા ભગવાનનાં વચનો ન રુચ્યાં.

अमृतायनानि—સંતવચન અમૃતનાં સરોવર છે. પુણ્યનો ક્ષય થતા પહેલાં તે વચન-સરોવરમાં સ્નાન કરી લેવું, તેનું પાન કરી લેવું. પુનઃ પુણ્યનું ભાથું ભેગું થશે. ભગવાને સાગરનું મંથન કરી અમૃતનો કલશ બહાર આણ્યો. તેમ સર્વ શાસ્ત્ર–સાગરમાં મંથન કરી સારભૂત "અમૃત–સરોવર" સમાન વાક્યો ધૃતરાષ્ટ્ર રાજાને આણીને આપ્યાં. ધૃતરાષ્ટ્રને જે ન ગમ્યાં.

"સુખના પદાર્થોનો નાશ થાય ત્યારે પુણ્યનાશ થયો ન મનાય,
પરંતુ સત્પુરુષનાં વચન કાને ન ધરાય ત્યારે પુણ્યક્ષય ગણાય."

એક સજ્જન કહે છે કે—સુણજો સજ્જન નરનારી હિત શિખામણ સારીજી,
રીસ કરે દેતાં શિખામણ ભાગ્યદશા પરવારીજી.

क्षतपुण्यलेशः—वाक्यं शास्त्रगुरूणां न नष्टपुण्यस्य रोचते—સુખ ભોગવતાં બચેલ પુણ્યનો અંતિમ ટુકડો પણ ત્યારે નાશ પામ્યો સમજવો કે જ્યારે શાસ્ત્રગુરુની હિતવાત સાંભળવી ન રુચે. ધૃતરાષ્ટ્ર પાસે "સુખ, કીર્તિ અને ધર્માચરણ" કરાવે તેવું તો પુણ્ય બચ્યું ન હતું. પરંતુ રાજ્યાદિ ભોગવવા જેટલું પુણ્ય હતું તે પણ ગયું; આયુષ્ય ટકાવનાર પુણ્ય ગયું; પુત્રોને જિવાડનાર પુણ્ય પણ ગયું. ત્રિદોષના પરિણામે ત્રણે પુણ્યોનો ક્ષય થયો. સંક્ષેપમાં સજ્જનનાં વાક્ય સાંભળવાં અને શક્ય બને તેટલાં પાળવાં જેથી દુઃખનો દરિયો તરાશે અને સુખનો કિનારો લાધશે. ૯

यदोपहूतो भवनं प्रविष्टो मन्त्राय पृष्टः किल पूर्वजेन ॥
अथाह तं मन्त्रदृषां वरीयान् यन्मन्त्रिणो वैदुरिकं वदन्ति ॥१०॥

અન્વયાર્થ—**यदा**-જ્યારે, **पूर्वजेन**-મોટાભાઈ ધૃતરાષ્ટ્રે, **मन्त्राय**-મંત્રણા કરવા માટે, **मंत्रदृशां**-મંત્રણાના જાણકારોમાં, **वरीयान्**-શ્રેષ્ઠ, **विदुरः**-વિદુરજી, **उपहूतः**-બોલાવ્યા, ત્યારે, **भवनम्**-રાજભવનમાં, **प्रविष्टः**-ગયેલા, **किल**-ખરેખર, **पृष्टः**-તે વખતે પુછાયેલા, **अथ-आह**-જે બોલ્યા, **तत्**-તેને, **मंत्रिणः**-મંત્રીઓ-**अथ**-નીતિનિપુણો, **वैदुरिकम्**-વિદુર-નીતિશાસ્ત્ર, **वदन्ति**-કહે છે. ૧૦

અનુવાદ—પછી મોટાભાઈ ધૃતરાષ્ટ્રે મંત્રણા કરવામાં વિચક્ષણ વિદુરજીને મંત્રણા કરવા માટે બોલાવ્યા અને પાંડવોનું શું કરવું એમ પૂછ્યું ત્યારે જે વાક્યો વિદુરજીએ કહ્યાં તેને આજે પણ મંત્રવેત્તાઓ વિદુરનીતિ તરીકે ઓળખે છે. ૧૦

તત્ત્વસુધા—यदा उपहूतः—શ્રીકૃષ્ણનાં સદ્વચન રાજા ધૃતરાષ્ટ્રને ન રુચ્યાં. શ્રીકૃષ્ણ વિદાય થયા. વિદુરજીએ ત્યારથી દરબારમાં જવાનું બંધ કર્યું. ધૃતરાષ્ટ્રે ત્યારે આગ્રહ કરી વિદુરજીને રાજભવનમાં તેડાવ્યા. તેથી વિદુરજી આવ્યા. ધૃતરાષ્ટ્ર જ્યેષ્ઠબંધુ હોવાથી નાના ભાઈ વિદુરજીએ આવવું જોઈએ. આવીને નીડરતાથી અને નિઃસંકોચપણે નીતિનો નિર્ણય કર્યો. જગતના મંત્રણાનિપુણ નીતિજ્ઞ પુરુષો તે સલાહને 'વિદુરનીનિ'ના નામે સન્માને છે. એટલું જ નહીં પરંતુ તેને નીતિના "મંત્રશાસ્ત્ર" જેટલું ગૌરવ આપે છે. જેમ બૃહસ્પતિ કે વિશ્વામિત્ર જેવા મુનિઓ મંત્રદ્રષ્ટા તરીકે મનાય છે તેમ વિદુરજીને પણ નીતિના મંત્રદ્રષ્ટા તરીકે માન્યા છે. ૧૦

अजातशत्रोः प्रतियच्छ दायं तितिक्षतो दुर्विषहं तवागः ॥
सहानुजो[1] यत्र वृकोदराहिः श्वसन् रुषा यत्त्वमलं बिभेषि ॥११॥

पार्थास्तु देवो भगवान् मुकुन्दो गृहीतवान् स क्षितिदेवदेवः ॥
आस्ते स्वपुर्यां यदुदेवदेवो विनिर्जिताशेषनृदेवदेवः ॥१२॥

स एष दोषः पुरुषद्विडास्ते गृहान् प्रविष्टोऽयमपत्यमत्या ॥
पुष्णासि कृष्णाद् विमुखो गतश्रीस्त्यजाश्वशैवं कुलकौशलाय ॥१३॥

અન્વયાર્થ—**तव**-આપના, **दुर्विषहम्**-અસહ્ય એવા, **आगः**-અપરાધને, **तितिक्षतः**-સહન કરી રહેલા, **अजातशत्रोः**-અજાતશત્રુ ધર્મરાજના, **दायम्**-વારસાને-ભાગને, **प्रतियच्छ**-પાછો આપો, કારણ કે, **यत्र**-જે પાંડવોમાં, **सह-अनुजः**-ભાઈઓ સાથે, **वृक-उदर-अहिः**-વૃક નામના અગ્નિને ઉદરમાં ધારણ કરનાર-ભીમસેન નામનો સાપ, **रुषा**-ક્રોધથી, **श्वसन्**-ફૂંફાડા મારતો રહેલ છે, **यत्**-જેનાથી, **त्वम्**-તમે, **अलम्**-ખૂબ, **बिभेषि**-ડરો છો. ૧૧ વળી—

---

[1] सहानुजो એ પદથી લઈ દોઢ શ્લોક પ્રાચીન પુસ્તકમાં નથી, પરંતુ નીચે લખેલી ટીપણીમાં છે.

सः-પ્રસિદ્ધ તે, **क्षितिदेवदेवः**-ભૂમિના દેવ, બ્રાહ્મણોના પણ દેવ, **भगवान्**-ષડ્ ઐશ્વર્યસમ્પન્ન, **मुकुन्दः**-મોક્ષ આપનાર, **देवः**-શ્રીકૃષ્ણદેવે, **तु**-તો, **पार्थान्**-પાંડવોને, **गृहीतवान्**-આશ્રય આપ્યો છે, જે શ્રીકૃષ્ણે **विनिर्जित-अशेष-नृदेव-देवः**-સર્વ રાજાઓના પણ રાજાઓને જીતેલા છે તે, **यदुदेव-देवः**-યદુદેવોના દેવ, આજે, **स्व-पुर्याम्**-પોતાના નગરમાં, **आस्ते**-બિરાજે છે. ૧૨ તેમજ આજે—

कृष्णाद्—શ્રીકૃષ્ણથી, **विमुखः**-વિમુખ બનેલા, **गतश्रीः**-લક્ષ્મીશૂન્ય નિસ્તેજ એવા, **त्वम्**-આપ, **अपत्य-मत्या**-સુપુત્રની બુદ્ધિથી, **यम्**-જે દુર્યોધનને, **पुष्णासि**-પોષો છો, **सः एषः**-તે આ, **पुरुषद्विट्**-પૂર્ણપુરુષ શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર-દુર્યોધન, **गृहान्**-ઘરમાં, **प्रविष्टः**-પેસી ગયેલો, **दोषः**-મૂર્તિમંત દોષ, **आस्ते**-છે. **कुल-कौशलाय**-કુળના કલ્યાણ કાજે, **आशु**-જલદીથી, **अशैवम्**-અમંગલ એવા પુત્રને, **त्यज** ત્યજી દો. ૧૩

અનુવાદ---અજાતશત્રુ યુધિષ્ઠિરનો તમે ન થઈ શકે એવો અપરાધ કર્યો છે. એનો એને વારસાઈ ભાગ પાછો આપો. કારણ કે અતિ ભયંકર અને ક્રોધથી ફૂંફાડા મારતો વૃકોદર ભીમસેનરૂપ નાગ પોતાના નાના ભાઈઓ સાથે હમેશાં રહે છે કે જેનાથી તમે પુષ્કળ ડરો છો. ૧૧

વળી સર્વ રાજાઓના શિરોમણિ એવા મુકુંદ ભગવાને તો પાંડવોને પોતાના તરીકે સ્વીકાર્યા છે, તે કૃષ્ણ આજે સમસ્ત રાજાઓના ચક્રવર્તીઓને જીતીને ભક્તની નગરીમાં બિરાજે છે. ૧૨

રાજન્! તમારો પુત્ર દુર્યોધન ભગવાન શ્રીકૃષ્ણનો દ્વેષી છે. તમારા ઘરમાં પુત્રના આકારમાં પણ શત્રુરૂપે રહેલ છે. કૃષ્ણથી વિમુખ અને લક્ષ્મી વિનાના નિસ્તેજ એવા દુર્યોધનનું પુત્ર-બુદ્ધિથી તમે પોષણ કરી રહ્યા છો. કુળના કલ્યાણ માટે તમે તે અમંગલને જલદી ત્યજી દો. ૧૩

તત્ત્વસુધા—ધૃતરાષ્ટ્રે બોલાવેલા શ્રી વિદુરજી નિઃસ્પૃહભાવે ત્રણ શ્લોકોમાં રાજાને અમૃત જેવી નીવડનારી સલાહ આપે છે કે શત્રુને જીતવાના કે વશ કરવાના ચાર ઉપાયો છે: સામ, દામ, ભેદ અને દંડ. આ ચારમાંથી આપને માટે "દાન" એટલે દાન આપવું, તેમનો હિસ્સો તેમને સ્નેહથી સોંપી દેવો એ જ શ્રેષ્ઠ માર્ગ છે. એવું મારું મંતવ્ય છે. રાજન્! મારા મંતવ્યનાં પોષક કારણ કહું છું તેનો જરૂર વિચાર કરો.

अजातशत्रोः प्रतियच्छ दायम्—યુધિષ્ઠિર અજાતશત્રુ છે તેથી તેમનો ભાગ પાછો આપો. અજાતશત્રુ સંત ગણાય છે. સંતનો દ્વેષ કરનાર સુખી ન થાય. (૧) તેમનો "દાય"-એટલે વારસાઈ ભાગ છે. તેથી આપવાથી ખરાબ નહીં દેખાય. (૨) તમારા અનેક અપરાધો વેઠયા છે એટલે હવે વધુ વેઠવાની શક્તિ નથી રહી. (૩)

તમે માનો. યુધિષ્ઠિર અજાતશત્રુ છે તે વૈર-યુદ્ધ એવું નહીં કરે પછી શા માટે ભાગ આપું? તેવું ન સમજશો. **वृकोदराहिः**-સર્પ જેવો ફૂંફાડા મારતો ભીમસેન તેના ભાઈઓ સાથે મળીને યુદ્ધ કરશે જ. (૪) તમને તેનો જ ડર છે. (૫) ધૃતરાષ્ટ્ર રાજાએ આકાશવાણીમાં સાંભળેલું કે ભીમસેન કૌરવોને હણશે ત્યારથી હૃદયમાં રાજાને ભય રહ્યા જ કરતો હતો. અગિયારમા શ્લોકમાં પાંચ હેતુઓથી નક્કી કર્યું કે પાંડવોને 'દાન' નામના બીજા ઉપાય વિના દંડ, ભેદ કે સામ ઉપાયથી સમજાવી શકાય તેમ નથી. હવે ૧૨મા શ્લોકમાં પીઠબળનો ખ્યાલ આપે છે.

पार्थान् तु—શ્રીકૃષ્ણ ભગવાનની ફોઈના પુત્રો પાર્થ છે. પૃથાનો અર્થ ભક્તિ પણ થાય છે તેથી પાર્થ એટલે પાંડવો ભક્તિના પુત્રો છે. તેમને તો ભગવાન પ્રાર્થના વિના જ સહાય કરવાના છે. "ભગવાન ભક્તોને પ્રાર્થના વિના જ સહાય કરે છે."

देवः—શ્રીકૃષ્ણ દેવ છે. કૌરવો તો માનવ યોનિમાં જન્મ્યા છે અને આચરણમાં દૈત્ય છે તેથી ભગવાન દૈત્યોનો તો વધ કરવાના જ છે. વળી મનુષ્યો દેવોને જીતી ન શકે તેથી કૌરવો કૃષ્ણને નહીં જીતી શકે. તેમ જ "દૈવ-ભાગ્યનું" પરિવર્તન કરી શકે તે દેવ કહેવાય. જો પાંડવોનું કઠિન પ્રારબ્ધ હશે તો પણ ભગવાન તેને ફેરવીને મંગલ પ્રારબ્ધ બનાવશે

मुकुन्दः—મુકુન્દ એટલે જે કાળને પણ જીતી શકે છે તો પછી પછી કૌરવોને જીતવા એ તો રમત છે. દુઃખ દૂર કરી સુખનાં દાન કરે તે મુકુન્દ.

स क्षितिदेवदेवः—ક્ષિતિદેવ એટલે બ્રાહ્મણોના પણ શ્રીકૃષ્ણ દેવ છે. બ્રાહ્મણો પાસે આશીર્વાદનું બળ હોય છે જે સર્વોપરિ બળ મનાય છે. જે પક્ષમાં કૃષ્ણ હશે તે જ પક્ષને બ્રાહ્મણો આશીર્વાદ આપવાના તેથી આયુષ્ય, શ્રી, યશ અને વિજય પાંડવોને મળવાનાં અને દુર્યોધન તમારાં નાશ થવાનાં. **सक्षितिदेवदेवः** એવું આખું લઈએ તો બ્રાહ્મણો અને દેવો બન્ને કૃષ્ણની સાથે છે તેથી, દૈવી બળ આશિષ બળ બન્ને પાંડવોને જ મળશે.

विनिर्जिताशेषनृदेवदेवः—પૃથ્વીના રાજાઓને જીતનાર જરાસંધને શ્રીકૃષ્ણે જીતેલ છે તેથી પૃથ્વીના સમસ્ત રાજાઓ પણ શ્રીકૃષ્ણના પક્ષમાં છે. તેમનું બળ પણ પાંડવોને મળવાનું. વળી **यदुदेवदेव** હોવાથી યાદવોનું બળ પણ પાંડવોને જ મળવાનું. આ વિચારથી પણ રાજન્! માનો અને કૌરવોને કોઈનું પીઠબળ નથી. પાંડવોને સમર્થ પીઠબળ છે. જુઓ રાજન્! "તપ, શીલ, પુણ્ય, વિપ્ર અને ભગવાન"નું પીઠબળ જેમની પાસે હોય તેમને જીતી ન શકીએ એ તમે સમજો અને પાંડવોનો ભાગ પાછો આપો. ૧૨

તેરમા શ્લોકમાં દુર્યોધનનો પરિચય આપ્યો. રાજન્! **स एष दोषः**—દુર્યોધન ત્રિદોષ છે: "દુઃશીલ છે, દ્વેષી છે અને અદેખો છે." આવા ત્રિદોષરૂપ દીકરાથી કુળનો નાશ થશે. વળી તમે **अपत्यमत्या** તેને અપત્ય તરીકે સમજો છો. અપત્ય એટલે નરક ગતિમાંથી બચાવે તેને અપત્ય મનાય. પરંતુ આ તો નરકમાં લઈ જનાર છે. જો તેનો એકનો ત્યાગ કરશો તો બાકીના નવ્વાણું જીવશે ને કુળનું કલ્યાણ થશે. માટે પણ માનો એટલું બોલી વિદુરજી વિરામ પામ્યા. ૧૧-૧૩

इत्यूचिवांस्तत्र सुयोधनेन प्रवृद्धकोपस्फुरिताधरेण ।।
असत्कृतः संत्स्पृहणीयशीलः क्षत्ता सकर्णानुजसौबलेन ।। १४ ।।

અન્વયાર્થ—**तत्र इति**-ત્યાં આ પ્રમાણે, **ऊचिवान्**-સલાહ આપતા, **सत्-स्पृहणीय-शीलः**-સત્ પુરુષોને ઇચ્છા કરવા લાયક શીલવાળા, **क्षत्ता**-વિદુરજી, **प्रवृद्ध-कोप-स्फुरित-अधरेण**-વધેલા ગુસ્સાથી ફરકતા હોઠવાળા, **स-कर्ण-अनुज-सौबलेन**-કર્ણ, દુઃશાસન અને શકુનિની સાથે, **सुयोधनेन**-દુર્યોધને, **असत्कृतः**-અપમાનિત કર્યા. ૧૪

અનુવાદ—**દરબારમાં જ્યારે આ પ્રમાણે સલાહ આપતા હતા ત્યારે સજ્જન પુરુષો પણ જેમના શીલ-સદાચારની સ્પૃહા કરે છે એવા મહાત્મા વિદુરજીનું, વધી ગયેલા ક્રોધથી ફરકતા હોઠવાળા કર્ણ, દુઃશાસન અને શકુનિ દ્વારા ઉશ્કેરાયેલા દુર્યોધને અપમાન કર્યું. ૧૪**

તત્ત્વસુધા—લોભી દાન કરી ન શકે અને દાયભાગ-ભાગીદારોનો ભાગ પણ આપી ન શકે; પરંતુ આખરે સર્વ ખેદાનમેદાન થાય ત્યારે રડે. દુર્યોધન લોભી હતો. વિદુરજી ત્યાગી હતા. લોભીને ત્યાગીનાં વચન ન રુચ્યાં. લોભ આખરે ક્રોધમાં પરિણમે. દુર્યોધનના હોઠ ફરકવા લાગ્યા તેથી કહ્યું, **प्रवृद्धकोपस्फुरताधरेण.**

---

१. संस्पृहणीयशीलः प्रा. पा.

सकर्णानुज–લોભ સાથે કુસંગ હોય તો અનિષ્ટ થવામાં કાંઈ બાકી ન રહે. કર્ણ, દુઃશાસન અને શકુનિ વગેરે સ્વાર્થી અને ખલ પુરુષોનો કુસંગ હતો. તેમને હતું કે જો રાજ્ય આપી દેશે તો આપણું શું ? આ સ્વાર્થે દુર્યોધનને કુમતિ આપી અને અનિષ્ટ પરિણામ આવ્યું તે કહે છે.

असत्कृतः—વિશ્વના સજ્જન પુરુષો જેના શીલની તારીફ કરે અને એના જેવા સદાચારી થવાની સ્પૃહા કરે તેવા સત્પુરુષ વિદુરજીનો તિરસ્કાર કર્યો. ૧૪

क एनमत्रोपजुहाव जिह्मं दास्याः सुतं यद्बलिनैव पुष्टः ॥
तस्मिन् प्रतीपः परकृत्य आस्ते निर्वास्यतामाशु पुराच्छ्वसानः ॥१५॥

અન્વયાર્થ—**जिह्मम्**–કપટીને, **दास्याः सुतम्**–દાસીના પુત્રને, **एनं विदुरम्**–આ વિદુરને, **अत्र**–અહીં, **कः**–કોણે, **उपजुहाव**-બોલાવ્યા. **यद् बलिना**–જેના અન્નથી, **एव**–જ, **पुष्टः**–પોષણ પામેલ છે, **तस्मिन्**–તેનામાં જ, **प्रतीपः**–વિરુદ્ધ પડી, **पर-कृत्ये**–શત્રુના કાર્યમાં, **आस्ते**–રહેલ છે. **श्वसानः**–કેવલ જીવતા રાખી, **आशु**–જલદી, **पुरात्**–નગરમાંથી, **निर्वास्यताम्**–કાઢી મૂકો. ૧૫

અનુવાદ—આ કુટિલ દાસીના પુત્ર વિદુરને અહીં કોણે બોલાવેલ છે, કે જે જેનાં અન્ન ખાઈને પોષાયેલ છે એનાથી જ વિપરીત ચાલે છે અને શત્રુનો પક્ષ લે છે; માટે કેવળ એને જીવતો રાખી નગરમાંથી બહાર કાઢી મૂકો. ૧૫

તત્ત્વસુધા—દુર્યોધન આવેશમાં આવીને અત્યંત અનુચિત શબ્દો બોલે છે. શ્રી વિદુર શબ્દોને પ્રસન્નતાથી સહન કરે છે. "આપ્તજનથી થતું અપમાન આત્મોન્નતિનું સોપાન છે" આ શબ્દો વિદુરજીની મમતા છૂટવામાં નિમિત્ત થશે. દુર્યોધને, "जिह्मं–કપટી, दास्याः सुतं–દાસીના પુત્ર, बलिनैव पुष्टः–અન્નથી ઉછરેલ" એવા ત્રણ દોષો વિદુરજીમાં જોયા. સ્વાભાવિક રીતે "પોતાનું હૃદય જેવું હોય છે તેવું સામામાં દેખાય છે" એ ન્યાયે અશુદ્ધ હૃદયના દુર્યોધનને વિદુરજીમાં પણ તેવું જ દેખાયું. પરિણામે વિદુરજીનો અનાદર કર્યો. સંતનો અને સંતના વાક્યનો અનાદર એટલે સર્વ કલ્યાણનો અનાદર. કલ્યાણ ચાહનાર વ્યક્તિએ તેમ ન કરવું. ૧૫

स इत्थमत्युल्बणकर्णबाणैर्भ्रातुः पुरो मर्मसु ताडितोऽपि ॥
स्वयं धनुर्द्वारि निधाय मायां गतव्यथोऽयादुरु मानयानः ॥१६॥

અન્વયાર્થ:—**सः** તે વિદુર, **भ्रातुः पुरः**–ભાઈ ધૃતરાષ્ટ્રની હાજરીમાં, **अति–उल्बण–कर्ण–बाणैः**–અતિશય તીવ્ર કર્ણવેધક વાક્યબાણોથી, **इत्थम्**–આ રીતે, **मर्मसु ताडितः**–મર્મ પ્રદેશ ઉપર પ્રહાર પામેલા, **अपि**–છતાં, **स्वयम्**–પોતે જ, **मायाम्**–ભગવાનની માયાને, **उरु**–અધિક, **मानयानः**–માન આપીને, **गतव्यथः**–પીડારહિત બનીને, **धनुः**–ધનુષ્યને, **द्वारि**–દરવાજે, **निधाय**-મૂકીને, **अयात्**–ચાલ્યા ગયા. ૧૬

અનુવાદ—એ રીતે ધૃતરાષ્ટ્રની હાજરીમાં અતિશય તીક્ષ્ણ એવાં કર્ણવેધક વાક્યબાણોથી મર્મ ઉપર પ્રહાર પામેલા છતાં પણ વ્યથારહિત બનીને વિદુરજી ધનુષ્યને બારણે મૂકીને ભગવાનની માયાના બળને માન આપતા ચાલ્યા ગયા. ૧૬

તત્ત્વસુધા—ત્યાગ સંતોની અને વિપ્રોની પ્રકૃતિમાં વસેલો છે. તેમના ત્યાગમાં વિષાદ નથી હોતો પરંતુ પ્રેમ અને વિવેક હોય છે. વિદુરજીએ उल्बणकर्णबाणैः કર્ણવેધક જ નહિ પરંતુ પ્રાણવેધક વાક્યો સાંભળ્યાં. बाणैः–બહુવચન છે તેથી લાગે છે કે દશ પ્રાણને વેધનારાં જાણે દશ બાણ સમાન વાક્યો હતાં. વિદુરજીએ તે સાંભળ્યાં. દુર્યોધનનો તેમાં દોષ ન હતો. રાજા ધૃતરાષ્ટ્રનું તે લાંછન હતું. કારણ કે 'ભાઈની હાજરી'માં એટલે

---

૧. मन्यमानः श्रीसुबोधिनीपाठः ।

રાજાની હાજરીમાં વાક્યો કહ્યાં છે. છતાં વિદુરજીને તો રાજાનો દોષ પણ નથી ભાસ્યો. સજ્જન કોઈનો દોષ ન જુએ. એને તો સર્વમાં હરિલીલા સમજાય છે. વિદુરજીએ એ વાક્યાવલીને કલ્યાણ પુષ્પાવલી માની. આ સર્વ માયાં–ભગવાનની જ ઇચ્છા છે, લીલા છે એવો વિવેક હૃદયમાં વસાવ્યો. દુર્યોધનના ફરમાનનો અમલ થાય તે પહેલાં સ્વમાનપૂર્વક વિદુરજીએ વિદાય લીધી. गतव्यथः–હૃદયમાં જરાય ક્લેશ નથી થયો. **धनुर्द्वारि**–ધનુષ્ય દુર્યોધનના દ્વારે મૂક્યું. પોતાને ભય દેનારને નિર્ભય બનાવવો એ સાધુના ધર્મ પ્રમાણે દુર્યોધનના દ્વારે શસ્ત્રો મૂકીને ખાતરી આપી કે તમારા વિરોધીઓના પક્ષમાં જઈને નહીં મળું. વળી હવે કૌરવોનું રક્ષણ ધનુષ્યથી થવાનું નથી એવું સમજી ધનુષ્ય મૂકી તીર્થયાત્રાએ પધાર્યા. ૧૬

स निर्गतः कौरवपुण्यलब्धो गजाह्वयात् तीर्थपदः पदानि ॥
अन्वाक्रमत् पुण्यचिकीर्षयोर्व्यां स्वाधिष्ठितो यानि सहस्रमूर्तिः ॥१७॥

અન્વયાર્થ—कौरव–पुण्य–लब्धः-કૌરવોના પુણ્યથી મળેલા, **सः**-તે વિદુરજી, **गजाह्वयात्**-હસ્તિનાપુરમાંથી, **निर्गतः**-નીકળીને, **पुण्य–चिकीर्षया**-પુણ્ય સંપાદન કરવાની ઇચ્છાથી, **उर्व्याम्**-પૃથ્વીનાં, **तीर्थपदः**-તીર્થો જેમના ચરણમાં છે એવા 'તીર્થપદ' ભગવાનનાં, **पदानि**-સ્થાનોમાં, **अन्वाक्रमत्**-ક્રમે ક્રમે ગયા, **यानि**-જે તીર્થોને, **सहस्रमूर्तिः**-હજારો સ્વરૂપવાળા ભગવાને, **स्वाधिष्ठितः**-વિરાજિત કર્યાં છે–બિરાજે છે. ૧૭

અનુવાદ—કૌરવોના એટલે પૂર્વજોના પુણ્યોથી પ્રાપ્ત થયેલા વિદુરજી હસ્તિનાપુરમાંથી નીકળીને પુણ્ય સંપાદન કરવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર જ્યાં ભગવાનના અનેક ચરણતીર્થો બિરાજે છે એવાં ભગવાનનાં સ્થાનોમાં ગયા. જ્યાં અનંતમૂર્તિ ભગવાન અનેક સ્વરૂપે બિરાજે છે. ૧૭

તત્ત્વસુધા - વિદુરજી તીર્થયાત્રાએ નીકળે છે. આઠ શ્લોકોમાં તે પ્રસંગનું વર્ણન આવશે. અપમાનને ઈશ્વરનું આમંત્રણ સમજનાર વિદુરજીએ તીર્થયાત્રાથી આત્મશુદ્ધિ અને ભગવદ્‌ભાવની વૃદ્ધિ મેળવ્યાં છે. પ્રથમ ચાર શ્લોકથી પૃથ્વીતત્ત્વની શુદ્ધિ અને પછીના ચાર શ્લોકથી જલતત્ત્વની શુદ્ધિને વર્ણવે છે.

પૃથ્વી ઉપર પરિક્રમા કરતા યાત્રિકે ચાર વસ્તુઓનો અવશ્ય ખ્યાલ રાખવો : (૧) પવિત્ર પુણ્ય ક્ષેત્રો માટે પર્યટન કરવું. (૨) જ્યાં તીર્થક્ષેત્ર મળે ત્યાં અવશ્ય જવું, (૩) એકાંતવાસ કેળવવો અને પવિત્રતા જાળવવી અને (૪) સત્સંગ કરવો.

જલતીર્થ ઉપર જતાં પણ ચાર વસ્તુઓનું ધ્યાન રાખવું : (૧) તીર્થમાં સ્નાન કરવું, (૨) પ્રધાનતીર્થમાં બીજાં અન્ય તીર્થો આવે તેમાં પણ સ્નાન કરવું, (૩) તીર્થોનું સન્માન કરવું, (૪) ભગવદીયનો સંગ કરવો. આ આઠ શ્લોકમાં આ આઠે વસ્તુઓનું વર્ણન આવશે.

स निर्गतः कौरवपुण्यलब्धः—શ્રી વિદુરજી પુણ્યની મૂર્તિ હતા. પુણ્યો પમાય છે કીડીને વેગે પણ ગુમાવાય છે વીજળીને વેગે. કૌરવોની પેઢીનું સંચિત સુકૃત–પુણ્ય એક પુણ્યપૂર્ણ વિદુરજીનો આકાર લઈને આવ્યું. જેણે તિરસ્કારને પણ સત્કાર ગણ્યો. ઉચ્છ્રૃંખલ દુર્યોધને ક્ષણવારમાં પુણ્યને ગુમાવ્યું. તપસ્વી કુરુરાજાએ વંશનું સ્થાપન કર્યું ત્યારે સાથે વંશના કલ્યાણ માટે પુણ્ય પણ મૂકેલું. વંશજોએ તે પુણ્યમાં વધારો કર્યો અને ખલ દુર્યોધને સર્વનાશ કર્યો.

अन्वाक्रमत्—તીર્થયાત્રાના નિયમ પ્રમાણે માર્ગમાં જેટલાં તીર્થક્ષેત્ર આવે તે સર્વમાં જવું. રસ્તાનાં તીર્થોનું ઉલ્લંઘન કરી ચાલ્યા ન જવું. ક્રમ પણ તોડવો નહીં. ગંગાજીની યાત્રાએ જવું હોય તો પ્રથમ સરસ્વતી પછી યમુના અને અંતે ગંગાજીને કિનારે જવું.

पुण्यचिकीर्षया—પુણ્યની લક્ષ્મી મેળવવા તીર્થયાત્રા કરી. તેમની ઇચ્છા છે કે મને પુણ્યનિધિ પ્રભુની પ્રાપ્તિ થાય તેથી પુણ્યરૂપી લક્ષ્મી મેળવું. વિદુરજીના હૃદયમાં ભગવાન બિરાજે છે તેથી તે અનેક ક્ષેત્રોને પણ પુણ્યશાલી બનાવશે. વિદ્વાનનાં પ્રવચન અને વડીલનાં વચન પુણ્ય અને પ્રેમ વિના વ્યર્થ જાય છે. વિદુરજી પુણ્ય સંપાદન કરવા ચાલ્યા. તીર્થ જેવું તીર્થ થવા. ૧૭

पुरेषु पुण्योपवनाद्रिकुञ्जेष्वपङ्कतोयेषु सरित्सरस्सु ॥
अनन्तलिङ्गैः समलंकृतेषु चचार तीर्थायतनेष्वनन्यः ॥ १८ ॥

અન્વયાર્થ—अनन्यः–એકલા વિદુરજી, **पुरेषु**–નગરોમાં, **पुण्य-वन-अद्रि-कुञ्जेषु**–પવિત્ર ઉપવનો, પર્વતો અને લતાકુંજોમાં, તેમજ **अपङ्क-तोयेषु**–કાદવ વિનાનાં પવિત્ર જલવાળાં, **सरित्-सरस्सु**–નદીઓ અને સરોવરોમાં, **अनन्तलिङ्गैः**–ભગવાનનાં ચિહ્નોથી, **समलंकृतेषु**–સુશોભિત એવા, **तीर्थ-आयतनेषु**–તીર્થો અને ક્ષેત્રોમાં, **चचार**–વિચરતા હતા. (ઉપજાતિ વૃત્ત.) ૧૮

અનુવાદ—મથુરાજી વગેરે નગરોમાં, પવિત્ર ઉપવનોમાં, પર્વતોમાં, લતાકુંજોમાં તેમજ કાદવ–કીચડ વિનાનાં જલભરપૂર સરિતા અને સરોવરોમાં જ્યાં જ્યાં અનન્ત ભગવાનની મૂર્તિવાળાં દેવાલય છે ત્યાં તીર્થોમાં વિદુરજી એકલા વિચરવા લાગ્યા. ૧૮

તત્ત્વસુધા—તીર્થયાત્રાનો પ્રકાર અને તીર્થયાત્રાનું પ્રયોજન આ શ્લોકથી વર્ણવે છે.

अनन्यः—તીર્થયાત્રા "એકલા" બનીને કરવી. અથવા અનન્ય ભક્તિથી કરવી. એકલા જવાથી સ્વાતંત્ર્ય સચવાય, યમ–નિયમ સચવાય. વિદુરે કોઈ પણ વ્યક્તિને સાથે રાખેલ નથી.

पुरेषु—અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવન્તિકાપુરી, દ્વારિકા વગેરે પવિત્ર પુરીઓમાં વિચર્યા તેમજ '**अद्रि**'–શ્રી ગિરિરાજ વગેરે પર્વતોમાં વિચર્યા. સમસ્ત તીર્થો પૃથ્વીમાં આવેલાં છે. પૃથ્વી બે પ્રકારની છે : એક પર્વત નામની પૃથ્વી અને બીજી મથુરાજી વગેરે પુરીઓ નામની પૃથ્વી. પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ નામના પાંચ ગુણો છે. મનુષ્યના શરીરમાં પણ શબ્દ, સ્પર્શ વગેરે પાંચ ગુણો છે. પૃથ્વીના એવા પ્રદેશોમાં તીર્થયાત્રા કરવી જોઈએ કે તે પંચતત્ત્વોની અને પંચગુણોની પવિત્રતા થાય. વિદુરજીએ એવી જ યાત્રા કરી સર્વને માર્ગદર્શન આપ્યું છે.

'**पुण्य–उपवन–अद्रि**'૦—પવિત્ર નગર ઉપવન અને પર્વતોમાં યાત્રા કરવાથી પૃથ્વીતત્ત્વની અને ગંધ નામના ગુણની શુદ્ધિ થાય છે.

'**सरित्सरस्सु**'—કાદવકીચડ વિનાનાં સરોવર, કુંડ, સરિતાઓમાં સ્નાન કરવાથી જલતત્ત્વની અને '**રસ**' નામના ગુણની શુદ્ધિ થઈ. જલાશયોની કેવી દિવ્યતા હતી કે તેમાં કાદવ અગર કીચડ સરખાંય ન હતાં. તીર્થમાં સ્નાન કરવા માટે જનારે તીર્થનાં પગથિયાં ઉપરથી કાદવકીચડ કાઢવો જોઈએ. પરંતુ નવી માટી લાવીને નાખવી ન જોઈએ. કૂવા–તળાવ બંધાવા કરતાં ગળાવાનાં પુણ્ય મોટાં ગણ્યાં છે.

'**अनन्तलिङ्गैः**'—ભગવાનનાં સ્વરૂપોનાં દર્શન કરવાથી તેજસ્તત્ત્વની અને સ્પર્શગુણની પવિત્રતા થાય છે. કારણકે ભગવાનની પ્રતિમાઓમાં તેજ બિરાજે છે. ભગવાનની પ્રતિમાની સેવા કરનાર તપસ્વી અને સદાચારી હોય તો જ સ્વરૂપોમાં તેજ બિરાજે છે.

'**कुञ्जेषु**'—લતાકુંજમાં યાત્રા કરવાથી વાયુતત્ત્વની અને સ્પર્શગુણની પવિત્રતા થાય છે.

'**अनन्यः**'—એકલા વિચરવાથી મૌન રહે અને નામસ્મરણ, સ્તુતિ, કીર્તન થાય. તેથી આકાશતત્ત્વની અને શબ્દગુણની પવિત્રતા સિદ્ધ થાય છે. ૧૮

गां यर्यटन् मेध्यविविक्तवृत्तिः सदाप्लुतोऽधःशयनोऽवधूतः ॥
अलक्षितः स्वैरवधूतवेषो व्रतानि चेरे हरितोषणानि ॥१९॥

અન્વયાર્થ—**गाम्**-પૃથ્વી ઉપર, **पर्यटन्**-વિચરતા, **मेध्य–विविक्त-वृत्तिः**-પવિત્ર એકાન્ત સ્થલમાં નિવાસ કરતા, **सदा–आप्लुतः**-હંમેશાં તીર્થસ્નાન કરતા, **अधः–शयनः**-જમીન ઉપર સૂઈ જતા, **अवधूतः**-શરીરે તેલ કે અત્તર ન લગાવતા, **अवधूत–वेषः**-અવધૂતના વેષને ધારણ કરતા, **स्वैः**-સ્વજનોથી, **अलक्षितः**-અલક્ષિત-કોઈની નજરે ન આવતા વિદુરજી, **हरि-तोषणानि**-પરમેશ્વરને સંતુષ્ટ કરનારાં, **व्रतानि**-વ્રતોને, **चेरे**-આચરવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત.) ૧૯

અનુવાદ—પવિત્ર અને એકાન્ત પ્રદેશમાં નિવાસ કરતા, હમેશાં તીર્થજળમાં સ્નાન કરતા, જમીન ઉપર નીચે શયન કરતા, સ્વજનોની નજરે ન ચઢતા, શરીરે તેલ કે અત્તર વગેરે ન લગાવતા, અવધૂતના વેષમાં રહેતા વિદુરજી ભગવાનને પ્રસન્ન કરનારાં વ્રતોને આચરતા હતા. ૧૯

તત્ત્વસુધા—તીર્થયાત્રા કરવાનો હેતુ અને નિયમોને આ શ્લોકથી સમજાવે છે. આ શ્લોકમાં સાત પ્રકારની શરીરમાં ત્વચા-ચામડી રહે છે તેને પવિત્ર કરનારા નિયમો છે. "નિયમો સપ્તધાતુની શુદ્ધિ કરે છે અને વ્રતો અન્તઃકરણની શુદ્ધિ કરે છે." गां पर्यटन्–(૧) પૃથ્વી ઉપર પગે ચાલવું, (૨) પવિત્ર દેશમાં એકલા જ ફરવું અથવા પવિત્ર અન્ન એકાંતરે લેવું, (૩) ત્રિકાલસ્નાન કરવું, (૪) પલંગ–પથારીમાં સૂવું નહીં, (૫) શરીરે અત્તર–તેલ વગેરે લગાવવાં નહીં, (૬) સ્વજન સગાને ત્યાં ઊતરવું નહીં કે મળવું નહીં, (૭) વેષ પણ બદલી નાખવો કે કોઈ ઓળખે નહીં. આ સાત નિયમોનું પાલન કરતાં યાત્રા કરે તેને ભગવાનનાં દર્શન થાય. વિદુરજીને માર્ગમાં એકાદવાર ભગવાનની અસ્પષ્ટ ઝાંખી થઈ. તેથી તે સ્વરૂપનો વિરહ થયો. પુનઃ પ્રભુનાં સ્પષ્ટ દર્શન અને પ્રાપ્તિ થાય માટે નિયમો અને વ્રતો આચરતા હતા. તીર્થયાત્રાનું ફળ ભગવત્પ્રાપ્તિ હોવું જોઈએ.

व्रतानि चेरे हरितोषणानि—(૧) સર્વ ઇન્દ્રિય ઉપર સંયમ, (૨) એકાદશીનો ઉપવાસ, (૩) યથાલાભ સંતોષ, (૪) પ્રાણી માત્ર ઉપર દયા, આ ચાર વ્રતથી હરિ પ્રસન્ન થાય છે.

व्रियते अनेन एतदिति व्रतम्—જેનામાં દેવતાઓનું વશીકરણ સામર્થ્ય છે તે વ્રત કહેવાય.

यो विलंघ्याश्रमान् वर्णान् आत्मन्येव स्थितः पुमान् ॥
अतिवर्णाश्रमो योगी अवधूतः स कथ्यते ॥

વર્ણ અને આશ્રમોના નિયમોથી પર બની આત્મસ્વરૂપમાં સ્થિત બનીને રહેલ હોય એ અવધૂત કહેવાય. अ આશા વગરનો, व વાસના વિનાનો, धू શુદ્ધ હૃદયવાળો, त તત્ત્વજ્ઞાની આ ચાર યોગ્યતાવાળો અવધૂત કહેવાય છે. ૧૯

इत्थं व्रजन् भारतमेव वर्षं कालेन यावद् गतवान् प्रभासम् ॥
तावच्छशास क्षितिमेकचक्रामेकातपत्रामजितेन पार्थः ॥२०॥

અન્વયાર્થ—**इत्थम्**-આ નિયમો પ્રમાણે, **भारतं वर्षं एव**-સમસ્ત ભરત ખંડમાં જ, **व्रजन्**-ફરતાં ફરતાં, **यावत्**-જ્યારે, **कालेन**-કાળે કરીને, **प्रभासम्**-પ્રભાસમાં, **गतवान्**-આવ્યા, **तावत्**-તે અરસામાં, **पार्थः**-ધર્મરાજ, **एक–चक्राम्**-એક ચક્રવાળી, એક જ શાસનવાળી, **एक–आतपत्राम्**-એક છત્ર નીચે, **क्षितिम्**-પૃથ્વીને, **अजितेन**-શ્રીકૃષ્ણ સાથે, **शशास**-સંભાળતા હતા. (ઉપજાતિ વૃત્ત.) ૨૦

અનુવાદ—એવી રીતે જ્યારે ભારત વર્ષમાં ફરતા ફરતા કાળે કરીને વિદુરજી પ્રભાસમાં આવ્યા ત્યારે પૃથ્વી ઉપર એક શાસનવાળી અને એક છત્રવાળી પૃથ્વી ઉપર રાજા યુધિષ્ઠિર રાજ્ય કરતા હતા. ૨૦

તત્ત્વસુધા—શ્રી વિદુરજીએ ૩૬ વર્ષ સુધી તીર્થયાત્રા કરી છે. તેઓ જ્યારે યાત્રાપ્રસંગે પ્રભાસમાં આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનની સહાયથી રાજ્યશાસન કરતા હતા. "એકાતપત્ર અને એકચક્ર" આ બે વિશેષણોથી એમ સૂચવ્યું કે "चक्र" એટલે સૈન્ય અને "छत्र"–રાજચિહ્ન એક જ રાજાનાં હતાં. ૨૦

तत्राथ[1] शुश्राव सुहृद्विनष्टिं वनं यथा वेणुजवह्निसंश्रयम्[2] ॥
संस्पर्धया दग्धमथानुशोचन् सरस्वतीं प्रत्यगियाय[3] तूष्णीम् ॥२१॥

અન્વયાર્થ—**अथ**–ત્યારબાદ, **तत्र**–ત્યાં, **यथा**–જેમ, **वेणुज-वह्नि-संश्रयम्**–વાંસડામાં ઉત્પન્ન થયેલા અગ્નિનાં સંબંધવાળા, **दग्धम्**–બળેલા, **वनम्**–વનની માફક, **तथा**–તે પ્રકારે, **संस्पर्धया**–એકબીજાની સ્પર્ધાથી થયેલી, **सुहृद्-विनष्टिम्**–સ્વજનહાનિને–કુટુંબનાશને, **शुश्राव**–સાંભળ્યો, **अथ**–તેથી, **अनुशोचन्**–શોક કરતા વિદુરજી, **तूष्णीम्**–મૌનપણે, **सरस्वतीं प्रत्यग्**–સરસ્વતીના કિનારા તરફ, **इयाय**–ગયા. (ઉપજાતિ વૃત્ત.) ૨૧

અનુવાદ—ત્યાં પ્રભાસમાં તેમણે સાંભળ્યું કે બધા કુટુંબી જનો નાશ પામ્યા છે. જેમ વાંસનું વન પવનથી પરસ્પર ઘસાતાં અંદરથી અગ્નિ ઉત્પન્ન કરી પછી એ જ અગ્નિથી નાશ પામે, તેમ સ્વજનો આપસમાં લડી નાશ પામ્યા એવું સાંભળી શોક કરતા વિદુરજી સરસ્વતી નદી ઉપર ચૂપચાપ આવ્યા. ૨૧

તત્ત્વસુધા—तत्राथ शुश्राव–વિદુરજી પ્રભાસમાં આવ્યા, ત્યાં સુધી તો તેઓ અન્તર્મુખ હતા. પ્રભાસ તો દેહનો ત્યાગ કરવાનું તીર્થ ગણાય છે તેથી અલ્પપ્રમાણમાં બહિર્વૃત્તિ થયા. ત્યારે તેમણે જાણ્યું કે કૌરવ–પાંડવ સંગ્રામ થયો–"सुहृद्विनष्टिम्" તે જાણીને શોક થયો. આ સંગ્રામમાં જેઓ ન્યાયમાર્ગે જનારા હતા તે પણ નાશ પામ્યા તેનું દુઃખ થયું, તેથી **सुहृद्** શબ્દ વાપર્યો છે. સર્વનું વિચારે ને આચરે તે સુહૃદ્ કહેવાય.

संस्पर्धया—વાંસનું વન સળગે અથડાવાથી. કુટુંબ–વંશનો વિનાશ થાય સ્પર્ધા અને અદેખાઈથી. પાંડવોનું ગુણ–ઐશ્વર્ય કૌરવો ન સાંખી શક્યા. આન્તર વિગ્રહ થયો અને મહાન અનર્થ થયો. વિદુરજી હૃદયમાંના શોકની શાંતિ માટે सरस्वतीं **प्रत्यगियाय** तूष्णीम् સરસ્વતીજીને શરણે ગયા. સરસ્વતીજી ધર્મ નદી છે. ધર્માચરણ માટે એનો આશ્રય કરવો જોઈએ. યમુનાજી ભક્તિદાન કરનારાં ભક્તિસરિતા છે. વૈષ્ણવોનો પ્રસંગ સરસ્વતીતીરે થાય છે. ગંગાજી જ્ઞાન નદી છે.

सरस्वती धर्महेतुर्जलसंस्कारकारिणी ॥
भक्तिहेतुस्तु यमुना सत्सङ्गात्तैजसी स्मृता ॥
ज्ञानहेतुस्तु गङ्गा स्याद् बुद्धिसंस्कारकृत्ततः ॥ २१

तस्यां त्रितस्योशनसो मनोश्च पृथोरथाग्नेरसितस्य वायोः ॥
तीर्थं सुदासस्य गवां गुहस्य यच्छ्राद्धदेवस्य स आसिषेवे ॥ २२ ॥

અન્વયાર્થ—**सः**–તે વિદુરજી, **तस्याम्**–તે સરસ્વતીમાં આવેલાં, **त्रितस्य**–ત્રિતના, **उशनसः**–શુક્રાચાર્યના, **च**–અને, **मनोः**–મનુના, **पृथोः**–પૃથુના, **अथ**–અને, **अग्नेः**–અગ્નિના, **असितस्य**–અસિતના, **वायोः**–વાયુના, **सुदासस्य**–સુદાસના, **गवाम्**–ગાયોના, **गुहस्य**–કાર્તિકેયના, **च**–અને, **श्राद्धदेवस्य**–શ્રાદ્ધદેવના, **यत्**–જે, **तीर्थम्**–તીર્થને, **आसिषेवे**–સેવવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત.) ૨૨

---

[1] तदाथ प्रा. पा. [2] वह्निनाश्रयम् प्रा. पा. [3] प्रत्यगियात्ततश्च प्रा. पा.

અનુવાદ—શ્રી વિદુરજી સરસ્વતીના કિનારા ઉપર આવેલાં ત્રિતના, શુક્રાચાર્યના અને મનુના, પૃથુના, અગ્નિના, અસિતના, વાયુના અને સુદાસના તીર્થનું તેમજ ગોતીર્થનું, કાર્તિકેયનું અને શ્રાદ્ધદેવનાં તીર્થોનું એમણે સેવન કર્યું. ૨૨

તત્ત્વસુધા—વિદુરજી પ્રસિદ્ધ અગિયાર તીર્થોમાં સ્નાન કરે છે. સરસ્વતીજીના કિનારે કિનારે તીર્થો આવેલાં છે. તીર્થોના ક્રમ પ્રમાણે વર્ણવ્યાં નથી પરંતુ તીર્થોની પવિત્રતામાં પ્રથમ જે ગણાય તેના ક્રમથી વર્ણવે છે.– પ્રથમ ચાર તીર્થનું સ્નાન અન્તઃકરણને શુદ્ધ કરે છે. પછીનાં સાત સપ્તધાતુને શુદ્ધ કરે છે. ત્રિતતીર્થ–ત્રિત નામના રાજા હતા. કુટુંબક્લેશથી ખિન્ન હતા તે કૂવામાં પડેલા. તેમાંથી ભગવાને બહાર કાઢ્યા અને ક્લેશમાંથી મુક્ત કર્યા. વિદુરજીએ પણ કુટુંબનાશ–ક્લેશમાંથી મુક્ત થવા તે કૂપના જલથી સ્નાન કર્યું. ભગવાને ત્રિત રાજાને વરદાન આપેલું કે આ કૂપ 'ત્રિતકૂપ' નામથી ઓળખાશે તેમજ સ્નાન કરનારને કુટુંબક્લેશથી મુક્ત કરશે.

उशनसः–'ઉશના' શુક્રાચાર્યનું નામ છે. શુક્રચાર્યે આ સ્થાનમાં તપ કરી મૃતસંજીવિની વિદ્યા મેળવેલી તેથી 'ઉશના' તીર્થ નામ પડયું. તનના મરેલા કરતાં મનના મરેલાને જીવતા કરવા વધુ શ્રેષ્ઠ છે. વિદુરજી મનથી ઉદ્વિગ્ન હતા તેથી આ તીર્થમાં સ્નાન કરી વિશુદ્ધ થયા.

मनोः—મનુ તીર્થ મનુરાજાના નામથી પ્રસિદ્ધ છે. મનુરાજાએ તપશ્ચર્યા કરી જ્ઞાનસિદ્ધિ મેળવેલી. જ્ઞાન વિના શોકનિવૃત્તિ ન થઈ શકે. વિદુરજી તે તીર્થમાં સ્નાન કરી શોકમુક્ત થયા.

पृथोः—પૃથુરાજાના નામથી પ્રસિદ્ધ પૃથુતીર્થ છે; પૃથુરાજાએ વેનના સંગથી થયેલ દોષોનું નિવારણ કર્યું હતું. આ ચાર તીર્થમાં શોકનિવૃત્તિ માટે સ્નાન કરવું. શોક અન્તઃકરણનો ધર્મ છે. અન્તઃકરણ ચાર છે. તેથી ચાર તીર્થોનું વર્ણન કરી અલગ તીર્થોને ગણાવવા માટે **अथ**–અવ્યયનો ઉપયોગ કર્યો છે.

સપ્તધાતુની શુદ્ધિ કરનારાં અગ્નિતીર્થ, અસિત ઋષિતીર્થ, વાયુદેવતીર્થ, સુદાસ રાજાનું તીર્થ, ગોતીર્થ–ગોસત્રનું સ્થાન, ગુહતીર્થ, શ્રાદ્ધદેવ મનુતીર્થ આ સાત તીર્થમાં સ્નાન કર્યું. ૨૨

अन्यानि चेह द्विजदेवदेवैः कृतानि नानायतनानि विष्णोः ।
प्रत्यङ्गमुख्याङ्कितमन्दिराणि यद्दर्शनात्कृष्णमनुस्मरन्ति ॥ २३ ॥

અન્વયાર્થ—**इह**–સરસ્વતીજીમાં, **च**–અને, **अन्यानि**–જે બીજાં, **विष्णोः**–ભગવાનનાં, **प्रत्यङ्ग–मुख्य–अङ्कित–मन्दिराणि**–પ્રત્યેક અંગોનાં આયુધોમાં મુખ્ય સુદર્શન આયુધના ધજામાં ચિહ્નવાળાં મંદિરોને અને, **द्विजदेव–देवैः**–ઋષિઓએ અને દેવોએ, **कृतानि**–રચેલાં, **नाना–आयतनानि**–અનેક મંદિરોને–સ્થાનોને (**आसिषेवे**–સેવવા લાગ્યા), **यद् दर्शनात्**–જેના દર્શનથી, **कृष्णम्**–શ્રીકૃષ્ણ ભગવાનનું, **अनुस्मरन्ति**–સ્મરણ થાય છે. (ઉપજાતિ વૃત્ત.) ૨૩

અનુવાદ—વળી સરસ્વતીજીના કિનારા ઉપર આવેલાં બીજાં, ભગવાનનાં પ્રત્યેક શ્રીઅંગોનાં આયુધોમાં મુખ્ય સુદર્શન આયુધના ચિહ્નથી શોભતી ધજાવાળાં મંદિરોને અને ઋષિવર્યોએ અને દેવતાઓએ રચેલાં મંદિરોને પણ સેવવા લાગ્યા. જે મંદિરોનું દર્શન શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરાવે છે. ૨૩

તત્ત્વસુધા—ઋષિ–મહર્ષિ–તપસ્વી–જનોએ તપ–આરાધના કરીને પવિત્ર અને તેજસ્વી બનાવેલાં જલ-સ્થાનોને તીર્થ કહ્યાં છે. ભાવભક્તિથી રચેલાં દેવાલય સ્થાનોને ક્ષેત્ર કહ્યાં છે. સરસ્વતીજીના મૂલથી આરંભી આવાં અનેક સ્થાનો છે તેમાં પણ સ્નાન કર્યું એવું अन्यानि–પદથી સૂચવ્યું.

प्रत्यङ्गमुख्याङ्कित०—મંદિરોનાં દર્શનનું ફળ દર્શાવ્યું કે દર્શનશાસ્ત્રોના ચિંતન મનનથી અને અનેક જન્મનાં પુણ્ય તપથી જે ભગવદ્દર્શન થાય છે તે કેવલ ભગવાનનાં મંદિરનાં ધ્વજ–દર્શનથી સુલભ બને છે. શાસ્ત્રવિધિ તો

એવો છે કે મંદિરનાં ધ્વજદર્શન થાય–ત્યાંથી વાહનમાં ન બેસાય. ધ્વજદર્શન થતાં દંડવત્પ્રણામ કરવા જોઈએ. ધ્વજદર્શન ભગવાનનું સ્મરણ કરાવે છે. તીર્થયાત્રાએ જનારા ભગવદીયો તો ધ્વજદર્શન થાય ત્યાંથી દંડવત્ પ્રણામ કરતા કરતા દર્શને જાય છે. ચિત્રકૂટમાં બિરાજતા રઘુનાથજીના નિવાસના 'વટવૃક્ષનું' દર્શન થતાં જ ભરતલાલ દંડવત્ પ્રણામ કરતા કરતા દર્શને પધાર્યા હતા. ૨૩

ततस्त्वतिव्रज्य सुराष्ट्रमृद्धं सौवीरमत्स्यान् कुरुजाङ्गलांश्च ॥
कालेन तावद्यमुनामुपेत्य तत्रोद्धवं भागवतं ददर्श ॥ २४ ॥

અન્વયાર્થ:—ततः तु–ત્યાર પછી તો, **ऋद्धम्**–સમૃદ્ધ, **सुराष्ट्रम्**–સૌરાષ્ટ્ર દેશને, **सौवीर-मत्स्यान्**–સૌવીર અને મત્સ્ય દેશને, **च**–અને, **कुरुजाङ्गलान्**–કુરુ અને જાંગલ દેશોને, **अतिव्रज्य**–પસાર કરીને, **तावत् कालेन**–તેટલા સમયમાં, **यमुनाम्**–યમુનાજીને કિનારે, **उपेत्य**–પહોંચીને, **तत्र**–ત્યાં, **भागवतम्**–ભગવદ્ભક્ત, **उद्धवम्**–ઉદ્ધવજીને, **ददर्श**–જોયા. (ઉપજાતિ વૃત્ત.) ૨૪

અનુવાદ—આ પ્રકારે ફરતા ફરતા વિદુરજી સમૃદ્ધ એવા સૌરાષ્ટ્ર, સૌવીર, મત્સ્ય, કુરુ, જાંગલ વગેરે દેશને વટીને તેટલા સમયમાં જ્યારે શ્રીયમુનાજીને કિનારે પહોંચ્યા ત્યારે એમણે ત્યાં ભગવદ્ભક્ત શ્રીઉદ્ધવજીનાં દર્શન કર્યાં. ૨૪

તત્ત્વસુધા—સરસ્વતીનાં તીર્થસ્નાનોએ ચિત્તશુદ્ધિ આપી. શ્રીયમુના મહારાણીજી ભક્તિનાં પ્રદાન કરશે તેથી યમુનાજીના કિનારે વિદુરજી આવ્યા. તે વખતે ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદસ્પર્શથી "सुराष्ट्रं सौवीरं" સૌરાષ્ટ્ર અને ગુજરાત સમૃદ્ધશાળી દેશો હતા. પછી તે કુરુ જાંગલ દેશમાં એટલે કુરુક્ષેત્રના પ્રદેશમાં આવ્યા.

कालेन—વિધિ પ્રમાણે તીર્થયાત્રા કરતા હોવાથી પ્રત્યેક સ્થાનમાં એક રાત્રિ નિવાસ અને ઉપવાસના નિયમનું પાલન કરતાં છત્રીસ વર્ષનો ગાળો વીતી ગયો, જ્યારે તે શ્રીયમુના મહારાણીજીને કિનારે આવ્યા હતા. શ્રીયમુનાજીની પ્રસન્નતાના પુરાવામાં ઉદ્ધવલાલજી મળ્યા. તીર્થક્ષેત્રમાં સિદ્ધ, યોગી કે ભક્ત અકસ્માત્ મળી જાય તો તીર્થના દેવનો અનુગ્રહ સમજવો. ૨૪

स वासुदेवानुचरं प्रशान्तं बृहस्पतेः [1]प्राप्तनयं प्रतीतम् ॥
आलिङ्ग्य गाढं प्रणयेन भद्रं स्वानामपृच्छद् भगवत्प्रजानाम् ॥ २५ ॥

અન્વયાર્થ—सः–તે, **प्रशान्तम्**–શાંત, **बृहस्पतेः**–બૃહસ્પતિ પાસેથી, **प्राप्त-नयम्**–નીતિશાસ્ત્ર શીખેલા, **प्रतीतम्**–પ્રસિદ્ધ, **वासुदेव-अनुचरम्**–શ્રીકૃષ્ણના અનુચર ઉદ્ધવને, **प्रणयेन**–પ્રેમથી, **गाढम्**–ગાઢ, **आलिङ्ग्य**–ભેટીને, **भगवत्-प्रजानाम्**–ભગવાનના પ્રજાજન એવા, **स्वानाम्**–પોતાના સ્વજનોનું, **भद्रम्**–કલ્યાણને, **अपृच्छत्**–પૂછવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત.) ૨૫

અનુવાદ—વાસુદેવ ભગવાનની ભક્તિવાળા અને અત્યંત શાંત તથા બૃહસ્પતિ પાસે નીતિ શીખેલા ઉદ્ધવજીને વિદુરજીએ ગાઢ આલિંગન કર્યું. અને ભગવાનની પ્રજારૂપ પોતાના સુહૃદોનું કુશળ પૂછ્યું. ૨૫

તત્ત્વસુધા—બે સંત પુરુષો મળે ત્યારે વિશ્વનું મંગલ કરનાર વાતાવરણ અને વાર્તાલાપ બને. કેશર ચંદન જેવું સુભગ મિલન સૌને સુખ પેદા કરે. યમુના મહારાણીજીને કિનારે શ્રીઉદ્ધવલાલ અને વિદુરજી મળ્યા અને વિશ્વને ભગવદ્વાર્તા મળી.

---

१. प्राक्तनयं प्रा. पा.

ઉદ્ધવજીને માટે વ્યાસજી ચાર વિશેષણ વાપરે છે. આ ચાર વિશેષણ વાપરે છે. આ ચાર વિશેષણોમાં, (૧) ભગવાનમાં નિષ્ઠા, (૨) વૈરાગ્ય, (૩) શાસ્ત્રજ્ઞાન અને (૪) પ્રખ્યાતિ, એવા ચાર મહાન ગુણો દર્શાવ્યા છે.

'वासुदेवानुचरम्'–વાસુદેવના સેવક હોવાથી ભગવન્નિષ્ઠા બતાવી. ભક્ત અને સેવકમાં તફાવત છે. પોતાને ઘરે ભગવાનને ભજે તે ભક્ત. પરંતુ ભગવાનની સમીપમાં રહી ભક્ત થઈ સેવા કરવી તે કઠિન છે. ઉદ્ધવજી ભક્તસેવક હતા. ભગવાનના સેવકનું દર્શન મોક્ષોપયોગી હોય છે.

'प्रशान्तम्'–પ્રશાન્ત ગુણથી ઉદ્ધવજીમાં વૈરાગ્ય સૂચવ્યો. વિરક્તને મળવાથી હરિભક્તિ વધે.

'बृहस्पतेः'–'બૃહસ્પતિના શિષ્ય' તરીકે ઉદ્ધવજીને ઓળખાવાને શાસ્ત્રના જાણકાર કહ્યા. શાસ્ત્રને મળતાં તત્ત્વ અને ધર્મચર્ચા થાય તેવી શ્રદ્ધા બતાવી. વળી બૃહસ્પતિના શિષ્ય હોવાથી નીતિનિપુણ છે. તેથી વિદુરજી મળ્યા હતા તે વાત કોઈને પણ કરશે નહીં અને વિદુરજીના 'ગુપ્ત' તીર્થાટનપણાને હરકત આવશે નહીં.

'प्रतीतम्'–પ્રખ્યાત હોવાથી પુણ્યશાળી ગણાવ્યા. ખ્યાતિ કીર્તિ પુણ્યથી મળે છે.

કેટલાક મહાપુરુષોને 'प्राक्तनयम्' એવો પાઠ 'प्राप्तनयम्'ને બદલે સ્વીકૃત છે. ઉદ્ધવજી શી રીતે બૃહસ્પતિના પુત્ર થાય એવો વિચાર તેથી આવે. પરંતુ વિદ્યા અને જન્મથી વંશ ગણાય છે, ઉદ્ધવજી વિદ્યાથી પુત્ર ગણાય. તેમણે બૃહસ્પતિ પાસેથી વિદ્યા મેળવેલી.

ઉદ્ધવ વિદુરજી પરસ્પરને ભેટી પડયા. ખરી રીતે તો વિદુરજી વડીલ હતા તેથી વંદન કરવાં જોઈએ પરંતુ બન્ને આપ્તજનના અને ભગવાનના વિયોગી હતા. વિરહવશ બે ભક્તો ભેટી પડ્યા. ૨૫

कच्चित्पुराणौ पुरुषौ स्वनाभ्यपाद्मानुवृत्त्येह किलावतीर्णौ ।
आसात उर्व्याः कुशलं विधाय कृतक्षणौ कुशलं शूरगेहे ॥ २६ ॥

અન્વયાર્થ:—स्व-नाभ्य-पाद्म-अनुवृत्त्या–પોતાના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માજીની પ્રાર્થનાથી, **इह**–પૃથ્વી ઉપર, **अवतीर्णौ**–પ્રકટ થયેલા, **पुराणौ**–પુરાણ, **पुरुषौ**–પુરુષ શ્રીકૃષ્ણ અને બલભદ્ર, **उर्व्याः**–પૃથ્વીનું, **कुशलम्**–કુશલ, **विधाय**–કરીને, **शूरगेहे**–વસુદેવજીને ઘેર, **कृतक्षणौ**–પગવાળી બેઠેલા, **कुशलम्**–હેમખેમ, **आसाते कच्चित्**–બિરાજે છે ને વારુ ? (ઉપજાતિ વૃત્ત.) ૨૬

અનુવાદ—પોતાના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા એવા બ્રહ્માજીની પ્રાર્થનાને માન આપી ખરેખર પૃથ્વી ઉપર પ્રકટ થયેલા પુરાણપુરુષ શ્રીકૃષ્ણ અને બળરામ ભૂમિનું કુશળ કરીને પગવાળી બેઠેલા વસુદેવજીને ઘેર હેમખેમ તો છે ને ? ૨૬

તત્ત્વસુધા—'कच्चित् पुराणौ'—શ્રી વિદુર હવે એ શ્લોકમાં એક કુશળ પ્રશ્ન કરે છે. એ પ્રશ્નમાં શ્રી બલભદ્ર અને શ્રીકૃષ્ણ ભગવાનનું કુશળ ૨૬મા શ્લોકમાં પૂછે છે. ત્યાં આશ્ચર્ય થાય છે કે ભગવાન તો નિત્ય મંગળ સ્વરૂપ છે તેમનું કુશળ શું પૂછવાનું હોય ? કોઈ સૂર્યને પૂછે છે કે તારું આરોગ્ય છે ને ? જેમ એ પ્રશ્નને અવસર નથી તેમ કૃષ્ણ–બળભદ્રના કુશળને પણ અવસર નથી; પરંતુ આ પ્રશ્નમાં ભક્તોનું કુશળ સમાયેલ છે. ભક્તોનું કુશળ ભગવાન ભૂતલ ઉપર બિરાજે તે ઉપર આધાર રાખે છે. તેથી વિદુરજીએ પ્રશ્ન કર્યો કે શ્રીકૃષ્ણ ને બલભદ્રજી ભૂતલ ઉપર હવે પગ વાળીને શાંતિમાં બિરાજે છે ને ? ૨૬

कच्चित् कुरूणां परमः सुहृन्नो भामः स आस्ते सुखमङ्ग शौरिः ।
यो वै स्वसॄणां पितृवद् ददाति वरान् वदान्यो वरतर्पणेन ॥ २७ ॥

અન્વયાર્થ:—अङ्ग–ભાઈ ઉદ્ધવ !, **कुरूणाम्**–કૌરવોના, **परमः**–પરમ, **सुहृद्**–મિત્ર, **नः**–અમારા, **भामः**–પૂજ્ય, **सः**–તે, **शौरिः**–વસુદેવ, **सुखम्**–સુખી, **आस्ते**–છે ને વારુ ? **वै**–ખરેખર, **वदान्यः**–પરમ

ઉદાર એવા, **यः**-જે વસુદેવજી, **स्वसॄणाम्**-પોતાની બહેનોને, **वर-तर्पणेन**-ઉત્તમ રીતે સન્માન કરીને, **पितृवत्**-પિતાની માફક, **वरान्**-શ્રેષ્ઠ વસ્તુઓને, **ददाति**-આપે છે. (ઉપજાતિ વૃત્ત.) ૨૭

અનુવાદ—ભાઇ ઉદ્ધવ ! કુરુઓના પરમ સુહૃદ અને અમારા પૂજ્ય વડેસુવજી કુશળ તો છે ને ! જેઓ અત્યંત ઉદાર મનવાળા છે, જે પોતાની બહેનોને ખૂબ આદરસત્કારથી પિતાની માફક શ્રેષ્ઠ વરદાનો આપે છે. ૨૭

તત્ત્વસુધા—૨૭મા શ્લોકથી ભગવદીય જનોનું સ્વતંત્ર કુશળ પૂછે છે. સૌથી પ્રથમ 'શૌરિઃ' શૂરસેનના પુત્ર વસુદેવજીના કુશળથી આરંભ કરે છે. બહેનોને અને દીકરીઓને પુષ્કળ આપનાર ભાઈ-પિતાઓને લક્ષ્મી પ્રસન્ન રહે છે. કન્યાને પિતાના કુળમાં લક્ષ્મી કહી છે. સાસરે એને ગૃહલક્ષ્મી કહી છે. વસુદેવજી બહેનોને પિતા તરીકે સત્કારે છે એ વિશેષ ઔદાર્ય દર્શાવવા "શૌરિ" કહ્યા છે.

'भामः' આ શ્લોકમાં વસુદેવજી માટે 'ભામ' શબ્દ વાપર્યો છે તે વિચાર માગે છે: કારણ કે ભામનો અર્થ બનેવી થાય છે સંબંધની દૃષ્ટિએ તો વસુદેવજી પાંડુ રાજાના 'શ્યાલક' થાય. કુન્તીજીને પાંડુ સાથે પરણાવ્યાં છે, છતાં જ્યારે 'ભામ' એટલે બનેવી કહે છે ત્યારે તેનો વિચાર કરવો રહ્યો.

દેવકીજીને પાંડુ વિદુરજી પોતાની બહેન કરતાં વધુ ચાહે છે તે કારણથી બનેવી કહે છે.

કેટલાક દેશમાં એવો રિવાજ છે કે મોટી બહેનના પતિને બનેવી કહે છે. અને નાની બહેનના પતિને 'સાળા' તરીકે બોલાવે છે. કદાચ કુન્તીજી નાનાં છે તેથી વસુદેવજીને બનેવી કહ્યા હોય. વળી એક એવું પ્રમાણ મળે છે કે વસુદેવજીનો એક વિવાહ કૌરવોમાં થયેલ છે તેથી પણ વિદુરજી વસુદેવજી માટે 'ભામ'-બનેવી શબ્દ વાપરતા હોય.

स्वसॄणां ददाति-આ સ્થાને સ્વસૃ શબ્દની ચતુર્થી વિભક્તિ થવી જોઈએ, પરંતુ શાસ્ત્રમાં બહેનને આપવાનું કોઈ વિધાન નથી. પરંતુ સ્નેહશાસ્ત્રમાં આ દાન છે તેમ સૂચવવા ષષ્ઠી વિભક્તિ કહી છે. અથવા स्वसॄणां वरान् બહેનોના વરને પુષ્કળ આપે છે એવો અન્વય કરીએ તો પણ ચાલશે. पौरवी रोहिणी नाम बाह्लीकस्यात्मजाभवत्-રોહિણીજી બાહ્લીકની પુત્રી થાય છે. બાહ્લીક કૌરવ છે તે રીતે વસુદેવજી માટે ભામ શબ્દ વપરાય છે. ૨૭

कच्चिद् वरूथाधिपतिर्यदूनां प्रद्युम्न आस्ते सुखमङ्ग वीरः ।
यं रुक्मिणी भगवतोऽभिलेभे आराध्य विप्रान् स्मरमादिसर्गे ॥ २८॥

અન્વયાર્થ—**अङ्ग**-ભાઈ ઉદ્ધવ ! **यदूनाम्**-યાદવોમાં, **वीरः**-પરાક્રમી, **वरूथ-अधिपतिः**-સેનાધિપતિ, **प्रद्युम्नः**-પ્રદ્યુમ્નકુમાર, **सुखम् आस्ते कच्चित्**-કુશળ છે ને ? **यम्**-જે પ્રદ્યુમ્નને, **रुक्मिणी**-રુકિમણીજીએ, **भगवतः विप्रान्**-ભગવાન તુલ્ય વિપ્રોને, **आराध्य**-આરાધીને, **अभिलेभे**-મેળવ્યા હતા, **आदिसर्गे**-પૂર્વજન્મમાં **स्मरम्-आहुः**-જેને કામદેવ કહ્યા છે. (ઉપજાતિ વૃત્ત.) ૨૮

અનુવાદ—ભાઈ ઉદ્ધવ ! યાદવકુળમાં શ્રેષ્ઠ સેનાપતિ શ્રી પ્રદ્યુમ્નકુમારનું કુશળ છે ને ? પૂર્વજન્મમાં જે કામદેવ હતા; શ્રી રુકિમણીજીએ જે પ્રદ્યુમ્નને ભગવાન જેવા વિપ્રોની આરાધના કરીને મેળવ્યા છે. ૨૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં પ્રદ્યુમ્નજીનું કુશળ પૂછ્યું છે. પ્રદ્યુમ્ન ત્રણ પ્રકારે વીર હતા. જાતથી, જન્મથી અને સેનાધિપતિ પદથી વીરતા પ્રદ્યુમ્નમાં હતી. વીર પુરુષોનું કુશળ સંદિગ્ધ હોય છે. તેઓને સંગ્રામમાં જ

જીવવાનું હોય છે. વળી રાજ્યનું કુશળ સંરક્ષણ મંત્રીથી હોય છે. **भगवतोऽभिलेभे**–રુકિમણીજીએ વિપ્રોની આરાધના કરી પુત્ર તરીકે પ્રદ્યુમ્નને મેળવ્યા છે. વિપ્રોની આશિષમાં બળ હોય છે. વિપ્ર જેને આશીર્વાદ આપે તેનો વિજય થાય છે. પ્રદ્યુમ્ન પૂર્વજન્મમાં સ્મર–કામદેવ હતા. તેઓ શ્રી શંકર ભગવાનથી હાર્યા હતા. પોતાનો પુત્ર ન હારે એ આશયથી વિપ્રોની આરાધના કરી પ્રદ્યુમ્નને મેળવ્યા. **भगवतः** એ પંચમી વિભક્તિ લઈએ તો શ્રીકૃષ્ણથી મેળવ્યા અર્થ થશે અને દ્વિતીયા વિભક્તિનું બહુવચન લઈએ તો विप्रान् શબ્દનું વિશેષણ પણ થશે. ૨૮

कच्चित्सुखं सात्वतवृष्णिभोजदाशार्हकाणामधिपः स आस्ते ॥
यमभ्यषिञ्चत् शतपत्रनेत्रो नृपासनाशां परिहृत्य दूरात् ॥ २९ ॥

અન્વયાર્થ—नृप–आसन–आशाम्–સિંહાસનની આશાને, **दूरात्**–સર્વથા, **परिहृत्य**–છોડી દઈને **शतपत्रनेत्रः**–કમલનયન શ્રીકૃષ્ણ, **यम्**–જેને–ઉગ્રસેનને, **अभ्यषिञ्चत्**–ગાદીએ બેસાડ્યા, **सात्वत–वृष्णि–भोज-दाशार्हकाणाम्**–સાત્વત, વૃષ્ણિ, ભોજ અને દાશાર્હના, **अधिपः**–અધિપતિ, **सः**–તે ઉગ્રસેન, **सुखम्**–સુખમાં, **आस्ते कच्चित्**–છે ને? (ઉપજાતિ વૃત્ત.) ૨૯

અનુવાદ––રાજ્યની આશાનો સર્વથા ત્યાગ કરીને કમલનયન શ્રીકૃષ્ણ ભગવાને જેનો અભિષેક કર્યો છે તે સાત્વત, વૃષ્ણિ, ભોજ અને દાશાર્હના અધિપતિ ઉગ્રસેન રાજા કુશળ છે ને? ૨૯

તત્ત્વસુધા—સિંહ કોઈના ઉચ્છિષ્ટ શિકારને ન ભોગવે. શ્રીકૃષ્ણ ભગવાન તે રીતે કંસના ઉચ્છિષ્ટ આસનને ન ભોગવે. કંસનો વધ ભગવાને રાજ્યપ્રાપ્તિ માટે નહીં કરેલો, પરંતુ જગતના ક્લેશરૂપ કંટક કંસને દૂર કરેલો. ભગવાનને કમલનેત્ર કહીને દયાળુ તરીકે દર્શાવ્યા છે. કંસવધથી દુઃખી થયેલા પિતા ઉગ્રસેનને રાજ્યમાન આપી સુખી કર્યા. ૨૯

कच्चिद्धरेः सौम्य सुतः सदृक्ष आस्तेऽग्रणी रथिनां साधु साम्बः ।
असूत यं जाम्बवती व्रताढ्या देवं गुहं योऽम्बिकया धृतोऽग्रे ॥ ३० ॥

અન્વયાર્થ—सौम्य–હે સુજન ઉદ્ધવ! **व्रत–आढ्या**–ધર્માચરણમાં શ્રેષ્ઠ, **जाम्बवती**–જામ્બવતીએ, **यम्**–જે, **देवं गुहम्**–તેજસ્વી દેવ ગુહ સ્વામીને, **असूत**–જન્મ આપ્યો, **यः**–જે સાંબ, **अग्रे**–પહેલાં, **अम्बिकया**–પાર્વતીજી વડે, **धृतः**–ધારણ કરાયા હતા તે, **हरेः सदृक्षः**–શ્રીહરિના સરખા, **सुतः**–પુત્ર, **रथिनाम्**–રથિઓમાં, **अग्रणीः**–નાયકશ્રેષ્ઠ, **साम्बः**–સાંબ, **साधु आस्ते कच्चित्**–કુશળ છે ને? (ઉપજાતિ વૃત્ત.) ૩૦

અનુવાદ—હે સુજન ઉદ્ધવજી! ભગવાનના જેવી જ યોગ્યતા ધરાવતા અને મહારથીઓને અગ્રણી ભગવાન કૃષ્ણના પુત્ર સાંબ કુશળ છે તે? જે સાંબને જાંબવતીજીએ વ્રત આચરીને મેળવ્યા છે, જે સાંબને પૂર્વે કાર્તિકેય સ્વરૂપે ધારણ કર્યા હતા. ૩૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં કાર્તિકેયની કથા છે. કૃત્તિકાઓએ જલમાં સ્નાન કરતાં શિવજીના તેજને ધારણ કરેલું. ત્યાર બાદ બાળક સ્વરૂપે તે તેજને જન્મ આપ્યો. શ્રી નારદજીએ અમ્બિકાજીને આ વૃત્તાંત કહ્યો. તેથી અમ્બિકાજીએ કાર્તિક સ્વામીને લાવીને ઉછેર્યા. તે ગુહ અંશ સ્વરૂપે સાંબમાં પ્રવેશ્યા છે.

'સામ્બ' શબ્દનો ભાવ એવો છે કે અમ્બા એટલે પાર્વતીની સાથે શિવ એ બન્ને શ્રીકૃષ્ણને ત્યાં 'સાંબ'ના આકારે પધાર્યા છે. તેથી સાંબનો લૌકિક જન્મ કે લૌકિક સામર્થ્ય નથી. ૩૦

क्षेमं स कच्चिद् युयुधान आस्ते यः फाल्गुनाल्लब्धधनूरहस्यः ॥
लेभेऽञ्जसाधोक्षजसेवयैव गतिं तदीयां यतिभिर्दुरापाम् ॥ ३१ ॥

અન્વયાર્થ—**फाल्गुनात्**-અર્જુન પાસેથી, **लब्ध-धनू-रहस्यः**-ધનુર્વેદનું રહસ્ય મેળવનાર, **सः**-તે, **युयुधानः**-સાત્યકિ, **क्षेमम्**-કુશળ, **आस्ते कच्चित्**-છે ને ?, **यः**-જે, **अधोक्षज-सेवया**-શ્રીકૃષ્ણ ભગવાનની સેવાથી, **यतिभिः-दुरापाम्**-યતિજનો ન મેળવી શકે એવી, **तदीयाम्-गतिम्**-ભગવદ્‌વિષયક ગતિને એટલે ભગવદ્‌ભક્તિને, **अञ्जसा एव लेभे**-મેળવી શક્યા. (ઉપજાતિ વૃત્ત.) ૩૧

અનુવાદ—જેણે અર્જુનજી પાસેથી ધનુર્વેદનું રહસ્ય પ્રાપ્ત કર્યું, તેમ જ ભગવાનની સેવાથી યતિજનો પણ ન મેળવી શકે એવી ભગવદ્‌ભક્તિને સહેલાઈથી જ મેળવી એવા સાત્યકિ કુશળ છે ને ? ૩૧

તત્ત્વસુધા—યુયુધાન સાત્યકિનું નામ છે. શૂરવીરો કોઈપણ દિવ્યશક્તિના ઉપાસક હોય છે. જ્યારે સાત્યકિ તો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમના ભક્ત હતા. વિદુરજીએ એમનું કુશળ પૂછતાં કહ્યું કે કૃપાબળથી હરિભક્તિ પામેલા સાત્યકિનું મંગલ છે ને ? ૩૧

कच्चिद् बुधः स्वस्त्यनमीव आस्ते श्वफल्कपुत्रो भगवत्प्रपन्नः ॥
यः कृष्णपादाङ्कितमार्गपांसुष्वचेष्टत प्रेमविभिन्नधैर्यः ॥ ३२ ॥

અન્વયાર્થ—**बुधः**-વિવેકી, **अनमीवः**-નિષ્પાપ, **भगवत्-प्रपन्नः**-ભગવાનના શરણાગત, **श्व फल्क-पुत्रः**-શ્વફલ્કના પુત્ર અક્રૂરજી, **स्वति आस्ते कच्चिद्**-કુશળ છે ને ? **यः**-જે, **प्रेम-विभिन्न-धैर्यः**-પ્રેમના વેગમાં ધીરજ ગુમાવીને, **कृष्ण-पाद-अङ्कितपांसुषु**-શ્રીકૃષ્ણચન્દ્રના ચરણના ચિહ્નવાળી માર્ગની વેળુમાં, **अचेष्टत**-આળોટ્યા હતા. (ઉપજાતિ વૃત્ત.) ૩૨

અનુવાદ—સર્વથા નિષ્પાપ, વિવેકશીલ, ભગવાનના અનન્ય ભક્ત શ્વફલ્કના સુપુત્ર શ્રી અક્રૂરજી કુશળ છે ને ? જેઓ પ્રેમપરવશ ધીરજ ગુમાવીને વ્રજની રજમાં ભગવાનનાં ચરણકમળનાં ચિહ્નો નિહાળીને આળોટ્યા હતા. ૩૨

તત્ત્વસુધા—**कच्चिद् बुधः**—શ્રી અક્રૂરજીની કુશળતા પૂછતાં પાંચ વિશેષણ આપે છે. **बुधः**—બુધ એટલે વિવેકી. સારાસારનો વિચાર કરી કાર્ય કરનાર. (૧) **अनमीवः**-નીરોગી અથવા નિષ્પાપ. જે નિષ્પાપ હોય, જે નીરોગી હોય તે જ સેવાનો અધિકારી છે. સર્વજ્ઞ પ્રભુ પાપીની સેવાનો સ્વીકાર ન કરે. (૨) श्वफल्कपुत्रः—અક્રૂરજીના પિતાજીનું નામ 'શ્વફલ્ક' છે. જેના પિતા પુણ્યશાળી અને શુચિ-સદાચારી હોય તેનો પુત્ર સુપથગામી હોય. અક્રૂરજીના પિતાજીના પગલે વૃષ્ટિ થતી હતી તેવા તે પુણ્યશાળી પુરુષ હતા. (૩) **भगवत्प्रपन्नः**—અક્રૂરજી ભગવાનના શરણાગત હતા. જે શરણાગત હોય તે નિર્ભય હોય છે. (૪) **प्रेमविभिन्नधैर्यः**—પ્રભુના ચરણની રજનાં દર્શન થતાં પ્રેમનો આવેશ થયો, ધૈર્ય ચાલ્યું ગયું અને શ્રીચરણરજમાં સ્નાન કર્યું. (૫) આ વિશેષણથી 'પરમભક્ત' વર્ણવ્યા છે. આ શ્લોકથી અક્રૂરજીની બાબતમાં કુશળ પૂછવાનું રહેતું જ નથી. જો ઉપરના ધર્મો હોય તો તેથી વધુ કુશળ શું ? આ નિમિત્તે અક્રૂરજીનું સ્મરણ કરી વિદુરજી પોતાના આત્માને કુશળ બનાવે છે. ૩૨

कच्चिच्छिवं देवकभोजपुत्र्या विष्णुप्रजाया इव देवमातुः ॥
या वै स्वगर्भेण दधार देवं त्रयी यथा यज्ञवितानमर्थम् ॥ ३३ ॥

અન્વયાર્થ—**देव-मातुः**-દેવોની માતાની, **इव**-માફક, **विष्णुप्रजायाः**-વિષ્ણુ જેવા પુત્રને જન્મ આપ-

નારાં, **देवकभोज-पुत्र्याः**–દેવકભોજની પુત્રી દેવકીજીનું, **शिवम् कच्चित्**–મંગલ છે ને? **यथा**–જેમ, **त्रयी**–ત્રણે વેદ, **यज्ञ-वितानम्**–યજ્ઞનો વિસ્તાર કરનાર, **अर्थान्**–અર્થને ધારણ કરે છે, **तथा**–તેમ, **या वै**–ખરેખર જેણે, **देवम्**–ભગવાનને, **स्व-गर्भेण**–પોતાના ગર્ભ વડે, **दधार**–ધારણ કર્યા. (ઉપજાતિ વૃત્ત.) ૩૩

અનુવાદ—શ્રીવિષ્ણુ સમાન પુત્રને જન્મ આપનારાં દેવોની માતા અદિતિના જેવાં શ્રી દેવકભોજ રાજાની પુત્રી શ્રી દેવકીજી કુશળ છે ને? જેમ વેદત્રયી યજ્ઞના વિસ્તારને ધારણ કરે છે તેમ ભગવાનને જેમણે પોતાના ગર્ભમાં સ્થાપ્યા હતા. ૩૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રી દેવકી માતાનું કુશળ પૂછ્યું. ભગવાનની જનની તરીકે શ્રી દેવકીજીને ઓળખાવે છે. **या वै स्वगर्भेण**–'ગર્ભ' શબ્દને સપ્તમી વિભક્તિમાં લખવો જોઇએ. જે દેવકીજીએ પોતાના ગર્ભમાં ભગવાનને ધારણ કર્યા એવો અર્થ ત્યારે થઈ શકે. પરંતુ 'તૃતીયા' વિભક્તિ વાપરે છે તેનું કારણ કે ભગવાન જીવની માફક ઉદરમાં ગર્ભસ્વરૂપે નથી આવતા. ઉપમા પણ તેવી જ આપી છે કે–**त्रयी यथा** જેમ ત્રણ વેદો યજ્ઞનો વિસ્તાર કરાવનાર પદાર્થોને બતાવે છે પરંતુ તેનો જન્મ નથી આપતા, તેમ શ્રી દેવકીજી તેમના હૃદયમાં ભગવાનને ધારણ કરે છે. **देवक-भोजपुत्र्याः**–ભોજ વંશનું નામ છે અને દેવક દેવકીજીના પિતાજીનું નામ છે. ૩૩

अपिस्विदास्ते भगवान् सुखं वो यः सात्वतां कामदुघोऽनिरुद्धः ॥
यमामनन्ति स्म हे शब्दयोनिं मनोमयं सत्त्वतुरीयतत्त्वम् ॥ ३४ ॥

અન્વયાર્થ—यः–જે, **सात्वताम्**–સાત્વત વૈષ્ણવોના, **कामदुघः**–કામપૂરક કલ્પવૃક્ષ, **भगवान्**–ભગવાન જેવા, **वः**–આપના, **अनिरुद्धः**–અનિરુદ્ધજી છે, **(सः**–તે), **सुखम्**–સુખી, **आस्ते**–છે ને? **अपिस्वित्**–ખરેખર! **यम्**–જેમને, **सत्त्वतुरीय-तत्त्वम्**–અન્તઃકરણના ચોથા તત્ત્વ 'મન' તરીકે, **शब्द-योनिम्**–શબ્દયોનિ–શબ્દની ઉત્પત્તિના સ્થાનરૂપે, **आमनन्ति स्म**–માને છે, માનવામાં આવે છે. (ઉપજાતિ વૃત્ત.) ૩૪

અનુવાદ—અનિરુદ્ધ ભગવાન જે સાત્વત ભક્તોના મનોરથપૂરક કલ્પવૃક્ષ જેવા છે અને જે મનોમય અન્તઃકરણનું ચોથું તત્ત્વ છે, જેમને શબ્દના યોનિ–કારણ તરીકે માનવામાં આવે છે તે કુશળ છે ને? ૩૪

તત્ત્વસુધા—શ્રી અનિરુદ્ધનું કુશળ પૂછતાં તેમનો પરિચય આપતાં કહે છે કે જે અનિરુદ્ધજી કામદુધ–કામધેનુ છે (૧), શબ્દયોનિ છે (૨), મનોમય ચતુર્થ અન્તઃકરણ છે (૩). આ ત્રણ વિશેષણમાં "કામદુધ' એટલે સર્વ કામનાઓના પૂરનાર છે એવો અર્થ થયો.

शब्दयोनिम्– 'શબ્દયોનિ' વિશેષણથી અનિરુદ્ધજીને શબ્દના પ્રેરક માન્યા છે. અનિરુદ્ધ મનના દેવ છે. તેઓ મન દ્વારા શબ્દને પ્રેરે છે. શ્રુતિએ એ વાત સમજાવી છે કે **मनःपूर्वरूपं वागुत्तररूपम् श्रुतेः**–મન પ્રથમ રૂપ છે, વાણી પછીનું સ્વરૂપ છે. શિક્ષા આ વસ્તુને સ્પષ્ટ કરે છે–

प्रातःसवनयोगं तं छंदो गायत्रमाश्रितम् । कंठे माध्यंदिनयुजं मध्यमं त्रैष्टुभानुगम् ॥
तारं तार्तीयसवनं शीर्षण्यं जागतानुगम् । सोदीर्णो मूर्धन्यभिहितो वक्त्रमापद्य मारुतः ।
वर्णान् जनयते तेषां विभागः पञ्चधा स्मृतः ॥

પ્રથમ બુદ્ધિ સાથે આત્મા સર્વ પદાર્થોને સારી રીતે સમજીને અન્યને બોધ કરવા વિચારે છે. ત્યારે તે મનને પ્રેરે છે. પછીથી તે બોલવાની ઇચ્છા કરે છે તેથી તે મન આત્માની સાથે મળીને શરીરાગ્નિને પ્રેરે છે. શરીરાગ્નિ વાયુને પ્રેરે છે. તે વાયુ હૃદયમાં વિચરતો મન્દ્ર સ્વરને ઉત્પન્ન કરે છે. કંઠમાં વિચરતો મધ્યમ સ્વરને પ્રકટ કરે છે. મસ્તકમાં વિચરતો તાર સ્વરને પ્રકટ કરે છે. પછી મસ્તકમાં આગળ માર્ગ ન મળતાં મુખમાંથી વર્ણરૂપે તે વ્યક્ત થાય

---

१ हि प्रा. पा.

છે. આ રીતે મન-અનિરુદ્ધ શબ્દના પ્રેરક છે. આશાના પૂરક છે. ચાર અન્તઃકરણમાંના ચોથા અન્તઃકરણ મનના અધિષ્ઠાતા દેવ છે. શ્રુતિએ એથી જ એ વાતને સ્પષ્ટ કરી છે. જ્યારે વાણીને મન પ્રેરે છે ત્યારે તે વાણી મુખમાંથી "વર્ણ"રૂપે વ્યક્ત થાય છે. હવે મનના અધિષ્ઠાતા જ્યારે અનિરુદ્ધ થયા ત્યારે પ્રેરક પણ તેઓ જ થયા. એટલે 'શબ્દ'ના પણ યોનિ-કારણ તરીકે મનાયા.

આ અનિરુદ્ધ વાસુદેવ સ્વરૂપ છે. શ્રી વાસુદેવ ચતુર્વ્યૂહ લઈ ભૂતલ ઉપર પ્રકટ થાય છે. મહાભારત, પુરાણ, અને વેદથી આ વાત સિદ્ધ થાય છે. શ્રીવિષ્ણુધર્મોત્તરમાં વજ્રનાભજી માર્કણ્ડેય મુનિને પૂછે છે કે કલ્પોના અન્તમાં આપ જે બાલ સ્વરૂપને જોતા હતા તે કોણ હતું ? ત્યારે મુનિએ ઉત્તર આપ્યો કે अनिरुद्धं विजानामि पितरं ते जगत्पतिम् " તે શ્રી અનિરુદ્ધજી હતા જે તમારા પિતા અને જગતના પતિ છે." બ્રહ્માજી પણ કહે છે કે अनिरुद्धोऽसृजन्मां वै ब्रह्माणं लोकधारिणम् લોક ધારણ કરનાર મને બ્રહ્માને અનિરુદ્ધે સરજ્યો. આ સર્વ ઉપરથી સ્પષ્ટ થાય છે. બ્રહ્મા વેદમય છે. વાસુદેવ જ અનિરુદ્ધરૂપ બની "શબ્દ"માત્રના પ્રેરક બને છે. ૩૪

अपिस्विदन्ये च निजात्मदैवमनन्यवृत्त्या समनुव्रता ये ॥
हृदीकसत्यात्मजचारुदेष्णगदादयः स्वस्ति चरन्ति सौम्य ॥ ३५ ॥

અન્વયાર્થ—सौम्य-શાંત ઉદ્ધવ ! **च**-અને, **अन्ये** બીજા, **ये**-જે, **निज-आत्म-दैवम्**-પોતાના આરાધ્યદેવ શ્રીકૃષ્ણ ભગવાનને, **अनन्य-वृत्या**-અનન્ય ભાવથી, **सम्-अनुव्रताः**-સારી રીતે સેવનારા, **हृदीक-सत्यात्मज-चारुदेष्ण-गदादयः**-હૃદીક, સત્યભામાજીના પુત્ર ચારુદેષ્ણ, ગદ વગેરે, **अपिस्वित्**-ખરેખર, **स्वस्ति**-કુશળતાથી, **चरन्ति**-વિચરે છે ને ? (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૩૫

અનુવાદ—હે સૌમ્યપુરુષ ઉદ્ધવ ! વળી હૃદીક, સત્યભામાના પુત્રો, ચારુદેષ્ણ, ગદ વગેરે બીજાઓ, જે પોતાના આરાધ્યદેવ શ્રીકૃષ્ણની અનન્ય વર્તનથી ભક્તિ કરતા તેઓનું ચરિત્ર સારું છે ને ? ૩૫

તત્ત્વસુધા—सत्यात्मजाः એટલે સત્યભામાજીના પુત્રો. **हृदीकः** ભગવાનના પાર્ષદ હતા. **चारुदेष्णः** પ્રદ્યુમ્નજીના ભાઈ. **गदादयः** ગદ વગેરે ભગવાનના ભાઈઓ થાય છે. આ સર્વનું કુશળ એક સાથે એક શ્લોકમાં પૂછ્યું. ૩૫

अपि स्वदोर्भ्यां विजयाच्युताभ्यां धर्मेण धर्मः परिपाति सेतुम् ॥
दुर्योधनोऽतप्यत यत्सभायां साम्राज्यलक्ष्म्या विजयानुवृत्त्या ॥ ३६ ॥

અન્વયાર્થ—धर्मः-શ્રી યુધિષ્ઠિર રાજા, **विजय-अच्युताभ्याम्**-અર્જુન અને શ્રીકૃષ્ણ સાથે, **स्वदोर्भ्याम्** પોતાના બાહુથી, **धर्मेण**-ધર્મ પ્રમાણે, **सेतुम्**-મર્યાદાને, **परिपाति अपि**-પાળે છે ને ? **यत् सभायाम्**-જે યુધિષ્ઠિરજીની સભામાં, **दुर्योधनः**-દુર્યોધન રાજા, **विजय-अनुवृत्या**-વિજયોની પરંપરાથી ભરેલી, **साम्राज्य-लक्ष्म्या**-સામ્રાજ્યલક્ષ્મીને નિહાળીને, **अतप्यत**-દુઃખી થયેલ હતા. (ઉપજાતિ વૃત્ત) ૩૬

અનુવાદ—વળી જે ધર્મરાજ યુધિષ્ઠિરની રાજસભામાં, વિજયોની પરંપરાથી ઝળકતી રાજ્યલક્ષ્મીને નિહાળીને દુર્યોધનને ઉદ્વેગ થયેલ હતો. તે રાજા અર્જુન અને શ્રીકૃષ્ણની સાથે ધાર્મિક રીતે પોતાના બાહુઓથી રાજ્યમર્યાદાને પાળે છે ને ? ૩૬

તત્ત્વસુધા—યાદવકુલની કુશળ પરંપરાને પૂછ્યા બાદ, ૭ શ્લોકથી શ્રી વિદુરજી પાંડવોનું એટલે પોતાના કુળનું કુશળ પૂછવા માંડયા. વિદુરજીની એ વિવેકબુદ્ધિ હતી અને ભક્તિ હતી કે જેમાં પ્રથમ ભગવાનના કુળનું કુશળ પૂછી પોતાના કુળનું પૂછે છે. **धर्मेण धर्मः परिपाति ?**—નીતિમાન વિદુરજી એક મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે. ધર્મરાજ સંપૂર્ણ ધર્મમર્યાદા પ્રમાણે જીવે છે ? રાજ્ય સંચાલન કરે છે ? કારણકે રાજસિંહાસન, અમોઘ બળ,

વિજયપરંપરાથી કીર્તિ અને સમર્થનો આશ્રય આ ચાર ચીજો જેને વરી હોય તેવો પુરુષ ધર્માવલંબન ઠીક ન હોય તો મર્યાદાને વીસરે છે. જોકે યુધિષ્ઠિર રાજા માટે તેવો સંભવ નથી પરંતુ સામાન્ય જન તો આવા સામર્થ્યમાં માર્ગ ભૂલે છે.

યુધિષ્ઠિરજી પાસે 'विजयाच्युताभ्याम्' અર્જુન જેવું અમોઘ શસ્ત્રબળ, શ્રીકૃષ્ણ સમાન સમર્થ આશ્રયબળ, **विजयानुवृत्त्या** વિજયની પરંપરાની કીર્તિ અને साम्राज्यलक्ष्म्या "સમ્રાટનું સિંહાસન" આ ચાર ઐશ્વર્ય રહેલ છે તેથી કદાચ માર્ગ તો નથી વીસરતાને?

સુજનનાં ઝળકતાં ઐશ્વર્ય જોઈને પાડોશી પિતરાઈ અને પાપી બળે છે અને વૈર કરે છે. દુર્યોધનની પણ એ જ સ્થિતિ થઈ. विजयानुवृत्त्या પદથી એ પણ સમજવાનું છે કે રાજસૂય યજ્ઞ સમયે વિજય–અર્જુને જે અતિથિઓની સેવા કરી યુધિષ્ઠિરને યશ આપ્યો છે તે પણ દુર્યોધનને દાહ કરનારો નીવડ્યો છે. ૩૬

किं वा कृताघेष्वघमत्यमर्षी भीमोऽहिवद्दीर्घतमं व्यमुञ्चत् ॥
यस्याङ्घ्रिपातं रणभूर्न सेहे मार्गं गदायाश्चरतो विचित्रम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**किं अति-अमर्षी**-અત્યંત રોષવાળા, **भीमः**–ભીમસેન, **कृत-अघेषु**–અપરાધીઓ ઉપર, **अहिवत्**-સાપની માફક, **दीर्घतमम्**–પુષ્કળ–પ્રમાણમાં, **अघम्**–રોષને, **किं व्यमुञ्चत्**–ઠાલવે છે ખરા કે છોડી દીધો? **गदायाः**–ગદાના, **विचित्रम्**–વિચિત્ર, **मार्गम्**–પ્રકારોને, **चरतः**–વિચરતા, **यस्य**–જે ભીમસેનના, **अङ्घ्रिपातम्**–પાદપ્રહારને, **रणभूः**–રણભૂમિ, **न सेहे**–સહન કરતી ન હતી. (ઇન્દ્રવજ્રા વૃત્ત) ૩૭

અનુવાદ—વળી જરા પણ ક્ષમા ન કરનાર અને સર્પસમાન બદલો લેવાની વૃત્તિવાળા ભીમસેને અપરાધી શત્રુઓ ઉપર વૈરભાવને ત્યજ્યો છે ખરો કે રોષ કરે છે? કારણ કે ગદાના વિચિત્ર પ્રકારોએ વિચરતાં ભીમસેનના પાદપ્રહારને રણભૂમિ પણ વેઠી શકતી ન હતી. ૩૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભીમસેનનું કુશળ પૂછે છે. કારણ કે ભીમસેન વીર છે. તેમ જ અપરાધીઓને દંડ કરવાની વૃત્તિવાળા છે. "વેણીસંહાર"ની તેમની પ્રતિજ્ઞા છે. દ્રૌપદીને સ્પર્શ કરનાર સમગ્ર કૌરવોના ઉચ્છેદની પ્રતિજ્ઞા કરી છે. દ્રૌપદીની વેણી ત્યારે જ બાંધવી કે જ્યારે તેની વેણીને પકડનાર દુઃશાસનનું શોણિત તેલ તરીકે વેણીમાં નાખે" આવી ક્રૂર પ્રતિજ્ઞાવાળા હોવાથી "अहिवत्" સર્પ જેવા ભીમસેનને માન્યા છે. સર્પ રુધિરતરસ્યો હોય છે. ભીમસેન પણ તેવો જ હતો. ૩૭

कच्चिद्यशोधा रथयूथपानां गाण्डीवधन्वोपरतारिरास्ते ॥
अलक्षितो यच्छरकूटगूढो मायाकिरातो गिरिशस्तुतोष ॥ ३८ ॥

અન્વયાર્થ—**रथ-यूथपानाम्**-રથી સૈન્યોના, **यशोधाः**–રક્ષણ કરવાની કીર્તિને ધારણ કરનાર, **गाण्डीव-धन्वा**–ગાંડીવધારી અર્જુન, **उपरत-अरिः**–નાશ થયેલ દુશ્મનવાળા–શત્રુ વિનાના, **आस्ते कच्चित्**–સ્વસ્થ છે ને? કે, **यत्-शर-कूट गूढः**–જે અર્જુનજીનાં બાણોના સમૂહથી ઢંકાયેલા, **माया-किरातः**–કપટથી કિરાત વેષ ધરનારા, **गिरिशः**–શંકર ભગવાન, **तुतोष**–સંતોષ પામ્યા હતા. (ઉપજાતિ વૃત્ત) ૩૮

અનુવાદ—રથી સૈન્યોનું રક્ષણ કરવાની કીર્તિને ધરાવનાર ગાંડીવધારી અર્જુન શત્રુઓનો નાશ કરી શાંત થઈ બેઠેલ છે ખરા? કે જેમની બાણવૃષ્ટિથી ઢંકાઈ ગયેલ કિરાત વેષધારી શંકર ભગવાન જેમના ઉપર પ્રસન્ન થયા હતા. ૩૮

તત્ત્વસુધા—પરાક્રમી અર્જુનજીનું કુશળ પૂછ્યું કે શંકર ભગવાનની કૃપા સંપાદન કરનાર અર્જુન શત્રુને હણી શાન્ત થઈ બેઠા છે ને? તેમનાં સામર્થ્ય ધરાવનાર મહત્ત્વનાં પદો આ શ્લોકમાં આપે છે: 'यशोधा,' '**गाण्डीवधन्वा**'

આ બે તેમનું સામર્થ્ય સમજાવનાર પદ છે. રથ-સેનાના તે મહાન સંરક્ષક છે. અને જગતમાં ગાંડીવ તરીકે અર્જુનજી કીર્તિસમ્પન્ન છે. "માયા-કિરાત" શંકર ભગવાનને બાણવૃષ્ટિથી ઢાંકી દેવાનું સામર્થ્ય ધરાવનાર અર્જુન વીર પણ હતા અને ભક્ત પણ હતા. જો ઓળખાય તેવા વેષમાં શંકરજી આવ્યા હોત તો અર્જુનજી ભક્ત હોવાથી બાણવૃષ્ટિ ન કરત. તો તેમની વીરતાની કીર્તિ પણ ન વધત તેથી જ શિવજી 'કપટ-કિરાત' બનીને આવ્યા હતા. ૩૮

यमावुतस्वित् तनयौ पृथायाः पार्थैर्वृतौ पक्ष्मभिरक्षिणीव ॥
रेमात उद्दाय मृधे स्वरिक्थं परात्सुपर्णाविव वज्रिवक्त्रात् ॥ ३९ ॥

અન્વયાર્થ—पक्ष्मभिः-પાંપણોથી ઢંકાયેલ, **अक्षिणी इव**-આંખોના જેવા, **पार्थैः**-ત્રણ ભાઈઓથી, **वृतौ**-વીંટળાયેલા, **यमौ**-નકુલ-સહદેવ-જોડકા રૂપે જન્મેલ, **पृथायाः**-પૃથા માના, **तनयौ**-બે પુત્રો, **वज्रि-वक्त्रात्**-ઇન્દ્રના મુખમાંથી અમૃત લેનાર, **सुपर्णौ इव**-બે ગરુડોની માફક, **मृधे**-યુદ્ધમાં, **परात्**-શત્રુ પાસેથી, **स्वरिक्थम्**-પોતાના હિસ્સાને, **उद्दाय**-લઈ ને, **रेमाते उतस्वित्**-રાજી રહે છે ને? (ઉપજાતિ વૃત્ત.) ૩૯

અનુવાદ—ત્રણ ભાઈઓથી આંખની પાંપણ માફક નિત્ય સચવાતા, અને કુન્તીમાતાએ કૂખના પુત્રોની જેમ પાળેલા, માદ્રીતનય નકુલ-સહદેવ બે ભાઈઓ જેમ બે ગરુડ ઇંદ્રના મુખમાંથી અમૃત ઝૂંટવી લે તેમ શત્રુના મુખમાંથી-પોતાનો ભાગ લઈ લેનાર રાજી રહે છે ને? ૩૯

તત્ત્વસુધા— **पार्थैर्वृतौ** આ શ્લોકમાં "બંધુત્વ અને માતૃત્વ" કેવું ઉદાર હોય છે તે સાવકા ભાઈ અને સાવકી માતાના દૃષ્ટાન્તથી દર્શાવે છે. નકુલ-સહદેવને યુધિષ્ઠિર વગેરે ભાઈઓ આંખની પાંપણની માફક સંભાળે છે એ જ બંધુત્વ. પ્રેમથી અને ગુણથી બાંધે અને બંધાય તે બંધુત્વ મનાય.

पृथायाः तनयौ-માદ્રીના પુત્રો તરીકે ઇતિહાસના અક્ષરો વિના નકુલ-સહદેવને જગત પૃથાપુત્રો તરીકે જ જાણે છે. પૃથા-કુન્તીમાતાએ તે પ્રકારે જ પાળ્યા છે તેથી "પૃથાતનય" કહ્યું.

सुपर्णौ-ગરુડ તો એક જ છે. પરંતુ કલ્પનાથી બે ગરુડની ઉપમા આપી ને નકુલ-સહદેવનું ગૌરવ ગાયું છે. ઇંદ્રને વજ્રી-વજ્રધારી કહીને સમર્થ બળવાન કહ્યા છે. તેવાના હાથમાંથી અમૃત લઈ જનાર વધુ સમર્થ ગણાય. ૩૯

अहो पृथापि ध्रियतेऽर्भकार्थे राजर्षिवर्येण विनाऽपि तेन ॥
यस्त्वेकवीरोऽधिरथो[1] विजिग्ये धनुर्द्वितीयः ककुभश्चतस्रः ॥ ४० ॥

અન્વયાર્થ—अहो-આશ્ચર્યની વાત છે કે, **पृथा**-કુન્તીજી, **अपि**-પણ, **तेन**-પ્રસિદ્ધ તે, **राजर्षि वर्येण**-રાજર્ષિશ્રેષ્ઠ પાંડુ રાજાના, **विना अपि**-વિના પણ, **अर्भक-अर्थे**-બાળકોની સંભાળ માટે, **ध्रियते**-જીવન ધારણ કરે છે. **यः तु**-જે પાંડુ તો, **अधिरथः**-મહારથી, **एकवीरः**-અદ્વિતીય શૂરવીર, **धनुर्-द्वितीयः**-ફક્ત ધનુષ્યની મદદથી જ, **चतस्र**-ચારે, **ककुभः**-દિશાઓને, **विजिग्ये**-જીત્યા. (ઉપજાતિ વૃત્ત.)

અનુવાદ—અહો રાજર્ષિવર્ય પાંડુ જે એક એવા વીર અધિરથ હતા જેમણે એકલા હાથે ફક્ત ધનુષ્યના જ સહારે ચારે દિશામાં જય મેળવ્યો હતો, એવા વીર પતિની ગેરહાજરીમાં પણ કુન્તીજી બાળકો માટે પ્રાણ ટકાવી રહ્યાં છે. ૪૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં કુન્તીજીના કુશળનો પ્રશ્ન છે. વાત્સલ્ય અને પતિ સહગમન આ બેમાંથી વાત્સલ્ય-ધર્મ પ્રધાન બની જાય છે. છતાં "સતીધર્મ"નો તેમાં આદર રહેલો છે. પાંડુ રાજા વીર અને શીલસમ્પન્ન હતા. કુન્તીજી અવશ્ય સતી થાત પરંતુ બાલક એવા પાંડવોને પિતાની અને માતાની બન્ને ખોટ પૂરી પાડી જીવનારાં કુન્તીમાતાએ પતિધર્મનો આદર કર્યો છે. સદા પતિવિયોગની વેદનાને વેઠવી અને પુત્રોનો ઉછેર કરવો એ એક

---

[1] वीरोऽविरथो प्रा. पा.

તપશ્ચરણ હતું. માતાની ખોટ તો કો'ક જ પિતા પૂરી પાડશે પરંતુ પિતાની ખોટ પૂરી પાડવામાં કો'ક જ સ્ત્રી નિષ્ફળ જશે. શ્રીકૃષ્ણને સારથિ બનવા ગમે તેવા પુત્રોને કેળવ્યા એ જ કુન્તીજીની ભક્તિનું ફળ. ૪૦

सौम्यानुशोचे तमधःपतन्तं भ्रात्रे परेताय विदुद्रुहे[1] यः ॥
निर्यापितो येन सुहृत् स्वपुर्या अहं स्वपुत्रान्समनुव्रतेन ॥ ४१ ॥

અન્વયાર્થ—**હે સૌમ્ય**–હે પ્રશાન્ત ઉદ્ધવ ! **અધઃપતન્તમ્**–અધઃપતનના માર્ગે જતા, **તમ્** (**ધૃતરાષ્ટ્રમ્**)–તેને (ધૃતરાષ્ટ્રને) માટે, **અનુશોચે**–મને શોક થાય છે, **યઃ**-જેણે, **પરેતાય**–પરલોકમાં ગયેલા, **ભ્રાત્રે**–ભાઈ પાંડુ સાથે, **વિદુદ્રુહે**–દ્રોહ કર્યો અને **સ્વ–પુત્રાન્**–પોતાના પુત્રોને, **સમનુવ્રતેન**–સારી રીતે અનુસરીને, **યેન**–જેણે, **સુહૃત**–સ્નેહી એવો, **અહમ્**–હું–મને, **સ્વપુર્યાઃ**–પોતાના નગરમાંથી, **નિર્યાપિતઃ**–કાઢી મૂકયો. (ઉપજાતિ વૃત્ત.) ૪૧

અનુવાદ—હે સૌમ્ય ! મને તો અધઃપતનના માર્ગે જતા ભાઈ ધૃતરાષ્ટ્રનો અતિશય શોક થાય છે, કે જેણે પરલોકમાં ગયેલ ભાઈ પાંડુ સાથે દ્રોહ–દગો કર્યો અને પોતાના પડખે રહીને હિતેચ્છુ એવા મને પોતાના નગરમાંથી કાઢી મૂકયો. ૪૧

તત્ત્વસુધા—અન્ય શ્લોકોમાં અનેકનું કુશળ પૂછ્યું છે ત્યારે આ શ્લોકમાં વિદુરજી ધૃતરાષ્ટ્રના કુશળને પૂછવાને બદલે ધૃતરાષ્ટ્રના અધઃપતનનો શોક કરે છે. અધઃપતનનાં બે કારણો આ શ્લોકમાં વર્ણવ્યાં છે. परेताय–પરલોકમાં ગયેલા ભાઈ પાંડુનો દ્રોહ, અને निर्यापितः–હિતેચ્છુ સંત ભાઈ વિદુરજીનો તિરસ્કાર. "દ્રોહ કરનાર અને સંતનો તિરસ્કાર કરનાર" કદી સુખી ન થાય. વિદુરજી ઉદ્ધવજીને "सौम्य" સંબોધન કરે છે. હૃદયની વાત કહી શકાય તેવા વિશ્વાસુ હોવાથી ઉદ્ધવજીને "સૌમ્ય" સંબોધન કર્યું છે. સુવર્ણ તુલ્ય મેરુનું દાન કરે, ગ્રહણમાં કાશીસ્નાન કરે, સેતુબંધમાં સ્નાન કરે તો પણ વિશ્વાસઘાતના પાપમાંથી મુક્તિ ન મળે. ૪૧

सोऽहं हरेर्मर्त्यविडम्बनेन दृशो नृणां चालयितुर्विधातुः ॥
नान्योपलक्ष्यः पदवीं प्रसादाच्चरामि पश्यन् गतविस्मयोऽत्र ॥ ४२ ॥

અન્વયાર્થ—**સઃ**–એવો, **અહમ્**–હું, **મર્ત્ય–વિડમ્બનેન**–મનુષ્ય દેહના અવતારથી, **નૃણામ્**–મનુષ્યોની, **દૃશઃ**–દૃષ્ટિઓને, **ચાલયિતુઃ**–ભમાવનાર, **વિધાતુઃ**–જગદ્રક્ષક, **હરેઃ**–શ્રીહરિની–શ્રીકૃષ્ણની, **પ્રસાદાત્**–કૃપાથી, **પદવીમ્**–સત્યમાર્ગને, **પશ્યન્**–નિહાળતો, **ગતવિસ્મયઃ**–આશ્ચર્યચકિત થયા વિના, ને **અન્ય–ઉપલક્ષ્યઃ**–અન્યની નજરમાં ન આવતો, **અત્ર**–અહીં, **ચરામિ**–વિચરું છું. (ઉપજાતિ વૃત્ત.) ૪૨

અનુવાદ—પણ ભાઈ, મને તો એમાં આશ્ચર્ય કે ખેદ નથી. જગન્નિયંતા ભગવાન શ્રીકૃષ્ણ જ મનુષ્ય જેવી લીલાથી લોકોની મનોવૃત્તિને ભ્રમિત કરી દે છે. હું તો એમની કૃપાથી એમના મહિમાને નિહાળી બીજાઓની નજરથી દૂર રહીને આનંદથી વિચરું છું. ૪૨

તત્ત્વસુધા—**पदवीं पश्यन्** શ્રી વિદુરજી ભગવત્કૃપાના બળનું વર્ણન કરે છે. તેઓ કહે છે કે–દુર્યોધને અનાદર કર્યો અને હસ્તિનાપુર ત્યજ્યું ત્યારે મને મંત્રીપદના ત્યાગથી તો આનંદ થયો પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના વિયોગની વ્યથા અસહ્ય બની. મેં વિવશ બની પુનઃ પુનઃ હે શ્રીકૃષ્ણ ! હે યદુનન્દન વગેરે નામથી નાથને પોકાર્યા. ત્યારે ભગવાને પ્રગટ થઈ મને પુષ્કળ આશ્વાસન આપ્યું અને કહ્યું વિદુર ! સર્વથા તમે નિર્દોષ છો. ભક્તહિતચિંતક છો. ચિંતા ન કરો. ત્યાગચિંતામણિ લાધ્યો છે તે લઈ તીર્થયાત્રા કરો. હું પણ તમારી સાથે યાત્રા કરીશ. આગળ હું ચાલીશ. પાછળ તમે આવજો. ભગવાને આવું કૃપાવચન આપ્યું. હે ઉદ્ધવજી ! તે ભગવાનની કૃપાથી આજે પ્રત્યેક ક્ષણે માર્ગમાં જતાં જતાં શ્રીકૃષ્ણનાં पदवीम् ચરણયુગલને નિહાળતો તીર્થયાત્રા આચરું છું.

---

[1] च द्रुद्रुहे यः प्रा. पा.

“पदवीम्’ શબ્દનો, पद्भ्यामवति यतः सा पदवी माया ताम्” એવી વ્યુત્પત્તિથી માયા એવો અર્થ થાય છે. “पदवीम्” એટલે નિવૃત્તિમાર્ગ એવો પણ અર્થ થાય છે. ૪૨

नूनं नृपाणां त्रिमदोत्पथानां महीं मुहुश्चालयतां चमूभिः ॥
वधात्प्रपन्नार्तिजिहीर्षयेशोऽप्युपैक्षताऽघं भगवान् कुरूणाम् ॥ ४३ ॥

અન્વયાર્થ—**नूनम्**-ચોક્કસ, **त्रिमद्-उत्पथानाम्**-ત્રણ પ્રકારના મદથી અવળે રસ્તે જનારા અને **चमूभिः**-સેનાઓ વડે, **मुहुः**-વારંવાર, **महीम्**-પૃથ્વીને, **चालयताम्**-ધ્રુજાવનારા, **नृपाणाम्**-રાજાઓનો, **वधात्**-વધ કરવાથી, **प्रपन्न-आर्ति-जिहीर्षया**-શરણાગતની પીડાને દૂર કરવાની ઇચ્છાથી, **ईशः**-સમર્થ, **अपि**-હોવા છતાં **भगवान्**-ભગવાન, **कुरूणाम्**-કૌરવોના, **अघम्**-પાપાચારને, **उप-ऐक्षत**-સહન કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૪૩

અનુવાદ—ખરેખર ત્રણ (વિદ્યા–ધન–કુલ) પ્રકારના મદને લીધે અવળે માર્ગે જનારા અને મોટી સેનાઓથી પૃથ્વીને વારંવાર ધ્રુજાવનારા રાજાઓનો વધ કરીને, શરણાગતની પીડાને હરવાની ઇચ્છાવાળા ભગવાન શક્તિમાન હોવા છતાં કૌરવોના અપરાધને સહન કરે છે. ૪૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં, સર્વસમર્થ ભગવાને કૌરવોના અપરાધોની ઉપેક્ષા કેમ કરી? કેમ શિક્ષા ન કરી? એવી શંકાનું સમાધાન કરે છે, કે કંસ રાજાનો અને અન્ય ખલોનો નાશ કર્યો તેમ જો કૌરવોનો પાપાચાર કરવાના સમયે જ નાશ કરે તો કેવળ પાંડવોની જ રક્ષા થાય. પરંતુ જો કૌરવો જીવે તો તેમના સહયોગી અનેક ખલ રાજાઓનો સમુદાય “મહાભારત”ના યુદ્ધ પ્રસંગે પાંડવોના હાથે હણાય. વળી દુર્યોધનને હણવાની ભીમસેને કરેલી પ્રતિજ્ઞા પણ સત્ય થાય. શિખંડીના હાથે ભીષ્મવધની પ્રતિજ્ઞા સફળ થાય એવો આશય હતો.

ત્રિમદ–ધન–જ્ઞાન–કુલ–ના ત્રણ મદો અથવા ધન–ઐશ્વર્ય–સૌન્દર્ય–મદથી છકેલાને મૃત્યુ એ જ મહાન શિક્ષા છે. ૪૩

अजस्य जन्मोत्पथनाशनाय कर्माण्यकर्तुर्ग्रहणाय पुंसाम् ॥
नन्वन्यथा कोऽर्हति देहयोगं परो गुणानामुत कर्मतन्त्रम् ॥ ४४ ॥

અન્વયાર્થ—**अजस्य**-અજન્મા ઈશ્વરનો, **जन्म**-જન્મ, **उत्पथ-नाशनाय**-અવળે માર્ગે જનારનો નાશ કરવા, **अकर्तुः**-અકર્તા ભગવાનનાં, **कर्माणि**-કર્મો, **पुंसाम्**-પુરુષોને, **ग्रहणाय**-બોધ લેવા માટે છે; **अन्यथा**-જો તેમ ન હોય તો, **गुणानां परः**-ત્રણે ગુણોથી પર એવા, **कः**-કોણ, **देहयोगं**-દેહના સ્વીકારને, **उत**-અથવા, **कर्मतन्त्रम्**-કર્મજાળને, **ननु अर्हति**-ખરેખર સ્વીકારે? (ઉપજાતિ વૃત્ત) ૪૪

અનુવાદ—અજન્મા ભગવાનનો જન્મ અવળે માર્ગે જનારાઓનો નાશ કરવા માટે અને કર્મથી પર ભગવાન એવા પરમાત્માનાં કર્મો પુરુષોને બોધ આપવા માટે હોય છે. ખરેખર જો તેમ ન હોય તો ગુણોથી પણ પર હોય તે પ્રભુ કર્મને આધીન એવા દેહનો સ્વીકાર કેમ કરે? ૪૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાન દેહ શા માટે ધારણ કરે છે એનો વિચાર કરે છે અને ભગવાનનો દેહ કર્મને આધીન નથી એવું સમાધાન કરે છે.

સર્વસામાન્ય એવો નિયમ છે કે કર્મને આધીન બની જીવ માત્ર દેહ ધારણ કરે છે. પરંતુ આ નિયમ ભગવાનને લાગુ નથી પડતો. જે દેહો પંચમહાભૂતમાંથી બનેલા હોય તે દેહોને માટે આવી સંભાવના ખરી. ભગવાન તો “આનંદના” જ આકાશને સ્વીકારી જગતને સંસ્કારોનું દાન કરવા ભૂતલ ઉપર પધારે છે. વિદુરજીના ધ્યાનમાં તો એટલું જ છે કે બધાયે દેહો કર્મને આધીન છે. તેથી આ શ્લોકમાં એક પ્રશ્ન કરે છે કે જે ગુણોથી

પર હોય તે કર્મતંત્ર એવા દેહને કોઈ ધારણ કરે ખરા ? માટે જેમ કાષ્ઠમાં અગ્નિ પ્રવેશ કરે છે તેમ ભગવાન પોતાની ઇચ્છાથી ઉત્પન્ન થયેલા દેહમાં પ્રવેશ કરે છે. આ સમાધાન બરાબર નથી એવું ઉદ્ધવજી આગળ પૂરવાર કરશે. ૪૪

तस्य प्रपन्नाखिललोकपानामवस्थितानामनुशासने स्वे ।।
अर्थाय जातस्य[1] यदुष्वजस्य वार्तां सखे कीर्तय तीर्थकीर्तेः ।। ४५ ।।

અન્વયાર્થ—**सखे**–હે મિત્ર, **अजस्य**–અજન્મા છતાં, **प्रपन्न-अखिल-लोकपानाम्**–શરણાગત અખિલ રાજાઓના, **च**–અને, **स्वे**–પોતાની, **अनुशासने**–આજ્ઞામાં, **अवस्थितानाम्**–રહેનારા સજ્જનોના, **अर्थाय**–કલ્યાણ માટે, **यदुषु**–યાદવોમાં, **जातस्य**–જન્મેલા, **तीर्थकीर्तेः**–તીર્થરૂપ કીર્તિવાળા, **तस्य**–તે શ્રીકૃષ્ણની, **वार्ताम्**–વાર્તાને–કથાને, **कीर्तय**–વર્ણવો. (ઉપજાતિ વૃત્ત) ૪૫

અનુવાદ—હે મિત્ર ઉદ્ધવ ! અજન્મા છતાં જે ભગવાને શરણે આવેલ સમસ્ત રાજાઓના અને આજ્ઞાંકિત જનોના કલ્યાણ માટે યદુકુલમાં અવતાર લીધેલ છે એવા તીર્થરૂપ કીર્તિવાળા શ્રીકૃષ્ણની કથા મને સંભળાવો. ૪૫

તત્ત્વસુધા—વિદુરજી અતિશય સ્નેહમાં આવીને નિવેદન કરે છે કે ભલેને ભગવાન અજન્મા અને કર્મપરતંત્ર હશે તો પણ **प्रपन्न** શરણાગત જીવોના હૃદય–આકાશને શુદ્ધ કરવા જ તેઓ યદુકુલમાં પ્રકટ થયા છે. વળી આજ્ઞાનું પાલન કરનારા ઇન્દ્રાદિ દેવોનું હિત સાધવા માટે પ્રકટ થયેલા છે. પ્રપન્નજનોની હૃદયશુદ્ધિ અને કાર્યસિદ્ધિ ભગવચ્ચરિત્રો દ્વારા થવાની છે. તેથી જ પ્રભુનાં ચરિત્રોને સાંભળવા માટે આતુર છું. કદાચ શંકા કરે ઉદ્ધવજી કે આપ તીર્થયાત્રા માટે વિચરો છો તો તે વ્રતમાંથી અન્ય પ્રવૃત્તિરૂપ ભગવદ્વાર્તાશ્રવણમાં કેમ રસ ધરાવો છો ? તેનો જ ઉત્તર આપે છે કે–

तीर्थकीर्तेः–શ્રીહરિની કીર્તિ સર્વ તીર્થોની જનની છે. જો તીર્થોની જનની પ્રાપ્ત થતી હોય તો તેનો આદર કરવામાં સર્વ તીર્થોનો જ સમાદર છે, તેથી તીર્થયાત્રા વ્રતમાંથી અન્ય ક્રિયામાં પ્રવૃત્ત નથી થયો કિંતુ તીર્થયાત્રામાં જ છું. ‘ સખે ! ’ સંબોધનથી એમ પણ વિનવ્યું કે મારા પ્રશ્નોની યોગ્યતા કે અયોગ્યતાનો વિચાર કર્યા વિના જ મને ઉત્તર આપશો. વળી આપણે બન્ને સમાન દર્દીઓ છીએ. શ્રીકૃષ્ણચન્દ્રના વિયોગની વ્યથા ઉભયને સરખી છે ત્યારે અભયસુખ શ્રીકૃષ્ણવાર્તાથી સાંપડશે. ૪૫

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ

---

[1] अथोपजातस्य प्रा. प्रा.

અધ્યાય ૨ જો

શ્લોક સંખ્યા ૩૪

श्रीशुक उवाच –इति भागवतः पृष्टः क्षत्रा वार्तां प्रियाश्रयाम् ॥
प्रतिवक्तुं न चोत्सेह औत्कण्ठयात् स्मारितेश्वरः ॥ १ ॥

અન્વયાર્થ—इति–આ પ્રમાણે, **क्षत्रा**–વિદુરજીએ, **प्रिय–आश्रयाम्**–પ્રિય શ્રીકૃષ્ણના સંબંધવાળી, **वार्ताम्**–વાર્તાને, **पृष्टः**–પૂછેલા, **च**–અને, **स्मारित–ईश्वरः**–ઇશ્વરનું સ્મરણ કરાવેલા, **भागवतः**–ભગવદ્ભક્ત ઉદ્ધવજી, **औत्कण्ठ्यात्**–ઉત્કંઠાથી, **प्रतिवक्तुम्**–ઉત્તર આપવા માટે, **न उत्सेहे**–ઉત્સાહી ન બન્યા. ૧

અનુવાદ—શ્રી શુકદેવજીએ કહ્યું : રાજન્! જ્યારે પરમ ભક્ત ઉદ્ધવજીને શ્રી વિદુરજીએ આ પ્રમાણે શ્રીકૃષ્ણ સંબંધી વૃત્તાન્ત પૂછ્યો, ત્યારે તેમને પોતાના નાથ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ થઈ આવ્યું, હૃદય ભરાઈ આવ્યું અને કાંઈ ઉત્તર ન આપી શકયા. ૧

તત્ત્વસુધા—બીજા અધ્યાયનો પ્રારંભ "इति" અવ્યયથી કર્યો છે. પ્રથમ અધ્યાયમાં વિદુરજીએ જેટલા પ્રશ્નો કર્યા તે સર્વ પ્રશ્નોનો સંગ્રહ કેવલ "ઇતિ" અવ્યયમાં કર્યો. આ સર્વ પ્રશ્નો પૂછ્યા હતા શ્રી ઉદ્ધવજીને. ઉદ્ધવજી "भागवतः" એટલે પરમભક્ત છે. ભગવાનમાં તન્મય રહેનાર અને ભગવત્સેવા કાજે કાયાને ધારણ કરનાર "ભાગવત" પદથી ઓળખાય છે. આ પ્રશ્નો પ્રભુના અને પ્રભુના પરિવારના કુશલ સંબંધી હતા. પરંતુ ભગવાને કુળનો અને શ્રી અંગનો ઉપસંહાર કર્યો હોવાથી વિરહ હતો. ઉદ્ધવજીને આ પ્રશ્નોથી વિરહ બમણો થયો. ભગવાન જેમ ભૂતલ પરથી તિરોહિત થયા તેમ શ્રી ઉદ્ધવજીની ચેતનાશક્તિ તિરોહિત બની. જે પ્રશ્નો પુછાય છે તે "પ્રિયાશ્રય" પ્રશ્ન છે. જ્યાં પ્રિય શ્રીકૃષ્ણ જ અન્તર્હિત છે ત્યાં પ્રિયને લગતી વાર્તા કહેવામાં ઉત્સાહ આવે જ કયાંથી ? પરિણામે પ્રશ્ન સાંભળતાં औत्कण्ठयात् ઉત્કંઠા વધી પડી. વાણી ગદ્ગદ બની, કંઠ રૂંધાયો, હૃદય ભરાઈ આવ્યું, વિરહસમાધિ લાગી અને ઉદ્ધવજી "અવાક્" બની ગયા. "ખરે સ્નેહનો અતિરેક ત્યારે જ કે જ્યારે સ્નેહીના વિયોગમાં સ્નેહીનું સ્મરણ થતાં મૂર્ચ્છા જન્મે કે જીવ જાય." આ સ્નેહને આત્મિક સ્નેહ માન્યો છે. શ્રીકૃષ્ણની વિયોગગાથા સાંભળતાં કુન્તીજીએ જીવ ગુમાવ્યો. જ્યારે ઉદ્ધવજીની પણ એ જ ભૂમિકા થાત. પરંતુ ભગવાનને ભક્તિ–સમ્પ્રદાયને શ્રી ઉદ્ધવજી દ્વારા સ્થિર કરવો હતો તેથી જ ઉદ્ધવજીમાં સ્વયં બિરાજ્યા અને ઉદ્ધવજીને ટકાવ્યા. ૧

यः पञ्चहायनो मात्रा प्रातराशाय याचितः ॥
तन्नैच्छद्रचयन् यस्य सपर्यां बाललीलया ॥ २ ॥

અન્વયાર્થ—पञ्च–हायनः–પાંચ વર્ષની વયના, **यः**–જે ઉદ્ધવજી, **मात्रा**–માતાએ, **प्रातराशाय**–સવારમાં શિરામણ માટે, **याचितः**–બોલાવ્યા, છતાં–**बाल–लीलया**–બાલપણની રમતમાં, **यस्य**–જેની–શ્રીકૃષ્ણની, **सपर्याम्**–સેવાને, **रचयन्**–કરતા હતા અને **तत्**–ભોજનને, **न ऐच्छत्**–ચાહતા ન હતા. ૨

અનુવાદ—જ્યારે તે ઉદ્ધવજી પાંચ વર્ષના હતા ત્યારે બાલરમતમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ બનાવીને એની સેવામાં એટલા તન્મય થતા કે સવારના ભોજન માટે માતા કાલાવાલા કરે તો એ સેવા છોડી ભોજન કરવા ચાહતા નહીં. ૨

---

१. शुक उवाच प्रा. पा.

તત્ત્વસુધા—“यः पञ्चहायनः” નવા પાત્રમાં નાખેલા સંસ્કાર કાયમ માટે દૃઢ થઈ જાય છે. કૌમારવયમાં બાળકને ધાર્મિક સંસ્કાર અપાય તો તે તેના જીવનમાં તેને અમૃત સમાન બને છે. ઉદ્ધવજી તો ગર્ભમાંથી જ નહીં પરંતુ તેથી આગળ વધીને ભગવાનથી વિખૂટા પડતાં ભગવાનની પાસેથી જ ભક્તિનાં બીજ લઈને આવેલા હતા. બાળપણની રમતમાં પણ જેમની “કૃષ્ણસેવા અને લીલાધ્યાન” એ બે જ રમતો હતી.

‘प्रातराशाय’ માતા તેમને સવારના શિરામણ માટે याचितः કાલાવાલા કરતાં હતાં. “માનાં લાડ અને શિરામણ” ઉત્સાહ અને બળ આપે છે. ઉદ્ધવજીને માનાં લાડનો ઉત્સાહ સેવા માતા પાસેથી મળ્યાં. અને બળ લીલા–ધ્યાનથી મળ્યું. સેવામાં અજબ બળ હોય છે તે સેવા કરનારને અખૂટ શક્તિનાં દાન કરે છે. શ્રી પુરુષોત્તમદાસજી શેઠ વૃદ્ધ વયમાં પણ યુવાન પુત્ર કરતાં વધુ યુવાન લાગતા હતા. વિદુરજીના પ્રશ્નો સાંભળતાં ભગવાનનો વિયોગ તાજો થયો, સેવા છૂટી ગઈ તેની વ્યથા થઈ, શક્તિ લૂંટાઈ ગઈ અને અવાક્ બની ગયા તે વાત ત્રીજા શ્લોકમાં રજૂ કરે છે. ૨

स कथं सेवया तस्य कालेन जरसं गतः ॥
पृष्टो वार्तां प्रतिब्रूयात् भर्तुः पादावनुस्मरन् ॥ ३ ॥

અન્વયાર્થ—तस्य–તે શ્રીકૃષ્ણની, **सेवया**–સેવાથી, **कालेन**–સમય જતાં, **जरसं गतः**–વૃદ્ધ બનેલા, **वार्ताम्**–શ્રીકૃષ્ણ સંબંધી સમાચારને, **पृष्टः**–પુછાએલા, **भर्तुः**–સ્વામીના, **पादौ**–ચરણોનું, **अनुस्मरन्**–સ્મરણ કરતા, **सः**–તે ઉદ્ધવજી, **कथम्**–કેવી રીતે, **प्रतिब्रूयात्**–જવાબ આપે ?

અનુવાદ—આજે તો એ ઉદ્ધવજી ભગવાનની સેવા કરતાં વૃદ્ધ થયા છે, શ્રીકૃષ્ણ સંબધી પૂછતાં ભગવાનનાં ચરણોનું સ્મરણ થઈ આવતાં તેઓ ઉત્તર કેમ આપી શકે ? ૩

તત્ત્વસુધા—‘कालेन जरसं गतः’ મનુષ્ય બે રીતે વૃદ્ધ થાય છે. સમાજનો એક મોટો ભાગ ભોગવિલાસથી અકાળે વૃદ્ધ થાય છે. વિવેકી અને સેવાશીલ પુરુષ સમય જતાં કાલક્રમથી વૃદ્ધ થાય છે. તાત્પર્ય કે ઉદ્ધવજી કાયાથી વૃદ્ધ નથી દેખાતા. વય પૂછતાં કેવળ વૃદ્ધ ગણાતા. સેવામાનાં અમી પીએ તે કદી વૃદ્ધ ન થાય.

‘स कथं वार्तां ब्रूयात्’–કૃષ્ણવિયોગથી ઉદ્ધવજી સેવા વિનાના થયા. સેવાના અભાવમાં ઉત્સાહશક્તિ અને બળ ચાલ્યાં ગયાં. એકાએક અશક્તિ આવી ગઈ. પ્રત્યુત્તર આપી ન શકયા. કેવળ પ્રભુના ચરણયુગલનું ધ્યાન કરવા લાગ્યા. ૩

स मुहूर्तमभवत् तूष्णीं कृष्णाङ्घ्रिसुधया भृशम् ॥
तीव्रेण भक्तियोगेन निमग्नः साधु निर्वृतः ॥ ४ ॥

અન્વયાર્થ—कृष्ण–अङ्घ्रि–सुधया–શ્રીકૃષ્ણના ચરણની સુધા દ્વારા, **साधु निर्वृतः**–સારી રીતે આનંદમય બનેલા, **तीव्रेण**–ઉત્કટ, **भक्तियोगन**–ભક્તિયોગને લીધે, **भृशम्**–અત્યંત, **निमग्नः**–તરબોળ બનેલ, **सः**–તે ઉદ્ધવજી, **मुहूर्तम्**–બે ઘડી માટે, **तूष्णीम्**–સ્તબ્ધ, **अभूत्**–થઈ ગયા. ૪

અનુવાદ—તીવ્રતર ભક્તિયોગથી શ્રીકૃષ્ણના ચરણની સુધામાં સારી રીતે ડૂબેલા અને તેને લીધે અતિશય આનંદમય બનેલા ઉદ્ધવજી બે ઘડી મૌન રહ્યા. ૪

તત્ત્વસુધા—‘स मुहूर्तमभवत् तूष्णीं’ શ્રીકૃષ્ણપ્રભુના કુશળ પ્રશ્નથી ઉદ્ધવજીને મૂર્ચ્છા અથવા સમાધિ થઈ હોવાથી તે અન્તર્મુખ હતા. વિદુરજીના પ્રશ્નોએ સમાધિભંગ કર્યો. પ્રભુના વિરહનું અનુસંધાન થયું. ચરણનું સ્મરણ થયું.

---

૧. रजसं प्रा. पा.

સાક્ષાત્કાર થયો. હરિ-સૌંદર્ય-સુધામાં ડૂબી ગયા. બે ઘડી માટે અવાક્ બન્યા. ત્યારબાદ ભગવદ્‌વિયોગના એકધારા અનુસંધાનથી ભક્તિયોગ જાગૃત થયો. હરિ-સ્મરણ-સુધામાં જ તલ્લીન બન્યા. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બન્નેનો વ્યાપાર બંધ થઈ ગયો. સ્નેહનો સ્વભાવ છે કે તે વિયોગમાં ઇષ્ટનું વધુ સ્મરણ કરાવે છે અને સંયોગનું સુખ આપે છે. ૪

पुलकोद्भिन्नसर्वाङ्गो मुञ्चन्मीलद् दृशाऽशुचः ॥
पूर्णार्थो लक्षितस्तेन स्नेहप्रसरसम्प्लुतः ॥ ५ ॥

અન્વયાર્થ—पुलक-उद्भिन्न-सर्वाङ्गः—સમગ્ર શરીરે રોમાંચિત થયેલા, **मीलद्-दृशा**—સહેજ બંધ આંખે, **अशुचः**—સ્નેહાશ્રુને, **मुञ्चन्**—સારતા, **स्नेह-प्रसर-सम्प्लुतः**—સ્નેહસરોવરમાં ડૂબેલા એવા, **तेन**—વિદુરજી, **पूर्णार्थः**—કૃતકૃત્ય બનેલા, **लक्षितः**—જણાયા. ૫

અનુવાદ—રોમાંચથી સર્વાંગ પ્રફુલ્લિત થયાં, નેત્રમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં, અને સ્નેહના પ્રવાહમાં ડૂબતાં વિદુરજી પૂર્ણાર્થ હોય એમ દેખાવા લાગ્યા. ૫

તત્ત્વસુધા—'पुलकोद्भिन्नसर्वाङ्गः'—ઉદ્ધવજીની ભાવસમાધિનું નિરૂપણ કરનાર ચાર વિશેષણ આ શ્લોકમાં છે. સર્વ અંગમાં રોમાંચ ત્યારે જ થાય કે આનંદથી પરિપૂર્ણ હૃદય બને. આ વિશેષણથી 'આનંદપૂર્ણ' સ્થિતિ દર્શાવી. **मुञ्चन्**—બીજા વિશેષણથી સ્નેહાશ્રુ વહી રહ્યાં છે એવું વર્ણવે છે. એટલે આનંદ અંદર સમાતો નથી પરંતુ અશ્રુસ્વરૂપે ઊભરાય છે એમ કહ્યું. જલમાં ડૂબેલાને અંતરમાં આનંદનો ભોગ નથી થતો; ભક્તિસુધામાં ડૂબેલાને અંતરમાં પણ આનંદનો ભોગ હોય છે. ત્રીજા વિશેષણમાં ઉદ્ધવજી **'पूर्णार्थः'** પૂર્ણાર્થ થયા છે એમ કહ્યું. પૂર્ણાર્થ એટલે કૃતાર્થ અથવા શ્રીકૃષ્ણરૂપી અર્થ એટલે આનંદથી પૂર્ણ એવો અર્થ સમજવો. **'स्नेहप्रसर'** સ્નેહના પૂરમાં તરબોળ હતા. સ્નેહ એટલે ભક્તિ કોઈને ડૂબાડતી નથી પરંતુ તેનું પ્રસરણ પૂર આવે તે ડૂબાડે છે. આ શ્લોકમાં એક વસ્તુ દર્શાવી છે કે ઉદ્ધવજીની સર્વ ઇન્દ્રિયો ક્રિયાશૂન્ય બની ગઈ છે. કોઈ પણ પ્રકારનું લોકાનુસંધાન તેમને રહ્યું નથી. ૫

शनकैर्भगवल्लोकान्नृलोकं पुनरागतः ॥
विमृज्य नेत्रे विदुरं प्रत्याहोद्धव उत्स्मयन् ॥ ६ ॥

અન્વયાર્થ—शनकैः—ધીરે ધીરે, **भगवत्-लोकात्**—ભગવાનના લોકમાંથી, **नृ-लोकम्**—નરલોકમાં, **पुनः आगतः**—પાછા આવ્યા, અને **नेत्रे**—નયનો, **विमृज्य**—લૂછીને, **उत्स्मयन्**—કંઈક હસતાં, **विदुरम्**—વિદુરજીને, **प्रत्याह**—ઉત્તર આપવા લાગ્યા. ૬

અનુવાદ—પછી ધીમે ધીમે ઉદ્ધવજી ભગવાનના ધામમાંથી મનુષ્યલોકમાં પાછા આવ્યા અને આંખમાંથી અશ્રુ લૂછી નાખી કંઈક સ્મિત સાથે વિદુરજીને ઉત્તર આપવા લાગ્યા. ૬

તત્ત્વસુધા—'भगवत्-लोकात्' આ શ્લોકથી દર્શાવે છે કે ઉદ્ધવજી ધ્યાન દશામાંથી માનસ દર્શન કરી પુનઃ વ્યવહાર દશામાં નથી આવ્યા પરંતુ વ્યાપિ વૈકુંઠમાં જઈને પાછા પધાર્યા છે, તે સૂચવવા ભગવાનના લોકમાંથી આવ્યા એમ કહ્યું છે.

'પુનઃ' અવ્યય કંઈક વિશેષ વસ્તુ કહે છે. ઉદ્ધવજી આજે જ વૈકુંઠમાંથી પાછા આવ્યા એવું નથી પરંતુ યદુકુલમાં જ્યારે જન્મ્યા ત્યારે પણ તે ભગવાનની લીલાના જીવ હોવાથી વૈકુંઠમાંથી જ આવ્યા હતા. તેથી તો ૧૧-૬-૪૩માં ઉદ્ધવજી ભગવાનને પ્રાર્થના કરે છે કે મને સ્વધામમાં સાથે લઈ જાવ. ઉદ્ધવજી પ્રથમ ભગવાનની સેવા કરવા માટે વૈકુંઠમાંથી ભૂતલ ઉપર આવેલા. હમણાં શ્રી વિદુરજીની ઇચ્છા પૂર્ણ કરવા માટે **पुनरागतः** પાછા પધાર્યા. ૬

उद्धव उवाच—कृष्णद्युमणिनिम्लोचे गीर्णेष्वजगरेण हि ॥
किं नु[1] नः कुशलं ब्रूयां गतश्रीषु गृहेष्वहम् ॥ ७ ॥

અન્વયાર્થ—**कृष्ण-द्युमणि-निम्लोचे**-શ્રીકૃષ્ણરૂપ સૂર્ય અસ્ત થતાં, **अजगरेण**-કાળરૂપ અજગરે, **गीर्णेषु**-ગળેલાં, **नः**-અમારાં, **गृहेषु**-ઘરો જ્યારે, **गतश्रीषु**-નિઃશ્રીક બન્યાં છે, **हि**-ખરેખર ત્યારે, **अहम्**-હું, **कुशलम्**-કુશળ સંબંધમાં, **किं नु ब्रूयाम्**-શું કહું વારુ ? ૭

અનુવાદ—શ્રી ઉદ્ધવજીએ કહ્યું, વિદુરજી ! જ્યારે શ્રીકૃષ્ણરૂપ સૂર્ય અહીંથી અસ્ત પામ્યા છે અને કાળરૂપ અજગરે ગળી લીધેલાં અમારાં ઘર લક્ષ્મીહીન બનેલાં છે ત્યારે કુશળ સંબંધમાં શું કહું વારુ ? ૭

તત્ત્વસુધા—ભગવાન શ્રીકૃષ્ણ સૂર્ય છે. પણ એ આધિદૈવિક સૂર્ય છે. આકાશમાં રહીને જે સૂર્ય જગતને પ્રકાશે છે તે આધિભૌતિક અંધકારને દૂર કરનાર સૂર્ય છે. સૂર્યનો જે વર્ષમાં—દેશમાં અસ્ત હોય તેથી અન્ય વર્ષોમાં ઉદય—પૂર્વાહ્ણ-મધ્યાહ્ન જોવામાં આવે છે. તેમ શ્રીકૃષ્ણ ભગવાનરૂપી સૂર્યનો આજે અસ્ત થયેલ છે તેમ જણાય છે. પરંતુ ખરી રીતે અન્ય બ્રહ્માંડોમાં જ્યાં અન્તર્મુખ ભક્તજન વસેલ છે ત્યાં પોતાનો નન્દમહોત્સવ, રાસોત્સવ, કંસવધ, રુકિમણીવિવાહ વગેરે લીલા મહોત્સવોનો પ્રકાશ કરવા પધાર્યા છે. તેથી આજે જગત અંધકારથી ઘેરાયેલ છે. તે અંધકાર આધિદૈવિક અંધકાર છે. આધિદૈવિક અંધકાર મૂલાવિદ્યારૂપ છે. અવિદ્યાથી જો જગત ઘેરાયેલ હોય તો કુશળની વાર્તા ક્યાંથી હોય ? ' अजस्य गरणं येनेति ' એવી વ્યુત્પત્તિથી અજગરનો અર્થ અજ-બ્રહ્માને ગળે છે તે અજગર એવો થાય. બ્રહ્મા મહત્તત્ત્વ છે તેને પણ કાળ અજગર ગળે છે. પરિણામે એવું બને છે કે સૂર્યના અસ્તમાં કમળો કરમાય છે, ચક્રવાકો વિયુક્ત થાય છે, રડે છે અને ચોરલૂંટારું વગેરે હર્ષ કરે છે. તે પ્રકારે જે બ્રહ્માંડમાં શ્રીકૃષ્ણ સૂર્ય ન પ્રકાશે ત્યાં દુઃખ નામનો અજગર જગતને ગળે છે, ત્યારે સાધુઓ ઉદાસીન થાય છે, ધર્મસેતુઓ તૂટે છે, કૃષ્ણાનુરાગી વિલાપ કરે છે અને અધાર્મિકો હર્ષ કરે છે. આ સ્થિતિ તો છે જ. હવે આગળ હું શું કહું ? એટલું બોલી ઉદ્ધવજી આગળની વાત રજૂ કરે છે. ૭

दुर्भगो बत लोकोऽयं यदवो नितरामपि ॥
ये संवसन्तो न विदुर्हरिं मीना इवोडुपम् ॥ ८ ॥

અન્વયાર્થ—**अयम्**-આ, **लोकः**-લોક, **बत**-અરેરે, **दुर्भगः**-દુર્ભાગી છે, **यदवः**-યાદવો, **अपि**-તો, **नितराम्**-અતિશય કમનસીબ છે કે, **ये**-જે, **संवसन्तः**-શ્રીકૃષ્ણની સાથે વસ્યા છતાં, **मीनाः**-માછલાં, **उडुपम्**-ચન્દ્રની જેમ, **हरिम्**-શ્રીકૃષ્ણને, **न विदुः**-જાણી ન શક્યા. ૮

અનુવાદ—આ લોક અને ખાસ કરીને યાદવો તો વધુ કમભાગ્ય છે કે જેઓ શ્રીકૃષ્ણ ભગવાનની સાથે વસ્યા છતાં સાગરમાં ચન્દ્રની સાથે વસતા માછલાંની માફક શ્રીકૃષ્ણચન્દ્રને ન જાણી શક્યા. ૮

તત્ત્વસુધા—આ શ્લોક એક લોક-ઉક્તિને સત્ય ઠેરવે છે સાન્નિધ્ય અનાદર ઉત્પન્ન કરે છે "अतिपरिचयादवज्ञा" નિત્ય સામીપ્ય ઉપેક્ષામાં પરિણમે; ગામનો જોગી જોગટો અને પરગામનો સિદ્ધ; પાસે વસ્યું ને ગાં-ઘસ્યું. આઘેનાને તેડ તેડ ને પાસેનાને છેડ છેડ: આ લોકોક્તિ સાચી ઠરી.

યાદવોએ નિત્ય સહવાસમાં શ્રીકૃષ્ણને યાદવોના રાજા માન્યા, યાદવોમાં ઐશ્વર્યસમ્પન્ન જાણ્યા પરંતુ માધુર્ય રસપૂર્ણ પૂર્ણપુરુષ કે રસપુરુષ તરીકે તો ન જ ઓળખ્યા. માછલાંએ જલમાં વસતા ચન્દ્રને જલચર પદાર્થ જ

---

[1] किं पुनः प्रा. पा.

જાણ્યો પરંતુ અમૃતના ભંડાર તરીકે ન ઓળખ્યો. તેમાંથી અમૃત ન લીધું-પીધું અને અમૃત સમીપમાં છતાં ઢીમરની જાળના કાંટાના માંસના સ્વાદલોભે જીવન ખોયું. ૮

इङ्गितज्ञाः पुरुप्रौढाः एकारामाश्च सात्वताः ॥
सात्वतामृषभं सर्वे भूतावासममंसत ॥ ९ ॥

અન્વયાર્થ—इङ्गितज्ञाः-મનના અભિપ્રાય અને હેતુને જાણવામાં કુશળ, **पुरुप्रौढाः**-ઘણા જ પ્રૌઢ, **च**-અને, **एक-आरामाः**-એક સાથે વસનારા, **सर्वे**-સર્વ, **सात्वताः**-યાદવો, **भूत-आवासम्**-પ્રાણી માત્રમાં વસનારા શ્રીકૃષ્ણને, **सात्वताम्**-યાદવોમાં, **ऋषभम्**-શ્રેષ્ઠ તરીકે, **अमंसत**-માનતા હતા. ૯

અનુવાદ—યાદવો, ભગવાનની લીલા અને ચેષ્ટાને જાણનારા ખૂબ સમજૂ અને ભગવાનની સાથે એક સ્થાનમાં રહેનાર અને રમનાર હતા. પણ તેઓ તો સમસ્ત વિશ્વના આશ્રય શ્રીકૃષ્ણને એક શ્રેષ્ઠ યાદવ તરીકે માનતા હતા. ૯

તત્ત્વસુધા—ભગવદ્દઇચ્છા વિના ભગવાનના સ્વરૂપને સમજી શકાય નહીં. યાદવોમાં બે પ્રકારની શક્તિ હતી. "इंगितज्ञाः" એટલે કેવલ સામાની ચેષ્ટા ઉપરથી ઇચ્છાને સમજી શકે તેવા જ્ઞાનશક્તિવાળા હતા. पुरुप्रौढाः એટલે પુષ્કળ ક્રિયાશક્તિ-સમ્પન્ન હતા. આ બન્ને પ્રકારની શક્તિવાળા હોવાથી જ તેઓ 'एकारामाः' ભગવાનની સાથે નિવાસ અને વિહાર પામી શકયા હતા. છતાં તેમને શ્રીકૃષ્ણ પાંચભૌતિક દેહમાં વસતા એક શ્રેષ્ઠ યાદવ જ લાગ્યા. પરંતુ "આનંદ માત્ર કરપાદમુખોદરાદિ" એના રસવિગ્રહ તો ન જ સમજાયા. આ પણ ભગવલ્લીલા અને ભગવદ્દઇચ્છા છે. નીતિશાસ્ત્ર કહે છે કે "**परेङ्गितज्ञातफला हि बुद्धयः**—બીજાની ચેષ્ટાથી તેના હૃદયના ભાવને સમજી શકે એ જ બુદ્ધિ" મનાય. આવી પણ બુદ્ધિ ભગવત્‌કૃપાની અપેક્ષા રાખે છે. ૯

देवस्य मायया स्पृष्टा ये चान्यदसदाश्रिताः ॥
भ्राम्यते धीर्न तद्वाक्यैरात्मन्युप्तात्मनो हरौ ॥ १० ॥

અન્વયાર્થ—देवस्य-પરમેશ્વરની, **मायया**-માયાથી, **स्पृष्टाः**-મોહ પામેલા, **च**-અને, **ये**-જે, **अन्यद् असदाश्रिताः**-બીજા દુષ્ટજનના આશ્રયવાળા છે, **तद् वाक्यैः**-તેમનાં વાકયોથી, **आत्मनि**-આત્મસ્વરૂપ, **हरौ**-શ્રીકૃષ્ણમાં, **उप्त-आत्मनः**-પરોવેલ ચિત્તવાળા ભક્તની, **धीः**-બુદ્ધિ, **न भ्राम्यते**-ભ્રમ પામતી નથી. ૧૦

અનુવાદ—જેઓને દેવની માયાની અસર થયેલી છે અને જેઓ શિશુપાલના જેવા અસજ્જનોનો આશ્રય કરેલ છે તેમનાં વચનોથી, જેમણે પોતાના અન્તઃકરણને આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણમાં પરોવેલ છે તેમની બુદ્ધિ કદાપિ ચલિત થતી નથી. ૧૦

તત્ત્વસુધા—ઉપરના શ્લોકોથી એવી શંકા થશે કે "જો સર્વની મતિ ભ્રમિત થઈ તો ભગવાનના પ્રાદુર્ભાવનું ફળ અને બળ શું? તેનું સમાધાન કરવા આ શ્લોક આરંભે છે-દેવમાયા અને દુઃસંગ એ બે કારણોથી જેઓ કુપથગામી થયા તેઓને જ ભગવાનનો પરિચય ન થયો. તેઓ એમ જ માનવા લાગ્યા કે શ્રીકૃષ્ણ જરાસંધાદિ સાથે દ્વેષ કરતા હતા, તેમના કુળનો નાશ થયો, ભૂતલ ઉપરથી દેહ છૂટી ગયો. પરંતુ જેઓએ હૃદયમાં ભગવદ્દભાવ વસાવ્યો હતો તેમના અન્તઃકરણમાં નિત્ય ભગવાનનું સાન્નિધ્ય હતું તેથી તેઓ જ સમજી શકયા કે ભગવાને આ સર્વ લીલા કરી છે. ન જરાસંધાદિ સાથે દ્વેષ કર્યો છે કે ન તો સ્વકુલનો શાપથી નાશ કર્યો છે. પરંતુ આ સર્વ ભગવાનની વિશ્વમંગલ કાર્યની લીલા છે. "હરિ" શબ્દ "**ओहाङ् गतौ** અને **रमु क्रीडायाम्**' એ ધાતુમાંથી '**हश्वासौ रिश्चेति** हरिः એવા અર્થમાં બને છે. હરિ એટલે સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ એવો ફલિતાર્થ થયો. ૧૦

प्रदर्श्यातप्ततपसामवितृप्तदृशां नृणाम् ॥
आदायान्तरधाद्यस्तु स्वबिम्बं लोकलोचनम् ॥ ११ ॥

અન્વયાર્થ—**यः**-જે, **तु**-તો, **अतप्त-तपसाम्**-તપ નથી આચરેલ એવા, અને **अवितृप्तदृशाम्**-જેમની દૃષ્ટિ તૃપ્ત થતી ન હતી તેવા, **नृणाम्**-મનુષ્યોને, **लोक-लोचनम्**-લોકોના જ્ઞાનરૂપ, **स्वबिम्बम्**-પોતાના સ્વરૂપને, **प्रदर्श्य**-દર્શાવીને, **आदाय**-તે સ્વરૂપને લઈને, **अन्तरधात्**-તિરોહિત થઈ ગયા. ૧૧

અનુવાદ—જેમણે પૂર્વે તપ નથી કર્યું અને જેમની દૃષ્ટિ દર્શનથી તૃપ્ત નથી થતી તેવા મનુષ્યોને લોકના જ્ઞાનરૂપ પોતાના સ્વરૂપને સારી રીતે દેખાડીને તે સ્વરૂપને લઈને તિરોહિત થયા. ૧૧

તત્ત્વસુધા—ભગવાનની કૃપાળુતા આ શ્લોકમાં વર્ણવી છે. અનેક જન્મ સુધી "તપ, ધ્યાન અને સમાધિ"નું આચરણ કરે તેને ભગવદ્દર્શન થાય. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને "अतृप्तदृशाम्" જેમણે તપ નથી આચર્યું તેઓને પણ પુષ્કળ પ્રમાણમાં દર્શન આપ્યું. કાચો માટીનો ઘટ જલ ભરવા માટે લાયક નથી તેમ અતપસ્વી તનની આંખ દર્શનપીયૂષ પીવા લાયક નથી છતાં ભગવાને "અપક્વ માનવ દેહ ઘટને" દર્શન આપી દયા વરસાવી.

"स्वबिम्बं लोकलोचनम्" ભગવાનના શ્રી અંગનો પરિચય આપતાં "બિમ્બ" શબ્દ અને "લોકલોચન" એવાં બે વિશેષણ આપ્યાં. તેથી ભગવાનનું શ્રીઅંગ ભૌતિક દેહ નથી પરંતુ "બિંબ" શબ્દથી તેજોમય અને "લોચન" શબ્દથી જ્ઞાનમય વિગ્રહ છે એવું સૂચવ્યું. આ સ્વરૂપ નાશ નથી પામ્યું પણ જોનારની આંખ તે માટે અધિકારિણી ન રહી તેથી તે સ્વરૂપને નથી દેખી શકતી. લીલા નિત્ય હોવાથી આજે પણ ભગવાન તો છે જ.

यन्मर्त्यलीलौपयिकं स्वयोगमायाबलं दर्शयता गृहीतम् ॥
विस्मापनं स्वस्य च सौभगर्द्धेः परं पदं भूषणभूषणाङ्गम् ॥ १२ ॥

અન્વયાર્થ—**स्व-योगमाया-बलम्**-પોતાની યોગમાયાના સામર્થ્યને, **दर्शयता**-બતાવતા પરમેશ્વરે, **गृहीतम्**-લીધેલ, **यत्**-જે **मर्त्य-लीला-औपयिकम्**-મનુષ્યલીલાને ઉપયોગી એવું સ્વરૂપ, જે **स्वस्य**-પોતાને, **विस्मापनम्**-વિસ્મય પમાડનારું, **सौभग-ऋद्धेः**-સૌભાગ્ય અને સમૃદ્ધિનું, **परं पदम्**-ઉત્તમ ધામ, **च**-અને, **भूषण-अङ्गम्**-અલંકારોથી પણ શોભા વધારનાર અંગોવાળું, **अभूत्**-હતું. (ઉપજાતિવૃત્ત) ૧૨

અનુવાદ—ભગવાને પોતાની યોગમાયાનો પ્રભાવ દર્શાવવા માટે માનવ લીલાઓને યોગ્ય જે દિવ્ય વિગ્રહ પ્રકટ કર્યો એ એટલો બધો સુંદર હતો કે એને જોઈને જગત તો મોહ પામતું હતું પણ ભગવાનને પોતાને વિસ્મય પમાડતું હતું. એમાં સૌન્દર્યની પરાકાષ્ઠા હતી એ અંગો આભૂષણોને પણ સુશોભિત કરતાં હતાં. ૧૨

તત્ત્વસુધા—૧૨, ૧૩ અને ૧૪ શ્લોકોમાં ભગવાનના શ્રીવિગ્રહને મનુષ્યના દેહ કરતાં વિલક્ષણ બતાવે છે. મનુષ્યનું શરીર નશ્વર છે અને સ્થૂલ પાંચભૌતિક તત્ત્વોનું બનેલ છે. જ્યારે ભગવાનનો વિગ્રહ પંચભૂતોમાંથી રચેલ નથી. પરંતુ સત્, ચિત, અને આનંદ એવા ધર્મો જ ભગવાનના વિગ્રહ આકારે થયેલ છે. તેમાં ૧૨ મા શ્લોકમાં ભગવાનનું રૂપ 'સત્' રૂપ છે એવું સમજાવવા પાંચ વિશેષણ યોજેલ છે.

(૧) 'यन्मर्त्यलीलौपयिकम्' આ પ્રથમ વિશેષણ છે. આ વિશેષણથી 'પૃથ્વી' તત્ત્વથી ઉત્તમતા દર્શાવે છે. મનુષ્ય દેહમાં પ્રથમ પૃથ્વી તત્ત્વ હોય છે. પૃથ્વીથી આકાર બને. મનુષ્યનો દેહ પૃથ્વી તત્ત્વનો હોવાથી તેમાં થાક,

હ્રાસ વૃદ્ધિ વગેરે જોવા મળે છે, તેવું કાંઈપણ ભગવાનના સ્વરૂપમાં જોવા નથી મળતું. પણ સદાય એક સરખી આકૃતિ જોવા મળે છે તેમ જ દેહના કોઈ વિકારો જોવા નથી મળતા માટે આ પૃથ્વી દેખાય છે તે ‘સત્’ ધર્મ જ છે, પૃથ્વી નથી.

(૨) **स्वयोगमायाबलम्** ’ આ બીજા વિશેષણથી જલતત્ત્વ જે દેખાય છે તે પણ ‘સત્’ તત્ત્વ સ્વયં જલરૂપે ભાસે છે. પાંચભૌતિક જલતત્ત્વ ભગવાનના વિગ્રહમાં નથી વસ્યું. ભગવાને પોતાની યોગમાયાના બળને દર્શાવવા આ સ્વરૂપ લીધેલ છે. જલતત્ત્વમાં જેમ સૂર્યચન્દ્રનાં કિરણો દેખાય છે તે તેની સ્વચ્છતાનું કારણ છે તેમ જ માયામાં ભગવાનના સદ્રૂપના અંશો પ્રવેશે છે તેથી જ અલૌકિક એવાં વૈકુંઠ વગેરેમાં રહેનારાં અનંત રૂપોને શક્તિશાળી બની માયા મેનેજરની માફક રૂપોને રચાવે છે.

(૩) ‘**विस्मापनं स्वस्य**’ ભગવાનને પોતાનું સ્વરૂપ પોતાને જ વિસ્મય પમાડે છે કે હું આવો સુંદર-તેજોમય છું. આ ત્રીજા વિશેષણથી તેજસ્તત્ત્વની ઉત્તમતા દર્શાવી છે. ભગવાન તેજથી ભરપૂર છે અને સર્વનો પ્રકાશ કરનારા છે. ભગવાનમાં દેખાતું તેજ તે તો સૂર્યાદિના તેજને પણ પ્રકાશ કરનારું તેજ છે.

(૪) ‘**सौभगर्द्धेः परं पदम्**’ આ ચોથા વિશેષણથી વાયુતત્ત્વથી ઉત્તમતા બતાવે છે. સૌભાગ્ય અને અણિમાદિ સિદ્ધિઓના સ્થાનરૂપ આ ભગવાનનું સ્વરૂપ છે. કાલીય નાગના પ્રસંગમાં ભગવાને મહિમા અને અણિમા સિદ્ધિ સ્વીકારી હતી. તે પ્રાણવાયુની ઉત્તમતા છે. સૌભાગ્યનો અર્થ થાય છે સર્વ પુરુષને આનંદ આપનારું સૌન્દર્ય, ઋદ્ધિ એટલે સમૃદ્ધિ.

(૫) ‘**भूषण-भूषणाङ्गम्**’ આ વિશેષણથી આકાશથી ઉત્તમપણું વર્ણવ્યું છે. આકાશમાં ઊડતાં વિમાન અને વિદ્યુત વગેરે શોભે છે તેઓ આકાશને શોભાવતાં નથી, તેમ ભગવાનનાં શ્રીઅંગોમાં વસેલા કેયૂર કૌસ્તુભ વગેરે આભૂષણો શોભે છે તેમનાથી અંગની શોભા વધતી નથી.

આ શ્લોકથી ‘સત્’ તત્ત્વની શ્રેષ્ઠતા સમજાવી. હવે ભગવાનમાં રહેલ ‘ચિત્’ તત્ત્વની શ્રેષ્ઠતા વર્ણવે છે.

यद् धर्मसूनोर्बत राजसूये निरीक्ष्य दृक्स्वस्त्ययनं त्रिलोकः ॥
कार्त्स्न्येन चाद्येह[1] गतं विधातुरर्वाक्सृतौ कौशलमित्यमन्यत ॥ १३ ॥

અન્વયાર્થ—धर्मसूनोः–ધર્મસૂનુના, **राजसूये**–રાજસૂય યજ્ઞમાં, **दृक्-स्वस्त्ययनम्**–દૃષ્ટિને આનંદ આપનાર, **यत**–જે સ્વરૂપને, **निरीक्ष्य**–નિહાળીને, **त्रिलोकः**–ત્રણે લોકે, **इति**–એમ, **अमन्यत**–માન્યું કે, **अर्वाक् सृतौ**–માનવસૃષ્ટિની રચનામાં, **विधातुः**—બ્રહ્માજીનું જે, **कौशलम्**–નૈપુણ્ય છે તે, **बत**–ખરેખર, **अद्य**–આજે, **इह**–આ સ્વરૂપમાં જ, **कार्त्स्न्येन**–સંપૂર્ણપણે, **गतम्**–સમાયેલ છે. (ઉપજાતિવૃત્ત) ૧૩

અનુવાદ—યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં નેત્રોનું કલ્યાણ કરનારાં ભગવાનનાં રૂપને નિહાળીને ત્રણે લોકે એમ જ માન્યું કે બ્રહ્માજીની માનવસૃષ્ટિની રચનામાં જે સર્વશ્રેષ્ઠ નિપુણતા છે તે સંપૂર્ણપણે ખરેખર આજે આ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં જ સમાયેલ છે. ૧૩

તત્ત્વસુધા—યુધિષ્ઠિર રાજાનો રાજસૂય યજ્ઞ અન્ય રાજસૂય કરતાં શ્રેષ્ઠ ધર્મવાળો યજ્ઞ છે. અન્ય રાજાઓ ભગવત્પ્રીતિ માટે રાજસૂય નથી કરતા. રાજાએ શ્રેષ્ઠ રાજા તરીકે પ્રતિષ્ઠિત થવા રાજસૂય કરવાનો હોય છે. યુધિષ્ઠિરજીએ શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે રાજસૂય યજ્ઞ કરેલ છે તેથી અન્ય યજ્ઞ કરતાં તે શ્રેષ્ઠધર્મવાળો યજ્ઞ છે. આ યજ્ઞમાં ત્રણે લોકનાં દરેક ક્ષેત્રના શ્રેષ્ઠ પુરુષો આવેલા. ત્યાં “**दृक्स्वस्त्ययनम्**” દૃષ્ટિનું કલ્યાણ કરનાર ભગવાનનું સ્વરૂપ સર્વને નીરખવા મળ્યું. તે સ્વરૂપ ચિતતત્ત્વમાંથી બનેલ હતું. અને રૂપો દૃષ્ટિની શક્તિને નાશ કરે છે. વધુ

---

[1] चाद्यैव प्रा. पा.

તેજોમય સૂર્ય કે પ્રકાશ સામે જોતાં આંખ અંજાઈ જશે અને તેજ ક્ષીણ થશે. જ્યારે સર્વતેજોમય ભગવાનના સ્વરૂપને નિહાળતાં દૃષ્ટિનું પોષણ થયેલ હતું. જો જ્ઞાનમય તેજ ન હોત તો દૃષ્ટિને આનંદ અને પોષણ ન મળત. તેથી આ સ્વરૂપ ચિદ્ધર્મમાંથી બનેલ છે એમ સમજાવ્યું. જગતનાં સર્વ રૂપો અધોરેતસ્‌માંથી થયેલ છે, આ સ્વરૂપ તો સ્વયં ચિદ્‌ઘનતું બનેલ છે. ૧૩

यस्यानुरागप्लुतहासरासलीलावलोकप्रतिलब्धमानाः ॥
व्रजस्त्रियो दृग्भिरनुप्रवृत्तधियोऽवतस्थुः किल कृत्यशेषाः ॥ १४ ॥

અન્વયાર્થ—यस्य–જે ભગવાનના, **अनुराग–प्लुत–हास–रास–लीलावलोक–प्रतिलब्धमानाः**–અનુરાગથી ભરેલા હાસ્યવાળી રાસક્રીડામાં સ્નેહપૂર્વકના અવલોકનથી ખૂબ જ આદર પામેલાં, **दृग्भिः**–દૃષ્ટિની સાથે, **अनुप्रवृत्त–धियः**–પ્રવેશ કરેલ બુદ્ધિવાળાં, **व्रजस्त्रियः**–વ્રજાંગનાઓ, **कृत्यशेषाः**–કરવાનાં કામ પડતાં મૂકીને, **किल**–ખરેખર, **अवतस्थुः**–સ્તબ્ધ બની બેઠાં હતાં. (ઉપજાતિવૃત્ત) ૧૪

અનુવાદ—રાસલીલા સમયે ભગવાને અનુરાગ ભરેલા હાસ્ય સહિત વ્રજવનિતાઓ પ્રત્યે અવલોકન કર્યું કે તેથી માન પ્રાપ્ત થયેલ વ્રજ સ્ત્રીઓ નજર સાથે બુદ્ધિથી પણ ભગવાનમાં તન્મય બની જઈ ઘરનાં સર્વ કાર્ય છોડી દઈને ભગવાનની સામે સ્થિર થઈને ઊભાં રહ્યાં. ૧૪

તત્ત્વસુધા—'यस्यानुराग'–આ શ્લોકમાં શ્રીકૃષ્ણના વિગ્રહને "આનંદમય" રૂપે વર્ણવે છે—ભગવાનની સાથે રાસલીલામાં પ્રવેશ ત્યારે જ થઈ શકે છે કે "સખ્ય" પર્યંત ભક્તિ સિદ્ધ થાય. "व्रजस्त्रियः" વ્રજાંગનાઓની તે ભક્તિ સિદ્ધ થઈ છે. व्रजति એટલે જે સતત ફર્યા કરે એવો અસ્થિર સ્વભાવ ધરાવનાર સ્ત્રીને "વ્રજસ્ત્રી" કહી છે. જો ભગવાનનો વિગ્રહ પાંચભૌતિક હોત તો તેઓ ભગવાનમાંથી અન્યત્ર અવશ્ય જાત. પરંતુ ભગવાનનો વિગ્રહ આનંદરૂપ છે. એવા "આનંદમય" વિગ્રહવાળા ભગવાનની સાથે સખ્ય–ભક્તિ થઈ એટલે ભગવાને વ્રજવનિતાનાં ઇન્દ્રિય અન્તઃકરણાદિ પોતાની સમાન બનાવ્યાં. જેમ ભગવાનનાં આનંદમય છે તેમ તેઓનાં પણ આનંદમય બન્યાં. તેઓના દેહધર્મો છૂટયા. દોહન–લેપન–માર્જન વગેરે દેહકૃત્ય હતાં અથવા ઘરકાર્યો હતાં, તે કાર્યમાં પરોવાયેલ હોય ત્યારે પણ ભગવદ્દર્શન થતું અને સર્વકાર્ય વીસરી જતાં. ગોપીજનોનો આ "અનુરાગ" જો ભૌતિક શરીરધારી વ્યક્તિમાં હોત તો કદાપિ તેમનો મનોલય થયો ન હોત. પરંતુ "આનંદમય" વિગ્રહમાં જ અનુરાગ હતો. તેથી મનોલય થયો. અને તેમનો "ચિદ્રૂપ" આત્મા રસરૂપ ભગવાન સાથે એક થઈ ગયો. તેને જ લીધે ભૌતિક બંધનો છૂટયાં. ૧૪

स्वेशान्तरूपेष्वितरैः स्वरूपैरभ्यर्द्यमानेष्वनुकम्पितात्मा ॥
परावरेशो महदंशयुक्तो ह्यजोऽपि जातो भगवान्यथाग्निः ॥ १५ ॥

અન્વયાર્થ—स्व–शान्तरूपेषु–પોતાનાં શાન્ત સ્વરૂપો, **इतरैः**–બીજાં, **स्वरूपैः**–સ્વરૂપોથી, **अभ्यर्द्यमानेषु**–પીડાતાં હતાં ત્યારે, **अनुकम्पित–आत्मा**–દયાળુ દિલવાળા, **पर–अवर–ईशः**–પર અને અવરને વશ રાખનારા–દેવ મનુષ્યને વશ કરનારા, **भगवान्**–ભગવાન્, **महद्–अंश–युक्तः**–મહદ્ અંશ સાથે મળીને, **अग्निः यथा**–અગ્નિની માફક, **अजः अपि**–અજન્મા છે છતાં પણ, **हि जातः**–ખરેખર પ્રકટ થયા છે. (ઉપજાતિવૃત્ત) ૧૫

અનુવાદ—જ્યારે શાંત સ્વરૂપો બીજાં અશાંત સ્વરૂપોથી પીડાય છે ત્યારે દયામય હૃદયવાળા સગુણ અગુણના સ્વામી એવા ભગવાન જન્મરહિત હોવા છતાં મહદ્ અંશવાળાની સાથે મળીને અગ્નિની માફક પ્રકટ થયેલા છે. ૧૫

---

૧. प्रशान्त–प्रा. पा

તત્ત્વસુધા—ભગવાનને અવતાર લેવાનું પ્રયોજન આ શ્લોકમાં દર્શાવ્યું છે. પ્રભુના પ્રાકટ્યમાં દયા એક જ કારણ છે. લીલા સૃષ્ટિમાં બે પ્રકારનાં ભગવાનનાં સ્વરૂપો છે. એક શાંત સ્વરૂપ અને બીજું ઘોર સ્વરૂપ. ઘોર સ્વરૂપથી શાન્ત સ્વરૂપ પીડાય ત્યારે જ ભગવાન અજન્મા છતાં અક્ષર સહિત પુરુષોત્તમ પ્રકટ થાય છે. સચ્ચિદાનંદ સ્વરૂપ એ અક્ષર છે, જે ભગવાનના વિગ્રહરૂપે બનેલ છે. ભગવાન તેમાં પુરુષોત્તમ સ્વરૂપે પ્રકટ થાય છે. परावरेशःનો ‘पर’ એટલે બ્રહ્માદિના અને “अवर” એટલે ભૂતલનિવાસીના ભગવાન સ્વામી છે એવો અર્થ થાય છે. અને ‘ पर ’ એટલે ‘ કાલ ’ અને ‘ अवर ’ એટલે કર્મ એવો પણ અર્થ થાય છે. ૧૫

मां खेदयत्येतदजस्य जन्मविडम्बनं यद्वसुदेवगेहे ॥
व्रजे च वासोऽरिभयादिव स्वयं पुराद् व्यवात्सीद्यदनन्तवीर्यः ॥ १६ ॥

અન્વયાર્થ—अजस्य-જન્મ રહિત ભગવાનનું, **यत्**-જે, **वसुदेव-गेहे**-વસુદેવજીને ઘેર, **जन्म-विडम्बनम्**-જન્મ લેવાનું અનુકરણ, **च**-અને, **व्रजे**-વ્રજમાં, **वासः**-નિવાસ, (**च**-અને) **अरिभयाद् इव**-શત્રુના ડરથી જાણે, **पुरात्**-નગરમાંથી, **अनन्तवीर्यः**-અનંતવીર્ય, **स्वयम्**-પોતે, **यत्**-જે, **वि-अवात्सीत्**-ચાલ્યા ગયા, **एतत्**-આ બધું, **माम्**-મને, **खेदयति**-ખેદ કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૧૬

અનુવાદ—અજન્મા ભગવાન શ્રીકૃષ્ણે વસુદેવજીના ઘરમાં જન્મ લેવાનું અનુકરણ કર્યું, વળી વ્રજમાં વાસ કર્યો, તેમજ અનન્ત પરાક્રમપૂર્ણ ભગવાન જાણે ડરી ગયા હોય તેમ નગરમાંથી નાઠા-આ બધું મને ખેદ કરે છે. ૧૬

તત્ત્વસુધા—ઉપરના શ્લોકોથી અક્ષરબ્રહ્મ ભગવાનનો શ્રી વિગ્રહ છે અને આત્મા પુરુષોત્તમ છે એવું સમજાવ્યું. આ સમર્થ ભગવાન માટે ઉદ્ધવજીના ભક્તિભાવ ભરપૂર હૃદયમાં એક વ્યથા થઈ. આ શ્લોકમાં એ વ્યથાની કથા છે. તેમના દિલમાં ત્રણ વ્યથાઓ થઈ છે—‘ वसुदेवगेहे जन्म ’ એક તો અજન્મા છે તેમને જન્મ લેવો જ શું કામ પડે! કદાચ લીલા વિસ્તાર માટે જન્મ લીધો તો વસુદેવજીને ઘેર શા માટે? ‘ ઘર ’ એટલે ગળી જવાનો જેનો ધર્મ છે, તેમાં તો કર્મફલ ભોગવનાર જન્મ લે. નૃસિંહ કાષ્ઠમાંથી અને વરાહ બ્રહ્માજીના ઘ્રાણમાંથી પ્રકટ થયા એવા અલૌકિક પ્રકારે પ્રકટ થવું હતું ને! પેલા તો અંશાવતાર હતા. આ તો પૂર્ણાવતાર હતા. “ व्रजे वासः ”—નાના શા ગોકુલમાં નિવાસ શું કામ? સામાન્ય પુરુષો ગોકુલમાં વસે. વિશિષ્ટ પુરુષો કદી આવા પ્રદેશમાં ન રહે. આ તો વ્યાપિ વૈકુંઠનિવાસી પૂર્ણપુરુષનો વ્રજવાસ! च અવ્યયથી ગુરુ સાંદીપનિને ઘેર પણ નિવાસ. જે સ્વયં પૂર્ણબ્રહ્મ છે તેને પણ અભ્યાસ? “ अनन्तवीर्यः ” અપાર પરાક્રમશાળીને કાલયવનાદિના ડરથી મથુરામાંથી નાસવું અથવા કંસના ભયથી મથુરામાંથી ચાલ્યા જવું એ શક્ય ખરું? મને ખ્યાલ છે કે ભગવાને આ બધું અનુકરણ માટે કર્યું છે પણ આવું કેમ કર્યું તેનો મને ક્લેશ થાય છે. ૧૬

दुनोति चेतः स्मरतो ममैतद् यदाह पादावभिवन्द्य पित्रोः ॥
तातांब ! कंसादुरुशङ्कितानां प्रसीदतं नोऽकृतनिष्कृतीनाम् ॥ १७ ॥

અન્વયાર્થ—**पित्रोः**-માતાપિતાના, **पादौ**-ચરણોને, **अभिवन्द्य**-નમસ્કાર કરીને, **तात**-હે પિતાજી! **अम्ब**-હે માતાજી! **कंसाद्**-કંસ રાજાથી, **उरु-शङ्कितानाम्**-ખૂબ જ બીકવાળા, **अकृत-निष्कृतीनाम्**-આપની સેવા ન કરી શકનારા, આપના ઉપકારનો બદલો ન વાળી શકનારા એવા, **नः**-અમારા ઉપર, **प्रसीदतम्**-પ્રસન્ન થાવ, **इति यद् आह**-એ પ્રમાણે જે બોલ્યા, **एतत्**-એ, **स्मरतः**-યાદ કરતાં, **मम**-મારાં, **चेतः**-ચિત્તને, **दुनोति**-પીડા કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૧૭

અનુવાદ—હે પિતાજી! હે માતાજી! અમે કંસથી ઘણા ભયભીત થએલા હોવાથી આપની

કાંઈ સેવા કરી શક્યા નથી, માટે આપ અમારા ઉપર પ્રસન્ન થાવ. એવું માતાપિતાના ચરણોમાં પ્રણામ કરીને જે બોલ્યા તે યાદ આવતાં અમારા ચિત્તને પીડા કરે છે. ૧૭

તત્ત્વસુધા—ભગવાન કૃષ્ણ કંસનો વધ કરી માતાપિતાના ચરણે નમસ્કાર કરે છે અને બોલે છે કે "સર્વ સુખ ભોગવવાનું સાધન જે શરીર માતાપિતાએ આપ્યું, પોષ્યું, પાળ્યું આવા અસંખ્ય ઉપકારો કર્યા તેના બદલામાં બ્રહ્માનાં સો વર્ષથી સેવા કરીએ તો પણ વ્યાજ ન વાળી શકીએ, તેને બદલે અમે કંસથી ડરી નાસી ગયા અને અલ્પ પણ સેવા નથી કરી તો ક્ષમા કરશો"–આવાં વાક્યો દશમ સ્કંધના ૪૫ મા અધ્યાયના ૨ જા શ્લોકથી ૯ મા શ્લોક પર્યન્ત કહ્યાં છે તેને યાદ કરું છું ત્યારે પણ ખેદ થાય છે. વિદુરજીએ પૂછ્યું એવું શું ખેદનું કારણ છે ત્યારે કહ્યું કે—ગીતાજીમાં ભગવાન સ્વયં કહે છે "**अवजानन्ति मां मूढाः मानुषीं तनुमाश्रितम्**" અજ્ઞાની જન મેં માનવ કાયા લીધી છે એવું માને છે આવાં અનેક વાક્યો બોલે છે તે જ ભગવાન પિતાજીની સમીપે મનુષ્ય જેવાં જ વચન બોલે છે અને મનુષ્ય જેવી જ ક્રિયા કરે છે. આમ ભગવાનનાં જ વાક્ય પરસ્પર ન સમજાય તેવાં છે તો પછી મનુષ્યને સંદેહ કરે એમાં શું નવાઈ! ખરી રીતે ભગવાન શ્રીકૃષ્ણની આ માધુર્યરસને પોષવા માટેની મધુર વાણી અને ઉદાર લીલા છે, એ ભગવાનની પુષ્ટિકૃપા છે. ૧૭

को वा अमुष्याङ्घ्रिसरोजरेणुं विस्मर्तुमीशीत पुमान् विजिघ्रन् ॥
यो विस्फुरद्भ्रूविटपेन भूमेर्भारं कृतान्तेन तिरश्चकार ॥ १८ ॥

અન્વયાર્થ—**यः**–જે, **विस्फुरद्-भ्रू-विटपेन**–સારી રીતે ફરકતી ભ્રૂકુટિની શાખારૂપ, **कृतान्तेन**–કાલ દ્વારા, **भूमेः**–પૃથ્વીના, **भारम्**–ભારને, **तिरश्चकार**–દૂર કર્યો–કરે છે, **अमुष्य**–એમની, **अङ्घ्रि-सरोज-रेणुम्**–ચરણસરોજની રેણુને, **विजिघ्रन्**–સૂંઘનાર, **कः वा**–કયા પુરુષ, **विस्मर्तुम्**–ભૂલવાને માટે, **ईशीत**–સમર્થ થઈ શકે. (ઇંદ્રવજ્રા વૃત્ત) ૧૮

અનુવાદ—આ ભગવાનના ચરણસરોજની રેણુની સુગંધ સૂંઘનાર એવો કયો પુરુષ છે જે ભગવાનને ભૂલી શકે કે જે ભગવાનની સારી રીતે ફરકતી ભ્રૂકુટીના શાખારૂપ કાલ દ્વારા ભૂમિના ભારને દૂર કરે છે. ૧૮

તત્ત્વસુધા—૧૮મા શ્લોકથી ૨૪મા સુધીના સાત શ્લોકોમાં સેવવા યોગ્ય અને સર્વેશ્વર કોણ હોઈ શકે તેનો પરિચય આપે છે. એવો એક સામાન્ય નિર્ણય છે કે નીચે દર્શાવેલ સાત ગુણો જેનામાં હોય તે સર્વેશ્વર છે અને તે જ સેવ્ય છે. આ સાત ગુણો ક્રમે કરીને એક એક શ્લોકમાં કહેશે. "(૧) જે નિર્ભય હોય, (૨) એક વાર પણ શરણે આવે તેને ભયમુક્ત કરે, (૩) સર્વ સમૃદ્ધિ અને મોક્ષ આપે, (૪) જેની સેવા સંદેહવાળી હોય તેને પણ મુક્તિ આપે, (૫) સ્વયં આનંદવિગ્રહ હોય, (૬) અયોગ્યને પણ મોક્ષ આપે, (૭) અન્ય માટે ઘડેલ નિયમનો પોતે વિરોધ ન કરે" આવા સાત ગુણો તેનામાં જ હોઈ શકે કે જે ત્રણ પ્રકારની સર્વશ્રેષ્ઠ સામર્થ્ય (૧), સ્વરૂપથી સર્વોત્તમ (૨), પૂર્ણ દયાળુ (૩) શક્તિ ધરાવતા હોય.

આ શ્લોકમાં ભગવાન નિર્ભય છે એ પૂરવાર કરે છે. વિશ્વમાત્રને કાળનો જ ડર છે. તે કાળ તો ભગવાનની ભ્રમર શાખાઓમાંની એક નાની શી શાખા છે. ભગવાનની ભ્રૂકુટી તો કલ્પતરુ છે. તેની અનંત શાખાઓ છે. તેમાંની એક શાખા જરા હાલે એટલામાં ભૂમિનો ભાર દૂર થાય છે. જે ભાર દૂર કરવા અન્ય દેવોને અસાધારણ શ્રમ કરી સંગ્રામો ખેલવા પડે છે. વળી દયાળુ પણ એવા છે કે એક કૃપા ભર્યા કટાક્ષની શાખાનો ઇશારો કરી અપાર ઐશ્વર્યને આપે જેમ સુદામાજીને આપ્યું. આવા ભગવાનના ચરણસરોજરેણુને જે કોઈ નમસ્કાર કરવા આવ્યો તેના હૃદયમાં તે કૃપાળુ નિવાસ કરે છે, તે પ્રભુને તે કદી ત્યજી શકતો નથી. પિતા જેમ સંતાનના મસ્તકને સૂંઘે તેનાથી પુત્રનું આયુષ્ય વધે છે તેમ જ પિતાના હૃદયમાં સંતાનનું વાત્સલ્ય વધે છે.

તેમ ભગવાનના ચરણે દંડવત્ કરતાં શ્રીચરણમાં રહેલાં તુલસીજીનો સુવાસ હૃદયમાં આવતાં ભક્તિ વધે છે. વળી ભગવચ્ચરણ પણ ભક્તિ અને જ્ઞાનસ્વરૂપ છે તેથી પણ ભક્તિ અને જ્ઞાન વધે છે. ૧૮

दृष्टा भवद्भिर्ननु राजसूये चैद्यस्य कृष्णं द्विषतोऽपि सिद्धिः ॥
यां योगिनः संस्पृहयन्ति सम्यग् योगेन कस्तद् विरहं सहेत ॥ १९ ॥

અન્વયાર્થ—भवद्भिः–આપે–વિદુરજીએ, **राजसूये**–રાજસૂય યજ્ઞમાં, **कृष्णम्**–શ્રીકૃષ્ણનો, **द्विषतः**–દ્વેષ કરનારા, **अपि**–પણ, **चैद्यस्य**–શિશુપાલની, **सिद्धिः**–મુક્તિ–સદ્ગતિ, **दृष्टा**–નજરે નિહાળી, **ननु**–ખરેખર, **याम्**–જે સિદ્ધિને, **योगिनः**–યોગીજનો, **सम्यग् योगेन**–વ્યવસ્થિતપણે આચરેલા યોગમાર્ગથી, **सं–स्पृहयन्ति**–ચાહે છે, **तद् विरहम्**–તે પ્રભુના વિયોગને, **कः**–કોણ, **सहेत**–સહન કરે? (ઇંદ્રવજ્રા વૃત્ત) ૧૯

અનુવાદ—હે વિદુરજી! જે રાજસૂય યજ્ઞમાં ભગવાનનો દ્વેષ કરનાર શિશુપાલને જે સિદ્ધિ પ્રાપ્ત થઈ તે આપે નજરે નિહાળી. અરે એવી સિદ્ધિની તો યોગીજનો વ્યવસ્થિત રીતે આચરેલા યોગમાર્ગથી ઉત્કંઠા ધરાવે છે. ૧૯

તત્ત્વસુધા– આ શ્લોકમાં "એકવાર શરણે આવેલને ભયમુક્ત કરે છે" એ ગુણનું નિરૂપણ છે. શિશુપાલ ભગવાનનો પાર્ષદ હતો ત્યારે શરણે આવેલ. પરંતુ આજે તો તે લોભવશ શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરી રહેલ છે. છતાં પૂર્વના સંબંધથી અથવા આ જન્મના મામાફોઈના સંબંધથી તેને "સાયુજ્ય" મુક્તિ આપી, જે મુક્તિ જ્ઞાનીને મળે છે. યોગીઓ જેની ઉત્કંઠા સેવે છે. વળી તે વિદુરજી આ બાબતતો **भवद्भिः**–આપે અને સમસ્ત સભાસદોએ નજરે જ નિહાળ્યું કે તેજ પ્રભુમાં મળી ગયું. આવા દયાળુ પ્રભુને કોણ ત્યજી શકે? કારણ કે "ભગવાનનો સંબંધ કરોડો કલ્પવૃક્ષ કરતાં પણ શ્રેષ્ઠ છે." ૧૯

तथैव चान्ये नरलोकवीरा य आहवे कृष्णमुखारविन्दम् ।
नेत्रैः पिबन्तो नयनाभिरामं पार्थास्त्रपूताः पदमापुरस्य ॥ २० ॥

અન્વયાર્થ—च तथैव–અને તે પ્રમાણે, **आहवे**–યુદ્ધમાં, **ये**–જે, **अन्ये**–બીજા, **नरलोक–वीराः**–નરલોકના વીરો, **नयन-अभिरामम्**–નેત્રોને આનંદકારક, **कृष्ण–मुख–अरविन्दम्**–શ્રીકૃષ્ણના મુખકમળને, **नेत्रैः**–નેત્રોવડે, **पिबन्तः**–પીનારા, **पार्थ-अस्त्र-पूताः**–અર્જુનનાં અસ્ત્રોથી પવિત્ર થએલા, **अस्य**–આ શ્રીકૃષ્ણના, **पदम्**–સ્થાનને–પરમપદને, **आपुः**–પામ્યા. (ઇન્દ્રવજ્રા વૃત્ત) ૨૦

અનુવાદ—તે જ પ્રમાણે, નેત્રોને આનંદદાયક ભગવાનના શ્રીમુખારવિંદનું સમરાંગણમાં પોતાના નેત્રોથી પાન કરતા અને અર્જુનનાં અસ્ત્રોથી પવિત્ર થતા નરલોક વીરો પરમ પદને પામ્યા. ૨૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં "આ લોકની અને પરલોકની સમૃદ્ધિ અને મોક્ષનું પ્રદાન કરતા" ત્રીજા ગુણનું વર્ણન કરે છે. ઉપરના શ્લોકમાં "મોક્ષદાયિની કૃપા"નું વર્ણન કરી આ શ્લોકમાં "પ્રેમપ્રદાયિની કૃપા" નું નિરૂપણ કરે છે–

"**आहवे कृष्णमुखारविन्दम्**"–યુદ્ધમાં તો સૈનિકોને આવવું પડે. તેમને રાગદ્વેષ નથી હોતો. યુદ્ધ સ્વધર્મ છે તેથી જ આવે છે. ભગવાન કૃપાનિકેતન છે. સૌન્દર્યપૂર્ણ અને કૃપાસુધામય પોતાના મુખકમળનું દર્શન આપીને નેત્રોનું પરમ સુખ આપે છે. "લાવણ્યામૃતપૂર" નેત્રોથી તેઓ પી રહ્યા છે. આસક્તિથી દૂર થઈ રહ્યા છે. હૃદયશુદ્ધિ અને ભાવવૃદ્ધિ પામી રહ્યા છે. અને દેહગત દોષની નિવૃત્તિ તો અર્જુનજીના અસ્ત્રથી થઈ રહી છે. અર્જુનજીની પવિત્રતા દર્શાવવા "પાર્થ" તરીકે અર્જુનને ગાયા છે. ૨૦

स्वयं त्वसाम्यातिशयस्त्र्यधीशः स्वा[1]राज्यलक्ष्याप्तसमस्तकामः ॥
बलिं हरद्भिश्चिरलोकपालैः किरीटको[2]टीडितपादपीठः ॥ २१ ॥
तत्तस्य कैङ्कर्यमलं भृतान्नो विग्लापयत्यङ्ग यदुग्रसेनम् ॥
तिष्ठन् निषण्णं परमेष्ठिधिष्ण्ये न्यबोधयद् देव निधारयेति ॥ २२ ॥

અન્વયાર્થ—**स्वयम्**-પોતે, **तु**-તો, **अ-साम्य-अतिशयः**-જેની સમાન અને જેનાથી મહાન કોઈ નથી એવા "અજોડ", **त्र्यधीशः**-ત્રણ લોકના અધિપતિ, **स्वाराज्य-लक्ष्म्या**-પોતાની રાજ્યલક્ષ્મીથી, **आप्त-समस्तकामः**-સર્વ કામનાઓથી તૃપ્ત, વળી **बलिम्**-ભેટોને, **हरद्भिः**-લાવનારા, **चिरलोक-पालैः**-લાંબા કાળના લોકપાલોએ, **किरीट-कोटि-ईडित-पादपीठः**-મુકુટમણિના અગ્ર ભાગથી પૂજાયેલ ચરણપીઠવાળા એવા. (ઇંદ્રવજ્રા વૃત્ત) ૨૧

यत्-જે, **तिष्ठन्**-પોતે ઊભા રહીને, **परमेष्ठि-धिष्ण्ये**-રાજ્યસિંહાસન ઉપર, **निषण्णम्**-બેઠેલા, **उग्रसेनम्**-ઉગ્રસેન રાજાને, **देव**-હે રાજન્, **निधारय**-જરા નિગાહ કરો! **इति**-એ પ્રમાણે, **न्यबोधयत्**-નિવેદન કરતા હતા, **तत्**-તેવું, **तस्य**-તે ભગવાનનું, **कैङ्कर्यम्**-સેવકપણું, **भृतान् नः**-અમારા જેવા પોષણ પામેલા ભૃત્યોને, **अलम्**-ખૂબ જ પ્રમાણમાં, **अङ्ग !**-હે વિદુરજી! **विग्लापयति** દુઃખ આપે છે. (ઇંદ્રવજ્રા વૃત્ત) ૨૨

અનુવાદ—ભગવાન સ્વયં ત્રણ લોકના અધીશ્વર છે, જેમની સમાન કોઈ નથી તો એમના અધિક કોણ હોઈ શકે! પોતાનામાં જ રહેલી રાજ્યલક્ષ્મીથી જે નિત્ય પરિપૂર્ણકામ છે, તેમજ ચિરકાલના લોકપાલ ઇન્દ્રાદિ દેવો અનેક ભેટ લાવી કરોડો મુકુટોથી જેમના ચરણપીઠની સ્તુતિ કરે છે એવા ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે સિંહાસને બેઠેલા રાજા ઉગ્રસેન સામે ઊભા ઊભા નિવેદન કરતા હોય કે દેવ જરા નિગાહ કરો! શું આદેશ છે કહો! એવી સેવકશીલતાને પ્રકટ કરતા હોય ત્યારે અમારા જેવા ભગવાનના કિંકરોને ક્લેશ થાય છે. ૨૧, ૨૨

તત્ત્વસુધા—૨૧મા શ્લોકમાં 'ચોથા' ગુણનું દર્શન થાય છે. "ભજન કરે છે કે કેમ? આ ભક્ત છે. કે કેમ? એવો સંદેહ હોય છે તેને પણ મુક્તિ આપે છે. આ ચોથો ગુણ છે. અને સ્વયં નિર્દોષ, પૂર્ણ ગુણવાળા છે એ પાંચમો ગુણ છે. આ બન્ને ગુણો એક સાથે બે શ્લોકમાં વર્ણવ્યા છે.

પ્રથમ શ્લોકમાં ભગવાનના ચાર અસામાન્ય ગુણોને દર્શાવનાર ચાર વિશેષણો છે. આ ચાર વિશેષણો જ ભગવાનનું પૂર્ણ ગુણપણું દર્શાવવા માટે છે. ભગવાન 'અજોડ' છે. (૧) અધીશ્વર છે.—ત્રણ લોકના સ્વામી છે. સ્વરૂપ, ગુણ અને ખ્યાતિના પણ અધિપતિ છે. ચિત્શક્તિ, જીવશક્તિ અને માયાશક્તિના પણ અધિપતિ છે. (૨) **स्वाराज्यलक्ष्म्या** ભક્તો અથવા લીલાઐશ્વર્ય અને માધુર્ય એ ત્રણ ભગવાનની સ્વારાજ્યલક્ષ્મી છે. (૩) "किरीटकोटीडितपादपीठः" ઇન્દ્ર-બ્રહ્માદિ દેવોને લોકો યજ્ઞમાં આહુતિ આપે છે અને તેમને પૂર્ણ સમજે છે. તે દેવો ભગવાનના ચરણે દંડવત્ કરે છે. ત્યારે તેમના મુકુટોના મણિઓનો પાદપીઠને સ્પર્શ થાય છે. તે સ્પર્શ થતાં તેમાંથી ધ્વનિ થાય છે તે "સ્તુતિ" છે. ઉત્પ્રેક્ષા અલંકાર છે. ભાટ્ટ મતાનુયાયી માને છે કે "મૂક પદાર્થોમાં પણ વાણી છે." (૪) આવા સમર્થ ગુણસંપન્ન અને નિર્દોષ ભગવાન જો ઉગ્રસેન સમીપ એક "સેવક" તરીકેના ધર્મો બજાવતા હોય તો તે કેવલ ઉગ્રસેનના કલ્યાણ માટે છે. કારણ કે તેણે કોઈ પણ પ્રકારે ભગવાનનું ભજન કર્યું નથી તો પણ માન આપીને તેની મુક્તિ કરી છે. परमेष्ठ्यधिष्ण्ये એવો સુબોધિનીજીમાં પાઠ છે. પરમેષ્ઠ્ય એટલે બ્રહ્માજીના સ્થાનની કક્ષાના સ્થાનમાં ઉગ્રસેનને ભગવાને સ્થાપ્યા છે. પ્રમાણ બળમાં મોક્ષ સેવા કરે

---

१. "साम्राज्य" प्रा प्रा. २. "कोटयेड़ित" प्रा. प्रा.

તને મળે, જ્ઞાની હોય તેવાને મળે, પ્રમેય બળમાં-કૃપાબળમાં ઊલટી સેવા કરી મોક્ષ આપ્યો એ જ ભગવાનની કરુણા. ૨૧, ૨૨.

अहो बकी यं स्तनकालकूटं जिघांसयाऽपाययदप्यसाध्वी ॥
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥ २३ ॥

અન્વયાર્થ—**अहो**-ખેદની વાત છે કે, **यम्**-જે શ્રીકૃષ્ણને, **इयम्**-આ, **बकी**-પૂતનાએ, **जिघांसया**-હણવાની ઇચ્છાથી, **स्तन-कालकूटम्**-સ્તન ઉપર ચોપડેલ કાલકૂટ વિષ, **अपायत्**-પાયુ-પીવરાવ્યું એવી, **असाध्वी**-દુષ્ટ સ્વભાવવાળી, **अपि**-પણ, **धात्री-उचिताम्**-માતાને ઘટતી, **गतिम्**-સદ્‌ગતિને, **लेभे**-પામી, **ततः अन्यम्**-તો તેનાથી બીજા, **कं दयालुम् वा**-કયા એવા દયાલુને, **शरणम्**-શરણે, **व्रजेम**-જઈએ? (ઇન્દ્રવજ્રા વૃત્ત) ૨૩

અનુવાદ—અહો પાપમતિ પૂતનાએ પોતાના સ્તન ઉપર ચોપડેલ હાલાહલ વિષ જે ભગવાન શ્રીકૃષ્ણને મારવાની દાનતથી પાયું એવી પણ પૂતનાને ભગવાને માતાને ઘટતી સદ્‌ગતિ આપી. તેવા દયાળુ શ્રીકૃષ્ણને ત્યજી બીજા કોના શરણે જઈએ. ૨૩

તત્ત્વસુધા—'अहो'-ઉપરના શ્લોકમાં અતિશય સ્વચ્છ ભગવાને તુચ્છ ક્રિયા ઉગ્રસેન-સેવા કરી અને આ શ્લોકમાં અતિશય તુચ્છને સ્વચ્છ ગતિનું પ્રદાન કર્યું. આવી ભગવાનની વિપરીત પ્રીતની રીતનું ચિંતન કરતાં ખેદ કરતા ઉદ્ધવજી "અહો" અવ્યયથી શ્લોક શરૂ કરે છે. પૂતના "**कालकूटम्**" કાલોનો એટલે મૃત્યુઓનો **कूट** જથ્થો ભરીને આવી હતી. તેથી તેને **बकी** અને **असाध्वी** એવી રીતે ઓળખાવી છે. દિલમાં જુદું અને ક્રિયામાં જુદું તે બક કહેવાય. દેખાવમાં ધ્યાન અને દિલમાં માછલાનું ચિંતન તેવી બકવૃત્તિ છે. પૂતનાના દિલમાં દ્વેષ છે અને માતાનો વેષ છે. મારવાની કૃતિ છે અને માતાની આકૃતિ છે તો પણ ભગવાને વૃત્તિ અને કૃતિ સામે ન જોતાં વેષ અને આકૃતિ માત્રથી સદ્‌ગતિ આપી.

આ ચરિત્ર ભગવાને લીલાના આરંભમાં પ્રથમ જ કર્યું છે. તે જ સૂચવે છે કે કૃષ્ણાવતાર નિઃસાધન, દીન, હીન અને મલિનને પણ ભક્તિ તેમજ મુક્તિનું દાન કરવા કાજે છે. **अम्बिका च किलिम्बा धात्रिके स्तन्यदातृके** આ વાક્યથી પૂતનાને ભક્તિનું દાન કર્યું છે એવું સૂચવે છે. પૂતનાને મોક્ષગતિ જ નથી આપી પરંતુ "માતૃરતિ"નું દાન કર્યું છે. આ શ્લોકમાં "અનધિકારીને" 'મોક્ષદાન' નામનો છઠ્ઠો ગુણ વર્ણવી સાતમા ગુણવર્ણનનો શ્લોક શરૂ કરે છે—

मन्येऽसुरान् भागवतांस्त्र्यधीशे संरम्भमार्गाभिनिविष्टचित्तान् ॥
ये संयुगेऽचक्षत तार्क्ष्यपुत्रमंसे सुनाभायुधमापतन्तम् ॥ २४ ॥

અન્વયાર્થ—**त्रि-अधीशे**- ત્રિલોકીનાથમાં, **संरम्भ-मार्ग-अभि-निविष्ट-चित्तान्**-ક્રોધમાર્ગથી પરોવેલ ચિત્તવાળા, **असुरान्**-અસુરોને, **भागवतान्**-પરમ ભક્તરૂપે, **मन्ये**-માનું છું, કારણ કે-**ये**-જેઓ, **संयुगे**-સમરાંગણમાં, **अंसे**-ખભા ઉપર, **सुनाभ-आयुधम्**-સુદર્શનચક્રધારી કૃષ્ણને, ધારણ કરી, **आपतन्तम्**-આવી પડતા, **तार्क्ष्य-पुत्रम्**-ગરુડને; **अचक्षत**-નિહાળતા હતા. (ઇન્દ્રવજ્રા વૃત્ત) ૨૪

અનુવાદ—હું તો ત્રિલોકીનાથ શ્રીકૃષ્ણમાં ક્રોધમાર્ગથી પરોવેલ ચિત્તવાળા અસુરોને ભગવદીય ગણું છું; કારણ કે જેઓ રણાંગણમાં ચક્રધારી ભગવાનને ખભા ઉપર ધારણ કરી ધસી આવતા ગરુડજીને નિહાળતા હતા. ૨૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનના સાતમા ગુણનો ઉલ્લેખ છે. "ભગવાને સૃષ્ટિનિયંત્રણના જે નિયમો ઘડયા છે તેનું પણ કોઈવાર ઉલ્લંઘન કરવું પડે તો કરે છે" એવો ગુણ આ શ્લોકમાં દેખાય છે.

ગીતાજી ભગવાનનું રચેલ શાસ્ત્ર છે. વેદ પણ ભગવાનની જ આજ્ઞા છે. “तानहं द्विषतः ગીતાજીનો ૧૬–૧૯ અને मामप्राप्यैव ૧૬–૨૦ એ બે શ્લોકોમાં અને અન્ય વચનોમાં કહેલ છે કે જે ભગવાન આસુરચરિત જીવોને નરકાદિ યોનિ આપે છે, દ્વેષ કરનારને અસુરયોનિમાં મોકલે છે તે જ ભગવાન અસુરોને સમરાંગણમાં દર્શન આપીને સદ્ગતિ અને ભક્તિનાં દાન કરે છે. એવી અસાધારણ દયાનું દર્શન આ શ્લોકના ચરિતમાં થાય છે. ઉદ્ધવજી કહે છે કે વિદુરજી શું અસુરોને પરમ ભગવદીય માનવા કે ભગવાનને પરમ કૃપાળુ માનવા? જો એમ ન હોય તો તેઓને સમરાંગણમાં ભગવદ્દર્શન કેમ થાય? તેથી જ ઉદ્ધવજી કહે છે કે હે વિદુર! “**मन्येऽसुरान् भागवतान्**” અસુરોને હું ભગવદીય માનું છું. “અસુર”નો શબ્દાર્થ તો છે કેવલ પોતાના પ્રાણને પોષનારા. પરંતુ તેઓનો સ્વભાવ ભગવાનનો દ્વેષ કરવાનો છે. આવા અસુરો સ્વાભાવિક અને આવિષ્ટ એવા બે પ્રકારના છે. ઘણાનું માનવું છે કે સ્વાભાવિક દૈત્યોનો મોક્ષ નથી થતો પરંતુ પૂતના જેવા આવિષ્ટ દૈત્યોનો મોક્ષ થાય છે. પરંતુ ભગવાન ‘પરમ દયાળુ’ અને ‘પૂર્ણ સમર્થ’ છે તેથી સ્વાભાવિક દૈત્યોને પણ મોક્ષ આપે છે. તેથી તો યુદ્ધમાં આવી પોતાને હાથે જ દૈત્યોને મારે છે જેથી મોક્ષ મળે.

જો ભક્તને અને દૈત્યને એમ બન્નેને ભગવાન મળતા હોય તો પછી એમાં ભેદ શો? પરંતુ આવી શંકા ન કરવી; કારણ ભક્તો સર્વરૂપ અને સર્વદા ભગવાનનાં દર્શન કરે છે. ગરુડ પર સવાર થયેલનાં તેમજ અન્યની સાથેના પણ ભગવાનનાં દર્શન કરે છે. જ્યારે દૈત્યોને તો કેવળ સમરાંગણમાં ભગવાનની સવારીવાળા ગરુડનાં દર્શન થાય છે. તાત્પર્ય કે ભક્તો જીવન દરમ્યાન ભગવાનને મેળવે છે અને દૈત્યો દેહવિલય બાદ ભગવાનને મેળવે છે. ગરુડનાં ચાર સ્વરૂપો છે: ભક્તિ, જ્ઞાન, વેદ અને કાળ. ભકતોને ભક્તિરૂપ ગરુડનાં દર્શન થાય છે. દૈત્યોને કાળરૂપ ગરુડનાં દર્શન થાય છે. ૨૪

वसुदेवस्य देवक्यां जातो भोजेन्द्रबन्धने ॥
चिकीर्षुर्भगवानस्याः शमजेनाभियाचितः ॥ २५ ॥
ततो नन्दव्रजमितः पित्रा कंसाद् विबिभ्यता
एकादश समास्तत्र गूढार्चिः सबलोऽवसत् ॥ २६ ॥

અન્વયાર્થ—**अस्याः**–આ ભૂમિનું, **शं चिकीर्षुः**–કલ્યાણ કરવાની ઇચ્છાથી, **अपि**–વળી, **अजेन**–બ્રહ્માજીએ, **याचितः**–પ્રાર્થના કરેલા, **भगवान्**–ભગવાન શ્રીકૃષ્ણ, **वसुदेवस्य**–વસુદેવજીનાં પત્ની, **देवक्याम्**–દેવકીજીમાં, **भोजेन्द्र–बन्धने**–કંસરાજાના કેદખાનામાં, **जातः**–પ્રકટ્યા, **कंसात्**–કંસથી, **विबिभ्यता**–ડરતા, **पित्रा**–પિતાજી દ્વારા, **ततः**–ત્યાંથી, **नन्दव्रजम्**–નન્દજીના વ્રજમાં, **इतः**–પધાર્યા, અને **तत्र**–ત્યાં, **गूढ–अर्चिः**–ગૂઢ તેજવાળા કૃષ્ણ, **सबलः**–બલદેવજી સાથે; **एकादश**–અગીઆર, **समाः**–વર્ષ પર્યન્ત, **अवसत्**–બિરાજ્યા. ૨૫, ૨૬

અનુવાદ—આ પૃથ્વીનું કલ્યાણ કરવાની ઇચ્છાથી તેમજ બ્રહ્માજીએ પ્રાર્થના કરેલ હોવાથી ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવજીનાં પત્ની દેવકીજીમાં કંસ રાજાના કારાગૃહમાં પ્રકટ્યા–અને કંસથી ડરતા પિતાજી દ્વારા મથુરાથી નન્દવ્રજમાં પધાર્યા. ગૂઢ તેજસ્વી ભગવાન ત્યાં બલભદ્રજી સાથે અગીઆર વર્ષ પર્યન્ત બિરાજ્યા. ૨૫, ૨૬

તત્ત્વસુધા—૨૫ થી ૩૪ સુધી ૧૦ શ્લોકમાં શ્રીકૃષ્ણની વ્રજલીલા વર્ણવી છે. આ લીલા ભક્તજનની શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ નામની પંચતન્માત્રાઓની શુદ્ધિ માટે છે. બબ્બે શ્લોકના ક્રમથી એકેક તન્માત્રાની શુદ્ધિ કરે છે.

ગંધ પૃથ્વીનો ગુણ છે. ભગવાન વ્રજભૂમિમાં પધાર્યા. તે દ્વારા પૃથ્વીની અને ભક્તોના ગંધ ગુણની શુદ્ધિ

કરી. ત્રણ કારણથી ભગવાને અવતાર લીધો : ‘ભૂમિ’નું કલ્યાણ (૧), ‘બ્રહ્માજી’ની પ્રાર્થના (૨) અને ‘अपि’ અવ્યયથી લાગે છે કે ‘બીજા ભક્તો’ની પણ પ્રાર્થનાથી પધાર્યા છે (૩).

વ્રજમાં “एकादश’ અગીઆર વર્ષ બિરાજ્યા. અગીઆર વર્ષ બિરાજીને રુદ્ર ભગવાનનું પ્રિય કર્યું છે. અન્તરિક્ષના દેવ રુદ્ર છે તેમ જ પશુઓના સ્વામી પશુપતિ પણ રુદ્ર છે. પશુપતિ રુદ્રની કૃપાથી પશુની રક્ષા થાય છે. ભગવાનને ગોધન ખૂબ જ પ્રિય છે. પ્રિયનું રક્ષણ કરે તે પ્રિય લાગે તેથી રુદ્રપ્રિયતા માટે ૧૧ વર્ષ ગોકુલમાં વસ્યા. “गूढार्चिः” ગુપ્ત તેજવાળો અગ્નિ જેમ કાષ્ઠનો દાહ કરે છે તેમ ભગવાન પોતાના ગૂઢ તેજ સંકર્ષણ દ્વારા પૂતના વગેરેનો નાશ કરે છે. તેથી જ “सबलः” બલદેવ સાથે ગોકુલમાં બિરાજ્યા છે. ૨૫, ૨૬

परीतो वत्सपैर्वत्सान् चारयन् व्यहरद् विभुः[1] ॥
यमुनोपवने कूजद्द्विजसंकुलिताङ्घ्रिपे ॥ २७ ॥
कौमारीं दर्शयन् चेष्टां प्रेक्षणीयां व्रजौकसाम् ॥
रुदन्निव हसन् बालमुग्धसिंहावलोकनः ॥ २८ ॥

અન્વયાર્થ—**कूजद्-द्विज-संकुलित-अङ्घ्रिपे**–કૂજન કરતાં પક્ષીઓથી ભરપૂર વૃક્ષોવાળા, **यमुना-उपवने**–શ્રી યમુનાજીના કિનારાના ઉપવનમાં, **वत्सपैः**–ગોપાળ બાળકોથી, **परीतः**–વીંટાએલા, **वत्सान्**–વાછરડાંને, **चारयन्**–ચારતા, **विभुः**–શ્રીકૃષ્ણ, **व्यहरत्**–વિહરતા હતા. **बाल-मुग्ध-सिंह-अवलोकनः**–બાળસિંહના જેવી મોહક દૃષ્ટિવાળા, **रुदन् इव**–જાણે રડતા હોય, **हसन्**–હસતા ભગવાન, **प्रेक्षणीयाम्**–દર્શનીય, **कौमारीम्**–બાલ્યાવસ્થા, **चेष्टाम्**–લીલાને, **व्रज-ओकसाम्**–વ્રજવાસીઓને, **दर्शयन्**–દર્શાવતા વિહરતા હતા. ૨૭, ૨૮

અનુવાદ—કૂજન કરતાં પક્ષીઓથી ભરપૂર વૃક્ષોવાળા શ્રી યમુનાજીના કિનારાના ઉપવનમાં વાછરડાં ચારતા વ્રજબાળકોથી વીંટાએલા ભગવાન શ્રીકૃષ્ણ વાછરડાંને ચારતા વિહાર કરતા હતા. વળી મોહક બાળસિંહના જેવી દૃષ્ટિવાળા જાણે રડતા હોય તેવા હસતા ભગવાન દર્શનીય એવી કૌમાર લીલા વ્રજનિવાસીઓને દર્શાવતા વિહાર કરતા હતા. ૨૭, ૨૮

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં ‘રસતન્માત્રાની શુદ્ધિનું દર્શન થાય છે. ભગવાનની માધુર્ય રસપૂર્ણ કૌમાર લીલાનું વર્ણન છે. આ લીલા આનંદરસપૂર્ણ છે. તેથી રસતન્માત્રાની શુદ્ધિ કરશે. આ બે શ્લોકો તૃતીય સ્કંધના ‘મુખ’ રૂપ છે. અને પ્રકરણના “કાન” રૂપ છે.

‘**यमुनोपवने**” આ શ્રી યમુનાજીનો કિનારો ભક્તિ મહારાણીનો તટ છે. તેના ઉપરનાં તરુવરો વેદરૂપ કલ્પતરુઓ છે. વૃક્ષ ઉપરનાં કૂજન કરનાર द्विज પક્ષીરૂપ ઋષિજનો છે. ‘દ્વિજ’ એટલે બે વાર જન્મ લે તેને દ્વિજ કહે છે. આ દ્વિજ શબ્દ વિપ્રવાચક છે. તે ભક્તિરસનાં પાન કરી, વેદગાન મીઠાં બનાવે છે એને કૂજન કહે છે. તેમાં સામનું સંગીત છે. હૃદયના ભાવ છે.

ભગવાનનું વ્યાપિ વૈકુંઠમાં પ્રણવ, ગાયત્રી અને વેદશાખાઓ સ્તુતિ કરતાં હતાં. તે સર્વ ભગવાનની સ્તુતિ કરવા વ્રજમાં પધાર્યાં. વેદની શાખાઓ વૃક્ષરૂપ બની છે. તેના ઉપર ઋષિઓ બેઠા છે.

“**कौमारीं दर्शयन् चेष्टाम्**”—પાંચ વર્ષ પર્યન્તની વયને “કૌમાર” અવસ્થા કહે છે. પાંચ વર્ષની લીલાઓ પાંચ પ્રકારના વ્રજવાસીઓને રસદાન કરવા માટે છે. સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારના પુરુષો, તેમજ તામસ અને રાજસ એવી બે પ્રકારની વનિતાઓ મળીને પાંચ પ્રકારનાં વ્રજજનો થયાં. “**रुदन् इव**” રડવાનું અનુકરણ કરવું એ તામસ પ્રકૃતિને રસ આપે છે. સ્ત્રીઓને તેનાથી સુખ મળે છે. **हसन् इव**’ હસવાની ચેષ્ટા સાત્વિક રાજસને હર્ષ આપે છે. સત્વગુણ જ્ઞાનપ્રધાન છે. તે પુરુષોનો ધર્મ છે. સ્ત્રીજનમાં સત્વગુણ નથી, તેઓ ભક્તિપ્રધાન છે. જ્ઞાન કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. તેથી તેમને જ્ઞાનની આવશ્યકતા નથી. ૨૭, ૨૮

---

[1] व्यचरद् विभुः प्रा.पा.

स एव गोधनं लक्ष्म्या निकेतं सितगोवृषम् ॥
चारयन्ननुगान् गोपान् रणद्वेणुररीरमत् ॥ २९ ॥

प्रयुक्तान् भोजराजेन मायिनः कामरूपिणः
लीलया व्यनुदत्तांस्तान् बालः क्रीडनकानिव ॥ ३० ॥

અન્વયાર્થ—स एव–તે જ શ્રીકૃષ્ણ, **रणद्-वेणुः**–મુરલીને બજાવતાં, **लक्ष्म्याः**–લક્ષ્મીજીના, **निकेतनम्**–ધામ સમાન, **सित-गोवृषम्**–શ્વેત વર્ણવાળી ગાય અને બળદવાળા, **गोधनम्**–ગોધણને, **चारयन्**–ચારતા ચારતા, **अनुगान्**–અનુગામી સેવક, **गोपान्**–ગોપબાલકોને, **अरीरमत्**–આનંદ આપતા હતા. ૨૯

बालः–બાળક જેમ, **क्रीडनकान् इव**–રમકડાં રમે તેમ, **भोजराजेन**–રાજા કંસે, **प्रयुक्तान्**–મોકલેલા, **तान् तान्**–તે તે અનેક, **कामरूपिणः**–ઇચ્છાનુસાર રૂપવાળા, **मायिनः**–કપટી દૈત્યોનો, **लीलया**–ખૂબ સહેલાઇથી, **व्यनुदत्**–નાશ કર્યો. ૩૦

અનુવાદ—થોડા મોટા થતાં તે જ શ્રીકૃષ્ણજી, લક્ષ્મીના ધામ સમાન, શ્વેતવર્ણી ગાયોને અને બળદના ધણને ચારતા વેણુ બજાવતા સેવક ગોપોને રમાડતા હતા. ૨૯

આ સમયે રાજા કંસે મોકલેલા તે તે અનેક માયાવી રૂપધારી રાક્ષસોનો ભગવાને, બાળક રમતમાં જેમ રમકડાં તોડે તેમ એ રીતે સહજતાથી નાશ કર્યો. ૩૦

તત્ત્વસુધા—૨૯ અને ૩૦ એ શ્લોકોમાં રૂપમાધુર્યથી ભકતોની રૂપતન્માત્રાની શુદ્ધિ બતાવે છે. શ્રીકૃષ્ણની ત્રિભંગ લલિત આકૃતિનું દર્શન સર્વ વિકારોને દૂર કરે છે. ૨૯મા શ્લોકની લીલા પૌગંડાવસ્થાની એટલે છઠ્ઠા વર્ષની છે. બાકીના શ્લોકોમાં પછીના એક એક વર્ષની લીલાઓ વર્ણવી છે. શ્રીકૃષ્ણ ભગવાનને "**लक्ष्म्याः निकेतम्**" 'લક્ષ્મીના ધામ' તરીકે વર્ણવ્યા છે. અતિશય સૌન્દર્ય લક્ષ્મીનું ધામ મનાય છે. પોતાનાં સૌન્દર્યનાં દર્શન કરાવી રૂપાસક્તિ દૂર કરી. ૨૯

'प्रयुक्तान्' દૈત્યો આવતા તો ન હતા કંસરાજાએ બળાત્કારે મોકલ્યા છે. આવેલ દૈત્યોને માટીનાં રમકડાંની માફક વિના મહેનતે માર્યા. આ બે શ્લોકોમાં ગાયો ચારવાથી ધર્મ, લક્ષ્મીનિકેતથી અર્થ, વેણુવાદનથી કામ, દૈત્યવધથી મોક્ષનું નિરૂપણ કર્યું છે. આ છ શ્લોકથી લીલાઓના નિરૂપણમાં ક્રમ સાચવીને વર્ણન કર્યું નથી. ૩૦

विपन्नान् विषपानेन निगृह्य भुजगाधिपम् ॥
उत्थाप्यापाययद्गावस्तत्तोयं प्रकृतिस्थितम् ॥ ३१ ॥

अयाजयद् गोसवेन गोपराजं द्विजोत्तमैः ॥
वित्तस्य चोरुभारस्य चिकीर्षन् सद्व्ययं विभुः ॥ ३२ ॥

અન્વયાર્થ—भुजग-अधिपम्–કાલીયનાગને, **निगृह्य**–વશ કરીને, **विष-पानेन**–વિષપાનથી, **विपन्नान्**–નાશ પામેલા ગોપબાળોને, અને **गावः**–ગાયોને, **उत्थाप्य**–બેઠાં કરીને, સજીવ બનાવીને, **तत् तोयम्**–તે ઝેરીલા જલને, **प्रकृतिस्थितम्**–વિષરહિત બનાવીને, **अपाययत्**–પાયું. ૩૧

च–અને, **उरुभारस्य**–પુષ્કળ ભેગા થએલા, **वित्तस्य**–દ્રવ્યનો, **सद्-व्ययम्**–સદુપયોગ, **चिकीर्षन्**–કરવા ઇચ્છતા, **विभुः**–શ્રીકૃષ્ણે, **द्विज-उत्तमैः**–શ્રેષ્ઠ બ્રાહ્મણો દ્વારા, **गोपराजम्**–શ્રી નંદબાવાની પાસે, **गोसवेन**–ગોસવયજ્ઞ–ગોવર્ધન મહોત્સવ, **अयाजयत्**–યજન કરાવ્યો. ૩૨

અનુવાદ–કાલીયનાગને નાથીને, ઝેરી જળ પીવાથી મરણ પામેલ ગોપબાળ અને ગાયોને સજીવ કરી પૂર્વના જેવું જ પીવા લાયક જળ બનાવીને પીવરાવ્યું. ૩૧

વળી વધેલા ધનનો સદ્વ્યય કરવાની વૃત્તિથી ભગવાને ઉત્તમ બ્રાહ્મણો દ્વારા ગોપરાજ શ્રી નન્દબાવા પાસે ગોસવયાગ–ગોવર્ધન મહોત્સવ કરાવ્યો. ૩૨

તત્ત્વસુધા—૩૧ અને ૩૨ એ શ્લોકોમાં સ્પર્શ દ્વારા સ્પર્શતન્માત્રાની શુદ્ધિ કરી છે. કાલીયનાગને નાથવાનું અને સૂતેલાં બાળકોની માફક વિષપાનથી મરણ પામેલાં બાળકોને માતાની માફક પીઠે હાથ મૂકી બેઠાં કરવાનું કામ સ્પર્શથી કર્યું છે તેથી સ્પર્શતન્માત્રાની શુદ્ધિ થઈ. ભગવાનના શ્રેષ્ઠ વાત્સ્યલને દર્શાવવા જ उत्थाप्य કૃદન્તનો પ્રયોગ કર્યો છે. સાતમા વર્ષના પ્રારંભમાં કાલીય નૃત્યની લીલા કરેલી, અને સાતમા વર્ષના અંતમાં ગોવર્ધન મહોત્સવ કરેલો. વૈશ્યને કરવાના યાગનું નામ "વૈશ્યસ્તોમ" છે તેને જ ગોસવયાગ કહ્યો છે. કરોડોનો વ્યય ઇન્દ્રયાગ માટે થતો તેનો વૈશ્યધર્મોચિત ગોસવયાગ દ્વારા સદ્વ્યય કરાવ્યો. प्रतिपद्दर्शसंयोगे क्रीडनं तु गवां मतम् એવું વિધાન છે. ૩૧, ૩૨

वर्षतीन्द्रे व्रजः कोपाद् भग्नमानेऽतिविह्वलः ॥
गोत्रलीलातपत्रेण त्रातो भद्रानुगृह्णता ॥ ३३ ॥
शरच्छशिकरैर्मृष्टं मानयन् रजनीमुखम् ॥
गायन् कलपदं रेमे स्त्रीणां मण्डलमण्डनः ॥ ३४ ॥

અન્વયાર્થ—**भद्र**–હે વિદુર! **भग्नमाने**–અપમાન પામેલા, **इन्द्रे**–ઇન્દ્રે, **कोपात्**–ક્રોધથી, **वर्षति**–વરસવા માંડયું ત્યારે, **अति-विह्वलः**–ખૂબ જ ગભરાયેલા, **व्रजः**–વ્રજને, **गोत्र–लीला–आतपत्रेण**–રમત રમતમાં છત્રીરૂપે ઊંચકેલા પર્વતરાજ વડે, **अनु-गृह्णता**–અનુગ્રહ કરતા શ્રીકૃષ્ણે, **त्रातः**–બચાવ્યું. ૩૩

शरद्–शशिकरैः–શરદ ઋતુનાં ચન્દ્રનાં કિરણોથી, **मृष्टम्**–સ્વચ્છ, **रजनीमुखम्**–રજનીમુખને–સંધ્યા-સમયને, **मानयन्**–માન આપનાર, **स्त्रीणाम्**–વ્રજવનિતાઓના, **मण्डल–मण्डनः**–સમૂહને શોભાવતા, **कलपदम्**–મધુર શબ્દવાળું, **गायन्**–ગાન કરતા, **रेमे**–ક્રીડા કરતા હતા. ૩૪

અનુવાદ—હે ભદ્રપુરુષ વિદુરજી! કરુણામય ભગવાન શ્રીકૃષ્ણે માનભંગ થયેલા ઇન્દ્રે ક્રોધથી મુશળધાર વૃષ્ટિ શરૂ કરી ત્યારે ખૂબ જ ગભરાયેલા વ્રજની, રમત રમતમાં છત્રીરૂપે ઊંચકેલ પર્વતરાજને ધારણ કરી રક્ષા કરી હતી. તેમજ શરદઋતુના ચન્દ્રનાં કિરણોથી ઉજ્જ્વલ બનેલા રાત્રિના પ્રારંભને માન આપી વ્રજવનિતાઓનાં મંડલના આભૂષણરૂપ ભગવાન મધુર પદવાળું ગાન કરતા રમણ કરતા હતા. ૩૩, ૩૪

તત્ત્વસુધા—'वर्षतीन्द्रे' ઇન્દ્રે પણ ભગવત્પ્રેરિત જ વૃષ્ટિ કરી છે. યજ્ઞની દેવતા દેહવાળી હોય છે. દેહ આવ્યો એટલે અભિમાન આવ્યું. ઇન્દ્રને ગોવર્ધન મહોત્સવથી સ્વમાનહાનિ લાગી તેથી મુશળધાર વૃષ્ટિ કરી. ભગવાને गोत्र એટલે પર્વતને ધારણ કર્યો. પર્વત શબ્દ ન વાપરતાં ગોત્ર શબ્દ વાપરવાનું કારણ છે કે પર્વતોથી પૃથ્વીની રક્ષા થાય છે માટે પર્વતની અવશ્ય રક્ષા કરવી. આ વ્રજરક્ષણ લીલા પુષ્ટિલીલા છે. કૃપામયી લીલાને પુષ્ટિલીલા સમજવી.

"रजनीमुखम्" 'રજનીમુખ'નો અર્થ સામાન્ય રીતે રાત્રિનો પ્રારંભ અથવા તો સંધ્યાસમય થાય. પરંતુ આ સ્થાને તો ભગવાને રાત્રિને જ અનન્ત સ્ત્રીઓનાં સ્વરૂપ આપ્યાં છે. મનને "ચન્દ્રમા" બનાવ્યા છે, અને રાસલીલાના નિમિત્તે સમસ્ત બ્રહ્માંડને શબ્દબ્રહ્મનો આનંદ દીધો છે. જો રાસલીલા સંસારભોગવિષયની વાત હોત તો તેને માટે સંધ્યા સમય ન હોઈ શકે. એટલે રાસલીલા આત્મરસ છે એવું "રજનીમુખ" પદથી સ્પષ્ટ સમજાય છે. ૩૩, ૩૪

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો દ્વિતીય અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૩ જો

શ્લોક સંખ્યા ૨૮

उद्धव उवाच — ततः स आगत्य पुरं स्वपित्रोश्चिकीर्षया शं बलदेवसंयुतः ॥
निपात्य तुङ्गाद्रिपुयूथनाथं हतं व्यकर्षद् व्यसुमोजसोर्व्याम् ॥ १ ॥

અન્વયાર્થ—**ततः**-ત્યાર બાદ-ગોકુલથી, **स्वपित्रोः**-પોતાનાં માતપિતાનું, **शम्**-કલ્યાણ, **चिकीर्षया**-કરવાની ઇચ્છાથી, **बलदेव-संयुतः**-બળદેવ સાથે, **सः**-ભગવાન શ્રીકૃષ્ણ, **पुरम्**-મથુરાજીમાં, **आगत्य**-આવીને, **रिपु-यूथनाथम्**-શત્રુઓના સમૂહના નેતા કંસને, **तुङ्गात्**-ઊંચા સ્થાનથી, **ओजसा**-પરાક્રમપૂર્વક, **हतं-निपात्य**-મરેલાને નીચે પાડીને **व्यसुम्**-પ્રાણ વિનાનાને, **उर्व्याम्**-પૃથ્વી પર, **व्यकर्षद्**-ઘસેડયો. (વંશસ્થ વૃત્ત) ૧

અનુવાદ—ત્યારબાદ માત-પિતાને સુખ આપવાની વાંછાથી ભગવાન બલભદ્ર સાથે ગોકુળથી મથુરામાં પધાર્યા. ત્યાં શત્રુઓના સમૂહના નાથ કંસને ઊંચા માંચડા ઉપરથી નીચે પાડી પ્રાણરહિત બનાવી પૃથ્વી ઉપર બળવડે ઘસેડયો. ૧

તત્ત્વસુધા—"ततः" અવ્યય છે. લીલાસ્થલ-ભેદ દર્શાવવા માટે અધ્યાયભેદ કર્યો એટલે "ततः" નો અર્થ ગોકુલથી એવો શ્રીમદાચાર્યચરણે કર્યો છે. અન્ય મહાનુભાવ "ततः" નો અર્થ ત્યાર પછી એવો કરે છે.

हतं **व्यसुम्** अकर्षद् 'ભગવાને ગતપ્રાણ કંસને અખાડાની ભૂમિમાં રગદોળ્યો' એવું વ્યાસજી વર્ણવે છે. ગતજીવિત શત્રુને સુહૃદ સમાન સમજવો જોઈએ. मरणान्तानि वैराणि વૈર મરણ પર્યન્ત જ સંભવે તો નિર્વૈર હોય તેઓ આવું કરે ખરા ? તેનું સમાધાન કરે છે કે 'शं चिकीर्षया'-કંસનું કલ્યાણ કરવા કાજે આવું કર્યું છે. કંસની કાયાને જીવતાં દેવદુર્લભ વ્રજરજ ન મળી તો આજે વ્રજરાજ પોતાના ચરણની વ્રજરજગંગામાં કાયાનું સ્નાન કરાવી કલ્યાણ કરવા તેને રગદોળે છે. વળી વિશ્રાન્તિઘાટે પણ કંસને કોણ લઈ જનાર હતું તેથી ભગવાન પોતાના ચરણમાં જ તેને વિશ્રાન્તિ આપે છે. અથવા માતાપિતાને હતું કે કંસ દયાને પાત્ર છે. એને કૃષ્ણચરણરજ મળે તો તેનું કલ્યાણ થાય તેથી પ્રભુએ તેમ કર્યું. ૧

सान्दीपनेः सकृत् प्रोक्तं ब्रह्माधीत्य सुविस्तरम् ॥
तस्मै प्रादात् वरं पुत्रं मृतं पञ्चजनोदरात् ॥ २ ॥

અન્વયાર્થ—**सकृत्**-એકવાર, **प्रोक्तम्**-ઉચ્ચારેલા, **ब्रह्म**-વેદને, **सुविस्तरम्**-સારા વિસ્તારપૂર્વક, **सांदीपनेः**-સાંદીપનિ ઋષિ પાસેથી, **अधीत्य**-ભણીને, **तस्मै**-તેમને, **वरम्**-દક્ષિણારૂપે, **मृतम्**-મરણ પામેલ, **पुत्रम्**-પુત્રને, **पञ्चजन-उदरात्**-પંચજન દૈત્યના પેટમાંથી લાવી, **प्रादात्**-આપ્યો. ૨

અનુવાદ—શ્રી સાંદીપનિએ એક વાર ઉચ્ચારેલા વેદને સંપૂર્ણ વિસ્તાર સાથે ભણીને ગુરુદક્ષિણામાં ગુરુના મરણ પામેલા પુત્રને પંચજન દૈત્યના ઉદરમાંથી લાવી આપ્યો. ૨

તત્ત્વસુધા—"सान्दीपनेः सकृत् प्रोक्तम्" મહાન પુરુષના ચરણે જગત ચાલે છે. તેનો ચીલો રાજમાર્ગ ગણાય છે. સર્વજ્ઞ ભગવાને "બ્રહ્મચર્ય ધર્મ"નું પાલન કરવા સાંદીપનિ મુનિને ત્યાં નિવાસ કર્યો. તત્ત્વજ્ઞાનનું સંદીપન કરનાર સંદીપન મુનિ હતા. તેમના પુત્ર સાંદીપનિ સર્વજ્ઞ ઋષિ હતા. એક જ વાર તે વેદવેદાંગનો ઉચ્ચાર કરે અને ભગવાન સર્વ તુરત જ બોલી બતાવે. આવું શકય ન હોય. પરંતુ બુદ્ધિની તેજસ્વિતા હતી એવું સૂચવે છે. અથવા સર્વજ્ઞ ભગવાન વેદ-આજ્ઞાનું પાલન કરી વેદની પ્રતિષ્ઠા વધારે છે.

---

१ सविस्तरम् प्रा. पा.

ગુરુદક્ષિણા આપવા ગુરુને વિનવ્યા. ગુરુપત્નીએ મૃતપુત્ર માગ્યો. ભગવાન પંચજનં દૈત્યના ઉદરમાંથી પુત્રને પૂર્વવત્ દિવ્ય બનાવી લાવીને ગુરુને આપી તેમની ઇચ્છાને પૂર્ણ કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી "सुविस्तरम्' એવો પાઠ સ્વીકારે છે. સવિસ્તર અને સુવિસ્તર શબ્દના અર્થમાં ઘણું અંતર છે. ૨

समाहुता भीष्मककन्यया ये श्रियः सवर्णेन बुभूषयैषाम् ।
गान्धर्ववृत्त्या मिषतां स्वभागं जह्रे पदं मूर्ध्नि दधत्[1]सुपर्णः ॥ ३ ॥

અન્વયાર્થ—भीष्मक-कन्यया-ભીષ્મક રાજકુમારી રુક્મિણીજીએ, **गान्धर्व-वृत्त्या**-ગાન્ધર્વવિવાહ વિધિથી, **बुभूषया**-પ્રાપ્ત કરવાની વૃત્તિથી, **श्रियः सवर्णेन**-લક્ષ્મીજીની સમાન કાન્તિવાળા અથવા લક્ષ્મીજીના નામના વર્ણવાળા રુક્મી દ્વારા, **समाहुताः**-બોલાવેલા, **ये**-જે રાજાઓ હતા, **एषां मिषताम्**-એમના દેખતાં, **मूर्ध्नि**-મસ્તક ઉપર, **पदम्**-પગને, **दधत्**-ધારણ કરતા કૃષ્ણે, **सुपर्णः इव**-ગરુડજીની માફક, **स्वभागम्**-પોતાના ભાગને, **जह्रे**-હરી લીધો. (ઉપજાતિ વૃત્ત) ૩

અનુવાદ—ભીષ્મક રાજકુમારી રુક્મિણીજીએ ગાંધર્વવિવાહ વિધિએ પ્રાપ્ત કરવાની વૃત્તિથી લક્ષ્મીજીની સમાન કાંતિવાળા રુક્મી દ્વારા રાજાઓને બોલાવ્યા હતા. તે સર્વ રાજાઓના દેખતાં જ શ્રીકૃષ્ણ તેમના મસ્તક ઉપર પગ મૂકીને ગરુડ પોતાના ભાગને લઈ આવે તેમ રુક્મિણીજીને લઈ આવ્યા. ૩

તત્ત્વસુધા—'समाहुताः"—આ ૩ જા શ્લોકમાં બ્રહ્મચર્ય ધર્મ પછીના "ગૃહસ્થાશ્રમ"નું સન્માન કરતી લીલા હોવાથી શ્રી રુક્મિણીજી સાથે ભગવાનના વિવાહની કથા છે. રુક્મિણીજી લક્ષ્મીજીનું સ્વરૂપ છે. રુક્મિણીજીનો વિવાહ ગાન્ધર્વવિધિથી થવાનો છે. ક્ષત્રિયો માટે ગાંધર્વ અને રાક્ષસ વિવાહને ધાર્મિક વિવાહ ગણ્યા છે. "श्रियः सवर्णेन" એ રુક્મીનું નામ છે. "રુક્મ" એટલે સુવર્ણ. રુક્મિણી અને તેમના ભાઈઓનાં નામમાં "રુક્મ" શબ્દ આવે છે. પરંતુ રુક્મિણી તેમના કરતાં દિવ્ય અને શ્રેષ્ઠ છે. તેઓ લક્ષ્મીજીનો અવતાર છે. લક્ષ્મીજીના જેવી અથવા સુવર્ણના જેવી કાન્તિવાળો હોવાથી રુક્મીને "श्रियः सवर्णेन" એવા શબ્દોથી ઓળખાવ્યો છે. "समानौ वर्णौ द्वौ "रुक्मी"त्यक्षरौ यस्य सः" રુક્મિણીના નામના 'રુક્મિ' એવા બે વર્ણો જેના નામમાં છે તે રુક્મિ.

રાજાઓને રુક્મિણીજીએ તેડાવ્યા છે. અથવા રુક્મિણીજીના ગાન્ધર્વવિવાહમાં રુક્મીએ તેડાવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણને ગાન્ધર્વવિવાહથી રુક્મિણીજી વર્યાં છે. ભગવાને સ્વીકાર કર્યો છે અને રાક્ષસ વિવાહની સિદ્ધિ માટે સમસ્ત રાજાઓને પરાજિત કરી રુક્મિણીને લઈ ગયા છે. "લક્ષ્મી" ભગવાનને જ વરે અને ભગવાનની જ સંભવે તેથી તેને તે લઈ જાય તે ખોટું નથી માટે "स्वभागम्" પોતાના ભાગને લઈ ગયા એમ કહ્યું છે. ગરુડની ઉપમા આપી છે. ગરુડજી અમૃત માતા વિનતાની ઇચ્છાથી લઈ આવ્યા છે. તેમ શ્રી રુક્મિણીજીની "માતા"ની ઇચ્છા પૂર્ણ કરવા ભગવાન રુક્મિણી—અમૃતને લાવ્યા છે. "સ્ત્રી" અમૃત છે એવું ગૌરવ સ્ત્રીને આપ્યું છે. भवितुमुद्वोढुमिच्छया बुभूषया વરવાની ઇચ્છાથી એવો અર્થ કરવો શ્રી. પુરુષોત્તમજીએ 'भू' ધાતુનો પ્રાપ્તિ અર્થ કરવો એવી આજ્ઞા કરી છે. ૩

ककुद्मिनो विद्धनसो[2] दमित्वा स्वयंवरे नाग्नजितीमुवाह[3] ॥
तद्भग्नमानानपि गृध्नतोऽज्ञान् जघ्नेऽक्षतः शस्त्रभृतः स्वशस्त्रैः ॥ ४ ॥

અન્વયાર્થ—ककुद्मिनः-મોટી ખાંધવાળા સાંઢને, **विद्धनसः**-વેધીને—નાકે નાથીને, **दमित्वा**-વશ કરીને, **स्वयंवरे**-સ્વયંવરમાં, **नाग्नजितीम्**-નાગ્નજિતીને, **उवाह**-પરણ્યા. **तत्-भग्नमानान्**-આખલાઓને ન વેધી

---

[1] 'ददत्' प्रा. पा. [2] ककुद्मतोऽविद्धनसो प्रा. पा. [3] नाग्नजितीं व्युवाह प्रा. पा.

શકવાથી માનભંગ થયેલા, **अपि**–છતાં, **गृध्नतः**–નાગ્નજિતીની આશા રાખનાર, **अज्ञान्**–અજ્ઞાની, **शस्त्रभृतः**–યુદ્ધ માટે શસ્ત્ર ધારણ કરી ઊભેલા રાજાઓને, **अक्षतः**–ઘવાયા વિના શ્રીકૃષ્ણે, **स्वशस्त्रैः**–પોતાનાં શસ્ત્રોથી **जघ्ने**–હણ્યા. (ઉપજાતિ વૃત્ત) ૪

અનુવાદ—વણનાથેલ સાત સાંઢનાં નાક વીંધી તેમને વશ કરી સ્વયંવરમાં નાગ્નજિતીને પરણ્યા. સાંઢાએ જેમનો માનભંગ કરેલ છે છતાં નાગ્નજિતીની આશા રાખનાર, અજ્ઞાની એવા યુદ્ધ કરવા શસ્ત્ર ધારણ કરી સન્મુખ આવેલા રાજાઓને ઘવાયા વિના ભગવાને પોતાનાં શસ્ત્રોથી હણ્યા. ૪

તત્ત્વસુધા—'नाग्नजितीमुवाह' શ્રીકૃષ્ણ નાગ્નજિતીને પરણ્યા. નાગ્નજિતી સૂર્યવંશની કન્યા છે. ભગવાને પ્રથમ લગ્ન ચન્દ્રવંશમાં કર્યું અને બીજું સૂર્યવંશમાં કર્યું. બન્ને વંશમાં સૌહાર્દ ભાવ સ્થાપવા માટે સૂર્યવંશમાં વિવાહ કર્યો હશે.

સાત સાંઢોને નાથ્યા તેમને નાથીને એક સાથે ખેંચી વશ કર્યા. તેથી "वीर्यपणा" નાગ્નજિતીજી થયાં. આ લગ્ન વીર્યપણ હોવાથી ગાન્ધર્વ લગ્ન પણ છે. શત્રુઓને જીતવાથી રાક્ષસવિવાહ પણ છે. નાગ્નજિતી "બ્રહ્મરૂપા" બુદ્ધિદેવતા છે. नग्नान् पाषण्डान् जयतीति नाग्नजित् वेदः अथवा धर्मः પાખંડીઓને જીતનાર વેદ અથવા ધર્મને 'નગ્નજિત્" કહેલ છે. વેદથી કે ધર્મથી ઉત્પન્ન થયેલ "બુદ્ધિદેવતા" નાગ્નજિતી છે. તે બુદ્ધિમાં માયાએ બે પ્રકારના દોષો મૂકયા છે. પ્રથમ પ્રકારના દોષમાં સાત વ્યસનો છે અને બીજા પ્રકારમાં તો અસંખ્ય દોષો છે. જ્યારે તે નાગ્નજિતી ભગવાનને શરણે આવી ત્યારે સાત સાંઢ જેવાં સાત વ્યસનોને અને અનન્ત દોષોને દૂર કરી "બ્રહ્મરૂપા" નાગ્નજિતીને વર્યા.

અનેક મહાનુભાવો 'अविद्धनसः" એવો પાઠ સ્વીકારે છે. આચાર્યશ્રી "विद्धनसः" પાઠ સ્વીકારે છે. ૪

प्रभुः प्रियं ग्राम्य इव प्रियायाः विधित्सुराच्छेद् द्युतरुं यदर्थे ॥
वज्र्याद्रवत्तं सगणो रुषान्धः क्रीडामृगो नूनमयं वधूनाम् ॥ ५ ॥

અન્વયાર્થ—**प्रभुः**–સમર્થ ભગવાન, **ग्राम्य इव**–ગ્રામ્યજનની માફક, **प्रियायाः**–સત્યભામાનું, **प्रियं विधित्सुः**–પ્રિય કરવાની વૃત્તિથી, **द्युतरुम्**–પારિજાત વૃક્ષને, **आच्छेत्**–લાવ્યા, **यदर्थे**–જેને લીધે, **वज्री**–વજ્રધારી ઇન્દ્ર, **रुषा**–ક્રોધથી, **अंधः**–અંધ થયેલ, **सगणः**–દેવગણ સાથે, **तम् आद्रवत्**–ભગવાન ઉપર ચડી આવ્યો. **नूनम्**–ખરેખર, **अयम्**–આ ઇન્દ્ર, **वधूनाम्**–સ્ત્રીઓનું, **क्रीडामृगः**–રમકડું જ છે. (ઉપજાતિ વૃત્ત) ૫

અનુવાદ—સમર્થ ભગવાન સામાન્ય વિષયીજનની માફક લીલા કરીને સત્યભામાનું પ્રિય કરવાના આશયથી સ્વર્ગમાંથી પારિજાત ઉખાડી લાવ્યા. જેથી ક્રોધાંધ બની રાજા ઇન્દ્રે દેવગણો સાથે ભગવાન ઉપર આક્રમણ કર્યું. સાચે જ બિચારો ઇન્દ્ર સ્વર્ગની અપ્સરાઓનું રમકડું જ છે. ૫

તત્ત્વસુધા—"प्रभुः प्रियं गाम्य इव' આઠ લગ્નમાંથી બે જ લગ્નનો પ્રસંગ વર્ણવ્યો છે તે બે વંશનાં બે લગ્ન દર્શાવવા માટે છે. લગ્ન પછી દામ્પત્ય જીવનમાં "પરસ્પરની ઇચ્છાપૂર્તિ" એ દામ્પત્યનો સ્થૂલ આનંદ છે. આ આનંદ ઘણી વાર "મર્યાદાભંગ" કરીને ભોગવાય છે. શ્રીકૃષ્ણ ભગવાને તેવો મર્યાદાભંગ કરી સત્યભામાદિ પટ્ટરાણીઓને આનંદ આપ્યો છે. "પારિજાત" વૃક્ષ સ્વર્ગમાં જ રહે તેમજ દેવો તેને ભોગવે તેવી મર્યાદા છે. ભગવાને તે બન્ને મર્યાદા તોડી પુષ્ટિથી–અનુગ્રહથી સત્યભામાદિ પ્રિયાઓને ભોગવવા આપ્યું.

ભગવાનનું 'પારિજાત' લાવવું ઉચિત હતું. "पतिर्विश्वस्य" ભગવાન વિશ્વના પતિ છે એવું શ્રુતિએ કહેલ છે. તેથી પૂછવાની આવશ્યકતા ન હતી. પરંતુ "ઇન્દ્ર" વિવેક વિનાનો છે. તેથી તેને "વજ્રી" કહ્યો છે. સ્વાર્થ

માટે બ્રાહ્મણના શરીરના અસ્થિનું વજ્ર બનાવ્યું અને સ્વર્ગ માટે વિપ્ર વૃત્રાસુરનો વધ વજ્રથી કર્યો. તે ભગવાન સામે આવે એમાં નવાઈ નથી. વળી "क्रीडामृगः" અપ્સરાઓનું તે રમકડું છે. સ્ત્રીઓએ ઉશ્કેર્યો અને વિના વિવેકે યુદ્ધે આવ્યો. ઉપકાર ભાર નીચે ઇન્દ્ર હતો તેથી યુદ્ધ ન થાય. ભગવાન વિશ્વપતિ અને પાલક છે તેથી યુદ્ધ ન થાય. પરંતુ વાનર પાલકને કરડે તેમ ઇન્દ્રે કર્યું. ૫

सुतं मृधे खं वपुषा ग्रसन्तं दृष्ट्वा सुनाभोन्मथितं धरित्र्या ॥
आमंत्रितस्तत् तनयाय शेषं[1] दत्त्वा तदन्तःपुरमाविवेश ॥ ६ ॥

અન્વયાર્થ—वपुषा-શરીરથી, **खम्**-આકાશને, **ग्रसन्तम्**-ગળી જતા એવા, **सुतम्**-પુત્રને, **सुनाभ-उन्मथितम्**-ચક્રથી મરણ પામતા, **दृष्ट्वा**-જોઈને, **धरित्र्या**-પૃથ્વીએ, **आमंत्रितः**-વિનવેલા ભગવાન, **शेषम्**-બાકીનું રાજ્ય, **तत् तनयाय**-તેના પુત્રને, **दत्त्वा**-આપીને, **तदन्तःपुरम्**-તેના અન્તઃપુરમાં, **आविवेश**-પ્રવેશ્યા. ઉપજાતિ વૃત્ત) ૬

અનુવાદ—પોતાના વિશાળ શરીરથી, આકાશને ગળી જનારા સમર્થ પુત્ર ભૌમાસુરને યુદ્ધમાં ભગવાને સુદર્શનચક્રથી માર્યો. ત્યારે પૃથ્વીએ ભૌમાસુરના પુત્રની રક્ષા માટે ભગવાનની પ્રાર્થના કરી એટલે તેના પુત્રને બાકીનું રાજ્ય આપી તેના અન્તઃપુરમાં પ્રવેશ કર્યો. ૬

તત્ત્વસુધા—પ્રથમના શ્લોકોમાં આઠમાંથી બે વિવાહ વર્ણવ્યા. સોળ હજાર વિવાહની ગાથા ૬ અને ૭ શ્લોકોથી કરે છે. સોળ હજાર કન્યાઓને અન્તઃપુરમાં રૂંધવાનો તેમજ આકાશને ગળી જવાનો ઈરાદો, આવા બે અપરાધો ભૌમાસુરના હતા તેથી જ તેનો વધ કર્યો છે. જો કે આકાશને ગળી તો ન શકાય કારણ કે તે તો 'खं'—શૂન્ય પદાર્થ છે. પરંતુ આકાશને પોતાના દેહના વિસ્તારથી ભરી દીધું હતું. દેવોના અને મનુષ્યોના વિમાનને જવાના રસ્તાને ભૌમાસુરે રોકેલો તેથી તેનો વધ કર્યો.

'सुनाभोन्मथितम्' ભૌમાસુરના દેહના સુદર્શનથી વિભાગો કર્યા છે તેમજ તેના શરીરનું મથન કર્યું અને જીવનો ઉદ્ધાર કર્યો. "उन्मथित"ના બે અર્થ થાય છે : શરીરના ભાગ કરવા અને મંથન કરવું. ૬

तत्राहृतास्ता नरदेवकन्याः कुजेन दृष्ट्वा हरिमार्तबन्धुम् ॥
उत्थाय सद्यो जगृहुः प्रहर्षव्रीडानुरागप्रहितावलोकैः[2] ॥ ७ ॥

અન્વયાર્થ—तत्र-ત્યાં, **कुजेन**-ભૌમાસુરે, **आहृताः**-આણેલી, **ताः**-તે, **नरदेव-कन्याः**-રાજકન્યાઓએ, **आर्त-बन्धुम्**-દુઃખીઓના બેલી, **हरिम्**-શ્રીકૃષ્ણને, **दृष्ट्वा**-જોઇને, **सद्यः**-એકદમ, **उत्थाय**-ઊભી થઈને, **प्रहर्ष-व्रीडा-अनुराग-प्रहित-अवलोकैः**-અતિશય આનંદ, લજ્જા અને પ્રેમથી પ્રેરિત નજરે, **जगृहुः**-પ્રભુને પતિ તરીકે સ્વીકાર્યા. ૭

અનુવાદ—ત્યાં ભૌમાસુર રાજાઓને જીતીને તેઓની કન્યાઓને એકઠી કરી હતી. તે રાજકન્યાઓ દીનબંધુ શ્રીકૃષ્ણને જોઈને ઊભી થઈ ગઈ. અને અતિશય આનંદ, લજ્જા અને પ્રેમ ભરી નજરે એક સાથે પ્રભુને વરી. ૭

તત્ત્વસુધા—શ્રીકૃષ્ણને आर्तबन्धु' અને 'हरि' એવાં બે વિશેષણ આપ્યાં છે. રાજકન્યાઓ શ્રીકૃષ્ણને મેળવવા આર્ત હતી. ભગવાન "આર્તબન્ધુ" હતા. કન્યાઓ કારાગૃહમાં આર્ત હતી ને ભગવાન દુઃખવિમોચક "હરિ" હતા તેથી બે વિશેષણ આપ્યાં છે.

---

१ राज्यं प्रा. पा., २ लोकाः प्रा. पा.

"સમાન કક્ષામાં મૈત્રી અને વિવાહ દીપે." ભગવાન સત્-ચિત્-આનન્દ છે, કન્યાઓ પણ સત્-ચિત્-આનન્દના અંશરૂપે ધર્મથી ભગવાનને નિહાળે છે. પ્રહર્ષથી એટલે આનંદમયી નજરે, લજ્જાથી ચિન્મયી નજરે અને પ્રેમથી સદ્ધર્મમયી નજરે ભગવાનને નિહાળે છે. તેઓએ ભગવાનને હસ્તથી કે દેહથી પકડ્યા નથી. પરંતુ નજરથી જ નિહાળ્યા છે. ૭

आसां मुहूर्त एकस्मिन् नानागारेषु योषिताम् ॥
सविधिं जगृहे पाणीनंनुरूपः स्वमायया ॥ ८ ॥

અન્વયાર્થ—**स्व मायया**-પોતાની માયાથી, **अनुरूपः**-જરૂરી રૂપ ધારણ કરનારા, **नाना-आगारेषु**-અનેક ભવનોમાં, **एकस्मिन्**-એક જ, **मुहूर्ते**-મુહૂર્તમાં, **सविधिम्**-વિધિપૂર્વક, **आसाम्**-આ, **योषिताम्**-સ્ત્રીઓના, **पाणीन्**-હસ્તને, **जगृहे**-સ્વીકાર્યા. ૮

અનુવાદ—પોતાની માયાથી અનેક રૂપ ધારણ કરી જુદા જુદા નિવાસોમાં એક જ મુહૂર્તમાં આ કુમારીઓના હસ્તને વિધિપૂર્વક ગ્રહણ કર્યો. ૮

તત્ત્વસુધા—'आसां मुहूर्त एकस्मिन्'—એક જ મુહૂર્તમાં, અનેક નિવાસોમાં, અનેક સ્વરૂપે અને વિધિપૂર્વક પાણિગ્રહણ કર્યું. આ ચારે ચાર મુદ્દાઓ રસપુષ્ટિ, સ્નેહપુષ્ટિ, ધર્મપુષ્ટિ અને ભાવપુષ્ટિની દૃષ્ટિથી આપ્યા છે. જો વારાફરતી વિવાહ કરે તો ભાવવૈષમ્ય લાગે. એક જ રૂપે લગ્ન કરે તો રસપુષ્ટિ ન થાય. ગાંધર્વ વિવાહ વિધિથી લગ્ન ન કરે તો ધર્મપુષ્ટિ ન થાય, એક જ ઘરમાં કરે તો સ્નેહપુષ્ટિ ન થાય. ૮

तास्वपत्यान्यजनयदात्मतुल्यानि सर्वशः[2] ॥
एकैकस्यां दशदश प्रकृतेर्विबुभूषया ॥ ९ ॥

અન્વયાર્થ—**प्रकृतेः**-પ્રકૃતિની, **विबुभूषया**-વધવાની ઇચ્છાથી, **तासु**-તે સ્ત્રીઓમાં, **एक-एकस्याम्**-એક એકમાં, **सर्वशः**-સર્વ પ્રકારે, **आत्म-तुल्यानि**-પોતાના જેવાં જ, **दश दश**-દશ દશ, **अपत्यानि**-સંતાનોને, **अजनयत्**-જન્મ આપ્યો. ૯

અનુવાદ—પ્રકૃતિની વધવાની ઇચ્છાથી તે સ્ત્રીઓમાં પ્રત્યેકમાં સર્વ પ્રકારે પોતાના જેવાં જ દશ દશ પુત્રો અને એક કન્યાને જન્મ આપ્યો. ૯

તત્ત્વસુધા— प्रकृतेः विबुभूषया' પ્રકૃતિને વધવાનું મન થયું. પરંતુ તેને અનુરૂપ પુરુષ મળે ત્યારે વધે ને! જ્યારે ભગવાને અનેક એટલે સોળહજાર અને આઠ સ્વરૂપ લીધાં ત્યારે તેને તક મળી અને ભગવાન દ્વારા તેને વધવાની ઇચ્છા થઈ. તેથી ભગવાને તેમાં એક એક કન્યા અને દશ પુત્રો આપ્યા. "दशास्यां पुत्रानाधेहि" આમાં દશ પુત્રોનું આધાન કરો એવું શ્રુતિનું વિધાન છે. તેનો આદર કર્યો. "तासु" અધિકરણમાં સપ્તમી વાપરી છે તેથી પ્રકૃતિ જેવાં નહિ પરંતુ ભગવાન જેવાં સંતાન કહેલાં છે.

"सर्वशः आत्मरूपाणि" તે દશ દશ સર્વ પ્રકારે આત્મતુલ્ય હતાં. સર્વશઃ એટલે "દેહ, ઇન્દ્રિય પ્રાણ, અન્તઃકરણ અને સ્વરૂપ એમ પાંચ પ્રકારે" ભગવાનના જેવાં હતાં. તેથી પ્રદ્યુમ્નને જોઈને પ્રત્યેકને શ્રીકૃષ્ણની ભ્રાન્તિ થઈ હતી. ૯

कालमागधसाल्वादीननीकै रुधन्तः पुरम् ॥
अजीघनत् स्वयं दिव्यं स्वपुंसां तेज आदिशत् ॥ १० ॥

---

१ पाणीनुरुरूपः प्रा पा., २ सर्वतः प्रा. पा.

અન્વયાર્થ—अनीकैः-સૈન્ય વડે, **पुरम्**-મથુરા નગરને, **रुन्धतः**-ઘેરો ઘાલનાર, **काल-मागध-शाल्व-आदीन्**-કાલયવન, જરાસંધ અને શાલ્વ વગેરેને, **स्वयम्**-જાતે જ, **अजीघनत्**-હણ્યા અને **स्वपुंसाम्**-પોતાના પુરુષોને તે માટે, **दिव्यं तेजः**-દિવ્ય તેજ, **आदिशत्**-આપ્યું. ૧૦

અનુવાદ—મથુરા નગરને મોટાં સૈન્યોથી ઘેરી લેનાર શાલ્વ, જરાસંધ, કાલયવન વગેરેને પોતે હણ્યા અને પોતાના પુરુષોને તે માટે દિવ્ય તેજ આપ્યું. ૧૦

તત્ત્વસુધા—કાલયવન માગધ શાલ્વ વગેરેનો નાશ કર્યો છે તે સમયે ભગવાને પોતાના ભક્ત પુરુષો મુચુકુન્દ ભીમસેન વગેરેમાં પોતાનું તેજ પધરાવ્યું છે તેમજ તેમનો પોતે નાશ કર્યો છે. તાત્પર્ય કે મુચુકુન્દ વગેરેએ પોતાના પ્રયત્નથી દૈત્યોનો નાશ નથી કર્યો પણ " કાલવયન " કાળનું સ્વરૂપ હતો. ગર્ગનો પુત્ર હતો. લૌકિક રીતે બ્રાહ્મણનો ભક્ત હતો તેનો વધ મુચુકુન્દમાં પ્રવેશેલા " સંવત્સર "રૂપ કાળથી કર્યો છે. જરાસંધનો રુદ્રરૂપે ભીમસેનમાં પ્રવેશી વધ કર્યો છે. શાલ્વ શિવભક્ત હતો આ ત્રણે જણ બ્રાહ્મણ, વેદ અને શિવના ભક્તો હતા. ૧૦

शम्बरं द्विविदं बाणं मुरं बल्वलमेव च ॥
अन्यांश्च दन्तवक्त्रादीनवधीत् कांश्च घातयन्[1] ॥ ११ ॥

અન્વયાર્થ—शम्बरम्-શમ્બરાસુરને, **द्विविदम्**-દ્વિવિદ વાનરને, **बाणम्**-બાણાસુરને, **मुरम्**-મુર દાનવને, **च बल्वलम्**-બલ્વલને, **च**-અને, **दन्तवक्त्रादीन्**-દંતવક્ત્ર વગેરેને, **च**-અને **कान् अन्यान्**-બીજા કેટલાકને, **घातयन्**-મરાવ્યા અને **अवधीत्**-માર્યા. ૧૧

અનુવાદ—શંબર, દ્વિવિદ, બાણ, મુર, બલ્વલ તથા દંતવક્ત્ર વગેરેને અને બીજા પણ કેટલાકને બીજા પાસે મરાવ્યા અને પોતે માર્યા. ૧૧

તત્ત્વસુધા—શમ્બરને પ્રદ્યુમ્ન દ્વારા માર્યો. દ્વિવિદને બલભદ્ર દ્વારા હણ્યો. બાણના પોતે હાથ કાપ્યા. બલ્વલને બલભદ્રે માર્યો. મુરને પોતે માર્યો અને દંતવક્ત્ર વગેરેને પણ પોતે જ માર્યા. ૧૧

अथ ते भ्रातृपुत्राणां पक्षयोः पतितान् नृपान् ॥
चचाल भूः कुरुक्षेत्रं येषामापततां बलैः ॥ १२ ॥

અન્વયાર્થ—अथ-પછી, **कुरुक्षेत्रम्**-કુરુક્ષેત્રમાં, **आपतताम्**-ધસી આવતાં, **येषाम्**-જેમનાં, **बलैः**-સૈન્યોથી, **भूः**-પૃથ્વી, **चचाल**-કંપી ઊઠેલી ત્યારે, **ते**-તમારા, **भ्रातृपुत्राणाम्**-ભાઈ પાંડુ અને ધૃતરાષ્ટ્રના પુત્રોના, **पक्षयोः**-પક્ષમાં, **पतितान्**-પડેલા, **नृपान्**-રાજાઓને પણ મરાવ્યા. ૧૨

અનુવાદ—પછી જેમનાં ધસી આવેલાં સૈન્યથી કુરુક્ષેત્રની ધરણી ધ્રૂજી ઊઠેલી ત્યારે તમારા ભાઈ પાંડુ અને ધૃતરાષ્ટ્રના પુત્રોના પક્ષમાં પડેલા રાજાઓને પણ મરાવ્યા. ૧૨

તત્ત્વસુધા—"અથ" અવ્યયથી સૂચવે છે કે ત્યાર બાદ યાદવોનો નાશ કરવાનું કામ ભગવાને શસ્ત્રોથી કર્યું. શસ્ત્ર મૂકી દીધાં છે અને પાંચ પાંડવરૂપી પોતાના પાંચ નખથી કૌરવોના ભારથી ભૂમિની વધી પડેલી ચળને દૂર કરી છે. વળી "અથ" અવ્યયથી સ્વામી સારથિ થાય તેવું સૂચવે છે. જ્યારે ભાઈઓ ભાઈઓ સાથે વઢે છે ત્યારે ધરણી માતા ધ્રૂજી ઊઠે છે. ૧૨

सकर्णदुःशासनसौबलानां कुमन्त्रपाकेन हतश्रियायुषाम्[2] ॥
सुयोधनं सानुचरं[3] शयानं भग्नोरुमुर्व्यां न ननन्द पश्यन् ॥ १३ ॥

---

[1] घातयत् प्रा. पा. [2] हतश्रियायुषम्, हतश्रियाजुषाम्, प्रा. पा, [3] सानुबलं प्रा. पा.

અન્વયાર્થ—**सकर्ण-दुःशासन-सौबलानाम्**–દુર્યોધન–કર્ણ–દુઃશાસન અને શકુનિના, **कुमन्त्र-पाकेन**–કુમંત્રણાના પરિણામે, **हतश्रियायुषाम्**–આયુષ્ય અને લક્ષ્મી નાશ પામેલાનો નાશ કરીને તેમજ **सानुचरम्**–સેવકો સાથે, **उर्व्यां**–ધરણી ઉપર, **शयानम्**–સૂતેલા, **भग्न-उरुम्**–ભાગેલ સાથળવાળા, **सुयोधनम्**–દુર્યોધનને, **पश्यन्**–જોઈને પણ, **न ननन्द**–સંતોષ ન થયો. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૧૩

અનુવાદ—દુર્યોધન, કર્ણ, દુઃશાસન અને શકુનિની કુમંત્રણાના પરિણામે નષ્ટ પામેલ આયુષ્ય–લક્ષ્મીવાળા રાજાઓનો નાશ કરીને તેમજ સેવકો સાથે રણભૂમિમાં સૂતેલા ભાગેલ સાથળવાળા દુર્યોધનને જોઈને પણ ભગવાનને સંતોષ ન થયો ત્યારે— ૧૩

તત્ત્વસુધા—"કુસંગ"થી મૃત્યુ થાય છે ત્યાં પ્રારબ્ધમાં મૃત્યુ ન હોય તો થાય છે. ભલે કલ્પી લઈએ કે માનીએ કે યુદ્ધમાં સર્વનું અદષ્ટ એક હતું તેથી મૃત્યુ થયું. પરંતુ કુસંગે જ મૃત્યુ નિપજાવ્યું. "**सकर्ण**" એટલે કર્ણ સાથે દુર્યોધનનું ગ્રહણ કર્યું છે. કુમતિ આપવાનું કામ કર્ણ–દુઃશાસન–શકુનિએ કર્યું છે તેથી જ દુર્યોધનનું પતન થયું. અન્ય ટીકાકારો सः 'कर्णदुःशासनसौबलानां' એવો અર્થ કરે છે. सः નો અર્થ શ્રીકૃષ્ણ એવો કરે છે. સંભવ છે કે "सः कर्णदुःशासन" એવો પાઠ તેમને લીધો હોય. '**हतश्रियायुषाम्**' એ પાઠ સુબોધિનીજી સંમત છે. શ્રીકૃષ્ણ ભગવાનને કૌરવપાંડવના યુદ્ધમાં નાશ પામેલ "અઢાર" અક્ષૌહિણી સેનાથી સંતોષ થયો નથી. ભૂમિ પર હજી ઘણા પ્રચ્છન્ન અસુરો હતા તેથી તેમનો ભાર દૂર કરવાની કથા આગળના શ્લોકમાં કહે છે—

कियान् भुवोऽयं क्षपितोरुभारो यद्द्रोणभीष्मार्जुनभीममूलैः ॥
अष्टादशाक्षौहिणिको मदंशैरास्ते बलं दुर्विषहं यदूनाम् ॥ १४ ॥

અન્વયાર્થ—**यद्**–જો કે, **द्रोण-भीष्म-अर्जुन-भीम-मूलैः**–દ્રોણ, ભીષ્મ, અર્જુન, ભીમસેન જેમાં મુખ્ય છે એવા, **मद्-अंशैः**–મારા અંશો દ્વારા, **अयम्**–આ, **अष्टादश**–અઢાર, **अक्षौहिणिकः**–અક્ષૌહિણી સેનાનો, **भुवः**–પૃથ્વીનો, **कियान्**–કેટલોક–**उरुभारः**–મોટો ભાર, **क्षपितः**–ઉતાર્યો છતાં, **यदूनाम्** યાદવોનું, **दुर्विषहम्**–અસહ્ય, **बलम्**–સૈન્ય તો, **आस्ते**–બાકી છે. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૧૪

અનુવાદ—દ્રોણ, ભીષ્મ, અર્જુન, ભીમસેન જેમાં મુખ્ય છે એવા મારા અંશોથી અઢાર અક્ષૌહિણી સેનાનો આ બોજો તો ઉતાર્યો છે. છતાં યાદવોનું આ અસહ્ય સૈન્ય તો બાકી છે. ૧૪

તત્ત્વસુધા—ભૂમિ ઉપર બે પ્રકારનો ભાર હતો : એક દુર્યોધન આદિ ખલ પુરુષોનો અને બીજો યાદવોનો. ખલભાર દુઃખકર હતો. યાદવભાર સુખકર હતો. ગોદમાં રહેલા બાળકનો ભાર અત્યંત પ્રિય છે. પરંતુ સહન કરવાનું બળ નથી. ધનની થેલી માથા ઉપર મૂકી છે તે પ્રિય છે પરંતુ ઉઠાવાતી નથી. તેથી બન્ને ભાર ભગવાને દૂર કર્યા.

द्रोणभीष्मार्जुनभीममूलैः–બન્ને સેનામાં અનેક મહાવીર હતા પરંતુ બન્ને પક્ષના બે બે મહાવીરોને વર્ણવ્યા છે. આ ચાર જાણે ચાર પ્રકારની ચતુરંગિણી સેના જ હતી. ભગવાને તેમને "**मदंशैः**" પદથી પોતાના અંશ માન્યા છે. "**मदंशैः**" પદ યાદવોમાં પણ લેવાનું છે. ત્યાં પણ મારા અંશવાળા યાદવોનું સૈન્યબળ અસહ્ય છે એમ સ્વીકારવાનું છે.

આ શ્લોકમાં એક વિવેકપૂર્ણ વાત સૂચવી છે કે કોઈ નાના ગામમાં કોઈ "માથાભારે" ડાકુને મારવા જો રાજા અને સેના આવે તો તે અધમનો નાશ થાય. પરંતુ તેના નાશ માટે આવેલા સૈન્યે ગામનો નાશ કર્યો. ગામનું તેટલું નુકસાન તો તે ખલે પણ નહોતું કર્યું. ભગવાનને પોતાના સૈન્ય માટે આમ જ લાગ્યું તેથી તેનો પણ નાશ કર્યો. ૧૪

मिथो यदैषां भविता विवादो माध्व्या मदाताम्रविलोचनानाम्[1] ॥
नैषां वधोपाय इयानतोऽन्यो मय्युद्यतेऽन्तर्दधते स्वयं स्म ॥ १५ ॥

અન્વયાર્થ—माध्व्या-માધ્વીના, **मद्-आताम्र-विलोचनानाम्**-મદથી સહેજ રાતાં થયેલ નેત્રવાળા, **एषाम्**-આ યાદવોમાં, **यदा**-જ્યારે, **मिथः**-અંદર અંદર, **विवादः**-વિવાદ, **भविता**-થાય, **इयान्**-આજ, **एषाम्**-આમના, **वधोपायः**-નાશનો ઉપાય છે, **अतः**-આ વિના, **अन्यः**-બીજો, **न**-નથી માટે, **मयि**-હું, **उद्यते**-તૈયાર થઈશ, ત્યારે, **स्वयम्**-જાતે જ, **अन्तर्दधते स्म**-નાશ પામશે. (ઉપજાતિ વૃત્ત) ૧૫

અનુવાદ—માધ્વી મદિરાના પાનથી ઉન્મત્ત થયેલ અને કંઈક લાલ નેત્રવાળા આ યાદવોમાં જો એકબીજા સાથે કલહ થાય તો જ તેમનો નાશ થાય. આ વિના એમને માટે અન્ય ઉપાય નથી. હુ તૈયાર થઈશ ત્યારે તે જાતે જ નાશ પામશે. ૧૫

તત્ત્વસુધા—"माध्वी" શબ્દથી મધુર સ્વાદવાળી મદિરાને માની છે. સ્વાદમાં મધુર હોવાથી વધુ પી શકાય. બાદ દેહબુદ્ધિનો વિવેક ચાલ્યો જાય, કલહ વધે અને સર્વનો વિનાશ થાય. આ સર્વ ક્રિયાઓ ભગવાનની એક લીલા છે. જો યાદવો માટે આ લીલા ન હોત તો 'अन्तर्दधते' તિરોહિત થાય છે એવું કહ્યું ન હોત. જ્યારે ભગવાન પોતાનામાં સમાવે છે ત્યારે પોતાની સમાન બનાવીને જ સમાવે છે. ૧૫

एवं संचिन्त्य भगवान् स्वराज्ये स्थाप्य धर्मजम् ॥
नन्दयामास सुहृदः साधूनां वर्त्म दर्शयन् ॥ १६ ॥

અન્વયાર્થ—एवम्-આ પ્રમાણે, **संचिन्त्य**-વિચારીને, **भगवान्**-ભગવાને, **धर्मजम्**-યુધિષ્ઠિરજીને, **स्वराज्ये**-પોતાના રાજ્ય ઉપર, **स्थाप्य**-સ્થાપીને, **साधूनाम्**-સત્પુરુષના, **वर्त्म**-માર્ગને, **दर्शयन्**-દર્શાવતાં, **सुहृदः**-સુહૃદજનને, **नन्दयामास**-આનંદિત કર્યા. ૧૬

અનુવાદ—આમ વિચારીને ભગવાને યુધિષ્ઠિરને પોતાના રાજ્ય ઉપર સ્થાપીને, સત્પુરુષોના માર્ગનું દર્શન કરાવતાં સુહૃદજનને આનંદ કરાવ્યો. ૧૬

તત્ત્વસુધા— धर्मजम्-યુધિષ્ઠિર રાજાને ભગવાને ગાદી ઉપર સ્થાપ્યા તે રાજ્ય स्व-राज्य હતું. "સ્વ" એટલે ધર્મનું (૧) ભગવાનનું (૨) પ્રજાનું (૩) અને યુધિષ્ઠિરજીના બાપદાદાનું (૪) હોઈ યુધિષ્ઠિરનું એવો અર્થ છે. साधूनां वर्त्म-એટલે રાજ્ય ઉપર સ્થાપી યજ્ઞ કરાવી ધર્મનું દર્શન કરાવ્યું. ૧૬

उत्तरायां धृतः पूरो वंशः साध्वभिमन्युना ॥
स वै द्रौण्यस्त्रसञ्छिन्नः पुनर्भगवता धृतः ॥ १७ ॥

અન્વયાર્થ—अभिमन्युना-અભિમન્યુએ, **उत्तरायाम्**-ઉત્તરાજીમાં, **साधु**-સારી રીતે, **धृतः**-સ્થાપેલો, **पूरोः वंशः**-પૂરુનો વંશ, જ્યારે **सः**-તે, **द्रौणि-अस्त्र-सञ्छिन्नः**-અશ્વત્થામાના અસ્ત્રથી છેદાઈ ગયો, ત્યારે તેનું, **भगवता**-ભગવાને, **पुनः**-ફરીથી, **वै-धृतः**-રક્ષણ કર્યું. ૧૭

અનુવાદ—ઉત્તરાજીના ઉદરમાં અભિમન્યુએ સારી રીતે સ્થાપેલ પુરૂરાજાનો વંશ જ્યારે તે અશ્વત્થામાના અસ્ત્રથી છેદાઈ ગયો ત્યારે તેને ભગવાને ફરીથી ધારણ કર્યો. ૧૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં પૂરુના વંશની રક્ષાનું વર્ણન છે. તેમાં પુષ્ટિમાર્ગનું સ્થિરીકરણ છે—" साधु

---

[1] मध्वामदार्ताम्बुजलोच० प्रा. पा.

ધૃતઃ'' અભિમન્યુએ શાસ્ત્રમાં દર્શાવેલ ગર્ભાધાન સંસ્કાર વિધિ પ્રમાણે વંશનું સ્થાપન કર્યું હતું તેથી "સાધુ" રીતે ધારણ કર્યો એમ કહ્યું. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રે તે વંશની પરંપરાને છેદી નાખી. ભગવાને તેને જ ફરીથી કાયમ કરી. નવી વંશપરંપરા નથી કરી.

એ વંશપરંપરા એવી છે કે પ્રથમ પિતાના દેહમાં અન્ન અને આયુષ્ય દ્વારા દેહને ઉત્પન્ન કરનારા અવયવો શરીરમાં આવે છે. પછી બહાર નીકળી સ્થૂલરૂપે દેખાતા તે દેહની અંદર એક પછી એક ઘણા જ સૂક્ષ્મ એવા વીર્ય સુધીની સાત ધાતુને ઉત્પન્ન કરે છે. પછી તે ઢીલા અવયવવાળો સૂક્ષ્મકોશ સ્ત્રીરૂપ અગ્નિના સંબંધથી ખેંચાઈ પીંડ જેવો બની સ્ત્રીમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કર્યા બાદ અન્ન અને આયુષ્યનો આધાર લઈ પ્રથમની માફક જ સાત ધાતુઓને ઉત્પન્ન કરીને અંદર સૂક્ષ્મ સૂક્ષ્મ અમુક ધાતુઓને ઉત્પન્ન કરે છે. આવી બ્રહ્માદિથી સ્થાવર પર્યન્તની પ્રક્રિયા છે. બ્રહ્માસ્ત્રે તેને નષ્ટ કરી. ભગવાને તેનું પુનઃ સ્થાપન કર્યું. એ ભગવાનની પુષ્ટિ એટલે અનુગ્રહ છે. ૧૭

अयाजयद्धर्मसुतमश्वमेधैस्त्रिभिर्विभुः ॥
सोऽपि क्ष्मामनुजै रक्षन् रेमे कृष्णमनुव्रतः ॥ १८ ॥

અન્વયાર્થ—**विभुः**–પરમાત્મા શ્રીકૃષ્ણે, **त्रिभिः**–ત્રણ, **अश्वमेधैः**–અશ્વમેધ યજ્ઞથી, **धर्मसुतम्**–ધર્મરાજને, **अयाजयत्**–યજન કરાવ્યું અને, **सः अपि**–તે પણ, **क्ष्माम्**–પૃથ્વીને, **अनुजैः**–નાના ભાઈઓથી, **रक्षन्**–રક્ષણ કરતા, **कृष्णम् अनुव्रतः**–શ્રીકૃષ્ણને અનુસરી, **रेमे**–રહેવા લાગ્યા. ૧૮

અનુવાદ—શક્તિશાળી શ્રીકૃષ્ણે ત્રણ અશ્વમેધ યજ્ઞ દ્વારા યુધિષ્ઠિર રાજાની પાસે યજન કરાવ્યું. રાજા યુધિષ્ઠિર પણ પોતાના નાના ભાઈઓ સાથે રાજ્યનું રક્ષણ કરતા શ્રીકૃષ્ણના સેવક થઈ રહેવા લાગ્યા. ૧૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં ધર્મરાજને ભગવાન યજ્ઞ કરાવે છે તેનું નિરૂપણ છે—

विभुः ભગવાન સર્વશક્તિમાન છે. તે જ આવા દિવ્ય યજ્ઞ કરાવી શકે. આ યજ્ઞ બ્રાહ્મણોની સૂચનાથી કે યુધિષ્ઠિર રાજાની સમજથી થયા નથી; પરંતુ ભગવાને જ પ્રેરણા કરી હતી. તેથી આ યજ્ઞમાં મંત્રો અને દેવતાઓ પ્રત્યક્ષ ઉપસ્થિત થયા હતા.

"**त्रिभिः**'' શ્રુતિમાં લખ્યું છે કે तरति मृत्युम्, तरति पाप्मानम्, तरति **ब्रह्महत्याम्** ત્રણ ફળ માટે યજ્ઞ કરવા. મૃત્યુ, પાપ અને બ્રહ્મહત્યાને તરવા યજ્ઞ કરવા. કાયિક દુઃખ મૃત્યુ, આધ્યાત્મિક ઇંદ્રિયદુઃખ પાપ, આધિદૈવિક દુઃખ અજ્ઞાન એ જ બ્રહ્મહત્યા. તે ત્રણને દૂર કરવા ત્રણ યજ્ઞનું વિધાન કર્યું છે. એક જ યજ્ઞમાં ત્રણ યજ્ઞની દક્ષિણા આપી અથવા ત્રણ યજ્ઞ કર્યા. જેમ જેમ જુદા જુદા ખોરાકથી જુદી જુદી રીતે લાભ થાય છે તેમ ત્રણ યજ્ઞથી ત્રણ ફળ થાય છે. ૧૮

भगवानपि विश्वात्मा लोकवेदपथानुगः ॥
कामान् सिषेवे[1] द्वार्वत्यामसक्तः सांख्यमास्थितः ॥ १९ ॥

અન્વયાર્થ—**विश्वात्मा**–વિશ્વવ્યાપક, **भगवान्**–ભગવાન શ્રીકૃષ્ણ, **अपि**–પણ, **लोक–वेद–पथ–अनुगः**–લૌકિક અને વૈદિક બન્ને માર્ગને અનુસરતા, **सांख्यम्**–સાંખ્યતત્ત્વને, **आस्थितः**–અનુસરનારા, **असक्तः**–અલિપ્ત રીતે, **द्वार्वत्याम्**–દ્વારિકામાં, **कामान्**–વિષયોને, **सिषेवे**–સેવતા હતા. ૧૯

અનુવાદ—લોક અને વેદના માર્ગને અનુસરનાર વિશ્વાત્મા ભગવાન શ્રીકૃષ્ણ પણ સાંખ્યતત્ત્વનો પ્રયોગ કરવા અલિપ્ત રહીને દ્વારિકામાં ઇચ્છેલા પદાર્થોને ભોગવતા હતા. ૧૯

---

[1] निषेवे प्रा पा.

તત્ત્વસુધા—આ શ્લોકથી ત્રણ શ્લોકોમાં દ્વારિકેશ શ્રીકૃષ્ણની દ્વારકાનિવાસની કથા છે—"विश्वात्मा" શબ્દનો અર્થ વિશ્વરૂપ અને આત્મરૂપ એમ બન્ને સ્વરૂપે ભગવાન છે. તેથી જીવની માફક તે પરિચ્છિન્ન નથી. વિશ્વરૂપ હોવાથી વસ્તુની હદથી પર છે. આત્મા હોવાથી દેશની હદથી પર છે. નિત્ય હોવાથી કાલની હદથી પર છે.

'**लोकवेदपथानुगः**' સમર્થ લોકમર્યાદા તોડે તો મહાન અનર્થ થાય છે. ભગવાને સૂચવ્યું કે તે જ સમર્થ છે કે જે લોકહિત માટે લોકવેદમર્યાદાને પાળે. असक्तः—એટલે જ્ઞાની, જે નિર્લેપ રહી શકે છે. ૧૯

स्निग्धस्मितावलोकेन वाचा पीयूषकल्पया ॥
च[1]रित्रेणानवद्येन श्रीनिकेतेन चात्मना ॥ २० ॥

इमं लोकममुं चैव रमयन् सुतरां यदून् ॥
रेमे क्षणदया दत्तक्षणः स्त्री[2]क्षणसौहृदः ॥ २१ ॥

અન્વયાર્થ—स्निग्ध-स्मित-अवलोकेन-સ્નેહાળ હાસ્યવાળી દૃષ્ટિથી, **पीयूष-कल्पया**—પીયૂષ જેવી મીઠી, **वाचा**—વાણીથી, **अनवद्येन**—વિશુદ્ધ, **चरित्रेण**—ચરિત્રથી, **च श्रीनिकेतेन**—અને લક્ષ્મીના ધામરૂપ, **आत्मना**—પોતાના શ્રીઅંગથી, **इमं लोकम्**-આ લોકને, **च अमुम्**—અને પરલોકને, **च एव**-અને વળી, **यदून्**- યાદવોને, **सुतरां**—અત્યંત, **रमयन्**—આનંદ કરાવતા, **क्षणदया**—રજનીએ, **दत्तक्षणः**—અવસર મળતાં, **स्त्री-क्षण-सौहृदः** સ્ત્રીઓને ઉત્સવ આપતા સૌહાર્દવાળા ભગવાન, **रेमे**—રમણ કરતા હતા. ૨૦, ૨૧

અનુવાદ—સ્નેહાળ અને હાસ્યવાળી દૃષ્ટિથી, અમૃતના જેવી મીઠી વાણીથી, વિશુદ્ધ ચરિત્રથી, લક્ષ્મીના ધામસ્વરૂપ પોતાના અંગથી આ લોક તેમ જ પરલોકને આનંદ પ્રદાન કરતા અને ખાસ કરીને યાદવોને આનંદ દેતા, સ્રીજનોને ઉત્સવ-સુખ દેવામાં પ્રેમ રાખતા રાત્રીએ અવસર આવતાં રમણ કરતા હતા. ૨૦, ૨૧

તત્ત્વસુધા—આ શ્લોકોમાં ચાર જણને ભગવાન જુદી જુદી રીતે આનંદ આપે છે—"**स्निग्धस्मितावलोकेन**" ભૂલોકના જીવોને સ્નેહાળ અને હાસ્યવાળી નજરથી આનંદ આપે છે. ભૂતલના નિવાસી પણ બે પ્રકારના છે. દૈવી જીવોને 'સ્નેહાળ" નજરથી આનંદ આપે છે. 'આસુર'ને હાસ્યવાળી નજરથી આનંદ આપે છે.

'**वाचा पीयूषकल्पया**'—વેદવાણીથી પરલોકના જીવોને આનંદ આપે છે. કારણ કે ઉપનિષદ, ગીતા આદિ શ્રવણથી મુક્તિફળ મળે છે તે પરલોકનો આનંદ છે.

'**चरित्रेण**'—અલૌકિક રસપૂર્ણ ચરિત્રોથી ભક્તોને આનંદ આપે છે. ભગવચ્ચરિત્રથી કુલજન યાદવોને ખૂબ જ આનંદ થાય છે

"**च आत्मना**"—વાપિ વૈકુંઠમાં વસનારાઓને સચ્ચિદાનંદ વિગ્રહથી આનંદ મળે છે. च અવ્યયથી લક્ષ્મી વગેરે વિભૂતિથી પણ આનંદ આપે છે એમ વર્ણવ્યું. ૨૦, ૨૧

[3]तस्यैवं रममाणस्य संवत्सरगणान् बहून् ॥
गृहमेधेषु योगेषु विरागः समजायत ॥ २२ ॥

અન્વયાર્થ—एवम्—આ પ્રમાણે, **बहून्**—અનેક, **संवत्सरगणान्**—વર્ષસમૂહો સુધી, **रममाणः**—વિહરતા **तस्य**—તેમને, **गृहमेधेषु योगेषु**—ઘરમાં મતિ કરાવનારા યોગોમાં, **विरागः**—વૈરાગ્ય, **समजायत**—થયો. ૨૨

---

१ चारित्र्येणा० प्रा. पा. २ श्रीक्षणसौहृदः प्रा. पा. ३ तस्येत्थं प्रा. पा.

અનુવાદ—આ પ્રમાણે અનેક વર્ષો સુધી વિહાર કરતાં કરતાં તેમને ગૃહસ્થાશ્રમ સંબંધી કાર્યોમાં વૈરાગ્ય થયો. ૨૨

તત્ત્વસુધા—વૈરાગ્ય શાસ્ત્રજ્ઞાનથી અને સંસાર સુખના ઉપભોગથી ઉત્પન્ન થાય છે. બંનેમાંથી કોઈ પણ પ્રકારનો વૈરાગ્ય હિતાવહ છે. ભગવાનને લૌકિક ભોગ હોય જ નહીં પછી વૈરાગ્ય હોય જ શાનો ? પરંતુ મનુષ્યને વિવેક આપ્યો કે "ભોગ વિરાગ અને ભોગ વિરામ વિના પૂર્ણાનંદ પ્રાપ્ત નહીં થાય." વળી આ સ્થાને ભગવાનના "વૈરાગ્ય" નામના ઐશ્વર્યનું નિરૂપણ છે. ૨૨

दैवाधीनेषु कामेषु दैवाधीनः स्वयं पुमान् ॥
को विस्रम्भेत योगेन योगेश्वरमनुव्रतः ॥ २३ ॥

અન્વયાર્થ—**कामेषु**-ઇચ્છેલા પદાર્થો, **दैव-आधीनेषु**-દૈવને આધીન છે, તો પછી **योगेन**-યોગવડે, **योगेश्वरम्**-યોગેશ્વર શ્રીકૃષ્ણને, **अनुव्रतः**-અનુસરનાર, **स्वयम्**-પોતે, **दैव-आधीनः**-દૈવને આધીન છે એવો **कः पुमान्**-કોણ પુરુષ, **विस्रम्भेत**-ભોગોમાં વિશ્વાસ રાખે ? ૨૩

અનુવાદ—જ્યારે ઇચ્છેલા પદાર્થો દૈવને આધીન છે, ત્યારે યોગથી યોગેશ્વર શ્રીકૃષ્ણને અનુસરનાર પોતે દૈવને આધીન છે એવું જાણનાર કયો ડાહ્યો પુરુષ ભોગોમાં વિશ્વાસ રાખે ? ૨૩

તત્ત્વસુધા—આ શ્લોક ભોગના પદાર્થોમાં વિશ્વાસ ન રાખવાનું શીખવે છે--

'दैवाधीनेषु'—ત્રણ વસ્તુઓ દૈવને આધીન છે: ભોગની સામગ્રી (૧), ભોગવનાર દેહ (૨), દેહમાં જીવ (૩) આ ત્રણ દૈવવંશ છે. તે એમ સૂચવે છે કે ભોગ ગમશે તો ઘણા પણ દૈવાધીન પ્રાપ્તિ છે અને મળ્યા પછી પણ ટકવાના નથી. અને દેહ ટકવાનો નથી તો પછી તેમાં કેમ વિશ્વાસ રાખવો ? વળી ભગવાન શ્રીકૃષ્ણને ચરણે ચાલનારથી વિશ્વાસ ન જ રખાય. જો ભગવાને ત્યજ્યા તો માનવે ત્યજવાના અનિવાર્ય જ થાય. ૨૩

पुर्यां कदाचित्क्रीडद्भिर्यदुभोजकुमारकैः ॥
कोपिता मुनयः शेपुर्भगवन्मतकोविदः ॥ २४ ॥

અન્વયાર્થ—**कदाचित्**-એક વખતે, **पुर्याम्**-દ્વારિકા પુરીમાં, **क्रीडद्भिः**-રમતા, **यदु-भोज-कुमारकैः**-યદુ, ભોજના કુમારોએ. **कोपिताः**-કોપાવેલા, **भगवन्-मत-कोविदाः**-ભગવાનના વિચારને જાણનારા, **मुनयः**-મુનિઓએ, **शेपुः**-શાપ આપ્યો. ૨૪

અનુવાદ—એક વખત દ્વારિકા નગરમાં રમતા યદુ અને ભોજવંશના બાળકોએ રમતમાં મુનિઓને ગુસ્સો પેદા કર્યો અને ભગવાનના અભિપ્રાયને જાણનાર મુનિઓએ તેમને શાપ આપ્યો. ૨૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં યદુકુલને વૈરાગ્ય થાય તે હેતુથી શાપનું વર્ણન છે –

'**पुर्याम् कदाचित्**—"કદાચિત્" એટલે કોઈવાર એવો અર્થ નથી પરંતુ ભગવાને વિચાર કર્યો તે દિવસે પુર્યામ્ એટલે દ્વારિકાની નજીકમાં યાદવકુમારો **क्रीडद्भिः**—રમતા હતા તેથી 'સ્વભાવથી દુષ્ટ' ન હતા એમ કહેવું છે. 'कुमाराः એટલે વયથી નિર્દોષ હતા. શાપ આપનારા પણ મુનિઓ હતા. "**मुनयः**" એટલે મનનશીલ અને ક્રોધ આવે તો પણ મનને વાળનાર અને મૌનને પાળનાર મુનિજનો હતા. તેઓ કદી શાપ ન જ આપે. પરંતુ "**भगवन्मतकोविदाः**" ભગવદિચ્છાને મુનિઓએ વ્યક્ત કરી. ઇચ્છા મનમાં થાય, બોલે વાણી. બ્રાહ્મણો ભગવાનનું મુખ છે એ ન્યાયે ભગવાનની ઇચ્છાને વાણીમાં મૂકી આ દૃષ્ટિએ કોઈનો દોષ ન હતો. લીલાને સમજવાની આ રીત છે. પરંતુ લોક-સિદ્ધાન્તમાં એક વાત સૂચવી કે સમર્થનો આશ્રય કરી ઉચ્છૃંખલ ન થવું પરંતુ વિવેકી થવું. ૨૪

ततः कतिपयैर्मासैर्वृष्णिभोजान्धकादयः ॥
ययुः प्रभासं संहृष्टा रथैर्देवविमोहिताः ॥ २५ ॥

तत्र स्नात्वा पितॄन् देवान् ऋषींश्चैव तदम्भसा ॥
तर्पयित्वाऽथ विप्रेभ्यो गावो बहुगुणा ददुः ॥ २६ ॥

हिरण्यं रजतं शय्यां वासांस्यजिनकम्बलान् ॥
यानं[1] रथानिभान् कन्यां धरां वृत्तिकरीमपि ॥ २७ ॥

अन्नं चोरुरसं तेभ्यो दत्त्वा भगवदर्पणम् ॥
गोविप्रार्थासवः शूराः प्रणेमुर्भुवि मूर्धभिः ॥ २८ ॥

અન્વયાર્થ—ततः-ત્યાર બાદ, **कतिपयैः**-કેટલાક, **मासैः**-મહિનાઓ પછી, **संहृष्टाः**-આનંદમાં આવેલા, **वृष्णि-भोज-अन्धक-आदयः**-વૃષ્ણિ-ભોજ-અન્ધક વગેરે યાદવો, **देव-विमोहिताः**-ભગવાનની માયાથી મોહિત થયેલા, **रथैः**-રથદ્વારા **प्रभासम्**-પ્રભાસતીર્થ, **ययुः**-ગયા. ૨૫

तत्र-પ્રભાસમાં, **स्नात्वा**-સ્નાન કરીને, **तद्-अम्भसा**-તેના જલથી, **पितॄन्**-પિતૃઓને, **देवान्**-દેવોને, **च**-અને, **ऋषीन्**-ઋષિઓને, **अपि**-પણ, **तर्पयित्वा**-તૃપ્ત કરીને, **अथ**-પછી, **विप्रेभ्यः**-બ્રાહ્મણોને, **बहुगुणाः**-ઉત્તમ ગુણવાળી, **गावः**-ગાયો, **ददुः**-આપતા હતા. ૨૬

हिरण्यम्-સુવર્ણ, **रजतम्**-રૂપું, **शय्याम्**-શય્યા, **वासांसि**-વસ્ત્રો, **अजिन-कम्बलान्**-મૃગચર્મ અને ઊનના કામળા, **यानम्**-વાહનો-પાલખીઓ, **रथान्**-રથો, **इभान्**-હાથીઓ, **कन्या**-કન્યાઓ, **अपि**-વળી, **वृत्तिकरीं धराम्**-આજીવિકા પૂર્ણ થાય એટલી જમીન, **उरु-रसम्**-પુષ્કળ રસવાળાં, **अन्नम्**-અન્નને, **भगवद्-अर्पणम्**-ભગવાનને અર્પણ કરવાની બુદ્ધિથી, **तेभ्यः**-તે વિપ્રોને, **दत्त्वा**-સમર્પણ કરીને. **गो-विप्रार्थ-असवः**-ગાય અને વિપ્ર માટે પ્રાણ ધારણ કરનારા, **शूराः**-શૂર જનોએ, **मूर्धभिः**-મસ્તકથી, **भुवि**-પૃથ્વીને સ્પર્શી, **प्रणेमुः**-પ્રણામ કર્યા. ૨૭, ૨૮

અનુવાદ—ત્યાર પછી કેટલાક માસ વીત્યા બાદ આનંદમાં આવીને વૃષ્ણિ-ભોજ-અન્ધક વગેરે યાદવો ભગવાનની માયાથી મોહ પામીને રથમાં બેસી પ્રભાસતીર્થ ગયા. ત્યાં આવીને સ્નાન કર્યું. તે તીર્થના જલથી પિતૃ, દેવ અને ઋષિઓનું તર્પણ કર્યું. પછી બ્રાહ્મણોને ઘણા ગુણોવાળી ગાયો આપી. ૨૫, ૨૬

વળી ભગવાનની પ્રસન્નતા માટે તેઓએ સુવર્ણ, રજત, શય્યા, વસ્ત્રો, મૃગચર્મ, કામળા, ઘોડા, રથ, હાથી, કન્યાઓ, ભૂમિ અને આજીવિકા કરનારી ભૂમિ, ઘણાં રસવાળાં અન્ન આપીને ગાય, બ્રાહ્મણ માટે પ્રાણ આપનારા શૂરવીર યાદવોએ ભૂમિ પર મસ્તક ટેકવીને પ્રણામ કર્યા. ૨૭, ૨૮

તત્ત્વસુધા—આ ચાર શ્લોકમાં ત્યાગ, દાન અને ભક્તિનું વર્ણન છે.

‘कतिपयैः’-શાપ થયા બાદ ત્રણ માસ પછી યાદવો યાત્રાએ નીકળ્યા છે. “વૃષ્ણિ ભોજ અન્ધક” નામના સાત્વિક, રાજસ અને તામસ ત્રણ પ્રકારના યાદવો હતા. તેઓ હર્ષપૂર્વક ગયા છે કારણ કે પરિણામ જાણતા નથી.

યાદવો **“प्रभासं”** પ્રભાસમાં ગયા છે. પ્રભાસ સંકર્ષણ તીર્થ. મતિ પુણ્ય પાપ કે જીવનનું કર્ષણ કરશે તેથી

---

[1] इभान् प्रा. पा.

સંકર્ષણ તીર્થ માન્યું છે. प्र પુષ્કળ પ્રમાણમાં–भानस्थानं ભાનના સ્થાનને संहर्तुः–હરી લેનારા સંકર્ષણ સ્થાનમાં ગયા. 'रथैः' સાથે રથ અને શસ્ત્રો લઈ ગયા. યુદ્ધની સામગ્રી લઈ જવાની મતિ પણ ભગવાને મૂકી લાગે છે. ૨૫

યાદવોએ પ્રભાસમાં જઈને "तत्र" સરસ્વતીમાં અથવા અગ્નિતીર્થમાં સ્નાન કર્યું. ત્રણ પ્રકારના સંતોષ માટે પિતૃ–દેવ–ઋષિ–તર્પણ કર્યાં. બાદ 'बहुगुणाः' ઘણા ગુણોવાળી ગાયો દાનમાં આપી. ગાયોમાં ત્રણ ગુણો મહત્ત્વના માન્યા છે. પુષ્કળ દૂધાળી, ઉત્તમ દૂધાળી-અને સ્વભાવે શાલશ એ ગુણો શ્રેષ્ઠ ગણાય છે. ૨૬

ત્યાર બાદ યાદવોએ અન્ય દાન પણ કર્યાં. દેવોની તૃપ્તિ હિરણ્યથી થાય છે. हिनोति दुःखं राति सुखमिति हिरण्यम् દુઃખને હરે અને સુખને આપે તે હિરણ્ય છે. પિતૃઓની તૃપ્તિ રજત કરે છે. रज्यति रागं तनोतीति रजतम् રજતદાનથી અનુરાગની વૃદ્ધિ થાય છે. આ બે સાત્વિક દાન છે. "शय्यां वासांसि" શય્યા અને વસ્ત્રો રાજસ દાન છે. દિવસ અને રાત્રિનું સુખ વસ્ત્રો અને શય્યાના દાનથી થાય છે. शय्यते इति જેમાં સૂઈ શકાય તે શય્યા. वस्यन्ते एभिः–જેનાથી શરીરાદિ ઢંકાય તે વસ્ત્રો મનાય છે.

"अजिनकम्बलाः" મૃગચર્મ અને કામળા આ બે તામસ દાન છે. अजितं नयतीति अजिनम्–અજીતને લઈ જાય તે અજિન. "कं सुखं धारयतीति कम्बलम्" સુખ આપે તે કમ્બલ કહેવાય. इभाः–એટલે પુખ્ત વયના હાથી. इष्टं भावयन्तीति इभाः–ઇષ્ટ વસ્તુને આપે તેને "ઇભ" હાથી કહ્યા છે. हयतीति हय. જેનાથી જવાય તે હય. रमतेऽत्र इति रथः જેમાં બેસી રમણ થાય તે રથ. कनं यापयतीति कन्या દીપ્તિને આપે તે કન્યા, ध्रियते विश्वं ययेति धरा જેનાથી વિશ્વનું ધારણ થાય તે ધરા. "धरा" એટલે ઘર બાંધી શકાય તેવી જમીન અને "વૃત્તિકરી ધરા" એટલે ધાન્ય ઉત્પન્ન કરાય તેવી ભૂમિ આવી બે પ્રકારની ભૂમિનાં દાન કર્યાં. ૨૭

'तेभ्यो दत्त्वा'–જે બ્રાહ્મણોની મશ્કરી કરી હતી તેમને દાન આપ્યાં. भुवि प्रणेमुः પૃથ્વી ઉપર માથું ટેકવી પ્રણામ કર્યા તેથી પ્રાયશ્ચિત્ત કરી લીધું. શાપ આપનાર મુનિઓ ન હોય. ત્યાં તો તેમના અનુયાયીએ દંડવત્પ્રણામ કર્યા. "દાન દંડવત્થી દિવ્ય બને છે અને દૈન્યથી દિવ્યતમ બને છે.

આ ત્રીજા અધ્યાયમાં ચાર પ્રકારનું શ્રીકૃષ્ણચરિત વર્ણવ્યું છે. "ઇન્દ્રિયચરિત્ર" એવી સંજ્ઞા આ અધ્યાયની છે. લૌકિક અને અલૌકિક જ્ઞાનેન્દ્રિયના બે પ્રકાર અને લૌકિક અને અલૌકિક કર્મેન્દ્રિયના બે પ્રકાર મળી ચાર પ્રકારનું ઇન્દ્રિયચરિત્ર વર્ણવ્યું છે. ક્રમશઃ ૧ થી ૮, ૯ થી ૧૫, ૧૬ થી ૨૧ અને ૨૨ થી ૨૮, એવા ભેદથી ચાર પ્રકારો છે. ૨૮

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો તૃતીય અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૪ થો

શ્લોક સંખ્યા ૩૬

उद्धव उवाच – अथ ते तदनुज्ञाता भुक्त्वा पीत्वा च वारुणीम् ॥
तया विभ्रंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः ॥ १ ॥

અન્વયાર્થ—**अथ**–ત્યારપછી, **तद्-अनुज्ञाताः**–તેમની સંમતિથી, **ते**–યાદવો, **भुक्त्वा**–ભોજન કરીને, **च वारुणीम्**–વારુણી મદિરાનું. **पीत्वा**–પાન કરીને, **तया**–તેનાથી, **विभ्रंशित-ज्ञानाः**–ભાનભૂલેલા, **दुरुक्तैः**–દુષ્ટ વચનોથી, **मर्म**–એકબીજાનાં મર્મને, **पस्पृशुः**–પીડવા લાગ્યા. ૧

અનુવાદ—ત્યારબાદ બ્રાહ્મણો પાસેથી સંપત્તિને મેળવીને તે યાદવો ભોજન કરી વારુણી નામના આસવનું પાન કરી ભાન ભૂલીને દુષ્ટ વચનોથી પરસ્પરનાં મર્મને પીડવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં દુર્વ્યસનથી બુદ્ધિનાશ થયો તેનું વર્ણન કર્યું છે:—

'અથ' અવ્યયથી અધ્યાયનો આરંભ કરે છે. યાદવ કુલના સંહારની વ્યથા ભરી કથાનો પ્રસંગ કહેવાનો છે તેથી પ્રારંભમાં 'અથ' શબ્દથી મંગલાચરણ કરે છે. ઉઁકાર, 'અથ' શબ્દ મંગલવાચક માન્યા છે. "तदनुज्ञाता" બ્રાહ્મણોએ અથવા ભગવાને યાદવોને વારુણીપાન માટે છૂટ આપી એવો અર્થ નથી થતો. બ્રાહ્મણોએ ભોજન કરવાની અનુમતિ આપી અને શાપ ભૂલ્યા યાદવોએ "પિષ્ટ"માંથી બનાવેલી વારુણી પીધી. પરિણામે વિવેકશીલ બુદ્ધિનો નાશ થયો.

આચાર્યશ્રી કહે છે सर्वं हि साधनं व्यर्थं यदि बुद्धिर्विनश्यति ॥ **अकर्तव्यं तदा नास्ति महतामपि निश्चितम् ॥** " જો બુદ્ધિ નાશ પામે તો સર્વ સાધન નાશ પામ્યાં માનવાં, મહાન પુરુષોને પણ મતિભ્રંશ થતાં કોઈ કાર્ય અકર્ત્તવ્ય જેવું નથી રહેતું. "तस्मादेवं न कर्तव्यमिति बुद्धिरिहोच्यते" માટે બુદ્ધિનાશ કરનાર વ્યસન કદી ન કરવું એવી બુદ્ધિ આ અધ્યાયમાં દર્શાવી છે. ૧

तेषां मैरेयदोषेण विषमीकृतचेतसाम् ॥
निम्लोचति रवावासीद्वेणुनामिव मर्दनम् ॥ २ ॥

અન્વયાર્થ—**रवौ निम्लोचति**–સૂર્યાસ્તસમયે **मैरेय-दोषेण**–મદ્યના દોષથી, **विषमीकृत-चेतसाम्**–વિષમ થયેલ ચિત્તવાળા, **तेषाम्**–તે યાદવોનો, **वेणूनां मर्दनम् इव**–વેણુઓના ઘર્ષણની માફક તેમનો ઝઘડો, **आसीत्**–થયો. ૨

અનુવાદ—સૂર્યનો અસ્ત થયો ત્યારે મદિરાના નશાથી સમતોલપણું ગુમાવી બેઠેલા યાદવોમાં વાંસડાના ઘર્ષણની માફક ઘર્ષણ શરૂ થયું. ૨

તત્ત્વસુધા—ઘણે ભાગે નશાની અસર સાયંકાલ પછી વધુ થાય છે. વળી નશો કરનાર પણ સાયંકાળ બાદ કરે છે. રાત્રિ વધે તેમ તેની અસર પણ વધે છે. વિવેકી અને જ્ઞાની યાદવોની મતિ ભ્રષ્ટ થઈ. ભાન ગયું અને કટુ શબ્દો પછી સંઘર્ષ પણ શરૂ થયો. વાંસડાના વનમાં કોઈ આગ નથી મૂકતું. પરંતુ પરસ્પરના સંઘર્ષમાં જ તે બળે છે. ૨

भगवान् स्वात्ममायाया गतिं तामवलोक्य सः ॥
सरस्वतीमुपस्पृश्य वृक्षमूलमुपाविशत् ॥ ३ ॥

અન્વયાર્થ—सः–તે, **भगवान्**–શ્રીકૃષ્ણ, **स्वात्म–मायायाः**–પોતાની માયાની, **ताम्**–તે, **गतिम्**–ગતિને, **अवलोक्य**–જોઈને, **सरस्वतीम्**–સરસ્વતીજીના જલને, **उपस्पृश्य**-આચમન કરીને, **वृक्षमूलम्**–વૃક્ષના મૂળમાં, **उपाविशत्**–બેઠા. ૩

અનુવાદ—ભગવાન પોતાની માયાની આ વિચિત્ર ગતિને જોઇને સરસ્વતીના જળનું આચમન કરી એક વૃક્ષ નીચે બેસી ગયા. ૩

તત્ત્વસુધા—આ ત્રીજા શ્લોકમાં ભગવાનની ઉપરામ વૃત્તિનું વર્ણન છે—

'**भगवान्**'—ભગવાને માયાને જે કાર્ય સોંપ્યું હતું તે કાર્યને સિદ્ધ થયેલું જોયું. ત્યાર બાદ પોતાના અલૌકિક વિગ્રહનો–દેહનો પણ ઉપસંહાર કરવો જોઈએ તેથી તે કાર્યનો આરંભ કરે છે. '**सरस्वतीमुपस्पृश्य**' સરસ્વતીમાં ભગવાને સ્નાન કર્યું. જેમ કોઈક સિદ્ધ વૈષ્ણવ દેહનો ત્યાગ કરે ત્યારે સ્નાન કરે, શ્રી યમુનાજી કે ગંગાજલનું પાન કરે તેમ ભગવાને સરસ્વતીમાં સ્નાન કર્યું તેવું સ્થૂલ નજરે લાગે છે. પરંતુ સરસ્વતી વેદરૂપ નદી છે. તેમાં ભગવાને પોતાના ગુણોનું સ્થાપન કર્યું છે અને પોતાનું સ્વરૂપ વનસ્પતિના મૂલમાં પધરાવ્યું. વૃક્ષોને વૈષ્ણવ કહ્યાં છે. वनस्पतयो वै वैष्णवाः એવી શ્રુતિ છે તેથી વૈષ્ણવ પાસે પોતાના રૂપને સ્થાપ્યું તેથી લખ્યું वृक्षमूलमुपाविशत्. ૩

अहं चोक्तो भगवता प्रपन्नार्तिहरेण ह ॥
बदरीं त्वं प्रयाहीति स्वकुलं संजिहीर्षुणा ॥ ४ ॥

અન્વયાર્થ—स्व-कुलम्–પોતાના કુળને, **संजिहीर्षुणा**–સાથે લઈ જવાની વાંછાવાળા, **प्रपन्नार्ति-हरेण**–શરણાગતનાં દુઃખને દૂર કરનાર, **भगवता**–ખરેખર ભગવાને, **त्वम् बदरीं च**–તું બદરિકાશ્રમ અને પ્રભાસ થઈને, **प्रयाहि इति**–જા એ પ્રમાણે, **अहम् उक्तः**–હું આદિષ્ટ થયો–મને કહ્યું. ૪

અનુવાદ—પોતાના કુલને પોતાની સાથે લઈ જવા ચાહતા શરણાગતવત્સલ ભગવાન શ્રીકૃષ્ણે મને એમ કહ્યું કે ઉદ્ધવ પ્રભાસ થઈને બદરિકાશ્રમ જાઓ. ૪

તત્ત્વસુધા—'**स्वकुलम्**' જતાં જતાં ભગવાને પણ પોતાના કુલને સાથે લઈ જવાનું વિચાર્યું. વળી મને પણ બદરિકાશ્રમમાં જવાની આજ્ઞા કરી. બીજા યાદવોને પ્રભાસમાં જવાની આજ્ઞા કરી હતી. અને પ્રભાસ થઈને બદરી જવાની આજ્ઞા કરી એ વસ્તુનું સૂચન '**च**" અવ્યયથી થાય છે. શ્રીમદ્ ભાગવતમાં- અવ્યયો પણ વિશિષ્ટ અર્થના સૂચન માટે હોય છે, પાદપૂર્તિ માટે નથી હોતાં. જો પૃથ્વી ઉપરથી પોતાના સ્વરૂપને લઈ જાય તો શરણાગત જીવની પીડાને કોણ દૂર કરે? તેથી "પ્રપન્નાર્તિહર" ભગવાને પોતાનું ઐશ્વર્ય ઉદ્ધવજીમાં પધરાવીને બદરિકાશ્રમમાં ઉદ્ધવને મોકલ્યા. "બદરી" અમૃતની ગુહા છે. વેદમાં વર્ણવ્યું છે કે **अरश्च ह ण्यश्चार्णवौ ब्रह्मलोके** इतिश्रुतिः" अरनामामृताम्भोधिर्ण्यनामामृतसागरः "**अर**" નામનો અમૃતનો સમુદ્ર છે અને '**ण्य**' નામનો અમૃતસાગર છે તેવા બદરિકારણ્યમાં જવાની આજ્ઞા કરી છે. ૪

अथापि तदभिप्रेतं जानन्नहमरिन्दम ॥
पृष्ठतोऽन्वगमं भर्तुः पादविश्लेषणाक्षमः ॥ ५ ॥

અન્વયાર્થ—अरिन्दम–હે જિતેન્દ્રિય વિદુરજી! **अथ**–પછી, **अहम्**–હું, **तदभिप्रेतम्**–ભગવાનના અભિપ્રાયને, **जानन् अपि**–જાણતો છતાં, **भर्तुः**–સ્વામીના, **पाद–विश्लेष–अक्षमः**–ચરણવિયોગને સહેવાને અસમર્થ, **पृष्ठतः**–પૂંઠે પૂંઠે, **अनु–अगमम्**–ગયો. ૫

અનુવાદ—હે જિતેન્દ્રિય વિદુરજી, ત્યાર બાદ હું ભગવાનના અભિપ્રાયને જાણતો હતો છતાં ભગવાનના વિયોગને વેઠી ન શક્યો તેથી સ્વામીની પાછળ પાછળ ગયો. ૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં ‘ अपि ’ અવ્યય છે. તે મહત્ત્વનો અર્થ સૂચવે છે. “ ગુરુની આજ્ઞાને અવિલંબે પાળવી.” એવો આદેશ છે પછી ઉદ્ધવજી કેમ પ્રભાસમાં પાછળ પાછળ ગયા ? ત્યારે “ અપિ ” અવ્યયે સમાધાન કર્યું કે “ પ્રભાસલીલા ’ જોઈને જો ઉદ્ધવજી જાય તો વિદુરજીને સર્વ વિગત આપી શકે. વળી તેટલો સમય પ્રભાસ રોકાય ત્યાર બાદ જાય ત્યાં સુધીમાં યમુનાજીના કિનારે વિદુરજી પણ આવી જાય તેથી જ ભગવત્પ્રેરણાથી પ્રભાસમાં ગયા. ઘણે ભાગે ઉદ્ધવજી ભગવાનની સાથે પ્રભાસ નથી ગયા. ગિરિનાર સુધી અથવા હરદ્વાર સુધી જઈ વિયોગ ન વેઠાવાથી પાછા પ્રભાસ આવ્યા છે. “ अरिन्दम ” એટલે “ જિતેન્દ્રિય ” અર્થ કરવો. વિદુરજીને કોઈ શત્રુ જ નહોતા તો કોને જીતે ? ૫

अद्राक्षमेकमासीनं विचिन्वन् दयितं पतिम् ॥
श्रीनिकेतं सरस्वत्यां कृतकेतमकेतनम् ॥ ६ ॥

श्यामावदातं विरजं प्रशान्तारुणलोचनम् ॥
दोर्भिश्चतुर्भिर्विदितं पीतकौशाम्बरेण च ॥ ७ ॥

वाम ऊरावधिश्रित्य दक्षिणाङ्घ्रिसरोरुहम् ॥
अपाश्रितार्भकाश्वत्थमकृशं त्यक्तपिप्पलम् ॥ ८ ॥

અન્વયાર્થ—**विचिन्वन्**-શોધતા મેં, **दयितम्**-દયાનિધિ, **पतिम्**-નાથ, **श्रीनिकेतम्**-લક્ષ્મીના ધામ, **सरस्वत्यां कृतकेतम्**-સરસ્વતીને તીરે બિરાજેલા, **अकेतनम्**-આશ્રય વિનાના-સર્વત્ર નિવાસ કરતા, **श्याम-अवदातम्**-શ્યામ અને તેજસ્વી, **विरजम्**-રજ વિનાના-વિશુદ્ધ, **प्रशान्त-अरुण-लोचनम्**-અત્યંત શાંત અરુણ નયનવાળા, **चतुर्भिः दोर्भिः विदितम्**-ચાર હાથોથી શોભતા, **च पीत-कौश-अम्बरेण विदितम्**-અને પીતાંબરથી ઓળખાતા, **वाम-ऊरौ**-વામ સાથળ ઉપર, **दक्षिण-अङ्घ्रि-सरोरुहम्**-દક્ષિણ ચરણુકમલને **अधिश्रित्य**-સ્થાપીને બિરાજેલા, **अपाश्रित-अर्भक-अश्वत्थम्**-નાના પીપળાનો આશ્રય કરીને બિરાજેલા, **अकृशम्**-પરિપુષ્ટ-પૂર્ણ, **त्यक्त-पिप्पलम्**-કર્મના ફળનો ત્યાગ કરી, **एकं**-એકલા, **आसीनम्**-બિરાજેલા ભગવાનને **अद्राक्षम्**-નિહાળ્યા. ૬-૮

અનુવાદ—શોધતાં શોધતાં મેં દયાનિધિ, નાથ, લક્ષ્મીના નિવાસધામ, સરસ્વતીતીરે નિવાસ કરેલા, આશ્રય વિનાના, શ્યામ અને તેજસ્વી, રજ વિનાના વિશુદ્ધ, પૂર્ણ પ્રશાંત અને અનુરાગપૂર્ણ દૃષ્ટિવાળા, ચાર બાહુથી શોભતા અને પીળાં રેશમી વસ્ત્રથી જણાતા, વામ સાથળ ઉપર દક્ષિણ ચરણુકમલ સ્થાપીને નાનાશા પીપળાના આશ્રય કરેલા, પરિપૂર્ણ, કર્મના ફળનો ત્યાગ કરેલા એકલા બિરાજેલા ભગવાનને નિહાળ્યા. ૬-૮

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકોમાં સોળ કલાપરિપૂર્ણ પ્રભુનું દર્શન કર્યું તે વર્ણવે છે—

(૧) ‘ एकम् ’—‘એક’ એટલે કારણરૂપ. સર્વ પ્રપંચને પોતાનામાં જ સમાવીને બેઠેલા.

(૨) ‘ आसीनम् ’—આસનસિદ્ધિ સૂચવી છે. ઉપસંહાર કરનાર કે વિયોગમાં બેસનાર વ્યગ્ર હોય છે. પરંતુ ભગવાન બિલકુલ વ્યગ્ર નથી. વળી “આસીન” એટલે વૈષ્ણવોની સમીપમાં બિરાજેલા. જાણે ઉદ્ધવજીની વાટ દેખતા બેઠા હોય એમ લાગે છે. ધ્યાન સમયે પણ હૃદયમાં બિરાજેલ સ્વરૂપનું ધ્યાન કરવું.

(૩) ‘ दयितम् ’— અત્યંત પ્રિય આત્મા હોય છે માટે “દયિત” એટલે આત્મરૂપ છે.

(૪) ‘ पतिम् ’—પતિ એટલે બ્રહ્મરૂપ છે.

(૫) ‘ श्रीनिकेतम् ’—સૌન્દર્યના ધામસ્વરૂપે અને યજ્ઞસ્વરૂપે પ્રભુને જોયા. યજ્ઞથી શ્રી પ્રાપ્ત થાય છે. યજ્ઞના સ્વામી શ્રીપતિ છે. યજ્ઞથી વૃષ્ટિ છે અને વૃષ્ટિથી સૌન્દર્ય છે.

(૬) '**सरस्त्रत्यां कृतकेतम्**'—વેદથી ઓળખાય તેવા, વેદમાં વસેલા.

(૭) '**अकेतनम्**' સર્વના આધાર રૂપ, આનંદરૂપ, આશ્રયરૂપ.

આ સાત વિશેષણમાં સાત સ્વરૂપોનો ઉલ્લેખ કર્યો છે. एकं એટલે સંકર્ષણ. आसीनं એટલે વાસુદેવ. 'दक्षितं' પ્રદ્યુમ્ન. पतिम् એટલે અનિરુદ્ધ. श्रीनिकेतं એટલે વિષ્ણુ. सरस्वत्यां कृतकेतम् એટલે બ્રહ્માજી અને अकेतनम् અકેતન શબ્દથી શિવજીને સમજવા.

(૮) '**श्यामावदातम्**' એટલે શ્રુતિમાં વર્ણવેલા "આદિત્યવર્ણ"ને જોયા. જે સારૂપ્ય મુક્તિનું સ્વરૂપ છે. શ્યામ વર્ણ મેઘના જેવો સમજવો. "અવદાત" એટલે તેજસ્વિતા.

(૯) **त्रिरजम्**' અત્યંત નિર્મલ સ્વરૂપ. વ્યાપિવૈકુંઠનું આ સ્વરૂપ છે. ત્યાં રજ નથી હોતી. આ સાલોક્ય મુક્તિનું સ્વરૂપ સૂચવ્યું છે.

(૧૦) '**प्रशान्तारुणलोचनम्**" આ વિશેષણમાં નેત્રનાં બે વિશેષણ છે. પ્રશાન્ત નેત્ર અને લાલ નેત્ર એવા બે ગુણો જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિના સૂચક છે. સાર્ષ્ટિ નામની મુક્તિનું આ સ્વરૂપ છે. સમાન ઐશ્વર્યને 'સાર્ષ્ટિ' મુક્તિ કહી છે.

(૧૧) '**दोर्भिः चतुर्भिः त्रिदितम्**'—આ વિશેષણમાં શ્રીહરિને ચતુર્ભુજ સ્વરૂપમાં શ્રી ઉદ્ધવજી નિહાળે છે એમ કહે છે. સાયુજ્ય મુક્તિનાં દર્શનનું આ સ્વરૂપ છે. સાયુજ્ય એટલે ભગવાનમાં મળી જવું. ક્રિયાથી સાયુજ્ય મળે છે એવું 'બાહુ'થી સૂચવ્યું. चतुर्भिः શબ્દથી પાદસેવનથી લઈને ચાર ભક્તિથી સાયુજ્યમુક્તિ મળે છે એવું સૂચવ્યું. 'त्रिदितम् પદથી જ્ઞાનથી સાયુજ્ય મળે એમ જણાવ્યું.

(૧૨) '**पीत–कौश–अम्बरेण च**' આ વિશેષણથી બ્રાહ્મીસ્થિતિનું નિરૂપણ કર્યું છે. "पीत" શબ્દથી 'વૈરાગ્ય' બતાવ્યો. જ્યારે પરિપક્વ થાય ત્યારે પીળો વર્ણ થાય. 'कौश' શબ્દથી 'તપ'સાધન દર્શાવ્યું. કુશ એટલે દર્ભ. કૌશદર્ભાસન–તપસ્વી દર્ભાસન ઉપર બેસી યમ–નિયમનું પાલન કરે છે. 'अम्बरेण' શબ્દથી 'સમાધિ'નું સૂચન કરે છે. જાગ્રત–સ્વપ્ન–સુષુપ્તિથી પર અવસ્થા થાય ત્યારે આકાશ જેવી સ્થિતિ થાય છે.

(૧૩) '**वाम ऊरावधिश्रित्य**' ડાબા સાથળ પર જમણો ચરણકમલ પધરાવી બિરાજેલ ભગવાનને જોયા. વામ સાથળ તો પુષ્ટિ છે. દક્ષિણ ચરણ તો અધિકાર છે. ભક્તિનો આશ્રય આપી અનધિકારીને પણ અધિકારી બનાવવાની કૃપા કરવાના સ્વભાવનું સૂચન કરે છે.

(૧૪) '**अपाश्रितार्भकाश्वत्थम्**' પીપળાનો આશ્રય કરેલા ભગવાનને જોયા. પીપળો કર્મમાર્ગનું સૂચન કરે છે. યજ્ઞનો અગ્નિ પીપળાની અરણિઓનું મંથન કરી પ્રકટ કરાય છે. "યજ્ઞ" કર્મમાર્ગનું સૂચન કરે છે.

(૧૫) '**अकृशम्**' એટલે "પરિપૂર્ણ" સ્વરૂપનું દર્શન કર્યું છે. "કૃશ" સુકાયેલા અને "अकृश" તદ્દન પુષ્ટ સ્વરૂપવાળા. "જ્ઞાન"થી જ પૂર્ણપણું મળે છે તેથી આ વિશેષણ 'જ્ઞાન'સાધનનું સૂચન કરે છે.

(૧૬) '**त्यक्तपिप्पलम्**' 'ત્યક્તપિપ્પલ' એટલે કર્મના ફળનો ત્યાગ કરીને બેઠેલા ભગવાનને જોયા. "વૈરાગ્ય" નામના છઠ્ઠા ઐશ્વર્યનું આ સૂચન છે. "પિપ્પલ" શબ્દ विप्पलम् અથવા पिःपलम् આવા બે પ્રકારનો જણાય છે. બન્ને ઠેકાણેનો અર્થ કરતાં विप् અથવા पिः નો શબ્દાર્થ "કાલ" એવો થાય છે. विपः पान्ति અથવા पीन् पान्ति इति पिःपाः અથવા विप्पाः એવી વ્યુત્પત્તિ થશે. पिःप અથવા विप्प એટલે 'કર્મ' એવો અર્થ થયો. 'विप्पान् लाति इति विप्पलः' કર્મના ફળને "પિપ્પલ" કહે છે. 'ત્યક્તપિપ્પલ' એટલે કર્મના ફળનો ત્યાગ કરે તેને "વૈરાગ્ય" કહ્યો છે. હવે આખા શબ્દનો ફલિતાર્થ पिः એટલે કાળ, તેમાંથી બચાવનાર 'प' એટલે સત્કર્મ અને તે સત્કર્મનું ल એટલે ફલ, "પિપ્પલ" કર્મનું ફલ. "કાળ'ના ક્લેશમાંથી બચવાનું સાધન સત્કર્મ છે. વૈરાગ્યદશામાં પણ ફલાસક્તિ વિનાનાં અગ્નિહોત્રાદિ દિવ્ય કર્મ કરવાં જોઈએ.

શ્રીમદ્ ભાગવતના અથવા જ્ઞાનના ઉપદેશક ભગવાન થવાના છે, તે સમયે વક્તાની કેવી યોગ્યતા હોવી જોઈએ તેનું અનુસંધાન કરાવતાં પણ આ સોળ લક્ષણો છે. ૬–૮

तस्मिन् महाभागवतो द्वैपायनसुहृत्सखा ॥
लोकाननुचरन् सिद्ध आससाद यदृच्छया ॥ ९ ॥

અન્વયાર્થ—**तस्मिन्**-તે સમયે-તે સ્થાને, **महाभागवतः**-મહાન ભક્ત, **द्वैपायन-सुहृत्-सखा**-વ્યાસજીના હિતૈષી અને ગાઢ મિત્ર, **सिद्धः**-યોગસિદ્ધ મૈત્રેય મુનિ, **लोकान्**-લોકમાં, **अनुचरन्**-વિચરતા, **यदृच्छया**-દૈવઇચ્છાથી, **आससाद**-ત્યાં પધાર્યા. ૯

અનુવાદ—તે સમયે દ્વૈપાયનમુનિના પરમ હિતૈષી સખા, મહાન ભક્ત અને યોગી શ્રી મૈત્રેય મુનિ લોકમાં વિચરતા સ્વાભાવિક રીતે ત્યાં આવી પહોંચ્યા. ૯

તત્ત્વસુધા—મૈત્રેય મહર્ષિ જ્ઞાની તો હતા જ પરંતુ 'પરમ ભક્ત' હતા. ભાગવત અને ભક્ત જેમને પુષ્કળ પ્રિય હોય તે મહાભાગવત કહેવાય છે.

"द्वैपायन-सुहृत्-सखा" મૈત્રેય મુનિ અને વ્યાસજી બન્ને સાથે પરાશર પાસેથી પુરાણો ભણેલા ત્યારે બન્નેની ગાઢ મૈત્રી થયેલી. ભાગવત જ્ઞાન તો બન્નેએ ભગવાન પાસેથી જ મેળવેલું. વ્યાસજીને નારદની પ્રેરણા પછી સમાધિમાંથી મળેલું અને મૈત્રેયને ભગવાન પાસેથી મળેલું.

"यदृच्छया" યોગી હતા તેથી, અથવા દૈવસંકેતથી, અથવા ભગવદ્દઇચ્છાથી ત્યાં આવ્યા. ૯

तस्यानुरक्तस्य मुनेर्मुकुन्दः प्रमोदभावानतकन्धरस्य ॥
आशृण्वतो मामनुरागहाससमीक्षया विश्रमयन्नुवाच ॥ १० ॥

અન્વયાર્થ—**अनुरक्तस्य**-પ્રેમાળ, **प्रमोद-भाव-आनत-कन्धरस्य**-આનંદના અતિરેકથી મસ્તક નમાવેલા, **तस्य मुनेः आशृण्वतः**-તે મુનિના સાંભળતાં, **मुकुन्दः**-મુકુન્દ ભગવાન, **अनुराग-हास-समीक्षया**-પ્રેમપૂર્વક મંદ હાસ્યથી, **विश्रमयन्**-સર્વ શ્રમને દૂર કરતા હોય તેમ, **माम्**-મને, **उवाच**-કહેવા લાગ્યા. (ઇંદ્રવંશા વૃત્ત) ૧૦

અનુવાદ—અત્યંત પ્રેમને લીધે નતમસ્તક બનેલા અનુરાગવાળા શ્રી મૈત્રેય મુનિના સાંભળતાં ભગવાન મુકુન્દ પ્રેમપૂર્વક મારા તરફ જોઈ મારા શ્રમને ઉતારતા હોય તેમ બોલ્યા. ૧૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં "મુકુન્દ" ભગવાન ઉપદેશ આપે છે તેનું કથન છે—

ઉદ્ધવજી પ્રભુના ચરણકમળમાં બિરાજ્યા છે ત્યાં હરિઇચ્છાથી શ્રીમૈત્રેય મુનિ પધારે છે. તેઓ સાંભળે છે અને "ઉપદેશ" ઉદ્ધવજીને આપે છે. "પ્રેમ, ઉપદેશ અને દયા" અન્યના દેખતાં ન કરવાં, નહિ તો અસૂયા થાય. પરંતુ મૈત્રેય "अनुरक्त" ભક્ત, "मुनि" વિવેકી હોવાથી તેમની હાજરીમાં ઉદ્ધવજીને ઉપદેશ આપ્યો.

"ઉપદેશ"દાનસમયે "ચિત્ત"વ્યગ્ર શ્રોતાવક્તા નિરુપયોગી છે. વિરહની વ્યથાવાળા ઉદ્ધવજીની વ્યગ્રતા ભગવાને "અનુરાગ, હાસ, સમીક્ષણ" આ ત્રણ પ્રકારના અનુગ્રહથી દૂર કરી. અનુરાગથી ભયનિવૃત્તિ કરી, હાસ્યથી મોહનિવૃત્તિ કરી, સમીક્ષણથી શ્રમનિવૃત્તિ કરી. વક્તા શ્રોતા તરફ અનુરાગ-સ્મિતપૂર્વક દૃષ્ટિ કરે છે ત્યાં ભય-શોક-શ્રમ ચાલ્યાં જાય છે. ૧૦

श्रीभगवानुवाच—वेदाहमन्तर्मनसीप्सितं[1] ते ददामि यत्तद्दुरवापमन्यैः ॥
सत्रे पुरा विश्वसृजां वसूनां मत्सिद्धिकामेन वसो त्वयेष्टः ॥ ११ ॥

અન્વયાર્થ—**अन्तः**-અન્તઃકરણમાં વસનાર, **अहम्**-હું, **ते**-તારા, **मनसि**-મનમાં, **ईप्सितम्**-ઇચ્છેલું, **वेद**-જાણું છું. **यत्**-જે, **अन्यैः**-બીજાઓએ, **दुरवापम्**-મેળવવું કઠિન છે, **तत्**-તે, **ददामि**-આપું છું, (**च**-અને)

---

[1] मनसेप्सितं प्रा. पा.

वसो-હે વસુ ! **पुरा**-પૂર્વે, **विश्वसृजाम्**-જગદ્-ઉત્પત્તિ કરનારા–પ્રજાપતિઓના, વસૂનાં–વસુઓના, **सत्रे**-યજ્ઞમાં–**मत्-सिद्धिकामेन**–મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી, **त्वया**–તેં, (**अहम्**–મારી,) **इष्टः**–આરાધના કરી હતી. (ઉપજાતિ વૃત્ત) ૧૧

અનુવાદ—હે ઉદ્ધવ ! તમારા મનમાં જે ઇચ્છેલ છે તે હું જાણું છું. બીજાઓથી ન મેળવી શકાય તેવું તે તને હું આપું છું. હે વસુ ! પહેલાં વિશ્વ રચનારા પ્રજાપતિઓના અને વસુઓના યજ્ઞમાં મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તમે મારું પૂજન કરેલું. ૧૧

તત્ત્વસુધા—'सत्रे पुरा'—આ શ્લોકમાં ભગવાન ઉદ્ધવજી પૂર્વની એક કામનાનું સ્મરણ કરાવે છે. તૈત્તરીય બ્રાહ્મણના ૩ જા અષ્ટકના ૧૨ મા પ્રપાઠકના ૭ મા અનુવાકમાં એક શ્રુતિ છે. विश्वसृजः प्रथमाः सत्रमासत। एतेन वै विश्वसृजः इदं विश्वमसृजन्त। ब्रह्मणः सायुज्यं सलोकतां यन्ति। પ્રસંગ એવો છે વિશ્વસૃજ્ પ્રજાપતિઓ અને વસુઓએ એક હજાર વર્ષનો સત્ર કર્યો. તેમની બે ઇચ્છાઓ હતી. વિશ્વસર્જનસામર્થ્ય અને બ્રહ્માના સાયુજ્યની પ્રાપ્તિ. આ આઠ વસુઓમાં એક ઉદ્ધવજી પણ આવેલા. પરંતુ તેમની ઇચ્છા પુરુષોત્તમસેવાપ્રાપ્તિની હતી. યજ્ઞનું તે અભિલાષપૂર્તિનું સામર્થ્ય ન હતું. તેથી તે ફળ અવશિષ્ટ રહ્યું. બાકીના હતા તેઓને તેમનાં ઇચ્છિત ફળ મળેલાં. તે ફળ આપવા ભગવાને વિચાર્યું તેથી બોલ્યા मत्–सिद्धिकामेन वसो त्वयेष्टः। ૧૧

स एष भाव[1]श्चरमो भवानामासादितस्ते मदनुग्रहो यत्[2] ॥
यन्मां नृलोकान्[3] रह उत्सृजन्तं दिष्ट्या ददृश्वान् विशदानुवृत्त्या ॥ १२ ॥

અન્વયાર્થ—(હે ઉદ્ધવ !) **सः एषः**–તે આ, **ते भवानाम्**–તારા જન્મોમાંથી, **चरमः**–છેલ્લો, **भावः**–જન્મ છે, **यत्**–કારણ કે તેં, **मद्–अनुग्रहः**–મારો અનુગ્રહ, **आसादितः**–મેળવ્યો છે. **यत्**–જેથી તું, **विशद्-अनुवृत्त्या**–મારી નિર્મળ સેવાથી, **नृलोकान्**–નરલોકનો, **रहः उत् सृजन्तम्**–એકાંતમાં ત્યજનાર, **माम्**–મને **दिष्ट्या**–સદ્ભાગ્યે, **ददृश्वान्**–જોઈ શક્યો. (ઉપજાતિ વૃત્ત) ૧૨

અનુવાદ—હે ઉદ્ધવ ! આ જન્મમાં તેં મારી કૃપા સંપાદન કરી છે. તેથી તારા જન્મોમાં આ છેલ્લો જન્મ છે. કારણ કે તને, મારી નિર્મળ સેવાથી નરલોકનો એકાંતમાં ત્યાગ કરવાના સમયે સદ્ભાગ્યથી મારાં દર્શન થયાં છે. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનની કૃપાનું પાન થાય છે—

"स एष भावश्चरमः" ઉદ્ધવજી આ તમારો અન્તિમ દેહ છે. કર્મફળ ભોગવવા દેહની પરંપરા લેવી પડે. અથવા જ્ઞાનથી મોક્ષ મેળવવા અંતિમ બ્રાહ્મણ દેહ મેળવવો પડે. અને તે મુચુકુન્દ રાજાને મેળવવો પડેલો. પરંતુ મારી નિર્મળ સેવાનું ફળ સર્વકર્મફળના ભોગનો ક્ષય કરી શકે છે માટે આ તમારો અન્તિમ દેહ છે. ૧૨

पुरा मया प्रोक्तमजाय नाभ्ये पद्मे निषण्णाय ममादिसर्गे ॥
ज्ञानं परं मन्महिमावभासं यत्सूरयो भागवतं वदन्ति ॥ १३ ॥

અન્વયાર્થ—**पुरा**–પૂર્વે, **आदिसर्गे**–મારા મૂળ સર્ગમાં, **नाभ्ये पद्मे**–નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળ ઉપર, **निषण्णाय**–બેઠેલા, **अजाय**–બ્રહ્માજીને, **मत्-महिमा-अवभासम्**–મારા મહિમાને પ્રકટ કરનારું, **परं ज्ञानम्**–ઉત્તમ જ્ઞાનને, **मया**–મેં, **प्रोक्तम्**–કહેલું છે, **यत् सूरयः**–જેને વિદ્વાનો, **भागवतम्**–ભાગવત જ્ઞાન તરીકે, **वदन्ति**–કહે છે. (ઉપજાતિ વૃત્ત) ૧૩

અનુવાદ—પૂર્વે મારા મૂળ સર્ગમાં મારી નાભિમાંથી નીકળેલા કમળમાં બેઠેલા બ્રહ્માજીને મારા મહિમાને પ્રકાશનારું ઉત્તમ જ્ઞાન કહેલું. જે જ્ઞાનને વિદ્વાનો શ્રીમદ્ ભાગવત કહે છે.

---

[1] साधो प्रा. पा. [2]. यः प्रा पा. [3] नृलोकानिह प्रा. पा.

તત્ત્વસુધા—આ શ્લોકમાં પદ્મકલ્પમાં ભગવાને બ્રહ્માજીને ઉપદેશ કરેલ છે તેનું વર્ણન છે. મૂળસર્ગમાં આપેલો આ ઉપદેશ છે. ઉપનિષદમાં વર્ણવેલ આ જ્ઞાન ન હતું પરંતુ ભગવન્માહાત્મ્યનું વર્ણન કરતું આ જ્ઞાન હતું. આ જ્ઞાનને "ભાગવત" કહે છે. દ્વિતીય સ્કંધમાં જે ઉપદેશ તે બ્રાહ્મકલ્પનો છે. ૧૩

इत्यादृतोक्तः परमस्य पुंसः प्रतिक्षणानुग्रहभाजनोऽहम्
स्नेहोत्थरोमा स्खलिताक्षरस्तं मुञ्चच्छुचः प्राञ्जलिराबभाषे ।। १४ ।।

અન્વયાર્થ—**इति**-એ પ્રમાણે, **आदृत-उक्तः**-આદર પામેલ અને કહેવાયેલ, **परमस्य पुंसः**-પરમ પુરુષનો, **प्रतिक्षण-अनुग्रह-भाजनः**-પ્રત્યેક ક્ષણે કૃપાપાત્ર બનેલો, **स्नेह-उत्थ-रोमा**-સ્નેહથી રોમાંચિત થયેલો, **स्खलित-अक्षरः**-બોલતાં અટકી જતો, **शुचः**-અશ્રુઓને, **मुञ्चन्**-સારતો, **प्राञ्जलिः**-અંજલિ જોડીને, **अहम्**-હું, **तम्**-ભગવાનને, **आबभाषे**-કહેવા લાગ્યો. (ઉપજાતિ વૃત્ત) ૧૪

અનુવાદ—એ પ્રમાણે આદર પામેલ અને કહેવાયેલ, ક્ષણેક્ષણે પૂર્ણ પુરુષની કૃપાનો પાત્ર બનેલો, સ્નેહથી રોમાંચિત થયેલો, કંઠમાં જ રોકાઈ રહેતા અક્ષરવાળો, અશ્રુઓને સારતો, અંજલિ જોડીને હું ભગવાનને વિનવવા લાગ્યો. ૧૪

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં "શ્રીમદ્ ભાગવત શ્રેષ્ઠ જ્ઞાન" છે એટલું જ કહી ભગવાન વિરામ પામ્યા. જો ઉદ્ધવજીને જિજ્ઞાસા હશે તો પ્રશ્ન પૂછશે. "नापृष्टः कस्यचिद् ब्रूयात्-વણપૂછ્યે કાંઈ ન વદવું" એ એક સામાન્ય નિયમ છે તો ઉપદેશ અજિજ્ઞાસુને કેમ અપાય ? તેથી જ આગળ બોલતાં પ્રભુ વિરમ્યા. ત્યારે ૧૪ મા શ્લોકથી ૧૮ મા શ્લોક પર્યન્ત ઉદ્ધવજી જિજ્ઞાસા અને શ્રદ્ધાપૂર્વક પ્રભુને વિનવી રહ્યા છે તેનું નિરૂપણ શરૂ થાય છે.

इत्यादृतोक्तः જ્યારે ભગવાન ભક્તને પ્રેમદાન કરે છે ત્યારે તેની પરિસ્થિતિ કવી બને છે તેનું રસપાન આ શ્લોકમાં મળશે. ઉદ્ધવજી પ્રથમ તો કહે છે મને ભગવાને આદર આપ્યો. પરિણામે મારું નાનું શું ચિત્ત-પાત્ર કૃપાથી છલકાણું. શરીરે જાગૃત થતા રોમાંચથી તે અંગે અંગે છવાણું અને હૃદયમાં આકંઠ રસ ઉભરાણો. તેથી અક્ષરો વિરમી ગયા ત્યારે અશ્રુઓએ મારું નિવેદન અંજલિપાત્રમાં પધરાવી પ્રભુને નજરાણારૂપે ધર્યું.

અંજલિ જોડી ઊભા રહેવાથી જ પ્રશ્ન કરવાની યોગ્યતા પૂરવાર થાય છે તેથી અંજલિ જોડી. **आबभाषे** ક્રિયાપદમાં **आङ्** ઉપસર્ગ "અલ્પ" બોલ્યા એવું સમજાવે છે. ૧૪

को न्वीश ते पादसरोजभाजां सुदुर्लभोऽर्थेषु चतुर्ष्वपीह ।।
तथापि नाहं प्रवृणोमि भूमन् भवत्पदाम्भोजनिषेवणोत्सुकः ।। १५ ।।

અન્વયાર્થ—**ईश**-હે પરમેશ્વર, **ते**-આપના, **पाद-सरोज-भाजाम्**-ચરણસરોજને સેવનારાઓને, **हि**-ખરેખર, **चतुर्षु अपि**-ચારે ય, **अर्थेषु**-પુરુષાર્થોમાં, **कः नुः**-કયો વારુ પદાર્થ, **सुदुर्लभः**-મેળવવો કઠિન છે; **तथापि**-તો પણ, **अहम्**-હું, **न प्रवृणोमि**-તેની યાચના નથી કરતો પરંતુ, **भूमन्**-હે ભગવન્, **भवत्-पद-अम्भोज-निषेवण-उत्सुकः**-આપના ચરણકમળની સેવાનો ઉત્સુક છું. (ઉપજાતિ વૃત્ત) ૧૫

અનુવાદ—હે નાથ ! આપના ચરણસરોજની સેવા કરનાર પુરુષોને ચારે ચાર પદાર્થોમાં ખરેખર કયો પદાર્થ મેળવવો કઠિન છે ? તો પણ હું તો કાંઈ જ યાચતો નથી. પરંતુ ભૂમન્! આપના ચરણકમળની સેવાનો ઉત્સુક છું. ૧૫

તત્ત્વસુધા—**पादसरोजभाजाम्**—હરિચરણસરોજની સેવા કરનારને કોઈ વસ્તુ અપ્રાપ્ય નથી. કારણ

---

[1] नूनं प्रा. पा.

ભગવાનનું ચરણ તો બ્રહ્માંડથી પણ વિપુલ છે. "पादोस्य विश्वा भूतानि" શ્રુતિ તેમાં પ્રમાણ છે. જેથી પૃથ્વીની માફક સમસ્ત બ્રહ્માંડ પણ પૃથ્વી જ છે. વળી ચરણ જ્યારે કમળરૂપ છે, તે કોમળ છે, તેની સેવા કરવામાં રસ પડશે પરંતુ સેવકને શ્રમ નહીં પડે.

પૃથ્વીમાં શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ચાલે તેથી 'ધર્મ' મળે, યાગ-દાન કરે તેથી ધન મળે, સેવા કરે તેનો કામ-મનોરથ સિદ્ધ થાય. તીર્થસ્નાને મુક્તિ મળે પરંતુ આ સર્વ ક્રિયાઓ કર્યા વિના કેવલ ભગવદ્‌ચરણસરોજને સેવે તો 'ચારેય' પદાર્થો મળવાના છે, પણ તે નથી જોઈતા.

કારણ કે તે સર્વ પ્રભુના ચરણની સેવાથી જ મળે છે પરંતુ મારે તો તે પણ નથી જોઈતા એમ ઉદ્ધવજી કહે છે. કેવલ પ્રભુના ચરણની સેવાની એક જ વાંછા છે. ૧૫

कर्माण्यनीहस्य भवोऽभवस्य ते दुर्गाश्रयोऽथारिभयात् पलायनम् ॥
कालात्मनो यत्प्रमदायुताश्रयः स्वात्मन् रतेः खिद्यति धीर्विदामिह ॥ १६ ॥

અન્વયાર્થ—**अनीहस्य**-નિરીહ એવા, **ते**-તમારાં, **कर्माणि**-કામો, **अभवस्य**-જન્મરહિતનો, **भवः**-જન્મ, **काल-आत्मनः**-કાલરૂપ આપનું, **अरिभयात्**-શત્રુના ભયથી, **दुर्ग-आश्रयः**-કિલ્લામાં રહેઠાણ, **अथ**-અને વળી, **पलायनम्**-શત્રુભયથી પલાયન, **स्वात्मन् रतेः**-આત્મરત આપનું, **यत्**-જે, **प्रमदा-अयुत-आश्रयः**-અનેક સ્ત્રીઓની સાથે લગ્ન, **इह**-આ બાબતોમાં, **विदां धीः**-વિદ્વાનોની મતિ, **खिद्यति**-મૂંઝાય છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૧૬

અનુવાદ—ઇચ્છા વિનાના આપને કર્મો, જન્મરહિત આપને જન્મ, કાળરૂપ આપને શત્રુના ભયથી કિલ્લામાં આશ્રય અને શત્રુભયથી પલાયન, વળી આત્માનંદપરાયણને અનેક સંખ્યામાં વિવાહ સંબંધ આ બધું જોતાં જ્ઞાનીઓની પણ મતિ મૂંઝાય છે. ૧૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનનાં પાંચ કર્મો માટે શંકા કરે છે. પૂતનાનો પ્રાણનાશ, નિર્વિકારીને જન્મ, દુર્મતિ હરનારને દુર્ગાશ્રય, મહાકાલને પલાયન, પૂર્ણને પરિણય, આવું બધું શા માટે? આ શંકાઓ ભગવાનના અન્યથા ભાવ માટે નથી પણ કેવળ ભગવલ્લીલાની મહત્તાનું ગાન કરવા માટે અને દુર્વિજ્ઞેયતાને પૂરવાર કરવા માટે છે. ૧૬

मन्त्रेषु मां वा उपहूय यत्त्वमकुण्ठिताखण्डसदात्मबोधः ॥
पृच्छेः प्रभो मुग्ध इवाप्रमत्तस्तन्नो मनो मोहयतीव देव ॥ १७ ॥

અન્વયાર્થ—**प्रभो**-હે સમર્થ! **देव**-હે દેવ! **वा**-વળી, **अकुण्ठित-अखण्ड-सदा-आत्मबोधः**-અસ્ખલિત અને એકધારા તેજસ્વી જ્ઞાનવાળા, **त्वम्**-આપ, **मंत्रेषु**-મંત્રણાઓમાં, **माम्**-મને, **उपहूय**-બોલાવીને, **मुग्ध इव**-અજાણની માફક, **अप्रमत्तः**-સાવધાનપણે, **यत्**-જે, **पृच्छेः**-પૂછતા હતા, **तत्**-તે, **नः**-અમારાં, **मनः**-મનને, **मोहयति इव**-જાણે મોહ પમાડે છે. (ઉપજાતિ વૃત્ત) ૧૭

અનુવાદ—અને વળી આપ સમર્થ છતાં, તેજસ્વી એકધારા જ્ઞાનવાળા જ્યારે મને મંત્રણાઓમાં બોલાવીને પૂર્ણ સાવધાન છતાં અજાણ હોય તેવી રીતે પૂછતા તે તો અમારા મનને મૂંઝવી દે. છે. ૧૭

તત્ત્વસુધા—પૂર્વના શ્લોકમાં ભગવાનનાં ચરિતો વિસ્મયકારક છે એમ કહ્યું. આ શ્લોકમાં ભગવાનનાં વચનો વિસ્મયકારક છે એમ વર્ણવ્યું. યુધિષ્ઠિર રાજાના રાજસૂયમાં જવું કે જરાસંધથી પરવશ બનેલ નૃપમંડળની વહારે દોડી જવું આવું અલ્પજ્ઞ કે અજ્ઞ પૂછે એ ઘટે. પરંતુ આ તો સર્વજ્ઞ છતાં અબુધની જેમ ભગવાન મને

પૂછે તે કેટલું પ્રભુનું દૈન્ય દર્શાવનારું વાક્ય છે. અથવા તો ભક્તના યશને વધારનારું વાક્ય છે. ખરેખર મનુષ્યની બુદ્ધિ દેવનાં દિવ્ય ચરિતોનાં માપ કેમ કાઢી શકે! ૧૭

ज्ञानं परं स्वात्मरहःप्रकाशं प्रोवाच कस्मै भगवान् समग्रम् ॥
अपि क्षमं नो ग्रहणाय भर्तर्वदाञ्जसा यद् वृजिनं तरेम ॥ १८ ॥

અન્વયાર્થ—भगवान्-ભગવાન આપે, **कस्मै**-બ્રહ્માજીને, **स्वात्म-रहः-प्रकाशम्**-પોતાનું અને પોતાના મર્મને પ્રકાશનારું, **समग्रं श्रेष्ठं ज्ञानम्**-સંપૂર્ણ ઉત્તમ જ્ઞાન, **प्रोवाच**-કહેલું હતું, **तत्**-તે જ્ઞાન, **भर्तः**-નાથ **नः**-અમને, **अपि**-પણ, **ग्रहणाय**-આપવા માટે, **क्षमम्**-શકય હોય, **तर्हि**-તો, **वद**-કહો. **यत्**-જેથી **अञ्जसा**-સહેલાઈથી, **वृजिनम्**-દુઃખને, **तरेम**-તરી જઈએ. (ઉપજાતિ વૃત્ત) ૧૮

અનુવાદ—ભગવાન આપે પોતાનું અને રહસ્યોને પ્રકાશનારું જે સર્વશ્રેષ્ઠ જ્ઞાન બ્રહ્માજીને કહેલું. હે નાથ! તે જ્ઞાન જો અમારાથી ગ્રહણ થઈ શકે તેવું હોય તો કહો કે જેથી અમે સહેલાઈથી દુઃખને તરી જઈએ. ૧૮

તત્ત્વસુધા—એ શ્લોકમાં ભગવચ્ચરિત્ર અને ભગવદ્‌વાકયો સમજવાં કઠિન છે એવું સ્પષ્ટ કર્યું. તેથી ભગવાનની બાબતમાં-ભાગવતની બાબતમાં રહસ્યની સૂઝ કોની પાસેથી મેળવવી? એવું નિવેદન કરતા આ શ્લોકથી પ્રભુને પ્રાર્થે છે કે ભગવન્! આપ "भर्त" સ્વામી છો. ભૃત્યને પાળનારા છો. તેથી નમ્ર વિજ્ઞપ્તિ છે કે ભાગવતનું અને આપનું રહસ્ય સમજાવવાની કૃપા કરો. પરંતુ યોગ્ય જણાય તો જ કહેશો. જો આપ સમજાવશો તો 'वृजिनं' દુઃખને પાર કરશું 'આપ અને આપનું રહસ્ય' નથી સમજાતાં એ જ અમારું 'वृजिन' દુઃખ છે. શ્રી ઉદ્ધવજીએ આ પ્રમાણે વિનમ્રપણે વાકયો ઉચ્ચારી વિરામ લીધો. ૧૮

इत्यावेदितहार्दाय मह्यं स भगवान् परः ॥
आदिदेशारविन्दाक्ष आत्मनः परमां स्थितिम् ॥ १९ ॥

અન્વયાર્થ—इति-એ પ્રમાણે, **आवेदित-हार्दाय**-પોતાના અભિપ્રાય પ્રકટ કરેલા, **मह्यम्**-મને, **सः**-તે, **अरविन्द-अक्षः**-કમલનયન, **परः भगवान्**-પરમ પુરુષે, **आत्मनः**-પોતાની, **परमां स्थितिम्**-શ્રેષ્ઠ સ્થિતિનો, **आदिदेश**-ઉપદેશ કર્યો. ૧૯

અનુવાદ—આ રીતે ભગવાનને મેં મારું હૃદય જણાવ્યું ત્યારે તે કમલનયન પરમ પુરુષ ભગવાને આત્માની શ્રેષ્ઠ સ્થિતિનો મને ઉપદેશ આપ્યો. ૧૯

તત્ત્વસુધા—"आविदितहार्दाय" હૃદયનાથ ભગવાનને હૃદયની વાત કહેવાય. ઉદ્ધવજીએ નાથ સમીપ અન્તરની વાત ઉકેલી. સર્વજ્ઞને નિવેદન શાં, એ સત્ય છે પરંતુ ભાવનાં કે વેદનાનાં પૂરને વારી પણ કોણ શકે? એ ન્યાયે દિલની દેવ પાસે મૂકી. એ સાંભળી કરુણાનિધિ વધુ કરુણ બન્યા. अरविन्दाक्षः અરવિંદનેત્ર શ્રીહરિએ જ્ઞાનનું દાન દયાભર્યાં નયનમાં ભરીને દીધું. अरवि એટલે અજ્ઞાન, અને द એટલે દૂર કરનાર એના अक्षि આંખવાળાનું નામ "અરવિન્દાક્ષ" છે. ૧૯

स एवमाराधितपादतीर्थादधीततत्त्वात्मविबोधमार्गः ॥
प्रणम्य पादौ परिवृत्य देवमिहागतोहं विरहातुरात्मा ॥ २० ॥

અન્વયાર્થ—एवम्-આ પ્રમાણે, **आराधित-पादतीर्थात्**-સેવેલ ચરણતીર્થ પૂજ્યપાદ ભગવાન પાસેથી, **अधीततत्त्वआत्म-विबोध-मार्गः**-વાસ્તવિક જ્ઞાનસ્વરૂપના માર્ગને ભણેલો, **सः अहम्**-તે હું, **पादौ**-પ્રભુના બન્ને ચરણોને, **प्रणम्य**-પ્રણામ કરીને, **देवम् परिक्रम्य**-દેવની પ્રદક્ષિણા કરીને, **विरह-आतुरः**-વિરહથી વ્યાકુળ મનવાળો, **इह**-આ ઠેકાણે, **आगतः**-આવેલ છું. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૨૦

અનુવાદ—એ પ્રમાણે પ્રાર્થના કરેલ પૂજ્યપાદ ભગવાન પાસેથી તત્ત્વજ્ઞાનના બોધમાર્ગને ભણેલો હું પ્રભુનાં ઉભય ચરણોને પ્રણામ કરી, દેવની પ્રદક્ષિણા કરી, વિરહથી વ્યથિત હૃદયવાળો હું અહીં આવેલ છું. ૨૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં કહ્યું છે કે ભગવાનને પણ ગુરુ તરીકે સેવવાથી જ જ્ઞાન મળે. **आराधित–** पाद–तीर्थात् ‘तीर्थ’ શબ્દ પિતા માટે તેમજ ગુરુ માટે પણ વપરાય છે. આ સ્થળે ‘तीर्थ’ શબ્દ ગુરુવાચક છે. आराधित શબ્દનો અર્થ સેવા કરવાનો છે. ગુરુશિષ્ય ભાવે મેળવેલી જ વિદ્યા મોહને દૂર કરે છે.

अधीततत्त्वात्मविबोधमार्गः—આ વાક્યમાં “તત્ત્વ” શબ્દનો અર્થ વાસ્તવિક એવો થાય છે. ‘आत्म–विबोध-मार्ग’ એટલે ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો તેમજ આત્માના સંબંધવાળા જ્ઞાનનો માર્ગ ભગવાન પાસેથી જ જાણી શકાય અને તે જાણીને આ સ્થાનમાં આવ્યો છું. મને એટલું જ યાદ છે કે મેં “पादौ **प्रणम्य** परिक्रम्य” પ્રણામ અને પ્રદક્ષિણા એ કર્યાં છે. પછી આ સ્થાનમાં કેવી રીતે આવ્યો ? એક જ પગલામાં ભગવાને ઉઠાવીને મૂકી દીધો કે ધીમે ધીમે આવ્યો તેની ખબર જ નથી. ૨૦

सोऽहं तद्दर्शनाह्लादवियोगार्तियुतः प्रभोः ।
गमिष्ये दयितं तस्य बदर्याश्रममण्डलम् ॥ २१ ॥

અન્વયાર્થ—तद्–दर्शन–आह्लाद–वियोग–आर्ति–युतः–ભગવાનનાં દર્શનના આનંદ અને વિયોગની પીડાવાળો, **सः अहम्**–તે હું, **प्रभोः तस्य**–સમર્થ તે ભગવાનના, **दयितम्**–અત્યંત પ્રિય એવા, **बदरी–आश्रम–मण्डलम्**–બદરિકાશ્રમ સ્થાનમાં, **गमिष्ये**–જઈશ. ૨૧

અનુવાદ—ભગવાનનાં દર્શનથી આનંદ અને વિયોગથી વ્યાકુલતાવાળો હું સમર્થ તે ભગવાનના બહુ જ પ્રિય બદરિકાશ્રમ મંડળમાં જઈશ. ૨૧

તત્ત્વસુધા—“आज्ञा गुरूणामविचारणीया” ગુરુજનની આજ્ઞાઓનો અવિલંબે અમલ કરવો જોઈએ. એ ન્યાયે પ્રભુના અત્યંત પ્રિયતમ બદરિકાશ્રમ મંડળમાં હું જઈ રહ્યો છું. પરંતુ હે વિદુર ! દર્શનથી આનંદ તો છે જ પરંતુ વિયોગથી વિહ્વલતા પણ છે. “આનંદ અને વિહ્વલતા” ઘણી વખત પ્રમાદ કરાવે છે. પરંતુ વિવેકી તે સમયમાં પણ કર્તવ્યપરાયણ હોય છે તે તેની વિશેષતા છે. ૨૧

यत्र नारायणो देवो नरश्च भगवानृषिः ॥
मृदु तीव्रं तपो दीर्घं तेतापे लोकभावनौ ॥ २२ ॥

અન્વયાર્થ—यत्र–જ્યાં, **देवः नारायणः**–ભગવાન નારાયણ, **च भगवान् नरः ऋषिः**–અને ભગવાન નર ઋષિ, **लोक–भावनौ**–લોકમંગળભાવનાવાળા, **मृदु**–કોમળ, **तीव्रम्**–કઠોર, **दीर्घं तपः**–અને દીર્ઘ તપ, **तेपाते**–આચરે છે. ૨૨

અનુવાદ—જ્યાં ભગવાન નારાયણ દેવ અને ભગવાન નર ઋષિ બન્ને, લોકનો આદર કરનારા કોમળ, કઠોર અને તીવ્ર દીર્ઘ તપ કરે છે. ૨૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાન લોકહિતાર્થ તપશ્ચર્યા કરે છે તેનું કથન છે—

“यत्र नारायणो देवः” ભગવાન નરનારાયણ લોકહિતાર્થ તપ કરે છે. ભગવાન નર અને નારાયણ બે સ્વરૂપે બદરિકાશ્રમમાં વસે છે. તેમાં આશ્રમમાં પ્રધાનપણે ઋષિ અને નર સ્વરૂપે બિરાજે છે. અને મંડળમાં પ્રધાનપણે નારાયણસ્વરૂપે દેવ તરીકે બિરાજે છે. તાત્પર્ય કે આશ્રમમાં નરનું પ્રાધાન્ય છે અને મંડલમાં નારાયણનું પ્રાધાન્ય છે. નર–નારાયણ બન્ને જણ તપશ્ચર્યા આચરે છે. તેમની તપશ્ચર્યા મૃદુ, તીવ્ર અને દીર્ઘ એવા ત્રણ

પ્રકારની છે. "मृदु" બીજાને કલેશ ન કરે તેવું સાત્ત્વિક તપ. તપ કરનારને જોઈને કોઈને ઉદ્વેગ ન થાય તેવું તપ. તેમજ કોઈનું અહિત ન કરાય તેવું તપ. "तीव्रम्" સમર્થ જન કરી શકે તેવું તપ બ્રહ્મચર્ય વગેરે. "दीर्घं" કલ્પ પર્યન્ત લાંબું તપ કરે છે.

દેવ, ભગવાન અને ઋષિ એવાં ત્રણ વિશેષણ હોવાથી ત્રણ પ્રકારનાં તપ કરે છે. દેવ સાત્ત્વિક છે તેથી સાત્ત્વિક એવું "મૃદુ" તપ કર્યું. ભગવાન તરીકે "તીવ્ર" તપ કર્યું. ઋષિ તરીકે દીર્ઘ તપ કર્યું. ૨૨

श्रीशुक उवाच – इत्युद्धवादुपाकर्ण्य सुहृदां दुःसहं वधम् ॥
ज्ञानेनाशमयत् क्षत्ता शोकमुत्पतितं बुधः ॥ २३ ॥
स तं महाभागवतं व्रजन्तं कौरवर्षभ ॥
विश्रम्भादभ्यधत्तेदं मुख्यं कृष्णपरिग्रहे ॥ २४ ॥

અન્વયાર્થ—**बुधः**-વિચક્ષણ, **क्षत्ता**-વિદુરજીએ, **इति**-એ પ્રમાણે, **उद्धवात्**-ઉદ્ધવજી પાસેથી, **दुःसहम्**-અસહ્ય એવા, **सुहृदां वधम्**-સ્નેહી જનોના વધને, **उपाकर्ण्य**-સાંભળીને, **उत्पतितं शोकम्**-ઉત્પન્ન થયેલા શોકને **ज्ञानेन**-જ્ઞાન દ્વારા, **अशमयत्**-શાંત કર્યો. ૨૩

कौरव-ऋषभः-કૌરવશ્રેષ્ઠ, **सः**-તે, **महाभागवतम्**-પરમ ભગવદીય, **कृष्ण-परिग्रहे**-કૃષ્ણ ભગવાનના પરિવારમાં, **मुख्यम्**-શ્રેષ્ઠ એવા, **व्रजन्तं तम्**-વિદાય લેતા તે ઉદ્ધવજીને, **विश्रम्भात्**-વિશ્વાસપૂર્વક, **इदम्**-આ પ્રમાણે, **अभ्यधत्त**-કહેવા લાગ્યા. ૨૪

અનુવાદ—એ પ્રમાણે જ્ઞાની વિદુરજીએ ઉદ્ધવજીના મુખથી સ્નેહીજનોના અસહ્ય એવા વધને સાંભળીને ઊભરાઈ આવેલ શોકને વિવેકથી શાંત કર્યો. વળી, હે કૌરવશ્રેષ્ઠ પરમ ભગવદીય અને પ્રભુના સેવકપરિવારમાં શ્રેષ્ઠ શ્રી ઉદ્ધવજીને વિદાય લેતી વખતે વિદુરજી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૩, ૨૪

તત્ત્વસુધા—ચિત્તમાં ઉત્પન્ન થતા મોહ અને શોકને જ્ઞાની અને જિતેન્દ્રિય એ વ્યક્તિઓ રોકી શકે છે. ઉદ્ધવજીના મુખમાંથી સ્વજનવિયોગની વાત સાંભળી તેની વ્યથા થઈ. ભગવદ્‌વિરહની પણ વ્યથા થઈ અને "क्षत्ता" એટલે જિતેન્દ્રિય અને "बुधः" એટલે વિવેકી વિદુરજીએ તે વ્યથાને શાંત કરી. વિરહવ્યથાને શાંત કર્યા બાદ ઉદ્ધવજીને જ્યારે જવા તૈયાર થયેલા જોયા ત્યારે વિદુરજીએ વિશ્વાસપૂર્વક કાંઈક પૂછવાનો પ્રારંભ કર્યો. ૨૩, ૨૪

विदुर उवाच – ज्ञानं परं स्वात्मरहःप्रकाशं यदाह योगेश्वर ईश्वरस्ते ।
वक्तुं भवान्नोऽर्हति यद्धि विष्णोर्भृत्याः स्वभृत्यार्थकृतश्चरन्ति ॥ २५ ॥

અન્વયાર્થ—**योगेश्वरः**-યોગેશ્વર, **ईश्वरः**-ઈશ્વરે, **यत्**-જે, **स्व-आत्म-रहः-प्रकाशम्**-પોતાના રહસ્યને પ્રકાશનારું, **परं ज्ञानम्**-શ્રેષ્ઠ જ્ઞાન, **ते**-તમને **आह**-કહ્યું, **तत्**-તે, **भवान्**-આપ, **नः**-મને, **वक्तुम्**-કહેવાને, **अर्हसि**-યોગ્ય છો. **यत्**-કારણ કે, **विष्णोः**-વિષ્ણુના-ભગવાનના, **भृत्याः**-સેવકો, **स्व-भृत्य-अर्थ-कृतः**-પોતાના સેવકો માટે કાર્ય કરતાં, **हि**-ખરેખર, **चरन्ति**-વિચરે છે. (ઉપજાતિ વૃત્ત) ૨૫

અનુવાદ—યોગેશ્વર ઈશ્વરે જે પોતાના મર્મને પ્રકાશનારું ઉત્તમ જ્ઞાન તમને કહ્યું તે જ્ઞાન આપ મને કહેવા યોગ્ય છો. કારણ કે વિષ્ણુ ભગવાનના સેવકો, પોતાના સેવકો માટે કાર્ય કરતાં વિચરે છે. ૨૫

"ज्ञानं परं स्वात्मरहः प्रकाशम्" ઉદ્ધવજીએ ૧૮મા શ્લોકમાં કહેલું કે ભગવાને (૧) પોતાની માયા વગેરે શક્તિઓના રહસ્યનું જ્ઞાન, (૨) તેમજ ભગવાનની લીલાઓના રહસ્યનું જ્ઞાન, એ બે પ્રકારનું ઉત્તમ જ્ઞાન મને આપ્યું. શ્રી વિદુરજીએ પ્રભુના આપેલ જ્ઞાનને માટે અભિલાષા કરી છે.

જો કે ભક્તથી કોઈ કામના ન કરાય તો પણ શ્રેષ્ઠ ભક્ત પાસે કોઈ પણ ભક્ત ભગવલ્લીલાના જ્ઞાન માટે ઇચ્છા કરે તો તે યોગ્ય ગણાય છે. પરમ ભગવદીયોનું પૃથ્વી ઉપર વિચરવું "स्वभृत्यार्थकृतः" નિજજનોના નિતાંત કલ્યાણ માટે જ હોય છે. યોગેશ્વર એટલે 'સાધન'વાળા અને ઈશ્વર એટલે સ્વરૂપજ્ઞાનવાળા. બન્ને જ્ઞાન ભગવાનને હોઈ શકે.

માયા અને આત્મરહસ્ય બોધ કહેલ યોગેશ્વર ઈશ્વરે જે:
મને કહો તે જ સદાય વિષ્ણુ–ભક્તો ફરે ભક્તહિતાર્થે લોકે. ૨૫

उद्धव उवाच – ननु ते तत्त्वसंराध्य[1] ऋषिः कौशारवोऽन्ति मे ।
साक्षाद्भगवतादिष्टो मर्त्यलोकं जिहासता ॥ २६ ॥

અન્વયાર્થ—ननु–ખરેખર, **ते**–આપે, **ऋषिः कौषारवः**–તત્ત્વદર્શી મૈત્રેય ઋષિ, **संराध्यः**–તત્ત્વબોધ માટે આરાધનીય છે. કારણ કે **मर्त्यलोकम्**–મૃત્યુલોકને, **जिहासता**-તજવા ઇચ્છતા, **भगवता**–ભગવાને, **साक्षात्**–સાક્ષાત્, **मे**–મારી, **अन्ति**–સમક્ષ, **आदिष्टः**–આજ્ઞા કરી છે. ૨૬

અનુવાદ—ખરેખર આપે તત્ત્વદર્શી મૈત્રેયઋષિની તત્ત્વજ્ઞાન માટે આરાધના કરવી. કારણ કે મનુષ્ય લોકને તજવા ચાહતા ભગવાને મારી હાજરીમાં મૈત્રેયમુનિને તમને જ્ઞાન આપવા આદેશ કર્યો છે. ૨૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં ઉદ્ધવજીએ વિદુરજીને ભગવાનનો સંદેશો સંભળાવ્યો—

ઉદ્ધવજીએ કહ્યું: વિદુરજી આપ પુણ્યશીલ છો. ઉત્તમશ્લોક ભગવાને આપની પ્રથમથી જ ચિંતા કરી છે. મારી હાજરીમાં "ऋषिः" એટલે તત્ત્વદર્શી कौषारवः એટલે ભક્તહૃદય શ્રી મૈત્રેયને ભગવાને આદેશ કર્યો છે કે મૈત્રેય મારા વિદુરને આ જ્ઞાન તમારે આપવું.

હું તો માનું છું કે ભગવાને 'તમારી યાદ' કરીને તમને જ્ઞાન આપ્યું છે. કેવલ આત્મસંતોષ માટે જ તમારે સાંભળવાનું અવશિષ્ટ રહે છે. તે મહાન ભાગ્યશાળી છે કે જેને "ભગવાન સ્મરે."

श्रीशुक उवाच – इति सह विदुरेण विश्वमूर्तेर्गुणकथया सुधया प्लावितोरुतापः
क्षणमिव पुलिने यमस्वसुस्तां समुषित औपगविर्निशां ततोऽगात् ॥ २७ ॥

અન્વયાર્થ—इति–આ પ્રમાણે, **विदुरेण सह**–વિદુરજીની સાથે, **विश्वमूर्तेः**–વિશ્વમૂર્તિ ભગવાનની, **गुणकथया**–ગુણકથાના, **सुधया**–અમૃતથી, **प्लावित–उरु–तापः**–શાંત થયેલ તાપવાળા એ, **यम–स्वसुः**–યમુનાજીના, **पुलिने**–કિનારે, **ताम्**–તે, **निशाम्**–રાતને, **क्षणम् इव**–ક્ષણની પેઠે, **समुषितः**–ગાળ્યા પછી **औपगविः**–ઉદ્ધવજી, **ततः**–ત્યાંથી, **अगात्**–નીકળ્યા. (પુષ્પિતાગ્રા વૃત્ત) ૨૭

અનુવાદ—શ્રી શુકદેવજીએ કહ્યું: રાજન્! આ પ્રમાણે શ્રી વિદુરજીની સાથે વિશ્વમૂર્તિ ભગવાનના ગુણોના કથામૃતનું પાન કરતાં સર્વ તાપોને ડૂબાડી દીધા. અને શ્રી યમુનાજીના કિનારે એક ક્ષણની માફક રાત પસાર કર્યા બાદ ઉદ્ધવજી ત્યાંથી બદરિકાશ્રમ ગયા. ૨૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં બે પરમભગવદીયોના મિલનની સુભગ રસસમાધિનું વર્ણન છે—

---

[1] संराद्धः प्रा. पा.

સાયંકાલે બે સંતો યમુના મહારાણીજીને કિનારે મળ્યા. બન્નેની સંપૂર્ણ રાત્રિ એક ક્ષણ જેવી બની. એક ક્ષણમાં "આસન, વાણી, પાણી, મંગલપૃચ્છા" તો ક્યાંથી કરે? તેથી તે વિવેક આ પ્રસંગે શું કામ વર્ણવે. બે સાધુ મળ્યા ને હરિચર્ચા આરંભી. અનુસંધાન રહ્યું જ નહીં કે ઊભા છીએ કે બેઠા છીએ. પણ જ્યારે વાત વિરમી ત્યારે પ્રભાત ઊગેલું નિહાળ્યું.

લોકવાર્તામાં ને વિષયવાર્તામાં તો રાતોની રાત પસાર થાય તેનું ભાન ન રહે તે સ્વાભાવિક છે પણ "હરિરસસુધા-પાનમાં તો કોક પુણ્યશીલની જ રાત પ્રભાત થાય. "विश्वमूर्तेः गुणकथया सुधया" ભગવાન વિશ્વમૂર્તિ છે એટલે અનન્તમૂર્તિ છે. એમના ગુણો પણ અનંત છે. અનંત યુગ પર્યન્ત અનન્તમુખ શેષ, હરિરસ પીએ કે પાય તો પણ લેશ માત્ર પી શકે, બાકીનો તો અવશેષ રહે. તો બે સંતોની રાતમાં તે ક્યાં ખૂટવાનો હતો.

કથાસુધાની શક્તિ પણ અપાર છે "ક્ષુધા, તૃષા, શોક, ક્લેશ, જરા, ભય" આદિ દોષોના નિવારણનું સામર્થ્ય કથામાં છે. વૃત્તિનો નિરોધ થાય છે. વળી "यमस्वसुः" શબ્દ શ્રી મહારાણીજી માટે વાપર્યો છે. "યમુનાજી કે કાલિન્દિજી કહેવું જોઈએ. પરંતુ "ક્રૂર પ્રાણીઓવાળો કિનારો" હતો તે દર્શાવવા "યમસ્વસુ" કહ્યું. પણ કથાસામર્થ્યે "ક્રૂર પ્રાણી દયાભરપૂર" બની ગયાં. અથવા કથામાં ડૂબેલ બે સંતોને તેનું અનુસંધાન પણ ન હતું. "औपगविः" ગાયોનું પાલન કરનાર, ઉપનિષદનું સેવન કરનાર, જિતેન્દ્રિય એવો પણ અર્થ થાય. આ ઉદ્ધવજીનું નામ છે. ૨૭

राजोवाच – निधनमुपगतेषु वृष्णिभोजेष्वधिरथयूथपयूथपेषु मुख्यः ।
स तु कथमवशिष्ट उद्धवो यद् हरिरपि तत्यज आकृतिं त्र्यधीशः ॥ २८ ॥

અન્વયાર્થ—**वृष्णि-भोजेषु**-વૃષ્ણિ અને ભોજો, **निधनम् उपगतेषु**-મરણ પામ્યા તો પછી, **अधिरथ-यूथप-यूथपेषु**-અધિરથીઓના પૂથપતિના યૂથમાં, **मुख्यः**-મુખ્ય, **सः**-તે, **तु**-તો, **उद्धवः**-ઉદ્ધવ, **कथम्**-કેવી રીતે, **अवशिष्टः**-બચી ગયા, **यद्**-કારણ કે, **त्र्यधीशः**-ત્રણ લોકના સ્વામી, **हरिः**-શ્રીકૃષ્ણે, **अपि**-પણ, **आकृतिम्**-શ્રીવિગ્રહનો-દેહનો, **तत्यज**-ત્યાગ કર્યો. (પુષ્પિતાગ્રા વૃત્ત) ૨૮

અનુવાદ—પરીક્ષિત રાજાએ પૂછ્યું: ભગવન્! વૃષ્ણિઓ અને ભોજો મરણ પામ્યા, તો પછી અધિરથીઓના સેનાપતિઓના સૈન્યનું રક્ષણ કરનારાઓમાં મુખ્ય શ્રી ઉદ્ધવજી કેમ બાકી રહ્યા? કારણકે ત્રણ લોકના નાથે-શ્રીહરિએ પણ પોતાની આકૃતિનો-શ્રીવિગ્રહનો ત્યાગ કર્યો. ૨૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં રાજા પરીક્ષિત શંકા કરે છે.

"निधन-मुपगतेषु"—પ્રત્યેક વ્યક્તિ પોતાની યોગ્યતા પ્રમાણે જ સમજી શકે. વિદુરજી અને ઉદ્ધવજીની અત્યારસુધીની કથામાં સ્પષ્ટ કર્યું છે કે "યાદવોને શાપ, યાદવહાનિ, ભગવાનના વિગ્રહનો ત્યાગ" આ સર્વ ભગવાનની લીલા છે. પરંતુ રાજાને તેટલો ખ્યાલ નથી આવી શક્યો, તે માને છે કે મને જેમ શાપ થયો છે અને દેહ છૂટશે તેમ યાદવોનો પણ વિનાશ શાપથી જ થયો તો પછી "રણસંગ્રામ શિરોમણિ" ઉદ્ધવજી તો પ્રથમ જવા જોઈએ. उद् ऊर्ध्वं ઘણા ઊંચા પ્રકારની हवः યુદ્ધકલા છે તે ઉદ્ધવ ગણાય. વળી ભગવાને પણ પોતાની "આકૃતિ"-શ્રીવિગ્રહને આપને લીધે ત્યજેલ તો પછી ઉદ્ધવજી કેમ અવશિષ્ટ રહ્યા? તો શું શાપ વ્યર્થ ગયો કે કોઈ ન સમજાય એવી વસ્તુ બની? કારણ શું તેનું સમાધાન માગે છે. ૨૮

श्रीशुक उवाच – ब्रह्मशापापदेशेन कालेनामोघवाञ्छितः ।
संहृत्य स्वकुलं नूनं त्यक्ष्यन्देहमचिन्तयत् ॥ २९ ॥
अस्माल्लोकादुपरते मयि ज्ञानं मदाश्रयम् ।
अर्हत्युद्धव एवाद्धा संप्रत्यात्मवतां वरः ॥ ३० ॥

नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दितः प्रभुः ।
अतो मद्वयुनं लोकं ग्राहयन्निह तिष्ठतु ॥ ३१ ॥

અન્વયાર્થ—**अमोघ-वाञ्छितः**-સફલ સંકલ્પવાળા શ્રીકૃષ્ણ, **ब्रह्मशाप-अपदेशेन**-બ્રાહ્મણના શાપના બહાને, **कालेन**-કાલદ્વારા, **स्वकुलम्**-પોતાના કુલનો, **संहृत्य**-સંહાર કરીને, **नूनम्**-ખરેખર, **देहम्**-શરીરને, **त्यक्ष्यन्**-ત્યજવાની વાત, **अचिन्तयत्**-વિચારવા લાગ્યા. ૨૯

संप्रति-હવે, **मयि**-હું, **अस्मात्**-આ, **लोकात्**-લોકમાંથી, **उपरते**-નિવૃત્ત થઈશ ત્યારે, **मद्-आश्रयम्**-મારામાં રહેલ, **अद्धा**-શ્રેષ્ઠ, **ज्ञानम्**-જ્ઞાનને, **आत्मवताम्**-આત્મજ્ઞાનીઓમાં, **वरः**-શ્રેષ્ઠ, **उद्धवः एव**-ઉદ્ધવ જ, **अर्हति**-ધારણ કરવા યોગ્ય છે. ૩૦

प्रभुः-શ્રેષ્ઠ, **उद्धवः**-ઉદ્ધવ, **अणुः अपि**-અણુ જેટલા પણ, **मत्-न्यूनः**-મારા કરતાં ઊતરતા, **न**-નથી, **यत्**-કારણ કે, **गुणैः**-ગુણો દ્વારા, **न अर्दितः**-ક્ષોભ નથી પામતા, **अतः**-માટે, **लोकं**-લોકમાં, **मत्-वयुनम्**-મારા જ્ઞાનને, **ग्राहयन्**-આપતા, **इह**-અહીં, **तिष्ठतु**-ભલે રહો. ૩૧

અનુવાદ—સફળ મનોરથવાળા શ્રીકૃષ્ણ બ્રાહ્મણોના શાપના નિમિત્તે કાલ દ્વારા પોતાના કુલનો સંહાર કરીને ખરેખર પોતાના દેહનો ત્યાગ કરવા વિચારવા લાગ્યા કે હું જ્યારે આ લોકમાંથી વિદાય લઈશ ત્યારે મારામાં વસેલ શ્રેષ્ઠ જ્ઞાનને આત્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ઉદ્ધવજી એકલા જ ધારણ કરવા યોગ્ય છે. કારણ કે શ્રેષ્ઠ ઉદ્ધવજી મારા કરતાં અણુ જેટલા પણ ઊતરતા નથી. જે ગુણો દ્વારા ક્ષોભ પામતા નથી. માટે આ ભૂતળમાં મારું જ્ઞાન લોકને આપવા આ લોકમાં ભલે રહો. ૨૯–૩૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં પ્રભુની કૃપાળુતાનું વર્ણન છે—

ब्रह्मशापापदेशेन—બ્રાહ્મણોના શાપનો તો માત્ર આદર છે. ભગવાને જ પોતાની ઉપસંહારલીલા આરંભી છે. તેથી ભગવાન વિદાય લેતાં ભૂતલ ઉપર પોતાના જેવા સમર્થ પુરુષને મૂકવા ચાહે છે કે જેનામાં જ્ઞાનને ધારણ કરવાનું સામર્થ્ય હોવું જોઈએ. જો કે નારદાદિ ભક્તો સમર્થ છે પરંતુ ઉદ્ધવજી "मद्-वयुनम्" ભગવાનનાં જ્ઞાન એટલે લીલારહસ્ય જ્ઞાનને જાણનાર છે. તેમનું રહેવું યથાર્થ છે. ઉદ્ધવજીની યોગ્યતા દર્શાવતા गुणैः नार्दितः અને प्रभुः બે ગુણો છે. "ગુણોથી ક્ષોભ" ન પામવું એ ભગવદ્ધર્મ છે. "પ્રભુ" એટલે સમર્થ. આ સમર્થ શબ્દનું તાત્પર્ય ઘણું જ સૂક્ષ્મ છે. રણસંગ્રામમાં "શૂર" એકલા રણનું કામ કરી શકે પરંતુ સાચા સમર્થ તો "સ્વભાવને વશ" રાખે તેને માન્યા છે. ઉદ્ધવજી રણમાં તો શૂર છે જ તદુપરાંત સ્વભાવને વશ રાખનાર છે. તેઓ "ક્ષત્રિય છે, શૂરવીર છે, ભગવાનના કાકા છે, સગા છે" આવી યોગ્યતાવાળા કદી સેવા કરે નહીં. ઉદ્ધવજીમાં આ યોગ્યતા છતાં તેઓ ભગવાનની સેવા નાનામાં નાની કક્ષાના મનુષ્ય બનીને કરે છે તે જ તેમના સ્વભાવનો વિજય છે. માટે જ્ઞાન પ્રદાન કરવા ઉદ્ધવજી ભૂતલ ઉપર રહે એ યોગ્ય છે એમ વિચારી પોતાના પ્રતિનિધિ તરીકે મને મૂક્યા. નિધિમાં રહેલ સામર્થ્ય જેનામાં માલૂમ પડે તે પ્રતિનિધિ. ૨૯–૩૧

एवं त्रिलोकगुरुणा संदिष्टः शब्दयोनिना ।
बदर्याश्रममासाद्य हरिमीजे समाधिना । ३२ ॥
विदुरोप्युद्धवाच्छ्रुत्वा कृष्णस्य परमात्मनः ।
क्रीडयोपात्तदेहस्य कर्माणि श्लाघितानि च ॥ ३३ ॥

देहन्यासं च तस्यैवं धीराणां धैर्यवर्धनम् ।
अन्येषां दुष्करतरं पशूनां विक्लवात्मनाम् ॥ ३४ ॥
आत्मानं च कुरुश्रेष्ठ कृष्णेन मनसेक्षितम् ।
ध्यायन्गते भागवते रुरोद प्रेमविह्वलः ॥ ३५ ॥

અન્વયાર્થ—एवम्–આ પ્રમાણે, **शब्दयोनिना**–વેદના કારણ, **त्रिलोक-गुरुणा**–ત્રણ લોકના ગુરુ કૃષ્ણથી, **संदिष्टः**–આજ્ઞા પામેલ ઉદ્ધવજી, **बदर्याश्रमम्**–બદરિકાશ્રમમાં, **आसाद्य**–જઈ ને, **समाधिना**–સમાધિયોગદ્વારા, **हरिम्**–શ્રીકૃષ્ણને, **ईजे**–પૂજવા લાગ્યા. ૩૨

च–અને, **विदुरः अपि**–વિદુરજી પણ, **उद्धवात्**–ઉદ્ધવ પાસેથી, **क्रीडया**–લીલાથી, **उपात्तदेहस्य**–ધારણ કરેલ દેહવાળા, **परमात्मनः कृष्णस्य**–પરમાત્મા શ્રીકૃષ્ણનાં, **श्लाघितानि**–સ્તુત્ય, **कर्माणि**–કર્મો, **च**–અને, **एवम्**–એ પ્રમાણે, **धीराणाम्**–ધીર જનોના, **धैर्यवर्धनम्**–ધૈર્યને વધારનાર, **च**–અને, **अन्येषाम्**–બીજા, **विक्लव-आत्मनाम्**–ચંચળ ચિત્તવાળા, **पशूनाम्**–પશુતુલ્ય મનુષ્ય માટે, **दुष्करतरम्**–અતિ દુષ્કર ન થઈ શકે તેવા, **तस्य**–ભગવાનના, **देहन्यासम्**–આ પ્રકારના દેહત્યાગને, **च**–અને, **कृष्णेन**–ભગવાને, **आत्मानम्**–પોતાને, **मनसा धृतम्**–મનમાં રાખેલ, **श्रुत्वा**–સાંભળીને, **ध्यायन्**–તે જ વસ્તુનું ચિંતન કરતા, **भागवते**–પરમ ભગવદીય શ્રી ઉદ્ધવજી, **गते**–વિદાય થયા ત્યારે, **कुरुश्रेष्ठ**–રાજન્, **प्रेमविह्वलः**–પ્રેમથી વ્યાકુળ બનીને, **रुरोद**–રડવા લાગ્યા. ૩૩–૩૫

અનુવાદ—આ પ્રમાણે વેદના નિર્માણ કરનાર, ત્રણ લોકના ગુરુ શ્રીકૃષ્ણ પાસેથી આજ્ઞા પામેલ ઉદ્ધવજી બદરિકાશ્રમમાં જઈને સમાધિયોગ દ્વારા શ્રીકૃષ્ણને પૂજવા લાગ્યા. અને વિદુરજી, 'પણ લીલાથી ધારણ કરેલ દેહવાળા પરમાત્મા શ્રીકૃષ્ણનાં પ્રશંસા કરવા લાયક ચરિત્રોને, તેમજ ધીર જનોના ધૈર્યને વધારનાર, ચંચળ ચિત્તવાળા અન્ય પશુતુલ્ય મનુષ્યોને માટે અશક્ય એવા ભગવાનના દેહત્યાગને તેમજ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને મનમાં ધારણ કર્યા છે' આ સર્વ ઉદ્ધવજી પાસેથી સાંભળીને આ જ વસ્તુનું ચિંતન કરતા જ્યારે પરમ ભગવદીય ઉદ્ધવજી વિદાય થયા ત્યારે હે કુરુશ્રેષ્ઠ રાજન્! પ્રેમવ્યાકુલ વિદુરજી રડવા લાગ્યા. ૩૨–૩૫

તત્ત્વસુધા—આ ચાર શ્લોકોમાં ભગવાનની આજ્ઞાનું પાલન, ઉદ્ધવજીની વિદાય અને વિદુરજીની વ્યાકુળતાનું વર્ણન છે—

"शब्दयोनिना" અને "त्रिलोकगुरुणा" એવાં બે વિશેષણો ભગવાનને આપ્યાં છે. તેનું તાત્પર્ય છે કે ભગવાન સર્વના હિત માટે વેદોને પ્રકટ કરે છે. તેમાં દર્શાવેલ આજ્ઞા પ્રમાણે વિશ્વ ચાલે છે. કોઈ વખત તે આજ્ઞાઓમાં પરિવર્તન પણ પોતે કરે છે. બ્રાહ્મણોનો શાપ પોતે જ આપ્યો છે, અને ઉદ્ધવજીને શાપમુક્ત પણ પોતે જ રાખે છે. બન્ને કાર્ય વેદસંમત છે. કારણ કે ભગવાન "વેદવિધાતા" છે તે તેમજ ત્રણલોકના ગુરુ તરીકે "હિતવિધાતા" પણ છે.

"बदर्याश्रममासाद्य" ઉદ્ધવજીએ પ્રભુની આજ્ઞા શિરે ચડાવી. પ્રભુના જેવું જ્ઞાન ધારણ કરવાનું સામર્થ્ય નથી તે જાણ્યું તો પણ તેની-પ્રભુની ચિંતા પોતાને શા માટે એવો નિર્ણય કરી વિદાય લીધી. અને બદરિકાશ્રમમાં જઈ ભગવાનનું યજન કરવા લાગ્યા.

ઉદ્ધવજીની વિદાય બાદ વિદુરજીને અનુસંધાન થયું કે મને ભગવાનની લીલાનું વાસ્તવિક જ્ઞાન નથી થયું તેથી તેઓ પુષ્કળ રડી પડ્યા. તેમના રુદનમાં ત્રણ સામગ્રીએ સાથ પુરાવ્યો: (૧) "ભગવાનનાં ચરિત્રોનું

શ્રવણ, (૨) ભગવાનની મોહ પમાડનાર લીલાનું શ્રવણ અને (૩) ભક્તો ઉપરની ભગવાનની અકારણ કરુણાનું શ્રવણ" આ ત્રણ તેમને વધુ વ્યાકુળ કરનાર હતાં. "देहन्यासम्" ભગવાને દેહ ત્યજ્યો નથી પરંતુ સલામત સ્થાપ્યો છે. કારણ કે "આનંદમય' શ્રી અંગોનો બનેલ ભગવાનનો વિગ્રહ છે. માત્ર દ્રષ્ટાની દૃષ્ટિનું તિરોધાન કર્યું તેથી ન દેખાય. 'कुरुश्रेष्ठ' શબ્દનું સંબોધન કથાશ્રવણ કરતા પોતાના શ્રોતા પરીક્ષિતને કરેલ છે. એ એમ સૂચવે છે કે વિદુર તમારા વડવા હતા. આવા ભક્ત અને પુણ્યશાળી હતા. તમે તેમના વારસદાર છો તે તમારું સૌભાગ્ય છે. ૩૨–૩૫

कालिन्द्याः[1] कतिभिः सिद्ध अहोभिर्भरतर्षभं ॥
प्रापद्यत स्वःसरितं यत्र मित्रासुतो मुनिः ॥ ३६ ॥

અન્વયાર્થ—भरतर्षभ-હે ભરતશ્રેષ્ઠ! **कतिभिः**-કેટલાક, **अहोभिः**-દિવસોમાં, **सिद्धः**-સિદ્ધ થયેલ વિદુરજી, **कालिन्द्याः**-યમુનાજીના કિનારેથી, **यत्र**-જ્યાં, **मित्रासुतः**-મૈત્રેય, **मुनिः**-મુનિ હતા ત્યાં, **स्वः-सरितम्**-દેવનદીના કિનારે, **प्रापद्यत**-આવી પહોંચ્યા. ૩૬

અનુવાદ—હે ભરતશ્રેષ્ઠ રાજન્! ત્યારબાદ કેટલા દિવસોએ સિદ્ધ થઈ શ્રી વિદુરજી કાલિન્દીજીના કિનારેથી જ્યાં મૈત્રેય મુનિ હતા ત્યાં ગંગાકિનારે આવી પહોંચ્યા. ૩૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિદુરજી ભગવત્કૃપાથી સિદ્ધ થાય છે તે વર્ણવે છે—

भरतर्षभ! આ સંબોધન છે, તેથી એ રાજાનું વિશેષણ છે. કેટલાક મહાનુભાવો પ્રથમાન્ત કરીને વિદુરજીનું વિશેષણ બતાવે છે. વિદુરજી અને પરીક્ષિત બન્ને ભરતકુલમાં શ્રેષ્ઠ છે તેથી બન્નેને સંગત છે. પરંતુ શુકાચાર્ય કંઈક વિશેષ વાત કહેવા ચાહે છે તેથી રાજાને સંબોધે છે.

વિશેષ વાત એ છે કે પૂર્વશ્લોકમાં "रुरोद प्रेमविह्वलः" કહ્યું કે વિદુરજી વ્યાકુળ બની રડી પડયા. ત્યારે તેમને મૂર્છા આવી છે. મૂર્છાનું કારણ કે મેં તીર્થયાત્રા કરી તે કરતાં મંત્રીપદ ત્યજી ભગવચ્ચરણમાં વસી સેવા કરી હોત તો કેવું ઉત્તમ હતું. આ ભાવથી ભગવાનને દયા આવી. મૂર્છામાં રહેલ વિદુરજીને મળ્યા, ઉપદેશ આપ્યો. વિદુરજી "सिद्धः" ભગવત્કૃપાથી જ્ઞાનસિદ્ધ થયા. અને કાલિન્દીજીના કિનારેથી કેટલા દિવસે ગંગાકિનારે પહોંચ્યા. પ્રતિકૂલ સમય હોય ત્યાં સુધી એક પવિત્ર સ્થાને રહેવું તેથી "कतिभिः अहोभिः" કેટલોક સમય કાલિન્દીકિનારે વસ્યા. "કાલિન્દીજી" કલિધર્મને હરનારાં છે. કલિ એ કાલ ધર્મ છે.

"स्वःसरितम्" શ્રી ગંગાજી દિવ્યદૃષ્ટિ માટે મર્ત્યનદી નથી પરંતુ "દેવનદી" છે. "मित्रासुतः" મૈત્રેયને દયાળુ અને ભક્ત હોવાથી "મિત્રા–તનય' તરીકે ઓળખાવ્યા છે.

"मुनिः" એટલે વિવેકી હોવાથી વિયોગમાં કોઈ અનુચિત પગલું નહીં ભરતાં દેવનદીને કિનારે ગયા.

જીવનના પ્રથમ ભાગમાં સરસ્વતીજી–ઉપાસના, મધ્ય યૌવનમાં શ્રી યમુનાજી–ભક્તિ, ઉત્તર વિભાગમાં દેવનદી–બ્રહ્મવિદ્યાનો આશ્રય જીવનના સમસ્ત શુભાશયોને સિદ્ધ કરે. ૩૬

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ચતુર્થ અધ્યાય સંપૂર્ણ

---

१ कालिन्द्यां प्रा. पा.　२ भरतर्षभः, भागवतर्षभः प्रा. पा.

અધ્યાય ૫ મો

શ્લોક સંખ્યા ૫૦

श्रीशुक उवाच – द्वारि द्युनद्या ऋषभः कुरूणां मैत्रेयमासीनमगाधबोधम् ।
क्षत्तोपसृत्याच्युतभक्ति[1]शुद्धः पप्रच्छ सौशील्यगुणाभितृप्तः ॥ १ ॥

અન્વયાર્થ—**कुरूणाम्**–કુરુઓમાં, **ऋषभः**–શ્રેષ્ઠ, **अच्युत–भक्ति–शुद्धः**–અચ્યુત ભગવાનની ભક્તિથી શુદ્ધ, **सौशील्य–गुण–अभितृप्तः**–મૈત્રેય મુનિના વિનયાદિ ગુણોથી સંતુષ્ટ થયેલા, **क्षत्ता**–સંયમી વિદુરજી, **द्युनद्याः–द्वारि**–દેવનદીના દ્વારમાં–બ્રહ્મકુંડમાં, **आसीनम्**-બેઠેલા, **अगाध–बोधम्**–પૂર્ણ જ્ઞાની, **मैत्रेयम्**–મૈત્રેય-મુનિની, **उपसृत्य**–સમીપે જઈને, **पप्रच्छ**–પૂછવા લાગ્યા. ૧ (ઇંદ્રવજ્રા વૃત્ત)

અનુવાદ—શ્રી શુકદેવજીએ કહ્યું : રાજન્ ! કુરુકુલમાં શ્રેષ્ઠ, અચ્યુત ભગવાનની ભક્તિથી વિશુદ્ધ ભાવવાળા તેમજ મૈત્રેય મુનિના સુશીલતા વગેરે ગુણોથી સર્વ રીતે તૃપ્ત થયેલ જિતેન્દ્રિય વિદુરજી દેવનદીના કિનારે બિરાજેલ પૂર્ણબોધ મૈત્રેય મુનિને પૂછવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે સમિધપાણિ જિજ્ઞાસુ શિષ્ય જ્ઞાનલિપ્સાથી જેમ આવે તેમ વિદુર મૈત્રેય મુનિને શરણે આવે છે.

" **द्वारि द्युनद्याः** " શ્રી વિદુરજી મૈત્રેય મુનિને દેવનદીના દ્વારે મળે છે. દેવનદીનું દ્વાર એટલે ' બ્રહ્મકુંડ." જે હરિદ્વારમાં હરકી પેઢી ઉપર આવેલ છે. ગંગાદ્વાર, હરિદ્વાર અથવા હરદ્વાર એવાં હરિદ્વારનાં ત્રણ નામ છે. ભગવાન ગંગા–યમુનાજીની મધ્યમાં વસે છે. શ્રોતામાં જિતેન્દ્રિયપણું હોવું જોઈએ. વિદુરજીને માટે " **क्षत्ता** " શબ્દ વાપર્યો છે. તેઓ જન્મથી જ જિતેન્દ્રિય હતા. જિતેન્દ્રિયમાં ભક્તિ વસી શકે છે. " **अच्युतभक्तिशुद्धः** " અચ્યુત ભગવાનની ભક્તિ અથવા અખંડ ભક્તિ સર્વ દોષ દૂર કરે છે. વિદુરજીનો શાપ, યોનિદોષ, અન્નદોષ વગેરે અશુદ્ધિઓને ભક્તિએ દૂર કરી છે. શ્રોતાની યોગ્યતા, જિતેન્દ્રિયતા અને આત્મશુદ્ધિ બતાવી વક્તામાં શીલ, જ્ઞાન, ભક્તિ હોવાં જોઈએ તેનું સૂચન "અગાધ બોધ અને સૌશીલ્યગુણ " એવાં બે વિશેષણથી કર્યું છે. ૧

विदुर उवाच – सुखाय कर्माणि करोति लोको न तैः सुखं वान्यदुपारमं[2] वा
विन्देत भूयस्तत एव दुःखं यदत्र युक्तं भगवान्वदेन्नः ॥ २ ॥

અન્વયાર્થ – **लोकः**–લોક, **सुखाय**–સુખ માટે, **कर्माणि**–કર્મોને, **करोति**–કરે છે, પરંતુ, **तैः**–તે કર્મોથી, **सुखम्**–સુખને, **न**–પામતો નથી, **वा**–કે, **अन्यदुपारमम्**–બીજા દુઃખને નિવારી શકવાનો નથી, **ततः**-ઊલટું તેથી, **भूयः**–વધુ, **दुःखम् एव**–દુઃખને જ, **विन्देत**–મેળવે છે. **अत्र**–આ બાબતમાં, **यत्**–જે, **युक्तम्**–યોગ્ય હોય, **तत्**–તે, **भगवान्**–ભગવાન, **नः**–અમને, **वदेत्**–કહેવા કૃપા કરો. (ઉપજાતિ વૃત્ત) ૨

અનુવાદ—શ્રી વિદુરજીએ પૂછયું કે હે મૈત્રેય મુનિ ! લોક સુખ પામવા માટે કર્મ કરે છે. તે કર્મથી નથી સુખ મળતું કે નથી દુઃખ ટળતું. ઊલટું ફરીથી વધુ દુઃખને જ મેળવે છે. આ બાબતમાં કરવા જેવું જે ઉચિત હોય તે આપ ભગવાન અમને કહો. ૨

તત્ત્વસુધા—શ્રી વિદુરજી સુખપ્રાપ્તિના સાધન માટે પ્રશ્ન કરે છે—

---

[1] भावशुद्धः प्रा. पा. [2] वान्यदुपारमेद्वा प्रा. पा.

“ **सुखाय कर्माणि** ” મનુષ્ય સુખપ્રાપ્તિ માટે તેમજ દુઃખનિવૃત્તિ માટે પ્રયત્ન કરે છે. પરંતુ તે પ્રયત્નોનું પરિણામ તેથી વિપરીત આવે છે, તો સુખપ્રાપ્તિના કર્મની પરંપરામાં કાંઈ ખામી છે, કરનારમાં કોઈ ભૂલ છે, કે કાંઈક અન્યથા ક્રિયા કરી રહ્યા છીએ આ દિશામાં ઉચિત માર્ગદર્શન કરો એવી મારી વિનમ્ર વિનંતિ છે. આ ખુલાસો મારે મારા જીવન માટે જોઈએ છે. આપ “ भगवान् ” છો એટલે આ પ્રશ્નને ઉકેલવા સમર્થ છો. ‘ सुखम् ’ સુખ, ‘ अन्यद् ’ દુઃખનાશ, ‘ उपारमं ’ વૈરાગ્ય આ ત્રણમાંથી કાંઈ મળતું નથી.

સુખાર્થ લોકો કરતા જ કર્મ છતાં ન પામે સુખ, દુઃખ-નાશ;
ને મેળવે દુઃખ વિશેષ શાને શું યોગ્ય આમાં ભગવાન બતાવો ? ૨

जनस्य कृष्णाद्विमुखस्य दैवादधर्मशीलस्य सुदुःखितस्य ।
अनुग्रहायेह चरन्ति नूनं भूतानि भव्यानि जनार्दनस्य ॥ ३ ॥

અન્વયાર્થ— **नूनम्**-ખરેખર, **दैवात्**-દૈવને લીધે, **कृष्णात्**-કૃષ્ણથી, **विमुखस्य**-વિમુખ અને **अधर्म-शीलस्य**-અધર્મ આચરતા, **सुदुःखितस्य**-અત્યંત દુઃખી, **जनस्य**-જન ઉપર, **अनुग्रहाय**-અનુગ્રહ કરવા, **जनार्दनस्य**-જનાર્દનનાં, **भव्यानि**-ભવ્ય, **भूतानि**-જીવો, **इह**-આ લોકમાં, **चरन्ति**-ફરે છે. (ઉપજાતિ વૃત્ત) ૩

અનુવાદ—ખરેખર દૈવને લીધે શ્રીકૃષ્ણથી વિમુખ થયેલા, તેમજ અધર્માચરણ સ્વભાવવાળા અતિશય દુઃખીજન ઉપર કૃપા કરવા આપ જેવા જનાર્દન પ્રભુનાં કૃપાળુ તત્ત્વો ભૂતલમાં વિચરે છે. ૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં સંતોની સ્વાભાવિક કૃપા કરવાની પ્રકૃતિનું નિરૂપણ છે—

“ **कृष्णाद् विमुखस्य** ” જીવનું ભગવદ્‌વિમુખ થવું બે પ્રકારે હોય છે: પૂર્વનાં આસુર કર્મો અને વર્તમાન કાળનો કુસંગ. આ બન્નેને “ દૈવ ” કહ્યાં છે. હરિવિમુખ દશા એ જ દુઃખનો દરિયો છે. તેમાં ડૂબેલને બહાર કાઢનાર “ भूतानि भव्यानि जनार्दनस्य ” ભાગ્યવાન ભગવદીયો છે. આવા સંતોને भूतानि અને भव्यानि એવાં બે વિશેષણ આપ્યાં છે. “ ભૂત ” એટલે પંચભૂતોની માફક સંતોને ભગવાને જ ઉત્પન્ન કરીને મોકલ્યા છે, “ ભૂત ” એટલે નિર્વિકાર, અનાસક્ત, સર્વત્ર વિચરનાર અને “ ભવ્ય ” એટલે ભદ્રશીલ અને ભદ્ર આચારવાળો.

“ **अनुग्रहायेह** ”—વિશ્વવ્યથાથી દાઝતી વિશ્વપતિની સંતવિભૂતિ પ્રતિમાઓ વિશ્વવ્યથા વિદારવા સર્વત્ર વિચરે છે. પવન જેવી તે અનાસક્ત હોય છે અને સલિલ સમી તે શીતલ, પાવન અને જીવનપ્રદ હોય છે. ૩

तत्साधुवर्यादिश वर्त्म[१] शं नः संराधितो भगवान्येन पुंसाम् ।
हृदि स्थितो यच्छति भक्तिपूते ज्ञानं सतत्त्वाधिगमं पुराणम् ॥ ४ ॥

અન્વયાર્થ—**साधुवर्य** હે-સાધુવર્ય, **तत्**-તો, **नः**-અમને, **शं वर्त्म**-કલ્યાણપથ, **आदिश**-દર્શાવો, **येन**-જેનાથી, **संराधितः**-પ્રસન્ન કરાયેલ, **पुंसाम्**-પુરુષોના, **भक्ति-पूते**-ભક્તિથી પવિત્ર, **हृदि**-હૃદયમાં, **स्थितः** રહેલ, **भगवान्**-ભગવાન, **स-तत्त्व-अधिगमम्**-તત્ત્વોના જ્ઞાન સાથે, **ज्ञानम्**-પુરાણ જ્ઞાન, **यच्छति**-આપે છે. (ઉપજાતિ વૃત્ત) ૪.

અનુવાદ—હે ઉત્તમ સાધુ ! તો આપ અમને કલ્યાણકારી માર્ગ દર્શાવો, જેનાથી પ્રસન્ન કરાએલ ભગવાન, પુરુષોના હૃદયમાં રહેલ ભક્તિથી પવિત્ર થઈ તત્ત્વોના જ્ઞાન સાથે પુરાણ જ્ઞાન આપે છે. ૪

તત્ત્વસુધા—શ્રી વિદુરજી મૈત્રેય મુનિ પાસે પુરાણ જ્ઞાનની માગણી કરે છે—

---

[१] साधुवर्त्म संरा० । प्रा० पा.

"**साधुवर्य**"—હિતકારી પુરુષોમાં સર્વ શ્રેષ્ઠને સાધુવર્ય મનાય છે. તેથી તેમની પાસે માગતાં કંઈ સંકોચ થતો નથી. માટે સાધુવર્ય મૈત્રેય આપ મને "જ્ઞાન" સંબંધી સમજ આપો.

કદાચ વિદુરજીને મૈત્રેય પૂછે કે હું આવું જ્ઞાન કેવી રીતે સમજાવી શકું. કારણ કે હું તેવો સમર્થ જ્ઞાની નથી. તો સમાધાન કરે છે કે મૈત્રેય મહર્ષિ આપે તો ભગવદારાધના કરી છે જેથી સ્વયં ભગવાન આપના હૃદયમાં બિરાજે છે. તેથી આપ "જ્ઞાન"દાન કરી શકશો. જે જ્ઞાનની માગણી કરે છે તેને બે વિશેષણ આપ્યાં. સ્વયં એક શબ્દ **જ્ઞાન** (૧) બે વિશેષણ "**तत्त्वाधिगमं** અને **पुराणं**" છે. તેનો અર્થ એવો થશે જ્ઞાન એટલે બ્રહ્મભાવ. માનવના દેહમાં રહેલ આત્માનો "બ્રહ્મ" તરીકે અનુભવ થાય તે બ્રહ્મભાવ કહેવાય. (૨) **तत्त्व–अधिगमम्** સર્વ તત્ત્વોની સમજ સાથે જ્ઞાન થવું જોઈએ. (૩) **पुराणं** પુરાણ એટલે ભગવાનના સ્વરૂપને સમજાવનારું જ્ઞાન. આ ત્રણ પ્રકારનું જ્ઞાન કેવલ અનુગ્રહથી જ મળે. ૪

करोति कर्माणि कृतावतारो यान्यात्मतन्त्रो भगवांस्त्र्यधीशः ॥
यथा ससर्जाग्र इदं निरीहः संस्थाप्य वृत्तिं जगतो विधत्ते ॥ ५ ॥

અન્વયાર્થ—**त्र्यधीशः**-ત્રણ ગુણના સ્વામી, **आत्मतन्त्रः**-સ્વતંત્ર, **भगवान्**-ભગવાન, **कृत–अवतारः**–અવતાર લઈને, **यानि**–જે, **कर्माणि**-કર્મો, **करोति**–કરે છે, **निरीहः**–ચેષ્ટા રહિત, **यथा**–જે પ્રકારે, **इदम्**–આ જગતને, **ससर्ज**–રચ્યું, **संस्थाप्य**–સ્થાપીને, **च**–અને **जगतः**–જગતની, **वृत्तिम्**–આજીવિકાને, **विधत्ते**–ચલાવે છે તે કહો. (ઉપજાતિ વૃત્ત) ૫

અનુવાદ—ત્રણ ગુણોના સ્વામી સ્વતંત્ર ભગવાન અવતાર લઈને જે કર્મો કરે છે તેમજ ચેષ્ટા રહિત આ જગત જે પ્રકારે રચ્યું અને એને સ્થાપન કરીને તેની જે પ્રકારે આજીવિકા ચલાવે છે તે કહો. ૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિદુરજીના "સાત" પ્રશ્નો છે: (૧) **करोति कर्माणि** ભગવાનને કર્મ શા માટે? (૨) **कृतावतारः** ભગવાનના અવતારોનું પ્રયોજન શું? (૩) જગતની ઉત્પત્તિ, (૪) જગતની સ્થિતિ અને (૫) જગતનો પ્રલય શા માટે કરે છે? (૬) એક જગત રચી તેમાં પ્રવેશ કરી અનેક સ્વરૂપ શા માટે બનાવ્યાં? (૭) જગતની આજીવિકા શા માટે ચલાવી? આ સાત પ્રશ્નોનું સમાધાન માગે છે.

જો ભગવચ્ચરિત્રોનું શ્રવણ થાય તો મુક્તિ થાય. તે માટે ભગવાનને અવતારો સ્વીકારવા પડે અને ચરિત્રો આચરવાં પડે. આ વાત જો કહો તો પછી જગતની ઉત્પત્તિ શું કામ કરી? જો ઉત્પત્તિ મોક્ષ આપવા કરી એમ માનો તો પછી અવતારો અને ચરિત્રોનું પ્રયોજન શું?

સર્વસામાન્ય એવો નિયમ છે કે જે '**काल–कर्म–स्वभाव**'ને આધીન હોય તે કર્મ કરે. ભગવાન તો '**आत्मतंत्र**'–સ્વતંત્ર છે તેથી કાલને આધીન નથી. વળી સ્વયં '**भगवान्**' ભગવાન છે–પરિપૂર્ણ છે તેથી કર્મને આધીન નથી. અને **त्र्यधीशः** ત્રણ ગુણના સ્વામી છે તેથી સ્વભાવ ઉપર ભગવાનનો વિજય છે. તો પછી શા માટે આ સર્વ કર્માદિ કરે છે?

આ શ્લોકની સમસ્ત શંકાઓનું સમાધાન એક જ છે કે ભગવાનનાં આ કર્મો કે ચરિતામૃતો અલૌકિક અને વિશ્વમંગલ માટે છે. ૫

यथा किले स्वे ख इदं निवेश्य शेते गुहायां स निवृत्तवृत्तिः ॥
योगेश्वराधीश्वर एक एतदनुप्रविष्टो बहुधा यथाऽऽसीत् ॥ ६ ॥

---

१ पुनः प्रा. पा.

અન્વયાર્થ—सः-તે પરમેશ્વર, **किल**-ખરેખર, **स्वे खे**-પોતાના હૃદયાકાશમાં, **इदम्**-આ વિશ્વને, **निवेश्य**-સમાવીને, **निवृत्त-वृत्तिः**-નિવૃત્તિપરાયણ થઈ, **गुहायाम्**-ગુફામાં, **यथा**-જે રીતે, **शेते**-શયન કરે છે એવા, **योगेश्वर-अधीश्वरः**-યોગેશ્વરોના એક જ ઇશ્વિર, **एकः एतद्**-એક જ છતાં, **अनुप्रविष्टः**-આ જગતમાં પ્રવેશીને, **यथा**-જે રીતે, **बहुधा**-બહુરૂપે, **आसीत्**-થાય છે, તે કહો. (ઉપજાતિ વૃત્ત) ૬

અનુવાદ—ખરેખર, તે પરમેશ્વર પોતાના હૃદયાકાશમાં આ વિશ્વને દાખલ કરીને નિવૃત્તિ-પરાયણ થઈ પોઢે છે. એવા યોગેશ્વરોના ઇશ્વર એક છતાં જગતમાં અનુપ્રવેશ કરીને જે રીતે બહુધા બને છે તે મને કહો. ૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં પુનઃ જિજ્ઞાસા કરે છે કે ભગવાન આ વિશ્વને પોતાનામાં સમાવીને, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ નામની અવસ્થાથી પર થઈ બિરાજતા હોય છે. જ્યારે તે પ્રભુ “ बहु स्याम् ” નો મનોરથ કરે છે ત્યારે તે યોગીની માફક **અનેક** રૂપે બને છે કે કોઈ સ્વતંત્ર પ્રકારે ?

વળી અખંડ રહીને અનેક રૂપે થાય છે કે સમૂહથી અનેક રૂપ થાય છે કે અવયવોથી ? આ વિષયનું પણ સમાધાન કરો. ૬

क्रीडन्विधत्ते द्विजगोसुराणां क्षेमाय कर्माण्यवतारभेदैः[1] ॥
मनो न तृप्यत्यपि शृण्वतां नः सुश्लोकमौलेश्चरितामृतानि ॥ ७ ॥

અન્વયાર્થ—अवतार-भेदैः-અવતારભેદથી, **क्रीडन्**-ક્રીડા કરતા, **द्विज-गो-सुराणाम्**-બ્રાહ્મણ, ગાય અને દેવના, **क्षेमाय**-કુશળ માટે, **कर्माणि**-કર્મોને, **विधत्ते**-કરે છે એવા, **सुश्लोकमौलेः**-ઉત્તમ યશસ્વીઓના શિરોમણિ ભગવાનનાં, **चरित-अमृतानि**-ચરિતામૃતોને, **शृण्वतां अपि**-સાંભળવા છતાં, **नः**-અમારું, **मनः**-મન, **तृप्यति**-તૃપ્ત થતું નથી. (ઉપજાતિ વૃત્ત) ૭

અનુવાદ—અવતારના ભેદ વડે ક્રીડા કરતા એ ભગવાન ગાય, બ્રાહ્મણ અને દેવતાના કુશળ માટે કર્મોને આચરે છે. એવા ઉત્તમ યશસ્વીઓના શિરોમણિ ભગવાનનાં ચરિતામૃતનું પાન કરવા છતાં અમારું મન તૃપ્ત નથી થતું. ૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનનાં ચરિત્રોમાં એવું અમૃત ભર્યું છે કે પુનઃ પુનઃ સાંભળવાની વૃત્તિ થાય છે એ વાત કહેશે.

“ **मनो न तृप्यति** ” સત્કર્માચરણમાં અને હરિચરિતામૃતપાનમાં અતૃપ્તિ એ જ તૃપ્તિ. જ્યારે રસ ખૂટે ત્યારે તૃપ્તિ વિરમે છે. પરંતુ અખૂટ રસ છે ત્યાં તૃપ્તિ નથી જ નથી. વળી જે રસ નથી પરંતુ ‘ વિષયસુખ ’ છે, ભ્રાન્તિથી તેને રસ માની સેવીએ છે ત્યાં તૃપ્તિ થઈ જાય છે. આ તો જ્યાં આત્માનંદ છે ત્યાં તૃપ્તિ જ ક્યાંથી સંભવે. ભગવાન “ सुश्लोकमौलि ” છે. सुश्लोका उत्तमकीर्तिः मौलौ यस्य सः—જેમના મુકુટમાં કીર્તિ બિરાજે છે. જેમ દૂરથી ભગવાનના મુકુટનાં દર્શન થાય છે તેમ ભગવાનની કીર્તિનાં દર્શન થાય છે. કીર્તિ–સુધાપાન માટે સમીપમાં જવું નથી પડતું.

“ गो-द्विज-सुराणां क्षेमाय ” ગાય, બ્રાહ્મણ અને દેવ એ ત્રણ “ પરોપકાર, જ્ઞાન અને પુણ્ય ” એ ત્રણનાં સ્વરૂપો છે. ભગવાન તેની સંભાળ લઈ તેના દ્વારા વિશ્વની સંભાળ લે છે.

अवतारभेदैः ત્રણ અવતારના ભેદો છે : (૧) કપિલ, વ્યાસ આદિ અવતારો જ્ઞાનકલામાંથી, (૨) વરાહ, કૂર્મ આદિ અવતારો ક્રિયાની કલામાંથી અને શ્રીકૃષ્ણ જ્ઞાન–ક્રિયા ઉભયની પૂર્ણતારૂપે આ ત્રણ પ્રકાર છે. ૭

यैस्तत्त्वभेदैरधिलोकनाथो लोकानलोकान्सह लोकपालान् ॥
अचीक्लृपद्यत्र हि सर्वसत्त्वनिकायभेदोऽधिकृतः प्रतीतः ॥ ८ ॥

---

[1] कर्माण्यवताररूपैः प्रा. पा. [2] त्यधिशृण्वतां प्रा. पा.

येन प्रजानामुत आत्मकर्मरूपाभिधानां च भिदां व्यधत्त ।
नारायणो विश्वसृडात्मयोनिरेतच्च नो वर्णय विप्रवर्य ॥ ९ ॥

અન્વયાર્થ—हि-ખરેખર, **अधिलोक-नाथः**-લોકનાથના અધિપતિએ, **यत्र**-જેમાં, **अधिकृतः**-પોતપોતાના અધિકારમાં યોજેલ, **निकाय-भेदः**-સર્વ પ્રાણીસમૂહનો ભેદ, **प्रतीतः**-જોવામાં આવે છે, **तान्**-તેવા, **सह-लोक-पालान्**-લોકપાલો સહિત, **लोकान्**-લોકોને, **च**-અને, **अलोकान्**-અલોકને; **यैः**-જુદાં જુદાં, **तत्त्वभेदैः**-તત્ત્વોના ભેદથી, **अचीक्लृपत्**-ઉત્પન્ન કર્યા છે. (ઉપજાતિ વૃત્ત) ૮

उत च-અને વળી, **विप्रवर्य**-હે વિપ્રવર્ય, **येन**-જેનાથી, **विश्वसृट्**-વિશ્વના રચનાર, **आत्मयोनिः**-સ્વયંભૂ, **नारायणः**-નારાયણ ભગવાન, **प्रजानाम्**-પ્રજાઓના, **आत्मकर्म-रूप-अभिधानाम्**-સ્વરૂપ, કર્મ, રૂપ અને નામનો, **भिदाम्**-ભેદ, **व्यधत्त**-કર્યો, **एतत् च**-એ પણ, નઃ-અમને, **वर्णय**-કહો. (ઉપજાતિ વૃત્ત) ૯

અનુવાદ—ખરેખર અધિલોકનાથ, જેમાં પોતપોતાના અધિકારમાં યોજેલ સર્વ પ્રાણીસમૂહનો ભેદ જોવામાં આવે છે તેવા લોકપાલો સહિત લોકોને અને અલોકોને જે જુદાં જુદાં તત્ત્વોના ભેદથી રચે છે તે કહો. અને વળી હે વિપ્રવર્ય ! જે કારણથી વિશ્વના રચનાર સ્વયંભૂ નારાયણ ભગવાન પ્રજાઓનાં સ્વરૂપ, કર્મ, રૂપ અને નામનો ભેદ કરે છે, એ પણ અમને કહો. ૮, ૯

તત્ત્વસુધા—આ બે શ્લોકમાં વિવિધ લોક અને વિવિધ ભેદવાળી પ્રજાનું સર્જન કેવી રીતે કર્યું અને એ સર્જન શું છે અને શા માટે છે, એ વાત પૂછે છે. આમાં બે પ્રકાર છે.

પ્રથમ પ્રકાર—(૧) લોક, (૨) અલોક, (૩) લોકાલોકથી પર એવા ત્રણ પ્રકારના લોકો રચ્યા છે. લોક અને અલોકમાં લોકપાલો છે. અને લોકાલોકથી પર લોકમાં લોકપાલો નથી. આ ત્રણ પ્રકારના લોકોને કેમ રચ્યા ?

બીજો પ્રકાર—(૧) लोकान्-સ્વર્ગાદિ લોકોને, अलोकान्-ઉજ્જડ પ્રદેશવાળા અલોકોને અને सहलोकपालान्-લોકપાલવાળા લોકોને, એવા ત્રણ ભેદથી જ્યાં ઉત્પન્ન કર્યા હોય, તે કહો. આ રચેલ બ્રહ્માંડમાં જીવોના પણ અનેકવિધ ભેદ છે, તે પણ સમજાવો, એવું " सर्वसत्त्वनिकायभेदः " એવા વાક્યથી પૂછ્યું છે. મોરને પગે મુખ, અજગર ગુલ મેરીને પૂછમાં મુખ, ઉપદિકા નામની કીડીના મુખમાં જલ, કાગડાને એક આંખ—આવા તો અનેક ભેદોવાળું બ્રહ્માંડ છે.

નવમા શ્લોકમાં સ્વરૂપ કર્મ, રૂપ વગેરેના ભેદનું પ્રયોજન શું તે પૂછે છે—

आत्मकर्मरूपाभिधानाम्-પ્રજાનાં, आत्मा-સ્વરૂપ, कर्म-કર્મ, रूप-રૂપ, अभिधा-નામ આ ચાર કયા પ્રયોજનથી બન્યાં ? आत्मा-જ્ઞાનેન્દ્રિય ગણ, कर्म-કર્મેન્દ્રિય ગણ, रूपाणि-દેવ-મનુષ્યાદિ શરીરો, अभिधा-દેવ, મનુષ્ય વગેરે ભેદો જે પ્રકારે કર્યા હોય તે કહો. એવો બીજો પણ અર્થ છે.

વિદુરજીની આ માગણીમાં બહુવચન વાપર્યું છે કે " અમને " ચરિત્રો કહો. તેથી આ જ્ઞાનની પરંપરા ચાલશે એવો ગર્ભિત આશય છે. આદર માટે विप्रवर्य સંબોધન કરે છે. ૮, ૯

परावरेषां भगवन्व्रतानि श्रुतानि मे व्यासमुखादभीक्ष्णम् ।
अतृप्नुम क्षुल्लसुखावहानां तेषामृते कृष्णकथामृतौघात् ॥ १० ॥

અન્વયાર્થ—भगवन्-હે મૈત્રેય. **मे**-મેં, **व्यास-मुखात्**-વ્યાસજીના મુખથી, **अभीक्ष्णम्**-વારંવાર, **परावरेषाम्** મોટા અને નાનાઓનાં, **व्रतानि**-વ્રતો, **श्रुतानि**-સાંભળ્યાં છે; પણ **कृष्ण-कथा-अमृत-ओघात्** **ऋते**-શ્રીકૃષ્ણની કથાસુધાના પૂર વિનાના, **क्षुल्ल-सुख-आवहानाम्**-અલ્પ સુખ આપનારાં, **तेषाम्**-તેમનાં, **श्रवणेन**-શ્રવણથી, **अतृप्नुम**-ધરાઈ ગયા છીએ. (ઉપજાતિ વૃત્ત) ૧૦

અનુવાદ—હે ભગવન્ મૈત્રેય ! મહર્ષિ વ્યાસજીના મુખથી વારંવાર મોટાઓનાં તેમજ નાનાઓનાં વ્રતો સાંભળ્યાં છે, પરંતુ શ્રીકૃષ્ણના કથાસુધાના પૂર સિવાયના અલ્પસુખને આપનારાં તેમનાં શ્રવણથી ધરાઈ ગયા છીએ. ૧૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિદુરજી હૃદયના ભાવથી કૃષ્ણકથામૃતના આદરને પ્રકટ કરે છે. परावरेषाम्–વિદુરજી પ્રધાન મંત્રી હતા. મહર્ષિ વ્યાસજીના સમ્પર્કમાં હતા. વિદુરજી વિવેકી હતા, પુષ્કળ સત્સંગ કરતા. તે સમયે "પરાવર" વ્રતોને વ્યાસજીના મુખારવિંદથી સાંભળતા. પર એટલે બ્રહ્માજી અને અવર એટલે બ્રહ્માજીથી નાનામાં નાનાં જીવજંતુ સુધીનાં व्रतानि ધર્મોને સાંભળતા. તે શ્રવણમાં નીતિધર્મ, રાજધર્મ, લોકધર્મ, યજ્ઞ, દાન, તપ, હોમ આદિ ધર્મોને ખાસ સંભળાવતા. તેના શ્રવણથી રાજા, મંત્રી, પ્રજા વગેરે સ્વધર્મમાં રહેતા. પરંતુ તેમાં 'क्षुल्लसुख'–વધુમા વધુ સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય હતું. વિદુરજીએ મંત્રી પદ ત્યજી દીધું છે અને મુકુન્દ પદ પ્રેમાસાદ કીધું છે તેથી "कृष्णकथामृतौघ" શ્રીકૃષ્ણ ભગવાનના કથામૃત પૂરમાં તણાવા ચાહે છે. તેમને હવે હરિરસ માધુરી વિના અન્ય કોઈ શ્રવણમાં રસ નથી.

'तेषामृते'–એમાં બે પદો છે. તેનો એવો પણ અર્થ થશે કે तेषां બ્રહ્માદિ સ્થાવર પર્યન્તના ऋते अवबोधे અવબોધમાં अतृप्नुम તૃપ્ત થઈ ગયા છીએ. ऋ गतौ ધાતુનું નિષ્ઠાંત 'ऋत' એવું રૂપ છે. તેમજ 'ऋते' અવ્યય પણ છે. ૧૦

कस्तृप्नुयात्तीर्थपदोऽभिधानात्सत्रेषु वः सूरिभिरीड्यमानात् ।
यः कर्णनाडीं पुरुषस्य यातो भवप्रदां गेहरतिं छिनत्ति ॥ ११ ॥

અન્વયાર્થ—**वः**–આપના, **सत्रेषु**–સત્રોમાં, **सूरिभिः**–પંડિતોથી, **ईड्यमानात्**–પ્રશંસા કરાતા, **तीर्थपदः**–તીર્થો જેના ચરણમાં છે એવા, **अभिधानात्**–યશથી, **कः**–કોણ, **तृप्नुयात्**–તૃપ્ત થાય, **यः**–જે ગુણાનુવાદ, **पुरुषस्य**–પુરુષના, **कर्ण–नाडीम्**–કાનની નાડીમાં, **यातः**–પ્રવેશ કરીને, **भवप्रदाम्**–સંસારને સર્જાવનારી, **गेह–रतिम्**–ગૃહાસક્તિનો, **छिनत्ति**–નાશ કરે છે (ઉપજાતિ વૃત્ત) ૧૧

અનુવાદ—આપના મોટા સત્રોમાં પંડિતોથી પ્રશંસા કરાતા ભગવાનના ઉજ્જવલ યશથી કોણ તૃપ્તિ પામે ? કારણ કે જે ભગવદ્‌ગુણાનુવાદ પુરુષના કર્ણદ્વારમાં પ્રવેશ કરીને સંસારને સર્જાવનારી ગૃહાસક્તિને છેદી નાખે છે. ૧૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવદ્‌ગુણોનું ઐશ્વર્ય માધુર્યની સીમાથી ભરપૂર છે એવું ગાશે. 'सत्रेषु'–વેદવિધિ પ્રમાણે યજ્ઞો થાય છે. તેમાં તત્ત્વજ્ઞો પણ પધારે છે. તેઓ ભગવદ્‌યશસુધા સૌને પાય છે. त्रिष्णोः कर्माणि पश्यत' તેમ જ 'ब्राह्मणौ वीणागायिनौ गायेताम्' એવાં શ્રુતિનાં વિધાનો મળે છે. તેમાં શ્રી વિષ્ણુ ભગવાનનાં ચરિતોને જુઓ. બે બ્રાહ્મણો વીણાથી હરિકથાગાન કરે એમ આદેશ છે. આપનો અનુભવ છે કે એમાં કેવો આનંદ છે અને સાંભળવામાં કેવી અતૃપ્તિ રહે છે. "अभिधानात्" અભિધાનનો અર્થ છે નામ. વેદે 'नाम' એટલે महद्‌यशः ભગવાનનો યશ એવો અર્થ કર્યો છે. આ યશ "तीर्थपदः" તીર્થપદ ભગવાનનો છે. વાયુદેવ કહે છે કે–

तिस्रःकोटयोऽर्धकोटी च तीर्थानां वायुरब्रवीत् । दिवि भुव्यन्तरिक्षे च तानि वै जाह्नवीजले ॥ સાડા ત્રણ કરોડ તીર્થો જાહ્નવીજીના જલમાં છે. તે સમસ્ત તીર્થો શ્રીહરિના ચરણનખમાં છે. તેથી ભગવાનને "તીર્થપદ" શબ્દથી વર્ણવે છે. આવા તીર્થપદ ભગવાનના 'ગુણો' ચાર પ્રકારનાં ફલ આપે છે. ભગવદ્‌ગુણો (૧) સ્વરૂપથી અમૃત રૂપ છે. તેથી સોમવલ્લીપાન કે સ્વર્ગના અમૃતપાનની ઈચ્છા નથી રહેતી. (૨) ફળથી 'મોક્ષ' આપનાર છે તેથી તત્ત્વોના અન્વેષણનો શ્રમ નથી રહેતો. (૩) સ્વયં "યજ્ઞ" સ્વરૂપે છે તેથી યજ્ઞાનુષ્ઠાનનું પણ ફળ આપે છે. વળી શ્રવણ "તીર્થરૂપ" છે તેથી સર્વ તીર્થગમનના શ્રમથી મુક્ત કરે છે. એવા હરિયશને કોણ ન સાંભળે ? ૧૧

मुनिर्विवक्षुर्भगवद्गुणानां सखापि ते भारतमाह कृष्णः ॥
यस्मिन् नृणां ग्राम्यसुखानुवादैर्मतिर्गृहीता नु हरेः कथायाम् ॥ १२ ॥

અન્વયાર્થ—भगवद्-गुणानाम्-ભગવદ્ગુણોને, **विवक्षुः**-કહેવાની વૃત્તિવાળા, **ते**-આપના, **सखा**-સખા, **भगवान् कृष्णः मुनिः अपि**-ભગવાન કૃષ્ણદ્વૈપાયન મુનિએ પણ, **भारतम् आह**-મહાભારત રચ્યું છે. **यस्मिन्**-જેમાં, **ग्राम्य-सुख-अनुवादैः**-લોકસુખના વર્ણનદ્વારા, **नृणां मतिः**-મનુષ્યોની મતિને. **हरेः कथायाम्**-શ્રીહરિની કથામાં, **गृहीता**-વાળી છે. (ઉપજાતિ વૃત્ત) ૧૨

અનુવાદ—ભગવદ્ગુણોને, વર્ણવવાની વૃત્તિવાળા, આપના સખા ભગવાન શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મુનિએ પણ મહાભારતની રચના કરી છે, જેમાં લોકધર્મોના સુખનું વર્ણન કરીને મનુષ્યોની મનોવૃત્તિ હરિકથામાં વાળી છે. ૧૨

તત્ત્વસુધા—વ્યાસ મહર્ષિએ લોકગાથાપ્રધાન વીર ચરિત્રપ્રધાન મહાભારત શા માટે રચ્યું તેનું સમાધાન આ શ્લોકથી કરે છે-

'**मुनिर्विवक्षुः**'-વ્યાસ મહર્ષિ મનોવૈજ્ઞાનિક ધન્વંતરિ છે. અને પરમ ભગવદ્ભક્ત છે. વિશ્વની મનોવૃત્તિને વિષયમાં વિશ્વપતિની યશોગાથાસરિતાસુધામાં વાળવી છે. સમાજને વ્યવહાર, નીતિ, સ્વર્ગાદિસુખમાં અભિરુચિ છે. તેવી રુચિને પોષતું છતાં લક્ષ્યબિંદુને શ્રીવૈકુંઠનાથમાં કેન્દ્રિત કરતું મહાભારત ગાયું છે. પ્રત્યેક પ્રસંગોને શ્રીકૃષ્ણચરિત સાથે સંકલિત કર્યા છે. આ રીતે હરિયશોગાનના ધ્યેયને સિદ્ધ કર્યું છે. ગાવાની ગાથા કૃષ્ણભગવાનની છે તેથી ગાનાર પણ **भगवान् कृष्णः मुनिः** ત્રણ વિશેષણવાળા છે. **भगवान्** એટલે સમર્થ, **कृष्णः**-એટલે કલાકુશળ, **मुनिः** એટલે તત્ત્વજ્ઞ. "સર્વજ્ઞ, રસજ્ઞ અને તત્ત્વજ્ઞ" ત્રણ શક્તિવાળા સર્વને હરિભક્ત બનાવી શકે. ૧૨

सा श्रद्दधानस्य विवर्धमाना विरक्तिमन्यत्र करोति पुंसः[1] ॥
हरेः पदानुस्मृतिनिर्वृतस्य समस्तदुःखात्ययमाशु धत्ते ॥ १३ ॥

અન્વયાર્થ— श्रद्दधानस्य पुंसः-શ્રદ્ધાળુ માણસની, **विवर्धमाना सा**-વધતી તે બુદ્ધિ, **अन्यत्र**-બીજાં વિષયસુખોની, **विरक्तिम्**-નિવૃત્તિને, **करोति**-કરે છે; અને **हरेः**-ભગવાનના, **पद-अनुस्मृति-निर्वृतस्य**-ચરણારવિંદના સ્મરણે આનંદ પામેલા પુરુષનાં, **आशु**-ત્વરિત, **समस्त-दुःख-अत्ययम्**-સમસ્ત દુઃખનો નાશ, **धत्ते**-કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૧૩

અનુવાદ—ભગવત્કથાની રુચિ-બુદ્ધિ જ્યારે શ્રદ્ધાળુના હૃદયમાં વધવા લાગે છે ત્યારે બીજા વિષયોમાં તેને વિરકત કરે છે અને નિરંતર ભગવચ્ચરણારવિંદના ચિંતનથી આનંદમગ્ન બનેલા પુરુષનાં સકળ દુઃખોનો તત્કાળ અંત આણે છે. ૧૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિષયવૈરાગ્ય અને હરિચરણાનુરાગ કેવી રીતે બને તે વર્ણવ્યું છે. '**सा-श्रद्दधानस्य**'-પૂર્વ શ્લોકમાં કહ્યું કે વ્યાસ મહર્ષિએ મહાભારત દ્વારા સમાજની મતિને હરિકથામાં વાળી. વળેલી તે મતિમાં સા કથા તે કથા, શ્રવણથી શ્રદ્ધાની વૃદ્ધિ કરે છે. શ્રદ્ધા એટલે આસ્તિકય બુદ્ધિ. જ્યારે મતિ આસ્તિકી બને છે ત્યારે સહજ રીતે લોકવાર્તા લોકગાથા શ્રવણમાંથી રસવૃત્તિને ક્ષીણ કરે છે. શ્રદ્ધામયી બનેલી મતિમાં સતત હરિસ્મરણ રહ્યા કરે છે. વિવિધ પ્રકારે વ્યથિત થયેલ મનોવૃત્તિ હરિગુણગાથાશ્રવણે શાન્ત અને પ્રસન્ન બને છે. તેમાં જ તેને આનંદ રહે છે. પછી તેને દુઃખનિવૃત્તિનો શ્રમ કરવો પડતો નથી. દુઃખનું સ્થાન ચિત્ત છે, તે ખાલી હોય તો જ તેમાં દુઃખ વસી શકે. તેમાં તો ભગવદ્રસ ભરેલ છે. આ બધુ કથાશ્રવણથી અવિલંબે બની જાય છે. ૧૩

---

[1] पुंसां प्रा. पा

ताञ्छोच्यशोच्यानविदोनुऽशोचे हरेः कथायां विमुखानघेन ।
क्षिणोति देवोऽनिमिषस्तु येषामायुर्वृथावादगतिस्मृतीनाम् ॥ १४ ॥

અન્વયાર્થ— **अघेन**-પાપકર્મોથી, **हरेः**-ભગવાનની, **कथायाम्**-કથામાં, **विमुखान्**-વિમુખ બનેલા, **शोच्यशोच्यान्**-શોક કરવા યોગ્ય પણ શોક કરવા લાયક, **तान् अविदः**-તે અજ્ઞાનીઓનો, **अनुशोचे**-હું ખૂબ ખેદ કરું છું, **येषाम्**-જેમનાં, **वृथावाद-गति-स्मृतीनाम्**-વૃથાવાદ, વૃથાગતિ અને વૃથા સ્મૃતિવાળા, **आयुः**-આયુષ્યનો, **अनिमिषः देवः**-સાવધાન કાલદેવ, **क्षिणोति**-ક્ષય કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૧૪

અનુવાદ—પાપને લીધે હરિકથાથી વિમુખ રહેલા, તેમજ શોક કરવા યોગ્ય પણ શોક કરવા લાયક તે અજ્ઞ જનોનો અત્યંત શોક કરું છું, કારણ કે જેમનાં વૃથાવાદ, વૃથાગતિ અને વૃથા સ્મૃતિવાળાનાં આયુષ્યનો સાવધાન કાલ ભગવાન ક્ષય કરે છે. ૧૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં કથાશ્રવણવિમુખ માટે વિદુરજી દુઃખ અભિવ્યક્ત કરે છે— '**तान् शोच्यशोच्यान्**'–વિશ્વમાં બે પ્રકારનાં પ્રાણી છે. એક શોચ્ય અને બીજા શોચ્યશોચ્ય. જન્મ્યા ત્યારથી ઇન્દ્રિયો નથી મળી તે શોચ્ય. ઇન્દ્રિયો મળી છતાં સેવાકથામાં પ્રવૃત્તિ અને રસવૃત્તિ ન થઈ તે શોચ્યશોચ્ય. **शोच्याः पशवः तेषामिन्द्रियराहित्यात्**–પશુઓ શોચ્ય છે તેમને ઇન્દ્રિયો નથી. જ્યારે મનુષ્યો તો પશુઓને પણ શોચ્ય લાગે છે. તેથી શોચ્યના પણ શોચ્ય ગણાય.

વ્યર્થ આયુષ્યવ્યય સર્વ વ્યય કરતાં પણ મહાન નુકસાનકારક વ્યય છે. "વૃથાવાદ" વાણી અપરાધ છે. વૃથાવાદ સ્નેહ સત્ય ગૌરવ, અને પુણ્ય આયુષ્યનો ક્ષય કરે છે. "વૃથાગતિ" ક્રિયા દ્વારા થતો કાયાનો અપરાધ છે. કાયા કેવલ સેવા માટે છે. તે સેવા લોકસેવા હો કે લોકપતિની સેવા હો. "વૃથા સ્મૃતિ" મનોદોષ છે. વીતેલી વ્યથા, અપમાન, અર્થહાનિ, સાંભળેલ કટુ વાણી, સ્વજનવિયોગ આદિના સ્મરણમાં મનોવ્યાપાર એ સામાન્ય હાનિ છે. મન મૂઠીમાં રાખી ફરે તે મુક્ત છે. કેવલ હરિકથામાં રસવૃત્તિ જાગે તો આ ત્રિદોષનિવૃત્તિ થાય. ૧૪

तदस्य कौषारव शर्मदातुर्हरेः कथामेव कथासु सारम् ।
उद्धृत्य पुष्पेभ्य इवार्तबन्धो शिवाय नः कीर्तय तीर्थकीर्त्तेः ॥ १५ ॥

અન્વયાર્થ—**तत्**-તો, **आर्त-बन्धो कौषारव**-દુઃખીના બેલી બન્ધુ મૈત્રેયજી, (ભમરો જેમ) **पुष्पेभ्यः**-ફૂલોમાંથી, **सारम् इव**-સારની માફક, **कथासु**-સારમયી કથાને, **उद्धृत्य**-કાઢીને, **शर्मदातुः**-સુખ આપનાર, **तीर्थकीर्त्तेः**-પવિત્ર યશવાળા, **हरेः**-ભગવાનનાં, **कथासु**-ચરિત્રોમાં, **अस्य कथाम् एव**-આ કૃષ્ણની સારભૂત કથાને જ, **नः शिवाय**-અમારા કલ્યાણ માટે, **कीर्तय**-કહો. (ઉપજાતિ વૃત્ત) ૧૫

અનુવાદ—માટે હે દુઃખીના બેલી બંધુ મૈત્રેય ! (ભમરો) જેમ પુષ્પોમાંથી સાર કાઢે તેમ કથાઓમાંથી સારરૂપ, સુખ આપનાર પવિત્ર યશવાળા ભગવાનનાં ચરિત્રોમાં આ કૃષ્ણ ભગવાનની કથાઓને જ અમારા કલ્યાણ માટે કહો. ૧૫.

તત્ત્વસુધા—આ શ્લોકમાં કથાના સારની માગણી કરે છે—

'**कौषारव**' શ્રી વિદુરજી મૈત્રેય મુનિને "કૌષારવ" શબ્દથી સંબોધે છે. આ ભાવપૂર્ણ સંબોધન છે. 'કુષારુ" મુનિના પુત્ર છે. કૌષારવ નામથી પિતાનો સહજ વિરાગભાવ સૂચવ્યો છે. એક માગણી કરે છે કે આપ મને કથાનો સાર સંભળાવો. બે જાતની માખ હોય છે: એક "મધુપી" અને બીજી મધુકરી એવી તેની બે સંજ્ઞા છે. એક મધુપી સર્વ મધ પી જાય છે. મધુકરી મધ રચી જાય છે. મૈત્રયજીને "મધુકર"ની ઉપમા આપે છે. અને પ્રાર્થે છે કે "ભગવાનની વિશુદ્ધ કથા વર્ણવો." ભગવાનની વિશુદ્ધ કથામાં એ વસ્તુનો

સમાવેશ થશે કે સૃષ્ટિ તો ભગવાને ઘણા પ્રકારે રચી છે પરંતુ પોતે જ જે સૃષ્ટિ રચી છે, પાલન જે પોતે જ કર્યું છે, પ્રલય પણ જે પોતે જ કર્યો છે તે તેમજ સૃષ્ટિમાં પ્રવેશ કરી વિવિધ રૂપે પ્રકટ થયા હોય તે સૃષ્ટિનું કથન કરો. જેમ અન્ય સૃષ્ટિ પ્રકૃતિના સહયોગવાળી હોય તેવી રીતની આ જિજ્ઞાસા નથી. ભગવચ્ચરિત્ર પણ પ્રકૃતિના મિશ્રણવાળું નથી સાંભળવું. ૧૫

स विश्वजन्मस्थितिसंयमार्थे कृतावतारः प्रगृहीतशक्तिः ।।
चकार कर्माण्यतिपूरुषाणि यानीश्वरः कीर्तय तानि मह्यम् ।। १६ ।।

અન્વયાર્થ—**विश्व-जन्म-स्थिति-संयम-अर्थे**-જગતની ઉત્પત્તિ, પાલન અને સંયમ માટે, **कृत-अवतारः**-અવતાર ગ્રહણ કરનાર, **स ईश्वरः**-તે પરમેશ્વર, **प्रगृहीत-शक्तिः**-શક્તિઓને ગ્રહણ કરીને, **अतिपुरुषाणि**-અતિ શ્રેષ્ઠ પુરુષાર્થવાળાં, **यानि कर्माणि**-જે કાર્યો, **चकार**-કર્યાં છે, **तानि**-તે **मह्यम्**-મને, **कीर्तय**-કહો. (ઉપજાતિ વૃત્ત) ૧૬

અનુવાદ—વિશ્વની ઉત્પત્તિ, પાલન અને સંયમ માટે અવતાર ધારણ કરતા સમર્થ ઈશ્વરે શક્તિઓનો સ્વીકાર કરીને પુષ્કળ પુરુષાર્થવાળાં જે કર્મો કરેલ છે તે મને કહો. ૧૬

તત્ત્વસુધા—ઉપરના પ્રશ્નો સાથે મળતો જ પ્રશ્ન આ શ્લોકમાં છે—

'સઃ' જે ભગવાને અન્ય અવતારો સાથે સ્વાવતાર વિશ્વકલ્યાણ માટે સ્વીકાર્યો છે. "અતિ પુરુષ" અને "અતિ માનસ"નાં ચરિતો પણ દુર્બોધ છતાં રમ્ય અને રસ ભર્યાં હોય છે. આપ એ સર્વ વસ્તુઓનું સમાધાન કરો. ૧૬

श्रीशुक उवाच – एवं स भगवान् पृष्टः क्षत्रा कौषारविर्मुनिः ।
पुंसां निःश्रेयसार्थेन तमाह बहु मानयन् ।। १७ ।।

અન્વયાર્થ—**पुंसाम्**-મનુષ્યોના, **निःश्रेयसार्थेन**-કલ્યાણ માટે, **क्षत्रा**-વિદુરજીએ, **एवं**-એ પ્રમાણે, **पृष्टः**-પૂછવામાં આવેલ, **सः भगवान् मुनिः कौषारविः**-તે મૈત્રેય ઋષિએ, **तम्**-તે વિદુરજીને, **बहु**-ખૂબ, **मानयन्**-માન આપતાં, **आह**-કહ્યું. ૧૭

અનુવાદ—શ્રી શુકદેવજી બોલ્યા : જ્યારે જિતેન્દ્રિય વિદુરજીએ પુરુષોના કલ્યાણ માટે આ પ્રકારે પ્રશ્ન કર્યો ત્યારે કૌષારવિ મુનિએ વિદુરજીને ખૂબ માન આપતાં કહ્યું. ૧૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં મૈત્રેય મુનિનું મહત્ત્વ વર્ણવ્યું છે- **एवं सभगवान्–भगवान्** અને **सः** અલગ પણ છે. "સભગવાન" એટલે ભગવાને મૈત્રેય મુનિમાં પ્રવેશ કર્યો અને વિદુરજીને ઉપદેશ દેવા આવ્યા છે. વક્તા વિદ્વાન કે તપસ્વી ગમે તેવો હોય પરંતુ ભગવાનના ગુણો ગાઈ શકે.

कौषारविः "કુષારૂ" મૈત્રેય મુનિના પિતાજી છે. વિવેક ગુણ પિતામાંથી આવે છે તે સૂચવવા 'કુષારૂ'ના પુત્ર "કૌષારવિ" એવુ કહ્યું છે. "મુનિઃ" શબ્દથી વક્તા ઊંચી કોટિના ચિંતક છે એમ પણ કહ્યું. **"पुंसां"** એ પદથી ઉત્તમ જ્ઞાન એકાદ વ્યક્તિને ઉદ્દેશીને ન આપતાં અનેકને આપવું એમ જણાવ્યું.

"बहु मानयन्" શ્રોતાના હૃદયમાં શ્રીહરિ બિરાજીને કથા સાંભળે છે માટે વક્તાએ શ્રોતાનો આદર કર્યો. અથવા વક્તા શ્રોતાનો આદર કરે છે ત્યારે શ્રીહરિ વક્તાના મુખમાંથી શ્રોતાના હૃદયમાં પ્રવેશે છે. ૧૭

मैत्रेय उवाच – साधु पृष्टं त्वया साधो लोकान्साध्वनुगृह्णता ।
कीर्तिं वितन्वता लोके आत्मनोऽधोक्षजात्मनः ।। १८ ।।

અન્વયાર્થ—**साधो**–હે સજ્જન વિદુર ! **लोकान्**–લોકનું, **साधु**–સારી રીતે, **अनुगृह्णता**–કલ્યાણ કરતા (તમે), **अधोक्षज-आत्मनः**–અધોક્ષજ ભગવાનમાં મનવાળા, **आत्मनः**–પોતાની **कीर्तिम्**–કીર્તિને, **लोके**–લોકમાં, **वितन्वता**–ફેલાવનાર, **त्वया**–તમે, **साधु**–ઉત્તમ, **पृष्टम्**–પ્રશ્ન કર્યો. ૧૮

અનુવાદ—હે સજ્જન વિદુરજી ! લોકો ઉપર ઘણો ઉત્તમ અનુગ્રહ કરતાં, શ્રી અધોક્ષજ ભગવાનમાં અન્તઃકરણની વૃત્તિવાળા આપે આપની કીર્તિને વિસ્તારતાં ઉત્તમ પ્રશ્ન કર્યો. ૧૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં મૈત્રેયતું મમત્વ-પીયૂષ વિદુરજી ઉપર વર્ષા જાય છે—

"**साधो साधु पृष्टम्**" લોકહિતક સાધો ! અતિ ઉત્તમ પ્રશ્ન આપે કર્યો. આપે અકસ્માત્ આ પ્રશ્ન નથી કર્યો. ઘણું જાણો છો તો પણ પ્રેમથી પૂછી રહ્યા છો. साधु अनुगृह्णता–ખરું કહું તો "લોકને લાભ આપવાનો આ મંગલ મનોરથ છે."

વિદુરજી શું વિશેષ યશ ગાઉં. તમારું અન્તઃકરણ 'अधोक्षज' અધોક્ષજ ભગવાનમાં તમે મૂક્યું છે. ભાઈ ! કોઈ દિ' કોઈ પણ ઇન્દ્રિયનો ભગવાન કદી વિષય ન બને. તમે તેમાં તમારા અન્તઃકરણને મૂક્યું છે એ તો અસામાન્ય કામ છે. સાચું કહું તો તમે દેવાધિદેવનું દેવાલય બન્યા છો. તમારા દેહમાં દેવાધિદેવની પ્રતિષ્ઠા તમે આ પ્રશ્નથી કરી છે. किर्तिं वितन्वता ભગવાનની કીર્તિને વિસ્તારતાં તમારી કીર્તિ પણ વિસ્તાર પામશે. કપૂરની ગોટી હાથમાં લેનારની સુગંધ વધારે છે ને ! ૧૮

नैतत् चित्रं त्वयि क्षत्तर्बादरायणवीर्यजे ॥
गृहीतोऽनन्यभावेन यत्त्वया हरिरीश्वरः ॥ १९ ॥

અન્વયાર્થ—**क्षत्तः**–હે જિતેન્દ્રિય પુરુષ, **बादरायण-वीर्यजे**–વ્યાસજીના સામર્થ્યથી ઉત્પન્ન થયેલા, **त्वयि**–આપને માટે, **एतत्**–આવી ભક્તિ હોય તે, **चित्रम् न**–આશ્ચર્યજનક નથી. **यत्**–કારણ કે, **त्वया**–આપે, **अनन्य-भावेन**–અનન્યભાવથી, **हरिः-ईश्वरः**–હરિ એવા ઈશ્વરને, **गृहीतः**–ધારણ કર્યા છે. ૧૯

અનુવાદ—હે સંયમશીલ વિદુરજી ! શ્રી બાદરાયણના સામર્થ્યથી ઉત્પન્ન થયેલ આપને માટે આ આશ્ચર્યજનક નથી. કારણ કે આપે અનન્યભક્તિથી સમર્થ શ્રીહરિને હૃદયમાં ધારણ કર્યા છે. ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિદુરજીના દેહનો યશ ગાય છે—

"क्षत्तः" વિદુરજીનું સંબોધન છે. જિતેન્દ્રિય પુરુષને "क्षत्ता" કહેવામાં આવે છે. શ્રી વ્યાસજીની અનુકમ્પાથી વિદુરજીનો જન્મ છે. વ્યાસજીને બાદરાયણ કહ્યા છે. બાદરાયણ શબ્દનું તાત્પર્ય 'તપસ્વિતા' માં છે. વળી વ્યાસજી લૌકિક પુરુષ નથી. ભગવાનનો "જ્ઞાન" નામનો અંશ આકાર લઈને આવ્યો છે. "વીર્ય, છ પ્રકારના ઐશ્વર્યમાંનું એક ઐશ્વર્ય પણ છે. વિદુરજી વીર્ય અંશમાંથી પ્રકટ થયા છે તેથી જ તેમને "क्षत्ता" જિતેન્દ્રિય કહ્યા છે. "તપ, જ્ઞાન, અને વીર્ય" એવાં ત્રણ સામર્થ્યવાળા વિદુરજી છે. તેથી તેમનામાં અનન્ય ભક્તિ પણ છે. 'વીર્ય' નો અર્થ બીજ પણ થાય છે. ક્ષેત્ર કરતાં બીજનું મૂલ્યાંકન મોટું છે. અનુલોમ વિવાહને શાસ્ત્રે અનુમોદન આપ્યું છે. ૧૯

माण्डव्यशापाद् भगवान् प्रजासंयमनो यमः ॥
भ्रातुः क्षेत्रे भुजिष्यायां जातः सत्यवतीसुतात् ॥ २० ॥
भवान् भगवतो नित्यं संमतः सानुगस्य च ॥
[1]यज्ज्ञानदेशये चैव माऽऽदिशत् भगवान् व्रजन् ॥ २१ ॥

---

[1] यस्य ज्ञानोपदेशाय माऽऽदिशत् प्रा. पा.

અન્વયાર્થ—प्रजा-संयमनः-લોકના નિયામક, **भगवान् यमः**-ભગવાન ધર્મરાજ અને, **माण्डव्य-शापात्**-અણિમાંડવ્યના શાપને લીધે, **सत्यवती-सुतात्**-સત્યવતીના પુત્ર વ્યાસજીથી, **भ्रातुः**-ભાઈ વિચિત્ર-વીર્યના, **भुजिष्यायां क्षेत्रे**-ભોગ્ય પત્નીમાં, **जातः**-જન્મ્યા છો. ૨૦

च-અને વળી, **भवान्**-આપ, **स-अनुगस्य**-સેવકોના, **च एव**-અને, **भगवतः**-ભગવાનના, **नित्यम्**-સદા, **संमतः**-પ્રિય છો, તેથી **भगवान्**-ભગવાને, **व्रजन्**-નિજધામમાં વિદાય લેતાં, **यत्-ज्ञानादेशाय**-જે જ્ઞાનનો ઉપદેશ આપવા, **मा**-મને, **आदिशत्**-આજ્ઞા કરી છે. ૨૧

અનુવાદ—આપ તો લોકનિયામક ભગવાન ધર્મરાજ છો. અને માંડવ્ય ઋષિના શાપથી વ્યાસજી દ્વારા ભાઈ વિચિત્રવીર્યના ભોગક્ષેત્રમાં જન્મ્યા છો. વળી આપ સેવક જનના અને ભગવાનના અત્યંત પ્રિય છો. તેથી નિજધામમાં વિદાય લેતાં ભગવાને મને, આપને તત્ત્વજ્ઞાનના ઉપદેશની આજ્ઞા કરી છે. ૨૦, ૨૧

તત્ત્વસુધા—આ બે શ્લોકમાં વિદુરજીના આત્મા અને ભગવાનના સંબંધથી શ્રેષ્ઠતા દર્શાવતા વિદુરજીની ઉત્પત્તિ અને જ્ઞાનોપદેશનો આદેશ વર્ણવ્યો છે. **माण्डव्यशापात्**-અણિમાંડવ્યના આશ્રમમાં ચોરીના માલ સાથે ચોર સંતાયા. વિવેકી સંતને સમદૃષ્ટિ હોવાથી ભેદદૃષ્ટિ ન હતી. રક્ષકો શોધવા આવ્યા. ચોર સાથે સંતને પકડ્યા. રાજાએ "શૂળી"એ ચઢાવ્યા. પ્રજાનો પ્રાણુનિરોધ થયો. રાજાએ ઋષિરાજને શૂળીએથી ઉતારી ક્ષમા માગી. માંડવ્યમુનિ ધર્મરાજને પૂછવા યમલોકમાં આવ્યા. યમને પૂછ્યું, ધર્મ ! કયા અપરાધે શૂળીની શિક્ષા કરી. ધર્મે કહ્યું, ભગવન ! બાલપણમાં પતંગની પીઠમાં શૂળ ખોસેલી તેથી તેનો જીવ ગયો તેના બદલામાં મુનિ માંડવ્ય ! આપને શૂળીની શિક્ષા કરી છે. ઋષિ માંડવ્યે કહ્યું, બાલપણની ભૂલ માતપિતાની ગણાય. અને ભૂલની શિક્ષા સ્વપ્નમાં થાય. જાગ્રત દેહને ન થાય, આ અપરાધથી શાપ આપું છું કે યમરાજ ! આપ પૃથ્વીલોકમાં શૂદ્ર યોનિમાં અવતરો.

શાપનું માન પણ સચવાય અને ધર્મરાજનું પણ સ્વરૂપ સચવાય તે રીતે વિદુરજી જન્મ્યા છે. ઉપરિચર વસુની પુત્રી સત્યવતી હતાં. વસુઓનું અન્યમાં સંક્રમણ કરવાનું સામર્થ્ય હોય છે. '**सत्यवतीसुतात्**'--સત્યવતીના પુત્ર તરીકે વ્યાસજીનો ઉલ્લેખ એ માટે જ કર્યો છે કે વ્યાસજીમાં તેવું સામર્થ્ય હતું. વિદુરજીનો પોતાનામાં પ્રવેશ કરાવી પછીથી વિચિત્રવીર્યના ક્ષેત્રમાં વિદુરજીરૂપે જન્મ આપ્યો છે. ૨૦

વળી વિદુરજીનું મહત્ત્વ વધુ વ્યક્ત કરે છે. ભગવાનના અત્યંત પ્રિય છે તેથી ભગવાને ભૂલોક વિસર્જન કરતાં વિદુરજીને યાદ કર્યા. વિદુરજી વૈષ્ણવજનના પણ તેટલા જ માનીતા હતા. ભીષ્મદાદા "મહાત્મા વિદુર" એવું માનવાક્ય વિદુરજી માટે વાપરે છે. ૨૧

अथ ते भगवल्लीला योगमायोपबृंहीताः ।
विश्वस्थित्युद्भवान्तार्था वर्णयाम्यनुपूर्वशः ॥ २२ ॥
भगवानेक आसेदमग्र आत्माऽऽत्मनां विभुः ॥
आत्मेच्छानुगतावात्मा नानामत्युपलक्षणः ॥ २३ ॥

અન્વયાર્થ—अथ-હવે, **ते**-તમને, **योगमाया-उपबृंहिताः**-યોગમાયાએ વિસ્તૃત કરેલી, **विश्व-स्थिति-उद्भव-अन्त-अर्थाः**-વિશ્વના રક્ષણ-ઉત્પત્તિ-નાશના પ્રયોજનવાળી, **भगवत्-लीलाः**-ભગવાનની લીલાઓ, **अनु-पूर्वशः**-અનુક્રમે, **वर्णयामि**-કહીશ. ૨૨

इदम् अग्रे-આ પૂર્વે, **आत्मनाम् आत्मा**-આત્માઓના પણ આત્મા, **विभुः**-સમર્થ, **भगवान्**-ભગવાન, **एकः आस**-એક જ હતા, **आत्म-इच्छा-अनुगतौ**-આત્માના ધર્મો પાછળ તેમનામાં જતાં, **आत्मा**-ભગવાન, **मति-उपलक्षणः**-જુદી જુદી બુદ્ધિના ઉપલક્ષણથી આત્મા તરીકે જણાતા હતા. ૨૩

અનુવાદ—હવે યોગમાયાના સંબંધવાળી વિશ્વના રક્ષણ, સર્જન અને લયના પ્રયોજનવાળી ભગવાનની લીલાઓ અનુક્રમે હું કહીશ. ૨૨

આ સૃષ્ટિની પૂર્વે આત્માઓના આત્મા સમર્થ ભગવાન સ્વયં એક જ હતા. આત્માના ધર્મો પાછળ તેમનામાં જતાં ભગવાન જુદી જુદી બુદ્ધિઓથી આત્મા તરીકે જણાતા હતા. ૨૩

તત્ત્વસુધા—**"अथ"** વિદુરજીના પૂછેલા પ્રશ્નોનો ખુલાસો કરવા માટે **"अथ"** અવ્યયથી પ્રસંગ શરૂ કરે છે. **"અથ"** અવ્યયનો એવો આશય છે કે ભગવાનની વિશુદ્ધ લીલાઓ અને યોગમાયાના સંબંધવાળી લીલાઓ એવી બે પ્રકારની લીલા છે તેમાંથી તમને યોગમાયાના સંબંધવાળી લીલાઓ કહીશ. ભગવલ્લીલાઓ મનનું રંજન કરી ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન કરે છે. યોગમાયાના સંબંધવાળી હોવાથી તે અદ્ભુત હોવાથી આશ્ચર્ય કરે છે. **अनुपूर्वशः**-અનુક્રમે કહેવાથી સરલતાથી જ્ઞાત થશે.

'भगवान् एक'—આ સર્વ જગતના પહેલાં ભગવાન જ હતા. ભગવાન જ્યારે અનેક રૂપે થવા ચાહે ત્યારે પોતે જગતરૂપે બને છે. તેમજ પોતાનાથી જુદું પણ ઉત્પન્ન કરે છે. આ જગત એટલે સૃષ્ટિનો પ્રવાહ અનાદિ છે તેમજ અનન્ત છે. તેથી તેનો આરંભ કે અંત શેનાં હોય? છતાં જે જન્મ–લય વગેરે વ્યવસ્થા છે તે આવિર્ભાવ અને તિરોભાવ રૂપે ભગવાનનું એક રૂપ છે. જ્યારે તેનો તિરોભાવ થાય ત્યારે તે મધુર જલમાં મીઠાના ગાંગડાની માફક મળી જાય છે. બન્ને જલનો રસ જુદો હોય છે. એકનો મીઠો રસ બીજાનો ખારો રસ. પરંતુ તેને ભગવાન વિના કોઈ અલગ કરી શકે નહીં. તેમ કરવા ભગવાન જ "विभुः" સમર્થ છે.

"आत्मेच्छानुगतौ" જ્યારે ભગવાનમાં જીવો મળે છે ત્યારે ભગવાનની સાથે "એકપણે" તેમની સ્થિતિ કેમ સંભવે? તેનું સમાધાન કરે છે. આત્માના ધર્મો તેમની પાછળ જાય છે તેથી તે બધા એકપણે લાગે છે. જેમકે એક જલના પાત્રમાં અનેક જાતના મીઠાના ગાંગડાઓ નાખવામાં આવે. તે બધા ઓગળી જાય અને એક જ પ્રકારનું ખારું જળ લાગે. તેમાં "સિંધવ કે મીઠા"નો અલગ કોઈ રસ બતાવી ન શકે તો પણ તે ગાંગડા તેમનો તે ધર્મ સાથે લઈને જ અંદર રહેલ હોય છે. તે જ રીતે બધી બુદ્ધિથી ભગવાન એક જ દેખાય છે. ૨૨, ૨૩

स वा एष तदा द्रष्टा नापश्यद् दृश्यमेकराट् ॥
मेने सन्तमिवात्मानं सुप्तशक्तिरलुप्तदृक् ॥ २४ ॥

सा वा एतस्य संद्रष्टुः शक्तिः सदसदात्मिका ॥
माया नाम महाभाग ययेदं निर्ममे विभुः ॥ २५ ॥

અન્વયાર્થ—**सः वै एष द्रष्टा**–તે જ આ પોતે દ્રષ્ટા થયા, **तदा**–ત્યારે, **एकराट्**–એકલા જ સ્વયંપ્રકાશ હતા. તેમણે **दृश्यं न अपश्यत्**–કોઈ પણ વસ્તુ ન નિહાળી, તે પોતે **सुप्तशक्तिः**–અપ્રકટ શક્તિઓવાળા તેમજ **अलुप्त-दृक्**–અલુપ્ત જ્ઞાનશક્તિવાળા, **आत्मानं**–પોતાને, **असन्तम् इव**–જાણે ન હોય તેમ, **मेने**–માનવા લાગ્યા. ૨૪

महाभाग–મહાભાગ વિદુરજી! **सा**–તે, **वा**–ખરેખર, **एतस्य संद्रष्टुः**–આ સારી રીતે જોનારની, **सद्-असद्-आत्मिका**–સદ્–અસદ્–રૂપવાળી, **माया नाम शक्तिः**–માયા નામની શક્તિ છે. **यया**–જેના યોગથી, **विभुः**–સમર્થ પ્રભુ, **इदम्**–આ વિશ્વને, **निर्ममे**–રચે છે. ૨૫

અનુવાદ—તે જ ભગવાન આ પોતે દ્રષ્ટા થયા ત્યારે તે સ્વયંપ્રકાશ કરનારે દૃશ્ય એવી કોઈ ચીજ ન નિહાળી. ત્યારે પોતાની અપ્રકટ થયેલ શક્તિવાળા અને જાગ્રત જ્ઞાનશક્તિવાળા પોતાને જાણે પોતે ન હોય તેમ માનવા લાગ્યા. ૨૪

હે મહાભાગ વિદુરજી ! તે ખરેખર સારી રીતે જોનાર ભગવાનની સદ્ અને અસદ્ રૂપવાળી માયા નામની શક્તિ છે, જે શકિતથી સમર્થ ઇશ્વિરે આ વિશ્વને રચેલું છે. ૨૫

તત્ત્વસુધા—ઉપરના ૨૩ મા શ્લોકમાં સૃષ્ટિ પૂર્વની સ્થિતિનાં જગત અને જીવ બન્ને તે બ્રહ્મમાં-ભગવાનમાં લય પામેલ હતાં, એટલું વર્ણવ્યું. હવે ૨૪ મા શ્લોકથી જીવોથી આરંભી અન્ય સૃષ્ટિઓની ઉત્પત્તિનું વર્ણન શરૂ થાય છે.

'**स व एष तदा द्रष्टा**'—સઃ તે પૂર્ણ ભગવાને સર્વ પોતામાં સમાવ્યુ હતું. પછી તે ભગવાન દ્રષ્ટા બન્યા. વિરાટ જીવ બન્યા. બ્રહ્મારૂપ થયા. જ્યારે તેઓ જીવ બન્યા ત્યારે ઐશ્વર્ય, વીર્ય વગેરે પોતાના ગુણોનો તિરોભાવ કરી તેમણે જીવસ્વરૂપ સ્વીકાર્યું. ત્યારે કોઈ પણ વસ્તુ નજર સામે જોવા મળી નહીં. પૂર્વમાં દશ્ય જગતને જોયેલ. તેની વાસના રહેલ. જાગતાં જેમ જૂની દુનિયા દેખાય તેમ જ્યારે તેને જગત ન દેખાયું ત્યારે શૂન્ય લાગ્યું. વળી પોતે એકલા હોવાથી પોતાને પણ ન હોય તેમ માનવા લાગ્યા અથવા પોતાને પણ ન સમજી શકયા. તે સમયે ક્રિયાશક્તિઓ સુપ્તદશામાં હતી. જ્ઞાનશક્તિ તો લુપ્ત થઇ ન હતી. આમ જ્યારે તે પોતાને સત્-છતાં અસત્ જેવા જ લાગવા માંડયા ત્યારે માયા થઇ. પોતે પોતાને જ અસત્ જાણ્યા તે જ માયા. તે માયા સત્ અને અસત્ એવાં બે રૂપવાળી છે. આ માયા સ્વભાવથી સત્ રૂપ છે. પણ તેનો ખોટી રીતે અંગીકાર કરેલ હોવાથી તે અસદ્રૂપ છે. તે માયા નામની શક્તિ દ્વારા જગત રચાય છે. ૨૪, ૨૫

कालवृत्या तु मायायां गुणमय्यामधोक्षजः ॥
पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान् ॥ २६ ॥
ततोऽभवत् महत्तत्त्वमव्यक्तात् कालचोदितात् ॥
विज्ञानात्मात्मदेहस्थं विश्वं व्यञ्जन् तमोनुदः ॥ २७ ॥

અન્વયાર્થ—वीर्यवान् अधोक्षजः तु–વીર્યવાળા અધોક્ષજ ભગવાને તો, **काल-वृत्त्या**–કાલની શક્તિથી–ક્રિયાથી, **गुणमय्यां मायाम्**–ગુણમયી માયામાં, **आत्म-भूतेन**–પોતાના અંશરૂપ, **पुरुषेण**–પુરુષ દ્વારા, **वीर्यम् आधत्त**–વીર્યનું આધાન કર્યું. ૨૬

ततः–ત્યાર બાદ, **काल-चोदितात् अव्यक्तात्**–કાળથી ખળભળેલી માયાથી, **आत्म-देहस्थम्**–પોતાના દેહમાં રહેલા, **विश्वम्**–વિશ્વને, **व्यञ्जन्**–પ્રકાશનાર, **तमः-नुदः**–તમને-અંધકારને હરનાર, **विज्ञान-आत्मा**–વિજ્ઞાનમય તે, **महत् तत्त्वम्**–મહાન પુરુષ (મહત્તત્ત્વ) **अभवत्**–ઉત્પન્ન થયો. ૨૭

અનુવાદ—વીર્યસંપન્ન ભગવાને કાળશક્તિથી ક્ષોભવાળી ગુણમયી માયામાં પોતાના અંશથી ઉત્પન્ન થયેલા પુરુષદ્વારા વીર્યનું સ્થાપન કર્યું. પછી કાળે ખળભળાવેલી તે માયામાંથી પોતાના દેહમાં રહેલા વિશ્વને પ્રકાશનાર અંધકારનો નાશ કરનાર વિજ્ઞાનરૂપ મહાન પુરુષ (મહત્તત્વ) પ્રકટ થયો. ૨૬, ૨૭

તત્ત્વસુધા—આગળનો સૃષ્ટિક્રમ બતાવે છે:–પૂર્વ શ્લોકમાં દર્શાવેલી સદ્–અસદ્–રૂપ જે માયા હતી તેમાં કાળે ખળભળાટ પેદા કર્યો. ત્યારે તે માયા આતુર બની. કોઇ મારામાં વીર્યાધાન કરે એવી વાંછા થઈ. ત્યારે **वीर्यवान् अधोक्षजः** ભગવાને સ્વયં ઇન્દ્રિયોથી જેનું જ્ઞાન ન થઈ શકે તેવા "અધોક્ષજ" રહીને માયાના સ્વામી થઈ શકે તેવા પુરુષનું નિર્માણ કર્યું અને તે **पुरुषेण** પુરુષોત્તમ દ્વારા પોતે જ વીર્યાધાન કર્યું. ૨૬

'**ततः**'–ત્યાર બાદ તે માયામાંથી "**महत्तत्त्वम्**" મહત્તત્ત્વ પ્રકટ થયું. સાંખ્ય તેને બુદ્ધિ તરીકે અથવા "મહાન" તત્ત્વ તરીકે ઓળખે છે. તે મહત્તત્ત્વ જ્ઞાનાત્મક છે. મહત્તત્ત્વની મહાન પુરુષ એવી સંજ્ઞા આ શ્લોકમાં આપી છે. તે મહાન દ્વારા સર્વ સૃષ્ટિ થઈ. ૨૭

सोऽप्यंशगुणकालात्मा भगवद्दृष्टिगोचरः ॥
आत्मानं व्यकरोदात्मा विश्वस्यास्य सिसृक्षया ॥ २८ ॥
महत्तत्त्वाद्विकुर्वाणात् अहं तत्त्वं व्यजायत ॥
कार्यकारणकर्त्रात्मा भूतेन्द्रियमनोमयः ॥ २९ ॥
वैकारिकस्तैजसश्च तामसश्चेत्यहं त्रिधा ॥
अहंतत्त्वाद् विकुर्वाणात् मनो वैकारिकादभूत् ॥
वैकारिकाश्च ये देवा अर्थाभिव्यञ्जनं यतः ॥ ३० ॥

અન્વયાર્થ—अंश-गुण-काल-आत्मा-અંશ, ગુણ, કાળ અને આત્મા એવો ચતુર્મૂર્તિ, **सः अपि आत्मा**-તે મહાન આત્માએ, **भगवद्-दृष्टिगोचरः**-ભગવાનની નજર પડતાં, **अस्य विश्वस्य**-આ વિશ્વનું, **सिसृक्षया**-સર્જન કરવાની ઇચ્છાથી, **आत्मानम्**-આત્માને, **व्यकरोत्**-વિવિધરૂપે કર્યો. ૨૮

विकुर्वाणात्-કાર્યમાં વિશેષ મગ્ન રહેલ, **महत्तत्त्वात्**-મહત્તત્ત્વમાંથી, **कार्य-कारण-कर्तृ-आत्मा**-કાર્યકારણ અને કર્તારૂપ, **भूत-इन्द्रिय-मनोमयः**-પંચભૂત, ઇન્દ્રિય અને મનોમય, **अहंतत्त्वम्**-અહંકાર, **व्यजायत**-ઉત્પન્ન થયો. ૨૯

તે અહંકાર, **वैकारिकः**-સાત્વિક, **तैजसः**-રાજસ, **तामसः च**-અને તામસ એવા ત્રણ પ્રકારનો થયો. બાદ **विकुर्वाणात्**-અહંકાર કાર્યમાં વધુ નિમગ્ન થયો ત્યારે, **वैकारिकात् अहंतत्त्वात्**-સાત્વિક અહંકારમાંથી, **मनः**-મન ઉત્પન્ન થયું. **च**-અને, **वैकारिकाः ये देवाः**-જે સાત્વિક દેવો હતા તે થયા, **यतः**-જે દેવોથી, **अर्थ-अभिव्यञ्जनम्**-પદાર્થનું ભાન થાય છે. ૩૦

અનુવાદ—અંશ, ગુણ, કાલ, અને જીવરૂપ એવા ચતુર્મૂર્તિ તે વિશ્વાત્માએ (મહાન પુરુષે) ભગવાનની કૃપાદષ્ટિ થતાં આ વિશ્વનું સર્જન કરવાની ઇચ્છાથી પોતાને વિવિધ રૂપે કર્યો. ૨૮

બાદ કાર્યમાં વિશેષ નિમગ્ન થયેલા તે મહાન પુરુષમાંથી (મહત્તત્ત્વમાંથી) કાર્ય, કારણ કર્તા રૂપ, તેમ પંચભૂત, દશઇન્દ્રિય અને મનોમય એવો અહંકાર ઉત્પન્ન થયો. ૨૯

તે અહંકાર સાત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ ભેદવાળો બન્યો. ત્યારબાદ તે અહંકાર કાર્યમાં વિશેષ પ્રવૃત્ત થયો ત્યારે સાત્ત્વિક અહંકારમાંથી મન અને સાત્ત્વિક દેવો થયા. જે દેવોથી પદાર્થોનું ભાન થાય છે. ૩૦

તત્ત્વસુધા--૨૭ મા શ્લોકમાં મહતત્ત્વની ઉત્પતિ વર્ણવી છે. જેને "મહાન" પુરુષ એવી સંજ્ઞા આપી. હવે કાલ, ત્રણ ગુણો, અંશ પુરુષ અને જીવ એવા ચાર પ્રકારવાળો તે મહાન પુરુષ અથવા વિશ્વાત્મા બન્યો. સર્જનની ઇચ્છાથી પોતે કાર્યમાં નિમગ્ન બન્યો. આ મહાન પ્રથમ તો તદ્દન ઉદાસીન હતો. પછી કાર્યનિમગ્ન થયો. ૨૮

કાર્યમગ્ન બનેલ તે મહતત્ત્વમાંથી અહંકાર થયો. તે અહંકાર કાર્ય એટલે આધિભૌતિક, કારણ એટલે આધ્યાત્મિક અને કર્તા એટલે આધિદૈવિક એવા ત્રણ પ્રકારનો છે. આ અહંકાર પંચભૂત, દશ ઇન્દ્રિયો અને મનને ઉત્પન્ન કરનાર છે. ૨૯

આ અહંકાર ત્રણ પ્રકારનો છે. સાત્ત્વિક અહંકારને "વૈકારિક" નામ આપ્યુ છે. રાજસને "તૈજસ" નામ આપ્યુ છે. તામસની તો "તામસ" એવી જ સંજ્ઞા છે. સાત્ત્વિક અહંકારથી મન અને સાત્ત્વિક દેવો થયા. દેવો સાથે ઇન્દ્રિયોને પદાર્થનું જ્ઞાન થાય છે. ૩૦

तैजसानीन्द्रियाण्येव ज्ञानकर्ममयानि च ॥
तामसो भूतसूक्ष्मादिर्यतः खं लिङ्गमात्मनः ॥ ३१ ॥

कालमायांशयोगेन भगवद्वीक्षितं नभः ॥
नभसोऽनुसृतं स्पर्शं विकुर्वन्निर्ममेऽनिलम् ॥ ३२ ॥

अनिलोऽपि विकुर्वाणो नभसोरुबलान्वितः ॥
ससर्ज रूपतन्मात्रं ज्योतिर्लोकस्य लोचनम् ॥ ३३ ॥

અન્વયાર્થ—च ज्ञान-कर्ममयानि-જ્ઞાન અને ક્રિયાવાળી, **इन्द्रियाणि**-પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય, **तैजसानि एव**-તૈજસ જ એટલે રાજસ જ છે. **तामसः**-તામસ અહંકાર, **भूत-सूक्ष्मादिः**-પંચભૂતોનું અને સૂક્ષ્મભૂતોનું એટલે શબ્દાદિ તન્માત્રાનું કારણ છે. **यतः**-જેમાંથી, **आत्मनः लिङ्गम्**-ભગવાનનો બોધ કરનારું, **खम्**-આકાશ ઉત્પન્ન થયું. ૩૧

પછી **भगवद्-वीक्षितम्**-ભગવાનની દૃષ્ટિ પડતાં, **नभः**-આકાશે, **काल-माया-अंशयोगेन**-કાલ, માયા અને અંશના સંબંધથી, **नभसः अनुसृतम्**-આકાશમાંથી બનેલા, **स्पर्शम् विकुर्वन्**-સ્પર્શને કાર્યમાં નિમગ્ન કરીને, **अनिलम्**-વાયુને, **निर्ममे**-રચ્યો. ૩૨

नभसा-આકાશના સહયોગે, **उरुबल-अन्वितः**-વધુ બલવાન બનેલ, **अनिलः अपि**-વાયુ પણ, **विकुर्वाणः**-કાર્યમાં નિમગ્ન થતાં, **रूप-तन्मात्रम्**-રૂપતન્માત્રાને, **ससर्ज**-ઉત્પન્ન કરી. તે રૂપતન્માત્રામાંથી, **लोकस्य लोचनम्**-લોકનું લોચનરૂપ, **ज्योतिः**-તેજ ઉત્પન્ન થયું. ૩૩

અનુવાદ—વળી જ્ઞાનેન્દ્રિય તેમજ કર્મેન્દ્રિય તૈજસ જ છે-એટલે રાજસ અહંકારમાંથી થયેલી છે. પંચભૂત અને સૂક્ષ્મભૂત એટલે તન્માત્રાઓ તામસ અહંકારથી થાય છે. જેમાંથી ભગવાનનો બોધ કરનારું આકાશતત્ત્વ ઉત્પન્ન થયું. ૩૧

પછી ભગવાનની દૃષ્ટિ પડતાં કાલ, માયા અને પુરુષઅંશના સંબંધવાળું આકાશ કાર્યમાં પ્રવૃત્ત થયું. ત્યારે આકાશમાંથી સ્પર્શ થયો. સ્પર્શ જ્યારે કાર્યમગ્ન થયો ત્યારે વાયુને રચ્યો. ૩૨

ત્યાર બાદ આકાશ સંબંધને લીધે વધુ બળવાન થયેલ વાયુએ કાર્યમગ્ન થઈ રૂપતન્માત્રાને રચી, રૂપતન્માત્રામાંથી લોકના નેત્રરૂપ તેજનું સર્જન થયું. ૩૩

તત્ત્વસુધા—૩૧મા શ્લોકમાં રાજસ અહંકારની સૃષ્ટિનું વર્ણન છે:—

तैजसानीन्द्रियाणि एव-સાંખ્યની એવી માન્યતા છે કે સાત્વિક અહંકારમાંથી જ્ઞાનેન્દ્રિય અને રાજસ અહંકારમાંથી કર્મેન્દ્રિય થઈ છે. વ્યાસ મહર્ષિ "एव" અવ્યયથી નિશ્ચય કરે છે કે દશેદશ ઇન્દ્રિયો રાજસ અહંકારથી જ થયેલી છે. બીજા સ્કંધના ૫ મા અધ્યાયના ૩૧ મા શ્લોકમાં પણ આ જ ચર્ચા છે. તામસ અહંકારમાંથી શબ્દગુણવાળા આકાશની ઉત્પત્તિ થઈ છે. શબ્દ દ્વારા ભગવાનનો બોધ થાય છે.

૩૨-૩૩ શ્લોકમાં આકાશમાંથી થયેલી વાયુની સૃષ્ટિને વર્ણવે છે:—

કાલ, માયા અને જીવ એ ત્રણના સંબંધવાળા આકાશમાંથી સ્પર્શગુણ અથવા તન્માત્રા ઉત્પન્ન થઈ. તેના ઉપર પ્રભુની નજર પડી. ત્યારે તેનામાં ક્રિયા થઈ ત્યારે વાયુ પ્રકટ થયો. તે વાયુ પણ આકાશના સંબંધને લીધે બળવાન બન્યો. ત્યારે રૂપતન્માત્રા થઈ. તે રૂપતન્માત્રા ક્રિયાશીલ બની ત્યારે-જગતને ચક્ષુ આપનાર તેજસતત્ત્વ પ્રકટ થયું. ૩૨, ૩૩

अनिलेनान्वितं ज्योतिर्विकुर्वत्परवीक्षितम् ॥
आधत्ताम्भो रसमयं कालमायांशयोगतः ॥ ३४ ॥
ज्योतिषाम्भोऽनुसंस्पृष्टं विकुर्वद् ब्रह्मवीक्षितम् ॥
महीं गन्धगुणामाधात् कालमायांशयोगतः ॥ ३५ ॥
भूतानां नभआदीनां [1]यद्यद्भाव्यावरावरम् ॥
तेषां परानुसंसर्गाद् यथासंख्यं गुणान् विदुः ॥ ३६ ॥

અન્વયાર્થ—**परिवीक्षितम्**-ભગવાનની કૃપાનજરવાળું, **अनिलेन–अन्वित**-વાયુ સાથેનું, **ज्योतिः**-તેજ, **विकुर्वत्**–કાર્યમગ્ન થતાં, તે જ્યોતિએ, **काल-माया–अंश–योगतः**–કાલ, માયા અને જીવના સંબંધથી, **रसमयं अम्भः**–રસતન્માત્રાવાળું જલ, **आधत्त**–ઉત્પન્ન કર્યું. ૩૪

ब्रह्मवीक्षित्-બ્રહ્મની દૃષ્ટિ પડેલું, **ज्योतिषा**–તેજથી, **अनुसंस्पृष्टम्**–સહકાર પામેલું, **अम्भः**–જલ, **विकुर्वत्**-ક્રિયામય થતાં, **काल–माया-अंश-योगतः**–કાલ માયા અને જીવના સંબંધથી, **गन्ध-गुणाम्**-ગન્ધ ગુણવાળી, **महीम्**–પૃથ્વીને, **आधत्त**–ઉત્પન્ન કરી. ૩૫

नभ–आदीनाम्–આકાશ વગેરે, **भूतानाम्**–પંચભૂતોમાં, **यद्–यद्–भाव्य-अवर-अवरम्**–જે જે ઉત્તરોત્તર થનારાં છે, **तेषाम्**–તેમનામાં, **पर-अनुसंसर्गात्**–ઉપર ઉપરના સંબંધથી, **यथासंख्यम्**–અનુક્રમે એક એક વધતા, **गुणान्**–ગુણોને, **विदुः**–જાણે છે. ૩૬

અનુવાદ—ભગવાનની નજર પડતાં વાયુ સાથેનું તેજ કાર્યમાં મગ્ન થયું. ત્યારે તે જ્યોતિએ કાલ, માયા અને જીવના સંબંધથી રસતન્માત્રાવાળા જલને ઉત્પન્ન કર્યું. ૩૪

બ્રહ્મની દૃષ્ટિ પડેલું અને તેજનો સહકાર પામેલું જલ જ્યારે કાર્યમાં પરોવાયું ત્યારે કાલના માયા અને જીવના સંબંધથી ગન્ધતન્માત્રાવાળી પૃથ્વીને ઉત્પન્ન કરી. ૩૫

આકાશ વગેરે પંચમહાભૂતોમાં જે જે એક એકની પાછળ ઉત્પન્ન થનારાં જે ભૂતો છે, તેમનામાં ઉપર ઉપરના સંબંધથી ક્રમે ક્રમે એક એક વધતા વધતા ગુણો આવે છે તેને જાણે છે. ૩૬

તત્ત્વસુધા—૩૪–૩૫ શ્લોકોમાં જળ અને પૃથ્વીની ઉત્પત્તિ બતાવે છે—

'परवीक्षितम्'–ઈશ્વિરે નજર નાખેલ તેજે વાયુની સાથે મળીને રસતન્માત્રાવાળા જલની ઉત્પત્તિ કરી છે. ઉત્પત્તિના ક્રમમાં સમજવાનું ઉપરના શ્લોકના જેવું જ છે. વાયુના સહયોગવાળા તેજે પ્રથમ રસતન્માત્રા ઉત્પન્ન કરી અને રસતન્માત્રામાંથી જલતત્ત્વ થયું. ૩૪

'ब्रह्मवीक्षितम्'-બ્રહ્મ શબ્દનો અર્થ ભગવાન થાય છે. બ્રહ્મદૃષ્ટિ હવે જલ ઉપર પડી. ત્યારે તેજના સહકારવાળા જલે પ્રથમ ગંધતન્માત્રાને રચી. ગંધતન્માત્રામાંથી પૃથ્વીતત્ત્વની ઉત્પત્તિ થઈ. ૩૫

'भूतानां नभआदीनाम्' આ છત્રીસમા શ્લોકમાં ઉપરના પાંચ શ્લોકોમાં કહેલી વસ્તુને સંગ્રહરૂપે સમજાવે છે. સજસ એટલે તૈજસ અહંકારમાંથી શબ્દતન્માત્રાવાળું આકાશ થયું. પછી આકાશે સ્પર્શતન્માત્રા રચી. સ્પર્શતન્માત્રામાંથી વાયુ થયો. વાયુએ રૂપતન્માત્રા રચી. રૂપતન્માત્રામાંથી તેજ થયું. તેજે રસતન્માત્રા રચી. રસતન્માત્રાએ

---

१. यद्यद्भाव्यं चराचरम् प्रा. प्रा.

જલ રચ્યુ. જલે ગંધતન્માત્રા રચી. ગન્ધતન્માત્રામાંથી પૃથ્વી થઈ. આવો એક ક્રમ ગોઠવાયો. પરંતુ આકાશમાં શબ્દ ગુણ; વાયુમાં શબ્દ, સ્પર્શ બે ગુણ; તેજમાં શબ્દ, સ્પર્શ, રૂપ ત્રણ ગુણ; જલમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ચાર ગુણ અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ પાંચ ગુણ આવ્યા. ૩૬

एते देवा कलाविष्णोः कालमायांशलिङ्गिनः ॥
नानात्वात् स्वक्रियानीशाः प्रोचुः प्राञ्जलयो विभुम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**काल-माया-अंश-लिङ्गिनः**—કાલ, માયા અને જીવના ચિહ્નવાળા, **एते देवाः**—આ દેવો, **विष्णोः**—વિષ્ણુ ભગવાનની, **कलाः**—કલાઓ છે, તેઓ **नानात्वात्**—ભિન્ન ભિન્ન હોવાથી, **स्व-क्रिया-अनीशाः**—પોતાનાં કાર્ય કરવાને અસમર્થ હતા, તેથી **प्राञ्जलयः**—અંજલિ જોડી, **विभुम्**—સમર્થ ભગવાનને, **प्रोचुः**—નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૩૭

અનુવાદ—કાલ, માયા અને જીવના ચિહ્નવાળા આ દેવો વિષ્ણુની કલાઓ છે. તેઓ જુદા જુદા હોવાથી પોતાનું કાર્ય કરવા સંમર્થ ન હતા. તેથી અંજલિ જોડી સમર્થને વિનવવા લાગ્યા. ૩૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં ૨૫ તત્ત્વો ભગવાનની સ્તુતિ કરે છે એવું વર્ણવે છે—

एते देवाः આ ૨૫ દેવો વિષ્ણુની કલાઓ છે. “તત્ત્વ”નો અર્થ થશે **तस्य भावः** તે ભગવાનનો જ ગુણ એટલે તત્ત્વ. તત્ત્વનો અર્થ થયો દેવો. દશ ઇન્દ્રિયો અને દશ દેવો બન્ને એક જ ગણવાં તેથી તે, ૧૦ થયા. તન્માત્રા ૫ અને મહાભૂત ૫ મળીને ૧૦ થયા. મહત્તત્ત્વ ૧, અહંકાર ૧, મન ૧, કાલ ૧ માયા ૧ મળીને કુલ ૨૫ થયાં. તેઓએ ભગવાનની સ્તુતિ કરી. ભગવાને આ બધામાં સત્-ચિત્ આનંદ ગુણો પ્રકટ કરેલા નહીં. સ્તુતિથી તે ગુણો આપ્યા.

ઉત્પત્તિનું વેદમાં વર્ણન કર્યું છે. તેની સાથે સરખામણી થઇ શકે છે. વેદમાં “**प्रजापति**” છે. અહીં ‘**महत् तत्त्व**’ છે. વેદમાં ‘**पुरुष**’ છે તે અહીં ‘**विराट्**’ છે. વેદમાં परमेष्ठी છે તે અહીં ‘**काल**’ છે. વેદમાં **प्रयत्न** છે તેવી અહીં માયા છે. વેદમાં **यज्ञ** છે તેવું અહીં ‘**ब्रह्म**’ છે. વેદમાં સામ વેદગાન છે તેમ અહીં દેવોની **સ્તુતિ** છે. ૩૭

देवा ऊचुः—नमाम ते देवपदारविन्दं प्रपन्नतापोपशमातपत्रम् ॥
यन्मूलकेता यतयोऽञ्जसोरुसंसारदुःखं बहिरुत्क्षीपन्ति ॥ ३८ ॥

અન્વયાર્થ—**देव**—હે દેવ ! **प्रपन्न-ताप-उपशम-आतपत्रम्**—શરણાગતના સંતાપને હરનાર છત્ર તુલ્ય, **ते**—આપના, **पद-अरविन्दम्**—ચરણકમળને, **नमाम**—નમીએ છીએ. **यत्-मूलकेताः**—જે ચરણતલના આશ્રયે રહેલા, **यतयः**—યોગીજનો, **उरु-संसार-दुःखम्**—મોટા સંસારદુઃખને, **अञ्जसा**—સરલતાથી, **बहिः उत्क्षिपन्ति**—બહાર ફેંકી દે છે. (ઉપજાતિ વૃત્ત) ૩૮

અનુવાદ—દેવો વિનવે છે : હે દેવ, શરણાગતના સંતાપને દૂર કરનાર છત્ર તુલ્ય આપના ચરણકમલને નમીએ છીએ. જે ચરણતલનો આશ્રય લઇ યોગીજનો ભારે સંસારદુઃખને સહેલાઇથી દૂર ફેંકી દે છે. ૩૮

તત્ત્વસુધા—દેવોની સ્તુતિ ૩૮ થી ૫૦ શ્લોક સુધી ૧૩ શ્લોકોમાં છે. “देवा ऊचुः” પદથી તેનો આરંભ થાય છે. આ દેવો તત્ત્વોના સ્વામીઓ છે. એટલે આ સ્તુતિ તત્ત્વોની છે. ત્રીજા સ્કંધના પ્રથમ પ્રકરણમાં તત્ત્વોની સ્તુતિમાં ભક્તિ, બ્રહ્માજીની સ્તુતિમાં જ્ઞાન અને ઋષિઓની સ્તુતિમાં યજ્ઞનો નિર્ણય કરવામાં આવ્યો છે. તત્ત્વોની સ્તુતિના ૧૩ શ્લોકો છે. તેર શ્લોકમાં કાલે પ્રેરેલી ભક્તિ છે. એક ભક્તિ શુદ્ધ હોય છે. બીજી

કોઈક સંયોગો ઊભા થાય ત્યારે ભક્તિ થાય છે. સૃષ્ટિ રચવાનું કાર્ય તત્ત્વોને આવી પડ્યું ત્યારે સ્તુતિ કરવાની સ્થિતિ ઊભી થઈ. બાર માસ અને તેરમો અધિક માસ એ રીતે કાલ તેર પ્રકારનો છે. તેથી કાલપ્રેરિત સ્તુતિના ૧૩ શ્લોકો છે. આ શ્લોકમાં ઉત્તમ પ્રકારની સાત્વિક ભક્તિનું નિરૂપણ છે—

"નમામ"—સંતોની શિખામણ છે કે જીવ નમસ્કાર વિના કાંઈ વધુ કરી શકતો જ નથી. તત્ત્વો સમૂહમાં નમસ્કાર કરે છે. "पदारविन्दम्" નમસ્કાર ભગવાનના "પદારવિન્દને" કહ્યા છે. પ્રભુનું ચરણારવિંદ શરણાગતને માટે "छत्र" સમાન છે.

"નમન" ૩ પ્રકારે થાય છે. ભક્તિ "ચરણાવિંદ" ને પ્રેમથી નમન કરે છે. વૈદિક વંદન ભગવાનના 'સ્વરૂપ'ને થાય છે. ભગવાનના સ્વરૂપમાં રહેલા "ઐશ્વર્યાદિ ગુણોને' નમસ્કાર થાય છે તે લૌકિક નમસ્કાર છે. પ્રભુના ચરણારવિંદને "आतपत्रम्"ની ઉપમા આપી છે. "आतपात् त्रायते इति आतपत्रम्" તાપમાંથી રક્ષણ કરે તે આતપત્ર એટલે છત્ર. "ભક્તો પ્રભુના ચરણકમલછત્રની છાયામાં વસે છે. ભક્તો જ્યાં જાય ત્યાં "છત્ર" તરીકે છાયા કરતું ભગવાનનું ચરણારવિંદ જાય છે.

આતપ એટલે ચારેબાજુની પીડા. આ તાપ કાલ, સ્વભાવ અને કર્મથી થાય છે. જ્યારે તે કાલથી થાય ત્યારે પ્રભુનું ચરણકમલ "છત્ર" બની છાયા કરે છે. તાપ જ્યારે સ્વભાવથી થાય ત્યારે પ્રભુનું ચરણકમલ "અમૃત" બને છે. તાપ જ્યારે કર્મથી થાય ત્યારે પ્રભુનું ચરણકમલ "ઔષધ" બને છે.

સંક્ષેપમાં એક જ વાત કહી છે કે "यतयः" યત્નશીલ યોગીઓ શ્રીચરણ–ચરણકમલની છત્રછાયામાં વસી સંસારનાં સર્વ દુઃખોને સહેલાઈથી દૂર કરે છે. ૩૮

धातर्यदस्मिन् भव ईश जीवास्तापत्रयेणाभिहता न शर्म ॥
आत्मन् लभन्ते भगवन् तवांघ्रिच्छायां सविद्यामत आश्रयेम ॥ ३९ ॥

અન્વયાર્થ—**धातः**–હે પિતા, **हे ईश**–હે ઈશ, **ताप–त्रयेण–अभिहताः**–ત્રિવિધ તાપથી તપેલા, **जीवाः**–જીવો, **अस्मिन् भवे**–આ સંસારમાં, **यतः शर्म**–જે આત્મશાંતિને, **न लभन्ते**–નથી પામતા, **अतः**–તેથી, **आत्मन् भगवन्**–આત્મસ્વરૂપ ભગવન્, **तव**–આપની, **सविद्याम्**–વિદ્યાયુક્ત એવી, **अंघ्रिच्छायाम्**–ચરણકમલની છાયાનો, **आश्रयेम**–આશ્રય લઈએ છીએ. (ઉપજાતિ વૃત્ત) ૩૯

અનુવાદ—દેવો કહે છે કે હે પિતા હે ઈશ્વર ! ત્રિવિધ તાપથી તપેલા જીવો–આ સંસારમાં આત્મશાંતિને નથી પામતા તેથી હે આત્મસ્વરૂપ ભગવન્ ! આપની વિદ્યાયુક્ત એવી ચરણકમલની છાયાનો આશ્રય કરીએ છીએ. ૩૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનની વિદ્યાયુક્ત ચરણછાયાના આશ્રયની પ્રાર્થના કરે છે. આ શ્લોકના પૂર્વાર્ધમાં બે સંબોધન છે. धातः સૃષ્ટિ કરવાની તત્ત્વોને ઇચ્છા છે તે કામ કરનાર "ધાતા" ભગવાન છે. માટે હે ધાતા ! આપ જ રચો અમે સમર્થ નથી એમ કહ્યું. "ધાતા" નો અર્થ પિતા થાય છે. હે પ્રભો આપ પિતા છો, અમે સંતાન છીએ. આપ સમર્થ છો તો સામર્થ્યનાં દાન કરો અને ત્રિવિધ તાપમાંથી બચાવો.

"तापत्रयेण' એકાદ પ્રકારનો તાપ જો અસહ્ય હોય તો આ તાપ "ત્રણ પ્રકાર" નો છે. એ કેમ વેઠી શકાય. વળી તાપ બે પ્રકારનો હોય છે. એક બહારનો તાપ તે તો "છાયા" થી દૂર કરાય પરંતુ અંદરનો તાપ "માયા"-નો હોય છે. તેનું નિવારણ તો શરણથી જ થાય. શરણ પણ જ્ઞાનપૂર્વકનું હોવું જોઈએ. તેથી આપનું જ્ઞાનદાન કરતા "વિદ્યાયુક્તચરણની છાયા" નો આશ્રય લઈએ છીએ.

વળી આ શ્લોકમાં ચરણની છાયા લેવાનું વિધાન કરે છે. છત્રની છાયા સૂર્યના કારણે ઘણીવાર છત્રથી દૂર પણ હોય છે. ભક્તે ભગવાનની આજ્ઞાથી દૂર રહેવું પડે તો પણ રહેવું. છાયા ત્યાં આવીને પણ રક્ષણ કરશે જ.

ભગવત્સેવા કરવાની હોય ત્યારે સમીપમાં રહેવું. ભગવાને સોંપેલ કાર્ય કરવાનું હોય તો જ્યાં કાર્યક્ષેત્ર હોય ત્યાં રહેવું. ભગવચ્ચરણકમલ છાયા તો ત્યાં પણ સંભાળ લેવાની છે જ. ૩૯

मार्गन्ति यत्ते मुखपद्मनीडैश्छन्दःसुपर्णैर्ऋषयो विविक्ते ॥
यस्याघमर्षोदसरिद्वरायाः पदं पदं तीर्थपदः प्रपन्नाः ॥ ४० ॥

અન્વયાર્થ—यत्-કારણ કે, **यस्य तीर्थपदः** (पदम्)—સમસ્ત તીર્થો જેમના ચરણારવિંદમાં છે એવું આપનું ચરણકમળ, **अघमर्ष-उद-सरिद्-वरायाः**-પાપોનો નાશ કરનાર જળવાળી નદીમાં શ્રેષ્ઠ ગંગાજીની, **पदम्**-ઉત્પત્તિનું સ્થાન છે, તો આપના ચરણને **ऋषयः**-ઋષિઓ, **विविक्ते**-એકાન્તમાં, **ते मुख-पद्म-नीडैः** આપના મુખકમળરૂપ માળામાં રહેલા, **छन्दः-सुपर्णैः**-વેદરૂપી ગરુડો દ્વારા **मार्गन्ति**-ચરણકમળને શોધે છે. (**तत् पदं प्रपन्नाः**-તે પદને અમે શરણે આવ્યા છીએ. (ઉપજાતિ વૃત્ત) ૪૦

અનુવાદ—કારણ કે સમસ્ત તીર્થો જે ચરણમાં છે એવું આપનું ચરણકમળ, પાપનાશિની નદીઓનાં શ્રેષ્ઠ ગંગાજીનું ઉત્પત્તિસ્થાન છે, તે ચરણકમળને આપના મુખકમળરૂપ માળામાં રહેલા ઋષિઓ એકાંતમાં રહીને શોધે છે. તેવા પ્રભુપદના અમે શરણાગત છીએ. ૪૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવતી ગંગાજીના કિનારે એકાન્તમાં વાસ કરી વેદોના તાત્પર્યનું ચિંતન કરતાં કરતાં પ્રભુ ચરણકમલની શોધ કરવી એવું વિધાન છે.

'**तीर्थपदः**'—ભગવચ્ચરણકમલમાં બ્રહ્માંડનાં સમસ્ત તીર્થોનો નિવાસ છે. ગંગાજીની ઉત્પત્તિ તેવા "તીર્થપદ" પ્રભુના ચરણ પ્રદેશમાંથી થયેલી હોવાથી તે સર્વશ્રેષ્ઠ સરિતા છે. એના કિનારે વસવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ શ્લોકમાં એ તીર્થ બતાવ્યાં છે. એક ચરણતીર્થ ગંગાજી અને બીજું મુખતીર્થ વેદવાઙ્મય. ચરણતીર્થ ગંગાજીના કિનારે એકાન્ત વાસ કરી તત્ત્વચિંતન કરનારની ચિત્તવૃત્તિ શુદ્ધ થાય છે, અને વેદોનું રહસ્ય સમજાય છે. ત્યારબાદ વેદોના તાત્પર્ય દ્વારા ભગવત્પદારવિંદની શોધ કરાય છે. આ શોધમાં ગંગાજી સહાય કરે છે; કારણ કે ગંગાજી પ્રભુના ચરણમાંથી જ પ્રકટ થયેલાં છે. તેના કિનારે વસેલા ઋષિઓ ભગવાનની શોધ કરે છે.

"**मुखपद्मनीडैः**" ભગવાનનું મુખારવિંદ વેદોરૂપી ગરુડનું ઉત્પત્તિસ્થાન છે. વેદમાં **छन्दांसि सौपर्णयाः** વેદો ગરુડ છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં छन्दांसि मे रथो भवतेति सोऽब्रवीत् प्रजापतिः युष्माभिरहमेतमध्वानमनुसञ्चराणीति । **तस्य गायत्री च जगती च पक्षावभूताम् उष्णिक् च त्रिष्टुप् च अनुष्टुप् च पंक्तिश्च धुर्यौ बृहत्येवेद्धिरभवत् । स एव छन्दोरथमास्थाय,** एतमध्वानमनुसमचरदिति । ભગવાન આ વેદરૂપી રથ ઉપર બિરાજે છે. આમ વેદોને ભગવાનનું વાહન પણ માન્યું છે તેમજ ભગવાનના શ્વાસોચ્છ્વાસ પણ ગણ્યા છે. મંત્રદ્રષ્ટા ઋષિઓ આ મંત્રો દ્વારા ભગવાનના ચરણની શોધ કરે છે તે ચરણસરોજને અમે શરણે આવ્યા છીએ. ૪૦

यच्छ्रद्धया श्रुतवत्या च भक्त्या सम्मृज्यमाने हृदयेऽवधार्य ॥
ज्ञानेन वैराग्यबलेन धीरा व्रजेम तत्तेऽङ्घ्रिसरोजपीठम् ॥ ४१ ॥

અન્વયાર્થ—यत् श्रद्धया-જે ભગવાને ઉપરની શ્રદ્ધાથી, **च**-અને, **श्रुतवत्या भक्त्या**-શ્રવણવાળી ભક્તિથી-શ્રવણાદિથી પોષાયેલી ભક્તિથી, **सम्मृज्यमाने**-શુદ્ધ બનેલા, **हृदये**-હૃદયમાં, **अङ्घ्रि-सरोज-पीठम्** -ચરણસરોજપીઠને, **अवधार्य**-ધારણ કરીને, **वैराग्य-बलेन**-વૈરાગ્યના બળવાળા, **ज्ञानेन**-જ્ઞાનથી, **धीराः**-ધીર બનેલા અમે, **ते तत्**-આપના તે દિવ્ય ચરણકમલને, **व्रजेम**-શરણે જઈએ છીને. (ઉપજાતિ વૃત્ત) ૪૧

અનુવાદ—જે ભગવાનમાં શ્રદ્ધા અને શ્રવણાદિથી પોષણ પામેલી ભક્તિથી શુદ્ધ થયેલા

---

१. तीर्थपदं प्रा. प्रा.   २ अवधाय प्रा. प्रा.   ३ व्रजन्ति प्रा. पा.

હૃદયમાં ભગવાનની ચરણકમલપીઠને ધારણ કરી, વૈરાગ્યના બળવાળા જ્ઞાનથી ધીર બનેલા અમે આપણા ચરણકમળને શરણે જઈએ છીએ. ૪૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં **अवधाय** અને **अवधार्य** એવા બે પાઠ મળે છે. આચાર્યશ્રીને ઘણે ભાગે "**अवधाय**" પાઠ ગમે છે. "**अवधाय**"નો અર્થ થાય છે નિશ્ચય કરીને, "**अवधार्य**"નો અર્થ થશે ધારણ કરીને. જ્યારે **अवधाय** પાઠ લઈશું તો એવું વાક્ય બનશે કે "ભક્તિથી શુદ્ધ થયેલ હૃદયમાં ભગવાનના ચરણકમલની પીઠ બનાવશું. અને તે હૃદયકમલ પીઠ ઉપર ભગવાનને પધરાવશું. હૃદયકમલને તે માટે યોગ્ય બનાવવા "શ્રદ્ધા" અને શ્રવણ–કીર્તન વગેરેથી મળેલી "ભક્તિ" અને "જ્ઞાનયુક્ત" વૈરાગ્યનો ઉપયોગ કરીશું. પરિણામે ધૈર્ય મેળવીશું, પરંતુ આ સર્વ સાધન બળ સંપાદન કરવા અને આપણે શરણે આવીએ છીએ.

શ્રદ્ધા એટલે આસ્તિક્ય બુદ્ધિ "**श्रुतवती भक्ति**" એટલે શ્રવણ–કીર્તનાદિથી પરિપુષ્ટ થયેલી ભક્તિ. ભગવાનના ચરણકમલની પીઠ એ તો "અક્ષરબ્રહ્મ" છે. તે જ્ઞાનાત્મક છે. હૃદયમાં તે પીઠને પધરાવ્યા બાદ ભગવાનના ચરણકમલને પધરાવી શકાય. ૪૧

विश्वस्य जन्मस्थितिसंयमार्थे कृतावतारस्य पदाम्बुजं ते ॥
व्रजेम सर्वे शरणं यदीश स्मृतिं प्रयच्छत्यभयं स्वपुंसाम् ॥ ४२ ॥

અન્વયાર્થ—**विश्वस्य**–વિશ્વના, **जन्म–स्थिति–संयमार्थे**–જન્મ, સ્થિતિ અને લય માટે, **कृत–अवतारस्य**–અવતાર ધારણ કરતા તે આપના, **पदाम्बुजम्**–ચરણામ્બુજને, **सर्वे**–અમે, **शरणं व्रजेम**–શરણે જઈએ છીએ. **यत्**–કારણ કે, **ईश**–હે ઈશ ! **ते**–તમારું ચરણકમલ, **स्व–पुंसाम्**–પોતાના જનોને, **स्मृति–अभयम्**–સ્મૃતિ અને અભયનું, **प्रयच्छति**–દાન કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૪૨

અનુવાદ—વિશ્વની ઉત્પત્તિ–સ્થિતિ–લય માટે અવતરણ લેનારા આપના ચરણાંબુજને અમે સર્વે શરણે આવ્યાં છીએ; કારણ કે આપનું ચરણસરોજ નિજજનોને સ્મૃતિ તેમ જ અભયનાં દાન કરે છે. ૪૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં પ્રભુના ચરણાંબુજની શરણાગતિનું ફળ બતાવે છે: **स्मृतिं प्रयच्छति अभयम्** । ભગવાનના જે નિજજનો બને છે તેમને બે મહત્ત્વના લાભ મળે છે. **સ્મૃતિ** અને **અભય** એ બે જ મહત્ત્વનાં છે. હું ભગવાનનો છું. અખંડ સ્મરણ મરણના ભયમાંથી મુક્ત કરવા સમર્થ છે તો પછી જગતના સ્થૂલ ભયની ચિંતા જ નથી. હું ભગવાનનો સેવક છું એવી સ્મૃતિ કાયમ રહેતાં કોઈ પણ કાર્ય કે કાર્યસામગ્રી કે કાર્યશક્તિની દિશાનો પણ ભય નથી રહેતો, આ આશયથી શરણાગતિ છે. ૪૨

यत्सानुबंधेऽसति देहगेहे ममाहमित्यूढदुराग्रहाणाम् ॥
पुंसां सुदूरं वसतोऽपि पुर्यां भजेम तत्ते भगवन् पदाब्जम् ॥ ४३ ॥

અન્વયાર્થ—**भगवन्**–ભગવન્, **असति स–अनुबंधे**–અસત્ય પરંપરાવાળા, **देह–गेहे**–દેહ અને ગેહમાં, **मम अहम्**—મારું અને અને હું, **इति**–એવા,–**ऊढ–दूर्–आग्रहाणाम्**–દઢમૂલ થયેલ આગ્રહવાળાં, **पुंसां पुर्याम्**–પુરુષોના હૃદયમાં, **वसत–अपि**–વસતા છતાં, તેઓને માંહે, **सुदूरं ते पद–अब्जम्**–અત્યંત સુદૂર એવા આપના પદકમલને, **भजेम**–અમે સેવીએ છીએ. (ઉપજાતિ વૃત્ત) ૪૩

અનુવાદ— હે ભગવન્! અસત્ય કે દુષ્ટ પરંપરાવાળા દેહ અને ગેહમાં હું અને મારું એવા દઢમૂલ આગ્રહને સેવનારા પુરુષોના હૃદયમાં વસતા છતાં તેઓને માટે અત્યંત દૂર રહેલા આપના ચરણકમલનો આશ્રય લઈએ છીએ. ૪૩

તત્ત્વસુધા— આ શ્લોકમાં પ્રભુને હૃદયમાં રહેલ તરીકે ન દેખાય તો પણ ભજવા એવું વિધાન કર્યું છે.
“ सानुबन्धेऽसति ” હૃદયસ્થ ભગવાન છે છતાં કેમ દેખાતા નથી તેનું સમાધાન દર્શાવે છે કે માનવમાં ત્રણ પ્રકારના
આગ્રહો છે. દુષ્ટ પરંપરાવાળા દેહ અને ગેહમાં નિર્વાહ કરવાનો આગ્રહ (૧), ધર્મ કરવા માટે ધનાદિ સંગ્રહનો આગ્રહ
(૨) ભગવાનનું ભજન કરવાનો આગ્રહ (૩) આવા ત્રણ આગ્રહોમાં પ્રથમ આગ્રહ સર્વથા વર્જ્ય છે. બીજા
પ્રકારનો આગ્રહ રાજસ છે, તોપણ તે ત્યજવાં જેવો જ છે. ત્રીજો આગ્રહ સત્ત્વ છે, પરંતુ ભગવદિચ્છાથી ભજન
કરવું એ વધુ શ્રેષ્ઠ છે. ૪૩

तान्[1] वै ह्यसद्वृत्तिभिरक्षिभिर्ये पराहृतान्तर्मनसः परेश ॥
अथो न पश्यन्त्युरुगाय नूनं ये ते पदन्यासविलासलक्ष्याः[2] ॥ ४४ ॥

અન્વયાર્થ—परेश-હે પરમેશ્વર, **ऊरुगा** -શ્રેષ્ઠ પુરુષોથી ગવાતી કીર્તિવાળા, **ये**-જે ભગવદીયો, **ते**-
આપના, **पद्-न्यास-विलास-लक्ष्याः**-ચરણના મૂકવાના જેઓ ખરેખર વિલાસથી ઓળખાય છે, **तान् वै**-
ખરેખર તેવા ભક્તોને, **ये हि**-જેઓ ખરેખર, **असद्-वृत्तिभिः**-દુષ્ટ વસ્તુઓમાં વલણવાળી, **अक्षिभिः**-ઇન્દ્રિયોએ,
पर-आहृत अन्तः-मनसः--પરવશ કરેલ અન્તઃકરણ અને મનવાળા, તેઓ-**नूनं अथो न पश्यन्ति**-આ
કારણથી જ નથી જોઈ શકતા. (ઉપજાતિ વૃત્ત) ૪૪

અનુવાદ—હે પરમેશ ! હે પુષ્કળ કીર્તિવાળા નાથ ! જે ભક્તવર્યો આપની ચરણધરીની
શોભાથી પ્રસિદ્ધિ પામ્યા છે તેવા ભક્તજનોને, જેઓ ખરેખર દુષ્ટ પદાર્થોમાં વલણવાળી ઇન્દ્રિયો
દ્વારા પરવશ અન્તઃકરણ અને મનવાળા તેવા જનો બહિર્મુખતાના કારણે જ (ભક્તજનોને)
જોઈ શકતા નથી જ (તો આપને ક્યાંથી જોઈ શકે ?). ૪૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં એમ કહેવા વાંછે છે કે ઇન્દ્રિયલોલુપ જનો સજ્જનોને જ જોઈ શકતા નથી
તો શ્રીહરિને તો ક્યાંથી જ જોઈ શકે ? વળી આ શ્લોકમાં विलासलक्ष्याः અને विलासलक्ष्म्याः એવા બે પાઠ છે.
‘ વિલાસલક્ષ્મ્યાઃ ’નો અર્થ કરવો કે ભગવાનની ચરણધરીની શોભાની લક્ષ્મીવાળા.

‘ ये तान् वै न पश्यन्ति ’ – આખા શ્લોકનું આટલું નાનું સારભૂત વાક્ય બને છે. બહિર્મુખજનો ભગવદીયજનોને
નિહાળી શકતા નથી. ભગવદીયો જ ભગવદ્દર્શનપ્રાપ્તિનું દ્વાર છે. દ્વાર જ બંધ હોય ત્યાં ઠાકોરજીની ઝાંખી શી
રીતે થાય ? ભક્તોનું દર્શન કેમ નથી થતું તેનું કારણ બતાવે છે કે—

‘ असद्वृत्तिभिः अक्षिभिः ’ આસુરીવૃત્તિ ઇન્દ્રિયો મન અને હૃદય ઉપર પોતાનો કાબૂ રાખે છે. પરિણામે
હૃદયમાં વિષયને સ્થાન છે. મનમાં વિષયોપભોગના વિચારોની જડ જામી છે. આ સ્થિતિને બહિર્મુખતા કહી છે.
મૂર્ખતા કરતાં બહિર્મુખતા અને મુખરતા એ બહુ જ બૂરાં. માખીનું મન મલમાં જ હોય છે, ચંદનમાં નહીં.
આસુરી મન વિષયમાં જ રત હોય છે હરિરસમાં નહીં. ‘ મનઃ અને અન્તઃકરણ ’ એવા બે શબ્દો અંદર
અને બહાર એવાં બે સ્થિતિવાળાં મનની સૂચના કરે છે. જ્યારે વિષય સમીપ હોય છે ત્યારે તેમાં જ મન
તન્મય રહે છે, જ્યારે વિષયનો વિયોગ હોય ત્યારે તેના જ વિચારમય રહે છે. આવી બહિર્મુખ દશાને લીધે
पदन्यासविलासलक्ष्याः ભક્તજનોને ક્યાંથી જોઈ શકે. ભક્તોની કીર્તિ ગુરુજનની અને ઠાકોરજીની ચરણધરીને
લીધે જ ગણાય છે. આવા વૈષ્ણવ જનદ્વાર બને છે ત્યારે જ ઇન્દ્રિયદ્વાર ખૂલે ને ઠાકોરજીની ઝાંખી કરે. ૪૪

पानेन ते देव कथासुधायाः प्रवृद्धभक्त्या विशदाशया ये ॥
वैराग्यसारं प्रतिलभ्य बोधं यथाञ्जसान्वीयुरकुण्ठधिष्ण्यम् ॥ ४५ ॥

---

[1] तत्त्वान् प्रा. पा. [2] विलासलक्ष्म्याः प्रा. पा.

तथा परे चात्मसमाधियोगबलेन जित्वा प्रकृतिं बलिष्ठाम् ॥
त्वामेव धीराः पुरुषं विशन्ति तेषां श्रमः स्यान्न तु सेवया ते ॥ ४६ ॥

અન્વયાર્થ—**देव** હે દેવ, **ये**-જેઓ, **ते**-આપની, **कथा-सुधायाः**-કથાસુધાના, **पानेन**-પાનથી, **प्रवृद्ध-भक्त्या**-વધેલી ભક્તિ દ્વારા, **विशद-आशयाः**-નિર્મળ મનવાળા થઈ, **वैराग्य-सारम्**-વૈરાગ્યના સારવાળા, **बोधम्**-જ્ઞાનને, **प्रतिलभ्य**-પામીને, **यथा**-જેમ, **अञ्जसा**-સુખેથી, **अकुण्ठ-धिष्ण्यम्**-વૈકુંઠમાં, **अनु-ईयुः**-સિધાવે છે, **तथा**-તેવી રીતે, **परे धीराः**-અન્ય ધીરજનો, **आत्म-समाधि-योग-बलेन**-આત્મસમાધિના યોગબળથી, **बलिष्ठां प्रकृतिम्**-પ્રબળ પ્રકૃતિને, **जित्वा** જીતીને, **पुरुषं त्वाम् एव**-પૂર્ણપુરુષ આપમાં જ, **विशन्ति**-પ્રવેશે છે, **तेषां श्रमः स्यात्**-તેમને તો શ્રમ થાય છે, **तु ते सेवया न**-આપની સેવાથી પ્રવેશે છે તેમને શ્રમ નથી (ઉપજાતિ વૃત્ત) ૪૫, ૪૬

અનુવાદ—હે દેવ! જેઓ આપનાં કથામૃતના પાનથી વધેલ ભક્તિને કારણે નિર્મળ મનવાળા બન્યા છે તેઓ વૈરાગ્યના સારરૂપ જ્ઞાનને પામીને અનાયાસે વૈકુંઠધામમાં જેમ સિધાવે છે તેમ બીજા ધીર જનો પણ ચિત્તનિરોધરૂપ સમાધિના બળથી બલવતી પ્રકૃતિને જીતીને પૂર્ણપુરુષ આપમાં જ પ્રવેશે છે. જો કે તેમને શ્રમ પડે છે પરંતુ સેવાથી પામનારને શ્રમ નથી થતો. ૪૫, ૪૬

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં સાધન-ભક્ત અને ફલ-ભક્તોની વચમાં વસેલા તફાવતને બતાવે છે. સાધન-ભક્ત કરતાં ફલ-ભક્તનું મહત્ત્વ ઓછું છે. સાધન-ભક્તોને સાધન-કાલમાં ભક્તિ છે અને ફલકાલમાં પણ ભક્તિ છે તેથી તે શ્રેષ્ઠ છે. ફલદશામાં જ ભક્તિ મળી છે, સાધન દશામાં ન હતી તેથી ભક્તિજન્ય આનંદ ન હતો.

વળી ત્રણ જણનો સંગ્રહ આ બે શ્લોકોમાં છે विशदाशयाः ભક્તો, **बोधं प्रतिलभ्य** જ્ઞાનીઓ, **योगबलेन** ઉપાસકો યતિઓ. આ ત્રણે વૈકુંઠને પામે છે. આ વૈકુંઠ રમા વૈકુંઠ છે. જ્ઞાનીઓને અક્ષરપદની પ્રાપ્તિ થાય છે એમ પણ સ્વીકારવામાં વાંધો નથી. પરંતુ જીવનક્રમ એવો છે કે પ્રથમકક્ષાએ ભગવદીયજન સંગ, બાદ કથામૃતપાન, પછી વૃદ્ધિંગત ભક્તિ આવાં ત્રણ બળોને લીધે ત્રિવિધ તાપનિવૃત્તિ અને પરિણામે विशदाशयाः વિમળ મનની પ્રાપ્તિ થાય છે. વિમળ મનમાં વૈરાગ્ય અને જ્ઞાન તો સહજ આવીને વસે છે. આ બધો યશ ભગવદીયસંગ અને કથામૃતપાનને ફાળે જાય છે. યોગી, કર્મી અને જ્ઞાનીને શ્રમ અવશ્ય થતો હોય છે, પરંતુ સેવાપરાયણને પણ સાધનરૂપે અને ફલરૂપે કથામૃતપાન કરવાનું તો રહે છે જ. ૪૫, ૪૬

तत्ते वयं लोकसिसृक्षयाद्य त्वयानुसृष्टास्त्रिभिरात्मभिः स्म ॥
सर्वे वियुक्ताः स्वविहारतंत्रं न शक्नुमस्तत्प्रतिहर्तवे[१] ते ॥ ४७ ॥

અન્વયાર્થ—**तत्**-તેથી, **अद्य त्वया**-હાલ આપે, **लोक-सिसृक्षया**-લોકનિર્માણની ઇચ્છાથી, **त्रिभिः आत्मभिः**-ત્રણ ગુણો દ્વારા, **अनुसृष्टाः**-રચેલા, **वयम्**-અમે, **सर्वे**-સર્વ, **वियुक्ताः**-વિખૂટા હોવાથી, છૂટાછવાયા **स्व-विहार-तन्त्रम्**-આપના વિહારને અનુરૂપ, **तत्**-તે ધામને, **ते**-આપને, **प्रतिहर्तवे**-સમર્પણ કરવાને, **न शक्नुमः** સમર્થ નથી. (ઉપજાતિ વૃત્ત) ૪૭

અનુવાદ---હે દેવ! હાલ આપે લોકનિર્માણવૃત્તિથી ત્રણ ગુણો વડે રચેલા અમે સર્વ આપના સેવકો છૂટાછવાયા છીએ તેથી આપના પ્રસિદ્ધ વિહારધામને રચી આપને સમર્પવા માટે સમર્થ નથી. ૪૭

---

[१] –प्रतिहर्तुरते प्रा. पा.

તત્ત્વસુધા—આ શ્લોકમાં તામસ તત્ત્વો એકરાર કરે છે કે અમે સૃષ્ટિનિર્માણ કાજે સમર્થ નથી. એમ કહી પોતાના અસામર્થ્યનો આશય વ્યક્ત કરે છે.

त्वया आत्मभिः अनुसृष्टाः આપે અમને સાક્ષાત્ નથી રચ્યા. ત્રણ ગુણોને કાલ દ્વારા રચી અનુ પાછળથી અમને રચ્યા છે. તેને કારણે અમારા ઉપર આપની દૃષ્ટિ પડી નથી તો ચૈતન્ય ક્યાંથી આવે. અને આપને વિહારયોગ્ય વિશ્વ રચના કરી આપને તેનું સમર્પણ કેમ કરી શકીએ? અન્ય સૃષ્ટિમાં તો આપનામાંથી જ પ્રાણ, મન, ઇન્દ્રિયો, આકાશ વાયુ, જલ, તેજને ધારણ કરનારી પૃથ્વીને રચ્યો છે. આ સૃષ્ટિમાં આપે આમ નથી કર્યું. વળી અમે છૂટાછવાયાં છીએ એટલે પણ સામર્થ્ય ક્યાંથી લાવીએ ?

“સમર્થ તત્ત્વો પણ ખેરવિખેર હોય તો તેઓ નિર્બળ અને નિષ્ફળ છે” તેનો સમુદાય બળવાન છે. તેનો એક દેશ અનર્થ છે, અસમર્થ છે. ૪૭

यावद् बलिं तेऽज हराम काले यथा वयं चान्नमदाय यत्र ॥
यथोभयेषां त इमे हि लोकाः बलिं हरन्तोऽन्नमदन्त्यनूहाः ॥ ४८ ॥

અન્વયાર્થ—**अज**—હે અજ! **यावत् वयम्**=જ્યાં સુધી અમે, **काले**—યોગ્ય સમયે, **ते**—આપને, **बलिं हराम**—બલિપૂજા અપર્ણું કરીએ, વળી ત્યાં સુધી અમે, **यत्र यथा**—જ્યાં જેવી રીતે, **अन्नं अदाम**-અનાજ ખાઈએ. અને **यथा**—જેવી રીતે, **ते**—આપના, **इमे**—આ, **लोकाः**—લોકો, **उभयेषाम्** આપણ બન્નેને, **बलिं हरन्तः**—બલિપૂજા અર્પણ કરતા, **अनूहाः**—વગર વિઘ્ને, **अन्नं अदन्ति**— અન્ન ખાય, તેવા પ્રકારનું ચક્ષુ આપો, (ઉપજાતિ વૃત્ત) ૪૮

અનુવાદ— હે અજ ભગવન્! જ્યાં સુધી આપને યોગ્ય સમયે બલિ-કર અર્પણ કરીએ, ત્યાં સુધી અમે જ્યાં અને જેવી રીતે અન્ન ખાઈએ; અને જેવી રીતે આપના આ લોકો આપને બલિ-કર વગર વિઘ્ને અર્પણ કરતા અન્ન ખાય-તેવા પ્રકારનું ચક્ષુ આપો. ૪૮

તત્ત્વસુધા—આ શ્લોકનો ૫૦મા શ્લોક સાથે સંબંધ છે. વળી ભગવાન પાસે કર દાન કરવાની કબૂલાત કરતો કરાર કરે છે.

‘**अज**’—અજન્મા ભગવાન પાસે આંખ માંગે છે. આ આંખ સ્થૂલ નેત્ર નથી પરંતુ કર્તવ્યપાલનની દૃષ્ટિ કાયમ રહે એવો આશય છે. यथा यावत् यत्र એવાં ત્રણ અવ્યયો સાભિપ્રાય વાપર્યાં છે. **यावत्**—પદથી અવધિ સૂચવ્યો. આ અવધિ પ્રલય પર્યન્તનો છે. **यथा** અવ્યયથી “યોગ્ય સમય” નો ઉલ્લેખ કર્યો છે. કર મુદ્દત પ્રમાણે આપવો જોઈએ. વિલંબ થતાં કરાર ભંગ થાય છે. પરંતુ મુદ્દત પૂર્વમાં લેવો પણ જોઈએ. કર વર્ષના અંતે હોય, વર્ષના પ્રારંભે નહીં; જગતમાં ત્રણ પ્રકારના જીવો હોય છે.

એક વર્ગ સ્વાર્થની ભાવના વિના ભગવત્કાર્ય કરે છે, બીજો વર્ગ સ્વાર્થપુષ્ટિ સાથે ભગવદર્થ કાર્ય કરે છે, ત્રીજો વર્ગ પોતાનું, પોતાના સેવકોનું અને ભગવાનનું કાર્ય એક સરખી વૃત્તિથી કરે છે. આ તત્ત્વો ત્રીજા વર્ગમાં છે. ૪૮

त्वं नः सुराणामसि सान्वयानां कूटस्थ आद्यः पुरुषः पुराणः ॥
त्वं देव शक्त्यां गुणकर्मयोनौ रेतस्त्वजायां कविमादधेऽजः ॥ ४९ ॥

અન્વયાર્થ—**त्वम्**—આપ, **नः सान्वयानां सुराणाम्**—પરિવાર સહિત અમો દેવોના, **आद्यः**—આદ્ય **कूटस्थः**—કૂટસ્થ, **पुराणः**—પુરાણ, **पुरुषः**—પુરુષ, **असि**—છો. **देव**—હે દેવ, **गुण-कर्म-योनौ**-ગુણ અને કર્મની યોનિવાળી, **अजायां शक्त्याम्**—અજાશક્તિમાં, **त्वम्**—આપ, **अजः**—અજે, **तु**—તો, **रेतः कविम्**—વીર્ય કવિને, **आदधे**—સ્થાપ્યું છે. (ઇંદ્રવજ્રા વૃત્ત) ૪૯

અનુવાદ—પરિવાર સાથે અમ દેવોના આપ આદ્ય વિકાર રહિત પુરાણ પુરુષ છો. હે દેવ! ગુણ અને કર્મની યોનિવાળી અજા શક્તિમાં આપ અજે તો વીર્ય કવિને સ્થાપન કરેલ છે. ૪૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં તત્ત્વો પોતાનું લાઘવ અને ભગવાનનું ગૌરવ ગાય છે—

ભગવાનને માટે ચાર વિશેષણો આપ્યાં છે. **आद्यः** ભગવાન મૂળ સર્જક છે. અમે આપનાં સર્જેલ સર્જન કરીએ છીએ. **कूटस्थः** ભગવાન વિકાર રહિત છે, અમે વિકાર સહિત છીએ. **पुरुषः** ભગવાન સ્વતંત્ર છે, અમે પરતંત્ર છીએ, पुराणः–ભગવાન સનાતન છે, અમે અદ્યતન છીએ. આ કારણોથી વિનવીએ છીએ કે આપ અમારું પાલન અને પોષણ કરો.

આપે જ અજાશક્તિમાં વીર્ય કવિનું આધાન કર્યું છે. કવિ એટલે "મહત્ તત્ત્વ" એવો અર્થ થાય છે. મહત્ તત્ત્વની પૂર્વસ્થિતિ એટલે વીર્ય અને પછીની સ્થિતિને કવિ કહે છે. આ સ્થાને ઉભય સ્થિતિવાળા મહતત્ત્વને સમજાવવા "કવિ અને વીર્ય" એવા બે શબ્દો વાપર્યા છે. ૪૯

ततो वयं सत्प्रमुखा यदर्थे बभूविमात्मन् करवाम किं ते ॥
त्वं नः स्वचक्षुः परिदेहि शक्त्या देव क्रियार्थे यदनुग्रहाणाम्[1] ॥ ५० ॥

અન્વયાર્થ—आत्मन्–હે આત્મન્, **सत्–प्रमुखाः–**સત્વગુણપ્રધાન, **वयम्–**અમે દેવો, **ततः–**તેમાંથી, **यदर्थे–**જે હેતુથી, **बभूविम–**ઉત્પન્ન થયા છીએ તો, **ते–**આપનું, **किं करवाम–**શું કાર્ય કરીએ, **देव–**હે દેવ! **क्रियार्थे–**સૃષ્ટિરૂપ કાર્યમાં, **यद्–अनुग्रहाणाम्–नः–**આપના અનુગ્રહપાત્ર અમને, **त्वम्–**આપ, **स्वशक्त्या–**સ્વકીય શક્તિ સાથે, **स्व–चक्षुः–**આપનું ચક્ષુ–જ્ઞાન, **परिदेहि–**આપો. (ઉપજાતિ વૃત્ત) ૫૦

અનુવાદ—હે ભગવન્! સાત્વિક અહંકાર જેમાં મુખ્ય છે એવા અમે દેવો, તેમાંથી જેમના કાર્ય માટે ઉત્પન્ન થયા છીએ તેમનું શું કાર્ય કરીએ? હે દેવ! આપના અનુગ્રહપાત્ર અમને આપ ક્રિયા કરવા માટે ક્રિયાશક્તિ સાથે આપનું ચક્ષુ–જ્ઞાન આપો. ૫૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં તત્ત્વો ભગવાન પાસે જ્ઞાનચક્ષુની યાચના કરે છે—

ભગવાનને ખૂબ જ આપ્તભાવે "आत्मन्" સંબોધન કરે છે. વળી વિનવે છે કે અમે આપના જ કાર્ય માટે ઉત્પન્ન થયાં છીએ અને આપનું કાર્ય કરવા માટે તલસીએ છીએ. માત્ર આપના માર્ગદર્શન અને અનુગ્રહની જ પ્રતીક્ષા કરીએ છીએ. ૧૩ શ્લોકોમાં તત્ત્વો સ્તવન કરીને વિરમે છે. અંતે અનુગ્રહને જ પ્રધાન માનીને પ્રાર્થના કરી છે. ૫૦

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો પાંચમો અધ્યાય સંપૂર્ણ

---

[1] यदनुग्रहेण प्रा. पा.

અધ્યાય ૬ઠ્ઠો

શ્લોક સંખ્યા ૪૦

પાંચમા અધ્યાયમાં ૫૦ શ્લોકોમાં ભૂતોની સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે. હવે છઠ્ઠા અધ્યાયમાં બ્રહ્માંડની ઉત્પત્તિ સંબંધની કથા આવે છે. આ અધ્યાય ચાર વિભાગમાં વહેંચાશે. બ્રહ્માંડની ઉત્પત્તિ (૧), શક્તિનું દાન (૨), ભોગ (૩), માહાત્મ્ય (૪) આ ચાર પ્રકારે તન્માત્રાઓ થવાનું વર્ણવે છે. બ્રહ્માંડમાં પૃથ્વી મુખ્ય છે તેથી ગંધતન્માત્રા છે. શક્તિદાનમાં એકબીજાનો સંયોગ થતાં રસ ઉત્પન્ન થાય છે તેથી રસતન્માત્રા છે. ભોગ-ઉપભોગ રૂપથી થાય છે. રૂપ એટલે આકાર તેથી રૂપતન્માત્રા છે. માહાત્મ્યમાં યશ ગવાય છે માટે શબ્દતન્માત્રા છે. પરંતુ ભગવાન સર્વત્ર વ્યાપક હોવાથી સ્પર્શ ન સંભવે માટે સ્પર્શતન્માત્રા નથી.

તાત્પર્ય આ અધ્યાયમાં તન્માત્રાઓની સૃષ્ટિનું પ્રકરણ વર્ણવ્યું છે.

ऋषिरुवाच–इति तासां स्वशक्तीनां सतीनामसमेत्य सः ।
प्रसुप्त[1]लोकतन्त्राणां निशाम्य[1] गतिमीश्वरः ॥ १ ॥

कालसंज्ञां तदा देवीं बिभ्रच्छक्तिमुरुक्रमः ।
त्रयोविंशतितत्त्वानां गणं युगपदाविशत् ॥ २ ॥

અન્વયાર્થ—सः ईश्वरः–તે ઈશ્વર, **इति**–એ પ્રમાણે, **असमेत्य**–ભેગા થયા વિના, **सतीनाम्**–રહેલી, **प्रसुप्त-लोक-तंत्राणाम्**–લોકરચના કરવાના જ્ઞાન વિનાની, **स्व-शक्तीनाम्**–પોતાની શક્તિઓની, **गतिम्**–દશાને, **निशाम्य**–સમજીને, **उरुक्रमः**–મહાન પરાક્રમી તે ભગવાને, **तदा**–તે સમયે, **कालसंज्ञाम्**–કાલ નામની, **देवीं शक्तिम्**–દૈવી શક્તિને, **बिभ्रत्**–ધારણ કરતાં, **त्रयोविंशतितत्त्वानाम्**–ત્રેવીશ તત્ત્વોના, **गणम्**–સમૂહમાં, **युगपत्**–એકસાથે **आविशत्**–પ્રવેશ કર્યો. ૧, ૨

અનુવાદ—ને ભગવાને, એ પ્રમાણે ભેગી થયા વિના રહેલી અને લોકની રચના કરવાના જ્ઞાન વિનાની પોતાની શક્તિઓની પરિસ્થિતિ નિહાળી, ત્યારે તે મહાન પરાક્રમી ભગવાને "કાલ" નામની દૈવી શક્તિને ધારણ કરતાં ત્રેવીસ તત્ત્વોના સમૂહમાં એકસાથે પ્રવેશ કર્યો. ૧, ૨

તત્ત્વસુધા પૂર્વાધ્યાયમાં ત્રેવીસ તત્ત્વોએ ૧૩ શ્લોકોમાં ભગવાનની સ્તુતિ કરી તેમાં આશ્રય, સેવા આદિ ધર્મોની પ્રાર્થના કરી. વળી પોતાની ભગવત્કાર્ય કરવાની તત્પરતા દર્શાવી પરંતુ કાર્ય કરવાની શક્તિ નથી એવી વિનંતિ કરી.

ત્યાર બાદ આ અધ્યાયનો પ્રારંભ કર્યો. "इति" અવ્યયથી અધ્યાયનો આરંભ કરે છે. "ઇતિ" પૂર્વ વર્ણવેલ પ્રસંગનો સંગ્રહ કરી તેની સાથે નવા પ્રસંગનું અનુસંધાન કરી આપે છે.

'तासाम्'–તે ત્રેવીસ શક્તિઓ સ્ત્રીઓ છે. વિજ્ઞપ્તિ કરવી એમનો અલંકાર છે. દીનતા અને પ્રિયતમને આધીનતા એમનો સ્વભાવ છે. આ શક્તિઓ "असमेत्य सतीनाम्" અલગ અલગ રહેલી હોવાથી નિષ્ક્રિય હતી. જો કે તેમનામાં રચનાસામર્થ્ય હતું પરંતુ प्रसुप्तलोकतंत्राणां લોકના સમૂહ જડ થઈને તેમનામાં રહેલા હતા તેથી

---

१. प्रसुप्तो लोकतन्त्राणां प्रा. पा, निशम्य प्रा. पा.

તે શક્તિઓ કાંઈજ કરી શકતી ન હતી. 'તંત્ર' શબ્દનો અર્થ રચના અને સમૂહ એવો એ પ્રકારનો થાય છે. ભગવાને શક્તિઓની સ્તુતિ સાંભળી. પોતેજ સૃષ્ટિ રચવા તેમને રચી છે તેથી તેમની વાત શીઘ્ર સાંભળી. શક્તિઓની ગતિ પરિસ્થિતિ નિષ્ક્રિય છે એવો ખ્યાલ આવ્યો. દીનતા જોઈ દયાનિધિને દયા આવી. પોતાની "કાલ"નામની દૈવી શક્તિને ધારણ કરી. તેની સાથે તેવીસ શક્તિઓમાં એકસાથે જ પ્રવેશ કર્યો. આ પ્રવેશ લોખંડના ગોળામાં અગ્નિનો પ્રવેશ થાય તેવો પ્રવેશ હતો.

शब्दा नभ आद्याश्च मनोयुक्तेन्द्रियाणि च ॥ अहंकारो महांश्चैव त्रयोविंशतिको गणः ॥

પાંચ તન્માત્રા, પંચમહાભૂત, દશ ઇન્દ્રિયો, મન, અહંકાર મહાન આ મળીને ૨૩ તત્ત્વો થાય તેમાં ભગવાને એકસાથે પ્રવેશ કર્યો. ૧, ૨

सोऽनुप्रविष्टो भगवांश्चेष्टारूपेण तं गणम् ।
भिन्नं संयोजयामास सुप्तं कर्म प्रबोधयन् ॥ ३ ॥

અન્વયાર્થ—**चेष्टारूपेण अनुप्रविष्टः**–ચેષ્ટારૂપે પ્રવેશ પામેલા, **सः भगवान्**–તે ભગવાન, **सुप्तम् कर्म-प्रबोधयन्**-સૂતેલાં–જડ થયેલાં કર્મને જાગૃત કરતાં, **भिन्नम् तम् गणम्**–જુદાં જુદાં રહેલાં તે તત્ત્વોના સમૂહને, **संयोजयामास**–એકત્રિત કર્યો. ૩

અનુવાદ—ચેષ્ટારૂપે પ્રવેશ પામેલા તે ભગવાને, જડ થયેલાં કર્મોને જાગૃત કરતાં ભિન્ન ભિન્ન રહેલા તે તેવીસ તત્ત્વોના સમૂહને એકત્રિત કર્યો. ૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનની ઉદારતાનું ઉદાહરણ છે.—

सोऽनुप्रविष्टः ભગવાને તત્ત્વશક્તિઓની વિનંતિ સાંભળી તેમાં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું ભગવાન પ્રદાન કરે એવો સૂર હતો. પરંતુ દયાળુ ભગવાને તેમનામાં चेष्टारूपेण પ્રયત્નરૂપે પ્રવેશ કર્યો. "માગ્યું જ્ઞાન અને કર્યો પ્રવેશ" એ જ પ્રભુની કૃપાલુતા. 'ચેષ્ટારૂપે' પ્રવેશ કર્યો એટલે ક્રિયાશક્તિ તો તત્ત્વોમાં આવી જ ગઈ. ભગવાને સ્વયં પ્રવેશ કર્યો તેથી જ્ઞાનશક્તિ પણ આવી ગઈ.

પ્રવેશ કરીને અલગ અલગ રહેલા 'તત્ત્વગણ'ને એકત્રિત કર્યો. તેમ જ કર્મને પણ જાગૃત કર્યું. "सुप्तं" એટલે પ્રલય સમયે ક્રિયાથી શાન્ત બનેલું કર્મ. તે કર્મને ભગવાને બોધશક્તિ આપી કામ શરૂ કરાવ્યું. ૩

प्रबुद्धकर्मा दैवेन त्रयोविंशतिको गणः ।
प्रेरितोऽजनयत्स्वाभिर्मात्राभिरधिपूरुषम् ॥ ४ ॥

અન્વયાર્થ—**दैवेन**–દૈવથી, **प्रबुद्धकर्मा**–જેમાં કર્મ જાગૃત કરેલ છે અને **प्रेरितः**–પ્રેરેલ છે એવો, **त्रयोविंशतिकः**–તેવીસ તત્ત્વોના, **गणः**–સમૂહે-**स्वाभिः मात्राभिः**–પોતાની માત્રાઓ વડે, **अधिपूरुषम्**–અધિપુરુષને–બ્રહ્માંડને, **अजनयत्**–ઉત્પન્ન કર્યું. ૪

અનુવાદ—દૈવથી કર્મ જાગૃત કરાયેલ અને પ્રેરણા પામેલ એવાં તે ત્રેવીસ તત્ત્વોના સમૂહે પોતાની માત્રાઓ દ્વારા બ્રહ્માંડને ઉત્પન્ન કર્યું. ૪

તત્ત્વસુધા—ચોથા શ્લોકમાં ત્રેવીસ તત્ત્વોએ બ્રહ્માંડ રચ્યું એ વાત કહે છે.

"दैवेन" ત્રેવીસ તત્ત્વોનો પ્રેરક અને કર્મોનો જાગ્રત કરનાર કાલરૂપે ભગવાન છે. "दैव" શબ્દનો **અર્થ** પ્રારબ્ધ ન લેવો, પરંતુ દેવતારૂપ શક્તિ અથવા "કાલ" એવો અર્થ લેવો.

---

[1] प्रेरितो जडितस्ताभिर्मात्रा॰ प्रा. पा.

તાત્પર્ય કે ભગવાને ત્રેવીસ તત્ત્વોમાં પ્રવેશ કર્યો. અને તત્ત્વોને એકઠાં કર્યાં તેમજ પ્રેરણા પણ કરી. ભગવાનથી પ્રેરિત ત્રેવીસ તત્ત્વોના સમૂહે 'मात्राभिः' પોતાના અંશોમાંથી "अधिपूरुषम्" બ્રહ્માંડને ઉત્પન્ન કર્યું. પુરુષનું બ્રહ્માંડ શરીર છે તેથી તે પુરુષથી અધિક છે માટે તેને અધિપૂરુષ કહેવામાં આવે છે. ૪

परेण विशता स्वस्मिन्मात्रया विश्वसृग्गणः ॥
चुक्षोभान्योन्यमासाद्य यस्मिंल्लोकाश्चराचराः ॥ ५ ॥

અન્વયાર્થ—स्वस्मिन्-પોતાનામાં, **परेण**-ભગવાને, **विशता**-પ્રવેશ કર્યો ત્યારે, **विश्वसृग्गणः**-વિશ્વને રચનારો તત્ત્વોનો ગણ, **अन्योन्यम्**-એકબીજાને, **आसाद्य**-મેળવીને, **मात्रया**-અંશથી, **चुक्षोभ**-ક્ષોભ પામ્યો. **यस्मिन्**-જેમાં-જે વિરાટ દેહમાં, **चराचराः**-સ્થાવર-જંગમ, **लोकाः**-લોકો રહેલા છે. ૫

અનુવાદ—વિશ્વને રચનારો મહત્તત્ત્વ આદિ સઘળો સમૂહ, પોતાનામાં પ્રવેશ કરનારા ભગવાનના સંબંધથી પરસ્પર એકઠો થઈને પોતાના અંશથી વિરાટ દેહના આકારમાં પરિણામ પામ્યો. જે વિરાટ દેહમાં સ્થાવર-જંગમ સર્વલોક રહ્યા છે. ૫

તત્ત્વસુધા—'परेण' પર શબ્દનો અર્થ પરમાત્મા થાય છે. ત્રેવીસ તત્ત્વોના ગણમાં ભગવાને પ્રવેશ કર્યો ત્યારે તે ગણ "मात्रया" અમુક અંશથી-ભાગથી ખળભળાટ પામ્યો. જો આખો સમૂહ ખળભળે તો તેમાં તત્ત્વો તો જુદા જુદા પ્રકારનાં છે તેથી અનેક જાતનાં બ્રહ્માંડો ઉત્પન્ન થાય. પરંતુ તેવું નથી થયું. તે ત્રેવીસ તત્ત્વો પ્રત્યેક તત્ત્વોમાં પ્રત્યેક મળ્યાં છે અને બ્રહ્માંડ રચ્યું છે. રચેલા આ બ્રહ્માંડમાં સમગ્ર સ્થાવર-જંગમ જગત સમાયેલ છે. આ બ્રહ્માંડમાં સમૂહના અને વ્યક્તિના દેહો સમાયેલા છે. ૫

हिरण्मयः स पुरुषः सहस्रपरिवत्सरान् ॥
आण्डकोशे उवासाप्सु सर्वसत्त्वोपबृंहितः ॥ ६ ॥

અન્વયાર્થ—सर्व-सत्त्व-उपबृंहितः-સર્વ સત્ત્વોથી વૃદ્ધિ પામતો, **हिरण्मयः सः पुरुषः**-તે હિરણ્મય પુરુષે, **आण्डकोशे**-અંડકોશમાં, **अप्सु**-જલમાં, **सहस्र-परिवत्सरान्**-હજાર વર્ષ પર્યન્ત, **उवास**-નિવાસ કર્યો. ૬

અનુવાદ—સુવર્ણમય બ્રહ્માંડ પુરુષે સર્વ સત્વોના સંબંધમાં રહી એક હજાર વર્ષ પર્યન્ત બ્રહ્માંડના કોશમાં જલમાં નિવાસ કર્યો. ૬

તત્ત્વસુધા—हिरण्मयः सः पुरुषः—આ શ્લોકમાં હિરણ્મય-પુરુષનું વર્ણન છે. હિરણ્મય બ્રહ્માંડનો આત્મા છે; અથવા બ્રહ્માંડનો આત્મા હિરણ્મય એટલે સુવર્ણમય છે. પૃથ્વી-જલ-તેજ એ ત્રણના સરખા ભાગોથી જે કાર્ય થાય તે "સુવર્ણ" કહેવાય છે. જલભાગ વધુ હોય ત્યારે રજત અને પૃથ્વીનો ભાગ વધુ હોય ત્યારે બીજી ધાતુઓ બને છે.

આ હિરણ્મય વિરાટ પુરુષ સોનાની મૂર્તિ જેવો છે. શ્રીફળના જેવો તે છે. એક હજાર વર્ષ પર્યન્ત, બ્રહ્માંડના કોશમાં નીચે રહેલા જલમાં વાસ કર્યો. તે હિરણ્મય પુરુષ સર્વ સત્ત્વોના સંબંધમાં રહી કાર્ય કેવી રીતે કરવું તેનો વિચાર કરવા લાગ્યો. ૬

स वै विश्वसृजां गर्भो दैवकर्मात्मशक्तिमान् ॥
विबभाजात्मनाऽऽत्मानमेकधा दशधा त्रिधा ॥ ७ ॥

અન્વયાર્થ—वै-ખરેખર, **दैव-कर्म-आत्म-शक्तिमान्**-દૈવ, કર્મ અને આત્માની શક્તિવાળો, **सः**

---

१. अण्डकोश प्रा. पा.

विश्वसृजाम् गर्भः–વિશ્વની રચના કરનારાઓના તે ગર્ભે, **आत्मना**–પોતે, **आत्मानम्**–પોતાને, **एकधा**–એક, **दशधा**–દશ અને **त्रिधा**–ત્રણ વિભાગે, **विबभाज**–વહેંચ્યો. ૭

અનુવાદ—દૈવ, કર્મ અને આત્માની શક્તિવાળા વિશ્વની રચના કરનારાઓના તે ગર્ભે પોતે પોતાના એક, દશ અને ત્રણ વિભાગ કર્યા. ૭

તત્ત્વસુધા—'स वै विश्वसृजां गर्भः' વિશ્વસૃજ એટલે વિશ્વને રચનારાં ત્રેવીસ તત્ત્વોનો તે ગર્ભ ત્રણ પ્રકારની શક્તિવાળો થયો. ગર્ભ શબ્દનો અર્થ થાય બાલક. પરંતુ એનું તાત્પર્ય "કાર્યરૂપ વિરાટ" એવું થાય. કર્મને પ્રેરનારી કાલ શક્તિએ પ્રવેશ કર્યો તેથી "દૈવશક્તિ"વાળો થયો. ચેષ્ટારૂપ ભગવાનના પ્રવેશથી "ક્રિયાશક્તિ"-વાળો થયો. વિશ્વને રચનારાં તત્ત્વોની સહજ શક્તિથી આત્મશક્તિવાળો થયો.

૮તાત્પર્ય કે કેટલાક દૈવને આધીન કર્યા તે આધિદૈવિક થયા થોડા કર્મને આધીન કર્યા તે આધિભૌતિક. ઘણા આત્માને આધીન કર્યા તે આધ્યાત્મિક થયા.

પછી વિરાટે બીજા ભાગો કર્યા. જ્ઞાનશક્તિરૂપે એક, પ્રાણશક્તિરૂપે દશ અને આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક શક્તિરૂપે ત્રણ એવા વિભાગો થયા. ૭

एष ह्यशेषसत्त्वानामात्मांशः परमात्मनः ॥
आद्योऽवतारो यत्रासौ भूतग्रामो विभाव्यते ॥ ८ ॥

અન્વયાર્થ—अशेष-सत्वानाम् आत्मा–સમસ્ત પ્રાણીઓના આત્મા એવા, **एषः**–આ, **अंशः**–અંશ, **परमात्मनः**–પરમાત્માનો, **आद्यः अवतारः**–પ્રથમ અવતાર છે. **यत्र**–જેમાં, **असौ**–આ, **भूतग्रामः**–ભૂતોનો સમૂહ, **विभाव्यते**–જોવામાં આવે છે. ૮

અનુવાદ—સર્વ પ્રાણીઓનો આત્મા એવો આ અંશ પરમાત્માનો પ્રથમ અવતાર છે. જેમાં ભૂતોનો સમુદાય જોવામાં આવે છે. ૮

તત્ત્વસુધા—બ્રહ્માંડની અંદર થનારા અવતારોમાં આ પ્રથમ અવતાર છે. કારણ કે અક્ષરથી પર રહેનારા ભગવાને પહેલાં આ વિરાટમાં અવતાર ધારણ કર્યો છે. પછીથી બીજા અવતારો ધારણ કર્યા છે. આ અવતારમાં સમગ્ર ભૂતસમૂહ સમાયેલ છે.

ઉપરના શ્લોકમાં જે ગર્ભ વર્ણવ્યો છે તેને જ પરમાત્માના અંશ તરીકે આ શ્લોકમાં વર્ણવ્યો છે. આ ગર્ભ પુરુષોત્તમનો અંશ છે. કરોડમા અંશનો પણ અંશ છે, છતાં આ આનંદનો અંશ છે. અને જીવો ચિત્ના અંશો છે. ૮

साध्यात्मः साधिदैवश्च[1] साधिभूत इति त्रिधा ॥
विराट् प्राणो दशविध एकधा हृदयेन च ॥ ९ ॥

અન્વયાર્થ—स-अध्यात्मः–અધ્યાત્મ, **स-अधिदैवः**–અધિદૈવ, **च**–અને, **स-अधिभूतः**–અધિભૂત, **इति**–એમ, **त्रिधा**–ત્રણ પ્રકારનો, **विराट् प्राणः**–વિરાટનો પ્રાણ, **दशविधः**–દશ પ્રકારનો છે, **च**–અને, **हृदयेन**–હૃદયથી, **एकधा**–એક પ્રકારનો છે. ૯

અનુવાદ—અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એવા ત્રણ પ્રકારના વિરાટનો પ્રાણ દશ પ્રકારનો છે અને હૃદયથી એક પ્રકારનો છે. ૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિરાટના ત્રણ, દશ અને એક એવા વિભાગો સમજાવે છે—

---

[1] साधिभूतश्च साधिदैव इति प्रा. पा.

" साध्यात्मः '—વિરાટ ત્રણ પ્રકારનો છે. તેમાં " साध्यात्म " નો એક અર્થ થાય છે આત્માના સંબંધવાળો એટલે આધ્યાત્મ-દેહ. બીજો અર્થ થાય છે દેહમાં રહેલો આત્મા એટલે જીવ. ત્રીજો અર્થ થાય છે, દેહમાં રહેલ ભગવાનનો અંશ-આધ્યાત્મ સાથે રહેલો જે વિરાટના દેહનો અંશ તે સાધ્યાત્મ.

' साधिदैवः '—અધિદેવોની સાથે રહેલ વિરાટના દેહનો અંશ તે ' સાધિદૈવ " કહેવાય. અધિદૈવ શબ્દથી ઇન્દ્રિયોના દેવો અથવા ઇન્દ્રાદિ દેવો, અથવા દિશાના દેવોનું ગ્રહણ થાય છે.

साधिभूतः—અધિભૂતોની સાથે રહેલ વિરાટના દેહનો અંત તે " साधिभूत " ગણાય છે.

" दशविधः "—વિરાટનો પ્રાણ દશ પ્રકારનો છે. પ્રાણ, અપાન, ઉદાન, સમાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય એવી તેમની સંજ્ઞા છે. ઉધરસ, છીંક, ઓડકાર, બગાસું અને શોષણ તેમનું કાર્ય છે.

' एकधा '—હૃદયથી તે એક જ પ્રકારનો છે. ૯

स्मरन्विश्वसृजामीशो विज्ञापितमधोक्षजः ॥
विराजमतपत् स्वेन तेजसैषां विवृत्तये ॥ १० ॥

અન્વયાર્થ—**विश्वसृजाम् ईशः**-વિશ્વને રચનારાઓના ઇશ, **अधोक्षजः**-અધોક્ષજ ભગવાન, **विज्ञापितम्**-વિશ્વસર્જકોની વિનંતિને, **स्मरन्**-યાદ કરતાં, **एषाम्**-એઓના, **विवृत्तये**-વિવિધ વસવાટ માટે-**स्वेन तेजसा**-પોતાના તેજથી, **विराजम्**-વિરાટને, **अतपत्**-તપાવ્યો. ૧૦

અનુવાદ—વિશ્વને સૃજનારાના સ્વામી ભગવાન અધોક્ષજ વિશ્વસ્રષ્ટાઓની વિનંતિને સ્મરીને એમના વિવિધ પ્રકારના વસવાટ માટે પોતાના તેજથી વિરાટને તપાવ્યા. ૧૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિશ્વસર્જકોની સ્તુતિનો આદર વર્ણવ્યો છે—

' विश्वसृजाम् ' આ શબ્દથી " વિશ્વસર્જકોનું " ગૌરવ ગાયું છે. વિશ્વને રચે છે એ એમની ઉત્તમતા છે તેથી જ ભગવાન તેમની સ્તુતિને શીઘ્ર સ્મરણપટમાં લાવે છે. કાર્ય-પરાયણ અને પરોપકાર-પરાયણની સ્તુતિ પ્રભુના ઉરમાં ઊતરે છે. વિરાટનું પ્રતપન વિરાટની પક્વતા માટે છે: તપવાથી જાતજાતનાં છિદ્રો થાય અને તેમાં રહેઠાણ બને માટે વિરાટને તપાવે છે. ૧૦

अथ तस्याभितप्तस्य कति चायतनानि ह ॥
निरभिद्यन्त देवानां तानि मे गदतः शृणु ॥ ११ ॥

અન્વયાર્થ—**ह अथ**-ખરેખર ત્યારબાદ, **अभितप्तस्य तस्य**-સારી રીતે તપેલા તે વિરાટમાંથી, **देवानाम्**-દેવાનાં, **कति**-કેટલાં, **आयतनानि**-સ્થાનો, **निरभिद्यन्त**-ભિન્નભિન્ન થયાં, **तानि**-તેને, **गदतः मे**-હું કહી રહેલ છું, તે **शृणु**-તમે સાંભળો. ૧૧

અનુવાદ—ત્યારબાદ, ખરેખર ખૂબ જ સારા પ્રમાણમાં તે વિરાટથી દેવોનાં કેટલાં સ્થાનો સ્પષ્ટ ખૂલ્યાં તે હું કહું છું તમે સાંભળો. ૧૧

તત્ત્વસુધા—પૂર્વશ્લોકમાં વિરાટને તપાવ્યો, એ વાત કહી ત્યારબાદ તે તપેલા વિરાટમાંથી અનેક છિદ્રો ખૂલ્યાં તે બીના વર્ણવવા વક્તા ચાહે છે: પરંતુ તેમનું કહેવું છે કે જો તે તમે જાણતા હો તો પુનરુક્તિની જરૂર નથી.

સ્થાનોના નિર્માણથી વિરાટનો નાશ નથી થતો પરંતુ વિરાટમાં જ અનેક ઘરોનું નિર્માણ થાય છે. ૧૧

तस्याग्निरास्यं निर्भिन्नं लोकपालोऽविशत्पदम् ॥
वाचा स्वांशेन वक्तव्यं ययाऽसौ प्रतिपद्यते ॥ १२ ॥

---

१ स्फुरन् प्रा. पा.

અન્વયાર્થ—तस्य आस्यम्-તે વિરાટનું મુખ, **निर्भिन्नम्**-ખૂલ્યું, **लोकपालः**-લોકપાલ, **अग्निः**-અગ્નિએ, **स्वांशेन वाचा**-પોતાના અંશ વાણી સાથે, **पदम्**-મુખસ્થાનમાં, **अविशत्**-પ્રવેશ કર્યો, **यया असौ**-જે વાણીથી આ, **वक्तव्यम्**-વાણીના વ્યવહારને, **प्रतिपद्यते**-પામે છે. ૧૨

અનુવાદ—તે વિરાટનું મુખ ખૂલ્યું. લોકપાલ અગ્નિએ પોતાના અંશ વાણી સાથે મુખના સ્થાનમાં પ્રવેશ કર્યો. વાણી દ્વારા આ વિરાટ વાણીનો વ્યવહાર કરે છે. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકથી ૧૪ શ્લોક પર્યન્ત ભિન્ન ભિન્ન થયેલાં સ્થાનોનું નિરૂપણ છે—

'तस्य आस्यम्' વિરાટના આસ્ય–મુખમાં અગ્નિએ પ્રવેશ કર્યો. આ અગ્નિને લોકપાલ અગ્નિ કહેલ છે. અગ્નિખૂણામાં જે લોકો વસ્યા છે તે લોકોનું પાલન કરનાર અગ્નિને 'લોકપાલ' અગ્નિ કહે છે.

લોકપાલ 'અગ્નિ' અધિદૈવ છે. 'આસ્ય'–મુખ અગ્નિનું અધિષ્ઠાન–સ્થાન છે. 'વાગ્'ઇન્દ્રિય અધ્યાત્મ છે. વક્તવ્ય બોલવું એ વિષય અધિભૂત છે. ૧૨

निर्भिन्नं तालु वरुणो लोकपालोऽविशद् विभोः[1] ॥
जिह्वयांशेन च रसं[2] ययाऽसौ प्रतिपद्यते ॥ १३ ॥

અન્વયાર્થ—च-અને, **विभोः**-વિરાટના, **निर्भिन्नम्**-ખૂલેલા, **तालु**-તાળવામાં, **लोकपालः वरुणः**-લોકપાલ વરુણે, **अंशेन जिह्वया**-જીભ અંશ સાથે, **अविशत्**-પ્રવેશ કર્યો. **यया**-જે જીભથી, **असौ**-આ, **रसम्**-રસને, **प्रतिपद्यते**-મેળવે છે. ૧૩

અનુવાદ—ત્યારબાદ વિરાટનું તાળવું ખૂલ્યું. તેમાં લોકપાલે વરુણે પોતાની શક્તિ જિહ્વા અંશથી પ્રવેશ કર્યો. જેનાથી પોતે રસને પ્રાપ્ત કરે છે. ૧૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં બીજું સ્થાન દર્શાવ્યું છે.

ઉપરના શ્લોકમાં મુખમાં અગ્નિ દેવતા અને વાગૂઇન્દ્રિય કહ્યાં હતાં. તે જ મુખમાં તાળવાના પ્રદેશમાં "જિહ્વા" શબ્દથી ઓળખાતું ગોલક-સ્થાન થયું. તે ગોલકમાં વરુણ દેવતાએ પ્રવેશ કર્યો. વિરાટ જિહ્વા દ્વારા રસાસ્વાદ લે છે. તાત્પર્ય કે મુખમાં વાગ્ ઇન્દ્રિય અને રસનેન્દ્રિયનાં સ્થાન છે. વાગૂઇન્દ્રિયના દેવ અગ્નિ છે. અને રસનેન્દ્રિયના દેવતા વરુણ છે.

શ્લોકમાં विभोः અને हरेः એવા બે પાઠો છે. 'વિભુ' શબ્દનું તાત્પર્ય સમર્થ અને 'હરિ' શબ્દનું રહસ્ય કૃપાળુ છે. જિહ્વા હરિરસ દ્વારા હરિને રાજી કરવા માટે છે.

લોકપાલ વરુણ અધિદેવ, જિહ્વાગોલક અધિષ્ઠાન, રસનેન્દ્રિય અધ્યાત્મ, રસાસ્વાદ વિષય અધિભૂત છે. ૧૩

निर्भिन्ने अश्विनौ नासे विष्णोराविशतां पदम् ॥
घ्राणेनांशेन गन्धस्य प्रतिपत्तिर्यतो भवेत् ॥ १४ ॥

અન્વયાર્થ— विष्णोः-વિષ્ણુના, **निर्भिन्ने**-પ્રકટ થયેલા, **नासे पदम्**-નાસિકાસ્થાનમાં, **अश्विनौ**-બે અશ્વિનીકુમારોએ. **अंशेन घ्राणेन**-પોતાના અંશ ઘ્રાણેન્દ્રિય સાથે, **आविशताम्**-પ્રવેશ કર્યો, **यतः**-જેનાથી **गन्धस्य प्रतिपत्तिः भवेत्**-ગન્ધનું જ્ઞાન થાય છે. ૧૪

અનુવાદ—વિષ્ણુનાં પ્રકટ થયેલાં નાસિકાનાં છિદ્રોમાં બે અશ્વિનીકુમારોએ પોતાના અંશ ઘ્રાણ સાથે પ્રવેશ કર્યો, જેનાથી ગન્ધનું જ્ઞાન થાય છે. ૧૪

---

[1] हरेः प्रा. पा. [2] रसान् प्रा. पा.

તત્વસુધા—આ શ્લોકમાં ત્રીજું સ્થાન વર્ણવે છે.

વિરાટનાં બે નાસાપુટ પ્રકટ થયાં. અશ્વિનીકુમારોએ ત્યાં પ્રવેશ કર્યો. જો કે "લોકપાલ" શબ્દ અશ્વિનીકુમારો માટે શ્લોકમાં આપ્યો નથી પરંતુ સમજવાનો છે. કારણ કે તે ઉત્તર દિશાના દિગ્પાલો છે. તેઓ ઉત્તર દિશામાં રહીને રોગોની શાંતિ કરે છે તેથી ઉત્તર દિશા શાંત છે.

અશ્વિનીકુમારો "અધિદૈવ" છે. 'નાસા'ગોલક અધિષ્ઠાન છે, ઘ્રાણેન્દ્રિય અધ્યાત્મ છે. સૂંઘવું વિષય અધિભૂત છે. ૧૪

निर्भिन्ने अक्षिणी त्वष्टा लोकपालोऽविशद्विभोः ॥
चक्षुषांशेन रूपाणां प्रतिपत्तिर्यतो भवेत् ॥ १५ ॥

અન્વયાર્થ—**विभोः**-વિરાટની, **निर्भिन्ने अक्षिणी**-પ્રકટેલી બે આંખોમાં, **लोकपालः त्वष्टा**-લોકપાલ ત્વષ્ટાએ, **अंशेन चक्षुषा**-પોતાના અંશ ચક્ષુ સાથે, **अविशत्**-પ્રવેશ કર્યો. **यतः**-જેનાથી, **रूपाणाम्**-રૂપોનું, **प्रतिपत्तिः भवेत्**-જ્ઞાન થાય છે. ૧૫

અનુવાદ—વિરાટની બે આંખો પ્રકટી. તેમાં લોકપાલ ત્વષ્ટાએ પોતાના અંશ આંખ સાથે પ્રવેશ કર્યો. જેનાથી રૂપનું જ્ઞાન થાય છે. ૧૫

તત્વસુધા—આ શ્લોકમાં ચોથું સ્થાન બતાવ્યું છે—

લોકપાલ ત્વષ્ટા અધિદૈવ છે. અક્ષિગોલક અધિષ્ઠાન છે. ચક્ષુઇન્દ્રિય અધ્યાત્મ છે. દેખવું વિષય અધિભૂત છે.

"**त्वष्टा**" એ સૂર્યનું નામ છે. આ પૂર્વ દિશાનો દિક્પાલ છે. આંખને ઘણે ભાગે આસુરી માની છે. ભગવાન કાનથી પ્રવેશે છે. પછીથી આંખથી દર્શનમાં રસ આવે છે. **तक्ष्** ધાતુ ઉપરથી ત્વષ્ટા શબ્દ બનાવ્યો છે. અસુરો સામાને દૂબળા બનાવે છે. **तक्ष्** ધાતુ એ અર્થમાં વપરાય છે. ૧૫

निर्भिन्नान्यस्य [१]चर्माणि लोकपालोऽनिलोऽविशत् ॥
प्राणेनांशेन संस्पर्शं येनासौ प्रतिपद्यते ॥ १६ ॥

અન્વયાર્થ—**अस्य**-આ વિરાટનાં, **निर्भिन्नानि**-પ્રકટ થયેલાં, **चर्माणि**-ચામડીનાં છિદ્રોમાં, **लोकपालः अनिलः**-લોકપાલ વાયુદેવે, **अंशेन प्राणेन**-પોતાના અંશ પ્રાણ સાથે, **अविशत्**-પ્રવેશ કર્યો, **येन असौ संस्पर्शम् प्रतिपद्यते**-જેનાથી આ વિરાટ સંસ્પર્શને અનુભવે છે. ૧૬

અનુવાદ—ત્યારબાદ વિરાટનાં ચામડીનાં ગોલક છિદ્રો પ્રકટ થયાં. તેમાં લોકપાલ વાયુ દેવતાએ પોતાના અંશ પ્રાણો સાથે પ્રવેશ કર્યો. તેનાથી સ્પષ્ટ રીતે સ્પર્શનું જ્ઞાન થાય છે. ૧૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં પાંચમું સ્થાન છે.

"चर्माणि" બહુવચનનો પ્રયોગ કર્યો છે. કારણ કે-ચામડીમાં સાડા ત્રણ કરોડ જેટલાં રોમ-છિદ્રો છે.

વાયુદેવ અધિદૈવ છે. રોમછિદ્રો અધિષ્ઠાન છે. પ્રાણઇન્દ્રિય અધ્યાત્મ છે. સ્પર્શ વિષય અધિભૂત છે.

સોળમા અને અઢારમા શ્લોકમાં "ત્વચા" શબ્દથી બે ઇન્દ્રિયોનું ગ્રહણ કર્યું છે. અઢારમા શ્લોકમાં "ત્વચા" શબ્દથી ચામડીના ઉપરનો સૂક્ષ્મ ભાગ સમજવો. ૧૬

कर्णात्रस्य त्रिनिर्भिन्नौ धिष्ण्यं स्वं त्रिविशुर्दिशः ॥
श्रोत्रेणांशेन शब्दस्य सिद्धिं येन प्रपद्यते ॥ १७ ॥

---

[१] मर्माणि प्रा. पा.

અન્વયાર્થ—**अस्य**-આ વિરાટના, **कर्णौ**-બે કર્ણો. **विनिर्भिन्नौ**-પ્રકટ થયા, **स्वं धिष्ण्यम्**-તેમના પોતાના સ્થાનમાં, **दिशः**-દિશાઓએ. **अंशेन श्रोत्रेण**-પોતાના શ્રોત્ર અંશ સાથે, **विविशुः**-પ્રવેશ કર્યો, **येन**-જેનાથી, **शब्दस्य**-શબ્દની, **सिद्धिम्**-જ્ઞાનને, **प्रपद्यते**-પ્રાપ્ત કરે છે. ૧૭

અનુવાદ—આ વિરાટનાં બે કર્ણછિદ્રો પ્રકટ થયાં. તેમના સ્થાનમાં દિશાઓએ પોતાના શ્રોત્ર અંશ સાથે પ્રવેશ કર્યો, જેનાથી શબ્દનું જ્ઞાન થાય છે. ૧૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં છઠ્ઠું સ્થાન છે.

દિશાઓ અધિદૈવ છે. કર્ણો અધિષ્ઠાન છે. શ્રોત્રઇન્દ્રિય અધ્યાત્મ છે. શબ્દગ્રહણવિષય અધિભૂત છે. **शब्दस्य सिद्धिम्** શબ્દનું જ્ઞાન એવો અર્થ કરવો. ૧૭

त्वचमस्य विनिर्भिन्नां विविशुर्धिष्ण्यमोषधीः ॥
अंशेन रोमभिः कण्डूं यैरसौ प्रतिपद्यते ॥ १८ ॥

અન્વયાર્થ—**अस्य**-આ વિરાટની, **विनिर्भिन्नाम्**-પ્રકટ થયેલી, **त्वचम् धिष्ण्यम्**-ત્વચા રૂપ સ્થાનમાં, **ओषधीः**-ઓષધિઓ, **अंशेन रोमभिः**-પોતાના અંશભૂત રોમ સાથે, **विविशुः**-પ્રવેશ કર્યો, **यैः**-જે રોમ દ્વારા, **असौ** આ વિરાટ, **कण्डूम्**-ચળને, **प्रतिपद्यते**-પામે છે-અનુભવે છે. ૧૮

અનુવાદ—આ વિરાટની પ્રકટેલ ત્વચારૂપ સ્થાનમાં ઓષધિઓએ પોતાના અંશભૂત રોમ સાથે પ્રવેશ કર્યો, જેમનાથી આ વિરાટ ચળનો અનુભવ કરે છે. ૧૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં સાતમું છિદ્ર સમજાવે છે.

ઓષધિઓ એ અધિદૈવ છે. ત્વચા ગોલક-અધિષ્ઠાન છે. રૂંવાડાં ઇન્દ્રિયો અધ્યાત્મ છે. ચળ વિષય અધિભૂત છે. ચળ એ ચામડીના ધર્ષણથી મળતો આનંદ છે. ૧૮

मेढ्रं तस्य विनिर्भिन्नं स्वधिष्ण्यं क उपाविशत् ॥
रेतसांशेन येनासावानन्दं प्रतिपद्यते ॥ १९ ॥

અન્વયાર્થ—**तस्य**-તે વિરાટના, **विनिर्भिन्नम्**-પ્રકટ થયેલા, **मेढ्रम् स्वधिष्ण्यम्**-લિંગ નામના સ્થાનમાં, **कः**-પ્રજાપતિએ, **अंशेन रेतसा**-પોતાના અંશ વીર્ય સાથે, **उपाविशत्**-પ્રવેશ કર્યો. **येन**-જેનાથી, **असौ आनन्दम् प्रतिपद्यते**-આ વિરાટ આનંદને પામે છે. ૧૯

અનુવાદ—તે વિરાટના પ્રકટ થયેલા લિંગ નામના સ્થાનમાં પ્રજાપતિએ પોતાના અંશ વીર્ય સાથે પ્રવેશ કર્યો. જેનાથી આ વિરાટ આનંદને પામે છે ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં આઠમું સ્થાન છે.

"પ્રજાપતિ" અધિદૈવ છે. મેઢ્ર-લિંગ અધિષ્ઠાન છે. વીર્ય-ઉપસ્થ ઇન્દ્રિય અધ્યાત્મ છે. રતિસુખ વિષય અધિભૂત છે. ૧૯

गुदं पुंसो विनिर्भिन्नं मित्रो लोकेश आविशत् ॥
पायुनांशेन येनासौ विसर्गं प्रतिपद्यते ॥ २० ॥

અન્વયાર્થ—**पुंसः**-પુરુષના, **विनिर्भिन्नम्**-ખૂલેલા, **गुदम्**-પાયુ સ્થાનમાં, **लोकेशः मित्रः**-લોકેશ મિત્રે, **अंशेन पायुना**-પોતાના અંશ પાયુ સાથે, **आविशत्**-પ્રવેશ કર્યો. **येन**-જેનાથી, **असौ विसर्गं प्रतिपद्यते**-આ વિરાટ મલત્યાગ કરે છે. ૨૦

અનુવાદ—વિરાટ પુરુષનું ગુહ્ય સ્થાન પ્રકટ થયું. તેમાં લોકેશ મિત્રે પોતાના અંશ "પાયુ"ઇન્દ્રિય સાથે પ્રવેશ કર્યો, આ વિરાટ જેના દ્વારા મળત્યાગ કરે છે. ૨૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં નવમું સ્થાન છે.

'મિત્ર' દેવતા અધિદૈવ છે. ગુદાગોલક અધિષ્ઠાન છે. પાયુઇન્દ્રિય અધ્યાત્મ છે. "વિસર્ગ" મલત્યાગ વિષય અધિભૂત છે. ૨૦

हस्तावस्य विनिर्भिन्नाविन्द्रः स्वर्पतिराविशत् ॥
वार्तयांशेन पुरुषो यया वृत्तिं प्रपद्यते ॥ २१ ॥

અન્વયાર્થ—**अस्य**-આ વિરાટના, **विनिर्भिन्नौ**-પ્રકટ થયેલા, **हस्तौ**-બે હસ્તોમાં, **स्वर्पतिः इन्द्रः**-લોપપાલ ઇન્દ્રે, **अंशेन वार्तया**-પોતાના અંશ વાર્તા-બળ સાથે, **आविशत्**-પ્રવેશ કર્યો. **यया**-જેનાથી **पुरुषः**-પુરુષ, **वृत्तिम्**-હસ્તક્રિયાને, **प्रतिपद्यते**-પ્રાપ્ત કરે છે. ૨૧

અનુવાદ—ત્યાર બાદ પ્રકટેલા વિરાટના બે હાથોમાં લોકપાલ ઇન્દ્રે પોતાના અંશ વાર્તા-બળ સાથે પ્રવેશ કર્યો. જેનાથી પુરુષ વૃત્તિને-હસ્તક્રિયાને પ્રાપ્ત કરે છે. ૨૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં દશમું સ્થાન છે.

લોકપાલ ઇન્દ્ર 'અધિદૈવ' છે. બે હસ્ત અધિષ્ઠાન છે. 'વાર્તા' ઇન્દ્રિય અધ્યાત્મ છે. વૃત્તિ-હસ્તક્રિયા વિષય અધિભૂત છે.

"વાર્તા" ઇન્દ્રિયનું નામ છે. વાર્તા શબ્દનો વૈશ્યોની આજીવિકા અને વૃત્તાંત એવા બે અર્થ થાય છે તે આ સ્થાને નથી લીધા. પરંતુ 'વાર્તા' એટલે "બળ" નામની હાથમાં રહેલી શક્તિ સમજવી. 'वृत्ति' શબ્દનો અર્થ હસ્તક્રિયા કરવો. ૨૧

पादावस्य विनिर्भिन्नौ लोकेशो विष्णुराविशत् ॥
गत्या स्वांशेन पुरुषो यया प्राप्यं प्रपद्यते ॥ २२ ॥

અન્વયાર્થ—**अस्य**-આ વિરાટના, **विनिर्भिन्नौ**-પ્રકટ થયેલા, **पादौ यया**-બે પાદોમાં, **लोकेशः**-લોકેશ, **विष्णुः**-વિષ્ણુએ, **स्वांशेन गत्या**-પોતાના અંશ ગતિ સાથે, **आविशत्**-પ્રવેશ કર્યો, **पुरुषः प्राप्यं प्रपद्यते**-જેનાથી પુરુષ જવાના સ્થળે પહોંચે છે. ૨૨

અનુવાદ—આ વિરાટના બે ચરણ પ્રકટ થયા. તેમાં લોકેશ વિષ્ણુ ભગવાને પોતાના અંશ ગતિ સાથે પ્રવેશ કર્યો. જેનાથી પુરુષ જવાના સ્થળે પહોંચે છે. ૨૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં અગિયારમું સ્થાન છે.

વિષ્ણુ અધિદૈવ છે. બે ચરણ અધિષ્ઠાન છે. ગતિઇન્દ્રિય અધ્યાત્મ છે. પ્રાપ્ત કરવાનું સ્થાન વિષય અધિભૂત છે. ૨૨

बुद्धिं चास्य विनिर्भिन्नां वागीशो धिष्ण्यमाविशत् ॥
बोधेनांशेन बोद्धव्यप्रतिपत्तिर्यतो भवेत् ॥ २३ ॥

અન્વયાર્થ—**च**-ત્યાર બાદ, **अस्य**-આ વિરાટની, **विनिर्भिन्नां बुद्धिम्**-પ્રકટ થયેલી બુદ્ધિના, **धिष्ण्यम्** સ્થાનમાં, **वागीशः**-વાગીશે, **बोधेन-अंशेन**-બોધ અંશ સાથે, **आविशत्**-પ્રવેશ કર્યો, **यतः**-જેનાથી, **बोद्धव्य-प्रतिपत्तिः**-જાણવાના વિષયનું જ્ઞાન, **भवेत्**-થાય છે. ૨૩

અનુવાદ—પછી આ વિરાટની બુદ્ધિ પ્રકટ થઈ. તેના સ્થાનમાં વાણીના ઈશે બોધ અંશ સાથે પ્રવેશ કર્યો. જેનાથી જાણવાના વિષયનું જ્ઞાન થાય છે. ૨૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ૧૨મું સ્થાન વર્ણવે છે. વાગીશ બ્રહ્મા અધિદૈવ છે. બુદ્ધિ ગોલક અધિષ્ઠાન છે. બોધઇન્દ્રિય છે અધાત્મ છે. બોદ્ધવ્ય પદાર્થનું જ્ઞાન અધિભૂત છે. ૨૩

हृदयं चास्य निर्भिन्नं चन्द्रमा विष्ण्यमाविशत् ॥
मनसांशेन येनासौ विक्रियां प्रतिपद्यते ॥ २४ ॥

અન્વયાર્થ—**च**-ત્યારબાદ, **अस्य** આ વિરાટના, **निर्भिन्नम्**-પ્રકટ થયેલા, **हृदयम्**-હૃદય નામના, **धिष्ण्यम्**-સ્થાનમાં, **चन्द्रमाः**-ચન્દ્રમા, **अंशेन मनसा**-પોતાના અંશ મન સાથે, **अविशत्**-પ્રવેશ્યા, **येन असौ विक्रियां प्रतिपद्यते**-જેનાથી આ વિરાટ વિક્રિયાને પામે છે. ૨૪

અનુવાદ—વળી આ વિરાટના પ્રકટ થયેલા હૃદયસ્થાનમાં ચન્દ્રમાએ પોતાના અંશ મન સાથે પ્રવેશ કર્યો. જેનાથી આ વિરાટ વિક્રિયાને પામે છે. ૨૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં ૧૩મું સ્થાન છે—

ચન્દ્રમા અધિદૈવ છે. હૃદય ગોલક અધિષ્ઠાન છે. મન ઇન્દ્રિય અધ્યાત્મ છે અને સંકલ્પ-વિકલ્પરૂપ વિષય અધિભૂત છે. વિક્રિયાનો અર્થ સંકલ્પવિકલ્પ થાય છે. ૨૪

आत्मानं चास्य निर्भिन्नमभिमानोऽविशत्पदम् ॥
कर्मणांशेन येनासौ कर्तव्यं प्रतिपद्यते ॥ २५ ॥

અન્વયાર્થ—**च**-ત્યાર બાદ, **अस्य**-આ વિરાટના, **निर्भिन्नम्**-પ્રકટ થયેલા, **आत्मानम्-पदम्**-અહંકાર નામના સ્થાનમાં, **अभिमानः**-અભિમાને, **अंशकर्मणा**-પોતાના અંશ કર્મ સાથે, **आविशत्**-પ્રવેશ કર્યો. **येन कर्तव्यं प्रतिपद्यते**-જેમાંથી આ વિરાટને ચેતનતા પ્રાપ્ત થાય છે. ૨૫

અનુવાદ—ત્યાર બાદ આ વિરાટના પ્રકટ થયેલા અહંકાર નામના સ્થાનમાં અભિમાને પોતાના અંશ કર્મ સાથે પ્રવેશ કર્યો. જેનાથી આ વિરાટ ચેતનતાને પ્રાપ્ત કરે છે. ૨૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં ૧૪મું સ્થાન છે.

અભિમાન અધિદૈવ છે. અહંકાર અધિષ્ઠાન છે. કર્મ એટલે દેહાદિમાં "આ "હું" છું" એવી બુદ્ધિઇન્દ્રિય અધ્યાત્મ છે. કર્તવ્ય વિષય અધિભૂત છે. ૨૫

सत्त्वं चास्य विनिर्भिन्नं महान्धिष्ण्यमुपाविशत् ॥
चित्तेनांशेन येनासौ विज्ञानं प्रतिपद्यते ॥ २६ ॥

અન્વયાર્થ—**च**-વળી, **अस्य**-આ વિરાટના, **विनिर्भिन्नम्**-પ્રકટ થયેલા, **सत्त्वम् धिष्ण्यम्**-સત્વરૂપ સ્થાનમાં, **महान्**-મહત્તત્વે, **अंशेन चित्तेन**-ચિત્ત અંશ સાથે, **उपाविशत्**-પ્રવેશ કર્યો, **येन असौ विज्ञानं प्रतिपद्यते**-જેનાથી આ વિરાટ વિજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૨૬

અનુવાદ—વળી આ વિરાટના પ્રકટ થયેલા સત્વરૂપ સ્થાનમાં મહત્તત્ત્વે ચિત્ત અંશ સાથે પ્રવેશ કર્યો. જેનાથી આ વિરાટ ચેતનપણાને પામે છે. ૨૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં ૧૫મું સ્થાન છે.

"મહાન" દેવતા અધિદૈવ છે. સત્વ ગોલક અધિષ્ઠાન છે. ચિત્તઇન્દ્રિય અધ્યાત્મ છે. વિજ્ઞાન વિષય અધિભૂત છે. ૨૬

शीर्ष्णोऽस्य द्यौर्धरा पद्भ्यां खं नाभेरुदपद्यत ॥
गुणानां वृत्तयो येषु प्रतीयन्ते सुरादयः ॥ २७ ॥

અન્વયાર્થ—अस्य–આ વિરાટના, **शीर्ष्णः**–મસ્તકમાંથી, **द्यौः**–સ્વર્ગ, **पद्भ्याम्**–બે પગમાંથી, **धरा**–ધરણી, **नाभेः**–નાભિમાંથી, **खम्**–આકાશ, **उदपद्यत**–ઉત્પન્ન થયાં, **येषु**–જેમની અંદર, **गुणानाम् वृत्तयः**—**सुरादयः**–ત્રણ ગુણોની વૃત્તિઓ અને સુરો વગેરે, **प्रतीयन्ते**–જોવામાં આવે છે. ૨૭

અનુવાદ—આ વિરાટ પુરુષના મસ્તકમાંથી સ્વર્ગલોક થયો, બે પગમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. નાભિમાંથી આકાશ થયું. એમાં ગુણોની વૃત્તિઓ તથા દેવો વગેરે પ્રતીત થાય છે. ૨૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં ત્રણ લોકની ઉત્પત્તિને વર્ણવે છે. લોકની ઉત્પત્તિનું વ્યુત્ક્રમથી વર્ણન કર્યું છે તે ગુણોના ક્રમને લીધે છે.

शीर्ष्णः -- સત્વગુણપ્રધાન મસ્તક–પ્રદેશમાંથી સ્વર્ગલોક થયો.

पद्भ्याम्—રજઃપ્રધાન પદસ્થાનમાંથી ધરણી થઈ.

नाभेः—તમઃપ્રધાન નાભિસ્થાનમાંથી આકાશ થયું. ૨૭

आत्यन्तिकेन सत्त्वेन दिवं देवा प्रपेदिरे ॥
धरां रजःस्वभावेन पणयो[1] ये च तानन्नु ॥ २८ ॥

અન્વયાર્થ—आत्यन्तिकेन सत्त्वेन–અધિક સત્ત્વગુણને લીધે, **देवाः**–દેવો, **दिवम्**–સ્વર્ગમાં, **प्रपेदिरे**–વસ્યા, **पणयः**–મનુષ્યો, **च** અને, **तान् अनु**–તેમની પાછળનાંએ, **रजःस्वभावेन**–રાજસ સ્વભાવને લીધે, **धराम्**–પૃથ્વીને પ્રાપ્ત કરી. ૨૮

અનુવાદ—સત્ત્વગુણ અધિક હોવાથી દેવો સ્વર્ગમાં વસ્યા. મનુષ્યો અને તેમની પાછળ રહેનારાં ગાય વગેરે પ્રાણીઓએ રાજસ સ્વભાવને લીધે પૃથ્વીને પ્રાપ્ત કરી. ૨૮

તત્ત્વસુધા—'**आत्यन्तिकेन**' આત્યન્તિક એટલે અધિક સત્ત્વગુણને લીધે અથવા વિશુદ્ધ સત્ત્વગુણને લીધે દેવો સત્ત્વગુણના વિલાસપ્રદેશ સ્વર્ગમાં વસ્યા.

पणयः पणन्ते आयासादिना जीवन्ति इति पणयः વ્યાપારથી જીવે, શ્રમથી જીવે તેને 'पणि' કહેવામાં આવે છે. पणयः બહુવચન છે. पणयः એટલે મનુષ્યો. તેઓ કર્મનો વ્યાપાર કરે છે. કર્મ આપીને તેનું ફળ લે છે.

'ये च तानन्नु' મનુષ્યોની પાછળ રહેનાર પ્રાણીઓને तान् अनु એટલે તેમની પાછળ રહેનાર કહેવામાં આવે છે. યદ્યપિ તેઓ તામસ છે પરંતુ મનુષ્ય ઉપર તેમનો ઉપકાર હોવાથી તેમને વસુંધરામાં રાખ્યાં. ૨૮

तार्तीयेन स्वभावेन भगवन्नाभिमाश्रिताः ॥
उभयोरन्तरं व्योम ये रुद्रपार्षदां गणाः[3] ॥ २९ ॥

---

[1] प्राणयोगेन चैव यत् प्रा. पा. [2] भगवन्नाभिमाश्रितः प्रा. पा. [3] सरुद्राः पार्षदा गणाः प्रा. पा.

અન્વયાર્થ—ये रुद्रपार्षदां गणाः–રુદ્રના પાર્ષદ ગણો, **तार्तीयेन स्वभावेन**–તૃતીય તામસ સ્વભાવને લીધે, **भगवन्नाभिम्**–ભગવાનની નાભિરૂપ, **उभयोः अन्तरः**–બન્નેની વચમાં રહેલા, **व्योम**–અંતરિક્ષને, **आश्रिताः**–આશ્રયે રહ્યા છે. ૨૯

અનુવાદ—રુદ્રના પાર્ષદ ગણો ભૂત વગેરે ત્રીજા તમોગુણી સ્વભાવને લીધે, સ્વર્ગ અને પૃથ્વીના મધ્યમાં ભગવાનની નાભિરૂપ અન્તરિક્ષમાં વસ્યા. ૨૯

તત્ત્વસુધા—''भगवन्नाभिमाश्रिताः' આ શ્લોકમાં તામસ રુદ્રગણો તેમજ ભૂતો વગેરેના નિવાસસ્થાનનો ઉલ્લેખ કરે છે. તેઓ उभयोः એટલે સ્વર્ગ અને પૃથ્વીના વચલા ભાગના અન્તરિક્ષમાં વસ્યા છે. તે ભાગને ભગવાનની નાભિ તરીકે ઓળખાવે છે. ૨૯

मुखतोऽवर्तत ब्रह्म पुरुषस्य कुरूद्वह ॥
यस्तून्मुखत्वाद्वर्णानां[१] मुख्योऽभूद्ब्राह्मणो गुरुः ॥ ३० ॥

અન્વયાર્થ—कुरूद्वह–હે કુરુશ્રેષ્ઠ, **पुरुषस्य**–પુરુષના, **मुखतः**–મુખમાંથી, **ब्रह्म**–બ્રહ્મ, **अवर्तत**–પ્રકટ થયા, **यः तु**–જે પાછો, **उन्मुखत्वात्**–બ્રહ્મ તરફ દૃષ્ટિ રાખનાર હોવાથી, **वर्णानां मुख्यः गुरुः अभूत्**–વર્ણોની મધ્યમાં મુખ્ય બ્રાહ્મણ ગુરુ થયો. ૩૦

અનુવાદ—હે કુરુશ્રેષ્ઠ! પુરુષના મુખમાંથી બ્રહ્મ પ્રકટ થયું. પાછો તે બ્રહ્મ તરફ દૃષ્ટિ રાખનાર હોવાથી વર્ણોમાં મુખ્ય બ્રાહ્મણ થયો અને તે ગુરુ થયો. ૩૦

તત્ત્વસુધા—હવે ચાર શ્લોકોમાં વર્ણોની ઉત્પત્તિનું વર્ણન છે—

'मुखतः' નારાયણના મુખમાંથી 'બ્રહ્મ' નીકળ્યું. તે બ્રહ્મ દેવતા છે. તે બ્રહ્મનો આશ્રય કરે તેને બ્રાહ્મણ કહે છે. એ વાત ઉત્તરાર્ધના પદથી સ્પષ્ટ કરે છે. यस्तून्मुखत्वात् જે બ્રહ્મના તરફ દૃષ્ટિ રાખે છે તે બ્રાહ્મણ છે. બ્રાહ્મણ શબ્દની ત્રણ પ્રકારે વ્યુત્પત્તિ થાય છે: (૧) ब्रह्मणि स्थितः ब्राह्मणः બ્રહ્મમાં રહેલ તે બ્રાહ્મણ જે આચરણથી બ્રાહ્મણ છે, (૨) ब्राह्मणि भवः ब्राह्मणः બ્રહ્મમાં થયેલ તે બ્રાહ્મણ જે સંસ્કારથી બ્રાહ્મણ છે, (૩) ब्रह्मण अयं ब्राह्मणः–બ્રહ્મમાં થયેલ તે બ્રાહ્મણ જે જન્મથી બ્રાહ્મણ છે. આમ આચાર, સંસ્કાર અને જન્મ ત્રણ પ્રકારે બ્રાહ્મણ થયો.

વર્ણોમાં મુખ્ય હોવાથી તે ઉપદેશક બન્યો. વાણી મુખનો વિષય છે માટે મુખમાંથી પ્રકટેલ બ્રાહ્મણ ઉપદેશાધિકારી થયો.

ઉપદેશ કરવા પ્રકટેલ 'બ્રહ્મ' આધિભૌતિક છે. વેદ આધ્યાત્મિક બ્રહ્મ છે. અક્ષર આધિદૈવિક બ્રહ્મ છે. આ આધિભૌતિક બ્રહ્મ, બ્રાહ્મણમાં પ્રવેશ કરી મુખ દ્વારા આધિદૈવિક બ્રહ્મના જ્ઞાન માટે આધ્યાત્મિક બ્રહ્મ વેદનો ઉપદેશ કરે છે. ૩૦

बाहुभ्योऽवर्तत क्षत्रं क्षत्रियस्तदनुव्रतः ॥
यो जातस्त्रायते वर्णान्पौरुषः कण्टकक्षतात् ॥ ३१ ॥

અન્વયાર્થ—बाहुभ्यः–બાહુમાંથી, **क्षत्रम्**–ક્ષત્ર, **अवर्तत**–પ્રકટ્યું, **तद्-अनुव्रतः**–ક્ષત્રને અનુસરનાર, **क्षत्रियः**–ક્ષત્રિય, **जातः**–થયો. **यः**–જે, **पौरुषः**–પુરુષવાળો હોઈ, **वर्णान्**–વર્ણોને, **कण्टक-क्षतात्**–કંટકક્લેશથી **त्रायते**–બચાવે છે. ૩૧

અનુવાદ—બાહુમાંથી ક્ષત્ર પ્રકટ થયું, તેને અનુસાર ક્ષત્રિય થયો. તે પૌરુષ એટલે સામર્થ્યયુક્ત હોવાથી પૌરુષ કહેવાય છે. જે ત્રણે વર્ણને કંટકના ક્લેશથી બચાવે છે. ૩૧

---

[१] यस्तन्मुखत्वात् प्रा. पा.

તત્ત્વસુધા—' बाहुभ्योऽवर्तत ' નારાયણના બાહુઓમાં જે " ક્ષત્ર " તત્ત્વ રહેલ હતું તે પ્રકટ થયું. ક્ષત્રિયમાં તે જ પ્રવેશ્યું તેથી જ તે ક્ષત્રિયો થયા. ' ક્ષત 'માંથી એટલે પીડામાંથી બચાવવાનો તેનો સ્વભાવ છે. ' **कण्टक** ' શબ્દનો અર્થ થાય છે ' દૈત્યના અંશો. ' કોશકાર યાદવ કંટક શબ્દનો અર્થ ' શત્રુ ' કરે છે. દૈત્યો, શત્રુઓ, ચોરો વગેરેથી બચાવે તે જ ક્ષત્રિય મનાય. ૩૧

विशोऽवर्तन्त तस्योर्वोर्लोकवृत्तिकरीर्विभो ॥
वैश्यस्तदुद्भवो वार्तां नृणां यः समवर्तयत् ॥ ३२ ॥

અન્વયાર્થ—तस्य विभो-તે વિભુના, **ऊर्वोः**-બે સાથળોમાંથી, **लोक-वृत्तिकरीः**-લોકની આજીવિકા કરનારી, **विशः**-વિશ નામની દેવતા, **अवर्तन्त**-પ્રકટ થઈ, **तद्-उद्भवः**-તેમાંથી, **वैश्यः**-વૈશ્ય થયા, **यः**-જે, **नृणां** -મનુષ્યોની, **वार्ताम्**-આજીવિકાને, **समवर्तयत्**-સારી રીતે ચલાવે છે. ૩૨

અનુવાદ—તે વિભુના બે સાથળોમાંથી લોકોની આજીવિકા ચલાવનારી ' વિશ ' નામની દેવતા પ્રકટ થઈ તેમાંથી વૈશ્ય બન્યા, જે મનુષ્યોની આજીવિકાને સારી રીતે ચલાવે છે. ૩૨

તત્ત્વસુધા—विशः-વિશ શબ્દનો અર્થ થાય છે આજીવિકા કરનારી દેવતા. આ દેવતા વિભુના સાથળમાંથી પ્રકટ થઈ. ખેતી અને ગોરક્ષા એ ધનને ઉત્પન્ન કરનાર છે. વ્યાપાર અને ધીરધાર એ બે ધનની વૃદ્ધિ કરનારાં છે. આ ચારે ચાર આવશ્યક છે. ચારે ય વર્ણની તે આજીવિકાઓ છે. ખેતી એટલે અન્નની ઉત્પત્તિ કરવી અને ગોરક્ષા એટલે રસની ઉત્પત્તિ કરવી. ચારે વર્ણની આ આજીવિકા એટલે ' वार्ता ' છે. વૈશ્યો દ્વારા આજીવિકા ચાલે છે. विशः બહુ વચન છે. વિષ્ણુ, બ્રહ્મા, રુદ્ર અને વાયુ એ ચારમાંથી થનાર હોવાથી બહુવચન વાપર્યું છે. ૩૨

पद्भ्यां भगवतो जज्ञे शुश्रूषा धर्मसिद्धये ॥
तस्यां जातः पुरा शूद्रो यद्वृत्त्या तुष्यते हरिः ॥ ३३ ॥

અન્વયાર્થ—धर्मसिद्धये-ધર્મની સિદ્ધિ માટે, **भगवतः**-ભગવાનના, **पद्भ्याम्**-બે ચરણમાંથી, **शुश्रूषा** -શુશ્રૂષા, **जज्ञे**-ઉત્પન્ન થઈ, **तस्याम्**-તેમાં, **पुरा**-પ્રથમ, **शूद्रः**-શૂદ્ર, **जातः**-ઉત્પન્ન થયો, **यद्-वृत्त्या**-જેની વૃત્તિથી, **हरिः**-શ્રીહરિ, **तुष्यति** રાજી થાય છે. ૩૩

અનુવાદ—ધર્મની સિદ્ધિ માટે ભગવાનના બે ચરણમાંથી શુશ્રૂષા ઉત્પન્ન થઈ. તેમાં પહેલાં શૂદ્ર થયો જેની સેવાવૃત્તિથી શ્રીહરિ રાજી થાય છે. ૩૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ચોથા વર્ણની ઉત્પત્તિ વર્ણવી છે. શૂદ્રની ઉત્પત્તિ એટલે જ સેવાનો આવિર્ભાવ સમજવો. શરીરમાં બે પગ મૌન-પૂર્વક સતત કાંટા-કાંકરા સહન કરી સેવા કરવાનું કામ કરે છે. જગતની વ્યવસ્થાને સુખ-શાંતિ જાળવનાર " જ્ઞાન, વીર્ય, ઉદ્યોગ અને સેવા " આ ચાર ઐશ્વર્યો છે. જ્ઞાન મોક્ષ આપે છે. તે બ્રાહ્મણ છે. વીર્ય રક્ષણ કરે છે તે ક્ષત્રિય છે. ઉદ્યોગ આજીવિકા આપે છે તે વૈશ્ય છે. પરંતુ સર્વ કરતાં ઉત્તમ સેવા છે જે શૂદ્ર કરે છે.

બ્રાહ્મણ મોક્ષ માટે ધર્મ કરે છે. ક્ષત્રિય કામ માટે ધર્મ કરે છે. વૈશ્ય અર્થ માટે ધર્મ કરે છે પરંતુ શૂદ્ર ધર્મ માટે જ ધર્મ કરે છે. સેવા માટે જ સેવા કરે છે. ગુરુસેવા, અરણ્યસેવા, દેવસેવા આત્મસેવા વગેરે અનન્ત સેવાઓ છે. આ બધી સેવાઓ ભગવાન તરફ અભિરુચિ થાય માટે જ આચરવાની હોય છે. સેવા સર્વ દુઃખોને દૂર કરે છે. સેવાવૃત્તિથી ' हरिः ' શ્રીહરિ સંતુષ્ટ થાય છે.

---

१. यस्य० प्रा. पा.

“ **शुश्रूषा** ” શબ્દમાંથી જ “ **शूद्र** ” થયો. આ શબ્દમાં બે “ श् ” છે અને બે “ उ છે. બે “ श्‌માંથી એક श् બાકી રહ્યો. બે उના દીર્ઘ થયા તેથી “ शू ” થયો. છેલ્લા ष् નો द् થયો તેમાં श्रू નો र् મળી ગયો તેથી **शूद्र** થયો અને છેલ્લો आ તેનો પુલ્લિંગે अ થયો તેથી “ **शूद्र** ” શબ્દ થયો. ૩૩

एते वर्णाः स्वधर्मेण यजन्ति स्वगुरुं हरिम् ॥
श्रद्धयात्मविशुद्ध्यर्थं यज्जाताः सह वृत्तिभिः ॥ ३४ ॥

અન્વયાર્થ—एते वर्णाः–આ વર્ણો, **आत्म–विशुद्धि–अर्थम्**–અન્તઃકરણની શુદ્ધિ માટે, **श्रद्धया**–શ્રદ્ધાપૂર્વક, **स्वधर्मेण**–પોતાના ધર્મ પ્રમાણે, **स्व–गुरुम्**–પોતાના ગુરુ, **हरिम्**–શ્રીહરિનું, **यजन्ति**–યજન કરે છે. **यत्**–કારણ કે તેઓ, **वृत्तिभिः**–આજીવિકાઓ સાથે શ્રીહરિથી, **जाताः**–ઉત્પન્ન થાય છે. ૩૪

અનુવાદ—પૂર્વોક્ત વર્ણો અન્તઃકરણની શુદ્ધિ માટે શ્રદ્ધાપૂર્વક પોતાના ધર્મ પ્રમાણે પોતાના ગુરુ શ્રીહરિનું યજન કરે છે, કારણ કે તેઓ પોતાની આજીવિકા સાથે–ધંધા સાથે શ્રીહરિથી ઉત્પન્ન થાય છે. ૩૪

તત્ત્વસુધા—‘वर्णाः स्वधर्मेण ’ સર્વ વર્ણો ધર્માનુસાર ભગવાનને સેવે છે. બ્રાહ્મણો વાણીથી વિશ્વને વિદ્યાનું પ્રદાન કરે, ઉપદેશ આપે, આશીર્વાદ આપે, ભગવદ્‌ગુણાનુવાદ–ગાથા કરે. ક્ષત્રિયો રક્ષણ કરે, પોષણ કરે, પાલન કરે. વૈશ્યો અન્ન, રસ આદિનું નિર્માણ કરે, ગોસેવા કરે. શૂદ્રો જગતનાં જરૂરી સાધનો રચીને સેવા કરે. આમ વિધિપૂર્વક ધર્મનું પાલન થતાં ભગવાનની જ સેવા થાય છે.

આ સર્વ સેવા કેવલ અન્તઃકરણની શુદ્ધિ માટે જ કરાય છે. અને श्रद्धया શ્રદ્ધાથી થાય છે. એટલે શ્રદ્ધા એ જ સર્વશ્રેષ્ઠ સાધન છે, સ્વધર્માચરણ સ્વભાવથી જ થતું હોવાથી તેમાં શ્રમ નથી થતો. ૩૪

एतत्क्षत्तर्भगवतो दैवकर्मात्मरूपिणः ॥
कः श्रद्दध्यादुपाकर्तुं योगमायाबलोदयम् ॥ ३५ ॥

અન્વયાર્થ—क्षत्तः–હે સંયમશીલ વિદુરજી! **दैव–कर्म–आत्म–रूपिणः**–દૈવ, કર્મ અને સ્વભાવ રૂપ, **योगमाया–बल–उदयम्**–યોગમાયાના બલના ઉદયવાળા, **एतत्**–આ ચરિત્રને, **उपाकर्तुम्**–વર્ણવવા માટે, **कः श्रद्दध्यात्**–કોણ શ્રદ્ધા કરે સમર્થ બને? ૩૫

અનુવાદ—હે સંયમશીલ વિદુરજી! દૈવ, કર્મ અને સ્વભાવરૂપ શક્તિવાળા ભગવાનના યોગમાયાના બલના ઉદયવાળા આ ચરિત્રને વર્ણવવા માટે કોણ સમર્થ બને? ૩૫

તત્ત્વસુધા—“ क्षत्तः ” સંયમશીલ વિદુરજી! અત્યાર સુધીનું આ વર્ણન ભગવાનના વીર્યના એક નાના અંશમાંથી પ્રકટ થયેલી ક્રિયાશક્તિના કરોડમા ભાગમાંથી થોડો ભાગ કહ્યો. જ્યારે સંપૂર્ણ ભગવાન તો બાકી રહ્યા, તેમનું વર્ણન કરવાનું સામર્થ્ય કોણ ધરાવે?

‘ योगमायाबलोदयम् ’ ભગવાનની યોગમાયા એક ક્ષણમાં કરોડો બ્રહ્માંડો રચવાની શક્તિવાળી છે. યોગમાયામાં તે બલ ભગવાનના જ ગુણોમાંથી આવે છે. યોગમાયાનું બલવર્ણન જો શક્ય નથી તો, પછી ભગવદ્-ઐશ્વર્ય વર્ણવાય જ શી રીતે? ૩૫

अद्यापि[1] कीर्तयाम्यङ्ग यथामति यथाश्रुतम् ॥
कीर्तिं हरेः स्वां सत्कर्तुं गिरमन्याभिधाऽसतीम् ॥ ३६ ॥

---

[1] अथापि प्रा. पा.

અન્વયાર્થ—अङ्ग-હે અંગ, ! **अन्य-अभिधा-असतीम्**-બીજાનું વર્ણન કરવાથી દૂષિત થયેલી, **स्वां गिरम्**-પોતાની વાણીને, **सत्कर्तुम्**-પવિત્ર કરવાને, **अद्यापि**-હજી પણ, **हरे**-શ્રીહરિની, **कीर्तिम्**-કીર્તિને,. **यथा-श्रुतम्**-ગુરુની પાસેથી સાંભળ્યા પ્રમાણે, **यथामति कीर्तयामि**-મતિ અનુસાર વર્ણવું છું. ૩૬

અનુવાદ—હે અંગ ! બીજાના વર્ણનથી દૂષિત બનેલી મારી પવિત્ર વાણીને પવિત્ર કરવાને આજે પણ મતિઅનુસાર **શ્રીહરિની** કીર્તિનું ગાન કરું છું. ૩૬

તત્ત્વસુધા—अङ्ग કોમલભાવપૂર્ણ સંબોધન છે. સ્નેહાતિરેકમાં આવીને મૈત્રેય ઋષિ વિદુરજીને હૃદયની ગુહ્ય ગાથા કહે છે. ભાઈ अन्याभिधाऽसतीम् પતિવ્રતા વાણી તો ત્યારે જ કે જે ભગવદ્ગુણગાન વિના અન્ય કાંઈ પણ ન વદે. વ્યવહાર કેમ ચાલે જો ન બોલે તો ? તો તેનું સમાધાન છે કે "પ્રયોજન" પૂરતા જ શબ્દો બોલવા. બાકી વાણીમાં એક અવગુણ છે તે અનેકને મનાવવા અને રાજી કરવા પોતાનો દુર્વ્યય કરે છે. હરિ-કીર્તનથી તેને પાવન કરી પછી ભગવાન પાસે તેનો અંગીકાર કરાવવો.

વક્તાના બે આવશ્યક ધર્મો દર્શાવતા મૈત્રેય બોલ્યા, "यथामति यथाश्रुतम्" જેટલું જાણું છું તેટલું જ કહીશ, સ્વતંત્ર કાંઈ જ વર્ણવીશ નહીં.

વળી ભગવદ્ગુણાનુવાદ કોઈના ઉપર ઉપકાર કાજે નથી કહેતો કિન્તુ स्वां वाणीं सत्कर्तुम् મારી વાણીને નિર્મળ કરવા જ કહી રહ્યો છું. ૩૬

एकान्तलाभं वचसो नु पुंसां सुश्लोकमौलेर्गुणवादमाहुः ॥
श्रुतेश्च विद्वद्भिरुपाकृतायां कथासुधायामुपसंप्रयोगम् ॥ ३७ ॥

અન્વયાર્થ—नु-ખરેખર, **सुश्लोक-मौलेः**-ઉત્તમ કીર્તિરૂપ મુકુટવાળા ભગવાનના, **गुणवादम्**-ગુણાનુ-વાદને, **पुंसां वचसः**-પુરુષોની વાણીનો શ્રેષ્ઠ લાભ કહ્યો છે, **च** અને **विद्वभिः**-વિદ્વદ્જનોને, **उपाकृतायाम्**-ગાવા આરંભેલી, **कथा-सुधायाम्**-કથાસુધામાં, **श्रुतेः**-કાનનો, **उप-संप्रयोगम्**-સમીપથી શ્રવણમાં સારી રીતે ઉપયોગ થાય તેને, **एकान्तलाभम्**-શ્રેષ્ઠ લાભ, **आहुः**-કહ્યો છે. (ઉપજાતિ વૃત્ત) ૩૭

અનુવાદ---ખરેખર, ઉત્તમ કીર્તિમય મુકુટ ધારણ કરતા ભગવાનના ગુણગાનને જ પુરુષોની વાણીના શ્રેષ્ઠ લાભ તરીકે સ્વીકાર્યો છે. તેમજ વિદ્વદ્જનો દ્વારા નિત્ય ગવાતી હરિકથા:-સુધાના સમીપથી શ્રવણમાં કાનના ઉપયોગને સર્વશ્રેષ્ઠ લાભ કહ્યો છે. ૩૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં વાણી અને કર્ણની સાર્થકતા સમજાવી છે.

'सुश्लोकमौलेः गुणवादम्'—માનવ પાસે અગીઆર ઇન્દ્રિયો છે. પ્રત્યેકનો પવિત્ર કાર્યમાં, પરોપકારમાં અને પ્રભુસેવામાં વપરાશ કરવો જ જોઈએ. પરંતુ એ નેત્ર, બે હાથ, બે પગ વગેરે ઇન્દ્રિયો પગલે પગલે મનુષ્યના નિત્ય વ્યવહારમાં વાપરવી જરૂરી છે. વળી વપરાશથી તે વિશુદ્ધ નથી રહી. પરંતુ वचसः श्रुतेः વાણી અને કાન એ બે તો વ્યવહાર કાર્યમાંથી નિવૃત્ત થઈ શકે છે તેમજ ભગવત્સેવામાં, સત્કાર્યમાં વપરાઈ શકે છે. માટે सुश्लोकमौलेः કીર્તિસમ્પન્ન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠના પણ શિરોમુકુટ મુકુન્દના ગુણગાનમાં વાણીનો વપરાશ કરવો એ જ વાણીની કૃતાર્થતા છે. કીર્તિ જેમના મુકુટમાં છે; અથવા કીર્તિમય જેમનો મુકુટ છે; ભાગવતના શ્લોકો જેમના મુકુટમાં છે; ઉત્તમ કીર્તિવાળામાં ભગવાન મુકુટ સમાન છે આવા અર્થ "सुश्लोकमौलि" પદોના થશે.

विद्वद्भिः उपाकृतायाम्-હરિકથા વિદ્વાનોથી રજૂ થતી હોય તે જ સાંભળવી. કારણ કે વિદ્વાન નહીં હોય તેના દ્વારા રજૂ થનારા વિષયો સિદ્ધાન્ત અનુસાર નહીં હોય. વળી હરિકથા પ્રેમથી કહેનારાઓ પાસેથી જ

સાંભળવી. તેમજ કથાકારે પણ કથા સાંભળવી. વળી उप-सं-प्रयोगम् કથા સમીપથી સાંભળવી, સ્નેહથી સાંભળવી. વક્તાના મુખનું દર્શન થાય તેમ સાંભળવી.

શ્રોતા અજાણ્યા હોય અને વક્તા જો વિદ્વાન ન હોય તો "દ્રવિડમંડક" ન્યાય જેવું બની જાય. દ્રવિડ દેશમાં માલપૂઆ બનતા ન હતા. તેથી ત્યાંના રહીશે ખાધેલા નહીં. તે કોક વાર મધ્યપ્રાન્તમાં આવ્યો. તેને માલપૂઆ-દૂધપાક જમવા બેસાડયો. ત્યારે તેણે કહ્યું કે માલપૂઆ કેવી રીતે ખવાય ? કોઈએ તેની મશ્કરી કરી કે બે પગ વચ્ચેથી તથા પાછળ હાથ વાળીને મોઢામાં મૂકીને ખવાય. અપંડિતને હાથે અજાણુ શ્રોતાને કથા સાંભળતાં આમ અપદાર્થ સાંભળવા મળે. ૩૭

आत्मनोऽवसितो वत्स महिमा कविनाऽऽदिना ॥
संवत्सरसहस्रान्ते धिया योगविपक्वया ॥ ३८ ॥

અન્વયાર્થ—वत्स-વત્સ, **आत्मनः महिमा**-આત્માનો મહિમા, **आदिना कविना**-આદિકવિ બ્રહ્માએ, **संवत्सरसहस्रान्ते**-એક હજાર વર્ષના અન્તે, **योग-विपक्वया**-યોગથી પરિપકવ બનેલી, **धिया**-બુદ્ધિ દ્વારા, **अवसितः**-જાણ્યો. ૩૮

અનુવાદ—હે વત્સ ! આત્માનો મહિમા આદિકવિ બ્રહ્માએ એક હજાર વર્ષને અન્તે યોગથી પરિપકવ થયેલી બુદ્ધિથી જાણ્યો. ૩૮

તત્ત્વસુધા— ભગવાનનો મહિમા શી રીતે જણાય તે ચર્ચા આ શ્લોકમાં કરી છે. તપ, યોગ, બુદ્ધિ અને અને ભગવદ્અનુગ્રહ દ્વારા પ્રભુનો મહિમા સમજાય. બ્રહ્માજીએ योगविपक्वया યોગથી પરિપકવ બનેલી બુદ્ધિ દ્વારા એક હજાર વર્ષના અંતે મહિમા જાણ્યો. કદાચ તેમ કરવાથી સંપૂર્ણ ન પણ જાણ્યો હોય, તો બીજા અતપસ્વી તો કેમ જાણી શકે. એક વાત આવશ્યક છે કે તપ, સાધન ભગવન્માહાત્મ્ય જાણવા અવશ્ય કરવાં. ભગવાન અનુગ્રહ તો કરવાના જ છે, પરંતુ ધૈર્ય રાખવું. ૩૮

अतो भगवतो माया मायिनामपि मोहिनी ॥
यत्स्वयं चात्मवर्त्मात्मा न वेद किमुतापरे ॥ ३९ ॥

અન્વયાર્થ—अतः-તેથી, **भगवतः**-ભગવાનની, **माया**-માયા, **मायिनाम्**-માયાવાળાઓને પણ, **मोहिनी**-મોહ પમાડનારી છે, **यत्**-ખરે, **स्वयम्**-પોતે, **आत्मा**-ભગવાન પણ, **आत्मवर्त्म**-પોતાના માર્ગને, **न**-નથી, **वेद**-જાણતા તો પછી, **अपरे किमुत**-બીજાઓ તો કેવી રીતે જાણી શકે? ૩૯

અનુવાદ—તેથી ભગવાનની માયા માયાવાળાઓને પણ મોહિત કરનારી છે. ખરે, ભગવાન પણ પોતે પોતાના માર્ગને નથી જાણતા તો પછી બીજાઓ કેવી રીતે જાણી શકે ? ૩૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનના મહિમાનું ગૌરવ ગાયું છે.

स्वयं न वेद—ભગવાન પોતાના માર્ગને નથી જાણતા તો અન્ય ક્યાંથી જાણી શકે. ત્યારે નવાઈ લાગે કે ભગવાન સર્વજ્ઞ ખરા ? તાત્પર્ય કે આકાશ અનન્ત છે. તેનો અન્ત કેમ મપાય. તેમ ભગવાનનો માર્ગ અનન્ત છે. અનન્ત બ્રહ્માંડ છે તેથી અજ્ઞાતપણાનો અર્થ ભગવાનના ગુણો આદિને અનંત દર્શાવવાનું તાત્પર્ય છે. ૩૯

यतोऽप्राप्य न्यवर्तन्त वाचश्च मनसा सह ॥
अहं चान्य इमे देवास्तस्मै भगवते नमः ॥ ४० ॥

અન્વયાર્થ—मनसा सह वाचः-મનની સાથે વાણી અને **अहम्**-હું, **च**-તેમજ, **इमे**-આ, **अन्ये**-બીજા, **देवाः**-દેવો, **यतः**-જેને, **अप्राप्य**-નહીં મેળવીને, **न्यवर्तन्त**-પાછા વળ્યા છે, **तस्मै भगवते नमः**-તે ભગવાનને નમસ્કાર કરીએ છીએ. ૪૦

અનુવાદ—જેમને પ્રાપ્ત કર્યા વિના મન સાથે વાણી, અહંકાર અને આ બીજા દેવો પાછા ફરેલા છે તે ભગવાનને નમસ્કાર કરીએ છીએ. ૪૦

તત્ત્વસુધા—ઉપનિષદની ગાથાથી આ અધ્યાયનો ઉપસંહાર કરે છે—

" यतो वाचो निवर्तन्त अप्राप्य मनसा सह " વાણી વેદોની, મન યોગીઓનું, अहं અહંકાર દેવ, देवाः-ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો ભગવાનને જાણી ન શકે. ભગવાનનું વર્ણન કરવા જતાં તે પાછા વળે છે. પરંતુ તેથી ભગવાનનો મહિમા ન ગાવો કે ન સાંભળવો એવું તો નિધાન નથી જ.

અંતમાં—

यादृशोऽसि हरे कृष्ण तादृशाय नमो नमः ॥
यादृशोस्मि हरे कृष्ण तादृशं मां हि पालय ॥

ભગવન્ ! આપ કેવા છો તે જાણવાનો શું કામ મનોરથ કરું ?, કેવલ આપને પુનઃ પુનઃ દંડવત્ કરું છું. કૃષ્ણ ! હું કેવો છું એવું આપને શું વર્ણવું ? આપ મને કેવળ પાળજો. હું આપનો છું. ૪૦

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૭ મો

શ્લોક સંખ્યા ૪૨

પાંચમા અધ્યાયમાં ભૂતોની ઉત્પત્તિ વર્ણવી છે. છઠ્ઠા અધ્યાયમાં કાલની ઉત્પત્તિ વર્ણવી તેમજ બ્રહ્માંડની પણ ઉત્પત્તિ વર્ણવી છે. સાતમા અધ્યાયમાં મનની સૃષ્ટિ વર્ણવી છે. તે સૃષ્ટિ સંકલ્પ અને વિકલ્પ એમ એ રૂપ વર્ણવશી.

પૂર્વના અધ્યાય સાથે કથાની સંગતિ નીચે પ્રમાણે છે. પાંચમા અધ્યાયમાં ૧૫ મા શ્લોકમાં વિદુરજીએ મૈત્રેય મુનિને પૂછેલું કે “પુષ્પોમાંથી સાર કાઢીને મધુર મધરૂપે મધુકર આપે તેમ શાસ્ત્રમાંથી રહસ્ય આપો!”

તેના પ્રત્યુત્તરમાં છઠ્ઠો અધ્યાય કહ્યો. બ્રહ્માંડની ઉત્પત્તિનો પ્રકાર પણ કહ્યો. અધ્યાયના અંતમાં એમ પણ કહ્યું કે ભગવાનની માયા માયાવીઓને મોહ પમાડનારી છે. તેમજ ભગવાન સ્વયં પોતાના માર્ગના મહિમાને નથી જાણતા તો બીજા કોણ જાણી શકે?

આ બાબતના શ્રવણથી જીવ અને ભગવાનના વિષયમાં વિદુરજીને જિજ્ઞાસા થઈ. એમણે પ્રશ્નનો આરંભ કર્યો. પ્રશ્ન કરતા પહેલાં મૈત્રેય મહર્ષિની પ્રશંસા કરે છે. મધુર વાણીથી આદર કરી આગળ જિજ્ઞાસા કરે છે. શ્રોતાની દીનતા, વિનય અને જિજ્ઞાસા વક્તામાં ઉત્સાહવૃદ્ધિ કરે છે—આ આશયનો પ્રથમ શ્લોક પ્રારંભે છે “एवं ब्रुवाणम्.” સાતમા અધ્યાયના પ્રારંભમાં ‘शुक उवाच અને एवं ब्रुवाणं मैत्रेयं’ આ શ્લોક ક્ષેપક છે એમ શ્રીમદ્ વલ્લભાચાર્યનું માનવું છે.

श्रीशुक उवाच – एवं ब्रुवाणं मैत्रेयं द्वैपायनसुतो बुधः ॥
प्रीणयन्निव भारत्या विदुरः प्रत्यभाषत ॥ १ ॥

અન્વયાર્થ—द्वैपायनसुतः—કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના પુત્ર, **बुधः विदुरः**–વિદ્વાન શ્રીવિદુરજી, **एवम्**–એ પ્રમાણે, **ब्रुवाणम् मैत्रेयम्**–બોલતા મૈત્રેય મહર્ષિને, **भारत्या**–મધુર વાણીથી, **प्रीणयन् इव**–પ્રસન્ન કરતા હોય એમ, **प्रत्यभाषत**–કહેવા લાગ્યા. ૧

અનુવાદ—કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના પુત્ર વિદ્વાન શ્રીવિદુરજી ઉપર પ્રમાણે કહી રહેલા મહર્ષિને મધુર વાણીથી પ્રસન્ન કરતા હોય તેમ કહેવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં મૈત્રેય મુનિની સ્તુતિ છે. વિદુરજી વાણીથી એમનો આદર કરે છે, આ અનુવાદને શ્રી શુકદેવજી પ્રસ્તાવરૂપે રજૂ કરે છે. વિદુરજી પણ પંડિત છે એમ “द्वैपायनसुत.’ પદથી વર્ણવે છે. ૧

विदुर उवाच – ब्रह्मन्कथं भगवतश्चिन्मात्रस्याविकारिणः ॥
लीलया चापि पुण्येरन्निर्गुणस्य गुणाः क्रियाः ॥ २ ॥

અન્વયાર્થ—ब्रह्मन्–હે બ્રહ્મન્! **अविकारिणः**–કોઈ પણ પ્રકારના વિકાર વિનાના, **निर्गुणस्य**–નિર્ગુણ, **चिन्मात्रस्य भगवतः**–માત્ર ચૈતન્યરૂપ એવા ભગવાનને, **क्रियाः**–ક્રિયાઓ, **च**–અને, **गुणाः**–ગુણો, **लीलया अपि**–લીલાથી પણ, **कथं युज्येरन्**–કેવી રીતે સંભવી શકે? ૨

અનુવાદ—હે બ્રહ્મન્! નિર્વિકાર અને નિર્ગુણ ચૈતન્યરૂપ એવા ભગવાનને લીલાથી પણ ક્રિયાઓ અને ગુણો કેવી રીતે સંભવી શકે? ૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં બ્રહ્મને ગુણો કે ક્રિયા કેમ સંભવે એવો પ્રશ્ન છે.

વિદુરજી "**ब्रह्मन्**" એ સંબોધન મૈત્રેય મુનિને કરે છે. "**બ્રહ્મન્**" એટલે સર્વજ્ઞ અથવા જ્ઞાની. હું જે પ્રશ્નો પૂછીશ તે સર્વનો પ્રત્યુત્તર આપવા આપ સમર્થ છો, તો જિજ્ઞાસાદૃષ્ટિથી બે પ્રશ્નો પૂછું છું.

'**भगवतः गुणाः क्रियाः कथम्**'—બ્રહ્મને ગુણો તેમજ ક્રિયાઓ કેમ સંભવે? આ સ્થાને ભગવાન શબ્દનો અર્થ રૂઢિથી "બ્રહ્મ" કરવાનો છે.

બ્રહ્મ ચિન્માત્ર છે, કેવળ ચૈતન્યરૂપ છે. તેથી તેને 'ધર્મ, શક્તિ, વિશેષ કે સ્વરૂપ' એવું કાંઈ જ નથી. 'ધર્મ એટલે ગુણો, શક્તિ એટલે માયા અથવા કાલ, વિશેષ એટલે આકાર અને સ્વરૂપ એટલે દેહ' આવું બ્રહ્મને ન હોય. વળી તે अविकारिणः અને निर्गुणस्य તે અવિકારી અને અગુણ છે. માટે ગુણો કે ક્રિયાઓ સંભવે શી રીતે? લીલાથી પણ કેમ સંભવે? ૨

क्रीडायामुद्यमोऽर्भस्य कामश्चिक्रीडिषान्यतः ॥
स्वतस्तृप्तस्य च कथं निवृत्तस्य सदान्यतः ॥ ३ ॥

અન્વયાર્થ—अर्भस्य-બાલકને, **कामः**-વાસના હોય છે તેથી, **अन्यतः**-બીજા સાથે, **चिक्रीडिषा**-રમવાની ઇચ્છા થાય. **च**-માટે, **क्रीडायाम्**-રમણમાં, **उद्यमः**-ઉદ્યમ થાય, જ્યારે **स्वतः**-પોતાથી જ, **तृप्तस्य**-તૃપ્ત બ્રહ્મને, **च**-અને, **सदा**-સદા, **अन्यतः**-બીજાના, **निवृत्तस्य**-સંબંધ વિનાના બ્રહ્મને, **कथम्**-કેવી રીતે લીલાથી ઉદ્યમ વગેરે સંભવે? ૩

અનુવાદ—બાલકને વાસના હોય તેથી અન્યની સાથે રમવાની ઇચ્છા અને રમતમાં પ્રવૃત્તિ થાય છે; પરંતુ બ્રહ્મ તો સ્વતઃતૃપ્ત છે તેમજ બીજા સંબંધથી રહિત છે તો પછી બાલકની માફક લીલા કેમ ઘટે? ૩

તત્ત્વસુધા—આ શ્લોક બીજા શ્લોકના પ્રશ્નના અનુસંધાનમાં છે. ભગવાન લીલાથી સૃષ્ટિ કરે છે. લીલા એટલે વિલાસની ઇચ્છા. પ્રયોજન વિના કરેલી ક્રિયા. આ ક્રિયામાં કોઈ શ્રમ ન હોય. અન્તઃકરણમાં પૂર્ણ આનંદ થતાં લોકમાં રાજા કોઈ ક્રિયા કરે તેને કોઈ શ્રમ નથી હોતો તેમજ બ્રહ્મને લીલામાં શ્રમ નથી હોતો. બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે **लोकवत् तु लीलाकैवल्यम्** ૨-૧-૩૩ પરંતુ લોકપ્રસિદ્ધ રીતે તો બાલકમાં કામ-રમતવૃત્તિ હોય છે ત્યારે તે અન્ય બાલક સાથે રમત ચાહે છે અને તે માટે પ્રવૃત્તિ આદરે છે. મૂળભૂત કારણ તેનામાં વાસના હોય છે અને પ્રવૃત્તિ થાય છે.

પરંતુ બ્રહ્મની બાબતમાં તો તે વાસનારહિત છે. સ્વતઃતૃપ્ત છે. અન્ય કોઈ છે નહીં પછી પ્રવૃત્તિ પણ સંભવતી નથી. કારણ કે પરિપૂર્ણ છે, તો તે પૂર્ણને લીલાથી પણ પ્રવૃત્તિ કેમ સંભવે? ૩

अस्राक्षीद्भगवान्विश्वं गुणमय्यात्ममायया ॥
तया संस्थापयत्येतद्भूयः प्रत्यपिधास्यति ॥ ४ ॥

અન્વયાર્થ—भगवान्-ભગવાન, **गुणमय्या**-ગુણોથી ભરેલી, **आत्ममायया**-પોતાની માયાથી, **एतत् विश्वम् अस्राक्षीत्**-આ વિશ્વને રચે છે, **तथा**-તેમજ તેનાથી, **एतत् संस्थापयति**-આ વિશ્વને સ્થાપિત કરે છે, **भूयः**-બાદ તેનાથી વિશ્વનો, **प्रति-अपि-धास्यति**-લય કરશે. ૪

અનુવાદ—ભગવાન ગુણોથી ભરેલી પોતાની માયાથી વિશ્વને રચે છે, તેનાથી જ સ્થાપન કરે છે, વળી તેનાથી જ સમેટી લેશે. ૪

---

१. —स्येषभूयः प्रा. पा. २. प्रत्यभि० प्रा. पा.

તત્ત્વસુધા—હવે પછીના બે શ્લોકોમાં ભગવાનને માયાનો સંબંધ હોય નહીં તો પછી માયાથી કેમ સૃષ્ટિ સંભવે ? સાંભળ્યું છે કે આ સર્વ માયાથી રચે છે–આ જ બાબતને શ્લોકથી વધુ સ્પષ્ટ કરે છે. ગુણથી ભરેલી માયાથી રચે છે, પાળે છે અને સમેટે છે. ૪

देशतः कालतो योऽसाववस्थातः स्वतोऽन्यतः ॥
अविलुप्तावबोधात्मा स युज्येताजया कथम् ॥५ ॥

અન્વયાર્થ—**यः**–જે ભગવાન, **देशतः**–દેશથી, **कालतः**–કાલથી, **अवस्थातः**–અવસ્થાથી, **स्वतः**–પોતાથી તેમજ **अन्यतः**–બીજાથી, **अविलुप्त–अवबोध–आत्मा**–જેમના જ્ઞાનનો નાશ નથી થતો, **सः**–તે ભગવાન, **अजया**–માયાથી, **कथं युज्येत**–સંબંધવાળા કેમ સંભવે ? ૫

અનુવાદ—આ ભગવાન દેશથી, કાળથી, અવસ્થાથી, પોતાથી તેમજ બીજાથી જેમના જ્ઞાનનો નાશ નથી થતો તેવા ભગવાનનો માયા સાથેનો સંબંધ કેવી રીતે બને ? ૫

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં માયાથી સૃષ્ટિ બતાવી. હવે જો ભગવાનનો માયા સાથે સંબંધ સંભવે તો જ સૃષ્ટિ સંભવે. ભગવાન તો નિત્યસ્વરૂપ છે. માયા અજ્ઞાનરૂપ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાનનું અસ્તિત્વ હોય નહીં. જ્ઞાનનો નાશ થાય તો અજ્ઞાન આવે. જ્ઞાનનો નાશ પાંચ પ્રકારે સંભવે છે દેશથી (૧), કાલથી (૨), અવસ્થાથી (૩), પોતાનાથી (૪), અન્યથી (૫) આ પાંચ પ્રકારો છે.

(૧) દેશથી જ્ઞાનનો નાશ–દેશ એટલે સ્થાન. એક સ્થાનમાં ઘડો હોય તેનું જ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે સ્થાનમાં વસ્ત્ર નથી હોતું તેથી વસ્ત્રનું જ્ઞાન ત્યાં થયું. (૨) કાલથી જ્ઞાનનો નાશ–આજે જે વસ્તુનું જ્ઞાન હતું તે આવતી કાલે વિસારે પડ્યું. (૩) અવસ્થાથી જ્ઞાનનો નાશ–અવસ્થામાં જે જ્ઞાન થયું તે જાગતાં વીસરી જવાય છે. (૪) પોતાનાથી જ્ઞાનનો નાશ–ધ્યાન વિનાના જ્ઞાનના મનમાં સંસ્કારો ન રહ્યા અને જ્ઞાન ચાલ્યું ગયું. (૫) અન્યથી જ્ઞાનનાશ–બીજા વિરોધી જ્ઞાનનો ઉદય થયો ત્યારે પણ પૂર્વજ્ઞાનનો નાશ થયો. આ રીતે જીવને વિષયાદિના જ્ઞાનનો નાશ થાય છે. જ્યારે ભગવાન સર્વજ્ઞ, નિત્ય અને સર્વસ્વરૂપ હોવાથી આ કારણો સંભવે નહીં તેથી જ્ઞાન નાશ પામે નહીં. પછી અજ્ઞાનરૂપ માયા આવે નહીં તો પછી સંબંધ બને કેમ ? અને સંબંધ વિના સૃષ્ટિ વગેરે થાય જ શી રીતે ? ૫

भगवानेक एवैष सर्वक्षेत्रेष्ववस्थितः ॥
अमुष्य दुर्भगत्वं वा क्लेशो वा जन्मभिः कुतः ॥ ६ ॥

અન્વયાર્થ—**एषः एकः एव**–આ એક જ, **भगवान्**–ભગવાન, **सर्वक्षेत्रेषु**–સર્વ ક્ષેત્રોમાં–દેહોમાં, **अवस्थितः**–રહેલ છે. **अमुष्य**–આવાને, **दुर्भगत्वम्**–દુર્ભાગીપણું, **वा**–અથવા, **जन्मभिः क्लेशः**–જન્મોથી ક્લેશ પણ, **वा कुतः**–ક્યાંથી હોઈ શકે ? ૬

અનુવાદ—આ એક જ ભગવાન સર્વ દેહોમાં રહેલા છે. આવાને દુર્ભાગીપણું કે જન્મો લેવાથી કલેશ કેમ સંભવે ? ૬

તત્ત્વસુધા—આ શ્લોક જીવાત્માને ઉદ્દેશીને પૂછ્યો છે—જીવ પણ ભગવાન છે. વળી જીવ માટે ભગવાન જગત રચે છે. આ બે પ્રકારે જીવને દુઃખ તો ન જ થવું જોઈએ ને ? જ્યારે જન્મ–મરણ આદિથી કલેશો તો થાય છે. વળી જો સર્વ દેહોમાં રહેલા એક જ ભગવાન છે તો ભગવાનને દુઃખ થાય જ કેમ ? આવી અનેક શંકાઓ થાય છે તો તેનું સમાધાન પણ કૃપા કરીને કરો. ૬

एतस्मिन्मे मनो विद्वन्खिद्यतेऽज्ञानसंकटे ॥
तन्नः पराणुद विभो कश्मलं मानसं महत् ॥ ७ ॥

અન્વયાર્થ—विद्वन्–હે વિદ્વન્! **मे मनः**–મારું મન, **एतस्मिन् अज्ञान–संकटे**–આ અજ્ઞાન–સંકટમાં, **खिद्यते**–મોહ પામે છે. **विभो**–હે વિભો, **तत्**–તો, **नः**–અમારા, **महत् मानसं कश्मलम्**–મોટા એવા માનસિક ક્લેશને, **पराणुद**–દૂર કરો. ૭

અનુવાદ—હે વિદ્વન્, મારું મન અજ્ઞાન–સંકટમાં મોહ પામે છે તો હે વિભો! આપ મારા આ મહાન માનસિક ક્લેશને દૂર કરો! ૭

તત્ત્વસુધા— આ સાતમા શ્લોકમાં વિદુરજી "જ્ઞાનસંકટ" નિવારણ માટે પ્રશ્ન કરે છે જ્યારે બુદ્ધિમાન પુરુષોને કોઈ મનોવૈજ્ઞાનિક મુઝવણ થાય તો તે અસહ્ય લાગે છે. કારણ કે તેનો બોજ બુદ્ધિ ઉપર રહે છે. વિદુરજીએ બુદ્ધિના ક્લેશ નિવારણ માટે મૈત્રેયજીને પ્રાર્થના કરી. ૭

श्रीशुक उवाच – स इत्थं चोदितं क्षत्रा तत्त्वजिज्ञासुना मुनिः ॥
प्रत्याह भगवच्चित्तः स्मयन्निव गतस्मयः ॥ ८ ॥

અન્વયાર્થ—तत्त्वजिज्ञासुना–તત્ત્વને જાણવાની ચાહનાવાળા, **क्षत्रा**–સંયમશીલ વિદુરજીએ, **इत्थम्**–આ પ્રમાણે, **चोदितः**–પ્રેરણા કરેલા, **सः मुनिः**–તે મૈત્રેય મુનિ, **भगवच्चित्तः**–ભગવાનમાં ચિત્ત પરોવીને, **गतस्मयः**–ગર્વરહિત થઈ ને, **स्मयन् इव प्रत्याह**–જાણે હસતા હોય તેમ બોલવા લાગ્યા. ૮

અનુવાદ—તત્ત્વને જાણવાની વાંછાવાળા સંયમશીલ વિદુરજીએ આ પ્રમાણે પ્રેરણા કરી ત્યારે મૈત્રેય મુનિ ભગવાનમાં ચિત્ત પરોવી ગર્વ વિનાના થઈ જાણે સ્મિત કરતા હોય તેમ બોલવા લાગ્યા. ૮

તત્ત્વસુધા—વિદુરજીના પ્રશ્નને અનુવાદ સ્વરૂપે શુકદેવજી વ્યક્ત કરે છે. વિદુરજી **क्षत्रा** સંયમશીલ હોવાથી, ભક્ત હોવાથી, પ્રશ્ન દ્વારા પ્રેરણા કરે છે. મૈત્રેયજી ભગવચ્ચિત્ત હોવાથી ભક્ત અને સાવધ વક્તા છે તેથી ઉત્તર પ્રદાન માટે પણ તેઓ પૂર્ણ યોગ્ય છે. તેઓ નવમા શ્લોકથી પૂર્વ પ્રશ્નોનું નિરાકરણ કરશે. ૮

मैत्रेय उवाच – सेयं भगवतो माया यन्नयेन विरुध्यते ॥
ईश्वरस्य विमुक्तस्य कार्पण्यमुत बन्धनम् ॥ ९ ॥

અન્વયાર્થ—इयं सा–આ તે જ, **भगवतः**–ભગવાનની, **माया**–માયા છે કે, **यत्**–જેમાં, **ईश्वरस्य**–સમર્થ અને **विमुक्तस्य**–વિમુક્તનું, **कार्पण्यम्**–કૃષ્ણપણું–પરવશપણું, **उत**–અને, **बन्धनम्**–બંધન, જે **नयेन** નીતિથી, **विरुध्यते**–વિરુદ્ધ ભાસે છે. ૯

અનુવાદ—આ તે ભગવાનની માયા છે કે જે માયામાં ઈશ્વર અને નિત્યમુક્તનુ કૃષ્ણપણું તેમજ બંધનપણું છે જે ન્યાયથી જોતાં વિરુદ્ધ લાગે. છે. ૯

તત્ત્વસુધા - મૈત્રેય મહર્ષિ વિદુરજીની શંકાનું સમાધાન કરે છે કે ભગવાનની તે અચિન્ત્ય માયાને તેવી જ સ્વીકારવાની છે કે તેનો દેખીતી રીતે **नयेन** તર્કની સાથે વિરોધ લાગે. આ વિરોધનું વિદુરજી તમે નિરૂપણ કરેલ છે તેથી મારે વિરોધ કેવી રીતે આવે છે તે બતાવવાનું બાકી નથી રહેતું. દાખલા તરીકે અનેક રંગનાં દર્પણોમાં સૂર્યનાં કિરણોનો એક ક્ષણમાં સંબંધ થાય છે, ત્યારે એક જ ક્ષણમાં જુદા જુદા પ્રકારના પ્રકાશ દેખાય છે.

.B.
-10

તેવી જ રીતે ભગવાનના અંશોને માયાનો સંબંધ થતાં કાર્યો જુદા જુદા પ્રકારનાં દેખાય છે. પરિણામે જીવમાં કાર્પણ્ય પણ દેખાય છે તેમજ બંધન પણ દેખાય છે.

માટે માયાને સમજવાનો પ્રયત્ન કરવાને બદલે તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો. જ્યારે તે દૂર થશે અને સાક્ષાતકાર થશે ત્યારે સર્વ સંદેહો નિવૃત્ત થઈ જશે. ૯

यदर्थेन विनामुष्य पुंस आत्मविपर्ययः ।।
प्रतीयत उपद्रष्टुः स्वशिरच्छेदनादिकः ।। १० ।।

અન્વયાર્થ—**यद्**–જેમ સ્વપ્નમાં, **उपद्रष्टुः**–સમીપથી જોનાર, **अमुष्य**–આ, **पुंसः**–પુરુષને, **अर्थेन विना** –પદાર્થ વિના–વસ્તુ વિના, **स्व–शिरः–छेदन–आदिकः**–પોતાના મસ્તકના કપાવવાનું દર્શન થાય છે તેમ, **आत्म–विपर्ययः**–પોતાના આત્મધર્મથી વિપરીતપણું, **प्रतीयते**–જોવામાં આવે છે. ૧૦

અનુવાદ—જેમ સ્વપ્નમાં સમીપથી જોનાર આ પુરુષને પદાર્થ વિના (મસ્તક કપાયા વિના) પોતાનો શિરચ્છેદ વગેરે દેખાય છે તેમજ જીવાત્માને પણ અન્તઃકરણ અને દેહનો ધર્મો સુખદુઃખાદિ પોતાનામાં દેખાય છે. ૧૦

તત્ત્વસુધા—માયાનું વૈચિત્ર્ય કેવું હોય છે તે દૃષ્ટાન્તથી સમજાવે છે—

'**यदर्थेन विना**'—ઊંઘતા મનુષ્યને સ્વપ્નમાં પોતાનું મસ્તક કપાયેલ દેખાયું અને તેથી તેને પીડા થઈ રડયો, કલેશ થયો. ત્યાં આશ્ચર્ય છે કે જો મસ્તક કપાયું તો આંખ મસ્તકમાં ગઈ પછી કેવી રીતે પોતાનો શિરચ્છેદ તે જોઈ શકે. પરંતુ આ વસ્તુને માયા કહે છે. જેમ આ વિરુદ્ધ દર્શન થયું. નથી કપાતું છતાં મસ્તક કપાયેલું દેખ્યું. વળી દેખનાર આંખ તો પેલા કપાયેલ મસ્તકમાં છે છતાં તે શિરચ્છેદને જુએ છે. તેમજ માયા આત્માની નજીક છે તેને પરિણામે આત્મા હદવાળો અને બહારનો દેખાય છે. ૧૦

यथा जले चन्द्रमसः कम्पादिस्तत्कृतो गुणः ।।
दृश्यतेऽसन्नपि द्रष्टुरात्मनो नात्मनो गुणः ।। ११ ।।

અન્વયાર્થ—**यथा**–જેમ, **जले**–જલમાં, **कम्पादिः**–કંપવું વગેરે, **तत्कृतः**–જલનો કરેલ છે તે, **चन्द्रमसः** –ચન્દ્રમાનો, **गुणः असन् अपि**–ગુણ નથી છતાં, **दृश्यते**–દેખાય છે તેવી જ રીતે, **द्रष्टुः**–દ્રષ્ટા–જોનાર, **आत्मनः**– આત્મામાં નથી છતાં, **अनात्मनः**–જડનો, **गुणः**–ગુણ, **दृश्यते**–જોવામાં આવે છે. ૧૧

અનુવાદ—જેમ જલમાં કંપવું વગેરે જલનો ધર્મ છે તે ચન્દ્રનો નથી તો પણ જલમાં પ્રતીતિ થાય છે, તેમ આ આત્મા દ્રષ્ટા છે તો પણ તેનામાં જડનો ગુણ દેખાય છે. ૧૧

તત્ત્વસુધા—આત્મામાં અન્ય ધર્મો કેવી રીતે દેખાય છે તે દૃષ્ટાંતથી સમજાવે છે—

પાણીમાં પવનને લીધે કમ્પન શરૂ થાય છે. તે પાણીમાં ચન્દ્રમાના પ્રતિબિંબે પ્રવેશ કર્યો ત્યારે તે કમ્પન ચન્દ્રમાં દેખાવા લાગ્યું. તે કદી સત્ય નથી તેમજ આત્મા માયામાં પ્રવેશ કરે છે. માયા આત્મામાં પ્રવેશતી નથી. માયામાં પ્રવેશેલા આત્મામાં જડના ધર્મો દેખાય તે પોતાના નથી આ સર્વ માયાનું પરિણામ છે.

એક સિંહ ઝાડ નીચે આવે છે. તે વૃક્ષ નીચે બેઠો છે. તેના ઉપર એક વાનર અને એક વિવેકી નર બેઠા હતા. તેમની છાયા તરુવર નીચે હતી. વાનરની છાયા ઉપર સિંહે પ્રહાર કરવા માંડયો. વાનરને લાગ્યું કે પોતાને

---

१. यदर्थमात्मनामुष्य प्रा. पा.

વાગ્યુ ને તમ્મર ખાઈ નીચે પડ્યો તેને સિંહ ખાઈ ગયો. જ્યારે વિવેકશીલ નર તો છાયાને તે પ્રમાણે પ્રહાર કરવા લાગ્યો ત્યારે તે હસવા લાગ્યો. સિંહ ત્યાંથી ચાલ્યો ગયો. તેમ માયા વિવેકશીલને મોહ પમાડતી નથી. ૧૧

स वै निवृत्तिधर्मेण वासुदेवानुकम्पया ॥
भगवद्भक्तियोगेन तिरोधत्ते शनैरिह ॥ १२ ॥

અન્વયાર્થ—**वै**-ખરેખર, **सः**-તે માયાસંબંધ, **निवृत्ति-धर्मेण**-નિવૃત્તિધર્મથી, **वासुदेव-अनुकम्पया**-ભગવાનની કૃપાથી, **भगवद्-भक्ति-योगेन**-ભગવાનની ભક્તિના યોગથી, **इह**-આ જન્મમાં, **शनैः**-ધીરે ધીરે, **तिरोधत्ते**-દૂર થાય છે. ૧૨

અનુવાદ—ખરેખર તે માયાનો સંબંધ નિવૃત્તિધર્મથી, ભગવાનની કૃપાથી અને ભગવાનના ભક્તિયોગથી આ જન્મમાં ધીરે ધીમે દૂર થાય છે. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં માયાના સંબંધની નિવૃત્તિના ત્રણ કારણ દર્શાવે છે—

૧ '**निवृत्तिधर्मेण**' પ્રથમ કારણ નિવૃત્તિધર્મ છે. ત્રિદોષથી જેમ મનુષ્ય મૃત્યુ પામે છે, તેમ ત્રણ ધર્મથી માયાના સંબંધની નિવૃત્તિ થાય છે. આ ત્રણ ધર્મમાં પ્રથમ ધર્મ નિવૃત્તિના ગુણોથી માયાના સંબંધની નિવૃત્તિ થાય છે. માયાના ગુણોની સંખ્યા ૧૧ છે: (૧) શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પરિત્યાગ, (૨) ત્યાગ કરેલનો પુનઃ અસ્વીકાર, (૩) એકાન્તવાસ, (૪) તીર્થવાસ, (૫) મૌનાવલંબન, (૬) શ્રીકૃષ્ણચિંતન, (૭) ત્રિદુઃખસહન, (૮) સામો અપકારથી બદલો ન વાળવો, (૯) દયા, (૧૦) સંતોષ અને (૧૧) મનોવિજય આ અગિયાર નિવૃત્તિના ધર્મો છે.

૨ '**वासुदेवानुकम्पया**' વાસુદેવ વિશુદ્ધ સત્ત્વવાળા હૃદયના સ્વામી છે. ભગવાન વાસુદેવ અન્તઃકરણમાં બિરાજી કૃપાદૃષ્ટિ કરે છે, ત્યારે માયાનો સહવાસ છૂટે છે.

૩ '**भगवद्-भक्ति-योगतः**'—ભગવાની સેવાથી માયાનો સંબંધ છૂટે છે. પ્રથમ ધર્મ બીજામાં કારણ છે. બીજો ધર્મ ત્રીજામાં કારણ છે. ત્રીજો ભક્તિયોગ માયા સંબંધ છૂટવામાં કારણ છે. ૧૨

यदेन्द्रियोपरामोऽथ द्रष्टात्मनि परे हरौ ॥
विलीयन्ते तदा क्लेशाः संसुप्तस्येव कृत्स्नशः ॥ १३ ॥

અન્વયાર્થ—**यदा**-જ્યારે, **इन्द्रिय-उपरामः**-ઇન્દ્રિયો વિષયોથી જ્યારે પાછી વળે છે, **अथ**-ત્યારે, **परे**-પ્રકૃતિથી પર, **हरौ आत्मनि**-શ્રીહરિના આત્મામાં, **द्रष्टा**-જોનાર થાય છે, **तदा**-ત્યારે, **संसुप्तस्य**-સુષુપ્તિમાં રહેલાનાં દુઃખોની **इव**-માફક, **कृत्स्नशः**-સર્વાંશમાં, **क्लेशाः**-ક્લેશો, **लीयन्ते**-વિલીન થાય છે. ૧૩

અનુવાદ—જ્યારે ઇન્દ્રિયો વિષયોથી પાછી વળે છે ત્યારે પ્રકૃતિથી પર શ્રીહરિ ભગવાનમાં જોનાર થાય છે. ત્યારે સુષુપ્તિમાં રહેલાના સમસ્ત ક્લેશોની માફક સમગ્ર દુઃખો વિલીન થાય છે. ૧૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં द्रष्टात्मनि અને द्रष्ट्रात्मनि એવા બે પાઠ છે. પ્રથમ પાઠ પ્રમાણે ઉપર કર્યો તેમ અર્થ થાય છે. બીજા પાઠ પ્રમાણે "જ્યારે સર્વના દ્રષ્ટા પરમાત્મા શ્રીહરિમાં ઇન્દ્રિયો વળે છે ત્યારે સ્વપ્નદશામાં રહેલાનાં સર્વ દુઃખો નિવૃત્ત થાય છે, તેમ સર્વ ક્લેશો નિવૃત્ત થાય છે" એવો અર્થ થશે. दृष्ट्वात्मनि એવો પણ પાઠ છે.

---

૧. द्रष्ट्रात्मनि दृष्ट्वात्मनि इत्यपि प्रा. पा.

सुषुप्तस्येव—સુષુપ્તિમાં જીવ બ્રહ્મને ભેટે છે. ત્યારે સર્વ ક્લેશો નિવૃત્ત થાય છે. તે પ્રકારે સર્વ ઇન્દ્રિયોનું પ્રથમ વિષયોમાંથી નિવૃત્ત થવું જોઈએ. ત્યારબાદ ભગવાન તરફ તે વળી શકે છે. ભગવાન તરફ વળતાં સ્વતઃ દુઃખોની નિવૃત્તિ થશે. ૧૩

अशेषसंक्लेशशमं विधत्ते गुणानुवादश्रवणं मुरारेः ॥
[1]कुतः पुनस्तच्चरणारविन्दपरागसेवारतिरात्मलब्धा ॥ १४ ॥

અન્વયાર્થ—**मुरारेः**-મુરારિ ભગવાનના, **गुण-अनुवाद-श्रवणम्**-ગુણગાનનું શ્રવણ, **अशेष-संक्लेश-शमम्**-સમસ્ત ક્લેશોનું શમન, **विधत्ते**-કરે છે. **पुनः**-તો પછી, **आत्मलब्धा**-સ્વયં મળેલી, **तत्-चरण-अरविन्द-पराग-सेवा-रतिः**-ભગવાનના ચરણારવિંદની રજની સેવામાં રહેલી પ્રીતિ ક્લેશોને હરે એમાં **कुतः**-પૂછવું શું ? (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૧૪

અનુવાદ—જો મુરારિ ભગવાનના ગુણગાનનું શ્રવણ સમસ્ત દુઃખોને દૂર કરે છે તો પછી પ્રભુકૃપાથી સ્વયં મળેલી એવી પ્રભુના ચરણકમળની રજની સેવામાં પ્રીતિ ક્લેશોને હરે એમાં પૂછવું જ શું ? ૧૪

તત્ત્વસુધા—" कैमुत्यन्याय " થી આ શ્લોકમાં ભગવચ્ચરણ સેવાનુરાગનું ફલ સમજાવે છે-

ક્રમશઃ ૧૨, ૧૩, ૧૪, ત્રણ શ્લોકોમાં કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગની રીતિ પ્રમાણે દુઃખનિવૃત્તિનાં ત્રણ સાધનો બતાવ્યાં છે. આ શ્લોકમાં હરિકથા-શ્રવણ અને હરિચરણ-સેવાની પ્રીતિનું ફળ દર્શાવ્યું છે તે ભક્તિ-માર્ગની રીતિ છે.

" अशेषसंक्लेश " અશેષ સંક્લેશ એટલે સમસ્ત ક્લેશો એવો અર્થ થશે. ક્લેશો તો અસંખ્ય છે. પરંતુ " અહં મમ " થી થનાર સંસાર ક્લેશ છે. અથવા " અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, દુરાગ્રહ " આ પાંચ ક્લેશોમાં બધા ક્લેશો સમાઈ જાય છે. આ પાંચ ક્લેશોના નિવારણમાં " હરિકથા-શ્રવણ " શ્રેષ્ઠ સાધન છે. કથાશ્રવણ સમયે પાપ અને આસક્તિ બન્નેનો નાશ થાય છે. આ કથાશ્રવણ मुरारेः મુરારિ ભગવાનનું છે. " મુરારિ " ભગવાન ભક્તિમાર્ગમાં આવતાં વિઘ્નોને દૂર કરે છે. " મૂલાવિદ્યા " મોટું વિઘ્ન છે. ભગવાન તેને હરે છે તેથી " मुरारि " સંજ્ઞા પડી છે.

' गुणानुवादश्रवणम् '—ગુણાનુવાદનું શ્રવણ, અથવા ગુણોનું ગાન કરવું અને શ્રવણ કરવું, અથવા गुणानामनुवादा येषु ते गुणानुवादाः भागवतादयः तेषां श्रवणम् જેમાં ભગવાનના ગુણાનુવાદો છે તેવા શ્રીમદ્ ભાગવત, રામાયણ આદિનું શ્રવણ જો સમગ્ર ક્લેશને હરે છે તો " વ્યાખ્યાન "નો મહિમા તો અપાર છે. શ્રવણમાં એક ઇન્દ્રિયનો અને બે ઇન્દ્રિયનો નિરોધ થાય છે.

" तच्चरणारविन्दपरागसेवारतिः " ગુણગાન શ્રવણનો જો આવો પ્રભાવ છે તો સેવાનો પ્રભાવ કઈ વાણીમાં વર્ણવવો ? પ્રથમ परागसेवारतिः ચરણકમલરજ-સેવામાં અનુરાગ કરવો. મુરારિના ચરણની શ્રીગંગાજીમાં, ભગવદીયના દેહમાં, મથુરા વ્રજપ્રદેશમાં છે. પ્રથમ તે ત્રણની સેવા કરવી પછી ચિત્ત રસપૂર્ણ બને ત્યારે પ્રભુચરણ-સેવા કરવી. " ચરણની સેવા રસ રૂપ " છે. અને ભજનાનંદ સ્વતંત્ર શ્રેષ્ઠ પુરુષાર્થ છે. ૧૪

विदुर उवाच – संछिन्नः संशयो मह्यं तव सूक्तासिना विभो ॥
उभयत्रापि भगवन्मनो मे संप्रधावति ॥ १५ ॥

અન્વયાર્થ—**विभो**-હે વિભો ! **तव सु-उक्त-असिना**-આપનાં ઉત્તમ વાક્યરૂપ ખડ્ગથી, **मह्यम्**-મારો, **संशयः संछिन्नः**-સંશય સર્વથા કપાયો છે. વળી **भगवन्**-હે ભગવન્ ! **मे**-મારું, **मनः**-મન,

---

[1] किं वा. प्रा. पा.

उभयत्र अपि-ભગવાનની સ્વતંત્રતા અને જીવની પરતંત્રતારૂપ બન્ને બાબતમાં, **संप्रधावति**-સારી રીતે દોડે છે. ૧૫

અનુવાદ—વિદુરજી બોલ્યા : હે સમર્થ મૈત્રેયજી ! આપની સદુક્તિરૂપ ખડ્ગથી મારો સંશય સર્વથા છેદાયો છે. હે ભગવન્ ! મારું મન ભગવાનની સ્વતંત્રતા અને જીવની પરતંત્રતા એમ બન્ને બાબતમાં સારી રીતે સમજે છે. ૧૫

તત્ત્વસુધા—વિદુરજી કબૂલ કરે છે કે મહર્ષિ મૈત્રેય ! આપની શાસ્ત્રીય અને રસાલ સરલ વાણીથી મારો સંશય સર્વથા ક્ષીણ થયો. શ્રદ્ધા પણ જાગી. જો કે મનનો સ્વભાવ તર્ક કરવાનો છે પરંતુ હવે તો બુદ્ધિની સાથે તે ભગવાનની સ્વતંત્રતાની દિશામાં અને જીવની પરતંત્રતાની દિશામાં સમજપૂર્વક પ્રવેશી રહ્યું છે. ‘ સૂક્ત ’ એટલે યુક્તિયુક્ત વાક્ય. સંતોનાં વાક્યો શ્રુતિ, સ્મૃતિ, વ્યવહાર, અનુભવ અને યુક્તિયુક્ત હોય છે. ૧૫

साध्वेतद्व्याहृतं विद्वन्नात्ममायायनं हरेः ॥
आभात्यपार्थं निर्मूलं विश्वमूलं न यद्बहिः ॥ १६ ॥

અન્વયાર્થ—**विद्वन्**-હે વિદ્વન્ ! **आत्म-माया-अयनम्**-ભગવાનના અંશ જીવને વ્યામોહ કરનારી માયાના આશ્રયવાળું માટે, **निर्मूलम्**-મૂલ વિનાનું જગત, **अपार्थम्**-નિરર્થક, **आभाति**-ભાસે છે. **एतद्**-એમ આપનું, **साधु व्याहृतम्**-બરાબર કહેલું છે. **यद्**-જે, **विश्वमूलम्**-વિશ્વનું મૂળ છે તે, **हरेः**-હરિ વિના, **बहिः**-અન્ય, **न**-નથી સંભવતું. ૧૬

અનુવાદ—હે વિદ્વન્ ! ભગવદંશ એવા જીવને મોહ કરનારી માયાએ રચેલું મૂલ વિનાનું જગત નિરર્થક ભાસે છે એમ આપે બરાબર જ કહ્યું છે. જે વિશ્વનું મૂલ છે તે તો હરિ વિના અન્ય નથી સંભવતું. ૧૬

તત્ત્વસુધા—શ્રીવિદુરજી મૈત્રેય મુનિને ‘ વિદ્વન્ ’ સંબોધન કરે છે. તેનું કારણ કે આપે જે વાત કહી તે કેવલ શાસ્ત્રદૃષ્ટિથી જ કહી નથી, પરંતુ આપનો અનુભવ પણ છે તેથી આપે યોગ્ય જ કહ્યું છે.

શ્રીહરિએ સરજેલા બ્રહ્મસ્વરૂપ જગતની જે અન્યથા પ્રતીતિ થાય છે તે ભગવાનના અંશ જીવોને મોહ પમાડનારી માયા મધ્યમાં અન્યથા દેખાડે છે તે નિર્મૂલ છે અને નિરર્થક છે. જેમ છીપમાં રજત દેખાય છે તે આરંભમાં કે અંતમાં નથી હોતું માત્ર મધ્યમાં જ દેખાય છે. જ્યારે તેના તલનું રેતીના સ્થળનું દર્શન થાય છે ત્યારે તે પ્રતીતિ ચાલી જાય છે. તેમ બ્રહ્મસ્વરૂપ જગતમાં મધ્યમાં જ અન્યથા ભાન થાય છે પરંતુ જ્યારે તલજ્ઞાન થશે ત્યારે નિવૃત્ત થશે. તાત્પર્ય કે ભગવાનની આત્મમાયા-જીવમાયા મોહ કરનારી છે. તેને લીધે બ્રહ્મમાં જડતા અને અનાત્મામાં આત્માનું સ્ફુરણ થાય છે. એવું મૈત્રેયનું કથન છે. વિદુરજી તેને સંમત થાય છે. અને કહે છે કે- જે ન હોય, તેનું મૂળ જ ન હોય તેનું દેખાડવું તે માયાનું કાર્ય છે. તેથી જે માયાનો રચેલો “ અન્તરાસર્ગ ” છે તે ખોટો છે. મિથ્યા છે. નિર્મૂળ છે. વિશ્વનું મૂળ બ્રહ્મ છે. બહારના વિષયો વિશ્વમૂળ નથી. ૧૬

यश्च मूढतमो लोके यश्च बुद्धेः परं गतः ॥
तावुभौ सुखमेधेते क्लिश्यत्यन्तरितो जनः ॥ १७ ॥

અન્વયાર્થ—**लोके यः मूढतमः**-લોકમાં જે અત્યંત મૂઢ છે, **च**-અને જે, **बुद्धेः पर गतः**-બુદ્ધિનો પારંગત છે, **तौ उभौ सुखम् पधेते**-તે બન્ને સુખ પામે છે, **च**-અને, **अन्तरितः**-અધકચરો છે તે **जनः**-મનુષ્ય, **क्लिश्यति**-દુઃખી થાય છે. ૧૭

અનુવાદ—લોકમાં જે અત્યંત મૂઢ છે તેમજ પુષ્કળ બુદ્ધિનો પારંગત છે તે બન્ને સુખ પામે છે. પરંતુ જે અધકચરો છે–અધવચ્ચ છે તે મનુષ્ય દુઃખી થાય છે. ૧૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભક્ત કે જ્ઞાની સંદેહ વિનાના બની ભગવાનને પામે છે. પરંતુ અર્ધદગ્ધની અવદશા થાય છે એવું સૂચવે છે.

'**यश्च मूढतमः**' જે મૂઢતમ એટલે જ્ઞાન માટે પ્રવૃત્તિશૂન્ય છે તે મૂર્ખ છે એવું તેનું તાત્પર્ય નથી. પરંતુ લોકની રીતે રહે છે. જ્ઞાન શું છે તે માટે તેણે જરા પણ પ્રવૃત્તિ કરી નથી. ભક્તિથી માયાને દૂર કરવાની પ્રવૃત્તિ કરતાં તેના ઉપર ભગવાનની કૃપા થઈ. તેથી કોઈ સંદેહ રહ્યો નહીં અને ભગવાનને પામ્યો, તે તરી ગયો. મૂઢતમ જાતે શાસ્ત્રનું ચિંતન કરી નિર્ણય ન કરનાર પરંતુ ગુરુના આદેશને શ્રદ્ધાથી પાળનાર વિશ્વાસુ.

यश्च बुद्धेः परंगतः–બીજો બુદ્ધિમાં પારંગત છે, તે સદ્‌ગુરુ પાસે જિજ્ઞાસાથી ગયો, ગુરુએ જ્ઞાનનો બોધ આપ્યો. ભગવાનની કૃપા થઈ. તેની મોહ કરનારી બુદ્ધિનો નાશ થયો. વિવેકબુદ્ધિ મળી. પછી તે સ્વરૂપસ્થ થયો એટલે તેનો ક્લેશ ગયો.

अन्तरित–જ્ઞાન અને ભક્તિ એમાંથી કોઈનું અવલંબન ન લીધું તે સર્વથા મુઝાયો. સામાન્ય રીતે નાવમાં બેઠો તે નિર્ભય થઈ પાર ઊતરી ગયો. અથવા જે સિદ્ધ તારો થયો તે પાર ઊતરી ગયો. પરંતુ તરતાં આવડતું ન હતું તે અકળાયો. ૧૭

अर्थाभावं विनिश्चित्य प्रतीतस्याप्यनात्मनः[1] ॥
तां चापि युष्मच्चरणसेवयाहं पराणुदे ॥ १८ ॥

અન્વયાર્થ—अनात्मनः–જડસ્વરૂપે, **प्रतीतस्य**–દેખાતું હોવા છતાં, **अर्थ–अभावम्**–વાસ્તવિક સ્થિતિવાળું નથી, એમ **विनिश्चित्य**–નિશ્ચય કરીને. **युष्मत्–चरणसेवया**–આપના ચરણકમલની સેવાથી, **अहम्**–હું, **तां च अपि**–તે દેખાવને પણ, **पराणुदे**–દૂર કરીશ. ૧૮

અનુવાદ—જડ દેખાતું હોવા છતાં વાસ્તવિક સ્થિતિવાળું નથી એવો નિશ્ચય કરીને આપના ચરણની સેવાથી તે દેખાવને પણ હું દૂર કરીશ. ૧૮

તત્ત્વસુધા—શ્રુતિએ કહ્યું છે કે ' 'आत्मैवेदं सर्वम्' આ સર્વ આત્મા છે. દેખાતો પદાર્થ વાસ્તવિક સ્થિતિવાળો નથી. આ રીતે જડ વાસ્તવિક સ્થિતિવાળું ન હોવાનું સિદ્ધ થયેલું છે. પરંતુ તેનો જડ તરીકે દેખાવ બાકી રહ્યો છે તે જ્ઞાનથી અડધો નિવૃત્ત થયો છે પરંતુ આપની સેવાના બળથી તે દેખાવને પણ દૂર કરીશ.

તાત્પર્ય–'**आत्मैवेदं सर्वम्**' શ્રુતિ કહે છે આ સર્વ આત્મા જ છે તેથી અનાત્મામાં કાંઈ અર્થ નથી એ નિશ્ચય છે. તેથી જે દેખાય છે તે અનાત્મરૂપે થતું હોવાથી અનર્થરૂપે છે. અર્થરૂપ તો બ્રહ્મ છે. એની તો પ્રતીતિ–દર્શન નથી થતી. પ્રતીતિ થાય છે તે બ્રહ્મ નથી, તો પણ આપની કૃપાથી ખોટી પ્રતીતિને દૂર કરીશ. ૧૮

यत्सेवया भगवतः कूटस्थस्य मधुद्विषः ॥
रतिरासो भवेत्तीव्रः पादयोर्व्यसनार्दनः ॥ १९ ॥

અન્વયાર્થ—यत्सेवया–જેમની સેવાથી, **मधुद्विषः–कूटस्थस्य**–મધુદૈત્યનો નાશ કરનાર, નિર્વિકાર, **भगवतः**–ભગવાનના, **पादयोः**–ચરણકમલમાં, **व्यसन–अर्दनः**–દુઃખોને દૂર કરનાર, **तीव्रः**–ઉત્કટ શ્રેષ્ઠ, **रतिरासः**–સ્નેહનો વિલાસ, **भवेत्**–થાય છે. ૧૯

---

[1] प्रतीतस्थापि नात्मनः, प्रतीतश्चापि प्रा. पा.

અનુવાદ—સંતોની સેવાથી, મધુ દૈત્યનો નાશ કરનાર વિકાર વિનાના ભગવાનના ચરણકમળમાં દુ:ખોને દૂર કરનાર એવા સ્નેહનો વિલાસ થાય છે. ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં ગુરુસેવાથી ભગવાનના માર્ગમાં ભક્તિ મળે છે એ વસ્તુઓ વર્ણવશે.

‘**यत्-सेवया येषां सेवया यस्य सेवया वा**’ સંતોની કે ગુરુની સેવા ભગવાનના ચરણમાં ભક્તિનું પ્રદાન કરે છે. કેવલ ભક્તિમાં કે ભક્તિમાર્ગમાં જ નહીં પરંતુ કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણે માર્ગમાં ગુરુસેવા ઉપયોગી છે તે દર્શાવતાં ત્રણ પદો આપ્યાં છે.

‘**भगवतः**’ ભગવાન શબ્દ ભક્તિમાર્ગમાં રૂઢ છે. તેથી ભક્તિમાર્ગમાં ગુરુસેવા ઉપકારક છે એમ કહ્યું. ‘**कूटस्थस्य**’ કૂટસ્થ શબ્દનો અર્થ “ નિર્વિકાર ” થાય છે. આ શબ્દ જ્ઞાનમાર્ગનો ગ્રાહક છે. ‘**मधुद्विषः**’ કર્મમાર્ગનો બોધ કરાવે છે. મધુ શબ્દના બે અર્થ છે: પુષ્પોમાંથી બનેલું મધ અને ‘ મધુ ’ નામનો દૈત્ય. જેમ ‘ મધ ’ સમસ્ત પુષ્પોનો રસ છે, તેમ ‘ મધુ ’ દૈત્ય સમસ્ત દેવોનાં એકત્ર કરેલ બલમાં દૈત્યનો સ્વભાવ મૂકી પ્રકટ કરેલ “ મધુ ” અને કૈટભ નામના દૈત્ય છે. “ મધુ ” ધર્મનો વિરોધી છે. કૈટભ જ્ઞાનના અંશનો વિરોધ કરે છે. ભગવાન કર્મ દ્વારા મધુ દૈત્યનો અને જ્ઞાન દ્વારા કૈટભનો નાશ કરે છે. કપિલાખ્યાનમાં कैटभार्दनः ૩-૨૪-૧૮મા શ્લોકમાં કહ્યું છે. ૧૯

दुरापा ह्यल्पतपसः सेवा वैकुण्ठवर्त्मसु ॥
यत्रोपगीयते नित्यं देवदेवो जनार्दनः ॥ २० ॥

અન્વયાર્થ—**हि**-ખરેખર, **अल्प-तपसः**-અલ્પ તપવાળા પુરુષને, **वैकुण्ठ-वर्त्मसु**-વૈકુંઠના માર્ગમાં, **सेवा**-સેવાવૃત્તિ, **दुरापा**-દુર્લભ છે. **यत्र**-જ્યાં, **नित्यम्**-નિરંતર, **देवदेवः**-દેવાધિદેવ, **जनार्दनः**-જનાર્દન, **उपगीयते**-ગવાય છે. ૨૦

અનુવાદ—ખરેખર અલ્પ પુણ્યવાળાને વૈકુંઠમાર્ગમાં સેવા પ્રાપ્ત થવી અત્યંત કઠિન છે કે જ્યાં દેવાધિદેવ ભગવાન જનાર્દનનું નિત્ય ગાન કરાય છે. ૨૦

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં ગુરુસેવાથી ભક્તિમાર્ગમાં તીવ્ર રસ મળે છે એમ કહ્યું ત્યારે એક પ્રશ્ન ઊભો થયો કે શા માટે બધા ગુરુસેવા કરતા નથી? એના ઉત્તરમાં આ શ્લોક કહ્યો ‘ दुरापा अल्पतपसः ’—“ વૈકુંઠવર્ત્મ ” શબ્દનો અર્થ વૈકુંઠના માર્ગ સમાન સદ્‌ગુરુઓ, સંતવરો અને પરમ ભગવદીય જનો. જેમનો સ્વભાવ સદા દેવાધિદેવ જનાર્દન ભગવાનનાં ગુણગાન કરવાનો છે, તે જ ભક્તજનો છે કે “ **नित्यं** ” નિત્ય જેમના સહવાસમાં ભગવદ્‌ગુણચર્ચા જ થાય છે. ‘ यत्र ’-ના વૈકુંઠમાં અથવા ભક્તવૃન્દમાં એવા બે અર્થ કરવા. તાત્પર્ય કે ગુરુજન-ભક્તજનમાં ભક્તિભાવ થવો એ અનેક જન્મનાં તપ-પુણ્યનું ફળ છે માટે પ્રથમ તપ પછી ગુરુસેવા અને અન્તમાં ભગવદ્‌ચરણાનુરાગ એવો ક્રમ થયો. ૨૦

सृष्ट्वाग्रे महदादीनि सविकाराण्यनुक्रमात् ॥
तेभ्यो विराजमुद्धृत्य तमनु प्राविशद्विभुः ॥ २१ ॥

यमाहुराद्यं पुरुषं सहस्राङ्घ्र्यूरुबाहुकम् ॥
यत्र विश्व इमे लोकाः सविकासं समासते ॥ २२ ॥

અન્વયાર્થ—**अग्रे**-પ્રથમ, **सविकाराणि**-વિકારો સાથે, **महदादीनि**-મહત્‌તત્ત્વ વગેરેને, **अनुक्रमात्**-અનુક્રમે, **सृष्ट्वा**-ઉત્પન્ન કરીને, **तेभ्यः**-તેમનામાંથી, **विराजम्**-વિરાટને, **उद्धृत्य**-અલગ કરીને, **विभुः**-સમર્થે, **तम्**-તેમાં, **अनु-प्र-आविशत्**-પ્રવેશ કર્યો. ૨૧

यम्–જેમને, **सहस्र–अङ्घ्रि–ऊरु–बाहुकम्**– હજાર ચરણ, સાથળ અને બાહુવાળા, **आद्यं पुरुषम्**–આદિ પુરુષ, **आहुः**-કહે છે. **यत्र**–જેમાં, **इमे**–આ, **विश्वे लोकाः**-સમસ્ત લોકો, **सविकासम्**–છૂટપૂર્વક **आसते**–રહે છે. ૨૨

અનુવાદ—સમર્થ વિભુએ પ્રથમ વિકાર યુક્ત મહતૂતત્ત્વોને ક્રમે કરી ઉત્પન્ન કર્યાં. બાદ તેમાંથી વિરાટનો ઉદ્ધાર કરી પાછળથી તેમાં પ્રવેશ કર્યો. ૨૧

જેમને હજાર ચરણ, સાથળ અને બાહુવાળા આદિ પુરુષ કહે છે. જેમાં આ બધા લોકો છૂટપૂર્વક રહે છે. ૨૨

તત્ત્વસુધા—શ્રોતા–વક્તાએ ચાલુ કથાના પ્રસંગમાં ભાવભીનાં હૃદયો વાણીમાં પ્રકટ કર્યાં. પ્રસંગ ચાલતો હતો ૨૩ તત્ત્વોની સૃષ્ટિનો. પાછા તે જ પ્રસંગનો આરંભ કરવા અને સળંગ સંગતિ ચાલુ રહે એવા આશયથી લગભગ પૂર્વમાં વર્ણવેલી ઉત્પત્તિની ચર્ચાનો અહીં શ્લોકમાં ફરીથી ઉલ્લેખ કરે છે.

વિભુએ ૨૩ તત્ત્વો विकाराणि એટલે સાત્ત્વિક, રાજસ, તામસ ભેદો, અથવા અધિભૂત, અધિદૈવ, અધ્યાત્મ એવા ભેદો ક્રમથી રચ્યા. વિરાટને અલગ કર્યા અને તે વિરાટમાં પ્રવેશ કર્યો. ૨૧

'यमाहुः'–ભગવાને વિરાટમાં પ્રવેશ કર્યો. આ વિરાટનું નામ આદ્યપુરુષ છે. આ આદ્યપુરુષને અનંત હાથપગ વગેરે છે. આ વિરાટમાં સમસ્ત લોકો સાવકાશ વસે છે. ૨૨

यस्मिन् दशविधः प्राणः सेन्द्रियार्थेन्द्रियस्त्रिवृत् ॥
त्वयेरिता यतो वर्णास्तद्विभूतीर्वदस्व नः ॥ २३ ॥

અન્વયાર્થ—**यस्मिन्**–જેમાં, **स–इन्द्रिय–अर्थ–इन्द्रियः**–ઇન્દ્રિયોના વિષયો અને ઇન્દ્રિયો સાથે, **दशविधः**–દશ પ્રકારના, **प्राणः**–પ્રાણ, **त्रिवृत्**–ત્રણ પ્રકારે રહેલા છે. **यतः**–જેમાંથી, **त्वया**–આપે, **वर्णाः**–વર્ણો, **ईरिताः**–કહેલા છે. **तद्–विभूतीः**–તેની વિભૂતિઓ, **नः**–અમને **वदस्व**–કહો. ૨૩

અનુવાદ—જેનામાં દશ પ્રકારના પ્રાણ ઇન્દ્રિયો અને ઇન્દ્રિયના વિષયો સાથે ત્રણ પ્રકારે રહેલા છે. જેમાંથી વર્ણો થયા એવું આપે કહેલું છે તેની વિભૂતિઓ અમને કહો. ૨૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં त्रिवृत् શબ્દ છે. તેનો અર્થ થાય છે ત્રણ પ્રકારે વિરાટ થયા. તે ત્રણ પ્રકારમાં (૧) દશ પ્રાણ, (૨) ઇન્દ્રિયો (૩) ઇન્દ્રિયના વિષયો એવા ત્રણ ભાગ કહ્યા છે.

કેટલાક ત્રિવૃતનો સમન્વય ઇન્દ્રિય, ઇન્દ્રિયના વિષયો અને દેવતાઓ એમ ત્રણને ગ્રહણ કરવા એમ કરે છે. ૨૩

यत्र पुत्रैश्च पौत्रैश्च नप्तृभिः सह गोत्रजैः ॥
प्रजा विचित्राकृतय आसन् याभिरिदं ततम् ॥ २४ ॥

प्रजापतीनां स पतिश्चक्लृपे कान् प्रजापतीन् ॥
सर्गांश्चैवानुसर्गांश्च मनून्मन्वंतराणि च ॥ २५ ॥

एतेषामपि वंशांश्च वंशानुचरितानि च ॥
उपर्यधश्च ये लोका भूमेर्मित्रात्मजाऽऽसते ॥ २६ ॥

तेषां संस्थां प्रमाणं च भूर्लोकस्य च वर्णय ॥

तिर्यङ्मानुषदेवानां सरीसृपमृगपक्षिणाम् ॥
वद नः सर्गसंव्यूहं गार्भस्वेदाण्डजोद्भिदाम् ॥ २७ ॥

અન્વયાર્થ—**यत्र**–જે વિભૂતિઓમાં, **पुत्रैः**–પુત્રો, **पौत्रैः**–પૌત્રો, **नप्तृभिः**–પૌત્રના પુત્રો અથવા કન્યાના પુત્રો, **च**–અને, **गोत्रजैः**–ગોત્રજ વંશજોની, **सह**–સાથે, **विचित्र-आकृतयः**–વિચિત્ર આકૃતિવાળી, **प्रजाः**–પ્રજાઓ, **आसन्**–ઉત્પન્ન થઈ, **याभिः**–જેમનાથી, **इदम्**–આ જગત, **ततम्**–ભરપૂર છે. ૨૪

प्रजापतीनाम्–પ્રજાતિઓના, **सः**–તે, **पतिः**–પતિએ, **कान्**–કયા, **प्रजापतीन्**–પ્રજાપતિઓને, **सर्गान्**–સર્ગોને, **च एव अनुसर्गान्**–અને વળી અનુસર્ગોને, **मनून्**–મનુઓને, **च**–અને, **मन्वन्तराणि**–મન્વન્તરોને, **चक्लृपे**–ઉત્પન્ન કર્યા ? ૨૫

हे मित्रात्मज–હે મૈત્રેય મુનિ ! **एतेषाम्**–આમના, **वंशान्**–વંશોને, **अपि च**–અને વળી, **वंश-अनुचरितानि**–વંશાનુચરિતો, **च**–અને, **भूमेः**–ભૂમિના, **उपरि**–ઉપર, **च**–અને, **अधः**–નીચે, **ये लोकाः आसते**–જે લોકો રહેલા છે તે કહો. ૨૬

तेषां च–તેમનાં અને, **भूलोकस्य**–ભૂલોકની, **संस्थाम्**–મર્યાદા, **च**–અને, **प्रमाणम्**–માપને, **वर्णय**–વર્ણવો. **तिर्यङ्-मानुष-देवानाम्**–ક્ષુદ્ર જંતુ મનુષ્યો અને દેવોના, **सरीसृप-मृग-पक्षिणाम्**–સર્પો-મૃગાદિ-પશુ-પક્ષીઓના, **गार्भ-स्वेद-अण्डज-उद्भिदाम्**–ગર્ભમાંથી, પસીનામાંથી, ઈંડામાંથી અને અંકુરોમાંથી ઉત્પન્ન થયેલાના, **सर्ग-संव्यूहम्**–સર્ગના સમૂહને, **नः**–અમને, **वद**–કહો. ૨૭

અનુવાદ—વળી જે વિભૂતિઓમાં પુત્રો, પૌત્રો, પૌત્રના પુત્રો, વંશજો-ગોત્રજોની સાથે વિચિત્ર આકૃતિવાળી પ્રજાઓ ઉત્પન્ન થઈ. જેમનાથી આ જગત ભરપૂર થયું છે. ૨૪

પ્રજાપતિના પતિએ કયા પ્રજાપતિઓને, કયા સર્ગોને તેમ જ અનુસર્ગોને, મનુઓને વળી મન્વંતરોને ઉત્પન્ન કર્યા તે કહો. ૨૫

હે મૈત્રેય મુનિ ! વળી આ બધા મનુના વંશો, વંશજચરિતો તેમજ ભૂમિની ઉપર અને નીચે જે લોકો રહેલા છે તેમની અને ભૂલોકની મર્યાદાને અને માપને પણ વર્ણવો. ૨૬

વળી ક્ષુદ્ર જંતુઓ, મનુષ્યો, દેવો, સર્પો, મૃગ વગેરે પશુઓ, પક્ષીઓના સર્ગસમૂહને અને ગર્ભમાંથી, પસીનામાંથી, ઈંડામાંથી અને અંકુરોમાંથી ઉત્પન્ન થયેલાના સર્ગસમૂહને પણ કહો. ૨૭

તત્ત્વસુધા—વિદુરજી ચાર શ્લોકોથી પ્રજાસર્ગ સંબંધી પ્રશ્નો પૂછે છે—

પુત્ર, પૌત્ર, નપ્તૃ અને ગોત્રજથી આ વિશ્વ પૂર્ણ છે. તેમના સંબંધની માહિતી માગે છે. નપ્તૃ એટલે પૌત્રના પુત્રો અથવા દૌહિત્ર એટલે દીકરીના દીકરાઓ સમજવા. આ સર્વની ઉત્પત્તિ કેવી રીતે, તેમનાં સ્થાન કયાં, તેમનું આયુષ્ય કેટલું આવા પ્રશ્નો પૂછ્યા છે.

૨૪, ૨૫, ૨૬, આ ત્રણ શ્લોકોમાં ચાર ચાર ભેદો પૂછ્યા છે. ૨૬ મા શ્લોકમાં પ્રથમ ચરણમાં સાંત્વિક–રાજસ-તામસ–ભેદવાળા ત્રણ ત્રણ પ્રશ્નો પૂછ્યા છે. ઉત્તરાર્ધમાં ચાર ભેદો પૂછ્યા છે. ગાર્ભ એટલે ઓરમાંથી જન્મનાર. સ્વેદજ એટલે માંકડ મચ્છર વગેરે. અંડજ એટલે પતંગિયાં વગેરે. ઉદ્‌ભિજ એટલે વૃક્ષ વગેરે. આ સર્વની માહિતી ઘણી લાંબી થઈ તેથી ઉત્તરદાતા કદાચ અકળાશે એમ લાગ્યું તેથી મૈત્રેય મુનિને દયાળુ સ્વભાવવાળા દર્શાવવા માટે “ मित्रात्मज ” સંબોધન કર્યું. ૨૭

गुणावतारैर्विश्वस्य सर्गस्थित्यप्ययाश्रयम्[1] ॥
सृजतः श्रीनिवासस्य व्याचक्ष्वोदारविक्रमम् ॥ २८ ॥

અન્વયાર્થ—गुणावतारैः–ગુણાવતારો દ્વારા, **विश्वस्य**–વિશ્વની, **सर्ग-स्थिति-अप्यय-आश्रयम्**–ઉત્પત્તિ–પાલન–લયના આશ્રય, **सृजतः**–રચતા, **श्रीनिवासस्य**–લક્ષ્મીનાથનાં, **उदार-विक्रमम्**–શ્રેષ્ઠ પરાક્રમોને, **व्याचक्ष्व**–વર્ણવો, કહો. ૨૮

અનુવાદ—બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર આદિ ગુણાવતારોથી વિશ્વની ઉત્પત્તિ, પાલન, સંહારને અને વિશ્વના આધારને રચતા શ્રીનિવાસ ભગવાનનાં ઉત્તમ પરાક્રમોને કહો. ૨૮

તત્ત્વસુધા—ભગવાન બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર દ્વારા વિશ્વની સ્થિતિ, જન્મ, લય આચરે છે. પરંતુ તે શ્રીનિવાસ હોઈ આનંદમય છે તેથી સૃષ્ટિથી સર્વને આનંદ જ આપશે. આનંદધામ તે પ્રભુનાં ચરિત્રોને સાંભળવા વિદુરજી આતુર છે. ૨૮

वर्णाश्रमविभागांश्च रूपशीलस्वभावतः ॥
ऋषीणां जन्मकर्मादि[2] वेदस्य च विकर्षणम् ॥ २९ ॥

અન્વયાર્થ—रूप-शील-स्वभावतः–રૂપ, શીલ અને સ્વભાવ પ્રમાણે, **वर्ण-आश्रम-विभागान्**–વર્ણોના તેમજ આશ્રમોના વિભાગોને, **च**–અને, **ऋषीणाम्**–ઋષિઓના, **जन्म-कर्म-आदि**–જન્મ, કર્મ વગેરે, **च**–અને, **वेदस्य**–વેદના, **विकर्षणम्**–શાખાભેદને કહો. ૨૯

અનુવાદ—રૂપ, શીલ અને સ્વભાવ પ્રમાણે વર્ણોના અને આશ્રમોના વિભાગોને તેમજ ઋષિઓના જન્મ, કર્મ વગેરેને અને વેદોના શાખાવિભાગને પણ કહો. ૨૯

તત્ત્વસુધા–આ શ્લોકમાં ચાર વર્ણ અને ચાર આશ્રમના રૂપ, શીલ સ્વભાવની બાબતમાં પ્રશ્ન કરે છે. રૂપ એટલે આકાર શરીર કેવાં? શીલ એટલે આચાર કેવા? સ્વભાવ એટલે મનોધર્મ કેવા? ઋષિઓનાં જન્મ-કર્મ કેવાં? વેદની શાખાના ભેદો કેટલા? આ બધી માહિતી આપો. ૨૯

यज्ञस्य च वितानानि योगस्य च पथः प्रभो ॥
नैष्कर्म्यस्य च सांख्यस्य तन्त्रं भागवतं स्मृतम्[3] ॥ ३० ॥

અન્વયાર્થ—प्रभो–હે પ્રભુ! **च**–વળી, **यज्ञस्य**–યજ્ઞના, **वितानानि**–પ્રકાર ભેદો, **च**–અને, **योगस्य**–યોગના, **नैष्कर्म्यस्य**–નિવૃત્તિમાર્ગના અને, **सांख्यस्य**–સાંખ્યના, **पथः**–માર્ગોને, **च**–અને, **तन्त्रम्**–તંત્રમાર્ગને, વૈષ્ણવતંત્રને, **भागवतम्**–ભાગવત શાસ્ત્રને, **स्मृतम्**–સ્મૃત શાસ્ત્રોને પણ કહો. ૩૦

અનુવાદ—વળી હે પ્રભુ! યજ્ઞના પ્રકાર ભેદોને તેમજ યોગના અને જ્ઞાનના માર્ગોને, સાંખ્યતંત્રને, ભાગવત શાસ્ત્રને–વૈષ્ણવતંત્રને, સ્મૃત શાસ્ત્રોને પણ કહો. ૩૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં અનેક પ્રશ્નો છે. યજ્ઞના વિતાનાનિ એટલે સત્તર ભેદો છે તે કહો. યોગના માર્ગો અને નૈષ્કર્મ્ય એટલે જ્ઞાનના માર્ગોની પણ સ્પષ્ટતા કરો. 'तंत्र' શબ્દને સ્વતંત્ર લઈને નારદપાંચરાત્ર તંત્રનો સંગ્રહ કરવો. વળી तन्त्र वा भगवत्–कृतम् આવો પણ પાઠ છે. भगवत्स्मृतम् પણ પાઠ છે. ભગવાન એટલે નારદજીનું કરેલ અથવા નારદજીનું સાંભળેલ પંચરાત્ર તંત્ર એવો **અર્થ** પણ થશે. ૩૦

---

१. सर्गस्थित्युद्भवाश्रयम् प्रा. पा., २ कर्माणि देवस्य प्रा. पा., ३ वा भगवत्स्मृतम् प्रा. पा.

पाखण्डपथवैषम्यं प्रतिलोमनिवेशनम् ॥
जीवस्य गतयो याश्च यावतीर्गुणकर्मजाः ॥ ३१ ॥

અન્વયાર્થ—पाखण्ड-पथ-वैषम्यम्-પાખંડ માર્ગની વિષમતા, **प्रतिलोम-निवेशनम्**-પ્રતિલોમ જાતિની ઉત્પત્તિ, **च**-અને, **गुण-कर्मजाः**-ગુણ તેમજ કર્મથી, **याः**-જે, અને **यावतीः**-જેટલી, **जीवस्य**-જીવની, **गतयः**-ગતિઓ થયેલ હોય તે કહો. ૩૧

અનુવાદ—પાખંડ માર્ગની વિષમતા, પ્રતિલોમ જાતિની ઉત્પત્તિ, ગુણથી અને કર્મથી થતી જે અને જેટલી જીવની ગતિઓ થયેલ હોય તે કહો. ૩૧

તત્ત્વસુધા—પાખંડ પથની બુદ્ધિની વિષમતા શી છે તે સમજાવો. **प्रतिलोमनिवेशनम्** નિવેશન શબ્દના ઘણા અર્થ છે. "પ્રતિલોમ" એટલે ઉત્પત્તિના ક્રમથી ઊલટો લયનો ક્રમ અને "નિવેશન" એટલે લય થવું. તાત્પર્ય કે ઉત્પન્ન થયેલ વિશ્વ, વર્ણ વગેરે બ્રહ્મમાં કેવી રીતે લય પામે છે એવો અર્થ થાય. પ્રતિલોમનિવેશન એટલે પ્રતિલોમ જાતિ કેવી રીતે નભી તેવો પ્રશ્ન થાય છે. નિવેશન એટલે પ્રવૃત્તિ અર્થ પણ થાય. ૩૧

धर्मार्थकाममोक्षाणां निमित्तान्यविरोधतः ॥
वार्ताया दण्डनीतेश्च श्रुतस्य च विधिं पृथक् ॥ ३२ ॥

અન્વયાર્થ—धर्म-अर्थ-काम-मोक्षाणाम्-ધર્મ અર્થ, કામ અને મોક્ષનો, **अविरोधतः**-બીજાઓ સાથે વિરોધ ન આવે તેવાં, **निमित्तानि**-સાધનોનો, **च**-અને, **वार्तायाः**-વાર્તા-આજીવિકાનો, **दण्डनीतेः**-દંડનીતિનો, **श्रुतस्य**-અને વેદશાસ્ત્રનો, **पृथक् विधिम्**-સ્વતંત્ર વિધિ પણ કહો. ૩૨

અનુવાદ—બીજાઓની સાથે વિરોધ ન આવે એવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં સાધનો તેમજ આજીવિકા, દંડનીતિ, વેદશાસ્ત્રના અધ્યયનનો સ્વતંત્રવિધિ પણ કહો. ૩૨

તત્ત્વસુધા—"वार्तायाः" વાર્તા એટલે દરેકની આજીવિકાની રીતિ જણાવો. દંડનીતિ એટલે રાજાના ધર્મો બતાવો. श्रुतस्य એટલે વેદને ભણવાનો વિધિ પણ કહો. ૩૨

श्राद्धस्य च विधिं ब्रह्मन्पितॄणां सर्गमेव च ॥
ग्रहनक्षत्रताराणां कालावयवसंस्थितिम् ॥ ३३ ॥

અન્વયાર્થ—ब्रह्मन्-હે બ્રહ્મન્, **च**-વળી, **श्राद्धस्य**-શ્રાદ્ધનો, **विधिम्**-વિધ, **च**-અને, **पितृणां पंव सर्गम्**-પિતૃઓની સૃષ્ટિ, **च**-અને, **ग्रह-नक्षत्र-तारागाम्**-ગ્રહ, નક્ષત્ર, તારાઓનું, **काल-अवयव-संस्थितिम्**-જ્યોતિષ્ચક્રમાં રહેઠાણ આ સર્વ કહો. ૩૩

અનુવાદ—હે બ્રહ્મન્! વળી શ્રાદ્ધનો વિધિ અને પિતૃઓની સૃષ્ટિ તેમજ ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું જ્યોતિશ્ચક્રમાં રહેઠાણ આ સર્વ કહો. ૩૩

दानस्य तपसो वापि यच्चेष्टापूर्तयोः फलम् ॥
प्रवासस्थस्य यो धर्मो यच्च पुंसः उतापदि ॥ ३४ ॥

અન્વયાર્થ—दानस्य-દાનનું, **तपसः**-તપનું, **वा**-અને, **इष्टापूर्तयोः अपि**-યજ્ઞ અને પૂર્તનું, **यत् फलम्**-જે ફળ છે તે, **च**-તેમજ, **प्रवासस्थस्य**-પરદેશમાં રહેલાના, **च उत आपदि**-અને વળી આપત્તિમાં રહેલા, **पुंसः**-પુરુષનો, **यः धर्मः**-જે ધર્મ છે તે કહો. ૩૪

અનુવાદ--દાનનો વિધિ, તપનો વિધિ અને યજ્ઞ અને કૂવા-તળાવ નિર્માણનું ફળ તેમજ વિદેશમાં કે પ્રવાસમાં રહેલા અને વળી આપત્તિમાં રહેલા પુરુષનો જે ધર્મ હોય તે કહો. ૩૪

તત્ત્વસુધા—૩૪ મા શ્લોકે પ્રશ્નાવલી સમાપ્ત કરી છે. ૨૨ મા શ્લોકથી શરૂ કરી ૩૪ મા શ્લોકે સમાપ્ત કરેલી આ પ્રશ્નાવલીમાં લગભગ ૭૫ જેટલા પ્રશ્નો થાય છે. ઘણા અવાન્તર પ્રશ્નો વિચારતાં ૮૪ જેટલા પ્રશ્નોની સંખ્યા થશે. આ સર્વનું સમાધાન વિદુરજી ચાહે છે. આ ઉપરથી શ્રોતા વિદ્વાન, જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ લાગે છે તેથી વક્તાને પ્રત્યુત્તર આપવો પણ ગમે છે. ૩૪

येन वा भगवांस्तुष्येद्धर्मयोनिर्जनार्दनः ॥
संप्रसीदति वा येषामेतदाख्याहि चानघ ॥ ३५ ॥

અન્વયાર્થ—**अनघ**-હે નિષ્પાપ પુરુષ ! **येन वा**-જે પ્રકારે, **धर्मयोनिः भगवान् जनार्दनः तुष्येत्**-ધર્મના કારણ ભગવાન જનાર્દન પ્રસન્ન થાય, **वा**-તેમજ, **येषां सं-प्रसीदति**-જેમના ઉપર પ્રસન્ન થાય, **एतत्**-એ વાત, **मे आख्याहि**-મને કહો. ૩૫

અનુવાદ—હે પુણ્યશીલ પુરુષ ! જે ક્રિયાથી ધર્મયોનિ ભગવાન જનાર્દન સંતુષ્ટ થાય તેમજ જેમના ઉપર પ્રસન્ન થાય એ વાત આપ મને કહેવા કૃપા કરો. ૩૫

તત્ત્વસુધા— ' અનઘ ' લગભગ આ અધ્યાયની સમાપ્તિ સુધી ત્રણ વાર " અનઘ " એવું સંબોધન કર્યું છે. મન વાણી અને ક્રિયાથી શ્રી મૈત્રેય પુણ્યશીલ પુરુષ છે. તેવા પુણ્યાત્મા જ કથા કરવાને અધિકારી છે તે સૂચવ્યું. ૩૪ શ્લોક સુધી અનેક પ્રશ્નો પૂછ્યા બાદ એક પ્રશ્ન પૂછ્યો કે ઉપરના પ્રશ્નોનો ઉત્તર આપવો ન આપવો આપની ઇચ્છા ઉપર છે. મને તો જે વસ્તુથી ભગવાન રાજી થાય, જેવા અધિકારી ઉપર પ્રસન્ન થાય તેટલું કહેશો તે પણ પૂર્ણ છે. ૩૫

अनुव्रतानां शिष्याणां पुत्राणां च द्विजोत्तम ॥
अनापृष्टमपि ब्रूयुर्गुरवो दीनवत्सलाः ॥ ३६ ॥

અન્વયાર્થ—**द्विजोत्तम**-હે વિપ્રવર્ય, **अनुव्रतानां शिष्याणाम्**-આજ્ઞાંકિત શિષ્યોને, **च**-અને, **पुत्राणाम्**-આજ્ઞાંકિત પુત્રોને, **दीनवत्सलाः गुरवः**-દીનવત્સલ ગુરુજનો, **अनापृष्टम् अपि**-વણપૂછેલ વસ્તુને પણ, **ब्रूयुः**-કહે છે. ૩૬

અનુવાદ—હે વિપ્રવર્ય ! આજ્ઞાંકિત શિષ્યોને અને આજ્ઞાંકિત પુત્રોને દીનદયાળ ગુરુજનો વગરપૂછે પણ હિતવાતો કહે છે. ૩૬

તત્ત્વસુધા —આ શ્લોકમાં વધુ દૈન્ય દર્શાવે છે. જે પુત્રો કે અનુયાયીઓ " अनुव्रत " અનુવ્રત હોય છે તેમને ગુરુજનો પૂછ્યા વિના પણ હિતવાતો કહે છે. अनुव्रत એટલે ગુરુની આજ્ઞા અને ઇચ્છાને અનુસરી જીવવું. અનુવ્રત એટલે આજ્ઞાંકિતપણું અને અણુવ્રત એટલે સંયમી જીવન : આ એ વ્રત સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે.

ગુરુજનો दीनवत्सला દીનવત્સલ હોય છે. પૂજ્યજન અને પુણ્યજન સામે સદાય વિનમ્રજન બની વર્તે તે જના-માયાને જીતે અને જનાર્દનને પામે. ૩૬

तत्त्वानां भगवंस्तेषां कतिधा प्रतिसंक्रमः ॥
तत्रेमं क उपासीरन्क उ स्विदनुशेरते ॥ ३७ ॥

पुरुषस्य च संस्थानं स्वरूपं वा परस्य च ॥
ज्ञानं च नैगमं यत्तद्गुरुशिष्यप्रयोजनम् ॥ ३८ ॥
निमित्तानि च तस्येह प्रोक्तान्यनघ सूरिभिः ॥
स्वतो ज्ञानं कुतः पुंसां भक्तिर्वैराग्यमेव वा ॥ ३९ ॥

અન્વયાર્થ—हे भगवन्-હે ભગવન્! **एषाम्**-આ, **तत्त्वानाम्**-તત્ત્વોનો, **कतिधा**-કેટલા પ્રકારે, **प्रतिसंक्रमः**-પ્રલય થાય છે, **तत्र**-તેમાં, **के**-કોણ, **इमम्**-આમની, **उप-आसीरन्**-ઉપાસના કરે છે, **के-उ स्वित्**-અને વળી કોણ તેમાં લીન થાય છે તે પણ કહો. ૩૭

च-વળી, **पुरुषस्य**-પુરુષના, **अपरस्य**-અને અન્યના, **संस्थानम्**-નાશને, **वा**-અને, **स्वरूपम्**-સ્વરૂપને, **च**-અને, **यत्**-જે, **नैगमं ज्ञानम्**-વેદમાં કહેલ જ્ઞાનને, **च**-અને, **गुरु-शिष्य-प्रयोजनम्**-ગુરુ-શિષ્યના પ્રયોજનને આપ કહો. ૩૮

अनघ-હે પુણ્યાત્મા! **च**-અને, **इह**-આ સ્થાને, **सूरिभिः**-વિદ્વાન પુરુષોએ, **प्रोक्तानि**-કહેલાં, **तस्य**-તેનાં, **निमित्तानि**-સાધનો, તેમજ **हि**-ખરેખર, **पुंसाम्**-પુરુષોને, **ज्ञानम्**-જ્ઞાન, **भक्तिः**-ભક્તિ, **वा**-અને **वैराग्यम् एव**-વૈરાગ્ય જ, **स्वतः**-સ્વયં, **कुतः**-કેવી રીતે મળે તે કહો. ૩૯

અનુવાદ—હે ભગવન્! આ તત્ત્વોનો કેટલા પ્રકારે પ્રલય થાય છે અને તેમાં કોણ આમને ઉપાસે છે અને વળી કોણ તેમાં લીન થાય છે તે પણ કહો. ૩૭

વળી પુરુષના અને બીજાના નાશને તેમજ સ્વરૂપને અને વેદમાં કહેલા જ્ઞાનને તથા ગુરુશિષ્યના પ્રયોજનને આપ કહો. ૩૮

વળી હે પુણ્યશીલ પુરુષ અહીં વિદ્વાન પુરુષોએ કહેલાં તેનાં સાધનો તેમજ પુરુષોને ખરેખર જ્ઞાન, ભક્તિ અને વળી વૈરાગ્ય સ્વયં શી રીતે મળે તે આપ કહો. ૩૯

તત્ત્વસુધા—प्रतिसंक्रम શબ્દનો અર્થ પ્રલય થાય છે. આ શ્લોકથી નવા પ્રશ્નો શરૂ થાય છે. ૧૩ પ્રશ્નો ત્રણ શ્લોકમાં પૂછે છે. ૭૫ આગળના પ્રશ્નો અને ૧૩ પછીના પ્રશ્નો મળી ૮૪ પ્રશ્નો થયા. શાસ્ત્રમાં પ્રલયના ચાર પ્રકાર દર્શાવ્યા છે તેથી પ્રલયનો પ્રશ્ન પૂછ્યો. ૩૭

निमित्तानि च तस्येह 'इह" એટલે આ દેહમાં અથવા સ્થાનમાં જ્ઞાન મેળવવાનાં સાધન કહો. 'च" અવ્યયથી જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવતાં વિઘ્નો પણ કહો. નાનું પણ વિઘ્ન મોટામાં મોટું નુકસાન કરે છે. ૩૯

एतान्मे पृच्छतः प्रश्नान्हरेः कर्मविधित्सया ॥
ब्रूहि मेऽज्ञस्य मित्रत्वदजया नष्टचक्षुषः ॥ ४० ॥

અન્વયાર્થ—हरेः-શ્રીહરિના, **कर्मविचित्सया**-કર્મોનું હૃદયમાં સ્થાપન કરવાના આશયથી, **एतान् प्रश्नान्**-આ પ્રશ્નોને, **पृच्छतः**-પૂછી રહેલા, **मे**-મને, **अजया**-માયાથી, **नष्टचक्षुषः**-નષ્ટ થયેલ બુદ્ધિવાળા, **अज्ञस्य**-અજ્ઞાનને, **मे मित्रत्वात्**-મારા મિત્ર હોવાથી અથવા મારા સૂર્ય હોવાથી આપ, **ब्रूहि**-દૃષ્ટિ આપો. ૪૦

અનુવાદ—શ્રીહરિનાં કર્મોનુ હૃદયમાં સ્થાપન કરવાના આશયથી આ પ્રશ્નોને હું પૂછી રહેલ છું. માયાથી મારી બુદ્ધિ નષ્ટ થયેલ છે. તો મારા જેવા અબુધને આપ સૂર્ય હોવાથી દૃષ્ટિ આપવા કૃપા કરો. ૪૦

---

१ विवित्सया प्रा. पा.

તત્ત્વસુધા—विचित्सया અને विवित्सया એવા બે પાઠ છે. બન્નેનું તાત્પર્ય આ બધા પ્રશ્નોનો પ્રત્યુત્તર મેળવવા હૃદયમાં ભગવાનને સ્થાપવાની અને સેવાની માત્ર ઉત્કંઠા છે. મૈત્રેય મુંનિને “મિત્ર’ કહે છે. મિત્રનો અર્થ સૂર્ય થાય છે. માયાંએ મારી મતિમાં અંધકાર ભર્યો છે. આપ જ્ઞાનસૂર્ય છો તો તેને દૂર કરો. અથવા મારા મનમાં મોહ ભર્યો છે; આપ મારા મિત્ર છો તો તેને દૂર કરો. ૪૦

सर्वे वेदाश्च यज्ञाश्च तपो दानानि चानघ ॥
जीवाभयप्रदानस्य न कुर्वीरन्कलामपि ॥ ४१ ॥

અન્વયાર્થ—अनघ–હે પુણ્યશીલ ! **सर्वे वेदाः**–સર્વ વેદો, **च**–અને, **यज्ञाः**–યજ્ઞો, **च**–અને, **तपः**–તપ, **च**–અને, **दानानि**–દાનો, **जीव-अभय-प्रदानस्य**–જીવને અભય આપનારની, **कलाम् अपि**–કલાને પણ, **न कुर्वीरन्**–પ્રાપ્ત કરતા નથી. ૪૧.

અનુવાદ—હે પુણ્યશીલ જન ! સર્વ વેદો, યજ્ઞો અને દાનો જીવને અભય આપનાર જ્ઞાનની કલાને પણ પ્રાપ્ત કરી શકતા નથી. ૪૧

તત્ત્વસુધા—“સર્વ દાનમાં જ્ઞાનદાન શ્રેષ્ઠ છે” એ આશય આ શ્લોકમાં છે. વેદ, યજ્ઞ, તપ, દાન અને च અવ્યયથી “યમનિયમ” આ પાંચ સામગ્રી કરતાં પણ અભય આપનાર જ્ઞાનની એક કણિકા મહાર્ણવ જેવી મોંઘી અને મોટી છે. જ્ઞાન અને કૃપાની તુલનામાં કોઈ તત્ત્વ નથી જે તત્ત્વજ્ઞાન આપી શકે. ૪૧

श्रीशुक उवाच – स इत्थमापृष्टपुराणकल्पः कुरुप्रधानेन मुनिप्रधानः ॥
प्रवृद्धहर्षो भगवत्कथायां संचोदितस्तं प्रहसन्निवाह ॥ ४२ ॥

અન્વયાર્થ—कुरुप्रधानेन–કુરુશ્રેષ્ઠ વિદુરજીએ, **इत्थम्**–આ રીતે **आपृष्ट-पुराण-कल्पः**–પુછાયેલ સાક્ષાત્ પુરાણ તુલ્ય, **सः मुनि-प्रधानः**–તે મુનિવર્ય, **भगवत्-कथायाम्**–ભગવાનની કથામાં, **संचोदितः**–પ્રેરાયેલા, **प्रवृद्धहर्षः**–ઘણા હર્ષવાળા, **प्रहसन् इव**–હસતા હોય તેમ, **तम्**–તે વિદુરજીને, **आह**–કહેવા લાગ્યા, (ઉપજાતિ વૃત્ત) ૪૨

અનુવાદ—કુરુવર્ય શ્રીવિદુરજીએ આવા પ્રશ્નો પૂછયા ત્યારે સાક્ષાત્ પુરાણ તુલ્ય મુનિવર્ય મૈત્રેય ભગવાનની કથામાં પ્રેરાએલા અત્યંત હર્ષવાળા કાંઈક હસતા હોય તેમ શ્રીવિદુરજીને કહેવા લાગ્યા. ૪૨

તત્ત્વસુધા—શ્રોતા કુરુપ્રધાન ભક્તવર્ય છે અને વક્તા મુનિપ્રધાન વિબુધવર્ય છે. સખ્ય સમાનશીલમાં શોભે. “સમકક્ષ, સમદક્ષ અને સમશીલ” શ્રોતા અને વક્તા હોય તો જ તત્ત્વચર્ચામાં અને હરિચર્ચામાં રસસમ્પત્તિ સાંપડે. “पुराणकल्पः” પુરાણકલ્પ વિશેષણ મૈત્રેયને પણ લાગુ પડે છે. તેમજ જે પ્રશ્નાવલી સમગ્ર પુરાણમાં આવી જાય છે તે આ પ્રશ્નમાં સમાય છે. તેથી સમગ્ર પુરાણને સ્પર્શતો પ્રશ્ન પૂછ્યો છે.

भगवत्-कथायाम्–આ સમસ્ત પ્રશ્નો ભગવાનની જ લીલાને લગતા છે. તેના પ્રત્યુત્તર માટે શ્રોતાના પ્રેમ-પ્રવાહથી વક્તા હરિકથા-સુધા-સરિતામાં તણાય છે, જેમાં આનંદ છે. આનંદ છૂપો ન રહી શક્યો તેથી “**प्रहसन्**” કહ્યું. વક્તા પ્રસન્નવદન અને પ્રભુરસપૂર્ણ વચન હોય તો જ તેનાં વચનથી શ્રોતાનું હૃદય શ્રીહરિ-સદન બની જાય છે. ૪૨

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો સપ્તમ અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૮ મો

શ્લોક સંખ્યા ૩૩

मैत्रेय उवाच – सत्सेवनीयो बत पूरुवंशो यल्लोकपालो भगवत्प्रधानः ॥
बभूविथेहाजितकीर्तिमालां पदे पदे नूतनयस्यभीक्ष्णम् ॥ १ ॥

અન્વયાર્થ—पूरुवंशः–પૂરુવંશ, **बत**–સાચેસાચ, **सत्वसेवनीयः**–સજ્જન પુરુષોએ સેવવા લાયક છે. **यत्**–કારણ કે, **इह**–આ વંશમાં, **लोकपालः**–લોકપાલ છતાં, **भगवत्–प्रधानः**–ભગવાનમાં પ્રધાન પ્રેમવાળા, **त्वम्**–આપ, **बभूविथ**–જન્મ્યા છો. **अजित–कीर्ति–मालाम्**–અજિત ભગવાનની કીર્તિમાળાને, **पदे पदे**–ક્ષણે ક્ષણે, **अभीक्ष्णम्**–સદાય, **नूतनयसि**–તાજી કરો છો, નવીન બનાવો છો. (ઉપજાતિ વૃત્ત) ૧

અનુવાદ—સાચે જ પૂરુવંશ સજ્જન પુરુષોને સેવવા લાયક છે. આ વંશમાં ભગવાનમાં મુખ્ય પ્રેમવાળા આપના જેવા લોકપાલ જન્મ્યા છે. આપ અજિત ભગવાનની કીર્તિમાળા ક્ષણે ક્ષણે સદા તાજી કરો છો. ૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં પૂરુવંશની ભગવન્નિષ્ઠાથી વધતી પ્રતિષ્ઠા વર્ણવી છે—

बत पूरुवंशः 'सत्सेवनीयः'—વંશની ઇજ્જત ત્રણ પ્રકારે ગણાય : કોઈ જ્ઞાન લેવા આવે તેને જ્ઞાન આપે, આશ્રય લેવા આવે તેને સ્થાન આપે, જન્મ લેવા આવે તેને કુલ આપે. પૂરુવંશમાં સંતો જ્ઞાન, આશ્રય અને જન્મ લેવા ચાહે છે. તેથી તો વંશની કીર્તિ છે. "બત" અવ્યય નિશ્ચયવાચક છે તેમજ હર્ષ–વાચક છે. વળી વિદુરજીને મૈત્રેય મુનિ વિશેષ સન્માન કરતાં કહે છે કે–'लोकपालः भगवत्प्रधानः–એ ધર્મો સાથે ન સંભવે, અધિકારી થવું અને ભગવદ્ભક્ત થવું. કેવલ પ્રભુકૃપા હોય તો જ થઈ શકે. વિદુરજી આપ લોકપાલ હોવા છતાં "ભગવત્પ્રધાન" થયા છો તે અનુગ્રહનું ફળ છે. પ્રથમ સ્કંધમાં તત્ત્વનાં ત્રણ સ્વરૂપ કહ્યાં છે. બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન. વિદુરજીના જીવનમાં "ભગવાન" પ્રધાન એટલે ભગવત્સેવા અને ભગવત્કાર્ય પ્રધાન છે. પરમ ભગવદીયો ભગવાનની કીર્તિમાલાને નિત્ય તાજી કરે છે. "ધર, અલંકારજ્ઞાન અને કથા" નિત્ય વપરાશથી નિત્યનવાં અને રસભર્યાં બને છે. શ્રેષ્ઠ શ્રોતાઓ કથાકીર્તિકંઠીને નિત્યકંઠમાં ધારણ કરી રસભરી બનાવે છે.

अभीक्ष्णम्–ઈશ્વરનો અનુગ્રહ હોય તેના જ સત્સંગમાં અંતરાય ન આવે. જે નિત્ય કથા–શ્રવણ–કીર્તન કરે છે તે ઈશ્વરકૃપાના જ બલથી. ૧

सोऽहं नृणां क्षुल्लसुखाय दुःखं महद्गतानां विरमाय तस्य ॥
प्रवर्तये भागवतं पुराणं यदाह साक्षाद्भगवानृषिभ्यः ॥ २ ॥

અન્વયાર્થ—क्षुल्ल–सुखाय–ક્ષુલ્લક સુખ માટે, **महत्**–પુષ્કળ, **दुःखम्**–દુઃખને, **गतानाम्**–ભોગવતા, **नृणाम्**–મનુષ્યોના, **विरमाय**–દુઃખનિવારણ માટે, **यत् भागवतम्**–જે શ્રીમદ્ ભાગવત, **पुराणम्**–પુરાણને, **साक्षात् भगवान्**–સાક્ષાત્ ભગવાને, **ऋषिभ्यः**–ઋષિઓને, **आह**–કહ્યું તે, **तुभ्यम्**–તમારે માટે, **सः अहम्**–તે હું, **प्रवर्तये**–આરભું છું. (ઉપજાતિ વૃત્ત) ૨

અનુવાદ—તુચ્છ સુખોને માટે ઘણું કષ્ટ ભોગવતા મનુષ્યોના દુઃખના નિવારણને માટે જે શ્રીમદ્ ભાગવત પુરાણ સાક્ષાત્ ભગવાને ઋષિઓને કહેલું, તે ભાગવતનો હું તમારે માટે આરંભ કરું છું. ૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં મૈત્રેય મુનિ શ્રી વિદુરજીને માટે શ્રીમદ્ ભાગવત પ્રારંભ કરવાની પ્રતિજ્ઞા કરે છે—

'क्षुल्लसुखाय'. મનુષ્ય માત્ર કર્મ કરે છે. એક લોકપ્રચલિત કર્મ અને બીજું શાસ્ત્રદર્શિત કર્મ. લોકપ્રચલિત કર્મ નજીવાં સુખો આપે છે અને કર્મના આચરણમાં શ્રમ વધારે છે. ભોજનથી તૃપ્તિ થવી જોઈએ એ લક્ષ્ય છે પરંતુ તે ભોજનમાં સંખ્યાબંધ વાનગી કરે ત્યારે ભોજન પણ વાનગી જેવું એટલે ન જેવું જમી શકે છે. હવે શાસ્ત્રકર્મ-ધન-પુત્ર-કીર્તિની પ્રાપ્તિ માટે મોટા યજ્ઞ, તપ અને દાન કરે છે જ્યારે સુખ તો નહિવત્ મળે છે. તે કરતાં તે સમસ્ત કર્મ ભગવત્પ્રીત્યર્થ કરે તો લૌકિક-અલૌકિક બન્ને સિદ્ધ થાય.

પરંતુ મનુષ્યની પ્રકૃતિ કેમ બદલાય ? તેથી કૃપાળુ ભાવથી મૈત્રેય મુનિ શ્રીમદ્ ભાગવતપરંપરા દર્શાવતાં ભાગવત શાસ્ત્રનો પ્રારંભ કરે છે. ૨

आसीनमुर्व्यां भगवन्तमाद्यं संकर्षणं देवमकुण्ठसत्त्वम् ।
विवित्सवस्तत्त्वमतः परस्य कुमारमुख्या मुनयोऽन्वपृच्छन् ॥ ३ ॥

અન્વયાર્થ—**कुमारमुख्याः**-સનત્કુમાર વગેરે, **मुनयः**-મુનિઓ, **उर्व्याम्**-પૃથ્વીમાં, **आसीनम्**-બિરાજેલા, **अकुण्ठसत्त्वम्**-તીક્ષ્ણ બુદ્ધિવાળા, **आद्यं देवम्**-આદિ દેવ, **संकर्षणम् भगवन्तं**-સંકર્ષણ ભગવાનને, **अतः**-તેમાંથી, **परस्य**-શ્રેષ્ઠ ભગવાનના, **तत्त्वम्**-રહસ્યને, **विवित्सवः**-જાણવાની ઇચ્છાવાળા, **अन्वपृच्छन्**-પૂછવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૩

અનુવાદ—સનત્કુમાર વગેરે મુનિવરો ભૂમિ ઉપર બિરાજેલા, અકુંઠિત બુદ્ધિવાળા, આદિદેવ સંકર્ષણ ભગવાનને તેમાંથી ઉત્તમ ભગવાનના રહસ્યને જાણવાની વૃત્તિથી પૂછવા લાગ્યા. ૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ચાર સનત્કુમારો સંકર્ષણ ભગવાન પાસે જ્ઞાન મેળવવા જાય છે તે પ્રસંગ વર્ણવશે—

'आसीनम्'-તત્ત્વજ્ઞાનની ચર્ચા વગેરે શાન્ત વાતાવરણમાં એકાગ્ર ચિત્તે નિરવ પ્રદેશમાં અને પવિત્ર અવસ્થામાં બેસીને કરવી. જ્યારે ભગવાન શ્રીમદ્ ભાગતશાસ્ત્રનો પ્રારંભ કરે છે ત્યારે "લીલાપરાયણ કે લક્ષ્મીપરાયણ" ન હતા. પરંતુ ધ્યાનસ્થ સ્થિતિમાં રહીને કહી રહ્યા હતા એ વાતની સ્પષ્ટતા કરતાં વિશેષણો વર્ણવે છે.

'उर्व्याम्'—ભૂમિ ઉપર બેઠેલા હતા. ધ્યાન અને જ્ઞાનની વાત ભૂમિ સાથે સંબંધવાળા સ્થિર આસને બેસીને કરવી. તેથી હિંડોળા ઉપર બેસીને ધ્યાન-પાઠ-જપ-ઉપદેશ ન કરવાં. સંકર્ષણ ભગવાન જે ભૂમિ ઉપર બેઠા હતા તે પાંચભૌતિક ભૂમિ ન હતી પરંતુ મૂલરૂપ એટલે અંડરૂપ ભૂમિ હતી.

आद्यम्—એટલે પોતે અનાદિ છે તેમના કોઈ જન્મદાતા નથી. "**संकर्षणम्**" એટલે વિરક્ત અને ઉપસંહારની વાંછાવાળા, "अकुण्ठसत्त्वम्" લક્ષ્મીના સમ્પર્ક વિનાના તેથી એકાકી **देवम्**-દિવ્ય ગુણોવાળા. भगवन्तम्-ષડૈશ્વર્યસમ્પન્ન છે. આવા અધિકારીને જ જિજ્ઞાસુ બનીને પૂછી શકાય છે. ૩

स्वमेव धिष्ण्यं बहु मानयन्तं यं वासुदेवाभिधमामनन्ति ॥
प्रत्यग्धृताक्षाम्बुजकोशमीषदुन्मीलयन्तं विबुधोदयाय ॥ ४ ॥

અન્વયાર્થ—**यं वासुदेव-अभिधम् आमनन्ति**-જેમને વાસુદેવના નામથી સન્માને છે, તેમજ **स्वम् एव धिष्ण्यम्**-પોતાના આધાર તરીકે, **बहु मानयन्तम्**-ખૂબ જ માન આપે છે એવા, વળી **प्रत्यग्-धृत-अक्ष-अम्बुज-कोशम्**-અન્તર્મુખ નયનકમળની કળીને, **विबुध-उदयाय**-દેવોના કલ્યાણ માટે, **ईषत्-उन्मीलयन्तम्**-કંઈક પ્રમાણમાં વિકસાવતા સંકર્ષણ પ્રભુને પૂછ્યું. (ઇંદ્રવજ્રા વૃત્ત) ૪

અનુવાદ—જેમને વાસુદેવ નામથી સન્માને છે. વળી તેમને પોતાના આધાર તરીકે ખૂબ જ માન આપે છે અને અન્તર્મુખ નયનકમળની કળીને દેવોના કલ્યાણ માટે કંઈ ખોલી રહેલા છે એવા સંકર્ષણને પૂછ્યું. ૪

તત્ત્વસુધા—આ શ્લોકનો ત્રીજા શ્લોક સાથે સંબંધ છે. સંકર્ષણ ભગવાનનાં વિશેષણો આ શ્લોકમાં આપ્યાં છે—'प्रत्यग्धृताक्षाम्बुजकोशम्' પ્રથમ શ્લોકમાં પાંચ દ્વિતીયાન્ત પદો લીધાં છે. તેમાં "સંકર્ષણ" વિશેષ્ય છે, બાકીનાં ચાર વિશેષણ છે. આ શ્લોકમાં ચાર દ્વિતીયાન્ત પદો છે. તેમાં એક વિશેષણ "प्रत्यग्-धृता०" ધ્યાનસ્થ દશામાં રહી સહજ બહિર્ વૃત્તિ બની ઉપદેશ કરવાનું સૂચવે છે. સંકર્ષણ ભગવાન ધ્યાનદશામાં અન્તર્મુખ રહીને પ્રવચન કરી રહ્યા છે. જો અન્તર્મુખ વક્તા હોય તો જ ચિંતનપ્રધાન તેમજ ભગવદ્ભાવપ્રધાન કથા થાય. વળી તેમાં ભગવદ્ગુણો અને તત્ત્વવિવેચન જ આવે. જ્યારે બહિર્મુખ વક્તા હોય ત્યારે લોકવાર્તાપ્રધાન કથાપ્રવચન આવે છે. લોકરુચિ તો લોકદષ્ટાન્તોમાં રસવાળી હોય છે તેને ભગવદ્ગુણ તરફ અને તત્ત્વવિચાર તરફ વાળવી જોઈએ. સંકર્ષણ ભગવાન પોતાના આધારભૂત શ્રીવાસુદેવ ભગવાનમાં મનોવૃત્તિ રાખીને ઉપદેશ પ્રારંભે છે. ૪

स्वर्धुन्युदार्द्रैः स्वजटाकलापैरुपस्पृशन्तश्चरणोपधानम् ॥
पद्मं यदर्चन्त्यहिराजकन्याः सप्रेम नानाबलिभिर्वरार्थाः ॥ ५ ॥

અન્વયાર્થ—**वरार्थाः**—પતિને મેળવવાની ઇચ્છાવાળી, **अहिराजकन्याः**—નાગરાજ કુમારિકાઓ, **नाना-बलिभिः**—અનેક પ્રકારની પૂજાસામગ્રીથી, **सप्रेम**—પ્રેમપૂર્વક, **यत्-चरण-उपधानम्-पद्मम्**—ચરણપીઠપદ્મને, **अर्चन्ति**—પૂજે છે તે પીઠને, **स्वर्-धुनी-आर्द्रैः**—સ્વર્ગંગાના જલથી ભીના, **स्वजटाकलापैः**—પોતાના જટાજૂટથી, **उपस्पृशन्तः**—સ્પર્શ કરતા પૂછવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૫

અનુવાદ—પતિને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળી નાગરાજ કુમારિકાઓ અનેક પ્રકારનાં સામગ્રીઓથી જે સંકર્ષણ ભગવાનના ચરણને પધરાવવાના પીઠપદ્મને પૂજે છે તે પાદપીઠને, સ્વર્ગંગાના જલથી ભીના થયેલા પોતાના જટાજૂટથી સ્પર્શ કરતા સનત્ કુમારો પૂછવા લાગ્યા. ૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં સનત્ કુમારો ભગવાન સંકર્ષણને ચરણે પ્રણામ કરે છે, તેનું વર્ણન છે—

'अहिराज-कन्याः' વાસુકીનાગની કુમારિકાઓ 'વર' મળે એવી ઉરમાં આશા સેવીને સંકર્ષણ ભગવાનનું વિવિધ સામગ્રીથી પૂજન કરતાં વૈભવશાળી ઘર મેળવે છે. કુમારિકાઓ "સામગ્રીથી" પૂજન કરે છે. એનું તાત્પર્ય-તેઓ ચરણને સ્પર્શ નથી કરતાં. જે ચરણની સેવાનો કન્યાઓને લાભ મળે છે તેને માત્ર સનત્ કુમારો દંડવત્ પ્રણામ કરે છે. જ્યારે તેઓ દંડવત્ પ્રણામ કરે છે ત્યારે તેમની જટાઓ ગંગાજલથી ભીની છે. જ્યાં સુધી જટામાં ગંગાજલ હોય ત્યાં સુધી દૈત્યો તેમના ઉપર આક્રમણ કરી શકશે નહીં. પાતાલમાં દૈત્યો અસંખ્ય છે, પરંતુ કુમારોને સ્પર્શી શકતા ન હતા.

સનત્ કુમારોએ चरणोपधानम् એટલે સંકર્ષણ ભગવાનની ચરણપીઠને નમસ્કાર કર્યા. તે ચરણપીઠ 'पद्मम्' કમળની હતી અથવા કમલાકાર તેમજ કમલ સમાન કોમલ હતી. સનત્ કુમારો ગંગાદ્વારથી પાતાલમાં યોગશક્તિથી ગયા માટે જટા ભીની હતી. ૫

मुहुर्गृणन्तो वचसानुरागस्खलत्पदेनास्य कृतानि तज्ज्ञाः ॥
किरीटसाहस्रमणिप्रवेकप्रद्योतितोद्दामफणासहस्रम् ॥ ६ ॥

અન્વયાર્થ—**अस्य**—આ સંકર્ષણ ભગવાનની, **कृतानि**—લીલાઓને, **अनुराग-स्खलत्-पदेन**—પ્રેમથી અટકી જતા અક્ષરોવાળી, **वचसा**—વાણીથી, **मुहुः**—વારંવાર, **गृणन्तः**—ગાન કરતા, **तज्ज्ञाः**—મર્મજ્ઞ કુમારો, **किरीटसाहस्र-मणि-प्रवेक-प्रद्योतित-उद्दाम-फणासहस्रम्**—મુકુટોમાં રહેલા હજારો શ્રેષ્ઠ મણિઓથી પુષ્કળ શોભતી હજારો ફણાઓવાળા સંકર્ષણ ભગવાનને પૂછવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૬

અનુવાદ—આ ભગવાનની લીલાઓનું પ્રેમથી અટકી જતા અક્ષરોવાળી વાણીથી વારંવાર ગાન કરતા મર્મજ્ઞ કુમારો, મુકુટોમાં રહેલા હજારો શ્રેષ્ઠ મણિઓથી પુષ્કળ ઝળકતી હજારો ફેણુવાળા ભગવાન સંકર્ષણને પૂછતા હતા. ૬

તત્ત્વસુધા—સનત્‌કુમારો સંકર્ષણ ભગવાનની સ્તુતિ કરતાં કરતાં પૂછી રહેલા છે—

'अनुरागस्खलत्पदेन वचसा' જ્ઞાની અને ભક્ત બન્ને ભગવાનના સ્તુતિગાયકો છે. જ્ઞાની મનથી સ્તુતિ કરે છે. પરંતુ ભક્ત તો પ્રેમાવેશમાં આવીને વાણીથી જ સ્તુતિ કરે છે. સ્તુતિ પણ બે જણ કરે છે. એક કવિ અને બીજો ભક્ત. કવિ કલ્પનાથી સ્તુતિ કરે છે, ભક્ત સર્વ લીલાઓનો સાક્ષાત્કાર કરીને કરે છે. સનત્‌કુમારો 'तज्ज्ञाः' ભગવાનની લીલાના મર્મજ્ઞો છે. તેમની સ્તુતિ સાક્ષાત્‌કારમાંથી અને ભાવમાંથી પ્રકટી છે.

'किरीटसाहस्र' સનત્‌કુમારોને દર્શન સમયે સહસ્રફણાઓનું દર્શન થયું છે એ જ અનુગ્રહનું ફળ છે.

'मणि–प्रवेक' એટલે ઉત્તમ જાતના મણિ. ૬

प्रोक्तं किलैतद्भगवत्तमेन निवृत्तिधर्माभिरताय तेन ॥
सनत्कुमाराय स चाह पृष्टः सांख्यायनायाङ्ग धृतव्रताय ॥ ७॥

અન્વયાર્થ—भगवत्तमेन तेन–શ્રેષ્ઠ ભગવાન તે સંકર્ષણે, **किल**–ખરેખર, **एतत्**–આ, **निवृत्ति–धर्म–अभिरताय**–નિવૃત્તિ ધર્મમાં પ્રેમવાળા, **सनत्कुमाराय**–સનત્‌કુમારને, **प्रोक्तम्**–કહ્યું, **च**–અને, **अङ्ग**–હે ભાઈ, **पृष्टः**–પુછાએલ, **सः**–સનતકુમારે, **धृतव्रताय**–વ્રતધારી, **सांख्यायनाय**–સાંખ્યાયન મુનિને, **आह**–કહ્યું. (ઉપજાતિ વૃત્ત) ૭

અનુવાદ—ભગવાનમાં શ્રેષ્ઠ શ્રી સંકર્ષણે ખરેખર મોક્ષધર્મમાં પ્રેમવાળા સનત્‌કુમારને આ જ્ઞાન કહ્યું અને હે ભાઈ! પુછાયેલા સનત્‌કુમારે તેને વ્રતધારી સાંખ્યાયન મુનિએ કહ્યું. ૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભાગવત કથનની પરંપરા વર્ણવે છે—

"भगवत्तमेन" સંકર્ષણ ભગવાનને, "भगवत्तम" શ્રેષ્ઠ ભગવાન એવું વિશેષણ આપે છે. 'ભગવાન' શબ્દ આચાર્યોને અને અવતારીને માટે વપરાય છે. સંકર્ષણ પ્રભુનો આચાર્યમાં સમાવેશ ન કરતાં ભગવાનના અવતારમાં સમાવેશ થાય તેથી "ભગવત્તમ" કહ્યું.

આ જ્ઞાન સંકર્ષણે વાસુદેવ પાસેથી મેળવ્યું. સંકર્ષણ પાસેથી સનત્કુમારે મેળવ્યું. સનત્‌કુમાર પાસેથી સાંખ્યાયન મુનિએ મેળવ્યું. સનત્કુમાર "निवृत्तिधर्माभिरताय" પરમહંસ ધર્મમાં અનુરાગવાળા છે તેના જ્ઞાનાધિકારી છે. સાંખ્યાયન મુનિ 'धृतव्रताय' વ્રતપરાયણ હોવાથી જ્ઞાનના અધિકારી હતા. ૭

सांख्यायनः पारमहंस्यमुख्यो विचक्षमाणो भगवद्विभूतीः ॥
जगाद सोऽस्मद्गुरवेऽन्विताय पराशरायाथ बृहस्पतेश्च ॥ ८॥

અન્વયાર્થ—पारमहंस्य–मुख्यः–પરમહંસોમાં મુખ્ય, **सः सांख्यायनः**–તે સાંખ્યાયન મુનિએ, **भगवद्–विभूतीः**–ભગવાનની વિભૂતિઓને, **विचक्षमाणः**–કહેવાને ચાહતા, **अन्विताय**–યોગ્યતાવાળા, **अस्मद्–गुरवे**–અમારા ગુરુ, **पराशराय**–પરાશર મુનિને, **अथ च**–અને વળી, **बृहस्पतेः**–બૃહસ્પતિને, **जगाद**–કહ્યું.(ઉપજાતિ વૃત્ત) ૮

અનુવાદ—પરમહંસોમાં મુખ્ય તે સાંખ્યાયન મુનિએ ભગવાનની વિભૂતિઓ કહેવાને ચાહતા મારા સદ્‌ગુરુ સુયોગ્ય પરાશર મુનિને અને વળી બૃહસ્પતિજીને કહ્યું. ૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં પણ ભાગવત કથનની પરંપરાનું વર્ણન છે—

'**अस्मद्-गुरवे**'—સાંખ્યાયન મુનિએ પરાશર મુનિને અને બૃહસ્પતિજીને ભાગવત શાસ્ત્ર વર્ણવ્યું. મૈત્રેય મુનિ પોતાના ગુરુવર્ય માટે મમત્વ ધરાવતા "अस्मद्गुरवे" એવો આત્મીય ભાવ પ્રકટ કરે છે. 'अन्विताय' શબ્દના બે અર્થ થાય છે; એક અર્થ છે સુયોગ્ય અને બીજો અર્થ થાય છે 'અનુગામી.' "યોગ્ય અથવા અનુગામી"ને જ જ્ઞાન અપાય. "अन्विताय"નો એક એવો અર્થ થાય છે કે પરાશર મુનિ સાંખ્યાયન ઋષિ પાસે આવ્યા અને જ્ઞાન આપ્યું અને 'બૃહસ્પતિ' દેવલોકમાં હતા ત્યાં જઈને આપ્યું. શ્રીમદ્ ભાગવત નિત્ય છે અને ચૌદે લોકમાં પ્રસરિત છે. બ્રહ્મા અને સનત્ કુમારો ભાગવતના કહેનારા હોવાથી સત્યલોકમાં, બૃહસ્પતિને લીધે ધ્રુવલોકમાં, પરાશર મુનિને લીધે ભૂતલમાં સંકર્ષણ ભગવાન દ્વારા પાતાલ દેશમાં પ્રસાર પામેલ છે. ૮

प्रोवाच मह्यं स दयालुरुक्तो मुनिः पुलस्त्येन पुराणमाद्यम् ॥
सोहं तवैतत्कथयामि वत्स श्रद्धालवे नित्यमनुव्रताय ॥ ९ ॥

અન્વયાર્થ—**पुलस्त्येन**-પુલસ્ત્ય મુનિએ, **उक्तः**-પ્રેરેલા, **सः**-તે, **दयालुः**-દયાળુ પરાશરે, **मह्यम्**-મને, **आद्यं पुराणम्**-આદ્ય પુરાણ, **प्रोवाच**-કહ્યું. **वत्स**-હે વત્સ ! **सः अहम्**-તે હું, **श्रद्धालवे**-શ્રદ્ધાળુ, **नित्यम् अनुव्रताय**-અને નિત્ય આજ્ઞાંકિત એવા, **तुभ्यम्**-તમને, **एतत्**-આ, **कथयामि**-કહું છું. (ઉપજાતિ વૃત્ત) ૯

અનુવાદ—પુલસ્ત્ય મુનિએ પ્રેરેલા તે દયાળુ પરાશર મુનિએ મને આદ્ય પુરાણ કહ્યું. હે વત્સ ! તે હું શ્રદ્ધાળુ તેમજ આજ્ઞાંકિત એવા તમને આ પુરાણ કહું છું. ૯

તત્ત્વસુધા—શ્રીમદ્ ભાગવતના શ્રોતામાં બે ગુણ જોઈએ: "श्रद्धालवे अनुव्रताय" નિત્ય શ્રદ્ધાલુતા અને સેવાપરાયણતા. પરન્તુ આગન્તુક સેવાવૃત્તિ અને શ્રદ્ધાભાવનાનું કાંઈ પણ મૂલ્ય નથી. નિત્ય શ્રદ્ધા અને નિત્ય સેવાપરાયણતા તો પ્રભુકૃપાથી જ મળે છે. 'सः दयालुः' પરાશર મુનિમાં દયાલુતા હતી તેથી જ મૈત્રેય મુનિને શ્રીમદ્ ભાગવત કહ્યું છે. મૈત્રેય મુનિ માને છે કે મારામાં યોગ્યતા ન હતી પરંતુ પરાશરમાં દયાવૃત્તિ હતી માટે જ મને ભાગવત સંભળાવ્યું. 'सः" પદથી પરાશર પ્રસિદ્ધ મુનિ છે, એવું કહ્યું છે. પરાશર સાત વર્ષના છતાં માર્કણ્ડેય મુનિ કરતાં વૃદ્ધ છે. ગર્ભમાંથી જ વેદોનું જ્ઞાન મેળવ્યું છે. પરાશર સમર્થ તપસ્વી હતા. તેમના પિતાજીનું નામ 'શક્તિ' મુનિ છે. શક્તિને એક રાક્ષસ ખાઈ ગયો. પરાશર ત્યારે હાજર ન હતા, જ્યારે તે જાણ્યું ત્યારે રાક્ષસ-સત્ર કરી રાક્ષસ-સંહાર આરંભ્યો. તે સમયે 'પુલસ્ત્ય' મુનિએ પરાશરને વિનંતિ કરી કે રાક્ષસ-સત્ર ન કરો. પરાશરે રાક્ષસ-સત્ર ન કર્યો તેથી પ્રસન્ન થયેલા પુલસ્ત્ય મુનિએ "પુરાણાચાર્ય" થાય તેવું વરદાન આપ્યું. ૯

उदाप्लुतं[1] विश्वमिदं तदासीद्यन्निद्रयाऽमीलितदृङ्न्यमीलयत् ।
अहीन्द्रतल्पेऽधिशयान एकः कृतक्षणः स्वात्मरतौ[2] निरीहः ॥ १० ॥

અન્વયાર્થ—**अमीलित-दृक्**-નિત્ય જાગ્રત જ્ઞાનશક્તિવાળા, **अहि-इन्द्र-तल्पे**-શેષનારાયણરૂપ પલંગમાં -શેષશય્યામાં, **अधिशयानः**-પોઢેલા, **एकः**-એકલા, **स्वात्मरतौ**-આત્મરમણમાં, **कृतक्षणः**-ઈચ્છાવાળા, **निर्ईहः**-ક્રિયારહિત ભગવાને, **यत् निद्रया**-જ્યારે નિદ્રાથી, **नि-अमीलयत्**-નેત્રો બંધ કર્યાં, **तदा**-ત્યારે, **इदं विश्वम्**-આ વિશ્વ, **उदा-आप्लुतम्**-જલમાં ડૂબેલ હતું. (ઉપજાતિ વૃત્ત) ૧૦

અનુવાદ—જાગ્રત જ્ઞાનશક્તિવાળા, શેષશય્યામાં પોઢેલા, એકલા આત્મરમણમાં મનવાળા ક્રિયારહિત એવા ભગવાને જ્યારે નિદ્રાથી નેત્રો બંધ કર્યાં ત્યારે આ વિશ્વ જલમાં ડૂબેલ હતું. ૧૦

---

१ उदप्लुतं प्रा. पा., २ स्वात्मरतावनीहः प्रा. पा.

તત્ત્વસુધા—દશમા શ્લોકથી ભાગવત પુરાણનો પ્રારંભ કરે છે—

"પુરાણ" એટલે જેમાં ભગવાનની સર્ગ-વિસર્ગ વગેરે દશ લીલાઓનું નિરૂપણ હોય છે. 'સર્ગ' એટલે ઉત્પત્તિ. સૃષ્ટિ સંબંધી પ્રશ્નો બીજા સ્કંધમાં (૨-૮-૮) આઠમા અધ્યાયના આઠમા શ્લોકથી કર્યા છે. તેનું સમાધાન ચતુઃશ્લોકી ભાગવતથી એટલે ૨-૯-૩૧થી ૩૫ સુધીમાં કર્યું છે. તેમાં જે વર્ણન કર્યું છે તે "બ્રહ્મકલ્પ" છે.

ફરીથી ૨-૯-૪૫મા શ્લોકમાં વિરાટમાંથી આ જગત કેવી રીતે થયું એ એક પ્રશ્ન હતો તેમજ બીજા પણ પ્રશ્નો હતા તેનો ખુલાસો બીજા સ્કંધના દશમા અધ્યાયના ૨-૧૦-૪૬ મા શ્લોક પર્યન્ત કર્યો. આ કથન વિકલ્પ સાથે બ્રહ્મકલ્પનું હતું.

પરંતુ આ બધા ઉત્તરો સૂત્રરૂપે હતા. તેને વિગતવાર જાણવા હતા. તેથી બીજા સ્કંધના ૨-૧૦-૪૭મા શ્લોકમાં પદ્મકલ્પ કહેવાની પ્રતિજ્ઞા કરી. આ કથા વિદુર-મૈત્રેયના સંવાદરૂપે છે. પદ્મકલ્પનો સર્ગ ભગવાનના સંબંધવાળો છે તેમ જ ભગવાને કરેલો છે. બ્રહ્મકલ્પથી તે ભિન્ન છે. વિદુરજી જે પ્રશ્નો પૂછે છે તે બધાનો ઉત્તર બ્રહ્મકલ્પમાં નથી. તેથી પદ્મકલ્પનો વિસ્તૃત સર્ગ વર્ણવવો જોઈએ તેનો આરંભ "उदाप्लुतं" આ શ્લોકના આ પદથી થાય છે. પ્રલયનું વર્ણન કરતાં જે વાક્ય કહે છે કે "આ વિશ્વ સલિલમાં ડૂબેલું હતું તે બ્રહ્મકલ્પનો જલપ્રલય છે." ત્યાર પછીના સર્ગની લીલા હવે શરૂ કરે છે.

આવા પ્રલયો અનેક પ્રકારના હોય છે. તેમાં તામસ કલ્પોમાં તામસ પ્રાણીઓને ભવિષ્યની સૃષ્ટિ રચવા બાળવામાં આવે છે.

રાજસ કલ્પોમાં પ્રાણીઓ પ્રલયના જળમાં ડૂબી જાય છે. સાત્વિક કલ્પમાં જો પ્રલય પછી પાછો સાત્વિક કલ્પ થવાનો હોય તો અમુક ભાગ નાશ પામે છે, અમુક ભાગ બાકી રહે છે અને સર્ગ શરૂ થાય છે.

પદ્મકલ્પના પૂર્વનો બ્રહ્મકલ્પ રાજસ હતો તેથી જલનો પ્રલય થયેલો હતો. આ પ્રલયમાં ભગવાન શેષશય્યા ઉપર પોઢેલા હતા. તેમાં પણ ભગવાનનું રમણ હતું જ. પ્રલયમાં સ્વરૂપરમણ હોય છે અને સૃષ્ટિમાં પ્રપંચમાં રમણ હોય છે, લીલામાં રસરમણ હોય છે. ૧૦

सोऽन्तःशरीरेऽर्पितभूतसूक्ष्मः कालात्मिकां शक्तिमुदीरयाणः ॥
उवास तस्मिन्सलिले पदे स्वे यथाऽनलो दारुणि रुद्धवीर्यः ॥ ११ ॥

અન્વયાર્થ—**यथा**-જેમ, **दारुणि**-કાષ્ઠમાં, **अनलः**-અગ્નિ, **रुद्धवीर्यः**-ગુપ્ત તેજવાળા રહે છે, **तथा**-તેમ, **अन्तःशरीरे**-પોતાના શરીરમાં, **अर्पितः-भूत-सूक्ष्मः**-ભૂત અને તન્માત્રાને સમાવી, **काल-आत्मिकाम्**-કાલ નામની, **शक्तिम्**-શક્તિને, **उदीरयाणः**-પ્રેરણા કરતા, **सः**-તે ભગવાન, **स्वे**-પોતાના, **तस्मिन्**-તે, **पदे**-સ્થાનરૂપ જળમાં, **उवास**-વસ્યા. (ઉપજાતિ વૃત્ત) ૧૧

અનુવાદ—જેમ કાષ્ઠમાં અગ્નિ ગુપ્ત તેજથી રહે છે તેમ પોતાના શરીરમાં પંચભૂત અને તન્માત્રાઓને સમાવીને, કાલ નામની શક્તિને પ્રેરણા કરતા તે ભગવાન પોતાના સ્થાનરૂપ જલમાં પોઢ્યા. ૧૧

તત્ત્વસુધા—ભગવાને પોતાના શરીરમાં સૂક્ષ્મ ભૂતોનો સમાવેશ કર્યો છે તે વાત આ શ્લોકમાં કહે છે.—

"सः अन्तःशरीरे" ભગવાન માટે શરીર શબ્દ વપરાતો નથી. પરંતુ આ સ્થાને શરીર શબ્દનો વપરાશ કર્યો છે. આ શરીર સત્-ચિત્-આનંદથી પરિપૂર્ણ છે. ભગવાને પોતાના એક જ સ્વરૂપના બે આકારો રચ્યા છે. યોગમાયા ભગવાનની શક્તિ છે. ભગવાનમાં સત્-ચિત્-આનંદ છે તેવા ધર્મો ભગવાનની શક્તિમાં પણ છે. પુરુષને સત્ બહારથી છે, ચિદ્-જ્ઞાન મધ્યમાં છે અને આનંદ અંદર હોય છે. ભગવાનની શક્તિમાં "સત્" અંદરથી છે, જ્ઞાન મધ્યમાં છે અને આનંદ ઉપરથી છે.

આવા સદાનંદ સ્વરૂપમાં ભગવાને ' अर्पितभूतसूक्ष्मः ' સૂક્ષ્મ પ્રાણીઓને રાખેલાં છે. આ સ્થાને " भूतसूक्ष्म "-નો અર્થ ઘણા તન્માત્રાઓ એવો પણ કરે છે. પરંતુ ભૂતસૂક્ષ્મ એટલે સર્વ ચિદંશોને ભગવાને શરીરમાં સ્થાપ્યા છે. અને પુનઃ સૃષ્ટિ કરી શકાય માટે કાલાત્મિકા શક્તિને પ્રેરણા પણ કરે છે. કાષ્ઠમાં રહેલ અગ્નિ દેખાય નહીં તેમ પોતાનું વીર્ય ગુપ્ત રાખીને સલિલમાં વસ્યા છે. ૧૧

चतुर्युगानां च सहस्रमप्सु स्वपन्स्वयोदीरितया स्वशक्त्या ॥
कालाख्ययाऽऽसादितकर्मतन्त्रो लोकानपीतान्ददृशे स्वदेहे ॥ १२ ॥

અન્વયાર્થ—**च**-અને, **चतुर्युगानाम् सहस्रम्**-ચારે યુગોના એક હજાર વર્ષ પર્યન્ત, **अप्सु**-જળમાં, **स्वपन्**-પોઢેલા, **स्वया**-પોતાની, **उदीरतया**-પ્રેરેલી, **काल-आख्यया**-કાલ નામની, **स्वशक्त्या**-સ્વશક્તિ દ્વારા, **आसादित-कर्म-तंत्रः**-લોકરચનાની સામગ્રીને મેળવતા, **सः**-તે ભગવાને, **अपीतान्**-લય પામેલા, **लोकान्**-લોકોને, **स्वदेहे**-પોતાના દેહમાં, **ददृशे**-જોયા. (ઉપજાતિ વૃત્ત) ૧૨

અનુવાદ—અને ચારે યુગો એકહજાર વખત ફરી ગયા તેટલો સમય જળમાં પોઢેલા અને પોતે પ્રેરેલી પોતાની કાલ નામની શક્તિદ્વારા લોકનિર્માણની સામગ્રીને મેળવતા તે ભગવાને લય પામેલા લોકોને પોતાના દેહમાં નિહાળ્યા. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાન કેટલો સમય પોઢ્યા તે સ્પષ્ટ કરે છે—

चतुर्युगानां च सहस्रम् એક હજાર સત્ય, એક હજાર ત્રેતા, એક હજાર દ્વાપર અને એક હજાર કલિ મળીને ચાર હજાર યુગો સુધી જલમાં રહ્યા. બ્રહ્માનો દિવસ ચાર હજાર યુગનો છે અને તેટલી જ રાત્રી છે. બ્રહ્માના એક " અહોરાત્ર " સુધી જલમાં ભગવાન વસ્યા. " च " અવ્યયથી યુગો અને સંધ્યા અને સંધ્યાના અંશો પણ સમજવા. જેથી ૧૨ હજાર વર્ષનો એક ચતુર્યુગ થશે એવા એક હજાર વર્ષોનો બ્રહ્માનો દિવસ થશે.

પોઢેલા ભગવાને, કાલશક્તિ લોકરચનાની સામગ્રી પોતાની પ્રેરણાથી પોતાની પાસે લાવી તે જોયું અને પોતાનામાં લય પામેલા લોકોને પણ જોયા. ૧૨

तस्यार्थसूक्ष्माभिनिविष्टदृष्टेरन्तर्गतोऽर्थो रजसा तनीयान् ॥
गुणेन कालानुगतेन विद्धः सूष्यंस्तदाभिद्यत नाभिदेशात् ॥ १३ ॥

અન્વયાર્થ—**अर्थ-सूक्ष्म-अभिनिविष्टदृष्टेः**-સૂક્ષ્મ અર્થમાં દૃષ્ટિવાળા, **तस्य**-તે ભગવાનની, **अन्तर्गतः**-અંદર રહેલા, **अर्थः**-પદાર્થ, **रजसा**-રજોગુણથી, **तनीयान्**-અત્યંત સૂક્ષ્મ થઈ ગયા, **तदा**-ત્યારે, **काल-अनुगतेन**-કાલથી મેળવેલા, **गुणेन**-ગુણથી, **विद्धः**-પ્રેરાઈ, **सूष्यन्**-પ્રસવ પામતાં, **नाभिदेशात्**-નાભિ પ્રદેશમાંથી, **अभिपद्यत**-બહાર નીકળ્યા. (ઉપજાતિ વૃત્ત) ૧૩

અનુવાદ—સૂક્ષ્મ અર્થમાં દૃષ્ટિવાળા તે ભગવાનની અંદર રહેલા પદાર્થ રજોગુણને લીધે તદ્દન નાના થઈ ગયા, ત્યારે કાલ પાસેથી પ્રાપ્ત કરેલા ગુણથી પ્રેરાઈ પ્રસવ પામતાં નાભિ દેશમાંથી બહાર નીકળ્યા. ૧૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ઉત્પત્તિનું વર્ણન કરે છે—

' तस्य अर्थसूक्ष्मअभिनिविष्टदृष्टेः ' ભગવાને જ્યારે " સૂક્ષ્મ અર્થમાં " એટલે જીવોને ભોગવવા લાયક પદાર્થમાં દૃષ્ટિ નાખી ત્યારે તેમાં મોટા ફેરફાર થયો. તે ફેરફાર રજોગુણ દ્વારા થયો. પદાર્થમાં પ્રથમ રૂપ ન હતું તે રૂપ થયું એ જ મોટું પરિવર્તન થયું.

---

[1] कालाख्ययोत्पादित॰ प्रा. पा.

ત્યારબાદ કાલથી પ્રેરણા પામીને તે ચિત્ અને જડ પદાર્થ નાભિમાંથી બહાર નીકળ્યો. જમીનને ભેદીને અંકુર બહાર આવે તેવી રીતે તે બહાર નથી આવ્યો; પરંતુ આકાશમાંથી પદાર્થ બહાર આવે તેમ તે બહાર આવ્યો. તેથી "**सूष्यन्**" એવું પદ વાપર્યું છે. ૧૩

स पद्मकोशः सहसोदतिष्ठत् कालेन कर्मप्रतिबोधनेन ॥
स्वरोचिषा तत्सलिलं विशालं विद्योतयन्नर्क इवात्मयोनिः ॥ १४ ॥

અન્વયાર્થ—आत्मयोनिः—ભગવાનમાંથી જન્મેલ, **सः पद्मकोष**—તે કમળનો કોશ (કળી), **कर्म-प्रतिबोधितेन**—કર્મે જાગ્રત કરેલા, **कालेन**—કાલને લીધે, **स्वरोचिषा**—પોતાના તેજથી, **तत् विशालं सलिलम्**—તે વિશાલ જલને, **अर्क इव**—સૂર્યની માફક, **विद्योतयन्**—પ્રકાશ કરતો, **सहसा**—એકાએક, **उदतिष्ठत्**—બહાર નીકળ્યો. (ઉપજાતિ વૃત્ત) ૧૪

અનુવાદ—ભગવાનમાંથી જન્મેલ તે કમલકોશ (કમળની કળી) કર્મે જાગ્રત કરેલા કાલને લીધે પોતાના તેજથી તે વિપુલ જલને સૂર્યની માફક પ્રકાશ કરતો એકાએક બહાર આવ્યો. ૧૪

તત્ત્વસુધા—બહાર નીકળેલા પદાર્થનું સ્વરૂપ કેવું છે તે આ શ્લોકથી કહે છે—

'**स पद्मकोशः**' બહાર નીકળેલ તે પદાર્થ "કમળની વણખીલી કળી" જેવો હતો. તેથી તેને "પદ્મકોશ" શબ્દથી સમજાવ્યો છે. તે એકાએક "सहसा" બહાર આવ્યો છે તેને લીધે કળી ખીલી નથી.

'आत्मयोनिः' આ પદ્મકોશનું કારણ ભગવાન છે. જ્યારે કમળની કળી બહાર આવી ત્યારે બહાર રહેલો કાલ અને પ્રાણીઓનું કર્મ તેના સંબંધમાં આવ્યાં. કર્મે કાલનો કમલની કળીમાં પ્રવેશ કરાવ્યો, ત્યારે તે કાલ તેજ, જલ, અન્ન (પૃથ્વી) એવા ત્રણ રૂપવાળો થયો. આ પદ્મકોશ સૂર્ય જેવો તેજસ્વી હતો. તે જલનો પ્રકાશ કરતો હતો આવું કહ્યું તેથી તેજ, જલ, કમલ (પૃથ્વી) ત્રણ વસ્તુઓ થઈ. ૧૪

तल्लोकपद्मं स उ एव विष्णुः प्रावीविशत्सर्वगुणावभासम् ॥
तस्मिन्स्वयं वेदमयो विधाता स्वयंभुवं यं स्म वदन्ति सोऽभूत् ॥ १५ ॥

અન્વયાર્થ—उ—હે ભાઈ, **सः एव**—તે જ, **विष्णुः**—શ્રીવિષ્ણુએ, **तत्**—તે, **सर्वगुण-अवभासम्**—સર્વ ગુણોનો પ્રકાશ કરનારા, **लोक-पद्मं**—લોકરૂપ કમલમાં, **प्रावीविशत्**—પ્રવેશ કર્યો, **तस्मिन्**—તેમાં, **वेदमयः**—વેદમય, **विधाता**—વિધાતા, **यम्**—જેને, **स्वयम्भुवम्**—સ્વયંભૂ, **वदन्ति**—કહે છે, એવા **सः**—તે, **स्वयम्**—પોતે, **अभूत्**—પ્રકટ થયા. (ઉપજાતિ વૃત્ત) ૧૫

અનુવાદ—હે ભાઈ! તે જ શ્રીવિષ્ણુએ તે સર્વ ગુણોનો પ્રકાશ કરનારા લોકરૂપ કમળમાં પ્રવેશ કર્યો. તેમાં વેદમય વિધાતા જેને સ્વયંભૂ કહે છે તે પોતે પ્રકટ થયા. ૧૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં લોકકમળમાં ભગવાનના પ્રવેશની વસ્તુ વર્ણવે છે—

'स उ एव विष्णुः' તે લોકપદ્મમાં નારાયણ ભગવાન પ્રથમથી જ તેમાં હતા. છતાં તેમાં પ્રવેશ કર્યો. તેથી "विष्णुः" એવી સંજ્ઞા આ શ્લોકમાં આપી. "વિષ્ણુ" શબ્દનો એક અર્થ સર્વત્ર વ્યાપક રૂપે રહેલા અને "विशतीति" विष्णुः એવી વ્યુત્પત્તિથી વિષ્ણુ એટલે પ્રવેશ કરનારા એવું પણ કહ્યું.

અંદર હતા તો પછી પ્રવેશ કેવી રીતે કર્યો એવી શંકા ન થાય તે માટે એમ પણ સમજવું કે પહેલાં તેમાં રહેલા તે જ તેમાં પ્રકટ થયા. ત્યારબાદ સ્વયંભૂ એટલે બ્રહ્મા તેમાંથી પ્રકટ થયા. બ્રહ્માના પિતાને ત્યાંના લોકોએ જોયેલા નહીં તેથી માન્યું કે સ્વયં ઉત્પન્ન થયા છે અને તેથી જ સ્વયંભૂ કહ્યા. આ સ્વયંભૂ વેદમય છે અને વિધાતા છે. ૧૫

---

[1] स्वकमेव धिष्ण्यं प्रा. पा.

तस्यां स चाम्भोरुहकर्णिकायामवस्थितो लोकमपश्यमानः ॥
परिक्रमन्व्योम्नि विवृत्तनेत्रश्चत्वारि लेभेऽनुदिशं मुखानि ॥ १६ ॥

અન્વયાર્થ—तस्याम्-તે, **अम्भोरुह-कर्णिकायाम्**-ખીલેલી કમળની કળીમાં, **अवस्थितः**-રહેલા, **सः**-તેમણે, **लोकम्**-લોકને, **अपश्यमानः**-ન જોતાં, **विवृत्तनेत्रः**-ખુલ્લાં નયન રાખી, **व्योम्नि**-આકાશમાં, **अनुदिशम्**-ચારે દિશાઓમાં, **परिक्रमन्**-દૃષ્ટિ ફેરવતાં, **चत्वारि**-ચાર, **मुखानि**-મુખને, **लेभे**-મેળવ્યાં. (ઉપજાતિ વૃત્ત) ૧૬

અનુવાદ—તે ખીલેલી કમળની કર્ણિકામાં-કળીમાં બેઠેલા તે સ્વયંભૂએ લોકોને ન જોતાં ખુલ્લાં નેત્ર રાખી આકાશમાં ચારે દિશામાં નજર ફેરવતાં ચાર મુખ મેળવ્યાં. ૧૬

તત્ત્વસુધા—બ્રહ્મા કમળમાંથી પ્રકટ્યા બાદ શું થયું તે હવે વર્ણવે છે—

‘**तस्यां अवस्थितः**’ તે કમળની કર્ણિકામાં વસેલા બ્રહ્માએ ચારે તરફ નજર ફેરવી તો કોઈ પણ લોક દેખાયા નહીં. આ લોકો બે પ્રકારના હતા: એક પ્રાણીરૂપ લોકો અને બીજા ભૂર્, ભુવઃ, સ્વર્ગ, ભૂમિ, પાતાલ વગેરે લોકો. એ બેમાંથી કોઈને પણ ન જોયા. બ્રહ્માએ તે બન્નેનો વિચાર નહીં કરેલો તેથી ન જોયા.

બ્રહ્માએ પોતામાં જોયું હોત તો લોકો દેખાત પરંતુ “परिक्रमन्” ચારે તરફ ફરતી નજર નાખી તેથી ન દેખાયા. ચારે તરફ જોતાં બ્રહ્માજીને ચાર મુખ થયાં. ૧૬

तस्माद्युगान्तश्वसनावघूर्णजलोर्मिचक्रात्सलिलाद्विरूढम् ॥
[1]उपाश्रितः कञ्जमु लोकतत्त्वं नात्मानमद्धाविददादिदेवः ॥ १७ ॥

અન્વયાર્થ—युग-अन्त-श्वसन-अवघूर्ण-जल-ऊर्मि-चक्रात्-ઘૂમરી ખાતા જલનાં મોજાંના કુંડાળાવાળા, **तस्मात्**-તે, **सलिलात्**-જલમાંથી, **विरूढम्**-ઊગેલા, **कञ्जम्**-કમળના, **उपाश्रितः**-આધારે બેઠેલા, **आदिदेवः**-આદિદેવે, **लोक-तत्त्वम्**-લોકના તત્ત્વરૂપ કમળને, **च**-અને, **आत्मानम्**-પોતાને, **अद्धा**-ખરેખર, **उ**-આશ્ચર્ય છે કે, **न अविदत्**-ન જાણ્યાં. (ઉપજાતિ વૃત્ત) ૧૭

અનુવાદ—યુગોના અંતકાળના પવનથી ઘૂમરી લેતા જલતરંગોના કુંડાળાવાળા તે પાણીમાંથી ઊગેલા કમળને આશ્રયે બેઠેલા આદિદેવ બ્રહ્માએ લોકના કારણરૂપ કમળને અને પોતાને ન જાણ્યાં એ ખરેખર આશ્ચર્ય છે. ૧૭

તત્ત્વસુધા—બ્રહ્માજી ચિંતામગ્ન બને છે તે વાત આ શ્લોકમાં કહે છે—

“**तस्मात् सलिलात्**” તે સલિલમાંથી એક ઊંચા ઊગેલા કમળમાં બ્રહ્માજીએ પોતાને બેઠેલા જોયા. આ શ્લોકમાં जल અને સલિલ બે શબ્દો છે. જે કૃત્રિમ જળ છે તેને “જલ” શબ્દથી કહ્યું છે અને જે નિત્ય રહે છે તેને “સલિલ” શબ્દથી કહે છે.

યુગાન્તના પવનથી ચલાયમાન જલ હતું તેથી તેમાં રહેલ કમળ પણ ડોલતું હતું. પાણીમાં કુંડાળાં વળતાં હતાં. કમળનો દંડ ભાગતો ન હતો તેમજ કમળ ડૂબતું પણ ન હતું. તે ઉપર બેઠેલા બ્રહ્માએ પોતાને અને કમળને જાણ્યાં નહીં ત્યારે ચિંતા થવા લાગી. ૧૭

क एष योऽसावहमब्जपृष्ठ एतत्कुतो वाब्जमनन्यदप्सु ॥
अस्ति ह्यधस्तादिह किंचनैतदधिष्ठितं यत्र सता नु भाव्यम् ॥ १८ ॥

---

[1] अपाश्रितः प्रा. पा.

અન્વયાર્થ—यः–જે, **असौ**–આ, **अहम्**–હું, **अब्ज-पृष्ठे**–કમળપીઠમાં, **एषः कः**–આ કોણ છું? **वा**–વળી, **अप्सु**–જળમાં, **एतत्**–આ, **अनन्यत्**–એકલું **अब्जम्**–કમળ, **कुतः**–ક્યાંથી? **यत्र**–જ્યાં, **एतत्**–આ, **अधिष्ठितम्**–આધારે રહેલું, **अस्ति**–છે તે, **इह**–અહીં, **अधस्तात्**–નીચે, **किंचन**–કાંઈક, **हि**–અવશ્ય, **सता**–સતરૂપે, **नु**–ખરેખર, **भाव्यम्**–હોવું જોઈએ. (ઉપજાતિ વૃત્ત) ૧૮

અનુવાદ—જે આ હું કમળપીઠમાં કોણ છું? વળી જળમાં આ જે એકલું કમળ છે તે ક્યાંથી? જ્યાં આ આધારે રહેલું છે તેની નીચે અહીં કંઈ પણ સતરૂપે અવશ્ય હોવું જોઈએ. ૧૮

તત્ત્વસુધા—બ્રહ્માજીને ચિંતામાં પ્રશ્નો ઉત્પન્ન થયા—

હું કોણ? આ કમળ ક્યાંથી? વળી આ કમળની નીચે તેના આધારની સત્તા પણ હોવી જ જોઈએ તે કઈ વસ્તુ હશે? જલમાં કમળ હોય જ તેમાં શું આશ્ચર્ય! એવો વિચાર ન થાય માટે કહ્યું કે "એકલું" કમળ ક્યાંથી? આ પ્રશ્નો બ્રહ્માજીને ચિંતામગ્ન કરવા લાગ્યા. ૧૮

स इत्थमुद्वीक्ष्य तदब्जनालनाडीभिरन्तर्जलमाविवेश ॥
नार्वाग्गतस्तत्खरनालनालनाभिं विचिन्वंस्तदविन्दताजः ॥ १९ ॥

અન્વયાર્થ—इत्थम्–આ પ્રમાણે, **उद्वीक्ष्य**–વિચાર કરીને, **तद्-अब्ज-नाल-नाडीभिः**–તે કમળની પોલી નળી દ્વારા, **सः**–તે બ્રહ્મા, **अन्तर्जलम्**–જલની અંદર, **आविवेश**–પ્રવેશ્યા. **तत्**–તે, **खर-नाल-नाल-नाभिम्**–કમળની નળીના મધ્ય ભાગને, **विचिन्वन्**–શોધતાં, **अर्वाक्**–નીચે, **गतः**–ગયેલા, **अजः**–બ્રહ્મા, **तत् न अविन्दत**–તેને ન મેળવી શક્યા. (ઉપજાતિ વૃત્ત) ૧૯

અનુવાદ—આ પ્રમાણે વિચાર કરીને તે કમળની પોલી નળી દ્વારા બ્રહ્માજીએ જલમાં પ્રવેશ કર્યો. બાદ કમળની નળીના મધ્યબિંદુને શોધતાં નીચે ગયેલા બ્રહ્માજી તેને ન જોઈ શક્યા. ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં બ્રહ્માજીએ તર્ક કર્યો છે—

"पर्वतो वह्निमान्" એ અનુમાનની માફક બ્રહ્માએ તર્ક કર્યો કે/હું પુરુષ છું–ચેતન છું. કમળમાંથી મારો કદી ઉદ્‌ભવ ન હોઈ શકે. માટે કમળની નીચે અવશ્ય કોઈ ચેતન પુરુષ હોવો જ જોઈએ. જે કોઈ ચેતન પુરુષ હશે તે મારા પિતા છે અને હું તે પિતાને શોધીશ.

બ્રહ્માજી તે "खरनालनालनाभिं" કમલ નાલની 'નાભિને' એટલે આધારને શોધવા છતાં તે કોણ છે તે જાણી શક્યા નહીં તેમ જ જોઈ શક્યા નહીં. ૧૯

तमस्यपारे विदुरात्मसर्गं विचिन्वतोऽभूत् सुमहांस्त्रिणेमिः ॥
यो देहभाजां भयमीरयाणः परिक्षिणोत्यायुरजस्य हेतिः ॥ २० ॥

અન્વયાર્થ—विदुर–હે વિદુરજી! **अपारे**–ગાઢ–અપાર, **तमसि**–અંધકારમાં, **आत्मसर्गम्**–પોતાને ઉત્પન્ન કરનારને, **विचिन्वतः**–શોધતાં, **सुमहान्**–ઘણો લાંબો, **त्रिणेमिः**–કાલ, **अभूत्**–ચાલ્યો ગયો. **यः**–જે, **हेतिः**–કાલચક્ર, **देहभाजाम्**–દેહધારીઓને, **भयम्**–ભય, **ईरयाणः**–પેદા કરતો, (તેમના અને) **अजस्य आयुः**–બ્રહ્માના આયુષ્યને, **परिक्षिणोति**–ક્ષીણ કરે છે. (ઉપજાતિ વૃત્ત) ૨૦

---

१ नालीभि० प्रा. पा, २ खरनालनाभिं स वै विचि० प्रा. पा.

અનુવાદ—હે વિદુરજી! અપાર અંધકારમાં પોતાને ઉત્પન્ન કરનાર પિતાને શોધતાં બ્રહ્માને ઘણો લાંબો કાળ થયો. જે કાલચક્ર શરીરધારીઓને ભય પેદા કરતો તેમના અને બ્રહ્માના પણ આયુષ્યને હરે છે. ૨૦

તત્ત્વસુધા—બ્રહ્માજીને શોધતાં સો વર્ષ લાગ્યાં એ વાત આ શ્લોકમાં કહે છે—

'હે વિદુરજી!' આવા સંબોધનથી આ કથા પ્રારંભે છે. મોટા મહાનુભાવો કે યોગીઓને માટે પણ ભગવાનને સમજવા ઘણા દુર્લભ છે. બ્રહ્માજીએ સો વર્ષ પર્યન્ત શોધ કરી. બ્રહ્માજીની આ શોધ ન હતી પરંતુ તે તપશ્ચર્યા છે. 'सुमहान् त्रिनेमिः' એટલે સો વર્ષનો કાલ ગયો. तिस्रो नेमयो यस्य सः "त्रिनेमिः" શિયાળો, ઉનાળો અને ચોમાસુ એવાં ત્રણ ચક્રોવાળો સમય "ત્રિનેમિ" કહેવાય. 'ત્રિનેમિ' શબ્દ જ સૂચવે છે કે ત્રણે ઋતુમાં બ્રહ્માજીએ તપ કર્યું છે.

'अजस्य हेतिः' હેતિ એટલે કાલચક્ર. આ કાલચક્ર બ્રહ્માજીના આયુષ્યનો પણ ક્ષય કરી બ્રહ્માજીને ભય પેદા કરે છે તો પછી સામાન્ય માનવોના આયુષ્યની કિંમત કેટલી? ૨૦

ततो निवृत्तोऽप्रतिलब्धकामः स्वधिष्ण्यमासाद्य पुनः स देवः ॥
शनैर्जितश्वासनिवृत्तचित्तो न्यषीददारूढसमाधियोगः ॥ २१ ॥

અન્વયાર્થ—**अप्रतिलब्धकामः**-સફળતા ન મેળવનાર, **ततः**-ત્યાંથી, **निवृत्तः**-પાછા ફરેલા, **सः देवः**-તે બ્રહ્મદેવ, **पुनः**-ફરીથી, **स्वधिष्ण्यम्**-પોતાના આસન ઉપર, **आसाद्य**-બેસીને, **शनैः**-ધીમે ધીમે, **जित-श्वास-निवृत्त-चित्तः**-શ્વાસ રોકી શાન્ત ચિત્ત બની, **आरूढ-समाधियोगः**-સમાધિયોગને આચરતા, **न्यषीदत्**-બેઠા. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૨૧

અનુવાદ—પોતાની કામના સફળ ન થતાં ત્યાંથી પાછા વળીને તે બ્રહ્મદેવ ફરીથી પોતાના કમલાસને આવીને, ધીમે ધીમે શ્વાસને જીતીને શાન્તચિત્ત થઈને સમાધિયોગમાં બેઠા. ૨૧

તત્ત્વસુધા—'अप्रतिलब्धकामः' એટલે બ્રહ્માજી પોતાના સર્જનહારની શોધમાં સફળતા ન પામી શક્યા. પરંતુ તેથી નિરાશ ન થયા. પુનઃ કમલાસન ઉપર આવીને બેઠા. ભગવાનની નાભિ સાથે કમળનો સંબંધ હોવાથી બ્રહ્માજીને ત્યાં સ્થિર થવાથી આત્મબોધ થશે. તે આત્મબોધ માટે પ્રાણાયામ આચર્યો. મનોવૃત્તિ પ્રાણાયામથી સ્થિર બની. શાન્ત અને સ્થિર મનોવૃત્તિમાં જ આત્મદર્શન સંભવે છે. તેથી બ્રહ્માજી યોગસમાધિમાં બેઠા. ૨૧

कालेन सोऽजः पुरुषायुषाभिप्रवृत्तयोगेन विरूढबोधः ॥
स्वयं तदन्तर्हृदयेऽवभातमपश्यतापश्यत यन्न पूर्वम् ॥ २२ ॥

અન્વયાર્થ—**पुरुषायुषा**-પુરુષના આયુષ્યના, **कालेन**-કાલ સુધી, **अभि-प्रवृत्त-योगेन**-આચરેલા યોગથી, **विरूढ-बोधः**-વિશેષ બોધ પામેલા, **सः अजः**-તે બ્રહ્મા, **यत्**-જે, **पूर्वम्**-પૂર્વમાં, **न अपश्यत**-નહોતા જોઈ શક્યા, **तत्**-તેને, **स्वयम्**-પોતે, **अन्तर्हृदये**-પોતાના હૃદયમાં, **अवभातम्**-સ્પષ્ટ થતું, **अपश्यत**-જોવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૨૨

અનુવાદ—પુરુષના આયુષ્યના કાલ સુધી યોગ આચરી બોધ પામેલા તે બ્રહ્માજી જે પ્રથમ ન જોઈ શક્યા, તેને પોતાની મેળે પોતાના હૃદયમાં સ્પષ્ટ થતું જોવા લાગ્યા. ૨૨

તત્ત્વસુધા—“ **पुरुषायुषा** ” બ્રહ્માજીએ પુરુષનું આયુષ્ય સો વર્ષનું ગણાય તેટલો સમય સમાધિયોગ સાધ્યો. ત્યારે તેઓ “ **विरूढबोधः** ” પુષ્ટ જ્ઞાન, સ્થિર જ્ઞાન અને વિશિષ્ટ જ્ઞાન પામ્યા. બાદ તેમણે ભગવાનની ઝાંખી કરી.

આ સ્વરૂપને “ **यन्न पूर्वमपश्यत** ” પૂર્વમાં જોયું ન હતું તે સમાધિથી નિહાળ્યું. ખરી રીતે ભગવત્-કૃપાથી ચિત્ત શુદ્ધ થયું. ભગવાને માયાનું આવરણ દૂર કર્યું. પોતે જ હૃદયમાં પ્રકાશ્યા ત્યારે જ ભગવાનની ઝાંખી થઈ.

બ્રહ્મ કલ્પમાં હૃદયમાં ભગવાનને જોયેલા. બીજા કલ્પોમાં વૈકુંઠમાં ભગવાનને જોતા હતા. જો ભગવાનને જુએ નહીં તો સૃષ્ટિ રચાય જ નહીં. પરંતુ આ વખતનું દર્શન “ અલૌકિક ” હતું એ બતાવવા “ પૂર્વમાં જોયેલ નહીં ” એવું વાક્ય વાપર્યું. ૨૨

मृणालगौरायतशेषभोगपर्यङ्क एकं पुरुषं शयानम् ॥
फणातपत्रायुतमूर्धरत्नद्युभिर्हतध्वान्तयुगान्ततोये ॥ २३ ॥

અન્વયાર્થ—फणा-आतपत्र-अयुत-मूर्ध-रत्न-द्युभिः-ફેણરૂપ છત્રવાળાં હજારો મસ્તકમાં રહેલાં રત્નોની કાન્તિઓથી, **हत-ध्वान्त-युगान्त-तोये**-નાશ પામેલ અંધકારવાળા પ્રલયના જલમાં, **मृणाल-गौर-आयत-शेष-भोग-पर्यङ्के**-મૃણાલ જેવા શ્વેત અને લાંબા શેષના શરીરરૂપ પલંગમાં, **शयानम्**-પોઢેલા **एकं पुरुषं ददर्श**-એક પુરુષને જોયા. (ઉપજાતિ વૃત્ત) ૨૩

અનુવાદ—ફેણરૂપ છત્રોવાળાં હજારો મસ્તકોમાં રહેલા રત્નોની કાન્તિઓથી દૂર થયેલ અંધકારવાળાં પ્રલયજલમાં, કમલના તંતુ જેવા સફેદ અને લાંબા શેષના શરીરરૂપ પલંગમાં પોઢેલા એક પુરુષને જોયા. ૨૩

તત્ત્વસુધા—૨૩ થી ૩૧ નવ શ્લોકોમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કરે છે. ભગવાનનું આ સ્વરૂપ સૃષ્ટિ-રચનામાં ઉપકારક છે.

“ **मृणालगौरायत०** ”—મૃણાલ કમળના દંડનું નામ છે. કમલના દંડ ઉપરથી છાલ કાઢી લેવામાં આવે ત્યારે અંદર કોમલ અને શ્વેત બિસતંતુવાળો ભાગ નીકળે છે. જે શીતલ હોય છે. શેષ ભગવાનનું શ્રીઅંગ એવું જ સુંદર અને શીતલ કોમલ હોય છે. શેષનો જ પર્યંક બનાવી ભગવાન તે ઉપર પોઢ્યા છે. “ **भोग** ” શબ્દનો અર્થ થાય છે શરીર. શેષ ઉપર પોઢેલા પ્રભુને નિહાળી બ્રહ્માજીને આશ્ચર્ય થયું.

અંધકારમાં પણ ભગવાનની ઝાંખી થતી હતી. જલ અગાધ હતું તેથી અંધકાર પણ અગાધ હતો. તો પણ શેષ ભગવાનનાં “ फणातपत्रायुत ” ફેણોરૂપી છૂટાંછવાયાં છત્રો હતાં. “ अयुत ” શબ્દ સંખ્યાવાચક છે અને **अ-युत** ‘ છૂટાં ’ એવા અર્થનો પણ વાચક છે. શેષની ફેણો છૂટી છૂટી હતી. અથવા ફેણની નીચે છૂટાં છૂટાં મસ્તકો હતાં. તે મસ્તકો ઉપર રત્નો હતાં. તે રત્નોના પ્રકાશથી અંધકાર દૂર થતો હતો. તેથી ભગવાનનું સ્પષ્ટ દર્શન થયું.

બ્રહ્મા બુદ્ધિસ્વરૂપ છે. શેષ ભગવાન વેદસ્વરૂપ છે. શેષશાયી ભગવાન વાસુદેવ છે. વેદો વાસુદેવને ગાય છે. શબ્દમાં અર્થ સમાય છે તેમજ શેષમાં ભગવાન પોઢ્યા છે. ૨૩

प्रेक्षां क्षिपन्तं हरितोपलाद्रेः संध्याभ्रनीवेरुरुरुक्ममूर्ध्नः ॥
रत्नोदधारौषधिसौमनस्यवनस्रजो वेणुभुजाङ्घ्रिपाङ्घ्रेः ॥ २४ ॥

અન્વયાર્થ—संध्या-अभ्र-नीवेः-સંધ્યા સમયનાં વાદળરૂપ કટિવસ્ત્રવાળા, **उरु-रुक्म-मूर्ध्नः**-મસ્તકે ઘણા

સુવર્ણના મુકુટવાળા. **रत्न-उदधारा-ओषधि-सौमनस्य-वनस्रजः**–રત્નો, જલધારાઓ, ઓષધિઓ, પુષ્પો અને વનોની માલાવાળા, **वेणु-भुज-अङ्घ्रिप-अङ्घ्रेः** વાંસરૂપ ભુજાઓ અને વૃક્ષરૂપ ચરણોવાળા, **हरित-उपल-अद्रेः**–મરકત મણિના પર્વતની, **प्रेक्षाम्**–શોભાને, **क्षिपन्तम्**–ટક્કર મારતી કાન્તિવાળા પુરુષને જોયા. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૨૪

અનુવાદ—સંધ્યા સમયના વાદળારૂપ કટિવસ્ત્રવાળા, મસ્તકે ઘણા સુવર્ણના મુકુટવાળા, રત્નો, જલધારા, ઓષધિઓ, પુષ્પસમૂહો અને વનોની વનમાલાઓવાળા, વાંસરૂપ ભુજાઓ અને વૃક્ષરૂપ ચરણોવાળા એવા મરકત મણિઓના પર્વતની કાન્તિને ટક્કર મારે તેવી નીલ કાન્તિવાળા પુરુષને જોયા. ૨૪

તત્ત્વસુધા—૨૩ મા શ્લોકમાં ભગવાનની અવસ્થાનું વર્ણન કર્યું. ૨૪ મા શ્લોકમાં ભગવાનને નીલાચલની ઉપમા આપે છે–

'प्रेक्षां क्षिपन्तम्'–આ શ્લોકમાં અશ્રુતોપમા રહેલી છે. શેષની શય્યામાં પોઢેલ ભગવાનને ક્ષીરસાગરમાં વસેલ મરકત મણિના પર્વતની ઉપમા આપે છે. ક્ષીરસાગરમાં મરકત મણિ પર્વત રહ્યો હોય તે સાંભળવામાં નથી આવ્યું.

મરકત મણિ પર્વતની શોભાથી અધિક શોભા શેષશાયી ભગવાનની લાગે છે. સાત તુલનાઓ આ શ્લોકમાં છે:

(૧) '**सन्ध्याभ्रनीवेः**' સંધ્યાકાલના પીત અને લાલવર્ણનાં વાદળરૂપી મરકત પર્વતને વસ્ત્ર છે. જ્યારે ભગવાને તો પીતામ્બર ધારણ કરેલ છે તે કેશરી વર્ણનું હોવાથી પીત–રક્ત વર્ણનું ભાસે છે. નીવી એટલે કટિવસ્ત્ર.

(૨) '**उरुरुक्ममूर्ध्नः**' મરકત મણિ પર્વતને સુવર્ણનાં શિખરો છે. ભગવાનના મસ્તકે સુવર્ણના મુકુટ છે.

હવે ભગવાન પાંચ પ્રકારની માલાઓને ધારણ કરે છે તેની સરખામણી કરે છે—

(૩) "**रत्नानि**" મરકત પર્વત ઉપર પદ્મરાગ મણિઓ છે, જ્યારે ભગવાને સહેજ લાલ રત્નોની માલા ધારણ કરી છે.

(૪) "**उदधाराः**" મરકત પર્વત ઉપર જલધારાઓ માલા જેવી લાગે છે. જ્યારે ભગવાને શ્વેત મોતીની માલા ધારણ કરી છે.

(૫) '**ओषधि**' મરકત પર્વત ઉપર તેજોમયી ઓષધિઓ છે, જ્યારે ભગવાને દીપકોની જ્યોતિ જેવી રત્નમાલા ધારણ કરી છે.

(૬) "**सौमनस्य**" મરકત પર્વત ઉપર પુષ્પોના સમૂહ વિકસ્યા છે, જ્યારે ભગવાને પુષ્પોની માલા ધારણ કરી છે.

(૭) "**वन**' મરકતપર્વત ઉપર અનેક વનની હરોળ છે, જ્યારે ભગવાને તુલસીમાલાઓ ધારણ કરી છે. આ ઉપરાંત મરકત પર્વતને વાંસડાઓ હાથ સમાન હતા, ભગવાનના હસ્ત પ્રત્યક્ષ હતા. વૃક્ષો ચરણ સમાન હતા અને ભગવાનને સ્પષ્ટ ચરણો હતા. કવિ–મેધાને આ શ્લોકમાંથી ઉત્પ્રેક્ષા, રૂપક અને ઉપમાઓનો આસ્વાદ મળશે. ૨૪

आयामतो विस्तरतः स्वमानदेहेन लोकत्रयसंग्रहेण ॥
विचित्रदिव्याभरणांशुकानां कृतश्रियाऽपाश्रितंवेषदेहम् ॥ २५ ॥

---

१ श्रितदेहवेषम् प्रा. पा.

અન્વયાર્થ—लोकत्रय-संग्रहेण-ત્રણ લોકના સમાવેશ થાય તેવા, **आयामतः**-લંબાઈમાં, **विस्तरतः**-પહોળાઈમાં, **स्वमानदेहेन**-માપવાળા પોતાના દેહથી ઓળખાતા, **विचित्र-दिव्य-आभरण-अंशुकानाम्**-વિચિત્ર તથા દિવ્ય આભૂષણ અને વસ્ત્રોની, **कृत-श्रिया**-કરેલી શોભાથી, **अपाश्रित-वेष-देहम्**-આશ્રય કરેલ વેષયુક્ત દેહવાળા, (**अपश्यत**-ભગવાનને જોયા.) (ઉપજાતિ વૃત્ત) ૨૫

અનુવાદ—ત્રણે લોકોનો સમાવેશ થાય તેવા લંબાઈમાં અને પહોળાઈમાં માપવાળા પોતાના દેહથી ઓળખાતા વિચિત્ર તથા દિવ્ય આભૂષણ અને વસ્ત્રોની શોભાથી સુશોભિત વેષ અને દેહવાળા ભગવાનને જોયા. ૨૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન છે—

आयामतो विस्तरतः-લંબાઈ પહોળાઈમાં ભગવાનના શ્રીઅંગમાં ત્રણે લોકનો સમાવેશ થાય છે, એટલું ભગવાનના દેહનું માપ છે. આભૂષણોએ ભગવાનને શોભાવ્યા નથી પરંતુ ભગવાને આભૂષણોને દીપાવ્યાં છે. ૨૫

पुंसां स्वकामाय विविक्तमार्गैरभ्यर्चतां कामदुघाङ्घ्रिपद्मम् ॥
प्रदर्शयन्तं कृपया नखेन्दुमयूखभिन्नाङ्गुलिचारुपत्रम् ॥ २६ ॥

અન્વયાર્થ—स्व-कामाय-પોતાની ઇષ્ટકામનાને પૂર્ણ કરવા માટે, **विविक्त-मार्गैः**-અનેક માર્ગોથી, **अभि-अर्चताम्**-ભજન કરનારા, **पुंसाम्**-લોકોને, **नख-इन्दु-मयूख-भिन्न-अंगुलि-चारु-पत्रम्**-નખરૂપી ચન્દ્રનાં કિરણોને લીધે વિલક્ષણ લાગતી અંગુલિરૂપ પાંદડીવાળા, **कामदुघा-अङ्घ्रि-पद्मम्**-કામનાને પૂરનાર ચરણ-કમલનું, **कृपया**-કૃપા કરી, **प्रदर्शन्तम्**-દર્શન આપતા ભગવાનને જોયા. (ઉપજાતિ વૃત્ત) ૨૬

અનુવાદ—પોતાના મનોરથોને પૂર્ણ કરવા માટે વિવિધ પ્રકારના માર્ગોથી ભજન કરનારા પુરુષોને, નખરૂપી ચન્દ્રનાં કિરણોથી વિલક્ષણ અને સુંદર લાગતા અંગુલિરૂપ પાંદડીવાળા કામનાપૂરક ચરણકમળનું કૃપા કરી દર્શન આપતા ભગવાનને જોયા. ૨૬

તત્ત્વસુધા—ભગવાનના સ્વભાવનું દર્શન આ શ્લોકથી કરાવે છે—

" विविक्तमार्गैः " ભગવચ્ચરણકમલ ભક્તજન માટે કામપૂરક કલ્પવૃક્ષ છે. ઉપાસકો અને ઉપાસના પ્રકારો ભલે વિવિધ હોય પરંતુ પ્રાપ્તવ્ય પ્રભુચરણ તો એક જ છે ને! અને ફલદાતા પ્રભુચરણકમલ પણ એક જ છે. " વિવિક્ત " એટલે ભિન્ન ભિન્ન માર્ગ (૧), વૈદિક માર્ગ (૨), વિશુદ્ધ માર્ગ (૩), " त्रिच्रिर् " पृथक्भावे इति धातोः " विविक्तशब्दसिद्धिः । જ્ઞાન-કર્મના મિશ્રણ વિનાના શુદ્ધ ભક્તિ માર્ગ (૪), દાસ્ય સખ્ય વગેરે માર્ગ (૫).

" વિવિક્ત માર્ગ "ના આવા અનેક અર્થ થાય છે. ભિન્ન માર્ગોથી સેવાતા ચરણકમલને સર્વ શ્રીઅંગ કરતાં વિલક્ષણ દર્શાવવા માટે " भिन्नांगुलिचारुपत्रम् " વિશેષણ આપ્યું છે. नखेन्दुमयूख પ્રભુના નખ ચન્દ્ર છે. પ્રભુની ચરણ અંગુલિઓ " કમલની પાંદડી "ની છે. ચન્દ્રકિરણનો કમલ સાથે સંબંધ થયેલ હોવાથી ચરણાંગુલિની શોભા તદ્દન વિલક્ષણ લાગે છે. જાણે નખચન્દ્રોની સંભાળ લેવાનું કામ અંગુલિરૂપ પાંદડીઓ કરતી હોય તેમ જણાય છે. સામુદ્રિક લક્ષણ પ્રમાણે ઉત્તમ પુરુષોની કરાંગુલિઓ અને પાદાંગુલિઓના નખ અંદર ડૂબી ગયેલા હોય છે અને તેથી લાગે છે કે પદ્મપાંદડીઓમાં મણિ મૂકયા છે.

આવી ઉપમાનું કારણ ભક્તિમાર્ગ સર્વ માર્ગ કરતાં વિલક્ષણ અને ઉત્તમ છે. આ માર્ગમાં ભક્તિ સ્વતંત્ર ફળ આપે છે એમ સૂચવ્યું છે. ૨૬

मुखेन लोकार्तिहरस्मितेन परिस्फुरत्कुण्डलमण्डितेन ॥
शोणायितेनाधरबिम्बभासा प्रत्यर्हयन्तं सुनसेन सुभ्र्वा ॥ २७ ॥

અન્વયાર્થ—**लोक-आर्ति-हर-स्मितेन**-લોકોની પીડાને હરનાર સ્મિતવાળા, **परि-स्फुरत्-कुण्डल-मण्डितेन**-સર્વ તરફ ઝળકતાં કુંડલોથી શોભતા, **शोणायितेन**-સહેજ લાલ, **अधर-बिम्बभासा**-અધરોષ્ઠની કાન્તિવાળા, **सुनसेन**-સુંદર નાસિકાવાળા, **सुभ्र्वा**-શોભિત ભ્રમરવાળા, **मुखेन**-મુખથી, **प्रति-अर्हयन्तम्-**સેવકનો સત્કાર કરતા ભગવાનને જોયા. (ઉપજાતિ વૃત્ત) ૨૭

અનુવાદ—લોકોની પીડાને હરનાર સ્મિતવાળા, ચારે બાજુ ઝળકતાં કુંડલોથી શોભતા, સહજ લાલ અધરોષ્ઠની કાન્તિવાળા, સુંદર નાસિકાવાળા, શોભિત ભ્રમરવાળા મુખથી સેવકોના સત્કાર કરતા ભગવાનને જોયા. ૨૭

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં વિવિધ માર્ગોથી ભજનારને ભગવાન કેવું ફળ આપે છે તે કહ્યું. આ શ્લોકમાં ભગવાન પ્રત્યક્ષ સેવનારને કેવું ફળ આપશે તે કહે છે—

"**प्रत्यर्हयन्तम्**"-ભક્તો કે સેવકો ભગવાનની સેવા કરે ત્યારે ભગવાન, સ્વામી વગેરે મહાન પુરુષો ભક્તોની સેવા સ્વીકારતાં સ્નેહાળ નજરે તેમની સામે નીરખે અને ભાવપુષ્ટિ કરે, તે ક્રિયાને માટે प्रत्यर्हयन्तम् "સામો આદર કરતા" એવું કહેવાય. ભગવાન આ આદર મુખારવિંદ દ્વારા કરે છે. આદર કરતા મુખારવિંદને ૭ વિશેષણો આપ્યાં છે. ૭ પ્રકાર નીચે વર્ણવે છે—

(૧) "लोकार्तिहरस्मितेन"-દુઃખી જનો ઉપર મન્દ સ્મિત દૃષ્ટિથી નીરખે છે કે દુઃખ દૂર થાય છે. તેમજ પ્રેમરસનું દાન કરી "કામ"ને હરે છે.

(૨) "परिस्फुरन् कुण्डलमंडितेन"-એ કુંડલોથી જ્ઞાન અને યોગ આપે છે; અને જીવના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે, તેમજ ક્રોધને હરે છે.

(૩) "शोणायितेन"-સહજ લાલાશને લીધે લાવણ્ય ભર્યું મુખારવિંદ લાગે છે. લાવણ્યથી ભક્તિનું પ્રદાન કરે છે ને લોભને હણે છે.

(૪) "अधरबिम्बभासा"-અધરકાન્તિથી ભગવાન સ્વરૂપાનંદનું દાન કરે છે અને મદને દૂર કરે છે.

(૫) "सुनसेन"-સુંદર નાસિકા દ્વારા રોગનું નિવારણ કરે છે. મોહ એ મહારોગ છે. તે સુંદર નાસિકા-દર્શનથી દૂર થાય છે.

(૬) सुभ्र्वा-ભૃકુટી કાલની પ્રવર્તક પણ છે અને નિષેધક પણ છે. તે મત્સર રોગને દૂર કરે છે. **शोभना भ्रूर्यस्य तत् सुभ्रु तेन सुभ्र्वा** આ પદ મુખનું વિશેષણ છે. ૨૭

कदम्बकिञ्जल्कपिशङ्गवाससा स्वलङ्कृतं मेखलया नितम्बे ॥
हारेण चानन्तधनेन वत्सश्रीवत्सवक्षःस्थलवल्लभेन ॥ २८ ॥

અન્વયાર્થ—**कदम्ब-किञ्जल्क-पिशङ्ग वाससा**-કદંબ વૃક્ષના કેસર જેવા પીતામ્બરથી, **नितम्बे**-નિતંબ ઉપર, **मेखलया**-મેખલાથી, **च**-અને, **वत्स-श्रीवत्स-वक्षःस्थल-वल्लभेन**-ચિહ્નરૂપ શ્રીવત્સવાળા વક્ષઃસ્થલમાં પ્રિય લાગતા, **अनन्त-धनेन**-અત્યંત અમૂલ્ય, **हारेण**-હારથી, **स्वलंकृतम्**-અલંકૃત થયેલા ભગવાનને જોયા. (ઉપજાતિ વૃત્ત) ૨૮

અનુવાદ—કદંબ વૃક્ષના કેસર જેવા પીતાંબરથી, નિતંબ ઉપરની મેખલાથી, ચિહ્નરૂપ શ્રીવત્સવાળા વક્ષસ્થલમાં પ્રિય લાગતા અણમોલ હારથી અલંકૃત થયેલા ભગવાનને જોયા. ૨૮

તત્ત્વસુધા– આ શ્લોકમાં ભગવાનના સૌન્દર્યનું નિરૂપણ છે—

“**कदम्ब-किञ्जल्क-पिशङ्ग-वाससा**” કિંજલ્ક એટલે કેસર અને પિશઙ્ગ એટલે પીળું. આ બન્ને શબ્દો મળીને પીતાંબર શબ્દ થયો. પીતાંબરની અને કદમ્બની તુલના કરે છે. કદમ્બ પુષ્પનાં કેસરો હોય છે, તેવી જ પીતાંબરમાં કેસરી વર્ણની અને મોતીવાળી લીટીઓ દેખાય છે. તેમાં મોતીઓ છે તે મુક્ત જીવો છે અને કેસરી રેશમી દોરાઓ છે તે ભકતો છે. પીતાંબર વેદ છે. વેદ, ભકત અને મુક્ત જીવો એ જ ભગવાનનું સૌન્દર્ય છે.

मेखलया–મેખલા નિતંબ ભાગ ઉપર રહે છે. નિતંબ ભાગ ભૂમિ છે અને ભૂમિ ઉપર ગવાતી ભગવાનની કીર્તિ–ભગવાનનો ગુણાનુવાદ મેખલા છે.

हारेण–ભગવાનના વક્ષઃસ્થલમાં શ્રીવત્સચિહ્ન છે. શ્રીવત્સ ચિહ્નવાળા હૃદયપ્રદેશ ઉપર અનેક રત્નોનો બનાવેલ નવસેર હાર છે. આ નવસેરા હારમાં રહેલી સેરો અથવા મણિઓ ભૃગુ વગેરે ઋષિઓ છે. આ બધા ઋષિ-મુનિઓ ભગવાનનું ધન છે.

આ શ્લોકમાં “**वत्स**” એવું સંબોધન પણ છે, અને આખું પદ છે “**वत्सरूपश्चिह्नरूपश्रीवत्सः, वत्सः श्रीवत्सः**” “ચિહ્નરૂપ એવો શ્રીવત્સ”–એવો અર્થ થાય. “જમણી બાજુ વળતી રોમાવલી” ભગવાનના વક્ષઃસ્થલમાં હોય છે. તેનું “શ્રીવત્સ” નામ છે. ૨૮

परार्ध्यकेयूरमणिप्रवेकपर्यस्तदोर्दण्डसहस्रशाखम् ॥
अव्यक्तमूलं भुवनाङ्घ्रिपेन्द्रमहीन्द्रभोगैरधिवीतवल्शम् ॥ २९ ॥

અન્વયાર્થ—परार्ध्य-केयूर-मणि-प्रवेक-पर्यस्त-दोर्-दण्ड-सहस्र-शाखम्–અણમોલ બાજુબંધના ઉત્તમ મણિઓથી વીંટાયેલા હાથરૂપ દંડોથી હજાર શાખાવાળા, **अव्यक्त-मूलम्**–ન જણાય તેવા મૂલવાળા, **अहीन्द्र-भोगैः**–શેષનાગની ફેણાથી, **अधिवीत-वल्शम्**–વ્યાપેલા સ્કંધવાળા, **भुवन-अङ्घ्रिप-इन्द्रम्**–ભુવનરૂપ કલ્પવૃક્ષ સમા ભગવાનને જોયા. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૨૯

અનુવાદ—અણમોલ બાજુબંધના ઉત્તમ મણિઓથી વીંટાયેલા હાથરૂપ દંડોથી હજાર શાખાવાળા, ન જણાય તેવા મૂલવાળા, શેષની ફેણોથી સ્પર્શાયેલા સ્કંધવાળા, ભુવનરૂપ કલ્પવૃક્ષ સમાન ભગવાનને જોયા. ૨૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનનું કલ્પવૃક્ષ સ્વરૂપે વર્ણન કર્યું છે—

‘**परार्ध्य-केयूर**’–પરાર્ધ્ય એટલે અમૂલ્ય. **केयूर** એટલે બાજુબંધ. ભગવાને અમૂલ્ય મણિવાળા બાજુબંધ ધારણ કર્યા છે. ભગવાનના હજાર હાથ ઉપર બાજુબંધનું તેજ ઝળકે છે. મણિવાળા પ્રભુના આ હાથ કલ્પવૃક્ષની હજાર શાખા સમાન ભાસે છે. ભગવાનના હસ્ત ઉપર શોભતા મણિઓ “ઉત્તમ પ્રકારનાં કર્મો” છે. “**मणि-प्रवेक**” શબ્દનો ઉત્તમ મણિ એવો અર્થ થાય છે. દાનમાં મળેલ કરતાં ખરીદેલ મણિ વધારે મૂલ્યવાન હોય છે. તે પ્રકારે બ્રહ્માજીએ આ ધ્યાનમાં નિહાળેલ મણિરત્નોરૂપી કર્મો અત્યંત શ્રેષ્ઠ છે. આ રીતે પૂર્વમીમાંસાનું નિરૂપણ કર્યું.

“**अव्यक्तमूलम्**” ભગવાનના હાથનું નિરૂપણ કર્યું. તે તો વૃક્ષનો ઉપરનો ભાગ છે. પરંતુ નીચેના ભાગમાં મૂલનું દર્શન થતું જ નથી. કારણ કે અનન્તનું કારણ કોઈ ન હોઈ શકે. તેથી બ્રહ્માજીએ મૂલ ન શોધ્યું. ત્યાં જ વિરમી ગયા. “અવ્યક્ત”નો અર્થ પ્રકૃતિ થાય છે. તે મતમાં ભગવાન અવ્યક્તના કારણ છે એવો અર્થ થશે. આ વિશેષણથી ઉત્તરકાંડ કહ્યો.

अंघ्रिप-इन्द्रम् અંઘ્રિપ એટલે વૃક્ષો. ઇન્દ્ર એટલે વૃક્ષોમાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ. અનંત ભુવન–લોકો વૃક્ષો છે. અને ભગવાન સર્વના કારણ કલ્પવૃક્ષ છે.

બ્રહ્માજીએ આ જે દર્શન કર્યું તે પોઢેલા રૂપની ઝાંખી નથી પરંતુ ઊઠેલા સ્વરૂપની ઝાંખી છે. ૨૯

चराचरौको भगवन्महीध्रमहीन्द्रबन्धुं सलिलोपगूढम् ॥
किरीटसाहस्रहिरण्यशृङ्गमाविर्भवत्कौस्तुभरत्नगर्भम् ॥ ३० ॥

અન્વયાર્થ—**चर-अचर-ओकः**–સચરાચરના આધાર, **अहि-इन्द्र-बन्धुम्**–શેષનાગના બન્ધુ, **सलिल-उपगूढम्**–જલથી ઘેરાયેલા, **किरीट-साहस्र-हिरण्य-श्रृङ्गम्**–હજારો મુકુટરૂપ સુવર્ણના શિખરવાળા, **आविर्भवत्-कौस्तुभ-रत्न-गर्भम्**–કૌસ્તુભમણિ જેની અંદર પ્રકટ થતા હતા એવા, **भगवत्-महीध्रम्**–ભગવાનરૂપી પર્વતરાજને (**ददर्श-**) નિહાળ્યા. (ઉપજાતિ વૃત્ત) ૩૦

અનુવાદ—સચરાચરના આધાર, શેષનાગના બંધુ, જલથી ઘેરાયેલા, હજારો મુકુટરૂપ સુવર્ણના શિખરવાળા, કૌસ્તુભમણિ જેની અંદરથી પ્રકટ થતા હતા તેવા ભગવાનરૂપ પર્વતરાજને નિહાળ્યા. ૩૦

તત્ત્વસુધા—હવે આ શ્લોકમાં ભગવાનને બેઠેલા નિહાળે છે—

'**भगवत्-महीध्रम्**' પૂર્વના શ્લોકમાં ભગવાનને ચન્દન કલ્પતરુ તરીકે વર્ણવ્યા. આ શ્લોકમાં ભગવાનને પર્વતરાજ સ્વરૂપે નિહાળે છે.

(૧) '**चराचरौकः**' સ્થાવર અને જંગમનો "આધાર" પર્વત છે. પર્વત વિના પૃથ્વી ડોલી ઊઠે. તેમ ભગવાન સમસ્ત બ્રહ્માંડનો 'આધાર' છે. તેઓ રહેવાનું સ્થાન આપે છે.

(૨) "**भगवन्महीध्रम्**" ભગવાનરૂપી મહાન પર્વત છે. બીજા બધા નાના પર્વતો છે. આ ભગવાનરૂપ પર્વત તો સર્વના જીવનના 'કારણ' છે. તેઓ અન્નજળ વગેરે આપે છે.

(૩) "**अहीन्द्रबन्धुम्**" મંદર પર્વતને વાસુકિ સર્પરાજ વીંટાયેલ હોય તેવા આ ભગવાન શેષના બંધુ છે. આ વિશેષણથી ભગવાનને સંસારમાંથી સર્વના ઉદ્ધારક તરીકે ગાયા છે. શેષ જ્ઞાનરૂપ છે. જ્ઞાનથી સર્વનો ઉદ્ધાર થાય છે.

(૪) "**सलिलोपगूढम्**" મૈનાક પર્વત જેમ જલમાં રહેલ છે તેમ ભગવાન પણ જલમાં બિરાજેલ છે, તો પણ જલથી ઉપર છે. સમુદ્રે મૈનાક પર્વતને આશ્રય આપ્યો ને ભય કાપ્યો, તેમ ભગવાન જીવમાત્રને આશ્રય આપે છે, કાલનો ભય કાપે છે.

(૫) "**किरीटसाहस्र**" હજાર મસ્તક ઉપર મુકુટવાળા પ્રભુને જોયા. વેદમાં ગાયેલા "**सहस्रशीर्षाः**" પુરુષનું આ વર્ણન છે. પર્વત ઉપર સુવર્ણ રત્નો હોય છે. ભગવાને સુવર્ણ રત્નના મુકુટો ધારણ કર્યા છે.

૬ "**कौस्तुभरत्न**" અંદરના ભાગમાં કૌસ્તુભ મણિ ધારણ કરેલ પ્રભુને નિહાળ્યા. પર્વતમાં અંદર ખાણોમાં પણ રત્નો હોય છે.

તાત્પર્ય કે છ વિશેષણમાં છ ઐશ્વર્ય છે. યશ, વીર્ય, વૈરાગ્ય અને જ્ઞાન પ્રથમના ચાર વિશેષણમાં અને ઐશ્વર્ય તથા શ્રી છેલ્લા વિશેષણમાં વર્ણવ્યાં છે. ૩૦

निवीतमाम्नायमधुव्रतश्रिया स्वकीर्तिमय्या वनमालया हरिम् ॥
सूर्येन्दुवाय्वग्न्यगमं त्रिधामभिः परिक्रमत्प्राधनिकैर्दुरासदम् ॥ ३१ ॥

અન્વયાર્થ—**आम्नाय-मधुव्रत-श्रिया**–વેદોરૂપ ભ્રમરની કાંતિવાળી, **स्वकीर्तिमय्या**–પોતાની કીર્તિથી ભરેલી, **वनमालया**–વનમાલાને, **सूर्य-इन्दु-वायु-अग्नि-अगमम्**–સૂર્ય, ચન્દ્ર, વાયુ અને અગ્નિથી અગમ્ય, **त्रिधामभिः**–ત્રણે કાલમાં મૂર્તિવાળા, **परिक्रमत् प्राधनिकैः**–રક્ષણ માટે પરિક્રમા કરતાં સુદર્શનાદિ ચક્રોથી–અથવા પરિક્રમા કરતા પાર્ષદોથી, **दुरासदम्**–ન મેળવી શકાતા ભગવાનને જોયા. (ઉપજાતિ વૃત્ત) ૩૧

અનુવાદ—વેદરૂપ ભ્રમરની કાંતિવાળી અને પોતાની કીર્તિથી ભરેલી વનમાલાને કંઠે ધારણ–કરેલા; સૂર્ય, ચન્દ્ર, વાયુ અને અગ્નિથી અગમ્ય; ત્રણે કાલમાં મૂર્તિવાળા; રક્ષણ માટે પરિક્રમા કરતાં સુદર્શનાદિ ચક્રોથી અથવા પાર્ષદોથી ન મેળવી શકાતા ભગવાનને જોયા. ૩૧

તત્ત્વસુધા—પ્રથમના ત્રણ શ્લોકમાં પોઢેલા, ઊઠેલા અને બેઠેલા ભગવાનની ઝાંખી થઈ. જ્ઞાન–કર્મ–ભક્તિનાં તે ત્રણ સ્વરૂપો હતાં. હવે તે ત્રણથી પર જે ભગવાનનું "પર" સ્વરૂપ એટલે મૂલ સ્વરૂપ છે તેનું વર્ણન આ શ્લોકમાં કર્યું છે—

"वनमालया हरिम्" વનમાલાવાળા 'શ્રીહરિ" ભગવાનની ઝાંખી કરે છે. "હરિ" એટલે દુઃખ હરનાર પ્રભુનાં દર્શન થયાં. ભગવાને "કીર્તિમયી" વનમાલા ધારણ કરી છે. વનમાલામાં ભ્રમરો ગુંજન કરે છે. આ ભ્રમરો સાક્ષાત્ વેદો છે. તેથી "आम्नाय मधुव्रत" કહ્યા. आम्नायंते वारंवार वर्ण्यन्ते धर्मादयः અથવા आम्नायंते अभ्यस्यन्ते कल्याणार्थिभिः निरंतरम् आम्नायाः જેનો વારંવાર પાઠ થાય છે તેને વેદો કહે છે. ભગવાનની કીર્તિ ગાનારા આ આમ્નાય ભ્રમરો વનમાલામાં બેઠેલા છે. તે હરિગુણ ગુંજન કરી રહેલા છે. "सूर्येन्दुवाय्वग्नि" ભગવાનના સ્વરૂપનું દર્શન થઈ શકે તેવું નથી. જીવ ત્યાં જઈ શકતો નથી; કારણ કે સૂર્ય–ચન્દ્ર–વાયુ–અગ્નિનાં તેજ અને બલ ત્યાં જતાં જીવને રોકે છે.

પરંતુ કાલ અને ત્રણ અવસ્થાનું "કાલ"થી ઉલ્લંઘન થાય, વાયુનું ઉલ્લંઘન યોગથી થાય, અગ્નિનું અતિક્રમણ કર્મથી થાય, જ્ઞાન અને ભક્તિથી પૃથ્વી અને જલનું અતિક્રમણ થાય અને સાંખ્યથી તત્ત્વોનું અતિક્રમણ થાય ત્યારે હરિઇચ્છાથી જઈ ઝાંખી કરી શકાય. ૩૧

तर्ह्येव तन्नाभिसरःसरोजमात्मानमम्भः श्वसनं वियच्च ॥
ददर्श देवो जगतो विधाता नातः परं लोकविसर्गदृष्टिः ॥ ३२ ॥

અન્વયાર્થ—**तर्हि एव**–તે જ ક્ષણે, **देवः**–દેવે, **तत्–नाभिसरः–सरोजम्**–તેમના નાભિરૂપ સરોવરમાં ઊગેલા કમલને, **आत्मानम्**–પોતાને, **अम्भः**–જલને, **श्वसनम्**–વાયુને, **च**–અને, **वियत्**–આકાશને, **ददर्श**–જોયાં. **लोक–विसर्ग–दृष्टिः**–લોકરચનાની નજરવાળા, **जगतः विधाता**–જગતના વિધાતાએ, **अतः परं न ददर्श**–આ વિના અન્ય કાંઈ ન જોયું. (ઉપજાતિ વૃત્ત) ૩૨

અનુવાદ—તે જ ક્ષણે દેવે તેમના નાભિરૂપ સરોવરમાં ઊગેલા કમલને, પોતાને, જલને, વાયુને અને આકાશને જોયાં. લોકરચનાની નજરવાળા જગતના વિધાતાએ આ વિના અન્ય કાંઈ ન જોયું. ૩૨

તત્ત્વસુધા—"तर्ह्येव" બ્રહ્માજીને પ્રભુનું દર્શન થયું તેથી તેમનામાં જગતવિધાતાની યોગ્યતા આવી. ભગવાનના નાભિસરોવરમાં કમલને જોયું. તેના ઉપર પોતાને જોયા. કમલથી બહાર રહેલાં જલ, આકાશ અને વાયુને જોયાં. ભગવાનમે પોતાનામાં જોયા તે તેજ હતું. કમલ પૃથ્વી હતી. આમ પંચમહાભૂતો બ્રહ્માએ જોયાં ત્યારે બ્રહ્માજી વિધાતા બન્યા. ૩૨

स कर्मबीजं रजसोपरक्तः प्रजाः सिसृक्षन्नियदेव दृष्ट्वा ॥
अस्तौद्विसर्गाभिमुखस्तमीड्यमव्यक्तवर्त्मन्यभिवेशितात्मा ॥ ३३ ॥

---

१ सरोरुह–प्रा. पा.

અન્વયાર્થ—प्रजाः-પ્રજાને, **सिसृक्षन्**-રચવા ચાહતા, **रजसा**-રજોગુણથી, **उपरक्तः**-રંગાયેલા, **सः**-તે વિધાતાએ, **इयत् एव**-એટલાં જ, **कर्मबीजम्**-કર્મના બીજને, **दृष्ट्वा**-જોઈને, **विसर्ग-अभिमुखः**-સૃષ્ટિ નિર્માણ કરવા તત્પર બની, **अव्यक्त-वर्त्मनि**-અસ્પષ્ટ માર્ગમાં, **अभिवेशित-आत्मा**-અંતઃકરણને સ્થાપન કરી, **इड्यं तम्**-સ્તુતિ કરવા લાયક તે ભગવાનને, **अस्तौत्**-ગાવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૩૩

અનુવાદ—પ્રજાને રચવા ચાહતા, રજોગુણથી રંગાયેલા તે વિધાતા આટલા જ કર્મના બીજને જોઈને સૃષ્ટિ નિર્માણ કરવા તત્પર બની અસ્પષ્ટ માર્ગમાં અન્તઃકરણને પરોવી સ્તુતિયોગ્ય ભગવાનને ગાવા લાગ્યા. ૩૩

તત્ત્વસુધા—'प्रजाः सिसृक्षन्' બ્રહ્માજી સૃષ્ટિ નિર્માણ કરવા ચાહે છે. પરંતુ ભગવાનના સહારાની જરૂર છે તેથી ભગવાનની સ્તુતિ કરવાનો **આરંભ** કરે છે. બ્રહ્માજીએ **कर्मबीजम्** કર્મનાં "બી"ને તો જોયાં. પરંતુ તેને કેમ વાવવાં, વાવેલાં કેમ ફેરફાર થાય, પછી શી રીતે તે બી વધે, વધ્યા બાદ કેવી રીતે "જીવ" મૂકવો—આ દિશામાં બ્રહ્માજીને સમજ ન પડી, ત્યારે બ્રહ્માજીએ સ્તુતિનો **આરંભ** કર્યો. ૩૩

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો આઠમો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૯ મો

શ્લોક સંખ્યા ૪૪

ब्रह्मोवाच – ज्ञातोऽसि मेऽद्य सुचिरान्ननु देहभाजां न ज्ञायते भगवतो गतिरित्यवद्यम् ॥
સ્તુતિ શ્લોક ૧ થી ૨૫ नान्यत् त्वदस्ति भगवन्नपि तन्न शुद्धं मायागुणव्यतिकराद्यदुरुर्विभासि ॥ १ ॥

અન્વયાર્થ— (**ब्रह्मा–उवाच**–બ્રહ્મા બોલ્યા :) **भगवन्** !–હે ભગવન્ ! **सुचिरात्**–ઘણા લાંબા કાળે, **मे**–મેં, **अद्य**–આજે, **ज्ञातः असि**–આપને જાણ્યા છે. **ननु**–ખરે, **भगवतः**–ભગવાનની, **गतिः**–ગતિ, **देहभाजाम्**–શરીરધારીઓથી, **न ज्ञायते**–નથી સમજાતી, **इति**–એ, **अवद्यम्**–મહાન દોષ છે. **त्वत् अन्यत्**–આપનાથી અન્ય, **न अस्ति**–કાંઈ નથી. **तत् अपि**–જો હોય તો તે પણ, **शुद्धम्**–શુદ્ધ, **न**–નથી. **यत्**–કારણ કે, **माया–गुण–व्यतिकरात्**–માયાના ગુણોના મિશ્રણથી આપ, **उरुः**–અનેકધા, **विभासि**–દેખાવ છો. (વસંતતિલકા વૃત્ત) ૧

અનુવાદ—બ્રહ્મા બોલ્યા : હે ભગવન્ ! ઘણા લાંબા સમયે મેં આજ આપને નિહાળ્યા. ખરે ભગવાનની ગતિ શરીરધારીઓથી નથી સમજાતી એ મોટો દોષ છે. આપનાથી અન્ય કાંઈ નથી. જો હોય તો તે શુદ્ધ નથી; કારણ કે માયાના ગુણોના મિશ્રણથી આપ અનેકધા દેખાવ છો. ૧

આજે સુદીર્ઘ સમયે પ્રભુ મેં પિછાણ્યા જાણે ન થાય ગતિને જન એ જ દોષ;
છે કાંઈ આપ વિણ અન્ય ન, તે ન શુદ્ધ ગાયા ગુણો સહુ મળી બહુધા બતાવે. ૧

તત્ત્વસુધા—ભગવન્ ! બ્રહ્માજીએ ભગવત્કૃપાથી મરકતશ્યામ મનોહરની ઝાંખી કરી. તેના માધુર્યપાને મુગ્ધ થયા. આનંદ ઉરમાં ન સમાયો અને સ્તુતિકુસુમાવલીરૂપે પ્રકટ થયો. બોલ્યા : ‘ભગવન્’ એટલે છ ઐશ્વર્યથી પરિપૂર્ણ અને સમસ્તના મૂલસ્વરૂપ ભગવન્ ! ज्ञातोऽसि मेऽद्य મેં આજે જ આપને આ સ્વરૂપે નિહાળ્યા. તે પણ આપની કૃપાથી.

‘देहभाजाम्’ શરીર ભગવાનને જાણવા અને સેવવા માટે આપ્યું છે છતાં શરીરીઓ આપને ન જાણે, ન સેવે એ એક મહાન દોષ મનાય. પરંતુ આપની गतिः ગતિ, જ્ઞાન મહિમા સમજવાં કઠિન તો છે. આ વિશ્વમાં આપના વિના કાંઈ શુદ્ધ તત્ત્વ નથી. જે કાંઈ દેખાય છે તે તો ત્રિગુણાત્મિકા માયાનું જ મિશ્રણ છે. ૧

रूपं यदेतदवबोधरसोदयेन शश्वन्निवृत्ततमसः सदनुग्रहाय ॥
आदौ गृहीतमवतारशतैकबीजं यन्नाभिपद्मभवनादहमाविरासम् ॥ २ ॥

અન્વયાર્થ—**शश्वत्–निवृत्त–तमसः**–નિરંતર અજ્ઞાન જેમાંથી નિવૃત્ત થયેલ છે એવું, **एतत् यद् रूपम्**–આ જે આપનું રૂપ છે તે, **अवबोध–रस–उदयेन**–અનુભવ રસના ઉદયથી, **सद्–अनुग्रहाय**–સજ્જનના ઉપર કૃપા કરવા માટે, **आदौ**–આરંભમાં આપે, **गृहीतम्**–ગ્રહણ કરેલું છે, **अवतारशत–एकबीजम्**–જે સેંકડો અવતારના એકબીજ રૂપે છે, **यत्–नाभि–पद्म–भवनात्**–કે જેના નાભિકમલ ભુવનમાંથી, **अहम्**–હું, **आविरासम्**–પ્રકટ થયેલ છું. (વસંતતિલકા વૃત્ત) ૨

અનુવાદ—નિરંતર અજ્ઞાન જેમાંથી નીકળી ગયેલ છે એવું આપનું આ જે સ્વરૂપ છે તે અનુભવ રસના ઉદયથી સજ્જનોના ઉપર કૃપા કરવા માટે આરંભમાં આપે ધારણ કરેલું છે. જે સેંકડો અવતારના એક બીજ રૂપ છે કે જેના નાભિકમળ–ભુવનમાંથી હું પ્રકટ થયેલ છું. ૨

---

१ तत्त्वशुद्धं प्रा. पा.

પૂર્વે ધરેલ, અવતાર હજાર બીજ આ રૂપ બોધરસના ઉદયે બનેલ;
છે નિત્ય દૂર તમ સંત અનુગ્રહાર્થ જે નાભિપદ્મતલથી પ્રકટયો પ્રભો હું. ૨

તત્ત્વસુધા—આ શ્લોક સ્વરૂપ લક્ષણુ અને તટસ્થ લક્ષણુથી બ્રહ્મનું નિરૂપણુ કરે છે. પૂર્વાર્દ્ધનાં વિશેષણોમાં સ્વરૂપ લક્ષણુ છે. ઉત્તરાર્ધમાં તટસ્થ લક્ષણુ છે.

अवबोधरसोदयेन–ભગવાનનું સ્વરૂપ રસરૂપ, બોધરૂપ, સદ્દરૂપ અને ચિદ્રૂપ છે. તેમજ સજ્જનોના ઉપર કૃપા કરવા સ્વીકાર્યું છે. **अवबोध** એટલે બોધ-જ્ઞાનરૂપ, **रसोदय** એટલે રસરૂપ, **शश्वत्** એટલે સદ્રૂપ, **निवृत्ततमसः** એટલે ચિદ્રૂપ આ બધાં મળી સ્વરૂપ લક્ષણુ છે. **अवतारशतैकबीजम्** સેંકડો અવતારના બીજ રૂપ આ લક્ષણુ તટસ્થ લક્ષણુ છે. **यन्नाभिपद्म** આ વાક્ય પણુ તટસ્થ લક્ષણુનું જ વાચક છે. ૨

नातः परं परम यद्भवतः स्वरूपमानन्दमात्रमविकल्पमविद्धवर्चः ॥
पश्यामि विश्वसृजमेकमविश्वमात्मन् भूतेन्द्रियात्मकमदस्ते उपाश्रितोऽस्मि ॥ ३ ॥

અન્વયાર્થ—परम–હે પરમશ્રેષ્ઠ, **भवतः**–આપના, **आनन्दमात्रम्**–માત્ર આનંદરૂપ, **अविकल्पम्**–વિકારરહિત, **अविद्धवर्चः**–પ્રકટ તેજવાળું, **यत् स्वरूपम्**–જે સ્વરૂપ છે, **अतः परम्**–તેથી બીજું, **न पश्यामि**–જોતો નથી. પરંતુ **आत्मन्**–હે પરમાત્મા ! હું, **विश्वसृजम्**–વિશ્વને રચનારું, **एकम्**–એક, **अविश्वम्**–વિશ્વથી જુદા પ્રકારનું, **भूत-इन्द्रिय-आत्मकम्**–ભૂતો અને ઇન્દ્રિયોના આત્મારૂપ, **पश्यामि**–જોઉં છું. તેથી **ते**–આપના, **अदः**–તે સ્વરૂપનો, **उप-आश्रितः-अस्मि**–આશ્રય કરું છું. (વસંતતિલકા વૃત્ત) ૩

અનુવાદ—હે પરમશ્રેષ્ઠ ! આપના માત્ર આનંદરૂપ, વિકારરહિત, પ્રકટ તેજસ્વી સ્વરૂપથી અન્ય કાંઈ જોતો નથી. પરંતુ હું વિશ્વને રચનારું એક, વિશ્વથી જુદા પ્રકારનું ભૂત અને ઇન્દ્રિયોના આત્મારૂપ આ સ્વરૂપને જોઉં છું તેથી આપના સ્વરૂપનો આશ્રય કરું છું. ૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણુ છે—

परम-मा नास्ति परः **यस्मात्** सः **तत्सम्बुद्धौ** परम ! આપનાથી કોઈ પર શ્રેષ્ઠ નથી એવા હે સર્વશ્રેષ્ઠ ' नातः परम् ' મેં જે આપના સ્વરૂપનું દર્શન કર્યું તેનાથી અન્ય સ્વરૂપ આપનું નથી.

(૧) ' **आनन्दमात्रम्** ' આપનું સ્વરૂપ નખશિખાન્ત આનંદનું જ બનેલ છે. શ્રુતિએ ' **आनन्दशरीरं ब्रह्म** ' એ પ્રમાણે વર્ણવ્યું છે.

(૨) '**अविकल्पम्**' આનંદરૂપ જ આપનું શ્રી અંગ હોવાથી તેમાં કોઈ પણ વિકાર નથી.

(૩) '**अविद्ध-वर्चः**' કદાચ એમ લાગે કે તેનું તેજ આચ્છાદિત હશે તો તેમ પણ નથી. તે ' પ્રકટ તેજોમય" છે. वर्चः નો અર્થ જ્ઞાન પણ થાય છે. આપનું જ્ઞાન કદી તિરોહિત થતું નથી–ઢંકાતું નથી. "**अविद्ध वर्चः**" સંબોધનાત્મક પદ છે એવું શ્રી વિશ્વનાથ ચક્રવર્તીજીનું માનવું છે. હવે બ્રહ્મના ત્રણ ગુણો વર્ણવે છે—

' **विश्वसृजम्** ' આ બ્રહ્મ વિશ્વને રચે છે. શ્રુતિનું વચન છે " **यतो वा इमानि भूतानि.** "

' **एकम्** ' એક અદ્વિતીય બ્રહ્મ છે. શ્રુતિનું ' **एकमेवाद्वितीयम्** ' વચન છે.

' **अविश्व** '–આ દેખાતા વિશ્વથી જુદું છે. **योऽस्मात् परस्मात् च परः** શ્રુતિનું વાક્ય છે. આવું–આપનુ **भूत-इन्द्रिय** ભૂત ઇન્દ્રિયના આત્મારૂપ સ્વરૂપ આજે મેં નિહાળ્યું તેનો આશ્રય કરું છું. ૩

---

१ –मदस्तमुपा॰ प्रा. पा.

तद् वा इदं भुवनमङ्गल मङ्गलाय ध्याने स्म नो दर्शितं त उपासकानाम् ॥
तस्मै नमो भगवतेऽनुविधेम तुभ्यं योऽनादृतो नरकभाग्भिरसत्प्रसङ्गैः ॥ ४ ॥

અન્વયાર્થ—भुवनमङ्गल-હે ભુવનમંગલ ! **इदं वै**-આ નિશ્ચયરૂપે, તે આપનું સ્વરૂપ છે. **उपासकानाम्**-આપના ઉપાસકોને, **नः**-અમને, **ध्याने**-ધ્યાનમાં આપે, **मङ्गलाय**-અમારા મંગલ માટે, **दर्शितं स्म**-દર્શાવ્યું છે. **तस्मै**-તે, **भगवते**-ભગવાનને, **नमः**-નમસ્કાર કરીએ છીએ. **तुभ्यम्**-આપને મેળવવા, **अनुविधेम**-આપની આજ્ઞામાં રહીએ છીએ. **नरक-भाग्भिः**-નરકમાં જનારા, **असत्-प्रसङ्गैः**-ખલ સંગવાળાઓએ, **यः**-આપનો, **अनादृतः**-અનાદર કરેલો છે. (વસંતતિલકા વૃત્ત) ૪

અનુવાદ—હે વિશ્વમંગલ ભગવન્! આપનું આ નિશ્ચય રૂપ છે. આપની આરાધના કરનારા અમને ધ્યાનમાં આપે અમારા મંગલ માટે એનું દર્શન આપ્યું છે. તે ભગવાનને અમારા નમસ્કાર. આપની પ્રાપ્તિ માટે આપની આજ્ઞામાં રહીએ છીએ દુર્જન સંગથી નરકમાં જનારા જનોએ આપનો અનાદર કરેલો છે. ૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવચ્ચરણને બ્રહ્માજી પ્રણામ કરે છે—

भुवनमङ्गल ભગવાન વિશ્વમંગલ છે. ભગવાનની લીલા, સ્વરૂપ, ધામ અને નામ આ ચાર વસ્તુ સદા મંગલ છે. બ્રહ્માજી આ શ્લોકમાં ભગવાનના રૂપમંગલનું નિરૂપણ કરતું સંબોધન કરે છે.

‘ध्याने स्म दर्शितम्’ બ્રહ્માજીએ સ્વીકાર્યું કે આપે ધ્યાનમાં આપના સ્વરૂપનું દર્શન આપ્યું તો જ દર્શન થઈ શક્યું છે. આપને મારા નમસ્કાર છે. નમસ્કાર તો કોઈ તટસ્થ વ્યક્તિ પણ કરે છે. પરંતુ “ तुभ्यं अनुविधेम ” આપને મેળવવા માટે ચાહું છું અને આપની આજ્ઞામાં રહેવા તત્પર છું.

આપના આ અનુપમ સ્વરૂપનું દર્શન પામતા તો નથી પરંતુ ખલ પ્રસંગમાં રહેનારા દૈત્યો આ સ્વરૂપનો આદર પણ કરતા નથી. ૪

ये तु त्वदीयचरणाम्बुजकोशगन्धं जिघ्रन्ति कर्णविवरैः श्रुतिवातनीतम् ॥
भक्त्या गृहीतचरणः परया च तेषां नापैषि नाथ हृदयाम्बुरुहात्स्वपुंसाम् ॥ ५ ॥

અન્વયાર્થ—नाथ-હે નાથ ! **ये**-જેઓ, **तु**-ખરેખર, **श्रुति-वात-नीतम्**-શ્રુતિરૂપ વાયુથી આણેલા, **त्वदीय-चरण-अम्बुज-कोश-गन्धम्**-આપના ચરણકમલની કળીના ગંધને, **कर्णविवरैः**-કર્ણછિદ્રો દ્વારા **जिघ्रन्ति**- સૂંઘે છે. **च**-અને, **परया भक्त्या**-ઉત્તમ ભક્તિ દ્વારા, **गृहीत-चरणः**-ચરણથી પકડાએલા છો, **तेषां स्व-पुंसाम्**-તે પોતાના પુરુષોના, **हृदय-अम्बुरुहात्**-હૃદયકમલમાંથી, **न अपैषि**-આપ ખસતા નથી. (વસંતતિલકા વૃત્ત) ૫

અનુવાદ—હે નાથ! જેઓ વેદરૂપ વાયુથી આણેલા આપના ચરણકમલની કળીના ગંધને કાનરૂપી છિદ્રો દ્વારા સૂંઘે છે અને ઉત્તમ ભક્તિ દ્વારા ચરણથી પકડાએલા છે, તે પુરુષોના હૃદયકમલમાંથી આપ દૂર થતા નથી. ૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભક્ત અને ભગવાન એકબીજામાં સ્નેહાનુરાગી છે એવું વર્ણવે છે. ભક્ત ભગવચ્ચરણસરોજ સુગંધમાં અનુરાગી ભૃંગ છે. ભગવાન ભક્તજનહૃદયારવિંદમાં રહેલ ભક્તિરસભોગી રસાલ ભૃંગ છે. એક ચરણમાં વસે છે, એક હૃદયમાં વસે છે. પરસ્પરના અનુરાગનો એ સ્વભાવ છે.—આ વસ્તુનું નિરૂપણ કરે છે.

'ये तु त्वदीय' ત્વદીય શબ્દથી ભગવાનનું ચરણામ્બુજ અને ભગવદીયોના ચરણામ્બુજનું પણ ગ્રહણ કરવું. આ સ્થળે ભગવાનના ચરણકમલના પરાગનું વર્ણન નથી કર્યું, પરંતુ ચરણકમલની કળીમાં રહેલ સુગંધનું વર્ણન કર્યું છે. ચરણસરોજનો પરાગ તનુનવત્વ અથવા સેવોપયોગી શરીરનું દાન કરે છે. તે ઉપકારક છે ઉત્તમ છે, પરંતુ તેવી યોગ્યતા સિદ્ધ થાય ત્યારે સેવામાં વરણ થાય. તે યોગ્યતાં જો પ્રભુના ચરણકમલના સુગંધને નાસિકા દ્વારા હૃદયમાં લઈ જાય, તો ચિત્તમાં અનુરાગ થાય. પછી સેવામાં પરોવાય તો સેવકને સેવામાં નિરોધ થાય. અને સેવાથી સ્વામીને સુખ થાય.

રુક્મિણીજીએ પ્રભુને પત્રમાં લખેલું કે "श्रुत्वा गुणान्" આપના ગુણોને કર્ણવિવર દ્વારા સંપાદન કરી, આપને વરવાનો નિશ્ચય કર્યો છે. અને આપના શ્રીચરણની સેવા કરવાનો મનોરથ થયો છે તો આપ કૃપાલુ કૃપા કરી પધારશો.

'श्रुतिवातनीतम्" શ્રુતિ શબ્દના બે અર્થ થાય છે: શ્રુતિ એટલે વેદ અને શ્રુતિ એટલે કાન. આપના ગુણો માત્ર સંસારમાં નથી ગવાતા પરંતુ શ્રુતિ ભગવતીએ ગાયા છે. જો સર્વશ્રેષ્ઠ ગુણો હોય તો જ શ્રુતિ તેનું ગાન કરે. જો કે ભગવાનનો યશોગંધ અનંત છે. જે વેદોથી પણ પર છે અને વિદિત નથી, તો સંપૂર્ણ યશ કોણ ગાઈ શકે એવું સૂચવતો "वातनीतम्" શબ્દનો પ્રયોગ કર્યો છે. કમલના સમગ્ર સુગંધને વાત–વાયુ લાવી નથી શકતો તેથી તેમજ શ્રુતિવાયુ ભગવાનના સમગ્ર યશને વર્ણવી નથી શકતો. જે ભક્તોએ ભક્તિ દ્વારા આપના ચરણમાં અનુરાગ કર્યો છે તેના હૃદયમાં આપનો નિત્ય નિવાસ છે. ૫

तावद् भयं द्रविणदेह[१]सुहृन्निमित्तं शोकः स्पृहा परिभवो विपुलश्च लोभः ॥
तावन्ममेत्यसदवग्रह आर्तिमूलं यावन्न तेऽङ्घ्रिमभयं प्रवृणीत लोकः ॥ ६ ॥

અન્વયાર્થ—यावत्–જ્યાં સુધી, **लोकः**–લોક, **ते**–આપના, **अभयम्**–નિર્ભય, **अङ्घ्रिम्**–ચરણને, **न प्रवृणीत**–વરતા નથી, **तावत्**–ત્યાં સુધી જ તેમને, **द्रविण–देह–सुहृद्–निमित्तम्**–ધન, શરીર અને સ્વજન નિમિત્તે, **भयम्**–ભય, **शोकः**–શોક, **स्पृहा**–ઇચ્છા, **परिभवः**–પરાભવ, **विपुलः**–પુષ્કળ, **लोभः**–લોભ, **च**–અને, **तावत्**–ત્યાં સુધી, **आर्ति–मूलम्**–દુઃખનું કારણ, **मम**–આ મારું એવો, **असद्–अवग्रहः**–મિથ્યા આગ્રહ રહે છે. (વસંતતિલકા વૃત્ત) ૬

અનુવાદ—જ્યાં સુધી લોક આપના નિર્ભય ચરણકમલનો આશ્રય લેતા નથી ત્યાં સુધી જ તેમને દ્રવ્ય, ઘર, સ્વજનને નિમિત્તે થનારા ભય, શોક, ઇચ્છા, તિરસ્કાર અને પુષ્કળ લોભ થાય છે. તેમજ ત્યાં સુધી દુઃખનું કારણ આ "મારું" એવો મિથ્યા આગ્રહ રહે છે. ૬

તત્ત્વસુધા—ભગવદાશ્રય ન થાય ત્યાં સુધી કેવી પરિસ્થિતિ રહે છે તેનું સ્પષ્ટ વર્ણન આ શ્લોકમાં કર્યું છે. ભગવદાશ્રય એટલે પ્રભુના ચરણનું કન્યાની માફક વરણ કરવું.

'तावद् भयम्' ભય અને શોકની ત્રણ વસ્તુઓ મુખ્ય છે. દ્રવ્ય, દેહ અને સ્વજનના નિમિત્તથી નિત્ય ભય–શોક રહે છે. ભય એટલે નષ્ટ થવાની ચિન્તા. શોક એટલે નષ્ટ થયા પછીની વ્યથા. આ બન્નેમાંથી નિવૃત્ત થવાનો એક જ ઉપાય છે શરણાગતિ.

શરણાગતિ લીધી એટલે પોતાનું સ્વતંત્ર કાંઈ ન રહ્યું. પોતે પણ પોતાનો ન રહ્યો. પોતે તેમજ પોતાની સાથે સંબંધ ધરાવતાં સર્વ ભગવાનનાં થયાં. ભગવાન સમર્થ છે અને હિતચિંતક છે. સર્વનું રક્ષણ કરે છે અને કરશે અથવા જે કરશે તેમાં સર્વનું મંગલ અને સર્વમંગલ જ હશે. માટે "अभयं" અભય એવા અङ्घ्रि

---

[१] गेह–प्रा. पा.

પ્રભુના ચરણનો આશ્રય લેવો એથી ભયશોકાદિ નહીં થાય. ભયશોકાદિનાં ત્રણ સ્થાન છે: 'द्रविण' એટલે દ્રવ્ય. દ્રવ્ય સંબંધી ૧૫ અનર્થો થાય છે. જેનું નિરૂપણ ૧૧-૨૩-૧૮ શ્લોકમાં છે. **स्तेयं हिंसाऽनृतं दम्भः कामः क्रोधः स्मयो मदः ॥ भेदो वैरमविश्वासः संस्पर्धा व्यसनानि च ॥** દ્રવ્યના બે સ્વભાવ તો ખરા જ એક લાભ અને બીજો હાનિ. બન્ને શરણાગતને નથી રહેતા. "देह" એટલે પોતાનું શરીર, સ્ત્રીનું શરીર અને પુત્રનું શરીર. એ ત્રણે એક સરખાં જ પ્રિય હોય છે. सुहृद એટલે સ્વજન, સગાંસ્નેહીઓ. આ સર્વ મારાં છે એ મમતા મૂકી પ્રભુ મારી સાથે આ સર્વ તારાં છે એવો સમર્પણ યોગ સિદ્ધ થાય તે ભક્ત યોગી-સર્વોપરી યોગી થાય.

પછી તેને "સ્પૃહા" કોઈની ઇચ્છા, કોઈની પરવા નહિ રહે. परिभव કોઈનો તિરસ્કાર કે કોઈથી તિરસ્કારનો અવસર જ નહીં આવે. "विपुललोभः" પુષ્કળ લોભ તેના મનમાં નહીં રહે; કારણ કે પીડાનું ઘર "મમત્વ" એને પ્રભુના અભય ચરણમાં મૂકી દીધું છે. ૬

दैवेन ते हतधियो भवतः प्रसङ्गात् सर्वांशुभोपशमनाद् विमुखेन्द्रिया ये ॥
कुर्वन्ति कामसुखलेशलवाय दीना लोभाभिभूतमनसोऽकुशलानि शश्वत् ॥७॥

અન્વયાર્થ—सर्व-अशुभ-उपशमनात्-સર્વ અશુભને નિવારનારા, **भवतः**-આપના, **प्रसङ्गात्**-પ્રસંગથી, **विमुख-इन्द्रियाः**-વિમુખ ઇન્દ્રિયોવાળા છે, તેમજ **लोभ-अभिभूत-मनसः**-લોભથી પરવશ મનવાળા, **दीनाः**-સ્વભાવના કંગાલ, **काम-सुख-लेश-लवाय**-કામસુખના તુચ્છ ટુકડા માટે, **शश्वत्**-નિરંતર, **अकुशलानि**-અમંગલ કાર્યોને, **कुर्वन्ति**-આચરે છે, **ते**-તે બધા, **दैवेन**-દુર્દૈવથી, **हत-धियः**-હણાયેલ બુદ્ધિવાળા છે. (વસંતતિલકા વૃત્ત) ૭

અનુવાદ—સર્વ અશુભને દૂર કરનારા આપના પ્રસંગથી વિમુખ ઇન્દ્રિયવાળા, તેમજ લોભથી પરવશ મનવાળા કંગાલ જનો કામસુખના તુચ્છ ટુકડા માટે નિરંતર અમંગલ કાર્યોને આચરે છે, તે બધા દુર્દૈવથી હણાયેલ બુદ્ધિવાળા છે. ૭

તત્ત્વસુધા—જો અભયપ્રદ પ્રભુપદ કમલનો આશ્રય, આશ્રિતને અભય બનાવે છે તો માનવ માત્ર કેમ એ અભય માર્ગનો આશ્રય કરતા નથી? એવા સંદેહના સમાધાન માટે આ શ્લોકનો આરંભ કરે છે—

'दैवेन' દુર્દૈવે જીવાત્માને હરિવિમુખ બનાવ્યો છે. દૈવ એટલે મનુષ્યનાં પ્રાચીન કર્મ જે દૂષિત આચરણો કર્યાં તેની વાસનાઓ રહી ગઈ. તે વાસનાએ બુદ્ધિમાં વિકાર ઉત્પન્ન કર્યો. જેથી સાત્વિક વૃત્તિ ક્ષીણ થઈ ગઈ. આસુર ભાવ જાગ્રત થયો. બુદ્ધિ ઉપર તેની અસર થઈ. બુદ્ધિએ ઇન્દ્રિયોને બહિર્મુખ બનાવી. સેવા, સત્કર્મ, અને સત્સંગ એ ત્રણનું સેવન ભગવત્પ્રસંગ ગણાય. એ ત્રણથી વિમુખપણું તે જ બહિર્મુખતા. આવા બહિર્મુખ "દીન" ગણાય.

"दीनाः" નશ્વર ને નિષ્ફળ, તુચ્છ અને તૃણ સમાન સુખના ટુકડાને તલસે અને તેને માટે તનતોડ શ્રમ કરે તેને દીન કહેવાય. તેઓ "અકુશલ" કર્મને આચરે છે. ચૌર્ય અને દુરાચાર એ મોટાં અમંગલ કર્મ છે. "દીન" તેવાં કર્મને આચરે છે. "કુસંગ અને કુકર્મથી બચે તે તર્યો. તેને તેમ કરતાં રોકનાર "લોભ" શત્રુ છે. ૭

क्षुत्तृट्त्रिधातुभिरिमा मुहुरर्द्यमानाः शीतोष्णवातवर्षैरितरेतराच्च ॥
कामाग्निनाऽच्युत रुषा च सुदुर्भरेण संपश्यतो मन उरुक्रम सीदते मे ॥ ८ ॥

અન્વયાર્થ—उरुक्रम-હે વિશાલ પગલાંવાળા ઉરુક્રમ! **क्षुध्-तृड्-त्रिधातुभिः**-ક્ષુધા, તૃષા અને ત્રણ ધાતુથી, **शीत-उष्ण-वात-वर्षैः**-ટાઢ, તાપ, વાયુ, વૃષ્ટિથી, **च**-અને, **इतर-इतरात्**-એકબીજાથી, **काम-**

अग्निना–કામાગ્નિથી, **च**–અને, **सुदुर्भरेण**–અસહ્ય એવા, **रुषा**–રોષથી, **मुहुः**–વારંવાર, **अर्द्यमानाः**–પીડાતી, **इमाः**–આ પ્રજાને, **संपश्यतः**–નિહાળતાં, **अच्युत**–હે અચ્યુત, **मे**–મારું, **मनः**–મન, **सीदते**–ખિન્ન થાય છે. (વસંતતિલકા વૃત્ત) ૮

અનુવાદ—હે ઉરુક્રમ ભગવન્! ક્ષુધા, તૃષા અને ત્રણ ધાતુથી; ઠંડી, ગરમી, વાયુ અને વૃષ્ટિથી તેમ જ એકબીજાથી, કામાગ્નિથી, અસહ્ય રોષથી વારંવાર પીડાતી પ્રજાને નિહાળતાં, હે અચ્યુત! મારુ મન ખિન્ન થાય છે. ૮

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં લોભપરવશની વ્યથા વર્ણવી. આ શ્લોકમાં કામ-ક્રોધ-પરવશની પીડાનું નિરૂપણ કરે છે—બ્રહ્માજી વિશ્વપિતામહ છે. વિશ્વની પીડા તેમના હૃદયમાં થઈ તેને દૂર કરવા તે ભગવાનની પ્રાર્થના કરે છે કે હે उरुक्रम–ત્રણે લોકમાં પગલાં ભરનાર ભગવન્! કોઈ પણ પ્રદેશમાં પીડાતી પ્રજાને ઉગારવા જતાં આપને વિલંબ અને શ્રમ નથી. તેથી નીચે દર્શાવેલી 'બાર' પ્રકારની પીડાથી પ્રજાને બચાવો. આ પીડા બાર પ્રકારના રોગો છે તેનાં આપ નિદાન અને ચિકિત્સા ઉભય કરો.

ક્ષુધા, તૃષા, વાત, પિત્ત, કફ (૫); ટાઢ, તાપ, વાયુ વૃષ્ટિ, (૯); એકબીજાનું આક્રમણ (૧૦); કામાગ્નિ (૧૧); ક્રોધ (૧૨). આ બાર પીડાઓ વિશ્વને પીડે છે. પ્રજા ભારોભાર આ બાર રોગોથી દુઃખી છે, તો આપ દયાનિધિ હોવાથી તેને બચાવો.

આ શ્લોકમાં "कामाग्निना" પદથી કામને અગ્નિ કહ્યો છે, જે માણસનાં પુણ્ય, મતિ અને પિંડને બાળી નાખે છે. આ અગ્નિનો ઉલ્લેખ કરતાં જ બ્રહ્માજીને દાહ લાગ્યો તેથી "અચ્યુત" એવું વચમાં જ સંબોધન કર્યું. જેણે પ્રભુદર્શન કર્યાં તે જ કામમાંથી મુક્ત થઈ શકે. વળી "अच्युतरुषा" એવું પદ પણ નીકળે છે. अच्युता चासौ रुड् इति तया કામ તો અમુક કાલે ક્ષીણ થાય છે. ક્રોધ તો કાયમી રોગ છે. તે તો હરિકૃપાથી અને સંતદયાથી જ છૂટે છે. પ્રજાપતિ તરીકે મને પ્રજાની પીડા થઈ તેથી આપની જ પ્રજા માટે વિનવું છું તો કૃપાનિધિ કૃપા કરો. ૮

यावत् पृथक्त्वं[1]मिदमात्मन इन्द्रियार्थमायाबलं भगवतो जन ईश पश्येत् ॥
तावन्न संसृतिरसौ प्रतिसंक्रमेत व्यर्थापि[2]दुःखनिवहं वहती क्रियार्था ॥ ९ ॥

અન્વયાર્થ—ईश–હે ઈશ-સમર્થ! **यावत्**–જ્યાં સુધી, **भगवतः**–ભગવાનનું, **इन्द्रिय-अर्थ-मायाबलम्**–ઇન્દ્રિયોના પદાર્થોરૂપ માયાનું બલ છે, (ત્યાં સુધી) **जनः**–મનુષ્ય, **आत्मनः**–પોતાનું, **इदम्**–આ, હું દેવ, મનુષ્ય, ગન્ધર્વ છું એવું, **पृथक्त्वम्**–ભિન્નપણું, **पश्येत्**–જાણે છે, જુએ છે, **तावत्**–ત્યાં સુધી, **दुःख-निवहम्**–દુઃખના સમૂહને, **वहती**–વહન કરતી, **क्रिया-अर्था**–ક્રિયાના ફલવાળી, **व्यर्था अपि**–નિષ્ફળ એવી પણ, **असौ**–આ **संसृतिः**–સંસારશ્રેણી, **न प्रतिसंक्रमेत**–વિરામ પામે નહીં. (વસંતતિલકા વૃત્ત) ૯

અનુવાદ—હે ઈશ! જ્યાં સુધી ભગવાનનું ઇન્દ્રિયોના પદાર્થોરૂપ માયાનું બળ છે તેને લીધે મનુષ્ય પોતાનું ભિન્નપણું દેખે છે ત્યાં સુધી દુઃખના સમૂહને વહન કરનારી ક્રિયાના ફલવાળી વ્યર્થ છતાં આ સંસારપરંપરા વિરામ પામતી નથી. ૯

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં બાર પ્રકારની પીડા વર્ણવી ત્યારે થયું જ્ઞાનોપદેશ કરો તો રોગો દૂર થશે તેનું સમાધાન કર્યું કે એ શક્ય નથી કારણ કે—

---

૧. पृथक् स्थितमिदं मन इन्द्रियार्थे प्रा. पा., ૨. व्यर्थातिदुःख–प्रा. पा.

भगवतः इन्द्रियार्थमायाबलम् –

सेवत्वं दुर्घटस्यापि घटनाधिकशक्तिता । अमेद ईश्वरेणापि सृष्ट्यादावन्तरज्ञता ॥
उच्येत यस्याः सा माया हरेरिच्छाऽथवा बलम् ॥ १ ॥
भगवत्तंत्रता यस्यास्तद् भार्यात्वं सुरूपता ॥ उच्येत माया सा तु श्रीर्दोषयुक्ता जडा स्मृता ॥ २ ॥
परिणामिनी च यस्यास्तु दोषाश्चेतनता तथा ॥ शैबली नाम सा प्रोक्ता माया (जगद्)बन्धात्मिका सदा ॥३॥

ભગવાનની માયાનું એક ગજબ બળ છે. જેનું નામ इन्द्रियार्थाः ઇન્દ્રિયોના પદાર્થો છે. માયાએ તે પદાર્થો સરજ્યા છે. જીવ તેમાં પરોવાયેલ છે. તેથી તે પોતાનું "पृथक्त्वम्" જુદાપણું જુએ છે. ભગવાનથી ભિન્ન રીતે પોતાને સમજે છે. અથવા હું દેવ છું, મનુષ્ય છું આવું ભિન્નપણું તે સમજે છે. તેને પરિણામે 'क्रियार्थाः" ક્રિયાઓની પરંપરાઓ ચાલે છે. જે ક્રિયાઓમાંથી કાંઈ અર્થ નથી સરવાનો. કેવલ क्रियाः एव अर्थः यस्यां सा જેમાં ફક્ત ક્રિયાઓ જ ફલ છે. તેથી તો તે વ્યર્થ એટલે નિષ્ફળ છે છતાં સફળ લાગે છે. આવી થતી ક્રિયાઓને કારણે સંસારપરંપરા પણ વિરમે શી રીતે ? તે તો જ્યારે ભિન્નપણું મટે અને સાયુજ્ય પ્રાપ્ત થાય, બ્રહ્મભાવ પ્રાપ્ત થાય ત્યારે જ સંભવે. આવો બ્રહ્મભાવ ગુરુવાક્યથી શા માટે નથી થતો તેના ખુલાસા માટે આગળના શ્લોકનો આરંભ કરે છે— ૯

अह्न्यापृतार्तकरणा निशि निःशयाना नानामनोरथधिया क्षणभग्ननिद्राः ॥
दैवाहतार्थरचना ऋषयोऽपि देव युष्मत्प्रसादविमुखा इह संसरन्ति ॥ १० ॥

અન્વયાર્થ—देव-હે દેવ ! **अह्नि**-દિવસે, **आपृत-आर्त-करणाः**-સંસારવ્યાપારથી થાકેલા, **निशि**-રાતના, **निःशयानाः**-ગાઢ નિદ્રામાં સૂતેલા, **नाना-मनोरथ-धिया**-અનેક પ્રકારના સંકલ્પોવાળી બુદ્ધિને લીધે, **क्षण-भग्न-निद्राः**-ક્ષણે ક્ષણે ખંડિત નિદ્રાવાળા, **दैव-आहत-अर्थ-रचनाः**-દૈવયોગે ભાગી જતી અર્થવ્યવસ્થાવાળા, **ऋषयः अपि**-ઋષિઓ પણ, **युष्मत्-विमुखाः**-આપની કૃપાથી વિમુખ થવાથી, **इह**-આ સંસારમાં, **संसरन्ति**-ભમે છે. (વસંતતિલકા વૃત્ત) ૧૦

અનુવાદ—હે દેવ, દિવસે સંસારવ્યાપારથી થાકેલા, રાતના ગાઢ નિદ્રામાં સૂતેલા, અનેક પ્રકારના સંકલ્પોવાળી મતિને કારણે ક્ષણે ક્ષણે ખંડિત નિદ્રાવાળા ઋષિઓ પણ આપની કૃપાથી વિમુખ થવાથી આ સંસારમાં ભમે છે. ૧૦

તત્ત્વસુધા—કેવલ જ્ઞાનની ચર્ચા જ કરે પરંતુ તેનું તાત્પર્ય આચરણમાં ન ઉતારે; તેમ જ શ્રદ્ધાથી ભગવત્કૃપાને ન વરે તો 'તત્ત્વજ્ઞાની'ઓ પણ સંસારમાં જ વિચરે એ ઉલ્લેખ આ શ્લોકમાં કરે છે કે **ऋषयोऽपि युष्मत्प्रसादविमुखाः**—

મંત્રચિન્તન અને મંત્રદર્શન શક્તિ ધરાવનારા ઋષિઓની આવી ગતિ કેમ સંભવે ? એવી શંકા ન કરવી. ઋષિ એટલે ઋષિકુળમાં જન્મેલા. પૂર્વજન્મમાં પણ મંત્રનું ચિંતન કરનારા, પરંતુ મંત્રના તાત્પર્યમાં ન જનારા અને કેવલ શબ્દો અને અર્થમાં જ સમય પૂરો કરનારાની આ સ્થિતિ થાય છે. ([illegible])

માનવ જીવન ત્રણ તબક્કામાં પસાર થઈ જાય છે. ક્ષણ વારમાં લાંબું આયુષ્ય ચાલ્યું જાય છે. '**अह्नि**' દિવસનો વ્યય કેવલ વ્યવહારના કાર્યમાં જ થાય છે. ક્રમથી ક્રમ મનુષ્ય પોતાના એક દિવસની નોંધમાંથી નક્કી કરે કે મેં સમય શેમાં વાપર્યો ? **आपृतकरण** એટલે જરા નવરી ન પડતી ઇન્દ્રિયો. **आर्तकरण** એટલે વ્યાપાર, વ્યવહાર, સંસારભોગથી થાકેલી ઇન્દ્રિયો. પછી તેને હરિભજનમાં જવું કેમ ગમે ?

---

१. प्रसन्न-प्रा. पा.

निःशयानाः-રાત્રિ કેવલ નિદ્રા માટે નથી કિન્તુ ધ્યાન અને સ્વાધ્યાય માટે છે. તેને બદલે ગાઢ નિદ્રામાં ડૂબનારા. વળી क्षणभङ्गनिद्राः દિવસે અનુચિત આચાર અને રાગદ્વેષપૂર્ણ વ્યવહાર, અને મોટા મનસૂબા કરેલા તેના પડઘા નિદ્રામાં સ્વપ્નરૂપે પડે તેથી જાગી જતા ઝબકી જતા ઋષિજનો પણ સંસારરત જીવે છે. કારણ તેઓ ભગવત્સેવા ભગવદીય સંગ-પ્રસાદથી વિમુખ થયા છે, તો ભક્તિથી કૃપાબળ મેળવવું. ૧૦

त्वं भावयोगपरिभावितहृत्सरोज आस्से श्रुतेक्षितपथो ननु नाथ पुंसाम् ॥
यद् यद्धिया त उरुगाय विभावयन्ति तद् तद् वपुः प्रणयसे सदनुग्रहाय[१] ॥११॥

અન્વયાર્થ—**नाथ**-હે નાથ ! **श्रुत-ईक्षित-पथः**-શ્રવણ ભક્તિથી દેખાતા માર્ગવાળા, **त्वम्**-આપ, **ननु**-ખરે, **पुंसाम्**-મનુષ્યોના, **भाव-योग-परिभावित-हृत्-सरोजे**-પ્રેમયોગથી અનુકૂલ બનાવેલા હૃદયકમલમાં, **आस्से**-બિરાજો છો. **उरुगाय**-મહાન પુરુષોથી ગવાતા ભગવન્! **ते**-તે પુરુષો, **यद् यद् धिया**-જેવી જેવી બુદ્ધિથી, **विभावयन्ति**-ભાવના કરે છે, **तद् तद् वपुः**-તેવું તેવું સ્વરૂપ, **सद्-अनुग्रहाय**-ઉત્તમ અનુગ્રહ કરવા માટે, **प्रणयसे**-પ્રકટ કરો છો. (વસંતતિલકા વૃત્ત) ૧૧

અનુવાદ—હે નાથ ! શ્રવણ ભક્તિથી દેખાતા માર્ગવાળા આપ, મનુષ્યોના પ્રેમયોગથી અનુકૂલ કરેલા હૃદયકમલમાં બિરાજો છો. હે ઉરુગાય ભગવન્! તે પુરુષો જેવી જેવી બુદ્ધિથી ભાવના કરે છે તેવા તેવા સ્વરૂપને આપ ઉત્તમ કૃપા કરવા માટે પ્રકટ કરો છો. ૧૧

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં જો ઋષિઓ પણ "ભ્રમણશીલ" રહે છે, તો પછી કોઈ પણ વ્યક્તિ સંસારબંધનથી કેમ છૂટી શકશે? એનું સમાધાન આ શ્લોકમાં છે—

'भावयोगपरिभावित'—જ્ઞાનયોગમાં ચિંતન, કર્મયોગમાં અનુષ્ઠાન અને ધ્યાનયોગમાં અષ્ટાંગયોગ અનુષ્ઠાન કરતાં ચિત્તની શુદ્ધિ કવચિત્ થાય છે. ભક્તિયોગમાં કંઈક ફેરફાર છે.

એક સાધનાત્મક ભક્તિયોગ છે. તેનું નામ "ભાવયોગ" આપ્યું છે. "ભાવ એટલે પ્રેમલક્ષણા ભક્તિ. પ્રેમ ભગવાનના માહાત્મ્યજ્ઞાનથી થાય છે. નિરંતર ભાવના સેવવાની કે "મારું હૃદય ભગવાનનો નિવાસ થાય તેવું બનો. મારા હૃદયકમલમાં પ્રભુ બિરાજો" આવી ભાવના સેવતાં એક દિવસ હૃદયકમલની કળી અવશ્ય વિકસિત થશે. સહજ પ્રેમ ઉભરાશે. ભગવાન સાક્ષી તરીકે હૃદયમાં જ છે. તેઓ સાક્ષી મટીને "સાક્ષાત્ સ્વરૂપે" બિરાજશે. પ્રેમ અગાધ અને પાવન જલ છે. તેમાં परिभावित નિરંતર મંગલ ભાવના સેવવાથી "હૃદય સ્વયં કમલ" બની જઈ વિકાસ પામશે.

કેવલ એ માટે "श्रुतेक्षितपथः" ભગવાન છે તેનો ખ્યાલ રાખવો. "श्रुत" એટલે ભગવાનના ગુણોનું શ્રવણ કરવું. અથવા શ્રવણ સાથે મનથી ભગવાનના માર્ગનું નિરીક્ષણ કરવું જોઈએ. આમ જોનારના હૃદયમાં ભગવાન બિરાજે છે.

ઉત્તરાર્ધ એમ સૂચવે છે કે ભગવાન તો નિજજનઅનુકૂલ હૃદયવાળા છે. બ્રહ્મસ્વરૂપ, અવતારરૂપ, વૈકુંઠસ્થ સ્વરૂપ જે રૂપનો ભગવદીય મનોરથ કરે છે તેને ભગવાન પૂરો કરે છે. ભગવાને ગોપીજનો સામે નૃત્ય કર્યું. ખભે ખાટલા પણ ઊંચક્યા, એ જ "ભક્તવશ્યતા" છે. એક વાત મહત્ત્વની કે ગોપીજનોને ભગવાન મળ્યા છે તે સાધનથી નથી મળ્યા પ્રેમથી મળ્યા છે. માટે તો બાધક કામ સાધક બન્યો છે. ૧૧

नातिप्रसीदति तथोपचितोपचारैराराधितः सुरगणैर्हृदि बद्धकामैः ॥
यत् सर्वभूतदययाऽसदलभ्ययैको नानाजनेष्ववहितः सुहृदन्तरात्मा ॥ १२ ॥

અન્વયાર્થ—**असद्-अलभ्यया**-અસજ્જન ન મેળવી શકે એવી, **यत् सर्व-भूत-दयया**-જે સર્વ ભૂત ઉપરની દયાથી, **अति-प्रसीदति**-ભગવાન અત્યંત પ્રસન્ન થાય છે, **तथा**-તેટલા, **हृदि**-હૃદયમાં, **बद्ध-**

---

[१] तदनुग्रहाय प्रा. पा.

कामैः-કામનાઓને ધારણ કરનારા, **सुरगणैः**-દેવોના સમૂહોએ, **उपचित-उपचारैः**-પુષ્કળ પ્રકારની સામગ્રીઓથી, **आराधितः**-પૂજાએલા, **न (अति प्रसीदति)**-પ્રસન્ન થતા નથી કારણ કે, **नाना जनेषु**-જુદા જુદા પુરુષોમાં, **सुहृद्**-મિત્ર, અને **अन्तरात्मा**-અન્તરાત્મારૂપે, **अवहितः**-રહેલા છે. (વસંતતિલકા વૃત્ત) ૧૨

અનુવાદ—અસજ્જન પુરુષોને દુર્લભ એવી સર્વ ભૂત ઉપરની દયાથી ભગવાન જેટલા રાજી થાય છે, તેટલા હૃદયમાં કામનાઓને ધારણ કરનારા દેવોના સમુદાયોએ કરેલી પુષ્કળ સામગ્રીવાળી આરાધનાઓથી પ્રસન્ન થતા નથી; કારણ કે ભગવાન જુદાં જુદાં પ્રાણીઓમાં સુહૃદ અને અન્તરાત્મા સ્વરૂપે રહેલા છે. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં પ્રાણીમાત્ર ઉપર દયા એ એક જ 'સાધન' સર્વશ્રેષ્ઠ સાધન છે એમ કહેશે—

नातिप्रसीदति-આ ક્રિયાપદથી બે વિધાન કર્યાં. અત્યંત પ્રસન્ન થાય છે અને અત્યંત પ્રસન્ન થતા નથી.

सर्वभूतदयया-પ્રાણીમાત્રને આત્મસ્વરૂપ સમજીને તેને માટે આન્તરિક સ્નેહ ભાવથી વર્તન કરનાર ઉપર અત્યંત પ્રસન્ન થાય છે. કારણ કે ભગવાન सुहृद् એટલે હિતૈષી સ્વજન, अन्तरात्मा-અન્તરાત્મા છે, અને અવહિત પ્રાણીમાત્રમાં રહેલા છે. જો બહારની સામગ્રીથી જ પૂજીએ તો કેમ પ્રભુ રીઝે ? 'દયા' હૃદયધર્મ છે. તેથી તેમાં કપટ કે સ્વાર્થ નથી હોતાં પરંતુ સ્વાભાવિકતા હોય છે. बद्धकामैः દેવો ભગવાનની આરાધના उपचितोपचारैः ઘણી મોંઘી સામગ્રીઓથી કરે છે. તેમાં અત્તર છે પણ તે ચઢાવી તેના વળતરમાં પુષ્કળ કીર્તિને વાંછે છે. ઉત્તમ પુષ્પો પણ છે તેના સમર્પણે અખંડ લક્ષ્મી ચાહે છે. ઉપરાંત દૈત્યવધ પણ ચાહે છે. આ આરાધનાનાં ફલ મળે છે જ તેમાં કંઈક અંશે, ભગવાન પ્રસન્ન હોય છે. પરંતુ "અતિશય પ્રસન્ન" તો નથી જ થતા. કારણ કે "જેનો વધ અને જેની પાસેથી ધન ચાહો છો તેનામાં પણ ભગવાન જ" સુહૃદ અન્તરાત્મારૂપે બિરાજ્યા છે તો પછી તેનું અહિત કરવામાં ભગવાનની રુચિ કેમ સંભવે ? ૧૨

पुंसामतो विविधकर्मभिरध्वराद्यैर्दानेन चोग्रतपसा व्रतचर्यया च ॥
आराधनं भगवतस्तव सत्क्रियार्थो धर्मोऽर्पितः कर्हिचिद्ध्रियते न यत्र ॥ १३ ॥

અન્વયાર્થ—**अतः**-તેથી, **पुंसाम्**-પુરુષોના. **अध्वर-आद्यैः**-યજ્ઞ વગેરે, **विविधकर्मभिः**-વિવિધ પ્રકારનાં કર્મોથી, **दानेन**-દાનથી, **उग्रतपसा**-ઉગ્ર તપશ્ચર્યાથી, **च**-અને, **व्रतचर्यया**-વ્રતાચરણથી, **तव भगवतः**-આપ ભગવાનનું, **आराधनम् एव**-આરાધન એ જ, **सत्क्रियार्थः**-ક્રિયાનું શ્રેષ્ઠ ફલ છે. **यत्र**-જ્યાં, **अर्पितः**-સમર્પેલ, **धर्मः**-ધર્મ, **कर्हिचित्**-કોઈ પણ સ્થિતિમાં, **न ह्रियते**-નાશ પામતો જ નથી. (વસંતતિલકા વૃત્ત) ૧૩

અનુવાદ—તેથી પુરુષોએ, યજ્ઞ વગેરે વિવિધ પ્રકારનાં કર્મોથી, ધનથી, ઉગ્ર તપથી અને વ્રતનાં આચરણોથી જે આપ ભગવાનનું આરાધન કર્યું છે એ જ ક્રિયાઓનું શ્રેષ્ઠ ફલ છે. જ્યાં સમર્પણ કરેલ ધર્મ કોઈ પણ કાલમાં નાશ પામતો નથી. ૧૩

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં ભગવાન સર્વમાં વસ્યા છે તો તેમની આરાધના શી રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આ શ્લોકમાં રહેલું છે. अध्वराद्यैः યજ્ઞ, કૂવા, વાવ, તળાવ, ઉદ્યાન કર્મથી દેવો પ્રસન્ન થાય છે. "दानेन" દાનથી મનુષ્યો પ્રસન્ન થાય છે. उग्रतपसा ઉગ્ર તપથી તનસંસ્કરણ થાય છે. व्रतचर्यया વ્રતાચરણથી અન્તઃકરણ નિર્મલ થાય છે. આ સર્વ સાધનોથી કોઈ પણ આરાધન કરી શકાય છે. પરંતુ આ સર્વમાં ભગવાનનું જ આરાધન છે. કારણ કે જે ધર્મ ભગવાનને સમર્પાય છે તે કોઈ કાલમાં નાશ પામી શકે નહીં. સમર્પણ બુદ્ધિથી લોકધર્મ અને આત્મધર્મ આચરવા. ૧૩

शश्वत्स्वरूपमहसैव निपीतभेदमोहाय बोधधिषणाय[1] नमः परस्मै ॥
विश्वोद्भवस्थितिलयेषु निमित्तलीलारासाय ते नम इदं चकृमेश्वराय ॥ १४ ॥

અન્વયાર્થ—**शश्वत्**-સદા, **स्वरूप-महसा-एव**-સ્વરૂપના તેજથી જ, **निपीत-भेद-मोहाय**-ભેદ અને મોહનો લય કરનાર, **बोधधिषणाय**-જ્ઞાનમાં-બોધમાં જ બુદ્ધિવાળા, **परस्मै**-પરમાત્માને, **नमः**-નમસ્કાર, **विश्व-उद्भव-स्थिति-लयेषु**-વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં, **निमित्त-लीला-रासाय**-નિમિત્ત બનેલ લીલામાં રસવાળા, **ईश्वराय**-સમર્થ ઈશ્વર, **ते**-આપને, **इदम्**-આ અમે, **नमः चकृम**-નમસ્કાર કરીએ છીએ. (વસંતતિલકા વૃત્ત) ૧૪

અનુવાદ—સદા સ્વરૂપના તેજથી જ ભેદ મોહને દૂર કરનારા, જ્ઞાનમાં બુદ્ધિવાળા પરમાત્માને નમસ્કાર કરું છું. જે વિશ્વની ઉત્પત્તિ, પાલન અને લયમાં નિમિત્ત બનેલી લીલામાં રસવાળા છે એવા સમર્થ ઇશ્વરને અમે આ નમસ્કાર કરીએ છીએ. ૧૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં શેષશાયી નારાયણના સ્વરૂપને નમસ્કાર કરે છે—

ભગવાનનાં કુલ છ સ્વરૂપો છે: શેષશાયી નારાયણ (૧), પુરુષ સ્વરૂપ (૨), પ્રકૃતિ નિયામક પુરુષ સ્વરૂપ (૩), કાલ સ્વરૂપ (૪), યજ્ઞ સ્વરૂપ (૫), પુરુષોત્તમ સ્વરૂપ (૬), આવાં છ સ્વરૂપોમાં ચાલુ પ્રકરણમાં શેષનારાયણની સ્તુતિ થાય છે તે ભગવાનને નમસ્કાર કરે છે.

निपीतभेदमोहाय જીવના સ્વરૂપનાં બે કારણ છે. એક ભેદ અને બીજો મોહ. ભગવાનથી બ્રહ્મથી તે વિખૂટો પડયો તે "ભેદ" કહેવાય. ભગવાન વિનાના પદાર્થમાં આસક્તિ થઈ તે મોહ કહેવાય. ભગવાન પોતાના "**स्वरूपमहसा**" સ્વરૂપતેજથી ભેદ-મોહને દૂર કરે છે. ૧૪

यस्यावतारगुणकर्मविडम्बनानि नामानि येऽसुविगमे विवशा गृणन्ति ॥
ते नैकजन्मशमलं[2] सहसैव हित्वा संयान्त्यपावृतमृतं तमजं प्रपद्ये ॥ १५ ॥

અન્વયાર્થ—**असु-विगमे**-પ્રાણવિયોગસમયે, **ये**-જે પુરુષો, **यस्य**-જે ભગવાનનાં, **अवतार-गुण-कर्म-विडम्बनानि**-અવતાર, ગુણ અને કર્મનું અનુકરણ કરનારાં, **नामानि**-નામોને, **विवशाः**-અસ્વસ્થ સ્થિતિમાં પણ, **गृणन्ति**-બોલે છે, **ते**-તે પુરુષો, **न-एक-जन्म-शमलम्**-અનેક જન્મનાં પાપને, **सहसा एव**-તરત જ **हित्वा**-ત્યજી દઈને, **अपावृतम्**-ખુલ્લા દ્વારવાળા, **ऋतम्**-બ્રહ્મને, **संयान्ति**-પામે છે, **तम्**-તે, **अजम्**-અજને-ભગવાનને, **प्रपद्ये**-શરણે જાઉં છું. (વસંતતિલકા વૃત્ત) ૧૫

અનુવાદ—પ્રાણવિયોગસમયે જે પુરુષો જે ભગવાનનાં અવતાર, ગુણ અને કર્મોનું અનુકરણ કરનારાં નામોને બોલે છે, તેઓ અનેક જન્મનાં પાપોને તરત જ ત્યજી દઇને ખુલ્લા દ્વારવાળા બ્રહ્મને પામે છે, તે અજન્મા ભગવાનને શરણે જાઉં છું. ૧૫

તત્ત્વસુધા —આ શ્લોકમાં ભગવન્નામમાહાત્ય બતાવે છે—

'**असु-विगमे**' પ્રાણપ્રયાણસમય સદાય પરવશ અને કલેશપૂર્ણ હોય છે. તે અભાન દશામાં પણ ભગવાનની લીલાને ગાનારાં હે ગિરિરાજધરણ, હે દેવકીનંદન, હે દયાલો ! એવાં નામોનો કેવલ ઉચ્ચાર કરે તે પણ બ્રહ્મરૂપને પામે છે. દેવકીનંદન અવતારવાચક નામ છે. દયાલુ ગુણવાચક નામ છે. શ્રી ગિરિરાજધરણ લીલાવાચક નામ છે. નામનો મહિમા અપાર છે. ભગવાન "अज" જન્મરહિત છે પરંતુ દયાળુ હોવાથી અવતાર-ગુણ-લીલા આચરે છે તેને "विडम्बन" અનુકરણ કહેવામાં આવે છે. ૧૫

---

१. बोधविषयाय प्रा. पा., २. जन्मजमलं प्रा. पा.

यो वा अहं च गिरिशश्च विभुः स्वयं च स्थित्युद्भवप्रलयहेतव आत्ममूलम् ॥
भित्त्वा त्रिपाद्ववृध एक उरुप्ररोहस्तस्मै नमो भगवते भुवनद्रुमाय ॥ १६ ॥

અન્વયાર્થ—**यः**-જે, **आत्म-मूलम्**-આત્માના મૂળને, **भित्त्वा**-ભેદીને, **स्थिति-उद्भव-प्रलय-हेतवः**-સ્થિતિ ઉત્પત્તિ અને પ્રલયના કારણભૂત, **स्वयं विभुः**-પોતે વિષ્ણુ, **च**-અને, **अहम्**-હુ બ્રહ્મા, **च गिरिशः**-શંકર એમ, **त्रिपात्**-ત્રણ ચરણવાળા, **एकः**-અને એકલા, **उरु-प्ररोहः**-ઘણા પ્રકારે, **ववृधे**-વધ્યા, **तस्मै**-તે, **त्रिभुवन-द्रुमाय**-ભુવન-વૃક્ષરૂપ, **भगवते**-ભગવાનને, **नमः**-નમસ્કાર. (વસંતતિલકા વૃત્ત) ૧૬

અનુવાદ—જે આત્માના મૂલને ભેદીને સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયના કારણભૂત પોતે વિષ્ણુ, હું બ્રહ્મા અને શંકર ત્રણ ચરણવાળા અને એકલા ઘણા પ્રકારે વધ્યા તે ભુવન-વૃક્ષરૂપ ભગવાનને નમસ્કાર. ૧૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભુવન-વૃક્ષરૂપ ભગવાનને નમસ્કાર કરે છે—

यः त्रिपाद् ववृधे-જે ભગવાન ત્રણ સ્વરૂપવાળા થયા. अहं એટલે બ્રહ્મા અને च અવ્યયથી તપ, ધ્યાન વગેરે, गिरिशः એટલે શંકર અને च અવ્યયથી અધર્મ વગેરે, विभुः स्वयम् એટલે વિષ્ણુ ભગવાન અને च અવ્યયથી ધર્મ વગેરે ત્રણ રૂપે ભગવાન જ બન્યા છે.

'**आत्ममूलम्**' આત્માનાં મૂલ એટલે પ્રકૃતિને ભેદીને उरुप्ररोह એટલે મહત્તત્ત્વ આદિ તત્ત્વોના રૂપે અથવા મરીચિ, કશ્યપ, કર્દમ આદિ સ્વરૂપે એક અનેક રૂપે વધ્યા તે ભગવાનને બ્રહ્માજી નમસ્કાર કરે છે. ૧૬

लोको विकर्मनिरतः कुशले प्रमत्तः कर्मण्ययं त्वदुदिते भवदर्चने स्वे ॥
यस्तावदस्य बलवानिह जीविताशां सद्यश्छिनत्त्यनिमिषाय नमोऽस्तु तस्मै ॥१७॥

અન્વયાર્થ—**अयम्**-આ, **लोकः**-લોક, **विकर्म-निरतः**-નિંદિત કર્મમાં રચ્યોપચ્યો, અને **त्वद् उदिते**-આપે કહેલા, **भवद्-अर्चने**-આપની સેવાના કર્મમાં, તથા **स्वे कुशले**-કલ્યાણકારી, **कर्मणि**-ધર્મકર્મમાં, **प्रमत्तः**-ગાફેલ છે, **तावत्**-તેટલામાં, **यः**-જે, **बलवान्**-બલવાળો, **सद्यः**-શીઘ્ર, **अस्य**-આની, **जीवित-आशाम्**-આના જીવનની આશાને, **छिनत्ति**-છેદે છે, **अनिमिषाय**-કાલરૂપ, **तस्मै**-તે ભગવાનને, **नमः अस्तु**-નમસ્કાર હો. (વસંતતિલકા વૃત્ત) ૧૭

અનુવાદ—આ લોક નિંદિત કર્મમાં રચ્યોપચ્યો છે, તેમજ આપે કહેલા આપની સેવાના કાર્યમાં તથા પોતાના કલ્યાણકારી ધર્મકર્મમાં ગાફેલ રહેલ છે, તેટલામાં જે બલવાન કાલ આવી જીવનની આશાને છેદી નાખે છે, તે કાલરૂપ ભગવાનને નમસ્કાર હો. ૧૭

તત્ત્વસુધા—लोको 'विकर्मनिरतः'—આ શ્લોકમાં મનુષ્યનો સમય કેવી રીતે વ્યર્થ વપરાય છે અને આયુષ્ય કેમ ક્ષીણ થઈ જાય છે તેનું નિરૂપણ કર્યું છે. “વિકર્મ” એટલે લોકમાં અને શાસ્ત્રમાં જેની નિંદા કરી છે તેમાં મનુષ્યને રસ પડે છે. “અનીતિથી અર્થ સંપાદન, નિષિદ્ધ વસ્તુનું ભક્ષણપાન, પરધન દારામાં પ્રેમ” આવાં નિંદ્ય અને નિષિદ્ધ કર્મમાં મનુષ્ય રસવાળો છે એટલે “અધર્મ”માં રસવાળો છે.

'**कुशले प्रमत्तः**'-લોક ધર્મમાં રસવિનાનો છે. સંધ્યા, હોમ, જપ, તીર્થયાત્રા, દાન, પર્વઉત્સવ, આરાધન વગેરે નિત્યનૈમિત્તિક કલ્યાણકારી કાર્યમાં પ્રમાદી છે-રસવિનાનો છે, પ્રવૃત્તિ વિનાનો છે.

त्वदुदिते कर्मणि-લોકો ભગવત્સેવાકાર્યમાં અત્યંત વિમુખ છે. મનુષ્યની સેવા જ મનુષ્ય નથી કરતો તે માનવ ભગવત્સેવા તો કરે જ ક્યાંથી ?

તાત્પર્ય કે નિંદિત ક્રિયામાં પ્રીતિ, ધર્મક્રિયામાં અરતિ, ભગવત્સેવામાં ઉપરતિ આ ત્રણ સ્થિતિ મનુષ્યની જીવનઆશાને છેહ દે છે. આ કાર્ય કરનાર કાલ પણ આપનું જ સ્વરૂપ હોવાથી હું "अनिमिष" કાલસ્વરૂપ ભગવાનને નમું છું. ૧૭

यस्माद्बिभेम्यहमपि द्विपरार्धधिष्ण्यमध्यासितः सकललोकनमस्कृतं यत् ॥
तेपे तपो बहुसवो[१]ऽवरुरुत्समानस्तस्मै नमो भगवतेऽधिमखाय तुभ्यम् ॥१८॥

અન્વયાર્થ—यत्-જેને, **सर्व-लोक-नमस्कृतम्**-સર્વ લોક નમસ્કાર કરે તેવા, **द्वि-परार्ध-धिष्ण्यम्**-બેપરાર્ધ વર્ષ સુધીના આસન ઉપર, **अध्यासितः**-બેઠેલો, **अहम्**-હું પણ, **यस्मात्**-જેનાથી, **बिभेमि**-ભય પામું છું, **अवरुरुत्समानः**-જે પદને મેળવવા ચાહતો, **बहुसवः**-ઘણા યજ્ઞો કરી, **तपः**-તપ, **तेपे**-તપેલો, **तस्मै**-તેવા, **अधिमखाय**-યજ્ઞના નાથ, **भगवते**-આધિદૈવિક ભગવાન, **तुभ्यम्**-આપને, **नमः**-નમસ્કાર કરું છું. (વસંતતિલકા વૃત્ત) ૧૮

અનુવાદ—જેને સર્વ લોક નમસ્કાર કરે એવા બે પરાર્ધ વર્ષ સુધીના આસન ઉપર બેઠેલો હું પણ જેનાથી ભય પામું છું અને જેને પ્રાપ્ત કરવા મેં ઘણા યજ્ઞો કરી તપ આચર્યું છે તેવા યજ્ઞનાથ આધિદૈવિક ભગવાન આપને નમસ્કાર. ૧૮

તત્ત્વસુધા—બ્રહ્માજી લૌકિક કાલ સ્વરૂપ ભગવાનને ઉપરના શ્લોકમાં નમસ્કાર કરી યજ્ઞાત્મક કાલને આ શ્લોકમાં નમસ્કાર કરે છે—

तेपे तपो **बहुसवः**—સો અશ્વમેધ યજ્ઞ કરનાર ઇન્દ્ર પદને પામે છે. એક હજાર અશ્વમેધ યજ્ઞ કરનાર બ્રહ્મપદને મેળવે છે. બ્રહ્માજીનું પદ "બે પરાર્ધ" વર્ષનું છે. સત્યલોકનું સ્થાન આટલાં વર્ષ સુધી ભોગવે છે. વળી તે સત્યલોક સકલલોકવેદ્ય છે, તો પણ એક દિવસ તેનો પણ ત્યાગ તો કરવો જ રહ્યો. આ ભયથી આપને શરણે આવીને યજ્ઞાત્મક ભગવન્ આપને નમસ્કાર કરું છું. ૧૮

तिर्यङ्मनुष्यविबुधादिषु जीवयोनिष्वात्मेच्छयाऽऽत्मकृतसेतुपरीप्सया यः ॥
रेमे निरस्तरतिरप्यवरुद्धदेहस्तस्मै नमो भगवते पुरुषोत्तमाय ॥ १९ ॥

અન્વયાર્થ—निरस्त-रतिः अपि-વિષયોમાં જરા પણ રસવૃત્તિ વિનાના છતાં, **यः**-જે, **आत्मकृत-सेतु-परि-ईप्सया**-પોતે રચેલી મર્યાદાનું પરિપાલન કરવા માટે, **आत्मेच्छया**-સ્વેચ્છાથી, **तिर्यङ्-मनुष्य-विबुध-आदिषु**-પશુ-પક્ષી-મનુષ્ય-દેવ વગેરે, **जीव-योनिषु**-જીવ યોનિઓમાં, **अवरुद्ध-देहः**-દેહને ધારણ કરી, **रेमे**-રમણ કરે છે, **तस्मै**-તે, **पुरुषोत्तमाय**-પુરુષોત્તમ, **भगवते**-ભગવાનને, **नमः**-નમસ્કાર. (વસંતતિલકા વૃત્ત) ૧૯

અનુવાદ—વિષયોમાં રસવૃત્તિ વિનાના છતાં જે ભગવાન પોતે રચેલી મર્યાદાની સંભાળ માટે સ્વેચ્છાથી પશુ, પક્ષી, મનુષ્ય, દેવ વગેરે જીવયોનિઓમાં દેહને ધારણ કરી રમણ કરે છે તે પુરુષોત્તમ ભગવાનને નમસ્કાર. ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં પુરુષોત્તમ સ્વરૂપ ભગવાનને નમસ્કાર કરે છે—

तिर्यङ्मनुष्यविबुधादिषु-ભગવાન પુરુષોત્તમ છે, નિર્દોષ છે અને નિર્વિકાર છે. જ્યારે જ્યારે **आत्मकृतसेतुपरीप्सया** પોતાની રચેલી મર્યાદાઓને સંભાળવાની આવશ્યકતા લાગે છે ત્યારે કોઈ પણ યોનિમાં અવતાર લે છે. તેમનો આકાર તો પશુ, પક્ષી, મનુષ્ય, દેવોના જેવો જ હોય છે પરંતુ પૃથ્વી, જલ વગેરે તત્ત્વોમાંથી થયેલ નથી

---

[१] बहुसवो विरु० प्रा. पा.

હોતો. તેમજ તે તે યોનિના વિકારો પણ તેમાં નથી હોતા. કેવલ લીલાકાર્યના નિર્વાહ માટે તેવા અવતારો સ્વીકારે છે તે શ્રીકૃષ્ણને–પુરુષોત્તમને હું નમસ્કાર કરું છું. ૧૯

योऽविद्ययानुपहतोऽपि दशार्धवृत्त्या निद्रामुवाह जठरीकृतलोकयात्रः ॥
अन्तर्जलेऽहिकशिपुस्पर्शानुकूलां[1] भीमोर्मिमालिनि जनस्य सुखं विवृण्वन् ॥२०॥

અન્વયાર્થ—**यः**–જે, **दश–अर्धवृत्त्या**–દશના અડધા કાર્યવાળી, **अविद्यया**–અવિદ્યાથી, **अनुपहतः अपि**–રોકાયેલા ન હોવા છતાં, **जठरीकृत–लोकयात्रः**–લોકસમૂહને ઉદરમાં ધારણ કરી, આપ **सुखम् विवृण्वन्**–સુખના સ્વરૂપને સમજાવતા, **भीम–ऊर्मि–मालिनि**–ભયાનક મોજાંની હારમાળાવાળા, **अन्तर्जले**–જલની અંદર, **अहि–कशिपु–स्पर्श–अनुकूलाम्**–શેષની શય્યાના સ્પર્શને લીધે અનુકૂલ, **निद्राम्**–નિદ્રાને, **उवाह**–ધારણ કરો છો, તે ભગવાનને નમસ્કાર. (વસંતતિલકા વૃત્ત) ૨૦

અનુવાદ—જે દશની અડધી સંખ્યાના કાર્યવાળી એટલે પાંચ પર્વવાળી અવિદ્યાથી રોકાયેલા ન હોવા છતાં લોકપરંપરાને ઉદરમાં ધારણ કરી આપ, સમાજને સુખના સ્વરૂપને સમજાવવા ભયાનક મોજાંની હારવાળા જલની અંદર શેષની શય્યાના સુખકર સ્પર્શને લીધે અનુકૂલ નિદ્રાને ધારણ કરો છો તે ભગવાનને નમસ્કાર. ૨૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં "કારણ" અવસ્થાના નારાયણને નમસ્કાર કરે છે. સૃષ્ટિ નિર્માણ કરે તે કાર્યાવસ્થા છે અને 'શયન' કરે છે તે કારણાવસ્થા છે. બન્ને સ્થિતિ વિશ્વ માટે મંગલમયી છે—

योऽविद्ययानुपहतोऽपि दशार्धवृत्त्या જીવ અને નારાયણ બન્ને ક્રિયા અને શયન આચરે છે. પરંતુ જીવ વિદ્યાનાં પાંચ પર્વ તેમજ અવિદ્યાનાં પાંચ પર્વને વશ બની સર્વ કાર્ય કરે છે. જ્યારે ભગવાન "વિદ્યાનાં અને અવિદ્યાનાં" પર્વથી દૂર રહી સર્વ કાંઈ સ્વતંત્ર રીતે કરે છે. સાંખ્ય, યોગ, તપ, ભક્તિ અને વૈરાગ્ય આ પાંચ વિદ્યાનાં પર્વ છે. તામિસ્ર, અંધતામિસ્ર, મોહ, મહામોહ, તમ અથવા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્ચ્છા અને મરણ આ પાંચ અવિદ્યાનાં પર્વ છે.

જીવ વિદ્યાથી જાગે છે. અને અવિદ્યાથી મોહ પામે છે. તેની બન્ને ક્રિયાઓ વિદ્યા અને અવિદ્યાથી થઈ. ભગવાન વિદ્યાના સહારા વિના જાગે છે અને અવિદ્યાના અંતરાય વિના પોઢે છે. ભગવાનનું જાગરણ અને શયન વિદ્યા–અવિદ્યાનાં કાર્ય નથી પરંતુ નિદ્રા–જાગરણ લીલા સ્વરૂપ છે.

"दशार्धवृत्या" પાંચ પ્રકારની વૃત્તિથી એવો અર્થ કહેવો છે એ માટે "પંચવૃત્યા" પાંચ પ્રકારની વૃત્તિથી કહેવું સુલભ છતાં "દશની અડધી" એવું કહીને વિદ્યા–અવિદ્યાની સરખી વૃત્તિ છે એમ સમજાવ્યું છે.

ભગવાનનું શયન શેષશય્યા ઉપર છે તે કૃપાળુપણું દર્શાવવા છે–એક તો વિષધર સર્પ ઉપર શયન, તે પણ પ્રલયમાં, તેમાં પણ ભયંકર મોજાંથી ભરપૂર મહાસાગરના જલમાં કેમ કરતા હશે? માત્ર જગતને ક્રિયાથી ઉપદેશ કરવા આ કાર્ય કરે છે. ૨૦

यन्नाभिपद्मभवनादहमासमीड्य लोकत्रयोपकरणो यदनुग्रहेण ॥
तस्मै नमस्त उदरस्थभवाय योगनिद्रावसानविकसन्नलिनेक्षणाय ॥ २१ ॥

અન્વયાર્થ—**ईड्य**–હે સ્તુતિ કરવા યોગ્ય! **यत्–नाभि–पद्म–भवनात्**–જેમના નાભિકમળરૂપ ભુવનમાંથી, **अहम्**–હું, **आसम्**–ઉત્પન્ન થયો છું, **अनुग्रहेण**–જેના અનુગ્રહથી, **लोक–त्रय–उपकरणः**–ત્રણ લોકરૂપ રાચ-

---

१. –स्पर्शानुयोगाद् प्रा. पा.

રચીશ્રાવાળો થયો છું, **तस्मै**-તેવા, **उदरस्थ-भवाय**-ઉદરમાં જગતને ધારણ કરતા, **योग-निद्रा-अवसान-विकसत्-नलिन-ईक्षणाय**-યોગનિદ્રાને અંતે ખૂલતા કમળ જેવા નેત્રવાળા, **ते**-આપને, **नमः**-નમસ્કાર. (વસંતતિલકા વૃત્ત) ૨૧

અનુવાદ—હે સ્તુતિ યોગ્ય, જેમના નાભિકમળરૂપ ભુવનમાંથી હું ઉત્પન્ન થયો છું અને જેની કૃપાથી ત્રણ લોકની સંપત્તિની સામગ્રીવાળો છું, તેવા ઉદરમાં જગતને ધારણ કરતા અને યોગનિદ્રાને અંતે ખૂલતાં કમલનેત્ર ભગવાન આપને નમસ્કાર. ૨૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં સૃષ્ટિનિર્માણ કરતી અવસ્થાનું વર્ણન છે—

'**यन्नाभिपद्मभवनाद्**' જે ભગવાનની બે શક્તિ છે, એક સૃષ્ટિ અને બીજી યોગનિદ્રા. બન્ને સરખા સમયવાળી છે. બન્ને સગી બહેનો સમાન છે. યોગનિદ્રા પ્રલય સમયે ભગવાનમાં રહે છે. પ્રલયના આરંભની ક્ષણે તેના પહેલા અંશનો ભગવાનને સંબંધ થાય છે. પ્રલયના અંતે તેના છેલ્લા અંશનો સંબંધ થાય છે.

બ્રહ્માજી સૃષ્ટિ રચનાના આરંભ કાલમાં ભગવાનને નમસ્કાર કરે છે. ભગવાનને કહે છે કે જેમ મારા ઘરમાં પાટ, પાટલા, પાત્રો વગેરે રાચરચીલાં હોય છે તેમ ત્રણ લોક એ આપની સઘળી ઘરવખરી છે. આપના અનુગ્રહથી સૃષ્ટિ રચનારને તે મળે છે.

તે આપવા માટે આપ યોગનિદ્રાને અંતે विकसन्नलिनेक्षणाय આપ વિકસતા નયનકમલથી અનુગ્રહ કરો છો. માટે હે ईड्य સ્તુત્ય પ્રભો! આપની સ્તુતિ કરું છું. ૨૧

सोऽयं समस्तजगतां सुहृदेक आत्मा सत्त्वेन यन्मृडयते भगवान्भगेन ॥
तेनैव मे दृशमनुस्पृशताद्यथाहं स्रक्ष्यामि पूर्ववदिदं प्रणतप्रियोऽसौ[1] ॥ २२ ॥

અન્વયાર્થ—**समस्त-जगताम्**-સમસ્ત જગતના, **सुहृत्**-સુહૃદ, **एकः**-એકલા, **आत्मा**-આત્મા એવા, **सः अयम्**-તે આ, **भगवान्**-ભગવાન, **भगेन**-ઐશ્વર્યરૂપ, **सत्त्वेन**-સત્વથી, **यत्**-જે જગતને, **मृडयते**-સુખ આપે છે, **तेन एव**-તેનાથી જ, **अहम्**-હું, **पूर्ववत्**-પૂર્વની માફક, **यथा**-જેમ, **इदम्**-આ વિશ્વને, **स्रक्ष्यामि**-રચું, તેવી રીતે, **मे**-મારી, **दृशम्**-દૃષ્ટિને, **अनुस्पृशतात्**-સ્પર્શ કરો, કારણ કે **प्रणत-प्रियः**-જેને પ્રણામ કરનાર વહાલા છે, તે **असौ**-આ ભગવાન છે. (વસંતતિલકા વૃત્ત) ૨૨

અનુવાદ—સમસ્ત જગતના સુહૃદ, એકલા, આત્મા એવા તે આ ભગવાન ઐશ્વર્યરૂપ સત્વથી જે જગતને સુખ આપે છે તેનાથી જ હું પૂર્વની પેઠે આ વિશ્વને રચું, તેવી રીતે મારી દૃષ્ટિને સ્પર્શ કરો; કારણ કે જેને પ્રણામ કરનાર પ્રિય છે, તે આ ભગવાન છે. ૨૨.

તત્ત્વસુધા—હવે બ્રહ્માજી બ્રહ્માંડ નિર્માણ કરવામાં અત્યંત આવશ્યક એવી ચાર વસ્તુઓની પ્રાર્થના ચાર શ્લોકમાં કરે છે: પ્રથમ વસ્તુ પદાર્થજ્ઞાન (૧), બીજી વસ્તુ ભગવચ્ચરિત્રમાં મનની એકાગ્રતા (૨), ત્રીજી વસ્તુ વેદોની સ્મૃતિ (૩), ચોથી વસ્તુ સંતાપવૃત્તિ (૪), આમ ચાર પદાર્થની માંગ કરે છે. તે ચાર પૈકી પ્રથમ ઇચ્છા આ શ્લોકમાં છે—

सोऽयं समस्तजगतां सुहृद् 'ભગવાન, વિશ્વ માત્રના એક જ સુહૃદ છે.' પોતાના ઐશ્વર્ય નામના सत्त्वेन સત્વનો સ્પર્શ કરી સમસ્ત જગતને સુખ આપે છે. મારી દૃષ્ટિને પણ તેવા જ ઐશ્વર્યથી સ્પર્શે તો 'ઉદ્વેગ, અજ્ઞાન, અને વૈષમ્ય' દૂર કરનાર જ્ઞાન મળે. ગમતું અણગમતું થાય ત્યારે હર્ષ-ઉદ્વેગ થાય છે. જ્ઞાનથી સમજાય કે જે ભગવાને વિચાર્યું છે તે જ થાય. તેવી સમજે ઉદ્વેગ ચાલ્યો જાય. અજ્ઞાનથી મોહ થાય અને શોક થાય. જ્ઞાનથી

---

[1] -प्रियोऽस्मि प्रा. पा.

તે દૂર થાય. વૈષમ્ય અણસમજમાં વિષમતા ભર્યું વર્તન થાય, ને સમજથી વિવેક ભર્યું વર્તન થાય. આ આશાથી પ્રભુની નજરનો સ્પર્શ માગું છું.

ભગવાન શેના બદલામાં આવી નજરનું દાન કરે ? તેનો ઉત્તર આપ્યો કે “ प्रणतप्रियः ” ભગવાન તો પ્રણામપ્રિય છે. કેવલ નમસ્કારથી રીઝે છે. ૨૨

एष प्रपन्नवरदो रमयाऽऽत्मशक्त्या यद्यत्करिष्यति गृहीत[1]गुणावतारः ॥
तस्मिन् स्वविक्रममिदं[2] सृजतोऽपि चेतो युञ्जीत कर्मशमलं च यथा विजह्याम् ॥२३॥

અન્વયાર્થ—**प्रपन्न-वरदः**-શરણાગતને વરદાન આપનાર, **एषः**—આ ભગવાન, **गृहीत-गुण-अवतारः**—ગુણાવતાર ધારણ કરીને, **आत्मशक्त्या**—પોતાની શક્તિ, **रमया**—રમાદેવી દ્વારા, **यत् यत्**—જે જે, **करिष्यति**—કરશે, **तस्मिन्**—તેમાં, **स्वविक्रमम्**—પોતાના પરાક્રમરૂપ, **इदम्**—આ જગતને, **सृजतः**—રચતા પણ, **यथा**—જે રીતે, **कर्मशमलम्**—કર્મનાં પાપનો, **विजह्याम्**—હું ત્યાગ કરું, **तथा**—તેવી રીતે, **मे**—મારું, **चेतः**—ચિત્ત, **युञ्जीत**—પરોવાયેલું રહો. (વસંતતિલકા વૃત્ત) ૨૩

અનુવાદ—શરણાગતને વરદાન આપનાર આ ભગવાન ગુણાવતાર ધારણ કરીને પોતાની શક્તિ રમાદેવી દ્વારા જે જે કરશે, તે તે કર્મમાં તેમના પોતાના પરાક્રમરૂપ આ જગતને રચતાં પણ જે પ્રકારે કર્મનાં પાપનો હું ત્યાગ કરું તેવી રીતે મારું ચિત્ત પરોવાયેલું રહો. ૨૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં “ મન ભગવલ્લીલામાં તન્મય રહે ” એવી પ્રાર્થના કરે છે—

જો આખા વિશ્વનું સંચાલન કરવાનું આવે પરંતુ ભગવલ્લીલામાં મન તન્મય રહે તો કોઈ શ્રમ, ખેદ, પ્રમાદ, શોક આદિ કાંઈપણ ન થાય. બ્રહ્માજી એ આશાથી મનની તન્મયતાની માંગ કરે છે—

‘ सृजतोऽपि चेतो युञ्जीत ’ ભગવાનને પ્રાર્થના કરે છે કે દ્વિતીય સ્કંધના ૭મા અધ્યાયમાં જે ગુણાવતારનું વર્ણન છે તે આપનું જ છે. આપનાં તે લીલાચરિત્રોમાં મારું ચિત્ત ઓતપ્રોત રહે તો બે મોટા અપરાધ થતા અટકે. ‘ વિપરીત ’ રચનાથી થતો દ્રોહ એક અપરાધ અને પદાર્થોએ દીધેલ શાપ એ બીજો અપરાધ આવા બે અપરાધો ન બને.

સૃષ્ટિમાં બધા જ પદાર્થો ભગવદીય છે. એ પદાર્થોની રચના ભગવાનની ઇચ્છાથી વિરુદ્ધ થાય તો ‘ પદાર્થ-દ્રોહ’નો દોષ લાગે. પદાર્થો તેથી રોષે ભરાય અને શાપ આપે. આ બે વસ્તુ ત્યારે જ ન થાય જો મન ભગવચ્ચરિત્રમાં તદ્રુપ રહે. માટે બ્રહ્માની માફક માનવ પણ બ્રહ્માંડનાં કાર્ય ભગવાનમાં મન રાખીને કરે તો કોઈ દોષ જ ન થાય. ૨૩

नाभिहृदादिह सतोऽम्भसि यस्य पुंसो विज्ञानशक्तिरहमासमनन्तशक्तेः ॥
रूपं विचित्रमिदमस्य विवृण्वतो मे मारीरिषीष्ट निगमस्य गिरां विसर्गः ॥२४॥

અન્વયાર્થ—**इह**—અહીં, **अंभसि**—જલમાં, **सतः**—રહેલા, **यस्य अनन्त-शक्तेः पुंसः**—જે અનંત શક્તિવાળા પુરુષના, **नाभि-हृदात्**—નાભિસરોવરમાંથી, **विज्ञान-शक्तिः-अहम्**—જ્ઞાનશક્તિરૂપ હું, **आसम्**—ઉત્પન્ન થયો, તે હું, **अस्य इदं विचित्र-रूपम्**—આમના આ વિચિત્ર રૂપને, **विवृण्वतः मे**—વિસ્તારતાં મારું, **निगमस्य गिरां विसर्गः**—વેદવાણીનું ઉચ્ચારણ, **मा अरीरिषीष्ट**—નાશ ન પામો. (વસંતતિલકા વૃત્ત) ૨૪

અનુવાદ—અહીં જલમાં રહેલા જે અનંત શક્તિવાળા પુરુષના નાભિસરના ઊંડાણમાંથી જ્ઞાનશક્તિરૂપ હું ઉત્પન્ન થયો, હું એમના આ વિચિત્ર રૂપના જગતનો વિસ્તાર કરું ત્યાં મારું વેદવાણીનું ઉચ્ચારણ નાશ ન પામો. ૨૪

---

१. गुणेषु गुणा० प्रा. पा., २. –मिमं प्रा. पा.

તત્ત્વસુધા—આ શ્લોકમાં વેદગર્ભ બ્રહ્મા વેદોનું સ્મરણ તાજું રહે એ માગણી કરે છે —

" **रूपं विचित्रमिदमस्य** " આ ભગવાનનું અનંતશક્તિ અને આકારવાળું સ્વરૂપ છે. જ્યારે તેની રચના શરૂ થાય છે ત્યારે વેદ ભુલાય છે. " હળ હાથમાં લેતાં બ્રહ્માનું તેજ હણાય છે." એવો સામાન્ય ધારો છે. " **हलान्तं ब्रह्मवर्चसम्** " એ ન્યાયથી જો વેદ વિસારે પડે તો સર્વ શક્તિ અને બુદ્ધિ વ્યર્થ જશે.

ऊर्ध्ववस्त्रादधोवस्त्राद् धूमपानात्तथैव च । षड्भिर्विप्राः प्रणश्यंति हालाहलहलाहलैः ॥ हाला मद्यं, हलं लाङ्गलम्, हलाहलं असत्यभाषणम् ॥ ૭ દોષથી " વિપ્રત્વ " તત્ત્વ નાશ પામે છે.

" **रूपं विचित्रमिदमस्य** " આ ઠેકાણે **रूपं च चित्रं** એવો પાઠ છે. '**चित्र**' એટલે વિવિધ પ્રકારના સૌન્દર્ય ભરેલા સરજનને નિમત્તે વેદો કદાચ ભૂલી જવાય. વેદ અને વ્યાકરણાદિ શાસ્ત્રો જો નિત્ય ના વપરાય તો વિસારે પડતાં વાર ન લાગે. તેથી જ પ્રાર્થના કરી શકે **मारिरिषीष्ट निगमस्य गिरां विसर्गः** વેદવાણીનું ઉચ્ચારણ નાશ ન પામો. " **रिष्** " હિંસાર્થક ધાતુનું **सन्नन्ताल्लङ् अड्भावश्च माङ्योगात् मारीरिषीष्ट** રૂપ થાય છે. અથવા **ऋ गत्यर्थकधातोः आशीर्लिङि रीङादेशे कृते रूपम् । विरुद्धः पाणिनिमतात्प्रयोगोऽसंगतः स्फुटः । तल्लोके न पुराणादौ यतस्ते वेदरूपिणः ॥ यान्युज्जहार भगवान् व्यासो व्याकरणार्णवात् । तानि किं पदरत्नानि संति पाणिनि-गोष्पदे ॥ २४**

सोऽसावदभ्रकरुणो भगवान्[1] विवृद्धप्रेमस्मितेन नयनाम्बुरुहं विजृम्भन् ॥
उत्थाय विश्वविजयाय च नो विषादं माध्व्या गिरापनयात्पुरुषः पुराणः ॥२५॥

અન્વયાર્થ—**सः असौ**-તે આ, **अदभ्रकरुणः**-અપાર કૃપાળુ, **पुराणः पुरुषः**-પુરાણ પુરુષ, **भगवान्**-ભગવાન, **विवृद्ध-प्रेम-स्मितेन**-વધેલા પ્રેમાળ મંદ સ્મિતથી, **नयन-अम्बुरुहं**-નયનકમલને, **विजृम्भन्**-વિકસાવતાં, **उत्थाय**-ઊભા થઈને, **विश्व-विजयाय**-વિશ્વવિજય માટે, **च**-અને અનુકૂળતા માટે, **माध्व्याः गिरा**-મધુર વાણીથી, **नः विषादम्**-અમારા ખેદને, **अपनयतात्**-હરો. (વસંતતિલકા વૃત્ત) ૨૫

અનુવાદ—તે આ અપાર કરુણામય પુરાણપુરુષ ભગવાન, વધેલા પ્રેમાળ મંદ સ્મિતથી નયનકમળને વિકસાવતાં ઊભા થઈને વિશ્વવિજય માટે અને રચનાની અનુકૂળતા માટે અમારા ખેદને હરો. ૨૫

તત્ત્વસુધા—સંતોષપ્રાપ્તિની પ્રાર્થના આ શ્લોકમાં છે—

विषादं माध्व्या गिराऽपनयतात्—આ ભગવાન ઊભા થઈને મધુર વાણીથી મારા વિષાદને દૂર કરો, આવી પ્રાર્થના આ શ્લોકના ઉત્તરાર્ધમાં કરી છે.

भगवान्—અસમર્થની દયા પણ દુઃખરૂપ છે, ભગવાન સમર્થ છે. તેથી ભગવાનની પાસે જ દયા માંગી. દયાનું દાન **विवृद्धप्रेमस्मितेन**—વધેલા પ્રેમાળ સ્મિતથી થાય છે. ભક્તની વિપત્તિનું સ્મરણ થતાં જ ભગવાનનો ભક્ત ઉપર સ્નેહ વધે છે અને સ્મિત હાસ્યથી દુઃખને દૂર કરે છે. શોક-વિષાદ અગ્નિ જેવા દાહક છે. તેને શમાવવાનું કામ **नयनाम्बुरुहं विजृम्भन्**—પ્રભુના નયનકમલમાંથી નીતરતા કૃપાજલથી થાય છે. આટલું બધું દાન કેમ કરશે ? ત્યારે કહ્યું કે ભગવાન તો **अदभ्रकरुणः** એટલે કરુણાર્ણવ છે. શા માટે ભગવાને જ કૃપા કરવી જોઈએ તેનો ઉત્તર આપ્યો, **पुराणः पुरुषः** ભગવાન પિતામહ છે એમનાથી કોઈ પર નથી તેથી દયાળુ પ્રકૃતિના પિતામહ વિના કોણ કૃપા કરશે ? ૨૫

---

[1] भगवान् प्रवृद्ध० प्रा. पा.

मैत्रेय उवाच — स्वसम्भवं निशाम्यैवं[1] तपोविद्यासमाधिभिः ॥
यावन्मनोवचः स्तुत्वा विरराम स खिन्नवत् ॥ २६ ॥

અન્વયાર્થ—**स्व-संभवम्**-પોતાના પિતાને, **एवम्**-એ પ્રમાણે, **तपः-विद्या-समाधिभिः**-તપ, વિદ્યા અને સમાધિથી, **निशाम्य**-જાણી, **यावत् मनः वचः**-જ્યાં સુધી મન-વચન ચાલ્યાં ત્યાં સુધી, **स्तुत्वा**-સ્તુતિ કરીને, **खिन्नवत्**-થાકેલાની માફક, **विरराम**-વિરમ્યા. ૨૬

અનુવાદ—મૈત્રેય બોલ્યા : પોતાના પિતાને એ પ્રમાણે તપ, વિદ્યા અને સમાધિથી જાણી જ્યાં સુધી મન-વચન ચાલ્યાં ત્યાં સુધી સ્તુતિ કરીને થાકેલાની માફક વિરમ્યા. ૨૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં બ્રહ્માજીના ખેદનું વર્ણન છે—

खिन्नवत्-બ્રહ્માના હૃદયમાં દીનતા છે. પ્રાર્થનાથી આનંદ થવો જોઈએ તેને બદલે ખેદ થયો; કારણકે વગર માંગે ભગવાન સર્વસ્વ આપે છે તે પ્રભુ પાસે પ્રાર્થના શા માટે ? પણ પ્રાર્થના કરી તેનો ખેદ થયો. પરંતુ ભગવાન નારાજ નથી થયા. બ્રહ્માજીએ નિષ્ક્રિય બની કેવલ ભગવાનની પ્રાર્થના નથી કરી. પરંતુ તપ, વિદ્યા અને સમાધિથી જેટલા પ્રમાણમાં સમજી શકાય તેટલો પ્રયત્ન કર્યો છે. છતાં ભગવાન ન સમજાયા ત્યારે મન અને વાણીના સામર્થ્ય મુજબ સ્તુતિ કરી વિરામ પામ્યા. વિરમતાં બ્રહ્માને ખેદ થયો તે ભગવાન ન મળવાથી કે કૃપા ન થવાથી નથી થયો પણ કેવલ પોતે પોતાને માટે પ્રાર્થના કરી તે અપરાધ થયો એમ માની ખેદ પામી વિરામ પામ્યા. ૨૬

अथाभिप्रेतं[2]मन्वीक्ष्य ब्रह्मणो मधुसूदनः ॥
विषण्णचेतसं तेन कल्पव्यतिकराम्भसा ॥ २७ ॥
लोकसंस्थानविज्ञान आत्मनः परिखिद्यतः ॥
तमाहागाधया वाचा कश्मलं शमयन्निव ॥ २८ ॥

અન્વયાર્થ—**अथ**-ત્યાર પછી, **ब्रह्मणः**-બ્રહ્માજીના, **अभिप्रेतम्**-અભિપ્રાયને, **अन्वीक्ष्य**-વિચારીને, **तेन**-તે, **कल्प-व्यतिकर-अम्भसा**-કલ્પનો નાશ કરનારાં જલથી, **विषण्ण-चेतसम्**-ખિન્ન ચિત્તવાળા, **च**-તેમજ, **आत्मनः**-પોતાને, **लोक-संस्थान-विज्ञाने**-લોકોની સ્થિતિનું ઠીક જ્ઞાન થાય તે માટે, **परि-खिद्यतः**-ચારે બાજુથી મુઝાતા, **तम्**-તે બ્રહ્માજીને, **अगाधया**-અગાધ, **वाचा**-વાણીથી, **कश्मलम्**-દુઃખને, **शमयन्-इव**-શમાવતા હોય તેમ, **मधुसूदनः**-મધુસૂદન ભગવાન, **आह**-કહેવા લાગ્યા. ૨૭, ૨૮

અનુવાદ—ત્યાર બાદ બ્રહ્માજીના અભિપ્રાયનો વિચાર કરી, કલ્પનો નાશ કરનારા તે જલથી, ખિન્ન ચિત્તવાળા તેમજ પોતાને લોકોની સ્થિતિમાં પૂર્ણ જ્ઞાન થાય તે માટે ચારે તરફથી મૂંઝાતા બ્રહ્માજીને, જાણે અગાધ વાણીથી દુઃખને શમાવતા હોય તેમ મધુસૂદન ભગવાન કહેવા લાગ્યા. ૨૭, ૨૮

તત્ત્વસુધા—ભગવાને બ્રહ્માજીની પ્રાર્થના ઉપર ધ્યાન આપ્યું. જે યાચના અને યાચક વિશ્વમંગલ કામનાથી પરિપૂર્ણ હોય તેના ઉપર પ્રભુને આદર થાય છે. બ્રહ્માજીએ ભગવાનના જેવાં "જ્ઞાન અને ઐશ્વર્ય" માગ્યાં. ભગવાન જો આ સામગ્રી આપશે તો બ્રહ્માજી દુરુપયોગ નહીં કરે તેમ જ ગર્વ નહીં કરે; કારણ કે બ્રહ્મા એટલે બ્રાહ્મણ વૃત્તિ જે સત્ત્વગુણની સીમા એવા અર્થમાં બ્રહ્મા શબ્દ લીધો છે. 'મધુસૂદન' ભગવાન શત્રુનો નાશ

---

१. निशाम्यैवं प्रा. पा. २. अथाभिप्रेत्य- प्रा. पा.

કરે સેવકનો નહીં. બ્રહ્મા તો સેવા કરવા ચાહે છે. તેમને "કલ્પ"નો નાશ કરનાર જલ નજરે નિહાળી ખેદ થયો છે. તેને દૂર કરવા ભગવાને બોલવાનો આરંભ કર્યો.

आत्मनः परिखिद्यतः–બ્રહ્માજીનો આ ખેદ ભગવાનના કાર્યની સિદ્ધિ કરવા માટે છે. તે ન થઈ શકે તો તેનું દુઃખ થાય જ. માટે ભગવાન પણ તેવા દુઃખને અવશ્ય દૂર કરે જ. ભગવાન અગાધ ગંભીર વાણીથી બોલ્યા. ભાવ જેવો ખૂબ જ ગૂઢ હતો તેવી ભાષામાં ભગવાન બોલે છે. ભગવાનની મધુર વાણીમાં કલેશશમન,–શોક–હરણ–દુઃખનિવારણ–સામર્થ્ય હતું. ૨૭, ૨૮

હવે પછીના ૧૦ શ્લોકથી ભગવાન બ્રહ્માજીના ઉપર અનુગ્રહ કરે છે. ૨૯ માં આલસ્ય ન કરવું (૧), ૩૦ માં તપ કરવું (૨), ૩૧ માં સર્વમાં ભગવાનની શોધ કરવી (૩), ૩૨ માં જ્ઞાનથી દોષનિવારણ કરવું (૪), ૩૩ માં ભગવચ્ચરિત્રમાં તન્મયતા (૫), ૩૪ માં વરદાનથી ગર્વનો અભાવ. (૬), ૩૫ માં કૃપાથી સ્વાભાવિક દોષનિવૃત્તિ (૭), ૩૬ માં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન (૮), ૩૭ માં સ્તુતિથી પ્રભુ પ્રકટે છે. (૯), ૩૮ માં પ્રભુકૃપાથી સર્વ સિદ્ધ થાય છે. (૧૦), આ દશ વસ્તુનું વર્ણન કરશે.

श्रीभगवानुवाच — मा वेदगर्भ गास्तन्द्रीं सर्ग उद्यममावह ॥
तन्मयाऽऽपादितं ह्यग्रे यन्मां प्रार्थयते भवान् ॥ २९ ॥

અન્વયાર્થ—वेदगर्भ–હે વેદગર્ભ ! **त्वम्**–તમે, **तन्द्रीम्**–આળસને, **मा गाः**–ન વરો, **सर्गे**–સૃષ્ટિ રચવામાં, **हि–उद्यमम्**–ઉદ્યમને, **आवह**–કરો; કારણ કે **भवान्**–આપ, **यत्**–જેની, **माम्**–મને, **प्रार्थयसे**–પ્રાર્થના કરો છો, **तत्**–તે, **मया**–મેં, **अग्रे**–પ્રથમથી જ, **आपादितम्**–કરી રાખેલું છે. ૨૯

અનુવાદ—શ્રી ભગવાન બોલ્યા : **હે વેદપુરુષ ! તમે આલસ્યને ન વરો. સૃષ્ટિનિર્માણનો ઉદ્યમ કરો; કારણકે આપ જેની મને પ્રાર્થના કરો છો તે મેં પ્રથમથી જ કરી રાખેલું છે. ૨૯**

તત્ત્વસુધા—ભગવાન આ શ્લોકમાં "આલસ્યત્યાગનું" વિધાન કરે છે—

वेदगर्भ—કાર્યસિદ્ધિના બે શત્રુ: એક આલસ્ય અને બીજો લોભ. બ્રહ્માજીને લોભનો સંભવ નથી. પ્રમાદ કદાચ સંભવે તેથી કહ્યું કે વેદગર્ભ ! तन्द्रीं मा गाः આલસ્ય ન કરશો. બુદ્ધિની જડતા, અત્યાહાર અને વિષાદ એ ત્રણથી આલસ્ય જન્મે છે. બ્રહ્માજીને તો "વિષાદ" કર્તવ્યશૂન્ય બનાવે છે. ભગવાને તેમ ન કરવા કહ્યું અને સૃષ્ટિ રચવાનું વિધાન કર્યું. ૨૯

भूयस्त्वं तप आतिष्ठ विद्यां चैव मदाश्रयाम् ॥
ताभ्यामन्तर्हृदि ब्रह्मन् लोकान्द्रक्ष्यस्यपावृतान् ॥ ३० ॥

અન્વયાર્થ—ब्रह्मन्–હે બ્રહ્માજી ! **त्वम्**–આપ, **भूयः**–ફરીથી, **तपः**–ભારે તપ, **आतिष्ठ**–કરો, **च**–અને, **मत्–आश्रयाम्**–મારા આશ્રયવાળી, **विद्याम्–एव**–વિદ્યાને જ, **आतिष्ठ**–પ્રાપ્ત કરો, **ताभ्याम्**–તે બે દ્વારા, **अन्तर्हृदि**–અન્તઃકરણમાં, **अपावृतान्**–આવરણ વિનાના, **लोकान्**–લોકોને, **द्रक्ष्यसि**–નિહાળશો. ૩૦

અનુવાદ—હે બ્રહ્માજી ! આપ ફરીથી ભારે તપ આચરો અને મારા **આશ્રયવાળી** વિદ્યાને મેળવો. તે બે દ્વારા અન્તઃકરણમાં આવરણ વિનાના લોકોને નિહાળશો. ૩૦

તત્ત્વસુધા—भूयस्त्वं तप आतिष्ठ–પ્રભુએ બ્રહ્માજીને તપનો આદેશ કર્યો. બ્રહ્માજીને ઉપરના શ્લોકમાં સૃષ્ટિ–રચનાની આજ્ઞા કરી. બ્રહ્માજીએ કહ્યું, જ્ઞાન વિના કેમ સૃષ્ટિ રચી શકું ? ભગવાને તેનો ઉત્તર આપ્યો કે "**भूयः तपः आतिष्ठ**" આ આદેશમાં **भूयः** અવ્યય છે. **पुनः** અવ્યયને બદલે **भूयः** કહ્યું તેનું તાત્પર્ય છે કે **भूयः**નો વધારે

અને ફરી એવો અર્થ થાય છે. બ્રહ્માજી તપ કરતા હતા પરંતુ વધારે તપ કરવા વિધાન કર્યું. સાધકે ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી પુનઃ પુનઃ અને અધિક સંયમવાળું તપ કરવું. ૩૦

तत आत्मनि लोके च भक्तियुक्तः समाहितः ॥
द्रष्टासि मां ततं ब्रह्मन्मयि लोकांस्त्वमात्मनः ॥ ३१ ॥

અન્વયાર્થ—ततः-પછી, **ब्रह्मन्**-હે બ્રહ્માજી! **भक्तियुक्तः**-ભક્તિવાળા, **च**-અને, **समाहितः**-સાવધાન થઈ, **त्वम्**-તમે, **आत्मनि**-પોતામાં, (**च**-અને) **लोके**-લોકમાં, **माम्**-મને, **ततम्**-વ્યાપ્ત, **द्रष्टा असि**-જોશો, (**च**-અને) **मयि**-મારામાં, **लोकान्**-લોકોને, (**च**-અને) **आत्मनः**-પોતાને, (**द्रष्टा असि**-જોશો). ૩૧

અનુવાદ—પછી હે બ્રહ્માજી! ભક્તિવાળા અને સાવધાન થઈ તમે પોતામાં અને લોકમાં મને વ્યાપેલો જોશો. અને મારામાં લોકોને અને પોતાને જોશો. ૩૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં સર્વત્ર યુક્તિથી પરીક્ષા કરી ભગવાનની તપાસ કરવી એ વસ્તુ સમજાવશે.

ततः **आत्मनि**-પૂર્વના શ્લોકમાં 'તપ' આચરવાનું કહ્યું. તપશ્ચર્યાથી ચિત્તશુદ્ધિ થઈ. શુદ્ધ ચિત્તથી, લોકમાં અને પોતાનામાં ભક્તિ થશે.

લોકો ભગવાનના અવયવો છે એનું માહાત્મ્ય જ્ઞાન થયું, તેથી સ્નેહ થયો. સ્નેહ થયો તો ભક્તિ થવાની જ છે. ભક્તિ થતાં ભગવાનનું દર્શન થશે. તેમજ ભગવાનમાં સમસ્ત લોકોનું દર્શન થશે. બ્રહ્માજીને **ब्रह्मन्** સંબોધન કર્યું છે. તેનું તાત્પર્ય કે બ્રહ્માજી જ્ઞાનાત્મક છે તેથી તેમને જ્ઞાન થતાં વાર નહીં લાગે. ૩૧

यदा तु सर्वभूतेषु दारुष्वग्निमिव स्थितम् ॥
प्रतिचक्षीत मां लोको जह्यात्तर्ह्येव कश्मलम् ॥ ३२ ॥

અન્વયાર્થ—दारुषु-કાષ્ઠોમાં, **अग्निम् इव**-અગ્નિની માફક, **यदा**-જ્યારે, **लोकः**-લોક, **माम्**-મને, **सर्व-भूतेषु**-સર્વ પ્રાણીમાં, **स्थितम्**-રહેલાને, **प्रतिचक्षीत** જુએ, **तर्हि एव**-ત્યારે જ, **कश्मलम्**-પાપને, **जह्यात्**-ત્યજે છે. ૩૨

અનુવાદ—કાષ્ઠમાં રહેલ અગ્નિની જેમ જ્યારે લોક મને સર્વ પ્રાણીઓમાં રહેલો દેખે છે ત્યારે જ પાપને ત્યજે છે. ૩૨

તત્ત્વસુધા—આ શ્લોક જ્ઞાનથી સર્વ દોષ નિવૃત્ત થશે એવું સમજાવે છે—

" दारुष्वग्निमिव स्थितम् " લોકમાં ભગવાનનું દર્શન, કાષ્ઠમાં રહેલા અગ્નિની સમાન બતાવ્યું છે. કાષ્ઠમાં ધૂમ હોય ત્યાં સુધી અગ્નિ નહીં દેખાય. પરંતુ ધીમે ધીમે કાષ્ઠ તપે પછી અગ્નિ અંદર રહેલો બહાર પ્રકટ થાય. તે પૂર્વમાં બે કાષ્ઠનું ઘર્ષણ કરવું પડે. તે પ્રકારે ભક્ત કે ઉપાસક યોગના ઘર્ષણથી કે નિત્ય ચિંતનથી કે તપશ્ચર્યાથી મનના મલને ભસ્મ કરી દે છે અને ભગવાનનો તેને સાક્ષાત્કાર થાય છે તેથી જ વ્યાસજી લખે છે કે **कश्मलं जह्यात्।** **कश्मलम्** એક પ્રકારનું પાપ છે અથવા તો વાસના છે. તેને બાળવી જ રહી. બાળવા માટે તપશ્ચર્યા કરવી જ રહી. ગુરુ-શિષ્યરૂપ બે કાષ્ઠના મંથનભૂત તત્ત્વવિચારથી પણ પાપ બળી જાય છે. ૩૨

यदा रहितमात्मानं भूतेन्द्रियगुणाशयैः[2] ॥
स्वरूपेण मयोपेतं पश्यन्स्वाराज्यमृच्छति ॥ ३३ ॥

---

१. **जह्यां** प्रा. पा., २. -गुणाश्रयैः प्रा. पा.

અન્વયાર્થ—**यदा**-જ્યારે, **भूत-इन्द्रिय-गुण-आशयैः**-પંચ મહાભૂત, ઇન્દ્રિયો, ગુણો તથા ચાર અંતઃકરણ, **रहितम्**-વિનાના, **स्वरूपेण**-સ્વરૂપથી, **मया**-મારી સાથે, **उपेतम्**-રહેલો, **आत्मानम्**-આત્માને, **पश्यन्**-જોનાર, **स्वाराज्यम्**-સ્વારાજ્યને, **ऋच्छति**-મેળવે છે. ૩૩.

અનુવાદ—જ્યારે પંચ મહાભૂત ઇન્દ્રિયો, ગુણ તથા અંતઃકરણ વિનાના અને સ્વરૂપથી મારી અંદર રહેલા આત્માને જોનાર સ્વારાજ્યને મેળવે છે. ૩૩

તત્ત્વસુધા—આ શ્લોકથી જ્ઞાનનું ફલ સ્વરાજ્ય મળે છે એવું બ્રહ્માજીને કહે છે—

'**यदा रहितमात्मानम्**'—આત્મા પંચભૂત ઇન્દ્રિય કે ગુણરૂપ નથી. વળી અંતઃકરણ સ્વરૂપ નથી પરંતુ ઔડુલોમિના મત પ્રમાણે "ચેતનરૂપે" સ્વરૂપથી ભગવાનમાં રહેલ છે, એવું સમજે ત્યારે "સ્વારાજ્ય" એટલે સ્વરૂપાનંદનો તેને અનુભવે થશે અથવા સ્વારાજ્ય એટલે પોતામાં રહેલ જીવો ઉપર "અધિપતિત્વ" પ્રાપ્ત થાય છે.

એક એવું પણ તાત્પર્ય છે કે જ્યારે સ્વરૂપજ્ઞાન થાય છે ત્યારે **मया सेव्येन परमेश्वरेण सह उप समीपे एव इतं सेवार्थं प्राप्तं पश्यन् भवति तदा स्वीयेन प्रभुणा सह राजते ।** તે સેવ્ય પરમાત્માની સમીપે સેવા માટે ઉપસ્થિત થયેલ પોતાને નિહાળે છે. ભક્ત પાંચ પ્રકારે સંબંધ ધરાવે છે. શાંત, હાસ્ય, સખ્ય, વાત્સલ્ય, અનેકાન્ત આવા પાંચ પ્રકારનો સંબંધ છતાં તે ભગવાનની સમીપે "દાસ" સ્વરૂપે જાય છે. ૩૩

नानाकर्मवितानेन प्रजा बह्वीः सिसृक्षतः ॥
नात्मावसीदत्यस्मिंस्ते वर्षीयान्मदनुग्रहः ॥ ३४ ॥

અન્વયાર્થ—**नाना-कर्म-वितानेन**-જાતજાતનાં કર્મોને વિસ્તારીને, **बह्वीः**-અનેક પ્રકારની, **प्रजाः**-પ્રજાઓને, **सिसृक्षतः**-રચતાં, **ते**-તમારું, **आत्मा**-અંતઃકરણ, **न अवसीदति**-ખેદ નહિ પામે, **अस्मिन्**-આ કાર્યમાં, **वर्षीयान्**-મોટો, **मद्-अनुग्रहः**-મારો અનુગ્રહ છે. ૩૪

અનુવાદ—જાતજાતનાં કર્મોને વિસ્તારી અનેક પ્રકારની પ્રજાઓને રચતાં તમારું અંતઃકરણ ખેદ નહિ પામે. આ કાર્યમાં મારો મોટો અનુગ્રહ છે. ૩૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાન બ્રહ્માજીને સમસ્ત લોકને પુત્રની માફક ઉત્પન્ન કરવાનું વિધાન કરે છે જેથી બ્રહ્માજીને આલસ્ય ન બાધે કે આસક્તિ ન લાગે.

'**न आत्मा अवसीदति**'—આત્માનો અર્થ આ સ્થાને અન્તઃકરણ કરવો. અન્તઃકરણ લોકમાં આસક્ત નહીં બને. જ્યારે આસક્તિ આવે ત્યારે કર્તવ્યમાં પ્રમાદ અવશ્ય થવાનો. પરંતુ ભગવાને વચન આપ્યું કે "**वर्षीयान् मदनुग्रहः**" મારો ઘણો મોટો અનુગ્રહ છે કે બ્રહ્માજી તમને પ્રમાદ નહીં થાય. ૩૪

ऋषिमाद्यं न बध्नाति पापीयांस्त्वां रजोगुणः ॥
यन्मनो मयि निर्बद्धं प्रजाः संसृजतोऽपि ते ॥ ३५ ॥

અન્વયાર્થ—**पापीयान्**-અત્યંત પાપી એવો, **रजोगुणः**-રજોગુણ, **त्वाम्**-તમને, **आद्यम् ऋषिम्**-આદ્ય ઋષિને, **न बध्नाति**-બંધન કરશે નહિ, **यत्**-કારણ કે, **प्रजाः**-પ્રજાઓને, **संसृजतः अपि**-ઉત્પન્ન કરવા છતાં, **ते**-તમારું **मनः**-મન, **मयि**-મારામાં, **निर्बद्धम्**-પરોવાયેલું છે. ૩૫

અનુવાદ—અત્યંત પાપી એવો રજોગુણ તમને આદ્યઋષિને બંધન નહિ કરે, કારણ કે પ્રજાઓને રચવા છતાં તમારું મન મારામાં પરોવાયેલું છે, ૩૫

---

૧. वरीयान् प्रा. पा.

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવત્કૃપાનું સ્વરૂપ બતાવે છે—

"**यन्मनो मयि निर्बद्धं**"-બ્રહ્માજી તમારું મન મારામાં તમે જોડયું છે. કદી જીવ પોતાના ચિત્તને પ્રભુમાં પ્રભુકૃપા વિના સ્થિર કરી શકે જ નહીં. જો કે ભગવત્સેવા ભાવથી કર્તવ્યપરાયણ રહેવાથી ભગવત્-કૃપા પ્રાપ્ત થાય છે પરંતુ એ સ્થિતિ પણ ભગવદ્દઇચ્છાથી જ થાય છે. બ્રહ્માજી તમે તો "**आद्यं ऋषिम्**" આદિ ઋષિ છો તેથી "રજોગુણ" તમને નહીં સતાવે. રજોગુણ કાં તો ગર્વ કરે છે, કે કાંતો ઉદ્વેગ કરે છે. પરંતુ મન ભગવાનમાં રાખે તો કોઇ વાંધો ન આવે. ૩૫

ज्ञातोऽहं भवता त्वद्य दुर्विज्ञेयोऽपि देहिनाम् ॥
यन्मां त्वं मन्यसेऽयुक्तं भूतेन्द्रियगुणात्मभिः ॥ ३६ ॥

અન્વયાર્થ—अहम्-હું, **देहिनाम्**-દેહીઓને, **दुर्विज्ञेयः अपि**-ન સમજાય તેવો છું તો પણ, **अद्य**-આજે, **भवता**-તમે, **ज्ञातः**-મને જાણ્યો છે, **यत्**-કારણ કે પૂર્વે, **त्वम्**-તમે, **माम्**-મને, **भूत-इन्द्रिय-गुण-आत्मभिः**-ભૂત, ઇન્દ્રિયો, ગુણો અને અંતઃકરણ, **युक्तम्**-વાળો, **मन्यसे**-જાણતા હતા. ૩૬

અનુવાદ—હું દેહીઓથી ન સમજાઉં એવો છું, પણ તમે આજે મને જાણ્યો છે; કારણ કે પહેલા તમે મને ભૂત, ઇન્દ્રિયો, ગુણો અને અંતઃકરણવાળો જાણતા હતા. ૩૬

તત્ત્વસુધા—વળી આ શ્લોકમાં વધુ એક પુરાવો રજૂ કરે છે કે બ્રહ્માજી આજ સુધી તમે મને મહાભૂત-ઇન્દ્રિય-ગુણ-અંતઃકરણવાળા જાણતા હતા. આજે યથાર્થ એટલે આનંદાત્મક કરચરણાદિ સ્વરૂપે સમજી શકયા છો એ મારી કૃપાનું ફળ છે. અન્યને આવું દર્શન થવું દુર્લભ છે. ૩૬

तुभ्यं मद्विचिकित्सायामात्मा मे[1] दर्शितोऽबहिः ॥
नालेन सलिले मूलं पुष्करस्य विचिन्वतः ॥ ३७ ॥

અન્વયાર્થ—मद्-विचिकित्सायाम्-મારા સ્વરૂપને જાણવાની ઇચ્છા થતાં, **नालेन**-દંડ દ્વારા, **सलिले**-જલમાં, **पुष्करस्य**-કમલના, **मूलम्**-મૂલને, **विचिन्वतः**-શોધતા હતા ત્યારે, **मे**-મારો, **आत्मा**-આત્મા, **तुभ्यम्**-તમને, **अबहिः दर्शितः**-બહાર દર્શાવ્યો નહિ. ૩૭

અનુવાદ—મારા સ્વરૂપને સમજવાની ઇચ્છા થતાં કમલદંડ દ્વારા જલમાં કમલના મૂળને શોધતા હતા ત્યારે મેં તમને મારા આત્માનાં બહાર દર્શન કરાવ્યાં નહિ. ૩૭

તત્ત્વસુધા—કદાચ એમ કોઈ કહે કે 'બ્રહ્મ જાણનારાઓ ભગવાન જાણે છે' તો ત્યાં એક જ વાત ન ભુલાય કે ભગવાને તેને બ્રહ્મ જણાવ્યું તેથી તે જાણી શકયો કારણ કે—

જીવ તો દેહી છે. તેનામાં પંચ ભૂત ઇન્દ્રિય વગેરે છે તેથી તેના સંસ્કારો પ્રમાણે જ તે સર્વમાં જોઈ શકે છે. ક્ષણભર હું 'અકામ' છું એવો ખ્યાલ હોવા છતાં જ્યારે તેને વિજાતીય સ્પર્શ થાય કે કામ જાગ્રત થાય છે તેમજ દેહીને પણ તેવું જ જ્ઞાન ભગવાનમાં થાય છે. પરંતુ ભગવાન પોતાના સ્વરૂપને બતાવે છે, ત્યારે સમજાય છે. જો સ્વયં જોઈ શકે કે જાણી શકે તો બ્રહ્માજી તમે જ કમલના દંડમાં જઈ મને શોધતા હતા તો પણ તમને મારું સ્વરૂપ જોવા ન મળ્યું. કારણ કે તમારી શોધવાની રીત યથાર્થ ન હતી. ત્યારે બ્રહ્માજી કહે કે મને આજે દર્શન કેમ થયું તેનો ઉત્તર નીચેના શ્લોકમાં આપે છે. ૩૭

यच्चकर्थाङ्ग मत्स्तोत्रं मत्कथाऽभ्युदयाङ्कितम् ॥
यद्वा तपसि ते निष्ठा स एष मदनुग्रहः ॥ ३८ ॥

---

[1] संदर्शितो० प्रा. पा.

અન્વયાર્થ—अङ्ग-હે પુત્ર! **मत्-कथा-अभ्युदय-अङ्कितम्**-મારી કથા અને અભ્યુદયના લક્ષણવાળું, **मत्-स्तोत्रम्**-મારું સ્તોત્ર, **यत्**-જે, **चकर्थ**-કર્યું, **वा**-અને, **ते**-તમારી, **यत्**-જે, **तपसि**-તપમાં, **निष्ठा**-નિષ્ઠા છે, **सः एषः**-તે આ, **मद्-अनुग्रहः**-મારો અનુગ્રહ છે. ૩૮

અનુવાદ—હે પુત્ર! મારી કથા અને અભ્યુદયના લક્ષણવાળું મારું સ્તોત્ર જે તમે કર્યું અને તપમાં જે તમારી નિષ્ઠા છે, તે આ મારો અનુગ્રહ છે. ૩૮

તત્ત્વસુધા—'अङ्ग' વાત્સલ્યભર્યા સંબોધનથી ભગવાન બોલવાનો આરંભ કરે છે. અને કહે છે બ્રહ્માજી! તમારા કરેલ સ્તોત્રથી હું પ્રસન્ન છું. સ્તુતિમાં બે ગુણ બતાવ્યા છે. "मत्कथा-अभ्युदय" મારી કથા અને મારા અભ્યુદય વર્ણનથી ભરેલ સ્તુતિએ મને રીઝવ્યો છે. मत् એવું કથાને વિશેષણ આપીને સૂચવ્યું કે સ્તોત્રમાં અન્ય ચર્ચા ન આવવી જોઈએ. અભ્યુદય એટલે સર્વથી શ્રેષ્ઠ સ્વરૂપવાળું ભગવચ્ચરિત્ર. પરંતુ સ્તોત્ર "તપશ્ચર્યા"-પૂર્વક હોવું જોઈએ. સંક્ષેપમાં બ્રહ્માજી તમે કરેલ "સ્તોત્ર અને તપઃ" એ મારા અનુગ્રહનું ફળ છે. ૩૮

प्रीतोऽहमस्तु भद्रं ते लोकानां विजयेच्छया ॥
यदस्तौषीर्गुणमयं निर्गुणं माऽनुवर्णयन् ॥ ३९ ॥

અન્વયાર્થ—अहम्-હું, **प्रीतः**-પ્રસન્ન છું, **अस्तु**-તેમ થાવ, **ते**-તમારું, **भद्रम्**-કલ્યાણ હો, **यत्**-કારણકે, **लोकानाम्**-લોકોના ઉપર, **विजय-इच्छया**-વિજયની ઇચ્છાથી, **निर्गुणम्**-નિર્ગુણ અને, **गुणमयम्**-ગુણવાળા, **मा**-મને, **अनुवर्णयन्**-વર્ણવતાં, **अस्तौषीः**-તમે મારી સ્તુતિ કરી છે. ૩૯

અનુવાદ—હું પ્રસન્ન છું. ભલે તેમ થાવ. તમારું કલ્યાણ હો. કારણકે લોકોના ઉપર વિજય મેળવવાની ઇચ્છાથી નિર્ગુણ અને ગુણવાળા મને વર્ણવતાં તમે મારી સ્તુતિ કરી છે. ૩૯

તત્ત્વસુધા—હવે ચાર શ્લોકોથી ભગવાન પ્રસન્નતા વ્યક્ત કરે છે—

"**प्रीतोऽहम्**" ભગવાને કહ્યું બ્રહ્માજી હું પ્રસન્ન છું. તેનું ફળ તમારું ચિત્ત મારા ચરિત્રમાં પરોવાયેલ છે અને अस्तु તેવું તન્મય ચિત્ત સદા રહો.

ते भद्रमस्तु-બ્રહ્માજી તમારું કલ્યાણ થાવ. કારણકે તમે મારી સ્તુતિ લોકવિજયની વાંછાથી કરી છે તો તે સંબંધમાં પણ તમે જેમ ચાહો તેમ થાવ. ૩૯

य एतेन पुमान्नित्यं स्तुत्वा स्तोत्रेण मां भजेत् ॥
तस्याशु संप्रसीदेयं सर्वकामवरेश्वरः ॥ ४० ॥

અન્વયાર્થ—यः-જે, **पुमान्**-પુરુષ, **नित्यम्**-નિત્ય, **एतेन**-આ, **स्तोत्रेण**-સ્તોત્રથી, **स्तुत्वा**-મારી સ્તુતિ કરીને, **माम्**-મને, **भजेत्**-ભજે, **तस्य**-તેના ઉપર, **सर्व-कामवर-ईश्वरः**-સર્વ ઇચ્છિત વરદાનને આપનાર હું, **आशु**-શીઘ્ર, **संप्रसीदेयम्**-પ્રસન્ન થાઉં છું. ૪૦

અનુવાદ—જે પુરુષ નિત્ય આ સ્તોત્રથી મારી સ્તુતિ કરી મને ભજે, તેના ઉપર સર્વ ચાહેલાં વરદાનને આપનાર હું શીઘ્ર પ્રસન્ન થાઉં છું. ૪૦

તત્ત્વસુધા—"य एतेन"—બ્રહ્માજી ઉપર ભગવાન ખૂબ જ સંતુષ્ટ છે. તેથી કહે છે બ્રહ્માજી! તમારું સ્તોત્ર મને ગમ્યું છે. જો કોઈ આ સ્તોત્રથી મને ગાશે તો વેદથી મને સ્તવેલ છે એવું હું માનીશ. પરંતુ એક વસ્તું સ્તુતિ કરનાર લક્ષમાં રાખે. સ્તોત્રના અર્થનું અનુસંધાન રાખીને સ્તુતિ કરે અને સ્તુતિ કરીને પૂજન કરે. ભગવાન પૂજનથી પ્રસન્ન થાય છે. પરંતુ સ્તુતિથી શીઘ્ર પ્રસન્ન થાય છે. સ્તુતિ કાળથી થતા દોષોને દૂર કરે છે. પ્રસન્ન થયેલા ભગવાન સર્વ કામનાઓને પૂર્ણ કરે છે. ૪૦

पूर्तेन तपसा यज्ञैर्दानैर्योगैः समाधिना[1] ॥
राद्धं निःश्रेयसं पुंसां मत्प्रीतिस्तत्त्वविन्मतम्[2] ॥ ४१ ॥

અન્વયાર્થ—**पूर्तेन**–કૂવા–તળાવથી, **तपसा**–તપથી, **यज्ञैः**–યજ્ઞોથી, **दानैः**–દાનોથી, **योगैः**–યોગથી, **समाधिना**–સમાધિથી, **पुंसां**–પુરુષોનો, **निःश्रेयसम्**–નિઃશ્રેયસ મોક્ષ, **राद्धम्**–સિદ્ધ થાય છે, **मत्प्रीतिः**–તે મારી પ્રીતિનું ફળ છે એવું, **तत्त्ववित्-मतम्**–તત્ત્વવેત્તાઓનું મન્તવ્ય છે. ૪૧

અનુવાદ—કૂવા–તળાવથી, તપથી, યજ્ઞોથી, દાનોથી, યોગથી અને સમાધિથી પુરુષોને જે મોક્ષાદિ ફળ સિદ્ધ થાય છે તે મારી પ્રીતિનું ફળ છે, એવું તત્ત્વવેત્તાઓનું મન્તવ્ય છે. ૪૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં તત્ત્વજ્ઞોના મતને પ્રગટ કરે છે—

'पूर्तेन' કૂવા–તળાવ–વાવ વગેરે ખોદાવવાં અને ગળાવવાં. 'तपसा' બ્રહ્મચર્યપાલન અને શારીરિક ભોગલાલચનો ત્યાગ. 'यज्ञैः' સોમયાગ, અગ્નિષ્ટોમ વગેરે યાગઅનુષ્ઠાન. "दानैः" સુવર્ણદાન, તુલાદાન વગેરે. "योगैः" અન્તઃકરણનો સંયમ. "समाधिना" ચિત્તની એકાગ્રતા–આ સર્વ ભગવત્પ્રીતિનાં ફળ છે. આ બાબતમાં તત્ત્વજ્ઞો પૂર્ણ સંમત છે. ૪૧

अहमात्माऽऽत्मनां धातः प्रेष्ठः सन् प्रेयसामपि ॥
अतो मयि रतिं कुर्याद्देहादिर्यत्कृते प्रियः ॥ ४२ ॥

અન્વયાર્થ—**धातः**–હે ધાતા! **प्रेयसाम् अपि**–ઘણી જ પ્રિય વસ્તુઓમાં, **प्रेष्ठः सन्**–વધુ પ્રિય હોઈ, **अहम्**–હું, **आत्मनाम्**–આત્માઓનો, **आत्मा**–આત્મા છું. **अतः**–તેથી, **यत्कृते**–જેને માટે, **देहादिः**–દેહ વગેરે, **प्रियः**–વહાલા હોય છે એવા, **मयि**–મારામાં, **रतिम्**–સ્નેહ, **कुर्यात्**–કરવો જોઈએ. ૪૨

અનુવાદ—હે વિધાતા! જેને માટે દેહ વગેરે પ્રિય થાય છે, એવો હું આત્માઓનો આત્મા છું. તેથી જેને માટે દેહ વગેરે વહાલા હોય છે એવા મારામાં સ્નેહ કરવો જોઈએ. ૪૨

તત્ત્વસુધા—ભગવાન બ્રહ્માજીને પોતાનામાં સ્નેહ કરવાનું વિધાન કરે છે—

"'अहमात्मात्मनां धातः' હે વિધાતા! હું સર્વ આત્માઓનો આત્મા છું. જેટલાં ગંગાજલ છે તે સર્વનો આત્મા જેમ ગંગાજી છે, વળી સમસ્ત મૃત્તિકાઓનો આત્મા પૃથ્વી છે, વળી પર્ણ અને શાખાઓનો આત્મા વૃક્ષ છે તે જ પ્રકારે હું સર્વનો આત્મા છું. વિધાતાને धातः સંબોધન કરી સાવચેતીપૂર્વક સૃષ્ટિ રચવાનું વિધાન કર્યું".

વિશ્વમાં આત્મા સર્વથી પ્રિય ગણાય. તે આત્મા ભગવાન છે તેથી તેમાં જ વધુ પ્રેમ કરવો; દેહાદિથી તો આત્માના સંબંધથી પ્રિય લાગે છે માટે એમનામાં સ્વતંત્ર પ્રેમ ન કરવો. ૪૨

सर्ववेदमयेनेदमात्मनाऽऽत्माऽऽत्मयोनिना ॥
प्रजाः सृज यथापूर्वं याश्च मय्यनुशेरते[3] ॥ ४३ ॥

અન્વયાર્થ—**आत्म-योनिना**–આત્મા–હું જેમનું કારણ છે એવા આત્મયોનિ, **सर्व-वेदमयेन**–સર્વવેદ રૂપ, **आत्मना**–આત્મા વડે–દેહ વડે, **यथापूर्वम्**–પહેલાંની માફક, **आत्मा**–તમે પોતે, **इदम्**–આ બ્રહ્માંડ, **च**–અને, **प्रजाः**–પ્રજાઓ, **याः**–જે, **मयि**–મારામાં, **अनुशेरते**–સૂતેલ રૂપે રહેલ છે, **ताः**–તેમને, **सृज**–સરજો. ૪૩

---

[1] योगसमाधिना– प्रा. पा., [2] मता प्रा. पा., [3] मामनु० प्रा. पा.

અનુવાદ—આત્મયોનિ એવા તમે સર્વવેદરૂપ તમારા દેહથી પૂર્વની માફક આ બ્રહ્માંડ અને પ્રજાઓ જે મારામાં સુપ્ત રીતે રહેલ છે તેમને ઉત્પન્ન કરો. ૪૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાને ત્રણ ગુણવાળી પ્રજાને તેમજ ભગવાનની સાક્ષાત્ સેવામાં ઉપયોગી થતી ભગવદીય પ્રજાનું ઉત્પન્ન કરવા વિધાન કર્યું. તમારામાં તે સામર્થ્ય છે, કારણ કે 'આત્મયોનિ" છો. આત્મા એટલે ભગવાન "યોનિ" જેનું કારણ છે તે આત્મયોનિ કહેવાય. તેથી ભગવાનના જ સામર્થ્યને કામ કરવાનું છે તે કરશો. ૪૩

मैत्रेय उवाच – तस्मा एवं जगत्स्रष्ट्रे प्रधानपुरुषेश्वरः ॥
व्यज्येदं स्वेन रूपेण कञ्जनाभस्तिरोदधे ॥ ४४ ॥

અન્વયાર્થ—**प्रधान-पुरुष-ईश्वरः**-પ્રકૃતિ-પુરુષના સ્વામી, **कञ्जनाभः**-કમલનાભ ભગવાન, **तस्मै जगत्स्रष्ट्रे**-તે જગતના સ્રષ્ટાને, **एवम्**-આ પ્રમાણે, **इदं**-આ જગતને, **व्यज्य**-જણાવીને, **स्वेन रूपेण**-પોતાના સ્વરૂપથી, **तिरोदधे**-અંતર્ધાન થયા. ૪૪

અનુવાદ—પ્રકૃતિ-પુરુષના સ્વામી કમલનાભ ભગવાન તે જગતના સ્રષ્ટા બ્રહ્માને આ પ્રમાણે આ જગતને જણાવીને પોતાના સ્વરૂપથી અંતર્ધાન થયા. ૪૪

તત્ત્વસુધા—कञ्जनाभस्तिरोदधे-કમલનાભ ભગવાન બ્રહ્માજીને જ્ઞાન આપી, દર્શન આપી અન્તર્હિત થયા. કારણ કે ભગવાનના સાન્નિધ્યમાં સૃષ્ટિનિર્માણસામર્થ્ય કોઈ ન ધરાવી શકે તેથી ભગવાન તિરોહિત થયા. ૪૪

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો નવમો અધ્યાય સમાપ્ત

[illegible]
૧૫/૮/૮૦.

અધ્યાય ૧૦મો

શ્લોક સંખ્યા ૨૯

દશમા અધ્યાયમાં તન્માત્રાઓનું નિરૂપણ છે. નવમા અધ્યાયમાં બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી. ભગવાને અનુગ્રહ કર્યો. બ્રહ્માજીને સૃષ્ટિનિર્માણની આજ્ઞા આપી. અને તે કાર્યની સિદ્ધિ માટે "તપ" કરવાનો આદેશ કર્યો. દશમા અધ્યાયમાં બ્રહ્માજી તપશ્ચર્યા કરી સૃષ્ટિનું નિર્માણ કરે છે એ પ્રસંગનું વર્ણન આવશે.

विदुर उवाच – अन्तर्हिते भगवति ब्रह्मा लोकपितामहः ॥
प्रजाः ससर्ज कतिधा दैहिकीर्मानसीर्विभुः ॥ १ ॥

અન્વયાર્થ—भगवति अन्तर्हिते-ભગવાન અન્તર્ધાન થયા બાદ, **लोकपितामहः**-લોકોના પિતામહ, **विभुः-ब्रह्मा**-સમર્થ બ્રહ્માજીએ, **कतिधा**-કેટલા પ્રકારની, **दैहिकीः**-દેહથી થનારી અને **मानसीः**-માનસિક, **प्रजाः**-સૃષ્ટિઓને, **ससर्ज**-રચી. ૧

અનુવાદ—વિદુર બોલ્યા : ભગવાનના અન્તર્ધાન થયા પછીથી લોકોના પિતામહ સમર્થ બ્રહ્માજીએ કેટલા પ્રકારની શારીરિક અને માનસિક સૃષ્ટિનું નિર્માણ કર્યું. ૧

તત્ત્વસુધા—"अन्तर्हिते भगवति" પૂર્વાધ્યાયના અન્તમાં ભગવાન બ્રહ્માજીને વરદાન આપી તિરોહિત થયા એ પ્રસંગને વિદુરજી મૈત્રેયજીના મુખથી સાંભળતા હતા. ત્યારે તેમને પણ લીલાનુભવ થતો અને ભગવાનનું દર્શન થતું. જ્યારે ભગવાનના તિરોધાન થવાનું વર્ણન આવ્યું ત્યારે તેઓને ભગવાનના અન્તર્ધાન થવાનો ખ્યાલ થયો. તેથી એકાએક વિદુરજી વિહ્વલ થયા. અને પૂછ્યું ભગવાન જો અન્તર્હિત થયા તો ભગવાનની અનુપસ્થિતિમાં પિતામહે કેવી રીતે આવું મહત્ત્વનું સૃષ્ટિનિર્માણ કર્યું ?

प्रजाः ससर्ज कतिधा વળી પ્રજા કેટલા પ્રકારની રચી ? આ વાતમાં कतिधा એટલે કેટલા પ્રકારની પ્રજા સરજી એમ પૂછ્યું છે. તેનું કારણ કે દૈહિકી, માનસી અને વાચિકી એમ ત્રણ પ્રકારની સૃષ્ટિ છે. તેમાં વાચિકી સૃષ્ટિ તો વૈદિકી સૃષ્ટિ છે. તેનો વેદોમાં પ્રવેશ થાય છે, માટે એ જ પ્રકારની સૃષ્ટિના સંબંધમાં પ્રશ્ન કર્યો. ૧

ये च मे भगवन्पृष्टास्त्वय्यर्था बहुवित्तम ॥
तान्वदस्वानुपूर्व्येण छिन्धि नः सर्वसंशयान् ॥ २ ॥

અન્વયાર્થ—च-અને, **भगवन्**-હે ભગવન્ ! **बहुवित्तम**-હે ઘણું જાણનાર એટલે બહુશ્રુત ! **मे**-મેં, **ये**-જે, **त्वयि**-આપને, **अर्थाः**-અર્થો, **पृष्टाः**-પૂછેલા છે, **तान्**-તેનો, **आनुपूर्व्येण**-અનુક્રમે, **वदस्व**-કહો. અને **सर्व-संशयान्**-સર્વ સંશયોને, **छिन्धि**-દૂર કરો. ૨

અનુવાદ—વળી હે ભગવન્ ! હે બહુશ્રુત ! મેં જે પદાર્થો આપને પૂછેલા છે તેને આપ અનુક્રમે કહો. તેમ જ મારા સર્વ સંશયોને કાપો. ૨

તત્ત્વસુધા—ये मया भगवन् पृष्टा अर्थाः બીજા શ્લોકમાં વિદુરજી મૈત્રેયજીને પોતાના પ્રશ્નોની સ્મૃતિ કરાવે છે. કારણ કે મૈત્રેય પણ વર્ણન કરતાં સમાધિમાં ચાલ્યા જતા. કદાચ પોતાના પ્રશ્નો તે વીસરી તો નહીં જાય ને ! એથી વિદુરજી પ્રશ્નોને "अर्थाः" કહે છે. તેમને ધન એ ધન નથી પણ પ્રશ્નો જ ધન છે તેથી **अर्थाः** કહ્યું.

बहुवित्तम હે બહુશ્રુત મહાપુરુષ મને મારા પ્રશ્નોનો પ્રત્યુત્તર પૂછેલા ક્રમ પ્રમાણે આપવા કૃપા કરજો. કારણ કે મેં મનમાં જે ક્રમથી પ્રશ્નો ગોઠવ્યા છે તે ક્રમથી વિપરીત પ્રશ્નોત્તર જો આવશે તો હું અકળાઈ જઈશ. ૨

सूत उवाच – एवं संचोदितस्तेन क्षत्त्रा कौषारवो मुनिः ॥
प्रीतः प्रत्याह तान्प्रश्नान्हृदिस्थानथ भार्गव ॥ ३ ॥

અન્વયાર્થ—भार्गव !–હે ભાર્ગવ !, **अथ**–બાદ, **तेन क्षत्त्रा**–તે જિતેન્દ્રિય વિદુરજીએ, **एवं संचोदितः**–એ રીતે પ્રેરેલા, **कौषारवः मुनिः**–મૈત્રેય મુનિ, **प्रीतः**–પ્રસન્ન થઈને, **हृदिस्थान्**–હૃદયમાં રહેલા, **तान् प्रश्नान्**–તે પ્રશ્નોને, **प्रति–आह**–કહેવા લાગ્યા. ૩

અનુવાદ—સૂત બોલ્યા : હે ભાર્ગવ ! ત્યારબાદ તે જિતેન્દ્રિય વિદુરજીએ એ પ્રમાણે પ્રેરાયેલ મૈત્રેયમુનિ પ્રસન્નતાપૂર્વક હૃદયમાં રહેલા તે પ્રશ્નોને કહેવા લાગ્યા. ૩

તત્ત્વસુધા—"प्रीतः प्रत्याह" વક્તાને જ્યારે શ્રોતા કોઈ પણ પ્રશ્ન પૂછે છે ત્યારે તેમનું હૃદય પુષ્કળ પ્રસન્ન થાય છે. જ્યારે શ્રોતાને શ્રવણમાં રસ લાગે છે ત્યારે જ તે પ્રશ્નો પૂછે છે. વળી સમજે છે ત્યારે પ્રશ્નો પૂછે છે. વક્તાનું અંતઃકરણ પ્રસન્ન થઈ પ્રત્યુત્તરો આપે છે. મૈત્રેયજીએ પ્રત્યેક પ્રશ્નોનો ઉત્તર આપ્યો છે. '**हृदिस्थान्**' વક્તાની "મેધા" યાદશક્તિ પણ અપૂર્વ હોય છે. તેની ધારણાશક્તિ વિસ્મયકારક હોય છે. એક પ્રશ્નમાંથી અનેક પ્રશ્નોને ચર્ચતાં પોતાના મૂલ પ્રસંગમાં જ્યારે તે ક્રમશઃ આવે છે ત્યારે શ્રોતાઓ મુગ્ધ થઈ જાય છે. કારણ કે શ્રોતાઓ રસસમાધિમાં હોય છે. તેઓ પૂર્વાપર પ્રસંગ વીસરી જાય છે. ૩

मैत्रेय उवाच – विरिञ्चोऽपि तथा चक्रे दिव्यं वर्षशतं तपः ॥
आत्मन्यात्मानमावेश्य यदाह भगवानजः ॥ ४ ॥

અન્વયાર્થ—विरिञ्चः–अपि–બ્રહ્માજીએ પણ, **आत्मनि**–ભગવાનમાં, **आत्मानम्**–અન્તઃકરણને, **आवेश्य**–પરોવીને, **अजः**–અજન્મા, **भगवान्**–ભગવાને, **यद् आह**–જે પ્રમાણે કહ્યું, **तथा**–તે રીતે, **दिव्यं वर्षशतम्**–દેવોનાં સો વર્ષ સુધી, **तपः**–તપ, **चक्रे**–આચર્યું. ૪

અનુવાદ—મૈત્રેય બોલ્યા : મુનિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! બ્રહ્માજીએ પણ ભગવાનમાં મન પરોવીને અજન્મા ભગવાને જે પ્રમાણે કહ્યું તે રીતે દેવોનાં સો વર્ષ પર્યન્ત તપ આચર્યું. ૪

તત્ત્વસુધા—મૈત્રેયજી વિદુરજીનો ૭ શ્લોકથી પ્રત્યુત્તર આપે છે. તપ, જ્ઞાન, ક્રિયા, નિર્દોષપણું, વિચારશીલતા અને સર્જન આવી ૭ વસ્તુઓ ૭ શ્લોકોમાં ચર્ચશે તેમાં પ્રથમ તપનું નિરૂપણ કરે છે.

"**दिव्यं वर्षशतं तपः**" ભગવાન તિરોધાન ન થાત તો તપની આકાંક્ષા ન થાય તેથી ભગવાન અન્તર્ધાન થયા હતા. બ્રહ્માજીએ તપનો આરંભ કર્યો. બ્રહ્માજીએ દેવોનાં સો વર્ષ તપ આચર્યું છે. સો વર્ષ એટલે કૃતયુગની સંખ્યાના અંશનો ચોથો ભાગ. એક ભાગમાં પ્રથમ તપ કર્યું અને ભગવાનને શોધ્યા. ફરીથી ભગવદાજ્ઞા થઈ તેથી 'બીજા" અંશમાં એટલે સો વર્ષ તપ કર્યું. ત્રીજા અંશમાં સૃષ્ટિની રચના કરશે. ચોથા અંશમાં કૃતયુગના ધર્મોની પ્રવૃત્તિ થશે. બાદ ચાર હજાર વર્ષ પર્યન્ત શુદ્ધ કૃતયુગનો કાલ આવશે. ૪

तद्विलोक्याब्जसंभूतो वायुना यदधिष्ठितः ॥
पद्ममम्भश्च तत्कालकृतवीर्येण कम्पितम् ॥ ५ ॥

तपसा ह्येधमानेन विद्यया चात्मसंस्थया ॥
विवृद्धविज्ञानबलो न्यपाद् वायुं सहाम्भसा ॥ ६ ॥

અન્વયાર્થ—यद् अधिष्ठितः-જે કમળ ઉપર બિરાજેલ હતા, **तद् पद्मम्**-તે કમળને, **च**-અને, **अम्भः**-જલને, **काल-कृत-वीर्येण**-કાળે કરેલ બલવાળા, **वायुना**-વાયુથી, **कम्पितम्**-કંપાવેલા, **विलोक्य**-જોઈને, **एधमानेन**-વધતા, **तपसा**-તપથી, **च** અને, **आत्म-संस्थया**-અન્તઃકરણમાં રહેલી, **विद्यया**-ઉપાસનાથી, **विवृद्ध-विज्ञानबलः**-વધેલ વિજ્ઞાન બલવાળા, **अब्ज-संभूतः**-કમલથી જન્મેલ બ્રહ્માજી, **अम्भसा सह**-જલની સાથે, **वायुम्**-વાયુને, **न्यपात्**-પી ગયા. ૫, ૬

અનુવાદ—જે કમળ ઉપર બિરાજેલ હતા, તે કમળને અને જલને કાળે કરેલ બલવાળા વાયુથી કંપાવેલા નિહાળીને, વધતા તપથી તેમજ અન્તઃકરણમાં રહેલી ઉપાસનાથી વધેલ વિજ્ઞાન બલવાળા બ્રહ્માજી જલની સાથે વાયુને પી ગયા. ૫, ૬

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં, તપનું ફલ "જ્ઞાન અને દોષનો અભાવ" એવાં બે ફલોનું નિરૂપણ છે.

'**तद्विलोक्य**' તપ કદી નિષ્ફળ નથી થતું. સો વર્ષના તપને અંતે બ્રહ્માજીએ વાયુથી કમ્પાવેલ કમલનું દર્શન કર્યું. જે કમલ ઉપર પોતે બિરાજેલ હતા. વાયુથી કમલ અને જલ કમ્પે છે તે પણ જાણ્યું. વાયુને કાળે બલ આપ્યું છે તે જાણ્યું. આ વાયુ પ્રલયકાલના બળવાળો છે, તેમાં દૈત્યનો અંશ છે. માટે તેનો નાશ કરવો જોઈએ, કારણ કે નિર્માણ કરવું છે.

"**तपसा ह्येधमानेन**" તપ અને ઉપાસનાનું અમોઘ બલ બ્રહ્માજીની પાસે હતું. તપનું બલ તપ વિરામ પામ્યા પછી પણ ટકે છે. તપ આત્મધર્મ બની જાય છે. બ્રહ્માજીએ તે જ તપોબળથી જલ સાથે વાયુનું પાન કર્યું. વિદ્યાને હૃદયમાં વસાવી. વિદ્યા હૃદયમાં વસે તો દોષ વસે જ ક્યાંથી. ૫, ૬

तद्विलोक्य वियद्व्यापि पुष्करं यदधिष्ठितम् ॥
अनेन लोकान्प्राग्लीनान्कल्पितास्मीत्यचिन्तयत् ॥ ७ ॥

અન્વયાર્થ—यद् अधिष्ठितम्-જે કમલ ઉપર બેઠેલ હતા, **तत् पुष्करम्**-તે કમળને, **वियद्-व्यापि**-આકાશમાં વ્યાપેલ, **विलोक्य**-નિહાળીને, (બ્રહ્માજીએ) **प्राक् इति अचिन्तयत्**-પ્રથમ દિવસે વિચાર્યું કે **लीनान् लोकान्**-લય પામેલા લોકોને, **अनेन**-આનાથી, **कल्पितास्मि**-હું ઉત્પન્ન કરીશ. ૭

અનુવાદ—જે કમલ ઉપર બેઠેલ હતા તે કમલને આકાશમાં વ્યાપેલું નિહાળીને બ્રહ્માજીએ પ્રથમ દિવસે વિચાર્યું કે લય પામેલા લોકોને આનાથી ઉત્પન્ન કરીશ. ૭

તત્ત્વસુધા—'प्राग्लीनान् कल्पितास्मीत्यचिन्तयत्' આ વાક્યમાં જે "प्राक्" પદ છે તેનો अचिन्तयत् સાથે સંબંધ કરવો. કમલ ઉપર બિરાજેલ બ્રહ્માજીએ 'પ્રાક્' પહેલા દિવસે વિચાર કર્યો કે अनेन આ કમલથી અને આ પ્રકારે લોક નિર્માણ કરીશ. તો પદ્મથી સૃષ્ટિ કરી એવો અર્થ થયો. તો પદ્મ કલ્પ કેટલા એનો વિચાર કરવાનો રહ્યો. બ્રહ્માનાં એકસો વર્ષના એક સો કલ્પો થાય છે. આવા ત્રીસ કલ્પો છે. તો એક વર્ષના જેટલા દિવસો થયા તેટલા કલ્પો થયા. પરિણામે ૩૬૦ પદ્મ કલ્પો થયા. ૭

पद्मकोशं तदाऽऽविश्य भगवत्कर्मचोदितः ॥
एकं व्यभाङ्क्षीदुरुधा त्रिधा भाव्यं द्विसप्तधा ॥ ८ ॥

અન્વયાર્થ—भगवत्-कर्म-चोदितः-ભગવાનના કર્મથી પ્રેરાયેલ બ્રહ્મા, **तत् पद्म-कोशम्**-તે કમળની કળીમાં, **आविश्य**-પ્રવેશીને, **एकम्**-તે એકને, **उरुधा**-અનેક પ્રકારે, **वि-अभांक्षीत्**-વિભક્ત કર્યું. તેનાથી, **त्रिधा**-ત્રણ પ્રકારે, **द्वि-सप्तधा**-ચૌદ પ્રકારે, **भाव्यम्**-થવાયું. ૮

અનુવાદ—ભગવાનના કર્મથી પ્રેરાયેલ બ્રહ્માજી તે કમલની કળીમાં પ્રવેશ્યા. અને તે એકને અનેક પ્રકારે વહેંચ્યું. તેના ત્રણ અને ચૌદ વિભાગ થયા. ૮

તત્ત્વસુધા—“पद्मकोशं तदाविश्य” બ્રહ્માજીએ કમળની કળીમાં પ્રવેશ કર્યો. ભગવાને બ્રહ્માજીને પ્રેરણા આપી ત્યારે તે કમળના હજારો વિભાગ કર્યા. ત્રણે ગુણોના ભેદથી ત્રણ વિભાગ કર્યા. અને ચૌદ લોકના ભેદથી ચૌદ વિભાગ કર્યા. ૮

एतावाञ्जीवलोकस्य संस्थाभेदः समाहृतः[1] ॥
धर्मस्य ह्यनिमित्तस्य विपाकः परमेष्ठ्यसौ ॥ ९ ॥

અન્વયાર્થ—जीवलोकस्य-જીવલોકનો, **एतावान्**-આટલો, **संस्थाभेदः**-મર્યાદાથી ભેદ, **समाहृतः**-સ્થાપેલ છે. **हि**-ખરેખર, **असौ**-આ, **परमेष्ठी**-બ્રહ્મા, **अनिमित्तस्य**-નિષ્કામ, **धर्मस्य**-ધર્મના, **विपाकः**-ફલરૂપે છે. ૯

અનુવાદ—જીવલોકનો મર્યાદાથી ભેદ આટલો જ સ્થાપવામાં આવેલ છે. ખરેખર આ બ્રહ્મા નિષ્કામ ધર્મના ફલરૂપ છે. ૯

તત્ત્વસુધા—एतावाञ्जीवलोकस्य—આ જીવલોક કુલ ચૌદ પ્રકારનો છે. તેમાં ગુણોના ભેદ જ કારણ છે. સાત્ત્વિક જીવો ચાર અન્તઃકરણના ભેદથી ૪ પ્રકારના છે. રાજસ જીવો ત્રણ પ્રકારના સહકારના ભેદથી ૩ પ્રકારના છે. તામસ જીવો પંચમહાભૂત, તન્માત્રા અને તેનું કાર્ય મળીને ૭ પ્રકારના છે. કુલ સંખ્યા ૧૪ની થઈ.

‘**धर्मस्य ह्यनिमित्तस्य**’—એક એવો પ્રશ્ન થાય છે કે ભગવાનની નાભિમાંથી પ્રકટેલા કમળના બ્રહ્માજી અનેક ભાગ કઈ શક્તિથી કરી શક્યા? તેનો ઉત્તર આપ્યો કે **अनिमित्तस्य** કોઈ પણ કામના વિના એક સો જન્મથી પ્રાપ્ત કરેલ એક હજાર અશ્વમેધ યજ્ઞરૂપ યજ્ઞનું परमेष्ठी એટલે બ્રહ્માજી विपाकः ફલ છે. કેટલાક મહાત્માઓ પરમેષ્ઠીનો અર્થ બ્રહ્માજીનું સ્થાન એવો પણ કરે છે. ૯

विदुर उवाच – यदात्थ बहुरूपस्य हरेरद्भुतकर्मणः ॥
कालाख्यं लक्षणं ब्रह्मन्यथा वर्णय नः प्रभो ॥ १० ॥

અન્વયાર્થ—प्रभो ब्रह्मन्-હે પ્રભુ! હે બ્રહ્મન્! **बहुरूपस्य**-ઘણાં રૂપવાળા, **अद्भुतकर्मणः**-અદ્ભુત કર્મવાળા, **हरेः**-હરિનું આપે, **यत्**-જે, **कालाख्यम्**-કાળ નામનું, **लक्षणम्**-લક્ષણ, **आत्थ**-કહ્યું તેનુ **नः यथा**-અમારે માટે બરાબર, **वर्णय**-વર્ણન કરો. ૧૦

અનુવાદ—વિદુર બોલ્યા: હે પ્રભુ! હે બ્રહ્મન્! ઘણાં રૂપવાળા અને અદ્ભુત કર્મવાળા શ્રીહરિનું આપે જે કાળ નામનું લક્ષણ કહ્યું તેનું અમારે માટે યથાર્થ વર્ણન કરો. ૧૦

તત્ત્વસુધા—વિદુરજી આ શ્લોકમાં ભગવાનના અસાધારણ ગુણ એવા કાલનું લક્ષણ જાણવા ચાહે છે તેથી પૂછે છે કે हे प्रभो! આપને પૂછાતા પ્રશ્નનો ઉત્તર આપવા માટે આપ સમર્થ છો તો ‘**कालाख्यं**’ કાલ

---

[1] समाहितः प्रा. पा.

જેની સંજ્ઞા છે તેવા ભગવાનના અસાધારણ ગુણનું સ્વરૂપ શું ? कलयति બધી વસ્તુઓની જે ગણના કરે તેને, ગ્રહણ કરે તેને કાલ કહેવાય. આવું કાર્ય કેવલ ભગવાન જ કરી શકે. માટે કાલને ભગવાનનો અસાધારણ ગુણ માન્યો છે. ૧૦

मैत्रेय उवाच – गुणव्यतिकराकारो निर्विशेषोऽप्रतिष्ठितः[1] ॥
पुरुषस्तदुपादानमात्मानं लीलयाऽसृजत् ॥ ११ ॥

અન્વયાર્થ—**गुण–व्यतिकर–आकारः**–ગુણોની સેળભેળરૂપ આકારવાળો, **निर्विशेषः**–વિશેષ રહિત, **अप्रतिष्ठितः**–આદિ–અંત રહિત એવો કાલ છે. **पुरुषः**–પુરુષે, **आत्मानम्**–પોતાને, **लीलया**–લીલાથી, **तद्–उपादानम्**–તેનું જગતનું ઉપાદાન કારણ, **असृजत्**–બનાવેલ છે. ૧૧

અનુવાદ—મૈત્રેય બોલ્યા : ગુણોના મિશ્રણરૂપ સંજ્ઞાવાળો, વિશેષ રહિત અને અંત રહિત એવો કાલ છે. પુરુષે પોતાને લીલાથી જગતનું ઉપાદાન કારણ બનાવેલ છે. ૧૧

તત્ત્વસુધા—પૂર્વના શ્લોકમાં કાલને ભગવાનના ‘અસાધારણ ગુણવાળો’ કહ્યો છે. જો કાલ અસાધારણ ગુણવાળો છે તો તે કેવો છે? તેને જાણવાની વિદુરજીની જિજ્ઞાસા છે.

મુનિ મૈત્રેયજી અસાધારણ ગુણવાળા કાલનું લક્ષણ કહે છે. સૌથી પ્રથમ એક વાત ધ્યાનમાં રહે કે “ કાલ અમૂર્ત ગુણ છે તેથી તેની આકૃતિ નથી. તેથી તે પ્રત્યક્ષ નથી, કેવલ કાર્ય ઉપરથી તેનું અનુમાન થાય છે.” જેમકે આ પર્વતમાં અગ્નિ છે કારણ કે ધૂમ દેખાય છે. એવું અનુમાન અગ્નિ માટે કરાય છે. તે પ્રકારે કાલ ધર્મી, ગુણ અને કાર્ય એ ત્રણથી જુદો ભગવાનનો અસાધારણ ગુણ છે તે પ્રત્યક્ષ કરી ન શકાય. તો પછી કાલ કેવી રીતે સમજાય તેના સમાધાનમાં ત્રણ વિશેષણો આપે છે—

‘गुणव्यतिकराकारः’—ગુણોના સેળભેળરૂપ આકાર–ઓળખાણવાળો છે, આ ઠેકાણે **आकार** શબ્દનો **અર્થ** ઓળખાણ કરવો. કાલ અમૂર્ત છે તેથી કાર્યથી જ તેનું લક્ષણ થાય.

‘निर्विशेषः’—કાલ ‘વિશેષરહિત’ છે. સંકલ્પ, ઇચ્છા વગેરે મનના ગુણો છે તેવી રીતે કાલ કોઈનો ગુણ નથી. પરંતુ સર્વથા આધારરૂપ છે. इदानीं, अस्मिन् समये આ રીતે સર્વના આધારરૂપે કહ્યો છે. જેમકે આ સમયે અહીં ઘડો છે, હમણાં તે ભાઈ નથી વગેરે શબ્દ વ્યવહારથી તે આધારરૂપે ઓળખાય છે.

“अप्रतिष्ठितः”—‘અંતરહિત’ છે. સર્વ પ્રાકૃતિક ગુણોનો અંત આવે છે પરંતુ એક કાલનો અંત નથી આવતો. ત્યારે કાલ સ્વતંત્ર થઈ ગયો તો તેનું સામાધાન કર્યું કે पुरुषस्तदुपादानम् પુરુષ તેનું ઉપાદાન કારણ છે. ૧૧

विश्वं वै ब्रह्मतन्मात्रं संस्थितं विष्णुमायया ॥
ईश्वरेण परिच्छिन्नं कालेनाव्यक्तमूर्तिना ॥ १२ ॥

અન્વયાર્થ—**विश्वम्**–વિશ્વની, **वै**–ખરેખર, **ब्रह्मतन्मात्रम्**–બ્રહ્મતન્માત્રા છે, **विष्णु–मायया**–વિષ્ણુની માયાથી, **संस्थितम्**–રહેલ છે. **अव्यक्त–मूर्तिना**–ન દેખી શકાય તેવા આકારવાળા, **ईश्वरेण**–ઈશ્વર, **कालेन**–કાલથી, **परिच्छिन्नम्**–તેની હદ બંધાય છે. ૧૨

અનુવાદ—વિશ્વની ખરેખર બ્રહ્મતન્માત્રા છે. વિષ્ણુની માયાથી તે નભે છે. ન દેખાય એવા આકારવાળા ઈશ્વર કાળથી તેની હદ બંધાય છે. ૧૨

---

[1] अप्रमाणतः प्रा. पा.

તત્ત્વસુધા—હવે આ શ્લોક એક પ્રશ્નના ઉત્તર માટે આરંભાય છે. પ્રશ્ન એ છે કે ભલે "કાલ" ભગવાનનું સ્વરૂપ હોય અથવા જગતનું ઉપાદાન કારણ હોય. ભગવાનને કાલની શી જરૂર ?

ઉપરના પ્રશ્નનો એક ઉત્તર નક્કી થયો કે જગતની હદ બાંધવા માટે કાલની આવશ્યકતા છે. જેમ પંચ મહાભૂતોની શબ્દ, સ્પર્શ વગેરે સૂક્ષ્મ તન્માત્રાઓ છે તે રીતે " विश्वं वै ब्रह्मतन्मात्रम् " આ વિશ્વની પણ સૂક્ષ્મમાત્રા "બ્રહ્મ" છે. જગતની પૂર્વાવસ્થા એટલે બ્રહ્મ અને જગતની પછીની અવસ્થા તે વિશ્વ. હવે જે બ્રહ્માવસ્થા છે તે વ્યાપક છે તેથી તેની મર્યાદા બાંધનાર કોઈ હોવો જોઈએ. કાલને તે કામ કરવાનું છે. તે કાલ ભગવાનનો અસાધારણ ગુણ છે. તે કાલ બ્રહ્મની હદ બાંધી તેને વિશ્વનું રૂપ આપે છે. માટે કાલનામના ભગવદ્ગુણની આવશ્યકતા છે. ૧૨

यथेदानीं तथाग्रे च पश्चादप्येतदीदृशम् ॥
विश्वमेतदसंक्षिप्तं मायया दृश्यतेऽन्यथा ॥ १३ ॥

અન્વયાર્થ—एतत्-આ જગત, **इदानीं यथा**-હાલ જેવું છે, **तथा अग्रे**-તેવું પહેલાં હતું, **च पश्चात् अपि**-પછી પણ, **ईदृशम्**-આવું જ હશે. **एतत् विश्वम्**-આ વિશ્વ, **मायया**-માયાથી, **अन्यथा**-ભિન્ન પ્રકારનું અને **असंक्षिप्तम्**-સંકોચ વગરનું, **दृश्यते**-દેખાય છે. ૧૩

અનુવાદ—આ જગત હાલ જેવું છે, તેવું પ્રથમ પણ હતું, અને પછી પણ આવું જ હશે. આ વિશ્વ માયાથી ભિન્ન પ્રકારનું અને સંકોચ વિનાનું દેખાય છે. ૧૩

તત્ત્વસુધા—હવે કાલ શું કરે છે તે આ શ્લોકમાં કહે છે—

'यथेदानीं' આ જગત આજે જેવું છે તેવું પછી પણ હશે. કારણ કાલ જગતનું ઉપાદાન કારણ છે. કાલ નિત્ય છે. તેથી તેમાંથી ઉત્પન્ન થયેલ જગત તેનાથી વિપરીત ધર્મવાળું કેમ સંભવે ? માયાના કારણને લીધે તે વિશ્વ ભેદવાળું દેખાય છે. ૧૩

सर्गो नवविधस्तस्य प्राकृतो वैकृतस्तु यः ॥
कालद्रव्यगुणैरस्य त्रिविधः प्रतिसंक्रमः ॥ १४ ॥

અન્વયાર્થ—तस्य-તે જગતનો, **प्राकृतः**-પ્રાકૃત અને **वैकृतः**-વૈકૃત, **यः**-જે, **सर्गः**-સર્ગ છે, **तु**-તે તો, **नवविधः**-નવ પ્રકારનો છે. **काल-द्रव्य-गुणैः**-કાલથી, દ્રવ્યોથી અને ગુણોથી, **त्रिविधः**-ત્રણ પ્રકારનો, **अस्य**-આનો, **प्रतिसंक्रमः**-પ્રલય છે. ૧૪

અનુવાદ—તે જગતના પ્રાકૃત અને વૈકૃત જે સર્ગ છે તે તો નવ પ્રકારનો છે. કાલથી, દ્રવ્યોથી અને ગુણોથી ત્રણ પ્રકારનો આનો પ્રલય છે. ૧૪

તત્ત્વસુધા—કાલ ત્રણ પ્રકારનો છે. ૧૧, ૧૨, ૧૩ શ્લોકમાં કાલનું આધિદૈવિક સ્વરૂપ વર્ણવ્યું છે. ૧૪મા શ્લોકથી અધ્યાયસમાપ્તિ સુધી કાલનું આધિભૌતિક સ્વરૂપ બતાવે છે. ૧૧મા અધ્યાયમાં કાલનું આધ્યાત્મિક સ્વરૂપ વર્ણવશે.

આ શ્લોકમાં આધિભૌતિક અને આધ્યાત્મિક સૃષ્ટિનું વર્ણન કરે છે. ૭ પ્રકારની પ્રાકૃત સૃષ્ટિ છે તે આધિભૌતિક સૃષ્ટિ છે. ત્રણ પ્રકારની વૈકૃત સૃષ્ટિ છે તે આધ્યાત્મિક સૃષ્ટિ છે.

આ શ્લોકમાં "तु" અવ્યય છે. તે એમ સૂચવે છે કે આધ્યાત્મિક વૈકૃત સૃષ્ટિથી જુદી આધિદૈવિક વૈકૃત સૃષ્ટિ પણ છે.

ઉત્પત્તિ નવ પ્રકારની છે અને प्रतिसंक्रमः ત્રણ પ્રકારનો છે. ઉત્પત્તિ તો ત્રણે પ્રકારના ગુણોથી થાય છે તેથી નવ પ્રકાર છે. જ્યારે પ્રલય તો 'તામસોથી" જ થાય છે તેથી ત્રણ પ્રકારનો છે. ૧૪

आद्यस्तु महतः सर्गो गुणवैषम्यमात्मनः ॥
द्वितीयस्त्वहमो यत्र द्रव्यज्ञानक्रियोदयः ॥ १५ ॥

અન્વયાર્થ—आत्मनः–આત્મામાંથી, **गुणवैषम्यम्**–ગુણોની વિષમતારૂપ, **आद्यः तु**–પ્રથમ તો, **महतः**–મહતત્ત્વની, **सर्गः**–સૃષ્ટિ છે. **द्वितीयः**–બીજી, **तु**–તો, **अहमः**–અહંકારની સૃષ્ટિ છે, **यत्र**–જેમાં, **द्रव्य-ज्ञान-क्रिया-उदयः**–દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાનો ઉદય થાય છે. ૧૫

અનુવાદ—આત્મામાંથી ગુણોની વિષમતા તો પ્રથમ મહતત્ત્વની સૃષ્ટિ છે. બીજી તો અહંકારની સૃષ્ટિ છે. જેમાં દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિ થાય છે. ૧૫

તત્ત્વસુધા—હવે નવ પ્રકારની સૃષ્ટિનો ક્રમ દર્શાવે છે—

"आद्यस्तु महतः सर्गः" પ્રથમ સૃષ્ટિ મહતત્ત્વની છે. 'तु' અવ્યયથી સૂચવે છે કે-મહત્તત્ત્વ કેવલ જન્મે છે એવું જ નહીં પરંતુ "મહત્તત્ત્વ" એ સૃષ્ટિ છે, બીજી સૃષ્ટિઓ કરતાં પહેલી સૃષ્ટિ છે. અન્ય સૃષ્ટિઓને આનો ઉપયોગ છે. મહતત્ત્વ એટલે બુદ્ધિતત્ત્વ. જેને સર્વ કાર્ય સર્જનની આવડત છે.

"द्वितीयस्त्वहमः सर्गः"—બીજી અહંકારની સૃષ્ટિ છે. ભગવાન બુદ્ધિનું કારણ છે. સત્ત્વગુણ ઇન્દ્રિયોનું કારણ છે. રજોગુણ તન્માત્રાઓનું કારણ છે. તમોગુણ પંચમહાભૂતોનું કારણ છે. આ અહંકાર દ્રવ્યમય, જ્ઞાનમય અને ક્રિયામય છે. દ્રવ્ય અધિભૂત છે, જ્ઞાન અધિદૈવ છે, ક્રિયા આધ્યાત્મિક છે. ૧૫

भूतसर्गस्तृतीयस्तु तन्मात्रो द्रव्यशक्तिमान् ॥
चतुर्थ ऐन्द्रियः सर्गो यस्तु ज्ञानक्रियात्मकः ॥ १६ ॥

અન્વયાર્થ—तृतीयः तु–ત્રીજી તો, **तन्मात्रः**–તન્માત્રાઓ રૂપ, **द्रव्यशक्तिमान्**–દ્રવ્યની શક્તિવાળી, **भूतसर्गः**–મહાભૂતોની સૃષ્ટિ છે. **चतुर्थः**–ચોથી, **ऐन्द्रियः**–ઇન્દ્રિયોની, **सर्गः**–સૃષ્ટિ છે. **यः तु**–જે તો, **ज्ञान-क्रिया-आत्मकः**–જ્ઞાન અને ક્રિયાત્મક છે. ૧૬

અનુવાદ—ત્રીજી તો તન્માત્રારૂપ દ્રવ્યની શક્તિવાળી મહાભૂતોની સૃષ્ટિ છે. ચોથી ઇન્દ્રિયોની સૃષ્ટિ છે, જે જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ છે. ૧૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં ત્રીજી અને ચોથી સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે.

भूतसर्गस्तृतीयस्तु-ત્રીજી સૃષ્ટિ મહાભૂતોની છે. એને તન્માત્રાની સૃષ્ટિ કહી છે. જો તન્માત્રા રૂપ દ્રવ્ય તેમાં ન હોય તો તે મહાભૂતો જ ક્યાંથી હોય અથવા કામ ક્યાંથી કરી શકે ? દ્રવ્યશક્તિ એટલે વિકાસ. તન્માત્રાઓ મહાભૂતોનો વિકાસ કરે છે.

चतुर्थ ऐन्द्रियः सर्गः—ચોથી ઇન્દ્રિયોની સૃષ્ટિ છે. આ સૃષ્ટિ ઇન્દ્રિયોના સંબંધવાળી સૃષ્ટિ છે. પરંતુ ઇન્દ્રિયોના સ્વરૂપની ઉત્પત્તિ એનામની સૃષ્ટિ નથી, પણ કાર્યોમાં ઉપયોગી થવાથી તે સૃષ્ટિ છે. આ સૃષ્ટિ જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ છે. જ્ઞાનરૂપ ઇન્દ્રિયો જ્ઞાન કરાવે છે, ક્રિયારૂપ ઇન્દ્રિયો ક્રિયા કરાવે છે. ૧૬

वैकारिको देवसर्गः पञ्चमो यन्मयं मनः ॥
षष्ठस्तु तमसः[2] सर्गो यस्त्वबुद्धिकृतः विभो[3] ॥ १७ ॥

---

[1] यन्मनोमयः प्रा. पा., [2] तामसः–प्रा. पा. [3] प्रभो प्रा. पा.

અન્વયાર્થ—मनः-મન, **यन्मयम्**-જેનાથી ભરપૂર છે એવી, **वैकारिकः**-સાત્વિક, **देवसर्गः**-દેવોની સૃષ્ટિ, **पञ्चमः**-પાંચમી છે. **षष्ठः तु**-છઠ્ઠી તો, **तमसः सर्गः**-તામસ સૃષ્ટિ છે. **यः तु**-જે તો, **विभो**-ભગવાને, **अबुद्धि-कृतः**-અજ્ઞાનથી કરેલ છે. ૧૭

અનુવાદ—મન જેનાથી ભરપૂર છે એવી પાંચમી દેવોની સાત્વિક સૃષ્ટિ છે. છઠ્ઠી તો તામસ સૃષ્ટિ છે જે સમર્થ ભગવાને અજ્ઞાનથી કરેલ છે. ૧૭

તત્ત્વસુધા—वैकारिको देवसर्गः-દેવોની સૃષ્ટિ વૈકારિક છે. વૈકારિક શબ્દનો અર્થ સાત્વિક થાય છે. આ દેવોની સૃષ્ટિમાં ઉત્પત્તિ સ્વરૂપથી થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવામાં અને ક્રિયા કરવામાં ઇન્દ્રિયોની આવશ્યકતા છે તેમજ પ્રેરણા માટે દેવોની પણ આવશ્યકતા છે. દેવની પ્રેરણા વિના પદાર્થગ્રહણ થઈ શકતું નથી. કદાચ એમ માનો કે પ્રેરણા અન્તર્યામી કે જીવ દ્વારા થશે તો દેવોનું શું પ્રયોજન છે? તો એવી શંકા ન કરવી; કારણ કે ઇન્દ્રિયોનું પ્રેરક મન છે. મન વિના સાંભળ્યું ન સાંભળ્યા બરાબર છે. તેથી જ આ શ્લોકમાં "**यन्मयं मनः**" એવું વાક્ય કહ્યું છે. મન જેનાથી ભરપૂર છે એવી આ પાંચમી સૃષ્ટિ છે.

"**षष्ठस्तु**" આ છઠ્ઠી વિષયરૂપ તામસ સૃષ્ટિ છે. અવિદ્યા, પ્રકૃતિ અને માયા એવી ત્રણ વૃત્તિઓ છે તેમાં અવિદ્યાનો વિષય પ્રાકૃત પદાર્થ છે. પ્રાકૃતો તેને અથવા તેના કાર્યને ગ્રહણ કરે છે તેથી તે ગ્રહણ થાય માટે છઠ્ઠી તામસ સૃષ્ટિ કહેલ છે. ૧૭

षडिमे प्राकृताः सर्गाः वैकृतानपि मे शृणु ॥
रजोभाजो भगवतो लीलेयं[1] हरिमेधसः ॥ १८ ॥

અન્વયાર્થ—इमे षड्-આ છ, **प्राकृताः**-પ્રાકૃત, **सर्गाः**-સર્ગો છે. **मे**-મારી પાસેથી, **वैकृतान् अपि**-વૈકૃત સર્ગો પણ, **शृणु**-સાંભળ. **रजोभाजः**-રજોગુણને ભોગવનાર, **हरि-मेधसः**-સર્વના દુઃખોને હરવાની બુદ્ધિવાળા, **भगवतः**-ભગવાનની, **इयं लीला**-આ લીલા છે. ૧૮

અનુવાદ—આ છ પ્રાકૃત સર્ગો છે. હવે મારી પાસેથી વૈકૃત સર્ગો પણ સાંભળ. રજોગુણને ભોગવનાર સર્વના દુઃખોને હરવાની બુદ્ધિવાળા ભગવાનની આ લીલા છે. ૧૮

તત્ત્વસુધા—છ પ્રકારની સૃષ્ટિનું નિરૂપણ કરી બીજી ત્રણ પ્રકારની સૃષ્ટિના નિરૂપણનો આરંભ કરવો છે, તેથી કહ્યું કે છ પ્રકારની પ્રાકૃત સૃષ્ટિ વર્ણવી છે. હવે વૈકૃત સૃષ્ટિ પણ વર્ણવું છું. આ સૃષ્ટિઓ લૌકિક વસ્તુઓ નથી પરંતુ "હરિમેધસ" એટલે સમસ્ત પ્રાણીના દુઃખને હરનારી મેધા-બુદ્ધિવાળા શ્રીહરિની આ સર્વ લીલા છે. માટે ભગવલ્લીલા તરીકે સાંભળવાની છે. ૧૮

सप्तमो मुख्यसर्गस्तु षड्विधस्तस्थुषां च यः ॥
वनस्पत्योषधिलतात्वक्सारा वीरुधो द्रुमाः ॥
उत्स्रोतसस्तमः प्रायाः अन्तःस्पर्शाविशेषिणः ॥ १९ ॥

અન્વયાર્થ—वनस्पति-ओषधि-लता-त्वक्साराः-વનસ્પતિ, ઔષધિ, લતા અને છાલ જેમાં સારરૂપ છે તેઓ, **वीरुधः च**-વેલીઓ અને, **द्रुमाः**-વૃક્ષો, એવો **यः**-જે, **तस्थुषाम्**-સ્થાવરોનો, **षड्विधः तु**-છ પ્રકારનો સર્ગ છે તે તો, **सप्तमः**-સાતમો, **मुख्य-सर्गः**-મુખ્ય સર્ગ છે. **उत्स्रोतसः**-આહારની ઉપર ગતિવાળા, **तमः-प्रायाः**-ઘણા ભાગે અજ્ઞાની, **अन्तःस्पर्शाः**-અંદરથી સ્પર્શને જાણનારા, **अविशेषिण**-વિશેષ જ્ઞાન વિનાના છે. ૧૯

---

[1] सीमेयं प्रा. पा.

અનુવાદ—વનસ્પતિ, ઓષધિ, લતા અને છાલ જેમાં સારરૂપ છે તેઓ, વેલીઓ અને વૃક્ષો, એવો છ પ્રકારનો સ્થાવરોનો જે સર્ગ છે તે તો સાતમો મુખ્ય સર્ગ છે. તેઓ આહારની ઉપર ગતિવાળા, ઘણુભાગે અજ્ઞાની, અંદરના સ્પર્શને જાણુનારા અને વિશેષ આકાર કે જ્ઞાન વિનાના છે. ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં વૈકૃત સૃષ્ટિ સંબંધમાં ચર્ચા કરે છે. વૈકૃત સૃષ્ટિ ત્રણ પ્રકારની છે. છ પ્રાકૃત અને ત્રણ વૈકૃત એમ મળીને નવ પ્રકારની સૃષ્ટિમાંથી છ પ્રકારની સૃષ્ટિ આગળના શ્લોકોમાં વિચારી છે. વૈકૃત સૃષ્ટિની દૃષ્ટિએ સ્થાવર વૃક્ષાદિની સૃષ્ટિ પહેલી છે. પરંતુ સૃષ્ટિના સળંગ ક્રમમાં તે સાતમી થાય છે તેથી "**सप्तमो मुख्यसर्गस्तु**" એવો ઉલ્લેખ કર્યો છે. આ સ્થાવર વૃક્ષસૃષ્ટિને "મુખ્ય સર્ગ" એવું નામ આપવાનો હેતુ એ છે કે "**मुखे भवः**" આ બધાં મુખમાં ભક્ષ્ય વસ્તુ સ્વરૂપે જનાર છે તેથી તેમને "મુખ્ય સર્ગ" તરીકે ઓળખાવે છે. આ વૃક્ષો અસંખ્ય છે તો પણ તેનું વર્ગીકરણ કેવલ "છ જાતમાં જ" થાય છે. પાંચ ઈન્દ્રિયો તેમજ છઠ્ઠા મનનું પોષણ કરવામાં આ સૃષ્ટિનો ઉપયોગ થતો હોવાથી તેના 'છ' પ્રકાર કહ્યા છે.

वनस्पतिः—પુષ્પવિનાની અને ફલવાળી વનસ્પતિ કહેવાય. શ્રુતિમાં વનસ્પતિને "વૈષ્ણવ" કહેલ છે. વ્યાપક રૂપે વિશ્વનું પાલન કરે છે તેથી તે વૈષ્ણવ છે. વનસ્પતિમાં પીલવો, ઉદુમ્બર વગેરેનો સમાવેશ થાય છે.

ओषधयः—ફલ આવ્યા બાદ સુકાઈ જાય તેને ઓષધ કહેવાય. ડાંગર, જવ, ઘઉં વગેરે ઓષધિઓ છે.

लताः—કોળાં વગેરે માવાવાળાં ફલો જેના ઉપર આવે તે લતાઓમાં ગણાય. શરીરમાં એનાથી ચરબી મળે છે.

त्वक्साराः—જેની છાલ સારરૂપ મનાય તે વાંસડાઓને ત્વક્સારમાં ગણ્યા છે.

वीरुधः—સોમલતા વગેરે ઘાસને વીરુધ તરીકે ગણેલ છે.

द्रुमाः—ફલ તેમજ ફૂલ બન્ને જેના ઉપર આવે છે તેવાં 'વૃક્ષો'ને દ્રુમ કહ્યાં છે. ૧૯

तिरश्चामष्टमः सर्गः सोऽष्टाविंशद्विधो मतः ॥
अविदो भूरितमसो घ्राणज्ञा हृद्यवेदिनः[1] ॥ २० ॥

અન્વયાર્થ—**तिरश्चां अष्टमः सर्गः**—હલકાં પ્રાણીઓનો આઠમો સર્ગ છે. **सः अष्टाविंशद्-विधः**–તે અઠ્ઠાવીશ પ્રકારનો, **मतः**–માનેલ છે. તેઓ, **अविदः**–અજ્ઞાની, **भूरितमसः**–વધુ તમોગુણવાળા, **घ्राणज्ञाः**–સૂંઘવાથી જ્ઞાન મેળવનારા, **हृदि अवेदिनः**–હૃદયમાં સ્મૃતિ વિનાના છે. ૨૦

અનુવાદ—હલકાં પ્રાણીઓનો આઠમો સર્ગ છે, તે અઠ્ઠાવીશ પ્રકારનો માનેલ છે. તેઓ અજ્ઞાની, વધુ તમોગુણવાળા, સૂંઘવાથી જ્ઞાન મેળવનારા અને હૃદયમાં સ્મૃતિ વિનાના છે. ૨૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં આઠમી સૃષ્ટિનું નિરૂપણ છે. વૈકૃત સૃષ્ટિના ક્રમમાં તે બીજી છે. **तिरश्चां** નો અર્થ થાય છે **तिर्यक् अञ्चन्ति तिर्यञ्चः** વાંકું જનારાં અથવા નીચે જનારાં એવો અર્થ થાય છે.

વૃક્ષ, વનસ્પતિ વગેરે છ સ્થાવર જાતિને ઉપરના શ્લોકમાં ઊંચે જનાર, ઘણાંખરાં અજ્ઞાની, અંદરથી સ્પર્શ જાણુનાર હાથપગ વગેરે વિશેષાકૃતિ વિનાનાં વર્ણવ્યાં છે. તેવી જ રીતે પશુઓની સૃષ્ટિને **अविदः**, **भूरितमसः** **घ्राणज्ञः**, **हृद्यवेदी** ચાર ધર્મવાળાં બતાવ્યાં છે.

अविदः–શું કરવું અને શું ન કરવું એવા વિવેક વિનાનાં છે.

---

[1] **हृदि वेदिनः प्रा. पा**

भूरितमसः–પુષ્કળ તમોગુણવાળાં. ગમે તેટલો સત્સંગ થાય તો પણ તેની અસર વિનાનાં હોય છે. જેઓ દૈવરૂપ પશુઓ છે અને વૈકુંઠમાં વૃક્ષો છે તેઓને આ લક્ષણ લાગુ નથી પડતું.

घ्राणज्ञाः–તેઓને બધી ઇન્દ્રિયો છે છતાં જડતાને લીધે કેવલ સૂંઘીને જ પદાર્થનું જ્ઞાન પામે છે.

हृद्यवेदिनः–હૃદયમાં સ્મૃતિ વિનાનાં છે. આ આઠમી સૃષ્ટિ અઠ્ઠાવીશ પ્રકારની છે. તત્ત્વો અઠ્ઠાવીશ છે. તે તત્ત્વોએ આહાર માટે પ્રાર્થના કરેલી તેથી અઠ્ઠાવીશ પ્રકારની સૃષ્ટિ રચી. ૨૦

गोरजो महिषः कृष्णः सूकरो गवयो रुरुः ॥
द्विशफाः पशवश्चेमे अविरुष्ट्रश्च सत्तम ॥ २१ ॥

खरोऽश्वोऽश्वतरो गौरः शरभश्चमरी तथा ॥
एते चैकशफाः क्षत्तः शृणु पञ्चनखान्पशून् ॥ २२ ॥

श्वा सृगालो वृको व्याघ्रो मार्जारः शशशल्लकौ ॥
सिंहः कपिर्गजः कूर्मो गोधा च मकरादयः ॥ २३ ॥

અન્વયાર્થ-- **सत्तम**–હે સજ્જન પુરુષ, **गौः**–ગાય, **अजः**–બકરી, **महिषः**–ભેંસ, **कृष्णः**–કળિયાર હરણ, **शूकरः**–ભૂંડ, **गवयः**–ગવય (રોઝ), **रुरुः**–ઘણાં શીંગડાંવાળો મૃગ, **अविः**–ઘેટું, **च**–અને, **उष्ट्रः**–ઊંટ, **इमे**–આ, **द्विशफः**–બે ખરીવાળાં, **पशवः**–પશુઓ છે. **च**–અને, **खरः**–ગધેડો, **अश्वः**–ઘોડો, **अश्वतरः**–ખચ્ચર, **गौरः**–ગૌરમૃગ, **शरभः**–શરભ તથા **चमरी**–ચમરી ગાય, **एते**–આ, **एकशफाः**–એક ખરીવાળાં છે, **क्षत्तः**–હે વિદુરજી, **पञ्चनखान्**–પાંચ નખવાળાં, **पशून्**–પશુઓને, **शृणु**–સાંભળો. **श्वा**–શ્વાન, **सृगालः**–શિયાળ, **वृकः**–વરુ, **व्याघ्रः**–વાઘ, **मार्जारः**–બિલાડો, **शश–शल्लकौ**–સસલો, શાહુડી, **सिंहः**–સિંહ, **कपिः**–કપિ, **गजः**–હાથી, **कूर्मः**–કાચબો, **गोधा**–ઘોગલ, **च**-અને, **मकर–आदयः**–મગર વગેરે પાંચ નખવાળાં છે. ૨૧–૨૩

અનુવાદ—હે શ્રેષ્ઠ પુરુષ ! ગાય, બકરી, ભેંસ, કળિયાર હરણ, ભૂંડ, રોઝ, ઘણાં શીંગડાંવાળો હરણ, ઘેટું અને ઊંટ આ બે ખરીવાળાં પશુઓ છે. અને ગધેડો, ઘોડો, ખચ્ચર, ગૌરમૃગ, શરભ, ચમરી ગાય, આ એક ખરીવાળાં છે. હે વિદુરજી હવે પાંચ નખવાળાં પશુઓને સાંભળો. શ્વાન, શિયાળ, વરુ, વાઘ, બિલાડો, સસલો, શાહુડી, સિંહ, વાનર, હાથી, કાચબો, ગોધા અને મગર વગેરે પાંચ નખવાળાં છે. ૨૧–૨૩

તત્ત્વસુધા—અઠ્ઠાવીશ પ્રકારની પ્રાણીસૃષ્ટિ પણ સાત્વિક, રાજસ અને તામસના ભેદથી ત્રણ પ્રકારની છે. બે ખરીવાળાં પ્રાણીઓ સાત્વિક છે. તેમના નવ ભેદો છે. બીજાં પ્રાણીઓ તેમાં સમાય છે.

જે એક ખરીવાળાં પ્રાણીઓ છે, તે રાજસ છે. તેમના છ ભેદો છે. બીજાં પ્રાણીઓનો તેમાં સમાવેશ થશે. જે પંચનખવાળાં તે તામસ છે તેમના તેર પ્રકાર છે.

આ સૃષ્ટિની રચના બે પ્રકારની છે. ભગવાને રચેલી એક સૃષ્ટિ છે તે ૨૮ પ્રકારની છે. બીજી વિશ્વામિત્ર વગેરેએ યોગબળથી રચેલી છે. ઉપર વર્ણવેલાં પશુઓ વિના અન્ય જે જોવા મળે છે જેનો ૨૮ પ્રકારમાં સમાવેશ થતો ન હોય તે અન્યની રચેલી સૃષ્ટિ સમજવી. જેમકે એક ખરીવાળાં પ્રાણીઓમાં ચમરી ગાયનો ઉલ્લેખ કર્યો છે, તે ગાય વનમાં રહેનારી છે તેને એક ખરી છે અને બીજી ગામમાં રહેનારી છે તેને બે ખરી છે. બે ખરીવાળી ગાય વિશ્વામિત્રે રચી છે. “ पंचनखान् पशून् ’ આ વાકયમાં એટલા માટે કહ્યું કે પાંચ નખવાળામાં

મનુષ્યનો સમાવેશ ન થાય. શ્વાન, શિયાળ, વરુ, વાઘ, બિલાડો, સસલો, શાહુડી, સિંહ, વાનર, હાથી, કાચબો, વાગોલ અને મગર પાંચ નખવાળાં છે. ૨૧–૨૩

कङ्कगृध्रवटश्येनभासभल्लूकबर्हिणः ॥
हंससारसचक्राह्वकाकोलूकादयः खगाः ॥ २४ ॥

અન્વયાર્થ—कङ्क–गृध्र–वट–श्येन–भास–भल्लूक–बर्हिणः–हंस–सारस–चक्राह्व – काक – उलूक-आदयः–खगाः-કંક, ગીધ, વટ, બાજ, ભાસ, ભલ્લૂક, મયૂર, હંસ, સારસ, ચકવાક, કાગડો, ઘૂવડ વગેરે, પક્ષીઓ છે. ૨૪

અનુવાદ—કંક, ગીધ, વટ, બાજ, ભાસ, ભલ્લૂક, મોર, હંસ, સારસ, ચકવાક, કાગડો, ઘૂવડ વગેરે પક્ષીઓ છે. ૨૪

તત્ત્વસુધા—૨૩ મા શ્લોકમાં "मकरादयः' મકર વગેરે એવો ઉલ્લેખ કર્યો છે. મકર એટલે મગર એ જલચર પ્રાણી છે. પરંતુ તેને પાંચ નખ હોવાથી સાથે ગણેલ છે. વળી આ પદમાં "आदयः' બીજાઓનો સમાવેશ કરવા "આદિ' શબ્દ વાપર્યો છે. આ ૨૪મા શ્લોકમાં ગણાવેલા આદિ શબ્દથી બીજા પણ સમજી લેવા. આમાં જલચર અને સ્થલચરનો પણ સમાવેશ છે. આ બધાં પ્રાણીઓમાં "રીંછ"નો ઉલ્લેખ નથી; કારણ કે તેને વિશ્વામિત્રે રચ્યું હશે અથવા તો તે પદ્મકલ્પમાં નહીં હોય. ૨૪

अर्वाक्स्रोतस्तु नवमः क्षत्तरेकविधो नृणाम् ॥
रजोऽधिकाः कर्मपरा दुःखे च सुखमानिनः ॥ २५ ॥

અન્વયાર્થ—क्षत्तः-હે સંયમી વિદુરજી! **अर्वाक्स्रोतः**-નીચેના પ્રવાહવાળો, **एकविधः**-એક પ્રકારનો, **नवमः**-નવમો સર્ગ, **तु**-તો, **नृणाम्**-મનુષ્યોનો છે. તેઓ, **रजोऽधिकाः**-અધિક રજોગુણવાળા, **कर्मपराः**-કર્મપરાયણ, **च**-અને, **दुःखे**-દુઃખમાં, **सुखमानिनः**-સુખ માનનારા હોય છે. ૨૫

અનુવાદ—હે વિદુરજી! નીચેના આહારના પ્રવાહવાળો જે એક પ્રકારનો સર્ગ છે તે નવમો મનુષ્ય સર્ગ છે. તેઓ અધિક રજોગુણવાળા, કર્મપરાયણ અને દુઃખમાં સુખ માનનારા છે. ૨૫

તત્ત્વસુધા—સ્થાવર વૃક્ષ અને લતા ઓષધિનો પ્રવાહ ઉપર જનારો છે. પશુપક્ષીઓનાં આડો અથવા મધ્યમાં જનારો છે. અને મનુષ્યની સૃષ્ટિનો પ્રવાહ અર્વાક્સ્રોતસ્ એટલે નીચે વહેનારો છે. આ ત્રણ પ્રકારના પ્રવાહો ચાર ચાર લક્ષણવાળા છે. તેથી ચાતુર્વર્ણ્યવ્યવસ્થા આગન્તુક કે કર્મથી નથી પરંતુ સ્વભાવથી જ નક્કી થાય છે. મનુષ્યના ચાર પ્રકારના સ્વભાવ છે. રાજસ ધર્મમાં તદ્રૂપ રહે છે (૧), સદા કર્મમાં જ તત્પર રહે છે જરાપણ જ્ઞાન તરફ ઢળતા નથી (૨), દુઃખમાં સુખ સમજનારા હોય છે. આ બુદ્ધિગત ધર્મ છે (૩), "**च**" અવ્યયથી સુખદુઃખનાં સાધનોને પણ સુખ માનનારા છે (૪) ૨૫

वैकृतास्त्रय एवैते[2] देवसर्गश्च सत्तम ॥
वैकारिकस्तु यः प्रोक्तः कौमारस्तूभयात्मकः ॥ २६ ॥

અન્વયાર્થ—सत्तम! હે શ્રેષ્ઠ પુરુષ! **एते त्रयः**-આ ત્રણ, **वैकृताः एव**-વૈકૃત જ સર્ગ છે. **च देवसर्गः**-દેવસર્ગ પણ વૈકૃત છે, **यः तु वैकारिकः**-જે વૈકારિક-સાત્વિક દેવ સર્ગ છે તે તો, **प्रोक्तः**-પૂર્વમાં કહેલ છે, **कौमारः तु**-કૌમાર સર્ગ તો, **उभयात्मकः**-અન્નેરૂપ છે. ૨૬

---

१ वकश्येन प्रा. पा., २ एते वै प्रा. पा.

અનુવાદ—હે શ્રેષ્ઠ પુરુષ! આ ત્રણ સર્ગો કેવલ વૈકૃત જ છે. તેમ જ દેવસર્ગ પણ વૈકૃત છે. જે દેવોનો વૈકારિક સાત્ત્વિક સર્ગ છે તે તો પ્રથમ કહેલ છે. કૌમાર સર્ગ છે તે બન્ને પ્રકારનો છે. ૨૬

તત્ત્વસુધા—કુલ સર્ગ નવ પ્રકારના જ છે એમ ઘણાનું સમજવું છે, તેઓ દેવસર્ગને દશમા પ્રકારનો સ્વતંત્ર સ્વીકારતા નથી. પુણ્યનો પરિપાક થતાં દેવો થવાય છે તેથી તેમનો સ્વતંત્ર સર્ગ સ્વીકારવો આવશ્યક નથી. આમ સૃષ્ટિઓ ઉત્પત્તિથી નવ પ્રકારની માનવા છતાં યોગ્યતાથી અંતમાં તફાવત થવાથી સૃષ્ટિ દશ પ્રકારની છે.

દેવની સૃષ્ટિ બે પ્રકારની છે. બન્નેને વૈકારિક સંજ્ઞાથી ઓળખાવી છે. એક વૈકારિકનો અર્થ છે સાત્વિક સર્ગ, બીજા વૈકારિકનો અર્થ છે વિકારમાંથી થયેલ સૃષ્ટિ. તેમાં દશમી સૃષ્ટિ બીજા પ્રકારની છે.

આ બે પૈકીમાં પહેલી દેવોની સાત્વિક સૃષ્ટિ પ્રાકૃત સર્ગમાં વર્ણવી છે.

कौमारस्तूभयात्मकः— કુમારોની સૃષ્ટિ તો દેવ પણ છે અને મનુષ્ય પણ છે તેથી તેને ઉભયાત્મક કહે છે. ૨૬

देवसर्गश्चाष्टविधो विबुधाः पितरोऽसुराः ॥
गन्धर्वाप्सरसः सिद्धा यक्षरक्षांसि चारणाः ॥ २७ ॥
भूतप्रेतपिशाचाश्च विद्याध्राः किन्नरादयः ॥
दशैते विदुराख्याताः सर्गास्ते विश्वसृक्कृताः ॥ २८ ॥

અન્વયાર્થ—**विबुधाः**-દેવો (૧), **पितरः**-પિતૃઓ, **असुराः**-અસુરો (૨), **गन्धर्वाप्सरसः**-ગન્ધર્વો અને અપ્સરાઓ (૩), **सिद्धाः**-સિદ્ધો (૪), **यक्षरक्षांसि**-યક્ષો, રાક્ષસો, **चारणाः**-અને ચારણો (૫), **भूत-प्रेत-पिशाचाः**-ભૂત, પ્રેત અને પિશાચો (૬), **विद्याध्राः**-વિદ્યાધરો (૭), **च किन्नर-आदयः**-અને કિન્નર વગેરે (૮), **देवसर्गः**-દેવોનો સર્ગ, **अष्टविधः**-આઠ પ્રકારનો છે. **विदुर**-હે વિદુરજી! **विश्वसृक्-कृताः**-વિશ્વસ્રષ્ટાએ રચેલા, **एते दश**-આ દશ સર્ગો, **ते**-તમને, **आख्याताः**-વર્ણવ્યા છે. ૨૭, ૨૮

અનુવાદ—દેવો (૧), પિતૃઓ અને અસુરો (૨), ગન્ધર્વો અને અપ્સરાઓ (૩), સિદ્ધો (૪), યક્ષો, રાક્ષસો અને ચારણો (૫), ભૂત, પ્રેત અને પિશાચો (૬), વિદ્યાધરો (૭), અને કિન્નર વગેરે (૮), દેવોનો સર્ગ આઠ પ્રકારનો છે. હે વિદુર! વિશ્વસ્રષ્ટાએ રચેલા આ દશ સર્ગો તમને વર્ણવ્યા છે. ૨૭, ૨૮

તત્ત્વસુધા—અલગ અલગ ગણતાં તો આઠથી વધુ થાય છે. માટે ઉપર તેનો સ્પષ્ટ વિવેક અંકથી દર્શાવ્યો છે. પિતૃઓ અને અસુરો એકમાં સમાય છે. યક્ષ, રાક્ષસ અને ચારણ એકમાં સમાય છે. ભૂત, પ્રેત, પિશાચ પણ એકમાં સમાય છે. વ્યાસ મહર્ષિએ તેથી એકમાં સમાનારને એક પદમાં સમાસથી લીધા છે.

આ विश्वसृक्-कृताः બ્રહ્માએ રચેલી દશ પ્રકારની સૃષ્ટિ છે. વર્ણન કરતાં વિદુરજીમાં સ્નેહ વધ્યો તેથી મૈત્રેય મુનિએ "विदुर" સંબોધન કર્યું છે.

प्रोक्ता अष्टविधा देवा विबुधाः सर्व एव तु । पितॄणां शतमेवात्र ह्यसुरास्त्रिंशदेव तु ॥
गन्धर्वाप्सरसां चैव द्विशतं परिकीर्तितम् । सप्ततिर्यक्षरक्षःसु त्रिंशच्चारणजातिषु ॥
शतं सिद्धास्तथान्यासु सप्ततिः सर्वजातिषु । ऊर्ध्वस्रोतस एवैते ह्यन्येऽर्वाक्स्रोतसः स्मृताः ॥ २७, २८

अतः परं प्रवक्ष्यामि वंशान्मन्वन्तराणि च ॥
एवं रजःप्लुतः स्रष्टा कल्पादिष्वात्मभूर्हरिः ॥
सृजत्यमोघसंकल्प आत्मैवात्मानमात्मना ॥ २९ ॥

અન્વયાર્થ—**अतः परम्**–હવે પછી તમને, **वंशान्**–વંશોને, **च**-અને, **मन्वन्तराणि**–મન્વંતરોને, **प्रवक्ष्यामि**–કહીશ, **एवं**–આ પ્રમાણે, **कल्पादिषु**–કલ્પોના પ્રારંભમાં, **आत्मभूः**-પોતાનામાંથી પ્રકટ થયેલા, **अमोघसंकल्पः**-સફળસંકલ્પ, **हरिः**–શ્રીહરિ, **रजः–प्लुतः**–રજોગુણથી વ્યાપ્ત થયેલા, **स्रष्टा**–સૃષ્ટિ–નિર્માતા થતાં, **आत्मा एव**–પોતે જ, **आत्मना**–પોતાનાથી, **आत्मानम्**–પોતાને, **सृजति**–સરજે છે. ૨૯

અનુવાદ—હવે પછી તમને વંશો તેમ જ મન્વંતરો કહીશ. એ પ્રમાણે કલ્પોના પ્રારંભમાં પોતાનામાંથી પ્રકટ થયેલા, સત્યસંકલ્પ, શ્રીહરિ રજોગુણથી વ્યાપ્ત થયેલા બ્રહ્મા બનતાં પોતે જ પોતાનાથી પોતાને સરજે છે. ૨૯

તત્ત્વસુધા—अतः परं प्रवक्ष्यामि–મુનિ મૈત્રેય વિદુરજીને કહે છે હવે હું તમને પ્રસંગ આવતાં મન્વંતરો અને વંશો કહીશ. હાલ તુરત નથી કહેતો. વંશો ઇન્દ્રિયરૂપ છે અને મન્વંતરો બુદ્ધિરૂપ છે. તે એ સૃષ્ટિ પછી કહીશ.

આ શ્લોકથી એવું નિરૂપણ કરે છે કે ભગવાન कल्पादिषु કલ્પોના પ્રારંભમાં તત્ત્વો સાથેનાં ઘણાં બ્રહ્માંડો રચે છે. તેથી તો कल्पादिषु એવો બહુવચનનો ઉલ્લેખ કરે છે.

બધાએ કલ્પોમાં પ્રારંભમાં પોતે જ પ્રકટ થયેલા ભગવાન રજોગુણથી વ્યાપ્ત બની સૃષ્ટિ રચવાની પ્રવૃત્તિ કરે છે. સર્વનું દુઃખ દૂર કરવા માટે अमोघसंकल्पः हरिः સત્યસંકલ્પ હરિ કર્તા, કર્મ અને સાધનરૂપ થઈ પોતે જ સૃષ્ટિ રચે છે. રજોગુણ પણ ભગવાન પોતે જ હોઈ પોતે જ સાધન થાય છે. કાલ, કર્મ વગેરે પણ પોતે જ થાય છે, જગત પણ પોતે જ થાય છે, કર્મ પણ પોતે જ છે. પુરુષ વગેરે પણ પોતે હોવાથી કર્તા પણ પોતે જ છે.

गुणव्यत्यय एतस्मिन् मायावित्वादधीशितुः । न पौर्वापर्यमिच्छन्ति सृष्टे नद्यां यथा भ्रमे ॥३०॥
देवासुरादयो नामरूपाभ्यां ये प्रकीर्तिताः । अस्मिन् कल्पे त एवासन् क्षत्तर्मन्वन्तरान्तरे ॥३१॥

આ બે શ્લોકો આ અધ્યાયમાં વધુ મળે છે. ૨૯

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો દશમો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૧ મો

શ્લોક સંખ્યા ૪૧

मैत्रेय उवाच – चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा ॥
परमाणुः स विज्ञेयो नृणामैक्यभ्रमो यतः ॥ १ ॥

અન્વયાર્થ—**सद्-विशेषाणाम्**-સત્ એટલે કાર્યના અવયવોમાંનો, **चरमः**–અંતિમ–છેલ્લો, **अनेकः**–અનેક, **असंयुतः सदा**–બીજા સાથે સંબંધમાં સદા ન આવતો, એવો જે અવયવ, **स परमाणुः**–તે પરમાણુ, **विज्ञेयः**–જાણવો, **यतः**–જેને લીધે, **नृणाम्**–મનુષ્યોને, **ऐक्यभ्रमः**–એકપણાનો ભ્રમ થાય છે. ૧

અનુવાદ—સતના એટલે કાર્યના અવયવોમાંનો અંતિમ, અનેક અને અન્ય સાથે સંબંધમાં સદા ન આવતો જે અવયવ તે પરમાણુ તરીકે ઓળખાય છે. જેને લીધે મનુષ્યોને એકપણાનો ભ્રમ થાય છે. ૧

તત્ત્વસુધા –આ શ્લોક દ્વારા પરમાણુનું લક્ષણ સમજાવે છે—

'चरमः सद्विशेषाणाम्'–'सत्' શબ્દનો અર્થ કાર્ય થાય છે. ઘડો, કોડિયું, વસ્ત્ર આ બધાં માટી નામના કારણમાંથી ઉત્પન્ન થયાં તેથી કાર્ય કહેવાય છે. "विशेष" શબ્દનો અર્થ અંશ, અવયવ અથવા ટુકડો થાય છે. અને "चरमः"નો અર્થ છે અંતિમ અથવા છેલ્લો. ઘડા વગેરે વસ્તુઓનો જે અંતિમ એટલે છેલ્લોમાં છેલ્લો નાનામાં નાનો ટુકડો તેને પરમાણુ કહ્યો છે.

"अनेकः"–હવે આ લક્ષણમાં દોષ ન આવે એ માટે તેનાં બે વિશેષણ આપ્યાં છે. આ ટુકડો કેવો હોવો જોઈએ તો કહે છે કે अनेकः તે એક સંખ્યાવાળો હોય તેવો નથી, પરંતુ તે જ્યાં હોય ત્યાં તેની જાતના અનેક હોય. अनेकः એટલે कार्यावस्थामप्राप्तः–કાર્ય અવસ્થાને ન પામેલો. "असंयुतः सदा" હવે બીજું વિશેષણ આપે છે કે असंयुतः–समुदायावस्थां न गतः તે સમુદાય અવસ્થાને નથી પામ્યો તેથી તેને 'અસંયુત' કહ્યો.

આ શ્લોકના ત્રણ ચરણમાં પરમાણુનું સ્વરૂપ અથવા લક્ષણ બતાવ્યું. "વસ્તુનો નાનામાં નાનો, એક સંખ્યામાં નહીં પણ અનેક અને બીજા સાથે સંબંધમાં ન આવતો જે અવયવ તેનું નામ પરમાણુ. આ લક્ષણમાં "અનેક" એવું વિશેષણ ન આપે તો ભગવાનમાં આ લક્ષણ ચાલ્યું જાય તેથી અનેક કહ્યું છે.

नृणामैक्यभ्रमो यतः–"જેને લીધે મનુષ્યોને એકપણાનો ભ્રમ થાય છે"–આટલા શબ્દોથી પરમાણુના કાર્યનું નિરૂપણ કરે છે. "ઐક્યભ્રમ" એટલે જીવોને આત્મા સાથે દેહના એકપણાનો ભ્રમ થાય છે. તૃતીય સ્કંધના ૩૧મા અધ્યાયમાં જીવની દેહપ્રાપ્તિનું પ્રકરણ આવે છે. તેમાં વર્ણવ્યા પ્રમાણે "જીવ" જ્યારે ગર્ભમાં પ્રવેશ કરે છે, ત્યારે પિતા વગેરેના ધર્મ–અધર્મના સંસ્કારવાળા પરમાણુઓ આહાર વગેરે દ્વારા પ્રવેશીને જીવ સાથે સંબંધમાં આવે છે. પછી રજસ્ સાથે તે સંબંધમાં આવતાં દેહને ધારણ કરે છે. તેથી દેહમાં અધ્યાસ થાય છે, એ છે "ઐક્યભ્રમ." ૧

सत एव पदार्थस्य स्वरूपावस्थितस्य यत् ॥
कैवल्यं परममहानविशेषो निरन्तरः ॥ २ ॥

અન્વયાર્થ—**स्वरूप-अवस्थितस्य**–સ્વરૂપમાં રહેલા, **सतः पदार्थस्य एव-यत्**–સત્ પદાર્થની જ જે,

कैवल्यम्–એકતા, **अविशेषः**–જેના સંબંધમાં "આ વસ્તુ છે." એવી "**विशेष**" બુદ્ધિ થતી નથી, તેમજ **निरन्तरः**–જે અન્તર–ભેદ રહિત છે તે **परममहान्**–તે "પરમ મહાન" છે. ૨

અનુવાદ—સ્વરૂપમાં રહેલા સત પદાર્થની જ જે એકતા, તેમજ આ અમુક પદાર્થ છે એવી વિશેષ બુદ્ધિ જેના સંબંધમાં નથી થતી, અને જે ભેદરહિત છે તે "પરમ મહાન" છે. ૨

તત્ત્વસુધા—પ્રથમ શ્લોકમાં પરમાણુનું લક્ષણ કહ્યા પછી બીજા શ્લોકમાં "પરમ મહાન"નું લક્ષણ વર્ણવે છે–

"सत एव पदार्थस्य" "સત પદાર્થ"નો અર્થ કરવો સંપૂર્ણ બ્રહ્માંડ. આ સંપૂર્ણ બ્રહ્માંડ પોતાના સ્વરૂપમાં રહેલું હોય પરંતુ લોક–ત્રિલોકના આકારરૂપે પ્રકટ ન થયેલ હોય તેની જે એકતા–એકપણું તે પરમ મહાન છે.

આ સત પદાર્થને આકાર નથી તેમજ જલ કે પૃથ્વી આવું કાંઈ નથી. કોઈપણ વ્યક્તિ, આ અમુક વસ્તુ છે, એમ તેને કહી શકે તેમ નથી તેથી "अविशेषः" એવું વિશેષણ આપ્યું. વળી "निरन्तरः" એવું વિશેષણ આપીને ભેદરહિત છે એમ કહેવા માગે છે.

આ પદાર્થ સ્વપ્ન જેવો માયિક નથી એવી સ્પષ્ટતા "सत्" પદથી કરી. વેદ પણ "सत्" છે પરંતુ તે પદાર્થ નથી પણ ભગવદ્રૂપ છે તેથી "पदार्थ" એવું પદ આપ્યું છે. "પરમ મહાન" પદાર્થ બ્રહ્માંડમાં રહેલા ભગવાનનો જ પ્રતિપાદક છે એમ સ્પષ્ટ સમજવું. ૨

एवं कालोऽप्यनुमितः सौक्ष्म्ये स्थौल्ये[1] च सत्तम ॥
संस्थानभुक्त्या भगवानव्यक्तो व्यक्तभुग्विभुः ॥ ३ ॥

અન્વયાર્થ—**सत्तम**–હે શ્રેષ્ઠ પુરુષ, **व्यक्तभुग्**–દેખાતા પદાર્થોનો ભોગવનાર, **अव्यक्तः**–અવ્યક્ત, **विभुः भगवान्**–સમર્થ ભગવાન, **कालः अपि**–કાલ પણ, **एवं सौक्ष्म्ये स्थौल्ये**–એવી રીતે સ્થૂલપણામાં અને સૂક્ષ્મપણામાં, **संस्थान–भुक्त्या**–સ્થાનના ભોગવવા ઉપરથી, **अनुमितः**–અનુમાનથી કહી શકાય. ૩

અનુવાદ—હે શ્રેષ્ઠ પુરુષ વિદુરજી ! દેખાતા પદાર્થનો ભોગ કરનાર અવ્યક્ત અને સમર્થ કાલ ભગવાન પણ એ રીતે સ્થૂલપણામાં અને સૂક્ષ્મપણામાં સ્થાનના ભોગથી અનુમાનથી સમજાય. ૩

તત્ત્વસુધા—પ્રથમના બે શ્લોકોથી કાર્યના અંતિમ ટુકડાથી પરમાણુનું અને કાર્યના સમૂહથી પરમ મહાનનું અનુમાન કર્યું તે જ પ્રમાણે સૂક્ષ્મપણામાં અને સ્થૂલપણામાં તેનો ભોગ કરનાર કાલનું પણ અનુમાન કરવું.

આ શ્લોકથી "પરમાણુ" કાલ અને "પરમ મહાન" કાલનું માપ શી રીતે કાઢવું એની સ્પષ્ટતા કરે છે–શ્લોકમાં संस्थान–भुक्त्या જે પદ છે તેમાં "સંસ્થાન" શબ્દનો અર્થ જેટલા સ્થાનમાં પરમાણુ રહે તેને "પરમાણુ સ્થાન" કહેવામાં આવે. તેટલાં સ્થાનને સૂર્ય પોતાની ગતિથી ભોગવે તેને પરમાણુ કાલ કહેવાય. આવા નિર્ણય ઉપર આવશે, આ વસ્તુની સ્પષ્ટતા ચોથા શ્લોકમાં કરશે. ૩

स कालः परमाणुर्वै यो भुङ्क्ते परमाणुताम् ॥
सतो[2] विशेषभुग्यस्तु स[3] कालः परमो महान् ॥ ४ ॥

અન્વયાર્થ—**यः परमाणुतां भुङ्क्ते**–જે પરમાણુ દેશનો ભોગ કરે, **सः कालः वै**–તે કાલ ખરેખર, **परमाणुः**–પરમાણુ છે. **यः**–જે, **सतः विशेषभुक्**–સત્ પદાર્થની જાતિનો ભોગ કરે છે, **सः कालः**–તે કાલ **तु**–તો, **परमः महान्**–પરમ મહાન છે. ૪

---

१. सूक्ष्मे स्थूले च प्रा. पा. २. सतोविशेष इति प्रा. पा. ३. कालः स प्रा. पा.

અનુવાદ—જે પરમાણુ દેશનો ભોગ કરે છે તે કાલ ખરેખર પરમાણુ છે. જે સત્ પદાર્થની જાતિનો ભોગ કરે છે તે કાલ તો પરમ મહાન છે. ૪

તત્ત્વસુધા—**परमाणुतां भुङ्क्ते**–આ પદોનો અર્થ થાય છે પરમાણુતાનો ભોગ કરે છે એટલે કાલ પરમાણુને વ્યાપે છે માટે પોતે પણ પરમાણુપણાનો અનુભવ કરે છે. તેથી તે કાલને પરમાણુ કાલ કહ્યો.

सतः विशेषभुक्–એ પ્રમાણે જે કાલ સત્પદાર્થોની જ્ઞાતનો ભોગ કરે છે તેથી તે ભોગથી કાલ પોતે પણ જાતિપણું પ્રાપ્ત કરે છે તેથી તેને મહાન કાલ કહ્યો છે.

આ શ્લોકમાંનો "तु" અવ્યય એમ સૂચવે છે કે કાલ મહત્તત્ત્વના આયુષ્યની હદ બાંધે છે. આ શ્લોકમાં અન્ય આચાર્યો **सतोऽविशेषभुक्** એવો પાઠ સ્વીકારે છે. ૪

[1]अणुर्द्वौ परमाणू स्यात्त्रसरेणुस्त्रयः स्मृतः ॥
जालार्क[2]रश्म्यवगतैः खमेवानुपतन्न [3]गाम् ॥ ५ ॥

અન્વયાર્થ—**द्वौ परमाणू**–બે પરમાણુઓ મળીને, **अणुः**–અણુ, **स्यात्**–થાય, **त्रयः**–ત્રણ અણુઓ મળીને, **त्रसरेणुः स्मृतः**–ત્રસરેણુ બને છે, **जाल–अर्करश्मि–अवगतः**–જાળીમાંથી આવતાં સૂર્યના કિરણોમાં દેખાતો તે, **खम् एव**–આકાશ તરફ જ, **अनुपतन्**–ઊડતો હોય છે, **गाम् न**–પૃથ્વી ઉપર પડતો નથી. ૫

અનુવાદ—બે પરમાણુઓ મળીને એક અણુ થાય. ત્રણ અણુઓ મળીને એક ત્રસરેણુ બને છે. મકાનના જાળિયામાંથી આવતાં સૂર્યકિરણોમાં દેખાતો તે ત્રણુરેણુ આકાશ તરફ જ ઊડતો હોય છે, પૃથ્વી ઉપર નથી પડતો. ૫

તત્ત્વસુધા—"अणुर्द्वौ परमाणू" જે રસ્તેથી સૂર્યનું રથચક્ર જાય તે રસ્તામાં પરમાણુ પ્રદેશનું જેટલા સમયમાં ઉલ્લંઘન કરે તે પરમાણુ કાલ કહેવાય અને અણુપ્રદેશનું અતિક્રમણ કરે તે અણુકાલ છે.

त्रसरेणुः त्रयः–સૂર્યરથચક્ર જેટલા સમયમાં ત્રસરેણુ પ્રદેશનું અતિક્રમણ કરે તેને ત્રસરેણુ કાલ માન્યો છે.

એ જ પ્રમાણે બાર રાશિઓરૂપ આખાયે જ્યોતિશ્ચક્રનું અતિક્રમણ કરે છે તેને "સંવત્સર"રૂપ કાલ કહે છે.

આ શ્લોકમાં ત્રણ અણુઓનો એક ત્રસરેણુ કહેવાય એવું જે કહ્યું તે વાક્યમાં "स्मृतः"પદનો જે પ્રયોગ કર્યો છે તે એમ સૂચવે છે કે "આ બાબતમાં મોટાઓની વાણી પ્રમાણરૂપ છે. આપણે જોઈ શકીએ છીએ તે ત્રસરેણુ છે. ૫

त्रसरेणुत्रिकं भुङ्क्ते यः कालः स त्रुटिः स्मृतः ॥
शतभागस्तु वेधः स्यात्तैस्त्रिभिस्तु लवः स्मृतः ॥ ६ ॥

અન્વયાર્થ—**यः**–જે, **त्रसरेणु–त्रिकम्**–ત્રણ ત્રસરેણુઓને, **भुङ्क्ते**–ભોગવે, **सः कालः**–તે કાલની, **त्रुटिः** "ત્રુટિ" એવી સંજ્ઞા, **स्मृतः**–કહેલ છે. **शतभागः तु वेधः**–તે ત્રુટિકાલ તો વેધનો એકસોમો ભાગ છે. **त्रिभिः तैः तु**–તે ત્રણ વેધને તો, **लवः स्मृतः**–લવ કહે છે. ૬

અનુવાદ—જે કાલ ત્રણ ત્રસરેણુઓને ભોગવે તેની "ત્રુટિકાલ" એવી સંજ્ઞા આપી છે. ત્રુટિ વેધનો એકસોમો ભાગ છે. તે ત્રણ વેધનો એક કાલ કહેવાય છે. ૬

તત્ત્વસુધા—**त्रसरेणुत्रिकं भुङ्क्ते**–ત્રણ ત્રસરેણુઓને જે કાલ ભોગવે છે તે કાલ સંજ્ઞા "ત્રુટિ" એવી બની છે.

---

१. अणू द्वौ द्व्यणुकः प्रोक्तः २. जालाक्षार्करश्मिगतः ३. पतङ्गगात् इति प्रा. पा.

ત્રુટિની સ્પષ્ટતા કરી કે એક વેધનો સોમો ભાગ એટલે ત્રુટિ. તાત્પર્ય કે એકસો ત્રુટિનો એક વેધ કાલ થાય અને એવા ત્રણ વેધનો એક "લવ" કાલ થાય. ૬

निमेषस्त्रिलवो ज्ञेय आम्नातस्ते त्रयः क्षणः ॥
क्षणान्पञ्च विदुः काष्ठां लघु ता दश पञ्च च ॥ ७ ॥

અન્વયાર્થ—त्रिलवः-ત્રણ લવને, **निमेषः**-નિમેષ કાલ, **ज्ञेयः**-જાણવો. **ते त्रयः**-તે ત્રણ નિમેષનો **क्षणः**-એક ક્ષણ, **आम्नातः**-કહેલો છે. **पञ्च**-પાંચ, **क्षणान्**-ક્ષણોને, **काष्ठां**-કાષ્ઠા કાલ, **विदुः**-કહેવામાં આવે છે, **दश**-દશ, **च** અને, **पञ्च**-પાંચ મળી પંદર, **ताः**-તે કાષ્ઠાઓ, **लघु**-"લઘુ" કાલ કહેવાય છે. ૭

અનુવાદ—ત્રણ લવનો એક નિમેષ જાણવો. ત્રણ નિમેષનો એક ક્ષણ માન્યો છે. પાંચ ક્ષણની એક "કાષ્ઠા" માની છે. અને પંદર કાષ્ઠાની એક 'લઘુ' એવી સંજ્ઞા છે. ૭

તત્ત્વસુધા—ત્રણ લવનો એક નિમેષ, ત્રણ નિમેષનો એક ક્ષણ, પાંચ ક્ષણની એક કાષ્ઠા, પંદર કાષ્ઠાનો એક લઘુ. ૭

लघूनि वै समाम्नाता दश पञ्च च नाडिका ॥
ते द्वे मुहूर्तः प्रहरः षड्यामः सप्त वा नृणाम् ॥ ८ ॥

અન્વયાર્થ—दश-દશ, **च**—અને, **पञ्च**-પાંચ મળી પંદર, **लघूनि**-લઘુઓને, **नाडिका**-નાડી, **आम्नाता वै**-માનેલી છે, **ते द्वे**—તે બે નાડીનો, **मुहूर्तः**-એક મુહૂર્ત છે, **षट्**-૭, **वा**-અથવા, **सप्त**-સાત નીડનો, **नृणाम्**-મનુષ્યોનો, **प्रहरः**-એક પ્રહર, **यामः**-અથવા યામ માન્યો છે. ૮

અનુવાદ—પંદર લઘુની એક નાડી માની છે. બે નાડીનું એક મુહૂર્ત ગણ્યું છે. છ અથવા સાત નાડીનો મનુષ્યોનો એક પ્રહર અથવા એક યામ માન્યો છે. ૮

તત્ત્વસુધા—પંદર લઘુની એક નાડી, બે નાડીનું એક મુહૂર્ત, છ અથવા સાત નાડીનો એક પ્રહર અથવા યામ. નાડી ઘડી કરતાં મોટી હોય છે. રાત્રિદિવસ નાનામોટા થાય છે. તેમાં રાત્રિ કે દિવસ જ્યારે મોટાં હોય ત્યારે રાત્રિ કે દિવસનો ચોથો ભાગ સાત નાડીનો હોય છે. અને રાત્રિ કે દિવસ ઘટેલ હોય ત્યારે રાત્રિ કે દિવસનો ચોથો ભાગ છ નાડીનો હોય છે. છ કે સાત નાડીનો પ્રહર એવું આગળ કહેલ છે. આમ રાત્રિ-દિવસની બાવન નાડીઓ છે અને રાત્રિ-દિવસની સાઠ ઘડીઓ થાય છે. ૮

द्वादशार्द्धपलोन्मानं चतुर्भिश्चतुरङ्गुलैः[1] ॥
स्वर्णमाषैः कृतच्छिद्रं यावत्प्रस्थजलप्लुतम् ॥ ९ ॥

અન્વયાર્થ—द्वादश-अर्द्ध-पल-उन्मानम्-બારના અડધા એટલે છ પલના માપનું, **चतुरङ्गुलैः**-ચાર આંગળની, **स्वर्णमाषैः**-સુવર્ણના માષાની બનેલી, **चतुर्भिः**-ચાર સળીઓથી, **कृतच्छिद्रम्**-છિદ્ર કરેલું પાત્ર, **यावत्**-જેટલા સમયમાં, **प्रस्थजलप्लुतम्**-એક પ્રસ્થ જલ ભરાતાં ડૂબે તે સમયને "નાડી" કહેવામાં આવે છે. ૯

અનુવાદ—બારના અડધા એટલે છ પલના માપનું બનાવેલ, સુવર્ણના માષાની બનેલ ચાર આંગળની ચાર સળીઓથી છિદ્ર પામેલ પાત્ર જેટલા સમયમાં એક પ્રસ્થ જલ ભરતાં ડૂબે તે સમયને "નાડી" કહેવામાં આવે છે. ૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં નાડીકાલ કાઢવાની રીત સમજાવી છે.—

---

[1] चतुरङ्गुलम् प्रा. पा.

" **द्वादशाद्धपलोन्मानम्** "—તાંબાનું છ પલનું એક પાત્ર બનાવવું. " પલ " એટલે ચાર સોનાના સીક્કા અથવા ચાર તોલા. છ પલ એટલે ૨૪ તોલા થયા આ રીતે ૨૪ તોલાનું એક તાંબાનું વાડકા જેવું પાત્ર બનાવવું.

ત્યારબાદ એક માષા સુવર્ણની ચાર આંગળની ચાર સળીઓ બનાવવી. આ ચાર સળીઓ પ્રવેશ કરી શકે તેવું ૨૪ તોલાના તાંબાના પાત્રમાં છિદ્ર કરવું. આ પાત્ર જલમાં મૂકવું. જલમાં મૂકતાં એક પ્રસ્થ જેટલું જળ ભરાતાં તે ડૂબી જાય. તેને ડૂબતાં જેટલો સમય લાગ્યો તે કાળની " નાડી " સંજ્ઞા થઈ. આ પાત્રમાં એક પ્રસ્થ જલ સમાય તેટલા માપનું તો તે હોવું જ જોઈએ એક પ્રસ્થ એટલે '૬૪' તોલા.

સુવર્ણનો એક તોલો 'સોળ' માષાનો થાય છે. એક માષા પાંચ ગુંજાનો થાય. અને એક ગુંજા ત્રણ જવની થાય છે. ૯

यामाश्चत्वारश्चत्वारो मर्त्यानामहनी उभे ॥
पक्षः पञ्चदशाहानि शुक्लः कृष्णश्च मानद ॥ १० ॥

અન્વયાર્થ—**मर्त्यानाम्**–મનુષ્યોના, **अहनी उभे**–દિવસ અને રાત્રિ બન્ને, **चत्वारः च चत्वारः**–ચાર અને ચાર, **यामाः**–પ્રહરનાં છે, **हे मानद**–હે માનનીય વિદુરજી, **पञ्च–दश–अहानि**–પંદર દિવસો, **पक्षः**–એટલે પક્ષ, **शुक्लः कृष्णः**–શુકલ અને કૃષ્ણ એવી સંજ્ઞા છે. ૧૦

અનુવાદ—મનુષ્યોનાં દિવસ અને રાત્રિ બન્ને ચાર પ્રહરનાં છે. હે માનનીય વિદુરજી ! પંદર દિવસોનું 'પખવાડિયું' અથવા 'પક્ષ' કહેવાય. તેમની શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ એવી સંજ્ઞા છે. ૧૦

તત્ત્વસુધા—यामाश्चत्वारश्चत्वारः–રાત્રિના ચાર પ્રહર અને દિવસના ચાર પ્રહર મળી આઠ પ્રહરનો એક દિવસ ગણાય. દિવસ એટલે રાત્રિ-દિવસ એવો અર્થ સમજવો. પંદર દિવસનો એક પક્ષ–પખવાડિયું ગણાય. રાત્રિના પ્રારંભમાં જેમાં ચંદ્ર જોવામાં આવે તે શુકલપક્ષ અને રાત્રિના પ્રારંભમાં ચન્દ્ર ન હોય તે કૃષ્ણપક્ષ.

पक्षः पञ्चदशाहानि–પંદર દિવસનું પખવાડિયું એ ચન્દ્રની કલાના અભિપ્રાયથી કહેલ છે. કારણ કે ગણિતના હિસાબે તિથિ વધઘટ થતાં પંદર દિવસનું પખવાડિયું કેમ બને એવી કોઈ શંકા કરે તેના સમાધાન માટે પંદર દિવસના પખવાડિયાનો અર્થ ચન્દ્રની કલાઓનો સમજવાનો છે. સૂર્યની આડે પૃથ્વી આવવા વગેરે કારણોથી તિથિ વધેઘટે છતાં ચન્દ્રની કલાનો વિચાર કરતાં સદા પંદર તિથિ આવે છે. ૧૦

तयोः समुच्चयो मासः पितॄणां तदहर्निशम् ॥
द्वौ तावृतुः षडयनं दक्षिणं चोत्तरं दिवि ॥ ११ ॥

अयने चाहनी[2] प्राहुर्वत्सरो द्वादश स्मृतः ॥
संवत्सरशतं नृणां परमायुर्निरूपितम् ॥ १२ ॥

અન્વયાર્થ—**तयोः**–તે બન્ને પક્ષોનો, **समुच्चयः** મેળાપ થાય તે, **मासः**–માસ કહેવાય, **तत्**–તે એક માસ, **पितॄणाम्**–પિતૃઓના, **अहर्निशम्**–દિવસ અને રાત ગણાય, **तौ द्वौ**–તે બે માસ, **ऋतुः**–ઋતુ કહેવાય, **षट्**–છ માસનું, **अयनम्**–અયન કહેવાય, **दक्षिणम्**–દક્ષિણાયન, **च**–અને, **उत्तरम्**-ઉત્તરાયણ, **च अयने**–બે અયન છે. **दिवि**–સ્વર્ગમાં તે બેને, **अहनी**–રાત્રિ–દિવસ, **प्राहुः**–કહે છે. **द्वादश**–બાર માસોને, **वत्सरः**–વર્ષ, **स्मृतः**–માન્યા છે, **संवत्सरशतम्**–સો સંવત્સરનું, **नृणाम्**–મનુષ્યોનું, **परम्**–લાંબામાં લાંબું, **आयुः**–આયુષ્ય, **निरूपितम्**–જણાવ્યું છે. ૧૧, ૧૨

---

૧. तौ ऋतुः प्रा. पा., ૨. अयने अहनी प्रा. पा.

અનુવાદ—તે બે પક્ષો મળીને એક માસ થાય. તે એક માસ પિતૃઓના દિવસ અને રાત્રિ મનાય છે. તે બે માસની એક ઋતુ કહેવાય. છ માસનો એક અયન થાય છે. દક્ષિણ અને ઉત્તર એવાં બે અયનનાં નામ છે. સ્વર્ગમાં બે અયનને રાત્રિદિવસ કહે છે. બાર માસને વર્ષ માનેલ છે. મનુષ્યોનું લાંબામાં લાંબું આયુષ્ય એકસો વર્ષનું જણાવ્યું છે. ૧૧, ૧૨

તત્ત્વસુધા—**तयोः समुच्चयो मासः**–બે પક્ષોનો સમુચ્ચય એટલે માસ. આ માસ બે પ્રકારના છે. આ ઠેકાણે શુકલ અને કૃષ્ણ એવા ભેદથી તે બે પ્રકારનો નથી વર્ણવ્યો, પરંતુ ચાન્દ્ર માસ અને સૌર માસ એવા ભેદથી સમજાવ્યો છે. ચાન્દ્ર માસ બે પખવાડિયાનો અને સૌર માસ સૂર્ય સવા બે નક્ષત્ર એટલે એક રાશિને ભોગવે તેટલો કહેલો છે.

પિતૃઓના રાત્રિદિવસ ચાન્દ્રમાસ પ્રમાણે બે પખવાડિયાનો થાય અને દેવોના રાત્રિદિવસ સૂર્યના બે અયનથી માન્યા છે. તેથી પિતૃઓનો રાત્રિ–દિવસ એક મહિનાનો થયો અને દેવોનો રાત્રિ–દિવસ એક વર્ષનો થયો.

'પિતૃઓના રાત્રિ-દિવસનું તાત્પર્ય'–જ્યારે સૂર્ય ચન્દ્રની પંદર કલાઓમાં પ્રવેશ કરે છે ત્યારે ચન્દ્ર વચ્ચે આવતો હોવાથી રાત્રિ થાય છે ("શ્રુતિમાં જલમાંથી ઊગે છે અને જલમાં પ્રવેશે છે" એમ કહેલ છે તે પ્રમાણે સૂર્ય જલરૂપ ચન્દ્રની કલામાં પ્રવેશે છે.) જ્યારે સૂર્ય ચન્દ્રની કલાઓમાંથી જતો રહે છે ત્યારે દિવસ થાય છે. કારણ કે પિતૃઓ સૂર્યનાં જલે કરેલાં આવરણને જ માને છે. પણ પૃથ્વીએ કરેલાં આવરણને માનતા નથી. જેમ ચન્દ્ર હોય કે ન હોય તો પણ સૂર્યના ઉદય અને અસ્તથી જ આપણી રાત્રિ અને દિવસની વ્યવસ્થા બને છે તે જ પ્રકારે પિતૃઓને સૂર્યની સ્થિતિનું પ્રયોજન નથી. પરંતુ સૂર્ય ચન્દ્રની કલાઓમાં – જલમાં પ્રવેશ કરે અથવા એમાંથી બહાર નીકળે તે જ પિતૃઓને ઉપયોગી છે. સૂર્ય તે કલાઓમાં પ્રવેશ કરે ત્યારે કલાઓની ઉત્પત્તિ થાય છે. અને સૂર્ય તે કલાઓમાંથી બહાર નીકળે ત્યારે જ કલાઓનો ક્ષય થાય છે.

સૂર્ય કલાઓમાંથી-જલમાંથી બહાર નીકળે તે દિવસ હોવાથી ચઢેલો દિવસ મધ્યાહ્ન થાય તે પિતૃઓનો ભોજન સમય બને છે. પૂર્ણિમાએ તો તૃપ્ત થઈ પિતૃઓ શયન કરે છે. આ તેમની રાત્રિ-દિવસની વ્યવસ્થા છે.

'दिवि **अयने** ચાહની'—સ્વર્ગમાં બે અયનને રાત્રિ-દિવસ કહે છે. સ્વર્ગમાં રહેનારા તેજે કરેલા સૂર્યનાં આવરણોને જ ગણે છે પરંતુ ચન્દ્રે કરેલાં તેમજ પૃથ્વીએ કરેલાં આવરણને ગણતા નથી. તેજ શબ્દથી નક્ષત્રો કહેલાં છે. તેમાં ઉત્તરાષાઢા નક્ષત્રમાં સૂર્ય હોય ત્યારે ઉત્તરાયણ દિવસનો અરુણોદય થાય છે. તે નક્ષત્રના ચોથા ભાગનો સૂર્ય ભોગ કરે ત્યારે સૂર્યોદય થાય છે. તે સમયે મકરનો સૂર્ય થાય છે. પુનર્વસુ નક્ષત્રના ત્રણ ચોથા ભાગનો સૂર્ય ભોગ કરે ત્યાં સુધી દિવસ હોય છે.

આ નક્ષત્રો એકબીજાની સામે મુખ રાખી માલાકારે રહેલાં છે. તેથી પાછળના ભાગમાં રહેલા આગલા ભાગને જોતાં નથી. આગલા ભાગમાં રહેલાં પાછલા ભાગને જોતાં નથી. તેથી પહેલાના અથવા પાછળના ભાગમાં રહેલા અર્ધ જ્યોતિશ્ચક્રને જુએ છે, અર્ધને નથી જોતાં.

દાખલા તરીકે એક વસ્ત્રને એવડું વાળીએ તો એક બાજુના જોનારને અડધું જ વસ્ત્ર દેખાશે બન્ને ફડક દેખાશે નહીં, તે જ પ્રકારે દેવોને પણ પુનર્વસુના ચોથા ભાગથી આરંભી ઉત્તરાષાઢા સુધીનાં નક્ષત્રો સૂર્યનું આવરણ કરનારાં છે. આ બધાં ઉપર મુખવાળાં અને માલાના આકારે રહેલાં છે તેથી જ્યારે દક્ષિણાયનનાં નક્ષત્રોમાં સૂર્ય હોય ત્યારે બન્ને પ્રકારનાં નક્ષત્રો નીચે મુખવાળાં થવાથી તેઓથી સૂર્ય દેખાતો જ નથી.

૮. "**संवत्सरशतं नृणां** परमायुः" મનુષ્યોનું આયુષ્ય સો વર્ષનું છે એ એક સામાન્ય નિયમ છે. પરંતુ ધર્મ કરવામાં આવે તો કાલથી થતો આયુષ્યનો ભોગ ધર્મ અટકાવે છે. તે સમય આયુષ્યમાં વધે છે. એવી જ રીતે પાપથી ઘટે છે. પરિણામે સોથી વધુ અને ઓછું આયુષ્ય થાય છે. ૧૧, ૧૨

ग्रहर्क्षताराचक्रस्थः परमाण्वादिना जगत् ।।
संवत्सरावसानेन पर्येत्यनिमिषो विभुः ।। १३ ।।

અન્વયાર્થ—ग्रह-ऋक्ष-तारा-चक्रस्थः-ગ્રહ, નક્ષત્ર અને તારાઓના ચક્રમાં રહેલ, **विभुः**-સમર્થ સૂર્ય, **अनिमिषः**-સાવધાન રહી, **संवत्सर-अवसानेन**-સંવત્સરના અંતમાં, **परमाणु-आदिना**-પરમાણુથી આરંભી, ચક્રની આસપાસ ફરે છે અને **जगत् पर्येति**-જગતનો ભોગ કરે છે. ૧૩

અનુવાદ—ગ્રહ, નક્ષત્ર અને તારાઓના ચક્રમાં રહેલ સમર્થ સૂર્ય ભગવાન સાવધનતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થતાં સુધી પરમાણુથી આરંભી (ચક્રની આસપાસ) ફરે છે અને જગતનો ભોગ કરે છે. ૧૩

તત્ત્વસુધા—બુધ વગેરે ગ્રહો, અશ્વિની વગેરે નક્ષત્રો, બીજા તારાઓ,—આ બધાનું ચક્ર જ્યોતિશ્ચક્ર છે. આ જ્યોતિશ્ચક્રમાં રહેલ સૂર્ય પરમાણુ પ્રદેશથી આરંભી વર્ષ પૂર્ણ થતાં સુધી ફરે છે. પર્યેતિના બે અર્થ થાય છે ફરી ફરીને મંડલાકારે ફરે છે, તેમજ અર્થભોગ કરે છે. ૧૩

संवत्सरः परिवत्सर इडावत्सर एव च ।।
अनुवत्सरो वत्सरश्च विदुरैवं प्रभाष्यते ।। १४ ।।

અન્વયાર્થ—विदुर-હે વિદુરજી! **संवत्सरः**-સંવત્સર, **परिवत्सरः**-પરિવત્સર, **च एव**-અને વળી, **इडावत्सरः**-ઇડાવત્સર, **अनुवत्सरः**-અનુવત્સર અને, **वत्सरः**-વત્સર, **एवं प्रभाष्यते**-એમ કહેવામાં આવે છે. ૧૪

અનુવાદ—હે વિદુર! સંવત્સર, પરિવત્સર અને વળી ઇડાવત્સર, અનુવત્સર અને વત્સર એમ વર્ષને કહે છે. ૧૪

તત્ત્વસુધા—વર્ષની પાંચ સંજ્ઞાઓ કેમ થઈ તેનું સમાધાન—

બ્રાહ્મણ ગ્રન્થમાં એક ઉલ્લેખ છે કે 'બાર માસનું વર્ષ છે, તેર માસનું વર્ષ છે.' આ ઉલ્લેખ એવા અભિપ્રાયથી કરેલ છે કે જે "નાક્ષત્ર" વર્ષ તેર માસનું છે. "ચાન્દ્ર" વર્ષ કોઈવાર તેર માસનું આવે છે. "સૌર" વર્ષ બાર માસનું નક્કી છે.

એક નક્ષત્ર પૂર્વમાં ઊગેલ હોય તે જ નક્ષત્ર બીજે દિવસે પૂર્વમાં તે જ સ્થાને ઊગે તે નાક્ષત્ર દિવસ કહેવાય. તેવા ૩૬૦ દિવસનું વર્ષ "નાક્ષત્ર" વર્ષ કહેવાય.

સૂર્ય-ચન્દ્ર ભેગા થઈ ચલન કર્યા બાદ ફરીથી ભેગા થાય તે સમય ચાન્દ્ર માસ કહેવાય, તેવા બાર માસનું ચાન્દ્ર વર્ષ કહેલ છે.

સૂર્ય મેષના આરંભથી ફરી પુનઃ મેષના આરંભમાં આવે તેટલા સમયને "સૌર વર્ષ" કહે છે. તે સમય ૩૬૫ દિવસ, ૧૫ ઘડી, ૩૧ પલ અને ૩૧ વિપલનો છે, તેને "સૌર" વર્ષ સમજવું.

બૃહસ્પતિ એક રાશિમાં જેટલો સમય રહે તેને 'બાર્હસ્પત્ય' વર્ષ કહે છે.

સૂર્ય એક દિવસે ઊગે અને બીજે દિવસે ફરી ઊગે તે વચ્ચેનો સમય 'સાવન' દિવસ છે. તેવા ૩૦ દિવસનો માસ અને ૩૬૦ દિવસનું "સાવન" વર્ષ છે.

બાર્હસ્પત્ય મતમાં તો પ્રભવ વગેરે વર્ષો નક્કી કરેલ છે. આ સાઠ વર્ષોનાં જુદાં જુદાં નામ છે. પ્રથમ "પ્રભવ", બારમું "બહુધાન્ય", તેરમું "પ્રમાથી" આવી સાઠ વર્ષની સાઠ સંજ્ઞાઓ છે.

વૈષ્ણવ માસ પણ નક્કી કરેલ છે. પરંતુ 'સાવન' માસ નક્કી નથી કરેલ, કારણ કે તે હર કોઈ દિવસે પૂરો થાય છે. તેથી સંવત્સર શબ્દ યોજેલો હોવાથી પ્રભવ વગેરે નામો સિદ્ધ થાય તે માટે "બાર્હસ્પત્ય" માનની પણ આવશ્યકતા રહે છે.

વ્રત વગેરે સિદ્ધ થાય માટે એકાદશીથી શરૂ થતા વૈષ્ણવ માસની પણ જરૂર રહે છે. વ્રત એટલે ચાતુર્માસ્ય વગેરે વ્રતો. એકાદશીથી શરૂ થતો વૈષ્ણવ સાવન માસથી જુદો છે. અષાઢ સુદ ૧૧ ના રોજ અનુરાધા નક્ષત્રમાંના આરંભમાં ભગવાન શયન કરે છે અને કાર્તક સુદ ૧૧ ના રોજ રેવતી નક્ષત્રના છેલ્લા ચરણમાં ભગવાનનો પ્રબોધ થાય છે, તે સમય ચાર માસનો છે. "નાક્ષત્ર" માન પ્રમાણે પાંચ માસ અને પાંચ દિવસ થાય એટલે માસની સંખ્યામાં વિરોધ આવે, સૌર માન અને ચાન્દ્ર માન પ્રમાણે તિથિનો વિરોધ આવે. બાર્હસ્પત્ય માનનો આમાં સંબંધ નથી. હવે સાવન બાકી રહ્યો તે માસ તો બરાબર ત્રીસ દિવસનો હોવાથી તે લેવાથી તિથિનો વિરોધ થાય, માટે વૈષ્ણવ માનની જરૂર છે.

તેથી જ પાંચ સંતવસરો છે. સંવત્સર "ચાન્દ્ર" છે. પરિવત્સર "વૈષ્ણવ" છે. ઈડાવત્સર "સૌર" છે. અનુવત્સર "નાક્ષત્ર" છે. વત્સર "બાર્હસ્પત્ય" છે. ૧૪

यः सृज्यशक्तिमुरुधोच्छ्वसयन्स्वशक्त्या पुंसोऽभ्रमाय दिवि धावति भूतभेदः ॥
कालाख्यया गुणमयं क्रतुभिर्वितन्वंस्तस्मै बलिं हरत वत्सरपञ्चकाय ॥ १५ ॥

અન્વયાર્થ—यः भूतभेदः-ભૂતોનો નાશ કરનાર, **काल-आख्यया**-કાલ નામની, **स्व-शक्त्या**-પોતાની શક્તિથી, **सृज्यशक्तिम्**-ઉત્પન્ન કરવાના પદાર્થોમાં શક્તિને, **उरुधा**-અનેક પ્રકારે, **उच्छ्वसयन्**-પ્રકટ કરતા, **क्रतुभिः**-યજ્ઞો વડે, **गुणमयम्**-ગુણોવાળા સ્વર્ગને, **वितन्वन्**-વિસ્તારતા, **पुसां अभ्रमाय**-પુરુષોને વૈરાગ્ય ઉત્પન્ન કરવા, **दिवि**-સ્વર્ગમાં, **धावति**-વિચરે છે, **तस्मै**-તે, **वत्सर-पञ्चकाय**-પાંચ વર્ષના પ્રવર્તક કાલને, **बलिं हरत**-ભેટ આપો (વસંતતિલકાવૃત્ત) ૧૫

અનુવાદ—જે ભૂતોનો નાશ કરનાર, કાલ નામની પોતાની શક્તિથી ઉત્પન્ન કરવાના પદાર્થોમાં શક્તિને અનેક પ્રકારે કરતા યજ્ઞો વડે ગુણોવાળા સ્વર્ગને વિસ્તારતા પુરુષોને વૈરાગ્ય ઉત્પન્ન થાય માટે સ્વર્ગમાં વિચરે છે તે પાંચ પ્રકારના વર્ષના પ્રવર્તક કાલને ભેટ આપો. ૧૫

તત્ત્વસુધા—**तस्मै बलिं हरत**—કાલ શક્તિની ઉપાસના કરવાનું વિધાન આ શ્લોકમાં કરે છે, કે જે દેવ, પિતૃ અને મનુષ્યોના ત્રણ ભેદથી કાલ ઉપર વર્ણવ્યો છે તે કાલની આરાધના કરો.

यः सृज्यशक्तिम्—આ કાલ બીજ શક્તિમાં શક્તિનો પ્રેરક છે. એક બીજમાંથી અંકુર અને પાંદડાં, ડાળ વગેરે ઉત્પન્ન થાય છે તે સમગ્ર શક્તિનો આ પ્રેરક છે. અધિકારી પુરુષોને વૈરાગ્ય પ્રદાન કરવા માટે તે સ્વર્ગમાં વિચરે છે. "સર્વ ભૂતોનો નાશ કરે છે" એવી એની પ્રતિજ્ઞા વિવેકી પુરુષોને વૈરાગ્ય ઉત્પન્ન કરે છે.

गुणमयं क्रतुभिः—આ કાલની જેમ સૃજ્ય શક્તિ દર્શાવી, તેમજ તેનામાં ફલ આપવાની પણ શક્તિ છે, યજ્ઞકર્મ કરનારા ઉપાસકને માટે '**गुणमयं**' આનંદ વગેરે ગુણોવાળાં સ્વર્ગાદિ પ્રકટે છે.

આ કાલ ચાન્દ્ર, વૈષ્ણવ, સૌર, નાક્ષત્ર, બાર્હસ્પત્ય નામના ભેદથી પાંચ પ્રકારની સંવત્સર, પરિવત્સર વગેરે સંજ્ઞાઓનો પ્રવર્તક બને છે. તે સાધન કરાવવાની અને ફલ આપવાની બે પ્રકારની શક્તિવાળો છે, તેને નમસ્કાર કરો. ૧૫

विदुर उवाच – पितृदेवमनुष्याणामायुः परमिदं स्मृतम् ॥
परेषां गतिमाचक्ष्व ये स्युः कल्पाद्बहिर्विदः ॥ १६ ॥

અન્વયાર્થ – पितृ-देव-मनुष्याणाम्–પિતૃ, દેવો અને મનુષ્યોનાં, **इदं परं आयुः**–આ સો વર્ષનું મોટામાં મોટું આયુષ્ય, **स्मृतम्**-કહેલ છે–સાંભળેલ છે, **ये विदः कल्पात् बहिः**–જે જ્ઞાનીઓથી કલ્પની બહાર, **स्युः**–જીવે છે, **परेषाम्**–તેવા પરની, **गतिम्**–ગતિને, **आचक्ष्व**–કહો. ૧૬

અનુવાદ—વિદુરજીએ કહ્યું કે મૈત્રેય મહર્ષિ આપે દેવ, પિતૃ અને મનુષ્યોનું આ સો વર્ષનું મોટામાં મોટું આયુષ્ય કહ્યું, હવે જે જ્ઞાનીઓ સો કલ્પની બહાર જીવે છે તેઓની ગતિ પણ સમજાવો. ૧૬

તત્ત્વસુધા—परेषां गतिमाचक्ष्व—મૈત્રેય મુનિ ત્રણ પ્રકારના આયુષ્યને વર્ણવીને વિરામ પામ્યા ત્યારે વિદુરજીને જિજ્ઞાસા થઈ કે કલ્પ પર્યન્ત જીવનારના આયુષ્યની બાબત તો આપે વર્ણવી છે, પરંતુ જેઓ કલ્પથી પણ બહાર છે, કલ્પથી અધિક જીવે છે તેઓ જ્ઞાનીઓ હોય છે, તેમની ગતિ પણ સમજાવો. ૧૬

भगवान् वेद कालस्य गतिं भगवतो ननु ॥
विश्वं विचक्षते धीरा योगराद्धेन चक्षुषा ॥ १७ ॥

અન્વયાર્થ—भगवान्–આપ ભગવાન, **भगवतः कालस्य**–ભગવાન કાલની, **गतिम्**–ગતિને, **नूनम्**–ખરેખર, **वेद**–જાણો છો, **धीराः**–ધીરપુરુષો, **योगराद्धेन**–યોગથી મેળવેલા, **चक्षुषा**–દૃષ્ટિથી, **विश्वम्**–વિશ્વને, **विचक्षते**–નિહાળે છે. ૧૭

અનુવાદ—આપ ભગવાન, ભગવાન કાલની ગતિને ખરેખર જાણો છો. ધીર પુરુષો યોગથી મેળવેલી દૃષ્ટિથી વિશ્વને જુએ છે. ૧૭

તત્ત્વસુધા—भगवान् वेद–કેટલાક પ્રશ્નો સમર્થ વ્યક્તિને જ પુછાય. શ્રી મૈત્રેય મહર્ષિને વિદુરજી "भगवान्" તરીકે ઓળખાવે છે. કાલ ભગવાન છે, મૈત્રેય મુનિ ભગવાન છે, ભગવાન ભગવાનની ગતિને જાણી શકે છે. "धीरा योगराद्धेन"ધીર યોગીઓ યોગદૃષ્ટિથી પણ ત્રિકાલજ્ઞાન ધરાવે છે. શ્રી મૈત્રેય પણ પરમ યોગી છે તેથી પ્રશ્ન સુયોગ્યને જ પુછાયો છે. ૧૭

मैत्रेय उवाच – कृतं त्रेता द्वापरं च कलिश्चेति चतुर्युगम् ॥
दिव्यैर्द्वादशभिर्वर्षैः सावधानं निरूपितम् ॥ १८ ॥

અન્વયાર્થ—**कृतम्**–કૃતયુગ, **त्रेता**–ત્રેતાયુગ, **द्वापरम्**–દ્વાપરયુગ, **च**–અને, **कलिः**–કલિયુગ, **इति**–એ પ્રમાણે, **चतुर्युगम्**–ચાર યુગો, **सावधानम्**–સંધિના સમય સાથે, **दिव्यैः**–દેવોનાં, **द्वादशभिः**–બાર હજાર, **वर्षैः**–વર્ષો સાથે, **निरूपितम्**–કહેલા છે. ૧૮

અનુવાદ—મૈત્રેય બોલ્યા : કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર યુગો, તેમની વચ્ચેના સમય સાથે દેવોનાં બાર હજાર વર્ષના કહેલા છે. ૧૮

તત્ત્વસુધા—આ શ્લોકથી ચાર યુગોનાં નામ શી રીતે થયાં તેની સ્પષ્ટતા કરે છે—

[1]"**कृतम्**" જે યુગમાં થયેલાઓએ જે કાંઈ સ્વકર્મ કરવાનું હતું તે સંપૂર્ણ કર્યું, કાંઈ અવશિષ્ટ ન રાખ્યું.

---

[1] श्रुतम् प्रा. पा.

બ્રહ્માજીએ પૂછ્યું, **कर्म कृतम** તમારું કાર્ય કર્યું તો ઉત્તર **सर्वं कृतम्** સર્વ કર્યું છે, કાંઈ બાકી નથી તેથી **કૃતયુગ** નામ પડ્યું. જે યુગમાં બધો જ સમય અમૃત ઘડી જેવો છે તે કાલ કૃતયુગ છે.

त्रेता—જે કાલમાં કાર્યનો એક તૃતીયાંશ ભાગ બાકી રહેલ હોય તેને ત્રેતા યુગ કહે છે.

द्वापरम्—જે કાલમાં બે ભાગનું કાર્ય બાકી હોય તેને દ્વાપર યુગ કહ્યો.

कलिः—જેમાં "કલહ" વિના કાંઈ જ ન કરતા હોય તે કાલને કલિયુગ કહ્યો છે. જેમાં વિષઘડી જેવો કાલ છે તે કલિયુગ છે. ચાર યુગની સંધ્યાનાં અને સંધ્યાના અંશનાં મળીને બાર હજાર વર્ષ છે. ૧૮

चत्वारि त्रीणि द्वे चैकं कृतादिषु यथाक्रमम् ॥
संख्यातानि सहस्राणि द्विगुणानि शतानि च ॥ १९ ॥

અન્વયાર્થ—**कृतादिषु**-કૃત વગેરે યુગોમાં, **यथाक्रमम्**-ક્રમે કરીને, **चत्वारि**-ચાર, **त्रीणि**-ત્રણ, **द्वे**-બે, **च**-અને, **एकम्**-એક, **सहस्राणि संख्यातानि**-હજાર વર્ષોની સંખ્યા કહે છે. **च**-અને, **द्विगुणानि**-તેથી બમણી, **शतानि संख्यातानि**-સો વર્ષની સંખ્યા, સંધ્યા અને સંધ્યાના અંશની કહેલ છે. ૧૯

અનુવાદ—'કૃત' વગેરે યુગોમાં ક્રમે કરીને ચાર, ત્રણ, બે અને એક હજાર દેવોનાં વર્ષની સંખ્યા કહેલી છે. અને તેથી બમણા સો વર્ષની સંખ્યા સંધ્યા અને સંધ્યાના અંશની કહેલી છે. ૧૯

તત્ત્વસુધા—દેવોનાં ચાર હજાર વર્ષનો કૃતયુગ, ત્રણ હજાર વર્ષનો ત્રેતાયુગ, બે હજાર વર્ષનો દ્વાપર-યુગ, અને એક હજાર વર્ષનો કલિયુગ છે. યુગના દશમા ભાગની સંધ્યા અને સંધ્યાનો અંશ માનેલ છે. આ બન્ને મળીને બમણાં થતાં આઠસો, છસો, ચારસો અને બસો થાય. સરવાળે બે હજાર થાય. કુલ વર્ષસંખ્યા ચાર યુગની બાર હજાર થઈ. ૧૯

संध्यांशयोरन्तरेण यः कालः शतसंख्ययोः ॥
तमेवाहुर्युगं तज्ज्ञा यत्र धर्मो विधीयते ॥ २० ॥

અન્વયાર્થ—**तज्ज्ञाः**-કાલરહસ્યજ્ઞ પુરુષો, **शतसंख्ययोः**-સો સંખ્યાવાળા, **संध्यांशयोः**-સંધ્યા અને સંધ્યાના અંશની, **अन्तरेण**-મધ્યનો, **यः कालः**-જે કાલ છે, **तम् एव**-તેને જ, **युगम्**-યુગ તરીકે, **आहुः**-કહે છે. **यत्र धर्मः**-જ્યાં ધર્મનું, **विधीयते**-સ્થાપન થાય. ૨૦

અનુવાદ—યુગરહસ્યને જાણનાર પુરુષો સો સંખ્યાવાળા સંધ્યા અને સંધ્યાંશની વચ્ચેના કાલને યુગ તરીકે કહે છે, જેમાં ધર્મનું સ્થાપન થાય છે. ૨૦

તત્ત્વસુધા—"तज्ज्ञाः-આપ્તનું વાક્ય પ્રમાણ મનાય છે. કાલની બાબતમાં "શબ્દ" પ્રમાણ માનેલ છે. આપ્તનાં વાક્યોને શબ્દપ્રમાણ કહે છે. તે આપ્તને આ સ્થાને "तज्ज्ञ" તેના જાણકાર એવા શબ્દથી વર્ણવે છે. તેઓનું કહેવું છે કે સંધ્યાનાં સો વર્ષના વચલા ગાળાનો સમય યુગ કહેવાય. યુગમાં ઋષિઓ ધર્મની સ્થાપના કરે છે. તે સમયમાં ધર્મનું કેવલ કથન નથી હોતું. ૨૦

धर्मश्चतुष्पान्मनुजान्कृते समनुवर्तते ॥
स एवान्येष्वधर्मेण व्येति पादेन वर्धता ॥ २१ ॥

અન્વયાર્થ—**कृते**-કૃતયુગમાં, **चतुष्पात्**-ચાર ચરણવાળો, **धर्मः**-ધર્મ, **मनुजान्**-મનુષ્યોને, **समनु**

वर्तते-અનુકૂલ રહે છે, **अन्येषु**-બીજા યુગોમાં, **पादेन**-ચોથા ભાગથી, **वर्धता**-વધતા, **अधर्मेण**-અધર્મથી, **स क्षेति**-તે ક્ષય પામે છે. ૨૧

અનુવાદ—કૃતયુગમાં ચાર ચરણવાળો ધર્મ મનુષ્યોમાં આવે છે. બીજા યુગોમાં ચોથા ભાગથી વધતા અધર્મથી તે ક્ષય પામે છે. ૨૧

તત્ત્વસુધા—" धर्मश्चतुष्पात्-કાલ તો એક જ સરખો છે છતાં " કૃતયુગ " વગેરે ભેદોથી તે જુદા ભેદવાળો થાય છે તેનું કારણ ' ધર્મ ' છે. કાલથી પ્રેરાયેલા ધર્મથી કૃતયુગની સંજ્ઞા થાય છે. ચારે અંશમાં ધર્મ સંપૂર્ણપણે સમાજમાં જિવાય ત્યારે કૃતયુગ મનાય છે. કૃતયુગમાં ચાર વર્ણો રહે છે. ત્રેતામાં બ્રાહ્મણ નથી હોતા, દ્વાપરમાં ક્ષત્રિય નથી હોતા. કલિયુગમાં શૂદ્ર જ હોય છે.

કારણ કે ઉતરોત્તર ધર્મનો એક ભાગ અધર્મના વધતા એક ભાગથી ક્ષીણ થાય છે. તેથી યુગોની સંજ્ઞાઓ ભિન્ન ભિન્ન થાય છે. ૨૧

त्रिलोक्या युगसाहस्रं बहिराब्रह्मणो दिनम् ॥
तावत्येव निशा तात यन्निमीलति विश्वसृक्[1] ॥ २२ ॥

અન્વયાર્થ—**तात**-તાત! **त्रिलोक्याः**-ત્રણ લોકની, **बहिः**-બહાર, **आब्रह्मणः**-બ્રહ્મલોક પર્યન્ત, **युगसाहस्रम्**-એક હજાર યુગનો, **दिनम्**-દિવસ છે. **तावती एव**-તેટલી જ, **निशा**-રાત્રિ છે. **यत्**-જેમાં, **विश्वसृक्**-વિશ્વસ્રષ્ટા નેત્રો મીંચે છે. ૨૨

અનુવાદ—હે તાત! ત્રણ લોકની બહાર બ્રહ્મલોક પર્યન્ત એક હજાર યુગનો દિવસ છે. રાત્રિ પણ તેટલી જ છે, જેમાં વિશ્વસ્રષ્ટા નેત્રો મીંચે છે. ૨૨

તત્ત્વસુધા—" त्रिलोक्याः बहिः "— ભૂલોક, ભુવર્લોક અને સ્વર્લોક એ ત્રણ લોકથી બહાર બ્રહ્મલોક સુધી એક એક હજાર યુગનો દિવસ છે. તાત્પર્ય કે મહર્લોકથી બ્રહ્મલોક સુધી આટલો મોટો દિવસ થયો. " तावती निशा " દિવસનું જેટલું માપ છે તેટલી જ રાત્રિ છે. પ્રાણીઓ રાત્રિમાં ઊંઘે છે. બ્રહ્મા કે ભગવાન કેવલ નેત્રોને મીંચે છે, નિદ્રા નથી લેતા તેથી તેમની યોગનિદ્રા મનાય છે. ૨૨

निशावसान आरब्धो लोककल्पोऽनुवर्तते ॥
यावद्दिनं भगवतो मनून् भुङ्क्ते[3] चतुर्दश ॥ २३ ॥

અન્વયાર્થ—**निशावसाने**-રાત્રિના અંતે, **आरब्धः**-આરંભેલી, **लोककल्पः**-લોકરચનાપરંપરા, **यावत्**-જ્યાં સુધી, **भगवतः**-ભગવાનનો, **दिनम्**-દિવસ રહે ત્યાં સુધીમાં, **अनुवर्तते**-ચાલે છે અને **चतुर्दश**-ચૌદ, **मनून्**-મનુઓ, **भुङ्क्ते**-ભોગવે છે. ૨૩

અનુવાદ—રાત્રિના અંતે આરંભેલી લોકરચનાપરંપરા જ્યાં સુધી ભગવાનનો દિવસ રહે છે ત્યાં સુધી ચાલ્યા કરે છે. તે એક દિવસમાં ચૌદ મનુઓને ભોગવે છે. ૨૩

તત્ત્વસુધા—" लोककल्पोऽनुवर्तते "—સોળમા શ્લોકમાં વિદુરજીએ જે જ્ઞાનીઓ કલ્પની બહાર જીવે છે તેમની ગતિ કેવી છે એમ પૂછેલું તેનો ઉત્તર આ શ્લોકમાં આપ્યો છે—

લોકકલ્પ એટલે લોકરચવાની પરંપરા. આ પરંપરા ભગવાનના દિવસ પર્યન્ત ચાલુ રહે છે. રાત્રિના

---

१. विश्वस्क् प्रा. पा. २. वर्धते प्रा. पा. ३. भुञ्जंश्चतुर्दश प्रा. पा.

અંતે **અરુણોદયથી** રચના શરૂ થાય છે. બ્રહ્મને જાણનારા જ્ઞાનીઓ પણ ભગવાન હોવાથી તેમનો પણ આ દિવસ ગણાય છે. તેઓ ચૌદ મનુઓનો અનુભવ કરે છે. ૨૩

स्वं स्वं कालं मनुर्भुङ्क्ते साधिकां लोकसप्ततिम् ॥
मन्वन्तरेषु मनवस्तद्वंश्या ऋषय सुराः ॥
भवन्ति चैव[1] युगपत्सुरेशाश्चानु ये च तान् ॥ २४ ॥

અન્વયાર્થ—**मनुः**-મનુ, **स्वम् स्वम्**-પોતપોતાના, **कालम्**-કાલને, **एकसप्ततिम् साधिकाम्**-ઇકોતેરથી અધિક ચતુર્યુગને, **भुङ्क्ते हि**-ભોગવશે જ. **मन्वन्तरेषु**-મન્વંતરોમાં, **मनवः**-મનુઓ, **तद्-वंश्याः**-તેમના પુત્રો, **ऋषयः**-ઋષિઓ, **सुराः**-દેવો, **च**-અને, **सुरेशाः**-ઇન્દ્રો, **च**-તેમજ, **ये च-तान् अनु**-જેઓ તેમને અનુસરનારા છે તેઓ, **युगपत्**-એક સાથે, **भवन्ति**-ઉત્પન્ન થાય છે. ૨૪

અનુવાદ—પ્રત્યેક મનુ ઇકોતેરથી વધુ ચતુર્યુગને ભોગવે છે જ. મન્વંતરોમાં મનુઓ, તેમના પુત્રો, ઋષિઓ, દેવો તેમજ ઇન્દ્રો અને જેઓ તેમને અનુસરનારા છે તેઓ એક સાથે ઉત્પન્ન થાય છે. ૨૪

તત્ત્વસુધા—'**स्वं स्वं कालं मनुर्भुङ्क्ते**'—એક મનુ કેટલો સમય ભોગવે છે તેના ઉત્તરમાં આ શ્લોક છે. ઇકોતરથી અધિક ચાર યુગોને એક મનુ ભોગવે છે તેથી એક મન્વન્તર ઇકોતેરથી અધિક ચતુર્યુગીનું થયું. એક મન્વંતરમાં સાડી એકાવનથી અધિક દેવોના વર્ષનો કાલ હોય છે.

મન્વંતર શબ્દ ૭ અંગવાળા ધર્મના સાધનના અર્થવાળો લેવો. મનુ, મનુપુત્ર, ઋષિઓ, દેવો, ઇન્દ્રો અને ભગવદવતાર આ છનો મળીને મન્વન્તર બને છે. ૨૪

एष दैनंदिनः सर्गो ब्राह्मस्त्रैलोक्यवर्तनः ॥
तिर्यङ्नृपितृदेवानां संभवो यत्र कर्मभिः ॥ २५ ॥

અન્વયાર્થ—**एषः ब्राह्मः**-આ બ્રહ્માની, **त्रैलोक्यवर्तनः**-ત્રણ લોકના ફેરા કરાવનારી, **दैनंदिनः**-દરેક દિવસની, **सर्गः**-સૃષ્ટિ છે. **यम्**-જેની અંદર, **तिर्यङ्-नृ-पितृ-देवानाम्**-હલકાં પ્રાણી, મનુષ્ય, પિતૃઓ અને દેવોની, **कर्मभिः**-કર્મોથી, **संभवः**-ઉત્પત્તિ થાય છે. ૨૫

અનુવાદ—આ બ્રહ્માની ત્રણ લોકના ફેરા કરાવનારી દરેક દિવસની સૃષ્ટિ છે. જેમાં હલકાં પ્રાણીઓ, મનુષ્યો, પિતૃઓ અને દેવોની કર્મોથી ઉત્પત્તિ થાય છે. ૨૫

તત્ત્વસુધા—**दैनंदिनः**-પ્રત્યેક દિવસે ઉત્પન્ન થનારી સૃષ્ટિને "દૈનંદિન" સર્ગ કહે છે. વર્ષરૂપ કલ્પ જુદો છે. આ દૈનંદિન સર્ગ એટલે દૈનિક સૃષ્ટિ. "त्रैलोक्यवर्तनः" ત્રણ લોકના ફેરા કરાવે છે. દેવ-મનુષ્ય-પિતૃઓ વગેરેનો પુનઃ પુનઃ જન્મ થાય છે તેથી તેઓ કર્મ પ્રમાણે ત્રણ લોકમાં જુદા જુદા જન્મો લઈને ફર્યા કરે છે. ૨૫

मन्वन्तरेषु भगवान्बिभ्रत्सत्वं स्वमूर्तिभिः ॥
मन्वादिभिरिदं विश्वमवत्युदितपौरुषः ॥ २६ ॥

અન્વયાર્થ—**मन्वन्तरेषु**-મન્વંતરોમાં, **सत्वम्**-સત્વને, **बिभ्रत्**-ધારણ કરતા, **उदित-पौरुषः**-પ્રકટ પુરુષાતનવાળા, **भगवान्**-ભગવાન, **मनु-आदिभिः**-મનુ વગેરે, **स्व-मूर्तिभिः**-પોતાના અવતારોવડે, **इदम्**-આ, **विश्वम्**-વિશ્વને, **अवति**-પાળે છે. ૨૬

---

[1] चैके प्रा. पा.

અનુવાદ—મન્વંતરોમાં સત્વ ધારણ કરતા પ્રકટ પુરુષાતનવાળા ભગવાન મનુ વગેરે પોતાના અવતારો વડે આ વિશ્વનું પાલન કરે છે. ૨૬

તત્વસુધા—પ્રત્યેક મન્વંતરમાં ભગવાન, મનુ વગેરેની સાથે કર્મથી, જ્ઞાનથી અને યોગથી પ્રવૃત્તિ કરાવનાર અવતારો દ્વારા વિશ્વનું પાલન કરે છે. ખરી રીતે તો મનુ વગેરે અવતારો ભગવાનનાં જ પુરુષાતનનાં રૂપો/ છે. ૨૬

तमोमात्रामुपादाय प्रतिसंरुद्धविक्रमः ।
काले नानुगताशेष आस्ते तूष्णीं दिनात्यये ॥ २७ ॥

અન્વયાર્થ—दिन-अत्यये-દિવસ પૂરો થતાં, **प्रति-निरुद्ध-विक्रमः**--પરાક્રમને રોકી રાખેલ એવા અને, **कालेन**-કાલને લીધે, **अनुगत-अशेषः**-સમસ્ત જગત જેમનામાં લય પામેલ છે એવા ભગવાન, **तमोमात्राम्**-તમોગુણની માત્રાને, **उपादाय**-ધારણ કરીને, **तूष्णीम् आस्ते**-શાંત બિરાજે છે. ૨૭

અનુવાદ—દિવસ આથમતાં સંધ્યાકાલે, પરાક્રમને રાખેલ એવા તેમજ કાલને લીધે જગત જેમનામાં લય પામેલ છે એવા ભગવાન તમોગુણની માત્રાને ધારણ કરીને શાંત બિરાજે છે. ૨૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં દિવસ આથમતાં ભગવાન શું કરે છે તેનો વિવેક બતાવે છે—

दिनात्यये સંધ્યા સમયે ભગવાન શાંત બિરાજે છે તે સમયે જગતનો પોતાનામાં સમાવેશ થાય છે. જગતને પોતાનામાં સમાવવા માટે तमोमात्रामुपादाय વિશુદ્ધ તમોગુણના અવયવને ધારણ કરે છે. "**तमोमात्रा**" શબ્દથી સત્વ અને રજોગુણ વિનાનો એક તમોગુણ સમજવો. આ સમયે "શેષ" વિનાનું જગત લય પામે છે એવું કહેવા માટે अनुगताशेषः એવું પદ આપ્યું છે. આ પદનો "अनुगत-પ્રવેશ કરેલ છે, **अशेष**-શેષ વિનાના સમસ્ત જગતે જેમાં" એવો અર્થ કરવો. ૨૭

तमेवान्वपिधीयन्ते लोका भूरादयस्त्रयः ॥
निशायामनुवृत्तायां[1] निर्मुक्तशशिभास्करम् ॥ २८ ॥

त्रिलोक्यां दह्यमानायां शक्त्या संकर्षणाग्निना ॥
यान्त्यूष्मणा महर्लोकाज्जनं भृग्वादयोऽर्दिताः ॥ २९ ॥

तावत्त्रिभुवनं सद्यः कल्पान्तैधितसिन्धवः ॥
प्लावयन्त्युत्कटाटोपचण्डवातेरितोर्मयः ॥ ३० ॥

અન્વયાર્થ—भूरादयः-ભૂર્ વગેરે, **त्रयः लोकाः**-ત્રણ લોકો, **तम् एव**-તેમાં જ, **अनु-अपि-धीयन्ते**-તિરોહિત થાય છે-પ્રવેશ કરે છે ત્યારે, **निर्मुक्त-शशि-भास्करम्**-ચન્દ્ર તેમજ સૂર્ય વિખૂટા થાય તે પ્રમાણે, **निशायां अनुवृत्तायाम्**-રાત્રિ શરૂ થતાં, **शक्त्या संकर्षण-अग्निना**-શક્તિરૂપ સંકર્ષણના અગ્નિથી, **त्रिलोक्यां दह्यमानायाम्**-ત્રણ લોકોનો દાહ થતાં, **उष्मणा-अर्दिताः**-તાપથી પીડાએલા, **भृगु-आदयः**-ભૃગુ વગેરે, **महर्लोकात् जनम्**-મહર્લોકમાંથી જનલોકમાં, **यान्ति**-જાય છે. **तावत्**-તેટલામાં, **कल्पान्त-एधित-सिन्धवः**-કલ્પના અંતે વૃદ્ધિ પામેલા સમુદ્રો, **उत्कट-आटोप-चण्ड-वात-ईरित-ऊर्मयः**-પુષ્કળ ખળભળાટ તેમજ પ્રચંડ વાયુથી ઉત્પન્ન થયેલ મોજાંવાળા બની, **सद्यः**-તરત જ, **त्रिभुवनम्**-ત્રણ લોકને, **प्लावयन्ति**-ડૂબાડી દે છે. ૨૮-૩૦

---

१. -मथ वृत्तायां प्रा. पा.

અનુવાદ—ભૂરાદિ ત્રણુ લોકો તેમાં જ તિરોહિત થાય છે, ત્યારે ચન્દ્ર તેમજ સૂર્ય વિખૂટા થાય તે પ્રમાણે રાત્રિ શરૂ થતાં શક્તિરૂપ સંકર્ષણુ ભગવાનના અગ્નિથી ત્રણુ લોકો બળવા માંડતાં તાપથી ત્રાસેલા ભૃગુ વગેરે મહર્લોકમાંથી જનલોકમાં ચાલ્યા જાય છે. તેટલામાં કલ્પના અંતે વૃદ્ધિ પામેલા સમુદ્રો પુષ્કળ ખળભળાટવાળા તેમજ પ્રચંડ વાયુથી ઉત્પન્ન થયેલ મોજાંવાળા બની તરત જ ત્રણુ લોકને ડૂબાડી દે છે. ૨૮–૩૦

તત્ત્વસુધા—ભગવાન શાંત થઈ દિવસના અંતે બિરાજ્યા. પ્રવાહને રોકનાર કોઈ રહ્યું નહીં. એટલે ભૂર્, ભુવર્ આદિ ત્રણુ લોકો અવ્યક્તમાં પ્રવેશી ગયા. જ્યોતિશ્ચક્રમાંથી સૂર્ય–ચન્દ્ર છૂટા થયા તે પ્રકારે રાત્રિ શરૂ થઈ. ત્યાર પછી સંકર્ષણુના અગ્નિથી ત્રણે લોકોમાં દાહ શરૂ થયો. ત્યારે મહર્લોકમાંથી ભૃગુ વગેરે તાપથી ત્રાસી જનલોકમાં ચાલ્યા જાય છે (આ સંકર્ષણાગ્નિ લૌકિક દેવતા કરતાં જુદા પ્રકારનો અગ્નિ છે), ત્યારે પ્રલયના મેઘો વૃષ્ટિ કરે છે. મહાસાગર માઝા મૂકે છે અને ત્રિભુવનને ડૂબાડી દે છે. આમાં ભગવાનને કેવલ શાંત બન્યા વિના અન્ય કાંઈ પણ કાર્ય કરવાનું નથી હોતું. ૨૮–૩૦

अन्तः स तस्मिन्सलिल आस्तेऽनन्तासनो हरिः ॥
योगनिद्रानिमीलाक्षः स्तूयमानो जनालयैः ॥ ३१ ॥

અન્વયાર્થ—**तस्मिन्**–તે, **सलिले अन्तः**–જલની અંદર, **जनालयैः स्तूयमानः**–જનલોકનિવાસીઓથી સ્તુતિ કરાતા, **अनन्तासनः हरिः**–શેષશાયી શ્રીહરિ, **योगनिद्रा–निमीलाक्षः** યોગનિદ્રાથી મીંચેલાં નેત્રોવાળા, **आस्ते**–હોય છે. ૩૧

અનુવાદ—તે જલની અંદર, જનલોકનિવાસીઓથી સ્તુતિ કરાતા અનંતાસન (શેષશાયી) શ્રીહરિ ભગવાન યોગનિદ્રાથી મીંચેલ નેત્રવાળા હોય છે. ૩૧

તત્ત્વસુધા—जनालयैः स्तूयमानः–જ્યારે ભગવાન નેત્ર મીંચીને અનંત ઉપર બિરાજ્યા હોય છે, ત્યારે જનલોકનિવાસીઓ ભગવાનની સ્તુતિ કરે છે. વિશ્વના દુઃખનું નિવારણુ કરવા માટે યોગનિદ્રાથી ભગવાન નેત્રો મીંચીને બિરાજે છે તેથી ભગવાનને માટે "हरिः"–હરિ શબ્દ વાપર્યો છે. આ શ્લોક સુધી બ્રહ્માના રાત્રિ–દિવસની વ્યવસ્થાનું વર્ણન કર્યું. ૩૧

एवंविधैरहोरात्रैः कालगत्योपलक्षितैः ॥
अपक्षितमिवास्यापि परमायुर्वयःशतम् ॥ ३२ ॥

અન્વયાર્થ—**कालगत्या**–કાલની ગતિથી, **उपलक्षितैः**–દેખાતા, **एवंविधैः**–એવા પ્રકારના, **अहोरात्रैः**–રાત્રિ–દિવસોથી, **परम्**–મોટામાં મોટું, **वयःशतम्**–સો વર્ષનું, **आयुः अपि**–આયુષ્ય પણ, **अस्य अपक्षितम् इव**–બ્રહ્માજીને ક્ષીણુ થતું લાગે છે, નાનું લાગે છે. ૩૨

અનુવાદ—કાલની ગતિથી જણાતા આવા પ્રકારના રાત્રિ–દિવસના માપથી મોટામાં મોટું સો વર્ષનું આયુષ્ય પણ બ્રહ્માજીને તદ્દન અલ્પ લાગે છે. ૩૨

તત્ત્વસુધા –'परमायुः'—"ચાર હજાર યુગનો' બ્રહ્માજીનો એક દિવસ થાય. આવા ૩૬૦ દિવસનું વર્ષ અને સો વર્ષનું બ્રહ્માજીનું આયુષ્ય મનાય, છતાં બ્રહ્માજીને આયુષ્ય ભગવત્સેવા માટે અલ્પ લાગે છે. બ્રહ્માજી આસક્તિથી વિશ્વરચના કરતા નથી પરંતુ ભક્તિ કરે છે. તેમને દીર્ઘજીવનની લાલસા નથી પરંતુ જીવન દ્વારા ભગવત્સેવાની વાંછા છે, તેથી જ તેમને આયુષ્ય અલ્પ લાગે છે. બ્રહ્માજીના આયુષ્યની "પર" એવી સંજ્ઞા છે. પર એટલે સર્વથી શ્રેષ્ઠ. ૩૨

यदर्धमायुषस्तस्य परार्धमभिधीयते ॥
पूर्वः परार्धोऽपक्रान्तो ह्यपरोऽद्य प्रवर्तते ॥ ३३ ॥

અન્વયાર્થ—**तस्य**-તેમના, **आयुषः**-આયુષ્યનું, **यत्**-જે, **अर्धम्**-અર્ધ તે, **परार्धम्**-પરાર્ધ, **अभिधीयते**-કહેવાય છે, તેમાંથી, **पूर्वः**-પહેલો, **परार्धः**-પરાર્ધ, **अपक्रान्तः**-ચાલ્યો ગયો, **अद्यः**-આજે, **अपरः**-બીજો, **प्रवर्तते**-(પરાર્ધ)ચાલે છે. ૩૩

અનુવાદ—બ્રહ્મના આયુષ્યનો જે અર્ધ ભાગ તે પરાર્ધ કહેવાય છે. તેમાંથી પહેલો ભાગ પૂરો થઈ ગયો. આજે બીજો ભાગ ચાલી રહેલ છે. ૩૩

તત્ત્વસુધા—“ पूर्वः परार्धोपक्रान्तः ”—૩૨ મા શ્લોકમાં બ્રહ્માજીના આયુષ્યની “ ૫૨ ” એવી સંજ્ઞા બતાવી છે. તે આયુષ્યનો અર્ધ ભાગ એટલે “ પરાર્ધ ” ભાગ. બ્રહ્માના આયુષ્યનાં પ્રથમનાં ૫૦ વર્ષ તે પૂર્વ પરાર્ધ અને પછીનાં ૫૦ વર્ષ તે દ્વિતીય પરાર્ધ કહેવાય. તેમ બે પરાર્ધમાંથી બ્રહ્માજી એક “ પરાર્ધ ” ભોગવી ચૂક્યા. હમણાં બીજો પરાર્ધ ચાલે છે. માટે સંકલ્પમાં द्वितीये परार्धे એવું બોલીએ છીએ. ૩૩

पूर्वस्यादौ परार्धस्य ब्राह्मो नाम महानभूत् ॥
कल्पो यत्राभवद्ब्रह्मा शब्दब्रह्मेति यं विदुः ॥ ३४ ॥

અન્વયાર્થ—**पूर्वस्य**-પૂર્વ, **परार्धस्य**-પરાર્ધના, **आदौ**-આદિમાં, **ब्राह्मः नाम**-બ્રાહ્મ નામનો, **महान् कल्पः**-મોટો કલ્પ, **अभूत्**-હતો, **यत्र**-જેમાં, **ब्रह्मा**-બ્રહ્મા, **अभवत्**-થયા, **यम्**-જેમને, **शब्दब्रह्म इति**-“ શબ્દબ્રહ્મ ” એવા નામથી, **विदुः**-કહે છે. ૩૪

અનુવાદ—પૂર્વ પરાર્ધના આદિમાં બ્રાહ્મ નામનો મોટો કલ્પ હતો. તેમાં જે બ્રહ્મા થયા તેમને “ શબ્દબ્રહ્મ ” નામથી કહે છે. ૩૪

તત્ત્વસુધા—“ બ્રાહ્મ ” કલ્પનો પરિચય આપે છે, પૂર્વપરાર્ધના આરંભમાં ભગવાન સ્વયં બ્રહ્મા થયા છે. આ કલ્પને બ્રાહ્મ કલ્પ કહે છે. આ કલ્પ એક દિવસનો ન હતો પરંતુ એક વર્ષનો હતો. ૩૪

तस्यैव चान्ते कल्पोऽभूद्यं पाद्ममभिचक्षते ॥
यद्धरेर्नाभिसरस आसील्लोकसरोरुहम् ॥ ३५ ॥

અન્વયાર્થ—**तस्य एव**-તેની જ અંતે, **कल्पः अभूत्**-જે કલ્પ થયો, **यम्**-જેમને, **पाद्मम्**-પાદ્મકલ્પ, **अभिचक्षते**-કહે છે. **यत्**-કારણ કે, **हरेः**-શ્રીહરિના, **नाभिसरसः**-નાભિસરોવરમાંથી, **लोकसरोरुहम्**-લોકરૂપ કમલ, **आसीत्**-થયું. ૩૫

અનુવાદ—અને તેની જ અંતે જે કલ્પ થયો તેને “ પાદ્મકલ્પ ” કહે છે. કારણ કે શ્રીહરિના નાભિકમલમાંથી લોકરૂપ કમલ થયું. ૩૫

તત્ત્વસુધા—પૂર્વપરાર્ધના અંતમાં જ પાદ્મકલ્પ થયો. पद्मेन कल्पते इति पद्मकल्पः-કમલથી ઉત્પન્ન થાય છે માટે “ પદ્મકલ્પ ” કહેવાય છે. ૩૫

अयं तु कथितः कल्पो द्वितीयस्यापि भारत ॥
वाराह इति विख्यातो यत्रासीत्सूकरो हरिः ॥ ३६ ॥

અન્વયાર્થ—**भारत**-હે ભારત ! આ તો, **वाराहः** વારાહ, **इति-अयम् तु** એ પ્રમાણે નામથી, **विख्यातः**-વિખ્યાત થયેલ. **द्वितीयस्य अपि कथितः**-બીજા પરાર્ધનો કલ્પ કહેલ છે. **यत्र**-જેમાં, **हरिः**-શ્રીહરિ, **सूकरः**-વરાહ, **आसीत्**-થયેલા. ૩૬

અનુવાદ—હે ભારત ! આ તો વરાહ નામથી પ્રસિદ્ધ થયેલો બીજા પરાર્ધનો પણ કલ્પ કહ્યો. એની અંદર હરિ સૂકર થયેલા. ૩૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં બીજા પરાર્ધનો પહેલો "સંવત્સર" કલ્પ વર્ણવ્યો છે. પહેલા પરાર્ધનો પહેલો વેદકલ્પ "બ્રાહ્મકલ્પ" છે. બીજા પરાર્ધનો પહેલો "વારાહકલ્પ" નામથી પ્રસિદ્ધ છે. આ કલ્પમાં શ્રીહરિ સૂકર થયેલા. પ્રથમ આદિવરાહકલ્પ, બીજો વારાહકલ્પ અને ત્રીજો શ્વેતવરાહકલ્પ છે. ૩૬

कालोऽयं द्विपरार्धाख्यो निमेष उपचर्यते ॥
अव्याकृतस्यानन्तस्य अनादेर्जगदात्मनः ॥ ३७ ॥

અન્વયાર્થ—**अयम्**-આ, **द्विपरार्धाख्यः**-બે પરાર્ધ નામનો, **कालः**-કાલ, **अव्याकृतस्य**-આવિર્ભાવરહિત, **अनादेः अनन्तस्य**-અનાદિ અનંત અને, **जगदात्मनः**-જગતના આત્માનો, **निमेषः**-નિમેષ, **उपचर्यते**-કહેવાય છે. ૩૭

અનુવાદ—આ બે પરાર્ધ નામનો કાલ એ તો આવિર્ભાવ રહિત તેમજ અનાદિ અનંત એવા જગતના આત્મા ભગવાનનો નિમેષ કાલ કહેવાય છે. ૩૭

તત્ત્વસુધા—આ બે પરાર્ધ નામનો કાલ અક્ષરના આયુષ્યનો નિમેષ કાલ છે. આ નિમેષ નયન ખોલી બંધ કરવાનો સમય છે. જો કે આ પ્રકારે ગણિત કરાય નહીં. કારણ કે આ અક્ષરબ્રહ્મ સંપૂર્ણ પ્રકારે હદરહિત છે. પરંતુ એક ઉપચાર–વ્યવહાર છે કે આ દ્વિપરાર્ધ કાલ અક્ષરબ્રહ્મનો નિમેષ છે. તેથી અક્ષરબ્રહ્મને "અવ્યાકૃત–અનાદિ–અનંત અને જગદાત્મ" એવાં ચાર વિશેષણ આપ્યાં છે. ૩૭

कालोऽयं परमाण्वादिर्द्विपरार्धान्त ईश्वरः ॥
नैवेशितुं प्रभुर्भूम्न ईश्वरो धाममानिनाम् ॥ ३८ ॥

અન્વયાર્થ—**परमाण्वादिः**-પરમાણુ વગેરેથી આરંભી, **द्विपरार्धान्तः**-બે પરાર્ધના નામનો, **ईश्वरः**-સમર્થ એવો, **अयम्**-આ, **कालः**-કાલ, **भूम्नः**-અક્ષરબ્રહ્મ ઉપર, **ईशितुम्**-સત્તા ચલાવવા, **न प्रभुः**-સમર્થ નથી. પરંતુ **धाम-मानिनाम्**-દેહાભિમાનીઓનો, **ईश्वरः**-ઈશ્વર છે. ૩૮

અનુવાદ—પરમાણુ વગેરેથી આરંભી બે પરાર્ધપર્યન્તનો આ સમર્થ કાલ અક્ષરબ્રહ્મ ઉપર અધિકાર ચલાવવા સમર્થ નથી પરન્તુ દેહના અભિમાનવાળાઓનો ઈશ્વર છે. ૩૮

તત્ત્વસુધા—આ શ્લોકથી સ્પષ્ટતા કરી પરમાણુ વગેરે માપથી લઈ બ્રહ્માજીના બે પરાર્ધના આયુષ્યના માપને ધરાવનાર આ કાલ "અક્ષરબ્રહ્મ" ઉપર સત્તા ચલાવી શકશે નહીં. શ્લોકમાં બે વખત આવતો ઈશ્વર શબ્દ ભિન્ન ભિન્ન અર્થનો વાચક છે તેથી પુનરુક્તિ નથી. ૩૮

विकारैः सहितो युक्तैर्विशेषादिभिरावृतः ॥
आण्डकोशो बहिरयं पञ्चाशत्कोटिविस्तृतः ॥ ३९ ॥
दशोत्तराधिकैर्यत्र प्रविष्टः परमाणुवत् ॥
लक्ष्यतेऽन्तर्गताश्चान्ये कोटिशो ह्यण्डराशयः ॥ ४० ॥

---

१. अण्डकोशो प्रा. पा

तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् ॥
विष्णोर्धाम परं साक्षात्पुरुषस्य महात्मनः ॥ ४१ ॥

અન્વયાર્થ—**युक्तैः**–ભેગા મળેલા, **विकारैः**–સોળ વિકારો, **सहितः**–સાથે, **बहिः**–બહારથી, **दश–उत्तर–अधिकैः**–એક પછી એક દશગણા મોટા છૂટા પડેલા, **विशेषादिभिः**–વિશેષ વગેરેથી, **आवृतः**–વીંટળાયેલો, **अयम्**–આ, **पञ्चाशत्–कोटि–विस्तृतः**–પચાસ કરોડના વિસ્તારવાળો, **आण्डकोशः**–આંડકોશ, **यत्र**–જેમાં, **प्रविष्टः**–પ્રવેશેલો, **परमाणुवत्**–પરમાણુ જેવો, **लक्ष्यते हि**–દેખાય છે; **च**–અને જેમાં, **अन्ये**–બીજા, **कोटिशः**–કરોડો, **अण्डराशयः**–બ્રહ્માંડના અંડકોશો, **अन्तर्गताः**–જેમાં પ્રવેશેલા છે, **तत्**–તેને, **अक्षरम्**–અક્ષર, **ब्रह्म**–બ્રહ્મ, **आहुः**–કહે છે; **सर्व–कारण–कारणम्**–તે સર્વ કારણોનું કારણ છે; **महात्मनः–पुरुषस्य विष्णोः**–તે મહાત્મા પરમ પુરુષ વિષ્ણુનું, **साक्षात् परम्–धाम**–સાક્ષાત્ પરમ ધામ છે. ૩૯–૪૧

અનુવાદ—ભેગા મળેલા સોળ વિકારો સાથેનો, બહારથી એક પછી એક દશગણા મોટા છૂટા પડેલા વિશેષ વગેરેથી વીંટાએલો આ બ્રહ્માંડકોશ પચાસ કરોડ વિસ્તારવાળો છે. જે અક્ષરબ્રહ્મમાં પ્રવેશેલો પરમાણુ જેવો લાગે છે અને બીજા કરોડો બ્રહ્માંડના સમૂહ જેમાં પ્રવેશ કરી અંદર રહેલા પરમાણુ જેવા દેખાય છે. આ બધા જેમાં પ્રવેશેલા છે તેને અક્ષરબ્રહ્મ કહે છે. તે સર્વ કારણોનું કારણ છે વળી તે મહાત્મા પરમપુરુષ વિષ્ણુનું પરમ ધામ છે. ૩૯–૪૧

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકમાં ચાલુ પ્રસંગનો ઉપસંહાર કરે છે–બ્રહ્માંડકોશ કેટલા માપનો અને કેટલાં તત્ત્વવાળો છે તેનું નિરૂપણ છે. તેમજ આવાં કોટિ બ્રહ્માંડો જેમાં સમાયેલ છે તે અક્ષરબ્રહ્મનું નિરૂપણ છે. જે અક્ષરબ્રહ્મ ભગવાનનું ધામ છે.

'युक्तैः विकारैः सहितः'—ભેગા મળેલા વિકારો સાથેનો આ બ્રહ્માંડકોશ છે. આ વાક્યમાં 'યુક્ત' શબ્દનો અર્થ "ભેગા મળેલા" અને "વિકાર" શબ્દનો અર્થ સોળ વિકાર (અગીઆર ઇન્દ્રિયો અને પંચ મહાભૂતો) કરવો. ઘણા આચાર્યો યુક્ત શબ્દથી પંચતન્માત્રા, પ્રકૃતિ, મહાન અને અહંકાર એમ આઠ વસ્તુઓનું ગ્રહણ કરે છે.

વળી सहितो युक्तैः વાક્યમાં 'યુક્ત' અને 'અયુક્ત' એવાં બે પદો પણ નીકળે છે. તો દેહલીદીપક ન્યાયથી युक्तैः विकारैः ભેગા મળેલા વિકારોથી अयुक्तैः विशेषादिभिः છૂટા પડેલા પૃથ્વી વગેરેથી વીંટાએલો આ બ્રહ્માંડકોશ વચ્ચે પચાસ કરોડના વિસ્તારવાળો છે. અથવા બહારથી જ પચાસ કરોડના વિસ્તારવાળો છે.

જ્યોતિઃશાસ્ત્રમાં ભૂગોલ, ખગોલ, દગ્ગોલ, નક્ષત્રગોલ, આવરણગોલ અને અંડગોલ (બ્રહ્માંડનો ગોલ) એમ છ ગોલ વર્ણવેલા છે. પંચમ સ્કંધમાં વર્ણવેલ વિષમ ગોલ જે ઇંડાના આકારનો છે તે જ આ સમજવો. એમ જુદો પણ સમજવો.

કારણ કે પદ્મકલ્પમાં કમલ પચાસ કરોડના વિસ્તારવાળું છે. વરાહકલ્પમાં ભૂમિ જ તેટલા વિસ્તારવાળી છે. એટલે આમ કલ્પભેદોના કારણે પરસ્પર કોઈ વિરોધ નથી.

આ વર્ણવેલ બ્રહ્માંડ "અક્ષરબ્રહ્મ"ની હદ બાંધી ન શકે; કારણ કે આ પચાસ કરોડના વિસ્તારવાળા બ્રહ્માંડ કરતાં दशोत्तराधिकैः દશ ઘણા વિસ્તારવાળી પૃથ્વી છે. અથવા બ્રહ્માંડનો જ અર્થ પૃથ્વી કરીએ તો તેના કરતાં જલ વગેરે આવરણો દશ દશગણાં છે. આવાં કોટિશ અંડો જેમાં સમાય છતાં જે પરમાણુ જેવાં જ લાગે છે. તો પછી તે અક્ષરબ્રહ્મની હદ કેમ આંકી શકાય? આ અક્ષરબ્રહ્મ ભગવાનું ધામ છે. ૩૯–૪૧

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો અગિયારમો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૨ મો

શ્લોક સંખ્યા ૫૬

અગિયારમા અધ્યાયમાં ૪૧ શ્લોકોમાં ત્રણ પ્રકારના કાલનું નિરૂપણ કર્યું છે. બારમા અધ્યાયમાં "બુદ્ધિષ્ટિ"નું નિરૂપણ કરે છે. આ બુદ્ધિ સાધારણ જીવોની છે. વળી તે આઠ પ્રકારની બુદ્ધિસૃષ્ટિથી આઠ પ્રકારની ર્ણવાય છે.

૧ પ્રાકૃત બુદ્ધિ પ્રથમ છે. જેમાં તામિસ્ર, અંધતામિસ્ર એવી અવિદ્યાસૃષ્ટિ વર્ણવી છે.
૨ જ્ઞાનવળી બુદ્ધિ બીજી છે જેમાં સનતકુમારોની સૃષ્ટિ છે.
૩ શ્રેષ્ઠ બુદ્ધિ ત્રીજી છે. જેમાં ભવસૃષ્ટિ છે અને ભગવાનની આજ્ઞાનું પાલન કરી સેવા કરવા તત્પર છે.
૪ ભગવદાજ્ઞાપાલક બુદ્ધિ ચોથી છે. દક્ષ પ્રજાપતિઓની જેમાં સૃષ્ટિ છે.
૫ વ્યામોહિકા બુદ્ધિ પાંચમી છે, જેમાં સરસ્વતીની ઉત્પત્તિ છે.
૬ શ્રુતિર્નિષ્ણાત બુદ્ધિ છઠ્ઠી છે. જે સૃષ્ટિમાં વેદોનો પ્રાદુર્ભાવ છે.
૭ વેદાર્થનિષ્ણાત બુદ્ધિ સાતમી છે. જે સૃષ્ટિમાં વેદોના અર્થરૂપ યોગઉપાસનાનો નિર્દેશ છે.
૮ ઉત્તમા બુદ્ધિ આઠમી છે. જેમાં મનુસૃષ્ટિ છે અને ભગવાનની ક્રીડા કરવાની ઇચ્છાને તે પૂરનારી છે.

બ્રહ્માજીએ પ્રથમ સનત્કુમારોની માનસ સૃષ્ટિ કરી ત્યાર પછી દૈહિકી સૃષ્ટિ કરી જેમાં મનુ–શતરૂપાની ઉત્પત્તિ છે. આ બન્નેની મળી આઠ પ્રકારની સૃષ્ટિ છે, જે ઉપર સમજાવી છે.

मैत्रेय उवाच–इति ते वर्णितः क्षत्तः कालाख्यः परमात्मनः ।।
महिमा वेदगर्भोऽथ यथास्राक्षीन्निबोध मे ।। १ ।।

અન્વયાર્થ—**क्षत्तः**–વિદુરજી ! **इति**–એ પ્રમાણે, **परमात्मनः**–પરમાત્માનો, **कालाख्यः**–કાલ નામનો, **महिमा**–મહિમા, **ते**–તમારે માટે, **वर्णितः**–વર્ણવ્યો, **अथ**–હવે, **वेदगर्भः**–વેદગર્ભ બ્રહ્માજીએ, **यथा**–જે રીતે, **अस्राक्षीत्**–સૃષ્ટિ રચી તે, **मे**–મારી પાસેથી, **निबोध**–સાંભળો. ૧

અનુવાદ—મૈત્રેય બોલ્યા : હે જિતેન્દ્રિય વિદુરજી ! એ રીતે મેં પરમાત્માના મહિમાનું તમારી પાસે વર્ણન કર્યું. હવે વેદગર્ભ–બ્રહ્માજીએ જે પ્રકારે સૃષ્ટિનું નિર્માણ કર્યું તે મારી પાસેથી સાંભળો. ૧

તત્ત્વસુધા—"इति ते वर्णितः" આ શ્લોકમાં અગિયારમા અધ્યાયનો ઉપસંહાર અને બારમા અધ્યાયના વિષયનો ઉપક્રમ કરે છે.

બ્રહ્માજી ભગવાનનો ગુણાવતાર છે. કાલ પણ ભગવાનો ગુણમહિમા છે. અગીઆરમા અધ્યાયમાં કાલનું નિરૂપણ કર્યું છે. બારમા અધ્યાયમાં કાલથી જુદા પ્રકારની સૃષ્ટિનું નિરૂપણ છે. જે સૃષ્ટિ આઠ પ્રકારની છે તેને કહેવાની શરૂઆત કરે છે.

વેદને અનુસરનારી સૃષ્ટિ બ્રહ્માએ રચી. કાલને અનુસરનારી કાલે રચી. ભગવાનની કૃપાદૃષ્ટિથી તે ભગવાનની લીલારૂપ બની છે. ૧

ससर्जाग्रेऽन्धतामिस्रमथ तामिस्रमादिकृत् ।।
महामोहं च मोहं च तमश्चाज्ञानवृत्तयः ।। २ ।।

અન્વયાર્થ—आदिकृत्-આદિકર્તા બ્રહ્માએ, **अग्रे**-સૌથી પ્રથમ, **अन्धतामिस्रम्**-અંધતામિસ્રને **अथ तामिस्रम्**-પછી તામિસ્રને, **महामोहम्**-મહામોહને, **मोहम् च**-મોહને અને, **तमः**-તમને, **इति**-એ પ્રકારે, **अज्ञान-वृत्तयः**-અજ્ઞાની વૃત્તિઓ, **ससर्ज**-રચ્યા. ૨

અનુવાદ—આદિકર્તા બ્રહ્માજીએ સૌથી પ્રથમ અન્ધત્તામિસ્રને, પછી તામિસ્રને, મહામોહને મોહને અને તમસને એવી અજ્ઞાનની વૃત્તિઓ રચી. ૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં અવિદ્યા જેની દેવતા છે એવી પાંચ પ્રકારની સૃષ્ટિ બતાવે છે. આઠ પ્રકારની સૃષ્ટિમાં આ "પ્રાકૃત બુદ્ધિ" પ્રથમ સૃષ્ટિ છે—

"अन्धतामिस्र"—એટલે અંધારું અને અજ્ઞાનનું મિશ્રણ. કોઈ પણ પદાર્થનું જ્ઞાન કરવું હોય તો "વિષય અને પ્રમાતા" બે વસ્તુ જોઈએ. આંખથી "ઘડો" જોવો છે. ઘડાનો જાણનાર પુરુષ "પ્રમાતા" કહેવાય, અને "ઘડો" વિષય કહેવાય. હવે પુરુષને જ્ઞાન કરનાર "નયન—આંખ" અને ઘડાનું જ્ઞાન કરાવનાર તેજ—અજવાળું આ બે જ્યાં ન હોય ત્યાં "अन्धतामिस्र" કહેવાય.

"तामिस्र"—પોતાના સ્વરૂપનું અને વિષયનું યથાર્થ જ્ઞાન હોવા છતાં "તીવ્ર કામનારૂપ બુદ્ધિ થાય" તેને તામિસ્ર કહે છે. જ્યાં વિષયમાં મોહ હોય છે પરંતુ પુરુષમાં મોહ નથી હોતો.

"महामोह"—વિષય અને પોતે એક છે એવી સમજવાળી બુદ્ધિ "મહામોહ" કહેવાય છે. હું અને દેહ ભિન્ન છીએ છતાં "હું દેહ છું" એવી સમજ "મહામોહ કહેવાય."

"मोहः"—આ મારું છે એવી "મતિ" મોહ કહેવાય.

"तमः"—એટલે તો અજ્ઞાન. હું કોણ છું એ જ્ઞાન જેને નથી તે તમઃ છે.

સંક્ષેપમાં તમઃ એટલે અવિવેક; મોહ એટલે અન્તઃકરણનો વિભ્રમ; મહામોહ એટલે વિષયસુખની વાંછા, તામિસ્ર એટલે ક્રોધ, અન્ધતામિસ્ર એટલે મૃત્યુ.

ભાવ એવો છે કે સ્વરૂપનું અજ્ઞાન થયું તે "તમઃ" કહેવાય. પછી "દેહ"માં અહંમતિ થાય તે "મોહ" કહેવાય. બાદ વિષયભોગની તીવ્રલાલસાથી "મહામોહ" ઉત્પન્ન થાય છે. જો તે લાલસા રોકાય તો "તામિસ્ર" એટલે ક્રોધ થાય છે. બાદ વસ્તુ નાશ પામતાં હું જ નાશ પામ્યો એવું દુઃખ થાય છે તે "અન્ધતામિસ્ર" કહેવાય છે. ૨

ભગવાન પાતંજલ આ વસ્તુને અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ કહે છે. શ્રી વિષ્ણુ સ્વામીજી આ વસ્તુને અજ્ઞાન, વિપર્યાસ, ભેદ અને શોક કહે છે. ૨

दृष्ट्वा पापीयसीं सृष्टिं नात्मानं बह्वमन्यत ॥
भगवद्ध्यानपूतेन मनसान्यांस्ततोऽसृजत् ॥ ३ ॥

सनकं च सनन्दं च सनातनमथात्मनः ॥
सनत्कुमारं च मुनीन् निष्क्रियानूर्ध्वरेतसः ॥ ४ ॥

અન્વયાર્થ—पापीयसीम्-પુષ્કળ પાપી, **सृष्टिम्**-સૃષ્ટિને, **दृष्ट्वा**-નિહાળીને, **आत्मानम्**-બ્રહ્માજી-પોતાને, **बहु न अमन्यत**-અનાદર કરવા લાગ્યા, **ततः**-ત્યાર બાદ, **भगवद्-ध्यान-पूतेन**-ભગવાનના ધ્યાનથી પવિત્ર થયેલ, **मनसा**-મનદ્વારા, **आत्मभूः**-સ્વયંભૂ બ્રહ્માજીએ, **अथ**-પછી, **निष्क्रियान्**-ક્રિયાઓથી રહિત, **ऊर्ध्व-रेतसः**-નૈષ્ઠિક બ્રહ્મચારી એવા, **सनकं च सनन्दं च**-સનકને, સનન્દને અને, **सनातनम्**-સનાતન, **च सनत्-कुमारम्**-સનત્કુમાર, **मुनीन्**-મુનિઓને, **असृजत्**-પ્રગટ કર્યા. ૩, ૪

અનુવાદ—પુષ્કળ પાપી એવી સૃષ્ટિને નિહાળીને બ્રહ્માજી પોતાનો અનાદર કરવા લાગ્યા. ત્યાર બાદ ભગવાનના ધ્યાનથી પવિત્ર થયેલ મન દ્વારા સ્વયંભૂ બ્રહ્માજીએ પુનઃ ક્રિયારહિત, નૈષ્ઠિક બ્રહ્મચારી એવા સનન્દ, સનન્દન સનાતન અને સનત્કુમાર નામના મુનિઓ રચ્યા. ૩, ૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં "જ્ઞાનબુદ્ધિવાળી" બીજી સૃષ્ટિનું નિરૂપણ છે—

"**दृष्ट्वा**" બ્રહ્માજીને પોતાનું પ્રથમ નિર્માણ ન ગમ્યું. વિવેકશીલ "વાક્ય બોલી જાય કે કાર્ય કરી જાય" પરંતુ જ્યારે તે અનુચિત લાગે ત્યારે પરિતાપ કરે અને તેને ત્યજી દે. પરંતુ તેટલાથી ન અટકતાં ભગાવનનું ધ્યાન કરવું, તેથી મનોવિશુદ્ધિ થાય.

બ્રહ્માજીએ ભગવદ્ધ્યાનથી મનોવિશુદ્ધિ કરી. ત્યાર પછી "पंचपर्वा"–પાંચપર્વવાળી વિદ્યાની સૃષ્ટિ કરી. ઉપરના શ્લોકમાં પાંચપર્વવાળી અવિદ્યા સૃષ્ટિ કરી હતી તેથી ખિન્ન થયેલા. હવે અવિદ્યાથી વિરુદ્ધ પંચપર્વવાળી વિદ્યાસૃષ્ટિ રચે છે. "સાંખ્ય, યોગ વૈરાગ્ય, તપ અને ભક્તિ" આ પાંચ વિદ્યાતત્ત્વોનાં ચાર સનત્કુમારો અને પાંચમાં નારદ એવાં પાંચ સ્વરૂપો રચ્યાં.

સનત્કુમારોનો બ્રાહ્મકલ્પમાં આવિર્ભાવ થા છે અને નારદજી સકલ કલ્પોમાં અવતરે છે.

मुनीन्—ચારે સનત્કુમારોમાં "મનન, નિવૃત્તિધર્મપરાયણતા અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય" આવા ત્રણ ધર્મો હતા તેથી "મુનિ નિષ્ક્રિય ઊર્ધ્વરેતસ્" એવાં ત્રણ વિશેષણ આપ્યાં. ચાર કુમારોમાં "સનતકુમાર" ઉત્તમ-કક્ષાના છે તે સૂચવવા "अथात्मभूः" એવું પદ મૂકીને પ્રથમ ત્રણ દર્શાવ્યા પછી સનત્કુમારને અલગ દર્શાવ્યા. ૩, ૪

तान् बभाषे स्वभूः पुत्रान् प्रजाः सृजत पुत्रकाः ॥
तनैच्छन्मोक्षधर्माणो वासुदेवपरायणाः ॥ ५ ॥

અન્વયાર્થ—**स्वभूः**-સ્વયંભૂ બ્રહ્માજીએ, **तान्**-તે, **पुत्रान्**-પુત્રોને, **बभाषे**-કહ્યું કે, **पुत्रकाः**-હે પુત્રો, **प्रजाः**-પ્રજાને, **सृजत**-ઉત્પન્ન કરો, **मोक्षधर्माणः**-મોક્ષધર્મવાળા, **वासुदेवपरायणाः**-વાસુદેવમાં પરાયણ તે કુમારો, **तत्**-તે કાર્યને, **न ऐच्छन्**-ચાહતા ન હતા. ૫

અનુવાદ—સ્વયંભૂ બ્રહ્માજીએ તે પુત્રોને કહ્યું કે હે પુત્રો ! તમે પ્રજાની ઉત્પત્તિ કરો, પરંતુ તેઓ મોક્ષધર્મમાં રસવાળા અને વાસુદેવપરાયણ હોવાથી તેમ કરવા ચાહતા ન હતા. ૫

તત્ત્વસુધા—"तान् बभाषे स्वभूः"—બ્રહ્માજીએ ચાર કુમારોને "સૃષ્ટિનિર્માણની" આજ્ઞા કરી. તેઓ માનસ હતા તેથી માનસ સૃષ્ટિ રચવાનું જ વિધાન કર્યું. જે સૃષ્ટિ ભગવાનની સેવામાં ઉપયોગી નીવડે તેવી સૃષ્ટિ-રચનાનો આદેશ હતો.

"**मोक्षधर्माणः**"—પરંતુ મોક્ષમાર્ગમાં રસ હોવાથી અને વાસુદેવમાં ઓતપ્રોત હોવાથી તે તેમણે ન સ્વીકાર્યું. બ્રહ્માજીએ ઘણા જ વહાલથી વિધાન કરેલું તેથી "पुत्रकाः" એવું સંબોધન કરેલું છે. ૫

सोऽवध्यातः सुतैरेवं प्रत्याख्यातानुशासनैः ॥
क्रोधं दुर्विषहं जातं नियन्तुमुपचक्रमे ॥ ६ ॥

અન્વયાર્થ—**प्रत्याख्याता-अनुशासनैः**-આજ્ઞાનો સ્વીકાર ન કરનાર તે, **सुतैः**-પુત્રોથી, **एवम्**-એ પ્રમાણે, **अवध्यातः**-અનાદર પામેલા, **सः**-તે બ્રહ્માજી, **जातम्**-ઉત્પન્ન થએલા, **दुर्विषहम्**-અસહ્ય, **क्रोधम्**-ક્રોધને, **नियन्तुम्**-કાબૂમાં લેવા, **उपचक्रमे**-પ્રયત્ન કરવા લાગ્યા. ૬

અનુવાદ—પોતાની આજ્ઞાનો નિષેધ કરનાર તે પુત્રોથી એ પ્રમાણે અનાદર પામેલ બ્રહ્માજી ઉત્પન્ન થએલા પોતાના અસહ્ય ક્રોધને રોકવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. ૬

તત્ત્વસુધા—"प्रत्याख्यातानुशासनैः"—પ્રત્યાખ્યાત શબ્દનો "અસ્વીકાર" અથવા "ના પાડવી". એવો અર્થ થાય. अनुशासन એટલે આજ્ઞા. પુત્રોએ પિતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. બ્રહ્માજીની આજ્ઞા યોગ્ય જ હતી, છતાં ન સ્વીકારી તેથી ક્રોધ થયો. ઉત્તમ પુરુષોનો ક્રોધ "ક્ષણિક" હોય છે. બ્રહ્માજીએ જો ક્રોધ શાન્ત ન કર્યો હોત તો પુત્રો પ્રત્યે શાપ, ઠપકો કે અભાવ એવું વ્યક્ત થાત પણ નથી થયું એ જ "પિતાના હૃદયનું વાત્સલ્ય." ૬

धिया निगृह्यमाणोऽपि भ्रुवोर्मध्यात्प्रजापतेः ॥
सद्योऽजायत तन्मन्युः[1] कुमारो नीललोहितः ॥ ७ ॥

અન્વયાર્થ—**धिया**-બુદ્ધિથી, **निगृह्यमाणः अपि**-રોકવામાં આવેલ છતાં, **तन्मन्युः** તે ક્રોધ, **प्रजापतेः**-પ્રજાપતિના, **भ्रुवोः**-બે ભ્રમરોની, **मध्यात्**-મધ્યમાંથી, **सद्यः**-તરત જ, **नीललोहितः**-ભૂખરા રંગના, **कुमारः**-કુમારરૂપે, **अजायत**-ઉત્પન્ન થયો. ૭

અનુવાદ—બુદ્ધિપૂર્વક રોકવામાં આવેલ છતાં તે ક્રોધ બ્રહ્માજીની બે ભમરની મધ્યમાંથી તરત જ ભૂખરા રંગના કુમારરૂપે પ્રકટ થયો. ૭

તત્ત્વસુધા—"धिया निगृह्यमाणोऽपि" ઉત્પન્ન થનારા ક્રોધને "જ્ઞાન અને ક્રિયાથી" રોકવો જોઈએ. જ્ઞાન અને ક્રિયા એ બે મનનાં કાર્ય છે. જ્ઞાનથી ક્રોધને રોકયો. ક્રિયાથી ન રોકી શકયા. જો ક્રોધ બહાર પ્રકટ થાય તો બીજાનો નાશ કરે છે, પોતામાં રહે તો પોતાનો નાશ કરે છે.

भ्रुवोर्मध्यात् ભ્રૂકુટિ ભગવાનનું આજ્ઞાચક્ર છે. બ્રહ્માજીએ ભગવાનની આજ્ઞાથી જ સૃષ્ટિ રચવા માંડી હતી. ચાર કુમારોને તેથી જ વિધાન કર્યું હતું. કુમારોએ ન માન્યુ એટલે બ્રહ્માએ ભગવાનના આજ્ઞાચક્ર ભ્રૂકુટિને તે ક્રોધ સોંપ્યો. તેમાંથી સદ્યોજાત નીલલોહિત પ્રકટ થયા. "**सद्योजातं प्रपद्यामि शंकरं नीललोहितम्**" એવું શ્રુતિવચન છે. "લોહિત એટલે રહેજ લાલ અને "નીલ" એટલે ભગવાનનો શ્યામ રંગ. આ બે રંગો ભેગા થયા તેથી "નીલલોહિત" પ્રકટ થયા. ૭

स वै रुरोद देवानां पूर्वजो भगवान्भवः ॥
नामानि कुरु मे धातः स्थानानि च जगद्गुरो ॥ ८ ॥

અન્વયાર્થ—**देवानाम् पूर्वजः**-દેવોના પૂર્વજ, **सः**-તે, **भगवान्**-ભગવાન, **भवः**-ભવ, **वै रुरोद**-ખરેખર રોવા લાગ્યા અને બોલ્યા, **धातः**-હે વિધાતા, **जगद्गुरो**-હે જગદ્ગુરુ, **मे**-મારાં, **नामानि**-નામ, **च**-અને, **स्थानानि**-નિવાસસ્થાન, **कुरु**-આપ કરો. ૮

અનુવાદ—દેવોના પૂર્વજ તે ભગવાન ભવ ખરેખર રડવા લાગ્યા. તેમજ બોલ્યા કે હે પિતાજી! હે જગદ્ગુરુ! આપ મારાં નામ પાડો અને સ્થાન આપો. ૮

તત્ત્વસુધા—"स वै रुरोद"–"ભગવાન ભવ" પ્રકટ થયા અને રડયા. આ રુદન "બાળક"ના જેવું નથી. લૌકિક બાળક જન્મ લેતાં જ રુદન કરે છે. પરંતુ પ્રાણીઓની પીડા જોઈ કરુણામય ભવ ભગવાને રુદન કર્યું તેથી તેઓની "રુદ્ર" સંજ્ઞા થઈ. રુદ્ર શબ્દનો અર્થ ભવરોગોને દૂર કરનાર એવો થાય છે.

---

१. तन्मन्योः प्रा. पा.

'**धाता जगद्गुरो**'–બ્રહ્માજી ધાતા અને જગદ્‌ગુરુ છે. ધાતા હોવાથી સ્થાન માગ્યું અને જગદ્‌ગુરુ હોવાથી નામ પાડવા વિનંતિ કરી. પિતાનો જ અધિકાર "નામકરણ"નો છે એવો આશય દર્શાવ્યો.

"**भवः**" અહંકારનું પ્રતીક છે. અહંકાર વિના કદી સૃષ્ટિ થાય જ નહીં. તેથી જ ભવની આવશ્યકતા સર્વત્ર છે. ૮

इति तस्य वचः पाद्मो भगवान्परिपालयन् ॥
अभ्यधाद्भद्रया वाचा मा रोदीस्तत्करोमि ते ॥ ९ ॥

અન્વયાર્થ—इति–એ પ્રમાણે, **तस्य**–તે રુદ્રના, **वचः**–વચનને, **परिपालयन्**–સ્વીકારતા, **भगवान्**–ભગવાન, **पाद्मः**–બ્રહ્માજી, **भद्रया**–મંગલ, **वाचा**–વાણીથી, **अभ्यधात्**–બોલ્યા કે, **मा रोदीः**–ન રડશો હું, **ते**–તમારાં, **तत्**–નામ અને સ્થાન, **करोमि**–કરું છું. ૯

અનુવાદ—એ પ્રમાણે રુદ્રના વચનને સ્વીકારતા ભગવાન બ્રહ્માજી મધુર વાણીથી બોલ્યા કે ન રડશો હું તમારાં નામ ને સ્થાન કરું છું. ૯

તત્ત્વસુધા—"अभ्यधाद्भद्रया वाचा"—ભદ્ર વાણીથી રડતા બાળકને શાંત કરવો. જીવનો સામાન્ય સ્વભાવ છે કે બાલક હઠ કરે, રડે કે અનુચિત માંગણી કરે ત્યારે માવતર ગુસ્સો કરે; પરંતુ બ્રહ્માજી તે ગુસ્સાને શમાવવાનું શીખવે છે. બાળકને મધુર વાક્યથી મનાવવો અને એની ઉચિત માગણીને પૂર્ણ કરવી. બ્રહ્માજીએ રુદ્રને કહ્યું રડો મા, હું તમારી માગણી પૂરીશ. ૯

यदरोदीः सुरश्रेष्ठ सोद्वेग इव बालकः ॥
ततस्त्वामभिधास्यन्ति नाम्ना रुद्र इति प्रजाः ॥ १० ॥

અન્વયાર્થ—सुरश्रेष्ठ–હે સુરશ્રેષ્ઠ, **यत्**–જે કારણથી. **सोद्वेगः**–ખેદ યુક્ત, **बालकः इव**–બાળકની માફક, **अरोदीः**–તમે રડયા, **ततः**–તેથી, **प्रजाः**–પ્રજાજનો, **त्वाम्**–તમને, **रुद्रः**–રુદ્ર, **इति नाम्ना**–એવા નામથી, **अभिधास्यन्ति**–બોલાવશે. ૧૦

અનુવાદ—હે સુરશ્રેષ્ઠ! જે કારણથી ઉદ્વેગવાળા બાળકની જેમ તમે રડયા તે કારણથી લોકો તમને 'રુદ્ર' એવા નામે બોલાવશે. ૧૦

તત્ત્વસુધા—सुरश्रेष्ठ! બ્રહ્માજી ભગવાનને સુરશ્રેષ્ઠ સંબોધન કરે છે. આ સુરશ્રેષ્ઠ બીજા રુદ્રોથી શ્રેષ્ઠ છે. અન્ય રુદ્ર દેવો છે, આ સર્વશ્રેષ્ઠ દેવ છે. હવે બ્રહ્માજીએ "રુદ્ર" નામ કેવલ રુદનના અનુકરણથી જ પાડયું છે. **सोद्वेगः** આ વાક્યમાં "ઇવ" અવ્યય વાપરીને સૂચવ્યું કે આ રુદન બાળકના જેવું હતું. તાત્પર્ય કે પોતાના દુઃખથી બાળક રડે છે તેવું આ નથી. પરંતુ પ્રાણીપીડાનું દયામય રુદન છે.

રુદનમાં "માનસિક, વાચિક અને કાયિક" ત્રણ ક્રિયાઓ થાય છે. અશ્રુ કાયિક ક્રિયા છે. શબ્દ અને શ્વાસવૃદ્ધિ વાચિક ક્રિયા છે, વ્યથા માનસિક ક્રિયા છે. તેથી રુદનનું મૂલ્યાંકન અલ્પ ન આંકવું તેમજ તેને રોકવા વિલંબ ન કરવો. ૧૦

हृदिन्द्रियाण्यसुर्व्योम वायुरग्निर्जलं मही ॥
सूर्यश्चन्द्रस्तपश्चैव स्थामान्यग्रे कृतानि मे[1] ॥ ११ ॥

---

[1] ते प्रा. पा.

અન્વયાર્થ—**हृद्**-હૃદય, **इन्द्रियाणि**-ઇન્દ્રિયો, **असुः**-પ્રાણ, **व्योम**-આકાશ, **वायुः**-વાયુ, **अग्निः**-અગ્નિ, **जलम्**-જલ, **मही**-પૃથ્વી, **सूर्यः**-સૂર્ય, **चन्द्रः**-ચન્દ્ર, **च**-અને, **तपः**-તપ એ, **स्थानानि**-તમારાં નિવાસસ્થાનો, **अग्रे एव**-પ્રથમથી જ, **मे**-મેં, **कृतानि**-રચ્યાં છે. ૧૧

અનુવાદ—હૃદય, ઇન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર અને તપ એ તમારાં નિવાસ્થાનો મેં પ્રથમથી જ રચ્યાં છે. ૧૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં રુદ્રનાં અગીઆર નિવાસસ્થાનો દર્શાવ્યાં છે—

આ અગીઆર સ્થાનોમાં હૃદય, ઇન્દ્રિયો અને પ્રાણ એ ત્રણ (૩) જીવોની અંદર રહેનારાં છે. આકાશ વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી એ પાંચ (૫) બહાર રહેનારાં છે. સૂર્ય, ચન્દ્ર એ બે (૨) બહારનાં સ્થાન છે તપ એ એક (૧) અંદરનું સ્થાન છે. સરવાળે અગીઆર સ્થાન રુદ્રનાં થયાં.

જ્યારે રુદ્રનો અર્થ ક્રોધ કરીએ તો તેની ઉત્પત્તિનો અને પછી ક્યાં ક્યાં પ્રકટ થાય છે તેનો ક્રમ બતાવ્યો.

પ્રથમ હૃદયમાં ક્રોધ પ્રકટે, ત્યાર બાદ નેત્ર વગેરે ઇન્દ્રિયમાં પ્રકટ થાય છે. જ્યારે તે પુષ્કળ વધે છે ત્યારે શ્વાસોચ્છ્વાસમાં વ્યક્ત થાય છે, નાસિકાનાં છિદ્રો ફૂલી જાય છે. આખરે પંચભૂતનું બનેલ સમગ્ર શરીર તપી જાય છે. સૂર્યમાં તે દાહકરૂપે રહેલ છે, ચન્દ્રમાં હિમ પડીને બાળવાની પ્રકૃતિરૂપે ક્રોધ રહે છે અને તપમાં શાપ આપવાના સ્વરૂપે રહે છે. ૧૧

मन्युर्मनुर्महेशानो महान् शिवः [1]क्रतुध्वजः ॥
[2]उग्ररेता भवः कालो वामदेवो धृतव्रतः ॥ १२ ॥

અન્વયાર્થ—**मन्युः**-મન્યુ, **मनुः**-મનુ, **महेशानः**-મહેશાન, **महान्**-મહાન, **शिवः**-શિવ, **क्रतुध्वजः** ક્રતુધ્વજ, **उग्ररेता**-ઉગ્રરેતા, **भवः**-ભવ, **कालः**-કાલ, **वामदेवः**-વામદેવ, **धृतव्रतः**-ધૃતવ્રત આ તમારાં નામો છે. ૧૨

અનુવાદ—હે રુદ્ર, મન્યુ, મનુ, મહેશાન, મહાન, શિવ, ક્રતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાલ, વામદેવ અને ધૃતવ્રત આ તમારાં નામો છે. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં રુદ્રનાં અગીઆર નામો વર્ણવ્યાં છે. **महेशानः** ને બદલે **महिनसः** એવો પણ પાઠ છે. **उग्ररेताः** ને બદલે **ऊर्ध्वरेताः** એવો પણ પાઠ છે. આ પાઠ શ્રુતિમાં પણ મળે છે. **चकार ऊर्ध्वरेतं विरूपाक्षम्** એવું શ્રુતિવાક્ય છે. ૧૨

[3]धीर्वृत्तिरुशनोमा च नियुत्सर्पिरिलाऽम्बिका ॥
इरावती-सुधा-दीक्षा-रुद्राण्यो रुद्र ते स्त्रियः ॥ १३ ॥

અન્વયાર્થ—**रुद्र**-હે રુદ્ર ! **धीः**-ધી, **वृत्तिः**-વૃત્તિ, **उशना**-ઉશના, **उमा**-ઉમા, **नियुत्**-નિયુત્, **सर्पिः**-સર્પિ, **इला**-ઇલા, **अम्बिका**-અમ્બિકા, **च**-અને, **इरावती-सुधा-दीक्षा-रुद्राण्यः**-ઇરાવતી, સુધા, દીક્ષા, રુદ્રાણીઓ, **ते**-તમારી, **स्त्रियः**-સ્ત્રીઓ છે. ૧૩

અનુવાદ—હે રુદ્ર, ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત્, સર્પિ, ઇલા, અમ્બિકા, ઇરાવતી, સુધા અને દીક્ષા, એ રુદ્રાણીઓ તમારી સ્ત્રીઓ છે. ૧૩

---

१. क्रतुध्वजः इति प्रा. पा., २– ऊर्ध्वरेता इति प्रा. पा. ३. धीर्वृत्तिरसरोमा च निजसर्पि० प्रा. पा.

તત્ત્વસુધા—આ શ્લોકમાં રુદ્રની અગીઆર પત્નીઓનાં નામ દર્શાવ્યાં છે. આકૃતિ દ્વારા નામ ગ્રહણ થાય છે. તેથી રુદ્રને અગીઆર આકૃતિઓ ગ્રહણ કરવાનું વિધાન કર્યું છે. ૧૩

गृहाणैतानि नामानि स्थानानि च सयोषणः ॥
एभिः सृज प्रजा बह्वीः प्रजानामसि यत्पतिः ॥१४॥

અન્વયાર્થ—**सयोषणः**-સ્ત્રીઓ સહિત, **एतानि**-આ, **नामानि**-નામોને, **च**-અને, **स्थानानि**-સ્થાનોને, **गृहाण**-સ્વીકારો, **एभिः**-આમના દ્વારા, **बह्वीः**-પુષ્કળ, **प्रजाः**-પ્રજાને, **सृज**-સરજો, **यत्**-કારણ તમે, **प्रजानाम्**-પ્રજાના, **पतिः**-પતિ, **असि**-છો. ૧૪

અનુવાદ—સ્ત્રીઓ સહિત નામોને અને સ્થાનોને સ્વીકારો. આમના દ્વારા પુષ્કળ પ્રજાને સરજો, કારણ કે તમે પ્રજાના સ્વામી છો. ૧૪

તત્ત્વસુધા—सयोषणः-એનો સ્ત્રીઓ સહિત એવો અર્થ થાય છે. ૧૪

इत्यादिष्टः स गुरुणा भगवान्नीललोहितः ॥
सत्त्वाकृतिस्वभावेन ससर्जात्मसमाः प्रजाः ॥१५॥

અન્વયાર્થ—**गुरुणा**-ગુરુએ-બ્રહ્માજીએ, **इति**-એ પ્રમાણે, **आदिष्टः**-આજ્ઞા કરાએલા, **सः**-તે, **भगवान्**-ભગવાન, **नीललोहितः**-નીલલોહિતે, **सत्त्व-आकृति-स्वभावेन**-બળ, આકૃતિ અને સ્વભાવથી, **आत्मसमाः**-પોતાના જેવી, **प्रजाः**-પ્રજાને, **ससर्ज**-ઉત્પન્ન કરી. ૧૫

અનુવાદ—બ્રહ્માજીએ એ પ્રમાણે આજ્ઞા કરેલા તે ભગવાન નીલલોહિતે બળ, આકૃતિ અને સ્વભાવથી પોતાના જેવી પ્રજાને ઉત્પન્ન કરી. ૧૫

તત્ત્વસુધા—નીલલોહિત ભગવાન બ્રહ્માજીની આજ્ઞાનું પાલન કરે છે.

'**इत्यादिष्टः सगुरुणा**'—આ શ્લોકમાં "ગુરુ" શબ્દ પિતા માટે વાપરેલ છે. પિતૃજનોની આજ્ઞાનું અવિલંબે પાલન કરવું જોઈએ. તેથી ભગવાન નીલલોહિતે પ્રજાની રચનાનો આરંભ કર્યો. ૧૫

रुद्राणां रुद्रसृष्टानां समन्ताद्ग्रसतां जगत् ॥
निशाम्य संख्यशो यूथान्प्रजापतिरशङ्कत ॥१६॥

અન્વયાર્થ—**रुद्रसृष्टानाम्**-રુદ્રે સરજેલા, **जगत्**-જગતને, **समन्तात्**-ચારે બાજુથી, **ग्रसताम्**-ગળી જતાં એવાં, **रुद्राणाम्** રુદ્રોનાં, **संख्यशः**-અસંખ્ય, **यूथान्**-જૂથોને, **निशाम्य**-જોઈને, **प्रजापतिः**-પ્રજાપતિ, **अशङ्कत**-શંકા કરવા લાગ્યા. ૧૬

અનુવાદ—રુદ્રે સરજેલા જગતને ચારે બાજુથી ગળી જતાં એવાં રુદ્રોનાં અસંખ્ય જૂથોને જોઈને પ્રજાપતિ બ્રહ્મા શંકા કરવા લાગ્યા. ૧૬

તત્ત્વસુધા—रुद्राणां रुद्रसृष्टानाम्—આ શ્લોકમાં રુદ્રે સરજેલા ઉગ્ર રુદ્રો પણ કાલની સરજેલી દશ પ્રકારની સૃષ્ટિઓનું ભક્ષણ કરવા લાગ્યા. તે સમયે કાલે સૃષ્ટિ કરી હતી. બ્રહ્માજીએ રચેલી સૃષ્ટિ ન હતી. બ્રહ્માજીને લાગ્યું કદાચ સર્વની સાથે પોતાનો પણ નાશ કરશે તેથી प्रजापतिरशङ्कत એમ કહ્યું છે. ૧૬

अलं प्रजाभिः सृष्टाभिरीदृशीभिः सुरोत्तम ॥
मया सह दहन्तीभिर्दिशश्चक्षुर्भिरुल्बणैः ॥१७॥

અન્વયાર્થ—**સુરોત્તમ**-હે સુરશ્રેષ્ઠ, **उल्बणैः**-અત્યંત ઉગ્ર, **चक्षुर्भिः**-ચક્ષુઓથી, **मया सह**-મારી સાથે, **दिशः**-દિશાઓને, **दहन्तीभिः**-બાળી નાખતી, **ईदृशीभिः**-આવી, **सृष्टाभिः**-સરજેલી, **प्रजाभिः**-પ્રજાઓથી, **अलम्**-બસ કરો. ૧૭

અનુવાદ—હે સુરશ્રેષ્ઠ ! અત્યંત ઉગ્ર ચક્ષુઓથી મારી બધી દિશાઓને બાળી નાખતી આવી અત્યંત પ્રજાઓથી અટકી જાવ. ૧૭

તત્ત્વસુધા—अलं प्रजाभिः सृष्टाभिः-બ્રહ્માજી આ શ્લોકથી રુદ્રોને સૃષ્ટિરચના કરતાં રોકે છે. ‘**सुरोत्तम**’-સુરોત્તમ સંબોધન કરીને નિવેદન કર્યું કે આપ ઉગ્રસૃષ્ટિની રચના કરો તે ન શોભે. દેવો દેહથી સૃષ્ટિ નથી રચતા. તમારી રચેલી રુદ્રસૃષ્ટિનાં चक्षुर्भिरुल्बणैः ચક્ષુઓ જ એટલાં બધાં ઉગ્ર છે કે તે કોઈની સામે ન જૂએ પરંતુ તેની સામે કોઈ પણ જૂએ તેનો નાશ કરે છે. ૧૭

तप आतिष्ठ भद्रं ते सर्वभूतसुखावहम् ॥
तपसैव यथापूर्वं स्रष्टा विश्वमिदं भवान् ॥ १८ ॥

અન્વયાર્થ—**सर्व-भूत-सुख-आवहम्**-સર્વ પ્રાણીઓને સુખકર એવું, **तपः**-તપ, **आतिष्ठ**-આરંભો, **ते**-તમારું, **भद्रम्**-કલ્યાણ હો, **भवान्**-તમે, **तपसा एव**-તપશ્ચર્યાથી જ, **यथापूर्वम्**-પૂર્વના જેવા, **इदम्**-આ, **विश्वम्**-વિશ્વને, **स्रष्टा**-સરજશો. ૧૮

અનુવાદ—સર્વ પ્રાણીઓને સુખકર એવું તપ તમે આરંભો. તમારું કલ્યાણ થાવ. તમે તપથી જ પૂર્વના જેવા આ વિશ્વને સરજશો. ૧૮

તત્ત્વસુધા—બ્રહ્માજી નીલલોહિત ભગવાનને તપનો આદેશ આપે છે—

‘तप आतिष्ठ **भद्रं** ते,-કાર્યસિદ્ધિ માટે તપશ્ચર્યાની આવશ્યકતા છે. રુદ્રને તપમાં સફળતા મળે માટે, ते **भद्रं**’ તમારું કલ્યાણ થાવ એવો આશીર્વાદ આપ્યો. ભગવત્‌કૃપા વિના કરવામાં આવતા તપમાં “ક્રોધ અને કામ” એવા બે અવરોધ આવે છે. ભગવાને તે બેમાંથી અભય બનાવવા “**भद्रं**” કલ્યાણ થાવ એમ કહ્યું. જે તપ પોતાના ઉત્કર્ષ માટે થશે તેમાં જ વિઘ્ન આવશે. પરંતુ પ્રાણીમાત્રના હિત માટે થશે તેની પાછળ પ્રભુનું પીઠબળ રહેશે. તેથી કહ્યું કે સાચું તપ એ જ છે કે “**सर्वभूतसुखावहम्**” જેમાંથી જીવ-જંતુ માત્રનું કલ્યાણ થાય, તેથી સાત્વિક તપ કરવું.

જે તપનો પ્રકાર ઉગ્ર ન હોય અને પરિણામ “રૌદ્ર” ન હોય તે જ તપ સાત્વિક ગણાય છે.

“તામસ કલ્પ”માં શ્રી શિવજી દ્વારા સૃષ્ટિ થાય છે તે સૃષ્ટિ તામસ ગણાતી પણ લોકને અનુસરે એવી સૃષ્ટિ તપથી ફરીથી રચવાનો આદેશ કર્યો. ૧૮

तपसैव परं ज्योतिर्भगवन्तमधोक्षजम् ॥
सर्वभूतगुहावासमञ्जसा विन्दते पुमान् ॥ १९ ॥

અન્વયાર્થ—**पुमान्**-પુરુષ, **तपसा एव**-તપથી જ, **परम्**-સર્વશ્રેષ્ઠ, **ज्योतिः**-તેજોમય, **सर्व-भूत-गुहा-वासम्**-સર્વ પ્રાણીઓની હૃદયગુફામાં રહેલા, **भगवन्तम्**-ભગવાન, **अधोक्षजम्**-અધોક્ષજને, **अञ्जसा**-સહેલાઈથી, **विन्दते**-મેળવે છે. ૧૯

અનુવાદ—પુરુષ, તપથી જ સર્વશ્રેષ્ઠ જ્યોતિર્મય, પ્રાણીમાત્રની હૃદયગુફામાં બિરાજેલા ભગવાન અધોક્ષજને સહેલાઈથી મેળવે છે. ૧૯

તત્ત્વસુધા—સાત્વિક તપનું ફલ ભગવાનનું દર્શન છે. ભગવદ્દર્શન થતાં કોઈ ફળ અપૂર્ણ રહેતું નથી. એ વસ્તુનો નિર્દેશ આ શ્લોકમાં કર્યો છે—

"तपसैव" તપથી જ પુરુષ પરમાત્માને પામે છે. આ વાક્યમાં "एव" અવ્યયનો ઉલ્લેખ કર્યો છે તે સૂચવે છે કે "તપ આચરવું અનિવાર્ય છે." તપથી કેવા સ્વરૂપનું દર્શન થશે? એના સમાધાનમાં કહે છે—

'पर ज्योतिः भगवन्तं अधोक्षजम्—सर्वभूतगुहावासम्" આ ચાર વિશેષણો ભગવાનને આપ્યાં છે. **पर ज्योतिः** એટલે સૂર્યચન્દ્રને પણ પ્રકાશનાર, भगवन्तं એટલે સર્વથા પર સુમંગલ સ્વરૂપવાળા, **अधोक्षजम्** એટલે ઇન્દ્રિયોથી જાણી શકાય તેવા ન હોવાથી તપશ્ચર્યા જ કરવી પડશે. **सर्वभूतगुहावासम्** પ્રત્યેક પ્રાણીના હૃદયમાં વસેલા છે માટે સુલભ છે. ૧૯

मैत्रेय उवाच – एवमात्मभुवाऽऽदिष्टः परिक्रम्य गिरां पतिम् ॥
बाढमित्यमुमामन्त्र्य विवेश तपसे वनम् ॥ २० ॥

અન્વયાર્થ—**आत्मभुवा**-બ્રહ્માજીએ, **एवम् आदिष्टः**-એ પ્રમાણે આજ્ઞા કરેલા, **गिराम्**-વાણીના, **पतिम्**-સ્વામીની, **परिक्रम्य**-પરિક્રમા કરી, **बाढम् इति**-ભલે જેવી આજ્ઞા એમ, **अमुम् आमन्त्र्य**-આ ભગવાનને કહીને, **तपसे**-તપશ્ચર્યા માટે, **वनम्**-વનમાં, **विवेश**-પ્રવેશ્યા. ૨૦

અનુવાદ—બ્રહ્માજીએ એ પ્રમાણે આજ્ઞા કરેલા તેઓ વાગ્પતિની પરિક્રમા કરી "ભલે જેવી આજ્ઞા" એમ એમને કહીને તપ કરવા માટે વનમાં ગયા. ૨૦

તત્ત્વસુધા—विवेश तपसे वनम्—બ્રહ્માજીની સલાહ પ્રમાણે "નીલલોહિત" ભગવાન તપ કરવા વનમાં પધાર્યા. આ રીતે ત્રણ પ્રકારની રુદ્રોની સૃષ્ટિ થઈ. રુદ્રે જે રુદ્રો ઉત્પન્ન કર્યા તે આધિભૌતિક સૃષ્ટિ, ગણરુદ્રોને સરજ્યા તે આધ્યાત્મિક સૃષ્ટિ અને નીલલોહિતજી આધિદૈવિક છે. ૨૦

अथाभिध्यायतः सर्गं दश पुत्राः प्रजज्ञिरे ॥
भगवच्छक्तियुक्तस्य लोकसंतानहेतवः ॥ २१ ॥

અન્વયાર્થ—**अथ**-બાદ, **सर्गम्**-સૃષ્ટિરચનાનું, **अभिध्यायतः**-ચારે બાજુથી ધ્યાન કરતાં, **भगवत्-शक्ति-युक्तस्य**-ભગવાનની શક્તિવાળા બ્રહ્માજીના, **लोक-संतान-हेतवः**-લોકની પરંપરા કરનારા, **दश**-દશ, **पुत्राः**-પુત્રો, **प्रजज्ञिरे**-ઉત્પન્ન થયા. ૨૧

અનુવાદ—બાદ સૃષ્ટિનિર્માણનું ચારે બાજુથી ધ્યાન કરતાં ભગવાનની શક્તિવાળા બ્રહ્માજીના લોકપરંપરાને રચનારા એવા દશ પુત્રો ઉત્પન્ન થયા. ૨૧

તત્ત્વસુધા—"दश पुत्राः प्रजज्ञिरे" અવિદ્યાના પર્વવાળી પાંચ પ્રકારની તામસ સૃષ્ટિ, સનકાદિની રાજસ અને રુદ્રની સાત્વિક સૃષ્ટિથી અસંતુષ્ટ બ્રહ્માજીએ પુનઃ દશ પુત્રોની "ધ્યાન દ્વારા" સૃષ્ટિ કરી. નવ ગુણવાળા નવ પુત્રો અને એક ગુણાતીત મળીને દશ પ્રકારના પુત્રો કહ્યા.

"भगवच्छक्तियुक्तस्य" બ્રહ્માજીના ધ્યાનની પાછળ ભગવાનની શક્તિનું બળ રહેલ છે તેથી જ ધ્યાન કરવાથી સૃષ્ટિ રચી શક્યા છે. ખરી રીતે ભગવાનની શક્તિ જ દશ પુત્રોના સ્વરૂપમાં પ્રકટ થઈ છે. આ સૃષ્ટિની સંતતિધારા અખંડ રહેશે. ૨૧

मरीचिरत्र्यङ्गिरसौ पुलस्त्यः पुलहः क्रतुः ॥
भृगुर्वसिष्ठो दक्षश्च दशमस्तत्र नारदः ॥ २२ ॥

અન્વયાર્થ—**मरीचिः**-મરિચિ, **अत्र्यङ्गिरसौ**-અત્રિ, અંગિરા, **पुलस्त्यः**-પુલસ્ત્ય, **पुलहः**-પુલહ, **क्रतुः**-ક્રતુ, **भृगुः**-ભૃગુ, **वसिष्ठः**-વસિષ્ઠ, **दक्षः**-દક્ષ, **च**-અને, **तत्र**-તેમાં, **दशमः**-દશમા, **नारदः**-નારદ થયા. ૨૨

અનુવાદ—મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને તેમાં દશમા નારદજી થયા. ૨૨

તત્ત્વસુધા—દશ પુત્રોનો નામસંકેત કરે છે--

મરીચિ, અત્રિ અને અંગિરા ત્રણ સાત્વિક છે. પુલસ્ત્ય, પુલહ અને ક્રતુ ત્રણ તામસ છે. ભૃગુ, વસિષ્ઠ અને દક્ષ ત્રણ રાજસ છે. નારદજી ગુણાતીત છે. પૂર્વમાં નવ જુદા છે એમ જણાવવા માટે " अथ " અવ્યયથી છૂટા પાડ્યા. ૨૨

उत्सङ्गान्नारदो जज्ञे दक्षोऽङ्गुष्ठात्स्वयंभुवः ॥
प्राणाद्वसिष्ठः संजातो भृगुस्त्वचि करात्क्रतुः ॥ २३ ॥

અન્વયાર્થ—**स्वयम्भुवः**-સ્વયંભૂ બ્રહ્માજીના, **उत्सङ्गात्**-ઉત્સંગમાંથી, **नारदः**-નારદજી, **अङ्गुष्ठात्**-અંગૂઠામાંથી, **दक्षः**-દક્ષ, **जज्ञे**-થયા, **प्राणात्**-પ્રાણમાંથી, **वसिष्ठः**-વસિષ્ઠ, **संजातः**-થયા, **त्वचि**-ત્વચામાં, **भृगुः**-ભૃગુ, **करात्**-કરમાંથી, **क्रतुः**-ક્રતુ થયા. ૨૩

અનુવાદ—સ્વયંભૂ બ્રહ્માજીના ઉત્સંગમાંથી નારદજી થયા, અંગૂઠામાંથી દક્ષ થયા, પ્રાણમાંથી વસિષ્ઠ સારી રીતે ઉત્પન્ન થયા, ભૃગુ ત્વચામાંથી અને ક્રતુ કરમાંથી થયા. ૨૩

તત્ત્વસુધા—उत्सङ्गान्नारदो जज्ञे-સૌથી નાના અને દશમા પુત્ર નારદજીને " ઉત્સંગમાંથી " ઉત્પન્ન કર્યા. ઉત્સંગ પ્રીતિનું સ્થાન છે. નારદજીને પ્રીતિના સ્થાનમાંથી પ્રકટ કર્યા. નારદજી તેથી સમસ્ત વિશ્વને પ્રિય થયા. उत्कृष्टश्चासौ सङ्गः उत्सङ्गः साधुसङ्गः तस्मात् ઉત્તમ સંગ એટલે સાધુ સંગમાંથી નારદજીને જન્મ આપ્યો. નારદજી એટલે ભક્તિયોગ. ' नर ' શબ્દનો અર્થ થાય છે ' नारायण ', કારણ કે आपो वै नरसूनवः એ વાક્ય પ્રમાણ છે. नरस्य इदं इति नारं भगवद्दास्यसख्यादिकं ददातीति નારદઃ ભગવત્સંબંધી સખ્યદાસ્ય વગેરેને આપવાનું કામ ભક્તિયોગ કરે છે. નારદજી ભક્તિયોગનું સ્વરૂપ છે. " दक्षाङ्गुष्ठात् " દક્ષના અંગૂઠામાં વસે છે. વળી ઉપનિષદમાં अङ्गुष्ठमात्रः पुरुषः એવું વર્ણવ્યું છે.

સ્વયંભૂના જેવા જ દક્ષને સ્વયંભૂએ જન્મ આપ્યો તે જણાવવા સ્વયંભૂ શબ્દ વાપર્યો છે.

प्राणाद्वसिष्ठः संजातः-પ્રાણમાંથી વસિષ્ઠજીને જન્મ આપ્યો. संजातः એટલે ઘણી સારી રીતે વસિષ્ઠજી પ્રકટ્યા. દશ પ્રકારના પ્રાણોમાંથી તે મુખ્ય પ્રાણમાંથી જન્મ્યા તેથી છેક સુધી ઉત્તમ કક્ષાના તેમના વંશજો થયા.

' भृगुस्त्वचि '-ભૃગુ ઋષિ ત્વચામાંથી થયા. ત્વચા બહારથી રક્ષણ કરે છે તેમ ભૃગુ બહારથી રક્ષણ કરવા સમર્થ છે.

' करात् क्रतुः "-કરમાંથી ક્રતુ થયા. યજ્ઞક્રિયા કરમાંથી થાય છે. ૨૩

पुलहो नाभितो जज्ञे पुलस्त्यः कर्णयोर्ऋषिः ॥
अङ्गिरा मुखतोऽक्ष्णोऽत्रिर्मरीचिर्मनसोऽभवत् ॥ २४ ॥

અન્વયાર્થ—**नाभितः**-નાભિમાંથી, **पुलहः**-પુલહ, **कर्णयोः**-બે કર્ણમાંથી, **पुलस्त्यः** **ऋषिः**-પુલસ્ત્ય ઋષિ, **जज्ञे**-ઉત્પન્ન થયા, **मुखतः**-મુખમાંથી, **अंगिरा**-અંગિરાઋષિ, **अक्ष्णः**-આંખમાંથી, **अत्रिः**-અત્રિ ઋષિ, **मनसः**-મનમાંથી, **मरीचिः**-મરીચિ, **अभवत्**-થયા. ૨૪

અનુવાદ—નાભિમાંથી પુલહ અને બે કાનમાંથી પુલસ્ત્ય ઋષિ ઉત્પન્ન થયા. મુખમાંથી અંગિરા ઋષિ, આંખમાંથી અત્રિ ઋષિ, અને મનમાંથી મરીચિ ઋષિ ઉત્પન્ન થયા. ૨૪

તત્ત્વસુધા—नाभितः पुलहः–નાભિમાંથી પુલહ મુનિ થયા.

" कर्णयोः पुलस्त्यः " બે કાનમાંથી પુલસ્ત્ય મુનિનો જન્મ થયો. પુલસ્ત્યને ઋષિ કહ્યા તેઓ ઋષિ હોવાથી વેદનો સંબંધ સધાયો અને તેમનામાં દૈત્યપણું ન હતું. બે કાનમાંથી જન્મ્યા તેથી બે વંશ ચલાવ્યા. અગસ્ત્ય દ્વારા ઋષિવંશ ચાલ્યો અને વિશ્રવા મુનિ દ્વારા દૈત્યવંશ ચાલ્યો.

" अङ्गिरा मुखतः "–અંગિરા ઋષિ મુખમાંથી થયા. તેથી તો " શાપાનુગ્રહસામર્થ્ય " તેઓમાં આવ્યું.

अक्ष्णोरत्रिः–બે આંખમાંથી અત્રિઋષિ થયા. બે નેત્રોમાં એક જ્ઞાન છે અને બીજું યોગ છે તેથી જ્ઞાની અને યોગી પુત્રનો જન્મ આપ્યો.

मरीचिर्मनसः–મરીચિને મનમાંથી જન્મ આપ્યો. મન બે પ્રકારનું હોય છે તેથી મરીચિ ઋષિએ પણ બે પ્રકારની સૃષ્ટિ રચી બ્રહ્માંડ ભરી દીધું. ૨૪

धर्मः स्तनाद्दक्षिणतो यत्र नारायणः स्वयम् ॥
अधर्मः पृष्ठतो यस्मान्मृत्युर्लोकभयंकरः ॥ २५ ॥

અન્વયાર્થ—**यत्र**–જ્યાં, **स्वयम्**–પોતે, **नारायणः**–નારાયણ, **धर्मः**–ધર્મરૂપે, **दक्षिणतः**–જમણા, **स्तनात्**–સ્તનમાંથી થયા, **यस्मात्**–જેમાંથી, **लोकभयंकरः**–લોકભયંકર, **मृत्युः**–મૃત્યુ થાય છે એવો, **अधर्मः**–અધર્મ, **पृष्ठतः**–પીઠમાંથી, (**जज्ञे**–ઉત્પન્ન થયો.) ૨૫

અનુવાદ—જ્યાં પોતે નારાયણ ધર્મરૂપે જમણા સ્તનમાંથી ઉત્પન્ન થયા. જેમાંથી લોકને ભય કરનાર એવો મૃત્યુ થાય છે એવો અધર્મ પીઠમાંથી ઉત્પન્ન થયો. ૨૫

તત્ત્વસુધા—**धर्मस्तनाद्** दक्षिणतः—ધર્મની ઉત્પત્તિ વર્ણવે છે: ધર્મ બે પ્રકારનો છે. એક " પ્રવૃત્તિલક્ષણ ધર્મ છે. અને બીજો ભગવત્સેવા ધર્મ છે. સ્વર્ગાદિ સુખો અપાવનાર ધર્મ ડાબી તરફના હૃદયમાંથી થયો. તે પ્રવૃત્તિલક્ષણ ધર્મ છે. ભગવત્સેવાત્મક ધર્મ જમણી બાજુના સ્તનમાંથી થયો. ધર્મ સ્વયં નારાયણ છે.

ધર્માચરણ સામી છાતીએ કરાય છે. જ્યારે અધર્મ પીઠ પાછળ થાય છે.

अधर्मः पृष्ठतः–અધર્મ પીઠમાંથી ઉત્પન્ન થયો. અધર્મમાં ધર્મની માફક ભેદ નથી. તે તો એક જ પ્રકારનો છે તેનું પરિણામ પણ મૃત્યુ જ છે. ધર્માચરણ કરતાં ભય નથી લાગતો. તે પ્રકટ દશામાં કરીએ છીએ. અધર્માચરણ તો ભયથી ભરેલ છે. ૨૫

हृदि कामो भ्रुवः क्रोधो लोभश्चाधरदच्छदात् ॥
आस्याद्वाक्सिन्धवो मेढ्रान्निर्ऋतिः [1]पाय्वपाश्रयः ॥ २६ ॥

અન્વયાર્થ—**हृदि**–હૃદયમાં, **कामः**–કામ, **भ्रुवः**–ભ્રૂકુટિમાંથી, **क्रोधः**–ક્રોધ, **अधरदच्छदात्**–નીચેના અધરમાંથી, **लोभः**–લોભ, **आस्यात्**–મુખમાંથી, **वाक्**–વાણી, **मेढ्रात्**–લિંગમાંથી, **सिन्धवः**–સાગરો, **च**–અને, **पायु–अपाश्रयः**–પાયુના આધાર વિનાનો, **निर्ऋतिः**–વિનાશ પાયુમાંથી થયો. ૨૬

અનુવાદ—હૃદયમાં કામ, ભ્રૂકુટિમાંથી ક્રોધ, નીચેના અધરમાંથી લોભ, મુખમાંથી વાણી, લિંગમાંથી પાયુના આધાર વિનાનો વિનાશ પાયુમાંથી થયો. ૨૬

---

[1] अघाश्रयः इति प्रा. पा.

તત્ત્વસુધા—**हृदि कामः** આ શ્લોકમાં ૭ વસ્તુની ઉત્પત્તિ દર્શાવે છે: એક વાર હૃદયમાંથી પ્રવૃત્તિધર્મની ઉત્પત્તિ બતાવી. ફરીથી હૃદયમાંથી કામની ઉત્પત્તિ દર્શાવે છે. આ સ્થાને 'હૃદય' શબ્દ મનવાચક છે.

મનમાંથી કામ ઉત્પન્ન થાય છે. મન પુરુષને આધીન છે તેથી કામને જીતવો કઠિન છે.

भ्रुवः **क्रोधः**–ક્રોધ પણ મનમાંથી જ ઉત્પન્ન થાય છે. પરંતુ તે ભ્રૂકુટિમાંથી દેખાય છે. લોભ પણ હૃદયમાંથી જ જન્મે છે છતાં તે અધરોષ્ઠમાંથી દેખાય છે.

आस्याद् वाक्–વાણી મુખમાંથી થઈ. मेढ्रात्–લિંગમાંથી સમુદ્રો થયા.

निर्ऋतिः पाय्वापाश्रयः–નિર્ઋતિ નૈર્ઋત્યકોણમાં રહેલ દેવતા છે અથવા નરકના અધિષ્ઠાતા દેવ છે. તે દેવતા પાયુમાંથી થયા. 'પાયુ મલત્યાગ કરવાના સ્થાનનું નામ છે. આ સ્થાને **अघाश्रयः** એવો પણ પાઠ છે. ૨૬

छायायाः कर्दमो जज्ञे देवहूत्याः पतिः प्रभुः ॥
मनसो देहतश्चेदं जज्ञे विश्वकृतो जगत् ॥ २७ ॥

અન્વયાર્થ—**छायायाः**–છાયામાંથી, **देवहूत्याः**–દેવહૂતિના, **पतिः**–પતિ, **प्रभुः**–સમર્થ એવા, **कर्दमः**–કર્દમ ઋષિ, **जज्ञे**-પ્રકટયા, **च**–અને, **विश्वकृतः**–વિશ્વસ્રષ્ટાના, **मनसः**–મનમાંથી, **च**–અને, **देहतः**–દેહમાંથી, **इदम्**–આ, **जगत्**-જગત , **जज्ञे**–પ્રકટ થયું. ૨૭

અનુવાદ—છાયામાંથી દેવહૂતિના પતિ સમર્થ કર્દમ ઋષિ થયા. તેમજ વિશ્વસ્રષ્ટાના મનમાંથી અને દેહમાંથી આ જગત ઉત્પન્ન થયું. ૨૭

તત્ત્વસુધા—**छायायाः कर्दमो जज्ञे**–બ્રહ્માજીની છાયા બ્રહ્માજીના જેવું કાર્ય કરવા માટે સમર્થ છે. શ્રી કર્દમઋષિ બ્રહ્માજીની છાયા છે. છાયાની સૃષ્ટિમાં દેહનો સંબંધ નથી હોતો. જો દેહ હોય તેમાં રજોગુણ વધુ હોય. છાયામાં નામમાત્ર રજોગુણનો સંબંધ હોય છે. તેથી તેમાંથી થનારી સૃષ્ટિ દિવ્ય અને ભગવાનની સેવાને લાયક સૃષ્ટિ થશે.

देवहूत्याः पतिः प्रभुः–શ્રી કર્દમ મહર્ષિ સ્વયં પ્રસિદ્ધ છે. ઉપરાંત દેવહૂતિના પતિ તરીકે પણ પ્રસિદ્ધ છે. દેવહૂતિની પ્રતિષ્ઠા ઘણી જ મોટી છે. કર્દમ તપનું સ્વરૂપ છે. દેવહૂતિ ભક્તિ છે. ૨૭

वाचं दुहितरं तन्वीं स्वयंभूर्हरतीं मनः ॥
अकामां चकमे क्षत्तः सकाम इति नः श्रुतम् ॥ २८ ॥

અન્વયાર્થ- **क्षत्तः**–હે વિદુરજી, **स्वयम्भूः**-સ્વયંભૂએ–બ્રહ્માજીએ, **सकामः**-કામનાવાળા થઈ ને, **मनः**–મનને, **हरन्तीम्**–હરતી, **तन्वीम्**–કોમલ અંગવાળી, **अकामाम्**–કામનારહિત, **दुहितरम् वाचम्**–પુત્રી વાણીની, **चकमे**–ઇચ્છા કરી, **इति**–એ પ્રમાણે **नः** श्रुतम्–અમે સાંભળ્યું છે. ૨૮

અનુવાદ—હે વિદુરજી ! બ્રહ્માજીએ કામનાવાળા થઇને મનનું હરણ કરતી કોમલ અંગવાળી તેમજ કામના રહિત પુત્રી વાણીની ઇચ્છા કરી એમ અમે સાંભળ્યું છે ૨૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં સરસ્વતી ઉપાખ્યાન છે. વેદમાં વર્ણવેલ સૃષ્ટિ પ્રકરણનું આ સ્થાને નિરૂપણ છે બ્રહ્માજીએ પ્રથમ અવિદ્યા રચી તેથી અભિમાન થયું. અભિમાન કારણ દશામાં ઓછું હોય છે, કાર્યદશામાં વિપુલ હોય છે.

વળી બ્રહ્માએ સૃષ્ટિમાં મરીચિ અત્રિ આંગરા વગેરે ઋષિઓ રચ્યા. તેઓ પુરુષરૂપ હતા. ઋષિઓની સાથે વાણીની આવશ્યકતા હોય છે તેથી “ વાણી ”ને રચી અને તે ‘ स्त्री ’રૂપ હતી. “ **वाचं दुहितरं तन्वीम्**–બ્રહ્માજીએ કોમલ અંગવાળી કામના સહિત વાણીને કામનાવાળી થવાથી ઇચ્છા કરી ”–આ વાક્યમાં સ્થૂલ સાંસારિક કામનાનો ગંધ કે વિચાર નથી. પરંતુ વેદમાં બે પ્રકારની વાણી છે. એક અલૌકિક ભગવદર્થ કામનાવાળી સરસ્વતી છે. જેમાં ભગવાનની સ્તુતિ, ભગવાનનું નિરૂપણ, વગેરે હોય છે. જે વાણીને “ अकामा ” કહેવામાં આવે છે.

બીજી લૌકિક, વાણી કર્મનું, કર્મના ફલનું પ્રતિપાદન કરનારી છે. તે પણ બે પ્રકારની છે. એક યાગવિધાન કરનારી છે જેમાં દેવતા, વિધિ વગેરેનું વર્ણન છે. બીજી વાણી સાહિત્યની છે. જેમાં કાવ્યરચના છે. કાવ્યરચના પણ બે પ્રકારની છે એક ગદ્ય રચના અને બીજી પદ્ય રચના છે.

બ્રહ્માજી ભગવત્તત્ત્વનિરૂપણ કરનારી વેદની વાણીમાં ગુપ્ત થયેલી ગદ્યપદ્યાત્મક વાણીને પ્રકટ કરવા ચાહતા. વૈદિક ઋષિઓને તેમાં રુચિ ન હતી તેથી તેમને રોકવા લાગ્યા. सारस्वतीं मेषीमालमेत ગદ્યપદ્યાત્મક વાણીને “ મેષી–ઘેટી ” કહેવામાં આવી છે. તે ચિરસ્થાયી નથી તેથી બ્રહ્માજીને તેમ કરતાં રોક્યા. ૨૮

तमधर्मे कृतमतिं विलोक्य पितरं सुताः ॥
मरीचिमुख्या मुनयो विश्रम्भात्प्रत्यबोधयन् ॥ २९ ॥

અન્વયાર્થ—**अधर्मे**–અધર્મમાં, **कृतमतिम्**–કરેલી બુદ્ધિવાળા, **तम्**–તે, **पितरम्**–પિતાજીને, **विलोक्य**–જોઈ ને, **मुनयः**–મનનશીલ, **मरीचि-मुख्याः**–મરીચિ વગેરે, **सुताः**–પુત્રો, **विश्रम्भात्**–વિશ્વાસથી, **प्रत्यबोधयन्**–નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૯

અનુવાદ—અધર્મમાં મતિવાળા તે પિતાજી **બ્રહ્માજીને** જોઇને વિચારશીલ મરીચિ વગેરે પુત્રો નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં મરીચિ વગેરે મુનિઓ બ્રહ્માજીને બોધવાક્ય કહે છે.

“ तमधर्मे कृतमतिं विलोक्य ”—સકામ શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરવી ઠીક નથી એવો ખ્યાલ રાખીને “ मुनयः ” મનનશીલ મુનિઓ બ્રહ્માજીને હવે પછીના ત્રણ શ્લોકોમાં માર્ગદર્શન આપે છે.

“ विश्रम्भात् ”–આ માર્ગદર્શન વિશ્વાસપૂર્વક આપે છે. તે માર્ગદર્શનમાં પૂર્વજો આ માર્ગે નથી ગયા; આ કાર્ય અપકીર્તિ કરાવશે; તેમજ નાશ કરાવશે; આવા ત્રણ મુદ્દા બતાવે છે. ૨૯

नैतत्पूर्वैः कृतं त्वंत्र न करिष्यन्ति चापरे ॥
यत्त्वं दुहितरं गच्छेरनिगृह्याङ्गजं प्रभो[2] ॥ ३० ॥

અન્વયાર્થ—**प्रभो**–હે સમર્થ, **यत् त्वम्**–જે આપ, **अङ्गजम्**–કામલાલસાને, **अनिगृह्य**–ન રોકતાં, **दुहितरं गच्छेः**–પુત્રી પાછળ જઈ રહ્યા છો, **एतत्**–આવું, **तु**–તો, **अत्र**–આ લોકોમાં, **पूर्वैः**–પૂર્વ પુરુષોએ, **न कृतम्**–નથી કર્યું. **च**–અને, **तत् अपरे**–બીજા, **न करिष्यन्ति**–કરશે પણ નહીં. ૩૦

અનુવાદ—હે સમર્થ બ્રહ્માજી! જે આપ કામલાલસાને રોકવાને બદલે પુત્રી પાછળ જઇ રહ્યા છો એવું તો આ લોકમાં પૂર્વે કોઈએ નથી કર્યું અને બીજા આવું કરશે નહીં. ૩૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં કહેશે કે પૂર્વજો જે માર્ગે નથી ગયા તે માર્ગે ન જવું.

---

१. त्वया इति प्रा. पा. २. प्रभुः इति प्रा. पा.

“नैतत्पूर्वैः कृतं त्वद्य”—પૂર્વના પુણ્ય પુરુષો આ રસ્તે નથી ગયા અને ભવિષ્યના પુરુષો પણ આ રસ્તે જશે નહીં. ઉપરાંત “प्रभो” શબ્દના સંબોધનથી એક સૂચના કરી કે આપ તો “મનોનિગ્રહ” કરવા સમર્થ છો. કામ કે વાસના તો “अङ्गज” આપણા જ દેહમાંથી જન્મે છે. જો મનમાં વિવેક કે પ્રભુભક્તિ લાવી તેનું નિવારણ કરવા ધારીએ તો કરી શકાય છે, આવું વિવેકભર્યું માર્ગદર્શન મરીચિ વગેરે મુનિઓએ આપ્યું. ૩૦

तेजीयसामपि ह्येतन्न सुश्लोक्यं जगद्गुरो ॥
यद्वृत्तमनुतिष्ठन्वै लोकः क्षेमाय कल्पते ॥ ३१ ॥

અન્વયાર્થ—जगद्गुरो-હે જગદ્ગુરુ, **यद्-वृत्तम्**-જેમના આચારને, अनुतिष्ठन्-અનુસરતો, **लोकः**-સમાજ, **हि**-ખરેખર, क्षेमाय-કલ્યાણ મેળવવા, **कल्पते**-યોગ્ય બને છે તેવા, **तेजीयसाम्**-તેજસ્વી પુરુષોનો, **अपि**-પણ, **एतत्**-આ, **सुश्लोक्यम्**-પ્રશંસનીય, **न**-ન બની શકે. ૩૧

અનુવાદ—હે જગદ્ગુરુ! જેમના આચરણને અનુસરતો સમાજ ખરેખર કલ્યાણ મેળવવા યોગ્ય બને છે, તેવા તેજસ્વી પુરુષોને પણ આ પ્રશંસનીય ન બની શકે. ૩૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં કહેશે કે એવું કોઈ કામ ન કરવું કે જે અપકીર્તિને હરે.

“तेजीयसाम्”—એક એવી સમાજમાં માન્યતા છે કે “તેજસ્વી પુરુષોને કોઈ દોષ નથી લાગતો” તે સમજ ઠીક નથી. તેજસ્વી પોતાના તેજથી યમના દંડનું નિવારણ કરે, કદાચ રાજદંડનું નિવારણ કરે. પરંતુ “અપકીર્તિ”ના મહાન દંડને તે નહીં નિવારી શકે. મૃત્યુ અને પરલોકહાનિ કરતાં કીર્તિહાનિ મોટી હાનિ છે.

‘जगद्गुरो”-જગત જેના મુખેથી ધર્મવાક્યોનું માર્ગદર્શન મેળવે છે કે જીવન માર્ગદર્શન મેળવે છે તે પોતાના સદાચાર વિના અપાશે તો કાવ્ય જેવું વાક્ય લાગશે, પરિણામ કાંઈ પણ નહીં આવે. આપ ગુરુ નથી જગદ્ગુરુ છો માટે પૂર્ણ વિચાર કરી કાર્ય કરો. ૩૧

तस्मै नमो भगवते य इदं स्वेन रोचिषा ॥
आत्मस्थं व्यञ्जयामास स धर्मं पातुमर्हति ॥ ३२ ॥

અન્વયાર્થ—**यः**-જે ભગવાને, **आत्मस्थम्**-પોતામાં રહેલા, **इदम्**-આ વિશ્વને, **स्वेन रोचिषा**-પોતાના તેજથી, **व्यञ्जयामास**-પ્રકટ કર્યું છે, **तस्मै**-તે, **भगवते**-ભગવાનને, **नमः**-નમસ્કાર હો, તેમજ **सः**-તે ભગવાન, **धर्मम्**-ધર્મનું, **पातुम्-अर्हति**-રક્ષણ કરો. ૩૨

અનુવાદ—જે ભગવાને પોતામાં રહેલા આ વિશ્વને પ્રકટ કર્યું છે, તે ભગવાનને અમારા નમસ્કાર હો તેમજ તે ભગવાન ધર્મનું રક્ષણ કરો. ૩૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનને પ્રાર્થના કરે છે:

“तस्मै नमो भगवते”—જો આપ્તજનને આપણે કોઈ પ્રમાદ માર્ગે પ્રવૃત્ત થતો જોઈએ તો તેને સમજ આપીને ન વિરમતાં ભગવાનને પણ પ્રાર્થના કરવી. ભગવાન અંતર્યામી છે. તે જો બ્રહ્માજીના હૃદયમાં પ્રવેશીને પ્રેરણા કરે તો કાર્ય સરલ બને. એમ સમજીને ભગવાનની પ્રાર્થના કરીને કહ્યું કે “ધર્મની” રચના આપે રી છે તો રક્ષા પણ આપ જ કરો. ૩૨

स इत्थं गृणतः पुत्रान्पुरो दृष्ट्वा प्रजापतीन् ॥
प्रजापतिपतिस्तन्वं तत्याज व्रीडितस्तदा ॥
तां दिशो जगृहुर्घोरां नीहारं यद्विदुस्तमः ॥ ३३ ॥

અન્વયાર્થ—इत्थम्-આ પ્રકારે, **गृणतः**-સ્તુતિ કરતા, **प्रजापतीन्**-પ્રજાપતિ નામના, **पुत्रान्**-પુત્રોને, **पुरः**-સામે, **दृष्ट्वा**-જોઈને, **तदा**-ત્યાર પછી, **प्रजापति-पतिः**-પ્રજાપતિના પતિ બ્રહ્માજી, **व्रीडितः**-શરમાયા અને, **तन्वम्**-તે દેહનો, **तत्याज**-ત્યાગ કર્યો. **तां घोराम्**-તે ઘોર દેહને, **दिशः**-દિશાઓએ, **जगृहुः**-ગ્રહણ કર્યો. **यद्**-જે દેહને, **नीहारं तमः**-ધુમ્મસ અથવા તમ, **विदुः**-કહે છે. ૩૩

અનુવાદ—આ પ્રકારે સ્તુતિ કરતા પુત્રોને સામે જોયા ત્યારે પ્રજાપતિના પતિ બ્રહ્માજી શરમાયા અને તે દેહનો ત્યાગ કર્યો. પછી તે ઘોર દેહને દિશાઓએ ગ્રહણ કર્યો. તે દેહને ધુમ્મસ અથવા તમ કહે છે. ૩૩

તત્ત્વસુધા—મરીચિ વગેરે મુનિઓએ ત્રણ હેતુ બતાવ્યા અને ચોથા ઉપાય તરીકે સન્મુખ ઊભા રહ્યા જેથી પ્રજાપતિની મનોવૃત્તિ શાંત થઈ શકે તે વસ્તુ આ શ્લોકમાં કહી છે.

“स इत्थं गृणतः पुत्रान्’—બ્રહ્માજીએ સન્મુખ ઊભેલા મરીચિ વગેરે મુનિઓને જોયા. તેઓ પુત્ર હતા. તેમની સામે પોતાનો પ્રમાદ દેખાયો તેથી હૃદયમાં ખૂબ ક્ષોભ અને લજ્જા ઉત્પન્ન થયાં.

મહાન પુરુષ લજ્જાથી દેહ વિસર્જન કરે છે. બ્રહ્માજીએ તે “દેહ”નું વિસર્જન કર્યું. ત્યજેલા દેહને દિશાઓએ સ્વીકાર્યો. તેઓ કાનની અધિષ્ઠાત્રી દેવતાઓ છે. તેઓ જગતને બોધ આપશે. આ દેહને શ્રુતિએ “ધુમ્મસ” કહ્યો છે. ૩૩

कदाचिद्ध्यायतः स्रष्टुर्वेदा आसंश्चतुर्मुखात् ॥
कथं स्रक्ष्याम्यहं लोकान्समवेतान्यथा पुरा ॥ ३४ ॥

અન્વયાર્થ—अहम्-હું, **यथा**-પહેલાંની માફક, **समवेतान्**-એકઠા કરેલા, **लोकान्**-લોકોને, **कथम्**-શી રીતે, **स्रक्ष्यामि**-રચીશ ? એમ, **कदाचित्**-કોઈ વખત, **ध्यायतः**-ધ્યાન કરતા હતા ત્યારે, **स्रष्टुः**-બ્રહ્માજીનાં; **चतुर्मुखात्**-ચાર મુખોમાંથી, **वेदाः**-વેદો, **आसन्**-પ્રકટ થયા. ૩૪

અનુવાદ—પહેલાંની માફક હું એકત્ર કરેલા લોકોને કેવી રીતે રચીશ, એમ કોઈ એક સમય ધ્યાન કરતા હતા ત્યારે જગત્સ્રષ્ટાના ચાર મુખમાંથી ચાર વેદો પ્રકટ થયા. ૩૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં વેદોનો પ્રાદુર્ભાવ વર્ણવે છે—

“कदाचित् ध्यायतः स्रष्टुः”—કદાચિત્ ધ્યાન કરતા બ્રહ્માજીના મુખમાંથી વેદો પ્રકટ થયા એવું આ શ્લોકમાં કહ્યું છે તેમાં “कदाचित्” પદથી એમ સ્પષ્ટતા કરી કે બધા કલ્પોમાંથી વેદોની ઉત્પત્તિ થતી નથી. “ध्यायतः” પદથી એવું સ્પષ્ટ કર્યું કે પ્રથમ વેદો બ્રહ્માજીના ધ્યાનમાં આવ્યા ત્યાર બાદ મુખમાંથી પ્રકટ થયા. શ્રુતિઓ આધ્યાત્મિક છે. શબ્દબ્રહ્મ આધિદૈવિક છે અને મંત્રના ઋષિઓ આધિભૌતિક વેદો છે. ૩૪

चातुर्होत्रं कर्मतन्त्रमुपवेदनयैः सह ॥
धर्मस्य पादाश्चत्वारस्तथैवाश्रमवृत्तयः ॥ ३५ ॥

અન્વયાર્થ—उपवेद-नयैः सह-ઉપવેદો નીતિશાસ્ત્રો સાથે, **चातुर्होत्रम्**-ચાર હોમ કરનારનું, **कर्म-तन्त्रम्**-કર્મતંત્ર, **धर्मस्य**-ધર્મના, **चत्वारः**-ચાર, **पादाः**-ચરણો, **तथा एव**-તેમજ તે વખતે, **आश्रम-वृत्तयः**-ચાર આશ્રમની વૃત્તિઓ ચાર મુખમાંથી પ્રકટ થઈ. ૩૫

અનુવાદ—ઉપવેદો અને નીતિશાસ્ત્રો સાથે ચાર જણ મળી હોમ કરનારનું “ચાતુર્હોત્ર” નામનું કર્મતન્ત્ર, ધર્મના ચાર ચરણો, તેમ જ તે વખતે ચાર આશ્રમની વૃત્તિઓ ચાર મુખમાંથી પ્રકટ થયાં. ૩૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં બ્રહ્માજીના ચિંતનમાંથી વેદનાં અંગો અને વેદના અર્થની ઉત્પત્તિ વર્ણવ્યાં છે–

"चातुर्होत्रं **कर्मतंत्रम्**"–બ્રહ્મા, હોતા, અધ્વર્યુ અને ઉદ્‌ગાતા એ ચાર હોતાઓ મળીને અનુમતિ, શસ્ત્ર, હોમ અને સ્તુતિઓ એ ચાર વડે થનાર કર્મને "ચાતુર્હોમ કર્મ" કહે છે. અને તંત્ર શબ્દનો અર્થ વિસ્તાર થાય છે.

'उपवेदनयैः सह"–ઉપવેદ એટલે આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વ, સ્થાપત્ય વગેરેને ઉપવેદો કહ્યા છે. નયૈઃ એટલે નીતિશાસ્ત્ર અથવા પદ્ધતિગ્રન્થો, પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્રોને બ્રહ્માજીએ ચાર મુખમાંથી પ્રકટ કર્યાં. ૩૫

विदुर उवाच–स वै विश्वसृजामीशो वेदादीन्मुखतोऽसृजत् ।
यद्यद्येनासृजद्देवस्तन्मे ब्रूहि तपोधन ॥ ३६ ॥

અન્વયાર્થ—तपोधन–હે તપોધન, **विश्वसृजाम्**–વિશ્વ રચનારાના, **ईशः**–ઇશ, **वेदादीन्**–વેદ વગેરેને, **मुखतः**–મુખથી, **असृजत्**–સરજ્યા, **सः देवः**–તે દેવે, **यत् यत्**–જેને જેને, **येन**–જે જે મુખમાંથી, **असृजत्**–ઉત્પન્ન કર્યું, **तत्**–સર્વ, **मे**–મને, **ब्रूहि**–આપ કહો. ૩૬

અનુવાદ—વિદુરજીએ કહ્યું કે હે તપસ્વી મૈત્રેયમુનિ! વિશ્વ રચનારા ઇશે વેદ વગેરેને મુખમાંથી સરજ્યા તે કહ્યું પરંતુ તે દેવે જેને જેને જે જે મુખમાંથી ઉત્પન્ન કર્યું તે સર્વ મને આપ કહો. ૩૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં વેદોના પ્રાકટ્યમાં ક્રમ કેવો છે એવો પ્રશ્ન છે—

"यद्यद्येनासृजत्" વિદુરજી પૂછે છે કે કયા મુખમાંથી કયો વેદ પ્રથમ પ્રકટ થયો તે કહો. વળી બ્રહ્માજીના ધ્યાન બહાર જ વેદો પ્રકટ થયા કે પછી તેમાં કોઈ અનુસંધાન ખરું?

કારણ કે કર્મની આવશ્યકતા પ્રમાણે યજુર્વેદ પ્રથમ આવે અને કર્મ કરનારને મુખ્ય ગણતાં બ્રહ્માનો અથર્વાંગિરસ તેથી પ્રથમ થાય તો તેનું તાત્પર્ય શું? ૩૬

मैत्रेय उवाच–ऋग्यजुःसामाथर्वाख्यान्वेदान्पूर्वादिभिर्मुखैः ॥
शस्त्रमिज्यां स्तुतिस्तोमं प्रायश्चित्तं व्यधात्क्रमात् ॥ ३७ ॥

અન્વયાર્થ—पूर्वादिभिः–પૂર્વાદિના ક્રમે, **मुखैः**–ચાર મુખોમાંથી, **क्रमात्**–ક્રમવાર, **ऋग्–यजुः–साम–अथर्व–आख्यान्**–ઋગ્ યજુઃ સામ અથર્વવેદ નામના, **वेदान्**–ચાર વેદોને, **शस्त्रम्**–શસ્ત્ર, **इज्याम्**–યજ્ઞ, **स्तुतिस्तोमम्**–સ્તુતિસ્તોમ અને, **प्रायश्चित्तम्**–પ્રાયાશ્ચિત્તને, **व्यधात्**–રચ્યાં. ૩૭

અનુવાદ—શ્રી મૈત્રેય મુનિએ કહ્યું કે બ્રહ્માજીએ પૂર્વાદિના ક્રમથી ચાર મુખમાંથી ક્રમવાર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ નામના ચાર વેદોને; શસ્ત્ર, યજ્ઞ, સ્તુતિસ્તોમ અને પ્રાયશ્ચિત્ત શાસ્ત્ર રચ્યાં. ૩૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં કયા મુખમાંથી વેદો પ્રકટ થયા તેને વિવેકપૂર્વક સમજાવે છે. વેદોનો ક્રમ અને મુખક્રમ એમ બે વાતો લખે છે.

દેવતા, દ્રવ્યસંબંધ, દેવતાસ્તોત્ર, યાગની અનુમતિ એ યાગોનો અર્થક્રમ છે. પૂર્વ મુખના ક્રમનો તો પાઠ કરવામાં ઉપયોગ થાય છે.

---

[1] दिष्टया तन्मे प्रा. पा.

“ **शस्त्रम्** ” “ ઋગ્વેદ ”ગત છે. જે હોતાનું કર્મ છે. “ **इज्याम्** ” એટલે અધ્વર્યુએ બલિ આપવો તે “ યજુર્વેદનું કાર્ય છે.

“ **स्तुतिस्तोमं** ” ઉદ્‌ગાતાએ કરવાની દેવતાઓની સ્તુતિ સામવેદનું કાર્ય છે. સ્તુતિમાં બે પ્રકારના મંત્ર છે. એક સ્તુતિમંત્ર અને બીજા સ્તોમમંત્ર. જ્યારે કર્મ ચાલતું હોય અને સ્તુતિવિશેષ તે વખતે થાય તેને “ સ્તોમ ” કહેવાય છે. અન્યદા કરવામાં આવે તે “ સ્તુતિ ” કહેવાય છે.

“ प्रायश्चित्तम् ” “ આથર્વણ ” કર્મ છે. આશ્વલાયન સૂત્ર પ્રમાણે બ્રહ્માને કરવાનું હોય છે. એટલે પ્રયોજન પ્રમાણે વેદોને પૂર્વાદિ મુખમાંથી રચ્યા એવો આ શ્લોકનો અર્થ છે જે ઉપર દર્શાવ્યો છે. ૩૭

आयुर्वेदं धनुर्वेदं गान्धर्वं वेदमात्मनः ॥
स्थापत्यं चासृजद्वेदं क्रमात्पूर्वादिभिर्मुखैः ॥ ३८ ॥

અન્વયાર્થ—आत्मनः–પોતાના, **पूर्वादिभिः**–પૂર્વ વગેરે, **मुखैः**–મુખોથી, **क्रमात्**–ક્રમવાર, **आयुर्वेदम्**–આયુર્વેદ, **धनुर्वेदम्**–ધનુર્વેદ, **गान्धर्वम्**–ગાન્ધર્વ વેદ, **च**–અને, **स्थापत्यं वेदम्**–સ્થાપત્ય કલાને, **असृजत्**–સરજ્યા. ૩૮

અનુવાદ—પોતાના પૂર્વ વગેરે મુખોમાંથી ક્રમશઃ આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ અને સ્થાપત્ય કલાને સરજ્યાં. ૩૮

તત્ત્વસુધા—ચાર ઉપવેદોની રચનાનો ક્રમ આ શ્લોકમાં છે.

“ आयुर्वेदम् ” આયુર્વેદ ચિકિત્સાશાસ્ત્ર છે. सूत्रशारीरेन्द्रियचिकित्सानिदानकल्पप्रसिद्धिभेदादष्टस्थानात्मकम् “ धनुर्वेदम् ” એટલે શસ્ત્ર અને અસ્ત્રના બે ભેદવાળું. જો કે ધનુઃ શબ્દ ધનુષ્યમાં રૂઢ છે પરંતુ તે ચાર પ્રકારનું છે. મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત અને મંત્રમુક્ત આવાં ચાર આયુધો છે. ચક્ર વગેરેને “ મુક્ત ”, ખડ્ગ વગેરેને “ અમુક્ત ”, શલ્ય વગેરેને “ મુક્તામુક્ત ” અને બાણાદિને “ મંત્રમુક્ત ” કહે છે.

“ गान्धर्वम् ”—ગીત વાદ્ય નૃત્યના પ્રકારને જણાવનાર શાસ્ત્ર. નાદ વિના ગીત, સ્વર અને નૃત્ય ન સંભવે માટે સમસ્ત જગત નાદાત્મક છે. તે નાદની ઉત્પત્તિનો ક્રમ છે.

જે બ્રહ્મનું સ્થાન છે તેને બ્રહ્મગ્રન્થિ કહે છે. બ્રહ્મગ્રન્થિની મધ્યમાં “ પ્રાણ ” રહેલ છે. પ્રાણમાંથી “ અગ્નિ ” ઉત્પન્ન થાય છે. અગ્નિ અને વાયુના સંયોગથી નાદ ઉત્પન્ન થાય છે. તે નાદથી “ સ્વર ” બને છે અને સ્વરમાંથી રાગ જન્મે છે. તે રાગ જનરંજક બને છે.

“ તાલથી અનુમિત અને સાવધાનતાથી યોજેલ પદસંઘાત ” જે ગાન્ધર્વ કહેવાય છે. સાત સ્વર, ત્રણ ગ્રામ, એકવીશ મૂર્ચ્છના અને બાવીશ શ્રુતિઓમાંથી રાગ બને છે. ભૂતળમાં બે જ ગ્રામ છે તેમજ ચૌદ જ મૂર્ચ્છના અને ચૌદ જ શ્રુતિઓ ભૂતલમાં ગવાય છે. બાકીની ઉપરના લોકમાં ગવાય છે.

स्थापत्यम्–વિશ્વકર્માનું કાર્ય જેમાં સુથાર, કડિયા, સોની, લુહાર વગેરેની કારીગરી આવે છે. ૩૮

इतिहासपुराणानि पञ्चमं वेदमीश्वरः ॥
सर्वेभ्य एव वक्त्रेभ्यः ससृजे सर्वदर्शनः ॥ ३९ ॥

અન્વયાર્થ—सर्वदर्शनः–સર્વનું હિત જોનાર, **ईश्वरः**–ઈશ્વરે, **सर्वेभ्यः एव वक्त्रेभ्यः**–બધાં જ મુખમાંથી, **पञ्चमम्**–પંચમ, **वेदम्**–વેદ સ્વરૂપ, **इतिहासपुराणानि**–ઇતિહાસ અને પુરાણો, **एव**–જ, **ससृजे**–ઉત્પન્ન કર્યાં. ૩૯

અનુવાદ—સર્વના ઉપયોગનો વિચાર કરનાર ઈશ્વરે બધાં જ મુખમાંથી પંચમવેદ સ્વરૂપ મનાતાં ઇતિહાસ અને પુરાણોની રચના કરી. ૩૯

તત્ત્વસુધા—ઇતિહાસ પુરાણો વગેરે તો સર્વને ઉપયોગી છે તેમનું નિર્માણ સર્વ મુખમાંથી કરવામાં આવ્યું છે. ૩૯

षोडश्युंक्थौ पूर्ववक्त्रात्पुरीष्यग्निष्टुतावथ ॥
आप्तोर्यामातिरात्रौ च वाजपेयं सगोसवम् ॥ ४० ॥

અન્વયાર્થ—**षोडशी-उक्थौ**-ષોડશી અને ઉકથ, **पूर्ववक्त्रात्**-પૂર્વમુખમાંથી, **अथ**-ત્યાર પછી દક્ષિણ મુખથી, **पुरीषी-अग्निष्टुतौ**-પુરીષી અને અગ્નિષ્ટુત, **आप्तोर्याम-अतिरात्रौ**-આપ્તોર્યામ અને અતિરાત્ર, પશ્ચિમ મુખમાંથી, **सगोसवम्**-અને ગોસવ સાથે, **वाजपेयम्**-વાજપેયને ઉત્તર મુખમાંથી રચ્યા. ૪૦

અનુવાદ—ષોડશી અને ઉક્થ પૂર્વ મુખમાંથી, ત્યારપછી પુરુષી અને અગ્નિષ્ટુત દક્ષિણ મુખથી, આપ્તોર્યામ અને અતિરાત્ર પશ્ચિમ મુખથી અને ગોસવ સાથે વાજપેયને ઉત્તર મુખમાંથી રચ્યા. ૪૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં યજ્ઞનો ક્રમ છે. તેમાં યજ્ઞની ઉપયોગિતા પ્રમાણે ક્રમ આપ્યો છે. યજ્ઞના ક્રમ પ્રમાણે કહેવાનું હોત તો "અગ્નિષ્ટોમ"ને પ્રથમ કહેત. તૈત્તિરીયના છઠ્ઠા અષ્ટકમાં **अग्निष्टोमे** राजन्यस्य **गृह्णीयात्, न वै षोडशी नाम यज्ञोऽस्ति** એવી બે શ્રુતિઓ છે. ષોડશીને સર્વની ઉપયોગી બતાવે છે.

ષોડશી અને ઉકથ સર્વોપયોગી યજ્ઞો હોવાથી તેમને પૂર્વ મુખમાંથી પ્રકટ કર્યા છે. પુરીષી અને અગ્નિષ્ટુત દક્ષિણ મુખમાંથી પ્રકટ કર્યા છે. "पुरीषमस्य अस्तीति" વેદમાં પુરીષને જલ કહેવામાં આવે છે.

"આપ્તોર્યામ અને અતિરાત્ર" પશ્ચિમ મુખમાંથી પ્રકટ કર્યા છે. આપ્તોર્યામ અતિરાત્રનો જ એક પ્રકાર છે.

વાજપેય અને ગોસવ ઉત્તર મુખમાંથી પ્રકટ કર્યા. વાજપેય સ્વતંત્ર યજ્ઞ છે અને પુષ્કળ ફલ આપે છે. ગાયોને માટે કરવામાં આવે તે ગોસવ યજ્ઞ છે. ૪૦

विद्या दानं तपः सत्यं धर्मस्येति पदानि च ।
आश्रमांश्च यथासंख्यमसृजत्सह वृत्तिभिः ॥ ४१ ॥

અન્વયાર્થ—**विद्या**-વિદ્યા, **दानम्**-દાન, **तपः**-તપ, **च**-અને, **सत्यम्**-સત્ય, **इति**-એ નામના, **धर्मस्य**-ધર્મના, **पदानि**-ચરણોને, **च**-અને **वृत्तिभिः सह**-આજીવિકાઓ સાથે, **आश्रमान्**-આશ્રમોને, **यथासंख्यम्**-પૂર્વાદિના ક્રમ પ્રમાણે, **असृजत्**-સરજ્યાં. ૪૧

અનુવાદ—વિદ્યા, દાન, તપ અને સત્ય એ પ્રમાણેના ધર્મના ચાર પાદોને અને આજીવિકાઓ સાથે આશ્રમોને પૂર્વાદિના ક્રમ પ્રમાણે ચાર મુખમાંથી સરજ્યાં. ૪૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં ધર્મના ચાર ચરણોની ઉત્પત્તિ વર્ણવી છે.

विद्या એટલે જ્ઞાન. दानम् એટલે સુવર્ણનો બનાવેલ તુલાપુરુષ. तपः એટલે દેહ શુદ્ધિકર કષ્ટ. **सत्यम्** એટલે સત્ય ભાષણ.

બ્રહ્માજીએ ચાર મુખમાંથી આ ચાર ધર્મના ચરણોને, આશ્રમોને અને આશ્રમની વૃત્તિઓને સરજ્યાં. ૪૧

---

१. षोडशोक्षः पूर्व–प्रा. पा.

सावित्रं प्राजापत्यं च ब्राह्म चाथ बृहत्तथा ॥
वार्तासंचयशालीनशिलोञ्छ इति वै गृहे ॥ ४२ ॥

અન્વયાર્થ—**सावित्रम्**-સાવિત્ર, **च**–અને, **प्राजापत्यम्**-પ્રાજાપત્ય, **च**–અને, **ब्राह्मम्**-બ્રાહ્મ, **अथ**–અને, **बृहत्**-બૃહત્ ચાર બ્રહ્મચારીની વૃત્તિઓ છે, **वार्ता–संचय–शालीन–शिलोञ्छः**–વાર્તા, સંચય, શાલીન, અને શિલોંછ, **इति**–એ પ્રમાણેની, **गृहे**–ગૃહમાંથી રહેનાર ગૃહસ્થની વૃત્તિઓ છે. ૪૨

અનુવાદ—સાવિત્ર, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને બૃહત્ એ ચાર બ્રહ્મચારીની વૃત્તિઓ છે. વાર્તા, સંચય, શાલીન અને શિલોંછ એ ગૃહસ્થની આજીવિકાઓ છે. ૪૨

તત્ત્વસુધા—બ્રહ્મચારી અને ગૃહસ્થની ચાર વૃત્તિઓનું નિરૂપણ આ શ્લોકમાં છે. ચાર પ્રકારનો બ્રહ્મચારી—

“सावित्रम्”—ઉપનયન પછી મૌન સાથે ત્રણ રાત્રી સુધી ગાયત્રીનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો સમય છે તેને સાવિત્ર વ્રત કહે છે. ઉપનયન પછીના બાર વર્ષ પર્યંત ગુરુકુલમાં અધ્યયન કરવું તેને સાવિત્ર વ્રત કહે છે.

“प्राजापत्यम्”—એક વર્ષ સુધી વેદનું વ્રત રાખવું તે પ્રજાપત્ય વ્રત છે. એકપત્ની-વ્રત અને ઋતુ-ગમનને પણ પ્રજાપત્ય વ્રત કહે છે.

ચાર પ્રકારનો ગૃહસ્થ :

“ब्राह्मम्”—વિવાહ અને અધ્યયન પર્યન્ત બ્રહ્મચર્યનું નામ “બ્રાહ્મવ્રત” છે.

“बृहत्”—જીવન પર્યન્ત નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન “બૃહત્” નામનું બ્રહ્મચર્ય વ્રત છે.

“वार्ता”—ખેતી, વ્યાપાર, ગોપાલન અને વ્યાજવટું એ ચારનું નામ “વાર્તા” કહે છે. અકૃષ્ટ-પચ્ય ખેતી પણ વાર્તા છે.

“संचय”—અધ્યાપન, યાજન આદિની આજીવિકાનું નામ સંચય. “असंचयवृत्ति” એવો પણ પાઠ છે. એક જ દિવસનું અન્ન મેળવવું અને તેમાં સંતોષથી જીવવું.

“शालीनम्”—અયાચક વૃત્તિથી જીવવું. યદૃચ્છાલાભસંતોષ તે પણ શાલીન વૃત્તિ કહી છે.

શાલીનનો અર્થ પૃથ્વી ઉપર વિચરતો અનાસક્ત પુરુષ.

“शिलोञ्छ”—ખળામાં પડેલા ધાન્યના એક એક કણ હાથથી ભેગા કરવા તેને “શિલા” કહેવાય. તેમને ગૃહસ્થના ઘરમાં ખાંડણીથી ખાંડતાં જે દાણા ઊડી જાય તે વીણી લેવાનું નામ “ઉંછન” કહેવાય. દાણા-પીઠમાં વેરાયેલ કણ ભેગા કરવાને પણ “શિલ” કહે છે. ખળામાંથી વીણેલ દાણાને “ઉંછ” કહે છે. ૪૨

वैखानसा वालखिल्यौदुम्बराः फेनपा वने ॥
न्यासे[1] कुटीचरः[2] पूर्वं बह्वोदो हंसनिष्क्रियौ ॥ ४३ ॥

અન્વયાર્થ—**वैखानसाः**-વૈખાસો, **वालखिल्य–औदुम्बराः**-વાલાખિલ્ય, ઔદુંબર, અને-**फेनपाः**-ફેનપા, **इति**–એ પ્રમાણે, **वने**–વાનપ્રસ્થની અને, **न्यासे**–સંન્યાસમાં, **पूर्वम्**–પ્રથમ, **कुटीचकः**–કુટીચક, **बह्वोदः**–બહૂવોદ, **हंस–निष्क्रियौ**–હંસ અને નિષ્ક્રિય, એવી ચાર વૃત્તિઓ છે. ૪૩

અનુવાદ—વૈખાનસ, વાલખિલ્ય, ઔદુંબર અને ફેનપ એ પ્રમાણે વાનપ્રસ્થની ચાર વૃત્તિઓ છે અને સંન્યાસમાં પ્રથમ કુટીચક, બહુવોદ, હંસ અને નિષ્ક્રિય એવી ચાર વૃત્તિઓ છે. ૪૩

---

[1] न्यासी प्रा. पा.　[2] कुटीचकः प्रा. पा.

તત્ત્વસુધા—આ શ્લોકમાં વાનપ્રસ્થ અને સંન્યાસીની આજીવિકાની રીત વર્ણવી છે—

" वैखानसाः "–બ્રહ્માજીનું નામ " વિખના " છે. તેમણે વૈખાનસ " સૂત્રમાં વનનિવાસીના નિયમો બતાવ્યા છે. તે નિયમોને અનુસરી જીવનારા વૈખાનસ મનાય છે. દૈવેચ્છાથી જે મળી આવે તેમાં જીવનનો નિર્વાહ કરે છે તે વૈખાનસ છે.

वालखिल्याः—પંચાગ્નિની ઉપાસના કરનાર, સૂર્યપકવ અન્ન ખાનાર, વનમાં રહેનાર અને વનમાં ઊગેલું અન્ન ખાનાર વાલખિલ્ય છે.

औदुम्बराः—ફલાહારી, પંચકેશ અને નખ રાખનાર અને વનવાસી, તે ઔદુમ્બર છે.

फेनपाः—જલ અને વાયુથી જ જીવનાર ફેનપ નામના વાનપ્રસ્થો છે.

कुटीचरः—પુત્રોએ રચેલ પર્ણકુટીમાં રહે અને પુત્રો જ પાલન કરે અને આત્મચિંતનમાં સમય ગાળે એ કુટીચર સંન્યાસી છે.

बहूवोदः– વનમાં સ્વતંત્ર રીતે વસે અને આત્મચિંતન કરે તે બહૂવોદ સંન્યાસી છે. બહૂવોદે તીર્થવાસ કરવો.

हंसः—રોજ વિચરવું, એક રાતથી વધુ વાસ ન કરવો, મૌન, વાણીનો દંડ, ઇચ્છાત્યાગ, મનનો દંડ, બ્રહ્મચર્ય દેહનો દંડ એવા ત્રિદંડી થઈ વસવું.

निष्क्रियः—ભરતયોગીની માફક યોગભ્રષ્ટ થયેલ નિષ્ક્રિય થઈને વિચરે છે તે ચોથો પ્રકાર છે. ૪૩

आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिस्तथैव च ॥
एवं व्याहृतयश्चासन्प्रणवो ह्यस्य हृद्गतः ॥ ४४ ॥

અન્વયાર્થ—आन्वीक्षिकी–આન્વીક્ષિકી, **त्रयी**–ત્રણ વેદો, **वार्ता**–વાર્તા, **दण्डनीतिः**–દંડનીતિ, **तथा एव च**-અને તે જ પ્રમાણે પ્રકટ થયા, **एवम्**–એવી રીતે, **व्याहृतयः**–વ્યાહૃતિઓ, **च**–અને, **अस्य**–આમના, **हृद्गतः**–હૃદયમાં રહેલ, **प्रणवः हि**–પ્રણવ નીકળ્યા. ૪૪

અનુવાદ—આન્વીક્ષિકી, ત્રણ વેદો, વાર્તા અને દંડનીતિ તેવી જ રીતે પ્રકટ થયાં. એવી રીતે વ્યાહૃતિઓ પ્રકટ થઈ અને પ્રણવ આમના હૃદયમાંથી પ્રકટ થયા. ૪૪

તત્ત્વસુધા—આ શ્લોકમાં આન્વીક્ષિકી નીતિ વગેરેની ઉત્પત્તિ વર્ણવે છે.

" आन्वीक्षिकी " આત્મવિદ્યાનું નામ છે. છતાં નીતિ તરીકે વર્ણવી છે. બ્રાહ્મણો અને પરમહંસોએ નિત્ય લૌકિક વ્યવહારમાં જે નીતિથી વર્તવાનું છે તે આન્વીક્ષિકી વિદ્યા છે. તેમજ તે આત્મવિદ્યા પણ છે.

त्रयी—વેદની જ સંજ્ઞા છે. છતાં આ સ્થાને નીતિ તરીકે વર્ણવે છે.

वार्ता—એટલે ચારે વર્ણે કેવી રીતે આજીવિકા ચલાવવી.–दण्डनीति સમાજની રક્ષાનું સાધન છે. આ ચાર વસ્તુઓ ક્રમે કરી ચાર મુખમાંથી પ્રકટ થઈ.

" व्याहृतयः " આ૨ વ્યાહૃતિઓ નથી પરંતુ भूर् भुवः स्वः—આ ત્રણ વ્યાહૃતિઓ છે. અને ત્રણનો સમૂહ એ ચોથી વ્યાહૃતિ છે તે ચાર મુખમાંથી ક્રમવાર પ્રકટ થઈ.

प्रणवः—ૐકારનો અને અથ શબ્દનો ઉચ્ચાર કરેલો નહીં. ૐકાર હૃદયમાં જ વસેલ પરંતુ તે બ્રહ્માના કંઠમાં બન્ને પ્રકટ થયા તે બન્નેને મંગલવાચક માન્યા છે. ૪૪

---

१. दहृतः, दक्षतः इति प्रा. पा.

तस्योष्णिगासील्लोमभ्यो गायत्री च त्वचो विभोः ॥
त्रिष्टुम्मांसात्स्नुतोऽनुष्टुब्जगत्यस्थ्नः प्रजापतेः ॥
मज्जायाः पङ्क्तिरुत्पन्ना बृहती प्राणतोऽभवत् ॥ ४५ ॥

અન્વયાર્થ—**तस्य**-તે, **विभोः प्रजापतेः**-સમર્થ પ્રજાપ્રતિના, **लोमभ्यः**-રોમમાંથી, **उष्णिक्**-ઉષ્ણિક્ છંદ, અને **त्वचः**-ત્વચામાંથી, **गायत्री**-ગાયત્રી છંદ, **मांसात्**-માંસમાંથી, **त्रिष्टुप्**-ત્રિષ્ટુપ છંદ, **स्नुतः**-સ્નાયુમાંથી, **अनुष्टुप्**-અનુષ્ટુપ છંદ, **च**-અને, **अस्थ्नः**-હાડકામાંથી, **जगती**-જગતી છંદ, **आसीत्**-પ્રકટ થયો. **मज्जायाः**-મજ્જામાંથી પંક્તિ અને **प्राणतः**-પ્રાણુમાંથી, **बृहती**-બૃહતી, **उत्पन्ना अभवत्**-ઉત્પન્ન થઈ. ૪૫

અનુવાદ—તે સમર્થ પ્રજાપતિના રોમમાંથી ઉષ્ણિક્ છંદ, ત્વચામાંથી ગાયત્રી છંદ, માંસમાંથી ત્રિષ્ટુપ્ છંદ, સ્નાયુમાંથી અનુષ્ટુપ્ છંદ, તેમજ હાડકામાંથી જગતી છંદ પ્રકટ થયો. વળી મજ્જામાંથી પંક્તિ છંદ ઉત્પન્ન થયો અને પ્રાણુમાંથી બૃહતી છંદ થયો. ૪૫

તત્ત્વસુધા—આ શ્લોકમાં સપ્ત છંદોની ઉત્પત્તિનું વર્ણન છે.

"उष्णिग्"-ઉષ્ણિક્ છંદ ૨૧ અક્ષરનો છે. તેની ઉત્પત્તિ ચામડીમાંથી જન્મેલાં રુવાંટાંમાંથી થઈ છે. ઉષ્ણિક્‌ના ત્રણ પાદ છે અને પ્રત્યેક ચરણ સાત અક્ષરનું છે. સૌથી ઓછા અક્ષરનો છંદ હોવાથી તેને પ્રથમ લીધો છે.

गायत्री—ગાયત્રી છંદ ત્વચામાંથી પ્રકટ થયેલ છે. તેના ૨૪ અક્ષર છે. ગાયત્રીથી સોમ રસ આણેલ હોવાથી તેની પ્રસિદ્ધિ થયેલી છે.

त्रिष्टुप्—ત્રિષ્ટુપ્ છંદ માંસમાંથી પ્રકટ કર્યો છે. એના ૪૪ અક્ષર છે.

अनुष्टुप्—અનુષ્ટુપ્ છંદ સ્નાયુમાંથી થયેલ છે. તેના ૩૨' અક્ષર છે. जगती છંદ અસ્થિમાંથી થયેલ છે તેના ૪૮ અક્ષરો છે. શરીરમાં હાડકાં વધારે છે માટે તેના અક્ષરો વધારે છે.

पंक्तिः—પંક્તિ છંદ મજ્જામાંથી ઉત્પન્ન થયો છે, તેના અક્ષર ૪૦ છે. बृहती-બૃહતી છંદ પ્રાણુમાંથી ઉત્પન્ન થયેલ છે તેના અક્ષર ૩૬ છે. બૃહતીનું માહાત્મ્ય શ્રુતિમાં વધુ વર્ણવ્યું છે. તે બધા છંદો કરતાં વધુ પ્રભાવશાળી છે. ૪૫

स्पर्शस्तस्याभवज्जीवः स्वरो देह उदाहृतः ॥ ४६ ॥
ऊष्माणमिन्दियाण्याहुरन्तस्था बलमात्मनः ॥
स्वराः सप्त विहारेण भवन्ति स्म प्रजापतेः ॥ ४७ ॥

અન્વયાર્થ—**स्पर्शः**-સ્પર્શ, **तस्य**-તેનો, જીવ, **अभवत्**-થયો, **स्वरः**-તેનો સ્વર, **देहः**-દેહ, **उदाहृतः**-કહેલો છે, **ऊष्माणम्**-ઉષ્માક્ષરોને, **आत्मनः**-પોતાની, **इन्द्रियाणि**-ઇન્દ્રિયો, **आहुः**-કહેલી છે. **अन्तस्थाः**-અન્તસ્થ અક્ષરોને, **बलम्**-બલ કહેલ છે. **प्रजापतेः**-પ્રજાપતિના, **विहारेण**-વિહારથી, **सप्त स्वराः**-સાત સ્વરો, **भवन्ति स्म**-બને છે. ૪૬, ૪૭

અનુવાદ—તે શબ્દબ્રહ્મનો સ્પર્શ જીવ થયો, સ્વરને તેનો દેહ કહેલ છે, ઉષ્માક્ષરોને ઇન્દ્રિયો કહેલી છે, અન્તઃસ્થોને બલ કહેલ છે. શબ્દબ્રહ્મના વિહારથી સાત સ્વરો બનેલા છે. ૪૬, ૪૭

તત્ત્વસુધા—"स्पर्शस्तस्याभवज्जीवः" કથી મ' સુધીનાં પચીસ વ્યંજનોને સ્પર્શ વ્યંજન કહ્યાં છે, તેઓ શબ્દબ્રહ્મના જીવ તરીકે ગણાય છે. જીવ એટલે હું "શબ્દબ્રહ્મનો છું." એવું અભિમાન ધરાવે છે.

"**स्वरो देह**"—સોળ સ્વર, શબ્દબ્રહ્મનો દેહ કહેલો છે. **उष्माणमिन्द्रियाणि** શ્ ષ્ સ્ હ્ ચાર ઉષ્મા ચાર ઇન્દ્રિયો છે. **अन्तस्थाः** ય્ ર્ લ્ વ્ અન્તઃસ્થોને બલ માન્યું છે. **सप्त स्वराः** સાત સ્વરો શબ્દબ્રહ્મના વિહારમાંથી થયા છે. પ્રજાપતિ શબ્દથી આ સ્થાને શબ્દબ્રહ્મનો અને બ્રહ્મનો અભેદ કહ્યો છે. ૪૬, ૪૭

शब्दब्रह्मात्मनस्तस्य व्यक्ताव्यक्तात्मनः परम् ॥
ब्रह्मावभाति विततो नानाशक्त्युपबृंहितम् ॥ ४८ ॥

અન્વયાર્થ—**व्यक्त-अव्यक्त-आत्मनः**-સ્પષ્ટ અસ્પષ્ટ સ્વરૂપવાળો, **तस्य शब्दब्रह्म-आत्मनः** તે શબ્દબ્રહ્મનું બનેલું, **विततम्**-વિસ્તારવાળું, **नानाशक्ति-उपबृंहितम्**-જુદી જુદી શક્તિઓની સમૃદ્ધિવાળું, **परं ब्रह्म**-પરબ્રહ્મ, **अवभाति**-પ્રકાશે છે. ૪૮

અનુવાદ—સ્પષ્ટ અને અસ્પષ્ટ સ્વરૂપવાળા તે શબ્દબ્રહ્મનું બનેલું વિસ્તારવાળું અને જુદી જુદી શક્તિઓની સમૃદ્ધિવાળું પરબ્રહ્મ પ્રકાશે છે. ૪૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં એક શંકાનું સમાધાન છે કે શબ્દ અને અર્થ બે જુદા જુદા પ્રકારના હોવાથી શબ્દબ્રહ્મથી જગત કેવી રીતે ઉત્પન્ન થયું? પૂછવાનું તાત્પર્ય એ છે કે શબ્દબ્રહ્મ વિજાતીયપણાને લીધે ઉપાદાન ન થઈ શકે અને કાર્ય એટલે જગત તેના વિના થયેલું હોય તો તેનું નિમિત્ત કારણ ન થઈ શકે તેથી શબ્દબ્રહ્મથી જગત કેવી રીતે ઉત્પન્ન થાય?

આ શંકાના જ સમાધાન માટે અહીં "બ્રહ્મ પ્રકાશે છે" એવું કહેલ છે. જગતનો પ્રકાશ કરવો તેને જ ઉત્પન્ન કરવું કહેલ છે. રૂપ અને નામના ભેદથી જગત બે પ્રકારનું છે. તે પૈકી જેમ રૂપથી બ્રહ્માએ જગતનો પ્રકાશ કર્યો તેમ વેદ નામથી તેનો પ્રકાશ કરી તેનું ભાન કરાવે છે. તેથી શબ્દબ્રહ્મ પણ જગત ઉત્પન્ન કરનારું છે એવો અર્થ છે. ૪૮

ततोऽपरामुपादाय स सर्गाय मनो दधे ॥
ऋषीणां भूरिवीर्याणामपि सर्गमविस्तृतम् ॥ ४९ ॥
ज्ञात्वा तद्धृदये भूयश्चिन्तयामास कौरव ॥ ५० ॥

અન્વયાર્થ—**ततः**-ત્યાર પછી, **अपरां**-બીજા દેહને, **उपादाय**-ધારણ કરીને, **सः**-તે બ્રહ્માજીએ, **सर्गाय**-સૃષ્ટિ રચવા માટે, **मनो दधे**-વિચાર કર્યો. **भूरिवीर्याणां ऋषीणाम्**-પુષ્કળ પરાક્રમવાળા ઋષિઓના, **अपि**-પણ, **अविस्तृतम् सर्गम्**-વિસ્તાર વગરની સૃષ્ટિને, **ज्ञात्वा**-જાણીને, **कौरव**-હે કૌરવ, **भूयः**-ફરીથી, **हृदये**-હૃદયમાં, **तत्**-તે સ્વરૂપને, **चिंतयामास**-વિચારવા લાગ્યા. ૪૯, ૫૦

અનુવાદ—ત્યારપછી બીજા દેહને ધારણ કરીને તેમણે સૃષ્ટિ રચવા માટે વિચાર કર્યો. હે કૌરવ! ઋષિઓ ઘણા પરાક્રમવાળા હોવા છતાં તેમની સૃષ્ટિ વિસ્તાર વગરની જોઈને ફરીથી બ્રહ્માજીએ હૃદયમાં તે સ્વરૂપનું ચિંતન કર્યું. ૪૯, ૫૦

તત્ત્વસુધા—બ્રહ્માજીની ચિંતાનું કથન આ શ્લોકમાં છે.

चिन्तयामास कौरव! બ્રહ્માજીએ મનમાં વિચાર્યું કે ઋષિઓ જોકે પરાક્રમવાળા તો છે જ પરંતુ મારા જેટલું તો બળ ન જ હોય તેમજ તેઓ પરિમિત જ સંખ્યામાં છે તો શી રીતે સૃષ્ટિ રચશે? તેવી ચિંતા તેમના મનમાં થઈ. ૪૯, ૫૦

अहो अद्भुतमेतन्मे व्यापृतस्यापि नित्यदा ।।
न ह्येधन्ते प्रजा नूनं दैवमत्र विघातकम् ।। ५१ ।।

અન્વયાર્થ—**अहो**, **एतत्**-આ, **अद्भुतम्**-અદ્ભુત છે, **नित्यदा**-સદા, **व्यापृतस्य अपि**-સૃષ્ટિ રચવા માટે ઉદ્યોગવાળો છતાં, **मे**-મારી, **प्रजाः**-પ્રજા, **न एधन्ते हि**-વધતી જ નથી, **नूनम्**-અવશ્ય, **अत्र** આ દિશામાં, **दैवम्**-દૈવ, **विघातकम्**-વિઘ્ન કરતું લાગે છે. ૫૧

અનુવાદ—અહો આ કેવું વિચિત્ર છે કે હું સદા સૃષ્ટિ વિસ્તારવા પ્રયત્ન કરતો હોવા છતાં પણ ખરેખર પ્રજાની વૃદ્ધિ થતી જ નથી તેથી લાગે છે કે દૈવ જ વિઘ્ન કરે છે. ૫૧

તત્ત્વસુધા—“ अहो अद्भुतमेतन्मे ” બ્રહ્માજીને લાગ્યું કે ભગવાને એક વાર મને તપનું વિધાન કરેલું તો ફરીથી શું મારે તપ કરવું ? આખરે મનમાં નિર્ણય કર્યો કે “ અશક્ય કાર્યમાં શ્રીહરિનું જ શરણ લેવું. ” એ નિર્ણયથી ભગવાનના સ્વરૂપનું જ ધ્યાન કરવું. જેથી ચિંતા નિવૃત્ત થશે. ૫૧

एवं युक्तकृतस्तस्य दैवं चावेक्षतस्तदा ।।
कस्य रूपमभूद्द्वेधा यत्कायमभिचक्षते ।। ५२ ।।

અન્વયાર્થ—**एवम्**-એ પ્રમાણે, **युक्तकृतः**-યોગ્ય કાર્ય કરતા, **च**-અને, **दैवम्**-દૈવની, **अवेक्षतः**-રાહ જોતા, **तदा**-તે સમયે, **तस्य कस्य**-તે બ્રહ્માનું, **रूपम्**-સ્વરૂપ, **द्वेधा**-બે વિભાગવાળું **अभूत्**-થયું, **यम्**-જેને લોકો, **कायम्**-“ કાય ”, **अभिचक्षते**-કહે છે. ૫૨

અનુવાદ—આ પ્રમાણે યોગ્ય રીતે કાર્ય કરતા અને દૈવની રાહ જોતા તે બ્રહ્માના સ્વરૂપના બે વિભાગ થયા જેને લોકો “કાય” કહે છે. ૫૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાનની કૃપાનું વર્ણન છે.

“ एवं चिन्तयतस्तस्य ” બ્રહ્માજીએ ભગવાનનું હૃદયમાં ધ્યાન કર્યું. ભગવાનને દયા આવી. બ્રહ્માજીની અશક્તિ ભગવાને જાણી અને બ્રહ્માજીના દેહના બે વિભાગ કર્યા. का એક આકૃતિ સ્ત્રીની બનાવી, બીજી આકૃતિ પુરુષની બનાવી. બે આકૃતિને જોઈને પ્રશ્ન થયો કે **इयम्** અને **कोऽयम्** આ બન્ને પ્રશ્નના શબ્દોમાંથી **इयम्** અને **कः** એ બન્ને વિશેષ્યવિશેષણનો લોપ કર્યો એટલે “ **कायम्** ” સિદ્ધ થયું. ૫૨

ताभ्यां रूपविभागाभ्यां मिथुनं समपद्यत ।
यस्तु तत्र पुमान्सोऽभून्मनुः स्वायंभुवः स्वराट् ।।
स्त्री या[1]ऽऽसीच्छतरूपाख्या महिष्यस्य[2] महात्मनः ।। ५३ ।।

અન્વયાર્થ—**ताभ्याम्**-તે થયેલા, **रूपविभागाभ्याम्**-રૂપના બે વિભાગોમાંથી, **मिथुनम्**-એક યુગલ, **समपद्यत**-થયું. **तत्र**-તેમાં, **यः**-જે, **पुमान्**-પુરુષ છે, **सः**-તે, **तु**-તો, **स्वराट्**-ચક્રવર્તી, **स्वायम्भुवः**-સ્વાયંભુવ, **मनुः**-મનુ, **अभूत्**-થયા અને, **या**-જે, **स्त्री**-સ્ત્રી, **आसीत्**-હતાં, **महात्मनः अस्य**-તે આ મહાત્માની, **शतरूपाख्या**-શતરૂપા નામની, **महिषी**-મહિષી થયાં. ૫૩

અનુવાદ—બ્રહ્માના તે દેહના બનેલા બે વિભાગોમાંથી એક યુગલ બન્યું. તેમાં જે પુરુષ હતા તે ચક્રવર્તી સ્વાયંભુવ મનુ થયા અને જે સ્ત્રી હતાં તે શતરૂપા નામનાં મહારાણી થયાં. ૫૩

૧-चासी०—प्रा. पा., २ महिष्यभ प्रा. पा.

તત્ત્વસુધા—ભગવાને બ્રહ્માજીના દેહમાંથી જે બે ભાગ કર્યા તેમાંથી પુરુષ ભાગ મનમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી "મનુ" સંજ્ઞા આપી. આ મનુને "સ્વરાટ્" ચક્રવર્તી કહીને ભગવાનના અંશમાંથી તે થયેલ છે તેથી તે મનુમાં ઐશ્વર્યો છે તેમજ સૃષ્ટિ રચવા સમર્થ છે તેમ પણ સૂચવ્યું.

"शतरूपाख्या" શતરૂપા મહારાણી છે. અનેક રૂપો ધારણ કરે છે તેથી તે શતરૂપા છે. **મહિષી** હોવાથી અનેક કામનાઓ આપી શકે છે એમ કહ્યું. ૫૩

तदा मिथुनधर्मेण प्रजा ह्येधांबभूविरे ॥
स चापि शतरूपायां पञ्चापत्यान्यजीजनत् ॥ ५४ ॥
प्रियव्रतोत्तानपादौ तिस्रः कन्याश्च भारत ॥
आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति सत्तम ॥ ५५ ॥

અન્વયાર્થ—**तदा हि**–ત્યારે જ, **मिथुनधर्मेण**–સંસારધર્મથી, **प्रजा**–પ્રજા, **एधाम्बभूविरे**–વધવા લાગી, **च**–અને, **सः अपि**–તે મનુએ, **शतरूपायाम्**–શતરૂપા મહારાણીમાં, **पञ्च**–પાંચ, **अपत्यानि**–સંતાનોને, **अजीजनत्**–જન્મ આપ્યો. ૫૪

सत्तम भारत–હે ઉત્તમ પુરુષ, હે ભારત ! **प्रियव्रत–उत्तानपादौ**–પ્રિયવ્રત, ઉત્તાનપાદ, **च**–અને, **आकूतिः**–આકૂતિ, **देवहूति**–દેવહૂતિ, **च**–અને, **प्रसूतिः**–પ્રસૂતિ, **इति**–એ પ્રમાણે, **तिस्रः**–ત્રણ, **कन्याः**–કન્યાઓ થઈ. ૫૫

અનુવાદ—ત્યાર પછી મિથુન ધર્મથી પ્રજાની વૃદ્ધિ થવા લાગી. તે સ્વાયંભુવ મનુએ શતરૂપા મહારાણીમાં પાંચ સંતાનોને જન્મ આપ્યો. હે ઉત્તમ પુરુષ ! ભારત ! પ્રિયવ્રત, ઉત્તાનપાદ એ બે પુત્ર તથા આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ એમ ત્રણ કન્યાઓ થઈ. ૫૪, ૫૫

તત્ત્વસુધા—મનુની સૃષ્ટિનું નિરૂપણ આ શ્લોકથી કર્યું છે :

"पञ्चापत्यान्यजीजनत्"—મનુ રાજાએ પાંચ સંતાનોને જન્મ આપ્યો. મનુના પ્રધાનપણામાંથી ઉત્પન્ન થયા તે ઉત્તાનપાદ રાજા થયા. તે વિસર્ગ લીલામાં ઉપયોગી થયા. તે વખતે મનુમાં રહેલ જીવના પ્રધાનપણામાંથી ઉત્પન્ન થાય છે.

મનુના પ્રિયવ્રત બીજા પુત્ર ઉત્પન્ન થયા. તે ભગવાનના પ્રધાનમાંથી ઉત્પન્ન થયા. છે. "સ્થિતિ" લીલામાં તેમનો ઉપયોગ છે.

રાજા મનુને ત્યાં આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ ત્રણ કન્યાઓ ઉત્પન્ન થઈ. દેવહૂતિ ભગવદીય પુત્રી હતી. પ્રસૂતિ કન્યા શતરૂપાની માગણીથી થઈ. ૫૪, ૫૫

आकूतिं रुचये प्रादात्कर्दमाय तु मध्यमाम् ॥
दक्षायादात्प्रसूतिं च यत आपूरितं जगत् ॥ ५६ ॥

અન્વયાર્થ—**सः**–તે મનુરાજાએ, **आकूतिम्**–આકૂતિ કન્યાને, **रुचये**–રુચિ ઋષિને, **कर्दमाय तु**–કર્દમુનિને તો, **मध्यमाम्**–દેવહૂતિ વચટ કન્યાને, **दक्षाय**–દક્ષપ્રજાપતિને, **प्रसूतिम्**–પ્રસૂતિ નામની કન્યાને, **प्रादात्**–આપી, **यतः**–જેમનાથી, **जगत्**–જગત, **आपूरितम्**–ભરપૂર બન્યું. ૫૬

---

૧. ह्येवं बभूविरे प्रा. पा.

અનુવાદ—તે મનુ રાજાએ આકૂતિ કન્યાને રુચિ નામના ઋષિને, વચટ કન્યા દેવહૂતિ કર્દમઋષિને, અને પ્રસૂતિ નામની કન્યા દક્ષ પ્રજાપતિને આપી જેથી આ જગત ભરપૂર બન્યું. ૫૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં ત્રણ કન્યાઓનું પ્રદાન વર્ણવે છે.

आकूतिं रुचये–રુચિ બીજા કલ્પમાં ઉત્પન્ન થયેલા બ્રહ્માના પુત્ર હતા તેમને આકૂતિ કન્યા આપી. આકૂતિ ક્રિયાશક્તિપ્રધાન હતી.

कर्दमाय तु मध्यमाम्–દેવહૂતિનું નામ ન લેતાં "મધ્યમ" એટલે વચટ કન્યા કર્દમઋષિને આપી એવું કહ્યું છે. જે "પ્રિયજન" હોય તેનું વારંવાર નામ ન લેવું. કર્દમઋષિ છાયામાંથી થયા છે.

दक्षायादात्प्रसूतिम्–દક્ષ પ્રજાપતિને પ્રસૂતિ નામની કન્યા આપી. પ્રસૂતિમાં સ્ત્રીપણું પ્રધાન હતું. દક્ષમાં કેવલ દક્ષતા વિના અન્ય ગુણ ન હતા પણ કન્યાને પરણાવવાની હતી તેથી પરણાવી.

આ પાંચ સંતાનોમાંથી જગત ભરપૂર થયુ તેથી લખ્યું **यत आपूरितं जगत्**. ૫૬

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૧૨ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૩ મો

શ્લોક સંખ્યા ૫૧

તેરમા અધ્યાયમાં શ્રી વરાહ ભગવાનનું પ્રાકટ્ય છે. વરાહ વૈદિક સૃષ્ટિના કારણરૂપ છે. કારણ કે વરાહ સર્વ વેદોના અર્થરૂપ છે. વેદો દ્વારા જ યજ્ઞ થાય છે. યજ્ઞનો આધાર ભૂમિ છે. ભૂમિને "દેવયજન" તરીકે વેદોમાં વર્ણવી છે. ભૂમિની માફક યજ્ઞોમાં દર્ભોની પણ આવશ્યકતા હોય છે. દર્ભો વરાહ ભગવાનના રોમાંચમાંથી થયા છે. તેમજ યજ્ઞનાં પાત્રો પણ વરાહના અવયવોમાંથી બન્યાં છે. તેથી સર્વના ઉપયોગી શ્રી વરાહ ભગવાન છે. તેમના ચરિત્રનું નિરૂપણ આ અધ્યાયમાં છે.

સૃષ્ટિની ઉત્પત્તિની બાબતમાં એક વાત યાદ રાખવાની છે કે દરેક સમયે સર્વ જગતની ઉત્પત્તિ થયેલી હોતી નથી. મુખ્ય કલ્પના આરંભમાં સર્વ જગતની ઉત્પત્તિ હોય છે. પરંતુ પેટા કલ્પોમાં સર્વ જગતની નહીં પરંતુ નાશ પામેલા લોકોની જ ઉત્પત્તિ હોય છે. આ રીતે કલ્પોની સમજ આવે તો વિરોધ ન લાગે.

તેરમા અધ્યાયમાં હિરણ્યાક્ષનું યુદ્ધ આવે છે. હિરણ્યાક્ષ મનુની પુત્રીના વંશમાં ઉત્પન્ન થયેલ છે. મનુને સંતાન ઉત્પન્ન થયા પહેલાં વરાહનું યુદ્ધ હિરણ્યાક્ષ સાથે થયું. શી રીતે ? કારણ કે બ્રહ્માજીને સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા તો આ અધ્યાયમાં આપે છે.

તો આવી શંકા ન કરવી. મનુ પહેલા કલ્પમાં થયા છે. ત્રીજા સ્કંધના ૧૨ મા અધ્યાયના ૫૦ મા શ્લોકમાં તેમની ઉત્પત્તિ કહી છે. તે કલ્પમાં જ મનુરાજાને પાંચ સંતાન થયેલ છે. બ્રહ્માની રાત્રિ પડી ત્યારે મનુરાજા પત્ની અને સંતાનોની સાથે સત્યલોકમાં રહેલા. બીજા કલ્પના આરંભમાં બ્રહ્માજી સાથે મનુનો સંવાદ થયો. તેમાં બ્રહ્માએ તેમને પોતાના જેવાં ગુણવાળાં સંતાન રચવા કહ્યું.

श्रीशुक उवाच – निशम्य वाचं वदतो मुनेः पुण्यतमां नृप ॥
भूयः पप्रच्छ कौरव्यो वासुदेवकथादृतः ॥ १ ॥

અન્વયાર્થ—नृप ! હે રાજન્, **वदतः**–આ પ્રમાણે કથા કહેતા, **मुनेः**–મુનિની, **पुण्यतमाम्**–અત્યંત પવિત્ર, **वाचम्**–વાણીને, **निशम्य**–સાંભળીને, **वासुदेवकथादृतः**–વાસુદેવની કથામાં આદરવાળા, **कौरव्यः**–કૌરવ્ય શ્રી વિદુરજીએ, **भूयः**–ફરીથી, **पप्रच्छ**–પ્રશ્ન કર્યો. ૧

અનુવાદ—હે રાજન્ ! આ પ્રમાણે કથા કહી રહેલા મૈત્રેય મુનિની અત્યંત પવિત્ર વાણી સાંભળીને વાસુદેવની કથામાં આદરવાળા કૌરવ્ય શ્રી વિદુરજી ફરીથી પૂછવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—તેરમા અધ્યાયમાં શ્રી વરાહ ભગવાનનો આવિર્ભાવ છે. પૃથ્વી આકસ્મિક ડૂબી જાય છે. જો ડૂબવાનું કારણ હોત અને ડૂબી હોત તો પ્રથમથી ખ્યાલ આવે પણ ખરો. મનુરાજા પૃથ્વી વિના પ્રજા–રચના કરી શકતા નથી. શ્રી વરાહ ભગવાન પ્રકટ થઈ પૃથ્વીનો ઉદ્ધાર કરશે અને હિરણ્યાક્ષનો વધ કરશે.

श्रीशुक उवाच—આ પ્રસંગની પ્રસ્તાવના શ્રી શુકદેવજી રજૂ કરે છે. ભગવાનનું પ્રાકટ્ય આ અધ્યાયમાં વર્ણવવાનું છે તેના આનંદમાં આવીને અધ્યાય આરંભે છે.

नृप !—પરીક્ષિત રાજાનું "नृप" શબ્દમાં સંબોધન છે. આ કથાશ્રવણથી "સુખ–આનંદ–પુણ્ય" થશે, એ ભાવથી રાજાને "नृप" સંબોધન કર્યું.

भूयः पप्रच्छ कौरव्यः—" કૌરવ્ય " વિદુરજીનું વિશેષણ છે. ' ભગવત્કથા 'માં એક સામર્થ્ય છે કે જે સાંભળે તેના હૃદયમાં આદર પ્રકટે છે. વિદુરજીના ઉરમાં હર્ષ ઉદ્દભવ્યો અને બીજા શ્લોકથી પ્રશ્નો શરૂ થયા. ૧

બીજા શ્લોકથી ચોથા શ્લોક સુધી ત્રણ પ્રશ્નો પૂછે છે. તેમાં મનુરાજાનું કાર્ય, ચરિત્ર અને સાંભળવા યોગ્ય વસ્તુ એમ ત્રણ વાત સમાય છે. ૧

विदुर उवाच—स च[1] स्वायम्भुवः सम्राट् प्रियः पुत्रः स्वयंभुवः ॥
प्रतिलभ्य प्रियां पत्नीं किं चकार ततो मुने ॥ २ ॥

અન્વયાર્થ—मुने-હે મૈત્રેય મુનિ!, **स्वयम्भुवः**-સ્વયંભૂના, **प्रियः**-પ્રિય, **पुत्रः**-પુત્ર, **सः**-તે, **सम्राट्**-ચક્રવર્તી, **स्वायम्भुवः**-સ્વાયંભુવ મનુએ, **प्रियाम्**-પ્રિય, **पत्नीम्**-પત્ની શતરૂપા રાણીને, **प्रतिलभ्य**-મેળવ્યાં, **ततः**-બાદ, **किम् च**-ખરેખર શું, **चकार**-કર્યું. ૨

અનુવાદ—હે મૈત્રેય મુનિ! સ્વયંભૂ બ્રહ્માના પ્રિય પુત્ર ચક્રવર્તી તે સ્વાયંભુવ મનુએ મનગમતી શતરૂપા પત્નીને મેળવ્યા પછી ખરેખર શું કર્યું ? ૨

તત્ત્વસુધા—स च स्वायम्भुवः—મનુરાજામાં ભગવાનપણું તેમજ માનવપણું એવાં બે સ્વરૂપો છે, એ દર્શાવતાં બે વિશેષણો છે. " સ્વાયંભુવ " એટલે ' પરમ ભગવદીય ' એવો અર્થ થાય. તેમજ ' ભગવાન ' તેવો પણ અર્થ થાય. સમ્રાટ શબ્દથી ચક્રવર્તી ગણાય છે. આ બે યોગ્યતા ઉપર " प्रियः पुत्रः ' ત્રીજી યોગ્યતા વર્ણવી. જે પિતાનો પ્રિય બને છે તે આશીર્વાદનો વારસદાર બને છે.

" प्रियां पत्नीं "—" ભગવદીય, માનવ અને પિતૃભક્ત " ત્રણ યોગ્યતાવાળો જ્યારે " પ્રિય પત્ની "ને મેળવે ત્યારે કેવલ લૌકિક સુખમાં રચ્યોપચ્યો ન રહે, એ આશય ઉરમાં રાખી વિદુરજીએ પ્રશ્ન કર્યો કે પત્નીને મેળવી મનુ મહારાજે શું કર્યું ? શતરૂપાજી પણ ભગવદીય હતાં. વળી યજ્ઞમાં અધિકાર ધરાવે તેને પત્ની કહેવાય, તેથી પત્ની હતાં. બીજા કલ્પમાં શતરૂપાજી પત્ની તરીકે જ મળ્યાં છે. ૨

चरितं तस्य राजर्षेरादिराजस्य सत्तम ॥
ब्रूहि मे श्रद्दधानाय[2] विष्वक्सेनाश्रयो ह्यसौ ॥ ३ ॥

અન્વયાર્થ—सत्तम-હે ઉત્તમ પુરુષ, **आदिराजस्य**-આદિ રાજા, **तस्य राजर्षेः**-તે રાજર્ષિનું, **चरित्रम्**-ચરિત્ર, **श्रद्दधानाय मे**-શ્રદ્ધાશીલ એવા મને, **ब्रूहि**-આપ કહો, **हि**-કારણ કે, **असौ**-આ મનુરાજા, **विष्वक्सेन-आश्रयः**-શ્રી વિષ્વક્સેન વિષ્ણુ ભગવાનના આશ્રયવાળા છે. ૩

અનુવાદ—હે ઉત્તમ પુરુષ! આદિરાજ શ્રી રાજર્ષિ મનુનું ચારિત્ર શ્રદ્ધાળુ એવા મને કહો. કારણ કે આ મનુ રાજા ભગવાનના આશ્રયવાળા છે. ૩

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં મનુરાજાના કાર્ય અંગે પ્રશ્ન પૂછ્યો. આ શ્લોકમાં " ચરિત્ર " સંબંધી પ્રશ્ન પૂછે છે.

" चरितं तस्य "—ચરિત્ર ' અમૃત ' છે તેમ જ ' મધુ ' છે. રાજાની યોગ્યતા બતાવી કે तस्य એટલે ભગવદીય, राजर्षेः એટલે ધર્મનિષ્ઠ અને आदिराजस्य એટલે દેવનો અંશ-આવા ત્રણ ધર્મો હોવાથી ચરિત્ર સાંભળવા જેવું છે. " ભગવદીય, ધાર્મિક, દિવ્યાંશ " આવી ત્રણ યોગ્યતાવાળાનું જ ચરિત્ર સાંભળવું.

" श्रद्दधानाय "—શ્રોતા શ્રદ્ધાળુ હોય તો જ હરિચરિત્ર સંભળાવવું.

---

१. वै. प्रा. पा.　　२. श्रद्दधानस्य प्रा. पा.

"**विष्वक्सेनाश्रयः**"—"વિષ્વક્સેન" શ્રી વિષ્ણુ ભગવાનનું નામ છે. ચારે દિશાઓમાં ભગવાનની "સંતોરૂપી" સેના વિચરે છે. તે સંતસેના કીર્તન-દર્શન-સત્સંગ દ્વારા વિમુખને હરિ અભિમુખ કરવાનું કામ કરે છે. તેથી ભગવાનનું નામ વિષ્વક્સેન કહ્યું છે. મનુરાજા ભગવાનના અનન્યાશ્રિત છે તેથી જ ચરિત્ર સાંભળવા જેવું છે. ૩

श्रुतस्य पुंसां सुचिरश्रमस्य नन्वञ्जसा सूरिभिरीडितोऽर्थः ॥
तत्तद्गुणानुश्रवणं मुकुन्दपादारविन्दं हृदयेषु येषाम् ॥ ४ ॥

સુજ્ઞો કહે, શાસ્ત્ર મુકુન્દવાર્તા-સુધા સુણ્યાનું ફલ એક ભદ્ર;
સુણો સદા સંત ચરિત્ર, જેના-ઉરે વસ્યાં કૃષ્ણપદારવિન્દ.

અન્વયાર્થ—ननु पुंसाम्-ખરેખર પુરુષોના, **सुचिरश्रमस्य**-લાંબા સમયના પરિશ્રમવાળા, **श्रुतस्य**-શ્રવણનું, **अञ्जसा**-સંપૂર્ણ, **अर्थः**-પ્રયોજન, **सूरिभिः**-કવિઓએ, **ईडितः**-આ જ વખાણ્યું છે કે, **येषां हृदयेषु**-જેમનાં હૃદયોમાં, **मुकुन्द-पाद-अरविन्दम्**-મુકુન્દ ભગવાનનું ચરણકમલ બિરાજતું હોય, **तद्-तद्-गुण-अनुश्रवणम्**-તેમના ગુણોનું પાછળથી શ્રવણ કરવું. (ઉપજાતિ વૃત્ત) ૪

અનુવાદ—અરે ! પુરુષોના લાંબા સમયના પરિશ્રમવાળા શ્રવણનું સંપૂર્ણ પ્રયોજન કવિઓએ આ જ વખાણ્યું છે કે જેમના હૃદયમાં મુકુન્દ ભગવાનનું ચરણકમલ વિરાજતું હોય, તેમના ગુણોનું પાછળથી શ્રવણ કરવું. ૪

તત્ત્વસુધા—ભગવાનનું ચરિત્ર ભગવદીયના ચરિત્રમાં સંયુક્ત થઈને આવે છે. માટે ભગવદીયોનાં ચરિત્રો અવશ્ય સાંભળવાં જોઈએ. પ્રભુચરિત્ર અમૃત છે તો પ્રભુભક્ત ચરિત્ર પાત્ર છે. તે પાત્ર વિના ચરિતામૃત પી શકાતું નથી. "श्रुतस्य पुंसां सुचिरश्रमस्य" આ વાક્યમાં લીધેલ "श्रुत" શબ્દના શાસ્ત્ર અને શ્રવણ એવા બે અર્થ થાય છે. તેથી, ઘણા શ્રમપૂર્વક કરેલા શાસ્ત્રના અધ્યયનનું ફલ, જેઓના હૃદયમાં મુકુન્દ ભગવાનનું ચરણકમલ બિરાજે છે એવા ભગવદીયોના ચરિત્રનું શ્રવણ કરવું એવો એક અર્થ થાય છે, જ્યારે બીજો અર્થ એવો પણ થાય છે કે ભગવચ્ચરિત્ર જે અનેકવાર સાંભળ્યું છે, તે હૃદયમાં સ્થિર થાય માટે ભગવાનને હૃદયકમલમાં સ્થિર સ્થાપનારા ભગવદીયોનું ચરિત્ર સાંભળવું.

તાત્પર્ય કે ભક્તચરિત્રનું શ્રવણ, ભગવાનના ચરણકમલને હૃદયમાં સ્થિર કરનાર હોવાથી અવશ્ય સાંભળવું, કારણ કે ભક્તો અનંત છે. ભગવાનના ગુણો અનંત છે. ભગવાનના જે જે ગુણોનો સંબંધ ભક્તના હૃદયમાં ભગવાનના ચરણારવિન્દના સ્થાપનારા બન્યા હશે, તે તે ભક્તોના ચરિત્રનું શ્રવણ કરવાથી ભગવચ્ચરણકમલ શ્રોતાના હૃદયમાં સ્થિર થશે. ૪

श्रीशुक उवाच – इति ब्रुवाणं विदुरं विनीतं सहस्रशीर्ष्णश्चरणोपधानम् ॥
प्रहृष्टरोमा भगवत्कथायां प्रणीयमानो मुनिरभ्यचष्ट ॥ ५ ॥

સહસ્રશીર્ષા પ્રભુ પાદ પીઠ વિનીત એવા વિદુરે પુછાતા:
રોમાંચવાળા ભગવત્કથામાં લઈ જવાતા મુનિરાજ બોલ્યા.

અન્વયાર્થ—इति ब्रुवाणम्-એ પ્રમાણે કહેતા, **विनीतम्**-વિનયશીલ, **सहस्रशीर्ष्णः**-સહસ્ર મસ્તકવાળા ભગવાનના, **चरण-उपधानम्**-ચરણના આસનરૂપ, **विदुरम्**-શ્રી વિદુરજીને, **भगवत्कथायाम्**-ભગવાનની કથામાં, **प्रणीयमानः**-પ્રેરતા, **मुनिः**-મુનિવર્ય, **प्रहृष्टरोमा**-રોમાંચિત થઈ, **अभ्यचष्ट**-નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૫ (ઉપજાતિ વૃત્ત)

---

૧. सुचिरं प्रा. पा.

અનુવાદ—એ પ્રમાણે કહેતા વિનયશીલ સહસ્ર મસ્તકવાળા ભગવાનના ચરણના આસન-રૂપ શ્રી વિદુરજીને ભગવાનની કથામાં પ્રેરતા મુનિવર્ય રોમાંચિત થઈ નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૫

તત્ત્વસુધા—આ શ્લોકથી વિદુરજીનો યશ ગાયો છે. શ્રોતાની શ્રેષ્ઠ ભૂમિકા વક્તાના ધ્યાન બહાર નથી હોતી. મોટે ભાગે શ્રોતાની વિશિષ્ટ કક્ષા જ કથારસની અપૂર્વતામાં નિમિત્ત હોય છે. મુનિ મૈત્રેયજીને શ્રોતા શ્રીવિદુરજી માટે સન્માન છે; કારણ કે વિદુરજીમાં યોગ્યતા ત્રણ પદોથી દર્શાવી છે.

(૧) विदुरम्—પ્રથમ યોગ્યતા વિદુર શબ્દથી દર્શાવી છે. વિદુરજી નામથી કીર્તિમાન છે. પ્રાતઃસ્મરણીય પુણ્યશ્લોકોમાં તેઓની ગણના છે. તેથી ભક્ત તરીકેનો યશ એ સ્વતઃ શ્રેષ્ઠતા છે.

(૨) विनीतम्—વિનય-દયા-દાક્ષિણ્ય-ગુણોવાળા હોવાથી પણ ગુણકૃત શ્રેષ્ઠતા છે.

(૩) "सहस्रशीर्णश्चरणोपधानम्" આ વિદુરજીની "ઉત્તમસંગકૃત" ત્રીજી યોગ્યતા છે. **चरणौ उपधीयेते यस्मिन् तत्**–चरणोपधानम् એવી વ્યુત્પત્તિ થાય છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પાંડવો તરફથી વિષ્ટિકાર તરીકે હસ્તિનાપુર પધાર્યા ત્યારે શ્રી વિદુરજીના અતિથિરાજ બન્યા. ત્યાં ભગવાને ભાજી આરોગી. ત્યારબાદ વિદુરજીના ઉત્સંગમાં પોતાના ચરણકમલ પધરાવ્યા. અને તે દ્વારા તેમના હૃદયને સ્પર્શ કર્યો. કટુશબ્દોના ઘાથી વીંધાયેલા દિલને પ્રભુપાદકમલની મલમપટીની સારવાર મળી. આ વિદુરજીની "સંગકૃત" શ્રેષ્ઠતા વર્ણવી છે.

'प्रहृष्टरोमा'—આવા વિદુરજીની કથા શ્રવણભક્તિનિષ્ઠાના પ્રવાહમાં મુનિ મૈત્રેય તણાયા. તેમને રોમાંચ થયો અને મંગલ કથાનો પ્રારંભ કર્યો. વક્તા તો શ્રોતાની ભક્તિસરિતામાં તણાતું રસસરોજ છે. ૫

मैत्रेय उवाच—यदा स्वभार्यया साकं जातः स्वायंभुवो मनुः ॥
प्राञ्जलिः प्रणतश्चेदं वेदगर्भमभाषत ॥ ६ ॥

અન્વયાર્થ—**स्वायंभुवः**–સ્વાયંભુવ, **मनुः**–મનુરાજા, **जातः**–ઉત્પન્ન થયા, **यदा**–જ્યારે, **स्वभार्यया साकम्**–પોતાની પત્નીની સાથે, **प्रणतः**–પ્રણામ કરતા, **प्राञ्जलिः**–બે હાથ જોડી, **वेदगर्भम्**–બ્રહ્માજીને, **च-इदम्**–આ પ્રમાણે, **अभाषत**–કહેવા લાગ્યા. ૬

અનુવાદ—જ્યારે સ્વાયંભુવ મનુરાજા પોતાની પત્ની સાથે ઉત્પન્ન થયા ત્યારે બે હાથ જોડી, પ્રણામ કરતા બ્રહ્માજીને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૬

તત્ત્વસુધા—આ શ્લોકમાં મનુરાજાનું આજ્ઞાપાલનપણું દર્શાવે છે.

प्राञ्जलिः—મનુરાજાનું નામ સ્વાયંભુવ છે. ચૌદ મનુમાંના તે પ્રથમ મનુ છે. "સ્વાયંભુવ" શબ્દથી સ્વયંભૂએ સૃષ્ટિ ઉત્પન્ન કરવા સરજ્યા છે એમ સૂચવ્યું. મનુમહારાજ "મન, વચન, ક્રિયાથી" આજ્ઞાપાલનની કબૂલાત આપે છે તેથી ત્રણ પદો કહ્યાં છે. "प्राञ्जलिः" એટલે બે હાથ જોડી કબૂલાત કરી કે આ બન્ને હાથ સદા આપની સેવામાં વાપરીશ. "प्रणतः" પદથી નમસ્કાર કરી પોતાનો સંપૂર્ણ દેહ સેવામાં સમર્પી દીધો. "अभाषत" પદથી વાક્યનો ઉચ્ચાર કરવા લાગ્યા. આમ મન-વચન-કર્મથી સર્વ સેવા કરવાનો સ્વીકાર કર્યો છે. ૬

त्वमेकः सर्वभूतानां जन्मकृद्वृत्तिदः पिता ॥
अथापि नः प्रजानां ते शुश्रूषा केन वा भवेत् ॥ ७ ॥

---

१. वृद्धिदः प्रा. पा.

અન્વયાર્થ—**त्वम्**-આપ, **सर्वभूतानाम्**-પ્રાણીમાત્રના, **जन्मकृत्**-જન્મદાતા અને, **वृत्तिदः**-વૃત્તિદાતા, **एकः पिता**-એક પિતા છો, **अथ अपि**-છતાં પણ, **नः**-અમારી, **प्रजानाम्**-પ્રજાજનોથી, **ते**-આપની, **शुश्रूषा**-સેવા, **केन वा**-કેવી રીતે, **भवेत्**-થાય ? ૭

અનુવાદ—આપ પ્રાણીમાત્રના જન્મદાતા એક પિતા છો. છતાં પણ અમારી પ્રજાજનોથી આપની સેવા શી રીતે થાય ? ૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રી સ્વાયંભુવ મનુ બ્રહ્માજી પાસે સેવાની યાચના કરે છે.

“ **त्वमेकः सर्वभूतानाम्** ”—મનુરાજા પુત્રધર્મ શું છે તેના પૂર્ણ ખ્યાલમાં છે. આજ્ઞાપાલન અને સેવા એ બે પુત્રના પિતા તરફના ધર્મો છે. તેમાં બ્રહ્માજીને કોઈની સેવાની જરૂર નથી કારણ કે સ્વયં સમર્થ સ્રષ્ટા છે અને પાલનકર્તા છે. છતાં મનુરાજા વિનંતિ કરે છે કે મારા જીવનની અને આત્માની શુદ્ધિ માટે આપ મને સેવા આપો.

સેવાનાં બે લક્ષ્યબિંદુ હોવાં જોઈએ. એક તો સેવા દ્વારા સ્વામીની પ્રસન્નતા અને બીજું સ્વામીના સુખની રક્ષા. માટે પિતાજી આપ મારી શુદ્ધિ માટે મને સેવા સોંપીને પવિત્ર અને કૃતાર્થ કરો. જો કે આપ **जन्मकृत्** જન્મ આપનાર, **वृत्तिदः** આજીવિકા આપનાર, અને पिता પાલન કરનાર આવા ત્રણે સામર્થ્યને ધરાવો છો ત્યાં હું શું ઉપયોગી થઈ શકીશ ? છતાં આત્મશુદ્ધિ માટે યાચું છું. ૭

तद्विधेहि नमस्तुभ्यं कर्मस्वीड्यात्मशक्तिषु ॥
यत्कृत्वेह यशो विष्वगमुत्र च भवेद्गतिः ॥ ८ ॥

અન્વયાર્થ—**ईड्य**-હે સ્તુતિયોગ્ય !, **तुभ्यम्**-આપને, **नमः**-નમસ્કાર, **आत्मशक्तिषु**-અમારી કર્મ કરવાની શક્તિ હોય તેવાં, **कर्मसु**-કર્મમાં, **यत्**-જે કર્મ, **कृत्वा**-કરવાથી, **इह**-આ લોકમાં, **विष्वक्**-સર્વત્ર, **यशः**-યશ, **च**-અને, **अमुत्र**-પરલોકમાં, **गतिः**-સદ્‌ગતિ, **भवेत्**-પ્રાપ્ત થાય, **तत् विधेहि**-તે કહો. ૮

અનુવાદ—હે સ્તુતિયોગ્ય દેવ ! આપને નમસ્કાર, આપ અમને તે કર્મ કરવાની આજ્ઞા આપો કે જે કર્મ કરવામાં અમારી શક્તિ હોય, વળી જે કર્મ કરવાથી આ લોકમાં સર્વત્ર યશ અને પરલોકમાં સદ્‌ગતિ થાય. ૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં મનુરાજા બ્રહ્માજી પાસે કોઈ પણ આજ્ઞા ફરમાવો એમ માંગે છે.

“ तद्विधेहि ”—પૃથ્વીમાં એવા પુત્રો દુર્લભ છે કે સ્વયં પિતા-માતા પાસે આવી કોઈ પણ આજ્ઞા ફરમાવે તે માટે લાલાયિત હોય. બાકી તો પુત્રો પિતા વગેરે આજ્ઞા કરશે એ ભયથી દૂર દૂર છુપાતા હોય છે. જ્યારે મનુરાજા સ્વયં સમીપ આવી કોઈપણ આદેશની યાચના કરે છે.

“ नमस्तुभ्यम् ”—સાચું પૂછો તો પુત્રો માવતરના ઉપકારો સામે માથું ઝુકાવ્યા વિના કાંઈપણ કરી શકે નહીં.

“ यत्कृत्वेह यशः ”—પિતાની આજ્ઞાપાલનનાં ત્રણ ફલ છેઃ “ यशः ” આ લોકમાં યશ, વળી गतिः પરલોકમાં સદ્‌ગતિ અને च અવ્યયથી ભગવદ્‌ભક્તિ આવાં ત્રણ ફળો માન્યાં છે. ૮

ब्रह्मोवाच – प्रीतस्तुभ्यमहं तात स्वस्ति स्ताद्वां क्षितीश्वर ॥
यन्निर्व्यलीकेन हृदा शाधि मेत्यात्मनार्पितम् ॥ ९ ॥

અન્વયાર્થ—**तात**-હે તાત !, **क्षितीश्वर**-હે ભૂપતિ ! તમે, **मा**-મને, **शाधि**-આજ્ઞા આપો, **इति**-એવું, **यत्**-જે, **निर्व्यलीकेन हृदा**-નિષ્કપટ હૃદયથી, **आत्मना**-આત્મા સાથે સર્વ, **अर्पितम्**-સમર્પણ કર્યું છે, તેથી, **अहम्**-હું, **तुभ्यम्**-તમારા ઉપર, **प्रीतः**-પ્રસન્ન થયો છું, **वाम्**-તમારું, **स्वस्ति**-કલ્યાણ, **स्तात्**-થાવ. ૯

અનુવાદ—હે તાત! હે ભૂપતિ! તમે, "મને આજ્ઞા કરો" એવું જે નિષ્કપટ હૃદયથી આત્માની સાથે સર્વ સમર્પણ કર્યું છે તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમારું કલ્યાણ થાવ. ૯

તત્ત્વસુધા—એ શ્લોકથી બ્રહ્માજી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરે છે—

તાત!—મનુરાજાને વહાલથી તાત! કહ્યું છે. પિતાના વંશને, વિદ્યાને, સંસ્કારને અને સત્કાર્યને જે વિસ્તારે તેને તાત કહેવાય. મનુરાજા તે સર્વ કરવાના છે તેથી સ્નેહ ઉભરાતાં તાત! સંબોધન નીકળ્યું.

ક્ષિતીશ્વર!—બીજું સંબોધન "પૃથ્વીપતિ" તરીકેનું આપ્યું. એમાં બ્રહ્માજીએ વચન આપ્યું કે આજે પૃથ્વી દેખાતી નથી પણ લાવી આપીશ.

"स्वस्ति स्तात्"—સ્નેહમાં આવી આશીર્વાદ આપ્યો કે દમ્પતીનું કલ્યાણ થાવ. આટલો બધો સ્નેહ કેમ ઉત્પન્ન થયો તેનું કારણ ઉત્તરાર્ધમાં કહ્યું છે.

"निर्व्यलीकेन हृदा"—મનુએ કેવલ નિષ્કપટ હૃદયથી નિવેદન કર્યું કે પિતાજી મને સેવા સોંપો તેમજ આજ્ઞા કરો,— એટલા વાચિક પણ હાર્દિક નિવેદનને જ આત્મસમર્પણ ગણ્યું અને બ્રહ્માજી રાજી થયા. હું "આજ્ઞા પાળીશ, અને સેવા કરી કૃતાર્થ થઈશ" એટલા શબ્દોને માતા-પિતા, ગુરુ અને ભગવાન, સેવકે સેવા કરી એમ ગણી લે છે અને આશીર્વાદ આપે છે. ૯

एतावत्यात्मजैर्वीर[1] कार्या पितरि पुत्रकैः[2] ॥
शक्त्याऽप्रमत्तैर्गृह्येत सादरं गतमत्सरैः ॥ १० ॥

અન્વયાર્થ—**वीर**-હે વીર!, **आत्मजैः**-આત્મજ એવા, **पुत्रैः**-પુત્રોએ, **एतावती हि**-આટલી જ સેવા, **पितरि**-પિતા માટે, **कार्या**-કરવી જોઈએ કે, **अप्रमत्तैः**-સાવધ રહી, **गत-मत्सरैः**-મત્સર વિનાના બની, **सादरम्**-આદરપૂર્વક, **शक्त्या**-શક્તિ પ્રમાણે, **गृह्येत**-આજ્ઞા પાળવી. ૧૦

અનુવાદ—હે વીર! પુત્રોએ પિતાની આટલી જ સેવા કરવાની છે કે સાવધાન રહી મત્સર વિનાના બની આદરપૂર્વક શક્તિ પ્રમાણે આજ્ઞા પાળવી. ૧૦

તત્ત્વસુધા—પુનઃ આ શ્લોકમાં સેવકે કે પુત્ર-શિષ્યાદિએ શું કરવું તેનો સંકેત કરે છે—

वीर!—યુદ્ધમાં પ્રાણ આપનાર વીર છે. બ્રહ્મચર્યનું પાલન કરનાર વીર છે. તે જ રીતે "આજ્ઞાનું પાલન કરનાર પણ વીર જોઈએ તેથી વીર! સંબોધન કર્યું.

"शक्त्याऽप्रमत्तैः"—માતા, પિતા, ગુરુ વગેરેની સેવા કરતાં ચાર વસ્તુ લક્ષમાં અવશ્ય રાખવીઃ शक्त्या પોતાની શક્તિથી અધિક કરતાં શ્રદ્ધા ખૂટે માટે શક્તિ અનુસાર સેવા કરવી. પરંતુ શક્તિ હોવા છતાં શઠતા ન કરવી એ પ્રથમ વસ્તુ—

अप्रमत्तैः—પ્રત્યેક ક્ષણે સાવધાન રહીને સેવા કરવી. ગુરુના કાર્યની અને કરનારની કાયાની હાનિ ન થાય; કારણ કે પોતાની કાયાની હાનિ થશે તો ગુરુની ક્રિયાહાનિ થશે. અને કાયા રહેશે અને ગુરુકાર્ય નાશ પામશે તો અપરાધ થશે માટે સાવધાન રહી સેવા કરવી.

सादरम्—પુષ્કળ શ્રદ્ધાથી સેવા કરવી.

---

[1] –त्मजैर्वीरैः प्रा. पा. [2] ह्यपचितिर्गुरौ प्रा. पा.

गतमत्सरैः—બીજા ઘણા શિષ્યો છે, પુત્રો છે, કોઈ નથી કરતા, અમે શા માટે કરીએ? અમે એકલા જ કેમ કરીએ? એવો દૂષભાવ દિલમાં ન લાવવો. પરંતુ ભક્તિભાવથી સેવા કરવી.

આ શ્લોકમાં **ह्यपचितिर्गुरौ** એવો પણ પાઠ છે. **अपचितिः** શબ્દના આજ્ઞા, પૂજા, ઉપકાર, વળતર એવા અર્થ થાય છે. ગુરુએ જ્ઞાન આપ્યુ એના વળતરમાં કે એમની પૂજામાં એમની સેવા વિના બીજું કશું કરી શકતા નથી. ૧૦

स त्वमस्यामपत्यानि सदृशान्यात्मनो गुणैः ॥
उत्पाद्य शास धर्मेण गां यज्ञैः पुरुषं यज ॥ ११ ॥

અન્વયાર્થ—सः-તે, **त्वम्**-તમે, **अस्याम्**-આ શતરૂપામાં, **गुणैः**-ગુણો વડે, **आत्मनः**-પોતાના, **सदृशानि**-જેવાં, **अपत्यानि**-સંતાનોને, **उत्पाद्य**-ઉત્પન્ન કરી, **गाम्**-પૃથ્વીનું, **धर्मेण**-ધર્મથી, **शास**-પાલન કરો અને, **यज्ञैः**-યજ્ઞો દ્વારા, **पुरुषम्**-પુરુષનું, **यज**-યજન કરો. ૧૧

અનુવાદ—તે તમે આ શતરૂપામાં, ગુણોવડે તમારા જેવાં સંતાનોને ઉત્પન્ન કરી, પૃથ્વીનું ધર્મથી પાલન કરો અને યજ્ઞો દ્વારા પુરુષનું યજન કરો. ૧૧

તત્ત્વસુધા—બ્રહ્માજી શ્રી મનુરાજાને ત્રણ આજ્ઞાઓ કરે છે—

अपत्यानि सदृशान्यात्मनो गुणैः—પિતા થવું એ જ જીવનની ધ્યેયસિદ્ધિ નથી: પરંતુ "ગુણ-શીલ-જ્ઞાન અને પોતાના દિવ્ય કાર્ય"ના વારસદાર પુત્રના પિતા થવું. એ ત્યારે જ બને કે જ્યારે પિતા-માતાને આ સિદ્ધાન્ત સ્મરણમાં રહે. તે માટે સ્વયં સદાચાર, તપ વગેરેથી સમ્પન્ન થવું પછી ગૃહસ્થધર્મ ભોગવવો. બ્રહ્માજીએ મનુરાજાને આત્મતુલ્ય સંતાનના પિતા થવાની આમ પ્રથમ આજ્ઞા કરી.

शास गां धर्मेण—મનુ રાજા હોવાથી પૃથ્વીનું રાજા તરીકે નહીં પરંતુ ધર્માત્મા તરીકે પાલન કરવાનું કહ્યું. કોઈ પણ શાસન કરનાર ધર્મદૃષ્ટિથી શાસન કરશે, તેનામાં ઉપકારભાવ ન આવતાં સેવાભાવ રહેશે તે જ શાસક પ્રજાનું કલ્યાણ કરી શકશે. આ બીજી આજ્ઞા હતી.

"**यज्ञैः पुरुषं यज**"—યજ્ઞો દ્વારા પુરુષોત્તમ ભગવાનનું યજન કરવાનું વિધાન કર્યું. રાજા યજ્ઞ કરે તો જ પ્રજા યજ્ઞ કરી શકે. ૧૧

परं शुश्रूषणं मह्यं स्यात्प्रजारक्षया नृप ॥
भगवांस्ते प्रजाभर्तुर्हृषीकेशोऽनुतुष्यति ॥ १२ ॥

અન્વયાર્થ—नृप-હે રાજન્! **प्रजारक्षया**-પ્રજાના રક્ષણ કરવાથી, **मह्यम्**-મારી, **परम्**-મોટી, **शुश्रूषणम्**-સેવા કરી, **स्यात्**-ગણાશે, **भगवान्**-ભગવાન, **हृषीकेशः**-હૃષીકેશ, **प्रजाभर्तुः**-પ્રજાનું પાલન કરનાર એવા, **ते**-તમારા ઉપર, **अनुतुष्यति**-ખૂબ રાજી થશે. ૧૨

અનુવાદ—હે રાજન્! પ્રજાનું રક્ષણ કરવાથી તમે મારી ઉત્તમ સેવા કરી ગણાશે. વળી ભગવાન હૃષીકેશ પ્રજાનું પાલન કરનાર તમારા ઉપર ખૂબ પ્રસન્ન થશે. ૧૨

તત્ત્વસુધા—બ્રહ્માજી આ શ્લોક દ્વારા પોતાના હૃદયની પ્રસન્નતા પ્રકટ કરે છે.

"**प्रजारक्षया परं शुश्रूषणम्**"—ભગવાનને જે કાર્ય કરવાનું છે તે કાર્ય જ્યારે ભગવદીય ઉપાડી લે છે ત્યારે ભગવાન પુષ્કળ પ્રસન્ન થાય છે. આભમાંથી મેઘજલ ભગવાન વરસાવે છે ત્યારે જીવ જો ધરણીમાં, તળાવ-સરોવર બનાવી ઝીલી લે છે તો ભગવાન રાજી થાય છે. અને એ કાર્ય ભગવાન પોતાની સેવા ગણે છે. મનુરાજાને તેથી જ બ્રહ્માજીએ કહ્યું કે પ્રજારક્ષણ એ મારી સેવા છે.

भगवान् हृषीकेशः—સેવા કરનાર ઉપર પ્રસન્ન થનાર ભગવાન હૃષીકેશ છે. હૃષીકેશ એટલે ઇન્દ્રિયોના સ્વામી છે. એથી સેવકની સર્વ ઇન્દ્રિયોને વિવેકમયી અને સંયમમયી બનાવવામાં કૃપા વરસાવે છે એવું તાત્પર્ય છે. સેવકનો ઇન્દ્રિયનિગ્રહ ઇશ્વરના અનુગ્રહથી સિદ્ધ થાય છે. ૧૨

येषां न तुष्टो भगवान्यज्ञलिङ्गो जनार्दनः ॥
तेषां श्रमो ह्यपार्थाय यदात्मा नादृतः स्वयम् ॥ १३ ॥

અન્વયાર્થ—**यज्ञलिङ्गः**-યજ્ઞસ્વરૂપ, **जनार्दनः**-જનાર્દન, **भगवान्**-ભગવાન, **येषाम्**-જેમના ઉપર, **तुष्टः न**-પ્રસન્ન ન થયા, **तेषाम्**-તેમનો, **श्रमः**-શ્રમ, **अपार्थाय**-વ્યર્થ છે, **यत्**-કારણ કે, **स्वयम् हि**-તેમણે પોતે જ, **आत्मा**-પોતાના આત્માનો, **अनादृतः**-અનાદર કર્યો છે. ૧૩

અનુવાદ—યજ્ઞપુરુષ જનાર્દન ભગવાન જેમના ઉપર પ્રસન્ન ન થયા, તેમનો શ્રમ ફોકટ ગયો; કારણ કે તેમણે પોતાના જ આત્માનો અનાદર કર્યો છે. ૧૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં ધર્મપાલન કરનારને એક ખૂબ જ મહત્ત્વનો સંદેશો આપે છે—

येषां न तुष्टो भगवान्—ધર્મ આચરણ કરનાર ઇન્દ્રિયોની આકુલવ્યાકુલતાવાળો હશે તો શરીરથી કરેલા ધર્મનું ફળ નહીં મળે. ધર્મ આચરનાર મનથી વ્યાકુલ હોય ત્યારે ઇન્દ્રિયોના ધર્મનું ફલ નહીં મળે. તે જ રીતે જો ધર્મ કરનાર "ભગવાનથી વિમુખ હશે તો કોઈપણ ધર્મનું ફલ નહીં મળે. તેથી ધર્મનું આચરણ કરનાર નિત્ય ભગવાનનો સન્મુખ રહે. જેથી શ્રમ સફળ થાય. ભગવાનનાં ત્રણ વિશેષણ છે—

"**भगवान्**"—સર્વ ઐશ્વર્યસમ્પન્ન છે. તેથી સર્વ ઐશ્વર્ય પૂરાં પાડશે તો કાર્યમાં સામગ્રી નહીં ખૂટે.

"**यज्ञलिङ्गः**"—યજ્ઞસ્વરૂપ ભગવાન હોવાથી પરલોકમાં સર્વ ફલ આપશે. યજ્ઞાદિથી વૃષ્ટિ વગેરે થાય છે જે પૃથ્વીમાં અમૃત તુલ્ય ગણાય છે.

जनार्दनः—ધર્મ આચરણ કરતાં ફલાદિની આસક્તિ ન થાય તેથી ભગવાનને જનાર્દન કહ્યા. ૧૩

मनुरुवाच – आदेशेऽहं भगवतो वर्तेयामीवसूदन[1] ॥
स्थानं त्विहानुजानीहि प्रजानां मम च प्रभो ॥ १४ ॥

અન્વયાર્થ—**अमीवसूदन**-હે પાપવિનાશક, **अहम्**-હું, **भगवतः**-આપની, **आदेशे**-આજ્ઞામાં, **वर्तेय**-રહેલ છું, **तु**-તો, **प्रभो**-હે પ્રભો! **प्रजानाम्**-પ્રજાઓને માટે, **च**-અને, **मम**-મારે માટે, **इह**-અહીં, **स्थानम्**-સ્થાન, **अनुजानीहि**-આપો. ૧૪

અનુવાદ—હે પાપનાશક પિતાજી! હું આપની આજ્ઞામાં રહીશ, પરંતુ હે પ્રભો! પ્રજાઓને માટે તેમજ મારે માટે અહીં સ્થાન આપો. ૧૪

તત્ત્વસુધા—૧૩ શ્લોક સુધી બ્રહ્માજીએ મનુરાજાને આજ્ઞા આપી. ત્યારે મનુરાજા અને બ્રહ્માજી બન્ને સત્યલોકમાં બિરાજ્યા હતા. બ્રહ્માજી આદેશ આપવાના ધ્યાનમાં હતા ત્યારે તેમનું લક્ષ્ય ન હતું કે પૃથ્વી જલમાં ડૂબી ગઈ છે. મનુરાજાએ આજ્ઞા સાંભળી અમલ કરવાનું વચન આપ્યું તે સાથે નિવેદન કર્યું કે—

"**स्थानं त्विहानुजानीहि**"—આપ મને સ્થાનનું સૂચન કરો કે ક્યાં પ્રજાનું સર્જન કરવું? ધરાદેવી તો એકાએક પ્રલયના કારણ વિના જ ડૂબી ગઈ છે. ને આપ સત્યલોકમાં સ્થાન આપો તો આ સ્થાનમાં આજ્ઞાનું પાલન કરીશ. अमीवसूदन એવું ભગવાનને સંબોધન કરે છે. "अमीवं पापरोगयोः" "પાપ અને રોગ" એવા બે અમીવના અર્થ થાય છે તેથી अमीवसूदन કહ્યા. ભગવાનની કૃપા પાપ અને રોગને બાળે છે. ૧૪

---

[1] वर्तेयमरिसूदन प्रा. पा.

यदोकः सर्वसत्त्वानां मही मग्ना महाम्भसि ॥
अस्या उद्धरणे यत्नो देव देव्या विधीयताम् ॥ १५ ॥

અન્વયાર્થ—**यत्**-જે, **सर्वसत्त्वानाम्**-સર્વ પ્રાણીઓનું, **ओकः**-રહેઠાણ, **मही**-પૃથ્વી છે તે, **महा-अम्भसि**-પ્રલયના જલમાં, **मग्ना**-ડૂબેલી છે, **देव**-હે દેવ !, **अस्याः देव्याः**-આ મહીદેવીના, **उद्धरणे**-ઉદ્ધારમાં, **यत्नः**-પ્રયત્ન, **विधीयताम्**-કરો. ૧૫

અનુવાદ—જે સર્વ પ્રાણીઓનું રહેઠાણ પૃથ્વી છે તે પ્રલયના જલમાં ડૂબેલી છે, તો હે દેવ ! આ મહીદેવીના ઉદ્ધારમાં આપ પ્રયત્ન કરવાની કૃપા કરો. ૧૫

તત્ત્વસુધા—બ્રહ્માજી તો ધ્યાનમાં જ હતા તેથી તેમને પૃથ્વી ડૂબ્યાનું અનુસંધાન ન હતું. મનુરાજા તે વાત લક્ષમાં લઈ એ બાબતની નીચેનાં વાકયોથી યાચના કરે છે.—

मही मग्ना महाम्भसि—પૃથ્વીને માટે "मही" શબ્દ વાપર્યો છે. પૃથ્વી માત્ર માટી" નું સ્વરૂપ નથી પરંતુ તે દેવી છે અને પૂજ્યા છે. હાલ તો તે પ્રલયજલમાં ડૂબેલ છે. "मही" હોવાથી દેવોનું પૂજન કરવાનું તે સ્થાન છે. ત્યાં યજ્ઞ કરી શકાશે. સત્યલોકમાં તે સંભવ નથી. આપની આજ્ઞા હોય તો સત્યલોકમાં વસું અને પ્રજા રચું તો સત્યલોકમાં સ્થાન આપો. આપ ચાહો તો अस्या देव्याः આ "દેવી"નો ઉદ્ધાર કરો કારણ કે આદિવરાહ કલ્પમાં આપે પૃથ્વીને બહાર કાઢેલી તેમજ કમલના પત્ર ઉપર પૃથ્વીને પાથરેલી આજે તે ડૂબી ગઈ છે તેથી આપ બહાર કાઢવા સમર્થ છો. ૧૫

मैत्रेय उवाच—परमेष्ठी त्वपां मध्ये तथा सन्नामवेक्ष्य गाम् ॥
कथमेनां समुन्नेष्य इति दध्यौ धिया चिरम् ॥ १६ ॥

અન્વયાર્થ—**परमेष्ठी**-બ્રહ્માજી, **तु**-પણ, **अपां मध्ये**-જલની મધ્યમાં, **तथा सन्नाम्**-તે રીતે ડૂબેલી, **गाम्**-પૃથ્વીને, **अवेक्ष्य**-નિહાળી, **एनाम्**-એક, **गां**-પૃથ્વીને, **कथम्**-કેવી રીતે, **उन्नेष्ये**-ઉપર લાવીશ, **इति**-એ પ્રમાણે, **धिया**-બુદ્ધિપૂર્વક, **चिरम्**-લાંબા કાળ સુધી, **दध्यौ**-ધ્યાન કરવા લાગ્યા. ૧૬

અનુવાદ—બ્રહ્માજી પણ જલની મધ્યમાં તે રીતે ડૂબેલી પૃથ્વીને નિહાળી, એ પૃથ્વીને કેવી રીતે ઉપર લાવીશ એ પ્રમાણે બુદ્ધિપૂર્વક લાંબા કાળ સુધી ધ્યાન કરવા લાગ્યા. ૧૬

તત્ત્વસુધા—બ્રહ્માજી આ શ્લોકમાં વિચારમગ્ન બને છે. મારે 'સ્વતંત્ર ભૂમિનો ઉદ્ધાર કરવાનો વિચાર અને પ્રયત્ન કરવો કે ભગવાનનું જ અવલંબન લેવું' આવા વિચારનો આ સ્થાને ઉલ્લેખ કરે છે—

परमेष्ठी—બ્રહ્માજીનું નામ પરમેષ્ઠી છે. परमे तिष्ठतीति परमेष्ठी સર્વશ્રેષ્ઠ આસન ઉપર બિરાજે તે પરમેષ્ઠી કહેવાય છે. સત્યલોકમાં બેઠેલ બ્રહ્માજીએ મનુનું વાકય સાંભળતાં જ જ્ઞાનદષ્ટિથી જોઈ લીધું કે ધરાદેવી ડૂબી ગયેલ છે.

પ્રથમ જ્યારે પૃથ્વી ડૂબેલી ત્યારે તો બ્રહ્માજી કમલના આસન ઉપર બેઠેલા હતા. કમલ તેના આધાર-દંડ ઉપર હતું. આધારદંડને ભગવાનનો આધાર હતો. રસાતલમાં જઈ બ્રહ્માજી પૃથ્વી લઈ આવ્યા હતા. આજે સત્યલોકમાં બેઠા છે તો શી રીતે પૃથ્વી લાવવી તેના ધ્યાનમાં મગ્ન થયા અને આખરે ભગવાનના ઉપર જ સર્વ વાત છોડી. ૧૬

सृजतो मेऽक्षिभिर्वार्भिः प्लाव्यमाना रसां गता ॥
अथात्र किमनुष्ठेयमस्माभिः सर्गयोजितैः ॥ १७ ॥

---

१. क्षितिर्वार्भिः प्रा. पा.

यस्याहं हृदयादासं स ईशो विदधातु मे ॥
कर्तव्यं करुणासिन्धुस्तीर्थकीर्तिरधोक्षजः ॥ १८ ॥

અન્વયાર્થ—अक्षिभिः-આંખોથી અને, **वाग्भिः**-વાણીથી, **मे सृजतः**-હું સૃષ્ટિ રચતો હતો ત્યાં જ, **प्लाव्यमाना**-જલમાં ડૂબતી પૃથ્વી, **रसां गता**-રસાતલમાં ગઈ, **अथ अत्र**-હવે આ હાલતમાં, **सर्ग-योजितैः**-સૃષ્ટિ નિર્માણ કરવા નીમેલા, **अस्माभिः**-અમારે, **किम् अनुष्ठेयम्**-શું કરવું જોઈએ? **यस्य**-જે પ્રભુના, **हृदयात्**-હૃદયમાંથી, **अहम् आसम्**-હું ઉત્પન્ન થયો છું, **सः**-તે, **करुणासिन्धुः**-કરુણાસિન્ધુ તેમજ **तीर्थकीर्तिः**-તીર્થમયી કીર્તિવાળા, **अधोक्षजः**-ઇન્દ્રિયોના જ્ઞાનના વિષય ન થનારા, **ईशः**-ઈશ્વર, **मे**-મને, **कर्तव्यम्**-કર્તવ્યનું, **विदधातु**-માર્ગદર્શન આપો. ૧૭, ૧૮

અનુવાદ—આંખોથી અને વાણીથી હું સૃષ્ટિ કરતો હતો ત્યાં તો જલમાં ડૂબતી એવી પૃથ્વી રસાતલમાં ચાલી ગઈ. આ પરિસ્થિતિમાં, સૃષ્ટિનિર્માણ કરવા નીમેલા અમારે શું કરવું? જે પ્રભુના હૃદયમાંથી હું ઉત્પન્ન થયેલ છું તે કરુણાસિન્ધુ તેમજ તીર્થમયી કીર્તિવાળા અધોક્ષજ ભગવાન મને કર્તવ્યનું માર્ગદર્શન આપો. ૧૭, ૧૮

તત્ત્વસુધા—બ્રહ્માજી ધ્યાનને અંતે નિર્ણય ઉપર આવ્યા કે ભગવાન સમર્થ છે. પોતે જ આ સ્થિતિમાં માર્ગદર્શન કરશે એ વાત આ બે શ્લોકોમાં કહે છે.

सृजतो मेऽक्षिभिर्वाग्भिः—શાથી પૃથ્વી ડૂબી તેનું કારણ કહે છે કે હું **આંખોથી અને વાણીથી** સૃષ્ટિની રચના કરતો હતો તેથી પુષ્કળ ભાર વધી ગયો હોય અને પૃથ્વી ડૂબી જાય તે સ્વાભાવિક છે. કારણ કે **આંખ અને** વાણીથી થતા સર્જનમાં સંખ્યા વધી જાય. વળી તે સૃષ્ટિમાં ઘણે ભાગે દૈત્યોના જ અંશો ઉત્પન્ન થયા છે તેથી પણ ભારે ભરેલી પૃથ્વી ડૂબી જાય. હાલ તે રસાતલ સુધી ચાલી ગઈ છે. હવે મારો ઉપાય ચાલે તેમ નથી. ભગવાને સર્ગ રચવા માટે મને યોજેલ છે એટલે કાંઈ કરવું જ જોઈએ.

यस्याहं हृदयादासम्—હું જેના હૃદયમાંથી પ્રગટ થયેલ છું તેને જ શરણે જાઉં. મારું કર્તવ્ય તે પોતે જ કરશે. કારણ કે તે **करुणासिन्धुः**—કરુણાસિન્ધુ હોવાથી જે કાર્ય ભક્તથી ન થઈ શકે તેવું પોતે કરી લે છે. तीर्थकीर्तिः—ભગવાનની કીર્તિ તીર્થસ્વરૂપ છે. તીર્થો જ્યારે સર્વનાં પાપ દૂર કરે છે ત્યારે તે પાપો તીર્થમાં રહે છે. છતાં દયામય તીર્થો જીવોનો ઉદ્ધાર કરવા માટે પાપોનો ભાર સહે છે. ભગવાનની કીર્તિ પણ તીર્થરૂપ છે તે અવશ્ય ભૂમિનો પણ ઉદ્ધાર કરશે. अधोक्षजः—અધોક્ષજ ભગવાન ઇન્દ્રિયોથી પર જ્ઞાનવાળા હોવાથી આપણા ખ્યાલમાં નહીં આવે એ રીતે ભૂમિનો ઉદ્ધાર કરશે. આ શ્લોકમાં **सृजतो मेऽक्षिभिर्वाग्भिः** ને સ્થાને **क्षितिर्वाभिः** એવો પાઠ છે. પરંતુ પ્રસંગ સંગત ઉપરનો પાઠ વધુ યોગ્ય લાગે છે. ૧૭, ૧૮

इत्यभिध्यायतो नासाविवरात्सहसाऽनघ ॥
वराहतोको निरगादङ्गुष्ठपरिमाणकः ॥ १९ ॥

અન્વયાર્થ—अनघ-હે અનઘ! **इति अभि-ध्यायतः**-એ પ્રમાણે બ્રહ્માજી વિચાર કરતા હતા, ત્યાં જ, **नासा-विवरात्**-બ્રહ્માજીના નાકના દ્વારમાંથી, **अङ्गुष्ठ-परिमाणकः**-અંગૂઠાના માપવાળા, **वराह-तोकः**-બાલ વરાહ, **सहसा**-એકાએક, **निर्-अगात्**-પ્રકટ થયા. ૧૯

અનુવાદ—હે નિર્દોષ વિદુરજી! એ પ્રમાણે બ્રહ્માજી વિચાર કરતા હતા ત્યાં જ બ્રહ્માજીના નાકના દ્વારમાંથી અંગૂઠાના માપવાળા શ્રી બાલ વરાહ ભગવાન એકાએક પ્રકટ થયા. ૧૯

તત્ત્વસુધા—શ્રી વરાહ ભગવાનના પ્રાકટ્યનું વર્ણન કરતાં "**अङ्गुष्ठपरिमाणकः**" અંગૂઠાના માપવાળા પ્રકટ થયા એવું વર્ણવે છે વેદમાં તેનો ઉલ્લેખ કર્યો છે કે अङ्गुष्ठमात्रः पुरुषो हृदयगुह्य समाश्रितः" અંગૂઠાના માપવાળા પુરુષ છે અને અંગૂઠામાં વસેલા છે. प्रभुः प्रीणाति विश्वभुग् તે અંગૂઠાના માપવાળા ભગવાન વિશ્વનો ઉપભોગ કરે છે આ શ્રુતિસિદ્ધાન્ત અનુસાર જ પુષ્ટિમાર્ગમાં ભગવાનનાં બાલ સ્વરૂપ હોય છે.

બ્રહ્માજી ભૂમિની બાબતમાં ધ્યાન કરતા હતા તે જ સમયે તેમની નાસિકામાંથી વરાહ પ્રકટ્યા.

અંગૂઠાના માપે પ્રકટેલ, આકાશમાં જ રહેલ તેઓ ક્ષણવારમાં ગજના માપવાળા થયા. આ ક્ષણ બ્રહ્માજીની ગણવાની. પ્રકટ થયેલ આ વરાહ આધિદૈવિક સ્વરૂપ હતા. યજ્ઞનું આધ્યાત્મિક સ્વરૂપ તેમાં સમાયેલ હતું. (ક્રિયા કરવામાં કર ઉપયોગી છે. તેમાં ચાર આંગળીઓ ચાર વેદ તુલ્ય ઉપયોગિની છે પરંતુ વેદોમાં ગવાતા પુરુષોત્તમ અંગૂઠા જેટલા પ્રધાન છે. એક અંગૂઠા વિના ચાર આંગળીઓ નિષ્ક્રિય છે.

ભગવાન વરાહ વેદોમાં પ્રાણ સમાન છે. वरान् શ્રેષ્ઠ સામગ્રીઓ આપનાર વરાહ ભગવાન છે. વિશ્વમાં જે કાંઈ જ્ઞાન-વિજ્ઞાન વગેરે સામગ્રી છે તે કેવલ વેદોમાંથી જ મળે છે. વેદો શ્વાસ સમાન છે. શ્વાસ વિના ક્ષણ પણ જનસમાજ ન જીવી શકે તેમ વેદો વિના વિશ્વ ક્ષણ પણ સુખી ન થઈ શકે. શ્વાસ લેવાનું સ્થાન નાસિકા છે. ભગવાન વરાહ તેથી નાસિકામાંથી પ્રકટ્યા છે. ૧૯

तस्याभिपश्यतः स्वस्थः क्षणेन किल भारत ॥
गजमात्रः प्रववृधे तदद्भुतमभून्महत् ॥ २० ॥

અન્વયાર્થ—भारत-હે ભારત! **तस्य अभिपश्यतः**-તેમના દેખતાં, **स्वस्थः**-આકાશમાં રહેલા, **सः**-તે, **क्षणेन**-ક્ષણવારમાં જ, **गजमात्रः**-હાથી જેવડા, **ववृधे**-વધ્યા, **किल**-ખરેખર, **तत्**-તે, **महत्**-ઘણું જ **अद्भुतम्**-અદ્ભુત, **अभूत्**-થયું. ૨૦

અનુવાદ—હે ભારત! તેમના દેખતાં જ આકાશમાં રહેલા તે ભગવાન ક્ષણમાં જ હાથી જેવડા વધ્યા. ખરેખર તે ઘણું જ અદ્ભુત કાર્ય થયું. ૨૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં भारत! એવું સંબોધન કર્યું છે, એ સંબોધન વિદુરજીનું છે. વિદુરજી ભરત કુલના કુલીન પુરુષ હોવાથી કથા સાંભળતાં શંકા ન થાય તેથી તેમને 'ભારત!' સંબોધન કર્યું. કારણ કથાનો વિષય શંકા થાય તેવો છે—વ્યાસ મહર્ષિ કહે છે કે—

तस्याभिपश्यतः—બ્રહ્માજીની નજર સામે જ ભગવાન વરાહ અંગૂઠાના માપમાંથી "ગજ"ના માપમાં આવ્યા. હાથીનું માપ એટલે સાઠ વર્ષના જેટલી આકૃતિ બની. આ આશ્ચર્ય કેવલ બ્રહ્માજીને તેમ જ જોનારને થયું છે. ભગવાન તેથી પર હતા. ગજેન્દ્ર માત્ર એ શબ્દમાં 'માત્ર' શબ્દ અવધિવાચક છે. શ્રી વરાહ ભગવાન વૈષ્ણવ-શાસ્ત્રપ્રસિદ્ધ ગજેન્દ્રના કદથી મોટા કદવાળા બીજા ક્ષણમાં વધ્યા નથી.

કોંકણમાં એક વાસલી નામનું પક્ષી થાય છે તે આકાશમાં જ ઈંડુ મૂકે છે. તે ઈંડુ રસ્તામાં જ પાકે છે. કાચલાં જુદાં પડે છે અને તે બચ્ચાને પાંખ આવે છે તે આકાશમાં પાછું ઊડે છે, સમુદ્રતીરે જ રહે છે અને ભૂમિને સ્પર્શ કરતું નથી. આવાં આશ્ચર્ય તો અનેક છે. પરંતુ આ ઉત્પત્તિમાં કાલ વિલંબ છે. જ્યારે વરાહના પ્રાકટ્યમાં તેમ નથી. એક જ ક્ષણમાં સર્વ બન્યું છે. ૨૦

मरीचिप्रमुखैर्विप्रैः कुमारैर्मनुना सह ॥
दृष्ट्वा तत्सौकरं रूपं तर्कयामास चित्रधा ॥ २१ ॥

અન્વયાર્થ—मरीचिप्रमुखैः-મરીચિ વગેરે, **विप्रैः**-ઋષિઓ, **च** -અને, **कुमारैः**-સનત્ કુમારોએ, **मनुना**

सह-મનુરાજાની સાથે, **तत्**-તે વધેલા, **सौकरम्**-શ્રી વરાહભગવાનના, **रूपम्**-સ્વરૂપને, **दृष्ट्वा**-નિહાળીને, **चित्रधा**-અનેક પ્રકારના, **तर्कयामास**-તર્ક કર્યા. ૨૧

અનુવાદ—મરીચિ વગેરે ઋષિઓ અને સનત્કુમારોએ મનુરાજાની સાથે તે વધેલા વરાહ ભગવાનના સ્વરૂપને નિહાળીને અનેક પ્રકારના તર્ક કર્યા. ૨૧

તત્ત્વસુધા—આ શ્લોકમાં બ્રહ્માજી તેમજ સર્વને થયેલ આશ્ચર્યને વર્ણવે છે—

मरीचिप्रमुखैर्विप्रैः—વરાહ ભગવાનના સ્વરૂપને નિહાળીને ત્રણ જણને આશ્ચર્ય થયું. આ આશ્ચર્ય પામનાર દ્વિજો હતા. વેદોને દ્વિજો ભણે છે તેમ જ તેના અર્થને જાણે છે, તેથી આશ્ચર્ય થયું. તેમ જ જુદા જુદા તર્કો કર્યા. વેદોમાં वराहोऽयं वाममोषः આ વરાહ વામદેવના ધનનું હરણ કરનાર છે, पशूनां वा एष मन्युर्यद्वराहः આ જે વરાહ છે તે પશુઓનો ક્રોધ છે. આવાં વાક્યોના શ્રવણથી મરીચિ વગેરે ઋષિઓને, સનત્કુમારોને તેમ જ મનુ રાજાને વિવિધ તર્કો થયા. ભક્તિમાર્ગમાં રહેનાર સનત્કુમારોને, જ્ઞાનમાર્ગમાં રહેનાર ઋષિઓને અને કર્મમાર્ગમાં રહેનાર મનુ રાજાને સ્વરૂપ સંબંધમાં શંકાઓ થઈ. કુમારો અને વિપ્રો એમ જુદા ગણવાનું કારણ પાંચ વર્ષના સનત્કુમારો હોઈ તેમને ઉપવીત નથી આપ્યું એટલે દ્વિજત્વ પ્રાપ્ત થતું નથી. ૨૧

किमेतत्सौकरव्याजं सत्त्वं दिव्यमवस्थितम् ॥
अहो बताश्चर्यमिदं नासाया मे विनिःसृतम् ॥ २२ ॥

અન્વયાર્થ—**सौकरव्याजम्**-વરાહના આકારમાં, **अवस्थितम्**-રહેલ, **एतत्**-આ, **दिव्यम्**-દિવ્ય, **सत्त्वम्**-સ્વરૂપનું પ્રાણી, **किम्**-શું હશે? **अहो बत आश्चर्यम्**-અહો પુષ્કળ આશ્ચર્યની વાત છે કે, **इदम्**-આ, **मे**-મારા, **नासायाः**-નાકના દ્વારમાંથી, **विनिःसृतम्**-પ્રકટ થયેલ છે. ૨૨

અનુવાદ—વરાહના આકારમાં રહેલ આ દિવ્ય સ્વરૂપનું પ્રાણી શું હશે! ખરેખરે ઘણા જ આશ્ચર્યની વાત છે કે આ મારા નાકના દ્વારમાંથી પ્રકટ થયેલ છે. ૨૨

તત્ત્વસુધા—બ્રહ્માજી આ શ્લોકમાં અત્યંત આશ્ચર્ય પ્રકટ કરે છે:

अहो—આ શ્લોકમાં અહો અને બત એવાં બે અવ્યય છે. અહો અવ્યય આશ્ચર્યનું સૂચન કરે છે. ત્રણ વસ્તુ વધુ આશ્ચર્યકારક બતાવી છે. "सौकरव्याजम्" એક તો વરાહની આકૃતિ, બીજી "दिव्यं सत्त्वम्" અલૌકિક પ્રાણી અને ત્રીજી વસ્તુ "नासाया विनिर्गतम्" નાકના છિદ્રમાંથી પ્રકટ થવું" આ ત્રણે રીતે વિચારતાં લોકસૃષ્ટિના આ વરાહ નથી, આ ત્રણ કારણથી આશ્ચર્ય થાય છે.

"बत" અવ્યય ખેદના અર્થમાં વપરાય છે. બ્રહ્માજીને ખેદ થાય છે કે "ઉત્તમ તત્ત્વ આવી નાક જેવી જગ્યામાંથી પ્રકટ થાય તે યોગ્ય ન કહેવાય. પુરુષમાં અને તેમાં વળી નાકમાંથી વરાહો ન જન્મે, માટે આ તો અલૌકિક વરાહ છે. ૨૨

दृष्टोऽङ्गुष्ठशिरोमात्रः क्षणाद्गण्डशिलासमः ॥
अपि स्विद् भगवानेष यज्ञो मे खेदयन्मनः ॥ २३ ॥

અન્વયાર્થ—**अङ्गुष्ठशिरोमात्रः**-પ્રથમ અંગૂઠાના ટેરવા જેટલા, **दृष्टः**-જોયા, **क्षणात्**-ક્ષણવારમાં તો, **गण्ड-शिला-समः**-પર્વતના શિખર સમા થયા, **अपि-स्वित्**-ખરેખર, **मे**-મારા, **मनः**-મનને, **खेदयन्**-ખેદ-આશ્ચર્ય પમાડતા, **एषः**-આ, **यज्ञः**-યજ્ઞનારાયણ, **भगवान्**-ભગવાન છે. ૨૩

અનુવાદ—પ્રથમ અંગૂઠાના ટેરવા જેટલા જોયા. ક્ષણ વારમાં તો પર્વતના શિખર સમા થયા. ખરેખર મારા મનને ખેદ પમાડનારા આ યજ્ઞનારાયણ ભગવાન છે. ૨૩

તત્ત્વસુધા—વળી આ શ્લોકમાં અન્ય આશ્ચર્ય દર્શાવે છે.

દૃષ્ટોऽઙ્ગુષ્ઠશિરોમાત્રઃ—બ્રહ્માજી અનેક પ્રકારના તર્કોમાં ઊતરી પડે છે. વરાહ પ્રકટ્યા ત્યારે "અંગુષ્ઠશિર"- એટણે અંગૂઠાના ટેરવા જેટલા કદમાં જ પ્રકટ્યા. સંભવ છે નાકના છિદ્રનું માપ અંગૂઠાના ટેરવા જેટલું હોય છે તેથી તેટલા માપમાં પ્રકટ્યા હોય.

આ અંગૂઠાના કદવાળા સ્વરૂપનું દર્શન તો યોગીઓને હૃદયમાં જ થાય છે. તે સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમનું હોય છે. પુરુષોત્તમનાં તો અનંત સ્વરૂપો હોય છે. તેમાં આ સ્વરૂપ જ કેમ સ્વીકાર્યું ?

વળી બ્રહ્માજી તર્ક કરે છે કે મેં પૃથ્વીના ઉદ્ધાર માટે જ ધ્યાન કરેલ અને તે કાર્ય માટે જ વરાહ પ્રકટ્યા લાગે છે. સંભવ છે કે દૈત્યને મારવા માટે આ સ્વરૂપ જરૂરનું હોય. ક્રૂર દૈત્યનો વધ મર્યાદામાં ક્રૂર પ્રાણીથી જ થાય તેથી જ આ સ્વરૂપ લીધું હોય. ભૂમિનો ઉદ્ધાર પણ વરાહથી જ થાય. ભૂમિ યજ્ઞનું અધિષ્ઠાન છે. વરાહ પણ યજ્ઞનું સ્વરૂપ છે તેથી જ વરાહ અવતર્યા હશે એમ અનેક તર્ક બ્રહ્માજીએ કર્યા. ૨૩

આ શ્લોકમાં બ્રહ્માજીના તર્કનું અનુમોદન આપવા ભગવાન ગર્જના કરે છે—

इति मीमांसतस्तस्य ब्रह्मणः सह सूनुभिः ॥
भगवान्यज्ञपुरुषो जगर्जागेन्द्रसंनिभः ॥ २४ ॥

અન્વયાર્થ—सूनुभिः सह-પુત્રો સહ, **इति तस्य ब्रह्मणः मीमांसतः**-એ પ્રમાણે તે બ્રહ્માજી વિચાર કરતા હતા ત્યાં જ, **अगेन्द्र-संनिभः**-પર્વતરાજ જેવા, **यज्ञपुरुषः**-યજ્ઞપુરુષ, **भगवान्**-વરાહ ભગવાને, **जगर्ज**-ગર્જના કરી. ૨૪

અનુવાદ—પુત્રો સાથે એ પ્રમાણે તે બ્રહ્માજી વિચાર કરતા હતા, ત્યાં જ પર્વતરાજ સમાન યજ્ઞપુરુષ વરાહ ભગવાને ગર્જના કરી. ૨૪

તત્ત્વસુધા—"इति मीमांसतः" વસ્તુના સ્વરૂપની ચર્ચા કરવી અને વિવેકબુદ્ધિથી તેનો નિર્ણય કરવો જોઈએ. વિવેકી અને બુદ્ધિશાળી વ્યક્તિઓ સાથે વિચારોની આપ લે કરવી એ વિચક્ષણ પુરુષોનું લક્ષણ છે. તેથી મરીચિ વગેરે પુત્રો સાથે બ્રહ્માજી પરામર્શ કરવા લાગ્યા ત્યારે—

"भगवान् यज्ञपुरुषः" યજ્ઞપુરુષ ભગવાને ગર્જના કરી. બ્રહ્માજીને આગળ તર્કમાં ન ડૂબવા માટે જ વરાહ ભગવાને ગર્જના કરી. તેમના તર્કો અનુકૂલ હતા તેથી તેનું પોષણ આપ્યું. ભગવાન યજ્ઞના અંશથી વરાહના આકારમાં હતા અને યજ્ઞના આધારરૂપે "પુરુષ" હતા. એટલે આકૃતિમાં પુરુષ અને વરાહ બન્નેના આકારથી બનેલા છે.

अगेन्द्रसन्निभः—વરાહ ભગવાન પ્રથમ અંગૂઠાના ટેરવા જેટલા પ્રકટ થયા. પછી **गण्डशिलोपमः** પર્વતથી ગબડેલા "શિખર" જેવડા થયા. ત્યાર બાદ "अगेन्द्र" મેરુ પર્વત જેવડા થયા તેથી જ **अगेन्द्रની સરખામણી** કરી. ૨૪

આ શ્લોકમાં બ્રહ્માજીના આનંદનું વર્ણન છે—

ब्रह्माणं हर्षयामास हरिस्तांश्च द्विजोत्तमान् ॥
स्वगर्जितेन ककुभः प्रतिस्वनयता विभुः ॥ २५ ॥

અન્વયાર્થ—विभुः-સામર્થ્યસમ્પન્ન, **हरिः**-શ્રીહરિએ, **ककुभः**-દિશાઓને, **प्रति-स्वनयता**-પડઘાઓ-વાળી બનાવતી, **स्व-गर्जितेन**-પોતાની ગર્જનાથી, **ब्रह्माणम्**-બ્રહ્માજીને, **च**-અને, **तान् द्विजोत्तमान्**-તે શ્રેષ્ઠ દ્વિજોને, **हर्षयामास**-હર્ષ ઉત્પન્ન કર્યો. ૨૫

અનુવાદ—સામર્થ્યસમ્પન્ન શ્રીહરિએ દિશાઓમાં પડઘા પાડતી પોતાની ગર્જનાથી બ્રહ્માજીને તેમજ ઉત્તમ દ્વિજોને હર્ષ ઉત્પન્ન કર્યો. ૨૫

તત્ત્વસુધા—**हरिस्तांश्च द्विजोत्तमान्**—શ્રી વરાહ ભગવાનને "હરિ" શબ્દનું વિશેષણ આપ્યું. હરિ એટલે સિંહ. ગર્જના કરવી એ સિંહનો સ્વભાવ છે. વીરની ગર્જનામાં ઉત્સાહ અને બલવૃદ્ધિનું સામર્થ્ય છે. બ્રહ્માજી તેમજ યજ્ઞ કરનાર ઉત્તમ દ્વિજોને બલ ઉત્સાહ આપ્યાં. હરિનો બીજો અર્થ દુઃખ હરવું એવો થાય છે. વરાહ સર્વનું દુઃખ હરવા પ્રકટ થયા છે. બ્રહ્માજીને પોતાના સહાયક મળ્યા તેનો એક તો આનંદ થયો અને ભગવાનને ઓળખ્યા તે "જ્ઞાન"નો આનંદ થયો. જ્ઞાન આનંદનું સ્વરૂપ જ છે. ૨૫

આ શ્લોકમાં વર્ણવે છે કે આનંદમાં આવેલા બ્રહ્મા સ્તુતિ કરે છે—

निशम्य ते घर्घरितं स्वखेदक्षयिष्णु मायामयसूकरस्य ॥
जनस्तपःसत्यनिवासिनस्ते त्रिभिः पवित्रैर्मुनयोऽगृणन्स्म ॥ २६ ॥

અન્વયાર્થ—**जनः-तपः-सत्य-निवासिनः**-જનલોક, તપોલોક અને સત્યલોકનિવાસી, **ते**-તે, **मुनयः**-મુનિવરો, **मायामय-सूकरस्य**-માયાથી બનેલા વરાહ ભગવાનના, **स्व-खेद-क्षयिष्णु**-પોતાના ખેદનો ક્ષય કરનાર, **घर्घरितम्**-ઘરઘરાટને, **निशम्य**-સાંભળીને, **त्रिभिः पवित्रैः**-ત્રણ પવિત્ર વેદોથી, **अगृणन् स्म**-સ્તુતિ કરવા લાગ્યા. ૨૬ (ઉપેન્દ્રવજ્રાવૃત્ત)

અનુવાદ—જનલોક, તપોલોક અને સત્યલોક નિવાસી તે મુનિવરો માયાથી બનેલા વરાહ ભગવાનના, પોતાના ખેદનો ક્ષય કરનાર ઘર્ઘરાટને સાંભળીને ત્રણ પવિત્ર વેદો દ્વારા સ્તુતિ કરવા લાગ્યા. ૨૬

તત્ત્વસુધા—निशम्य ते घर्घरितम्—ઋષિઓ ગર્જના સાંભળી આનંદમાં આવ્યા અને સ્તુતિ કરવા લાગ્યા. હર્ષનો સ્વભાવ છે કે તે ગાન, દાન અને નર્તન કર્યા વિના ન રહે. વરાહની ગર્જનાને " ઘરઘર " શબ્દ કહે છે. વરાહ ભગવાને " ઘરઘર " અવાજથી મનુરાજાને, અને જન, તપ, સત્ય-નિવાસી લોકોને કહ્યું કે ગભરાવ મા, સર્વને " ઘરો " આપીશ એક ઉપર બીજું ઘર બાંધી આપીશ અને શરીર પણ આપીશ. जनस्तपः-सत्य-निवासिनः—જનલોક, તપોલોક અને સત્યલોકમાં વસનારા સાત્વિક હોય છે. જ્ઞાન સત્વમાંથી પ્રકટે છે. સ્તુતિમાં " ભાવ અને જ્ઞાન " બન્નેની આવશ્યકતા રહે છે. ઋષિઓમાં ભાવ અને જ્ઞાનનો આવિર્ભાવ થયો અને તેમણે સ્તુતિ શરૂ કરી. " जनः " શબ્દ વિસર્ગાન્ત છે તે સ્તુતિ કરનારનું વૈદિકત્વ સૂચવે છે. તેઓ વેદની ભાષામાં સ્તુતિ કરશે.

मायामयसूकरस्य—સૂકર શબ્દ " सू " પ્રસવાર્થ ધાતુમાંથી બનેલ છે. કર્મ અને જ્ઞાન માટે સમરત પ્રસવ કરનાર ભગવાનને " સૂકર " કહ્યા. ૨૬

આ શ્લોકમા વરાહ ભગવાન જલમાં પ્રવેશ કરે છે તેનુ વર્ણન છે—

तेषां सतां वेदवितानमूर्तिर्ब्रह्मावधार्यात्मगुणानुवादम् ॥
विनद्य भूयो विबुधोदयाय गजेन्द्रलीलो जलमाविवेश ॥ २७ ॥

અન્વયાર્થ—**वेद-वितान-मूर्तिः**-વેદમાં કહેલા યજ્ઞના વિસ્તારરૂપ મૂર્તિવાળા, **तेषाम्**-તે, **सताम्**-સત્પુરુષોના, **आत्म-गुण-अनुवादम्**-પોતાના ગુણોનું નિરૂપણ કરતા, **ब्रह्म**-વેદનો, **अवधार्य**-નિશ્ચય કરીને, **विबुध-उदयाय**-દેવોના ઉદય માટે, **भूयः**-ફરીથી, **विनद्य**-ગર્જના કરીને, **गजेन्द्र-लीलः**-ગજેન્દ્રના જેવી લીલા કરતા, **जलम्**-જલમાં, **आविवेश**-પ્રવેશ કર્યો. (ઉપજાતિ વૃત્ત) ૨૭

અનુવાદ—વેદમાં કહેલા યજ્ઞના વિસ્તારરૂપ મૂર્તિવાળા વરાહ ભગવાને તે સત્પુરુષોના મુખથી થતા પોતાના ગુણોનું નિરૂપણ કરતા વેદનો નિશ્ચય કરીને દેવોના ઉદય માટે ફરીથી ગર્જના કરીને ગજેન્દ્રના જેવી લીલા કરતાં જલમાં પ્રવેશ કર્યો. ૨૭

તત્ત્વસુધા—આ વાક્યના ઘણા અર્થ થાય છે. વેદો દ્વારા જેનો વિસ્તાર થાય છે તેને વેદવિતાન એટલે "યજ્ઞ" કહેવામાં આવે છે. તેથી તેની મૂર્તિને વેદવિતાન મૂર્તિ કહેવાય. આ અર્થ પ્રમાણે "યજ્ઞમૂર્તિ" વરાહ એવો અર્થ થયો.

બીજો અર્થ થશે વેદના સમૂહો જેમની મૂર્તિમાં રહેલ છે તે વેદવિતાનમૂર્તિ કહેવાય. વેદોની અનંત શાખાઓ છે, તે સમસ્ત વરાહ ભગવાનના સ્વરૂપમાં સમાયેલ છે. તે ભગવાને ઋષિઓની સ્તુતિ સાંભળી. તેમની સ્તુતિમાં પોતાનો ગુણાનુવાદ હતો. તે ગુણાનુવાદ વેદાર્થ પ્રમાણે હતો. તે સાંભળી ભગવાન રાજી થયા અને દેવોને વધુ આનંદ આપવા ફરી ગર્જના કરી, જલમાં ડૂબેલ ભૂમિને લાવવા પ્રવેશ કર્યો. ૨૭

આ શ્લોકમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન છે—

उत्क्षिप्तबालः खचरः कठोरः सटा विधुन्वन्खररोमशत्वक् ॥
खुराहताभ्रः सितदंष्ट्र[1] [2]ईक्षाज्योतिर्बभासे भगवान्महीध्रः ॥२८॥

અન્વયાર્થ—**उत्क्षिप्तबालः**–ઊંચા પૂંછવાળા, **खचरः**–આકાશમાં વિચરતા, **कठोरः**–કઠોર, **सटाः**–કેશવાળીને, **धुन्वन्**–ધુણાવતા, **खर-रोमश-त्वक्**–કઠોર રૂવાંડાંવાળી ત્વચાવાળા, **खुर-आहत-अभ्रः**–ખરીઓથી વાદળાં વિખેરતા, **सित-दंष्ट्रः**–સફેદ દાઢવાળા, **ईक्षा-ज्योतिः**–દષ્ટિરૂપ પ્રકાશવાળા, **महीध्रः**–મહીને ધારણ કરતા, **भगवान्**–વરાહ ભગવાન, **बभासे**–શોભવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૨૮

અનુવાદ—ઊંચા પૂંછવાળા, આકાશમાં વિચરતા, કઠોર કેશવાળીને ધુણાવતા, કઠોર રૂવાંડાંવાળી ચામડીવાળા, ખરીઓથી વાદળાંને વિખેરતા, સફેદ દાઢવાળા, દષ્ટિરૂપ પ્રકાશવાળા, પૃથ્વીને ધારણ કરતા, વરાહ ભગવાન શોભવા લાગ્યા. ૨૮

તત્ત્વસુધા—"उत्क्षिप्तबालः"—આ શ્લોકમાં ભગવાન વરાહનાં નવ વિશેષણ છે. તેમાંનું આ પ્રથમ વિશેષણ છે. "ઊંચા પૂંછવાળા" એવો એનો અર્થ થાય છે. આ વરાહનું પુચ્છ યજ્ઞની દીક્ષા સ્વરૂપે છે. પશુઓના પુચ્છમાં વિશેષ બલ હોય છે. ગાય આખા શરીર ઉપર પુચ્છ ફેરવીને દેહ ઉપરની માંખો વગેરેને નિવારે છે તેથી તે પ્રધાન અંગ છે. તેમ યજ્ઞમાં યજમાન દીક્ષિત થતો હોવાથી તે મુખ્ય ગણાય છે. વળી વરાહ પ્રભુએ પુચ્છ ઊંચું રાખ્યું છે તે યજમાનની ઉત્તમ સ્થિતિને સૂચવવા માટે છે. વળી પુચ્છ દીર્ઘ હોય છે તેમ યજમાનની દીક્ષા પણ દીર્ઘ સમય પર્યન્ત રહે છે.

खचरः—"આકાશમાં વિચરનાર" એવો અર્થ છે. એનું તાત્પર્ય કે જેમ આકાશ સર્વત્ર છે તેમ જ યજ્ઞીય સર્વ પદાર્થમાં વરાહ પ્રવેશેલા છે, છતાં અલગ પણ રહેલા છે.

कठोरः—શરીરથી કઠોર–કઠિન છે. પૃથ્વીના ઉદ્ધારનું કામ કઠિન છે તેથી કઠિન કાયા ધારણ કરી છે.

सटा विधुन्वन्—કેસવાળીને કમ્પાવતા હતા.

खररोमशत्वक्—કઠોર અને રોમાંચ ભરેલી ચામડીવાળા. આ વિશેષણનું તાત્પર્ય યજ્ઞીય કાર્ય કઠિન છે તેનું સૂચન "खर" શબ્દથી કરે છે. યજ્ઞમાં કુશ-દર્ભની વધુ જરૂર છે તેનું સૂચન रोमश શબ્દથી કરે છે.

---

१. सितशृङ्ग–प्रा. पा. २. –वीक्षाज्योतिरिति प्रा. पा.

खुराहताभ्रः—" ખરીઓથી વાદળોને વિખેરી નાખે છે. વરાહ ભગવાનની ચાર ખરી ચારે " સ્તોમ "રૂપે છે. તે ચારે " સ્તોમ " મળીને એ સવનો બને છે. આ બન્ને સવન દ્વારા જ સર્વ કાર્ય સિદ્ધ થાય છે તેથી મેઘોનું કોઈ પ્રયોજન નથી રહેતું. તેથી મેઘોને ખરીઓથી તોડીને ફેંકી દીધા છે; કારણ કે મેઘોએ જલ દ્વારા પૃથ્વીને ડૂબાડી દીધી છે. જો કેવલ જલનો નાશ કરે તો પણ ઉપરના મેઘો પાછા વૃષ્ટિથી પૃથ્વીને ડૂબાડી દે તેથી મેઘોને દૂર કર્યા. તે મેઘો બીજે સ્થાને ભલે વૃષ્ટિ કરે.

सितदंष्ट्र ईक्षाज्योतिः—" સફેદ દાઢવાળા તેમજ દષ્ટિરૂપ પ્રકાશવાળા " આ વિશેષણનું તાત્પર્ય છે કે દાઢથી પૃથ્વીનું સ્થાપન કરશે અને દષ્ટિના તેજથી મૃત્યુનું નિવારણ કરવા કૃપા વરસાવશે.

महीध्रः—ભૂમિને ધારણ કરવા માટે જ અવતાર લીધેલો છે, તે કામ તો પર્વત પણ કરે છે છતાં ભગવાન દયાળુ હોવાથી આ કાર્ય સ્નેહથી સ્વયં કરે છે. ૨૮

घ्राणेन पृथ्व्याः पदवीं विजिघ्रन्क्रोडापदेशः स्वयमध्वराङ्गः ॥
करालदंष्ट्रोऽप्यकरालदृग्भ्यामुद्वीक्ष्य विप्रान्गृणतोऽविशत्कम् ॥२९॥

અન્વયાર્થ—अध्वराङ्गः-યજ્ઞોરૂપી અંગવાળા, **स्वयम्**-પોતે, **क्रोडापदेशः**-વિચારાત્મક વરાહના સ્વરૂપથી, **घ्राणेन**-નાસિકાથી, **पृथ्व्याः**-પૃથ્વીના, **पदवीम्**-માર્ગને, **विजिघ्रन्**-સૂંઘતા, **कराल-दंष्ट्रः-अपि**-ભયાનક દાઢવાળા હોવા છતાં, **गृणतः**-સ્તુતિ કરતા, **विप्रान्**-ઋષિઓને, **अकराल-दृग्भ्याम्**-કોમલ નયનથી, **उद्वीक्ष्य**-નિહાળતા, **कम्**-જલમાં, **अविशत्**-પ્રવેશ્યા. (ઉપજાતિ વૃત્ત) ૨૯

અનુવાદ—યજ્ઞોરૂપી અંગવાળા પોતે વરાહના સ્વરૂપના બહાનાથી નાક દ્વારા પૃથ્વીના માર્ગને સૂંઘતા, ભયાનક દાઢવાળા હોવા છતાં, સ્તુતિ કરતા ઋષિઓને સૌમ્ય નજરે નિહાળી જલમાં પ્રવેશી ગયા. ૨૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં શ્રી વરાહનું ક્રિયાત્મક સ્વરૂપ વર્ણવ્યુ છે.

" घ्राणेन पृथ्व्याः पदवीं "—શ્રી વરાહ ભગવાને कं-જલમાં પ્રવેશ કર્યો. પૃથ્વી જલમાં ડૂબી ગઈ હતી તો ત્યાંથી જ મેળવી શકાય તેથી જલમાં પ્રવેશ કર્યો છે. પૃથ્વીનું લક્ષણ પ્રમાણે જે " गन्धवती पृथ्वी " ગન્ધવાળી હોય તે પૃથ્વી કહેવાય. વરાહ ભગવાન તેથી નાસિકા દ્વારા સૂંઘતા પૃથ્વીને શોધવા લાગ્યા. સર્વજ્ઞ ભગવાનને આમ કરવાની આવશ્યકતા તો ન હતી છતાં આ ભગવાનની લીલા હતી.

" अध्वराङ्गः " અધ્વરો એ ભગવાનનાં અંગો છે. વરાહ ભગવાન કર્મદેવતારૂપ છે. તેમને યજ્ઞો માટે પૃથ્વીનો ઉદ્ધાર કરવો જોઈએ. अध्वनि रवो यस्य सः अध्वरः-યજ્ઞમાં ક્રિયાઓ વેદોના શબ્દોચ્ચારપૂર્વક થતી હોવાથી તેને " અધ્વર " કહે છે.

करालदंष्ट्रोऽपि—આ વરાહ ભગવાનની દાઢ તો તીક્ષ્ણ હતી પરંતુ સ્તુતિ કરનારાઓ માટે દષ્ટિ તો સૌમ્ય હતી. આ બે વિશેષણોથી સૂચવ્યું કે કઠોર દાઢથી દૈત્યોનું વિદારણ કરશે અને કૃપામયી નજરથી જ્ઞાનનું દાન કરશે. ૨૯

હવે આ શ્લોકમાં શ્રી વરાહ ભગવાન જલનો ભેદ કહે છે :

स वज्रकूटाङ्गनिपातवेगविशीर्णकुक्षिः स्तनयन्नुदन्वान् ॥
उत्सृष्टदीर्घोर्मिभुजैरिवार्तश्चुक्रोश यज्ञेश्वर पाहि मेति ॥३०॥

---

१ ऊर्मिकरैः प्रा. पा.

અન્વયાર્થ—**वज्र-कूट-अङ्ग-निपात-वेग-विशीर्ण-कुक्षिः**-વજ્રના સમૂહ જેવાં અંગોના પડવાના વેગથી ચિરાયેલ કૂખવાળો, **सः**-તે, **उदन्वान्**-મહાસાગર, **स्तनयन्**-નિસાસા નાખતો, **उत्सृष्ट-दीर्घ-ऊर्मि-भुजैः**-ઊંચાં કરેલાં લાંબાં મોજાંરૂપ હાથો વડે, **आर्तः इव**-આર્તની માફક, **यज्ञेश्वर**-હે યજ્ઞેશ્વર, **मा**-મને, **पाहि**-બચાવો, **इति**-એમ, **चुक्रोश**-પોકાર કરવા લાગ્યો. (ઉપજાતિ વૃત્ત) ૩૦

અનુવાદ—વજ્રના સમૂહ જેવા ભારે અંગોના પડવાના વેગથી ચિરાયેલ કૂખવાળો તે મહાસાગર નિસાસા નાંખતો ઊંચાં કરેલાં લાંબાં મોજાંરૂપી હાથો વડે આર્તની માફક હે યજ્ઞેશ્વર મને બચાવો, એ પ્રમાણે પોકાર કરવા લાગ્યો. ૩૦

તત્ત્વસુધા—स वज्रकूटाङ्गनिपातवेग—ભગવાને ઘણા જ વેગથી સમુદ્રના જલ ઉપર પડતું મૂક્યું. પડવાના વેગથી જલની કૂખ ચિરાઈ ગઈ. પરંતુ સમુદ્ર નથી ચિરાયો. સમુદ્ર તો ભગવાનની કુક્ષિ છે તે જો ચિરાય તો પૂરાય જ નહીં. ભગવાનના અંગને વજ્ર કહ્યાં છે. કારણ કે વજ્ર વિના બીજું તેજ જલમાં રહી નથી શકતું. વજ્ર મેઘો પાસેથી વૃષ્ટિ કરાવે છે. તે વજ્ર સમુદ્રમાંથી પણ જલ કઢાવી પૃથ્વીને ઉપર લાવશે.

“स्तनयन्नुदन्वान्” સાગરને ઉદન્વાન્ કહ્યો છે. સાગરે પોતાના તરંગ-હસ્તો ભગવાનની શરણાગતિ માટે ઊંચા કર્યા છે. ભગવાન પાસે રક્ષાની યાચના કરી. શરણાગત હાથ ઊંચા કરી આર્તનાદે પોકારે કે “पाहि पाहि” રક્ષણ કરો, રક્ષણ કરો. ભગવાનનું પડવું મહાસાગરને ઇષ્ટ આલિંગન જેવું અભીષ્ટ જ લાગ્યું હતું. પોતાનું રક્ષણ અને દૈત્યોનો નાશ એવા મિશ્રભાવનો આ આર્તનાદ છે. ૩૦

આ શ્લોકમાં ભગવાને ફરી પૃથ્વીને ન ડૂબાડે તેની કાળજી કરી પૃથ્વીના ઉદ્ધારની પ્રવૃત્તિ આદરી છે:

खुरैः क्षुरप्रैर्दरयंस्तदाप उत्पारपारं[1] त्रिपरू[2] रसायाम् ॥
ददर्श गां तत्र सुषुप्सुरग्रे यां जीवधानीं स्वयमभ्यधत्त ॥३१॥

અન્વયાર્થ—**त्रिपरुः**-ત્રિપરુ વરાહ ભગવાને, **क्षुरप्रैः**-અત્યંત તીણી એવી, **खुरैः**- ખરીઓ વડે, **अपः**-જલને, **उत्पारपारम्**-જેનો અંત દેખાય તે રીતે, **दरयन्**-કાપ્યું, **तदा**-તે સમયે, **गाम्**-પૃથ્વીને, **रसायाम्**-રસાતલમાં, **ददर्श**-જોઈ, **जीवधानीम्**-જીવોના આધારરૂપ, **याम्**-જેને, **अग्रे**-ભવિષ્યમાં, **तत्र**-તેના ઉપર, **सुषुप्सुः**-શયન કરવાની ઇચ્છાથી, **स्वयम्**-પોતે, **अभ्यधत्त**-ધારણ કરેલી છે. (ઉપજાતિ વૃત્ત) ૩૧

અનુવાદ—તે ત્રિપરુ વરાહ ભગવાને અત્યંત ધારદાર એવી ખરીઓથી તે જલને તેનો આખરનો અંત આવે તે રીતે કાપ્યું; ત્યારે તે સમયે રસાતલમાં પૃથ્વીને નિહાળી. જીવોના આધારરૂપ તે પૃથ્વીને ભવિષ્યમાં શયન કરવાની ઇચ્છાથી પોતે ધારણ કરેલી છે. (ઉપજાતિ વૃત્ત) ૩૧

તત્ત્વસુધા—क्षुरप्रैः—त्रिपरुः—શ્રી વરાહ ભગવાન ભૂમિનો ઉદ્ધાર કરે છે. ભગવાનનું “ત્રિપરુ” એવું નામ આપ્યું છે. ત્રણ પર્વોવાળા હોવાથી ત્રિપરુ નામ પડ્યું છે. બબ્બે ચરણોની જોડના બે અવયવ અને એક મુખનો અવયવ મળીને ત્રણ પર્વ થયાં તેથી ત્રિપરુ નામ કહ્યું છે. ત્રિપરુ એટલે યજ્ઞમૂર્તિ એવો અર્થ થયો. “पद्भ्यां द्वे सवने समगृह्णन्मुखेनैकम्” इति श्रुतेः द्वौ स्तोमौ प्रातःसवनं वहतः આ બે શ્રુતિ તેમાં પ્રમાણ છે. ચરણોથી બે સવનોનો અને મુખથી એક સવનનો એ પ્રમાણે ત્રણ પર્વ થયાં.

“उत्पारपारम्” उत्पार એટલે અંત વખતનું જલ હતું. તેના પણ पारम्—અન્તને વરાહ ભગવાને પોતાની તીવ્ર ધારવાળી ખરીઓથી વિદાર્યો એવું અત્યંત પરાક્રમ છે. पारं ને બદલે वारं એવો પણ પાઠ છે. वार નો અર્થ જલ થાય છે. પારાવાર જલનો પણ પાર આણ્યો.

---

[1] वारं इति प्रा. पा.,
[2] त्रिवरू, प्रा. पा.

त्रिवरुः—ત્રિવરુ એવો પણ પાઠ છે એના બે અર્થ થશે. त्रिभिर्वेदैर्वियत इति त्रिवरुः અથવા त्रिषु युगेषु **अवतारं वृणोति** આવી પણ વ્યુત્પત્તિ થાય છે. ત્રિ એટલે ગળા ઉપર वरुः રેખા હોય તેને ત્રિવરુ કહે છે.

क्षुरप्रैः—ક્ષુરપ્રના તીક્ષ્ણ અને અર્ધચન્દ્ર એવા બે અર્થ થાય છે.

"**जीवधानीम्**" જીવધાની પૃથ્વીનું નામ છે. जीवा धीयन्ते यस्यामिति **जीवधानीम्**-જીવોનો આશ્રય બનતી હોવાથી પૃથ્વી જીવધાની છે. પ્રલયમાં ભગવાન શેષ ઉપર પોઢે છે. હવે ભગવાનને ભૂમિ ઉપર ભવિષ્યમાં શયન કરવાનું મન થયું તેથી તેનો ઉદ્ધાર કરતાં વિશુદ્ધ બનેલી પૃથ્વીમાં જ ભગવાન પોઢશે તેમ જ જીવોના દેહો તેમાંથી જ બનાવશે તેથી ભૂમિનો ઉદ્ધાર કર્યો છે. ૩૧

આ બે શ્લોકો, પૃથ્વીને ઉપર લઈ આવતા વરાહ ભગવાનને વર્ણવે છે—

स्वदंष्ट्रयोद्धृत्य महीं निमग्नां[1] स[2]मुत्थितः संरुरुचे रसायाः ।।
तत्रादिदैत्यं गदया पतन्तं सुनाभसन्दीपिततीव्रमन्युः ।।३२।।
जघान रुन्धानमसह्यविक्रमं स लीलयेभं मृगराडिवाम्भसि ।।
तद्रक्तपङ्काङ्कितगण्डतुण्डो यथा गजेन्द्रो जगतीं विभिन्दन् ।।३३।।

અન્વયાર્થ—**निमग्नाम्**-સંપૂર્ણ ડૂબેલી, **महीम्**-પૃથ્વીને, **स्वद्रंष्ट्रया**-પોતાની દૃષ્ટિથી, **उद्धृत्य**-ઉઠાવીને, **रसायाः**-રસાતલમાંથી, **समुत्थितः**-બહાર આવેલા વરાહ, **संरुरुचे**-અત્યંત શોભવા લાગ્યા, **तत्र**-ત્યાં, **गदया**-ગદા દ્વારા, **आपतन्तम्**-ઉપર ચઢી આવતા, **असह्यविक्रमम्**-અસહ્ય પરાક્રમવાળા, **रुन्धानम्**-માર્ગને રોકતા, **आदिदैत्यम्**-આદિ દૈત્ય હિરણ્યાક્ષને, **सुनाभ-संदीपित-तीव्र-मन्युः**-સુદર્શન ચક્રથી તીવ્ર રોષને પ્રકટ કરતા, **सः**-તે વરાહ ભગવાને, **मृगराड्**-મૃગરાજ સિંહ, **लीलया**-લીલાથી, **इभम् इव**-હાથીની માફક, **अम्भसि**-જલમાં, **जघान**-હણ્યો, **जगतीम्**-જંગમ જીવોને, **विभिन्दन्**-ભેદતા, **तद्-रक्त-पङ्क-अङ्कित-गण्ड-तुण्डः**-તે પ્રાણીના રુધિરથી ખરડાએલા ગાલ અને મુખવાળા, **गजेन्द्रः**-ગજેન્દ્રની, **यथा**-માફક વરાહ ભગવાન શોભવા લાગ્યા. (ઉપજાતિ વૃત્ત) ૩૨, ૩૩

અનુવાદ—સંપૂર્ણ બૂડી ગયેલી પૃથ્વીને પોતાની દાઢથી ઉઠાવીને રસાતલમાંથી બહાર આવેલા શ્રી વરાહ ભગવાન અત્યંત શોભવા લાગ્યા. ત્યાં તો ગદા લઈ ઉપર ચઢી આવતા અસહ્ય પરાક્રમવાળા અને માર્ગને રોકતા આદિદૈત્ય હિરણ્યાક્ષને, જલમાં સુદર્શન ચક્રથી તીવ્ર રોષને પ્રકટ કરતા શ્રી વરાહ ભગવાને મૃગરાજ સિંહ જેમ રમતમાં હાથીને મારે તેમ માર્યો. હિરણ્યાક્ષને મારનાર ભગવાન વરાહ પ્રાણીઓને મારવાથી તેમના રુધિરથી ખરડાએલ ગાલ અને મુખવાળા બનેલ હાથી જેવા શોભવા લાગ્યા. ૩૨, ૩૩

તત્ત્વસુધા—"**स्वदंष्ट्रयोद्धृत्य महीं**"—ભગવાન વરાહે દાઢ ઉપર લીંબુ ગોઠવેલ હોય તે રીતે એક દાઢ ઉપર ઉઠાવી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે. સમર્થ ભગવાનને એ દાઢનો ઉપયોગ કરવાની જરૂર નથી. શ્રી ભગવાનની દાઢ 'યમ'નું સ્વરૂપ છે. આધિદૈવિક યમરાજાએ જેને પકડયો હોય તેને કોઈ છોડાવી શકે નહિ. તેમજ વરાહ ભગવાનની દાઢ ઉપરથી પૃથ્વીને કોઈ શત્રુ છોડાવી નહીં શકે એવું "दंष्ट्रा" શબ્દથી સૂચવ્યું.

रसायाः समुत्थितः—રસાતલ ઉપરથી પૃથ્વીને લાવ્યા એવું કહ્યું છે તેથી પાંચ ખંડવાળી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે એ સ્પષ્ટ થાય છે. પૃથ્વી ભગવાનની પત્ની હતી. પતિ સાથે પત્ની જેમ શોભે તેમ પ્રભુ શોભે છે.

---

[1] विमग्नां प्रा पा., [2] स उत्थितः प्रा. पा.

सुनाभ-संदीपिततीव्रमन्युः—ભગવાને ક્રોધપૂર્વક સુદર્શન ચક્ર ફેંકયું છે. કારણ કે ગદા વગેરેથી પ્રથમ યુદ્ધ કરેલું. તેમજ ગદા ફેંકેલી પરંતુ તેથી હિરણ્યાક્ષ મરણ ન પામ્યો. ત્યારે પૂર્વના તેના કરેલા સનત્કુમારોના અપમાન વગેરે દોષોનું અને વર્તમાન દેહના દોષોનું સ્મરણ થતાં ભગવાને ક્રોધપૂર્વક ચક્ર ફેંકયું. તેથી તેનું મૃત્યુ થયું. મરણ સમયે ભગવાને તેના ઉપર ક્રોધ કર્યો એટલે ફરીથી રાવણરૂપે જન્મ થયો.

मृगराडिवाम्भसि—હિરણ્યાક્ષને જલમાં જ માર્યો છે. બીજા કલ્પમાં ભગવાન પ્રથમ ભૂમિને જલ ઉપર મૂકીને સ્થિર કરીને પછી તેને આહ્વાન કરી તેની સાથે યુદ્ધ કરે છે, જ્યારે આ કલ્પમાં તેને જલમાં જ મારે છે. આ વાતનું સૂચન લીલયા લીલાથી–રમતથી માર્યો એ શબ્દથી સૂચવ્યું છે.

तद्रक्तपङ्काङ्कितगण्डतुण्डः—ભગવાને હિરણ્યાક્ષનું પેટ ચીરી નાખ્યું હતું. તેમાંથી રુધિર નીકળ્યું અને તે જામી ગયું અને કાદવ જેવું બની ગયું. વરાહ ભગવાનના ગાલ તેને લીધે લાલ થઈ ગયા. દયાળુ ભગવાને તેના પેટમાં મુખે પ્રવેશ કરી તેના જીવને પોતાનામાં લઈ લીધો. તેથી બીજી યોનિમાં રાવણ થવા છતાં બ્રાહ્મણ જન્મ્યો. જો ભગવાન તેના જીવને પોતાનામાં ન રાખે તો તે નીચ યોનિમાં અથવા નરકમાં જાત. પરંતુ ભગવાને તેને કૃપા કરીને બચાવ્યો. ૩૨, ૩૩

तमाल[1]नीलां सितदन्तकोटया क्ष्मामुत्क्षिपन्तं गजलीलयाङ्गः ॥
[2]प्राज्ञाय बद्धाञ्जलयोऽनुवाकैर्विरिञ्चिमुख्या उपतस्थुरीशम् ॥३४॥

અન્વયાર્થ—अङ्ग–હે વત્સ ! **सित-दन्त-कोटया**–સફેદ દાંતની અણી ઉપર, **तमाल-नीलाम्**-તમાલ જેવાં શ્યામ, **क्ष्माम्**–પૃથ્વીને, **गजलीलया**–હાથીની લીલાથી, **उत्क्षिपन्तं**–ધારણ કરતા, **ईशम्**–શ્રી વરાહ પ્રભુને, **प्राज्ञाय**–ઓળખીને, **बद्ध-अञ्जलयः**–અંજલિ રચીને, **विरिञ्चि-मुख्याः**–બ્રહ્માજી વગેરે દેવો, **अनुवाकैः**–અનુવાકોથી, **उपतस्थुः**–સ્તુતિ કરવા લાગ્યા. (વંશસ્થ વૃત્ત) ૩૪

અનુવાદ—હે વત્સ ! સફેદ દાંતની અણી ઉપર તમાલ જેવા શ્યામ વર્ણવાળી પૃથ્વીને હાથીની માફક રમતથી ધારણ કરતા શ્રી વરાહ પ્રભુને ઓળખીને, અંજલિ રચીને તેમની બ્રહ્માજી વગેરે દેવો અનુવાકોથી સ્તુતિ કરવા લાગ્યા. ૩૪

તત્ત્વસુધા—" तमालनीलां "—આ શ્લોકમાં नीलां અને नीलं એવા બે પાઠ મળે છે. સ્ત્રીલિંગે नीलां પાઠ લઈએ તો પૃથ્વીનું વિશેષણ થાય છે. પરંતુ જો नीलं પુલ્લિંગ પાઠ લઈએ તો વરાહ ભગવાનનું " નીલ " વિશેષણ થશે. ત્યાં વિચાર થશે કે વરાહ નીલ વર્ણના હતા કે શ્યામ વર્ણના તેનું સમાધાન છે કે—

> द्विधाविरासीत् कल्पेऽस्मिन्नाद्ये स्वायंभुवान्तरे । घ्राणाद्विधेर्धरोद्धृत्यै चाक्षुषीये तु नीरतः ॥
> हिरण्याक्षं धरोद्धारे निरन्तुं दंष्ट्रिपुङ्गवः । चतुष्पात् श्रीवराहोऽसौ नृवराहः क्वचिन्मतः ॥
> कदाचिज्जलदश्यामः कदाचिच्चन्द्रपाण्डुरः । यज्ञमूर्तिः स्थविष्ठोऽयं वर्णद्वययुतः स्मृतः ॥

આ કલ્પમાં શ્રી વરાહ ભગવાન બે વખત પ્રકટ થયા છે. પ્રથમ સ્વાયંભુવ મન્વંતરમાં ધરાનો ઉદ્ધાર કરવા બ્રહ્માજીની નાસિકામાંથી પ્રકટ થયા છે. ચાક્ષુષ મન્વંતરમાં જલમાંથી પ્રકટ થયા છે. શ્રી વરાહ ભગવાન કોઈવાર ચતુષ્પાદ અવતરે છે. કોઈ વાર નૃવરાહ સ્વરૂપે અવતરે છે. કોઈવાર નીલ મેઘશ્યામ પ્રકટે છે. કોઈવાર શ્વેતચન્દ્રવર્ણે પ્રકટે છે. ચાક્ષુષ મન્વંતરમાં પ્રાચેતસ દક્ષની પુત્રી દિતિને ત્યાં હિરણ્યાક્ષ જન્મે છે. તેનો વરાહ ભગવાને વધ કર્યો છે અને સ્વાયંભુવ મન્વંતરમાં કેવલ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે.

બીજું એક મન્તવ્ય છે કે બન્ને મન્વંતરમાં હિરણ્યાક્ષ જન્મે છે. એક બ્રહ્માથી ઉત્પન્ન થાય છે. બીજો દિતિથી જન્મે છે. બ્રહ્માથી જન્મેલ હિરણ્યાક્ષને દાઢથી ચીરે છે અને બીજાને કાન પાસે પ્રહાર કરીને મારે છે. ૩૪

---

[1] तमालनीलं इति प्र. पा., [2] प्रज्ञाय इति प्रा. पा.

આ શ્લોકથી આરંભી બાર શ્લોકોમાં વરાહ ભગવાનની સ્તુતિ કરે છે:

ऋषय ऊचुः – जितं जितं तेऽजित यज्ञभावन त्रयीं तनुं स्वां परिधुन्वते नमः ॥
यद्रोमगर्तेषु निलिल्युरध्वरास्तस्मै नमः कारणविग्रहाय[3] ते ॥३५॥

અન્વયાર્થ—अजित-હે અજિત ! **ते**–આપનો, **जितं जितम्**–વિજય હો ! વિજય હો ! **यज्ञभावन**–હે યજ્ઞને ઉત્પન્ન કરનાર પ્રભુ ! **त्रयीम्**-ત્રણ વેદ સ્વરૂપ, **स्वाम्**–આપના, **तनुम्**-શ્રીઅંગને, **परिधुन्वते**–ચારે બાજુ કમ્પાવતા આપને, **नमः**–નમસ્કાર, **अस्तु**–હો. **यद्-रोम-गर्तेषु**–જેમના રોમાંચના છિદ્રોમાં, **अध्वराः**–યજ્ઞો, **निलिल्युः**–સમાયેલા છે, **तस्मै**-તેવા, **कारण-विग्रहाय**–કારણરૂપ દેહવાળા વરાહ ભગવાન, **ते**–આપને, **नमः**–નમસ્કાર છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૫

અનુવાદ—હે અજિત ભગવાન ! આપનો વિજય હો ! વિજય હો ! હે યજ્ઞને ચલાવનાર પ્રભુ; ત્રણ વેદોરૂપ આપના શ્રીઅંગને ચારે તરફ કમ્પાવતા આપને નમસ્કાર હો. જેમનાં રોમાંચનાં છિદ્રોમાં યજ્ઞો સમાયેલા છે, તેવા કારણરૂપ દેહવાળા વરાહ ભગવાન આપને નમસ્કાર છે. ૩૫

તત્ત્વસુધા—બાર શ્લોકથી ઋષિઓ સ્તુતિ કરે છે. કર્મમાર્ગ સૂર્યોદયથી સૂર્યાસ્ત બાર કલાક સુધી થાય છે. વળી સૂર્ય બાર રાશિમાં વિચરે છે અને સૂર્ય પણ બાર માસના બાર છે. ઋષિઓ આ બાર સૂર્ય સમાન શ્લોકોથી યજ્ઞપ્રવર્તક વરાહ ભગવાનની સ્તુતિ કરે છે—

"जितं जितं ते"— કર્મ પણ બે પ્રકારનું છે. એક પ્રમાણને અનુકૂલ પ્રમેયવાળું કર્મ છે. બીજું સ્વતંત્ર પ્રમેયવાળું કર્મ છે. બન્ને પ્રકારનું કર્મ ભગવાનનું જ સ્વરૂપ છે. તેમાં પ્રથમ પ્રમાણરૂપ કર્મનું સ્તવન છે કે હે "**अजित**"—અજિત ભગવાન આપનો વિજય હો. આ પદમાં બે વાર जितं जितं કહીને સમજાવ્યું કે આપે શત્રુ **અને** કાલ ઉભય ઉપર વિજય મેળવ્યો છે. શત્રુમાં હિરણ્યાક્ષને જીત્યા છો. અને અકાલે પ્રલયેકાળે પૃથ્વીને ગળી હતી તેના મુખમાંથી પદાર્થોને અને પૃથ્વીને બહાર લાવી કાળને જીત્યા છો.

'**यज्ञभावन**'—યજ્ઞભાવન શબ્દના યજ્ઞોથી સ્તુતિ કરાતા (૧), યજ્ઞપ્રવર્તક યજ્ઞાધિપતિ (૨), વિવિધ યજ્ઞોદ્વારા અવયવરૂપે ઉપાસના કરાતા (૩), એવા ત્રણ અર્થ થાય છે. તેથી તો પછીના શ્લોકોમાં યજ્ઞોને અંગો તરીકે વર્ણવે છે.

"**त्रयीं तनुं स्वां परिधुन्वते नमः**"—ત્રણ વેદોરૂપ આપની કાયાને કમ્પાવનાર હે વરાહ ! આપને વંદું છું. આ વંદનનો આશય એવો છે "અમુક ક્ષુદ્ર સ્વરૂપો"ને નમસ્કાર ન કરવા એવું વિધાન છે. તો આ વરાહના નિંદ્ય રૂપને કેમ નમન કરતા હશે તે શંકાનું નિવારણ કર્યું કે વરાહતનુ ત્રણ વેદની બની છે. વેદો તો ચાર છે પણ અથર્વવેદના મંત્રો મુખ્ય પ્રકારે બ્રહ્મનું વર્ણન કરે છે અને ત્રણ વેદો કર્મને જણાવે છે તેથી ત્રણ વેદમયી કાયાને નમસ્કાર કર્યા છે. વળી એવી પ્રાર્થના કરે છે કે કૃપા કરીને આપ આપના અંગને ન કમ્પાવશો કારણ કે—

यद्रोमगर्तेषु निलिल्युरध्वराः—આપના રોમના છિદ્રદેશોમાં યજ્ઞોનો નિવાસ છે. તેને કંપાવવાથી યજ્ઞોનાં દર્શન નહીં થાય. વરાહ ભગવાન જલમાંથી બહાર પધાર્યા ત્યારે તેમના દેહ ઉપર વેદો હતા. યજ્ઞો વેદોનો આશ્રય કરીને રહ્યા હતા. શ્રુતિઓને ભય લાગ્યો કે જો અંગ કંપાવશે તો વેદો ખરી પડશે તેથી જ રોમકૂપમાં પ્રવેશ કરીને રહેલ છે તેથી વરાહના અંગને ન કમ્પાવવાની વિનંતિ કરી. કેટલાક મહાપુરુષો **निलिल्युरध्वयः** અને **नमः कारणसूकराय** પાઠ સ્વીકારે છે. ૩૫

---

१ यद्रोमकूपेषु प्रा. पा., २–रध्वयः इति प्रा. पा., ३–सूकराय इति प्रा. पा.

આ શ્લોકથી વરાહ ભગવાનને સમજવા કઠિન છે એવું સૂચવી સ્વરૂપનું વર્ણન કરે છે :

रूपं तवैतन्ननु दुष्कृतात्मनां दुर्दर्शनं[1] देव यदध्वरात्मकम् ॥
छन्दांसि यस्य त्वचि बर्हिरोमस्वाज्यं दृशि त्वङ्घ्रिषु चातुर्होत्रम् ॥३६॥

અન્વયાર્થ—**देव**–હે દેવ ! **एतत्**–આ, **यत्**–જે, **तव**–આપનો, **अध्वर**–**आत्मकम्**–યજ્ઞાત્મક, **रूपम्**–દેહ છે, **यस्य**–જેની, **त्वचि**–ત્વચામાં, **छन्दांसि**–વેદો છે, **रोमसु**–રોમમાં, **बर्हिः**–કુશો છે, **दृशि**–દૃષ્ટિમાં, **आज्यम्**–ઘી છે, **अङ्घ्रिषु**–ચાર ચરણોમાં, **चातुर्होत्रम्**–ચાર હોતાઓનું કર્મ છે, (તે રૂપ) **दुष्कृत**–**आत्मनाम्**–દૂષિત અંતઃકરણવાળાઓને માટે, **दुर्दर्शनम्**–દર્શન કરવા યોગ્ય નથી. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૬

અનુવાદ—હે દેવ ! આ જે આપનું યજ્ઞાત્મક સ્વરૂપ છે, જેની ત્વચામાં વેદો છે, જેના રોમમાં દર્ભ છે, જેનાં નયનમાં ઘી છે, જેના ચાર ચરણોમાં ચાર હોતાઓનું કર્મ છે, તે સ્વરૂપ દોષયુક્ત અન્તઃકરણવાળાઓને માટે દર્શન કરવા યોગ્ય નથી થતું. ૩૬

તત્ત્વસુધા—"रूपं तवैतत्" શ્રી વરાહ ભગવાનનું સ્વરૂપ સમજવા માટે સુકૃત જોઈએ છે. શરીર કેવલ સુકૃત-પુણ્ય કરવા માટે જ છે. દેહથી દુષ્કૃત્યો કરનારને દેવદર્શન થાય જ નહીં.

"छन्दांसि यस्य त्वचि"—ગાયત્રી વગેરે સાત છંદો અથવા અનંત છંદો ભગવાનની ત્વચામાં રહ્યા છે. છંદોનો અર્થ મંત્રોના દેવતાઓ એવો પણ થાય છે. મંત્રના દેવો અને સર્વ છંદો અંદરની તેમજ બહારની ત્વચામાં વસેલા છે. શરીરનાં પ્રત્યેક અંગો ચામડીમાં સચવાઈને રહે છે તેજ પ્રકારે સર્વ સાહિત્ય છંદોમાં જ સચવાય છે. ગદ્યમાં કોઈ વાકય યાદ ન રહે પરંતુ ગેય એવા છંદમાં રહેલ સમ્પૂર્ણ ગ્રન્થ કંઠે થઈ જાય છે તેથી છંદો પુષ્કળ ઉપકારક છે.

"बर्हिरोमसु"—દર્ભો ભગવાનના રોમમાં રહેલા છે. કારણ કે યજ્ઞીય ક્રિયામાં "દર્ભો" વધુ વપરાય છે. દૈત્યોને નિવારવાનું સામર્થ્ય દર્ભોમાં છે. રોમ આખા અંગે રહે છે તેમ કર્મકાંડની સર્વ ક્રિયાઓ દર્ભથી સંકડાયેલી છે.

"आज्यं दृशि"—નયન ઘી છે. ઘી યજ્ઞનું આધ્યાત્મિક સ્વરૂપ છે અને નયન આધિદૈવિક સ્વરૂપ છે. ઘી તેજોમય છે યજ્ઞમાં આજ્યની આહુતિ આપતાં તેજસ્વિતા આવે છે. ચક્ષુથી આજ્યાવેક્ષણ કર્મ થાય છે.

"अङ्घ्रिषु चातुर्होत्रम्"—ચાર હોતાનો વર્ગ ચાર ચરણોમાં છે. વરાહના સર્વ અંગનું ચાલન ચરણ ઉપર અવલંબે છે તેમ યજ્ઞની સર્વ ક્રિયાઓ ચાર હોતૃવર્ગ ઉપર આધારિત છે. હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા એ ચાર ઋત્વિજો મળીને યજ્ઞકાર્ય કરે છે. ૩૬

ઉપરના શ્લોકમાં આજ્ય વગેરે દ્રવ્ય અને ઋત્વિજોને વરાહના અંગમાં બતાવીને હવે પાત્રોને વરાહના અવયવોમાં બતાવે છે :

स्रुक्तुण्ड आसीत्स्रुव ईश नासयोरिडोदरे चमसाः कर्णरन्ध्रे ॥
प्राशित्रमास्ये[2] ग्रसने ग्रहास्तु ते यच्चर्वणं ते भगवन्नग्निहोत्रम् ॥३७॥

અન્વયાર્થ—**ईश**–હે ઈશ ! **ते**–આપના, **तुण्डे**–મુખમાં, **स्रुक्**–ઘી હોમવાનું "જુહુ" પાત્ર છે, **नासयोः**–આપની નાસિકામાં, **स्रुवः**–સોમ હોમવાનું સ્રુવ પાત્ર છે, **उदरे**–આપના ઉદરમાં, **इडा**–ઈડા પાત્ર છે, **कर्णरन्ध्रे**–કાનનાં છિદ્રોમાં **चमसाः**–ચમસ પાત્ર છે, **आस्ये**–આપના મુખના અંદરના ભાગમાં, **प्राशि-**

---

[1] न रोचते प्रा. पा.,
[2] प्रोशित्र० प्रा. पा.

त्रम्-પ્રાશિત્ર નામનું બ્રહ્મપાત્ર છે, **ग्रसने**-ગળામાં. **ग्रहाः**-ગ્રહપાત્રો છે. **तु**-વળી, **भगवन्**-હે ભગવન્, **यत्**-જે, **चर्वणम्**-આપની ચાવવાની ક્રિયા છે, **अग्निहोत्रम्**-તે અગ્નિહોત્ર છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૭

અનુવાદ—હે ઈશ ! આપના મુખમાં ઘી હોમવાનું 'જુહુ' પાત્ર છે. આપની નાસિકામાં સોમ હોમવાનું 'સ્રુવ' પાત્ર છે. આપના ઉદરમાં 'ઈડા' પાત્ર છે. આપના કાનનાં છિદ્રોમાં "ચમસ" પાત્રો છે. આપના મુખના અંદરના ભાગમાં "પ્રાશિત્ર" નામનું બ્રહ્મપાત્ર છે અને ગળાના ભાગમાં ગ્રહપાત્રો છે. વળી હે ભગવન્ ! જે આપની ચાવવાની ક્રિયા છે, તે અગ્નિહોત્ર છે. ૩૭

તાત્ત્વસુધા—"स्रुक्-तुण्ड आसीत्" સ્રુક્ ઘી હોમવાના પાત્રનું નામ છે. સ્રુક્ અગ્નિદેવની જીભના સ્થાને છે તેથી એક વચન વાપર્યું છે. આ યજ્ઞપાત્રની લંબાઈ ૨૪ આંગળ, ઊંચાઈ ૪ આંગળ અને ગર્ત-ઊંડાઈ ૨ આંગળની હોય છે. તે યજ્ઞકુંડમાં ઘીની ધારા કરવામાં વપરાય છે. હંસની મુખાકૃતિવાળું પાત્ર બનાવાય છે. સ્રુક્‌ને જુહુ કહે છે તે પલાશની બને છે.

"स्रुव ईश नासयोः"—સ્રુવ સોમ હોમવાનું પાત્ર છે. જાતિના અભિપ્રાયથી એક વચન વાપર્યું છે. અગ્નિહોત્ર અને દર્શપૂર્ણમાસ યજ્ઞોના ભેદથી સ્રુવનો ઉપયોગ થાય છે. ખાદિર વૃક્ષનો સ્રુવ બને છે. તેની લંબાઈ ૨૪ આંગળ હોય છે તેનો હોમ કરવાનો મુખ ભાગ કડછીના આકારનો હોય છે તે નાસિકાના ગોળ છિદ્ર જેવો જ હોય છે ને બે પ્રકારનો હોય છે તેથી નાસિકાના બે છિદ્રોનો ઉલ્લેખ કર્યો છે.

"इडोदरे"—ઇડા પાત્ર ઉદરમાં છે. ઇડા પાત્રની લંબાઈ ૨૪ આંગળ, તેને પકડવાના દંડની લંબાઈ ૩ આંગળ, ગર્તની ઊંડાઈ ૩ આંગળ, પહોળાઈ ૬ આંગળ અને ઊંચાઈ ૪ આંગળ હોય છે. હોમ કરતાં વધેલા દ્રવ્યને "ઈડા" પાત્રમાં રાખવામાં આવે છે. બાદ ઋત્વિજો તેના ભાગ પાડી લે છે. ઉદરની આકૃતિના સામ્યથી ઇડા પાત્રનો ઉદરમાં નિવેશ કર્યો છે.

"चमसाः कर्णरन्ध्रे"—સોમનું પાન કરવાનાં પાત્રનું નામ "ચમસ" છે. ચમસની લંબાઈ ૧૨ આંગળ અને તેને પકડનાર દંડની લંબાઈ ૨ આંગળ હોય છે. સામાન્ય રીતે ૮ આંગળનું ચોરસ પાત્ર પણ હોય છે. યશ કાનથી પિવાય છે તેથી "ચમસ"નો કાનમાં નિવેશ કર્યો છે.

"प्राशित्रमास्ये" પ્રાશિત્ર બ્રહ્મપાત્ર છે. તે મુખના છિદ્રમાં રહેલ છે. કારણ કે બ્રહ્માનો ભાગ દાંતનો સ્પર્શ કર્યા વિના ગળવાનો છે. આ પાત્રની લંબાઈ ૬ આંગળ, ઊંચાઈ ૪ આંગળ અને મુખની ઊંડાઈ ૨ આંગળ હોય છે. આનો આકાર ગાયના કાન જેવો કે હંસના મુખ જેવો હોય છે.

"ग्रसने ग्रहाः"—જીભના મૂળમાં ગ્રહો રહેલા છે. ઇન્દ્ર, વાયુ વગેરે દેવતાઓનાં પાત્રોને "ગ્રહપાત્ર" કહે છે. એનો આકાર ઊભા ખાંડણિયા જેવો હોય છે. એમાં સોમવલ્લીનાં પાન વગેરે ખાંડવામાં આવે છે. ૧૨ કે ૧૬ આંગળની તેની લંબાઈ અને ઊંચાઈ ૩ આંગળની હોય છે.

"चर्वणं तेऽग्निहोत्रम्"—ચાવવાની ક્રિયા તે અગ્નિહોત્ર કર્મ છે. "अग्निहोत्रफलाः वेदाः" આ વાક્ય પ્રમાણે સર્વ યજ્ઞોનો અગ્નિહોત્રમાં સમાવેશ થતો હોવાથી ચાવવાની ક્રિયા કહી છે. ૩૭

दीक्षानुजन्मोपसदः शिरोधरं त्वं प्रायणीयोदयनीयदंष्ट्रः ।
जिह्वा प्रवर्ग्यस्तव शीर्षकं क्रतोः सभ्यावसथ्यं चितयोऽसवो हि ते ॥३८॥

અન્વયાર્થ—**अनुजन्म**-વારંવાર અવતાર લેવા એ, **दीक्षा**-દીક્ષણીય ઇષ્ટિ છે, **उपसदः**-ઉપસદ નામની ત્રણ ઇષ્ટિઓ એ આપની ગ્રીવા છે; **त्वम्**-આપ, **प्रायणीय-उदयनीय-दंष्ट्रः**-પ્રાયણીય અને ઉદયનીય

નામની ઇષ્ટિરૂપ દાઢવાળા છો, **प्रवर्ग्यः**-પ્રવર્ગ્ય નામનું કર્મ, **क्रतोः तव**-યજ્ઞરૂપ આપ વરાહની, **जिह्वा**-જીભ તેમજ **शीर्षकम्**-મસ્તક છે, **सभ्य-आवसथ्यम्**-સભ્ય અને આવસથ્ય તેમજ **चितयः**-ચિતિઓ, **हि**-એ સર્વ, **ते**-આપના, **असवः**-પ્રાણો છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૮

અનુવાદ—આ વારંવાર અવતાર લેવા એ દીક્ષણીય નામની ઇષ્ટિ છે. ઉપસદ નામની ત્રણ ઇષ્ટિઓ આપની ગ્રીવા છે. પ્રાયણીય અને ઉદયનીય નામની બે ઇષ્ટિઓ આપની દાઢ છે. પ્રવર્ગ્ય નામનું કર્મ, યજ્ઞરૂપ આપ વરાહની જિહ્વા તેમજ મસ્તક છે. સભ્ય, આવસથ્ય અને ચિતિઓ એ સર્વ આપના પ્રાણ છે. ૩૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં ક્રિયાઓનો આશ્રય અગ્નિ અને ક્રિયાઓ ભગવાનમાં રહેલ છે એનું નિરૂપણ શરૂ કરે છે:—

“ दीक्षाऽनुजन्म ”—વરાહ વારંવાર અવતાર લે છે. એનું તાત્પર્ય એ છે કે શ્રુતિમાં **यज्ञो यजमानः** “યજ્ઞ યજમાન છે.” **गर्भो वा एष यद्दीक्षितः** યજમાન જે દીક્ષા લે છે તે “ગર્ભ” કહેવાય છે. **क्रीते सोमे पूर्णतेजा जायत एष** “જ્યારે સોમ લાવવામાં આવે છે ત્યારે પૂર્ણ તેજોમય બને છે” આવાં શ્રુતિવાક્યોથી એવું નક્કી થાય છે કે યજ્ઞોમાં વરાહ ભગવાન યજમાનરૂપે અવતરે છે તેને **अनुजन्म**—વારંવાર જન્મ લેવાનું કહ્યું છે. તાત્પર્ય કે યજ્ઞમાં યજમાનની વારંવાર લેવાની દીક્ષાએ અવતાર કહેલ છે. દીક્ષા એ દેવતા છે અને દીક્ષા નામના સંસ્કાર દ્વારા યજમાનમાં તેનું સ્થાપન થાય છે. આ સંસ્કાર ઇષ્ટિ તેમજ ક્ષૌર(હજામત)થી સિદ્ધ થાય છે.

“ उपसदः शिरोधरम् ”—ઉપસદ નામની ત્રણ ઇષ્ટિઓ છે. જ્યોતિષ્ટોમ કરતી વખતે કરવામાં આવતા વિધિને ઉપસદ કહે છે. ઉપસદ વરાહ ભગવાનની ગરદન છે. શિરને ધારણ કરે તે શિરોધર એટલે ગરદન. ग्रीवा उपसदः इति श्रुतिः ।

“ **प्रायणीयोदयनीयदंष्ट्रः** ”—પ્રાયણીય અને ઉદયનીય નામની બે ઇષ્ટિઓ યજ્ઞવરાહની દાઢ છે. ઉપસદ ઇષ્ટિના આરંભમાં સોમ લાવ્યા પહેલાં અને સોમ પછીની બે ક્રિયાઓનું નામ પ્રાયણીય અને ઉદયનીય ઇષ્ટિઓ છે. બન્નેનું દ્રવ્ય એક જ છે, બન્નેના દેવતા પણ એક જ છે. તેમજ પાત્ર પણ એક જ છે, કેવલ કાલના નામના ભેદથી એ જુદાં જુદાં કર્મ ગણાય છે. ગ્રહોને (ઇન્દ્ર, વાયુ વગેરે દેવતાઓનાં પાત્રો એ ગ્રહપાત્રો છે) વરાહ ભગવાને ગળામાં રાખેલ છે એટલે આ બે ઇષ્ટિઓને દાઢમાં રાખે તે બરાબર છે.

“ जिह्वा प्रवर्ग्यस्तव शीर्षकं क्रतोः ”—પ્રવર્ગ્ય સોમ યજ્ઞનો આરંભ કરતાં કરવાનો વિધિ છે. પ્રવર્ગ્યને “જીભ” તેમજ “શિર” એ રૂપે માનેલ છે. વળી ક્રિયામાં “પ્રવર્ગ્ય” પાત્રરૂપ છે છતાં કર્મનું સ્થાન હોવાથી “પ્રવર્ગ્યને કર્મ” કહેવામાં આવે છે. પ્રવર્ગ્યનું પાત્ર જ શિર છે અને તે આધ્યાત્મિક કર્મ છે. યજ્ઞમાં હોમ કર્યા પછીથી જે જ્વાલા નીકળે છે તેની આકૃતિ જિહ્વા જેવી હોય છે તેથી તેને જીભ કહેલ છે. અને પ્રવર્ગ્યના પાત્રમાં હોમ કરવાનું જે કર્મ થાય છે તે “શિર”ના જેવું મુખ્ય હોવાથી તેને શીર્ષક–મસ્તક કહેલ છે.

“ **सभ्यावसथ्यं चितयोऽसवो हि** ”--સભ્ય અને આવસથ્ય તેમજ ઇષ્ટિકાચયન એ વરાહના પ્રાણો છે. સભ્ય અને આવસથ્ય નામની ઇષ્ટિઓ ઈંટોની વેદીમાં રખાતી ન હોવાથી જુદી કહેલી છે. હોત્ર રહિત અગ્નિને સભ્ય કહે છે અને ઉપાસનાના અગ્નિને આવસથ્ય કહે છે. “ अग्निहोत्रे दर्शपूर्णमासयोः पशुबन्धे चातुर्मास्येषु.” इति श्रुतेः આ શ્રુતિવાક્યાનુસાર દર્શપૂર્ણમાસાદિ યજ્ઞોમાં ઇષ્ટિકાની વેદીમાં અગ્નિચયન વિધિ મળે છે. શાલામુખીય અને ધિષ્ણ્યમાં પણ ચયન સ્પષ્ટ છે, દક્ષિણ અને પ્રાજહિત અગ્નિનું પણ ઇષ્ટિકાચયન સ્પષ્ટ છે, શામિત્ર અગ્નિ પ્રાજહિત અથવા આહવનીય છે. આ સર્વ વરાહના નવ પ્રાણો છે. અગ્નિનાં સ્થાનો પણ નવ છે. ગાર્હપત્ય દશમો છે.

કેટલાક મહાપુરુષો સભ્ય–આવસથ્યને મસ્તક કહે છે અને ઇષ્ટિકાચયને પ્રાણો કહે છે અને પાંચ પ્રાણો છે એમ કહે છે. ૩૮

सोम[1]स्तु रेतः सवनान्यवस्थितिः संस्थाविभेदास्तव देह[2]धातवः ॥
सत्राणि सर्वाणि शरीरसन्धिस्त्वं सर्वयज्ञक्रतुरिष्टिबन्धनः ॥३९॥

અન્વયાર્થ—सोमः तु–સોમ તો, **तव**–આપનું, **रेतः**–વીર્ય છે, **सवनानि**–પ્રાતઃસવનાદિ ત્રણ સવનો એ, **अवस्थितिः**–આપની ત્રણ અવસ્થાઓ છે, **संस्थाविभेदाः**–સોમયજ્ઞના બધા પ્રકારો, **देहधातवः**–આપના દેહની સપ્ત ધાતુઓ છે; **सर्वाणि**–સર્વ, **सत्राणि**–સત્રો, **शरीरसन्धिः**–આપના દેહના સાંધાઓ છે. **त्वम्**–આપ, **सर्व–यज्ञ–क्रतुः**–સર્વ યજ્ઞરૂપ, ક્રતુરૂપ તથા **इष्टि–बन्धनः**–હોમરૂપ બંધનવાળા છો. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૯

અનુવાદ—સોમ તો આપનું વીર્ય છે. પ્રાતઃસવન વગેરે ત્રણ સવનો એ આપની ત્રણ અવસ્થાઓ છે. સોમયજ્ઞના સર્વ પ્રકારો આપના દેહની સાત ધાતુઓ છે. સર્વ સત્રો આપના દેહના સાંધાઓ છે. આપ સર્વ યજ્ઞરૂપ, ક્રતુરૂપ તથા હોમરૂપ બંધનવાળા છો. ૩૯

તત્ત્વસુધા—"सोमस्तु रेतः"—સોમયજ્ઞ એ વરાહનું વીર્ય છે. **सोमेन** यजेत વાક્યથી સોમયાગ સોમવલ્લી લેવામાં આવે તો પણ તે દેવતા હોવાથી સર્ગ કરનાર છે. તેથી પણ સોમ વરાહનું વીર્ય છે. એમ કહ્યું છે. ગ્રહોને સોમ ગણવામાં આવે ત્યારે અવિકૃત સોમને વીર્ય તરીકે ગણવાનો છે.

"सवनान्यवस्थितिः"—સવનો અવસ્થાઓ છે. "સવન"નો અર્થ છે સોમ કાઢવો. સવાર, બપોર અને સાંજે ત્રણ વખત સોમ કાઢવામાં આવે છે. તે ત્રણ સવન વરાહની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ નામની ત્રણ અવસ્થાઓ છે. અવસ્થિતિ શબ્દનો અર્થ બાલ્યાદિ ત્રણ અવસ્થાઓ પણ કહેલ છે.

"संस्थाविभेदास्तव देहधातवः"—અગ્નિષ્ટોમાદિ ત્રણ પાંચ અથવા સાત સંસ્થાઓ છે. તેમના બધા જ ભેદો આપના દેહની ધાતુઓ છે. સંસ્થા એટલે સોમયજ્ઞના પ્રકાર. ત્રણ ધાતુઓ લઈએ તો ચર્મ, માંસ અને અસ્થિ એ ત્રણ; પાંચ લઈએ તો ત્વચા, માંસ, સ્નાયુ, અસ્થિ અને મજ્જા; શુક્ર, શોણિત લઈએ તો સાત થાય. આ બધી ધાતુઓ જ સંસ્થાના ભેદો છે.

"सत्राणि सर्वाणि शरीरसन्धिः"—એક દિવસથી આરંભી એક હજાર વર્ષ પર્યન્તનાં બધાં સત્રો તેમના અવાંતર ભેદો સાથે સર્વ આપના દેહના અસ્થિસ્થાનોના સાંધાઓ છે.

"त्वं सर्वयज्ञक्रतुः"—સર્વ યજ્ઞો અને ક્રતુઓ આપ જ છો. યજ્ઞો સત્તર છે અને દ્વાદશ દિવસથી આરંભી, અશ્વમેધ સુધીના ચયન સાથેના સર્વ ક્રતુઓ તો વરાહનું સ્વરૂપ છે. असोमाः यज्ञाः क्रतवः ससोमाः એવી યજ્ઞ ક્રતુની પણ વ્યાખ્યા છે.

"इष्टिबन्धनः"—દર્શપૂર્ણમાસાદિ ઇષ્ટિઓ વરાહ ભગવાનના શરીરની નસો છે. ૩૯

नमो नमस्तेऽखिलमन्त्रदेवताद्रव्याय सर्वक्रतवे क्रियात्मने ॥
वैराग्यभक्त्यात्मजयानुभावितज्ञानाय विद्यागुरवे नमो नमः ॥४०॥

અન્વયાર્થ—अखिल–मन्त्र–देवता–द्रव्याय–સર્વ મંત્રોરૂપ, દેવતારૂપ અને દ્રવ્યરૂપ, **सर्व–क्रतवे**–સર્વ ક્રતુરૂપ, **क्रियात्मने**–અને સર્વ ક્રિયાસ્વરૂપ, **ते**–આપને, **नमः नमः**–વારંવાર નમન કરીએ છીએ. **वैराग्य–भक्ति–आत्मजय–अनुभावित–ज्ञानाय**–વૈરાગ્ય, ભક્તિ અને અન્તઃકરણના વિજયથી અનુભવ કરાતા જ્ઞાનરૂપ અને **विद्या–गुरवे**–વિદ્યા આપનાર ગુરુસ્વરૂપ આપને, **नमः नमः**–પુનઃ પુનઃ નમસ્કાર. (વંશસ્થ વૃત્ત) ૪૦

---

१ सोमश्च प्रा. पा., २ देव इति प्रा. पा.

અનુવાદ—સર્વ મંત્રરૂપ, દેવતારૂપ અને દ્રવ્યરૂપ, સર્વ ક્રતુરૂપ અને સર્વ ક્રિયાસ્વરૂપ આપને વારંવાર નમન હો. વળી વૈરાગ્ય, ભક્તિ અને અન્તઃકરણના વિજયથી અનુભવાતા જ્ઞાનસ્વરૂપ અને વિદ્યાગુરુરૂપે આપને અનેક નમસ્કાર હો. ૪૦

તત્ત્વસુધા—**नमो नमस्ते**—ઋષિઓને ભગવાન વરાહમાં આદર વધી ગયો તેથી યજ્ઞસ્વરૂપ અને ફલસ્વરૂપ એવા બે સ્વરૂપને સત્કારવા બે વાર નમઃ નમઃ બોલ્યા. તે—એટલે આપ અને યજ્ઞ ભિન્ન નથી.

अखिल-मन्त्र-देवता-द्रव्याय—આ વાક્યથી વરાહ ભગવાનને ત્રણ સ્વરૂપે નમસ્કાર કર્યા છે. **अखिल-मन्त्र** એટલે **इषेत्वा** વગેરે મન્ત્રો **देवता** એટલે ઇન્દ્ર, વસુ વગેરે દેવતાઓ, **द्रव्य** એટલે આજ્ય, દધિ, દૂધ, સોમ, વ્રીહિ વગેરે હોમસામગ્રી—આ ત્રણે વરાહનાં સ્વરૂપ છે. દેવતાઓને ઉદ્દેશીને જે જે દ્રવ્યની આહુતિઓ જે જે મંત્રોથી આપવામાં આવે છે તે વસ્તુ જે લોકવ્યવહારમાં જાણીતી નથી તેને યાગ કહ્યો છે. યાગમાં જે પુરુષપ્રયત્ન છે તે તો લૌકિક છે.

सर्वक्रतवे—સર્વ યાગોના ભેદસ્વરૂપ પણ વરાહ જ છે તેથી ક્રતુરૂપને પણ નમસ્કાર. **क्रियात्मने**—યજ્ઞની ક્રિયારૂપ ભગવાનને નમસ્કાર કરે છે એનું તાત્પર્ય કે યજમાનમાં ભગવાન પ્રવેશ કરે છે અને મંત્રના સ્થાનવાળી જે ક્રિયા કરે છે તે પણ વરાહનું જ સ્વરૂપ છે.

वैराग्य-भक्त्यात्मजयानुंभावित-ज्ञानाय—પૂર્વાર્દ્ધથી પૂર્વમીમાંસામાં ગવાતા યાગાત્મક ભગવાનને નમસ્કાર કર્યા. હવે ઉત્તરાર્દ્ધમાં ઉત્તરમીમાંસામાં ગવાતા જ્ઞાનાત્મક વરાહ ભગવાનને નમસ્કાર કરે છે. **वैराग्य** એટલે વિષયની તૃષ્ણાથી પર થવું, **भक्ति** એટલે ભગવાનમાં અનુરાગ, **आत्मजय** એટલે અન્તઃકરણનો વિજય—આ ત્રણ સાધનો હૃદયની શુદ્ધિ કરે છે. ત્યાર પછી “ज्ञान”નો અનુભવ થાય છે તેને **ब्रह्मात्मज्ञान** કહે છે. તેવા જ્ઞાનરૂપ વરાહને નમસ્કાર છે. **विद्यागुरवे नमः** ઉપનિષદ્‌વિદ્યારૂપે અને તેનું જ્ઞાન કરાવનાર ગુરુસ્વરૂપે પણ નમસ્કાર હો. ૪૦

ઉપરના ૭ શ્લોકોથી યજ્ઞરૂપ વરાહનું વર્ણન કર્યું. હવે આધિદૈવિક સ્વરૂપે ૭ શ્લોકથી વર્ણવે છે—

दंष्ट्राग्रकोटया भगवंस्त्वया धृता विराजते भूधर भूः सभूधरा ॥
यथा वनान्निःसरतो दता धृता मतङ्गजेन्द्रस्य सपत्रपद्मिनी ॥४१॥

અન્વયાર્થ—**भगवन्**—હે ભગવન્, **भूधर**—હે ભૂધર, **त्वया**—આપે, **दंष्ट्रा-अग्र-कोटया**—દાઢની આગળની અણીથી, **धृता**—ધારણ કરેલી, **सभूधरा**—પર્વતો સાથેની, **भूः**—પૃથ્વી, **यथा**—જેમ, **वनात्**—વનથી-જલમાંથી, **निःसरतः**—નીકળતા, **मतङ्गजेन्द्रस्य**-મદઝરતા મોટા હાથીના, **दता**—દાંતથી, **धृता**—પકડેલી, **सपत्र-पद्मिनी**—પાન સાથેની કમલિની શોભે તેમ, **विराजते**—શોભે છે. (વંશસ્થ વૃત્ત) ૪૧

અનુવાદ—હે ભગવન્ વરાહ! હે ભૂધર ભગવન્! આપે દાઢની અગ્ર અણી ઉપર પર્વતો સાથે ધારણ કરેલી પૃથ્વી, જલમાંથી બહાર નીકળતા મદોન્મત્ત મહાન હાથીએ દાંતે પકડેલી પત્ર સાથેની કમલિની જેવી શોભે છે. ૪૧

તત્ત્વસુધા—“दंष्ट्राग्रकोटया”—આ શ્લોકમાં અદ્‌ભુત રીતે પૂર્ણોપમાથી વરાહ પ્રભુને વર્ણવ્યા છે. ગજેન્દ્રમોક્ષ પ્રસંગે ગજેન્દ્ર જલમાંથી બહાર નીકળે છે. તે હાથી સર્વસામાન્ય હાથી નથી પરંતુ વિશિષ્ટ ભક્ત છે. તેણે શૂંઢમાં વિકસિત પાનવાળી કમલિની ધારણ કરેલી છે. તેને કેવલ ભગવાનને જ સમર્પણ કરવાની છે. તે જ પ્રકારે શ્રી વરાહ ભગવાને પર્વતો સાથેની પૃથ્વી ધારણ કરી છે. ભગવાન પતિ છે. પૃથ્વી ભગવાનની પત્ની છે. પતિ સાથે પત્ની દીપે છે. પૃથ્વી પણ પતિદેવ સાથે શોભે છે. આવી પૃથ્વીને દાઢથી ધારણ કરી

ઉપર લાવવાનો આશય યજ્ઞોની સિદ્ધિ માટે છે તેથી હે વરાહ ભગવાન! આ અલૌકિક દર્શન ધારણ કરનાર આપને નમસ્કાર હો. ૪૧

त्रयीमयं रूपमिदं च सौकरं भूमण्डलेनाथ दता धृतेन ते ॥
चकास्ति शृङ्गोढघनेन भूयसा कुलाचलेन्द्रस्य यथैव विभ्रमः ॥४२॥

અન્વયાર્થ—अथ–વળી, **भूयसा**–વિપુલ એવા, **शृङ्ग–ऊढ–घनेन**–શિખર ઉપર ધારણ કરેલા મેઘ વડે, **यथा एव**–જેમ, **कुलाचल–इन्द्रस्य**–કુલાચલ પર્વતરાજનો, **विभ्रमः**–વિલાસ હોય તેમજ **दता**–દાંત વડે, **धृतेन**–ધારણ કરેલ, **भूमण्डलेन**–ભૂમંડલથી, **ते**–આપનું, **त्रयीमयं**–ત્રણ વેદવાળું, **इदं च रूपम्**–આ વરાહસ્વરૂપ પણ, **चकास्ति**–શોભે છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૪૨

અનુવાદ—વળી વિપુલ એવા શિખર ઉપર ધારણ કરેલ મેઘ વડે જેમ કુલાચલ પર્વતરાજનો વિલાસ શોભે તેમ જ દાંતથી ધારણ કરેલ ભૂમંડલથી આપનું ત્રણ વેદવાળું આ વરાહસ્વરૂપ પણ શોભે છે. ૪૨

તત્ત્વસુધા—" त्रयीमयं रूपमिदं च " પુનઃ આ શ્લોકમાં અલૌકિક ઉપમા આપી વરાહ ભગવાનને વર્ણવે છે. વરાહ ભગવાનું ત્રણ વેદમય સ્વરૂપ સ્વતંત્ર શોભે છે જ, પરંતુ કંઈક વિશેષ વર્ણન કરવાનું મન છે તેથી दता धृतेन એવી રીતે વર્ણન કરે છે. દાંતના અગ્ર ભાગ ઉપર પૃથ્વીને ધારણ કરે છે એવું જગતમાં પ્રસિદ્ધ છે. દાંતનો વર્ણ શ્વેત છે તેથી તે તેજોમય લાગે છે. આ વરાહ ભગવાનનું તેજ છે. મેઘમંડલ પર્વત ઉપર પણ તેજોમય રૂપે જ શોભે છે. તેથી આ ઉપમા આપી છે. ૪૨

આ શ્લોકમાં ભગવાનને પિતા તરીકે પ્રાર્થે છે કે અમારી આ માતા પૃથ્વીદેવીનું આપ સ્થાપન કરો—

संस्थापयैनां जगतां सतस्थुषां भवाय पत्नीमसि मातरं पिता ॥
विधेम चास्यै नमसा सह त्वया यस्यां स्वतेजोऽग्निमिवारणावधाः ॥४३॥

અન્વયાર્થ—सतस्थुषाम्–સ્થાવર સાથે, **जगताम्**–જંગમોના, **भवाय**–હિત માટે, **मातरम्**–સર્વની માતાને અને આપની, **पत्नीम्**–પત્ની, **एनाम्**–આ પૃથ્વીને, **संस्थापय**–સારી રીતે સ્થાપો. કારણકે, **पिता असि**–આપ પિતા છો, **अरणौ**–અરણિના કાષ્ઠમાં, **अग्निम् इव**–અગ્નિની માફક, **यस्यां**–જેમાં આપે, **स्वतेजः**–પોતાનું તેજ, **अधाः**–સ્થાપેલું છે એવી, **अस्यै**–આ પૃથ્વીને, **त्वया सह**–આપની સાથે, **नमसा च विधेम**–નમન કરીશું અને સેવા કરીશું. (ઇંદ્રવંશા વૃત્ત) ૪૩

અનુવાદ—સ્થાવર અને જંગમના હિત માટે સર્વની માતા અને આપની પત્ની પૃથ્વીદેવીનું સારી રીતે સ્થાપન કરો; કારણ કે આપ પિતા છો. અરણિના કાષ્ઠમાં અગ્નિની માફક જેમાં આપે પોતાનું તેજ સ્થાપેલું છે, એવી આપ પૃથ્વીને આપની સાથે અમે નમન કરીશું અને સેવા કરીશું. ૪૩

તત્ત્વસુધા—संस्थापयैनाम्–ઋષિઓ વરાહ પ્રભુને વિનવે છે કે ભગવન્! ભૂમિ દેવી વિશ્વની માતા છે, તેનું સ્થાપન કરવાની આપ કૃપા કરો. કારણ કે આપ સ્થાવર–જંગમના પિતા છો. લોકમાં પિતા કાર્યવશ દેશ–વિદેશ વિચરે છે. પરંતુ બાળકોના ઉદય માટે અને સંભાળ માટે માતાને ઘરમાં રાખે છે અને પછીથી જ જાય છે.

१–मिरिशा० प्रा. प्रा.

પતિની સાથે પત્નીને જવું અને પત્નીને સાથે લઈ જવું ઉભયને ગમે છે તેમ જ બન્નેને આનંદદાયક છે, છતાં બાળકોના હિત માટે જ આ પ્રમાણે કરે છે.

"नमसा विधेम"—આપનો આ રીતે અમારા ઉપર મોટો ઉપકાર થશે. એનું ઋણ અમે ન ચૂકવી શકીએ તેથી કેવલ નમસ્કાર જ કરીશું. આપ અવસર આપશો તો આપની અને પૃથ્વીની માતા-પિતા તરીકે સેવા કરીશું. "न तयोर्याति निर्देशं पित्रोर्मत्यवः शतायुषा" માતાપિતાના ઉપકારોનું વળતર સેંકડો જન્મની સેવાથી પણ ન આપી શકીએ. અવશ્ય બાળકોના નમસ્કાર એ જ સેવા છે. એથી પૃથ્વીને પામી ભક્તિ અને યજ્ઞાદિ કરીશું.

"यस्यां स्वतेजोऽग्निमिवा०—જ્ઞાનકર્મમાર્ગપ્રવર્તક ભગવાને અરણીકાષ્ઠમાં અગ્નિનું સ્થાપન કર્યું છે તે જ પ્રકારે આપનું પુરુષાકૃતિ તેજ આપ પૃથ્વીમાં પધારશો જેથી તેજસ્વી, યશસ્વી, મેધાવી અને વિશ્વસેવી, ભક્ત કર્તવ્યરત સત્પુરુષોનો જન્મ થશે. ૪૩

આ શ્લોકમાં ભગવાન વિના આ કાર્ય કરવાનું કોઈ સત્ય જ ન માને એમ કહે છે—

कः श्रद्दधीतान्यतमस्तव प्रभो रसां गताया भुव उद्विबर्हणम् ॥
न विस्मयोऽसौ त्वयि विश्वविस्मये यो माययेदं संसृजे[1]ऽतिविस्मयम् ॥४४॥

અન્વયાર્થ—प्रभो-હે સમર્થ પ્રભુ! **तव अन्यतमः कः**-આપના વિના અન્ય કોણ, **रसां गतायाः**-રસાતલમાં ગયેલી, **भुवः**-પૃથ્વીના, **उद्-विबर्हणम्**-બહાર લાવવાના કાર્યને, **श्रद्दधीत**-કબૂલે, કોણ શ્રદ્ધાથી સ્વીકારે, **विश्व-विस्मये**-વિશ્વના વિસ્મયોથી ભરેલા, **त्वयि**-આપને માટે, **असौ**-આ કાર્ય, **न विस्मयः**-વિસ્મયજનક નથી. કારણ કે **यः**-જે સમર્થે, **मायया**-પોતાની શક્તિથી, **अति-विस्मयम्**-અત્યંત વિસ્મયકારક, **इदम्**-આ વિશ્વ, **ससृजे**-રચ્યું છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૪૪

અનુવાદ—હે પ્રભો! આપના વિના અન્ય કોણ રસાતલમાં ગયેલી પૃથ્વીને બહાર લાવવાના કાર્યમાં બીડું ઝડપે? વિશ્વના વિસ્મયોથી ભરેલા આપને માટે આ કાર્ય આશ્ચર્યજનક નથી; કારણ કે જે સમર્થે પોતાની શક્તિથી વિસ્મયકારક આ વિશ્વની રચના કરી છે. ૪૪

તત્ત્વસુધા—"**कः श्रद्ददधीत**"—સામાન્ય શક્તિ જ નહીં વિશિષ્ટ શક્તિ પણ આવું કાર્ય સાંભળીને જ હસી કાઢશે. વળી કબૂલશે જ નહીં કે ધરણી રસાતલમાં છે તેમજ ઉપર લાવી શકાય. પછી અન્યને વિનવવાથી શું વળે?

"न विस्मयोऽसौ"—જ્યારે આપને માટે આ કાર્ય સાધવામાં ક્યાંય આશ્ચર્ય નથી, નવીનતા નથી અને ગર્વ પણ નથી. "विस्मय" શબ્દનો અર્થ ગર્વ પણ થાય છે. કોઈ પણ પુરુષ કંઈક વિશિષ્ટ કાર્ય કરે તો ગર્વ થયા વિના રહેતો જ નથી. જ્યારે આપને એવો કોઈ સંભવ નથી. આપની માયા નામની શક્તિ છે. જેનાથી આપ સર્વાશ્ચર્ય વસ્તુને સરજી શકો છો. ૪૪

આ શ્લોકમાં ભગવાનની કૃપાને વર્ણવી છે—

विधु[2]न्वतो वेदमयं निजं वपुर्जनस्तपःसत्यनिवासिनो वयम् ॥
सटाशिखोद्धूतशिवाम्बुबिन्दुभिर्विमृज्यमाना भृशमीश पाविताः ॥४५॥

અન્વયાર્થ—ईश-હે ઈશ્વર, **निजं वेदमयं**-પોતાના વેદમય, **वपुः**-શરીરને, **विधुन्वतः**-ધુણાવતા આપની, **सटा-शिखा-उद्धूत-शिव-अम्बुबिन्दुभिः**-કેશવાળીની શિખામાંથી નીકળેલાં કલ્યાણકારી જલનાં

---

[1] सृजतो इति प्रा. पा., [2] विधुन्वता इति प्रा. पा.

બિંદુઓથી, **विमृज्यमाना**-પ્રક્ષાલન કરતા, **वयं-जनः-तपः-सत्य निवासिनः**-જનલોક; તપોલોક અને સત્યલોકમાં વસનારા અમને, **भृशं पाविताः**-પુષ્કળ પવિત્ર કર્યા છે. (વંશસ્થ વૃત્ત) ૪૫

અનુવાદ—હે ઈશ, આપના વેદમય શરીરને ધુણાવતાં આપની કેશવાળીની શિખાઓમાંથી નીકળેલાં કલ્યાણકારી જલબિંદુઓથી અત્યંત ભીંજાતા જનલોક, તપોલોક અને સત્યલોકમાં વસનારા અમને અત્યંત પવિત્ર કર્યા છે. ૪૫

તત્ત્વસુધા—**सटाशिखोद्भूत**-હે ભગવન્! આપની કૃપાનું કેટલું વર્ણન કરીએ? જલથી સ્નાન કરતી વખતે મુખથી વેદમંત્રનો પાઠ કરતાં હાથથી શરીરને ઘસતાં સ્નાન કરાય પવિત્ર થવાય છે. જ્યારે આપે પણ અમારા ઉપર કૃપા કરવા તેવો જ પરિશ્રય લીધો છે. કારણકે વેદોરૂપ શરીરથી, દર્ભરૂપ વેદોના અર્થથી, આપના કંઠના શ્વાસરૂપ પવમાન અંગોથી અને દર્ભની ગાંઠરૂપી હાથની મૂઠીથી અમને ઘસી ઘસી સ્નાન કરાવી અંદર અને બહારથી પવિત્ર કરો છો તે કૃપા કેમ કરી વિસરાય? ૪૫

આ શ્લોકમાં સંપૂર્ણ સ્તુતિ કરવાની અશકયતા વર્ણવે છે—

स वै बत भ्रष्टमतिस्तवैष ते यः कर्मणां पारमपारकर्मणः ॥
यद्योगमायागुणयोगमोहितं विश्वं समस्तं भगवन् विधेहि शम् ॥४६॥

અન્વયાર્થ—**अपार-कर्मणः**-અપાર કર્મોવાળા, **तव**-આપના, **कर्मणाम्**-કર્મોના, **पारम्**-પારને, **यः ईषते**-જે કોઈ પામવા ચાહે છે, **सः वै बत**-ખેદપૂર્વક કહેવું જોઈએ કે તે ખરેખર, **भ्रष्टमतिः**-નષ્ટ મતિવાળો જ છે **यत्**-કારણ કે **समस्तं विश्वम्**-સમસ્ત વિશ્વ, **योगमाया-गुणयोग-मोहितम्**-યોગમાયાના ગુણોના સંબંધથી મોહિત થયેલ છે માટે, **भगवन्**-હે ભગવન્! **शं विधेहि**-આપ કલ્યાણ કરો. (વંશસ્થ વૃત્ત)૪૬

અનુવાદ—અગણિત કર્મોવાળા આપના કર્મોનો પારને પામવાને જે કોઈ ચાહે છે, તો ખેદપૂર્વક કહેવું જોઈએ કે તે નષ્ટ ગતિવાળો જ છે; કારણ કે સમસ્ત વિશ્વ યોગમાયાના ગુણોના સંબંધથી મોહિત થયેલ છે માટે હે ભગવન્! આપ એનું કલ્યાણ કરો. ૪૬

તત્ત્વસુધા—**अपारकर्मणः**-ભગવાનના ગુણો અનંત છે. લીલાઓ અનંત છે. ત્રણે કાલમાં અને ચૌદ લોકમાં કર્મો ચાલ્યાં જ કરે છે. ત્યાં કોઈનું સામર્થ્ય નથી કે તે સમસ્ત ગુણોને ગાઈ શકે. કોઈ સમગ્ર ગુણોને ગાવાની કલ્પના કરે તો પણ બુદ્ધિનો પ્રમાદ મનાય. તેથી અમે વિરામ પામીએ છીએ અને વિનવીએ છીએ કે **शं विधेहि**-હે ભગવન્! સર્વનું મંગલ કરો. ૪૬

આ શ્લોકમાં ભગવાન પૃથ્વીને પધરાવે છે તે વર્ણવે છે—

मैत्रेय उवाच – इत्युपस्थीयमानैस्तैर्मुनिभिर्ब्रह्मवादिभिः ॥
सलिले स्वखुराक्रान्त उपाधत्तावितावनिम् ॥४७॥

અન્વયાર્થ—**इति तैः ब्रह्मवादिभिः**-એ પ્રમાણે તે બ્રહ્મવાદી, **मुनिभिः**-મુનિઓથી, **उपस्थीयमानैः**-સ્તુતિ કરાતી હતી ત્યારે, **अविता**-સર્વના રક્ષક વરાહ ભગવાને, **स्व-खुर-आक्रान्ते**-પોતાની ખરીઓથી દબાએલા, **सलिले**-જલમાં, **अवनिम्**-પૃથ્વીને, **उपाधत्त**-પધરાવી. ૪૭

અનુવાદ—એ પ્રમાણે તે બ્રહ્મવાદી મુનિઓ સ્તુતિ કરતા હતા ત્યારે સર્વરક્ષક શ્રી વરાહ ભગવાને પોતાની ખરીઓથી દબાએલા જલમાં પૃથ્વીને પધરાવી. ૪૭

તત્ત્વસુધા—“ **इत्युपस्थीयमानैः** ”–વેદના જાણનાર મુનિઓએ વરાહ ભગવાનની ઉપસ્થાન-સ્તુતિ કરી. ભગવાને મુનિઓનું વચન સત્ય કરવા પૃથ્વીને જલ ઉપર મૂકી. હવે તે પૃથ્વીને ડૂબી જવાનો ભય નથી કારણ કે—

“ **स्वखुराक्रान्ते सलिले** ”—ભગવાને ખરીઓથી જેટલું જલ દબાએલ હતું તેટલું તો દેવતારૂપ બન્યું તેથી તે જલ પૃથ્વીને ડુબાવશે નહીં. વળી ખરીઓથી દબાએલ છે તેથી જલને ભય પણ છે કે જો ડુબાડવાની ચેષ્ટા કરીશ તો ભગવાન નાશ કરશે, તેથી પૃથ્વી નિશ્ચિંત બની. ૪૭

स इत्थं भगवानुर्वीं विष्वक्सेनः प्रजापतिः ॥
रसाया लीलयोन्नीतामप्सु न्यस्य ययौ हरिः ॥४८॥

અન્વયાર્થ—इत्थं–આ રીતે, **रसायाः**–રસાતલમાંથી, **लीलया**–વિનાશ્રમે, **उन्नीताम्**–ઉપર આણેલી, **उर्वीम्**–પૃથ્વીને, **अप्सु**–જલમાં, **न्यस्य**–સ્થાપીને, **विषक्सेनः**–સર્વ તરફ સેનાવાળા, **प्रजापतिः**–પ્રજાપતિ, **सः हरिः-भगवान्**–તે ભગવાન શ્રીહરિ, **ययौ**–પધારી ગયા. ૪૮

અનુવાદ—આ રીતે રસાતલમાંથી વિના આયાસે ઉપર આણેલી પૃથ્વીને જલ ઉપર સ્થાપીને સર્વ તરફ સેનાવાળા પ્રજાપતિ તે શ્રી ભગવાન શ્રીહરિ પધારી ગયા. ૪૮

તત્ત્વસુધા—આ શ્લોકમાં, “ भगवान् प्रजापतिः विषक्सेनः हरिः ” એવાં ચાર વિશેષણો આપ્યાં છે. ૭ પ્રકારનાં ઐશ્વર્યનું દાન કરશે તેથી “ भगवान् ” પદ આપ્યું. प्रजापतिः પ્રજાપતિ પદથી પ્રજાના હિતચિંતક વર્ણવ્યા તેથી જ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. विषक्सेनः પદથી ચારે તરફ સેનાવાળા કહ્યા તેથી પૃથ્વીને કોઈ હાનિ નહીં પહોંચાડે; કારણકે ભગવાનની સેના સંભાળ લેનારી છે. हरिः પદથી ચાલ્યા જવાનું કાર્ય સૂચવ્યું. દયાળુ પ્રભુ ભક્તકાર્ય કરી ચાલ્યા જાય છે; ઊભા રહે તો લોકો સ્તુતિ કર્યા કરે. ૪૮

આ શ્લોકમાં વક્તા—શ્રોતાના હૃદયમાં ભગવાન પ્રવેશે છે એ કહે છે—

य एवमेतां हरिमेधसो हरेः कथां सुभद्रां कथनीयमायिनः ॥
शृण्वीत भक्त्या श्रवयेत वोशतीं जनार्दनोऽस्याशु हृदि प्रसीदति ॥४९॥[1]

અન્વયાર્થ—यः एवम्–જે કોઈ ભક્ત આ પ્રમાણે, **हरि-मेधसः**–ક્લેશને હરવાની બુદ્ધિવાળા, **कथनीय-मायिनः**–વર્ણવવા યોગ્ય માયાવાળા, **हरेः**–શ્રીરિની, **सुभद्राम्**–કલ્યાણમયી, **कमनीयाम्**–મનોહર-રસભરી, **एतां कथाम्**–આ કથાને, **भक्त्या**–ભક્તિથી, **शृण्वीत**–સાંભળે, **वा**–અથવા, **श्रवयेत**–ભક્તિથી સંભળાવે તો, **अस्य**–એના, **हृदि**–હૃદયમાં, **जनार्दनः**–શ્રી જનાર્દન ભગવાન, **आशु**–શીઘ્ર, **प्रसीदति**–પ્રસન્ન થાય છે. (વંશસ્થ વૃત્ત) ૪૯

અનુવાદ—જે કોઈ ભક્ત આ પ્રમાણે ક્લેશને દૂર કરવાની મતિવાળા અને વર્ણવવા યોગ્ય માયાવાળા શ્રીહરિની કલ્યામયી અને રસમયી એવી આ કથાને ભક્તિપૂર્વક સાંભળે કે ભક્તિથી સંભળાવે તો એના હૃદયમાં જનાર્દન ભગવાન શીઘ્ર પ્રસન્ન થઈ બિરાજે છે. ૪૯

તત્ત્વસુધા—हरिमेधसः—કથાનું માહાત્મ્ય અલૌકિક છે. ભગવાનને કે કથાને ભક્તના ક્લેશને દૂર કરવાનો શ્રમ કરવો જ નથી પડતો. કેવલ ભગવાનમાં બુદ્ધિનો પ્રવેશ થતાં જ દુઃખાદિ દૂર થાય છે. यद्विषयिणी मेधा हरति संसारं तस्य हरिमेधसः–ભગવદ્‌વિષયવાળી બુદ્ધિ થતાં જ દુઃખ દૂર થશે. हरति चित्तं इति हरिः–ચિત્તને હરી લે તે हरिः અને मेधति दोषान् दुष्टानिति मेधाः–દોષો અને દુષ્ટોને દૂર કરે તે મેધા, ચિત્તને હરનારા અને દુષ્ટોને દૂર

---

[1] जनार्दनस्तस्य हृदि प्रा. पा.

કરનારા શ્રીહરિની કથાને સાંભળનારાને પરમ સુખ મળે છે. એ વખત હરિ શબ્દથી પુનરુક્તિ ન સમજવી કારણ કે– हरेः ह्रियते भक्त्येति हरिः–જે ભક્તિથી જ મેળવાય છે તે શ્રીહરિ છે, એવો અર્થ થતાં દોષ નથી રહેતો.

ઘણે ભાગે આ શ્લોકમાં "शृण्वीत श्रवयेत અને हरिमेधसः" આ ત્રણ વૈદિક પ્રયોગો દર્શાવ્યા છે તે એમ સૂચવે છે કે આ ફલશ્રુતિ વેદોદિત છે. शृणुयात्, श्रावयेत् અને हरिमेधाः આવા ત્રણ પ્રયોગો અભિલષિત છે. हरिमेधाः પ્રથમાન્ત વાપરવું છે અને यःનું વિશેષણ કરવું છે એ વ્યાસજીનું અન્તઃકરણ છે; પરંતુ ભાગવત સંહિતા છે તેથી વૈદિક પ્રયોગથી આ વાત સૂચવે છે. ૪૯

तस्मिन्प्रसन्ने सकलाशिषां प्रभौ किं दुर्लभं ताभिरलं लवात्मभिः ॥
अनन्यदृष्ट्या भजतां गुहाशयः स्वयं विधत्ते स्वगतिं परः पराम् ॥५०॥

અન્વયાર્થ—सकल–आशिषां प्रभौ–સમસ્ત આશિષોના સ્વામી શ્રીહરિ છે, **तस्मिन् प्रसन्ने**-તે પ્રસન્ન થતાં, **किं दुर्लभम्**–શું દુર્લભ છે? માટે, **लव–आत्मभिः ताभिः**–તુચ્છ સુખવાળી તે વિષયઈચ્છાથી, **अलम्**–શું વળવાનું છે? **गुहाशयः**–હૃદયમાં વસનાર-હૃદયનો આશય જાણનાર, **परः**–પૂર્ણ પુરુષોત્તમ, **अनन्य–दृष्ट्या**–અનન્ય દૃષ્ટિથી, **भजताम्**–ભજન કરનારને, **स्वयम्**–પોતે જ, **स्व–गतिम्**–પોતાની ઉતમ ગતિ, **विधत्ते**–આપે છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૫૦

અનુવાદ—સમસ્ત આશિષોના સ્વામી શ્રીહરિ છે. તે પ્રસન્ન થતાં શું દુર્લભ છે? માટે તુચ્છ સુખવાળી તે વિષય–કામનાઓથી વિરમી જવું. હૃદયમાં વસનાર પૂર્ણ પુરુષોત્તમ અનન્ય દૃષ્ટિથી ભજનારને પોતે જ પોતાની ઉત્તમ ગતિ આપે છે. ૫૦

તત્ત્વસુધા—तस्मिन्प्रसन्ने **सकलाशिषां प्रभौ**–ભગવાન સમસ્ત આશિષોના સ્વામી અને સમર્પણ કરવાની શક્તિવાળા છે. એમની પ્રસન્નતા મેળવ્યા બાદ લૌકિક અલૌકિક કામનાઓ કરવાની અવશિષ્ટ રહેશે જ નહીં તેથી ताभिरलम् તેવી કામનાઓથી વિરમી જવું. અન્યથા ભગવન્નિષ્ઠા દૃઢ નહીં થાય.

अनन्य–दृष्टया भजतां–ભગવાનની જ સેવા કરવી, એનું જ નામ અનન્યદૃષ્ટિ છે. તે ભગવાન **गुहाशयः** હૃદયનિવાસી છે. વળી परः સર્વથી પર પુરુષોત્તમ છે, તે परां गतिम् પરાગતિ વૈકુંઠ આપે છે તેથી તેમને જ સેવવા. ૫૦

કથાપાનમાં અતૃપ્તિ એ જ તૃપ્તિ એ વાત આ શ્લોકમાં કહે છે—

को नाम लोके पुरुषार्थसारवित् पुराकथानां भगवत्कथासुधाम् ॥
आपीय कर्णाञ्जलिभिर्भवापहामहो विरज्येत विना नरेतरम् ॥५१॥

અન્વયાર્થ—अहो–અહો, **लोके**–આ લોકમાં, **पुरुष–अर्थ–सारवित्**–ચાર પુરુષાર્થોના સારને જાણનાર, **नरेतरम् विना**–મનુષ્ય વિના અન્ય, **को नाम**–કોણ હોઈ શકે કે જેને, **पुराकथानाम्**–પુરાતન કથાઓમાંથી, **भव-अपहाम्**–ભવબંધન કાપનારી, **भगवत्–कथा–सुधाम्**–ભગવાનની કથારૂપ સુધાને, **कर्ण–अञ्जलिभिः**–કાનરૂપ અંજલિ દ્વારા, **आपीय**–પીધા પછી, **विरज्येत**–તે તરફ અણગમો થાય? (વંશસ્થ વૃત્ત) ૫૧

અનુવાદ—અહો! આ લોકમાં ચાર પુરુષાર્થોના સારને જાણનાર મનુષ્ય વિના અન્ય કોણ હોઈ શકે કે જેને પુરાતન કથાઓમાંથી ભવબંધન છેદનારી હરિકથાને કાનરૂપી અંજલિ દ્વારા પાન કર્યા પછી તે કથામાં અરુચિ ઊભી થાય? ૫૧

તત્ત્વસુધા—"को नाम लोके" નરને છોડીને ઇતર વાનર હોય, તેમને કથારસ ત્યજવો ગમે, જે હરિકથા-રસિક છે તેઓ તો ચતુર્વિધ પુરુષાર્થના રહસ્યને જાણે છે. તેમનો નિર્ણય છે કે કથામૃત સર્વ પુરુષાર્થોનો સાર છે. પુરાતન વૃત્તાંતોમાં હરિકથા એક જ ભવબંધન છેદનારી છે. એકવાર તેનું પાન કર્યા પછી એક પણ અક્ષર છોડવાનું મન થતું નથી કારણ કે—

भगवत्कथासुधाम् · ભગવદ્દવાર્તા કેવલ વાર્તા નથી પરંતુ સુધાની પરબ છે. વિના મૂલ્યે પરબે પાણી મળે છે. ધરની ગોળી કરતાં પણ તે જલ વધુ અમૂલ્ય છે; કારણ કે એ જલ વિના જીવ નહીં ટકે. તેમ કથાસુધામૃત-પાન વિના જીવન સજ્જનનું જીવન નહીં બને અથવા જીવન સજીવન નહીં લાગે. સુધાની વ્યુત્પત્તિ सु पूजिते मोक्षे वर्त्ते सु सुखं धापयतीति वा सुधा તે સુધા, એવી થાય છે. डुधाञ् ધાતુથી અથવા धेट् पाने ધાતુથી सु ઉપપદ-પૂર્વક રૂપ થશે सुधा. વસુધામાં કથાસુધા એક જ વિવિધ બાધાને ટાળનારી છે. એનું પાન કરી કોઈ નર તો વિરામ નહીં પામે. કદાચ વાનર હોય તો ભલે પરંતુ તે ઠીક નથી; કારણ કે શ્રીમારુતિ મહારાજ પરમ રસિક છે. તેથી કેવલ તે વ્યક્તિને માટે કોઈ શબ્દ ન જડતાં "નરેતર" શબ્દ વાપર્યો છે.

જગે કયો અર્થ રહસ્યવેત્તા પુરા કથાનો હરિની કથાને,
પી શ્રોત્રપાત્રે ભવનાશિનીને વિરામ પામે પશુને ત્યજીને. ૫૧

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૧૩ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૪

શ્લોક સંખ્યા—૫૦

ચૌદમા અધ્યાયથી ઓગણીસમા અધ્યાય સુધીના ૬ અધ્યાયોની કથા મતાંતર ભાષા છે; કારણ કે સમાધિ ભાષામાં સંક્ષેપથી શ્રી વરાહલીલાશ્રવણથી રાજર્ષિ પરીક્ષિતની શ્રવણાતુરતા સચેત બની. ભક્તિવશ બની પુનઃ પ્રશ્નારંભ કીધો. પ્રસંગકથાની પોષક કથા હોવાથી મુનિવર્યે વરાહચરિત વિસ્તારથી શરૂ કર્યું છે.

આરંભના બાર અધ્યાયોથી સૃષ્ટિલીલાનું વર્ણન કર્યું છે. તેરમા અધ્યાયમાં ઉપોદ્ઘાતની સાથે સંબંધ ધરાવતી કથા ચૌદમા અધ્યાયથી શરૂ કરી છે.

આ અધ્યાયમાં એકબીજા સાથે સંકળાએલા ત્રણ ચાર પ્રસંગો આવશે. દિતિ-કશ્યપ સંવાદ પ્રથમ આવશે. સાયંકાલે સાત્ત્વિક કર્મ કરવાં જોઈએ છતાં દિતિએ સંસારસુખ માણવા વાંછા કરી. મુનિવરે નિષેધ કર્યો. સંધ્યાનું ગૌરવ અને ભગવાન શંકરનું યશોગાન કર્યું. છતાં દિતિએ મુનિની વાત ન માની. આખરે વિધિવશ બની મુનિએ દિતિની કામના પૂર્ણ કરી. પત્નીને પછી પરિતાપ થયો. મુનિએ દયા કરી પરિતાપનું નિવારણ કર્યું કે તમારા પૌત્ર પરમ ભક્ત થશે. આ કથાપ્રસંગ ચૌદમા અધ્યાયનો વિષય છે.

શ્રી શુકદેવજી વિદુરના પ્રશ્નની અનુવાદરૂપે કથા આ શ્લોકમાં આરંભે છે—

श्रीशुक उवाच – निशम्य कौषारविणोपवर्णितां हरेः कथां कारणसूकरात्मनः ॥
पुनः स पप्रच्छ तमुद्यताञ्जलिर्न चातितृप्तो विदुरो धृतव्रतः ॥ १ ॥

અન્વયાર્થ—**कारण-सूकर-आत्मनः**-કારણ-સૂકરરૂપ, **हरेः**-શ્રીહરિની, **कौषारविणा**-કૌષારવિ મુનિ મૈત્રેયે, **उपवर्णिताम्**-વર્ણવેલી, **कथाम्**-કથાને, **निशम्य**-સાંભળીને, **न अतितृप्तः**-ન ધરાતા, **धृतव्रतः**-શ્રવણવ્રત ધારણ કરેલા, **सः विदुरः**-તે વિદુરજી, **उद्यत-अञ्जलिः**-અંજલિ જોડીને, **पुनः**-ફરીથી, **पप्रच्छ**-પૂછવા લાગ્યા. (ઉપેન્દ્રવજ્ર વૃત્ત) ૧

અનુવાદ—કારણરૂપ યજ્ઞ જેમના દેહમાં છે એવા શ્રીહરિ વરાહ ભગવાનની, કૌષારવિ મૈત્રેય મુનિએ વર્ણવેલી કથાને સાંભળીને ન ધરાતાં શ્રવણવ્રતધારી તે શ્રી વિદુરજી બન્ને કર જોડી ફરીથી પૂછવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—"**कौषारविणोपवर्णितां**"—મૈત્રેય મુનિના પિતાજી કુષારવ હતા. માતાજી મિત્રા હતાં. વીરતા પિતૃધર્મ છે. ભક્તિ માતૃધર્મ છે. તેથી મૈત્રેય નામ ન આપતાં "કૌષારવિ" નામ આપ્યું છે; કારણ કે વીરોને રુચિકર યુદ્ધકથા મુનિવર્ય મૈત્રેય આ પ્રકરણમાં કહેવાના છે.

कारणसूकरात्मनः—આ વાક્યનો અર્થ એવો કરવો કે કારણ-સૂકર એટલે કારણરૂપ યજ્ઞ જે ભગવાનના દેહમાં રહેલ છે તેવા વરાહ ભગવાનનું ચરિત્ર પૂછે છે.

उद्यताञ्जलिः, न चातितृप्तः અને **धृतव्रतः**—આવાં ત્રણ વિશેષણ વિદુરજીને આપ્યાં છે. "અંજલિ" એ શ્રોતાએ વક્તાને અર્પેલી ભેટ છે અથવા પરમોદાર વક્તા પાસે શ્રોતાએ ભિક્ષા માટે ધરેલ ભિક્ષાપાત્ર છે. "અતૃપ્તિ" એ રસનો આત્મા છે અને કથાનો મહિમા છે. "ધૃતવ્રત" એ શ્રોતાનું તપ છે. અને શ્રોતાની કથાપરવશતા છે. ૧

विदुर उवाच – तेनैव तु मुनिश्रेष्ठ हरिणा यज्ञरूपिणा ॥
आदिदैत्यो हिरण्याक्षो हत इत्यनुशुश्रुम ॥ २ ॥

અન્વયાર્થ—मुनिश्रेष्ठ-હે મુનિવર્ય ! **तेन एव तु यज्ञमूर्तिना**-તે જ યજ્ઞવરાહમૂર્તિવાળા, **हरिणा**-હરિએ, **आदिदैत्यः**-આદિદૈત્ય, **हिरण्याक्षः**-હિરણ્યાક્ષ, **हतः**-માર્યો, **इति तु**-એ તો, **अनुशुश्रुम**-અમે સાંભળ્યું. ૨

અનુવાદ—હે મુનિવર્ય ! તે જ યજ્ઞવરાહસ્વરૂપવાળા શ્રીહરિએ આદિદૈત્ય હિરણ્યાક્ષને માર્યો એ તો અમે સાંભળ્યું. ૨

તત્ત્વસુધા—मुनिश्रेष्ठ-આ સંબોધનથી વક્તા મનનશીલ અને સર્વજ્ઞ છે એવું તાત્પર્ય સૂચવે છે.

आदिदैत्यो हिरण्याक्षः—શ્રીહરિએ યજ્ઞવરાહરૂપે આદિ દૈત્યને હણ્યો. પરંતુ શંકા થાય છે કે જો "આદિ" એવા દૈત્યને મારે તો દૈત્યોનાં મૂલ જ ચાલ્યાં જાય અને પછી ભગવાનની લીલાઓ જ ન ચાલે. વળી દૈત્ય હોવાથી ન મારે તો સજ્જનો ક્લેશ ભોગવનાર બને તેથી મારવો જ રહ્યો. આવી બે પ્રકારની વિરુદ્ધ બાબત સમજવા માટે આપે કથા સવિસ્તૃત કહેવી જોઈએ તેથી જ પ્રશ્ન પૂછું છું એમ વિદુરજીએ કહ્યું. હિરણ્યરૂપ બે આંખો હોવાથી હિરણ્યાક્ષ નામ આપ્યું છે. હિરણ્યાક્ષની દૃષ્ટિ જ્યાં સ્પર્શ પામતી ત્યાં સુવર્ણ બની જતું. એ કાર્ય યોગ્ય ન હતું. કારણ કે પછી સૃષ્ટિ જ ક્યાં કરવી એ પ્રશ્ન ઊભો રહેતો. તેથી જ હિરણ્યાક્ષનો વધ કરવો પડ્યો. "हिरण्यममृतं" હિરણ્ય અમૃતરૂપ છે. એવું શ્રુતિવાક્ય છે તેથી હિરણ્યાક્ષ વિધિરૂપ છે તો તેનો વધ ન કરવો જોઈએ એવી પણ માન્યતા છે. આ સંદિગ્ધ કારણથી આ પ્રશ્ન પૂછ્યો છે. ૨

तस्य चोद्धरतः क्षोणीं स्वदंष्ट्राग्रेण लीलया ॥
दैत्यराजस्य च ब्रह्मन्कस्माद्धेतोरभून्मृधः ॥ ३ ॥

અન્વયાર્થ—ब्रह्मन्-હે બ્રહ્મન્, **लीलया**-રમતમાં, **स्वदंष्ट्रा-अग्रेण**-પોતાની દાઢના અગ્રભાગથી, **क्षोणीम्**-પૃથ્વીને, **उद्धरतः**-ઉપર લઈ આવતા, **तस्य**-તે ભગવાનના, **च**-અને, **दैत्यराजस्य**-દૈત્યરાજ હિરણ્યાક્ષનો, **कस्मात्**-કયા, **हेतोः**-કારણથી, **मृधः**-સંગ્રામ, **अभूत्**-થયો. ૩

અનુવાદ—હે બ્રહ્મન્ ! રમત રમતમાં પોતાના દાઢના અગ્રભાગથી પૃથ્વીને ઉપર લઈ આવતા વરાહનો અને દૈત્યરાજ હિરણ્યાક્ષનો કયા કારણથી સંગ્રામ થયો ? ૩

તત્ત્વસુધા—कस्य हेतोः मृधः—વિદુરજીનો આશય એવો છે કે વરાહ ભગવાન પરિપૂર્ણ હતા અને પૃથ્વીને વિના આયાસે ઉપર લાવતા હતા. હિરણ્યાક્ષ દૈત્યરાજ હતો તેથી તેની પાસે પદાર્થોની ખોટ ન હતી પછી ઉભયને કજીઆનું કારણ શું ? ૩

मैत्रेय उवाच – साधु वीर त्वया पृष्टमवतारकथां हरेः ॥
यत्त्वं पृच्छसि मर्त्यानां मृत्युपाशविशातनीम् ॥ ४ ॥

અન્વયાર્થ—वीर-હે વીર, **त्वया**-આપે, **साधु**-ઉત્તમ કોટિનો, **पृष्टम्**-પ્રશ્ન કર્યો છે, **यत्**-કારણકે, **त्वम्**-તમે, **मर्त्यानाम्**-મનુષ્યોનો, **मृत्यु-पाश-विशातनीम्**-મૃત્યુના પાશને છોડાવનારી, **हरेः**-શ્રીહરિની, **अवतार-कथाम्**-અવતારકથાને, **पृच्छसि**-પૂછી રહ્યા છો. ૪

અનુવાદ—મૈત્રય બોલ્યા, હે વીર ! આપે તો ઉત્તમ પ્રકારનો પ્રશ્ન કર્યો છે, કારણ કે આપ તો મનુષ્યોને મૃત્યુના પાશમાંથી છોડાવનારી શ્રીહરિના અવતારની કથાને પૂછી રહ્યા છો. ૪

તત્ત્વસુધા—"साधु वीर त्वया पृष्टम्" શ્રી વિદુરજીનો પ્રશ્ન વિશ્વમંગલ હતો. તેથી મૈત્રેયમુનિ પ્રસન્ન થયા છે. પ્રશ્ન જેટલો સાત્ત્વિક અને શ્રેષ્ઠ હોય વિષય તેટલો જ દિવ્ય વર્ણવાય. કાચના વેપારી થવું તેના કરતાં હીરાના વેપારી થવું તે સારું. કારણ કે ઉત્તમ ગ્રાહકોનો સમ્પર્ક તો થાય. "मर्त्यानां मृत्युपाशविशातनीम्"

મનુષ્યને માટે "**मर्त्य**" શબ્દ વાપર્યો છે. પ્રાણી જન્મ્યો તેથી મરવાનો તો છે જ. પરંતુ માનવ તો મૃત્યુને જીતવા જન્મ્યો છે. તેને માટે હરિકથા મૃત્યુંજય સામગ્રી છે. વીર સંબોધન કરી કથાનું શ્રવણ કરનારમાં ભગવદ્-વીર્યનો આવેશ થાય છે એમ વર્ણવ્યું છે. વીર શબ્દની વ્યુત્પત્તિ થાય છે. **वेर्हरेरिच्छायां रमत इति वीरः** । ૪

यथोत्तानपदः पुत्रो मुनिना गीतयाऽर्भकः ॥
मृत्योः कृत्वैव मूर्ध्न्यङ्घ्रिमारुरोह हरेः पदम् ॥ ५ ॥

અન્વયાર્થ—मुनिना–મુનિવર્ય નારદજીએ, **गीतया**–ગાએલી, **यया**–જે કથાથી, **उत्तानपदः**–ઉત્તાનપાદ રાજાના, **अर्भकः**–બાલ કુમાર, **पुत्रः**–ધ્રુવ, **मृत्योः एव**–મૃત્યુના જ, **मूर्ध्नि**–મસ્તક ઉપર, **अङ्घ्रिम्**–ચરણને, **कृत्वा**–પધરાવીને, **हरेः**–શ્રીહરિમાં, **पदम्**–ચરણકમલને, **आरुरोह**–પામ્યા. ૫

અનુવાદ—મુનિરાજ નારદજીએ ગાએલી જે કથાના શ્રવણથી ઉત્તાનપાદ રાજાના બાલ કુમાર ધ્રુવ મૃત્યુના જ મસ્તક ઉપર પગ મૂકીને શ્રીહરિના ચરણને પામ્યા હતા. ૫

તત્ત્વસુધા—"यथोत्तानपदः पुत्रः" આ શ્લોકમાં કથાનો યશ ગાય છે. શ્રી મૈત્રેય મુનિને કથાના સામર્થ્યનો અનુભવ છે તો પણ ધ્રુવકુમારના પ્રસંગથી વધુ પુષ્ટ કરે છે. શ્રી ધ્રુવજી બાલક હતા તેથી "અર્ભક" કહ્યું. નાના ધાવણા બાળકને માતા જ સ્તનપાનથી પોષે છે. કથા–માતા તે જ રીતે શ્રોતા–બાલને અમીપાનથી પોષે છે. શ્રી ધ્રુવજી उत्तानपदः पुत्रः ઉત્તાનપાદ રાજાના પુત્ર છે એમ કહેવાનું તાત્પર્ય કે ઉત્તાનપાદ રાજાએ પગ ઊંચા રાખી મસ્તક નીચે લટકતું રાખી તપ કરેલું. એવા તપસ્વી પિતાનો પણ ઉદ્ધાર તપથી આગળ વધેલી કથાની આસક્તિથી ધ્રુવકુમારે કર્યો છે. જ્યારે મૃત્યુદેવ આવ્યા ત્યારે ધ્રુવનું સારુંયે શ્રીઅંગ કથામૃતથી ભરપૂર હતું તેથી મૃત્યુ સ્પર્શી ન શક્યા. વિમાનમાં સદેહે બેસવા ગયા. મૃત્યુ વિમાન સમીપ ન આવી શક્યા ત્યારે તેમના મસ્તકની પાદપીઠ બનાવી ધ્રુવજીએ આરોહણ કર્યું. **अर्भक** શબ્દ વાપરવાનું તાત્પર્ય કે ૩૬ હજાર વર્ષ રાજ્ય કરવા છતાં કથામૃતપાનથી ધ્રુવજીની કાયા "કિશોર" વયની જ સૌન્દર્યપૂર્ણ રહેલી હતી. ૫

अथात्रापीतिहासोऽयं श्रुतो मे वर्णितः पुरा ॥
ब्रह्मणा देवदेवेन देवानामनुपृच्छताम् ॥ ६ ॥

અન્વયાર્થ—अथ–હવે, **अत्र अपि**–આ બાબતમાં, **पुरा**–પૂર્વે, **देवानाम् अनुपृच्छताम्**–દેવો જ્યારે પૂછતા હતા ત્યારે, **देवदेवेन ब्रह्मणा**–દેવદેવ શ્રીબ્રહ્માજીએ, **वर्णितः**–વર્ણવેલ, **अयम्**–આ, **इतिहासः**–ઇતિહાસ, **मे**–મેં, **श्रुतः**–સાંભળેલો છે. ૬

અનુવાદ—હવે આ વિષયમાં પૂર્વે દેવો જ્યારે પૂછતા હતા ત્યારે દેવાધિદેવ શ્રીબ્રહ્માજીએ વર્ણવેલ હતો તે આ ઇતિહાસ મેં સાંભળેલો છે. ૬

તત્ત્વસુધા—"अथात्रापीतिहासोऽयम्"—શ્રી મૈત્રેય મુનિ આ પ્રસંગને આરંભતાં "**इतिहासोऽयं**" આ ઇતિહાસ છે એમ કહે છે. વેદોનો સાર જેમાં વર્ણવ્યો હોય તેને સમાધિ ભાષા કહી છે. **वेदसारोद्धारः समाधिभाषा** આવું લક્ષણ આચાર્ય વર્યનું છે. **इतिहाससारोद्धारो मतान्तरभाषा** ઇતિહાસના સારનો નિચોડ મતાંતર ભાષા છે. મૈત્રેયમુનિએ પરાશર કે વ્યાસજીના મુખેથી આ પ્રસંગ સાંભળ્યો છે. આ વર્ણવાતો પ્રસંગ જે કલ્પમાં અત્યંત રસભર્યો બનેલ હતો તે કલ્પની કથા વર્ણવી છે. "ઇતિહાસ" એટલે પુરાવૃત્ત કથા. તેમાં ત્રણ તાત્પર્ય હોય છે: (૧) એક તો ગર્વ લેવા જેવી હોય છે, (૨) બીજી હાસ્યરૂપા હોય છે અને (૩) ત્રીજી આશ્ચર્યકારિણી કથા હોય છે. દેવોના દેવે વર્ણવેલ હોવાથી ગર્વ લેવા જેવી કથા છે. ચાર નાના બાળકોની કથા હોવાથી હાસ્ય કરાવનારી કથા છે, અને મુક્તજનોને ગર્ભાવાસ કરાવનારી હોવાથી આશ્ચર્યકારિણી છે. ૬

दितिर्दाक्षायणी क्षत्तर्मारीचं कश्यपं पतिम् ॥
अपत्यकामा चकमे संध्यायां हृच्छयार्दिता ॥ ७ ॥
इष्ट्वाग्निजिह्वं पयसा पुरुषं यजुषां पतिम् ॥
निम्लोचत्यर्क आसीनमग्न्यगारे समाहितम् ॥ ८ ॥

અન્વયાર્થ—**क्षत्तः**-હે સંયમી વિદુરજી, **दाक्षायणी**-દક્ષરાજકુમારી, **दितिः**-દિતિ, **अर्के**-સૂર્ય ભગવાન, **निम्लोचति**-અસ્ત પામી રહ્યા હતા ત્યારે, **अग्निजिह्वम्**-અગ્નિરૂપ જિહ્વાવાળા, **यजुषाम्**-યજુષોના, **पतिम्**-પતિ, **पुरुषम्**-યજ્ઞપુરુષને, **पयसा**-દૂધથી, **इष्ट्वा**-હોમ આપીને, **अग्न्यगारे**-અગ્નિશાળામાં, **समाहितम्**-ધ્યાન ધરતા, **आसीनम्**-બેઠેલા, **मारीचम्**-મરિચિ ઋષિના પુત્ર, **पति-कश्यपम्**-પતિદેવ કશ્યપને, **अपत्यकामा**-સંતાન કામનાવાળી, **हृच्छय-अर्दिता**-કામથી પીડાયેલી, **संध्यायाम्**-સંધ્યાસમયે, **चकमे**-કામના કરવા લાગી. ૭, ૮

અનુવાદ—હે વિદુરજી! દક્ષરાજકુમારી દિતિ, સૂર્ય ભગવાન જ્યારે અસ્તાચલ પર્વત તરફ જઈ રહ્યા હતા ત્યારે અગ્નિરૂપી જીભવાળા યજુષોના સ્વામી યજ્ઞપુરુષને દૂધથી હોમ આપીને અગ્નિશાળામાં ધ્યાનમાં બેઠેલા મરીચિ મુનિના પુત્ર કશ્યપઋષિને સંતાનની કામનાવાળી કામપીડિત દિતિ સંધ્યા સમયે કામથી ચાહવા લાગી. ૭, ૮

તત્ત્વસુધા—આ પ્રસંગનો પ્રારંભ કરતાં વિદુરજીને "क्षत्तः" સંબોધન કર્યું છે. ક્ષત્તનો અર્થ જિતેન્દ્રિય. સંયમીને આ કથા કહી શકાય. વિષયીને કહેતાં વિષયવાસના પોષાય કારણ કે આ કામકથા છે.

"दितिर्दाक्षायणी"—કન્યાનો સ્વભાવ મા જેવો જ હોય છે પરંતુ દિતિની પ્રકૃતિ પ્રજાપતિ જેવા ગર્વિષ્ઠ અને હઠાગ્રહી હતી તેથી દાક્ષાયણી કહી છે. આ દક્ષ પ્રાચેતસ દક્ષ સમજવાના છે. જે દશ પ્રચેતાઓના "मारीचं कश्यपं पतिं" "कश्यं पिबतीति" कश्यपः એવી વ્યુત્પત્તિ થાય છે. મરીચિ મુનિ મનમાંથી જન્મ્યા છે. કામ પણ મનમાંથી જન્મે છે. તેથી કશ્યપ કામાવતાર છે. પરિણામે દિતિ અને અને કશ્યપ ઉભય સમાન મળ્યાં.

"अपत्यकामा सन्ध्यायां"—દિતિને સંતાનકામના હતી તે યોગ્ય હશે પણ સંધ્યાકાલ તે માટે યોગ્ય ન હતો. સંધ્યા સમય આસુર સમય છે તે વખતે કેવલ સાત્વિક કાર્યને આચરી ચિત્તને શુદ્ધ અને સ્વસ્થ રાખવા પ્રયત્ન કરવો જ રહ્યો.

"अग्निजिह्वम्"—અગ્નિજિહ્વ યજ્ઞનારાયણનું નામ છે, જ્યારે શાંત જ્વાલાવાળો અગ્નિ ઉપસ્થાનના પૂર્વમાં અને પછીથી અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે છે, ત્યારે જ્વાલા સાથે પ્રકાશે છે, તે અગ્નિ દેવોનું મુખ મનાય છે. પ્રજ્વલિત અગ્નિમાં "દૂધ"નો હોમ કર્યો છે. पयसा नित्यहोमः દૂધથી નિત્ય હોય થાય છે. કદાચ લાગે કે દૂધથી અગ્નિ શાંત થઈ જાય માટે દૂધનો વિકાર ઘી કરવો તો ઠીક છે. પરંતુ દૂધનું વિધાન હોવાથી જ્વાલા શાંત થવાનો સંભવ નથી. रेतः सिञ्चति प्रजनने—દૂધ પ્રજજન કાર્ય માટે વીર્યનું સિંચન કરે છે.

"यजुषां पतिं"—યજુર્વેદ દ્વારા અગ્નિહોમ કરવો એવું વાક્ય છે માટે यजुषां पतिं કહ્યું છે.

"समाहितम्"—મુનિવર્ય હોમ કરી ધ્યાનમાં બેઠેલા છે તે સમય હોમથી નિવૃત્ત જાણીને સંતાનકામના અને કામપીડાના બમણા આવેશથી દિતિ પણ પાસે આવે છે. કશ્યપ મુનિ સંભવ છે, वामदेव्य सामोपासनव्रती હોઈ શકે એવું કશ્યપ પદની યૌગિક નિરુક્તિથી લાગે છે. ૭, ૮

હવે ૭ શ્લોકથી દિતિ કશ્યપ મુનિને વિનવે છે. આ શ્લોકોમાં ક્રમે કરીને કામપીડા (૧), તેના નિવારણનો ઉપાય (૨), યશઃ (૩), નીતિનિર્ણય (૪) અને પ્રાર્થના (૫) પાંચ વસ્તુ ૭ શ્લોકોમાં વર્ણવે છે—

एष मां त्वत्कृते विद्वन् काम आत्तशरासनः ॥
दुनोति दीनां विक्रम्य रम्भामिव मतङ्गजः ॥ ९ ॥

અન્વયાર્થ—**विद्वन्**–હે વિદ્વાન્ કશ્યપ મુનિ! **मतङ्गजः**–મદોન્મત્ત હાથી, **रम्भां इव**–કેળને જેમ પીડે છે છે તેમ, **आत्त-शरासनः**–ધનુષધારી, **एषः कामः**–આ કામ, **त्वत्कृते**–આપને લક્ષ બનાવીને, **दीनां माम्**–નિર્બળ એવી મારા ઉપર, **विक्रम्य**–હુમલો કરીને, **दुनोति**–સતાવે છે. ૯

અનુવાદ—હે વિદ્વાન્ કશ્યપમુનિ! મદોન્મત્ત હાથી કેળને દબાવીને જેમ પીડે છે, તેમ આ ધનુષ્યધારી કામ આપને લક્ષ બનાવીને મારા જેવી નિર્બળ ઉપર ચઢાઈ કરી મને સતાવે છે. ૯

તત્ત્વસુધા—"विद्वन्"–આ શ્લોકમાં દિતિ દેવી કામપીડાની અસહ્ય વ્યથા બતાવે છે તેથી કશ્યપમુનિને સંબોધન કરે છે કે "विद्वन्" આપ શાસ્ત્રથી અને અનુભવથી કામ વેદનાને સમજી શકો છો તેથી મારે વર્ણવવાની આવશ્યકતા નથી. જો કે કામ પીડે છે મનુષ્યને. સ્ત્રી તો કામની સેવામાં આવે છે, તો કામક્લેશ કશ્યપને જ આપે, દિતિને શી રીતે આપે તેના સમાધાનમાં કહ્યું કે—

Learned person

"**त्वत्कृते**"—આપને તપસ્વીને તે ત્રાસ આપતાં બળવાનો ભય ધરાવે છે તેથી આપને બદલે મને સતાવે છે.

आत्तशरासनः—સજ્જ થઈને આવેલ હોઈ આપ તેને રોકો તે પહેલાં તે બાણ છોડી દેવાનો છે અને મારો જીવ લેવાનો જ છે માટે આપ, એને નિવારવા બીજો ઉપાય કરો એમ દિતિની વિજ્ઞપ્તિ છે.

મુનિરાજ ભગવદ્ધ્યાનમાં હતા તેથી અંગચેષ્ટા કે નેત્રવિલાસથી કામસ્થિતિ વ્યક્ત કરવાની સંભાવના નથી તેથી મર્યાદા મૂકીને વિનમ્ર પણ ઉચ્ચસ્વરે દિતિ બોલે છે. તેથી લાગે છે આકૃતિવારી કામદેવ નેત્ર સામે પ્રત્યક્ષ દેખાય છે અને અસહ્ય પીડા કરે છે તેથી વાચિક વિજ્ઞપ્તિ કરે છે. ૯

तद् भवान् दह्यमानायां सपत्नीनां समृद्धिभिः ॥
प्रजावतीनां भद्रं ते मय्यायुङ्क्तामनुग्रहम् ॥ १० ॥

અન્વયાર્થ—**तद्**–તો, **प्रजावतीनाम्**–સંતતિવાળી, **सपत्नीनाम्**–શોકયોની, **समृद्धिभिः**–સમૃદ્ધિઓથી, **दह्यमानायाम्**–બળી રહેલી, **मयि**–મારા ઉપર, **भवान्**–આપ, **अनुग्रहम्-आयुङ्क्ताम्**–કૃપા કરો, **ते भद्रम्**–આપનું કલ્પાણ થશે. ૧૦

અનુવાદ—તો હે કશ્યપ મુનિ! સંતાતવાળી મારી શોકયોની સમૃદ્ધિથી હું શેકાઈ રહેલી છું. આપ મારા ઉપર કૃપા કરો, આપનું મંગલ થશે. ૧૦

તત્ત્વસુધા—"तद् भवान् दह्यमानायाम्"–આ શ્લોકથી દિતિ સૂચવે છે કે કેવલ કામ એકલો જ હોત તો તેનો સામનો કરી શકત પરંતુ બાકીના ઈર્ષ્યા, માત્સર્ય વગેરે તેની સાથે ભળી ગયા છે. તેથી તે પ્રબલ બન્યો છે. ઈર્ષ્યા થવાનાં કારણો છે. "એક તો શોકયો છે, બીજું અનેક શોકયો છો, ત્રીજું બધી જ સંતાનવાળી, ચોથું સર્વ સમ્પત્તિવાળી" આવાં ચાર કારણોએ મને ઈર્ષ્યા પણ સળગાવે છે. કદાચ મુનિ કહે કે મારો શો દોષ? તો આપ અનેક સ્ત્રીઓને પરણ્યા અને પક્ષપાત કર્યો. આ બે આપના જ દોષો છે. આ વિષય "એકપત્નીવ્રત" કલ્યાણકારી છે તે સૂચવનારો છે. ૧૦

---

१ ब्रह्मन् प्रा. पा.

Jealousy generally refers to the thoughts or feelings of insecurity.

આ શ્લોકમાં સ્ત્રીઓના યશનું ગાન છે—

भर्तर्याप्तोरुमानानां लोकानाविशते यशः ॥
पतिर्भवद्विधो यासां प्रजया ननु जायते ॥ ११ ॥

અન્વયાર્થ—भर्तरि-પાતના સમીપમાં, **आप्त-उरु-मानानाम्**-પુષ્કળ આદર પામેલી, અને **यासाम्**-જેમનામાં, **भवद्विधः पतिः प्रजया**-આપના જેવા પતિ પુત્રરૂપે, **ननु जायते**-ખરેખર જન્મ લે છે, તેઓનો **यशः**-યશ, **लोकान्**-ચૌદ લોકોમાં, **आविशते**-ફેલાય છે. ૧૧

અનુવાદ—પતિના સમીપમાં પુષ્કળ સન્માન પ્રાપ્ત કરનારી તેમજ જેમનામાં પુત્રરૂપે પતિ ઉત્પન્ન થાય છે તેઓનો યશ ચૌદે લોકોમાં ફેલાય છે. ૧૧

તત્ત્વસુધા—" भर्तरि आप्तोरुमानानाम् "–ગર્ભાધાન, સીમ-તોન્નયન, ઉપનયનાદિ સંસ્કારો સમયે મંડપમાં શાસ્ત્રવિધિ માટે સ્ત્રી પતિ સાથે એકાસને બેસે છે એવું અસાધારણ સન્માન છે. તેમજ કુટુંબમાં પણ સ્ત્રીને પતિ તરફથી મળતું બહુમાન એ એનો આનંદ છે. તેથી દિતિએ કહ્યું કે પતિથી સન્માન પામવાથી સ્ત્રીનો યશ વધે છે. આ સ્થાને સપ્તમી વિભક્તિ भर्तरि વાપરી છે તે ' अतिसामीप्य " અર્થમાં છે. સંમાન

" पतिर्भवद्विधो "—સ્ત્રીનો બીજો યશ એ છે કે સર્વગુણપૂર્ણ પુરુષ પુત્રસ્વરૂપે જન્મ લે છે. લોકમાં પતિ તુલ્ય કે પતિથી શ્રેષ્ઠ પુત્રને મેળવવો એ મહાપુણ્ય અને મહદ્ યશ મનાય છે. તેથી પુત્રની માગણી કરી છે. ૧૧ Women are the primary caretakers of children and elders in every country of the world.

पुरा पिता नो भगवान्दक्षो दुहितृवत्सलः ॥
कं वृणीत वरं वत्सा इत्यपृच्छत नः पृथक् ॥ १२ ॥

અન્વયાર્થ—पुरा-પહેલાં, **दुहितृ-वत्सलः**-દીકરી ઉપર સ્નેહ રાખનાર, **भगवान्**-સમર્થ એવા, **नः पिता**-અમારા પિતાજી, **दक्षः**-દક્ષે, **वत्साः**-હે દીકરીઓ, **कम्**-કયા, **वरम्**-વરને, **वृणीत**-વરવા ચાહો છો, **इति**-એમ, **नः**-અમને, **पृथक्**-અલગ અલગ, **अपृच्छत**-પૂછ્યું હતું. ૧૨

અનુવાદ—પૂર્વે પુત્રીવત્સલ અને સમર્થ એવા અમારા પિતાજી દક્ષે અમને અલગ અલગ મળીને પૂછ્યું કે બેટીઓ, તમે કયા વરને વરવા વિચારો છો ? ૧૨

તત્ત્વસુધા—" दुहितृवत्सलः "–આ શ્લોકમાં કહે છે કે અમારા પિતા દક્ષ પુત્રીવત્સલ છે. વળી " ભગવાન " છે એટલે શાપદાન માટે સમર્થ છે. જો અમારી કામના પૂરી નહીં કરો તો ચન્દ્રને જેમ શાપ આપ્યો તેમ શાપ આપશે. દક્ષા ચતુર છે તેથી કદાચ કામણ–વશીકરણ પ્રયોગો પણ કરે માટે એવું કાંઈ ન બને તે પહેલાં મારી કામનાને પૂર્ણ કરો.

" कं वृणीत "–પુત્રીનું લગ્ન પુત્રીને પૂછીને કરવું. એ ન્યાય પ્રમાણે અમને સર્વને એકાંતમાં બાપે પૂછેલ કે કોને વરવા વિચારો છો ત્યારે અમે આપની પસંદગી કરેલી છે. ૧૨

દિતિ આ શ્લોકમાં પતિદેવને પ્રત્યેક પત્ની તરફ સમદૃષ્ટિ રાખવા વિનવે છે—

स विदित्वात्मजानां नो भावं संतानभावनः ॥
त्रयोदशाददात्तासां यास्ते शीलमनुव्रताः ॥ १३ ॥

અન્વયાર્થ—संतान-भावनः-ઉત્તમ સંતાનની આશાવાળા, **सः**-તે, **नः**-અમારા પિતાએ, **आत्मजानाम्**-પુત્રીઓના, **भावम्**-ભાવને, **विदित्वा**-જાણ્યો અને, **तासाम्**-તે બધી કન્યાઓમાંથી, **याः**-જે,

त्रयोदशः–તેર કન્યાઓને, **अददात्**–આપી તે અમે, **ते शीलम्**–આપના સ્વભાવને, **अनुव्रताः**–અનુસરી વર્તન કરીએ છીએ. ૧૩

અનુવાદ—ઉત્તમ સંતાનની આશાવાળા તે અમારા પિતાએ અમ પુત્રીઓના ભાવને જાણીને સાઠમાંથી આપને ચાહતી તેર કન્યાઓને આપી તે અમે આપના સ્વભાવને અનુસરી વર્તન કરીએ છીએ. ૧૩

તત્ત્વસુધા—"संतानभावनः"–દક્ષ પ્રજાપતિ દક્ષ તો હતા જ પણ પુત્રીવત્સલ હતા. સાઠ છોકરીઓને એકાન્તમાં પૂછ્યું અને જેમના મુખભાવથી જાણ્યું અથવા માતા દ્વારા કન્યાનો ભાવ જાણ્યો તેમનો વિવાહ કશ્યપ સાથે કર્યો. તો આપે કૃપા કરી પ્રત્યેક પત્નીની માફક મને પણ પુત્રવતી બનાવવી જોઈએ. ૧૩

अथ मे कुरु कल्याण कामं कञ्जविलोचन ॥
आर्तोपसर्पणं भूमन्नमोघं हि[1] महीयसि ॥ १४ ॥

અન્વયાર્થ—**कञ्ज-विलोचन**–હે કમલનયન! **कल्याण**–હે કલ્યાણમય! **अथ**–હવે, **मे**–મારા, **कामम्**–અભિલાષને, **कुरु**–પૂર્ણ કરો. **हि**–કારણ કે, **भूमन्**–હે મહાપુરુષ, **महीयसि**–મહાન પુરુષમાં કરેલ, **आर्त-उपसर्पणम्**–આર્ત જનોનું નિવેદન, **अमोघम्**–સફળ થાય છે. ૧૪

અનુવાદ—હે કમલનયન! હે કલ્યાણમય! હવે આપ મારા અભિલાષને પૂર્ણ કરો. કારણ કે મહાપુરુષમાં કરેલ આર્તજનોનું નિવેદન સફળ થાય છે. ૧૪

તત્ત્વસુધા—"कञ्जविलोचन, कल्याण, भूमन्"–એવાં ત્રણ સંબોધન એક જ શ્લોકમાં કર્યાં છે. કમલનેત્રને કંજવિલોચન કહ્યા છે. એથી કશ્યપ ખૂબ રૂપવાન છે એવું સૂચવ્યું છે. કલ્યાણ સંબોધનથી Kind દયાળુ અને સદાચારી કહ્યા છે. ભૂમન્ સંબોધનથી "મહાન્" પુરુષ કહ્યા છે. દિતિ કહે છે કે આપનામાં આવી યોગ્યતા નિહાળીને જ આર્તિનું નિવેદન કર્યું છે તે કદી નિષ્ફળ નહીં થાય.

અથ અવ્યયથી નિવેદન કર્યું કે મારા હઠાગ્રહથી રતિપ્રવૃત્તિ ન કરશો પરંતુ રસપૂર્વક રતિપ્રવૃત્તિ કરશો એવી મારી પ્રાર્થના છે. રસમય રતિપ્રવૃત્તિથી જ દિવ્ય સંતાન થાય છે. ૧૪

મુનિવર્ય દિતિ દેવીને દિલાસો આપે છે—

इति तां वीर मारीचः कृपणां बहुभाषिणीम् ॥
प्रत्याहानुनयन्वाचा प्रवृद्धानङ्गकश्मलाम् ॥ १५ ॥

અન્વયાર્થ—**वीर**–હે વીર, **इति**–એ પ્રમાણે, **बहुभाषिणीम् कृपणाम्**–બહુ બોલતી અને દયાપાત્ર, તેમજ **प्रवृद्ध-अनल-कश्मलाम्**–વધી ગયેલ કામના કષ્ટવાળી, **ताम्**–તે દિતિને, **वाचा**–વાણીથી, **अनुनयन्**–દિલાસો દેતા, **मारीचः**–કશ્યપ મુનિ, **प्रत्याह**–તેને કહેવા લાગ્યા. ૧૫

અનુવાદ—હે વીર! એ પ્રમાણે બહુ બોલતી દયાપાત્ર અને વધી ગયેલ કામની પીડાવાળી તે–દિતિદેવીને વાણીથી દિલાસો દેવા મુનિ કશ્યપ નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૧૫

તત્ત્વસુધા—"प्रत्याह वाचामनुनयन्"–દિતિની કામનાની પૂર્તિ તાત્કાલિક કશ્યપ ઋષિએ ન કરતાં વાણીથી ધીરતા આપવા પ્રયત્ન કર્યો. ધર્મભય, દક્ષનો શાપભય, લોકનિંદાનો ડર, સંધ્યાકાલની મર્યાદા, કર્મલોપની ચિંતા, મહાદેવજીનો ભય–આવાં ૭ કારણોનો વિવેક હૃદયમાં રાખનાર કશ્યપ એક અસાધારણ પુરુષ હતા.

---

[1] कर्तुमर्हसि प्रा. पा.

તેથી જ વાણીથી આશ્વાસન આપે છે. ભય, ગ્લાનિ અને અતિકામ દશાની ગૃહસ્થાશ્રમ પ્રવૃત્તિ હિતાવહ નથી એમ સમજાવે છે. ૧૫

હવે કશ્યપ મુનિ છ શ્લોકોથી સ્વરૂપજાગૃતિ માટે પ્રયાસ કરે છે—

एष तेऽहं विधास्यामि प्रियं भीरु यदिच्छसि ॥
तस्याः कामं न कः कुर्यात्सिद्धिस्त्रैवर्गिकी यतः ॥ १६ ॥

અન્વયાર્થ—**भीरु**-હે ભીરુ ! **एषः**-આ, **अहम्**-હું, **यत्**-જે, **इच्छसि**-તમે ચાહો છો, **ते**-તે તમારું, **प्रियम्**-પ્રિય, **विधास्यामि**-કરીશ, **यतः**-જે પત્નીથી, **त्रैवर्गिकी**-ત્રણે વર્ગની, **सिद्धिः**-સિદ્ધિ પ્રાપ્ત થાય છે, **तस्याः**-તેની, **कामम्**-કામનાની પૂર્તિ, **कः**-કોણ, **न कुर्यात्**-ન કરે ? ૧૬

અનુવાદ—હે ભીરુ ! આ હું તમારું જે પ્રિય ચાહો છો તેની પૂર્તિ કરીશ. જે પત્ની દ્વારા ત્રણ પ્રકારના પુરુષાર્થો સિદ્ધ થાય છે તેની ઇચ્છાની પૂર્તિ કોણ ન કરે ? ૧૬

તત્ત્વસુધા કશ્યપ ઋષિ ૨૦મા શ્લોક સુધી "સ્ત્રી"નું ગૌરવ ગાય છે. સ્ત્રી દ્વારા જ પુરુષ મહાન બને છે એ વસ્તુ સ્પષ્ટ કરે છે. આ શ્લોકમાં "સ્ત્રી"ને ત્રણ પુરુષાર્થ સિદ્ધ કરનારી વર્ણવી છે. "भीरु" ઉત્તમ લક્ષણવાળી સ્ત્રીનું સંબોધન છે. સ્ત્રીને માન આપવાથી પ્રેમની પુષ્ટિ થાય છે. તેથી દિતિદેવીને "ભીરુ" સંબોધન કર્યું છે. હવે સ્ત્રીને માન આપે છે.

"यतस्त्रैवर्गिकी सिद्धिः"—પ્રથમ પુરુષાર્થ ધર્મ છે. યજ્ઞ ધર્મનું સ્વરૂપ છે. પુરુષ સ્ત્રી વિના યજ્ઞ, કન્યાદાન વગેરે નથી કરી શકતો. દ્વિતીય પુરુષાર્થ "અર્થ" છે. સ્ત્રીને સૌભાગ્યે જ સુવર્ણ ઘરમાં આવે છે તેથી અર્થ પુરુષાર્થ સ્ત્રીને લીધે જ થાય છે. કામમહાસાગરને પાર કરવા "સ્ત્રી" નૌકા છે. કામ શત્રુને જીતવા સ્ત્રી દુર્ગ છે.

કશ્યપ પ્રજાપતિ છે અને પ્રજાપતિ સંવત્સર છે. "સંવત્સર તેર માસનો છે." એ શ્રુતિ પ્રમાણે કશ્યપનો આનંદ તેર પ્રકારનો છે, દિતિ મલમાસરૂપા છે, તેથી હિરણ્યાક્ષ ને હિરણ્યકશિપુ જન્મ્યા. ૧૬

સ્ત્રી નિરુપમેય વ્યક્તિ છે એવું આ શ્લોકમાં કહેશે—

सर्वाश्रमानुपादाय स्वाश्रमेण कलत्रवान् ॥
व्यसनार्णवमत्येति जलयानैर्यथार्णवम् ॥ १७ ॥

અન્વયાર્થ—**यथा**-જેમ, **जलयानैः**-વહાણો દ્વારા, **अर्णवम्**-મહાસાગરને તરે છે, તેમ **कलत्रवान्**-પત્નીવાળો પુરુષ, **स्व-आश्रमेण**-પોતાના ગૃહસ્થાશ્રમ દ્વારા, **सर्वाश्रमान्**-સર્વ આશ્રમોને, **उपादाय**-પોષીને, **व्यसन-अर्णवम्**-દુઃખના દરિયાને, **अत्येति**-તરી જાય છે. ૧૭

અનુવાદ—જેમ યાત્રિક વહાણો દ્વારા મહાસાગરને તરે છે તેમ પત્નીવાળો પુરુષ પોતાના ગૃહસ્થાશ્રમના સામર્થ્યથી, સર્વ આશ્રમોને પોષીને દુઃખના દરિયાને તરી જાય છે. ૧૭

તત્ત્વસુધા—"स्वाश्रमेण कलत्रवान्"—સાગરનો યાત્રિક જહાજ દ્વારા સાગર પાર કરી શકશે. સર્વ સરિતાઓ સાગરમાં આવીને સમાશે. તેમ જ ગૃહસ્થાશ્રમી પુરુષ સ્ત્રીની સહાયથી સર્વ આશ્રમોને પોષી શકશે—સંતોષી શકશે. અને કામ મહાસાગરને તીરે અનાયાસે પહોંચી જશે.

સ્ત્રી સંસારદુઃખ તરવામાં સેતુ છે. સ્ત્રી મદનશત્રુ વિજયનો કિલ્લો છે. સ્ત્રી અનંત ઉપકારોથી ભરેલ ભંડાર છે. સ્ત્રીને કોઈ ઉપમા જ નથી. સ્ત્રી સ્ત્રી જ છે. મા એટલે મા એનો કોઈ ઉપમેયવાચક શબ્દ નથી. ૧૭

---

૧. तस्यां प्रा. पा.

સ્ત્રી અર્ધાંગના છે અને પુરુષનો ગૃહસ્થાશ્રમ ચિંતાહારી ચિંતામણિ છે એવું આ શ્લોકમાં કહેશે—

यामाहुरात्मनो ह्यर्धं श्रेयस्कामस्य मानिनि ॥
यस्यां स्वधुरमध्यस्य पुंमाश्चरति विज्वरः ॥ १८ ॥

અન્વયાર્થ—मानिनि-હે માનિનિ! **याम्**-જેને, **श्रेयस्कामस्य**-કલ્યાણની કામનાવાળા, **आत्मनः**-પુરુષના દેહનો, **अर्धम्**-અડધો ભાગ, **आहुः**-કહે છે. **पुमान्**-પુરુષ, **यस्याम्**-જેના ઉપર, **स्वधुरम्**-પોતાની ધૂંસરી, **अध्यस्य**-મૂકીને, **विज्वरः**-જ્વરરહિત થઈને, **चरति**-વિચરે છે. ૧૮

અનુવાદ—હે માનિનિ! સ્ત્રીને, કલ્યાણને ઇચ્છતા પુરુષના દેહનો અડધો ભાગ કહે છે. પુરુષ જેના ઉપર પોતાની ધૂંસરી મૂકીને નચિંત થઈને વિચરે છે. ૧૮

Respect

તત્ત્વસુધા—"मानिनि"-આદર આપવા માનિનિ! સંબોધન આપ્યું છે. ભગવતી શ્રુતિ કહે છે કે "प्रजापतिरमृतमानन्द इत्युपस्थः" પુરુષનો જીવ ચિદ્રૂપ છે. ચિદ્રૂપ જીવનો દેહ સદ્રૂપ છે. અને પત્નીનો દેહ આનંદરૂપ છે. શ્રુતિમાં આનંદની ઉપાસના કરવાનું કહ્યું છે. સ્ત્રી આનંદ પ્રાપ્ત કરાવનારી છે તેથી સ્ત્રીને આનંદરૂપ કહે છે. Respect is one of the greatest expressions of love

यस्यां स्वधुरमध्यस्य—સ્ત્રી વિશ્વાસનું ક્ષેત્ર છે. અઢળક વૈભવ અને વિપુલ કુટુંબ કેવલ સ્ત્રીના વિશ્વાસ ઉપર રાખી પુરુષ નચિંત થઈને વિચરે છે. પુરુષ પરમાત્મા જેટલો જ પત્નીનો ઋણી છે. ૧૮

સ્ત્રી અજેય ગઢ છે, પુરુષ તે ગઢનો ગઢવી છે—

यामाश्रित्येन्द्रियारातीन्दुर्जयानितराश्रमैः ॥
वयं जयेम हेलाभिर्दस्यून्दुर्गपतिर्यथा ॥ १९ ॥

અન્વયાર્થ—यथा-જેમ, **दुर्गपतिः**-દુર્ગપતિ (કિલ્લાનો આશ્રય લઈને), **दस्यून्**-શત્રુઓને જીતે છે, તેમ **वयम्**-અમે, **याम्**-જે સ્ત્રીનો, **आश्रित्य**-આશ્રય લઈને, **इतर-आश्रमैः**-બીજા આશ્રમોથી, **दुर्जयान्**-અજેય એવા, **इन्द्रिय-अरातीन्**-ઇન્દ્રિય-શત્રુઓને, **हेलाभिः**-રમતમાં જ, **जयेम**-જીતી લઈએ છીએ. ૧૯

અનુવાદ—જેમ દુર્ગપતિ કિલ્લાનો આશ્રય કરીને શત્રુઓને જીતે છે તેમ અમે સ્ત્રીનો આશ્રય લઈને અન્ય આશ્રમોથી ન જિતાય એવા ઇન્દ્રિય-શત્રુઓને સહેલાઈથી જીતી લઈએ છીએ. ૧૯

તત્ત્વસુધા—"यामाश्रित्य" સ્ત્રીના આશ્રયનું બલ અમોઘ છે એવું સ્પષ્ટ વર્ણવે છે. સ્ત્રીને અજેય ગઢ કહ્યો છે. શત્રુઓ ઉપર મેદાનમાં રહીને વિજય પ્રાપ્ત કરવો કઠિન છે. જીવનસંગ્રામમાં ઇન્દ્રિયો શત્રુઓ છે. અજીતેલ ઇન્દ્રિયો શત્રુ છે, જીતેલ ઇન્દ્રિયો મિત્ર છે. વૈરાગ્યથી તે જિતાય છે પણ કરોડોમાંથી એકાદ સફળ થાય છે. જ્યારે વિહિત સુખભોગ અને ઈશ્વરસેવાનુરાગ એથી જિતાય છે. એ વસ્તુ ગૃહસ્થાશ્રમ માટે સુલભ છે માટે જ એનું મહત્ત્વ વર્ણવ્યું છે. ૧૯

આ શ્લોકમાં કહેશે કે સ્ત્રીના ઉપકારોનાં વળતર નથી વાળી શકાતાં—

न वयं प्रभवस्तां त्वामनुकर्तुं गृहेश्वरि ॥
अप्यायुषा वै कार्त्स्न्येन ये चान्ये गुणगृध्नवः[3] ॥ २० ॥

---

१. मध्यास्य–प्रा. पा., २. वा प्रा. पा., ३. कामगृध्नवः प्रा. पा.

અન્વયાર્થ—गृहेश्वरि-હે ગૃહરાણી, **ये**-જે, **वयम्**-અમે, **गुणगृध्नवः**-ગુણગ્રાહકો, **स्मः**-છીએ, **ते**-તે, **च**-તેમજ, **अन्ये**-બીજા, **ताम्-त्वाम्** अनुकर्तुम्-આવા ઉપકાર કરનારી પત્નીને વળતર આપવા, **कार्त्स्न्येन आयुषा अपि वा**-સંપૂર્ણ આયુષ્ય દ્વારા પણ, **न प्रभवः**-સમર્થ નથી. ૨૦

અનુવાદ—હે ગૃહરાણી ! જે અમે ગુણગ્રાહકો છીએ તે તેમજ બીજા આવી ઉપકાર કરનારી પત્નીને વળતર આપવા સારાયે જીવન દ્વારા સમર્થ નથી. ૨૦

તત્ત્વસુધા—"न वयं प्रभवः"—કૃતજ્ઞતા સજ્જન જનોનો અલંકાર છે. ઉપકારસ્વીકૃતિ મહત્પુરુષોની સંસ્કૃતિ છે, નીતિમાનોની નીતિ છે અને પુણ્યજનોની પ્રીતિ છે. કૃતજ્ઞ કશ્યપ મુનિ દિતિને ઉદ્દેશીને આખાય વિશ્વની ધર્મપત્નીને સન્માને છે.

"गुणगृध्नवः"–સ્ત્રીમાં અનેક ઉત્તમ ગુણો છે. તેમાં ઉત્તમ સંતાન આપવાનો ઉત્કૃષ્ટ ગુણ છે. માત્ર એના એક જ ગુણનો તેમ જ તેના તરફથી થતી એક દિવસની કુટુંબરક્ષાનો જ બદલો નથી આપી શકતા, તો દયા, દાક્ષિણ્ય, સહિષ્ણુતા, સ્નેહ, સંતોષ, વગેરે અનેક ગુણોનો અને જીવન પર્યન્તની સેવાનો તો ઉપકાર કેમ વાળી શકીએ ? કારણ સ્ત્રી આ લોક અને પરલોક ઉભયનું કલ્યાણદાયી કલ્યાણપીઠ છે અને કુટુંબની અન્નપૂર્ણા અને કામધેનુ છે. ૨૦

આ શ્લોકમાં ઋષિ દિતિને સંધ્યાકાલના વિલંબ માટે વિનવે છે—

अथापि काममेतं ते प्रजात्यै करवाण्यलम् ॥
यथा मां नातिवोचन्ति मुहूर्तं प्रतिपालय ॥ २१ ॥

અન્વયાર્થ—अथ अपि-હવે હું ચોક્કસ, **प्रजात्यै**-સંતતિ માટેના, **एतम्**-આ, **ते**-તારા, **कामम्**-અભિલાષને, **अलं करवाणि**-સંપૂર્ણ કરીશ, **यथा**-જે રીતે, **माम्**-મને લોકશાસ્ત્ર, **न अतिवोचन्ति**-ન નિંદે, **मुहूर्तम्**-તેટલો સમય, **प्रतिपालय**-થોભી જા. ૨૧

અનુવાદ—દેવિ ! હવે હું ચોક્કસ સંતાનપ્રાપ્તિના આ તારા મનોરથને પૂર્ણ કરીશ; પરંતુ જે રીતે લોકશાસ્ત્ર મને ન નિંદે તેટલા સમય પૂરતુ થોભી જા. ૨૧ passion is important in life.

તત્ત્વસુધા—"अथापि काममेतं ते"—મુનિરાજમાં અપાર ધૈર્ય છે અને ધૈર્યજન્ય વિવેકથી દિતિને વિનવે છે કે એક મુહૂર્તકાલ પૂરતાં થંભી જાવ. તમારો મનોરથ પૂર્ણ કરીશ એવું નથી કહેતા કિન્તુ "प्रजात्यै" સંતાનપ્રાપ્તિના અભિલાષને સંપૂર્ણ કરીશ એમ કહે છે. કારણ કે ગૃહસ્થાશ્રમ વિષયભોગ માટે નથી. વિષયવિજય માટે છે અને વંશ સંતતિ સુરક્ષા માટે. "શ્રાદ્ધ-યજ્ઞ અને આતિથ્ય"ની ત્રિવેણી અખંડ વહે માટે જ સંતાનની આવશ્યકતા છે, આ આશયથી અલ્પ સમયના ધૈર્યની વિજ્ઞપ્તિ કરી છે.

अतिवोचन्ति અને अतिशोचन्ति એવા બે પાઠ છે. अति ઉપસર્ગપૂર્વક वुच वोच हिंसानादरयोरिति **रूपं स्यात्** । "नातिशोचन्ती" એવો પણ પાઠ છે, ત્યારે સ્ત્રીલિંગે દિતિનું વિશેષણ છે કે તારે તારા ઉતાવળા કાર્યથી પરિતાપ ન કરવો પડે. ૨૧

આ શ્લોકથી સમયવિલંબ શા માટે કરવો તેના હેતુઓ દર્શાવે છે—

एषा घोरतमा वेला घोराणां घोरदर्शना ॥
चरन्ति यस्यां भूतानि भूतेशानुचराणि ह ॥ २२[1] ॥

---

[1] नातिशोचन्ति इति प्रा. पा.

અન્વયાર્થ—एषा-આ, **घोराणाम्**-ઘોર પ્રાણીઓના સંબંધવાળી, **वेला**-વેલા છે. **घोरदर्शना**-દેખાવમાં પણ ઘોર છે. **घोरतमा**-અતિશય ઘોર છે. **यस्याम्**-આ વેલામાં, **भूतेश-अनुचराणि**-ભૂતનાથ શંકરના અનુચરો અને, **भूतानि**-ભૂતો, **चरन्ति ह**-અવશ્ય વિચરે છે. ૨૨

અનુવાદ--દેવિ ! આ ક્રૂર પ્રાણીઓને વિચરવાની વેળા છે, દેખાવમાં પણ ઘોર છે અને સ્વરૂપથી અતિશય ઘોર છે. આ વેળામાં ભૂતનાથ મહાદેવના ગણો તેમજ ભૂતો અવશ્ય વિચરે છે. ૨૨

તત્ત્વસુધા—"एषा घोरतमा वेला" આ શ્લોકના પૂર્વાર્દ્ધથી વેલા ત્રણ રીતે પ્રતિકૂલ છે એવું સમજાવે છે. પ્રથમ તો ઘોરતમા વેલા અત્યંત ઘોર કાલ છે એમ કહ્યું. સર્વપ્રકારના ભોગને ત્યજવાનો સમય સંધ્યાકાલ છે. જલ પણ ન પિવાય, ભોજન પણ ન કરાય, પાન પણ ન ખવાય તો સંસારરતિ તો કેમ થાય? આ વિશેષણથી કાલદોષ બતાવ્યો છે. આ સમયમાં સૂર્ય-ચન્દ્રનો અભાવ હોય છે. તેથી બુદ્ધિ અને મન વિવેકપ્રકાશ વિનાનાં હોય છે તેથી ભોગ માટે ત્યાજ્ય છે. તેમજ સંધ્યાવેળાને રજસ્વલા કહી છે. તેથી રજસ્વલા સ્પર્શ માટે પણ નિષિદ્ધ છે. સંધ્યા સમય ગયા પછી રાત્રીકાલ ભોગ માટે રજસ્વલાકાલ નિવૃત્ત થયા પછી સ્ત્રીની માફક સંસાર માટે પવિત્ર માન્યો છે.

ઘોરદર્શના—વળી દર્શનમાં અતિશય ભયાનક લાગે છે. અને ઘોરાણાં વેલા ક્રૂર પ્રાણીઓની વેળા છે માટે વિવેકથી સંયમ પાળવો જ યોગ્ય છે. વળી મહાદેવજીના ગણો તેમજ ભૂતો આ સમયે વિચરે છે. એમનો વિચરવાનો આ સમય હોવાથી 'अपसर्पन्तु' વગેરે રક્ષોઘ્ન મંત્રો પણ આ સમયે સફળ નહીં બને માટે ધૈર્ય જ ધારવું શ્રેષ્ઠ છે. ૨૨

આ શ્લોકમાં સંધ્યાકાલ હોવાથી સંસારસુખનો નિષેધ કરે છે—

एतस्यां साध्वि संध्यायां भगवान्भूतभावनः ॥
परीतो भूतपर्षद्भिर्वृषेणाटति भूतराट् ॥ २३ ॥

અન્વયાર્થ—साध्वि-હે સાધ્વી સ્ત્રી! **एतस्याम् संध्यायाम्**-આ સંધ્યા સમયે, **भूत-भावनः**-પ્રાણીઓનું પાલન કરનાર, **भगवान्**-ભગવાન, **भूतराट्**-ભૂતરાજ, **भूत-पर्षद्भिः**-પોતાના ભૂતસભાસદોથી, **परीतः**-વીંટાઈ, **वृषेण**-નંદી ઉપર બિરાજી, **अटति**-વિચરે છે. ૨૩

અનુવાદ—હે સાધ્વી સ્ત્રી ! આ સંધ્યાકાળે પ્રાણીઓનું પાલન કરનાર ભગવાન ભૂતપતિ પોતાના ભૂત સભાસદો સાથે નંદી ઉપર બિરાજીને વિચરે છે. ૨૩

તત્ત્વસુધા—साध्वि! દિતિનું સંબોધન છે. સન્માર્ગનું પાલન કરવાના આશયથી સંબોધન કર્યું છે. "संध्यायाम्" સંધ્યા સમય, એકાદશી, દ્વાદશી, અમાવાસ્યા, પૂર્ણિમા, ચતુર્દશી, અષ્ટમી, ક્ષયતિથિ, જન્મ નક્ષત્ર, વ્યતિપાત, સંક્રાન્તિ, શ્રાદ્ધતિથિ, પરાન્નભોજન દિવસ અને ચાતુર્માસ આ દિવસો સંસારસુખ માટે વર્જ્ય ગણવા. કશ્યપ મુનિ દિતિને સમજાવે છે કે-જો સંધ્યાકાળમાં કોઈની ઉત્પત્તિ થાય તો તેનો અને લોકનો નાશ થાય છે માટે સંધ્યાકાલે સ્મરણ-ધ્યાનમાં મન રાખવું, સંસારરમણથી પર રહેવું.

वृषेण अटति-સંધ્યાકાલે કોઈ અધર્મ આચરણ ન કરે માટે ભગવાન ભૂતરાજ નંદી ઉપર બિરાજીને વિચરે છે. શ્રી નંદીજીનું નામ વૃષ છે. વૃષ ધર્મનું સ્વરૂપ છે. કદાચ આપણે આ સ્થાન ત્યજી અન્ય સ્થાનમાં જઈએ તો પણ સંધ્યા સમયે શંકર ભગવાન સર્વત્ર વિચરે છે તેથી સંયમ રાખવો જ કલ્યાણકર છે. ૨૩

આ શ્લોકમાં શંકર ભગવાન અનુચિત આચારને જોઈ રહ્યા છે માટે વિવેકી રહેવું એ વાત કહે છે—

श्मशानचक्रानिलधूलिधूम्रविकीर्णविद्योतजटाकलापः ॥
भस्मावगुण्ठामलरुक्मदेहो देवस्त्रिभिः पश्यति देवरस्ते ॥ २४ ॥

અન્વયાર્થ—श्मशान-चक्र-अनिल-धूलि-धूम्र-विकीर्ण-विद्योत-जटा-कलापः-શ્મશાનના વંટાળિયાના પવનથી ઊડેલી ધૂળથી ભૂખરી બનેલ અને વીંખાએલી પ્રકાશતી જટાજૂટવાળા, **भस्म-अवगुण्ठ-अमल-रुक्म-देहः**-ભસ્મથી ધોવાયેલ ઉજ્જવલ સુવર્ણ જેવા શરીરવાળા, વળી, **ते देवरः**-તારા દિયર, **देवः**-મહાદેવ, **त्रिभिः**-ત્રણ નેત્રાથી, **पश्यति**-જુએ છે. (ઉપજાતિ વૃત્ત) ૨૪

અનુવાદ—શ્મશાનના વંટોળિયાના પવનથી ઊડેલી ધૂળથી ભૂખરી બનેલ અને વીખરાયેલ ચળકતી જટાજૂટવાળા, ભસ્મથી ધોવાયેલ તેજસ્વી સુવર્ણ જેવા શરીરવાળા તમારા દિયર મહાદેવ ત્રણ નેત્રો દ્વારા જોઈ રહ્યા છે. ૨૪

તત્ત્વસુધા—देवस्त्रिभिः पश्यति देवरस्ते—કશ્યપ મુનિ દિતિને સમજાવે છે કે તમારા "દેવર" શંકર ભગવાન ત્રણ નેત્રાથી નિહાળી રહ્યા છે, માટે આપણે તેમની દૃષ્ટિ સામે સંયમી રહેવું જોઈએ. દમ્પતીએ પોતાનો દામ્પત્ય રસવિલાસ ત્રીજી વ્યક્તિની નજર પડે તે રીતે ન ભોગવવો જોઈએ. જેમાં મર્યાદાભંગ છે, રસભંગ છે, ઘૃણા ભર્યું કાર્ય છે અને પશુ તુલ્ય વ્યવહાર છે, જો સામાન્યની નજર સામે પણ વિવેક શોભે તો ત્રિનેત્રથી નિહાળતા ભગવાન શંકર સામે તો વિવેક રાખવો જોઈએ. કારણ કે—

(૧) તેઓ ત્રણ નેત્રથી નિહાળે એ એક કારણ, (૨) તમારા દિયર બીજું કારણ અને (૩) ધર્મરક્ષક હોવાથી દંડ કરશે એ ત્રીજું કારણ, (૪) એમને ભસ્મ વહાલી છે માટે અપરાધીને મારીને ભસ્મ પ્રાપ્ત કરશે એ ચોથું કારણ. આવાં અનેક કારણો કેવલ વિવેકી થવા ફરજ પાડે છે.

ત્રણ નેત્રાથી દેખે છે એવું કહેવાનું કારણ કે "ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણ" એ ત્રણ અગ્નિઓ મહાદેવજીનાં ત્રણ નેત્રા છે. આપણે અગ્નિશાળામાં બેઠાં છીએ અને અગ્નિરૂપ નેત્રથી નિહાળે છે. કદાચ કહે ભલે જુએ ત્યારે લજ્જા અને ભયનું કારણ બતાવે છે કે તમારા "દેવર" છે. દેવરના અનેક અર્થ કર્યા છે.

દેવર એટલે દિયર એવો અર્થ કર્યો છે. એક પુરુષે પોતાની કન્યાઓ જે જમાઈઓને આપી તે બધા ભાઈઓ ગણાય તેથી સતીપતિ અને ઉમાપતિ દિતિના દિયર થયા. પ્રથમ મન્વતંરમાં સતીનો જન્મ હતો ત્યારે દિતિનો જન્મ ન હતો. વળી સ્વાયંભુવ દક્ષની કન્યા સતી છે તેના પતિ મહાદેવ છે. પ્રાચેતસ દક્ષની કન્યા દિતિ તેના પતિ કશ્યપ છે. આમ બન્નેના સસરા જુદા થયા પછી એક સસરાના જમાઈ ભાઈ થાય એ ન્યાય અહીં નથી ઘટતો તો મહાદેવ દિતિના દિયર શી રીતે તો એનું સમાધાન છે કે બીજા કલ્પમાં પ્રાચેતસને ૬૦ કન્યાઓ હતી તેમાં સતી પણ હતી તે મહાદેવજીને આપેલ માટે દિયર થાય છે.

દેવરનો અર્થ પતિ પણ થાય છે. तृतीयो अग्निष्टे पतिः-ત્રીજા અગ્નિ મહાદેવ છે તે તારા પતિ છે તે જોઈ રહ્યા છે. (આ અર્થ લોકપ્રસિદ્ધ નથી.)

દેવરનો અર્થ देवं सुखं रातीति દૈત્યોને સુખ આપનાર દેવર છે. દેવર શબ્દનો અર્થ સસરા થાય છે. देव पतित्वं रातीति देवरः મહાદેવ દિતિના સસરા થાય છે; કારણ કે કન્યા અવસ્થામાં દિતિએ મહાદેવની પ્રાર્થના કરી અને મહાદેવે કશ્યપને વર તરીકે આપ્યા તેથી પતિ આપનારા દેવર થયા. ૨૪

દિતિ માને છે કે "દેવર" તરીકે આપણા મહાદેવ સંબંધી છે તો દોષને માફ કરશે પછી શો ભય છે, એવી શંકાનું સમાધાન કરવા શ્લોક આરંભે છે—

न ह्यस्य[१] लोके स्वजनः परो वा नात्यादृतो नोत कश्चिद्विगर्ह्यः ॥
वयं व्रतैर्यच्चरणापविद्धामाशास्महेऽजां बत मुक्तभोगाम् ॥ २५ ॥

અન્વયાર્થ - **हि**-ખરેખર, **अस्य**-આ શંકરને, **लोके**-જગતમાં, **कश्चित्**-કોઈ, **स्वजनः**-સ્વજન નથી, **वा**-અથવા, **परः न**-શત્રુ નથી. તેમજ **अत्यादृतः न**-અત્યંત આદરણીય નથી, **उत**-અથવા, **विगर्ह्यः न**-નિંદવા યોગ્ય દ્વેષ કરવા યોગ્ય નથી. **बत**-આશ્ચર્યની વાત છે કે- **यत् चरण-अपविद्धाम्**-જેમના ચરણથી દૂર કરાયેલી, **मुक्त-भोगाम्**-ભોગ ભોગવી લીધેલી એવી, **अजाम्**-વિષયસમૃદ્ધિને-પ્રકૃતિને, **वयम्**-આપણે, **व्रतैः**-વ્રતાચરણ દ્વારા, **आशास्महे**-મેળવવા ચાહીએ છીએ. (ઉપજાતિ વૃત્ત) ૨૫

અનુવાદ—ખરેખર આ શંકરને લોકમાં કોઈ સ્વજન નથી. કોઈ શત્રુજન નથી. કોઈ અતિશય આદરણીય નથી. કોઈ દ્વેષ કરવા યોગ્ય નથી. આશ્ચર્ય છે કે જેમના ચરણથી દૂર ત્યજાએલી અને ભોગવેલી એવી સમૃદ્ધિને આપણે વ્રતાચરણો દ્વારા મેળવવા ચાહીએ છીએ. ૨૫

તત્ત્વસુધા—न ह्यस्य लोके-મહાદેવજી તો બ્રહ્મરૂપ છે તેમને સ્વજન, શત્રુજન, વગેરે દ્વૈતભાવ નથી તેથી કોઈનામાં આસક્તિ કરશે નહીં. અને દિયર તરીકે લાગણીવશ બની દોષની ઉપેક્ષા કરશે નહીં માટે આપણે તેમની મર્યાદા પાળવી જોઈએ.

વળી આપણે પુત્ર-પૌત્ર-ધન વગેરે સમૃદ્ધિઓને ચાહીએ છીએ. તે તેમની કૃપાથી મળવાની છે તો તેમને નારાજ કરવાથી તે કેમ મળશે ? તેથી મર્યાદા પાળવી આવશ્યક છે. ૨૫

જો મહાદેવ બ્રહ્મસ્વરૂપ છે તો નિંદ્ય પિશાચચર્યા કેમ આચરે છે, એના સમાધાનમાં આ શ્લોક છે—

यस्यानवद्याचरितं मनीषिणो गृह्णन्त्यविद्यापटलं बिभित्सवः ॥
निरस्तसाम्यातिशयोऽपि यत्स्वयं पिशाचचर्यामचरद्गतिः सताम् ॥ २६ ॥

અન્વયાર્થ—**अविद्या-पटलम्**—અવિદ્યાના આવરણને, **बिभित्सवः**-ઉલ્લંઘવા ચાહતા, **मनीषिणः**-બુદ્ધિમાન પુરુષો, **यस्य**-જે શંકરના, **अनवद्य-आचरितम्**-નિર્દોષ આચરણને, **गृह्णन्ति**-ગ્રહણ કરે છે. વળી, **निरस्त-साम्य-अतिशयः**-જેમની કોઈ સમાન કે અધિક નથી એવા, **यत् स्वयम्**-જે પોતે, **सतां गतिः**-સત્પુરુષોની ગતિરૂપ છે તેવા, **पिशाच-चर्याम्**-પિશાચના જેવાં આચરણોને, **अचरत्**-આચરે છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૨૬

અનુવાદ—અવિદ્યાના આવરણને ઉલ્લંઘવા ચાહતા બુદ્ધિમાન પુરુષો જે શંકરના નિર્દોષ આચરણને ગ્રહણ કરે છે, વળી જેમની કોઈ સમાન કે જેમનાથી કોઈ અધિક નથી એવા જે પોતે સજ્જનોની ગતિરૂપ છે તેઓ પિશાચના જેવાં આચરણોને આચરે છે. ૨૬

તત્ત્વસુધા—" पिशाचचर्यामचरद्-गतिः सताम् "-દિતિએ કહ્યું કે મેં લાજ અને ભય નેવે મૂક્યાં છે. અને મહાદેવની લીલા હું જાણું છું. સ્વયં દિગંબર છે અને સર્વત્ર પ્રિયાસંગે વિચરે છે, ઉપરાંત પિશાચચર્યા આચરે છે પછી તેમની મર્યાદા શી પાળવી ? એવા કુતર્કના ખુલાસા માટે આ શ્લોક છે.

" अविद्यापटलम् "—પટલ આંખનો રોગ છે. અવિદ્યા એ આંખનો અંદરનો બહારનો પાટો છે. વળી રોગ છે. તેને દૂર કરવા મહાદેવના દિવ્ય ચરિત્રની મનીષી પુરુષો ઉપાસના કરે છે તેમને માટે કુતર્ક ન કરાય.

निरस्तसाम्यातिशयः—સ્વયં મહાદેવ સર્વથી મહાન છે. તેમનાથી સમાન કે મહાન કોઈ નથી તો પણ તેઓ લોકશિક્ષા માટે જ પિશાચચર્યા આચરે છે. અને એ એમનો અલંકાર છે. માટે મહાદેવની ઉપેક્ષા ન કરવી. ૨૬

---

[१] यस्य इति प्रा. पां.

Positive, Negative, Logical, constructive, Destructive, practical criticism.

દિતિ કહે છે લોકો એમના ચરિત્રને હસે છે કેમ ? તેનું સમાધાન કરે છે. **અણસમજુ અભાગી એમને હસે છે એ વાત આ શ્લોકમાં કહેશે–**

हसन्ति यस्याचरितं हि दुर्भगाः स्वात्मन्रतस्याऽविदुषः समीहितम् ॥
यैर्वस्त्रमाल्याभरणानुलेपनैः श्वभोजनं स्वात्मतयोपलालितम् ॥ २७ ॥

અન્વયાર્થ—यैः–જે વિષયી જનોથી, **वस्त्र–माल्य–आभरण–अनुलेपनैः**–વસ્ત્ર, પુષ્પમાલા, આભૂષણ અને લેપોથી, **श्व–भोजनम्**–કૂતરાંના આહાર થનાર દેહને, **स्व–आत्मतया**–પોતાના આત્મા તરીકે, **उपलालितम्**–લાડ લડાવાયાં છે, તે, **दुर्भगाः**–દુર્ભાગી, **अविदुषः**–અજ્ઞાની જનો, **स्वात्मन्–रतस्य**–પોતાના આત્માનાં રમણ કરનારા, **यस्य**–જે શંકર ભગવાનનાં, **समीहितम्**–પૂજનીય એવા, **आचरितम्**–આચરણને, **हि हसन्ति**–ખરેખર હસે છે. (વંશસ્થ વૃત્ત) ૨૭

અનુવાદ—જે વિષયીજનોથી, વસ્ત્ર, પુષ્પમાલા, આભૂષણ અને લેપોથી કૂતરાંના ખોરાક થનાર દેહને પોતાના આત્મા તરીકે લાડ લડાવ્યાં છે તે દુર્ભાગી અજ્ઞાની જનો પોતાના આત્મામાં રમણ કરનારા શ્રી શંકર ભગવાનનાં પૂજનીય એવાં આચરણને ખરેખર હસે છે. ૨૭

તત્ત્વસુધા—"हसन्ति यस्याचरितं हि दुर्भगाः"—મહાદેવના સ્વરૂપને ન સમજનાર નિંદા કરે છે તેથી તેમને "દુર્ભગ" કહ્યા. દુર્ભાગીનું શું લક્ષણ કે શું સ્વરૂપ છે એને સમજાવવા માટે ઉતરાર્દ્ધ શરૂ કર્યો. criticism #

यैर्वस्त्रमाल्याभरणानुलेपनैः—"વસ્ત્રો, આભૂષણો, પુષ્પો અને અત્તરલેપ" આ ચાર દ્વારા જેઓ પોતાના દેહને આત્મા સમજી લાડ લડાવે છે એમને ત્યાગ અને વિરાગના આસ્વાદની શી ખબર ? તેઓ તો વિરક્તોને હસે એ એમનું સ્વભાવજન્ય દુર્ભાગ્ય છે. **श्वभोजनम्** આવા વિષયી જનો તો શ્વાન જેવા આહારવિહાર કરનારા દેહમાં જ વિલાસથી ડૂબ્યા છે. એમના ઉપહાસની ચિંતા કે મૂલ્યાંકન શું ? ગજરાજની પાછળ ઘણાં શ્વાન ભસે છે તેથી ગજરાજની નિંદા શી ? ૨૭

દિતિએ કહ્યું કશ્યપ તમે મહાદેવની પિશાચચર્યાનો બચાવ શાના કરો છો ? સ્પષ્ટ કબૂલોને કે મહાદેવને પિશાચચર્યાનો દક્ષે શાપ આપ્યો છે. આ શંકાના સમાધાન માટે આ શ્લોકનો આરંભ છે—

ब्रह्मादयो यत्कृतसेतुपाला यत्कारणं विश्वमिदं च माया ॥
आज्ञाकरी तस्य पिशाचचर्या अहो विभूम्नश्चरितं विडम्बनम् ॥ २८ ॥

અન્વયાર્થ—यत्–कृत–सेतु–पालाः–જેમણે કરેલા સેતુઓનું પાલન કરનારા, **ब्रह्मा–आदयः**–બ્રહ્મા વગેરે દેવો છે, **इदं च विश्वम्**–અને આ વિશ્વનું, **यत्कारणम्**–જે કારણ છે, **माया आज्ञाकरी**–માયા જેમની આજ્ઞામાં રહે છે, **तस्य**–તે મહાદેવની, **पिशाच-चर्या**–પિશાચચર્યા છે, **अहो**–અહો, **विभूम्नः चरितम्**–સમર્થનું આવું ચરિત્ર, **विडम्बनम्**–અનુકરણ માત્ર છે. (ઇંદ્રવજ્રા વૃત્ત) ૨૮

અનુવાદ—બ્રહ્માદિ દેવો જેમના રચેલા સેતુઓનું પાલન કરનારા છે, અને આ વિશ્વનું જે કારણ છે, વળી માયા જેમને આધીન છે તે મહાદેવની પિશાચચર્યા હોય ! અહો સમર્થનાં આવાં ચરિત્રો કેવલ અનુકરણ–વિડંબના છે. ૨૮

તત્ત્વસુધા—"ब्रह्मादयो यत्कृतसेतुपालाः"—બ્રહ્માદિ દેવો તેમ જ માયા બન્ને મહાદેવની બાંધેલી મર્યાદાને માન આપીને સર્વ કાર્ય કરે છે. જો તેઓ વાસ્તવિક જ પિશાચશીલ હોય તો બ્રાહ્મણો, બ્રહ્મા અને માયા ત્રણે સ્વતંત્ર જેવાં કદી તેમનું શાસન ન માને. પરંતુ શાસનને માને છે તે જ પૂરવાર કરી આપે છે કે "પિશાચ-

ચર્યા " તો કેવલ તેમનો વિડંબન–વિનોદ છે. ત્રિપુર દાનવને મારવા માટે જેમ પૃથ્વીનો રથ બનાવ્યો, બ્રહ્માને સારથિ બનાવ્યા હતા તે વિલાસ હતો એવો આ એક વિહાર છે, દક્ષના શાપ સાથે કોઈ જ સંબંધ નથી. ૨૮

આ શ્લોકમાં કામપરવશની સ્થિતિનું વર્ણન છે—

मैत्रेय उवाच – एवं संविदिते भर्त्रा मन्मथोन्मथितेन्द्रिया ॥
जग्राह वासो ब्रह्मर्षेर्वृषलीव गतत्रपा ॥ २९ ॥

અન્વયાર્થ—**मैत्रेय उवाच**–મૈત્રેય મહર્ષિએ કહ્યું, **भर्त्रा**–પતિ કશ્યપે, **एवं संविदिते**–આવું સમજાવ્યું ત્યારે, **मन्मथ–उन्मथित–इन्द्रिया**–કામદેવઉન્મથિત ઇન્દ્રિયવાળી, **गतत्रपा**–લજ્જા ત્યજી, **सा**–તે દિતિએ, **वृषली इव**–શૂદ્ર સ્ત્રીની માફક, **ब्रह्मर्षेः**–બ્રહ્મર્ષિ કશ્યપનું, **वासः**–વસ્ત્ર, **जग्राह**–પકડયું. ૨૯

અનુવાદ—મૈત્રેય મહર્ષિએ કહ્યું–પતિ કશ્યપે આવું સમજાવ્યું ત્યારે કામદેવથી પીડિત ઇન્દ્રિયોવાળી તે દિતિએ લજ્જા ત્યજીને શૂદ્ર સ્ત્રીની માફક તે બ્રહ્મર્ષિ કશ્યપનું વસ્ત્ર પકડયું. ૨૯

તત્ત્વસુધા—" एवं संविदिते "—" વિવેકી વાણીનું બલ વાપરે " એ ન્યાયે શ્રી કશ્યપ મુનિએ વિવેક, પ્રેમ અને ભય ત્રણે વાપર્યાં પણ સફળતા મળી નહિ. દિતિ મહાદેવનાં ભક્ત હતાં તેથી જ મહાદેવનો ભય વર્ણવ્યો જેથી વિવેક આવે. પરંતુ તેવું ન થયું ખરે " कामातुराणां न भयं न लज्जा "–કામીને લાજ અને ભય નથી હોતાં.

वासो जग्राह—દિતિને કામ અમાપ થયો અને બ્રહ્મર્ષિ એટલે તેજસ્વી તપસ્વી અને શાંત મુનિનાં વસ્ત્રો પકડીને ખેંચવા લાગી. માત્ર વાણીથી જ ન અટકતાં કામને ક્રિયામાં પ્રકટ કર્યો. ૨૯

મુનિએ ઈશ્વરઇચ્છા સમજી દિતિની ઇચ્છાને માન આપ્યું એમ આ શ્લોકમાં કહે છે—

स विदित्वाथ भार्यायास्तं निर्बन्धं विकर्मणि ॥
नत्वा दिष्टाय रहसि तथाऽथोपविवेश ह ॥ ३० ॥

અન્વયાર્થ—**अथ**–પછી, **विकर्मणि**–વિપરીત કર્મમાં, **भार्यायाः**–પત્નીના, **तं निर्बन्धं**–તે દુરાગ્રહને, **विदित्वा**–જાણીને, **दिष्टाय**–કાલને, **नत्वा**–નમન કરીને, **सः**–તે કશ્યપમુનિ, **अथ**–ત્યાર બાદ, **तया रहसि**–તેની સાથે એકાન્તમાં, **उपविवेश ह**–ખરેખર બેઠા. ૩૦

અનુવાદ—પછી વિપરીત કર્મમાં પત્નીના તે દુરાગ્રહને જાણીને કાલને નમન કરીને, તે કશ્યપ મુનિ ત્યારબાદ તેની સાથે એકાન્તમાં ખરેખર બેઠા. ૩૦

તત્ત્વસુધા—" स विदित्वाऽथ भार्यायाः "—મુનિ યદ્યપિ વિવેકી હતા પરંતુ કેવલ કલેશથી કંટાળીને કામપૂર્તિ માટે કાન્તાને અનુકૂળ થયા. અનુકૂળ થતાં મુનિએ " दिष्टाय " દિષ્ટને એટલે દૈવને અથવા કાલને નમસ્કાર કર્યો. સંધ્યાનો સમય હતો, તેનો અનાદર થઈ રહ્યો હતો, તેથી તેને નમસ્કાર કરવાથી તે સાનુકૂળ રહે અને કાલ ક્રોધ કરી શાપ ન આપે.

" रहसि "—ઋષિ કશ્યપ વિવેકી હતા. તેઓ અગ્નિશાળાના સ્થાનમાંથી અન્ય સ્થાનમાં रहसि–એકાન્તમાં દિતિની સાથે ચાલ્યા ગયા. અને પત્નીની મનોવાંછા પૂર્ણ કરી.

" अथ "—મુનિ વિવેકની સીમા હતા. કામાવેશયુક્ત પત્ની હોવા છતાં વેદોક્ત રીતિને અનુસરીને ગર્ભાધાન સંસ્કાર કર્યા. આટલો વિવેક સાચવવા છતાં મહાપુરુષને માટે આશ્ચર્ય પ્રકટ કરતું 'હ' અવ્યય વાપર્યું. ૩૦

મુનિરાજે ચિત્તપ્રસાદ માટે ગાયત્રીજપ કર્યો એ વાત કહે છે—

अथोपस्पृश्य सलिलं प्राणानायम्य वाग्यतः ॥
ध्यायञ्जजाप विरजं ब्रह्मज्योतिः सनातनम् ॥ ३१ ॥

અન્વયાર્થ—**अथ**-ત્યારબાદ, **सलिलम् उपस्पृश्य**-જલથી સ્નાન કરી, **प्राणान् आयम्य**-પ્રાણાયામ કરી, **वाग्यतः**-વાણીનો સંયમ કરી, **विरजम्**-અવિદ્યાનો નાશ કરનાર, **ज्योतिः**-પ્રકાશક, **सनातनम्**-સનાતન, **ब्रह्म**-બ્રહ્મનું, **ध्यायन्**-ધ્યાન કરતાં, **जजाप**-જાપ કરવા લાગ્યા. ૩૧

અનુવાદ—ત્યારબાદ જલથી સ્નાન કરી, પ્રાણાયામ કરી, વાણીનો સંયમ કરી, અવિદ્યાનો નાશ કરનાર, પ્રકાશક સનાતન બ્રહ્મનું ધ્યાન કરતા જપ કરવા લાગ્યા. ૩૧

તત્ત્વસુધા—અથ–પૂર્વ શ્લોકમાં ગર્ભાધાન સંસ્કારની કથા કહી. આ શ્લોકમાં પ્રાયશ્ચિત્તનું વર્ણન કરે છે: "उपस्पृश्य सलिलम्" સ્નાનમાં ક્રોધ, ખેદ, કામ, શ્રમ નિવારણનું સામર્થ્ય છે. મુનિએ સ્નાન કરી આ સર્વ દૂર કર્યાં. પુનઃ પ્રાણાયામ કરી મનોમલ બાળ્યા. કામ–ભોગ પછી વાસના તો રહે છે જ તેની શુદ્ધિ માટે પ્રાણાયામ તેમજ પ્રણવ અથવા ગાયત્રી જાપ આવશ્યક હોય છે. જપ કરતાં સ્વરૂપનું અનુસંધાન રાખવું જોઈએ, પ્રણવનું ધ્યાન અને પ્રણવનો જપ કર્યો એવું તાત્પર્ય લાગે છે. ૩૧

આ શ્લોકમાં દિતિ ક્ષમા માંગે છે એ વાત કહે છે—

दितिस्तु व्रीडिता तेन कर्मावद्येन भारत ॥
उपसंगम्य विप्रर्षिमधोमुख्यभ्यभाषत ॥ ३२ ॥

અન્વયાર્થ—**भारत**-હે ભારત !, **तेन**-તે, **कर्म-अवद्येन**-નિંદિત કર્મથી, **व्रीडिता**-શરમાએલી, **दितिः**-દિતિ, **विप्रर्षिम्**-વિપ્રર્ષિ કશ્યપની, **उपसंगम्य**-પાસે જઈને, **अधोमुखी**-નીચું મુખ રાખી, **अभाषत**-બોલવા લાગી. ૩૨

અનુવાદ—હે ભારત! નિંદિત કર્મથી શરમ પામેલી દિતિ વિપ્રર્ષિ કશ્યપ પાસે જઈ મુખ નીચું રાખી બોલવા લાગી. ૩૨

તત્ત્વસુધા—"अवद्येन **कर्मणा**"–દામ્પત્ય જીવનમાં પુત્રકામનાથી ગૃહસ્થાશ્રમપ્રવેશ તો શાસ્ત્રસંમત છે પરંતુ અગ્નિશાળામાં મુનિરાજના વસ્ત્રને પકડી, આગ્રહ કરી કર્મત્યાગ કરાવ્યો એ કાર્ય નિંદ્ય અથવા દોષ યુક્ત છે. દિતિદેવીને તેનો પરિતાપ થયો અને લજ્જા અને સંકોચથી નતમસ્તક બની નિવેદન કરવા લાગ્યાં. શ્રેષ્ઠ કક્ષાની વ્યક્તિ અને સમજુ વ્યક્તિ વિધિવશ દોષ તો કરે પરંતુ અવિલંબે પ્રાયશ્ચિત પણ કરે છે. ૩૨

આ શ્લોકમાં દિતિ રુદ્ર ભગવાન ગર્ભનાશ ન કરે એવી પ્રાર્થના કરે છે—

दितिरुवाच – मा मे गर्भमिमं ब्रह्मन् भूतानामृषभोऽवधीत् ॥
रुद्रः पतिर्हि भूतानां यस्याकरवमंहसम् ॥ ३३ ॥

અન્વયાર્થ—**ब्रह्मन्**-હે કશ્યપ ઋષિ!, **भूतानाम्-ऋषभः**-ભૂતોમાં શ્રેષ્ઠ, **रुद्रः**-ભગવાન રુદ્ર, **मे इमं गर्भम्**-મારા આ ગર્ભનો, **मा अवधीत्**-નાશ ન કરો, **हि**-ખરેખર, **रुद्रः**-રુદ્ર, **भूतानां पतिः**-ભૂતોના સ્વામી છે, **यस्य**-જેમનો, **अंहसम्**-મેં અપરાધ, **अकरवम्**-કર્યો છે. ૩૩

અનુવાદ—હે કશ્યપ ઋષિ! ભૂતોમાં શ્રેષ્ઠ ભગવાન રુદ્ર આ મારા ગર્ભનો નાશ ન કરો, ખરેખર રુદ્ર ભૂતોના સ્વામી છે, જેમનો મેં અપરાધ કર્યો છે. ૩૩

તત્ત્વસુધા—**ब्रह्मन्**-કશ્યપ મુનિને સંબોધન કરીને સૂચવે છે કે મુનિવર્ય રુદ્રને મનાવવા તેમજ ગર્ભરક્ષાના ઉપાય કરવા સમર્થ છે. દિતિએ શાસ્ત્રથી કોઈ નિષિદ્ધ ક્રિયાનું આચરણ નથી કર્યું તેથી શાસ્ત્રોક્ત કોઈ પણ

પ્રાયશ્ચિત્ત નથી કર્યું પરંતુ કસમયે ગર્ભાધાન વિધિ થયો અને રુદ્ર રોષે ભરાય અને ગર્ભનો નાશ કરી નાખે તેથી રુદ્રને વિનંતિ કરવા રુદ્રભક્ત કશ્યપને દિતિ મનાવવાનો પ્રયત્ન કરે છે. ૩૩

આ શ્લોકમાં નવ રુદ્રના નામના નમસ્કારથી નવ પ્રકારે મનાવે છે—

नमो रुद्राय महते देवायोग्राय मीढुषे ॥
शिवाय न्यस्तदण्डाय धृतदण्डाय मन्यवे ॥ ३४ ॥

અન્વયાર્થ—रुद्राय–શ્રીરુદ્રને, **महते**–ઉદારને, **देवाय**–દેવને, **उग्राय**–ઉગ્રને, **मीढुषे**–કામના પૂર્ણ કરનારને, **शिवाय**–કલ્યાણ રૂપને, **न्यस्त–दण्डाय**–દંડને ત્યજેલાને, **धृतदण्डाय**–શિક્ષા દંડને ધારણ કરનારને, **मन्यवे**–ક્રોધ રૂપને, **नमः**–નમસ્કાર કરું છું. ૩૪

અનુવાદ—શ્રી રુદ્ર, ઉદાર, દેવ, ઉગ્ર, કામના પૂર્ણ કરનાર, કલ્યાણમય, દંડને ત્યજનાર છતાં દંડ ધારણ કરનાર અને ક્રોધરૂપ એવા મહાદેવને નમસ્કાર કરુ છું. ૩૪

તત્ત્વસુધા—रुद्राय–પ્રાણીઓનું દુઃખ જોઈ દયાળુ દિલથી રડી પડ્યા એવા રુદ્ર મારા ગર્ભ ઉપર કૃપા કરો તેથી "રુદ્ર"ને નમસ્કાર કર્યા.

महते—ઉદાર દિલના હોય તેને મહાન કહેવાય છે. અપરાધની ક્ષમા આપે તે ઉદાર દિલ કહેવાય છે.

देवाय—પ્રાર્થનાથી અપરાધોને વીસરી જાય છે તેને "દેવ" એટલે દયાળુ માન્યા છે માટે દેવને પ્રણામ.

उग्राय—સ્વભાવે ઉગ્ર હોય તેને કોઈ પણ આવીને શમાવી ન શકે. માટે મારા વિરુદ્ધ કોઈ તેમને ઉશ્કેરશે નહીં તેવા "उग्र"ને નમસ્કાર.

मीढुषे—કામના પૂર્ણ કરનારને "मीढवान्" કહે છે. તો મીઢવાન્ ભગવાન બીજાની માફક મારી કામના પણ પૂર્ણ કરશે.

शिवाय—કલ્યાણ કરનાર અને કલ્યાણસ્વરૂપ શિવને નમસ્કાર કરું છું તેથી ગર્ભનું કલ્યાણ કરશે.

न्यस्तदण्डाय—દક્ષનો વધ કરી દંડ ત્યજીને રહેલા સત્વમય શિવને પ્રણામ જેઓ મારા ઉપર પણ દયાથી જ જોશે.

धृतदण्डाय—ખલનો નાશ કરવા દંડ ધારણ કરનાર રુદ્રને નમસ્કાર. મારો દોષ હશે પણ મારા ગર્ભનો દોષ નથી તેથી મને શિક્ષા કરે અને મારા ગર્ભની રક્ષા કરે.

मन्यवे—ક્રોધમય રુદ્રને પ્રણામ કરું છું. મુનિએ કહ્યું કે દિતિ! જ્યારે મને સ્તુતિ કરવાનું કહો છે તો તમે જ શા માટે નથી કરતાં? ત્યારે કહ્યું કે તેઓ ક્રોધમય છે. મારું નહીં માને. આપ ભક્ત છો તેથી આપનું માનશે. ૩૪

આ શ્લોકમાં જાતીય દયા અને સંબંધકૃત દયાની યાચના કરે છે—

स नः प्रसीदतां भामो भगवानुर्वनुग्रहः ॥
व्याधस्याप्यनुकम्प्यानां स्त्रीणां देवः सतीपतिः ॥ ३५ ॥

અન્વયાર્થ—व्याधस्य अपि–પારધી જેવા નિર્દયને પણ, **अनुकम्प्यानाम्**–દયા ઉપજાવે એવાં, **नः**–અમારા, ઉપર, **सः उरु–अनुग्रहः**–તે પુષ્કળ દયાળુ, **भामः**–મારા બનેવી, **स्त्रीणां देवः**–સ્ત્રીઓના દેવ, અને **भगवान्**–ભગવાન, **सतीपतिः**–સતીના પતિ શંકર પ્રભુ, **प्रसीदताम्**–પ્રસન્ન થાવ. ૩૫

અનુવાદ—પારધી જેવા નિર્દય પુરુષોને પણ દયા ઉપજાવે એવા અમ સ્ત્રીઓ ઉપર, તે પુષ્કળ દયાળુ, મારા બનેવી સ્ત્રીઓના દેવ સતીપતિ પ્રસન્ન થાવ. ૩૫

તત્ત્વસુધા– **भामः**–શ્રીરુદ્ર મારા બનેવી છે તેમજ "**उरु-अनुग्रह**" પુષ્કળ કૃપાળુ છે તેથી મારા ઉપર કૃપા કરો એમ વિનવે છે.

"**व्याधस्याप्यनुकम्प्यानाम्**"– સ્ત્રીની આકૃતિ અને પ્રકૃતિ જ ભગવાને દયા ઉપજાવે તેવી બનાવી છે. પારધીને પણ સ્ત્રીને જોઈને દયા ઉપજે છે તો હે કશ્યપ! આપ કૃપા કરશો એવી શ્રદ્ધા છે. ૩૫

આ શ્લોકમાં દિતિ આશિષની આશા રાખે છે જાણી કશ્યપ મુનિ ઉત્તર આપવાનું શરૂ કરે છે—

मैत्रेय उवाच – स्वसर्गस्याशिषं लोक्यामाशासानां प्रवेपतीम् ॥
निवृत्तसन्ध्यानियमो भार्यामाह प्रजापतिः ॥ ३६ ॥

અન્વયાર્થ—**मैत्रेय उवाच**-મૈત્રેય મહર્ષિએ કહ્યું કે, **स्व-सर्गस्य**-પોતાના ગર્ભ માટે, **लोक्याम्**-લોકમાં પ્રસિદ્ધ એવી, **आशिषम्**-આશિષને, **आशासानाम्**-ચાહતી, **प्रवेपतीम्**-ધ્રૂજતી, **भार्याम्**-પત્નીને, **निवृत्त-सन्ध्या-नियमः**-સંધ્યાવંદનના નિયમમાંથી નિવૃત્ત થઈ, **प्रजापतिः**-પ્રજાપતિ કશ્યપ મુનિ, **आह**-કહેવા લાગ્યા. ૩૬

અનુવાદ—મૈત્રેય મુનિએ કહ્યું કે પોતાના ગર્ભને લોકપ્રસિદ્ધ આશિષની કામના કરતી, ધ્રૂજતી પત્ની દિતિને સંધ્યાવંદનના નિયમથી પરવારેલા પ્રજાપતિ કશ્યપ કહેવા લાગ્યા. ૩૬

તત્ત્વસુધા—"**प्रवेपतीम्**"–સ્ત્રીની પ્રકૃતિને લીધે, અપરાધને લીધે કે પછી પતિના કઠોર સ્વભાવને લીધે દિતિ કાયાથી કમ્પી ઊઠયાં છે. અને પોતાની આશા પૂર્ણ કરે એવી આશિષ ચાહે છે તેમ "પ્રજાપતિ" કશ્યપને લાગ્યું તેથી તેનો ઉત્તર વાળે છે. મુનિ પતિ તરીકે અડધા તો રાજી થયા છે, પરંતુ અન્ય પત્નીઓ પણ આમ જ કરે તો સર્વ પ્રજા ઉગ્ર બને એવી શંકા પણ રહે છે તેથી જરા કઠોર વાક્ય પણ બોલે છે. કઠોર વાણી પતિ તરીકે નથી બોલ્યા, પ્રજાપતિ તરીકે બોલ્યા છે. ૩૬

દિતિના દોષોનું નિરૂપણ કરે છે—

अप्रत्ययादात्मनस्ते दोषान्मौहूर्तिकादुत ॥
मन्निदेशातिचारेण देवानाञ्चैवं हेलनात् ॥ ३७ ॥

भविष्यतस्तवाभद्रावभद्रे जाठराधमौ ॥
लोकान् सपालांस्त्रींश्चण्डि मुहुराक्रन्दयिष्यतः ॥ ३८ ॥

અન્વયાર્થ—**ते**-તમારા, **आत्मनः**-દેહની, **अप्रत्ययात्**-અપવિત્રતાથી, તેમજ **मौहूर्तिकात्**-મુહૂર્ત-સંબંધી, **दोषात्**-દોષને લીધે, **उत**-વળી, **मन्निदेशातिचारेण**-મારી આજ્ઞાના ઉલ્લંઘનને લીધે, **च एव**-અને વળી, **देवानाम् हेलनात्**-દેવોની અવગણના કરી તેથી, **अभद्रे**-હે અમંગલે, **तव** **अभद्रौ**-તમારા બે અમંગલ, **जाठर-अधमौ**-જઠર દોષવાળા અધમ એવા પુત્રો, **भविष्यतः**-થશે અને, **चण्डि**-હે ઉગ્ર સ્ત્રી! **सपालान्**-લોકપાલો સાથે, **त्रीन् लोकान्**-ત્રણે લોકોને, **मुहुः**-વારંવાર, **आक्रन्दयिष्यतः**-આક્રન્દ કરાવશે. ૩૭, ૩૮

---

१. चाति प्रा. पा.

અનુવાદ—મુનિવર કશ્યપે કહ્યું કે દિતિ, તમારા દેહની અપવિત્રતાથી, મુહૂર્ત સંબંધી દોષથી, વળી મારી આજ્ઞાના અવહેલનથી, તેમજ દેવોની કરેલી અવગણનાથી હે અમંગલે, તમારા બે અભદ્ર, ઉદરના દોષવાળા અધમ પુત્રો જન્મશે અને તેઓ હે ચંડિ! લોકપાલો સાથે ત્રણે લોકને વારંવાર રંજાડશે. ૩૭, ૩૮

તત્ત્વસુધા—શ્રી કશ્યપ દિતિના ચાર દોષો દર્શાવે છે—

(૧) "अप्रत्ययाद् आत्मनः"—આ સ્થાને "आत्मनः"ના અન્તઃકરણ અને દેહ એવા બે અર્થ થાય છે. તેથી મનની અશુચિતા અથવા ઋતુધર્મથી દેહની અશુચિતા નામનો પ્રથમ દોષ કહ્યો.

(૨) "मौहूर्तिकात्"—સંધ્યાકાલ આસુર કાલ હતો તેથી તે મુહૂર્તનો દોષ કહ્યો, સંધ્યાકાળની ૪૮ મિનિટ તપ-ધ્યાન કરવાં જોઈએ તો ચિત્ત સ્વસ્થ અને શાંત રહે અન્યથા ચિત્તની સ્વસ્થતા ન રહે તેવા આસુર કે ઉગ્ર સમયે રતિસુખની પ્રવૃત્તિ અનર્થકારક મનાય.

(૩) "मन्निदेशातिचारेण"—મારી આજ્ઞાનો અનાદર પણ દોષ છે. સિદ્ધ પુરુષોનાં વચનનો, આપ્ત પુરુષોનાં વચનનો, શાસ્ત્ર વચનનો અનાદર અનર્થ કરે છે. કારણ કે તેમનાં વચનો જ અમંગલને રોકે છે અને સર્વ મંગલ સાધે છે.

(૪) "देवानां च हेलनात्"—દેવોની અવગણના કરી" એ ચોથો દોષ છે. "देवानाम्" ભૂતો અથવા ગાર્હપત્ય વગેરે અગ્નિદેવતાઓનો અનાદર કર્યો છે.

"भविष्यतस्तवाभद्रे"—બન્ને પુત્રોમાંથી એક એકમાં બબ્બે દોષો આવ્યા છે. પ્રથમ બે દોષો હિરણ્યાક્ષમાં આવ્યા છે. પ્રથમ બે દોષોનું પરિણામ તેઓ તપ નહીં કરે તેમજ દીર્ઘજીવી ન થતાં અવિલંબે મૃત્યુવશ થશે.

जाठराधमौ—હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુનો બીજદોષ નથી. મુનિ કશ્યપનું બીજ છે અથવા ભગવાનના પાર્ષદ છે તેથી બીજ શુદ્ધ છે પરંતુ "જઠર" ઉદરના દોષોને લીધે તે દુષ્ટ પ્રકૃતિના થશે માટે "जाठराधम" શબ્દ વાપર્યો છે. લોકોની રંજાડ અને વારંવાર આક્રમણ એવા બે દોષો બીજામાં એટલે હિરણ્યકશિપુમાં આવશે. ૩૭, ૩૮

ઉપરના બે શ્લોકોમાં બન્ને દૈત્યોમાં બબ્બે દોષોનું વર્ણન કરી બીજા ત્રણ દોષોનું વર્ણન કરે છે—

प्राणिनां हन्यमानानां दीनानामकृतागसाम् ॥
स्त्रीणां निगृह्यमाणानां कोपितेषु महात्मसु ॥ ३९ ॥

तदा विश्वेश्वरः क्रुद्धो भगवाँल्लोकभावनः ॥
हनिष्यत्यवतीर्यासौ यथाद्रीन् शतपर्वधृक् ॥ ४० ॥

અન્વયાર્થ—**दीनानाम्**-સ્વભાવનાં ગરીબ, **अकृतागसाम्**-દોષ વિનાનાં, **प्राणिनाम्**-પ્રાણીઓનો, **हन्यमानानाम्**-સંહાર થશે. વળી, **स्त्रीणाम्**-સ્ત્રીઓને, **निगृह्यमाणानाम्**-કેદ કરાશે, **महात्मसु**-મહાત્મા પુરુષોને, **कोपितेषु**-જ્યારે ક્રોધ પેદા કરાવશે, **तदा**-ત્યારે, **लोकभावनः**-લોકમંગલ કરનાર, **विश्वेश्वरः**-વિશ્વપતિ, **असौ**-આ, **भगवान्**-ભગવાન, **क्रुद्धः**-ક્રોધે ભરાયેલા, **अवतीर्य**-અવતાર લઈને, **यथा**-જેમ, **शतपर्वधृक्**-સેંકડો પર્વવાળા વજ્રને ધારણ કરનાર ઇન્દ્રે, **अद्रीन्**-પર્વતોનો નાશ કર્યો, **तथा इमौ**-તેવી રીતે આ બેને, **हनिष्यति**-હણશે.. ૩૯, ૪૦

---

१. -भावितः प्रा. पा.

અનુવાદ—સ્વભાવનાં ગરીબ, દોષ વગરનાં પ્રાણીઓનો સંહાર થવા માંડશે, વળી સ્ત્રીઓને કેદ કરાશે, મહાપુરુષોને ક્રોધ ઉત્પન્ન કરાવશે ત્યારે લોકમંગલ કરનાર વિશ્વપતિ આ ભગવાન ક્રોધે ભરાયેલા અવતાર લઈને જેમ વજ્ર ધારણ કરનાર ઇન્દ્રરાજે પર્વતોનો નાશ કર્યો તેમ આ બે અધમ પુત્રોનો નાશ કરશે. ૩૯, ૪૦

તત્ત્વસુધા—"प्राणिनां हन्यमानानाम्"–ત્રણ દોષમાં પ્રથમ દોષ નિર્દોષ અને ગરીબ પ્રાણીઓનો વધ કરવો, બીજો દોષ સ્ત્રીઓના શીલનો ભંગ કરવો, ત્રીજો દોષ સંતજનોને ગુસ્સે કરવા એ ત્રણ મોટા અપરાધો બન્ને દૈત્યો આચરશે. ત્યારે ભગવાન વિશ્વેશ્વર હોવાથી વિશ્વની રક્ષા કરવા, વિશ્વવ્યવસ્થા સાચવવા વિષ્ણુભગવાન વરાહ–નૃસિંહના અવતારો લઈ અવતરશે અને વધ કરશે.

જો કે ભગવાન અવતાર લીધા વિના પણ દૈત્યનો નાશ કરી શકે છે, તો પણ પોતાના સેવકોનો પોતે વધ કરે તે યોગ્ય ન જ ગણાય તેથી ભગવાન અવતાર લેશે. ૩૯, ૪૦

દિતિમાતા પુત્રોનો વિષ્ણુ ભગવાનના હાથે વધ થશે જાણી તે વિષ્ણુભક્ત હોવાથી રાજી થઈ અને મુનિની પાસે એમ જ 'થાઓ' એવું વરદાન માગ્યું તે આ શ્લોકમાં કહે છે—

दितिरुवाच—वधं भगवता साक्षात्सुनाभोदारबाहुना ॥
आशासे पुत्रयोर्मह्यं मा क्रुद्धाद् ब्राह्मणात्प्रभो[1] ॥ ४१ ॥

અન્વયાર્થ—**दितिः उवाच**-દિતિ બોલ્યાં કે, **सुनाभ-उदार-बाहुना**-સુદર્શન ચક્રયુક્ત સુંદર બાહુવાળા, **भगवता**-ભગવાન દ્વારા, **साक्षात्**-સાક્ષાત્, **मह्यं पुत्रयोः**-મારા બે પુત્રોનો, **वधम्-आशासे**-વધ થાય એમ ચાહું છું, પરંતુ-**प्रभो**-હે નાથ! **क्रुद्धात्**-ક્રોધ પામેલા, **ब्राह्मणात्**-બ્રાહ્મણથી, **मा**-ન થાવ. ૪૧

અનુવાદ—દિતિ બોલ્યાં કે સુદર્શનચક્ર યુક્ત સુંદર હસ્તવાળા ભગવાનના હાથે જ સાક્ષાત્ મારા બે પુત્રોનો વધ થાય એમ ચાહું છું. પરંતુ હે પ્રભો! ક્રોધ પામેલા બ્રાહ્મણથી વધ ન થાવ. ૪૧

તત્ત્વસુધા—प्रभो!–દિતિદેવી કશ્યપ મુનિને પ્રભો એવું સંબોધન કરી તેમના સામર્થ્યનું ગાન કરે છે. બે યાચનાઓ દિતિ માતા કરે છે: એક તો साक्षात् सुनाभोदारबाहुना એ માગણી છે. ભગવાનના સાક્ષાત્ હસ્તથી અને સુદર્શન ચક્રથી જ વધ માંગે છે. તેથી પોતાના પુત્રનું કલ્યાણ થાય. બીજું વરદાન માગે છે કે ક્રોધે ભરાયેલ બ્રાહ્મણના શાપથી તો વધ ન જ થાવ. કારણ કે બ્રાહ્મણના શાપથી બળેલની સદ્‌ગતિ નથી થતી. प्रभो અને विभो એવા બે પાઠ છે. ૪૧

આ શ્લોકમાં બ્રહ્મદંડથી બળેલની દશાનું વર્ણન કરે છે—

न ब्रह्मदण्डदग्धस्य न भूतभयदस्य च ॥
नारकाश्चानुगृह्णन्ति यां यां योनिमसौ गतः ॥ ४२ ॥

અન્વયાર્થ—**ब्रह्म-दण्ड-दग्धस्य**-બ્રાહ્મણના દંડથી બળેલો, **च**-અને, **भूत-भयदस्य**-પ્રાણીઓને ભય આપનાર એવો, **असौ**-આ જીવાત્મા, **यां यां योनिं गतः**-જે જે યોનિમાં જાય છે, ત્યાં **नारकाः अपि**-નરકવાસીઓ પણ, **न अनुगृह्णन्ति**-તેનો સ્પર્શ નથી કરતા. ૪૨

---

[1] विभो इति प्रा. पा.

અનુવાદ—બ્રાહ્મણના દંડથી બળેલો અને પ્રાણીઓને ભય આપનાર એવો આ જીવાત્મા જે જે યોનિમાં જાય છે ત્યાં નરકવાસીઓ પણ તેનો સ્પર્શ નથી કરતા. ૪૨

તત્ત્વસુધા—न ब्रह्मदण्डदग्धस्य —જે જીવાત્માને બ્રહ્મદંડથી બાળ્યો હોય છે તેના જ્ઞાનનો અને પ્રીતિનો નાશ થાય છે. તેથી તે કોઈના દુઃખથી દુઃખી થતો નથી તેમજ કોઈને દુઃખ દેતાં અચકાતો નથી. એવા વિપ્રદંડથી બળેલાને નારકી જીવો પણ સ્પર્શ કરતા નથી તેમજ તેની સાથે કોઈપણ વ્યવહાર રાખતા નથી. ૪૨

આ બે શ્લોકોમાં દિતિ ૭ પ્રકારે અપરાધની વિશુદ્ધિ કરે છે. તેની કશ્યપ ઋષિ કદર કરે છે અને તેને ૭ પ્રકારના ગુણ તરીકે ગણાવે છે—

कश्यप उवाच – कृतशोकानुतापेन सद्यः प्रत्यवमर्शनात् ॥
भगवत्युरुमानाच्च भवे मय्यपि चादरात् ॥ ४३ ॥
पुत्रस्यैव तु पुत्राणां भवितैकः सतां मतः ॥
गास्यन्ति यद्यशः शुद्धं भगवद्यशसा समम् ॥ ४४ ॥

અન્વયાર્થ—**कृत-शोका-अनुतापेन**-કરેલ શોક અને પશ્ચાત્તાપને લીધે, તેમજ **सद्यः**-તાત્કાલિક, **प्रति-अवमर्शनतात्**-અપરાધ ક્ષમા કરાવ્યો તેથી, **भगवति**-ભગવાનમાં, **उरुमानात्**-ઘણો આદર હોવાથી, **भवे**-વળી શંકર ભગવાનમાં, **च**-અને, **मयि आदरात्**-મારામાં પણ આદર હોવાથી, **पुत्रस्य एव तु**-પુત્રના જ ખરેખર, **पुत्राणाम्**-પુત્રો પૈકી, **एकः**-એક, **सताम्**-સંતોનો, **मतः**-સમ્માનિત પુત્ર, **भविता**-થશે, **शुद्धम्**-શુદ્ધ, **यद्-यशः**-એવા જેના યશને, **भगवद्-यशसा समम्**-ભગવાનના યશની સાથે, **गास्यन्ति**-લોકો ગાશે. ૪૩, ૪૪

અનુવાદ—કશ્યપ મુનિએ કહ્યું કે હે દિતિ! કરેલ શોક અને પશ્ચાત્તાપ, તેમજ તાત્કાલિક અપરાધ માફ કરાવ્યો તેથી, વળી ભગવાનમાં ઘણો આદર હોવાથી અને મારામાં અને ભગવાન શંકરમાં પણ પુષ્કળ આદર હોવાથી તારા પુત્રના જ પુત્રો પૈકી એક સંતોનો સન્માનિત પુત્ર થશે, જેના શુદ્ધ યશને ભગવાનના યશની સાથે ગાશે. ૪૩, ૪૪

તત્ત્વસુધા—(૧) कृत-शोकानु-तापेन-"કૃતશોક" એ એક સાત્વિક ગુણ છે. કૃતશોક એટલે આચરેલ અનુચિત કૃત્યનો ખેદ થવો. આવો શોક પુનઃ અનુચિત આચરણથી બચાવે.

(૨) "अनुतापेन"—મેં આવું શા માટે કર્યું એવા પરિતાપનું નામ અનુતાપ અથવા પશ્ચાતાપ. શોક અને પશ્ચાત્તાપ લગભગ એક જેવા જ છે.

(૩) "सद्यः प्रत्यवमर्शनात्"—કરેલા અપરાધની ક્ષમા કરાવવી એને "અવમર્શન" કહેવું, તાત્પર્ય કે દોષને માફ કરાવવો. દિતિએ તરત જ અપરાધની માફી માંગી હતી.

(૪) "भगवति उरुमानात्"—દિતિએ ભગવાનમાં અતિશય આદર પ્રકટ કર્યો. પોતાના પુત્રનું પ્રભુથી મૃત્યુ માંગ્યું. બાકી દુનિયામાં પુત્રને મારનાર ઉપર દ્વેષ થાય, કદી ભાવ ન થાય.

(૫) "भवे आदरात्"—મહાદેવમાં આદરભાવ હતો.

(૬) "मयि चादरात्"—કશ્યપ ઋષિમાં પણ આદરભાવ હતો. આ ૭ ગુણોથી દિતિને ત્યાં ચાર પુત્રોમાંથી ત્રીજા પુત્ર પ્રહ્લાદ "મહાપુરુષ" થયા. તેમનામાં ૧૮ ગુણો હતા. તેમાંથી ૪૪ શ્લોકમાં બે ગુણો બતાવે છે.

---

૧. भवे चाप्यधिकादरात् प्रा. पा.

(૧) सतां मतः—"મહાન પુરુષોમાં માનપાત્ર" એ પ્રહ્લાદજીનો પ્રથમ ગુણ છે. પુણ્યશ્લોકના ગાનમાં પ્રહ્લાદનું નામ પ્રથમ આવે છે. प्रह्लाद–नारद–पराशर–पुंडरीक–व्यासाम्बरीष–शुक–शौनक–भीष्म दाल्भ्यान्. આ શ્લોક પ્રહ્લાદજીના ગૌરવનું પ્રમાણ છે.

(૨) गास्यन्ति तद्यशः शुद्धम् —ભગવાનના યશની માફક જ સંતપુરુષો પ્રહ્લાદના યશનું ગાન કરશે. દૈત્યોનો ભાગ્યે જ શુદ્ધ યશ હોય છે, જ્યારે પ્રહ્લાદજીનો વિશુદ્ધ યશ છે. ૪૩, ૪૪

આ શ્લોકમાં પ્રહ્લાદજીની સુવર્ણ જેવી વિશુદ્ધિ દર્શાવે છે --

योगैर्हेमेव दुर्वर्णं भावयिष्यन्ति साधवः ॥
निर्वैरादिभिरात्मानं यच्छीलमनुवर्तितुम् ॥ ४५ ॥

અન્વયાર્થ—योगैः–અન્ય દ્રવ્યોના યોગથી, **दुर्वर्णम्**–ભેળસેળવાળા, **हेम इव**–સોનાને શુદ્ધ કરવામાં આવે છે તેમ, **साधवः**–સજ્જનો, **यच्छीलम्**–જેના શીલને–જેના વર્તનને, **अनुवर्तितुम्**–અનુસરવા, **निर्वैरादिभिः**–નિર્વૈર વગેરે ગુણોથી, **आत्मानम्**–પોતાને, **भावयिष्यन्ति**–શુદ્ધ કરશે. ૪૫

અનુવાદ—અન્ય રસાયણ દ્રવ્યોના સંયોગથી સોનાને જેમ શુદ્ધ કરવામાં આવે છે, તેમ સજ્જનો તારા પૌત્રના શીલને–વર્તનને અનુસરવા નિર્વૈર ભાવ વગેરે ગુણોથી પોતાને પવિત્ર કરશે. ૪૫

તત્ત્વસુધા—(૩) "योगैर्हेमेव" સુવર્ણથી શુદ્ધિ રસાયણ દ્રવ્યોના મિશ્રણની, અગ્નિદાહથી, છેદનથી, ઘર્ષણથી, વગેરે અઢાર પ્રકારે કરવામાં આવે છે. પછી શુદ્ધ થયેલ સુવર્ણને કુન્દન ગણાય છે. સોનીઓ તે સોનાને રત્ન સાથે જડવા માટે અઢાર પ્રકારે શુદ્ધિ કરે છે તે જ પ્રકારે સાધુજનો પણ પ્રહ્લાદજીના ચરિત્રને અનુસરવા અઢાર પ્રકારની "નિર્વૈરપણું" વગેરે ક્રિયાઓથી પોતાના ચરિત્રની શુદ્ધિ આચરે છે. તેથી જ પ્રહ્લાદમાં અઢાર ગુણો વર્ણવે છે. તેમાં આ ત્રીજો ગુણ દર્શાવ્યો. બાકીના ગુણો પછીના શ્લોકોમાં દર્શાવ્યા છે. ૪૫

આ શ્લોકમાં ચોથા ગુણનું વર્ણન કરે છે—

यत्प्रसादादिदं विश्वं प्रसीदति यदात्मकम् ॥
स स्वदृग्भगवान् यस्य तोष्यतेऽनन्यया दृशा ॥ ४६ ॥

અન્વયાર્થ—यदात्मकम्–ભગવદ્રૂપ એવું, **इदम्**–આ, **विश्वम्**–વિશ્વ, **यत्प्रसादात्**–જેમની કૃપાથી–પ્રસન્નતાથી, **प्रसीदति**–પ્રસન્ન થાય છે, **सः**–તે, **स्वदृक्**–સર્વત્ર પોતાને જોનાર, **भगवान्**–ભગવાન, **यस्य**–તારા પૌત્રની, **अनन्यया दृशा**–અનન્ય દૃષ્ટિથી–ભક્તિથી, **तोष्यते**–પ્રસન્ન થશે. ૪૬

અનુવાદ—ભગવદ્રૂપ એવું આ વિશ્વ જે ભગવાનની કૃપાથી પ્રસન્ન થાય છે તે સર્વના સાક્ષી ભગવાન તારા પૌત્રની અનન્ય દૃષ્ટિથી–ભક્તિથી પ્રસન્ન થશે. ૪૬

તત્ત્વસુધા—(૪) "भगवान् यस्य तोष्यते" – "ભગવાન જેમનાથી પ્રસન્ન થશે" એવો પ્રહ્લાદ થશે. આવું ચોથું લક્ષણ કહ્યું. માનવ વિશ્વને રાજી કરવા અધિક શ્રમ કરે છે, પરંતુ નિષ્ફળ નીવડે છે. જો તે કેવલ ભગવાને જ પ્રસન્ન કરે તો સમસ્ત વિશ્વ તેની સાથે પ્રેમ કરશે. વિશ્વ ભગવાનનું સ્વરૂપ છે એટલે વિશ્વપતિની પ્રસન્નતામાં વિશ્વપ્રસન્નતા સહજ સિદ્ધ થશે.

("अनन्यया दृशा"—ભગવાન અનન્ય દૃષ્ટિથી એટલે અનન્ય ભક્તિથી પ્રસન્ન થાય છે. દશ ઇન્દ્રિયો, ચાર અન્તઃકરણ, પ્રાણ, આત્મા અને દેહ મળીને ૧૭ દૃષ્ટિઓ થાય છે. આ સત્તર જો ભગવાનને નિહાળે કે સેવે

તો અનન્ય ભક્તિ કરી મનાય. આ ગણાવેલ ૧૭ અંદરની દૃષ્ટિઓ થઈ તેમ જ તેવી સત્તર બહારની થઈ. બધી મળીને ચોત્રીસ થઈ. તે સર્વ ભગવાનને રાજી કરવામાં વપરાય તે જ ભગવાનની સેવા. આવી સેવાથી ભગવાન રાજી થાય. ૪૬

આ શ્લોકમાં પ્રહ્લાદજીના પાંચથી નવ ગુણોનો પરિચય આપે છે—

स वै महाभागवतो महात्मा महानुभावो महतां महिष्ठः ॥
प्रवृद्धभक्त्या ह्यनुभाविताशये निवेश्य वैकुण्ठमिमं [1]विहास्यति ॥ ४७ ॥

અન્વયાર્થ—सः वै-તે ખરેખર, **महाभागवतः**-મહાન ભગવદ્‌ભક્ત, **महात्मा**-મહાત્મા-ઉદાર, **महानुभावः**-મહાન પ્રભાવશાળી, **महताम्**-ઉત્તમ પુરુષોમાં પણ, **महिष्ठः**-ઉત્તમ, **प्रवृद्धभक्त्या**-વધેલી ભક્તિથી, **अनुभावित-आशये**-પ્રભાવશાળી બનેલા અન્તઃકરણમાં, **वैकुण्ठम्**-વૈકુંઠ ભગવાનને, **निवेश्य**-પધરાવી, **इमम्**-આ દેહનો, **विहास्यति**-ત્યાગ કરશે. (ઉપેન્દ્રવજ્રા વૃત્ત) ૪૭

અનુવાદ—તે ખરેખર મહાન ભગવદ્‌ભક્ત, મહાન ઉદાર, મહાન પ્રભાવશાળી અને શ્રેષ્ઠ પુરુષોમાં પણ અતિશ્રેષ્ઠ બની, વૃદ્ધિ પામેલી ભક્તિ દ્વારા પ્રભાવશાળી બનેલા હૃદયમાં વૈકુંઠ ભગવાનને વસાવી આ દેહાદિ અભિમાનને ત્યજશે. ૪૭

તત્ત્વસુધા—(૫) **महाभागवतः**—જન્મ લીધા પછી ભગવદીય સંગે ભગવદીય બને અને સમસ્ત દેહ ઇન્દ્રિયાદિ ભગવાનની જ સેવામાં વાપરે તે ભાગવત; પરંતુ જન્મતાં જ પરમભક્ત જન્મે અને જીવનની સમસ્ત ક્ષણો અને સામગ્રી ભગવાનમાં જ વાપરે તે મહાભાગવત.

(૬) **महात्मा**—મહાત્મા જ્ઞાનથી જ થવાય છે. જ્ઞાન મહાન છે. જ્ઞાનપ્રાપ્તિ એટલે બ્રહ્મસ્થિતિ.

(૭) **महानुभावः**—પ્રભાવશાળીને મહાનુભાવ માન્યો છે. ઉત્તમ કર્મ અને ઉપાસનાથી મહાનુભાવ થવાય છે અગ્નિથી ન બળવું, જલમાં ન ડૂબવું વગેરે પ્રભાવશાળીપણું કહેવાય.

(૮) महतां **महिष्ठः**—માનનીયમાં પણ માન્ય. કીર્તિથી માનનીય બનાય છે. એવા માનનીયોમાં પણ પ્રથમ સ્થાન મેળવે તે મહાનમાં મહાન ગણાય છે.

(૯) **प्रवृद्धभक्त्या**—આ પદથી પ્રહ્લાદજીને "પરમભક્ત" કહ્યા છે. નિર્મલ મનમાં શ્રીવૈકુંઠ પ્રભુને પધરાવી કાયાને મંદિર બનાવી લોકનો ત્યાગ કરશે. ૪૭

अलम्पटः शीलधरो गुणाकरो हृष्टः परर्द्ध्या व्यथितो दुःखितेषु ॥
अभूतशत्रुर्जगतः शोकहर्ता[2] नैदाघिकं पापमिवोडुराजः ॥ ४८ ॥

અન્વયાર્થ—अलम्पटः-અલંપટ, **शीलधरः**-ઉત્તમ સ્વભાવવાળો, **गुण-आकरः**-ગુણના ભંડાર, **परर्द्ध्या**-બીજાની સમૃદ્ધિથી, **हृष्टः**-રાજી થનાર, **दुःखितेषु**-દુઃખીઓનાં દુઃખ જોઈ, **व्यथितः**-દુઃખી થનાર, **अभूत-शत्रुः**-શત્રુ રહિત, **उडुराजः इव**-નક્ષત્રરાજ ચન્દ્ર જેમ, **नैदाघिकम्**-ઉનાળાના, **तापम्**-તાપને ટાળે છે, **जगतः**-જગતના, **शोकहर्ता**-શોકને હરનારો, **भविष्यति**-થશે. (વંશસ્થ વૃત્ત) ૪૮

અનુવાદ—અલંપટ, ઉત્તમ સ્વભાવવાળો, ગુણભંડાર, બીજાની સમૃદ્ધિથી રાજી થનાર, દુઃખીઓનાં દુઃખને જોઈને દુઃખી થનાર, શત્રુ રહિત, નક્ષત્રરાજ ચન્દ્ર જેમ ઉનાળાના તાપને ટાળે છે તેમ જગતના શોકને હરનારો થશે. ૪૮

---

१. मतद्विहास्यति इति प्रा. पा. २. शोकहन्ता प्रा. पा.

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં પાંચ લક્ષણ કહી આ શ્લોકમાં બીજાં "આઠ" લક્ષણો કહે છે—

(૧૦) **अलम्पटः**—અનાસક્ત ઇન્દ્રિયોનું વિષયોમાં પરોવાયેલા રહેવું તે આસક્તિ–લંપટપણું. તે સ્થિતિથી પર એટલે અનાસક્ત.

(૧૧) **शीलधरः**—ઉત્તમ સ્વભાવનો સદ્‌ભાવ એ જ સમ્પત્તિ છે.

(૧૨) **गुणाकरः**—સદ્‌ગુણોનો ભંડાર. પ્રથમ સ્કંધમાં ૧૬ મા અધ્યાયમાં ૨૬ શ્લોકથી ૨૯ મા શ્લોકમાં કહેલા ૩૯ ગુણવાળા એટલે ગુણનિધિ.

(૧૩) **हृष्टः परर्द्ध्या**—પર સમ્પત્તિ દેખી પ્રસન્ન થનાર એ પરમ વૈષ્ણવનું લક્ષણ છે.

(૧૪) **व्यथितो दुःखेषु**—પર દુઃખ દેખી દાઝનાર એ પરમ ભગવદીય પ્રકૃતિ છે.

(૧૫) **अभूतशत्रुः**– અજાતશત્રુ. શત્રુ થયા નથી, છે નહીં અને થશે નહીં તે અજાતશત્રુ કહેવાય. કામક્રોધાદિ પણ જેના શત્રુ નથી.

(૧૬) **जगतः शोकहर्त्ता**—સમષ્ટિના શોકને હરનાર, શોક તો જગતની ગુપ્ત વ્યથા છે. પ્રહ્‌લાદજી તે પણ દૂર કરશે.

(૧૭) **उडुराजः**—ચન્દ્ર સમાન સુધાવર્ષી. ચન્દ્ર નક્ષત્રો સાથે વસી જગત–દુઃખને હરે છે તેમજ પ્રહ્‌લાદજી ભક્ત નક્ષત્રો સાથે રહી દુઃખ દૂર કરશે. ૪૮

આ શ્લોકમાં અઢારમો ગુણ ગાય છે—

अन्तर्बहिश्चामलमब्जनेत्रं स्वपूरुषेच्छानुगृहीतरूपम् ॥
पौत्रस्तव श्रीललनाललामं द्रष्टा स्फुरत् कुण्डलमण्डिताननम् ॥ ४९ ॥

અન્વયાર્થ—**तव पौत्रः**-તમારો પૌત્ર, **अमलम्**-દોષરહિત, **अब्ज-नेत्रम्**-કમલ સમાન નેત્રવાળા, **स्व-पूरुष-इच्छा-अनु-गृहीत-रूपम्**-પોતાના ભક્તની ઇચ્છાને અનુસરીને સ્વરૂપ ગ્રહણ કરનારા, **श्री-ललना-ललामम्**-લક્ષ્મીરૂપ લલનાથી સુંદર, **स्फुरत्-कुण्डल-मण्डित-आननम्**-તેજસ્વી કુંડલોથી શોભતા મુખવાળા ભગવાનનાં, **अन्तः च बहिः**-અંદર તેમજ બહાર, **द्रष्टा**-દર્શન કરશે. (ઇંદ્રવંશા વૃત્ત) ૪૯

અનુવાદ—તમારો પૌત્ર "દોષરહિત, કમલ સમાન નેત્રવાળા, પોતાના ભક્તની ઇચ્છાને અનુસરીને અવતાર લેનારા, લક્ષ્મીરૂપ લલનાથી સુંદર, તેજસ્વી કુંડલોથી શોભતા મુખવાળા ભગવાનનાં" અંદર તેમ જ બહારથી દર્શન કરશે. ૪૯

તત્ત્વસુધા—ભગવાનનું સર્વ સ્થલે પ્રહ્‌લાદજીને દર્શન થશે એવું વિધાન કરે છે—

अन्तर्बहिः श्रीललनाललामं द्रष्टा—શ્રી પ્રહ્‌લાદજીને અન્દર તેમજ બહાર ભગવાનનું દર્શન થશે પ્રહ્‌લાદની નજરને પ્રત્યેક પદાર્થોમાં સચ્ચિદાનંદ, હસ્તચરણવાળા ભગવાનનું દર્શન થશે. કારણ કે સમસ્ત પદાર્થોમાં તે સ્વરૂપ રહેલ છે પરંતુ પ્રત્યેકને માયાનો પડદો દૂર નથી. થયો તેથી નથી દેખાતું. પ્રહ્‌લાદને તે પડદો દૂર થયેલ છે તેથી દેખાશે. પ્રભુનું સ્વરૂપ કેવું દેખાશે તેનું નિરૂપણ પાંચ વિશેષણમાં કરેલ છે.

अमलम्—મધ્યાહ્નના સૂર્ય જેવું નિર્દોષ, **अब्जनेत्रम्**-કમલ સમાન નેત્રવાળા હોવાથી સર્વની કામનાને પૂર્ણ કરનાર, **स्वपुरुषेच्छानुगृहीतरूपम्**-ભક્તને રુચતા રૂપને ધરનાર એથી ભગવાનને ભક્તાધીન કહ્યા. "**ललनाललामम्**"-લક્ષ્મીજીની માફક સર્વસૌભાગ્યને પૂરનાર, "**कुण्डलमण्डिताननम्**"–બે કુંડલ સાંખ્યયોગ રૂપ છે, મુખ ભક્તિરૂપ છે. તેથી જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિનું દાન કેવલ મુખદર્શનથી કરે છે. ૪૯

શ્રી દિતિ આ શ્લોકમાં પોતાની પ્રસન્નતા પ્રકટ કરે છે—

मैत्रेय उवाच—श्रुत्वा भागवतं पौत्रं मुमोदत दितिर्भृशम् ॥
पुत्रयोश्च वधं कृष्णाद् विदित्वासीन्महामनाः ॥ ५० ॥

અન્વયાર્થ—पौत्रं भागवतं-પોતાનો પૌત્ર ભગવાનનો ભક્ત થશે, એવું, **श्रुत्वा**-સાંભળીને, **दितिः**-દિતિદેવી, **भृशम्**-ખૂબ જ, **मुमोदत**-પ્રસન્ન થઈ. **च**-વળી, **कृष्णात्**-શ્રીકૃષ્ણને હાથે, **पुत्रयोः**-બન્ને પુત્રોનો **वधं विदित्वा**-વધ થશે જાણી, **महामनाः**-ઉદાર મનવાળી, **आसीत्**-થઈ. ૫૦

અનુવાદ—મૈત્રેય બોલ્યા, 'પોતાના પૌત્ર ભગવાનનો ભક્ત થશે,' એવું જાણીને દિતિદેવી ખૂબ જ પ્રસન્ન થયાં. વળી શ્રીકૃષ્ણના હાથે બન્ને પુત્રોનો વધ થશે જાણીને ઉદાર મનવાળાં થયાં. ૫૦

તત્ત્વસુધા—"**श्रुत्वा भागवतं पौत्रम्**" પૌત્ર ભક્ત થશે એવું દિતિએ સાંભળ્યું કે આનંદ થયો; કારણ કે પુત્ર પણ ભક્ત જ થવાનો છે એવું દિતિ સમજે છે. ભગવાનને જે લીલા કરવી છે તેમાં બન્ને પુત્રો ઉપયોગી થનાર છે, એવો દિતિને ખ્યાલ છે. તે ખ્યાલ સમજાવવા માટે "मुमोदत" વૈદિક પ્રયોગ કર્યો છે બાકી "**मुमोद**" રૂપ બને છે. ૫૦

શ્રીમદ્ ભાગવત તૃતીયસ્કંધ ૧૪ મો અધ્યાય સંપૂર્ણ

---

१. पौत्रं मुमोद च प्रा. पां.

અધ્યાય ૧૫ મો

શ્લોક સંખ્યા—૫૦

ચૌદમા અધ્યાયમાં "કામાવેશ સત્કર્મનો નાશ કરે છે" એ વસ્તુનું દિતિ-કશ્યપ ચરિત્રથી વર્ણન કર્યું. હવે પંદરમા અધ્યાયમાં ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે એ ચાર સનત્કુમારોના ચરિત્રથી વર્ણવશે. જય-વિજયને પણ ક્રોધ થયો છે તેમજ કુમારોને પણ ક્રોધ થયો છે.

આ અધ્યાયમાં વૈકુંઠનું વર્ણન કર્યું છે. વૈકુંઠની એક વિશેષતા છે કે ત્યાં વસનાર સ્ત્રી, પશુ, પક્ષી વગેરેને પણ વેરવૃત્તિ હોતી નથી. તેમજ તેઓ સર્વથા નિર્દોષ હોય છે. જો ત્યાં દોષપ્રવૃત્તિ જોવામાં આવે તો ભગવદ્દિચ્છા જ કારણ બની છે. ભગવાનને લીલાવિસ્તાર કરી જીવોનો નિરોધ કરવો છે માટે જય-વિજય કે કુમારોમાં દોષદર્શન એ સૂત્રધાર શ્રીહરિનું જ સંચાલન છે.

આ અધ્યાયમાં ૫૦ શ્લોક છે. ૬ ઉવાચ આવે છે. પૂર્વ અધ્યાયમાં દિતિના આત્મતોષનું વર્ણન કરી મૈત્રેય મુનિ વિરામ પામ્યા. હવે આ અધ્યાયમાં મૈત્રેય મુનિ આગળનો પ્રસંગ વર્ણવે છે—

मैत्रेय उवाच—प्राजापत्यं हि[1] तत्तेजः परतेजोहनं दितिः ॥
दधार वर्षाणि शतं शङ्कमाना सुरार्दनात् ॥ १ ॥

અન્વયાર્થ—**हि**-ખરેખર, **पर-तेजो-हनम्**-બીજાં તેજોને હણનાર, **प्राजापत्यम्**-પ્રજાપતિનું, **तत् तेजः**-તે તેજને, **सुर-अर्दनात्**-દેવો પીડશે, એમ, **शङ्कमाना**-શંકા કરતી, **दितिः**-દિતિએ, **शतं वर्षाणि**-સો વર્ષ સુધી, **दधार**-ધારણ કર્યું. ૧

અનુવાદ—મૈત્રેય બોલ્યા : ખરેખર, બીજાં તેજોને નાશ કરનારા તે પ્રજાપતિ કશ્યપના તેજને, દેવો પીડશે એવી શંકાથી દિતિએ સો વર્ષ પર્યન્ત ઉદરમાં ધારણ કર્યું. ૧

તત્ત્વસુધા—"प्राजापत्यं हि तत्तेजः"—પ્રજાપતિ શબ્દથી કશ્યપ મુનિ વર્ણવ્યા છે. કશ્યપ બ્રાહ્મણ હતા. તેમની પાસે અપૂર્વ વીર્યવાળું બ્રહ્મતેજ હતું. સૂર્ય જેવું તેજસ્વી બ્રહ્મતેજ અન્ય તેજોને ઝાંખાં કરી દે છે. દિતિએ આ તેજને "वर्षाणि शतं" સો વર્ષ ધારણ કર્યું. દિતિના પોતાના જ સામર્થ્યથી ધારણ કરવાનું બન્યું છે.

"दधार"—સો વર્ષ પર્યન્ત ધારણ કરવાનું કારણ તો એ હતું કે તે તેજ જો ઉદરમાં રહે તો દિતિ પોતાના સામર્થ્યથી તેને ખૂબ જ પોષી તાકાતવાળું બનાવે. વળી જલદી તેજ બહાર આવે. તાકાત ઓછી હોય તો દેવો તે તેજનો નાશ કરે. અથવા કાં તો તે સમર્થ તેજ દેવોને વિના કારણે કનડે માટે સો વર્ષ ધારણ કર્યું.

"सुरार्दनात्"—સુરાર્દન શબ્દના સુરોથી પીડા પામે અથવા સુરોને-દેવોને પીડે એવા બે અર્થ કરવા, તેથી ઉપરના વાક્યમાં દર્શાવેલ અર્થ મળશે. ૧

આ શ્લોકમાં દિતિના ગર્ભના તેજથી લોકમાં અંધકાર છવાયો એમ કહે છે—

लोके तेन हतालोके[2] लोकपाला हतौजसः ॥
न्यवेदयन् विश्वसृजे ध्वान्तव्यतिकरं दिशाम् ॥ २ ॥

---

१. तु. इति प्रा. पा., २. कृतालोके प्रा. पा.

અન્વયાર્થ—तेन–તે તેજથી, **लोके**–લોકો, **हत–आलोके**–તેજ વિનાના બન્યા–નિસ્તેજ થયા, ત્યારે, **हत–ओजसः**–બલહીન બનેલા, **लोकपालाः**–લોકપાલો, **दिशाम्**–દિશાઓમાં, **ध्वान्त–व्यतिकरम्**–અંધકારને લીધે થયેલ અવ્યવસ્થાને, **विश्वसृजे**–બ્રહ્માજીને, **नि–अवेदयन्**–જણાવવા લાગ્યા. ૨

અનુવાદ—તે ગર્ભના તેજથી લોકનો પ્રકાશ નષ્ટ થયો ત્યારે બલહીન બનેલા લોકપાલો દિશાઓના અંધકારના ગુંચવાડાને બ્રહ્માજીને જણાવવા લાગ્યા. ૨

તત્ત્વસુધા - **तेन हतालोके**–"तेन"નો અર્થ કરવો દિતિના ઉદરમાં આવેલા તેજથી લોક અંધકારથી છવાયા. પ્રથમ બ્રહ્મતેજ દિતિના ઉદરમાં આવ્યું. તેમાં વૈષ્ણવતેજ જય-વિજયરૂપે પ્રવેશ્યું તેથી બીજમાં બીજનું આધાન થયું. આ બન્ને તેજના પ્રભાવથી લોક નિસ્તેજ બન્યા તેમજ –

"**लोकपाला हतौजसः**" - લોકોપાલો પણ બ્રાહ્મી શક્તિ અને વૈષ્ણવી શક્તિ સામે બલહીન થયા, ત્યારે આ અંધકારની બાબતનાં બ્રહ્માજીને નિવેદન કરવા ગયા. ૨

આ શ્લોકથી આઠ શ્લોકોમાં આઠ વાતો ક્રમે કરીને દેવો બ્રહ્માજીને કહે છે તેમાં પ્રથમ વાત "બ્રહ્માજી"ના જ્ઞાનનું સમર્થન કરે છે—

देवा ऊचुः–तम एतद्विभो वेत्थ संविग्ना यद्वयं भृशम् ॥
न ह्यव्यक्तं भगवतः कालेनास्पृष्टवर्त्मनः ॥ ३ ॥

અન્વયાર્થ—विभो–હે વિભો! **यत्**–જે અંધકારથી, **वयम्**–અમે, **भृशम्**–પુષ્કળ, **संविग्नाः**–દુઃખી થયા છીએ, **एतत्**–એ, **तमः**–અંધકારને, **वेत्थ**–આપ જાણો છો, **हि**–કારણ કે, **कालेन**–કાલ, **अस्पृष्ट–वर्त्मनः**–જેમના માર્ગને સ્પર્શી નથી શકતો એવા, **भगवतः**–આપનાથી–ભગવાનથી, **अव्यक्तम्**–કંઈપણ અજાણ્યું નથી. ૩

અનુવાદ—દેવો બોલ્યા હે વિભો! જે અંધકારથી અમે અત્યંત દુઃખી થઈ રહ્યા છીએ, એ અંધકારને આપ જાણો છો. કારણ કે કાલ જેમના માર્ગને સ્પર્શી નથી શકતો એવા આપ ભગવાનથી કંઈપણ અજાણ્યું નથી. ૩

તત્ત્વસુધા—तम एतद्विभो वेत्थ! વિભો! સંબોધન દ્વારા બ્રહ્માજીના જ્ઞાનનું માહાત્મ્ય દર્શાવ્યું છે. દેવો કહેવા ચાહે છે કે આ અંધકારના કારણને તેમજ સ્વરૂપને આપ જાણો છો કારણ કે—

"**कालेनास्पृष्टवर्त्मनि**"—કાલ આપનું જ્ઞાન નષ્ટ નથી કરી શકતો. બાકી ભલા સમર્થ જ્ઞાનીઓનો પણ વિવેક યૌવનકાલ, સત્તાકાલ, ઐશ્વર્યકાલથી નષ્ટ થયેલ જાણ્યો છે. પરંતુ કાલ બ્રહ્માજીના માર્ગને નથી સ્પર્શી શકતો તો પછી બ્રહ્માજીને સ્પર્શી શકે! ૩

આ શ્લોકમાં દેવો પોતાને નિર્દોષ જાહેર કરે છે—

देवदेव जगद्धातर्लोकनाथ शिखामणे[1] ॥
परेषामपरेषां त्वं भूतानामसि भाववित् ॥ ४ ॥

અન્વયાર્થ—देवदेव –હે દેવદેવ, **जगत्–धातः**–હે જગતધાતા! **लोकनाथ–शिखामणे**–હે લોકનાથના શિખામણિ, **त्वम्**–આપ, **परेषाम्**–મોટાં, અને **अपरेषाम्**–નાનાં, **भूतानाम्**–પ્રાણીઓના, **भाववित्**–ભાવના જાણકાર, **असि**–છો. ૪

---

[1] शिरोमणे प्रा. पा.

અનુવાદ—હે દેવદેવ ! હે જગતવિધાતા ! હે લોકનાથના શિખામણિ ! આપ નાનાંમોટાં **પ્રાણીઓના હૃદયના ભાવને જાણો છો. ૪**

તત્ત્વસુધા—દેવો બ્રહ્માજીને ત્રણ સંબોધન કરી સર્વજ્ઞ છો એમ પૂરવાર કરી પોતે નિર્દોષ છે એમાં આપનું સર્વજ્ઞપણું પ્રમાણ છે એવો આશય વ્યક્ત કરશે—

"**देवदेव**"—દેવોના બ્રહ્માજી દેવ છે. ઉપાસકના હૃદયમાં એના ઇષ્ટદેવનું સ્થાન હોય છે તેથી ઇષ્ટદેવ હૃદયમાં સાક્ષી છે તે દિલની અને જીવનની શુદ્ધિને જાણે છે માટે બ્રહ્માજીને દેવદેવ સંબોધન કર્યું.

जगद्धातः—બ્રહ્મા સમષ્ટિના રચનાર છે. રચનાર પોતે સદોષ કે નિર્દોષ કેવી સૃષ્ટિ રચી છે તે જાણે છે તેથી અમે નિર્દોષ કે સદોષ છીએ તે આપનાથી છાનું નથી એમ સૂચવવા **जगद्धातः** સંબોધન કર્યું. "**लोकनाथशिखामणे**"—લોકોનાથો અભિપ્રાયને જાણે છે. જ્યારે બ્રહ્માજી તો લોકનાથના શિખામણિ છે તે વધુ સમર્થ છે તેમજ બધું જ જાણે છે. તો હે બ્રહ્માજી ! અમે નિર્દોષ છીએ પછી આ દુઃખ શાથી તે કહો ? આપ નાના મોટા સૌના મનની વાત જાણો છો.

આ શ્લોકમાં ક્ષમાપન અને નમન કરે છે—

नमो विज्ञानवीर्याय माययेदमुपेयुषे ॥
गृहीतगुणभेदाय नमस्तेऽव्यक्तयोनये ॥ ५ ॥

અન્વયાર્થ—**विज्ञान-वीर्याय**-વિજ્ઞાનરૂપ વીર્યવાળા આપને, **नमः**-નમસ્કાર, **इदम् उपेयुषे**-આ શરીરને ધારણ કરનાર આપને નમસ્કાર, **गृहीत-गुण-भेदाय**-ગુણો દ્વારા ભેદને ગ્રહણ કરનારા, **अव्यक्त-योनये**-અવ્યક્તની યોનિ-કારણ રૂપ, **ते**-આપને, **नमः**-નમસ્કાર હો. ૫

અનુવાદ—વિજ્ઞાનરૂપ વીર્યવાળા આપને નમસ્કાર માયાથી આ શરીરને ધારણ કરનાર, તેમજ ગુણો દ્વારા ભેદને સ્વીકારનાર અને અવ્યક્તના પણ કારણ એવા આપને નમસ્કાર કરું છું. ૫

તત્ત્વસુધા—બ્રહ્માજીને અનેક રીતે આ શ્લોકમાં નમસ્કાર કર્યા છે. પ્રથમ તો "**विज्ञानवीर्याय**" વિજ્ઞાન-વીર્ય તરીકે નમસ્કાર કર્યા છે. વિજ્ઞાન એટલે બ્રહ્મનો અનુભવ અને બ્રહ્મના અનુભવરૂપી વીર્યવાળા બ્રહ્માને પ્રણામ કર્યા.

"**माययेदमुपेयुषे**"—માયાથી શરીરનો સ્વીકાર કરનાર બ્રહ્માજીને નમસ્કાર કર્યા. "**गृहीतगुणभेदाय**"—બ્રહ્માએ ભેદ સ્વીકાર્યો છે તે ગુણોને લીધે સ્વીકાર્યો છે. **अव्यक्तयोनये**-અવ્યક્તના યોનિરૂપ એટલે કારણરૂપ બ્રહ્માને પ્રણામ કર્યા છે. અવ્યક્ત એટલે અક્ષર અને બ્રહ્મા એટલે યોનિસ્વરૂપ છે. તાત્પર્ય અક્ષર પિતા અને બ્રહ્માજી માતાસ્વરૂપ છે. માતા તો ક્ષમાશીલ જ હોય છે માટે બ્રહ્મા અમને ક્ષમા આપશે. ૫

આ બે શ્લોકોમાં બ્રહ્માજીની કૃપાથી અભયની માગણી કરી છે –

ये त्वानन्येन[1] भावेन भावयन्त्यात्मभावनम् ॥
आत्मनि प्रोतभुवनं परं सदसदात्मकम् ॥ ६ ॥

तेषां सुपक्वयोगानां जितश्वासेन्द्रियात्मनाम् ॥
लब्ध युष्मत्प्रसादानां न कुतश्चित्पराभवः ॥ ७ ॥

---

१. यंत्वामनन्यभावेन प्रा. पा.

અન્વયાર્થ—ये-જેઓ, **आत्म-भावनम्**-પોતાના જીવોના દેહોને ઉત્પન્ન કરનાર, **आत्मनि प्रोत-भुवनम्**-પોતામાં સમસ્ત ભુવનોને પરોવી રાખનાર, **परम्**-વશ રાખનાર, **सद्-असद्-आत्मकम्**-સદ્ અસદ્-રૂપ એવા, **त्वा**-આપને, **अनन्येन भावेन**-અનન્યભાવથી, **भावयन्ति**-ભજે છે, **तेषाम् सुपक्व-योगानाम्**-તેવા પરિપક્વ થયેલ યોગવાળા, **जित-श्वास-इन्द्रिय-आत्मनम्**-પ્રાણ, ઇન્દ્રિય અને અન્તઃકરણ ઉપર વિજય પામેલા, **लब्ध-युष्मत्-प्रसादानाम्**-આપની કૃપા પામેલાઓનો, **कुतश्चित्**-કોઈથી પણ, **पराभवः न**-પરાજય નથી થતો. ૭

અનુવાદ—જેઓ, પોતાના જીવોના દેહોને ઉત્પન્ન કરનાર, પોતાનામાં સમસ્ત ભુવનોને પરોવી રાખનાર, વશ રાખનાર, સદ્-અસદ્રૂપ એવા આપને અનન્ય ભાવથી ભજે છે, તેવા પરિપક્વ યોગવાળા, પ્રાણ-ઇન્દ્રિય-અન્તઃકરણ ઉપર વિજય પામેલા અને આપની કૃપા પામેલાઓનો ક્યાંયથી કે કોઈથી પરાજય નથી થતો. ૭

તત્ત્વસુધા- ये "त्वानन्येन भावेन"—ભગવાનને રીઝવવાની સામગ્રીનો અનન્ય ભાવ જ છે. બ્રહ્માજીમાં દેવોને અનન્ય ભાવ થવાનાં ચાર કારણો ચાર વિશેષણથી વર્ણવ્યાં છે:

"**आत्मभावनम्**"—"આત્મભાવન" પદના અનેક ભાવ છે. आत्मनो भावयति એવી વ્યુત્પત્તિ કરવી. आत्मनः—એટલે જીવાત્માઓને અથવા જીવોના દેહને, ઉત્પન્ન કરનાર એવો એક અર્થ કરવો. અથવા आत्मनः છઠ્ઠી વિભક્તિ લેવી. અને અર્થ કરવો પરમાત્માની ઉપાસનાથી અનુગ્રહ પામેલા શ્રી બ્રહ્માજીને "आत्मभावन" કહેવા, ઉત્પત્તિ કરનાર તરીકે બ્રહ્માજીને વર્ણવ્યા.

"**आत्मनि प्रोतभुवनम्**"—બ્રહ્માએ ભુવનોને પોતાની અંદર સમાવીને રાખેલાં છે. તેમજ परं એટલે બ્રહ્માંડને વશ રાખે છે. આ બે વિશેષણોથી "સ્થિતિ"-પાલન" કરનાર તરીકે વર્ણવ્યા.

"**सदसदात्मकम्**"—सद् વસ્તુઓને પ્રલય વખતે પોતાનામાં સમાવી દે છે તેથી તે પદાર્થો असद् ન હોય તેવા દેખાય છે તેથી सदसदात्मक રૂપે બ્રહ્માને નમસ્કાર કર્યો છે.

આવા ચાર વિશેષણવાળા બ્રહ્માજીને જે નમસ્કાર કરે છે, ભક્તિથી સેવે છે તેમનો કદી પરાજય નથી થતો. માટે દેવો વિનવે છે કે ભગવન્ ! અમારો પરાજય ન થાય તેવી કૃપા કરો અને અભય દાન કરો. ૬, ૭

આ શ્લોકમાં દેવો પોતાને બ્રહ્માજીના સેવક તરીકે કબૂલે છે—

यस्य वाचा प्रजाः सर्वा गावस्तन्त्येव यन्त्रिताः ।।
हरन्ति बलिमायत्तास्तस्मै मुख्याय[1] ते नमः ।। ८ ।।

અન્વયાર્થ—तन्त्या-દોરડાંથી, **यन्त्रिताः**-બાંધેલા, **गावः इव**-બળદોની માફક, **यस्य**-જેમની, **वाचा**-વાણીથી, (**यन्त्रिताः**-વશ રહેલી,) **सर्वाः प्रजाः**-સમસ્ત પ્રજાઓ, **आयत्ताः**-સાવધાન રહીને, **बलिं हरन्ति** ભેટબલિ આપે છે, **ते मुख्याय**-તેવા મુખ્ય-આપને, **नमः**-નમસ્કાર હો. ૮

અનુવાદ—દોરડાથી બાંધેલા બળદની માફક જેમની વાણીથી બંધાયેલી સમસ્ત પ્રજાઓ સાવધાન રહીને ભેટબલિ આપે છે તેવા મુખ્ય આપને નમસ્કાર હો. ૮

તત્ત્વસુધા—यस्य વાચા દેવો એક વાત સ્વીકારે છે કે રજ્જુથી બંધાયેલ બળદ સદા ઘાસ વગેરે ખાય છે અને કામ આપે છે એ જ પ્રકારે આ સમસ્ત प्रजाः પ્રજાઓ પણ બ્રહ્માની વાચા વેદવાણીથી અને લોકવાણીથી બંધાયેલા હોઈ સાવધાનીપૂર્વક સતત કામ કરે છે "प्रजा" શબ્દ "કન્યાનો" વાચક છે. કન્યા સર્વથા પરવશ

---

[1] मुख्यात्मने नमः प्रा. पा.

અને અશક્ત હોય છે તેમ જ પ્રજા પરવશ અને અશક્ત છે માટે તેના ઉપર કૃપા કરવી. વળી બળદ જેમ ઘાસ જેવી તુચ્છ વસ્તુ ખાય છે અને અન્ન જેવી સારી વસ્તુ માલિકને આપે છે તેમજ પ્રજાઓ પણ પોતાનાં સુકૃત ફળ બ્રહ્માને આપે છે. ૮

અન્તમાં આ શ્લોકમાં બ્રહ્માજી પાસે કૃપાની ભિક્ષા કરે છે—

स त्वं विधत्स्व शं भूमंस्तमसो लुप्तकर्मणाम् ॥
अदभ्रदयया दृष्ट्या आपन्नानर्हसीक्षितुम् ॥ ९ ॥

અન્વયાર્થ—भूमन्-હે મહાન્, **सः त्वम्**-એવા આપ, **तमसा**-અંધકારથી, **लुप्त-कर्मणाम्**-જેમના કર્મનો નાશ થયેલ છે એવાઓનું, **शम्**-કલ્યાણ, **विधत्स्व**-કરો. **आपन्नान्**-શરણાગત એવાઓને, **अदभ्र-दयया**-પુષ્કળ દયાભરેલી, **दृष्ट्या**-દૃષ્ટિથી, **ईक्षितुम्**-જોવા માટે, **अर्हसि**-યોગ્ય છો. ૯

અનુવાદ—હે મહાન્ ! ઉપર વર્ણવેલા એવા આપ અંધકારથી જેમના કર્મનો લોપ થયેલ છે એવાઓનું કલ્યાણ કરો. વળી શરણે આવેલ એવા અમારા ઉપર પુષ્કળ દયા ભરેલી દૃષ્ટિથી જોવા યોગ્ય છો. ૯

તત્ત્વસુધા—"तमसा लुप्तकर्मणाम्"—યજ્ઞ, ઉદ્યાપન વગેરે કર્મમાર્ગ ચાલે તો જ દેવોને હુતદ્રવ્યાદિ દ્વારા ભાગ મળે. "દ્રવ્ય" દેવોનું અમૃત મનાય છે. યજ્ઞાદિ બંધ પડવાનું કારણ તમસા એટલે પ્રકાશનો અભાવ છે. તેમ જ तमसा-તમોગુણનો પ્રભાવ છે. જો અંધકાર છવાયેલ હોય, રાત્રીદિવસનો વિભાગ ન હોય તો દેવોને ઉદ્દેશી થતા યાગ વગેરે સંભવે નહિ. તેથી જ દેવો બ્રહ્માજીને દયાદૃષ્ટિથી નિહાળવા વિનંતિ કરે છે. **भूमन्**-"ભૂમન્" શબ્દના સંબોધનથી "અખૂટ દયા"નો ભંડાર છે એમ વિનવે છે. દયા વપરાશે તો નહીં ખૂટે એવું તાત્પર્ય છે. અસમર્થની દયાનો કોઈ અર્થ નથી. ૯

આ શ્લોકમાં દૈત્યોના અવતરણનો ભય વર્ણવે છે—

एष देव दितेर्गर्भ ओजः काश्यपमर्पितम् ॥
दिशः तिमिरयन् सर्वा वर्धतेऽ[2]ग्निरिवैधसि ॥ १० ॥

અન્વયાર્થ—देव-હે દેવ ! **अर्पितम्**-દિતિમાં મૂકેલ, **काश्यपम्**-કશ્યપમુનિનું, **ओजः**-વીર્ય, **एषः**-આ, **दितेः**-દિતિના, **गर्भः**-ગર્ભરૂપે, **सर्वाः**-સર્વ, **दिशः**-દિશાઓને, **तिमिरयन्**-અંધારી બનાવતું, **एधसि**-કાષ્ઠમાં મૂકેલ, **अग्निः इव**-અગ્નિની માફક, **वर्धते**-વધી રહેલ છે. ૧૦

અનુવાદ—હે દેવ, દિતિપત્નીમાં સ્થાપેલ કશ્યપ મુનિનું વીર્ય, આ દિતિના ગર્ભરૂપે દશે દિશાઓને અંધારી બનાવતું, કાષ્ઠમાં મૂકેલા અગ્નિની માફક વધી રહેલ છે. ૧૦

તત્ત્વસુધા—દેવ !-દેવ સંબોધનથી સર્વજ્ઞપણું પૂરવાર કરે છે. વળી દેવો બ્રહ્માજીને વિનવે છે કે "**काश्यपं ओजः**" કશ્યપમુનિનું અમોઘ વીર્ય દિતિના ક્ષેત્રમાં ગર્ભરૂપ ધારણ કરતું હોવાથી દિતિના સંસર્ગથી તેમાં "**ક્રૂર**"-પણું આવશે. જો તેજસ્વી વીર્ય ક્રૂર બનશે તો વિશ્વ ભયમાં મૂકાશે માટે આપ એ માટે માર્ગદર્શન કાઢો. ૧૦

સર્વજ્ઞ બ્રહ્મા પાસે પણ પોતાનું પાંડિત્ય પ્રકટ કરતા દેવોનાં વાક્યો ઉપર હસીને બ્રહ્માએ ઉત્તર વાળ્યો એ વાત આ શ્લોકમાં છે --

मैत्रेय उवाच—स प्रहस्य महाबाहो भगवान् शब्दगोचरः ॥
प्रत्याचेष्टात्मभूर्देवान्प्रीणन्रुचिरया गिरा ॥ ११ ॥

---

१. भूमँल्लोकानां प्रा पा., २. एधते प्रा. पा.

અન્વયાર્થ—**महाबाहो**-હે મહાબાહુ ! **शब्दगोचरः**-વેદથી સમજાય તેવા, **सः**-તે, **आत्मभूः भगवान्**-સ્વયં, પ્રકટ થયેલ ભગવાન્ બ્રહ્માએ, **प्रहस्य**-હસીને, **देवान्**-દેવોને, **प्रीणन्**-રાજી કરતા, **रुचिरया**-રુચિકર, **गिरा**-વાણીથી, **प्रति-आबह**-કહેવા લાગ્યા. ૧૧

અનુવાદ—મૈત્રેય મુનિએ કહ્યું કે, હે મહાબાહુ વિદુરજી ! વેદોથી સમજાય તેવા તે સ્વયં પ્રકટ થનાર ભગવાન બ્રહ્મા, હસીને દેવોને રાજી કરતા રુચિકર વાણીથી કહેવા લાગ્યા. ૧૧

તત્ત્વસુધા—" महाबाहो "—મહાબાહુ વિદુરજીનું સંબોધન છે. કેટલીક વાર ભયાનક વર્ણન પણ ભયંકર હોય છે. વિદુરજી શૂરવીર હોવાથી તેઓ આવા ભયથી પર છે. તેથી તેમને " महाबाहो " કહ્યા છે.

" भगवान्-शब्दगोचरः "—ભગવાન અને શબ્દગોચર એવાં બે વિશેષણ બ્રહ્માજીને માટે વાપર્યાં છે તેનું તાત્પર્ય છે કે બ્રહ્માનું આધ્યાત્મિક સ્વરૂપ શબ્દબ્રહ્મ છે તેથી " શબ્દગોચર " કહ્યું. અને તેમાં રહેલ આધિદૈવિક સ્વરૂપને જણાવવા " ભગવાન " શબ્દ કહ્યો છે. તાત્પર્ય કે આધિદૈવિક બ્રહ્મા બોલ્યા છે.

रुचिरया गिरा—બ્રહ્માજીની વાણી ઘણી જ રુચિકર હતી. વડીલોનાં રુચિકર વાક્યો જીવનને વધુ સ્પર્શે છે. हितं मनोहारि વચન દુર્લભ હોય છે. ૧૧

ब्रह्मोवाच – मानसा मे सुता युष्मत् पूर्वजाः सनकादयः ॥
चेरुर्विहायसा लोकान् लोकेषु विगतस्पृहाः ॥ १२ ॥

અન્વયાર્થ—**युष्मत् पूर्वजाः**-તમારી પૂર્વે જન્મેલા, **मे मानसाः सुताः**-મારા માનસ પુત્રો, **सनकादयः**-સનકાદિ કુમારો, **लोकेषु**-સર્વલોકોમાં, **विगत-स्पृहाः**-કામના વિનાના, **विहायसा**-આકાશમાર્ગે, **लोकान्**-લોકોમાં, **चेरुः**-વિચરતા હતા. ૧૨

અનુવાદ—બ્રહ્માજીએ કહ્યું : હે દેવો ! તમારી પૂર્વે જન્મેલા મારા માનસપુત્રો સનકાદિ કુમારો સર્વલોકોમાં નિઃસ્પૃહ થઈને આકાશમાર્ગે લોકોને પાવન કરવા વિચરતા હતા. ૧૨

તત્ત્વસુધા—" मानसा मे सुताः "—બ્રહ્માજી દેવોના સમીપમાં એક ગાથા પ્રારંભે છે. તેઓ કહે છે કે—

" मे मानसाः "—મારા માનસ ચાર પુત્રો સનકાદિકો છે. તેઓ તમારાથી પૂર્વમાં જન્મેલા છે. તેથી તમે ન જાણતા હો તે બને. " मानसा "–માનસ શબ્દથી એમ કહેવા ચાહે છે કે " પિતાના મનમાં " રહેલી ઇચ્છાને કહ્યા વિના અમલ કરતા હતા તેથી તે ઉત્તમ પુત્રો હતા. ?

" विहायसा चेरुः "—તેઓ આકાશમાર્ગે વિચરતા હતા તેથી શીઘ્રગતિ, શ્રમનો અભાવ, તપોબળ અને અમોઘ સિદ્ધિવાળા હતા. બ્રહ્માજી જે દેવોને આ વાત કહી રહેલ છે તે દેવો કશ્યપપુત્રો અદિતિમાંથી જન્મેલા છે તે નથી, પરંતુ બ્રહ્માજીની માનસ સૃષ્ટિના દેવોને કહે છે.

" लोकेषु लोकान् "—ઇચ્છાધીન થઈને તો ઘણા વિચરે છે જ્યારે સનત્કુમારો કેવલ નિઃસ્પૃહ બનીને લોકમંગલ માટે લોક, અલોક દેશોમાં પણ વિચરતા હતા. ૧૨

આ કુમારો વૈકુંઠનાથનાં દર્શને જાય છે એ વાત આ શ્લોકમાં કહે છે—

त एकदा भगवतो वैकुण्ठस्यामलात्मनः ॥
ययुर्वैकुण्ठनिलयं सर्वलोकनमस्कृतम् ॥ १३ ॥

અન્વયાર્થ—**एकदा**-એક દિવસ, **ते**-તે કુમારો, **अमल-आत्मनः**-નિર્મલ સ્વરૂપવાળા, **सर्वलोक-नमस्कृतम्**-સર્વલોકથી વંદન કરાતા, **भगवतः**-ભગવાન, **वैकुण्ठस्य**-વૈકુંઠના, **वैकुण्ठ-निलयम्**-વૈકુંઠધામમાં, **ययुः**-ગયા. ૧૩

અનુવાદ—એક દિવસ તે કુમારો, નિર્મલ, સ્વરૂપવાળા સર્વલોકથી નમસ્કાર કરાતા ભગવાન વૈકુંઠના **વૈકુંઠધામમાં** ગયા. ૧૩

તત્ત્વસુધા—"एकदा" એટલે એક દિવસ સનત્કુમારો વૈકુંઠમાં જવા નીકળ્યા. એક દિવસનું તાત્પર્ય કે પુણ્યોદય થયો કે ભગવદનુગ્રહ થયો ત્યારે વૈકુંઠમાં જવાનો સંકલ્પ સ્ફુર્યો.

"**वैकुण्ठस्य अमलात्मनः वैकुण्ठनिलयम्**"—વૈકુંઠ ભગવાનના વૈકુંઠ લોકમાં સનત્કુમારો ગયા. વૈકુંઠ ભગવાન સાક્ષાત્ પુરાણપુરુષનો અવતાર છે. તે ભગવાને લક્ષ્મીજીની લાલસાપૂર્તિ માટે વૈકુંઠલોકની રચના કરી છે. પત્નીની કામનાપૂર્તિ માટે લોક રચ્યો છે છતાં કામનાવાસનાથી રહિત છે તેથી **अमलात्मनः** ભગવાન વૈકુંઠને નિર્મલ સ્વરૂપવાળા કહ્યા છે.

"**वैकुण्ठनिलयम्**"—જે વૈકુંઠલોકની રચના કરી તે "રમાવૈકુંઠ" છે. જો કે કૃત્રિમ વૈકુંઠ સ્વરૂપે આ વૈકુંઠને માનેલ છે પરંતુ વ્યાપિવૈકુંઠ જ રમા વૈકુંઠમાં અવતરેલ હોવાથી આ નિત્યવૈકુંઠ જ છે. નિત્યપણાને કૃત્રિમ વૈકુંઠનો વિરોધ નથી આવતો. કૃત્રિમ એટલે મુખ્ય વૈકુંઠ નહીં તેમજ વૈકુંઠનો અવતાર એવું તાત્પર્ય છે. **रमया प्रार्थ्यमानेन** એ વાક્યથી વૈકુંઠનો અવતાર સિદ્ધ થાય છે. જય-વિજયનું અવતરણ પણ વ્યાપિવૈકુંઠના પાર્ષદોનું ન સંભવે. વ્યાપિવૈકુંઠના જયવિજય પાર્ષદો તો સદા ભગવાનની સાથે જ રહે છે. વામન ભગવાનના સોળ પાર્ષદોમાં જય-વિજયનો અષ્ટમ સ્કંધમાં ઉલ્લેખ કર્યો છે. ૧૩

વૈકુંઠ લોક પણ ચિદ્. આનંદ, સદાત્મક છે તેમાં વસનારા જીવો આનંદાત્મક છે તેનું વર્ણન કરે છે—

वसन्ति यत्र पुरुषाः सर्वे वैकुण्ठमूर्तयः ॥
येऽनिमित्तनिमित्तेन धर्मेणाराधयन्हरिम् ॥ १४ ॥

અન્વયાર્થ—**यत्र**-જે વૈકુંઠમાં, **ये**-જેઓ, **अनिमित्त-निमित्तेन**-પ્રયોજન વિનાના ચિહ્નવાળા, **धर्मेण**-ધર્મથી, **हरिम्**-શ્રીહરિની, **आराधयन्**-આરાધના કરનારા છે એવા, **सर्वे**-સર્વ, **वैकुण्ठमूर्तयः**-વૈકુંઠ ભગવાનના જેવા સ્વરૂપવાળા, **पुरुषाः**-પુરુષો, **वसन्ति**-વસે છે. ૧૪

અનુવાદ—જે વૈકુંઠધામમાં, કોઈપણ જાતના પ્રયોજન વિનાના ધર્મથી શ્રીહરિને પ્રસન્ન કરનારા તેમજ વૈકુંઠ ભગવાનના જેવા સ્વરૂપવાળા પુરુષો વસે છે. ૧૪

તત્ત્વસુધા—"वसन्ति यत्र पुरुषाः"—વૈકુંઠમાં સર્વ પુરુષોનો નિવાસ છે. આસક્તિ ધર્મના જીવોને સ્ત્રીજીવ કહેલ છે. અનાસક્ત અને વૈરાગ્યપૂર્ણ સ્વભાવના જીવો પુરુષો છે. વૈકુંઠમાં સર્વ પુરુષોનો નિવાસ એટલે ભક્ત અને હરિસેવારક્ત જીવોનો વસવાટ છે. વૈકુંઠમાં સારૂપ્ય મુક્તિ હોય છે. સ્ત્રીઓને સારૂપ્ય મુક્તિ નથી હોતી. પરંતુ જે ભગવદીયો વૈકુંઠમાં જાય છે તેમની પત્નીઓ પતિવ્રતા હોવાથી વૈકુંઠમાં સાથે જાય છે. ત્યાં રહી ભગવદ્ગુણગાન કરે છે. સારૂપ્ય મુક્તિ ધ્યાનથી થાય છે. અંત સમયે સ્વરૂપ-ધ્યાન થાય તો સારૂપ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે.

सर्वे वैकुंठमूर्तयः—ત્યાં આવનાર સર્વ વૈકુંઠ ભગવાનના જ સ્વરૂપને પામે છે અને તે જ સ્વરૂપથી ત્યાં વસે છે વૈકુંઠમાં વસનારનો દેહ આનંદાકાર હોય છે. કેવલ ભગવાનના આનંદની સમાન આનંદ નથી હોતો તો પણ આનંદમય તો હોય છે. જેઓ અહૈતુક ધર્મથી ભગવાનની આરાધના કરે છે તેમને વૈકુંઠમાં જવાનું મળે છે. ૧૪

આ શ્લોકમાં વૈકુંઠભગવાનનું મહત્ત્વ ગાય છે—

यत्र चाद्यः पुमानास्ते भगवान् शब्दगोचरः ॥
सत्वं विष्टभ्य विरजं स्वानां नो मृडयन्वृषः ॥ १५ ॥

અન્વયાર્થ—**च**-અને, **यत्र**-જ્યાં વૈકુંઠમાં, **शब्दगोचरः**-વેદથી જાણી શકાતા, **आद्यः पुमान्**-આદ્ય

પુરુષ, **भगवान्**-ભગવાન, **विरजम्**-વિશુદ્ધ રજથી રહિત, **सत्त्वम्**-સત્વને, **विष्टभ्य**-રોકીને, **स्वानाम्**-પોતાના ભક્તોના, **नः**-અમારા બ્રહ્માદિ દેવોના, **मृडयन्**-આનંદપ્રદ, **वृषः आस्ते**-સ્વામી તરીકે બિરાજે છે. ૧૫

અનુવાદ—અને જે વૈકુંઠધામમાં વેદથી જાણી શકાતા, આદ્યપુરુષ ભગવાન, વિશુદ્ધ સત્વને રોકીને પોતાના ભક્તોના તેમજ બ્રહ્માદિ દેવોના અમારા આનંદદાતા સ્વામી તરીકે બિરાજે છે. ૧૫

તત્ત્વસુધા—भगवान् शब्दगोचरः—વૈકુંઠમાં બિરાજતા "શ્રીવૈકુંઠ પ્રભુ" સત્વગુણને રોકીને વસે છે. એ ભગવાનનું શબ્દથી એટલે વેદથી જ્ઞાન થાય છે. વૈકુંઠલોક સર્વ લોકો કરતાં અત્યંત ઉત્તમ છે; તેમજ ભિન્ન પ્રકારનો છે. વૈકુંઠમાં રહેનાર જીવનું શરીર આનંદ છે. આનંદનું શરીર સત્ છે અને સત્ મોક્ષરૂપ શરીર છે. આ લોકમાં आद्यः पुमान् આદ્ય પુરુષ વસે છે. વ્યાપિ વૈકુંઠમાં પણ આદ્ય પુરુષ એટલે પુરુષોત્તમ ભગવાન વસે છે.

"सत्त्वं विष्टभ्य"—વૈકુંઠમાં બિરાજતા ભગવાન સત્વગુણને વ્યવસ્થિત રીતે રોકીને વસે છે. જો સત્વગુણને વ્યવસ્થિત રીતે ન રોકે તો તેમાં રજોગુણ, તમોગુણ ભળી જાય. એટલે સત્વગુણ શુદ્ધ ન રહી શકે તેથી જ સત્વને રોકી રાખે છે. ૧૫

વૈકુંઠના નૈઃશ્રેયસ્ વનને વર્ણવે છે—

यत्र नैःश्रेयसं नाम वनं कामदुघैर्द्रुमैः ॥
सर्वर्तुश्रीभिर्विभ्राजत् कैवल्यमिव मूर्तिमत् ॥ १६ ॥

અન્વયાર્થ—**यत्र**-જ્યાં, **सर्व-ऋतुश्रीभिः**-સર્વ ઋતુઓની સમ્પત્તિવાળાં, **कामदुघैः**-કામના પૂરક, **द्रुमैः**-કલ્પતરુઓથી, **विभ्राजत्**-શોભતું; **मूर्तिमत्**-મૂર્તિધારી, **कैवल्यम् इव**-મોક્ષ જેવું. **नैःश्रेयसम्**-નૈઃશ્રેયસ નામનું, **वनम्**-વન બિરાજે છે. ૧૬

અનુવાદ—વળી જે વૈકુંઠધામમાં સર્વઋતુઓની સમ્પત્તિવાળાં કામનાપૂરક કલ્પવૃક્ષોથી શોભતું મૂર્તિધારી મોક્ષ જેવું નૈઃશ્રેયસ નામનું વન બિરાજે છે. ૧૬

તત્ત્વસુધા—"यत्र नैःश्रेयसं नाम वनम्"—વૈકુંઠમાં જે ઉપવન છે તેનું નામ "નૈઃશ્રેયસ્" આપેલ છે. ઉપવન નગરની સમીપ આવેલ હોય છે. ઉદ્યાન નગરની અંદર તેમજ ભાગોળે હોય. વન નગરથી દૂર હોય છે. વનમાં પ્રત્યેક પ્રકારનાં વૃક્ષો છે. પરંતુ તે બધાંએ વૃક્ષો કલ્પવૃક્ષો છે. કોઈ પણ ઇચ્છિત વસ્તુ વૃક્ષ પાસેથી મળે છે. વૃક્ષો માટે "द्रुमाः" પદ વાપર્યું છે. "द्रु" એટલે ગતિ અને મા એટલે વિનાનાં તેથી દ્રુમનો અર્થ ગતિરહિત એવો થયો.

"कैवल्यमिव मूर्तिमत्" આ પદથી વૈકુંઠને મૂર્તિમય મોક્ષની ઉપમા આપી છે. તેથી લાગે છે કે મોક્ષનું પણ મૂર્તિમત્ સ્વરૂપ છે. ૧૬

वैमानिकाः सललनाश्चरितानि यत्र गायन्ति लोकशमलक्षपणानि भर्तुः ॥
अन्तर्जले[1]ऽनुविकसन्मधुमाधवीनां गन्धेन खण्डितधियोऽप्यनिलं क्षिपन्तः[2] ॥१७॥

અન્વયાર્થ—**यत्र**-જે વૈકુંઠમાં, **अन्तः-जले**-જલની અંદર, **अनुविकसत्-मधुमाधवीनाम्**-સારી રીતે વિકસતી મધુમાધવી લતાઓના, **गन्धेन**-ગંધથી, **खण्डितधियः अपि**-ખંડિત થએલ બુદ્ધિવાળા છતાં, **अनिलम्**-તે લતાઓના ગંધવાયુને, **क्षिपन्तः**-ન ગણકારતા, **वैमानिकाः**-વિમાનવિહારીઓ, **सललनाः**-પોતાની સ્ત્રીઓ સાથે, **भर्तुः**=ભગવાનનાં, **लोक-शमल-क्षपणानि**-લોકોનાં પાપોનો ક્ષય કરનારાં, **चरितानि**-ચરિત્રો, **गायन्ति**-ગાય છે. (વસંતતિલકા વૃત્ત) ૧૭

---

१. जले तु प्रा. पा., २. क्षिपन्ति प्रा. पा.

અનુવાદ—વળી જે વૈકુંઠધામમાં જલની અંદર આપોઆપ વિકસતી મધુમાધવી લતાઓના ગન્ધથી ખંડિત થએલ બુદ્ધિવાળા છતાં તે ગંધવાયુની દરકાર ન કરતા વિમાનવિહારીઓ પોતાની લલનાઓ સાથે ભગવાનનાં લોકોનાં પાપોનો ક્ષય કરનારાં ચરિત્રોને ગાય છે. ૧૭

તત્ત્વસુધા—"वैमानिकाः"—વૈમાનિક શબ્દથી લગભગ ગન્ધર્વ વગેરે સમજવા. વૈકુંઠ લોકમાં કેવલ વિમાનમાં જ બેસી જઈ શકાય અને ફરી શકાય છે. આ ઉપરથી નક્કી થાય છે કે પગે ચાલી આ લોકમાં પ્રવેશ નથી કરાતો. અને અભિમાનથી કરે તો અનાદરનું પાપ લાગે છે. ગન્ધર્વ શબ્દ "પૃષોદરાદિ" ગણમાં લેવાનો છે અને गन्धं वान्ति इति गन्धर्वाः એવી વ્યુત્પત્તિ થાય છે. ગન્ધને લઈ જાય તે ગન્ધર્વો છે. "અપ્સરા"ઓ "ગંધ"રૂપ ભગવાનની ઉપાસના કરે છે.

"लोकशमलक्षपणानि"—ભગવાનનાં ચરિત્રો લોકોનાં પાપસમસ્તનો નાશ કરે છે. તે ત્યારે જ બને કે કોઈ પણ ગાય અને બીજાને સાંભળવા મળે.

"मधुमाधवीनामनिलं क्षिपन्तः"—મધુ શબ્દનો અર્થ મકરન્દ છે. "માધવી" લતાનું નામ છે. પરંતુ આ "માધવી" લતા જમીનમાં નથી થતી. તેમાં આધિદૈવિક વસંત ઋતુ રહેલો છે અને તેમાં સુગંધ ભગવાનના વરદાનથી રહેલો છે. આ માધવી લતાના ગંધથી ખંડિત થયેલી બુદ્ધિવાળી છતાં તેના ગંધનો અનાદર કરી હરિગુણનું જ ગાન કરે છે એ જ ભક્તિનું અમોઘ બળ છે. ૧૭

આ શ્લોકમાં વૈકુંઠનાં પક્ષીઓ પણ નિર્દોષ છે એવું વર્ણવે છે—

पारावतान्यभृतसारसचक्रवाकदात्यूहहंसशुकतित्तिरबर्हिणां यः ॥
कोलाहलो विरमतेऽचिरमात्रमुच्चैर्भृङ्गाधिपे हरिकथामिव गायमाने ॥ १८ ॥

અન્વયાર્થ—**भृङ्ग-अधिपे**-ઉત્તમ ભ્રમર, **हरिकथाम् इव**-હરિકથાની માફક, **उच्चैः**-ઉચ્ચ સ્વરે, **गायमाने**-ગાતો હોય ત્યારે, **अचिर-मात्रम्**-અલ્પ સમય માટે, **पारावत-अन्यभृत-सारस-चक्रवाक-दात्यूह-हंस-शुक-तित्तिरि-बर्हिणाम्**-કબૂતર, કોકિલ, સારસ, ચક્રવાક, ચાતક, હંસ, પોપટ, તેતર અને મયૂરોનો, **कोलाहल**-ધ્વનિ, **विरमते**-શમી જાય છે. (વસંતતિલકા વૃત્ત) ૧૮

અનુવાદ—જ્યારે ઉત્તમ ભ્રમર હરિકથાની જેમ ઉચ્ચ સ્વરે ગાન કરતો હોય ત્યારે તેટલા સમય માટે કબૂતર, કોકિલાઓ, સારસ, ચક્રવાક, ચાતક, હંસ, પોપટ, તેતરો અને મયૂરોનો ધ્વનિ વિરમી જાય છે. ૧૮

તત્ત્વસુધા—"पारावतान्यभृतसारसचक्रवाक-"—આ શ્લોકમાં "નવ" ગુણોનાં નવ સ્વરૂપ તરીકે પક્ષીઓનો ઉલ્લેખ કરે છે. આ નવ પક્ષીઓ નવ ગુણો જ છે. પ્રાતઃકાલમાં સૌથી પ્રથમ પક્ષીઓ જાગી જાય છે અને મધુર કલરવ કરવાની શરૂઆત કરે છે. તેઓનું વાઙ્માધુર્ય શ્રુતિપ્રિય અને હૃદયંગમ હોય છે. જો કે તેમનાં વચનોમાં વ્યાકરણ ન હોવાથી તેમજ પદ—વાક્યની પણ રચના ન હોવાથી સ્પષ્ટ બોધ નથી થતો. તેથી તેમના શબ્દને "कोलाहल" શબ્દથી ઓળખાવે છે. પરંતુ તેઓ એટલાં વિવેકી છે કે જ્યારે 'ભૃંગ' એટલે ભ્રમરનું ગુંજન શરૂ થાય છે ત્યારે તેઓ કોલાહલમાં પણ હરિગુણગાન વિના અન્ય કાંઈ જ હોતુ નથી. ભ્રમર ભક્તરાજ છે. તે વનમાલાનો અધિકારી છે, अन्यभृतનો અર્થ થાય છે કોકિલ અને "दात्यूह" શબ્દનો અર્થ થાય છે ચાતક, જ્યારે "बर्हीं"નો અર્થ તો મયુર પ્રસિદ્ધ જ છે. સિતાર, સારંગી કે બીનની મૂર્ચ્છનાની માફક ભ્રમરનું ગુંજન માનવામાં આવ્યુ છે. ૧૮

B.
21

मन्दारकुन्दकुरबोत्पलचम्पकार्णपुन्नागनागबकुलाम्बुजपारिजाताः ॥
गन्धेऽर्चिते[1] तुलसिकाभरणेन तस्या यस्मिन् तपः सुमनसो बहु मानयन्ति ॥ १९ ॥

અન્વયાર્થ—**यस्मिन्**–જે વૈકુંઠધામમાં, **तुलसिका–आभरणेन**–તુલસીના આભૂષણવાળા ભગવાને, **तस्याः गन्धे अर्चिते**–તે તુલસીની ગંધની પ્રશંસા કરી ત્યારે, **मन्दार–कुन्द–कुरब–उत्पल–चम्पक–अर्ण–पुन्नाग–नाग–बकुल–अम्बुज–पारिजाताः**–મન્દાર, મોગરો, કુરબ, ઉત્પલ, ચમ્પો, અર્ણ, પુન્નાગ, નાગ, બોરસલી, કમલ, પારિજાતનાં પુષ્પો, **तस्याः तपः**–તે તુલસીના તપની, **बहु मानयन्ति**–બહુ પ્રશંસા કરવા લાગ્યાં. (વસંતતિલકા વૃત્ત) ૧૯

અનુવાદ—જે વૈકુંઠમાં જ્યારે તુલસીજીના આભૂષણવાળા ભગવાને શ્રી તુલસીજીના ગંધની પ્રશંસા કરી ત્યારે મંદાર, મોગરો, કુરબ, રાત્રિવિકાસી કમલ, ચંપો, અર્ણ, પુન્નાગ, નાગ, બોરસલી, કમલ અને પારિજાત પુષ્પો તે તુલસીજીના તપની બહુ શ્લાઘા કરવા લાગ્યાં. ૧૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં અગીઆર પ્રકારનાં પુષ્પવાળાં વૃક્ષ—લતાઓની ભક્તિનું નિરૂપણ છે. ભગવાને વનમાલા ધારણ કર્યાં છે. વનમાલા શ્રી તુલસીજીનાં બને છે. ભગવાને વનમાલામાં બિરાજતાં તુલસીના ગંધનો ખૂબ યશ ગાયો. તુલસીજી લક્ષ્મીજીની માફક અમૃતમાંથી પ્રકટ્યાં છે. તુલસીજીનો સુગંધ સર્વને ભક્તિનું પ્રદાન કરે છે. તેથી જ ભગવાન તેનો આદર કરે છે.

જ્યારે આ આદર મન્દાર વગેરે પુષ્પોએ નજરે નિહાળ્યો ત્યારે તેમના હૃદયમાં થયું કે ભલે આપણે દેવલોકમાં રહ્યા હોઈએ; પરંતુ "ભગવત્પ્રિયત્વ" સંપાદન કરવા આપણે ભૂલોકમાં જવું જોઈએ અને તુલસીજીને વિનવી પૂછી આપણે તેમના જેવાં જ તપ આચરવાં જોઈએ.

"मन्दार અને पारिजात" આ સુરતરુઓ છે. "कुरब" તિલક નામના વૃક્ષનું નામ છે. રાત્રીએ ખીલનાર કમલપુષ્પને "उत्पल" કહેવામાં આવે છે. "अर्ण" કાશ્મીર દેશનું પુષ્પ છે. કેટલાક "अर्ण"ને કરવીર નામના પુષ્પથી ઓળખે છે. જ્યારે કેટલાક "अर्ण"નો અર્થ સાગ વૃક્ષ પણ કહે છે. આ સર્વ પુષ્પો પુષ્કળ સુવાસવાળાં છતાં તુલસીજીની પાસેથી તપોદીક્ષા લેવા વાંછે છે. ૧૯

આ શ્લોકમાં વૈકુંઠમાં વસનારી નિર્દોષ સ્ત્રીઓ છે એવું વર્ણવે છે—

यत् संकुलं हरिपदानतिमात्रदृष्टैर्वैदूर्यमारकतहेममयैर्विमानैः ॥
येषां बृहत्कटितटाः स्मितशोभिमुख्यः कृष्णात्मनां न रज आदधुरुत्स्मयाद्यैः ॥ २० ॥

અન્વયાર્થ—यत्–જે વૈકુંઠધામ, **हरिपद–आनतिमात्र–दृष्टैः**–શ્રીહરિના ચરણમાં નમન કરવા માત્રથી મેળવેલાં–નિહાળેલાં, **वैदूर्य–मारकत–हेममयैः**–વૈડૂર્ય, મરકત અને સુવર્ણમય, **विमानैः**–વિમાનોથી. **संकुलम्**–ભરપૂર છે. **येषाम्**–જે વિમાનમાં રહેલી, **बृहत्–कटितटाः**–મોટા નિતંબવાળી અને **स्मितशोभिमुख्यः**–સ્મિતહાસ્યથી શોભતા મુખવાળી લલનાઓ, **उत्स्मयाद्यैः**–સ્મિતહાસ્ય, કટાક્ષ વગેરે ભાવોથી, **कृष्ण–आत्मनाम्**–શ્રીકૃષ્ણમાં અંતઃકરણવાળા ભક્તોને, **न रजः आदधुः**–કામ પેદા નથી કરતી. (વસંતતિલકા વૃત્ત) ૨૦

અનુવાદ—જે વૈકુંઠધામ શ્રીહરિના ચરણમાં નમન કરવા માત્રથી મેળવેલાં વૈડૂર્ય, મરકત અને સુવર્ણમય વિમાનોથી ભરપૂર છે; જે વિમાનમાં રહેલી મોટા નિતંબવાળી તેમજ સ્મિત હાસ્યથી શોભતા મુખવાળી લલનાઓ, સ્મિતહાસ્ય, કટાક્ષ વગેરે ભાવોથી શ્રીકૃષ્ણમાં અન્તઃકરણવાળા ભક્તોને કામ પેદા નથી કરતી. ૨૦

---

[1] गन्धेऽन्विते प्रा. पा.

તત્ત્વસુધા—સ્ત્રીઓ ત્રણ પ્રકારની છે. લક્ષ્મીજી સિવાયની સર્વ સ્ત્રીઓ આધિભૌતિક છે. લોકના સંબંધવાળી આધ્યાત્મિક લક્ષ્મી છે. ભગવાનની ભક્ત આધિદૈવિક લક્ષ્મી છે. આ ત્રણમાંથી પ્રથમ પ્રકારની "આધિભૌતિક" સ્ત્રીઓનું વર્ણન કરે છે. આ ત્રણે નિર્દોષ અને આનંદરૂપ છે, એવું વર્ણવે છે. **यत् संकुलं हरिपदानतिमात्रदृष्टैः**–ભગવાનના ચરણકમલમાં નમસ્કાર કરવા માત્રથી વૈકુંઠમાં વિમાનોની પ્રાપ્તિ થાય છે. "**आनति**" શબ્દનો અર્થ "વંદન" થાય છે તેમજ "વંદન ભક્તિ" પણ થાય છે. કાંતો કેવલ નમન કરવાથી જ વિમાન આપે છે કે કાંતો "વંદન" નામની નવધા ભક્તિમાંની છઠ્ઠી ભક્તિ પર્યન્તની છ ભક્તિ કરવાથી ભગવાન વિમાન આપે છે. "**वैदूर्य**"નાં વિમાન તામસ જેવાં સમજાય છે, "**मरकत**"નાં વિમાન સાત્ત્વિક ગણ્યાં છે અને સુવર્ણનાં વિમાન રાજસ માન્યાં છે. ત્રણ પ્રકારના ભક્તોને ત્રણ પ્રકારનાં વિમાન આપવામાં આવે છે એવું તાત્પર્ય લાગે છે.

"येषां बृहत्कटितटाः"—ઉત્તરાર્ધથી એક વિશિષ્ટ વસ્તુ બતાવી છે કે સૌન્દર્ય અને માધુર્યપૂર્ણ સ્ત્રીવૃન્દ વૈકુંઠમાં હોવા છતાં તેનું "कृष्णात्ममनां" શ્રીકૃષ્ણમાં મન પરોવેલા ભગવદીયોને રાજસ વૃત્તિવાળી નથી બનાવી શકતી. તેમજ તેઓ પણ ભગવદ્ભાવથી જ પૂર્ણ હોવાથી વિવેકશીલ વૃત્તિવાળાં છે. ૨૦

ઉપરના શ્લોકમાં નિર્દોષ ભગવદીય સ્ત્રીઓ વૈકુંઠમાં વસે છે એ વસ્તુ કહી હવે આ શ્લોકમાં ગર્વરહિત લક્ષ્મીજીનું વર્ણન કરે છે—

श्रीः रूपिणी क्वणयती चरणारविन्दं लीलाम्बुजेन हरिसद्मनि मुक्तदोषा ॥
संलक्ष्यते स्फटिककुड्य उपेतहेम्नि संमार्जतीव यदनुग्रहणेऽन्ययत्नः ॥ २१ ॥

અન્વયાર્થ—यद् अनुग्रहणे–જે લક્ષ્મીજીનો અનુગ્રહ મેળવવા, **अन्य-यत्नः**–અન્ય દેવો પ્રયત્ન કરે છે તે, **लीलाम्बुजेन**–લીલાકમળથી ઓળખાતી, **रूपिणी**–મૂર્તિમતી, **श्रीः**–લક્ષ્મી, **मुक्तदोषा**–દોષ રહિત થઈ, **उपेत-हेम्नि**–સુવર્ણથી જડેલી, **स्फटिक-कुड्ये**–સ્ફટિક મણિની દીવાલવાળા, **हरि-सद्मनि**–શ્રીહરિના મંદિરમાં, **चरणारविन्दम्**–ચરણકમલનાં, **क्वणयती**–ઝાંઝરોનો ઝંકાર કરતી, **संमार्जती इव**–બુહારીજીની સેવા કરતાં હોય એમ, **संलक्ष्यते**–દેખાય છે. (વસંતતિલકા વૃત્ત) ૨૧

અનુવાદ—જે લક્ષ્મીજીનો અનુગ્રહ મેળવવા અન્ય દેવો પ્રયત્ન કરે છે તે, લીલા કમળથી ઓળખાતી, મૂર્તિમતી લક્ષ્મીજી, ચંચલતાના દોષથી મુક્ત થઈ, સુવર્ણથી જડેલા સ્ફટિકમણિની ભીંતોવાળા, શ્રીહરિના ભુવનમાં, ચરણકમલોનાં ઝાંઝરોના ઝંકાર કરતી બુહારીજીની સેવા કરતાં હોય એમ દેખાય છે. ૨૧

તત્ત્વસુધા—श्रीः रूपिणी—વિશ્વમાં વસનારી લક્ષ્મીની આધિદૈવિક દેવતા લક્ષ્મીજી "**रूपिणी**" સાક્ષાત્ મૂર્તિમયી વૈકુંઠમાં વસે છે. માટે "चला" એવો એક અપવાદ છે. પરંતુ વૈકુંઠનાથની સેવામાં વસતી લક્ષ્મી "અચલા" છે. આ શ્લોકમાં ત્રણ વાતો કહી છે:

"क्वणयती चरणारविन्दम्"–લક્ષ્મીજીના ચરણસરોજનાં નૂપુરનો ધ્વનિ નિત્ય વૈકુંઠમાં શ્રુતિપથ થાય છે એ છે લક્ષ્મીસેવાશીલતાનો પુરાવો. પ્રભુની પ્રત્યેક સેવા સ્વયં કરતાં હોવાથી દિવસભર ચરણકમલ ગતિમાન રહેવાથી ઝાંઝરનો ધ્વનિ અખંડ સંભળાયા કરે છે.

"लीलाम्बुजेन हरिसद्मनि मुक्तदोषा"—આ વાકયમાં "મુક્તદોષા" એવું સ્ત્રીલિંગે લક્ષ્મીજીનું વિશેષણ થાય છે. પરંતુ વૈકુંઠસ્થ લક્ષ્મી નિર્દોષ જ હોય ત્યાં આવા વિશેષણની કદાચ આવશ્યકતા ન લાગે, તો मुक्तदोषा પદને लीलाम्बुजेन પદનું વિશેષણ બનાવવું. અને "મુક્તદોષા"નો અર્થ કરવો કે લંબાવેલ હાથમાં રહેલા લીલાકમલથી લક્ષ્મીજી, સુવર્ણમાં મઢેલી સ્ફટિકથી હરિમંદિરની દીવાલોને સ્વચ્છ કરે છે, કારણ કે ત્યાં

કચરો આવવાનો સંભવ નથી. વળી સ્ફટિકની દીવાલોનું સંમાર્જન પણ કમલની જ બુહારીથી જ ઘટે. લક્ષ્મીજીના કરકમલમાં કઠોર સાવરણી પણ શ્રમકર થઈ પડે, કદાચ લાગે કે લક્ષ્મીજી કચરો વાળે કે સેવા કરે તેમાં શી નવાઈ તો ઉત્તર આપે છે કે–

“ यदनुग्रहणेऽन्ययत्नः ”–જે લક્ષ્મીજીને મેળવવા માટે જ્યારે અનેક દેવો પ્રયત્ન કરે છે તો કેવલ એમની મૃદુ નજરના અવલોકનને પણ નથી પામી શકતા તે લક્ષ્મીજી પ્રભુની સેવા માટે તલસે છે. ૨૧

वापीषु विद्रुमतटास्वमलामृताप्सु प्रेष्यान्विता निजवने तुलसीभिरीशम् ॥
अभ्यर्चती स्वलकमुन्नसमीक्ष्य वक्त्रमुच्छेषितं भगवतेत्यमताङ्ग यच्छ्रीः ॥ २२ ॥

अन्वयार्थ––**अङ्ग**–હે અંગ, **प्रेष्यान्विता**–દાસી સાથે, **निजवने**–પોતાના વનમાં, **विद्रुमतटासु**–પરવાળાંના તટવાળી, **अमल-अमृत-आप्सु**–નિર્મલ મધુર જલવાળી, **वापीषु**–વાવોમાં, **तुलसीभिः**–તુલસીઓ દ્વારા, **ईशम्**–ભગવાનને, **अभ्यर्चती**–પૂજતી, **यद् श्रीः**–જે લક્ષ્મી, **सु-अलकम्**–સુંદર કેશવાળા, **उन्नसम्**–ઊંચી નાસિકાવાળા, **वक्त्रम्**–પોતાના મુખને, **समीक्ष्य**–જોઈ ને, **भगवता**–ભગવાને, **उच्छेषितम्**–ચુંબન કરેલું હોય, **इति**–એમ, **अमत**–માનતી હતી. (વસંતતિલકા વૃત્ત) ૨૨

અનુવાદ—હે અંગ, દાસી સાથે પોતાના વનમાં, પરવાળાંના તટવાળી, નિર્મલ મધુર જલવાળી, વાવોમાં તુલસીજી દ્વારા ભગવાનને પૂજતી જે વૈકુંઠલક્ષ્મી, સુંદર કેશવાળા ઊંચી નાસિકાવાળા, પોતાના મુખને જોઈને ભગવાને ચુંબન કરેલું હોય એમ માનતી હતી. ૨૨

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં આધ્યાત્મિક લક્ષ્મીજીના દૈન્યનું નિરૂપણ કર્યું. આ શ્લોકમાં આધિદૈવિક લક્ષ્મીજીની અપૂર્વ ભક્તિનું વર્ણન કરે છે—

“ वापीषु विद्रुमतटासु ”—શ્રી વૈકુંઠમાં જે વાવો હતી તેનાં સોપાન વિદ્રુમ રક્ત વર્ણનાં હોવાથી તેનું દર્શન થતાં જ હરિચરણમાં અતિ અનુરાગ થાય છે.

“ अमलामृताप्सु ”—વાવોનાં જલ અમલ અને અમૃત તુલ્ય મધુર છે. નિર્મલ જલ પણ જો ખારાં હોય તો સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય નહીં, પરંતુ જલ નિર્મલ અને મીઠાં હોવાથી સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય છે.

प्रेष्यान्विता—લક્ષ્મીજી ભગવાનની સેવા કરે છે પરંતુ અનેક દાસીઓ એમની સેવામાં ખડે પગે ઊભી છે.

“ तुलसीभिः ”—લક્ષ્મીજીમાં અતિશય પ્રેમ રહ્યો છે તેથી તો પોતાની શોક્ય ગણાતી પણ તુલસીજીનાં દલથી સેવા કરે છે. વળી બહુવચન વાપર્યું છે તેથી “ લક્ષપૂજા ” હશે એમ લાગે છે.

“ उच्छेषितं भगवता ”—લક્ષ્મીજી વાવના સોપાને બેસીને પ્રાતઃસ્નાન કરતાં હતાં ત્યારે અથવા તો વાવે બિરાજી ધ્યાન કરતાં હતાં ત્યારે ભગવાન પોતાની દાસીના પ્રતિબિંબમાં સાક્ષાત્ પ્રકટ થયા. લક્ષ્મીજીની ભક્તિથી આર્દ્ર થયા અને લક્ષ્મીજીના સુકોમલ કેશવાળા મુખકમલને પોતાના કરકમલથી ઊંચું કરી ખૂબ જ સ્નેહથી સન્માનવા લાગ્યા. આ સમયે દાસીના પ્રતિબિંબમાં ભગવાનનાં દર્શન થતાં દાસીનું સાંનિધ્ય ન લાગ્યું તેથી ક્ષોભ ન થયો. અને ભગવાને રસ પ્રદાન કર્યું તેને અલૌકિક ફલ માન્યું. ૨૨

यत्र व्रजन्त्यघभिदोरचनानुवादाच्छृण्वन्ति येऽन्यविषयाः कुकथा मतिघ्नीः ॥
यास्तु श्रुता हतभगैर्नृभिरात्तसारांस्तांस्तान्क्षिपन्त्यशरणेषु तमःसु हन्त ॥ २३ ॥

अन्वयार्थ—**ये**–જે જીવો, **अघभिदः**–પાપહર શ્રીકૃષ્ણની, **रचनानुवादात्**–લીલાચરિતનાં કીર્તન ત્યજી, **अन्य-विषयाः**–અન્ય વિષયોની, **मतिघ्नीः**–સન્મતિનો નાશ કરનારી, **कुकथाः**–વિષયવાર્તાઓ–કુથલીઓ,

---

१. –त्तवीर्या प्रा. पा.

शृण्वन्ति-સાંભળે છે, **ते**-તેઓ, **यत्**-વૈકુંઠમાં, **न व्रजन्ति**-નથી જઈ શકતા, **तु**-પરંતુ, **हन्त**-અરે દુઃખની વાત છે કે, **हतभगैः**-હતભાગી, **नृभिः**-જનોના, **श्रुताः**-સાંભળવામાં આવતી, **आत्तसाराः**-તેમનાં પુણ્યને હરી લેતી, **तान् तान्**-તે તે સાંભળનારાને, **अशरणेषु**-શરણરહિત, **तमःसु**-નરકદુઃખોમાં, **क्षिपन्ति**-ફેંકી દે છે. (વસંતતિલકા વૃત્ત) ૨૩

અનુવાદ—જે જીવો પાપહર શ્રીકૃષ્ણનાં લીલાચરિત કીર્તનોને ત્યજી સન્મતિનો નાશ કરનારી અન્ય વિષયોની વિષયવાર્તાઓને-કુથલીઓને સાંભળે છે તેઓ વૈકુંઠમાં તો નથી જતા પરંતુ, એ જ એ દુઃખની વાત છે કે જે વાર્તાઓ હતભાગી જીવોના સાંભળવામાં આવી તે તેમનાં પુણ્યને હરી લેતી તેમને શરણાગતિ વિનાનાં નરકદુઃખોમાં ફેંકી દે છે. ૨૩

તત્ત્વસુધા—अघभिदः रचनानुवादात्—વૈકુંઠમાં જવા ચાહનાર માટે એક આવશ્યક વિધાન કર્યું છે કે "अघभिदः" પાપને ભેદવાની પ્રકૃતિવાળી લીલાઓનું શ્રવણ કરવું. "रचना" શબ્દનો અર્થ ચરિત્ર થાય છે. "अघभिद्" ભગવાનનું નામ છે. પાપ નિવારણ કરવું એ તેમનો સ્વાભાવિક જ ગુણ છે તે દર્શાવવા એ નામ આપ્યું છે.

"अन्यविषयाः कुकथाः मतिघ्नीः"—એ પ્રકારની વાતો ન સાંભળવી. अन्यविषयाः ઋષિપ્રણીત, મુનિપ્રણીત અને વેદવર્ણિત શાસ્ત્રચર્ચા વિનાની અન્ય ચર્ચાઓ ન સાંભળવી. અથવા ભગવદ્ગુણાનુવાદ વિનાની અન્ય વાર્તા ન સાંભળવી. બીજી कुकथाः કુકથા ન સાંભળવી. કુકથા એટલે વિલાસશૃંગાર વર્ણન કરનારી વાર્તાઓ ન સાંભળવી. નિન્દાની વાતો પણ ન સાંભળવી. કારણકે તે વાર્તાઓ મતિ નાશ કરનારી છે. तमःसु हन्त ! જો મર્યાદા તોડી આવી કથાઓ સાંભળશે તો સાંભળનારને નરકોમાં મોકલશે. ૨૩

येऽभ्यर्थितांमपि च नो नृगतिं प्रपन्ना ज्ञानं च तत्त्वविषयं सहधर्म यत्र ॥
नाराधनं भगवतो वितरन्त्यमुष्य संमोहिता विततया नन्नु मायया ते ॥ २४ ॥

અન્વયાર્થ—**च यत्र**-અને જે મનુષ્યદેહમાં, **सहधर्म**-ધર્મ સહિત, **तत्त्व-विषयम्**-તત્ત્વ-વિષયનું, **ज्ञानम्**-જ્ઞાન થાય છે, **नः**-આપણે દેવોએ, **अपि**-પણ, **अभ्यर्थिताम्**-પુષ્કળ વાંછેલી, **नृगतिम्**-મનુષ્ય યોનિને, **प्रपन्ना**-પ્રાપ્ત થયા છે છતાં, **ये**-જે, **भगवतः**-ભગવાનના, **आराधनम्**-આરાધનને, **न वितरन्ति**-નથી કરતા, **ते**-તેઓ, **विततया**-વિસ્તાર પામેલી, **अमुष्य**-આ ભગવાનની, **मायया**-માયાથી, **ननु**-ખરેખર, **मोहिताः**-મોહ પામેલા છે. (વસંતતિલકા વૃત્ત) ૨૪

અનુવાદ—અને જે મનુષ્ય દેહમાં ધર્મજ્ઞાન સહિત તત્ત્વવિષયનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, વળી આપણે દેવોએ પુષ્કળ વાંછેલી મનુષ્ય યોનિને પ્રાપ્ત થયા છે, છતાં જેઓ ભગવાનના આરાધનને નથી કરતા તેઓ વિસ્તાર પામેલી માયાથી ખરેખર મોહ પામ્યા છે. ૨૪

તત્ત્વસુધા—"येऽभ्यर्थितामपि च नो"—આ શ્લોકમાં ભગવત્સેવાવિમુખ માનવ માટે બ્રહ્માજી શોક અભિવ્યક્ત કરે છે. મનુષ્ય યોનિનું મહત્ત્વ દર્શાવતાં ત્રણ કારણો દર્શાવે છે. તે ત્રણ પૈકીમાં પ્રથમ કારણ તો अभ्यर्थिताम् બ્રહ્મા વગેરે દેવો પણ એની આકાંક્ષા સેવે છે. એનો એક જ આશય છે કે જેમ સુવર્ણમાંથી સર્વ અલંકારો ઘડાય છે, અલંકારમાંથી અલંકાર નથી ઘડાતો, તે પ્રકારે મનુષ્યની સ્થિતિમાંથી સર્વસ્થિતિ સમ્પાદન કરી શકાય છે.

હવે મનુષ્યદેહના મહત્ત્વનાં ज्ञानं च तत्त्वविषयं અને सहधर्मं એવાં બીજાં બે કારણો વર્ણવે છે. તત્ત્વજ્ઞાન

---

१. -भ्यर्चिता प्रा. पा., २. बत प्रा. पा.

મનુષ્યની યોનિમાં મળે છે. વળી च અવ્યયથી ભગવત્સ્વરૂપનું પણ જ્ઞાન મનુષ્ય દેહમાં મળે છે એવું કહે છે. તેમજ "सद्धर्म" ધર્મવિષયક જ્ઞાન પણ મનુષ્ય સ્થિતિમાં થાય છે.

"नाराधनं भगवतः"—આવી દુર્લભ માનવકાય મેળવી ભગવદારાધન ન કીધું તો મનુષ્ય યોનિ જ વ્યર્થ ગઈ. ૨૪

यच्च व्रजन्त्यनिमिषामृषभानुवृत्त्या दूरेहमा[1] ह्युपरि नः स्पृहणीयशीलाः ॥
भर्तुर्मिथः सुयशसः कथनानुरागवैक्लव्यबाष्पकलया पुलकीकृताङ्गाः ॥ २५ ॥

અન્વયાર્થ— **अनिमिषाम् ऋषभः**-દેવોમાં શ્રેષ્ઠ હે ઇન્દ્ર! **दूरेऽहमा**-અહંકાર વિનાના, **नः**-આપણે માટે પણ, **स्पृहणीयशीलाः**-જેમનું ચરિત્ર ઇચ્છવા યોગ છે એવા, તેમજ, **भर्तुः**-ભગવાનના, **सुयशसः**-સુંદર યશવાળા, **मिथः**-પરસ્પર, **कथन-अनुराग-वैक्लव्य-बाष्प-कलयाः**-ગાનમાં પ્રેમ આવતાં, વિકલતાને લીધે નીકળેલાં આનન્દ અશ્રુઓની કલાથી, **पुलकीकृत-अङ्गाः**-રોમાંચિત અંગવાળા, **अनुवृत्त्या**-હરિ સેવાથી, **हि**-ખરેખર; **यत् उपरि**-જે આપણાથી ઉપર વૈકુંઠ ધામ છે તેમાં, **व्रजन्ति**-જાય છે. (વસંતતિલકાવૃત્ત) ૨૫

અનુવાદ—દેવોમાં શ્રેષ્ઠ હે ઇન્દ્ર ! અહંકાર વિનાના, આપણે માટે પણ જેમનું ચરિત્ર અનુકરણીય છે તેવા, વળી ભગવાનના ઉત્તમ ગુણોના પરસ્પર ગાનમાં પ્રેમ આવતાં વિકલતાને લીધે નીકળેલ આનન્દાશ્રુઓની કલાથી રોમાંચિત અંગવાળા બનેલા, તેઓ હરિસેવાથી ખરે આપણી ઉપર આવેલ વૈકુંઠમાં જાય છે. ૨૫

તત્ત્વસુધા—વૈકુંઠમાં જનારની યોગ્યતા અને સ્તુતિ બન્નેનું વર્ણન કરે છે.—

"यच्च व्रजन्ति" "च" અવ્યયથી "વ્યાપિ વૈકુંઠની" સૂચના કરી છે. આ વૈકુંઠમાં જનારની યોગ્યતા દર્શાવે છે કે "अनुवृत्त्या दूरेहमाः"—ભગવાનની સેવાથી અથવા ભગવાનને અનુસરવાથી दूरेहमा-અહંકાર જેમનાથી સ્વયં દૂર ચાલ્યો જાય છે તેઓ વ્યાપિ વૈકુંઠમાં જાય છે. અહંકાર બે પ્રકારે નિવૃત્ત થાય છે, એક ઉપાય તપ-અનુષ્ઠાન વગેરે સાધનથી થાય છે, બીજો ઉપાય ભગવાનની કૃપાથી થાય છે. સેવા કરનાર ઉપર સ્વયં ભગવાનની કૃપા થાય છે.

"स्पृहणीयशीलाः"—બ્રહ્માજી સનત્કુમારોને કહે છે કે દેવો પણ ભગવાનની આજ્ઞાને અનુસરનારા તો છે જ પરંતુ મનુષ્ય જેવા "સ્પૃહણીયશીલ"—અનુકરણીય શીલવાળા અને અનુસરણીય સ્વભાવવાળા નથી એ જ આપણી ખામી છે. તેથી તેઓનું "વર્તન" આપણે અનુસરવા જેવું છે. આવા ઉત્તમશીલ અને ઉત્તમ સ્વભાવથી આપણા સત્યલોક કરતાં પણ उपरि नः આપણા ઉપર રહેલા વૈકુંઠ લોકમાં જાય છે.

"भर्तुर्मिथः"—ભગવદ્ભાવ અને ભક્તિરસ મિથઃ આપસમાં હરિયશ ગાવાથી પ્રકટ થાય છે. વળી હરિકથા કોઈ કારણથી નથી કહેવાની હોતી. કીર્તિ ધન કે પુણ્યાદિની પણ હરિકથાની પાછળ ઇચ્છા ન હોવી જોઈએ. ધનપુણ્યાભિલાષ તો ત્યજાય છે પરંતુ વક્તાને કીર્તિનો લોભ વળગેલો હોય છે. તે પણ ત્યારે જ જાય છે કે જ્યારે તેને સાચો "ગુણાનુરાગ" થાય છે. बाष्पकलया એટલે ક્રમશઃ પ્રેમાશ્રુની ચન્દ્ર કલાની માફક વૃદ્ધિ થવી. ગુણગાનથી દેહની અંદર રહેલો ભગવાનના સમ્બન્ધવાળો આનંદ સંતાપ અને પાપને બહાર કાઢે છે. ત્યારે શરીરનાં સમસ્ત રોમ મુખ થાય છે. તેમાંથી અશ્રુઓ પ્રત્યેક અંગોને પુલકિત કરે છે. તે લોકો વૈકુંઠમાં જાય છે. દેવોને તેઓનું અનુકરણ કરવા જેવું છે. ૨૫

---

[1] दूरेयमा प्रा. पा.

तद्विश्वगुर्वधिकृतं भुवनैकवन्द्यं दिव्यं विचित्रविबुधाग्र्यविमानशोभिः ॥
आपुः परां मुदमपूर्वमुपेत्य योगमायाबलेन मुनयस्तदथो विकुण्ठम् ॥ २६ ॥

અન્વયાર્થ—अथो-ત્યારબાદ, **तत् ते विश्वगुरुः**-વિશ્વના ગુરુના અધ્યક્ષવાળું, **भुवनैक-वन्द्यम्**-ભુવનોએ વંદન કરવા યોગ્ય, **दिव्यम्**-દિવ્ય, **विचित्र-विबुध-अग्र्यविमानशोभिः**-ઉત્તમ દેવોના વિચિત્ર વિમાનોથી સુશોભિત, **तत् अपूर्वम् विकुण्ठम्**-તે અપૂર્વ વૈકુંઠને, **मुनयः**-સનત્કુમારો, **योग-माया-बलेन**-યોગમાયાના બલથી, **उपेत्य**-પામીને, **पराम्**-પુષ્કળ, **मुदम्**-આનંદ, **आपुः**-પામ્યા. (વસંતતિલકા વૃત્ત) ૨૬

અનુવાદ—ત્યારબાદ તે વિશ્વના ગુરુ ભગવાનની અધ્યક્ષતાવાળા, સર્વ ભુવનોને વંદન કરવા યોગ્ય, દિવ્ય ઉત્તમ દેવોના વિચિત્ર વિમાનોથી સુશોભિત તે અપૂર્વ વૈકુંઠને યોગમાયાના બલથી પ્રાપ્ત કરીને સનત્કુમારો પુષ્કળ આનંદ પામ્યા. ૨૬

તત્ત્વસુધા—સનત્કુમારો વૈકુંઠલોકમાં ગયા પણ તેઓએ પાંચ અપરાધ કર્યા છે તે વર્ણવે છે—

"**तद्विश्वगुर्वधिकृतम्**"—આ પદથી પ્રથમ અપરાધ દર્શાવ્યો છે. વૈકુંઠસ્થાન વિશ્વગુરુ ભગવાનનું ધામ છે. ત્યાં ઉદ્ધતાઈથી કે ખાલી હાથે ન જવાય. સનત્કુમારો ભેટ લીધા વિના તેમજ ઉદ્ધતાઈથી ગયા.

"**भुवनैकवन्द्यम्**"—આ સ્થાનને ચૌદ ભુવનો કેવલ વંદન કરી શકે છે. પરંતુ પગે ફરી શકતા નથી. સનત્કુમારોએ પણ આ લોકની મર્યાદાનુસાર વંદન કરવાં જોઇએ પરંતુ પગે ફરવું ન જોઈએ, છતાં ત્યાં ગયા એ બીજો અપરાધ કર્યો.

"**दिव्यम्**"—ત્યાં જનારે લૌકિક વૃત્તિથી એટલે કુતૂહલ નજરે ન જવું પરંતુ ભક્તિભાવથી જવું જોઇએ. કુમારો કુતૂહલ વૃત્તિથી ગયા. આ ત્રીજો દોષ થયો.

"**विमानशोभिः**"—દેવાધિદેવો પણ દિવ્ય વિમાનોમાં બેસીને જાય છે. પાદસ્પર્શ નથી કરતા સનત્કુમારોએ પાદસ્પર્શ કર્યો અને વિચર્યા એ ચોથો અપરાધ કર્યો.

"**योगमायाबलेन**"—વળી પાંચમો એક દોષ કર્યો કે ભક્તિથી જવાને બદલે તેઓ યોગમાયાના બલથી ગયા તેથી જ તેમને આવેશ આવ્યો.

ખરી રીતે સનત્કુમારો સ્વયં વૈકુંઠમાં નથી આવ્યા. પરંતુ યોગમાયા જ તેમને લઈ આવી છે. ભગવાને યોગમાયાને સૃષ્ટિ-નિર્માણની આજ્ઞા કરી તેથી સુંદર સૃષ્ટિને નિહાળતા ભગવાનને તેડવાનો મનોરથ થયો. પરંતુ પ્રભુને કહેતાં ડર લાગ્યો. આખરે યુક્તિ કરીને સનત્કુમારોને વૈકુંઠમાં લઈ આવી. ત્યાં આવી સનત્કુમારોએ બે દ્વારપાલોને શાપ આપ્યો એટલે તેઓ ભૂમિ ઉપર આવ્યા. અને ભૂમિનું પાલન કરવા લાગ્યા. ભૂમિ ઉપર દ્વારપાલો રહ્યા એટલે ભૂમિ દ્વાર ગણાય. ભગવાન દ્વારની અંદરથી દ્વારે આવે એ નિયમાનાસુર હવે ભગવાને ભૂમિની અંદરથી પ્રકટ થવાનું અને ભૂમિ ઉપર આવી સૃષ્ટિ જોવાનું રહ્યું. તેથી યોગમાયાનો મનોરથ પૂર્ણ થયો. ૨૬

तस्मिन्नतीत्य मुनयः षडसज्जमानाः कक्षाः समानवयसावथ सप्तमायाम् ॥
देवावचक्षत गृहीतगदौ परार्ध्यकेयूरकुण्डलकिरीटविटङ्कवेषौ ॥ २७ ॥

અન્વયાર્થ—असज्जमानाः-અનાસક્ત તે, **मुनयः**-ચાર મુનિઓ, **तस्मिन्**- વૈકુંઠમાં [illegible] **कक्षाः***-કક્ષાઓ-ડેઢી, **अतीत्य**-ઓળંગી, **अथ**-બાદ તેમણે, **सप्तमायाम्**-સાતમી ડેઢીએ, **समान-वयसौ**-સમાન વયના,

---

* "**कक्षाः**"—કક્ષા શબ્દનો અર્થ થાય છે રક્ષક સાથેનાં દ્વારો જેને "ડેળી" કહીએ છીએ.

गृहीतगदौ–હસ્તમાં ગદાવાળા, **परार्ध्य-केयूर-कुण्डल-किरीट-विटङ्क-वेषौ**–ઘણા અમૂલ્ય બાજુબંધ, કુંડલ, મુકુટથી સુંદર વેષવાળા, **देवौ**–બે દેવોને, **अचक्षत**–નિહાળ્યા. (વસંતતિલકા વૃત્ત) ૨૭

અનુવાદ—આસક્તિ વિનાના તે ચાર મુનિઓ તે વૈકુંઠમાં છ ટોઢીઓને ઓળંગીને સાતમી ટોઢીએ આવ્યા ત્યારે તેમણે સમાન વયના, હસ્તમાં ગદાવાળા ઘણા અમૂલ્ય બાજુબંધ, કુંડલ, મુકુટથી મનોહર વેષવાળા બે દેવોને નિહાળ્યા. ૨૭

તત્ત્વસુધા—" तस्मिन्नतीत्य मुनयः षडसज्जमानाः "–સનત્કુમારોનું વિશેષણ असज्जमानाः એટલે " આસક્તિ–રહિત " એવું આપ્યું છે, તેથી વૈરાગ્યવાળા એવો અર્થ થયો. વૈરાગ્ય એ છઠ્ઠું ઐશ્વર્ય છે તેથી તે પૂર્વનાં પાંચ ઐશ્વર્યો તો સનત્કુમારો પાસે છે જ એવું નક્કી થયું. આવી રીતે તેઓ છ ઐશ્વર્યવાળા હોવાથી છ દ્વાર ઓળંગી શક્યા. પરંતુ ભક્તિ સાતમી છે તે તેમની પાસે ન હતી તેથી ત્યાં તેમને રોક્યા. ત્યાં તેમને બે દ્વારપાલોને જોયા.

" समानवयसौ "—આ બન્ને સમાન વયના હોવાથી તેમનામાં વૃદ્ધિ કે ક્ષય ન હતાં તેથી તેઓ કાલધર્મથી પર હતા. શરીરમાં વધઘટ લાગુ પડે તે કાલધર્મ ગણાય. વૈકુંઠમાં કાલનું શાસન નથી. તેથી ભગવાનના દ્વારપાલો દેહધર્મથી મુક્ત થયા હતા. તેઓ કદી વૃદ્ધિ કે વિકાર વાસનાવાળા ન જ હોય.

" सप्तमायाम् "—સાતમા દ્વારમાં સનત્કુમારોએ પ્રવેશ કર્યો. આ સાતમું દ્વાર છેલ્લું દ્વાર ન હતું. જો છેલ્લું હોત તો " सप्तम्याम " એવું લખત. આ દ્વારમાં બે દ્વારપાલોને નિહાળ્યા. એમનાં ત્રણ વિશેષણ છે : देवौ—દેવો હોવાથી સર્વપૂજ્ય હતા. " गृहीतगदौ "–હાથમાં ગદા હોવાથી બલવાન છે એમ જણાવ્યું. " परार्ध्यकेयूर " કિંમતી બાજુબંધ, કુંડલ, કિરીટ વગેરે અલંકારોથી " સાયુજ્ય " મુક્તિ પામેલ છે એમ નક્કી કર્યું. ૨૭

मत्तद्विरेफवनमालिकया निवीतौ विन्यस्तयाऽसितचतुष्टयबाहुमध्ये ॥
वक्त्रं भ्रुवा कुटिलया स्फुटनिर्गमाभ्यां रक्तेक्षणेन च मनाग्रभसं दधानौ ॥ २८ ॥

અન્વયાર્થ—**असित-चतुष्टय-बाहु-मध्ये**–શ્યામવર્ણા ચાર બાહુની મધ્યમાં, **विन्यस्तया**–સ્થાપેલી, **मत्त-द्विरेफ-वनमालिकया**–મત્ત ભ્રમરના ગુંજનવાળી વનમાલાથી, **निवीतौ**–કંઠમાં વીંટાયેલા, **कुटिलया**–વાંકી, **भ्रुवा**–ભ્રૂકુટિથી, **स्फुट-निर्गमाभ्याम्**–ફૂલી આવેલાં નસકોરાંથી, **च**–અને, **रक्त-ईक्षणेन**–લાલ નેત્રથી પાર્ષદોને નિહાળ્યા, **मनाग्-रभसम्**–થોડા રોષવાળા, **वक्त्रम्**–મુખને, **दधानौ**–ધારણ કરતાં. (વસંતતિલકા વૃત્ત) ૨૮

અનુવાદ—શ્યામવર્ણા ચાર બાહુની મધ્યમાં મૂકેલી મત્તભ્રમરોના ગુંજનવાળી વનમાલાથી કંઠમાં વીંટાયેલા, વાંકી ભ્રમરથી ફૂલી આવેલાં નસકોરાંથી, તેમજ લાલ નેત્રથી થોડાક રોષવાળા મુખને ધરાવતા બે પાર્ષદોને નિહાળ્યા. ૨૮

— **તત્ત્વસુધા**—આ શ્લોકમાં—સનત્કુમારોનું રોકાણ અને દ્વારપાલોના ક્રોધનું નિરૂપણ છે—

" मत्तद्विरेफवनमालिकया "—જય–વિજયના ચાર હસ્તો હતા. બન્ને બાજુ આવેલા બન્ને હસ્તની મધ્યમાં વનમાલા બિરાજે છે. તેમાં ભ્રમરનું ગુંજન છે. ભ્રમર મદમત્ત બનેલા છે. द्विरेफ શબ્દનો અર્થ ભ્રમર થાય છે. જો કે द्वि એટલે " બે " રેફ એટલે " ર " જે શબ્દમાં આવે તેને " द्विरेफ " કહેવાય. " શર્કરા " શબ્દમાં પણ બે રેફ તો આવે છે પરંતુ લક્ષણાથી કે વ્યુત્પત્તિથી દ્વિરેફનો અર્થ ભ્રમર નથી થતો. પરંતુ શબ્દકોશથી તે ભ્રમરવાચક પ્રચલિત છે. જય-વિજયના ચાર હસ્તોમાં શ્યામપણું હૃદય ઉપર ભગવાનનું સૂચન કરે છે. વનમાલા કીર્તિનું સૂચન કરે છે અને " चतुष्टयबाहु " લૌકિક, વૈદિક, દિવ્ય અને ભગવદીય કર્મોનું સૂચન કરે છે.

वक्त्रं भ्रुवा कुटिलया—વાંકી ભ્રમર ક્રોધની સૂચના કરે છે.

" स्फुरन्निर्गमाभ्याम् "–વૈકુંઠમાં અંદર બિરાજતા ભગવાનનાં દર્શન ન થવા દેવાં એવો લોભ ફૂલેલા નાકમાંથી પ્રકટ થતા વાયુથી સમજાય છે.

मनाग्रभसम्–કંઈક નેત્રની રતાશ કામનું સૂચન કરનારી છે. ૨૮

द्वार्येतयोर्निविविशुर्मिषतोरपृष्ट्वा पूर्वा यथा पुरटवज्रकपाटिका याः ॥
सर्वत्र[1] तेऽविषमया मुनयः स्वदृष्ट्या[2] ये सञ्चरन्त्यविहता विगताभिशङ्काः ॥२९॥

અન્વયાર્થ—**ते मुनयः**–તે મુનિઓ,–**याः**–જે, **पूर्वाः**–પ્રથમની, **पुरटवज्रकपाटिकायाः**–રત્નજડિત સુવર્ણના દ્વારવાળી ડેઢીઓની, **यथा**–જેમ, **द्वारि**–સાતમી ડેઢીમાં, **एतयोः**–આ, **मिषतोः**–બન્નેના દેખતાં, **अपृष्ट्वा**–પૂછ્યા વિના, **निविविशुः**–પ્રવેશ કરવા લાગ્યા કારણ કે, **ये**–જેઓ, **अविहताः**–રોકાણ વિના, **अविषमया**–વિષમતા વગરની, **स्वदृष्ट्या**–પોતાની દૃષ્ટિથી, **विगत–अभिशङ्काः**–શંકારહિત બની, **सर्वत्र**–સર્વત્ર, **संचरन्ति**–વિચરે છે. (વસંતતિલકા વૃત્ત) ૨૯

અનુવાદ—તે મુનિઓ જે પૂર્વની રત્નજડિત સુવર્ણના દ્વારવાળી છ ડેઢીઓમાં પ્રવેશ્યા હતા તેમજ સાતમી ડેઢીએ પણ આ ઊભેલા બન્ને દેવોના દેખતાં પૂછ્યા વિના પ્રવેશ કરવા લાગ્યા; કારણ કે જેઓ રોકાણ વિના સમતાવાળી પોતાની દૃષ્ટિથી શંકારહિત બની સર્વ લોકોમાં સંચરે છે. ૨૯

તત્ત્વસુધા—આ શ્લોકમાં મુનિઓના ચાર ગુણો અને ચાર દોષો વર્ણવે છે—

" मिषतोः "—જય–વિજય દ્વારે ઊભા છે, જુએ છે, છતાં વિનાપૂછે અંદર પ્રવેશ કરવો એ " અધિકારીઓ "–નો અનાદર છે.

अपृष्ट्वा—ભગવાન શું છે, દર્શનનો અવસર છે કે નહીં વગેરે ન પૂછતાં ભગવાનનો અનાદર કરે છે.

पूर्वाः यथा—પ્રથમનાં છ દ્વાર સમજ્યા તેમ ભગવન્નિવાસસ્થાનને પણ સામાન્ય નજરે જોયું અને પ્રવેશવા લાગ્યા.

" पुरटवज्र "—પૂર્વ કરતાં જુદી કોટિની રચના હતી તેથી આ અંતરંગ સ્થાન છે એવો પણ ખ્યાલ ન કર્યો. આ ચાર અપરાધો કર્યા. હવે ચાર ગુણો ગણાવે છે :

अविषमया स्वदृष्ट्या—સમાન દૃષ્ટિ નામનો જ્ઞાનનો ગુણ છે. જ્ઞાનમાર્ગનો આ ગુણ જો ભગવાનના માહાત્મ્ય જ્ઞાનવાળો બની જાય તો આ ગુણ ભક્તિમાર્ગનો ગુણ ગણાય.

मुनयः—વળી " મનન " એ પણ જ્ઞાનમાર્ગનો જ ગુણ છે.

अविहताः—" રોકાણ વિનાના " સર્વત્ર વિચરતા હતા તેથી જ્ઞાનનો " અભય " ગુણ બતાવ્યો.

विगताभिशङ्काः—શંકારહિત હતા તેથી આત્મજ્ઞાની હતા એવું પુરવાર કર્યું. ૨૯

तान्वीक्ष्य वातरशनांश्चतुरः कुमारान् वृद्धान्दशार्धवयसो विदितात्मतत्त्वान् ॥
वेत्रेण चास्खलयतामतदर्हणांस्तौ तेजो विहस्य[3] भगवत्प्रतिकूलशीलौ ॥ ३० ॥

અન્વયાર્થ—**भगवत्–प्रतिकूलशीलौ**–ભગવાનથી પ્રતિકૂલ સ્વભાવવાળા, **तौ**–તે બે દ્વારપાલોએ, **वातरशनान्**–વાયુરૂપ તત્ત્વોને જાણનાર, **वृद्धान्**–વૃદ્ધ છતાં, **दशार्ध–वयसः**–દશથી અડધી પાંચ વર્ષની વયવાળા,

---

१. सर्वेऽपि ते प्रा. पा., २. स्वधुरया प्रा. पा., ३. सम्यग् विहस्य प्रा. पा.,

विदितात्मवान्-આત્મતત્ત્વના જાણકાર, **तान्**-તે, **चतुरः**-ચાર, **कुमारान्**-કુમારોને, **वीक्ष्य**-જોઈને તેમના, **तेजः**-તેજની, **विहस्य**-હાંસી કરીને, **अतदर्हणान् तान्**-રોકવા માટે અયોગ્ય એવા તે ચારને, **वेत्रेण**-છડી દ્વારા, **अस्खलयताम्**-રોકતા હતા. (વસંતતિલકા વૃત્ત) ૩૦

અનુવાદ—ભગવાન કરતાં ઊલટા સ્વભાવવાળા તે બે દ્વારપાલોએ, વાયુરૂપ કંદોરાવાળા, વૃદ્ધ છતાં પાંચ વર્ષની આકૃતિવાળા, આત્મતત્ત્વના જાણકાર તે ચાર કુમારોને જોઈને, તેમના તેજની પરવા કર્યા વિના ન રોકવા યોગ્ય તે મુનિઓને છડી દ્વારા રોકયા. ૩૦

તત્ત્વસુધા—આ શ્લોકમાં જય-વિજય પાર્ષદો સનત્કુમારોનો અનાદર કરે છે તેનું નિરૂપણ છે—

वातरशनान्—"રશના શબ્દનો અર્થ કંદોરી થાય છે. બાળક કપડું ન પહેરે પણ તેની કેડે કંદોરી તો હોય છે જ. સનત્કુમારોએ તો તે પણ નથી રાખી. કારણ કે વાયુરૂપ જ કંદોરી હતી. એથી એમની દૃષ્ટિએ તો આ "ગાંડા" જ લાગ્યા હતા.

चतुरः कुमारान्—ચાર જણને **સાથે** અને "કુમાર" એટલે પાંચ વર્ષની વયવાળાઓને જોયા એટલે નવાઈ લાગી કે એક જ વયના અને ચાર જણ **સાથે** કયાંથી આવ્યા.

वृद्धान्- આકૃતિમાં તો બાળક હતા. પરંતુ વયની અને જ્ઞાનની દૃષ્ટિએ તો તેઓ વૃદ્ધ જ હતા.

दशार्धवयसः—આ પદના બે અર્થ થાય છે. દશની અડધી વય એટલે પાંચ વર્ષના અને "દશા" એટલે બે પરાર્ધના આયુષ્યની અડધી દશાની વયવાળા એવો પણ અર્થ થાય છે. ચાર સનત્કુમારો એક પરાર્ધનું આયુષ્ય તો ભોગવી ચૂકયા હતા. **અને** બીજા પરાર્ધમાં પ્રવેશ્યા હતા.

वेत्रेण चास्खलयताम्—જય-વિજયે **આડી છડી ધરી અને** ઊંચા **આવાજે** જતા પણ **અટકાવ્યા.** વિનય-પૂર્વક કહેવું જોઈએ કે અત્યારે દર્શનનો સમય નથી તો **અવશ્ય** સનત્કુમારો તે વાત સ્વીકારત.

પ્રવેશ કરતાં રોકાયેલા સનત્કુમારો રોષે ભરાય છે—

ताभ्यां मिषत्स्वनिमिषेषु निषिध्यमानाः स्वर्हत्तमा ह्यपि हरेः प्रतिहारपाभ्याम् ॥
ऊचुः सुहृत्तमदिदृक्षितभङ्ग ईषत् कामानुजेन सहसा त उपप्लुताक्षाः ॥ ३१ ॥

અન્વયાર્થ—**अर्हत्तमाः अपि**-અત્યંત પૂજ્ય છતાં, **अनिमिषेषु मिषत्सु**-દેવોના દેખતાં, **हरेः**-શ્રીહરિના, **ताभ्याम्**-તે બે, **प्रतिहारपाभ्याम्**-પ્રતિહારીઓ દ્વારા, **निषिध्यमानाः**-પ્રવેશ કરતાં અટકાવતા, **सुहृत्तम-दिदृक्षित-भङ्गे**-ભગવદ્દર્શનની ઇચ્છાનો ભંગ થતાં, **ईषत्**-કંઈક, **कामः अनुजेन**-કામના નાના ભાઈ ક્રોધથી, **सहसा**-એકાએક, **उप्लुत-अक्षाः**-વ્યાકુળ નેત્રવાળા, **ते**-તે કુમારો, **ऊचुः**-બોલ્યા.
(વસંતતિલકા વૃત્ત) ૩૧

અનુવાદ—અત્યંત **પૂજ્ય** છતાં દેવોના દેખતાં શ્રીહરિના તે બે ટોઢીરક્ષક પ્રતિહારીઓ દ્વારા **પ્રવેશ** કરતાં અટકાવતાં, ભગવદ્દર્શનની ઇચ્છાનો ભંગ થતા કંઈક કામના નાનાભાઈ ક્રોધથી એકાએક આકુળવ્યાકુળ નેત્રવાળા તે કુમારો બોલ્યા. ૩૧

તત્ત્વસુધા—ताभ्यां मिषत्सु-સનત્કુમારોને જયવિજય પાર્ષદો રોકી રહ્યા છે. **अनिमिषेषु मिषत्सु**—અપમાન એકાન્તમાં થાય તો પણ શિરોવધની વેદના કરે છે. જ્યારે સભામાં કે કોઈની સમક્ષમાં થાય તો પછી પૂછવું જ શું! દેવોની હાજરીમાં સનત્કુમારોનું અપમાન થયું તે **અસહ્ય** વ્યથા કરનારું બન્યું.

स्वर्हत्तमाः—પૂજ્યની अर्ह, अर्हत्तर, अर्हत्तम આવી ત્રણ કક્ષાઓ છે. **अर्ह** એટલે **સદાચારી; अर्हत्तर એટલે** સદાચારી **અને** પરમહંસ; **अर्हत्तम** એટલે સદાચારી, પરમહંસ અને જ્ઞાની આવી ત્રણ યોગ્યતાવાળા. **સનત્-**

કુમારો સદાચારી, પરમહંસ અને જ્ઞાની તો હતા તદુપરાંત ભક્તહૃદયના પણ હતા. તેથી તેમને **स्वर्हत्तमाः** અતિશય માનનીય કહ્યા. આવા અતિશય માનનીયને સામે લેવા ભગવાન આવે તો પણ કંઈ ભગવાને વધુ કર્યું ન ગણાય. તેમને દ્વારપાલો અનાદર કરી શકે તે કેમ વેઠાય? ત્યારે આવા શ્રેષ્ઠ સંતોને શા માટે રોક્યા તેનો ખુલાસો કરે છે કે—

हरेः प्रतिहारपाभ्याम्—ભગવાનના દ્વારપાલોને ભગવાનનું સુખ વિચારવાનું છે. કવખતે સનત્કુમારો વગર અનુમતિએ અંદર પધારે અને પ્રભુ અન્તરંગ કાર્યમાં બિરાજ્યા હોય તો કાર્યવિક્ષેપ થાય. આવું કાંઈપણ ન થવું જોઇએ. તે દ્વારપાલોએ ધ્યાન આપવું જોઈએ. છઠ્ઠા દરવાજા સુધીના દ્વારપાલોએ સનત્કુમારોને ન રોક્યા. આ સાતમા દ્વારમાંથી અંદર જાય તો અન્ય સર્વ દ્વારપાલોને ફરજ ચૂકવાથી ભગવાન શિક્ષા કરે, તો અનેકને દુઃખ થાય. તે કરતાં જયવિજય પોતે જ રોકે અને શાપ વગેરે તે પોતાને જ થાય અને બાકીના બચી જાય માટે રોકવાનું કામ કર્યું છે.

सुहृत्तमादिदृक्षितभङ्ग—એક ખામી કે ગેરસમજ સનત્કુમારોની હતી. તેઓ ભગવાનને આત્મજ્ઞાનની અહંતાથી જોતા હોવાથી ભગવાનને સ્વસમાન કક્ષાના સમજે છે. જો તેઓ પોતાનાથી મહાન સમજે તો પૂછ્યા વિના અંદર ન પ્રવેશે. તેઓ ભગવાનને **सुहृत्तम** એટલે પોતાના મિત્ર સમજે છે એવું આ વાક્યથી સમજાય છે. રોકાણ થતાં રોષ આવ્યો અને ભાન ગયું. આંખ લાલ થઈ ગઈ. ૩૧

मुनय ऊचुः – को वामिहैत्य भगवत्परिचर्ययोच्चैस्तद्धर्मिणां[1] निवसतां विषमः स्वभावः ।।
तस्मिन् प्रशान्तपुरुषे गतविग्रहे वां को वाऽऽत्मवत्कुहकयोः परिशङ्कनीयः ।। ३२ ।।

અન્વયાર્થ—**उच्चैः**-ઉત્તમકક્ષાની, **भगवत्-परिचर्यया**-ભગવાનની સેવાથી, **इह**-આ ધામમાં, **एत्य**-આવીને, **निवसताम्**-નિવાસ કરનારા, **तत्-धर्मिणाम्**-તેમના સેવકોમાંના, **वाम्**-તમારા બેનો, **कः**-કોણ. **अयम्**-આવો, **विषमः**-વિષમ, **स्वभावः**-સ્વભાવ છે, **तस्मिन्**-તે, **गत-विग्रहे**-વિગ્રહરહિત, **प्रशान्त-पुरुषे**-પ્રશાંત પુરુષ છે ત્યાં, **कुहकयोः**-કપટી એવા, **वाम्**-તમને બેને, **आत्मवत्**-તમારા જેવો, **कः वा**-કોણ ખરેખર, **परिशङ्कनीयः**-શંકાશીલ, **अस्ति**-લાગ્યો છે? (વસંતતિલકા વૃત્ત) ૩૨

અનુવાદ—ઉત્તમ કક્ષાની ભગવાનની સેવાથી આ ધામમાં આવીને નિવાસ કરતા તેમના સેવકોમાં તમારા બેનો આવો વિષમ સ્વભાવ કોણ છે વારુ? તે વિગ્રહ રહિત પ્રશાન્ત પુરુષ છે, ત્યાં કપટી એવા તમને બેને તમારા જેવો કોણ ખરેખર શંકાશીલ લાગ્યો છે? ૩૨

તત્ત્વસુધા—“ को तवामिहैत्य ”-રોષે ભરાયેલા સનત્કુમારો ત્રણ શ્લોકથી રોષ ઠાલવે છે. તેઓ કહે છે કે-

“ विषमः स्वभावः ”—વિષમ સ્વભાવવાળા તમે વૈકુંઠમાં ક્યાંથી આવ્યા છો? છો તો દ્વારપાલ પણ તમને કયા સ્વરૂપે સમજવા? “ભગવાનને દ્વારે બ્રાહ્મણ આવે તો ભગવાન સન્મુખ લેવા આવે છે” એવો ભગવાનનો સ્વભાવ છે. તે તમારા સ્વામીના સ્વભાવથી ઊલટા વિષમ સ્વભાવવાળા બની તમે રોકો છો માટે તમે કોઈ કપટી પુરુષો ભક્તિનું ઓઠું લઈ અહીં આવી વસ્યા છો એમ લાગે છે. **उच्चैः परिचर्यया**–તમે કેવળ ઉત્તમ પ્રકારની આંજી નાખનારી સેવા કરી આ પદવી મેળવી લીધી છે. પરંતુ નિષ્કપટ સેવા કરી હોય એમ નથી લાગતું. (સનત્કુમારો એટલી બ્રાન્તિમાં છે કે કેવલ સેવા કરવાથી જ આ લોકમાં અવાય છે. તેમને એવો ખ્યાલ નથી કેવલ ભગવદિચ્છાથી જ આ લોકમાં અવાય છે) વળી બીજી દલીલ કરે છે કે—

प्रशान्तपुरुषे गतविग्रहे—ભગવાન તો અત્યંત શાંત પુરુષ છે તેમજ વિગ્રહ વિનાના છે. આ સ્થાને “વિગ્રહ”

---

[1] तद्धर्मणां प्रा. पा.

શબ્દના દેહ, કલહ, દુરાગ્રહ એવા ત્રણ અર્થ થાય છે. ભગવાનને ભૌતિક શરીર નથી તેથી કોઈ અનિષ્ટ કરી
શકે તેમ નથી. કલહયુક્ત સ્વભાવથી ભગવાનનો કોઈ શત્રુ નથી. ભગવાન દુરાગ્રહી નથી તેથી કોઈ ખોટું પગલું
ભરતા નથી. આવા ભગવાનને ત્યાં આવીને કોઈ પણ ભગવાનનું શું નુકસાન કરનાર છે કે તમે રોકો છો ?
માટે તમે કપટહૃદયના બધાને તમારા જેવા જ કપટી સમજીને રોકો છો ! ૩૨

વૈકુંઠમાં ભેદભાવ નથી એવું નિરૂપણ કરે છે—

न ह्यन्तरं भगवतीह समस्त कुक्षावात्मानमात्मनि नभो नभसीव धीराः ॥
पश्यन्ति यत्र युवयोः सुरलिङ्गिनोः किं व्युत्पादितं ह्युदरभेदिभयं यतोऽस्य ॥ ३३ ॥

અન્વયાર્થ—**हि**-ખરેખર, **धीराः**-ધીર પુરુષો જેમ, **आत्मनि**-આત્મામાં, **आत्मानम्**-આત્માને, અને
नभसि-આકાશમાં, **नभः**-આકાશને, **पश्यन्ति**-જુએ છે તેમ, **समस्त-कुक्षौ**-સમસ્ત વિશ્વને ઉદરમાં ધારણ
કરનારા, **भगवति**-ભગવાનમાં, **इह**-આ શુદ્ધ વૈકુંઠમાં, **हि**-ખરેખર, **अन्तरं न**-ભેદ નથી; **सुर-लिङ्गिनः**-
દેવના વેશને ધારણ કરનારા, **युवयोः**-તમે બેએ, **यतः**-જે કારણથી, **अस्य**-આ ભગવાનના, **उदर-भेदि**-ઉદરનો
ભેદ કરનારા એવા, **भयम्**-ભયને, **व्युत्पादितम्**-ઉત્પન્ન કરાવ્યો, **किम्**-તે શું કારણ ? (વસંતતિલકા વૃત્ત) ૩૩

અનુવાદ—ખરેખર ધીર પુરુષો જેમ આત્મામાં આત્માને અને આકાશમાં આકાશને
જુએ છે તેમ સમસ્ત વિશ્વને ઉદરમાં ધારણ કરનારા ભગવાનમાં આ શુદ્ધ વૈકુંઠમાં ખરેખર
ભેદ નથી. જ્યાં દેવના વેશને ધારણ કરનારા તમે બેએ જે કારણથી આ ભગવાનના ઉદરમાં
ભેદ કરનારા ભયને ઉત્પન્ન કર્યો તે શું કારણ ? ૩૩

તત્ત્વસુધા—" न ह्यन्तरम् "—આ વૈકુંઠ લોકમાં ભેદભાવ નથી. કારણ કે શુદ્ધ સત્વરૂપ વૈકુંઠમાં રજોગુણ
કે તમોગુણ નથી તો પછી તેનાથી થનાર ભેદ તો હોય જ ક્યાંથી ! જેમ વૈકુંઠમાં ભેદભાવ નથી તેમજ
ભગવાનમાં પણ ભેદભાવ નથી.

જે ભેદભાવ દેખાય છે તે ઉપાધિથી થયેલ છે. જેમ મહાકાશમાં ઘટાકાશ રહેલ છે તેમ ભગવાનમાં
સમસ્ત વિશ્વ રહેલ છે. ઘટાકાશ–મહાકાશ એવા ભેદ કેમ દેખાય છે તો તેના ઉત્તરમાં કહે છે કે સ્વતંત્ર ઘટા-
કાશ ઉપાધિરૂપ છે પરંતુ ઘટાકાશ વાસ્તવિક રીતે તો મહાકાશ છે. આ જ પ્રકારે જીવાત્માને દેહાદિની ઉપાધિ
હોવાથી અલગ દેખાય છે પણ વાસ્તવિક રીતે તો આત્મા ભગવાન જ છે.

ભગવાનમાં જેમ ભેદભાવ નથી તેમ જેઓ જ્ઞાનાદિવાળા છે તેઓ ભગવદ્રૂપ હોવાથી તેમનામાં અને
ભગવાનમાં ભેદભાવ 'નથી. ત્યાં ભેદભાવ કરવો સ્વામીનો દ્રોહ છે. તે દ્રોહ આ જ જય–વિજય પાર્ષદોએ સનત્-
કુમારોને રોકીને કર્યો છે.

सुरलिङ्गिनोः— શું દેવોના વસ્ત્ર–આભૂષણ આકારમાં રહીને હૃદયના કોઈ અન્ય અસુરાદિ તો તમે નથી–
તે તમે આજે આ વૈકુંઠમાં આવીને उदरभेदि–ભગવાનના ઉદરને ભેદનાર ભય ઉત્પન્ન કર્યો છે. જેમ કોઈ
રાજાને ત્યાં શત્રુ અનુચર બનીને રહે. પછી સેવા વગેરે–ખૂબ કરે અને વિશ્વાસ પેદા કરી રાજાના ઉદર સુધી
પહોંચે એટલે રાજાનો અંગત–અન્તરંગ બને અને રાજાના સર્વ ગુપ્ત રહસ્યને–મર્મને જાણે. અને તે મર્મને
બહાર પાડી રાજાને અને રાજ્યને ભયમાં મૂકે તે રીતે સર્વના ભયથી પર, અભેદ દૃષ્ટિવાળા ભગવાનના અભેદ-
ભાવ નામના ઉદરમાં પ્રવેશી જ્ઞાની એવા સનત્કુમારોને પ્રવેશતાં રોકી આ આવી શકે–આ ન આવી શકે, આ
ઊંચ છે આ નીચ છે એવો ભય તમે ભગવાનની અપકીર્તિ કરનારો પેદા કર્યો છે. ये भगवद्भावं प्राप्ता,
स्ते उदरशब्देनोच्यन्ते–જે ભગવદ્‌ભાવને પ્રાપ્ત થયા છે તે " ઉદર " શબ્દથી ઓળખાય છે. તેમનામાં ભેદ-
ભાવ કરનાર ભય પામે છે. ૩૩

આ શ્લોકમાં શાપ આપે છે—

तद्वाममुष्य परमस्य विकुण्ठभर्तुः कर्तुं प्रकृष्टमिह धीमहि मन्दधीभ्याम् ॥
लोकानितो व्रजतमन्तरभावदृष्ट्या पापीयसस्त्रय इमे रिपवोऽस्य यत्र ॥ ३४ ॥

અન્વયાર્થ—**तत्**-તથા, **अमुष्य**-આ, **परमस्य**-સર્વના સ્વામી, **विकुण्ठ-भर्तुः**-વૈકુંઠ પતિના, **प्रकृष्टम्**-ઉત્તમ, **कर्तुम्**-કરવા માટે યોગ્ય છે, **इह**-અહીં, **धीमहि**-તેનો વિચાર કરીએ છીએ. **मन्दधीभ्याम्**-મન્દ મતિવાળા, **अन्तर-भाव-दृष्ट्या**-ભેદભાવવાળી દૃષ્ટિથી તમે બે, **इतः-लोकान्**-આ લોકથી, **पापीयसः**-પાપી લોકમાં, **व्रजतम्**-જાઓ, **यत्र**-જ્યાં, **अस्य**-આમના, **त्रयः**-ત્રણ, **रिपवः**-શત્રુઓ હોય છે. (વસંતતિલકા વૃત્ત) ૩૪

અનુવાદ—તેથી આ સર્વના સ્વામી વૈકુંઠના પતિનું ઉત્તમ કરવામાં જે યોગ્ય છે તેનો અમે વિચાર કરીએ છીએ. મંદ મતિને લીધે ભેદભાવ દૃષ્ટિથી તમે બે આ લોકથી પાપીલોકમાં જાવ, જ્યાં આમના (કામ, ક્રોધ, લોભ) ત્રણ શત્રુઓ હોય છે. ૩૪

તત્ત્વસુધા—**तद्वाममुष्य परमस्य**—સનત્કુમારો શાપ કે દંડ કરવાની પાછળનો પોતાનો આશય સમજાવે છે કે **अमुष्य परमस्य** આ ભગવાન વિશ્વના સ્વામી છે. જ્ઞાનીઓ-સંતો ભક્તોના ઉપર કૃપા કરવા વૈકુંઠમાં બિરાજે છે. તેથી તેઓ “વિકુંઠભર્તા” એટલે વૈકુંઠના સ્વામી છે. વિકુંઠ શુદ્ધસાત્વિક સ્થાન છે. એવા નાથનું **प्रकृष्ट**-ઉત્તમ કાંઈ કરવા જેવું લાગે છે તે અમે આજે શાપ આપીને કરી રહેલા છીએ. ભગવાનને માટે ઉત્તમ શોભાસ્પદ કાર્ય એ છે કે ભેદભાવથી ભરેલી ક્રૂર દૃષ્ટિવાળા તમે આ સ્થાનમાં ન શોભો. માટે આ સત્વ સ્થાનથી નીચેના રાજસ, રાજસ તામસ અને તામસ એવા ત્રણ લોકમાં તમે જાવ. ત્યાં त्रयः पापीयसः ત્રણ કામ-ક્રોધ અને લોભ શત્રુઓ વસે છે. આ ત્રણે ભગવાનના વિરોધીઓ છે. ત્યાં તમે વસો કે ફરીથી આવો તમે અપરાધ ન કરો કે આ સ્થાને આવનારા અન્ય દ્વારપાલો પણ આવો અપરાધ ન કરે.

प्रकृष्ट શબ્દનો અર્થ હિત પણ થાય છે. वां प्रकृष्टं એવો પણ અન્વય કરીને એવો પણ અર્થ ઘટે છે કે તમારું એટલે જય-વિજયનું જે હિત છે તે અમે શાપરૂપે કરી રહ્યા છીએ.

“**भूमौ प्रस्तरशायी भगवदनुचरो भवति**”—ભૂમિમાં પથ્થર ઉપર સૂઈ રહી તપ કરનાર ભગવાનનો અનુચર થાય છે. આવા સુકૃતથી આવેલા દ્વારપાલો, નિત્ય દ્વારપાલ નથી હોતા તેથી તેમનું શાપથી વૈકુંઠમાંથી પતન થાય તેમાં દોષ નથી. વળી આ ભગવલ્લીલા છે તેથી પણ દોષ નથી. ૩૪

વિવેકી ભગવત્પાર્ષદો સનત્કુમારો વધુ રોષે ન ભરાય એ સમજી ચરણે નમી પડયા—

तेषामितीरितमुभाववधार्य घोरं तं ब्रह्मदण्डमनिवारणमस्त्रपूगैः ॥
सद्यो हरेरनुचरावुरु बिभ्यतस्तत् पादग्रहावपततामतिकातरेण ॥ ३५ ॥

અન્વયાર્થ—**इति**-એ પ્રમાણે, **तेषाम्**-સનત્કુમારોના, **तं ईरितम्**-તે કહેલ વચનને, **अस्त्रपूगैः**-અસ્ત્રસમૂહોથી, **अनिवारणम्**-ન નિવારી શકાય એવા, **घोरम्**-ભયંકર, **ब्रह्मदण्डम्**-બ્રહ્મદંડ તરીકે, **अवधार्य**-સમજીને, **हरेः**-શ્રીહરિના, **उभौ**-બન્ને, **अनुचरौ**-અનુચરો, **उरु**-અત્યંત, **बिभ्यतः**-ભય પામતા, **सद्यः**-અવિલંબે, **तत्-पाद-ग्रहौ**-તે કુમારોના ચરણને ગ્રહણ કરતા, **अति-कातरेण**-અત્યંત કંપારા સાથે, **अपतताम्**-પગમાં પડયા. (વસંતતિલકા વૃત્ત) ૩૫

અનુવાદ—એ પ્રમાણે તે કુમારોના કહેલ શાપવચનને ચરણસમૂહોથી ન નિવારી શકાય

એવા ભયાનક બ્રહ્મદંડ તરીકે સમજીને શ્રીહરિના બન્ને જયવિજય પાર્ષદો અત્યંત ભયભીત થઈ, તરત જ કુમારોના ચરણને પકડતા પુષ્કળ કાંપતા પગમાં પડયા. ૩૫

તત્ત્વસુધા—"घोरं तं **ब्रह्मदण्डम्**"—સનત્કુમારોનો આ ઘોર બ્રહ્મદંડ હતો. અનેક શસ્ત્રોના સમૂહો વાપરીએ તો પણ તે વાળી શકાય તેમ ન હતો. તે બન્ને પાર્ષદોએ પ્રભુદ્વાર સેવ્યાં છે તેથી ભક્તિ અને વિનય તેમનામાં હતાં જ. ક્ષણવારમાં **उभौ अवधार्य** બન્નેએ નિર્ણય કરી લીધો કે આ શાપ-પ્રસાદનો સ્વીકાર એ જ શાપ-નિવારણનો પ્રતીકાર છે. એવું સમજીને "**पादग्रहौ अपतताम्**" સનત્કુમારોના ચરણકમલ પકડી લીધા કે જેથી તેમના ઉપર પ્રસન્ન થાય અને વધુ ભયંકર શાપ ના આપે. તેઓને આ શાપમાં વિયોગ આપ્યો છે વિમુખતા નથી આપી.

"વિયોગમાં તો વધુ સ્મૃતિ રહે" તેથી તે અનુગ્રહ જ છે. પરંતુ વિમુખ થવામાં તો નિત્ય વિસ્મૃતિ રહે. હરિચરણ વિસ્મૃતિથી બધા જીવને કોઈ નરક કે કોઈ મહાન દંડ નથી.

बिभ्यतः છાન્દ્રસપ્રયોગ છે. बिभ्यतुः થવું જોઈએ. અથવા દ્વિતીયાનું બહુવચન છે અને "મુનિઓનું" વિશેષણ છે. અમને હરિભક્તોને શાપ આપ્યો. અમે તો પતન નહીં પામીએ એમ ભય પામતા મુનિના ચરણો ગ્રહી લીધા, અથવા વર્તમાનકાલનું દ્વિવચન છે. ૩૫

હવે આ શ્લોકમાં જય-વિજય પ્રાર્થના કરે છે—

भूयादघोनि भगवद्भिरकारि दण्डो यो नौ हरेत सुरहेलनमप्यशेषम् ॥
मा वोऽनुतापकलया भगवत्स्मृतिघ्नो मोहो भवेदिह तु नौ व्रजतोरधोऽधः ॥ ३६ ॥

અન્વયાર્થ—भगवद्भिः-આપ ભગવાનોએ, **नौ**-અમારા બન્નેના, **अशेषं सुर-हेलनम् अपि**-દેવોના કરેલા સમગ્ર અનાદરને, **हरेत**-દૂર કરે એવો, **यः**-જે, **दण्डः**-દંડ, **अकारि**-કર્યો તે દંડ, **भूयात्**-ભલે થાવ. **तु**-પરંતુ, **वः**-આપના હૃદયમાં થયેલા, **अनुताप-कलया**-પશ્ચાત્તાપ અંશના પરિણામે, **अधः अधः**-નીચેનીચે **व्रजतोः**-જનારા, **नौ**-અમને બન્નેને, **भगवत्-स्मृतिघ्नः**-ભગવાનનું વિસ્મરણ કરનારો, **मोहः**-મોહ, **मा भवेत्**-ન થાવ પરંતુ, **इह भवेत्**-આ ભગવાનમાં તો મોહ થાવ. ૩૬

અનુવાદ—આપ ભગવાનોએ અમારા બન્નેના દેવોના કરેલા સમસ્ત અનાદરને દૂર કરે એવો જે દંડ કર્યો તે ભલે થાવ. પરંતુ આપના હૃદયમાં થયેલા પશ્ચાત્તાપના અંશને લીધે નીચે પડનારા અમને બન્નેને ભગવાનનું વિસ્મરણ કરાવનારો મોહ ન થાવ, પરંતુ ભગવાનમાં તો મોહ થાવ. ૩૬

તત્ત્વસુધા—"भूयादघोनि"-અપરાધીને દંડ ઉચિત છે. સ્વજનને શિક્ષા થાય છે, પરજનની ઉપેક્ષા થાય છે. પુણ્ય જનની રક્ષા થાય છે. આપે અમને દંડ કરી સ્વજન બનાવ્યા છે. આપનો દંડ "सुरहेलनम्" આપના જેવા દેવોનો અનાદર કરવાનો અમારા અપરાધ-પાપ-કાષ્ઠને બાળી નાખી અમને નિર્દોષ બનાવશે. જો આપ શાપ ન આપો તો અમારે પાપ ભોગવવા અનેક જન્મ લેવા પડત. પુણ્યાત્માના શાપ પાપને બાળી નાખે છે. વળી આપ પુષ્કળ દયાળુ છો. શાપ આપવામાં આપે કંઈપણ અયોગ્ય નથી કર્યું છતાં આપને ઉર **अनुतापकलया**—જે શાપ આપ્યો એ અયોગ્ય કર્યું એવી પરિતાપની કલા વસી છે તેને અમારા ઉપર અનુકમ્પા કરી છે. જેથી અમારી ભગવચ્ચરણની વિસ્મૃતિ નહીં થાય. ત્રણે જન્મમાં મોહ થશે તો તે મોહમાં પણ ભગવાનની જ સ્મૃતિ વૈરભાવે રહેશે, જે અમારું મંગલ કરશે. આથી અધિક ભગવત્પાર્ષદો પાસે સુમંગલ ભાવ કયો હોઈ શકે? ૩૬

આ શ્લોકમાં ભગવાન દ્વારે પધારે છે—

एवं तदैव भगवानरविन्दनाभः स्वानां विबुध्य सदतिक्रममार्यहृद्यः ॥
तस्मिन् ययौ परमहंसमहामुनीनामन्वेषणीयचरणौ चलयन् सहश्रीः ॥ ३७ ॥

અન્વયાર્થ—**एवम्**-એ પ્રમાણે, **स्वानाम्**-પોતાના સેવકોએ કરેલા, **सद्-अतिक्रमम्**-સજ્જનોના અનાદરને, **विबुध्य**-જાણીને, **सद्यः**-તરત જ, **अरविन्द-नाभः**-કમલ જેમની નાભિમાં રહેલ છે એવા, **आर्य-हृद्यः**-આર્યજનોને અત્યંત ગમતા, **भगवान्**-ભગવાન, **परम-हंस-महामुनीनाम्**-પરમહંસ તેમજ મહામુનિઓના, **अन्वेषणीय-चरणौ**-શોધવા લાયક ચરણોને, **चलयन्**-ચલાવતા, **सह-श्रीः**-લક્ષ્મીજીની સાથે, **तस्मिन्**-તે સ્થાનમાં, **ययौ**-પધાર્યા. (વસંતતિલકા વૃત્ત) ૩૭

અનુવાદ—આ પ્રકારે પોતાના સેવકોએ કરેલા સજ્જનોના અનાદરને જાણીને તરત જ આર્યજનોને અત્યંત પ્રિય લાગતા, નાભિમાં કમલવાળા ભગવાન, પરમહંસો તેમજ મહામુનિઓને શોધવા લાયક ચરણોને ચલાવતા લક્ષ્મીજીની સાથે તે સ્થાનમાં પધાર્યા. ૩૭

તત્ત્વસુધા—एवं तदैव—સનત્કુમારો શાપ આપી ચૂક્યા, જય-વિજય ક્ષમા માગી ચૂક્યા કે તરત જ ભગવાન ત્યાં પધાર્યા. કદાચ એમ શંકા થાય કે ભગવાન પ્રથમ કેમ ન પધાર્યા તો તેનું સમાધાન છે કે જો પ્રથમ જ ભગવાન આવે તો સનત્કુમારોને શાપ આપવાનો અવસર ન રહે. તેઓ શાપ આપે તો જ જયવિજય પૃથ્વી ઉપર જાય. સૃષ્ટિ આગળ ચાલે. ભગવાન પણ તેમના ઉદ્ધાર માટે ભૂતલ ઉપર પધારે. પોતાની લીલાનો વિસ્તાર થાય અને ભક્તોને લીલામૃત અને કથામૃતમાં સ્નાન કરવાનાં મળે. આ આશયથી જ ભગવાન ન પધાર્યા તેથી ભગવાનને अरविन्दनाभः કહ્યા છે. વળી જો સનત્કુમારો શાપ ન આપે તો ભગવાનને દંડ કરવો પડે. પોતે પોતાના સેવકને દંડ કરે તે ઠીક નહીં. અનિવાર્ય સ્થિતિમાં તેમ કરવું પડે તે જુદી વાત છે.

स्वानां विबुध्य—શાપ આપનાર સનત્કુમારો નિર્દોષ છે. જય-વિજય જ દોષિત છે એમ ભગવાન માને છે. સનત્કુમારો વિના પૂછે અંદર આવી શકે તેવા ઉત્તમ પુરુષો છે તેથી તેમને ન રોકવા જોઈએ એવું आर्यहृद्यः શબ્દથી કહ્યું છે.

अन्वेषणीयचरणौ—જો સનત્કુમારો લાયક છે તો પછીથી ભગવાન વૈકુંઠમાં અંદર કેમ ન લઈ ગયા તો તે શંકાને સ્થાન નથી. તેઓને કેવલ ચરણારવિંદનાં જ દર્શન કરવાની ઇચ્છા હતી, તે ભગવાને દ્વાર ઉપર આવીને પૂર્ણ કરી. હવે સનત્કુમારોને ખેદ થશે કે જો આપણી સેવાવૃત્તિ હોત તો અવશ્ય વૈકુંઠાધિપતિના નિવાસસ્થાનમાં જવાનું મળત. માટે આપણી પાસે કર્મજ્ઞાન તો છે પરંતુ ભક્તિ નથી તે મેળવી લઈએ એવો વિચાર આવ્યો.

चरणौ चलयन् सहश्रीः—ભગવાન દ્વારે પધાર્યા ત્યારે ગરુડ, શેષ અને લક્ષ્મીજી ત્રણેને સાથે લાવ્યા છે. ત્રણ જન્મના સંબંધનાં કાર્યો કરવાં છે તેથી ત્રણને બહાર લાવે છે. (૧) વિપ્રોનો અનાદર થયો છે તેથી દુઃખી થયેલ ભગવાનને શ્રી ચરણમાં પાદુકાઓ ધારવાની પણ સ્મૃતિ નથી. (૨) અથવા વિપ્રોના સન્માન માટે સન્મુખ જતાં પાદુકા પણ ન પહેરાય તો ચરણમાં ઉપાન તો ધરાય જ નહીં તેથી ખુલ્લે ચરણે પધાર્યા. (૩) આત્મારામ જ્ઞાનીઓને ભક્તિનું દાન કરવા માટે ખુલ્લે ચરણે પધાર્યા. सहश्रीः લક્ષ્મીજીને પણ ભગવાન સાથે લઈને પધાર્યા છે. તેનાં પણ અનેક કારણ છે (૧) એક વાર લક્ષ્મીજીએ વ્યાપિવૈકુંઠમાં વિનંતિ કરી કે આપના અનેક ભક્તો સતત આવ્યા કરે છે તેથી આપની સેવાનું સુખ મળતું નથી માટે સ્વતંત્ર લોક રચી આપો. ભગવાને સ્વતંત્ર

---

૧. तदभिक्रम-प्रा. पा.

રમાવૈકુંઠ લોકનું નિર્માણ કર્યું. ત્યાં રક્ષક તરીકે જય–વિજયને સ્થાપ્યા. એક વાર ગરુડજીને સાથે લઈ લક્ષ્મીજી એ જોવા માટે પધાર્યાં ત્યારે સંપૂર્ણ નિર્માણ થયેલ ન હોવાથી લક્ષ્મીદેવીને અને ગરુડજીને પ્રવેશ કરતાં દ્વારપાલોએ બન્નેને રોક્યાં હતાં. ત્યારથી મનમાં દાઝ તો હતી. આજે તે ટેવ પ્રમાણે સનત્કુમારોને પણ રોક્યા તેથી તેમને શાપ આપ્યો તે વાત જાણી રાજી થયેલાં જય–વિજયના હાલ જોવા પધાર્યાં છે. (૨) ક્રોધે ભરાયેલા કુમારો લક્ષ્મીજીને જોઈ ભગવાન ઉપર રોષ ન કરે તેથી સાથે લક્ષ્મીજીને લાવ્યા. (૩) અથવા રોષે ભરાયેલ પુત્ર પિતાથી મનાય નહીં પરંતુ માતાના એકાદ વાક્યથી જ મનાઈ જાય તેથી લક્ષ્મીજીને લાવ્યા. (૪) અથવા સનત્કુમારોને ભગવાન શું કહે છે તે જાણવા કુતૂહલવશ લક્ષ્મીજી આવ્યાં. (૫) મારી પરમાહ્લાદિની શક્તિ વૈકુંઠ લક્ષ્મીનાં દર્શન આપી પરમાનંદસાગરમાં નિમજ્જન કરવા પરમ ભક્તિનાં દાન આપું આ મંગલ કામનાથી લક્ષ્મીને સાથે લાવ્યા. ૩૭

હવે ભગવાન પધાર્યા કે પરિચારકો આસનાદિ સામગ્રી લાવીને રજૂ કરે છે—

त्वं त्वागतं प्रतिहृतौपयिकं स्वपुम्भिस्तेऽचक्षताक्षिविषयं स्वसमाधिभाग्यम् ॥
हंसश्रियोर्व्यजनयोः शिववायुलोलत्शुभ्रातपत्रशशिकेसरशीकराम्बुम् ॥ ३८ ॥

અન્વયાર્થ—स्व-पुम्भिः–પોતાના સેવકોએ, **प्रतिहृत-औपयिकम्**–પોતાને ઉપયોગી પદાર્થો લાવી આપેલ, તેમજ, **स्व-समाधि-भाग्यम्**–પોતાની સમાધિના ભાગ્યરૂપ, **हंस-श्रियोः**–હંસના જેવી કાન્તિવાળા, **व्यजनयोः**–બે ચામરના, **शिव-वायु-लोलत्-शुभ्र-आतपत्र-शशि-केसर-शीकर-अम्बुम्**-મંગલકારી પવનથી હાલતાં શ્વેતચ્છત્રરૂપ ચન્દ્રનાં કિરણો જેવાં મોતીરૂપ જલનાં બિન્દુઓ જેમના ઉપર વરસે છે એવા, **आगतम्**–પધારેલા, **अक्ष-विषयम्**–નેત્રના વિષય બનેલા, **तम्**–તે ભગવાનને, **अचक्षत**–નિહાળ્યા. (વસંતતિલકા વૃત્ત) ૩૮

અનુવાદ—પોતાના સેવકોએ પોતાને ઉપયોગી પદાર્થો લાવી આપેલ એવા, તેમજ પોતાની સમાધિના ભાગ્યરૂપ, હંસના જેવી કાન્તિવાળા, બે ચામરના મંગલકારી પવનથી હાલતાં શ્વેતચ્છત્રરૂપ ચન્દ્રનાં કિરણો જેવાં મોતીરૂપ જલનાં બિન્દુઓ જેમના ઉપર વરસે છે એવા સન્મુખ પધારેલા અને નેત્રના વિષય બનેલા ભગવાનને નિહાળ્યા. ૩૮

તત્ત્વસુધા—तं त्वागतं प्रतिहृतौपयिकम्–સેવક સુજન અને સુશીલ જોઈએ. વિના પાદુકા કે છત્રચામરાદિ વિના ભગવાન બહાર પધાર્યા કે એકાએક સેવકજનોએ એ છત્ર, ચામર, પાદુકાદિ ઉપસ્થિત કર્યાં તેથી લખ્યું प्रतिहृतौपयिकम् અથવા દ્વાર ઉપર અનેક દેવ ભક્તજનો સામગ્રી લઈ પ્રભુદર્શનની પ્રતીક્ષા કરતા હતા તેઓએ પોતાની પાસે રહેલી ભેટસામગ્રી પ્રભુચરણસરોજ સમીપે સમર્પી દીધી.

स्वसमाधिभाग्यम्–સનત્કુમારોએ અતિયોગ શ્રમે સાધેલી સમાધિમાં કદાચ માનસ સાક્ષાત્કાર પામી શકે તે ભગવાનને નયનગોચર કરી કૃતાર્થ થયા.

शिववायुलोलत्–ભગવાનના શ્રી મસ્તક ઉપર ધરેલ શ્વેતચ્છત્રની ચારે બાજુ લટકતી મુક્તામાલાઓ ચામરના પવિત્ર પવનથી ડોલતી હતી અને સનત્કુમારોના હૃદયને પણ ડોલાવતી હતી. ૩૮

આ શ્લોકની પ્રથમ પંક્તિમાં સ્વરૂપ માધુર્યવર્ણન અને બીજી પંક્તિ શૃંગાર–માહાત્મ્ય વર્ણવે છે—

कृत्स्नप्रसादसुमुखं स्पृहणीयधाम स्नेहावलोककलया हृदि संस्पृशन्तम् ॥
श्यामे पृथावुरसि शोभितया श्रिया स्वः चूडामणिं सुभगवन्तमिवात्मधिष्ण्यम् ॥ ३९ ॥

---

१. प्रतिहृतौ प्रा. पा.

અન્વયાર્થ—**कृत्स्न-प्रसाद-सुमुखम्**-સર્વના ઉપર કૃપા કરવા સુંદર મુખવાળા, **स्पृहणीय-धाम**-ઇચ્છવા યોગ્ય તેજવાળા, **स्नेह-अवलोक-कलया**-સ્નેહાળ અવલોકનના એક અંશથી, **हृदि संस्पृशन्तम्**-હૃદયને સ્પર્શી જતા, **श्यामे**-શ્યામ વર્ણના, **पृथौ**-વિશાળ, **उरसि**-વક્ષ:સ્થલમાં, **शोभितया**-શોભતી, **श्रिया**-લક્ષ્મીથી, **स्वः-चूडामणिम्**-સ્વર્ગોના ચૂડામણિ રૂપ, **आत्म-धिष्ण्यम्**-વૈકુંઠ લોકને, **सुभगयन्तम् इव**-સૌભાગ્યપૂર્ણ બનાવતા હોય એવા ભગવાનને નિહાળ્યા. (વસંતતિલકા વૃત્ત) ૩૯

અનુવાદ—સર્વના ઉપર કૃપા કરવા પ્રસન્ન મુખવાળા, ઇચ્છવા યોગ્ય તેજવાળા, સ્નેહભર્યા અવલોકનના એક અંશથી હૃદયને સ્પર્શી જતા, શ્યામવર્ણના વિશાળ વક્ષ:સ્થલમાં શોભતી લક્ષ્મીથી સ્વર્ગાદિ લોકોના ચૂડામણિ એવા નિજ વૈકુંઠધામને સૌભાગ્યપૂર્ણ બનાવતા હોય એવા ભગવાનને નિહાળ્યા. ૩૯

તત્ત્વસુધા—"कृत्स्नप्रसादसुमुखं"–સતત સમષ્ટિ ઉપર અનુગ્રહ કરવા આતુર ભગવાન **कृत्स्न** એટલે સર્વ પ્રકારે સર્વના ઉપર સર્વ સમયે પ્રસાદ એટલે કૃપા કરવા માટે **सुमुखम्** સુમંગલ મુખવાળા તત્પર છે. જો તેના પુરાવામાં ભગવાન વૈકુંઠમાં વસે છે. (૧) જો ભગવાન વૈકુંઠસ્થાન ન રચે તો બ્રહ્માદિ દેવો ભગવાનને ક્યા સ્થાનમાં નિવેદન કરવા જાય ? (૨) જો વૈકુંઠમાં પ્રભુ બિરાજે નહીં તો દેવો નિવેદન કરે કોને અને અવતાર લઈ લોકમંગલ કોણ કરે ? (૩) ભગવાન દ્વાર ઉપર ન પધારે તો પાર્ષદો અને કુમારોનું સમાધાન કોણ કરે ?

"स्पृहणीयधाम"–અન્ય સૂર્યાદિ તેજ સર્વની આંખોને આંજી દે. જ્યારે સ્વરૂપમાં બિરાજતું તેજ નેત્ર–ચિત્તને પ્રસન્ન કરે અને પવિત્ર કરે.

"स्नेहावलोककलया"–સનત્કુમારોને લાગ્યું કે જે સ્નેહસિંધુ ભગવાન અપરાધીના હૃદયને સ્પર્શતા સ્નેહે નિહાળે છે તે ભગવાન ભક્તોના હૃદયને કેવું સ્પર્શતા હશે ?

"स्वः चूडामणिं"–स्वः એટલે સ્વર્ગ અનેક છે. લોકો તેને દિવ્ય દેશ ગણે છે. તે લોકનો ચૂડામણિ સમાન વૈકુંઠલોક છે. તેની શોભા લક્ષ્મીજીથી છે અને લક્ષ્મીજીની શોભા ભગવાનના વક્ષ:સ્થલ ઉપર લક્ષ્મીજીને નિવાસ મળ્યો છે તેથી છે. સારા દેશને જોઈને મનુષ્ય વસે છે. જ્યારે ભગવાન વસે તે દેશ સારો બને છે અને શોભે છે. ૩૯

ભગવાનના પીતાંબર સાથેના અલંકારોને આ શ્લોકમાં વર્ણવે છે—

पीतांशुके पृथुनितम्बिनि विस्फुरन्त्या काञ्च्यालिभिर्विरुतया वनमालया च ॥
वल्गुप्रकोष्ठवलयं विनतासुतांसे विन्यस्तहस्तमितरेण धुनानमब्जम् ॥ ४० ॥

અન્વયાર્થ—**पीत-अंशुके**-પીતાંબર ધારણ કરેલી, **पृथु-नितम्बिनि**-પહોળા નિતંબવાળી કેડ ઉપર, **विस्फुरन्त्या**-ચળકતી, **काञ्च्या**-કાંચીથી–કંદોરાની શેરથી, **च**-અને, **अलिभिः**-ભ્રમરોથી, **विरुतया**-ગુંજિત, **वनमालया**-વનમાલા વડે શોભતા, **विनता-सुत-अंसे**-શ્રી વિનતાપુત્ર શ્રી ગરુડજીના ખભા ઉપર, **वल्गु-प्रकोष्ठ-वलयम्**-સુંદર કાંડા ઉપર કંકણને ધારણ કરેલા, **विन्यस्त-हस्तम्**-પધરાવેલ હસ્તવાળા, તેમજ **इतरेण**-અન્ય હસ્તથી, **अब्जम्**-કમલને, **धुनानम्**-ફેરવતા ભગવાનને નિહાળ્યા. (વસંતતિલકા વૃત્ત) ૪૦

અનુવાદ—પીતાંબર ધારણ કરેલા, પહોળા નિતંબવાળી કેડ ઉપર ચળકતી કંદોરાની શેરથી અને ભ્રમરોના ગુંજનવાળી વનમાલાથી શોભતા, શ્રીગરુડજીના ખભા ઉપર, સુંદર પોતાના કાંડા ઉપર વલયને ધારણ કરેલા હસ્તને પધરાવતા તેમજ બીજા હસ્તથી કમલને ફેરવતા ભગવાનને જોયા. ૪૦

તત્ત્વસુધા—પીતાંશુકે-ભગવાને કટિપ્રદેશ ઉપર પીતાંબર ધારણ કર્યું છે. કટિભાગ જગત છે, તેની શોભા પીતાંબર એટલે વેદ. વેદથી, વેદે દર્શાવેલા યજ્ઞકર્મથી વિશ્વનો ઉત્કર્ષ થાય છે. વેદ વિજ્ઞાનથી ભરપૂર છે. વિજ્ઞાન વિશ્વની ભૌતિક સમ્પતિ વધારે છે.

કાઞ્ચ્યા—પીતાંબર ઉપર ભગવાને મેખલા ધારણ કરેલી છે. પીતાંબરના ઉપરના ભાગમાં તે વસે છે. ઉત્તર મીમાંસા અને ઉપનિષદનું તે સ્વરૂપ છે. પૂર્વમીમાંસા પીતાંબર અને ઉત્તર મીમાંસા મેખલા છે. મેખલા બ્રહ્મવિદ્યા છે.

વનમાલયા—ભગવાનની કીર્તિ વનમાલા છે. તે ઉપર ગુંજતા ભ્રમરો મૃત્યુના વિજેતા ષડ્ગુણસમ્પન્ન ભક્તો છે. પીતાંબર મેખલા અને વનમાલા કર્મજ્ઞાન-ભક્તિનાં સ્વરૂપો છે.

वल्गुकोष्ठवलयं—ભગવાનના ચાર હાથ ચાર પુરુષાર્થો છે. હસ્તના કાંડા ઉપર રત્નવલય દીપે છે તેથી બે હાથ ધર્મ-અર્થ સ્વરૂપે છે. ગરુડ ઉપર પધરાવેલ હસ્ત મોક્ષરૂપે છે. કારણ કે ગરુડ કાલનું રૂપ છે તેના ઉપર હાથ ધરી ભગવાન કાલથી મુક્ત કરે છે. એક હાથથી કમલ હલાવે છે તેનાથી કામપુરુષાર્થ સિદ્ધ કરે છે. ૪૦

આ શ્લોકમાં મુખ, મુકુટ અને કૌસ્તુભમણિયુક્ત પ્રભુનું વર્ણન છે—

विद्युत्क्षिपन्मकरकुण्डलमण्डनार्हगण्डस्थलोन्नसमुखं मणिमत्किरीटम् ।।
दोर्दण्डषण्डविवरे हरता[1] परार्ध्यहारेण कन्धरगतेन च कौस्तुभेन ।।४१।।

અન્વયાર્થ—विद्युत्-क्षिपत्-मकर-कुण्डल-मण्डन-अर्ह-गण्ड-स्थल-उत्-नस-मुखम्-વીજળીની કાન્તિને ઝાંખી કરતાં મકરાકૃતિ કુંડલોનાં આભૂષણોને યોગ્ય ગંડસ્થલ તેમજ ઊંચા નાસિકાયુક્ત મુખવાળા, **मणिमत्-किरीटम्**-મણિ જડેલા મુકુટવાળા, **दोर्दण्ड-षण्ड-विवरे**-ચાર ભુજદંડના-બે ખંડના વચલા ભાગમાં રહેલા, **हरता**-મનનું હરણ કરતા એવા, **परार्ध्य-हारेण**-અત્યંત કિંમતી હારથી અને, **कन्धर-गतेन**-કંઠમાં રહેલા, **कौस्तुभेन**-કૌસ્તુભમણિથી શોભતા ભગવાનને જોઈને નમ્યા. (વસંતતિલકા વૃત્ત) ૪૧

અનુવાદ—વીજળીની કાન્તિને શરમાવતાં મકરાકૃતિ કુંડલોના અલંકારોને શોભાવવા લાયક ગંડસ્થલ તેમજ ઉપસી આવેલા નાસિકાયુક્ત મુખવાળા, મણિ જડેલા મુકુટવાળા, ચાર ભુજદંડના બે ખંડોની વચલા ભાગમાં રહેલા અને ચિત્તને ચોરી લેતા અણમોલ હારથી અને કંઠમાં રહેલા કૌસ્તુભમણિથી શોભતા ભગવાનને નિહાળીને કુમારો નમી પડયા. ૪૧

તત્ત્વસુધા—“विद्युत्क्षिपत्”—શ્રીવૈકુંઠનાથના બન્ને કર્ણમાં કર્ણપૂર-કુંડલ બિરાજે છે. તેની આકૃતિ “મકરાકૃતિ” છે તેમજ કાન્તિ विद्युत्-વીજળીના તેજને પણ આંજી નાખે એવી છે. આ વાક્યનું તાત્પર્ય એ છે કે “विद्युत्” મૃત્યુનું સ્વરૂપ છે. એને દૂર કરનાર બે મકરાકૃતિ કુંડલ છે. બન્ને કુંડલ સાંખ્ય અને યોગ છે. તે બન્ને મૃત્યુને જ્ઞાનયોગશક્તિ દ્વારા અટકાવે છે.

“**कुण्डलमण्डनार्ह**”—ગંડસ્થલ ઉપર બન્ને કુંડલો વસે છે. રત્નનાં કુંડલ ભલે હોય પણ દાગીના દીપે તેવો દેહ ન હોય તો દાગીના વ્યર્થ છે. ભગવાનના ગંડસ્થલ તો આભૂષણને શોભાવે છે. પ્રભુના બન્ને ગંડસ્થલો ‘પ્રેમ અને પ્રપત્તિ’’સ્વરૂપ છે.

“**उन्नसमुखम्**”—ઊંચી નાસિકાવાળું શ્રીમુખ છે. ઉન્નત નાસિકા ભક્તિનું સ્વરૂપ છે. જેઓ ઉત્તમ ભક્ત હશે તેમની નાસિકા ઊંચી હોય છે. मणिमत्-किरीटम् ભગવાનનો મણિમય મુકુટ ઉપનિષદોનું સ્વરૂપ છે. મુકુટમાં વસેલ મણિઓ ભક્તો છે. सत्यं तु शीर्षाणि-ભગવાનનું મસ્તક સત્યલોક છે. તેથી તે મસ્તકમાં રહેલા મુકુટના મણિઓ પણ સત્યલોકનિવાસી ભક્તો છે.

---

[1] चरता इति प्रा. पा.

“**दोर्दण्डषण्डविवरे**”—ઠાકોરજીની ચાર ભુજાઓની મધ્યમાં, હરતા–મનોહર અને મહામૂલો મુક્તાહાર વિચરે છે. હારમાં રહેલ મુક્તામણિઓ મુક્તપુરુષોમાંથી બનેલા છે. હારને परार्ध्य એવું વિશેષણ આપ્યું છે.

આ શબ્દના બે પાઠ છે परार्ध्य અને परार्घ्य તેથી શ્રેષ્ઠ અને મોંઘા એવા બે અર્થ થાય છે. અર્ઘ્યનો અર્થ જ્યારે મોંઘા કરીએ તે કેટલા મોંઘા એવો પ્રશ્ન થાય તે માટે પર વિશેષણ આપ્યું છે. પર એટલે બ્રહ્માનાં આયુષ્યના अर्घ्य મૂલ્યવાળા. તાત્પર્ય બ્રહ્માના બે પરાર્ધ્યમાં આયુષ્યવાળા મુક્ત પુરુષોનો હાર હરિએ હૃદયમાં ધારણ કર્યો છે.

कन्धरगतेम कौस्तुभेन—શ્રીકંઠમાં ભગવાને કૌસ્તુભમણિ ધારણ કર્યો છે તે બ્રહ્માનંદમય છે. **क** એટલે મસ્તકને ધારણ કરે તે “કંધરા” કંઠ છે. તે કંઠ ઉપર **कौस्तुभ** મણિ છે. મુક્તો અને ભક્તોથી બનેલ કૌસ્તુભ મણિ છે, ભગવાન તેને પોતાના કંઠે આલિંગન આપે છે એ ભાવ કૌસ્તુભમણિને કંઠે લગાવવાનો છે. ૪૧

આ શ્લોકમાં શ્રી અંગના સૌંદર્યનું વર્ણન છે—

अत्रोपसृष्टमिति चोत्स्मितमिन्दिरायाः स्वानां धिया विरचितं बहुसौष्ठवाढ्यम् ।
मह्यं भवस्य भवतां च भजन्तमङ्गं नेमुर्निरीक्ष्य न वितृप्तदृशो मुदा कैः ॥४२॥

અન્વયાર્થ—च–અને, **इन्दिरायाः**–લક્ષ્મીજીએ, **उत्स्मितम्**–પોતાનો ગર્વ, **अत्र**–આવા ઉત્તમ સ્વરૂપમાં, **इति उपसृष्टम्**–મૂકી દીધેલ છે, તેમજ **स्वानाम्**–નિજ ભક્તોની, **धिया**–બુદ્ધિથી, **विरचितम्**–કલ્પેલ છે એવા, **बहु–सौष्ठव–आढ्यम्**–અત્યંત સુડોળ અંગોના ઐશ્વર્યથી સમ્પન્ન, **अङ्गम्**–શ્રી અંગને, **मह्यम्**–મારે માટે–બ્રહ્માજી માટે, **भवस्य**–શિવજીને માટે, **च भवता**–અને ભક્તોને માટે, **भजन्तम्**–ધારણ કરતા ભગવાનને, **निरीक्ष्य**–નિહાળીને, **अवितृप्त–दृशः**–અતૃપ્ત દૃષ્ટિવાળા કુમારો, **मुदा**–આનંદમાં આવી, **कैः**–મસ્તકોથી, **नेमुः**–નમી પડયા. (વસંતતિલકા વૃત્ત) ૪૨

અનુવાદ—વળી લક્ષ્મીજીએ પોતાના સૌન્દર્યનો ગર્વ આવા ઉત્તમ સ્વરૂપ ભગવાનમાં મૂકી દીધેલ અને નિજજનોની ઇચ્છા પ્રમાણે રચેલ તેમજ અત્યંત સુડોળ અંગસૌન્દર્યથી સમ્પન્ન એવા શ્રી અંગને, બ્રહ્માજી માટે, શંકર માટે ભક્ત સનત્કુમારાદિને માટે, ધારણ કરતા પ્રભુને નિહાળી હર્ષમાં આવી સનત્કુમારો મસ્તકથી નમી પડયા. ૪૨

તત્ત્વસુધા—“**अत्रोपसृष्टम्**”—ભગવાનના સૌન્દર્યનો મહિમા ગાય છે કે શ્રી ઇંદિરાદેવીએ પોતાને અધિક સૌન્દર્ય મળે માટે પોતાનું સૌન્દર્ય ભગવાનમાં પધરાવ્યું. જેથી ભગવાન પોતાના શ્રી અંગમાંથી થોડું પણ સૌન્દર્ય લક્ષ્મીજીને આપશે તો કૃતાર્થતા અનુભવશે. શ્રી લક્ષ્મીજી ભગવાનનાં ભક્ત છે. એમના મનમાં ભગવાન માટે માન છે. મારા કરતાં અનન્ત સૌન્દર્ય ભગવાનમાં છે.

“**स्वानां धिया विरचितम्**”—આ સૌન્દર્યને માપી શકે તેવું તો કોઈ નથી. કિન્તુ પોતાના ભક્તોએ કેવલ બુદ્ધિથી–નિશ્ચય બુદ્ધિથી–આ સ્વરૂપ અતિસુંદર છે એમ નક્કી કરેલ છે. સ્વરૂપસૌન્દર્ય તો એવું નામ કે **बहुसौष्ठवाढ्यम्** શ્રીઅંગનાં પ્રત્યેક અંગો અતિશય સુડોળ છે.

“**अङ्गं भजन्तम्**”—આ પદથી ભગવાનની ઉદારતા વર્ણવે છે. કારણ કે ભગવાને બ્રહ્માજી માટે, શંકરજી માટે, સનત્કુમારાદિને ધ્યાન કરવા માટે આ શ્રીઅંગ સ્વીકાર્યું છે. આવું અનુસંધાન થતાં જ ચારે સનત્કુમારો ભગવાનને નમી પડયા. ૪૨

નમસ્કાર કરતા સનત્કુમારોની સ્થિતિનું નિરૂપણ કરે છે—

तस्यारविन्दनयनस्य पदारविन्दकिञ्जल्कमिश्रतुलसीमकरन्दवायुः ॥
अन्तर्गतः स्वविवरेण चकार तेषां संक्षोभमक्षरजुषामपि चित्ततन्वोः ॥४३॥

અન્વયાર્થ—**तस्य**-તે, **अरविन्दनयनस्य**-અરવિંદનેત્ર ભગવાનના, **पद्-अरविन्द-किञ्जल्क-मिश्र-तुलसी-मकरन्द-वायुः**-ચરણકમલના કેસર સાથે મિશ્રિત થયેલ તુલસીજીના મકરન્દ રસવાળો વાયુ, **स्व-विवरेण**-પોતાના છિદ્રો દ્વારા, **अन्तर्गतः**-શરીરમાં પ્રવેશ કરતો, **अक्षर-जुषाम्-अपि**-બ્રહ્માનંદના ઉપાસકોના પણ, **चित्त-तन्वोः**-મન-તનમાં, **संक्षोभं-चकार** ખળભળાટ મચાવી ગયો. ૪૩

અનુવાદ—તે શ્રી અરવિંદનેત્ર વૈકુંઠનાથના ચરણકમલના કેસર સાથે મિશ્રિત થયેલ તુલસીજીના મકરન્દ રસવાળો વાયુ પોતાનાં છિદ્રો દ્વારા શરીરમાં પ્રવેશ કરતો બ્રહ્માનંદના ઉપાસકોના પણ તનમનમાં ખળભળાટ મચાવી ગયો. ૪૩

તત્ત્વસુધા—"तस्यारविन्दनयनस्य पदारविन्द"—સનત્કુમારોએ શ્રીચરણયુગલમાં નમસ્કાર કર્યા ત્યારે પાદસરોજનાં કેસરો અને તુલસીજીના સંમિશ્રણવાળો સુવાસવાયુ નાસિકામાં પ્રવેશ્યો અને તનમાં અને મનમાં એક પ્રકારનો ક્ષોભ ઉત્પન્ન કર્યો. આ કથનમાં પ્રભુના નયનને "अरविन्द" અરવિંદ કહ્યું તેમજ ચરણને પણ अरविन्द–અરવિંદ કહ્યું. अरवि શબ્દનો અર્થ થાય અપ્રકાશ–અંધકાર. અને अरविन्दनो અર્થ થાય અંધકારને દૂર કરનાર સુમંગલ પ્રકાશ. ભગવાનને પોતાના નયનારવિંદથી ભક્તિમાર્ગમાં આવનારાં વિઘ્નોને દૂર કરી પોતાના દિવ્ય ગુણોનો પ્રકાશ આપ્યો. અને પદારવિંદથી જ્ઞાનમાર્ગનો અપ્રકાશ–અંધકાર દૂર થયો. સનત્કુમારોને ખ્યાલ હતો કે તેઓ જ્ઞાની છે. પરંતુ આજે પ્રણામથી અનુસંધાન થયું કે આપણે જ્ઞાનના અભિમાની છીએ. આ સમયે તેઓને જ્ઞાન થયું કે પાર્ષદોને આપણે શાપ આપ્યો તે અનુચિત કર્યું. ભગવાનના ચરણકમલનો સ્પર્શ પણ મળ્યો છે એમ લાગે છે.

જોકે "અક્ષરબ્રહ્મ"રૂપ દેહવાળા સનત્કુમારોને આપણા ભૌતિક દેહ જેવો ક્ષોભ નથી થયો. પરંતુ કોઈ અલૌકિક અનુભવ થયો. આ અલૌકિક ક્ષોભ એટલે ભક્તિની આકુલ-વ્યાકુલતા છે કે ક્યારે ભગવચ્ચરણ સરોજ સેવા સાંપડશે. ૪૩

હવે સનત્કુમારો પુનઃ પ્રભુના ચરણને વંદે છે.—

ते वा अमुष्य वदनासितपद्मकोशमुद्वीक्ष्य सुन्दरतराधरकुन्दहासम् ॥
लब्धाशिषः पुनरवेक्ष्य तदीयमङ्घ्रिद्वन्द्वं नखारुणमणिश्रयणं निदध्युः ॥४४॥

અન્વયાર્થ—**ते-वै**-તે સનત્કુમારો ખરેખર, **सुन्दरतर-अधर-कुन्द-हासम्**-અત્યંત સુંદર અધરોષ્ઠ ઉપર મોગરાની કળી જેવા હાસ્યવાળા, **अमुष्य**-આ ભગવાનનું, **वदन-असित-पद्मकोशम्**-શ્યામ કમળની કળી જેવા વદનને, **अवेक्ष्य**-નિહાળીને, **लब्ध-आशिषः**-આશિષ પ્રાપ્ત કરીને, **पुनः**-ફરીથી, **नख-अरुण-मणि-श्रयणम्**-નખરૂપ લાલમણિના આશ્રયવાળાં, **तदीयं अङ्घ्रि-द्वन्द्वम्**-તે ભગવાનનાં ચરણયુગલનું, **निदध्युः**-ધ્યાન કરવા લાગ્યા. ૪૪

અનુવાદ—તે સનત્કુમારો ખરેખર અત્યંત સુંદર અધરોષ્ઠ ઉપર મોગરાની કળી જેવા હાસ્યવાળા આ વૈકુંઠ પ્રભુના શ્યામ કમલની કળી જેવા મુખને નિહાળી, આશિષ પ્રાપ્ત કરી ફરીથી નખરૂપ લાલ મણિના આશ્રયવાળા ચરણયુગલનું ધ્યાન કરવા લાગ્યા. ૪૪

તત્ત્વસુધા—"लब्धाशिषः पुनरवेक्ष्य"—સનત્કુમારો પ્રભુનાં ચરણકમલને વંદે છે. તે પૂર્વમાં તેઓએ ભગવાનના વદનકમલની ઝાંખી કરી. ભગવાનના મુખકમલને "असितपद्मकोशम्" નીલકમલની ઉપમા આપી

છે. નીલકમલ મેઘની માફક દર્શનીય છે. ભગવાને તે નીલકમલ તુલ્ય મુખથી સનત્કુમારોનો વિપ્ર તરીકે મહિમા ગાયો હતો, જેથી સનત્કુમારોમાં ભક્તિ જાગૃત કરી. આવા મુખારવિંદ સામે નિહાળતાં ભગવાન પાસેથી આશિષ પામ્યા. હૃદયમાં ભક્તિનું ઝરણું પ્રકટ્યું અને પ્રભુ ચરણકમલમાં સનત્કુમારો નમી પડ્યા.

" असितपद्मकोशम् "—આ પદમાં રહેલા असित શબ્દનો અર્થ " વિકસિત " એવો પણ થાય છે. षिञ् बन्धने ધાતુ છે. બંધન પામેલ એટલે બીડાયેલ કમલ. અને અસિત એટલે વિકસિત–પ્રસન્ન વદનકમલને જોઈ સનત્કુમારો અત્યંત ભક્તિભાવભીના બન્યા. ભગવચ્ચરણકમલમાં પ્રણામ કરવાનો પ્રભાવ આવો દિવ્ય છે. ૪૪

આ શ્લોકમાં સનત્ કુમારોને ભગવાનના દિવ્ય સ્વરૂપનું દર્શન થાય છે—

पुंसां गतिं मृगयतामिह योगमार्गैर्ध्यानास्पदं बहु मतं नयनाभिरामम् ॥
पौंस्नं वपुर्दर्शयानमनन्यसिद्धैरौत्पत्तिकैः समगृणन् युतमष्टभोगैः ॥४५॥

અન્વયાર્થ--**इह**–આ જગતમાં, **योगमार्गैः**–યોગમાર્ગો દ્વારા, **पुंसां गतिम्**–પુરુષોની ગતિને, **मृगयताम्**–શોધનારાઓને, **ध्यान-आस्पदम्**–ધ્યાન કરવા લાયક, **बहुमतम्**–અત્યંત આદર પામેલ, **नयन-अभिरामम्**–નેત્રોને આનંદ આપનાર, **अनन्य-सिद्धैः**–બીજાઓને માટે દુર્લભ, **औत्पत्तिकैः**–સ્વભાવસિદ્ધ, **अष्टभोगैः युतम्**–આઠ ભોગોવાળા, **पौंस्नं वपुः**–પુરુષના દેહને, **दर्शयानम्**–દર્શાવતા ભગવાનની, **समगृणन्**–સ્તુતિ કરવા લાગ્યા. (વસંતતિલકા વૃત્ત) ૪૫

અનુવાદ—આ જગતમાં યોગમાર્ગો દ્વારા પુરુષોની ગતિને શોધનારાઓને ધ્યાન કરવા લાયક, અત્યંત સન્માન પામેલ, નેત્રોને આનંદ આપનાર, અન્ય જનો માટે દુર્લભ, એવા જન્મતાની સાથે જ મળેલા આઠ ભોગોવાળા પુરુષ સ્વરૂપને દર્શાવતા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૪૫

તત્ત્વસુધા—" पुंसां गतिं मृगयताम् "—સનત્કુમારો ભગવદ્દર્શન કર્યા પછીથી ભક્ત થયા છે. તે પહેલાં યોગીઓ હતા. તેઓને ભગવાનનું દર્શન થાય છે. અને ભગવાનના ગુણોનું ગાન કરે છે તે યોગમાર્ગની સાધના સમયે પ્રભુએ કૃપા કરી દર્શાવેલા ગુણો છે તેનું અનુભવયુક્ત ગાન છે. તેઓ ભગવાનના ગુણોને જાણે છે અને સ્તુતિ કરે છે. ગુણો જાણે અને ગાય તે જ સ્તુતિ કહેવાય—

આ શ્લોકમાં ભગવાનના સ્વરૂપને પાંચ વિશેષણો આપે છે. તેનો ભાવ નીચે દર્શાવ્યો છે—

(૧) " योगमार्गैः ध्यानास्पदम् "--ભગવાનનું એક સ્વરૂપ " ध्यानास्पदम् " યોગના આરંભમાં " ધ્યાન-કરવા " યોગ્ય છે. તેમજ તે સ્વરૂપ અંતે યોગની સિદ્ધિને આપનારું હોય છે.

(૨) " बहुमतम् "—જ્યારે ભક્ત–યોગી તે દિવ્ય સ્વરૂપનું ધ્યાન કરે છે, ત્યારે તેમાં પ્રેમ પ્રકટે છે તેથી તે સ્વરૂપમાં " बहुमत " " અત્યંત આદર " થવાથી તે સ્વરૂપને બહુમત–અત્યંત આદરપાત્ર કહે છે.

(૩) " नयनाभिरामम् "--ધ્યાનમાં વારંવાર નિહાળેલ સ્વરૂપ પ્રસન્ન થઈ બહાર પ્રકટે છે ત્યારે " नयनाभिरामम् " તે સ્વરૂપ નયનને પરમ આનંદ આપે છે, જે સાક્ષાત્ સ્વરૂપ છે.

(૪) " अष्टभोगैर्युतम् "—ભગવાનનું આ સ્વરૂપ અન્યને ન મળે એવું, સદા સાથે વસનારું, આઠ પ્રકારના ઐશ્વર્યવાળું છે. તેથી " अनन्यसिद्धैः " વિશેષણ આપ્યું છે. આઠ પ્રકારની સિદ્ધિઓ ભગવાન વિના અન્યની સમીપમાં નથી હોતી. ભગવાન પોતાની સિદ્ધિઓમાંથી અંશ જેટલી બીજાને આપે છે. આપતાં ખૂટતી

નથી. અને આપે છે એને ઓછી પડતી નથી. આ આઠ અણિમા, મહિમા નામની સિદ્ધિઓ છે. અથવા "શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ, કૃપા-કર્મ-ઐશ્વર્ય," નામના "અષ્ટભોગો" છે. ભોગ અથવા ભાગ એવા બે પાઠ છે પરંતુ અર્થ એક જ છે. (૧) મધુર સ્વર એ શબ્દનો ભોગ છે. (૨) સૌકુમાર્ય એ સ્પર્શનો ભોગ છે. (૩) સૌન્દર્ય એ રૂપનો ભોગ છે. (૪) માધુર્ય એ રસનો ભોગ છે. (૫) સૌરભ્ય-સુગંધિપણું એ ગંધનો ગુણ છે. (૬) વાત્સલ્ય એ કૃપાનો ધર્મ છે (૭) લીલા એ ભગવાનનાં કર્મ છે આ સાત માધુર્યોનો ભોગ ભક્તો ઇન્દ્રિયો દ્વારા કરે છે. અને આઠમો (૮) ષડ્ ઐશ્વર્યો અથવા અષ્ટ સિદ્ધિઓ નામનો ભોગ છે. ભગવાનના સ્વરૂપમાં આ સર્વ વસેલ છે.

(૫) **पौंस्नं वपुः**—ભગવાનનું સ્વરૂપ "પૌંસ્ન" છે એટલે પુરુષનું સ્વરૂપ છે. જેનું વર્ણન દ્વિતીય સ્કંધના બીજા અધ્યાયના ૮ મા શ્લોકમાં દર્શાવ્યું છે.

આવા પાંચ વિશેષણો વાળા ભગવાનના સ્વરૂપની સનત્કુમારોને ઝાંખી થઈ અને તેઓ ભગવાનનાં ચરણે નમી પડયા. ૪૫

હવે સનત્ કુમારો પાંચ શ્લોકથી સ્તુતિ કરે છે—

कुमारा ऊचुः— योऽन्तर्हितो हृदिगतोऽपि दुरात्मनां त्वं[1] सोऽद्यैव नो नयनमूलमनन्तराद्धः ॥
यर्ह्येव कर्णविवरेण गुहां गतो नः पित्राऽनुवर्णितरहा भवदुद्भवेन ॥४६॥

અન્વયાર્થ—अनन्त-હે અનન્ત ! **यः हृदि गतः अपि**-જે હૃદયમાં બિરાજતા છતાં, **दुरात्मनां**-દુષ્ટજનોને, **अन्तर्हितः**-ન દેખાતા, **सः त्वम्**-તે આપ, **अद्य एव**-આજે જ, **नयन-मूलम्**-નયનગોચર, **नो राद्धः**-થયેલ નથી, પરંતુ **भवद्-उद्भवेन**-આપના નાભિકમલમાંથી પ્રકટેલા, **नः**-અમારા, **पित्रा**-પિતાજીએ, **यर्हि**-જ્યારે, **अनुवर्णित-रहाः**-આપનું રહસ્ય અમારી પાસે ગાયું, **तर्हि-एव**-તે જ સમયે, **कर्ण-विवरेण**-અમારા કર્ણદ્વારેથી, **गुहां गतः**-હૃદયમાં પધાર્યા છો. (વસંતતિલકા વૃત્ત) ૪૬

અનુવાદ—સનત્કુમારોએ કહ્યું કે હે અનન્ત પ્રભો ! જે હૃદયમાં બિરાજવા છતાં દુષ્ટ જનોને અદૃશ્ય છે તે આપ આજે જ અમારા નથી થયા ! કિન્તુ આપના નાભિકમલમાંથી પ્રકટેલા અમારા પિતાજીએ જ્યારે આપનું રહસ્ય અમારી પાસે ગાયું તે જ વખતે આપ અમારા કર્ણદ્વારમાંથી હૃદયમાં પધાર્યા છો. ૪૬

તત્ત્વસુધા—સનત્ કુમારોએ ભગવાનનાં દર્શન કર્યાં. પ્રેમ વધ્યો. સ્તુતિ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ હૃદય ભક્તિથી વિહ્વલ બની ગયું અને વધુ સ્તુતિ ન કરી શક્યા. આ શ્લોકનું તાત્પર્ય એક કારિકામાં શ્રીમદ્ વલ્લભ પ્રભુ લખે છે કે—

योगे लोके तथा भक्तौ भवान् विख्यातमङ्गलः ।
सर्वात्मना वयं दासा लब्धं तत्र च यत्फलम् ॥

યોગમાં, વૈકુંઠલોકમાં અને ભક્તિમાં આપ મંગલ છો, એવું પ્રસિદ્ધ છે. અમે આપના દાસ બનીએ છીએ. દાસ થવામાં જે ફળ છે તે અમે પામ્યા છીએ.

વળી સનત્કુમારો સ્વીકારે છે કે દુષ્ટોના હૃદયમાં વસો છો છતાં તેઓને ક્યાં દેખાવ છો ? તેમ આપની કૃપા ન હોય તો શાસ્ત્ર કે અનુભવ બેમાંથી કોઈ દ્વારા આપનો સાક્ષાત્કાર થાય જ નહીં. જ્યારે અમારા પિતાજીએ આપનું વર્ણન કરેલું ત્યારે કાન દ્વારા આપે હૃદયમાં પ્રવેશ કરેલો. પછી અંદર નેત્રો વાળી અમે આપનું દર્શન કરેલું તે ભગવાને આજે દર્શન આપ્યાં છે એ જ મોટી કૃપા છે. ૪૬

---

[1] त्वमद्यैव प्रा. पा.

સનત્કુમારો કહે છે કે ભગવન્ ! આપને અમે "પરમાત્મતત્ત્વ" તરીકે ઓળખીએ છીએ—

तं त्वां विदाम भगवन् परमात्मतत्त्वं सत्वेन सम्प्रति रतिं रचयन्तमेषाम् ।।
तत्तेऽनुतापविदितैर्दृढभक्तियोगै[१]-रुद्ग्रन्थयो हृदि विदुर्मुनयो विरागाः ।।४७।।

અન્વયાર્થ—भगवन्-હે ભગવન્! **त्वां सम्प्रति**-આપને હમણાં, **सत्वेन**-સત્વથી, **रतिं रचयन्तम्**-પ્રીતિને રચનાર, **तम्**-તે, **परम-आत्मतत्त्वम्**-પરમાત્મતત્ત્વને, **विदाम**-જાણીએ છીએ કે, **यत् ते**-જેનો આપના, **अनुताप-विदितैः**-અનુતાપથી જાણેલા, **दृढ-भक्ति-योगैः**-દઢ ભક્તિયોગોથી, **उद्-ग्रन्थयः**-ગાંઠ રહિત થઈ, **विरागाः**-વૈરાગ્ય પ્રાપ્ત કરેલા, **मुनयः**-મુનિઓ, **हृदि**-હૃદયમાં, **विदुः**-અનુભવે છે. (વસંતતિલકા વૃત્ત) ૪૭

અનુવાદ—હે ભગવન્! આપને હમણાં, સત્ત્વરૂપથી પ્રીતિ કરનાર તે પરમાત્મતત્ત્વને જાણીએ છીએ કે જેનો આપના અનુતાપથી જાણેલા દઢ ભક્તિયોગોથી ગાંઠ રહિત થઈ વૈરાગ્ય પ્રાપ્ત કરેલા મુનિઓ હૃદયમાં અનુભવ કરે છે. ૪૭

તત્ત્વસુધા—" तं त्वं विदाम भगवन् "—સનત્કુમારો ભગવાનને કહે છે કે હે ભગવન્! આપ "પરમાત્મતત્ત્વ છો." આ શબ્દો ઉપરથી સનત્ કુમારો સાંખ્યમતને અનુસરનારા લાગે છે. સાંખ્ય શાસ્ત્રમાં " તત્ત્વ " શબ્દનો પ્રયોગ સર્વત્ર થાય છે. '૨૫ તત્ત્વો' એવો તત્ત્વો માટે શબ્દ વપરાય છે. तत्त्वं सहजं रूपम् એવું તત્ત્વનું લક્ષણ છે. સાંખ્યશાસ્ત્ર, તત્ત્વોમાં આત્માને પણ તત્ત્વ માને છે. જીવાત્મા (૧), પ્રકૃતિનો અધિષ્ઠાતા આત્મા પચીસ તત્ત્વોમાં જે શ્રેષ્ઠ છે તે આત્મા (૨) અને તેનાથી અસંગ અને ઉદાસીન જે " પરમાત્મા " છે તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે તે સ્વરૂપને અમે પામ્યા છીએ.

सत्वेन सम्प्रति—વૈકુંઠમાં વસનાર ભક્તોને તેમ જ અમને रतिं-પ્રીતિ ઉત્પન્ન કરવા માટે सत्वेन શુદ્ધ સત્વને પુરુષના આકારવાળું બનાવીને આપ રહો છો. અસંગ અને ઉદાસીન એવા ભક્તોને અનુકૂલ રૂપ સ્વીકારો છો.

" तत्तेऽनुतापविदितैः "— આ વાક્યનું તાત્પર્ય છે કે જીવાત્મા અનેક યોનિમાં વિચરતો અનન્ત કલેશોને અનુભવે છે, ત્યારે ભગવાનના હૃદયમાં કૃપા થાય છે કે આ જીવ " સ્વાનંદાનુભવ "ને યોગ્ય છે અને બિચારો કલેશ પામે છે માટે એને દઢ ભક્તિયોગનો આસ્વાદ ચખાડે છે. તેના પરિણામે તેની " अहंग्रन्थि " શિથિલ થાય છે, વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને હૃદયમાં પ્રભુનો સાક્ષાત્કાર પામે છે. ૪૭

આ શ્લોકમાં કહે છે કે ભગવત્કૃપાને પ્રાપ્ત કરેલા ભક્તો મોક્ષરૂપ પ્રસાદમાં સેવા જેવો આદર નથી કરતા—

नात्यन्तिकं विगणयन्त्यपि ते प्रसादं किन्त्वन्यदर्पितभयं भ्रुव उन्नयैस्ते ।।
येऽङ्ग[२] त्वदङ्घ्रिशरणा भवतः कथायाः कीर्तन्यतीर्थयशसः कुशला रसज्ञाः ।।४८।।

અન્વયાર્થ—अङ्ग-હે પ્રિય નાથ! **ये**-જેઓ, **त्वद्-अङ्घ्रि-शरणाः**-આપના ચરણને શરણે આવેલા છે, **कीर्तन्य-तीर्थयशसः**-કીર્તનીય અને તીર્થરૂપ યશવાળા એવા, **भवतः**-આપની, **कथायाः**-કથાના જે, **कुशलाः**-કુશળ, **रसज्ञाः**-રસજ્ઞો છે તેઓ, **आत्यन्तिकं प्रसादम्**-મોક્ષરૂપ પ્રસાદનો પણ, **न-विगणयन्ति**-આદર નથી કરતા, તો પછી **ते**-આપની, **भ्रुवः**-ભ્રુકુટિના, **उन्नयैः**-ઊંચા પલકારાથી, **अर्पित भयम्**-ભય પામનાર, **अन्यत्**-અન્ય લોકોનો, **विगणयन्ति किम्**-શું આદર કરે ? (વસંતતિલકા વૃત્ત) ૪૮

અનુવાદ—હે પ્રિયનાથ ! જેઓ આપને ચરણે શરણે આવેલા છે, અને કીર્તનીય અને તીર્થરૂપ યશવાળા એવા આપની કથાના કુશળ રસજ્ઞો છે, તેઓ આ મોક્ષરૂપ પ્રસાદનો પણ

---

१ भक्तियुक्तैः प्रा. पा., २ ये वा प्रा. पा.

આદર કરતા નથી તો કેવલ આપની ભ્રૂકુટિના એક ઊંચા પલકારાથી ભય પામતા અન્ય લોકનો શું કામ આદર કરે ? ૪૮

તત્ત્વસુધા—नात्यन्तिकं विगणयन्ति–ભક્તો મોક્ષનો આદર નથી કરતા એવું જે ઉપરના વાક્યમાં કહ્યું છે તેનું એ તાત્પર્ય છે કે મોક્ષ પણ ભગવાનનો જ પ્રસાદ છે પરંતુ જ્યારે ભક્તિના પ્રસાદરૂપ ભગવાનની સેવા પ્રાપ્ત કરે છે ત્યારે સેવાના જેટલો આદર મોક્ષમાં નથી ધરાવતા. પરંતુ તેઓ મોક્ષ–પ્રસાદની અવગણના નથી કરતા.

“ किन्त्वन्यदर्पितभयम् ”—શા માટે ભક્તોનો જગતના પદાર્થોમાં રસ નથી ? સેવામાં તો અનેક સામગ્રીની જરૂર રહે છે. ત્યારે સમાધાન કરે છે કે ‘ अर्पितभयं अन्यद् ’ જે જે સામગ્રીઓ સેવોપયોગિની છે તેનો તો અવશ્ય સ્વીકાર કરે છે. પરંતુ જે સ્વર્ગાદિ લોકો છે, જેની કિંમત भ्रुव उन्नयैः પ્રભુની જરા ભ્રુકુટિ ઊંચી થતાં જ નાશ પામશે એટલી છે, તેથી નશ્વર પદાર્થોમાં શા માટે પ્રીતિ કરવી ? તાત્પર્ય કે જે ‘સેવામાં ઉપયોગી છે અને નિત્ય છે તેનો જ સ્વીકાર કરવો.” મોક્ષ તો નિત્ય અને સેવોપયોગી છે તેથી તેનો તો આદર કરે છે. પરંતુ સેવા જેટલી તેમાં આસક્તિ નથી રાખતા.

“ त्वदङ्घ्रिशरणाः कथायाः रसज्ञाः ”—હવે આ પદોથી, શા માટે સ્વર્ગાદિલોકોમાં ભક્તો રસ નથી લેતા તે સમજાવે છે. સેવા કરનારા ચરણનું શરણ લઈ બેઠા છે, તેઓનો રૂપલીલામાં નિરોધ છે. અને કથા સાંભળનારાઓનો ગુણગાન–કીર્તન–શ્રવણમાં પ્રેમ છે, તેમનો નામલીલામાં નિરોધ છે તેથી અન્ય લોકોમાં તેમને રસ નથી મળતો. દ્રાક્ષનો સ્વાદ લેનારા મીઠાં ચણી બોર ખાવા શા માટે જાય ?

“ कीर्तन्यतीर्थयशसः ”—તીર્થ બે પ્રકારનાં છે એક “ ગુરુરૂપ ” તીર્થ છે અને બીજું “ જલરૂપ ” તીર્થ છે. અન્દર અને બહાર એ પ્રકારે બન્ને તીર્થો ઉપકારક છે તેથી બન્નેને સેવવાં. ૪૮

આ શ્લોકમાં કુમારોની દીનતાનાં દર્શન છે અને દોષની સ્વીકૃતિ છે—

कामं भवः स्ववृजिनैर्निरयेषु नः स्ताच्चेतोऽलिवद्यदि नु ते पदयो रमेत ॥
वाचस्तु नस्तुलसिवद्यदि तेऽङ्घ्रिशोभाः पूर्येत ते गुणगणैर्यदि कर्णरन्ध्रः ॥४९॥

અન્વયાર્થ—**यदि**–જો, **नु**–ખરેખર, **नः**–અમારું, **चेतः**—ચિત્ત, **ते पदयोः**–આપના ચરણસરોજમાં, **अलिवत्**–તુલસીજીની માફક, **रमेत**–રમે, **यदि**–જો, **नः**–અમારી, **वाचः**–વાણી, **तुलसिवत्**–તુલસીજીની માફક, **ते–अङ्घ्रि–शोभाः**–આપના ચરણકમલથી શોભે, **यदि**–જો અમારા, **कर्णरन्ध्रः**–કર્ણનાં છિદ્રો, **ते गुणगणैः**–આપના ગુણસમૂહથી, **पूर्येत**–પૂરાય, તો, **नः वृजिनैः**–અમારાં પાપોથી, **निरयेषु**–નરકોમાં, **भवः**–જન્મ, **कामं स्तात्**–ભલે થાવ. (વસંતતિલકા વૃત્ત) ૪૯

અનુવાદ—જો ખરેખર અમારું ચિત્ત આપના ચરણસરોજનાં ભ્રમરની માફક રમે; જો અમારી વાણી શ્રી તુલસીજી માફક આપના ચરણકમલથી શોભે; જો અમારાં કાનનાં દ્વાર આપના ગુણગણોથી ભરપૂર રહે તો અમારાં પાપોથી ભલે અમારો નરકોમાં વાસ થાવ. ૪૯

તત્ત્વસુધા—“ कामं भवः स्ववृजिनैः ”—સનતકુમારો પ્રાર્થના કરે છે કે અમારું ચિત્ત આપના ચરણકમલમાં રમે, વાણી પદસરોજમાં શોભે, કાન કથાથી છલકાય તો પછી ભલે નરકોમાં વસીએ.

સનત્કુમારોએ નરકોમાં વાસ કરવાની માગણી કેમ કરી ? તેઓ મુક્ત પુરુષો હોવાથી તેમનાં કોઈ પાપ તો નથી ત્યારે સમાધાન કરે છે, स्ववृजिनैः કે અમારામાં આજ સુધી તો પાપ ન હતાં પરંતુ “ જયવિજયને શાપ આપ્યો તેથી પાપો થયાં. ” આ સ્થાને પાપ શબ્દ નથી વાપર્યો પરંતુ “ वृजिन ” શબ્દ વાપર્યો છે. वृजिन એટલે

नियतं दुःखदं पापं ચોક્કસ દુઃખ આપનારું અથવા **नियमेन दुःखदं पापं** નિયમપૂર્વક દુઃખ આપનારું પાપ. જે બીજાને દુઃખ આપે તે પોતે દુઃખ ભોગવે છે. અમે બે પાર્ષદોને દુઃખ આપ્યાં છે તેથી અમે દુઃખના ભાગી થયા છીએ, **તો આપ અમને ને નરકયોનિમાં જવાની શિક્ષા કરો.** પરંતુ અમે શાપ કોઈ બહાના હેઠળ નથી આપ્યો. પણ ભગવાનનાં દર્શનની ઇચ્છાથી શાપ આપ્યો છે, તો હવે અમને અવશ્ય શાપ આપો.

જો અમારું ચિત્ત ભ્રમરની માફક આપણા ચરણમકરન્દરસમાં તરબોળ રહે તો ભલે અમે નરકમાં રહીએ. કમલરસમાં ગરકાવ પામેલ ભ્રમર કાલ-મૃત્યુને ગણકારતો નથી, તેમ પદસરોજરસમાં લુબ્ધ થતાં અમારા મન-ભ્રમરને નરકનાં દુઃખ નહીં લાગે.–મન માટે માગણી કરી વાણી માટે કરે છે—

वाचस्तु नः—તુલસીજીમાં રૂપસૌન્દર્ય નહીં હોય તો પણ તેમાં ભક્તિ છે એથી આપના પદકમલમાં વસે છે તેમ અમારી વાણીમાં પદરચનાચાતુર્ય ન હોય તો પણ આપણા ગુણોને જ ગાનારી હોય તો જ અમને નરકમાં વાસ આપજો જેથી નરકની પીડા નહીં થાય.

"**पूर्येत ते गुणगणैः**"—આપના ગુણો સાંભળતાં અમારા કાન અપૂર્ણ રહેતા હોય, અતૃપ્ત રહેતા હોય તેથી નિત્ય ગુણગાન સાંભળ્યા જ કરે. તો ભલે નરકમાં વસીએ. અમને તેમ કરતાં નરકની પીડા નહીં થાય. નરકમાં જતાં અમારા અપરાધની શિક્ષા પણ થશે. અને અમારાં ધ્યેય પણ સિદ્ધ થશે. અમારું એ ધ્યેય હતું કે અમે આપનાં દર્શન પામીએ. ૪૯

प्रादुश्चकर्थ यदिदं पुरुहूत रूपं तेनेश निर्वृतिमवापुरलं दृशो नः ॥
तस्मा इदं भगवते नम इद्विधेम योऽनात्मनां दुरुदयो भगवान्प्रतीतः ॥५०॥

અન્વયાર્થ—पुरुहूत !–હે વિપુલકીર્તિ !, **ईश**–ભગવન્, **यत् इदं रूपम्**–આ જે સ્વરૂપ, **प्रादुः-चकर्थ**–આપે પ્રકટ કર્યું, **तेन नः दृशः**–તેનાથી અમારાં નેત્રો, **निर्वृतिः**–પરમ આનંદને, **अवापुः**–પામ્યાં છે, **यः**–જે ભગવાન, **अनात्मनाम्**–અજિતેન્દ્રિય જનોને માટે, **दुर्-उदयः**–કદી દૃષ્ટિગોચર નથી થતા તે, **भगवान्**–તે ભગવાન, **प्रतीत**–પ્રકટ થયેલા છે, **तस्मै**–તે ભગવાનને, **इदं नम–इत्–विधेम**–નમસ્કાર જેવું કરીએ છીએ. (વસંતતિલકા વૃત્ત) ૫૦

અનુવાદ—હે વિપુલકીર્તિ ભગવન્ ! આ જે સ્વરૂપ આપે પ્રકટ કરેલું છે તેનાથી અમારાં નયન પરમાનંદ પામ્યાં છે. જે ભગવાન અજિતેન્દ્રય જનોને કદી નયનગોચર નથી થતા તે ભગવાન પ્રકટ થયેલ છે તેમને આ નમસ્કાર જેવું કંઇક કરીએ છીએ. ૫૦

તત્ત્વસુધા—ઉપરના શ્લોકોમાં અપરાધથી નરકયોનિ પ્રાપ્ત થાવ એવી ભગવાનને પ્રાર્થના કરી અને પોતાની જાતને પોત સજા કરી. ત્યાં વિચાર થાય કે શું ભગવાનના સમાગમમાં આવ્યા પછી આ જ ફલ પ્રાપ્ત થાય ? એનો ઉત્તર આપવા આ શ્લોક આરંભે છે કે—

प्रादुश्चकर्थ यदिदं पुरुहूत—હે પુરુહૂત ભગવન્ ! આપે જે નિજસ્વરૂપને પ્રકટ કરી દર્શન આપ્યું તે જ અમારું સર્વ સુખસાધક બન્યું છે. અમારાં दृशः निर्वृतिम्–નયન પરમાનંદ પામ્યાં છે. અમારી નમસ્કાર કરવાની કોઈ શાસ્ત્રીય રીત શકય નથી. કેવલ नम इद्–विधेम અમે નમસ્કારનું અનુકરણ કરીએ છીએ. અર્ધ્ય, પાદપૂજન, ભેટ વગેરે અમે કાંઈ વિધિપૂર્વક કરી શકતા નથી. पुरुधा हूयते इति पुरुहूतः અનેક ભક્તો જે પ્રભુને પોકારે છે, અથવા યજ્ઞમાં અનેક રૂપે આવાહન કરે છે તે ભગવાન પુરુહૂત કહેવાય. અમે તો એમાંથી એક પણ પ્રકારે આપનું આવાહન નથી કર્યું એવા ઉપર પણ અનુકમ્પા કરી છે, તેથી અમે સર્વ સુખ પામ્યા છીએ. ૫૦

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૧૫મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૬ મો

શ્લોક સંખ્યા ૩૬

આ સોળમા અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. ભગવાન પોતાનાં વચનામૃતો દ્વારા સનત્કુમારોને સંતોષ આપે છે. કૃપાળુ ભગવાન સનત્કુમારોની સ્તુતિ કરે છે. તેઓએ આપેલ શાપને કબૂલ રાખે છે. બાદ સનત્કુમારો વૈકુંઠમાંથી વિદાય લઈ સત્યલોકમાં પાછા ફરે છે.

આ અધ્યાયના પ્રસંગમાં ત્રણ વસ્તુઓ તરી આવે છે. ① "ભક્તોનું કર્તવ્ય સત્ય" હોય છે. જય અને વિજય પ્રભુના ભક્તો છે. દ્વારપાલ તરીકેનો ધર્મ અદા કરવો એ એમનું કર્તવ્ય છે. તેનું પાલન કરવામાં ત્રણ જન્મ નરકના લેવા પડ્યા તેની તેમને દરકાર નથી. "સ્વકર્તવ્યપાલન" એ જ એમનું ગૌરવ છે તે જય-વિજયે કર્યું છે.

② "જ્ઞાનીઓની અને બ્રહ્મવાદીઓની વાણી" સત્ય હોય છે. ચાર સનત્કુમારોએ ઘણી ઊંચી સ્થિતિમાં રહેલાને શાપ આપ્યો. પરંતુ તે વાક્ય મિથ્યા ન થયું. જય-વિજયના ત્રણ અવતાર પૃથ્વી ઉપર થયા.

③ "ભગવાનનું મન સત્ય" છે. ભગવાને પોતાના મનથી આ બન્ને વસ્તુઓ વિચારી હતી. સનત્કુમારોને રોકવા અને જય-વિજયને શાપ આપવો તે બન્ને વસ્તુ બની.

આથી "ભક્તોનું કર્તવ્ય સત્ય હોય છે; બ્રહ્મવાદીઓની વાણી સત્ય હોય છે; અને ભગવાનનું મન સત્ય હોય છે;" આ ત્રણ વસ્તુઓ આ ચરિત્રથી સ્પષ્ટ થાય છે.

વિશેષમાં તો આ અધ્યાયમાં સર્વસમર્થ ભગવાનની "ભક્તવત્સલતા અને વિપ્રોનો આદર" એ બે બાબતો હૃદયને સ્પર્શે છે. સનત્કુમારો માટે દર્શાવેલી આદરવૃત્તિ અને જય-વિજય માટે બતાવેલી મમતા ભગવાનની ઉદારતાનાં દૃષ્ટાન્તો છે.

પંદરમા અધ્યાયમાં ભગવાને સનત્કુમારોને થોડા તો સંતોષ્યા છે; પરંતુ વધુ સંતોષવા હવે આગળ પ્રસંગ પ્રારંભે છે. બ્રહ્માજી દેવોને કથાપ્રસંગનું વર્ણન કરી રહ્યા છે તેથી અધ્યાયના આરંભે "બ્રહ્મોવાચ" પદ આવ્યું—

ब्रह्मोवाच – इति तद् गृणतां तेषां मुनीनां योगधर्मिणाम् ॥
प्रतिनन्द्य जगादेदं विकुण्ठनिलयो विभुः ॥१॥

અન્વયાર્થ—ब्रह्मा उवाच-બ્રહ્માજી બોલ્યા, **इति**-એ પ્રમાણે, **गृणताम्**-પોતાની-પરમાત્માની સ્તુતિ કરતા, **योग-धर्मिणाम्**-યોગધર્મવાળા, **तेषां मुनीनाम्**-તે મુનિઓના, **तद्**-તે વચનને, **प्रतिनन्द्य**-સન્માની, **विकुण्ठ-निलयः**-વૈકુંઠનિવાસી, **विभुः**-ભગવાન, **इदं जगाद**-આ પ્રમાણે બોલ્યા. ૧

અનુવાદ—બ્રહ્માજીએ કહ્યું કે એ પ્રમાણે યોગધર્મનું આચરણ કરનારા મુનિઓ ભગવાનની સ્તુતિ કરતા હતા તેનું ભગવાને સન્માન કર્યું. અને પછી વૈકુંઠનિવાસી ભગવાન તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—પૂર્વ અધ્યાયમાં સનત્કુમારોએ કહ્યું કે અમને "કોઈપણ યોનિમાં ભલે જન્મ મળે પણ તુલસીજી જેમ આપના શ્રીચરણે જ બિરાજે છે તેમ અમારી વાણી આપનો જ યશ ગાય" આ વાક્ય સાંભળી ભગવાન કુમારોને સન્માનવા વાણી આરંભશે. આ વિષયની સંગતિ માટે "तत्" પદથી અધ્યાય શરૂ કર્યો.

"गृणतां" પદનો અર્થ થાય છે સ્તુતિ કરનારાઓ.

प्रतिनंद्य-ભગવાને કુમારોના વચનને અભિનંદન આપ્યું.

"वैकुण्ठनिलयः"—ભલે ભક્ત જય-વિજયને દુઃખ થાય છતાં પોતાને દ્વારે આવેલા "અતિથિ સનત્કુમારોને તો દુઃખ ન થવું જોઈએ એવો ગૃહસ્થધર્મ ભગવાને સાચવ્યો. તેવું સમજાવવા માટે જ "વૈકુંઠનિવાસી" તરીકે ભગવાનની ઓળખાણ આપી. જો નિજ નિવાસે આવેલા અપરાધી અતિથિને ભગવાન આટલો આદર આપે છે તો ગૃહસ્થે કેટલો અને કેવો આપવો તે સમજવા જેવું છે. ૧

હવે અગીઆર શ્લોકોથી ભગવાન કુમારોને સંતોષે છે—

श्रीभगवानुवाच – एतौ तौ पार्षदौ मह्यं जयो विजय एव च ॥
कदर्थीकृत्य मां यद्वो बह्वक्रातामतिक्रमम् ॥२॥

અન્વયાર્થ- **एतौ**–આ, **तौ**–તે, પ્રસિદ્ધ બે, **जयः च विजयः एव**–જય અને વિજય નામના જ, **मह्यं पार्षदौ**–મારા પાર્ષદો, **मां कदर्थीकृत्य**–મારી અવગણના કરીને–મને તુચ્છ બનાવીને, **यद् वः**–ખરેખર આપનો, **बहु**–ભારે, **अतिक्रमम्**–અનાદર, **अक्रातम्**–આદર્યો છે. ૨

અનુવાદ—આ બે પ્રસિદ્ધ જય અને વિજય નામના મારા બે પાર્ષદો છે. તેઓએ મારી ઉપેક્ષા કરીને ખરેખર આપનો ભારે અનાદર આદર્યો છે. ૨

તત્ત્વસુધા—'एतौ तौ पार्षदौ"—સનત્કુમારો દેવો, પાર્ષદો વગેરે ભગવાનના દ્વારે ઊભા છે. સૌની હાજરીમાં ભગવાન સમાધાન કરે છે કે एतौ तौ આ બે જય-વિજય નામના પાર્ષદો છે. પૂર્વ કલ્પમાં તે મધુ અને કૈટભ નામના દૈત્યો હતા. મેં તેમને વરદાન માગવા કહ્યું ત્યારે તેમણે મને કહ્યું તમે વરદાન માગો. મારે હાથે તમે બન્ને મૃત્યુ પામો એવો મેં વર માગ્યો. બાદ તેઓ મારા ખોળામાં મૃત્યુ પામ્યા તેથી તેમને વૈકુંઠમાં લાવ્યો તે આ જય અને વિજય છે.

"જય" તે બેમાંથી બીજાને માટે જે ઇન્દ્રિયોને જીતે છે તે જ્ઞાનમાર્ગનો જય છે. અને જેઓ ભગવાનની સેવા માટે અન્તઃકરણને જીતે છે તે ભક્તિમાર્ગનો વિજય છે. આ બે યોગ્યતાથી તેઓ પાર્ષદ થવા લાયક બન્યા છે.

"कदर्थीकृत्य" આ બન્નેએ मां–મને મામૂલી માનીને આપ કુમારોનો અનાદર કરેલ છે. પણ તેઓ આ પ્રમાણે કરે તે સ્વાભાવિક જ છે; કારણ કે તેઓ પૂર્વમાં મધુ–કૈટભ હતા. ૨

ભગવાન આ શ્લોકથી સનત્કુમારોએ કરેલ શિક્ષાને કબૂલ રાખે છે—

यस्त्वेतयोर्धृतो दण्डो भवद्भिर्मामनुव्रतैः ॥
स एवानुमतोऽस्माभिर्मुनयो देवहेलनात् ॥३॥

અન્વયાર્થ—**माम् अनुव्रतैः**–મારી સમાન ધર્મવાળા, **भवद्भिः**–આપે, **एतयोः**–આ બેને, **यः**–જે, **दण्डः धृतः**–દંડ કર્યો છે, **सः तु**–તે તો, **मुनयः**–હે મુનિઓ, **देवहेलनात्**–દેવોનું અપમાન કરવાથી, **अस्माभिः**–અમે–આપણે, **अनुमतः एव**–મંજૂર કરેલ જ છે. ૩

અનુવાદ—મારી સમાન ધર્મવાળા આપે આ બે પાર્ષદોને જે દંડ કર્યો છે તે તો હે મુનિઓ! દેવોનું અપમાન કરવાથી આપણે મંજૂર રાખેલ જ છે. ૩

તત્ત્વસુધા—मामनुव्रतैः—ભગવાને સનત્કુમારોને કહ્યું કે मामनुव्रतैः આપ સમાન ધર્મથી મને અનુસરનારા છો તેથી જે શાપ તમે આપ્યો તે મારે કબૂલ છે. મારે જે કામ કરવાનું હતું તે તમે કર્યું છે. તેથી

મને સંતોષ થયો છે અને આ કાર્ય કરવા બદલ તમને હું અભિનન્દન આપું છું. મારે મારા સેવકોને દંડ ન કરવો પડ્યો તેથી મને સંતોષ થયો. કારણકે વિષવૃક્ષ પણ આંગણે ઊગેલ ન કપાય તો જાતે સેવકોને શિક્ષા કેમ થાય.

अस्माभिः—ત્રણ જન્મ માટે જે શિક્ષા કરી છે તે મને, આપને અને મારા સેવકોને પણ સંમત છે એવું જણાવવા "अस्माभिः" બહુવચન વાપર્યું છે. ૩

આ શ્લોકમાં ભગવાન સેવકના અપરાધને પોતાના અપરાધ તરીકે સ્વીકારે છે—

तद्वः प्रसादयाम्यद्य ब्रह्म दैवं परं हि मे ॥
तद्धीत्यात्मकृत मन्ये यत्स्वपुम्भिरसत्कृतम्[1] ॥४॥

અન્વયાર્થ—**तत्**-તેથી હું. **अद्य**-આજે, **वः**-આપની, **प्रसादयामि**-ક્ષમા માગું છું, **हि**-ખરેખર, **ब्रह्म**-બ્રાહ્મણો, **मे परं दैवम्**-મારા ઉત્તમ દેવતાઓ છે, **यत्**-જે, **मत्-पुम्भिः**-મારા સેવકોએ, **असत्-कृतम्**-અનાદર કર્યો છે, **तत् हि**-તે ખરેખર, **आत्मकृतम्**-મેં જ કર્યો છે, **मन्ये**-માનું છું. ૪

અનુવાદ—તેથી હું આજે આપની ક્ષમા માગું છું. સાચે જ બ્રાહ્મણો મારા ઉત્તમ દેવો છે. જે મારા સેવકોએ આપનું અપમાન કર્યું છે તે મેં જ કર્યું છે એમ કબૂલું છું. ૪

તત્ત્વસુધા—तद् वः प्रसादयामि—ભગવાન કેવા વિનમ્ર હોય છે તે આ શ્લોકથી સમજાશે. નીતિકારે કહ્યું "તરુ કરતાં વિનમ્ર અને મેરુ કરતાં સહિષ્ણુ" મહાપુરુષ હોય છે. આ તો પૂર્ણપુરુષ છે.

આ શ્લોકથી ભગવાને ત્રણ કામ કર્યાં: (૧) જય-વિજય સેવકોનો અપરાધ પોતે કર્યો છે એમ કહી તેમને અપરાધમુક્ત કર્યા. (૨) આપ કુમારોએ દંડ આપ્યો છે તે યોગ્ય કર્યું છે એમ કહી શાપ આપવાના અપરાધમાંથી કુમારોને મુક્ત કર્યા. (૩) અને સનત્કુમારોની ક્ષમા માગીને સ્વયં અપરાધમુક્ત થયા. આ ત્રણે કાર્ય હૃદયની વિશાલતા, જ્ઞાનની ચરમ સીમા ન હોય તો ન સંભવે.

વળી "વિપ્રભક્તિ" ભગવાને પ્રકટ કરી: "ब्रह्म दैवं परं हि मे"—બ્રહ્મ શબ્દનો અર્થ બ્રાહ્મણ થાય છે. परं વિશેષણથી વિષ્ણુ કરતાં પણ વિપ્રને-બ્રાહ્મણજાતિને મહાન માનું છું. શ્રુતિમાં એક ગાથા આવે છે કે विष्णुर्वा अकामयत पुण्यं श्लोकं शृण्वीय न वा पापकीर्तिरागच्छेत्" ભગવાન વિષ્ણુએ કામના કરી કે હું પવિત્ર યશનું શ્રવણ કરું તેથી મને પાપી અપકીર્તિ ન સ્પર્શે. તેણે વિષ્ણુને "ત્રિકપાલ" પુરોડાશ આપ્યો. આ શ્રુતિમાં ગણાવેલા વિષ્ણુ આધિદૈવિક છે. તેવા વિષ્ણુ કરતાં પણ વિપ્રને શ્રેષ્ઠ દર્શાવ્યા. ૪

આ શ્લોકથી ભગવાન કુમારોને પણ અપરાધને માફ કરવા વિનવે છે:

यन्नामानि च गृह्णाति लोको भृत्ये कृतागसि ॥
सोऽसाधुवादस्तत्कीर्तिं हन्ति त्वचमिवामयः ॥५॥

અન્વયાર્થ—**च**-અને, **लोकः**-લોક, **भृत्ये कृतागसि**-સેવક અપરાધ કરે ત્યારે, **यत् नामानि**-જે સ્વામીનાં નામ, **गृह्णाति**-લે છે, **सः असाधुवादः**-તે અપવાદ, **त्वचम्**-ચામડીને, **आमयः इव**-કોઢ રોગની માફક, **तत्-कीर्तिम्**-તે સ્વામીની કીર્તિને, **हन्ति**-હણે છે. ૫

અનુવાદ—અને લોક સેવક અપરાધ કરે છે ત્યારે જે સ્વામીનાં નામ લે છે તે અપકીર્તિ, ચામડીને કોઢ રોગ જેમ નાશ કરે છે તેમ સ્વામીની કીર્તિને હણે છે. ૫

---

[1] -रसत्कृताः प्रा. पा.

તત્ત્ [illegible]को मृत्ये कृतागसि'— લોકરીત એવી છે કે સેવક, સંતાન અને શિષ્યના અપરાધોને સ્વામી, માતા[illegible]તા અને ગુરુના ગુના તરીકે ગણે છે. આ પ્રકારની असाधुवादः અપકીર્તિ મહાપુરુષોની કીર્તિને કલુષિત કરે છે. "કોઢ કાયાના સૌન્દર્યને દૂષિત કરે છે અને કલંક કીર્તિકાયાને કલુષિત કરે છે. નરક અને મૃત્યુ અપકીર્તિ કરતાં અલ્પ દુઃખકર છે, મહાપુરુષો લોકાપવાદને નરક અને મૃત્યુથી વધુ ભયાનક સમજે છે. ૫

સનત્કુમારોનું શું ગૌરવ છે તે આ શ્લોકથી વર્ણવ્યું છે—

यस्यामृतामलयशःश्रवणावगाहः सद्यः पुनाति जगदा श्वपचाद्विकुण्ठः ॥
सोऽहं भवद्भ्य उपलब्धसुतीर्थकीर्तिश्छिन्द्यां स्वबाहुमपि वः प्रतिकूलवृत्तिम् ॥६॥

અન્વયાર્થ—यस्य-જેના, **अमृत-अमल-यशः-श्रवण-अवगाहः**-અમર બનાવનારા પવિત્ર યશના શ્રવણનો અભ્યાસ, **आ श्वपचाद्**-ચાંડાલથી આરંભી, **जगत्**-જગતને, **सद्यः**-તરત જ, **पुनाति**-પવિત્ર કરે છે. તેવો, **विकुण्ठः**-વૈકુંઠ ભગવાન, **भवद्भ्यः**-આપનાથી, **उपलब्ध-सुतीर्थ-कीर्तिः**-ઉત્તમ તીર્થરૂપ કીર્તિ પ્રાપ્ત કરેલ, **अहम्**-હું, **वः**-આપની, **प्रतिकूल-वृत्तिम्**-વિરુદ્ધ વલણવાળા, **स्व-बाहुम् अपि**-મારા હાથને પણ, **छिन्द्याम्**-છેદી નાખું. (વસંતતિલકા વૃત્ત) ૬

અનુવાદ—જેમાં અમર બનાવનારા પવિત્ર યશના શ્રવણનો અભ્યાસ ચાંડાલથી આરંભી આખા જગતને તરત જ પાવન કરે છે, એવા વૈકુંઠ ભગવાન આપનાથી ઉત્તમ તીર્થકીર્તિને પ્રાપ્ત કરનાર હું આપની વિરુદ્ધ વલણ કરનારા મારા હાથને પણ છેદી નાખું. ૬

તત્ત્વસુધા—यस्यामृतामलयशः—એક એવો પ્રશ્ન થાય છે. કે ભગવાન સર્વસત્તાધીશ અને વિશ્વનિયન્તા છે. એને ત્યાં એક દાસાનુદાસ આવે અને સ્વેચ્છાપ્રવેશ કરવા ચાહે તો તેને પ્રવેશ ન મળે કારણ કે એ શિસ્ત છે. પછી ભગવાનનો ક્યાં દોષ જ છે કે ક્ષમા માગવી પડે? એના સમાધાનમાં ભગવાન કહે છે કે— મારી કીર્તિ વિપ્રોને આધીન છે તેથી મારા ઉપર તેઓનો ઉપકાર છે. એમનો અનાદર કરવો એ મોટો અપરાધ છે. ભગવાન ઉપર બ્રાહ્મણોનું કેવી રીતે ઋણ છે તે હવે સમજાવ્યું કે यस्य अमृतामलयशः મારો યશ, મારાં ચરિત્રગાન, મારી લીલાનાં પાન કરનાર એક "શ્વપચ" નીચજીવીને અત્યંત પવિત્ર કરે છે. આ પ્રકારના મારા કીર્તિતીર્થના રચનારા તો ઋષિઓ છે, તપસ્વી બ્રાહ્મણો છે. તેથી કુમારો સામાન્ય દાસાનુદાસ નથી પરંતુ "મારા યશઃપીયૂષતીર્થના નિર્માતા અને ઉદ્‌ગાતા છે. એમનો અપરાધ કરે તો મારા બાહુને પણ છેદવો જોઈએ. મારા સેવકો મારા બાહુ સમાન છે. એમને વૈકુંઠમાંથી અલગ કરતાં હું બાહુ વિનાનો બનીશ પણ અપરાધનો દંડ સહીશ.

એક વાત અત્યંત સત્ય છે—

"कीर्तिर्लक्ष्मीस्तथा भोगत्रयं विप्रप्रसादतः" કીર્તિ, લક્ષ્મી અને ભોગ એ ત્રણ વસ્તુઓ વિપ્રની કૃપાથી મળે છે. તેવા વિપ્રોની ઉપેક્ષા કેમ કરાય? ૬

ઉપરના શ્લોકમાં કીર્તિ વિપ્રકૃપાથી મળે છે તે વર્ણવી લક્ષ્મી પણ વિપ્રાશીર્વાદનું ફળ છે તે વસ્તુ કહેશે—

यत्सेवया चरणपद्मपवित्ररेणुं[1] सद्यः क्षताखिलमलं प्रतिलब्धशीलम् ॥
न श्रीर्विरक्तमपि मां विजहाति यस्याः प्रेक्षालवार्थ इतरे नियमान् वहन्ति ॥७॥

---

[1] रेणुरिति पाठः ।

અન્વયાર્થ—यत्-सेवया-જે વિપ્રોની સેવાથી, **चरण-पद्म-पवित्र-रेणुम्**-ચરણકમલમાં પવિત્ર રેણુવાળા, **सद्यः**-તરત જ, **क्षत-अखिल-मलम्**-સર્વના સમસ્ત મલને નાશ કરનારા, **प्रति-लब्ध शीलम्**-સદાચારને પ્રાપ્ત કરનારા, **विरक्तम् अपि माम्**-વિરક્ત એવા પણ મને, **श्रीः**-લક્ષ્મીજી, **न विजहाति**-ત્યજતાં નથી. **यस्याः**-જે લક્ષ્મીજીની, **प्रेक्षा-लव-अर्थम्**-જરાક કૃપાનજર માટે, **इतरे**-બીજાઓ, **नियमान्**-નિયમોને, **वहन्ति**-ધારણ કરે છે. (વસંતતિલકા વૃત્ત) ૭

અનુવાદ—જે વિપ્રોની સેવાથી, ચરણકમલમાં પવિત્ર રેણુવાળા, સર્વના સમસ્ત મલને નાશ કરનારા, સદાચારને પ્રાપ્ત કરનારા અને વૈરાગ્યવાળા એવા મને લક્ષ્મીજી ત્યજતાં નથી. જે લક્ષ્મીજીની નહિ જેવી કૃપાનજર માટે જ્યારે અન્ય દેવો નિયમ-વ્રતો આચરે છે. ૭

તત્ત્વસુધા—यत्-सेवया-આ શ્લોકમાં માં પદથી ભગવાનને સમજવાના છે. ભગવાનનાં બીજી વિભક્તિવાળાં ચાર વિશેષણો આપ્યાં છે. આ ચાર વિશેષણો ચાર પુરુષાર્થને કહે છે અથવા ચાર ધર્મોને કહે છે:

(૧) **चरणपद्मपवित्ररेणुम्**—સેવા કરવાથી સંસ્કાર જન્મે છે તે સંસ્કાર ચરણમાં રહે છે. ગંગાજીના સમ્પર્કમાં આવનાર જેમ પવિત્ર થાય છે તે પ્રકારે સેવાથી ચરણમાં આવેલ સંસ્કારનો સહવાસ થયાથી રેણુ પણ પવિત્ર થાય છે. આ સિદ્ધાન્ત પ્રમાણે ભગવાને કહ્યું કે મારા ચરણરેણુઓ બ્રાહ્મણોની સેવાના સંસ્કારથી પવિત્ર થયા છે. ધર્મ પવિત્ર કરે છે તેમ રેણુ પણ પવિત્ર કરે છે તેથી આ વિશેષણમાં, ધર્મને પુરુષાર્થ કહ્યો.

(૨) **क्षताखिलमलम्**—બ્રાહ્મણોની સેવાથી સર્વ મલ નાશ પામે છે. મલ મનમાં રહે છે વિપ્રોની સેવાથી મનઃશુદ્ધિ થાય છે. મનની શુદ્ધિ એ જ મોટું ધન છે.

(૩) **प्रतिलब्धशीलम्**—શીલ એટલે સદાચાર તે પણ બ્રાહ્મણોની સેવાથી મળે છે; કારણકે વિપ્રો સદાચારી હોય છે.

(૪) **विरक्तम्**—વળી ભગવાન વિરક્ત છે. વૈરાગ્ય જ્ઞાનથી આવે છે. વિપ્રો જ્ઞાની હોય છે તેમની સેવાથી વિષયમાં અનાસક્તિ આવે છે. આવી ભૂમિકા બ્રાહ્મણોની સેવાથી થઈ છે. જો આ રીતે મારા ઉપર વિપ્રોની કૃપા થઈ અને તેના પરિણામે "વિરક્તને લક્ષ્મી કદી ન વરે" એ ન્યાયે મને લક્ષ્મી કેમ વરે? લક્ષ્મી પણ અસામાન્ય દેવતા છે. એના એકાદ કટાક્ષ માટે દેવાધિદેવો કઠિનતર તપ કરે છે તોપણ જરા નજર નથી કરતી તે લક્ષ્મી મને ત્યજી જતી નથી તે કેવલ વિપ્રકૃપાનું ફળ છે. આ શ્લોકમાં પૂર્ણપુરુષની પ્રતીતિ થાય છે, જે પૂર્ણ હોય તે જ આવું દીન વચન વદે. ૭

नाहं तथाद्मि यजमानहविर्विताने श्च्योतद्घृतप्लुतमदन् हुतभुङ्मुखेन ॥
यद्ब्राह्मणस्य मुखतश्चरतोऽनुघासं तुष्टस्य मय्यवहितैर्निजकर्मपाकैः ॥८॥

અન્વયાર્થ—विताने-ઘણા વિસ્તારવાળા યજ્ઞોમાં, **श्च्योतद्-घृत-प्लुतम्**-નીતરતા ઘીથી તરબોળ, **यजमान-हविः**-યજમાનનાં હવિષ્ટાને-આહુતિઓને, **हुतभुक्-मुखेन**-અગ્નિ રૂપ મુખ દ્વારા, **अदन्**-જમતો, **अहं न तथा अद्मि**-હું તે પ્રમાણે નથી જમતો, **यत्**-કે જે પ્રકારે, **अवहितैः**-અહિતકર એવાં, **निज-कर्म-पाकैः**-પોતાનાં કર્મફલોથી દુઃખી છતાં, **मयि-तुष्टस्य**-મારામાં જ અકારણ સંતોષ રાખનારા, **चरतः ब्राह्मणस्य**-ભોજન કરનારા બ્રાહ્મણના, **मुखतः अनुघासम्**-મુખના કોળિયે કોળિયે, **अद्मि**-જે રીતે જમું છું. (વસંતતિલકા વૃત્ત) ૮

અનુવાદ—મોટા વિસ્તારવાળા યજ્ઞોમાં નીતરતા ઘીમાં તરબોળ કરેલાં યજમાનમાં આહુતિ દ્રવ્યોને અગ્નિનારાયણરૂપ મુખ દ્વારા જમવા છતાં હું તે પ્રમાણે નથી જમતો કે જે પ્રકારે હું

અહિતકર એવાં પોતાનાં કર્મનાં ફલોથી દુઃખી છતાં મારામાં વગર કારણે સંતોષ રાખનારા બ્રાહ્મણના મુખથી જમાતા કોળિયે કોળિયે જમું છું. ૮

તત્ત્વસુધા—હવે આ શ્લોકમાં ભગવાનનો ભોગ પણ વિપ્રોને આધીન છે તે વસ્તુ સ્પષ્ટ કરે છે—

"नाहं तथाद्मि"- યજ્ઞમાં અપાતી આહુતિને "હવિ" કહેવામાં આવે છે. આ હુતદ્રવ્ય સાત્વિક હોય છે. તેમજ આહુતિ આપતા પહેલાં અને પછી અગ્નિમાં ઘી હોમવામાં આવે છે. તેથી લખ્યું છે કે શ્ચ્યોતદ્ ઘૃતમ્" નીતરતા ઘીવાળું હુતદ્રવ્ય યજ્ઞમાં આપવામાં છે. તેવા હુતદ્રવ્યનો હું સ્વીકાર કરું છું પણ તે દેવતા દ્વારા કે અગ્નિરૂપ મુખ દ્વારા સ્વીકારું છું, પરંતુ બ્રાહ્મણ દ્વારા જે સ્વીકારું છું તે સાક્ષાત્ અંગીકાર કરું છું.

યજ્ઞમાં તો એક આહુતિમાં મંત્ર બોલનાર, જેનો યજ્ઞ થતો હોય તેનો, દેવતાનો અને વષટ્ બોલનાર એમ ચારનો ભાગ હોય છે. જ્યારે બ્રાહ્મણના પ્રત્યેક કોળિયામાં કોઈનો પણ ભાગ નથી, મને એકલાને જ મળે છે. તેથી પણ બ્રાહ્મણોનો હું ઋણી છું. આમ ત્રણ પ્રકારે ભગવાને ત્રણ શ્લોકમાં વિપ્રોનો આદર ગાયો. ૮

આ શ્લોકમાં વિપ્રોની સ્વરૂપથી પ્રતિષ્ઠા વર્ણવી છે—

येषां बिभर्म्यहमखण्डविकुण्ठयोगमायाविभूतिरमलाङ्घ्रिरजः किरीटैः ॥
विप्रांस्तु को न विषहेत यदर्हणाम्भः सद्यः पुनाति सहचन्द्रललामलोकान् ॥९॥

અન્વયાર્થ—**अखण्ड-विकुण्ठ-योगमाया-विभूतिः**—અખંડ અને પરાજય નહિ પામનારી યોગમાયારૂપ વિભૂતિવાળો, **यद्-अर्हण-अम्भः**—જેનું ચરણોદક, **सह-चन्द्र-ललाम-लोकान्**—ભગવાન શંકર સાથે સર્વ લોકોને, **सद्यः**—તરત જ **पुनाति**—પવિત્ર કરે છે એવો, **अहम्**—હું, **येषाम्**—જે બ્રાહ્મણોના, **अमल-अङ्घ्रि-रजः**—ચરણની પવિત્ર રજને, **किरीटैः**—મુકુટો ઉપર, **बिभर्मि**—ધારણ કરું છું તેવા, **विप्रान्**—વિપ્રોને, **तु**—તો, **कः**—કોણ, **न विसहेत**—સહન કરે ? (વસંતતિલકા વૃત્ત) ૯

અનુવાદ—અખંડ અને કદી પણ પરાભવ નહીં પામનારી એવી યોગમાયાની વિભૂતિને ધરાવનાર અને જેનું ચરણોદક શ્રી શિવજી સહિત સર્વ લોકોને શીઘ્ર પવિત્ર કરે છે, એવો હું જે બ્રાહ્મણોના ચરણની પવિત્ર રજને મુકુટો ઉપર ધારણ કરુ છું, તો આવા વિપ્રો કદાચ અપરાધ કરે તો પણ તેમને કોણ ન સહન કરે ? ૯

તત્ત્વસુધા—येषां बिभर्मि—સનતકુમારોની પ્રતિષ્ઠા તેમના પાદરજના માહાત્મ્યથી ગાઈ છે. જગતમાં ઉત્તમપણું ઉત્તમ પુરુષોને અનુસરવાથી અને ઉત્તમ આચરણથી થાય છે. આ ઉત્તમપણું પણ બે પ્રકારનું છે. એક અલૌકિક ઉત્તમપણું ભગવાનમાં છે અને બીજું ઉત્તમપણું ઉત્તરોત્તર એક એકથી ચઢતું આગળ વધી ભગવાનમાં વિરમે છે.

આ જાતની સમજ વેદો આપે છે. વેદોનો ખ્યાલ વિપ્રો આપે છે. તે "પવિત્રતા" વિપ્રોની ચરણધૂલિમાં સ્વાભાવિક રીતે જ રહેલી છે, જે પવિત્રતાને ભગવાન પોતાના મસ્તક કરતાં ઉપર રહેલા મુકુટો ઉપર ધારણ કરે છે. "મુકુટો" એવું બહુવચન વાપરીને ભગવાને અનેક અવતારોમાં મુકુટો ધારણ કરું છું એમ સ્વીકાર્યું".

ભગવાન કહે છે કે આવા વિશ્વમંગલ કાર્યમાં ઉપયોગી નીવડતા વિપ્રોના અપરાધોને હું સહન કરું છું તો પછી અન્ય સહે તેમાં તો શી નવાઈ! કારણ કે જે ભગવાનના ચરણોદકને ચન્દ્રશેખર ભગવાન સાથે ત્રણ લોક ધારણ કરે છે અને તેથી પવિત્રાને પ્રાપ્ત કરે છે, તે ભગવાન જો આ પ્રકારે ધારણ કરતા હોય તો એથી અધિક વિશ્વમાં કોઈ મોટું ખરું ? ૯

ये मे तनूर्द्विजवरान्दुहतीर्मदीया भूतान्यलब्धशरणानि च भेदबुद्ध्या ॥
द्रक्ष्यन्त्यघक्षतदृशो ह्यहिमन्यवस्तान् गृध्रा रुषा मम कुषन्त्यधिदण्डनेतुः ॥१०॥

અન્વયાર્થ—**हि–ये**–જે, **अहि–मन्यवः**–સર્પ સમાન ક્રોધીઓ, **मे तनूः**–મારા દેહસ્વરૂપ, **द्विजवरान्**–ઉત્તમ બ્રાહ્મણોને, **मदीयाः**–મારી, **दुहतीः**–દુઝણી ગાયોને, **च**–અને, **अलब्धशरणानि**–શરણ વિનાનાં–આશ્રય વિનાનાં, **भूतानि**–પ્રાણીઓને, **भेद–बुद्ध्या**–મારાથી જુદાં છે એ દૃષ્ટિથી, **द्रक्ष्यन्ति**–જુએ છે, **अघक्षतदृशः**–તેના પાપથી નષ્ટ દૃષ્ટિવાળાઓને, **अधिदण्ड–नेतुः**–અધિદંડ કરનાર યમરાજનાં, **गृध्राः**–ગીધો, **रुषा**–રોષપૂર્વક, **कुषन्ति**–કોચી ખાય છે. (વસંતતિલકા વૃત્ત) ૧૦

અનુવાદ—જે સર્પ જેવા ક્રોધીજનો, મારા સાક્ષાત્ દેહ સમાન ઉત્તમ બ્રાહ્મણોને, મારી દુઝણી ગાયોને, અને આધાર વિનાનાં પ્રાણીઓને મારાથી જુદાં સમજે છે, તેવા પાપથી નષ્ટ થયેલ દૃષ્ટિવાળાને દંડનાયક યમરાજનાં ગીધડાં ક્રોધથી કોચી ખાય છે. ૧૦

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં બ્રાહ્મણોનો અનાદર ન કરવો પરંતુ અપરાધ કરે તો સહન કરવો એટલું કહ્યા બાદ આ શ્લોકમાં જેઓ બ્રાહ્મણ, ગાયો અને અનાથ પ્રાણીઓને ભગવાનથી જુદાં ગણે છે અને માત્ર ભેદ નજરથી તેમને નિહાળે છે તેમને તો યમરાજ અતિશય દંડ કરે છે એવું નિરૂપણ કરે છે.

ये मे तनूर्द्विजवरान् दुहतीः—ભગવાન ગાયોને તેમજ દ્વિજોને પોતાનાં શરીર તરીકે સ્વીકારે છે. જેમ યોગીનો આત્મા તો એક હોય છે પરંતુ તે દેહો તો અનેક ધારણ કરી શકે છે, તેમ દ્વિજો અને ગાયોમાં આત્મા તો ભગવાનનો જ છે માટે તેમનો દ્રોહ એ ભગવાનનો જ દ્રોહ છે.

આ વાક્યમાં द्विज અને दुहतीः એવા બે શબ્દો એટલા માટે વાપર્યા છે કે વિશ્વકલ્યાણમાં "યજ્ઞ"નો સર્વ પ્રથમ ઉપકાર છે અને મોટો ફાળો છે.

યજ્ઞ સ્વરૂપ ભગવાનનાં આધિભૌતિક સ્વરૂપો છે. એક સ્વરૂપ દ્વિજો અને બીજું ગાયો. કારણ કે યજ્ઞમાં મંત્રો અને હુતદ્રવ્યનો ઉપયોગ થાય છે. મંત્રોને દ્વિજો ધારણ કરે છે હવિષ્યને ગાયો આપે છે. જો તેઓ બન્ને ભગવાનથી જુદાં હોય તો તેમને આપેલાં હવિમાં "હવિત્વ" અને મંત્રોમાં મંત્રત્વ ન હોય. જો તેમનામાં મંત્રત્વ ન હોય તો તેના પ્રયોગથી વૃષ્ટિ વગેરે ન થાય. માટે જેઓ આવાં ઉપકાર કરનારાં તત્ત્વોનો દ્રોહ કરે છે તેમણે પોતાનો જ દ્રોહ કર્યો છે. વળી—

अलब्धशरणानि—જે અનાથ પ્રાણીઓ છે તેમના ભગવાન સ્વામી છે. તેથી તેમનો દ્રોહ સમર્થ સામે બાથ ભીડવા જેવો છે તેથી અનાથને ઓથ આપવી, પણ "કતરાતી" આંખે તેઓ ત્રણે તરફ કદી ન નીરખવું. અન્યથા अधिदण्डनेतुः યમરાજાની આજ્ઞાથી પ્રેરાયેલ ગીધડાં તેમની નજરોને કોચી ખાશે. अधिदण्डनेता યમરાજાનું નામ એટલા માટે છે કે "રાજા અને રોગ" જે દંડ કરે છે તે કરતાં "અધિક દંડ" યમરાજ કરે છે. ૧૦

બ્રાહ્મણોનો આદર કરે તેમનો ભગવાન આદર કરે છે એ વસ્તુ હવે કહે છે—

ये ब्राह्मणान् मयि धिया क्षिपतोऽर्चयन्ति तुष्यद्हृदः स्मितसुधोक्षितपद्मवक्त्राः ॥
वाण्यानुरागकलयाऽऽत्मजवद् गृणन्तः संबोधयन्त्यहमिवाहमुपाहृतस्तैः ॥११॥

અન્વયાર્થ— **ये**–જેઓ, **मयि धिया**–આ ભગવાન છે એવી બુદ્ધિથી, **क्षिपतः**–તિરસ્કાર કરતા–શાપ દેતા એવા પણ, **ब्राह्मणान्**–બ્રાહ્મણોને, **तुष्यद्–हृदः**–પ્રસન્ન ચિત્તવાળા, **अर्चयन्ति**–પૂજે છે, તેમજ, **स्मित–सुधा–उक्षित–पद्म–वक्त्राः**–મન્દ હાસ્ય રૂપ અમૃતથી સિંચિત મુખકમલવાળા, **अनुराग–कलया**–સ્નેહ કલાથી

ભરપૂર, **वाण्या**-મધુર વાણીથી, **आत्मजवद्**-પોતાના પુત્રની માફક, **गृणन्तः** વહાલ કરતા, **अहम्-इव**-મારી માફક, **संबोधयन्ति**-સંબોધે છે, **तैः**-તેઓએ, **अहम् उपाहृतः**-મને જ મેળવેલો છે. ૧૧

અનુવાદ—જે સજ્જનો આ ભગવાન છે એવી બુદ્ધિથી શાપ આપનાર એવા પણ બ્રાહ્મણોને પ્રસન્ન ચિત્તવાળા રહી પૂજે છે, તેમજ મંદસ્મિતરૂપી અમૃતથી સિંચિત મુખકમલવાળા—અનુરાગ ભરી મધુર વાણીથી પુત્રોની માફક વહાલ કરતા મારી જેમ બ્રાહ્મણોને સંબોધે છે તેઓએ મને જ મેળવેલો છે. ૧૧

તત્ત્વસુધા— **ब्राह्मणान् मयि धिया**-બ્રાહ્મણોને જો બંધુત્વથી, ભયથી કે અપકીર્તિના ડરથી સન્માનશો તો તેમના આદરનું ફલ નહીં મળે; પરંતુ "**मयि धिया**" ભગવદ્‌ભાવથી તેમને સન્માનશો તો હું સમજીશ કે તેઓએ મારું અર્ચન આદર્યું છે.

કદાચ લાગે કે શાપ આપતા અને ક્રોધ કરતા બ્રાહ્મણોને કેમ કરી સન્માની શકાય, ત્યારે કહ્યું કે જો તેઓ શાપ આપે અને ક્રોધ બહાર પ્રકટ કરે તે જ સારું. વિપ્રનો ક્રોધ તો વરદાન છે. મનમાં લાગશે કે ક્રોધ કરનાર સામે કેમ પ્રસન્ન રહી શકાય ત્યારે ઉત્તર વાળ્યો કે—

वाण्यानुरागकलयात्मजवत्—મન-વાણી-કાયાથી પ્રેમ પુત્રમાં થાય છે. ક્રોધે ભરાયેલા પિતાને પુત્ર કાલી બોલીથી પ્રસન્ન કરી દે છે. સંતાનો ઉપર ઝાઝો સમય કદી ક્રોધ ટકતો નથી, તે પ્રકારે જો મધુર વાણીથી ગુસ્સે થયેલ બ્રાહ્મણોને વિનવવામાં આવે તો તેઓ આશીર્વાદ અવિલંબે જ આપે છે. ૧૧

तन्मे स्वभर्तुरवस्यायमलक्ष्यमाणौ युष्मद्व्यतिक्रमगतिं प्रतिपद्य सद्यः ॥
भूयो ममान्तिकमितां तदनुग्रहो मे यत्कल्पतामचिरतो भृतयोर्विवासः ॥१२॥

અન્વયાર્થ—**तद्**-તો, **स्व-भर्तुः**-પોતાના સ્વામી, **मे**-મારા, **अवस्यायम्**-સંકલ્પને, **अलक्ष्यमाणौ**-નહીં જાણનારા આ બે, **युष्मद्-व्यतिक्रम-गतिम्**-આપના કરેલા અનાદરનું ફલ, **प्रतिपद्य**-પામીને, **सद्यः**-અવિલંબે, **भूयः**-ફરી, **मम अन्तिकम्**-મારી પાસે, **इताम्**-આવો, **मे तद्-अनुग्रहः**-મારા ઉપર તે આપનો અનુગ્રહ હો, **यत्**-જેને લીધે **भृतयोः**-આ બે ભક્તોનો, **विवासः**-પરદેશવાસ, **अचिरतः**-થોડા સમયમાં, **कल्पताम्**-પૂરો થાય. (વસંતતિલકા વૃત્ત) ૧૨

અનુવાદ—હે કુમારો! પોતાનો સ્વામી જે હું તેનો સંકલ્પ ન જાણનાર આ બે દ્વારપાલો, આપના કરેલા અનાદરનું ફળ પામીને વિનાવિલંબે ફરી મારી પાસે આવો. મારા ઉપર આ રીતે અનુગ્રહ હો. જેને લીધે આ બે ભક્તોનો વિદેશ વહેલો પૂરો થાય. ૧૨

તત્ત્વસુધા—આ શ્લોકમાં ભગવાન પોતાના દ્વારપાલોના દોષને માફ કરવા અને તેમના ઉપર કૃપા કરવા વિનવીને સેવક માટેનું પુત્રવાત્સલ્ય પ્રકટ કરે છે—

तन्मे स्वभर्तुः—ભગવાન કહે છે હે કુમારો! મારે દ્વારે પધારવા આપને રોકનારા મારા પાર્ષદોએ મારો સિદ્ધાન્ત અને ભાવ જાણ્યા વિના જ આપને રોક્યા છે. પરંતુ તે બન્નેએ આપને માટે કોઈ તિરસ્કાર વૃત્તિથી કાંઈ નથી કર્યું. માત્ર સ્વામી માટેની ફરજ અદા કરી છે. માટે હું તેમના દોષને મારો અપરાધ માની ક્ષમા માગું છું. નોકરનો અપરાધ માલિકનો મનાય એ ન્યાયે તે મારો જ દોષ છે. હે કુમારો! તમારી પાસે હું એક માગણી કરું છું કે—

"**भूयो ममान्तिकमितां**"—આ બન્ને જલદી મારી પાસે આવે એમ કરો; કારણકે भृतयोः ભક્તિભાવથી ભરેલા આ ભક્તોનો विवासः વિદેશ વાસ મારાથી વધુ નહીં સહન થાય. હે કુમારો! હું તો આપના શાપને

"વિવાસ" વિદેશવાસ કલ્પું છું તેથી વિદેશમાં ગયેલની માફક તમારી કૃપાથી તે તુરત પાછા વળે. આ વસ્તુને મારા ઉપર કરેલી કૃપા ગણીશ.

જીવોના ઉત્કર્ષને સાધનાર ઉત્તરોત્તર ત્રણ ભાવો છે: એક દેહભાવ, બીજો બ્રહ્મભાવ અને ત્રીજો દાસભાવ. આ ત્રણેમાં જે દાસભાવ છે તે સ્વાભાવિક છે. તેથી ભગવાને કહ્યું કે भृतयोः આ બે મારા પાર્ષદો ભક્તિભાવથી ભરેલા છે. કારણ કે જ્યાં દાસભાવ હોય ત્યાં ભક્તમાં ભક્તિનો સાગર છલકાતો જ હોય છે. માટે શાપ થયો છે તે તો દેહભાવને થયો છે, દાસભાવને નહીં. તેથી તેમનામાં ભક્તિ તો અખંડ રહેવી જ જોઈએ એનું નામ અનુગ્રહ છે. ૧૨

હવે ત્રણ શ્લોકો દ્વારા બ્રહ્માજી વર્ણવે છે કે કુમારો ભગવદ્‌વાક્યના શ્રવણથી દુ:ખમુક્ત થયા છે—

ब्रह्मोवाच – अथ तस्योशतीं देवीमृषिकुल्यां सरस्वतीम् ॥
नास्वाद्य मन्युदष्टानां तेषामात्माऽप्यतृप्यत ॥१३॥

ભગવાનની વાણી

વચનં [illegible]

અન્વયાર્થ—ब्रह्मा उवाच-બ્રહ્માજી બોલ્યા, **अथ**-ત્યાર બાદ, **तस्य**-ભગવાનની, **उशतीम्**-હૃદયંગમ, **देवीम्**-દિવ્ય અને, **ऋषिकुल्याम्**-ઋષિકુલને યોગ્ય એવી, **सरस्वतीम्**-સરસ્વતીને-વાણીને, **आस्वाद्य=अपि**-પીને-સાંભળીને, પણ, **मन्यु-दष्टानाम्**-ક્રોધે ડસાયેલા, **तेषां आत्मा**-તે કુમારોનો આત્મા, **न अतृप्यत**-ન ધરાયો. ૧૩

અનુવાદ—બ્રહ્માજીએ કહ્યું: ત્યારબાદ તે ભગવાનની હૃદયંગમ દૈવી અને ઋષિકુલને છાજતી સરસ્વતીનાં પાન કરીને પણ ક્રોધથી ડસાયેલા તે કુમારોનો આત્મા ધરાયો નહીં. ૧૩

તત્ત્વસુધા—ભગવાને જે મધુર વચન–સુધાનાં વર્ષણ કર્યાં તેમાં "ચાર પ્રકારની" વિશેષતા છે, તેથી તે વાક્‌સુધાનાં ચાર વિશેષણો આપ્યાં છે. કોઈ પણ કૃપાપાત્રને જ આવી વાણી પીવા મળે, સત્પુરુષોએ બોલતાં ઉપરનાં ચાર વિશેષણ સ્મૃતિપટમાં રાખીને બોલવું. આ છે નીચે દર્શાવેલાં ચાર વિશેષણો—

"अथ तस्योशतीम्"—"ઉશતી" શબ્દનો અર્થ થાય છે હૃદયંગમ વાણી. દુ:ખનું રહેઠાણ હૃદય છે અને તેનું નિવારણ "હૃદયંગમ" વાણીથી થાય છે. ભગવાનની હૃદયસ્પર્શિણી વાણીથી કુમારોની વ્યથા દૂર થઈ.

"देवीम्"—દેવી એટલે દિવ્યતત્ત્વને, દુર્લભ રહસ્યને, દુર્બોધ અર્થને જણાવનારી વાણી દિવ્ય વાણી. દિવ્ય વાણીમાં પ્રકાશ હોય છે. પ્રકાશ એટલે કાંતિ––જો હૃદયમાં પ્રવેશે તો જ અંધારાની નિવૃત્તિ થાય.

"ऋषिकुल्याम्"—ઋષિકુલ્યા વાણી અલૌકિક વાણી છે. ઋષિઓ મંત્રદ્રષ્ટા હોય છે. મંત્રોમાં અલૌકિકતા હોય છે. લોકમાં જે વસ્તુ નથી મળતી તે વસ્તુને અલૌકિક મનાય. એવી જ વાણી હિત કરે છે. सरस्वतीम् સરસ્વતી એટલે રસથી ભરેલી વાણી. રસ અમૃતનું જ નામ છે. વળી તે અખંડ ધારારૂપ છે. તેથી સરિતા સમાન છે. આ રીતે આ વાણી (૧) પીયૂષ, (૨) પ્રકાશ, (૩) અલૌકિકતા (૪) અને પરમાનંદ આ ચાર ધર્મોથી ભરેલી છે. આ તો સાક્ષાત્ રસમયી સરસ્વતી છે. ૧૩

सतीं व्यादाय शृण्वन्तो लघ्वीं गुर्वर्थगह्वराम् ॥
विगाह्यागाधगम्भीरां न विदुस्तच्चिकीर्षितम् ॥१४॥

અન્વયાર્થ— **सतीं**-ઉત્તમ વાણીને, **व्यादाय**-કાન ખુલ્લા રાખીને, **शृण्वन्तः**-સાંભળતા કુમારો, **लघ्वीम्**-અલ્પાક્ષર, **गुरु-अर्थ-गह्वराम्**-વિશાલ અર્થપૂર્ણ અને ગહન, **अगाध-गम्भीराम्**-અગાધ ગંભીર વાણીમાં, **विगाह्य**-પ્રવેશીને, **तत्-चिकीर्षितम्**-ભગવાન શું કહેવા ચાહે છે તે, **न विदुः**-સમજી શક્યા નહીં. ૧૪

અનુવાદ—ઉત્તમ વાણીને ધ્યાનપૂર્વક સાંભળી સનત્‌કુમારો, અલ્પાક્ષર છતાં વિપુલ અર્થથી ભરેલી અને ગહન તેમજ પુષ્કળ ગંભીર વાણીમાં પ્રવેશીને પણ ભગવાન શું કહેવા વાંછે છે કે શું કરવા ચાહે છે તે તેઓ સમજી શકયા નહીં. ૧૪

તત્ત્વસુધા – ઉપરના શ્લોકમાં શબ્દથી માધુર્ય વર્ણવી હવે અર્થમાધુર્ય આ શ્લોકમાં વર્ણવે છે—

सतीम् ભગવાનની આ વાણી સતી એટલે સન્માર્ગનું સ્થાપન કરનારી વાણી હતી. વાકયનો સળંગ અર્થ અને પ્રત્યેક શબ્દનો અર્થ એમ બે પ્રકારે અર્થબોધ થાય ત્યારે જ આનંદ આવે. ભગવાનની સળંગ વાણી સાંભળી કુમારો આનંદ પામ્યા.

लघ्वीम्—વાણી અલ્પાક્ષરોમાં હોય તો અધિક અસર કરે છે પરંતુ તે અલ્પ શબ્દો એટલા બધા પ્રમાણમાં અલ્પ ન જોઈએ કે જેથી સંદિગ્ધ લાગે. ભગવાનનાં વાકયો પરિમિત પણ અમિત અર્થથી ભરેલાં હતાં તેથી આગળ કહે છે કે—

“गुर्वर्थगह्वराम्”—વાણી ગહન અને ગંભીર હતી. અર્થ સમજવા માટે સૂક્ષ્મદૃષ્ટિ જોઈએ ત્યારે સમજાય તેથી તે ગહન છે. ગંભીર તો ત્યારે બને કે જ્યારે અગાધભાવથી તે ભરેલી હોય. ભગવાનનાં આ વાકયો સમજવાં સનતકુમારોની બુદ્ધિથી પર હતાં. તેઓ अगाधगम्भीरां અર્થથી ભરેલી અને ગહન ગંભીર વૈકુંઠનાથ સરસ્વતી સરિતામાં ડૂબકી તો મારવા લાગ્યા, છતાં ના તાત્પર્યનું તીર મળ્યું કે ના તળિયાની પ્રાપ્તિ થઈ. માત્ર ઉપર ને ઉપર જ ગોથાં ખાવા લાગ્યા. ૧૪

સનત્કુમારો વૈકુંઠનાથની સ્તુતિ કરવાનો આરંભ કરે છે—

ते योगमाययाऽऽरब्धपारमेष्ठ्यमहोदयम् ॥
प्रोचुः प्राञ्जलयो विप्राः प्रहृष्टाः कुपितत्वचः ॥१५॥

અન્વયાર્થ— **प्रहृष्टाः**-પ્રસન્ન થયેલા, **कुपित-त्वचः**-કોપેલી ત્વચાવાળા, **प्राञ्जलयः**-અંજલિ જોડતા, **ते विप्राः**-તે વિપ્રકુમારો, **योगमायया**-યોગમાયાથી, **आरब्ध-पारमेष्ठ्य-महा-उदयम्**-પોતાના પરમ ઐશ્વર્યના ઉદયને પ્રકટ કરનારા ભગવાનને, **प्रोचुः**-કહેવા લાગ્યા. ૧૫

અનુવાદ—પ્રસન્ન થયેલા, કોપેલી ત્વચાવાળા (રોમાંચિત થયેલા) અને અંજલિ જોડતા તે વિપ્રકુમારો યોગમાયાથી પોતાના પરમ ઐશ્વર્યના ઉદયને પ્રકટ કરનારા ભગવાનને કહેવા લાગ્યા. ૧૫

તત્ત્વસુધા—प्राञ्जलयः प्रोचुः— ભગવાનની વચનસુધામાં અવગાહન કરી સનત્‌કુમારો જ્યારે બોલવાનો આરંભ કરે છે ત્યારે योगमायया आरब्ध-पारमेष्ठ्य-महोदयम्- તેઓ ભગવાનના અલૌકિક ઐશ્વર્યનાં દર્શન કરી પરમાનંદ પામ્યા. જે જે સામગ્રીઓ અને પદાર્થો વૈકુંઠમાં હતાં તે ન તો બ્રહ્માનાં રચેલાં હતાં, ન તો પ્રકૃતિનાં સર્જેલાં હતાં. તે ઐશ્વર્યો તો ભગવાનની યોગમાયા નામની શક્તિનાં રચેલાં હતાં. આ યોગમાયા ભગવાનની શક્તિ હતી. આવા સમર્થ પ્રભુનાં દર્શન કર્યાં, તેથી આનંદે હૃદયમાં પ્રવેશ કર્યો. તેઓ प्रहृष्टाः પુષ્કળ આનંદથી ભરપૂર થયા. તે આનંદ અંદર ન સમાયો અને कुपितत्वचः સાડા ત્રણ કરોડ રોમાંચનાં છિદ્રોમાં દ્વાર ખોલી નાખી બહાર વહી જવા લાગ્યો. પરિણામે તે સ્તુતિના આકારમાં તે પરિણમ્યો અને નીચેના શ્લોકથી સ્તુતિસ્વરૂપ બન્યો. ૧૫

હવે કુમારો સ્તુતિ કરે છે—

न वयं भगवन् विद्मस्तव देव चिकीर्षितम् ॥
कृतो मेऽनुग्रहश्चेति यदध्यक्षः प्रभाषसे ॥१६॥

અન્વયાર્થ— **हे भगवन्**–હે ભગવન્, **देव**–હે દેવ, **तव**–આપે, **चिकीर्षितम्**–જે કાંઈ કરવા વિચાર્યું હોય તે, **वयं न विद्मः**-તે અમે નથી જાણતા, **यत्**–કારણ કે, **अध्यक्षः**–સ્વામી છો, અને, **मे अनुग्रहः कृतः**–મારા ઉપર અનુગ્રહ કર્યો, **इति**–એ પ્રમાણે, **प्रभाषसे**–કહી રહ્યા છો. ૧૬

અનુવાદ—હે ભગવન્! હે દેવ! આપે જે કાંઈ કરવા વિચાર્યું હોય તે અમે નથી જાણતા; કારણ કે આપ સ્વામી છો અને "મારા ઉપર હે સનત્કુમારો તમે અનુગ્રહ કર્યો" એવું કહી રહ્યા છો. ૧૬

તત્ત્વસુધા— न वयं भगवन्—કુમારો બોલ્યા : ભગવન્! આપનામાં બે વિરુદ્ધ ધર્મો વસ્યા છે એ જ આપનું સામર્થ્ય છે. ઐશ્વર્ય અને દૈન્ય આ બન્ને આપનામાં જ છે. આ ભૂમિકાવાળા આપને અમે ન સમજી શકીએ તેથી આપણી વાણીમાં અર્થની સાથે વિરોધ લાગે પરંતુ ખરેખર તેમ નથી.

દેવ— હે દેવ ! આપની વાણી તો આપની દાસીઓ છે. અને તેનો અર્થ તો આપ છો. પછી સ્વામીનો સેવિકા કદી વિરોધ કરે જ નહીં. આપે તો પૂર્ણ કૃપા કરી છે. પરંતુ એક વાત નથી સમજાતી કે આપ अध्यक्षः અધ્યક્ષ એટલે સર્વના સ્વામી છો તો આપ પ્રત્યેક ઉપર અનુગ્રહ કરો તે સંભવે છતાં આપ એમ કહી રહ્યા છો સેવક એવા અમને કે अनुग्रहः कृतः અમે આપના ઉપર અનુગ્રહ કર્યો. આ વાત કેમ ઘટે? તેથી જ કહીએ છીએ કે આપ શું કરવા કે કહેવા ચાહો છો તે નથી સમજાતું. ૧૬

હવે ભગવાનની વાણીમાં વિરોધ કેવી રીતે છે તે ફરી આ શ્લોકમાં કહે છે—

ब्रह्मण्यस्य परं दैवं ब्राह्मणाः किल ते प्रभो ।।
विप्राणां देवदेवानां भगवानात्मदैवतम् ।।१७।।

અન્વયાર્થ— **प्रभो**–હે પ્રભો, **ब्रह्मण्यस्य**–બ્રાહ્મણોનું હિત કરનાર એવા આપના, **ब्राह्मणाः**–બ્રાહ્મણો, **किल**–ખરેખર, **परं दैवं**–ઉત્તમ દેવો છે, **भगवान्**–આપ ભગવાન, **देवदेवानाम्**–દેવોના દેવ, **विप्राणाम्**–વિપ્રોના, **आत्म-दैवतम्**–આત્મા અને દેવ છો. ૧૭

અનુવાદ—હે પ્રભો! બ્રાહ્મણોનું હિત કરનાર એવા આપના બ્રાહ્મણો ખરેખર ઉત્તમ દેવો છે. આપ ભગવાન દેવોના દેવ વિપ્રોના આત્મા અને દેવ છો. ૧૭

તત્ત્વસુધા—ब्रह्मण्यस्य परं दैवं—હે નાથ આપે અધ્યક્ષ થઈ સેવકને કહ્યું કે મારા ઉપર કૃપા કરી આ જેમ વિરોધાભાસ લાગે છે તેમ આપ ब्रह्मण्य બ્રાહ્મણોના દેવ છો છતાં બ્રાહ્મણોને દેવ તરીકે ઓળખાવો છો આ કેમ શોભે? જુઓ નાથ— विप्राणां देवदेवानां દેવોના પણ દેવ એવા વિપ્રોના આપ आत्मदैवतम् આત્મા છો તેમજ દેવ પણ છો. પછી વિપ્રો આપના દેવ શી રીતે? આપનાં આવાં વાક્યો સાંભળતાં અમે કાંઈ નથી સમજી શકતા. આપ आत्मा–આત્મા અને दैवतं–દૈવત હોવાથી આપ અમારા ઉપાસ્ય છો. ૧૭

આ શ્લોકમાં કુમારો તર્ક કરીને કહે છે હે વિભો! આપ એમ કહો કે જે વેદો કહે છે તે હું છું તો તેનો ઉત્તર સાંભળો—

[1]त्वन्नः सनातनो धर्मो रक्ष्यते तनुभिस्त्वया[2] ।।
धर्मस्य परमो गुह्यो निर्विकल्पो भवान्मतः ।।१८।।

અન્વયાર્થ—**त्वम्**–આપ, **नः**–અમારા, **सनातनः**–સનાતન, **धर्मः**–ધર્મ છો, **त्वया**–આપનાથી

---

१. त्वत्तः इति प्रा. पा., २. तव इति प्रा. पा.

तनुभिः-અવતારો દ્વારા, **धर्मः रक्ष्यते**-ધર્મ સચવાય છે, **भवान्**-આપ, **धर्मस्य**-ધર્મના, **परमः**-પરમ, **गुह्यः**-ગોપ્ય છો અને **निर्विकल्पः**-ગુણ રહિત, **मतः**-મનાએલ છો. ૧૮

અનુવાદ—આપ અમારા સનાતન ધર્મ છો. આપના અવતારો દ્વારા ધર્મ સચવાય છે. આપ ધર્મના પરમ ગોપ્ય તત્ત્વ છો અને ગુણરહિત મનાએલા છો. ૧૮

તત્ત્વસુધા— **त्वमः सनातनो धर्मः**—આ શ્લોકમાં ચાર પ્રકારે ભગવાનના ગુણો ગાયા છે: "(૧) આપ સનાતન ધર્મ છો, (૨) આપ અવતારોથી ધર્મની રક્ષા કરો છો, (૩) આપ ધર્મનું ગુપ્ત રહસ્ય છો અને (૪) આપ નિર્વિકલ્પ સ્વરૂપ છો" આમ ચારે પ્રકારે આપ જ સર્વ છો. પછી અમને આપ મહત્ત્વ આપો છો એ જ આપનું પ્રભુત્વ છે. ૧૮

આ શ્લોકથી નક્કી કરે છે કે આપ સર્વ ઉપર અનુગ્રહ કરો છો આપને કોઈના અનુગ્રહની આવશ્યકતા નથી—

तरन्ति ह्यञ्जसा मृत्युं निवृत्ता यदनुग्रहात् ॥
योगिनः स भवान् किंस्विदनुगृह्येत यत्परैः ॥१९॥

અન્વયાર્થ—**निवृत्ताः**-નિવૃત્તિપરાયણ, **योगिनः**-યોગીઓ, **यद्-अनुग्रहात्**-જેમના અનુગ્રહથી, **मृत्युम्**-મૃત્યુને, **अञ्जसा**-સહેલાઈથી, **तरन्ति**-તરી જાય છે, **सः**-તે, **भवान्** આપ, **यत्**-શું, **परैः**-અન્યથી, **अनुगृह्येत**-અનુગ્રહ પામો, **किंस्वित्** ખરા ? ૧૯

અનુવાદ—નિવૃત્તિપરાયણ યોગીઓ આપના અનુગ્રહથી મૃત્યુને સહેલાઈથી તરી જાય છે, તેવા આપ શું અન્ય દ્વારા અનુગ્રહને પામો ખરા ? ૧૯

તત્ત્વસુધા—**निवृत्ताः योगिनः**— નિવૃત્તિપરાયણ પરમહંસો અને આત્મચિંતક યોગીઓ જ્ઞાન અને યોગ પ્રાપ્ત કર્યા પછી પણ ભગવાનના અનુગ્રહની અપેક્ષા રાખે છે. તેમજ તેમની કૃપાથી જ વિનાશ્રમે "મૃત્યુ"ને તરે છે. મૃત્યુ એટલે મોહ–આસક્તિ અને મહામૃત્યુ એવો અર્થ થાય છે.

स भवान्—તે સામર્થ્ય ધરાવતા ભગવાન किं–શું परैः–તદ્દન સામાન્ય સ્થિતિમાં રહેલા નિર્માલ્ય જનોથી અનુગ્રહ પામો તે કેમ સંભવે ? કદાચ અમારા જેવાઓને આપ કહેતા હશો કે આપના અનુગ્રહની અપેક્ષા રાખુ છું તો તે આપની મહત્તા છે. ૧૯

આ શ્લોકમાં કુમારો કહે છે કે આપે કહ્યું કે બ્રાહ્મણોની કૃપાથી મને લક્ષ્મી વરી છે તો તે વાક્યમાં આપનું સૌજન્ય છે—

यं वै विभूतिरुपयात्यनुवेलमन्यैरर्थार्थिभिः स्वशिरसा धृतपादरेणुः ॥
धन्यार्पिताङ्घ्रितुलसीनवदामधाम्नो लोकं मधुव्रतपतेरिव कामयाना ॥२०॥

અન્વયાર્થ—**अन्यैः**-બીજા, **अर्थ-अर्थिभिः**-ધનની લાલસાવાળાએ, **स्व-शिरसा**-પોતાના મસ્તકથી, **धृतपाद-रेणुः**-જે લક્ષ્મીજીની ચરણરજ ધારણ કરી છે એવાં, **विभूतिः**-લક્ષ્મીજી, **धन्य-अर्पित-अङ्घ्रि-तुलसी-नवदाम-धाम्नः**-ધન્યભાગ્ય જનોએ ચરણકમલમાં સમર્પેલાં તુલસીજીની નવમાલા જેનું સ્થાન છે એવા, **मधुव्रत-पतेः**-ભ્રમરપતિના, **लोकम्**-નિવાસસ્થાનરૂપ ચરણકમલની, **कामयाना इव**-ચાહના કરતાં હોય તેમ, **अनुवेलम्**-અનુકૂલતા જોઈને સેવા કરવા, **यं वै**-જે પ્રભુની સમીપે, **उपयाति**-પધારે છે. (વસંતતિલકા વૃત્ત) ૨૦

અનુવાદ—બીજા લક્ષ્મીની લાલસાવાળાઓ જે લક્ષ્મીદેવીનાં ચરણરજ મસ્તકે ધારણ કરે છે તેવાં લક્ષ્મીજી ખરેખર ભાગ્યશાળી પુરુષોએ ચરણકમલમાં સમર્પેલ તુલસીજીની નવમાલા જેમનું સ્થાન છે એવા ભ્રમરપતિના નિવાસસ્થાનરૂપ ચરણકમલની ચાહના કરતાં હોય તેમ, ભગવાનની અનુકૂળતા જોઇને સેવા કરવા માટે જે પ્રભુની પાસે પધારે છે. ૨૦

તત્ત્વસુધા— ભગવાને સાતમા શ્લોકમાં કહ્યું કે न श्रीर्विरक्तमपि मां विजहाति વિપ્રોની કૃપાથી વિરક્ત એવા મને રમા ત્યજતાં નથી. તેનો ઉત્તર વાળે છે કે હે વૈકુંઠનિધે! यं वै विभूतिः—આપના ચરણમાં સ્વયં લક્ષ્મીજી પધારે છે! સેવાને ઝંખે છે, અને અવિચલ બનીને રહે છે તે વિપ્રોના આશીર્વાદથી નહીં, પરંતુ લક્ષ્મીજીની આપના ચરણમાં અનન્ય ભક્તિ છે તેથી જ તેઓ અવિચલ રીતે વસે છે. “ यस्यास्ति भक्तिः જેના હૃદયમાં અકારણ ભક્તિ વસે છે તેને ત્યાં લક્ષ્મી અને સર્વ ગુણો સ્વયં આવીને વસે છે. ભક્તિ એક એવી કક્ષા છે કે જેને “બ્રહ્મભાવ” પ્રાપ્ત થાય તેનો ભક્તિમાં પ્રવેશ થાય છે. બ્રાહ્મણોને તેમજ લક્ષ્મીજીને બ્રહ્મભાવ સહજ પ્રાપ્ત થયો છે. ભગવાને मम योनिर्महद् ब्रह्म એ વાક્યથી લક્ષ્મીજીનું “બ્રહ્મત્વ” સિદ્ધ કર્યું છે. વળી લક્ષ્મીજીનો શ્રીવિગ્રહ પણ આનંદરૂપ છે. आनन्दं ब्रह्मेति व्यजानात् વાક્યથી તે બ્રહ્મનું સ્વરૂપ છે. માટે લક્ષ્મીજી વિપ્રોના આશીર્વાદથી ન તો “બ્રહ્મત્વ’ પામ્યાં છે કે આપના ચરણમાં “સ્થિરતા” પામ્યાં છે, એ તો ભક્તિથી જ સ્થિર બન્યાં છે. धन्यार्पिताङ्घ्रितुलसी દેવો અને મહાપુરુષો ભગવાનના શ્રીચરણમાં શ્રીતુલસીજીની નવમાલિકા સમર્પે છે. આવા દુર્લભ પ્રભુના ચરણયુગલની સેવામાં તુલસીજી બિરાજે છે. ભ્રમરો પણ રસલિપ્સાથી ચરણમાં આવી વસે છે. લક્ષ્મીજી તે ચરણકમલમાં તુલસીજીનો આદર કરે છે. તુલસીજી નિર્ગુણ છે એમ મહત્ત્વ આપે છે. પોતે સામાન્ય છે એવું દૈન્ય બતાવે છે. દૈન્ય ભક્તોનો જ ગુણ છે તેથી લક્ષ્મીજી પરમભક્તા છે.

આ શ્લોકમાં સૂચવ્યું કે જેઓની સામગ્રી, સમ્પત્તિ આધિદૈવિક હોય છે, તે લક્ષ્મી સ્વયં ભગવત્સેવામાં જાય છે, ઉપભોગમાં નથી જતી. પરંતુ જેમની મનોવૃત્તિ ધનમાં જ આસક્ત થાય છે તેઓ તો નાના બાલક જેવા છે. તે બાલકોને માતાની જરૂર નથી પણ માતાના સ્તન્ય-દૂધની જ આવશ્યકતા છે. તેથી તેઓ માતાની સન્મુખ નથી થતા કિન્તુ દૂધમાં જ દૃષ્ટિવાળા છે, ધનાભિલાષુકો પણ તેવી જ વૃત્તિવાળા છે તેઓ ભગવત્સન્મુખ નથી. ૨૦

આ શ્લોકમાં ભગવદીય જનોનો યશ વર્ણવે છે—

यस्तां विविक्तचरितैरनुवर्तमानां नात्याद्रियत् परमभागवतप्रसङ्गः ॥
स त्वं द्विजानुपथपुण्यरजःपुनीतः श्रीवत्सलक्ष्म किमगा भगभाजनस्त्वम् ॥२१॥

અન્વયાર્થ– **विविक्त-चरितैः**-વિવેકભર્યાં વર્તનથી, **अनुवर्तमानाम्**–અનુસરનારાં, **ताम्**–તે લક્ષ્મીજીને, **यः**-જે ભગવાન, **परम-भागवत-प्रसङ्गः**–ઉત્તમ ભક્તજનોના પ્રસંગવાળા, **न अति-आद्रियत्**–અત્યંત આદર નથી કરતા, **सः त्वम्**–તેવા આપ, **द्विज-अनुपथ-पुण्य-रजः-पुनीतः**–બ્રાહ્મણોની પાછળ ચાલતાં તેઓની પુણ્યરજથી પવિત્ર થયેલા, **श्रीवत्स-लक्ष्म**–શ્રીવત્સ ચિહ્નને, **किम् अगाः**–શું ધારણ કરો છો? કારણ કે, **त्वम्**–આપ સ્વયં, **भग-भाजनः**–સર્વ ઐશ્વર્યનું રહેઠાણ છો. (વસંતતિલકા વૃત્ત) ૨૧

અનુવાદ—વિવેકભર્યાં વર્તનથી નિત્ય અનુસરનારાં શ્રી લક્ષ્મીજીનો પણ આપ જ્યારે ઉત્તમ ભક્તજનોના પ્રસંગમાં આવો છો ત્યારે અતિશય આદર નથી કરતા, તે ભગવાન શું બ્રાહ્મણોની પાછળ ચાલી તેમની પદરેણુથી પવિત્ર બનેલા શ્રીવત્સ ચિહ્નને ધારણ કરો છો, તેવું નથી કારણ કે આપ સ્વયં સર્વ ઐશ્વર્યનું રહેઠાણ છો. ૨૧

तत्त्वसुधा—यस्तां विविक्तचरितैः-લક્ષ્મીજી ભગવાનને ઉત્તમ ભાવ અને સેવાથી વિનવે છે તેમજ રીઝવે છે. લક્ષ્મીજીમાં "अनुवर्तमाना" અનુવર્તન નામનો સદ્ગુણ છે. અનુવર્તન એટલે જેની સેવા કરવાની હોય તેની રુચિને અનુસરવું. તેના સુખમાં પોતાના સુખને શમાવી દેવું. આમ કરવું એ સામાન્ય તપ નથી. આમાં તપસ્વિની અને પ્રેમાળ લક્ષ્મીજીને પણ, જ્યારે અનન્યભક્તોનો પ્રસંગ આવે છે ત્યારે ભગવાન વીસરી જાય છે. દ્વારિકાનાથ શ્રીકૃષ્ણ જ્યારે પાંડવોને ત્યાં પધારતા ત્યારે લક્ષ્મીજીસ્વરૂપ રુકિમણીજીને વીસરી જતા. રઘુવરને અનન્ય પ્રેમપાત્ર શ્રીજાનકીજીને પ્રજાજનને સંતોષવા વીસરી જવું સહ્ય લાગ્યું. આ કેવલ ભક્તવાત્સલ્ય ગુણનું પરિણામ છે.

स त्वं-આવા સામર્થ્યશાળી ભગવાનને પવિત્ર થવા વિપ્રોની પાછળ વિચરવું પડે અને તેમની પાદરજથી પાવન થવું પડે, અગર તો હૃદય ઉપર શ્રીવત્સ-ભૃગુલ્લાંછન ચિહ્ન ધારણ કરવું પડે એ તો વિપ્રોનું ગૌરવ વધારવાની કથા છે. કારણ કે ભગવાન સ્વયં સર્વ ઐશ્વર્યોના સ્વામી છે તેમને કોઈજ પ્રકારે તેમ કરવાની આવશ્યકતા નથી. ૨૧

આ શ્લોકમાં ભગવાનને ત્રિયુગમાં અવતાર લેતા વર્ણવ્યા છે—

धर्मस्य ते भगवतस्त्रियुग त्रिभिः स्वैः पद्भिश्चराचरमिदं द्विजदेवतार्थम् ॥
नूनं भृतं तदभिघाति रजस्तमश्च सत्त्वेन नो वरदया तनुवा निरस्य ॥२२॥

અન્વયાર્થ—हे त्रियुग-ત્રણ યુગોમાં અવતાર લેનાર હે ત્રિયુગ! **सत्त्वेन**-સત્વ ગુણ દ્વારા, **तद् अभिघाति**-તે સત્વ ગુણનો નાશ કરનારા, **रजः**-રજોગુણને, **च**-અને, **तमः**-તમોગુણને, **नः**-અમારું, **वरदया**-કલ્યાણ કરનારી, **तनुवा**-શ્રીઅંગની મૂર્તિથી, **निरस्य**-દબાવીને, **धर्मस्य ते भगवतः**-ધર્મરૂપ આપ ભગવાન, **त्रिभिः**-ત્રણ, **स्वैः**-પોતાનાં, **पद्भिः**-ચરણો વડે, **इदं चराचरम्**-આ સ્થાવર જંગમ જગત, **द्विज-देवता**, **अर्थम्**-દ્વિજ અને દેવતાઓને માટે, **नूनं भृतम्**-ખરેખર ધારણ કરો છો. (વસંતતિલકા વૃત્ત) ૨૨

અનુવાદ—હે ત્રિયુગપુરુષ! સત્વગુણનો નાશ કરનારા રજોગુણને તેમજ તમોગુણને સત્વગુણથી પરિપૂર્ણ વરદાન દેનારી આપની મંગલ મૂર્તિથી દબાવી દઈને, ધર્મસ્વરૂપ આપ ભગવાન પોતાના ત્રણ ચરણોથી આ સ્થાવર-જંગમ જગત દેવ અને દ્વિજોના કલ્યાણ માટે ખરેખર ધારણ કરો છો. ૨૨

तत्त्वसुधा—त्रियुग-ભગવાનનું "ત્રિયુગ" નામ આપ્યું છે. ત્રણ યુગોમાં જ ભગવાન અવતાર લે છે. કળિયુગમાં ભગવાન આચાર્યો, સંતો, સંતોનાં ચરિત્રો અને ભગવચ્ચરિત્ર દ્વારા ધર્મ, ભક્તિ વગેરેનું પાલન કરે છે. હવે ભગવાન ત્રણ યુગોમાં જ કેમ અવતાર લે છે, તેનું સ્પષ્ટીકરણ કરે છે કે—

त्रिभिः स्वैः पद्भिः—ભગવાનનાં ત્રણ ચરણો છે તેથી ત્રણ યુગોમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. યજ્ઞ, ભગવાનનું સ્વરૂપ છે. યજ્ઞનાં પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં એવાં ત્રણ "સવન" છે. એ ત્રણ સવન ત્રણ ચરણો છે, તેથી ત્રણ યુગમાં અવતરે છે.

વળી ભગવાનનાં છ ઐશ્વર્યો છે. તેમાં "જ્ઞાન અને વૈરાગ્ય"થી સત્ય યુગમાં ધર્મ, ભક્તિ વગેરેનું રક્ષણ કરે છે. ત્રેતાયુગમાં "યશ અને શ્રી" દ્વારા ધર્મની સંભાળ લે છે. દ્વાપરયુગમાં ઐશ્વર્ય અને વીર્યથી ધર્મરક્ષા કરે છે. આ રીતે છ ઐશ્વર્યો ત્રણ યુગમાં વપરાયાં હવે સાતમું ઐશ્વર્ય બાકી ન રહ્યું એટલે અવતાર ન લીધો. પરંતુ ભગવાને કલિયુગમાં પોતાના કીર્તનમાં છ ગુણો સ્થાપી તે દ્વારા રક્ષણ કર્યું છે.

સત્ય યુગમાં કેવલ સત્વગુણની પ્રવૃત્તિ હોય છે. ત્રેતામાં સત્વમિશ્રિત રજોગુણની પ્રવૃત્તિ હોય છે અને દ્વાપરમાં સત્વ સાથે રજોગુણ અને તમોગુણની પ્રવૃત્તિ હોય છે.

वरदया तनुवा–ભગવાનના પ્રત્યેક શ્રી વિગ્રહને "વરદતનુ"–કલ્યાણકારી દેહ કહેલ છે. તો પણ "**कपिलो वरदश्चैव विक्रव्यश्चेति कथ्यते**" કપિલને વરદ કહ્યા હોવાથી કપિલજીની કાયા વરદ કાયા છે **અને** સત્વગુણ દ્વારા મંગલ કરનારી છે એવો અર્થ થાય છે. ૨૨

न त्वं द्विजोत्तम कुलं यदिहात्मगोपं गोप्ता वृष स्वर्हणेन ससूनृतेन ॥
तर्ह्येव नंक्ष्यति शिवस्तत्र वेदपन्था लोकोऽग्रहीष्यदृषभस्य हि तत्प्रमाणम् ॥२३॥

અન્વયાર્થ—वृष-હે ધર્મસ્વરૂપ !, **यद्**-જે, **आत्मगोपम्**-આત્માનું રક્ષણ કરનારા, **द्विजोत्तम-कुलम्**-દ્વિજોના ઉત્તમ કુલ, **स-सूनृतेन**-સત્કાર કરનારી સુમધુર વાણી સહિત, **सु-अर्हणेन**-ઉત્તમ કોટિના અર્ચનથી, **इह**-આ લોકમાં, **त्वम्**-આપ, **न गोप्ता**-રક્ષણ નહીં કરો તો, **तर्हि एव**-તે જ ક્ષણે, **तव**-આપનો, **शिवः**-મંગલકારી, **वेदपन्थाः**-વેદમાર્ગ, **नंक्ष्यति**-નાશ પામશે, **हि**-કારણ કે, **लोकः**-સમાજ, **ऋषभस्य**-મહાપુરુષના, **तत्**-તે માર્ગને-પગલાંને, **प्रमाणम्**-પ્રમાણ તરીકે, **अग्रहीष्यत्**-સ્વીકારશે.

(વસંતતિલકા વૃત્ત) ૨૩

અનુવાદ—હે ધર્મસ્વરૂપ ભગવાન્! જો, આપ આત્માનું રક્ષણ કરનારા દ્વિજોના ઉત્તમ કુલનું આદર કરનારી સુમધુર વાણી સહિત ઉત્તમ પ્રકારના અર્ચનથી રક્ષણ નહીં કરો તો તે જ ક્ષણે આપનો કલ્યાણપ્રદ પંથ નાશ પામશે. કારણ કે લોક, મહાપુરુષના પગલાંને પ્રમાણ ગણીને અનુસરશે. ૨૩

તત્ત્વસુધા—यदिहात्मगोपम्–બ્રાહ્મણના કુલને "આત્મગોપકુલ" કહેવામાં આવે છે. "આત્મગોપ" એટલે પ્રાણી માત્રનો આત્મા જ્ઞાન અને ધર્મ છે. વિપ્રો વેદો દ્વારા ધર્મની તેમજ જ્ઞાનની રક્ષા કરે છે. જો તેમની રક્ષા થાય તો જ સર્વની રક્ષા થઈ શકે. તેથી પ્રત્યેકને આત્મદર્શન કરાવવું તેમજ ધર્મમાં પ્રીતિ કરાવવી તેનું નામ "આત્મરક્ષણ" છે. જો આત્મરક્ષકની ભગવાન રક્ષા ન કરે તો અન્ય કોણ કરશે. રક્ષાની રીત બતાવે છે—

स्वर्हणेन ससूनृतेन–ભગવાન ત્રણ પ્રકારે રક્ષા કરે છે: (૧) સ્વરૂપથી રક્ષણ, (૨) બહારથી રક્ષણ અને (૩) અંદરથી રક્ષણ આવું ત્રણ પ્રકારે રક્ષણ કરાય છે. તેમાં—

(૧) અવતારો લઈ ભગવાન સ્વરૂપથી રક્ષા કરે છે. જો અવતારો લઈ "વિપ્ર, ધેનુ, સુર, સંત"ની સ્વરૂપરક્ષા ન થાય તો કલ્યાણમાર્ગનો નાશ થાય.

(૨) બહારથી રક્ષા એટલે જીવિકાની સામગ્રી પૂરી પાડવી. જેથી આજીવિકા માટે તેમને અન્ય પ્રયત્ન ન કરવો પડે. પરંતુ **स्वर्हणेन**–તેમને ઉત્તમ પ્રકારની સામગ્રીથી સંતોષવામાં આવે. રાજ્ય, વર્ષાસન વગેરેથી ઋષિઓની સેવા કરે.

(૩) **ससूनृतेन**–આદર કરનારી સુમધુર વાણીથી સન્માનવામાં આવે તેથી મનઃસંતોષ થતાં અન્દરની રક્ષા કરી મનાય. આ ત્રણ પ્રકાર આચરાય તો "शिवाः पन्थानः" સચવાય એ વાત કહે છે—

शिवस्तव वेदपन्थाः–કલ્યાણની સમગ્ર સામગ્રી વેદમાં સંકલિત કરી છે. તે વેદની પરબો તો વિપ્રો છે. તેઓ તપઃસંતોષથી જીવી વેદોનો અભ્યાસ કરે છે, વિશ્વનું કલ્યાણ કરે છે. જ્યાં આવા વિપ્રો "સ્વયં ગ્રન્થો" હોય છે. વિના પુસ્તકે પોતાનાં મસ્તકોમાં તેઓ વેદોને ધારણ કરે છે. તેમનો આદર કરનારાં વાક્યો પ્રભુએ કહ્યાં છે એવું સનત્કુમારો વર્ણવે છે. ૨૩

આ શ્લોકમાં સનત્કુમારો કહે છે કે વૈકુંઠપતિ આપ કહો છો કે વિપ્રોને વંદતાં મારું તેજ ક્ષીણ નથી થતું તે તો આપનું સૌજન્ય છે—

तत्तेऽनभीष्टमिव सत्वनिधेर्विधित्सोः क्षेमं जनाय निजशक्तिभिरुद्धृतारेः ॥
नैतावता त्र्यधिपतेर्बत विश्वभर्त्तुस्तेजः क्षतं त्ववनतस्य स ते विनोदः ॥२४॥

અન્વયાર્થ—सत्वनिधेः-સત્વગુણના ભંડારરૂપ, **जनाय क्षेमं**-લોકના કલ્યાણને, **विधित्सोः**-કરવાને ચાહતા, **निजशक्तिभिः**-પોતાની શક્તિઓ દ્વારા, **उद्-धृतारेः**-શત્રુનો ઉદ્ધાર કરનાર, **ते**-આપને, **तत्**-તે શુત્રુવધ કાર્ય, **अनभीष्टम् इव**-ન ઇચ્છેલા જેવુ જ છે, **विश्वभर्त्तुः**-વિશ્વનું પાલન કરનાર, **त्रि-अधिपतेः तु**-તેમજ ત્રણ લોકના અધિપતિ છતાં, **अवनतस्य**-વિપ્રોને નમસ્કાર કરે, **एतावता**-એથી, **ते**-આપનું, **तेजः**-તેજ, **न क्षतं**-ક્ષીણ નથી થતું એમ આપ કહો છો, **सः**-તે, **बत**-સાચે જ, **विनोदः**-આપનો એક વિનોદ છે. (વસંતતિલકા વૃત્ત) ૨૪

અનુવાદ—સત્વગુણનિધિસ્વરૂપ, લોકકલ્યાણને વાંછનાર, પોતાની વિવિધ શક્તિઓ દ્વારા શત્રુઓનો ઉદ્ધાર કરનાર આપને માટે શત્રુવધ કાર્ય ન ઇચ્છેલા જેવું જ છે. વિશ્વનું પાલન કરનાર તેમજ ત્રણ લોકપતિઓના પણ અધિપતિ છતાં પણ વિપ્રોને વંદન કરો છો તેથી આપનું તેજ ક્ષીણ નથી થતું એવું આપનું વચનામૃત તે તો સાચે જ આપનું એક વિનોદ-વાક્ય છે. ૨૪

તત્ત્વસુધા —"**तत्तेऽनमीष्टमिव**"-ભગવાનને વિશ્વનું સંરક્ષણ પ્રિય છે. કોઈનો સંહાર તેમને કદી ઇષ્ટ નથી. કારણ કે ભગવાન **सत्वनिधिः** સત્વનો ખજાનો છે. સત્વનિધિને સંહાર ન રુચે. જો તેઓ 'ક્ષેમ" કલ્યાણ માટે વિવિધ પુરુષો દ્વારા કે શક્તિઓ દ્વારા સંહાર કરાવતા હશે તો તેમનું લક્ષ્ય રક્ષણનું છે, કોઈના નાશનું નથી. તેથી તો ભગવાનને उद्धृतारिः શત્રુનો ઉદ્ધાર કરનારા કહ્યા છે, નહીં કે નાશ કરનારા વર્ણવ્યા છે. **क्रोधोऽपि देवस्य वरेण तुल्यः**-ભગવાનનો ક્રોધ તો આશીર્વાદ છે. માટે ભગવાન કોઈનું અનિષ્ટ કરતા જ નથી. આવા સમર્થ પ્રભુ વિપ્રોને પ્રણામ કરે એવો વિનોદ છે.

नैतावता त्र्यधिपतेः-જે વિશ્વનું પોષણ કરે છે અને વિશ્વવંદ્ય દેવો જે પ્રભુને વંદે છે તે પ્રભુને કોઈને નમન કરવાનું ન હોય. એમ છતાં જે નમસ્કાર કરે છે, તે તો પ્રભુનું સૌજન્ય છે, શિષ્ટાચાર છે. આજ સહૃદયપણાને વ્યાસજી વિનોદ શબ્દથી વર્ણવે છે. તેજસ્વીએ અલ્પ તેજસ્વીને પ્રણામ ન કરવા. અન્યથા તેજોહાનિ થાય છે. જ્યારે ભગવાન કેમ નમસ્કાર કરે છે તેનો ઉત્તર આપ્યો કે :એ તો ભગવાનનો એક વિનોદ છે તેથી પ્રભુની તેજોહાનિ નથી થતી. ૨૪

આ શ્લોકમાં ભગવદ્‌આદેશને પાળવાની કુમારો આતુરતા દર્શાવે છે—

यं वानयोर्दममधीश भवान् विधत्ते वृत्तिं नु वा तदनुमन्महि निर्व्यलीकम् ॥
अस्मासु वा य उचितो ध्रियतां स दण्डो येऽनागसौ वयमयुङ्क्ष्महि किल्बिषेण ॥२५॥

અન્વયાર્થ—अधि-ईश-હે પરમેશ, **भवान्**-આપ, **अनयोः**-આ બન્નેને, **यं दमम्**-જે દંડ, **वा**-અથવા તો, **वृत्तिं**-આજીવિકા, **विधत्ते**-કરો, **नु**-અવશ્ય, **तत्**-તે આપના આદેશને, **निर्व्यलीकम्**-શુદ્ધ હૃદયથી, **अनुमन्महि**-સ્વીકારીએ છીએ, **वा**-અથવા, **यः**-જે, **अस्मासु**-અમારે માટે, **उचितः**-યોગ્ય, **दण्डः**-દંડ હોય, **सः**-તે, **ध्रियताम्**-ફરમાવો, કારણ કે, **ये वयम्**-જે અમે, **निर्-आगसौ**-તદ્દન નિર્દોષ દ્વારપાલો, **किल्बिषेण**-અપરાધી, **अयुक्ष्महि**-બનાવાયા છે. (વસંતતિલકા વૃત્ત) ૨૫

અનુવાદ—હે પરમેશ, આપ આ બન્નેને શિક્ષા કે આજીવિકા કરવા ચાહતા હો તે કરો.

આપના તે આદેશને શુદ્ધ હૃદયથી અવશ્ય સ્વીકારીએ છીએ. અથવા અમારે માટે જે ઉચિત દંડ હોય તે ફરમાવો. કારણ કે અમે તદ્દન નિર્દોષ એવા બે દ્વારપાલોને અપરાધી ઠેરવ્યા છે. ૨૫

તત્ત્વસુધા—**यं वानयोर्दममधीश**—હે વૈકુંઠસ્વામી, આપ સ્વતંત્ર છો. જય-વિજય નિર્દોષ છે. આવેશવશ અમે શાપવાક્યો બોલ્યા છીએ. પરંતુ અમે આપના આજ્ઞાવશ છીએ. આપ અવશ્ય આદેશ આપો. જો **अनयोः** બન્ને દ્વારપાલોને **दमम्** અમે જે દંડ આપ્યો છે તેને ઓછો કરવો હોય, ન કરવો હોય તો પણ અમે સંમત છીએ. આપ ભક્તવત્સલ છો અને જો તેઓનું **वृत्ति** આ સ્થાનમાં જ વસવું બને એમ ચાહો તો તેમ, અથવા **वृत्ति** તેઓની વધુ આજીવિકા બાંધવી હોય તો તેમ આજ્ઞા કરો. અથવા દ્વારે વસેલા તે કુમારો સર્વને અંદર જતાં રોકે, નિવારિત લોકો તેમને ધન કે ધર્મનું દાન કરે તો તેમની આજીવિકા સિદ્ધ કરો. **अनुमन्महि** અમારું તેને પૂર્ણ અનુમોદન છે.

"**अस्मासु वा य उचितः**"-બન્ને પાર્ષદોનો દંડ સર્વથા માફ કરો. તેમને ત્રણ જન્મનો જે દંડ થયો છે તે, તેમને બદલે અમને કરો અથવા બીજો કોઈ આપને રુચે તે દંડ કરો. કારણ કે અમે નિર્દોષ દ્વારપાલોને અપરાધી ઠેરવ્યા છે. ૨૫

ભગવાને આ શ્લોકમાં કુમારોના શાપને પોતે જ કરેલો મનાવે છે—

श्रीभगवानुवाच – एतौ सुरेतरगतिं प्रतिपद्य सद्यः संरम्भसंभृतसमाध्यनुबद्धयोगौ ॥
भूयः सकाशमुपयास्यत आशु यो वः शापो मयैव निहित[1]स्तदवैत विप्राः ॥२६॥

અન્વયાર્થ—**श्रीभगवान् उवाच**-શ્રી ભગવાને કહ્યું કે, **एतौ**-આ બે દ્વારપાલો, **सुर-इतर-गतिम्**-દેવોથી જુદી યોનિને, **प्रतिपद्य**-પામીને, **सद्यः**-અવિલંબે, **संरम्भ-संभृत-समाधि-अनुबद्ध-योगौ**-મારી સાથે ક્રોધ દ્વારા સારી રીતે સાધેલી સમાધિથી બાંધેલ યોગવાળા, **भूयः**-પાછા, **सकाशम्**-મારી પાસે, **आशु**-જલદી, **उपयास्यतः**-પાછા આવશે, **वः**-આપે, **यः**-જે, **शापः**-શાપ, **(निहितः)**-આપ્યો છે, **तत्**-તે, **मया एव**-મેં જ, **निहितः**-આચર્યો છે, **विप्राः**-હે વિપ્રો, **अवैत**-તે આપ જાણો. (વસંતતિલકા વૃત્ત) ૨૬

અનુવાદ—ભગવાને કહ્યું કે હે કુમારો ! આ બન્ને દ્વારપાલો દેવોથી જુદી યોનિ પામીને વિના વિલંબે, ક્રોધરૂપી સાધનથી સારી રીતે સમાધિ સાધી યોગવાળા થઈ ફરીથી જલદી મારી પાસે આવશે. આપે જે શાપ આપેલ છે તે મેં જ આપેલો છે હે વિપ્રો ! એ પ્રમાણે સમજો. ૨૬

તત્ત્વસુધા—**एतौ सुरेतरगतिं प्रतिपद्य**—આ બન્ને દ્વારપાલો દેવથી ભિન્ન ગતિને પામો એમ ભગવાને આજ્ઞા કરી. દેવથી ભિન્નગતિમાં દૈત્યયોનિ, રાક્ષસયોનિ અને મનુષ્યયોનિને માની છે. આ વાક્યમાં "**सुरेतर**" શબ્દથી "દેવથી જુદી પણ દેવના જેવી ગતિ" એવું કહેવાનું તાત્પર્ય છે. અસુરો અને મનુષ્યો દેવોની સમાન વર્ણવ્યા છે. રાક્ષસો પણ બીજ અને બળથી દેવોના જેવા જ ગણાય છે. તેઓ આ ત્રણ યોનિ પામી વિના વિલંબે પાછા વળશે. કદાચ એમ લાગે કે જુદી યોનિમાં જતાં જુદાં કર્મો ભોગવવાં પડશે. પછી કેમ કરી "યોગ" વગેરે સાધી શકશે તો તેનું સમાધાન કરે છે કે—

भूयः सकाशमुपयास्यत-તેઓ વિના વિલંબે સમીપ આવશે, અને તે માટે યોગાચરણ જોઈએ. યોગાચરણથી પાપોનો વિનાશ થાય છે. તે યોગાચરણ ભગવાન સાથે ક્રોધભાવ કેળવવાથી મનસ્તાદાત્મ્યથી સિદ્ધ થશે. સ્નેહી કરતાં શત્રુ વધુ યાદ આવે છે. વળી કુમારો તમે ચિંતા ન કરશો. આપે જે શાપ આપ્યો છે તે મેં જ આપ્યો છે. ૨૬

---

[1] निमितः इति प्रा. पाठः ।

હવે આ પ્રકરણથી સર્વ સર્વને ઠેકાણે પધાર્યા તે વર્ણવશે. તેમાં પ્રથમ સનત્કુમારોએ વિદાય લીધી તે કહે છે—

ब्रह्मोवाच – अथ ते मुनयो दृष्ट्वा नयनानंदभाजनम् ॥
वैकुण्ठं तदधिष्ठानं विकुण्ठं च स्वयं प्रभुम् ॥२७॥
भगवन्तं परिक्रम्य प्रणिपत्यानुमान्य च ॥
प्रतिजग्मुः प्रमुदिताः शंसन्तो वैष्णवीं श्रियम् ॥२८॥

અન્વયાર્થ—ब्रह्मा उवाच–બ્રહ્માજી બોલ્યા, **अथ**–પછી, **ते मुनयः**–તે મુનિઓ, **नयन–आनन्द–भाजनम्**–નેત્રના આનંદના પાત્ર, **वैकुण्ठम्**–વૈકુંઠ પ્રભુનાં, **च तदधिष्ठानम्**–અને ભગવાનના ધામ, **स्वयं प्रभुम्**–જાતે પ્રભુસ્વરૂપ, **विकुण्ठम्**- વિકુંઠલોકનાં, **दृष्ट्वा**–દર્શન કરી, **भगवन्तं परिक्रम्य**–ભગવાનની પરિક્રમા કરી, **प्रणिपत्य**–ભગવાનને પ્રણામ કરી, **च**–અને, **अनुमान्य**–રજા લઈ, **प्रमुदिताः**-આનંદ પામેલા, **वैष्णवीं श्रियम्**-વૈષ્ણવી શ્રીની, **शंसन्तः**–પ્રશંસા કરતા, **प्रतिजग्मुः**–પાછા ગયા. ૨૭, ૨૮

અનુવાદ—બ્રહ્માજીએ કહ્યું કે હે દેવો ! ત્યારબાદ તે ચાર મુનિઓ નયન–આનંદનિવાસ શ્રી વૈકુંઠનાથમાં તેમજ ભગવાનના ધામ અને સાક્ષાત્ ભગવત્સ્વરૂપ વિકુંઠલોકનાં દર્શન કરી ભગવાનની પરિક્રમા કરી, ભગવાનને પ્રણામ કરી, પ્રભુની રજા મેળવી આનંદ પામેલા વૈષ્ણવી શ્રીની પ્રશંસા કરતા પાછા વળ્યા. ૨૭, ૨૮

તત્ત્વસુધા—अथ—આ अथ અવ્યય પ્રત્યેકની વિદાયને વર્ણવવા માટે છે. પ્રથમ કુમારોએ એટલા માટે વિદાય લીધી કે તેઓની અનુપસ્થિતિમાં મોકળા મનેથી, મનમોહન નિજસેવક જયવિજયને મળી શકે. કુમારો વિદાય થયા ત્યારે તેમને "नयनानंदभाजनं" કેવળ નેત્રના આનંદના પાત્ર વૈકુંઠનાથનાં દર્શન થયાં એમ સૂચવ્યું તેથી હૃદયની અંદર રહેલા ભગવાનનાં તેઓ દર્શન કરતા. પરંતુ બહાર પ્રત્યક્ષ બિરાજતા પ્રભુનાં દર્શન પામતા ન હતા તે આજે પામ્યા. ભગવાનનો લોક પણ ભગવાનના જેવો છે માટે "नयनानंदभाजनं" વિશેષણ બન્નેનું સમજવું. વિદાય થતાં પાંચ લાભ થયા—૨૮મા શ્લોકમાં વર્ણવ્યું છે भगवन्तं परिक्रम्य પાંચ વસ્તુઓમાં (૧) परिक्रम्य એટલે પરિક્રમણ, (૨) प्रणिपत्य પ્રેમથી નમસ્કાર (૩) अनुमान्य અનુજ્ઞાપ્રાપ્તિ (૪) प्रमुदिताः વૈકુંઠ આગમનનો પ્રમોદ, (૫) शंसन्तः ભગવાનની સ્તુતિ આ પાંચ લાભ મેળવ્યા અને વિદાય લીધી. ૨૭, ૨૮

ભગવાન સેવકોને આશ્વાસન આપે છે—

भगवाननुगावाह यातं मा भैष्टमस्तु शम् ॥
ब्रह्मतेजः समर्थोऽपि हन्तुं नेच्छे मतं नु मे ॥२९॥

અન્વયાર્થ—भगवान् अनुगौ आह–ભગવાને બે દ્વારપાલોને કહ્યું કે, **यातम्**–તમે બન્ને જાઓ, **मा भैष्टम् अस्तु**–તમને ભય ન હો, **शम् अस्तु**–કલ્યાણ થાઓ, **समर्थः अपि**–હું સમર્થ છું છતાં, **ब्रह्मतेजः**–બ્રહ્મતેજને, **हन्तुं न इच्छे**–દૂર કરવા નથી ચાહતો. **मतं नु मे**–તેમનો નિશ્ચય મને સંમત છે. ૨૯

અનુવાદ—ભગવાને બે દ્વારપાલોને કહ્યું કે તમે બન્ને જાઓ, ભય ન હો, કલ્યાણ થાઓ. હું સમર્થ છું છતાં બ્રહ્મતેજને નિવારવા નથી ચાહતો. તેમનો નિશ્ચય મને સંમત છે. ૨૯

તત્ત્વસુધા—भगवाननुगावाह—ભગવાને જય–વિજયને ખૂબ જ આશ્વાસન આપ્યું. અને કહ્યું કે "यातं" તમે બન્ને જાઓ. શાપથી તમે નથી જતા પણ હું જ તમને મોકલું છું તેમ તે સ્વામીની આજ્ઞાના પાલનથી તમારો સેવક ધર્મ સિદ્ધ થશે. વળી—

मा भैष्ट-જરા પણ ભય ન રાખશો. હાલ તો તમે સાલોક્ય મુક્તિ પામ્યા છો. પાછા આવતાં તમને સાયુજ્યની પ્રાપ્તિ થવાની છે તેથી કહ્યું કે **शमस्तु** તમારું કલ્યાણ હો.

ब्रह्मतेजः-મેં પૂર્વે આધિદૈવિક બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું છે. આ તો આધિભૌતિક છે. એનું વારણ જરા પણ કઠિન નથી. પરંતુ પૃથ્વી ઉપર તમને મોકલી લીલાવિહાર માટે મારે આવવું છે તેથી મેં આ વસ્તુને ઇષ્ટ ગણી છે તો નિર્ભય થઈને જાવ. ૨૯

एतत्पुरैव निर्दिष्टं रमया क्रुद्धया यदा ॥
पुरापवारिता द्वारि विशन्ती मय्युपारते ॥३०॥

[illegible] [illegible]
શ્લોક

અન્વયાર્થ—यदा-જ્યારે, **मयि**-હું, **उपारते**-નિદ્રામાં હતો ત્યારે, **द्वारि**-દ્વારમાં, **विशन्ती**-પ્રવેશ કરતાં રમાદેવીને, **पुरा अपवारिता**-તમે બન્નેએ અટકાવ્યાં હતાં ત્યારે, **क्रुद्धया रमया**-ક્રોધે ભરેલાં રમાદેવીએ, **एतत्**-આ પ્રમાણે, **पुरा एव**-પૂર્વે જ, **निर्दिष्टम्**-કહેલ હતું. ૩૦

અનુવાદ—જ્યારે હું નિદ્રામાં હતો ત્યારે દ્વારમાં પ્રવેશ કરતાં રમાદેવીને તમે બન્નેએ રોકયાં હતાં, ત્યારે ક્રોધે ભરેલાં રમાદેવીએ આ પ્રમાણે પૂર્વે જ કહેલ હતું. ૩૦

તત્ત્વસુધા—"एतत्पुरैव" ભગવાન અત્યંત ખિન્ન થયેલા પાર્ષદોને પૂર્વનો વૃત્તાંત વર્ણવે છે કે એકવાર પ્રણય કલહ લક્ષ્મીજીએ કરેલો. ત્યારે હું કલહવશ ચુપચાપ સૂઈ ગયો. તે સમયે લક્ષ્મીજી રીસાઈ ચાલ્યાં ગયાં. પછી પાછાં આવતાં હતાં ત્યારે મને નિદ્રાધીન સમજી તમે દેવીને રોકેલાં. રોષે ભરાયેલાં તે વૈકુંઠ-રાણીએ તમને ત્યારે આ પ્રમાણે શાપ આપેલ તે બ્રાહ્મણોએ વાણીથી પ્રકટ કર્યો. ૩૦

જય-વિજય ઉપર અનુગ્રહ દર્શાવતો આ શ્લોક છે—

मयि सरम्भयोगेन निस्तीर्य ब्रह्महेलनम् ॥
प्रत्येष्यतं निकाशं मे कालेनाल्पीयसा पुनः ॥३१॥

અન્વયાર્થ—मयि-મારામાં, **सरम्भ-योगेन**-ક્રોધના યોગથી, **ब्रह्म-हेलनम्**-બ્રાહ્મણોના તિરસ્કારને, **निस्तीर्य**-તરી જઈને, **अल्पीयसा कालेन**-થોડા જ સમયમાં, **पुनः**-ફરીથી, **मे निकाशम्**-મારી પાસે, **प्रत्येष्यतम्**-પરત થશો. ૩૧

અનુવાદ—મારામાં કરેલા ક્રોધના યોગ દ્વારા બ્રાહ્મણના તિરસ્કારને તરી જઈને, થોડા જ વખતમાં મારી સમીપે પાછા આવશો. ૩૧

તત્ત્વસુધા—मयि सरम्भ-योगेन-પ્રભુની કૃપા અને ઇચ્છા બાધકને સાધન બનાવે છે તેમજ પ્રતિબંધકને સંયોજક બનાવે છે. એ વાત સ્પષ્ટ કરવા માટે "सरम्भयोगेन સંરંભને એટલે ક્રોધને "યોગ" બતાવ્યો છે. બાકી કામ, ક્રોધ વગેરે ભગવત્સ્મરણમાં સર્વથા બાધક છે. તેને જ પ્રભુ સાધન કરી આપે છે. બન્ને સેવકોને ક્રોધભાવથી સ્મરણ કરવાનું વિધાન કરે છે. કારણકે—

निस्तीर्य ब्रह्महेलनम्-પાર્ષદોને શાપ થયેલ છે. જ્યાં સુધી પ્રાયશ્ચિત્ત ન કરાય ત્યાં સુધી બ્રાહ્મણના શાપની નિવૃત્તિ ન થાય. જ્યાં સુધી તે શુદ્ધ ન થાય ત્યાં સુધી તેનાથી શાસ્ત્રોક્ત વૈદિક કર્મ થઈ ન શકે. પાર્ષદોને ક્રોધ થયેલો તેથી ક્રોધથી સ્મરણ કરવાનું વિધાન કર્યું છે. ક્રોધથી સ્મરણ અખંડ રહ્યા કરે અને તે રીતનું "નામસ્મરણ" પ્રાયશ્ચિત્ત ગણાશે.

હવે નામસ્મરણ તો બે પ્રકારે થવાનું: એક પ્રાયશ્ચિત્ત રૂપે અને બીજું પ્રેમથી સ્વાભાવિક રીતે. બન્ને સ્મરણ નિત્ય જ રહેવાનાં. એવો નિયમ નથી કે પ્રાયશ્ચિત્ત થઈ જતાં એટલે નામસ્મરણથી પાપ નિવૃત્ત થતાં

પછી સ્મરણ કરવાનું ન રહે તો નામસ્મરણ નિત્ય કેવી રીતે થયું ? એનો ઉત્તર છે કે પાપ નિવૃત્ત થતાં પહેલાં જે સ્મરણ થાય તે પ્રાયશ્ચિત્ત રૂપે છે અને પછી તે ફલ રૂપે અખંડ જ રહે છે.

(૧) જય-વિજયે ક્રોધ કર્યો માટે તેમનું સ્મરણ ક્રોધથી થયું. (૨) બ્રહ્માજીએ કામને લીધે સરસ્વતીને-વાણીને શાપ આપ્યો. તે વાણી ગોપી થયાં તેથી ગોપીજનોને કામથી સ્મરણ થયું. (૩) શુક્રાચાર્યે ભયને લીધે કાલનેમિને શાપ આવ્યો. તે કાલનેમિ કંસ થયો તેથી ભયથી કંસને સ્મરણ થયું. આ વિષયમાં કથા એવી છે કે શુક્રાચાર્ય તપ કરવા ગયા ત્યારે બૃહસ્પતિએ શુક્રાચાર્યનું સ્વરૂપ લીધું. તે સમયે કાલનેમિ વગેરે દૈત્યોએ બૃહસ્પતિને આચાર્ય તરીકે સ્વીકાર્યા. શુક્રાચાર્યને ભય લાગ્યો કે આ લોકો મારા પુરોહિતપણાનો ત્યાગ કરશે તો મારી દક્ષિણા જશે આવા ભયથી શાપ આપ્યો માટે ભયથી સ્મરણ કંસને થયું પણ દેવોને બૃહસ્પતિ તેમજ દુર્વાસાનો શાપ થયો. તેઓ યાદવો, પાંડવો વગેરે થયા તેથી તેમને સંબંધથી સ્મરણ થયું. પ્રભુની લીલા અગમ છે કે તે પ્રતિબંધકને સંયોજક બનાવે છે. ૩૧

ભગવાને દ્વારપાલોને વિદાય આપી અને નિજનિવાસમાં પધાર્યા એ વસ્તુનું વર્ણન છે—

द्वाःस्थावादिश्य भगवान् विमानश्रेणिभूषणम् ॥
सर्वातिशयया लक्ष्म्या युक्तं स्वं धिष्ण्यमाविशत् ॥३२॥

અન્વયાર્થ—द्वाःस्थौ-દ્વાર પર રહેનારા બન્ને દ્વારપાલોને, **आदिश्य**-ઉપર પ્રમાણે, આજ્ઞા આપીને, **भगवान्**-વૈકુંઠપતિ, **विमानश्रेणि-भूषणम्**-વિમાનોની પંક્તિઓના વિભૂષણરૂપ, **सर्व-अतिशयया**-સર્વથી શ્રેષ્ઠ, **लक्ष्म्या युक्तम्**-શોભાવાળા, **स्वं धिष्ण्यम्**-પોતાના સ્થાનમાં, **आविशत्**-પધાર્યા. ૩૨

અનુવાદ—બન્ને દ્વારપાલોને ઉપર પ્રમાણે આજ્ઞા આપીને, ભગવાન વૈકુંઠપતિ સર્વોત્તમ શોભાવાળા અને વિમાનની પંક્તિઓના વિભૂષણ સ્વરૂપ પોતાના સ્થાનમાં પધાર્યા. ૩૨

તત્ત્વસુધા—"द्वाःस्थावादिश्य"—બન્ને દ્વારપાલોને ભગવાને કોઈની રોકટોક માટે રાખ્યા જ ન હતા. કારણમાં વૈકુંઠમાં અનધિકારી આવી શકતા જ ન હતા. કેવલ તે બેને દ્વાર ઉપર રાખ્યા હતા. અંશતઃ તે બેમાં કંઈક દોષ હતા. તેથી તેમને એક જ સ્થળે રાખેલા હતા. વૈકુંઠ લોક દિવ્ય હતો તેનો ઉલ્લેખ કરતાં કહે છે કે—

"विमान-श्रेणि-भूषणम्"— વિમાનની શ્રેણીઓ વૈકુંઠ લોકથી શોભતી હતી આવો આ વાક્યનો અર્થ થતો હોવાથી એમ સૂચવ્યું છે કે આ સ્થાનમાં વસનારા સર્વ "विमान"-નિર્માન હતા. આ બે જ માત્ર અભિમાનવાળા હતા. ભગવાને તેમને રજા આપી. પછીથી તેમની જગ્યાએ નવા દ્વારપાલોની યોજના નથી કરી. ત્યાં કોઈપણ નિયામકની આવશ્યકતા હતી જ નહીં. ૩૨

ભગવાનની પૂંઠ વળતાં જ જય-વિજય તેજોવિહીન થયા એ વસ્તુ કહેશે—

तौ तु गीर्वाणऋषभौ दुस्तराद्हरिलोकतः ॥
हतश्रियौ ब्रह्मशापादभूतां विगतस्मयौ ॥३३॥

અન્વયાર્થ—तौ तु गीर्वाण-ऋषभौ-તે બે ઉત્તમ દેવો તો, **दुस्तराद्**-પાર ન પામી શકાય તેવા, **हरि-लोकतः**-વૈકુંઠ લોકમાંથી, **विगत-स्मयौ**-ગર્વ વિનાના બનીને, **ब्रह्मशापाद्**-બ્રાહ્મણોના શાપથી, **हतश्रियौ**-નિસ્તેજ, **अभूताम्**-થઈ ગયા. ૩૩

અનુવાદ—તે બે ઉત્તમ દેવો તો પાર ન પામી શકાય એવા વૈકુંઠ લોકમાંથી ગર્વવિનાના બનીને, બ્રાહ્મણોના શાપથી નિસ્તેજ થઈ ગયા. ૩૩

---

१ जुष्टं प्रा. पा.

તત્ત્વસુધા—तौ तु गीर्वाणऋषभो— કુલીનતા અને શાલીનતા કદી મલીન આચરણ કરી શકે નહીં. બન્ને પાર્ષદોને હરિલોક એટલે વૈકુંઠમાંથી જવું સુખકર તો નહોતું જ લાગ્યું. કારણ કે તે લોક દુસ્તર એટલે દિલથી કદી છોડી શકાય તેવો ન હતો. છતાં તે બન્ને દેવઋષભ ઉત્તમ દેવો હતા તેથી વૈકુંઠમાં સંતાઈ રહેવું કે છુપાઈ જવું એવું કાંઈ ક્ષુદ્ર કાર્ય ન કર્યું. પરંતુ દુઃખી દિલે પણ સૌજન્યથી વિદાય લીધી. શાપ થયેલ હોવાથી તેઓ તેજોવિહીન તો બની ગયા અને ગર્વથી મુક્ત પણ થયા. ૩૩

જય-વિજય ભૂમિ ઉપર આવ્યા તે- દેવોને જણાયું—

तदा विकुण्ठधिषणात् तयोर्निपतमानयोः ॥
हाहाकारो महानासीद् विमानाग्र्येषु पुत्रकाः ॥३४॥

અન્વયાર્થ—**हे पुत्रकाः**-હે પુત્રો, **तयोः**-તે બે, **विकुण्ठधिषणात्**-વૈકુંઠલોકમાંથી, **निपतमावयोः**-નીચે પડતા હતા ત્યારે, **विमान-अग्र्येषु**-ઉત્તમ વિમાનોમાં, **महान्**-ભારે, **हाहाकारः**-હાહાકાર, **आसीत्**-થયો. ૩૪

અનુવાદ—હે પુત્રો તે બે પાર્ષદો વૈકુંઠ લોકમાંથી નીચે પડતા હતા ત્યારે ઉત્તમ વિમાનોમાં ભારે હાહાકાર થયો. ૩૪

તત્ત્વસુધા—पुत्रकाः-બ્રહ્માજી આ પ્રસંગનું વર્ણન કરતાં દેવોને "પુત્રક". એવું કોમલ સંબોધન કરીને સૂચવે છે કે ઘણે ઊંચે સ્થાનેથી તેમનું પતન થયું તે દયાનો વિષય છે. વળી તે બે જ્યારે નીચે પડતા હતા ત્યારે અન્ય દેવોએ તેમને જોયા અને તેથી ખૂબ જ દુઃખી થયા. પરિણામે હાહાકાર મચ્યો કે અભિમાન આવું વિચિત્ર છે કે ઉન્નત સ્થાનમાંથી પણ ગબડાવે છે. વળી "પુત્રક" સંબોધનથી કહે છે કુમારોએ જેવી ભૂલ કરી તેવી તમે કોઈને શાપ આપવાની ભૂલ ન કરશો. ૩૩

જય-વિજય દિતિદેવીના ઉદરમાં આવે છે—

तावेव ह्यधुना प्राप्तौ पार्षदप्रवरौ हरेः ॥
दितेर्जठरनिर्विष्टं काश्यपं तेज उल्बणम् ॥३५॥

અન્વયાર્થ—**हरेः**-શ્રીહરિના, **तौ पार्षद-प्रवरौ एव**-તે બે ઉત્તમ પાર્ષદો જ, **हि**-ખરેખર, **अधुना**-હમણાં, **दितेः**-દિતિના, **जठरनिर्विष्टम्**-જઠરમાં પ્રવેશેલ, **काश्यपम्**-કશ્યપનું, **उल्बणम्**-ઉગ્ર, **तेजः**-તેજ છે. ૩૫

અનુવાદ—શ્રીહરિના તે બે ઉત્તમ પાર્ષદો જ ખરેખર હમણાં દિતિના ઉદરમાં પ્રવેશેલ કશ્યપઋષિનું ઉગ્ર તેજ છે. ૩૫

તત્ત્વસુધા—'तौ एव"-આ શ્લોકમાં तौ एव તે બે જ એમ ભારપૂર્વક एव અવ્યયનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે જે હરિપાર્ષદો હતા તે જ બે આવ્યા છે. વળી જીવો જેમ શરીર છૂટ્યા પછી અન્ય દેહ લેતાં પહેલાં અન્ન, જલ, શુક્ર, શોણિત, વીર્ય આવી પરંપરા પછીથી માતાના ઉદરમાં આવે છે એવું આ બન્ને માટે નથી બન્યું. તેઓની સુર અવસ્થા હતી તે બદલાઈ અસુર અવથા થઈ. ૩૫

બ્રહ્માજી આ અંધકાર શેનો છે એવા દેવોના પ્રશ્નનો ઉત્તર આપી પ્રસંગ પૂર્ણ કરે છે—

तयोरसुरयोरद्य तेजसा यमयोर्दिवः ॥
आक्षिप्तं तेज एतर्हि भगवांस्तद्विधित्सति ॥३६॥

અન્વયાર્થ—**अद्य**-આજે, **तयोः**-તે બે, **यमयोः**-જોડકાં રૂપે આવેલા, **असुरयोः**-અસુરોના, **तेजसा**-તેજથી, **दिवः**-સ્વર્ગનું, **तेजः**-તેજ, **आक्षिप्तम्**-ક્ષીણ થયેલ છે **एतर्हि**-હાલ, **भगवान्**-ભગવાન, **तद् विधित्सति**-તેમ કરવા ચાહે છે. ૩૬

અનુવાદ—આજે તે બે જોડકાંરૂપે આવેલા અસુરોના તેજથી સ્વર્ગનું તેજ ક્ષીણ થયેલ છે. અને ભગવાન હાલ તેમ કરવા ચાહે છે. ૩૬

તત્ત્વસુધા—तयोरसुरयोरद्य-હે દેવો ! આ બે જયવિજય ભૂમિ ઉપર આવી રહ્યા છે એમના તેજે તમારા તેજનો પરાભવ કર્યો છે. ભગવાનના તેજથી દૈત્યોના તેજનો નાશ થાય છે અને દૈત્યોના તેજથી દેવોના તેજનો નાશ થાય છે.

यमयोः—આ બે જોડકારૂપે આવ્યા છે અને જોડકા તરીકે સાથે જ જન્મ લેશે એ વાત "यम" શબ્દથી સમજાવી છે સાથે "यम" માટે શ્રુતિમાં લખ્યુ છે તે યમે દેવોની ઇન્દ્રિયો અને વીર્યને છૂટાં પાડયાં તે યમનું "यमत्व" છે આ શ્રુત્યર્થ પ્રમાણે આ બન્ને યમરૂપ જયવિજય તમારી ઇન્દ્રિયો અને વીર્યનો નાશ કરશે. હાલ ભગવાનની એ કામના છે તેથી બ્રહ્માજીએ કહ્યું કે મારું કાંઈ ચાલે તેમ નથી. ૩૬

દેવો પૂછે છે કે પિતાજી તો આપણે શું કરશું તેનો ઉત્તર આપે છે કે—

विश्वस्य यः स्थितिलयोद्भवहेतुराद्यो योगेश्वरैरपि दुरत्ययययोगमायः ॥
क्षेमं विधास्यति स नो भगवांस्त्र्यधीशस्तत्रास्मदीयविमृशेन कियानिहार्थः ॥३७॥

અન્વયાર્થ—**विश्वस्य**-વિશ્વના, **स्थिति-लय-उद्भव-हेतुः**-પાલન, પ્રલય અને ઉત્પત્તિના હેતુ, **आद्यः**-આદ્ય, **योगेश्वरैः**-યોગેશ્વરોથી, **अपि**-પણ, **दुर्-अत्यय-योगमायः**-જેની યોગમાયાનો તાગ કાઢી નથી શકાતો, **सः**-તે, **त्र्यधीशः भगवान्**-ત્રણ લોકના સ્વામી ભગવાન, **नः**-આપણું, **क्षेमम्**-કલ્યાણ, **विधास्यति**-આચરશે, **तत्र**-ત્યાં, **अस्मदीय-विमृशेन**-આપણા વિચારથી, **इह-कियान् अर्थः**-અહીં શું વળવાનું છે. (વસંતતિલકા વૃત્ત) ૩૭

અનુવાદ—વિશ્વના પાલન, પ્રલય અને નિર્માણના નિમિત્ત, આદ્ય યોગેશ્વરોથી પણ જેની યોગમાયાનો આદેશ ઉલ્લંઘી શકાતો નથી તે ત્રણ લોકના સ્વામી ભગવાન આપણું કલ્યાણ જ કરશે ત્યાં આપણા વિચારથી શું વળવાનું છે. ૩૭

તત્ત્વસુધા—विश्वस्य यः स्थितिलयोद्भवहेतुः-ઉપરોક્ત દેવોના પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્માજી કહી રહ્યા છે કે આપણે કાંઈ ચિંતા કરવાનું કારણ નથી. કારણ કે પાલન, પોષણ, લય, સર્જન કરનાર ભગવાન ઉપર તે કાર્ય છોડી દો. આ સ્થાને ઉત્પત્તિ, સ્થિતિ, લય એવા ક્રમને બદલે સ્થિતિ-લય-સર્જન એવો ક્રમ આપ્યો છે. એનું કારણ કે કદાચ પ્રલય થશે એવા ડરથી ડરી ગયેલા દેવોને બ્રહ્માજી કહી રહ્યા છે કે તે પાલન કરશે, કદાચ જરૂર પડશે તો લય કરશે અને પુનઃ સર્જન કરશે, માટે ચિંતા ન કરો.

વળી હે દેવો ! તમને તો તમારા સ્વર્ગની ચિંતા છે. ભગવાનને તો સંપૂર્ણ વિશ્વની કાળજી છે તે સર્વનું મંગલ કાર્ય કરશે. કદાચ આપણે પ્રતીકાર કરીએ તો ત્યારે કહ્યું કે—

योगेश्वरैरपि-મોટા યોગેશ્વરો પણ તેમાં પરિવર્તન કરી શકે નહીં તો આપનું શું ગજું ? પ્રભુ ઉપર જ વિશ્વાસ રાખો. તે તમારું જ નહીં ત્રણે લોકનું "क्षेमं" કલ્યાણ કરશે. ક્ષેમ એટલે જે તમારી પાસે છે તેની રક્ષા કરશે. છતાં આપણે નિષ્ક્રિય કે વિચારશૂન્ય કેમ રહેવાય ? એવા પ્રશ્નનો બ્રહ્માજી ઉત્તર આપે છે કે હે દેવો ! कियानिहार्थः-જ્યાં વૃષ્ટિ જ નથી ત્યાં ઘડાથી પાણી પાતાં કઈ ખેતી ઊછરવાની છે ? તેથી તે પ્રભુને વિનવો. કારણ કે વરસાદ નહિ વરસે તો પણ તમારું ઘડા જેટલું પાણી રેડવું નકામું છે. વૃષ્ટિ થશે તો પણ રેડવું નકામું છે એની શરણાગતિ લઈએ એમાં જ સર્વ મંગલ છે. ૩૭

આ અધ્યાયમાં ૩૦ મો શ્લોક મતાન્તર ભાષાનો હોઈ એક વધારે છે માટે ૩૭ સંખ્યા થઈ છે પરંતુ મૂળ ૩૬ સંખ્યા છે.

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૭ મો

શ્લોક સંખ્યા ૩૧

આ અધ્યાયમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની ઉત્પત્તિ વર્ણવશે. અમંગલ કે ખલ તત્ત્વોની જ્યારે ઉત્પત્તિ થવાની હોય ત્યારે તેની પૂર્વભૂમિકા કેવી હોય છે, તે વખતનું વાતાવરણ કેવું હોય છે તે પણ આ અધ્યાયથી સૂચવશે.

ભગવાનનો અવતાર થવાનો હોય તે વખતે જેવું સુમંગલ વાતાવરણ અને લોકસ્થિતિ, ગુણસ્થિતિ હોય તેથી વિપરીત આ અધ્યાયમાં જોવા મળશે.

સનત્કુમારો વૈકુંઠમાં ગયા. કામ, ક્રોધ અને લોભથી જયવિજયે વૈકુંઠમાં જતા અટકાવ્યા. જેથી કુમારો ક્રુદ્ધ થયા અને શાપ આપ્યો, આ આખા પ્રસંગથી એવું સ્પષ્ટ કર્યું કે કામાદિ દોષો સંસ્કૃતિનો તેમજ સન્માર્ગીઓનો નાશ કરે છે.

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની ઉત્પત્તિ તો તામસ છે. સંધ્યાકાળે તેમનું બીજારોપણ છે; પરંતુ તેમની સ્થિતિ તો રાજસ છે, જ્યારે તેમનો વિનાશ સાત્વિક છે.

ખલ પુરુષો જન્મે છે ત્યારે પોતાની જાતને તેમજ બીજાને સતાવે છે. આ બન્નેએ જન્મ લઈ એ જ કાર્ય કર્યું છે. તૃતીય સ્કંધમાં કેવલ હિરણ્યાક્ષની કથા વર્ણવી છે. હિરણ્યકશિપુની કથાનો ચાલુ પ્રસંગમાં ઉપયોગ નથી; તેથી તેનું વર્ણન નથી કર્યું.

મૂળભૂત દોષ તો હિરણ્યાક્ષ છે, જે લોભનો પૂર્વાંગ છે. સંગ્રહ લોભનો પૂર્વાંગ છે. સંભોગ ઉત્તરાંગ છે. સંગ્રહ થાય તો જ સંભોગ થાય.

તેથી ભગવાને સંગ્રહનો નાશ કર્યો. દિતિના ઘણાખરા દોષો હિરણ્યાક્ષમાં આવ્યા છે.

આ અધ્યાયમાં દેવોના દુઃખનું જ્ઞાનથી નિવારણ (૧), દૈત્યોની ઉત્પત્તિ (૨), અનિષ્ટ આગાહી (૩), કાયા અને વાણીના બે દોષો (૪–૫), એમ પાંચ પ્રસંગો વર્ણવશે. એમાં પ્રથમ પ્રસંગ વર્ણવવાનો શરૂ કર્યો.

હવે દેવો ભયમુક્ત બની નિજલોકમાં સીધાવ્યા એ વસ્તુનું વર્ણન કરે છે—

मैत्रेय उवाच – निशम्यात्मभुवा गीतं कारणं शङ्कयोज्झिताः ॥
ततः सर्वे न्यवर्तन्त त्रिदिवाय दिवौकसः ॥ १ ॥

અન્વયાર્થ—**मैत्रेय उवाच**–શ્રી મૈત્રેય મુનિએ કહ્યું કે હે વિદુરજી!, **आत्मभुवा**–શ્રી બ્રહ્માજીએ, **गीतं कारणं निशम्य**–વર્ણવેલ કારણ સાંભળીને, **शङ्कया उज्झिताः**–ભયરહિત બનીને, **ततः**–ત્યાંથી, **सर्वे**–બધા, **दिवौकसः**–સ્વર્ગનિવાસી દેવો, **त्रिदिवाय**–સ્વર્ગ તરફ, **न्यवर्तन्त**–પાછા વળ્યા. ૧

અનુવાદ—શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી, બ્રહ્માજીએ વર્ણવેલ કારણ સાંભળી ભયયુક્ત બનીને સર્વ સ્વર્ગનિવાસી દેવો ત્યાંથી સ્વર્ગલોક તરફ પાછા વળ્યા. ૧

તત્ત્વસુધા—"आत्मभुवा गीतम्"–બ્રહ્માજીનું નામ "આત્મભૂઃ" છે. બ્રહ્માજી સર્વજ્ઞ છે. વાતાવરણની ઉગ્રતા જાણી લીધી. દુઃખની નિવૃત્તિ તો નિશ્ચિત સમયે જ થવાની છે; પરંતુ જીવની પ્રકૃતિ છે કે "સુખ પ્રાપ્ત થવાની આગાહી થતાં જ સુખ થાય છે. દુઃખનિવૃત્તિનો અવધિ જાણતાં જ દુઃખ નિવૃત્ત થતું જણાય

છે. દેવોનું રહેઠાણ સ્વર્ગ છે. તેઓ સત્યલોકમાં બ્રહ્માજી પાસે આવ્યા હતા. ત્યાંથી પાછા પોતાના સ્વર્ગલોકમાં પાછા વળ્યા. ૧

આ શ્લોકમાં બે પુત્રોનો જન્મ કહે છે—

दितिस्तु भर्त्तुरादेशादपत्यपरिशङ्किनी ॥
पूर्णे वर्षशते साध्वी पुत्रौ प्रसुषुवे यमौ ॥ २ ॥

અન્વયાર્થ—भर्त्तुः-પતિ કશ્યપ ઋષિના, **आदेशात्**-વચનથી, **अपत्य-परिशङ्किनी**-પુત્રની બાબતમાં ભયની શંકા ધરાવતી, **साध्वी**-સદાચારિણી, **दितिः**-દિતિ દેવીએ, **वर्षशते पूर्णे**-સો વર્ષ પૂર્ણ થતાં, **यमौ पुत्रौ**-જોડકારૂપ બે પુત્રોને, **प्रसुषुवे**-જન્મ આપ્યો. ૨

અનુવાદ—પતિ કશ્યપ ઋષિના વચનથી પુત્રની બાબતમાં શંકા ધરાવતી સદાચારિણી દિતિ દેવીએ સો વર્ષ પૂર્ણ થતાં જોડકારૂપ બે પુત્રોને જન્મ આપ્યો. ૨

તત્ત્વસુધા—दितिस्तु-'तु' અવ્યયથી દિતિમાં હઠીલાપણું દર્શાવ્યું. જો તેનામાં "હઠીલાપણું" ન હોય તો સો વર્ષ સુધી બાળકોને ઉદરમાં રાખી ન શકે. વળી "સતીત્વ" પણ ખરું અન્યથા એકલા હઠીલાપણાથી ગર્ભ ધારણ ન થઈ શકે. મુનિની ઇચ્છા બાળકો જલદી જન્મે તેવી હતી; પણ દિતિને પતિનું વાક્ય હતું કે "लोकान्सपालांस्त्रीन् चण्डि" હે હઠીલી દિતિ! ત્રણલોકને તપાવનાર તારા પુત્રો થશે. આ વાક્યથી ભય લાગ્યો કે પુત્રો જન્મે અને જો ભગવત્પ્રાદુર્ભાવ વિના અન્યને હાથે મરે તો ઠીક નહીં. તેથી ભગવાન 'વરાહના પ્રાકટ્યની પ્રતીક્ષા કરી સો વર્ષનો કાળ પસાર કર્યો. જ્યારે તે સમય આવ્યો અને સો વર્ષ પૂર્ણ થયાં ત્યારે જન્મ આપ્યો.

અથવા દરેકનું સો વર્ષનું આયુષ્ય હોય છે તેટલો સમય મારા ઉદરમાં જ રાખું તેથી તેને કોઈ મારી ન શકે; પછી જન્મ આપું તો કાળને જીતી જનારા તે પુત્રોને કાળ પણ ન મારી શકે, એવો પણ આશય હોય. અથવા સાધ્વી શબ્દથી સૂચવ્યું કે આ પુત્રો વહેલા જન્મે તો જગતને રંજાડે એના કરતાં સો વર્ષ ઉદરમાં રાખું તેટલો સમય ભલે લોક નિર્ભય રહે. ૨

આ શ્લોકથી તેર શ્લોકમાં અનિષ્ટસૂચક ઉત્પાતો વર્ણવે છે—

उत्पाता बहवस्तत्र निपेतुर्जायमानयोः ॥
दिवि भुव्यन्तरिक्षे च लोकस्योरुभयावहाः ॥ ३ ॥

અન્વયાર્થ—जायमानयोः-બન્નેનો જન્મ થયો હતો ત્યારે, **तत्र**-ત્યાં, **लोकस्य**-લોકોને, **उरुभय-आवहाः**-અત્યંત ભય કરાવનારા, **बहवः**-અનેક, **उत्पाताः**-ઉત્પાતો, **दिवि**-સ્વર્ગમાં, **भुवि**-ભૂમિમાં, **च अन्तरिक्षे**-અને આકાશમાં, **निपेतुः**-થયા. ૩

અનુવાદ—જ્યારે બન્નેનો જન્મ થયો ત્યારે લોકોને પુષ્કળ ભયભીત બનાવનારા, અસંખ્ય ઉત્પાતો સ્વર્ગમાં, પૃથ્વીમાં અને અન્તરિક્ષમાં થવા લાગ્યા. ૩

તત્ત્વસુધા—"उत्पाता बहवः"—અધિકમાસ સાથે તેર માસ આવે છે. તે તેર માસનું સંવત્સર તેમના જન્મ સમયે હશે, તેથી ૧૩ શ્લોક વર્ણવ્યા છે. અથવા તેર તેર પ્રકારનો અનિષ્ટ કાલ આવ્યો એમ સૂચવવા તેર શ્લોકો હશે.

"तत्र"—આ અવ્યયથી 'तत्र' એટલે આશ્રમમાં ઉત્પાતો થયા એમ પણ અર્થ છે અને तत्र એટલે ત્યારે ઉત્પાતો થયા એવો પણ અર્થ છે. સ્વર્ગ, પૃથ્વી અને અન્તરિક્ષમાં ઉત્પાતો થયા.

च—અવ્યયથી દરેક શરીરમાં ઉપદ્રવો થયા, અને પશુઓથી પણ ઉપદ્રવો થયા એવું વર્ણવ્યું. **लोकस्य** એટલે સર્વલોકોને અથવા સજ્જનોને ભય પેદા કર્યો એવા લોકશબ્દના બે અર્થ થાય. ૩

सहाचला भुवश्चेलुर्दिशः सर्वाः प्रजज्वलुः ॥
सोल्काश्चाशनयः पेतुः केतवश्चार्तिहेतवः ॥ ४ ॥

અન્વયાર્થ—सह अचलाः-પર્વતો સાથે, **भुवः**-પૃથ્વીઓ, **चेलुः**-કંપવા લાગી. **सर्वाः दिशः**-સમગ્ર દિશાઓ, **प्रजज्वलुः**-સળગવા લાગી, **च सोल्काः**-અને ઉંબાડિયાં સાથે, **अशनयः**-વજ્રો, **च**-તેમજ, **अर्ति-हेतवः**-પીડા કરનારા, **केतवः**-ધૂમકેતુઓ, **पेतुः**-પડવા લાગ્યા. ૪

અનુવાદ—પર્વતો સાથે પૃથ્વીઓ કંપવા લાગી. સમગ્ર દિશાઓ સળગવા લાગી અને ઉંબાડિયાં સાથે વજ્રો તેમ જ પીડાકારી ધૂમકેતુઓ પડવા લાગ્યા. ૪

તત્ત્વસુધા—सहाचला भुवश्चेलुः—પર્વતો સાથે પૃથ્વીઓ કંપવા લાગી. આ વાક્યમાં भुवः બહુવચન વાપર્યું છે તેથી લાગે છે કે પર્વતો સાથે નીચેની ભૂમિઓ કટકા બની કાંપવા લાગી. એકલો ધરતીકંપ હોત તો એકવચન વાપરત.

सर्वाः दिशः—સર્વ દિશાઓ અન્તરિક્ષમાં સળગવા લાગી. દિશાઓ અન્તરિક્ષમાં રહે છે. કેવલ ધુમાડા ન હતા કિન્તુ જ્વાલાઓ હતી. अशनयः એટલે વજ્રો પડવા લાગ્યાં, અને केतवः એકસો ધૂમકેતુઓ પડવા લાગ્યા. આ બધા सोल्काः નક્ષત્રો સાથે હતા. "ઉલ્ક" એટલે ઉંબાડિયાં અગ્નિ જેવાં નક્ષત્રરૂપ હોય છે. તે નક્ષત્રોની સાથે॰ अशनयः અને केतवः વગેરે પડવા લાગે ત્યારે તો ભય ઉત્પન્ન કરાવે જ. તેમાં ધૂમકેતુને આકાશમાંથી પડતો જુએ તેમને દેહે પીડા થાય છે. આ બધા સાથે પડતાં જોતાં વધુ ભય કરનારા બન્યા. ૪

આ શ્લોકમાં ભૌતિક ઉત્પાતો વર્ણવે છે—

वायुर्ववौ[1] सुदुःस्पर्शः फट्कारा[2]नीरयन्मुहुः ॥
उन्मूलयन्नगपतीन् वात्यानीको रजोध्वजः ॥ ५ ॥

અન્વયાર્થ—मुहुः-વારંવાર, **फट्कारान्**-સૂસવાટા મારતો, **सुदुःस्पर्शः**-દુઃખકર સ્પર્શવાળો-કઠોર, **वायुः**-વાયરો, **ववौ**-વાવા લાગ્યો. **रजोध्वजः**-ધૂળરૂપી ધજાવાળો, **वात्यानीकः**-વંટોળિયો, **नगपतीन्**-વૃક્ષોને-પર્વતોને, **उन्मूलयन्**-ઉખાડી નાખતો વાવા લાગ્યો. ૫

અનુવાદ—વારંવાર સિત્કાર કરતો દુઃખદ સ્પર્શવાળો કઠોર વાયરો વાવા લાગ્યો. અને ચારે બાજુ ધૂળ ઉરાડતો વંટોળિયો વૃક્ષોને ઉખાડી નાખતો ફાટી નીકળ્યો. ૫

તત્ત્વસુધા—"ववौ वायुः"—એ પ્રકારે વાયરા વાવા લાગ્યા. એક સતત સેંકડો ગાઉની ઝડપે વાયરો વાવા લાગ્યો અને બીજો ધૂળવાળો વંટોળિયો વાવા લાગ્યો. બન્ને વાયુનો સ્પર્શ અતિશય કઠોર હતો. फट्कारान् અને फूत्कारान् એવા બે પાઠ છે.

नगपतीन् નો અર્થ વૃક્ષો તેમજ પર્વતો એવો થાય છે. પવન પર્વતોને ઉખાડી નાખે તેવો ઉગ્ર હતો તે ઉત્તમ વૃક્ષોને ઉખેડી નાખે છે. જ્યારે ઉત્તમ વૃક્ષો ઊખડી જાય ત્યારે તે રાજાને માથે ભય ગણાય છે. ૫

---

[1] ववौ वायुः प्रा. पा. । [2] –फूत्कारान् इति प्रा. पाठः ।

આ શ્લોકમાં મેઘોના ઉપદ્રવો વર્ણવે છે—

उद्धसत्तडिदम्भोद-घटया नष्टभागणे ॥
व्योम्नि प्रविष्टस्तमसा न स्म व्यादृश्यते पदम् ॥ ६ ॥

અન્વયાર્થ – उद्-हसत्-तडिद्-अम्भोद-घटया–મોટેથી હસતી વીજળીવાળા મેઘોની ઘટાથી, **नष्ट-भागणे**–તેજોરાશિનો નાશ થઈ રહ્યો હતો એવા, **व्योम्नि**–આકાશમાં, **प्रविष्टः तमसा**–પ્રવેશેલા અંધકારને લીધે, **पदम्**–કોઈ પણ સ્થાન, **न व्यादृश्यते स्म**–દેખાતું નથી જ. ૬

અનુવાદ—મોટા ઝબકારા મારતી વીજળીવાળા મેઘોની ઘટાથી તેજોરાશિનો નાશ થઈ રહ્યો હતો એવા આકાશમાં પ્રવેશેલા ઘોર અંધકારથી કોઈ પણ સ્થાન દેખાતું ન હતું. ૬

તત્ત્વસુધા—"उद्धसत्तडिदम्भोद"—આકાશમાં ઝબકારા મારતી મોટી વીજળીઓ વાદળો સાથે તૂટી પડવા લાગી, તેથી આકાશમાં અંધકાર છવાઈ ગયો. તારાઓનું કે નક્ષત્રોનું સ્થાન દેખાતું જ ન હતું. ભયંકર અંધકાર છવાઈ ગયો હતો. સામાન્ય રીતે આ દૃશ્ય જોતાં જ સર્વના જીવ પડીકે બંધાવા લાગ્યા. ૬

આ શ્લોકમાં સાગરના ખળભળાટો બતાવે છે—

चुक्रोश विमना वार्धिरुदूर्मिः[2] क्षुभितोदरः ॥
सोदपानाश्च सरितश्चुक्षुभुः शुष्कपङ्कजाः ॥ ७ ॥

અન્વયાર્થ—उद्-ऊर्मिः–ઊંચા મોજાવાળો, **क्षुभित-उदरः**–ખળભળેલા અંદરના ભાગવાળો, **वार्धिः**–જલનિધિ, **चुक्रोश**–આક્રન્દ કરવા લાગ્યો. **शुष्क-पङ्कजाः**–સૂકાયેલ પંકજવાળી, **सरितः**–સરિતાઓ, **च**–તેમજ, **सोदपानाः**–સરોવરો, **चुक्षुभुः**–ખળભળવા લાગ્યાં. ૭

અનુવાદ—ઊંચા મોજાવાળો અને અંદરથી ખળભળી ઊઠેલો મહાસાગર આક્રન્દ કરવા લાગ્યો, અને સુકાયેલ કમળવાળી સરિતાઓ તેમ જ સરોવરો ખળભળાટ કરવા લાગ્યાં. ૭

તત્ત્વસુધા—જલનાં અનિષ્ટો પણ જોવામાં આવ્યાં. वार्धिः સમુદ્રનું નામ છે. જલચર પ્રાણીઓને જલમાં પણ પીડા થવા લાગી, તેથી સાગરમાં પણ ખળભળાટ મચ્યો. स-उदपानाः–નાનાં જલાશયો અને કૂપ વગેરે જલાશયોને "उदपान" શબ્દથી ઓળખાવે છે. કમળો સુકાઈ જાય તે પણ અમંગલસૂચક છે. ૭

આકાશના ઉત્પાતો ગણાવે છે—

मुहुः परिधयोऽभूवन् सराहोः शशिसूर्ययोः ॥
[3]निर्घातो रथनिर्ह्रादा विवरेभ्यः प्रजज्ञिरे ॥ ८ ॥

અન્વયાર્થ—सराहोः–રાહુ સાથે, **शशि-सूर्ययोः**–ચન્દ્ર અને સૂર્યમાં, **परिधयः**–કુંડાળાં, **मुहुः**–વારંવાર, **अभूवन्**–થવા લાગ્યાં, **निर्घातः**–વાદળ વિનાની વીજળી પડવા લાગી, **विवरेभ्यः**–ગુફાઓમાંથી, **रथ-निर्ह्रादाः**–રથના જેવા અવાજ, **प्रजज्ञिरे**–થયા. ૮

અનુવાદ—રાહુ સાથે ચન્દ્રનાં તેમ જ સૂર્યનાં કુંડાળાં વારંવાર થવા લાગ્યાં. વાદળ વિનાની વીજળી પડવા લાગી. ગુફાઓમાંથી રથના ધ્વનિ જેવા પડઘા થયા. ૮

તત્ત્વસુધા—सराहोः–રાહુથી ગળાએલ ચન્દ્ર અને સૂર્યમાં કુંડાળાં જોવા મળ્યાં. निर्घातः શબ્દનો અર્થ છે વાદળાં વીનાની વીજળીનું પડવું. વાદળાં વિનાની વીજળી પડતાં સર્વત્ર અગ્નિ સળગે છે.

---

[1] तमसः इति प्रा. पा. । [2] -रूर्मिभिः प्रा. पा. । [3] निर्घाताः इति प्रा. पाठः ।

रथ-निर्ह्रादा विवरेभ्यः–વિવરોમાંથી રથના નાદ જેવા તીવ્ર અવાજો થવા લાગ્યા. વિવરના પાતાલ ગુફા અને સર્પનાં દર એવા ત્રણ અર્થ થાય છે. આ ત્રણે સ્થાનોમાંથી ધ્વનિ થવા લાગ્યા. ૮

હવે પશુઓનાં અમંગળ રુદનો વર્ણવે છે—

अन्तर्ग्रामेषु मुखतो वमन्त्यो वह्निमुल्बणम् ॥
शृगालोलूकटङ्कारैः प्रणेदुरशिवाः शिवाः ॥ ९ ॥

અન્વયાર્થ—अन्तः-ग्रामेषु-ગામોની અંદર, **मुखतः**-મુખમાંથી, **उल्बणम्**-ભયંકર, **वह्निम्**-અગ્નિ, **वमन्त्यः**-બહાર ઓકતી, **अशिवाः**-અમંગલ અવાજ કરતી, **शिवाः**-શિયાળવીઓ. **शृगाल-उलूक-टङ्कारैः**-શિયાળ અને ઘુવડના અવાજો સાથે, **प्रणेदुः**-રડવા લાગી. ૯

અનુવાદ—ગાયોની અંદર મુખમાંથી ઊના અંગારાઓને બહાર કાઢતી શિયાળવીઓ શિયાળ અને ઘુવડની સાથે અમંગલ અવાજો કરવા લાગી. ૯

તત્ત્વસુધા—શિયાળનું દર્શન જ અમંગલ છે. તેનો ધ્વનિ અમંગલસૂચક છે. તેમાં પણ શિયાળોનું મુખમાંથી અગ્નિનું ઓકવું અને ક્રૂર રડવું એ દુકાળ કે વિનાશનું સૂચન કરનારું બને છે. ૯

संगीतवद्रोदनवदुन्नमय्य शिरोधराम् ॥
व्यमुञ्चन् विविधा वाचो ग्रामसिंहास्ततस्ततः ॥ १० ॥

અન્વયાર્થ—ग्रामसिंहाः-કૂતરાઓ, **शिरोधराम्**-ડોકને, **उन्नमय्य**-ઊંચી કરીને, **संगीतवत्**-સંગીતના જેવી, **रोदनवत्**-અને રુદનના જેવી, **विविधाः वाचः**-જુદી જુદી વાણી, **ततः ततः**-ત્યાં ત્યાં-ઠેકાણે ઠેકાણે, **व्यमुञ्चन्**-બોલવા લાગ્યા. ૧૦

અનુવાદ—કૂતરાઓ ઊંચી ડોક કરીને સંગીતના જેવી અને રુદન જેવી વિવિધ પ્રકારની વાણી ઠેકાણે ઠેકાણે બોલવા લાગ્યા. ૧૦

તત્ત્વસુધા—કૂતરાઓનું ઊંચું જોઈ એવું ભસવું કોઈ અમંગલ અને ક્રૂર તત્ત્વોનું અવતરણ કે અન્તરિક્ષના ઉત્પાતોની આગાહી કરનારું હોય છે તે સૂચવતી વસ્તુ આ સ્થાને રજૂ કરી કે " ग्रामसिंहाः शिरोधराम् " ગ્રામસિંહ એટલે ગામમાં જ ભસવા માટે શૂર પણ ગામ બહાર જતા ગરીબ બની જતા શ્વાન રડવા લાગ્યા. ૧૦

આ શ્લોકમાં ગધેડાની કુચેષ્ટાઓનાં અનિષ્ટ ગાયાં છે—

खराश्च कर्कशैः क्षत्तः खुरैर्घ्नन्तो धरातलम् ॥
खार्काररभसो मत्ताः पर्यधावन्वरूथशः ॥ ११ ॥

અન્વયાર્થ—क्षत्तः-હે વિદુરજી, **कर्कशैः**-કઠોર, **खुरैः**-ખરીઓથી, **धरा-तलम्**-પૃથ્વીની પીઠને, **घ्नन्तः**-ઠોકતા, **खार्कार-रभसा**-ભૂંકવાના બલથી, **मत्ताः**-ગાંડા બનેલા, **खराः**-ગધેડાઓ, **वरूथशः**-ટોળે મળીને, **पर्यधावन्**-ચોતરફ દોડવા લાગ્યા. ૧૧

અનુવાદ—હે વિદુરજી ! કઠોર ખરીઓથી પૃથ્વીની પીઠને ઠોકતા, ભૂંકવાના બલથી ગાંડા બનેલા ગધેડાઓ ટોળે મળી ચોતરફ દોડવા લાગ્યા. ૧૧

---

[१] -रशिवं इति प्रा. पाठः ।

તત્ત્વસુધા—"खराश्व" ખર એટલે ગધેડા. ख-એટલે પાછલા પગથી જમીનને ઠોકે અને र એટલે ભૂંકે એ બે પ્રકૃતિનો પ્રકોપ જ્યારે એ જાતિમાં જોવામાં આવે ત્યારે કોઈક અનિષ્ટ સૂચવે છે. કોઈ એવા "ખલ અને ક્રૂર" પ્રાણીઓનો જન્મ સૂચવે છે. ૧૧

આ શ્લોકમાં પક્ષીઓના ભયનું વર્ણન છે—

रुदन्तो रासभत्रस्ता नीडादुदपतन् खगाः ॥
घोषेऽरण्ये च पशवः शकृन्मूत्रमकुर्वत ॥ १२ ॥

અન્વયાર્થ—रासभ-त्रस्ताः-ગધેડાથી ભયભીત થયેલા, **खगाः**-પક્ષીઓ, **रुदन्तः**-રડતાં રડતાં, **नीडात्**-માળામાંથી, **उदपतन्**-ઊડયા. **घोषे**-નેસડામાં, **अरण्ये**-અરણ્યમાં, **पशवः**-પશુઓ, **शकृत्-मूत्रम्**-મલમૂત્રને **अकुर्वत**-કરતાં હતાં. ૧૨

અનુવાદ—ગધેડાથી ભય પામેલાં પંખીડાં રડતાં રડતાં માળામાંથી ઊડવા લાગ્યાં અને નેસડામાં, અરણ્યમાં પશુઓ મલમૂત્ર કરવા લાગ્યાં. ૧૨

તત્ત્વસુધા—रुदन्तो रासभत्रस्ताः-જ્યારે ગધેડાઓ દોડે ત્યારે માળામાં બેઠેલા પંખીડાં પણ ભયભીત બને છે. તેઓ રડતાં રડતાં સંદેશો આપવા દોડે છે કે હે સજ્જનો, બ્રાહ્મણો, ગાયો, સાવધ બનો. કોઈ આક્રમણ આવી રહેલ છે.

घोषेऽरण्ये-પશુઓ વારંવાર મલમૂત્ર જમીન ઉપર છોડે ત્યારે મોટા રોગો અને ઉપદ્રવો થશે એમ સૂચવે છે. ૧૨

આ શ્લોકમાં ચાર અનિષ્ટ દર્શાવ્યા છે—

गावोऽत्रसन्नसृग्दोहास्तोयदाः पूयवर्षिणः ॥
व्यरुदन् देवलिङ्गानि द्रुमाः पेतुर्विनाऽनिलम् ॥ १३ ॥

અન્વયાર્થ—गावः-ગાયો, **अत्रसन्**-ત્રાસ પામતી હતી, **असृग्-दोहाः**-રુધિર દૂઝવા લાગી, **तोयदाः**-જલ દેનારા મેઘો, **पूयवर्षिणः**-પરુ વર્ષવા લાગ્યા, **देव-लिङ्गानि**-દેવપ્રતિમાઓ-**व्यरुदन्**-રડવા લાગી, **द्रुमाः**-વૃક્ષો, **अनिलम्**-પવન, **विना**-વગર, **पेतुः**-પડવા લાગ્યાં. ૧૩

અનુવાદ—ગાયો ગભરાવા લાગી, રુધિર દૂઝવા લાગી. જલ દેનારા મેઘો પરુ વર્ષવા લાગ્યા, દેવપ્રતિમાઓ રડવા લાગી. વિના વાયુએ વૃક્ષો પડવા લાગ્યાં. ૧૩

તત્ત્વસુધા—गावोऽत्रसन्-ગાયોનું ગભરાવું સ્ત્રીઓ માટે ગર્ભપાતનું સૂચન છે. રુધિરનું દૂઝવું દૂધનો દુકાળ અને માતાઓ બાળકોને પોતાનાં દૂધ નહીં પાય એનું સૂચન કરે છે. व्यरुदन् देव-लिङ्गानि-દેવપ્રતિમાઓનું અશ્રુ સારવું સન્તોને અને સન્માર્ગગામીઓને માટે ભયસૂચક છે. વૃક્ષોનું પડવું મોટા પુરુષોના અકાળ મૃત્યુને દર્શાવે છે. ૧૩

આ શ્લોકમાં ગ્રહસંમર્દ વર્ણવ્યો છે—

ग्रहान्पुण्यतमानन्ये भगणांश्चापि दीपिताः ॥
अतिचेरुर्वक्रगत्या युयुधुश्च परस्परम् ॥ १४ ॥

---

१ भगणांश्चापि इति प्रा. पाठः ।

અન્વયાર્થ—**पुण्यतमान्**-ગુરુ-બુધ-શુક્ર વગેરે, **ग्रहान्**-ગ્રહોને જોઈ ને, **अन्ये**-બીજા ક્રૂર ગ્રહો, **पेतुः**-તેમના ઉપર પડવા લાગ્યા. **भगणाः**-નક્ષત્રો, **अपि**-પણ, **दीपिताः**-ક્રોધથી સળગતા થઈ, **वक्रगत्या**-અવળી ગતિથી, **अतिचेरुः**-ઉલ્લંઘન કરવા લાગ્યા, **च**-અને, **परस्परम्**-એકબીજા સાથે, **युयुधुः**-યુદ્ધ કરવા લાગ્યા. ૧૪

અનુવાદ—ગુરુ, બુધ, શુક્ર જેવા ગ્રહો ઉપર ક્રૂર ગ્રહો પડવા લાગ્યા. નક્ષત્રો પણ સળગતાં થઈ અવળી ગતિથી અતિચાર કરવા લાગ્યાં. અને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યાં. ૧૪

તત્ત્વસુધા—ग्रहान् पुण्यतमान्-શુભ્ર ગ્રહોને ક્રૂર ગ્રહો પીડવા લાગ્યા. पेतुः-ક્રિયાપદ ઉપરના શ્લોકમાંથી લાવવું. નક્ષત્રો ઉગ્ર બની અવાતગતિથી એકબીજાને ઉલ્લંઘી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યાં. આનું ફળ દૈવાસુર-સંગ્રામ અવશ્ય થશે એમ સૂચવ્યું છે. ૧૪

दृष्ट्वान्यांश्च महोत्पातानतत् तत्त्वविदः प्रजाः ॥
ब्रह्मपुत्रानृते भीताँ मेनिरे विश्वसंप्लवम् ॥ १५ ॥

અન્વયાર્થ—**अन्यान् च**-અને બીજા, **महोत्पातान्**-મહાન્ ઉત્પાતોને, **दृष्ट्वा**-નિહાળીને, **ब्रह्मपुत्रान्**-બ્રહ્માજીના પુત્ર સનત્કુમારોને, **ऋते**-છોડી, **अतत् तत्त्वविदः**-આનું રહસ્ય ન જાણનારી, **प्रजाः**-પ્રજા, **भीताः**-ભયભીત બનીને, **विश्व-संप्लवम्**-વિશ્વપ્રલયને, **मेनिरे**-માનવા લાગી. ૧૫

અનુવાદ—અને બીજા મોટા ઉત્પાતોને નિહાળીને ચાર સનત્‌કુમારો સિવાય આનું રહસ્ય ન જાણનારી પ્રજા ભયભીત બની વિશ્વનો પ્રલય માનવા લાગી. ૧૫

તત્ત્વસુધા—अन्यान्महोत्पातान्-બીજા પણ ગ્રહોનો સંમર્દ જોયો. સૂર્ય-ચન્દ્રનાં પણ પતન જોયાં. જરૂર વિશ્વનો પ્રલય થશે એમ સર્વ પ્રજાએ માની લીધું. જ્યારે શાપ આપનાર ચાર કુમારો જ આ ઉત્પાતોનું રહસ્ય જાણતા હતા તેથી તેઓ નવાઈ ન પામ્યા. ૧૫

એ આદિદૈત્યો જન્મ્યા ને વધ્યા એ વાત આ શ્લોકમાં કહી—

तावादिदैत्यौ सहसा व्यज्यमानात्मपौरुषौ ॥
ववृधातेऽश्मसारेण कायेनाद्रिपती इव ॥ १६ ॥

અન્વયાર્થ—**सहसा**-એકાએક, **व्यज्यमान-आत्मपौरुषौ**-પ્રકટ થતા પોતાના પરાક્રમવાળા, **तौ**-તે, **आदिदैत्यौ**-આદિદૈત્યો, **अश्मसारेण**-પથ્થર જેવા દૃઢ, **कायेन**-દેહથી, **अद्रिपती इव**-બે પર્વતરાજ જેવા, **ववृधाते**-વધવા લાગ્યા. ૧૬

અનુવાદ—એકાએક પ્રકટ થતા પરાક્રમવાળા, તે બે આદિદૈત્યો પથ્થર જેવા દૃઢ દેહથી મોટા બે પર્વતોની માફક વધવા લાગ્યા. ૧૬

તત્ત્વસુધા—आदिदैत्यौ-આદિદૈત્ય શબ્દનો અર્થ વિચારવા જેવો છે. પ્રથમ જન્મમાં તો તેઓ પાર્ષદો હતા. પછી આદિદૈત્ય શી રીતે ઘટે? દિતિના પુત્રોમાં તેઓ આદિ-પ્રથમ હતા તેથી આદિદૈત્ય કહ્યા. सहसा-બે દૈત્યો એકાએક વધવા લાગ્યા. વધતી વખતે કારણ અને કાલ બેની અપેક્ષા નહોતી રાખી તેથી એકાએક વધ્યા એમ કહ્યું છે. ૧૬

व्यज्यमानात्मपौरुषौ—આ વાક્યના ત્રણ અર્થ થાય છે : (૧) **व्यज्यमानमात्मनि पौरुषं ययोस्तौ**–બન્ને પોતાનામાં પોતાના પરાક્રમને બતાવતા હતા. (૨) **व्यज्यमानात्मनौ पुरुषौ वा**-તેઓ પૂર્વ જન્મમાં સારૂપ્ય પામેલા તેથી આ વખતે પણ તેવા જ દેહવાળા દેખાયા. (૩) **व्यजमान आत्मनि पुरुषः**–પોતાનામાં પુરુપ એટલે ભગવાનને ધારણ કરતા તે બે દૈત્યો પ્રકટ થયા, તેથી તો તેઓ ભગવાનના જેવી વૈજયન્તીમાળા વગેરે વાળા હતા. ૧૬

બન્ને દૈત્યોના વિશાલ દેહનું વર્ણન કરે છે—

दिविस्पृशौ हेमकिरीटकोटिभिर्निरुद्धकाष्ठौ स्फुरदङ्गदाभुजौ[1] ॥
गां कम्पयन्तौ चरणैः पदे पदे कट्या सुकाञ्च्यार्कमतीत्य तस्थतुः ॥१७॥

અન્વયાર્થ—हेम-किरीट-कोटिभिः–સુવર્ણના મુકુટના અગ્રભાગથી, **दिविस्पृशौ**–સ્વર્ગને સ્પર્શતા, **निरुद्ध-काष्ठौ**-શરીરથી દિશાઓને ભરી દેતા, **स्फुरद्-अङ्गद-आभुजौ**–ચળકતી બાજુબંધ યુક્ત ભુજાઓવાળા, **चरणैः**–ચરણોથી, **पदे पदे**–પગલે પગલે, **गाम्**–પૃથ્વીને, **कम्पयन्तौ**–કંપાવતા, **सुकाञ्च्या** સુંદર કંદોરાવાળી, **कट्या**–કટિથી, **अर्कम्**–સૂર્યને, **अतीत्य**–ઓળંગીને, **तस्थतुः**–રહ્યા હતા. (ઇંદ્રવંશાવૃત્ત) ૧૭

અનુવાદ—આ બે દૈત્યો સુવર્ણના મુકુટના અગ્ર ભાગથી સ્વર્ગને સ્પર્શતા, અને વિશાલ દેહથી દિશાઓને રોકી લેતા ચળકતી બાજુબંધયુક્ત ભુજાવાળા, ચરણોથી પગલે પગલે પૃથ્વીને કમ્પાવતા, સુંદર કંદોરાવાળી કેડથી સૂર્યને ઓળંગીને રહ્યા હતા. ૧૭

તત્ત્વસુધા—दिविस्पृशौ-ઊંચાઈ તો સ્વર્ગને પહોંચતી હતી. માથે સોનાના મુકુટ મૂકયા હતા. જેના અગ્રભાગો આકાશને ચૂમતા હતા. લોભના બે અંશો છે : એક હિરણ્યાક્ષ અને બીજો હિરણ્યકશિપુ. એક સિંહનું સ્વરૂપ છે, બીજો ભોગનું સ્વરૂપ છે. એ તેની વ્યાપકતા સ્વર્ગલોક સુધીની છે તેથી તેમનાં માથાં સ્વર્ગને સ્પર્શે છે.

निरुद्धकाष्ठौ–દેહની વિપુલતા ગજબ હતી, તેથી તેઓએ દશે દિશાઓ ઘેરી લીધી હતી. લોભ દુનિયાના દશે ખૂણે અર્થ પ્રાપ્ત કરવા પથારા પાથરે છે. આમ બન્નેએ દશે દિશાઓ કબજે કરી હતી.

स्फुरदङ्गदाभुजौ–બલવાન પણ તેવા જ હતા. બલનું દર્શન બાજુબંધથી દીપતા બાહુથી સમજાય છે તેથી બન્નેનું બાહુબલ પણ બેનમૂન હતું. अङ्गद શબ્દ સ્ત્રીલિંગ કે પુંલિંગે લઈએ તો પણ अकार હ્રસ્વ શબ્દ છે તો અહીં **अङ्गदा** કેવી રીતે બને એવી શંકા ન કરવી. आभुजौ પદ નીકળે છે અને તેમના હાથ ભગવાન જેવા " આજાનુબાહુ " બતાવ્યા છે. અથવા सुपां सुलुक् થી આકારાદેશ સમજવો. गां कम्पयन्तौ–પગથી પૃથ્વીને ધ્રુજાવતા હતા એમ કહી તેમની પરાક્રમકથા કહી. તેમની કેડ સૂર્યમંડલને સ્પર્શતી તેથી મધ્યભાગ સૂર્યમંડલમાં આવતો એટલો દેહ ઊંચો સૂચવ્યો. ૧૭

प्रजापतिर्नाम तयोरकार्षीद्यः प्राक् स्वदेहाद्यमयोरजायत ॥
तं वै हिरण्यकशिपुं विदुः प्रजा यं तं हिरण्याक्षमसूत साग्रतः ॥१८॥

અન્વયાર્થ—प्रजापतिः–બ્રહ્માજીએ, **तयोः**–તે બેનાં, **नाम**–નામ, **अकार्षीत्**–પાડયાં, **यमयोः**–બેમાંથી, **यः**–જે, **प्राक्**–પ્રથમ, **स्व-देहात्**–પોતાના દેહમાંથી, **अजायत**–જન્મ પામ્યો, **तं वै**–તેને, **प्रजाः**–પ્રજાજનો, **हिरण्यकशिपुम्**–હિરણ્યકશિપુ નામે, **विदुः**–જાણે છે, **यं सा**–અને જેને દિતિએ, **अग्रतः**–પહેલાં, **असूत**–જન્મ આપ્યો, **तं हिरण्याक्षम्**–તેને હિરણ્યાક્ષ નામે જાણે છે. (ઇંદ્રવંશાવૃત્ત) ૧૮

---

[1] –दावुभौ प्रा. पा. ।

અનુવાદ—પ્રજાપતિએ એનાં નામ રાખ્યાં. આ જોડકામાંથી જે પોતાના દેહમાંથી પ્રથમ ઉત્પન્ન થયેલો તેને ખરેખર પ્રજાએ હિરણ્યકશિપુ જાણ્યો. અને દિતિએ જેને પ્રથમ જન્મ આપ્યો તેને હિરણ્યાક્ષ જાણ્યો. ૧૮

તત્ત્વસુધા—હિરણ્યાક્ષ નાનો ભાઈ છે. હિરણ્યકશિપુ મોટો ભાઈ છે. જોડકામાં જે પ્રથમ જન્મે તે મોટો મનાય છે. પિતામાંથી માતૃદેહમાં પ્રવેશતા વીર્યના બે વિભાગ થતાં જે પ્રથમ ભાગનું વીર્ય દેહમાં પ્રવેશે તે જન્મે છે પછીથી. અને માતાના દેહમાંથી જે પ્રથમ જન્મે છે તેનો પ્રવેશ થયેલ હોય છે પછીથી. આ વસ્તુ શ્લોકમાં સ્પષ્ટ કરી છે. જો કે આ બન્નેનો પ્રજાપતિના વીર્યમાં પ્રવેશ થયેલો ન હોવા છતાં પાછળથી પ્રવેશેલાં બીજમાં આ બન્ને જયવિજયનો સંબંધ થયેલ એ આશયથી વ્યાસજી ઉપરની વસ્તુ વર્ણવે છે. ૧૮

કેવલ એક શ્લોકમાં પ્રાસંગિક કથા તરીકે હિરણ્યકશિપુનું વર્ણન કરે છે—

चक्रे हिरण्यकशिपुर्दोर्भ्यां ब्रह्मवरेण च ॥
वशे सपालाँल्लोकाँस्त्रीनकुतोमृत्युरुद्धतः ॥१९॥

અન્વયાર્થ—**ब्रह्मवरेण**-બ્રહ્માજીના વરદાનથી, **अकुतोमृत्युः**-કોઈથી પણ મૃત્યુ ન પામતા, **उद्धतः**-તેથી ઉદ્ધત બનેલ, **हिरण्यकशिपुः**-હિરણ્યકશિપુએ, **दोर्भ्यां**-બે હાથથી, **सपालान् त्रीन् लोकान्**-લોકપાલો સહિત ત્રણે લોકને, **वशे च चक्रे**-સ્વાધીન કર્યા અને ભોગવવા લાગ્યો. ૧૯

અનુવાદ—બ્રહ્માજીના વરદાનથી કોઈથી પણ મૃત્યુ ન પામતા હિરણ્યકશિપુએ ઉદ્ધત થઈને પોતાના બાહુબળથી લોકપાલો સાથે ત્રણે લોક વશ કર્યા અને તેને ભોગવવા લાગ્યો. ૧૯

તત્ત્વસુધા—अकुतोमृत्युः-જય-વિજય ભગવાનના પાર્ષદ હતા. તેમાંથી આ હિરણ્યકશિપુ છે. તેથી તે ભગવાનના ધામમાં જવાનો હોવાથી તેનું મૃત્યુ નથી થવાનું માટે તે નિર્ભય છે. વળી બ્રહ્માજીના વરદાનથી પણ તે નિર્ભય છે માટે જ ઉદ્ધત બન્યો છે. મોક્ષ અને ધર્મ નામના બે હાથ તેની પાસે નથી. જેનું જ્ઞાનાદિથી દેહત્યાગરૂપ મૃત્યુ ન હોય તેને મોક્ષ ક્યાંથી? જે ઉદ્ધત છે તેની પાસે ધર્મ ક્યાંથી? લોભીનો મોક્ષ પણ ન થાય અને લોભીથી ધર્મ પણ ન થાય. ૧૯

આ શ્લોકમાં હિરણ્યાક્ષ રોજ યુદ્ધને જ શોધતો હતો એ વાત સૂચવે છે—

हिरण्याक्षोऽनुजस्तस्य प्रियः प्रीतिकृदन्वहम् ॥
गदापाणिर्दिवं यातो युयुत्सुर्मृगयन् रणम् ॥२०॥

અન્વયાર્થ—**प्रियः**-પ્રિય તેમજ, **तस्य**-તે હિરણ્યકશિપુનો, **प्रीतिकृद्**-પ્રીતિ ઉત્પન્ન કરનારો, **अनुजः**-નાનો ભાઈ, **हिरण्याक्षः**-હિરણ્યાક્ષ, **युयुत्सुः**-યુદ્ધ કરવાની ઇચ્છાવાળો, **रणं मृगयन्**-લડાઈને શોધતો, **गदापाणिः**-હાથમાં ગદા લઈને, **अन्वहम्**-રોજ, **दिवं यातः**-સ્વર્ગમાં જતો. ૨૦

અનુવાદ—હિરણ્યકશિપુનો પ્રિય તેમજ પ્રીતિ સંપાદન કરનારો નાનો ભાઈ હિરણ્યાક્ષ યુદ્ધ કરવાની ઇચ્છાવાળો, લડાઇને શોધતો હાથમાં ગદા લઈને રોજ સ્વર્ગમાં જતો. ૨૦

તત્ત્વસુધા—हिरण्याक्षोऽनुजस्तस्य-જે શક્તિ અને સ્વભાવ હિરણ્યકશિપુમાં હતાં તે જ શક્તિ અને તેવો જ સ્વભાવ તેના નાના ભાઈ હિરણ્યાક્ષમાં પણ હતાં, તે अनुजः નાનાભાઈ એવી ઓળખાણથી સૂચવ્યું. દેવોની ઇચ્છા તેની સાથે યુદ્ધ કરવાની ન હતી; પણ આ તો गदापाणिः હાથમાં ગદા લઈને રોજ સ્વર્ગમાં જતો કે કોઈ પણ નિમિત્ત મળે તો યુદ્ધ કરવું. ૨૦

तं वीक्ष्य दुःसहजवं रणत्काञ्चननूपुरम् ॥
वैजयन्त्या स्रजा जुष्टमंसन्यस्तमहागदम् ॥२१॥
मनोवीर्यमदोत्सिक्तमसृण्यमकुतोऽभयम् ॥
भीता निलिल्यिरे देवास्तार्क्ष्यत्रस्ता इवाहयः ॥२२॥

અન્વયાર્થ—दुःसह-जवम्-સહન ન થઈ શકે તેવા વેગવાળા, **रणत्-काञ्चन-नूपुरम्**-અવાજ કરતા સુવર્ણના નૂપુરવાળા, **वैजयन्त्या स्रजा जुष्टम्**-વૈજયન્તીમાલાવાળા, **अंस-न्यस्त-महागदम्**-ખભા ઉપર મોટી ગદા રાખેલા, **मनो-वीर्य-मद-उत्सिक्तम्**-ઉત્સાહ, વીર્ય અને મદને લઈને માતેલા બનેલા, **असृण्यम्**-નિરંકુશ, **अकुतोभयम्**-કોઈના પણ ભય વિનાના-નિર્ભય, **तं वीक्ष्य**-તે હિરણ્યાક્ષને, **निरीक्ष्य**-નિહાળીને, **तार्क्ष्य-त्रस्ता**-ગરુડથી ભય પામેલા, **अहयः**-સર્પોની, **इव**-માફક, **भीताः देवाः**-ભયભીત દેવો, **निलिल्यिरे**-છુપાઈ ગયા. ૨૧, ૨૨

અનુવાદ—અસહ્ય વેગીલા, શબ્દ કરતા સુવર્ણના ઝાંઝરવાળા, વૈજયન્તીમાલાને ધારણ કરતા, ખભા ઉપર મોટી ગદા રાખેલા, ઉત્સાહ, વીર્ય અને મદને લીધે માતેલા, નિરંકુશ અને સર્વથા નિર્ભય એવા તે હિરણ્યાક્ષને નિહાળીને ગરુડથી ગભરાયેલા સર્પોની માફક ભયભીત દેવો કયાંય સંતાઈ ગયા. ૨૧, ૨૨

તત્ત્વસુધા—"तं वीक्ष्य"-આ બે શ્લોકોમાં સાત વિશેષણ હિરણ્યાક્ષને આપ્યાં છે—(૧) **दुःसहजवम्**-અસહ્ય વેગીલો, જોતાં જ લઢવાની કે સામે થવાની જીગર ન ચાલે તેવો. (૨) પગમાં ઝાંઝરના ઝણકારા સંભળાયા કરે છે તેથી વારંવાર યુદ્ધોમાં વિજયી બનેલ છે એમ સૂચવ્યું. (૩) वैजयन्त्या स्रजा-વૈજયન્તીમાલા ધારણ કરી છે તેથી "વૈષ્ણવત્વ" જણાવ્યું. (૪) अंसन्यस्तमहागदम्-ખભે ગદાવાળા તરીકે સદા યુદ્ધતત્પરતા બતાવી. (૫) "मनोवीर्यमदोत्सिक्तम्" મનોબલ, બાહુબલ, વરદાન, મદબલના અસહ્ય ગર્વવાળા વિશેષણથી ગર્વિષ્ઠ બતાવ્યો. (૬) असृण्यम्-નિરંકુશ હોવાથી મર્યાદા વિનાનો બતાવ્યો. (૭) "अकुतोभयम्"-વરદાનને લીધે વધુ નિર્ભય બનેલો હતો—આવા હિરણ્યકશિપુને જોતાં જ દેવો પુત્રપરિવારને ત્યજી ચાલ્યા ગયા. ૨૧, ૨૨

स वै तिरोहितान् दृष्ट्वा महसा स्वेन दैत्यराट् ॥
सेन्द्रान् देवगणान् क्लीबानपश्यन् व्यनदद्भृशम् ॥२३॥

અન્વયાર્થ—सेन्द्रान्-ઇન્દ્ર સહિત, **देवगणान्**-દેવગણોને, **स्वेन**-પોતાના, **महसा**-તેજથી, **तिरोहितान्**-છુપાઈ ગયેલા, **दृष्ट्वा**-જાણીને, **सः वै**-ખરેખર તે, **दैत्यराट्**-દૈત્યરાજ, **क्लीबान्**-નપુંસકોને, **न पश्यन्**-ન નિહાળતો, **भृशम्**-અત્યંત, **व्यनदद्**-નાદ કરવા લાગ્યો. ૨૩

અનુવાદ—ઇન્દ્ર સહિત દેવગણોને પોતાના તેજથી સંતાઇ ગયેલા જાણીને, ખરેખર તે દૈત્યરાજ નંપુસકોને ન નિહાળતો અત્યંત નાદ કરવા લાગ્યો. ૨૩

તત્ત્વસુધા—"स वै"-દેવો યદ્યપિ પોતાનાં કાર્યો કર્યા જ કરતા હતા; પરંતુ અભિમાની હિરણ્યાક્ષને કાર્યપરાયણ દેવો જોવા ન મળ્યા. તેણે માન્યું કે મારા તેજથી આ બધા સંતાઈ ગયા છે. સૂર્યના પ્રકાશ વખતે નક્ષત્રો નથી હોતાં એવું તો નથી, પણ તેજથી ઢંકાઈ જાય અને બીજાને ન દેખાય. હિરણ્યાક્ષે પોતાના તેજથી દેવો નાસી ગયા એમ માન્યું. તેથી દેવોને "કલીબ"-નપુંસક માનવા લાગ્યો. પછી તેનૂ ગર્જના કરી, કારણ કે તે માનતો હતો કે તેઓ મારી ગર્જનાથી જ નાશ પામશે. ૨૩

ततो निवृत्तः क्रीडिष्यन् गम्भीरं भीमनिःस्वनम् ॥
विजगाहे महासत्त्वो वार्द्धिं मत्त इव द्विपः ॥२४॥

અન્વયાર્થ—**ततः**-ત્યાંથી, **निवृत्तः**-પાછો ફરીને, **मत्तः द्विपः इव**-મદોન્મત્ત હાથી માફક, **महासत्वः**-મહાબલવાન હિરણ્યાક્ષ, **गंभोरं भीमनिःस्वनम्**-ગંભીર અને ભયંકર ગાજતા, **वार्द्धिम्**-મહાસાગરમાં, **क्रीडिष्यन्**-ક્રીડા કરવાની વૃત્તિથી, **विजगाहे**-કૂદી પડયો. ૨૪

અનુવાદ—ત્યાંથી પાછો ફરીને મદોન્મત્ત હાથીની માફક ઘૂમતો મહાબલવાન હિરણ્યાક્ષ ગંભીર તેમજ ભયંકર ગાજતા મહાસાગરમાં ક્રીડા કરવા કૂદી પડયો. ૨૪

તત્ત્વસુધા—"ततो निवृत्तः" સ્વર્ગમાં ગયેલા હિરણ્યાક્ષે દેવોને ન નિહાળ્યા. તેની ક્રોધપૂર્વક યુદ્ધકામના પૂરી ન થઈ તેથી ત્યાંથી તે પાછો વળ્યો. હવે ક્રીડા કરવાના તરંગમાં આવ્યો. ઘૂઘવતો મહાસાગર તેણે નિહાળ્યો. તેમાં તે કૂદી પડયો.—આ સમયે એક પ્રશ્ન થશે કે તો પૃથ્વી કયાં ગઈ હશે, તો તેનું સમાધાન છે—

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ પદ્મકલ્પમાં જન્મેલા. એક કલ્પ એટલે બ્રહ્માનો એક દિવસ. એક દિવસમાં એક હજાર ચાર યુગો આવે. પ્રત્યેક ચાર યુગની એક ચોકડીમાં મનુષ્યનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષો થાય બ્રહ્માના પદ્મકલ્પમાં જન્મેલા બન્ને દૈત્યોએ મૃત્યુ ઉપર વિજય મેળવેલો તેથી "કલ્પ"ના અંતે તેઓ મરણ નહીં પામેલા. તે પદ્મકલ્પમાં હિરણ્યકશિપુએ ત્રણે લોક તાબે કરેલા. પછી પ્રલયકાલે તેઓ આદિ વરાહકલ્પમાં રસાતલમાં સૂતેલા. આ સમયે આદિ વરાહકલ્પ ચાલુ હતો તેમાં ભૂમિ ઉત્પન્ન થયેલી. બ્રહ્માજીએ તે સમયે થોડા દેવો અને થોડી પ્રજા ઉત્પન્ન કરેલી. હિરણ્યકશિપુ તો તે સમયે સૂઈ રહેલો; પરંતુ નાનો ભાઈ હિરણ્યાક્ષ બ્રહ્માજીના પ્રાતઃકાલમાં સ્વર્ગમાં ગયો. આ વખતે અડધી બનેલી પૃથ્વી પાછી ડૂબી ગઈ, તેથી પૃથ્વી ન રહી એટલે તે હિરણ્યાક્ષ રસાતલમાં ગયો.

આ સમયે મનુ વગેરે સત્યલોકમાં રહેલા. નારદજી પણ સત્યલોકમાં રહેલા. વરુણ દૈત્યોના સ્વામી હોવાથી રસાતલમાં રહેલા. દિતિ રસાતલમાં રહેલી. કશ્યપ સત્યલોકમાં રહેલા હતા. ૨૪

હિરણ્યાક્ષે વરુણ લોકમાં પ્રવેશ કર્યો ત્યારે જલચરોની ભાગાભાગ શરૂ થઈ—

तस्मिन्प्रविष्टे वरुणस्य सैनिका यादोगणाः संन्निधियः ससाध्वसाः ॥
अहन्यमाना अपि तस्य वर्चसा प्रधर्षिता दूरतरं प्रदुद्रुवुः ॥२५॥

અન્વયાર્થ—**तस्मिन् प्रविष्टे**-તેણે સાગરમાં પ્રવેશ કર્યો કે, **वरुणस्य**-વરુણના, **सैनिकाः**-સૈનિકો, **यादोगणाः**-જલચર પ્રાણીઓના ગણો, **सन्निधियः**-નિધિવાળા છતાં-સ્થાનવાળા છતાં, **स-साध्वसाः**-ભયભીત બનેલા, **अहन्यमानाः अपि**-પ્રહાર ન કરવા છતાં પણ, **तस्य**-તેના તેજથી, **प्रधर्षिताः**-બલશૂન્ય બનીને, **दूरतरम्**-ઘણે દૂર, **प्रदुद्रुवुः**-દોડી ગયા. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૫

અનુવાદ—હિરણ્યાક્ષે જલમાં પ્રવેશ કર્યો કે વરુણના સૈનિકો તેમજ જલચર પ્રાણીના ગણો પોતાના સ્થાનવાળા હોવા છતાં બેબાકળા બનીને, પ્રહાર નહોતો થતો છતાં તેના તેજથી દબાઈ ગયેલા ઘણે દૂર દોડી ગયા. ૨૫

તત્ત્વસુધા—तस्मिन्प्रविष्टे-કેટલીક વખત અકારણ અતિશય ભયની કલ્પના કરીને લોકો ભાગાભાગ કરે છે. વરુણ લોકમાં વસનારા સૈનિકો મજબૂત હતા. તેમજ લોકનિવાસી પ્રાણીસમૂહને નિવાસસ્થાન,

---

१ सन्नधियः इति प्रा. पाठः ।

રક્ષણસામગ્રી સર્વ હતું છતાં હિરણ્યાક્ષના તેજથી ડરીને નાશભાગ શરૂ કરી. આ જીવનો સ્વભાવ છે. તેનામાં નિર્ભયતા દુર્લભ છે. ૨૫

હવે હિરણ્યાક્ષ વરુણ દેવતાની નગરીમાં જાય છે તે વસ્તુ લખે છે—

स वर्षपूगानुदधौ महाबलश्चरन्महोर्मीन्[1] श्वसनेरितान्मुहुः ।।
मौर्व्याऽभिजघ्ने[2] गदया विभावरीमासेदिवांस्तात पुरीं[3] प्रचेतसः ॥२६॥

અન્વયાર્થ—सः-તે, **महाबलः**-મહાન બલશાળી, **वर्षपूगान्**-અસંખ્ય વર્ષો સુધી, **उदधौ**-સાગરમાં, **चरन्**-વિચરતો, **श्वसन-ईरितान्**-પોતાના શ્વાસોચ્છ્વાસથી સર્જેલા, **महोर्मीन्**-મોટાં મોજાંને, **मौर्व्या-गदया**-ઘાસથી બાંધેલી ગદાથી, **अभिजघ्ने**-પ્રહાર કરવા લાગ્યો. પછીથી, **तात**-હે તાત, તે, **प्रचेतसः**-વરુણની, **पुरीम् विभावरीम्**-નગરી વિભાવરીમાં, **आसेदिवान्**-પહોંચ્યો. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૬

અનુવાદ—તે મહાબલશાળી દૈત્ય ઘણાં વર્ષો સાગરમાં વિચર્યો. તેના શ્વાસોચ્છ્વાસથી જલમાં મોજાં સરજાયાં. તે મોજાંને ઘાસથી બાંધેલી ગદાથી પછાડવા લાગ્યો. હે તાત ! ત્યાર પછી તે વરુણની વિભાવરી નગરીમાં પહોંચ્યો. ૨૬

તત્ત્વસુધા—स वर्षपूगान्-દૈત્ય હિરણ્યાક્ષ જલની નીચે કલ્પ પર્યન્ત વિચર્યો. પાણીમાં પવનથી **અથવા** પોતાના શ્વાસોચ્છ્વાસથી મોજાં થવા લાગ્યાં. **શ્વસનનો અર્થ** વાયુ **અને ઉચ્છ્વાસ** એવા બે થાય છે. ઉત્પન્ન થતાં મોજાંને તે વરુણના હાથ તરીકે સમજવા લાગ્યો, તેથી તે સામે ગદાના પ્રહાર કરવા માંડયો. પછી વરુણ સામે યુદ્ધ કરવા વિભાવરી નગરીમાં આવ્યો. આ નગરીને प्रचेतसः-વરુણની નગરી કહી છે. વરુણ **प्र**-ઉત્તમ, चेताः બુદ્ધિવાળા હતા તેથી તેમને હિરણ્યાક્ષનો ભય નહોતો એવું સૂચવ્યું છે. ૨૬

આ શ્લોકમાં હિરણ્યાક્ષ વરુણદેવ પાસે યુદ્ધ માગે છે—

तत्रोपलभ्यासुरलोकपालकं यादोगणानामृषभं प्रचेतसम् ॥
स्मयन् प्रलब्धुं प्रणिपत्य नीचवज्जगाद् मे देह्यधिराज सङ्गरम्[4] ॥२७॥

અન્વયાર્થ—तत्र-ત્યાં, **असुर-लोक-पालकम्**-અસુરોના લોકોના પાલક, **यादो-गणानाम्**-જલચર પ્રાણી ગણોના, **ऋषभम्**-સ્વામી, **प्रचेतसम्**-પ્રચેતા-વરુણ, **उपलभ्य**-પાસે જઈ, **प्रलब्धुम्**-ઠગવા, **नीचवत्**-નોકર માફક, **प्रणिपत्य**-પ્રણામ કરીને, **स्मयन्**-મશ્કરી કરતો, **जगाद**-બોલ્યો કે, **अधिराज**-હે મહારાજ, **मे**-મને, **सङ्गरम्**-યુદ્ધ, **देहि**-આપો. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૭

અનુવાદ—ત્યાં અસુરોના લોકના પાલક, જલચર જીવસમૂહના સ્વામી પ્રચેતા વરુણદેવની પાસે જઈ નીચજન માફક નમસ્કાર કરી મશ્કરી કરતો હોય તે બોલ્યો કે મહારાજ મને યુદ્ધ આપો. ૨૭

તત્ત્વસુધા—“ असुरलोकपालकम् ”-યૌવન, ધન, સાધન, ઉત્તમ સ્થાન ભાગ્યે જ કોઈને અભિમાનમુક્ત રાખે. હિરણ્યાક્ષ મદમત્ત હતો. વરુણ લોકના લોકપાલ અસુરપતિ પ્રચેતા દેવ પાસે તે ગયો. नीचवद्-જાણે વિનમ્ર ભાવે સેવક વંદે તેમ વંદ્યો. અને વરુણને અંધારામાં રાખી યુદ્ધ માગવા લાગ્યો. યુદ્ધ માગતાં તે **स्मयन्** ગર્વથી ઠેકડી ઠેકાવતો હસે છે.

अधिराज શબ્દના સંબોધનથી એમ કહે છે કે હું આપને ઓળખું છું તેથી મને યુદ્ધનો ડર નથી. ૨૭

---

१ महोर्म्युच्छ्वस० प्रा. पा. । २ -मौर्व्या निज० प्रा. पा. । ३ पुरं प्रा. पा. । ४ संयुगम् प्रा. पा. ।

આ શ્લોકમાં વરુણદેવને ષડૈશ્વર્યસમ્પન્ન વર્ણવે છે—

त्वं लोकपालोऽधिपतिर्बृहच्छ्रवा वीर्यापहो दुर्मदवीरमानिनाम् ॥
विजित्य लोकेऽखिलदैत्यदानवं[1] यद्राजसूयेन पुराऽयजत्प्रभुः ॥२८॥

અન્વયાર્થ—**त्वं लोकपालः**-તમે લોકપાલ છો, **अधिपतिः**-મહારાજ છો, **बृहत्-श्रवाः**-યશસ્વી છો, **दुर्मद-वीरमानिनाम्**-ઉન્મત્ત અને વીર માનનારા વીરોના, **वीर्य-अपहः**-વીર મદને ઉતારનારા છો, વળી **दैत्य-दानवम्**-દૈત્ય-દાનવને, **लोके**-આ લોકમાં, **विजित्य**-જીતીને, **किल**-ખરેખર, **पुरा**-પૂર્વે, **प्रभुः**-સમર્થ એવા, આપે, **राजसूयेन**-રાજસૂય યજ્ઞથી, **अयजत्**-યજન પણ કર્યું છે. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૮

અનુવાદ—હે વરુણદેવ! આપ તો લોકપાલ છો, મહારાજ છો, કીર્તિસમ્પન્ન છો, આપે ઉન્મત્ત વીરપણાનો ગર્વ રાખતા વીરોના ગર્વ ઉતાર્યા છે. વળી આ લોકમાં દૈત્ય-દાનવોને આપે જીત્યા છે. ખરેખર પૂર્વે સમર્થ આપે રાજસૂય યજ્ઞથી યજન કર્યું છે. ૨૮

તત્ત્વસુધા—त्वं लोकपालः-ઉપરના શ્લોકમાં હિરણ્યાક્ષે યુદ્ધ માગ્યું; પરંતુ વીરપુરુષને શોભે તેવા મૌને વરુણ બિરાજ્યા ત્યારે તેમને ઉત્તેજિત કરવા વખાણવા લાગ્યો, અને એમ કરતાં તેમને ષડ્ઐશ્વર્યસમ્પન્ન છો એવું સમજાવવા ૭ વિશેષણો આપ્યાં.

(૧) "लोकपाल" હોવાથી ઐશ્વર્યસમ્પન્ન છો એમ કહ્યું. (૨) अधिपतिः શબ્દથી વીર્યસમ્પન્ન કહ્યા. (૩) बृहत्श्रवाः શબ્દથી યશઃસમ્પન્ન કહ્યા. (૪) वीर्यापहः શબ્દથી વીરોના મદને ઉતારનાર કહી શ્રીસમ્પન્ન વર્ણવ્યા. મોટા પુરુષો વિજયને શ્રી માને છે. વીરોને હરાવવાથી તેઓની "શ્રી" ગઈ-જીતનાર શ્રીમાન થયો. (૫) દૈત્ય-દાનવ ઉપરનો વિજય જ્ઞાન છે. (૬) प्रभु શબ્દથી વૈરાગ્ય બતાવ્યો છે. ૨૮

આ શ્લોકમાં વરુણની વિવેકવૃત્તિ બતાવે છે—

स एवमुत्सिक्तमदेन विद्विषा दृढं प्रलब्धो भगवानपां पतिः ॥
रोषं समुत्थं शमयन् स्वया धिया व्यवोचदङ्गोपशमं गता वयम् ॥२९॥

અન્વયાર્થ—**एवं उत्सिक्त-मदेन**-આ પ્રમાણે છલકાતા મદવાળા, **विद्विषा**-દુશ્મનથી, **दृढं प्रलब्धः**-પુષ્કળ અપમાનિત થયેલા, **भगवान् अपां पतिः**-ભગવાન વરુણ, **समुत्थं रोषम्**-ઠીક ઉત્પન્ન થયેલા રોષને, **स्वया धिया**-પોતાની વિવેકવૃત્તિથી, **शमयन्**-શાંત રાખતા, **वि-अवोचत्**-સ્પષ્ટ બોલ્યા કે, **अङ्ग**-હે અંગ! **वयम्**-અમે, **उपशमं गताः**-શાંતિ સેવીએ છીએ. (વંશસ્થવૃત્ત) ૨૯

અનુવાદ—આ પ્રમાણે છલકાતા મદવાળા શત્રુથી અતિશય અપમાનિત થયેલા ભગવાન વરુણ ઠીક ઉત્પન્ન થયેલા રોષને વિવેકમતિથી રોકી રાખતા સ્પષ્ટ બોલ્યા કે હે અંગ! હાલ અમે શાંત બેઠા છીએ. ૨૯

તત્ત્વસુધા—" उत्सिक्तमदेन "-ઉચ્છૃંખલ શાંત વીરોને, અને એકાન્ત સેવતા શાંત સિદ્ધોને પણ કનડે છે અને તેમને નડે છે. વરુણદેવ તો પુષ્કળ વિવેકી હતા. છલકાતા મદથી આ દૈત્ય બોલે છે. એનો ઉત્તર શો આપવો.

अपांपतिः-શ્રી વરુણદેવ જલના સ્વામી હતા. તેથી જ્ઞાનજલથી આવા અજ્ઞાનીઓના શબ્દાનલને તે શાંત કરે છે. તેમને ઉત્તર આપ્યો કે અમે હાલ શાંત છીએ. વળી अङ्ग સંબોધન કરી એમ પણ સૂચવ્યું કે તારો ડર નથી. ૨૯

---

१ -खिलदेवदान॰ प्रा. पा. । २ प्रभो प्रा. पा. ।

આ શ્લોકમાં વરુણ દેવતા હિરણ્યાક્ષને પાણી ચઢાવે છે—

पश्यामि नान्यं पुरुषात्पुरातनाद्यः संयुगे त्वां रणमार्गकोविदम् ॥
आराधयिष्यत्यसुरर्षभेहितं मनस्विनो यं गृणते भवादृशाः ॥३०॥

અન્વયાર્થ—पुरातनात् पुरुषात्-પુરાતન પુરુષ વિના, **अन्यं न पश्यामि**-અન્ય કોઈ પુરુષને હું નથી નિહાળતો, **यः**-જે, **रणमार्ग-कोविदम्**-રણમાર્ગમાં કુશળ, **त्वाम्**-તમને, **संयुगे**-યુદ્ધમાં, **आराधयिष्यति**-સંતોષી શકે, **असुर-ऋषभ-ईहितम्**-ઉત્તમ અસુરોની આશા રાખનાર, **यम्**-જેમને, **भवादृशाः**-આપના જેવા, **मनस्विनः**-વીરપુરુષો, **गृणते**-વખાણે છે. (વંશસ્થવૃત્ત) ૩૦

અનુવાદ—પુરાતન પુરુષ વિના અન્ય કોઈ પુરુષને હું નથી જોતો કે રણમાર્ગમાં કુશળ તમને યુદ્ધમાં કોઈ સંતોષી શકે. ઉત્તમ અસુરોની અપેક્ષા રાખનાર જેમને, આપના આપ જેવા વીર પુરુષો વખાણે છે. ૩૦

તત્ત્વસુધા—पश्यामि नान्यं-પૂર્વ શ્લોકમાં હિરણ્યાક્ષે ભગવાન વરુણની વ્યંગમાં મશ્કરી કરી તે જાણે નથી પોતે સમજ્યા એમ બતાવીને તેમજ પોતે સામાન્ય છે અને હિરણ્યાક્ષ તમે બળવાન છો એવી રીતે તેને માન આપી, ચઢાવી વરુણદેવ ઉત્તર આપે છે કે, આપના જેવા "રણમાર્ગકુશલ" સાથે પુરુષોત્તમ વિના કોઈ લઢી શકે તેમ નથી તેમજ તમને સંતોષી શકે તેમ નથી. કારણ કે આપ રણમાર્ગના કોવિદ-ભારે પંડિત છો. પુરુષોત્તમ ભગવાન પૂર્ણ સમર્થ છે. વળી હિરણ્યાક્ષને વધુ માન આપતાં કહે છે :

" असुरर्षभेहितम् "-આ પાદ ભગવાનના વિશેષણ તરીકે લઈએ તો અર્થ ઉપર જણાવ્યો છે કે રણદક્ષ મહાન અસુરોની ભગવાન ઇચ્છા રાખે છે. અથવા ઉત્તમ અસુર હિરણ્યકશિપુનું अहितम्-અહિત કરનાર ભગવાન તને પણ યુદ્ધથી તૃપ્ત કરશે. વળી આ પદમાંથી हे असुरऋषभः હે-દૈત્યોમાં શ્રેષ્ઠ એવું સંબોધન અલગ કરી ईहितम् એવું પદ જુદું કરવું. અને ईहित પદ ભગવાનનું વિશેષણ કરવું. એનો અર્થ એવો કરવો કે સર્વ પ્રકારે યુદ્ધકલાને જાણનાર પુરુષોત્તમને આપના જેવા પ્રશંસે છે તેમની પાસે આપ જાવ, ત્યાંથી તૃપ્તિ મળશે. ૩૦

હિરણ્યાક્ષને વરુણદેવે થનાર પરિણામ પણ જણાવ્યું—

तं वीरमारादभिपद्यनिर्भयः शयिष्यसे वीरशये श्वभिर्वृतः ॥
यस्त्वद्विधानामसतां प्रशान्तये रूपाणि धत्ते सदनुग्रहेच्छया ॥३१॥

અન્વયાર્થ—यः-જે પુરાતન પુરુષ, **त्वद्-विधानाम्**-તમારા જેવા, **असताम्**-ખલજનોના, **प्रशान्तये**-નાશ માટે, અને **सद्-अनुग्रह-इच्छया**-સજ્જનો ઉપર કૃપા કરવા માટે, **रूपाणि**-સ્વરૂપો, **धत्ते**-સ્વીકારે છે. **ं वीरम्**-તે વીર ભગવાનને, **आराद्**-અલ્પ કાળમાં, **अभिपद्य**-પામીને, **श्वभिः वृतः**-શ્વાનોથી વીંટાએલ, **निर्भयः**-નિર્ભય બની, **वीरशये**-વીર પુરુષોને શોભતી શય્યામાં, **शयिष्यसे**-પોઢવાનું મળશે. (વંશસ્થવૃત્ત) ૩૧

અનુવાદ—જે પુરાતન પુરુષ તમારા જેવા ખલજનોના નાશ માટે અને સજ્જનો ઉપર કૃપા કરવા માટે સ્વરૂપો સ્વીકારે છે તે વીર ભગવાનને અલ્પ કાળમાં પામીને શ્વાનોથી વીંટાએલા નિર્ભય બની વીર પુરુષોને શોભતી શય્યામાં તને સૂવાનું મળશે. ૩૧

તત્ત્વસુધા—यस्त्वद्विधानाम्-અભિમાની હિરણ્યાક્ષને નિર્ભયપણે વરુણદેવે વાક્યો કહ્યાં કે ભગવાન નિર્બલ સાથે લઢતા જ નથી. તને પૃથ્વી ઉપર પણ શાપથી તે માટે જ મોકલેલ છે. વળી આ કાર્યને વિલંબ પણ નથી. જે કૃપાનિધિનું અવતરણ સચ્ચરિત્રો દ્વારા સંતોનું મંગલ કરવા માટે જ હોય છે. રણસંગ્રામ તો ફલ સુધારતાં બીનજરૂરી છાલ કાઢવી પડે તેમ તમારા જેવા સાથે પ્રાસંગિક લઢી લે છે. તને તે ભગવાન મળે ત્યારે પેટ ભરી લઢજે અને ગાઢ નિદ્રામાં પોઢજે, તેથી તારી ઊંઘમાં કોઈ ખલેલ નહીં કરે. અનુગ્રહશીલ ભગવાન તારા ઉપર પણ અનુગ્રહ જ કરશે. ૩૧

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૧૭મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો

શ્લોક સંખ્યા ૨૮

અઠ્ઠાવીશ શ્લોકનો આ અધ્યાય છે. તેમાં ૧૩ શ્લોકનું એક પ્રકરણ છે. બીજું ૭ શ્લોકનું પ્રકરણ છે. ત્રીજું આઠ શ્લોકનું પ્રકરણ છે.

પ્રથમ તેર શ્લોકોમાં પ્રથમ શ્લોકથી સંત નારદનો સત્સંગ થયો. વગર સજ્જનની આડીએ ભગવાન કોણ બતાવે. બીજા શ્લોકમાં ભગવાન વરાહનાં દર્શન થશે. પછી ૩ થી ૫ શ્લોકોમાં હિરણ્યાક્ષ હૈયાની વરાળ ઠાલવશે અને શાંતિ પામશે. પછી ૬ થી ૮ શ્લોક સુધી ભગવાન વરાહ જલમાંથી પૃથ્વીને બહાર લાવીને સ્થિર કરી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરશે; પરંતુ હિરણ્યાક્ષ સાથે જીભઝઘડામાં નહીં ઊતરે. પછી નવમા શ્લોકમાં ભગવાન કાર્ય સિદ્ધ કરી હિરણ્યાક્ષ સામે જોઈને હાસ્ય કરશે. બાદ ૧૦ થી ૧૨ શ્લોકોમાં ભગવાન પ્રત્યુત્તર આપશે. ૧૩મા શ્લોકમાં ભગવાન યુદ્ધની તૈયારી કરશે. તે પછી ૧૪ થી ૧૯ શ્લોકમાં યુદ્ધનું વર્ણન આવશે. અંતમાં અધ્યાય સમાપ્ત થતા સુધી ૨૦ થી ૨૮ શ્લોકોમાં બ્રહ્માની પ્રાર્થના છે.

હિરણ્યાક્ષ શ્રી નારદમુનિ દ્વારા શ્રી વરાહ ભગવાનનો પરિચય મેળવે છે—

तदेवमाकर्ण्य जलेशभाषितं महामनास्तद्विगणय्य दुर्मदः ।।
हरेर्विदित्वा गतिमङ्ग नारदात् रसातलं निर्विविशे त्वरान्वितः ।।१।।

અન્વયાર્થ—तदा-ત્યારે, **जलेश-भाषितम्**-વરુણનું વચન સાંભળી, **दुर्मदः**-દુષ્ટ મદવાળો, **महामनाः**-ઉત્સાહવાળો બનીને, **तद् विगणय्य**-તેની દરકાર ન કરતો, **नारदात्**-નારદજી પાસેથી, **हरेः**-શ્રીહરિની, **गतिम्**-ગતિને-સ્થાનને, **विदित्वा**-જાણીને, **हे अङ्ग**-હે અંગ, **त्वरान्वितः**-ઉતાવળો થઈ, **रसातलम्**-રસાતલમાં, **निर्विविशे**-પ્રવેશ્યો. (વંશસ્થવૃત્ત) ૧

અનુવાદ—ત્યારે વરુણનું વચન સાંભળી દુષ્ટ મદવાળો (હિરણ્યાક્ષ) ઉત્સાહવાળો થઈને તેની દરકાર કર્યા વિના નારદજી પાસેથી શ્રીહરિની ગતિ જાણીને હે અંગ ! ઉતાવળો થઈ રસાતલમાં ગયો. ૧

તત્ત્વસુધા—"तदेवमाकर्ण्य जलेशभाषितम्"–પૂર્વ અધ્યાયના અંતમાં જ્યારે વરુણદેવે કહ્યું કે પુરાતન પુરુષ તારા કોડ પૂરા કરશે માટે ત્યાં જા. એ વાક્ય સાંભળી આનંદમાં આવ્યો કે મને કોઈ સમબલ યોદ્ધા મળશે. તેથી તે **महामनाः** ઉત્સાહવાળો બન્યો. ખુદ दुर्मदः તે અભિમાની તો હતો જ. વરુણદેવે કહેલું કે તારો પુરાતન પુરુષથી નાશ થશે. તત્ તે મૃત્યુની તો विगणय्य તેને દરકાર જ ન હતી. કારણ કે ભગવાનને હાથે મરવાનું થતું જ નથી. અને પોતાના એક જન્મનો અન્તરાય ઓછો થવાનો છે. તેથી વધુ હર્ષમાં આવી શ્રીહરિને શોધવા લાગ્યો. અહો ! હું જેમ ભગવાનને જ શોધું છું તેમ ભગવાન મને જ શોધતાં હશે. તેમને મારે માટે કેટલો શ્રમ થશે ? "गतिमङ्ग नारदात्" ત્યાં તો તેને નારદજી મળ્યા. નારદજી ભક્ત છે, તેમના પ્રસંગ વિના ભગવાન ક્યાંથી મળે. " महतां कृपया दययिष्यति "–મહત્પુરુષોની કૃપાથી ભગવાન દયા કરે છે. નારદજી પણ સત્યલોકમાંથી ભગવાનનું કાર્ય કરવા આવેલા. તેમને જોઈ તરત પૂછ્યું ભગવાન ક્યાં છે ? નારદજીએ કહ્યું : રસાતલમાં છે. તેને ઉતાવળ થઈ પ્રભુને મળવાની અને તે રસાતલમાં પહોંચ્યો. ૧

હિરણ્યાક્ષ ભગવાનનાં દર્શન પામે છે એ પ્રસંગનું કથન છે—

दद‍र्शं तत्राभिजितं धराधरं प्रोन्नीयमानावनिमग्रदंष्ट्रया ॥
मुष्णन्तमक्ष्णा [1]स्वरुचोऽरुणश्रिया जहास चाहो वनगोचरो मृगः ॥२॥

અન્વયાર્થ—**तत्र**–ત્યાં, **अभिजितम्**–સર્વથી જય પ્રાપ્ત કરનાર, **धराधरम्**–પૃથ્વીને ધારણ કરનાર, **अग्र-दंष्ट्रया**–દાઢના ટેરવાંથી, **प्र-उन्नीयमान-अवनिम्**–પૃથ્વીને ઊંચી પકડી રાખનાર, **अरुण-श्रिया**–લાલ રંગવાળા, **अक्ष्णा**–નેત્રથી, **स्वरुचः**–પોતાની કાન્તિને, **मुष्यन्तम्**–હરનાર, **ददर्श**–ભગવાનનાં દર્શન થયાં, **च**–અને, **जहास**–તેણે મશ્કરી કરી કે, **अहो**–અહો, **वनगोचरः**–વનમાં ફરનારો, **मृगः**–આ તો મૃગ છે.

(વંશસ્થવૃત્ત) ૨

અનુવાદ—ત્યાં સર્વત્ર જય પ્રાપ્ત કરનાર, ધરાને ધારણ કરનાર, દાઢના ટેરવે પૃથ્વીને ઊંચે પકડી રાખનાર, લાલ રંગવાળા નેત્રથી પોતાની કાંતિને હરનાર વરાહ ભગવાનનાં દર્શન થયાં અને (તેમને જોઇને) મશ્કરી કરતાં બોલ્યો કે અહો, આ તો વનમાં વિચરનાર મૃગ છે. ૨

તત્ત્વસુધા—" ददर्श तत्र "–હિરણ્યાક્ષે ભગવાનને નિહાળ્યા. જે શ્રી વરાહપ્રભુને અવલોકયા તેમને ચાર વિશેષણ આપ્યાં. પાંચમા ભગવાન વિશેષ્ય સ્વરૂપ છે. ચાર વેદો ઉપવેદો, ચાર વર્ણો, ચાર આશ્રમો, ચાર શાસ્ત્રો, ચાર પુરુષાર્થો ધારણ કરવા અને કાર્ય કરવા પધારેલા ચાર ગુણવાળા ભગવાનને ચાર વિશેષણો આપ્યાં છે. વિવેકથી એનો સમન્વય કરી લેવો. પ્રથમ વિશેષણ—

अभिजितम्–સર્વત્ર વિજયી ભગવાનને જોયા. यतो धर्मस्ततो जयः–ધર્મ હોય ત્યાં જય હોય, તેથી આ વિશેષણે ધર્મ સૂચવ્યો. ધર્મ વેદથી સમજાય, વેદથી વર્ણાશ્રમાદિના ધર્મો સમજાય. માટે આ વિશેષણ વેદાદિ ધારણ કરનાર ભગવાને ધર્મરૂપે ઓળખાવે છે. વળી " પરાક્રમ " નામનો પ્રથમ પુરુષાર્થ દર્શાવ્યો.

" धराधरम् "–સમસ્ત અર્થો પૃથ્વીમાં સાધી શકાય છે. ભગવાનને તેથી પૃથ્વીને ધારણ કર્યાં છે. આ વિશેષણથી અર્થ નામનો પુરુષાર્થ દર્શાવ્યો તેમજ ભગવાનનો " કાર્ય " નામનો ગુણ બતાવ્યો.

प्रोन्नीयमानावनिम्–પૃથ્વીને દાઢના ટેરવે ધારણ કરનાર વિશેષણથી " કામ " નામનો પુરુષાર્થ બતાવ્યો છે. અને ભગવાનનો " શૌર્ય " નામનો ગુણ બતાવ્યો.

" अक्ष्णाऽरुर्णश्रिया "–અનુરાગ ભરી અરુણવર્ણી ભગવાનની આંખ મોક્ષ આપે છે. અરુણનો અર્થ સૂર્ય થાય છે. સૂર્ય પ્રકાશરૂપે મોક્ષ કરે છે. આ વિશેષણથી " શત્રુપરાજય " નામનો ગુણ બતાવ્યો.

" धराधरम् "–પદથી એક ધ્વનિ દર્શાવ્યો છે. હિરણ્યાક્ષ લોભનો અવતાર છે. ચાર કુમારો પ્રભુનાં દર્શન ન કરી જાય એવા લોભથી તે લોભીએ અટકાવેલા. તેથી શાપ થયો. આજે " લોભ "રૂપ ભગવાનના અધરનું તેને દર્શન નથી થતું. કારણ કે धरायामधरो यस्य–વરાહ ભગવાનનો " અધર " ધરામાં છે. અધરનાં દર્શન ન થવાથી તેને લોભ ન થયો. હવે તે ભગવાનને " વનગોચર " એવું વિશેષણ આપે છે. તેનો અર્થ—वनगोचरः (૧) પ્રથમ તો अवनगोचरः એવું પદ નીકળે છે. એનો અર્થ થાય છે કે વનમાં વસનાર આ મૃગ વનની બહાર જલમાં અને જમીનમાં ફરે છે. (૨) वने गोचरः वनगोचरः–એકાન્તમાં વનમાં વસી તપ-ધ્યાન વગેરે કરનારને દેખાતા ભગવાન મને દેખાયા. (૩) રામાવતારમાં પિતાની આજ્ઞાથી વનમાં પધારેલા આ ભગવાન છે. (૪) वनगोऽपि–સંસાર વનમાં વિચરતા છતાં अगोचरः સ્વસ્વરૂપમાં અવિચલ આ વરાહ છે. (૫) वने जले गवि भुवि–વનમાં અને જલમાં વિચરનાર આ વરાહ છે રામાવતાર પછી થવાનો છે તે પહેલાં કયાંથી આવી કલ્પના થાય કે રામાવતારના વનવિહારી આ જ છે તો સમાધાન છે કે અવતારો અનાદિ અને નિત્ય છે.

---

[1] मक्ष्णाम्बुरुहा रुणश्रियम् प्रा. पा

Ref. સુબોધિની શ્લોક ૬. ન ઉ સે ભાગવતોત્તમ: _ સુબોધિનીમાં પણ એ પ્રકારે [illegible]
[illegible] તે ભાગવતનો અર્થ નથી." [illegible]

(સુબો પૃષ્ઠ ૭૭૦)

આ શ્લોકો ગર્ભિત સ્તુતિપરક છે તેથી તેનો અર્થ વિચારીએ-અહો મારું સૌભાગ્ય છે કે મને વને વનમાં ગોમિઃ ઉપનિષદો દ્વારા चर्यते ઓળખાય તે વનગોચર વેદાન્તવેદ્ય ભગવાન શોધી રહ્યા છે. લાવો હું જલદી દોડી જાઉં. ૨

आहैनमेह्यज्ञ महीं विमुञ्च नो रसौकसां विश्वसृजेयमर्पिता ॥
न स्वस्ति यास्यस्यनया ममेक्षतः सुराधमासादितसूकराकृते[1] ॥३॥

અન્વયાર્થ—**एनम्**-એમને, **आह**-કહ્યું કે, **अज्ञ**-હે અજ્ઞ, **एहि**-આવી જાવ, **महीं विमुञ्च**-ભૂમિને મૂકી દો. **विश्व-सृजा**-વિશ્વ રચનારે, **नः रस-ओकसाम्**-અમને રસાતલવાસીઓને, **इयम्**-આ પૃથ્વી, **अर्पिता**-આપેલી છે. **सुर-अधम**-હે સુરોમાં સામાન્ય, **आसादित-सूकर-आकृते**-સૂકરની આકૃતિને સ્વીકારનાર, **मम ईक्षतः**-મારી નજર સામે, **अनया**-આ પૃથ્વી સાથે, **न स्वस्ति यास्यसि**-ક્ષેમકુશળ જઈ નહીં શકો.
(ઇંદ્રવંશાવૃત્ત) ૩

અનુવાદ—શ્રી વરાહને કહ્યું કે, હે અજ્ઞ! આવી જાવ, ભૂમિને મૂકી દો. વિશ્વ રચનારે તે અમને રસાતલવાસીઓને આપેલી છે. હે અધમ દેવ! હે વરાહના આકારને સ્વીકારનાર! મારી નજર સામે આ પૃથ્વી સાથે સુખપૂર્વક તમે નહીં જઈ શકો. ૩

તત્ત્વસુધા—आहैनमज्ञ-તુચ્છજનોના મુખ ઉપર લગામ નથી હોતી! તે ભગવાનને હે अज्ञ-અજ્ઞાની! એવું સંબોધન કરીને લલકારે છે કે તાકાત હોય તો આવી જાવ. ભૂમિ તમારી નથી મૂકી દો. છતાં કાર્યકુશળ-ભગવાને ઉત્તર ન આપ્યો અને ભૂમિને લઈ જવા લાગ્યા કે રોષે ભરાઈને કહ્યું કે विश्वसृजा-બ્રહ્માએ અમને રસાતલવાસીઓને પૃથ્વી આપી છે, માટે અમારી છે. ભગવાને ઉત્તર ન વાળ્યો ત્યારે-પુનઃ તે બોલ્યોઃ પૃથ્વી અમારી છે માટે મૂકી દો. મૂકી દો. તેથી અમે માલિક છીએ ફાવે તેમ કરીએ તમારે શું? મૂકી દો. છતાં જો ન મૂકવા ચાહો તો ક્ષત્રિય તરીકે યુદ્ધ કરો અમને હરાવો પછી લઈ જાવ. જો એક પગલું આગળ વધ્યા તો ક્ષેમકુશળ નહિ રહો.

શ્લોક. ૩. સ્તુત્યર્થપરક ભાવ કરતાં અન્વય એવો કરવો કે—एहि હે નાથ પધારો મારો ઉદ્ધાર કરો. अज्ञमहीं विमुञ्च અમારા વિયોગ દુઃખની અજાણી પૃથ્વીનો ઉદ્ધાર કરવો પડતો મૂકો. અને અમારો જ ઉદ્ધાર કરો. અમે પૃથ્વી ઉપર આવ્યા છીએ તે એને નથી ગમતું. रसौकसामर्थे रस એટલે ભક્તિ એ જ છે, ओकः અવલંબન જેનું એવા ભક્તોના અર્થે માટે જો આપ પૃથ્વીને છોડશો તો કોઈ દોષ નથી. विश्वसृजा બ્રહ્માએ એ પૃથ્વીને રચી છે તો એની એ રક્ષા કરશે. એના તો રક્ષકો છે અમારા તો કોઈ નથી.

न स्वस्ति यास्यसि अनया આપ દયાળુ છો. અમારો ઉદ્ધાર કર્યા વિના જો ભૂમિદેવી સાથે આપ પધારશો તો આપને હૃદયથી જ આનંદ નહીં આવે. દુઃખી બાળકોને મૂકીને તેની માતા સાથે વિહારે જવાનું પિતાને કેમ રુચશે! અમે ભક્તો તો પુત્રો-બાલકો જ છીએ.

આપ કહેશો કે દેવોની ઈચ્છા પૃથ્વીનો ઉદ્ધાર કરવાની છે કહે છે. નાથ! सुरा अधमा यस्मात् तत् सम्बुद्धौ દેવો તો સદા સ્વાર્થી છે એમને ન રુચે તેથી શું.

ભગવાન કહે કે ભલા હિરણ્યાક્ષ, વરાહરૂપે પૃથ્વી ઉપાડતાં શ્રમ લાગ્યો છે માટે બીજો અવતાર લઈ તારો ઉદ્ધાર કરીશ. તો વરાહ ભગવાનને તે કહે છે आ-सादितसूकराकृते આપશ્રી આ વરાહમૂર્તિ પરિશ્રમવાળી નથી દેખાતી તેથી આ સ્વરૂપે જ ઉદ્ધાર કરો. બીજા જન્મનો વિલંબ અસહ્ય છે. આવા અનેક અર્થ થાય છે. ૩

---

[1] -कृतिः प्रा. पा. ।

આ શ્લોકમાં હિરણ્યાક્ષ અસંગત તર્કો કરે છે.

त्वं नः सपत्नैरभवाय किं भृतो यो मायया हन्त्यसुरान् परोक्षजित् ॥
त्वां योगमायाबलमल्पपौरुषं संस्थाप्य मूढ प्रमृजे सुहृच्छुचः ॥४॥

અન્વયાર્થ—त्वम्-આપ, **यः**-જે, **मायया**-માયાથી, **असुरान्**-અસુરોને, **हंसि**-હણો છો અને, **परोक्षजित्**-સંતાઈને વિજય પ્રાપ્ત કરો છો, **नः**-અમારા, **अभवाय**-વિનાશ માટે, **किम्**-શું, **सपत्नैः**-આ મારા શત્રુઓ દ્વારા, **त्वं**-આપનું. **भृतः**-પોષણ થયેલ છે ! **मूढ**-હે અજ્ઞ, **योगमाया-बलम्**-યોગમાયાના બળવાળા, **अल्प-पौरुषम्**-અલ્પ તાકાતવાળા, **त्वां संस्थाप्य**-તમારો નાશ કરીને, **सुहृद्-शुचः**-મારા સ્વજનોના શોકને, **प्रमृजे**-ધોઈ નાખીશ-દૂર કરીશ. (ઇંદ્રવંશાવૃત્ત) ૪

અનુવાદ-આપ જે માયાથી અસુરોને હણો છો, તેમજ સંતાઈ કપટથી વિજયને મેળવો છો. વળી અમારા વિનાશ માટે શું આ મારા શત્રુઓથી તમે પોષણ પામ્યા છો ! હે અજ્ઞ ! યોગમાયાના બળવાળા અલ્પ તાકાતવાળા તમારો નાશ કરી હું મિત્રોના શોકને ધોઈ નાખીશ. ૪

તત્ત્વસુધા—त्वं नः सपत्नैः-હિરણ્યાક્ષ શ્રી વરાહ ભગવાનને સામાન્ય સમજે છે. તેથી તર્કપૂર્વક કહે છે કે તમે જાતે યુદ્ધ કરવા આવેલ નથી લાગતા. પરંતુ અમારા सपत्नैः-શત્રુઓ જે દેવલોકો છે તેમણે તમને મોકલ્યા છે. તે સમર્થ દેવોનું મારી પાસે ન ચાલ્યું તો તમે સામાન્ય છો તો તમારું શું વળશે ? કદાચ તમે કહો કે હું સ્વતંત્ર ભગવાન છું તો તેનો ઉત્તર સાંભળી લો—

परोक्षजित् - તમે સન્મુખ તો જીવી શક્યા જ નથી. પીઠ પાછળ કપટ યુક્તિથી લડો છો. પરંતુ તમારું અહીં કાંઈપણ વળે તેમ નથી કારણ કે—

योगमाया-बलम्-अल्प-पौरुषम्—તમારું સ્વતંત્ર બળ નથી. જે કાંઈ બળ છે તે યોગમાયાનું બળ છે. યોગમાયા તો અમારા દૈત્યોની-અસુરોની પક્ષપાતી છે, તે તમારું કામ ન કરતાં અમારામાં જ ભળી જશે, ત્યારે તમારી જાતનું अल्पपौरुषम्-અલ્પ બળ કાંઈ કરી શકવાનું નથી.

શ્લોક-૪થો સ્તુત્યર્થ—परोक्षजित् આ પદનો નિંદામાં અર્થ કર્યો હતો : " પીઠ પાછળ ઘા કરનાર-મારનાર. હવે સ્તુતિમાં અર્થ કરે છે : अक्षाणि जयतीति अक्षजित् એટલે ઇન્દ્રિયોને જીતનાર. परः એટલે શ્રેષ્ઠ. એમ શબ્દ અલગ કરવા.

मायया असुरान् हंति—मायया એટલે કરુણાથી असुरान्-શત્રુઓને પણ हंति સદ્ગતિને આપો છો. યુદ્ધમાં સન્મુખ આવેલ દૈત્યને પોતાના સૌન્દર્યપૂર્ણ સ્વરૂપનું દર્શન આપી શત્રુઓને સદ્ગતિ-મોક્ષ આપો છો. **सपत्नैः अभवाय भृतः किम्**—અમારા શત્રુ સનત્કુમારો દેવો વગેરેએ પોતાના મોક્ષ માટે શું આપને ધારણ તો નથી કર્યાને ? આ રીતે સ્તુતિપરક અર્થ પણ થાય છે. વિસ્તાર થઈ જાય તેથી બધા અર્થ નથી કર્યા. ૪

આ શ્લોકમાં હિરણ્યાક્ષ બળના ઉન્માદમાં બોલે છે—

त्वयि संस्थिते गदया शीर्णशीर्षण्यस्मद्भुजच्युतया ये च तुभ्यम् ॥
बलिं हरन्त्यृषयो ये च देवाः स्वयं सर्वे न भविष्यन्त्यमूलाः ॥५॥

---

१ -रभयाय प्रा. पा. ।

અન્વયાર્થ—**अस्मद्-भुज-च्युतया**-અમારા હાથથી પડેલી, **गदया**-ગદાથી, **शीर्ण-शीर्षणि**-તૂટેલ મસ્તકવાળા, **त्वयि संस्थिते**-તમે નાશ પામશો ત્યારે, **ये ऋषयः च देवाः**-જે ઋષિઓ અને દેવો, **तुभ्यम्**-આપને, **बलिं हरन्ति**-ભેટ આપે છે, **ते सर्वे**-તે બધા, **अमूलाः**-નિર્મૂલ થઈ, **न भविष्यन्ति**-નહીં ટકી શકે. (વંશસ્થવૃત્ત) ૫

અનુવાદ—અમારા હાથમાંથી પડેલી ગદાથી તૂટેલ મસ્તકવાળા તમે નાશ પામશો ત્યારે જે ઋષિઓ અને દેવો આપને ભેટ આપે છે, તે સર્વ નિર્મૂલ થઈ જવાથી નહીં નભી શકે. ૫

તત્ત્વસુધા—"त्वयि संस्थिते"- અતિરેકમાં આવીને હિરણ્યાક્ષ ભગવાનનો અનાદર કરે છે. વીર "પુરુષો કરી બતાવે છે કહી બતાવતા નથી" એ કહેવતને હિરણ્યાક્ષ વીસરી જાય છે. ભગવાનને સામાન્ય શક્તિવાળા સમજીને કહે છે કે મારા ગદાના પ્રહારથી તમારું મસ્તક ભાંગી જશે. અને તમારો ઉચ્છેદ થતાં તમારા આશ્રિત દેવો પણ નિર્મૂલ થશે. કારણ કે 'વિષ્ણુ' એ દેવોનું મૂલ છે. તે વિષ્ણુ તમે છો. તમે ન હો તો દેવો નિર્મૂળ જ થાયને!

શ્લોક ૫મો સ્તુત્યર્થ—गदया એટલે સુષુમ્ણા નાડી વડે भुज-च्युतया ભુજ એટલે ક્રિયાશક્તિનો નાશ થશે ત્યારે બ્રહ્મરંધ્ર ભેદાતાં પ્રાણો વગેરે મસ્તકમાંથી જ જશે અને જીવ ભગવાનમાં મળી જશે ત્યારે સર્વને સાયુજ્ય પ્રાપ્ત થતાં તેઓ નિર્મૂલ ન થતાં સમૂલ જ રહેશે. ૫

આ વરાહ ભગવાન પૃથ્વીદેવી સાથે બહાર પધારે છે—

स तुद्यमानोऽरिदुरुक्तितोमरैर्दंष्ट्राग्रगां गामुपलक्ष्य भीताम् ॥
तोदं मृषन्निरगादम्बुमध्याद् ग्राहाहतः सकरेणुर्यथेभः ॥६॥

અન્વયાર્થ—**अरि-दुरुक्ति-तोमरैः**-શત્રુનાં દુષ્ટ વચનબાણોથી, **तुद्यमानः**-ઘવાતાં, **सः**-તે **दंष्ट्रा-अग्र-गाम्**-દાઢના ટેરવા ઉપર રહેલી, **गां भीताम्**-ભયભીત થયેલ, **उपलभ्य**-જાણીને, **तोदम्**-પીડાને, **मृषन्**-સહન કરતા, **ग्राह-आहतः**-મગરે પીડેલો, **इभः**-હાથી, **यथा**-જેમ, **स-करेणुः**-હાથિણી સાથે, **अम्बु-मध्याद्**-જલમાંથી બહાર આવે તેમ, **सः**-તે વરાહ ભગવાન જલમાંથી, **निर्-अगात्** બહાર પધાર્યા. (વંશસ્થવૃત્ત) ૬

અનુવાદ—શત્રુનાં વચનબાણોથી ઘવાયેલા ભગવાને પોતાની દાઢનાં ટેરવાં ઉપર રહેલી પૃથ્વીને ભયભીત થયેલી જોઈને, પીડાને સહન કરતા વરાહ, મગરથી પીડેલો હાથી હાથિણી સાથે જલમાંથી બહાર આવે તેમ બહાર પધાર્યા. ૬

તત્ત્વસુધા—**स तुद्यमानः**-સામાન્ય નિયમ છે કે બે શત્રુઓની વચમાં પ્રથમ વાગ્યુદ્ધ થાય. પછી શસ્ત્રાસ્ત્ર યુદ્ધ થાય છે. ભગવાન વરાહ, વાગ્યુદ્ધમાં હિરણ્યાક્ષ સાથે તાત્કાલિક ન ઊતરતાં તેનાં કઠોર વાક્યોને સહન કરતાં પૃથ્વીદેવીને લઈને બહાર પધારે છે. કારણકે પૃથ્વીદેવી ભયપીડિત હતાં. તેમને પ્રથમ સ્થિર કરી દેવાં જોઈએ. પછી શત્રુ સાથે લઢી લેવું જોઈએ. પૃથ્વી ભગવાનની છે પછી વાક્કલહથી કાંઈ નક્કી કરવાનું છે જ નહીં. તેથી પ્રથમ પૃથ્વીને સ્થિર કરી લેવી એ જ નીતિ છે. શત્રુ સાથે વાણીના ઝઘડામાં ઊતરવાનો કાંઈ અર્થ નથી.

गां भीतामुपलक्ष्य—પૃથ્વીને ભય લાગ્યો કે ભગવાન જો ઉત્તર આપશે તો હું દાઢ ઉપરથી પડી જઈશ. વળી દાઢ "યમ"નું સ્વરૂપ છે. યમ કાલરૂપ છે મને ફરીથી જો ગળી જશે તો પાછા ભગવાન ક્યારે ઉદ્ધાર કરવા પધારશે આવી વ્યથા જોઈ ભગવાને વિનાવિલંબે પૃથ્વીને બહાર પધરાવ્યાં. ૬

---

१ उपलभ्य प्रा. पा. ।

હવે હિરણ્યાક્ષ ભગવાનની પાછળ દોડે છે તે વસ્તુ આ શ્લોકમાં વર્ણવે છે—

तं निःसरन्तं सलिलादनुद्रुतो हिरण्यकेशो द्विरदं यथा झषः ॥
करालदंष्ट्रोऽशनिनिःस्वनोऽब्रवीद् गतह्रियां किं त्वसतां विगर्हितम् ॥७॥

અન્વયાર્થ— **हिरण्य-केशः**-સુવર્ણ જેવા કેશવાળો-હિરણ્યાક્ષ, **सलिलात्**-જલમાંથી, **निःसरन्तं तम्**-બહાર પધરતા તે વરાહભગવાનની પાછળ, **यथा**-જેમ, **द्विरदम्**-હાથીની પાછળ, **झषः**-મગર દોડે તેમ, **अनुद्रुतः**-દૈત્ય દોડયો. અને **कराल-दंष्ट्रः**-ભયાનક દાઢવાળો, **अशनि-निःस्वनः**-વજ સમાન ગર્જના કરતો, **अब्रवीत्**-બોલ્યો કે, **गत-ह्रियाम्**-લાજ વિનાના, **असतां तु**-અસજ્જનોને માટે, **किं विगर्हितम्**-શું નિન્દિત છે? (ઇંદ્રવંશાવૃત્ત) ૭

અનુવાદ—સુવર્ણ જેવા કેશવાળો હિરણ્યાક્ષ જલમાંથી બહાર પધારતા શ્રી વરાહ ભગવાનની પાછળ જેમ હાથી પાછળ મગર દોડે તેમ દોડયો અને બોલ્યો કે લાજ ગુમાવેલા અસજ્જનોને માટે કયું કાર્ય નિન્દિત છે? ૭

તત્ત્વસુધા—**हिरण्यकेशः**-હિરણ્યાક્ષનું નામ "હિરણ્યકેશ" આપ્યું છે તેનું કારણ કે તે ભગવાનની પાછળ દોડી શકે તેવો શક્તિસમ્પન્ન છે. આ એનો પીતવર્ણ સૂર્યમંડળમાં બિરાજતા ભગવાનના જેવો છે તેથી તે તેમ કરવા સમર્થ છે.

करालदंष्ट्रः—ભગવાન પાસે યુદ્ધ માગ્યું તે ન મળ્યું તેથી તેને ક્રોધ થયો. માંગ્યું ન આપે તેના ઉપર ક્રોધ થાય છે તેથી તો ઋષિઓના શાપ સંભળાય છે. પરંતુ આ તો "કરાલ દાઢ"વાળી આકૃતિવાળો હોઈ સ્વભાવથી જ ક્રોધી એમ સૂચવ્યું. એના જેવા ઓઠ અને દાઢ જેનાં હોય તે નિત્ય ક્રૂર હોય છે.

अशनिनिःस्वनः—અભિમાની પણ પુષ્કળ હતો એવું "વજ જેવી ગર્જનાવાળો" શબ્દથી જણાવ્યું. તેના મનમાં એવો ઘમંડ છે કે મારે યુદ્ધની જરૂર જ નથી. મારા વજતુલ્ય શબ્દથી જ તે નાશ પામશે.

"**गतह्रियां किं विगर्हितम्**"—એક વાકય તો યથાર્થ કહે છે. ભલે આ વાકય ભગવાન માટે તો સંગત નથી. એ કહે છે કે "નિર્લજ્જને ન કરવા જેવું કાંઈ નથી" સાચે જ સાધુઓ લજ્જાનું કવચ ધારે છે.

હવે સ્તુત્યર્થ—

हिरण्यकेशः तमनुद्रुतः—ભગવાન જલમાંથી બહાર પધાર્યા તે પ્રભુની પાછળ કે દોડયો. તે સમયે જ તે કઠોર મટી ગયો અને દ્રુતઃ એટલે હૃદયનો આર્દ્ર બની ગયો. આ સૂચવવા માટે જ દ્રુત પીગળવું એવા અર્થમાં શબ્દ વાપર્યો છે. ભગવાનની પાછળ જવાથી તેનું સ્વરૂપ સૂર્યમંડલમાં રહેલા નારાયણ જેવું તેજોમય બન્યું તેથી હિરણ્યકેશ બન્યો.

करालदंष्ट्रः—ભગવાનનો **करः**-શ્રીહસ્ત જ **अलं**-કાર્ય કરવા માટે પૂરતો છે ત્યાં **दंष्ट्रः**-દાઢરૂપી યમરાજ ગયા. અથવા ભગવાનના કરમાં બિરાજતું સુદર્શન ચક્ર कराल દૈત્યો માટે "ભયંકર' છે ત્યાં दंष्ट्रारૂપી યમ ગયા. આકાશ મંડળના ગ્રહો આ સમયે શું બાધક ન બન્યા? તો તેનો ઉત્તર આપ્યો કે—

अशनिनिःस्वनः-શનિ રહિત શુભ ગ્રહો **निस्वकाः** સુમંગલ સ્તવનનો ધ્વનિ કરતા હતા. **असतां किं विगर्हितम्-अस्य-सतां असतां** જે **अस्य** વિષ્ણુભગવાનના-શ્રીકૃષ્ણના **सतां** સેવક-સંતજનો છે તેઓનું કોઇપણ ચારિત્ર્ય કે કાર્ય કદી નિંદિત નથી હોતું. આ શ્લોકમાં तु અવ્યયથી પણ સૂચવે છે કે જે ગુણાતીત હોય છે તેમને કોઈપણ લાજ સંબંધી વિચાર હોતો જ નથી. ૭

વિચક્ષણ શ્રી વરાહ ભગવાન પૃથ્વીને યોગ્ય સ્થાને સ્થાપે છે એ વાત કહે છે—

स गामुदस्तात् सलिलस्य गोचरे विन्यस्य तस्यामदधात् स्वसत्वम् ॥
अभिष्टुतो विश्वसृजा प्रसूनैरापूर्यमाणो विबुधैः पश्यतोऽरेः ॥८॥

અન્વયાર્થ—विश्वसृजा-વિશ્વના રચનાર-બ્રહ્માજીથી, **अभि-ष्टुतः**-અનેક પ્રકારે, સ્તુતિ કરાતા, અને **विबुधैः** દેવો દ્વારા, **प्रसूनैः**-પુષ્પોથી, **आपूर्यमाणः**-છવાતા, **सः**-તે ભગવાને, **अरेः पश्यतः**-શત્રુના દેખતાં, **गाम्**-પૃથ્વીને, **सलिलस्य**-જલના, **उदस्तात्**-ઉપરના, **गोचरे**-નિર્ભય સ્થાનમાં, **विन्यस्य**-સ્થાપીને, **तस्याम्**-તેમાં-પૃથ્વીમાં, **स्व-सत्वम्**-પોતાના બળને, **अदधात्**-મૂક્યું-પધરાવ્યું. (વંશસ્થવૃત્ત) ૮

અનુવાદ—બ્રહ્માજી સ્તુતિ કરતા હતા, દેવો કુસુમવૃષ્ટિથી ભગવાનને છાઈ દેતા હતા ત્યાં ભગવાને હિરણ્યાક્ષની નજર સામે પૃથ્વીને પાણીના ઉપરના નિર્ભય સ્થળમાં સ્થાપી દીધી અને તેમાં પોતાનું સ્વત્ત્વ પધરાવ્યું. ૮

તત્ત્વસુધા—विश्वसृजा-પૃથ્વીને જ્યારે યોગ્ય સ્થાને ભગવાન સ્થાપે છે ત્યારે બ્રહ્માજી સ્તુતિ કરે છે. અને દેવો પુષ્પોની વૃષ્ટિ કરી ભગવાનને ઢાંકી દે છે. કારણ કે દેવોને યજ્ઞોદ્વારા ભાગ મળશે અને બ્રહ્માજીને સૃષ્ટિનિર્માણની સગવડ થશે. માટે સ્તુતિ અને કુસુમવૃષ્ટિ કર્યાં.

अरेः पश्यतः--આ વાક્યનો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બન્ને સાથે સંબંધ છે. શત્રુના દેખતાં સ્તુતિ અને પુષ્પવૃષ્ટિ થઇ તેમજ શત્રુના દેખતાં જ પૃથ્વીની સ્થાપના કરી. દુશ્મનની હાજરીમાં સન્માન મળવું એ એક ઉત્કર્ષ છે. અને શત્રુના દેખતાં જ કાર્ય સાધી લેવું એ એક વિજય છે. उदस्तात्-गोचरे જલ ઉપર ગોચરમાં પૃથ્વીને પધરાવી. આ ગોચરના ત્રણ અર્થ કરવા. (૧) ગાયો ચરે છે તેવો નિર્ભય પ્રદેશ એટલે ગોચર. (૨) અથવા વૈકુંઠમાં બિરાજી ભગવાન જે સ્થાનને જુએ છે તે સ્થાન ગોચર, (૩) અથવા જ્યોતિર્મંડળનું નામ પણ ગોચર છે.

स्वसत्वम्— ભગવાને પૃથ્વીને પધરાવી તેમાં પોતાના "સત્વ"ને પણ પધરાવ્યું તે સત્વ કયું ? "શુદ્ધસત્વ"નું નામ સત્વ છે. આ સત્વને લીધે પૃથ્વી સ્થિર રહે છે, તેમાં ભગવાનની મૂર્તિઓ-મંદિરો બંધાય છે અને સંતો-ભક્તોનો નિવાસ થાય છે. ૮

શ્રી વરાહ ભગવાન આ શ્લોકથી વચનામૃત પ્રારંભે છે—

परानुषक्तं तपनीयोपकल्पं महागदं काञ्चनचित्रदंशम् ॥
मर्माण्यभीक्ष्णं प्रतुदन्तं दुरुक्तैः प्रचण्डमन्युः प्रहसंस्तं बभाषे ॥९॥

અન્વયાર્થ—पर-अनु-सक्तम्-પરબ્રહ્મમાં આસક્તિવાળા-પાછળ દોડી આવતા, **तपनीय-उपकल्पम्**-તપ યોગ્ય સામગ્રીવાળા-સુવર્ણના અલંકારવાળા, **महद् अगदम्**-મોટા ઔષધવાળા-હાથમાં મોટી ગદાવાળા, **काञ्चन-चित्र-दंशम्**-કાંચનાના વિચિત્ર ચિહ્નવાળા-સુવર્ણના રચેલા બખ્તરવાળા, **मर्माणि**-પોતાનાં પાપનાં છિદ્રોને-મર્મ પ્રદેશોને, **अभीक्ष्णम्**-વારંવાર, **प्रतुदन्तम्**-પીડતા, **तं**-હિરણ્યાક્ષને, **दुर्-उक्तैः**-દુર્લભ વચનોથી-દુષ્ટ વચનોથી, **प्रचण्ड-मन्युः**-પ્રંચડ ક્રોધ છે જેમનો તે ભગવાન-શિવજીને, **प्रहसन्**-હાસ્ય કરતા, **बभाषे**-કહેવા લાગ્યા. (વંશસ્થવૃત્ત) ૯

અનુવાદ—પરબ્રહ્મમાં પ્રીતિવાળા તપસ્વીને યોગ્ય સામગ્રીવાળા, ભક્તિ નામના ઔષધવાળા, કાંચનાના વિચિત્ર ચિહ્નવાળા, પોતાનાં પાપનાં છિદ્રોને વારંવાર સંયમથી પીડતા તે હિરણ્યાક્ષને દુર્લભ વચનો દ્વારા ઉપદેશક શિવજીને સમીપમાં રાખતા ભગવાન હસતાં હંસતાં કહેવા લાગ્યા. ૯

---

[१] प्रसभं तं प्रा. पा. ।

બીજો અર્થ—પાછળ દોડી આવતા, સુવર્ણના અલંકારવાળા, હાથમાં મોટી ગદાવાળા, મર્મને વારંવાર કુટુવચનોથી પીડતા તે હિરણ્યાક્ષને પ્રચંડ ક્રોધવાળા ખૂબ જ હાસ્ય કરતા ભગવાન શ્રીવરાહ કહેવા લાગ્યા. ૯

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં બે પ્રકારના ભાવ છે. વરાહ ભગવાનની સાથે યુદ્ધ કરવા દોડી આવતો હિરણ્યાક્ષ "વૈરભાવ"થી ભરેલો છે. એ પ્રકારનો અર્થ ચાલુ પ્રસંગને અનુસરીને બતાવ્યો છે. બીજા પ્રકારના ભાવમાં હિરણ્યાક્ષ ભક્ત છે તેથી અનન્યભક્તિથી ભગવાનની પાછળ જાય છે તે ભાવ છે. પ્રથમ વિશુદ્ધ ભક્તિભાવથી વિચારીએ પછી દ્વેષ ભાવથી વિચારીએ—

સ્તુતિપરક ભક્તિભાવ—

परानुषक्तम्–વૈકુંઠનિવાસી જય પૃથ્વી ઉપર શાપથી આવ્યો છે તે પ્રભુના વિયોગથી અતિશય પીડાયો છે. ભગવાનને આજે જોયા. તેથી પ્રભુની પાછળ દોડ્યો તેનું કારણ કહ્યું કે पर–શ્રીકૃષ્ણમાં अनुसक्त–આસક્તિવાળો છે.

तपनीय–उपकल्पम्–ઉત્તમ તપસ્વીના જેવી તેની ઇન્દ્રિયો દેહ વગેરે હતાં તેથી તો વૈકુંઠનો અધિકારી થયેલ છે.

महागदम्–महद्–મોટું अगदं–ઔષધ તેની પાસે હતું. કેવળ તે તપસ્વી જ ન હતો પરંતુ તેની પાસે કામ, ક્રોધ આદિ દુઃસાધ્ય રોગોને દૂર કરનારું ભક્તિરસાયણ અમૃત હતું. काञ्चन–चित्रदंशम्–કાઞ્ચના અલૌકિક ઋષિના चित्रः–વિલક્ષણ दंशो यस्य–ચિહ્નવાળો હિરણ્યાક્ષ હતો. તેનામાં અખંડ ભક્તિ વસે માટે ભગવાને તેના હૃદય ઉપર દિવ્ય ચિહ્ન સ્થાપ્યું હતું.

मर्माण्यभीक्ष्णं प्रतुदन्तम्–ઇન્દ્રિયો પાપનાં છિદ્રો છે તેના ઉપર સંયમ કરવાથી તે પીડાય છે પરંતુ પીડા મટતાં પાછી તે પુનઃ પ્રવૃત્ત થાય છે. તેણે વારંવાર સંયમ કરી તે ઇન્દ્રિયોને વશ બનાવી છે. આ સંયમી ભક્તને ભગવાન "પ્રચંડમન્યુ" એટલે ઉપદેશ આપવાનું કામ ભગવાન શંકરને કરવાનું હોય છે તેથી પ્રચંડમન્યુ–શિવજીનું સ્વરૂપ લઈ ઉપદેશ આપી રહ્યા છે. આ સ્તુતિ પરક અર્થ છે.

પ્રસ્તુત અર્થ—આ પ્રકરણનો જાણીતો અર્થ તો સ્પષ્ટ છે. સુવર્ણાલંકારથી શોભતા હિરણ્યાક્ષને વધુ ઉત્તેજિત કરવા ભગવાન હસતાં હસતાં બોલવાનો આરંભ કરે છે. ૯

હવે શ્રી વરાહ ભગવાન કટાક્ષ વાક્યોનો કટાક્ષ વાક્યોથી ઉત્તર વાળે છે—

श्रीभगवानुवाच–सत्यं वयं भो वनगोचरा मृगाः युष्मद्विधान्[1] मृगये ग्रामसिंहान्[2] ।।
न मृत्युपाशैः प्रतिमुक्तस्य वीरा विकत्थनं तव गृह्णन्त्यभद्र ।।१०।।

અન્વયાર્થ—શ્રી ભગવાન બોલ્યા—**भो अभद्र**–હે અભદ્ર પુરુષ! **सत्यम्** સાચી વાત છે કે, **वयम्** અમે, **वन-गोचराः**–વનમાં વસનારા, **मृगाः**–મૃગો છીએ અને, **युष्मद्-विधान्**–આપના જેવા, **ग्राम-सिंहान्**–ગ્રામવાસી સિંહોને, **मृगये**–શોધીએ છીએ. **मृत्यु-पाशैः**–મૃત્યુના પાશોથી, **प्रति-मुक्तस्य**–બંધાએલા, **तव**–તારાં, **विकत्थनम्**–ઉન્મત્ત પ્રલાપને–તારી બડાશોને, **वीराः**–વીર પુરુષો, **न गृह्णन्ति**–ગણકારતા નથી–ગ્રહણ કરતા નથી. (ઇંદ્રવંશાવૃત્ત) ૧૦

અનુવાદ—હે અભદ્ર પુરુષ, સાચી વાત છે કે અમે વનમાં વસનારા મૃગો છીએ અને આપના જેવા ગ્રામવાસી સિંહોને શોધીએ છીએ. ખરેખર, મૃત્યુના પાશથી બંધાએલા એવા તારી બડાશોની અમે દરકાર કરતા નથી. ૧૦

---

[1] –द्विधं मृग० प्रा. पा. । [2] –सिंहम् प्रा. पा. ।

તત્ત્વસુધા—सत्यं वयं भो–આ શ્લોકમાં બે પ્રકારના અર્થથી ભરેલાં મધુરતમ-વચનામૃતો દ્વારા ભગવાન હિરણ્યાક્ષને સંબોધે છે.—પ્રથમ, પ્રસંગને અનુરૂપ અર્થ લઈએ પછી સ્તુતિપરક અર્થ કરીએ—

भो ! પ્રિયજનનું અને શત્રુનું નામ ન બોલાય તેથી ભગવાને भो સંબોધન કર્યું છે. વિચક્ષણ પુરુષો વ્યંગ વાક્યોનો સાક્ષર વાણીમાં કટાક્ષ પ્રત્યુત્તર પણ સરસ વાળી શકે છે. ભગવાનને હિરણ્યાક્ષે, વનવાસી મૃગ ! શબ્દથી તિરસ્કાર કરેલો. તેના વળતરમાં ભગવાને કહ્યું કે અમે આપના જેવા “ ग्रामसिंह ”–ગ્રામસિંહને શોધીએ છીએ. ગામની ભાગોળથી આગળ જતાં જેઓ કાંઈ નથી કરી શકતા તેમને “ કૂતરા ” તરીકે ગાયા છે. ખાસ કરીને તો પ્રભુની પ્રભુતા એ છે કે હિરણ્યાક્ષને હે પાપી એવું સંબોધન કરતાં अभद्र ‘ અભદ્ર ’ એવું સંબોધન કરે છે. મહત્પુરુષોના મુખમાંથી તુચ્છ શબ્દો નથી નીકળી શકતા.

वीरा विकत्थनं न गृह्णन्ति–વીર પુરુષો વાક્કલહમાં નથી ઊતરતા. વીરો અને દાતારોને ક્રિયા કેવલ ઉત્તર હોય છે. ભગવાને એક મર્મસૂચક વાક્ય કહ્યું કે मृत्युपाशैः प्रतिमुक्तस्य–હે હિરણ્યાક્ષ ! તું મૃત્યુના પાશથી બંધાયેલ છું. આ વાક્યમાં पाशैः પાશ શબ્દ બહુ વચનમાં લીધો છે. તેનું કારણ કે ‘ મોહ અને પ્રમાદ ’ એ બે મૃત્યુનાં સ્વરૂપો છે. મોહમાંથી કામાદિ પછી પાશ પેદા થાય છે. તેવા પાશબદ્ધનાં વચનો હૃદય ઉપર ધરવા જેવાં નથી હોતાં.

સ્તુતિપક્ષ—वनगोचराः એટલે હિરણ્યાક્ષને વરાહ ભગવાન બન્ને જલમાં અને વનમાં દેખાય છે માટે તે ભગવાનને વનગોચર કહે છે. मृगः એટલે દેવો, વેદો, યોગીઓ જેને શોધે છે તે ભગવાનને “ મૃગ ” કહ્યા. આ મૃગ શબ્દનો અર્થ હરણ નથી થતો. मृगयति–શોધે છે તે મૃગ કહેવાય. વૈકુંઠમાંથી ખોવાયેલ પાર્ષદને શોધી રહેલ છે તેથી ભગવાન માટે मृगः શબ્દ બરાબર છે. ભગવાન દયાળુ હોવાથી ભક્તના विकत्थन દોષને નથી નિહાળતા. ૧૦

આ શ્લોકમાં શ્રી વરાહ ભગવાન કહેશે કે અમે તમારી સામે ઊભા છીએ તમારી શક્તિ અજમાવો—

एते वयं न्यासहरा रसौकसां गतह्रियो गदया द्राविता स्ते ॥
तिष्ठामहेऽथापि[1] कथञ्चिदाजौ स्थेयं क्व यामो[2] बलिनोत्पाद्य वैरम् ॥११॥

અન્વયાર્થ—**रसा ओकसाम्**–પાતાલવાસીઓની, **न्यास–हराः**–થાપણને લઈ જનારા, **गतह्रियः**–લાજ વિનાના, **ते गदया**–તારી ગદાથી, **द्राविताः**–નસાડી મૂકેલા, **एते वयम्**–આ અમે છીએ. **अथ अपि**–છતાં પણ, **आजौ**–રણસંગ્રામમાં, **कथञ्चित्**–માંડ માંડ, **तिष्ठामहे**–ઊભા રહીશું, **स्थेयम्**–અમારે તે પ્રમાણે ઊભા રહેવું જોઈએ, **बलिना**–બળવાન સાથે, **वैरम्**–વૈરને, **उत्पाद्य**–ઉત્પન્ન કરીને, **क्व यामः**–ક્યાં જઈએ. (ઇંદ્રવંશાવૃત્ત) ૧૧

અનુવાદ—પાતાલવાસીઓની થાપણને લઈ જનારા, લાજવિનાના, અને તારી ગદાથી નસાડેલા અમે આ છીએ, તો પણ રણસંગ્રામમાં તમારી સામે માંડ માંડ ઊભા રહીશું; ઊભા રહેવું જ જોઈએ. બલવાન સાથે વૈર પેદા કરીને જઈએ પણ ક્યાં ? ૧૧

તત્ત્વસુધા—एते वयं न्यासहराः–ભગવાને આક્ષેપોના ઉત્તર આપવા શરૂ કર્યા. પાતાલવિનાસીઓની આ થાપણ છે એમ માનો છો, પરંતુ એ ભ્રાન્તિ છે. પૃથ્વી યજ્ઞ માટે છે. અમે યજ્ઞનો અવતાર છીએ માટે પૃથ્વી યજ્ઞકાર્ય માટે લઈ જઈએ છીએ. યુદ્ધમાંથી ખસી નથી જતા. તમારી સામે જ ઊભા છીએ. થોડો સમય તમારી તાકાત માપી જોઈએ. વળી અમે બલિષ્ઠ સાથે વૈર વધારી ક્યાં જઇશું ? આવો પ્રકરણથી પ્રાપ્ત થયેલ અર્થ છે જ. પરંતુ બીજો અર્થ નીચે પ્રકારે છે—

---

१ –महे चापि प्रा. पा.　२ –त्वया प्रा. पा. ।

સ્તુતિપરક અર્થ—रसौकसां न्यासहराः एते वयं न्यासहराः–ભક્તિરસમાં જ જેમનો નિવાસ છે એવા ભક્તોને "રસૌકસ" કહ્યા છે. તે ભક્તોનો "ન્યાસ" એટલે આત્મનિવેદન. ભક્તોના આત્મનિવેદનનો સ્વીકાર કરવા અમે સદા ઊભા છીએ, કદી ભક્તોથી દૂર જતા જ નથી.

"गतह्रियः"–ભક્તોએ કરેલ આત્મનિવેદનથી અમે ઋણી બન્યા છીએ તેથી અમે સલજ્જ બન્યા છીએ અને ઋણ સ્વીકારીએ છે. वयं બહુવચનથી સૂચવ્યું છે કે પ્રત્યેક અવતારમાં અમારી આ રીત છે.

गदया द्राविताः—ગદા શબ્દનો અર્થ થાય છે સ્તુતિ. કારણ કે ગદ ધાતુનો અર્થ થાય છે કે સ્પષ્ટ વાણીનો ઉચ્ચાર કરવો. માટે તે હિરણ્યાક્ષ તારી ગદાથી એટલે સ્તુતિથી द्राविताः અમે આર્દ્ર બની ગયેલ હોઈ આર્ત ભક્તને મૂકીને દૂર નથી જઈ શકતા. ૧૧

ભગવાને કહ્યું કે જે પોતાની પ્રતિજ્ઞાને ન પાળે તે અસભ્ય છે—

त्वं पद्रथानां किल यूथपाधिपो घटस्व नोऽस्वस्तय आश्वनूहः ॥
संस्थाप्य चास्मन्प्रमृजाश्रु स्वकानां यः स्वां प्रतिज्ञां नातिपिपर्त्यसभ्यः ॥१२॥

અન્વયાર્થ—**त्वम्**–તમે, **पद्-रथानाम्**–પાયદળ અને રથોના, **यूथप-अधिपः**–સમૂહના પાલકના અધિપતિ છો, **किल**–સાચી વાત છે, **नः**–અમારી સાથે, **अस्वस्तये**–અકલ્યાણ માટે, **अनूहः**–તર્ક–વિતર્ક કર્યા વિના, **आशु**–વિના વિલંબે, **घटस्व**–યુદ્ધે ચઢી જાવ, **च संस्थाप्य**–અને અમારો નાશ કરી, **स्वकानाम्**–તમારા સ્વજનોનાં, **अश्रु**–અશ્રુને, **प्रमृज**–લૂછી નાખો, **यः स्वां-प्रतिज्ञाम्**–જે પોતાની પ્રતિજ્ઞાને, **न अतिपिपर्ति**–સારી રીતે સંપૂર્ણ નથી કરતો તે, **असभ्यः**–અસભ્ય ગણાય છે. (ઇંદ્રવંશાવૃત્ત) ૧૨

અનુવાદ—તમે પાયદળ અને રથોના સમૂહના પાલન કરનારાના પણ અધિપતિ છો. અમારી સાથે વિના વિલંબે, વિના તર્કવિતર્કે અકલ્યાણ માટે યુદ્ધમાં ભીડાઈ જાવ. અમારો નાશ કરી તમારા સ્વજનોનાં અશ્રુને લૂછી નાખો. જે પોતાની પ્રતિજ્ઞાનું પરિપૂર્ણ પાલન નથી કરતો તે અસભ્ય ગણાય છે. ૧૨

તત્ત્વસુધા—त्वं पद्रथानां किल यूथपाधिपः–ભગવાને હિરણ્યાક્ષને કહ્યું કે ભાઈ, તમે તો પદાતિ અને રથીઓના સેનાપતિના પણ સેનાપતિ છો. તમને અમારું આવાહન છે કે તમે એકલા યુદ્ધે ન આવતાં તમારા સમસ્ત દલબલ સાથે આવજો. पद्रथ શબ્દનો બીજો અર્થ થાય છે કે "પગ" રૂપી રથવાળાના તમે અધિપતિ છો.

नः अस्वस्तये—આવો, અમારી સાથે અમારા अस्वस्ति–અકલ્યાણ માટે યુદ્ધ ખેલો કારણકે તમારી સાથે યુદ્ધમાં તમને જીતવામાં કે મારવામાં અમારી કાંઈ પ્રતિષ્ઠા થવાની જ નથી. લોક કહેશે બડાશ મારતા નમાલાને માર્યો એમાં બહાદુરી શી?

प्रमृजाश्रु स्वकानां—સમાજનો સામાન્ય સ્વભાવ છે કે પોતાનું નુકસાન કરનાર દુશ્મનનો નાશ થતાં તેના સ્વજનનાં અશ્રુ નિહાળતાં આશ્વાસન આપે છે. આ લોકસ્વભાવને અનુરૂપ ભગવાને કહ્યું કે તારાં સ્વજનનાં અશ્રુ અમારો નાશ કરીને લૂછી નાખ. नातिपिपर्त्यसभ्यः–જે પોતાની પ્રતિજ્ઞા નથી સંભાળી શકતો તે સાચે જ "અસભ્ય" છે. ૧૨

વાણીના યુદ્ધથી ઉત્તેજન વધ્યું અને હવે કાયાથી યુદ્ધ શરૂ થશે એ વાત ૭ શ્લોકથી કહેશે—

मैत्रेय उवाच – सोऽधिक्षिप्तो भगवता प्रलब्धश्च रुषा भृशम् ॥
आजहारोल्बणं क्रोधं क्रीड्यमानोऽहिराडिव ॥१३॥

અન્વયાર્થ—मैत्रेय उवाच-ભગવાન મૈત્રેય બોલ્યા કે, **भगवता**-શ્રી વરાહ ભગવાને, **अधिक्षिप्तः**-તિરસ્કાર કરેલા, **च**-અને, **भृशं रुषा**-ભારે ક્રોધથી, **प्रलब्धः**-ધવાએલ, **सः**-તે દૈત્યે, **क्रीड्यमानः**-રમાડાતા, **अहिराट् इव**-ઉત્તમ સર્પની માફક, **उल्बणं क्रोधं**-ભારે ક્રોધને, **आजहार**-ધારણ કર્યો. ૧૩

અનુવાદ—ભગવાન મૈત્રેયે કહ્યું કે શ્રી વરાહ ભગવાને તિરસ્કાર કરેલો અને ભારે ક્રોધથી ઘવાએલ દૈત્ય હિરણ્યાક્ષે રમાડાતા ઉત્તમ સર્પની માફક ભારે ક્રોધને ધારણ કર્યો. ૧૩

તત્ત્વસુધા—सोऽधिक्षिप्तः-ભગવાનને હિરણ્યાક્ષ "વનગોચર મૃગ" કહેલું તેના જવાબમાં તેને ભગવાને ગ્રામસૂકર-શ્વાન કહ્યો તેથી તેનો તિરસ્કાર થતાં જ તે ઉત્તેજિત થયો. તે ક્રોધે ભરાયો અને યુદ્ધ માટે વિચારવા લાગ્યો. ૧૩

આ શ્લોકમાં હિરણ્યાક્ષની અધીરાઈ વર્ણવી છે-

[1]सृजन्नमर्षितः श्वासं मन्युप्रचलितेन्द्रियः ॥
आसाद्य तरसा दैत्यो गदयाऽभ्यहनद् हरिम् ॥१४॥

અન્વયાર્થ—अमर्षितः-સહન ન કરતો, **मन्यु-प्र-चलित-इन्द्रियः**-ક્રોધથી ખળભળેલી ઇન્દ્રિયવાળો, **दैत्यः**-દૈત્યે, **श्वासं सृजन्**-શ્વાસ છોડતો, **तरसा**-વેગથી, **आसाद्य**-સમીપ આવીને, **हरिम्**-ભગવાન ઉપર, **गदया**-ગદાથી, **अभ्यहनत्**-પ્રહાર કર્યો. ૧૪

અનુવાદ—ભગવાનનાં વાક્યોને સહન ન કરતો, ક્રોધથી રાતીપીળી ઇન્દ્રિયોવાળો દૈત્ય શ્વાસ છોડતો વેગથી ભગવાનની સમીપ આવી ગયો અને શ્રીહરિ ઉપર ગદાથી પ્રહાર કર્યો. ૧૪

તત્ત્વસુધા—सृजन्नमर्षितः—હિરણ્યાક્ષને ભગવાનનાં વાક્યોથી રોષ ચઢયો. સ્વાસ્થ્ય ગયું. મન્યુએ હૃદયમાં ઘર કર્યું. મન્યુ એટલે અંદરનો ક્રોધ. ઇન્દ્રિયોમાં ખળભળાટ થયો. ધૈર્ય અને સ્થૈર્ય તૂટી ગયાં. અવિવેકે ઘર કર્યું. અને આવેશમાં આવીને ગદાનો પ્રહાર કર્યો. ખરે મહાન પુરુષો પ્રથમ પ્રહાર કરતા નથી. પરંતુ તે તુચ્છનો સ્વભાવ છે. ૧૪

આ શ્લોકમાં ભગવાન ગદાના વેગને નિષ્ફળ બનાવે છે તે વાત વર્ણવે છે—

भगवांस्तु गदावेगं विसृष्टं रिपुणोरसि ॥
अवञ्चयत्तिरश्चीनो योगारूढ इवान्तकम् ॥१५॥

અન્વયાર્થ—योग-आरूढः-યોગ ઉપર આરૂઢ થયેલ, **अन्तकम्-इव**-મૃત્યુને જેમ ચૂકાવે તેમ, **भगवान् तु**-ભગવાને તો, **रिपुणा**-શત્રુએ, **उरसि**-છાતી ઉપર, **विसृष्टम्**-ફેંકલ, **गदा-आवेगम्**-ગદાના વેગને, **तिरश्चीनः**-જરા વાંકા વળીને, **अवञ्चयत्**-ચૂકાવ્યો-નિષ્ફળ કર્યો. ૧૫

અનુવાદ—યોગ ઉપર આરૂઢ થયેલો જેમ મૃત્યુને ચૂકાવી દે તેમ ભગવાને, શત્રુએ છાતી ઉપર ફેંકેલ ગદાના આવેગને સહેજ વાંકા વળીને ચૂકાવી દીધો. ૧૫

તત્ત્વસુધા—गदावेगं भगवान् अवञ्चयत्-ભગવાને ગદાવેગને ચૂકાવ્યો. આ વસ્તુ સર્વથા અશક્ય છે. કારણ કે "ગદાયુદ્ધ" તો સામસામી ઊભા હોય છે ત્યારે જ બને છે. ગદાપ્રહારને ગદાથી ખાળી શકાય છે, પરંતુ તેને ચૂકાવી શકાય નહીં. પરંતુ ભગવાન તો સમર્થ છે તેથી સૂક્ષ્મ સ્વરૂપ લઈ અન્તર્ધાન થઈ ગયા તેથી તેના ગદાનો પ્રહાર નિષ્ફળ થયો. આ બાબતને સ્પષ્ટ કરવા માટે ઉપમા આપી કે—

"योगारूढ इवान्तकम्"—યોગી મૃત્યુ જીતી શકે છે. મૃત્યુ પ્રાણને લેવા માટે આવે છે. પરંતુ યોગી પ્રાણનો લય કરી શકે છે. મૃત્યુ પ્રાણ ન મળતાં પાછું વળે છે અને યોગી જીવી શકે છે. ભગવાન તો યોગેશ્વર છે. ૧૫

---

[1] विसृजन्० प्रा. पा. ।

ભગવાન દૈત્ય સામે દોડી ગયા એ વાત આ શ્લોકમાં કહે છે—

पुनर्गदां स्वामादाय[1] भ्रामयन्तमभीक्ष्णशः ॥
अभ्यधावद्धरिः क्रुद्धः संरम्भाद्दष्टदच्छदः ॥१६॥

અન્વયાર્થ—**पुनः**-ફરીથી, **स्वां गदाम्**-પોતાની ગદાને, **आदाय**-લઈને, **अभीक्ष्णशः**-વારંવાર, **भ्रामयन्तम्**-ફેરવતા દૈત્ય સમીપે, **सरम्भात्**-ક્રોધથી, **दष्ट-दच्छदः**-હોઠ પીસતા, **क्रुद्धः**-ક્રોધે ભરાયેલા, **हरिः**-ભગવાન, **अभ्यधावत्**-દોડી ગયા. ૧૬

અનુવાદ—ફરીથી પોતાની ગદાને હાથમાં લઈ વારંવાર ભમાવતા દૈત્ય સામે, ક્રોધથી હોઠ પીસતા ક્રોધે ભરાયેલા ભગવાન શ્રીહરિ દોડી આવ્યા. ૧૬

તત્ત્વસુધા—पुनर्गदां स्वामादाय એકવાર નિષ્ફળ નીવડેલા, બીજીવારની તક શોધતા અને વીરત્વ જાગૃતિ માટે વારંવાર ગદા ફેરવતા હિરણ્યાક્ષને નિહાળી રોષે ભરાયેલા શ્રીહરિ તેના ઉપર ધસી આવ્યા. ક્રોધે ભરાયેલા છતાં દયાળુ છે તે દર્શાવવા हरिः–શ્રીહરિ એવી સંજ્ઞા ભગવાનને આપી છે. ૧૬

ततश्च गदयाऽरातिं दक्षिणस्यां भ्रुवि प्रभुः ॥
आजघ्ने स तु[2] तां सौम्य गदया कोविदोऽहनत् ॥१७॥

અન્વયાર્થ—**ततः च**-ત્યાર પછી, **प्रभुः**-ભગવાને, **दक्षिणस्यां**-જમણી, **भ्रुवि**-ભ્રમર ઉપર, **अरातिम्**-શત્રુને, **गदया**-ગદાથી, **आजघ्ने**-પ્રહાર કર્યો. **तु**-પરંતુ, **सौम्य**-હે વિદુરજી ! **सः कोविदः**-તે કુશળ દૈત્યે, **ताम्**-તે ગદાને, **गदया**-ગદાથી, **अहनत्**-પ્રહાર કર્યો. ૧૭

અનુવાદ—ત્યાર પછી પ્રભુએ શત્રુને જમણી બાજુની ભ્રમર ઉપર ગદાથી પ્રહાર કર્યો, પરંતુ હે સૌમ્ય વિદુરજી ! તે કુશળ દૈત્યે તે ગદાને ગદાથી પ્રહાર કર્યો. ૧૭

તત્ત્વસુધા—ततश्च गदयाऽरातिम्—શ્રી વરાહ ભગવાનની સાથે હિરણ્યાક્ષનું ગદાયુદ્ધ ચાલે છે. ભગવાને જમણી ભ્રમર પર ગદાનો પ્રહાર કર્યો. કોમળ સ્થાન ઉપર કેમ મારી, એવી શંકા ન કરવી. આંખે ત્રણ અપરાધ કર્યાં હતા. કામ-ક્રોધ-લોભવશ તેને સનત્કુમારોને દૂષિત દષ્ટિએ નિહાળ્યા હતા તેથી દક્ષિણ ભ્રમર ઉપર પ્રહાર કર્યો. વળી તેનું આસુરી મૃત્યુ દૂર કરવા માટે પણ તેમ કર્યું છે. सौम्य–વિદુરજી કોમલ હૃદયવાળા હોવાથી આ કથાથી આઘાત ન થાય માટે સૌમ્ય સંબોધન કર્યું છે. વળી દુર્યોધનના દ્વારે અપમાન પામેલા વિદુરજી શસ્ત્રો મૂકીને ગયા તે પણ સુજનતા સૂચવી. ભગવાનની ગદાનું **कौमोदकी** નામ છે ગદાનો પ્રહાર દૈત્યને અને પૃથ્વીને આનંદ આપશે એમ સૂચવ્યું. ૧૭

આ શ્લોકમાં હિરણ્યાક્ષ અને વરાહ ભગવાનનું યુદ્ધ વર્ણવે છે—

एवं गदाभ्यां गुर्वीभ्यां हर्यक्षो हरिरेव च ॥
जिगीषया सुसंरब्धावन्योन्यमभिजघ्नतुः ॥१८॥

અન્વયાર્થ—**एवम्**-આ પ્રમાણે, **हर्यक्षः च**-હિરણ્યાક્ષ અને, **हरिः एव**-શ્રીહરિ પોતે, **जिगीषया**-વિજયની વાંછાથી, **सुसंरब्धौ**-ક્રોધના આવેશમાં આવી જઈ, **गुर्वीभ्याम्**-ભારે, **गदाभ्याम्**-ગદાઓથી, **अन्योन्यम्**-એકબીજાને, **अभि-जघ्नतुः**-પ્રહાર કરતા હતા. ૧૮

---

१ समा–प्रा. पा., २ च तं प्रा. पा.

અનુવાદ—એ પ્રમાણે હિરણ્યાક્ષ અને શ્રીહરિ પોતે વિજયની વાંછાંથી ક્રોધના આવેશમાં આવી જઈ ભારે ગદાઓથી એકબીજાને પ્રહાર કરતા હતા. ૧૮

તત્ત્વસુધા—एवं गदाभ्यां गुर्वीभ्यां—પૃથ્વી પ્રથમથી જ યુદ્ધનું નિમિત્ત બની છે. સર્વ ઐશ્વર્ય ધરનારી તે વસુંધરા છે. એને મેળવા ઐશ્વર્યો મેળવાય છે. ભગવાન વરાહનું અને હિરણ્યાક્ષનું યુદ્ધ કેવલ વિજયની વાંછા છે, પૃથ્વી પ્રાપ્ત કરવા માટે નથી. આ લોકચરિત્ર નથી પરંતુ લીલાચરિત્ર છે, તે દર્શાવવા હિરણ્યાક્ષને માટે નીચેના શબ્દ વાપરે છે—

हर्यक्षः-હરિ જેની આંખમાં છે તેનું નામ હર્યક્ષ. હિરણ્યાક્ષની આંખમાં "હરિ" હતા. તેથી તેની શક્તિ પણ ભગવાનના જેવી જ હતી. સુસંરબ્ધ શબ્દનો અર્થ પુષ્કળ જુસ્સાવાળા એવો થાય છે. ૧૮

આ શ્લોકમાં બે પ્રતિસ્પર્ધીના યુદ્ધની કથા છે—

तयोः स्पृधो[1]स्तिग्मगदाहताङ्गयोः क्षतात्[2] स्रवद् घ्राणविवृद्धमन्यवोः[3] ॥
विचित्रमार्गांश्चरतोर्जिगीषया व्यभादिलायामिव शुष्मिणोर्मृधः ॥१९॥

અન્વયાર્થ—**तिग्म-गदा-आहत-अङ्गयोः**-પ્રચંડ ગદાના પ્રહારોથી ઘવાયેલા અંગવાળા, **क्षतात्**-ઘામાંથી, **स्रवद्-घ्राण-विवृद्ध-मन्यवोः**-ઝરતા રુધિરના ગંધથી વધેલા રોષવાળા, **जिगीषया**-જીતવાની ઇચ્છાથી, **विचित्र-मार्गान्**-ગદાયુદ્ધની જુદી જુદી યુક્તિઓને, **चरतोः**-અજમાવતા, **स्पृधोः**-સ્પર્ધા કરતા, **तयोः**-તે બન્નેનું, **मृधः**-ગદાયુદ્ધ, **इलायाम्**-પૃથ્વી ઉપર, **शुष्मिणोः**-લડતા સાંઢની, **इव**-જેમ, **व्यभात्**-શોભતું હતું. (વંશસ્થવૃત્ત) ૧૯

અનુવાદ—પ્રચંડ ગદાઓના પ્રહારથી ઘવાએલ અંગવાળા, ઘામાંથી ઝરતા શોણિતના ગંધથી વધતા રોષવાળા, વિજય મેળવવાની વૃત્તિથી ગદાયુદ્ધની વિવિધ યુક્તિઓ અજમાવતા, સ્પર્ધા કરતા તે બન્નેનું યુદ્ધ જમીન ઉપર લઢતા બે સાંઢના જેવું શોભતું હતું. ૧૯

તત્ત્વસુધા—तयोः स्पृधोः—બન્ને પ્રતિસ્પર્ધીઓ ગદાયુદ્ધથી આક્રમણ કરતા. પરિણામે થતા ઘાવમાંથી રુધિર ઝરતું અને તેની ગંધ આવતી. જે ગંધના પ્રતાપે ઉત્કટ યુદ્ધવૃત્તિ જાગતી અને આવેશ વધ્યા જ કરતો હતો. જાણે જમીન ઉપર "સાંઢ" દંગલ મચાવતા હોય તેમ લાગતું. આ યુદ્ધમાં વીરરસનો આવિર્ભાવ છે. સાંઢ માત્ર જમીન ઉપર લઢતા હતા અને આ બન્ને જમીન માટે લઢતા હતા એમ લાગે છે. ૧૯

બ્રહ્માજી અને ઋષિઓ વરાહ ભગવાન અને હિરણ્યાક્ષના યુદ્ધને નિહાળવા પૃથ્વી ઉપર આવે છે—

दैत्यस्य यज्ञावयवस्य मायया गृहीतवाराहतनोर्महात्मनः ॥
कौरव्य मह्यां द्विषतोर्विमर्दनं दिदृक्षुरागादृषिभिर्वृतः स्वराट् ॥२०॥

અન્વયાર્થ—**कौरव्य!** હે કુરુવંશજ વિદુરજી, **दैत्यस्य**-દૈત્યના અને, **मायया**-માયાથી, **गृहीत-वाराह-तनोः**-વારાહ દેહને ધારણ કરતા, **महात्मनः**-ઉદાર મનવાળા, **यज्ञ-अवयवस्य**-યજ્ઞરૂપ અવયવવાળા ભગવાન એમ બન્ને, **द्विषतोः**-શત્રુઓનાં, **मह्याम्**-પૃથ્વી ઉપર ચાલતા, **विमर्दनम्**-યુદ્ધને, **दिदृक्षुः**-નિહાળવાની વૃત્તિથી, **ऋषिभिः वृतः**-ઋષિઓથી વીંટાએલા, **स्वराट्**-બ્રહ્માજી, **आगात्**-પધાર્યા. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૦

અનુવાદ—હે કુરુકુલોત્પન્ન વિદુર, દૈત્ય હિરણ્યાક્ષ અને માયાથી વરાહ આકૃતિનો સ્વીકાર કરતા, પરમ ઉદાર યજ્ઞરૂપ અવયવવાળા ભગવાન એમ બન્નેય શત્રુઓના ભૂમિ ઉપરના યુદ્ધને નિહાળવાની વૃત્તિથી ઋષિઓથી વીંટાએલા બ્રહ્માજી પધાર્યા. ૨૦

---

१ – तयोर्मृधे तिग्मगदाहृदाङ्गयोः प्रा. पा. २. क्षतास्रवद् प्रा. पाठः । ३. युद्धयोः प्रा. पाठः ।

તત્ત્વસુધા—दैत्यस्य **यज्ञावयवस्य**—ભગવાનનો પાર્ષદ, ભગવાનની કૃપાથી ભગવાન જેવા **અમોઘ** બળવાળો હતો. ભગવાન "યજ્ઞાવયવ" છે. યજ્ઞો ભગવાનના અવયવો છે. યજ્ઞોની સામગ્રીમાં પૃથ્વી પ્રધાન છે. પૃથ્વીનો ગંધ નામનો ગુણ છે. વરાહ ગંધનું ગ્રહણ કરે છે માટે ભગવાને વરાહ આકૃતિ સ્વીકારી છે. આવી આકૃતિના સ્વીકારમાં ભગવાનને, "નાનપ" નથી એ બતાવવા महात्मनः "મહાત્મા" પદ આપ્યું છે. મહાત્મા એટલે ઉદાર અને સરલ સ્વભાવના પુરુષ.

ऋषिभिः वृतः-બ્રહ્માજી એકલા ન પધારતાં ઋષિઓને પણ લાવ્યા. જેથી તેઓ સાક્ષી તરીકે ઉપયુક્ત નીવડે.

આ શ્લોકમાં બ્રહ્માજી ભગવાનને વિનવે છે—

आसन्नशौण्डीरमपास्तसाध्वसं कृतप्रतीकारमहार्यविक्रमम् ॥
विलोक्य दैत्यं भगवान् सहस्रणीर्जगाद नारायणमादिसूकरम् ॥२१॥

અન્વયાર્થ—**आसन्न-शौण्डीरम्**-યુદ્ધના ઉત્સાહને ધારણ કરતા, **अपास्त-साध्वसम्**-તેમજ ભયથી મુક્ત થયેલા, **कृत-प्रतीकारम्**-સામો ઉપાય કરતા, **अहार्य-विक्रमम्**-અજિંત પરાક્રમવાળા, **दैत्यम्**-દૈત્યને, **विलोक्य**-જોઈને, **सहस्रणीः**-હજારોના નિયંતા, **भगवान्**-ભગવાન-બ્રહ્માજી, **आदिसूकरम्**-આદિવરાહ, **नारायणम्**-નારાયણ ભગવાનને, **जगाद**-કહેવા લાગ્યા. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૧

અનુવાદ—યુદ્ધના ઉત્સાહને ધારણ કરતા, ભયથી પર થએલા, સામનો કરતા, અજિત-પરાક્રમ તે દૈત્યને જોઈને હજારો ઋષિઓના નિયંતા બ્રહ્માજી આદિ વરાહ નારાયણને વિનવવા લાગ્યા. ૨૧

તત્ત્વસુધા—आसन्नशौण्डीरम्-આ શ્લોકમાં દૈત્ય હિરણ્યાક્ષનાં દ્વિતીયાન્ત ચાર વિશેષણો છે. એકથી વીર્ય, બીજાથી અભય, ત્રીજાથી ભગવાનની સમાનતા, ચોથાથી પૂર્ણ પરાક્રમ, એમ ચાર શક્તિઓ વર્ણવી છે. "શૌંડીર" શબ્દનો અર્થ છે યુદ્ધનો ઉત્સાહ. જે કેવલ વીર પુરુષોમાં જ હોઈ શકે છે. આ યોગ્યતા હિરણ્યાક્ષની નથી ગાઈ પરંતુ ભગવાનની જ વર્ણવી છે. કારણ કે આવા સમર્થ શત્રુને મારનાર કેવા સમર્થ હશે એ રીતે પ્રભુના પરાક્રમનું અનુમાન કરાય પરંતુ માપ ન કાઢી શકાય. શ્રી વરાહ ભગવાન હિરણ્યાક્ષ સાથે વિનોદ કરતા લડે છે તેથી બ્રહ્માજીને ચિંતા થતાં બોલ્યા કે—

सहस्रणीः-હે નારાયણ જો આપ ઇચ્છશો તો જ આ હિરણ્યાક્ષ મરશે. બાકી તો મરવો કઠિન છે. આપની ઉપેક્ષા એનું મૃત્યુ નહીં કરે. જો કે બ્રહ્માજીને તેનો ભય નથી તે તો **सहस्रणी**-શબ્દથી સૂચવ્યું છે. તેના હજારો ઋષિઓના નિયન્તા અથવા સમર્થ સેનાનીઓને યુદ્ધમાં માર્ગપ્રેરક એવા બે અર્થ થાય છે. ૨૧

અપરાધીને શિક્ષા કરવી જોઈએ એવું આ શ્લોકોથી સૂચવે છે—

ब्रह्मोवाच – एष ते देव देवानामङ्घ्रिमूलमुपेयुषाम् ॥
विप्राणां सौरभेयीणां भूतानामप्यनागसाम् ॥२२॥
आगस्कृद् भयकृद् दुष्कृदस्मद्राद्धवरोऽसुरः ॥
अन्वेषन्नप्रतिरथो लोकानटति कण्टकः ॥२३॥

અન્વયાર્થ—**देव**-હે દેવ, **एषः**-આ દૈત્ય, **देवानाम्**-દેવોનો, **ते**-આપના **अङ्घ्रिमूलम्**-ચરણકમલને, **उपेयुषाम्**-શરણે આવનારાઓનો, **विप्राणाम्**-વિપ્રોનો, **सौरमेयीणाम्**-ગાયોનો, **अनागसाम्**-નિર્દોષ,

---

१ सौरमेयाणां प्रा. पा.

भूतानाम्–પ્રાણીઓનો, **आगस्कृत्**–અપરાધ કરનાર, **भयकृद्**–ભય પેદા કરનાર, **दुष्कृत्**–દુષ્ટ કર્મ કરનાર, **अस्मत-राद्ध-वरः**–અમારી પાસેથી વરદાન મેળવનાર, **असुरः**–દૈત્ય, **अप्रतिरथः**–અજોડ લડવૈયો, **अन्वेषन्**–સમાન યોદ્ધાને શોધતો, **कण्टकः**–કાંટો બનીને, **लोकान्**–લોકોમાં, **अटति**–વિચરે છે. ૨૨, ૨૩

અનુવાદ—હે દેવ, આ દૈત્ય દેવોને, આપના ચરણકમલના શરણાગતોને, વિપ્રોને, ગાયોને, નિર્દોષ જીવોને, અપરાધ કરનાર, ભય દેનાર, દુષ્ટ કર્મ કરનાર છે. મારી પાસેથી વરદાન મેળવનાર આ દૈત્ય અજોડ લડવૈયો હોવાથી પોતાના જેવા યોદ્ધાને શોધતો કાંટો બની ત્રણ લોકમાં વિચરે છે. ૨૨, ૨૩

तत्त्वसुधा—एष ते देव-આ બે શ્લોકોમાં હિરણ્યાક્ષને શા માટે હણવો તેનાં ચાર કારણ અને ચાર અપરાધો દર્શાવ્યા છે. ૨૨ મા શ્લોકમાં ચાર કારણોને ચર્ચ્યાં છે. વળી ભગવાનને દેવ–દેવ સંબોધન કરીને દર્શાવ્યું કે આપ એક જ દિવ્યપુરુષ આ કાર્ય સાધી શકશો. ચાર કારણો ક્રમ વાર બતાવે છે— [illegible]

૧ **देवानाम्**–દેવોને દુઃખ દે છે. દિવ્યતાને જ્યાં જુએ ત્યાં જાય છે અને તેનો નાશ કરે છે. મંદિર, તીર્થ, આશ્રમો આ સર્વ વિશ્વની દિવ્યતા છે તેને દૂષિત કરે છે. દિવ્યતા પુણ્યથી આવે છે, હિરણ્યાક્ષ પુણ્યનો નાશ કરે છે.

૨ **अङ्घ्रिमूलमुपेयुषाम्**—ભક્તો સંતો પ્રભુના શરણાગત છે. તેઓ સમાજની માનસિક તંદુરસ્તી છે– તંદુરસ્તીની રસાયણ શાળાઓ છે અને સદાચારની પ્રતિમાઓ અને પ્રતિષ્ઠાઓ છે, તેને દૂષિત કરે છે.

૩ **विप्राणाम्–सौरभेयीणाम्** —વિપ્રો અને ગાયો સમૃદ્ધિ, સંસ્કૃતિ, વિજ્ઞાન, કલ્યાણ અને તપશ્ચર્યાની મૂડીઓ છે. તેનો પણ આ દુશ્મન છે. જે વિના વળતરે વિશ્વને સમસ્ત વિદ્યાઓ આપે તે વિપ્ર છે, તેનો ઉચ્છેદ કરે છે. ગાયો વિશ્વની સમૃદ્ધિ છે. અન્ન જલ પ્રાપ્ત થવામાં યજ્ઞો નિમિત્ત છે. યજ્ઞોમાં વિપ્રો, ગાયો મુખ્ય છે.

૪ **भूतानामप्यनागसाम्**—નિરપરાધીને રંજાડવા એ ભયંકર અપરાધ છે. શિકાર ખેલનારા કે આમિષભોજન કરનારા અનેક પ્રકારે હિંસા કરે છે. આ ચાર કારણો દર્શાવી હવે ચાર દોષો ગણાવે છે—

૧ **आगस्कृत्**–કોઈ પણ નિર્દોષને આરોપ મૂકી પકડવો અને તેને સતાવવો એ પ્રથમ ગુનો છે. અધિકૃત રાજાઓની આ પ્રકૃતિ છે. વિપ્ર, સંત કે સહૃદય જનોને દોષારોપણથી દૂષિત કરવા તે મૃત્યુ કરતાં વધુ દુઃખકર છે.

૨ **भयकृत्**— તેઓને ધમકી આપવી, આ બીજો અપરાધ છે.

૩ **दुष्कृत्**— તેઓની સમ્પત્તિ, ભૂમિ વગેરે છીનવી લેવાં એ દુષ્કૃત છે. આ ત્રીજો દોષ છે.

૪ **कण्टकः**— પ્રત્યેકના ઉત્કર્ષ માર્ગમાં આડે આવી પ્રગતિને રોધવી તેથી તે "કંટક" રૂપ છે. સમર્થના પણ પગમાં કાંટો વાગતાં ગતિ અટકી જાય છે. આવા ખલને અધિક વરદાન મળ્યાં છે તેથી તેનો નાશ જગતના કલ્યાણનું જ સ્વરૂપ છે. ૨૨, ૨૩

બ્રહ્માજી પુનઃ પ્રભુને વિનવે છે કે હિરણ્યાક્ષને હણો—

मैनं मायाविनं दृप्तं निरंकुशमसत्तमम् ॥
आक्रीड बालवद् देव यदाशीविषमुत्थितम् ॥२४॥

અન્વયાર્થ—**देव**–હે દેવ, **मायाविनम्**–માયાવી, **दृप्तम्**–ગર્વિષ્ઠ, **निरंकुशम्**–અંકુશરહિત, **असत्तमम्**–અને મહાન દુષ્ટ એવા, **एनम्**–આ દૈત્યને, **यद्**–ખરેખર, **उत्थितम्**–ફુંફાડો મારતા, **आशीविषम्**–સર્પને, **बालवत्**–બાલકની માફક, **मा आक्रीड**–રમાડશો મા. ૨૪

---

१ यथाऽऽशीविष इति प्रा. पा.

અનુવાદ—હે દેવ, માયાવી, ગર્વિષ્ઠ, નિરંકુશ અને મહાન દુષ્ટ આ દૈત્યને-ખરેખર કુંફાડો મારતા સર્પને બાળકની માફક રમાડશો મા. ૨૪

તત્ત્વસુધા—इमं मायाविनं—પ્રથમ બે શ્લોકોની વિજ્ઞપ્તિ સાંભળ્યા પછી ભગવાનને પ્રયત્નશીલ ન જોયા ત્યારે બ્રહ્માજીને લાગ્યું કે ભગવાન ઉપેક્ષા કરશે. તેથી પુનઃ પ્રાર્થના કરી કે આનો અવસ્ય વધ કરો અન્યથા તે સમાજને ભયરૂપ બનશે. આ બાબતમાં ચાર મુદ્દા ચર્ચે છે—

(૧) "मायाविनम्"—આ માયાવી હોવાથી હાથતાળી આપી સરકી જશે. અને સમાજને રંજાડશે. (૨) "दृप्तम्"—વળી ગર્વિષ્ઠ છે તેથી જો આપ ઉપેક્ષા કરશો તો ચઢી વાગશે અને સમર્થને પણ સતાવશે. (૩) "निरंकुशम्" એના ઉપર અંકુશ નથી એટલે કોઇને ગાંઠશે નહીં અને ડહાપણ એનામાં આવશે નહીં તેથી ત્રાસ વર્તાવશે. (૪) असत्तमम्—અતિશય દુષ્ટ છે તેથી ઉપકાર કરનાર ઉપર પણ અપકાર કરશે.— આમ છતાં એક કારણ વધુ ભયંકર છે કે એ—

उत्थितमाशीविषम्—છંછેડેલો છે તેથી સાપ જેવો દંશીલો છે. જે आशिषि विषमिति आशीविषः—ડાઢમાં ઝેર રાખે તે આશીવિષ કહેવાય છે. છંછેડેલા સર્પને કદી છૂટો ન મુકાય. આવાં કારણોને કહી આગળ પણ બ્રહ્મા વસ્તુ રજૂ કરે છે—

બ્રહ્માજી આ શ્લોકમાં ભગવાનને વિજ્ઞપ્તિ કરે છે—

न यावदेष वर्धेत स्वां वेलां प्राप्य दारुणः ॥
स्वां देवमायामास्थाय तावज्जह्यघमच्युत ॥२५॥

અન્વયાર્થ—**एषः दारुणः**—આ ભયંકર દૈત્ય, **यावत्**—જ્યાં સુધી, **स्वां वेलाम्**—પોતાની આસુરી સંધ્યાકાળની વેળાને, **प्राप्य**—પામીને, **न वर्धेत**—વધી ન જાય, **तावत्**—તે પહેલાં, **स्वां देवमायाम्**—પોતાની દૈવી માયાને, **आस्थाय**—સ્વીકારીને, **अच्युत**—હે અચ્યુત ભગવાન! **अघम्**—આ પાપીનો, **जहि**—નાશ કરો. ૨૫

અનુવાદ—આ ભયંકર દૈત્ય જ્યાં સુધી પોતાની આસુરી વેળાને પામીને વધી ન પડે તે પહેલાં પોતાની દૈવી માયાનો સ્વીકાર કરી હે અચ્યુત! આ પાપીનો નાશ કરો. ૨૫

તત્ત્વસુધા—अच्युत! અચ્યુત શબ્દથી ભગવાનને સંબોધન કરી વિનવે છે કે આપનો અમારી સાથેનો સંબંધ છૂટી ન જાય એટલી કૃપા કરો. કારણ કે આ હિરણ્યાક્ષ દૈત્ય ભગવત્સેવામાં પ્રતિબંધક છે. अच्युत નો બીજો ભાવ છે કે આપ જ યુદ્ધમાં વિજયી થવાના છો, કદી ચ્યુત થવાના નથી. **स्वां वेलाम् प्राप्य दारुणः**—હિરણ્યાક્ષ સ્વયં દારુણ એટલે અતિશય બળવાન છે. જો તેને તેની વૃદ્ધિને સાનુકૂળ સંધ્યાનો આસુર કાળ મળી જશે તો પછી તે પુષ્કળ બળવાન બની જશે. દારુણ હોવાથી દુનિયાને તે ત્રાસ દેનાર છે તો એને મારવામાં કોઈ જ દોષ નથી.

देवमायाम् आस्थाय— રજોગુણને અને તમોગુણને દબાવી વિજય પામનારી આપની સત્વશક્તિ પ્રસિદ્ધ છે. તેનો સ્વીકાર કરો અને આ अघम्—મૂર્તિમંત પાપ જ છે તેનો નિકાલ કરો. "પાપને હણવામાં પુણ્ય" છે. ૨૫

આ સન્ધ્યા દેવોના માપથી માની છે, તે સન્ધ્યા પહેલાં જ આ દૈત્યના વધ માટે વિનવે છે—

एषा घोरतमा सन्ध्या लोकशम्बट्करी प्रभो ॥
उपसर्पति सर्वात्मन् सुराणां जयमावह ॥२६॥

અન્વયાર્થ— **प्रभो**-હે સમર્થ પ્રભુ ! **लोक-शम्बट्-करी**-લોકોનો નાશ કરનારી, **घोरतमा**-ખતરનાક એવી, **एषा सन्ध्या**-આ સન્ધ્યા, **उपसर्पति**-સમીપમાં જ આવી રહી છે માટે, **सर्व-आत्मन्**-હે સર્વાત્મા ! **सुराणां**-દેવોને, **जयम्**-વિજય, **आवह**-અપાવો. ૨૬

અનુવાદ—હે પ્રભુ ! લોકોનો નાશ કરનારી આ સન્ધ્યાકાલની ઘોર વેલા આવી રહેલ છે, તો હે સર્વાત્મા ભગવાન દેવોને દયા કરીને વિજય અપાવો. ૨૬

તત્ત્વસુધા—एषा घोरतमा सन्ध्या - આ સંધ્યા દેવોની સંધ્યા છે. મનુષ્યોની, દેવોની, બ્રહ્માની અને પિતૃઓની એમ ચાર પ્રકારની સન્ધ્યા બને છે. જ્યોતિશ્ચક્રો વિદ્યમાન હોવાથી આ દેવોની સન્ધ્યા છે. સન્ધ્યા સ્વયં "शम्बट्करी" નાશકારિણી હોય છે. शम्बट् શબ્દના પ્રતિબંધ, ભયંકર, ભક્ષણ અને નાશ એવા ચાર અર્થ થાય છે. શંબટ વૈદિક શબ્દ છે, અવ્યય પણ છે. ચારે અર્થ પ્રમાણે સન્ધ્યા હાનિકરનારી તો છે, તેમાં જો દૈત્ય પ્રવેશ પામે તો વધુ વિનાશ કરનારી બની જાય. તે બમણા બળથી નાશ કરશે. ત્રણ પ્રહર તો વીતી ગયા છે. ચોથો પ્રહર આવવાની તૈયારી છે. માટે દૈત્યને હણી દેવોને વિજયનાં દાન દેવાની દયા કરો.

सर्वात्मन्–કદાચ લાગે કે આપ "સર્વના" આત્મા છો તો દૈત્યના પણ આત્મા થયા. તો દૈત્યને કેમ મારી શકાય ? તો આપ આ ખ્યાલ ન કરશો કારણ કે "એક"નો નાશ અનેકની રક્ષા કરનારો છે. માટે આપે અનેકના હિત માટે એકનો નાશ કરવાનો છે. સર્વાત્મા તરીકે સર્વના કલ્યાણ માટે આપ એમ કરશો તે યોગ્ય જ છે. ૨૬

પુનઃ સંધ્યાકાળ પૂર્વમાં દૈત્યને હણવાને વિનવે છે—

अधुनैषोऽभिजिन्नाम योगो मौहुर्तिको ह्यगात् ॥
शिवाय नस्त्वं सुहृदामाशु निस्तर दुस्तरम् ॥२७॥

અન્વયાર્થ— **अधुना**-હમણાં જ, **अभिजित्**-અભિજિત નામનો, **मौहुर्तिकः**-મુહૂર્તનો, **योगः**-યોગ, **हि**-ખરેખર, **अगात्**-ગયેલ છે. તો, **नः सुहृदाम्**-દેવોના—આપના સ્વજન એવા, **नः**-અમારા, **शिवाय**-કલ્યાણ માટે, **त्वम्**-આપ, **आशु**-શીઘ્ર, **दुस्तरम्**-અજેય આ મૃત્યુને, **निस्तर** તરી જાવ-દૂર કરો. ૨૭

અનુવાદ—હમણાં જ અભિજિત નામનો મુહૂર્ત યોગ પસાર થયેલ છે. વળી આપના અમે સ્વજન છીએ, તો અમારા કલ્યાણ માટે અવિલંબે આ અજેય મૃત્યુ સમાન દૈત્યને દૂર કરો. ૨૭.

તત્ત્વસુધા—अधुना अभिजिन्नाम योगः—દેવો કહેવા ચાહે છે કે હમણાં જ અભિજિત નામનો મુહૂર્ત-યોગ પસાર થયેલ છે. અભિજિત મુહૂર્ત અને અભિજિત નક્ષત્ર એવા બે અર્થ अभिजित् શબ્દથી લેવાય છે. તુલા સંક્રાતિના આઠ દિવસ ગયા બાદ તે જ દિવસે ઉત્તરાષાઢાના ચતુર્થ પાદમાં દિવસનો મધ્યાહ્ન આવતાં "મુહૂર્ત" માટે अभिजित નામનો "યોગ" માનવામાં આવેલ છે. આ યોગ હમણાં જ પસાર થયેલ છે. દેવોને તે વિજય અપાવનાર છે. શ્રુતિમાં આખ્યાન છે કે તે देवास्तस्मिन्नक्षत्रेऽभ्यजयत्–દેવોનો આ સમય દૈત્ય-વિજયનો છે. તો હમણાં જ આ યોગ પસાર થયેલ હોવાથી વિના વિલંબે આનો વધ કરો કારણ કે હજી પણ વિજય મુહૂર્ત જ છે.

વળી એક એવો પણ મત છે કે "पापपराजितमिव तु" પાપથી પરાજિત થયેલ જેવું અભિજિત નક્ષત્ર છે માટે તે ઉત્કૃષ્ટ નથી. તો તે પસાર થઈ ગયેલ છે, તેથી હિરણ્યાક્ષને મારવામાં શ્રમ નહીં પડે. ૨૭

આ હિરણ્યાક્ષ સ્વયં મૃત્યુની સામે જ આવ્યો છે માટે એને હણો એ વાત કહે છે—

दिष्ट्या त्वां विहितं मृत्युमयमासादितः स्वयम् ॥
विक्रम्यैनं मृधे हत्वा लोकानाधेहि शर्मणि ॥२८॥

અન્વયાર્થ—**दिष्ट्या**-ઘણો આનંદની વાત છે કે, **अयं स्वयम्**-આ જાતે જ, **विहितम्**-શાપ સમયે નક્કી થયેલા, **मृत्युम्**-મૃત્યુસ્વરૂપ, **त्वाम्**-આપને **आसादितः**-આવીને મળ્યો છે, **विक्रम्य**-પરાક્રમ કરી, **एनं**-આ દૈત્યને, **मृघे**-યુદ્ધમાં, **हत्वा**-મારીને, **लोकान्**-લોકોને, **शर्मणि**-કલ્યાણમાં સ્થાપો. ૨૮

અનુવાદ—ઘણો જ આનંદની વાત છે કે, આપના જ હાથે આ દૈત્યનું મૃત્યુ થઇ ચૂકેલ છે. અને પોતે જ મૃત્યુસ્વરૂપ આપની સામે આવી ઊભેલ છે, તો આપ પરાક્રમપૂર્વક આ દૈત્યનો યુદ્ધમાં નાશ કરી સર્વલોકોને શાન્તિ આપો. ૨૮

તત્ત્વસુધા—दिष्ट्या—દિષ્ટ્યા અવ્યયથી દર્શાવે છે કે ઘણી જ આનંદથી બાબત છે કે આ દૈત્યને આપને શોધવા જવું પડત તેને બદલે પોતે જ આપની સામે આવ્યો છે. સનત્કુમારોના શાપ પ્રસંગે આનું મૃત્યુ આપના જ વરદ હસ્તે નક્કી થયેલ છે તો પછી એનો વધ કરવામાં વાંધો નથી. એનો વધ થતાં લોકકલ્યાણ થશે. આપની પ્રત્યેક લીલા લોકમંગલ હોય છે માટે આપ આ લોકમંગલ કાર્ય કરો. ૨૮

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૯ મો

શ્લોક સંખ્યા ૩૮

આગળના ૧૮ મા અધ્યાયમાં બ્રહ્માજીએ શ્રીવરાહ ભગવાનની સ્તુતિ કરી અને સાયંકાળ પૂર્વે હિરણ્યાક્ષના વધ માટે વિજ્ઞપ્તિ કરી, આમ છતાં ઊંડે ઊંડે વિધાતાના મનમાં એક વાત રમ્યા કરતી હતી કે હિરણ્યાક્ષ પ્રભુનો સેવક છે તો કદાચ નિજજન જાણી તેનો વધ ન પણ કરે.

આ શંકાના ઉત્તરરૂપે આ અધ્યાયનો પ્રારંભ થયો છે. સમદૃષ્ટિ ભગવાન યથાધિકાર શિક્ષા અને રક્ષા પણ કરે છે. છતાં શિક્ષા કરતી વખતે ભગવાનનું " કરુણાવાત્સલ્ય " કદીએ વિસારે નથી પડતું.

આ ઓગણીસમો અધ્યાય એના પ્રમાણરૂપે છે. આ અધ્યાયમાં હિરણ્યાક્ષ કથા-પ્રસંગ આવશે અને તે પ્રસંગ ઘણે ભાગે ૨૬ મા શ્લોક સુધી ચાલશે. ત્યાર બાદ ભગવાનના વરદ હસ્તે દિવ્યગતિ પામેલા હિરણ્યાક્ષની બ્રહ્માદિ દેવો પ્રશંસા કરવા લાગશે. બાદ એક શ્લોકમાં ભગવાનનો યશ ગાશે ત્યાર બાદ ભગવાન નિજલોકમાં સિધાવશે. આ રીતે કથા-પ્રસંગથી અધ્યાયની વિગત આવી જશે.

આ શ્લોકમાં સંશયિત મનવાળા બ્રહ્માજીને ભગવાન આશ્વાસન આપે છે—

मैत्रेय उवाच – अवधार्य विरञ्च्यस्य[1] निर्व्यलीकामृतं[2] वचः ॥
प्रहस्य प्रेमगम्भीरं[3] तदपाङ्गेन सोऽग्रहीत् ॥१॥

અન્વયાર્થ—**विरञ्च्यस्य**-બ્રહ્માજીનું, **निर्व्यलीक-अमृतम्**-કપટરહિત અમીમય, **वचः**-વચનને, **अवधार्य**-સાંભળીને, **प्रहस्य**-સ્મિત હાસ્ય કરીને, **प्रेम-गम्भीरं**-પ્રેમથી ગંભીર, **तद्**-તે વચનનો, **अपाङ्गेन**-અપાંગથી, **सः**-ભગવાને, **अग्रहीत्**-સ્વીકાર કર્યો. ૧

અનુવાદ—મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી, બ્રહ્માજીના કપટ વિનાના અમીમય વચનને સાંભળીને પ્રભુ હસ્યા અને પ્રેમથી દીર્ઘ દૃષ્ટિવાળા તે વચનનો ભગવાને નેત્રના ઇશારાથી સ્વીકાર કર્યો. ૧

તત્ત્વસુધા—मैत्रेय उवाच—પ્રસંગના અનુસંધાનમાં મૈત્રેય મહર્ષિએ આગળ કથાપ્રસંગ શરૂ કરી વિદુરજીને કહ્યું કે " પૂર્વ અધ્યાયની સમાપ્તિમાં સંધ્યાકાળ આવી જાય તેની પહેલાં હિરણ્યાક્ષનો જો નાશ નહીં થાય તો અસુરોનું આસુરીવેળામાં બળ વધી જશે " એવું विरञ्च्यस्य-બ્રહ્માનું વચન ભગવાને સાંભળ્યું.

આ વાત બ્રહ્માજી દૈત્ય તરફની દ્વેષવૃત્તિથી કહી રહ્યા છે કે વિશ્વના સ્રષ્ટા તરીકે વિશ્વકલ્યાણની નજરથી કહી રહ્યા છે તેનો ભગવાનને નિર્ણય કર્યો કે આ તો विरञ्च्य છે. रविं चिनोति જે સૂર્યને રચે તે " વિરઞ્ચ્ય " છે. એટલે પ્રકાશના રચનાર કદી અંધારામાં રાખે તેવાં વચન ન જ બોલે તેથી બ્રહ્માજીનું વાક્ય સત્ય વાક્ય છે એમ ભગવાને નક્કી કર્યું. આ જ વસ્તુની નીચેના વાક્યથી સ્પષ્ટતા કરે છે—

निर्व्यलीकामृतं वचः—વાક્યમાં બે ગુણ જોઈએ. એક " નિષ્કપટ વાક્ય " અને બીજો ' અમૃત તુલ્ય હિતકારી અને મધુર, " આ બન્ને ધર્મો બ્રહ્માજીના વચનમાં હતા. આ સ્થાને निर्व्यलीमृतं અને निर्व्यलीक ऋतं એવા બે પાઠો છે. ત્યાં " નિર્દોષ અને સત્ય વાક્ય " એવો શબ્દાર્થ કરવો. સમાસમાં ' ऋत्यकः ' સૂત્રથી પ્રકૃતિભાવ થયો અને " निर्व्यलीक ऋतं " એવું પદ રહ્યું છે.

---

[1] विरिञ्च्यस्य प्रा. पा. [2] निर्व्यलीक ऋतं इति प्रा. पाठः । [3] प्रेमगर्भेण इति प्रा. पाठः ।

"બ્રહ્માજીનું કહેવું હતું સંધ્યાકાળે મરશે નહીં" શું આટલી ખબર બ્રહ્માજીને છે તો ભગવાનને નહીં હોય એવો વિચાર ન લાવવો. બ્રહ્માજી પ્રેમવિવશ આ વાત રજૂ કરે છે. માટે ભગવાન તેથી **પ્રહસ્ય–હસી** પડયા. બ્રહ્માજીને કહ્યું આપનું કથન સત્ય છે. આ જ વખતે તેનો વધ કરું પણ એની "યુદ્ધસુખની" લાલસા છે તે થોડું વધારે યુદ્ધ કરી પૂર્ણ કરું નહિ તો તેની ઇચ્છા મનમાં જ રહી જશે. માટે આજે રાતના જ એનો વધ કરીશ. આ સર્વ કેવલ "अपाङ्गेन" કટાક્ષથી કહ્યું: "મોટા પુરુષો ઓછાં વાક્ય બોલે અને સંકેતથી સર્વ કહે." ભગવાને તેમજ કર્યું. ૧

હવે આ બીજા શ્લોકથી પાંચ શ્લોકો વડે ભક્તની કામનાની પૂર્તિ, ભક્તનો વિજય વગેરે કાર્યો ભગવાન કરે છે તે પ્રસંગનું વર્ણન કરશે—

ततः सपत्नं मुखतश्चरन्तमकुतोऽभयम् ।।
जघानोत्पत्य गदया हनावसुरमक्षजः ।।२।।

અન્વયાર્થ—ततः–ત્યાર પછી, **अक्षजः**–શ્રી વરાહ ભગવાને, **मुखतः**–સન્મુખ નેત્ર સામે, **अकुतोऽभयम्**–સર્વ રીતે ભયરહિત થઈને, **चरन्तम्**–વિચરતા, **असुरम्**–અસુર, **सपत्नम्**–શત્રુ હિરણ્યાક્ષને, **उत्पत्य**–કૂદીને, **हनौ**–હડપચી ઉપર, **गदया**–ગદાથી, **जघान**–પ્રહાર કર્યો. ૨

અનુવાદ—ત્યાર પછી શ્રી વરાહ ભગવાને નજર સામે નિર્ભય બની વિચરતા અસુર હિરણ્યાક્ષ શત્રુને કૂદીને હડપચી ઉપર ગદાથી પ્રહાર કર્યો, ૨

તત્ત્વસુધા—"ततः सपत्नम्"—ઉપર દર્શાવ્યા પ્રમાણે પાંચ શ્લોકોમાં પાંચ અલૌકિક વસ્તુઓ દર્શાવશે. એ પાંચ વસ્તુઓમાં ૧ યુદ્ધ, ૨ યુદ્ધની કુશલતા, ૩ વિજેતાનો યુદ્ધધર્મ, ૪ જયની પ્રખ્યાતિ અને ૫ ભક્તજનોનાં આશિષવાક્યો ક્રમશઃ પાંચ શ્લોકોમાં આવશે. તેમાં પ્રથમ ભગવાને હિરણ્યાક્ષની "યુદ્ધલિપ્સા"ને પોષવા યુદ્ધ આરંભ્યું એ કથાની રજૂઆત કરવા માંડી કે ततः–બ્રહ્માજીનાં વાક્યને સાંભળી ભગવાને **सपत्नं** શત્રુને પ્રહાર કર્યો.

"मुखतः चरन्तम्"–હિરણ્યાક્ષ પણ ભયશૂન્ય બની ભગવાનની સન્મુખ આવીને અટાપટા ખેલતો હતો. ગદાયુદ્ધમાં પ્રથમ અટાપટા ખેલવાના હોય છે અને લાગ જોઈ પ્રહાર કરવાનો હોય છે. **मुखतः** શબ્દનો એવો પણ અર્થ થાય છે કે ઉપરથી તે ફરતો હતો. હૃદયથી તો તેનું મરણ થઈ ચૂકયું હતું અને તે જાણતો હતો.

"उत्पत्य हनौ अक्षजः जघान"–કૂદીને ભગવાને હિરણ્યાક્ષની હડપચી ઉપર પ્રહાર કર્યો, **अक्षज** ભગવાન વરાહનું નામ છે; કારણકે બ્રહ્માજીની નાસિકામાંથી પ્રકટ થયા છે. હિરણ્યાક્ષ ઊંચો હશે તેથી ભગવાને કૂદીને ફટકો લગાવ્યો. ઉત્સાહ આવતાં વીર પુરુષો ઊછળે છે. ૨

આ શ્લોકમાં પોતાની હડપચી ઉપર પડતી ગદાને દૂર કરવાનો ઉપાય કરે છે એ જ યુદ્ધની કુશળતા છે અને તાત્કાલિક ઉપાય અજમાવાની મેધા છે હવે એ વાતને રજૂ કરે છે—

सा हता तेन गदया रहिता भगवत्करात् ।।
विघूर्णिताऽपतद्रेजे तदद्भुतमिवाऽभवत् ।।३।।

અન્વયાર્થ—तेन–તે હિરણ્યાક્ષે, **गदया**–પોતાની ગદાથી, **हता**–ટકરાયેલી, **सा**–તે કૌમુદકી ગદા, **भगवत्–करात्**–શ્રી વરાહ ભગવાનના કરકમલમાંથી, **रहिता**–છૂટી પડેલી, **विघूर्णिता**–ચક્કર લેતી, **अपतत्**–ભૂમિ ઉપર પડી અને **रेजे**–શોભવા લાગી, **तत्**–તે વસ્તુ, **अद्भुतम्**–આશ્ચર્યકારક, **इव**–જેવી, **अभवत्**–બની. ૩

અનુવાદ—તે હિરણ્યાક્ષની ગદાથી ટકરાયેલી ભગવાનની કૌમુદકી ગદા શ્રી વરાહ ભગવાનના કરકમલમાંથી વિખૂટી પડી ચક્કર લેતી ભૂમિ ઉપર પડી અને શોભવા લાગી, આ વસ્તુ આશ્ચર્યકારક બની. ૩

તત્ત્વસુધા—"सा हृता तेन गदया"-યુદ્ધની રીતિ પ્રમાણે શત્રુ જે શસ્ત્રાસ્ત્રનો પ્રહાર કરે તેની સામે તે શસ્ત્રાસ્ત્ર અથવા તેનાં વારણ અસ્ત્રો વપરાય છે. આ તો શસ્ત્રયુદ્ધ હતું. હાથમાં જે હથીઆર લઈ લઢાય તેને શસ્ત્રયુદ્ધ કહેવાય. ભગવાને ગદાથી જેવો પ્રહાર કર્યો તેવો જ હિરણ્યાક્ષે ગદાથી જ પ્રતીકાર કર્યો. ઘણા બળથી ગદાનો ફટકો લગાવ્યો કે તે ગદા ચકરાતી જમીન ઉપર પડી પરંતુ તે તૂટી નથી ગઈ. છતાં નીચે કેમ પડે? ભગવાનનું સામર્થ્ય શું? આવા વિચારોનું સમાધાન કરે છે કે—

"तदद्भुतमभवत्"-આ કાર્ય અત્યંત આશ્ચર્યકારક બન્યું. જો કે ભગવાનના હાથમાંથી ગદા છટકે તો નહીં જ પરંતુ હિરણ્યાક્ષની ઇચ્છા હતી કે હાથમાંથી ગદા પાડી નાંખું અને "ભક્તમનોરથપૂરક" ભગવાને તે પ્રમાણે ગદા હાથમાંથી પડવા દીધી. જો કૃપાનિધાન કૃષ્ણ ભક્તની આવી લૌકિક કામનાપૂર્તિ કરે છે તો કૃષ્ણસેવાની કામનાને કેમ ન પૂરે?

વળી ગદા પ્રાણનું સ્વરૂપ છે. ભગવાને જીવોના પ્રાણોને પોતાના હાથમાં ધારણ કરી સાચવ્યા છે. પરંતુ જો તે જીવ ઉચ્છૃંખલ થઈ જાય તો તેનો ત્યાગ કરે છે એમ ગદાના પાતનથી સૂચવ્યું કે હવે હિરણ્યાક્ષના પ્રાણો પડવાની તૈયારીમાં છે. ૩

હવે આ શ્લોકમાં ભગવાનના હાથમાંથી ગદા પડવા છતાં હિરણ્યાક્ષ તેનો લાભ લઇ ગદાનો પ્રહાર નથી કરતો એ એની યુદ્ધવિજેતાની ધાર્મિકતા છે એનું વર્ણન કરશે—

स तदा लब्धतीर्थोऽपि न बबाधे निरायुधम् ॥
मानयन् स मृधे धर्मं विष्वक्सेनं प्रकोपयन् ॥४॥

અન્વયાર્થ—**तदा**-જ્યારે ઠાકોરજીના હાથમાંથી ગદા નીચે પડી ત્યારે, **लब्ध-तीर्थः अपि**-તક મળવા છતાં પણ, **सः**-તે, હિરણ્યાક્ષ દૈત્યે, **मृधे**-રણસંગ્રામમાં, **धर्मम्**-યુદ્ધના નિયમને, **मानयन्**-માન આપતં, **विष्वक्-सेनम्**-સર્વ તરફ સૈન્યવાળા ભગવાનને, **प्रकोपयत्**-કોપાવતો, **निर्-आयुधम्**-આયુધવિનાના ભગવાન ઉપર, **न बबाधे**-આક્રમણ ન કર્યું. ૪

અનુવાદ—જ્યારે ઠાકોરજીના હાથમાંથી ગદા નીચે પડી ત્યારે તક મળવા છતાં તે હિરણ્યાક્ષ દૈત્યે રણસંગ્રામના નિયમને માન આપતાં સર્વ તરફ સૈન્યવાળા ભગવાનને કોપાવતાં આયુધ વિનાના વરાહ ભગવાન ઉપર આક્રમણ કર્યું નહીં. ૪

તત્ત્વસુધા—"स तदा लब्धतीर्थोऽपि"-હિરણ્યાક્ષને લાગ મળ્યો પણ ગેર-લાભ ન લીધો. બાકી ભાગ્યે સ્વાર્થ સાધવાની તક મળે અને કોઈ તેનો ગેરલાભ ન ઉઠાવે. પણ એ તો ખલ નીતિ અને કુટિલ રીતિ છે. સરલ અને સહૃદય એવું ન કરે. જો હિરણ્યાક્ષ ખલ જ હતો પરંતુ મૂળ તો ખાનદાન હતો અને હરિકૃપાપાત્ર હતો તેથી તેનામાં ભગવાને ધર્મનો આવિષ્કાર કર્યો છે. લબ્ધતીર્થનો અર્થ આ ઠેકાણે "લાગ મળ્યો" એવો થાય છે. બાકી તીર્થ શબ્દના તીર્થક્ષેત્ર, અવકાશ-લાગ, સ્ત્રી, રજ, શાસ્ત્રી, યજ્ઞ, ભગવાનનું અભિષેક જલ વગેરે અનેક અર્થો થાય છે.

"विषक्सेनं प्रकोपयन्"–કેટલીકવાર આવેશમાં આવી બોલનારની સામે દાખવેલ મૌન સામાના ક્રોધની જ્વાલાને સળગાવે છે. હિરણ્યાક્ષ પણ યુદ્ધ ન કરતાં મૌન લઇ ઊભો રહેતાં ભગવાનને ગુસ્સે કરવા ચાહે છે એ એની જડતા છે. ૪

હવે આ શ્લોકમાં વિજેતાના જયને જગત જાણે અને વખાણે ત્યારે જ આનંદ થાય છે એ લોકમાનસનું વર્ણન કરે છે—

गदायामपविद्धायां हाहाकारे विनिर्गते ॥
मानयामास तद्धर्मं सुनाभं चास्मरत् विभुः ॥५॥

અન્વયાર્થ—गदायाम् अपविद्धायाम्-ગદા પડી જતાં, **हाहाकारे**-હાહાકાર, **विनिर्गते**-થવા લાગ્યો ત્યારે, **विभुः**–સર્વશક્તિમાન પ્રભુએ, **तद्-धर्मम्**-તેના વિવેકધર્મને, **मानयामास**-માન આપ્યું, **च**-અને, **सुनाभम्**-સુદર્શન ચક્રનું, **अस्मरत्**-સ્મરણ કર્યું. ૫

અનુવાદ—ગદા હાથમાંથી પડી જતાં હાહાકાર મચી ગયો ત્યારે સર્વશક્તિમાન પ્રભુએ, તેના વિવેકને માન આપ્યું અને સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું. ૫

તત્ત્વસુધા—गदायामपविद्धायाम्–ભગવાનના હાથમાંથી ગદા નીચે પડતાં ચારે બાજુ હાહાકાર મચ્યો, કોલાહલ થયો. એક હારે અને બીજો જીતે ત્યારે સ્વાભાવિક ઘોંઘાટ, હર્ષનાદ, વગેરે થાય તેમ થયું. ભગવાને પણ હિરણ્યાક્ષના યુદ્ધધર્મનો આદર કર્યો, એ જ ભગવાનની દયાળુતા છે. "માનવ ગમે તેટલો ધર્મ કરે પરંતુ જો ભગવાન તે ધર્મનો આદર ન કરે તો ધર્માચરણનું ફળ ન મળે, ભગવાને તેથી શત્રુને પણ ધર્મનું ફળ મળે માટે तद्धर्ममामयामास તેના સૌજન્યનો સમાદર કર્યો. "સૌજન્ય સદા સન્માનપાત્ર છે અને દૈન્ય સદા દયાપાત્ર છે."

"सुनाभं चास्मरत्"–ભગવાને તેના સૌજન્યનું માન વધાર્યું પણ મૌન-નિષ્ક્રિય બેસી ન રહેતાં પોતાના સુનાભ–સુદર્શન ચક્રને યાદ કર્યું. તેમજ ગદાને પણ યાદ કરી અને બન્ને ભગવાનના હાથમાં આવ્યાં. એવું "च" અવ્યયથી સૂચવ્યું. ભગવાનના હાથમાં સુદર્શન હતું નહીં પરંતુ સ્મરણ કરતાં આવ્યું. કારણ કે ભગવાન "વિભુ–સમર્થ" અને સુદર્શન દેવ છે એટલે આવે. ૫

હવે આ શ્લોકમાં સુદર્શન ધારણ કરતા ભગવાનને જોઈ ભક્તો આશિષ–આહ્લાદ પ્રકટ કરે છે તે વર્ણન આવશે—

तं व्यग्रचक्रं दितिपुत्राधमेनं स्वपार्षदमुख्येन विषज्जमानम् ॥
चित्रा वाचोऽतद्विदां खेचराणां तत्र स्मासन् स्वस्ति तेऽमुं जहाति ॥६॥

અન્વયાર્થ—स्व-पार्षद-मुखेन-પોતાના મુખ્ય પાર્ષદ, **दिति-पुत्र-अधमेन**-દિતિના અધમ પુત્ર હિરણ્યાક્ષ સાથે, **विषज्जमानम्**-યુદ્ધ કરતા, **व्यग्र-चक्रम्**- ઉગામેલા ચક્રવાળા, **तम्**-વરાહ ભગવાનને ઉદ્દેશી, **अतद्-विदाम्**-ભગવાન સક્રિય છે તે બાબતને ન જાણનારા, **खेचराणाम्**-દેવોની, **तत्र चित्रा वाचः**-ત્યાં ચિત્રવિચિત્ર વાતો, **आसन्-स्म**-થવા લાગી કે, **ते**-આપનું, **स्वस्ति**-મંગલ થાવ, **अमुं जहि**-આ હિરણ્યાક્ષનો વધ થાવ. (ઇંદ્રવંશાવૃત્ત) ૬

અનુવાદ—પોતાના મુખ્ય પાર્ષદ અને દિતિદેવીના અધમ પુત્ર હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કરતા અને ઉગામેલા ચક્રવાળા તે વરાહ ભગવાનને ઉદ્દેશી, ભગવાન સક્રિય છે તે ન જાણતાં આકાશમાં વિચરતા દેવોની ચિત્રવિચિત્ર વાતો થવા લાગી કે આપનું મંગલ થાવ, હિરણ્યાક્ષનો વધ થાવ. ૬

---

૧. दितिपुत्राभिधेन इति प्रा. पाठः, दितिजाभिधेन इत्यपि पाठः ।

તત્ત્વસુધા—तं व्यग्रचक्रं-ભગવાન હિરણ્યાક્ષને મારવામાં ઉતાવળ નથી કરતા. અને તેને લીલાથી રમાડે છે તેની વિજયવાસનાને પૂર્ણ કરે છે. સુદર્શન મહારાજ આ લીલા જોઈ "વ્યગ્ર" બની જાય છે તેથી "व्यग्र-चक्रं" એવું કહેવામાં આવ્યું છે. "ચક્ર" એમ માને છે કે ગદા પડી તેથી શી પરવા, હું ક્ષણમાં હિરણ્યાક્ષને ભસ્મ કરી નાખું, પણ શું કરું પ્રભુ તો શાંત છે મને વાપરે ત્યારે ને ? મને આજ્ઞા કરે ત્યારે ને ? આવું કેમ કરતા હશે ત્યારે કહ્યું કે—

स्वपार्षदमुख्येन-ભગવાન પણ વિરુદ્ધ ધર્મવાળા છે. હિરણ્યાક્ષમાં પણ વિરુદ્ધધર્મો આવ્યા છે. "દૈત્યાધમ" એક એને મારવા માટેનો અપરાધ તો છે જ્યારે "પાર્ષદમુખ્ય" એ એનો ગુણ પણ છે. સૃષ્ટિના આરંભમાં તો દૈત્યની પણ જરૂર પડવાની. છતાં આ તો દૈત્યની મર્યાદાને તોડનાર હોવાથી મારવા લાયક છે અને પાર્ષદ હોવાથી તેના કોડ પૂરવા લાયક છે તેથી જ પ્રભુ વિનોદ અને વિલંબ કરી રહ્યા છે. તે જોઈને ભગવાનની લીલાને ન સમજનારની સ્થિતિનું વર્ણન કરે છે કે—

अतद् विदां चित्रा वाचः-કોઈ કહે છે હમણાં જરૂર તેને મારશે, તો કોઈ બોલ્યા, ભાઈ નહીં મારે, ત્યારે કોઈ કહે પણ મરાય તેવો છે જ નહીં બહુ બળવાન છે, ત્યારે બીજા બોલ્યા આ તો તણખલા તુલ્ય છે હમણાં જ માર્યો સમજોને ! આખરે સર્વ બોલ્યા કે સ્વસ્તિ સ્વસ્તિ-જય હો, જય હો, કલ્યાણ હો કલ્યાણ હો ! ૬

હવે અઢાર શ્લોકોથી ખૂનખાર યુદ્ધનું વર્ણન શરૂ થાય છે. તેમાં પ્રથમ ૭ થી ૧૬ સુધીના દશ શ્લોકમાં ભયંકર શસ્ત્રયુદ્ધ થાય છે તેનું અને ૧૭ થી ૨૪ સુધીના આઠ શ્લોકોમાં માયિક યુદ્ધ થાય છે તેનું વર્ણન શરૂ કરે છે. હવે હિરણ્યાક્ષ ગદા લઇ યુદ્ધે ચઢે છે—

स तं [1]निशम्यात्तरथाङ्गमग्रतो व्यवस्थितं पद्मपलाशलोचनम् ॥
विलोक्य चामर्षपरिप्लुतेन्द्रियो रुषा स्वदन्तच्छदमादशच्छ्वसन् ॥७॥

અન્વયાર્થ—**आत्त-रथ-अङ्गम्**-ચક્ર ધારણ કરેલા, **तम्**-તે ભગવાનને, **निशम्य**-સાંભળીને-જોઇને, **पद्म-पलाश-लोचनम्**-કમલપત્ર જેવા નેત્રવાળા, **व्यवस्थितम्**-ઊભેલા, **अग्रतः**-નજર સામે જ, **विलोक्य**-નિહાળીને, **अमर्ष-परिप्लुत-इन्द्रियः**-ક્રોધમગ્ન ઇન્દ્રિયોવાળો, **सः**-તે હિરણ્યાક્ષ, **रुषा**-ક્રોધથી, **श्वसन्**-ફૂંફાડા મારતો, **स्व-दन्त-च्छदम्**-પોતાના હોઠને, **आदशत्**-કરડવા લાગ્યો. (વંશસ્થવૃત્ત) ૭

અનુવાદ—ભગવાને સુદર્શન ચક્ર ધારેલ છે એમ સાંભળી અને કમલદલ સમાન નેત્રવાળા વરાહને નજર સામે નિહાળીને હિરણ્યાક્ષ ક્રોધમાં ડૂબેલ ઇન્દ્રિયવાળો બન્યો અને ક્રોધથી ફૂંફાડા મારતો પોતાના હોઠને કરડવા લાગ્યો. ૭

તત્ત્વસુધા—"स त निशम्य"—કામાન્ધ, લોભાન્ધ અને ક્રોધાન્ધ કાયમ માટે આંધળા છે. કામાન્ધને લાજ નથી. લોભાન્ધને ધર્મ નથી. ક્રોધાન્ધને સ્નેહ નથી. હિરણ્યાક્ષને એટલો બધો ક્રોધ આવ્યો કે સામે ચક્રધારી ભગવાન હોવા છતાં તેને ચક્રવાળા દેખાતા નથી. જ્યારે યુદ્ધ જોનારાઓ બોલ્યા કે જુઓ-જુઓ ભગવાને ચક્ર ઉછાળ્યું એવું તેને સાંભળ્યું ત્યારે ખબર પડી કે "ચક્ર" ધારણ કર્યું છે. હવે તે ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો. તેમાં બે કારણ છે કે "ચક્ર" લીધું તેથી ભગવાન મારશે જ માટે હું ભક્ત હોઈ મૃત્યુ સમયે ભગવાનનું ભાવપૂર્વક ધ્યાન કરું, આ પ્રથમ કારણ છે અને બીજું કારણ ચક્ર લીધું માટે હવે હું શત્રુ તરીકે છું તો મારે ખૂબ જ સજાગ રહેવું જોઇએ. આમ બન્ને રીતે ધ્યાનથી જોતાં તેને ભગવાન કેવા લાગ્યા—

---

[1] निशाम्य इति प्रा. पाठः ।

"व्यवस्थितं पद्मपलाशलोचनम्"-કમલ તુલ્ય નેત્રોવાળા શ્રીહરિને જોયા. યુદ્ધ કરે છે છતાં આંખમાં રોષ નથી. દુષ્ટ સામે ઊભો છે છતાં તેના તરફ દ્વેષભાવ નથી. કારણ કે આખરે તો ભગવાન પિતા છે. શિષ્ટ અને દુષ્ટ બન્ને ઉપર દયાભાવ છે. પરંતુ ધર્મ પ્રમાણે રક્ષા અને શિક્ષા કરે છે છતાં કૃપાલુતા કાયમ રહે છે.

अमयं परिप्लुतः— હિરણ્યાક્ષ તો પ્રભુ સામે સામાન્ય ગણાય તેથી તેને તો ભગવાનનું ધૈર્ય, સ્થૈર્ય, માધુર્ય જોઈ અદેખાઇ થઈ અને રાતોપીળો બની જઇ હોઠ કરડવા લાગ્યો. ક્રોધનું એ લક્ષણ છે. ૭

આ શ્લોકમાં શ્રીહરિ ઉપર હિરણ્યાક્ષ હાથમાં ગદા લઈ ધસી આવી પ્રહાર કરવા લાગ્યો તે વર્ણવે છે—

करालदंष्ट्रश्चक्षुर्भ्यां व्याचक्षाणो दहन्निव ।।
अभिप्लुत्य स्वगदया हतोऽसीत्याहनद् हरिम् ।।८।।

અન્વયાર્થ— **दहन्-इव**-બાળતો હોય એમ, **चक्षुर्भ्याम्**—બે નેત્રોથી, **व्याचक्षाणः**-નિહાળતો, **कराल-दंष्ट्रः**-ભયંકર દાઢવાળો **स्व-गदया**-પોતાની ગદાથી, **अभिप्लुत्य**-સામે ધસી આવતો, **हतः-असि**-મરી જઇશ-માર્યો જઇશ, **इति आह**-એમ બોલીને, **हरिम्**-વરાહ ભગવાન ઉપર, **आहनत्**-પ્રહાર કર્યો. ૮

અનુવાદ—જાણે બાળતો હોય તેમ બે નેત્રોથી નિહાળતો, ભયાનક દાઢવાળો હિરણ્યાક્ષ પોતાની ગદા લઈ સામે ધસી આવ્યો, અને "મર્યો સમજ" એમ બોલીને વરાહ ભગવાન ઉપર પ્રહાર કર્યો. ૮

તત્ત્વસુધા— कराल-दंष्ट्रः-હિરણ્યાક્ષ વિકરાળ દાઢવાળો હતો. તે ચક્ષુઓથી જાણે બાળતો હોય એમ ચઢી આવ્યો છે. મુદ્દાની એક વાત છે કે "ક્રોધ" મહાન શત્રુ છે. મહાન અનલ છે. તે બીજાને બાળતા પહેલાં પોતાને બાળે છે માટે दहन्निव-ઇવ અવ્યય વાપર્યું. કહે છે તે ભગવાનને બાળતાં તો બાળશે પણ પોતે બળી રહ્યો હતો. માટે ક્રોધ સર્વથા ત્યાજ્ય છે. તેને ભગવાનને કહ્યું हतोऽसि હમણાં જ માર્યા જશો. એમ કહી ગદાનો પ્રહાર કર્યો. अहतोऽसि એવો પણ પાઠ નીકળે. તેં મારી સામે યુદ્ધ શરૂ નથી કર્યું તેથી હજી મેં પ્રહાર નથી કર્યો, હવે યુદ્ધ શરૂ કર્યું છે તો આવી જા. વળી हतोऽसिનો બીજો અર્થ થાય છે અહો વૈકુંઠનાથ! વિયોગ પછી દાસને આપ આવી મળ્યા છો. આ ભક્ત ભાવનાની દૃષ્ટિએ हतोऽसि प्राप्तोऽसि એવો અર્થ કરવો. ૮

ભગવાન લાતના પ્રહારથી તેના હાથમાંની ગદાને પાડી નાખે છે એ પ્રસંગને હવે વર્ણવે છે—

पदा सव्येन तां साधो भगवान् यज्ञसूकरः ।।
लीलया मिषतः शत्रोः प्राहरद् वातरंहसम् ।।९।।

અન્વયાર્થ—**साधो**-હે સજ્જન પુરુષ, **यज्ञ-सूकरः भगवान्**-યજ્ઞસ્વરૂપ વરાહ ભગવાને, **शत्रोः**-હિરણ્યાક્ષ શત્રુના, **मिषतः**-દેખતાં-જોતાં જ, **वात-रंहसम्**-પવનના જેવી વેગીલી, **तां**-તે ગદાને, **लीलया**-રમતમાં જ, **सव्येन-पदा**-ડાબા પગથી, **प्राहरत्**-પ્રહાર કર્યો-ફેંકી દીધી. ૯

અનુવાદ—હે સજ્જન પુરુષ, યજ્ઞરૂપ શ્રી વરાહ ભગવાને, હિરણ્યાક્ષ જોઈ રહ્યો હતો અને પવનના જેવી વેગીલી ગદાને રમતમાં જ ડાબા પગના પ્રહારથી ફેંકી દીધી. ૯

તત્ત્વસુધા—साधो આ સંબોધન શ્રી વિદુરજીને કર્યું છે. ભગવાન ઉપર ગદાનો પ્રહાર થયો એવી કથા સાંભળી વિદુરજીના કોમળ હૃદયને વ્યથા થઈ તેની શાંતિ માટે કહ્યું કે હે સાધો! ન ગભરાશો. ભગવાને ગદાને પછાડી નાખી છે. જુઓ સાંભળો આગળની કથા. એમ કહી યુદ્ધ વર્ણવે છે—

पदा सव्येन भगवान्-વરાહ ભગવાને પવન જેવા વેગવાળી ગદાને પગની લાતથી જ દૂર ફેંકી દીધી એથી

હિરણ્યાક્ષની ગદાની ભગવાનને પરવા નથી એમ સૂચવ્યું. વળી લાતનો પ્રહાર કરી ભગવાન હિરણ્યાક્ષ શત્રુના ક્રોધનું ઉત્તેજન કરે છે. ૯

યુદ્ધનો સ્વભાવ છે કે તે ક્રિયામાં અને વાણીમાં આવે ત્યારે રસ આવે છે. હવે વાગ્યુદ્ધ પણ શરૂ થાય છે—

आह चायुधमादत्स्व घटस्व त्वं जिगीषसि ॥
इत्युक्तः स तया भूयस्ताडयन् ननद भृशम् ॥१०॥

અન્વયાર્થ—**च आह**-અને કહ્યું કે, **आयुधम्**-હથીઆરને, **आदत्स्व**-હાથમાં લે, **घटस्व**-તૈયાર થઈ જા, **त्वं जिगीषसि**-તું જીતવા ચાહે છે ખરું ને? **स इति उक्तः**-એ પ્રમાણે પડકાર કરાયેલ તે હિરણ્યાક્ષ, **तया**-તે ગદાથી, **भूयः**-ફરીથી, **ताडयन्**-પ્રહાર કરતો, **भृशम्**-ખૂબ જ, **ननद**-ગર્જના કરવા લાગ્યો. ૧૦

અનુવાદ—અને કહ્યું કે હથીઆરને હાથમાં લે, યુદ્ધ માટે સજ્જ થા, તું જીતવા ચાહે છે ખરું ને? એ પ્રમાણે પડકારેલો હિરણ્યાક્ષ તે ગદાથી ફરી પ્રહાર કરતો ખૂબ જ ગર્જના કરવા લાગ્યો. ૧૦

તત્ત્વસુધા—आह चायुधमादत्स्व—હવે ભગવાને હિરણ્યાક્ષને ત્રણ વાક્યોથી પડકાર કર્યો કે "આયુધ હાથમાં લે", "તૈયાર થઈ જા," जिगीषसि "જીતવાને ચાહે છે" ખરું ને? આમાં ભગવાને ત્રણ કટાક્ષ કર્યા, પ્રથમ "આયુધ હાથમાં લે" એમ કહી પડેલા શસ્ત્રને ફરી પકડવું એ સ્વમાનશૂન્યતું કાર્ય છે એમ કહ્યું. "આવી જા" હાર્યા પછી યુદ્ધે જવું એ નિર્લજ્જ કાર્ય છે. "આવી જા હું જીતીશ" એમ બોલવું એ તો બુદ્ધિશૂન્યતું કાર્ય છે. ભગવાને જ્યારે હિરણ્યાક્ષને પડકાર ફેંક્યો ત્યારે તે ગોવિંદને ગદાના પ્રહાર કરતો ગર્જના કરવા લાગ્યો. ભગવાને હાથમાંથી પડેલી ગદા ઉપાડી ન હતી. પરંતુ નિરુપાય અને નિર્લજ્જ હિરણ્યાક્ષને આ વિના આરો ન હતો તેથી ગદા લઈ દોડી આવ્યો. ૧૦

ભગવાને ફરી પણ ગદાને નિષ્ફળ બનાવી દીધી એ વસ્તુનું વર્ણન આ શ્લોકમાં કરે છે—

स तामापततीं वीक्ष्य भगवान् समवस्थितः ॥
जगाह लीलया प्राप्तां गरुत्मानिव पन्नगीम् ॥११॥

અન્વયાર્થ—**ताम्**-તે ગદાને, **आपततीम्**-સામે આવતી, **वीक्ष्य**-જોઈને, **सम्-अवस्थितः**-સ્થિર ઊભેલા, **सः**-તે વરાહ ભગવાને, **गरुत्मान्**-ગરુડજી, **पन्नगीम्-इव**-નાગણને જેમ પકડી લે તેમ, **प्राप्ताम्**-આવેલી તે ગદાને, **लीलया**-અનાયાસે, **जग्राह**-પકડી લીધી. ૧૧

અનુવાદ—તે ગદાને સામે આવતી જોઈને સ્થિર ઊભેલા તે વરાહ ભગવાને, ગરુડજી નાગણને જેમ પકડી લે તેમ આવેલી તે ગદાને અનાયાસે પકડી લીધી. ૧૧

તત્ત્વસુધા—स तामपातती—ભગવાને પોતાના ઉપર ફેંકેલી ગદાને ગરુડ નાગણને પકડે તેમ ગદાને અદાથી પકડી લીધી. ગરુડ અને નાગણને વૈર છે. ગરુડ નાગણનાં બચ્ચાંને ખાઈ જાય છે તેથી નાગણને ગરુડ ઉપર દ્વેષ છે. ગરુડ વૃક્ષ ઉપર બેઠેલ છે. નાગણ ગર્વપૂર્વક ગરુડને ગળવા વૃક્ષ ઉપર ચઢી આવે છે પરંતુ ગરુડ તો જાણે છે ભલે ને આવે "એ તો મારો આહાર" છે. મારે લેવા જવું પડે તેને બદલે સામે આવે છે એ તો હર્ષની ગાથા છે એમ સમજી સાપણને જેમ ગરુડ પકડી લે તેમ ગરુડાધીશે રમતમાં ગદાને પકડી લીધી. ૧૧

ભગવાનની વીરોચિત ખાનદાનીનું વર્ણન આ શ્લોકમાં દર્શાવે છે કે ભગવાન પોતાના શત્રુને શસ્ત્રો સ્વયં આપી યુદ્ધ કરવા આમંત્રે છે—

स्वपौरुषे प्रतिहते हतमानो महासुरः ॥
नैच्छद् गदां दीयमानां हरिणा विगतप्रभः ॥१२॥

અન્વયાર્થ—**स्व-पौरुषे**-પોતાનું સામર્થ્ય-પુરુષાતન, **प्रतिहते**-નાશ પામતાં, **हतमानः**-માનરહિત થયેલો, **विगत-प्रभः**-નિસ્તેજ બનેલ તે, **महासुरः**-મહાન અસુર હિરણ્યાક્ષ, **हरिणा**-શ્રી વરાહ ભગવાને, **दीयमानाम्**-આપેલી, **गदां**-ગદાને, **न ऐच्छत्**-સ્વીકારતો ન હતો. ૧૨

અનુવાદ—પોતાનું પુરુષાતન નાશ પામી જતાં, ગર્વ વિનાનો બનેલ, નિસ્તેજ તે મહાન અસુર હિરણ્યાક્ષે, શ્રીહરિએ-વરાહ ભગવાને ગદા આપવા માંડી તોપણ લેવાની ચાહના ન કરી. ૧૨

તત્ત્વસુધા—स्व-पौरुषे प्रतिहते—હિરણ્યાક્ષનું બળ-પુરુષાતન નિરર્થક થઈ ગયું તે સમયે પ્રબળ શ્રીહરિ કેમ લઢે તેથી તેને ગદા આપવા માંડી. એમાં અનેક કારણ હતાં. રણમાં પોતાના શત્રુને નિઃશસ્ત્ર ન મારવો. તેની પાસે શસ્ત્ર ન હોય તો આપવું. કેવલ શસ્ત્ર સાધનબળથી જ વિજય ન મેળવતાં તાકાતથી પણ જીતવું, આને નીતિશુદ્ધ ગણ્યું છે. ભગવાને તે પ્રમાણે કર્યું. ઉપરાંત તેને કોઈનું શસ્ત્ર લેવાનો અન્યાશ્રય ન થાય અને તેનું "વૈષ્ણવત્વ" સચવાય, વળી તે નિસ્તેજ ન થાય અને તેજસ્વી રહે માટે ભગવાને પોતાની પાસેથી ગદા આપવા માંડી પરંતુ તેણે ન લીધી. ૧૨

હવે આ શ્લોકમાં હિરણ્યાક્ષ ત્રિશૂલ ધારણ કરે છે તે પ્રસંગ વર્ણવાશે—

जग्राह त्रिशिखं शूलं ज्वलज्ज्वलनलोलुपम् ॥
यज्ञाय धृतरूपाय विप्रायाभिचरन् यथा ॥१३॥

અન્વયાર્થ—**विप्राय**-વિપ્રને મારવા માટે, **अभिचरन्**-મંત્ર દ્વારા મારણપ્રયોગ કરનારની, **यथा**-માફક, **धृत-रूपाय**-વરાહ સ્વરૂપને ધારણ કરનારા, **यज्ञाय**-યજ્ઞભગવાનના નાશ માટે, **ज्वलन्-ज्वलन्-लोलुपम्**-ભડભડ બળતા અગ્નિની માફક બાળી નાખવા આતુર, **त्रिशिखम्**-ત્રણ પાંખિયાવાળા, **शूलम्**-ત્રિશૂલને, **जग्राह**-ઉઠાવ્યું. ૧૩

અનુવાદ—બ્રહ્મવેત્તાને મારવા માટે મંત્ર દ્વારા અભિચાર પ્રયોગ કરનારની માફક, વરાહ સ્વરૂપને ધારણ કરનારા યજ્ઞ ભગવાનના વધ માટે ભડભડ બળતા અગ્નિની માફક બાળી નાખનારા ત્રણ પાંખિયાવાળા ત્રિશૂલને હાથમાં પકડ્યું. ૧૩

તત્ત્વસુધા—"जग्राह त्रिशिखम्"—હિરણ્યાક્ષે ભગવાન ઉપર છોડવા માટે ત્રિપાંખિયું ત્રિશૂલ હાથમાં લીધું. તે ખૂબ જ તીવ્ર અણીવાળું હતું. આ એક પ્રકારનું "આગ્નેયાસ્ત્ર" હતું. ત્રિશૂલમાંથી વિશ્વને ભસ્મ કરનારો અગ્નિ નીકળતો હતો. આ શસ્ત્ર અને અસ્ત્ર હતું. મંત્રથી તેની રચના કરી હતી. પરંતુ યજ્ઞવરાહનો નાશ કરવાનું તેમાં સામર્થ્ય ન હતું. કારણકે મંત્રની સર્વ અધિષ્ઠાત્રી દેવતા શ્રી યજ્ઞવરાહ હતા. તેથી એકાદ દેવતાના મંત્ર બળવાળું ત્રિશૂલ ત્યાં કાંઈ ન કરી શકે એ સમજની સ્પષ્ટતા માટે દૃષ્ટાન્ત આપ્યું છે કે—

विप्राय अभिचरन्—વિપ્ર એ સર્વ મંત્રોની દેવતા છે. એનામાં દૈવીશક્તિ જાગૃત છે, તેના ઉપર મંત્રનો અભિચાર પ્રયોગ સફળ ન થઈ શકે. ભલે કોઈ મોહવશ મારણ પ્રયોગ કરે તેમજ મોહભર્યો હિરણ્યાક્ષનો પ્રયોગ સમજવો. ૧૩

હિરણ્યાક્ષે ત્રિશૂલ છોડ્યું તેનું શું પરિણામ આવ્યું તે આ શ્લોકમાં વર્ણવે છે—

तदोजसा दैत्यमहाभटार्पितं चकासदन्तः ख उदीर्णदीधिति ॥
चक्रेण चिच्छेद निशातनेमिना हरिर्यथा तार्क्ष्यपतत्रमुज्झितम् ॥१४॥

અન્વયાર્થ—ओजसा-દૈવીબળથી, **दैत्य-महा-भट-अर्पितम्**-હિરણ્યાક્ષ નામના સમર્થ યોદ્ધાએ છોડેલ, **खे**-આકાશમાં, **चकासत्**-શોભતું, **अन्तः**-અંદરથી, **उदीर्ण-दीधिति**-વધેલ તેજવાળા, **तत्**-તે ત્રિશૂલને, **हरिः**-ઇન્દ્રે, **यथा**-જેવી રીતે, **उज्झितम्**-પોતાની ઇચ્છાથી ત્યજેલા એવા, **तार्क्ष्य-पतत्रम्**-ગરુડજીના એક પીંછાંને, **चिच्छेद**-કાપ્યું હતું તે રીતે, **हरिः**-શ્રી વરાહ ભગવાને, **निशात-निमिना**-તીક્ષ્ણ ધારવાળા, **चक्रेण**-ચક્રથી તે ત્રિશૂલને, **चिच्छेद**-કાપી નાખ્યું. (વંશસ્થ વૃત્ત) ૧૪

અનુવાદ—હિરણ્યાક્ષ નામના સમર્થ યોદ્ધાએ દૈવીબળથી ફેંકેલા, આકાશમાં ચળકતા, અંદરથી વધેલા તેજવાળા, તે ત્રિશૂલને–રાજા ઇન્દ્રે જેમ ગરુડજીએ પોતાની ઇચ્છાથી ત્યજેલા એક પીંછાને છેદી નાખ્યું તેવી જ રીતે શ્રી વરાહ ભગવાને (તે ત્રિશૂલને) છેદી નાંખ્યું. ૧૪

તત્ત્વસુધા—“ तदोजसा दैत्यमहाभटार्पितम् ”—ત્રિશૂલની પાછળ દેવતાનું બળ હતું. તે ત્રિશૂલ આકાશપ્રદેશમાં ચળકી રહ્યું હતું. રુદ્રો અન્તરિક્ષના દેવો છે. તેઓનું તેજ તીક્ષ્ણ ત્રિશૂલમાં હતું તેથી તે અંતરિક્ષમાં તાકાત ધરાવતું હતું. ભગવાને સુદર્શનથી આકાશમાં જ તેનો નાશ કર્યો.

સુદર્શન અને ત્રિશૂલ બન્ને એક જ જાતનાં હોવાથી અથવા એક જ પ્રકારના તેજવાળાં હોવાથી એકબીજાનો નાશ ન કરે છતાં કેમ નાશ કર્યો ? એનો પ્રત્યુત્તર આપ્યો કે—

हरिर्यथा तार्क्ष्यपतत्रमुज्झितम्—રાજા ઇન્દ્રે ગરુડજીને માટે વજ્ર છોડેલું પરંતુ ગરુડજીને તે મારી શકે તેમ ન હતું તેથી ગરુડજીને પોતાની ઇચ્છાથી એક પીછાને છોડી દીધું અને વજ્રે તેને છેદી નાખ્યું. તેમજ ત્રિશૂલમાંથી મંત્ર દેવતા શ્રી મહાદેવજી બહાર નીકળી ગયા એટલે દેવતા વિનાના ત્રિશૂલને સુદર્શને નષ્ટ કર્યું. કોઇ એક કલ્પમાં સુદર્શનની પ્રાપ્તિ મહાદેવજી પાસેથી થયેલી હશે તેથી ત્રિશૂલ અને સુદર્શનને એક જાતનાં કહ્યાં છે. જો કે આ કલ્પમાં તેમ નથી બન્યું છતાં તેજસપણાને લીધે બન્નેને એક જાતનાં કલ્પ્યાં છે. ૧૪

રોષાવેશવાળા દૈત્યે પ્રભુના વક્ષઃસ્થળમાં કઠોર મૂઠીનો પ્રહાર કર્યો એનું વર્ણન કરે છે—

वृक्णे स्वशूले बहुधारिणा हरेः प्रत्येत्य विस्तीर्णमुरो विभूतिमत् ॥
प्रवृद्धरोषः स कठोरमुष्टिना नदन् प्रहृत्यान्तरधीयतासुरः ॥१५॥

અન્વયાર્થ—अरिणा-શત્રુ ગણાતા એવા સુદર્શને, **बहुधा**-અનેક પ્રકારે, **स्व-शूले**-પોતાના ત્રિશૂળને, **वृक्णे**-કાપી નાખ્યું ત્યારે, **प्रवृद्ध-रोषः**-વધેલ ગુસ્સાવાળો, **सः**-તે પ્રસિદ્ધ, **असुरः**-અસુર હિરણ્યાક્ષ, **हरेः प्रति पत्य**-ભગવાનની સામે ધસી આવી, **विभूतिमत्**-શ્રી લક્ષ્મીજીના નિવાસવાળા, **विस्तीर्णम्**-વિશાળ, **उरः**-વક્ષઃસ્થળને, **नदन्**-ગર્જના કરીને, **कठोर-मुष्टिना**-કઠોર મુક્કાથી, **प्रहृत्य**-પ્રહાર કરીને, **अन्तर-धीयत**-અંતર્ધાન બની ગયો. (ઇંદ્રવંશા વૃત્ત) ૧૫

અનુવાદ—શત્રુ ગણાતા એવા સુદર્શને જ્યારે ત્રિશૂળના અનેક ટુકડા કરી નાખ્યા ત્યારે વધેલ ક્રોધવાળો તે અસુર હિરણ્યાક્ષ એકાએક ભગવાન ઉપર ધસી આવ્યો. અને લક્ષ્મીજીના નિવાસભૂત વિશાળ વક્ષઃસ્થલ ઉપર ગર્જના કરી મુક્કો મારી અન્તર્ધાન થઈ ગયો. ૧૫

તત્ત્વસુધા—**वृक्णे स्वशूले** अरिणा-अरि શબ્દ નપુંસક છે અને “ अराः सन्ति अस्य इति अरि-सुदर्शनचक्रं” જેને ફરતા આરાઓ છે એવી વ્યુત્પત્તિ પ્રમાણે સુદર્શન ચક્ર એવો અર્થ થાય. બીજો ભાવ પણ આ अरिणा પદમાં રહેલો છે. એ ભાવ માટે अरिः એટલે શત્રુ એવો અર્થ થાય. દૈત્ય સુદર્શનને શત્રુ સમજે છે. સુદર્શનના–अरिना પ્રહારથી ત્રિશૂલના સેંકડો ટુકડા થઈ ગયા. ત્રિશૂલમાં દૈવી મંત્રબળ હતું તે ચાલ્યું ગયું ત્યારે તે કેવલ લોખંડનું હથિયાર રહ્યું. તેમજ તે હવે “મહાદેવજીના બળવાળું નથી પરંતુ દૈત્યનું શસ્ત્ર માત્ર છે” એટલે સુદર્શને તેના અસંખ્ય ટુકડા કરી નાખ્યા.

જ્યારે ત્રિશૂલના ચૂરા થયા ત્યારે હિરણ્યાક્ષનો ક્રોધ વધી ગયો. "ક્રોધના તાબેદારમાં દયા અને વિવેક વસતાં નથી" એ તદ્દન સત્ય છે. એને ત્યાં લક્ષ્મી અને લાગણીનાં સ્થાન પણ નથી. એ સ્વયં સાનશૂન્ય બને છે. પછી તેને ભગવાન કે મહાનનાં ભાન પણ નથી રહેતાં. અવિવેકી હિરણ્યાક્ષે શ્રીહરિના વક્ષઃસ્થળમાં ઉદ્દંડ બની કઠોર મુક્કાનો પ્રહાર કર્યો. જ્યાં લક્ષ્મીજીનો નિવાસ છે, એવા વક્ષઃસ્થલે પ્રહાર કરતાં લક્ષ્મી ગુમાવી બેઠો. વળી જ્યારે "જયવિજયરૂપ"માં તે હતો અને સનત્કુમારોએ શાપ આપ્યો હતો ત્યારે લક્ષ્મીજી શાપમાં સંમત હતાં. વળી શાપિત દશાના જયવિજયને લક્ષ્મીજી, ગરુડજી સાથે જોવા આવ્યાં હતાં, ત્યારનો રોષ તેના મનમાં રહી ગયેલ તેનો આજે મુક્કી મારી ઊભરો કાઢયો.

अन्तरधीयत-મુક્કી મારીને દૈત્ય અન્તર્ધાન થયો. પરંતુ વીર યોદ્ધો હોત અને સજ્જન હોત તો કદી તે અન્તર્હિત ન થાત. ૧૫

આ શ્લોકમાં હિરણ્યાક્ષની મુક્કાના પ્રહારની ભગવાનને કાંઈપણ અસર ન થઈ એ વિષય વર્ણવે છે—

तेनेत्थमाहतः क्षत्तर्भगवानादिसूकरः ।
नाकम्पत मनाक् क्वापि स्रजा हत इव द्विपः ॥१६॥

અન્વયાર્થ—क्षत्तः-હે વિદુરજી ! **तेन**-તે હિરણ્યાક્ષથી, **इत्थम्**-આવા, **आहतः**-પ્રહાર પામેલા, **आदि-सूकरः भगवान्**-ભગવાન વરાહ, **स्रजा**-પુષ્પની માળાથી, **हतः**-પ્રહાર પામેલ, **द्विपः इव**-હાથીની માફક, **क्व अपि**-કોઈપણ ભાગમાં, **मनाक्**-જરાપણ, **न अकम्पत**-કંપ પામ્યા નહીં. ૧૬

અનુવાદ—હે વિદુરજી ! જ્યારે હિરણ્યાક્ષે આવો પ્રહાર કર્યો ત્યારે આદિ વરાહ ભગવાન, પુષ્પમાળાથી પ્રહાર પામેલા હાથીની માફક શરીરના કોઈ પણ ભાગથી જરા પણ કંપ્યા નહીં. ૧૬

તત્ત્વસુધા—क्षत्तः-ચાલુ કથા પ્રસંગમાં વિદુરજી "સંયમી" એવા અર્થને બતાવનાર क्षत्तः ! સંબોધન કરી એક પ્રસંગ તાજો કર્યો કે દુર્યોધનનાં મર્મવેધક વાક્બાણોની જરાપણ વ્યથા આપના હૃદયને થઈ ન હતી તે જ પ્રકારે દૈત્યની કઠોર મુઠ્ઠી વાગી છતાં ભગવાનને કાંઈ પણ અસર ન થઈ. સમજી લો કે હાથીના દેહ ઉપર પુષ્પની માળાનો પ્રહાર થાય તો તેની પીડા પણ ન થાય અને કંપની અસરે પણ ન જણાય. આદિ વરાહને આ પ્રહારની કાંઈપણ અસર નથી, જ્યારે દૈત્ય આ પ્રહારને પોતાનું અંતિમ બળ માને છે. ૧૬

આ શ્લોકથી હવે પોતાનું સ્વાભાવિક બળ ચાલ્યુ ગયું એટલે માયિક બળ વાપરવું શરૂ કરે છે તે વર્ણન આરંભે છે—

अथोरुधासृजन्मायां योगमायेश्वरे हरौ ।
यां विलोक्य प्रजास्त्रस्ता मेनिरेऽस्योपसंयमम् ॥१७॥

અન્વયાર્થ—अथ-ત્યાર પછી તો, **योग-माया-ईश्वरे**-યોગમાયાના સ્વામી, **हरौ**-શ્રીહરિ વરાહ પ્રભુ ઉપર, **उरुधा**-અનેક પ્રકારે, **मायाम्**-માયાને, **असृजत्**-છોડી, **याम्**-જેને જોઈને, **त्रस्ताः**-ત્રાસ પામેલી, **प्रजाः**-પ્રજાઓ, **अस्य**-આ જગતનો, **उपसंयमम्**-પ્રલય થશે એમ, **मेनिरे**-માનવા લાગી. ૧૭

અનુવાદ—ત્યાર પછી તો યોગમાયાના સ્વામી શ્રી વરાહ પ્રભુ ઉપર અનેક પ્રકારે માયાને છોડી, જેને જોઈને ત્રાસ પામેલી પ્રજા આ જગતનો પ્રલય થશે એમ માનવા લાગી. ૧૭

તત્ત્વસુધા—अथ उरुधा असृजत् मायाम्- હવે નવો વિષય વર્ણાવવો છે માટે 'अथ' અવ્યયથી વર્ણન શરૂ કર્યું. જ્યારે તેનું સત્યબળ ન ચાલ્યું ત્યારે આસુરી બળ વાપર્યું. એક સિદ્ધાન્ત તદ્દન સાચો છે. ઈશ્વરે "અક્કલ અને શૌર્ય અપવાદમાં જ અર્જુન જેવાને આપ્યાં છે. કુમતિ અને કપટનો સમાગમ તો સુલભ છે

પરંતુ સુમતિ અને હરિરતિ સદા દુર્લભ છે. અક્કલ વગરના અસુરે સમસ્ત માયાઓના સ્વામી ઉપર માયાનો પ્રયોગ અજમાવ્યો. એની કેટલી અસર થવાની છે ! જ્યારે તે માયાને અજમાવી ત્યારે પ્રજાજનોને લાગ્યું કે શું જગતનો પ્રલય તો નહીં થાય ને ? ૧૭

હવે આસુરી માયાના પ્રકારો ચાર શ્લોકમાં ગાય છે—

प्रववुर्वायवश्चण्डास्तमः पांसवमैरयन् ॥
दिग्भ्यो निपेतुर्ग्रावाणः क्षेपणैः प्रहिता इव ॥१८॥

અન્વયાર્થ— **चण्डाः**-પ્રચંડ, **वायवः**-વાયરાઓ, **प्रववुः**-વાવા લાગ્યા, **पांसवम्**-ધૂળના, **तमः**-અંધકારને, **ऐरयन्**-પ્રકટ કર્યો, **क्षेपणैः**-ગોફણોથી-યંત્રોથી, **प्रहिता इव**-ફેંકાયેલા હોય તેમ, **दिग्भ्यः**-દિશાઓમાંથી, **ग्रावाणः**-પથરાઓ, **निपेतुः**-ફેંકાવા લાગ્યા. ૧૮

અનુવાદ—પ્રચંડ વાયરાઓ વાવા લાગ્યા. ધૂળધૂળના ગોટાઓથી અંધકારને પ્રકટ કરવા માંડ્યો. યંત્રોથી ફેંકાયાં હોય તેવા દિશાઓમાંથી પથ્થરો ફેંકાવા લાગ્યા. ૧૮

તત્ત્વસુધા—प्रववुः वायवः-પ્રચંડ પવન વાવા લાગ્યા, ચારેગમ ધૂળથી અંધકાર છવાયો, અને પથ્થરો ફેંકાવા લાગ્યા, આવાં ત્રાસદાયક માયાનાં કાર્યો શરૂ થયાં. પથ્થરો તો એવા પ્રમાણમાં પડવા લાગ્યા કે જાણે કિલ્લાઓ ઉપરથી ઔષધિના બળથી યંત્રો દ્વારા પથ્થરો ફેંકવામાં આવતા હોય. આ કાર્ય તામસ વૃત્તિવાળાનાં મનાય. એથી આ તામસી માયાનો પ્રયોગ છે એમ માનવું. ૧૮

આ શ્લોકમાં આસુરી માયાની અસરથી આકાશની બનેલી અવસ્થાનું વર્ણન કરે છે—

द्यौर्नष्टभगणाभ्रौघैः सविद्युत्स्तनयित्नुभिः ॥
वर्षद्भिः पूयकेशासृग्विण्मूत्रास्थीनि चासकृत् ॥१९॥

અન્વયાર્થ—**च स-विद्युत्-स्तनयित्नुभिः**-અને વળી વીજળીઓ અને ગર્જનાઓ સાથે, **पूय-केश-असृग्-विड्-मूत्र-अस्थीनि**-પરુ, વાળ, રુધિર, મળમૂત્ર અને હાડકાંઓને, **असकृत्**-વારંવાર, **वर्षद्भिः**-વરસાવતા, **अभ्र-ओघैः**-વાદળોના સમૂહોથી, **द्यौः**-આકાશ-સ્વર્ગ, **नष्ट-भगणा**-જ્યોતિશ્ચક્ર વિનાનું જણાવા લાગ્યું. ૧૯

અનુવાદ—અને વળી વીજળીઓના કડાકાઓ સાથે પરુ, વાળ, રુધિર, મળમૂત્ર અને હાડકાંઓને વારંવાર વરસાવતા વાદળોના સમૂહોથી આકાશ જ્યોતિશ્ચક્ર વિનાનું જણાવા લાગ્યું. ૧૯

તત્ત્વસુધા—द्यौः-આકાશનું અને સ્વર્ગનું નામ છે. માયાવી રીતે સર્જેલી વીજળીઓ અને કાળાં વાદળોને લીધે આકાશ ચારે કોર ઘેરાઇ ગયું અને જ્યોતિશ્ચક્ર દેખાતાં બંધ થયાં. સાચાં વાદળ હોત તો વૃષ્ટિ થાત પરંતુ "અણુ શક્તિ"માંથી સર્જાયેલ વાદળો હતાં તેમાંથી સૂગ ઉપજાવનાર, ત્રાસ કરનાર એવાં જ રુધિર, અસ્થિ વગેરેને વારંવાર વરસાવવા લાગ્યો. આકાશમાં નક્ષત્રો નથી દેખાતાં તેથી લાગે છે કે સંધ્યાકાળ પસાર થઇ ગયો અને રાત્રીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. કેટલાકનું એમ માનવું છે કે માયાના પ્રયોગોને લીધે રાત્રિની રચના થઇ તેમજ નક્ષત્ર દર્શનનો અભાવ પણ થયો; કારણ કે ભગવાને દૈત્યને રાત્રિએ નથી માર્યો પરંતુ સંધ્યાકાળ પહેલાં જ માર્યો છે. કેટલાક માને છે કે બ્રહ્માજીએ સંધ્યાકાળે અસુરો મરશે નહીં એમ કહ્યું છે. ભગવાને તે સ્વીકાર્યું છે અને દૈત્યને રાત્રીએ મારેલ છે. ૧૯

હવે આયુધોના પ્રહારો વરસાવતી આસુરી માયાનું યુદ્ધ વર્ણવે છે—

गिरयः प्रत्यदृश्यन्त नानायुधमुचोऽनघा ॥
दिग्वाससो यातुधान्यः शूलिन्यो मुक्तमूर्धजाः ॥२०॥

અન્વયાર્થ—अनघ-હે નિષ્પાપ, **नाना-आयुध-मुचः**-જુદા જુદા પ્રકારનાં આયુધોને છોડનારા, **गिरयः**-પર્વતો, **प्रति-अदृश्यन्त**-દેખાવા લાગ્યા. **यातुधान्यः**-રાક્ષસીઓ, **दिग्-वाससः**-દિગંબર સ્વરૂપ-માં, **शूलिन्यः**-ત્રિશૂલવાળી અને **मुक्त-मूर्धजाः**-ખુલ્લા કેશવાળી દેખાવા લાગી. ૨૦

અનુવાદ—હે નિષ્પાપ વિદુરજી! જુદા જુદા પ્રકારનાં આયુધોને છોડનારા પર્વતો દેખાવા લાગ્યા અને રાક્ષસીઓ વિના વસ્ત્રે ત્રિશૂલ પકડેલી અને છૂટા મૂકેલા કેશવાળી દેખાવા લાગી. ૨૦

તત્ત્વસુધા—गिरयः प्रत्यदृश्यन्त–પર્વતો પોતે જ પ્રહાર કરતા હતા. પરંતુ તલવાર, ભાલા, બરછી, તમંચા વગેરેથી પ્રહાર કરતા હોય તેમ લાગતું હતું. વળી यातुधान्यः એટલે રાક્ષસીઓ સ્વભાવથી જ ભયંકર હોય છે તેમાં દિગંબર હોવાથી સ્વરૂપથી પણ અમંગલ છે. તદુપરાંત હાથમાં શૂલ વગેરે હોવાથી સાધનથી પણ નિર્દય છે. માથે છૂટા કેશ હોવાથી દૃષ્ટિથી પણ ખતરનાક છે. ૨૦

કેવલ અસુરે આકાશમાંથી આસુરી માયા ન ફેલાવી પરંતુ ભૂમિ ઉપર પ્રકટ કરી તેનું વર્ણન આ શ્લોકમાં છે—

बहुभिर्यक्षरक्षोभिः पत्त्यश्वरथकुञ्जरैः ॥
आततायिभिरुत्सृष्टा हिंस्रा वाचोऽतिवैशसाः ॥२१॥

અન્વયાર્થ—पत्ति-अश्व-रथ-कुञ्जरैः-પાયદળ, ઘોડા, રથ અને હાથીઓ સાથે, **बहुभिः**-અસંખ્ય, **आततायिभिः**-શસ્ત્રોને ધારણ કરનારા, **यक्ष-रक्षोभिः**-યક્ષ અને રાક્ષસો વગેરે શત્રુઓ, **अति-वैशसाः**-મારણ-ઉચ્ચાટન મંત્રવાળી ઘાતકી, **हिंस्राः**-હું ફટ્ વગેરે, **वाचः**-વાણી, **उत्सृष्टाः**-બોલતા હતા. ૨૧

અનુવાદ—પાયદળ, ઘોડા, રથ અને હાથીઓ સાથે અસંખ્ય શસ્ત્રોને ધારણ કરનારા યક્ષ અને રાક્ષસો વગેરે શત્રુઓ મારણ, ઉચ્ચાટન મંત્રવાળી હું ફટ્ વગેરે ઘાતકી વાણી બોલતા હતા. ૨૧

તત્ત્વસુધા—बहुभिः यक्षरक्षोभिः–હાથમાં હથિયારો લઈ દોડી આવતા અને "મારો મારો"ના ઉચ્ચાર કરતા ચતુરંગ સૈન્ય સ્વરૂપે યક્ષો અને રાક્ષસો પણ ચઢી આવ્યા. આ બધા आततायिनः હાથમાં ઉગામેલ આયુધવાળા અને અકારણ સર્વનો વધ કરનારા હોવાથી આતતાયીઓ છે. ક્રિયા, દેખાવ, અને વાણીથી ત્રાસ ગુજારતા હતા. આ રીતે ચાર શ્લોકોમાં વર્ણવેલી આસુરી માયા વિશ્વને કલેશ આપનારી છે તે પુરવાર કર્યું. ૨૧

ભગવાને આ માયાનો વિનાશ કરવા સુદર્શનચક્રનો પ્રયોગ કર્યો એ વસ્તુનું વર્ણન કરે છે—

प्रादुष्कृतानां मायानामासुरीणां विनाशनम्[1] ॥
सुदर्शनास्त्रं भगवान् प्रायुङ्क्त दयितं त्रिपात् ॥२२॥

અન્વયાર્થ—प्रादुष्कृतानाम्-પ્રકટ થયેલી, **आसुरीणाम्**-અસુરોની, **मायानाम्**-માયાઓનું, **विनाशनम्**-સર્વથા નાશ કરનાર, **दयितम्**-ભગવાનનું પ્રિય, **सुदर्शन-अस्त्रम्**-સુદર્શન નામનું અસ્ત્ર, **त्रिपात्**-યજ્ઞસ્વરૂપ, **भगवान्**-ભગવાન, **प्र-अयुङ्क्त**-છોડતા હતા. ૨૨

---

[1] विनाशयत् इति प्रा. पाठः ।

અનુવાદ—પ્રકટ થએલ તે અસુરોની માયાઓનો સર્વથા નાશ કરનાર, ભગવાનનાં અતિ પ્રિય સુદર્શન નામનાં અસ્ત્રને યજ્ઞસ્વરૂપ ભગવાને છોડયું. ૨૨

તત્ત્વસુધા—"त्रिपात् भगवान् प्रायुङ्क्त"–"ત્રિપાત્" યજ્ઞ ભગવાનનું નામ છે. "ત્રિપાત્" શબ્દના અનેક પ્રકારે અર્થ થાય છે. "યજ્ઞ, દાન અને તપ" એ ત્રણ જેના આધાર છે એ "ધર્મ"નું નામ પણ ત્રિપાત્ છે. વળી "અમૃત, ક્ષેમ અને અભય" એ ત્રણ જેના પાદ છે તેનું નામ ત્રિપાત્ છે. એટલે ભગવાનનું નામ જ ત્રિપાત્ થયું. પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં ત્રણ સવનો જેના ચરણ છે તે "યજ્ઞ"નું નામ ત્રિપાત્ છે. બધા જ અર્થોને દર્શાવતી શ્રુતિઓ મળે છે.

मायानामासुरीणाम्—આ ત્રિપાત્ યજ્ઞ ભગવાને કેવલ આસુરી માયાનો નાશ કર્યો છે. કારણકે દૈત્ય કેવલ "આસુરી જ" માયાને પ્રકટ કરી શકયો છે તેથી ભગવાને તેનો જ નાશ કર્યો. સુદર્શન નામના આયુધમાં ભગવાને માયારૂપ સુદર્શનાસ્ત્રનો સંયોગ કરીને ફેંકયું છે તેથી આસુરી માયા નાશ પામી. ૨૨

પુત્રના નાશની આગાહી દિતિદેવીને થઈ તે વાત આ શ્લોકમાં દર્શાવે છે--

तदा दितेः समभवत्सहसा हृदि वेपथुः ॥
स्मरन्त्या भर्तुरादेशं स्तनाच्चासृक् प्रसुस्रुवे ॥२३॥

અન્વયાર્થ—**तदा**–તે અવસરે, **भर्त्तुः**–કશ્યપ ઋષિના, **आदेशम्**–ભવિષ્યવાણીના આદેશને, **स्मरन्त्याः**–યાદ કરતી, **दितेः**–દિતિ માતાના, **हृदि**–હૃદયમાં, **वेपथुः**–કંપારો, **समभवत्**,–થયો. **च**–અને, **स्तनात्**–સ્તનમાંથી, **असृक्**–રુધિર, **प्रसुस्रुवे**–નીકળવા લાગ્યું. ૨૩

અનુવાદ—તે વખતે કશ્યપ ઋષિના ભવિષ્યવાણીના આદેશને યાદ કરતી દિતિમાતાના હૃદયમાં કમ્પારો થયો તેમજ સ્તનમાંથી રુધિર વહેવા લાગ્યું. ૨૩

તત્ત્વસુધા—तदा दितेः समभवत्–જ્યારે ભગવાને સુદર્શનાસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે દિતિના હૃદયમાં કમ્પારો થયો તેમ જ ઉરમાંથી શોણિત સરી પડયું. સાચે જ દૂર દેશમાં રહેલા પુત્રની પીડાની પ્રથમ જાણ જનનીને અને પરદેશ વસેલા પતિની પીડાનું ભાન પ્રિય પત્નીને થાય છે. એમાં "સતી" માતા અને "સતી" પત્નીને તો અવિલંબે જાણ થાય છે. દિતિને જ્યારે હૃદયકંપ અને શોણિતસ્રાવ થયો ત્યારે પતિનાં વચનોનું સ્મરણ થઈ આવ્યું. માતાના ઉરમાંથી દૂધ ઝરે ત્યારે બાળકનું પોષણ થાય છે પરંતુ શોણિત ઝરે ત્યારે મરણનું સૂચન થાય છે. ૨૩

હવે હિરણ્યાક્ષ બાહુયુદ્ધ માટે ભગવાન સાથે બાથે પડે છે તે વાત વર્ણવે છે—

विनष्टासु स्वमायासु भूयश्चाव्रज्य केशवम् ॥
रुषोपगूहमानोऽमुं ददृशेऽवस्थितं बहिः ॥२४॥

અન્વયાર્થ—**स्व मायासु**–પોતાની માયાઓ, **विनष्टासु**–નાશ પામતાં, **भूयः च** ફરીથી તે દૈત્યે, **केशवम्**–ભગવાન કેશવ પાસે, **आव्रज्य**–આવીને, **अमुम्**–આ વરાહ ભગવાનને, **रुषा**–રોષથી પણ, **उपगूहमानः**– ભેટતાં–બાથમાં લેતાં, **बहिः**–બહાર–બાથમાંથી છટકીને, **अवस्थितम्**–ઊભેલા, **ददृशे**–જોયા. ૨૪

અનુવાદ–પોતાની માયાઓ નાશ પામતાં ફરી પણ તે દૈત્યે કેશવ ભગવાન પાસે આવીને રોષપૂર્વક બાથમાં પકડી લેતાં છતાં સૂક્ષ્મ રૂપે બાથમાં છટકી બહાર ઊભેલા વરાહ ભગવાનને જોયા. ૨૪

તત્ત્વસુધા— विनष्टासु स्वमायासु— ગદા હાથમાં પડી ગઈ, ત્રિશૂલના ટુકડા થયા, માયાઓ વ્યર્થ ગઈ મુઠ્ઠીના પ્રહારથી કાંઈ પણ ન ઊપજ્યું ત્યારે આરે આવી પડેલા હિરણ્યાક્ષે હરિને બાથમાં લીધા. જાણે અંત સમયે ભાવથી ભગવાનને ભેટવા ન આવ્યો હોય એમ બાથે પડ્યો. પરંતુ રોષે ભરેલો હતો. એટલો જ અવગુણ હતો. અથવા "રોષયોગ"થી જ એને બિહારીને વરવાનું હતું. તેથી રોષ જ આવે તે ઠીક જ હતું. "**दहशेऽत्रस्थितं बहिः**"- તેણે તો બળ કરી ભગવાનને બાથમાં લીધા અને જાણે ભગવાનને જીતી ગયો એમ માનવા લાગ્યો પરંતુ સૂક્ષ્મ સ્વરૂપ લઈ શ્રીહરિ તેની બાથમાંથી સરકી જઈ બહાર જ ઊભેલા દેખાયા. ૨૪

ભગવાન વરાહ હિરણ્યાક્ષના કાન પાસે પ્રહાર કરે છે એ પ્રસંગનું કથન આ શ્લોકમાં છે—

तं मुष्टिभिर्विनिघ्नन्तं वज्रसारैरधोक्षजः ॥
करेण कर्णमूलेऽहन् यथा त्वाष्ट्रं मरुत्पतिः ॥२५॥

અન્વયાર્થ—**वज्रसारैः**-વજ્ર જેવી કઠોર, **मुष्टिभिः**-મુઠ્ઠીઓથી-મુક્કાઓથી, **विनिघ्नन्तम्**-પ્રહાર કરતા, **तम्**-દૈત્ય હિરણ્યાક્ષને, **अधोक्षजः**-ઇન્દ્રિયાતીત ભગવાન, **यथा**-જેમ, **त्वाष्ट्रम्** ત્વષ્ટાના પુત્ર વૃત્રાસુરને, **मरुत्पतिः**-દેવોના સ્વામી ઇન્દ્રે માર્યો તેમ, **करेण**-હાથથી, **कर्ण-मूले**-કાનના મૂળમાં, **अहन्**-પ્રહાર કર્યો. ૨૫

અનુવાદ—વજ્ર જેવી કઠોર મુઠ્ઠીઓથી પ્રહાર કરતા તે દૈત્ય હિરણ્યાક્ષને ઈન્દ્રિયતાતીત ભગવાન વરાહે—જેમ દેવોના સ્વામી ઇન્દ્રે વૃત્રાસુરને માર્યો તેમ કાનના મૂળ ભાગ ઉપર હાથથી પ્રહાર કર્યો ૨૫

તત્ત્વસુધા—तं मुष्टिभिः विनिघ्नन्तम्-હિરણ્યાક્ષને હજી તૃપ્તિ થતી નથી. ભગવાન તેની બાથમાંથી છટકી ગયા છતાં ફરીથી ભગવાન ઉપર વારંવાર મુષ્ટિપ્રહાર કરવા લાગ્યા. ભગવાનને તો નાનો બાળક જેમ માતા-પિતાને લાડમાં આવી કુમળી મુઠ્ઠીઓનો પ્રહાર કરે તેમ ભગવાનને લાગ્યું. જો કે હિરણ્યાક્ષને મન તો **वज्रसारैः** વજ્ર જેવી કઠોર હતી. આખરે ભગવાને તેના કર્ણપ્રદેશે પ્રહાર કર્યો. એ વાત આગળ કહે છે—

करेण कर्णमूलेऽहन्-શ્રીવરાહ ભગવાને હાથથી કાનના મૂળમાં પ્રહાર કર્યો. આ સાંભળીને એમ લાગશે કે હાથ વડે શી રીતે માર્યો? ભગવાનનું તો વરાહ સ્વરૂપ છે. ત્યાં ભગવાનના આગળના ચરણને હાથ કહ્યો છે.

યદ્યપિ સુદર્શન ચક્ર હતું છતાં ભગવાને તેને માત્ર હાથનો જ પ્રહાર કર્યો. કારણ કે "સુદર્શન" જ્ઞાન-સ્વરૂપ છે. તેનાથી મારે તો મુક્તિ થાય. જ્યારે હિરણ્યાક્ષને હજી બે જન્મ લેવાના છે. વળી અશસ્ત્ર શત્રુને શસ્ત્રથી મારવો એ પણ યુદ્ધધર્મ નથી. શસ્ત્રાસ્ત્રોને ગળી જનાર વૃત્રાસુરને ઇન્દ્રરાજાએ લોકહિત માટે મારેલ હિરણ્યાક્ષને વરાહ ભગવાને લોકકલ્યાણ માટે જ મારેલ છે. ૨૫

આ શ્લોકમાં હિરણ્યાક્ષ પડ્યો તે સમયની હાલતનું વર્ણન કરે છે—

स आहतो विश्वसृजा[1] ह्यवज्ञा परिभ्रमद्गात्र उदस्तलोचनः ॥
[2]विकीर्णबाह्वङ्घ्रिशिरोरुहोऽपतद् यथा नगेन्द्रो लुलितो नभस्वता ॥२६॥

અન્વયાર્થ— **विश्व-सृजा**-વિશ્વ-રચનારે-ભગવાને, **हि**-ખરેખર, **अवज्ञया**-બેદરકારીથી, **आहतः**-જરા પ્રહાર કર્યો ત્યાં તો, **सः**-તે દૈત્ય, **परि-भ्रमद्-गात्रः**-ચોમેર ભમતા શરીરવાળો, **उदस्त-लोचनः**-ઊંચે ચઢી ગયેલ બે આંખવાળો, **विकीर्ण-बाहु-अंघ्रि-शिरोरुहः**-વીખરાયેલા હાથપગ અને વાળવાળો બનીને, **यथा**-જેમ **नभस्वता**-પવનથી, **लुलितः**-ઉખાડેલ, **नगेन्द्रः**-મહાન વૃક્ષ ભૂમિ ઉપર પડે તેમ **अपतत्**-ભૂમિ ઉપર પડ્યો. (વંશસ્થ વૃત્ત.) ૨૬

---

[1] **विश्वजिता** इति प्रा. पाठः । [2] विशीर्ण-इति प्रा. पाठः ।

અનુવાદ—વિશ્વ રચનાર ભગવાને સાચે જ બેદરકારીથી જરા હાથનો પ્રહાર કર્યો ત્યાં જ તે દૈત્ય ચારેકોર ભમતા દેહવાળો, ઊંચી ચઢી ગયેલ આંખોવાળો, વીખરાયેલા હાથપગ અને વાળવાળો, પવનથી ઉખાડી નાખેલ વૃક્ષ સમાન ભૂમિ ઉપર પછાડ ખાઈને પડ્યો. ૨૬

તત્ત્વસુધા—स आहतो विश्वसृजा—ભગવાનનો કોઈ જ અપરાધ નથી કર્યો પછી શા માટે દૈત્યને માર્યો તેનું સમાધાન કર્યું કે ભગવાન વિશ્વનું સર્જન કરનાર છે. હિરણ્યાક્ષ પૃથ્વી ઉપર કબજો કરી "વિશ્વ રચવામાં" અંતરાય કરી રહેલ છે. તેથી તેને મારવો આવશ્યક છે. વળી હિરણ્યાક્ષ રજોગુણના અભિમાનવાળો છે. તે પોતાના સામર્થ્યથી રજોગુણને કાર્ય કરતાં અટકાવતો હતો. ભગવાને માટે જ અવરોધકને દૂર કર્યો. તે જ્યારે ભૂમિ ઉપર પડ્યો ત્યારે તેનાં હાથ, પગ, નેત્ર વગેરે અંગો હાલવા લાગ્યાં. તે ઉપરથી નક્કી થયું કે એનો નાશ થયો અને એનામાં રહેલો રજોગુણ બહાર આવી ગયો. જે હવે સૃષ્ટિરચનાના ઉપયોગમાં આવશે.

વળી તેના પ્રાણ અન્તરિક્ષમાં જ ચાલ્યા ગયા. જેથી તે બીજા જન્મમાં ભક્ત થશે. પરંતુ અન્તરિક્ષના દેવ રુદ્ર ભગવાન છે તેથી રાવણનો જન્મ લઈ તે રુદ્રનો ભક્ત થશે. ૨૭

કાયા છોડતાં કાયમની કીર્તિ પામ્યો એ પ્રસંગનું વર્ણન આ શ્લોકમાં છે—

क्षितौ शयानं तमकुण्ठवर्चसं करालदंष्ट्रं परिदष्टदच्छदम् ॥
अजादयो वीक्ष्य शशंसुरागता अहो इमां को नु लभेत संस्थितिम् ॥२७॥

અન્વયાર્થ—**आगताः**-દૈત્યના યુદ્ધ વખતે આવેલા, **अजादयः**-બ્રહ્માદિ દેવો, **क्षितौ शयानम्**-ધરાશાયી બનેલા, **अकुण्ठ-वर्चसम्**-અખંડિત તેજવાળા, **कराल-दंष्ट्रम्**-વિકરાળ દાઢવાળા, **परिदष्ट-दत्-छदम्**-પૂરા દબાવેલ ઓઠવાળા, **तम् वीक्ष्य**-તે હિરણ્યાક્ષને નિહાળીને, **शशंसुः**-પ્રશંસા કરવા લાગ્યા કે **अहो**-અહો, **इमां संस्थितम्**-આ પ્રકારની સદ્ગતિને, મૃત્યુને, **कः नु**-ખરેખર કોણ, **लभेत्**-પામે. (વંશસ્થ વૃત્ત) ૨૭

અનુવાદ—આ યુદ્ધ પ્રસંગે આવેલા બ્રહ્માદિ દેવો, ધરાશાયી બનેલા અખંડ તેજવાળા, વિકરાળ દાઢીવાળા, અને પૂર્ણ દબાવેલ ઓષ્ઠવાળા, તે હિરણ્યાક્ષને નિહાળીને કહેવા લાગ્યા કે એવો તે કોણ ભાગ્યશાળી હશે કે આવા પ્રકારના સદ્ગતિને દેનાર મૃત્યુને પામે. ૨૭

તત્ત્વસુધા—क्षितौ शयानं-હિરણ્યાક્ષે શરીર ત્યજ્યું ત્યારે તેનું अकुण्ठवर्चसं તેજ હતું તેવું જ તેજસ્વી રહ્યું એમાં નવાઈ નથી. મૃત્યુ જેને મળે તે મરણકાલે નિસ્તેજ બને છે. પરંતુ ભગવાન જેને મારે, ભગવાનનું દર્શન, ધ્યાન, સ્મરણ, કીર્તન કરતાં શરીર ત્યજે તે તો "તેજોમય" મુખવાળો રહે છે.

करालदंष्ट्रं परिदष्टदच्छदम्—મારતાં દાઢ તેની ભયાનક હતી તેથી બીજે જન્મ રાક્ષસી કર્મ કરનારો લેશે, વળી ઓષ્ઠ દાંતથી દબાયેલ હોવાથી તે લોભી થશે. મનુષ્ય યોનિમાં જન્મશે અને જીવન પર્યન્ત લોભી રહેશે. આ મૃત્યુ પ્રત્યેક વાદીઓના મત પ્રમાણે ઉત્તમ હતું. જો આ મૃત્યુ જ હોય તો "संस्थितिम्" સંસ્થિતિ શબ્દ ન વાપરત. સંસ્થિતિ એટલે ઉત્તમ અવસ્થાને પામવું. ૨૭

એક ઉત્તમ યોગીને જે અવસ્થા પ્રાપ્ત થાય તે અવસ્થા હિરણ્યાક્ષને મળી—

यं योगिनो योगसमाधिना रहो ध्यायन्ति लिङ्गादसतो मुमुक्षया ॥
तस्यैव दैत्यऋषभः पदाहतो मुखं प्रपश्यंस्तनुमुत्ससर्ज ह ॥२८॥

અન્વયાર્થ—**ह**-અહો, **असतः**-પ્રાકૃત, **लिङ्गात्**-લિંગમાંથી, વાસના દેહમાંથી, **मुमुक्षया**-છૂટી જવાની વૃત્તિથી, **योग-समाधिना**-યોગમાર્ગથી મેળવેલી સમાધિ દ્વારા, **योगिनः**-યોગીઓ, **यं रहः**-જે ભગવાનનું

એકાન્તમાં, **ध्यायन्ति**-ધ્યાન કરે છે, **तस्य**-તે ભગવાનના, **पदा-हतः**-ચરણથી હણાએલો, **एषः**-આ, **दैत्य-ऋषभः**-ઉત્તમ દૈત્યે, **तस्य मुखम्**-તે ભગવાનના મુખકમલને, **प्रपश्यन्**-નિહાળતાં, **तनुम्**-દેહને, **उत्-ससर्ज**-ત્યજ્યો. (ઈંદ્રવંશા વૃત્ત) ૨૮

અનુવાદ—અહો, પ્રાકૃત લિંગદેહમાંથી મુક્ત થવાની વૃત્તિથી યોગીજનો યોગમાર્ગથી મેળવેલી સમાધિ દ્વારા જે ભગવાનનું ધ્યાન કરે છે તે જ ભગવાનના ચરણપ્રહારપ્રસાદને પામતો આ ઉત્તમ દૈત્ય તે જ ભગવાનના મુખકમળની ઝાંખી કરતો દેહને ત્યજી ગયો. ૨૮

તત્ત્વસુધા—यं योगिनो योगसमाधिना-હિરણ્યાક્ષના મૃત્યુની મહત્તા ગાતાં ગાયું કે એકાન્તમાં ધ્યાન કરી યોગીઓ સૂક્ષ્મ વાસનાદેહમાંથી મુક્ત થવા પ્રયત્ન કરે છે. તેમાં તો કેવળ માનવ મૂર્તિની જ ઝાંખી હોય છે. જ્યારે હિરણ્યાક્ષને તો પ્રત્યક્ષ ચરણનો પ્રહારરૂપ પ્રસાદ મળ્યો અને પ્રત્યક્ષ મુખારવિંદનાં દર્શન થયાં. ચરણસ્પર્શ કરનારને બહુ તો પ્રાદપીડની જ ઝાંખી થાય. વધુ તો ચરણાગ્ર ભાગનો સ્પર્શ થાય. જ્યારે અહીં તો પૂર્ણ પ્રમાણમાં ચરણકમલનો પ્રહારરૂપી પ્રસાદ મળ્યો. ૨૮

આ શ્લોકમાં આગળના જન્મની ગાથા કહે છે—

एतौ तौ पार्षदावस्य शापाद् यातावसद्गतिम् ॥
पुनः कतिपयैः स्थानं प्रपत्स्येते ह जन्मभिः ॥२९॥

અન્વયાર્થ—**एतौ तौ**-તે આ બે, **अस्य**-આ ભગવાનના, **पार्षदौ**-પાર્ષદો, **शापात्**-સનત્કુમારોના શાપથી, **असद्-गतिम्**-અસદ્ગતિને, **यातौ**-પામેલા હતા તે, **पुनः**-ફરી, **कतिपयैः**-કેટલાક, **जन्मभिः**-જન્મો દ્વારા, **स्थानम्**-વૈકુંઠલોકના દ્વારપાલના સ્થાનને, **ह**-અવશ્ય, **प्रपत्स्येते**-પામશે. ૨૯

અનુવાદ—તે આ બે ભગવાનના પાર્ષદો સનત્કુમારોના શાપથી અસદ્ગતિને પામ્યા હતા તે પાછા કેટલાક જન્મોને અને ભગવાનના દ્વારપાલના સ્થાનને જરૂર પામશે. ૨૯

તત્ત્વસુધા—एतौ तौ-આ બે પાર્ષદો શાપથી દૈત્યની યોનિમાં આવ્યા છે. એમના ત્રણ જન્મ થવાના. પુનઃ ભગવત્સેવાના અધિકારી થવાના. પ્રભુકૃપાએ તેમનો એક જન્મ ઓછો થયો. હજી બે જન્મ બાકી રહ્યા. મનમાં શંકા થશે કે આ શ્લોકમાં कतिपयैः जन्मभिः-કેટલાક જન્મોથી એવું બહુવચન કેમ વાપર્યું ? એનું સમાધાન છે. કર્મની ગતિ ન્યારી છે. એટલે ક્યારે મુક્તિ થાય તે કહી ન શકાય એવી માત્ર કલ્પનાથી બહુવચન વાપર્યું છે. શુકદેવજીની સર્વજ્ઞ દૃષ્ટિએ તો આ જન્મ સાથે ત્રણ જન્મ સમજવાના છે તેથી બહુવચન યથાયોગ્ય છે.

કેટલાક મહાત્માઓનું માનવું છે કે શાપમુક્તિ પછી, બીજા પણ જન્મો લેશે અને પુનઃ જ્ઞાન મેળવી વૈકુંઠને પ્રાપ્ત કરશે માટે પણ જન્મોવડે એવું બહુવચન સંભવે છે. ૨૯

આ શ્લોકમાં દેવો શ્રી વરાહ ભગવાનની સ્તુતિ કરે છે—

देवा ऊचुः – नमो नमस्तेऽखिलयज्ञतन्तवे स्थितौ गृहीतामलसत्त्वमूर्तये ॥
दिष्ट्या हतोऽहं जगतामरुन्तुदस्त्वत्पादभक्त्या वयमीश निर्वृताः ॥३०॥

અન્વયાર્થ—**देवा ऊचुः**-દેવો બોલ્યા, **अखिल-यज्ञ-तन्तवे**-સમસ્ત યજ્ઞોના આધારસ્વરૂપ, તેમજ **स्थितौ**-રક્ષણ કરવા માટે, **गृहीत-अमल-सत्त्व-मूर्तये**-શુદ્ધ સત્ત્વગુણવાળી નિર્મળ મૂર્તિને ધારણ કરનારા, આપને **नमः नमः**-પુનઃ પુનઃ પ્રણામ હો, **अयम्**-આ, **जगताम्**-ત્રણે લોકોના, **अरुन्तुदः**-મર્મસ્થાનોને પીડનાર, **हतः**-મરાયો, **दिष्ट्या**-ઘણા જ આનંદની વાત છે, **ईश**-હે ઈશ્વર, **त्वत्-पाद-भक्त्या**-આપના ચરણકમળની ભક્તિથી, **वयम्**-અમે, **निर्वृताः**-પરમ આનંદ પામ્યા છીએ. (ઈંદ્રવંશાવૃત્ત) ૩૦

અનુવાદ—દેવો કહેવા લાગ્યા કે સર્વ યજ્ઞોના આધારસ્વરૂપ, વળી પાલન કરવા માટે શુદ્ધસત્વ ગુણવાળી વિમલ મૂર્તિને ધારણ કરનારા આપને પુનઃ પુનઃ પ્રણામ હો. આ ત્રણે લોકોના મર્મસ્થાનોને પીડનાર દૈત્ય મરાયો એ ઘણા જ આનંદની વાત છે. ઈશ ! આપના ચરણકમળની ભક્તિથી અમે આનંદ પામ્યા છીએ. ૩૦

તત્ત્વસુધા—**नमो नमस्तेऽखिलयज्ञतन्तवे**—વરાહ ભગવાનને નમસ્કાર કરે છે. ઉપકારભાર બ્રહ્માંડના ભાર કરતાં પણ વધુ વજનદાર છે. બ્રહ્માંડ ઉપર ભગવાન વરાહે દૈત્યનો વધ કરી ઉપકાર ચડાવ્યો. દેવો ઉપર તો વધુ ઉપકાર ચઢયો તેથી વિનત મસ્તક અને વિનમ્ર હૃદય બનતાં સર્વ નમી પડયા અને બે વખત **नमो नमः** વાક્ય મુખમાંથી નીકળી પડયું. એ અત્યંત આદરનું પરિણામ છે. જ્યારે વરાહ ભગવાન પ્રકટે છે ત્યારે “સમસ્ત યજ્ઞો” પ્રકટ થાય છે. આ વસ્તુ **अखिल–यज्ञतन्तवे**–સમસ્ત યજ્ઞસંસ્થાઓસ્વરૂપ આપ છો, એ વાક્યથી કહી છે. ધર્મનું, ભક્તિનું, યજ્ઞોનું રક્ષણ હિરણ્યાક્ષના વધથી થયું છે તે અત્યંત આદરણીય છે.

શ્રી નૃસિંહ અવતારમાં પણ એવી જ પ્રાર્થના કરી ઋષિઓએ કહ્યું કે હિરણ્યકશિપુએ અમારાં તપ રોકયાં છે, પિતૃઓએ કહ્યું કે અમારાં શ્રાદ્ધ અટકાવ્યાં છે. આ ઉપરથી બન્ને લોભનાં જ સ્વરૂપો છે અને લોભ-બાધક છે. ભગવાને લોભનું નિવારણ કરી વિશ્વનું કલ્યાણ કર્યું. ૩૦

શ્રી વરાહ ભગવાન આવશ્યક કાર્ય સમાપ્ત કરી વિજયપ્રયાણ કરે છે તે પ્રસંગનું વર્ણન કરે છે—

मैत्रेय उवाच – एवं हिरण्याक्षमसह्यविक्रमं स सादयित्वा हरिरादिसूकरः ॥
जगाम लोकं स्वमखण्डितोत्सवं समीडितः पुष्करविष्टरादिभिः ॥३१॥

અન્વયાર્થ-**मैत्रेय उवाच**-મૈત્રેય મુનિ બોલ્યા, **एवम्**-આ રીતે, **असह्य-विक्रमम्**-ન સહન થઈ શકે તેવા પરાક્રમવાળા, **हिरण्याक्षम्**-હિરણ્યાક્ષ દૈત્યનો, **सादयित्वा**-નાશ કરીને, **पुष्कर-विष्टर-आदिभिः**-કમલાસન વગેરે દેવોથી, **सम्-ईडितः**-સારી રીતે સ્તુતિ કરાયેલા, **आदि-सूकरः**-આદિવરાહ, **सः हरिः**-તે શ્રીહરિ, **अखण्डित-उत्सवम्** અખંડ ઉત્સવવાળા, **स्वं लोकम्**-પોતાના લોકમાં, **जगाम**-પધાર્યા (ઇંદ્રવંશા વૃત્ત) ૩૧

અનુવાદ—મૈત્રેય મુનિએ કહ્યું કે આ રીતે ન સહન થઇ શકે તેવા પરાક્રમી હિરણ્યાક્ષ દૈત્યનો નાશ કરી કમલાસન વગેરે દેવોથી સ્તુતિ કરાતા આદિ વરાહ તે શ્રીહરિ અખંડ ઉત્સવવાળા પોતાના લોકમાં પધાર્યા. ૩૧

તત્ત્વસુધા—**एवं हिरण्याक्षमसह्यविक्रमम्**–હિરણ્યાક્ષનો ભગવાને વધ કર્યો તે એટલા માટે આવશ્યક હતો કે તેનું પરાક્રમ વિશ્વથી વેઠી શકાય તેવું ન હતું. વિશ્વ આર્ત હતું. ભગવાન **हरिः**–દયાર્દ્ર હતા એટલે દૈત્યવધ વિના બીજો ઉપાય ન હતો. દયાર્દ્ર હોવાથી દુનિયાનું અને દૈત્યનું પણ કલ્યાણ કર્યું છે, જે કાર્ય કરવા પધાર્યા તે સમાપ્ત કરી વિના વિલંબે નિજ લોકમાં ભગવાને પ્રસ્થાન કર્યું તે પ્રસંગ હવે કહે છે. **अखण्डितोत्सवम्**–વૈકુંઠ લોકમાં ઉત્સવો કદી પણ બંધ રહેતા નથી. ત્યાં શોકનાં કોઈ જ કારણો હોતાં જ નથી. નિત્ય હર્ષનો જ વિસ્તાર હોય છે તેથી “અવતાર હેતુ” પૂર્ણ થતાં વિદાય લીધી.

પ્રભુના પ્રયાણ સમયે પુષ્કરવિષ્ટર–કમલાસન વગેરે દેવો સ્તવન વિના કાંઈ વધુ ન કરી શકયા. “કમલાસન” પદથી સૂચવ્યું કે બ્રહ્માજીએ પુષ્કરપત્ર ઉપર પૃથ્વીને સ્થિર કરેલી તે નષ્ટ થઈ ગયેલી, ભગવાને પુનઃ સ્થિર કરી આપી બ્રહ્માજીને આગળના કાર્યની અનુકૂળતા કરી આપી. ૩૧

આ શ્લોકમાં મહર્ષિ મૈત્રેય કથાપ્રસંગનો ઉપસંહાર કરતાં સ્વીકારે છે કે મેં જેટલું જાણ્યુ છે તે કહ્યું—

मया यथानूक्तमवादि ते हरेः कृतावतारस्य सुमित्रचेष्टितम् ॥
यथा हिरण्याक्ष उदारविक्रमो महामृधे क्रीडनवन्निराकृतः ॥३२॥

અન્વયાર્થ—सुमित्र-હે મિત્ર ! **उदारविक्रमः**-ઉત્તમ પરાક્રમી, **हिरण्याक्षः**-હિરણ્યાક્ષ દૈત્ય, **महा-मृधे**-મહાન રણસંગ્રામમાં, **क्रीडनवत्**-રમકડાની માફક, **निराकृतः**-માર્યો તે, **कृत अवतारस्य**-અવતાર ધારણ કરેલા, **हरेः**-શ્રીહરિના, **चेष्टितम्**-ચરિત્રને, **मया**-મેં, **यथा अनु-उक्तम्**-જેટલું સાંભળ્યું-ભણ્યો તેટલું, **ते**-તને, **अवादि**-કહ્યું (વંશસ્થ વૃત્ત) ૩૨

અનુવાદ—હે મિત્ર ! ઉત્તમ પરાક્રમી હિરણ્યાક્ષ દૈત્યને મહાન રણસંગ્રામમાં રમકડાની પેઠે જે માર્યો તે, અવતાર ધારણ કરનારા શ્રીહરિના ચરિત્રને હું જે રીતે અને જેટલું ભણ્યો હતો તે મેં તને કહ્યું છે. ૩૨

તત્ત્વસુધા—सुमित्र વિદુરજી માટે આ સંબોધન છે. "સુમિત્ર" એટલે જેનાથી કાંઈપણ ગુપ્ત ન રખાય તેવો સ્નેહપાત્ર સુપાત્ર મિત્ર તે સુમિત્ર. વિદુરજી એવા જ હતા તેથી સુમિત્ર સંબોધન કર્યું.

"मया यथानूक्तमवादि"–સજ્જનનો સદ્ગુણ છે કે જેવું અને જેટલું જાણે તેટલું જ કહે. વળી તેને મિથ્યાપાંડિત્ય કીર્તિ લેવી ન ગમે. મૈત્રેય એવા જ સુજન છે. તેમણે એકરાર કર્યો કે "હું જેટલું ભણ્યો, જેવું ભણ્યો, મારા ગુરુએ મને જેવું કહ્યું, ગુરુપરંપરાથી જેવું મળ્યું" તેટલું જ અને તે બધુંજ મેં તમને કહ્યું છે. આથી વક્તાની જવાબદારીનું અનુસંધાન કરાવ્યું કે શ્રોતૃજનના મનરંજન માટે, કે પોતાના બહુશ્રુતપણાના પ્રદર્શન માટે યદ્વા તદ્વા વાત રજૂ ન કરાય. જ્ઞાન પરંપરાગત પ્રાપ્ત થાય છે. ઋષિઓએ તેને જીવાડી છે. ૩૨

હવે ક્રમવાર અધ્યાય સમાપ્તિ પર્યન્ત શ્રી વરાહ ચરિત્રના શ્રવણની ફલશ્રુતિ વર્ણવે છે—

सूत उवाच – इति कौषारवाख्यातामाश्रुत्य भगवत्कथाम् ॥
क्षत्ताऽऽनन्दं परं लेभे महाभागवतो द्विजाः ॥३३॥

અન્વયાર્થ—सूत उवाच-શ્રી સૂત મુનિ બોલ્યા, **द्विजाः**-હે મહર્ષિઓ, **इति**-એ પ્રમાણે, **कौषारव-आख्याताम्**-મૈત્રેય મહર્ષિએ કહેલી, **भगवत् कथाम्** ભગવાનની કથાને, **आश्रुत्य**-સાંભળીને, **महा-भागवतः**-પરમ ભગવદીય, **क्षत्ता**-વિદુરજી, **परं आनन्दं**-પરમ આનંદને, **लेभे**-પામ્યા. ૩૩

અનુવાદ—શ્રી સૂત મુનિએ કહ્યું કે હે મહર્ષિઓ ! એ પ્રમાણે મૈત્રેય મહર્ષિએ વર્ણવેલી ભગવાનની કથાને સાંભળીને શ્રી વિદુરજી પરમ આનંદને પામ્યા. ૩૩

તત્ત્વસુધા—इति कोषारवाख्याताम्–આ શ્લોક અને પછીના શ્લોકમાં શ્રોતા–વિદુરજીને વરાહચરિતપીયૂષ-પાનનો આનંદ થયો છે, તે સ્વાભાવિક છે. વક્તા કરતાં શ્રોતાને પ્રથમ આનંદ થાય ત્યારે તેમાં પ્રતિફલન તરીકે વક્તાને અપૂર્વ આનંદ થાય. પક્વાન્ન ભોજનથી પુત્રાદિની તુષ્ટિને જોઈ માતાને અમાપ આનંદ થાય છે. વક્તા માતા જેવો જ હરિરસ પરબ ઉપરનો પાનાર છે. તરસ્યાંની તૃષા છીપાતાં તેની તૃષા છીપાય છે.

શ્રી કૌષારવ આ કથામૃતનું પાન કરાવે છે. કુષારુ મૈત્રેય મુનિના પિતાજીનું નામ છે. વિશ્વાસ પિતાનું સ્વરૂપ છે, શ્રદ્ધા માતાનું સ્વરૂપ છે. પિતાના નામથી મૈત્રેય મુનિએ પરિચય આપીને સમજાવ્યું કે મુનિવર્ય વિશ્વાસનું પાવન પાત્ર છે. જેટલું જાણે છે તે સર્વ કહી દે છે તેવા તે ઉદાર પુરુષ છે.

क्षत्ता महाभागवतः–વિદુરજીને "ક્ષત્તા" એટલે જિતેન્દ્રિય અને "મહાભાગવત" એટલે પરમ શ્રદ્ધાળુ એવા બે ગુણો દર્શાવ્યા, હજારો કથાનાં પાન કરશે કે કરાવશે પરંતુ "સંયમી અને શ્રદ્ધાસમ્પન્ન જ" પરમાનંદ પામશે.

દ્વિજાઃ–સંબોધન શૌનકાદિ મુનિવરો માટે છે. તેનું રહસ્ય કે હે ઋષિવૃન્દ આપનામાં ઉભય ધર્મો છે જ. ૩૩

ભગવચ્ચરિત્રની અપૂર્વ વિશિષ્ટતા આ શ્લોકમાં ગાવામાં આવી છે—

अन्येषां पुण्यश्लोकानामुद्दामयशसां सताम् ॥
उपश्रुत्य भवेन्मोदः श्रीवत्साङ्कस्य किं पुनः ॥३४॥

અન્વયાર્થ—**पुण्यश्लोकानाम्**-પવિત્ર કીર્તિવાળા, **उद्दामयशसाम्**-સર્વત્ર વ્યાપક યશવાળા, **अन्येषां सताम्**-બીજા મહાન પુરુષોનાં ચરિત્રો, **उपश्रुत्य**-સાંભળીને, **मोदः**-આનંદ, **भवेत्**-થાય છે તો, **पुनः**-તો પછી, **श्रीवत्स-अङ्कस्य**-શ્રીવત્સલાંછન શ્રીહરિના ચરિત્ર માટે, **किम्**-શું કહેવું ? ૩૪

અનુવાદ—પવિત્ર કીર્તિવાળા અને ફેલાયેલા યશવાળા બીજા મહાન પુરુષોનાં ચરિત્રો સાંભળી આનંદ થાય છે તો પછી શ્રીવત્સલાંછન શ્રીહરિના ચરિત્ર માટે શું કહેવું ? ૩૪

તત્ત્વસુધા—"अन्येषां पुण्यश्लोकानां–उद्दाम–यशसां–सतां"–આ ત્રણ પદો ધ્યાન ખેંચે છે. શ્રોતાને સચેત કરે છે કે ચરિત્ર કોનાં શ્રવણપથગત કરવાં ? ત્રણ ધર્મો ધરાવે તેનાં જ ચરિત્ર સાંભળવાં–૧ પવિત્રકીર્તિ, ૨ અપાર યશ અને ૩ સજ્જનતા. આ ત્રણ ધર્મવાળાનાં ચરિત્ર ચિત્ત–વિત્ત–વપુ–વિચારવૃત્તિને પાવન કરી પોષણ કરે છે. અનંત સત્કર્મથી કીર્તિ મળે છે. પરાક્રમથી યશ બને છે. દયાલુતા, ભલમનસાઈ વગેરે ગુણોથી સજ્જનતા બને છે. આ ત્રણે અથવા એકાદ પણ ધર્મ ધરાવનારનું ચરિત્ર સાંભળતાં હૃદય ધરાતું નથી, ફરી ફરી સાંભળવા તલસે છે. તો પછી તે ત્રણે ધર્મવાળાઓના સર્જન કરનાર ધર્મી શ્રી વત્સાંક ભગવાન અનંત ગુણોથી પૂર્ણ છે. એમના ચરિત્રના શ્રવણનો આનંદ તો વાણીથી પર જ છે.

સુખ અને
આનંદ

સુખ અને આનંદમાં ઘણું અંતર છે. ભોગવતાં ક્ષીણ થાય. ભોગવનારને જોતાં બીજાને અસૂયા થાય તે સુખ છે. જે ઉત્તરોત્તર વધે, ન ઘટે અને પ્રત્યેકને પ્રહર્ષ થાય તે આનંદ છે. કથાશ્રવણથી આનંદ થાય છે. સુખ પ્રાપ્ત થાય તેમાં શી નવાઈ ! ૩૪

હવે એ શ્લોકોથી પ્રસંગપ્રાપ્ત ગજેન્દ્રમુક્તિદાતા "શ્રીહરિ"નો યશ ગાય છે—

यो गजेन्द्रं झषग्रस्तं ध्यायन्तं चरणाम्बुजम् ॥
क्रोशन्तीनां करेणूनां कृच्छ्रतोऽमोचयद्द्रुतम् ॥३५॥

અન્વયાર્થ—**यः**-જે ભગવાને, **झष-ग्रस्तम्**-મગરે ગળેલા, **चरण-अम्बुजम्**-ચરણકમળનું, **ध्यायन्तम्**-ધ્યાન ધરતા, **गजेन्द्रम्**-ગજેન્દ્રને, **करेणुनाम्**-હાથિણીઓ, **क्रोशन्तीनाम्**-આક્રન્દ કરી રહી હતી ત્યારે, **कृच्छ्रात्**-સંકટમાંથી, **द्रुतम्**-જલદીથી, **अमोचयत्**-મુક્ત કર્યો. ૩૫

અનુવાદ—જે ભગવાને મગરે ગળેલા એવા ભગવાનના ચરણકમળનું ધ્યાન કરતા ગજેન્દ્રને હાથિણીઓ આક્રન્દ કરતી હતી ત્યારે સંકટમાંથી શીઘ્ર મુકત કર્યો. ૩૫

તત્ત્વસુધા—यो गजेन्द्रं झषग्रस्तं–મગરે ગળેલા ગજેન્દ્રનો ભગવાને મોક્ષ કર્યો. આ પ્રસંગ અહીં શા માટે આવ્યો એવી શંકા ન કરવી; કારણ કે ભગવચ્ચરિત્રોના મહિમાને વર્ણવી રહ્યા હતા. તેમાં શ્રીવરાહ ભગવાનના ચરણનો લાભ હિરણ્યાક્ષને મળેલો એમ આગળ કહી ગયા. ચરણકમલની સેવા, ધ્યાન પ્રાપ્તિ એ ભક્તિમાર્ગનું સુખ છે. ગજેન્દ્રે પણ શ્રીહરિના चरणाम्बुजम् ચરણકમળનું જ ધ્યાન કરેલું તેથી તે મુક્ત થયો છે. આ વિષય આ પ્રસંગને અનુકૂળ છે માટે અહીં ગાવામાં આવ્યો છે.

क्रोशन्तीनां करेणूनाम्–હાથીના ધ્યાન કરતા હાથિણીઓનું કરુણ વિલપન વધુ દયાનું કારણ બન્યું છે. ધ્યાન કરતાં રુદનમાં દૈન્ય અધિક હોય છે. द्रुतम्–ધ્યાનથી જરૂર ભગવાન ગજેન્દ્રને મુક્ત કરત જ પરંતુ રુદનથી “ત્વરિત” મુક્તિ આપી. ૩૫

પૂર્વ શ્લોકમાં ભગવાનનો મહિમા ગાયો અને આ શ્લોકમાં તે શ્રીહરિને ભજનારને ભાગ્યશાળી બતાવ્યો—

तं सुखाराध्यमृजुभिरन्यशरणैर्नृभिः ॥
कृतज्ञः को न सेवेत दुराराध्यमसाधुभिः ॥३६॥

અન્વયાર્થ—ऋजुभिः-સરલ હૃદયવાળા, **अनन्य-शरणैः**–અન્યન્ય શરણાગત એવા, **नृभिः**–મનુષ્યોથી, **सुखाराध्यम्**–સુખેથી મેળવી શકાય તેવા, પરંતુ **असाधुभिः**–અસજ્જનોથી, **दुर्-आराध्यम्**–કષ્ટેથી પણ ન પ્રસન્ન કરી શકાય તેવા, **तम्**–તે ભગવાનને, **कृतज्ञः**–કૃતજ્ઞ એવો, **कः**-કયો પુરુષ, **न**–ન, **सेवेत**–સેવે ? ૩૬

અનુવાદ—સરલ હૃદયવાળા અનન્ય શરણાગત એવા મનુષ્યોથી સુખેથી મેળવી શકાતા, પરંતુ અસજ્જનોથી મહાન કષ્ટેથી પણ ન પમાતા તે ભગવાનને કયો કૃતજ્ઞ પુરુષ ન સેવે ? ૩૬

તત્ત્વસુધા—ऋजुभिः अनन्यशरणैः-આ શ્લોકમાં કંઈક મહત્ત્વનો સંકેત કરે છે. ભગવાનનો ઉપાસક કેવો જોઈએ એવા પ્રશ્નના ઉત્તરમાં ‘ઋજુ અને અનન્યશરણ” એ બે પદો ધ્યાન દોરે છે. ऋजु એટલે “મન, વાણી અને કાયા”થી કપટ વગરનો, એટલે અત્યંત સરલ અને સહૃદય એવો અર્થ થાય. “નિષ્કપટપણું અથવા સરલપણું”. પણ કાર્યસાધન પૂરતાં હોય છે, તે ભગવાનને રાજી કરનારાં નથી થતાં પરંતુ કાયમનાં અને સ્વાભાવિક જ હોવાં જોઈએ. अनन्यशरणः–એટલે પ્રભુનો દૃઢ આશ્રયવાળો. કોઈપણ સુખલબ્ધિ માટે કે દુઃખ-નિવૃત્તિ માટે ન પ્રભુને ભજનારો, ન અન્યનો આશ્રય લેનારો તે અનન્યશરણ મનાય. આ બે ગુણોથી આરાધના કરનાર માટે ભગવાન અતિ સુલભ છે.

પરંતુ असाधुभिः–એટલે સ્ત્રીલંપટ અને ઉદરંભરી આ બે માટે ભગવાન દુરારાધ્ય છે. પ્રભુભક્તે આ શ્લોકને પુષ્કળ ધ્યાનમાં રાખી અમલ કરવ જેવો છે. ૩૬

શ્રી વરાહ ભગવાનની કથાની ફલશ્રુતિનું ગાન બે શ્લોકથી કરે છે—

यो वै हिरण्याक्षवधं महाद्भुतं विक्रीडितं कारणसूकरात्मनः ॥
शृणोति गायत्यनुमोदतेऽञ्जसा विमुच्यते ब्रह्मवधादपि द्विजाः ॥३७॥

અન્વયાર્થ— द्विजाः–હે દ્વિજો! **कारण-सूकर-आत्मनः**–સકારણ વરાહ દેહને ધારણ કરનારા ભગવાનના, **महाद्भुतम्**–અત્યંત અદ્ભુત એવા, **हिरण्याक्ष-वधम्**–હિરણ્યાક્ષના વધરૂપ, **विक्रीडितम्**–દિવ્ય પરાક્રમને, **यः वै**–જે કોઈ, **शृणोति**–સાંભળે, **गायति**–ગાન કરે, **अनुमोदते**-અનુમોદ કરે, તે પુરુષ, **ब्रह्म-वधात् अपि**–બ્રહ્મવધમાંથી પણ, **अञ्जसा**–સહેલાઈથી, **विमुच्यते**–મુક્ત થાય છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૭

અનુવાદ—હે દ્વિજો ! સકારણ વરાહ દેહને ધારણ કરનારા ભગવાનના હિરણ્યાક્ષવધ નામના મહાન અદ્ભુત લીલાપ્રસંગને, જે કોઈપણ જન સાંભળે, ગાન કરે કે અનુમોદન કરે તે પુરુષ બ્રહ્મવધમાંથી પણ મુક્ત થઈ જાય છે. ૩૭

તત્ત્વસુધા—यो हिरण्याक्षवधं महाद्भुतम्–વ્યાસજી કોઈપણ વિશેષ્યવાચક પદને વિશેષણ આપે છે ત્યારે તે સાભિપ્રાય–ખાસ કારણસર જ આપે છે. હિરણ્યાક્ષના વધને “મહાન્ અદ્ભુત” કહ્યો. હિરણ્યાક્ષ તો બ્રાહ્મણ છે. બ્રહ્મવધની વાત સાંભળવાથી પણ બ્રહ્મવધનું પ્રાયશ્ચિત્ત લાગે છે ત્યારે આ વધને મહાન અદ્ભુત કહે છે

એ જ અતિ અદ્દ્ભુત વસ્તુ છે. એનું અદ્દ્ભુતપણું એ પ્રકારે છે. ફલશ્રુતિમાં લખ્યું છે કે ब्रह्मवधात् अपि विमुच्यते-સાંભળનાર વગેરે બ્રહ્મવધમાંથી પણ મુક્ત થાય છે. આ જ આશ્ચર્ય કે બ્રહ્મવધની કથાના શ્રવણથી બ્રહ્મવધના પ્રાયશ્ચિત્તની નિવૃત્તિ દર્શાવી.

તાત્પર્ય એનું એવું છે કે આ કથા બ્રહ્મવધકથા નથી, પરંતુ ભગવદ્દયશોગાથા છે. ભગવાને લીલારસના આનંદ માટે જ ભૂતલ ઉપર વીરવિજેતા પાર્ષદોને જ દૈત્યોના સ્વરૂપે મોકલ્યા છે. તેથી આ લીલાચરિત્રના નાયક તરીકેની કથાનું નિરૂપણ છે, તે સાંભળવામાં કોઈ જ દોષ નથી.

शृणोति સાંભળે, गायति-સ્વયં કીર્તન કરે, અને **अनुमोदते**-અનુમોદન કરે તે ત્રણે સમાન પુણ્યના ભાગીદાર થશે. કોઈ કથા સાંભળતું હોય તેને સાંભળવાનું અનુમોદન આપવાથી પણ પુણ્ય થાય છે માટે તેમ કરતાં ચૂકવું નહીં. અનુમોદન ન થાય તો કોઈને રોકવા તો નહીં જ. ૩૭

આ શ્લોકમાં વિશિષ્ટ ધ્યાનપૂર્વક ફળ વર્ણવે છે—

एतन्महापुण्यतमं पवित्रं धन्यं यशस्यं पदमायुराशिषाम् ॥
प्राणेन्द्रियाणां युधि [1]धैर्यवर्धनं नारायणोऽन्ते गतिरङ्ग शृण्वताम् ॥३८॥

અન્વયાર્થ—**अङ्ग**-હે વત્સ ! **एतत्**-આ, **महत्-पुण्यतमम्**-મહાન પુણ્યવાળું, **पवित्रम्**-પવિત્ર, **धन्यम्**-ધન આપનારું **यशस्यम्**-યશ આપનારું, **आयुः-आशिषाम्**-આયુષ્ય અને આશીર્વાદના ધામસ્વરૂપ, **युधि**-યુદ્ધમાં, **प्राण-इन्द्रियाणाम्**-પ્રાણો તેમ જ ઇન્દ્રિયોના, **धैर्य-वर्धनम्**-ધૈર્યને વધારનારું છે, તેમ જ **शृण्वताम्**-શ્રવણ કરનારાઓને, **अन्ते**-અંતમાં, **नारायणः**-નારાયણ, **गतिः**-ગતિરૂપ પ્રાપ્ત થાય છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૮

અનુવાદ— હે વત્સ, આ ચરિત્ર મહાન પુણ્યવાળું, પવિત્ર ધનને આપનારું, યશનું દાન કરનારું, આયુષ્ય તેમ જ આશીર્વાદના ધામસ્વરૂપ છે. વળી યુદ્ધમાં પ્રાણ અને ઇન્દ્રિયોના ધૈર્યને વધારનારું છે. તદુપરાંત શ્રવણ કરનારાઓને અંતમાં નારાયણરૂપ ગતિ પ્રાપ્ત થાય છે. ૩૮

તત્ત્વસુધા— एतन्महापुण्यतमं- ભગવચ્ચરિત્રોના શ્રવણનાં પાંચ ફળો આ શ્લોકમાં ગાવામાં આવ્યાં છે. માનવ માત્ર માટે તે પાંચ પ્રકારના પુરુષાર્થો કહ્યા છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને ભગવત્સેવા, આ પાંચ પ્રાપ્તવ્ય વસ્તુઓ છે. ક્રમશઃ તે સમજાવે છે.

ધર્મ:-महापुण्यं-पवित्रं-ધર્મ પુરુષાર્થનાં બે ફલવાળો બતાવ્યો છે. એક સ્વર્ગાદિ સુખ અપાવે અને અન્ય દેહાદિને પાવન કરે. ભગવચ્ચરિત્ર આ બન્ને વસ્તુને આપે છે તે માટે મહાપુણ્ય અને પવિત્ર એવાં બે વિશેષણ આપ્યાં. તીર્થાટનાદિથી જેમ સુકૃત-પુણ્ય બને છે, યાગાદિ ધર્મથી જેમ મહત્સુકૃત-મહત્પુણ્ય બને છે અને તેના ફલમાં સ્વર્ગાદિ લોકપ્રાપ્તિ થાય છે, તે પ્રમાણે ભગવત્કથાશ્રવણથી પાપનિવૃત્તિપૂર્વક "અપૂર્વ-સુકૃત"-ની પ્રાપ્તિ થાય છે. વળી સ્નાનાદિ દેહાદિને પાવન કરે છે તે પ્રમાણે ઉત્તમશ્લોકનાં યશઃ રોમાંચ અશ્રુ આદિ દ્વારા ઉભય દેહને પવિત્ર કરે છે.

અર્થ:- धन्यं यशस्यं-ધન અને યશ આ બે અર્થ પુરુષાર્થનાં ફળો મનાય છે. કારણ કે અર્થ "ધનરૂપ અને યશરૂપ" માન્યો છે. ચરિત્રશ્રવણ બન્ને વસ્તુને આપશે. લક્ષ્મી ભગવાનની પત્ની છે. લક્ષ્મીજી પતિનાં યશ ગાનારને પુત્રો ગણી પ્રસન્ન થઈ ઐશ્વર્ય આપે છે

કામઃ—पदमायुराशिषाम प्राणेन्द्रियाणां युधिधैर्यवर्धनम्-કામ અને પુરુષાર્થમાં (૧) આરોગ્ય-દીર્ઘાયુષ્ય, (૨) ઐશ્વર્યપ્રાપ્તિ અને (૩) શત્રુવિજય આ ત્રણ કામનાઓ મુખ્ય હોય છે. ભગવચ્ચરિત્રશ્રવણ દીર્ઘ અને તંદુરસ્ત

---

[1] शौर्य इति प्रा. पाठः

આયુષ્ય આપે છે. કથા સ્વયં ષડ્ ઐશ્વર્યસમ્પન્ના છે માટે ષડ્ ઐશ્વર્ય આપે છે તેમ જ યુદ્ધમાં ધૈર્ય આપે છે. ભૌતિક દુશ્મનો અને કામાદિ આંતર દુશ્મનો બન્ને ઉપર વિજય અપાવે છે.

મોક્ષ :–नारायणोऽन्तेगतिः– મોક્ષમાં નારાયણ પદની પ્રાપ્તિ છે. કથાશ્રવણથી તે પણ મળે છે. નારાયણની પ્રાપ્તિ ત્રણ પ્રકારની છે. ૧ બ્રહ્માંડવિગ્રહ એવા નારાયણ સાથે સાયુજ્ય, ૨ અક્ષરબ્રહ્મ સાથે ભળી જવું. ૩ પુરુષોત્તમમાં ભળી જવું તે આમ નારાયણની પ્રાપ્તિ ત્રણ પ્રકારની છે.

नराणां समूहो नारः आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः । नराज्जातानि तत्त्वानि नाराणीति विदुर्बुधाः । આનો વિવેક નીચે પ્રમાણે છે.

૧ બ્રહ્માંડવિગ્રહ–નારાયણ એ બ્રહ્માજીના પિતા નારાયણ आपो नारा इति प्रोक्ताः એ અર્થ પ્રમાણે.

૨ અક્ષરબ્રહ્મ–નારાયણ એ नराणां समूहो नारः એ અર્થ પ્રમાણે.

૩ પુરુષોત્તમ–નારાયણ એ नराज्जातानि એ અર્થ પ્રમાણે. આ ત્રણે પ્રકારની નારાયણપ્રાપ્તિ કથાશ્રવણથી થાય છે. ૩૮

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં ૧૯ મો અધ્યાય સમ્પૂર્ણ

અધ્યાય ૨૦મો

શ્લોક સંખ્યા ૫૩

આ વીસમા અધ્યાયમાં ૫૩ શ્લોકો છે. ત્રીજા સ્કંધના ૩૩ અધ્યાયના બે વિભાગો છે. પ્રથમ વિભાગમાં ૧૯ અધ્યાયો છે. બીજા વિભાગ ૧૪ અધ્યાયો છે. ભગવાને પોતાને માટે અને બીજાને માટે એમ બે પ્રકારની સૃષ્ટિ રચી. ૧ થી ૧૯ અધ્યાયનો સર્ગ અન્ય માટે હતો, ૨૦ થી ૩૩ અધ્યાયનો સર્ગ ભગવાને પોતાને માટે રચ્યો છે.

વીસમા અધ્યાયથી શરૂ થતા ચૌદ અધ્યાયના પ્રકરણમાં પણ ૫ અને ૯ એવા ભાગ છે તેમા ૨૦ થી ૨૪ સુધીના પાંચ અધ્યાયોમાં ભગવાનના અવતારમાં ઉપયોગી થઈ શકે માટે પંચમહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો અને બુદ્ધિના ગુણોના સંસ્કારના જન્મ વર્ણવે છે.

ત્યારબાદ ૨૫ થી ૨૮માં આધિદૈવિક, ૨૯ થી ૩૨માં આધ્યાત્મિક અને ૩૩મા અધ્યાયમાં ભક્તિમાર્ગમાં ઉપયોગી થઈ શકે તેવા, વળી સેવામાં ઉપયોગી નીવડે તેવા ત્રણ પ્રકારના ગુણો વર્ણવ્યા છે; જે મહાભૂત, તન્માત્રા વગેરેના સંસ્કારરૂપ ગુણો છે.

ઓગણીસમા અધ્યાયની કથા સમાપ્ત કર્યા બાદ શ્રીશુકદેવજીએ વિરામ નથી લીધો; પરંતુ કથાપ્રસંગ ચાલુ જ રાખ્યો છે. માટે તો આ પ્રકરણના પ્રારંભે ન તો પરીક્ષિત રાજાનો પ્રશ્ન છે અથવા "श्रीशुक उवाच" આ પ્રકારનો ઉલ્લેખ છે.

પરંતુ "शौनक उवाच"થી જ કથાનો પ્રારંભ છે. ૭ શ્લોકોમાં શૌનકમુનિ બે પ્રશ્નો પૂછે છે. પ્રથમ એક શ્લોકથી વિસર્ગ સંબંધી પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન પાંચ શ્લોકથી ભક્તોના ચરિત્ર સંબંધે છે.

મહર્ષિ શૌનક શ્રી સૂત મહામુનિ પાસે વિસર્ગ સંબંધી વિસ્તારથી માહિતી માગે છે તેથી પ્રશ્ન આરંભે છે કે મનુ રાજાએ પૃથ્વી મેળવ્યા બાદ શું કર્યું ?

शौनक उवाच – महीं प्रतिष्ठामध्यस्य सौते स्वायम्भुवो मनुः ।।
कान्यन्वतिष्ठद् द्वाराणि मार्गायावरजन्मनाम् ।।१।।

અન્વયાર્થ—**सौते**–હે સૂત મહર્ષિ ! **स्वायंभुवः**–સ્વાયંભુવ નામના, **मनुः**–મનુ રાજા, **महीम्**–પૃથ્વાને, **प्रतिष्ठाम्**–આધાર તરીકે, **अध्यस्य**–મેળવીને, **अवरजन्मनाम्**–પછી જન્મ લેનારાના, **मार्गाय**–નિર્ગમ માટે, **कानि**–કયાં, **द्वाराणि**–દ્વારો, **अतिष्ठत्**–સ્થાપ્યાં ? ૧

અનુવાદ—હે સૂત મહર્ષિ ! સ્વાયંભુવ નામના મનુ રાજાએ પ્રત્યેક આધાર તરીકે પ્રતિષ્ઠિત પૃથ્વીને મેળવી ત્યાર બાદ પછી જન્મ લેનારાના નિર્ગમ માટે કયાં દ્વારો સ્થાપ્યાં ? ૧

તત્ત્વસુધા—"मही प्रतिष्ठामध्यस्य"–શ્રી શૌનક અતિશય સાવધ શ્રોતા છે. કંઈ પ્રસંગકથા છે તેમજ કંઈ પ્રાસંગિક કથા છે તે પણ જાણવું જોઈએ. "સ્વાયંભુવ" મનુનું ચરિત્ર અને તેને લગતી વિસર્ગ સંબંધી કથા તૃતીય સ્કંધમાં ચાલે છે. હિરણ્યાક્ષવધ પ્રકરણ આ સ્કંધમાં આવે છે તે તો ઉપોદ્ઘાતરૂપ કથા છે. "હિરણ્યાક્ષનો વધ કરી પૃથ્વી સ્વાયંભુવ મનુ રાજાને આપી" એવું જ્યારે શુકાચાર્યે કહ્યું ત્યારે પરીક્ષિતે તે પ્રસંગને વિસ્તારથી સાંભળવાની ઈચ્છા કરી એટલે તે પ્રસંગ વર્ણવ્યો.

આ પ્રસંગને સાંભળ્યા બાદ સ્વસ્થચિત્તના શ્રોતા શ્રીશૌનકજીએ પૂર્વના પ્રશ્નના અનુસંધાનમાં ફરીથી પ્રશ્ન આરંભ્યો કે महीं प्रतिष्ठाम्–પૃથ્વીને સુદૃઢ સ્થાન તરીકે મેળવ્યા બાદ શ્રી સ્વાયંભુવ મનુએ ભવિષ્યમાં જન્મ લેનારાઓ

માટે કયાં કયાં દ્વારો બનાવ્યાં? આ સ્થાને ભૂમિવાચક "મહી" શબ્દ પૂજ્યાર્થવાચક મહ્-ધાતુમાંથી બનેલ છે. તે સમજાવે છે કે પૃથ્વી રાજાઓની ભોગ્ય નથી પરંતુ સેવ્ય છે, રાજા પૃથ્વીનો ઉપભોગ કરે તે અપરાધ છે; પરંતુ પૃથ્વીની સેવા કરે એ જ એની ભગવાનની આરાધના છે.

સૌતે-શ્રીસૂતમુનિને 'સૌતે' એવું સંબોધન કહી વિનવે છે કે કથા કહેવી તે તો આપનો કુલધર્મ છે તેથી કથા તો આપની ગળથૂથીમાં આવે છે. શૌનક કહે છે કે મહારાજ સૂત! આપની કુલપરંપરાની સુધાસરિતાના તીરે અમને હરિરસનાં અમીનાં પાન નહિ કરાવો?

कानि-अन्वतिष्ठत्-द्वाराणि मार्गाय-વળી એક એ પણ જિજ્ઞાસા છે કે બ્રહ્માજીએ તો મન અને તન એ બે જ સૃષ્ટિનાં દ્વાર રચ્યાં છે. જો મનુ પણ તે બે જ દ્વાર રચે તો ત્રિગુણાત્મક જગત કેમ સંભવે અને જગત તો ત્રણ ગુણવાળું જોવા મળે છે જ. "मार्गाय" શબ્દના બે અર્થ છે: એક ભગવાનમાંથી બહાર નીકળવા માટે કયાં દ્વાર કર્યાં એવો એક અર્થ છે, અને બીજો मृग्यते इति मार्गः चतुर्विधपुरुषार्थः--ચાર પ્રકારનો પુરુષાર્થ ભગવાનને શોધવાનો માર્ગ છે. તે પુરુષાર્થ માટે કયાં द्वाराणि એટલે સાધનો-ઉપાયો કયાં? ૧

હવે લગભગ પાંચ શ્લોકથી બીજો પ્રશ્ન આરંભશે તેમાં ખાસ એક આગ્રહ સેવશે કે ધર્માત્મા વિદુરે જે પૂછ્યું છે તે અને તેનો સુમંગલ પ્રત્યુત્તર આપ સંભળાવવાની કૃપા કરશો—

૨-૪. વિદુરજીનો પરિચય

क्षत्ता महाभागवतः कृष्णस्यैकान्तिकः सुहृत् ॥
यस्तत्याजाग्रजं कृष्णे सापत्यमघवानिति ॥२॥

અન્વયાર્થ—महाभागवतः-પરમ ભગવદીય, **क्षत्ता**-શ્રી વિદુરજી, **कृष्णस्य**-શ્રીકૃષ્ણ ભગવાનના, **एकान्तिकः**-અનન્ય-અંગત, **सुहृत्**-સુહૃદ છે, **यः**-જે, **कृष्णे**-શ્રીકૃષ્ણ ભગવાનમાં, **अघवान्**-અનાદર કરતાં દોષ-દૃષ્ટિવાળા હતા, **इति**-એ કારણથી, **स-अपत्यम्**-તેમના પુત્રો સાથે **अग्रजम्**-જ્યેષ્ઠબન્ધુ ધૃતરાષ્ટ્રને **तत्याज**-છોડી ગયા. ૨

અનુવાદ—પરમ ભગવદીય શ્રી વિદુરજી, ભગવાન શ્રીકૃષ્ણના પરમસ્નેહી અનન્ય સુહૃદ છે. જેમણે પોતાના મોટા ભાઈ ધૃતરાષ્ટ્ર શ્રીકૃષ્ણ ભગવાનનો અનાદર કરતા હતા તેથી ધૃતરાષ્ટ્રને તેમના પુત્રો સાથે ત્યજી દીધા. ૨

તત્ત્વસુધા—"क्षत्ता" શ્રી વિદુરજી હરિકથાના શ્રોતા છે. એમની યોગ્યતાને દર્શાવનારાં એક સાથે ચાર પદો છે. એ ચારે પદ પૂર્વાર્દ્ધમાં છે. એમાં પ્રથમ પદ આવ્યું "क्षत्ता". क्षत्ताનો અર્થ થાય છે જિતેન્દ્રિય. અન્તઃપુરમાં બે વ્યક્તિઓને રાખી શકાય, એક તો જિતેન્દ્રિય અને નિરિન્દ્રિય. વિદુરજી તો જિતેન્દ્રિય પુરુષ છે. ક્ષત્તાનો તાત્પર્યાર્થ અસિધારાવ્રતધારી. અસિધારા વ્રતનું લક્ષણ યાદ કરવું કઠિન છે તો આચરવું તો અધિક કઠિન છે. કરોડોમાંથી કો'ક જ આચરી શકે. "क्षत संचूर्णने" એવા અર્થમાં क्षत ધાતુ છે. "ચૂર્ણ કરવું" એવો ધાતુનો અર્થ છે. સંસાર નામના પર્વતનો ચૂરો કરી નાખનારને "क्षत्ता" જિતેન્દ્રિય કહેવાય.

स्वयं पुष्टश्च तरुणः सकामः सन्निधौ स्त्रियाः । नित्यं स्थितोऽपि मनसा विकारं यो न गच्छति ॥१॥
स्त्रियः सर्वाङ्गसंहृद्याः सर्वाभरणभूषिताः ॥ अप्राप्तकामास्तं प्राप्य साभिलाषा अपि स्वयम् ॥२॥
स्वकीयासु तथाऽन्यासु स्वभार्यास्वपि कुत्रचित्। पञ्चाग्निमध्यवत् तिष्ठेदसिधाराव्रतं तु तत् ॥३॥

પુરુષ જાતે તરુણ, પરિપુષ્ટ, સવીર્ય અને સુંદર હોય, સ્ત્રીઓ અતિશય સૌન્દર્ય, શૃંગારથી સજેલી હોય, નિત્ય નિકટનો સહવાસ હોય, સ્ત્રીઓ તે પુરુષ માટે સાભિલાષ હોય, આમ છતાં જે પુરુષ પંચાગ્નિની વચમાં રહીને તપ કરતો હોય, અવિચલ રહેતો હોય તો તેને અસિધારાવ્રતી તરીકે ઓળખવો.

શ્રી વિદુરજી એવી જ કક્ષાના અન્તઃપુરમાં રહેતા. વળી પોતે સર્વાંગસુંદર પુષ્ટ હતા છતાં ભગવત્કૃપાથી અપૂર્વ સંયમી હતા તેથી તેઓ ઉત્તમ કક્ષાના શ્રોતામાં ગણાય છે. એથી તો એમને માટે ક્ષત્તા શબ્દ વાપર્યો છે.

'**महाभागवतः**"–વિદુરજીનો બીજો ગુણુ ગાયો કે મહાભાગવત હતા. ભક્તિથી "વિરુદ્ધ સ્વભાવના સ્વામી, વિરુદ્ધ કાર્ય અને વિરુદ્ધ પ્રસંગ" આવી ત્રણુ પ્રકારની પ્રતિકૂળતાઓમાં પણુ હરિસેવાપરાયણુ હોય તેને "મહાભારત" માન્યા છે. ધૃતરાષ્ટ્રનો અને પુત્રોનો સહવાસ, સચિવનું કાર્ય અને કુસંગ આ ત્રણે પ્રતિકૂલ છતાં વિદુરજીને પ્રભુમાં જ ચિત્ત હતું.

एकान्तिकः सुहृद्—ભગવાન શ્રીકૃષ્ણુના પરમમિત્ર હતા. અર્જુનજી, સુદામાજી, શ્રુતદેવજી બહુલાશ્વજી વગેરેને ભગવાને પોતાના 'મિત્રો' તરીકે માન્યા છે. શ્રુતદેવ બહુલાશ્વને ભગવાને "**प्रिय**" માન્યા છે. સુદામાજીને "**सखा**" માન્યા છે. શ્રી વિદુરજીને ભગવાને "**सुहृद्**" ગણ્યા છે.

"**अग्रजं**" **तत्याज**—મોટા ભાઈ પિતા તુલ્ય છે તેમનો ત્યાગ ન થાય, છતાં ધૃતરાષ્ટ્ર ભગવાનના ભક્તોનો દ્વેષ કરનાર હોવાથી ભગવાનના જ અપરાધી મનાય તેથી વિદુરજીએ સપરિવાર ધૃતરાષ્ટ્રનો ત્યાગ કર્યો. ૨

બીજા શ્લોકમાં શ્રી વિદુરજીની યોગ્યતાનું ગાન કરવા છતાં અતૃપ્ત શૌનકમુનિ પુનઃ ત્રીજા શ્લોકથી યશોગાન કરી રહ્યા છે—

द्वैपायनादनवरो महित्वे तस्य देहजः ॥
सर्वात्मना श्रितः कृष्णं तत्परांश्चाप्यनुव्रतः ॥३॥

અન્વયાર્થ—**द्वैपायनाद्**-વ્યાસ મહર્ષિ કરતાં, **महित्वे**-જ્ઞાનાદિ ગૌરવમાં, યોગ્યતામાં, **अनवरः**-કોઈપણુ રીતે ઊતરતા નહીં, **तस्य**-વ્યાસ મહર્ષિના, **देहजः**-વીર્યજ પુત્ર, **सर्वे-आत्मना**-સર્વાત્મભાવથી, **कृष्णं श्रितः**-શ્રીકૃષ્ણુ ભગવાનનો આશ્રય લઈ બેઠેલા, **च**-અને, **तत्परात्**-ભગવત્પરાયણુ આત્માઓને-ભક્તોને, **अनुव्रतः**-સેવતા હતા. ૩

અનુવાદ—વળી યોગ્યતામાં વ્યાસજીના જેવા જ બાદરાયણુના વીર્યમાંથી જન્મેલા વિદુરજી સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણુ ભગવાનનો આશ્રય કરીને રહેલા હતા તેમ જ ભક્તોને સેવતા હતા. ૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં વિદુરજીની યોગ્યતાને દર્શાવતાં ચાર વિશેષણુ છે. તેમાં **द्वैपायनाद् अनवरो**-**महित्वे**-ગૌરવમાં-ઉત્સવ ઊજવવામાં વ્યાસજીથી જરા પણુ "ઊતરતા" ન હતા. અર્થાત્ વ્યાસજીના સમાન જ ઉત્સવશીલ હતા.

"**मह**"–શબ્દનો પૂજા, ઉત્સવ, વગેરે અર્થ થાય છે. अकारान्त મહ શબ્દ છે. '**मही**" એટલે ઉત્સવશીલ ભક્ત એવો અર્થ થયો. **महित्व** એટલે નિત્ય ઉત્સવમાં જ રહેનાર હતા.

"**अनवरः**"— શબ્દનો તુલ્ય અથવા સમાન એવો અર્થ થાય. "જ્ઞાન, ભગવાનનું સ્મરણુ અને ભગવાનના યશનું અને ધર્મોનું પ્રવર્તન" આ ત્રણુ કાર્યમાં નિત્ય વ્યાસજી તન્મય રહેતા. શ્રી વિદુરજી પણુ એવા જ હતા.

तस्य देहजः—બીજી યોગ્યતા બતાવે છે કે વ્યાસજીના વીર્યમાંથી પ્રગટ્યા છે. વ્યાસજી ભગવદવતાર છે. વિદુરજી પણુ ધર્મરાજનું સ્વરૂપ છે એટલે વ્યાસજીના સ્વરૂપમાં અવતરવું યોગ્ય છે. ઉભય પુરુષો પૃથ્વી પર ધર્મના અવતરણુ અને રક્ષણુ માટે જ પ્રકટ્યા છે.

सर्वात्मना श्रितः कृष्णम्—ત્રીજો ગુણુ દર્શાવ્યો કે શ્રી વિદુરજીનો ભગવદાશ્રય અતિ દૂર હતો. આ અંશમાં શ્રી વ્યાસજી કરતાં તેઓ આગળ વધ્યા હતા. કારણુ કે શ્રી વ્યાસજી તો **अधिकारी** હતા.

तत्परान् अनुव्रतः—ચોથો ગુણ દર્શાવ્યો કે 'ભગવદીય જનના સેવક" હતા. આ ઉપર દર્શાવેલા ચાર ગુણો શ્રેષ્ઠ ભક્તમાં જ સંભવે. શ્રી શૌનકમુનિએ આ પ્રમાણે વિદુરજીમાં અનુરાગ દર્શાવ્યો. ૩

ઉપરના શ્લોકોમાં વિદુરજીને ભક્ત તરીકે વર્ણવ્યા, હવે તેમને ઉત્તમ પ્રશ્ન કરનાર તરીકે આ શ્લોકમાં વર્ણવે છે—

किमन्वपृच्छन्मैत्रेयं विरजास्तीर्थसेवया ॥
उपशम्य कुशावर्त आसीनं तत्त्ववित्तमम् ॥४॥

અન્વયાર્થ—तीर्थ-सेवया-તીર્થ આરાધનથી, **विरजाः**-રજોગુણ રહિત બનેલા, **कुशावर्ते**-કુશાવર્ત દેશમાં, **आसोनं-तत्त्ववित्तमम्**-બિરાજેલા ઉત્તમ તત્ત્વવેત્તા મૈત્રેયની, **उपगम्य**-સમીપમાં આવીને, **किम्**-શું, **अनु-अपृच्छन्**-શ્રદ્ધાપૂર્વક પૂછતા હતા? ૪

અનુવાદ—તીર્થાટનથી રજોગુણ રહિત બનેલા, કુશાવર્ત પ્રદેશમાં વિરાજેલા ઉત્તમ તત્ત્વજ્ઞ શ્રી મૈત્રેય ઋષિને, પાસે આવી શ્રદ્ધા સહિત શું પૂછતા હતા? ૪

તત્ત્વસુધા—तीर्थसेवया विरजाः-વિદુરજીએ તીર્થાટન માત્ર નથી કર્યું. પરતુ તીર્થારાધન કર્યું છે. તેથી સ્વયં તીર્થ બન્યા છે. રજોગુણની એક નાની રજ પણ નથી રહી. તમોગુણ તો ક્યાંય દૂર ચાલ્યો ગયેલ છે. વળી વિદુરજીના સંગથી તીર્થના મલ પણ નિવૃત્ત થયેલ છે. આવા સત્ત્વગુણસમ્પન્ન પુરુષ कुशावर्ते-કુશાવર્તમાં મૈત્રેય મહર્ષિને કેવા પ્રશ્નો પૂછે છે એવી જિજ્ઞાસા શૌનકમુનિને થઈ.

ઉત્તમ શ્રોતા, ઉત્તમ તીર્થ અને તત્ત્વવેત્તા વક્તા આ ત્રણ તત્ત્વો જ્યાં ભેળાં મળે ત્યાં ભગવદ્‌વાર્તા વિના અન્ય કાંઈપણ ચર્ચા નીકળે જ નહીં, તેથી શૌનકમુનિ પૂછી રહ્યા છે, કે વિદુરજી ભક્તવર્ય હતા અને રજોગુણથી પર હતા એટલે શ્રોતાશ્રેષ્ઠ બન્યા. कुशावर्त શ્રેષ્ઠ તીર્થ હતું. "હરિદ્વાર, કુશાવર્ત, બિલ્વકવન, નીલપર્વત અને કનખલ" આ પાંચ તીર્થ ગંગાદ્વારમાં આવ્યાં છે. તેમાંનું આ એક "कुशावर्त" તીર્થ હતું. તીર્થ દેશ પણ વૃત્તિને શુદ્ધ કરે છે. વળી मित्रा માતાના પુત્ર મૈત્રેય ખૂબ જ દયાળુ અને ક્રોધમુક્ત પુરુષ હતા. તેમજ તત્ત્વચિંતક હતા. તેથી અવશ્ય શ્રેષ્ઠ વાર્તાલાપ થયો જ હશે. મને તે પ્રસંગ વર્ણવો. ૪

ચોથા શ્લોકમાં શૌનકે પૂછ્યું કે મૈત્રયમુનિને વિદુરજીએ કયા પ્રશ્નો પૂછ્યા એના ઉત્તરમાં કેવલ પ્રશ્નો કે પ્રશ્નોત્તર જ ન કહે પરંતુ શ્રી વિદુર અને મૈત્રેયની વચમાં થયેલ કથાપ્રસંગ વર્ણવે એ આશાથી પાંચમો શ્લોક આરંભે છે—

तयोः संवदतोः सूत प्रवृत्ता ह्यमलाः कथाः ॥
आपो गाङ्गा इवाघघ्नीर्हरेः पादाम्बुजाश्रयाः ॥५॥

અન્વયાર્થ— सूत-હે સૂતમુનિ! **तयोः**-તે બન્નેના, **संवदतोः**-ગુણાનુવાદ કરતા હતા ત્યારે, **हरेः**-શ્રીહરિના, **पाद्-अम्बुज-आश्रयाः**-ચરણામ્બુજના આશ્રયવાળી, **अघघ्नोः**-પાપ હરનારી, **गाङ्गाः**-શ્રીગંગાજીના **आपः-इव**-પવિત્ર જલ જેવી, **अमलाः**-નિર્મળ, **कथाः**-કથાઓ, **प्रवृत्ताः**-ચાલેલી હતી. ૫

અનુવાદ—મહર્ષિ સૂતજી! જ્યારે બન્ને મહાપુરુષો હરિગુણગાન કરતા હતા ત્યારે, પ્રભુના ચરણકમલનો આશ્રય કરી રહેલી, સર્વ પાપને હરનારી શ્રી ગંગાજીના પવિત્ર જલ જેવી, ભગવાનની પવિત્ર પાપહારિણી નિર્મળ કથાઓ થયેલી હતી. ૫

તત્ત્વસુધા—પ્રશ્નનો આરંભ કરતાં સૂત સંબોધન કરે છે તેનું તાત્પર્ય છે કે આપ તો કથા-સરિતાઓના પ્રવાહને વિસ્તારનારો છો માટે કથાઓ કહેવામાં રસ આવશે. વ્યાપારીને ગ્રાહક મળે અને ખાનપાનનાં ભાન ભૂલે તેમ ઉત્તમ વક્તા પણ શ્રદ્ધાશીલ શ્રોતા મળે તો ભાન ભૂલીને કથાનાં ગાન કરે છે.

શ્રી શૌનકજીની કથા અને ગંગાને સમાન રીતે વર્ણવે છે. જલ માત્ર પવિત્ર છે તેથી "अमलाः" નિર્મલ એવું વિશેષણ આપ્યું છે. છતાં ગૂઢ આશય એવો છે કે જે કથામાં લોકરંજનની વાતો ન હોય પરંતુ વિશુદ્ધ હરિરસ જ અખંડ ધારાથી વહેતો હોય તે જ કથાઓ अघघ्नी-પાપવાસનાને દૂર કરી શકે છે. વકતા લોકસમાજના રંજન માટે વિનોદમાં અને લોકગાથાઓમાં કથામાં ઘણી વાર ચાલ્યા જાય છે અને કથાપ્રસંગ બદલાઈ જાય છે, તેવું ન થવું જોઈએ તે સૂચવતો हरिपादाम्बुजाश्रयाः-એવું વિશેષણ કથાને આપ્યું છે. આ વિશેષણ ગંગાજીને તેમજ કથાને લાગુ પડે છે. ગંગાજી તીર્થ સ્વરૂપે પવિત્ર છે અને હરિપદ-આશ્રયથી 'દેવપણું' પણ છે. કથાનો પ્રત્યેક શબ્દ પણ હરિગુણગાથાને સ્પર્શતો હોવો જોઈએ. ૫

ઉપરના શ્લોકમાં કથા પ્રત્યે આદર વર્ણવી પુનઃ શ્રવણની જિજ્ઞાસા પ્રકટે છે—

ता नः कीर्तय भद्रं ते कीर्तन्योदारकर्मणः ॥
रसज्ञः को नु तृप्येत हरिलीलामृतं पिबन् ॥६॥

અન્વયાર્થ—कीर्तन्य-उदार-कर्मणः-કીર્તન કરવા લાયક પવિત્ર ચરિત્રવાળા પ્રભુની, **ताः**-તે કથાઓ, **नः**-અમને, **कीर्तय**-વર્ણવો, **ते-भद्रम्**-ભગવાન આપનું કલ્યાણ કરે, **हरि-लीला-अमृतम्**-શ્રી હરિના કથામૃતનું, **पिबन्**-પાન કરનારો, **रसज्ञः**-રસવેત્તા એવો, **कः**-કયો પુરુષ, **तृप्येत नु**-તૃપ્ત થાય? ૬

અનુવાદ—કીર્તન કરવા યોગ્ય પવિત્ર ચરિત્રવાળા પ્રભુની કથાઓ અમને વર્ણવો. ભગવાન આપનું કલ્યાણ કરે. શ્રીહરિ કથામૃત રસનું પાન કરનારો કયો પુરુષ તૃપ્ત થાય? ૬

તત્ત્વસુધા—ता नः कीर्तय भद्रं ते-પ્રસન્નતા હિમગિરિ શૃંગથી વહેતી અલકનંદા છે. એનાં વહેણ ખાળી શકાતાં નથી. શૌનકાદિ ઋષિઓ કથાશ્રવણ કરતાં પ્રસન્ન થયા. સહજ ભાવે બોલી ઊઠયા કે હે સૂતમુનિ! આપનું भद्रं-કલ્યાણ થાવ. "ભદ્ર આશીર્વાદ" એમ શ્રોતાજનોની આપને દક્ષિણા છે. વિના દક્ષિણાએ કથા સાંભળેલી ફળે નહીં.

कीर्तन्य-उदार-कर्मणः-कर्म-એટલે ભગવાનની લીલાઓ, उदार એટલે ફલની યાચના ન કરે તો પણ ફલ આપે તે. कीर्तन्य એટલે ફલાભિલાષી કે અફલાભિલાષી બન્ને ગાન કર્યા વિના રહી શકે નહીં તે. ભગવચ્ચરિત્ર સકામ અથવા અકામ બન્ને ગાય છે. કારણ કે તેમાં અપૂર્વ અને અલૌકિક રસ છે. કથા કામધેનુ છે. વિના માગણીએ સર્વ કામનાઓ પૂર્ણ કરશે. "હરિલીલામૃત" પાન કરતાં કોઈ ધરાતો નથી. તો હે સૂત મહર્ષિ આપ અમને કથામૃતનાં પાન કરાવો. ૬

શ્રી વ્યાસજી આ શ્લોક દ્વારા સર્ગલીલાનું પ્રથમથી અવતરણ કરતા શ્રી શૌનક સૂતકથાનો, અને શ્રી શુક-પરીક્ષિત કથાનો પ્રસંગ રજૂ કરે છે. સમાધિ ભાષાનો આ વ્યાસજીનો શ્લોક છે—

एवमुग्रश्रवाः पृष्ट ऋषिभिर्नैमिषायनैः ॥
भगवत्यर्पिताध्यात्मस्तानाह श्रूयतामिति ॥७॥

અન્વયાર્થ—नैमिष-अयनैः-નૈમિષારણ્યમાં નિવાસ કરતા, **ऋषिभिः**-ઋષિઓએ **एवम्**-એ પ્રમાણે, **पृष्टः**-પૂછાએલા, **उग्र-श्रवाः**-શ્રેષ્ઠ કીર્તિવાળા-ઉત્તમ યશવાળા સૂત મહર્ષિએ, **भगवति**-ભગવાનમાં, **अर्पित-अध्यात्मः**-મન, બુદ્ધિ અને દેહ પરોવીને, **श्रूयताम्**-મુનિવરો આપ સાંભળો, **इति**-એમ, **तान्-आह**-તેઓને કહ્યું. ૭

અનુવાદ—નૈમિષારણ્યનિવાસી શૌનકાદિ ઋષિઓએ જ્યારે એ પ્રમાણે પ્રશ્ન પૂછ્યા ત્યારે પ્રસિદ્ધ કીર્તિવાળા શ્રી સૂત મહર્ષિ મન-બુદ્ધિ-ઇન્દ્રિયોને ભગવાનમાં પરોવીને બોલ્યા, હે મુનિવરો આપ સાંભળો. ૭

તત્ત્વસુધા—एवमुग्रश्रवाः पृष्टः-ઉગ્રશ્રવા શ્રી રોમહર્ષણ મુનિના પુત્ર છે. જેઓ પુષ્કળ પ્રતાપશાળી છે. ભગવત્કીર્તિના વિરોધીઓ પણ, ઉગ્રશ્રવા હરિરસપાન કરાવે છે એવું સાંભળી સમૂહમાં દોડી આવતા, હરિરસપાન કરી વિરોધીઓ હરિગુણગાન કરતા થઈ જતા. લોકસમાજ તેથી તેઓને उग्रश्रवा-ઉગ્ર કીર્તિવાળા તરીકે ઓળખતો.

भगवति अर्पिताध्यात्मः-આત્મામાં વસેલ દેહ, ઇન્દ્રિયો, અન્તઃકરણ વગેરે જેટલી સામગ્રીઓ છે તે અધ્યાત્મ કહેવાય. અને આખો અધ્યાત્મ ભગવાનને સમર્પી દે તે જ વૈષ્ણવ કહેવાય. ઉગ્રશ્રવા સમર્પણ કરી ચૂકેલા વૈષ્ણવ છે. નૈમિષારણ્ય પણ વૈષ્ણવ ક્ષેત્ર છે. વૈષ્ણવ ક્ષેત્રમાં વસનારા ઋષિઓ પણ વૈષ્ણવ છે. આમ શ્રોતા, વકતા અને સ્થાન ત્રણે વૈષ્ણવ હોઈ કથા રસભક્તિપ્રચુર બને છે. અને અપૂર્વ આનંદ પમાય છે. પુષ્કળ પ્રમોદમાં મુકાયેલા શ્રી ઉગ્રશ્રવા કથાપ્રસંગ પ્રારંભે છે. ૭

હવે ઉપજાતિ વૃત્તમાં શ્રી સૂતજી પ્રસંગ રજૂ કરે છે—

सूत उवाच - हरेर्धृतक्रोडतनोः स्वमायया निशम्य गोरुद्धरणं रसातलात् ॥
लीलां हिरण्याक्षमवज्ञया हतं संजातहर्षो मुनिमाह भारतः ॥८॥

અન્વયાર્થ—सूत-उवाच-શ્રી સૂતજીએ કહ્યું કે, **स्व-मायया**-પોતાની માયાથી, **धृत-क्रोड-तनोः**-વરાહનું શરીર ધારણ કરનારા, **हरेः**-ભગવાનની, **रसातलात्**-રસાતલમાંથી, **गोः**-પૃથ્વીના, **उद्-धरणम्**-ઉદ્ધારની, **लीलाम्**-લીલાને, **निशम्य**-સાંભળીને અને, **अवज्ञया**-રમતમાં જ, **हिरण्याक्षम्**-હિરણ્યાક્ષને, **हतम्**-હણેલ સાંભળીને, **संजातहर्षः**-હર્ષ પામેલ, **भारतः**-ભારત-શ્રી વિદુરજી, **मुनिम्**-મૈત્રેય મુનિને, **आह**-પૂછવા લાગ્યા, કહેવા લાગ્યા. ૮

અનુવાદ—શ્રી સૂતજીએ કહ્યું કે હે મુનિજનો, પોતાની માયાથી વરાહ સ્વરૂપને સ્વીકારનાર, શ્રી વરાહ ભગવાનની રસાતલમાંથી પૃથ્વીને ઉપર લાવવાની તેમજ રમત રમતમાં હિરણ્યાક્ષ દૈત્યને હણવાની લીલાને સાંભળી હર્ષ પામેલા શ્રી વિદુરજી મૈત્રેય મુનિવરને કહેવા લાગ્યા. ૮

તત્ત્વસુધા—સૂત ઉવાચ-શ્રી સૂતજી સર્વ ઉપોદ્ઘાત વર્ણવે છે. તેઓ ઋષિવરોને કહી રહેલ છે કે શ્રી વિદુરજી વરાહલીલાના શ્રવણથી હર્ષસભર થયા છે. અને કથારસાબ્ધિમાં વધુ ને વધુ નિમ્મજ્જન કરવા આતુર બની પૂછી રહ્યા છે. જેથી તો હિરણ્યાક્ષવધની કથા મૈત્રેય મુનિએ વિદુરજી માટે વિસ્તારથી વર્ણવી છે.

हरेः धृतक्रोडतनोः स्वमायया-ભગવાનને વરાહ અવતાર લેવાનું કારણ "हरि" શબ્દથી વર્ણવ્યું છે. સમસ્ત જનના દુઃખને દૂર કરવાનો સ્વભાવ ભગવાનનો છે તેથી નામ શ્રીહરિ છે. દયાલુ હોવાથી "સૂકર"ના દેહને સ્વીકારતાં સંકોચ નથી થયો. स्वमायया-ભગવાનને આધીન રહેનારી માયા છે. જે ભગવાનની શક્તિ છે. આ શક્તિથી વરાહ સ્વરૂપ સ્વીકાર્યું છે.

"गोरुद्धरणं-हिरण्याक्षवधः"-ભગવાને બે ચરિત્રો કર્યાં છે. પૃથ્વીનો ઉદ્ધાર અને હિરણ્યાક્ષનો વધ. આ બન્ને ભગવાનની લીલા છે. વિદુરજીને બન્ને ચરિત્રો સાંભળવાં હતાં તેથીજ શ્રી મૈત્રેયજીએ આ બન્ને પ્રસંગો વર્ણવ્યા છે. આ પ્રસંગના મૂલ વકતા તો સમાધિ ભાષા દ્વારા વ્યાસજી જ છે. તેઓ ભવિષ્યમાં વિદુરજી આવા પ્રશ્નો પૂછશે અને મૈત્રેયજી આ ઉત્તર આપશે એવું જાણે છે જ અને સર્વ પ્રસંગ વર્ણવે છે. ૮

શ્રી વિદુરજી પ્રશ્નાવલી આરંભે છે. આ પ્રશ્નાવલી આગળની કથાનું અવતરણ કરશે—

विदुर उवाच – प्रजापतिपतिः सृष्ट्वा प्रजासर्गे प्रजापतीन् ।
किमारभत् मे ब्रह्मन् प्रब्रूह्यव्यक्तमार्गवित् ॥९॥

અન્વયાર્થ— **विदुर उवाच**-શ્રી વિદુરજીએ કહ્યું કે, **ब्रह्मन्**-મૈત્રેયજી! **अव्यक्त-मार्गवित्**-અવ્યક્ત એટલે કારણરૂપ બ્રહ્મથી થતી ઉત્પત્તિ અને લયના માર્ગને જાણનારા, **प्रजापति-पतिः**-પ્રજાપતિઓના સ્વામીઓએ, **प्रजासर्गे**-પ્રજાઓની સૃષ્ટિમાં, **प्रजापतीन्**-પ્રજાપતિઓને, **सृष्ट्वा**-ઉત્પન્ન કરીને, **किम्**-શું, **आरभत**-આરંભ્યું તે, **मे**-મને, **प्रब्रूहि**-કૃપા કરીને કહો. ૯

અનુવાદ—શ્રી વિદુરજીએ કહ્યું કે હે મૈત્રેયમુનિ! પ્રજાપતિઓના સ્વામી બ્રહ્માજીએ પ્રજાઓની સૃષ્ટિમાં પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા બાદ શું કાર્ય આરંભ્યું તે આપ મને કૃપા કરીને કહો. ૯

તત્ત્વસુધા— अव्यक्तमार्गवित्-વાકયનો શબ્દાર્થ એવો થાય છે કે, अव्यक्त એટલે કારણરૂપ બ્રહ્મ અને તેનો માર્ગ એટલે તે બ્રહ્મમાથા આ બ્રહ્માંડ કેવી રીતે આવે છે અને તેમાં કેવી રીતે આ બ્રહ્માંડનો સમાવેશ થાય છે તેના, वित् જાણકાર બ્રહ્માજી છે. તાત્પર્ય કે અવ્યક્ત બ્રહ્મમાંથી થતા ઉત્પત્તિ લયના પ્રકારને બ્રહ્માજી જાણે છે.

प्रजापतिपतिः-આ પદ પણ બ્રહ્માજીને માટે જ વાપર્યું છે. મરીચિ, કર્દમ, દક્ષ, કશ્યપ વગેરે પ્રજાપતિ ત્યારે જ બને છે કે તેઓ પ્રજાઓની ઉત્પત્તિઓ કરે. જો તેઓ પ્રજાઓની ઉત્પત્તિ ન કરે તો બ્રહ્માની તેઓ પ્રજા જ રહે. અને બ્રહ્માજીને પ્રજાપતિ જ કહેવામાં આવે. પરંતુ બ્રહ્માની આજ્ઞાથી પ્રજાપતિઓએ સૃષ્ટિએ રચી છે. બ્રહ્મા સ્વયં પ્રજાઓને રચે અને નિયામક એવા પ્રજાપતિઓને ન રચે તો સમાજ અમર્યાદિત બની જાય. તેથી પ્રજાપતિઓને રચી એમના દ્વારા સૃષ્ટિ રચી કે બીજુ કાંઈ કર્યું એવો પ્રશ્નનો આશય છે.

मे ब्रह्मन्-બ્રહ્મન્ શ્રી મૈત્રેય મુનિનું સંબોધન છે, સંબોધનથી એમ કહે છે કે આપ સર્વજ્ઞ છો તેથી આ પ્રશ્નનો ખુલાસો કરી શકવા સમર્થ છો. હું જિજ્ઞાસુ છું તેમજ સમજવા માટે આતુર છું તેથી પ્રેમથી કહેશો. ૯

પુનઃ આ જ પ્રશ્નની વિશદ ચર્ચા શરૂ કરે છે—

ये मरीच्यादयो विप्रा यस्तु स्वायम्भुवो मनुः ॥
ते वै ब्रह्मण आदेशात्कथमेतदभावयन् ॥१०॥

અન્વયાર્થ— **ये** જે, **मरीचि-आदयः**-મરીચિ વગેરે, **विप्राः**-વિપ્રો, **तु**-તેમજ, **यः स्वायंभुवः**-જે સ્વાયંભુવ નામના, **मनुः**-મનુરાજા છે, **ते वै**-તેઓએ નિશ્ચયપૂર્વક, **ब्रह्मणः**-બ્રહ્માજીના, **आदेशात्**-આજ્ઞાથી, **एतत्**-આ જગત, **कथम्**-કેવી રીતે, **अभावयन्**-ઉત્પન્ન કર્યું ? ૧૦

અનુવાદ—જે મરીચિ વગેરે વિપ્રો હતા તેઓએ તેમજ સ્વાયંભુવ મનુએ નિશ્ચયપૂર્વક બ્રહ્માજીની આજ્ઞાથી આ જગત કેવી રીતે ઉત્પન્ન કર્યું ? ૧૦

તત્ત્વસુધા—मरीच्यादयः-આ શ્લોકમાં ઉપરના જ શ્લોકોના પ્રશ્નનો વિસ્તાર કરીને કહે છે કે मरीच्यादयः મરીચિ વગેરે વિપ્રો તો એકલા જન્મ્યા છે જ્યારે મનુરાજાને તો શતરૂપા સાથે જ જન્મ આપ્યો છે. તો આ બધાએ કેવી રીતે સૃષ્ટિ કરી તેની સ્પષ્ટતા માંગે છે. ૧૦

આ શ્લોકમાં ઉપરના બે શ્લોકોની જ વધુ સ્પષ્ટતા કરતા પ્રશ્નો આવે છે—

सद्वितीयाः किमसृजन् स्वतन्त्रा उत कर्मसु ॥
आहोस्वित्संहताः सर्व इदं स्म समकल्पयन् ॥११॥

અન્વયાર્થ—स-द्वितीयाः-પોતાની પત્નીઓ સાથે **किम् असृजन्**-શું રચ્યુ? **उत**-અથવા તો, **स्वतन्त्राः** સ્વતંત્ર રીતે, **कर्मसु**-કાર્યોમાં રહીને શું સરજ્યું, **आहोस्वित्**-અથવા, **संहताः**-ભેગા મળીને **इदं सर्वम्**-આ સર્વ, **सम्-अकल्पयन्-स्म**-વ્યવસ્થિત કેવી રીતે કર્યું હતું તે અમને કહો. ૧૧

અનુવાદ—પોતાની પત્નીઓ સાથે રહી કેવું રચ્યું, વળી સ્વતંત્રતાપૂર્વક કેવું રચ્યું અને સર્વ સમૂહમાં મળી આ સર્વ કેવી રીતે વ્યવસ્થિત કર્યું હતું તે સર્વ કહો. ૧૧

તત્ત્વસુધા—सद्वितीयाः—ત્રણ વિભાગો કરી સૃષ્ટિ સંબંધી પ્રશ્નાવલી ઉપાડે છે. આ શ્લોકમાં એના શબ્દો દ્વારા વધુ ચોખવટ કરી છે. सद्वितीयाः એટલે પત્નીઓ સાથે, મનુ વગેરેએ, स्वतंत्राः એટલે એકલા મરીચિ વગેરેએ, संहताः એટલે સમૂહમાં મળીને કેવી રીતે આ ત્રણે જણે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે એવી જિજ્ઞાસા છે.

सद्वितीयाः—મનુરાજા શતરૂપા રાણી સાથે જ પ્રકટ થયા છે, તો શું તેમણે પ્રાકૃત ભક્તોની સૃષ્ટિ રચી હશે. स्वतंत्राः-એકલા હોવાથી જ્ઞાની ભક્તોની સૃષ્ટિ રચી હોય, અને संहताः-સમૂહ રૂપે મળીને સૃષ્ટિ રચી તો પરમભક્તોની સૃષ્ટિ રચી હશે, આ પ્રકારનો જિજ્ઞાસુ પ્રશ્ન છે. આવા પ્રશ્નોના જ ઉત્તર માટે નીચેના શ્લોકોનો આરંભ છે.

આ બારમા શ્લોકથી સત્તર પ્રકારની સૃષ્ટિનું વર્ણન આવશે. સત્તર પ્રકારની આ સૃષ્ટિમાં છ પ્રાકૃત પ્રકારો અને અગિયાર વૈકૃત પ્રકારો મળીને સત્તર પ્રકારો વર્ણવ્યા છે. તેમાં સાધારણ સૃષ્ટિ ભગવાનનો ગુણ છે. પ્રત્યેક કલ્પોમાં તે એક સરખી જ સૃષ્ટિ હોય છે. બારમા શ્લોકથી છ શ્લોકો સુધી તે પ્રકારો વર્ણવ્યા છે. જેમાં મહત્તત્ત્વ, અહંકાર, બ્રહ્માંડ, નારાયણ, કમલ અને બ્રહ્માજી એ છ નો સમાવેશ હોય છે. આ છનો સર્ગ પ્રાકૃત કહેવાયો, પછીનો અગિયાર પ્રકારનો વૈકૃત સર્ગ છે. एष सप्तदश प्रजापतिः—આ શ્રુતિના વાક્યમાં સત્તર પ્રકારનો યજ્ઞ વર્ણવ્યો છે. એ યજ્ઞના સંખ્યાવાચક શબ્દ પ્રમાણે વિસર્ગને સત્તર પ્રકારનો કહ્યો. ૧૧

હવે સૌથી પ્રથમ મહત્તત્ત્વનો સર્ગ આરંભે છે—

मैत्रेय उवाच – दैवेन दुर्वितर्क्येण परेणानिमिषेण च ॥
जातक्षोभाद्भगवतो महानासीद् गुणत्रयात् ॥१२॥

અન્વયાર્થ—मैत्रेय उवाच-શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે, **दुर्-वितर्क्येण**-ન કળી શકાય તેવા, **दैवेन**-દૈવથી, **च**-તેમજ, **परेण**-પરથી-પુરુષથી, અને, **अनिमिषेण**-કાલથી, **जात-क्षोभात्**-ખળભળાટ પામેલા, **भगवतः**-ભગવાનના, **गुणत्रयात्**-ત્રણ ગુણોમાંથી, **महान्**-મહતત્ત્વ, **आसीत्**-ઉત્પન્ન થયું. ૧૨

અનુવાદ—શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે, ન કળી શકાય તેવા દૈવથી તેમજ પુરુષથી અને કાળથી ખળભળાટ પામેલા ભગવાનના ત્રણ ગુણોમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. ૧૨

તત્ત્વસુધા—दैवेन दुर्वितर्क्येण—મહત્તત્ત્વની ઉત્પત્તિ ત્રણ વસ્તુઓથી ખળભળાટ પામેલા ભગવાનમાંથી વર્ણવે છે. આ ઉપરથી સ્પષ્ટ લાગે છે કે આ સૃષ્ટિ પ્રકૃતિમાંથી નથી થઈ પરંતુ ભગવાનમાંથી થઈ છે. હવે મહત્તત્ત્વ કેવી રીતે થયું તે સમજાવે છે કે—

दुर्वितर्क्येण दैवेन–એટલે ન સમજી શકાય એવી ભગવાનની ઇચ્છા છે, परेण–પુરુષમાંથી અથવા અક્ષરથી, अनिमिषेण અને કાળથી ક્ષોભ પામેલા ભગવાનમાંથી મહત્તત્ત્વ બન્યું છે. આ ત્રણે સાત્ત્વિક, રાજસ અને તામસ છે. આ ત્રણે વસ્તુઓ એટલે દૈવ, પર અને કાલ ભગવત્સ્વરૂપે જ છે. જેથી મહત્તત્ત્વ ભગવાન પુરુષોત્તમમાંથી ઉત્પન્ન થયેલ એમ સ્પષ્ટ સમજવું. આ શ્લોક ઉપરથી લાગે છે કે આ સૃષ્ટિ જુદા પ્રકારની છે. ૧૨

હવે આ શ્લોકથી અહંકાર સૃષ્ટિને દર્શાવે છે—

रजःप्रधानान्महतस्त्रिलिङ्गो दैवचोदितात् ॥
जातः ससर्ज भूतादिर्वियदादीनि पञ्चशः ॥१३॥

અન્વયાર્થ—दैव–चोदितात्–દૈવે પ્રેરેલા, **रजः–प्रधानात्**–રજોગુણની મુખ્યતાવાળા, **महतः** મહત્તત્ત્વમાંથી, **त्रि–लिङ्गः**–ત્રણ ગુણવાળો **भूतादिः**–અહંકાર, **जातः**–ઉત્પન્ન થયો. અને ઉત્પન્ન થયેલા તે અહંકારે, **पञ्चशः**–પાંચ પાંચની સંખ્યાવાળાં, **वियदादीनिः**–આકાશ વગેરેને, **ससर्ज**–ઉત્પન્ન કર્યાં. ૧૩

અનુવાદ—દૈવે પ્રેરેલા અને રજોગુણની પ્રધાનતાવાળા મહત્તત્ત્વમાંથી ત્રણ ગુણવાળો અહંકાર ઉત્પન્ન થયો. અને ઉત્પન્ન થએલા તે અહંકારે પાંચ પાંચ સંખ્યાવાળા આકાશાદિ ઉત્પન્ન કર્યા. ૧૩

તત્ત્વસુધા—रजः प्रधानात् महतः–'મહત્'ને रजःप्रधानाद् એવું વિશેષણ આપ્યું છે. તેનું કારણ એ છે "મહત્" ત્રણ ગુણવાળું છે. જે ત્રણ ગુણો દૈવ, પર અને કાલના નામથી વર્ણવ્યા છે, તે ત્રણ ગુણવાળું મહત્ રજોગુણપ્રધાન બન્યું. વળી ભગવાને તેને પ્રેરણા આપી. તેથી રજોગુણપ્રધાન એવા મહત્માંથી ત્રણ ગુણવાળો "અહંકાર" ઉત્પન્ન થયો. આ અહંકારને "भूतादिः" નામથી ઓળખાવેલ છે.

આ भूतादिः ભૂતાદિએ—અહંકારે (૧) ભૂતાદિ, (૨) ઇન્દ્રિયાદિ અને (૩) દેવાદિ આ ત્રણેને પાંચ પ્રકારે ઉત્પન્ન કર્યા. તેમાં (૧) પ્રથમ ભૂતાદિમાં આકાશ, વાયુ વગેરે પાંચ ભૂતો અને શબ્દ, સ્પર્શાદિ પાંચ તન્માત્રાઓને ઉત્પન્ન કર્યાં ત્યારબાદ (૨) બીજાં ઇન્દ્રિયાદિમાં પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પંચ મહાપ્રાણ, પાંચ ઉપપ્રાણને ઉત્પન્ન કર્યાં. (૩) અને ત્રીજાં દેવાદિમાં ઇન્દ્રિયોના અભિમાની પાંચ પાંચ દેવોને, પાંચ અગ્નિઓને, તેમજ મન અને ચાર અન્તઃકરણના દેવોને અહંકારે ઉત્પન્ન કર્યાં. ૧૩

આ શ્લોકમાં બ્રહ્માંડની રચના છે—

तानि चैकैकशः स्त्रष्टुमसमर्थानि भौतिकम् ॥
संहत्य दैवयोगेंन हैममण्डमवासृजन् ॥१४॥

અન્વયાર્થ—च तानि–તે પંચ મહાભૂત તન્માત્રા વગેરે, **एकैकशः**–સ્વતંત્ર એક એક, **भौतिकम्**–બ્રહ્માંડને, **स्त्रष्टुम्**–સર્જવા માટે, **असमर्थानि**–શક્તિસમ્પન્ન ન હતાં તેથી, **दैव–योगेन**–સદ્ભાગ્યે **संहत्य**–સાથે મળીને, **हैमम्**–સુવર્ણમય, **अण्डम्**–બ્રહ્માંડને, **अव–असृजन्**–રચ્યું. ૧૪

અનુવાદ—જ્યારે તે પંચ મહાભૂતો વગેરે અલગ અલગ એકલાં બ્રહ્માંડને રચવા માટે શક્તિસમ્પન્ન ન હતાં તેથી સદ્ભાગ્યે હરિઇચ્છાથી સાથે મળીને સુવર્ણમય બ્રહ્માંડને રચ્યું. ૧૪

તત્ત્વસુધા—तानि चैकैकशः–અહંકારમાં ઉત્પન્ન થયેલાં તે પંચ મહાભૂતાદિ તત્ત્વો અને દેવો વગેરે એકાદ સ્વતંત્ર કાંઈ પણ નૂતન નિર્માણ કરવા અસમર્થ બન્યાં ત્યારે સમૂહબળ સાધીને સુવર્ણમય બ્રહ્માંડને રચ્યું. 'तानि' એ નપુંસકનિર્દેશ નિર્માણનું અસામર્થ્યપણું દર્શાવે છે. ૧૪

આ શ્લોકમાં ભગવાન નારાયણનો સુવર્ણમય અંડમાં પ્રવેશ દર્શાવે છે—

सोऽशयिष्टाब्धिसलिले आण्डकोशो निरात्मकः ॥
साग्रं वै वर्षसाहस्रमन्ववात्सीत्तमीश्वरः ॥१५॥

અન્વયાર્થ—**सः-निर्-आत्मकः**-આત્મા વિનાનો તે, **आण्ड-कोशः**-અંડકોશ, **अब्धि-सलिले**-સમુદ્રના જલમાં, **साग्रं वै वर्ष साहस्रम्**-પૂરેપૂરાં એક હજાર વર્ષ, **अशयिष्ट**-રહ્યો. **अनु**-પછી, **तम्**-તે અંડકોશમાં, **ईश्वरः**-ઈશ્વરે, **अवात्सीत्**-વાસ કર્યો. ૧૫.

અનુવાદ—આત્મા વિનાનો તે અંડકોશ સમુદ્રના જલમાં પૂરેપૂરાં એક હજાર વર્ષ રહ્યો પછી તે અંડકોશમાં ભગવાને વાસ કર્યો. ૧૫

તત્ત્વસુધા—"सोऽशयिष्ट"-ઉત્પત્તિનો પ્રકાર સમજાવતાં પ્રસંગ પ્રારંભે છે કે સઃ તે અંડકોશ સાગરના જલમાં એક હજાર વર્ષ પર્યન્ત રહ્યો. આ સ્થાને સમુદ્રજલનો અર્થ પ્રલયનું જલ એવો ખ્યાલ કરવાનો છે. અથવા "अप एव ससर्ज" આવી શ્રુતિ છે તેમાં લખે છે કે પ્રથમ જલનું નિર્માણ કર્યું તો તે પ્રથમના જલમાં તે અંડકોશ રહ્યો. આ અંડકોશ કમલની કળાના જેવો હતો. જેમ-ઈંડામાંથી પક્ષી જન્મે છે તેમજ આ અંડકોશ કમલકલિકા સ્વરૂપ બન્યો. ત્યાર પછી તેમાં ભગવાને એક હજાર વર્ષ બાદ પ્રવેશ કર્યો. આ પ્રવેશ કરનાર ભગવાન "ઈશ્વર" છે. શા માટે ઈશ્વરે પ્રવેશ કર્યો એવી જિજ્ઞાસા કરવી નહીં. ઈશ્વર છે એટલે સમર્થ છે. સમર્થ માટે પ્રશ્ન ન હોય. ૧૫

આ શ્લોકમાં નારાયણની નાભિમાંથી કમલ પ્રકટ્યુ એ વર્ણન છે—

तस्य नाभेरभूत्पद्मं सहस्रार्कोरुदीधिति ॥
सर्वजीवनिकायौको यत्र स्वयमभूत्स्वराट् ॥१६॥

અન્વયાર્થ—**तस्य नाभेः**-તેમની નાભિમાંથી, **सहस्र-अर्क-उरु-दीधिति**-હજાર સૂર્યો કરતાં અધિક કાંતિવાળું, **सर्वजीव-निकाय-ओकः**-સર્વ જીવસમૂહના નિવાસરૂપ, **पद्मम्**-કમળ થયું. **यत्र**-જે કમલમાં, **स्वयम्**-પોતે, **स्वराट्**-બ્રહ્મા, **अभूत्**-થયા. ૧૬

અનુવાદ—તેમની નાભિમાંથી હજારો સૂર્ય કરતાં પણ અધિક તેજસ્વી અને સર્વ જીવસમુદાયનું નિવાસ ગણાતું એવું કમલ થયું જે કમલમાં પોતે બ્રહ્મા થયા. ૧૬

તત્ત્વસુધા—तस्य नाभेरभूत्पद्मम्-ભગવાનની નાભિમાંથી કમલ ઉત્પન્ન થયુ. પરંતુ આ તો ભગવાન જ સ્વયં કમલ બન્યા છે તેથી પોતે જ सहस्रार्कः-હજારો સૂર્યના કરતાં અધિક તેજસ્વી છે. માટે આ કમલને વિકસાવવા સૂર્યની આવશ્યકતા નથી. સૂર્ય વિશ્વનો પ્રકાશ કરે છે તેમ આ કમલ જગતનો પ્રકાશ કરશે. આ કમલ સમસ્તનું નિવાસસ્થાન છે. પૃથ્વી અને બ્રહ્માંડ વર્તુલાકાર નથી પરંતુ કમલાકૃતિ છે. જેથી એક બ્રહ્માંડ ઉપર, નીચે અને ચારે બાજુ અનન્ત બ્રહ્માંડો છે. ઋષિમુનિઓએ તેની યૌગિક જ્ઞાનથી ખાત્રી કરીને વર્ણવેલ છે. કમલમાં પ્રવેશેલા નારાયણ ભગવાન જ સ્વયંભૂ બ્રહ્મા થયા. ૧૬

આ શ્લોકમાં બ્રહ્માજીમાંથી ઉત્પન્ન થતી સૃષ્ટિનું વર્ણન છે—

सोऽनुविष्टो भगवता यः शेते सलिलाशये ॥
लोकसंस्थां यथापूर्वं निर्ममे संस्थया स्वया ॥१७॥

અન્વયાર્થ—**યઃ**-જે ભગવાન, **સલિલ-આશયે**-જલમહેલમાં, **શેતે**-બિરાજે છે-પોઢે છે, **સઃ**-તે, **ભગવતા**-ભગવાનની સાથે, **અનુવિષ્ટઃ**-પ્રવેશ કરેલા બ્રહ્માએ, **સ્વયા**-પોતાની, **સંસ્થયા**-સ્થિતિ વડે, **યથાપૂર્વમ્**-પહેલાંના જેવી, **लोक-संस्थाम्**-લોકવ્યવસ્થા, **निर्ममे**-રચી. ૧૭

અનુવાદ—જે જલરૂપ રાજમહેલમાં વસે છે તે ભગવાન સાથે પ્રવેશેલા બ્રહ્માજીએ પોતાની સ્થિતિ વડે પહેલાંના જેવી લોકવ્યવસ્થા કરી. ૧૭

તત્ત્વસુધા—यः शेते सलिलाशये–આ શ્લોકમાં વ્યાસજી એવું કહેવા ચાહે છે કે "ભગવાન સાથે પ્રવેશેલા બ્રહ્માએ સૃષ્ટિની વ્યવસ્થા કરી ત્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્માજીએ કયા ભગવાન સાથે પ્રવેશ કર્યો ? આ પ્રશ્નનું સમાધાન કર્યું કે यः शेते सलिलाशये–જે જલરૂપ રાજમહેલમાં રહેતા હતા તે નારાયણ ભગવાન સાથે પ્રવેશ કર્યો. બાદ બ્રહ્માજીએ પહેલાંના કલ્પમાં જેવી વ્યવસ્થા હતી તે વ્યવસ્થા પ્રમાણે જાતિ, ગુણ અને સ્થાનના વિભાગથી લોકવ્યવસ્થા કરી. કદાચ એવો પ્રશ્ન થશે કે તો પછી ભગવાન બ્રહ્માસ્વરૂપ થયા છતાં જો પૂર્વના જેવી જ લોકકલ્પના કરી, તો વિશેષતા શી ?

એનું સમાધાન છે કે આ રચનામાં ભગવાન પોતે જ સમગ્ર સ્વરૂપે રહ્યા છે. પહેલાંની સૃષ્ટિ સાથે માત્ર આકારનું જ સામ્ય છે. આ પ્રમાણે ઉપરના ૭ શ્લોકોથી મૂલ સૃષ્ટિ એટલે કારણની સૃષ્ટિ કહી. ૧૭

ઉપરના ૭ શ્લોકોમાં કારણની સૃષ્ટિનું વર્ણન કર્યું હવે કાર્ય સૃષ્ટિનું વર્ણન કરવું છે તે પહેલાં કાર્ય, પરિણામ અને સાધનના ભેદથી તામસી સૃષ્ટિનું વર્ણન આ શ્લોકમાં કરે છે—

ससर्ज च्छाययाविद्यां पञ्चपर्वाणमग्रतः ॥
तामिस्रमन्धतामिस्रं तमो मोहो महातमः ॥१८॥

અન્વયાર્થ—**अग्रतः**-સૌથી પ્રથમ, **च्छायया**-છાયાથી, **पञ्चपर्वाणम्**-પંચ પર્વોવાળી, **तामिस्रम्**-તામિસ્ર, **अंध-तामिस्रम्**-અંધતામિસ્ર, **तमः**-તમ, **मोहः**-મોહ, **महातमः**-મહાતમ નામની, **अविद्याम्**-અવિદ્યાને, **ससर्ज**-રચી. ૧૮.

અનુવાદ—સૌથી પ્રથમ છાયાથી બ્રહ્માજીએ, તામિસ્ર, અંધતામિસ્ર, તમ, મોહ, મહામોહ નામની પાંચ પર્વવાળી અવિદ્યાને રચી. ૧૮

તત્ત્વસુધા—હવે આ શ્લોકમાં છાયાથી અવિદ્યાની સૃષ્ટિ અને અવિદ્યામાંથી પાંચ પર્વની સૃષ્ટિનું વર્ણન કરવાનું આરંભ્યું છે. તે વાતનો ઉલ્લેખ આરંભે છે કે ससर्ज छायया अविद्याम्–છાયામાંથી અવિદ્યાને ઉત્પન્ન કર્યા છે. તેમાં આત્મા સાત્વિક છે. દેહ રાજસ છે અને છાયા તામસી છે. પરંતુ છાયામાં ભગવાન જ રહેલા છે માટે તે અવિદ્યાને ઉત્પન્ન કરી શકયા છે.

અવિદ્યાના પાંચ પર્વ છે. તામિસ્ર, અન્ધતામિસ્ર, તમ, મોહ અને મહાતમ એવી સંજ્ઞા છે. આ પાંચ પર્વો મળીને અવિદ્યા બને છે. છાયામાંથી અવિદ્યા ઉત્પન્ન થઈ અને એને પાંચ પર્વ દ્વારા પાંચ કર્મ કર્યાં.

૧ ભગવાનથી વિમુખ હોઈએ ત્યારે મહાભોગની ઇચ્છા થવી તે તામિસ્ર છે.
૨ ભોગની ઇચ્છા અંધતામિસ્ર
૩ તમ એટલે અજ્ઞાન.
૪ મોહ એટલે પુત્રાદિનો હું જ આધાર છું એવો ભાવ.
૫ મહાતમ એટલે દેહનો અહંકાર-આ પાંચ પ્રકારની અવિદ્યાને જન્મ આપ્યો. ૧૮

આ શ્લોકમાં બ્રહ્માજી છાયાની ઉત્પત્તિ કરનારા દેહનો ત્યાગ કરે છે—

विससर्जात्मनः कायं नाभिनन्दंस्तमोमयम् ॥
जगृहुर्यक्षरक्षांसि रात्रिं क्षुत्तृट्समुद्भवाम् ॥१९॥

અન્વયાર્થ—**आत्मनः**-પોતાના, **तमोमयम्**-તમોગુણ ભર્યા, **कायम्**-દેહને, **नाभिनन्दन्**-આદર ન આપ્યો અને, **विससर्ज**-એ દેહનો ત્યાગ કર્યો ત્યારે, **क्षुध्-तृड्-समुद्भवाम्**-ક્ષુધા અને તૃષાને ઉત્પન્ન કરનાર, **रात्रिम्**-રાત્રી નામના તે દેહને, **यक्ष-रक्षांसि**-યક્ષો અને રાક્ષસોએ, **जगृहुः**-સ્વીકાર્યો. ૧૯

અનુવાદ—પોતાના તમોગુણ ભર્યા તે દેહને બ્રહ્માજીએ આદર ન આપ્યો પરંતુ તેનો ત્યાગ કર્યો ત્યારે ક્ષુધા અને તૃષાને પેદા કરનારા તે રાત્રી નામના દેહને યક્ષ અને રાક્ષસોએ સ્વીકાર્યો ૧૯

તત્ત્વસુધા—"विससर्ज आत्मनः कायम्" બ્રહ્માજીને લાગ્યુ કે આ તમોમય કાયા ભગવાનથી વિમુખ કરાવશે માટે હું એનો ત્યાગ કરું. આ સમજ યથાર્થ હતી તેથી જ બ્રહ્માએ તે કાયાનો ત્યાગ કર્યો. આ કાયા તમોમય એટલે અંધકારસ્વરૂપ હતી. ભૂખ અને તરસને ઉત્પન્ન કરનારી હતી. યક્ષ-રાક્ષસોએ તે તમોમય કાયાને રાત્રી તરીકે સમજી ને સ્વીકારી, આ યક્ષો અને રાક્ષસો પ્રથમ કલ્પમાં જ બ્રહ્માજીએ ઉત્પન્ન કર્યા છે. દેવોની આઠ પ્રકારની સૃષ્ટિમાં યક્ષો અને રાક્ષસોનો સમાવેશ છે.

બીજો એવો પણ એક મત છે કે પંચપર્વાત્મિકા જે અવિદ્યા છે તેની આ દેવતાઓ છે તે પંચપર્વાત્મિકા અવિદ્યા પોતાની દેવતાઓની સાથે જ ઉત્પન્ન થયેલ છે તેથી યક્ષો અને રાક્ષસોની અહીં જ ઉત્પત્તિ થઈ છે. ૧૯

આ શ્લોકમાં ક્ષુધા અને તૃષાની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવે છે—

क्षुत्तृड्भ्यामुपसृष्टास्ते तं जग्धुमभिदुद्रुवुः ॥
मा रक्षतैनं जक्षध्वमित्यूचुः क्षुत्तृडर्दिताः ॥२०॥

અન્વયાર્થ—**क्षुध्-तृड्भ्याम्**-ક્ષુધા અને તૃષાથી, **उपसृष्टाः**-પરવશ બનેલા, **ते**-યક્ષ અને રાક્ષસો, **तम्**-બ્રહ્માજીને, **जग्धुम्**-ખાવા માટે, **अभिदुद्रुवुः** દોડી ગયા. **क्षुध्-तृड्-अर्दिताः**-ક્ષુધા અને તૃષાથી હેરાન થએલા, **एनम्**-આમનું, **मा रक्षत**-રક્ષણ ન કરો પરંતુ, **जक्षध्वम्**-ખાય જાવ, **इति ऊचुः**-એવું બોલ્યા. ૨૦

અનુવાદ—ક્ષુધા અને તૃષાથી પરવશ બનેલા તે યક્ષો અને રાક્ષસો બ્રહ્માજીને ખાવા માટે દોડી ગયા અને ભૂખ-તરસથી અકળાએલા બોલ્યા કે આમનું રક્ષણ ન કરો પરંતુ ખાઈ જાવ. ૨૦

તત્ત્વસુધા - क्षुत्तृड्भ्यामुपसृष्टाः-વ્યાસ મહર્ષિ એક નિર્દેશ કરે છે કે આ સૃષ્ટિ વર્ણવે છે તેના પહેલા કલ્પમાં ભૂખ-તરસની ઉત્પત્તિ ન હતી એમ સ્વીકારીએ તો પણ તેમના દેવતાઓના અધિષ્ઠાનવાળાં ભૂખ-તરસ ન હતાં, તેથી સહન કરી શકાય તેવાં ક્ષુધા-તૃષા હતાં. હવે તો ક્ષુધા અને તૃષાના સંગમવાળા યક્ષ રાક્ષસો દેવોને જ ખાવા દોડયા. આ પ્રસંગે બ્રહ્માએ કહ્યું આમનું રક્ષણ ન કરો. આમને ખાઈ જાવ આવું બોલ્યા તેમની રાક્ષસો અને યક્ષો એવી સંજ્ઞા થઈ તે યક્ષ રાક્ષસો બ્રહ્માને જ ખાવા દોડયા. પછી શું થયુ એનો ઉત્તર પછીના શ્લોકથી મળશે. ૨૦

S.B.
3-28

બ્રહ્માજી યક્ષો અને રાક્ષસોને પ્રજા તરીકે સ્વીકારે છે—

देवस्तानाह संविग्नो मा मां जक्षत रक्षत ॥
अहो मे यक्षरक्षांसि प्रजा यूयं बभूविथ ॥२१॥

અન્વયાર્થ—**संविग्नः**–દુઃખી થએલા, **देवः**–બ્રહ્માજી, **तान् आह**–તેમને કહેવા લાગ્યા કે, **मां मा जक्षत**–મને ખાઈ ન જાવ પરંતુ, **रक्षत**–રક્ષણ કરો, **अहो**–અહો, **यक्ष–रक्षांसि**–હે યક્ષો અને રાક્ષસો, **यूयम्**–તમે સર્વ, **मे**–મારાં, **प्रजाः**–સંતતિ–સંતાનો, **बभूविथ**–થયાં છો. ૨૧

અનુવાદ—દુઃખી થએલા બ્રહ્માજી તેમને કહેવા લાગ્યા કે તમે મને ખાઈ ન જાવ પરંતુ મારું રક્ષણ કરો; કારણ કે હે યક્ષો અને રાક્ષસો તમે મારી સંતતિ બન્યા છો. ૨૧

તત્ત્વસુધા—देवस्तान् आह संविग्नः–બ્રહ્માજી યક્ષો કે રાક્ષસોથી જરાપણ ભય નથી પામ્યા. કેવલ યક્ષો અને રાક્ષસોની રચના ભગવાનની ઇચ્છાથી કરી છે. તેઓની તામસ ઉત્પત્તિ છે. તે પણ લીલામાં ઉપયોગી છે. જે બ્રહ્માજીએ જે દેહથી તામસોની રચના કરી છે તે દેહનો ત્યાગ કરે તો ભગવાનની અવગણના કરી ગણાય. તે અવગણનાનું દુઃખ થયું તેથી બ્રહ્માજી તામસોથી બચવા માટે તેમને દીનતાથી વિનવે છે કે मा मां जक्षत, रक्षत–મને ન ખાશો, મારી રક્ષા કરો: તમે યક્ષો અને રાક્ષસો મારી સંતતિ છો. યક્ષો અને રાક્ષસોની સંજ્ઞા કેમ પડી? એનો પણ ઉકેલ આ જ શ્લોકમાં છે. આ તામસ સૃષ્ટિને બ્રહ્માજીએ વિનવેલું મને બચાવો, ન મારો ત્યારે તેમાંથી કેટલાક બોલેલા કે मा रक्षत–રક્ષણ ન કરશો તેથી તેઓ રાક્ષસ નામથી ઓળખાયા, જ્યારે કેટલાક બોલ્યા કે यक्षध्वम् ખાઈ જાઓ, તેથી તેઓ યક્ષોના નામથી ઓળખાયા. ૨૧

આ શ્લોકમાં સાત્વિક સૃષ્ટિનો ઉલ્લેખ છે—

देवताः प्रभया या या दीव्यन् प्रमुखतोऽसृजत् ॥
तेऽहारिषुर्[1]देवयन्तो विसृष्टां तां प्रभामहः ॥२२॥

અન્વયાર્થ—**याः याः**–જે જે, **देवताः**–દેવતાઓ, **प्रमुखतः**–સન્મુખ, **अदीव्यन्**–ક્રીડા કરે છે, **प्रभया**–તેમને પ્રભાથી, **असृजत्**–બ્રહ્માજીએ રચ્યા. **विसृष्टाम्**–ત્યજી દીધેલ, **ताम्**–તે, **प्रभाम्–अहः**–પ્રભાસ્વરૂપ દિવસને, **देवयन्तः**–ક્રીડા કરતા, **ते**–તે દેવતાઓએ, **अहारिषु**–સ્વીકાર્યો.

અનુવાદ—જે જે દેવતાઓ સન્મુખ ક્રીડા કરે છે તેમને બ્રહ્માજીએ પ્રભામાંથી રચ્યા. ત્યજી દીધેલ તે પ્રભાસ્વરૂપ દિવસને ક્રીડા કરતા તે દેવોએ તે દેહને સ્વીકાર્યો. ૨૨

તત્ત્વસુધા—देवताः प्रभया या या दीव्यन्–આ શ્લોકમાં अदीव्यन् ક્રિયાપદની થોડી ગુંચ છે કારણ કે याः याः अदीव्यन् એવો પાઠ ઘટે છે. याः ના વિસર્ગનો લોપ પછી થયા પછી या–ના आ સ્વર સાથે अदीव्यन् ના अ નો દીર્ઘ કેમ થાય, તેથી दीव्यन् એવો પાઠ જ રાખીએ અને અર્થ કરીએ કે प्रभया दीव्यन् પ્રભાથી પ્રભા નામથી કાયાથી પ્રકાશતા બ્રહ્માજીએ જે જે દેવતાઓની સૃષ્ટિ કરી તે તે દેવોએ તે પ્રભા નામની કાયાને દિવસ તરીકે સ્વીકારી પરંતુ આમ કરતાં આખા શ્લોકનો અર્થ બદલાઈ જાય છે શ્લોકનું તાત્પર્ય છે કે प्रमुखतः या या अदीव्यन्–જે ઉપાસકો છે તેમની સન્મુખ સૂર્યાદિરૂપે જે જે દેવતાઓ ક્રીડા કરે છે તે તે દેવતાઓને બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલ છે. આ પ્રકારના અર્થમાં अदीव्यन् ક્રિયાપદની આવશ્યકતા રહે છે.

દીપકની, મણિની કે સૂર્યની જેમ એક સ્વતંત્ર પ્રભા હોય છે તેમ બ્રહ્માજીની પણ એવી જ સ્વતંત્ર કાન્તિ છે. એ પ્રભાથી બ્રહ્માજીએ ઉપાસક સામે ક્રીડા કરતી સૂર્યાદિરૂપ ઉપાસ્ય દેવતાઓને જન્મ આપ્યો. ત્યારબાદ પ્રભા નામની કાયાનો ત્યાગ કર્યો. અને દેવોએ તેનો દિવસ તરીકે સ્વીકાર કર્યો. ૨૨

---

[1] ते अहापुर्देवयन्तो इति प्रा. पा.

રજોગુણથી રચેલી સૃષ્ટિનું વર્ણન આ શ્લોકમાં કરે છે—

देवोऽदेवाञ्जघनतः सृजति स्मातिलोलुपान् ॥
त एनं लोलुपतया मैथुनायाभिपेदिरे ॥२३॥

અન્વયાર્થ—**देवः**-દેવે, **जघनतः**-જઘનમાંથી, **अतिलोलुपान्**-અત્યંત કામી **अदेवान्**-દૈત્યોને, **सृजति स्म** ઉત્પન્ન કર્યા. **ते**-તેઓ, **लोलुपतया**-કામલંપટ હોવાથી, **एनम्**-બ્રહ્માજી તરફ, **मैथुनाय**-સુખભોગ માટે, **अभिपेदिरे**-દોડયા. ૨૩

અનુવાદ—બ્રહ્માજીએ જઘનમાંથી અત્યંત કામાસક્ત દૈત્યોને ઉત્પન્ન કર્યા. તેઓ કામલંપટપણાને લીધે બ્રહ્માજી તરફ કામલાલસાથી દોડયા. ૨૩

તત્ત્વસુધા—**देवो अदेवान्**-બ્રહ્માજીએ જઘન ભાગમાંથી અતિવિલાસી દૈત્યોને જન્મ આપ્યો.(જઘન શબ્દનો અર્થ ગુહ્યસ્થાન, કટિભાગ અથવા કટિભાગથી ઢીચણ સુધીનો ભાગ એવા ત્રણ અર્થ થાય છે. આ ત્રણે અર્થો સુસંગત છે. દૈત્યો વિવેકશૂન્ય બન્યા અને બ્રહ્માજીના તરફ વિષયલાલસાથી દોડયા. ક્રોધીને દયા નથી, કામીને લાજ નથી, ચિંતામગ્નને નિદ્રા નથી એ સ્વાભાવિક દોષ છે. ૨૩

દૈત્યો જ્યારે બ્રહ્માજી તરફ વિષયવાસના માટે દોડયા ત્યારે બ્રહ્માજી નાસવા લાગ્યા—

ततो हसन् स भगवानसुरैर्निरपत्रपैः ॥
अन्वीयमानस्तरसा क्रुद्धो भीतः परापतत् ॥२४॥

અન્વયાર્થ—**ततः**-ત્યાર પછી, **हसन्**-હસતા, **स भगवान्**-તે ભગવાન બ્રહ્માજી, **निरपत्रपैः**-નિર્લજ્જ, **असुरैः**-દૈત્યોથી, **तरसा**-ઝડપથી, **अन्वीयमानः**-પૂંઠ પકડાતા, **क्रुद्धः**-ક્રોધે ભરેલા, **भीतः**-ભયભીત થઈ દોડયા. ૨૪

અનુવાદ—ત્યાર પછી હસતા તે બ્રહ્માજી, પોતાની પાછળ પડતા નિર્લજ્જ અસુરોને દેખી, ક્રોધે ભરેલા ભયભીત બની દોડી ગયા. ૨૪

તત્ત્વસુધા—ततो हसन्—દૈત્યોની વાસનાવૃત્તિથી તેમની વિવેકહીનતા ઉપર બ્રહ્માજીને હસવું આવ્યું. પણ બ્રહ્માજી स भगवान् ભગવાનની સાથે હતા તેથી તેમને વિષયે ન સતાવ્યા. બ્રહ્માજીએ ઉપેક્ષા કરી છતાં દૈત્યો પાછળ જ પડયા એટલે બ્રહ્માજીએ ક્રુદ્ધ-ક્રોધ કર્યો, છતાં તેઓ પાછા ન જ વળ્યા ત્યારે परापतत् ત્યાંથી દૂર ચાલ્યા ગયા. ૨૪

બ્રહ્માજી વૈકુંઠમાં હરિશરણે જાય છે તે વસ્તુ વર્ણવે છે—

स उपव्रज्य वरदं प्रपन्नार्तिहरं हरिम् ॥
अनुग्रहाय भक्तानामनुरूपात्मदर्शनम् ॥२५॥
पाहि मां परमात्मंस्ते प्रेरणेनासृजं प्रजाम् ॥
ता इमा यभितुं पापा उपाक्रमति मां प्रभो ॥२६॥

અન્વયાર્થ—**सः**-તે બ્રહ્માજી, **वरदम्**-વરદાન આપનારા, **प्रपन्न=आर्तिहरम्**-શરણાગતની પીડાને દૂર કરનારા, **भक्तानाम्**-ભક્તોના ઉપર, **अनुग्रहाय**-અનુગ્રહ-કૃપા કરવા, **अनुरूपं-आत्म-दर्शनम्**-ભક્તોને અનુકૂલ સ્વરૂપનું દર્શન દેનારા, **हरिम्**-શ્રીહરિ પાસે, **उपव्रज्य**-જઈને બોલ્યા કે, **परमात्मन्**-હે પરમાત્મા!

मां पाहि-મારી રક્ષા કરો, **ते**-આપની, **प्रेरणेन**-આજ્ઞાથી, **प्रजाम्**-પ્રજાને **असृजम्**-સરજી છે. **इमाः ताः**-આ તે, **पापाः**-પાપી પ્રજાઓ, **प्रभो**-હે પ્રભુ ! **यभितुं**-વિલાસભોગ માટે, **माम्**-મારા તરફ, **उपक्रमति** આવી રહેલ છે. ૨૫,૨૬

અનુવાદ—તે બ્રહ્માજી વરદાન આપનારા, શરણાગતની પીડાને દૂર કરનારા, ભક્તો ઉપર કૃપા કરવા ભક્તોને મનભાવતા સ્વરૂપનું દર્શન દેનારા, શ્રીહરિ પાસે દોડી જઈ બોલ્યા કે પરમાત્મન્ આપ મારી રક્ષા કરો. મેં આપની આજ્ઞાથી પ્રજાને ઉત્પન્ન કરી છે આ તે પાપી પ્રજાઓ હે પ્રભુ વિલાસભોગ માટે મારા ઉપર આવી રહેલ છે. ૨૫, ૨૬

તત્ત્વસુધા—“ स उपव्रज्य वरदं ”-બ્રહ્માજી વૈકુંઠલોકમાં પધાર્યા. તેમને ભગવાનને નિવેદન કરવું હતું કે આપની આજ્ઞાથી જ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. આપ જ ભક્તો ઉપર અનુગ્રહ કરનારા છો. આપની દયાની એક જ વિશેષતા છે કે अनुरूपात्मदर्शनम्-ભક્તોના રૂપને અનુરૂપ સ્વરૂપ સ્વીકારીને આપ દર્શન આપો છો, તો આપ દયાનિધિ છો. આ પાપી દૈત્યો મારા ઉપર આક્રમણ કરે છે તો મને બચાવો. ૨૫, ૨૬

પુનઃ આ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરે છે—

त्वमेकः किल लोकानां क्लिष्टानां क्लेशनाशनः ॥
त्वमेकः क्लेशदस्तेषामनासन्नपदां तव ॥२७॥

અન્વયાર્થ— **त्वम्**-આપ, **एकः**-એકલા જ, **किल**-સાચે જ, **क्लिष्टानाम्**-દુખિયારા, **लोकानाम्**-લોકોના, **क्लेश-नाशनः**-દુઃખને દૂર કરનારા છો, **त्वम्-एकः**-આપ એકલા જ, **तव अनासन्न-पदाम्**-આપના ચરણને શરણે ન આવનારા, **तेषाम्**-તે ભક્તજનોને, **क्लेशदः**-કલેશને આપનારા છો. ૨૭

અનુવાદ— આપ એકલા જ સાચે દુઃખિયારા જીવોના દુઃખને હરનારા છો. તેમજ આપ એકલા આપના ચરણે શરણે ન આવનારા ભક્તજનોને કલેશ દેનારા છો. ૨૭

તત્ત્વસુધા— त्वमेकः किल लोकानां—આપ એક જ ક્લિષ્ટ લોકોના કલેશને દૂર કરનાર છો. “ અશરણ્યને શરણે ન આવેલાઓને આપ કલેશ આપો છો.’— કદાચ એમ લાગશે કે ભગવાન દુઃખ આપે ખરા ? એનું સમાધાન છે કે ભગવાન જે દુઃખ આપે છે તે વૈરી કે દુશ્મનની રીતિએ કષ્ટ નથી આપતા. પરંતુ જ્યારે મોહાંધ હરિશરણ નથી લેતો અને દુઃખી થાય છે ત્યારે તેને દુઃખી કરવા અને શરણ લેવા દુઃખનો દવારૂપે ઉપયોગ કરે છે. ૨૭

ભગવાન બ્રહ્માજીને માર્ગદર્શન આ શ્લોકથી આપે છે—

सोऽवधार्यास्य कार्पण्यं विविक्ताध्यात्मदर्शनः ॥
विमुञ्चात्मतनुं घोरामित्युक्तो विमुमोच ह ॥२८॥

અન્વયાર્થ—**विविक्त-अध्यात्म-दर्शनः**-વિવેકપૂર્વક બ્રહ્માજીના દેહમાં રહેલા પદાર્થોનું, દર્શન કરનારા, **सः**-તે ભગવાનને, **अस्य**-બ્રહ્માજીની, **कार्पण्यम्**-દીનતાને, **अवधार्य**-નિહાળીને કહ્યું કે, **घोराम्**-ઘોર એવી, **आत्मतनुम्**-પોતાની કાયાને, **विमुञ्च**-ત્યજી દો, **इति-उक्तः**-એ પ્રમાણે કહેલા બ્રહ્માજીએ, **ह**-ચોક્કસ જ, **विमुमोच**-તે કાયાનો ત્યાગ કર્યો. ૨૮

અનુવાદ—બ્રહ્માજીના દેહમાં રહેલા સર્વ પદાર્થોનું વિવેકપૂર્વક દર્શન કરનારા ભગવાને બ્રહ્માજીની દીનતા નિહાળીને કહ્યું કે “ આ તમારો ઘોર કાયાનો ત્યાગ કરો.” એટલે બ્રહ્માજીએ ખરેખર તે દેહનો ત્યાગ કર્યો. ૨૮

તત્ત્વસુધા— સોઽવધાર્ય-ભગવાને બ્રહ્માજીનાં વચનનો વિવેકદૃષ્ટિથી વિચાર કર્યો. **विविक्त-अध्यात्म-दर्शनः**-આ પ્રથમા વિભક્તિનું પદ છે તે બ્રહ્માજીનું અને ભગવાનનું ઉભયનું વિશેષણ બને છે. જ્યારે તે ભગવાનનું વિશેષણ બને ત્યારે— विविक्त-ઘણીસારી રીતે બીજાથી છૂટા કરેલા, अध्यात्म-બ્રહ્માજીના દેહમાં રહેલા સર્વ પદાર્થોના, दर्शनः-જ્ઞાનવાળા ભગવાને બ્રહ્માજીને સૂચના કરી કે આપનામાં રહેલ આ દૈત્યોને ઉત્પન્ન કરનાર જે દેહ છે તે દેહનો ત્યાગ કરો. તે દેહ તો આપના આ દિવ્ય દેહથી ભિન્ન છે. બ્રહ્માજીએ વિના વિલંબે તે પ્રમાણે કર્યું. તે ઘોર કાયા હતી તેથી તેને ત્યજી દીધી. ૨૮

હવે આઠ શ્લોકોથી અસુરો સંધ્યાનું વર્ણન કરે છે—

तां क्वणच्चरणाम्भोजां मदविह्वललोचनाम् ॥
काञ्ची–कलाप–विलसद्–दुकूलच्छन्नरोधसम् ॥२९॥

अन्योन्य–श्लेषणोत्तुङ्ग–निरन्तरपयोधराम् ॥
सुनासां सुद्विजां स्निग्धहासलीलावलोकनाम् ॥३०॥

गूहन्तीं व्रीडयाऽऽत्मानं नीलालकवरूथिनीम् ॥
उपलभ्यासुरा धर्म सर्वे संमुमुहुः स्त्रियम् ॥३१॥

અન્વયાર્થ—धर्म !-હે ધર્મ, **क्वणत्-चरण-अम्भोजाम्**-ઝંકાર કરતા ચરણકમલવાળાં, **मद-विह्वल-लोचनाम्**-મદથી-વિહ્વળ નેત્રવાળાં, **काञ्ची-कलाप-विलसद्-दुकूल-च्छन्न-रोधसम्**-કંદોરાની સેરથી શોભતી રેશમી સાડીથી કટિપ્રદેશનું આવરણ કરતાં, **अन्योन्य-श्लेषण-उत्तुङ्ग-निरन्तर-पयोधराम्**-એકબીજાને ભેટતા, ઉન્નત અને મધ્યમાં અન્તર વગરના સ્તનોવાળાં, **सुनासाम्**-સુંદર નાસિકાવાળાં, **सुद्विजाम्**-સુંદર દાંતવાળાં, **स्निग्ध-हास-लीला-अवलोकनाम्**-સ્નેહાળ હાસ્યભર્યા લીલાપૂર્વકનું અવલોકન કરતાં, **व्रीडया**-લજ્જાથી, **आत्मानम्**-પોતાને, **गूहन्तीम्**-છુપાવતાં, **नील-अलक-वरूथिनीम्**-નીલવર્ણી અલકાવલીથી, **स्त्रियम्**-સુકુમારી સ્ત્રીને, **उपलभ्य**-નિહાળીને, **सर्वे**-બધા જ, **असुराः**-અસુરો, **संमुमुहुः**-સંપૂર્ણ મોહ પામ્યા. ૨૯-૩૧

અનુવાદ—હે ધર્મ, ઝણુકાર કરતા ચરણકમળવાળાં, મદથી ઘેલાં નેત્રવાળાં, કંદોરાની સેરથી શોભતી રેશમી સાડીથી કટીભાગને ઢાંકતાં, એકબીજાને ભેટતા ઉન્નત તેમજ વચમાં અન્તર વિનાના વક્ષઃસ્થળવાળાં, સ્નેહાળ હાસ્ય ભર્યા લીલાપૂર્વકના નિરીક્ષણવાળાં, સુંદર નાસિકાવાળાં, સુડોળ દાંતવાળાં, સ્નેહાળ હાસ્યવાળાં અને લીલાપૂર્વક સર્વત્ર નિહાળતાં, વળી શરીરથી પોતાના શરીરને સાડીમાં સંતાડતાં, શ્યામવર્ણી અલક લટવાળાં તે સુકુમારી નારીને નિહાળીને સઘળા અસુરો સંપૂર્ણ મોહ પામ્યા. ૨૯-૩૧

તત્ત્વસુધા—तां क्वणच्चरणाम्भोजाम्-જેમ સંધ્યાકાળ છે તેવી જ રીતે સાયંકાળની દેવતાનું નામ પણ સંધ્યા જ છે. આ વર્ણન સંધ્યાકાળનું નથી પણ સાયંકાળની સંધ્યા દેવતાનું છે. દૈત્યોએ ચરણ-મુખનું પ્રથમ દર્શન કર્યું તેથી પ્રથમ વર્ણન ચરણ અને મુખનું કર્યું.

સંધ્યાકાળના સમયને પણ કલ્પનાશીલ કવિઓ, વિરહીઓ અને કામુકો સ્ત્રીના સ્વરૂપમાં વર્ણવે છે. તેઓ તેમની કલ્પના અનુસાર સાયંકાલે ચીં ચીં શબ્દ કરતાં માળામાં આવતા ચલ્લાંઓને ઝંકાર કરતાં નૂપુર સ્વરૂપે સમજે છે. અને આભદેશમાં ઉદ્ભવેલા મેઘના નાના નાના ખંડોને ચરણ અને નિતમ્બ સ્વરૂપે વર્ણવે છે. સંધ્યાની લાલિમાને લાલ શાટિકા સ્વરૂપે નિહાળે છે. અવારનવાર થતી વિદ્યુલ્લેખાઓને હાસ્ય અને અવ-

લોકન સ્વરૂપે માને છે. ચન્દ્ર અને સૂર્ય એ નયન છે. શુક પક્ષીઓ સંધ્યાની નાસિકા છે. પક્ષીઓને દાંતના સ્વરૂપે દ્વિજ હોવાથી ગણ્યા છે.

૨૯ અને ૩૦ એ બે શ્લોકોમાં સંધ્યાના સ્વરૂપનું વર્ણન કરી ૩૧ મા શ્લોકમાં સંધ્યાના સ્વભાવનું વર્ણન કર્યું છે. લજ્જા સ્ત્રીઓને શૃંગાર અને અલંકાર છે. સંધ્યાદેવી વારંવાર પોતાના વસ્ત્રને સરખું કરે છે. આવી સંધ્યાને જોઈને યોગીઓ ધ્યાન કરે છે. ભક્તો ભજન કરે છે. જ્યાર વિલાસી મોહાતુર બને છે. ૨૯–૩૧

દૈત્યો અતિશય મોહવશ બની વર્ણવે છે—

अहो रूपमहो धैर्यमहो अस्या नवं वयः ॥
मध्ये कामयमानानामकामेव विसर्पति ॥३२॥

અન્વયાર્થ—अहो-અહો, **अस्याः रूपम्**-આ નારીનું સ્વરૂપ, **अहो**-અહો આની, **धैर्यम्**-ધીરજ, **अहो नवं वयः**-અહો આની ઊગતી યુવાની, **कामयमानानाम्**-એની કામના કરનારાઓની, **मध्ये**-મધ્યમાં, **अकामा इव**-નિષ્કામ હોય તેમ, **विसर्पति**-વિચરે છે. ૩૨

અનુવાદ—અહો નારીનું સ્વરૂપ, અહો આ સ્ત્રીની ધીરજ, અહો આ સ્ત્રીની ઊગતી યુવાની, જુઓ તો ખરા. એને ચાહનારાઓની વચમાં એ તો નિષ્કામ હોય તેમ વિચરે છે. ૩૨

તત્ત્વસુધા- अहो रूपम्-ત્રણ વસ્તુ ધ્યાન ખેંચનારી આ શ્લોકમાં વર્ણવી છે. अहो रूपम् એક તો આનું રૂપ તો જુઓ કેવું અભિનવ સુંદર છે. આની ધીરજ જુઓ કેવી દિવ્ય છે. વળી વય કેવું લોકોત્તર છે. આ વર્ણનથી સંધ્યાદેવીની દિવ્યતાનાં ગાન કર્યાં છે. ૩૨

वितर्कयन्तो बहुधा तां संध्यां प्रमदाकृतिम् ॥
अभिसम्भाव्य विश्रम्भात्पर्यपृच्छन् कुमेधसः ॥३३॥

અન્વયાર્થ—प्रमदा-आकृतिम्-સ્ત્રીની આકૃતિવાળી, **तां-संध्याम्**-તે સંધ્યાને અનુલક્ષી, **बहुधा**-વિવિધ પ્રકારે, **वितर्कयन्तः**-વિતર્ક કરતા. **कु-मेधसः**-કુબુદ્ધિવાળા, **विश्रम्भात्**-વિશ્વાસથી, **अभि-सम्भाव्य**-અતિશય આદર આપી, **पर्यपृच्छन्**-પૂછવા લાગ્યા. ૩૩

અનુવાદ—સ્ત્રીની આકૃતિવાળી તે સંધ્યાને અનુલક્ષી વિવિધ પ્રકારે વિતર્ક કરતા કુબુદ્ધિવાળા અસુરો તેને વિશ્વાસથી આદર પેદા કરી પૂછવા લાગ્યા. ૩૩

તત્ત્વસુધા—पर्यपृच्छन् कुमेधसः—દૈત્યોને માટે મહર્ષિ વ્યાસ “કુમેધસ” કુમતિ એવો શબ્દ વાપરી એમની ક્ષુલ્લક મતિનું સૂચન કરે છે. તેઓ જાણે છે કે આ દેવતા છે તેથી, તે પૂજ્ય છે ભોગ કરવા યોગ્ય નથી. છતાં પણ એ સાત્ત્વિક વૃત્તિ એમનામાં જાગૃત નથી થતી તેઓ કામુક બન્યા છે. તે विश्रम्भात् વિશ્વાસ ઉત્પન્ન થવાથી એવા પદથી પૂરવાર કરે છે. કામી સર્વત્ર પોતાનું સમજે છે અને આંધળો વિશ્વાસ બધામાં જ મૂકે છે. ૩૩

હવે પ્રશ્નાવલી શરૂ કરે છે—

कासि कस्यासि रम्भोरु को वार्थस्तेऽत्र भामिनि ॥
रूपद्रविणपण्येन दुर्भगान्नो विबाधसे ॥३४॥

અન્વયાર્થ—रम्भोरु-હે સુન્દરિ ! **का-असि**-તમે કોણ છો ? **कस्य असि**-કોની પુત્રી છો ? **भामिनि**-હે ભામિની ! **अत्र ते कः वा अर्थः**-આ સ્થાને આવવાનું તમારું શું પ્રયોજન છે ? **रूप-द्रविण-पण्येन**-

અનૂઠા રૂપના અમૂલ્ય દ્રવ્યના સોદાથી, **नः दुर्भगान्**–અમારા જેવા દરિદ્ર-દુર્ભાગીઓને તું, **विबाधसे**–તલસાવે છે. ૩૪

અનુવાદ—હે સુન્દરિ ! તમે કોણ છો ? કોની પુત્રી છો ? હે ભામિનિ ! આ સ્થાને આવવાનું તમારું શું પ્રયોજન છે ? તારા અનૂપમ રૂપના અમૂલ્ય દ્રવ્યના સોદાથી અમ દરિદ્રોને તું તલસાવે છે. ૩૪

તત્ત્વસુધા—कासि ? તમારી જાતિ અને કુલ કયું ? कस्यासि ? તમારાં માતા, પિતા, ભ્રાતા વગેરે કોણ છે ? **कोऽर्थस्ते**–અહીંયાં કેમ પધારવું થયું ? આવા પ્રશ્નો શ્રી ભરતજી માટે શ્રી રહૂગણ રાજાએ પૂછ્યા છે ત્યાં ધ્યેય જુદું છે, અહીં ભાવ જુદો છે. ત્યાં ભક્તિ છે, અહીં આસક્તિ છે. ૩૪

વિષયીને વિવેક ક્યાંથી ?

> या वा काचित्त्वमबले दिष्ट्या संदर्शनं तव ।
> उत्सुनोषीक्षमाणानां कन्दुकक्रीडया मनः ॥३५॥

અન્વયાર્થ—**अबले**–હે અબલા ! **त्वम्**–તમે, **या वा काचित्**–ગમે તે હો ! **दिष्ट्या**–સદ્ભાગ્યે, **तव**–તમારું, **संदर्शनम्**–દર્શન થયું. **कन्दुक-क्रीडया**–જે દડા ઉછાળવાની રમતથી, **ईक्षमाणानाम्**–અમારા પ્રેક્ષકોનાં, **मनः**–મનને, **उत्-सुनोषि**–હચમચાવી મૂકે છે. ૩૫

અનુવાદ—હે અબલા ! તમે ગમે તો હો; પણ સદ્ભાગ્યે અમને તમારાં દર્શન થયાં છે. વળી જે દડા ઉછાળવાની રમતથી અમ પ્રેક્ષકોનાં હૈયાંને હચમચાવી મૂકે છે. ૩૫

તત્ત્વસુધા—या वा काचित्—વિષયી વિવેકશૂન્ય હોય છે, લોભી નીતિશૂન્ય હોય છે, ક્રોધી દયાશૂન્ય હોય છે એનું આ વાક્યોથી સૂચન થાય છે. દૈત્યોએ શ્રીસંધ્યાદેવીને કહ્યું કે या वा તમે જે કોઈ હો તેની અમારે શો મતલબ ? અમારે નાત, જાત જાણવાનું કામ પણ નથી. અમે એટલું જ સમજીએ છીએ કે કન્દુક-ક્રીડાથી તમે અમારાં મન છીનવી લો છો. ૩૫

કંઈક અંશમાં સાત્ત્વિક હતા તેઓ સ્તુતિ કરી પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે છે—

> नैकत्र ते जयति शालिनि पादपद्मं घ्नन्त्या मुहुः करतलेन पतत्पतङ्गम् ॥
> मध्यं विषीदति बृहत्स्तनभारभीतं श्रान्तेव[1] दृष्टिरलसा[2] सुशिखासमूहः[3] ॥३६॥

અન્વયાર્થ—**शालिनि**–હે સુંદરિ ! **कर-तलेन**–હથેળીથી, **पतत्-पतङ्गम्**–દડો ઉછાળતાં આડે આવતા ભ્રમરને, **मुहुः**–વારંવાર, **घ्नन्त्याः**–દૂર કરનારી એવી તારાં, **पादपद्मम्**–ચરણકમલ, **न-एकत्र**–સર્વત્ર, **जयति**–વિજયી બને છે. વળી **बृहत्-स्तन-भार-भीतम्**–વિપુલ સ્તનભારથી લચી પડેલ તારો, **मध्यम्**–કટિપ્રદેશને, **विषीदति**–કલેશ થાય છે. અને **अलसा-दृष्टिः**–આલસ્યવાળી તારી દૃષ્ટિ, **श्रान्ता इव**–જાણે થાકેલી લાગે છે, **सु-शिखा-समूहः**–અને તારો કેશપાશ અત્યંત સુંદર લાગે છે. (વસંતતિલકા વૃત્ત) ૩૬

અનુવાદ—હે સુંદરિ ! હથેળીથી દડો ઉછાળતાં આડે આવતા ભ્રમરને વારંવાર દૂર કરનારી એવી તારાં ચરણકમલ સર્વત્ર વિજયી બને છે. વળી વિપુલ સ્તનભારથી લચી પડેલ તારી કેડ કલેશ પામે છે. આલસ્યભરી તારી આંખથી થાક તરી આવે છે. જ્યારે તારો કેશકલાપ અતિ સુંદર છે. ૩૬

---

१ शान्तेव इति प्रा. पाठः । २ रचला इति प्रा. पाठः । रमला इत्यपि पाठः । ३ **सुशिखाः समूहः** इति प्रा. पाठः

તત્ત્વસુધા—શાલિનિ !–દૈત્યોએ સ્તુતિ શરૂ કરી. ક્ષુદ્ર સ્ત્રી પ્રશંસાથી પ્રફુલ્લ બને છે, ભગવતી સંધ્યા-દેવીને પણ સામાન્ય દૃષ્ટિથી દેખનારા દૈત્યો વખાણવા લાગ્યા. **नैकत्र** ते जयति शालिनि–સંધ્યાની સ્તુતિ કરતાં બોલ્યા કે કમલ તો કેવલ જલમાં જ વિજયશીલ બને છે, પણ તારાં ચરણકમલ તો સર્વત્ર વિજયમાં પ્રસિદ્ધ છે.

करतल्लेन पतत्पतङ्गम्–આ વાક્યનો અર્થ થાય છે કે કન્દુકક્રીડા કરતાં આડે આવતી ભ્રમરપંક્તિને તું હાથથી નિવારે છે, જ્યારે અન્ય અર્થ એવો પણ થાય છે કે कर–तल्लेन–કિરણોના અગ્રભાગથી, पतत–पतङ्गम् આથમતા સૂર્યને વિદાય દે છે. સાયંકાલે સંધ્યાનાં કિરણો સૂર્યને નિવારે છે એવું કવિઓ માને છે.

मध्यं विषीदति—સંધ્યા તારો મધ્ય ભાગ પીડાય છે એનો અર્થ એવો થશે કે સંધ્યાનો પૂર્વ ભાગ દિવસે ગળ્યો છે અને ઉત્તર ભાગ રાત્રીએ ગળ્યો છે જેથી નહીં જેવો રહેલ મધ્ય ભાગ એટલે વચલો અલ્પકાલ દિવસ અને રાત્રીની સંધિમાં પીડાય છે. ૩૬

દૈત્યો સંધ્યાને પકડવાની પાગલતા કરે છે—

इति सायंतनीं सन्ध्यामसुराः प्रमदायतीम् ॥
प्रलोभयन्तीं जगृहुर्मत्वा मूढधियः स्त्रियम् ॥३७॥
प्रहस्य भावगम्भीरं [1]जिघ्रन्त्यात्मानमात्मना ॥

અન્વયાર્થ—प्रमदायतीम्–મદભરી રમણીના જેવું આચરણ કરતી અને, **प्रलोभयन्तीम्**–ભલભલાંને લોભાવતી, **सायंतनीं**–સાંજની, **संध्याम्**–સંધ્યાને, **मूढधियः असुराः**–મૂઢ મતિવાળા અસુરો, **स्त्रियम् मत्वा**–સ્ત્રી જાણીને, **जगृहुः**-પકડવા લાગ્યા ત્યારબાદ, **भाव-गम्भीरम्**–ભાવ ભરેલા ગંભીર, **प्रहस्य**–હાસ્યપૂર્વક, **आत्मानन्**–પોતાની જાતને, **आत्मना**-પોતાની મેળે, **जिघ्रन्ति**-સૂંઘવા લાગ્યા. ૩૭

અનુવાદ—મદભરી રમણીના જેવું આચરણ કરતી અને ભલભલાને લોભાવતી તે સાયંકાલની સંધ્યાને જડમતિવાળા અસુરો તેને સ્ત્રી સમજીને પકડવા લાગ્યા. અને જાણે સ્પર્શ-સુખ મળ્યું હોય તેમ આનંદ થાય તેવા ભાવભર્યા હાસ્ય સાથે પોતે પોતાની જાતને સૂંઘવા લાગ્યા. ૩૭

તત્ત્વસુધા—इति सायंतनीं संध्याम्—દૈત્યોની વિવેકહીનતા આ સ્થાને હદ વટાવે છે તે સૂચવ્યું કે સાયંકાલની સંધ્યાને દૈત્યોએ પકડી પરંતુ ક્ષણવારમાં જ હાથમાંથી સરકી જાય છે અને દૈત્યો પોતાનું સ્વાસ્થ્ય વીસરી જઈ પોતાની જ જાતને સૂંઘે છે. વાસ્તવિક રીતે જોતાં નિત્યકર્મ કરનારા દ્વિજો ત્રિકાલ સંધ્યામાં સંધ્યાના સમયે જ જો અર્ઘદાન, જાપ અને ધ્યાન કરે તો તેમને પૂર્ણ ફલ મળે પરંતુ જ્યારે દ્વિજો વિલાસી બને છે ત્યારે તેઓ પ્રમાદી બને છે. અને જોતજોતામાં ઉપાસનાનો સંધ્યાકાલ ઓસરી જાય છે તેથી દ્વિજે સાવધ બની સંધ્યા સમયે જ અર્ઘપ્રદાન કરવું જોઈએ. ૩૭

ઉપરના શ્લોકોમાં ત્રણ પ્રકારની સૃષ્ટિનું વર્ણન કર્યું છે, પુનઃ ત્રણ પ્રકારની સૃષ્ટિને વર્ણવે છે—

कान्त्या ससर्ज भगवान् गन्धर्वाप्सरसां गणान्[2] ॥३८॥
विससर्ज तनुं तां वै ज्योत्स्नां कान्तिमयीं [3]प्रियाम् ॥
त एव आददुः प्रीत्या विश्वावसुपुरोगमाः ॥३९॥

અન્વયાર્થ—भगवान्–ભગવાને, **कान्त्या**–કાંતિથી, **गन्धर्व-अप्सरसाम्**–ગન્ધર્વો અને અપ્સરાઓના, **गणान्**–ગણોને, **ससर्ज**–ઉત્પન્ન કર્યા. ત્યારબાદ, **तां–कान्तिमयीम्**–કાન્તિમયી, **प्रियाम्**–પોતાને પ્રિય એવા,

---

[1] जिघ्रेन्नात्मनः इति प्रा. पाठः । [2] गणम् इति प्रा. पाठः [3] कान्तिमतीं इति प्रा. पाठः ।

ज्योत्स्नाम्-तनुम्-ચન્દ્રિકાસ્વરૂપ કાયાને, **वै-विससर्ज**-છોડી દીધી, **च**-અને, **विश्वावसु-पुरोगमाः**-વિશ્વાવસુ વગેરે જેમાં મુખ્ય હતા, **ते एव**-તેઓએ જ, **प्रीत्या**-પ્રીતિ સાથે, **आददुः**-સ્વીકાર કર્યો. ૩૯

અનુવાદ--બ્રહ્માજીએ કાંતિથી ગન્ધર્વો અને અપ્સરાઓના સમૂહને ઉત્પન્ન કર્યા ત્યાર બાદ તેજોમય અને પોતાને પ્રિય ચન્દ્રિકાસ્વરૂપ તે કાયાને ત્યજી દીધી, ત્યારે વિશ્વાવસુ વગેરે જેમાં મુખ્ય છે તે ગન્ધર્વોએ પ્રીતિપૂર્વક તેનો સ્વીકાર કર્યો. ૩૯

તત્ત્વસુધા—**कान्त्या ससर्ज**-હવે પુનઃ સાત્વિક સૃષ્ટિની રચનાને વર્ણવે છે. શ્લોકમાં ભગવાન્ શબ્દનો પ્રયોગ કરે છે એ એમ સૂચવે છે કે ભગવાને બ્રહ્માજીમાં પુનઃ સૃષ્ટિની રચના માટે પ્રવેશ કરેલો છે. પ્રથમ ભગવાને બ્રહ્માજીમાં ગુણો મૂકેલા તે સમાપ્ત થઈ ગયા લાગે છે તેથી ભગવાન પુનઃપ્રવેશ કરીને સૃષ્ટિની રચના કરે છે. કાન્તિ લાવણ્યનો વાચક શબ્દ છે. ગન્ધર્વ અને અપ્સરોના ગણોને લાવણ્યમાંથી રચ્યા છે. બ્રહ્માજીએ ત્યાર પછી પોતાની કાન્તિ નામની કાયાનો પણ ત્યાગ કર્યો તે કાયાનું નામ ચન્દ્રિકા પડયું. વિશ્વાવસુ વગેરે ગન્ધર્વોએ એ ચન્દ્રિકાનો સ્વીકાર કર્યો. ૩૯

હવે ભગવાન ભૂત-પિશાચોની સૃષ્ટિને રચે છે. આ સૃષ્ટિ સાત્વિક રાજસ છે—

सृष्ट्वा भूतपिशाचांश्च भगवानात्मतन्द्रिणा ॥
दिग्वाससो मुक्तकेशान् वीक्ष्य चामीलयद् दृशौ ॥४०॥

અન્વયાર્થ—**भगवान्**-બ્રહ્માજી, **आत्मतन्द्रिणा**-પોતાના આલસ્યમાંથી, **भूत-पिशाचान्**-ભૂત અને પિશાચોને, **सृष्ट्वा**-ઉત્પન્ન કરીને, તેઓને, **दिग्-वाससः**-દિશારૂપ વસ્ત્રવાળા-દિગંબર, **च**-અને, **मुक्त-केशान्** છૂટા કેશવાળા, **वीक्ष्य**-જોઈને, **दृशौ**-પોતાની બે આંખોને, **अमीलयत्**-બંધ કરતા હતા. ૪૦

અનુવાદ—બ્રહ્માજી, પોતાના આલસ્યમાંથી ભૂતપિશાચોને ઉત્પન્ન કરી, તેઓને દિગંબર અને છૂટા કેશવાળા જોઈ પોતાની બે આંખોને બંધ કરતા હતા. ૪૦

તત્ત્વસુધા—**सृष्ट्वा**-પુનઃ બ્રહ્માજીએ તન્દ્રા અને નિદ્રામાંથી ભૂતો અને પિશાચોને જન્મ આપ્યો. આ બધા ખુલ્લા કેશવાળા તેમજ વસ્ત્રવિનાના હતા. તેમને જોઈ બ્રહ્માજીએ નેત્રો બંધ કર્યાં. તે સમયે ઉન્માદનો સમૂહ ઉત્પન્ન થયો. નેત્રોને બંધ કરવાની પણ એક અવસ્થા છે. તે અવસ્થા નિદ્રા અને તન્દ્રાથી સ્વતંત્ર છે. ૪૦

હવે ઉન્માદની ઉત્પત્તિની પણ સ્પષ્ટતા કરે છે—

जगृहुस्तद्विसृष्टां तां जृम्भणाख्यां तनुं प्रभोः ॥
निद्रामिन्द्रियविक्लेदो यया भूतेषु दृश्यते ॥
येनोच्छिष्टान्धर्षयन्ति तमुन्मादं प्रचक्षते ॥४१॥

અન્વયાર્થ—**तद्-विसृष्टाम्**-તે ત્યજી દીધેલ, **प्रभोः**-પ્રભુની, **तां जृम्भणा-आख्याम्**-તે જૃંભણ-બગાસાં રૂપ. **तनुम्**-શરીરને, **जगृहुः**-તે ભૂત-પિશાચોએ સ્વીકારી લીધી, **यया**-જેનાથી, **भूतेषु**-પ્રાણીઓમાં, **इन्द्रिय-विक्लेदः**-ઇન્દ્રિયોની શિથિલતા જોવામાં આવે છે. **निद्राम्**-તે નિદ્રાને સ્વીકારી, **तम्**-તે ભૂત-સમૂહને, **उन्मादम्**-ઉન્માદના નામથી, **प्रचक्षते**-ઓળખાવે છે. **येन**-જેનાથા, **उच्छिष्टान्**-**અશુદ્ધ** અવસ્થા-વાળાઓને, **घर्षयन्ति**-આક્રાન્ત કરે છે. ૪૧

અનુવાદ—ભગવાને ત્યજી દીધેલ પ્રભુથી જૃંભા-(બગાસાં ખાનારી) નામની કાયાને ભૂત-પિશાચોએ સ્વીકારી લીધી. વળી જેનાથી પ્રાણીઓમાં ઇન્દ્રિયોની શિથિલતા આવે છે એને

નિદ્રા કહે છે, તે વિધાને જે ભૂતસમૂહે સ્વીકારી તેને ઉન્માદ કહેવામાં આવે છે. જે ઉન્માદથી એઠા-જૂઠા મુખવાળાઓનું આક્રમણ કરે છે. ૪૧

તત્ત્વસુધા—"जगृहुस्तद्विसृष्टाम्" તદ્-વિસૃષ્ટાનો અર્થ છે કે બ્રહ્માજીએ નિદ્રા અને તન્દ્રા નામનાં બે શરીરોને ત્યજી દીધાં. તેમાં પ્રથમ શરીરનું નામ તન્દ્રા એટલે જૃંભા છે. નિદ્રા નામનું બીજું શરીર છે. આ નિદ્રા ઇન્દ્રિયોનો "વિક્લેદ" ઉત્પન્ન કરે છે. વિક્લેદથી ઇન્દ્રિયોનો લય, નાશ અને અશ્રુસ્રાવ ત્રણ કાર્ય થાય છે. આ નિદ્રાને જેઓએ ગ્રહણ કરી તેને ઉન્માદ કહેવામાં આવ્યો. ૪૧

સાધ્યાદિ ગણોની સૃષ્ટિને વર્ણવે છે—

ऊर्जस्वन्तं मन्यमान आत्मानं भगवानजः ॥
साध्यान् गुणान् पितृगणान् परोक्षेणासृजत्प्रभुः ॥४२॥

અન્વયાર્થ—**आत्मानम्**-પોતાને, **ऊर्जस्वन्तम्**-શક્તિસમ્પન્ન, **मन्यमानः**-માનનાર, **प्रभुः भगवान्-अजः**-સમર્થ ભગવાન બ્રહ્માજી, **साध्यान् गणान्**-સાધ્યોના ગણોને, **पितृ-गणान्**-પિતૃઓના ગણોને, **परोक्षेण**-અદૃશ્ય સ્વરૂપે, **असृजत्**-સરજતા હતા. ૪૨

અનુવાદ—પોતાને શક્તિસમ્પન્ન સમજનાર સમર્થ ભગવાન બ્રહ્માજી, સાધ્યોના ગણોને, પિતૃઓના ગણોને અદૃશ્ય સ્વરૂપે સરજતા હતા. ૪૨

તત્ત્વસુધા—ऊर्जस्वन्तम्-આ શબ્દ વેદમાંથી લીધેલ છે. इषे त्वोर्जेत्वा આ વેદનો મંત્ર છે. इषे त्वा ऊर्जे त्वा એમ બોલીને વનસ્પતિની શાખાનો છેદ થાય છે. એમાં इड અને ऊर्जः નામના બે શબ્દો બે પ્રકારની વિશેષ શક્તિને દર્શાવે છે. ઇન્દ્રિયોમાં વિષય ગ્રહણ કરવાનું એક વિશિષ્ટ સામર્થ્ય હોય છે. આ સામર્થ્યનું સમ્પાદન કરાવનારી, આત્મામાં રહેલી અને વિચાર કરવાના કારણરૂપ શક્તિને ऊर्जस् શબ્દથી ઓળખાવે છે. જ્યારે ભૂખ અને તરસને વધારનારી શક્તિને इड् નામથી ઓળખાવે છે. આ બે શક્તિઓ ભગવાનની જ શક્તિઓ છે. પરંતુ ભગવાને કૃપા કરીને તેને જીવમાં અને વનસ્પતિઓમાં મૂકેલી છે. વનસ્પતિઓમાં उदुम्बर એટલે ઉમરાના વૃક્ષમાં તે ખાસ મૂકેલી છે. ઉદુમ્બરની શાખા છેદતાં જ ઉપરનો મંત્ર બોલાય છે. ઋષિઓની આ વેદમંત્રમાંથી કરેલી શોધ Reecsareh છે.

ऊर्वा अन्नाद्यं दधि ऊर्वा उदुम्बरम्-ભોજનના પદાર્થોમાં દહીંને વધુ સ્થાન આપ્યું છે. દહીંમાં પણ એના ઉપરના પાણીમાં "ऊर्जस्" નામની શક્તિ રહેલી છે એમ-વેદોનું સંશોધન કહે છે. આજ શક્તિ ઉદુમ્બરમાં પણ વસેલી છે.

બ્રહ્માજીએ આવા પોતાને ऊर्जस्वान् શક્તિસમ્પન્ન માનીને પોતાની અદૃશ્ય કાયાથી સાધ્યાદિ ગણોને ઉત્પન્ન કર્યા. ૪૨

આ શ્લોકમાં પિતૃઓએ બ્રહ્માજીના ત્યજેલા તે શરીરનો સ્વીકાર કર્યો એ વર્ણવે છે--

तमात्मसर्गं[1] तत्कायं[2] पितरः प्रतिपेदिरे ॥
साध्येभ्यश्च पितृभ्यश्च कवयो यद्वितन्वते ॥४३॥

અન્વયાર્થ— **तम्**-તે, **आत्म-सर्गम्**-પોતાને ઉત્પન્ન કરનાર, **तत्-कायम्**-તેમના શરીરને, **तु**-તો, **पितरः**-પિતૃઓએ, **प्रति-पेदिरे**-ધારણ કર્યું. **यद्**-જેથી, **साध्येभ्यः च**-સાધ્યગણોને અને, **पितृभ्यः**-પિતૃગણોને, **कवयः**-કવિઓ-કર્મનિપુણો, હવ્યકવ્યને **वितन्वते**-અર્પે છે. ૪૩

---

[1] त आत्मसर्गं इति प्रा. पाठः । [2] तं कायं इति प्रा. पाठः ।

અનુવાદ—તે પોતાને ઉત્પન્ન કરનાર તેમના શરીરને તો પિતૃઓએ ધારણ કર્યું. જેથી કર્મકાંડનિપુણકવિઓ સાધ્યગણોને અને પિતૃગણોને હવ્યકવ્ય આપે છે. ૪૩

તત્ત્વસુધા—तम् प्रतिपेदिरे—બ્રહ્માજીએ તે પિતૃઓની અને સાધ્યોની ઉત્પત્તિ કરનારા એ દૃષ્ટ શરીરનો ત્યાગ કર્યો, તેનો પિતૃઓએ અને સાધ્યોએ સ્વીકાર કર્યો. તેથી તેઓ અદૃષ્ટ રહી શકે છે. कवयः—કર્મમાર્ગમાં નિષ્ણાત પુરુષો તે પિતૃઓને અને સાધ્યોને "કવ્ય અને હવ્ય" નામના અન્નને આપે છે. ૪૩

સિદ્ધોની અને વિદ્યાધરોની સૃષ્ટિને રચે છે—

सिद्धान् विद्याधरांश्चैव तिरोधानेन सोऽसृजत् ॥
तेऽभ्योऽददात्तमात्मानमन्तर्धानाख्यमद्भुतम् ॥४४॥

અન્વયાર્થ—**सः**—તે બ્રહ્માએ, **सिद्धान्**—સિદ્ધગણોને, **च-एव**—અને વળી, **विद्याधरान्**—વિદ્યાધરોને, **तिरोधानेन**—અન્તર્હિત રહીને, **असृजत्**—ઉત્પન્ન કર્યા. **तेभ्यः**—તેમને, **अन्तर्धान-आख्यम्**—અન્તર્ધાન નામનું, **अद्भुतम्**—અત્યંત આશ્ચર્ય કરનાર, **आत्मानम्**—શરીરને, **अददात्**—આપ્યું. ૪૪

અનુવાદ—તે બ્રહ્માજીએ સિદ્ધગણોને અને વળી વિદ્યાધરોને અન્તર્ધાન રહીને ઉત્પન્ન કર્યા, અને તેમને અન્તર્ધાન નામનું પોતાનું અત્યંત અદ્ભુત એવું શરીર આપ્યું. ૪૪

તત્ત્વસુધા—सोऽसृजत्-પુનઃ બ્રહ્માજીએ તિરોધાન નામની પોતાની કાયાથી સિદ્ધ અને વિદ્યાધરોને ઉત્પન્ન કર્યા છે. આ અન્તર્ધાન થવાની બ્રહ્માની અલૌકિક સૃષ્ટિ છે.

બ્રહ્માજીએ આ શક્તિથી સિદ્ધોને ઉત્પન્ન કર્યા પરંતુ પ્રથમની માફક એમને આ શરીરનો ત્યાગ ન કર્યો એટલી વિશેષતા આ સૃષ્ટિમાં દર્શાવી. બ્રહ્માજીએ પોતાનું આ અન્તર્ધાન નામનું શરીર સિદ્ધ અને વિદ્યાધરોને આપ્યું છે. ૪૪

હવે ગાયકોની સૃષ્ટિનું વર્ણન કરે છે—

स किन्नरान् किम्पुरुषान् प्रत्यात्म्येनासृजत्प्रभुः ॥
मानयन्नात्मनाऽऽत्मानमात्माभासं विलोकयन् ॥४५॥

અન્વયાર્થ—**सः प्रभुः**—સમર્થ તે બ્રહ્માજીએ, **आत्मना**—પ્રતિબિંબ રૂપથી, **आत्मानम्**—પોતાના બિંબરૂપને, **मानयन्**—બહુ આદર કરતા. **आत्म—आभासम्**—પોતાના પ્રતિબિંબને, **विलोकयन्**—નિહાળતાં, **प्रत्यात्म्येन**—પ્રતિબિંબમાંથી, **किन्नरान्**—કિન્નરોને, **किम्-पुरुषान्**—કિંપુરુષોને, **असृजत्**—ઉત્પન્ન કર્યા. ૪૫

અનુવાદ—સમર્થ તે બ્રહ્માજીએ પ્રતિબિંબ રૂપથી પોતાના બિંબરૂપને બહુ આદર કરતા પોતાના પ્રતિબિંબને નીરખતાં પોતાના પ્રતિબિંબમાંથી કિન્નરોને અને કિંપુરુષોને ઉત્પન્ન કર્યા. ૪૫

તત્ત્વસુધા—प्रत्यात्म्येन असृजन्—બ્રહ્માજી પોતાના પ્રતિબિંબમાંથી કિન્નરને અને કિંપુરુષોને જન્મ આપે છે. આ કિન્નરો અને કિમ્પુરુષો દેવોના ગણ છે. પોતાના પ્રતિબિંબમાંથી ઉત્પન્ન કરવામાં કિન્નરાદિ માટે આદર દર્શાવે છે. ૪૫

કિન્નરો યુગલ સ્વરૂપનો સ્વીકાર કરે છે એ વાતનું વર્ણન આ શ્લોકમાં છે—

ते तु तज्जगृहू रूपं त्यक्तं यत्परमेष्ठिना ॥
मिथुनीभूय गायन्तस्तमेवोषसि कर्मभिः ॥४६॥

અન્વયાર્થ—**ते**-તેઓએ, **तु**-તો, **मिथुनीभूय**-યુગલો બનીને, **उषसि**-બ્રાહ્મ મુહૂર્તમાં, **कर्मभिः**-ગુણ-કર્મોથી, **तमेव**-તે બ્રહ્માજીની, **गायन्तः**-સ્તુતિ કરતાં, **परमेष्ठिना**-બ્રહ્માજીએ, **यद्-रूपम्**-જે રૂપને, **त्यक्तम्**-ત્યજી દીધું, **तत् जगृहुः**-તે જ સ્વરૂપે, **जगृहु**-સ્વીકારી લીધું. ૪૬

અનુવાદ—તેઓએ સ્ત્રી-પુરુષનાં યુગલો બનીને, બ્રાહ્મમુહૂર્તમાં ગુણ અને કર્મોથી બ્રહ્માજીની સ્તુતિ કરતાં બ્રહ્માજીએ જે સ્વરૂપને ત્યજી દીધું હતું તે જ સ્વરૂપ સ્વીકારી લીધું. ૪૬

તત્ત્વસુધા—यत्परमेष्ठिना रूपं त्यक्तम्–બ્રહ્માજીનું નામ પરમેષ્ઠી છે. બ્રહ્માજીએ આ શરીરનો પણ ત્યાગ કર્યો છે. કિન્નરોએ તે શરીરનો સ્વીકાર કર્યો. તેઓ યુગલ સ્વરૂપ બન્યા અને પ્રાતઃકાલમાં બ્રહ્માજીનું જ ગાન કરવા લાગ્યા. ૪૬

ચિંતાના અતિરેકથી થાક લાગે છે અને આખરે શ્રાન્ત બની સૂઈ જાય છે—

देहेन वै भोगवता शयानो बहुचिन्तया ॥
सर्गेऽनुपचिते क्रोधादुत्ससर्ज ह तद्वपुः ॥४७॥

અન્વયાર્થ—**सर्गे**-સૃષ્ટિ. **अनुपचिते**-ન વધતાં, **बहु-चिन्तया**-ખૂબ જ ચિંતા થતાં, **भोगवता-देहेन**-સ્થૂલ દેહથી, **शयानः**-સૂઈ જઈ, **क्रोधात्**-ક્રોધાવિષ્ટ થઈ, **ह तद्वपुः**-સાચે જ તે દેહને, **उत्ससर्ज**-છોડી દીધો. ૪૭

અનુવાદ—પુષ્કળ પ્રયત્ન છતાં જ્યારે સૃષ્ટિ ન જ વધી ત્યારે ખરેખર ભોગ ભોગવનારા સ્થૂળ દેહથી સૂઈ જઈ ક્રોધને લીધે તે શરીરને ત્યજી દીધું. ૪૭

તત્ત્વસુધા— देहेन वै भोगवता–"ભોગવતા" શબ્દનો અર્થ કરવો સ્થૂલ દેહ. વિષયોનો ભોગ જે શરીરથી થાય તે હમેશાં સ્થૂલ શરીર જ હોય. ચિંતા સમર્થને પણ થકવી નાખે છે. બ્રહ્માજી જેવા સમર્થ પણ ચિંતાને લીધે ખૂબ જ થાકી ગયા અને આખરે લાંબા થઈ સૂઈ ગયા. સૃષ્ટિનો વિકાસ ન થવાથી જ બ્રહ્માજીને ચિંતા થઈ છે. વળી ઇચ્છા અપૂર્ણ રહેતાં કે ઇચ્છામાં અવરોધ આવતાં ક્રોધ જન્મે છે. બ્રહ્માજીએ આવેશમાં શરીરનો ત્યાગ કર્યો. ૪૭

બ્રહ્માજીએ ત્યજેલા શરીરમાંથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ વર્ણવે છે—

येऽहीयन्तामुतः केशा अहयस्तेऽङ्ग जज्ञिरे ॥
सर्पाः प्रसर्पतः क्रूरा नागा भोगोरुकन्धराः ॥४८॥

અન્વયાર્થ—**अमुतः**-બ્રહ્માજીના આ દેહમાંથી, **ये**-જે, **केशाः**-કેશો, **अहीयन्त**-ખરી પડયા-ખેરવાયા, **ते**-તેઓ, **अहयः**-સર્પો, **जज्ञिरे**-થયા. **अङ्ग**-હે વત્સ, વળી, **प्रसर्पतः**-હેરફેર કરતા દેહમાંથી, **सर्पाः**-સર્પો, **भोग-उरु-कन्धरः**-મોટી ફણા અને ગરદનવાળા, **क्रूराः नागाः**-ક્રૂર નાગો ઉત્પન્ન થયા. ૪૮

અનુવાદ—બ્રહ્માજીના આ દેહમાંથી જે કેશો ખરી પડયા તે તો "અહિ" થયા અને શરીરના હલનચલનમાંથી સર્પો તેમજ મોટી ફેણવાળા તેમજ મોટી ગરદનવાળા ક્રૂર નાગો ઉત્પન્ન થયા. ૪૮

તત્ત્વસુધા—**येऽहीयन्तामुतः केशाः**–ક્રોધની માત્રા પણ અમાપ છે. બ્રહ્માજીના કેશો ક્રોધથી ખરી પડયા, અથવા બ્રહ્માજીએ ક્રોધાવેશમાં કેશો ખેંચી કાઢયા. તે કેશોમાંથી સર્પો થયા. આ સર્પોની અનેક જાત છે અને તેઓ બ્રહ્માજીના ત્યજેલા તે ક્રોધ શરીરમાંથી–ભિન્ન ભિન્ન અંગોમાંથી ઉત્પન્ન થયા. કેશોમાંથી ઉત્પન્ન થયા તેઓ

"अहि" ના નામથી ઓળખાય છે. ક્રોધાવેશમાં કાયાની હેરફેર કરી, પડખાં બદલ્યા કર્યાં. તે હલન ચલનમાંથી જે જન્મ્યા તે "સર્પો" થયા. પડી રહેલ નિષ્ક્રિય દેહમાંથી જન્મ્યા તે "નાગ" થયા. દેહના નિષ્ક્રિય એવા ગરદનના સ્થૂલ ભાગમાંથી નાગો જન્મેલા છે. ફણાઓ ગરદનના ભાગને મળતી જ આવે છે. ૪૮

નિતાન્ત શાંત બનેલા વિધાતા મનુઓની સૃષ્ટિ રચે છે—

स आत्मानं मन्यमानः कृतकृत्यमिवात्मभूः ॥
तदा मनून् ससर्जान्ते मनसा लोकभावनान् ॥४९॥

અન્વયાર્થ—**तदा**-ત્યાર પછી, **आत्मभूः**-ભગવાનમાંથી પ્રકટ થયેલા, **सः**-તે બ્રહ્માજી, **आत्मानम्**-પોતાની જાતને, **कृतकृत्यम्**-કૃતાર્થ-સફલ, **मन्यमानः**-માનતા, **अन्ते**-આખરે, **लोक-भावनान्**-લોકોને આનંદ કરાવનારા, **मनुन्**-મનુઓને, **मनसा**-મનથી, **ससर्ज**-ઉત્પન્ન કર્યા. ૪૯

અનુવાદ—ત્યાર પછી ભગવાનમાંથી પ્રકટ થયેલા બ્રહ્માજી પોતાની જાતને કૃતાર્થ માનવા લાગ્યા અને અંતમાં લોકોને આનંદ આપનારા મનુઓને મનથી ઉત્પન્ન કર્યા.

તત્ત્વસુધા—आत्मानं **मन्यमानः**-બ્રહ્માજીએ દેહનો ત્યાગ કર્યો. પુન ચિંત કર્યું. ચિંતનના બળથી ચિંતામુક્ત થયા. ચિંતામુક્ત થતાં જ બ્રહ્માજીએ પોતાના દેહને ઠેકાણે રહેલા મનમાંથી મનુઓની સૃષ્ટિને રચી. આ રચનાર બ્રહ્માજી आत्मभूः-સ્વયંભૂ છે. માનવ કૃતકૃત્ય ક્યારે બને એનો ઉલ્લેખ આ પદમાં છે—

यदैव पुरुषः स्वामिन् गुणाऽतीतेऽत्रतिष्ठते ।
तदैव कृतकृत्योहमित्यात्मानं स मन्यते ॥

જ્યારે પુરુષ ગુણથી પર એવા પોતાના આત્મામાં જ સ્થિર થાય છે ત્યારે તેને જ લાગે છે કે "હું કૃતકૃત્ય છું. મનુને રચ્યા પછી બ્રહ્માજીએ બીજી સૃષ્ટિ રચી નથી. ૪૯

હવે બ્રહ્માજી મનુઓને "પુરુષ" શરીર આપે છે.—

तेभ्यः सोऽत्यसृजत्स्वीयं पुरं पुरुष आत्मवान् ॥
तान्दृष्ट्वा ये पुरा सृष्टाः प्रशशंसुः प्रजापतिम् ॥५०॥

અન્વયાર્થ—**आत्मवान्**-પ્રસન્ન થયેલા, **सः-पुरुषः**-તે પુરુષે, **स्वीयं पुरम्**-પોતાનું પુર, **तेभ्यः**-તેઓને, **अति-असृजत्**-આપ્યું, **ये-पुरा-सृष्टाः**-જે પ્રથમ ઉત્પન્ન કર્યા છે, **तान्**-તેઓને, **दृष्ट्वा**-જોઈને, **प्रजापतिम्**-પ્રજાપતિની, **प्रशशंसुः**-પ્રશંસા કરવા લાગ્યા. ૫૦

અનુવાદ—પ્રસન્ન થયેલા તે પુરુષે તેઓને પોતાનું પુર આપ્યું. જે પ્રથમ ઉત્પન્ન કર્યા છે, તેઓને જોઇને તેઓ પ્રજાપતિની પ્રશંસા કરવા લાગ્યા. ૫૦

તત્ત્વસુધા—तेभ्यः सोऽत्यसृजन्-બ્રહ્માજીએ પ્રસન્ન થઇને તે મનુઓને પોતાનું પુરુષશરીર આપ્યું. મનુઓ માનવ આકારના પુરુષ શરીરથી પ્રસન્ન થઈ પ્રજાપતિની પ્રશંસા કરવા લાગ્યા. ૫૦

મનુષ્યોએ કરેલી પ્રશંસાની આમાં પંક્તિઓ છે—

अहो यतज्जगत्स्रष्टः सुकृतं बत ते कृतम् ॥
प्रतिष्ठिताः क्रिया यस्मिन् साकमन्नमदामहे ॥५१॥

---

१ पुरुषमात्मवान् इति प्रा. पाठः ।

અન્વયાર્થ—**अहो जगत्-स्रष्टः !** અહો હે જગતના રચનાર! **बत**-આનંદની વાત છે કે. **ते-कृतम्**-આપનું આ કાર્ય, **सुकृतम्**-શ્રેષ્ઠ કાર્ય છે, **यस्मिन्**-જેની અંદર, **क्रियाः**-સમસ્ત ક્રિયાઓ રહેલી છે. **साकम्**-અમે સાથે, **अन्नम्**-અન્નનું, **अदामहे**-ભોજન કરીશું. ૫૧

અનુવાદ—અહો હે જગતના રચનાર પ્રભુ ! આનંદની વાત છે કે આપનું આ કાર્ય શ્રેષ્ઠ કાર્ય છે. જેની અંદર સમસ્ત ક્રિયાઓ સમાયેલી છે. અમે સાથે અન્નનું ભોજન કરીશું. ૫૧

તત્ત્વસુધા—अहो एतत्जगत्स्रष्टः ! બ્રહ્માજીને સંબોધન કર્યું કે હે જગતના સર્જનહાર ! આપે અતિ ઉત્તમ સુકૃત આચર્યું છે. यस्मिन् क्रियाः प्रतिष्ठिताः–આપે પુરુષ દેહનાં દાન કર્યાં એ સુકૃત સર્વ શ્રેષ્ઠ એટલા માટે છે કે એમાં ધર્મની, યજ્ઞની અને પુરુષાર્થોની પ્રતિષ્ઠા છે. જ્યારે અમને અન્નાદિ મળશે ત્યારે દેહના દાતાર આપને દેહમાં પધરાવી આપની સાથે જ અન્નાદિને ભોગવશું. બ્રહ્માજીની સૃષ્ટિના ક્રમમાં પંચપર્વા અવિદ્યા, વૃક્ષ–વનસ્પતિ, સર્પનાગાદિ, ગોમહિષી, યક્ષ–રાક્ષસ, અસુર–કિન્નર, સનકાદિ સર્ગ અને અન્તમાં મનુષ્ય સર્ગની રચના થઈ છે. ૫૧

આ શ્લોકમાં ઋષિઓની સૃષ્ટિનું વર્ણન કરે છે—

तपसा विद्यया युक्तो योगेन सुसमाधिना ॥
ऋषीनृषिर्हृषीकेशः ससर्जाभिमताः प्रजाः ॥५२॥

અન્વયાર્થ—**तपसा**-જ્ઞાનથી, **विद्यया**-ભક્તિથી અને, **सु-समाधिना**-ઉત્તમ સમાધિવાળા **योगेन**-યોગથી, **युक्तः**-સંયુક્ત બનેલ, **ऋषिः हृषीकेशः**-ઋષિ હૃષીકેશે, **अभिमताः**-પોતાને ગમતી, **प्रजाः**-પ્રજારૂપ, **ऋषीन्**-ઋષિઓને, **ससर्ज**-ઉત્પન્ન કર્યા. ૫૨

અનુવાદ—તપ, વિદ્યા અને ઉત્તમ સમાધિવાળા યોગથી સંયુક્ત ઋષિ હૃષીકેશ ભગવાને પોતાને ગમતી પ્રજાસ્વરૂપ ઋષિઓને ઉત્પન્ન કર્યા. ૫૨

તત્ત્વસુધા—तपसा विद्यया युक्तः બ્રહ્માજીએ પોતાના જીવનના માર્ગદર્શનથી જગતને ઉત્તમ સૃષ્ટિનો માર્ગ દર્શાવ્યો છે. ભગવાને ત્રણ વસ્તુને સૃષ્ટિ નિર્માણમાં મહત્ત્વની ગણી છે. तपसा–એટલે જ્ઞાન, विद्यया–એટલે ભક્તિ, અને सुसमाधिना योगेन–ભગવાનની દિવ્ય શક્તિવાળો યોગ એ ત્રણેના સહયોગવાળા બ્રહ્માજીએ ઋષિઓને ઉત્પન્ન કર્યા. જો કોઈપણ ગૃહસ્થ સંતતિ ઉત્પન્ન કરતાં આ ત્રણ તત્ત્વોનો સહયોગ સાધી પ્રજા ઉત્પન્ન કરે તો દિવ્ય પ્રજા ઉત્પન્ન થાય છે. ઋષિઓ ત્રણ પ્રકારના હોય છે. તેમાં ઇન્દ્રિયજિત અને જ્ઞાનમાં શ્રદ્ધાવાળા, કર્મમાં શ્રદ્ધાવાળા, અને ભક્તિમાં શ્રદ્ધાવાળા આવા ત્રણ પ્રકારથી તેઓ વિશ્વને આદર્શ પૂરો પાડે છે અને વિશ્વનું કલ્યાણ આદરે છે. ૫૨

અધ્યાયની સમાપ્તિ કરતાં પ્રસંગનો ઉપસંહાર કરે છે—

तेभ्यश्चैकैकशः स्वस्य देहस्यांशमदादजः ॥
यत्तत्समाधियोगर्द्धितपोविद्या विरक्तिमद् ॥५३॥

અન્વયાર્થ—**अजः**-અજન્મા બ્રહ્માજીએ, **स्वस्य**-પોતાના, **देहस्य**-દેહનો, **एक-एकशः**-એક એક અંશ, **यत्**-જે, **समाधि-योग-ऋद्धि-तपः-विद्या**-સમાધિ, યોગ, ઋદ્ધિ તપ, વિદ્યા અને, **विरक्तिमत्**-વૈરાગ્યવાળો જે અંશ છે, **तत्**-તે અંશને, **तेभ्यः**-તેઓને, **अदात्**-આપ્યો. ૫૩

અનુવાદ—અજન્મા બ્રહ્માજીએ પોતાના દેહનો એક એક અંશ જે સમાધિ, યોગ, ઋદ્ધિ, તપ, વિદ્યા અને વૈરાગ્યવાળો છે તે અંશને તેઓને આપ્યો. ૫૨

તત્ત્વસુધા—अजः तेभ्य एकैकशः अंशम् अदात्–અજન્મા ભગવાને ઋષિઓને એક એક અંશ આપ્યો. આ અંશ પોતાના દેહમાંથી આપ્યો છે. આ ઉપરથી બ્રહ્માનો દેહ ૭ ઐશ્વર્યથી બનેલ છે એમ પુરવાર થાય છે. આ ૭ ઐશ્વર્યને "ભગ" કહેવામાં આવે છે. ભગવાનનાં '૭' ઐશ્વર્યો આ ૭ ઐશ્વર્યમાં સમાવી દેવાં અથવા ૭ સ્વતંત્ર સમજવાં. આ ૭ ઐશ્વર્યો નીચે દર્શાવ્યાં છે—

૧ સમાધિ એટલે ચિત્તની એકાગ્રતા, ૨ યોગ એટલે એકાગ્રતાનાં સાધન, ૩ ઋદ્ધિ એટલે વૈભવ તે સમાધિનું ફલ ગણાય છે, ૪ તપ, ૫ વિદ્યા એટલે ભક્તિ, ૬ વિરક્તિ એટલે વૈરાગ્ય, આ ૭ ઐશ્વર્યોનું એક એક અંશથી દાન કર્યું.

વળી આ ૭ શબ્દોમાં વિદ્યા એટલે "યશ" નામનું ઐશ્વર્ય, ઋદ્ધિ એટલે "શ્રી" નામનું ઐશ્વર્ય, યોગ એટલે "વીર્ય" નામનું ઐશ્વર્ય, સમાધિ એટલે ચિત્તની એકાગ્રતાનું ઐશ્વર્ય તેમ જ તપ એટલે જ્ઞાનનું ઐશ્વર્ય અને વિરક્તિ એટલે "વૈરાગ્ય" નામના ઐશ્વર્યમાં ભગવાને ઋષિઓને વિશ્વ મંગલ માટે જન્મ આપ્યો છે. ૫૩

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૧ મો

શ્લોક સંખ્યા ૫૬

એકવીસમા અધ્યાયમાં ૫૬ શ્લોકો છે. આ અધ્યાયથી ૩ અધ્યાયોમાં શ્રી કર્દમ મહર્ષિના ચરિત્રનું નિરૂપણ કરવામાં આવે છે. આ અધ્યાયમાં ૭ પ્રકરણ છે. તપ, દર્શન, સ્તુતિ, ભગવાનનાં વાક્યો, રાજાનું આવવું, અને આશ્રમ-સમૃદ્ધિ આ વિષયોથી ૭ અધ્યાયનું પ્રકરણ બનેલું છે. આ ૭ પ્રકરણોમાં ધર્મ-નિરૂપણ છે. ધર્મ સફલ હોય છે, તે આ અધ્યાયથી પુરવાર થશે.

હવે પાંચ શ્લોકોથી શ્રી વિદુરજી એક પ્રશ્ન પૂછે છે—

विदुर उवाच—स्वायम्भुवस्य च मनोर्वंशः परमसम्मतः ॥
कथ्यतां भगवन् यत्र मैथुनेनैधिरे प्रजाः ॥१॥

અન્વયાર્થ—**विदुर उवाच**-શ્રી વિદુરજીએ કહ્યું કે, **भगवन्**-મૈત્રેય મહર્ષિને! **च**-બ્રહ્માનો વંશ વર્ણવ્યો, અને હવે **परम-संमतः**-પુષ્કળ પ્રતિષ્ઠિત એવો, **स्वायम्भुवस्य**-શ્રી સ્વાયંભુવ, **मनोः**-મનુ રાજાનો, **वंशः**-વંશ, **कथ्यताम्**-વર્ણવો, **यत्र**-જેમાં, **मैथुनेन**-દામ્પત્ય ધર્મથી, **प्रजाः**-પ્રજાઓ, **एधिरे**-વિકાસ પામી. ૧

અનુવાદ—શ્રી વિદુરજીએ કહ્યું કે મહર્ષિ મૈત્રયજી! આપે બ્રહ્માજીનો વંશ વર્ણવ્યો-હવે આપ સ્વાયંભુવ મનુરાજાનો વંશ વર્ણવો, જે વંશમાં દામ્પત્ય ધર્મથી પ્રજાઓ વિકાસ પામી. ૧

તત્ત્વસુધા—भगवन्! મૈત્રેય મહર્ષિ માટે ભગવન્ સંબોધન કરે છે. આ સંબોધનથી મૈત્રેય મહર્ષિનું ત્રિકાલજ્ઞત્વ અથવા સર્વજ્ઞત્વ દર્શાવ્યું છે. च અવ્યયથી પૂર્વમાં શ્રવણ કર્યું છે તેનો સંગ્રહ કરીને કહ્યું કે બ્રહ્માની સૃષ્ટિ આપે સમજી શકાય તેમ વર્ણવી છે. હવે स्वायंभुवस्य શ્રી સ્વાયંભુવ મનુના વંશને સાંભળવાની અભિરુચિ જાગી છે. એનું કારણ છે કે એ વંશને—

परम-संमतः-મહાપુરુષોએ સન્માનની નજરે નિહાળ્યો છે. જે ગૃહસ્થાશ્રમ કેવલ આદર્શ પ્રજાની જ ઉત્પત્તિ માટે સ્વીકારાય છે તે લોકસેવા, હરિસેવા અને આત્મોન્નતિનું ભાથું બને છે. ગૃહસ્થાશ્રમ સર્વોન્નતિની સામગ્રી છે. ૧

આ શ્લોકમાં બે મનુકુમારોને ઉદ્દેશીને પ્રશ્ન પૂછે છે—

प्रियव्रतोत्तानपादौ सुतौ स्वायम्भुवस्य वै ॥
यथाधर्मं जुगुपतुः सप्तद्वीपवतीं महीम् ॥२॥

અન્વયાર્થ—**स्वायम्भुवस्य**-સ્વાયંભુવ મનુના, **प्रियव्रत-उत्तानपादौ**-પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના, **सुतौ**-બન્ને પુત્રો, **वै**-ખરેખર, **सप्तद्वीपवतीम्**-સાત દ્વીપવાળી, **महीम्**-પૃથ્વીને, **यथाधर्मम्**-સંપૂર્ણ ધર્મને અનુસરીને, **जुगुपतुः**-પાળતા હતા. ૨

અનુવાદ—સ્વાયંભુવ મનુના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બન્ને પુત્રો ખરેખર સાત દ્વીપ વાળી પૃથ્વીને સંપૂર્ણ ધર્મને અનુસરીને સંભાળતા હતા. ૨

તત્ત્વસુધા—यथाधर्मं जुगुपतुः-વળી શ્રી વિદુરજી એમ કબૂલે છે કે શ્રી પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના

એ મનુપુત્રોએ સાત દ્વીપવાળી પૃથ્વીને, ધર્માનુકૂલ શાસનથી પાળી છે–સંભાળી છે તે તો ખ્યાલ આવી ગયો છે પરંતુ તે બન્નેના વંશવિસ્તારના શ્રવણની જિજ્ઞાસા છે તેની પણ પુષ્ટિ કરશો એવી વિનંતિ છે. ૨

આ બે શ્લોકોમાં મનુરાજકુમારીઓના વંશની જિજ્ઞાસા પ્રગટ કરે છે—

तस्य वै दुहिता ब्रह्मन् देवहूतीति विश्रुता ॥
पत्नी प्रजापतेरुक्ता कर्दमस्य त्वयाऽनघ ॥३॥
तस्यां स वै महायोगी युक्तायां योगलक्षणैः ॥
ससर्ज कतिधा वीर्यं तन्मे शुश्रूषवे वद ॥४॥

અન્વયાર્થ—**ब्रह्मन्**–હે બ્રહ્મન્, **तस्य**–શ્રી સ્વાયંભુવ મનુની, **दुहिता**–દીકરી, **वै**–સાચે જ, **देवहूति इति**–શ્રી દેવહૂતિજીના નામથી, **विश्रुता**–ત્રણ લોકમાં વિખ્યાત છે, **अनघ**–હે પુણ્યાત્મા, **त्वया**–આપે જેને, **कर्दमस्य**–શ્રી કર્દમ ઋષિ નામના, **प्रजापतेः**–પ્રજાપતિજીની, **पत्नी उक्ता**–પત્ની કહ્યાં છે, **स–वै–महायोगी**–તે મહાન યોગી કર્દમજીએ, **योग–लक्षणैः**–યોગલક્ષણોથી, **युक्तायाम्**–ભરેલાં, **तस्याम्**–તે શ્રી દેવહૂતિજીમાં, **कतिधा**–કેટલા પ્રકારે, **वीर्यम्**–વીર્ય, **ससर्ज**–આધાન કર્યું, **मे–शुश्रूषवे**–મને સાંભળવા ચાહનારને, **तत्**–તે વસ્તુ, **वद**–કહો. ૩, ૪

અનુવાદ—હે બ્રહ્મન્! શ્રી સ્વાયંભુવ મનુની દીકરી સાચે જ શ્રી દેવહૂતિજીના નામથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે. હે પુણ્યાત્મા! જેને આપે શ્રી કર્દમ ઋષિ નામના પ્રજાપતિની પત્ની કહ્યાં છે, તે સમર્થ મહાયોગી કર્દમજીએ યોગલક્ષણવાળાં શ્રી દેવહૂતિજીમાં કેટલા પ્રકારે વીર્યનું આધાન કર્યું તે સર્વ સાંભળવું છે માટે મને કહો. ૩, ૪

તત્ત્વસુધા—**तस्य वै दुहिता ब्रह्मन्**–શ્રી વિદુરજીએ પ્રથમ બે શ્લોકોમાં પ્રિયવ્રત અને ઉત્તાનપાદ રાજાના વંશ અને ચરિતની જિજ્ઞાસા પ્રગટ કરી, ફરીથી ત્રણ શ્લોકોમાં ત્રણ પુત્રીઓનાં ચરિત અને વંશના સંબંધમાં પણ જિજ્ઞાસા વ્યક્ત કરે છે. ત્રણ કન્યાઓમાં પણ પ્રથમ શ્રી દેવહૂતિજી માટે પ્રશ્ન પૂછે છે. દેવહૂતિજી માટે બે શ્લોકોમાં પ્રશ્ન છે, જ્યારે બે બીજી પુત્રીઓ માટે એક શ્લોકમાં પ્રશ્ન છે. શ્રી દેવહૂતિજી મધ્યમ કન્યા છે. પ્રથમ તો "આકૂતિ" છે છતાં દેવહૂતિજી માટે પક્ષપાત કેમ? એવો એક વિચાર પણ અવશ્ય આવે તેનો ઉત્તર છે કે—સર્ગનો વિસ્તાર શ્રી દેવહૂતિથી થયેલ છે. આ સ્કંધનું નામ સર્ગલીલા છે. બ્રહ્માજીના નવ પુત્રો અને શ્રી દેવહૂતિજીની નવ કન્યાઓથી વંશ વિસ્તૃત થયેલ છે.

'**ब्रह्मन्** અને **अनघ**' બે સંબોધન વ્યાસજીએ આ શ્લોકમાં મૈત્રેય મહર્ષિ માટે મૂક્યાં છે. ત્રિકાલજ્ઞ અને નિર્વિકારને "**ब्रह्मन्**" સંબોધન થાય. અને તેના દર્શનથી "પાપ ટળે" તેને "**अनघ**" કહેવાય.

देवहूतिः–દેવોનું આમંત્રણ કરે તે દેવહૂતિ. દેવો જેનું આમંત્રણ કરે તે દેવહૂતિ. સર્વ દેવો જેનામાં વસે તે દેવહૂતિ. જેનું સૌંદર્ય દેવોને પણ આકર્ષણ કરતું તે દેવહૂતિ. સાત્ત્વિક મતિ અને ભગવદ્ભક્તિની સાક્ષાત્ આકૃતિ તે દેવહૂતિ.

तस्यां वै महायोगी–શ્રી દેવહૂતિજી અને કર્દમ ઋષિ બન્ને મહાન યોગી છે, દેવહૂતિજીને આશ્રમમાં આવ્યા બાદ મહાન યોગ સિદ્ધ થયો છે. યોગી કદી પણ અધોરેતસ્ ન બને. જો તેઓ અધોરેતસ્ બને તો યોગસાધનામાં વિઘ્ન આવે. કદાચ એકાદ સંતાન ધર્મરક્ષા માટે ઉત્પન્ન કરે તો સંભવે પરંતુ બન્નેએ મળી અનેક સંતાનોને જન્મ કેમ આપ્યો? આવો પ્રશ્ન શંકા માટે નથી, પરંતુ રહસ્યજ્ઞાન માટે કર્યો છે. ૩, ૪

આ શ્લોકમાં મનુરાજાની આકૂતિ અને પ્રસૂતિ નામની કન્યાઓમાંના સંતાનો સંબંધી પ્રશ્ન છે—

रुचिर्यो भगवान् ब्रह्मन्दक्षो वा ब्रह्मणः सुतः ॥
यथा ससर्ज भूतानि लब्ध्वा भार्यां च मानवीम् ॥५॥

અન્વયાર્થ—ब्रह्मन्–હે બ્રહ્મન્, **यः**–જે, **ब्रह्मणः**–બ્રહ્માજીના, **सुतः**–પુત્ર, **भगवान्**–ભગવાન, **रुचिः**–રુચિ ઋષિએ, **वा**–તેમજ, **दक्षः**-દક્ષ પ્રજાપતિએ, **मानवीम्**–મનુરાજકુમારીને, **भार्याम्**–પત્ની તરીકે, **लब्ध्वा**–મેળવીને, **यथा**–જે રીતે, **भूतानि**–સંતાનોને, **ससर्ज**–જન્મ આપ્યો, **च**–અને જે કાર્ય કર્યાં તે કહો. ૫

અનુવાદ—હે બ્રહ્મન્! બ્રહ્માજીના પુત્ર ભગવાન રુચિ ઋષિએ તેમજ દક્ષપ્રજાપતિએ મનુની રાજપુત્રીને પત્ની તરીકે મેળવીને જે સંતાનોને જન્મ આપ્યો તેમજ જે કાર્ય કર્યાં તે કહો. ૫

તત્ત્વસુધા—ઉપરના બે શ્લોકોમાં દેવહૂતિને સ્પર્શતા પ્રશ્નો પૂછ્યા બાદ આ શ્લોકથી **रुचिः** શ્રી રુચિ ઋષિ અને दक्षः શ્રી દક્ષ પ્રજાપતિને ઉદ્દેશીને પ્રશ્નો પૂછવાનો આરંભ કરે છે.

શ્રી રુચિ મુનિ માટે भगवान् ભગવાન તરીકેનું વિશેષણ વાપર્યું છે. રુચિ ઋષિ જ્ઞાનપૂર્ણ હતા. અને પૂર્વના કલ્પોમાં રુચિ ઋષિનું અસ્તિત્વ ન હતું તે વસ્તુ જાણવા માટે "ભગવાન્" વિશેષણ આપ્યુ છે. ब्रह्मन् સંબોધન શ્રી મૈત્રેય મુનિ માટે છે. ब्रह्मને જાણનાર "બ્રહ્મવિદ્" બને છે. બ્રહ્મવેત્તા સર્વજ્ઞ હોય છે. મૈત્રેય મુનિ સર્વજ્ઞ હોવાથી પૂર્વના કલ્પમાં પણ રુચિ હતા તેનું અનુમોદન આપશે. भगवान् વિશેષણ શ્રી રુચિ મુનિને તેમજ દક્ષ પ્રજાપતિને પણ લાગુ પડે છે. એ બન્ને દ્વારા સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. પરંતુ વિવિધ પ્રકારની સૃષ્ટિ બન્ને દ્વારા થઈ છે. भूतानि–ભૂતોને–સંતાનોને ઉત્પન્ન કર્યાં, એવું કહ્યું છે તે જ સૂચવે છે કે અનેક પ્રકારની સૃષ્ટિને ઉદ્દેશીને भूत શબ્દનો પ્રયોગ કર્યો છે. ૫

શ્રી મૈત્રેય મહર્ષિ હવે દેવહૂતિ દેવીનું અને કર્દમ મુનિનું ચરિત્ર વર્ણવે છે—

मैत्रेय उवाच – प्रजाः सृजेति भगवान् कर्दमो ब्रह्मणोदितः ॥
सरस्वत्यां तपस्तेपे सहस्राणां समा दश ॥६॥

અન્વયાર્થ—मैत्रेय उवाच–શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી, **प्रजाः सृज**–પ્રજાને ઉત્પન્ન કરો, **इति**–એ પ્રમાણે, **ब्रह्मणा**–બ્રહ્માજીએ, **उदितः**–કહેલા, **भगवान्-कर्दमः**–ભગવાન કર્દમ, **सरस्वत्याम्**–સરસ્વતીને કિનારે, **सहस्राणां दश समाः**–દશ હજાર વર્ષ સુધી, **तपः तेपे**-તપ આચર્યું. ૬

અનુવાદ—શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે હે વિદુરજી! જ્યારે પ્રજાને ઉત્પન્ન કરો એવું બ્રહ્માજીએ ભગવાન કર્દમ મુનિને કહ્યું ત્યારે તેમણે સરસ્વતીને તીરે દશ હજાર વર્ષ પર્યન્ત તપ કર્યું. ૬

તત્ત્વસુધા—"प्रजाः सृजेति भगवान्"–બ્રહ્માજીએ શ્રી કર્દમ મહાર્ષિને આજ્ઞા આપી કે તમે પ્રજાની ઉત્પત્તિ કરો. શ્રી કર્દમ મુનિએ વિચાર્યું કે મારે સામાન્ય પ્રજાને જન્મ આપવાનો ન હોય. વળી બ્રહ્માજી પણ કર્દમ મુનિને પોતાના જેટલા સમર્થ માને છે તેથી જ પોતાનું કામ કર્દમ મુનિને સોંપે છે. મહર્ષિ કર્દમે सहस्राणि समाः दश–દશ હજાર દિવ્ય વર્ષો તપ આદર્યું. આ તપ આચરતાં ચાર યુગો થયા. સામાન્ય સંતતિને જન્મ આપવાનો હોય તો આવડા તપની આવશ્યકતા ન હોત. મુનિને ભગવાનના પિતા થવું છે. તે માટે દીર્ઘ અને દિવ્ય તપ કરવું જ જોઈએ. બ્રહ્માજીએ જ્યારે એક હજાર વર્ષ તપ કરેલું ત્યારે કર્દમજીએ દશ હજાર વર્ષ તપ કર્યું. બ્રહ્માજીના બ્રહ્માંડ કરતાં આ દિવ્ય સૃષ્ટિનું સર્જન હોઈ શકે.

सरस्वत्यां तपस्तेपे–તપશ્ચર્યા સરસ્વતીને તીરે આચરી. સરસ્વતીના દેવ બ્રહ્માજી છે. બ્રહ્માજી સૃષ્ટિ–નિર્માણમાં ઉપયોગી છે. તેથી સરસ્વતીને કાંઠે તપ આચર્યું. ૬

શ્રી કર્દમ ઋષિની તપશ્ચર્યા ભક્તિભરપૂર હતી તે હવે આ શ્લોકથી દર્શાવે છે—

ततः समाधियुक्तेन क्रियायोगेन कर्दमः ॥
सम्प्रपेदे हरिं भक्त्या प्रपन्नवरदाशुषम् ॥७॥

અન્વયાર્થ—**ततः**-ત્યાર પછી, **समाधि-युक्तेन**-સમાધિ સાથેના, **क्रियायोगेन**-ક્રિયાયોગથી તેમજ, **भक्त्या**-ભક્તિયોગથી, **कर्दमः**-કર્દમ ઋષિએ, **प्रपन्न-वरदाशुषम्**-શરણાગતને વરદાન આપનારા, **हरिम्**-શ્રીહરિ ભગવાનને, **सम्प्रपेदे**-પ્રાપ્ત કર્યા. ૭

અનુવાદ—ત્યાર પછી સમાધિ સાથેના ક્રિયાયોગથી તેમજ ભક્તિયોગથી કર્દમ ઋષિએ શરણાગતને વરદાન આપનારા શ્રીહરિ ભગવાનને મેળવ્યા. ૭

તત્ત્વસુધા—समाधियुक्तेन क्रियायोगेन શ્રી કર્દમ મુનિ સમાધિમાં ભગવાનને પ્રકટ કરે છે. આ સમાધિમાં "ક્રિયાયોગ" હતો. ક્રિયા એટલે ભગવાનની સેવા. સેવામાર્ગથી જ ભગવાન સાકાર સ્વરૂપે દર્શન આપે છે. જે બ્રહ્મદર્શન કરતાં પણ વધુ શ્રેષ્ઠ છે. કર્દમ મુનિને શ્રીહરિનાં દર્શન થયાં. શ્રીહરિએ પ્રત્યક્ષ થઈ વરદાન આપવા વિચાર્યું. ભગવાનને प्रपन्नवरदाशुषम् કહ્યા છે. એનો અર્થ થાય છે કે શરણાગતને વરદાન આપનારા ભગવાન છે. ૭

આ શ્લોકમાં શ્રી કર્દમ ઋષિને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે તે વર્ણવે છે—

तावत्प्रसन्नो भगवन् पुष्कराक्ष कृते युगे ॥
दर्शयामास तं क्षत्तः शाब्दं ब्रह्म दधद्वपुः ॥८॥

અન્વયાર્થ—**क्षत्तः**-હે સંયમશીલ વિદુરજી, **तावत्**-તેટલા સમયમાં, **प्रसन्नः**-પ્રસન્ન થયેલા, **पुष्कराक्षः**-કમલનેત્ર, **भगवान्**-ભગવાન, **कृते युगे**-કૃતયુગમાં, **शाब्दं ब्रह्म वपुः**-શબ્દબ્રહ્મના સ્વરૂપને, **दधत्**-ધારણ કરતાં, **तम्**-તે કર્દમ ઋષિને, **दर्शयामास**-દર્શન આપ્યાં. ૮

અનુવાદ—હે સંયમશીલ વિદુરજી! તે વખતે પ્રસન્ન થયેલા કમલનયન ભગવાને કૃતયુગના પ્રારંભમાં શબ્દબ્રહ્મના સ્વરૂપને ધારણ કરતાં કર્દમઋષિને દર્શન આપ્યાં. ૮

તત્ત્વસુધા—" तावत् प्रसन्नः "-આ બે શબ્દોમાં ભગવાનના કોમળ સ્વભાવનો ઉલ્લેખ કર્યો છે. तावत्-શ્રી કર્દમ મુનિએ ભગવાનની સેવા આરંભી. મુનિ પોતાને સંતોષ થાય તેટલા પ્રમાણમાં સેવા ન કરે તે પહેલાં તો ભગવાન રાજી થઈ ગયા એવો ભાવ બતાવવા तावत्-અવ્યય આ સ્થાને વાપર્યું છે.

મુનિવરે તપશ્ચર્યા તો ચાર યુગ પર્યન્ત કરી છે. એ વાત આગળના શ્લોકમાં વર્ણવી છે. પ્રથમ કૃતયુગમાં મુનિરાજે તપશ્ચરણ કર્યું. તપશ્ચર્યાથી ચિત્તશુદ્ધિ કરી પુનઃ તપ સાથે ત્રેતામાં યોગ આરંભ્યો અને તપોમય યોગી બન્યા. ફરી દ્વાપરમાં તપ, યોગ સાથે સેવા આરંભી. બાદ કલિયુગમાં ભગવાનમાં પ્રેમ થયો. પરંતુ ભગવાનનો સાક્ષાત્કાર તો "કૃતયુગમાં જ" થયો. દર્શન થયેલ ભગવાનનું સ્વરૂપ કેવું છે તે નીચેના વાક્યથી સમજાશે.

शाब्दं ब्रह्म दधत् वपुः-વેદપુરુષ ભગવાને વેદમંત્રોથી ભરપૂર એવા અલૌકિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો. ભગવાન અનેક સ્વરૂપોનું દર્શન કરાવી શકે છે તેથી ભગવાને આ સ્વરૂપનું દર્શન કરાવ્યું. ૮

હવે કર્દમ ઋષિ ત્રણ શ્લોકથી ભગવાનની ઝાંખી કરે છે—

स तं विरजमर्काभं सितपद्मोत्पलस्रजम् ॥
स्निग्धनीलालकव्रातवक्त्राब्जं विरजाम्बरम् ॥९॥

किरीटिनं कुण्डलिनं शङ्खचक्रगदाधरम् ॥
श्वेतोत्पलक्रीडनकं मनःस्पर्शस्मितेक्षणम् ॥१०॥

विन्यस्तचरणाम्भोजमंसदेशे गरुत्मतः ॥
दृष्ट्वा खेऽवस्थितं वक्षःश्रियं कौस्तुभकन्धरम् ॥११॥

जातहर्षोऽपतन्मूर्ध्ना क्षितौ लब्धमनोरथः ॥
गीर्भिस्त्वभ्यगृणात्प्रीतिस्वभावात्मा कृताञ्जलिः ॥१२॥

અન્વયાર્થ—**सः**-તે શ્રી કર્દમ ઋષિએ, **विरजम्**=રજ રહિત, **अर्क-आभम्**-સૂર્ય સમાન તેજસ્વી, **सित-पद्म-उत्पल-स्रजम्**-દિવસવિકાસી શ્વેત પદ્મ અને રાત્રીવિકાસી ઉત્પલ નામના કમલની માલાવાળા, **स्निग्ध-नील-अलक-व्रात-वक्त्र-अब्जम्**-સ્નિગ્ધ-સુંવાળા શ્યામ કેશના સમૂહથી વીંટાએલ મુખકમલવાળા, **विरज-अम्बरम्**-શ્વેત વસ્ત્રવાળા, **किरीटिनम्**-મુકુટવાળા, **कुण्डलिनम्**-કુંડલોવાળા, **शङ्ख-चक्र-गदा-धरम्**-શંખ, ચક્ર, ગદાને ધારણ કરનારા, **श्वेत-उत्पल-क्रीडनकम्**-શ્વેત કમલને રમકડા રૂપે ધારણ કરતા, **मनः-स्पर्श-स्मित-ईक्षणम्**-મનને સ્પર્શ કરી જતી સ્મિત હાસ્યભરી દૃષ્ટિવાળા, **गरुत्मतः**-ગરુડજીના, **अंस-देशे**-ખભા ઉપર, **विन्यस्त-चरण-अम्भोजम्**-ચરણકમલ પધરાવી બિરાજેલા, **खे**-આકાશ પ્રદેશે, **अवस्थितम्**-બિરાજમાન, **वक्षःश्रियम्**-વક્ષઃસ્થલમાં લક્ષ્મીજીને શોભાવતા, **कौस्तुभ-कन्धरम्**-કંઠમાં કૌસ્તુભમણિના ભૂષણવાળા, (**सः तु**-તે તો) **तं**-તે શ્રી ભગવાનને, **दृष्ट्वा**-નિહાળી, **जातहर्षः**-પ્રસન્ન થએલા, **लब्ध-मनोरथः**-સફલ મનોરથવાળા, કર્દમ ઋષિ, **क्षितौ**-પૃથ્વી ઉપર, **मूर्ध्ना**-મસ્તકથી, **अपतन्**-દંડવત્ પ્રણામ કરતા, **प्रीति-स्वभाव-आत्मा**-ભગવાનમાં પ્રીતિભર્યા સ્વભાવવાળા, **कृत-अञ्जलिः**-અંજલિબદ્ધ, **गीर्भिः**-સ્તોત્રોથી, **अभ्यगृणात्**-સ્તુતિ કરવા લાગ્યા. ૯-૧૨

અનુવાદ—તે શ્રી કર્દમ ઋષિ તો તદ્દન રજોગુણથી મુક્ત, સૂર્ય સમાન તેજોમય, રાત અને દિવસે ખીલનારા શ્વેત શ્યામ કમલોની માલાને ધારણ કરતા, ચીકણા સુંવાળા શ્યામવર્ણા કેશકલાપથી વીંટાએલ મુખકમલવાળા, શ્વેત વસ્ત્રને ધારણ કરતા, મુકુટધારી, કુંડલધારી, શંખ-ચક્ર-ગદાધારી, શ્વેત કમલને રમકડા તરીકે ધારણ કરતા, મનને સ્પર્શી જતી સ્મિતહાસ્ય ભરી નજરવાળા, શ્રી ગરુડજીના ખભા ઉપર આકાશદેશમાં ઊભા રહેલા, વક્ષઃસ્થલમાં લક્ષ્મીજીને વસાવતા, કંઠમાં કૌસ્તુભમણિના ભૂષણવાળા ભગવાનને નિહાળી આનંદવિભોર બનેલા, સફળ સંકલ્પવાળા, શ્રી કર્દમ ઋષિ ભૂમિ ઉપર મસ્તકથી દંડવત્ પ્રણામ કરવા લાગ્યા અને પ્રેમ ભર્યા સ્વભાવવાળા કરબદ્ધ બની સ્તોત્રોથી સ્તુતિ કરવા લાગ્યા. ૯-૧૨

તત્ત્વસુધા—શ્રી કર્દમ મહર્ષિ ભગવાનનાં દર્શન કરે છે. દર્શનીય ભગવાનના સ્વરૂપનું વર્ણન કુલ ત્રણ શ્લોકોમાં ચૌદ વિશેષણોથી કરે છે. નવમા શ્લોકમાં પાંચ વિશેષણ છે. દશમા શ્લોકમાં પણ પાંચ વિશેષણ છે અને અગીઆરમા શ્લોકમાં ચાર વિશેષણો છે.

આ ચૌદ વિશેષણોમાં દશ વિશેષણ દશ પ્રકારની સૃષ્ટિના અભિપ્રાયથી અને સૃષ્ટિમાં ચાર પ્રકારના પુરુષાર્થના આશયથી ચાર વિશેષણો આપ્યાં છે.

મહર્ષિ કર્દમથી આરંભી સ્ત્રીપુરુષની સૃષ્ટિ અને સગુણ-નિર્ગુણના ભેદવાળી સૃષ્ટિ શરૂ થઈ છે. કર્દમ ઋષિ દશ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરનારા ભગવાનને સમજી શક્યા છે અને દશ વિશેષણોથી પ્રથમ બે

શ્લોકોમાં સ્તુતિ કરી રહ્યા છે. પરિણામે કર્દમ મહર્ષિને ત્યાં દશ સંતાનો થાય છે. દશ સંતાનોમાં નવ કન્યાઓ છે. એ તો નવ પ્રકારની ભક્તિઓ છે.

જે પુરુષ છે તે સાંખ્યશાસ્ત્રના પુરુષ છે. આ સાંખ્યશાસ્ત્ર "અનેક પુરુષત્વ"નું પ્રતિપાદન કરનાર ઈશ્વર-મુનિકૃત સાંખ્યશાસ્ત્ર નથી, પરંતુ કપિલ ભગવાને ગાયેલ સાંખ્યશાસ્ત્ર છે, જ્યાં એક પુરુષ છે. નવ કન્યાઓ એ તો નવ પ્રકારની ભક્તિઓ છે.

તપ, સંયમ, ભક્તિજ્ઞાનસમ્પન્ન કર્દમ ઋષિને અનુરૂપ ભાર્યા શ્રી દેવહૂતિ દેવી મળે છે. જેથી ઉભયમાં એક સાથે નવધા ભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. અને નવધા ભક્તિના ફલ સ્વરૂપે ભગતત્સેવામાં અનુરાગ સિદ્ધ થતો હોવાથી નવ કન્યાઓના પ્રાકટ્ય પછી પૂર્ણપુરુષ ભગવાન દશમા પ્રકટ થાય છે. ભગવાનનાં ચૌદ વિશેષણો શા માટે છે તે સમજીએ.

૧. विरजम्–ભક્તિમાં બે વસ્તુ નથી હોતી. રજઃ એટલે આસક્તિ અને મલિનતા એવા બે અર્થ રજઃ શબ્દના થાય છે. ભગવાનના સ્વરૂપમાં રજોગુણ અને મલિનતા બન્ને નથી.

૨. अर्काभम्–શ્રી ભગવાનની કાન્તિ સૂર્ય જેવી હતી. આ સ્થાને આકાશમાં દેખાતો આધિભૌતિક સૂર્ય નથી સમજવાનો પરંતુ દેવતાઓનો સમૂહ સૂર્ય છે. જે સૂર્ય તેજોમય છે પરંતુ આંખને આંજી ન દેતાં આહ્લાદ આપે છે. કર્દમ મુનિને ભગવાનનાં દર્શનથી આહ્લાદ થયો.

૩. सितपद्मोत्पलस्रजम्–દિવસવિકાસી અને રાત્રીવિકાસી કમલો માટે ઘણે ભાગે જુદા શબ્દો વપરાય છે. શ્વેત, રક્ત કમળો દિવસે ખીલે છે અને શ્યામ કમળો રાત્રે વિકસે છે. રાત્રીમાં વિકસતાં કમળોને उत्पल કહેવાય છે. બન્ને પ્રકારનાં કમળોની માલા ધારણ કરીને ભગવાને એમ સૂચવ્યું છે કે સમદૃષ્ટિ ભગવાન સર્વનો વિકાસ કરશે.

૪. स्निग्धनीलालक–अलक व्रात–શબ્દનો અર્થ સુખસમૂહ થાય છે, स्निग्ध શબ્દનો અર્થ થાય છે સ્નેહ. સ્નેહ એટલે ભક્તિ એવો અર્થ સમજવો. ભગવાનના કેશોને સ્નિગ્ધ અને નીલ બે વિશેષણો આપીને એમ સૂચવ્યું કે ભગવાન સર્વ સુખો અને ભક્તિનું દાન કરશે.

૫. विरजाम्बरम्–ભગવાનના વસ્ત્રને પીતાંબર વર્ણવેલ છે. આ સ્થાને શ્વેત અમ્બરવાળા કહ્યા છે. ભગવાનનું અંબર વેદનું સ્વરૂપ છે. પીતાંબર શબ્દથી પૂર્વોત્તર મીમાંસાનું વર્ણન કરતા વેદના અર્થનો બોધ થાય છે. જ્યારે શ્વેત અંબરથી જ્ઞાનશક્તિનું વર્ણન કર્યું છે.

૬. किरीटिनम्–મુકુટથી વેદાન્તમાં વર્ણવેલ પ્રમેય બલનું સૂચન કર્યું છે.

૭. कुण्डलिनम्–બે કુંડલોથી સાંખ્ય અને યોગ નામના પ્રમાણ બલનું સૂચન કર્યું છે.

૮. शंखचक्रगदाधरम्–શંખ શબ્દથી જલતત્ત્વ, ચક્રથી તેજસ્તત્ત્વ અને ગદાથી ભૂમિતત્ત્વનો નિર્દેશ કર્યો છે.

૯. श्वेतोत्पल–क्रीडनकम्–પૂર્વ વિશેષણમાં ત્રણ આયુધો વર્ણવ્યાં છે. અને ચોથું કમલ ન વર્ણવતાં સ્વતંત્ર રીતે કમલને ભગવાનના ક્રીડનક એટલે રમકડા તરીકે વર્ણવ્યું છે. કમલ બ્રહ્માંડનું સ્વરૂપ છે. બ્રહ્માંડ ભગવાનનું ક્રીડાભાંડ છે. ભગવાને તેને પોતાના હાથમાં ભમતું રાખ્યું છે. વળી કમલને "ઉત્પલ" શબ્દથી વર્ણવેલ છે. રાત્રે ખીલતું શ્યામ કમલ उत्पल કહેવાય. ઉત્પલ શબ્દથી અજ્ઞાનનું સૂચન કર્યું છે. શ્યામ રંગ અજ્ઞાનનો માન્યો છે. ભગવાન કમલને બતાવી અજ્ઞાનને દૂર કરે છે. કારણ કે કપિલ મહારાજનો અવતાર અજ્ઞાનને નિવારવા માટે જ છે.

૧૦. मनः स्पर्शस्मितेक्षणम्–ભગવાનનું સ્મિતહાસ્ય હૃદયને સ્પર્શ કરી જાય તેવું છે. એનું તાત્પર્ય કે ભક્તોનું ચંચલ મન ભગવાનના સ્મિતસુધાપાનથી સ્થિર થઈ જાય છે.

૧૧. **विन्यस्तचरणाम्भोजम्**–ગરુડના સ્કંધ ઉપર ભગવાન શોભી રહ્યા છે. એનું તાત્પર્ય એ છે કે ગરુડ કાલનું પ્રતીક છે. ઘણી વખત કાલ ધર્મમાં વિઘ્ન કરે છે. ભગવાને તેથી કાલને જ દબાવીને રાખેલ છે કે જે ભક્તોને સતાવે નહીં. આ વિશેષણ ધર્મપુરુષનું સૂચન કરવા માટે છે.

૧૨. **खेऽवस्थितम्**–આકાશમાં ઊભા રહેલા એટલે ભક્તોના અર્થોને સિદ્ધ કરવા માટે આતુરતાવાળા ભગવાનને દર્શાવ્યા છે.

૧૩. **वक्षःश्रियम्**–વક્ષઃસ્થલમાં લક્ષ્મીજીને વસાવનારા વિશેષણથી ભક્તોની કામનાને પૂર્ણ કરનારા અને લક્ષ્મીજીની માફક ભક્તોને હૃદયમાં રાખનારા છે એમ સૂચવ્યું.

૧૪. **कौस्तुभकन्धरम्**–કંઠમાં કૌસ્તુભ મણિવાળા વિશેષણથી “મોક્ષદાતા” ભગવાનને વર્ણવ્યા છે.

ઉપર દર્શાવેલા ચૌદ ધર્મવાળા ભગવાનની આકાશમાં ઝાંખી કરી પરંતુ ચરણસ્પર્શ ન કરતાં ભૂમિ ઉપર મસ્તકથી દંડવત્પ્રણામ કર્યા. ભૂમિ ઉપર મસ્તક મૂકી દર્શન કરતાં ભગવાનના શ્રીમુખદર્શનથી વંચિત થવાશે એવું કર્દમ મહર્ષિ સમજે છે. પરંતુ ભગવાને મારે માટે પધારવાનો શ્રમ લીધો છે તો મન, વાણી, કાયાથી સેવા કરવી જોઈએ એમ સમજી જમીન ઉપર પ્રણામ કર્યા. ૯–૧૨

કર્દમ મહર્ષિ પોતાની પ્રસન્નતા પ્રકટ કરે છે—

ऋषिरुवाच – जुष्टं बताद्याखिलसत्त्वराशेः सांसिध्यमक्ष्णोस्तव दर्शनान्नः ॥
यद्दर्शनं जन्मभिरीड्य सद्भिराशासते योगिनो रूढयोगाः ॥१३॥

અન્વયાર્થ—**ईड्य**–હે પ્રશંસનીય પુરુષ, **अखिल–सत्त्व–राशेः**–સમસ્ત સત્વોના સમૂહ સ્વરૂપ **तव**–આપનાં, **दर्शनात्**–દર્શનથી, **अद्य**–આજે, **नः**–અમને, **अक्ष्णोः**–નેત્રોની, **सांसिध्यम्**–દિવ્ય શક્તિની, **जुष्टम्**–પ્રાપ્તિ થઈ, **बत**–એ આનંદની વાત છે, **यद्**–જે, **दर्शनम्**–દર્શનને, **रूढयोगाः**–યોગપ્રવીણ, **योगिनः**–યોગીઓ, **सद्भिः**–શ્રેષ્ઠ, **जन्मभिः**–જન્મોથી, **आशासते**–ચાહે છે–વાંછે છે. (ઈંદ્રવજ્રાવૃત્ત) ૧૩

અનુવાદ—મહર્ષિ કર્દમે કહ્યું કે હે સ્તુતિયોગ્ય ભગવન્! સમસ્ત સત્વોના સમૂહ સ્વરૂપ આપ છો. આજ આપનાં દર્શનથી અમને નેત્રોની દિવ્યશક્તિની પ્રાપ્તિ થઈ, કે જે દર્શનને યોગનિપુણ યોગીજનો અનેક શ્રેષ્ઠ જન્મોથી વાંછે છે. ૧૩

તત્ત્વસુધા—**सांसिध्यमक्ष्णोः**–શ્રી કર્દમ મુનિ શ્રીહરિનાં દર્શન કરી આનંદમાં આવી ગયા છે અને નિવેદન કરે છે કે આજ મારી આંખ સિદ્ધ બની ગઈ છે. સિદ્ધિ મળતાં સર્વ ફળો સ્વયં આવીને મળે છે. સર્વ સિદ્ધિઓ સત્વનાં કાર્યો છે. જ્યારે આપનું દર્શન સર્વસત્વોનો સમુદાય છે. જો તે મળી જાય છે તો પછી કોઈ ફળ બાકી જ નથી રહેવાનું. યોગીજનો અનેક કાયાવ્યૂહોથી દૃઢ યોગો સાધીને પણ નેત્રની આ સિદ્ધિ નથી પામ્યા તે આજે મળી છે. ૧૩

ભગવાન પાસે તુચ્છ કામના ન કરવી એમ આ શ્લોકથી કહેશે—

ये मायया ते [१]हृतमेधसस्त्वत्पादारविन्दं भवसिन्धुपोतम् ॥
उपासते कामलवाय तेषां रासीश कामान्निरयेऽपि ये स्युः ॥१४॥

અન્વયાર્થ—**ईश**–હે નાથ, **मायया**–આપની માયાથી, **ये**–જે, **हृतमेधसः**–હરાયેલ મતિવાળા છે, **ते**–તેઓ, **भवसिन्धु–पोतम्**–ભવસાગરમાં નાવસ્વરૂપ ગણાતા, **त्वत्–पादारविन्दम्**–આપના ચરણકમલને, **कामलवाय**–સુખના ટુકડા માટે, **उपासते**–સેવે છે, **तेषाम्**–આવા અલ્પ સુખાર્થીઓને, **ये**–જે સુખો, **नरके अपि स्युः**–નરકમાં મળે છે તેવા, **कामान्**–પદાર્થોને, **रासि**–આપો છો. ૧૪

---

[१] हृतमेधसः इति प्रा. पा.

અનુવાદ—હે નાથ, આપની માયાથી જે હરાયેલ મતિવાળા છે તેઓ તો ભવસાગરના નાવ સ્વરૂપ આપના ચરણકમલને સુખના તુચ્છ ટુકડા માટે સેવે છે. આવા અલ્પ સુખાર્થીઓને નરકમાં પણ જે મળે તે સુખોને આપો છો. ૧૪

તત્ત્વસુધા—"भवसिन्धु–पोतम्"–શ્રી કર્દમ મુનિ ભગવાનને કહેવા માગે છે કે આપનું ચરણકમલ ભવસાગર પાર ઉતારવા માટે એક સુદૃઢ નાવ છે. નાવથી પાર ઊતરવા અન્ય કોઈ અભિલાષા કરવી ઉચિત નથી. આ વસ્તુ ઉત્તમ શબ્દોમાં મૂકે છે.

"ये मायया हतमेधसः"–શ્રી કર્દમ મુનિ કુમતિનો પરિચય આપે છે કે જે જીવો જગદીશ પાસે જગતની નશ્વર ચીજોની યાચના કરે છે તેમણે તો પ્રભુઆરાધનાનો પરિશ્રમ વ્યર્થ કર્યો છે. સાગરને સામે કિનારે જવા માટે રાખવા આવેલ નાવ કેવલ જલવિહાર માટે ન વપરાય. પ્રભુચરણ–નાવ સાગર પર તરવાનું દૃઢ સાધન છે તેવા કલ્પતરુ ચરણ પાસે તુચ્છ સુખની યાચના ન થાય. ૧૪

ઉપરના શ્લોકોમાં પ્રભુ પાસે કાંઈ પણ ન માગવું એમ નક્કી કર્યાં પછી પણ અન્ય કોઈ ઉપાય નથી જ તેથી પ્રભુચરણમાં કામના પ્રકટ કરે છે—

तथा स चाहं परिवोढुकामः समानशीलां गृहमेधिधेनुम् ॥
उपेयिवान्मूलमशेषमूलं दुराशयः कामदुघाङ्घ्रिपस्य ॥१५॥

અન્વયાર્થ—**स च अहं तथा**–અને હું તેવો જ છું, **दुराशयः**–વળી હું કામકલુષિત છું તેથી જ, **समान–शीलाम्**–સમાન સ્વભાવવાળી, **गृहमेधि–धेनुम्**–ગૃહસ્થાશ્રમીઓને કામધેનુ ગાય સમાન સ્ત્રીને, **परिवोढु–कामः**–પરણવાને ચાહનારો, **कामदुघा–अङ्घ्रिपस्य**–કામપૂરક કલ્પતરુનાં, **मूलम्**–મૂલ સ્વરૂપ તેમજ, **अशेष–मूलम्**–સમસ્ત સુખનાં મૂલ એવા આપના ચરણમાં, **उपेयिवान्**–આવેલ છું. ૧૫ (ઉપેન્દ્રવજ્રાવૃત્ત)

અનુવાદ—પૂર્વમાં વર્ણવ્યો તેવો જ હું કામકલુષિત મનવાળો છું માટે જ સમાન સ્વભાવવાળી ગૃહસ્થાશ્રમીઓને કામધેનુ ગાય જેવી સ્ત્રીને પરણવા ચાહતો, સમસ્ત સુખના મૂળ તેમજ કામપૂરક કલ્પતરુના મૂળ એવાં આપના ચરણે આવ્યો છું. ૧૫

તત્ત્વસુધા—तथा स चाहं परिवोढुकामः–એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે મુનિવર્ય ! આપ જ્યારે તુચ્છ કામના ન કરવી એમ સમજો છો અને સ્વીકારો છો પછી કેમ આપ પ્રભુચરણે ઇચ્છા પ્રકટ કરો છો ?—

ત્યારે સમાધાન કરતાં કહ્યું કે, ભગવન્, બ્રહ્માજીની આજ્ઞાથી મારે ગૃહસ્થધર્મી થવાનું છે. યોગબળથી, પ્રારબ્ધથી અને પ્રભુકૃપાથી એમ ત્રણ પ્રકારે સહધર્મિણી મેળવાય છે. આજ સુધીના યોગસામર્થ્યથી હું સ્ત્રીઓને ઉત્પન્ન કરી ગૃહસ્થ–સુખ લઈ શકું છું. પ્રારબ્ધથી મળેલ ગૃહિણી સાથે રહીને પણ ભોગસુખ લઈ શકું છું. પરંતુ મારે તો "પુત્રથી" ભગવત્સુખ મેળવવું છે. તે પણ આપની જ કૃપાથી જો પુત્રસુખ મળવાનું હોય તો:–

પુત્રસુખમાં પણ આપ પુત્ર બનો અને મારું મન નિષ્કામ બનાવી હરિચરણાનુરાગ આપવા પુત્ર તરીકે પધારો તો મને ગૃહમેધિ–ધેનુમ્ ગૃહસ્થીઓને માટે કામધેનુ સમાન કન્યા આપો.

આ ઉપરથી સમાજને સૃષ્ટિની શરૂઆતમાં જ આદર્શ સમજાવ્યો કે ભક્ત પુત્રના પિતા થવા માટે જ ગૃહસ્થધર્મમાં પ્રવેશ કરવો. "સ્ત્રી"ની પ્રતિષ્ઠા કોઈપણ કવિને ગાતાં નથી આવડી. કોઈ સ્ત્રીને ગૃહિણી, મંત્રી, સખી, શિષ્ય, મિત્ર વગેરે શબ્દોથી સમજે છે અને ગાય છે. જ્યારે વ્યાસ મહર્ષિએ સમાજના નારીનું સ્થાન "કામધેનુ ગાય" તરીકે સર્વશ્રેષ્ઠ મૂક્યું. યજ્ઞ માટે જેમ કામધેનુ ગાય છે તેમ ગૃહયજ્ઞ માટે લગ્ન છે. આ યાચના કરતાં પ્રભુને—

"कामदुघांघ्रिप"–કામના પૂરક કલ્પતરુપાદના પણ મૂલ કહ્યા. જેના ચરણની રજમાંથી અનન્ય કલ્પવૃક્ષો ઉદ્‌ભવે છે એવા વર્ણવ્યા. સાથે સાથે સ્વીકાર્યું કે હું સકામ હોઈશ તો પણ પુત્ર તરીકે પધારતાં અકામ, દિવ્ય કામ, સેવાકામ કે ભગવત્‌કામ થઈશ. જો અન્ય પાસે યાચના કરું તો અપરાધી ગણજો. ૧૫

મહર્ષિ કર્દમ આ શ્લોકમાં, પોતે વરદાનમાં પત્ની શા માટે માંગે છે તેની સ્પષ્ટતા કરે છે—

प्रजापतेस्ते वचसाऽधीश तन्त्या लोकः किलायं कामहतोऽनुबद्धः ॥
अहं च लोकानुगतो वहामि बलिं च शुक्लानिमिषाय तुभ्यम् ॥१६॥

અન્વયાર્થ—अधीश !–હે અધીશ, **किल**–ખરેખર, **काम–हतः**–કામથી પીડિત થયેલ, **अयं लोकः**–આ લોક, **ते प्रजापतेः**–આપના પ્રજાપતિના, **वचसा**–વચન સ્વરૂપ, **तन्त्या**–તંતુઓથી–દોરડીથી, **अनुबद्धः**–ખરેખર બંધાયેલ છે, **च**–અને, **शुक्ल !**–હે વિશુદ્ધ સ્વરૂપ પ્રભુ !, **लोकान् अनुगतः**–લોકોને અનુસરનારો, **अहम्**–હું, **अनिमिषाय**·કાલસ્વરૂપ, **तुभ्यम्**–આપને, **बलिम् च**–પૂજન અને પ્રણામ, **वहामि**–સમર્પું છું. (વંશસ્થવૃત્ત) ૧૬

અનુવાદ—હે અધીશ ! ખરેખર કામથી દુઃખી થએલ આ લોક આપના વાણીના જ તાંતણામાં સખત બંધાયેલ છે. અને હે વિશુદ્ધ સ્વરૂપ પ્રભુ ! લોકોને પગલે ચાલનાર હું કાલસ્વરૂપ આપને પૂજન અને પ્રણામ સમર્પું છું. ૧૬

તત્ત્વસુધા—प्रजापतेस्ते वचसा—પ્રજાપતિ શબ્દનો અર્થ બ્રહ્માજી થાય છે. વધુ યોગ્ય તો એ હતું કે બ્રહ્માજીની આજ્ઞાથી મારે ગૃહસ્થાશ્રમી થવાનું છે એવું કહેવું જોઈએ. પરંતુ તે प्रजापतेः "આપના પ્રજાપતિની આજ્ઞા છે તેથી હું ગૃહસ્થાશ્રમી થવા ચાહું છું" એવું બ્રહ્માજીને માટે કહ્યું તે સૂચવે છે કે આપે બ્રહ્માજીને "પ્રજાઓ" ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી. અને બ્રહ્માજીએ મને પણ પ્રજાની ઉત્પત્તિની આજ્ઞા કરી છે. હું તેથી ગૃહસ્થાશ્રમી થવા ચાહું છું. અને આપની જ આજ્ઞાનું પાલન કરું છું.

વળી વેદો પણ આપનાં જ વચન છે. એ વેદોમાં આજ્ઞા છે કે जायमानो वै ब्राह्मणः त्रिभिर्ऋणैर्वा जायते–બ્રાહ્મણ જન્મે છે ત્યારથી જ દેવ–મનુષ્ય–પિતૃ–ઋણ સાથે લઈને જન્મે છે. મારે બ્રાહ્મણ તરીકે–મનુષ્ય તરીકે એક તેજસ્વી, મેધાવી, યોગી, તપોમય ભક્તપુત્ર જગતને આપવો જોઈએ. જે તપ, જ્ઞાન અને ભક્તિ દ્વારા વિશ્વમાત્રનું હિત કરી શકે. આવી સમજથી આપની પાસે કામના કરી રહ્યો છું. મને આપનો ભક્ત જાણજો નાથ ! બ્રહ્માની અને આપની આજ્ઞાનું પાલન, વેદોની આજ્ઞાનું પાલન, અને આપની ભક્તિ કરવી આવાં ત્રણ કાર્યો માટે પત્નીની આવશ્યકતા છે. જો સ્ત્રી હશે તો જ પવિત્ર ગૃહસ્થાશ્રમ રૂપ યજ્ઞ થઈ શકશે. આવી સમજણથી યાચના કરું છું તો ક્ષમા કરજો નાથ. ૧૬

लोकांश्च लोकानुगतान् पशूंश्च हित्वा श्रितास्ते चरणातपत्रम् ॥
परस्परं त्वद् गुणवादसिन्धुपीयूषनिर्यापितदेहधर्माः ॥१७॥

અન્વયાર્થ—लोकान्–લોકોને, **च**–અને, **लोक–अनुगतान्**–લોકોને અનુસરનારા, **च**–તેમજ **पशून्**–કર્મમાં આસક્ત એવા જીવોને, **हित्वा**–છોડીને, જે પરમ ભક્તોએ, **ते**–આપના, **चरण–आतपत्रम्**–ચરણ–છત્રનો, **श्रिताः**–આશ્રય લીધો છે, તેમજ **परस्परम्**–પરસ્પર–આપસ આપસમાં, **त्वद्–गुणवाद–सिन्धु–पीयूष–निर्यापित–देह–धर्माः**–આપના ગુણગાન રૂપ મહાસાગરના મંથનમાંથી મેળવેલા અમૃતના પાનથી દેહધર્મોને દૂર કર્યા છે, તે પરમ ભગવદીયો છે. (વંશસ્થવૃત્ત) ૧૭

---

१ सीधुपीयूष–इति प्रा. पा.

અનુવાદ—જેઓએ, લોકોનો અને લોકોને અનુસરનારા હોવાથી પશુઓનો રસ્તો ત્યજી દીધો છે તેઓએ તો આપના ચરણછત્રનો આશ્રય લઈ બેઠેલા અને આપના ગુણગાન રૂપ મહાસાગરમાંથી મળેલા અમૃતપાનથી દેહધર્મોને દૂર કર્યા છે. ૧૭

તત્ત્વસુધા—"लोकान् च लोकानुगतान् पशून् च"–શ્રી કર્દમ મહર્ષિ ભગવાનના ચરણે કાંઈ કબૂલાત કરે છે અને તે મહત્ત્વની છે. ઉપરના શ્લોકમાં પોતે યાચના કરે છે એમાં "ધર્મ" છે–"આજ્ઞાનું પાલન" છે એમ કહેવા છતાં એક નવી દૃષ્ટિ ભક્તજન સમક્ષ મૂકે છે. તે એ છે કે—

જેઓ ભગવાનના અનન્ય ભક્તો છે તેઓ ત્રણ પ્રકારની યોગ્યતા ધરાવે છે. પ્રથમ તો તેઓ લોકસુખમાં રસ નથી લેતા તેથી લોકોને ત્યજે છે. આ સ્થાને लोक શબ્દની વિવિધ વ્યાખ્યાઓ થાય છે. (૧) લોક એટલે ભક્તિરહિત પિતા, માતા, ભ્રાતા વગેરે, (૨) લોક એટલે ભક્તિરહિત કેવલ ન્યાયમીમાંસાદિ શાસ્ત્રોને જાણનાર, (૩) લોક એટલે જડ દેહ વગેરે, (૪) લોક એટલે વિષયાસક્તોને, (૫) લોક સુખાસક્તોને ત્યજી દે છે. આવો પ્રથમ અર્થ થાય છે.

लोकानुगतान्-એટલે ઉપર જે લોક શબ્દનો અર્થ કર્યો તે બધાને ચીલે ચાલનારને પણ પરમ ભક્તો ત્યજી દે છે.

पशून्-કારણ કે તેઓ "પશુ" છે. આ સ્થાને પશુનો અર્થ છે–સમજે છતાં અનુચિત આચરણ કરે, છતી આંખે દીવો લઈ કૂવામાં પડે તે પશુ કહેવાય

પરમ ભગવદીયો તો આ સર્વનો ત્યાગ કરી ભગવાનને જ ભજે છે અને ભગવાનના ચરણકમલનો આશ્રય કરે છે. ત્યાર બાદ જેઓ परस्परं त्वद्-गुणवाद-सिन्धु-સજાતીય તાદશી જન સાથે મળી કથાસિન્ધુનું મંથન કરી તેમાંથી સ્વયં પ્રકટ થતા હરિરસ પીયૂષનું પાન કરતાં શરીરના ધર્મોને દૂર કરી દે છે. પરીક્ષિત રાજાને કથામૃતપાન કરતાં સાત સાત દિવસ ભૂખ કે તરસ જેવું કાંઈ પણ જણાયું જ નહીં. ૧૭

આ શ્લોકથી પૂરવાર કરશે કે આપનું કાલચક્ર આપના અનન્ય ભક્તોના આયુષ્યને લઈ શકતું નથી—

न तेऽजराक्षभ्रमिरायुरेषां त्रयोदशारं त्रिशतं षष्टिपर्व ॥
षण्णेम्यनन्तच्छदि यत्त्रिणाभि करालस्रोतो जगदाच्छिद्य धावत् ॥१८॥

અન્વયાર્થ--**ते**-આપનું, **अजर-अक्ष भ्रमिः**-ક્ષય રહિત એવી ધરી ઉપર વિચરનાર કાલચક્ર છે, **यत्**-જે, **त्रयोदश-अरम्**-તેર આરાવાળું, **त्रिशतं षष्टिपर्व**-ત્રણસો ને સાઠ સાંધાવાળું, **षण्-नेमि**-છ નેમિવાળું, **अनन्त-च्छदि**-અસંખ્ય પત્રોવાળું, **त्रिणाभि**-ત્રણ નાભિવાળું, **जगत्**-જગતને, **आच्छिद्य**-ઝડપથી લઈ, **धावत्**-દોડતું તે ચક્ર, **एषाम्**-એ ભક્તોના, **आयुः**-આયુષ્યને (**आच्छिद्य**-લઈ ને), **न** (**धावति**) નથી દોડતું. (વંશસ્થવૃત્ત) ૧૮

અનુવાદ—નાશ વિનાની અક્ષય ધરી પર વિચરનાર જે આપનું કાલચક્ર છે, તે ચક્ર તેર આરાવાળું, ત્રણસો સાઠ પર્વ–સાંધા વાળું ને નેમિવાળું, અસંખ્ય પત્રોવાળું, ત્રણ નાભિવાળું અને જગતને ઝડપથી લઈ દોડતું છતાં જે અનન્ય ભક્તો છે તેઓના આયુષ્યને લઈ નથી શકતું. ૧૮

તત્ત્વસુધા—न तेऽजराक्षभ्रमिः–આ આખું વાક્ય પુંલ્લિંગાન્ત છે. તે કાલનું વાચક છે. કાલ શબ્દ પુંલ્લિંગ છે. પછી તે કાલને ચક્ર તરીકે વર્ણવે છે. ચક્ર નપુંસકલિંગ છે તેથી यत्–શબ્દથી વર્ણન શરૂ કર્યું.

यत्-સર્વનામને વિશેષ્ય બનાવ્યું અને બાકીનાં પદોને વિશેષણ તરીકે મૂક્યાં. હવે આ પ્રસિદ્ધ કાલચક્રની ક્યાં સુધી ગતિ છે તે સ્પષ્ટ કરે છે :

આ કાલચક્રને "સંવત્સર" તરીકે સમજાવે છે. સંવત્સર વર્ષનું નામ છે. દિવસોની કે કાલની ગણના સામાન્ય રીતે "વર્ષ"થી કરીએ છીએ. દેવ, પિતૃ કે મનુષ્ય વર્ષોથી ગણાય છે. એક વર્ષ ગયા પછી બીજા આવે છે. એનો ક્ષય જ નથી તે તો અવિનાશી કાલ ચાલ્યા જ કરે છે. છતાં એના વ્યવહાર માટે એક વર્ષ, બીજું વર્ષ, ત્રીજું વર્ષ એમ આપણે બોલીએ છીએ. આ રીતે વર્ષથી બોલાતા તે વર્ષ ચક્રના "त्रयोदशारं" તેર આરા છે. અધિક માસને અંદર ગણેલ હોવાથી તેર માસ નામના તેર આરાઓ છે.

त्रिशतं षष्टिपर्व—ત્રણસો ને સાઠ દિવસો તે ચક્રના સાંધા છે કારણ કે રથના પૈડાંની રચના કરે ત્યારે તેમાં અનેક નાનામોટા લાકડાના ટુકડાના સાંધા કરી આખું પૈડું બનાવાય છે. ફક્ત રથના પૈડામાં અને આ કાલચક્રમાં ફેર એટલો કે રથચક્ર ટુકડાઓને સાંધવાથી બનેલ છે માટે તે ક્ષયવાળું છે. જ્યારે આ કાલચક્ર તો આખું એક જ છે પરંતુ તેમાં આપણે વ્યવહાર માટે, દિવસ, મહિના, ઋતુ આવાં નામો આપી તે આખા ચક્રમાં સાંધાઓ કલ્પ્યા છે માટે આ ચક્રને अजराक्षभ्रमिः "ક્ષય રહિત એવી ધરી ઉપર ચાલનાર" તરીકે વર્ણવેલ છે.

વળી આ કાલચક્ર આધિભૌતિક નથી પરંતુ આધિદૈવિક છે. જો આધિભૌતિક હોય તો અધિક માસવાળા વર્ષમાં તો ૩૬૦ નહીં પરંતુ ૩૯૦ દિવસો આવે જ્યારે શ્લોકમાં તો "त्रिशतं षष्टिपर्व" ૩૬૦ દિવસરૂપી પર્વ વર્ણવ્યાં છે. વ્યાસ મહર્ષિએ આ રજૂઆતમાં પણ ખૂબી કરી છે. त्रिशतं અને षष्टिपर्व એમ બે પદો અલગ જ વર્ણવ્યાં છે. વ્યાકરણની દૃષ્ટિએ દોષ કહેવાય કારણ કે એનું એક જ પદ બને અને शतं શબ્દની વિભક્તિનો લોપ થઈ જાય એવું વૈયાકરણોનું માનવું છે. વ્યાસજીના ધ્યાન બહાર એ વાત નથી. પરંતુ બે પદોને અલગ રાખી વ્યાસજી સૂચવે છે કે પ્રત્યેક વર્ષમાં ૩૦૦ દિવસો તો આવવાના જ છે પરંતુ ૬૦ દિવસોમાં અધિક માસમાં ફેરફાર પડવાનો. તેમાં તો ૯૦ દિવસો આવવાના છે. માટે વિભક્તિ લોપ ન કરતાં જ "त्रिशतं षष्टिपर्व" લખ્યું છે.

'षण् नेमि" ૭ ઋતુઓ એના ૭ નેમિ છે. अनन्तच्छदि પરમાણુ કાલ, નિમેષ કાલ, ક્ષણ કાલ વગેરે અનન્ત એની ધારાઓ છે. त्रिनाभि ત્રણ ચાતુર્માસ એના ત્રણ નાભિઓ છે. આવું કાલચક્ર બધાના આયુષ્યનો ક્ષય કરે છે. જ્યારે જેઓ "श्रितास्ते चरणातपत्रम्" પ્રભુના ચરણછત્રનો આશ્રય લઈને બેઠા છે તેનો તો કદી ક્ષય નહીં કરે પરંતુ તેના આયુષ્યને પ્રભુને ત્યાં જમા કરે છે. શ્રીમદ્ ભાગવતમાં જ લખ્યું કે तस्यर्ते यत्क्षणो नीत उत्तमश्लोकवार्तया–ઉદય-અસ્ત પામતો સૂર્ય તેના જ આયુષ્યને હરે છે કે જેણે ઉત્તમશ્લોક શ્રીહરિના કથામૃતપાનમાં ક્ષણો નથી ગાળી ૧૮

આ શ્લોકથી જગતને ભગવાને રચ્યું છે અને તે નિત્ય છે એમ સમજાવે છે :

एकः स्वयं सन् जगतः सिसृक्षया द्वितीययात्मन्यधियोगमायया ॥
सृजस्यदः पासि पुनर्ग्रसिष्यसे यथोर्णनाभिर्भगवान् स्वशक्तिभिः ॥१९॥

અન્વયાર્થ—एकः स्वयम् सन्–આપ જાતે એકલા જ છો છતાં, **जगतः सिसृक्षया**–જગતને રચવાની ઇચ્છાથી, **आत्मनि**–પોતામાં, **द्वितीयया**–બીજી બનાવેલી, **योगमायया**–અધિક એવી યોગમાયાથી, **यथा**–જેમ, **उर्णनाभिः**–કરોળિયો જાળ રચે તેમ, **भगवान्**–ભગવાન, **स्व-शक्तिभिः**–પોતાની શક્તિઓથી, **अदः**–આ દેખાતા જગતને, **सृजसि**–રચો છો, **पासि**–પાળો છો, **पुनः**–વળી, **ग्रसिष्यसे**–ગળી જશો. (વંશસ્થવૃત્ત) ૧૯

અનુવાદ—હે ભગવાન ! આપ જાતે એકલા જ છો છતાં કરોળિયાની જાળની માફક આપ આ જગતની રચના કરવાની વૃત્તિ થતાં આપે આપનામાં જ રચેલી એવી અધિક યોગમાયાથી આ નજરે દેખાતા જગતને રચ્યું છે, સંભાળ્યું છે અને ગળી પણ જશો. ૧૯

તત્ત્વસુધા—एकः स्वयं सन्-કરોળિયાને, उर्णनाभिः-ઉર્ણનાભિ કહ્યો છે. તે તેના મુખમાંથી લાળના તંતુઓને કાઢે છે અને પોતાનામાં જ સમાવે છે. તે જ પ્રકારે ભગવાનને આવા જગતની રચના કરવાની ઇચ્છા થાય છે. અને એ રચના દ્વારા પોતાના અંશરૂપ જીવોને લીલાથી રસલ્હાણ કરાવવા ચાહે છે ત્યારે તે પોતાની એક અધિક યોગમાયાનું નિર્માણ કરી આ વિશ્વને રચી, સંભાળી સમેટી લે છે. ભગવાન પોતાનામાંથી જો જગતને રચે તો પછી તે અનિત્ય ન સંભવે. ૧૯

ભગવાન ભક્તને લૌકિક સંસાર નહીં આપે પરંતુ ભક્તિ માર્ગાનુકૂલ જ સુખ આપશે—

नैतद् बताधीश पदं तवेप्सितं यन्मायया नस्तनुषे भूतसूक्ष्मम् ॥
अनुग्रहायास्त्वयि यर्हि मायया लसत्तुलस्या तनुवा विलक्षितः ॥२०॥

અન્વયાર્થ—**अधीश**-હે પરમેશ્વર આપ, **मायया**-માયાથી, **यत्**-જે, **नः**-અમને, **भूतसूक्ष्मम्**-સૂક્ષ્મ ભૂતોને-તન્માત્રાઓને, **तनुषे**-આપો છો, **एतत्**-એ, **पदम्**-સ્થિતિ, **बत** સાચે જ, **तव**-આપની, **ईप्सितम्**-ઇચ્છેલી નથી, **अयि** ! હે નાથ, **यर्हि**-જ્યારે, **मायया**-માયાની, **लसत्-तुलस्या**-શોભતી તુલસીજી-વાળી, **तनुवा**-કાયાથી-શ્રી અંગથી, **विलक्षितः**-દૃષ્ટિપથ સામે થયા છો તો, **अनुग्रहाय**-અનુગ્રહ કરવા માટે **अस्तु**-ભલે હો. (ઇંદ્રવંશાવૃત્ત) ૨૦

અનુવાદ—હે પરમેશ્વર ! આપ માયાથી જે અમને તન્માત્રાદિ સૂક્ષ્મ ભૂતોને અર્પો છે એ સ્થિતિ કાંઈ આપે ભક્ત માટે વિચારેલ નથી. હે પ્રભુ ! જ્યારે માયાથી શોભતા તુલસીજી-વાળા શ્રી અંગથી આજ આપ દૃષ્ટિગોચર બન્યા છો તે સ્થિતિ અનુગ્રહ માટે રહો. ૨૦

તત્ત્વસુધા—"नैतद् बताधीश पदं त्वयेप्सितम्"-સૂર્યના સાન્નિધ્યમાં અંધકાર ટળે છે, પ્રકાશ મળે છે, તેમ ભગવાનના સાન્નિધ્યથી મનોમલ દૂર થાય છે અને સત્ય કબૂલાય છે.

શ્રી કર્દમ મહર્ષિ પણ આ શ્લોકમાં સત્ય સ્વીકારે છે. ભગવાન ભક્તનો સંસાર વધે એવી સ્થિતિ-અવસ્થાને કદી નથી ચાહતા. સંસાર એટલે ઇશ્વરવિમુખ કરનારી-કર્તવ્યવિમુખ બનાવનારી સ્થિતિ. કદાચ લાગશે કે ત્યારે ભગવાને ભૂતસૂક્ષ્મ અહંકાર, ઇન્દ્રિયો, તન્માત્રાઓ-વિષયો શા માટે ભકતોને આપ્યાં ?

મહાત્મા કર્દમજી એનો ખુલાસો કરે છે કે ભગવાન ભક્તને આવા પદાર્થો આપે છે તેમાં સાથે સાથે અનુગ્રહ પણ રાખે છે. આ પદાર્થો તો ભોગ કરાવી ભક્તને વાસનામુક્ત બનાવી પોતાના તરફ તેને વાળે છે. એથી તો ઇન્દ્રિયો, અન્તઃકરણ વગેરેને સુખ આપનારી પોતાની આનંદમયી આકૃતિ બનાવી પ્રભુ ભકતોની ઇન્દ્રિયોના વિષય બને છે. કર્દમ ભગવાનને વિનવે છે કે આપની આ રસમય શ્રી અંગની ઝાંખી કરાવી છે તે સદા મારાં નયન અને હૃદયમાં કાયમ રહો અને સાથે કામધેનુ સમાન પત્ની આપો. ૨૦

કર્દમ મુનિ ઉપકારભારવશ બની ભગવાનને વંદન કરે છે—

त्वं त्वानुभूत्योपरतक्रियार्थं स्वमायया वर्तितलोकतन्त्रम् ॥
नमाम्यभीक्ष्णं नमनीयपादसरोजमल्पीयसि कामवर्षम् ॥२१॥

અન્વયાર્થ—**अनुभूत्या**-આનંદના અનુભવથી, **उपरत-क्रियार्थम्**-ક્રિયાનું કોઈ કારણ જ રહેતું નથી, તેમજ, **स्व-मायया**-પોતાની માયાથી, **वर्तित-लोक-तन्त्रम्**-લોકરચનાને વારંવાર ચલાવેલ છે, એવા, **त्वं तु**-આપ તો, **नमनीय-पाद-सरोजम्**-નમન કરવા યોગ્ય ચરણકમલવાળા છો, વળી **अल्पीयसि** એક તુચ્છ જીવને, પણ, **काम-वर्षम्**-ઇચ્છેલું આપનારા છો તે ભગવાનને, **अभीक्ष्णम्**-પુનઃ પુનઃ, **नमामि**-પ્રણામ કરું છું. (ઉપજાતિવૃત્ત) ૨૧

અનુવાદ—આનંદના અનુભવથી હે ભગવન્! આપને કોઈ ક્રિયાનું કારણ જ રહેતું નથી, વળી પોતાની માયાથી આ લોકરચનાને વારંવાર ચલાવેલ છે એવા આપ તો નમન કરવા લાયક ચરણકમલવાળા છો. તેમજ તુચ્છ જીવને પણ કલ્પતરુ જેવા છો તે ભગવાનને પુનઃ પુનઃ પ્રણામ કરું છું. ૨૧

તત્ત્વસુધા—**अनुभूत्या उपरत-क्रियार्थम्**-કોઈ ને કલ્પના આવે કે ભગવાન આ સર્વ સૃષ્ટિનિર્માણની ક્રિયાઓ તો કરે જ છે તો અવશ્ય કંઈ પણ આશા તો હશે જ ને? સંભવ છે સુખાદિ ભોગવવા માટે જ કરતા હોય તો.

એવી કલ્પનાનું સમાધાન કરે છે કે સુખ એ તો સામાન્ય અને ક્ષણિક વસ્તુ છે. જ્યારે આનંદ તો પૂર્ણ અને શાશ્વત પદાર્થ છે. વળી આનંદ તો ભગવાનનું જ સ્વરૂપ છે એવા આનંદનો ભગવાન સર્વને અનુભવ કરાવે છે, તે પ્રભુને કોઈપણ ક્રિયા સુખ પ્રાપ્તિ કરાવનારી હોય જ નહીં ત્યારે લાગશે કે આ સૃષ્ટિ શા માટે રચે છે? એનો ઉત્તર આપ્યો કે—

स्व-माययां-वर्तित लोकतन्त्रम–ભગવાને પોતાની માયાને લીલા માટે આ કાર્ય સોંપી મૂક્યું છે અને ભગવાનની આજ્ઞાથી માયા એ તંત્રને ચલાવ્યાં જ કરે છે. બાકી ભગવાન તો—

अल्पीयसि कामवर्षम्-એક સામાન્ય જીવ છે, જે તપ, ભજન આદિ કાંઈ કરતો નથી તો પણ તેને માટે તે કલ્પતરુ સમાન બને છે. તે ભગવાનને તો આપણે પુનઃ પુનઃ પ્રણામ વિના કાંઈ આપી શકીએ તેમ નથી. ૨૧

આ શ્લોકમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન છે તેમજ ભગવાન વચનામૃતવર્ષા કરશે એ વસ્તુ કહે છે—

इत्यव्यलीकं प्रणुतोऽब्जनाभस्तमाबभाषे वचसाऽमृतेन ॥
सुपर्णपक्षोपरि रोचमानः प्रेमस्मितोद्वीक्षणविभ्रमद्भ्रूः ॥२२॥

અન્વયાર્થ—**इति**-એ પ્રમાણે, **अव्यलीकम्**-નિષ્કપટ રીતે, **प्रणुतः**-સ્તુતિ કરેલા, **सुपर्ण-पक्ष-उपरि**-શ્રી ગરુડજીની પાંખ ઉપર, **रोचमानः**-શોભતા, **प्रेम-स्मित-उद्वीक्षण-विभ्रमद्भ्रूः**-પ્રેમ અને સ્મિત હાસ્યને લીધે ભમતી ભ્રમરવાળા, **अब्जनाभः**-પદ્મનાભ ભગવાન, **अमृतेन वचसा**-અમી ભર્યાં વચનોથી, **तम्-आबभासे**-તે કર્દમ મહર્ષિને કહેવા લાગ્યા. (ઉપજાતિવૃત્ત) ૨૨

અનુવાદ—આ પ્રમાણે નિષ્કપટ રીતે સ્તુતિ કરેલા, તેમજ ગરુડજીની પાંખ ઉપર શોભતા, પ્રેમ અને સ્મિત હાસ્યથી ભમતી ભ્રમરવાળા પદ્મનાભ ભગવાન અમીમય વાણીથી કર્દમ મહર્ષિને કહેવા લાગ્યા. ૨૨

તત્ત્વસુધા—**इत्यव्यलीकम् प्रणुतः**-કર્દમ મહર્ષિએ ભગવાનની સ્તુતિ કરી છે. એ સ્તુતિ અતિશય ભક્તિભાવથી ભરેલી છે. જ્યારે વ્યક્તિ બોલે છે કે લખે છે ત્યારે ઉપરથી સૌમ્ય ભાવ અને દૈન્ય ભાવ દેખાય છે છતાં ભીતર તો કટાક્ષ કે કપટ ભાવ ભરેલાં હોય છે. આવી વાણી સ્તુતિ ન કહેવાય. શ્રી કર્દમ મુનિએ હૃદયના વિશુદ્ધ ભાવથી ભગવાનને ગાયા છે. સાચો પ્રેમ મધુર વચન, મધુર ભાવ જ ધરાવે. કદાચિત્ રોષવશ કટુ વાક્ય વદી દેશે પણ તે મુખથી મધુર વાણી અને મનમાં કટુ ભાવ રાખનાર કપટી જેવો વ્યવહાર કદી નહીં કરે.

अब्जनाभः-ભગવાન પદ્મનાભ છે. પદ્મનાભ ભગવાનનું દર્શન મંગલ અને સર્વ કામના પૂર્ણ કરનાર દર્શન છે. ભગવાને જગત રચવા માટે તો કમલ રચ્યું છે. કર્દમ મુનિ પણ "વિવાહ"ની અથવા "પત્ની"ની કામનાવાળા છે. ભગવાન પદ્મનાભ તેમની તે કામનાને પૂર્ણ કરવાના છે તે "કમલનાભ" પદથી જ દર્શાવી દીધું. ભગવાનની બ્રહ્માંડને રચવાની ઇચ્છાને અનુરૂપ આ ઇચ્છા છે તેથી કર્દમજીને માગવાનું જ ન રહ્યું.

वचसाऽमृतेन–માગનાર ભાગ્યે જ વહાલો લાગે છે અને આપનાર કોઈક જ અમીમય બની અને આદર સાથે આપે છે. ભગવાન મહર્ષિ ઉપર પ્રસન્ન છે અને વચનામૃત વર્ષાવી વિષયવિષમાંથી ઋષિને બચાવશે.

सुपर्णपक्षोपरि–ગરુડ કાલનું સ્વરૂપ છે. ભગવાને તે કાલને દબાવ્યો છે. તેથી કર્દમઋષિને કાલધર્મો નડશે નહીં એમ બતાવ્યું.

प्रेम-स्मितोद्वीक्षण–પ્રેમ અને સ્મિતહાસ્યમય ભગવાન અવલોકન કરે છે. સ્મિત હાસ્યથી વિરક્ત થતા અટકાવશે અને પ્રેમથી આસક્ત થતા અટકાવશે. આ બે ધર્મો સાથે રહેવા દુર્લભ છે. ૨૨

હવે બે શ્લોકો દ્વારા ભગવાન ભક્તિશાસ્ત્રનું મંતવ્ય રજૂ કરે છે—

श्रीभगवानुवाच–विदित्वा तव चैत्यं मे पुरैव समयोजि तत् ॥
यदर्थमात्मनियमैस्त्वयैवाहं समर्चितः ॥२३॥

અન્વયાર્થ—**तव**–તમારા, **चैत्यं**–ચિત્તનો ભાવ, **विदित्वा**–જાણીને, **यदर्थम्**–જે કારણથી, **आत्म-नियमैः** દેહને વશ રાખીને, **त्वया एव अहम्**–તમે મને જે રીતે, **समर्चितः**–સેવ્યો છે, **तत्**–તે વસ્તુ, **मे**–મેં, **पुरा एव**–પ્રથમથી જ, **समयोजि**–ગોઠવી રાખેલ છે. ૨૩

અનુવાદ—ભગવાને કહ્યું, કર્દમ મહર્ષિ તમારા મનોભાવને જાણીને, જે કારણથી દેહ ઉપર નિયમો કરી મને જે રીતે રાજી કર્યો છે, તે વસ્તુ મેં પ્રથમથી જ વિચારી રાખી છે. ૨૩

તત્ત્વસુધા—विदित्वा तव चैत्यं–ભગવાન ખરેખર ભક્તવત્સલ છે. તેઓ ભક્તના મનોરથના પ્રેરક, પોષક, અને પૂરક છે. બ્રહ્માજીને બીજા સ્કંધમાં કહ્યું હતું કે "તપમાં નિષ્ઠા એ મારો અનુગ્રહ" છે. શ્રી કર્દમ મહર્ષિને પણ ભગવાન એ જ વાત કહે છે કે મુનિવર મનોભાવ તમારો મેં પ્રથમથી જ જાણ્યો છે. તેથી જ ભક્તિ પરિપૂર્ણ અર્ચન તમે કરી શક્યા છો.

હું સમજુ છું કે "શાસ્ત્રનો સિદ્ધાન્ત, તમારી અને બ્રહ્માજીની ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાની ઇચ્છા, અને સંન્યાસ લેવાની મારી આજ્ઞા" આ ત્રણ વાતો તમે મનમાં રાખી છે. તેથી હું જ તમારે આંગણે તે ત્રણે કામનાની પૂર્તિ માટે પુત્ર થઈને અવતરીશ અને વિશ્વને ભક્તિપૂર્ણ જ્ઞાન વિતરીશ.

સર્વ માર્ગમાં "ભગવન્માર્ગ અતિ શ્રેષ્ઠ" છે. કારણ કે અન્ય માર્ગોમાં સાધનો વિફલ પણ બને છે, જ્યારે ભક્તિમાર્ગમાં સાધનો સફલ બને છે તેમજ સ્વયં ફલ બને છે. ૨૩

ભક્તિમાર્ગમાં નિષ્ફળતા હોતી જ નથી એમ આ શ્લોકથી કહેવા ચાહે છે—

न वै जातु मृषैव स्यात् प्रजाध्यक्ष मदर्हणम् ॥
भवद्विधेष्वतितरां मयि संगृभितात्मसु ॥२४॥

અન્વયાર્થ—**प्रजाध्यक्ष**–હે પ્રજાપતિ ! **मदर्हणम्**–મારું અર્ચન, **वै**–ખાત્રીપૂર્વક, **जातु**–કદી પણ, **मृषा**–ફોકટ–નિષ્ફળ **न एव स्यात्**–જતું જ નથી, તેમાં પણ **मयि**–મારામાં, **संगृभित-आत्मसु**–જેમને મન પરોવ્યું છે એવા, **भवद्-विधेषु**–તમારા જેવા અનન્ય ભક્તોમાં, **अतितरां**–જરાપણ, **न**–નિષ્ફળ નથી જતું. ૨૪

અનુવાદ—હે પ્રજાપતિ, મારું અર્ચન ખાત્રીપૂર્વક નિષ્ફળ જતું નથી જ તેમાં પણ મારામાં જેમને મન પરોવેલું છે એવા આપના જેવા અનન્ય ભક્તોમાં તો જરાય નિષ્ફળ થતું નથી. ૨૪

તત્ત્વસુધા—प्रजाध्यक्ष-કર્દમમુનિનું "પ્રજાધ્યક્ષ" સંબોધન છે. બ્રહ્માએ તેમજ મેં કર્દમ, તમને ઉત્તમ પ્રજોત્પત્તિ માટે જ ઉત્પન્ન કર્યા છે. તેથી તમે જો મારી પાસે કામધેનુ જેવી પત્નીની આશા કરો તે યથાયોગ્ય છે.

પરંતુ તમારે આશા કરવાની રહેતી નથી. તમે તપશ્ચર્યા આચરો તે પૂર્વમાં જ મેં તમારે માટે અનુકૂલ અને અનુરૂપ કન્યાનો વિચાર કર્યો છે. વળી તમને તપશ્ચરણમાં પણ મેં જ યોજ્યા છે એટલે તમારું તપ અને પ્રાર્થના એ મારી જ યોજના છે.

કારણ કે ભક્તિમાર્ગમાં પ્રારબ્ધ શબ્દ છે જ નહીં. ભગવદ્દિચ્છા એ જ નિયામિકા છે. તેમજ કર્મમાર્ગનું ફલ આપનાર ત્યાં અદૃષ્ટ છે જ. કર્મ ભગવાનને અર્પણ કરવામાં આવ્યું છે એ ફલ સિદ્ધ થઈ જ ગયું પછી ફલ આપનાર અદૃષ્ટ રહ્યું જ નહીં. વળી કર્દમ ઋષિ તમે मयि संगृभितात्मसु મારામાં ગૃભિત પ્રસન્ન થનારા છો. તાત્પર્ય કે ફલથી રાજી થનારા નથી, મારામાં જ રાજી રહેનારા છો. આટલી મોટી શ્રેણીના ભક્ત છો માટે કોઈ ચિંતા ન કરશો. ૨૪

ભગવાન ભાવિના વૃત્તાન્તને વર્ણવવા ચાર શ્લોકો આરંભે છે—

प्रजापतेः सुतः सम्राट् मनुर्विख्यात मङ्गलः ॥
ब्रह्मावर्तं योऽधिवसन् शास्ति सप्तार्णवां महीम् ॥२५॥

स चेह विप्र राजर्षिर्महिष्या शतरूपया ॥
आयास्यति दिदृक्षुस्त्वां परश्वो धर्मकोविदः ॥२६॥

અન્વયાર્થ—**प्रजापतेः**-બ્રહ્માજીના, **सुतः**-પુત્ર, **सम्राट्**-ચક્રવર્તી, **विख्यातमङ्गलः**-સદાચારપ્રસિદ્ધ, **मनुः**-મનુરાજા, **यः**-જે, **ब्रह्मावर्तम्**-બ્રહ્માવર્તમાં, **अधिवसन्**-રહીને, **सप्त-अर्णवाम्**-સાત સાગરવાળી, **महीम्**-પૃથ્વીનું, **शास्ति**-શાસન કરે છે. ૨૫

सः-તે, **धर्मकोविदः**-ધર્મપ્રવીણ, **राजर्षिः**-રાજર્ષિ, **विप्र**-હે વિપ્ર !, **महिष्या-शतरूपया च**-પટરાણી શતરૂપા અને કન્યા સાથે, **त्वां दिदृक्षया**-આપને મળવા માટે, **परश्वः**-પરમ દિવસે, **इह**-આ આશ્રમમાં, **आयास्यति**-આવશે. ૨૬

અનુવાદ—બ્રહ્માજીના પુત્ર, ચક્રવર્તી, ખ્યાતનામ સદાચારી, મનુ મહારાજ જે બ્રહ્માવર્તમાં વસીને સાત સાગરવાળી પૃથ્વીનું રાજ્ય કરે છે, તે ધર્મપ્રવીણ રાજર્ષિ, હે મુનિવર ! પોતાની પટરાણી શતરૂપા રાણી સાથે આપને નીરખવા અને કન્યાને આપવા પરમ દિવસે આ આશ્રમમાં આવશે. ૨૫, ૨૬

તત્ત્વસુધા—प्रजापतेः सुतः-વ્યક્તિની શ્રેષ્ઠતા, વંશ, ક્રિયા, સ્વભાવ, સંગ અને ગુણથી નક્કી થાય છે. કન્યાનું દાન કરતાં કે કોઈ ઉત્તમ સન્માન દેતાં આ પાંચ યોગ્યતા જોવાય છે. તેમાં પ્રથમ વંશનું ગૌરવ વદવા "પ્રજાપતિના પુત્ર" તરીકે મનુને ઓળખાવ્યા. બ્રહ્માના જ પુત્ર છે એટલે એમનાથી શ્રેષ્ઠ કુલ કોઈ ન રહ્યું. પુત્ર નરકમાંથી તારે અને સુત વંશ વિસ્તારે. બ્રહ્માજીને નરકમાંથી તારવાનું હોતું જ નથી. પરંતુ "વંશવિસ્તાર" આવશ્યક છે માટે મનુરાજા માટે सुतः સુત શબ્દ વાપર્યો.

सम्राट्—આ આવનાર રાજા ચક્રવર્તી છે. સમ્રાટ હોવાથી ક્રિયાસમ્પન્ન અને સમ્પત્તિસમ્પન્ન છે. **मनुः**—મનુ શબ્દથી ધર્મનિષ્ઠા સૂચવી. તેમજ નામથી પ્રસિદ્ધિ સૂચવી.

---

૧ कोविदं इति प्रा. पाठः

विख्यातमङ्गलः–સદાચારસમ્પન્ન "ખ્યાતનામ" કહેવાય છે. ભગવાન કહી રહ્યા કે કર્દમ મુનિ આવી યોગ્યતાવાળા રાજર્ષિ પરમ દિવસે સવારે તમારે ત્યાં આવશે. હાલમાં તેઓની રાજધાની "બ્રહ્માવર્ત" પ્રદેશમાં છે. સરસ્વતી અને દૃષદ્વતી આ બે દેવનદીઓ છે. તે બેની વચ્ચેનો પ્રદેશ "બ્રહ્માવર્ત" કહેવાય છે. દેવોએ રચેલ તે પ્રદેશ છે. હાલ એને "કુરુક્ષેત્ર" કહે છે.

विप्र—કર્દમ મુનિ! આપ વિપ્ર છો. વગર માગે આપે તે વિપ્ર કહેવાય. વધુમાં વધુ આપે તે વિપ્ર કહેવાય. વિવેકપૂર્ણ હોય તે વિપ્ર કહેવાય. રાજર્ષિ મનુ ભક્ત છે. સ્વાગત માગશે નહીં; પરંતુ એમનું સ્વાગત કરજો. તે સ્વાગતના અધિકારી છે. તેમની સાથે તેમનાં શતરૂપા રાણી છે. સિંહાસન ઉપર અભિષેક થાય તે મહિષી–પટરાણી કહેવાય છે. च–અવ્યયથી સૂચવ્યું કે તેમની કન્યા દેવહૂતિ પણ સાથે જ છે. રાણી અને કન્યા સાથે છે તેથી તેઓને એકબીજાનો અભિપ્રાય લઈ લગ્ન કરવામાં વિલંબ નહીં લાગે. તેઓ કન્યાદાન કરીને જ જશે.

धर्मकोविदः–ધર્મકોવિદ મનુરાજાનું વિશેષણ છે. સ્વયં સ્નેહથી "શાસન અને શાસ્ત્રના" આદેશોનું પ્રમાણિકતાથી પાલન કરે છે તે ધર્મકોવિદ ગણાય. મનુરાજા શાસ્ત્રમાં દર્શાવેલા વિવાહના પ્રકારોને જાણે છે. લગ્નશાસ્ત્રે એક વિધાન કર્યું છે કે—

"अभिगम्य स्वयं कन्यामलङ्कृत्य यथाविधि ।
सद्वराय प्रयच्छेद् यः स कूकुद इति स्मृतः ॥"

વસ્ત્ર, શૃંગાર, વિવેક, વિદ્યાવતી પુત્રીને સાથે લઈને જે યોગ્ય વરને દ્વારે જઈ કન્યાનાં લગ્નમંગલ આચરે તે પિતાને ' કૂકુદ" ધર્મકોવિદ તરીકે ઓળખવામાં આવે છે. धर्मकोविदं એ દ્વિતીયાન્ત પાઠ મળે ત્યારે આ વિશેષણ કર્દમઋષિને લાગુ પડે છે. ૨૫, ૨૬

આ શ્લોકમાં ભગવાન કર્દમઋષિને કહી રહ્યા છે કે રાજા તમને દીકરીનાં દાન કરશે—

आत्मजामसितापाङ्गीं वयः शीलगुणान्विताम् ॥
मृगयन्तीं पतिं दास्यत्यनुरूपाय ते प्रभो ॥२७॥

અન્વયાર્થ—**प्रभो**–હે પ્રભો! **असित–अपाङ्गीं**–શ્યામ નેત્રવાળી, **वयः–शील–गुण–अन्विताम्**–વય, શીલ, અને ગુણિયલ, તેમજ, **पतिं मृगयन्तीम्**–વરને શોધતી, **आत्मजाम्**–પુત્રીને, **अनुरूपाय–ते**–લાયક એવા તમને, **दास्यति**–રાજા આપશે. ૨૭

અનુવાદ—હે પ્રભો, શ્યામ નયનવાળી, વય, શીલ ગુણ સમાન તેમજ પતિને શોધતી એવી દેવહૂતિ દીકરીને સુયોગ્ય એવા તમને રાજા આપશે. ૨૭

તત્ત્વસુધા—**प्रभो**–શ્રી કર્દમ મહર્ષિને "પ્રભો" સંબોધન કરે છે. એનું એક કારણ છે કે જેવું સામર્થ્ય ભગવાન ધરાવે છે તેવું સામર્થ્ય કર્દમ મુનિને આપ્યું છે, જેથી ગૃહસ્થજીવનને ઉચિત સર્વ કક્ષાની યોગ્યતા કર્દમ ઋષિ ધરાવી શકે છે એમ સૂચવ્યું.

आत्मजाम्–દેહમાંથી જન્મેલી દીકરી નથી પરંતુ "આત્મા"માંથી જન્મ આપ્યો છે, માટે પુત્રી આત્મતુલ્ય મનુરાજાને વહાલી છે એમ સૂચવ્યું.

असितापाङ्गीम्–સ્ત્રીનાં શુભ લક્ષણોમાં "શ્યામ નેત્ર"ને શ્રેષ્ઠ લક્ષણ માન્યું છે. દેવહૂતિ દેવી તો શ્યામનયના છે તેથી ઉત્તમ લક્ષણા સ્ત્રી છે એ વાત સ્પષ્ટ કરી.

"वयः शीलगुणान्विताम्"—યૌવન, શીલ અને નારીનાં શુભ લક્ષણો એ ત્રણે સામગ્રી દેવહૂતિમાં છે માટે મુનિ મહારાજ તમારું દામ્પત્ય દિવ્ય થશે. વળી મહર્ષિ કર્દમ તમે પણ અનુરૂપ વર છો. ૨૭

ભગવાન વિશ્વાસ આપે છે કે તમારા દામ્પત્ય જીવનથી આનંદ થશે—

समाहितं ते हृदयं यत्रेमान् परिवत्सरान् ॥
सा त्वां ब्रह्मन् नृपवधूः काममाशु भजिष्यति ॥२८॥

અન્વયાર્થ—**ब्रह्मन्**-હે કર્દમઋષિ!, **यत्र**-જે કન્યામાં, **ते हृदयं**-તમારું હૃદય, **इमान्**-અનેક, **परिवत्सरान्**-હજારો વર્ષ સુધી, **समाहितं**-પરોવાયેલું છે, **सा**-તે, **नृपवधूः**-રાજાની પત્ની થવા યોગ્ય દેવહૂતિ, **त्वाम्**-તમને, **कामम्**-તમારી કામનાને અનુસરીને, **आशु**-સત્વર, **भजिष्यति**-સેવશે. ૨૮

અનુવાદ—હે કર્દમ ઋષિ, જે કન્યામાં તમારું હૃદય અનેક હજારો વર્ષથી પરોવાયેલ છે, તે રાજાની રાણી થવા લાયક રાજપુત્રી તમારી મનોવૃત્તિને અનુસરીને તમારી સત્વર સેવા કરશે. ૨૮

તત્ત્વસુધા—**ब्रह्मन्**-બ્રહ્મન્ શબ્દ કર્દમઋષિને માટે માનવાચક છે. ભગવાન પણ મુનિને સંબોધનથી સન્માન આપીને કહે છે કે મહર્ષિ જ્યાં મન અને નયનનો અનુરાગ હોય ત્યાં વિવાહ અને મૈત્રી રસમય બને છે. વર્ષોથી રાજકુમારી માટે તમારું મન અનુરાગવાળું છે. રાજકુમારી યદ્યપિ नृपवधूः-રાજરાણી થવા યોગ્ય છે છતાં તમારા તરફ અનુરાગવાળી છે. જેથી તમને વરશે અને તમારી મનોવૃત્તિને અનુસરીને સતત અને શીઘ્ર તમારી સેવા કરશે. ૨૮

ભવિષ્યમાં થનારી પ્રજાનો પણ ભગવાને આ શ્લોકમાં સંકેત કર્યો છે—

या त आत्मभृतं वीर्यं नवधा प्रसविष्यति ॥
वीर्ये त्वदीये ऋषय आधास्यन्त्यंजसात्मनः ॥२९॥

અન્વયાર્થ—**या**-જે, **आत्मभृतम्**-પોતાની અંદર ધારણ કરેલા, **ते-वीर्यं**-તમારા વીર્યને, **नवधा**-નવ પ્રકારે, **प्रसविष्यति**-પ્રસવ કરશે, **ऋषयः**-મરીચિ વગેરે નવ ઋષિઓ, **त्वदीये**-તમારા નવ કન્યા સ્વરૂપ, **वीर्ये**-વીર્યમાં, **अञ्जसा**-સુખેથી, **आत्मनः**-પુત્રોને, **आधास्यन्ति**-ઉત્પન્ન કરશે. ૨૯

અનુવાદ—જે દેવહૂતિ પોતાની અંદર ધારણ કરેલા આપના વીર્યને નવ પ્રકારે પ્રસવ કરશે અને મરીચિ વગેરે નવ ઋષિઓ તમારા નવ કન્યાસ્વરૂપ વીર્યમાં સુખેથી સંતાનોને ઉત્પન્ન કરશે. ૨૯

તત્ત્વસુધા—જે દેવહૂતિ પોતાની અંદર ધારણ કરેલા તમારા વીર્યને નવ પ્રકારે પ્રસવ કરશે, ત્યારબાદ મરીચિ વગેરે ઋષિઓ તે તમારી નવ કન્યાઓ રૂપ વીર્યમાં સુખપૂર્વક સંતાનોને ઉત્પન્ન કરશે—આ વિધાનમાં દેવહૂતિ પણ એક દિવ્ય શક્તિ છે એમ સૂચવ્યું છે. મુનિએ તો ભિન્ન ભાવથી વીર્યબીજનું આધાન કરેલું હતું. પરંતુ તે વીર્યબીજ એકપણાને અને એક પ્રકારને પામ્યું. તેને દેવહૂતિએ નવધા કન્યા સ્વરૂપે પ્રસવ આપ્યો છે. ભગવાન પાછા તે નવ કન્યાઓને માટે "વીર્ય" શબ્દ જ વાપરે છે. આ ઉપરથી સૂચવે છે કે આ કોઈ સામાન્ય કક્ષાની કન્યાઓ નથી પરંતુ નવધા ભક્તિરૂપ શક્તિઓ જ સ્વરૂપ લઈને આવેલ છે. સાચું વીર્ય એટલે જ ભક્તિ. ૨૯

આ શ્લોકમાં ભગવાને સંકેત કર્યો છે કે મુનિવર્ય ત્યારબાદ આપે સંન્યાસ સ્વીકારવો—

त्वं च सम्यगनुष्ठाय निदेशं म उशत्तम ॥
मयि तीर्थीकृताशेषक्रियार्थो मां प्रपत्स्यसे ॥३०॥

અન્વયાર્થ—उशत्तम-હે મનોહર મહર્ષિ !, **त्वं च**-તમે તો, **मे निदेशम्**-મારી આજ્ઞાનું, **सम्यग्**-યથાર્થ પ્રમાણે, **अनुष्ठाय**-પાલન કરીને, **मयि**-મારામાં, **तीर्थीकृत-अशेष-क्रिया-अर्थः**-સમસ્ત ક્રિયાઓનાં ફલને સમર્પણ કરી ચૂકેલા, **माम्**-મને, **प्रपत्स्यसे**-પામશો. ૩૦

અનુવાદ—હે અતિ સુંદર ઋષિ કર્દમ, તમે પણ મારી આજ્ઞાનું યથાયોગ્ય પાલન કરીને મને યોગ્ય તીર્થ-પાત્ર સમજી, સમસ્ત ક્રિયાઓ અને ક્રિયાઓના ફલને મારામાં અર્પણ કરી ચૂકેલા મને જ પામશો. ૩૦

તત્ત્વસુધા—'त्वं च'—ભગવાન त्वं અને च એવા બે શબ્દોમાં કર્દમ મુનિના તેમ જ च થી દેવહૂતિના ભવિષ્યનો ઉલ્લેખ કરે છે, કે તમે બન્ને આજીવન ગૃહસ્થાશ્રમી નહીં રહો, પરંતુ વિરક્ત જીવન જીવશો. તેમજ કર્મ અને કર્મફલનું - સમર્પણ પણ મને જ તીર્થસ્વરૂપ સમજી સમર્પશો એટલે કોઈ બંધન રહેશે નહીં. આ સૂચન માનવ માત્ર માટે છે. ગૃહસ્થજીવનનો પ્રવેશ રસપૂર્ણ જ હોય પરંતુ તે ભોગ-ભાવપૂર્ણ ન હોય. ભગવાનના આદેશપાલન માટે, વેદના આદેશપાલન માટે અને અંતમાં ભગવચ્ચરણ-કમલની પ્રાપ્તિ માટે જ હોય. ૩૦

ભગવાને કર્દમ મુનિને કહ્યું કે મને મેળવતા પહેલાં તમને બ્રહ્મજ્ઞાન થશે—

कृत्वा दयां च जीवेषु दत्वा चाभयमात्मवान् ॥
मय्यात्मानं सह जगद् द्रक्षस्यात्मनि चापि माम् ॥२१॥

અન્વયાર્થ—जीवेषु-જીવોમાં, **दयां कृत्वा**-દયા કરીને, **च**-તેમજ, **अभयम्**-અભય, **दत्वा**-આપીને, **च**-અને, **आत्मवान्**-બ્રહ્મસ્થિતિસમ્પન્ન એવા તમે, **मयि**-મારામાં, **आत्मानं सह जगत्**-આત્માને પોતાને તેમજ જગતને, **द्रक्ष्यसि**-જોશો, **च**-તેમજ, **माम् अपि**-મને પણ, **आत्मनि**-તમારામાં, **द्रक्ष्यसि**-જોશો. ૩૧

અનુવાદ—જીવોમાં દયા કરશો, તેમને અભય આપશો. વળી બ્રહ્મસ્થિતિસમ્પન્ન તમે મારામાં તમારી પોતાની સાથે જગતને તેમજ તમારા પોતામાં મને જોશો. ૩૧

તત્ત્વસુધા—"कृत्वा दयां च"–મુનિને ભવિષ્યના કાર્યનો સંકેત કરતાં ભગવાને કહ્યું કે जीवेषु दयां अभयं दत्वा આપ જીવો ઉપર દયા કરશો અને અભયનું દાન કરશો કારણ કે આપ आत्मवान् એટલે બ્રહ્મજ્ઞાનસમ્પન્ન છો.

ક્ષણ ભર લાગશે કે રાજા સમૃદ્ધ જીવો ઉપર દયા કરી શકે અથવા અભય આપી શકે. વનનિવાસી ઋષિ પાસે એવી કઈ સમ્પતિ છે કે તે દયા કરે અને અભયનું દાન કરે? એના સમાધાનમાં आत्मवान् શબ્દ કહેલ છે. "બ્રહ્મદર્શન" જેને થાય તે "આત્મવાન" કહેવાય છે. આવા "બ્રહ્મવિદ્" પુરુષને દ્વારે સદા દયાનું સદાવ્રત અને જ્ઞાનની પરબ છે. માનવ અજ્ઞાનથી દુઃખી છે. સ્ત્રી, પુત્ર, ધનના વિયોગથી કે નાશ થવાના ભયથી દુઃખ થાય છે. આવો ભય અજ્ઞાનથી થાય છે. જ્ઞાની પુરુષ આત્મૈક્યભાવથી સમસ્ત જીવોના દુઃખને પોતાનું ગણીને જ્ઞાનોપદેશથી દૂર કરે છે. પરંતુ જો તે સ્વયં બ્રહ્મનિષ્ઠ નહીં હોય અને કેવલ શબ્દજ્ઞાનવાન હશે તો તેની અસર નહીં થાય માટે જ "आत्मवान्" શબ્દથી કર્દમ મહર્ષિની પ્રતિષ્ઠા વર્ણવી છે.

मय्यात्मानं–હે મુનિ! આપ બ્રહ્મનિષ્ઠ થશો. પુનઃ તમને અને જગતને તમે મારામાં જોશો. તેમજ તમારામાં મને અને જગતને જોશો. બ્રહ્મદર્શન પછીથી ભગવાનનું દર્શન થશે. ૩૧

सदाहं स्वांशकलया त्वद्वीर्येण महामुने ॥
तव क्षेत्रे देवहूत्यां प्रणेष्ये तत्त्वसंहिताम् ॥२२॥

અન્વયાર્થ--**महामुने !** હે સમર્થ મુનિવર્ય, **त्वद्-वीर्येण**-તમારા વીર્ય સાથે, **स्व-अंश-कलया**-પોતાના અંશ અને કલાથી, **तव क्षेत्रे**-તમારી પત્ની, **देवहूत्याम्**-દેવહૂતિમાં, **तत्त्व-संहिताम्**-તત્ત્વસંહિતાને **प्रणेष्ये**-કહીશ. ૩૨

અનુવાદ—હે સમર્થ મુનિવર્ય, તમારા સાથે પોતાનાં અંશ અને કલાથી તમારાં પત્ની દેવહૂતિમાં તત્ત્વસંહિતા વર્ણવીશ. ૩૨

તત્ત્વસુધા--त्वद्-वीर्येण-ભગવાન કર્દમ મુનિને ત્યાં શ્રી કપિલ સ્વરૂપે પધારવાના છે, એ વસ્તુની સ્પષ્ટતા કરે છે. જીવની માફક ગર્ભ સંબંધથી પણ નથી પધારવાના પરંતુ પોતાના स्वांश-कलया અંશો અને કલા સાથે ભગવાન પધારશે. "આ સ્થાને कला એટલે જ્ઞાન અને ક્રિયાની શક્તિઓ અને अंश એટલે આનંદના અંશો એવો અર્થ છે. તાત્પર્ય એ છે જ્ઞાન કલા સાથેના આનંદ અંશ રૂપ હું તમારાં વીર્ય સાથે તમારાં પત્ની દેવહૂતિને સાંખ્ય સિદ્ધાન્તને કહેનાર તત્ત્વસંહિતાનું વિતરણ કરીશ." આ વાક્યમાં "ઉત્પન્ન થઈશ" એવું ક્રિયાપદ નથી તેથી સૂચવ્યું કે વીર્ય અને ક્ષેત્રનો સંબંધ થશે. જ્યારે જીવની માફક ગર્ભથી ભગવાનની ઉત્પત્તિ નહીં થાય.

प्रणेष्ये तत्त्वसंहिताम्-ચાર વેદોની ચાર સંહિતાઓ છે. તેવી પુરાણોની ચાર સંહિતાઓ છે. વેદમાં સંહિતાઓ પછી બ્રાહ્મણ ગ્રન્થો આવે છે. યજ્ઞો કરવાની વિધિ જણાવનારા મંત્રો બ્રાહ્મણ ગ્રન્થોમાં હોય છે. આ બ્રાહ્મણો બધાં પુરાણો છે. સાંખ્ય, યોગ, પાશુપત, વૈષ્ણવ સિદ્ધાન્તનો બોધ કરનાર મંત્રો રૂપ મૂલ ચાર સંહિતાઓનો લોપ થયેલ છે. કપિલ ભગવાન સાંખ્ય સંહિતાને સ્પષ્ટ કરશે.

વળી આ "वीर्येण सह" આ વાક્યમાં ભેદ અવ્યયનો ઉપયોગ કરી સૂચવ્યું છે. કર્દમના વીર્યના પોતાના અંશમાં ભેદ નથી તેથી ભગવાનનો આનંદ અંશ એ જ વીર્ય શબ્દથી સમજવાનો છે અન્યથા सह અવ્યયની આવશ્યકતા નથી. ૩૨

एवं तमनुभाष्याथ भगवान्प्रत्यगक्षजः ॥
जगाम बिन्दुसरसः सरस्वत्या परिश्रितात् ॥३३॥

અન્વયાર્થ—**एवं**-એ પ્રમાણે, **तम्**-કર્દમ મુનિને, **अनुभाष्य**-કહીને, **अथ**-પછી, **प्रत्यग्-अक्षजः**-અન્તર્મુખ દષ્ટિથી પ્રગટ થતા, **भगवान्**-ભગવાન, **सरस्वत्याः**-સરસ્વતીથી, **परिश्रितात्**-વીંટાયેલા, **विन्दुसरसः**-બિન્દુ સરોવર ઉપરથી, **जगाम**-પધારી ગયા. ૩૩

અનુવાદ—એ પ્રમાણે શ્રી કર્દમ મુનિને કહ્યા બાદ, અન્તર્મુખ દષ્ટિથી પ્રકટ થતા ભગવાન સરસ્વતીથી વીંટાએલા બિન્દુ સરોવર ઉપરથી પધારી ગયા. ૩૩

તત્ત્વસુધા—अथ-ભગવાન પ્રગટ થયા ત્યારે દયાથી ઓતપ્રોત હતા. સ્નેહવશ ભગવાને કર્દમને સંબોધન કર્યું, કર્દમ ઋષિ પ્રભુના આદેશ વિના પણ સર્વ કાર્ય કરવાના જ છે.

પ્રભુને વિદાય લેવી ન ગમી. પણ ભક્તની કામના પૂર્ણ થયેલ હોવાથી ભગવાન સંતુષ્ટ થયા. અને નિજ લોકમાં પધારી ગયા. હવે પ્રભુ પાછા ક્યારે પધારશે એવો વિચાર થાય તો ખુલાસો કર્યો કે प्रत्यगक्षजः-જ્યારે શ્રી કર્દમ મુનિ અન્તર્મુખ ઇન્દ્રિય થઈ પ્રભુને ઝંખશે કે શીઘ્ર પ્રભુ મળશે. શ્રી કર્દમ ઋષિનો આશ્રમ પવિત્ર સ્થાનમાં છે. કારણ કે સરસ્વતી નદીની 'બ્રહ્મ' દેવતા છે. વળી બિન્દુ સરોવર સ્વયં ભગવાને રચ્યું છે. તેથી ભગવાનને આવતાં વિલંબ નહીં થાય. ૩૩

વિદાય વેળા દર્શન આપતાં ભગવાન પધાર્યા. તેથી કર્દમ મુનિના મનમાં ભગવાનની અખંડ ઝાંખી રહી ગઈ—

निरीक्षतस्तस्य यथावशेषसिद्धेश्वराभिष्टुतसिद्धमार्गः ।।
आकर्णयन् पत्ररथेन्द्रपक्षैरुच्चारितस्तोममुदीर्णसाम ।।३४।।

અન્વયાર્થ—अशेष-सिद्ध-ईश्वर-अभिष्टुत-सिद्ध-मार्गः-સર્વ સિદ્ધેશ્વરોએ સ્તુતિ કરેલા સિદ્ધ માર્ગવાળા ભગવાન, **उच्चारित-स्तोम्**-જેમાં સ્તુતિઓના સમૂહ ઉચ્ચારાય છે એવા, **पत्र-रथ-इन्द्र-पक्षैः**-પક્ષીરાજ ગરુડજીની પાંખોથી, **उदीर्ण-साम**-ગવાતા સામને, **आकर्णयन्**-સાંભળતા **तस्य**-તે ઋષિવર્યના, **निरीक्षत्**-નિહાળતાં જ, **ययौ**-પધારી ગયા. (ઉપજાતિવૃત્ત) ૩૪

અનુવાદ—સમસ્ત સિદ્ધેશ્વરોએ સ્તુતિ કરેલા, તેમજ સ્વયંસિદ્ધ માર્ગવાળા ભગવાન, જેમાં સ્તુતિઓના સમૂહ ઉચ્ચારાય છે એવા, પક્ષીરાજ ગરુડજીની પાંખોથી ગવાતા સામને સાંભળતાં કર્દમ મુનિના દેખતાં જ પધારી ગયા. ૩૪

તત્ત્વસુધા—अशेषसिद्धेश्वर—ભગવાન જે માર્ગે વિદાય થયા તે માર્ગ પણ ભાગ્યશાળી છે. સિદ્ધો એ માર્ગની પણ સ્તુતિ કરે છે. પ્રભુ અને પુણ્યજનો જે પંથે સિધાવે છે લોકો તે પથને પણ પૂજે છે, પથની રજને પૂજે છે. પ્રભુની વિદાયને સિદ્ધોએ વખાણી છે. સિદ્ધો જાણે છે કે આજે વિદાય લેતાં ભગવાન પુનઃ પધારવાના છે. ભગવાનનો અને સિદ્ધોનો એવો અલૌકિક નાતો છે.

पत्ररथेन्द्र-પત્રરથેન્દ્ર ગરુડજીનું નામ છે. પત્ર એટલે પાંખનો રથ-રથ ધરાવનાર ગરુડજીને 'પત્રરથેન્દ્ર' કહ્યા છે. ગરુડજીની પીઠરૂપ પાંખમાંથી સામનું ગાન સાંભળતા ભગવાને વિદાય લીધી.

રથંતરો સ્તોમના ગાનવાળા સામગીતનું ગાન કરે છે. બૃહદ્ વગેરે સ્તુતિમંત્રોના સમૂહને 'સ્તોમ' કહેવામાં આવે છે. ત્રિમત્, પંદર, સત્તર અને એકવીશ એવા ચાર સ્તોમ એટલે-સ્તુતિસમૂહો છે. ગરુડજીની પીઠમાંથી આ મંત્રો ભગવાનને સાંભળવા મળે છે. સ્તોમ વેદના સ્તુતિસમૂહમાં 'બૃહદ્' ઉત્તમ સ્તોત્ર છે. ૩૪

શ્રી કર્દમ મુનિ પ્રભુએ સૂચવેલ સુમંગલ સમયની પ્રતીક્ષા કરે છે—

अथ संप्रस्थिते शुक्ले कर्दमो भगवानृषिः ।।
आस्ते स्म बिन्दुसरसि तं कालं प्रतिपालयन् ।।३५।।

અન્વયાર્થ—अथ-હવે, જ્યારે, **शुक्ले-संप्रस्थिते**-શુક્લ નારાયણ ભગવાન પધાર્યા ત્યારે, **भगवान् कर्दमः ऋषिः**-ભગવાન કર્દમ ઋષિ, **तं कालं प्रतिपालयन्**-તે મંગલ સમયની રાહ જોતા, **बिन्दु-सरसि**-બિંદુ સરોવરે, **आस्ते**-રહ્યા. ૩૫

અનુવાદ—હવે જ્યારે શુક્લ નારાયણ ભગવાન પધાર્યા ત્યારે ભગવાન કર્દમ ઋષિ પ્રભુએ સૂચવેલ સમયની પ્રતીક્ષા કરતા બિંદુસરોવર ઉપર બિરાજ્યા. ૩૫

તત્ત્વસુધા—आस्ते स्म-ભગવાન શુક્લ નારાયણે કર્દમ મુનિને સંકેત કર્યો કે રાજકુમારી અને પટરાણી સાથે બે દિવસ પછી મનુરાજા આવશે. મુનિવર્ય આ સુમંગલ કાલની રાહ જોવા લાગ્યા. પ્રતીક્ષાની એક એક ક્ષણ પણ યુગ જેવી છે. અને સામાન્ય પુરુષને જ નહીં સમર્થ, સર્વજ્ઞ અને તત્ત્વજ્ઞને પણ તે અસહ્ય થઈ પડે છે. ભગવાન્ શબ્દનું વિશેષણ આ સ્થાને કર્દમઋષિ માટે યોજેલ છે. ભગવાન હોવાથી ચિંતા ન હતી. બે દિવસ પછી આવશે એવું જ્ઞાન પણ હતું. છતાં કર્દમ ઋષિનું મન દેવહૂતિ માટે લાલાયિત હતું તેથી તે પ્રતીક્ષા કરી રહ્યા હતા. સર્વથા પ્રતીક્ષા અસહ્ય વસ્તુ છે.

अथ संप्रस्थिते शुक्ले-આમ શ્રી કર્દમ મુનિ પ્રતીક્ષામાં બેઠા છે. બીજી બાજુ શ્રી શુકલ નારાયણ ભગવાને બિંદુ સરોવરમાંથી નીકળી પ્રયાણ આદર્યું તે જ સમયે મનુરાજા પણ પ્રતિષ્ઠાન નગરીમાંથી કર્દમ મહર્ષિના આશ્રમમાં આવવા નીકળ્યા છે. ૩૫

હવે બે શ્લોકોમાં પરિવાર સાથે મનુરાજા મુનિના આશ્રમમાં આવ્યા તે વાતનો ઉલ્લેખ કરે છે—

मनुः स्यन्दनमास्थाय शातकौम्भपरिच्छदम् ॥
आरोप्य स्वां दुहितरं सभार्यो व्यचरन्महीम् ॥३६॥
तस्मिन् सुधन्वन्नहनि भगवान् यत् समादिशत् ॥
उपायादाश्रमपदं मुनेः शान्तव्रतस्य तत् ॥३७॥

અન્વયાર્થ—सु-धन्वन्-હે ઉત્તમ ધનુર્ધર ! **मनुः**-મનુરાજા, **शातकौम्भ-परिच्छदम्**-સુવર્ણથી સજેલા સાજવાળા **स्यन्दनम्**-રથમાં, **आस्थाय**-બિરાજીને, **स्वाम्**-પોતાની, **दुहितरम्**-દીકરીને, **आरोप्य**-રથમાં સાથે લઈને, **सभार्यः**-શ્રી શતરૂપા ભાર્યા સાથે, **महीम्**-પૃથ્વી ઉપર વિચરતા, **भगवान्**-ભગવાને, **यत्-समादिशत्**-જે દિવસનો ઉલ્લેખ કીધો, **तस्मिन्**-તે જ દિવસે, **शान्त-व्रतस्य**-સમાપ્ત થયેલ વ્રતવાળા, **मुनेः**-કર્દમ મુનિના, **तत्**-તે, **आश्रमपदम्**-આશ્રમના સ્થાન, **उपायात्**-સમીપે આવ્યા. ૩૬, ૩૭

અનુવાદ—હે ઉત્તમ ધનુર્ધર! મનુરાજા સુવર્ણથી સજેલા સાજવાળા રથમાં બિરાજીને પોતાની દીકરીને રથમાં સાથે લઈ શ્રી શતરૂપા રાણી સાથે પૃથ્વી ઉપર વિચરતા ભગવાને જે દિવસનો સંકેત કર્યો હતો તે જ દિવસે આશ્રમ સમીપે આવ્યા. ૩૬,૩૭

તત્ત્વસુધા—'मनुः स्यन्दनमास्थाय'—મનુરાજા વિશુદ્ધ હૃદયના પુરુષ છે. વળી મનુઓને ભગવાનના અવતારમાં પણ લીધેલા છે તેથી ભવિષ્યમાં થનારા દેવહૂતિના વિવાહને જાણે છે. તદુપરાંત ભગવાને પણ પ્રેરણા કરી છે કે કન્યાનો વિવાહ ઋષિ સાથે થવાનો છે તેથી રાજા પોતાના નગરમાંથી નીકળ્યા છે.

'शातकौम्भपरिच्छदम्'- શાતકુંભનો અર્થ થાય છે સુવર્ણ અને પરિચ્છદનો અર્થ થાય છે સામગ્રી. કન્યાનો વિવાહ થવાનો છે તે જાણતા હોવાથી લગ્નની સર્વ તૈયારીવાળા સુવર્ણરથમાં બેસી પ્રયાણ કર્યું છે. કન્યાને કે રાણીને લગ્ન સંબંધી કોઈ વાત કરી પણ નથી. લગ્ન માટે રાણી અને કુમારીને જ પૂછવાનું છે. તે બન્ને સાથે છે. પ્રસંગ આવતાં પૂછી લેવાશે.

'व्यचरन् महीम्'–રાજા સીધા આશ્રમમાં નથી આવ્યા પરંતુ પૃથ્વીમાં જે જે દર્શનીય ઉત્તમ સ્થાનો છે તે બધાં જ સ્થાનોમાં વિચરતા અને તે તે સ્થળોને કન્યાને બતાવતા આવ્યા છે. આવતી કાલે દીકરીનાં દાન દઈ દીધા બાદ ગૃહસ્થાશ્રમ–પરવશ થશે એટલે પર્યટનનો પ્રસંગ કેમ સાંપડશે આવી મમતાથી બાપે સ્થાન બતાવ્યાં છે.

'शान्तव्रतस्य'–મુનિનો આશ્રમ તપશ્ચર્યાથી તેજોમય બન્યો હતો. કોઈપણ વ્યક્તિ તપોમય પ્રદેશમાં પ્રવેશી શકતું ન હતું. ધૃષ્ટતા કરી પ્રવેશે તો બળી જાય તેમાં સંદેહ ન હતો. પરંતુ મુનિ તપમાંથી નિવૃત્ત થયા છે. આશ્રમ શાન્ત છે. એ આશ્રમમાં ભગવાને દર્શાવ્યા પ્રમાણે રાજા આવ્યા છે. ૩૬, ૩૭

આશ્રમ પણ ભગવાને જ રચેલ અને દિવ્ય હતો એવો ભાવ આ શ્લોકમાં છે—

यस्मिन् भगवतो नेत्रान्न्यपतन्नश्रुबिन्दवः[1] ॥
कृपया संपरितस्य मपन्नेऽर्पितया भृशम् ॥३८॥

---

[1] पतन्हर्षबिन्दवः प्रा. पा.,

અન્વયાર્થ—**यस्मिन्**-જે સરોવરમાં, **प्रपन्ने**-શરણાગત કર્દમ ઋષિમાં, **भृशम्**-પુષ્કળ પ્રમાણમાં, **अर्पितया**-સમર્પેલી, **कृपया**-કૃપાથી, **संपरीतस्य**-તરબોળ બનેલા, **भगवतः**-ભગવાનનાં, **नेत्रात्**-નેત્રમાંથી **अश्रु-बिन्दवः**-અશ્રુબિન્દુઓ, **न्यपतन्**-સરી પડતાં હતાં તે આશ્રમમાં રાજા આવ્યા. ૩૮

અનુવાદ—શરણાગત મહર્ષિ કર્દમને પુષ્કળ પ્રમાણમાં સમર્પેલી કૃપાથી તરબોળ બનેલાં ભગવાનનાં નેત્રમાંથી અશ્રુબિન્દુઓ જે સરોવરમાં સરી પડયાં હતાં તે આશ્રમમાં મનુ પધાર્યા. ૩૮

તત્ત્વસુધા—'प्रपन्ने' જીવ જ્યારે શરણાગત થાય છે ત્યારે તેનામાં પ્રભુની કૃપાનું અવતરણ થાય છે. ભગવાન દયાળુ તો છે જ. કોઈ પણ પ્રાણી દુઃખી થાય તે સહી નથી શકતા. તેનાં દુઃખ દૂર કરે છે, પરંતુ જ્યારે તે શરણાગત બને છે ત્યારે તો તેના ઉપર કૃપાવૃષ્ટિ કરે છે,

कृपया सम्परीतस्य-કર્દમ ઋષિને કોઈપણ દુઃખ કે આશા ન હતાં. સમર્થ પ્રજાપતિ હતા. પરંતુ તેઓ પરમ ભક્ત હતા તેમજ આજ્ઞાંકિત હતા. વિશેષ યોગ્યતા હોવા છતાં ભક્તિવશ થઈ ઠાકોરજીના શરણાગત થઈ ગયા હતા. તેમની ભક્તિથી ભગવાન કૃપાસુધાથી તરબોળ બની ગયા. પ્રભુના નેત્રમાંથી સહજ ભાવે અશ્રુઓ બિંદુ સરોવરમાં સરી પડયાં. આવા પ્રભુનિર્મિત પાવન દેશમાં રાજા મનુ પધાર્યા. ૩૮

तद् वै बिन्दुसरो नाम सरस्वत्या परि[1]श्रितम् ॥
पुण्यशिवामृतजलं महर्षिगणसेवितम् ॥३९॥

અન્વયાર્થ—**सरस्वत्या**-સરસ્વતીથી, **परिश्रितम्**-સેવાયેલું, **तत्**-તે, **वै**-ખરેખર, **बिन्दुसरः नाम**-બિન્દુ નામનું સરોવર હતું, જે **पुण्य-शिव-अमृत-जलम्**-પવિત્ર કલ્યાણકારી અમીમય જલવાળું અને, **महर्षि-गण-सेवितम्**-મહર્ષિગણોથી સેવાયેલ હતું. ૩૯

અનુવાદ—સરસ્વતી નદીથી વીંટળાએલ તે બિંદુ નામનું સરોવર હતું કે જે પવિત્ર આરોગ્યકર સુધામય સલિલવાળું અને મહર્ષિ ગણથી સેવાયેલ હતું. ૩૯

તત્ત્વસુધા—"तद् वै बिन्दुसरः"—આ બિન્દુ સરોવર કેવલ નામ માત્ર બિન્દુ સરોવર નથી. પરંતુ ભગવાનનાં કૃપાબિન્દુ અને કરુણા-વાત્સલ્યાદિ ગુણોથી બનેલું હોઈ "અન્વર્થ નામ" બિન્દુ સરોવર છે.

"सरस्वत्या परिश्रितम्"—સરસ્વતી વેદનદી છે. વેદધર્મનું પ્રતિપાદન કરે છે. આવી વેદમયા સરસ્વતી સરિતાનો સંગમ સરોવરને છે તેથી નિત્ય ધર્માનુષ્ઠાનથી સમૃદ્ધ થયેલ આ સરોવર છે "परिप्लुतम्" એવો પાઠ લઈએ ત્યારે સરસ્વતી સરિતાની અંદર કાલીયના ધરાની માફક સરોવર રહેલ છે એમ માનવું.

"पुण्यशिवामृतजलम्"—પુણ્ય એટલે જેનાં દર્શન, સ્નાન-પાનથી ઉત્તમલોકમાં લઈ જનાર "અદૃષ્ટ" ઉત્પન્ન કરનાર છે એવું પુણ્ય શબ્દે જણાવ્યું. "शिव" શબ્દથી એનું પાન કરનારના ભવરોગ અને તનરોગ હણનાર આરોગ્યપ્રદ જલ છે એમ સમજાવ્યું. अमृतं એટલે સુધા તુલ્ય મધુર જલ છે એમ કહ્યું.

"महर्षिगणसेवितम्"—બિન્દુ સરોવરના જલને મહર્ષિઓ "મુક્તિમાધુર્ય" સમાન સેવે છે તેથી મોક્ષાદિ સુખ આપશે એમ પણ કહ્યું. ૩૯

પૂર્વશ્લોકમાં સરોવરનો કિનારો ઋષિવૃન્દની પાવન વાડવાળો હતો એમ કહ્યું. હવે આ શ્લોકોમાં ઋષિવૃન્દોને અને સરોવરને સુભગ તરુવરોની વાડ હતી એવું વર્ણવે છે—

---

[1] परिप्लुतम् इति प्राः पा.

पुण्यद्रुमलताजालैः कूजत्पुण्यमृगद्विजैः ॥
सर्वर्तुफलपुष्पाढ्यं वनराजिश्रियान्वितम् ॥४०॥
मत्तद्विजगणैर्जुष्टं मत्तभ्रमरविभ्रमम् ॥
मत्तबर्हि[2]नटाटोपमाह्वयन् मत्तकोकिलम् ॥४१॥

અન્વયાર્થ—**कूजत्-पुण्य-मृग-द्विजैः**-કૂજન કરતાં પવિત્ર મૃગ અને પક્ષીઓવાળા, **पुण्य-द्रुम-लता-जालैः**-પુણ્ય વૃક્ષો અને લતા સમૂહોના લીધે, **सर्व-ऋतु-फल-पुष्प-आढ्यम्**-સર્વ ઋતુનાં ફ્લો અને પુષ્પોથી લચેલું, **वन-राजि-श्रिया**-વનની હારમાલાઓની શોભાથી, **अन्वितम्**-ભરપૂર, **मत्त-द्विज-गणैः**-મત્ત મદઘેલાં પક્ષીગણોથી, **जुष्टम्**-સેવાએલ, **मत्त-भ्रमर-विभ्रमम्**-મહોન્મત્ત ભ્રમરોના વિલાસવાળું, **मत्त-बर्हि-नट-आटोपम्**-મહોન્મત મયૂરરૂપ નટોના આટોપવાળું, **आह्वयन् मत्त-कोकिलम्**-કૂહૂ કૂહૂના ટૌકાથી આમંત્રણ દેતી મદઘેલી કોકિલાવાળું તે સરોવર હતું ૪૦,૪૧

અનુવાદ—કૂજન કરતાં પવિત્ર મૃગ અને પક્ષીઓવાળાં, પુણ્યશાળી વૃક્ષો અને લતાઓના સમૂહોને કારણે સર્વઋતુનાં ફલફૂલોથી સમૃદ્ધ આ સરોવર વનની હારમાલાઓની શોભાથી ભરપૂર હતું. વળી મદઘેલાં પક્ષીસમૂહોથી સેવાયેલ, તેમજ મહોન્મત ભ્રમરોના વિલાસવાળું અને મહોન્મત્ત મયૂરરૂપ નટોના નૃત્યાડંબરવાળું, વળી કૂહૂ કૂહૂના ટહૂકે નિમંત્રણ દેતી મદઘેલી કોકિલાઓથી શોભતુ તે સરોવર હતું. ૪૦, ૪૧

તત્ત્વસુધા—"पुण्यद्रुमलताजालैः"–મુનિવરનું સરોવર વૃક્ષો, લતા–અને પશુપક્ષીઓથી સેવાયેલ હતું. વૃક્ષો, લતાઓ કે પશુપક્ષીઓ તો સર્વ વન–સરોવર–કિનારે હોય જ પરંતુ આ આશ્રમમાં એક વિશેષતા હતી, કે સરોવરના કિનારાનાં આમ, બકુલ, કદમ્બ વગેરે વૃક્ષો અને તુલસી, ગુલાબ વગેરે છોડ, જૂઈ, જાઈ માલતી, માધવી વગેરે લતાઓ સ્વયં "પુણ્યમય" હતાં. એનું પુણ્યમયપણું એ હતું કે તેઓ ભોગમાં–વિલાસમાં ન પ્રેરતાં પોતાનો વિનિયોગ ભગવત્સેવામાં કરવાની વૃત્તિને જાગૃત કરતાં હતાં.

"कूजत्पुण्यमृगद्विजैः"—ઋષિનો આશ્રમ જાણે એક અન્નક્ષેત્ર હતું. વૃક્ષોનાં ફ્લોનું ભક્ષણ પશુપક્ષીઓને વિના રોકટોક મળતું. પશુપક્ષીઓના ધ્વનિમાંથી પણ ભગવાનના નામનો ઉચ્ચાર સંભળાતો હતો.

"सर्वर्तुफलपुष्पाढ्यम्"—સરોવરની વિશેષતા તો એ હતી કે જ્યાં બારેમાસનાં ફ્લ અને ફૂલવાળાં વૃક્ષ-લતાઓ હતાં જેથી મંગલમય વાતાવરણ અને મઘમઘતું વાતાવરણ રહેતું હતું. "वनराजिश्रियाऽन्वितम्"—વનની ચારેકોર વૃક્ષરાજિથી વધુ સાત્વિક અને સૌન્દર્યમય ભાસે છે.

"मत्तद्विजगणैर्जुष्टम्"—द्विज એટલે પક્ષીઓ, भ्रमर એટલે ભમરાઓ, અને बर्हि એટલે મયૂર આ ત્રણે રસલોભી છે. વન રસનો નિધિ છે. આ ત્રણ સાત્વિક રાજસ તામસ હતાં. ત્યારે વનમાં "ટહૂકા" કરી કોકિલો સૌ પાંથોને નિમંત્રણ કરી રહી હતી. જાણે કહી રહી હતી આવો, આવો અને ભક્તિરસ લહાવો પામો. ૪૦.૪૧

कदम्ब[3]चम्पकाशोककरञ्जबकुलासनैः ॥
कुन्दमन्दारकुटजैश्चूतपोतैरलंकृतम् ॥४२॥

અન્વયાર્થ—**कदम्ब-चम्पक-अशोक-करञ्ज-बकुल-असनैः**-કદંબ, ચમ્પક, આસોપાલવ, કણજી, બોરસલ્લી, અસન, **कुन्द-मन्दार-कुटजैः**-મોગરો, મંદાર, કુટજ, **चूतपोतैः**-જુદા જુદા આંબાના નાના છોડથી, **अलंकृतम्**-સુશોભિત આશ્રમસ્થાન હતું. ૪૨

---

[1] घुष्ट इति प्रा. पाठः ।, [2] मत्तबर्हिणमाघोष-प्रा. पा. [3] कदम्बबकुलाशोककरञ्जवञ्जुलासनैः इति प्रा. पाठः ।

અનુવાદ—કદંબ, ચંપક, અશોક, કણુજી, બોરસલ્લી, અસન, મોગરો. મંદાર, કુટજ વગેરે વૃક્ષોથી અને નાના નાના આંબાઓથી આશ્રમસ્થાન શોભતું હતું. ૪૨

તત્ત્વસુધા—कदम्ब—પ્રથમ ૭ પ્રકારનાં વૃક્ષો, પછી कुन्द ત્રણ પ્રકારનાં વૃક્ષો, અને અંતમાં चूतपोतैः આમ્રવૃક્ષો મળી દશ પ્રકારનાં વૃક્ષોનો ઉલ્લેખ દશ પ્રકારના રસનો ઉલ્લેખ કરવા ગણાવેલ છે. પૂર્વનાં ૭ પ્રકારનાં વક્ષો ૭ ઐશ્વર્યો જેવાં છે. ધર્માદિ ત્રણ પુરુષાર્થનો એક સાથે સમાવેશ કરતાં कुन्द વગેરે ત્રણ વૃક્ષો લીધાં છે. અને મોક્ષ સ્વતંત્ર પુરુષાર્થ હોવાથી એનો અલગ ઉલ્લેખ કર્યો છે. ૪૨

कारण्डवैः प्लवैर्हंसैः कुररैर्जलकुक्कुटैः ॥
सारसैश्चक्रवाकैश्च चकोरैर्वल्गुकूजितम् ॥४३॥

અન્વયાર્થ—**कारण्डवैः**-બતકો, **प्लवैः**-જલકાગો, **हंसैः**-હંસો, **कुररैः**-ટિટોડીઓ, **जल-कुक्कुटैः**-જલકૂકડાઓ, **सारसैः**-સારસો, **चक्रवाकैः**-ચકવા, **च**-અને, **चकोरैः**-ચકોર પક્ષીઓથી, **वल्गु-कूजितम्**-મધુર કલરવો દ્વારા ગાજતું આશ્રમસ્થાન હતું. ૪૩

અનુવાદ—બતકો, જલકાગો, હંસો, ટિટોડીઓ, જલકૂકડાઓ, સારસો, ચક્રવાકો અને ચાતકોથી મધુર ગાજતું આશ્રમસ્થાન હતું. ૪૩

તત્ત્વસુધા—कारण्डवैः-કારંડવ વગેરે આઠ પ્રકારના પક્ષીઓનો ઉલ્લેખ કરી આઠ પ્રકારના રસનો સંકેત કર્યો છે. ચાતકથી ઊલટાક્રમે લેતાં શૃંગાર, વીર વગેરે રસના નાદ કરનાર પક્ષીઓનો સંકેત સમજાશે. ૪૩

વળી આ શ્લોકમાં દશ પ્રકારનાં પ્રાણીઓનો ઉલ્લેખ કરે છે—

तथैव हरिणैः क्रोडैः श्वाविद्गवयकुञ्जरैः ।
गोपुच्छैर्हरिभिर्मर्कैर्नकुलैर्नाभिभिर्वृतम् ॥४४॥

અનુવાદ—તે જ પ્રકારે હરણો, વરાહો, શાહુડીઓ, નીલગાયો, હાથીઓ, વાનરો, સિંહો, મર્કટો, નોળિયાઓ અને કસ્તૂરીમૃગોથી આશ્રમનો પ્રદેશ ભરપૂર હતો. ૪૪

અન્વયાર્થ—**तथा एव**-તે જ પ્રકારે, **हरिणैः**-હરણો, **क्रोडैः**-વરાહો, **श्वाविद्-गवय-कुञ्जरैः**-શાહુડીઓ, નીલગાય, હાથીઓ, **गोपुच्छैः**-વાનરો, **हरिभिः**-સિંહો, **मर्कैः**-મર્કટો, **नकुलैः**-નોળિયા અને **नाभिभिः**-કસ્તૂરીમૃગોથી **वृतम्**-ભરપૂર હતું. ૪૪

તત્ત્વસુધા—गोपुच्छैः શબ્દથી લંગૂરની જાત અને વાનરની એક વિશેષ જાતનો નિર્દેશ કર્યો છે. हरिभिः હરિશબ્દનો સિંહ અને વાનર એવા બે અર્થ થાય છે. नाभिभिः એટલે કસ્તૂરીમૃગ સમજવા. ૪૪

प्रविश्य तत् तीर्थवरमादिराजः सहानुगः[1]
ददर्श मुनिमासीनं तस्मिन् हुतहुताशनम् ॥४५॥
विद्योतमानं वपुषा तपस्युग्रयुजां चिरम् ॥
नातिक्षामं भगवतः स्निग्धापाङ्गावलोकनात् ॥
तद् व्याहृतामृतकला पीयूषश्रवणेन च ॥४६॥
प्रांशुं पद्मपलाशाक्षं जटिलं चिरवाससम् ॥
उपसंसृत्य मलिनं यथार्हणमसंस्कृतम् ॥४७॥

---

१ सहात्मजः प्रा. पा., २ – रुजा प्रा पा.

અન્વયાર્થ—आदिराजः-આદિરાજ મનુએ, **सह अनुगः**-સેવકો સાથે, **तत्**-તે, **तीर्थपरम्**-ઉત્તમ તીર્થમાં, **प्रविश्य**-પ્રવેશ કરીને, **तस्मिन्**-તે પવિત્ર તીર્થમાં, **हुत-हुताशनम्**-અગ્નિહોમથી નિવૃત્ત થયેલા, **आसीनम्**-આસન ઉપર બિરાજમાન **चिरम्**-લાંબા સમયથી, **तपसि**-તપશ્ચર્યામાં, **उग्र-युजा**-ગાઢતર યોગવાળા, **वपुषा**-દેહથી, **विद्योतमानम्**-શોભતા, **भगवतः**-ભગવાનથી, **स्निग्ध--अपाङ्ग-अवलोकनात्**-સ્નેહાળ કટાક્ષ ભરી દૃષ્ટિથી, **च**-તેમ જ, **तद्-व्याहृत-अमृत कला-पीयूष-श्रवणेन**-ભગવાનનાં વચનરૂપ ચન્દ્રનાં પીયૂષ-પાનથી પોષણ પામેલ, **न अतिक्षामम्**-અત્યંત દુબળા નહી, **पांशुम्**-ઊંચા કદવાળા, **पद्म-पलाश-अक्षम्**-કમલદલ તુલ્ય નેત્રવાળા, **जटिलम्**-જટાધારી, **चिर-वाससम्**-ચીર વસ્ત્રવાળા, **असंस्कृतम्**-શાણ ઉપર ન ચઢાવેલા, **अर्हणम्**-મહામૂલા રત્નની, **यथा**-માફક, **मलिनम्**-અસ્વચ્છ લાગતા, **मुनिम्**-કર્દમ મુનિની, **उप-संसृत्य**-સમીપે જઈ **ददर्श**-દર્શન કર્યાં. ૪૫–૪૭

અનુવાદ—આદિરાજ મનુએ, સેવકો સાથે તે ઉત્તમ તીર્થમાં પ્રવેશ કરીને તાજેતરમાં અગ્નિ દેવતાને આહુતિ આપી નિવૃત્ત થયેલા, આસન ઉપર બિરાજમાન, દીર્ઘ કાલ તપશ્ચર્યામાં તીવ્ર યોગથી પરોવલી કાયાથી શોભતા, ભગવાનની સ્નેહાળ કટાક્ષવાળી દૃષ્ટિથી અને ભગવાનનાં વચનરૂપ ચન્દ્રનાં પીયૂષપાનથી પોષણ પામેલ હોવાથી અત્યંત દુર્બળ નહી એવા, ઊંચા કદવાળા, કમલદલ સમાન નેત્રવાળા, જટાધારી, ચીર વલ્કલમાં રહેતા, શાણ ઉપર ચઢાવેલ ન હોવાથી અણમોલ મણિના જેવા અસ્વચ્છ લાગતા મુનિવર્ય કર્દમજીની સમીપમાં જઈને દર્શન કર્યાં. ૪૫–૪૭

તત્ત્વસુધા—'प्रविश्य तत् तीर्थपरम्'— ચક્રવર્તી પવિત્ર બિંદુ સરોવર તીર્થ ઉપર આવ્યા. तस्मिन् બિંદુ સરોવરમાં જ મુનિની પર્ણકુટી હતી. સરોવરમાં એટલે સરોવરના નિકટના જ કિનારે પર્ણશાલા હતી તેથી તો तस्मिन् તેમાં નિહાળ્યા એવું કહ્યું.

'आदिराजः सहानुगः'– આદિરાજે મુનિને તીર્થના માહાત્મ્યનું અનુસંધાન હતું. મુનિના આશ્રમે ગયા પછી પોતાની સેવા મુનિરાજને કે શિષ્યવૃન્દને ન કરવી પડે એટલે પોતાના अनुगः સેવક વર્ગને સાથે જ રાખેલ છે.

'हुतहुताशनमासीनम्'–મહાપુરુષોને નિવૃત્તિના સમયે જ મળવું જોઈએ એ વિવેક છે. રાજા કોઈપણ સમયે જાય તો પણ વિવેકશીલ મુનિ અવશ્ય મુલાકાત આપે. પરંતુ પોતાના કાર્યમાંથી નિવૃત્ત થવું પડે. મુનિની તો તેમાં શોભા મનાય. પણ આગંતુક માટે તે ઉચિત ન ગણાય. આજે રાજા આવે છે તે સમયે મુનિ અગ્નિશાળામાંથી અગ્નિદેવતાને આહુતિ આપી નિવૃત્ત થઈ આસન ઉપર બિરાજ્યા હતા. અન્ય કાર્યમાં હજી પ્રવૃત્ત થયા ન હતા તે ટાણે રાજા આશ્રમે આવી પહોંચ્યા એ પણ ઈશ્વરસંકેત હતો.

'विद्योतमानं वपुषा'- તપશ્ચર્યામાં જો યોગ ન હોય, યોગમાં ભગવદ્દર્શન ન હોય અને કેવલ કાયક્લેશ હોય તો કાયા કાળી પડી જતાં કાયાની કાન્તિ બદલાઈ જાય છે, મુનિવર્યની તપશ્ચર્યા ઘણી જ સાત્ત્વિક અને પ્રભુના દર્શનના યોગવાળી હતી તેથી કાયાનો વર્ણ બદલાયો નથી. સુવર્ણવર્ણી કાયાનાં દર્શન થાય છે.

'नातिक्षामं भगवतः'–લાંબા કાળથી તપશ્ચર્યા કરવાથી આહાર વગેરે પણ ત્યજ્યાં હોય છે જેથી દેહ પણ સુકાઈ જાય મુનવર્ય માટે આવું નથી બન્યું. એમના શ્રીઅંગને બે રીતે પોષણ મળ્યું છે એક તો भगवतः स्निग्धापाङ्गावलोकनात्– જ્યારે ભગવાને તેમને દર્શન આપ્યાં ત્યારે પોતાની કૃપાકટાક્ષભરી નજરે નિહાળીને જ કાયાને પરિપુષ્ટ કરી દીધી છે અને બીજું પ્રાણોની પુષ્ટિ પણ. तद् व्याहृतामृतकलापीयूषश्रवणेन– ભગવાનનાં વચનામૃત ચન્દ્રની ચારેકોર વસેલી પીયૂષધારાનાં પ્રભુએ પાન કરાવી દીધાં છે व्याहृत એટલે વચન અને अमृतकलः એટલે ચન્દ્ર એવો શબ્દાર્થ કરવો. જેથી અમૃત અને પીયૂષ શબ્દની પુનરુક્તિ નહીં લાગે. च– 'ચ' અવ્યયથી ભગવાને અલૌકિક કૃપા વરસાવી મુનિને પરમ પ્રેમનાં દાન કરીને પણ ભક્તિપુષ્ટ બનાવ્યા છે.

'प्रांशुम्'–માનવી કાયા ઊંચા કદવાળી અને આજાનુબાહુ હોય તો દેવવિગ્રહ ગણાય છે. મુનિવર્યનું શ્રી અંગ એવું જ હતું.

पद्मपलाशाक्षम्– અન્તઃકરણની ઓળખ નિર્મલ અને રસાલ નેત્રથી થાય છે. કન્યાની નજર હમેશ વરની પસંદગી કરતાં પહેલાં, વરના કદ, અવયવો, નેત્ર, હાવ ભાવ, વગેરે ઉપર જાય છે. પછી વાણી, વર્તન અને સ્વભાવના વિચાર ઉપર જાય છે. આ સર્વ મુનિરાજમાં–સાનુકૂળ છે એવું દર્શાવવા વર્ણન કર્યું છે, મુનિરાજની આંખ કમલદલ તુલ્ય સૌંદર્ય અને રસ ભરી છે.

'जटिलम्'– જટાધારી છે એટલે હજી સમાવર્તન નથી થયાં. તેમ જ તપોમય સ્થિતિ છે.

'चिरवाससम्' વસ્ત્રો પણ ફાટેલાં અને વલ્કલનાં કટિભાગ ઉપરનાં છે તેથી અત્યંત અન્તર્મુખ છે એ પણ જણાવ્યું.

"यथार्हणमसंस्कृतम्"—अर्हण શબ્દનો અર્થ થાય છે અણમોલ મણિ. આ મણિ ખાણમાંથી નીકળેલ છે અન્તસ્તેજોમય છે પરંતુ શાણ ઉપર ચઢાવવાનો વિધિ એ મણિને થયેલ નથી. આજ શુદ્ધ તપોવનમાં તપશ્ચર્યામાં જ હોવાથી દેહ ઉપરથી મલને નિવારણ કરવાની વૃત્તિ જ ન હતી તેમ જ પ્રવૃત્તિ પણ ન હતી. તેથી દેહથી મલિન લાગતા હતા પરંતુ તેજોમય જ હતા. ૪૭

આશ્રમના અતિથિની યોગ્યતા પ્રમાણે સત્કાર કરે છે—

अथोटजं प्रत्यायान्तं नृदेवं प्रणतं पुरः ॥
सपर्यया पर्यगृह्णात् प्रतिनन्द्याऽनुरूपया ॥४८॥

અન્વયાર્થ—**अथ**-ત્યારબાદ, **उटजम्** પર્ણકુટિ, **प्रति–आयान्तम्**–તરફ પધારતા, **पुरः**–ચરણ સમીપે, **प्रणतम्**–પ્રણામ કરેલા, **नृदेवम्**–રાજાને, **प्रतिनन्द्य**–આવકાર આપી, **अनुरूपया**–યથોચિત, **सपर्यया**–સામગ્રીથી, **परि–अगृह्णात्**-યોગ્ય રીતે સત્કાર કર્યો. ૪૮

અનુવાદ—ત્યારબાદ પર્ણકુટી તરફ પધારતા, ચરણ આગળ પ્રણામ કરતા રાજાને આવકાર આપી યથાયોગ્ય પૂજનસામગ્રીથી યોગ્ય સત્કાર કર્યો. ૪૮

તત્ત્વસુધા—अथोटजं प्रत्यायान्तम्—આશ્રમમાં પ્રવેશ કરતી વખતે રાજા રથમાંથી નીચે ઊતર્યા. રાજકુમારી અને મહારાણી પણ પગે ચાલતાં જ પર્ણકુટી સમીપ આવ્યાં. રાજાએ ક્ષત્રિયના ધર્મ પ્રમાણે મુનિના સન્મુખ ચરણે પ્રણામ કર્યા. રાજા પણ नृदेवम् નરદેવ હોવાથી, મુનિરાજે પણ अनुरूपया નરદેવના ગૌરવને શોભે તે રીતે प्रतिनन्द्य આવકાર અને વાણીથી આદર આપીને કહ્યું કે રાજન્! તમને નીરખતાં જ લાગે છે કે "ભગવાનની" વિશ્વપાલની શક્તિની આપ સાક્ષાત્ પ્રતિમા છો. જાણે પોતાના આપ્ત જનને આદર આપે એવો નરનાથને આદર દીધો. ૪૮

આગન્તુક અતિથિના સ્વાગત માટે મુનિરાજ મધુર વાણીથી બોલવાનો પ્રારંભ કરે છે—

गृहीतार्हणमासीनं संयतं प्रीणयन् मुनिः ॥
स्मरन् भगवदादेशमित्याह श्लक्ष्णया गिरा ॥४९॥

અન્વયાર્થ—**भगवद्–आदेशम्**-ભગવાનના આદેશને, **स्मरन्**–યાદ કરતા, **मुनि**–શ્રી કર્દમમુનિ, **गृहीत–अर्हणम्**-સ્વાગતનો સ્વીકાર કરતા, **संयतम्**-સ્વસ્થચિત્તે, **आसीनम्**–આસને બિરાજેલા રાજાને, **प्रीणयन्**-પ્રસન્ન કરતા, **श्लक्ष्णया**-મધુર **गिरा**–વાણીથી, **इति–आह**–આ પ્રમાણે કહેવા લાગ્યા. ૪૯

१–मुपायात इति प्रा. पाठः ।

અનુવાદ—સ્વાગતનો સ્વીકાર કરે, સ્વસ્થચિતે રાજા આસન ઉપર બિરાજ્યા ત્યારે ભગવાનના આદેશને યાદ કરીને કર્દમ મુનિ મધુર વાણીથી રાજાને પ્રસન્ન કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા. ૪૯

તત્ત્વસુધા—" गृहीतार्हणम् "—આગન્તુક શ્રેષ્ઠ જનોના સ્વાગતમાં મુનિવરે ત્રણ દર્ભાસન બિછાવ્યાં. રાજર્ષિ સંકોચપૂર્વક આસન ઉપર બિરાજ્યા. મહારાણી આસનના અર્ધભાગે બેઠાં. જ્યારે રાજકુમારી આસન ઉપર હાથ દઈ જમીન ઉપર જ બેઠી. મુનિવર્યે જ્યારે આવો વિવેક જોયો ત્યારે આદર હૃદય આર્દ્ર થઈ ગયું. રાજાની રસના નથી ઊપડતી. કન્યાનું નિવેદન કરતાં દિલ હાથમાં નથી રહેતું. લાગણી લજ્જાવશ રાજા નહીં બોલી શકે જાણીને ભગવાનના આદેશનું સ્મરણ કરતાં મધુર વાણીથી મુનિરાજે બોલવાનો આરંભ કર્યો. ૪૯

મુનિવર્ય અધ્યાય સમાપ્તિ સુધી સાત શ્લોકથી મંગલકથન કરે છે. મુનિના સાત શ્લોકમાં ધર્મ અને ધર્મીનું નિરૂપણ છે—

कर्दम उवाच – नूनं चंक्रमणं देव सतां संरक्षणाय ते ॥
वधाय चासतां यत्त्वं हरेः शक्तिर्हि पालिनी ॥५०॥

અન્વયાર્થ—**देव**-નરનાથ, **नूनम्**-સાચે જ, **ते**-આપનું, **चंक्रमणम्**-પર્યટન, **सताम्**-સત્પુરુષોના **संरक्षणाय**-સંરક્ષણ માટે, **च**-તેમ જ, **असताम्**-દુષ્ટોના, **वधाय**-નાશ માટે હોય છે, **यत्**-કારણ કે, **त्वम्**-આપ, **हरेः**-શ્રીહરિની, **हि**-ચોક્કસ, **पालिनी**-પાલન કરનારી, **शक्तिः**-શક્તિ છો. ૫૦

અનુવાદ—હે નરનાથ! સાચે જ આપનું પર્યટન સત્પુરુષોના સંરક્ષણ માટે તેમજ દુષ્ટોના નાશ માટે હોય છે. કારણ કે આપ શ્રીહરિની ખરેખર પાલન કરનારી શક્તિ છો. ૫૦

તત્ત્વસુધા—देव સંબોધન મુનિએ દિવ્યતાનાં દર્શન કર્યા પછી જ રાજાને કરેલ છે. મુકુરમાં મુખના પ્રવેશ જેવો મનુરાજામાં ભગવાનનો દિવ્ય નિવાસ નિહાળીને જ દેવ! સંબોધન કરેલ છે.

" नूनम् चंक्रमणम् "–વિચરણને માટે ચંક્રમણ શબ્દ વાપર્યો છે. મુનિ સ્વીકારે છે કે રાજાએ પૃથ્વીનું આઠ મહિના સુધી પર્યટન કરવું જોઈએ. સન્માર્ગની અને સદાચારની રક્ષામાં શઠોના અને ઉન્માર્ગના ઉચ્છેદ માટે એ અત્યંત આવશ્યક છે. ૫૦

योर्केन्द्वग्नीन्द्रवायूनां यमधर्मप्रचेतसाम् ॥
रूपाणि स्थान आधत्ते तस्मै शुक्लाय ते नमः ॥५१॥

અન્વયાર્થ—**यः**-જે, **अर्क-इन्दु-अग्नि-इन्द्र-वायूनाम्**-સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, ઇન્દ્ર. વાયુનાં, **यम-धर्म-प्रचेतसाम्**-યમ, ધર્મ અને વરુણનાં, **रूपाणि**-સ્વરૂપોને, **स्थाने**-પ્રસંગે, **आधत्ते**-સ્વીકારે છે, **तस्मै ते**-એવા આપને, **शुक्लाय**-શુક્લ નારાયણને, **नमः**-નમસ્કાર હો. ૫૧

અનુવાદ—જે સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, ઇન્દ્ર, વાયુ, યમ, ધર્મ, વરુણનાં સ્વરૂપોને યોગ્ય પ્રસંગે સ્વીકારે છે તે શુકલ નારાયણને નમસ્કાર હો. ૫૧

તત્ત્વસુધા—यः—વિશ્વના વિધાતા વિષ્ણુ ભગવાન વિશ્વના મંગલ માટે રાજાના દેહમાં સૂર્યાદિ દિક્‌પાલોનાં સ્વરૂપો અને સામર્થ્યને ધારણ કરે છે. જેમકે अर्कः પ્રતાપથી રાજામાં સૂર્યનું સ્વરૂપ ભગવાન મૂકે. इन्दुः યશથી ચન્દ્રનું સ્વરૂપ સ્થાપે છે, अग्निः અવહેલના ન કરી શકવાથી અગ્નિનું સ્વરૂપ ધારણ કરે છે. અવહેલના કરી અગ્નિનો સ્પર્શ કરવા જતાં બાળી દે છે તેમજ રાજા પણ દહન કરી દે છે. इन्द्र ઐશ્વર્ય-દાનથી ઇન્દ્ર મનાય છે, वायुः-જ્યાં જવું હોય ત્યાં વાયુની માફક જઈ શકે છે માટે વાયુ ગણાય છે. यमः-દુષ્ટોનું

કડક શાસન કરવાથી યમ બને છે. **ધર્મઃ**–શિષ્ટનું પાલન કરવાથી ધર્મ સમજાય છે. **પ્રચેતસ**-ગંભીયથી વરુણ ગણાય છે. ભગવાન શુક્લ નારાયણ રાજામાં આ આઠ દિક્પાલોના પ્રકારે વસીને સર્વ કાર્ય કરે છે માટે તે શુક્લ નારાયણને નમસ્કાર હો.

સ્થાને–ઋષિવર્ય કહે છે કે આપ આ સ્વરૂપો ધારણ કરો છો તે સર્વથા આવશ્યક છે. જ્યારે જ્યારે જે જે પ્રસંગે જરૂર પડે ત્યારે તે અવસરે સ્વીકારે છે. ૫૧

न यदा रथमास्थाय जैत्रं मणिगणार्पितम् ॥
विस्फूर्जच्चण्डकोदण्डो रथेन त्रासयन्नघान् ॥५२॥
स्वसैन्यचरणक्षुण्णं वेपयन् मण्डलं भुवः ॥
विकर्षन् बृहतीं[१] सेनां पर्यटस्यंशुमानिव ॥५३॥
तदैव सेतवः सर्वे वर्णाश्रमनिबन्धनाः ॥
भगवद्रचिता[२] राजन् भिद्येरन् बत दस्युभिः ॥५४॥
अधर्मश्च समेधेत लोलुपैर्व्यङ्कुशैर्नृभिः ॥
शयाने त्वयि लोकोऽयं दस्युग्रस्तो विनङ्क्ष्यति ॥५५॥

અન્વયાર્થ—यदा-જો આપ, **मणि-गण-अर्पितम्**–મણિસમૂહથી મઢેલા, **जैत्रम्**–વિજયી, **रथम्**–રથમાં, **आस्थाय**–બિરાજીને. **विस्फुर्जत्-चण्ड-कोदण्डः**–ટંકારવ કરતા પ્રચંડ ધનુષ્યવાળા, **रथेन**–રથથી પ્રયાણ કરતા, **अघान्**–પાપીઓને, **त्रासयन्**–ત્રાસ પોકારાવતા, **स्व-सैन्य-चरण-क्षुण्णम्**-પોતાના ચતુરંગ સૈન્યના ચરણોથી વટાતા, **भुवः मण्डलम्**–ભૂમંડલને, **वेपयन्**–ધ્રુજાવતા, **बृहतीम्**–વિશાલ, **सेनाम्**-સેનાને, **विकर्षन्**–સાથે લઈને, **अंशुमान् इव**–સૂર્યસમાન, **न-पर्यटसि**–ન વિચરો તો, **तदा-एव**–તે જ સમયે **भगवद्-रचिताः**–ભગવાને રચેલા. **वर्ण-आश्रम-निबन्धनाः**–વર્ણ અને આશ્રમની વ્યવસ્થાવાળી, **सर्वे**-સર્વ, **सेतवः**–સેતુઓ–મર્યાદાઓ, **दस्युभिः**–લૂંટારાથી, **बत**–ચોક્કસ, **भिद्येरन्**–નાશ પામે, **त्वयि शयाने**-જો આપ બેદરકાર રહો તો, **लोलुपैः**–લોભી અને **व्यंकुशैः**–નિરંકુશ. **नृभिः**–મનુષ્યો દ્વારા, **अधर्मः**–અધર્મ, **समेधेत**–ખૂબ જ સારી રીતે ફેલાય, **च**–અને, **अयं लोकः**–આ લોક, **दस्युग्रस्तः**–લૂંટારાઓના પંજામાં પડેલો, **विनङ्क्ष्यति**–નાશ પામે. ૫૨–૫૫

અનુવાદ—જો મણિગણથી મઢેલા વિજયી રથમાં બિરાજી ટંકારવ કરતા પ્રચંડ ધનુષ્યને લઈ રથના ગભરાટથી પાપીઓને થર થર કમ્પાવતા પોતાની ચતુરંગ સેનાના ચરણોથી વટાતા ભૂમંડલને ધ્રુજાવતા, વિશાલ સેના સાથે લઈ સૂર્યની માફક પર્યટન ન કરો તો તે જ સમયે ભગવાને રચેલા વર્ણાશ્રમની મર્યાદાવાળા સમસ્ત–સેતુઓ લૂંટારાઓના હાથે ચોક્કસ નાશ પામે અને જો આપ બેદરકાર રહ્યા તો લોભી અને નિરંકુશ મનુષ્યો દ્વારા અધર્મની વૃદ્ધિ થાય અને લૂંટારુઓના હાથમાં પડેલ આ લોક નાશ પામે. ૫૨–૫૫

તત્ત્વસુધા—'न यदा रथमास्थाय'– મનુરાજાના રથનું નામ 'જૈત્ર' રથ છે. જ્યાં જાય ત્યાં વિજય પામીને જ એ રથમાં આવતા તેથી 'વિજયી રથ' તરીકે એ ઓળખતો.

---

१ महतीं प्रा. पा., २ भगवद्ग्रथिता प्रा. पा.

'**मणिग्रणार्पितम्**'–રથ પણ મણિગણથી મઢેલ હતો. તેને જોતાં જ દુષ્ટો દૂર ભાગી જતા હતા. વળી રાજા ધનુષ્યનો ટંકારવ કરતા તેથી જ શત્રુઓ અને દસ્યૂઓ પણ ડરીને ભાગી જતા.

'**स्वसैन्यचरणक्षुण्णम्**'–ચતુરંગિણી સેનાને લઈ રાજા વિચરતા. માત્ર સેના ચાલે એટલાથી જ ભૂમંડળ વટાઈ જતું. સેનાનો મહાન કાફલો જોતાં જ ખલ, શઠ, લૂંટારું સુધરી જતા. સેનાનો વારંવાર હેરફેર પણ કરવો જોઈએ જેની અસર પ્રજા ઉપર ઘણી સારી પડે છે.

'**तदैव सेतवः सर्वे वर्णाश्रमनिबन्धनाः**'–સમાજ છિન્નભિન્ન, સંસ્કારશૂન્ય, દરિદ્ર, અને ક્લેશભર્યો બને છે જ્યારે વર્ણાશ્રમની વ્યવસ્થાનો ઉચ્છેદ થાય છે. 'વિદ્યા, બળ, વ્યાપાર અને ઉદ્યમ–શ્રમ' આ ચાર સમાજના રક્ષણની સમૃદ્ધિઓ છે. રાષ્ટ્ર ચાર વિભાગમાં વહેંચાય. કારણ વિના એટલે અર્થની લાલચ વિના જ વિદ્યાધ્યયન કરનારો સમાજનો એક ચતુર્થાંશ ભાગ હોય જે બ્રાહ્મણ મનાય છે એની પરંપરા સચવાય એવા ત્રણ ભાગો બળ, વ્યાપાર, શ્રમનું પાલન કરનારા હોય. દરેક વ્યક્તિનો દર્શાવેલ ધર્મ પ્રમાણિકતાથી પાળે અને દરેક સુખી થાય. આ મર્યાદા ઈશ્વરે કરેલી છે. તે રાજાએ તોડવાની નથી. તોડનારને ઉખેડવાના છે. રાજાએ આ આ માટે જ પર્યટન કરવું જોઈએ.

'**शयाने त्वयि**'–આલસ્ય, વિલાસ, કે કુસંગથી જો રાજા સ્વયં ક્રિયાશૂન્ય બને તેમ જ વર્ણાશ્રમધર્મ રક્ષામાં બેદરકાર બને તો ધર્મનો નાશ થશે અને અધર્મની વૃદ્ધિ થશે. બેદરકાર રાજાના રાજ્યમાં 'લોલુપ, નિરંકુશ, લૂંટારું' ઓની વૃદ્ધિ થવાની. ધર્મ, ધન, સ્ત્રી, અને સંસ્કૃતિનો ઉચ્છેદ થવાનો. એમ ન થાય માટે રાજાએ ચાર જ મહિના રાજધાનીમાં બાકીના આઠ મહિના વિચરવું જ જોઈએ. ૫૫

अथापि पृच्छे त्वां वीर यदर्थं त्वमिहागतः ॥
तद् वयं निर्व्यलीकेन प्रतिपद्यामहे हृदा ॥५६॥

અન્વયાર્થ—अथापि–આમ છતાં, **वीर**–મહાપુરુષ, **यदर्थम्**–જે હેતુથી, **त्वम्**–આપ, **इह–आगतः**–આશ્રમમાં પધાર્યા છો, **त्वां**–તે હેતુ આપને, **पृच्छे**-પૂછું છું. **वयम्**-અમે-હું **निर्व्यलीकेन**–કપટ વિનાના, **हृदा**–હૃદયથી, **तत्**–તે વસ્તુનો, **प्रति-पद्यामहे**–સ્વીકાર કરીશ. ૫૬

અનુવાદ—આમ છતાં હે વીરપુરુષ! આપ જે આશયે આશ્રમમાં પધાર્યા છો તે હું આપને પૂછવા માંગુ છું. આપ મને કહો હું નિષ્કપટ હૃદયથી તેનો સ્વીકાર કરીશ. ૫૬

તત્ત્વસુધા—'अथापि' ઉપરના છ શ્લોકોથી મનુ રાજાને લાગે કે ધર્મનો ચર્ચા કરનારા આ મુનિ તટસ્થ અને વિરક્ત લાગે છે. કન્યાનું નિવેદન કરીશ તો સંમત થશે કે કેમ? એવી રાજાને અવશ્ય શંકા થાય. તેના નિવારણ માટે રાજાના પ્રોત્સાહન માટે સંકેતમાં મુનિએ સૂચવ્યું કે આપ આ રીતે ધર્મરક્ષણ કાજ પર્યટન આચરો છો તે કબૂલું છું. તો પણ અન્ય જે કાંઈ મંગલકામનાથી પધાર્યા છો તેનું નિવેદન કરશો તો હું સાચા હૃદયથી એનો સ્વીકાર કરીશ. એવું વિશ્વાસવચન આપી વિવેકશીલ મુનિ વિરમ્યા. ૫૬

શ્રીમદ્‌ ભાગવત તૃતીય સ્કંધનો ૨૧ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૨૨ મો

શ્લોક સંખ્યા ૩૯

એકવીશમા અધ્યાયમાં સમ્રાટ મનુરાજા અને મુનિરાજ શ્રી કર્દમનું વિશ્વમંગલ મિલન થયું. અને ૫૦ થી ૫૬ શ્લોકોમાં રાજાનું સ્વાગત કરતાં વચન આપ્યું કે રાજન ! આપની જે ઇચ્છા હશે તેનું અમે પાલન કરશું.

સ્વાયંભુવ મનુને મુનિવર્યના વાકયથી ઉત્સાહ થયો, વિશ્વાસ બંધાયો, અને આશાના અંકુર ફૂટયા. બાવીસમા અધ્યાયના ૨જા શ્લોકથી ૧૪મા શ્લોક સુધી ચક્રવર્તીએ કન્યાના સમર્પણનું નિવેદન કર્યું.

૧૫મા શ્લોકથી ૨૧ શ્લોકપર્યન્ત મહર્ષિ કર્દમે કન્યાની સ્વીકૃતિ અને લગ્નનું લક્ષ્ય વર્ણવ્યાં. આર્ષવિધિથી લગ્ન માટે અનુમોદન આપ્યું.

૨૨મા શ્લોકથી ૨૬મા શ્લોક પર્યન્ત શ્રી દેવહૂતિનો વિવાહ અને રાજાની વિદાયની કથા વર્ણવી. ૨૭મા શ્લોકથી ૩૯મા શ્લોકપર્યન્ત, રાજા મનુ રાજ્યમાં આવ્યા અને પ્રજાની સંભાળ લેવા લાગ્યા વગેરે વિષયોનું નિરૂપણ કરી અધ્યાય સમાપ્ત કર્યો.

બાવીસમા અધ્યાયનો સંક્ષિપ્ત સાર એટલો છે કે કર્દમ ઋષિને દિવ્ય કન્યા અને ભગવત્સેવોપયોગી ધનની પ્રાપ્તિ થઈ છે. ભગવાનની પૂર્ણ કૃપા હોય તેને " પવિત્ર લક્ષ્મી પ્રાપ્ત થાય છે. "

જે મનુરાજાએ રુચિ ઋષિને આકૂતિ કન્યા પુત્રિકાધર્મથી પરણાવી તે જ રાજાએ દેવહૂતિ દીકરીને અતિશય દીનતાથી દીધી. વળી કર્દમ મહર્ષિએ કન્યા સ્વીકારી એથી રાજાએ પોતાને કૃતકૃત્ય ગણ્યા.

આ પ્રકારે ૩૯ શ્લોકોમાં અધ્યાય સમાપ્ત કરીને ચતુર્વિધ પુરુષાર્થમાંથી અર્થ નામના પુરુષાર્થનું નિરૂપણ કર્યું છે.

मैत्रेय उवाच – एवमाविष्कृताशेषगुणकर्मोदयो मुनिम् ॥
स व्रीड इव तं सम्राडुपारतमुवाच ह ॥१॥

અન્વયાર્થ—मैत्रेय उवाच–મૈત્રેય મહર્ષિ બોલ્યા કે, **ह**–અહો, **एवम्**–આ પ્રકારે, **आविष्कृत-अशेष-गुण-कर्म-उदयः**–જેના સમસ્ત ગુણો અને કર્મોની સમૃદ્ધિ પ્રકટ કરવામાં આવી હતી એવા, **सम्राट्**–ચક્રવર્તી રાજા **सव्रीड इव**–જાણે સંકોચ અનુભવતા હોય તેમ, **उपारतम्**–બોલતા બંધ રહેલા, **तं मुनिम्**–તે કર્દમ ઋષિને, **उवाच**–નિવેદન કરવા લાગ્યા. ૧

અનુવાદ—મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! ઉપર દર્શાવ્યા પ્રમાણે જેના સમસ્ત ગુણો અને કર્મોની મહત્તા ગાવામાં આવી હતી એવા ચક્રવર્તી રાજા મનું જાણે સંકોચ અનુભવતા હોય તેમ, મૌનનું અવલંબન લઈ બિરાજેલ કર્દમ મુનિને નિવેદન કરવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—બાવીસમા અધ્યાયના પ્રારંભમાં મૈત્રેય મહર્ષિ પૂર્વ અધ્યાયની સંગતિ માટે એક શ્લોક બોલે છે. આ શ્લોકમાં રાજા અને મહર્ષિના સ્વરૂપનો પરિચય આપે છે.

ह—આ અવ્યય આ સ્થાને આશ્ચર્યાર્થમાં મૂકેલ છે. એક ચક્રવર્તી રાજા આટલા દૈન્યથી નિવેદન કરે છે ખરેખર એ આશ્ચર્ય છે. આવું દૈન્ય ભક્તિભાવથી અને પુત્રીના વાત્સલ્યથી સંભવિત બન્યું છે.

आविष्कृताशेषगुणकर्मोदयः—આ વાક્યથી મનુરાજાનું માહાત્મ્ય ગાયું છે. ગુણસમૃદ્ધિ અને પુણ્યકર્મની સમૃદ્ધિ જ સાચી સમૃદ્ધિ છે. બન્ને પ્રકારની આ સમૃદ્ધિ કાયમ રહે છે. કર્દમ ઋષિએ આગળના અધ્યાયમાં રાજાના ગુણ અને પુણ્યકર્મોને પ્રકટ કર્યાં. દેવોનું નિવાસસ્થાન હોવાથી રાજામાં ગુણ સમ્પતિ હતી. ધર્મનું પાલન કરનાર રાજા હતા તેથી સત્કર્મની સમૃદ્ધ હતી.

सव्रीड—મનુરાજાને માટે લજ્જાવાળા થયા એવો ઉલ્લેખ કર્યો તેનાં બે કારણ છે. મુનિવર્યે પોતાની કીર્તિનું ગાન કર્યું તેથી "આત્મસંકોચ" થયો. કેમકે મોટો પુરુષ પ્રશંસા સાંભળી સંકોચ અનુભવે છે. બીજું એક કારણ હતું કે "વિરક્ત મુનિ"ને વિવાહ માટે વિનવું છે તો ના તો નહિ પાડેને? આ વિચારે પણ ક્ષોભ થયો.

सम्राट्—ચક્રવર્તી કોઈપણ વચન બોલશે તો તેની કીર્તિને દીપાવે તેવું જ હશે.

"तं उपारतं मुनिम्"—તે મૌન સેવનારા કર્દમ મુનિને કહેવા લાગ્યા એવો આ પદોનો અર્થ છે. "उपारतं"નો એક એવો અર્થ થાય કે उं એટલે રુદ્રના અંશમાં પ્રકટેલા માટે રુદ્રસ્વરૂપ દુર્વાસા મુનિને पाति રક્ષણ કરનાર વિષ્ણુ ભગવાન આવો उपનો અર્થ થયો. उपे વિષ્ણુભગવાનમાં आरतम्—અત્યંત ભક્તિવાળા પરમભાગવત શ્રીકર્દમ ઋષિ એવો "उपारत" પદનો અર્થ થયો. વળી उप—એટલે દેવહૂતિ કન્યા માટે आरतं અત્યંત રસ ધરાવતા એવો બીજો અર્થ પણ થશે. मुनि એટલે વિવેકી. ૧

સંભવ છે મુનિરાજ એમ કહે કે બ્રાહ્મણ અને ક્ષત્રિયનો વિવાહ ન ઘટે તો તેના સમાધાન માટે રાજર્ષિ મનુ ત્રણ શ્લોકોથી ચર્ચા આરંભે છે—

मनुरुवाच – ब्रह्मासृजत्स्वमुखतो युष्मानात्मपरीप्सया ॥
छन्दोमयस्तपोविद्यायोगयुक्तानलम्पटान् ॥२॥

અન્વયાર્થ—मनुः उवाच-શ્રી સ્વાયંભુવ મનુ નિવેદન કરવા લાગ્યા કે, **छन्दोमयः**-વેદસ્વરૂપ, **ब्रह्मा**-બ્રહ્માજીએ, **स्व-मुखतः**-પોતાના મુખમાંથી, **आत्म-परि-ईप्सया**-વેદોની પૂર્તિ કરવા અથવા રક્ષા કરવા માટે, **तपः-विद्या-योग-युक्तान्**-તપ, વિદ્યા અને યોગવાળા, **अलम्पटान्**-વિષયોની આસક્તિ વિનાના, **युष्मान्**-આપને, **असृजत्**-રચ્યા છે. ૨

અનુવાદ—શ્રી સ્વાયંભુવ મનુજીએ નિવેદન કર્યું કે મહર્ષિ કર્દમજી! વેદવિગ્રહશ્રી બ્રહ્માજીએ વેદોની મૂર્તિ અને રક્ષા માટે પોતાના મુખમાંથી તપસ્વી, વિદ્વાન અને ભક્તિયોગ-સમ્પન્ન અને અલંપટ એવા આપને પ્રગટ કર્યા છે. ૨

તત્ત્વસુધા—બીજા શ્લોકથી ચક્રવર્તી મનુરાજા વિનમ્રતાપૂર્વક નિવેદન આરંભે છે. ઋષિવર્યને કહે છે કે "**छन्दोमया ब्रह्मा**"—વેદવિગ્રહ બ્રહ્માજીએ પ્રારંભમાં પૃથ્વી ઉપર પોતાના મુખમાંથી વિપ્રોને પ્રકટ કર્યા છે. એનું કારણ પણ દર્શાવે છે કે—

आत्मपरीप्सया - આત્મા શબ્દનો અર્થ વેદ કર્યો છે. વેદની પૂર્તિ કે રક્ષા બ્રાહ્મણોથી થાય છે. વેદોની રક્ષાથી યજ્ઞ અને ધર્મની રક્ષા થશે. યજ્ઞ અને ધર્મરક્ષાથી વિશ્વની રક્ષા થશે. રક્ષા કરનાર બ્રાહ્મણ પાસે ત્રણ શક્તિઓની આવશ્યકતા રહેશે. તે ત્રણનો ઉલ્લેખ કરે છે કે—

तपो-विद्या-योगयुक्तान् - તપશ્ચર્યા, વિદ્યા અને ભગવદ્ભક્તિયોગ આ ત્રણ અત્યંત આવશ્યક છે. આ ત્રણે શક્તિઓની સફળતા 'અલંપટ'પણા ઉપર અવલંબે છે. ૨

---

१ छन्दोमयान् इति श्री विजयध्वजीयः पाठः ।

ઉપરના શ્લોકના અનુસંધાનમાં ત્રીજો શ્લોક શરૂ થાય છે-

तत्त्राणायासृजत् चास्मान् दोःसहस्रात्सहस्रपात् ॥
हृदयं तस्य हि ब्रह्म क्षत्रमङ्गं प्रचक्षते ॥३॥

અન્વયાર્થ—च-અને, **तत्-त्राणाय**-તેઓનું રક્ષણ કરવા માટે. **सहस्रपात्**-હજાર ચરણવાળાએ, **दोः-सहस्रात्**-હજાર હાથોમાંથી, **अस्मान्**-અમને, **असृजत्**-રચ્યા. **तस्य**-ભગવાનનું, **ब्रह्म**-બ્રાહ્મણો, **हृदयम्**-હૃદય છે અને **क्षत्रम्**-ક્ષત્રીઓને, **अङ्गम्**-અંગ, **प्रचक्षते**-કહેલ છે. ૩

અનુવાદ—અને તેઓનું રક્ષણ કરવા માટે હજાર ચરણોવાળા ભગવાને પોતાના હજાર હાથોમાંથી અમને-ક્ષત્રિયોને રચ્યા. બ્રાહ્મણો ભગવાનનું હૃદય છે અને ક્ષત્રિયો ભગવાનનું અંગ-શરીર છે. ૩

તત્ત્વસુધા—ત્રણ શ્લોકો એકબીજા સાથેની સંગતિવાળા છે. બીજા શ્લોકમાં વેદોની રક્ષા માટે વિપ્રોને રચ્યા એટલું કહી ત્રીજા શ્લોકમાં વિપ્રોની રક્ષા માટે ક્ષત્રિયોનું નિર્માણ કર્યું એ વાત કહે છે—

तत्त्राणाय-સહસ્રચરણ ભગવાને એક હજાર હાથમાંથી ક્ષત્રિયોનું નિર્માણ કર્યું. જેઓ બ્રાહ્મણોની રક્ષા કરશે. એક વાત ધ્યાન દોરે તેવી સૂચવી કે सहस्रपात् સહસ્ર ચરણવાળા ભગવાને હજાર હાથમાંથી ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા. ઉત્પત્તિ કરવાનું કાર્ય તો હાથોનું છે પછી એક હજાર ચરણવાળા વિશેષણનું પ્રયોજન શું?

એનું તાત્પર્ય છે કે વરદાનથી કાર્તવીર્ય જેવા રાજાઓને હજારો હાથ હોય છે પરંતુ તેઓને હજાર-ચરણ નથી હોતા તેમજ સૃષ્ટિનિર્માણસામર્થ્ય પણ નથી હોતું. એ તો કેવલ ભગવાનમાં જ હોય છે. આ વસ્તુના સંકેત માટે ભગવાનને ‘સહસ્રપાદ’ કહ્યા છે.

हृदयं तस्य हि ब्रह्म — ભગવાનનું હૃદય બ્રાહ્મણના અભિમાનવાળી બ્રહ્મ નામની દેવતા છે. તે જ પ્રકારે ક્ષત્રિયોના અભિમાનવાળી દેવતાને ભગવાનનાં અંગો ગણ્યાં છે. પરિણામે વિદ્યા બલનું હૃદય છે અને બલ વિદ્યાનું શરીર છે. ક્ષત્રિયો બલનું સ્વરૂપ છે. ક્ષત્રિયો એટલે રક્ષક શક્તિ અથવા રાજા. અને વિદ્યા એટલે જ્ઞાનશક્તિ અથવા બ્રાહ્મણ. બલશક્તિએ જ્ઞાનશક્તિની પ્રેરણા પ્રમાણે ચાલવું જોઈએ. જ્યારે જ્ઞાનશક્તિએ બલશક્તિનું ગૌરવ સાચવવું જોઈએ. આમ બનતાં રાષ્ટ્ર અને ધર્મ સુરક્ષિત રહેશે અને વિશ્વમાંથી વિપ્લવ વિરમશે. ૩

વિદ્યા અને બલના સહકારનો લાભ કેવો હોય છે તે આ શ્લોકથી સૂચવે છે —

अतो ह्यन्योन्यमात्मानं ब्रह्म क्षत्रं च रक्षतः ॥
रक्षति स्माव्ययो देवः स यः सदसदात्मकः ॥४॥

અન્વયાર્થ—अतः-તેથી, **ब्रह्म**-બ્રહ્મ, **च**-અને, **क्षत्रम्**-ક્ષત્ર, **अन्योन्यम्**-પરસ્પર-એકબીજા, **आत्मानम्**-પોતાને, **रक्षतः**-રક્ષે છે, સંભાળે છે, **हि**-તે યોગ્ય છે. **यः**-જે, **सद्-असद्-आत्मकः**-સર્વસ્વરૂપ છે, **सः**-તે, **अव्ययः**-નિર્વિકાર, **देवः**-દેવ ક્ષત્ર અને બ્રહ્મને, **रक्षति-स्म**-રક્ષે છે-સાચવે છે. ૪

અનુવાદ—તેથી બ્રહ્મદેવતા અને ક્ષત્રદેવતા પરસ્પર એકબીજાની રક્ષા કરે છે તે યોગ્ય જ છે. વળી જે સર્વસ્વરૂપ તે અવિકારી દેવ ક્ષત્ર અને બ્રહ્મની રક્ષા કરે છે. ૪

તત્ત્વસુધા—अतो ह्यन्योन्यमात्मानम् — ઉપરના શ્લોકમાં પરસ્પરના સંરક્ષણનું વિધાન કર્યું. કોઈ પણ વ્યક્તિ કે જાતિ કોઈપણ બીજી વ્યક્તિ જાતિનું રક્ષણ કરે છે તે પોતાનું જ રક્ષણ કરે છે. કારણ કે પોતાના રક્ષણ માટે જ બીજાનું રક્ષણ થાય છે, પરિણામે પરસ્પર પરસ્પરને સાચવે છે આવી કલ્પના ન કરવી.

પરંતુ ભગવાન વિકાર વિનાના છે અને કૃપામય છે. ક્ષત્ર અને બ્રહ્મને પોતે જ સાચવે છે–સંભાળે છે. સુરક્ષિત થયેલ બ્રહ્મ અને ક્ષત્ર પરસ્પરની રક્ષા કરે છે. આ રક્ષામાં સ્વાર્થ નથી. પરંતુ ધર્માદિ પુરુષાર્થોની રક્ષા છે. ધર્માદિ પુરુષાર્થોની રક્ષા સહકારથી થાય છે. મહારાજ મનુ તેથી જ સહકારની રક્ષાનું નિવેદન કરે છે. ૪

શ્રી સ્વાયંભુવ મનુ હવે પછીના ત્રણ શ્લોકોમાં પોતાના આશ્રમમાં આવવાનો આશય પ્રગટ કરે છે—

तव संदर्शनादेव छिन्ना मे सर्वसंशयाः ॥
यत्स्वयं भगवान्प्रीत्या धर्ममाह रिरक्षिषोः ॥५॥

અન્વયાર્થ—तव–આપશ્રી કર્દમ મુનિનાં, **संदर्शनात् एव**–દર્શન માત્રથી જ, **मे**–મારા, **सर्वसंशयाः**–સમસ્ત સંશયો, **छिन्नाः**–છેદાઈ ગયા, **यत्**–કારણ કે, **भगवान्**–ભગવાને–આપે, **स्वयम्**–જાતે, **प्रीत्या**–પ્રીતિથી, **रिरक्षिषोः**–રક્ષણ કરનારના, **धर्मम्**–ધર્મને મને, **आह**–સમજાવેલ છે. ૫

અનુવાદ—મહર્ષિ કર્દમ ! આપનાં દર્શન થતાં જ મારા સર્વ સંશયો ટળી ગયા. કારણ કે ભગવાનસ્વરૂપ આપે પોતે પ્રીતિપૂર્વક મને સંરક્ષણ કરનારના ધર્મો સમજાવ્યા છે. ૫

તત્ત્વસુધા—तव संदर्शनादेव —શ્રી મનુરાજા પોતાનું હૃદય વ્યક્ત કરે છે: હે મહર્ષિ ! આપના પાવન આશ્રમોમાં રાજાઓ ધર્મ અંગેના નિર્ણયો જાણવા માટે આવે છે. હું પણ એવા જ આશયથી આવ્યો છું. આપે તપશ્ચર્યા અને ભગવાનની સેવા આચર્યાં. ભગવાન આપ ઉપર પ્રસન્ન થયા. ભગવાન પ્રસન્ન થતાં પ્રત્યેક પુરુષાર્થો સિદ્ધ થયા, એ આપના દૃષ્ટાંતથી જાણ્યું. મને એનાથી માર્ગદર્શન મળ્યું એટલે પૂછવાનું કે જાણવાનું હવે કાંઈ ન રહ્યું. આ સર્વ આપનાં દર્શનથી જ બન્યું છે.

यत्स्वयं भगवान्—વળી ઉત્તરાર્ધમાં વધુ સ્પષ્ટ કરે છે કે આપની પાસે આવ્યા ત્યારે આપે અત્યંત ભાવપૂર્વક ક્ષત્રિયોનો ધર્મ પ્રજાપાલનનો છે તે પણ સમજાવ્યું. માટે કોઈ પણ સંદેહો નથી રહ્યા. સાચે જ ‘સંતોનાં દર્શન અને વચનામૃત’ સર્વશાસ્ત્રોના જ્ઞાનનું ફળ આપે છે. ૫

સંતોનું દર્શન સ્વયં ફલસ્વરૂપ છે એ વાત હવે વર્ણવશે—

दिष्ट्या मे भगवान् दृष्टो दुर्दर्शो योऽकृतात्मनाम् ॥
दिष्ट्या पादरजःस्पृष्टं शीर्ष्णा मे भवतः पदम् ॥६॥

અન્વયાર્થ—यः–જે, **अकृतात्मनाम्**–ભગવાન માટે જેમણે પોતાના અન્તઃકરણને નક્કી નથી કર્યું એવા જીવોને, **दुर्दर्शः**–આપનાં દર્શન દુર્લભ છે તે, **भगवान्**–ભગવાન કર્દમનાં, **दृष्टः**–મને દર્શન થયાં, **मे दिष्ट्या**–એ મારું અહોભાગ્ય છે. **भवतः**–આપશ્રીનો, **शिवम्**–કલ્યાણકારી, **पादरजः**–ચરણરેણુનો, **मे**–મારા, **शीर्ष्णा**–મસ્તકથી, **स्पृष्टम्**–સ્પર્શ થયો, **दिष्ट्या**–એ મારું અહોભાગ્ય છે. ૬

અનુવાદ—જેઓનું અન્તઃકરણ ભગવાન માટે નથી તે જીવોને આપનું દર્શન દુર્લભ છે. છતાં આપનાં મને દર્શન થયાં એ મારું મહદ્ભાગ્ય. વળી આપશ્રીની પવિત્ર પાદરજનો મને મસ્તકે સ્પર્શ થયો એ પણ અહોભાગ્ય સમજું છું. ૬

તત્ત્વસુધા—दिष्ट्या मे भगवान् दृष्टः–ચક્રવર્તી નરેશ આ શ્લોકથી પોતાના બે પ્રકારના સદ્ભાગ્યની સ્તુતિ કરે છે. પ્રથમ તો કહે છે કે अकृतात्मनाम् दुर्दर्शः–અકૃતાત્માઓને આપનાં દર્શન દુર્લભ છે. ‘અકૃતાત્મા’ના અનેક અર્થ થાય છે. अकृत અને आत्मा એવાં બે પદ કરી અર્થ કર્યો કે સુકૃત–પુણ્ય વિનાના આત્માઓને આપનાં દર્શન નથી થતાં. બીજો અર્થ કર્યો કે ‘અકૃતાત્મા’ એટલે મલિન મનવાળા જીવોને દર્શન દુર્લભ

છે. એક ત્રીજો મહત્ત્વનો અર્થ કર્યો કે અકૃત ભગવાન માટે નથી કરેલ આત્મા અન્તઃકરણ જેમણે તેઓને પણ આપનું દર્શન દુર્લભ છે.

સંક્ષેપમાં અકૃતાત્મા એટલે દેહથી આત્માને ભિન્ન અનુભવનાર (૧), ભગવાન માટે જ અન્તઃકરણ ધારણ કરનાર (૨), ભગવાનની સેવામાં ઉપયોગી થઈ શકે તેવાં પવિત્ર પંચભૂતોને બનાવનાર (૩), પુણ્યશીલોને પુણ્યશ્લોકોનાં દર્શન થાય.

હું તેવો ‘ કૃતાત્મા ’ નથી છતાં દર્શન તો થયાં. પરંતુ વિશેષમાં આપની પવિત્ર ચરણધૂલીનો મસ્તકથી સ્પર્શ થયો. આપની આ ચરણરજ કેવલ પાપને હરનાર જ નથી પરંતુ મંગલ કરનાર પણ છે. રજનો ઉત્તમાંગથી સ્પર્શ થયો એટલે બાકીનાં અંગો તો પવિત્ર થયાં જ. આ બધું અકસ્માત્ થયું એ જ હરિકૃપાનું ફળ છે. ૬

સાતમા શ્લોકમાં રાજા કહેશે કે આપે મને ધર્મોપદેશ કર્યો તે પણ સદ્ભાગ્ય—

दिष्ट्या त्वयानुशिष्टोहं कृतश्चानुग्रहो महान् ॥
अपावृतैः कर्णरन्ध्रैर्जुष्टा दिष्टचोशतीर्गिरः ॥७॥

અન્વયાર્થ—**दिष्ट्या**-મારું મહદ્ભાગ્ય કે, **त्वया**-આપશ્રીએ, **अहं-अनुशिष्टः**-મને સદ્બોધ આપ્યો. **च**-ખાત્રીપૂર્વક, **महान्**-મહાન, **अनुग्रहः**-અનુગ્રહ, **कृतः**-કરેલ છે, **अपावृतैः**-ખુલ્લાં, **कर्णरन्ध्रैः**-કર્ણરન્ધ્રોથી, **उशतीः**-મનોહર, **गिरः**-વાણી-વચનામૃતો, **जुष्टाः**-પીધાં-સાંભળ્યાં એ પણ, **दिष्ट्या**-મહદ્ભાગ્ય છે. ૭

અનુવાદ—મારું મહદ્ભાગ્ય કે આપશ્રીએ મને સદ્બોધ આપી મોટો અનુગ્રહ કર્યો છે. મારાં ખુલ્લાં કર્ણરન્ધ્રોથી આપનાં મધુર વચનામૃતો પીવા મળ્યાં, એ પણ સદ્ભાગ્ય જ છે. ૭

તત્ત્વસુધા—दिष्ट्या त्वयानुशिष्टः-સર્વસામાન્ય નિયમ છે કે ગુરુજનો, પુણ્યજનો, પંડિતજનો જ્યારે આપણે પ્રશ્ન કરીએ ત્યારે પ્રશ્નોત્તર આપે અથવા સદ્બોધ કરે પરંતુ પુત્રો, શિષ્યો કે સેવકો ઉપર જેમને મમત્વ હોય છે તેવા ગુરુજનો વગર પૂછે હિતની વાતો વદે છે. શ્રી મનુરાજા પોતાનું સૌભાગ્ય આ સ્થળે એટલા માટે જ ગાય છે કે મહર્ષિ કર્દમે વિના પૂછે રાજર્ષિને “ ક્ષત્રધર્મનો ” ઉપદેશ આપ્યો છે.

अपावृतैः-સંત જનોનાં અને હિતકર સ્વજનોનાં વાક્યોને વિનાવિવાદે, વિનાવિરોધે અને વિનાવિલંબે ખુલ્લા કાને સાંભળવાં. મને તો માત્ર આપનાં ઉપદેશવાક્યો નથી સાંભળવામાં આવ્યાં પરંતુ “ હરિગુણસુધા ” કાનોથી પીવા મળી છે એ અહોભાગ્ય છે. ૭

આ આઠમા શ્લોકમાં રાજાનું પિતૃહૃદય સ્પષ્ટ થાય છે—

स भवान् दुहितृस्नेहपरिक्लिष्टात्मनो मम ॥
श्रोतुमर्हसि दीनस्य श्रावितं कृपया मुने ॥८॥

અન્વયાર્થ—**मुने**-હે મુનિવર્ય, **स भवान्**-તે આપશ્રી, **दुहितृ-स्नेह-परि-क्लिष्ट-आत्मनः**-પુત્રના પ્રેમથી પીડાતા અન્તઃકરણવાળા, **मम**-મારા જેવા, **दीनस्य**-દીન જનના, **श्रावितम्**-વિજ્ઞાપનને-નિવેદનને, **कृपया**-કૃપાપૂર્વક, **श्रोतुम्-अर्हसि**-સાંભળવા યોગ્ય છો. ૮

અનુવાદ—મુનિવર્ય ! પ્રસિદ્ધ અને પવિત્ર એવા આપની પુત્રીના પ્રેમથી પીડાતા દિલવાળા મારી દીનજનની પ્રાર્થનાને દયા કરી સાંભળશો. ૮

તત્ત્વસુધા—મુને–હે મુનિવર્ય ! આવું સંબોધન કરીને રાજા મૌન ત્યજવાની વિજ્ઞપ્તિ કરે છે. કારણ કે મહાન પુરુષો મિતભાષી હોય છે. આપ મિતભાષી તેમજ હિતભાષી છો તો પણ મારી સ્થિતિ આપની પાસે સ્પષ્ટ કરું છું. હું–

દુહિતૃ–સ્નેહપરિક્લિષ્ટાત્મનઃ–દીકરીના વાત્સલ્યથી વ્યથિત છું. મારી પુત્રીને પ્રત્યેક રીતે અનુરૂપ વરની શોધમાં છું. પુત્રી ઘણી વખત પૂર્ણ યોગ્ય વર ન મળે તો પણ પરણે છે. કારણ કે કન્યાને કાયમ પરતંત્ર જ રહેવાનું છે. આપને અધિક શું સમજાવું. સાચે જ દીનસ્ય આપને આધીન રહેલા અને વિનયી એવા મારા શ્રાવિતમ્ નિવેદનને કૃપા કરી સાંભળશો એ જ આશાએ વિરમું છું. આમ બોલતાં રાજાનું હૃદય ભરાઈ આવ્યું અને આંખ ભીંજાઈ ગઈ.

શ્રી સ્વાયંભુવ મનુ નિવેદન કરવાનો આ શ્લોકથી આરંભ કરે છે—

प्रियव्रतोत्तानपदोः स्वसेयं दुहिता मम ॥
अन्विच्छति पतिं युक्तं वयःशीलगुणादिभिः ॥९॥

અન્વયાર્થ—**इयम्**–આ, **प्रियव्रत–उत्तानपदोः**–પ્રિયવ્રત અને ઉત્તાનપાદ કુમારોની, **स्वसा**–બહેન, **मम**–મારી, **दुहिता**–દીકરી, **वयः–शील–गुण–आदिभिः**–પોતાનાં વય, શીલ અને ગુણ વગેરેથી, **युक्तं पतिम्**–યોગ્ય પતિને, **अनु–इच्छति**–શોધે છે–ચાહે છે. ૯

અનુવાદ—પ્રિયવ્રત અને ઉત્તાનપાદ કુમારોની બહેન આ મારી દેવહૂતિ દીકરી પોતાનાં વય, આચાર, ગુણ વગેરેથી અનરૂપ પતિને ચાહે છે–શોધી રહેલ છે. ૯

તત્ત્વસુધા—प्रियव्रतोत्तानपदोः स्वसा લગ્ન એ એક સ્થૂલભોગ માટેનો તુચ્છ સંબંધ નથી પરંતુ શ્રેષ્ઠ અને સ્વચ્છ યોગ છે. ધર્મનો આદેશ છે કે જે કન્યાને ભાઈ હોય તેની સાથે લગ્ન કરવું. કારણ કે ભાઈ વિનાની કન્યાની સમ્પતિ તરફ પરણનારની સ્વાર્થવૃત્તિ ન થાય. વળી એવો નિયમ છે કે પુત્ર વિનાનો પિતા જે વરને પોતાની કન્યા પરણાવે છે તેના પુત્ર ઉપર પોતાનો અધિકાર પુત્રિકા–ધર્મથી સિદ્ધ થાય છે. આ બાબત શાસ્ત્રસંમત છે. પરંતુ વરનારને સંમત ન હોય તો મુશ્કેલી થાય. વરનારે પુત્રને કદાચ સસરાને આપ્યો પરંતુ પોતાને બીજો પુત્ર ન થાય તો પોતાના વંશની વૃદ્ધિ અટકે, શ્રાદ્ધાદિ ક્રિયાઓ પણ વિરમી જાય. આ બધી વસ્તુઓ ધ્યાનમાં રાખી રાજાએ સ્પષ્ટતા કરી કે મારી કન્યાને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે ભાઈઓ છે.

स्वसेयं मम–મારી દીકરી છે. પ્રસિદ્ધ પિતાની પુત્રીને પરણવું એ વાત આ વાકયથી સ્પષ્ટ કરી.

अन्विच्छति पतिं युक्तम्–વય, કુલ, વિદ્યા, શીલ, રૂપ, વિત્ત અને ઘર, આ સાત વાતનો વિચાર કરી કન્યા વરને વરે છે. આ સ્થાને ત્રણ દર્શાવ્યાં છે બાકીનાં "आदि" શબ્દથી સમજી લેવાનાં છે.

લગ્નનું લક્ષ્યબિંદુ ધર્માદિ ચાર પુરુષાર્થોની સિદ્ધિ માટે છે. ધર્મ પુરુષાર્થ સિદ્ધિ માટે "शील" શીલ શબ્દ વાપર્યો. અર્થ પુરુષાર્થ માટે गुण શબ્દ વાપર્યો. કામ પુરુષાર્થ માટે वयः વય દર્શાવ્યું. आदि શબ્દથી વિદ્યા વગેરે સમજવાં, જે મોક્ષ પુરુષાર્થમાં સાધન મનાય છે. દેવહૂતિ આ ચાર પુરુષાર્થોને પૂર્ણ કરે એવા પુરુષને શોધી રહી છે. ૯

ઉપરના શ્લોકમાં દર્શાવેલા અન્ય કોઈ પુરુષ માટે એનો અનુરાગ નથી પરંતુ આવા ગુણોથી સમ્પન્ન આપને માટે જ કન્યાનો અનુરાગ છે એ વસ્તુ સ્પષ્ટ કરે છે—

यदा तु भवतः शीलश्रुतरूपवयोगुणान् ॥
अश्रृणोन्नारदादेषा त्वय्यासीत् कृतनिश्चया ॥१०॥

અન્વયાર્થ—**यदा तु**-જ્યારે તો, **नारदात्**-નારદ મહર્ષિ પાસેથી, **भवतः**-આપશ્રીના, **शील-श्रुत-रूप-वयः-गुणान्**-શીલ, જ્ઞાન, રૂપ, વય અને ગુણોને, **अशृणोत्**-સાંભળ્યાં ત્યારથી, **त्वयि**-આપને માટે જ, **एषा**-આ મારી પુત્રી, **कृत-निश्चया**-કૃતનિશ્ચય, **आसीत्**-થયેલ છે. ૧૦

અનુવાદ—મહર્ષિ નારદજીના શ્રીમુખેથી જ્યારે આપશ્રીનાં શીલ, જ્ઞાન, રૂપ, વય અને સદ્‌ગુણોને સાંભળ્યાં ત્યારથી જ આ મારી પુત્રી આપશ્રી માટે જ કૃતનિશ્ચય બની છે. ૧૦

તત્ત્વસુધા--यदा तु-કદાચ કર્દમ મહર્ષિના મનમાં એમ વિચાર આવે કે આપની પુત્રીને મારી વિગત શી રીતે મળી? એના સમાધાન માટે ચક્રવર્તીએ કહ્યું. મુનિરાજશ્રી નારદ મહર્ષિ મારે ત્યાં પધાર્યા. યોગ્ય વયની કન્યાના પિતાની સ્થિતિ તો આપ ત્રિકાલજ્ઞ છો તેથી સમજી શકો છો. મેં યોગ્ય વર માટે જિજ્ઞાસા કરી. ધર્માદિ ચાર પુરુષાર્થો અને ભક્તિ પરમ પુરુષાર્થને સાધનાર આપશ્રીનો પાવન યશ મેં, મારી પત્ની અને પુત્રીએ સાંભળ્યો. મારી કન્યા તે જ ક્ષણથી આપને માટે જ પોતાને સમર્પણ કરી કૃતનિશ્ચય બની છે. આથી અધિક પુત્રીના પિતા તરીકે આપને શું વર્ણવું? એટલું બોલી રાજા ક્ષણવાર થંભી ગયા. ૧૦

મુનિના મનમાં થાય કે જો કન્યા કૃતનિશ્ચય હતી તો સ્વયં શા માટે ન આવી કે નથી કહેતી? તેના સમાધાનમાં કહેશે કે पिता रक्षति कौमारे આ શાસ્ત્રાજ્ઞાને માનનારી મારી પુત્રી મારા દ્વારા જ નિર્ણય કરે એથી હું આપને વિનવું છું એમ આ શ્લોકમાં કહેશે—

तत्प्रतीच्छ द्विजाग्र्येमां श्रद्धयोपहृतां मया ॥
सर्वात्मनानुरूपां ते गृहमेधेषु कर्मसु ॥११॥

અન્વયાર્થ—**तत्**-તો, **द्विजाग्र्य**-હે વિપ્રવર્ય! **मया**-મેં, **श्रद्धया**-શ્રદ્ધાપૂર્વક, **उपहृताम्**-સમર્પેલી, **ते गृह-मेधेषु**-આપશ્રીના ગૃહસ્થાશ્રમનાં, **कर्मसु**-કાર્યોમાં, **सर्व-आत्मना**-સર્વપ્રકારે, **अनुरूपाम्**-અનુરૂપ-યોગ્ય, **इमाम्**-આ મારી કન્યાને, **प्रतीच्छ**-આપ સ્વીકારો. ૧૧

અનુવાદ—તો હે દ્વિજવર્ય! મેં શ્રદ્ધાપૂર્વક સમર્પેલી અને આપશ્રીના ગૃહસ્થાશ્રમનાં કાર્યોમાં સર્વપ્રકારે યોગ્ય આ મારી દીકરીને દયા કરી સ્વીકારો. ૧૧

તત્ત્વસુધા—द्विजाग्र्य-ચક્રવર્તી નરેશ કેવલ કન્યાને વરાવવા જ નથી ચાહતા પરંતુ રાજા ધર્મપ્રવર્તક હોવાથી ધર્મચર્ચાને આરંભે છે. તેથી જ "દ્વિજવર્ય" એવું સંબોધન કરે છે.

ક્ષત્રિયો માટે ગાન્ધર્વ વિવાહ ભલે હોય, પરંતુ દ્વિજો માટે ખાસ કરીને બ્રાહ્મણોને માટે એમ નથી. તેઓને તો આર્ષ લગ્ન જ કરવું રહ્યું. તેથી આપની ઇચ્છાવાળી અને પિતાએ સમર્પેલી કન્યા સાથે લગ્ન કરવું જોઈએ.

હું શાસ્ત્રના આદેશને સર્વથા અનુસરનાર છું. ભગવાને જ આપશ્રી માટે આ કન્યા રચી છે. આપના ગૃહસ્થધર્મમાં પ્રત્યેક કાર્યો માટે કન્યા અનુરૂપ છે તો આપ કૃપા કરી એનો અંગીકાર કરો એવી વિનમ્ર વિજ્ઞપ્તિ છે. ૧૧

<લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે લલાટ શાને ધોવા જવું એ ભાવનો શ્લોક છે—

उद्यतस्य हि कामस्य प्रतिवादो न शंक्यते ॥
अपि निर्मुक्तसङ्गस्य कामरक्तस्य किं पुनः ॥१२॥

---

१ लस्यते इति प्रा. पाठः ।

અન્વયાર્થ—निर्मुक्त-संगस्य-સંગનો ત્યાગ કરેલ મનુષ્યે પણ, **उद्यतस्य**-વિના પ્રયાસે મળેલા, **कामस्य**-ઇચ્છિત પદાર્થનો, **प्रतिवादः**-અનાદર-નિષેધ, **हि**-સાચે જ, **न शक्यते**-ન કરી શકાય, **अपि**-તો પછી, **काम-रक्तस्य**-કામના ધરાવતા મનુષ્યને માટે, **किं पुनः**-પૂછવું જ શું ? ૧૨

અનુવાદ—સંગનો ત્યાગ કરેલ મનુષ્યે વિના પ્રયાસે મળેલા ઇચ્છિત પદાર્થનો અનાદર કરવો ન જોઈએ તો પછી સકામ વૃત્તિવાળાએ તો તેનો નિષેધ કરાય જ કેમ ? ૧૨

તત્ત્વસુધા—उद्यतस्य हि-જે જીવનમાં અનિવાર્ય એવા ભોજન જલપાન શયન વગેરે ભોગો જો સ્વયં યાચના વિના જ નજર સન્મુખ આવ્યા હોય તો વિરક્ત પુરુષે પણ તેનો અનાદર કે ઉપેક્ષા ન કરવાં.

કારણકે જે સ્વયંપ્રાપ્ત છે તે તો ઈશ્વરપ્રેરિત છે અને ઈશ્વરદત્ત છે માટે તેની ઉપેક્ષા એ ઈશ્વરનો અનાદર છે. આવેલ તે પદાર્થોને ઈશ્વરની પ્રસાદી સમજી સ્વીકારવાં જોઈએ. આવો નિયમ જો વિરક્ત માટે પણ છે તો જેઓ સાભિલાષ છે તેમને તો સ્વીકારવાં જ રહ્યાં આ પ્રકારે રાજાએ ઋષિને વિનવ્યા. ૧૨

આ શ્લોકમાં અપાત્રે યાચના કરવાની ના કહે છે—

य उद्यतमनादृत्य कीनाशमभियाचते ॥
क्षीयते तद्यशः स्फीतं मानश्चावज्ञया हतः ॥१३॥

અન્વયાર્થ—यः-જે, **उद्यतम्**-સ્વયં મળેલા પદાર્થનો, **अनादृत्य**-અનાદર કરીને, **कीनाशम्**-કૃપણ પાસે, **अभि-याचते**-માગે છે, **स्फीतम्**-વિપુલ એવો, **तद्यशः**-તેનો યશ, **क्षीयते**-નાશ પામે છે, અને **अवज्ञया**-સામાના અનાદરથી, **मानः**-સ્વમાન, **हतः**-હણાય છે. ૧૩

અનુવાદ—જે કોઈ મનુષ્ય સ્વયંપ્રાપ્ત થયેલા પદાર્થની ઉપેક્ષા કરીને તે વસ્તુ માટે કૃપણ પાસે અભિલાષા કરે છે, તે વ્યક્તિનો વિપુલ યશ નાશ પામે છે અને વિશેષમાં સ્વમાન પણ હણાય છે. ૧૩

તત્ત્વસુધા—य उद्यतमनादृत्य-એક સામાન્ય કહેવત છે કે "सहज मिला सो दुध बराबर मांग लिया सो पानी" વગર માગે મળે તે અમૃત સમાન છે અને માગ્યુ મળે તે તો પાણી જેવું મનાય.

ઉપરના લોકસંગ્રહ મતને માન આપી રાજર્ષિ મહર્ષિને કહી રહ્યા છે કે આપને આ કન્યા જે મળે છે તે સ્વયં આપને દ્વારે આવેલ છે. આપે આ અંગે કોઈ પણ પ્રયત્ન નથી કર્યો. જેથી આપને સહજ પ્રમાણે મળતી હોવાથી અમૃત તુલ્ય સમજી તેને સ્વીકારી લો.

कीनाशमभियाचते—કદાચ આપ આજ આ કન્યાનો સ્વીકાર નહીં કરો તો આવતી કાલે આપે ક્યાંક યાચના તો કરવી રહી. તેમાં પણ જો કૃપણ પાસે યાચના કરવા ગયા તો પરિણામે ફળવાની તો નથી જ પરંતુ અનાદર થશે અને અપયશ થશે માટે આ અવસરે કન્યાનો અંગીકાર કરો. આટલી કૃપા જરૂર કરો. ૧૩

अहं त्वाशृणवम् विद्वन् विवाहार्थं समुद्यतम् ॥
अतस्त्वमुपकुर्वाणः प्रत्तां प्रतिगृहाण मे ॥१४॥

અન્વયાર્થ—विद्वन्-હે વિદ્વાન પુરુષ, **अहम्**-મેં, **त्वा**-આપને, **विवाहार्थम्**-લગ્ન માટે, **समुद्यतम्**-તત્પર થયેલા, **अशृणवम्**-સાંભળ્યા છે, **अतः**-તેથી આપ, **उपकुर्वाणः**-ઉપકાર એવા, **त्वम्**-આપ, **मे**-મારી, **प्रत्ताम्**-અર્પેલી કન્યાને, **प्रतिगृहाण**-સ્વીકારો. ૧૪

અનુવાદ—હે જ્ઞાની પુરુષ ! મેં આપશ્રીને લગ્ન કરવા માટે તત્પર થયેલા જાણ્યા છે. જો આ વાત સત્ય છે તો ઉપકાર કરનાર એવા આપ અર્પેલી મારી આ કન્યાનો સ્વીકાર કરો. ૧૪

તત્ત્વસુધા—**विद्वन्** સુજ્ઞ જનોને શું સમજાવવું કે વધુ શું કહેવું ? આપ સુજ્ઞ છો તેથી અલ્પ નિવેદનમા સમજી શકશો. આપ લગ્ન માટે સાભિલાષ છો એવું મેં સાંભળ્યું છે.

अतस्त्वमुपकुर्वाणः—બે પ્રકારના બ્રહ્મચારી છે. એક નૈષ્ઠિક બ્રહ્મચારી અને બીજા ઉપકુર્વાણ બ્રહ્મચારી એવા બે ભેદો છે. આજીવન બ્રહ્મચર્ય રાખનાર નૈષ્ઠિક છે અને વેદાધ્યયન પૂર્ણ થતાં સમાવર્તન સંસ્કાર પામે તે ઉપકુર્વાણ છે લખ્યું છે કે—

वेदानधीत्य यो वर्णी विवाहार्थं गुरोः कुलात् ।
कृतानुज्ञो निवर्त्तेत उपकुर्वाण उच्यते ॥

આ લક્ષણ પ્રમાણે આપ ઉપકુર્વાણ બ્રહ્મચારી છો, તો મારી કન્યાને કૃપા કરી સ્વીકારો. ૧૪

कर्दम उवाच – बाढमुद्वोढुकामोहम[1]प्रत्ता च तवात्मजा ॥
आवयोरनुरूपोसावाद्यो वैवाहिको विधिः ॥१५॥

અન્વયાર્થ—**कर्दम उवाच**-મહર્ષિ કર્દમે ઉત્તર વાળ્યો કે, **बाढम्**-સત્ય છે. **अहम्**-હું, **उद्वोढुकामः**-લગ્ન કરવા ચાહું છું. **च**-અને, **तव**-આપની, **आत्मजा**-પુત્રી, **अप्रत्ता**-અન્યને આપેલી નથી, **आवयोः**-અમારા બન્નેનો, **आद्यः**-પ્રથમ, **अनुरूपः**-યોગ્ય, **असौ**-આ, **वैवाहिकः**-વિવાહ સંબંધી, **विधिः**-વિધિ થાવ. ૧૫

અનુવાદ—મહર્ષિ કર્દમે ઉત્તર આપ્યો કે રાજન્, આપનું કહેવું સાચું છે. હું લગ્નની કામના ધરાવું છું. આપની કન્યા પણ અન્યને વચનથી આપેલી નથી તેથી અમારો બન્નેનો પ્રથમ યોગ્ય આ વિવાહવિધિ ભલે થાવ. ૧૫

તત્ત્વસુધા—**बाढमुद्वोढुकामः**-મુનિવર્ય કર્દમે ખુલ્લા મનથી સ્વીકાર્યું કે નરેશ આપને જે સમાચાર મળ્યા છે કે હું સમાવતન કરી લગ્નની કામના ધરાવું છું તે અક્ષરશઃ સત્ય છે. ઉપરાંત આપે આપની કન્યાનું અન્ય કોઈપણ વ્યક્તિને વાગ્દાન કર્યું નથી. તેથી અમારા બન્નેનો આ વિધિ બન્ને માટે યોગ્ય છે જ એવું નીચેના વાક્યથી કહે છે. **आद्यो वैवाहिको विधिः**-અમારો આ 'આદ્ય વિવાહ વિધિ' છે. આ સ્થાને 'આદ્ય' શબ્દના પ્રથમ અને મુખ્ય એવા બે અર્થ થાય છે.

જ્યારે આદ્યનો પ્રથમ એવો અર્થ કરીએ તો તાત્પર્ય એવું નીકળે કે એક વાર કન્યાનું વાગ્દાન થાય. ત્યારબાદ વરમાં કોઈ અસાધારણ દૂષણ આવે તો તે કન્યાને વિવાહ–વાગ્દાન તોડી બીજા સ્થાને વાગ્દાન કરી લગ્ન કરવું. આ વાગ્દાનવિધિ 'આદ્ય' પ્રથમ વારનો ન કહેવાય પરંતુ બીજી વારનો કહેવાય. પરંતુ એ શાસ્ત્રસંમત વિધિ મનાય છે જ. જ્યારે મારો અને દેવહૂતિનો વાગ્દાન પ્રથમવારનો છે અને અમારે બન્ને માટે તે યોગ્ય છે.

હવે "आद्य" શબ્દનો અર્થ "मुख्य" મુખ્ય એવો કરીએ ત્યારે શાસ્ત્રમાં આઠ પ્રકારના લગ્નવિધિ બતાવ્યા છે. તેમાં પ્રથમ પ્રકારનો "બ્રાહ્મ" વિવાહ મુખ્ય ગણ્યો છે તેથી મુનિ કહેવા ચાહે છે કે મુખ્ય વિવાહ વિધિ થાવ.

१-मप्रमत्ता इति प्रा पाठः ।

મનુરાજાએ બ્રહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાન્ધર્વ, રાક્ષસ અને પૈશાચ એવા આઠ પ્રકારનાં લગ્નો વર્ણવ્યાં છે. આમાં પ્રથમ વિધિને મુખ્ય-શ્રેષ્ઠ માન્યો છે. મુનિ તે વિધિ માટે સૂચના કરે છે.

અન્યત્ર વચનથી આપેલી કન્યાને દૈવવશ અન્ય આપવી પડે તેને લૌકિક વિધિ મનાય. અને પ્રથમ જ વાગ્દાન થયું હોય તે બ્રાહ્મ વિધિ કહેવાય છે, જે શ્રેષ્ઠ છે. લગ્નના કુલ આઠ વિધિ માન્યા છે.

૧. બ્રાહ્મ–કન્યાને પાનેતર પહેરાવી, શકય અલંકારોથી વિભૂષિત કરી શ્રુતશીલકુલસમ્પન્ન બ્રાહ્મણને નિમંત્રણ કરી સન્માનપૂર્વક કન્યાદાન કરવામા આવે તે બ્રાહ્મ લગ્ન છે.
૨. દૈવ–જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ ચાલતો હોય તેમાં વિધિપૂર્વક કર્મ કરનાર ઋત્વિજને જોઈ, તેનું સન્માન કરી કન્યાદાન કરાય તે દૈવ લગ્ન.
૩. આર્ષ–યજ્ઞાદિ કાર્યનિર્વાહ માટે એક જોડી ગાયબળદને ધરાવતા વિપ્રને કન્યાદાન કરાય તે આર્ષ લગ્ન.
૪. પ્રાજાપત્ય–કન્યાદાન સમયે આપ બન્ને સાથે ધર્માચરણ કરો એવું વિધાન કરી વિધિપૂર્વક કન્યાદાન થાય તે પ્રાજાપત્ય વિવાહ છે.
૫. આસુર–કન્યાના જ્ઞાતિલાઓને દ્રવ્ય આપી કન્યા લેવામાં આવે તે આસુર વિવાહ છે.
૬. ગાન્ધર્વ–વર–કન્યા પરસ્પરના અનુરાગથી લગ્ન કરે તે ગાન્ધર્વ વિવાહ છે.
૭. રાક્ષસ–કન્યાનું અપહરણ કરી લાવે અને એમ કરતાં આડે આવનારનો વધ કરાય એ રાક્ષસ વિવાહ છે.
૮. પૈશાચ–ગાફેલ સ્થિતિમાં કે નિદ્રામાં હોય ત્યારે વિષયલાલસા સેવતાં ઉપાડી લાવે તે પૈશાચ છે જે સર્વથા નિષિદ્ધ છે.

“अप्रमत्ता तवात्मजा”–કેટલાક ટીકાકાર આચાર્યો अप्रत्ता ને બદલે अप्रमत्ता એવો પાઠ માને છે. अप्रत्ता એટલે કોઈ ને વચનથી નહીં આપેલી. ‘અપ્રમત્તા’ એટલે પતિસેવામાં તત્પર એવો અર્થ થાય છે. એનું લક્ષણ છે કે–

पतिशुश्रूषणे यत्ता विषयासक्तिनिःस्पृहा ॥
धर्मार्थकामहेतुर्या स्वप्रमत्तेति तां विदुः ॥

બન્ને પાઠ સુયોગ્ય છે. શ્રી દેવહૂતિજીમાં બન્ને લક્ષણ ઘટે છે. વિશેષમાં મુનિરાજ ૧૫મા શ્લોકથી ૨૦મા શ્લોક સુધીના ૭ શ્લોકોમાં ‘દેવહૂતિ’જી ભગવાને રચેલી અને ભગવાનનાં છ ઐશ્વર્યવાળી દિવ્ય શક્તિ છે એમ રાજાને જણાવે છે. ક્રમે કરીને તે તે શ્લોકોમાં તે તે ઐશ્વર્ય દર્શાવશે. ૧૫મા શ્લોકમાં દેવહૂતિનું ઐશ્વર્ય ગાયું છે. મુનિ સ્વયં સ્વીકારવા તૈયાર થયા છે એ જ દેવહૂતિનું ઐશ્વર્ય છે. ૧૫

મુનિવર્ય સ્વીકારે છે કે કેવલ વેદોક્ત વિધિથી શુષ્ક લગ્ન ન થાવ પરંતુ કન્યા રાજી થાય તેવો શોભનલગ્ન પ્રસંગ ભલે થાવ—

कामः स भूयान्नरदेव तेस्याः पुत्र्याः समाम्नायविधौ प्रतीतः ॥
क एव ते तनयां नाद्रियेत स्वयैव कान्त्या क्षिपतीमिव श्रियम् ॥१६॥

અન્વયાર્થ—**नरदेव**–હે નરદેવ ! **ते**–આપની, **अस्याः पुत्र्याः**–આ પુત્રીનો વિવાહવિધિ, **समाम्नाय-विधौ**–વેદવિધિમાં, **प्रतीतः**–સ્વીકારેલો, **कामः**–આપની ભાવના પ્રમાણે, **सः भूयात्**–તે થાવ, **स्वया एव**–પોતાની જ, **कान्त्या**–કાંતિથી, **श्रियम्**–લક્ષ્મીજીને, **क्षिपतीम् इव**–અવગણતી હોય તેથી, **ते**–આપની, **तनयाम्**–પુત્રીને, **कः एव**–એવો કોણ છે કે, **न आद्रियेत**–ન સન્માને ! (ઇંદ્રવજ્રાવૃત્ત) ૧૬

અનુવાદ—હે નરદેવ! આપની આ પુત્રીનો વિવાહવિધિ શાસ્ત્રવિધિમાં જે સ્વીકારેલ છે તે આપની ભાવના પ્રમાણે ભલે થાવ. પોતાની જ શોભાથી શ્રી લક્ષ્મીજીને અવગણતી એવી આપની પુત્રીને એવો કોણ છે કે ન સ્વીકારે. ૧૬

તત્ત્વસુધા—મહર્ષિ કર્દમ કન્યાના પિતાના મનની સ્થિતિને માપી લે છે. તેઓ સમજે છે કે આ કન્યા એક રાજકુમારી છે. કન્યાદાન વિધિથી એક 'અપૂર્વ સુકૃત' ઉત્પન્ન થાય છે. બ્રાહ્મણો શાસ્ત્રોક્ત વિધિથી મંત્રોચ્ચારણપૂર્વક કન્યા પ્રદાન કરે છે. તેમાં મોટો ઉત્સવ સમારોહ નથી થતો. અકિંચન વિપ્રો માટે એ ઉચિત છે. પરંતુ ચક્રવર્તીને તે કેમ રુચશે. પિતામાતાનું હૃદય કંઈપણ સમારોહ માનવા ચાહે જ. એ સમારોહ ભાવ રસની વૃદ્ધિ કરે છે અને વાત્સલ્યની પુષ્ટિ કરે છે. આટલી સૂક્ષ્મ સમજ ધરાવનાર મહર્ષિ વિધાન કરે છે કે–

नरदेव–રાજન્ આપ ચક્રવર્તી છો. આપના ગૌરવને શોભે તેવો **कामः** આપની ભાવનાને અનુરૂપ વિવાહ-વિધિ ભલે થાય. મને તે સંમત છે. પરંતુ તે વિધિ **समाम्नायविधौ**–સમામ્નાય પદ્ધતિપૂર્વકનો હોવો જોઈએ. સમામ્નાય એટલે પરંપરાથી જે સત્પુરુષો કરતા આવ્યા છે તે પ્રકારે કરો. વળી **समाम्नाय** શબ્દનો અર્થ વેદ પણ થાય છે. એ પણ ઠીક જ સૂચક શબ્દ છે.

લગ્નમાં લૌકિકતા વધી જાય છે. મિલન, ભોજન, ગાન અને કરિયાવર દાન વગેરે મુખ્ય થઈ જાય છે. સંસ્કારો વિસરાઈ જાય છે કે તદ્દન નામ માત્ર ઉપેક્ષાથી થાય છે. આવું ન બને તે વાતનું સૂચન કરવા **समाम्नाय** શબ્દ વાપર્યો છે.

क एव ते तनयां–આ વાક્યથી રાજાને ઋષિ આશ્વાસન અને આદર આપે છે અને કહે છે કે કેવલ આપને જ ગરજ નથી. પરંતુ આપની લક્ષ્મીથી પણ ચઢી જાય તેવી તનયા માટે મારી પણ લાલસા છે. હું કે કોઈ શ્રી સમાન સુકન્યાનો કરકમલ ગ્રહવા લાલાયિત જ હોઈએ તેથી રાજન્! આપે દૈન્ય સેવવાની જરા પણ જરૂર નથી. આ શ્લોકથી દેવહૂતિજીમાં 'વીર્ય' ધર્મનું વર્ણન કર્યું છે. આ શ્લોકમાં વ્યતિરેક અલંકાર છે. ૧૬

૧૭મા શ્લોકમાં કન્યાના યશોધર્મનું કથન કરે છે—

यां हर्म्यपृष्ठे क्वणदङ्घ्रिशोभां विक्रीडतीं कन्दुकविह्वलाक्षीम् ॥
विश्वावसुर्न्यपतत् स्वाद्विमानाद् विलोक्य संमोहविमूढचेताः ॥१७॥

અન્વયાર્થ—**हर्म्यपृष्ठे**–રાજમહેલની અગાશીમાં, **क्वणद्-अङ्घ्रि-शोभाम्**–નૂપુરોના ઝંકારયુક્ત ચરણોથી શોભતી, **कन्दुक-विह्वल-अक्षीम्**–ઊછળતા દડાને પકડવાને કારણે વિહ્વલ નયનવાળી, **विक्रीडतीम्**–સખીઓ સાથે ખેલતી, **याम्**–જે દેવહૂતિને, **विलोक्य**–નિહાળીને, **संमोह-विमूढ-चेताः**–અતિમોહથી ભાનશૂન્ય ચિત્તવાળો બનેલ, **विश्वावसुः**–વિશ્વાવસુ ગન્ધર્વ, **स्वात्**–પોતાના, **विमानात्**–વિમાનમાંથી, **न्यपतत्**–નીચે પડી ગયેલ હતા. (ઇંદ્રવજ્રાવૃત્ત) ૧૭

અનુવાદ—રાજમહેલની અગાશીમાં, નૂપુરના શબ્દોથી શોભતા ચરણકમલવાળી, ઊછળતા દડાને પકડવા માટે વિહ્વલ નેત્રવાળી, સખીઓ સાથે ખેલતી રાજપુત્રી દેવહૂતિને નિહાળતાં ભાનભૂલેલ અતિમોહાધીન થયેલ વિશ્વાવસુ ગન્ધર્વ પોતાના વિમાનમાંથી નીચે પડી ગયા હતા. ૧૭

તત્ત્વસુધા—यां हर्म्यपृष्ठे–આ શ્લોકમાં દેવહૂતિના સૌંદર્યનું યશોગાન છે. પિતા પાસે એની પુત્રીના સૌંદર્યની સ્તુતિ કોઈ પણ સુજન કરે તે ન શોભે. તો આ મુનિજન આવું વર્ણન કરે તે કેમ વાજબી લાગે એવી કલ્પના ન કરવી. આ શ્લોકમાં સૌંદર્યશ્લાઘા નથી. વળી કામાસક્તચિત્ત મુનિનું વર્ણન નથી. પરંતુ દેવહૂતિ દિવ્યશક્તિ છે તેથી તેમના યશઃ એટલે ઐશ્વર્યનું આ નિરૂપણ છે. આ નિરૂપણ ભગવદ્ધર્મ નિરૂપણની દૃષ્ટિથી કર્યું છે.

એકવાર વિમાનમાર્ગે વિહારે નીકળેલા ગન્ધર્વરાજ વિશ્વાવસુએ સખીઓ સાથે રાજમહેલની અગાશીમાં નિર્દોષ ક્રીડા કરતી રાજકુમારીને નિહાળી. ચરણોમાં ઝાંઝરના ઝંકાર થતા હતા અને કરસરોજમાં અથડાતા અને આભમાં જતા દડાની સાથે દૃષ્ટિ પણ વિહારે ચઢી હતી. આ સ્થિતિના દર્શને વિહ્‌વલ બનેલ વિશ્વાવસુ અનુસંધાન ચૂકયા અને નીચે પડી ગયા. આ ગાથા નારદજીએ વર્ણવેલી. મુનિવર્યે આ ગાથા તાજી કરી દેવહૂતિની દિવ્યતાનું કથન કીધું અને રાજાને આદરમાન દીધું. ૧૭

આ શ્લોકથી શ્રીદેવીની સાથે સરસાઈ દર્શાવી છે—

तां प्रार्थयन्तीं ललनाललामा[१]मसेवितश्रीचरणैरदृष्टाम् ॥
वत्सां मनोरुच्चपदः स्वसारं को नाभिमन्येत बुधोऽभियाताम् ॥१८॥

અન્વયાર્થ—ललना-ललामाम्-લલનાઓમાં અલંકાર સમાન, **असेवित-श्रीचरणैः**-શ્રી સમ્પન્ન શ્રીહરિનાં ચરણ જેમણે નથી સેવ્યાં તેઓએ, **अदृष्टाम्**-ન નિહાળેલ, **मनोः**-સ્વાયંભુવ મનુના **वत्साम्**-વાત્સલ્યમયી પુત્રીને, **उच्चपदः**-ઉત્તાનપાદની, **स्वसारम्**-બહેનને, **अभि-याताम्** સ્વયં આવેલ, તેમજ **प्रार्थयन्तीम्**-પ્રાર્થના કરતી, **ताम्**-તે પ્રસિદ્ધ કન્યા દેવહૂતિજીને, **कः**-કયો, **बुधः**-વિવેકી પુરુષ **न अभिमन्येत**-ન સ્વીકારે—ન સત્કારે। (ઉપજાતિવૃત્ત) ૧૮

અનુવાદ—સૌન્દર્યવતી લલનાઓમાં શિરોમણિ, શ્રીસમ્પન્ન શ્રીહરિના ચરણોને ન સેવનાર જનોએ ન નિહાળેલ, શ્રી સ્વાયંભુવ મનુરાજકુમારી, શ્રી ઉત્તાનપાદ કુમારની બહેન, સ્વયં સન્મુખ આવેલ, અને વરવાની વાંછા સેવતી, તે જગવિખ્યાત દેવહૂતિ દેવીને એવો કયો વિવેકશીલ જન છે કે જે ન સ્વીકારે ? ૧૮

તત્ત્વસુધા—तां प्रार्थयन्तीं ललनाललामाम्–મુનિવર્ય આ શ્લોકથી કેવલ લાવણ્યગાન જ નથી કરતા પરંતુ શ્રી દેવહૂતિજીને બ્રહ્મવિદ્યા કરતાં પણ શ્રેષ્ઠ છે એમ જાણે છે અને રાજર્ષિને જણાવે છે. બ્રહ્મવિદ્યા મોક્ષ આપે છે જ્યારે આ તો ભગવાનની જનની બનનાર છે.

પાંચ વિશેષણોથી દેવહૂતિજીનું નિરૂપણ કરે છે. ललनाललामाम् એ પ્રથમ વિશેષણ છે. આ સ્થાને ललामम् એવો પણ પાઠ છે. લાવણ્યમયી નારીને "લલના" કહેવાય છે. દેવહૂતિ તો લાવણ્યની શિરોમણિ છે. "સ્ત્રીરત્ન" તો દુષ્કુલમાંથી પણ લેવું તો પછી શ્રેષ્ઠકુલમાંથી મળે તો શા માટે ન લેવું.

असेवितश्रीचरणैरदृष्टम्–આ વિશેષણમાં "શ્રીચરણ" શબ્દના બે અર્થ છે. શ્રી એટલે લક્ષ્મીજીના ચરણ ન સેવનારને દેવહૂતિના દર્શન દુર્લભ છે એવો એક અર્થ છે. શ્રીયુક્ત એવા શ્રીહરિનાં ચરણ નથી સેવ્યાં તેમને દેવાધિદેવની પ્રસાદીરૂપ દેવહૂતિનાં દર્શન કયાંથી સાંપડે એવો બીજો અર્થ છે.

मनोः वत्साम्–મનુરાજા ધર્મનું સ્વરૂપ છે ધર્મનું દોહન કરવું હોય ત્યારે આ પુત્રી ત્યાં વત્સા હોય છે. જેથી આ દેવહૂતિ દુનિયામાં ધર્મનું દોહન કરશે. જે દોહન કપિલ ભગવાન દ્વારા થશે.

उच्चपदः स्वसारम्—શ્રી ઉત્તાનપાદકુમારની બહેન છે તેથી ભાઈવાળી અને જગવિખ્યાત કન્યા છે. આમાં પ્રિયવ્રતની બહેન કેમ ન કહ્યું, તો સમાધાન છે કે પ્રિયવ્રતકુમાર ત્યારે ગિરિદ્રોણીમાં તપશ્ચર્યા કાજે ચાલી ગયેલા છે તે વાત પણ મુનિ જાણે છે. ઉત્તાનપાદકુમાર કીર્તિસમ્પન્ન હતા તે પણ કારણ છે.

"अभियाताम्"—સન્મુખ આવેલી કન્યાનો કદી અનાદર ન થાય એવું એક વખત સ્ત્રીસન્માન હતું. આજે સ્ત્રી કેવલ સમાન મનાય છે જ્યારે એક દિ' સ્ત્રીનું "સન્માન" મનાતું. "સમાન કરતાં સન્માન" શ્રેષ્ઠને જ અપાય. ૧૮

---

[१] ललमाललाम इति प्रा. पाठः ॥

મુનિવર્ય આ શ્લોકમાં પોતાની એક પ્રતિજ્ઞા છે તે રાજા પાસે મૂકે છે—

अतो भजिष्ये समयेन साध्वीं यावत्तेजो बिभृयादात्मनो मे ॥
अतो धर्मान् पारमहंसमुख्यान् शुक्लप्रोक्तान् बहु मन्येऽविहिंस्रान् ॥१९॥

અન્વયાર્થ—यावत्-જ્યાં સુધી, **आत्मनः**-આત્મરૂપનું, **मे**-મારું. **तेजः**-તેજ આ દેવહૂતિ, **बिभृयात्**-ધારણ કરશે, ત્યા સુધીના, **समयेन**-સમયના અવધિથી, **साध्वीम्**-પ્રતિવ્રતાને, **अतः**-આથી, **भजिष्ये** હું અનુસરીશ. **अतः**-ત્યાર બાદ, **शुक्ल-प्रोक्तान्**-શુક્લ નારાયણે કહેલા **अविहिंस्रान्**-શમપ્રધાન એવા, **पारमहंस्य-धर्मान्**-પરમહંસોના, **धर्मान्**-ધર્મોને, **बहु**-વિશેષ પ્રમાણમાં, **मन्ये**-સ્વીકારીશ (ઉપજાતિવૃત્ત) ૧૯

અનુવાદ—જ્યાં સધી આત્મરૂપ મારા બીજસ્વરૂપ તેજને આ પતિવ્રતા ધારણ કરશે ત્યાં સુધીના સમયની અવધિથી સાધ્વી દેવહૂતિને અનુસરીશ. ત્યારબાદ શુક્લ નારાયણે કહેલા શમપ્રધાન એવા પરમહંસોના ધર્મોને વિશેષ રૂપમા સ્વીકારીશ. ૧૯

તત્ત્વસુધા—अतो भजिष्ये-" અતઃ " અવ્યય ઉપરની લોકોમાં વર્ણવેલી વાતનો સંગ્રહ કરવા સ્વીકાર્યું છે. ઉપરના શ્લોકોમાં દર્શાવેલા ઐશ્વર્ય ગુણોથી ઉત્કૃષ્ટ આ કન્યા છે તેથી અવશ્ય भजिष्ये-સ્વીકારીશ પરંતુ—

समयेन એક પ્રતિજ્ઞાથી અથવા એક નિયમ-સિદ્ધાન્તથી સ્વીકારીશ. એ સિદ્ધાન્ત એવો છે કે आत्मनः આત્મસ્વરૂપ મારા તેજને જ્યાં સુધી ધારણ કરશે ત્યાં સુધી જ ગૃહસ્થાશ્રમમાં રહેશ

પ્રાચીન કાલમાં આ સર્વશ્રેષ્ઠ આદર્શ હતો. प्रजातन्तुं मा व्यवच्छेत्सीः-સંતાન તન્તુને ન તોડો, प्रजायै गृहमेधिनाम्-પ્રજાપ્રાપ્તિ માટે જ ગૃહસ્થી બનો, ભોગપ્રાપ્તિ માટે નહીં. કોઈપણ ગૃહસ્થ માત્ર પિતા બન્યા બાદ તે ઊર્ધ્વરેતસ્ એટલે બ્રહ્મચર્ય સેવન કરતો. શ્રી કર્દમ મહર્ષિ આદિ પુરુષ છે. વળી પ્રજાપતિ છે. જો પોતે સૃષ્ટિના પ્રારંભ કાલમા પોતાના જીવનથી આદર્શ ન સ્થાપે તો સમાજને માર્ગદર્શન ક્યાંથી મળશે. એથી જ કહ્યું કે પિતા થતાં જ હું अविहिंस्रान् શાન્તિપ્રધાન, જ્ઞાનપ્રધાન એવા પરમહંસના ધર્મોનો સ્વીકાર કરીશ. ૧૯

શ્રુતિની આજ્ઞા છે કે યાવત્જીવન અગ્નિહોત્રની આરાધના કરવી જોઈએ તો પછી સંન્યાસધર્મોનો સ્વીકાર કેમ કરી શકશો એના સમાધાનમાં આ શ્લોક આરંભે છે—

यतोऽभवद् विश्वमिदं विचित्रं संस्थाप्यते यत्र च वावतिष्ठते ॥
प्रजापतीनां पतिरेष मह्यं परं प्रमाणं भगवाननन्तः ॥२०॥

અન્વયાર્થ—यतः-જેમનાંમા, **इदम्**-આ, **विचित्रम्**-વિચિત્ર એવું, **विश्वम्**-વિશ્વ, **अभवत्**-ઉત્પન્ન થયું, **यत्र**-જેમાં, **संस्थाप्यते**-સ્થાપિત થાય છે-લય પામે છે, **च यत्र वा अवतिष्ठते**-અને જેમાં વિશ્વ રહેલ છે, **एषः**-તેઓ, **प्रजापतीनाम्**-પ્રજાપતિઓના, **पतिः**-સ્વામી, **अनन्तः**-અનન્ત, **भगवान्**-ભગવાન, **मह्यम्**-મારે માટે, **परम्**-ઉત્તમ, **प्रमाणम्**-પ્રમાણ છે. (ઉપેન્દ્રવજ્રાવૃત્ત) ૨૦

અનુવાદ—જેમનામાંથી આ વિચિત્ર વિશ્વ ઉત્પન્ન થયું છે, જેમાં લય પામે છે, વળી જેમાં આ વિશ્વ સ્થિર રહેલ છે, તે આ પ્રજાપતિઓના સ્વામીશ્રી અનન્ત ભગવાન મારે માટે ઉત્તમ પ્રમાણ છે. ૨૦

તત્ત્વસુધા—यतोऽभवत् આ વિશ્વ જે પરમેશ્વરથી સરજાયું છે તેમનો આદેશ પાળવો એ પરમ ધર્મ છે. વેદ, શાસ્ત્ર અને સદ્ગુરુ વગેરેના વિધાનોને ભગવાનના આદેશ તરીકે સ્વીકારેલ છે.

પરંતુ જેઓને સીધી ભગવાનની આજ્ઞા સાંપડતી હોય તેમણે તો ભગવાનના આદેશને પાળવો જોઈએ. પ્રત્યેકને એ રીતે આદેશ મળવો સુલભ નથી. પ્રત્યેકના અધિકાર પ્રમાણે વેદશાસ્ત્રો દ્વારા ભગવાને આદેશ આપ્યા છે. પરંતુ ભક્તોને કેટલાક સ્વતંત્ર પણ આદેશ આપ્યા છે. આ આદેશ આપનાર સર્વોપરિ શક્તિસમ્પન્ન ભગવાન જોઈએ. સર્વોપરિ શક્તિ એને કહેવાય કે જેનાથી સૃજન, સંપાલન અને લય થાય. આ ત્રણે થવા છતાં નિર્વિકારપણે તે સર્વ બને. આવી તાકાત એક અનન્ત ભગવાનમાં છે. મને એ અનન્તે, જીવનના અન્તમાં પરમહંસ ધર્મોનો આદર કરવાનો આદેશ આપ્યો છે. હું એને અનુસરીશ. તેથી પતિવ્રતા દેવી દેવહૂતિ પતિસહગમન–એટલે અગ્નિપ્રવેશની પ્રતિજ્ઞા ન લઈ લે. એ વાતનો સંકેત કર્યો. ૨૦

ઉપરોક્ત ૭ શ્લોકો બોલી મુનિવર્ય વિરામ પામ્યા એવું મૈત્રેય મહર્ષિ એકવીશમા શ્લોકમાં કહેવા ચાહે છે–

मैत्रेय उवाच – स उग्रधन्वन्नियदेवाबभाषे आसीच्च तूष्णीमरविन्दनाभम् ॥
धियोपगृह्य स्मितशोभितेन मुखेन चेतो लुलुभे देवहूत्याः ॥२१॥

અન્વયાર્થ—मैत्रेय उवाच-મહર્ષિ મૈત્રેયે કહ્યું કે, **उग्रधन्वन्**-હે પ્રચંડ ધનુષ્યવાળા વિદુરજી! **सः**-તે મુનિરાજ, **इयद्-एव**-આટલું જ, **आबभाषे**-બોલ્યા, **च**-ત્યારબાદ, **अरविन्द-नाभम्**-કમલનાભ-પદ્મનાભપ્રભુને, **धिया**-બુદ્ધિથી, **उपगुह्य**-ધારણ કરીને, **तूष्णीम्**-શાંત, **आसीत्**-રહ્યા, **स्मित-शोभितेन**-સ્મિત હાસ્યથી શોભતા, **मुखेन**-મુનિરાજના મુખથી, **देवहूत्याः**-દેવહૂતિ દેવીનું, **चेतः**-ચિત્ત, **लुलुभे**-આકર્ષાયું. (વંશસ્થવૃત્ત) ૨૧

અનુવાદ—મહર્ષિ મૈત્રેયે કહ્યું કે, હે ઉગ્રધનુષ્યવાળા વિદુરજી! મુનિરાજ કર્દમ આટલું જ વદીને વિરમ્યા. ત્યારબાદ શ્રી પદ્મનાભ પ્રભુને હૃદયમાં ધારણ કરીને શાંત બન્યા. આ વખતે સ્મિત હાસ્યથી શોભતા મુનિરાજના મુખથી રાજકુમારી દેવહૂતિનું ચિત્ત આકર્ષાયું. ૨૧

તત્ત્વસુધા—मैत्रेय उवाच–એકવીશમા શ્લોકના આરંભમાં ‘મૈત્રેય ઉવાચ’ આવે છે. તૃતીય–ચતુર્થથી કથા મૈત્રેયજી શ્રી વિદુરજીને કહી રહ્યા છે. કથા વર્ણવતાં કર્દમમુનિના કથનનો વિરામ થયો. એટલે આગળના પ્રસંગના અનુસંધાનમાં ‘મૈત્રેય ઉવાચ’ આવ્યું. સંભવ છે કથા સાંભળતાં શ્રી વિદુરજીને સમાધિ લાગી હોય તે જગાડવા ‘મૈત્રેય ઉવાચ’ આવ્યું હોય.

उग्रधन्वन्–આ સંબોધન વિદુરજીને કર્યું છે તે શ્રી વિદુરજીના મનોનિગ્રહના સૂચન માટે છે. લાવણ્ય વર્ણન કે દર્શન થતાં કે લાવણ્યમયી લલનાનું સ્મરણ થતાં જ ‘ચિત્તક્ષોભ’ થઈ જાય છે. વિદુરજી જિતેન્દ્રિય અને વીર હોઈ તેઓને ક્ષોભ નથી થવાનો તે ‘ઉગ્રધન્વા’ સંબોધનથી સૂચવ્યું છે.

इयदेवाबभाषे–માનવે મિતભાષી અને સ્મિત વદન રહેવું. પ્રસંગસંગત અત્યાવશ્યક વાતો જ વદવી એ વિવેકી પુરુષની વિશિષ્ટતા છે. મુનિરાજ આવા વિવેકશીલ પુરુષોમાં ‘મૂર્ધન્ય’ છે તેથી અલ્પ અને અતિમહત્ત્વનાં વાક્યો ઉચ્ચારી વિરમી ગયા.

अरविन्दनाभमुपगुह्य–શ્રી પદ્મનાભ ભગવાનને હૃદયમાં પધરાવી મુનિરાજ મૌનને વર્યા. જેના હૃદયમાં ભગવાનનું સાન્નિધ્ય હોય તે આચારભિન્ન અને ઉચ્ચારભિન્ન સંભવી જ ન શકે. ભગવાન નાભિમાંના કમળને જરાક ફેરવે તો જગત ફરી જાય એવું સામર્થ્ય ધરાવે છે તો પછી હૃદયની સકામવૃત્તિને ભગવત્કામ બનાવતાં વાર શી?

चेतो लुलुभे–દેવહૂતિજીએ મન્દસ્મિતથી મધુરદર્શન એવા મુનિરાજના મુખનું દર્શન કર્યું તેથી તેમના તરફ વધુ પ્રમાણમાં મન આકર્ષાયું. દેવહૂતિજીના પણ સલજ્જ મન્દસ્મિત મુખદર્શનથી મુનિવર્યનું પણ મન ખેંચાયું. ૨૧

રાજકુમારી, મહારાણી અને મુનિરાજની અભિલાષા જાણી રાજર્ષિ મનુ કન્યાને પરણાવે છે—

सोनुज्ञात्वा व्यवसितं महिष्या दुहितुः स्फुटम् ॥
तस्मै गुणगणाढ्याय ददौ तुल्यां प्रहर्षितः ॥२२॥

અન્વયાર્થ—सः-મહારાજ મનુએ, **महिष्याः**-પટરાણીજીનો તેમજ, **दुहितुः**-દીકરીનો, **स्फुटम्**-સ્પષ્ટ, **व्यवसितम्**-અભિપ્રાયને. **अनुज्ञात्वा**-જાણીને. **प्रहर्षितः**-હર્ષ પામીને, **गुण-गण-आढ्या**-ગુણ ગણ સમૃદ્ધ, **तस्मै**-શ્રી કર્દમ મુનિને, **तुल्याम्**-મુનિરાજના સમાન કન્યાને, **ददौ**-સમર્પી. ૨૨

અનુવાદ—મહારાજ મનુએ, શતરૂપા રાણીનો તેમજ દેવહૂતિ દીકરીનો સ્પષ્ટ નિશ્ચય જાણીને, હર્ષ પામીને ગુણગણોથી સમૃદ્ધ શ્રી કર્દમ મુનિને તેમને યોગ્ય કન્યા દેવહૂતિને પરણાવી. ૨૨

તત્ત્વસુધા—સોઽનુજ્ઞાત્વા વ્યવસિતમ્-પિતાને કન્યા માટે વર યોગ્ય લાગવા છતાં, પત્ની અને પુત્રીને સંમત હોય તેવા જ વરને કન્યા વરાવવી. પિતા વરની વિદ્યા જોશે, માતા વરનો વૈભવ અને ઘર સંબંધી વિચારશે. કુલજનો સત્કુલનો વિચાર કરશે. જ્યારે કુમારી વરનું સ્વરૂપ અને શીલ જોશે. એક કન્યાના લગ્નમાં આમ આખું કુટુંબ અલગ અલગ તત્ત્વો વિચારી એક મત થઈ "કન્યાદાન" કરે ત્યા કન્યાનું નિત્ય મંગલ સધાય છે. કેવલ કન્યા જ વરને પસંદ કરે કે કેવલ વડીલો જ પસંદ કરે તે લગ્ન દીક્ષાકાજ પૂરતું ગણાય નહીં.

प्रहर्षितः-હૃદયમાં હર્ષ થાય છે. એ જ મોટો શુકન છે. વળી રાજકુમારી અને રાણી શતરૂપા પણ સંપૂર્ણ સંમત અને સંતુષ્ટ છે. "વરમાંથી ઘર" બનશે જો વર ગુણજ્ઞાનશીલ સભર હશે એ ન્યાયે વનવાસી તપસ્વી મુનિને રાજકુમારી વિનાસંકોચે આપી.

तुल्याम्-મુનિ અને કન્યા ઉભય તુલ્ય છે તેથી મુક્તિનાં અધિકારી બનશે તે "તુલ્યા" શબ્દથી સૂચવ્યું. ૨૨

પિતાએ વિધિપૂર્વક પુત્રીનો વિવાહ કર્યો અને માતાએ ઉત્તમ પ્રકારે ઉત્સવ મનાવ્યો એ ભાવ આ શ્લોકથી વર્ણવે છે—

शतरूपा महाराज्ञी पारिबर्हान् महाधनान् ॥
दम्पत्योः पर्यदात् प्रीत्या भूषावासःपरिच्छदान् ॥२३॥

અન્વયાર્થ—महाराज्ञी-મહારાણીજી, **शतरूपा**-શ્રી શતરૂપાજીએ, **महाधनान्**-મહામૂલા, **परिबर्हान्**-પહેરામણીના પદાર્થો-દાયજાની વસ્તુઓ, **भूषा-वासः-परिच्छदान्**-આભૂષણ વસ્ત્રો અને ઘરવખરીની વસ્તુઓ, **दम्पत्योः**-દમ્પતીને, **प्रेम्णा**-પ્રેમપૂર્વક, **पर्यदात्**-આપી. ૨૩

અનુવાદ—મહારાણીશ્રી શતરૂપાજીએ બન્ને દમ્પતીને અણમોલ પહેરામણીમાં અલંકારો, વસ્ત્રો અને ઘરવખરી ઘણા ઘણા ભાવથી આપી. ૨૩

પિતાનું વાત્સલ્યભર્યું હૃદય પુત્રીને વિદાય દેતાં વિહ્વલ થયું—

प्रत्तां दुहितरं सम्राट् सदृक्षाय गतव्यथः ॥
उपगुह्य च बाहुभ्यामौत्कण्ठ्यमथिताशयः ॥२४॥

अशक्नुवन् तद्विरहं मुञ्चन् बाष्पकलां मुहुः ॥
आसिञ्चदम्ब वत्सेति नेत्रोदैर्दुहितुः शिखाः ॥२५॥

आमन्त्र्य तं मुनिवरमनुज्ञातः सहानुगः ॥
प्रतस्थे रथमारुह्य सभार्यः स्वपुरं नृपः ॥२६॥

અન્વયાર્થ—गत-व्यथः સુયોગ્ય વરને વરાવાથી વ્યથામુક્ત, **सम्राट्**-ચક્રવર્તી રાજા મનુ, **सदृक्षाय**-સમકક્ષ વરને, **प्रत्ताम्**-પરણાવેલી, **दुहितरम्**-દીકરીને, વિદાયકાલે, **बाहुभ्यां**-બન્ને બાહુથી, **उपगुह्य**-ભેટીને, **च**-અને, **औत्कण्ठ्य-मथित-आशयः**-પુત્રીના અતિશય પ્રેમથી વિહ્વલ અંતઃકરણવાળા, **तद्-विरहम्**-દેવહૂતિના વિરહને **अशक्नुवन्**-ન સહી શકતા, **मुहुः**-વારંવાર, **बाष्पकलाम्**-અશ્રુકલાને, **मुञ्चन्**-છોડતા, **हे अम्ब हे वत्से**-હે બેટા હે બેટા એમ બોલતા, **नेत्रोदैः**-નયનજલથી, **दुहितुः**-દીકરીની, **शिखाः**-શિખાને (કેશસમૂહને), **आसिञ्चन्**-સિંચતા, **तं मुनिवरम्**-તે મુનિવર્યની, **आमन्त्र्य**-આજ્ઞા લઈ-પૂછીને, **अनुज्ञातः**-અનુમોદન પામીને, **सभार्यः**-પત્ની સાથે, **रथम् आरुह्य**-રથમાં બેસીને, **सह अनुगः**-સેવકો સાથે, **नृपः**-ચક્રવર્તી, **स्वपुरम्**-પોતાના નગર તરફ, **प्रतस्थे**-સીધાવ્યા. ૨૪-૨૬

અનુવાદ—યોગ્ય વરને વરાવાથી વ્યથામુક્ત થયેલા છતાં ચક્રવર્તી મનુરાજા, સમકક્ષ વરને વરાયેલી દીકરીને વિદાય વેળાએ બન્ને બાહુથી ભેટી પડયા અને પુત્રીના અતિ પ્રેમથી વિહ્વલ અન્તઃકરણવાળા બન્યા અને દેવહૂતિના વિરહને ન સહી શકતા, વારંવાર અશ્રુવર્ષા વર્ષાવતા, બેટા બેટા એમ બોલતા, નયનજલથી દીકરીના કેશકલાપને સિંચતા તે મુનિરાજને હું જાઉં ? એમ પૂછી, અનુમોદન મેળવી, પત્ની સાથે રથમાં બિરાજી સેવકો સાથે ચક્રવર્તી તે પોતાના નગર તરફ સીધાવ્યા. ૨૪-૨૬

તત્ત્વસુધા—प्रत्तां दुहितरम्—દીકરીનાં દાન દોહ્યલાં છે, કન્યા કેવી રીતે પરણાવશું એની લેશ ચિંતા નથી. જો સમ્પત્તિ નથી તો કંકુનાં તિલક લલાટે લગાવી લાખેણીને વિદાય દેશું. પણ કન્યા કોને વરાવશું એ ચિંતા છે અને આ ચિંતા રંક સરખી જ છે. એવું સૂચવતી કથા આ ત્રણ શ્લોકોમાં વર્ણવી છે.

सम्राट् રાજા ચક્રવર્તી છે, તો એને વરની ક્યાં કમી છે એવી વિચારણા ન કરવી. સમ્રાટ્ છે. વર સુલભ છે. અધમ વરને કન્યા આપે તો કરિયાવરમાં કોટિરત્નાવલીઓ આપી શકે છે છતાં "કન્યારત્ન" વિશ્વના રત્નનિધિ ઉપર બિરાજતું એક જ "પ્રેમરત્ન" છે. મનુરાજે सदृक्षाय કન્યાને સર્વ રીતે અનુરૂપ વરને વરાવી છે તો પણ એનું ઉર પુત્રીના પ્રેમપૂરમાં તણાઈ રહ્યું છે અને વિહ્વલતાના વારિધિમાં ભળી ગયું છે. વળી આ શ્લોકમાં કહેવું જોઈતું હતું "दत्त्वा दुहितरं सम्राट्". પુત્રાને પરણાવીને પણ કહે છે "प्रत्ताम्" પરણાવેલી પુત્રીને તે સમ્રાટ્ વાત્સલ્યવશ બની છોડી નથી શકતા. આ કથાપ્રસંગ વિદાયવેળાનો છે માટે "પરણાવેલી" પુત્રીને એવું વાક્ય કહ્યું છે.

बाहुभ्यामुपगुह्य—વિદાય વેળાએ બાપે બે હાથમાં પુત્રીનું માથું પકડી લીધું. વારંવાર મસ્તક સૂંઘવા લાગ્યા અને પોતાના હૃદય સાથે પુત્રાને લગાવી દીધીને બાપ બોલ્યા,

પુત્રી પ્રાણુથકી થઈ, કુલતણી કલ્યાણની તું લતા
આપી છે, વિધિએ સુપાત્ર વરને જાતી ગૃહે કંચના,
ત્યાં, શું દઉં, ધનવૈભવો ન સરખાં તારાં, મને ભાસતાં
દેવામાં મન માત તાત ભગિની ભ્રાતા તણું છે તને.
સેવા જે કુલને કુટુમ્બજનની કીધી વિના સ્વાર્થથી
ભૂલાશે નહિ તે કદાપિ, ઉરમાં જે કોતરેલી દિસે.
વંચાશે, વહશે સદા નયનથી વર્ષા સમા ધોધ જે
છે એ માતપિતા સ્વબન્ધુ જનનો આશિષનો દાયજો.

अशक्नुवन् तद्विरहम्—નિર્દોષ અને નિઃસ્વાર્થ પ્રેમની પ્રતિષ્ઠા પુત્રીની પ્રતિમામા જ છે. નિર્બલનું બલ જેમ રામ છે તેમ પ્રેમનું બલ અને ફલ કેવલ અશ્રુ છે. વિરહવહ્નિને બુઝાવનાર કેવલ અશ્રુધારા છે. વિદાય થતા સ્વજનના વ્યથિત પથમાં તે માત્ર પાથેય–ભાથું છે.

રાજાએ કન્યાને કંઠે વારંવાર લગાવી. પુત્રીના ગુણોનું પુનઃ પુનઃ સ્મરણ થવા લાગ્યું. માતા અને પુત્રી પુષ્કળ રુદન કરવા લાગ્યાં. રાજાના મુખમાંથી બેટા, વત્સ એટલા જ શબ્દો બલાત્કારે નીકળવા લાગ્યા. રડીશ મા કહેવાની શક્તિ જ ન રહી.

आमन्त्र्य तं मुनिवरम्—કર્દમ ઋષિ પણ ક્ષણવાર ભાન ભૂલ્યા. પુત્રી તરફના માવતરના વાત્સલ્ય વારિધિમાં ડૂબી ગયા. વાણી થંભી ગઈ તેથી જ " મુનિવર તરીકે વર્ણવ્યા. નૃપઃ રાજા જો રાજ ન હોત કેવલ પિતા જ હોત તો પુત્રીને મૂકી ન જાત. વનમાં વાસ કરત અથવા વધુ દિવસ રોકાઈ જાત. પરંતુ " કર્તવ્યની વેદી ઉપર અભિષિક્ત થયેલને વિરક્તના ધર્મે અને અનુરક્તના હૃદયે " વર્તવાનું હોય છે. રાજાને પ્રજાની સંભાળ લેવાની હતી. એ પુત્રાની સંભાળ કરતાં પણ મોટી હતી. તેથી નગર તરફ પ્રયાણ આદર્યું. ૨૪–૨૬

મુનિવર્યના આશ્રમમાં એકાકીપણું નથી તેથી કન્યાને સહવાસ મળવાનો છે તો પણ માતપિતાનો સહવાસ ઉપવાસ પછીના પારણા જેવો મીઠો છે અને માતપિતાના વિયોગમાં કોટિજનોનો સહવાસ ઉપવાસ જેવો આકરો છે એ ભાવ નીચેના શ્લોકમાં દર્શાવે છે—

उभयोर्ऋषिकुल्यायाः सरस्वत्याः सुरोधसोः ॥
ऋषीणामुपशान्तानां पश्यन्नाश्रमसम्पदः ॥२७॥

અન્વયાર્થ—ऋषि-कुल्यायाः–ઋષિકુલનું હિત સાધનાર, **सरस्वत्याः**–શ્રી સરસ્વતીજીના, **उभयोः**–બન્ને બાજુના, **सु-रोधसोः**–સુંદર કિનારાઓ ઉપર વસેલા, **उप-शान्तानाम्**–શાન્ત સ્વભાવવાળા, **ऋषीणाम्**–ઋષિઓના, **आश्रम-सम्पदः**–આશ્રમની સમ્પત્તિને, **पश्यन्**–નિહાળતા વિદાય થયા. ૨૭

અનુવાદ—ઋષિકુલનું કલ્યાણ સાધનાર શ્રી સરસ્વતી નદીના બન્ને બાજુના સુંદર કિનારે વસેલા શાન્ત સ્વભાવવાળા મહર્ષિઓના આશ્રમની સાત્ત્વિક સમૃદ્ધિ નિહાળતા રાજાએ વિદાય લીધી. ૨૭

તત્ત્વસુધા—ऋषिकुल्यायाः—આવતી કાલે રાજકુમારીને કેવા સહવાસ, કેવી સમૃદ્ધિ અને કેવા વાતાવરણમાં જીવન–પથ પસાર કરવાનો છે તે પિતામાતા પોતાના નયને નિહાળી રહ્યાં છે. સરસ્વતીનો પાવન કિનારો છે. નદીને ' ઋષિકુલ્યા ' કહી છે. ઋષિઓનું હિત સાચવે તેને ઋષિકુલ્યા મનાય. ઋષિઓનું હિત ધ્યાન, ઉપાસના, સાધના કરવામાં છે. સરસ્વતીનો તટ એ રીતે સાનુકૂલ છે. આમ હોવા છતાં ક્ષણભર રાજાને વિચાર આવ્યો કે રાજમહેલમાં રમેલી રાજકુમારીને મુનિજનની સામગ્રીમાં જીવવાનું !

ऋषीणामुपशान्तानाम् पश्यन्नाश्रमसम्पदः—શાન્તિપ્રધાન મુનિઓના આશ્રમની–સમૃદ્ધિ નદીના બન્ને કિનારે દૃષ્ટિપથમાં આવે છે. ક્યાંક યજ્ઞીય સામગ્રીમાં અગ્નિહોત્રનાં પાત્રો, સ્રુવ, સ્રુક્ જોવા મળે છે તો વેદના ધ્વનિ સાંભળવા મળે છે તો ક્યાંક ભક્તિરસપરાયણ ઋષિજનોની સેવામાં વિનિયોગ પામતાં તુલસીવૃન્દ, પુષ્પવેલી, વૃક્ષો વગેરે નીરખે છે. આ સર્વ જોઈ વિચારમગ્ન રાજા રાજધાની તરફ વળે છે ૨૭

નગરમાં પધારતા નરપતિની નાગરિકો સામૈયું કરે છે એ વર્ણન આ શ્લોકમાં છે—

तमायान्तमभिप्रेत्य ब्रह्मावर्तात् प्रजाः पतिम् ॥
गीतसंस्तुतिवादित्रैः प्रत्युदीयुः प्रहर्षिताः ॥२८॥

અન્વયાર્થ—तम्-पतिम् તે રાજર્ષિને, **ब्रह्मावर्तात्**-બ્રહ્માવર્તમાંથી, **आयान्तम्**-આવી રહેલ, **अभिप्रेत्य**-જાણીને, **प्रहर्षिताः**-હર્ષસમ્પન્ન બનેલી, **प्रजाः**-પ્રજા, **गीत-संस्तुति-वादित्रैः**-ગીત, સ્તુતિ, વાજિંત્રોથી, **प्रत्युदीयुः**-વધાવવા આવી. ૨૮

અનુવાદ—તે રાજર્ષિને બ્રહ્માવર્તમાંથી આવી રહેલ જાણીને હર્ષસમ્પન્ન બનેલી પ્રજા ગીત, સ્તુતિ અને વાજિંત્રનાદથી સામૈયું કરવા આવી. ૨૮

તત્ત્વસુધા—ब्रह्मावर्त्तात्—મનુરાજા સરસ્વતીના કિનારા ઉપરથી આવી રહ્યા છે. સરસ્વતીનો સારોય કિનારો બ્રહ્માવર્તના નામથી જાણીતો છે. દૃષદ્તી અને સરસ્વતીનો વચ્ચેનો પ્રદેશ બ્રહ્માવર્ત તરીકે ઓળખાય છે. જે રાજા પ્રજાનું પ્રિય કરનાર હોય તેનું જ ઉમંગથી સામૈયુ કરવા મન ચાહે.. પ્રજાએ હર્ષમાં આવી ગીત ગવરાવ્યાં. બંદીજનોથી સ્તુતિ થવા લાગી. મંગલધ્વનિ માટે વાજિંત્રનાદ થયા. ૨૮

બિંદુ સરોવર જેવા પવિત્ર ધામમાં રાજધાની ન કરતાં બર્હિષ્મતી નગરીની સ્વીકૃતિ શાને કરી એનો ખુલાસો આ શ્લોકોમાંથી મળે છે—

वर्हिष्मती नाम पुरी सर्वसम्पत् समन्विता ॥
न्यपतन् यत्र रोमाणि यज्ञस्याङ्गं विधुन्वतः ॥२९॥

અન્વયાર્થ—वर्हिष्मती-બર્હિષ્મતી, **नाम**-નામની, **पुरी**-નગરી, **सर्व-सम्पत्-समन्विता**-સર્વપ્રકારની સંપત્તિથી ભરેલી છે. **यत्र**-જે નગરીમાં, **अङ्गम्**-પોતાના શ્રી અંગને, **विधुन्वतः**-કમ્પાવતા, **यज्ञस्य**-શ્રી યજ્ઞ વરાહ ભગવાનનાં, **रोमाणि**-રોમ, **न्यपतन्**-સર્યાં હતાં. ૨૯

અનુવાદ—બર્હિષ્મતી નામની નગરી સર્વ પ્રકારની સમ્પત્તિઓ ભરેલી છે. જે નગરીમાં પોતાના શ્રીઅંગને કમ્પાવતા શ્રી યજ્ઞવરાહ ભગવાનનાં રોમ સરીને પડયાં હતાં. ૨૯

તત્ત્વસુધા—वर्हिष्मती नाम पुरी-નરપતિની રાજધાની પાવન અને પ્રેરક સ્થાનમાં હોવી જોઈએ. પ્રજાને ધર્મમાં દોરવાની અને પોતે પ્રથમ ધર્મતત્પર રહેવાની રાજાની ફરજ છે. શ્રેષ્ઠ સ્થાન સદા સન્મતિ આપે છે તેથી તેવી પવિત્ર ભૂમિમાં જ રાજાએ વસવું જોઈએ. સરસ્વતીનો કિનારો પાવન અને પ્રેરક હતો. રાજાએ ત્યાં જ રાજધાની રચવી જોઈતી હતી. એ વિચાર આવવો જોઈએ. પરંતુ સરસ્વતીના કિનારાનું બિંદુ સરોવર શ્રીહરિના નેત્રમાંના કૃપાબિંદુમાંથી નિર્માણ પામ્યું છે તેવી જ રીતે શ્રી વરાહ ભગવાનના શ્રી અંગમાંથી સરેલા બર્હિષ એટલે દર્ભો આ નગરીની ભૂમિમાં પડેલા હોઈ ધાર્મિક ભૂમિ બની છે. જે રાજા અને પ્રજાની ધર્મમતિ રાખશે જ એટલે બર્હિષ્મતી રાજધાની માટે યોગ્ય જ છે. બર્હિ દેવોના આસન તરીકે માન્યું છે. તેના ઉપર દેવો બિરાજે છે. ૨૯

આ શ્લોકમાં બર્હિષ એટલે કુશ અને કાશનું મહત્ત્વ વર્ણવે છે—

कुशाः काशास्त एवासन् शश्वद् हरितवर्चसः ॥
ऋषयो यैः पराभाव्य यज्ञघ्नान् यज्ञमीजिरे ॥३०॥

અન્વયાર્થ—त एव-શ્રી વરાહ ભગવાનના અંગના તે જ રોગ, **शश्वत् हरित-वर्चसः**-સદાય લીલા વર્ણવાળા, **कुशाः**-કુશ અને **काशाः**-કાશો, **आसन्**-થયાં, **यैः**-જે દર્ભોથી, **ऋषयः**-ઋષિઓ, **यज्ञघ्नान्**-યજ્ઞનો નાશ કરનારાને, **पराभाव्य**-પરાજિત કરી-હરાવી, **यज्ञम्**-યજ્ઞને, **ईजिरे**-પૂજે છે. ૩૦

અનુવાદ—શ્રી વરાહ ભગવાનના તે જ રોમ સદા લીલા વર્ણવાળા કુશ અને કાશ થયાં જે કુશ-કાશોથી ઋષિવરો યજ્ઞ વિધ્વંસકોને દૂર કરી શ્રીયજ્ઞનારાયણને પૂજે છે. ૩૦

---

१ लसत् इति प्रा. पाठः ।

તત્ત્વસુધા—कुशाः काशास्त एवासन्–કુશ અને કાશ શ્રીયજ્ઞવરાહના અંગમાંથી થયા તેનું વચન છે કે.

ज्ञानानन्दस्वरूपेभ्यो रोमभ्योऽस्य कुशादयः ।
विधुन्वतः प्रयागे तु वराहवपुषोऽभवन् ।
तानि रोमाणि देवस्य रूपाण्यासन् सहस्रशः ॥

યજ્ઞ વિશ્વોત્કર્ષનું પ્રધાન અંગ છે. દર્ભ યજ્ઞની મુખ્ય સામગ્રી છે. યજ્ઞવિધ્વંસ કરનારા દૈત્યોનું નિવારણ દર્ભોથી થાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સુવર્ણભસ્મ જેટલું સામર્થ્ય દર્ભો ધરાવે છે. દર્ભવાળું પાણી પીવાથી શક્તિસમ્પન્ન બનાય છે. દર્ભના આસ્તરણો ઉપર શયન કરવાથી વિદ્યુત્વેગે શરીરમાં શોણિતનું અભિસરણ હૃદયરોગમાંથી રક્ષા કરે છે. ઋષિઓ દર્ભને લક્ષ્મી માનતા. દર્ભથી ત્યાગનો આદર્શ પણ સિદ્ધ થાય છે. ૩૦

ધર્મરત અને કર્મરત રાજા પ્રજાનું શીલ સંભાળી શકે છે તે દર્શાવવા એકત્રીસમો શ્લોક શરૂ કર્યો છે—

कुशकाशमयं बर्हिरास्तीर्य भगवान् मनुः ॥
अयजद् यज्ञपुरुषं [1]लब्ध्वा स्थानं यतो भुवः ॥३१॥

અન્વયાર્થ—**भगवान् मनुः**–ભગવાન મનુ, **भुवः**–ભૂમિના, **स्थानम्**–સ્થાનને, **लब्ध्वा**–મેળવીને, **कुश-काशमयम्**–કુશ અને કાશરૂપ, **बर्हिः**–બર્હિષ–દર્ભોને, **आस्तीर्य**–બિછાવીને, **यतः**–જે ભગવાન પાસેથી પૃથ્વી મેળવી, તે **यज्ञ-पुरुषम्**–યજ્ઞનારાયણને, **अयजत्**–પૂજતા હતા. ૩૧

અનુવાદ—ભગવાન મનુ ભૂમિના સ્થાનને મેળવીને કુશ અને કાશમય બર્હિષને બિછાવી જે ભગવાન પાસેથી પૃથ્વી પ્રાપ્ત થઈ છે તે યજ્ઞપુરુષને પૂજતા હતા. ૩૧

તત્ત્વસુધા—कुशकाशमयं बर्हिः—કુશ અને કાશમય દર્ભોનું આસ્તરણ શાસ્ત્રમાં દર્શાવ્યું છે. हस्तमात्रं भवेद् बर्हिरत ऊर्ध्वं तृणं स्मृतम्–એક હસ્તના માપના કુશ-કાશને બર્હિષ માન્યા છે. તેથી મોટા હોય તેને તૃણ ગણ્યા છે.

भगवान् मनुः–देवो भूत्वा देवं यजेत्–દેવ બની દેવપૂજા કરવી એવું વિધાન હોવાથી ભગવાનનું આરાધન કરવા દીક્ષિત થયેલા મનુ રાજાને આ સ્થાને "भगवान्"–ભગવાન કહ્યા છે.

यतो लब्ध्वा स्थानम्—મનુ રાજાએ જે ભગવાન પાસેથી ભૂમિનું સ્થાન મેળવ્યું છે અને યજ્ઞ વિધાનના હેતુથી જે ભગવાને સ્થાન આપ્યું છે, તે યજ્ઞનારાયણનું રાજાએ આરાધન આરંભ્યું. लब्धा એવો પાઠ હોય ત્યારે यतः જે ભગવાન પાસેથી लब्धवान्–મેળવી તે ભગવાનનાં અર્ચન કર્યાં. ૩૧

મનુ રાજા આશ્રમમાંથી આવ્યા. ગૃહયજ્ઞ કરવા ગૃહસ્થાશ્રમને ઉચિત નગરીમાં પ્રવેશ કર્યો. એ પ્રસંગનું કથન કરે છે—

बर्हिष्मती नाम विभुर्यां निर्विश्य समावसत् ॥
तस्यां प्रविष्टो भवनं तापत्रयविनाशनम् ॥३२॥

અન્વયાર્થ—**बर्हिष्मती**–બર્હિષ્મતી, **नाम**–નામની જે યજ્ઞીય ભૂમિ છે, **याम्**–જે નગરીમાં, **निर्विश्य**–પ્રવેશ કરીને, **विभुः**–સમર્થ મનુ રાજા, **समावसत्**–વસતા હતા, **तस्याम्**–તે નગરીમાં, **ताप-त्रय-विनाशनम्**–ત્રણે પ્રકારના તાપનો નાશ કરનારા, **भवनम्**–ભવનમાં, **प्रविष्टः**–પ્રવેશ્યા. ૩૨

---

[1] लब्धा इति प्रा. पाठः ।

અનુવાદ—બર્હિષ્મતી નામની જે યજ્ઞીય ભૂમિ છે, જે નગરીમાં પ્રવેશ કરીને સમર્થ મનુ રાજા વસતા હતા, તે નગરીમાં ત્રણે પ્રકારના તાપને નાશ કરનારા ભવનમાં પ્રવેશ્યા. ૩૨

તત્ત્વસુધા—**बर्हिष्मती नाम विभुः**—સ્થાનબલ અને આત્મબલનો સંગમ થાય તો ધ્યેયસિદ્ધિ થાય. બર્હિષ્મતી નગરી હોવાથી સ્થાનબલ મળ્યું. અને વિભુઃ રાજા સ્વયં સામર્થ્યવાન છે તેથી આત્મબલ પણ લાધ્યું. યજ્ઞાનુષ્ઠાન નિત્ય ચાલતું તેથી દૈવબલ મળ્યું. આવા ત્રણ પ્રકારના સામર્થ્યને લીધે પ્રજાસંરક્ષણ અતિ સુલભ થયું.

तापत्रयविनाशनम्—વન કરતાં જો સત્વગુણ ભર્યું ઘર છે તો વધુ ભગવદ્‌ભજન થઈ શકશે. રાજાનું રાજભવન પણ એવું જ દિવ્ય અને ભવ્ય છે. ત્યાં શાંતિથી વસે છે. ૩૨

સુખદસદન શ્રીહરિના ગુણપીયૂષપાન માટે જ છે. રાજભવનમાં પણ નિત્ય સત્સંગ અને કથાપ્રસંગ ચાલવાં જ જોઈએ. મનુરાજાના રાજભવનમાં તે ચાલતાં હતાં—

सभार्यः सप्रजः कामान् बुभुजेऽन्याविरोधतः ॥
संगीयमानसत्कीर्तिः सस्त्रीभिः सुरगायकैः ॥
प्रत्यूषेष्वनुबद्धेन हृदा शृण्वन् हरेः कथाम् ॥३३॥

અન્વયાર્થ—**स-स्त्रीभिः**-સ્ત્રીવૃન્દ સાથે, **सुर-गायकैः**-દેવગાયકો દ્વારા, **संगीयमान-सत्-कीर्तिः**-નિત્ય સત્કીર્તિથી ગવાતા મનુ રાજા, **सभार्यः**-પોતાની પત્ની સાથે તેમજ, **सप्रजः**-પ્રજાઓ સાથે, **प्रत्यूषेषु**-રોજ પ્રાતઃકાલમાં, **अनुबद्धेन**-અનુરાગવાળા-એકાગ્રતાવાળા, **हृदा**-હૃદયથી, **हरेः**-ભગવાનની, **कथाः**-કથાઓને, **शृण्वन्**-સાંભળતા, **अन्य-अविरोधतः**-ધર્મ, મોક્ષાદિને વાંધો ન આવે તે પ્રમાણે, **कामान्**-સુખોને, **बुभुजे**-ભોગવતા હતા. ૩૩

અનુવાદ—સ્ત્રીગણ સાથે દેવ ગાયકો દ્વારા નિત્ય સત્કીર્તિથી ગવાતા મહારાજ મનુ પત્નીએ પ્રજાજન સાથે પ્રતિદિન પ્રાતઃકાલે એકાગ્ર હૃદયથી ભગવાનની કથાને સાંભળતા, ધર્માદિ પુરુષાર્થોને બાધ ન આવે એ રીતે સુખો ભોગવતા હતા. ૩૩

તત્ત્વસુધા—सस्त्रीभिः सुरगायकैः—મનુષ્યની કીર્તિ બે પ્રકારે ગવાય છે. એક તો એનામાં મહદ્‌ગુણોનો આરોપ કરીને ગવાય છે અને બીજી એનામાં વસેલા દિવ્ય ગુણોનાં અવલોકન કરીને ગવાય છે. લૌકિક ગાયકો તો ગુણોને કલ્પી કારણવશ ગાન કરે છે.

જ્યારે "સુરગાયકો" રાજાની કીર્તિનાં ગાન કરે છે તે સત્ય ગાન છે; કારણ કે રાજામાં સ્વયં સદ્‌ગુણો છે. એનું અવલોકન કરીને સ્તુતિ કરી છે. સ્તુતિ મનુષ્યના સુષુપ્ત ગુણોને જગાડે છે. જાગૃત ગુણોને વધારે છે. ગુણોનું ગાન તો ભગવાનનું જ ગાન છે. રાજાની માત્ર પ્રશંસા પૂરતી સ્તુતિ ન હતી. પરંતુ કીર્તિ સાંભળનાર પ્રજાના ચારે ચાર પુરુષાર્થો સિદ્ધ થતા હતા.

हृदा कथाः शृण्वन्—રાજા, રાણી, પ્રજા અને પરિવાર પણ પ્રતિદિન પ્રાતઃકાલે પ્રભુનાં પાવન યશઃપીયૂષનાં પાન કરતો હતો. કથામૃતપાનનું એ ફળ આવ્યું કે પ્રજાનો આન્તર સંઘર્ષ ક્યાંય જોવા ન મળ્યો. આધ્યાત્મિક વિકાસ સધાયો અને આન્તઃક્લેશ શમ્યો. રાજા અને પ્રજા સુખો ભોગવતાં પરંતુ તેમના ચતુર્વિધ પુરુષાર્થો સર્વ સચવાતા. "વ્યાપાર, વ્યવસાય, રાજ્ય અને ઘર" વિના સંઘર્ષે ચલાવવાં હોય, રસપૂર્ણ બનાવવાં હોય તો કથા-શ્રવણના સિદ્ધ યોગ છે. ૩૩

રાજાના વિશુદ્ધ ચારિત્ર્યની અસર પ્રજાને અવશ્ય થાય છે જ તેથી રાજાએ શીલસમ્પન્ન જીવવું જોઈએ—

निष्णातं योगमायासु मुनिं स्वायंभुवं मनुम् ॥
यदा भ्रंशयितुं भोगा न शेकुर्भगवत्परम् ॥३४॥
अयातयामास्तस्यासन् यामाः स्वान्तरयापनाः ॥
शृण्वतो ध्यायतो विष्णोः कुर्वतो ब्रुवतः कथाः ॥३५॥

અન્વયાર્થ—योग-मायासु-યોગમાયામાં, **निष्णातम्**-પ્રવીણ, **मुनिम्**-મનનશીલ, **भगवत्-परम्**-ભગવત્પરાયણ, **स्वायंभुवम्**-બ્રહ્માજીના પુત્ર, **मनुम्**-મનુ રાજાને, **यदा**-જ્યારે, **भोगाः**-ભોગો, **भ्रंशयितुम्**-ભ્રષ્ટ કરવાને, **न शेकुः**-સમર્થ ન થયા ત્યારે, **विष्णोः**-ભગવાનની, **कथाः**-કથાઓને, **शृण्वतः**-સાંભળતા, **ध्यायतः**-વિચાર કરતાં, **ब्रुवतः**-રચતાં, **कुर्वतः**-કથા કરતાં **तस्यः**-તે સમ્રાટના, **स्वान्तर-यापनाः**-પોતાના ૭૧ યુગના મન્વન્તરને પસાર કરનારા **यामाः**-પ્રહરો, **अयातयामाः**-રસભર્યા, **आसन्**-પસાર થતા હતા. ૩૪, ૩૫

અનુવાદ—યોગમાયામાં પ્રવીણ, મનનશીલ, હરિપરાયણ, બ્રહ્માજીના પુત્ર શ્રી મનુરાજાને ભોગો સ્વરૂપભ્રષ્ટ કરવા સમર્થ ન થયા ત્યારે ભગવાનની કથાઓને સાંભળતાં, વિચારતાં, રચતાં, અને કથા કરતાં તે ચક્રવર્તીના યુગના મન્વતરને પસાર કરનારા પ્રહરો રસભર્યા સાર્થક પસાર થતા હતા. ૩૪, ૩૫

તત્ત્વસુધા—योगमायासु निष्णातम्-આ સ્થળે યોગમાયાનો અર્થ અવિદ્યા કે મોહ કરનારી માયા નથી કર્યો. પરંતુ પ્રજાના પ્રત્યેક સુખો સાધવા માટે રાજાએ યોગશક્તિઓ દ્વારા અણિમાદિ અઢાર સિદ્ધિઓ સિદ્ધ કરી હતી એથી જ રાજાને માટે "निष्णातं" પ્રવીણ પદ વાપર્યું છે. આ અઢારે સિદ્ધિનો ભોગ રાજાને સુલભ હતો.

मुनिम्-સ્વયં મનનશીલ હોવાથી મોક્ષ પણ સ્વતઃસિદ્ધ હતો. ભોગ પણ મોક્ષની આડે આવે એમ ન હતું.

स्वायंभुवम्-બ્રહ્માનું નામ સ્વયંભૂ છે. બ્રહ્માનો લોક સત્યલોક છે. મનુ સ્વાયંભુવ છે-એટલે બ્રહ્માના પુત્ર છે તેથી પરલોક કે બ્રહ્માદિલોક મનુરાજા માટે સુલભ છે. તે માટે પણ ભોગત્યાગ આવશ્યક નથી કે જો ભોગવે તો બ્રહ્મલોકમાં ન જવાય એવા ભયથી ભોગ ત્યજવા પડે.

मनुम्-भगवत्परम्-મનુરાજાને નિશ્ચિતપણે ભોગો મળ્યા હતા, છતાં ન ભોગવ્યા એ જ ભગવાનની કૃપા હતી અને મનુનો વિવેક હતો. બાકી નિર્ભય અને નિશ્ચિતપણે ભોગો મળતાં સર્વકોઈ ભોગવવા લલચાય અને પતન થાય જ; પરંતુ ભગવાનની સેવામાં મન પરોવાયેલ હતું એ જ મનુના સ્વરક્ષણનું સફલ બલ હતું.

"अयात-यामाः"-આ પદમાં याम શબ્દનો અર્થ "રસ અથવા સાર" એવો થાય છે. બીજો જે यामाः યામ શબ્દ છે તેનો અર્થ થાય છે પ્રહર. જે વ્યક્તિની ક્ષણો વિષયસુખમાં ખર્ચાય છે તેનો સમય "यात-याम" વ્યર્થ-નિષ્ફલ-સાર રહિત ગયો એમ વિવેકીઓએ વેદથી નક્કી કર્યું છે. મનુરાજાની તે ક્ષણો-સમય "અયાતયામ" સફળ અને સાર્થક ગયો છે કારણ કે—

शृण्वतो-ध्यायतः-વખત મળે ત્યારે કથાનું શ્રવણ કરે, એકાન્ત મળે ત્યારે કથાઓનું ધ્યાન કરે, ભગવદનુગ્રહથી અને યોગસામર્થ્યથી ભગવાનની લીલાઓનો અનુભવ કરી કથાનકો રચે. વળી રાજસભામાં અવસર મેળવી ભગવદ્ગુણાનુવાદ ગાન કરે. કોઈ શ્રોતા મળે તો કથા કરે,— આ હતી રાજાની જીવનશ્રેણી. ૩૪, ૩૫

રાજાએ આ પ્રમાણે સારમય જીવન પસાર કર્યું એ વાત ૩૬મા શ્લોકમાં કહે છે—

स एव स्वान्तरं नित्ये युगानामेकसप्ततिम् ॥
वासुदेवप्रसङ्गेन परिभूतगतित्रयः ॥३६॥

અન્વયાર્થ—परिभूत-गति-त्रयः–ત્રણે ગતિઓ ઉપર વિજય મેળવનાર, **सः एव**–તે મનુરાજાએ જ, **वासुदेव-प्रसङ्गेन**–ભગવાન વાસુદેવના વાર્તાલાપના પ્રસંગથી, **युगानाम् एकसप्ततिम्**–ઇકોતેર યુગના, **स्व-अन्तरम्**–પોતાના મન્વન્તર કાલને, **निन्ये**–વીતાવ્યો. ૩૬

અનુવાદ—ત્રણે ગતિઓ ઉપર વિજય મેળવનાર શ્રી મનુરાજાએ ભગવાન વાસુદેવના વાર્તાલાપ પ્રસંગથી ઇકોતેર યુગના પોતાના મન્વન્તર કાલને વીતાવ્યો. ૩૬

તત્ત્વસુધા—वासुदेवप्रसङ्गेन–આ શ્લોકમાં મનુરાજાનું અપૂર્વ જીવનગૌરવ ગાયું છે. ભગવદાશ્રય, ભાગવતાશ્રય, ભગવદીયાશ્રય અને ભગવત્કથાશ્રય આ ચાર આશ્રયોના સહયોગે જીવન જીવનાર જીવી જાણે છે અને સમાજને જીવન જીવવાનો માર્ગ ચીંધી જાણે છે. સ્વાયંભુવ મનુએ એકધારું ૭૧ ચતુર્યુગ આદર્શ રાજ્ય ચલાવ્યું. ઇકોતેર ચતુર્યુગ ૭૧×૪=૨૮૪ સરવાળે બસો ને ચોર્યાસી યુગ સુધી અપૂર્વ ભક્તિથી રાજધુરા સંભાળી.

ચતુર્થ સ્કંધમાં આવતી ઉત્તાનપાદ મનુની કથા, પંચમમાં આવતી પ્રિયવ્રત મનુની કથા એ બીજા કલ્પોની કથાઓ છે. મનુ સ્વયંભુવે રાજ્ય અવધિ પૂર્ણ થતાં રાજ્ય ત્યજ્યું છે. પરંતુ અનેક કલ્પો સુધી તે રહ્યા છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુઓનું રાજ્ય થાય. બ્રહ્માના એક દિવસ એક કલ્પ કહેવાય. બ્રહ્માનો એક દિવસ૧૦૦૦ કલ્પનો હોય છે. એક હજારને ચૌદે ભાગતાં ૧૦૦૦÷૧૪=૩૯૪ ત્રણસો ચોરાણું ભાગાકાર આવે છે. બાકીનના ૭ કલ્પોનો ભગવાનના ગુણો ઉપભોગ કરે છે. તેથી બચેલા ૭ કલ્પોનું શું થયું એમ ન વિચારવું.

परिभूतगतित्रयः–મનુરાજા હરિકૃપાથી ત્રણે ગતિને પાર ઊતર્યા છે. આ ત્રણ ગતિ સત્વાદિ ત્રણ ગુણોની જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અવસ્થાની, ત્રિવિધ તાપોની અથવા તો પાતાલ, પૃથ્વી કે સ્વર્ગલોકની ગતિથી પર થયેલા છે. ૩૬

શું કોઈપણ દુઃખો તેમને કથામાં બાધક ન બન્યાં—

शारीरा मानसा दिव्या वैयासे ये च मानुषाः ॥
भौतिकाश्च कथं तेषां बाधन्ते हरिसंश्रयम् ॥३७॥

અન્વયાર્થ—वैयासे–હે–વિદુર ! **हरिसंश्रयम्**-શ્રી હરિના શરણાગતને, **शारीराः**–કાયિક, **मानसाः**–માનસિક, **दिव्याः**–દેવતાઈ કે **मानुषाः**–જે કોઈ માનવ સંબંધી થનારા, **च**–અને વળી, **भौतिकाः**–આધિભૌતિક, **क्लेशाः**–કલેશો, **कथं बाधन्ते**–કેમ પીડી શકે ? ૩૭

અનુવાદ—હે વિદુર, શ્રીહરિના શરણાગતને શારીરિક, માનસિક, દેવતાઈ, માનવકૃત કે પછી જે કોઈ આધિભૌતિક કલેશો હોય તે કેમ હરિકથામાં આડે આવે ? ૩૭

તત્ત્વસુધા—शारीराः मानसाः—આ શ્લોકમાં શ્રીહરિની શરણાગતિને એક અદ્વિતીય કવચ વર્ણવ્યું છે. માનવ વિવેકશીલ હોય છતાં ઉપરોક્ત કલેશો આવે છે અને જરૂર મનુષ્યને સતાવે છે. તે કલેશો ગણાવે છે કે–

शारीराः–રોગ શરીરની પીડા છે, मानसाः–ચિંતા માનસિક કલેશ છે, दिव्याः–વૃષ્ટિ, વીજળી વગેરે દિવ્ય કલેશો છે, मानुषाः–આજ્ઞાનો અનાદર કરવો એ માનુષ કલેશ છે. भौतिकाः–ભૂમિકમ્પ કે પ્રાણીઉપદ્રવ ભૌતિક કલેશ છે. એક રાજ્ય સંચાલકને આ સર્વ આવે તોપણ પ્રભુની એક શરણાગતિ જ એને બચાવે. ૩૭

यः पृष्टो मुनिभिः प्राह धर्मान्नानाविधान् शुभान् ॥
नृणां वर्णाश्रमाणां च सर्वभूतहितः सदा ॥३८॥

અન્વયાર્થ—सदा–નિત્ય, **सर्व-भूत-हितः**–સર્વ પ્રાણીઓનું હિત કરનાર, **मुनिभिः**–મુનિઓથી, **पृष्टः**–પૂછાયેલા, **यः**–જે મનુરાજાએ, **नानाविधान्**–અનેક પ્રકારના, **शुभान्-धर्मान्**–શુભ ધર્મોને, **च**–તેમજ, **नृणाम्**,–મનુષ્યોના ધર્મોને, **वर्ण-आश्रमाणाम्**–વર્ણ અને આશ્રમોના ધર્મોને, **प्राह**–કહેલ છે. ૩૮

અનુવાદ—સદા સર્વ પ્રાણીઓના હિત કરનારા મનુરાજાએ જ્યારે મુનિઓએ પૂછ્યું ત્યારે અનેક પ્રકારના શુભ ધર્મો, મનુષ્ય ધર્મો અને વર્ણ-આશ્રમના ધર્મો વર્ણવ્યા છે. ૩૮

તત્ત્વસુધા—**मुनिभिः पृष्टः**—મનુરાજા પરમ ભક્ત છે. પ્રભુકૃપાથી તે ગુપ્ત ધર્મોને જાણે છે. તેથી જ સર્વજ્ઞ મુનિઓ રાજાને ધર્મ સંબંધી પ્રશ્નો કરે છે. રાજા ધર્મિષ્ઠ જોઈએ તેમજ ધર્મજ્ઞ જોઈએ. મનુરાજાએ વર્ણવેલા ધર્મોને મનુસ્મૃતિ તરીકે ઓળખાય છે. હજી સુધી આટલા દિવ્ય બંધારણને ઘડનાર કોઈ માનવ થયેલ નથી. મનુસ્મૃતિ બધી જ સ્મૃતિઓની જનની છે.

આ ૩૯મા શ્લોકમાં કથાપ્રસંગનો ઉપસંહાર છે—

एतत्ते आदिराजस्य मनोश्चरितमद्भुतम् ॥
वर्णितं वर्णनीयस्य तदपत्योदयं शृणु ॥३९॥

અન્વયાર્થ—**वर्णनीयस्य**-વર્ણન કરવા યોગ્ય, **आदि-राजस्य**-આદિરાજા, **मनोः**-શ્રી સ્વાયંભુવ મનુનું, **एतद्-अद्भुतम्**-આ અલૌકિક, **चरितम्**-ચરિત્ર, **ते**-આપને, **वर्णितम्**-કહ્યું હવે, **तद्-अपत्य-उदयम्**-તેમના સંતાનોના ઉદયને, **शृणु**-સાંભળો. ૩૯

અનુવાદ—વર્ણન કરવા યોગ્ય આદિરાજ શ્રી સ્વાયંભુવ મનુનું આ અલૌકિક આખ્યાન કહ્યું. હવે તેમના સંતાનોના ઉત્કર્ષને સાંભળો. ૩૯

તત્ત્વસુધા—**वर्णनीयस्य**—"ચરિત્ર, ક્રિયા અને જ્ઞાન" મનુષ્યની પ્રતિષ્ઠાનાં નિદાન છે. મહારાજ મનુની બાબતમાં પણ એમ જ બન્યું છે. "आदिराज" શ્રીમનુરાજાને અને પૃથુરાજાને કહેવામાં આવે છે. પૃથુરાજાના નામથી પૃથિવી નામ પડેલું હોવાથી પૃથુની આદિરાજ સંજ્ઞા છે. પરંતુ સૃષ્ટિના પ્રારંભમાં 'મનુ જ પ્રથમ રાજા થયા. વળી મનુરાજાના વિધાન પ્રમાણે વિશ્વનાં વિધાનો-બંધારણો ઘડાય છે. આ ઉજ્જવલ યશ મનુરાજાને શિરે જાય છે તેથી "નૃપતિવર્ગમાં" મનુ રાજાની પ્રતિષ્ઠા 'આદિરાજ' પદથી ગવાઈ.

मनोः—મનુ શબ્દ મનુઓ માટે રૂઢ થઈ ગયો છે. પરંતુ "મનનશીલ" ધર્મના કારણે તેમને મનુ કહેવામાં આવ્યા છે. "મનન"ધર્મ બ્રાહ્મણો છે. મનુ "મનન"શીલ પુરુષ છે તેથી જ્ઞાનીઓમાં અને વિપ્રોમાં એમની પ્રતિષ્ઠા છે.

तदपत्योदयम्—મનુરાજાનું ચરિત્ર પ્રસંગોપાત નથી વર્ણવ્યું પરંતુ ગુણ-ધર્મથી વૈશિષ્ટ્યના હેતુથી જ ગાયું છે. જેવા મનુ તેવાં જ સંતાનો હતાં. "સંતાનોનો ઉદય" સાંભળવા જેવો છે. उदय એટલે જન્મ-લક્ષ્મ-મુક્તિ. આ ત્રણની પ્રતિષ્ઠા ગવાય. ઉદય શબ્દમાં જરૂર ઉપરનાં ત્રણ હોવાં જોઈએ એ ત્રણે ત્રણ આદર્શપૂર્ણ હોય તેનો જ મહિમા વર્ણવાય અને એ મહિમાને ઉદય કહે છે. મહત્ પુરુષોના ઉદયનાં ગાન સાંભળનારનો પણ પૂર્ણ ઉદય થાય છે. ૩૯

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ૨૨ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૨૩ મો

શ્લોક સંખ્યા ૫૭

૨૨ મા અધ્યાયમાં મુનિવર્ય શ્રી કર્દમને ચક્રવર્તી મનુ મહારાજે બ્રાહ્મ વિવાહ વિધિથી શ્રી દેવહૂતિકુમારીનાં દાન દીધાં. બાદ કન્યાને કરિયાવર અને આશિષ આપી. માવતરે વિદાય લીધી એટલો પ્રસંગ વર્ણવ્યો.

હવે આ ત્રેવીસમા અધ્યાયમાં શ્રી કર્દમ ઋષિ અને દેવહૂતિના દિવ્ય દામ્પત્યનું નિરૂપણ કરવામાં આવશે. ૫૭ શ્લોકોનો બનેલ આ અધ્યાય છે. ૮ શ્લોક વસંતતિલકાના છે. ૪૯ શ્લોક અનુષ્ટુપ સંખ્યાના છે.

આ અધ્યાયમાં એક આદર્શ મુનિએ ધર્મસંમત "કામ પુરુષાર્થ"નો સ્વીકાર કર્યો તેમજ તે કામને વૈરાગ્યમાં પરિણત કર્યો એનો ઉત્તમ ઉલ્લેખ છે.

બાવીસમા અધ્યાયમાં ભગવાનનાં વચનો, મુનિનાં વચનો, મનુનાં ધર્મોથી દેવહૂતિજીની સંસ્કારમયી તન્માત્રાઓનું નિરૂપણ કર્યું છે. તેમજ ભગવાનનાં દર્શન અને મુનિની તપશ્ચર્યાથી કર્દમમુનિની સંસ્કારમયી તન્માત્રાઓનો ખ્યાલ આપ્યો છે.

હવે આ ત્રેવીસમા અધ્યાયમાં સંસ્કારવાળી ઇન્દ્રિયોનું નિરૂપણ કરે છે. જે ઇન્દ્રિયો ભગવદ્દર્શન અને સેવા કરવા યોગ્ય બને છે.

ક્રમશઃ ૧થી૫ શ્લોકોમાં દેવહૂતિજીએ આદર્શ ગૃહિણી અને સતીધર્મે કેમ જિવાય તે જીવી બતાવ્યું છે. તે પ્રસંગ પ્રથમ વર્ણવ્યો છે. જાણે આ પાંચ શ્લોકો જોતાં લાગે છે કે સેવામાં સતીએ સ્વામીને પોતાના પાંચ પ્રાણો પતિપદસરોજે પાથરી દીધા.

પુનઃ ૬ થી ૯ શ્લોકમાં મુનિવર્યનો પ્રેમ, સમર્પણ, પોતાના પુરુષાર્થ અને પ્રભુકૃપાથી મેળવેલ સિદ્ધિઓનું દાન વર્ણવી લોકોત્તર સ્વામીનું સ્વરૂપ બતાવ્યું છે.

બાદ ૧૦–૧૧ બે શ્લોકોમાં દેવહૂતિજી બ્રહ્મચર્યની સીમા વટાવી દે છે અને માત્ર "માતૃત્વ પ્રાપ્તિ" પૂરતો જ દેહસંગ સ્વીકારે છે અને એ માટે જ પતિને નિવેદન કરે છે એ કથન છે.

તે પછી ૧૨મા શ્લોકથી ૨૧મા શ્લોક સુધી વિશ્વને ચકિત કરનાર વિમાન, હવેલી અને વૈભવોનું યોગશક્તિથી કર્દમમુનિ નિર્માણ કરે છે. નવ મજલાનો તો વિમાન રચે છે. જલ, સ્થલ અને નભસ્તલમાં જે એક સરખો ફરે છે.

૨૨મા શ્લોકમાં વૈભવને અનુરૂપ દેહ ન હોય તો દાગીના પણ ભારરૂપ છે, એવું પ્રિયાનું વચન સાંભળી મુનિ બિંદુ સરોવરમાં સ્નાન કરવા મોકલે છે.

૨૩ થી ૩૩ સુધીના શ્લોકોમાં સ્નાન કરતાં દિવ્યાંગ પ્રાપ્ત થતી દિવ્યાંગના દેવીને બિંદુ સ્વરૂપની વિશિષ્ટતા સમજાય છે.

૪૪મા શ્લોકથી ૪૬મા શ્લોક સુધી કર્દમમુનિ અને દેવહૂતિનું ભૂમંડલ, નભોમંડલ આદિનું પર્યટન અને વૈભવોપભોગનું વર્ણન છે.

૪૭ થી ૫૭ સુધીમાં નવ કન્યાનો પ્રાદુર્ભાવ અને વૈરાગ્ય નિરૂપણ કરી અધ્યાય સમાપ્ત કરે છે.

શ્રી દેવહૂતિજીનું ગૌરવ આ શ્લોકથી ગવાય છે—

मैत्रेय उवाच – पितृभ्यां प्रस्थिते साध्वी पतिमिङ्गितकोविदा ॥
नित्यं पर्यचरत्प्रीत्या भवानीव भवं प्रभुम् ॥१॥

અન્વયાર્થ—पितृभ्यां-માતાપિતાએ, **प्रस्थिते**-વિદાય લીધા પછી, **इङ्गित-कोविदा**-મનોવૃત્તિ જાણવામાં ચતુર-નિપુણ, **साध्वी**-સાધુશીલા દેવહૂતિજી, **भवानी**-પાર્વતીજી, **भवं-प्रभुम्-इव**-ભગવાન શિવજીને સેવે તે રીતે, **नित्यम्**-પ્રતિદિન, **प्रीत्या**-પ્રીતિથી, **पतिम्**-કર્દમઋષિને, **परि-अचरत्**-પ્રત્યેક રીતે સેવતાં હતાં. ૧

અનુવાદ—આશ્રમમાંથી માતાપિતાએ વિદાય લીધા બાદ મનોવૃત્તિ જાણવામાં નિપુણ સાધ્વી દેવહૂતિજી, શ્રી પાર્વતીજી ભગવાન શંકરને સેવે છે તે રીતે પ્રતિદિન પ્રેમપૂર્વક પતિદેવની પરિચર્યા કરતાં હતાં. ૧

તત્ત્વસુધા—"पितृभ्यां प्रस्थिते"-સ્ત્રીનું ગૌરવ પાતિવ્રત્ય અને પતિસેવામાં છે. દેવહૂતિ રાજકુમારી હતાં. માતાપિતાએ વહાલથી અને વૈભવોથી ઉછેર્યાં હતાં. ત્યાં જ અચાનક લગ્ન થયું. લગ્ન પણ ઋષિના આશ્રમમાં થયું. લગ્નવિધિ પૂર્ણ કરી માતાપિતાએ વિદાય લીધી. માતાપિતાના વિયોગની વ્યથા સતીને મન સામાન્ય તો ન જ હતી. પરંતુ "સાધ્વી" એ સતીનો ગુણ હતો. પ્રેમની પ્રતિષ્ઠા સ્વજનના વિયોગમાં પણ સ્વકર્તવ્યમાં રહેવામાં છે. માતાપિતાનો વિરહ જો પતિસેવાના કર્તવ્યની આડે આવે તો "साध्वी"પણું કેમ સિદ્ધ થાય?

"इङ्गितकोविदा"-સતી દેવહૂતિનો મહત્ત્વનો ગુણ ગાયો કે તે "ચિત્તવિજ્ઞાનચતુર" સ્ત્રી હતી. મહાન પુરુષો કદી ઇચ્છા કરતા નથી. તેમ ઇચ્છા પણ અભિવ્યક્ત કરતા નથી. આ પરિસ્થિતિમાં ચેષ્ટાઓથી ચિત્તવૃત્તિ જાણવાની અને સેવા કરવાની હોય છે.

"भवानीव भवम्"—શ્રી પાર્વતીએ ભગવાન સદાશિવને પૂર્વજન્મના સ્વામી તરીકે જાણ્યા છે. જ્યારે પાર્વતીનું લગ્ન થયું ન હતું ત્યારે કુમારાવસ્થામાં શિવજીની સેવા કરતાં હતાં. તે પૂર્વના સંસ્કારથી પતિ છે એમ જાણતાં હતાં પરંતુ પ્રભુ તરીકે જ સેવા કરતાં હતાં. શ્રી દેવહૂતિજી પણ કોઈપણ લાલસા વિના જ સેવા કરતાં હતાં. ૧

સેવા નિર્દોષ અને ગુણસમ્પન્ન બનીને જ કરાય છે એવું પ્રતિપાદન બે શ્લોકોમાં કરે છે—

विश्रम्भेणात्मशौचेन गौरवेण दमेन च ॥
शुश्रूषया सौहृदेन वाचा मधुरया च भोः ॥२॥

विसृज्य कामं दम्भं च द्वेषं लोभमघं मदम् ॥
अप्रमत्तोद्यता नित्यं तेजीयांसमतोषयत् ॥३॥

અન્વયાર્થ—विश्रम्भेण-વિશ્વાસથી, **आत्म-शौचेन**-અન્તઃકરણની પવિત્રતાથી, **गौरवेण**-અત્યંત આદરથી, **दमेन**-ઇન્દ્રિયનિગ્રહથી, **शुश्रूषया**-સેવાથી, **सौहृदेन**-સૌહાર્દથી, **च**-અને, **मधुरया वाचा**-મધુર વાણીથી, **च**-અને-**कामम्**-કામ, **दम्भम्**-દંભને, **च**-અને, **द्वेषम्**-દ્વેષને, **लोभम्**-લોભને, **अघम्**-પાપને, **मदम्**-અભિમાનને, **विसृज्य**-ત્યજીને, **अप्रमत्ता**-સાવધ રહીને, **उद्यता**-તત્પર રહીને, **नित्यम्**-પ્રતિદિન, **तेजीयांसम्**-તેજસ્વી મુનિને, **अतोषयम्**-પ્રસન્ન કર્યા. ૩

અનુવાદ—હે વિદુરજી! વિશ્વાસથી, અંતઃકરણની પ્રવિત્રતાથી, આદરભાવથી, ઇન્દ્રિયનિગ્રહથી, સેવાથી, સ્નેહથી, મધુર વાણીથી તેમજ કામનો, દંભનો, દ્વેષનો, લોભનો, પાપનો, અને અભિમાનનો ત્યાગ કરીને સદા સાવધાન અને તત્પર રહીને દેવહૂતિજીએ તેજસ્વી એવા કર્દમ ઋષિને સંતોષ્યા. ૨, ૩

तत्त्वसुधा—સેવામાં પ્રવૃત્ત થનારમાં સાત ગુણો જોઈએ અને ૭ દોષોથી પર રહેવું જોઈએ તો જ સેવાનું સ્વરૂપ સધાય છે. વ્યાસ ભગવાન તે સાત ગુણો અને ૭ અવગુણનો અભાવ શ્રી દેવહૂતિજી દ્વારા દર્શાવે છે—

"**विश्रम्भेण**"–વિશ્વાસ સર્વોપરી ગુણ છે. સંબંધમાં અને સ્નેહમાં સહજ પણ અવિશ્વાસ આવે તો સો સદ્‌ગુણો નિરર્થક નીવડશે. દેવહૂતિજી અનન્ય વિશ્વાસથી મુનિવરને સેવે છે.

"**आत्म-शौचेन**"–આત્મા શબ્દનો અર્થ "અન્તઃકરણ" કરવો. મનની શુદ્ધિ મહાન પુરુષોને સંતોષે છે. શ્રી દેવહૂતિજી પાસે એ સમ્પત્તિ છે.

"**गौरवेण**"–ગૌરવ શબ્દનો અર્થ "અત્યંત આદર" સમજવો. દામ્પત્યમાં "આદર" ટેક–ગુણ–શીલ–જ્ઞાન અને તપશ્ચર્યા સાથે સ્નેહથી રહે છે. દેવહૂતિજીને મહર્ષિ માટે મનથી જ અતિશય આદર હતો. આદરથી પ્રેમલતાનું સિંચન થાય છે.

"**दमेन**"–દમ એટલે ઇન્દ્રિયનિગ્રહ એવો અર્થ થશે. આ દર્શાવેલા ચાર ગુણો એક એકના કારણરૂપ છે. દમ એટલે સંયમથી ગૌરવ આવે. ગૌરવ આત્મશુદ્ધિ કરે. આત્મશુદ્ધિ અવિચલ વિશ્વાસ આપે. च અવ્યય દમ શબ્દ સાથે મૂકેલ છે તેનો અર્થ "शमेन" "મનોનિગ્રહ" થાય. આ ચાર ગુણો સમ્પાદન કર્યા પછીથી સેવા શોભે તેથી પાંચમો ધર્મ દર્શાવ્યો—

"**शुश्रूषया**"–"શુશ્રૂષા"નો અર્થ છે સેવા. સેવ્ય જનની રુચિ અને સુખને અનુકૂલ કરાતી ક્રિયા માત્રને સેવા કહેવાય. સેવકે આ માટે અનાગ્રહી સ્વભાવના થવું જોઈએ.

"**सौहृदेन**"–અનિમિત્ત સ્નેહ, હિતાચરણ, મિત્રના સમસ્ત ધર્મો વગેરે "સૌહાર્દ" શબ્દના અર્થો થાય. મિત્રના સમસ્ત ધર્મોથી આપ્ત જનને સેવવો એનું નામ સૌહાર્દ.

मधुरया वाचा—ઉપર દર્શાવેલા "૭ સદ્‌ગુણોની" જનની મધુર વાણી છે. મધુર વાણી સર્વ સદ્‌ગુણોનો આત્મા–પ્રાણ છે. એના વિના સમસ્ત ગુણો વ્યર્થ છે.

"च" આ च અવ્યયથી શાંતિ નામનો સદ્‌ગુણ લઈ લેવો. સાત સદ્‌ગુણો દર્શાવી ૭ અવગુણો–દોષો ઉપર ધ્યાન દોરે છે—

काम એટલે લાલસા–ભોગવૃત્તિ, **दम्भम्** એટલે કૃત્રિમભાવ, કાપટ્ય, લોભવૃત્તિ વગેરે. **च**–નિરપરાધી જીવન, **द्वेषम्** એટલે અસૂયા અદેખાઈ, **च**, ક્રોધ, **लोभम्**–લોભ, **मदम्** એટલે ગર્વ, **अघम्**–એટલે પાપાચરણ, આ દોષોને ત્યજી દીધા. "સાવધાનતા અને ક્ષણેક્ષણ ક્રિયાતત્પરતા" જીવનમાં ભરી દીધાં અને પતિને સેવ્યા.

શ્રી દેવહૂતિજીની દીનતા અને સેવાપરાયણતા નિહાળી ભાવવશ બનેલા મુનિ કર્દમ ગદ્‌ગદકંઠ અને કૃપાવિષ્ટ બને છે એ ઉલ્લેખ આ બે શ્લોકોમાં છે—

स वै देवर्षिवर्यस्तां मानवीं समनुव्रताम् ॥
दैवाद् गरीयसः पत्युराशासानां महाशिषः ॥४॥

कालेन भूयसा क्षामां कर्शितां व्रतचर्यया ॥
प्रेमगद्गदया वाचा पीडितः कृपयाऽब्रवीत् ॥५॥

અન્વયાર્થ—वै–ખરેખર, **समनुव्रताम्**–પતિની ઇચ્છાને સ્નેહથી અનુસરતી, **दैवात्**–દૈવથી પણ, **गरीयसः**–અત્યંત મહાન, **पत्युः**–શ્રી કર્દમ પતિદેવ પાસેથી, **महा–आशिषः**–ભગવાનની માતા બનવાની મોટી આશાઓની, **आशासानाम्**–આશા રાખતાં, **भूयसा**–લાંબા, **कालेन**–સમયના સંયમથી, **क्षामाम्**–દુર્બલ બનેલી

અને, **व्रत-चर्यया**-વ્રત આચરવાથી, **कर्शिताम्**-સુકાઈ ગયેલ શ્રી અંગવાળી, **ताम्**-તે, **मानवीम्**-મનુરાજ-કુમારીને નિહાળીને, **कृपया**-કૃપાથી, **पीडितः**-પીડિત બનેલા, **सः देवर्षि-वर्यः**-તે દેવર્ષિવર્ય, **प्रेम-गद्गदया**-સ્નેહથી ગળગળી બનેલી, **वाचा**-વાણીથી, **अब्रवीत्**-કહેવા લાગ્યા ૪, ૫

અનુવાદ—ખરેખર, પતિદેવની ઇચ્છાને પ્રેમથી અનુસરતી, દૈવ કરતાં પણ શ્રેષ્ઠ શ્રી કર્દમ સ્વામી પાસેથી, કપિલ ભગવાનની જનની બનું વગેરે દિવ્ય આશાઓની આશા રાખતી, વળી લાંબા ગાળાના સંયમથી વધુ દુર્બલ બનેલી તેમજ વ્રત આચરણથી સુકાઈ ગયેલી શ્રી મનુરાજકુમારી દેવહૂતિને નિહાળી કૃપાપીડિત તે દેવર્ષિવર્ય કર્દમમુનિ સ્નેહથી ગદ્ગદકંઠ બની કહેવા લાગ્યા. ૪, ૫

તત્ત્વસુધા—**समनुव्रताम्**-પાંચ વિશેષણો દ્વારા વ્યાસ મહર્ષિ દેવહૂતિની યશોગાથા ગાય છે. આદર્શ પત્નીના લક્ષણો આ પાંચ વિશેષણોમાં સમાયાં છે. પ્રથમ વિશેષણ છે "સમનુવ્રતા." "વ્રત અને વૃત્તિથી પ્રિયતમને અનુસરવું" એ છે સમનુવ્રત ધર્મ.

दैवाद् गरीयसः आशासानाम्-કોઈવાર લૌકિક કામનાથી એકબીજાં પરસ્પરને અનુસરે છે. આ પ્રસંગમાં એવું નથી. સ્નેહથી અને સ્વધર્મથી સ્વામીને અનુસરે છે. તેમજ "કાલ અને દૈવ" બન્ને ઉપર વિજય મેળવનાર કર્દમ ઋષિ પાસેથી તે ભક્તિ અને ભગવત્પ્રાપ્તિની દિવ્ય આશા રાખે છે.

क्षामाम्—શરીરમાં અશક્તિ આવી છે. તેથી "ક્ષામા" કહ્યું છે. લાંબા સમયથી વિષય ત્યજ્યો છે. વળી સંયમ સજ્યો છે તેથી આત્મબળ વધ્યું છે. પણ કાયા કાંઈક દુર્બલ બની છે કારણ કે યૌવનનું પોષણ નથી થયું.

कर्शिताम्—દેવહૂતિ સુકાઈ ગયેલાં છે. એમની કાયાને લાગેલી શુષ્કતા ભોગક્ષયથી નથી થઈ. વ્રત-ઉપાસનાથી થયેલ હોવાથી મુખ ઉપર તેજસ્વિતા વધી છે.

मानवीम्-દેવહૂતિ મનુરાજકુમારી છે. સામાન્ય કક્ષાની વ્યક્તિ દીનતા પ્રકટ કરે તેનું બહુ મૂલ્યાંકન નથી. કુલ ગુણ રૂપ વગેરેથી મહાન પણ દૈન્ય પ્રકટ કરે ત્યારે તે સુવર્ણમાં સુગંધ ગણાય છે. દેવહૂતિમાં આ ગુણ છે એવું કહેવું છે માટે માનવી એટલે મનુરાજકુમારી કહ્યું.

देवर्षिवर्यः—સામાન્ય રીતે ત્રિકાલજ્ઞ હોય તેને ઋષિ તો કહેવામાં આવે છે પરંતુ કર્દમઋષિ તો દૈવને જાણે છે, તેને ફેરવી શકે છે અને કાલ ઉપર પણ સામર્થ્ય ધરાવે છે માટે દેવર્ષિવર્ય કહ્યા છે.

प्रेमगद्गदया—દામ્પત્યની સાચી પ્રતિષ્ઠા "સુજાન"પણાથી છે. ઉભય ઉભયના સ્નેહને-ગુણને સમજે, કદર કરે-આદર કરે અને સ્નેહસભર વાણીનો વ્યવહાર કરે ત્યારે જ પ્રેમગદ્ગદ વાણી બની જાય છે. પતિની પ્રેમગદ્ગદ વાણી પત્નીને વૈકુંઠથી વધુ મિષ્ટ લાગે છે. ૪,૫

મહર્ષિ આ શ્લોકમાં દેવહૂતિથી થયેલ સેવા માટે સંતોષ દર્શાવે છે—

कर्दम उवाच – तुष्टोऽहमद्य तव मानवि मानदायाः शुश्रूषया परमया परया च भक्त्या ॥
यो देहिनामयमतीव सुहृत् स्वदेहो नावेक्षितः समुचितः क्षपितुं मदर्थे ॥६॥

અન્વયાર્થ—**मानवि** ! હે મનુરાજકુમારી !, **मानदायाः**-સન્માન આપનારાં એવાં, **तव**-તમારી, **परमया**-શ્રેષ્ઠ, **शुश्रूषया**-સેવાથી, **च**-અને, **परया भक्त्या**-ઉત્તમ ભક્તિથી, **अद्य**-આજે, **अहम्**-હું, **तुष्टः**-અત્યંત પ્રસન્ન થયેલ છું, **देहिनाम्**-દેહધારીઓનો, **अयम्**-આ, **यः**-જે, **अतीव**-અત્યંત, **सुहृद्**-હિતકર, **समुचितः**-અત્યંત, **स्वदेहः**-મોંઘો પોતાનો દેહ છે, તેને, **मदर्थे**-મારે માટે, **क्षपितुम्**-વાપરી નાખતાં, **नावेक्षितः**-જરાપણ પાછીપાની ન કરી, પરવા ન કરી. (વસંતતિલકા વૃત્ત) ૬

અનુવાદ—હે મનુરાજકુમારી, સન્માન આપનારાં એવાં તમારી શ્રેષ્ઠ સેવાથી, તેમજ ઉત્કૃષ્ટ ભક્તિથી, આજે અતિશય પ્રસન્ન થયેલ છું. દેહધારીઓ માટે જે હિતકર અને અત્યંત મોંઘો મનાય તે દેહને મારે માટે વાપરી નાખતાં જરા પણ પાછી પાની ન કરી. ૬

તત્ત્વસુધા—**तुष्टोऽहमद्य**–મુનિવર દેવહૂતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં બે મહત્ત્વના મુદ્દા રજૂ કરે છે. એક તો સર્વશ્રેષ્ઠ સેવા તેમજ પરાભક્તિ એ બે કેવલ કૃપાપાત્રને જ પ્રાપ્ત થાય છે. તે બંને ધર્મ દેવહૂતિજીમાં જોયા તે બે ધર્મોનો અર્થ સમજાવે છે—

शुश्रूषया–શુશ્રૂષા શબ્દનો અર્થ થાય છે સેવા. પરમા શુશ્રૂષા એટલે પતિ, ગુરુ રાજા કે ભગવાનની જે અંતરંગ સેવા કરવી તે પરમા શુશ્રૂષા છે. શ્રદ્ધા, સમજ અને નિષ્ઠા વિના સેવા નથી થતી. તે સેવા દેવહૂતિજીએ આદરી છે.

“**परया भक्त्या**”—સેવ્યના માહાત્મ્ય જ્ઞાન સાથે સેવ્યમાં પ્રીતિ કરવી એ છે પરાભક્તિ. પરાશુશ્રૂષા અને પરાભક્તિ આચરતાં તપશ્ચર્યા કરવી પડે છે. તપશ્ચર્યા કરતાં કાયા સુકાય, સ્વકીય સ્વાતંત્ર્ય ચાલ્યું જાય, તો પણ પ્રીતિને લીધે તેમાં જ પરમાનંદ પ્રાપ્ત થાય છે. મુનિરાજે દેવહૂતિજીને ઘણું સન્માન આપ્યું અને કહ્યું દેવી તમે તમારા સુહૃદ ગણાતા પણ દેહની જરાય પરવા ન કરી. હું તમારી સેવા પ્રત્યે સંતોષ પ્રકટ કરું છું. ૬

આ શ્લોકમાં મુનિનું દેવહૂતિ પ્રત્યે પ્રેમવિતરણ છે—

ये मे स्वधर्मनिरतस्य तपःसमाधिविद्यात्मयोगविजिता भगवत्प्रसादाः ॥
तानेव ते मदनुसेवनयाऽवरुद्धान् दृष्टिं प्रपश्य वितराम्यभयानशोकान् ॥७॥

અન્વયાર્થ—**स्वधर्म-निरतस्य**–સ્વધર્મમાં રહેલા, **मे**–મેં, **ये**–જે, **तपः-समाधि-विद्या-आत्मयोग-विजिताः**–તપ, સમાધિ, વિદ્યા અને આત્મયોગથી જીતેલા, **भगवत्-प्रसादाः**–ભગવાનના પ્રસાદો છે, **ते**–તે પ્રસાદો, **मद्-मनुसेवनया**–મારી અનન્ય સેવાથી, **अवरुद्धान्**–તમારા વશ બનેલા છે, **अभयान्**–ભય વિનાના, **अशोकान्**–શોક વિનાના, **तान् एव**–તે જ પ્રસાદોને, **प्रपश्य**–(દેવી) નિહાળો, **दृष्टिम्**–તમને દિવ્યદૃષ્ટિ **वितरामि**–આપું છું. (વસંતતિલકા વૃત્ત) ૭

અનુવાદ—હે દેવહૂતિ દેવી! સ્વધર્મમાં રહેલા મેં તપ, સમાધિ, વિદ્યા અને આત્મયોગથી સંપાદન કરેલા જે ભગવાનના પ્રસાદો છે, તે મારી સેવાથી તમારે વશ બની ચૂક્યા છે. હું તે પ્રસાદો તમને આપું છું. તે ભય અને શોકથી રહિત છે તે પ્રસાદોને જોવા દિવ્ય દૃષ્ટિ આપું છું તમે જુઓ. ૭

તત્ત્વસુધા—મુનિવર્ય અત્યંત પ્રસન્ન થયા છે. પ્રસન્નતાની પ્રકૃતિ છે કે તે પોતાનું સર્વસ્વ અને સર્વશ્રેષ્ઠ જે કાંઈ હોય છે તે પોતાના પ્રિયતમને સમર્પે છે. મુનિવરે ભગવત્કૃપાથી ચાર પ્રકારના સામર્થ્યથી ઉત્તમ પદાર્થો મેળવ્યા છે. તે પદાર્થો અને સામર્થ્યનો ખ્યાલ આપે છે—

“**स्वधर्मनिरतस्य**”—મુનિવર વદ્યા કે મેં સ્વધર્મપરાયણ થઈ તપશ્ચર્યા વગેરે આચર્યાં છે ‘**स्व**’ શબ્દનો અર્થ ભગવાન થાય છે. સ્વધર્મ એટલે ભગવદ્ધર્મ. દેહધર્મ, વર્ણધર્મ પછીથી ભગવદ્ધર્મો આવે છે. ભગવદ્ધર્મો સર્વશ્રેષ્ઠ ધર્મો છે. ભગવત્સેવામાં રહીને જ તપશ્ચર્યાદિ આચરવાં.

तपः—બ્રહ્મચર્ય ઉત્તમ તપ છે. શરીરથી આચરાય તેને પણ તપ કહ્યું છે. તે તપને ધર્મ તરીકે વર્ણવ્યું છે. તપથી પદાર્થો મેળવ્યા છે તે તપસ્વીને વશ છે. તેથી તે કોઈને પણ આપી શકે છે.

समाधि—યોગ ધર્મ છે. સમાધિ દ્વારા મેળવેલ પણ પોતાને સ્વાધીન છે. તેનું પણ વિતરણ થઈ શકે છે. અણિમાદિ સિદ્ધિઓ સમાધિથી મેળવાય છે. મુનિવર તેનું વિતરણ કરી રહ્યા છે.

વિદ્યાંનો અર્થ ભક્તિ કરવો અથવા ઉપાસના કરવો. ઉપાસનાથી કે ભક્તિથી જ્ઞાન મળે છે. જ્ઞાન પણ ઉત્તમ પદાર્થ છે.

आत्मयोग—પરમહંસોનો પ્રિય મોક્ષધર્મ છે. આત્મા એટલે ભગવાનની સાથે ઇન્દ્રિયાદિનો સંબંધ થાય ત્યારે આત્મયોગ બને છે. આવા ચારે પ્રકારે જે પ્રસાદો મેળવ્યા છે તે તમને દાનમાં આપું છું. તેમજ તે જોવા માટે તમને દિવ્ય દૃષ્ટિ આપું છું.

अभयान् अशोकान्—આ પદાર્થો ભય અને શોકથી પર છે. ભોગ ભોગવતાં તો શક્તિ, ભક્તિ અને કાયાનો ક્ષય થાય તેવો ભય આ પદાર્થોમાં નથી; કારણ કે ભગવાનના પ્રસાદો છે. વળી પદાર્થો ચાલ્યા જાય તો શોક થાય તે પણ સંભાવના નથી. આ પદાર્થો ગયા પછી શોક નહીં થાય. ૭

આ શ્લોકમાં વૈભવોની દિવ્યતાનું નિરૂપણ કરે છે—

अन्ये पुनर्भगवतो भ्रुव उद्विजृम्भविभ्रंशितार्थरचनाः किमुरुक्रमस्य ॥
सिद्धासि भुङ्क्ष्व विभवान् निजधर्मदोहान् दिव्यान्नरैर्दुरधिगान् नृपविक्रियाभिः ॥८॥

અન્વયાર્થ—उरु-क्रमस्य-ત્રિવિક્રમ, **भगवतः**-ભગવાનની. **भ्रुवः**-ભ્રૂકુટિના, **उद्-विजृम्भ-विभ्रंशित--अर्थ-रचनाः**-એક વિલાસમાત્રથી નાશ પામનારી પ્રયોજનની રચનાઓવાળા, **अन्ये**-અન્ય, **पुनः किम्**-ભોગો માટે શું કહેવું ?, **सिद्धा-असि**-ખરેખર દેવી તમે સિદ્ધ થયેલાં છો, **निज-धर्म-दोहान्**-પોતાના ધર્મને દોહનારા, **दिव्यान्**-અલૌકિક, **नृप-विक्रियाभिः**-અમે રાજાઓ છીએ અમારે શું દુર્લભ છે એવા સન્નિપાતના વિકારો વડે, **नरैः**-મનુષ્યોથી, **दुरधिगान्**-ન મેળવી શકાય તેવા, **विभवान्**-વૈભવોને, **भुङ्क्ष्व**-ભોગવો. ૮

અનુવાદ—ત્રિવિક્રમ ભગવાનની ભ્રૂકુટિના એક વિલાસે નાશ પામનારા પ્રયોજનની રચનાવાળા અન્ય ભોગોની તો શું કિંમત છે ? દેવી ! તમે સિદ્ધ બન્યાં છો. પોતાના ધર્મને દોહનારા, દિવ્ય, તેમજ અમે રાજાઓ છીએ, અમારે શું દુર્લભ છે એવા સન્નિપાતના વિકારો વડે મનુષ્યોથી ન મેળવી શકાય તેવા વૈભવોને ભોગવો. ૮

तत्त्वसुधा—મુનિવર્ય આ શ્લોકમાં લૌકિક અને અલૌકિક પદાર્થોની તુલના કરે છે. તેમાં લૌકિક પદાર્થોનો ભોગ સ્વધર્મનો ક્ષય કરે છે, જ્યારે અલૌકિક પદાર્થો સ્વધર્મને સિદ્ધ કરે છે. અલૌકિક પદાર્થો પોતાના આચરેલા ભગવદ્ધર્મોથી મળે છે. આ વિષયને વ્યક્ત કરતાં વાક્યો શરૂ થાય છે—

“अन्ये पुनर्भगवतः उरुक्रमस्य”—આ પ્રસંગે “ત્રિવિક્રમ ભગવાનના” સ્મરણ સાથે શો સંબંધ હશે એમ વિચાર થશે. કારણ કે વાક્યમાં દર્શાવ્યું છે કે अन्ये એટલે સ્વર્ગાદિ સુખભોગો તો ભગવાન શ્રી વામનના આળસથી ખાધેલા બગાસાથી નાશ પામનારા છે. આ વાક્યનું તાત્પર્ય છે કે “જે સ્વર્ગાદિ પદાર્થો ભગવાને બલિને આપ્યા તે પદાર્થો અને પદાર્થોના પ્રયોજનો પણ નષ્ટ કર્યાં તેથી બલિને વૈભવોમાં મન ન રહ્યું. ભગવાને આ કાર્ય બલિ ઉપર અનુગ્રહ માટે કર્યું છે. ત્યારબાદ ભગવાને પ્રસાદી સ્વરૂપે સુતલનું રાજ્ય આપ્યું. તદુપરાંત દ્વારપાલનું સ્થાન પ્રભુએ સ્વીકાર્યું. આવું સુખ રાજા તરીકે ઘમંડ ધરાવનારોને નથી મળતું.

नृपविक्रियाभिः-આ વાક્યનો જરા વિવેકપૂર્વક અર્થ કરવો. त्रिक्रिया રાજમદનો સન્નિપાત અથવા वि એટલે શ્રેષ્ઠ, क्रियाभिः શત અશ્વમેધ યાગ વગેરે પુણ્યકર્મોથી પણ नरैः મનુષ્યો મેળવી શકતા નથી.

દેવી દેવહૂતિ તેવા પદાર્થો તમને સહજ સુલભ બન્યા છે. તેમાં પ્રભુની કૃપા જ કારણ છે તમે તે પદાર્થને પ્રસાદીરૂપે ભોગવો. તમને ક્યાંય બાધક બનશે નહીં. બલિના પ્રભુ દ્વારપાલ બન્યા તો તમારા દ્વારમાં બાલક-કપિલ રૂપે ખેલનારા અને જ્ઞાન દેનારા બનશે. ૮

एवं ब्रुवाणमबलाखिलयोगमायाविद्याविचक्षणमवेक्ष्यगताधिरासीत् ॥
संप्रश्रेयप्रणयविह्वलया गिरेषद् व्रीडावलोकविकसद्धसिताननाह ॥९॥

અન્વયાર્થ—एवम्-એ રીતે, **ब्रुवाणम्**-બોલી રહેલા, **अखिल-योग-माया-विद्या-विचक्षणम्**-સર્વ યોગમાયાની વિદ્યામાં નિપુણ મુનિવરને, **अवेक्ष्य**-જાણીને, **अबला**-દેવહૂતિજી, **गताधिः**-નિશ્ચિત, **आसीत्**-બન્યાં. ત્યારબાદ, **ईषद्**-કંઈક પ્રમાણમાં, **व्रीडा-अवलोक-विकसद्-हसित-आनना**-સંકોચ ભરી દૃષ્ટિને લીધે ખીલી ઊઠેલા મુસકાનમય મુખવાળાં દેવહૂતિજી, **संप्रश्रय-प्रणय-विह्वलया**-વિનય અને પ્રણયથી ગળગળી બનેલી, **गिरा**-વાણીથી, **आह**-કહેવા લાગ્યાં. (વસંતતિલકાવૃત્ત) ૯

અનુવાદ—ઉપરોક્ત પ્રમાણે બોલી રહેલા સર્વ યોગમાયાની વિદ્યામાં નિપુણ એવા મુનિવરને જાણીને શ્રી દેવહૂતિજી નિશ્ચિત બની ગયાં, ત્યારબાદ કંઈક અંશમાં લજ્જામય દૃષ્ટિથી ખીલી ઊઠેલ હાસ્ય ભર્યાં મુખવાળાં દેવહૂતિજી વિનય અને પ્રણયથી ગળગળાં બનેલી વાણીથી કહેવા લાગ્યાં. ૯

તત્ત્વસુધા—**अखिलयोगमायाविचक्षणम्**-મુનિવરનો પરિચય આપતાં મહર્ષિ વ્યાસે વ્યક્ત કર્યું કે ઋષિ કર્દમ અખિલ યોગને વશ કરનારી વિદ્યા, મંત્રો અને ઉપાસનામાં અત્યંત નિપુણ હતા. યોગમાયા એટલે સર્વ પ્રકારના વિવિધ પદાર્થોની રચનાઓ કરવી. કેટલાક કેવલ વાર્તામાં કુશળ હોય છે, ક્રિયામાં સર્વથા શૂન્ય જ હોય છે. સત્યનિષ્ઠ મુનિ માટે તે સંભવે તેમ ન હતું. અન્યથા સ્ત્રીઓને સ્વવશ બનાવવા ભલભલાઓ પણ અસત્યનું અવલંબન કરે છે. સાધુ જનમાં તે નથી સંભવતું. મુનિવરની કુશળતા જાણીને દેવહૂતિ તદ્દન નિશ્ચિત બન્યાં. ત્યારબાદ વિવેકભરી પ્રશ્રય વિનયપૂર્ણ, અને પ્રણય સ્નેહશીલ ગદ્‌ગદાક્ષર ગિરાથી અને લજ્જા-સંકુચિત મનોહર મન્દ મુસુકાનથી સુશોભિત મુખસરોજથી દેવહૂતિ બોલવાનો આરંભ કરે છે. ૯

આ શ્લોકમાં દેવહૂતિ દેવી પતિની પૂર્વોક્ત શરતનું સ્મરણ કરાવી તે પાળવાની તત્પરતા દર્શાવે છે—

देवहूतिरुवाच – राद्धं बत द्विजवृषैतदमोघयोगमायाधिपे त्वयि विभो तदवैमि भर्तः ॥
यस्तेऽभ्यधायि समयः सकृदङ्गसंगो भूयाद् गरीयसि गुणः प्रसवः सतीनाम्॥१०॥

અન્વયાર્થ—द्विजवृष!-હે દ્વિજવર્ય !, **विभो**-હે વિભો !, **अमोघ-योग-मायाधिपे**-અમોઘ યોગમાયાના ઉપર અધિકાર ધરાવનાર, **त्वयि**-આપનામાં, **बत**-સાચેસાચ, **एतद्**-આ આપે કહેલ, **राद्धम्**-સર્વ ઐશ્વર્ય પ્રાપ્ત છે. **भर्त्तः**-સ્વામીનાથ ? **तद् अवैमि**-તે હું જાણું છું. હવે **यः**-આપે જે, **समयः**-પણ-પ્રતિજ્ઞા, **अभ्यधायि**-કહેલ છે તે પ્રમાણે, **सकृद्**-એકવાર, **अङ्ग-सङ्गः**-અંગસંગ, **भूयाद्**-થાવ, કારણ કે **गरीयसि**-સામર્થ્યશીલ પતિ હોતાં, **सतीनाम्**-સતીઓના, **गुणः प्रसवः**-ઉત્તમ ગુણોનો પ્રસવ થવાનો છે. ૧૦

અનુવાદ—હે દ્વિજવર્ય, હે સમર્થ મુનિ, કદી નિષ્ફળ ન જનારી યોગમાયા ઉપર પ્રભુત્વ ધરાવનાર આપનામાં, સાચેસાચ આપે કહેલ સર્વ ઐશ્વર્ય પ્રાપ્ત છે જ. હે સ્વામીનાથ, તે હું જાણું પણ છું. હવે તો આપે વિવાહ વખતે જે પ્રતિજ્ઞા કરેલ છે તે પ્રમાણે એકવાર આપના શ્રીઅંગનો સંગ થાવ. સામર્થ્યશીલ સ્વામી હોતાં પ્રતિવ્રતાઓના ઉત્તમ ગુણોનો જ પ્રસવ થવાનો છે. ૧૦

---

१ “संप्रश्रित” इति प्रा. पाठः ।

તત્ત્વસુધા—द्विज-वृष ! विभो ! કર્દમ મુનિને આ બે સંબોધન કરેલાં છે. પ્રથમ સંબોધનમાં "દ્વિજવૃષ" શબ્દ કહેલ છે. દ્વિજનો અર્થ થાય છે સંસ્કારસમ્પન્ન, વૃષનો અર્થ થાય શ્રેષ્ઠ. આ સ્થાને શ્રેષ્ઠ શબ્દ ન વાપરતાં "વૃષ" શબ્દ કેમ વાપર્યો ! તાત્પર્ય એ છે કે "વૃષ" શબ્દ ધર્મનો વાચક છે, તેમજ વૃષ શબ્દ વૃષણનો પણ વાચક છે. દેવહૂતિ કહે છે કે કેવલ આપ સંસ્કાર પામેલ જ નથી પરંતુ બ્રહ્મવિદોમાં શ્રેષ્ઠ છો. તેમજ ધર્મ સાથે વિરોધ ન આવે તે રીતે કામ પુરુષાર્થને સિદ્ધ કરનારા છો. વિભો શબ્દથી સામર્થ્યસમાપન્ન પણ વર્ણવ્યા.

अमोघयोगमायाधिपे—માયા બે પ્રકારની છે. ઇન્દ્રજાલની માયા સર્વ ઐશ્વર્યોને બતાવે પણ તે ચિત્રપટ ઉપરની ગંગાધારા જેવી છે તેમાંથી બિંદુ પણ પીવા ન મળે. જ્યારે યોગીઓની જે "યોગમાયા" છે તે તો સફલ શક્તિવાળી હોય છે. ત્યાં સર્વ ઐશ્વર્યો સાક્ષાત્ છે. આપના તેવા સામર્થ્યને હું સમ્પૂર્ણ જાણીને વિનવું છું કે આપે વિવાહ પૂર્વમાં મારા પિતાજીના સાન્નિધ્યમાં જે પ્રતિજ્ઞા મૂકી હતી કે यावत् तेजो बिभृयात् ૩-૧૨-૧૯ જ્યાં સુધી તમે મારું તેજ ધારણ કરશો ત્યાં સુધી ગૃહસ્થ જીવનમાં રહીશ પછી ઊર્ધ્વરેતસ્ બનીશ એ પ્રતિજ્ઞાનુસાર આપણો ગૃહસ્થધર્મ એક વાર થાવ.

गुणप्रसवः सतीनाम्—સતી સ્ત્રીઓ પૂર્ણ નિષ્કામ હોય છે. તેમનામાં સહજ આનંદ હોય છે. કામમાં સહજ ઉદ્વેગ, ક્લેશ અને ક્રોધ હોય છે. પતિવ્રતા શબ્દનો અર્થ એ જ થાય કે પતિનું જે વ્રત તે જ પત્નીનું વ્રત હોય છે. આપનો એકવારનો અંગપ્રસંગ ઉત્તમ ગુણસમ્પન્ન સંતાનનો પ્રસવ કરનાર થશે. પ્રસવમાં આપના અને મારા શ્રેષ્ઠ ગુણોનો સાક્ષાત્કાર થશે. ૧૦

तत्रेतिकृत्यमुपशिक्ष यथोपदेशं येनैष मे कर्शितोऽतिरिरंसयात्मा ॥
सिद्ध्येत ते कृतमनोभवधर्षिताया दीनस्तदीश भवनं सदृशं विचक्ष्व ॥११॥

અન્વયાર્થ—**तत्र**-તે વિષયમાં, **इतिकृत्यम्**-શું કરવું જોઈએ તે, **यथा-उपदेशम्**-શાસ્ત્રમાં દર્શાવ્યા પ્રમાણે, **उपशिक्ष**-આપ વિચારી લેવા કૃપા કરો. **येन**-જેથી, **ते**-આપે, **कृत-मनोभव-धर्षितायाः**-આપે ઉત્પન્ન કરેલા મનોભવથી પરાભવ પામેલ એવી, **मे**-મારી, **अति-रिरंसया**-લોકોત્તર રમણ કરવાની વૃત્તિથી, **कर्शितः**-કૃશ બનેલ, **दीनः**-દયાપાત્ર, **एषः आत्मा**-આ દેહ-અન્તઃકરણ, **सिद्ध्येत**-રમણયોગ્ય બને. **तत्**-તો, **ईश**-સમર્થ નાથ ! **सदृशम्**-રમણયોગ્ય, **भवनम्**-ભવનનો, **विचक्ष्व**-વિચાર કરો. ૧૧

અનુવાદ—આ દિશામાં શું કરવું જોઈએ તે, તે વિષયના શાસ્ત્રમાં દર્શાવ્યા પ્રમાણે આપશ્રી વિચારી લેવા કૃપા કરો. જેથી આપે ઉત્પન્ન કરેલ મનોભવથી પરાભવ પામેલ એવી મારી રમણ કરવાની લોકોત્તર વૃત્તિથી કૃશ બનેલ દયાપાત્ર દેહ અને અંતઃકરણ રમણયોગ્ય બને. તો સમર્થ આપશ્રી રમણયોગ્ય ભવન માટે વિચાર કરો. ૧૫

તત્ત્વસુધા—तत्र इतिकृत्यम्—સર્વથા વિશુદ્ધ ચિત્તથી દેવહૂતિ નિવેદન કરે છે. પ્રત્યેક ક્ષેત્રનાં શાસ્ત્રો છે: ગૃહસ્થાશ્રમ ક્ષેત્રનું પણ તેવું જ શાસ્ત્ર છે. શાસ્ત્રાનુકૂલ જીવન બનતાં રસરૂપતા સહજ સિદ્ધ થશે. સ્વામિનાથ ! આપ જો એકવારના અંગસંગમાં જ સંતોષ માનવા ચાહતા હો તો તે કાંઈ કઠિન નથી. પરંતુ તેની પદ્ધતિને અનુસરી કાર્ય થતાં રસ સિદ્ધ થશે અને કામ નિવૃત્ત થશે.

यथोपदेशम्-કામશાસ્ત્રમાં विभावानुभावव्यभिचारिभिश्च रस उत्पद्यते-વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવથી રસોત્પત્તિ થશે એવું વિસ્તૃત વર્ણવ્યું છે. દેહ અને અંતઃકરણની રસાનુકૂલ સ્થિતિ ઉત્પન્ન કરનાર તેમજ તેની વૃદ્ધિ કરનાર સામગ્રી વિભાવ કહેવાય. આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ એવા તેના બે પ્રકાર છે. इन्दुं मन्दिरमिन्दिरा मृगमदः—ચન્દ્ર, મન્દિર, લક્ષ્મી, કસ્તૂરી વગેરે સામગ્રીઓ ઉદ્દીપન વિભાગમાં ગણાયા છે.

મુનિવર! આપ જોઈ શકશો આ મારું વ્રત અને તપશ્ચરણાદિથી કૃશ બનેલ અંગ રસનિષ્પત્તિ માટે અનુકૂલ નહીં પડે. તેમજ વાતાવરણ, સામગ્રી વગેરે પણ સંતોષકારક નથી લાગતાં તો આપ તે માટે યોગ્ય ભવન, યોગ્ય દેહ, યોગ્ય સામગ્રીનું નિર્માણ કરશો તો અવશ્ય सकृद् અંગસંગથી કામનિવૃત્તિ થઈ જ જશે. ૧૧

શ્રી કર્દમ મુનિ પ્રિયતમાના મનને અનુકૂલ બને છે—

मैत्रेय उवाच – प्रियायाः प्रियमन्विच्छन् कर्दमो योगमास्थितः ॥
विमानं कामगं क्षत्त तर्ह्येवाविरचीकरत् ॥१२॥

અન્વયાર્થ—**क्षत्तः**-હે વિદુરજી, **प्रियायाः**-પ્રિયતમ દેવહૂતિનું, **प्रियम्**–પ્રિય કરવા, **अन्विच्छन्**-ચાહતા, **कर्दमः**-કર્દમમુનિ, **योगम्**–યોગમાયાનો, **आस्थितः**-આશ્રય કરીને, **तर्हि एव**–તે જ ક્ષણે, **कामगम्**–ઇચ્છા પ્રમાણે ચાલનારા, **विमानम्**-વિમાનને, **आविरचीकरत्**–પ્રકટ કર્યું. ૧૨

અનુવાદ—હે વિદુરજી પ્રિયતમા દેવહૂતિનું પ્રિય કરવા ચાહનાર કર્દમ મુનિએ પ્રિયાનું પ્રિય કરવા માટે યોગશક્તિનું અવલંબન લઈને તે જ ક્ષણે ઇચ્છાનુકૂલ વિમાનને પ્રકટ કર્યું. ૧૨

તત્ત્વસુધા—प्रियायाः प्रियमन्विच्छन् શ્રી કર્દમ તો પ્રજાપતિ, તપસ્વી ભક્ત અને સિદ્ધયોગી હતા. તેઓ તો ભગવદ્રસથી જ તુષ્ટ હતા. પરંતુ દેવહૂતિ રાજકુમારી છે. જો કે તે સત્વશીલ છે અને નિષ્કામ છે છતાં વૈભવો તરફ સહજ અનુરાગ છે. કારણ કે રાજકુલમાંથી તે આવેલી છે. મુનિવરે સર્વ ખ્યાલ કરી લીધો. તેમણે જરા પણ વિલંબ ન કર્યો. વિમાન સ્વતંત્ર ભવન રૂપ જ હતું. યોગમાં તો આવું વિમાન તૈયાર જ હોય છે. માત્ર ઇચ્છાથી પ્રકટ થાય છે. દેવહૂતિ પ્રિયતમા હતાં. તેનુ પ્રિય કરવું એ સહજ ધર્મ હતો અને મુનિએ વિમાન પ્રકટ કર્યું. "ઘર, રાચરચીલું, વસ્ત્રો અને વિભૂષણો" પત્નીને રુચે તેવાં રચવાં. ૧૨

૧૩ થી ૨૧, એમ મળી નવ શ્લોકોમાં નવ મજલાના વિમાનનું વર્ણન કરે છે.—

सर्वकामदुघं दिव्यं सर्वरत्नसमन्वितम् ॥
सर्वर्द्ध्युपचयोदर्कं मणिस्तम्भैरुपस्कृतम् ॥१३॥
दिव्योपकरणोपेतं सर्वकालसुखावहम् ॥
पट्टिकाभिः पताकाभिर्विचित्राभिरलंकृतम् ॥१४॥
स्रग्भिर्विचित्रमाल्याभिर्मञ्जुसिञ्जत्षडङ्घ्रीभिः ॥
दुकूलक्षौमकौशेयैर्नानावस्त्रैर्विराजितम् ॥१५॥

અન્વયાર્થ—**सर्वकामदुघम्**–સર્વ પ્રકારની કામનાને પૂર્ણ કરનાર, **दिव्यम्**–અલૌકિક, **सर्व–रत्न–समन्वितम्**–સર્વ પ્રકારનાં રત્નોથી ભરેલું, **सर्व–ऋद्धि–उपचय–उदर्कम्**–સર્વ સમ્પતિઓની ઉત્તરોત્તર વૃદ્ધિથી સમ્પન્ન, **मणि–स्तम्भैः**–મણિના સ્તંભોથી, **उप–स्कृतम्**–સુશોભિત કરેલું, **दिव्य–उपकरण–उपेतम्**–દિવ્ય સામગ્રીથી સમ્પન્ન, **सर्व–काल–सुख–आवहम्**–સર્વ સમયમાં સુખ આપનારું, **विचित्राभिः**–ચિત્રવિચિત્ર, **पट्टिकाभिः**–તોરણોથી અને **पताकाभिः**–ધ્વજાઓથી, **अलंकृतम्**–અલંકૃત કરેલું, **मञ्जु–सिञ्जत्–षडङ्घ्रिभिः**–મધુર મધુર ગુંજારવ કરતા મધુકરોવાળી, **विचित्र–माल्याभिः**–વિચિત્ર પુષ્પોવાળી, **स्रग्भिः**–માલાઓથી, તેમજ **दुकूल–क्षौम–कौशेयैः**–દુકૂલ, ક્ષૌમ અને કૌશેય વગરે, **नानावस्त्रैः**–જુદા જુદા પ્રકારનાં વસ્ત્રોથી, **विराजितम्**–શોભતું વિમાન હતું. ૧૩–૧૫

અનુવાદ—સર્વ પ્રકારની કામનાઓને પૂર્ણ કરનાર, વળી અલૌકિક, પ્રત્યેક પ્રકારનાં રત્નોથી યુક્ત, સર્વ સમ્પત્તિઓની ઉત્તરોત્તર વૃદ્ધિને કરનાર, માણિક્ય સ્તંભોથી મઢેલું વળી દિવ્ય સામગ્રીઓથી સમ્પન્ન સર્વ ઋતુઓમાં સુખ આપી શકે તેવું, ચિત્રવિચિત્ર તોરણો અને ધજાઓથી સુશોભિત કરેલું. તેમજ મધુર મધુર ગુંજન કરતા મધુકરોવાળી વિચિત્ર પુષ્પોની માલાઓથી, દુકૂલ, ક્ષૌમ અને કૌશેય વગેરે વિવિધ પ્રકારનાં વસ્ત્રોથી વિભૂષિત. ૧૫

તત્ત્વસુધા—૧૩મા શ્લોક થી ૨૧મા શ્લોક સુધીના (નવ શ્લોકો નવનવ સામગ્રી-સમ્પન્ન અભિનવ વિમાન મંદિરનું વર્ણન કરે છે. કારણ કે દેવી દેવહૂતિએ મનોરથ કરેલો કે "દિવ્ય ભવન" રચો તો રસોત્પત્તિ થાય. રસ તો સ્થાયી ભાવ છે. રસશાસ્ત્રમાં નવ પ્રકારના રસ પ્રકટ કરનારા નવ સ્થાયી ભાવો છે માટે વિમાન મંદિર પણ નવ મજલાનું રચ્યું છે અને વ્યાસ મહર્ષિએ વર્ણન પણ નવ શ્લોકોમાં કર્યું છે.

૧. **सर्वकामदुघम्**—સર્વ કામનાઓની પૂર્તિ કરનાર. ઘરમાં જ્યારે જે સામગ્રી જોઈએ ત્યારે બજારમાં ખરા બપોરે લેવા જવી ન પડે તેવું ઘર જોઈએ.

૨. **दिव्यम्**—અત્યંત સુંદર. લૌકિક કોઈ પણ પદાર્થોથી નહીં રચેલું.

૩. **सर्वरत्नसमन्वितम्**—નવ પ્રકારનાં નવરત્નો અને અનેક રત્નોવાળું હોવાથી નવગ્રહો પણ સાનુકૂલ હતા.

૪. **सर्वर्द्ध्युपचयोदर्कम्**—સર્વ પ્રકારની સામગ્રીઓ સંતત વધતી જ હતી પણ ઘટતી ન હતી.

૫. **मणिस्तम्भैः**—મકાનમાં સ્તંભો સૌન્દર્યની વૃદ્ધિ કરે છે. મણિસ્તંભો તો વિશેષ સૌન્દર્યની પૂર્તિ કરે છે.

૬. **दिव्योपकरणोपेतम्**—સામગ્રી-સાધનો તો બધે સરખાં જ હોય છે પરંતુ તે આ પૃથ્વીનાં ન હતાં પરંતુ અલૌકિક લોકનાં તે સાધનો હતાં. પલંગ, પાટલા, પાત્રો વગેરે જોઈને લાગે કે આ કલા અને કાષ્ઠ આપણા દેશનાં તો નથી જ.

૭. **सर्वकालसुखावहम्**—મકાનની રચના જ એવી જોઈએ કે વર્ષા, ગ્રીષ્મ કે શીતમાં સમશીતોષ્ણ જ હોય. તે માટે નવાં સાધનો વસાવવાં ન પડે. સીલીંગમાં પંખા કે ઇલેક્ટ્રિક હીટર કે ફ્રીજીડેર નુકસાન કરનારાં કૃત્રિમ સાધનોની આવશ્યકતા ન પડે તેની વાસ્તુશાસ્ત્રમાં રચનાઓ સમજાવી છે.

૮. **पट्टिकाभिः**—લટકતી રેશમી પટ્ટિકાઓ શોભાની વૃદ્ધિ કરતી હતી.

૯. **पताकाभिः**—ધ્વજાઓ પણ દિવ્ય હતી.

૧૦. **स्रग्भिः**—પુષ્પની માલાઓની ફુલવાડી ભરેલી રહેતી. ફુલવાડીની માલાઓમાં માલ્યો એટલે પુષ્પો પણ અલૌકિક હતા. ગુલાબ, મોગરો બકુલ કે જૂઈ, જાઈ જોઈએ તો સૌન્દર્ય અને સૌરભગુગ્ધ કરી દે. વળી મધુકરના મધુર ગુંજનથી મનોમોદ વધારે.

૧૧. **दुकूल**—એટલે કોશેટામાંથી બનેલ રેશમી વસ્ત્ર, **क्षौमः**-ઘાસમાંથી બનેલ રેશમી વસ્ત્ર, **कौशेय**-વૃક્ષોની છાલમાંથી બનેલ રેશમી વસ્ત્રોથી મંદિર સમૃદ્ધ હતું. વળી કપાસમાંથી બનેલને દુકૂલ કહે છે. અતસી અને શણમાંથી બનેલ વસ્ત્રને ક્ષૌમ કહે છે. કોશેટામાંથી થયેલને કૌશેય કહે છે. ૧૩-૧૫

उपर्युपरि विन्यस्त निलयेषु पृथक् पृथक् ॥
क्षिप्तैः कशिपुभिः कान्तं पर्यङ्कव्यजनासनैः ॥१६॥

तत्र तत्र विनिक्षिप्तनानाशिल्पोपशोभितम् ॥
महामरकतस्थल्या जुष्टं विद्रुमवेदिभिः ॥१७॥

द्वाःसु विद्रुमदेहल्या भातं वज्रकपाटवत् ।।
शिखरेष्विन्द्रनीलेषु हेमकुम्भैरधिश्रितम् ।।१८।।

चक्षुष्मत् पद्मरागाग्र्यैर्वज्रभित्तिषु निर्मितैः ।।
जुष्टं विचित्रवैतानैः सहारैर्हैमतोरणैः ।।१९।।

અન્વયાર્થ—**उपरि-उपरि-विन्यस्त-निलयेषु**-ઉપર ઉપર રચેલા માળના ખંડોમાં, **पृथक् पृथक्**-અલગ અલગ, **क्षिप्तैः**-ગોઠવેલી, **कशिपुभिः**-શય્યાઓ, **पर्यंक-व्यजन-आसनैः**-પલંગ, પંખા અને આસનોથી, **कान्तम्**-અત્યંત સુંદર **तत्र-तत्र**-તે તે ખંડોમાં, **वि-नि-क्षित-नाना-शिल्प-उप-शोभितम्**-વિશેષ પ્રકારે મૂકેલાં, વિવિધ પ્રકારનાં કલાચિત્રોથી શોભતું, **महा-मरकत-स्थल्या**-મહામૂલ્ય મરકત મણિઓથી જડેલ તળવાળું, **विद्रुम-वेदिभिः**-પરવાળાંઓની બનેલી ઊંચી વેદીઓથી, **जुष्टम्**-રચેલું, **द्वाःसु**-બારણાંઓમાં, **विद्रुम-देहल्या**-વિદ્રુમમણિસ્તંભોથી શોભતું, **वज्र-कपाटवत्**-હીરા જડેલાં કમાડોવાળું, **इन्द्र-नीलेषु-शिखरेषु**-ઇન્દ્રનીલ મણિનાં બનાવેલા શિખરોમાં, **हेम-कुम्भैः**-સુવર્ણકુંભોથી, **अधि-श्रितम्**-સ્થાપેલ, **वज्र-भित्तिषु**-હીરાની બનાવેલાં દીવાલોમાં, **निर्मितैः**-મઢવામાં આવેલા, **चक्षुष्मत्**-જાણે તેજસ્વી વિમાનનાં નેત્રો સમાન લાગતાં, **पद्मराग-अग्र्यैः**-શ્રેષ્ઠ પદ્મરાગ મણિઓથી, **जुष्टम्**-શોભતું, **सहारैः**-ઝાલરવાળા, **हेम-तोरणैः**-સુવર્ણનાં તોરણોથી અને, **विचित्र-वैतानैः**-રંગબેરંગી ચંદરવાઓથી, **जुष्टम्**-મઢેલા. ૧૮

અનુવાદ—ઉપરાઉપરી આવેલા માળોના ખંડોમાં અલગ અલગ ગોઠવેલી શય્યા, પલંગ, પંખા અને આસનોથી અતિશય રમણીય તે તે ખંડોમાં વિશેષ પ્રકારે મૂકેલાં વિવિધ પ્રકારનાં મૂલાયમ ચિત્રોથી શોભતું, મહામૂલ્ય મરકત મણિઓથી જડેલાં માળિયાંવાળું તેમજ પ્રવાલ-મણિઓની બનેલી ઊંચી વેદીઓ રચેલું, દ્વારદેશોમાં વિદ્રુમ મણિઓના ઉંબરાથી શોભતું, હીરા જડેલાં કમાડવાળું, ઇન્દ્રનીલમણિનાં બનાવેલાં શિખરોમાં સ્થાપેલા સુવર્ણકુંભવાળું, હીરાની રચેલી દીવાલોમાં મઢવામાં આવેલા પદ્મરાગ મણિઓથી જાણે તેજસ્વી વિમાનનાં નેત્રો હોય તેવું, ઝાલરવાળાં સુવર્ણનાં તોરણોથી સેવાયેલ. ૧૯

તત્ત્વસુધા—૧૬ થી ૧૯મા શ્લોકોમાં પણ વિમાનનું જ વર્ણન ચાલે છે.—

उपरि उपरि **विन्यस्त**—વિમાનની વિશેષતા તો એ હતી કે એક ઉપર એક મજલાવાળું આ વિમાન હતું. ભિન્ન પ્રકારની શય્યાઓ, પલંગો, પંખાઓ અને બેસવા માટેની વિવિધ પ્રકારની બૃસી એટલે ખુરસી વગેરે આસનો હતાં. શય્યાની રચના પણ શિલ્પ શાસ્ત્રમાં વર્ણવી છે. ૮૪ પર્વ લાંબી, ૬૦ આગળ પહોળી એક હાથની ઊંચાઈવાળી શય્યાની રચના કરવી. જો શય્યા તેથી વધુ પ્રમાણવાળી હોય તો દરિદ્ર થાય અને ઓછું માપ હોય તો ધનનો ક્ષય થાય. એક વૃક્ષના કાષ્ઠની બને તો શ્રેષ્ઠ, બે જાતના લાકડાની બને તો વધુ શ્રેષ્ઠ, ત્રણ વૃક્ષમાંથી બને તો વંશવૃદ્ધિ કરે તેમજ ચાર વૃક્ષની બને તો યશ અને અર્થ આપે. પરંતુ પાંચ પ્રકારની વનસ્પતિમાંથી ન રચવી. એ અતિ અમંગલ છે.

तत्र तत्र विनिक्षिप्तः—પ્રત્યેક ખંડોમાં જ્યાં ખાસ દૃષ્ટિ જાય તે સ્થલોમાં કલામય ભાવવર્ધક ચિત્રો મૂકેલાં હતાં. પ્રત્યેક ખંડનાં ભોંયતળિયાં ઉપર મરકત મણિઓની લાદીઓ જડેલી હતી. જ્યારે પ્રવાલ મણિઓની વેદીઓ એટલે બેઠકો રચી હતી.

द्वाःसु—વિમાનનાં દ્વારોમાં વિદ્રુમમણિઓના ઉંબરા જડેલા હતા. હીરા જડેલાં તો કમાડો હતાં. વિમાનનાં શિખરો ઇન્દ્રનીલમણિનાં રચેલા હતાં. શિખરના ઘૂમટો ઉપર સુવર્ણકુંભો ચઢાવેલા હતા.

चक्षुष्मत् पद्मरागाग्र्यैः—હીરાની દીવાલો રચી હતી. દીવાલોમાં મહામૂલા પદ્મરાગ મણિઓ મઢેલા હતા જે અત્યંત તેજસ્વી હતા. જાણે મણિઓ વિમાનનાં તેજસ્વી નેત્રો જ હોય તેમ લાગતું. રંગબેરંગી ચંદરવાઓ હતા. સોનેરી ઝાલરવાળાં તોરણોથી ચંદરવા વધુ શોભતા હતા. ૧૬-૧૯

हंसपारावतव्रातैस्तत्रस्तत्र निकूजितम् ॥
कृत्रिमान् मन्यमानैः स्वानधिरुह्याधिरुह्य च ॥२०॥

અન્વયાર્થ—तत्र तत्र-ઠેકાણે ઠેકાણે રહેલાં, **हंस-पारावत-व्रातैः**-હંસ અને કબૂતરોના સમૂહો, **कृत्रिमान्**-ચિત્ર કે પથ્થરનાં રચેલાં હંસ કબૂતર વગેરેને, **स्वान्**-પોતાના જેવાં સાચાં, **मन्यमानैः**-માનીને વળી, **अधिरुह्य च अधिरुह्य**-તેમના ઉપર ચઢી ચઢીને, **निकूजितम्**-કૂજન કરાતા તે વિમાનને—૨૦

અનુવાદ—તે તે સ્થળે રહેલાં હંસ-કબૂતરોના સમૂહો, કૃત્રિમ હંસ-કબૂતર વગેરે પક્ષીઓને સાચાં માનીને તેમના ઉપર ચઢી ચઢીને કૂજન કરતાં હતાં આવા વિમાનને-૨૦

તત્ત્વસુધા—૨૦મા શ્લોકમાં પણ વિમાનની વિશેષતાનું જ વર્ણન કરે છે. વિમાનમાં હંસ-કબૂતર વગેરે અનેક પારેવાં હતાં, જેઓ સચેતન હતાં. જ્યારે કેટલાં ચિત્રમાં ચીતરેલ હતાં, તો કેટલાંક પથ્થર, લાકડાં અને માટી વગેરેનાં પણ બનાવેલ હતાં. સાચાં પેલાં પારેવાં આ કૃત્રિમ પંખીડાંને સાચાં માની તેમની સામે કૂજન કરતાં હતાં તો કોક વાર પંખીડાંની પ્રકૃતિ પ્રમાણે તેમના મસ્તક ઉપર ચઢી જતાં અને કૂજન કરતાં હતાં. ૨૦

विहार-स्थान-विश्राम-संवेशप्राङ्गणाजिरैः ॥
यथोपजोषं रचितैर्विस्मापनमिवात्मनः ॥२१॥

અન્વયાર્થ—यथा उपजोषम्-रचितैः-યોગ્ય સ્થળોએ રચેલા, **विहारस्थान-विश्राम-संवेश-प्राङ्गण-अजिरैः**-વિહારસ્થાનો, વિશ્રામસ્થાનો, બેઠકો, ચોખંડીઓ અને ચોકથી, **आत्मनः**-પોતાને પણ, **विस्मापनम् इव**-વિસ્મય પમાડતું હોય તેવું વિમાન-૨૧

અનુવાદ—યોગ્ય સ્થાનોએ રચેલાં વિહારસ્થાનો, બેઠકો, ચોકડીઓ અને શોકથી પોતાને વિસ્મય પમાડે તેવું તે વિમાન હતું. ૨૧

તત્ત્વસુધા—૨૧મા શ્લોકમાં વિમાનનું વર્ણન પૂર્ણ થાય છે. ઉત્તમ વિમાન કે મકાન ક્યારે મનાય કે જ્યારે ત્યાં બેસવા-ઊઠવા અને હરવા-ફરવાની સંપૂર્ણ સવલત હોય. विहारस्थान-વિમાનમાં અનેક સ્થળે વિહારસ્થળીઓ હતી. જે ક્રીડાભૂમિ ગણાતી. विश्राम કેટલાંક વિશ્રામસ્થાનો હતાં. જે વ્યાયામ વગેરે કરીને બેસવા માટે રચવામાં આવેલ હતાં. संवेश કેટલીક બેઠકો હતી. જ્યાં જુદી જુદી કક્ષાઓવાળી વ્યક્તિઓ સાથે બેસવાની યોગ્ય રચના હતી. प्राङ्गण-મકાનના અંદરના ભાગમાં ચોખંડીઓ હોય તે પ્રાંગણ કહેવાય अजिर એટલે મકાનની બહારના ભાગમાં આવેલા વિવિધ ચોક હતા. આ રચના કોઈને પણ ચકિત કરે તેવી જ હતી. ખુદ મુનિવર્યને પણ નવાઈ પમાડતી હતી. ૨૧

વિમાન નીરખવા છતાં દેવહૂતિજીનું દિલ પ્રફુલ્લિત નથી લાગતું એમ વર્ણવે છે—

इदृग् गृहं तत्पश्यन्तीं नाति प्रीतेन चेतसा ॥
सर्वभूताशयाभिज्ञः प्रावोचत् कर्दमः स्वयम् ॥२२॥

અન્વયાર્થ—न अति प्रीतेन-પુષ્કળ પ્રસન્નતા વિનાના, **चेतसा**-ચિત્તથી, **इदृग्**-આવા, **तत्**-તે, **गृहम्**-વિમાનગૃહને, **पश्यन्तीम्**-જોઈ રહેલાં દેવહૂતિજીને, **सर्व-भूत-आशय-अभिज्ञः**-પ્રાણીમાત્રના અભિપ્રાયને જાણનાર, **कर्दमः**-કર્દમઋષિ, **स्वयम्**-જાતે જ, **प्र-अवोचत्**-કહેવા લાગ્યા. ૨૨

અનુવાદ—પુષ્કળ પ્રસન્નતા વિનાના મનથી વિમાનને નિહાળી રહેલાં દેવહૂતિજીને જાણીને પ્રત્યેકના મનની વાતને જાણનાર મુનિવર્ય કર્દમ જાતે જ કહેવા લાગ્યા. ૨૨

તત્ત્વસુધા—नातिप्रीतेन चेतसा-વૈભવો જ માત્ર પ્રમોદ દેનારા નથી. "સ્વજન શરીર અને સુખકર સુમંગલ સમય" આ સર્વ સાનુકૂલ મળે તો જ તે સુખદ છે અન્યથા તો તે દુઃખદ છે. દેવીનું શ્રીઅંગ આ વૈભવોને અનુરૂપ નથી તેથી તેના તરફ ઉત્સાહ નથી થતો. હૃદયજ્ઞ મુનિ તે સમજી શક્યા અને અવિલંબે તે બોલ્યા. ૨૨

મુનિવર્ય દેવહૂતિજીનો મનોરથ સિદ્ધ થશે એમ કહે છે—

निमज्याऽस्मिन् हृदे भीरु विमानमिदमारुह ॥
इदं शुक्लकृतं तीर्थमाशिषां यापकं नृणाम् ॥२३॥

અન્વયાર્થ—**भीरु**-હે બીરુ ! **अस्मिन्**-આ, **हृदे**-બિંદુ સરોવરમાં, **निमज्य**-સ્નાન કરીને, **इदम्-विमानम्**-આ વિમાનમાં, **आरुह**-પ્રવેશ કરો. **शुक्ल-कृतम्**-શ્રી શુક્લનારાયણે કરેલ, **इदम्-तीर्थम्**-આ તીર્થ, **नृणाम्**-મનુષ્યોની, **आशिषाम्**-કામનાઓને, **यापकम्**-પૂરનારું છે. ૨૩

અનુવાદ—હે ભીરુ ! આ બિંદુ સરોવરમાં સ્નાન કરી વિમાનમાં પ્રવેશ કરો. શ્રીશુક્લ નારાયણે રચેલ આ સરોવર મનુષ્યોની કામનાઓને સિદ્ધ કરનારું છે. ૨૩

તત્ત્વસુધા—भीरु ! સ્ત્રીઓ માટે "બીરુ" શબ્દ સદા વપરાય છે. જો કે સાહસિકતા પુરુષો કરતાં સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે છતાં એમના સ્વભાવમાં ભીરુતા પણ એટલી જ છે. એમના હૃદયની અને શરીરની રચના જ એવી છે કે તેઓએ ભીરુતાને વરવું જ રહ્યું. આ પ્રસંગે 'ભીરુ !' સંબોધન સરોવરમાં સ્નાન કરવા જતાં કર્યું છે. સરોવર ઘણું જ ગહન છે તો તેમાં દેવી સંભાળીને ઊતરજો. કારણ કે તમે મારું સર્વસ્વ છો.

"विमानमिदमारुह"—સરોવરમાં સ્નાન કરી બાદ વિમાનમાં આરોહણ કરો. મુનિનું આ વચન સાંભળ્યા પછી પણ તેમને સંતોષ ન થયો. "સરોવર પાવન" છે. સ્નાન કરી વિશુદ્ધ થવાશે. હું વિશુદ્ધ તો છું જ. છતાં શરીર ઉપરનો કદાચ મેલ દૂર થાય. પણ તેથી "શરીર ભોગક્ષમ" તો નથી જ ને ? આ શંકાના સમાધાન માટે કહ્યું કે દેવી—

इदं शुक्लकृतं तीर्थम्-આ સરોવર કેવલ જલાશય નથી, પરંતુ તે તીર્થ છે તેથી પવિત્રતમ થશો અને आशिषां यापकम् સર્વ કામનોની પૂર્તિ કરનારું છે તેથી સર્વ પ્રકારે મનોરથ સફલ થશે. અત્યાર સુધી રોજ સ્નાન તો બિંદુ સરોવરમાં જ કીધું છે તો કેમ "કાયાકલ્પ" થયો નહીં ? એવી કલ્પના ન કરવી. આજે દેવહૂતિજીની ઇચ્છા અને મહાપુરુષોની અનુમતિ બન્ને સાથે થયાં છે તેથી મનોરથ સિદ્ધ થશે. ૨૩

सा तद् भर्तुः समादाय वचः कुवलयेक्षणा ॥
सरजं बिभ्रती वासो वेणीभूताश्च मूर्धजान् ॥२४॥
अङ्गं च मलपङ्केन संच्छन्नं शबलस्तवम् ॥
अविवेश सरस्वत्याः सरः शिवजलाशयम् ॥२५॥

અન્વયાર્થ—**सरजम्**-રજવાળું-મલિન, **वासः**-વસ્ત્રને, **च**-તેમ જ, **वेणीभूतान्**-ગૂંચવાઈ જવાને લીધે જટા પડી ગયેલા, **मूर्धजान्**-કેશોને, **बिभ्रती**-ધારણ કરતી, **मलपङ्केन**-મેલના થરથી, **संच्छन्नम्**-ઢંકાયેલા તેમ જ, **शबल-स्तनम्**-કાન્તિરહિત રતનવાળા, **अङ्गम्**-દેહને ધારણ કરતી, **कुवलय-ईक्षणा**-કમલલોચના, **सा**-તે દેવી દેવહૂતિએ, **भर्तुः**-સ્વામીના, **तत्**-તે, **वचः**-વચનને, **समादाय**-સાંભળીને-સ્વીકારીને, **सरस्वत्याः**

शिव-जल-आशयम्-સરસ્વતીના કલ્યાણકારી જલવાળા, **सरः**-સરોવરમાં, **आविवेश**-સ્નાન માટે પ્રવેશ કર્યો. ૨૪, ૨૫

અનુવાદ—મલિન વસ્ત્રને તેમજ ગૂંચવાઈ જવાથી લટ પડી ગયેલા કેશોને ધારણ કરતી, મેલના થરથી ઢંકાયેલા અને કાન્તિરહિત સ્તનવાળા દેહને ધારણ કરતી, કમલનયના દેવી દેવહૂતિએ સ્વામીના તે વચનને સ્વીકારી લઈને સરસ્વતીના કલ્યાણકારી જલવાળા સરોવરમાં સ્નાન માટે પ્રવેશ કર્યો. ૨૪, ૨૫

તત્ત્વસુધા—सा तद् भर्तुः-દેવહૂતિ દેવીનો યશ આ શ્લોકોમાં ગવાય છે. રેશમી કે દુકૂલ વસ્ત્રો કાંઈ દેવહૂતિની પ્રતિષ્ઠા નથી. કારણ કે તે તપસ્વિની હતાં. વસ્ત્રો ઉપર રજ ચોંટી ગઈ છે. વસ્ત્રો તેથી અતિશય મલિન હતાં. કાયાને પણ એટલો બધો મેલ લાગ્યો છે જેથી મેલનું આખું પડ શરીર ઉપર છવાઈ ગયું છે. સૌંદર્ય એ મેલમાં ઢંકાઈ ગયેલ છે. वेणीभूतान् मूर्धजान्-માથાના વાળ બાઝી ગયા હોવાથી એની વડવાઈઓ જેવી લટો બની ગઈ છે. શરીરસૌષ્ઠવને દર્શાવતાં સ્તનો પણ મલાવૃત થયાં હોઈ કાન્તિરહિત ભાસે છે. આવી ભૂમિકા રાજકુમારીને માટે અલંકાર સમી જ ગણાય.

कुवलयेक्षणा-દેવહૂતિજીનાં નેત્રો કમલ જેવાં નિર્મલ અને નિર્દોષ છે. તેથી જ પુરવાર થાય છે કે ખેદ, ઉદ્વેગ, અસૂયા કે ક્રોધ તેમને સ્પર્શી શક્યો જ નથી. જો તેમ બન્યું હોય તો પોતે આવાં કમલનયના ન હોઈ શકે.

सरस्वत्याः शिवजलाशयम्-સરસ્વતીનાં પવિત્ર જલવાળું આ સરોવર છે. સરસ્વતી-સૃષ્ટિ ઉત્પન્ન કરનારી શક્તિ છે. એના શિવજલમાં સ્નાન કરવાથી તનુનવત્વ પ્રાપ્ત થશે. પતિના વચનને વિશ્વાસથી વળગી રહેવું પાતિવ્રત્ય છે એમ સમજી સરોવરમાં પ્રવેશ કર્યો. ૨૪, ૨૫

દેવહૂતિદેવી સરોવરમાં સ્નાન કરવા પ્રવેશ કરે છે—

शान्तः सरसि वेश्मस्थाः शतानि दश कन्यकाः ॥
सर्वाः किशोरवयसो ददर्शोत्पलगन्धयः ॥२६॥

અન્વયાર્થ—**अन्तः-सरसि**-સરોવરની અંદર આવેલા, **वेश्मस्थाः**-મકાનમાં રહેલી, **दश शतानि**-એક હજાર, **कन्यकाः**-કન્યાઓને, **सा**-દેવહૂતિજીએ, **ददर्श**-જોઈ, **सर्वाः**-તે બધી જ કન્યાઓ, **किशोर-वयसः** કિશોર વયની, **उत्पल-गन्धयः**-લાલ કમળના જેવી સુગંધવાળી હતી. ૨૬

અનુવાદ—સરોવરના અંદર આવેલા મકાનમાં રહેલી એક હજાર કન્યાઓને દેવહૂતિજીએ જોઈ. આ સર્વ કન્યાઓ કિશોરવયની તેમજ લાલ કમળના જેવી સુગંધવાળી હતી. ૨૬

તત્ત્વસુધા—सान्तः सरसि-બિંદુ સરોવરમાં એક અદ્‌ભુત મહેલ હતો. ભગવાને તે બનાવેલો હતો. મુનિએ રચેલો ન હતો. તેમાં એક હજાર કન્યાઓ રહેલી હતી. દેવહૂતિએ સ્નાન માટે પ્રવેશ કર્યો ત્યારે તે કન્યાઓને જોઈ. સા-તે દેવહૂતિજી કર્દમ મુનિનો જ આનંદરૂપ અંશ હતો. આ આનંદાંશમાંથી જ એક હજાર કિશોર વયની કન્યાઓ ઉત્પન્ન થયેલ હતી. આ સર્વ દેવહૂતિજીની સેવા કરશે. યોગીની જ શક્તિઓ હોવાથી તેઓ વિકારથી પર છે. તેમ જ કાયમ માટે કિશોર વયના જ રહેશે તેમનાં અંગો લાલ વર્ણનાં હતાં. દેહમાંથી દિવ્ય સુગંધ આવતો હતો. ૨૬

એક હજાર સેવિકાઓ એક સાથે સેવા કરવા ઉપસ્થિત થાય છે એ વર્ણન છે-

तां दृष्ट्वा सहसोत्थाय प्रोचुः प्राञ्जलयः स्त्रियः ॥
वयं कर्मकरीस्तुभ्यं शाधि नः करवाम किम् ॥२७॥

અન્વયાર્થ—तास्-તે દેવહૂતિજીને, **दृष्ट्वा**-નીરખીને, **सहसा**-એકાએક, **उत्थाय**-ઊભી થઈ, **प्राञ्जलयः**-બન્ને હાથ જોડી, **स्त्रियः**-તે કિશોરીઓ, **प्रोचुः**-બોલી કે, **वयम्**-અમે, **तुभ्यम्**-આપને માટે છીએ, **नः**-અમે, **कर्मकरीः**-પરિચારિકાઓને, **शाधि**-આજ્ઞા કરો. **किम्**-શું, **करवाम**-કરીએ ? ૨૭

અનુવાદ—તે દેવહૂતિજીને નીરખીને એકાએક ઊભી થઈ બન્ને હાથ જોડી તે કિશોરીઓ બોલી કે અમે આપને માટે છીએ. અમ પરિચારિકોઓને આજ્ઞા કરો અમે શું કરીએ ? ૨૭

તત્ત્વસુધા—તાં દૃષ્ટ્વા-શ્રી દેવહૂતિજી સ્નાન કરવા સરોવરમાં પધાર્યાં. ત્યાં જ જલાશયમાં રહેલ પ્રાસાદમાંથી એક હજાર કિશોરીઓ કરસંપુટ કરી સન્મુખ આવી વિનમ્રભરી વાણીથી બોલી રહેલ છે કે વયમ્ અમે સર્વ તુભ્યમ્ આપની પરિચર્યા માટે છીએ. શાધિ આપ અમ પરિચારિકાઓને વિનાસંકોચ આજ્ઞા કરો. આપના કેવલ શ્રીઅંગની જો મલનિવારણ વગેરે સેવા જ કરવાની હોય તો તે વિધિ અને કાર્ય તો જાણીએ છીએ તેમજ કરીશું પરંતુ અન્ય વિશેષ સેવા હોય તો આદેશ આપવા કૃપા કરશો. આવું કહેવાની આવશ્યકતા એટલા માટે પડી કે કુમારિકાઓ કદાચ આ તીર્થની દેવતાઓ હોય તો મારાથી સેવા કેમ લેવાય, હું તો રાજકુમારી છે અથવા ઋષિપત્ની છું. જ્યારે આ તો દેવતાઓ છે. ૨૭

આ બે શ્લોકોમાં સ્નાન, ભોજન, પાન, વસ્ત્રાલંકારોથી દેવહૂતિજીનો સત્કાર કરે છે—

स्नानेन तां महार्हेण स्नानयित्वा मनेस्विनीम् ॥
दुकूले निर्मले नूत्ने ददुरस्यै च मानदाः ॥२८॥
भूषणानि परार्घ्यांणि बरीयांसि द्युमन्ति च ॥
अन्नं सर्वगुणोपेतं पानं चैवामृतासवम् ॥२९॥

અન્વયાર્થ—मानदाः-સન્માન આપનારી તે કિશોરીઓએ, **तां मनस्विनीम्**-તે મનસ્વિની, દેવહૂતિને, **महार्हेण**-અત્યંત અમૂલ્ય, **स्नानेन**-સ્નાનચૂર્ણોથી, **स्नापयित्वा**-સ્નાન કરાવીને, **अस्यैः**-આ દેવહૂતિજીને, **निर्मले**-નિર્મલ, **च**-અને, **नूत्ने**-નૂતન, **दुकूले**-બે રેશમી વસ્ત્રો, **ददुः**-અર્પણ કર્યાં. તેમજ **द्युमन्ति**-કાન્તિવાળાં-ઝળકતાં, **परार्घ्याणिः**-અત્યંત અમૂલ્ય, **वरीयांसि**-મનગમતાં શ્રેષ્ઠ, **भूषणानि**-આભૂષણો, **च**-તેમજ, **सर्व-गुण-उपेतम्**-સર્વ ગુણોવાળું સ્વાદિષ્ઠ, **अन्नम्**-ભોજન, **च एव**-અને વળી, **अमृत-आसवम्**-અમૃત જેવાં માદક, **पानम्**-પીણાં આપ્યાં. ૨૮, ૨૯

અનુવાદ—સન્માન આપનારી તે કિશોરીઓએ મનસ્વિની દેવહૂતિ દેવીને અત્યંત અમૂલ્ય એવાં સ્નાનચૂર્ણોથી સ્નાન કરાવીને નિર્મલ અને નૂતન દુકૂલ વસ્ત્રો આપ્યાં તેમજ કાન્તિવાળાં, મહામૂલાં અને મનને ગમી જાય તેવાં આભૂષણો આપ્યાં. વળી સર્વ ગુણવાળાં ભોજન તેમજ અમૃતતુલ્ય મધુર મદકર પીણાં આપ્યાં. ૨૮, ૨૯

તત્ત્વસુધા—માનદાઃ-આ શબ્દ સેવકો માટે આવશ્યક છે. કારણ કે સેવકો સેવા ગમે તેટલી કરે પણ વેઠ ઉતારે છે. જ્યારે સેવ્યને સન્માન આપી સેવા કરવી જોઈએ એ જ સેવાનું સ્વરૂપ છે. પરિચારિકાઓ તેવી સુશિક્ષિત અને સુશીલ હતી.

स्नानेन महार्हेण-પરિચારિકાઓએ સ્નાનવિધિ આરંભ્યો, “ સ્નાન ” શબ્દનો અર્થ સ્નાનક્રિયા અને સ્નાનનાં ચૂર્ણો એવા બે પ્રકારે થાય છે. કિશોરીઓએ સ્નાનની વિધિ પ્રમાણે સ્નાન કરાવ્યું. સ્નાન દશ પ્રકારનું, નવ પ્રકારનું

---

१. च मानवीम् इति प्रा. पाठः ।

અને ત્રણ પ્રકારનું છે. જ્યારે દેવોની આરાધના માટે દેહશુદ્ધિ કરવી હોય તો દશવિધિ સ્નાન યજમાનને કરવાનું હોય છે દેવાર્ચનમાં દેવોને નવ પ્રકારનું સ્નાન કરાવાય છે. પરંતુ શૃંગારાદિ માટે સ્નાનના ત્રણ પ્રકાર છે. પ્રથમ સ્નાન मलापकर्षणम् શરીર ઉપરના મલને દૂર કરનારાં આમળાં વગેરે ચૂર્ણોથી સ્નાન કરાવ્યું.

દ્વિતીય સ્નાન अङ्गमर्दन તેલ વગેરેથી સુખકર સ્પર્શ થાય તેમ અંગમર્દનથી સ્નાન કરાવ્યું.

તૃતીય સ્નાન કપૂર, કપૂરકાચલીનું ચૂર્ણ, અત્તર વગેરે સુગંધમય દ્રવ્યોથી કરાવ્યું.

दुकुले निर्मले नूत्ने–એક સાડી અને એક ઉપવસ્ત્રની જોડીને બતલાવા માટે દ્વિવચન વાપર્યું છે. આવી અનેક વસ્ત્રોની જોડીઓ લાવીને સન્મુખ રાખી દીધી. તેમજ च અવ્યયથી અંગવિલેપન અને અન્તરંગ વસ્ત્રો પણ લાવીને સન્મુખ ધર્યાં. પછી વિનય કર્યો કે આપને રુચે તેનો અંગીકાર કરવા કૃપા કરો.

परार्घ्याणि द्युमन्ति वरणीयानि—વળી આભૂષણો પણ ત્રણ પ્રકારનાં હતાં. द्युमन्ति એટલે પુષ્કળ ઝળકતાં આભૂષણો હતાં એટલે રત્નના અલંકારો હતા. परार्घ्याणि એટલે પુષ્કળ કીમતી આભૂષણો હતાં. वरणीयानि એટલે આંખે જોતાં જ ગમી જાય તેવાં આભૂષણ હતાં.

अन्नं सर्वगुणोपेतम्–અન્ન શબ્દ ભોજનસામગ્રી માટે વપરાય છે. સર્વગુણ એટલે ષડ્રસવાળું તેમજ ચટણી, અથાણાં, રાયતાં, અનેક શાક, ફરસાણોવાળું ભોજન એવો અર્થ થાય.

पानम् अमृतासवम्—મદકર પીણાં આપ્યાં એનો અર્થ રસશાસ્ત્ર પ્રમાણે લવિંગ, જાયફળ, ઇલાયચી, સાકર વગેરે તેજાનાઓથી બનાવવામાં આવે છે, તેવું શાસ્ત્ર સંમત પીણું આપ્યું. ૨૮, ૨૯

૩૦ થી ૩૩ સુધીના ચાર શ્લોકોમાં દેવી દેવહૂતિના શ્રીઅંગના સૌન્દર્યનું નિરૂપણ છે—

अथादर्शे स्वमात्मानं स्रग्विणं विरजाम्बरम् ॥
विरजं कृतस्वस्त्ययनं कन्याभिर्बहुमानितम् ॥३०॥
स्नातं कृतशिरःस्नानं सर्वाभरणभूषितम् ॥
निष्कग्रीवं बलयिनं कूजत्काञ्चननूपुरम् ॥३१॥
श्रोण्योरध्यस्तया काञ्च्या काञ्चनया बहुरत्नया ॥
हारेण च महार्हेण रुचकेन च भूषितम् ॥३२॥
सुदता सुभ्रुवा श्लक्ष्णस्निग्धापाङ्गेन चक्षुषा ॥
पद्मकोशस्पृधा नीलैरलकैश्चोपशोभितम् ॥३३॥

અન્વયાર્થ—अथ–ત્યાર બાદ, **आदर्शे**–દર્પણમાં, **स्रग्विणम्**–માલા ધારણ કરેલા, **विरज-अम्बरम्**–સ્વચ્છ અમ્બરવાળા, **विरजम्**–નિર્મલ, **कृत-स्वस्ति-अयनम्**–સેવા કરાયેલા, **कन्याभिः–કુમારિ**કાઓથી, **बहु-मानितम्**–અત્યંત સન્માનિત, **स्नातम्**–કંઠ સુધી સ્નાન કરેલા, **कृत-शिरः-स्नानम्**–મસ્તકે સ્નાન કરાયેલા, **सर्व-आभरण-भूषितम्**–સર્વ અલંકારોથી સુશોભિત, **निष्क-ग्रीवम्**–કંઠમાં સુવર્ણ કંઠીવાળા, **बलयिनम्**–કરમાં કંકણવાળા, **कूजत्-काञ्चन-नूपुरम्**–ચરણોમાં ઝણકાર કરતાં ઝાંઝરવાળા, **श्रोण्योः**–નિતંબ ભાગે કટિ ભાગે, **अध्यस्तया**–પહેરેલી, **बहु-रत्नया**–અનેક રત્નો મઢેલી, **काञ्चनया**–સુવર્ણની, **काञ्च्या**–મેખલાથી, **महार्हेण**–મહામૂલા, **हारेण**–હારથી, **च**–અને, **रुचकेन**–કુંકુમના ચહિલ્લાથી, **भूषितम्**–સુશોભિત, **सुदता**–સુંદર દાંતથી, **सुभ्रुवा**–મનોહર ભ્રૂકુટિથી, **श्लक्ष्ण-स्निग्ध-अपाङ्गेन**–મનોહર, સ્નેહાળ કટાક્ષવાળાં, **चक्षुषा**–નેત્રથી,

---

१–श्व लसन्मुखम् इति प्रा. पाठः ।

नीलैः–નીલ, **अलकैः**–કેશોથી, **पद्मकोश-स्पृधा**–કમળની સ્પર્ધા કરતા, **च**–મુખથી, **उपशोभितम्**–શોભતા, **स्वम्**–પોતાના, **आत्मानम्**–દેહને, **ददर्श**–નિહાળ્યો. ૩૦–૩૩

અનુવાદ—ત્યારબાદ દેવી દેવહૂતિએ, પુષ્પોની માલાથી સુશોભિત, સ્વચ્છ દુકૂલવસ્ત્ર ધારણ કરેલા, તદ્દન નિર્મલ, કુમારિકાઓથાં બહુ સેવાયેલા અને બહુ સત્કાર પામેલા, સ્નાન કરેલા, કેશ ધોઈને પણ સ્નાન કરાચેલ, સર્વ અલંકારોથી સુશોભિત, કંઠમાં પદકવાળી સુવર્ણકંઠીથી શોભતા, કરમાં કંકણોવાળા, ચરણમાં ઝંકાર કરતાં સુવર્ણના નૂપુરવાળા, કેડ ઉપર રહેલી અનેક રત્ન જડેલી સુવર્ણની મેખલાથી શોભતા, અણમોલ હાર પહેરેલા, ભાલમાં કુમકુમના ચાંદલાથી અને અંગે અંગે ધારણ કરેલા અનેક અલંકારોથી સુશોભિત શ્વેત દંતપક્તિવાળા, મનોહર ભ્રૂકુટિ ધરાવતા, સુંદર સ્નેહાળ કટાક્ષમય નેત્રથી મનોહર કમળકળીની સરસાઈ કરતા મુખામ્બુજથી અને નીલ અલકાવલીથી તેમજ અંગે ધારણ કરેલા અલંકારોથી શોભતા પોતાના દેહને દર્પણમાં નિહાળ્યો. ૩૦–૩૩

તત્ત્વસુધા—આ ચાર શ્લોકોમાં શ્રી દેવહૂતિજીના શ્રીઅંગનું વર્ણન કરતા બાદરાયણ જાણે સૂચવી રહ્યા છે કે આવી આદર્શ અર્ધાંગના પુરુષના ચારે પુરુષાર્થને સાધનારી ચાર પ્રકારની શક્તિ છે. કાં તો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતા પુરુષની કસોટી કરનારી કામદેવની ચતુરંગિણી સેના છે. જોઈએ કે કામદેવ જીતે છે કે કર્દમ મહર્ષિ કામદેવને જીતે છે.

अथादर्शे–કુમારિકાઓએ સર્વાંગ સેવા આપી સર્વાંગે શૃંગાર સજાવીને દેવીને દિવ્ય દર્પણ પાસે લઈ ગઈ. જેમાં સર્વાંગનાં દર્શન થાય તેવું મોટું દર્પણ હતું. શ્રી દેવહૂતિજી તેની સામે ઊભાં હતાં. ત્યાં પોતાના દેહનું દર્શન કરી રહ્યાં હતાં. **स्रग्विणम्**–વેણીમાં, કંઠમાં, કરકમળમાં વેણી, હાર અને ગજરાથી શોભતા દેહને જોયો. અલંકારો કરતાં પુષ્પમાલાઓ વધુ રસોદ્રેક કરે છે. વળી તે પુષ્પશૃંગારો સુમંગલ મનાય છે.

विरजाम्बरम्–શ્વેતવર્ણના લાલરંગની, છાપેલી પટ્ટીવાળા દિવ્યામ્બરથી દેહ વધુ દીસી ઊઠતો હતો, **विरजम्**–હવે દેહ તદ્દન નિર્મલ હતો. **कृतस्वस्त्ययनम्** "સ્વસ્ત્યયન" શબ્દના સેવા અને માંગલિક ક્રિયા એવા બે અર્થો થાય છે. કિશોરીઓએ દેવહૂતિજીના દેહની સેવા કરી છે તેમ જ સ્વસ્તિકમંગલ પણ કર્યાં છે. જલના કલશ ભરી ચરણથી મસ્તક સુધી સાતવાર જલ ઉતારી મંગલ ગાન મંગલ મંત્રો ભણતાં તે વિધિ કરવામાં આવે છે. પછી તે જલ ઢોળી દેવામાં આવે છે. **कन्याभिर्बहुमानिताम्**–કુમારિકાઓ સંભાળી સંભાળી અને આદરપૂર્વક સેવા કરે છે કારણ કે દેવીના અંગે પોતાનાં અંગો વારંવાર અડી જાય ત્યારે ક્ષમા માંગી લે છે અથવા એમનાં ચરણ છૂઈ લે છે.

स्नातम्–પ્રથમ તો કંઠ સુધી સ્નાન કર્યું. ત્યારબાદ, **कृतशिरःस्नानम्** વાળ ધોઈને સ્નાન કરાવ્યું. સુગંધી ચૂર્ણો અને દ્રવ્યો મસ્તકમાં પધરાવી દહીંથી કેશકલાપને સ્વચ્છ કરાવી સ્નાન કરાવ્યું. શાસ્ત્રમાં વિધાન છે કે સૌભાગ્યવતી સ્ત્રીઓને નિત્ય માથું પલાળી સ્નાન કરવાનું નથી હોતું. જ્યારે માથું ધોવું હોય ત્યારે કોઈ વિશેષ કારણ હોય ત્યારે વાળ ધોઈ સ્નાન કરાય છે. એ માટે એવું વાક્ય છે કે कुलस्त्री तु शिरःस्नानमुत्सवे पुण्यतीर्थके ॥ तैलादिना पैतृके च सर्वदा कंठसंप्लवा ॥ वारुणर्क्षे न कुत्रापि स्नायात् स्त्री विधवां विना ॥ કુલવતી નારીએ ઉત્સવાદિ પ્રસંગોમાં કે તીર્થસ્નાનાદિમાં સર્વાંગ સ્નાન કરવું. કન્યાએ પણ લગ્ન વખતે કેશ ધોઈ શુદ્ધ થઈ અને લગ્ન કરવું. આ જ દેવીને મંગલાભિષેક ઉત્સવ છે તેથી મસ્તકે પણ સ્નાન કરાવ્યું છે. નિત્યનાં આભૂષણો ધારણ કર્યાં. પદકવાળી કંઠી કંઠે ધારણ કરી. કાંડે રત્નકંકણ પહેર્યાં અને ચરણે સુવર્ણનાં નૂપુર ધર્યાં.

श्रोण्योरध्यस्तया–કટિભાગે રત્ને મઢેલી સુવર્ણ કાંચી પહેરાવેલી શોભતી નિહાળી. અનેક અણમોલ હીરા-મોતીના હારો પણ શ્રીઅંગે શોભી રહેલા જોયા. **रुचकेन**–રુચક શબ્દનો અર્થ થાય છે સૌભાગ્યતિલક. સ્ત્રીઓના ષોડશ શૃંગારોમાં તાંબૂલ અને ભાલતિલકનો સમાવેશ થાય છે. च અવ્યયથી અન્ય શૃંગારો પણ સમજવા.

सुदता–શરીરની શોભા શૃંગારોથી અને સૌન્દર્યથી હશે, પણ શરીરની વિશેષ શોભા અને પુષ્ટિ તો મૌક્તિક પંક્તિતુલ્ય દંતાવલીથી છે. દેવીએ એક સરખી પોતાની દંતપંક્તિ નિહાળી. सुभ्रुवा–વાંકી કાળી મનોહર ભ્રૂકુટિ પણ રસપૂર્તિ કરતી જોઈ. स्निग्धापाङ्गेन चक्षुषा–નેત્ર પણ સ્નેહાળ સુંદર હતાં. અમૃત અને આનંદ બે નેત્રોમાંથી વર્ષાવતાં દેવીએ નેત્રોને નિહાળ્યાં, पद्मकोशस्पृधा–આ વિશેષણને નેત્રની ઉપમા તરીકે ઘણા સ્વીકારે છે, પરંતુ આ વિશેષણ મુખનું વાચક છે. **च** અવ્યયથી ૩૩મા શ્લોકમાં મુખનો જ સંકેત કર્યો છે. કમળની કળી સાથે મુખની તુલના સુસંગત લાગે છે. नीलैरलकैः–નીલવર્ણી અલકાવલીથી આવૃત મુખ જાણે મેઘમાં છુપાયેલ ચન્દ્રની સાખ પૂરે છે. लसन्मुखम् એવો પણ પાઠ છે. જો તે પાઠ સ્વીકારાય તો એ વિશેષણથી મુખનો સ્પષ્ટ ઉલ્લેખ ગણાશે. જો કે એની જરૂર નથી. ૩૦–૩૩

દેવી દેવહૂતિ પતિદેવનું સ્મરણ કરે છે, એ વાત શ્લોકમાં વર્ણવે છે—

यदा सस्मार ऋषभमृषीणां दयितं पतिम् ।।
तत्र चास्ते सह स्त्रीभिर्यत्रास्ते स प्रजापतिः ।।३४।।

અન્વયાર્થ—यदा–જ્યારે, **ऋषीणाम्**–ઋષિઓમાં, **ऋषभम्**–શ્રેષ્ઠ એવા, **दयितम्**–અતિપ્રિય, **पतिम्**–પતિદેવનું, **सस्मार**–સ્મરણ કરવા લાગ્યાં ત્યારે, **यत्र**–જ્યાં, **सः प्रजापतिः**–તે પતિદેવ, **आस्ते**–બિરાજતા હતા, **तत्र**–ત્યાં, **स्त्रीभिः**–કિશોરીઓ, **सह**–સાથે, **च आस्ते**–પોતે ત્યાં જ હતાં–ત્યાં ગયાં. ૩૪

અનુવાદ—જ્યારે ઋષિશ્રેષ્ઠ પ્રિય પતિદેવ કર્દમ પ્રજાપતિને યાદ કર્યા ત્યારે જ્યાં કર્દમ મુનિ બિરાજતા હતા ત્યાં જ જાણે સ્ત્રીઓ સાથે પોતાને જોયાં, અર્થાત્ કિશોરીઓ દેવીને ત્યાં લઈ ગઈ. ૩૪

તત્ત્વસુધા—यदा सस्मार—દેવહૂતિજીએ મુનિવર્યને યાદ કર્યા. આ શ્લોકના મુનિવર્યને ત્રણ ત્રિશેષણો આપ્યાં છે. ऋषीणामृषभम्–दयितम्–पतिम् આ ત્રણે વિશેષણો મુનિવર્યની ત્રણ પ્રકારની વિશિષ્ટતા દર્શાવે છે. ऋषभ શ્રેષ્ઠ, ઋષિ શબ્દથી સૂચવ્યું કે શ્રુતિનિષ્ણાત છે માટે વેદધર્મ પ્રમાણે પણ સેવવા લાયક છે. दयितम् અત્યંત સ્નેહાળ હોવાથી લોકધર્મથી પણ આદરવા લાયક છે. અને पतिम् પાલન કરનાર પતિદેવ હોવાથી સ્ત્રીધર્મથી પણ સેવવા યોગ્ય છે. આવા ત્રણ ગુણો હોય તો જ સ્ત્રીને પતિથી પરમ સુખ મળે છે.

तत्र चास्ते–દેવહૂતિજીએ જ્યાં પતિનું સ્મરણ કર્યું ત્યાં જ તેમણે પતિનું જ સાન્નિધ્ય નિહાળ્યું. તાત્પર્ય કે સરોવરમાંથી બહાર આવતા ન વાર લાગી. ન તો જલમાંથી બહાર આવતા વસ્ત્ર-આભૂષણો ભીંજાયેલા નિહાળ્યાં. ૩૪

भर्तुः पुरस्तादात्मानं स्त्रीसहस्रवृतं तदा ।।
निशाम्य तद्योगगतिं संशयं प्रत्यपद्यत ।।३५।।

અન્વયાર્થ—भर्तुः–સ્વામીના, **पुरस्तात्**–સાન્નિધ્યમાં, **स्त्री-सहस्रवृतम्**–એક હજાર સ્ત્રીઓ સાથે, **आत्मानम्**–પોતાને, **निशाम्य**–જાણીને, **तद्-योगगतिम्**–તેમજ મુનિના યોગફલને જોઈને, **संशयम्**–આશ્ચર્ય, **प्रत्यपद्यत**–પામ્યાં. ૩૫

અનુવાદ—ત્યાર પછી દેવહૂતિજી પતિના સાન્નિધ્યમાં એક હજાર સ્ત્રીઓ સાથે પોતાને જોઈને, તેમજ મુનિની યોગગતિને જોઈને અતિશય આશ્ચર્ય પામ્યાં. ૩૫

તત્ત્વસુધા—દેવહૂતિજી ક્ષણવારમાં જ સરોવરમાંથી બહાર આવ્યાં. ન તો વસ્ત્ર ભીંજાયાં, વળી પતિદેવને સમીપમાં જ જોયા તેમ જ એક હજાર સેવિકાઓને જોઈ. આ સર્વ યોગનું જ ફળ છે એમ માન્યું તો ખરું પણ યોગનું સાધન જાણ્યું નહીં તેથી આશ્ચર્ય પામ્યાં. ૩૫

મુનિવર્ય દેવહૂતિજીને વિમાનમાં પધરાવે છે—

स तां कृतमलस्नातां विभ्राजन्तीमपूर्ववत् ॥
आत्मनो बिभ्रतीं रूपं संवीतरुचिरस्तनीम् ॥३६॥
विद्याधरी सहस्रेण सेव्यमानां सुवाससम् ॥
जातभावो विमानं तदारोहयदमित्रहन् ॥३७॥

અન્વયાર્થ—अमित्रहन्-શત્રુજિત હે વિદુરજી ! **कृत-मल-स्नानाम्**-સ્નાન કરવાથી નિર્મળ બનેલાં, **अपूर्ववत्**-અપૂર્વ રીતે, **विभ्राजयन्तीम्**-ઝળકતાં, **आत्मनः**-પોતાના કન્યાકાળના, **रूपम्**-મનોહર સ્વરૂપને, **बिभ्रतीम्**-ધારણ કરતી, **संवीत-रुचिर-स्तनीम्**-વસ્ત્રાવૃત મનોહર સ્તનવાળાં, **विद्याधरी-सहस्रेण**-એક હજાર વિદ્યાધરીઓથી, **सेव्यमानाम्**-સેવાતાં, **सुवाससम्**-સુમનોહર વસ્ત્રવાળાંને જોઈને, **जात-भावः** ભાવ ઉત્પન્ન થતાં જ, **तद्-विमानम्**-વિમાનમાં, **आरोहयत्**-દેવીને બેસાડયાં. ૩૬, ૩૭

અનુવાદ—શત્રુવિજયી હે વિદુર ! સ્નાન કરવાથી નિર્મલ બનેલાં, અપૂર્વ પ્રકારે ઝળકી રહેલાં, પોતાના કન્યાકાલના મનોહર સ્વરૂપને ધારણ કરતાં, વસ્ત્રાવૃત મનોહર વક્ષઃસ્થલવાળાં, એક હજાર વિદ્યાધરીઓથી સેવાતાં, અત્યંત મનોહર વસ્ત્રવાળાં, દેવહૂતિને જોઈને ભાવ ઉત્પન્ન થતાં જ તે વિમાનમાં દેવહૂતિને બેસાડયાં. ૩૬, ૩૭

તત્ત્વસુધા—अमित्रहन्-શ્રી શુકદેવજીએ કથા વર્ણવતાં પ્રસંગપ્રાપ્ત શ્રોતા વિદુરજીને "अमित्रहन्" સંબોધન કર્યું. ન યુદ્ધનો પ્રસંગ છે ન તો વીરરસની ગાથા છે. છતાં अमित्रहन् સંબોધન કરે છે. એમાં હેતુ છે. અન્યની કામક્રીડાનું વર્ણન કે શ્રવણ કરતાં ઉત્પન્ન થતો કામ અતિશય દુષ્ટ છે. સમર્થના પણ સામર્થ્યને તે હરી લે છે તેથી તે अमित्र-શત્રુ છે. ભક્તવર્ય વિદુરજી પૂર્ણ જિતેન્દ્રિય છે તેથી તેમને કામોદ્‌ભવ નહીં થાય એમ સૂચવ્યું છે.

શ્રી દેવહૂતિજીને અલૌકિક અંગસૌષ્ઠવ પ્રાપ્ત થયું. લગ્ન અવસરની કાન્તિ પુનઃ પ્રાપ્ત થઈ. અનેક વિદ્યાધરીઓ પરિચર્યામાં ઉપસ્થિત થઈ. વસ્ત્ર-આભૂષણો અને અંગપ્રત્યંગો પણ અનુરૂપ થયાં. મુનિવર્ય પણ ગાર્હસ્થ્યકામ બન્યા. દેવીને વિમાનમાં બેસવાની વિનંતિ કરી. ૩૬, ૩૭

तस्मिन्नलुप्तमहिमा प्रिययानुरक्तो विद्याधरीभिरुपचीर्णवपुर्विमाने ॥
बभ्राज उत्कचकुमुद्गणवानपीच्यस्ताराभिरावृत इवोडुपतिर्नभःस्थः ॥३८॥

અન્વયાર્થ—तस्मिन्-તે વિમાનમાં, **उत्-कच-कुमुद्-गणवान्**-પ્રસરેલા કેશવાળી તેમજ સુખ આપનારી સ્ત્રીઓના સમૂહની મધ્યમાં રહેલાં છતાં **अलुप्त-महिमा**-અખંડિત પ્રભાવશાળી, **प्रियया अनुरक्तः**-

---

૧. वान्पराध्यः इति प्रा. पाठः ।

પ્રિયતમાના અનુરાગવાળા, **विद्याधरीभिः**-વિદ્યાધરીઓથી, **उपचीर्ण-वपुः**-સેવાતા શ્રીઅંગવાળા શ્રી કર્દમમુનિ, **उत्-कच-कुमुद्-गणवान्**-વિકસેલાં કુમુદ-કમલોના સમૂહથી, **अपीच्यः**-અત્યંત સુંદર બનેલા, **नभस्थः**-આકાશમાં રહેલા, **उडुपतिः**-ચન્દ્ર, **ताराभिः आवृतः**-તારાઓથી વીંટાયેલા, **इव**-જેમ શોભે તેમ, **बभ्राज**-શોભતા હતા. (વસંતતિલકા વૃત્ત) ૩૮

અનુવાદ—પ્રસરેલા કેશસૌન્દર્યવાળી સુખ આપનારી સ્રીઓના સમૂહમાં રહેલાં છતાં અખંડિત પ્રભાવશાળી પ્રિયતમાના અનુરાગવાળા, વિદ્યાધરીઓથી સેવાતા શ્રી કર્દમમુનિ-તારાઓના સમૂહની મધ્યમાં રહેલા ખીલેલાં કમળોના સમૂહથી અત્યંત સુંદર બનેલા આકાશમાં રહેલા ચન્દ્રની સમાન શોભતા હતા. ૩૮

તત્ત્વસુધા—अलुप्तमहिमा યોગીઓની યોગનિષ્ઠા ત્યારે જ પરિપક્વ થાય છે કે વિકાર-સામગ્રીઓમાં વસે છતાં નિર્વિકાર રહે. મુનિવરે तस्मिन् પ્રસિદ્ધ જે નવ માળના અને અનેક ખંડવાળા વિમાનમાં નિવાસ કર્યો હતો, સૌન્દર્યપૂર્ણ વિદ્યાધારીઓનું સાહચર્ય હતું, ઉત્તેજનપૂર્ણ સામગ્રીઓ હતી, છતાં પોતાનું શીલ અને પ્રિયતમામાં સ્નેહ અબાધિત અને અખંડિત જ હતાં એ હતી ભક્તિપૂર્ણ યોગમાર્ગની સિદ્ધિ. ૩૮

કુલાચલ પર્વતની કન્દરાઓમાં મુનિવર્ય વિહાર કરે છે તે વર્ણવ્યું છે—

तेनाष्टलोकपतिहारकुलाचलेन्द्रद्रोणीष्वनङ्गसखमारुतसौभगासु ॥
सिद्धैर्नुतो द्युधुनिपातशिवस्वनासु रेमे चिरं धनदवल्ललनावरूथी ॥३९॥

અન્વયાર્થ—**ललना-वरूथी**-લાવણ્યમયી સ્ત્રીઓના સમૂહમાં વસતા, **सिद्धैः**-સિદ્ધગણુથી, **नुतः**-સ્તુતિ કરાતા મુનિવર્ય કર્દમ, **अनङ्ग-सख-मारुत-सौभगासु**-કામદેવના મિત્ર મારુતથી સુખકર બનેલી, **द्यु-धुनि-पात-शिव-स्वनासु**-દેવનદી-ગંગાજીના સ્વર્ગમાંથી પડવાના મંગલમય ધ્વનિઓથી ગુંજતી, **अष्ट-लोकपति-विहार-कुल-अचलेन्द्र-द्रोणीषु**-આઠ લોકપાલોએ વિહાર માટે બનાવેલી મેરુપર્વતની ઘાટીઓમાં-ગુફાઓમાં, **धनदवत्**-કુબેરની સમાન, **चिरम्**-ચિરકાલ પર્યન્ત, **तेन**-તે વિમાન દ્વારા, **रेमे**-વિહાર કર્યો. (વસંતતિલકાવૃત્ત) ૩૯

અનુવાદ—લલનાઓના સમૂહની મધ્યમાં રહેલા, વળી સિદ્ધજનોથી સ્તવન કરાતા, મુનિરાજ કર્દમે, કામદેવના મિત્ર મારુતથી સુખકર બનેલી, શ્રી ગંગાજીના સ્વર્ગમાંથી થતા અવતરણથી મંગલમય ધ્વનિથી ગુંજતી, આઠ લોકપાલોના વિહાર માટે બનેલી મેરુપર્વતતની કન્દરાઓમાં કુબેરની સમાન ચિરકાલ પર્યન્ત વિહાર કર્યો. ૩૯

તત્ત્વસુધા—તેન મુનિનું વિમાન જલ, સ્થલ, નભસ્તલમાં રહી શકતું હતું. કર્દમમુનિ વિમાન લઈ શીતલ, સુભગ, સુખદ એવા મેરુપર્વતના પ્રદેશમાં આવ્યા. સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા નામ ધરાવતાં શ્રી ગંગાજીનાં પર્વતનાં શિખરો ઉપર અવતરણ થતાં ત્યારે ઝરણાં ખળખળ થતાં હતાં. તેના કલરવ મધુર ગુંજનથી કંદરાઓ ગુંજી રહી હતી. વાયુ પણ શીતમન્દ સુરભિ આવી રહ્યો હતો અનેક લોકપાલોએ પોતાની વિહારસ્થલીઓ કુલાચલમાં રચી હતી. ત્યાં કુબેર જેવા સમ્પન્ન કર્દમ મુનિ વિહાર માટે આવ્યા તોપણ તેમનો સંયમ પ્રભાવ અખંડિત જ રહ્યો. ૩૯

આ શ્લોકથી ૭ લોકના ઉદ્યાનમાં મુનિના વિહારને વર્ણવ્યો છે—

वैश्रम्भके सुरसने नन्दने पुष्पभद्रके ॥
मानसे चैत्ररथ्ये च स रेमे रामया रतः ॥४०॥

અન્વયાર્થ—**वैश्रम्भके**-વૈશ્રમ્ભક, **सुरसने**-સુરસન, **नन्दने**-નન્દનવનમાં, **पुष्प-भद्रके**-પુષ્પભદ્રક, **मानसे**-માનસ, **च**-અને, **चैत्ररथ्ये**-ચૈત્રરથ્ય ઉદ્યાનોમાં, **सः**-તે, **रामया**-રામા સાથે, **रतः**-રમણ કર્યું. ૪૦

અનુવાદ—વૈશ્રંભક, સુરસન, નન્દનવન, પુષ્પભદ્રક, માનસ અને ચૈત્રરથ્ય વગેરે ઉદ્યાનોમાં શ્રી દેવહૂતિજી સાથે રમણ કર્યું. ૪૦

તત્ત્વસુધા—વૈશ્રંભક, સુરસન વગેરે છ ઉદ્યાનો હતા. આ દેવોના ઉદ્યાનો હતા. તેમાં વિવિધ પ્રકારની વૈભવસામગ્રીઓ હતી, મુનિરાજે આ પ્રદેશોમાં વિહાર કર્યો. ૪૦

આ શ્લોકમાં અન્ય વિમાનો કરતાં આ વિમાન ચાર પ્રકારે શ્રેષ્ઠ છે એવું વર્ણવ્યું છે—

भ्राजिष्णुना विमानेन कामगेन महीयसा ॥
वैमानिकानत्यशेत चरँल्लोकान् यथाऽनिलः ॥४१॥

અન્વયાર્થ—**भ्राजिष्णुना**-પ્રકાશમાન, **कामगेन**-ઇચ્છાનુકૂલ ચાલનારા, **महीयसा**-અત્યંત વિશાલ, **विमानेन**-વિમાનથી, **यथा-अनिलः**-વાયુની સમાન, **लोकान्**-સર્વ લોકોમાં, **चरन्**-વિચરતા મુનિવર્ય, **वैमानिकान्**-અન્ય વિમાનવિહારી દેવોને, **अत्यशेत**-ઓળંગી જતા હતા. ૪૧

અનુવાદ—તેજસ્વી અને ઇચ્છાનુસાર ચાલનારા અત્યંત વિશાલ વિમાનથી વાયુની સમાન સર્વ લોકોમાં વિચરતા મુનિવર્ય કર્દમ, અન્ય વિમાનવિહારી દેવોને ઓળંગી જતા હતા. ૪૧

તત્ત્વસુધા—भ्राजिष्णुना-ચાર પ્રકારની શ્રેષ્ઠતાવાળા વિમાનથી દેવોના વિમાનોનું પણ મુનિના વિમાને અતિક્રમણ કીધું. પ્રથમ તો ભ્રાજિષ્ણુ એટલે વિમાન સ્વયં સૂર્ય સમાન તેજસ્વી હતું. જેથી અંદર પ્રકાશની જોગવાઈ રાખવી પડતી ન હતી.

महीयसा—બીજી વિશેષતા એ હતી કે વિમાનની ઘણી જ વિશાળતા હતી. એક હજાર તો વિદ્યાધારીઓ અંદર સેવામાં હતી. તેમને બેસવા, ઊઠવા, સૂવાની વ્યવસ્થાઓ હતી તેથી તેનું કદ હદ વિનાનું હતું.

कामगेन—ત્રીજી શ્રેષ્ઠતા એ હતી કે સિદ્ધોનાં વિમાન ભૂમિ ઉપર ઊતરી શકતાં નહીં તેમજ સિદ્ધ લોકોના સ્થાન ઉપર જઈ શકતાં નહીં જ્યારે આ વિમાન સર્વત્ર જઈ શકતું.

यथानिलः—ચોથી નવીનતા એ હતી કે ગતિમાં વાયુતુલ્યતા હતી. ક્ષણવારમાં તો તે આગળ પસાર થયેલાં વિમાનોને ઓળંગી જતા. ૪૧

ભગવચ્ચરણનો આશ્રય લેનારા માટે સર્વત્ર કાંઈ સુલભ છે—

किं दुरापादनं तेषां पुंसामुद्दामचेतसाम् ॥
यैराश्रितस्तीर्थपदश्चरणो व्यसनात्ययः ॥४२॥

અન્વયાર્થ—**तीर्थपदः**-સમસ્ત તીર્થો જે શ્રી ઠાકોરજીના ચરણમાં છે એવો, **व्यसना-अत्ययः**-વળી દુઃખોને દૂર કરનારો, **चरणः**-પ્રભુનો ચરણ, **यैः आश्रितः**-જેઓએ સ્વીકાર્યો છે, **तेषाम्**-એવા, **उद्-दाम-चेतसाम्**-બન્ધનમુક્ત મનવાળા-ધીર, **पुंसाम्**-પુરુષોને, **किम्**-શું ? **दुर्-आपादनम्**-અપ્રાપ્ય છે. ૪૨

અનુવાદ—સમસ્ત તીર્થો જે ચરણકમલમાં છે, વળી જે દુઃખોને દૂર કરનાર છે, એવા પ્રભુના ચરણનો આશ્રય કરનાર બન્ધનમુક્ત મનવાળા મહાન પુરુષો માટે કઈ વસ્તુ અપ્રાપ્ય છે ? ૪૨

તત્ત્વસુધા—किं दुरापादनं तेषाम्—આ શ્લોકમાં શ્રીચરણના, શરણનો ઉજ્જવલ યશ—વર્ણવ્યો છે. શ્રુતિએ ભગવચ્ચરણનું ઐશ્વર્ય વર્ણવ્યું છે કે “ चरणं पवित्रं विततं पुराणम् ”—ચરણ પાપહારિ, વ્યાપકત્વ અને સનાતન એવા ત્રણ ઐશ્વર્યથી પરિપૂર્ણ છે. પ્રથમ ધર્મ पवित्रम् પવિત્ર છે. પવિત્રતા હોય ત્યાં પાપ ન વસે. ભોગોનો નાશ પાપોથી થાય છે. પ્રભુચરણ પવિત્ર છે. ચરણનો આશ્રિત પવિત્ર જ હોય. પવિત્ર પુરુષના ભોગોનો નાશ ન જ થાય. દ્વિતીયધર્મ विततम् ભગવચ્ચરણ વ્યાપક હોવાથી સર્વત્ર છે. ચરણ સર્વત્ર હોવાથી શરણાગતને સર્વ ભોગો સર્વ લોકોમાં સુલભ છે.

पुराणम्—ચરણ સનાતન છે તેથી आश्रितेन સદાય ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. तीर्थपदः—પ્રભુચરણમાં સર્વ તીર્થો છે. મનઃસંકલ્પિત પદાર્થોનું દાન કરવા માટે તીર્થોનું નિર્માણ છે. પ્રભુના ચરણનો આશ્રિત મનઃસંકલ્પિત ભોગોને મેળવે એમાં આશ્ચર્ય શું!

व्यसनात्ययः—સુખસામગ્રીઓ હોવા છતાં દુઃખો હોય તો ભોગવી કેમ શકાય. પરંતુ ભગવચ્ચરણ દુઃખહર્તા છે તેથી સુખો સુખપૂર્વક ભોગવી શકાય છે.

तेषामुद्दामचेतसाम्—આવો દિવ્ય ચરણ છતાં એનો આશ્રય તો કોઈ ધીરપુરુષોને જ પ્રાપ્ત થાય છે. उद् એટલે તૂટી ગયેલ દામ એટલે સંસાર અને સંસારીઓનાં બંધનવાળા મન જે મહાપુરુષોનાં હોય તેવા પુણ્યશીલ પુરુષો માટે જ સંભવી શકશે. ૪૨

સર્વત્ર વિચરીને મુનિવર્ય પત્ની સાથે પાછા વળ્યા—

प्रेक्षयित्वा भुवो गोलं पत्न्यै यावान् स्वसंस्थया ॥
बह्वाश्चर्यं महायोगी स्वाश्रमाय न्यवर्तत ॥४३॥

અન્વયાર્થ—**पत्न्यै**-શ્રી દેવહૂતિજીને, **बहु-आश्चर्यं**=અનેક પ્રકારનાં આશ્ચર્યવાળો, **भुवः गोलम्**-પૃથ્વીનો ગોળ, **स्व-संस्थया**-પોતાની અવસ્થાથી, **यावान्**-જેટલો છે તેટલો, **प्रेक्षयित्वा**-દેખાડીને, **महायोगी**-સમર્થ યોગી, કર્દમ, **स्व-आश्रमाय**-પોતાના આશ્રમે, **न्यवर्तत**-પાછા આવ્યા. ૪૩

અનુવાદ—શ્રી દેવહૂતિજીને વિવિધ પ્રકારના આશ્ચર્યવાળો પૃથ્વીનો ગોળ પોતાની અવસ્થાથી જેટલો હતો તેટલો બતાવીને સમર્થ યોગી કર્દમ પોતાના આશ્રમે પાછા ફર્યા. ૪૩

તત્ત્વસુધા—महायोगी न्यवर्तत—શ્રી કર્દમ ઋષિને મહાયોગી કહ્યા છે તેનું કારણ છે કે स्वसंस्थया यावान् આપણી નજરે આજે જે એક જ પૃથ્વીનો ગોળ દેખાય છે તેટલો નથી પરંતુ અગણિત છે. યોગી વિના અન્યમાં તે સામર્થ્ય ન સંભવે. વળી દેવહૂતિજી કૌતુકપ્રિય સ્ત્રી નથી, પરંતુ ધર્મપ્રિય દેવી છે. જો કેવલ એક જ પૃથ્વીનો ગોળ જોવાનો હતો તો તેમનો જાણીતો જ હતો. સ્વયં રાજકુમારી હતાં માટે નવાઈ ન હતી. મુનિવર્ય ત્યારબાદ પોતાના આશ્રમમાં જ્યાં સિદ્ધોનું નિવાસસ્થાન છે ત્યાં પત્ની સાથે પાછા ફર્યા. ૪૩

આ શ્લોકમાં મુનિવર્ય નવ સ્વરૂપ સ્વીકારે છે—

विभज्य नवधाऽऽत्मानं मानवीं सुरतोत्सुकाम् ॥
रामान् निरमयन् रेमे वर्षपूगान् मुहूर्तवत् ॥४४॥

અન્વયાર્થ—**आत्मानम्**-પોતાને, **नवधा**-નવ વિભાગમાં, **विभज्य**-વહેંચીને, **सुरत-उत्सुकाम्**-રમણની ઉત્કંઠા ધરાવતા, **मानवीम्**-મનુરાજકુમારી, **रामाम्**-રમણીય રામાને, **रमयन्**-રમણ કરાવતા, **मुहूर्तवत्**-એક ક્ષણ જેવાં, **वर्ष-पूगान्**-અનન્ત વર્ષો સુધી, **रेमे**-રમણ કર્યું. ૪૪

અનુવાદ—મુનિવર્યે નવ વિભાગમાં પોતાને વહેંચી રમણમાં ઉત્કંઠા ધરાવતી મનુરાજપુત્રી રામાને રમણ કરાવતા એક મુહૂર્ત જેવાં અનન્ત વર્ષો સુધી રમણ કર્યું. ૪૪

તત્ત્વસુધા—विभज्य नवधात्मानं-મુનિરાજ અસાધારણ યોગી હતા. તેઓ યોગશક્તિથી અનંત સ્વરૂપો ગ્રહણ કરી શકે છે. મુનિવર્યે નવ પ્રકારની સંતતિ ઉત્પન્ન કરવાનું વિચાર્યું. સ્વભાવ નવ પ્રકારનો હોય છે. ભક્તિ પણ નવ પ્રકારની છે. તે તે સ્વભાવને અનુરૂપ સ્વરૂપ લઈ અને શ્રી દેવહૂતિજી સાથે રમણ કર્યાં.

એવું પણ સંભવી શકે છે કે મનમાં નવ પ્રકારની સંતતિ ઉત્પન્ન થાય એવું ધ્યાન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. ૪૪

આ શ્લોકમાં મુનિરાજનો લાંબો સમય ક્ષણ સમાન પસાર થયો એમ કહે છે—

तस्मिन् विमान उत्कृष्टां शय्यां रतिकरीं श्रिता ॥
न चाबुध्यत तं कालं पत्याऽपीच्येन संगता ॥४५॥

અન્વયાર્થ—**तस्मिन् विमाने**-તે વિમાનમાં, **रतिकरीम्**-સુખ આપનારી, **उत्-कृष्टाम्**-શ્રેષ્ઠ પ્રકારની, **शय्याम्**-શય્યાનું, **श्रिता**-અવલંબન કરતાં, **अपीच्येन**-મનોહર, **पत्या**-પતિદેવ સાથે, **संगता**-રહેલાં દેવી, **तं कालम्**-તે વિપુલ સમયને, **न अबुध्यत**-જાણ્યો નહીં ૪૫

અનુવાદ—તે વિમાનમાં સુખકર સર્વશ્રેષ્ઠ શય્યામાં બિરાજતી પોતાના મનોહર સ્વામી સાથે વસતાં રાજકુમારીએ વીતી ગયેલા વિપુલ સમયને જાણ્યો નહિ. ૪૫

તત્ત્વસુધા—तस्मिन् विमाने-શ્રી વ્યાસજી तस्मिन् સર્વનામથી સંકેત કરે છે કે આ વિમાન અત્યંત પ્રકાશમાન હતું. પરિણામે સૂર્યોદય સૂર્યાસ્તથી થનારા રાત્રિદિવસનું ત્યાં કોઈ અનુસંધાન રહેતું જ નહીં. તદુપરાંત अपीच्येन पत्या સ્વામી અતિશય મનોહર અને રસિક હતા. સાથોસાથ शय्यां रतिकरीं સુખ આપે અને નિદ્રા આપે એવી શય્યા હતી. આ સર્વના કારણે વીતી ગયેલા લાંબા સમયની ખબર જ ન પડી. ૪૫

આ શ્લોકથી પસાર થયેલો દીર્ઘ સમય સો વર્ષનો હતો એવું સ્પષ્ટ કરે છે :—

एवं योगानुभावेन दम्पत्योः रममाणयोः ॥
शतं व्यतीयुः शरदः कामलालसयोर्मनाक् ॥४६॥

અન્વયાર્થ—**एवम्**-આમ, **योग-अनुभावेन**-યોગના બળથી, **रममाणयोः**-રમણ કરતાં, **दम्पत्योः**-દમ્પતીનો, **शतं शरदः**-સો વર્ષનો સમય, **व्यतीयुः**-વીતી ગયો પરંતુ, **कामलालसयोः**-કામની લાલસાવાળાંને, **मनाक्**-તદ્દન અલ્પ લાગ્યો. ૪૬

અનુવાદ—આમ યોગના બળથી રમણ કરતાં દમ્પતીનો સો વર્ષનો સમય વીતી ગયો પરંતુ કામની લાલસાવાળાંને તદ્દન નજીવો લાગ્યો. ૪૬

તત્ત્વસુધા—एवं योगानुभावेन-દેવહૂતિ અને કર્દમ ઋષિનું રમણ યોગના પ્રભાવવાળું હતું. સમય એ રીતે પસાર થઈ રહ્યો હતો. भोगे रोगभयम् ભોગોમાં રોગનો ભય છે એવી ભૂમિકા યોગીઓ માટે નથી, તેઓમાં શક્તિ અને સંયમ ઉભય હોય છે. સો શરદઋતુ વીતી ગઈ. શરદ સુખદ ઋતુ છે તેમજ તંદુરસ્તીપૂર્વક પસાર કરી હોય તો જ શરદ વીતી કહેવાય. આટલો દીર્ઘ કાલ પણ અલ્પ જ લાગ્યો. ૪૬

આ શ્લોકથી નવ પ્રકારે વીર્યનું આધાન કર્યું એમ સ્પષ્ટ કરશી—

तस्यामाधत्त रेतस्तां भावयन्नात्मनाऽत्मवित् ॥
नोधा विधाय रूपं स्वं सर्वसंकल्पविद् विभुः ॥४७॥

અન્વયાર્થ—**सर्व-संकल्पवित्**-પ્રત્યેકના સંકલ્પોના જાણનાર, **आत्मवित्**-આત્મવેત્તા, **विभुः**-સમર્થ મુનિરાજ કર્દમે, **स्वम्**-પોતાના, **रूपम्**-સ્વરૂપને, **नोधा**-નવ પ્રકારનું, **विधाय**-કરીને, **आत्मना**-પોતે જ, **ताम् भावयन्**=તેમનું ચિંતન કરતા, **तस्याम्**-તે દેવહૂતિમાં, **रेतः**-વીર્યને, **आधत्त**-ધારણ કર્યું. ૪૭

અનુવાદ—સર્વના સંકલ્પોને જાણનારા, આત્મજ્ઞાની સમર્થ મુનિરાજ કર્દમે પોતાના સ્વરૂપને નવ પ્રકારે વિચારીને શ્રી દેવહૂતિજીનું અર્ધાંગના સ્વરૂપે મનથી ચિંતન કરતાં દેવીજીમાં વીર્યનું આધાન કર્યું. ૪૭

તત્ત્વસુધા—આ શ્લોકમાં કર્દમ મુનિનાં ત્રણ સામર્થ્ય વર્ણવ્યાં છે. सर्वसंकल्पवित् નો અર્થ થાય છે કે બ્રહ્માજીના નવ ઋષિઓ છે નવ પુત્રો છે. મરીચિ, અત્રિ પુલસ્ત્ય, પુલહ વગેરે તેઓની સંજ્ઞા છે. તેમની ઇચ્છા યોગ્ય સ્વભાવની પત્નીઓને મેળવવાની છે. આ બાબત મુનિરાજ જાણે છે માટે સર્વસંકલ્પના જાણકાર' તરીકે વર્ણવ્યા.

બીજો ધર્મ आत्मवित् આત્મજ્ઞાની છે એમ કહે છે. આત્મવિત્ ન હોય-સર્વજ્ઞ ન હોય તો અન્યના દોરાયેલા દોરાવું પડે. મુનિરાજે તેમ નથી કર્યું.

ત્રીજો ધર્મ विभुः સામર્થ્યવાન છે એમ પણ કહ્યું. કારણ કે સર્વસંકલ્પોને જાણે, આત્મવેત્તા પણ હોય છતાં જો યોગશક્તિના સામર્થ્યવાળા ન હોય તો નવ સ્વરૂપો કેમ સ્વીકારી શકે ?

तां भावयन्-મુનિવર્ય વીર્યાધાન સમયે અર્ધાંગના દેવહૂતિજીનું ધ્યાન કરતા હતા તેથી કન્યા સંતતિ થઈ. પ્રત્યેક ગૃહસ્થાશ્રમીએ જે ધર્મયુક્ત સંતાનની ઉત્પત્તિ કરવી હોય તેવું ધ્યાન કરવું જોઈએ. ગૃહસ્થાશ્રમને એટલા માટે "યોગ" કહેલો છે. મુનિએ નવ કન્યાને જન્મ આપવાનું વિચારી એક સાથે નવ પ્રકારના બીજનું આધાન કર્યું છે. ૪૭

આ શ્લોકમાં અવિલંબે દેવહૂતિજીએ પ્રસવ આપ્યો એ કથા કહે છે—

अतः सा सुषुवे सद्यो देवहूतिः स्त्रियः प्रजाः ॥
सर्वास्ता चारुसर्वाङ्ग्यो लोहितोत्पलगन्धयः ॥४८॥

અન્વયાર્થ—**अतः**-ત્યારબાદ, **सा**-તે પ્રસિદ્ધ, **देवहूतिः**-દેવહૂતિજીએ, **सद्यः**-અવિલંબે, **स्त्रियः प्रजाः**-કન્યા સંતતિને, **सुषुवे**-જન્મ આપ્યો, **ताः**-તે, **सर्वाः**-સર્વ કન્યાઓ, **चारु-सर्व-अङ्ग्यः**-સર્વાંગે સુડોળ તેમજ, **लोहित-उत्पल-गन्धयः**-લાલ કમળના જેવી સુવાસવાળી હતી. ૪૮

અનુવાદ—ત્યાર પછી તે પ્રસિદ્ધ દેવહૂતિજીએ અવિલંબે કન્યા સંતતિને જન્મ આપ્યો. તે સર્વ કન્યાઓ સર્વાંગે સુડોળ હતી તેમજ લાલ કમળના જેવી સુવાસવાળી હતી. ૪૮

તત્ત્વસુધા—अतः सा-આ સ્થાને अतः અવ્યય ઇરાદાપૂર્વક મૂક્યું છે. ઉપરના શ્લોકમાં મુનિરાજને સમર્થ અને સર્વસંકલ્પજ્ઞ કહ્યા તેથી તેમના વીર્યમાં તેવું સામર્થ્ય આવ્યુ કે લૌકિક સંતાનોની માફક નવ માસ સુધી તે નવ કન્યાઓના દેહના બંધારણની આવશ્યકતા ન રહી. सा દેવહૂતિજી પણ તેવા સામર્થ્યને ધરાવે છે, તેથી તેમાં હરકત ન આવી.

सर्वास्ताः—જો દમ્પતી સ્નેહાળ અને રસાળ હોય તેમજ સુડોળ હોય તો જ સંતતિ શ્રેષ્ઠ અંગવાળી જન્મ પામે. કેવલ સૌન્દર્યથી સુંદર સંતતિ કદાચ જન્મે પરંતુ સદ્‌ગુણસમ્પન્ન અને સુડોળ તો ન જ સંભવે. આ કન્યાઓ ચારુ સર્વાંગી સુડોળ અંગવાળી, લોહિતોત્પલ કમલ જેવી કુલીન, गन्धयः-સ્નેહસમ્પન્ન એવા ત્રણ ગુણોવાળી જન્મી. ૪૮

આ બે શ્લોકોમાં દેવહૂતિજીની વિજ્ઞપ્તિ દર્શાવે છે—

पतिं सा प्रव्रजिष्यन्तं तदालक्ष्योशती सती ॥
स्मयमाना विक्लवेन हृदयेन विदूयता ॥४९॥
लिखन्त्यधोमुखी भूमिं पदा नखमणिश्रिया ॥
उवाच ललितां वाचं निरुध्याश्रुकलां शनैः ॥५०॥

અન્વયાર્થ—तदा—નવ કન્યાનો જન્મ થતાં, **पतिम्**—પોતાના સ્વામીને **प्रव्रजिष्यन्तम्**—સંન્યાસ દીક્ષા લેનાર, **आलक्ष्य**—જાણીને, **उशतीः**—અત્યંત મનોહર, **सती**—સતી દેવહૂતિ, **विक्लवेन**—વ્યાકુલ અને **विदूयता**—કમ્પાયમાન, **हृदयेन**—હૃદયથી પીડાતાં છતાં, **स्मयमाना**—સ્મિતહાસ્ય કરી, **नख मणि-श्रिया**—નખરૂપ મણિની કાન્તિવાળા, **पदा**—ચરણથી-અંગૂઠાથી, **भूमिम्**—પૃથ્વીને, **लिखन्ती**—ખોતરતાં, **अधोमुखी**—મસ્તક નીચું રાખી, **अश्रुकलाम्**—અશ્રુબિંદુઓને, **निरुध्य**—અટકાવી રાખી, **शनैः**—ધીમે ધીમે, **ललिताम्**—લલિત, **वाचम्**-વાણીને-વાક્યોને, **उवाच**—બોલવા લાગ્યાં. ૪૯, ૫૦

અનુવાદ—નવ કન્યાઓનો જન્મ થતાં જ પૂર્વપ્રતિજ્ઞા પ્રમાણે પતિદેવ સંન્યાસ દીક્ષા લઈ રહેલ છે એમ જાણતાં જ સર્વાંગસુંદરી સતી દેવહૂતિ, કમ્પાયમાન અને વ્યાકુળ હૃદયવાળાં થઈ ગયાં હતાં. મુખ મલકાતું રાખી નખમણિની કાન્તિથી શોભતા ચરણના અંગૂઠાથી ધરણીને ખોતરતાં, નીચે નિહાળતાં, નેત્રમાંથી વહી જતાં અશ્રુઓને અટકાવી લલિત વાક્યાવલીથી વિનવવા લાગ્યાં. ૪૯, ૫૦

તત્ત્વસુધા—पतिं सा प्रव्रजिष्यन्तम्—મુનિવર્યે સંન્યાસ દીક્ષા લઈ રહેલ છું એવું કાંઈ દેવહૂતિને નિવેદન નથી કર્યું. આવશ્યકતા પણ ન હતી. લગ્ન પૂર્વનો દૃઢ સંકલ્પ હતો. દેવહૂતિને પ્રથમથી જ સંમત હતો. તેથી સંન્યાસ દીક્ષાની તૈયારી કરતા મુનિ નજરે પડયા. જો વિષયાસક્ત હોત તો કદી વિરક્તવૃત્તિ થાત જ નહીં.

उशती सती-દેવહૂતિ તો "સતી" હતાં. સ્વામીના સ્વભાવને અનુકૂલ સ્ત્રીને સતી કહેવાય. પરંતુ પતિની વિદાય વ્યથા કરનારી હતી. તેમનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનો આશય ભગવાનની માતા થવાનો હતો. તેથી હૃદયથી વ્યાકુલ થતાં છાતી કમ્પવા લાગી. "મનોરથ અધૂરા રહે ત્યારે મનને જ પીડા થાયને."

स्मयमाना—આવી પીડાને સહેવા છતાં દેવી "સ્મિતમુખી" બન્યાં તો પણ કાબૂ ચાલ્યો ગયો, લાજ મુખ ઉપર ફરી વળી. કુલવતી સ્ત્રી અને કુલીન રાજકુમારી સ્ત્રી પ્રકૃતિવશ, ધરણી ખોતરવા લાગ્યાં. भूमिम्-लिखन्तीम्—જાણે ભૂમિ ખોતરી જીવન ભૂમિમાં ગયું-ધૂળધાણી થયું એમ જણાવતાં હતાં. अधोमुखी ઉત્તમ પુત્ર આપ્યા વિના જઈશ તો શી રીતે મસ્તક ઊંચું રાખીશ એમ સમજી નીચે નિહાળવા લાગ્યાં. છતાં ધૈર્યનું અવલંબન કર્યું, અશ્રુપરંપરાને અટકાવી રાખી અને ललिताम् वाचम् લાલિત્ય રસભરી વાક્યરચનાવલીથી વિનમ્ર ભાવે વિનંતિ કરવા લાગ્યાં.

"જો જીવનમાં વિજય અને સ્નેહ ચાહવો હોય તો પ્રસન્નમુખે અને કોમલ પદરચનાએ કોઈ પણ વ્યક્તિ નિવેદન કરે તો પથ્થર પીગળા જાય તો પુરુષ તો પ્રેમમૂર્તિ છે પછી શાને તે ન ઓગળી જાય. ૪૯, ૫૦

આ શ્લોકથી સાત પ્રકારનું નિવેદન કરવા સતી સાત શ્લોકો બોલશે—

सर्वं तद् भगवान् मह्यमुपोवाह प्रतिश्रुतम् ॥
अथापि मे प्रपन्नाया अभयं दातुमर्हति ॥५१॥

અન્વયાર્થ—भगवान्-આપ ભગવાન તો, **मह्यम्**=મને, **प्रतिश्रुतम्**-જે પ્રમાણે વચન આપી ચૂકયા હતા, **तत् सर्वम्**-તે સર્વ વસ્તુને, **उप-उवाह**-પાળી ચૂકયા છો, **अथ-अपि**-આમ છતાં, **प्रपन्नायाः**-શરણાગત, **मे**-મને, **अभयं दातुम्**-અભય પ્રદાન કરવા, **अर्हति**-યોગ્ય છો. ૫૧

અનુવાદ—આપ ભગવાન તો મને જે પ્રમાણે વચન આપી ચૂકયા હતા તેમજ સર્વ રીતે વર્ત્યા છો, આમ છતાં શરણાગત મને અભયદાન કરશો. ૫૧

તત્ત્વસુધા—પ્રથમ નિવેદન અભય દાનનું છે. પરલોકપ્રાપ્તિને જ-પ્રભુપદપ્રાપ્તિને જ "અભય પ્રદાન કહેલ છે. શ્રી દેવહૂતિજી તેથી જ "दातुमर्हति" અભય પ્રદાન કરવા યોગ્ય છો એવું નિવદન કરે છે. તદુપરાંત મુનિરાજના સૌજન્ય અને પોતાના મનોરથની પૂર્તિને સ્વીકારે છે.

मह्यमुपोवाह प्रतिश्रुतम्-આપે તો વચન પાળ્યું છે તેમજ મેં માગેલ રમણસુખ પણ સમ્પૂર્ણ આપેલ છે, તો પણ હું શરણાગત છું. સકામ નથી તેવો વિશ્વાસ આપું છું. મને અભય પરલોક પ્રાપ્ત થાય તેટલી કૃપા કરી પરમહંસ દીક્ષા જરૂર સ્વીકારો. ૫૧

પુત્રીના વિવાહ માટે વિજ્ઞપ્તિ કરવા આ શ્લોક આરંભે છે—

ब्रह्मन् दुहितृभिस्तुभ्यं विमृग्याः पत्नयः समाः ॥
कश्चित् स्यान्मे विशोकाय त्वयि प्रव्रजिते वनम् ॥५२॥

અન્વયાર્થ—ब्रह्मन्-હે જ્ઞાની પુરુષ! **तुभ्यं**-આપની, **दुहितृभिः**-દીકરીઓને, **समाः**=સમાન યોગ્ય, **पतयः**-વર, **विमृग्याः**-આપે શોધવાના છે. વળી, **त्वयि**-આપશ્રી **वनम्**-વન તરફ, **प्रव्रजिते**-પ્રયાણ કરો ત્યારે, **मे**-મારા, **विशोकाय**-શોકનિવારણ માટે પણ, **कश्चित्**-કોઈ, **स्यात्**-જોઈશે. ૫૨

અનુવાદ—હે જ્ઞાની! આપની દીકરીઓ જેવા આપે સમાન સુયોગ્ય વર પણ શોધવા પડશે તેમજ આપશ્રી વનમાં સીધાવશો ત્યારે મારા શોક નિવારણ માટે પણ કોઈ જોઈશે. ૫૨

તત્ત્વસુધા—ब्रह्मन् માતા અને પિતાના હૃદયમાં ખૂબ જ અંતર હોય છે. માની નજર નીચે નિત્ય વિચરતી કન્યાને નિહાળી સદાય વરની ચિંતામાં તે રહે છે. જ્યારે પિતાને તેનો જરા ઓછો ખ્યાલ રહે છે એમ લોકસિદ્ધ રીતિથી દેવહૂતિજી પણ પતિને નિવેદન કરે છે કે **ब्रह्मन्** આપ બ્રહ્મનિષ્ઠ છો તેથી નિશ્ચિંત છો તો પણ હું તો સ્ત્રી છું તેથી કન્યાને અનુરૂપ વર મળે એની પણ કાળજી કરવાની રહી. તેમ જ **विशोकाय** મારા આશ્રય માટે પણ મારે કોઈ જોઈએ. પતિ વનમાં સીધાવે ત્યારે પુત્ર વિના અન્ય કોણ આશ્રયનું અવલંબન હોય! માટે પુત્રીનાં લગ્ન કરો તેમજ એક સુપુત્રના દાન કરવાની કૃપા કરો. આટલું વિનવી આગળ નિવેદન કરે છે. ૫૨

દેવી દેવહૂતિ પોતાના વૈરાગ્યને સ્પષ્ટ કરે છે—

एतावतालं कालेन व्यतिक्रान्तेन मे प्रभो ॥
इन्द्रियार्थप्रसङ्गेन परित्यक्तपरात्मनः ॥५३॥

અન્વયાર્થ—**प्रभो**-હે પ્રભુ ! **प्रसङ्गेन**= ઇંદ્રિયોના વિષયોના લાંબા કાળના સંગથી, **परि-त्यक्त-परात्मनः** -પરમાત્માનો ત્યાગ કરીને રહેલ એવા, **मे**-મારા, **व्यतिक्रान्तेन-एतावता-कालेन**-વીતેલા આટલા સમયથી, **अलम्**-ઘણું થયું. ૫૩

અનુવાદ—હે પ્રભુ ! ઇંદ્રિયોના વિષયસુખના લાંબા સંગથી પરમાત્માનો ત્યાગ કરીને રહેલા એવા મારા વીતેલા સમયથી ઘણું થયું. ૫૩

તત્ત્વસુધા—"एतावत्तालम्"–આ વાક્ય ઘણું જ પ્રેરક અને સૂચક છે. કર્દમ મુનિ કે દેવહૂતિજી માટે તો પ્રશ્ન જ નથી. તેઓ તો પૂર્ણભક્ત છે. તો પણ "ઇંદ્રિયરસ યોગી કે સિદ્ધને પણ ભાન ભુલાવે છે તો સર્વ સામાન્યને તો જીતવો કઠિન છે, એવું સમજાવે છે. માટે મનુષ્ય માત્રે વિવેકવૃત્તિથી વિષયમુક્ત થવા પ્રયત્ન કેળવવો. ઉપરાંત સંતોષથી મનને મનાવવું. દેવહૂતિજીએ કહ્યું કે ભગવન્ ! મારો આજ સુધીનો સમય ગયો તે ઓછો નથી વીત્યો. હવે વિષયલાલસામાં ક્ષણ પણ નથી ગાળવી. ૫૩

આ શ્લોકથી દેવહૂતિજી અભયની આશા પ્રગટ કરે છે—

इन्द्रियार्थेषु सज्जन्त्या प्रसङ्गस्त्वयि मे कृतः ॥
अजानन्त्यां परं भावं तथाप्यस्त्वभयाय मे ॥५४॥

અન્વયાર્થ—**इन्द्रिय-अर्थेषु**-ઇન્દ્રિયના વિષયોમાં, **सज्जन्त्या**-આસક્તિ રાખતા, **मे**-મેં, **त्वयि**-આપની સાથે, **प्रसङ्गः**-પ્રસંગ, **परं भावम्**-આપના શ્રેષ્ઠ સામર્થ્યને, **अजानन्त्या**-ન સમજતાં, **कृतः**-સાધ્યો છે, **तथापि**-તો પણ, **मे**=મને, **अभयाय**-અભય આપનારો, **अस्तु**-થાવ. ૫૪

અનુવાદ—ઇન્દ્રિયના વિષયોમાં આસક્તિ ધરાવતાં આપની સાથેનો પ્રસંગ આપના ઉત્તમ સામર્થ્યને જાણ્યા વિના કીધો છે તો પણ મને અભય આપનારો થાવ. ૫૪

તત્ત્વસુધા—"इन्द्रियार्थेषु सज्जन्त्या"–દેવહૂતિજીએ સ્પષ્ટ રૂપે એકરાર કર્યો કે જો આપનું સામર્થ્ય હું સમજી શકી હોત તો મારો સમય આપની સાથે સત્સંગમાં જ પસાર કર્યો હોત. પતિવ્રતા સ્ત્રીના ધર્મથી આપની સેવા આદરી છે. સેવાની પાછળ સુખલાલસાની જરા પણ વૃત્તિ ન હતી. સ્વાભાવિક રીતે જ સેવા આચરી છે. કેવલ આપના યથાર્થ માહાત્મ્યનું અનુસંધાન રહ્યું હોત તો અવશ્ય સત્સંગ પણ કરત. આમ છતાં અજાણતાં પણ લોખંડને પારસમણિનો પ્રસંગ થયો છે તેથી તે કુન્દન બનેલ છે. હવે પારસે પારસ બનાવવાનું રહ્યું છે જે આપના હાથમાં છે. સ્વામિન્ ! આપનો સંગ મારે માટે અભય દેનારો નીવડો. ૫૪

આ શ્લોકમાં સંગનું પરિણામ વર્ણવે છે—

सङ्गो यः संसृतेर्हेतुरसत्सु विहितोऽधिया ॥
स एव साधुषु कृतो निःसङ्गत्वाय कल्पते ॥५५॥

અન્વયાર્થ—**अधिया**-અણસમજથી, **असत्सु**-અસજ્જનોમાં, **यः**-જે, **सङ्गः**-સંગ કર્યો તે **संसृतेः** -સંસારનો, **हेतुः**-હેતુ છે. **साधुषु**-સજ્જનોમાં, **कृतः**-કરેલો, **स एव**-તે જ સંગ, **निः-सङ्गत्वाय**-નિઃસંગપણાને માટે, **कल्पते**-બને છે. ૫૫

અનુવાદ—અજ્ઞાનથી દુષ્ટો સાથે સંગ કર્યો તે સંસાર કરાવવામાં નિમિત્ત થયો છે. પરંતુ જો સજ્જનોમાં કરવામાં આવેલ હોય તો તે જ સંગ સંસાર દૂર કરનારો બને છે. ૫૫

તત્ત્વસુધા—"સંગ એક મહત્ત્વની વસ્તુ છે" વ્યક્તિ કે વસ્તુનો સંગ કેવું પરિણામ આપશે તે વ્યક્તિત્વ ઉપર અવલંબે છે. માટે સંગ વિચારપૂર્વક કરવો એવું સમજાવતાં કહે છે કે—

सङ्गः यः संसृतेः हेतुः–જે સંગ અવિદ્યા અજ્ઞાન કે અજાણપણે દુર્જનો સાથે થયેલ હોય તે અનિષ્ટ કરાવશે જ. દુઃસંગ પતન કરશે જ. વિષયી અને વિલાસીજનોનો સંગ કરતી વખતે તો આસક્તિના કારણે જ થાય છે. આસક્તિ અજ્ઞાનમૂલક જ હોય છે તેથી મનુષ્ય અજ્ઞાનવશ આનંદની જ લાલસાથી કુસંગ આચરે છે, પરંતુ તેનું પરિણામ વિનાશ જ હોય છે.

स एव–તેનો તે જ સંગ અજ્ઞાનથી પણ સાધુજન સાથે જો થઈ જાય તો તે જ સંગ સુખમય અને કલ્યાણમય નીવડશે. કારણ કે સંગથી ક્રિયા થાય છે. ક્રિયા જ અનિષ્ટ કે ઇષ્ટ ફલ આપનારી નીવડે છે. માટે જ્ઞાનપૂર્વક કે શાસ્ત્રના સૂચન પ્રમાણે જ સંગ કરવો અથવા નિઃસંગ રહેવું એ હિતકર છે. ૫૫

માનવ જીવતો મરેલો કોણ મનાય તેનો વિવેક આ શ્લોકમાં ઘણો સારો કરેલ છે–

नेह यत् कर्म धर्माय न विरागाय कल्पते ॥
न तीर्थपदसेवायै जीवन्नपि मृतो हि सः ।।५६।।

અન્વયાર્થ—**यत् कर्म**–જેમનું કર્મ, **इह**–આ લોકમાં, **धर्माय न**–ધર્મ માટે નથી, **विरागाय न**–વૈરાગ્ય માટે નથી, **तीर्थ–पद–सेवायै**–તીર્થપાદ પુરુષોની સેવા માટે, **न**–નથી, **हि**=સાચે જ, **सः**–તે, **जीवन्–अपि**–જીવતો છતાં પણ, **मृतः**–મરણ જ પામેલ છે. ૫૬

અનુવાદ—જે વ્યક્તિનું કર્મ આ લોકમાં ધર્મ માટે નથી, વૈરાગ્ય માટે નથી, તીર્થપાદ પુરુષોની સેવા માટે નથી, ખરેખર તે જીવતાં છતાં પણ મરણ જ પામેલ છે. ૫૬

તત્ત્વસુધા—વ્યક્તિ શ્વાસ લઈને જીવે છે તે તેનું તત્ત્વની દૃષ્ટિએ જીવન નથી પરંતુ "સત્વશીલ" જીવે છે તે જ જીવન છે. વ્યક્તિનું સત્વશીલ જીવન તેનાં ત્રણ પ્રકારના કર્મથી નિશ્ચિત બને છે. તે ત્રણ પ્રકારનાં કર્મ એટલે धर्माय, विरागाय, तीर्थपदसेवाय–ધર્મ માટે, વૈરાગ્ય માટે અને સેવા માટે થતાં કર્મ એ જ સત્વશીલ કર્મો છે.

धर्माय–ધર્મ એટલે પ્રાણીમાત્રને ધારણ કરવા માટે જીવવું, પોતાના કર્મથી કોઈનું પણ હિત–કલ્યાણ સધાય એ જ કર્મને ધર્મ મનાય. પોતાનું પણ હિત સધાય તે જ કર્મને ધર્મ માનાય.

विरागाय—વિષયસુખમાંથી ઉપરાગવૃત્તિ કરાવનાર કર્મ હોવું જોઈએ. ત્યાગ, દાન, ભજન, સત્સંગ આદિ કોઈપણ કર્મ વૈરાગ્ય ઉત્પન્ન ન કરે કે હરિચરણાનુરાગ ઉત્પન્ન ન કરે તો તે શ્રમ થયો ગણાશે.

तीर्थपदसेवायै—જો વૈરાગ્યરત થવું હોય કે ધર્મમય જીવવું હોય તો તીર્થપાદ પુરુષોની સેવા શ્રી નારદજીની માફક કે શબરીજીની સમાન કરવી, જે વૈરાગ્ય અને ધર્મને સાધનાર કર્મ કરાવશે. દેશ, ધર્મ, ગાય, સ્વામી કે પ્રિયજન માટે કરાવેલ કર્મને જ ઉત્તમ કર્મ માન્યું છે. ૫૬

શ્રી દેવહૂતિ વ્યથા વ્યક્ત કરે છે—

साहं भगवतो नूनं वञ्चिता मायया दृढम् ॥
यत् त्वां विमुक्तिदं प्राप्य न मुमुक्षेय बन्धनात् ।।५७।।

અન્વયાર્થ—**सा**-તે, **अहम्**-હું, **भगवतः**-ભગવાનની, **मायया**-માયાથી, **दृढम्**-અતિશય, **नूनम्**-ખરેખર, **वञ्चिता**-ઠગાયેલ છું. **यत्**-કારણ કે, **विमुक्तिदम्**-મુક્તિનું દાન કરનારા, **त्वाम्**-આપને, **प्राप्य**-પામીને, **बन्धनात्**-બંધનમાંથી, **न मुमुक्षेय**-મુક્ત ન થઈ. ૫૭

અનુવાદ—હુ સાચેસાચ આપ સમર્થની માયાથી અત્યંત વંચિત થયેલ છું; કારણકે મુક્તિપદ આપને પામીને પણ હું બંધનમાંથી મુક્ત ન થઈ. ૫૭

તત્ત્વસુધા—"साऽहम्" સા શબ્દથી દેવહૂતિ પોતાની યોગ્યતા દર્શાવે છે. સા એટલે વિવેકશીલ પિતા મનુની વિવેકમયી હું પુત્રી હતી. લગ્નના પૂર્વ કાલમાં આપની વિવેકબુદ્ધિથી જ સ્વીકૃતિ તરફ ઢળેલી. ત્યાગ અને ભગવદનુરાગ મળે તેવા પુરુષ સાથે જ વરવું એ મારી વૃત્તિ હતી. આપનાથી એ શક્ય છે એમ મારી સમજ હતી, આમ છતાં-

वञ्चिता-આપની અલૌકિક માયાથી હું ભાન ભૂલી. મુક્તિ આપવાનું સામર્થ્ય આજે પણ અબાધિત છે. માત્ર મેં મુક્તિ તરફ અનુરાગ ન કર્યો. સાચે જ હું જ મારા લગ્ન પૂર્વકાલના આદર્શ અથવા આશયને વીસરી ગઈ તેથી જ મુક્તિપ્રદ આપના સંગથી પણ મેં મુક્તિ ન મેળવી. શ્રદ્ધા સેવું છું કે મારો આદર્શ આપનાથી જ સિદ્ધ થશે. ૫૭

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૨૩મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૪ મો

શ્લોક સંખ્યા ૪૭

૪૭ શ્લોકોમાં ૨૪મા અધ્યાયનું નિરૂપણ કરે છે. તેવીસમા અધ્યાયમાં શ્રી કર્દમ મહર્ષિનો યોગમહિમા અને શ્રીદેવહૂતિ દેવીની વિરક્તિના વર્ણન કર્યાં, ત્યાર બાદ ૨૪ મા અધ્યાયમાં મોક્ષનું નિરૂપણ કરવું છે.

કર્દમ ઋષિના ત્યાગની ગાથા અને મોક્ષાર્થીપણું આ બન્ને વસ્તુ પણ આ અધ્યાયમાં વર્ણવાશે. શ્રી કપિલ ભગવાન છે એવો નિર્ણય પણ આ જ અધ્યાયમાં થશે. દેવહૂતિ દેવીને સન્મતિનું ધન ઉપદેશ દ્વારા આ અધ્યાયમાં કરાશે.

मैत्रेय उवाच – निर्वेदवादिनीमेवं मनोर्दुहितरं मुनिः ॥
दयालुः शालिनीमाह शुक्लाभिव्याहृतं स्मरन् ॥१॥

અન્વયાર્થ—**एवम्**-એ રીતે, **निर्वेद-वादिनीम्**-વૈરાગ્યની ચર્ચા કરતાં, **शालिनीम्**-વિવેકવતી, **मनोः**-શ્રી મનુરાજાની, **दुहितरम्**-પુત્રીને, **शुक्ल-अभि-व्याहृतम्**-શુક્લનારાયણનાં વચનનું, **स्मरन्**-સ્મરણ કરતા, **दयालुः**-દયાળુ, **मुनिः**-મુનિરાજ કર્દમ, **आह**-કહેવા લાગ્યા. ૧

અનુવાદ—આ પ્રમાણે વૈરાગ્યની મીમાંસા કરતી વિવેકવતી શ્રી મનુરાજપુત્રીને શ્રી શુક્લનારાયણનાં વચનનું સ્મરણ કરતા દયાળુ મુનિરાજ કર્દમ કહેવા લાગ્યા. ૧

તત્ત્વસુધા—निर्वेदवादिनीम्-જ્યારે દેવહૂતિજીના ચિત્તમાં વૈરાગ્ય જાગ્યો ત્યારે વિવેકશીલ વાણીમાં તેનું નિરૂપણ કર્યું. મુનિવર્ય કર્દમજીએ તે વૈરાગ્યનું સમર્થન કર્યું. આ निर्वेद શબ્દ ખેદ અર્થમાં નથી પરંતુ વૈરાગ્ય અર્થમાં છે. ખેદ ક્ષણભર હોય છે અથવા કેવલ મનોદાહ ફલ આપનારો હોય છે. વૈરાગ્યનો આનંદ ફલપ્રદ બને છે

मनोः दुहितरम्-મનુરાજાની કુમારી, એવો પરિચય આ સ્થાને આવશ્યક નથી. છતાં આપ્યો છે એનું કારણ કે વિવાહના પૂર્વકાલમાં જ પ્રતિજ્ઞાપૂર્વક જ લગ્ન કરેલ છે કે આપણું ગાર્હસ્થ્યજીવન સંતાન પર્યન્ત રહેશે, ત્યારબાદ ઊર્ધ્વરેતસ બનીશું.

दयालुः मुनिः-સ્ત્રીમાં વૈરાગ્ય ન આવ્યો હોય ને પુરુષમાં વૈરાગ્ય આવ્યો હોય તો કઠોર બની પુરુષથી ગૃહત્યાગ કરી ચાલ્યા ન જવાય એવું અનુસંધાન કરાવવા મુનિને 'દયાલુ' કહ્યા છે. વળી મુનિ શબ્દથી ત્રિકાલદર્શી બતાવ્યા છે. શ્રી કર્દમમુનિએ, શ્રી શુક્લનારાયણ ભગવાનનું सदाहं स्वांशकलया "હું મારી અંશકલાઓ સાથે આવીશ અને માતાજીને જ્ઞાનનું વિતરણ કરીશ" એ વચન યાદ કરાવ્યું જેથી દેવીને ઉરવેદના ન થાય. ૧

ऋषिरुवाच – मा खिदो राजपुत्रीत्थमात्मानं प्रत्यनिन्दिते ॥
भगवांस्तेऽक्षरोगर्भमदूरात् संमपत्स्यते ॥२॥

અન્વયાર્થ—**ऋषिः उवाच**-ઋષિવર્ય બોલ્યા કે, **अनिन्दिते**-હે નિર્દોષ, **राजपुत्रि**-રાજકુમારી, **आत्मानं प्रति**-પોતાને માટે, **इत्थम्**-આ પ્રકારે, **मा खिदः**-ક્લેશ ન કરશો. **अदूरात्**-થોડા જ સમયમાં, **अक्षरः भगवान्**-અક્ષર ભગવાન, **ते गर्भम्**-આપને ત્યાં-આપના ગર્ભમાં, **सं-प्र-पत्स्यते**-ઘણી સારી રીતે પધારશે. ૨

અનુવાદ—ઋષિવર્યે કહ્યું કે નિર્દોષ રાજકુમારી! પોતાને માટે આવો ક્લેશ ન કરશો. થોડા સમયમાં અક્ષર ભગવાન આપને ત્યાં આપના ગર્ભમાં ઘણી સારી રીતે પધારશે. ૨

તત્ત્વસુધા—ઋષિરુવાચ-દેવહૂતિનાં વચનોથી સ્નેહવશ બનેલા સ્વામીએ સમાધાન કરવું શરૂ કર્યું. **અનિન્દિતે**-અનિન્દિતે એવું રાજકુમારીને સંબોધન કર્યું. 'પતિસેવા ન કરે, સદાચાર ચૂકે' આજ્ઞાલોપ આચરે'-આવાં અનુચિત વર્તન કરે તે નિન્દિત છે. દેવી આપે એવું કાંઈ નથી કર્યું. શા માટે પોતાની જાતને તુચ્છ ગણો છો, આવા આશયથી આ સંબોધન કર્યું છે.

રાજપુત્રિ—રાજપુત્રી સંબોધનથી સંકેત કર્યો કે ઉભય કુલને ઋણમુક્ત કરનારાં તમે મનુની પુત્રી છો. તમારા વર્તનથી ઉભયકુલનો ઉત્કર્ષ સાધ્યો છે. પુત્ર પિતાને ઋણમુક્ત કરે છે તેમ પુત્રી છતાં પુત્રનો જ ધર્મ આચર્યો છે. માટે મા ખિદઃ કાંઈ અનુચિત નથી થયું તો ખેદ ન કરશો.

અચિરાત્—હું વનમાં ન જાઉં તે પહેલાં જ અક્ષર વીર્યના ક્ષરણથી ન જન્મ લેનારા પરંતુ "જ્ઞાનરૂપ" અક્ષર અન્તર્યામી ભગવાન તમારે ત્યાં પુત્રસ્વરૂપ સ્વીકારી પધારશે તે જ તમને જ્ઞાન આપશે. ૨

ભગવત્સેવામાં પાંચ સાધનોનો ઉપયોગ કરવો એમ સમજાવે છે—

धृतव्रताऽसि भद्रं ते दमेन नियमेन च ॥
तपोद्रविणदानैश्च श्रद्धया चेश्वरं भज ॥३॥

અન્વયાર્થ—धृतव्रता-असि-આપે વ્રત ધારણ કર્યું છે, **ते भद्रम्**-આપનું કલ્યાણ થાવ, **दमेन च**-સંયમથી અને **नियमेम**-નિયમથી, **तपः-द्रविण-दानैः च**-તપથી, દ્રવ્યથી અને દાનોથી, **श्रद्धया**-શ્રદ્ધાથી, **ईश्वरम्**-ભગવાનને, **भज**-સેવો. ૩

અનુવાદ—આપે વ્રત ધારણ કર્યું છે. આપનું કલ્યાણ થાવ. સંયમથી અને નિયમથી, તપ, દ્રવ્ય અને દાનોથી શ્રદ્ધાપૂર્વક ભગવાનની સેવા કરો. ૩

તત્ત્વસુધા—ધૃતવ્રતાઽસિ-હે દેવી તમે વ્રત તો ધારણ કર્યું જ છે. "પાતિવ્રત્ય" વ્રત દિવ્યવ્રત છે. ભગવાનને પ્રસન્ન કરનારું તે વ્રત છે. એકાદશી, જન્માષ્ટમી વગેરે વ્રતો પણ ભગવાનની આરાધના માટે થાય છે તે પણ તમે કરેલાં જ છે. તે ભદ્રમ્ આ વ્રતોથી તમારું કલ્યાણ થવાનું જ છે. હવે જ્યારે હું વનમાં જાઉં ત્યારે પાંચ વ્રતો તમે શ્રદ્ધાપૂર્વક ભગવાન માટે કરજો એમ કહી પાંચ વ્રત બતાવે છે—

दमेन—ઇન્દ્રિયોનો સંયમ રાખજો. नियमेन-વૈષ્ણવો જે ધર્મથી ભગવાનની સેવા કરતા હોય તે ધર્મોને નિયમ તરીકે સ્વીકારજો. નિયમનો અર્થ તીર્થસ્નાન, મંગલસ્નાન, સેવાના અંગે સ્નાન વગેરે પણ થાય. જો નિયમનો અર્થ સ્નાનાદિ ધર્મો લઇએ તો ચ અવ્યયથી વૈષ્ણવોના સેવામાર્ગના નિયમો સમજવા.

तपः-द्रविण-दानैः—આ ત્રણ શબ્દોથી ત્રણ વસ્તુ દર્શાવી. કાયાની શુદ્ધિ માટે "કૃચ્છ્રચાન્દ્રાયણાદિ તપનું સેવન કરજો. द्रविण શબ્દથી સુવર્ણ વગેરે દ્રવ્યોથી ભગવાનની શૃંગારસેવા કરજો, વળી द्रविण શબ્દથી ભગવાનને પ્રસન્ન કરનારા યજ્ઞો કરવા." दानैः દાનો દશ પ્રકારનાં દર્શાવ્યાં છે. આ સર્વ પ્રકારનાં દાનો પણ કરવાં. આ સર્વ શ્રદ્ધાપૂર્વક જ આચરવું. ૩

स त्वयाऽऽराधितः शुक्लो वितन्वन् मामकं यशः ॥
छेत्ता ते हृदयग्रन्थिमौदर्यो ब्रह्मभावनः ॥४॥

અન્વયાર્થ—त्वया-આપે, **आराधितः**-સેવેલા, **औदर्यः**-ઉદરમાં રહેલા, **ब्रह्म-भावनः**-બ્રહ્મનો અનુભવ કરાવનારા, **सः शुक्ल**-તે શુક્લનારાયણ, **मामकं यशः**-મારા યશનો, **वितन्वन्**-વિસ્તાર કરતા, **ते**-તમારી, **हृदयग्रन्थिम्**-હૃદયની ગાંઠને, **छेत्ता**-છેદશે. ૪

અનુવાદ—તમે સેવેલા અને હૃદયમાં ધારણ કરેલા, બ્રહ્મભાવને અપાવનારા, તે શુક્લનારાયણ ભગવાન, મારા યશનો વિસ્તાર કરતા તમારી હૃદયની ગાંઠોને છેદશે. ૪

તત્ત્વસુધા—स त्वयाऽऽराधितः-મુનિવર વધુ સ્પષ્ટ આશ્વાસન આપે છે. स त्वयाऽऽराधितः વાક્યથી વિશેષતા એ દર્શાવી કે મેં યુગો પર્યન્ત પ્રભુની આરાધના કરી છે પરંતુ દેવી તમે પણ આરાધના કરશો તો સુવર્ણમાં સુગંધ ભળશે, દૂધમાં સાકર મળશે.

मामकं यशः-સત્પુત્રો પિતાનો શુદ્ધ યશ છે. જો કપિલ ભગવાન મારા પુત્ર થશે અને જ્ઞાનથી વિશ્વનું કલ્યાણ કરશે તો મારી કીર્તિ વધુ સમુજ્જ્વલ થશે.

ब्रह्मभावनः-પરંતુ દેવી તે તમારા औदर्य એટલે પુત્ર છે એમ સ્થૂલ નજરે ન જોશો. તે અજન્મા છે. કેવલ તમારા ઉદરમાં આવ્યા છે એનું તમને ભાન કરાવ્યું છે. ખરી રીતે સ્વયં જ્ઞાનમય છે તેથી "બ્રહ્મભાવ"નું પ્રદાન કરી શકશે. માટે સંશય ન કરશો. તમારી ચિત્તવાસનાઓને તે જરૂર છેદશે. ૪

પતિદેવના આદેશનું યથાર્થ પાલન કર્યું એ વાત આ શ્લોકમાં વર્ણવી છે—

मैत्रेय उवाच – देवहूत्यापि संदेशं गौरवेण प्रजापतेः ॥
सम्यक् श्रद्धा पुरुषं कूटस्थमभजद् गुरुम् ॥५॥

અન્વયાર્થ—**देवहूतिः-अपि**-દેવહૂતિ પણ, **गौरवेण**-આદરથી, **प्रजापतेः**-પ્રજાપતિના, **संदेशम्**-સંદેશાને, **सम्यक्**-સારી રીતે, **श्रद्धाय**-શ્રદ્ધાની નજરે નિહાળી, **कूटस्थम्**-કૂટસ્થ, **पुरुषम्**-પુરુષનું, **गुरुम्**-ગુરુ તરીકે, **अभजत्**-સેવન કર્યું.

અનુવાદ—દેવહૂતિજીએ પણ આદરપૂર્વક પ્રજાપતિના સંદેશાને સારી રીતે શ્રદ્ધાપૂર્વક ધારણ કરી કૂટસ્થ પુરુષનું ગુરુ તરીકે સેવન કર્યું. ૫

તત્ત્વસુધા—देवहूति-अपि-મુનિવર્યે જે માર્ગદર્શન આપ્યું તે માર્ગદર્શનને માન આપીને દેવહૂતિએ ભગવાનની સેવા કરી મુનિના વચનમાં અપૂર્વ શ્રદ્ધા રાખી ભગવાનને કૂટસ્થ-નિર્વિકાર પુરુષ તરીકે જ જોયા. ભગવાનને પુત્ર તરીકે ન વિચારતાં ગુરુની દૃષ્ટિથી જ આરાધ્યા. ૫

ઉપરના શ્લોકોમાં ચરિત્રનો સંક્ષેપ કહ્યો છે ત્યાર બાદ સવિસ્તાર પ્રસંગ ગાય છે—

तस्यां बहुतिथे काले भगवान् मधुसूदनः ॥
कार्दमं वीर्यमापन्नो जज्ञेऽग्निरिव दारुणि ॥६॥

અન્વયાર્થ—**बहुतिथे**-અનેક તિથિઓવાળો, **काले**-કાલ વીત્યો ત્યારે, **दारुणि**-કાષ્ઠમાં, **अग्निः**-અગ્નિની, **इव**-માફક, **कार्दमं वीर्यम्**-કર્દમ ઋષિના વીર્યમાં, **आपन्नः**-પધારેલા, **भगवान्**-ભગવાન, **मधुसूदनः**-મધુસૂદન, **जज्ञे**-પ્રકટ થયા. ૬

અનુવાદ—અનેક તિથિઓવાળો સમય પસાર થયો ત્યારે કાષ્ઠમાં અગ્નિ પ્રકટ થાય તે પ્રકારે કર્દમ ઋષિના વીર્યમાં પધારેલા ભગવાન મધુસૂદન પ્રકટ થયા. ૬

તત્ત્વસુધા—तस्यां बहुतिथे काले-ભગવાન ઘણા સમય પર્યન્ત દેવહૂતિજીમાં બિરાજ્યા. આ ભગવાન મધુસૂદન છે. યોગમાયાસમાવૃતને છે તે શ્રી મધુસૂદન છે જે મધુસૂદન તેજ સ્વરૂપ છે. તેઓ कार्दमं वीर्यमापन्नः-પ્રથમ કર્દમ ઋષિના વીર્યમાં પ્રવેશ્યા. વીર્ય શબ્દનો અર્થ ભક્તિ પણ થાય છે. પછીથી દેવહૂતિમાં પ્રકટ થયા.

આ પ્રકારે પુત્ર તરીકે અને ગુરુ તરીકે પધારી મર્યાદાનું પાલન કરનારા ભગવાન અજન્મા છે. પ્રાકૃત ઉત્પત્તિ ભગવાનની નથી. કાષ્ઠમાં અગ્નિ પ્રકટ થાય છે તે જેમ તેજસ્વરૂપ છે અને સ્વયંભૂ છે તેવા જ કપિલ ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રકટ થયા છે. ૬

अवादयंस्तदा व्योम्नि वादित्राणि घनाघनाः ॥
गायन्ति तं स्म गन्धर्वा नृत्यन्त्यप्सरसो मुदा ॥७॥

અન્વયાર્થ—**तदा**-તે સમયે, **व्योम्नि**-આકાશમાં, **घनाघनाः**-ઘનાઘન મેઘોએ, **वादित्राणि**-વાજિંત્રો, **अवादयन्**-બજાવ્યાં, **गन्धर्वाः**-ગંધર્વો, **तं**-તે કપિલભગવાનનું, **गायन्ति स्म**-આનંદથી ગાન કરવા લાગ્યા, **अप्सरसः**-અપ્સરાઓ, **मुदा**-આનંદથી, **नृत्यन्ति**-નૃત્ય કરવા લાગી. ૭

અનુવાદ—તે સમયે આકાશમાં ઘનાઘન મેઘોએ વાજિંત્રો વગાડયાં. ગન્ધર્વો કપિલભગવાનનું ગાન કરવા લાગ્યા, અપ્સરાઓ આનંદથી નૃત્ય કરવા લાગી. ૭

તત્ત્વસુધા—वादित्राणि घनाघनाः खेचरैः-આકાશમાં મેઘો જ વાજિંત્ર રૂપે વાગવા લાગ્યા. આ વાજિંત્રો દેવો જેમ દુન્દુભિ વગાડે તેવાં નથી, પરંતુ મેઘરૂપ જ વાજિંત્રો હતાં. ગન્ધર્વો સ્વયં ગાન કરવા લાગ્યા અને અપ્સરાઓએ પણ સ્વયં નૃત્ય કર્યું. અન્ય પ્રેરિત નૃત્યગાન ન હતાં કિંતુ આનંદવશ સ્વયં ગાન-નૃત્ય કરવા લાગ્યાં. ૭

पेतुः सुमनसो दिव्याः खेचरैरपवर्जिताः ॥
प्रसेदुश्च दिशः सर्वा अम्भांसि च मनांसि च ॥८॥

અન્વયાર્થ—**खेचरैः**-દેવોએ, **अपवर्जिताः**-વરસાવેલા, **दिव्याः**-અલૌકિક, **सुमनसः**-કુસુમોની, **पेतुः**-વૃષ્ટિ થવા લાગી, **च सर्वाः**-અને સર્વ, **दिशः**-દિશાઓ, **प्रसेदुः**-પ્રસન્ન થઈ, **अम्भांसि**-જલાશયો, **च**-અને **मनांसि**-મન, **च**-અને પ્રાણી માત્ર પ્રસન્ન થયાં. ૮

અનુવાદ—દેવોએ વરસાવેલાં દિવ્ય કુસુમોની વૃષ્ટિ થવા લાગી. દિશાઓ પ્રસન્ન થઈ. જલાશયો તેમજ મન અને પ્રાણી માત્ર પ્રસન્ન થયાં. ૮

તત્ત્વસુધા—खेचरैः-દેવો દર્શન કરવા આકાશમાં પધારેલા હતા. તેઓએ પુષ્પોની વૃષ્ટિ કરી. પુષ્પો દિવ્ય એટલે ન કરમાય તેવાં તેમજ અત્યંત અલૌકિક હતાં. સર્વ દિશાઓ સરોવરોમાં સલિલો અને સર્વનાં મન પણ પ્રસન્ન થયાં. ૮

तत् कर्दमाश्रमपदं सरस्वत्या परिश्रितम् ॥
स्वयंभूः साकमृषिभिर्मरीच्यादिभिरभ्ययात् ॥९॥

भगवन्तं परं ब्रह्म सत्वेनांशेन शत्रुहन् ॥
तत्त्वसंख्यानविज्ञप्त्यै जातं विद्वानजः स्वराट् ॥१०॥

सभाजयन् विशुद्धेन चेतसा तच्चिकीर्षितम् ॥
प्रहृष्यमाणैरसुभिः कर्दमं चेदमभ्यधात् ॥११॥

અન્વયાર્થ—**सरस्वत्या**-સરસ્વતીથી, **परिश्रितम्**-ઘેરાયેલા, **तत्**-તે પ્રસિદ્ધ, **कर्दम-आश्रम-पदम्**-કર્દમ ઋષિના આશ્રમ સ્થાનમાં, **मरीचि-आदिभिः**-મરીચિ વગેરે, **ऋषिभिः**-ઋષિઓની, **साकम्**-સાથે, **स्वयंभूः**-બ્રહ્માજી, **अभ्ययात्**-પધાર્યા, **शत्रुहन्**-હે શત્રુદમન કરનાર વિદુરજી? **परं ब्रह्म**-પરબ્રહ્મ, **अजः**-અજન્મા

ભગવાન, **तत्त्व-संख्यान-विज्ञप्त्यै**-સાંખ્ય શાસ્ત્રને જણાવવા, **सत्त्वेन**-પોતાના સત્વના, **अंशेन**-અંશથી, **भगवन्तम्**-ભગવાનને, **जातम्**-પ્રકટ થયેલા છે એમ, **स्वराट्**-સ્વરાટ્ બ્રહ્મા, **विद्वान्**-જાણતા હતા, **च अजः**-બ્રહ્માજી **तत्**-**चिकीर्षितम्**-તે કર્દમ મહર્ષિના મનોરથનું. **विशुद्धेन**-વિશુદ્ધ, **चेतसा**-ચિત્તથી, **सभाजयन्**-સન્માન કરતા-અનુમોદન આપતા, **प्रहृष्यमाणैः**-પ્રસન્નતાપૂર્ણ, **असुभिः**-ઇન્દ્રિયોથી, **कर्दमं च**-કર્દમ મુનિને અને દેવહૂતિજીને, **इदम्**-**अभ्यधात्** આ પ્રમાણે કહેવા લાગ્યા. ૯-૧૧

અનુવાદ—શ્રી સરસ્વતી સરિતાથી ઘેરાયેલા તે પ્રસિદ્ધ અને પવિત્ર કર્દમ ઋષિના આશ્રમ-પ્રદેશમાં મરીચિ વગેરે મુનિવર્યો સાથે સ્વયંભૂ-બ્રહ્માજી પધાર્યા અને હે શત્રુમર્દન વિદુરજી સ્વયં અજન્મા, પરબ્રહ્મ ભગવાન તત્ત્વજ્ઞાન એવા સાંખ્યશાસ્ત્રને સમજાવવા માટે પોતાના સત્વપૂર્ણ અંશથી પ્રકટ થયેલા એમ જાણીને બ્રહ્માજી તે કર્દમ મહર્ષિના મનોરથનો નિર્મલ મનથી આદર કરતા પ્રસન્નતાપૂર્ણ ઇન્દ્રિયોથી કર્દમ મુનિને તેમજ દેવહૂતિદેવીને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૯-૧૧

તત્ત્વસુધા—એક સાથે ત્રણ શ્લોકોમાં બ્રહ્માજીની મુનિ કર્દમના આશ્રમમાં પધરામણીની ગાથાનું ગાન ગાય છે—

स्वयंभूः अभ्ययात्-પ્રથમ શ્લોકમાં કહ્યું કે સ્વયંભૂ બ્રહ્માજી આવ્યા. બ્રહ્માજીને અલૌકિક જ્ઞાન છે. માટે સ્વયંભૂ કહેવાય છે. કર્દમ મુનિ પરિવ્રાટ્ થવા વાંછે છે એનો બ્રહ્માજીને ખ્યાલ છે તેથી કર્દમ મુનિના નિમંત્રણ કે સંકલ્પની આવશ્યકતા નથી પડી.

सरस्वत्या परिश्रितम्-વિના નિમંત્રણે કેમ બ્રહ્માજીથી અવાય એવી પણ શંકા ન કરવી કારણ કે પોતાના જ સ્વરૂપ કર્દમ મુનિનો આશ્રમ છે તેમજ બ્રહ્મનદી સરસ્વતીજી છે. આમ બન્ને રીતે પોતાનાં જ સ્થાનો છે માટે નિઃસંકોચ રીતે બ્રહ્માજી પધાર્યા છે. સાથે સનકાદિ કુમારો અને મરીચ્યાદિ ઋષિઓને લાવ્યા છે.

"भगवन्तं जातम्"-વળી સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક શ્રી શુક્લનારાયણ ભગવાન, પોતાના સત્વ સ્વરૂપનો સ્વીકાર કરી જ્ઞાનકલાથી પધાર્યા છે. પધારનાર ભગવાન સ્વયં અજન્મા છે તેથી એમનો આ જન્મ નથી આવિર્ભાવ છે. બ્રહ્માજી પણ स्वराट् સ્વયંપ્રકાશ હોવાથી આ વાત જાણે છે.

encouragement

"सभाजयन् चिकीर्षितम्"-શિષ્ય અને સંતાનોનાં સત્કાર્યોની કદર કરવી અને યશ ગાવો જેથી તેઓના ઉમંગને અને ઉત્સાહને પોષણ મળે અને ઉત્કર્ષ પંથમાં આગળ વધે. આમ સમજીને બ્રહ્માજીએ કર્દમ મુનિના વૈરાગ્ય મનોરથને સન્માન્યો. મનોરથનો આનંદ અનુભવતા બ્રહ્માજી "प्रहृष्यमाणैः"-ઇન્દ્રિયોમાં હર્ષ અનુભવતા હતા. નેત્રમાં અશ્રુ હતાં, કંઠ ગદ્‌ગદ હતો, શરીરે રોમાંચ હતાં, વાણીમાં કરુણા હતી, ચિત્તમાં પ્રસાદ હતો. કારણ કે પોતાની પ્રજા સંયમી અને ઊર્ધ્વરેતસ્ બની પ્રભુના માર્ગ તરફ વળે છે. ૯-૧૧

આ શ્લોકથી પાંચ શ્લોક પર્યન્ત બ્રહ્માજી પોતાના આનંદને પ્રકટ કરે છે—

ब्रह्मोवाच—त्वया मेऽपचितिस्तात कल्पिता निर्व्यलीकतः ॥
यन्मे संजगृहे वाक्यं भवान् मानद मानयन् ॥१२॥

અન્વયાર્થ—**ब्रह्मा उवाच**-બ્રહ્માજી બોલ્યા ! **तात**-હે પુત્ર, **त्वया**-તેં, **निर्व्यलीकतः**-સર્વથા કપટ રહિત હૃદયથી, **मे**-મારી, **अपचितिः**-સેવા, **कल्पिता**-આચરી છે, **यत्**-કારણ કે, **मानद**-માન આપનાર હે મુનિ, **भवान्**-તે-આપે, **मे वाक्यम्**-મારા વાક્યનો, **मानयन्**-આદર કરીને, **संजगृहे**-સ્વીકાર કરેલો છે. ૧૨

અનુવાદ—બ્રહ્માજી બોલ્યા, હે પુત્ર તેં સર્વથા નિષ્કપટ હૃદયથી મારી સેવા આચરી છે. કારણ કે માન આપનારા હે મુનિ, તમે મારા વચનનો આદર કરી પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો છે. ૧૨

તત્ત્વસુધા—त्वया मेऽपचितिस्तात-બ્રહ્માજીએ તાત સંબોધનથી જ બોલવાનું આરંભ્યું. પિતાના વંશને ઇચ્છીને સિદ્ધાન્તને અને કાર્યને વિસ્તારે તે જ સંતાનને "તાત" કહેવાય કર્દમ મુનિને સંસારમાં અનુરાગ ન હતો. તેઓ તો આ જીવન ઊર્ધ્વરેતસ સનત્કુમારો જેવા જ રહેવા ચાહતા હતા. પરંતુ બ્રહ્માજીએ તેમને ગૃહસ્થાશ્રમ માટે આદેશ આપ્યો ત્યારે નિષ્કપટ હૃદયથી તેનો સ્વીકાર કર્યો.—

સાંસાર
[illegible]

કર્દમના આ સ્વીકારમાં પાંચ સદ્ગુણો હતા, પાંચ પ્રકારનું સૌજન્ય હતું. પ્રથમ તો ૧ આદેશનો સ્વીકાર કર્યો, ૨ નિષ્કામ છતાં ગૃહસ્થાશ્રમી બન્યા, ૩ બ્રહ્માજીને દોષ ન દીધો, ૪ બ્રહ્માજીએ જાણે પોતાના ઉપર ઉપકાર કર્યો એમ માન્યું અને ૫ બ્રહ્માજી ઉપર ભાર ન ચઢાવ્યો આવી પાંચ પ્રકારની શુભ નિષ્ઠા કેવલ સહૃદય જનોમાં જ સંભવે. ૧૨

પુત્રે પિતાની આજ્ઞા કેવી રીતે સ્વીકારવી તેનો આ શ્લોકમાં સંકેત છે—

एतावत्येव शुश्रूषा कार्या पितरि पुत्रकैः ॥
बाढमित्यनुमन्येत गौरवेण गुरोर्वचः ॥१३॥

અન્વયાર્થ—**पुत्रैः**-પુત્રોએ, **पितरि**-પિતાને ઉદ્દેશીને, **एतावती**-આટલી, **एव**-અવશ્ય, **शुश्रूषा**-સેવા, **कार्या**-આચરવી જોઈએ, **गुरोः वचः**-વડીલોના વચનને, **बाढम्-इति**-ઘણું સારું-જેવી આજ્ઞા એમ કહીને, **गौरवेण**-આદરપૂર્વક, **अनुमन्येत**-સ્વીકારવાં જોઈએ. ૧૩

અનુવાદ—પુત્રોએ પિતાની આટલી અવશ્ય સેવા કરવી જોઈએ. વડીલોનાં વચનને ઘણું જ સારું, "જેવી આજ્ઞા" એમ બોલીને આદરપૂર્વક સ્વીકારવાં જોઈએ. ૧૩

તત્ત્વસુધા—एतावती एव-પિતા અને ગુરુજનો આજ્ઞાપાલનથી પ્રસન્ન થાય છે. ભગવાન સેવાથી અને ભૂતદયાથી પ્રસન્ન થાય છે. पुत्रैः-બહુવચનનો પ્રયોગ કરી બ્રહ્માજી સૂચવે છે કે જો પિતાના કાર્યને એક પુત્રથી પૂર્ણ ન કરી શકાય તો બધા જ પુત્રોએ મળીને પણ કરવું જોઈએ.

गुरोः વચઃ-વળી પિતાને ગુરુ તરીકે ગણાવ્યા છે. ઉપવીત સંસ્કાર સમયે ગાયત્રીમંત્રની દીક્ષા પિતાજી આપે છે માટે પિતા ગુરુ પણ છે. નીતિનો વ્યવહાર બ્રહ્માજી સમજાવે છે કે बाढम् પુત્રે કહેવું કે પિતાજી "આપની જેવી આજ્ઞા' જેવી ઇચ્છા" હું પ્રેમથી પાળીશ. પિતાની ઇચ્છા એ વેદઆજ્ઞા છે. અને માતાની ઇચ્છા ભગવદ્-વચન છે એવું જે પુત્ર સમજે તે ત્રણ લોક જીતે ૧૩

બ્રહ્માજી કર્દમ મહર્ષિને વચનથી વિશ્વાસ આપે છે.—

इमा दुहितरः सभ्य तव वत्स सुमध्यमाः ॥
सर्गमेतं प्रभावैः स्वै-र्बृंहयिष्यन्त्यनेकधा ॥१४॥

અન્વયાર્થ—**सभ्य**-હે સજ્જન પુરુષ, **वत्स**-હે વત્સ ! **तव-सुमध्यमाः**-તમારી મનોહર કટિવાળી, **इमाः**-આ, **दुहितरः**-કન્યાઓ, **स्वैः**-પોતાના, **प्रभावैः**-પોતાના પ્રભાવોથી, **एतम्**-આ, **सर्गम्**-સૃષ્ટિને, **अनेकधा**-અનેક રીતે, **बृंहयिष्यन्ति**-વધારશે. ૧૪

અનુવાદ—હે સજ્જન પુરુષ, હે વત્સ ! તમારી આ સુંદર કટિવાળી કન્યાઓ પોતાના પ્રભાવોથી આ સૃષ્ટિને વિવિધ પ્રકારે વધારશે. ૧૪

તત્ત્વસુધા—સભ્ય-અને વત્સ-બે સંબોધનો એક શ્લોકમાં સાથે જ કર્યાં. "સદાચારસમ્પન્ન"ને સભ્ય માનેલ છે. આજ્ઞાંકિત પુત્રને "વત્સ" સંબોધન થાય છે. વત્સ સંબોધનથી વાત્સલ્ય તેમજ આદર દર્શાવ્યાં.

સુમધ્યમાઃ-કન્યાઓના સૌન્દર્યનું નિરૂપણ કરવા માટે "સુમધ્યમા" વિશેષણ આપેલ છે. આવી કન્યાઓ ગુણશીલસમ્પન્ન હોય છે. તેઓને ઉત્તમ પતિ તેમજ ઉત્તમ સંતતિ મળે છે. પતિદેવો તેમના ગુણથી સદા આદરવાળા રહે છે. તેમજ આવાં દમ્પતી શીલસમ્પન્ન સંતતિને જન્મ આપે છે. ૧૪

अतस्त्वमृषिमुख्येभ्यो यथाशीलं यथारुचि ॥
आत्मजाः परिदेह्यद्य विस्तृणीहि यशो भुवि ॥१५॥

અન્વયાર્થ—**अतः**-માટે, **त्वम्**-આપ, **ऋषि-मुख्येभ्यः**-મુખ્ય ઋષિઓને, **यथा-शीलम्**-સ્વભાવ પ્રમાણે, તેમજ, **यथा-रुचि**-ઇચ્છાનુસાર, **अद्य**-આજે, **आत्मजाः**-કન્યાઓને, **परिदेहि**-પરણાવો, **भुवि**-પૃથ્વીમાં, **यशः**-યશને, **विस्तृणीहि**-પસરાવો. ૧૫

અનુવાદ—માટે કર્દમઋષિ આપ, મુખ્ય ઋષિઓને સ્વભાવ પ્રમાણે અને ઇચ્છા પ્રમાણે હાલ આ દીકરીઓને પરણાવો અને પૃથ્વીમાં યશને પસરાવો. ૧૫

તત્ત્વસુધા—अतस्त्वम्-કૃપાનિધિ ભગવાન મહર્ષિ કર્દમને માર્ગદર્શન આપે છે કે આપની કન્યાઓનો ઉદ્વાહ કરો. કન્યા આપતાં કુલ, શીલ, વિદ્યા જોવાં જોઈએ તથા ઋષિમુખ્ય શબ્દ વાપર્યો. આ નવેનવ સર્વશ્રેષ્ઠ ઋષિઓ છે. પ્રત્યેક મુનિનાં શીલ અને ઇચ્છાને અનુસરીને કન્યાને પરણાવજો. જે ઋષિનું શીલ-સ્વભાવ જે કન્યાને અનુકૂળ લાગે તે કન્યાને તે જ ઋષિ સાથે પરણાવો. ઋષિની પણ રુચિનો વિચાર કરજો.

अद्य—હાલ શુભ મુહૂર્ત છે એટલે વિલંબ ન કરશો. यशो विस्तृणीहि ઉત્તમ કક્ષાના કન્યાદાનથી, ઉત્તમ વરપ્રાપ્તિથી, ભાવિમાં ભગવદ્દવતારોનાં સંતાનોથી આપનો ચિરંજીવ યશ બનો. ૧૫

પૂર્વ શ્લોકમાં ભવિષ્યવાણી કહી આ શ્લોકમાં કપિલમુનિ ભગવાન છે એમ વર્ણવશે—

वेदाहमाद्यं पुरुषमवतीर्णं स्वमायया ॥
भूतानां शेवधिं देहं बिभ्राणं कपिलं मुनिम् ॥१६॥

અન્વયાર્થ—**अहम्**-હું, **स्व-मायया**-પોતાની માયાથી, **भूतानाम्**-પ્રાણીઓના, **शेवधिम्**-નિધિરૂપ, **देहम्**-શ્રીવિગ્રહને, **बिभ्राणम्**-ધારણ કરતા, **आद्यम्**-આદ્ય, **पुरुषम्**-પુરુષને, **अवतीर्णम्**-અવતરેલા, **कपिल-मुनिम्**-કપિલ મુનિને, **वेद**-જાણું છું. ૧૬

અનુવાદ—હું પોતાની માયાથી પ્રાણીઓના નિધિસ્વરૂપ શ્રીવિગ્રહને ધારણ કરી અવતરેલા આદ્ય પુરુષ કપિલ મુનિને જાણુ છું. ૧૬

તત્ત્વસુધા—वेदाहमाद्यम्-પુનઃ ભગવાન આ શ્લોકથી સ્પષ્ટતા કરતા મુનિ કર્દમને કહી રહ્યા છે કે મારી એક "સર્વભવનસમર્થ" શક્તિ માયા છે. એના દ્વારા સર્વ કાર્ય કરું છું. આ માયાથી પ્રાણીઓના નિધિરૂપ આ દેહને ધારણ કરેલો છે. આ દેહ કપિલ નામથી પ્રસિદ્ધ થશે. કપિલ ભગવાન જ્ઞાનનિધિ હશે તેમજ મુનિ-મનનશીલ પણ હશે. ૧૬

ज्ञान-विज्ञान-योगेन कर्मणामुद्धरन् जटाः ॥
हिरण्यकेशः पद्माक्षः पद्ममुद्रापदाम्बुजः ॥१७॥

અન્વયાર્થ—हिरण्य-केशः-સુવર્ણવર્ણા કેશવાળા, **पद्म-अक्षः**-કમલતુલ્ય નેત્રવાળા, **पद्म-मुद्रा-पद्-अम्बुजः**-કમલાંકિત ચરણકમલવાળા, **ज्ञान-विज्ञान-योगेन**-જ્ઞાન, વિજ્ઞાન અને યોગથી, **कर्मणाम्**-કર્મોની, **जटाः**-ગૂંચોને, **उद्धरन्**-ઉખેડશે. ૧૭

અનુવાદ—સોનેરી કેશવાળા કમલરેખાંકિત ચરણકમલવાળા, કમલતુલ્ય નેત્રવાળા ભગવાન કપિલ જ્ઞાન, વિજ્ઞાન અને યોગથી કર્મની જડોને ઉખેડશે. ૧૭

તત્ત્વસુધા—ज्ञान-विज्ञान-योगेन-ભગવાન કપિલમુનિનો યશ ગાય છે: ભગવાન સૂચવે છે કપિલ મહર્ષિ **कर्मणाम्** આધિભૌતિકાદિ ત્રણ પ્રકારના કર્મની જડોને નિર્મૂલ કરશે. " ज्ञान " સાંખ્યશાસ્ત્રથી ભૌતિક કર્મોનો નાશ કરશે. विज्ञान સાધનના અનુષ્ઠાન સાથેના અનુભવથી આધ્યાત્મિક કર્મની જડોને ઉખેડશે. योगेम અષ્ટાંગયોગથી આધિદૈવિક કર્મોનો ઉચ્છેદ કરશે.

આ શ્લોકમાં " હિરણ્યકેશ, કમલનેત્ર, કમલાંકિતચરણ " એવાં ત્રણ વિશેષણો ભગવાનને આપ્યાં છે. પ્રથમ વિશેષણમાં સાંખ્યની પ્રાપ્તિ કરાવનારા " સુવર્ણ કેશ " ભગવાનને સૂચવ્યા છે, " કમલનયન " પદથી અનુભવયુક્ત જ્ઞાનનો સંકેત કર્યો છે. જ્યારે કમલાંકિત ચરણ યોગશાસ્ત્રનું સૂચન કરે છે. ૧૭

આ શ્લોકમાં દેવહૂતિ દેવીને માન આપે છે—

एष मानवि ते गर्भे प्रविष्टः कैटभार्दनः ॥
अविद्यासंशयग्रन्थिं छित्वा गां विचरिष्यति ॥१८॥

અન્વયાર્થ—मानवि-હે મનુરાજકુમારી ! તે આપના, **गर्भम्**-બુદ્ધિગર્ભમાં, **प्रविष्टः**-પ્રવેશેલા, **एषः**-આ, **कैटभ-अर्दनः**-કૈટભારિ ભગવાન, **अविद्या-संशय-ग्रन्थिम्**-અવિદ્યાથી થયેલ સંશયની ગાંઠને, **छित्वा**-છેદીને, **गाम्**-પૃથ્વીમાં, **विचरिष्यति**-વિચરશે. ૧૮

અનુવાદ—હે મનુરાજકુમારી, આપના બુદ્ધિગર્ભમાં વિરાજેલા આ કૈટભારિ કપિલ ભગવાન અવિદ્યાથી થયેલ સંશયોની ગાંઠને છેદીને ભૂતલ ઉપર વિચરશે. ૧૮

તત્ત્વસુધા—मानवि-સ્ત્રીલિંગે સંબોધન છે. પુલ્લિંગમાં " માનવ " શબ્દ વપરાય. ભગવાનનું " માનવિ ! " સંબોધનથી દેવહૂતિજીને અભિનંદન છે. ભગવાન મનુકુમારીની કૂખમાં પધારે છે. મનુરાજાનો ઉજ્જવલ યશ છે.

कैटभार्दनः—ભગવાનને " કૈટભારિ " પદથી ઓળખાવ્યા છે. મધુ અને કૈટભ એ બે દૈત્યો છે. વિષ્ણુ ભગવાનના કર્ણના મેલમાંથી જન્મ્યા છે. મધુ ભગવન્માર્ગની ક્રિયાઓને રોકે છે. કૈટભ ભગવદ્‌વિષયક જ્ઞાનનો અવરોધક કરે છે. ક્રિયાના પ્રતિબંધકોનો નાશ કરનારા મધુસૂદન છે. જ્ઞાનનાં વિઘ્નોને હરનારા કૈટભારિ છે. શાસ્ત્રોનાં શ્રવણ કરી લીધા પછી પણ હૃદયમાં સંશયો તો રહે છે જ, ભગવાન તે સંશયોને દૂર કરે છે. ૧૮

अयं सिद्धगणाधीशः सांख्याचार्यैरभिष्टुतः ॥
लोके कपिल इत्याख्यां गन्ता ते कीर्तिवर्धनः ॥१९॥

અન્વયાર્થ—अयम्-આ, **सिद्ध-गण-अधीशः**-સિદ્ધોના સમૂહના સ્વામી, **सांख्य-आचार्यैः**-સાંખ્યાચાર્યોથી, **अभिष्टुतः**-સ્તુતિ કરાતા, **लोके**-કપિલ, **इति आख्याम्**-એ નામને, **गन्ताः**-મેળવશે, તેમજ **ते**-આપની, **कीर्तिवर्धनः**-કીર્તિને વધારનારા થશે. ૧૯

અનુવાદ—હે દેવહૂતિ ! આ સિદ્ધગણોના અધિપતિની સાંખ્યાચાર્યો સ્તુતિ કરશે. લોકમાં કપિલ નામથી ઓળખાશે તેમજ તમારા યશની વૃદ્ધિ કરશે. ૧૯

તત્ત્વસુધા—"सिद्धगणाधीशः" કપિલ ભગવાનને સિદ્ધગણોના સ્વામી કહ્યા. યોગના અનુષ્ઠાનથી ઐશ્વર્ય પામે તે "સિદ્ધો" ગણાય. ભગવાન તો સ્વયંસિદ્ધ છે. જ્યારે સિદ્ધો સિદ્ધિના ઉપભોગ તરફ ઢળશે ત્યારે આ ભગવાન તેઓના નિયામક થશે. સાંખ્યાચાર્યો ભગવાન કપિલની સ્તુતિ કરશે. કપિલ તરીકે તો પ્રસિદ્ધ છે જ પરંતુ દેવહૂતિના પુત્ર તરીકે લોકો જાણતાં દેવહૂતિનાં પણ યશ ગાશે. ૧૯

માર્ગદર્શન આપી બ્રહ્માજીએ વિદાય લીધી—

मैत्रेय उवाच – तावाश्वास्य जगत्स्रष्टा कुमारैः सहनारदः ॥
हंसो हंसेन यानेन त्रिधाम परमं ययौ ॥२०॥

અન્વયાર્થ—**मैत्रेय उवाच**—મહર્ષિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી! **तौ-आश्वास्य**-દેવહૂતિ તેમજ કર્દમ ઋષિને આશ્વાસન આપી. **जगत्-स्रष्टा**-જગતની રચના કરનારા, **हंसः**-બ્રહ્માજી, **कुमारैः**-ચાર સનત્કુમારો અને, **सह-नारदः**-નારદજી સાથે, **हंसेन यानेन**-હંસ વિમાનથી, **परमं त्रि-धाम**-શ્રેષ્ઠ એવા સત્યલોકમાં, **ययौ**-પધાર્યા. ૨૦

અનુવાદ—મહર્ષિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી! દેવહૂતિજી તેમજ કર્દમઋષિને આમ આશ્વાસન આપી, જગતની રચના કરનારા, શ્રી બ્રહ્માજી, ચાર કુમારો અને નારદજી સાથે હંસ વિમાનથી, શ્રેષ્ઠ એવા સત્યલોકમાં પધાર્યા. ૨૦

તત્ત્વસુધા—तावाश्वास्य–જવાબદાર પુરુષોમાં અભિમાન અને આલસ્ય નથી હોતાં. બ્રહ્માજી जगत्स्रष्टा–વિશ્વ-વિધાતા છે. સમાજ જ્ઞાન–ત્યાગ–ભક્તિ–પ્રધાન જન્મે તો સમાજનું હિત–આનંદ સચવાય. કર્દમ ઋષિના ઘરથી સૃષ્ટિનો પ્રારંભ થાય છે. કપિલ ભગવાન ત્યાં પ્રકટે છે. જો ભગવાન સત્વવૃત્તિનો પ્રસાર કરે તો સત્વ-વિશિષ્ટ સૃષ્ટિ થાય એ આશયથી બ્રહ્માજી સનત્કુમારો સાથે પધાર્યા. કાર્ય કર્યું અને પાછા ત્રિધામ–સત્ય-લોકમાં સિધાવ્યા. નવપુત્રો બ્રહ્માજીના ગૃહસ્થ થવાના હતા. સનત્કુમારો અને નારદજી ઊર્ધ્વરેતસ રહેવાના હતા. લગ્ન પ્રસંગે એમની ઉપસ્થિતિ આવશ્યક ન હતી તેથી તેમને સાથે લઈને વિદાય થયા.

હંસ શબ્દથી બ્રહ્માજીની વિવેકવૃત્તિ સૂચવી. દૂધ અને જલને અલગ કરવાની આવડત હંસમાં છે. બ્રહ્માજી અપાર વિવેકી છે. મરીચિ વગેરે ગૃહસ્થ થશે તેથી તેમને સાથે સનત્કુમારોથી અલગ કરી ભૂતલ પર કર્દમના આશ્રમમાં તેમને મૂક્યા. સનત્કુમારોને અને નારદજીને પૃથક્ કરી સત્યલોકમાં લઈ ગયા. બ્રહ્માજીનાં અનેક ધામ છે પરંતુ આ વખતે બ્રહ્માજી "ત્રિધામ" નામના સ્થાનમાં ગયા. ત્રણ લોકોનું તેજોમય ધામ "ત્રિધામ" છે. અથવા ત્રણે ગુણોની સમાનતાવાળા સ્થાનને ત્રિધામ કહે છે. ૨૦

गते शतधृतौ क्षत्तः कर्दमस्तेन चोदितः ॥
यथोदितं स्वदुहितॄः प्रादाद् विश्वसृजां ततः ॥२१॥

અન્વયાર્થ—**क्षत्तः**-વિદુરજી, **शतधृतौ**-શતધૃતિ–બ્રહ્માજી, **गते**-વિદાય થયા, **ततः**-પછી, **तेन**-બ્રહ્માજીએ, ઋષિએ, **चोदितः**-પ્રેરેલા, **कर्दमः**-કર્દમ ઋષિએ, **यथा उदितम्**-બ્રહ્માજીની સલાહ પ્રમાણે, **स्व-दुहितॄः**-પોતાની દીકરીઓને, **विश्वसृजाम्**-પ્રજાપતિઓને–ઋષિઓને, **प्रादात्**-પરણાવી. ૨૧

અનુવાદ—હે જિતેન્દ્રિય વિદુર! શતધૃતિ બ્રહ્માજી ત્યાંથી પધારી ગયા. ત્યાર બાદ તેમણે પ્રેરેલા કર્દમઋષિએ જે પ્રમાણે સલાહ આપી હતી તે જ પ્રકારે પોતાની દીકરીઓ વિશ્વસૃજ–ઋષિઓને પરણાવી. ૨૧

તત્ત્વસુધા—क्षत्तः વિદુરજીને સંબોધનમાં સંયમી એવું વિશેષણ આપ્યું. એથી સૂચિત કર્યું કે આ ઋષિઓ અને કન્યાઓ પૂર્ણ સંયમી જીવન જીવી સંતતિને ઉત્પન્ન કરશે. વળી સ્વભાવ અને શીલને અનુરૂપ વરને–ઋષિને કન્યા આપજો એવી "શતધૃતિ" બ્રહ્માની આજ્ઞાનું પાલન કર્યું છે. शतं धृतयो यस्य–સો પ્રકારની ધૈર્યશક્તિ હોય તેમને જ શતધૃતિ પદ સાંપડે. ૨૧

मरीचये कलां प्रादादनसूयामथात्रये ॥
श्रद्धामाङ्गिरसेऽयच्छत्पुलस्त्याय हविर्भुवम् ॥२२॥
पुलहाय गतिं युक्तां क्रतवे च क्रियां सतीम् ॥
ख्यातिं च भृगवेऽयच्छद् वशिष्ठायाप्यरुन्धतीम् ॥२३॥
अथर्वणेऽदाच्छान्तिं च यथा यज्ञो वितन्यते ॥

અન્વયાર્થ—मरीचये–મરીચિ મુનિને, **कलाम्**–કલા કન્યા પરણાવી, **अथ**–ત્યાર પછી, **अत्रये**–અત્રિ ઋષિને, **अनसूयाम्**–અનસૂયા આપ્યાં. **आङ्गिरसे**–અંગિરસ મુનિને, **श्रद्धाम्**–શ્રદ્ધા કન્યાને, **अयच्छत्**–આપી, **पुलस्त्याय**–પુલસ્ત્ય મુનિને, **हविर्भुवम्**–હવિર્ભૂ નામની કન્યા આપી, **पुलहाय**–પુલહઋષિને, **युक्ताम्**–યોગ્ય એવી, **गतिम्**–ગતિ નામની કન્યા આપી, **क्रतवे च**–અને ક્રતુમુનિને, **सतीम्–क्रियाम्**–સતી ક્રિયા આપ્યાં, **च भृगवे**–ભૃગુ મુનિને, **ख्यातिम्**–ખ્યાતિ કન્યા, **अयच्छत्**–પરણાવી, **अपि**–અને **वशिष्ठाय**–વશિષ્ઠ મહર્ષિને, **अरुन्धतीम्**–અરુન્ધતી આપ્યાં, **च अथर्वणे**–અને અથર્વા મુનિને, **शान्तिम्**–શાંતિ નામની કન્યા આપી, **यथा**–જે શાંતિદ્વારા, **यज्ञः**–યજ્ઞ, **वितन्यते**–વિસ્તાર પામે છે. ૨૨, ૨૩

અનુવાદ—મરીચિમુનિને કલા કન્યા આપી, ત્યાર બાદ અત્રિમુનિને અનસૂયા પરણાવ્યાં, અંગિરામુનિને શ્રદ્ધા નામની કન્યા આપી અને પુલસ્ત્યને હવિર્ભૂ નામની કન્યા આપી. પુલહ મુનિને ગતિ નામની યોગ્ય કન્યા આપી, ક્રતુ મુનિને સતી એવી ક્રિયા નામની કન્યા આપી, ભૃગુ ઋષિને ખ્યાતિ કન્યા આપી, વશિષ્ઠ ઋષિને અરુન્ધતી પરણાવ્યાં, અને અથર્વા ઋષિને શાંતિ નામની કન્યા આપી કે જેનાથી યજ્ઞનો વિસ્તાર થાય છે. ૨૨, ૨૩

તત્ત્વસુધા—નવધા ભક્તિ નવ કન્યાનાં સ્વરૂપો લઈને આવેલ છે. ભગવાનની નવ શક્તિઓ છે. સૃષ્ટિ-નિર્માણ માટે જ પ્રભુએ શક્તિનો નવ પ્રકારે વિભાગ કર્યો છે.

મરીચિને પરણાવેલ કલા સર્વકલાસમ્પન્ન શક્તિ છે. મરીચિ સાક્ષાત્ તેજોમય સૂર્ય છે. અત્રિને વરેલાં અનસૂયાથી યુક્ત સ્નેહમયી યોગ શક્તિ છે. તપોમય વિભૂતિ અંગિરા ઋષિ છે. તપશ્ચર્યા શ્રદ્ધા સમન્વિત હોવી જોઈએ તેથી શ્રદ્ધામયી શક્તિ અંગિરાને વરી છે. પુલસ્ત્યનો હવિર્ભૂ કન્યાએ કર ગ્રહણ કર્યો છે. હવિર્ભૂ હોમમાંથી ઉત્પન્ન થનારી ધનધાન્યાદિ ઐશ્વર્ય શક્તિ છે. પુલહ મુનિને ગતિ નામની કન્યા વરી છે. યોગ્ય દિશામાં ગતિ હોવી જોઈએ તેથી યુક્તા વિશેષણ ગતિને આપ્યું છે. ક્રતુ મુનિનું નામ છે. યજ્ઞના અધિષ્ઠાતા છે. ક્રિયાથી જ યજ્ઞ સમજાય છે. ક્રિયા પણ સાત્ત્વિક જોઈએ તેથી સતી ક્રિયાને વિશેષણ આપ્યું છે. ભૃગુ ઋષિને "ખ્યાતિ" કન્યા વરી છે. ભૃગુ કર્મના ઉપાસક હતા. કર્મથી ખ્યાતિ પ્રાપ્ત થાય છે. અરુંધતી પતિની ઇચ્છાનો અવરોધ ન કરનારી મહાસતી છે. વશિષ્ઠ જ્ઞાનના ઉપાસક છે. અથર્વા વેદના અભિમાનવાળા દેવતા છે. શાંતિ તેમને વર્યાં છે. શાંતિનો યજ્ઞમાં ઉપયોગ છે. ૨૨, ૨૩

કન્યાઓને કરિયાવર અને વરને પહેરામણી આપે છે તેનું વર્ણન કરે છે—

विमर्षभान् कृतोद्वाहान् सदारान् समलालयत् ॥२४॥

અન્વયાર્થ—**कृत-उद्वाहान्**-વિવાહ કરેલા, **विप्र-ऋषभान्**-વિપ્રર્ષિઓને, **सदारान्**-પત્નીઓ સાથે, **सम्-अलालयत्**-સારી રીતે સન્માન્યા. ૨૪

અનુવાદ—વિવાહવિધિ કરી ચૂકેલા નવ વિપ્રર્ષિઓનું પત્નીઓ સાથે સારી રીતે સન્માન કર્યું.

તત્ત્વસુધા—विप्रर्षभान् પોતાની શાખા અને ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋષિઓએ વિવાહવિધિ કરેલ છે. યજ્ઞાદિ ક્રિયા માટે દારાઓની આવશ્યકતા હોય છે તેથી લગ્ન કર્યું છે. કર્દમ મહર્ષિએ વરકન્યાને પુષ્કળ પ્રમાણમાં ભેટસામગ્રીઓ આપી છે. ૨૪

ततस्त ऋषयः क्षत्तः कृतदारा निमंत्र्य तम् ॥
प्रतिष्ठन् नन्दिमापन्नाः स्वं स्वमाश्रममण्डलम् ॥२५॥

અન્વયાર્થ—**क्षत्तः**-હે સંયમશીલ પુરુષ, **ततः**-સન્માન પામીને, **कृतदाराः**-પરણેલા **ते**-સમસ્ત તે, **ऋषयः**-ઋષિઓ, **तम्**-તે કર્દમ મુનિની, **निमंत्र्य**-અનુજ્ઞા લઈને, **नन्दिम्**-આનંદ, **आपन्नाः**-પામેલા, **स्वम्**-પોતાના, **आश्रम-मण्डलम्**-આશ્રમસ્થાનોમાં, **प्रतिष्ठन्**-પધારી ગયા. ૨૫

અનુવાદ—તે સંયમશીલ વિદુરજી ! ત્યારબાદ સન્માન પામીને, તે પરણેલા નવ મહર્ષિઓ આનંદ પામી પોતાનાં આશ્રમસ્થાનોએ પધારી ગયા. ૨૫

તત્ત્વસુધા—ततस्ते ऋषयः-આ નવે નવ ઋષિઓ મંત્રવેત્તાઓ હતા. ‘ઉત્તમ પ્રજા ગૃહસ્થાશ્રમનું પ્રયોજન છે’ એ ધ્યેયપૂર્વક ઋષિઓએ વિવાહ કર્યા. ઉભયને અનુકૂલ અને અનુરૂપ સંબંધ થયો હોવાથી આનંદ પામ્યા. ઋષિરાજની સંમતિ મેળવી ઋષિઓ ત્યાંથી વિદાય થયા. ૨૫

શ્રી કર્દમ ઋષિ એકાન્તમાં કપિલ ભગવાનની અનુજ્ઞા માગશે—

स चावतीर्णं त्रियुगमाज्ञाय विबुधर्षभम् ॥
विविक्त उपसंगम्य प्रणम्य समभाषत ॥२६॥

અન્વયાર્થ—**सः**-તે કર્દમ ઋષિ, **अवतीर्णम्**-અવતરેલા, **विबुध ऋषभम्**-શ્રેષ્ઠ દેવ, **त्रियुगम्**-ત્રિયુગને, **आज्ञाय**-ઓળખીને, **विविक्ते**-એકાન્તમાં, **उप-संगम्य**-સમીપમાં જઈને, **प्रणम्य**-પ્રણામ કરીને, **समभाषत**-બોલ્યા. ૨૬

અનુવાદ—મહર્ષિ કર્દમ પ્રગટ થયેલા, દેવાધિદેવ, ત્રિયુગ ભગવાનને ઓળખીને, એકાન્તમાં સમીપ જઈ પ્રણામ કરી, નિવેદન કરવા લાગ્યા. ૨૬

તત્ત્વસુધા— स चावतीर्णम्-તે સમયે ભગવાન કપિલ અવતરેલ છે. જે ભગવાન યજ્ઞરૂપ વરાહ થઈને પધાર્યા હતા, તે ભગવાન જ્ઞાનરૂપ કપિલ થઈને પધાર્યા છે. ‘ત્રિયુગ’ એ ભગવાનનું નામ છે. ત્રણ યુગમાં અવતાર લે છે. કલિયુગમાં ગુપ્ત રહે છે માટે ત્રિયુગ સંજ્ઞા છે. त्रीणि युगानि युग्मानि यस्य ઐશ્વર્યવીર્ય, યશઃશ્રી, જ્ઞાનવૈરાગ્ય, આવાં ત્રણ યુગ્મો ધરાવતા ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાન અવતાર લઈને પધાર્યા છે. विविक्त उपसङ्गम्य-એકાન્તમાં શ્રી કપિલ ભગવાન પાસે મુનિવર ગયા અને મળ્યા, તેમજ નિવેદન કર્યું કે મારા નિર્ણય પ્રમાણે સંન્યાસ દીક્ષા લઈ રહેલ છું. જો આ વાત દેવહૂતિજીના સાંભળતાં કહે તો દુઃખ થાય માટે જ એકાન્તમાં મળ્યા. વળી પિતા પુત્રનો ચરણસ્પર્શ કરે તે પણ ઉચિત નથી. ભગવાનની સર્વને ઓળખાણ થઈ જાય. માતાનું વાત્સલ્ય અતૃપ્ત રહી જાય માટે જ એકાન્તમાં મળ્યા છે. ૨૬

કર્દમ મુનિ એક નવીન વાત આ શ્લોકમાં રજૂ કરે છે :

अहो पापच्यमानानां निरये स्वैरमङ्गलैः ॥
कालेन भूयसा नूनं प्रसीदन्तीह देवताः ॥२७॥

અન્વયાર્થ— **अहो**-ખરેખર, **स्वैः**-પોતાનાં, **अमङ्गलैः**-અમંગલ આચરણોથી, **निरये**=નરકમાં, **पापच्यमानानाम्**-પીડાતા જનો ઉપર, **नूनम्**-ખરેખર, **देवताः**-દેવતાઓ, **इह**-આ લોકમાં, **भूयसा-कालेन**-લાંબા સમયે, **प्रसीदन्ति**-પ્રસન્ન થાય છે. ૨૭

અનુવાદ— ખરેખર આ લોકમાં પોતાનાં અમંગલ આચરણોથી નરકમાં રીબાતા લોકો ઉપર, સાચેજ દેવતાઓ દીર્ઘ કાળે પ્રસન્ન થાય છે. ૨૭

તત્ત્વસુધા— 'अहो' આશ્ચર્યાર્થ અવ્યયથી પ્રસંગ આરંભે છે. શાસ્ત્રમાં તો સાંભળ્યું છે કે દેવો પુણ્ય, તીર્થાટન, તપશ્ચર્યા વગેરે કર્મોથી જ પ્રસન્ન થાય છે. અનેક રીતે આરાધન કરનારાઓ ઉપર આરાધિત દેવો પ્રસન્ન થાય છે. ભગવાન તો સર્વદેવમય છે. તેમની તો રીતિ સર્વથી ભિન્ન છે. જ્યારે માનવોને વિવિધ અમંગલ આચારોથી રીબાતા જુએ છે, તેઓની પીડા નથી સહી શકતા ત્યારે ભગવાન કેવલ દયાથી જ અવતાર લે છે. મુનિવર્ય દૈન્યપૂર્વક કહી રહ્યા છે આપ પ્રગટ થાવ એવું મેં કાંઈ નથી કર્યું તો પણ આપ પ્રકટ થયા છો. ૨૭

મહર્ષિ કર્દમ પ્રભુના પ્રાકટ્યનો ઉલ્લાસ પ્રકટ કરે છે—

बहुजन्मविपाकेन सम्यग् योगसमाधिना ।
द्रष्टुं यतन्ते यतयः शून्यागारेषु यत्पदम् ॥२८॥
स एव भगवानद्य हेलनं न गणय्य नः ॥
गृहेषु जातो ग्राम्याणां यः स्वानां पक्षपोषणः ॥२९॥

અન્વયાર્થ—**बहु-जन्म-विपाकेन**-અનેક જન્મથી પરિપક્વ થયેલા, **सम्यग्-योग-समाधिना**-શ્રેષ્ઠ યોગથી કરેલી સમાધિની, **शून्यं-आगारेषु**-એકાન્ત સ્થલોમાં, **यत्-पदम्**-જે ભગવાનનાં ચરણનું, **द्रष्टुम्**-દર્શન કરવા માટે, **यतयः**-યતિજનો, **यतन्ते**-પ્રયત્ન કરે છે, **स एव**-તે જ ભગવાન, **यः**-જે, **स्वानाम्**-નિજ જનોના, **पक्ष-पोषणः**-પક્ષની ઉન્નતિ કરનારા છે તે, **नः**-અમારી, **हेलनम्**-અવગણનાને, ઉપેક્ષાને, **न गणय्य**-મનમાં ન લાવતાં, **ग्राम्याणाम्**-અમ વિષયીજનોના, **गृहेषु**-ઘરોમાં, **जातः**-પ્રકટ થયા છે. ૨૮, ૨૯

અનુવાદ— અનેક જન્મથી પરિપક્વ થયેલા, ઉત્તમ યોગથી કરેલી સમાધિ દ્વારા, એકાન્ત સ્થાનોમાં આપના ચરણનું દર્શન કરવા માટે યતિવરો પ્રયત્ન આચરે છે, તે જ ભગવાન કે જે નિજ જનોના પક્ષની પુષ્ટિ કરે છે તે આ જ અમારી ઉપેક્ષાને નજરમાં પણ ન લેતા અમ વિષયી જનોના ઘરમાં પ્રગટ થયા છે. ૨૮, ૨૯

તત્ત્વસુધા—"**बहुजन्मविपाकेन**"-ચિત્તની નિર્મલતાથી સમાધિ થાય. સમાધિમાં ભગવાનનું દર્શન થાય. ચિત્તની નિર્મળતા કેવલ ચિંતનથી નહીં થાય. પરંતુ અનેક જન્મ સુધી કરેલો યોગ પરિપક્વ થાય ત્યારે જ ચિત્ત શુદ્ધ થાય; પાણીથી ધોવા માત્રથી ચીકણાં વસ્ત્રો શુદ્ધ થતાં નથી, પરંતુ શુદ્ધતા લાવનાર ચૂર્ણથી ચીકાશ ચાલી જાય ત્યારે જ સ્વચ્છ થાય. યોગ એક ક્રિયા છે. અગ્નિ જેવી તેમાં મલદાહક શક્તિ છે. માટે સાધકે કેવલ ચિંતન ઉપર નિર્ભય ન રહેતાં યમનિયમાદિનું અનુષ્ઠાન કરી ચિત્ત વિમલ બનાવવું. પછી ભગવદ્દર્શનની

ઇચ્છા થશે. દર્શન તો ભગવદિચ્છા થશે ત્યારે થશે. 'યતિજનો' એટલે સંન્યાસપથના ત્યાગવીર પથિકો. તેઓ 'શૂન્યાગાર' એટલે એકાન્તમાં વસીને પ્રયત્ન કરે છે ત્યારે હૃદયમાં પ્રભુનું પ્રાકટ્ય થાય છે.

આજે તે પૂર્ણપુરુષ હૃદયગોચર નહીં પરંતુ સર્વેન્દ્રિયગોચર બન્યા છે. તે પણ ગ્રામ્ય એટલે વિષયરત જીવોને ત્યાં પ્રકટયા છે. સાચે જ ભક્તપક્ષપાતી ભક્તહિત માટે જ પધાર્યા છે. ૨૮, ૨૯

ભગવાન વચનપરિપાલક છે એ વાત કહે છે—

स्वीयं वाक्यमृतं कर्तुमवतीर्णोऽसि मे गृहे ॥
चीकीर्षुर्भगवान् ज्ञानं भक्तानां मानवर्धनः ॥३०॥

तान्येव तेऽभिरूपाणि रूपाणि भगवंस्तव ॥
यानि यानि च रोचन्ते स्वजनानामरूपिणः ॥३१॥

અન્વયાર્થ—**स्वीयम्**-પોતાના, **वाक्यम्**-વાકયને, **ऋतम्**-સત્ય, **कर्तुम्**-કરવા માટે, **भक्तानाम्**-ભક્તોના, **मानवर्धनः**-માનને વધારનારા, **भगवान्**-ભગવાન, **ज्ञानम्**-જ્ઞાનનો, **चिकीर्षुः**-વિસ્તાર કરવા માટે, **मे**-મારા, **गृहे**-ઘરે, **अवतीर्णः**-અવતરેલા, **असि**-છો, **भगवन्**-હે ભગવાન, **अरूपिणः**-રૂપ વિનાના, **ते**-આપનાં, **तानि**-તે પ્રસિદ્ધ, **अभिरूपाणि**-અત્યંત મનોહર, **रूपाणि**-ચતુર્ભુજ વગેરે રૂપો, તેમ જ, **तव**-આપના ભક્તોને, **यानि-यानि**-જે જે, **रूपाणि**-રૂપો, **रोचन्ते**-ગમે છે તે સર્વ યોગ્ય જ છે, ૩૦, ૩૧

અનુવાદ—પોતાના વાકયને સત્ય કરવા માટે ભક્તોના માનને વધારનારા ભગવાન જ્ઞાનનો વિસ્તાર કરવા માટે મારા ઘરે અવતરેલા છો. હે ભગવાન! રૂપ વિનાનાં આપનાં તે પ્રસિદ્ધ અત્યંત મનોહર ચતુર્ભુજ વગેરે રૂપો તેમ જ આપના ભક્તોને જે જે રૂપો ગમે છે તે સર્વ યોગ્ય જ છે. ૩૦, ૩૧

તત્ત્વસુધા—'स्वीयं वाक्यम्'-હરિ સર્વમાં છે એવા વાકયને, તેમ જ હરિ સર્વની રક્ષા કરે છે એવા વાકયને સત્ય કરવા જ આપ ભૂતલ ઉપર પધાર્યા છો. આમાં તો ભક્તોને દ્વારે પધારી ભક્તોની કીર્તિ વધારી આપ વિદાય થાવ છો, તેથી તો ભક્તોનું માન વધે છે.

'तान्येव तेऽभिरूपाणि'—ભગવાનનાં બે પ્રકારનાં સ્વરૂપો છે. એક તો વેદોમાં વર્ણવેલાં આનંદમય કર, પાદ, મુખારવિંદવાળાં ચતુર્ભુજાદિ સ્વરૂપો અને બીજાં ભક્તોને મન જે અભિલષિત સ્વરૂપો છે, તે બન્ને દિવ્ય છે તેમ જ યોગ્ય છે. વિશેષતા એક જ છે, કે સ્વરૂપ હોવા છતાં પોતે 'અરૂપ' છે. મૃત્તિકાદિ દ્રવ્યથી આ સ્વરૂપો નથી થયાં તેથી જ તો અતીન્દ્રિય છે. અતીન્દ્રિયતા એ જ એની અરૂપ સ્થિતિ છે, ભક્તો પિતા, પુત્ર, ભ્રાતા, સખા વગેરે સ્વરૂપોથી ભગવાનને મેળવવા ચાહે છે, ભગવાન તેવાં સ્વરૂપો સ્વીકારીને મળે છે. ભક્તોને જ આ સ્વરૂપો આનંદમય સમજાય છે તેમજ દેખાય છે. અન્યને બુદ્ધિના દોષથી દેખાતાં નથી. ૩૦, ૩૧

કપિલ ભગવાનના ચરણકમલને નમસ્કાર કરે છે—

तं सूरिभिस्तत्त्वबुभुत्सयाद्धा सदाभिवादार्हणपादपीठम् ॥
ऐश्वर्य-वैराग्य-यशोवबोधवीर्यश्रियां[२] पूर्तमहं प्रपद्ये ॥३२॥

અન્વયાર્થ—**अद्धा**-ખરેખર, **तत्त्व-बुभुत्सया**-તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી, **सूरिभिः**-વિદ્વાનોએ, **सदा-अभिवाद-अर्हण-पादपीठम्**-નિત્ય વંદનીય ચરણપીઠવાળા, તેમજ **ऐश्वर्य-वैराग्य-यश-अवबोध**-

---

१ त्वां इति प्रा. पाठः । २ श्रिया इति प्रा. पाठः ॥

वीर्य-श्रियां–ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન, વીર્ય અને શ્રી નામના ષડ્ ઐશ્વર્યના, **पूर्तम्–પૂર્ણ, तम्**–એવા તે કપિલ પ્રભુને, **अहम्**–હું, **प्रपद्ये**–શરણે આવ્યો છું. (ઉપજાતિ વૃત્ત) ૩૨

અનુવાદ—ખરેખર, તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની વૃત્તિથી વિદ્વદ્જનો નિરંતર વંદનીય ચરણપીઠ ધરાવતા, ઐશ્વર્ય–વૈરાગ્ય–યશ–જ્ઞાન–વીર્ય–અને શ્રી નામના ૭ ઐશ્વર્યથી પૂર્ણ તે કપિલ ભગવાનને શરણે જાઉં છું. ૩૨

તત્ત્વસુધા—पूर्तमहं प्रपद्ये–પૂર્ત શબ્દનો અર્થ પૂર્ણ કરવો. મહર્ષિ કર્દમ પૂર્વાર્ધ તેમજ ઉત્તરાર્ધમાં નિવેદન કરે છે કે ભગવાન, મોક્ષ તેમજ લૌકિક સુખ નામના બન્ને પદાર્થોનું પ્રદાન કરે છે. મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે–ગુરુપ્રપત્તિ–ગુરુસેવા. સેવાથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ આ પ્રમાણે ક્રમ છે. આ ક્રમનો ઉલ્લેખ કરે છે કે સૂરિભિઃ વિદ્વાનો तत्त्वं बुभुत्सया તત્ત્વજ્ઞાન પામવા નિરંતર આપના ચરણની સેવા કરે છે. ગુરુ તરીકે આપને આરાધે છે. આપ જ્ઞાન દ્વારા તેમને મોક્ષફલનું દાન કરો છો. તેમજ—

ऐश्वर्य-वैराग्य–૭ પ્રકારના ઐશ્વર્યથી આપ પરિપૂર્ણ છો તેથી ભૌતિક ઐશ્વર્યની અભિલાષા ધરાવનારાઓની પણ ઇચ્છાને પૂર્ણ કરો છો. ૩૨

આ શ્લોકમાં સર્વ સ્વરૂપે ભગવાનને વંદન કરે છે—

परं प्रधानं पुरुषं महान्तं कालं कविं त्रिवृतं लोकपालम् ॥
आत्मानुभूत्याऽनुगतप्रपञ्चं स्वच्छन्दशक्तिं कपिलं प्रपद्ये ॥३३॥

અન્વયાર્થ—**परम्**–અક્ષર, **प्रधानम्**–પ્રધાન, **पुरुषम्**–પુરુષ, **महान्तम्**–મહત્તત્ત્વ, **कालम्**–કાલ, **कविम्**–કવિ, **त्रिवृतम्**–અહંકાર, **लोकपालम्**–લોકપાલ, **आत्म-अनुभूत्या**–પોતાના જ્ઞાનથી, **अनुगत-प्रपञ्चम्**–જેમનામાં સમસ્ત પ્રપંચની ઉત્પત્તિ થયેલ છે, **स्वच्छन्द-शक्तिम्**–સ્વચ્છન્દ શક્તિવાળા, **कपिलम्**–ભગવાન કપિલને, **प्रपद्ये**–વંદન કરું છું. (ઉપજાતિ વૃત્ત) ૩૩

અનુવાદ—અક્ષર, પ્રધાન, પુરુષ, મહત્તત્ત્વ, કાલ, કવિ, અહંકાર, લોકપાલસ્વરૂપ આપને તેમજ પોતાના જ્ઞાનથી પ્રપંચની ઉત્પત્તિને ધરાવનાર સ્વછંદ શક્તિશાળી શ્રી કપિલ ભગવાનને પ્રણામ કરું છું. ૩૩

તત્ત્વસુધા—परं प्रधानम्–ભગવાન સર્વસ્વરૂપ છે. સર્વ સ્વરૂપપણાને કારણ અને કાર્ય સ્વરૂપે બે વિભાગમાં વહેંચ્યા છે. પૂર્વાર્દ્ધમાં કારણ સ્વરૂપે વર્ણવ્યા છે જ્યારે ઉત્તરાર્ધમાં કાર્ય સ્વરૂપે વર્ણવ્યા છે. પૂર્વાર્દ્ધમાં આઠ પ્રકારે કારણાત્મક સ્વરૂપે સમજાવ્યા છે.

परम् અક્ષર સ્વરૂપ, प्रधानम् પ્રકૃતિ સ્વરૂપ, पुरुषम् પ્રકૃતિના અધિષ્ઠાતા–पुरु गतौ–ગત્યર્થ "पुरु" ધાતુથી "ताच्छील्य" અર્થમાં उषन् પ્રત્યય થતાં पुरुष શબ્દ થયો. महान्तम् મહાન–મુખ્ય પુત્ર–સાંખ્યે प्रकृते महान् પ્રકૃતિના મહાન પુત્ર તરીકે ગણેલ છે, कालम्–ગુણોમાં ક્ષોભ પેદા કરનાર, कविम्–મહત્તત્ત્વના અભિમાની, અથવા મૂલ બ્રહ્મા અથવા સૂત્રાત્મા, त्रिवृत्तं–અહંકાર, लोकपालम्–સર્વ દેવો, આ પ્રકારે આઠ વિભાગમાં કારણ તત્ત્વ છે તે પણ सर्वं खल्विदं ब्रह्म ના શ્રુતિવાક્યે ભગવાન જ છે. તેમજ

आत्माऽनुभूत्यानुगतप्रपञ्चम्–આ વાક્યમાં "અનુગત" શબ્દ છે. "અનુગત" એટલે ભય પામેલ, કે ઉત્પન્ન થયેલ એવો જે પ્રપંચ છે તે સમસ્ત પ્રપંચ પણ જ્ઞાનશક્તિ દ્વારા ભગવાનમાં જ રહેલ છે. જ્ઞાનશક્તિ પણ પ્રપંચને ઉત્પન્ન કરે છે એવો પણ શ્રુતિમાં ઉલ્લેખ છે. માટે કારણ કાર્યસ્વરૂપ ભગવાનને આ શ્લોકથી પ્રણામ કર્યા. ૩૩

મુનિવર પરિવ્રાટ્ થવાની અનુમતિ માગતા પ્રપત્તિ પણ સ્વીકારે છે:

आत्माभिपृच्छेऽद्य पतिं प्रजानां त्वयावतीर्णार्ण उताप्तकामः ॥
परिव्रजत् पदवीमास्थितोहं चरिष्ये त्वां हृदि युञ्जन् विशोकः ॥३४॥

અન્વયાર્થ—**त्वया**-આપથી-આપની કૃપાથી, **अवतीर्ण-ऋणः**-ત્રણ પ્રકારના ઋણથી મુક્ત, **उत**-તેમજ, **आप्त-कामः**-સર્વ મનોરથથી પૂર્ણ, **अहम्**-હું, **अद्य**-હવે આજે, **प्रजानाम्-पतिम्**-પ્રજાઓના સ્વામી એવા આપની, **आ अभिपृच्छे-स्म**-અનુજ્ઞા માગું છું. કે, **परिव्रजन्-पदवीम्**-સંન્યાસમાર્ગને, **आस्थितः**-સ્વીકારી, **हृदि**-હૃદયમાં, **त्वाम्**-આપને, **युञ्जन्**-પધરાવી, **विशोकः**-શોકમુક્ત થઈ, **चरिष्ये**-વિચરીશ. (ઉપજાતિ વૃત્ત) ૩૪

અનુવાદ—આપની કૃપાથી, ત્રણ ઋણમાંથી મુકત થયેલ, તેમજ સમસ્ત મનોરથથી પૂર્ણ થયેલ હું હવે આજ આપ પ્રજાપતિની આજ્ઞા માંગુ છું. હવે હું સંન્યાસપથનો સ્વીકાર કરી શોકમુક્ત થઈ આપનું હૃદયમાં ધ્યાન કરતો વિચરીશ. ૩૪

તત્ત્વસુધા—आत्माऽभिपृच्छे-શ્રી કર્દમ મુનિ કપિલ ભગવાનની અનુમતિ માગે છે. आ ઉપસર્ગ અને अभि ઉપસર્ગ સાથે पृच्छ् ધાતુનો પ્રયોગ કર્યો છે. "પુત્રની સંમતિ ન હોય તો પણ પરિવ્રાટ્ ન થવાય. પ્રભુની અનુમતિ ન હોય તો પણ યતિ ન થવાય. શ્રી કપિલને પુત્ર અને પ્રભુ તરીકેના ઉભય ભાવથી પૂછે છે. એમાં પણ अभि અવ્યયથી એમ પણ વિનવ્યું કે મને તો સંન્યાસમાર્ગના પ્રકારો અને જવાના પ્રકારો, જીવવાના પ્રકારોની પણ જાણ નથી તેથી આપ સર્વ પ્રકારો અને સમજાવા કૃપા કરો.

पतिं प्रजानाम्-વળી આપ પ્રજાના સ્વામી છો. તેથી પ્રજાપતિની પરવાનગી વિના પણ ગૃહત્યાગ ન ઘટે તેથી આપની પ્રજાપતિ તરીકેની અનુમતિ ચાહુ છું. આપની અનુજ્ઞા મળતાં હૃદયમાં આપને સ્થાપીશ અને શોકમુક્ત બની વિચરીશ. ૩૪

श्रीभगवानुवाच – मया प्रोक्तं हि लोकस्य प्रमाणं सत्य[1]लौकिके ॥
अथाजनि मया तुभ्यं यदवोचमृतं मुने ॥३५॥

અન્વયાર્થ—**श्रीभगवान् उवाच**-શ્રી કપિલ ભગવાન બોલ્યા કે, **सत्य**-હે સત્યસ્વરૂપ! **मया**-મેં, **लौकिके**-લૌકિકમાં, **प्रोक्तम्**-કહેલું છે તે, **लोकस्य**-લોકને, **प्रमाणम्**-સંમત છે, **मुने**-હે મુનિવર્ય પછી, **मया**-મેં, **अजनि**-તમારે માટે જન્મ લીધો, **तुभ्यम्**-મુનિ! મેં તમને, **यद्**-જે, **अवोचम्**-કહ્યું તે, **ऋतम्**-સત્ય છે. ૩૫

અનુવાદ—કપિલ ભગવાને કહ્યું કે મુનિ કર્દમ! મેં લૌકિકમાં જે કહ્યું છે તે લોકને સંમત છે. પછી મેં તમારે માટે જન્મ લીધો. મુનિ! મેં તમને જે કહ્યું તે સત્ય છે. ૩૫

તત્ત્વસુધા—"मया प्रोक्तम्"-ભગવાન મુનિ કર્દમની ઇચ્છાને અનુમોદન આપતા सत्य! સંબોધન કરે છે. મુનિને ભગવાન કહે છે કે તમે સત્યપ્રતિજ્ઞ છો તેથી મને સંતોષ છે. પ્રતિજ્ઞા પ્રમાણે તમે વૈરાગ્યના પથિક અવશ્ય થઈ શકો છો. મેં પણ મારું વચન સત્ય કરવા જ તમારે ત્યાં જન્મ સ્વીકાર્યો છે લૌકિકમાં મારાં કહેલાં વાક્યો લોકોને સંમત છે અસુરોને સંમત નથી. લૌકિક એટલે કર્મમાર્ગમાં, વેદમાં કહેલાં મારાં વચનો પ્રમાણ છે. सत्यलौकिके એવું એક પદ રાખીએ તો "सत्ये" અલૌકિક કર્મમાં અને लौकिके લૌકિક કર્મમાં મારાં વચન પ્રમાણ છે. તે પ્રમાણે ચાલનાર ઉપર ભગવાન પ્રસન્ન રહે છે. ૩૫

---

[1] सत्यलौकिकम्–सत्यलौकिके इति पाठद्वयम् ।

ભગવાને કહ્યું મારો જન્મ તત્ત્વોની ગણના માટે છે—

एतन्मे जन्म लोकेऽस्मिन् मुमुक्षूणां दुराशयात् ॥
प्रसंख्यानाय तत्त्वानां संमतायात्मदर्शने ॥३६॥

અન્વયાર્થ—अस्मिन्-लोके-આ લોકમાં, मे-મારો, एतत्-जन्म-આ જન્મ, दुराशयात्-દુરાશયમાંથી, मुमुक्षूणाम्-મુક્ત થવા ચાહનારાઓ માટે, आत्मदर्शने-આત્મદર્શનમાં, संमताय-આવશ્યક-સંમત, तत्त्वानाम्-તત્ત્વોની, प्रसंख्यानाय-ગણના કરવા માટે છે. ૩૬

અનુવાદ—આ લોકમાં મારો આ જન્મ દેહબંધનમાંથી મુક્ત થવા ચાહનારાઓને માટે આત્મદર્શનમાં આવશ્યક ઉપયોગી તત્ત્વોની ગણના કરવા માટે છે. ૩૬

તત્ત્વસુધા—दुराशयात्-આ શ્લોકમાં "સંઘાત"વાચક જે દેહ છે તેને માટે આશય શબ્દ વાપર્યો છે. મતલબ સંઘાત-આશય-દેહ આ એકાર્થવાચક શબ્દો થયા. તેથી આશયનો અર્થ થયો દેહ. આ દેહ જો દુરાશય દુષ્ટ જ હોય તો તેમાંથી મુક્ત થવા પ્રયત્ન કરવો જ જોઈએ. આવા વિવેકમાં તત્ત્વોની ગણના ઘણી ઉપયોગિની છે. આત્મદર્શન થાય તો જ મોક્ષ થાય. આત્મદર્શનમાં તત્ત્વોની ગણના પણ જરૂરની છે. મેં જન્મ પણ મુમુક્ષોનો ઉપયોગી થવા માટે જ ધારણ કર્યો છે. ૩૬

एष आत्मपथोऽव्यक्तो नष्टः कालेन भूयसा ॥
तं प्रवर्तयितुं देहमिमं विद्धि मया भृतम् ॥३७॥

અન્વયાર્થ—एषः-આ, भूयसा-कालेन-દીર્ઘ સમયથી, नष्टः-નષ્ટ થયેલો, आत्म-पथः-આત્મપ્રાપ્તિમાર્ગ, अस्पष्टः-અસ્પષ્ટ થયો છે, तम्-તે માર્ગની, प्रवर्तयितुम्-પ્રવૃત્તિ માટે, इमम्-આ, देहम्-દેહને, मया-મેં, भृतम्-સ્વીકાર્યો છે, विद्धि-એ જાણો. ૩૭

અનુવાદ—લાંબા સમયથી નષ્ટ થયેલો આ આત્મદર્શનનો માર્ગ અસ્પષ્ટ થયો છે. તે માર્ગની પ્રવૃત્તિ માટે આ દેહને મેં ધારણ કરેલ છે એ તમે જાણો. ૩૭

તત્ત્વસુધા—एष आत्मपथः—ભગવાનને મેળવવાનો કે ભગવાનને જાણવાનો માર્ગ 'આત્મપથ' કહેવાય છે. લાંબા સમયથી તે વિસ્મૃત થયેલ છે. એના સિદ્ધાંતો તેથી સ્પષ્ટ પ્રક્રિયામાં મળતા નથી. પુરાણોમાં પણ મિશ્ર વર્ણન મળે છે. વાસ્તવિક રીતે તેનું શુદ્ધ નિરૂપણ આવશ્યક હોઈ તે કાયમી પૂર્તિ માટે આ અવતાર સ્વીકાર્યો છે. મહર્ષિ કર્દમ આપ એ વસ્તુ જાણો એમ ભગવાને નિવેદન કર્યું. ૩૭

ભગવાન સર્વકર્મ સમર્પણ માટે વિધાન કરે છે—

गच्छ कामं मयादिष्टो मयि संन्यस्तकमणा ॥
जित्वा सुदुर्जयं मृत्युममृतत्वाय मां भज ॥३८॥

અન્વયાર્થ—मया-आदिष्टः-મેં આજ્ઞા આપેલા, મારી અનુમતિથી, कामं गच्छ-યથેચ્છ વિચરો, मयि-મારામાં-મને, संन्यस्त-कर्मणा-સર્વ કર્મ સમર્પણ કરેલ હોવાથી, सु-दुर्जयम्-અજેય, मृत्युम्-મૃત્યુને, जित्वा-જીતીને, अमृतत्वाय-પરમાનંદ પામવા, माम्-મને-મારું, भज-ભજો, ભજન કરો. ૩૮

અનુવાદ—મારી અનુમતિથી યથેચ્છ વિહરો, આપે સર્વ કર્મ મને સમર્પણ કરેલાં હોવાથી અજેય મૃત્યુને જીતીને પરમાનંદ પામવા માટે તમે મારું ભજન કરો. ૩૮

તત્ત્વસુધા—मयि संन्यस्तकर्मणा—કર્મ સમર્પણ માટે બે મંતવ્યો છે. यत्करोषि વગેરે વચનોથી ઘણા એમ વ્યાખ્યા કરે છે કે યાવન્માત્ર કર્મ ભગવાનને સમર્પવાં-જ્યારે અનેક મહાત્માઓ એમ માને છે કે, ભગવાનના ભજનથી જે વિરુદ્ધ કર્મ છે, તેનો ત્યાગ કરવો કારણ કે તે સર્વ કર્મો ભજનમાં બાધક બને છે. જે કર્મ મૃત્યુવિજયમાં સાધક તરીકે દર્શાવ્યાં છે તે સમર્પણ બુદ્ધિથી કરવાં. સમર્પણ કર્યા પછી 'એકસ્થાને ન રહેવું' પરંતુ 'અનિકેત' થવું. 'ઘરમાં બેસી રહેતાં ઘડપણ વહેલું આવે છે. વનમાં વિચરતાં યૌવન અખંડ રહે છે' માટે અને કેશશ્વેત ન થયા હોય અને કાયામાં કચરલી ન પડી હોય તે પહેલાં ભોગથી સંન્યાસ લેવો અને ભગવાનને ભજવા. ૩૮

આ શ્લોકમાં આત્મભજનની પ્રક્રિયા વર્ણવી છે—

मामात्मानं स्वयंज्योतिः सर्वभूतगुहाशयम् ॥
आत्मन्येवात्मना वीक्ष्य विशोकोऽभयमृच्छति ॥३९॥

અન્વયાર્થ— **सर्व-भूत-गुहाशयम्**=પ્રાણીમાત્રના અંતઃકરણમાં રહેલા, **स्वयं-ज्योतिः**-સ્વયંપ્રકાશ, **आत्मानम्**-પ્રાણી માત્રના આત્માના આત્મા, **माम्**-મને, **आत्मना**-આત્માથી, **आत्मनि**-આત્મામાં, **वीक्ष्य**-નિહાળીને, **विशोकः**-શોક-મુક્ત થઈ, **अभयम्**-અભય પામે છે. ૩૯

અનુવાદ—પ્રાણીમાત્રના અન્તઃકરણમાં રહેલા, સ્વયંપ્રકાશ, પ્રાણીમાત્રના આત્માના પણ આત્મા એવા મને આત્માથી આત્મામાં નિહાળીને શોકમુક્ત બની અભયને મેળવે છે. ૩૯

તત્ત્વસુધા—સાંખ્યશાસ્ત્રનો આશય આ શ્લોકથી સ્પષ્ટ કરે છે. चित्स्वरूप આત્મા જ 'ભગવાન' શબ્દથી જણાવેલ છે. એ જ ભગવાનનું આત્માથી ભજન કરવાનું છે. ભજનના ગૌણ મુખ્ય બે પ્રકારો છે તે પણ આ શ્લોકથી સમજાશે.

आत्मन्येवात्मना-'આત્માથી આત્માને નિહાળી ભજો' એવો આદેશ એમ સ્પષ્ટ કરે છે કે—

ભજન બે પ્રકારનાં છે એક ધનથી અન્ય તનથી. ધનનું ભજન ગૌણ છે. તનથી ભજન શ્રેષ્ઠ છે. તે પ્રકારે એક ભજન દેહેન્દ્રિયાદિથી છે બીજું આત્માથી થાય છે. તેમાં દેહાદિનું સામાન્ય ભજન છે. આત્માથી થતું ઉત્તમ ભજન છે. હવે 'દેહથી વિખૂટા પાડેલા આત્માએ, સ્વયંજ્યોતિ-સર્વગુહાનિવાસી આત્માની-ભગવાનની સેવા કરવાની છે. એવું વિધાન કર્યું'. 'ગુહાશયા' વિશેષણથી જણાવ્યું કે ઘરમાં જ છે તેથી વિના શ્રમે સેવી શકાશે. ગુહામાં રહેલ આત્મા ભજનથી પ્રગટ થઈ સ્વયં સર્વ બાધકોને બાળી દેશે. કાષ્ટમાંથી પ્રગટ થયેલ અગ્નિ પુનઃ કાષ્ટમાં પ્રવેશી કાષ્ટને બાળી દે છે એ પ્રકારે કાર્ય થશે. માટે 'આત્માથી આત્માનું ભજન કરવું ઉત્તમ છે' એ વાતનો સંકેત કર્યો. ૩૯

ભગવાન માતાજીને બ્રહ્મવિદ્યા આપવાની પ્રતિજ્ઞા કરે છે—

मात्रे चाध्यात्मिकीं विद्यां शमनीं सर्वकर्मणाम् ॥
वितरिष्ये यया चासौ भयं चातितरिष्यति ॥४०॥

અન્વયાર્થ—**च-मात्रे**-અને માતાજીને, **सर्व-कर्मणाम्**-સર્વ કર્મોની, **शमनीम्**-શાંત કરનારી, **आध्यात्मिकीम्**-અધ્યાત્મિક, **विद्याम्**-વિદ્યાને, **वितरिष्ये**-હું આપીશ, **असौ च**-તેથી માતા, **यया**-આ વિદ્યાથી તથા કૃપાથી, **भयम् च**-ભય અને શોકને, **अति-तरिष्यति**-સર્વથા તરી જશે. ૪૦

અનુવાદ—વળી હું માતાજીને સર્વ કર્મોને શાંત કરનારી અધ્યાત્મવિદ્યાનું પણ વિતરણ કરીશ કે જે વિદ્યાથી માતાજી ભય તેમજ શોકને સર્વથા તરી જશે. ૪૦

તત્ત્વસુધા— मात्रे चाध्यात्मिकीम्-આ શ્લોકમાં ત્રણ વખત 'च' અવ્યય આવે છે. પ્રથમ 'च' અવ્યય ઉપરની વાતના સમન્વય માટે છે. આપ વનમાં વિચરો. હું માતાજીની સંભાળ લઈશ. આપને આધિદૈવિકી વિદ્યા આપી છે. માતાજીને 'આધ્યાત્મિકી' વિદ્યા આપીશ. આધ્યાત્મિકી વિદ્યા દ્વારા જુદાં જુદાં તત્ત્વોના જ્ઞાનથી 'પોતાના આત્માનું' જ્ઞાન થાય છે. शमनीं सर्वकर्मणाम् તે વિદ્યા જ સર્વ કર્મોને શાંત કરી શકે છે. यया चासौ-यया એટલે વિદ્યાથી च અને કૃપાથી તે પાર ઊતરશે. જ્ઞાન અનુગ્રહથી ફળે છે. માટે 'च' અવ્યયથી કૃપાનો સંગ્રહ કર્યો એ બીજા च નો અર્થ છે.

भयं चातितरिष्यति-ભય च અને શોકને તરી જશે. ભયશોકને તરે તે ફરી દેહ પ્રાપ્ત ન કરે. ૪૦

मैत्रेय उवाच – एवं समुदितस्तेन कपिलेन प्रजापतिः ॥
दक्षिणीकृत्य तं प्रीतो वनमेव जगाम ह ॥४१॥

અન્વયાર્થ—**एवम्**-આ પ્રકારે, **तेन**-તે, **कपिलेन**-કપિલ ભગવાને, **समुदितः**-સ્નેહથી વિનવેલા, **प्रजापतिः**-કર્દમમહર્ષિ-પ્રજાપતિ, **तं दक्षिणीकृत्य**-તેમની પ્રદક્ષિણા કરીને, **प्रीतः**-પ્રસન્ન થયેલા, **ह**-અહો, **वनमेव**-વનમાં જ, **जगाम**-વિદાય થયા. ૪૧

અનુવાદ—અહો ભગવાન કપિલે સ્નેહપૂર્વક વિનવેલા શ્રી કર્દમ પ્રજાપતિ ભગવાન કપિલની પ્રદક્ષિણા કરી વન તરફ જ વિદાય થયા. ૪૧

તત્ત્વસુધા—આ શ્લોકથી અધ્યાયની સમાપ્તિ પર્યન્ત 'સાત બાબતનું' સાત શ્લોકોમાં વર્ણન કરવામાં આવશે. એ સાત બાબતો નીચે પ્રમાણે છે:

મુનિની વિદાય, વ્રતાચરણ, આંતર ધ્યાન, આન્તર નિર્દોષતા, ગુણોનો આવિર્ભાવ, જ્ઞાનનો ઉદય, ફલની પ્રાપ્તિ,-આ સાત પ્રસંગો ક્રમે ક્રમે સાત શ્લોકોમાં આવશે તેમાં પ્રથમ મુનિની વિદાયનું વર્ણન કરે છે.

'अहो' એવા અર્થમાં 'ह' અવ્યય વાપર્યું છે. ભગવાન ઘરે બિરાજે છે છતાં કરેલી પ્રતિજ્ઞા અને ભગવાનની આજ્ઞા ઉભયનું અવલંબન કરી સ્થિતપ્રજ્ઞ મહર્ષિ વન તરફ જ પધાર્યા. તદુપરાંત ભક્તિભાવથી પુત્ર છતાં ભગવાન હોઈ પ્રદક્ષિણા કરી. જેથી અન્યને પણ વિવેકવૃત્તિ જાગે તેમ જ ભગવાનની જાણ થઈ જાય. ૪૧

આ શ્લોકમાં કર્દમ મુનિની વ્રતચર્યા વર્ણવી છે—

व्रतं स आस्थितो मौनमात्मैकशरणो मुनिः ॥
निःसङ्गो व्यचरत् क्षोणीमनग्निरनिकेतनः ॥४२॥

અન્વયાર્થ—**आत्मा-एक-शरणः**-કેવલ આત્માનું શરણ કરનાર, **सः**-તે, **मुनिः**-તે મુનિ, **मौनम्-व्रतम्**-મૌન વ્રત લઈને, **आस्थितः**-બેઠા, તેમ જ, **निःसङ्गः**-સંગરહિત, **अनग्निः**-અગ્નિ વિનાના, **अनिकेतनः**-ઘર વિનાના થઈ, **क्षोणीम्**-પૃથ્વીમાં, **व्यचरत्**-વિચરવા લાગ્યા હતા. ૪૨

અનુવાદ—ત્યાર પછી કેવલ આત્મશરણ મુનિ કર્દમ મૌનવ્રત લઈને બેઠા તેમજ નિઃસંગ અને અગ્નિ વિનાના અને ઘર વિનાના થઈ પૃથ્વીમાં વિચરતા હતા. ૪૨

તત્ત્વસુધા— મુનિવર્યે છ વ્રત લીધાં. આ વ્રતો છ ઐશ્વર્ય જેવાં દિવ્ય હતાં. સૌથી પ્રથમ मौनम् व्रतं आस्थितः-આજીવન મૌન વ્રત લીધું. ભોગવિલાસ જ વધુ બહિર્મુખ બનાવે છે. જો માનવ મૌન લે તો ઘણો પ્રપંચ છૂટે. (૧)

आत्मैकशरणः—કેવલ આત્મપરાયણ બન્યા. બહિઃસંગનો ત્યાગ કર્યો. (૨)

मुनिः—મનનશીલ બની વાસનાજગતનો ત્યાગ કર્યો. (૩)

निःसङ्गः—પરમહંસ દીક્ષાથી એકાકી જ વિચરતા હોઈ સર્વથા અસંગ બન્યા. (૪)

अनग्निः—અગ્નિપકવ કોઈપણ સામગ્રી-ભોજન લેતા નહીં. (૫)

अनिकेतनः—વૃક્ષ નીચે કે સરિતાતટે વસતા પરંતુ મઠમંદિરમાં પણ રહેતા નહિ. (૬)

આ શ્લોકમાં આંતરધ્યાનનું નિરૂપણ છે—

मनो ब्रह्मणि युञ्जानो यत्तत्सदसतः परम् ॥
गुणावभासे विगुण एकभक्त्याऽनुभाविते ॥४३॥

અન્વયાર્થ— यत्-જે, **सत्-असतः**-સત અને અસતથી, **परम्**-પર છે, **तत्-तस्मिन्**-તે, **गुण-अवभासे**-ગુણોના પ્રકાશસ્થાન, **विगुणे**-ગુણરહિત, **एक-भक्त्या**-અનન્ય ભક્તિથી, **अनु-भाविते**-અનુભવતા, **ब्रह्मणि**-બ્રહ્મમાં, **मनः**-મનને, **युञ्जानः**-યોજતા મુનિ સાયુજ્ય પામ્યા. ૪૩

અનુવાદ—જે સત્ અસત્થી પર છે તેવા, તેમજ સમસ્ત ગુણો જેમાં પ્રકાશે તેવા, ગુણરહિત, અનન્ય ભક્તિથી અનુભવાતા તે બ્રહ્મમાં મનને યોજતાં મુનિ સાયુજ્ય પામ્યા. ૪૩

તત્ત્વસુધા—मनो ब्रह्मणि युञ्जानः-મુનિરાજે મનને બ્રહ્મમાં પરોવ્યું છે. આ બ્રહ્મ સત્ અસત્ કારણ અને કાર્યથી પર છે. છતાં તેમાં ગુણોનો ભાસ થાય છે. તેથી તે કારણ ગુણોની પ્રવૃત્તિ કરાવનાર તેમજ સત્ વગેરે અંશોથી ગુણોને ઉત્પન્ન ન કરનાર છે એવો અર્થ गुणावभासे विगुणे એવાં બે વિશેષણોથી કરવો.

બીજો એવો પણ અર્થ થશે કે જ્ઞાનાદિ ગુણોને પ્રકાશનાર, અથવા મહદાદિ તત્ત્વોમાં નિયામક સ્વરૂપે પ્રકાશમાન "गुणावभासे विगुणे" પદનો અર્થ થશે. તેમજ विगुणे સત્વ રજસ આદિ ગુણો જેમાં નથી તે विगुण શબ્દનો અર્થ થશે. આવા બ્રહ્મમાં મન લગાવી વિચરતા તેથી પર્યટન કરવા છતાં ચિત્તવિક્ષેપ નથી થતો. ૪૩

આ શ્લોકમાં મનની બ્રહ્મનિષ્ઠા હોવાથી દોષો સ્વયં દૂર થઈ જાય છે. એમ સૂચવે છે—

निरहंकृतिर्निर्ममश्च निर्द्वंद्वः समदृक् स्वदृक् ॥
प्रत्यक् प्रशान्तधीर्धीरः प्रशान्तोर्मिरिवोदधिः ॥४४॥

અન્વયાર્થ—निर्-अहंकृतिः-અહંતા વિનાના, **च**-તેમજ, **निर्ममः**-મમતા વિનાના, **निर्द्वन्द्वः**-દ્વન્દ્વોથી પર, **सम-दृक्**-સમદ્રષ્ટા, **स्व-दृक्**-આત્મદર્શી, **प्रत्यक्**-અન્તર્દષ્ટિ, **प्रशान्त-धीः**-શાંતબુદ્ધિ, **धीरः**-ધીર, **प्रशान्त-ऊर्मिः**-પ્રશાન્તતરંગ, **उदधिः इव**-સાગર જેવા જાણે બનેલ મુનિ સાયુજ્ય પામ્યા. ૪૪

અનુવાદ—અહંતા મમતાથી પર, સમદ્રષ્ટા, આત્મદર્શી, અન્તર્દષ્ટિવાળા, શાંતબુદ્ધિ તેમજ ધીર ગંભીર મુનિ, શાંત તરંગ વગરની જેમ વિચરતા સાયુજ્યને પામ્યા. ૪૪

તત્ત્વસુધા—निरहंकृतिर्निर्ममश्च-બ્રહ્મનિષ્ઠાના પરિણામે, અહંતા, મમતા, અને च અવ્યયથી ઇચ્છા વગેરેથી નિવૃત્ત થઈ ચૂક્યા.

निर्द्वन्द्वः-સુખ-દુઃખ, ક્ષુધા-તૃષા વગેરે દ્વન્દ્વ પણ દૂર થઈ ગયાં, કથાશ્રવણથી પરીક્ષિત રાજાનાં જેમ થઈ ગયાં હતાં, કૃષ્ણાનુરાગમાં ગોપીજનો થઈ ગયાં હતાં.

સમદક્ એટલે સમ બ્રહ્મનું નામ છે માટે તે "બ્રહ્મદર્શી થયા છે. સ્વ-દક્ આત્મદર્શી પણ બન્યા અથવા સર્વમાં આત્મભાવથી જોવા લાગ્યા. પ્રત્યક્ અન્તર્મુખ પણ થયા. આ સર્વ ભૂમિ બ્રહ્મભક્તિ થવાથી થઈ છે. મુનિરાજ સર્વત્ર પર્યટન કરતા તો પણ ક્ષોભ રહિત શાંત મહાસાગર જેવા વિચરતા હતા. ૪૪

શ્રી કર્દમ મહર્ષિની પરાભક્તિનું વર્ણન આ શ્લોકથી કરશે—

वासुदेवे भगवति सर्वज्ञे प्रत्यगात्मनि ॥
परेण भक्तिभावेन लब्धात्मामुक्तबन्धनः ॥४५॥

અન્વયાર્થ—**प्रत्यक्-आत्मनि**-અંદરના આત્મા રૂપ, **सर्वज्ञे**-સર્વજ્ઞ, **वासुदेवे**-વાસુદેવ, **भगवति**-ભગવાનમાં, **परेण**-ઉત્તમ, **भक्ति-भावेन**-ભક્તિભાવથી, **लब्ध-आत्मा**-આત્માને પ્રાપ્ત કરી, **मुक्त-बन्धनः**-બંધનમુક્તિ મુનિવર્ય માગતા હતા. ૪૫

અનુવાદ—અંદરના આત્મા એવા સર્વજ્ઞ વાસુદેવ ભગવાનમાં શ્રેષ્ઠ ભક્તિ મેળવી હોવાથી આત્મસમ્પન્ન મુનિ મુક્તબંધન બન્યા હતા. ૪૫

તત્ત્વસુધા—પ્રત્યગાત્મનિ-શ્રી કર્દમ મુનિવરે સંન્યાસ લીધો હતો. પરમહંસને-જ્ઞાનીને જ્ઞાન શક્તિવાળા ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે. મુનિવર્ય શુદ્ધ અન્તઃકરણ બન્યા હતા તેથી તે જ્ઞાનશક્તિવાળા **सर्वज्ञ**-સર્વજ્ઞ વાસુદેવ ભગવાનમાં ઉત્તમ ભક્તિ પામી ચૂક્યા હોઈ સર્વ બંધનોથી પણ મુક્ત બની ગયા. ૪૫

મુનિના જ્ઞાનસ્વરૂપનું વર્ણન આ શ્લોકમાં છે—

आत्मानं सर्वभूतेषु भगवन्तमवस्थितम् ॥
अपश्यत् सर्वभूतानि भगवत्यपि चात्मनि ॥४६॥

અન્વયાર્થ—**आत्मानम्-भगवन्तम्**-પોતાના આત્મારૂપ ભગવાનને, **सर्व-भूतेषु**-સર્વ પ્રાણીઓમાં, **अवस्थितम्**-રહેલા, **च** અને, **भगवति**-ભગવદ્રૂપ, **आत्मनि**-પોતાના આત્મામાં, **सर्व-भूतानि**-સર્વ ભૂતોને, **अपश्यत्**-જોયા. ૪૬

અનુવાદ—પોતાના આત્મારૂપ ભગવાનમાં સર્વ પ્રાણીઓને રહેલાં જોયાં તેમજ ભગવદ્રૂપ પોતાના આત્મામાં સર્વ પ્રાણીઓને જોયાં. ૪૬

તત્ત્વસુધા—आत्मानं भगवन्तम्-ભગવાન જ પોતાના આત્મા છે. તે જ ભગવાન સર્વમાં બિરાજે છે. તેથી સર્વત્ર આત્માને ભગવદ્રૂપે જ મુનિરાજ જોઈ રહ્યા છે. વળી સર્વ પ્રાણીઓ પણ ભગવદ્રૂપ છે. તેથી પોતાના આત્મામાં ભગવદ્રૂપ સર્વ પ્રાણીઓને જોયાં. તાત્પર્ય કે જગતના આધાર અને આધેય બનેલા પોતાના આત્મા રૂપ-ભગવાનનો મુનિએ સાક્ષાત્કાર કર્યો. ૪૬

મુનિવર સાયુજ્ય મુક્તિ પામ્યા—

इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा ॥
भगवद्भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः ॥४७॥

અન્વયાર્થ—**इच्छा-द्वेष-विहीनेन**-ઇચ્છા અને દ્વેષ વિનાના, **सर्वत्र**-સર્વમાં, **समचेतसा**-સમદૃષ્ટિવાળા, **भगवद्-भक्ति-युक्तेन**-ભગવાનની ભક્તિવાળા કર્દમ મુનિએ, **भागवती**-ભગવાનની, **गतिः**-સાયુજ્ય મુક્તિ **प्राप्ताः**-મેળવી. ૪૭

અનુવાદ—ઇચ્છા અને દ્વેષ વિનાના, સર્વમાં સમાન દૃષ્ટિવાળા ભગવચ્ચરણે ભક્તિ ધરાવતા મુનિવરે ભગવાન સાથે સાયુજ્ય પ્રાપ્ત કર્યું. ૪૭

તત્ત્વસુધા—"इच्छाद्वेषविहीनेन"–ચિત્તના દોષની નિવૃત્તિ થવી એ શ્રેષ્ઠ સાધના છે બ્રહ્મરસના સંબંધવાળું જો ચિત્ત બને તો તે ઇચ્છાદ્વેષથી મુક્ત થઈ જાય કારણ કે બ્રહ્મરસના સંબંધથી ચિત્ત ભૌતિક રસમાંથી દૂર થઈ જાય છે. જ્યારે બ્રહ્મરસની અનુભૂતિ કરતું ચિત્ત થાય ત્યારે ભગવાનની ભક્તિ પણ પ્રાપ્ત થાય છે. જ્ઞાન સાથેની પ્રેમલક્ષણા ભક્તિની અવસ્થા છે. આવી ભક્તિ થતાં ભગવાન અંદર પધારે તે ભાગવતી ગતિ એટલે સાયુજ્ય મુક્તિ. તેને પ્રાપ્ત કરી. ૪૭

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૨૪ મો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૫ મો

શ્લોક સંખ્યા ૪૪

શ્રી વરાહ ચરિત્રને ૧૯ મા અધ્યાય સુધી વર્ણવીને ૨૦ મા અધ્યાયથી બીજું પ્રકરણ શરૂ કર્યું છે. બીજું પ્રકરણ જ્ઞાનચરિત્ર છે. બીજા પ્રકરણના વીસમા અધ્યાયમાં સંખ્યાસૃષ્ટિનું વર્ણન કર્યું છે. પુનઃ ૨૧ થી ૨૪ સુધીના ચાર અધ્યાયોમાં શ્રી કપિલ પ્રભુના જન્મની કથાનું વર્ણન કર્યું છે.

કપિલ ભગવાનના જ્ઞાનમય ચરિત્રનો ભાગ ૨૫ મા અધ્યાયથી ૩૩ મા અધ્યાય સુધીના નવ અધ્યાયોમાં વર્ણવાશે. આ જ્ઞાન પ્રકરણના નવ ગુણોના વિભાગથી નવ અધ્યાયો છે. ૨૫ મા અધ્યાયમાં ભક્તિયોગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રી શૌનક મુનિને લાગ્યું કે મનુવંશ સંબંધી જ પ્રશ્ન પૂછેલો તેથી કદાચ આગળ વર્ણવશે નહીં એમ સમજી ત્રણ શ્લોકોમાં પ્રશ્ન પૂછી રહ્યા છે.

શ્રી કપિલ ભગવાનનો મહિમા સમજાવે છે—

कपिलस्तत्वसंख्याता भगवान् स्वात्ममायया ।
जातः स्वयमजः साक्षात् आत्मप्रज्ञप्तये नृणाम् ॥१॥

અન્વયાર્થ—तत्त्व-संख्याता-તત્ત્વોના સંખ્યા વર્ણવનાર, **भगवान्**-ભગવાન, **कपिलः**-કપિલ, **स्वयम्**-પોતે, **अजः**-અજન્મા હોવા છતાં, **नृणाम्**-મનુષ્યોને, **आत्म-प्रज्ञप्तये**-આત્મજ્ઞાન પ્રાપ્ત થાય માટે, **साक्षात्**-પોતે **स्वात्म-मायया**-પોતાની માયાશક્તિથી, **स्वयम्-जातः**-સ્વયં પ્રકટ થયા. ૧

અનુવાદ—તત્ત્વોની ગણના કરનાર સાક્ષાત્ કપિલ ભગવાન અજન્મા હોવા છતાં મનુષ્યોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે પોતાની માયાશક્તિથી પોતે જ પ્રકટ થયા. ૧

તત્ત્વસુધા—तत्त्वसंख्याता-ભગવાન કપિલનો પ્રાદુર્ભાવ જ્ઞાનાત્મક છે. જ્ઞાનાવતાર સ્વીકારી ભગવાને તત્ત્વોની સંખ્યા નક્કી કરી. કપિલજીના પ્રાકટ્ય સમયે તત્ત્વો સંબંધી અનેક મત પ્રવર્તતા હતા. સંખ્યાનું સંકલન કપિલજીએ જ કર્યું.

स्वमायया-જગતને ઠગનારી માયા આ સ્થાને નથી વર્ણવી. કારણ કે स्वात्म પોતાની માયાના એવો શબ્દ વાપર્યો છે. ભગવાનની તે શક્તિ છે. આ શક્તિના અવલંબને પ્રભુ સ્વયં પ્રકટ થયા. મનુષ્ય માત્રને આત્મજ્ઞાન દાન કરવા પધાર્યા છે. ૧

न ह्यस्य वर्ष्मणः पुंसां वरिम्णः सर्वयोगिनाम् ।
विश्रुतौ श्रुतदेवस्य भूरि तृप्यन्ति मेऽसवः ॥२॥

અન્વયાર્થ—पुंसां-પુરુષોમાં, **वर्ष्मणः**-શ્રેષ્ઠ, **सर्व-योगिनाम्**-સર્વ યોગીઓને, **वरिम्णः**-વરવા યોગ્ય, **श्रुत-देवस्य**-શ્રવણથી મેળવાતા, **अस्य**-આ ભગવાનની, **भूरि विश्रुतौ**-પુષ્કળ કથા સાંભળવા છતાં, **हि**-સાચે જ, **मे**-મારા, **असवः**-પ્રાણો, **न तृप्यान्ति**-તૃપ્ત નથી થતા. ૨

અનુવાદ—પુરુષોમાં શ્રેષ્ઠ, સર્વ યોગીઓને વરવા યોગ્ય, અને શ્રવણથી મેળવાતા આ શ્રી હરિની કથાનું નિત્ય શ્રવણ કરવા છતાં ખરેખર આ મારા પ્રાણો તૃપ્ત નથી થતા. ૨

તત્ત્વસુધા—નહ્યસ્ય શ્રી શૌનક મુનિ અને વિદુરજીના એક સરખા જ પ્રશ્નો છે તેમજ શ્રવણુમાં એક સરખી જ અતૃપ્તિ છે. તેઓ કહી રહેલ છે કે શ્રી કપિલ ભગવાનનાં ચરિત્રોનું શ્રવણુ કરવા છતાં પુનઃ શ્રવણુવૃત્તિ રહે છે જ. આ ભગવાન વર્ષ્મણઃ એટલે અત્યંત શ્રેષ્ઠ–અત્યંત સુંદર અતિશય પુરાતન છે. વર્ષ્મના એ રીતે ત્રણુ અર્થ થયા.

શ્રુતદેવસ્ય–આ પદના પાંચ અર્થ થાય છે. ચાર અર્થ ભગવાનના વિશેષણુમાં થશે, એક અર્થ "મે" પદના વિશેષણુમાં થશે. શ્રવણુમાં પ્રકાશતા, શ્રવણુથી પ્રકાશતા, કીર્તનપ્રિય, અથવા કીર્તનથી પ્રાપ્ત થતા આ ચાર અર્થ અસ્ય કપિલ ભગવાનને લક્ષીને કર્યા છે. જ્યારે શ્રુતદેવસ્ય મે મેં શ્રોતાએ પુષ્કળ ચરિત્ર સાંભળ્યું છે છતાં તૃપ્તિ નથી થતી. ગુણુમહિમા જ એવો છે કે સાંભળે તેને જ પુનઃ શ્રવણુલિપ્સા થાય છે. ૨

આ પ્રશ્નનો ત્રીજો શ્લોક છે—

यद्यद् विधत्ते भगवान् स्वच्छन्दात्माऽऽत्ममायया।
तानि मे श्रद्दधानस्य कीर्तन्यान्यनुकीर्तय ॥३॥

અન્વયાર્થ—स्व-छन्द-आत्मा–સ્વજનોની ઇચ્છાને અનુસાર, भगवान्–ભગવાન, आत्म-मायया–પોતાની શક્તિથી, यद्-यद्–જે જે, विधत्ते–આચરે છે; कीर्तन्यानि–કીર્તન કરવા યોગ્ય, तानि–તે ચરિત્રોને, श्रद्-दधानस्य-मे–શ્રદ્ધાશીલ એવા મને, अनुकीर्तय–આપ કહી સંભળાવો. ૩

અનુવાદ—સ્વજનોની ઇચ્છાને અનુસરવાની પ્રકૃતિવાળા શ્રીહરિ ભગવાન, પોતાની શક્તિ દ્વારા જે જે આચરે છે તે કીર્તન કરવા યોગ્ય કાર્યોને શ્રદ્ધાશીલ એવા મને કહી સંભળાવો. ૩

તત્ત્વસુધા—स्वच्छन्दात्मा–આ પદમાં आत्मा શબ્દનો અર્થ "સ્વભાવ" કરવો, स्व શબ્દનો અર્થ નિજજન કરવો. ભક્તવત્સલ ભગવાન સ્વતંત્ર છતાં ભક્તવશ હોઈ ભક્તજનની ઇચ્છાને અનુસરી સર્વ ચરિતો અને કાર્યો કરે છે. શ્રી વિદુરજી શ્રદ્ધાની ભેટ શ્રી મૈત્રેયને ચરણે ધરી કથાશ્રવણુની જિજ્ઞાસા વ્યક્ત કરે છે કે, श्रद्-दधानस्य मे–શ્રદ્ધા ચરણે ધરી છે તો કૃપાળુ આપ શ્રદ્ધાળુ મને ચરિતસુધાનાં પાન કરાવો. વક્તા કૃપાળુ અને શ્રોતા શ્રદ્ધાળુ જોઈએ. ૩

શ્રી સૂત મહાત્મા શૌનકજીને કહી રહેલ છે કે આવા જ પ્રશ્નો વિદુરજીના હતા—

सूत उवाच – द्वैपायनसखस्त्वेवं मैत्रेयो भगवांस्तथा।
प्राहेदं विदुरं प्रीतः आन्वीक्षिक्या प्रचोदितः ॥४॥

અન્વયાર્થ—सूत-उवाच–મહર્ષિ સૂતજી બોલ્યા કે-द्वैपायन-सखः–મહર્ષિ વ્યાસના મિત્ર, भगवान्–ભગવાન મૈત્રેય, तु–પણુ तथा–તમારી માફક, आन्वीक्षिक्याम्–આત્મવિદ્યામાં, एवम्-प्रचोदितः–આ જ પ્રકારે પ્રેરાએલા, प्रीतः–પ્રસન્નતાપૂર્વક, विदुरम्–શ્રી વિદુરજીને, इदम्–આ પ્રમાણે, प्राह–કહેવા લાગ્યા. ૪

અનુવાદ—મહર્ષિ સૂતે કહ્યું કે શૌનકજી, મહર્ષિ વ્યાસજીના મિત્ર, ભગવાન મૈત્રેયને પણુ આપની માફક આત્મવિદ્યામાં આ જ પ્રકારે પૂછવામાં આવેલું. તેઓ તેથી પ્રસન્નપૂર્વક શ્રી વિદુરજીને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૪

તત્ત્વસુધા—द्वैपायन-सखः–શ્રી વિદુરજી સાથે મૈત્રેય મુનિનો સત્સંગ શરૂ થાય છે. ‘શ્રોતા વક્તા સમશીલ’’ હોય તો વધુ ભક્તિભાવ પુષ્ટ થાય. આ વસ્તુ આ શ્લોકનાં ત્રણ વિશેષણોથી સમજાય છે: (૧) દ્વૈપાયનસખા એટલે વ્યાસજીના મિત્ર શ્રી મૈત્રેય છે, ત્યારે વિદુરજી વ્યાસજીના પુત્ર છે. (૨) મૈત્રેય પ્રાણી માત્રના મિત્ર છે–ત્યારે વિદુરજી પુણ્યજન છે. (૩) મૈત્રેય ભગવાન છે ત્યારે વિદુરજી ભગવદીય છે. આ ત્રણે પ્રકારે સત્સંગની ઉત્કૃષ્ટ સંભાવના છે. ૪

શ્રી કપિલ ભગવાન બિંદુ સરોવરમાં બિરાજે છે—

मैत्रेय उवाच – पितरि प्रस्थितेऽरण्यं मातुः प्रियचिकीर्षया ।
तस्मिन् बिन्दुसरेऽवात्सीत् भगवान् कपिलः किल ॥५॥

અન્વયાર્થ—**पितरि**–પિતાજી–કર્દમ ઋષિ, **अरण्यम्**–અરણ્યમાં–વનમાં, **प्रस्थिते**–પધાર્યા ત્યારે, **मातुः**–માતાજીનું, **प्रिय-चिकीर्षया**–પ્રિય કરવાની ઇચ્છાથી, **भगवान्-कपिलः**–શ્રી કપિલ ભગવાન, **तस्मिन्**–તે બિન્દુ સરોવરમાં, **अवात्सीत्-किल**–ખરેખર વસ્યા. ૫

અનુવાદ—પિતાજી–કર્દમઋષિ વનમાં પધાર્યા ત્યારે માતાજીનું પ્રિય કરવાની ઇચ્છાથી શ્રી કપિલ ભગવાન તે બિંદુ સરોવરમાં ખરેખર બિરાજ્યા. ૫

તત્ત્વસુધા—मातुः प्रियचिकीर्षया–કૃપાળુ સંતોની કૃપાળુતા ક્રિયાથી જણાય. શ્રી કપિલ ભગવાન સૂર્ય અને વાયુ સમા મહાન સર્વત્ર સર્વહિત માટે વિચરે તેમને સરિતાનાં સલિલ સમાન બંધન ન સંભવે, છતાં સરિતાનાં જલ સરોવર બની એક સ્થાને બંધમાં અનેકના મંગલ માટે વસે, તેમજ માતાના સર્વ મંગલ માટે જ ભગવાન કપિલ બિંદુ સરોવરમાં બિરાજ્યા. ૫

શ્રી દેવહૂતિ માતાજી બોલવાનો આરંભ કરશે—

तमासीनमकर्माणं तत्त्वग्रामाग्रदर्शनम् ।
स्वसुतं देवहूत्याह धातुः संस्मरती वचः ॥६॥

અન્વયાર્થ—**धातुः**–બ્રહ્માજીનાં, **वचः**–વાક્યનું, **संस्मरती**–સ્મરણ કરતાં, **देवहूति**–શ્રી દેવહૂતિજી, **अकर्माणम्**–કર્મબંધન વિનાના–અકર્મા, **तत्त्व-ग्राम-अग्र-दर्शनम्**–તત્ત્વસમૂહના નિર્ણયના જ્ઞાનવાળા, **आसीनम्**–બિરાજેલા, **स्व-सुतम्**–પોતાના પુત્ર, **तम्**–તે કર્દમ મુનિને, **आह**–કહેવા લાગ્યાં. ૬

અનુવાદ—બ્રહ્માજીના વાકયનું સંસ્મરણ કરતાં માતા દેવહૂતિજી અકર્મા અને તત્ત્વગ્રામ, અગ્રદ્રષ્ટા, આશ્રમમાં બિરાજેલા, પોતાના પુત્ર શ્રી કપિલજીને કહેવા લાગ્યાં. ૬

તત્ત્વસુધા—आसीनम् अकर्माणम्-तत्त्वग्रामाग्रदर्शनम्-स्वसुतम्-तम्–શ્રી કપિલ પ્રભુને ચાર વિશેષણ આપ્યાં છે, ‘‘ઉપદેશ અને અધ્યાપન બેસીને જ કરાય’’ એ શાસ્ત્રનો આદેશ છે માટે ‘‘आसीनम्’’ ‘‘બેઠેલા’’ કપિલને કહ્યા.

अकर्माणम्–સમાધિ–તપશ્ચર્યા–યોગસાધનામાં બેઠેલ હોય તો પ્રશ્ન ન થાય માટે કહ્યું અકર્મા હતા માટે પ્રશ્ન જરૂર પૂછી શકાય છે.

तत्त्वग्रामाग्रदर्शनम्–નિષ્ક્રિય તો જડ પણ હોય, તેવું નથી તે સૂચવવા તત્ત્વસમૂહના તે નિષ્ણાત દ્રષ્ટા છે તેથી જિજ્ઞાસા કરવાનું યોગ્ય સ્થાન સૂચવ્યું.

स्वसुतम्—પોતાના પુત્ર છે એટલે માતા તરીકેનો અવશ્ય અધિકાર છે એમ દર્શાવ્યું. આ ચારે પ્રકારે વિચાર કરી દેવહૂતિ માતા કપિલ ભગવાનને શરણે જાય છે. વળી બ્રહ્માજીના વાક્યનું સ્મરણ પણ તેમને છે. ૬

આ શ્લોકમાં દેવહૂતિજીના વૈરાગ્યનું વર્ણન છે—

देवहूतिरुवाच – निर्विण्णा नितरां भूमन् नसदिन्द्रियतर्पणात् ।
येन संभाव्यमानेन प्रविष्टाऽन्धं तमः प्रभो ॥७॥

અન્વયાર્થ—**देवहूतिः उवाच** શ્રી દેવહૂતિ માતા બોલ્યાં કે, **प्रभो**-હે પ્રભુ! **भूमन्**-હે સર્વશક્તિમાન, **असत्-इन्द्रिय-तर्पणात्**-દુષ્ટ ઇન્દ્રિય વૃત્તિઓના તર્પણથી, **नितरां-निर्विण्णा**-નિતતિ-અત્યંત થાકેલી, વળી, **येन-सम्भाव्यमानम्** ઇન્દ્રિયપોષણમાં આદર કરવાથી, **अन्धं-तमः**-ઘોર અંધકારમાં, **प्रविष्टा**-પ્રવેશેલી છું ૭

અનુવાદ—શ્રી દેવહૂતિ માતાજી બોલ્યાં કે હે પ્રભો! હે શક્તિમાન્ પ્રભુ! દુષ્ટ ઇન્દ્રિય વૃત્તિઓના નિરંતર પોષણથી અત્યંત ખિન્ન થયેલી, વળી ઇન્દ્રિય વૃત્તિઓનો જ આદર કરવાથી ઘોર અંધકારમાં પ્રવેશેલી છું. ૭

તત્ત્વસુધા—असदिन्द्रियतर्पणात्–બે પ્રકારનો ખેદ આ શ્લોકમાં કર્યો છે. એક તો, **असद्**-એટલે વિષયરત ઇન્દ્રિયોનું તર્પણ, અને **संभाव्यमानेन**–ઇન્દ્રિયોના વૃત્તિપોષણમાં **संभाव्यमान**-એટલે આદર કરવો આ બે અપરાધોથી ઇન્દ્રિયો વધુ ને વધુ ઉન્મત્ત બની ગઇ. જેથી અત્યંત ખિન્નતા આવી ગઈ છે, તો હે પ્રભુ! આપ સમર્થ છો, તો મને–એ ક્લેશમાંથી મુક્ત કરશો, તો મોટી કૃપા. ૭

શ્રી દેવહૂતિ દેવી કપિલદેવના પ્રાકટ્યનું પ્રયોજન કહી રહ્યાં છે—

तस्य त्वं तमसोऽन्धस्य दुष्पारस्याद्य पारगम् ।
सच्चक्षुर्जन्मनामन्ते लब्धं मे त्वदनुग्रहात् ॥८॥

અન્વયાર્થ—**अद्य**-આજે, **दुष्पारस्य**-તરી ન શકાય તેવા, **तस्य**-તે, **अन्धस्य**-અંધ, **तमसः**-તમસના, **पारगम्**-પાર લઈ જનારા, **त्वम्** આપ, **सत्-चक्षुः**-ઉત્તમ, **नेत्र**-આંખરૂપ, **त्वम्**-આપને, **मे**-મેં, **त्वद्-अनुग्रहात्**-આપના અનુગ્રહથી, **जन्मनाम्**-અનેક જન્મોના, **अन्ते**-અંતમાં, **लब्धम्**-મેળવેલ છે. ૮

અનુવાદ—તરી ન શકાય તેવા, અંધતમઃના પારને લઈ જનારા ઉત્તમ આંખરૂપ આપને મેં આપના જ અનુગ્રહથી અનેક જન્મોના અંતે મેળવ્યા છે. ૮

તત્ત્વસુધા—तस्य त्वं तमसोऽन्धस्य–શ્રી દેવહૂતિજીએ વિનવ્યું કે આપ દિવ્યચક્ષુ સ્વરૂપ છો. અન્ધતમને પેલે તીરે બિરાજતા અને પ્રત્યેકને પ્રકાશ આપતા આપ " नेत्र " છો. અનેક જન્મો વીત્યા પછીથી આપને હું પામેલ છું. ૮

ભગવતી દેવહૂતિ પ્રભુને વિશ્વના નેત્ર તરીકે વર્ણવે છે—

य आद्यो भगवान् पुंसामीश्वरो वै भवान् किल ।
लोकस्य तमसोऽन्धस्य चक्षुः सूर्य इवोदितः ॥९॥

અન્વયાર્થ—**भवान्**-આપ, **भगवान्**-ભગવાન, **यः**-જે, **पुंसाम्-आद्य-वै-ईश्वरः-किल**-પુરુષોમાં આદ્ય તેમજ પુરુષોના ખરેખર ઈશ્વર છો, તે ભગવાન, **सूर्य इव**-સૂર્યની માફક, **तमसः**-અંધકારથી, **अन्धस्य**-અંધ બનેલા, **लोकस्य**-લોકના, **चक्षुः**-પ્રકાશ કરનાર તરીકે, **उदितः**-ઉદય પામેલા છો. ૯

અનુવાદ—આપ ભગવાન જે પુરુષોમાં આદ્ય તેમ જ પુરુષોના ઈશ્વર છો તે ભગવાન સૂર્યની માફક, અંધકારથી અંધ બનેલા લોકના પ્રકાશક ચક્ષુ તરીકે ઉદય પામેલા છો. ૯

તત્ત્વસુધા—**भवानाद्यः**-શ્રી કપિલ ભગવાનની સ્તુતિ કરતાં માતા દેવહૂતિજીએ કહ્યું કે બ્રહ્માદિ દેવો અને સર્વપુરુષોના આપ આદ્ય છો એટલે કારણ છો. સાંખ્યના મતમાં કાલને કારણ માનેલ હોવાથી કદાચ આદ્ય શબ્દનો અર્થ કાલ ન થઈ જાય તેથી કહ્યું કે भगवान्-ભગવાન જ કારણ છે. કે ઈશ્વર એટલે વશ રાખનાર અને ભગવાન એટલે સર્વને ઉત્પન્ન કરનાર.

चक्षु सूर्य इव-સૂર્ય સમસ્ત વિશ્વનું નેત્ર છે. તે અંધકારને દૂર કરે છે. ભગવાન કપિલ સમસ્ત લોકના મોહ અંધકારને હરનાર નેત્ર છે. પૂર્વ શ્લોકમાં દેવહૂતિજીએ ભગવાનને પોતાના નેત્ર તરીકે કહ્યા છે અને આ શ્લોકમાં લોકના નેત્ર કહ્યા છે. ૯

દેવહૂતિ માતા ભગવાનને મોહ નિવારવા નિવેદન કરે છે—

अथ मे देव सम्मोहमपाक्रष्टुं त्वमर्हसि ।
योऽवग्रहोऽहंममेतीत्येतस्मिन् योजितस्त्वया ॥१०॥

અન્વયાર્થ--**अथ**-હવે, **देव**-હે નાથ! **अहं-मम-इति यः**-હું અને મારું એવો જે, **अवग्रहः**-દુરાગ્રહ, **एतस्मिन्**-આ દેહમાં, **त्वया**-આપે, **योजितः**-મૂકેલ છે તે, **मे**-મારા, **संमोहः**-સંમોહને, **त्वम्**-આપ, **अपाक्रष्टुम्**-દૂર કરવાને, **अर्हसि**-યોગ્ય છો. ૧૦

અનુવાદ—હે દેવ! હું અને મારું એવો જે દુરાગ્રહ આ દેહમાં આપે યોજેલ છે, તે મારા સંમોહને આપ જ દૂર કરવા માટે યોગ્ય છો ૧૦

તત્ત્વસુધા—अहंममेति-હું અને મારું એવો જે દેહ-ગેહ-દ્રવ્યમાં દુરાગ્રહ છે તે પણ આપે જ સૃષ્ટિ સંચાલન માટે સ્થાપેલ છે. કારણ કે આ સર્વ વિશ્વના આપ જ સ્રષ્ટા છો. નાથ! આ શબ્દોથી આપને આક્ષેપ નથી આપતી કે આપે સર્વમાં સંમોહ કે અહંગ્રહ સરજ્યાં છે. પરંતુ સૃષ્ટિસર્જક તરીકે વિનમ્ર-દૈન્ય ભાવે નિવેદન કરું છે કે આપ આ દુરાગ્રહને દૂર કરો. ૧૦

દેવી દેવહૂતિ શ્રી કપિલદેવને શરણે આવે છે—

तं त्वा गताहं शरणं शरण्यं स्वभृत्यसंसारतरोः कुठारम् ।
जिज्ञासयाहं प्रकृतेः पूरुषस्य नमामि सद्धर्मविदां वरिष्ठम् ॥११॥

અન્વયાર્થ—**तं शरण्यम्**-વિશ્વખ્યાત તે શરણાગતવત્સલ, તેમજ, **स्व-भृत्य-संसार-तरोः**-પોતાના ભક્તના સંસારવૃક્ષને છેદનાર, **कुठारम्**-કુઠાર સ્વરૂપ, **त्वा**-આપને, **अहम्**-હું, **शरणं गता**-શરણે આવી છું. વળી, **प्रकृतेः**-પ્રકૃતિના અને, **पूरुषस्य**-પુરુષના સ્વરૂપની, **जिज्ञासया**-જિજ્ઞાસાથી, **सद्-धर्मविदां-वरिष्ठम्**-ધર્મોને જાણનારમાં શ્રેષ્ઠ એમ આપને, **नमामि**- નમસ્કાર કરું છું. (ઈંદ્રવંશાવૃત્ત) ૧૧

અનુવાદ—હે શરણાગતવત્સલ કપિલ! નિજ ભક્તોના સંસારવૃક્ષના છેદનાર કુહાડા સ્વરૂપ આપને હું શરણે આવું છું. પ્રકૃતિ અને પુરુષના સ્વરૂપને સમજવાની વૃત્તિથી, સંતોના ધર્મોને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ આપશ્રીને પ્રણામ કરું છું. ૧૧

તત્ત્વસુધા—त्वं-त्वा-आगता-अहम्-આ અગીઆરમો શ્લોક છે. અધ્યાય ૨૫ મો છે. એ એક વસ્તુનું સૂચન કરે છે કે માનવનો દેહ "૨૫" તત્ત્વોનો બનેલ છે. તેમાં ૧૧ ઇન્દ્રિયો છે. વિષય કે સંસાર અગીઆર

ઇન્દ્રિયમાં વસેલ છે. જો તે ઇન્દ્રિયોમાં–દેહમાં અને દેહને લગતા આ સંસારમાં વિષયને બદલે ભગવાનનો જ પ્રવેશ થઇ જાય તો અનાયાસે સંસાર દૂર થઈ જાય.

આ ઉપરોક્ત વસ્તુ ધ્યાનમાં રાખી માતાએ કપિલ ભગવાનને કહ્યું, शरण्यं स्वभृत्यसंसारतरोः कुठारम् કે આપ "શરણે જવા યોગ્ય છો તેમજ નિજ ભક્તોના સંસારને છેદનાર કુઠાર" છો. પ્રથમ વિશેષણ "शरण्य" આપ્યું. શરણે આવેલ પ્રત્યે "કરુણા અભયદાન વાત્સલ્ય અને આશ્રય" આવા ધર્મો દર્શાવવાનું સામર્થ્ય કેવલ એક ભગવાનમાં જ છે માટે ભગવાનને જ "શરણ્ય" કહેવાય તેમજ ભગવાનને જ શરણે જવાય તેથી જ કપિલ ભગવાનને शरण्य એવું વિશેષણ આપ્યું.

હવે स्व–मृत्यसंसारतरोः–कुठारम्–ભગવાનને "કુઠાર" તરીકે કેમ વર્ણવાય એવો જો વિચાર આવે તો તેનું કારણ છે કે કાપવા માટે "કુહાડા" લાકડાની અંદર પેસી જાય છે અને કાપે છે. તેમ ભગવાનના જે શરણાગત જીવો–નિજ જનો છે તેમના પુત્ર-મિત્ર વગેરે સ્વરૂપે તેમના સંસારમાં પ્રવેશે છે અને સંસારને પરમાર્થ બનાવી દે છે અને નિજ ભક્તને સંસારના ક્લેશથી મુક્ત કરે છે દશરથ રાજાના સંસારમાં ભગવાને પુત્ર તરીકે પ્રવેશ કરી સંસારતરુને છેદ્યું. આ સામર્થ્ય અને કૃપાલુત્વ કેવલ શ્રીકૃષ્ણમાં જ–કપિલ ભગવાનમાં જ છે.

जिज्ञासया–હવે ઉત્તરાર્ધના વાક્યમાં ભગવાનને કહે છે કે હું પ્રકૃતિ પુરુષના તફાવતને તેમજ સ્વરૂપને સમજવા "सद्धर्मविदां वरिष्ठम्" એટલે "ગુરુ તરીકેના ઉત્તમ સમસ્ત ગુણોવાળા" આપને સદ્ગુરુને "નમસ્કાર કરું છું." શાંતપણું, જ્ઞાન, વગેરે જે બ્રહ્મના ગુણો છે તે ગુણોને જે ધારણ કરે અને આચરે તેને જ "ગુરુ" બનાવાય. હે નાથ આપને આજ એવા ગુણગણથી પૂર્ણ જોઈ "ગુરુ" તરીકે નમસ્કાર કરું તો માતા પુત્રને કેમ નમે એવો મર્યાદાલોપ નહીં થાય. આપ પ્રકૃતિ અને પુરુષથી વચમાંના તફાવતને બતાવો. ૧૧

मैत्रेय उवाच – इति स्वमातुर्निरवद्यमीप्सितं निशम्य पुंसामपवर्गवर्धनम् ।
धियाऽभिनन्द्याऽऽत्मवतां सतांगतिर्बभाष ईषत् स्मितशोभिताननः ॥१२॥

અન્વયાર્થ—**इति**–એ પ્રમાણે, **स्व–मातुः**–પોતાની માતાનું, **निरवद्यम्**–નિર્દોષ, **पुंसाम्**–પુરુષોના, **अपवर्ग–वर्धनम्**–મોક્ષને વધારનારું, **ईप्सितम्**–જ્ઞાન મેળવવાના મનોરથને, **निशम्य**–સમજીને, **धिया**–બુદ્ધિથી, **अभिनंद्य**–વખાણીને–અનુમોદન આપીને, **ईषत्–स्मित–शोभित–आननः**–સહજ સ્મિતહાસ્યથી શોભતા મુખારવિંદવાળા, **आत्मवताम्**–શ્રીકૃષ્ણ ભગવાન સાથે વસતા, **सताम्**–ભગવદીયોના, **गतिः**–ફલ સ્વરૂપ કપિલ ભગવાન, **बभाषे**–કહેવા લાગ્યા. (વંશસ્થવૃત્ત) ૧૨

અનુવાદ—એ પ્રમાણે પોતાની માતાના નિર્દોષ તેમ જ પુરુષોના મોક્ષની વૃદ્ધિ કરનારા જ્ઞાનને જાણવાના મનોરથને જાણીને, ભગવાને બુદ્ધિથી અભિનંદન આપ્યું. અને સહજ સ્મિત-હાસ્યથી શોભતા મુખકમલવાળા તેમજ પરમ ભગવદીયોમાં ગતિરૂપ ભગવાન કપિલે કહેવાનો આરંભ કર્યો. ૧૨

તત્ત્વસુધા.—इति स्वमातुः–શ્રી દેવહૂતિજીના પ્રશ્નનો ભગવાને અનેક કારણોથી આદર કર્યો. એક કારણમાં માતા છે તેથી "ગુરુ" ગણાય. ગુરુની ઇચ્છા પૂર્ણ કરવી અનિવાર્ય લેખાય. બીજા કારણમાં માતાનું વાક્ય निरवद्यम् સર્વથા નિર્દોષ છે. નિર્દોષ ઇચ્છાની અવશ્ય પૂર્તિ કરવી જોઈએ.

ત્રીજા કારણમાં अपवर्गवर्धनम्–મોક્ષ તરફના અનુરાગને વેગ આપનારું વાક્ય છે. કારણ કે કપિલ ભગવાન જે સાધન બતાવશે તેનાથી માતાનો મોક્ષ થશે તે મોક્ષને જોઈ જે સાધન માતાને આપવું તે સર્વને આચરવું ગમશે તેથી મોક્ષ રુચિને ઉત્તેજન આપનારું વાક્ય છે.

प्रियाऽभिनन्द्य-માતાને શબ્દોથી અભિનંદન ન આપતાં હૃદયથી અને બુદ્ધિથી જ ભગવાને અભિનંદન-સન્માન આપ્યું. કદાચ શબ્દોથી અભિનંદન આપતા તેમને માતાને ગુમાન થઈ જાય માટે હૃદયથી જ સન્માન્યાં.

आत्मवतां सतां गतिः-આત્માવાળાનો અર્થ કરવો કે પ્રાણી માત્રના આત્મા-ભગવાનને હૃદયમાં રાખનારાઓ आत्मवान् આત્માવાળા કહેવાય તે જ કક્ષાના સંતો જીતેન્દ્રિય થઈ શકે છે, તેવા સાથે જ સત્સંગ કરવો જોઈએ.

स्मितशोभितानन:-મન્દસ્મિત વદને ભગવાન કપિલ બોલ્યા. મનની પ્રસન્નતાથી જ મુખ ઉપર સ્મિતહાસ્ય તરી આવે. માતાના પ્રશ્નથી ભગવાનને સંતોષ થયો છે તેથી જ બોલે છે. ૧૨

હવે ૧૩ મા શ્લોકથી ૨૭ મા શ્લોક સુધીના ૧૫ શ્લોકોમાં "યોગ" શાસ્ત્રને અનુસરીને સિદ્ધાન્ત વર્ણવે છે. સાંખ્યના મતમાં નિત્ય ત્યાગને વર્ણવ્યો છે. શ્રી કપિલ ભગવાને તે ત્યાગને મુખ્ય ન વર્ણવતાં અંગ તરીકે વર્ણવ્યો છે.

વળી વેદ, (૧), સાંખ્ય (૨), યોગ (૩), શૈવશાસ્ત્ર (૪), વૈષ્ણવશાસ્ત્ર (૫), આ પાંચે પાંચ શાસ્ત્રો પોતાના શૈલી-મન્તવ્ય પ્રમાણે અહંકાર (૧), જીવ ૨), ચિત્ત (૩), ઇન્દ્રિયો (૪), અને દેહ (૫), આ પાંચ તત્ત્વોને નિયમમાં રાખવાનું સૂચવે છે. આ પાંચે પાંચને નિયમમાં રાખવાનું કાર્ય અનિવાર્ય છે તેથી તે પાંચ તત્ત્વોને સમજવાં પણ આવશ્યક છે જ.

એક વિચાર આવે કે સાંખ્ય અને યોગ જુદાં છે કે એક છે તો તેનું એક સાધન છે, પ્રક્રિયા રૂપે બન્ને જુદાં બાકી પણ ફળમાં જુદાં નથી. સાંખ્ય જ્ઞાનરૂપે પ્રવૃત્ત થાય છે. યોગ ક્રિયારૂપે પ્રવૃત્ત થાય છે. "અહંકારનો નાશ જ્ઞાનથી થાય છે એવું સાંખ્યનું" મન્તવ્ય છે અને "ચિત્તવશ યોગ" થી હવે ૧૩ અને ૧૪ આ બે શ્લોકો યોગની પ્રતિષ્ઠાનું માન કરે છે. તેમાં આ શ્લોક યોગને સ્વરૂપથી ઉત્તમ श्रीभगवानुवाच—વર્ણવે છે—

योग आध्यात्मिकः पुंसां मतो निःश्रेयसाय मे ।
अत्यन्तोपरतिर्यत्र दुःखस्य च सुखस्य च ॥१३॥

અન્વયાર્થ—यत्र-જેમાં, **दुःखस्य**-દુઃખની, **च**-અને દુઃખનાં સાધનોની, **सुखस्य-च**-સુખની અને સુખનાં સાધનોની, **अत्यन्त-उपरतिः**-સર્વથા, **निवृत्तिः**-નાશ થાય છે તે, **आध्यात्मिकः-योगः**-તે આધ્યાત્મિક યોગ, **पुंसाम्**-પુરુષોના, **निःश्रेयसाय**-કલ્યાણ-મોક્ષ માટે, **मे**-મેં, **मतः**-માન્ય કર્યો છે. ૧૩

અનુવાદ—ભગવાને કહ્યું માતાજી ! જેમાં સર્વથા દુઃખની અને સુખની નિવૃત્તિ-વિનાશ કહ્યાં છે તે આધ્યાત્મિક યોગ પુરુષોના કલ્યાણ-મોક્ષ માટે છે તેને મેં માન્ય કર્યો છે. ૧૩

તત્ત્વસુધા—યોગ તો આમ ઘણા પ્રકારના છે પરંતુ મુખ્ય ત્રણ પ્રકારના છે. જે યોગ ભગવાનના સાક્ષાતકારમાં ઉપયોગી છે તે આધિદૈવિક યોગ છે. આત્મસાક્ષાત્કારમાં જે ઉપયોગી નીવડે છે તે આધ્યાત્મિક યોગ છે. અને પ્રાણવિજય-દેહવિજય-અણિમાદિસિદ્ધિ અપાવવાની ક્રિયાઓમાં સહાયક બને છે તે આધિભૌતિક યોગ છે.

આધિદૈવિક યોગભક્તિશાસ્ત્ર અને જ્ઞાનશાસ્ત્રનું અંગ છે. પરંતુ આ સ્થાનના ઉપદેશમાં કપિલ ભગવાન "આધ્યાત્મિક યોગનું" વર્ણન કરે છે. આ આધ્યાત્મિક યોગ મોક્ષપ્રાપ્તિમાં શ્રી કપિલ ભગવાને માન્ય કર્યો છે. આ આધ્યાત્મિક યોગમાં દુઃખસુખની સર્વથા નિવૃત્તિને-નાશને પુરુષાર્થ ગણેલ છે. નાશ થયેલા સુખ-દુઃખની પુનઃ ઉત્પત્તિ ન થવી જોઈએ. કારણ કે સુખની ઇચ્છા એ પણ પરિણામે એક પ્રકારનું દુઃખ જ છે. દુઃખ અને સુખ બન્ને શબ્દો સાથે च અવ્યય મૂકવામાં આવ્યું છે. એનો અર્થ દુઃખ અને સુખ સાથે તેમનાં સાધનોનો-કારણોનો પણ સર્વથા નાશ થવો જોઈએ. ૧૩

ભગવાન માતાજીને તે આધ્યાત્મિક યોગ કહેવાની પ્રતિજ્ઞા કરે છે—

तमिमं ते प्रवक्ष्यामि यमवोचं पुराऽनघे ।
ऋषीणां श्रोतुकामानां योगं सर्वाङ्गनैपुणम् ॥१४॥

અન્વયાર્થ—अनघे-હે નિષ્પાપ માતા ! **श्रोतु-कामानाम्**-સાંભળવાની ઇચ્છાવાળા, **ऋषीणां**-ઋષિઓને, **सर्व-अङ्ग-नैपुणम्**-જેમાં ઘણાં અંગોથી નિપુણતા થાય છે એવા, **यं योगम्**-જે યોગને, **पुरा**-પૂર્વમાં, **अवोचम्**-કહી ચૂક્યો છું, **तम्-इमम्-योगम्**-તે આ યોગને હું તમને, **प्रवक्ष्यामि**-કહીશ. ૧૪

અનુવાદ—હે નિષ્પાપ માતા ! સાંભળવાની ઇચ્છા ધરાવનાર ઋષિઓને મેં પૂર્વમાં યોગ કહ્યો છે. જે યોગમાં ઘણાં અંગોથી નિપુણતા પ્રાપ્ત થાય છે તે યોગ હું આપને કહીશ. ૧૪

તત્ત્વસુધા—पुराऽवोचम्-આ કોઈ નવો યોગ નથી કિન્તુ પુરા અવ્યયનો ઉલ્લેખ કરી પુરાતન છે, અનાદિ એમ કહ્યું. अनघे માતાને સંબોધન કરીને, નિષ્પાપ ભક્તિને જ આ યોગ કહેવાય. અન્યને કહેવાનો શ્રમ વ્યર્થ જાય અને યોગની નિંદા થાય.

श्रोतुकामानाम्—સાંભળવાની ઉત્કટ મનોવૃત્તિ રાખે તેને જ જ્ઞાન-યોગની વાતો વર્ણવાય. **सर्वाङ्गनैपुणम्**-પ્રત્યેક અંગોની નિપુણતા હોય તેનાથી જ આ યોગ સાધી શકાય. ૧૪

મનની મહત્તા આ શ્લોકમાં સમજાવે છે—

चेतः खल्वस्य बन्धाय मुक्तये चात्मनो मतम् ।
गुणेषु सक्तं बन्धाय रतं वा पुंसि मुक्तये ॥१५॥

અન્વયાર્થ—चेतः-ચિત્ત, **खलु**-ખરેખર, **अस्य आत्मनः**-આ આત્માના, **बन्धाय**-બન્ધન કરાવા માટે, **च**-તેમજ, **आत्मनः**-આત્માની, **मुक्तये**-મુક્તિ માટે, **मतम्**-માનેલું છે, **गुणेषु**-જો ગુણોમાં, **सक्तम्**-આસક્ત છે તો, **बन्धाय**-બંધન કરાવનારું છે, **वा**-પરંતુ, **पुंसि**-પુરુષોત્તમમાં-ભગવાનમાં, **रतम्**-પ્રેમવાળું છે, તો, **मुक्तये**-મુક્તિ મેળવનાર છે. ૧૫

અનુવાદ—વાસ્તવિક રીતે ચિત્ત આ આત્માને બંધન કરાવનાર તેમ જ મુક્તિ આપનાર માન્યું છે. જો તે ગુણોમાં આસક્ત છે તો બંધનકારક છે. પરંતુ તે જો ભગવાનમાં અનુરાગવાળું છે તો મુક્તિ મેળવનાર છે. ૧૫

તત્ત્વસુધા—**चेतः खल्वस्य**-શ્રી કપિલ ભગવાન માતાજીને ચિત્તની ભૂમિકા સમજાવે છે કે વ્યક્તિ માત્રના આત્માને બંધન કે મોક્ષ કેવલ ચિત્તથી જ થાય છે. બંધન દુઃખકર્તા છે અને મોક્ષ સુખકર્તા છે. જો, ગુણેષુ-સંસારના વિષયસુખોમાં મન ઓતપ્રોત છે તો તે "આસક્ત"-એટલે વિષયોમાં તદ્રૂપ થયેલ મન દુઃખને જ અનુભવશે. પરંતુ જો તે પુંસિ એટલે ભગવાનમાં જ તન્મય છે તો પરમ સુખને અપાવશે. ૧૫

अहं ममाभिमानोत्थैः कामलोभादिभिर्मलैः ।
वीतं यदा मनः शुद्धमदुःखमसुखं समम् ॥१६॥

तदा पुरुष आत्मानं केवलं प्रकृतेः परम् ।
निरंतरं स्वयंज्योतिरणिमानमखण्डितम् ॥१७॥

ज्ञानवैराग्ययुक्तेन भक्तियुक्तेन चात्मना ।
परिपश्यत्युदासीनं प्रकृतिं च हतौजसम् ॥१८॥

અન્વયાર્થ—**यदा**-જ્યારે, **मनः**-મન, **अहं-मम-इति**-હું અને મારું એવા, **अभिमान-उत्थैः**-અભિમાનથી ઉત્પન્ન થયેલા, **काम-लोभ-आदिभिः**-કામ-લોભ વગેરે મલોથી, **वीतम्**-મુક્ત થઈ, **शुद्धम्**-શુદ્ધ, **अदुःखम्**-દુઃખરહિત. તેમજ, **असुखम्**-સુખરહિત, **समम्**-સમતુલાવાળું થાય છે—**तदा**-ત્યારે, **ज्ञान-वैराग्य-युक्तेन**-જ્ઞાન અને વૈરાગ્યવાળા, તેમજ, **भक्तियुक्तेन**-ભક્તિવાળા, **आत्मना**-મનથી, **पुरुषः**-પુરુષ, **आत्मानम्**-આત્માને, **केवलम्**-કેવલ, **प्रकृतेः**-પ્રકૃતિથી, **परम्**-પર, **निरन्तरम्**-ભેદરહિત, **स्वयं ज्योतिः**-સ્વયંપ્રકાશ, **अणिमानम्**-અત્યંત સૂક્ષ્મ, **अखण्डितम्**-અખંડ, **उदासीनम्**-ઉદાસીન સ્વરૂપે, **परिपश्यति**-જુએ છે તેમજ, **प्रकृतिम्**-પ્રકૃતિને, **हत-ओजसम्**-બલરહિત, **परिपश्यति**-જુએ છે. ૧૬-૧૮

અનુવાદ—જ્યારે, મન "હું અને મારું" એવા અભિમાનથી ઉત્પન્ન થયેલા કામ, લોભ વગેરે મલોથી મુક્ત થઈ શુદ્ધ બને છે, દુઃખરહિત બને છે. સુખરહિત બને છું તેમજ સમતુલાવાળું થાય છે ત્યારે જ્ઞાન વૈરાગ્યવાળા, તેમજ ભક્તિવાળા મનથી પુરુષ આત્માને કેવલ પ્રકૃતિથી પર, ભેદરહિત, સ્વયંપ્રકાશ, અત્યંત સૂક્ષ્મ, અખંડ, ઉદાસીન સ્વરૂપે જુએ છે તેમ જ પ્રકૃતિને બલ રહિત જુએ છે. ૧૬-૧૮

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકો મનની શુદ્ધિનું ખાસ વિધાન કરે છે. "નિર્મલ મન મનમોહનને મેળવે" એ અટલ નિર્ણય છે. મનની મલિનતા "અહં"માંથી ઉત્પન્ન થાય છે. "હું અમુક વ્યક્તિ છું. આ દેહ મારો છે." એવા બે આગ્રહોમાંથી મનમાં "મેલ" આવે છે. "કામ અને લોભ" બન્નેનો ઉલ્લેખ કરી મધ્યમાં રહેનારા ક્રોધની પણ સૂચના કરી દીધી. આવા મનની શુદ્ધિ માટે અવશ્ય સાધન કરવાં જ જોઈએ, આ સાધનો જ ચિત્તની શુદ્ધિ કરે છે, "સુખદુઃખની" અભિલાષા કરતું અને સુખદુઃખની પ્રસન્નતા-ખિન્નતા અનુભવતું મન અશુદ્ધ છે. "સુખદુઃખથી" પર થતું મન 'શુદ્ધ અને સમતોલ" છે. ૧૬

ઉપરના શ્લોકમાં "શુદ્ધ અને સમતુલ" બનાવવું એવું વિધાન કરી હવે આ શ્લોકમાં "ભગવાન કપિલ" શુદ્ધ મન આત્માનું દર્શન કરે છે એ વાત દેવહૂતિ માતાને કહી રહ્યા છે. હવે તે આત્મા કેવા, એનો ઉત્તર આપતાં વિશેષણો આપે છે: (૧) કેવલમ્-કેવળ એટલે દેહથી ભિન્ન જોઈ શકે છે. (૨) "प्रकृतेः परम्"-સ્વભાવ ઉપર વિજય ધરાવનાર આત્માને "પ્રકૃતિથી પર" કહેવાય. (૩) નિરંતમ્ એટલે "ભેદ રહિત" એવો અર્થ કરવો. આ અર્થની સ્પષ્ટતા એ છે કે "આ જીવ આ બ્રહ્મ" એવો વિભાગ તે આત્મામાં નથી હોતો પરંતુ તે બ્રહ્મ બન્યો છે, બ્રહ્મમાં લીન બન્યો છે એવું ન સમજવું. (૪) स्वयंज्योतिः-સ્વયંપ્રકાશ આત્મા. (૫) अणिमाणम् અતિશય સૂક્ષ્મ આ સ્થાને યાદ રાખવું કે अणिमा એટલે કદમાં નાનામાં નાનો એવો ન સમજવો. (૬) अखंडितम्-આત્મા દેવ, મનુષ્ય વગેરે પ્રાણીઓમાં આવે તો પણ કોઈપણ ભાવથી ખંડિત ન થાય. ૧૭

આત્માના દર્શન માટે માત્ર "મનઃશુદ્ધિ એક જ કારણ નથી પરંતુ બીજાં પણ ત્રણ કારણો છે." જ્ઞાન-વૈરાગ્ય નામના બે અંગોવાળી ભક્તિ. મળીને ત્રણ કારણો થયાં. પ્રથમ તો ચિત્ત શુદ્ધ થઈ જાય કે તેમાં ભક્તિના અંગ તરીકે જ્ઞાન આવે. જ્ઞાન આવ્યા બાદ જ પ્રકૃતિને પ્રેરણા કરવાની શક્તિ આવે છે. વૈરાગ્ય આવતાં પ્રકૃતિના કોઈપણ ભોગ તરફ રુચિ જ ન સંભવે આમ જ્ઞાન ભક્તિના સંગમે આત્માનું દર્શન થાય ૧૬-૧૮

ઉપરના શ્લોકોમાં સાધનો સહિત આત્માનું જ્ઞાન થવાની પ્રક્રિયા દર્શાવી છે. તેમાં જો ચિત્તમાં ભક્તિનો પ્રવેશ થાય તો મુક્તિને વિલંબ નથી—

न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि ।
सदृशोऽस्ति शिवः पन्था योगिनां ब्रह्मसिद्धये ॥१९॥

અન્વયાર્થ— **योगिनाम्**-યોગીજનોને, **ब्रह्म-सिद्धये**-બ્રહ્મપ્રાપ્તિ માટે, **अखिल-आत्मनि**-સર્વના આત્મારૂપ, **भगवति**-ભગવાનમાં, **युज्यमानया**-યોજવામાં આવતી, **भक्त्या-सदृशः**-ભક્તિ સમાન, **शिवः**-કલ્યાણકારી, **पन्था**-માર્ગ, **न**-નથી. ૧૯

અનુવાદ—યોગીજનો માટે બ્રહ્મપ્રાપ્તિના સાધન તરીકે સર્વના આત્મા એવા ભગવાનમાં કરવામાં આવતી ભક્તિ જેવો શ્રેયસ્કર અન્ય માર્ગ નથી. ૧૯

તત્ત્વસુધા—" युज्यमानया भक्त्या "—યોગના અભ્યાસનો આરંભ કરનાર યોગી યોગક્રિયામાં રચ્યાપચ્યા જ્યારે હોય ત્યારે તે યોગીને " બ્રહ્મપણા"ની પ્રાપ્તિ માટે જે સાધનો કરવાનાં છે તેમાં ભક્તિ શ્રેષ્ઠ સાધન છે.

भगवत्यखिलात्मनि—ભક્તિ કરનારે બે વસ્તુ ધ્યાનમાં લેવી : "ચિદ્રૂપ નારાયણ સર્વના આત્મા છે એવો દૃઢ ભાવ પ્રત્યેક પ્રાણીમાં કરવો જોઈએ. ત્યારપછીથી જ ભક્તિ કરવી. બીજી વસ્તુ, સર્વ પ્રાણીમાં ભગવાનની ભક્તિ કરવી. જો સર્વમાં ભગવાનનો ભાવ થાય તો ઈર્ષ્યા કે સ્પર્ધા કરવાનું મન નહીં થાય. ૧૯

આ શ્લોકમાં સંસર્ગના લાભ-હાનિનું સ્પષ્ટીકરણ કરે છે—

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥२०॥

અન્વયાર્થ—**कवयः**-કવિઓ, **प्रसङ्गम्**-સંસર્ગને, **आत्मनः**-આત્માના, **अजरम्**-અવિનાશી, **पाशम्**-પાશ તરીકે, **विदुः**-જાણે છે, **सः एव**-તે જ સંસર્ગ જો, **साधुषु**-સજ્જનો સાથે, **कृतः**-થાય તો, **मोक्ष-द्वारम्**-મોક્ષનું દ્વાર, **अपावृतम्**-ખોલી દે છે. ૨૦

અનુવાદ—વિવેકી પુરુષો સંસર્ગને આત્માના સુદૃઢ પાશ તરીકે વર્ણવે છે. પરંતુ તે જ સંસર્ગ સાધુજનો સાથે સધાય તો મોક્ષદ્વાર ખૂલી જાય છે. ૨૦

તત્ત્વસુધા—प्रसङ्गम्—ધ્યાનપૂર્વક સમજવા જેવો શબ્દ "પ્રસંગ" છે. સંબંધ બે પદાર્થનો હોય છે. એક વસ્તુનો સંસર્ગ અને બીજો વ્યક્તિનો સંસર્ગ—આવા બે પ્રકારો થશે. સંસર્ગ એટલે "પ્રયોજન કરતાં વધુ પ્રમાણમાં, સંગ કરવો." સંસર્ગ એટલે ચિત્તનું "વસ્તુમય અને વ્યક્તિમય" બની જવું. જડ વસ્તુ અને સંસારાસક્ત વ્યક્તિમય મન બની ગયું તો મૃત્યુ દૂર નથી. પરંતુ—

તે જ મન જો મુકુન્દ સેવામય અને મુકુન્દમય બની જાય તો મુક્તિ દૂર નથી. મનને મુકુન્દમય બનાવવા માટે સાધુજનોનો સમ્પર્ક અતિશય દૃઢ પ્રમાણમાં કરવો. ભગવાન ઉપરનો સ્નેહ મુક્તિ આપે છે, ભગવદીય સાથેનો સુદૃઢ સ્નેહ મુક્તિનું દ્વાર બને છે. પ્રયત્નપૂર્વક સત્પુરુષોનો સંગ કરવો. ૨૦

આ શ્લોકમાં સાધુના સદ્ગુણો સમજાવે છે—

तितिक्षवः कारुणिकाः सुहृदः सर्वदेहिनाम् ।
अजातशत्रवः शान्ताः साधवः साधुभूषणाः ॥२१॥

અન્વયાર્થ—**सर्वदेहिनाम्**-સર્વ પ્રાણીઓ પ્રત્યે, **तितिक्षवः**-સહનશીલ, **कारुणिकाः**-પ્રત્યેક જીવ માટે દયાળુ, **सुहृदः**-પ્રત્યેકના મિત્ર, **अजात-शत्रवः**-અજાતશત્રુ, **शान्ताः**-શાંત, **साधवः**-સદાચારી, **साधु-भूषणाः**-સુજન સમાજમાં અલંકાર સમા સાધુજનો હોય છે. ૨૧

અનુવાદ—સર્વ પ્રાણીઓ પ્રત્યે સહનશીલ, પ્રત્યેક જીવ માટે દયાળુ, પ્રત્યેકના મિત્ર, અજાતશત્રુ, શાંત, સદાચારી અને સુજન સમાજમાં અલંકાર સમા સાધુજનો હોય છે. ૨૧

તત્ત્વસુધા—આ શ્લોકના પૂર્વાર્ધથી આધિભૌતિક ત્રણ ગુણો અને ઉત્તરાર્ધથી આધિદૈવિક ચાર ગુણો વર્ણવ્યા છે.

"તિતિક્ષા-કરુણા-ભૂતમૈત્રી"–આ ત્રણે ગુણો આધિભૌતિક છે. મિત્રો, માતાપિતા સહનશીલ હોય છે. પરંતુ તેઓની સહિષ્ણુતા પોતાના વર્તુલ પૂરતી જ હોય છે જ્યારે "સંતોની" સહિષ્ણુતા સમષ્ટિ પૂરતી હોય છે. સહિષ્ણુતા એટલે અન્યના અપરાધોને વેઠી લેવા.

"કારુણિક" પણ સંતોનો જ ગુણ છે. માતાપિતા સહન કરી લે છે પરંતુ "કેટલીકવાર" કરુણા ઓસરી જાય છે. જ્યારે સંતો સહનશીલ અને દયાળુ હોય છે. દયાલુતા અપરાધીનાં પણ દુઃખો દૂર કરવાં. 'સુહૃદ"–સર્વનું હિત આચરવું. આ ત્રણે ગુણો વિપરીત બને છે ત્યારે કામ, ક્રોધ અને લોભ બની જાય છે.

"अजातशत्रवः"–"અજાતશત્રુતા" એ અસાધારણ ગુણ છે. પૂર્વજન્મનાં સુકૃત અને સર્વદોષમુક્ત હોય તે બીજા જન્મમાં "અજાતશત્રુ" બની શકે છે. તાત્પર્ય કે અનેક જન્મ સુધી જેઓ ક્રોધરહિત હોય છે તેઓ "અજાતશત્રુ"તાનો ગુણ ધરાવી શકે છે.

"शान्ताः"–શાંતિ એટલે "ભય અને વ્યગ્રતા"થી પર એવી સ્થિતિનું નામ શાંતિ કહેવાય છે. અનેક જન્મ પર્યન્ત જેઓ કામથી મુક્ત હોય તેઓ જ શાંત બની શકે છે.

"साधवः"–સાધુ એટલે સદાચારી. જેમના દેહથી એક પણ "દોષ, દુષ્કૃત્ય કે દુરાચાર" નથી થયા તે સદાચારી કહેવાય છે. "ગુણ-દેહ-સ્વભાવ" એ ત્રણથી જેમનું સંવાદી જીવન છે તે 'સાધુ" છે.

साधुभूषणाः–સાધુતા એ જ શ્રેષ્ઠ વિભૂષણ છે. વળી તે પરિવારમાં પણ વસેલી હોય છે તેથી સાધુભૂષણ કહેવાય છે.

સાધુના આધિદૈવિક ગુણોનો ઉલ્લેખ કરે છે—

मय्यनन्येन भावेन भक्तिं कुर्वन्ति ये दृढाम् ।
मत्कृते त्यक्तकर्माणस्त्यक्तस्वजनबान्धवाः ॥२२॥

અન્વયાર્થ-**ये**-જેઓ, **मयि**-મારામાં, **अनन्येन**-અનન્ય, **भावेन**-ભાવથી, **दृढाम्-भक्तिम्**-દૃઢ ભક્તિને, **कुर्वन्ति**-કરે છે. **मत्-कृते**-મારે માટે, **त्यक्त-कर्माणः**-કર્મોનો ત્યાગ કરનારા, **त्यक्त-स्वजन-बान्धवाः**-મારે માટે સ્વજન અને બંધુજનોનો ત્યાગ કરનારા સાધુજનો હોય છે. ૨૨

અનુવાદ—જેઓ મારામાં અનન્ય ભાવથી દૃઢ ભક્તિ કરે છે, મારે માટે કર્મોનો ત્યાગ કરે છે, મારે માટે સ્વજન-બંધુજનોનો ત્યાગ કરે છે. ૨૨

તત્ત્વસુધા—"मय्यनन्येन भावेन"-ભગવાનમાં અનન્ય ભાવ સમજવાનું એક સાધન છે. પ્રભુ પાસેથી પ્રભુ જ જોઈએ, પ્રભુતા ન જોઈએ એ અનન્યભાવનું લક્ષણ છે. "दृढा भक्तिः" એટલે કે પ્રત્યેક ઇન્દ્રિયો હું પ્રથમ સેવામાં પહોંચી જાઉં, એ ભાવનાથી ભગવદ્સેવામાં રોકાઈ રહે તે ભક્તિનું સ્વરૂપ છે. આ ભૂમિકા બનતાં ઇન્દ્રિયો દોષમુક્ત થશે, સદ્ગુણસમ્પન્ન થશે.

मत्कृते त्यक्तकर्माणः—મારે માટે પ્રત્યેક કર્મનો ત્યાગ-એનું તાત્પર્ય છે કે "શાસ્ત્ર કે વેદે સકામ કર્મ બતાવ્યાં હોય તેનો કર્મ શબ્દથી ઉલ્લેખ કરેલો સમજવો. જો ભગવત્સેવાનું કાર્ય આવી જાય તો અન્ય-કર્મ ત્યાગનો દોષ નહીં લાગે.

त्यक्तस्वजनबान्धवाः—જે સ્વજનો ભગવત્સેવાપરાયણ છે તેમને "બન્ધનરૂપ" બન્ધુ માન્ય નથી. પોતાના કાર્યમાં જ બાંધી રાખે તે બંધુ. એવ બધુ બંધન ગણાય. પરંતુ ભગવત્પરાયણ સ્વજન બંધુજન સાથે રહી નિત્ય સેવા-સ્મરણ કરવામાં ભક્તિની પુષ્ટિ છે માટે પ્રતિકૂલ સ્વજન બંધુનો જ ત્યાગ થાય, અનુકૂળ સ્વજનોનો સેવામાં વિનિયોગ થાય. ૨૨

આ શ્લોકમાં ભગવાનના નામમાં અનુરાગ ધરાવનારની ભૂમિકા સમજાવી છે—

मदाश्रयाः कथा मृष्टाः[1] शृण्वन्ति कथयन्ति च ।
तपन्ति विविधास्तापा[2] नैतान्मद्गतचेतसः[3] ॥२३॥

અન્વયાર્થ—मद्-आश्रयाः-મને સ્પર્શતી, **मृष्टाः**-મધુર, **कथाः**-કથાઓને, **शृण्वन्ति**-સાંભળે, **च कथयन्ति**-અને સંભળાવે, **मद्गत-चेतसः**-મારામાં ચિત્ત પરોવાએલા, **एतान्**-આ જીવોને, **विविधाः-तापाः**-અનેક પ્રકારના તાપો, **न तपन्ति**-તપાવતા નથી. ૨૩

અનુવાદ—ભગવદ્ધર્મથી ભરેલી ઉજ્જવલ કથાઓને શ્રવણ કરે છે, કીર્તન કરે છે, તેમજ સ્મરણ કરે છે, તેથી મારામાં મન પરોવાયેલ એ તદીય જનોને અનેક પ્રકારના તાપો કદી પીડતા નથી. ૨૩

તત્ત્વસુધા—પૂર્વના શ્લોકમાં ભગવાનના સ્વરૂપનો આશ્રય લેનારનો પ્રસંગ વર્ણવ્યો છે. સ્વરૂપનો આશ્રય એટલે જ ભગવાનની સેવા કરવી એવો અર્થ થાય છે. જે સ્વરૂપ સેવા ન કરી શકે તેઓ ભગવાનના નામનું પણ અવલંબન અવશ્ય સ્વીકારે એ કથન આ શ્લોકમાં છે. તે આશ્રય કેવી રીતે લેવાય તે સમજાવે છે—

मदाश्रयाः कथाः शृण्वन्ति कथयन्ति च-ત્રણ ક્રિયાઓ આ વાક્યથી દર્શાવી છે. નામ એટલે જ હરિકથા-હરિગુણાનુવાદ આ હરિકથાનું શ્રવણ-કીર્તન-સ્મરણ જો કરવામાં આવે તો ચિત્ત સ્વયં ભગવાનમાં જ તન્મય બનીને રહે છે જેવું ચિત્ત "હરિમય-કૃષ્ણમય" બની જાય છે તેમને આધિ-વ્યાધિ-ઉપાધિ નામના ત્રણે તાપો સતાવી શકતા નથી. તાપ એટલે પીડા. એ થાય છે ચિત્તમાં. જ્યારે એ ચિત્તમાં આનંદમય ભગવાનનું સ્થાન છે તેથી તાપો ક્યાંથી થાય ? આ શ્લોકમાં ત્રણ પદનો એક સાથે પાઠ લે છે. તે मृष्टाः પદને સ્થાને हृष्टाः પદ છે તેમજ मदाश्रया પદથી લઈને આખો એક સમાસ કરે છે. "મારી આશ્રયકથાઓથી હૃષ્ટ એટલે પ્રસન્ન થયેલા" એવો અર્થ થાય છે. વળી हृष्टाः એટલું અલગ પણ પદ છે. ત્યાં એવો અર્થ થશે કે સંતુષ્ટ થયેલા સન્તો મારી કથાનું શ્રવણાદિ કરે છે. તેમજ मदाश्रयाः પદને 'કથા'નું તેમજ साधवः પદનું વિશેષણ ગણાવે છે. અર્થ સમજી શકાય તેવો સરલ છે. ૨૩

આ શ્લોકમાં 'સંતજન'ના બે વિશિષ્ટ લક્ષણો વર્ણવ્યાં છે—

त एते साधवः साध्वि सर्वसङ्गविवर्जिताः ॥
सङ्गस्तेष्वथ ते प्रार्थ्यः सङ्गदोषहरा हि ते ॥२४॥

અન્વયાર્થ साध्वि-હે સાધ્વિ, **एते**-આ, **साधवः**-સાધુઓ-સત્પુરુષો, **सर्व-सङ्ग-वि-वर्जिताः**-સર્વના સંગથી પર છે, **अथ**-એટલા માટે, માતાજી આપે, **तेषु**-તે સત્પુરુષોમાં, **सङ्गः**-સંગ, **प्रार्थ्यः**-ઇચ્છવો જોઈએ, **हि**-કારણ કે, **ते**-તે સત્પુરુષો, **सङ्ग-दोष-हराः**-સંગના દોષને દૂર કરનારા છે. ૨૪

અનુવાદ—હે સાધ્વિ ! આ સત્પુરુષો સર્વના સંગથી પર છે એટલે માતાજી આપે સત્પુરુષોના સંગની કામના કરવી કારણ કે તે સત્પુરુષો સંગના દોષોને દૂર કરનારા છે. ૨૪

---

[1] हृष्टाः इति पाठः । [2] तापानैतान्मद्गदूतचेतसः इति पाठः: [3] चेतसा इति पाठः ।

તત્ત્વસુધા—त एते साधवः—માતાજીને સાધ્વિ ! સંબોધન કર્યું છે. સાધુતા ભરેલી વ્યક્તિને સાધુના સંગ સાંપડે. માતાજી આપ સાધુ છો આપે ઉપર દર્શાવેલા ૧૪ પ્રકારના રક્ષણવાળા, આ શ્લોકમાં વર્ણવેલા “સર્વસંગવિવર્જિત” અને “સંગદોષહર” એવા બે વિશિષ્ટ ગુણવાળા સાધુનો સમાગમ કરવો. અથવા એ કક્ષાના સાધુના સંગની પ્રાર્થના કરવી.

ભગવાનની લીલા અગમ્ય છે કારણકે જો ઉત્તમ કક્ષાના સંતોના પ્રસંગમાં સમસ્ત જગત આવી જાય તો સમગ્ર જગત મુક્ત જ થઈ જાય. પરંતુ તે કક્ષાના સંતો “સર્વસંગથી સર્વથા દૂર રહે છે. જેઓ એકાન્ત અને એકાગ્ર સ્થિતિમાં વસે છે. એમનું સામર્થ્ય પણ અલૌકિક છે. જો હરિકૃપાથી તે સંતો મળી જાય તો ‘સંગજન્ય સમસ્ત દોષ’’ દૂર થાય છે. અજેય કામક્રોધાદિ કેવલ સુજન સાન્નિધ્યથીય દૂર હરી જાય છે.

સંક્ષેપમાં સમજવાનું કે ૨૧મા શ્લોકથી ૨૪મા શ્લોક સુધીનાં સંતોના “સોળ” લક્ષણો વર્ણવ્યાં છે-તિતિક્ષા, કરુણા, સૌહાર્દ, અજાતશત્રુ, શાંત, સદાચારી, સાધુભૂષણ” આ સાત ગુણો ૨૧મા શ્લોકમાં બતાવ્યા.

ભગવાનમાં દૃઢ ભાવ સાથે અનન્ય ભક્તિ, ભગવદર્થ કર્મત્યાગ, ભગવત્કાર્ય માટે કુટુંબાદિત્યાગ, ભગવદ્ગુણાનુવાદ, શ્રવણ,-કથાકીર્તન, ભગવદ્ગુણસ્મરણ, ભગવન્મય ચિત્ત“ આ સાત ગુણો ૨૨ અને ૨૩ શ્લોકમાં બતાવ્યા. સર્વસંગરહિત અને સંગદોષહરત્વ” બે ગુણ ૨૪મા શ્લોકમાં વર્ણવ્યા. આમ કુલ ૧૬ લક્ષણો થયાં. ઉત્તમ પુરુષોનું લક્ષણ વર્ણવી સત્સંગની ગાથા ગાય છે—૨૪

સત્ પુરુષોના સતત સમાગમનું ફલ સમજાવે છે કે—

सतां प्रसङ्गान्मम तीर्थसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः ।।
तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति ।।२५।।

भक्त्या पुमान् जातविराग ऐन्द्रियाद् दृष्टश्रुतान्मद्रचनाऽनुचिन्तया ।।
चित्तस्य यत्तो ग्रहणे योगयुक्तो यतिष्यते ऋजुभिर्योगमार्गैः ।।२६।।

અન્વયાર્થ—**सताम्**-સત્પુરુષોની, **प्रसङ्गात्**-પુષ્કળ સત્સંગથી, સંસર્ગમાં આવવાથી, **मम-वीर्य-संविदः**-મારા યશને વર્ણવનારી, **हृत्-कर्ण-रसायनाः**-હૃદય અને કર્ણને રસ અર્પનારી, **कथाः**-કથાઓ, **भवन्ति**-ચર્ચાય છે; **तत् जोषणात्**-તે કથાઓનું સેવન કરવાથી, **आशु**-અવિલંબે, **अपवर्ग-वर्त्मनि**-મોક્ષમાર્ગમાં, **श्रद्धा**-શ્રદ્ધા, **रतिः**-પ્રેમ, **भक्तिः**-ભક્તિ, **अनुक्रमिष्यति**-અનુક્રમે ઉત્પન્ન થશે. તેના પરિણામે, **दृष्ट-श्रुतात्**-જોયેલા તેમજ સાંભળેલા, **ऐन्द्रियात्**-ઇન્દ્રિયોના વિષયમાંથી, **भक्त्या**-ભક્તિ દ્વારા, **जात-विरागः**-વૈરાગ્ય પામેલ, **पुमान्**-પુરુષ. **मद्-रचना-अनुचिन्तया**-મારી રચનાઓનું ચિંતન કરવાથી, **यत्तः**-સાવધાનતાપૂર્વક, **योग-युक्तः**-યોગનું આચરણ કરતો બની, **ऋजुभिः**-સરલતા ભર્યા, **योगमार्गैः**-યોગશાસ્ત્રના ઉપાયોથી, **चित्तस्य**-ચિત્તને. **ग्रहणे**- વશ કરવા, **यतिष्यते**-પ્રયત્ન કરશે. ૨૫, ૨૬

અનુવાદ—સત્પુરુષોના સતત સમાગમથી, મારાં ઐશ્વર્યોનું યથાર્થ જ્ઞાન કરાવનારી હૃદય અને કર્ણને રસ આપનારી કથાઓ ચર્ચાય છે. તે કથાઓના સેવનથી વિનાવિલંબે મોક્ષ-માર્ગમાં શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિનો ક્રમશઃ વિકાસ થાય છે. એના પરિણામે નજરે નિહાળેલાં અને કાને સાંભળેલાં ઇન્દ્રિય-સુખોમાંથી ભક્તિ દ્વારા વૈરાગ્ય પામેલ પુરુષ મારી રચનાઓનું ચિંતન કરીને સાવધાનતાપૂર્વક યોગનું આચરણ કરતો સરલતા ભર્યા યોગમાર્ગના ઉપાયોથી ચિત્તનો નિગ્રહ કરવા પ્રયત્ન કરશે. (૨૫મો વંશસ્થ અને ૨૬મો ઇંદ્રવંશા છે.) ૨૫, ૨૬

તત્ત્વસુધા—**सतां प्रसङ्गात्**—આ બે શ્લોકોમાં "ભગવત્ સ્વરૂપ"ની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તેનો ક્રમ સમજાવ્યો છે. આ ક્રમમાં સત્પુરુષનો સતત સમાગમ એ પ્રથમ સાધન કહ્યું. વિષય અને વિષયીનો તો સતત સહવાસ સામાન્ય રીતે હોય છે જ. પરંતુ વિવેકી અને વૈષ્ણવનો જો સતત સમાગમ કરે તો તો માનવ તરે અને પાર ઊતરે.

मम वीर्यसंविदः—ભગવાનના પરાક્રમને સમજાવનારી જ કથાઓને "वीर्यसंविद" પદથી ઓળખાવી છે. કથાઓ જનમનોરંજન માટે થાય છે તેમાં લોકચરિતો વધુ વર્ણવાય છે. તેથી શ્રોતાનો ક્ષણનિરોધ થાય છે પરંતુ ભગવત્પ્રેમ નથી થતો. જ્યારે સત્પુરુષો ભગવાનની જ લીલા-વીર્યોનું વર્ણન કરીને ભગવાનમાં અનુરાગ કરાવે છે. આ કથાઓ—**भवन्ति हृत्कर्णरसायनाः**—હૃદયમાં-હરિસેવા અનુરાગ અને હરિસ્વરૂપાનુરાગને પ્રકટ કરે છે તેમજ દૃઢ કરે છે તેથી આવાં ચરિતામૃત કર્ણ અને હૃદયને રસ દેનારાં બને છે.

तत्-जोषणाद्—"जोषण" શબ્દનો મર્મ એવો છે કે પ્રભુલીલાઓનું પ્રીતિપૂર્વક સેવન કરવું. સતત એનું જ અનુસંધાન રાખવું. આ સેવનથી ત્રણ વસ્તુ ક્રમે કરીને થશે

श्रद्धा रतिः भक्तिः अनुक्रमिष्यति—પ્રથમ શ્રદ્ધા ઉત્પન્ન થશે. તાત્પર્ય એવું છે કે "પ્રથમ વખત કથાનું શ્રવણ હૃદયમાં રસોત્પત્તિ કરે છે અને વારંવાર કથાશ્રવણ કર્ણમાં રસોત્પત્તિ કરે છે." આવી કથા સાંભળતાં "શ્રદ્ધા" જાગવાની જ. શ્રદ્ધા દૃઢતર વેદી છે. એના ઉપર रतिः ભગવદ્પ્રીતિની પાવન પરબ મંડાશે.

भक्त्या पुमान् जातविरागः—વિષાદ અને વૈરાગ્ય બન્ને એક સમાન ભાસે છે. સદ્-અસદ્ વિવેકથી તેમજ ભગવદ્-ભક્તિથી વિષયો તરફથી રસવૃત્તિ સ્વાભાવિક નિવૃત્ત થાય છે. જ્યારે વિપત્તિમાંથી-વિરોધમાંથી ઉદાસીન વૃત્તિ ઉપસ્થિત થાય છે તે 'વિરાગ" નથી પરંતુ તે વિષાદ છે. "માનવ વીતરાગ" હરિચરણની પ્રીતથી જ થાય છે. મનોવૃત્તિનું પાછું વાળવું એટલે શું તેની સ્પષ્ટતા "दृष्टश्रुतात्" આ વાક્યથી સમજાવી છે. આ સૃષ્ટિનાં સુખોને "दृष्टसुख" કહ્યાં છે, અને સ્વર્ગાદિ લોકસુખો શ્રુતિપથ થયાં છે, તેને શ્રુતસુખ કહે છે. પ્રભુચરણાનુરાગ આ બન્નેમાંથી મનને ઉઠાવી લે છે એ છે ભક્તિયોગ. માટે જ લખ્યું કે भक्त्या पुमान् जातविरागः।

मच्चरणानुचिन्तया—પ્રભુની કૃતિ-લીલા-ઐશ્વર્ય ચરિતોનું ચિંતન કરવું એ એક જ ઋજુયોગ-સરલ યોગમાર્ગ છે. મનને એ પ્રયોગોમાંથી નીરસતા નથી લાગતી. અને સસ્નેહ મનોનિરોધ થાય છે. તાત્પય કે આ શ્લોકમાં ત્યાગ-જ્ઞાન-વૈરાગ્ય-યોગ-ભક્તિ આ પાંચ અંગ સમજાવ્યાં છે. ૨૫, ૨૬

આ શ્લોક ગીતાજીના "इहैव तैर्जितः सर्गः" શ્લોકનું સ્મરણ કરાવે છે—

असेवयाऽयं प्रकृतेर्गुणानां ज्ञानेन वैराग्यविजृम्भितेन ॥
योगेन मय्यर्पितया च भक्त्या मां प्रत्यगात्मानमिहावरुन्धे ॥२७॥

• **અન્વયાર્થ**—**प्रकृतेः**—પ્રકૃતિના, **गुणानाम्**—ગુણોનું, **असेवया**—સેવન ન કરવાથી, **वैराग्य-विजृम्भितेन**—વૈરાગ્યથી વિકાસ પામેલ, **ज्ञानेन**—જ્ઞાનથી, **योगेन**—યોગથી, **च** અને, **मयि-अर्पितया**—મને અર્પણ કરેલી, **भक्त्या**—ભક્તિથી **अयम्**—આ સાધક, **प्रत्यग्-आत्मानम्**—અંદરના આત્મા, **माम्**—મને, **इह**—અહીં જ, **अवरुन्धे**—પ્રાપ્ત કરે છે. ૨૭

અનુવાદ—પ્રકૃતિના ગુણોનું સેવન ન કરવાથી, વૈરાગ્યથી વિકાસ પામેલ જ્ઞાનથી, યોગથી અને મને અર્પણ કરેલી ભક્તિથી આ સાધક અંદરના આત્મા મને અહીં જ પ્રાપ્ત કરે છે. ૨૭

તત્ત્વસુધા—मामिहावरुन्धे—ભક્તિનું સામર્થ્ય તો લોકોત્તર છે. એ ભગવાનનું અવરોધન કરે છે. "इह" શબ્દનો અર્થ આ દેહમાં જ અથવા આ જ જન્મમાં જ અધિકારી ભગવાનને પ્રાપ્ત કરે છે. એને બ્રહ્માંડભેદન કરવું પડતું નથી. પરંતુ નીચેના ત્રણ સાધન ન કરવાં.

असेवया प्रकृतेः गुणानाम्—પ્રકૃતિના ગુણો એ શબ્દથી "પ્રાકૃત વિષયો" એવો અર્થ સમજવો. શરીરનાં સુખો એ પ્રકૃત વિષય સુખો છે તે કદી ન સેવવાં કે તેમનો કદી પણ વિચાર ન કરવો. ज्ञानेन એટલે મારો આત્મા ભગવાનનો નિવાસ કરવાનું આનંદાલય છે. એવું જ્ઞાન થવાથી પણ વિષયરુચિ દૂર થઈ જાય છે. આ જ્ઞાન વૈરાગ્યથી જ વિકાસ પામે છે.

योगेन मय्यर्पितया च भक्त्या—આ વાક્યનો એવો સમન્વય છે કે જીવાત્માને પ્રથમ વિષયોમાંથી વિખૂટો કરી દેવો. (૧) ભગવાનને વ્યક્તિથી પોતાના બનાવવા, (૨) મનને નિશ્ચલ કરવા યોગ સાધના કરવી, (૩) પુનઃ ભગવાનની સાથે જીવાત્માને જોડી દેવો. આટલું બનતાં જ ભગવાન સાથે તાદાત્મ્ય સિદ્ધ થઈ જાય છે. કપિલ ભગવાને માતાજીને કહ્યું કે માતા આપને તો હું પ્રાપ્ત થયેલો જ છું. ૨૭

ભક્તિ સેવામયી છે એની વિશેષ ચર્ચા શરૂ કરે છે—

देवहूतिरुवाच—काचित् त्वय्युचिता भक्तिः कीदृशी मम गोचरा ॥
यया पदं ते निर्वाणमञ्जसैवाश्नवां अहम् ॥२८॥

અન્વયાર્થ—**त्वयि**-શ્રી કપિલ આપનામાં, **काचित्**-કયા પ્રકારની, **भक्तिः**-ભક્તિ, **उचिता**-ઉચિત મનાય, **मम गोचराः**-હું આચરી શકું તે, **कीदृशीः**-કેવી ભક્તિ, **यया**-કે જે ભક્તિથી, **अहम्**-હું, **अञ्जसा**-સહેલાઈથી—અનાયાસે, **एव**-જ, **ते** આપના, **निर्वाणम्-पदम्**-નિર્વાણધામને **अश्नवै**-અનુભવ કરી શકું. ૨૮

અનુવાદ—આપનામાં કેવા પ્રકારની ભક્તિ ઉચિત મનાય, હું આચરી શકું તે ભક્તિ કેવી? કે જે ભક્તિથી હું સહેલાઈથી આપના નિર્વાણધામને અનુભવી શકું. ૨૮

તત્ત્વસુધા—काचित् त्वय्युचिता भक्तिः-શ્રદ્ધા, ઠાકોરજીનું "સેવા" તરીકેનું જ્ઞાન, સેવા અને માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક સ્નેહ, આ ચારમાંથી ભક્તિ શબ્દ માટે કયો અર્થ લેવો એવો આ પ્રશ્નનો અભિપ્રાય છે. શું ભક્તિ એટલે શ્રદ્ધા? સેવ્યજ્ઞાન? સેવા? કે સ્નેહ ચારે સમજવાં કે ચારમાંથી એક જ સમજવું મને એ જ ભક્તિ કહો કે જેના બળથી ભગવાનમાં—એટલે આપનામાં સ્નેહ થાય, એવો માતાનો આશય છે. उच्चिता શબ્દનું તાત્પર્ય એવું છે કે ભક્તિ મનમાનીતી ન હોય કિંતુ શાસ્ત્રસંમત હોવી જોઈએ.

कीदृशी मम गोचरा—આ વાક્યમાં "કીદૃશી" શબ્દનું રહસ્ય એવું છે કે સગુણ ભક્તિ કે નિર્ગુણ ભક્તિ ગ્રહણ કરવી. મને એવી ભક્તિ સમજાવો કે જેના અવલંબને અધિકારશૂન્ય પણ "નિર્વાણધામ"—એટલે વ્યાપિ વૈકુંઠમાં લઈ જાય. अञ्जसा એટલે ભક્તિ પોતાના બળથી વૈકુંઠમાં લઈ જાય. ભક્તનું બળ ભલે ન હોય. ૨૮

यो योगो भगवद्बाणो निर्वाणात्मंस्त्वयोदितः ॥
कीदृशः कति चाङ्गानि यतस्तत्त्वाववोधनम् ॥२९॥

અન્વયાર્થ—**निर्वाणात्मन्**-હે નિર્વાણસ્વરૂપ-ભગવાન, **भगवद्-बाणः**-ભગવાનને પ્રાપ્ત કરાવનાર બાણસ્વરૂપ, **यः**-જે, **योगः**-યોગ, **त्वया**-જે આપે, **उदितः**-કહ્યો, **यतः**-જે યોગથી, **तत्त्व-अवबोधनम्**-તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, તે યોગ, **कीदृशः**-કેવો છે **च**-અને, **कति-अङ्गानि**-તેનાં અંગો કેટલાં? ૨૮

અનુવાદ—હે નિર્વાણસ્વરૂપ ભગવન્! ભગવાનને પ્રાપ્ત કરાવનાર બાણ સ્વરૂપ જે યોગ

---

१ अश्नवाऽहम् इति प्रा. पाठः।

આપે કહ્યો, વળી જે યોગથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, તે યોગ કેવો છે, અને તેનાં અંગો કેટલાં છે ? ૨૯

તત્ત્વસુધા—**यो योगः**—યોગની પ્રક્રિયા સમજાવતાં "યોગ" શબ્દને "ભગવદ્બાણ" એટલે ભગવાનને પ્રાપ્ત કરાવનાર બાણ તરીકે વર્ણવે છે. એક લક્ષ્ય હોય, બીજું લક્ષ્યમાં જનાર બાણ હોય છે. બાણને છોડનાર ધનુષ્ય અને ધનુર્ધર હોય છે. આ લક્ષ્ય સ્થાને ભગવાન છે. યોગ બાણસ્વરૂપ છે. અને તે યોગરૂપ બાણ દ્વારા જીવને ભગવાનમાં પહોંચવાતું છે. આ બાબતમાં યોગનું સ્વરૂપ કેવું ? યોગનાં અંગો કેટલાં ? આ શ્લોકમાં ભક્તિ–યોગનું સ્વરૂપ–યોગનાં અંગો–અને સાંખ્યજ્ઞાન, આ પ્રશ્નો પૂછયા છે. ૨૯

तदेतन्मे विजानीहि यथाऽहं मन्दधीर्हरेः[1] ॥
सुखं बुध्येय दुर्बोधं योषा भवदनुग्रहात् ॥३०॥

અન્વયાર્થ—**यथा**-જે રીતે, **मन्दधीः**-મન્દ મતિવાળી, **अहम्**-હું, **योषाः**-સ્ત્રી, **दुर्बोधम्**-દુઃખથી પણ ન સમજાય તેવું, **हरेः**-શ્રીહરિનું સર્વ રહસ્ય, **सुखं**-સહેલાઈથી, **भवद्-अनुग्रहात्**-આપની કૃપાથી, **बुध्येय**-જાણી શકું, **तत्**-તે, **एतत्-मे**-આ સર્વ મને, **विजानीहि**-આપ સમજાવો.

અનુવાદ—જે રીતે મારા જેવી મન્દમતિ સ્ત્રી દુર્બોધ એવા શ્રીહરિના સર્વરહસ્યને સરલતાથી આપના અનુગ્રહથી સમજી શકું તે રીતે આપ મને સમજાવો. ૩૦

તત્ત્વસુધા—तदेतन्मे विजानीहि—આ શ્લોકમાં વિનમ્ર મતિનું નિવેદન છે કે હું "સ્ત્રી" સમજી શકું એ રીતે આપ મને સમજાવો. શ્રીહરિનું સ્વરૂપ, જ્ઞાન, લીલા સમજવાં કઠિન છે પરંતુ આપ સરલતાથી સમજાવી શકો છો. ૩૦

શ્રી દેવહૂતિજી "યોગ, સેવા, જ્ઞાન, અને સાંખ્ય" આ ચારનાં રહસ્યો જાણવા ચાહે છે તેની સ્પષ્ટતા આ શ્લોકમાં દર્શાવી છે—

विदित्वार्थं कपिलो मातुरित्थं जातस्नेहो यत्र तन्वाऽभिजातः ॥
तत्त्वाम्नायं तत् प्रवदन्ति सांख्यं प्रावोचद् वै भक्तिवितानयोगम् ॥३१॥

અન્વયાર્થ—**मैत्रेय उवाच**-શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે **इत्थम्**-આ પ્રકારના, **कपिलः**-શ્રી કપિલ ભગવાન, **मातुः-अर्थम्**-માતાજીના તાત્પર્યને, **विदित्वा**-જાણીને **यत्र**-જે જનનીમાં, **तन्वा**-શ્રીઅંગથી, **अभिजातः**-પ્રકટ થયા છે, તે માતામાં, **जात-स्नेहः**-ભક્તિભાવ છલકાઈ જતાં તે માતાને, **तत्त्व-आम्नायम्**-તત્ત્વોના અભ્યાસને-શાસ્ત્રને, **यत्-सांख्यम्**-જે સાંખ્યના નામથી, **प्रवदन्ति**-કહે છે તે સાંખ્યને, તેમજ, **भक्ति-वितान-योगम्**-ભક્તિના વિસ્તારને અને યોગશાસ્ત્રને, **वै-प्र-अवोचत्**-ખરેખર અત્યંત પ્રેમથી કહ્યાં. ૩૧

અનુવાદ—શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે આ પ્રકારના માતાના અભિપ્રાયને જાણીને શ્રી કપિલ ભગવાન જે જનનીમાં શ્રી અંગથી પ્રકટ થયા હતા તેમના ચરણમાં ભક્તિભાવ છલકાઈ આવ્યો અને તે માતૃચરણને, જે તત્ત્વામ્નાયને જે શાસ્ત્રને સાંખ્યના નામથી કહેવામાં આવે છે તે સાંખ્યને તેમજ ભક્તિના વિસ્તારને અને યોગશાસ્ત્રને અતિશય પ્રેમપૂર્વક ખરેખર કહ્યાં. (ઉપજાતિ વૃત્ત) ૩૧

---

[1] हरे इति पाठः ।

તત્ત્વસુધા—विदित्वाऽथं कपिलः–કપિલ ભગવાન સર્વજ્ઞ છે. માતાજીના ગૂઢ પ્રશ્નો વગર સ્પષ્ટ કહયે સમજી ગયા. અર્થ એટલે જ "યોગ, સેવા, જ્ઞાન, અને સાંખ્ય"નું રહસ્ય જ્ઞાન. આ ચાર તત્ત્વો ચાર કાર્ય કરશે.

सांख्यम् દેહને "સંઘાત" શબ્દથી સાંખ્ય શાસ્ત્રે કહ્યો છે. "સંઘાત"માંથી આત્માને અલગ કરવાનું કાર્ય સાંખ્યનું છે.

ज्ञानम्–દેહથી અલગ થયેલા આત્માને ઓળખવાનું કાર્ય જ્ઞાનથી થાય છે.

सेवा–સેવા એ ભક્તિનો વાચક શબ્દ છે. સેવા થી ઠાકોરજીની પ્રસન્નતા પ્રાપ્ત કરાય છે.

योग–યોગનું કાર્ય દેહથી વિખૂટા પડેલા, જ્ઞાનથી જાણેલા આત્માને ભક્તિ–સેવાથી પ્રસન્ન થયેલા ભગવાન સાથે જોડી દે છે.

कपिलः–એટલે જ જ્ઞાનનિધિ.

मातुः–શ્રી દેવહૂતિજી "મા" છે. માને જ્ઞાન વર્ણવવું જ જોઈએ.

जातस्नेहः–જ્યાં સ્નેહ પ્રકટે ત્યાં ગુપ્ત આખ્યાન કરવાનું મન થાય છે.

तत्त्वाम्नायः–આમ્નાય શબ્દનો અર્થ અભ્યાસ થાય છે. તત્ત્વના અભ્યાસથી ભરેલું સાંખ્યશાસ્ત્ર ભગવાને માતાજીને કહી સંભળાવ્યું. ૩૧

ભક્તિમીમાંસા લગભગ અગીઆર શ્લોકો સુધી ચાલશે તેનો આ આરંભ છે.—

श्रीभगवानुवाच—देवानां गुणलिङ्गानामानुश्रविककर्मणाम् ॥
सत्त्व एवैकमनसो वृत्तिः स्वाभाविकी तु या ॥३२॥
अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी ॥
जरयत्याशु या कोशं निगीर्णमनलो यथा ॥३३॥

અન્વયાર્થ—गुण-लिङ्गानाम्–ગુણોથી ઓળખાતી, **आनुश्रविक-कर्मणाम्**–વેદોક્ત કર્મને કરનારી, **एकमनसः**–એક મનવાળા પુરુષની, **देवानाम्** દેવી ઇન્દ્રિયોની, **सत्त्वे**–સત્વમાં–સત્વ મૂર્તિવાળા ભગવાનમાં, **या**–જે, **स्वाभाविकी**–સ્વાભાવિક,–**अनिमित्ता**–પ્રયોજન વિનાની, **वृत्तिः**–સ્થિતિ તે, **भक्तिः**-ભક્તિ છે–તે ભક્તિ,–**यथा**–જેમ,**अनलः**–જઠરાગ્નિ, **निगीर्णम्**–ભોજનને, **जरयति**–જીર્ણ કરે છે, **तथा** તેવી જ રીતે **आशु**–અવિલંબે, **कोशम्**-લિંગ શરીર, **जरयति**–બાળી દે છે, **या**–જે **भागवती भक्तिः**–ભાગવતી ભક્તિ છે. તે **सिद्धेः**–સિદ્ધિ કરતાં પણ, **गरीयसी**–મહત્ત્વની ગણી છે.

અનુવાદ—ગુણોના ચિહ્નવાળી અને વૈદિક કર્મોને કરનારી, એક મનવાળા પુરુષની દેવી ઇન્દ્રિયોની સત્વમૂર્તિવાળા ભગવાનમાં, જે સ્વાભાવિક અને પ્રયોજન વિનાની જે સ્થિતિ તે ભક્તિ કહેવાય છે. તે ભક્તિ જેમ જઠરાગ્નિ ભોજનને જીર્ણ કરે છે તે જ પ્રકારે વિના વિલંબે લિંગ શરીરને બાળી દે છે. જે આ ભાગવતી ભક્તિ છે તે સિદ્ધિ કરતાં પણ મહત્ત્વની ગણી છે. ૩૨, ૩૩

તત્ત્વસુધા—सत्त्वे एवैकमनसो वृत्तिः–ભક્તિવિષયિણી સૂક્ષ્મ ચર્ચા શરૂ થાય છે. એક સામાન્ય રીતે ભક્તિનું લક્ષણ કર્યું. "મનનશીલતા ભર્યા "એક મન" ધરાવતા પ્રાજ્ઞ પુરુષની સર્વ ઇન્દ્રિયો સત્વ સ્વરૂપ ભગવાનમાં સ્થિતિ કરીને રહે" એ સ્થિતિને ભક્તિ કહેવામાં આવી છે.

एकमनसः—આ શ્લોકમાં પ્રત્યેક પદો વિચાર ભર્યાં મૂક્યાં છે "એક મન" એટલે શું.? મન કેટલાં હશે? એવી જિજ્ઞાસા જરૂર જન્મે,: "તેના ઉત્તરમાં "મન દૈવ અને આસુર એવા બે પ્રકારનું છે. સંકલ્પ-વિકલ્પ ભરેલું અને ગુણોથી ક્ષોભ પામનારું "આસુર મન" છે. કેવલ ભગવાનનું જ "મનન" કરનાર મન "દૈવ" શબ્દથી ઓળખાય છે. મનની માફક ઇન્દ્રિયો પણ "દૈવ-આસુર" બે પ્રકારની છે. द्वया ह प्राजापत्याः-એવી શ્રુતિ છે. વેદ-સંમત-સંતસંમત-શાસ્ત્રસંમત" ઇન્દ્રિયોનો વ્યવહાર "દૈવધર્મ" ગણાય, લૌકિક સુખલાલસાને અનુસરતી ક્રિયાઓ કરનારી ઇન્દ્રિયો આસુર ગણાશે. આસુર પ્રવૃત્તિવાળી ઇન્દ્રિયો દૈવી કરતાં વધુ બલિષ્ઠ છે; કારણ કે અનેક જન્મથી તે લૌકિક ભોગપરાયણ છે.

देवानाम्—દૈવી વૃત્તિવાળી ઇન્દ્રિયો તો ભગવાને જ આપેલી હોય તેની પાસે હોય છે. ઋષિમુનિઓ પાસે અનેક જન્મનાં સુકૃતોના આચરણથી દૈવી ઇન્દ્રિયો હોય છે. પ્રાણ ઉપાસના કરીને અને દુઃખસંગાદિનો ત્યાગ કરીને આસુરી ઇંદ્રિયો દૈવી બની શકે છે.

હવે મુદ્દાનો સંકેત એટલો જ છે કે ઇન્દ્રિયો ભલે બન્ને પ્રકારની હોય પરંતુ एकमनसः-પદનું તાત્પર્ય એ છે કે મન તો એક જ એટલે ભગવાનનું મનન કરનાર દૈવી જ હોવું જોઇએ, એક જ પ્રકારનું હોવું જોઈએ, આસુર ન જ હોવું જોઇએ.

" आनुश्रविक-कर्मणाम्-गुणलिङ्गानाम् "—આ આખા વાક્યનો અર્થ કરવો કે "" વેદશાસ્ત્રે દર્શાવેલા કર્મને કરનારી તેમજ ગુણોથી જણાતી દૈવી ઇન્દ્રિયોઓનું 'એકમન'વાળા પુરુષનું સત્ત્વમૂર્તિ શ્રીહરિ ભગવાનમાં સ્થિર રહેવું " એ જ ભક્તિ.

आनुश्रविक શબ્દનો અર્થ કરીએ अनु-श्रव એ ઉપસર્ગ અને શબ્દ બન્ને મળીને એક શબ્દ થાય છે. ગુરુ પ્રથમ બોલે, શિષ્ય સાંભળે અને યાદ કરે, ગોખે કે લખે નહીં પરંતુ કદાચ ૯ વખત બોલેલું સાંભળીને જ જેને યાદ કરાય તેને 'અનુશ્રવ વેદ" કહેતા, પણ आनुश्रविक कर्म એટલે વેદોક્ત કર્મ.

गुणलिङ्गानाम् શબ્દ આરૂપ વગેરે ગુણો ઇન્દ્રિયોથી જણાય છે. દૈવી ઇન્દ્રિયોનું ચિહ્ન એક જ છે કે તેને મોહ કે લય થતાં નથી, પરંતુ તે ઇન્દ્રિયો ભગવાનમાં જ સ્વાભાવિક રીતે પરોવાઇને રહે છે. આ સ્થિતિ મોક્ષ કરતાં પણ મહત્ત્વની છે. કારણ કે મોક્ષથી પણ લિંગ શરીર જીર્ણ થાય છે પરંતુ ભક્તિથી શીઘ્ર અને શ્રમ વિના થાય છે. મોક્ષમાં વિલંબ અને શ્રમ બન્ને છે ૩૨, ૩૩

ભક્તે કેવી સ્થિતિમાં રહેવું તે ચર્ચા શરૂ કરે છે—

नैकात्मतां मे स्पृहयन्ति केचित् मत्पादसेवाभिरता मदीहाः ॥
येऽन्योन्यतो भागवताः प्रसज्य सभाजयन्ते मम पौरुषाणि ॥३४॥

અન્વયાર્થ—मत्-पाद-सेवा-अभि-रताः-મારા ચરણની સેવામાં આનંદવાળા, मत्-ईहाः-મારે માટે કાર્ય કરનારા, ये केचित्-જે કેટલાક, भागवताः-ભગવદીયો, प्रसज्य-મારામાં આસક્તિ રાખીને, अन्योन्यतः-પરસ્પર मम पौरुषाणि મારાં પરાક્રમોનો, सभाजयन्ते-આદર કરે છે, તેઓ मे-एक आत्मताम्-મારી સાથે એકાત્મતા-સાયુજ્ય મુક્તિને, न स्पृहयन्ति-ચાહતા નથી. ૩૪

અનુવાદ મારા ચરણની સેવામાં આનંદવાળા, મારે માટે કાર્ય કરનારા જ કેટલાક ભગવદીયો મારામાં આસક્તિ ધરાવતા આપસમાં મારા જ મહિમાનું સન્માન કરે છે, તેઓ મારી સાથે થતી સાયુજ્ય મુક્તિને પણ નથી ચાહતા. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૪

તત્ત્વસુધા—नैकात्मतां मे-ભક્ત આજીવન કેવી સ્થિતિમાં રહે તે વિષયનું સ્પષ્ટ ચિત્ર આ શ્લોકમાં આપે

છે. ભક્તિ કરે તે સમયની "સાધનઅવસ્થા," ભક્તિ કર્યા પછીની "ફલદશા" અને "સાયુજ્ય સ્થિતિ" આમ ત્રણ પ્રકારની ભક્તની પરિસ્થિતિ હોય છે. તે ત્રણ ભૂમિમાંની પ્રથમ "સાધન અવસ્થા" આ શ્લોકથી વર્ણવી છે—

"केचित् मे नैकात्मता"—કેટલાક ભક્તો સાયુજ્યની સ્પૃહા કરતા નથી. સાયુજ્યમુક્તિ સ્વયં આવે તો પણ તેનો સ્પર્શ ન કરે તો તેની ઇચ્છા તો કરે જ કેમ? પરંતુ આ કક્ષાના ભક્તો ઘણા જ વિરલ હોય છે એવું केचित् અવ્યયથી સ્પષ્ટ કર્યું. આવા વિરલ ભક્તો કાયા, મન અને વાણીનો ભગવાનમાં જ વિનિયોગ કરે છે.

पादसेवाभिरताः—શ્રી લક્ષ્મીજીની માફક શ્રીચરણ સેવા કરે અથવા શ્રી નારદજીની માફક પ્રભુના જ કાર્ય માટે પોતાના બે પગથી સર્વત્ર વિચરે. શ્રીહરિના પરમ ભક્તો સર્વત્ર 'ભગવત્કાર્ય' માટે જ વિચરે છે. શ્રી વલ્લભ મહાપ્રભુ, ચૈતન્ય મહાપ્રભુ, વગેરે ભૂતલ ઉપર ભગવત્કાર્ય માટે જ વિચર્યા છે.

मदीहाः—તે ભક્તોની પ્રત્યેક ક્રિયાઓ ભગવાન માટે જ હોય છે. બે વાક્યોથી કાયાનો વિનિયોગ કહ્યો

सभाजयन्ते पौरुषाणि—ભક્તોનું એકમેકનું મિલન પણ લોકવાર્તા માટે ન હોય પરંતુ શ્રીકૃષ્ણચર્ચા જ કરતા હોય, "ધર્મતત્ત્વ હરિચરિત, લોકમંગલ"ની જ ચર્ચા એ સંતોના સુભગ મિલનમાં થતી હોય છે. આ વાક્યથી વાણીનો વિનિયોગ કહ્યો.

प्रसज्ज्य—એટલે મનની ભગવાનમાં આસક્તિ. આ શબ્દથી મનનો ધર્મ કહ્યો. ૩૪

આ શ્લોકમાં ફલાવસ્થા છે—

पश्यन्ति ते मे रुचिरावतंसप्रसन्नवक्त्रारुणलोचनानि ।।
रूपाणि दिव्यानि वरप्रदानि साकं वाचं स्पृहणीयां वदन्ति ।।३५।।

અન્વયાર્થ—ते-તેઓ, मे-મારા, **रुचिर-अवतंस-प्रसन्न-वक्त्र-अरुण-लोचनानि**-મનોહર કર્ણપૂરથી શોભતાં, પ્રસન્ન મુખારવિંદવાળાં, અરુણ નયનવાળાં, **दिव्यानि**-દિવ્ય, **वरप्रदानि**-વરદાન દેનારાં, **रूपाणि**-સ્વરૂપોને, **पश्यन्ति**-નીરખે છે, તેમજ, **साकम्**-તે સ્વરૂપોની સાથે, **स्पृहणीयाम्**-હૃદયંગમ લાલસા વધારનારી, **वाचम्**-વાતો, **वदन्ति**-કરે છે. ૩૫

અનુવાદ—પૂર્વોક્ત ભક્તો મારાં મનોહર કર્ણાભરણથી શોભતાં પ્રસન્નવદનથી વિલસતાં, અરુણનયનથી અનુરાગ કરતાં, એવાં દિવ્ય તેમજ વરદાન અર્પનારાં સ્વરૂપોને નિહાળે છે અને હૃદયસ્પર્શી વાતો તેમની સાથે કરે છે. (ઈંદ્રવંશા વૃત્ત) ૩૫

તત્ત્વસુધા—'पश्यन्ति ते"—આ શ્લોકમાં વર્ણન કરાતી ભક્તો માટેની અલૌકિક સ્થિતિ સર્વસુલભ નથી હોતી. કેવલ ભગવાનની લીલાઓમાં જેઓ તન્મય થઈ રહેલા હોય તેમને જ સુલભ હોય છે. તેમનાં પરાક્રમોનાં ઉપરના શ્લોકમાં વર્ણવ્યા પ્રમાણે જે ભક્તો તાદૃશીજન સાથે સતત શ્રીહરિનાં પરાક્રમોમાં પ્રેમ કરે છે અને ગાન કરે છે તેઓને પ્રભુના દિવ્ય સ્વરૂપોનો સાક્ષાત્કાર થાય છે.

આ સાક્ષાત્કાર ત્રણ પ્રકારનો હોય છે. रुचिरावतंस– મનોહર કર્ણકુંડલવાળાં સ્વરૂપ એટલે વ્રજવિહારીના વૃન્દાવનમાં નિત્ય નૂતન શૃંગાર મધુર સ્વરૂપનો અનુભવ થાય છે. જે ભગવદીયોને અતિશય પ્રિય છે. प्रसन्नवक्त्र એટલે શ્રી રઘુનાથજી શ્રી વામન પ્રભુજીનાં નિત્ય પ્રસન્ન મુખકમલનાં દર્શન કરે છે. अरुणलोचनानि એટલે ભક્તોની રક્ષા કરવા માટે અને ખલનો ઉચ્છેદ કરવા લાલપીળાં થયેલાં છતાં ભક્તો માટે વાત્સલ્ય ભરેલાં વિરુદ્ધધર્માશ્રયી સ્વરૂપોનાં પણ તે તાદૃશીજનોને દર્શન થાય છે

વિશેષ એટલું જ બતાવ્યો કે ઉપાસકો જ્યારે એક જ ઉપાસ્ય સ્વરૂપનો કોઈવાર માનસ કે કોઈવાર પ્રત્યક્ષ સાક્ષાત્કાર પામે છે, જ્યારે તન્મય ભક્તો એ મિત્રોની માફક વાર્તાલાપ કરે છે અને વરદાન મેળવે છે અને વિવિધ લીલામય સ્વરૂપનો નિત્ય આનંદ પામે છે.

"दिव्यानि"—ભગવાનનાં દિવ્ય સ્વરૂપોનું દર્શન સર્વને નથી થતું. અવતાર સમયે ભગવાનનું દર્શન તો સર્વને થાય છે પરંતુ દિવ્યતાનું દર્શન તો કેવલ ભક્તોને જ થાય છે. ૩૫

પ્રભુના સ્વરૂપોનાં દર્શનનું સામર્થ્ય દર્શાવે છે—

तैर्दर्शनीयावयवैरुदारविलासहासेक्षितवामसूक्तैः ।।
हृतात्मनो हृतप्राणांश्च भक्तिरनिच्छतो मे गतिमण्वीं प्रयुङ्क्ते ।।३६।।

અન્વયાર્થ—**दर्शनीय-अवयवैः**-મનોહર અવયવ શ્રી અંગપ્રત્યંગવાળાં, **उदार-लीला-हसित-ईक्षित-वामसूक्तैः**-ઉદાર લીલાવિલાસવાળાં-હાસ્યભરી નજરવાળાં-માધુર્યપૂર્ણ વાણીવાળાં, **तैः**-તે સ્વરૂપોથી, **हृत-आत्मनः**-આકર્ષાયેલ અન્તઃકરણો તેમજ, **हृत-प्राणान्**-ખેંચાયેલ પ્રાણવાળા ભક્તોને, **अनिच्छतः-अपि**-તેઓ, ઇચ્છતા ન હોય તો પણ, **भक्तिः**-શ્રીભક્તિ-દેવી, **मे**-મારા, **अण्वीम्**-સૂક્ષ્મ અણુ એવી, **गतिम्**-સ્થાનને, **प्रयुङ्क्ते**-પ્રાપ્ત કરાવે છે. ૩૬

અનુવાદ—લાવણ્યમનોહર શ્રી અંગવાળાં, હાસ્યભરી નજરવાળાં, માધુર્યપૂર્ણ વાર્તાલાપ કરતાં તે દિવ્ય સ્વરૂપોથી આકૃષ્ટ ચિત્તવાળા અને પરવશ પ્રાણવાળા ભગવદીયોને તેઓ ન ચાહે તો પણ ભક્તિદેવી મારા સૂક્ષ્મ સ્થાનને પમાડે છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૬

તત્ત્વસુધા—दर्शनीयावयवैः—આ શ્લોકમાં ચાર વિશેષણો ભગવાનના સ્વરૂપ આપ્યાં છે, તે ચાર પ્રકારના પુરુષાર્થને દર્શાવવા માટે કહ્યાં છે. આ ચાર વિશેષણોમાં "દર્શનીય શ્રીઅંગ, ઉદાર વિલાસ, હાસેક્ષિત, વામસૂક્ત" એ ચાર પદ લીધાં છે.

दर्शनीयावयवैः—પદમાં ત્રીજો પુરુષાર્થ-કામ વર્ણવ્યો છે. પુષ્ટિમાં પુરુષાર્થને કોઈ ક્રમ નથી. બધા જ પુરુષાર્થ અલૌકિક અને ફલાત્મક છે. શ્રીઠાકોરજીનાં લાવણ્યપ્રચૂર કોમલ શ્રી અંગોની ઝાંખી થતાં ભક્તોની હરિદિદૃક્ષા કામનાને પૂર્ણ અને પુષ્ટ કરે છે.

उदारविलासः—પ્રભુના હાવભાવ, હલન વગેરે વિલાસોની પ્રાપ્તિને જ ભક્તો પોતાના પરમધન તરીકે ગણે છે તેથી અર્થ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ થયા. આ અર્થ ઉદાર વિલાસ એટલે અનન્ત વિલાસોથી સિદ્ધ કરે છે.

हसितेक्षितः—હાસ્યભર્યું ભગવાન નીરખે એટલે ભક્તને ભાન થાય કે હું ભગવાનનો સેવક છું અને સેવા કરું. આ એનો ધર્મ નામનો પુરુષાર્થ થયો. वामसूक्तैः-હૃદયંગમ મધુર વાક્યોના શ્રવણથી આસક્તિ નાશ પામે છે. અને સ્વરૂપાસક્તિ સિદ્ધ થાય છે એ જ મોક્ષ છે.

"गतिमण्वीं"—ઉપર દર્શાવેલાં સ્વરૂપો દ્વારા ભક્તનાં મન અને પ્રાણ પ્રભુ તરફ જ ઢળેલાં હોય છે, તે ભક્તો "અણ્વીગતિ-એટલે સૂક્ષ્મ સ્થાનને નથી ચાહતા એટલે સાયુજ્યને નથી ચાહતા; કારણકે આ સૂક્ષ્મસ્થાન એકાદ પ્રકારના આનંદ રૂપ છે. જ્યારે ભગવાનનાં સ્વરૂપો તો અનંત આનંદસ્વરૂપ છે. તેથી સર્વવિધ આનંદને ત્યજી એકાદ પ્રકારના આનંદ તરફ કોણ વળે? ૩૬

સાલોક્ય સમ્પત્તિનું વર્ણન આ શ્લોક કરે છે—

अथो विभूतिं मम मायाविनस्तामैश्वर्यमष्टाङ्गमनुप्रविष्टाम् ।।
श्रियं भागवतीं वा स्पृहयन्ति भद्रां परस्य ते मेऽश्नुवते नु लोके ।।३७।।

અન્વયાર્થ—**अथो**-જો, **मायाविनः**-માયાવી એવા, **मम**-મારી, **ताम् विभूतिम्**-તે વિભૂતિને, **अष्टाङ्गम्**-આઠ અંગવાળા, **ऐश्वर्यम्**-ઐશ્વર્યને, **अनु-प्रविष्टाम्**-ભજનની પાછળ આવેલ, **श्रियम्**-સંપત્તિને, **भागवतीं वा**-ભગવાને કરેલી સમ્પત્તિને અથવા, **भद्रां वा**-મોક્ષરૂપ સંપત્તિને, **न-स्पृहयन्ति**-તે ભક્તો નથી ચાહતા તો પણ, **मे परस्य लोके**-પુરુષોત્તમના લોકના **अश्नुवते नु**-ખરેખર ભોગવે છે જ.

અનુવાદ—માયાવી એવા મારી તે વિભૂતિને, અષ્ટાંગ ઐશ્વર્યને, સેવા પાછળ સાંપડેલી સંપત્તિને, ભગવાને આપેલી સંપત્તિને, કે મોક્ષાત્મક સમ્પિત્તિને જો તેઓ ભોગવવા ન ચાહે તો પણ મારા તે ઉત્તમપુરુષના લોકમાં તેઓ અવશ્ય ભોગવે છે. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૭

તત્ત્વસુધા—**अथो विभूतिम्**—આ શ્લોક જરા અટપટો છે. ભક્તો ભોગની ઇચ્છા કરે છે તે પદાર્થો ભગવાનના લોકમાં ભોગવે છે એવો એક અર્થ થાય છે અને પોતે ઇચ્છતા નથી તો પણ ભગવાનના લોકમાં અવશ્ય પ્રભુપદ તેમને ઐશ્વર્યો ભોગવવા આપે છે એવો પણ ભાવ નીકળે છે. તે વિભૂતિઓની ગણના કરીને આ શ્લોકમાં સમજાવે છે.

“विभूतिम्—એટલે સ્ત્રી, પુત્ર, વિત્ત અને સ્વર્ગાદિ વિભૂતિઓ, अष्टाङ्गमैश्वर्यम्-અણિમા, માહિમા, લધિમા નામની આઠ કે અઢાર શિદ્ધિઓ, श्रियम्-એટલે સેવાથી સંતુષ્ટ થયેલ શ્રીહરિએ આપેલ સમ્પત્તિ-भागवतीम्-ભગવાને સ્વયં રચેલી સમ્પત્તિ,-भद्राम्-મોક્ષ નામની પ્રભુદત્ત સમ્પત્તિ” આવી પાંચ પ્રકારની સંપત્તિને જે મધ્યમ કક્ષાના ભક્તો ચાહે તો ભગવાન આપે છે અને ન ચાહે તેવા ભક્તો હોય તો પણ ભગવાન તેઓને અવશ્ય આપે છે. ૩૭

વૈકુંઠમાંથી અધઃપતન નથી એમ વર્ણવે છે—

न कर्हिं चिन्मत्पराः शान्तरूपे नङ्क्ष्यन्ति नो मेऽनीमिषो लेढि हेतिः ॥
येषामहं प्रिय आत्मा सुतश्च सखा गुरुः सुहृदो दैवमिष्टम् ॥३८॥

અન્વયાર્થ—**येषाम्**-જેમનો, **प्रियः**-પ્રિય, **आत्मा**-દેહ, **सुतः**-પુત્ર, **सखा**-મિત્ર, **गुरुः**-ગુરુ, **सुहृदः**-બંધુજન, **दैवम्**-દેવ, **च इष्टम्**-અને ઇષ્ટફલ, **अहम्**-હું એક જ છું તે ભક્તજનો, **मत्-पराः**-મારામાં મન પરોવેલા તેમજ, **शान्तरूपे**-શાંત સ્વરૂપવાવાળા મારા વૈકુંઠલોકમાં વસતા, **कर्हिचित्**-કોઈપણ હાલતમાં, **न नङ्क्ष्यन्तिः**-નાશ નથી પામતા તેમજ, **मे अनिमिषः**-મારું કાલચક્ર, **नो हेतिः**-ગળી નથી શકતું. ૩૮

અનુવાદ—જેઓનો પ્રિયજન, દેહ, પુત્ર, મિત્ર, ગુરુ, બંધુજન, દેવ અને ફલ આ આઠે પદાર્થો હું જ છું તે ભક્તવર્યો મારા શાંત સ્વરૂપ વૈકુંઠમાં વસતા મારામાં જ મન પરોવેલા હોઈ કોઈપણ પરિસ્થિતિમાં નાશ નથી પામતા તેમજ મારું કાલચક્ર પણ તેમને ગળી શકતું નથી. (ઇંદ્રવંશા વૃત્ત) ૩૮

તત્ત્વસુધા—शांतरूपे—આ પદ સંબોધન અને સપ્તમ્યન્ત છે. સંબોધન થતાં “દેવહૂતિ માતાને” એવો અર્થ થશે. સાતમી વિભક્તિ લેતાં “શાંત સ્વરૂપ વૈકુંઠ લોક” એવો અર્થ થશે. મુદ્દો એટલો છે કે સ્વર્ગનિવાસી દેવો ક્ષીણપુણ્ય થતાં ભૂતળ ઉપર પતન પામે છે તેમ વૈકુંઠમાં પણ ભોગો ભોગવતાં પુણ્યક્ષીણ થતાં ભૂતળ ઉપર જીવો આવશે જ ને એવી શંકાને સ્થાન નથી કારણકે—

“येषामहं प्रिय आत्मा”—કાળ કેવલ આઠ પદાર્થોનો ક્ષય કરી શકે છે. તે આઠ પદાર્થો જો લૌકિક

હોય તો કાલ અવશ્ય એમનું ભક્ષણ કરે. પરંતુ વૈકુંઠમાં તે આઠેઆઠ પદાર્થો સ્વયં ભગવાન જ બને છે. તેથી તેનો હ્રાસ કોણ કરી શકે આ આઠ પદાર્થો નીચે દર્શાવ્યા છે.

(૧) **प्रियः**—શબ્દનો અર્થ વિષય થાય છે. મનુષ્યને પ્રિયત્વ વિષયોમાં હોય છે. સ્રક્-ચંદન, વનિતા વિષયો મનાય. વૈકુંઠમાં ભગવાન જ વિષયોનું સ્વરૂપ સ્વીકારે છે. (૨) **आत्मा** શબ્દનો અર્થ દેહ થાય છે. વૈકુંઠનિવાસીઓને દેહ પણ ચિદાનંદમય જ છે. (૩) **सुतः**—એટલે પુત્ર. પુત્રનું સ્વરૂપ ભગવાન જ લે છે. (૪) **सखा**—મિત્રનું સુખ ભગવાન આપે છે અને મિત્ર પણ ભગવાન બને છે. (૫) **गुरुः**—વૈકુંઠમાં ગુરુ તરીકે પણ ભગવાન જ બિરાજે છે. (૬) **सुहृदः**—બંધુજનનું સ્વરૂપ પણ પ્રભુ જ સ્વીકારે છે. (૭) **देवम्** એટલે દેવ-ઈષ્ટ દેવ પણ ભગવાન જ હોય છે. (૮) **इष्टम्** પુણ્યનું ફલ-સેવાનું ફલ પણ વૈકુંઠમાં ભગવાન જ છે. ૩૮

આ શ્લોકમાં વર્ણવેલા ભક્તો ઉપરના ભક્તોથી ભિન્ન કક્ષાના છે—

इमं लोकं तथैवामुमात्मानमुभयायिनम् ॥
आत्मानमनु ये चेह ये रायः पशवो गृहाः ॥३९॥
विसृज्य सर्वानन्यांश्च मामेवं विश्वतोमुखम् ॥
भजन्त्यनन्यया भक्त्या तान्मृत्यो[1]रतिपारये ॥४०॥

અન્વયાર્થ—**इमं लोकम्**-આ લોકને, **तथा एव**-તેમજ પરલોકને, **उभयायिनम्**-બન્ને લોકમાં જનારા, **आत्मानम्**-આત્માને, **ये च आत्मानम् अनु**-અને જે આત્માની પાછળ રહેલા છે, તે, **इह**-આ લોકના, **रायः**-ધન, **पशवः**-પશુધન, **गृहाः**-ઘરો, **च अन्यान् सर्वान्**-એ અન્ય સર્વને, **विसृज्य**-ત્યજીને, **विश्वतोमुखम्**-જેઓ સર્વત્ર મુખવાળા, **माम्**-મને, **एवम्**-આ પ્રકારે, **अनन्यः**-અનન્ય, **भक्त्या**-ભક્તિથી, **भजन्ति**-ભજે છે, **तान्**-તેઓને હું, **मृत्युः**-મૃત્યુના, **अति-पारये**-પેલે કિનારે ઉતારુ છું. ૩૯, ૪૦

અનુવાદ—આ લોક તેમજ પરલોક; બન્ને લોકમાં જનારા આત્માને અને જે આત્માની પાછળ રહેલા છે તે આ લોકમાં ધન, પશુધન, ઘરબાર વગેરે અન્ય સર્વ પદાર્થોને ત્યજીને સર્વત્ર મુખવાળા મને આ પ્રકારે અનન્ય ભક્તિથી સેવે છે, તેઓને હું મૃત્યુના પેલા કિનારે ઉતારું છું. ૩૯, ૪૦

તત્ત્વસુધા—"इमं लोकं तथैवामुम्"—લોકસુખ, પરલોકસુખ, ઉભયલોકગામી આત્મા, એટલે ચાર પ્રકારનું અન્તઃકરણ, ધન, પશુધન, સ્ત્રીધન, ઘર-ઘરવખરી આ સર્વનો ત્યાગ કરી ભગવાનને સેવે છે; તેઓને ભગવાન **मृत्योः**—મૃત્યુથી મુક્ત કરે છે. મૃત્યુથી મુક્તિ એટલે આત્માને ગળી જનારા દેહના સંબંધથી મુક્ત કરી સચ્ચિદાનંદમય દેહ આપવો. તેમજ તે દેહ દ્વારા પોતાના દિવ્ય લોકનું સુખ આપવું આ સર્વ કાર્ય ભગવાન કરે છે.

કારણકે **अनन्यया भक्त्या**—તેઓ અનન્ય ભક્તિથી ભગવાનને સેવે છે. અનન્ય ભક્તિ એટલે જેમને પ્રભુની કૃપાને મેળવવા-પરલોકને મેળવવા-કે અન્ય લોકોને મેળવવા તપજ્ઞાન આદિ કોઈ સાધન નથી કિંતુ એક ભક્તિનું જ અવલંબન છે તેમને મૃત્યુના પેલે કિનારે શ્રીકૃષ્ણ લઈ જાય છે. આ શ્લોકમાં ત્યાગ શબ્દ આવો હોવાથી સાંખ્યનો સિદ્ધાન્ત વર્ણવ્યો છે.

विश्वतोमुखम्—એટલે સર્વપ્રકારે પ્રભુને સેવે છે અથવા સર્વસ્વરૂપવાળા શ્રીકૃષ્ણને સેવે છે એવા બે અર્થમાં બીજો વધુ સુસંગત થશે. ૩૯, ૪૦

---

[1] रश्मिपारये इति पाठः ।

ભક્તિથી જ ભગવાન સંતુષ્ટ થશે અન્ય સાધનથી નહીં એવું આ શ્લોકમાં વર્ણવ્યું છે—

नान्यत्र मद्भगवतः प्रधानपुरुषेश्वरात् ॥
आत्मनः सर्वभूतानां भयं तीव्रं निवर्तते ॥४१॥

અન્વયાર્થ—**प्रधान-पुरुष-ईश्वरात्**-પ્રકૃતિ અને પુરુષના ઈશ્વર, **सर्व-भूतानाम्**-સર્વ પ્રાણીઓના, **आत्मनः**-આત્મા એવા, **मद्-भगवतः**-મારા ભગવાન, વિના, **अन्यत्र**-અન્યથી, **तीव्रभयम्**-તીવ્રભય, **न निवर्तते**-ટળતો નથી. ૪૧

અનુવાદ—પ્રકૃતિ અને પુરુષના ઈશ્વર સર્વ પ્રાણીઓના આત્મા, એવા મારા ભગવાનના વિના અન્ય કોઈથી તીવ્ર ભય ટળી શકતો નથી. ૪૧

તત્ત્વસુધા—नान्यत्र मद्भगवतः-આ શ્લોકનું તાત્પર્ય એવું છે કે ભગવાન વિના અન્યથી સંસારસ્વરૂપ તીવ્ર ભય નિવૃત્ત થશે નહીં. સંસાર એટલે જ અહંતા અને મમતા ભર્યો જીવનવ્યવહાર. આ સંસાર પ્રકૃતિ અને પુરુષથી ઉત્પન્ન થાય છે. ભગવાન પ્રકૃતિ પુરુષ ઉભયના ઈશ્વર છે એટલે એ એક જ સંસારનિવારણનું સામર્થ્ય ધરાવે છે. ૪૧

ભગવાન સર્વના નિયામક છે એ વેદશ્રુતિનું શ્લોકમાં પુનરુચ્ચારણ છે—

मद्भयाद् वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ॥
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥४२॥

અન્વયાર્થ—**अयं**-આ, **वातः**-પવન, **मद्भयात्**-મારા ભયથી. **वाति**-વાય છે, **मद्-भयात्**-મારા ભયથી, **सूर्यः**-સૂર્ય, **तपति**-તપે છે, **इन्द्रः वर्षति**-ઇન્દ્ર વૃષ્ટિ કરે છે, **अग्निः**-અગ્નિ **दहति**-બાળે છે, અને, **मद्-भयात्**-મારા ભયથી, **मृत्युः**-મૃત્યુ, **चरति**-ફરે છે. ૪૨

અનુવાદ—આ પવન મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી તપે છે, ઈન્દ્ર વૃષ્ટિ કરે છે, અગ્નિ દાહ કરે છે અને મૃત્યુ પણ મારા ભયથી જ વિચરે છે. ૪૨

તત્ત્વસુધા—मद्-भयात्—આ શ્લોકમાં શ્રુતિનો સ્પષ્ટ અનુવાદ કરવામાં આવ્યો છે. भीषास्माद् वातः पवते-સૂર્ય, ચન્દ્ર, ઈન્દ્ર, અગ્નિ, મૃત્યુ આ સર્વ દેવો છે પરંતુ દેવાધિદેવના આજ્ઞાંકિત થઈને રહે છે. ૪૨

યોગીજનો પણ ભક્તિયોગથી અક્ષર પદને પામે છે એવું નિરૂપણ આ શ્લોકમાં છે—

ज्ञानवैराग्ययुक्तेन भक्तियोगेन योगिनः ॥
क्षेमाय पादमूलं मे प्रविशंत्यकुतोऽभयम् ॥४३॥

અન્વયાર્થ—**योगिनः**-યોગીજનો **क्षेमाय**-મોક્ષ મેળવવા માટે, **ज्ञान-वैराग्य-युक्तेनः**-જ્ઞાન અને વૈરાગ્ય સાથેના, **भक्ति-युक्तेन**-ભક્તિયોગથી, **अकुतोऽभयम्**-સર્વથા નિર્ભય, **मे**-મારા, **पादमूलम्**-ચરણના મૂલમાં, **प्रविशंति**-પ્રવેશ કરે છે. ૪૩

અનુવાદ—યોગીજનો મોક્ષ મેળવવા માટે જ્ઞાન અને વૈરાગ્ય ભરેલા ભક્તિયોગથી સર્વથા નિર્ભય મારા ચરણમૂલમાં પ્રવેશ કરે છે. ૪૩

તત્ત્વસુધા—ज्ञानवैराग्ययुक्तेन भक्तियोगेन—ભક્તિયોગ જ્ઞાનવૈરાગ્ય સમન્વિત જોઈએ. સ્વાભાવિક રીતે જ્ઞાન વૈરાગ્ય સ્વતંત્ર ક્રિયા નથી કરતા. પરંતુ ભક્તિ માતાના સ્તન્યપાન કરી પુષ્ટ બનીને કાર્ય કરે છે. આ દિવ્ય અવલંબનથી पादमूलम् અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરે છે તે સ્થાન સર્વથા નિર્ભય સ્થળ છે. ૪૩

एतावानेव लोकेऽस्मिन् पुंसां निःश्रेयसोदयः ।।
तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थिरम् ।।४४।।

અન્વયાર્થ—**तीव्रेण**-તીવ્ર, **भक्तियोगेन**-ભક્તિયોગથી જ, **मयि**-મારામાં-મને, **अर्पितम्**-સમર્પેલ, **मनः**-મન, **स्थिरम्**-સ્થિર કરવું, **पुंलाम्**-પુરુષોને, **अस्मिन् लोके**-આ લોકમાં **निश्रेयसोदयः**-મોક્ષનો ઉદય કરાવનારા, **एतावान् एव**-આટલો જ ઉપાય છે ૪૪

અનુવાદ—તીવ્ર ભક્તિયોગથી જ મારામાં અર્પેલ મનને મારામાં જ સ્થિર કરવું. પુરુષો માટે આ લોકમાં મોક્ષનો ઉદય કરાવનાર આટલો જ ઉપાય છે. ૪૪

તત્ત્વસુધા—મોક્ષપ્રાપ્ત કરવાના સાધન તરીકે "ભક્તિ જ ગરીયસી" મહત્ત્વનું સાધન છે એવું સાંખ્યના મત પ્રમાણે આ શ્લોકથી સિદ્ધ કર્યું. આ માટે ભક્તિનું મહત્ત્વ ગાય છે કે—

तीव्रेण भक्तियोगेन—તીવ્ર શબ્દનો અર્થ શીઘ્ર થાય છે. ભક્તિયોગ "અવિલંબે તેમજ વિના વિઘ્ને" મનને ભગવાનના ચરણમાં લઈ જાય છે. આ મન ભગવાનમાં સ્થિર થાય છે. આવું સ્થિર થયેલ મન પરમ પુરુષાર્થને પ્રાપ્ત કરાવે છે.

તાત્પર્ય કે મોક્ષેપ્સુઓનાં સર્વ મન્તવ્યો ભક્તિને જ મોક્ષપ્રાપ્તિમાં સાધન તરીકે સ્વીકારે છે ભગવદીયોને ભગવત્પ્રાપ્તિ માટે ભક્તિ સાધન પણ છે અને ફલ પણ છે. સાંખ્યના સિદ્ધાન્તમાં ભક્તિને સાધન તરીકે વર્ણવી આ અધ્યાય પૂર્ણ કર્યો.

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ૨૫ મો અધ્યાય સંપૂર્ણ

'विद्यावती भागवते परीक्षा'

અધ્યાય ૨૬ મો

શ્લોક સંખ્યા ૭૨

આ અધ્યાયમાં 'તન્માત્રાઓ'ની ચર્ચા કરી છે. સાંખ્યશાસ્ત્રમાં ભગવાને 'બંધ અને મોક્ષ' નામના બે પદાર્થો વિચાર્યા છે. બંધ અને મોક્ષના ભેદથી જ "જીવ અને બ્રહ્મ" ની વચ્ચેનું અંતર સમજાય છે. આ અધ્યાયમાં ૩ ઉવાચ આવે છે. શ્રી દેવહૂતિજી "પુરુષ અને પ્રકૃતિ" નામના બે તત્ત્વોની વ્યાખ્યા સમ્બંધી પ્રશ્ન પૂછે છે. શ્રી કપિલ ભગવાન પ્રત્યુત્તર વાળે છે. સૃષ્ટિની ઉત્પત્તિની સમગ્ર પ્રક્રિયા આ અધ્યાયમાં અત્યંત સ્પષ્ટ વર્ણવી છે. આ નિરૂપણ જોતાં એ નિર્ણય થાય છે કે ઋષિ.-મુનિઓ પાસે ભૌતિક સાધનો સાથે કોઇ અગમ્ય સાધન પણ હોવાં જ જોઇએ. અન્યથા અગમ્ય સૂક્ષ્મ પદાર્થોનું સ્વરૂપ કેવી રીતે વર્ણવી શકે!

श्रीभगवानुवाच-अथ ते सम्प्रवक्ष्यामि तत्त्वानां लक्षणं पृथक् ॥
यद् विदित्वा विमुच्येत पुरुषः प्राकृतैर्गुणैः ॥१॥

અન્વયાર્થ—**श्रीभगवान् उवाच**-શ્રી કપિલ ભગવાને કહ્યું માતાજી, **अथ**-આ અધ્યાયમાં, **ते**-આપને, **तत्त्वानाम्**-તત્ત્વોનાં, **लक्षणम्**-લક્ષણ, **पृथक्**-જે ભિન્ન ભિન્ન છે, તે, **सम्-प्रवक्ष्यामि**-ખૂબ જ સારી રીતે સ્પષ્ટ પ્રકારે કહીશ, **यत्**-જે લક્ષણોને, **विदित्वा**-જાણીને, **पुरुषः**-પુરુષ **प्राकृतैः**-પ્રકૃતિના, **गुणैः**-ગુણમાંથી, **वि-मुच्येत**-મુક્ત થાય છે. ૧

અનુવાદ—શ્રી કપિલ ભગવાને કહ્યું કે માતાજી આ અધ્યાયમાં હવે આપને તત્ત્વોનાં જે ભિન્ન ભિન્ન લક્ષણો છે તે સ્પષ્ટ પ્રકારે વર્ણવું છું. આ લક્ષણોને સમજવાથી પુરુષ પ્રાકૃતિક ગુણોમાંથી મુક્ત થાય છે.

તત્ત્વસુધા—"अथ" આ અધ્યાયના પ્રારંભનો "अथ" શબ્દ પૂર્વ અધ્યાયના મન્તવ્યથી અને ભક્તિના સિદ્ધાન્તથી સાંખ્યના પ્રકારની પ્રક્રિયા જુદી હોવાથી કંઇક અન્ય પ્રકાર દર્શાવવા માટે વાપરેલ છે. ભક્તિમાં પુરુષને સત્સંગને આધીન રહેવું પડે છે જ્યારે સાંખ્યમાં તેને સ્વાતંત્ર્ય છે.

तत्त्वानां लक्षणं पृथक्—આ અધ્યાયમાં અનેક તત્ત્વોનાં લક્ષણ વર્ણવ્યાં છે. વાત એ છે કે તત્ત્વોના ધર્મો લગભગ મળતા આવતા હોય છે. ત્યાં જો સૂક્ષ્મ મેધાથી વિચાર ન કરાય તો પૃથક્કરણ કરવું કઠિન છે. જ્યારે કપિલ ભગવાને અતિશય તીવ્ર મેધાથી અહીં તત્ત્વલક્ષણ મીમાંસા સમજાવી છે.

पुरुषः-प्राकृतैर्गुणैः—વાસના આન્તર દોષો છે. એના નિર્મૂલનમાં આ તત્ત્વવિજ્ઞાન અતિશય ઉપયોગી નીવડશે એવી પ્રતિજ્ઞા કરી. ૧

આ શ્લોકમાં તત્ત્વજ્ઞાન વર્ણવીશ એવી શ્રી કપિલ પ્રભુ પ્રતિજ્ઞા કરે છે—

ज्ञानं निःश्रेयसार्थाय पुरुषस्यात्मदर्शनम् ॥
यदाहुर्वर्णये तत्ते हृदयग्रन्थिभेदनम् ॥२॥

અન્વયાર્થ—**પુરુષસ્ય**-પુરુષના, **નિઃશ્રેયસાય**-સર્વોત્કૃષ્ટ કલ્યાણ માટે, **આત્મ-દર્શનમ્**-આત્મદર્શન, **જ્ઞાનમ્** જ્ઞાનને, **હૃદય-ગ્રન્થિ-ભેદનમ્**-વાસનાની ગ્રન્થિને ખોલનાર, **યદ્-આહુઃ**-સજ્જનો જે કહે છે, **તત્**-તે જ્ઞાન, **તે**-માતાજી આપને, **વર્ણયે**-વર્ણવીશ. ૨

અનુવાદ—પુરુષના સર્વોત્કૃષ્ટ કલ્યાણ માટે આત્મદર્શન જ્ઞાનને શાસ્ત્રોએ વર્ણવ્યું છે. હે માતાજી! તે જ્ઞાન હું આપને વર્ણવી સંભળાવીશ. ૨

તત્ત્વસુધા—આ આખો અધ્યાય તત્ત્વલક્ષણ-નિરૂપક હોઈ ભગવાને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે માતાજી, હું આપને આત્મદર્શક જ્ઞાન વર્ણવીશ. અનાત્મ એટલે જડ પદાર્થ અને "આત્મ" એટલે ચેતન પદાર્થ સંબંધી સમજ પ્રાપ્ત થવાથી જ હૃદયગ્રન્થિ એટલે મોહ અથવા લિંગ શરીરનો ભેદ થઈ શકશે. ૨

આત્મ
અનાત્મ

આ શ્લોકમાં સાંખ્યશાસ્ત્રસંમત પુરુષનું લક્ષણ વર્ણવે છે—

अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः ॥
प्रत्यग्धामा स्वयं ज्योतिर्विश्वं येन समन्वितम्[1] ॥३॥

અન્વયાર્થ—**પુરુષઃ**-પુરુષ, **આત્મા**-આત્મા છે, **અનાદિઃ**-આરંભરહિત છે, **નિર્ગુણઃ**-નિર્ગુણ છે, **પ્રકૃતેઃ-પરઃ**-પ્રકૃતિને સ્વવશ રાખનાર છે, **પ્રત્યગ્-ધામા**-અન્તર દૃષ્ટિથી સમજાય છે, **સ્વયં-જ્યોતિઃ**-સ્વયં-પ્રકાશ છે, **યેન**-જે પુરુષ સાથે, **વિશ્વમ્**-અખિલ વિશ્વ, **સમન્વિતમ્**-સર્વથા સંબંધવાળું છે. ૩

અનુવાદ—સાંખ્યશાસ્ત્રનો પુરુષ આત્મા છે, આરંભરહિત છે, નિર્ગુણ છે, પ્રકૃતિને સ્વાધીન રાખે છે, અન્તશ્ચક્ષુથી સમજાય છે, સ્વયંપ્રકાશ છે, જે પુરુષ સાથે અખિલ વિશ્વ સર્વથા સંકળાયેલ છે. ૩

તત્ત્વસુધા—પુરુષઃ-પુરુષને ઓળખાવવા માટે આ શ્લોકમાં કુલ ૭ વિશેષણો આપ્યાં છે, પૂર્વાર્ધમાં ૪ લક્ષણ છે અને ઉત્તરાર્ધમાં ૩ લક્ષણ છે. હવે વિશેષ એક વાત સમજવાની છે કે "આત્મા" શબ્દનો જે અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે "પુરુષ"નું લક્ષણ છે.

આત્મા—આ આત્મા પુદ્‌ગલથી એટલે દેહસંઘાતથી ભિન્ન છે એ કેમ સમજાય તેના સ્પષ્ટકરણ માટે બીજાં ૬ વિશેષણો છે. એમાંનું પ્રથમ વિશેષણ—

અનાદિઃ—અનાદિ શબ્દનો અર્થ "આરંભરહિત" એવો થાય છે. ઘર કે જડ અન્ય કોઈ પણ પદાર્થ ઉત્પન્ન થાય છે. આત્મા તેવો નથી. આત્મા આરંભરહિત છે માટે તે દેહ નથી.

નિર્ગુણઃ—સર્વ જગતના વ્યવસ્થાપક ગુણો આત્મામાંથી પ્રકટ્યા છે તેથી તે નિર્ગુણ અથવા દિવ્ય ગુણો છે અથવા સત્ત્વાદિ ગુણોથી રહિત છે તેથી તે નિર્ગુણ છે. આત્મા નિર્ગુણ છે માટે પ્રકૃતિક ગુણો તેનામાં નથી.

પ્રકૃતેઃ પરઃ—પ્રકૃતિ ઉપર આત્માનું પ્રભુત્વ છે તેથી તે પ્રકૃતિથી પણ ભિન્ન છે.

પ્રત્યગ્ધામા—આન્તર દૃષ્ટિસંવેદ્ય છે માટે જ કળથી પણ આત્મા ભિન્ન છે.

સ્વયંજ્યોતિઃ—આત્મા સ્વયંપ્રકાશ હોવાથી તે અહંકારથી પણ ભિન્ન છે.

વિશ્વં યેન સમન્વિતમ્—સમસ્ત વિશ્વમાં આત્મા વિના અન્ય કોઈ તત્ત્વ સર્વથા સંકળાયેલ નથી. આવો ષડ્લક્ષણ આત્મા એ પુરુષનું લક્ષણ છે.

---

[1] प्रकाशितम् પ્રા. પા.

સંક્ષેપમાં આ શ્લોકે "આત્મા નું સ્પષ્ટ લક્ષણ સમજાવ્યું છે. આત્મા શબ્દથી તે "સંઘાત" થી જુદો છે. સંઘાતથી એટલે ઇન્દ્રિય–પંચભૂત વગેરેથી આત્મા ભિન્ન છે તે (૧) અનાદિ શબ્દથી દેહથી ભિન્ન કહ્યો. (૨) નિર્ગુણઃ—વિશેષણથી પ્રાકૃત પદાર્થોથી ભિન્ન કહ્યો (૩) પ્રકૃતેઃ પરઃ–વિશેષણથી પ્રકૃતિથી પણ ભિન્ન છે એમ કહ્યું. (૪) આ ચાર વિશેષણથી "આત્મા"નું લૌકિક લક્ષણ કહ્યું. તેમજ, અને ઉત્તરાર્ધના ત્રણ વિશેષણથી અલૌકિક લક્ષણ દર્શાવ્યું છે. ૩

આ શ્લોકથી આમાત્મા "જીવપણું" સ્વભાવથી નથી તે વાત વર્ણવે છે—

स एव प्रकृतिं सूक्ष्मां दैवीं गुणमयीं विभुः ॥
यदृच्छयैवोपगतामभ्यपद्यत लीलया ।।४।।

અન્વયાર્થ—**सः एषः विभुः**-તે, આ, શક્તિસમ્પન્ન આત્મા, **सूक्ष्माम्** -સક્ષ્મ, **दैवीम्**–દૈવી, **गुणमयीम्**–ગુણોથી ભરેલી, **यदृच्छया**–પોતાની ઇચ્છાથી, **उपगताम्**–આવેલી, **प्रकृतिम्**–પ્રકૃતિને, **लीलया**–લીલાથી, **अभ्यपद्यत**–આદર કરે છે. ૪

અનુવાદ—સમર્થ આ આત્મા સૂક્ષ્મ દૈવી, ગુણ ભરેલી, સ્વેચ્છાથી પ્રાપ્ત થયેલી પ્રકૃતિને લીલાથી અંગીકાર કરે છે. ૪

તત્ત્વસુધા—સાંખ્ય શાસ્ત્રના બે વિભાગો છે. એક નિરીશ્વર સાંખ્યવાદી છે, બીજા ભગવદીય સાંખ્યવાદી છે. બન્નેના મન્તવ્યો ભિન્ન છે. નિરીશ્વર સાંખ્ય મતવાળા પ્રકૃતિને આત્માથી ભિન્ન તેમજ પુરુષની માફક પ્રકૃતિને નિત્ય માને છે. ભગવદીય સાંખ્યમત અનુસાર પ્રકૃતિને ભગવાનની શક્તિ તરીકે સ્વંકારી છે. સાંખ્ય–શાસ્ત્ર ભગવાનનું જ્ઞાન ન કરાવી શકે. કારણ કે ભગવાન સાંખ્યની પ્રવૃત્તિ કરાવનાર છે. જે સાંખ્યને ભગવાન પ્રેરે તે ભગવાનનું જ્ઞાન કેમ કરાવી શકે? જો સાંખ્ય ભગવાનનું જ્ઞાન કરાવે તો બ્રહ્મવાદમાં અને સાંખ્યમાં તફાવત શો રહ્યો? તેમજ ઉભયના ફળમાં પણ શો ભેદ રહે?

સાંખ્યશાસ્ત્રની પ્રવૃત્તિ અક્ષરની નીચે સુધી જ છે. ભગવાન અક્ષરથી પર છે. તેથી ભગવાન જ ભગવાનનું જ્ઞાન કરાવી શકે. તૃતીય સ્કંધનું સાંખ્ય નિરીશ્વર સાંખ્ય નથી. પરંતુ ભગવદીય સાંખ્ય છે. પુરુષોત્તમ, અક્ષર, કાલ, પ્રકૃતિ, અને પુરુષ એવા પાંચ પ્રકારે ભગવાન અનાદિ છે .આ સિદ્ધાન્તને વર્ણવતા સાંખ્યનો વિચાર કપિલ સાંખ્યમાં છે. આ ભગવદીય સાંખ્ય મત પ્રમાણે પુરુષ પ્રકૃતિને વશ રાખનારી અવસ્થાને ત્યજી પ્રકૃતિને આધીન થવાની અવસ્થાનો અંગીકાર "જીવ"પણું સ્વીકારે છે.—આ વસ્તુનો ઉલ્લેખ આ શ્લોકથી કર્યો છે. ૪

જીવને મોહ કેમ થાય? એ તો ભગવદ્રૂપ છે તેથી તેના જ્ઞાન અને શક્તિ તો નિત્ય છે એના ખુલાસા માટે આ શ્લોક આરંભાય છે—

गुणैर्विचित्रां सृजतीं सरूपाः प्रकृतिं प्रजाः ॥
विलोक्य मुमुहे सद्यः स इह ज्ञानगूहया ।।५।।

અન્વયાર્થ—**इह**–અહીં, **सः**-તે, **गुणैः**–ગુણોથી, **विचित्राम्** વિચિત્ર, **सरूपा** પોતાની સમાન, **प्रजाः**–પ્રજાઓને, **सृजतीम्**–સર્જતી–ઉત્પન્ન કરતી, **ज्ञानगूहा**–જ્ઞાનને ઢાંકી દેનારી **प्रकृतिम्**–પ્રકૃતિને, **गूहया** **विलोक्य**–જોઇને, **सद्यः**–તરત જ, **मुमुहे**–મોહ પામ્યો. ૫

અનુવાદ—અહીં રહેલ તે આત્મા, ગુણોથી વિચિત્ર, પોતાના જેવી પ્રજાઓને ઉત્પન્ન કરતી, જ્ઞાનને ઢાંકી દેનારી પ્રકૃતિને જોઇને અવિલંબે મોહ પામ્યો. ૫

તત્ત્વસુધા –"गुणैर्विचित्रां सृजतीं"–આ શ્લોકથી પુરુષની પરિસ્થિતિનું વર્ણન કરે છે. પ્રકૃતિનો આશ્રય પુરુષને કરવાનો છે. તેથી પ્રકૃતિ 'सरूपाः प्रजाः सृजतीम्"–પુરુષની અંદરના અવયવો બનેલા અંશોને પોતાના જેવા કરે છે. તાત્પર્ય કે તે અંશો દ્વારા એટલે અવયવો દ્વારા પુરુષને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરાવે છે. પરિણામે પુરુષના બધા જ અંશો પ્રકૃતિની સ્થિતિને પ્રાપ્ત કરે ત્યારે પોતે પણ તેની સ્થિતિને પ્રાપ્ત કરેલ બને છે. તેથી જ જ્ઞાન ઢંકાઈ જાય છે અને "પ્રકૃતિમાં રહેલ" જીવ મોહ પામે છે. "મોહ એટલે સ્વરૂપવિસ્મૃતિ." ૫

જીવમાં કર્તૃત્વ કેવી રીતે આવે એનો ખુલાસો આ શ્લોકથી થાય છે—

एवं पराभिध्यानेन कर्तृत्वं प्रकृतेः पुमान् ॥
कर्मसु क्रियमाणेषु गुणैरात्मनि मन्यते ॥६॥

અન્વયાર્થ—एवम्-આ પ્રકારે, **पर-अभिध्यानेन**-બીજાને-પ્રકૃતિને પોતે હોવાનું માનવાના કારણથી, **गुणैः**-ગુણો દ્વારા, **कर्मसु**-કર્મો, **क्रियमाणेषु**-કરવામાં આવતાં **पुमान्**-પુરુષ, **प्रकृतेः**-પ્રકૃતિના, **कर्तृत्वम्**-કર્તાપણાને, **आत्मनि**-પોતાનું કર્તૃત્વ, **मन्यते**-માને છે. ૬

અનુવાદ—આ પ્રકારે પુરુષે પારકાને પ્રકૃતિને પોતે હોવાનું માનવાથી ગુણો દ્વારા કર્મ કરાતાં પુરુષ સ્વયં પ્રકૃતિના કર્તાપણાને પોતાનું કર્તૃત્વ માને છે. ૬

તત્ત્વસુધા—"पराभिध्यानेन" જીવે એટલે પુરુષે પ્રકૃતિનું સતત ધ્યાન કર્યું. પ્રકૃતિ પોતાથી ભિન્ન છે તો પણ પોતે પ્રકૃતિ છે એમ માની લીધું. 'બીજાને પોતે છે એમ જાણવું એટલે "अभिध्यानम्" અભિધ્યાન કહેવાય. પ્રકૃતિ જ સર્વ કાર્ય કરે છે. ક્રિયાશક્તિ પ્રકૃતિની છે. જ્ઞાનશક્તિ પુરુષની છે. પરંતુ પારકાની શક્તિને પોતાની માનવા મોહથી જ્ઞાન-ક્રિયા-શક્તિનો ખીચડો થઈ ગયો. તેથી જીવે પ્રકૃતિના કર્તૃત્વને પોતાનું માન્યું. "કરે છે પ્રકૃતિ પરંતુ પરાભિધ્યાનથી પોતે કર્યું એવું પુરુષે માન્યું" આ તાત્પર્ય છે. ૬

આ શ્લોકથી નિર્ણય કરે છે કે 'પુરુષનું કર્તૃત્વ" અભિમાન જ સંસારનું મૂળ છે—

तदस्य संसृतिर्बन्धः पारतन्त्र्यं च तत् कृतम् ॥
भवत्यकर्तुरीशस्य साक्षिणो निर्वृतात्मनः ॥७॥

અન્વયાર્થ—अकर्तुः-કર્તૃત્વ રહિતનું, **ईशस्य**-ઈશ્વરનું, **साक्षिणः**-સાક્ષીનું અને, **निर्वृत-आत्मनः**-આનંદસ્વરૂપનું જે, **तत्**-કર્તૃત્વપણાનું ભાન છે. તે જ **अस्य**-આ પુરુષનો, **संसृतिः**-સંસાર છે. પ્રમાણે **बन्धः**-બંધ અને **पारतन्त्र्यम्**-પરતંત્રતા પણ, **तत्-कृतम्-भवति**-તેથી જ થયેલ છે. ૭

અનુવાદ—કર્તૃત્વરહિત, સ્વયં ઈશ્વર, સાક્ષી અને આનંદસ્વરૂપ પુરુષનું "હું કર્તા છું" એવું જે અનુસંધાન છે તે જ સંસાર છે. બંધ અને પરતંત્રતા પણ તેથી જ થયેલાં છે. ૭

તત્ત્વસુધા—तदस्य संसृतिः-પુરુષ એટલે કેવી રીતે સંસાર થયો, સંસાર એટલે શું અને સ્વયં કોણ છે એ સર્વ વિષય સ્પષ્ટતાથી આ શ્લોકમાં સમજાવવા આત્માને ચાર વિશેષણ આપ્યાં છે. જ્યારે પુરુષનું પરાભિધ્યાન થયું ત્યારે તે अकर्तुः ભગવાનનો અંશ પુરુષ "અકર્તા" હોવા છતાં તેને संसृतिः સંસાર થયો. તેમજ તે "ईशस्य" ભગવાનના સંબંધવાળો સમર્થ તે પુરુષને बन्धः બંધ થયો. વળી 'साक्षिणः" ચિદ્રૂપ હોવા છતાં સાક્ષી જીવને "પરતંત્રતા" થઈ અને निवृत्तात्मनः-આનંદાત્મક છે છતાં તેને च-અવ્યયથી દુઃખ થયું. ૭

કર્તાનું એવું લક્ષણ છે કે જેમાં જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન એકમાં જ હોય તેમજ જે ઉપાદાન હોઈ શકે

અને તેનું અપરોક્ષ જ્ઞાન પણ તેને હોઈ શકે ત્યારે તે કર્તા સંભવે. તો પછી કર્તાપણું પ્રકૃતિમાં અને જ્ઞાનત્વ
પુરુષમાં આવું કેમ સંભવે? આ વિષયના સમાધાન માટે આ શ્લોક છે—

कार्यकारणकर्तृत्वे कारणं प्रकृतिं विदुः ॥
भोक्तृत्वे सुखदुःखानां पुरुषं[1] प्रकृतेः परम् ॥८॥

અન્વયાર્થ—**कार्य-कारण-कर्तृत्वे**-કાર્ય, કારણ, કર્તાપણામાં, **प्रकृतिम्**-પ્રકૃતિને, **कारणम्**-
કારણ, **विदुः**-હોવાનું કહેલ છે, **सुख-दुःखानाम्**-સુખ અને દુઃખોના, **भोक्तृत्वे**-ભોગવનારપણામાં, **प्रकृतेः**-
परम्-પ્રકૃતિને વશ રાખનાર, **पुरुषम्**-પુરુષને કારણ હોવાનું છે. ૮

અનુવાદ—કાર્ય, કારણ અને અને કર્તાપણામાં પ્રકૃતિને કારણ હોવાનું કહેલ છે. જ્યારે
સુખ અને દુઃખોના ભોગવનારપણામાં પ્રકૃતિને વશ રાખનાર પુરુષને કારણ હોવાનું કહેલ છે. ૮

તત્ત્વસુધા—कार्यकारणकर्तृत्वे-આ શ્લોકથી પ્રકૃતિમાં કર્તાપણું અને પુરુષમાં સુખદુઃખ ભોક્તાપણું કેમ
સંભવે? તે બન્ને એકમાં જ હોવા જોઈએ તેનો ખુલાસો કરે છે કે "કર્તાપણું અને ભોક્તાપણું એક પદાર્થમાં
જ રહેલાં દેખાય છે. છતાં પ્રકૃતિ અને પુરુષનો અધ્યાસ થયેલ હોવાથી એટલે બન્ને ભેગાં થયેલ હોવાથી કર્તા
કોનો ધર્મ અને ભોક્તા કોનો ગુણ છે તે નક્કી થઈ શકતું નથી.

ખરી રીતે તો સર્વનું મૂલ બનેલ ભગવાનમાં જ કર્તાપણું અને ભોક્તાપણું સ્વાભાવિક રીતે જ છે. આમ
છતાં વૃદ્ધોની પરંપરા-ઈતિવૃત્ત પરંપરા પ્રચલિત છે કે કર્તાપણું પ્રકૃતિમાં રહેલું છે અને ભોક્તાપણું પુરુષમાં
રહેલું છે, હવે આ વસ્તુ સમજાવે છે—

कार्य-कारण-कर्तृत्वे-कार्यः—એટલે આધિભૌતિક દેહ, कारण એટલે આધ્યાત્મિક ઈન્દ્રિયો, કર્તા એટલે
અધિદૈવિક અન્તઃકરણ આ ત્રણે પ્રકારના જડની "ચેતન આત્મા" જે સ્થિતિ પ્રાપ્ત કરે છે તેનું કારણ પ્રકૃતિ છે.
કારણ કે ત્રણે ગુણો પ્રાકૃત છે હવે "ભોક્તૃત્વ"નો વિચાર કરે છે—

ભોગ, સુખ અને દુઃખના અનુભવરૂપે છે. અનુભવ શબ્દથી જ્ઞાન સમજવું. તે જ્ઞાન પ્રકૃતિમાં દેખાતું હોય
અને તેમાં કારણ "सत्वात् संजायते ज्ञानम्" આપવામાં આવતું હોય તો તેમ નથી. પ્રકૃતિમાં દેખાતું જ્ઞાન
પણ પુરુષના સંબંધથી જ થાય છે. "सत्वात् संजायते ज्ञानम्"નો અર્થ એવો છે કે સત્વની ઉપાધિ હોય છે
ત્યારે પુરુષને જ્ઞાન થાય છે પરંતુ જ્ઞાન ન તો પ્રકૃતિનું સ્વરૂપ છે કે ન તો પ્રકૃતિનો ગુણ છે. ૮

देवहूतिरुवाच— प्रकृतेः पुरुषस्यापि लक्षणं पुरुषोत्तम ॥
ब्रूहि कारणयोरस्य सदसच्च यदात्मकम् ॥९॥

અન્વયાર્થ—**पुरुषोत्तम**-હે પુરુષોત્તમ, **अस्य**-આ જગતના, **कारणयोः**-કારણ, **प्रकृतेः**-પ્રકૃતિનું અને,
पुरुषस्य-પુરુષનું, **लक्षणम्**-લક્ષણ, **ब्रूहि**-આપ કહો. તેમજ, **सत् च असत्**-જે સત્ અને અસત્ એટલે
કારણ અને કાર્ય છે તે પણ, **यद्-आत्मकम्**-પુરુષ અને પ્રકૃતિરૂપ જ છે તેનું પણ લક્ષણ કહો. ૯

અનુવાદ—હે પુરુષોત્તમ! આ જગતનાં કારણ એવાં પ્રકૃતિ અને પુરુષનું લક્ષણ
કહો તેમજ જે સત્ અને અસત્ છે તે પણ પુરુષ અને પ્રકૃતિરૂપ જ છે તેનું પણ લક્ષણ કહો. ૯

તત્ત્વસુધા—શ્રી દેવહૂતિજી માતા "તત્ત્વજ્ઞાન"ની સ્પષ્ટતા કરવા ચાહે છે. તેથી એવો પ્રશ્ન પૂછે છે કે—

---

[1] पुरुषः प्रकृतेः प्रा. पा.

જ્યારે પુરુષને દેહભાવ પ્રાપ્ત થાય ત્યારે તેનામાં " કર્તૃત્વ " એટલે દેહ પ્રાપ્ત થતા પહેલાં પુરુષ કર્તા ન બને અને પ્રકૃતિ જડ છે તેથી તે પણ " કર્તા " ન બની શકે તો પૂછી પુરુષને દેહ જ પ્રાપ્ત થશે નહીં તેથી " પુરુષમાં " કર્તૃત્વ સંભવશે નહીં. તો પછી રચના કોણ કરે ?

હવે જો એમ માનીએ કે પ્રકૃતિની દરકાર કર્યા વિના જ પોતે જ રચે તો જીવ અનંત છે એટલે અનંત જગતો થાય. જો એમ સ્વીકારીએ કે મૂલ પુરુષ જીવ માટે રચના કરે છે તો " પ્રકૃતિના સંબંધ વિના સ્વતંત્ર કર્તૃત્વ અને હિતકર્તારહિતપણું " એવા બે દોષો–પુરુષને લાગે છે. આવી શંકાઓના સમાધાનમાં કહ્યું છે કે " કર્તૃત્વ અને ભોકતૃત્વપણું " પ્રકૃતિ અને પુરુષના અંશોના જ ગુણો છે. પરંતુ મૂલ પ્રકૃતિના અને પુરુષના નથી, તે બન્ને તો ભગવદ્રૂપ છે એટલે બન્નેના સંબંધનો વિચાર પણ નથી કરવાનો. માત્ર પ્રકૃતિ અને પુરુષનું લક્ષણ જાણવાનું છે તે વિષયમાં પ્રશ્ન કર્યો છે કે प्रकृतेः पुरुषस्यापि—

पुरुषोत्तम—ભગવાનનું સર્વજ્ઞ અને શ્રેષ્ઠપણું દર્શાવવા આ સંબોધન છે.

पुरुषस्य—સાંખ્યમાં બે મત છે. એક " અનેક પુરુષો " છે એમ માને છે. બીજામાં " ઈશ્વર પુરુષોથી ભિન્ન છે. કારણ કે પુરુષોને જ્ઞાન સ્વયં થવાનું સંભવતું નથી તેમને જ્ઞાન આપનાર ઈશ્વરની આવશ્યકતા છે, આવા બન્ને મતો શ્રી કપિલ ભગવાનસંમત સાંખ્યશાસ્ત્રમાં નથી તેથી પુરુષનું અને પ્રકૃતિનું લક્ષણ આપ સમજાવો. ૯

આ શ્લોકમાં મૂલ પ્રકૃતિનું લક્ષણ જણાવે છે—

श्रीभगवानुवाच—यत् तत् त्रिगुणमव्यक्तं नित्यं सदसदात्मकम् ॥
प्रधानं प्रकृतिं प्राहुरविशेषं विशेषवत् ॥१०॥

અન્વયાર્થ—**त्रिगुणम्**–ત્રણ ગુણોવાળું, '**अव्यक्तम्**–અસ્પષ્ટ, **नित्यम्**–સદા એક સ્વરૂપ, **सत् असद्-आत्मकम्**–કાર્ય અને કારણસ્વરૂપ, **अविशेषम्**-વિશેષ રહિત અને **विशेषवत्**–વિશેષવાળું, **यत्**–જે, **प्रधानम्**–પ્રધાન છે, **तत्**–તેને જ, **प्रकृतिम्**–પ્રકૃતિ **प्राहुः**–કહે છે. ૧૦

અનુવાદ—ત્રણે ગુણવાળું, અસ્પષ્ટ, સદા એક સ્વરૂપ, કાર્ય અને કારણસ્વરૂપ, વિશેષરહિત અને વિશેષવાળું, જે પ્રધાનના નામથી વ્યવહાર પામે છે તેને જ પ્રકૃતિ તરીકે કહેલ છે. ૧૦

તત્ત્વસુધા—यत् तत् त्रिगुणम्–આ શ્લોકથી પ્રકૃતિના છ ગુણોનું નિરૂપણ અથવા લક્ષણ બતાવે છે. બ્રહ્મના ત્રણ વિશેષણ જેમ વર્ણવ્યાં છે તેમ જ ભગવાનનાં છ ઐશ્વર્ય વર્ણવ્યાં છે તેમજ આ શ્લોકમાં પ્રકૃતિના લક્ષણ કરતાં " છ વિશેષણ " આપ્યાં છે.

त्रिगुणम्—મૂલ પ્રકૃતિ જે છે તેનું લક્ષણ આ શ્લોકમાં " પ્રધાન " એ શબ્દથી પ્રકૃતિનો જ નિર્દેશ છે. બ્રહ્મ જેમ સાચ્ચિદાનન્દ રૂપ છે તેમ પ્રધાન પણ સચ્ચિદાનંદ રૂપ છે પરંતુ તેમાંથી ગુણો પણ અંશથી નીકળેલા છે.

अव्यक्तम्—આ પ્રકૃતિ તત્ત્વ " અવ્યકત " છે. અવ્યકત એટલે સ્પષ્ટ ન દેખાય તેવું તે તત્ત્વ છે પરંતુ પ્રધાન તત્ત્વનું કાર્ય સ્પષ્ટ થયેલ હોય છે.

नित्यम्—કોઈપણ કાલમાં તે એકસ્વરૂપ છે. " સદા એકરૂપ " એટલે નિત્ય.

सदसदात्मकम्—એટલે કાર્ય અને કરાણ રૂપ.

अविशेषम्—બ્રહ્મની માફક તે વિશેષ રહિત છે, તેમજ विशेषवत्–બધા ગુણોથી થતા વિશેષો એટલે

ભેદોવાળું છે. આ રીતે ૭ વિશેષણવાળું એટલે "ત્રિગુણ, અવ્યક્ત, નિત્ય, સદસદાત્મક, અવિશેષ, અને વિશેષવત્" એવા ૭ ગુણવાળું જેને "પ્રધાન" તત્ત્વ તરીકે ઓળખવામાં આવે છે તે પ્રકૃતિ છે. ૧૦

આ શ્લોકથી ચોવીસ તત્ત્વોનો ઉલ્લેખ કરે છે—

पञ्चभिः पञ्चभिर्ब्रह्म चतुर्भिर्दशभिस्तथा ॥
एतच्चतुर्विशतिकं गणं प्राधानिकं विदुः ॥११॥

અન્વયાર્થ—पञ्चभिः-પાંચથી, पञ्चभिः-પાંચથી, चतुर्भिः-ચારથી, तथा-તેમજ, दशभिः-દશથી, प्राधानिकम्-પ્રધાનના સંબંધવાળા, एतत्-આ चतुर्विंशतिकम् गणं-ચોવીસના સમૂહને, ब्रह्म विदुः-બ્રહ્મ જાણે છે. ૧૧

અનુવાદ—પાંચથી, પાંચથી, ચારથી અને દશથી પ્રધાનના સંબંધવાળા આ ચોવીસના સમૂહને બ્રહ્મ જાણે છે. ૧૧

તત્ત્વસુધા—પંચતન્માત્ર, પંચમહાભૂત, ચાર અન્તઃકરણ, અને દશ ઇન્દ્રિયોના સમૂહ ચોવીસ પ્રકારના વિભાગવાળું જગત બ્રહ્મ જ છે. ૧૧

આ શ્લોકથી મહાભૂતો અને તન્માત્રાઓ ગણાવે છે—

महाभूतानि पञ्चैव भूमिरापोऽग्निर्मरुन्नभः ॥
तन्मात्राणि च तावन्ति गन्धादीनि मतानि मे ॥१२॥

અન્વયાર્થ—भूमिः-ભૂમિ, आपः-જલ, अग्निः-અગ્નિ, मरुत्-વાયુ, नभः-આકાશ, એ महाभूतानि-મહાભૂતો, पञ्च एव-પાંચ જ છે. च-અને, तन्मात्राणि-તન્માત્રાઓ, गन्धादीनि-ગંધ-રસ-રૂપ-સ્પર્શ-શબ્દ નામની, तावन्ति-તેટલી જ, मे-મે मतानि-માનેલી છે. ૧૨

અનુવાદ—ભૂમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ, એ મહાભૂતો પાંચ જ છે. તેમજ ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ નામની તન્માત્રાઓ પણ પાંચ જ મેં માનેલી છે ૧૨

તત્ત્વસુધા—महाभूतानि-પાંચ જ મહાભૂત છે અધિક નથી એવું નિશ્ચિત સમજાવવા માટે एव અવ્યયનો ઉલ્લેખ કર્યો છે. સાંખ્ય દિશાઓ વગેરેનો આકાશમાં સમાવેશ સ્વીકારે છે.

अग्निः-સાંખ્ય શાસ્ત્રે ગ્રહણ કરેલા અગ્નિ શબ્દથી "અગ્નિ" જ સમજવા એવો એક મત છે. કેટલાક સાંખ્યમતાનુયાયી अग्नि શબ્દથી "તેજ" સમજવું અને સમસ્ત તેજોનો અગ્નિમાં સમાવેશ કરવો તેમજ સૂર્ય વગેરે તેજોનો અગ્નિમાં સમાવેશ માનવો એમ માને છે. જ્યારે કેટલાક સૂર્યને ભગવાનનું તેજ માને છે. ઉદાત્તાદિ અને નિષાદાદિ સ્વરો શબ્દમાં સમાવેશ પામે છે. ૧૨

આ શ્લોકમાં દશ ઇન્દ્રિયોની સંખ્યા દર્શાવી છે—

इन्द्रियाणि दश श्रोत्रं त्वग्दृग्रसननासिकाः ॥
वाक् करौ चरणौ मेढ्रं पायुर्दशम उच्यते ॥१३॥

અન્વયાર્થ—इन्द्रियाणि-ઇન્દ્રિયો, दश-દશ છે, श्रोत्रम्-શ્રોત્ર, त्वग्-दृग्-रसन-नासिकाः-ત્વગ્, દૃગ્, રસના, નાસિકા, वाक्-વાણી, करौ-બે હાથ, चरणौ-બે ચરણ, मेढ्रम्-લિંગ, दशम-અને દશમી, पायुः-ગુદાને, उच्यते-કહેલી છે. ૧૩

અનુવાદ—ઇન્દ્રિયો દશ છે. (એની સંજ્ઞાપૂર્વક સંખ્યા બતાવે છે કે) ત્વગ્-દૃષ્ટિ-રસના નાસિકા, વાણી, બે હાથ, બે ચરણ, લિંગ અને દશમી ગુદા કહેલી છે. ૧૩

તત્ત્વસુધા—इन्द्रियाणि—એક સાથે દશ ઇન્દ્રિયોનો ઉલ્લેખ આ શ્લોકથી કરેલ છે. "श्रोत्रम्" त्वक् આ બધા ઇન્દ્રિયવાચક શબ્દો છે. ઇન્દ્રિય અને ઇન્દ્રિયના ગોલક એવો વિવેક ખ્યાલમાં રાખવો. श्रोत्रम् એટલે સાંભળવાનું કાર્ય કરનારી ઇન્દ્રિય અને તે ઇન્દ્રિયનું રહેઠાણ તે કાન છે. કાન બધિરને પણ હોય છે પરંતુ તે કાન નામના ગોલકમાં તેની કર્ણેન્દ્રિય જાગૃત નથી અથવા ક્ષીણ થઈ છે. એટલે તે સાંભળે નહીં. એવી રીતે પ્રત્યેક ઇન્દ્રિય અને તેના ગોલક એટલે રહેઠાણો ભિન્ન છે એવો વિવેક સમજાવ્યો. ૧૩

આ શ્લોકમાં અન્તઃકરણનો ઉલ્લેખ છે—

मनो बुद्धिरहंकारश्चित्तमित्यन्तरात्मकम् ॥
चतुर्धा लक्ष्यते भेदो वृत्या लक्षणरूपया ॥१४॥

અન્વયાર્થ—**मनः**-મન, **बुद्धिः**-બુદ્ધિ, **अहंकारः**-અહંકાર, **चित्तम्**-ચિત્ત, **इति** એવું, **चतुर्धा**-ચાર પ્રકારનું, **अन्तर् आत्मकम्**-અન્તઃકરણ માનેલ છે તેમનો, **भेदः**-ભેદ, **लक्षण-रूपया**-લક્ષણરૂપ, **वृत्या**-ક્રિયાથી **लक्ष्यते**-સમજાય છે. ૧૪

અનુવાદ—મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, આ ચાર પ્રકારનું અન્તઃકરણ માનેલ છે. તેમનો ભેદ લક્ષણરૂપ ક્રિયાથી સમજાય છે. ૧૪

તત્ત્વસુધા—મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એક સરખાં જ લાગે છે. આ ચારને અન્તઃકરણ કહેવામાં આવે છે. પરંતુ ચારની ક્રિયાઓ ભિન્ન ભિન્ન છે તે ઉપરથી એમનાં લક્ષણો નક્કી થાય છે, જે લક્ષણો ચારને ભિન્ન ભિન્ન સમજાવે છે. ૧૪

આ શ્લોકથી સંખ્યાનો નિર્ણય કરી લે છે—

एतावानेव संख्यातो ब्रह्मणः सगुणस्य च ॥
सन्निवेशो मया प्रोक्तो यः कालः पञ्चविंशकः ॥१५॥

અન્વયાર્થ—**सगुणस्य-ब्रह्मणः**-સગુણ બ્રહ્મનો, **सन्निवेशः**-સમૂહ, **एतावान् एव**-આટલી જ, **संख्यातः**-સંખ્યાનો, **मया**-મેં, **प्रोक्तः**-કહેલ છે, **यः**-એ કાલ છે, તે **पञ्चविंशकः**-પચીસમો છે. ૧૫

અનુવાદ—સગુણ બ્રહ્મનો સન્નિવેશ-સમૂહ આટલી જ સંખ્યાનો મેં કહેલો છે. જે કાલ કહેલ છે તે પચ્ચીસમો છે. ૧૫

તત્ત્વસુધા—સગુણ બ્રહ્મના સમૂહની સંખ્યાનો નિર્દેશ કરતાં કહ્યું કે एतावान् આટલો જ સંખ્યાનો સમૂહ આમાં વર્ણવ્યો છે. આથી વધુનો સમાવેશ થતો નથી. કાલનો જે ઉલ્લેખ છે તે પચીસમો સમજવો. કાલ પણ પ્રાકૃત એટલે પ્રકૃતિમાંથી થયેલ છે. सन्निवेश શબ્દનો અર્થ સમૂહ થાય છે. ૧૫

સાંખ્યના એકદેશીમતમાં, કાલને પુરુષના એક સામર્થ્ય તરીકે ગણાવે છે તેનું વર્ણન કરે છે—

प्रभावं[1] पौरुषं प्राहुः कालमेके यतो भयम् ॥
अहङ्कारविमूढस्य कर्तुः प्रकृतिमीयुषः ॥१६॥

---

[1] प्रधानं पुरुषं प्रा. पा.

અન્વયાર્થ—**प्रकृतिम्**-પ્રકૃતિનો. **ईयुषः**-સમાઈ જનાર, **अहङ्कार-विमूढस्य**-અહંકારથી ઘણા મૂઢ બનેલ, **कर्तुः**-કર્તાને, **यतः**-જેનાથી, **भयम्**-ભય થાય છે, **ते पौरुषम्**-તે પુરુષના, **प्रभावम्**-પ્રભાવને, **एके** કેટલાક કાલ કહે છે. ૧૬

અનુવાદ—પ્રકુતિમાં સમાઈ જનાર અહંકારથી મૂઢ બનેલ કર્તાને જેનાથી ભય થાય છે તે પુરુષના પ્રભાવને કેટલાક કાલ કહે છે. ૧૬

તત્ત્વસુધા—अहङ्कारविमूढस्य-અહંકારથી અતિશય મૂઢ બનેલ જે હોય અથવા પોતાને જ અહંકાર માને છે. અને અહંકારને પરિણામે જ જે કર્મવગેરેનો કર્તા છે તેને કાલનો ભય થાય છે. આ કાલ કેટલાક પુરુષનો પ્રભાવ છે એમ કહે છે. પ્રભાવ એટલે પુરુષનો કોઈ એક ગુણ અથવા પુરુષનું સામર્થ્ય એવો અર્થ થાય છે.

સ્વસિદ્ધાન્ત પ્રમાણે કાલનું સ્વરૂપ આ શ્લોકમાં વર્ણવ્યું છે—

प्रकृतेर्गुणसाम्यस्य निर्विशेषस्य मानवि ॥
चेष्टा यतः स भगवान् काल इत्युपलक्षितः ॥१७॥

અન્વયાર્થ—**मानवि**-હે મનુરાજકુમારી, **निर्विशेषस्य**-ભેદ વિનાના, **प्रकृतेः**-પ્રકૃતિના, **गुण-साम्यस्य**-ગુણોના સમાનની, **यतः**-જેનાથી, **चेष्टा**-ક્રિયા થાય છે, **सः**-તે, **भगवान्-कालः**-ભગવાન, " કાલ " છે, **इति उपलक्षितः**-એ પ્રમાણે ઓળખાય છે. ૧૭

અનુવાદ—હે મનુરાજાની પુત્રી માતા દેવહૂતિજી ! ભેદરહિત જે પ્રકૃતિના ત્રણ ગુણોની સમાનપણાની જેનાથી ક્રિયા થાય છે તે ભગવાન કાલ છે એમ ઓળખાય છે. ૧૭

તત્ત્વસુધા—" प्रकृतेर्गुणसाम्यस्य निर्विशेषस्य "—આ શ્લોકથી કાલના સ્વરૂપનો નિર્ણય કર્યો છે. સત્વ, રજ, તમ એવા પ્રકૃતિના સંબંધવાળા ત્રણ ગુણો છે. તે ત્રણ જ્યાં સુધી ક્રિયાશીલ ન બન્યા હોય અને સર્વથા શાંત સ્થિતિમાં રહેલ તે સ્થિતિને " પ્રકૃતિની સામ્યાવસ્થા " કહી છે. આવી ત્રણ ગુણોની સામ્ય સ્થિતિમાં જે " ક્ષોભ " ઉત્પન્ન કરે અને સત્વાદિ ગુણોને " ક્રિયાવાળા " બનાવે છે તે " કાલ " છે. તેને ભગવાનના નામથી સનાતન કાલથી ઓળખાય છે. આ કાલનું कलयतीति कालः—જે દરેક પ્રાણી માત્રની—સર્વની જે ગણત્રી કરે છે તે કાલ છે. આ રીતે " કાલ " કોઈ ભગવાનનું સાક્ષાત્ નામ નથી પરંતુ જે ભગવાનનું જ્ઞાન કરાવનાર છે અને ભગવાનના નામથી તેની ઓળખાણ ચાલતી આવી છે તે કાલ છે. ૧૭

अन्तःपुरुषरूपेण कालरूपेण यो वहिः ॥
समन्वेत्येष सत्त्वानां भगवानात्ममायया ॥१८॥

અન્વયાર્થ—**यः**-જે, ભગવાન, **आत्म-मायया**-પોતાની માયાથી, **अन्तः**-અંદર, **पुरुष-रूपेण**-પુરુષરૂપથી, **वहिः**-બહાર, **काल-रूपेण**-કાલરૂપે, **सत्वानाम्**-પ્રાણીઓની સાથે, **सम्-अन्वेति**-સારી રીતે સંબંધમાં આવે છે, **एषः**-તે આ કાલ છે. ૧૮

અનુવાદ—જે ભગવાન પોતાની માયાથી અંદર પુરુષરૂપે અને બહાર કાલરૂપે પ્રાણીઓની સાથે સારી રીતે સંબંધમાં આવે છે તે આ કાલ છે. ૧૮

તત્ત્વસુધા—अन्तः पुरुषरूपेण—આ શ્લોક, ભગવાનના સ્વરૂપ તરીકે કાલને કેવી રીતે કહેવામાં આવે છે તેથી સ્પષ્ટ રૂપરેખા આપે છે. એક જ ભગવાન બે કામ કરે છે. " अन्तः " પ્રાણીઓની અંદર વસી પુરુષરૂપે કામ કરે છે અને બહાર કાલરૂપે કામ કરે છે. તાત્પર્ય કે જે બહિર્મુખ છે, તેમનું કાલરૂપે ભક્ષણ કરે છે.

બહિર્મુખનું આયુષ્ય નેત્રનિમેષવત્ નષ્ટ થાય છે તે ભગવાનનું કાલનું બહિઃ સ્વરૂપ છે અને જે અન્તર્મુખ હોય છે તેમને પુરુષ રૂપે પ્રફુલ્લ કરે છે તે ભગવાનનું અન્તઃ સ્વરૂપ છે. आत्ममायया-ભગવાનની સર્વ જીવન-સર્વ સ્વરૂપે થઈ શકવાથી માયા નામની શક્તિ છે તે શક્તિ દ્વારા ભગવાન આ બન્ને કાર્ય કરે છે. ૧૮

दैवात् क्षुभितधर्मिण्यां स्वस्यां योनौ परः पुमान् ॥ [illegible]
आधत्त वीर्यं साऽसूत महत्तत्त्वं हिरण्मयम् ॥ १९ ॥

અન્વયાર્થઃ—**दैवात्** = દૈવને લીધે, **क्षुभित-धर्मिण्याम्** = ગુણોમાં ખળભળાટ પામેલ એવી, **स्वस्याम्**= પોતાની, **योनौ** = યોનિમાં-પોતાના ક્ષેત્રમાં, **परः-पुमान्** = પ્રથમ પુરુષે, **वीर्यम्** = વીર્યનું, **आधत्त** = આધાન કર્યું, **सा** = તે પ્રકૃતિએ, **हिरण्मयम्** = સુવર્ણમય, **महत्तत्त्वम्** = મહત્તત્ત્વને, **असूत** = જન્મ આપ્યો. ૧૯

અનુવાદ—દૈવને લીધે ગુણોમાં ક્ષોભ પામેલ પોતાની યોનિમાં-પોતાના ક્ષેત્રમાં પ્રથમ પુરુષે વીર્યનું સાધન કર્યું. તે પ્રકૃતિએ સુવર્ણમય મહતત્ત્વને જન્મ આપ્યો. ૧૯

તત્ત્વસુધા—दैवात्-આ સ્થાને દૈવ શબ્દ કાલ અર્થમાં વાપર્યો છે. કાલથી ક્ષોભ પામેલી પુરુષે વીર્યાધાન કર્યું. આ વીર્યાધાન કરનાર परः पुमान् એટલે પુરુષ હતો. પુરુષનું વીર્ય 'સત્ અને ચિત્' અંશોવાળું હતું. ભગવાનની માફક પુરુષની ઇન્દ્રિયો આનંદમય હતી. પુરુષનું શરીર સૂર્યની અંદર રહેલા નારાયણના સ્વરૂપ જેવું સુવર્ણમય હતું. પુરુષનું પ્રકૃતિમાં વીર્યાધાન થતાં "મહત્તત્ત્વ"ની ઉત્પત્તિ થઈ. ૧૯

હવે આ શ્લોકમાં મહતત્ત્વનું કાર્ય દર્શાવી લક્ષણ બતાવે છે—

विश्वमात्मगतं व्यञ्जन् कूटस्थो जगदङ्कुरः ॥
स्वतेजसाऽपिबत् तीव्रमात्मप्रस्वापनं तमः ॥ २० ॥

અન્વયાર્થઃ—**आत्म-गतम्** = પોતામાં રહેલા, **विश्वम्** = વિશ્વને, **व्यञ्जन्** = પ્રકટ કરતાં, **कूटस्थः**= નિર્વિકાર, **जगद्-अंकुरः** = જગના" અંકુરે, **आत्म-प्रस्वापनम्** = પોતાનો લય કરાવનાર, **तीव्रं-तमः** = તીવ્ર અંધકારનું, **स्व-तेजसा** = પોતાના તેજથી, **अपिबत्** = પાન કર્યું. ૨૦

અનુવાદ—પોતાનામાં રહેલા વિશ્વને પ્રકટ કરવા નિર્વિકાર એ જગતના અંકુરે પોતાનો લય કરાવનાર તીવ્ર અંધકારનું પોતાના તેજથી પાન કર્યું. ૨૦

તત્ત્વસુધા—कूटस्थो जगदङ्कुरः-મહત્તત્ત્વ સર્વ જગતની ઉત્પત્તિ કરે છે. મહત્તત્ત્વ બ્રહ્માંડનો પણ આધાર છે તેથી તેને કૂટસ્થ એટલે "નિર્વિકાર" કહેલ છે.

विश्वमात्मगतं व्यञ्जन्-"મહત્તત્ત્વ વિશ્વનો આધાર છે" એ એનું લક્ષણ છે. મહત્તત્ત્વ પ્રકૃતિથી ભિન્ન તત્ત્વ છે. એક વૃક્ષની અંકુર અને વૃક્ષ એવી બે અવસ્થાઓ છે તેવી જ રીતે જગતની મહત્તત્ત્વ અને જગત એવી બે અવસ્થાઓ છે. આ મહત્તત્ત્વ પોતામાં રહેલા જગતને તીવ્ર અંધકારનું પાન કરી પ્રકટ કરે છે એ એનું સામર્થ્ય છે. ૨૦

ચિત્તને વાસુદેવ શા માટે કહે છે તેનો ખુલાસો આ શ્લોકથી કરે છે—

यत् तत् सत्वगुणं स्वच्छं शान्तं भगवतः पदम् ॥
यदाहुर्वासुदेवाख्यं चित्तं तन्महदात्मकम् ॥ २१ ॥

અન્વયાર્થ—**तत्** = તે, **यत्** = જે, **सत्वगुणम्** = સત્વગુણવાળું, **स्वच्छम्** = સ્વચ્છ અને, **शान्तम्** = શાન્ત, **भगवतः-पदम्** = ભગવાનનું સ્થાન છે જેને, **वासुदेव-आख्यम्** = વાસુદેવના નામે, **आहुः** = કહે છે, **तत्** = તે, **महद्-आत्मकम्** = મહત્તત્ત્વરૂપ, **चित्तम्** = ચિત્ત છે. ૨૧

અનુવાદ—તે જે સત્વગુણવાળું સ્વચ્છ અને શાંત ભગવાનનું સ્થાન છે જેને "વાસુદેવ"ના નામથી ઓળખે છે તે મહતત્ત્વ ચિત્ત છે. ૨૧

તત્ત્વસુધા—'यत् तत् सत्वगुणम्"–મહતત્ત્વનાં ત્રણ સ્વરૂપો છે. આધિભૌતિક સંજ્ઞા "महान्" આધ્યાત્મિક चित्तम् ચિત્ત, અને આધિદૈવિક વાસુદેવ એવી ત્રણ સંજ્ઞા છે. ચિત્ત જ્યારે તદ્દન "સાત્વિક સ્વચ્છ-શાંત-અને ભગવાનનું પ્રાદુર્ભાવ સ્થાન" બને છે ત્યારે તો "વાસુદેવ" જ બને છે. "સ્વચ્છ" થવાથી તે "નિર્મલ" બનશે તેથી તે "સદ્રૂપ" છે. શાંત ગુણને લીધે તે ચિદ્રૂપ છે અને भगवत्पद હોવાથી તે આનંદરૂપ છે. આવી સ્થિતિના ચિત્તને વાસુદેવ કહેવામાં આવે છે. ૨૧

હવે ચિત્તનું નિર્દોષ લક્ષણ આ શ્લોકથી સમજાવે છે—

स्वच्छत्वमविकारित्वं शान्तत्वमिति चेतसः ॥
वृत्तिभिर्लक्षणं प्रोक्तं यथाऽपां प्रकृतिः परा ॥ २२ ॥

અન્વયાર્થ—**स्वच्छत्वम्** = સ્વચ્છતા, **यथा** = જેમ, **अपां-परा-प्रकृतिः** = જલનો ઉત્તમ સ્વભાવ છે, તેમજ **स्वच्छत्वम्** = સ્વચ્છતા, **अविकारित्वम्** = અવિકારિત્વ અને **शान्तत्वम्** = શાંતપણું એવું, **चेतसः** = ચિત્તનું, **लक्षणम्** = લક્ષણ, **वृत्तिभिः** = વૃત્તિઓથી, **प्रोक्तम्** = કહેલ છે. ૨૨

અનુવાદ—"સ્વચ્છતા" જેમ જલનો ઉત્તમ સ્વભાવ છે તેમજ સ્વચ્છતા, અધિકારપણું, અને શાંતપણું એવું ચિત્તનું લક્ષણ વૃત્તિઓથી કહેલ છે. ૨૨

તત્ત્વસુધા—वृत्तिभिर्लक्षणं प्रोक्तम्–વૃત્તિ એટલે ચિત્તની સ્થિતિ ઉપરથી ચિત્તનું લક્ષણ નક્કી કર્યું છે. ચિત્તની ત્રણ સ્થિતિઓ છે : સ્વચ્છત્વ શબ્દથી "નિર્મલતા" દર્શાવી. નિર્મલતા ચિત્તમાં હોય છે તેથી જ ભગવાનના બિમ્બનું ગ્રહણ કરી શકે છે. બુદ્ધિ જ્ઞાનરૂપ છે તો પણ તે વિષયાકાર એટલે ઘટ, પટ વગેરે આકારવાળી બને છે તેથી તે બુદ્ધિમાં નિર્મલતા નથી તેથી ચિત્ત બુદ્ધિથી ભિન્ન છે એમ નક્કી થયું. ચિત્ત તો વિષયરહિત આત્માના જ્ઞાનસ્વરૂપ છે તેથી તે નિર્મલ રહી શકે છે.

अविकारित्वम्–ચિત્ત સર્વ વિકારોથી રહિત છે, તેથી તે મનથી પણ ભિન્ન છે. લયવિક્ષેપ અને વિકારપણું મનમાં હોય છે જ્યારે ચિત્તમાં નથી.

शान्तत्वम्–ચિત્તમાં શાંતપણું છે તેથી તે રાગાદિ દોષોથી પર છે. તેમજ અહંકારથી પણ ભિન્ન છે. કદાચ સાત્વિક અહંકારમાં શાંતપણું હશે તો પણ ચિત્તમાં જે શાંતપણું છે તે તેનાથી "પર શાંત"પણું છે. કોઈ કહે છે કે બુદ્ધિ વગેરેથી જ્યારે વિષયનું ગ્રહણ થાય છે ત્યારે ચિત્ત પણ મલિન બને છે અને તે ચિત્ત સંયમ કરવા પ્રયત્ન કરવો તો પડે છે તો પછી નિર્મલપણું કેવી રીતે ? એવી શંકા ન કરવી. કારણ "જલ" જેમ સ્વયં સ્વચ્છ છે તેમાં ફીણ આવે ત્યારે અસ્વચ્છ લાગે તે જ પ્રકારે ચિત્ત સ્વયં નિર્મલ જ છે એથી લક્ષણ બરાબર છે. ૨૨

આ શ્લોકમાં ત્રણ પ્રકારના અહંકારની ઉત્પત્તિનું વર્ણન છે—

महत्तत्वाद् विकुर्वाणाद् भगवद्वीर्यसंभवात् ॥
क्रियाशक्तिरहंकारस्त्रिविधः समपद्यत ॥ २३ ॥

અન્વયાર્થ—**भगवद्-वीर्य-सैभवात्** = ભગવાનના વીર્યની સ્થિતિવાળા, **विकुर्वाणात्** = કાર્ય કરવા તત્પર થતા, **महत्तत्त्वात्** = મહત્ તત્ત્વમાંથી, **त्रिविधः** = ત્રણ પ્રકારનો,, **क्रियाशाक्तः** = ક્રિયાશક્તિવાળો, **अहंकार** = અહંકાર, **समपद्यत** = ઉત્પન્ન થયો. ૨૩

અનુવાદ—ભગવાનના વીર્યની સ્થિતિવાળા અને કાર્ય કરવાની તત્પરતાવાળા મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો ક્રિયાશક્તિવાળો અહંકાર ઉત્પન્ન થયો. ૨૩

તત્ત્વસુધા—"विकुर्वाणात्-महत्तत्त्वात्" અહંકાર મહત્તત્ત્વમાંથી ઉત્પન્ન થયો છે. પરંતુ મહત્તત્ત્વમાંથી ભગવાનનું વીર્ય રહેલું હતું તેથી જ મહત્તત્ત્વ અહંકારને ઉત્પન્ન કરી શકે છે. મહત્તત્ત્વને કાર્ય કરવાની જ્યારે ઇચ્છા થાય છે ત્યારે અહંકાર ઉત્પન્ન થાય છે. છતાં પણ ભગવાનની શક્તિ વિનાનું મહત્તત્ત્વ કાંઈ પણ કરી શકે નહીં. આ અહંકાર ત્રણ પ્રકારનો છે.

બૌદ્ધોનું માનવું છે કે વિનાશ નામના "અભાવ"માંથી સર્વ ઉત્પન્ન થાય છે. ભગવાનના સામર્થ્યની કે શક્તિની ઉપસ્થિતિની જરૂર નથી. પરંતુ તે બરાબર નથી. "પ્રધ્વંસાભાવ" તો દરેકમાં સહેલાઈથી રહેલો છે. એમના મત પ્રમાણે તો અભાવમાંથી સર્વ ઉત્પન્ન થાય પાણીમાંથી પણ ઘી "વૈનાશિકો"ના મત પ્રમાણે થવું જોઈએ. પરંતુ ઘી તો દૂધમાંથી જ થાય છે. આ ન્યાયમાં ભગવાનની શક્તિનું અસ્તિત્વ જ કારણ માન્યું છે. ૨૩

ત્રણ પ્રકારના અહંકારની ઉત્પત્તિનો ઉલ્લેખ આ શ્લોકમાં કર્યો છે—

वैकारिकस्तैजसश्च तामसश्च यतो भवः ॥
मनसश्चेन्द्रियाणां च भूतानां महतामपि ॥ २४ ॥

અન્વયાર્થ:—**वैकारिकः** = વૈકારિક એટલે સાત્ત્વિક, **तैजसः** = તૈજસ, **च** = અને, **तामसः** = તામસ એવા ત્રણ પ્રકારનો અહંકાર થયો, **यतः** = જે અહંકારમાંથી, **मनस** = મનની, **इन्द्रियाणाम्** = ઇન્દ્રિયોનો, **भूतानाम्** = પંચ ભૂતોનો, **च महताम्** = અને તન્માત્રાઓનો, **अपि** = પણ, **भवः** = ઉત્પત્તિ થઈ. ૨૪

અનુવાદ—વૈકારિક, તૈજસ અને તામસ એવા ત્રણ પ્રકારનો અહંકાર થયો, અને એ અહંકારમાંથી મનની ઇન્દ્રિયોની, પંચમહાભૂતોની અને તન્માત્રાઓની પણ ઉત્પત્તિ થઈ. ૨૪

તત્ત્વસુધા—वैकारिक-શબ્દનો અર્થ સાત્ત્વિક અહંકાર થાય છે. 'तैजस' શબ્દનો અર્થ થાય છે રાજસ અહંકાર. અને તામસ અહંકાર.. આ ત્રણ પ્રકારના અહંકારમાં યથાક્રમ મન, ઇન્દ્રિયો અને મહાભૂતોની ઉત્પત્તિ થઈ છે. ૨૪

सहस्रशिरसं साक्षाद्यमनन्तं प्रचक्षते[1] ॥
सङ्कर्षणाख्यं पुरुषं भूतेन्द्रियमनोमयम् ॥ २५ ॥

અન્વયાર્થ:—**यं-सहस्र-शिरसम्** = જે સહસ્ર મસ્તકવાળા, **भूत-इन्द्रिय-मनोमयम्** = મહાભૂત, ઇન્દ્રિયો અને મનથી પરિપૂર્ણ, **अनन्तम्** = અનંતને, **सङ्कर्षणआख्यम्** = સંકર્ષણ નામના, **पुरुषम्** = પુરુષ તરીકે, **प्रचक्षते** = કહેવામાં આવે છે. ૨૫

અનુવાદ—જે સહસ્ર મસ્તકવાળા મહાભૂત, ઇન્દ્રિયો અને મનથી ભરપૂર અનંતને સંકર્ષણ નામના પુરુષ તરીકે કહેવામાં આવે છે તે અહંકારના દેવ છે. ૨૫

---

[1] प्रवर्तंते प्रा. प.

તત્ત્વસુધા— " संकर्षणाख्यं पुरुषम् " ચિત્તના ઉપાસ્યદેવ વાસુદેવ છે એવું ૨૧મા શ્લોકમાં વર્ણવ્યું તે પ્રકારે અહંકારના ઉપાસ્ય દેવ " સંકર્ષણ " છે એ વસ્તુનું સૂચન કરે છે. આ આધિદૈવિક અહંકાર છે. આ અહંકાર સ્વભાવથી તામસ અને પ્રલય કરનાર છે. અહંકારે ઉત્પન્ન કરેલા કાલ, અગ્નિ અને રુદ્ર નાશ કરનાર જ હોય છે. આ અહંકારની ઉત્પત્તિ અનેક પ્રકારે થાય છે એમ સમજાવવા " સહસ્રશિરસં " સહસ્ર મસ્તકવાળા એવા વિશેષણથી દેવતાને અનંત શિરવાળા હોવાનું કહેલું છે.

એક એવો પણ અર્થ છે સ્વર્ગો પણ સહસ્ર જેટલાં છે એવું શ્રુતિમાં વર્ણવ્યું છે. ' સ્વર્ગ ' સુખરૂપ હોય છે. સુખ પુણ્ય કર્મથી થાય છે. પુણ્યાદિ કર્મ સાત્વિક અહંકારથી થાય છે. એ દૃષ્ટિએ સહસ્રશિરનો અર્થ ' અનંત સુખના પ્રકારો ' એવો પણ થાય છે. વૈષ્ણવો એ અનંતને સંકર્ષણ નામનો દેવતા કહે છે અને તે પુરુષ જ છે. આ સ્થાને જગતનું કારણ બનેલ કોણ સંકર્ષણ નથી ! આ સંકર્ષણ ત્રણ પ્રકારના અહંકારના અધિષ્ઠાતા છે. એવું સ્પષ્ટ કરવા મહાભૂત–ઇન્દ્રિયો–મનોમય વિશેષણથી ત્રણ સ્વરૂપો કહેલાં છે. મયટ્ પ્રત્યય, ત્રણે સાથે આવે છે. તેમજ મયટ્ પ્રત્યય પૂરણાર્થ છે, વિકારાર્થ નથી. ૨૫

આ શ્લોકમાં આધિભૌતિક અહંકારનું લક્ષણ વર્ણવ્યું છે—

कर्तृत्वं कारणत्वं च कार्यत्वं चेति लक्षणम् ॥
शान्त-[1]घोर-विमूढत्वमिति वा स्यादहङ्कृतेः ॥ २६ ॥

અન્વયાર્થ:—**कर्तृत्वम् च** = કર્તાપણું, **कारणत्वम्** = કારણપણું, **च कार्यत्वम्** = અને કાર્યપણું, **इति** = એ પ્રમાણે, **लक्षणम्** = અહંકારનું લક્ષણ છે. **वा** = અથવા, **शान्त–घोर–विमूढत्वम्** = શાન્તપણું, ઘોરપણું અને વિમૂઢપણું એવું **अहङ्कृतेः** = અહંકૃતિનું, **स्यात्** = લક્ષણ છે. ૨૬

અનુવાદ--કર્તાપણું, કારણપણું અને કાર્યપણું એ પ્રમાણે અહંકારનું લક્ષણ છે. અથવા શાન્તપણું, ઘોરપણું, વિમૂઢપણું એવું અહંકૃતિનું લક્ષણ છે. ૨૬

તત્ત્વસુધા—कर्तृत्वं–कारणत्वं कार्यत्वं—આ શ્લોકથી અહંકારના ગુણ અને સ્વરૂપ ઉભયનું લક્ષણ વર્ણવ્યું છે. આધિભૌતિક અહંકાર પણ ત્રણ પ્રકારનો છે. સાત્વિક અહંકારનું સ્વરૂપલક્ષણ શાંતપણું, રાજસનું ઘોરપણું અને તામસનું વિમૂઢપણું છે. આધિભૌતિક અહંકાર સર્વથા દુર્બલ છે માટે એને સ્ત્રીલિંગે " અહંકૃતિ " શબ્દથી કહ્યો છે. ૨૬

આ બે શ્લોકોમાં મનની ઉત્પત્તિ, મનનું આધ્યાત્મિક લક્ષણ, આધિદૈવિક લક્ષણ વગેરે તત્ત્વનું વર્ણન થાય છે—

वैकारिकाद् विकुर्वाणान्मनस्तत्त्वमजायत
यत्संकल्पविकल्पाभ्यां वर्तते कामसम्भवः[2] ॥ २७ ॥

यद्विदुर्ह्यनिरुद्धाख्यं हृषीकाणामधीश्वरम् ॥
शारन्देन्दीवरश्यामं संराध्यं योगिभिः शनैः ॥ २८ ॥

અન્વયાર્થ:—**वि–कुर्वाणात्** = કાર્ય કરવા તત્પર બનેલા, **वैकारिकात्** = સાત્વિક અહંકારમાંથી, **मनःतत्त्वम्** = " મન " નામનું તત્ત્વ, **अजायत** = ઉત્પન્ન થયું, **यत्–संकल्प–विकल्पाभ्याम्** = જેમ સંકલ્પો

---

[1] शान्तं घोरं प्रा. पा., [2] कार्यसम्भवः प्रा. पा.

અને વિકલ્પોમાંથી, **काम-सम्भवः** = કામની ઉત્પત્તિ થાય છે. **यत्** – કારણ કે, **शारद्-इन्दीवरश्यामम्** = શરદની રાત્રીના કમલ તુલ્ય શ્યામ, **हृपीकाणाम्** = ઇન્દ્રિયોના, **अधीश्वरम्** = અધીશ્વરને, **हि** = ખરેખર, **अनिरुद्ध-आख्यम्** = અનિરુદ્ધના નામથી, **विदुः** = જાણે છે, **यद्** = જે મન, **योगिभिः** = યોગીજનોએ, **शनैः** = ધીમે ધીમે, **संराध्यम्** = સ્વાધીન કરવા જેવું. છે. ૨૭, ૨૮

અનુવાદ--કાર્ય કરવા તત્પર બનેલા સાત્વિક અહંકારમાંથો ‘ મનસ્તત્ત્વ ’ ઉત્પન્ન થયું. જેના સંકલ્પ અને વિકલ્પોમાંથી કામની ઉત્પત્તિથી થાય છે. કારણ કે જે મનને શરદની રાત્રીના કમલ તુલ્ય શ્યામવર્ણા, ઇન્દ્રિયોના સ્વામીને ખરેખર “ અનિરુદ્ધ ”ના નામથી જાણે છે. જે મન યોગીજનોએ ધીમે ધીમે સ્વાધીન કરવા જેવું છે. ૨૭, ૨૮

તત્ત્વસુધા—वैकारिकाद् विकुर्वाणात्–૨૭મા શ્લોકના પૂર્વાર્ધમાં ઉલ્લેખ કર્યો કે “કાર્યશીલ થવા તત્પર બનેલ સાત્ત્વિક અહંકારમાંથી “मनः” નામના તત્ત્વની ઉત્પત્તિ થઈ. આ સ્થાને मनःને તત્ત્વ કહેવાનું મહત્ત્વનું કારણ છે કે આ મનઃ અન્નમય કે દુષ્ટ ન સમજવું. આ મનઃ તો તત્ત્વ છે. विकुर्वाणात् અને શબ્દનું તાત્પર્ય એવું સમજવું કે કાળે ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો ત્યારે તે ગુણો ક્રિયાશીલ થવા લાગ્યા. તેમાં સત્વગુણ ક્રિયાશીલ થતાં मनस्तत्त्वની ઉત્પત્તિ થઈ. એ વાત ન ભૂલાય કે ભગવાનના વીર્યની સ્થિતિવાળા સત્ત્વ ગુણમાંથી મનની ઉત્પત્તિ થઈ છે. ભગવાને ગીતાજીમાં માટે જ ઇન્દ્રિયોમાં હું मनः છું એમ કહ્યું છે.

यत् संकल्प–विकल्पाभ्याम्–હવે ઉત્તરાર્ધથી આ આધ્યાત્મિક મનનું કાર્યલક્ષણ અને સ્વરૂપલક્ષણ દર્શાવે છે. સંકલ્પ અને વિકલ્પાત્મકપણું મનનું સ્વરૂપલક્ષણ છે એને कामसम्भवः–કામની ઉત્પત્તિ થવી એ કાર્યલક્ષણ છે. ‘ संकल्प ’ એટલે ઇચ્છા–કામના અને विकल्प એટલે સંશય.

यद् विदुर्ह्यनिरुद्धाख्यम्—આ શ્લોકના ત્રણ ચરણમાં आधिदैविक મનનું સ્વરૂપ સમજાવી ચતુર્થ ચરણથી आधिभौतिक મનનું સ્વરૂપ દર્શાવતાં કહે છે કે अनिरुद्धाख्यं–જે हृषीकाणामधीश्वरम् અનિરુદ્ધજી ઇન્દ્રિયોના અધીશ્વર છે. શ્રી અનિરુદ્ધ ચિત્તના જેમ ઉપાસ્યદેવ વાસુદેવ છે તેવા જ મનના પણ ઉપાસ્યદેવ છે.

“ शारदेन्दीवरश्यामम् ”–એ વિશેષણથી નિર્દોષપણું દર્શાવ્યું. ઇન્દિવર રાત્રીના વિકસતા કમલ માટે છે. શરદઋતુ સર્વથા નિર્દોષ જલવાળી છે. શ્યામ વર્ણ શૃંગાર–ભક્તિનો છે. શરદના શ્યામ કમલ તુલ્ય શ્યામસુંદરનું ધ્યાન કરવાથી મનના દોષો નિવૃત્ત થાય છે. ૨૭, ૨૮

આ શ્લોકમાં બુદ્ધિની ઉત્પત્તિ બતાવે છે:—

तैजसात्तु विकुर्वाणाद् बुद्धितत्त्वमभूत् सति ॥
द्रव्यस्फुरणविज्ञानमिन्द्रियाणामनुग्रहः ॥ २९ ॥

અન્વયાર્થ:—**सति** = સતિ ! **विकुर्वाणात्** = કાર્યશીલ થવા ઇચ્છતા, **तैजसात् तु** = રાજસ અહંકારથી તો, **बुद्धितत्त्वम्** = બુદ્ધિતત્ત્વ, **अभूत्** = ઉત્પન્ન થયું, **द्रव्यस्फुरण-विज्ञानम्** = દ્રવ્યનું ભાન થતાં ખાસ પ્રકારનું જ્ઞાન થાય તે. **इन्द्रियाणाम्** = ઇન્દ્રિયો ઉપર, **अनुग्रहः** = અનુગ્રહ છે. ૨૯

અનુવાદ--હે સતિ, કાર્યશીલ થવા તત્પર થતા રાજસ અહંકારમાંથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું તે દ્રવ્યનું ભાન થતાં ખાસ પ્રકારનું જ્ઞાન થાય તે ઇન્દ્રિયો ઉપરનો અનુગ્રહ છે. ૨૯

તત્ત્વસુધા—सति-सती દેવહૂતિજીના સંબોધનનો પણ “सति” પદનો અર્થ થાય તેમજ सति સપ્તમી

વિભક્તિનું એક વચન પણ થાય. હે સતિ દેવહૂતિ માતા! કાર્ય કરવા વિચારવા રાજસ અહંકારમાંથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું એવો એક અર્થ થાય. અને બીજો-पदार्थे विद्यमाने सति-જો કોઈ પદાર્થ આંખ સામે હોય તો બુદ્ધિના તે પદાર્થ માટે નિશ્ચય થાય એવો અર્થ થાય છે.

द्रव्यस्फुरणविज्ञानम्-કોઈપણ પદાર્થ આંખ સામે હોવા છતાં તેના વિશેષપણાની ખાત્રી તો બુદ્ધિથી જ થશે. આ ખાત્રી ઇન્દ્રિયો ઉપર ઉપકાર કરશે. ૨૯

संशयोऽथ विपर्यासो निश्चयः स्मृतिरेव च ॥
स्वाप इत्युच्यते बुद्धेर्लक्षणं वृत्तितः पृथक्[1] ॥ ३० ॥

અન્વયાર્થ:—संशयः = સંશય, **अथ विपर्यासः** = વળી વિપર્યાસ, **निश्चयः** = નિશ્ચય, **च**-અને, **स्मृतिः एव** = વળી સ્મૃતિ તેમજ, **स्वाप इति उच्यते** = જેને સ્વાપ કહેવામાં આવે છે એવું,- **बुद्धेः** = બુદ્ધિનું, **वृत्तितः** = ક્રિયાથી, **पृथक्** = ભિન્ન, **लक्षणम्** = લક્ષણ છે. ૩૦

અનુવાદ--સંશય, વિપર્યાસ, નિશ્ચય, અને સ્મૃતિ તેમજ જેને વળી સ્વાપ કહેવામાં આવે છે એવું બુદ્ધિનું ક્રિયાથી ભિન્ન લક્ષણ છે. ૩૦

તત્ત્વસુધા—संशयोऽथ विपर्यासः-આ શ્લોકથી બુદ્ધિનું લક્ષણ સમજાવે છે. બુદ્ધિ તો એક જ પ્રકારની હોય જુદા પ્રકારની કેમ સંભવે? ઉપર તો સંશય વગેરે શબ્દોથી પાંચ પ્રકારની વર્ણવે છે તો શું સમજવું? સમાધાન સરલ છે કે બુદ્ધિથી જુદા જુદા પ્રકારે દ્રવ્યનું ભાન થતું હોવાથી બુદ્ધિ જુદા જુદા પ્રકારની છે.

કોઈપણ વસ્તુનું જ્ઞાન "શબ્દથી, સંસ્કારથી અને પ્રકાશ"થી થાય છે. "ઘટઃ" એવો શબ્દ સાંભળો, કે ઘડાનો સંસ્કાર હતો તેથી કે પ્રકાશથી ઘટનું જ્ઞાન થયું તે બુદ્ધિનું લક્ષણ થયું. હવે તે જ્ઞાનમાં એટલે બુદ્ધિમાં સંશય થાય છે—

संशयः-"સંશય અને સમસંશય" એવા બે પ્રકારનો સંશય થાય છે. સમસંશય એટલે કોઈ એક પદાર્થનો સંસ્કાર અને પ્રકાશ સમાન પ્રકારે પ્રકાશ કરતા હોય તે સમસંશય કહેવાય. એક દૃષ્ટાંતથી જરા સ્પષ્ટ કરીએ. કોઈ એક વ્યક્તિએ મનુષ્યને પણ જોયેલ છે તેમજ વૃક્ષના થડને પણ જોયું છે. તે વ્યક્તિને એક વાર વનમાં જતાં ઝાડના તે ઠૂંઠાને જોઈને સંદેહ થયો કે આ કોઈ પુરુષ હશે કે આ કોઈ વૃક્ષનું થડ હશે. આ પ્રકારનો સંશય પૂર્વમાં જોયેલ વૃક્ષના અને પુરુષના સંસ્કારથી અને તેજથી થયો. આ સંશયમાં બન્ને પક્ષ સરખા છે તેથી સમસંશય કહેવાય.

હવે બન્ને વસ્તુમાં એક પક્ષ થોડો બલવાન લાગે અને બીજો પક્ષ વધુ બલવાન લાગે ત્યારે તેને સંશય કહેવાય.

અથ—આ શ્લોકમાં અથ અવ્યય એમ સૂચવવા મૂકેલ છે કે સંશય સિવાયની વિયર્યાસ વગેરે ચારે વૃત્તિઓમાં એક જ પદાર્થ હોવાનું ભાન થાય છે અને સંશયમાં બે પદાર્થનું ભાન થાય છે. તેથી સંશયથી બીજી ચાર વૃત્તિઓને અથ અવ્યયે જુદી પાડી.

विपर्यास-જે પદાર્થ હોય-તેને બદલે બીજા પદાર્થનું ભાન કરાવતી વૃત્તિનું નામ વિપર્યાસવૃત્તિ છે. નજર સામે છીપ છે જેમાં ચાંદીનું ભાન થાય છે. આ अन्यख्याति છે अन्यथाख्याति નથી. છીપમાં છીપને બદલે રૂપાનું જ ભાન થાય છે પરંતુ છીપનું રૂપા તરીકે ભાન થતું નથી માટે જ તે अन्यख्याति છે. અન્યથાખ્યાતિમાં તો જુદા પ્રકારનું ભાન થાય અને અન્યખ્યાતિમાં જુદા જ પદાર્થનું ભાન થાય.

---

[1] क्वचित् प्रा. पा.

છીપમાં જે ચાંદી દેખાય છે તે ચાંદી કદાચ બુદ્ધિરૂપ હોય તો પણ તે આત્મારૂપ નથી તેથી તે વિપર્યાસ વૃત્તિ આત્મખ્યાતિ પણ નથી. કારણ કે બુદ્ધિતત્ત્વરૂપ છે આત્મરૂપ નથી.

" હું ચાંદી જોઉં છું " એવો નિર્ણય હોવાથી જેમાં છીપનું સ્વરૂપ નિગૂઢ છે એવી સ્મૃતિ પણ નથી. ' સંસ્કાર ઘણો જ બલવાન ' છે માટે अनिर्वचनीय ख्याति પણ નથી.

" निश्चय "-જેવો પદાર્થ હોય તેવો અનુભવ થાય તેને નિશ્ચય કહેવાય.

स्मृतिः-એટલે સંસ્કારમાંથી ઉત્પન્ન થતી સ્વતંત્ર બુદ્ધિનું નામ સ્મૃતિ.

स्वापः -એટલે સ્વપ્નરૂપા-નિદ્રારૂપ વૃત્તિનું નામ સ્વાપ—આવી પાંચ પ્રકારની બુદ્ધિની વૃત્તિઓ હોય છે. ૩૦

આ શ્લોકમાં ૧૦ ઇન્દ્રિયોની ઉત્પત્તિ વર્ણવે છે—

तैजसानीन्द्रियाण्येव क्रियाज्ञानविभागशः ॥
प्राणस्य हि क्रियाशक्तिर्बुद्धेर्विज्ञानशक्तिता ॥ ३१ ॥

અન્વયાર્થ:—क्रिया-ज्ञान-विभागशः = ક્રિયા અને જ્ઞાનના વિભાગથી, **इन्द्रियाणि** = ઇન્દ્રિયો, **तैजसानि एव** = રાજસ જ છે. **हि** = કારણ કે, **प्राणस्य** = પ્રાણની, **क्रियाशक्तिः** = ક્રિયાશક્તિ છે, **विज्ञान-शक्तिता** = વિજ્ઞાન ઉત્પન્ન કરાવનારી શક્તિ, **बुद्धेः** = બુદ્ધિની છે. ૩૧

અનુવાદ--ક્રિયા અને જ્ઞાનના વિભાગથી ઇન્દ્રિયો રાજસ જ છે; કારણ કે ક્રિયા ઉત્પન્ન કરનારી શક્તિ પ્રાણની છે અને વિજ્ઞાન ઉત્પન્ન કરનારી શક્તિ બુદ્ધિની છે. ૩૧

તત્ત્વસુધા—तैजसानि-ઇન્દ્રિયો દશ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય મળીને દશ થાય છે. આ દશેદશ રાજસ જ છે. જ્ઞાનેન્દ્રિય સાત્ત્વિકમાંથી કે કર્મેન્દ્રિય તામસમાંથી ઉત્પન્ન થઈ નથી. ક્રિયામાં પ્રાણ આધાર છે અને જ્ઞાનમાં બુદ્ધિ આધાર છે. પ્રાણ આ સત્ય મહત્તત્ત્વનો પ્રકાર છે અથવા ભગવદ્રૂપ છે. પ્રાણનો અવતાર રાજસ અહંકારમાંથી થયેલ હોવાથી તે રાજસ છે તત્ત્વતઃ તે રાજસ નથી. ૩૧

तामसाच्च विकुर्वाणाद् भगवद्वीर्यचोदितात् ॥
शब्दमात्रमभूत् तस्मान्नभः[1] श्रोत्रं तु शब्दगम् ॥ ३२ ॥

અન્વયાર્થ:—च भगवद्-वीर्य-चोदितात् = અને ભગવાનના વીર્યથી પ્રેરાએલા, **विकुर्वाणात्** = કાર્યશીલ થવા ચાહતા, **तामसात्** = તામસમાંથી, **शब्दमात्रम्** = શબ્દતન્માત્રા ઉત્પન્ન થઈ, **तस्मात्** = તેમાંથી, **नभः** = આકાશ ઉત્પન્ન થયું, **श्रोत्रम्** = કર્ણેન્દ્રિય, **तु** = તો, **शब्दगम्** = શબ્દને ગ્રહણ કરનારી છે. ૩૨

અનુવાદ—અને ભગવાનનાં વીર્યથી પ્રેરાએલા કાર્યશીલ થવા ચાહતા તામસ અહંકારથી શબ્દ તન્માત્રાની ઉત્પત્તિ થઈ. તેમાંથી આકાશ ઉત્પન્ન થયું. કર્ણેન્દ્રિય તો શબ્દને ગ્રહણ કરનારી છે. ૩૨

તત્ત્વસુધા—तामसाच्च विकुर्वाणात्—તામસ અહંકારમાંથી શબ્દતન્માત્રા ઉત્પન્ન થાય છે. આ અહંકાર તામસ છે તેમાં ભગવાનનું વીર્ય રહેલ છે તેમજ વીર્ય પ્રેરણા કરે છે ત્યારે શબ્દતન્માત્રા ઉત્પન્ન થાય છે.

---

[1] तत्त्नभः प्रा. पा.

શબ્દતન્માત્રામાંથી આકાશ ઉત્પન્ન થયું. કર્ણેન્દ્રિયથી જેને જાણી શકાય, જેનું જ્ઞાન થાય તે "શબ્દ" કહેવાય છે. આકાશનો ગુણ શબ્દ છે. ૩૨

હવે આ શ્લોકથી શબ્દનું લક્ષણ વર્ણવે છે—

अर्थाश्रयत्व शब्दस्य द्रष्टृलिङ्गत्वमेव च ॥
तन्मात्रत्वं च नभसो लक्षणं कवयो विदुः ॥ ३३ ॥

અન્વયાર્થ:—**अर्थ-आश्रयत्वम्** = અર્થના આધાર હોવાપણું, **च** = અને **द्रष्टृ-लिङ्गत्वम्** = જોનાર છે એમ દર્શાવનાર હોવાપણું, **च** = અને, **नभसः** = આકાશનું, **तन्मात्रत्वम्** = સૂક્ષ્મપણું હોવાપણું, **शब्दस्य**= શબ્દનું, **लक्षणम्** = લક્ષણ છે એમ, **कवयः** – કવિઓ, **विदुः** = કહે છે. ૩૩

અનુવાદ—"અર્થના આધાર હોવાપણું, અને જોનાર છે એમ દર્શાવનાર હોવાપણું અને આકાશનું સૂક્ષ્મપણું હોવાપણું" એ "શબ્દ"નું લક્ષણ છે એમ કવિઓ કહે છે. ૩૩

તત્ત્વસુધા—"अर्थाश्रयत्वम्" અર્થ એટલે પદાર્થ. આ અર્થ-પદાર્થ શબ્દના આધારે રહે છે. પુસ્તક, વસ્ત્ર આ બધા પદાર્થો છે. પદાર્થનાં ત્રણ રૂપ છે. આ ત્રણમાં જે આધિદૈવિક રૂપ છે તે શબ્દમાં રહેલ છે. આ આધિદૈવિક રૂપ માત્ર શબ્દથી જ જણાય છે અને શબ્દના સંબંધવાળું છે.

આધિભૌતિક રૂપ તો પ્રકટ છે. ઘટ, પટ આ બધાં આધિભૌતિક રૂપો છે જે પૃથ્વી વગેરેના આધારવાળાં છે.

આધ્યાત્મિક રૂપ તો જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્નના આધારવાળું છે. પદાર્થને જોયો પછી તેનું જ્ઞાન થયું, પછી લેવાની ઇચ્છા થઈ, પછી લેવાનો પ્રયત્ન થયો તે બધું શબ્દને લીધે જ થયું. "આ રીતે અર્થના આધારપણું જેમાં રહેલ છે તે શબ્દ" છે.

"द्रष्टृ-लिङ्गत्वम्"—એક વ્યક્તિ ભીંત કે પડદા પાછળ ઊભી છે અને બોલે છે કે આ "વસ્તુ" મેં જોઈ. આ જે જોનાર છે તે "દ્રષ્ટા" છે. તેને જણાવનારપણું જેમાં છે તે "શબ્દ" છે. વળી શ્રી રામ, કૃષ્ણ વગેરેની લીલાઓ ના જે "દ્રષ્ટા" વ્યાસ, વાલ્મીકિ, શુકાદિ છે તેમને જણાવનાર છે, તે શબ્દ છે. કોઈના સ્વરથી ખ્યાલ આવ્યો કે આ "દેવદત્ત" છે તે પણ શબ્દને લીધે બને છે.

नभसस्तन्मात्रत्वम्—આકાશનું સૂક્ષ્મરૂપે હોવાપણું એ 'શબ્દ'નું લક્ષણ છે. કારણ કે સૂક્ષ્માવસ્થા શબ્દ છે અને સ્થૂલાવસ્થા આકાશ છે.

તાત્પર્ય કે "પદાર્થનો પ્રકાશ કરનાર, ઓટ—એટલે પડદા પાછળ રહેલ "વકતાનું" જ્ઞાન કરનાર અને "આકાશ'ના સૂક્ષ્મ રૂપે હોનાર" આ ત્રણ શબ્દમાં લક્ષણ છે. ૩૩

શ (૯)

આ શ્લોકમાં આકારનું લક્ષણ છે—

भूतानां छिद्रदातृत्वं बहिरन्तरमेव च ॥
प्राणेन्द्रियात्मधिष्ण्यत्वं नभसो वृत्तिलक्षणम् ॥ ३४ ॥

અન્વયાર્થ—भूतानाम् = પ્રાણીઓને, छिद्र-दातृत्वम् = અવકાશ આપનાર, **बहिः अन्तरम्-एव-च**= તેમજ બહાર અને અંદર એવો વ્યવહાર કરાવનાર, તથા પૃથ્વી વગેરે સર્વના આધારપણું, **प्राण-इन्द्रिय-**

आत्म-धिष्णत्वम् = પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણનો આધાર થનાર, એવું, **नभसः** = આકાશનું, **वृत्ति-लक्षणम्** = કાર્યથી લક્ષણ છે. ૩૪

અનુવાદ—પ્રાણીઓને અવકાશ આપનાર, બહાર અને અંદર એવો વ્યવહાર કરાવનાર, પૃથ્વી વગેરે સર્વનો આધાર થનાર, તેમજ પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણનો આધાર થનાર એવું આકાશનું કાર્યથી લક્ષણ છે. ૩૪

તત્વસુધા—પૂર્વ શ્લોકમાં જેમ શબ્દનાં ત્રણ લક્ષણ કહ્યાં તેમ આ શ્લોકમાં આકાશનાં ત્રણ લક્ષણ સમજાવ્યાં. "भूतानां" એટલે પ્રાણીઓને જે "અવકાશ" આપે છે તે આકાશનું કાર્યલક્ષણ છે, વળી बहिरन्तरमेव આ બહાર છે, આ અંદર છે એવો જે વ્યવહાર કરાવનાર છે, એવું જે સ્વરૂપ કરાવનાર છે, તે પણ આકાશ છે.

च—પૃથ્વી જલ વગેરેનો જે આધાર છે તે પણ આકાશ છે એવું च અવ્યયથી પણ સમજવું.

प्राणेन्द्रियात्मधिष्ण्यत्वम्—પ્રાણ, ઇન્દ્રિયો અંતઃકરણનો આધાર બનેલ જે સ્થાન છે તે પણ આકાશ છે. આ આકાશનું કાર્યથી લક્ષણ કહ્યું છે. ૩૪

આ શ્લોકથી સ્પર્શ અને વાયુની ઉત્પત્તિ બતાવી છે :

नभसः शब्दतन्मात्रात्कालगत्या विकुर्वतः ॥
स्पर्शोऽभवत् ततो वायुस्त्वक् स्पर्शस्य च संग्रहः ॥ ३५ ॥

અન્વયાર્થ—**काल-गत्या** = કાલની ક્રિયાથી-ગતિથી, **वि-कुर्वतः** = કાર્ય કરવા તત્પર થતા, **नभसः** = આકાશમાંથી, અને **शब्द-तन्मात्रात्** = શબ્દ તન્માત્રામાંથી, **स्पर्शः** = સ્પર્શ થયો, **ततः** = ત્યાર પછી, **वायुः अभवत्** = વાયુ થયો, **च** = અને, **त्वक्** = ત્વચા, **स्पर्शस्य** = સ્પર્શથી, **संग्रहः** = સંગ્રહ કરનારી બની.

અનુવાદ—કાલની ક્રિયાથી કાર્ય કરવા તત્પર થતા આકાશમાંથી તેમજ શબ્દતન્માત્રામાંથી સ્પર્શ થયો. ત્યાર બાદ વાયુ થયો અને ત્વચા-ચામડી સ્પર્શનો સંગ્રહ કરનારી બની. ૩૫

તત્વસુધા—नभसः शब्दतन्मात्रात्—તન્માત્રા શબ્દ તો સ્ત્રીલિંગે છે. અહીં "तन्मात्रात्" વિશેષણ બન્યું છે. તેથી નપુંસકે પ્રયોગ કર્યો છે. છતાં એક વસ્તુ સમજવાની છે કે તે नभसનું વિશેષણ નથી. અર્થ આવો સમજવો કે—

विकुर्वतः नभसः—કાલની પ્રેરણાથી કાર્ય કરવા તત્પર થયેલા આકાશમાંથી તેમજ કાર્ય કરવા તત્પર થએલ શબ્દતન્માત્રામાંથી એટલે સ્થૂલ અને સૂક્ષ્મ આકાશમાંથી શબ્દતન્માત્રા થઈ ત્યાર પછી વાયું થયો.

त्वक्-स्पर्शस्य च संग्रहः—त्वक् ઇન્દ્રિય છે. અને સ્પર્શનું જેનાથી સ્પષ્ટ જ્ઞાન સંભવે છે તે त्वक् એટલે "ત્વચા" ઇન્દ્રિય છે. च અવ્યયથી વાયુના સંબંધવાળા સ્પર્શનું પણ જ્ઞાન त्वक् ઇન્દ્રિયથી થાય છે.

'संग्रह' શબ્દ પુલ્લિંગમાં રહે છે. પણ તે સ્વતંત્ર પ્રયોગમાં પુંસ્ત્વ ધરાવે છે. વિશેષણ બને તોપણ પુંસ્ત્વ રહે છે. વૃત્તિમાં લિંગવિપર્યાસ થાય છે बुद्धिर्निश्चयसंग्रहा આવા પ્રયોગો મળે છે. ૩૫

मृदुत्वं कठिनत्वं च शैत्यमुष्णत्वमेव च ॥
एतत्स्पर्शस्य स्पर्शत्वं तन्मात्रत्वं नभस्वतः ॥ ३६ ॥

અન્વયાર્થ—**मृदुत्वम्** = મૃદુપણું, **कठिनत्वम्** = કઠિનપણું, **शैत्यम्** = શીતલપણું, **उष्णत्वम्** = ઉષ્ણપણું, **एतत्** = આ, **स्पर्शस्य** = સ્પર્શનું, **स्पर्शत्वम्** = સ્પર્શપણું છે, **नभस्वतः** = વાયુનુ, **तन्मात्रत्वम्** = સૂક્ષ્મ રૂપ છે. ૩૬

અનુવાદ—મૃદુપણું, કઠિનપણું, શીતલપણું, ઉષ્ણપણું, આ સ્પર્શનુ સ્પર્શપણું છે અને વાયુનું સૂક્ષ્મ રૂપ છે. ૩૬

તત્ત્વસુધા—मृदुत्वम्–સ્પર્શના ચાર પ્રકાર છે: મૃદુ, કઠિન, શીતલ અને ઉષ્ણ. આ ચાર ગુણવાળો સ્પર્શ છે. કપાસમાં મૃદુપણું, પથ્થરમાં કઠોરપણું, જલમાં શીતલપણું, તેજમાં ઉષ્ણપણું–આ ચાર પ્રકારનો "કારણ"રૂપ સ્પર્શ જ એક એક કાર્યમાં પ્રકટ થાય છે. આ જ સ્પર્શનું લક્ષણ છે. "સ્પર્શ" શબ્દથી સ્પર્શ વ્યજંનો કે બે વસ્તુઓનો સંયોગ લેવાના નથી, પરંતુ મૃદુત્વાદિપણું જ સ્પર્શનું લક્ષણ છે.

नभस्वतः तन्मात्रत्वम्–"વાયુનું સૂક્ષ્મ રૂપ" એ સ્પર્શનું બીજું લક્ષણ છે. તાત્પર્ય કે વાયુનું સૂક્ષ્મ રૂપ સ્પર્શતન્માત્રા છે. ૩૬

આ શ્લોકમાં વાયુનું લક્ષણ છે—

चालनं व्यूहनं प्राप्तिर्नेतृत्वं द्रव्यशब्दयोः ॥
सर्वेन्द्रियाणामात्मत्वं वायोः कर्माभिलक्षणम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**चालनम्** = હલાવવું, **व्यूहनम्** = ભેગા કરવું, **प्राप्तिः** = પ્રાપ્ત કરાવવું, **द्रव्य-शब्दयोः** = દ્રવ્ય અને શબ્દને, **नेतृत्वम्** = લઈ જવા, **सर्व-इन्द्रियाणाम्** = સર્વ ઇન્દ્રિયોના, **आत्मत्वम्** = આત્મા હોવું એ, **वायोः** = વાયુનું, **कर्म-अभि-लक्षणम्** = કર્મથી લક્ષણ છે. ૩૭

અનુવાદ—હલાવવું, ભેગા કરવું, પ્રાપ્ત કરાવવું, દ્રવ્ય અને શબ્દને લઈ જવા, સર્વ ઇન્દ્રિયોના આત્મા હોવું આ વાયુનું કર્મલક્ષણ છે. ૩૭

તત્ત્વસુધા—'चालनं व्यूहनं'–વાયુનાં પાંચ પ્રકારનાં કર્મ એ જ વાયુનું લક્ષણ છે. વાયુ પાંચ કર્મ કરે છે, चालनम् વૃક્ષનાં પાન વગેરે હલાવવાં, व्यूहनम् જમીન ઉપર પડેલાં તૃણ પાન વગેરેને એકઠા કરવા, प्राप्तिः પુષ્પાદિમાં રહેલા ગંધને નાક સમીપ લઈ આવવો, द्रव्य-शब्दयोः नेतृत्वम् એક જગ્યાએ પડેલ વસ્ત્ર-કાગળ વગેરે નાના મોટા પદાર્થોને ઉરાડી અન્યત્ર લઈ જવા તેમજ ડંકા, નિશાન. ગીત વગેરેના શબ્દને કર્ણ પર્યન્ત લઈ જવા આ વાયુનું કર્મ છે.

सर्वेन्द्रियाणामात्मत्वम्–વાયુ પ્રત્યેક ઇન્દ્રિયોનો આત્મા છે. વાયુ વિનાની કોઈ પણ ઇન્દ્રિય કાર્ય કરી શકતી નથી. આ પંચકર્મ વાયુનું લક્ષણ છે. ૩૭

वायोश्च स्पर्शतन्मात्राद्रूपं दैवेरितादभूत् ॥
समुत्थितं ततस्तेजश्चक्षू रूपोपलम्भनम् ॥ ३८ ॥

અન્વયાર્થ—**दैव-ईरितात्** = દૈવે પ્રેરેલા વાયુમાંથી, **च** = અને, **स्पर्श-तन्मात्रात्** = સ્પર્શ તન્માત્રામાંથી (સૂક્ષ્મ વાયુમાંથી), **रूपम्** = રૂપ, **अभूत्** = ઉત્પન્ન થયું, **ततः** = તેમાંથી, **तेजः** = તેજ, **समुत्थितम्** = ઉત્પન્ન થયું, **चक्षुः** = ચક્ષુ, **रूप-उपलम्भनम्** = રૂપને ગ્રહણ કરનાર ઇન્દ્રિય છે. ૩૮

અનુવાદ--દૈવ પ્રેરિત વાયુમાંથી અને સ્પર્શ તન્માત્રામાંથી રૂપ ઉત્પન્ન થયું. તેમાંથી તેજ ઉત્પન્ન થયું. ચક્ષુ રૂપને ગ્રહણ કરનાર ઇન્દ્રિય છે. ૩૮

તત્ત્વસુધા—વાયોશ્ચ—સ્થૂલ સૂક્ષ્મ બે પ્રકારનો વાયુ છે. આ બંને પ્રકારના વાયુમાંની જે સ્પર્શ તન્માત્રા રૂપ છે તેમાંથી રૂપ તન્માત્રા થયા બાદ તેમાંથી તેજ ઉત્પન્ન થયું. ચક્ષુ રૂપ ગ્રહણ કરનાર ઇંદ્રિય છે. ૩૮

આ શ્લોકમાં રૂપનાં લક્ષણ છે-

द्रव्याकृतित्वं गुणता व्यक्तिसंस्थात्वमेव च ॥
तेजस्त्वं तेजसः साध्वि रूपमात्रस्य वृत्तयः ॥ ३९ ॥

અન્વયાર્થ—**साध्वि** = માતા દેવહૂતિ, **द्रव्य-आकृतित्वम्** = દ્રવ્યના જેવી આકૃતિવાળા હોવું, **गुणता** = ગૌણપણું-સદા અન્યને આધીનપણું, **व्यक्ति-संस्थात्वम्** = વ્યક્તિના જેવા સ્થિતિવાળા હોવું, **तेजसः** = તેજનું, **तेजस्त्वम्** = તેજપણું એ, **रूप-तन्मात्रस्य** = રૂપ તન્માત્રાના, **वृत्तयः** = વૃત્તિઓ છે. ૩૯

અનુવાદ--કપિલ ભગવાને કહ્યું, માતાજી ! દ્રવ્યના જેવા આકારવાળા હોવું, અન્ય પદાર્થને આધીન રહેવું, વ્યક્તિના જેવું સ્થિતિવાળા હોવું, તેજનું તેજપણું એ રૂપ તન્માત્રાની વૃત્તિઓ છે. ૩૯

તત્ત્વસુધા—साध्वि આ દેવહૂતિ માતાનું સંબોધન છે. ઘટ વગેરે જે પદાર્થનો આકાર હોય-જેમ કે શંખ હોય તો લાંબી ડોક, સાંકડું ગળું હોય, ઘડો હોય તો નીચેનો કૂખનો ભાગ પહોળા આકારનો હોય તેવી જ રૂપની આકૃતિ છે તેથી ‘द्रव्याकृतित्वं’ દ્રવ્યના જેવી આકૃતિવાળા હોવું એવું પ્રથમ લક્ષણ કહ્યું,

गुणता—રૂપ સદા બીજાને આધીન છે એ એનું ગૌણપણું છે. આ રૂપનું બીજું લક્ષણ છે. **व्यक्ति-संस्थात्वम्**-પદાર્થની જેવી સ્થિતિ હોય તેવી વાંકીચૂકી રૂપને સ્થિતિમાં રહેવું પડે છે, એ રૂપનું ત્રીજું લક્ષણ છે. तेजसः तेजस्त्वं-તેજનું તેજપણું એ રૂપનું ચોથું લક્ષણ છે. ૩૯

આ શ્લોકમાં તેજનાં લક્ષણ છે-

द्योतनं पाचनं पानमदनं हिममर्दनम् ॥
तेजसो वृत्तयस्त्वेताः शोषणं क्षुत्तृडेव च ॥ ४० ॥

અન્વયાર્થ—**द्योतनम्** = પ્રકાશવું, **पाचनम्** = પકાવવું, **पानम्** = પીવું, **अदनम्** = ખાવું, **हिम-मर्दनम्** = ઠંડીને દૂર કરવી, **शोषणम्** = શોષણ કરવું, **च** = તેમજ, **क्षुत्** = ક્ષુધા, **तृड् एव** = તથા તૃષા. **एताः** = આ, **तेजसः** = તેજની, **वृत्तयः** = વૃત્તિઓ છે. ૪૦

અનુવાદ--પ્રકાશવું, પકાવવું, પીવું, ખાવું ઠંડીને દૂર કરવી, શોષણ કરવું, તેમજ ક્ષુધા અને તૃષા આ તેજની વૃત્તિઓ છે. ૪૦

તત્ત્વસુધા- તેજનાં પાંચ લક્ષણો હવે આ શ્લોકથી સમજાવે છે. તેમાં પ્રથમ લક્ષણ द्योतनम्. સૂર્યની માફક પ્રકાશ કરવો, पाचनम् પેટમાં ગયેલ અન્નનું-જઠરમાં રહેલા અગ્નિનું પકાવવું, पानमदनम् પીવું અને ખાવું, આ કાર્ય અગ્નિનાં-તેજનાં છે. हिममर्दनम् ઠંડી નિવારણનું કાર્ય પણ અગ્નિ જ કરે છે. શોષણ કરવું પણ તેજનું જ કાર્ય છે. ભીનાં વસ્ત્રોમાંથી જલનું શોષણ વાયુ કરતાં તેજ જ કરે છે. પીવું અને ખાવું

ચેતન પ્રાણીઓ કરે છે તેજ નથી કરતું એવી શંકાને અવસર નથી; કારણ કે ક્ષુધા અને તૃષા અગ્નિ-તેજને જ લીધે થાય છે. ૪૦

જલની ઉત્પત્તિ આ શ્લોકમાં વર્ણવી છે—

रूपतन्मात्राद्धि कुर्वाणात्तेजसो दैवचोदितात् ॥
रसमात्रमभूत्तस्मादम्भो जिह्वा रसग्रहः ॥ ४१ ॥

અન્વયાર્થ:—**दैव-चोदितात्** = દૈવે પ્રેરેલા, **वि-कुर्वाणात्** = કાર્ય કરવા તત્પર થયેલા, **रूपमात्रात्** = રૂપતન્માત્રામાંથી અને, **तेजसः** = તેજમાંથી, **रसमात्रम्** = રસતન્માત્રા, **अभूत्** = ઉત્પન્ન થઈ, **तस्मात्** = તેમાંથી, **अम्भः** = જલ ઉત્પન્ન થયું, **जिह्वा** = જીભ, **रसग्रहः** = રસને ગ્રહણ કરનારી ઇન્દ્રિય છે. ૪૧

અનુવાદ—દૈવે પ્રેરેલ અને કાર્ય કરવા તત્પર થયેલ રૂપતન્માત્રામાંથી અને તેજમાંથી રસતન્માત્રા ઉત્પન્ન થઈ. અને તેમાંથી જલ ઉત્પન્ન થયું. જીભ રસને ગ્રહણ કરે છે. ૪૧

તત્ત્વસુધા—રૂપતન્માત્રા અને તેજમાંથી રસતન્માત્રાની ઉત્પત્તિ થઈ. 'દૈવે પ્રેરેલા અને કાર્ય કરવા તત્પર થયેલા' એ બન્નેનાં વિશેષણ છે. પ્રથમ રસ તન્માત્રાની ઉત્પત્તિ થઈ પછી જલની ઉત્પત્તિ થઈ. જિહ્વા રસનું ગ્રહણ કરે છે. ૪૧

આ શ્લોકમાં રસના પ્રકારો અને લક્ષણ વર્ણવે છે—

कषायो मधुरस्तिक्तः कट्वम्ल इति नैकधा[1] ॥
भौतिकाणां विकारेण रस एको विभिद्यते ॥ ४२ ॥

અન્વયાર્થ:—**भौतिकानाम्** = ભૌતિક પદાર્થોના, **विकारेण** = ફેરફારોને લીધે, **एकः** = એક પ્રકારનો, **रसः** = રસ, **कषायः** = તૂરો, **मधुरः** = મીઠો, **तिक्तः** = કડવો, **कटु-अम्लः** = તીખો અને ખાટો, **इति** = એ પ્રમાણે, **न-एक-धा** = અનેક પ્રકારે, **विभिद्यते** = વિભિન્ન થાય છે. ૪૨

અનુવાદ—ભૌતિક પદાર્થોના ફેરફારોને લીધે એક પ્રકારનો રસ તૂરો, મધુર, કડવો, તીખો, ખાટો એમ અનેક પ્રકારે ભિન્ન થાય છે. ૪૨

તત્ત્વસુધા—कषायः–આમ્રમંજરી, ખેર, આમળી વગેરેનો 'કષાય' રસ છે. मधुरः–શેલડી, ગોળ, સાકર વગેરેનો મધુર રસ છે. तिक्तः–લીમડો, ઇન્દ્રજવ વગેરેનો કડવો રસ છે. कटुः–મરી, મરચાં વગેરેનો તીખો રસ છે. अम्लः–લીંબુ, આંબલી વગેરેનો ખાટો રસ છે.

रस एको विभिद्यते–વાસ્તવિક રીતે રસ એક જ પ્રકારનો છે અને તે 'મધુર' રસ છે, ન સમજાય તેવો છે. પરંતુ भौतिकाणां विकारेण–પૃથ્વીના અવયવોના મિશ્રણથી એક જ રસના જુદા જુદા સ્વાદ આવે છે ૪૨

क्लेदनं पिण्डनं तृप्तिः प्राणानाप्यायनोदनम् ॥
तापापनोदो भूयस्त्वमम्भसो वृत्तयस्त्विमाः ॥ ४३ ॥

અન્વયાર્થ:—**क्लेदनम्** = ભીંજવવું, **पिण्डनम्** = પિંડો–ગોળો બનાવવો, **तृप्तिः** = તૃપ્ત કરવું,

---

[1] नेकशः प्रा. पा.

प्राणन-आप्यायन्-उद्नम् = જીવાડવું, પ્રાણોની તૃપ્તિ કરવી, અને વહી જવું, **ताप-अपनोदः** = સંતાપ દૂર કરો, **भूयस्त्वम्** = ભરપૂરપણું, **इमाः** = આ સર્વ, **अम्भसः** = જલની, **वृत्तयः** = વૃત્તિઓ છે. ૪૩

અનુવાદ—ભીંજવવું, ગોળો બનાવવો, તૃપ્ત કરવું, જીવાડવું, સંતર્પણ કરવું, વહી જવું, સંતાપ દૂર કરવો, ભરપૂરપણું આ જલની વૃત્તિઓ છે. ૪૩

તત્ત્વસુધા—આઠ પ્રકારની જલની પ્રકૃતિ છે. क्लेदनम्–માટી, વસ્ત્ર વગરેને ભીંજવે છે. पिण्डनम्–માટી લોટ વગેરેનો ગોળો બનાવે છે. तृप्तिः–ભોજન પછીથી જલ તૃપ્તિ આપે છે, प्राणनम्–પ્રાણોને જીવાડે છે. आप्यायनम्–પ્રાણોની તૃપ્તિ કરે છે, उदनम्-જલ વહી જાય છે, भूयस्त्वम्–સરોવરમાં ભરપૂર બનીને રહે છે, तापापनोदः–સંતાપ થાક દૂર કરે છે આ જલનાં લક્ષણો છે. ૪૩

પૃથ્વીની ઉત્પત્તિ આ શ્લોકમાં વર્ણવી છે—

रसमात्राद् विकुर्वाणादम्भसो दैवचोदितात् ॥
गन्धमात्रमभूत्तस्मात् पृथ्वी घ्राणस्तु गन्धगः ॥ ४४ ॥

અન્વયાર્થ—**विकुर्वाणात्** = કાર્ય કરવા તત્પર થયેલ, **दैव-चोदितात्** = અને દૈવે પ્રેરેલા, **अम्भसः** = જલમાંથી, **गन्धतन्मात्रम्** = ગંધતન્માત્રા થઈ, **तस्मात्** = તેમાંથી, **पृथ्वी** = પૃથ્વી ઉત્પન્ન થઈ, **घ्राणः-तु** = નાક તો, **गन्धगः** = ગંધને ગ્રહણ કરનાર ઇન્દ્રિય છે. ૪૪

અનુવાદ—કાર્ય કરવા તત્પર થયેલ, અને દૈવે પ્રેરેલ જલમાંથી ગન્ધતન્માત્રા થઈ, તેમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. નાક તો ગંધને ગ્રહણ કરનાર ઇન્દ્રિય છે. ૪૪

તત્ત્વસુધા—કાલની પ્રેરણા થતાં અને ગુણોમાં ક્ષોભ થતાં સ્થૂલ તેમજ સૂક્ષ્મ જલમાંથી પ્રથમ गन्धतन्मात्रम्–ગંધતન્માત્રા ઉત્પન્ન થઈ. તેમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. ઘ્રાણેન્દ્રિય એટલે નાસિકા ગંધને ગ્રહણ કરનાર ઇન્દ્રિય છે. ગંધનિર્ણયમાં ઘ્રાણ પ્રમાણ છે. ૪૪

આ શ્લોકમાં ગંધના પ્રકારો છે–

करम्भ-पूति-सौरभ्य-शान्तो[1]ग्राम्लादिभिः पृथक् ॥
द्रव्यावयववैषम्याद् गन्ध एको विभिद्यते ॥ ४५ ॥

અન્વયાર્થ—**एकः गन्धः** = એક પ્રકારનો ગંધ, **द्रव्य-अवयव-वैषम्यात्** = દ્રવ્યના અવયવોના ભેદથી, **करम्भः** = મિશ્ર ગંધ, **पूतिः** = દુર્ગન્ધ, **सौरभ्यः** = સુગંધ, **शान्तः** = શાંતગંધ, **उग्रः** = ઉગ્ર ગંધ, **आम्ल-आदिभिः** = ખાટો ગંધ વગેરે પ્રકારોથી, **पृथक्** = વિભિન્ન પ્રકારે, **विभिद्यते** – ભેદ પામે છે ૪૫

અનુવાદ—એક પ્રકારનો ગંધ, દ્રવ્યના અવયવોના ભેદથી મિશ્ર–દુર્ગંધ–શાંતગન્ધ–ઉગ્રગંધ, ખાટો ગંધ વગેરે પ્રકારોથી જુદા જુદા પ્રકારે થાય છે. ૪૫

તત્ત્વસુધા—करम्भपूति–હવે ગંધ એક છતાં દ્રવ્યોના મિશ્રણથી અને તેમના અવયવોના ભેદથી ગંધ ભિન્ન પ્રકારનો લાગે છે તેમાંથી મુખ્યનો ઉલ્લેખ આ શ્લોકમાં કરે છે. અથાણામાં જેમ એક સુગંધ આવે છે તે મિશ્ર એટલે "કરંભ" ગન્ધ તરીકે ઓળખાય છે. પૂતિ એટલે દુર્ગંધ અને સૌરભ્ય એટલે કેશર ચંદનની સુવાસ, शान्त એટલે મોગરો, કમલ વગેરેનો સાત્ત્વિક શાંત ગંધ અને उग्र ચંપાના પુષ્પનો કે લશુનનો

---

[1] १–प्राम्छा प्रा. पा.०

તીવ્ર ગંધ, આમ્લ એટલે ખાટી ગયેલી વસ્તુનો ખટાશ ગંધ આમ ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે. તે એક
હોવા છતાં અનન્ત થાય છે. ગુજરાતી ભાષાના વ્યાકરણમાં ગંધ-સુગંધ શબ્દ સ્ત્રીલિંગે વપરાય છે. ૪૫

भावनं ब्रह्मणः स्थानं धारणं सद्विशेषणम् ॥
सर्वसत्त्वगुणोद्भेदः पृथिवीवृत्तिलक्षणम् ॥ ४६ ॥

અન્વયાર્થ—**भावनम्** = આકાર પ્રાપ્ત કરાવવો, **ब्रह्मणः स्थानम्** = બ્રહ્મનું સ્થાન હોવું, **धारणम्** –
ધારણ કરવું, **सद्-विशेषणम्** = તત્ત્વોનો ભેદ જણાવવો, **सर्व-सत्त्व-गुण-उद्भेदः** = સર્વ પ્રાણીઓના
ગુણોને પ્રકટ કરવા, **पृथिवी-वृत्ति-लक्षणम्** = પૃથ્વીનું કાર્યથી થતું લક્ષણ છે. ૪૬

અનુવાદ—આકાર અપાવવો, બ્રહ્માનું સ્થાન હોવું, ધારણ કરવું, તત્ત્વોનો ભેદ જણા-
વવો, સર્વ પ્રાણીઓના ગુણોને પ્રકટ કરવા, પૃથ્વીનું કાર્યથી થતું લક્ષણ છે. ૪૬

તત્ત્વસુધા—'भावनं ब्रह्मणः स्थानम्' કુલ ૭ લક્ષણો આ શ્લોકમાં પૃથ્વીનાં આપ્યાં છે. ભાવન, વગેરે
પાંચમાંથી એક કાર્ય કરનાર હોવું, એ પૃથ્વીનું સામાન્ય લક્ષણ છે અને ભાવન-સ્થાન-ધારણ વગેરે પ્રત્યેક
કાર્ય કરનાર હોવું એ પૃથિવીનું વિશેષ લક્ષણ છે. આ લક્ષણોની સ્પષ્ટતા કરે છે—भावनम् સર્વ પદાર્થોને
આકાર પ્રાપ્ત કરાવવો એ પૃથ્વીનું કાર્ય છે. ब्रह्मणः-स्थानम् શબ્દબ્રહ્મના અને પરબ્રહ્મના હૃદય, કંઠ વગેરે
સ્થાન હોવું એ પૃથ્વીનું કાર્ય છે. धारणम्-સમસ્ત જગતને ધારણ કરવું પણ પૃથ્વીનું કાર્ય છે.
सद्विशेषणम् નો અર્થ થશે કે सतां विद्यमानसमस्ततत्त्वानां વિદ્યમાન સમસ્ત તત્ત્વોનો विशेषणम् ભેદ
જણાવનાર અથવા અવયવ બનેલ હોવું પૃથિવીનું લક્ષણ છે. દષ્ટાન્ત તરીકે કાષ્ઠમાં અગ્નિ પ્રકટ કરી બધાથી
ભિન્ન 'તેજરૂપે' પ્રકટ કરે છે. પોતાનામાં રહેલા રસરૂપ જલને નદી સરોવરમાં પ્રકટ કરી દેખાડે છે,
પંખા વગેરેથી વાયુને પૃથક્ બતાવે છે, પોલાણ દર્શાવી આકાશને અલગ બતાવે છે દેહમાં અહંકારને દર્શાવે
છે. આ કાર્ય પૃથિવીનું છે.

सर्व-सत्त्वगुणोद्भेदः—'સત્વ' શબ્દનો અર્થ પ્રાણી-જીવ થાય છે. બ્રહ્માથી તૃણ પર્યન્તમાં જે ભેદો છે
તે પૃથ્વીમાં જ પ્રકટ થાય છે. ૪૬

કર્ણેન્દ્રિય વગેરેનાં લક્ષણ આ અઢી શ્લોકમાં દર્શાવ્યાં છે—

नभोगुणविशेषोऽर्थो यस्य तच्छ्रोत्रमुच्यते ॥
वायोर्गुणविशेषोऽर्थो यस्य तत्स्पर्शनं विदुः ॥ ४७ ॥
तेजोगुणविशेषोऽर्थो यस्य तच्चक्षुरुच्यते ॥
अम्भोगुणविशेषोऽर्थो यस्य तद्रसनं विदुः ॥
भूमेर्गुणविशेषोऽर्थो यस्य तद् घ्राणमुच्यते ॥ ४८ ॥

અન્વયાર્થ—**नभोगुण-विशेषः** = આકાશનો વિશેષ ગુણ શબ્દ, **यस्य** = જેનો, **अर्थः** = વિષય છે,
तत् = તેને, **श्रोत्रम्** = શ્રોત્ર, **उच्यते** = કહેવાય છે. **वायोः** = વાયુનો, **गुण-विशेषः** = ખાસ ગુણ સ્પર્શ,
यस्य = જેનો, **अर्थः** = વિષય છે, **तत्** = તેને, **स्पर्शनम्** = સ્પર્શેન્દ્રિય, **विदुः** = જાણે છે, **तेज-गुण-
विशेषः** = તેજનો ખાસ ગુણરૂપ, **यस्य** = જેનો, **अर्थः** = વિષય છે, **तत्** = તેને, **चक्षुः** = ચક્ષુ, **उच्यते** =
કહેવાય છે, **अम्भः गुण-विशेषः** = જલનો વિશેષ ગુણ રસ, **यस्य** = જેનો, **अर्थः** = વિષય છે, **तत्** = તેને,

रसनम् = રસનેન્દ્રિય, **विदुः** = જાણે છે. **भूमेः** = પૃથ્વીનો, **गुण-विशेषः** = ખાસ ગુણ ગંધ, **यस्य** – જેનો, **अर्थः** = વિષય છે **तत्** = તેને, **घ्राणम्** = ઘ્રાણેન્દ્રિય, **उच्यते** = કહે છે. ૪૭, ૪૮

અનુવાદ--આકાશનો વિશેષ ગુણ શબ્દ જેનો વિષય છે તે શ્રોત્ર કહેવાય છે. વાયુનો વિશેષ ગુણ સ્પર્શ જેનો વિષય છે તે સ્પર્શેન્દ્રિય કહે છે. તેજનો વિશેષ ગુણરૂપ જેનો વિષય છે તેને ચક્ષુ કહે છે. જલનો વિશેષ ગુણ રસ જેનો વિષય છે તેને રસનેન્દ્રિય કહે છે અને ભૂમિનો વિશેષ ગુણ ગંધ જેનો વિષય છે તેને ઘ્રાણેન્દ્રિય કહે છે. ૪૭, ૪૮

તત્ત્વસુધા—नमो-गुण-विशेषः-શબ્દ તન્માત્રામાંથી આકાશ થયું. એટલે શબ્દ કારણ છે અને આકાશ કાર્ય છે. કાર્યમાં કારણ જણાય છે તેમ આકાશમાં શબ્દ જણાય છે. શબ્દ આકાશનો અસાધારણ ગુણ છે. આ પ્રકારે વાયુનો વિશેષ ગુણ સ્પર્શ, તેજનો રૂપ, જલનો રસ, અને પૃથ્વીનો ગંધ અને તે તે ગુણને વિષય કરનારી ઇન્દ્રિયોનું નામ, શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ એવી પાંચ સંજ્ઞાઓ થઈ. ૪૭, ૪૮

परस्य दृश्यते धर्मो ह्यपरस्मिन् समन्वयात् ॥
यतो विशेषो भावानां भूमावेवोपलक्ष्यते[1] ॥ ४९ ॥

અન્વયાર્થ—**परस्य** = કારણનો, **धर्मः** = ગુણ, **हि** = ખરે, **अपरस्मिन्** = કાર્યમાં, **समन्वयात्** = સારી રીતે, કારણનો સંબંધ હોવાને લીધે જ કાર્યમાં, **दृश्यते** = જોવામાં આવે છે, **यतः** = તેથી, **भावानाम्** = સર્વ દ્રવ્યોના-મહાભૂતોના, **विशेषः** = વિશેષ ગુણો, **भूमौ** = ભૂમિમાં, **एव** = જ, **उप-लक्ष्यते** = સ્પષ્ટ દેખાય છે. ૪૯

અનુવાદ--વાયુ વગેરે કાર્ય તત્ત્વોમાં આકાશ વગેરે કારણ તત્ત્વો સારી રીતે રહેલાં છે. તેથી તેમના ગુણો ઉત્તરોત્તર કાર્યોમાં જોવામાં આવે છે. પરંતુ સર્વ મહાભૂતોના વિશેષ ગુણો ભૂમિમાં સ્પષ્ટ દેખાય છે. ૪૯

તત્ત્વસુધા—परस्य दृश्यते धर्मः- આકાશ વાયુનું કારણ છે, તે પ્રમાણે વાયુ અગ્નિનું, અગ્નિ જલનું, અને જલ પૃથ્વીનું કારણ છે. આ રીતે કારણના ગુણો કાર્યમાં ક્રમે ક્રમે આવે છે. આકાશનો શબ્દ વાયુમાં, વાયુનો સ્પર્શ અને આકાશનો શબ્દ તેજમાં. અને તેજનો રૂપ અને ઉપરના બે તત્ત્વોના શબ્દ સ્પર્શ જલમાં આવ્યા. અને જલનો રસ અને ઉપરના શબ્દ, સ્પર્શ, રૂપ મળી ચાર ગુણો પૃથ્વીમાં આવ્યા અને પૃથ્વીનો ગંધ પૃથ્વીમાં રહ્યો આ રીતે પૃથ્વીમાં શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-અને ગંધ પાંચ સ્પષ્ટ દેખાય છે. ૪૯

एतान्यसंहत्य यदा महदादीनि सप्त वै ॥
काल-कर्म-गुणोपेतो जगदादिरुपाविशत् ॥ ५० ॥
ततस्तेनानुविद्धेभ्यो युक्तेभ्योऽण्डमचेतनम् ॥
उत्थितं पुरुषो यस्मादुदतिष्ठदसौ विराट् ॥ ५१ ॥

અન્વયાર્થ—**यदा** = જ્યારે, **एतानि** = આ **महत्-आदीनि** = મહત્ વગેરે, **सप्त** = સાત, **असंहत्य** = ભેગાં થયા વિના, રહેતાં હતાં ત્યારે તેમાં, **काल-कर्म गुण-उपेतः** = કાલ, કર્મ અને ગુણો સાથે, **जगद्-आदिः** = જગતના આદિ પુરુષ ભગવાને, **वै** = ખરેખર, **उप-आविशत्** = પ્રવેશ કર્યો, **ततः** = ત્યારબાદ,

---

[1] लभ्यते प्रा. पा.

तेन = તેમનાથી, **अनुबिद्धेभ्यः** = ભરપુર થયેલા અને, **युक्तेभ्यः** = ભેગાં થયેલાં તે તત્ત્વોમાંથી, **अचेत-**
नम् = અચેતન એવું આ, **अण्डम्** = જડ બ્રહ્માંડ, **उत्थितम्** = ઉત્પન્ન થયું, **यस्मात्** = જેમાંથી, **असौ** = આ
बिराट् = વિરાટ પુરુષ, **उद्‌-अतिष्ठत्** = પ્રકટ થયા. ૫૦, ૫૧

અનુવાદ—જ્યારે આ મહત્ તત્ત્વ વગેરે સાત ભેગા થયા વિના રહેલાં હતાં, ત્યારે તેમાં કાલ, કર્મ અને ગુણો સાથે ભગવાને પ્રવેશ કર્યો. ભગવાનના પ્રવેશ પછી, તેમનાથી ભરપૂર થઈ ભેગાં મળેલાં તે તત્ત્વોમાંથી જડ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. જેમાંથી તે વિરાટ પુરુષ નીકળ્યા. ૫૦–૫૧

તત્ત્વસુધા—एतान्यसंहत्य- કેવલ ચેતન વિનાનાં જડ તત્ત્વોમાંથી જગતની ઉત્પત્તિ નથી થતી. પરંતુ "ચેતનયુક્ત" સંઘાતમાંથી જ જગતની ઉત્પત્તિ થાય છે. માટે તો સંઘાતમાં આત્માની શોધ થાય છે. આ જગત કેવી રીતે ઉત્પન્ન થયું તે સમજાવતાં કહ્યું કે "મહત્તત્ત્વ, અહંકાર, અને પંચભૂત મળીને સાત તત્ત્વો જ્યારે ભેગાં નહોતાં મળ્યાં ત્યારે નિષ્ક્રિય થઈ બેઠાં હતાં. ભગવાને આ તત્ત્વોને ભેગાં કર્યા વિના પ્રવેશ કર્યો— ભગવાને પ્રવેશ કરી ભેગાં કર્યાં. આ સાત તત્ત્વોમાં કાલ એટલે પ્રાણીમાત્રનું અદૃષ્ટ અને સત્ત્વાદિ ગુણો સાથે ભગવાને પ્રવેશ કર્યો. ભગવાને પ્રવેશ કર્યો ત્યારબાદ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. વસ્ત્રના ટુકડાઓને સોય દોરાથી જેમ સાંધે તેમ ભગવાને પ્રવેશ કરી अनुविद्धेभ्यः-સાંધેલાં તે સાત તત્ત્વોમાંથી જડ બ્રહ્માંડ થયું. પુનઃ આ બ્રહ્માંડમાંથી વિરાટ પુરુષ થયા. ૫૦, ૫૧.

एतदण्डं विशेषाख्यं क्रमाद् वृद्धैर्दशोत्तरैः ॥
तोयादिभिः परिवृतं प्रधानेनावृतं[1] बहिः ॥
यत्र लोकवितानोऽयं रूपं भगवतो हरेः ।. ५२ ॥

અન્વયાર્થ:—**क्रमात्** = અનુક્રમે, **दश-उत्तरैः** = દશ દશ ઘણા, **वृद्धैः** = વધારે, **तोयादिभिः** = જલ
વગેરેથી, **परिवृतम्** = વીંટાએલું, અને, **बहिः** = બહાર, **प्रधानेन** = પ્રધાનથી, **परिवृतम्** = ઢંકાયેલું, **विशेष-**
आख्यम् = વિશેષ નામનું, **एतद्‌-अण्डम्** = આ અંડ છે, **यत्र** = જેની અંદરનો, **अयम्** = આ, **लोक-**
वितानः = લોકનો વિસ્તાર, **भगवतः हरेः** = ભગવાન હરિનું, **रूपम्** = સ્વરૂપ છે. ૫૨

અનુવાદ—અનુક્રમે, પછી પછીના દશ દશ ગણા વિસ્તારવાળા જલ વગેરેથી વીંટાએલ, તેમજ બહાર પ્રધાનથી ઢંકાએલ "વિશેષ" નામનું બ્રહ્માંડ છે જેની અંદરનો આ લોકનો વિસ્તાર ભગવાના હરિનું સ્વરૂપ છે. ૫૨

તત્ત્વસુધા—एतदण्डं विशेषाख्यम्–આ બ્રહ્માંડનું નામ છે. "વિશેષ." સ્વયં ૫૦ કરોડ યોજનના વિસ્તાર-વાળું છે. તેમાંથી એક પછી એક પહેલાંના કરતાં દશ ગણા વધારે જલ વગેરેથી સર્વ તરફ વીંટાએલ છે. બ્રહ્માંડથી દશ ગણું જલ (૧), જલથી દશ ગણો અગ્નિ (૨), અગ્નિથી દશ ગણો વાયુ (૩), વાયુથી દશ ગણું આકાશ (૪), આકાશથી દશ ગણો અહંકાર (૫), અહંકારથી દશ ગણા મહત્તત્વના આવરણથી ઘેરાએલ "વિશેષ નામનું બ્રહ્માંડ છે (૬) અને આ સર્વથી બાહર સાતમું આવિરણ પ્રકૃતિનું છે. આ વિશેષ બ્રહ્માંડ ભગવાન હરિસ્વરૂપ છે.

हिरण्मयाण्डकोशादुत्थाय सलिले शयात् ॥
तमाविश्य महादेवो बहुधा निर्बिभेदस्त्रम् ॥ ५३ ॥

૧–प्रधानेन वृतैर्बहिः प्रा. पा.

અન્વયાર્થ—**सलिलेशयात्** = જલમાં રહેલા, **हिरणमयात्** = સુવર્ણમય, **अण्ड-कोशात्** = દેહમાંથી, **उत्थाय** = ઊભા થઈ, **महादेव:** = મહાદેવે, **तम्–आविश्य** = તેમાં પ્રવેશ કરી, **बहुधा** = અનેક પ્રકારે, **खम्** = આકાશમાં, **निर्बिभेद** = છિદ્રો કર્યાં. ૫૩

અનુવાદ—જલમાં રહેલા સુવર્ણમય દેહમાંથી ઊભા થઈ મહાન દેવે તેમાં પ્રવેશ કરી આકાશમાં અનેક પ્રકારે છિદ્રો કર્યાં. ૫૩

તત્ત્વસુધા—हिरणमयाण्डकोशात् આ અંડકોશને સુવર્ણમય કહેલ છે. તે જલમાં રહેલ છે તે દેહમાંથી ભગવાન "નારાયણ" ઊભા થયા તોપણ તે દેહ નાશ ન પામ્યો. આ ભગવાને તેમાંથી ઊભા થઈ તેમાં પુનઃ પ્રવેશ કર્યો. ત્યાર બાદ સર્વત્ર રહેલા આકાશમાં ઘણાં જ છિદ્રો કર્યાં. ૫૩

निरभिद्यतास्य प्रथम मुखं वाणी ततोऽभवत् ॥
वाण्या वह्निरथो नासे प्राणोतो घ्रांण एतयोः ॥ ५४ ॥
प्राणाद् वायुरभिद्येतामक्षिणी चक्षुरेतयोः ॥
तस्मात् सूर्योऽन्वभिधेतां कर्णौ श्रोत्रं ततो दिशः ॥ ५५ ॥

અન્વયાર્થ—**प्रथमम्** = પ્રથમ, **अस्य** = આનું, **मुखम्** = મુખ, **निरभिद्यत** = ફૂટયું તેમાં, **वाणी-अभवत्** = તેમાં વાણીએ પ્રવેશ કર્યો અને, **वाण्या** = વાણી સાથે, **वह्निः** = અગ્નિએ પ્રવેશ કર્યો. **अथ** = પછી, **नासे** = બે નસકોરાં ફૂટયાં, **प्राण–उतः** = પ્રાણ તેમના સંબંધમાં આવ્યો, **एतयोः** = નાસિકાના બે છિદ્રોમાં, **घ्राणः** = ઘ્રાણ–નાક નામની ઇન્દ્રિયે પ્રવેશ કર્યો, **प्राणात्** = પ્રાણમાંથી, **वायुः** = વાયુ નીકળ્યો. **अक्षिणी** = બે આંખો, **अभिद्येताम्** = ફૂટી, **एतयोः** = આ બે આંખોમા, **चक्षुः** = ચક્ષુ ઇન્દ્રિયે પ્રવેશ કર્યો. **तस्मात्** = તેમાંથી સૂર્ય પ્રકટ થયો, **कर्णौ** = બે કાન, **अनु–अभिधेताम्** – ફૂટયા, તેમાં, **श्रोत्रम्** = કર્ણેન્દ્રિયે પ્રવેશ કર્યો, **ततः** = તેમાંથી, **दिशः** = દિશાઓ પ્રકટ થઈ. ૫૪, ૫૫

અનુવાદ—સર્વથી પ્રથમ વિરાટનું મુખ પ્રકટ થયું. તેમાં વાણી–અને વાણી સાથે અગ્નિએ પ્રવેશ કર્યો. ત્યાર બાદ બે નાસિકાનાં છિદ્રો થયાં. પ્રાણ તેમના સંબંધમાં આવ્યો. આ બંને છિદ્રોમાં ઘ્રાણ ઇંદ્રિયે પ્રવેશ કર્યો. પ્રાણમાંથી વાયુ નીકળ્યો. ત્યાર બાદ બે નેત્રગોલક થયાં. આ બંનેમાં ચક્ષુ ઇન્દ્રિયે પ્રવેશ કર્યો. તેમાંથી સૂર્ય પ્રકટ થયો. ત્યાર પછી બે કાન થયા. તેમાં શ્રોત્ર ઇન્દ્રિયે પ્રવેશ કર્યો. તેમાંથી દિશાઓ નીકળી. ૫૪, ૫૫

તત્ત્વસુધા—निरभिद्येतास्य-ક્રમશઃ આઠ શ્લોકથી બ્રહ્મના–વિરાટના ઇન્દ્રિય છિદ્રો–દેવતાઓ વગેરેનો વિનિયોગ વર્ણવે છે. તેમાં સૌથી પ્રથમ 'मुखं' મુખ બન્યું. મુખ આકૃતિનું નામ નથી પરંતુ મુખના છિદ્ર–પોલાણનું નામ છે. ત્યારબાદ "વાગ્" ઇન્દ્રિયે અને વાક્ સાથે અગ્નિએ પ્રવેશ કર્યો.

अथो नासे–હવે "અથ" અવ્યયથી ભિન્ન પ્રકારે ઉત્પત્તિ વર્ણવે છે. મુખના છિદ્ર પછી નાસિકાનાં બે છિદ્રો ફૂટયાં. તેમાં 'ઘ્રાણ' ઇન્દ્રિયે પ્રવેશ કર્યો. પુનઃ પ્રાણ સંબંધમાં આવ્યો–એમ કહેવા માટે प्राणेन उतः– એવું કહેલ છે. પ્રાણ સંબધમાં આવ્યો એટલે પ્રાણ દેવતાનો ઘ્રાણ સાથે સંબધ થયો. આ પ્રાણે બન્ને નાસિકાનાં છિદ્રોમાં પ્રવેશ કર્યો. આ પ્રાણ ઇન્દ્રિયના દેવતા નથી પરંતુ સર્વને વશ રાખનાર 'आसन्य' રૂપ મુખ્ય પ્રાણ છે. આ आसन्य પ્રાણમાંથી ઇન્દ્રિયના દેવતારૂપ વાયુ–પ્રાણ ઉત્પન્ન થયો. ભગવાને રચેલી સૃષ્ટિમાં બે

અશ્વિનીકુમારો ઇન્દ્રિયના દેવતા છે, જ્યારે ભગવાનને માટે રચેલી સૃષ્ટિમાં 'વાયુ' ઇન્દ્રિયનો દેવતા છે એટલો તફાવત છે.

આ રીતે બે નેત્રગોલક બન્યાં. આ બન્નેમાં 'ચક્ષુ' નામની એક જ ઇન્દ્રિય છે. તેનાથી સૂર્ય પ્રકટ થયો. પુનઃ બે કાન બન્યા. બન્નેમાં 'શ્રોત્ર' ઇન્દ્રિયે પ્રવેશ કર્યો. તેમાંથી દિશાઓ પ્રકટ થઈ. ૫૪, ૫૫

निर्बिभेद विराजस्त्वग् लोमश्मश्र्वादयस्ततः ॥
तत ओषधयश्चासन् शिश्नं निर्बिभिदे ततः ॥ ५६ ॥
रेतस्तस्मादाप आसन् निरभिद्येत वै गुदम् ॥
गुदादपानोऽपानाच्च मृत्युर्लोक भयङ्करः ॥ ५७ ॥

અન્વયાર્થ—विराजः = વિરાટની, **त्वक्** = ત્વચા, **निर्बिभेद** = પ્રકટી, **ततः** = તેમાં, **लोमश्मश्रु-आदयः** = રોમ-દાઢી વગેરે પ્રવેશ કર્યો, **ततः च** = તેમાંથી, **ओषधयः** = ઓષધિઓ, **आसन्** = થઈ, **ततः** = તેમાંથી, **शिश्नम्** = લિંગ, **निर्बिभिदे** = થયું, **रेतः** = વીર્યે લિંગમાં પ્રવેશ કર્યો, **ततस्मात्** = વીર્ય-માંથી, **आपः** = જલ, **आसन्** = થયું, **गुदम्** = ગુદા, **वै** = સાથે જ, **निरभिद्येत** = પ્રકટ થઈ, **गुदाद्-अपानः** = ગુદામાં અપાને પ્રવેશ કર્યો, **च** = અને, **अपानात्** = અપાનમાંથી, **लोक-भयङ्करः** = લોકોને ભય કરનાર, **मृत्युः** = મૃત્યુ થયો. ૫૬, ૫૭

અનુવાદ—પુનઃ વિરાટની 'ત્વચા' થઈ, તેમાં રોમ-દાઢી વગેરેએ પ્રવેશ કર્યો. તેમાંથી ઓષધિઓ ઉત્પન્ન થઈ. પુનઃ લિંગ પ્રકટ થયું. જેમાં વીર્યે પ્રવેશ કર્યો. વીર્યમાંથી જલ ઉત્પન્ન થયું. પુનઃ ગુદાનું દ્વાર થયું. તેમાં અપાન વાયુએ પ્રવેશ કર્યો. અને અપાનમાંથી લોકને ભય કરનાર મૃત્યુ નીકળ્યું. ૫૭

તત્ત્વસુધા—निर्बिभेद विराजस्त्वक् – આ બે શ્લોકોમાં, ત્વગિન્દ્રિય, ગુદા અને લિંગની ઉત્પત્તિ વગેરે વસ્તુઓની માહિતી આપે છે.

વિરાટની પ્રથમ ત્વચા-ફૂટી, ત્વચામાં 'રોમ' નામની ઇન્દ્રિયે પ્રવેશ કર્યો. દાઢીના વાળ અને માથાના કેશનો પણ 'રોમ'માં સમાવેશ થાય છે. લિંગ ઇન્દ્રિયનું સ્થાન છે. અને વીર્ય તેમાં ઇન્દ્રિય છે. "आप एव पुरुषाकारा भवन्ति"–જલ પુરુષતા આકારવાળાં બને છે આ વાક્યાનુસાર જલ દેવતા છે. એવો–ભાવાર્થ છે. અન્ય સૃષ્ટિમાં બ્રહ્માજીને વીર્યના દેવતા માન્યા છે. મલત્યાગના દ્વાર અને સ્થાનનું નામ ગુદા છે. તેમાં અપાન ઇન્દ્રિય છે. જ્યારે મૃત્યુ તેના દેવ છે. મૃત્યુ ભયંકર છે એમ કહેવાનું તાત્પર્ય માનવ વૈરાગ્યને વરે. વિષયો ન ભોગવે અને ભોગવીને દુઃખી ન થાય. ૫૬, ૫૭

हस्तौ च निरभिद्येतां बलं ताभ्यां ततः स्वराट् ॥
पादौ च निरभिद्येतां गतिस्ताभ्यां ततो हरिः ॥ ५८ ॥

અન્વયાર્થ—च हस्तौ = ત્યાર બાદ બે હાથ, **निरभिद्येताम्** = પ્રકટ થયા, **ताभ्याम्** = તે બન્ને હાથોની સાથે, **बलम्** = બલ પ્રકટ થયું, **ततः** = ત્યાર પછી, **स्वराट्** = ઇન્દ્ર ઉત્પન્ન થયો, **च** = પુનઃ **पादौ** = બે ચરણ, **निरभिद्येताम्** = પ્રકટ થયા, **च** = અને **ताभ्याम्** – તેમની સાથે, **गतिः** = ગતિ થઈ, **ततः** = તેમાંથી, **हरिः** = હરિ નીકળ્યા. ૫૮

અનુવાદ—ત્યાર બાદ વિરાટના બે હસ્ત પ્રકટ થયા. તે બન્ને હસ્તોથી બલ પ્રકટ થયું. ત્યાર પછી ઇન્દ્ર ઉત્પન્ન થયો. પુનઃ બે ચરણ પ્રકટયા અને તેમની સાથે ગતિ થઈ. તેમાંથી હરિ નીકળ્યા. ૫૮

તત્ત્વસુધા—हस्तौ च निरभिद्येताम्–વિરાટના જે બે હસ્ત પ્રકટ થયા તે ઇન્દ્રિયનું નિવાસસ્થાન છે. ‘बलं’ તે હસ્તમાં રહેનાર બલ ઇન્દ્રિય છે. બે હસ્ત ઉત્પન્ન થયા તે જ સમય ‘બલ’ ઇન્દ્રિય પણ ઉત્પન્ન થઈ છે આ બલમાંથી स्वराट्–એટલે ઇન્દ્ર પ્રકટયા છે જે ઇન્દ્રિયની દેવતા છે.

पादौ च–ઉપરોક્ત રીતિને અનુસરી વિરાટને બે ચરણ થયા. અને બન્ને ચરણ સાથે ‘ગતિ’ નામની ઇન્દ્રિય પણ થઈ. આ ઇન્દ્રિયના हरिः એટલે ‘વિષ્ણુ’ દેવ છે. ‘જીવનની સમસ્ત હરકત’ને હરવાનું કામ હરિનું છે. તે હરિ બે પગના અધિષ્ઠાતા દેવ છે. હરિ એટલે વિષ્ણુ. ૫૮

नाड्योऽस्य निरभिन्द्यत ताभ्यो लोहितमाभृतम्[1] ॥
नद्यस्ततः समभवन्नुदरं निरभिद्यत ॥ ५९ ॥
क्षुत्पिपासे ततः स्यातां समुद्रस्त्वेतयोरभूत् ॥
अथास्य हृदयं भिन्नं हृदयान्मन उत्थितम् ॥ ६० ॥
मनसश्चन्द्रमा जातो बुद्धिर्बुद्धेर्गिरां पतिः ॥
अहङ्कारस्ततो रुद्रश्चित्तं चैत्यस्ततोऽभवत् ॥ ६१ ॥

અન્વયાર્થ—अस्य = આ વિરાટની, **नाड्यः** = નાડીઓ, **निर् अभिद्यन्त** = પ્રકટ થઈ, **ताभ्यः** = તે નાડીઓમાંથી, **लोहितम्** = રુધિર, **आभृतम्** = ઉત્પન્ન થયું, **ततः** = તે શોણિતમાંથી, **नद्यः** = સરિતાઓ, **समभवन्** = સારી રીતે ઉત્પન્ન થઈ. **उदरम्** = વિરાટનું ઉદર, **निरभिद्यत** = પ્રકટ થયું. **क्षुत्–पिपासे** = ક્ષુધા અને તૃષા, **ततः स्याताम्** = તેમાં થયાં, **एतयोः तु** = આ બેમાંથી તો, **समुद्रः** = સમુદ્ર, **अभूत्** = થયો–આ બેમાં સમુદ્રે પ્રવેશ કર્યો. **अथ–अस्य** = ત્યાર પછી આ વિરાટનું, **हृदयम्** = હૃદય, **भिन्नम्** = પ્રકટ થયું, **हृदयात्** = હૃદયમાંથી, **मनः** = મન, **उत्थितम्** = ઉત્પન્ન થયું. **मनसः** = મનમાંથી, **चन्द्रमाः** = ચન્દ્ર, **जातः** = પ્રકટ થયા, **बुद्धिः** = બુદ્ધિ થઈ, **बुद्धेः** = બુદ્ધિમાંથી, **गिरां पतिः** = વાક્પતિ થયા, **अहंकारः** = અહંકાર ઉત્પન્ન થયો, **ततः** = તેમાંથી, **रुद्रः** = રુદ્ર પ્રકટ થયા, **चित्तम्** = ચિત્ત થયું, **ततः** = તેમાંથી, **चैत्यः** = ચૈત્ય, **अभवत्** = થયા. ૫૯–૬૧

અનુવાદ--વિરાટની નાડીઓ પ્રકટ થઈ. તેમાંથી રુધિર થયું. તેમાં નદીઓએ પ્રવેશ કર્યો–નદીઓ પ્રકટ થઈ. ઉદર–પેટ પ્રકટ થયું. તેમાં ક્ષુધા અને તૃષા પ્રકટ થયાં. આ બંનેમાં સમુદ્રે પ્રવેશ કર્યો–સમુદ્ર પ્રકટ થયો. વિરાટનું હવે હૃદય ઉત્પન્ન થયું. હૃદયમાંથી મન ઉત્પન્ન થયું. મનમાં ચન્દ્રમા પ્રકટ થયા. પછી બુદ્ધિ પ્રકટ થઇ. બુદ્ધિમાં વાક્પતિએ પ્રવેશ કર્યો. પછી અહંકાર થયો. તેમાં રુદ્ર પ્રકટયા. પછી ચિત્ત થયું. તેમાં ચૈત્ય પ્રકટ થયા. ૫૯–૬૧

તત્ત્વસુધા—नाड्योऽस्य निरभिद्यन्त–વિરાટની નાડીઓ જે થઈ તે ઇન્દ્રિયોનું નિવાસસ્થાન છે. રુધિરને

---

[1] लोहितमाश्रितम् प्रा. पा.

ઇન્દ્રિય તરીકે સ્વીકાર્યું છે आमृतम्‌નો અર્થ થાય કે નાડીઓમાં ચારે બાજુ ભરેલ રુધિર ઇન્દ્રિય છે. અથવા તેમાંથી રુધિર ઉત્પન્ન થયું એવું પણ મંતવ્ય છે.

उदरं निरभिद्यत–ઉદર જે ઉત્પન્ન થયું તે ઇન્દ્રિયનું નિવાસસ્થાન છે અને ક્ષુધા તથા તૃષા એ બે ઇન્દ્રિયો છે. સમુદ્ર તેનો દેવતા છે.

अथास्य हृदयं भिन्नम्–પુનઃ વિરાટનું હૃદય બન્યું. આ હૃદય ચાર અંતઃકરણ–ચાર ઇન્દ્રિયનું નિવાસ અને ઉત્પત્તિસ્થાન છે એક મન થયું, મનમાંથી ઉત્પન્ન થયેલ ચન્દ્ર મનના દેવતા છે. બીજી બુદ્ધિ ઇન્દ્રિય છે. વાણીના પતિ તેના દેવતા છે. અહંકાર ત્રીજી ઇન્દ્રિય છે. રુદ્ર તેના દેવતા છે. ચતુર્થ ચિત્ત ઇન્દ્રિય છે. "ચૈત્ય" જીવ તેના દેવતા છે. ૫૯–૬૧

આ શ્લોકથી અન્ય ઇન્દ્રિય દેવોથી અને ચૈત્ય–જીવનો ભેદ સમજાવશે—

एते ह्यभ्युत्थिता देवा नैवास्योत्थापनेऽशकन् ॥
पुनराविविशुः खानि तमुत्थापयितुं क्रमात् ॥ ६२ ॥

અન્વયાર્થ:—एते = આ, **हि** = ખરેખર, **अभि–उत्थिताः** = ઊભા થયેલા, **देवाः** = દેવો, **अस्य** = આ–વિરાટને, **उत्थापने** = ઉઠાવવામાં, **न–एव–अशकन्** = સમર્થ ન જ થયા ત્યારે, **तम्** = તે વિરાટને, **उत्थापयितुम्** = ઉઠાડવા માટે તેઓએ, **क्रमात्** = ક્રમાનુસાર, **खानि** = ઇન્દ્રિયોનાં છિદ્રોમાં, **पुनः** = ફરીથી **आविविशुः** = પ્રવેશ કર્યો. ૬૨

અનુવાદ–આ ઊભા થયેલા દેવો ખરેખર આ વિરાટને ઉઠાવવામાં સમર્થ ન જ થયા ત્યારે તે વિરાટને ઉઠાડવા માટે તે દેવોએ ક્રમાનુસાર ઇન્દ્રિયોનાં છિદ્રોમાં પુનઃ પ્રવેશ કર્યો. ૬૨

તત્ત્વસુધા—સ્વયં ઊભા થયેલા સર્વ દેવો વિરાટ દેહને ઉઠાડવા સમર્થ થઈ શક્યા નહીં. ત્યારે જે ચૈત્ય–જીવ શબ્દથી ઓળખાય છે તે આત્મા જ આ દેહને ઉઠાડી શકે છે. એવુ પણ નથી કે શક્તિ વિદ્યમાન હતી છતાં તે દેવો દેહને ઉઠાડતા નથી. ખરી રીતે તેમનામાં ઉઠાડવાની શક્તિ જ નથી. ૬૨

वह्निर्वाचा मुखं भेजे नोदतिष्ठत्ततो विराट् ॥
प्राणेन नासिके वायुर्नोदतिष्ठत्ततो विराट् ॥ ६३ ॥
अक्षिणी चक्षुषाऽऽदित्यो नोदतिष्ठत्ततो विराट् ॥
श्रोत्रेण कर्णौ च दिशो नोदतिष्ठत्ततो विराट् ॥ ६४ ॥
त्वचं रोमभिरोषध्यो नोदतिष्ठत्ततो विराट् ॥
रेतसा शिश्नमापस्तु नोदतिष्ठत्ततो विराट् ॥ ६५ ॥
गुदं मृत्युरपानेन नोदतिष्ठत्ततो विराट् ॥
हस्ताविन्द्रो बलेनैव नोदतिष्ठत्ततो विराट् ॥ ६६ ॥
विष्णुर्गत्यैव चरणौ नोदतिष्ठत्ततो विराट् ॥
नाडीर्नद्यो लोहितेन नोदतिष्ठत्ततो विराट् ॥ ६७ ॥

क्षुत्तृड्भ्यामुदरं सिन्धुर्नोदतिष्ठत्ततो विराट् ॥
हृदयं मनसा चन्द्रो नोदतिष्ठत्ततो विराट् ॥ ६८ ॥
बुद्ध्या ब्रह्मापि हृदयं नोदतिष्ठत्ततो विराट् ॥
रुद्रोऽभि मत्या हृदयं नोदतिष्ठत्ततो विराट् ॥ ६९ ॥

અન્વયાર્થ:—**वह्नि** = અગ્નિ, **वाचा** = વાણી સાથે, **मुखम्** = મુખમાં, **भेजे** = પ્રવેશ્યા, **ततः** = ત્યારે, **विराट्** = વિરાટ દેહ, **न-उद्-अतिष्ठत्** = ઊઠયો નહીં, **वायुः** = વાયુ, **घ्राणेन** = ઘ્રાણેન્દ્રિય સાથે, **नासिके**= નાસિકા છિદ્રોમાં પ્રવેશ્યા, **ततः विराट्** = ત્યારે વિરાટ, **न-उद्-अतिष्ठत्** = ન જાગ્યા, **आदित्यः** = આદિત્ય, **चक्षुषा** = ચક્ષુ ઇન્દ્રિયે સાથે, **अक्षिणी** = બે આંખોનો આશ્રય કરી ચૂકયા, **ततः विराट् न उद्-अतिष्ठत्**= ત્યારે વિરાટ ન ઊઠયા, **दिशः** = દિશાઓ, **श्रोत्रेण** = શ્રોત્ર ઇન્દ્રિય સાથે, **कर्णौ** = બે કર્ણનો આશ્રય લઈ ચૂકી, **नोदतिष्ठत्-ततः-विराट्** = તોપણ વિરાટ ન ઊઠયા, **ओषध्यः** = ઔષધિઓ, **रोमभिः** = રોમ સાથે, **त्वचम्** = ત્વચામાં પ્રવેશી, **ततः विराट् न उद्-अतिष्ठत्** = તોપણ વિરાટ ન ઊઠયા, **आपः** = જલો, **रेतसा** = વીર્ય સાથે, **शिश्नम्** = લિંગમાં પ્રવેશી ચૂકયાં, **ततः विराट् न उद्-अतिष्ठत्** = તોપણ વિરાટ ન જાગ્યા, **मृत्युः** = મૃત્યુએ, **अपानेन** = અપાન સાથે, **गुदम्** = ગુદાનો આશ્રય લીધો, **ततः विराट् न उद्-अतिष्ठम्** = ત્યારે વિરાટ ન જાગ્યા, **इन्द्रः** = ઇન્દ્રે, **बलेन-एव** = બલની સાથે, **हस्तौ** = બે હસ્તમાં પ્રવેશ કર્યો, **ततः विराट् न उद्-अतिष्ठत्** = ત્યારે વિરાટ ન જાગ્યા. **विष्णुः** = વિષ્ણુ, **गत्या एव** = ગતિ સાથે, **चरणौ** = બે ચરણમાં પ્રવેશ્યા, **ततः** = ત્યારે, **विराट-न-उद्-अतिष्ठत्** = વિરાટ ન જાગ્યા, **नद्यः**= નદીઓ, **लोहितेन** = રુધિર સાથે, **नाडीः** = નાડીઓમાં પ્રવેશી, **ततः विराट् न उद्-अतिष्ठत्** = વિરાટ ન જાગ્યા. **सिन्धुः** = સમુદ્ર, **क्षुध्-तृड्भ्याम्** = ક્ષુધા-તૃષા સાથે, **उदरम्** = ઉદરમાં પ્રવેશ્યા, **ततः** = ત્યારે, **विराट् न उद्-अतिष्ठत्** = વિરાટ ન જાગ્યા, **चन्द्रः** = ચન્દ્ર, **मनसा** = મન સાથે, **हृदयम्** = હૃદયમાં પ્રવેશ્યા, **विराट् न उद्-अतिष्ठत्** = ત્યારે વિરાટ ન જાગ્યા. **ब्रह्मा-अपि** = બ્રહ્માજી પણ, **बुध्या** = બુદ્ધિ સાથે, **हृदयम्** = હૃદયમાં પ્રવેશ્યા, **ततः** = ત્યારે પણ, **विराट** = વિરાટ, **न उद्-अतिष्ठत्** = જાગ્યા નહીં, **रुद्रः** = રુદ્ર, **अभिमत्या** = અહંકાર સાથે, **हृदयम्** = આશ્રય કરી બેઠા, **ततः** = તોપણ, **विराट् न उद्-अतिष्ठत्** = વિરાટ ન જાગ્યા. ૬૩-૬૯

અનુવાદ—અગ્નિએ વાણી દેવતા સાથે મુખમાં પ્રવેશ કર્યો તો પણ વિરાટ ન જાગ્યા. વાયુએ ઘ્રાણેન્દ્રિય સાથે નાસિકાનાં છિદ્રોમાં પ્રવેશ કર્યો ત્યારે વિરાટ ન જાગ્યા. આદિત્યે ચક્ષુ સાથે બે આંખોનો આશ્રય કર્યો તો પણ વિરાટ ન જાગ્યા, દિશાઓએ કર્ણેન્દ્રિય સાથે બે કર્ણનો આશ્રય લીધો તો પણ વિરાટ જાગ્યા નહીં, ઓષધીઓએ રોમ-સાથે ત્વચાનો આશ્રય કર્યો તો પણ વિરાટ જાગ્યા નહીં, જલોએ વીર્ય સાથે લિંગનો આશ્રય કર્યો ત્યારે પણ વિરાટ જાગ્યા નહીં. મૃત્યુએ અપાન સાથે ગુદામાં પ્રવેશ કર્યો ત્યારે વિરાટ જાગ્યા નહીં, ઇન્દ્રે બલ સાથે બન્ને હસ્તોનો આશ્રય કર્યો તો પણ વિરાટ જાગ્યા નહીં. વિષ્ણુએ ગતિ સાથે બંને ચરણનો આશ્રય લીધો તો પણ વિરાટ જાગ્યા નહીં, નદીઓએ રુધિર સાથે નાડીઓમાં પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટ જાગ્યા નહીં. સિન્ધુએ ક્ષુધા-તૃષા સાથે પ્રવેશ કર્યો તો પણ વિરાટ ઊઠયા નહીં, ચન્દ્રે મન સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે વિરાટ ન ઊઠયા. બ્રહ્માજીએ બુદ્ધિ સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે વિરાટ ન જાગ્યા, રુદ્રે અભિમાન સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટ જાગ્યા નહીં. ૬૩-૬૯

તત્ત્વસુધા—કુલ ૧૪ દેવતાઓ પોતાની ઇન્દ્રિયો સાથે પોતાના ગોલકમાં પ્રવેશ કરે છે. આ વાત સાંભળી એક શંકા થાય છે કે પ્રથમ દેવોના પ્રવેશનું-ઇન્દ્રિયોના પ્રવેશનું વર્ણન આવેલ છે તો આ પુનઃપ્રવેશ કેવો ? તેનું સમાધાન તે તે ઇન્દ્રિયોના ગોલકમાંથી બહાર નીકળી પુનઃ તે તે છિદ્રોનો આશ્રય કરે છે એમ સમજવું.

આવા અગ્નિ, વાયુ, આદિત્ય, દિશાઓ, ઓષધિ, આપ, મૃત્યુ, ઇન્દ્ર, વિષ્ણુ, નદીઓ, સિન્ધુ, ચન્દ્ર, બ્રહ્મા, રુદ્ર મળીને ચૌદ થયા. આમ અગ્નિથી રુદ્ર પર્યંત પ્રત્યેક દેવોએ ક્રમશઃ પ્રવેશવા છતાં વિરાટ ના ઊઠયા ત્યારે—

चित्तेन हृदयं चैत्यः क्षेत्रज्ञः प्राविशद्यदा ॥
विराट तदैव पुरुषः सलिलादुदतिष्ठत् ॥ ७० ॥

અન્વયાર્થ—**यदा** = જ્યારે, **क्षेत्रज्ञः** = ક્ષેત્રજ્ઞ, **चैत्यः** = જીવે, **चित्तेन** = ચિત્તની સાથે, **हृदयम्** = હૃદયમાં, **प्राविशत्** = પ્રવેશ કર્યો, **तदा एव** = ત્યારે જ, **विराट् पुरुषः** = વિરાટ પુરુષ, **सलिलात्** = જલમાંથી, **उद्-अतिष्ठित्** = ઊઠયા. ૭૦

અનુવાદ—જ્યારે શરીરાભિમાની ક્ષેત્રજ્ઞ જીવે ચિત્તની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો, ત્યારે જ વિરાટ પુરુષ જલમાંથી ઊભા થયા. ૭૦

તત્ત્વસુધા—चित्तेन हृदयं चैत्यः–ઉપરના ૧૪ દેવોના પ્રવેશ પછી "ચિત્ત" ઇન્દ્રિયની સાથે ક્ષેત્રજ્ઞચૈત્ય એટલા દેહના અભિમાનવાળા જીવે હૃદયમાં પ્રવેશ કર્યો, કે તરત જ "પુરુષ" એટલે ભગવાન સાથેનો દેહ જલમાંથી ઊભો થયો. ૭૦

यथा प्रसुप्तं पुरुषं प्राणेन्द्रियमनोधियः ॥
प्रभवन्ति विना येन नोत्थापयितुमोजसा ॥ ७१ ॥
तमस्मिन्प्रत्यगात्मानं धिया योगप्रवृत्तया ॥
भक्त्या विरक्त्या ज्ञानेन विविच्यात्मनि चिन्तयेत् ॥ ७२ ॥

અન્વયાર્થ—**यथा** = જેથી, **प्रसुप्तम्** = સૂતેલા, **पुरुषम्** = પુરુષને, **प्राण-इन्द्रिय-मनः-धियः** = પ્રાણ, ઇન્દ્રિયો, મન, અને બુદ્ધિ, **ओजसा** = પોતાના પ્રભાવથી, **येन-विना** = જેના વિના, **उत्थापयितुम्** = ઉઠાડવા માટે, **न प्रभवन्ति** = સમર્થ નથી થતાં, તેથી. **तम्** = તે, **प्रत्यग्-आत्मानम्** = શરીરના અભિમાનવાળા જીવને, **योग-प्रवृत्तया** = યોગથી પૂર્ણ થયેલ, **धिया** = બુદ્ધિથી, **भक्त्या** = ભક્તિથી, **विरक्त्या** = વૈરાગ્યથી, **ज्ञानेन** = અને જ્ઞાનથી, **विविच्य** = અન્યથી છૂટો પાડી, **अस्मिन्-आत्मनि** = આ દેહની અંદર, **चिन्तयेत्** = ચિંતન કરવું. ૭૧, ૭૨

અનુવાદ—જેથી સૂતેલા પુરુષને પ્રાણ-ઇન્દ્રિયો-મન અને બુદ્ધિ પોતાના પ્રભાવથી જેના વિના ઉઠાડી શકતાં નથી, તે શરીરના અભિમાનવાળા જીવને, યોગથી પૂર્ણ થયેલ બુદ્ધિથી, જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ દ્વારા છૂટો પાડી આ દેહની અંદર તેનું ચિંતન કરવું. ૭૧, ૭૨

તત્ત્વસુધા—"यथा प्रसुप्तं पुरुषम्"-પોઢેલા રાજાને કેવળ કૃપાપાત્ર પ્રિય સેવક જગાડી શકે એ રીતે વિરાટને અંદર વિરાજમાન ચૈત્ય-જીવ વિના અન્ય બુદ્ધિ-પ્રાણ-ઇન્દ્રિયાદિ નથી જગાડી શકતાં.

આ વિરાટને જગાડવા માટે प्रत्यगात्मानम्-વિરાટ દેહના અભિમાનને ધરાવતા "પ્રત્યગાત્મા-જીવનું" ઇન્દ્રિય-પ્રાણ-દેહ આદિ ભિન્ન સમજી ચિંતન કરવું. આ ચિંતનમાં બુદ્ધિ સાધન છે. પરંતુ આ બુદ્ધિ યોગથી પૂર્ણતા પામેલી જ હોવી જોઈએ. આવી નૈષ્ઠિક બુદ્ધિને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સહાય કરે છે. ૭૨

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૨૬મો અધ્યાય સમાપ્ત

વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા......

અધ્યાય ૨૭ મો

આ અધ્યાયમાં ૩૦ શ્લોક છે. ૩, ઉવાચ છે. ૨૬મા અધ્યાયમાં આત્મા દેહથી ભિન્ન છે એવું નિરૂપણ કર્યું. હવે આ અધ્યાયમાં 'આત્મા દેહથી ભિન્ન છે' તે જ્ઞાન બ્રહ્મરૂપ છે, તેનું ચિંતન કરવામાં આવે છે. આ ચિંતનમાં આત્માનું સ્વરૂપ અને આત્માને બ્રહ્મરૂપ જાણવાનાં સાધનો વર્ણવાશે વળી ભ્રમજ્ઞાન નિવૃત્ત થાય તે માટે યુક્તિઓનું પણ નિરૂપણ થશે. તેમજ 'આત્માના મોક્ષનું વર્ણન પણ આ અધ્યાયમાં થશે.

કોઈ એવી કલ્પના કરે કે "કેસૂડાના રંગમાં રંગાયેલ વસ્ત્રનો રંગ નથી જતો તેમ પ્રકૃતિમાં રહેલ આત્મા પ્રકૃતિના રંગે રંગાયેલ હોઈ તેનો મોક્ષ કેમ સંભવે"–એનું સમાધાન આ પ્રથમ શ્લોકથી આરંભે છેઃ

श्रीभगवानुवाच—प्रकृतिस्थोऽपि पुरुषो नाज्यते प्राकृतैर्गुणैः ॥
अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् ॥ १ ॥

અન્વયાર્થ—पुरुषः = પુરુષ, **अविकारात्** = વિકારરહિત હોવાથી, **अकर्तृत्वात्** = કર્તા ન હોવાથી, **निर्गुणत्वात्** = ગુણરહિત હોવાથી, **जल–अर्कवत्** = જલમાં રહેલ સૂર્યની માફક, **प्रकृतिस्थः अपि** = પ્રકૃતિમાં રહેલ છતાં, **प्राकृतैः** = પ્રકૃતિના, **गुणैः** = ગુણોથી, **न अज्यते** = લિપ્ત થતો નથી. ૧

અનુવાદ—શ્રીભગવાન બોલ્યા : પુરુષ વિકારરહિત છે, કર્તા નથી, ગુણરહિત છે, તેથી જલમાં રહેલ સૂર્યની સમાન પ્રકૃતિમાં રહેલ છતાં તે પ્રાકૃત ગુણોથી લિપ્ત થતો નથી. ૧

તત્ત્વસુધા—पुरुषः नाज्यते प्राकृतैर्गुणैः– પુરુષ પ્રકૃતિના ગુણધર્મોથી લેપાય નહીં, રંગાય નહીં. સત્ત્વ, રજ, તમ આદિ કે સુખ–દુ;ખાદિ ધર્મોથી "આત્મા–પુરુષ" લિપ્ત નથી થતો. આ વિષયથી આ શ્લોકના ઉત્તરાર્ધના ચાર હેતુઓથી સ્પષ્ટતા કરી છે.

अविकारात्– સામાન્ય નિયમ છે કે વસ્ત્ર સ્વયં વિકારવાળું છે તેથી જ તેમાં વિકારવાળા લાલ, લીલો વગેરે રંગો પ્રવેશે છે અને વસ્ત્ર રંગાય છે. જ્યારે આત્મા સદાય પ્રકૃતિમાં રહેવા છતાં તે સ્વયં "અવિકાર" છે એટલે પ્રાકૃત ધર્મો તેમાં નથી પ્રવેશી શકતા. જે પદાર્થની ઉત્પત્તિ હોય તેને જ વિકાર હોય. વસ્ત્ર ઉત્પન્ન થાય છે તેથી તેને વિકાર છે તેથી તે રંગાય છે. આત્માને ઉત્પત્તિ નથી તેથી તેને વિકાર નથી તેથી પ્રકૃતિના ગુણોથી ન લેપાય.

अकर्तृत्वात्– કર્તા પણ અજાણે ક્રિયાના રંગે રંગાઈ જાય છે. આત્મા કર્તા પણ નથી તે પણ તે ક્રિયાના રંગે રંગાતો નથી. निर्गुणत्वात्– આત્મામાં ગુણ હોય તો તે પ્રકૃતિના ગુણોથી રંગાય. એક વિદ્વાન જેમ પોતાના જેવા અન્ય સજાતીય ગુણોથી રંગાય છે તેમ પ્રકૃતિની જેવા સજાતીય ગુણો આત્મામાં નથી તેથી તે રંગાય નહીં.

આ વિષયની સ્પષ્ટતા દૃષ્ટાંતદ્વારા કરે છે કે પ્રકૃતિના ધર્મો તો આત્મામાં પ્રવેશી ન શકે પરંતુ આત્મા પ્રકૃતિમાં નિત્ય રહેવા છતાં જલમાં પ્રતિબિંબ પામેલ સૂર્યમાં વૃદ્ધિ–હ્રાસ–કંપન આ જે ગુણો પાણીમાં જોવામાં આવે છે તે સૂર્યમાં સંભવી શકતા નથી. આત્મામાં પણ તેમજ સમજવું.

હવે પ્રશ્ન ઉત્પન્ન થશે કે જો આત્મા રંગાય–લેપાય નહીં તો સંસાર કેવી રીતે સંભવે ? તેના સમાધાન માટે હવે બીજો શ્લોક શરૂ કરે છે—

स एष यर्हि प्रकृतेर्गुणेष्वभिविषज्जते ॥
अहंक्रियाविमूढात्मा कर्तास्मीत्यभिमन्यते ॥ २ ॥

અન્વયાર્થ—यर्हि = જ્યારે, **स एष** = તે આ આત્મા, **प्रकृतेः** = પ્રકૃતિના, **गुणेषु** = ગુણોમાં, **अभि-विषज्जते** = આસક્ત થાય છે, ત્યારે આ આત્મા, **अहंक्रिया-विमूढ-आत्मा** = અહંકારથી મૂઢ બનેલ અંતઃકરણવાળો, **कर्ता-अस्मि** = હું કર્તા છું, **इति** = એ પ્રમાણેનું, **अभि-मन्यते** = અભિમાન કરે છે. ૨

અનુવાદ—જ્યારે તે આ આત્મા પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે ત્યારે અહંકારથી વિમૂઢ બનેલ અંતઃકરણવાળો હું કર્તા છું એવું અભિમાન ધરાવે છે. ૨

તત્ત્વસુધા—જો આત્મા પ્રાકૃત ગુણોથી પર છે તોપણ એને સંસાર શી રીતે સંભવે ! એનો ખુલાસો આ શ્લોકને આરંભતાં કહે છે કે "ભગવાનની ઇચ્છાથી પ્રકૃતિ અને પુરુષ ભેગાં થાય છે; ત્યારબાદ પ્રકૃતિના ગુણોથી ચૈતન્યરૂપ પુરુષ-આત્મા રંગાય છે; પુનઃ ચૈતન્ય સ્વરૂપ આત્મામાં અહંકાર મૂકવાથી પુરુષને અહંકાર થાય છે; તેનાથી "મોહ" શબ્દથી ઓળખાતું જે સ્વરૂપનું વિસ્મરણ થાય છે તેનાથી "હું કર્તા" છું એવું સંસાર પદથી ઓળખાતું 'હુંપદ' આત્માને થાય છે.

તાત્પર્ય કે પ્રકૃતિના ગુણોમાં પોતે રંગાય છે ત્યારે તે સંસારી થાય છે. જો કે પ્રકૃતિના ગુણો આત્મામાં કાંઈ પણ કરવા સમર્થ નથી. પરંતુ ચેતન પુરુષ પ્રકૃતિના ગુણોને વશ કરવા તેમજ પોતાના ગુણોથી રંગવા શક્તિમાન છે.

સૂર્યના દૃષ્ટાંતથી સમજાશે. જલમાં પ્રતિબિંબિત થયેલા સૂર્યને જલ શીતલ બનાવી ન શકે પરંતુ સૂર્ય જલને તપાવી શકે છે. સૂર્ય જલનું શોષણ કરી શકે છે, તેમ આત્મા પણ પ્રકૃતિના ધર્મોથી લિપ્ત ન થઈ શકે પરંતુ "મોહ" અવસ્થાને મેળવતાં તે "કર્તા" છું એમ માને છે. ૨

જ્યારે આત્મામાં આવો મોહ ભાસે છે ત્યારે અનેક યોનિમાં તે આવે છે એ વાતનું આ શ્લોકમાં કથન છે—

तेन संसारपदवीमवशोऽभ्येत्यनिर्वृत्तः ।
प्रासङ्गिकैः कर्मदोषैः सदसन्मिश्रयोनिषु ॥ ३ ॥

અન્વયાર્થ—तेन = કર્તાપણાના અભિમાનથી, **अवशः** = પરાધીન થયેલ, **संसार-पदवीम्** = સંસારની સ્થિતિને, **अभ्येति** = પ્રાપ્ત કરી, **अनिर्वृत्तः** = તેથી સંતોષ ન પામતાં, **प्रासंगिकैः** = પ્રસંગને લીધે થતા, **कर्म-दोषैः** = કર્મના દોષોને લીધે, **सद्-असद्-मिश्र-योनिषु** = સારી, નરસી, મિશ્ર યોનિઓમાં ભમે છે.

અનુવાદ—કર્તાપણાના અભિમાનથી પરાધીન થયેલ જીવ સંસારની પદવીને પામે છે, આમ છતાં સંતોષ ન પામતાં પ્રસંગોપાત્ત થતા કર્મના દોષોને લઈને સારી, બૂરી કે મિશ્ર યોનિમાં ભમે છે. ૩

તત્ત્વસુધા—પૂર્વ શ્લોકમાં "મોહ" એટલે જીવને કર્તાપણાનું અભિમાન થયું. એથી તે કર્તા ભોગ કરનાર પણ થયો. ભોગ ભોગવવા માટે તે પરાધીન થયો. પરાધીન થતાં સંસાર ભોગવવો પડયો. સંસારથી જો તૃપ્ત થાત તો તે સંસારથી મુક્ત થાત. પરંતુ તેમ થવા ન પામ્યો. પરિણામે प्रासंगिकैः कर्मदोषैः દુષ્ટ પ્રસંગથી કર્મના દોષો ઉત્પન્ન થયા અને કર્માનુસાર સારી, બૂરી અને મિશ્ર યોનિમાં ભમવું પડયું.

આ શ્લોકમાં ધ્યાન કરવા જેવી બાબત પ્રાસંગિક શબ્દથી કહી. કર્મ જરા પણ દુષ્ટ નથી પ્રસંગથી કર્મ દૂષિત થાય છે. અન્ન જીવનનું પોષણ અને બંધારણ ઘડનાર છે. પરંતુ દુષ્ટ અન્ન જ હાનિ કરે છે. તેથી દુષ્ટાન્ન સ્વીકારનો નિષેધ છે તેમ દુષ્ટ સંગથી થતાં દૂષિત કર્મ વર્જ્ય છે. ૩

આ શ્લોકથી સંસાર મિથ્યા કેવી રીતે છે તે સમજાવે છે—

अर्थे ह्यविद्यमानेऽपि संसृतिर्न निवर्तते ।।
ध्यायतो विषयानस्य स्वप्नेऽनर्थागमो[1] यथा ।। ४ ।।

અન્વયાર્થ—**यथा** = જેમ, **अस्य** = આ સંસારના, **विषयान्** = પદાર્થોનું, **ध्यायतः** = ચિંતન કરતાં, **स्वप्ने** = સ્વપ્નમાં, **अनर्थ-आगमः** = અનર્થ દેખાય છે, તેમ **अर्थे** = પદાર્થ, **हि-अविद्यमाने-अपि** = ખરેખર નથી હોતો તોપણ, **संसृतिः** = સંસાર, **न-निवर्तते** = નથી નિવૃત્ત થતો. ૪

અનુવાદ--જેમ આ સંસારમાં પદાર્થોનું ચિંતન કરતાં સ્વપ્નમાં અનર્થ દેખાય છે, તેમ પદાર્થો ખરેખર નથી જ હોતા તો પણ સંસાર નથી મળતો. ૪

તત્ત્વસુધા—ध्यायतो विषयानस्य—આ શ્લોકે જગત અને સંસારનું પૃથક્કરણ કર્યું. જીવે સંસારના પદાર્થોનું ધ્યાન કર્યું. આ બધા પદાર્થો ભોગવવા જેવા છે એવો એને સતત ખ્યાલ કર્યો. તેથી તેના ભોગોની ઇચ્છાથી સંસાર એને લાગુ પડયો.

આ સંસાર દેહને જ છે. દેવ, જલચર કે મનુષ્ય વગેરે પ્રાણીઓના દેહ તેને મળ્યા. પરંતુ દેહનો ન આત્મા સાથે સંયોગ છે કે ન સમવાય સંબંધ છે. નિત્યનો સંયોગ ન હોય અનિત્ય પદાર્થોનો જ સંયોગ થાય. સ્વરૂપ સંબંધ પણ નથી. કેવલ 'હું કર્તા છું' એવો મિથ્યાજ્ઞાનવાળો સંબંધ થાય છે. પ્રયત્ન કરવાથી તે દૂર થાય છે. (સ્વપ્નાવસ્થામાંથી ન જાગે ત્યાં સુધી તો સ્વપ્નજન્ય ક્લેશ ભોગવવો રહ્યો જ તે પ્રકારે ભગવત્કૃપાથી સ્વરૂપજ્ઞાન ન થાય ત્યાં સુધી સંસારપીડા રહી. ૪

अत[2] एव शनैश्चित्तं प्रसक्तमसतां पथि ।।
भक्तियोगेन तीव्रेण विरक्त्या च नयेद् वशम् ।। ५ ।।

અન્વયાર્થ—**अत एव** = એટલા જ માટે, **असतां-पथि** = દુષ્ટોના માર્ગમાં, **प्रसक्तम्** = પુષ્કળ આસક્ત થયેલ, **चित्तम्** = ચિત્તને, **तीव्रेण** = તીવ્ર, **भक्तियोगेन** = ભક્તિયોગથી, **च** = અને, **विरक्त्या** = વૈરાગ્યથી, **शनैः** = ધીમે ધીમે, **वशम्** = સ્વવશ, **नयेत्** = બનાવવું. ૫

અનુવાદ—એટલા જ માટે દુષ્ટોના માર્ગમાં પુષ્કળ આસક્ત થયેલા ચિત્તને તીવ્ર ભક્તિયોગ દ્વારા અને વૈરાગ્ય દ્વારા ધીમે ધીમે સ્વાધીન કરવું. ૫

તત્ત્વસુધા-.असतां पथि—ચિત્ત અનર્થ કરનાર છે. તે દીર્ઘ સમયથી આસક્ત છે. તેને દુઃસંગ છે. ધીમે ધીમે તે ચિત્તને વૈરાગ્ય અને તીવ્ર ભક્તિયોગ દ્વારા પાછું વાળી લેવું. ભગવાનમાં પ્રીતિ અને વિષયોમાં પ્રીતિનો અભાવ એ બે ચિત્ત વશ કરવાનાં સાધન છે.

---

[1] स्वप्ने नार्थागमो प्रा. पा, [2] अतः शनैः प्रा पा

यमादिभिर्योगपथैरभ्यसेत् श्रद्धयान्वितः ॥
मयि भावेन सत्येन मत्कथाश्रवणेन च[1] ॥ ६ ॥
सर्वभूतसमत्वेन निर्वैरेण प्रसंगतः ॥
ब्रह्मचर्येण मौनेन स्वधर्मेण महीयसा[2] ॥ ७ ॥
यदृच्छयोपस्थितेन संतुष्टो मितभुङ् मुनिः ॥
विविक्तशरणः शान्तो मैत्रः करुण आत्मवान् ॥ ८ ॥
सानुबन्धे च देहेऽस्मिन् अकुर्वन्नसदाग्रहम् ॥
ज्ञानेन दृष्टतत्त्वेन प्रकृतेः पुरुषस्य च ॥ ९ ॥
निवृत्तबुध्यवस्थानो दूरीभूतान्यदर्शनः ॥
उपलभ्यात्मनात्मानं चक्षुषेवार्कमात्मदृक् ॥ १० ॥

અન્વયાર્થ—**श्रद्धया अन्वितः** = શ્રદ્ધાસમ્પન્ન બનીને, **यम-आदिभिः** = યમ નિયમ વગેરે, **योगपथैः**= યોગનાં સાધનોથી, **अभ्यसेत्** = અભ્યાસ કરે ત્યારે, **मयि भावेन** = મારામાં સ્નેહ રાખવાથી, **सत्येन** = સત્યથી, **च मत्कथा-श्रवणेन** = મારી કથાના શ્રવણથી, **सर्वभूत-समत्वेन** = પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવથી, **निर्वैरेण** = નિર્વૈર ભાવથી, **अप्रसंगतः** = સંગરહિત થવાથી, **ब्रह्मचर्येण** = બ્રહ્મચર્યથી, **मौनेन** = મૌનથી, **महीयसा** = દઢતાપૂર્ણ એવા, **स्वधर्मेण** = પોતાના ધર્મથી, **यदृच्छया** = સ્વાભાવિક રીતે-સ્વયં, **उपस्थितेन**= મળેલા-પ્રાપ્ત થયેલ પદાર્થથી, **संतुष्टः** = સંતોષ કરનાર, **मितभुक्** = મિતાહારી, **मुनिः** = મૌની-મનનશીલ, **विविक्त-शरणः** = એકાંતસેવી, **शान्तः** = શાંત, **मैत्रः** = પ્રત્યેકનો મિત્ર, **करुणः** = દયાવાન **च**=અને. **आत्मवान्** = અંતઃકરણને સ્વાધીન રાખનાર, **च** = અને, **सानुबन्धे** = સંતાન સ્વજનના સંબંધવાળા, **अस्मिन्** = આ, **देहे** = દેહમાં, **असद्-आग्रहम्** = ખોટી આસક્તિને, **अकुर्वन्** = ન રાખતાં, **प्रकृतेः** = પ્રકૃતિના, **च** = અને, **पुरुषस्य** = પુરુષના, **दृष्ट-तत्त्वेन** = થયેલ તત્ત્વદર્શનવાળા, **ज्ञानेन** = જ્ઞાનથી, **निवृत्त-बुद्धि-अवस्थानः** = બુદ્ધિની અવસ્થાઓ જેની નિવૃત્ત થયેલ છે, **दूरीभूत-अन्य-दर्शनः** = જેને અન્ય દર્શન અટકી ગયેલ છે, તે પુરુષ, **चक्षुषा** = ચક્ષુથી, **अर्कम् इव** = સૂર્યની માફક, **आत्मना** = આત્માથી, **आत्मानम्**= આત્માને, **उपलभ्य** = મેળવીને, **आत्म दृक्** = આત્મદર્શી થઈ જાય છે. ૬-૧૦

અનુવાદ--શ્રદ્ધાસમ્પન્ન બની, યમ નિયમ આદિ યોગના માર્ગો દ્વારા અભ્યાસ કરતાં, મારામાં સ્નેહ રાખવાથી, સત્યથી, મારા કથાના શ્રવણથી, પ્રાણી માત્ર પ્રત્યે સમભાવથી, નિર્વૈરભાવથી, સંગરહિત થવાથી, બ્રહ્મચર્યથી, મૌનથી, દઢતાપૂર્ણ એવા પોતાના ધર્મથી સ્વાભાવિક રીતે મળેલ પદાર્થથી સંતુષ્ટ રહેનાર, મિતાહારી, મૌની, એકાંતસેવી, શાંત, પ્રત્યેકનો મિત્ર, દયાવાન અને અન્તઃકરણને સ્વાધીન રાખનાર; તેમજ સંતાન સ્વજનના સંબંધને ધરાવતા આ દેહમાં ખોટી આસક્તિને ન રાખતાં, પ્રકૃતિના અને પુરુષના થયેલ તત્ત્વદર્શનવાળા જ્ઞાનથી, બુદ્ધિની અવસ્થાઓ જેની નિવૃત્ત થયેલ છે, જેને અન્ય દર્શન અટકી ગયેલ છે, તે પુરુષ જેમ ચક્ષુથી સૂર્યનું દર્શન કરે છે તેમ આત્માથી આત્માને મેળવીને આત્મદર્શી થઈ જાય છે. ૬-૧૦

---

[1] तु प्रा. पा.　[2] बलीयसा प्रा. पा.

તત્ત્વસુધા—પાંચમા શ્લોકમાં 'ભગવાનમાં સ્નેહ અને 'વિષયમાં વૈરાગ્ય' એવાં બે સાધનો દ્વારા ચિત્તને ધીમે ધીમે સ્વાધીન કરવાનું વિધાન કર્યું. તો હવે 'સ્નેહ અને વૈરાગ્ય' કેવી રીતે હસ્તગત કરવાં તેના સાધન તરીકે છઠ્ઠા શ્લોકથી દશમા શ્લોક સુધીનું વર્ણન કરે છે.

તેમાં પણ છઠ્ઠા શ્લોકમાં ૭ સાધન અને સાતમા શ્લોકમાં ૭ સાધનો ક્રમશઃ હવે દર્શાવે છે—

(૧) यमादिभिः–યોગમાર્ગમાં પાંચ યમ અને પાંચ નિયમ બતાવ્યા છે. આ યમ અને નિયમ સાથે બીજાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ મળીને આઠ થયાં. આ અષ્ટાંગયોગ એક સાધન થયું.

(૨) अभ्यसेत् આ સ્થાને अभ्यसेत्–अभ्यसन्–अभ्यासात् આવા ત્રણ પાઠો ટીકાઓ જોતાં દેખાય છે. તાત્પર્ય એક જ છે કે 'ચિત્તને ભગવાનમાં પરોવવું એ અભ્યાસ છે.

(૩) श्रद्धयान्वितः—યોગ આદિ માર્ગમાં અને માર્ગના સાધનોના અનુષ્ઠાનમાં અખંડ શ્રદ્ધા રાખવી.

(૪) मयि भावेन–ભગવાનમાં અપૂર્વ સ્નેહ રાખવો.

(૫) सत्येन–મન, વાણી, કાયાથી યથાર્થ સત્યનું પાલન કરવું.

(૬) मत्कथाश्रवणेन च–નિત્ય ભગવત્કથામૃતનું પાન કરવું–કરાવવું–અને સતત ભગવત્કથારસનું અનુસંધાન–સ્મરણ રાખવું. च અવ્યયથી કીર્તન સ્મરણ લઈ લેવાં. આ ત્રણ મળી એક જ સાધન સમજવું. છઠ્ઠા શ્લોકમાં ૭ સાધન કહ્યાં હવે સાતમામાં ૭ સાધનો વર્ણવે છે—

(૭) सर्वभूतसमत्वेन–કોઈ પણ પ્રાણીને પોતાના જેવા જ ભાવથી જોવા એ "સમત્વ" છે. પરિણામે તેનાં સુખદુઃખ પોતાનાં સમજી તેમને માટે વર્તન કરવું.

(૮) सानुबन्धे च देहे–દેહ અને દેહ સંબંધ ધરાવનાર કુટુંબમાં સંભાળની કાળજી રાખવી પણ અતિશય આસક્તિ ન રાખવી.

(૯) असंगतः–બીનજરૂરી અને વધુ પડતો સંસર્ગ અને મમત્વથી સર્વથા દૂર રહેવું.

(૧૦) ब्रह्मचर्येण–બ્રહ્મચર્ય અષ્ટાંગ કહ્યું છે. વિષયાસક્તિ પ્રત્યેક ક્ષણ મનના ઉપર પકડ રાખે છે માટે અષ્ટાંગ બ્રહ્મચર્ય કઠિન પડે તોપણ પાળવું.

(૧૧) मौनेन–અત્યાવશ્યક વાર્તાલાપ જ કરવો અને નામસ્મરણમાં તત્પર રહેવું.

(૧૨) स्वधर्मेण महीयसा–વર્ણધર્મ અને આશ્રમધર્મોનું દૃઢતાપૂર્ણ આચરણ કરવું. આ રીતે છઠ્ઠા સાતમા શ્લોકમાં '૧૨' સાધનો વર્ણવ્યાં છે. હવે આઠમા શ્લોક અને નવમા શ્લોકના પૂર્વાર્ધમાં મળીને કુલ નવ સાધનો દર્શાવે છે. તેમાં " यदृच्छयोपस्थितेन संतुष्टः હરિઇચ્છાથી જે અન્નાદિ મળે તેમાં સંતોષ રાખવો " એ જે ઉલ્લેખ છે તેમાં અનેક મહાત્માઓનું માનવું છે કે "સંતોષ" જ મુક્તિનું અંગ છે તેથી સંતોષ તેમજ ઉપર વર્ણવેલાં ૧૨ સાધનો પણ સ્વતંત્ર સાધન નથી પરંતુ મુક્તિના અંગ તરીકે સહકારી સાધનો છે.

હવે સંતોષ અને સંતોષ સાથે બીજાં આઠ "અંતઃસાધનો" આઠમા અને નવમાના પૂર્વાર્ધનાં વિચારીએ—

(૧) यदृच्छयोपस्थितेन सन्तोषः—દૈવઇચ્છાથી અન્ન, વસ્ત્ર, નિવાસ, આદિ કાંઈ પણ મળે તેમાં સંતોષ રાખવો. (૨) मितभुक्–હિત અને મિત ભોજન કરવું. હિત એટલે પથ્ય–માફક અને મિત એટલે પચે તેટલું. (૩) मुनिः–મનનશીલ થવું. (૪) विविक्तशरणः–એકાન્તવાસી, (૫) शान्तः- શાંત સ્વભાવ. (૬) मैत्रः–પ્રાણી માત્રનો મિત્ર, (૭) करुणः–દયાળુ, (૮) आत्मवान्–અંતઃકરણવિજય, (૯) सानुबन्धे–દેહ અને કુટુંબનું પાલન-પોષણ કરવું પણ અનાસક્ત રહેવું.

B.
39

અત્યાર સુધીમાં કુલ એકવીસ સાધન કહ્યાં. આ બધાં જ ભગવત્સ્નેહ અને વૈરાગ્યમાં ઉપયોગી છે.

ज्ञानेन दृष्टतत्त्वेन-પ્રકૃતિનું જ્ઞાન-પુરુષનું જ્ઞાન જ્યારે સિદ્ધ થાય ત્યારે निवृत्त-बुद्ध्यवस्थानः જાગૃત સ્વપ્ન આદિ બુદ્ધિની અવસ્થાઓ પણ પર બને છે, આ બુદ્ધિની અવસ્થા છે આત્માની નથી એવો નિર્ણય થાય છે. અને એના ફલરૂપ दूरीभूतान्यदर्शनः-અન્ય દર્શન સ્વયં આત્મદર્શીથી દૂર થઈ જાય છે. સર્વત્ર આત્મદર્શન જ એને થાય છે. આ દર્શનમાં દૃષ્ટાંત હેતુપૂર્વક આપે છે કે-આત્મા આત્માને કેવી રીતે જોઈ શકે ! કારણ કે એક જ આત્મા કર્તા અને કર્મ બન્ને કેવી રીતે બને ! સમાધાન કર્યું કે તેજનો એક આકાર ચક્ષુ તેજના બીજા પુંજ સૂર્યને જેમ જોઈ શકે છે તેમ ભગવાનનો અંશ જીવ આત્મા એ સર્વના આત્મા એવા ભગવાનનાં ચિહ્નવાળા આત્માને જુએ છે. ૬-૧૦

આત્માનું દર્શન થાય તે આત્માને કેવો જુએ તેના ચર્ચા આ શ્લોકમાં છે—

मुक्तलिङ्गं सदाभासमसति[1] प्रतिपद्यते ॥
सतो बन्धु मसच्चक्षुः सर्वानुस्यूतमद्वयम् ॥ ११ ॥

અન્વયાર્થ—**असति** = આ સંઘાતમાં-દેહમાં, **मुक्त-लिङ्गम्** = લિંગ રહિત, **सद्-आभासम्** = સતના આભાસરૂપ, **सतः बन्धुम्** = સતના બંધુ, **असत्-चक्षुः** = અસત્‌ના ચક્ષુરૂપ, **सर्व-अनुस्यूतम्** = સર્વમાં પરોવાએલા, **अद्वयम्** = અદ્વય એકલાને, **प्रतिपद्यते** = જાણે છે. ૧૧

અનુવાદ--આત્મદર્શન થતાં તે પોતાને આ સંઘાતમાં-દેહમાં લિંગ રહિત સતના આભાસરૂપ, સતના બંધુ, અસતના ચક્ષુરૂપ, સર્વમાં પરોવાયેલો અને એકલો એમ જાણે છે.

તત્ત્વસુધા—असति देहे-પૂર્વ શ્લોકમાં आत्मदृक् જીવ ભક્તિ વૈરાગ્ય દ્વારા 'આત્મદર્શી' બન્યો છે તે આત્માનું કેવા પ્રકારનું દર્શન કરે છે તેનું વિવેચન કરતાં ૭ વિશેષણ આપ્યાં. આ આત્મા એને દેહમાં જ દેખાય છે દેહને સાંખ્ય મતમાં-સંઘાત કહ્યો છે એ સંઘાતને असत् શબ્દથી અહીં દર્શાવેલ છે. આ દેહમાં—मुक्तलिङ्गम् આત્માને બહારનો દેહ આવરણ છે એવું 'અંતર આવરણ' પણ છે તે તેનું છૂટેલ છે એવો આત્માને દેખે છે. જ્યારે તે अन्तरावरण રહિત બને ત્યારે તેને - सदाभासम् સત્‌ના આભાસ તરીકે જુએ છે. सत् એટલે સર્વના આત્માં અને હું સૃષ્ટિ નિર્માણ કરું એવી ઇચ્છાવાળા પ્રથમ પુરુષ શ્રીહરિના આભાસ તરીકે પોતાને દેખે છે. આ सत् મૂલભૂત જીવ છે.

સંઘાત = દેહ

सतः बन्धुम्-આ મૂલભૂત આત્મા બંધુ પુત્ર ભાઈ તરીકેનું દર્શન કરે છે.

असच्चक्षुः—સૂર્યના આભાસ-પ્રતિબિંબ રૂપ ચક્ષુ જેમ પ્રકાશ કરે છે તેમજ આત્માના આભાસ અને બન્ધુરૂપ આ આત્મા असत् દેહ વગેરેનું ચક્ષુ છે.

सर्वानुस्यूतम्-પુનઃ આત્મા સર્વમાં પરોવાઈને રહેલ હોઈ તે સર્વત્ર પ્રસરેલા આત્માનો આભાસ છે. કારણ કે તે મૂલભૂત આત્માનો આભાસ છે.

अद्वयम्-તે પોતાના આત્માને ભિન્ન ભિન્ન જીવરૂપે નથી જોતો પરંતુ તે 'એકલો' છું એમ જુએ છે. દાખલા તરીકે એક આખા દર્પણમાં એક પ્રતિબિંબિત એક સૂર્ય દેખાતો, ત્યાં દર્પણના અનેક ટુકડા થતાં અનેક પ્રતિબિંબ દેખાયાં તેવું આ આત્મામાં નથી તેને તો હું જે સાંભળનાર છું તે જ હું જોઉં છું અને અનુસંધાન થતું હોવાથી તે अद्वयम् એકલો છું એમ જ જુએ છે. ૧૧

---

[1] समगति प्रा पा,

यथा जलस्थ आभासः स्थलस्थेनावदृश्यते ॥
स्वभासेन तथा[1] सूर्यो जलस्थेन दिवि स्थितः ॥ १२ ॥
एव त्रिवृदहङ्कारो भूतेन्द्रियमनोमयैः ॥
स्वाभासैर्लक्षितोऽनेन सदाभासेन सत्यदृक् ॥ १३ ॥

અન્વયાર્થ—यथा = જેમકે, **स्थलस्थेन**=ઘરની ભીંત ઉપર પડેલા સૂર્યના પ્રતિબિંબથી, **जलस्थः** = બહાર જલ-દર્પણ વગેરેમાં રહેલ, **आभासः** = આભાસ, **अवदृश्यते** = ઘરમાં રહેલા મનુષ્યથી દેખાય છે, **तथा** = તે પછી, **जलस्थेन** = જલમાં રહેલ, **स्व-भासेन** = પોતાના આભાસથી, **दिवि** = આકાશમાં, **स्थितः** = રહેલ, **सूर्यः** = સૂર્ય દેખાય છે. **एवं** = એ પ્રકારે, **भूत-इन्द्रियं-मनोमयैः** = મહાભૂત ઇન્દ્રિયો અને મનમાં પડેલા, **स्व-आभासैः** = પોતાના આભાસોથી, **त्रिवृद्** = ત્રણ વિભાગવાળો, **अहंकारः** = અહંકાર, **लक्षितः** = જણાય છે અને, **अनेन** = આ, **सद्-आभासेन** = સતના આભાસથી, **सत्य-दृक्** = સત્યનું જ્ઞાન થાય છે. ૧૨, ૧૩

અનુવાદ—જેમકે ઘરની ભીંત ઉપર પડેલા પ્રતિબિંબથી ઘર બહારના જલમાં રહેલું સૂર્યનું પ્રતિબિંબ દેખાય છે અને વળી તે જલમાં રહેલા પોતાના પ્રતિબિંબથી આકાશમાં રહેલ સૂર્ય જણાય છે. તેવી જ રીતે મહાભૂત, ઇન્દ્રિયો અને મનમાં પડેલા પોતાના આભાસોથી ત્રણ વિભાગવાળો અહંકાર દેખાય છે અને આ સતના આભાસથી સત્ય આત્માનું જ્ઞાન થાય છે. ૧૨, ૧૩

તત્ત્વસુધા—યથા-પ્રતિબિંબના દૃષ્ટાંતથી આત્માનું જ્ઞાન કેવી રીતે થયું તે **સમજાવે છે. જેમકે એક** વ્યક્તિ ઘરમાં બેઠેલ છે. તેના ઘરની બહારના જલમાં સૂર્યનું પ્રતિબિંબ પડેલ છે, જે એ વ્યક્તિએ નથી જોયું પરંતુ તે ઘરની બહારના જલમાં પ્રતિબિંબનું ઘરની ભીંત ઉપર પરાવર્તન જોયું તે ઉપરથી એણે બહારના જલમાંના સૂર્યનું પ્રતિબિંબ જાણ્યું અને બહારના જલના પ્રતિબિંબ ઉપરથી આકાશમાં રહેલ **સૂર્યને જાણ્યો. એવી જ રીતે ચક્ષુ વગેરેમાં ઉપર કહેલાં સાધનોથી જ આત્માનું પરાવર્તન થાય છે પરંતુ તે સાધન વિના અનુમાનથી તે જ્ઞાન નથી થતું.** આ રીતે ત્રણ વિભાગવાળા અહંકારમાં રહેલ **સતના** આભાસરૂપ આત્મા, મહાભૂતો, ઇન્દ્રિયો, અને મનમાં પરાવર્તન પામેલા આભાસના આભાસોથી જણાય છે **અને તે ત્રણ વિભાગવાળા અહંકારમાં રહેલા "સત"ના આભાસરૂપ સત્યદૃક્ થવાય છે એટલે જીવ બનેલા આત્માનું જ્ઞાન થાય છે.** ૧૨, ૧૩

भूतसूक्ष्मेन्द्रियमनोबुध्यादिष्विह निद्रया ॥
लीनेष्वसति यस्तत्र विनिद्रो निरहङ्क्रियः ॥ १४ ॥

અન્વયાર્થ—भूत-सूक्ष्म-इन्द्रिय-मनः-बुद्धि-आदिषु = જ્યારે મહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે, **इह** = અહીં, **निद्रया** = નિદ્રાથી, **लीनेषु** = લીન થાય છે—લય પામે છે, ત્યારે **तत्र** = ત્યાં, **असति** = અસતમાં, **विनिद्रः** = નિદ્રા રહિત, અને **निरहङ्क्रियः** = અહંકાર રહિત પ્રકાશે છે તે આત્મા જાણવો. **૧૪**

---

१. यथा प्रा. पा.

અનુવાદ--જ્યારે મહાભુતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેમાં અહીં નિદ્રાથી લય પામે છે ત્યારે ત્યાં અસતમાં નિદ્રારહિત અને અહંકાર રહિત પ્રકાશે છે તે આત્મા જાણવો. ૧૪

તત્ત્વસુધા –भूतसूक्ष्मेन्द्रियमनोबुध्यादिषु–નિદ્રામાંથી જાગૃત અવસ્થામાં જ્યારે જીવ આવે છે ત્યારે તેને દેહ સાથે આત્માનું ભાન થાય છે પરંતુ દેહથી ભિન્ન આત્માનું ભાન નથી થતું. છતાં સુષુપ્તિમાં દેહથી જુદો એકલો આત્મા પ્રકાશે છે તે વસ્તુની સમજ આપતાં કહ્યું કે—

પંચ મહાભૂતો, સૂક્ષ્મ તન્માત્રાઓ, ઇન્દ્રિયો, મન, અને બુદ્ધિ વગેરે એટલે અહંકાર વગેરે સ્વપ્ન વિનાની નિદ્રાથી લય પામે છે ત્યારે તેઓની પ્રભા વિનાના असति देहे મૂઢ દેહમાં જે તે સમયે પ્રકાશે છે તે આત્મા છે એમ માનવું. ૧૪

પૂર્વ શ્લોકમાં આત્માને અહંકાર રહિત વર્ણવ્યો. હવે આત્મા, અહંકાર નષ્ટ થતાં કેવો બને છે તે વિષય વર્ણવે છે–

मन्यमानस्तदाऽऽत्मानमनष्टो नष्टवन्मृषा ॥
नष्टेऽहङ्करणे द्रष्टा नष्टवित्त इवातुरः ॥ १५ ॥

અન્વયાર્થ—**तदा** = ત્યારે, **अहङ्करणे** = અહંકાર, **नष्टे**= નાશ પામતાં, **नष्ट-वित्तः**=નષ્ટ થયેલ ધનવાળો, **आतुरः इव** = જેમ ક્લેશયુક્ત થાય છે, તેમ **द्रष्टा** = દ્રષ્ટા, **अनष्टः** = નાશ પામેલ ન હોવા છતાં, **मृषा** = ખોટી રીતે પોતાને, **नष्टवत्** = નષ્ટ થયેલ હોય તેમ, **मन्यमानः** = માને છે. ૧૫

અનુવાદ—ત્યારે અહંકારનો નાશ થતાં નષ્ટ થયેલ ધનવાળો જેમ ક્લેશ યુક્ત થાય છે તેમ દ્રષ્ટા નાશ પામેલ ન હોવા છતાં ખોટી રીતે પોતાને નષ્ટ થયેલ હોય તેમ માને છે.

તત્ત્વસુધા—नष्टेऽहङ्करणे–અહંકાર નષ્ટ થાય ત્યારે કેવી સ્થિતિ થશે તેનું સ્પષ્ટીકરણ કરે છે. આ શ્લોકમાં દ્રષ્ટા એટલે આત્મા એવો અર્થ સમજવો.

तदा એટલે જ્યારે અહંકાર નાશ પામે છે ત્યારે આત્મા તો નાશ નથી પામેલ છતાં તે પોતાને નષ્ટ થયેલ માને છે. એક પ્રતીક લઈ સમજાવે છે કે એક વ્યક્તિને સ્વપ્ન આવ્યું એમાં એને પોતાનો મસ્તકછેદ નિહાળ્યો. હવે જો પોતે નાશ પામ્યો હોય તો પોતાના મસ્તકના નાશને ક્યાંથી જુએ. આમ છતાં તે જુએ તો છે જ માટે "કોઈ દ્રષ્ટા તો છે જ" પોતાનો નાશ નથી જ થયો, કેવળ આ એનો એક ભ્રમ છે. તે પ્રકારે "અહંકાર" નાશ પામે છે ત્યારે પોતાનો નાશ થયો નથી હોતો છતાં તેનો તેની સાથે અધ્યાસ હોવાથી પોતાનો નાશ થયેલ માને છે. દ્રવ્યનો નાશ થતાં દ્રવ્ય સાથે અધ્યાસ થતાં જીવ જેમ પોતાના નાશને સમજે છે, પરંતુ દ્રષ્ટા તો નાશ નથી પામતો, તે નિત્ય છે. ૧૫

एवं प्रत्यवमृश्याऽसावात्मानं प्रतिपद्यते ॥
साहङ्कारस्य द्रव्यस्य योऽवस्थानमनुग्रहः ॥ १६ ॥

અન્વયાર્થ—**एवं** = આ પ્રમાણે, **प्रत्यवमृश्य** = વિચાર કરીને, **असौ** = આ, **आत्मानम्** = આત્માને **प्रतिपद्यते** = જાણે છે, **साहङ्कारस्य** = અહંકાર સહિતના, **द्रव्यस्य** = દ્રવ્યનું-આત્માનું, **यः–अवस्थानम्**= પાછળથી જે સ્મરણ થાય છે તે, **अनुग्रहः** = ઉપકાર છે. ૧૬

અનુવાદ—ઉપર બતાવેલા પ્રકારથી આત્માનો વિચાર કરીને આ જ આત્મા આત્માને જાણે છે. અહંકાર સાથેના દ્રવ્ય-આત્માનું જે પાછળથી સ્મરણ થાય છે તે અનુગ્રહ છે. ૧૬

તત્ત્વસુધા—ઉપરના શ્લોકમાં કહેલા પ્રકારથી આત્મા આત્માને જાણે છે. અને અહંકારનો નાશ થાય છે એમ વર્ણવ્યું. કદાચ આ પ્રસંગમાં એવી શંકા થાય કે. સુષુપ્તિમાં "सुखमस्वाप्सम्" સુખપૂર્વક ગાઢ નિદ્રામાં હું સૂઈ રહ્યો એવો વ્યવહાર જોતાં એમ નક્કી થાય છે કે "સહંકાર આત્માનું" સ્મરણ થાય છે તો પછી અહંકાર કેવી રીતે નાશ પામ્યો !

આ શંકાનો પ્રત્યુત્તર ઉત્તરાર્ધ દ્વારા આપે છે કે साहङ्कारस्य द्रव्यस्य अवस्थानम् પાછળથી સ્મરણ થાય છે, તે સુષુપ્તિ કાલમાં નથી થતું. આજે સ્મરણ થાય છે તે અનુગ્રહ-ઉપકાર છે.

એક વાર દેવદત્તને આપણે જોયા બાદ આપણે કહ્યું આ તે જ દેવદત્ત કુંડલવાળો છે. એમાં 'કુંડલીનું" ભાન તો પાછળથી થાય છે તેમ સાહંકાર દ્રવ્ય આત્માનું 'અવસ્થાન-સ્મરણના પાછળથી થાય છે માટે અહંકાર નાશ પામેલ છે જ. ૧૬

હવે આ શ્લોકમાં એક એવી શંકા કરે છે જ્ઞાનથી મોક્ષ થવાનો નથી કારણ કે પ્રકૃતિ પુરુષને ત્યજતી નથી. બન્ને નિત્ય છે—

देवहूतिरुवाच—पुरुषं प्रकृतिर्ब्रह्मन् न विमुञ्चति कर्हिचित् ॥
अन्योन्यायाश्रयत्वाच्च नित्यत्वादनयोः प्रभो ॥ १७ ॥

અન્વયાર્થ—**देवहूतिः** = દેવહૂતિજી, **उवाच** = બોલ્યાં, **ब्रह्मन्** = હે ભગવાન, **प्रकृतिः** = પ્રકૃતિ, **पुरुषम्** = પુરુષને, **कर्हिचित्** = કોઈ પણ સમયે, **न विमुञ्चति** = છોડતી નથી, કારણ કે **अनयोः** = આ બન્નેનો, **अन्योन्य-आश्रयत्वात्** = એકબીજાનો એકબીજાને આશ્રય છે, **च** = તેમજ, **नित्यत्वात्** = બન્નેનું નિત્યપણું છે. ૧૭

અનુવાદ—શ્રી દેવહૂતિજીએ નિવેદન કર્યું કે ભગવાન કપિલ, પ્રકૃતિ પુરુષને કોઈ પણ કાળે છોડતા નથી, કારણ કે બન્નેમાં નિત્યત્વ છે અને ઉભયનો ઉભયને આશ્રય છે. ૧૭

તત્ત્વસુધા—**ब्रह्मन्**-શ્રી દેવહૂતિજી ભગવાન કપિલને પુત્ર છતાં "બ્રહ્મન્" સંબોધન કરીને એમ સૂચવે છે પ્રકૃતિ અને પુરુષના વાસ્તવિક સ્વરૂપનું આપ દર્શન કરાવો !

કારણ કે પ્રકૃતિ અને પુરુષ નિત્ય છે, બન્નેનો સંબંધ પણ નિત્ય છે. પ્રકૃતિનો સંબંધ પીડા કરનાર નથી એ તો પીડા કરનાર છે. કદાચ જ્ઞાનથી પ્રકૃતિને પીડા કરતી મટાડે છે તે કબૂલ છે પણ 'જ્ઞાન' तृतीयक्षणध्वंसप्रतियोगित्व છે. પ્રથમ ક્ષણમાં ઉત્પન્ન થાય, બીજા ક્ષણમાં જ્ઞાન પેદા કરાવે અને ત્રીજા ક્ષણમાં તો તે ચાલ્યું જાય જ્યારે તે ચાલ્યું જાય ત્યારે તો પ્રકૃતિ પુનઃ પુરુષને પીડા કરવાની જ છે.

વળી આ બન્નેને કોઈ અન્ય છૂટાં પાડી શકે તેમ નથી. કારણ કે 'अन्योन्याश्रयत्वात्' એ બન્ને એકબીજાના આશ્રય વાળાં છે. પ્રકૃતિ પુરુષમાં પ્રવેશેલી પુરુષરૂપ થાય છે અને પ્રકૃતિમાં પ્રવેશતો પુરુષ પ્રકૃતિરૂપ થાય છે આ પરિસ્થિતિમાં બન્નેને છૂટાં કેમ કરાય.

કદાચ બન્નેમાં એકનો નાશ થાય અને છૂટાં પડે એ તો સંભવ નથી કારણ કે नित्यत्वात् આ બન્નેને નિત્ય માન્યાં છે. આવી આવી શંકાના કારણથી આપ પ્રકૃતિ અને પુરુષનું રહસ્ય સમજાવો. ૧૭

यथा गन्धस्य भूमेश्च न भावो व्यतिरेकतः ॥
अपां रसस्य च यथा तथा बुद्धेः परस्य च ॥ १८ ॥

અન્વયાર્થ—**यथा** = જેમ, **गन्धस्य** = ગંધની, **च** = અને, **भूमेः** = ભૂમિથી, **च** = તેમજ, **यथा** – જેમ, **अपाम्** = જલની, **च** = અને, **रसस्य** = રસના; **व्यतिरेकतः** = એકબીજાથી ભિન્ન-જુદી, **भावः-न** = સ્થિતિ સંભવતી નથી, **तथा**=તેમ, **पुरुषस्य** =પુરુષની; **च** =અને, **बुद्धेः** =બુદ્ધિની ભિન્ન સ્થિતિ સંભવતી નથી.

અનુવાદ—જેમ ગંધની અને પૃથ્વીની ભિન્ન સ્થિતિ નથી સંભવતી, વળી જલ અને રસની પણ ભિન્ન સ્થિતિ નથી સંભવતી એ પ્રકારે પુરુષની અને બુદ્ધિની ભિન્ન સ્થિતિ સંભવતી નથી. ૧૮

તત્ત્વસુધા—यथा गन्धस्य गन्धवती पृथिवी તર્કસિદ્ધ પૃથિવીનું લક્ષણ કર્યું કે જેમાં ગંધ રહે તે ભૂમિ આધાર છે અને ગન્ધ તેમાં આશ્રિત છે. જો ગન્ધ આધારનો-પૃથ્વીનો ત્યાગ કરે તો પોતાનો જ નાશ થાય. આવું જ બીજું પણ દૃષ્ટાન્ત આપ્યું કે જલનો ગુણ રસ જલથી વિખૂટો નથી રહી શકતો. પૃથ્વીમાં કોઈ વાર સ્પષ્ટ ગંધ ન પણ જણાય જ્યારે જલનો તો રસધર્મ સ્પષ્ટ દેખાય જ છે તેથી બીજું દૃષ્ટાન્ત આપીને ઉત્તરાર્ધથી પુરવાર કરે છે કે—

तथा बुद्धे परस्य–આવી જ રીતે બુદ્ધિની અને પુરુષની ભિન્ન સ્થિતિ સંભવતી નથી. કોઈ કહેશે કે પ્રકૃતિની અને પુરુષની સ્થિતિ ભિન્ન સંભવતી નથી આ વાત કરતા હતા અને બુદ્ધિની અને પુરુષની સ્થિતિની વાત ક્યાંથી લાવ્યા ? તેનું સમાધાન છે કે બુદ્ધિ પ્રકૃતિથી થયેલી છે તેમાંથી ભિન્ન સ્થિતિ જો પુરુષની નથી સંભવતી તો પછી પ્રકૃતિ માટે પૂછવાનું રહ્યું જ ક્યાં ! ૧૮

अकतुः कर्मबन्धोऽयं पुरुषस्य यदाश्रयः ॥
गुणेषु सत्सु प्रकृतेः कैवल्यं तेष्वतः कथम् ॥ १९ ॥

અન્વયાર્થ—**अकर्तुः** = અકર્તા એવા, **पुरुषस्य** = પુરુષનો, **यः कर्मबन्धः** = આ કર્મથી થતો બંધ, **यद्–आश्रयः** = જેના આધારવાળો છે, તે **प्रकृतेः** = પ્રકૃતિના, **तेषु गुणेषु–सत्सु**= ગુણોની હાજરીમાં, **अतः**= એમનાથી **कैवल्यम्** = મોક્ષ, **कथम्** = કેવી રીતે થાય. ૧૯

અનુવાદ—કર્તૃત્વ રહિત એવા પુરુષનું કર્મથી થતું આ બંધન જેના આશ્રયવાળું છે, તે પ્રકૃતિના ગુણોની હાજરી હોય ત્યારે તેનો મોક્ષ કેવી રીતે થાય. ૧૯

તત્ત્વસુધા—अकर्तुः कर्मबन्धोऽयम्–આત્મા તો સ્વભાવથી કર્તાપણા વિનાનો છે. પ્રકૃતિનો સંબંધ થતાં તેમાં કર્તાપણું આવે છે. જ્યારે કર્તા બને ત્યારે કર્મો અનંત થાય. કર્મફલ ભોગવતાં કર્મનો વિનાશ થાય તો પણ ભોગથી બીજાં કર્મ થયા કરે એ રીતે મોક્ષ થવાનો સંભવ જ ન રહયો.

વળી આત્માનું આ સંસારરૂપ કર્મથી થતું બંધન પ્રકૃતિના સમ્બન્ધને લીધે જ થતું હોવાથી, જ્યાં સુધી પ્રકૃતિના ગુણો જ્યાં હયાતી ધરાવે ત્યાં સુધી મોક્ષ જ કેમ સંભવે. ક્ષણભર માની લઈએ કે બંધન કરનાર ગુણો જુદા છે અને મોક્ષ કરનારા ગુણો જુદા છે એમ સ્વીકારીએ તો પણ બંધન કરનાર ગુણોનું જ્યાં સુધી અસ્તિત્વ હોય ત્યાં સુધી મુક્તિ જ કેમ સંભવે ? ૧૯

क्वचित्तत्त्वाऽवमर्शेन निवृत्तं भयमुल्बणम् ॥
अनिवृत्तनिमित्तत्त्वात् पुनः प्रत्यवतिष्ठते ॥ २० ॥

અન્વયાર્થ—क्वचित् = કોઈક વખત, **तत्त्व-अवमर्शेन** = તંત્વજ્ઞાનથી, **उल्बणम्** = અસહ્ય, **भयम्** = ભય, **निवृत्तम्** = નિવૃત્ત થયેલ હોય, તે ભય, **अनिवृत्त-निमित्तत्त्वात्** = નિમિત્ત દૂર થયેલું ન હોવાથી, **पुनः**= પાછો, **प्रति-अवतिष्ठते** = આવી પડે છે. ૨૦

અનુવાદ—કોઈ સમયે તત્ત્વજ્ઞાનથી અસહ્ય ભય દૂર થયેલ હોય, પણ કારણ દૂર થયેલું ન હોવાથી ભય પાછો આવી પડે છે. ૨૦

તત્ત્વસુધા—क्वचित् શબ્દનો અર્થ ખાસ એવો કરેલ છે કોઈ પુરુષ વિશેષમાં, અથવા કોઈ વિશિષ્ટ અવસ્થામાં ઉત્પન્ન થયેલ જ્ઞાન સંસાર ભયનું આપાતતઃ નિવારણ કરે તો પણ સંસારબંધનો–'उल्बण' ભયંકર અથવા અસહ્ય ભય તો પાછો આવશે જ કારણ કે—

अनिवृत्तनिमित्तत्त्वात्–ભયનું નિમિત્ત જે 'પ્રકૃતિનો સંબંધ' છે તે તો દૂર નથી થયો એટલે ભય પાછો આવશે જ. ૨૦

ભલે જ્ઞાન ક્ષણિક છે, પ્રકૃતિનો સંબંધ પુરુષ સાથે નિત્ય છે, પ્રકૃતિ પણ નિત્ય છે, તો પણ કેટલાંક સાધનો એવાં છે કે જેનાથી પ્રકૃતિ સંબંધ નષ્ટ થાય છે અને તે સંબંધ ઉત્પન્ન નથી થતો તે સાધનો નીચેના ત્રણ શ્લોકમાં દર્શાવશે—

श्रीभगवानुवाच—अनिमित्तनिमित्तेन स्वधर्मेणामलात्मना ॥
तीव्रया मयि भक्त्या च श्रुतसम्भृतया चिरम् ॥ २१ ॥

ज्ञानेन दृष्टतत्त्वेन वैराग्येण बलीयसा ॥
तपोयुक्तेन योगेन तीव्रेणात्मसमाधिना ॥ २२ ॥

प्रकृतिः पुरुषस्येह दह्यमाना त्वहर्निशम् ॥
तिरोभवित्री शनकैरग्नेर्योनिरिवारणिः ॥ २३ ॥

અન્વયાર્થ—अनिमित्त-निमित्तेन = નિષ્કામ કર્મયોગથી, **स्वधर्मेण** = સ્વધર્મ આચરણથી, **अमल-आत्मना** = નિર્મલ અંતઃકરણથી, **चिरम्** = દીર્ઘકાલ પર્યન્તના, **श्रुत-सम्भृत्या** = શ્રવણથી પૂર્ણ બનેલી, **मयि** = મારામાં, **तीव्रया** = તીવ્ર, **भक्त्या** = ભક્તિથી, **दृष्ट-तत्त्वेन** = તત્ત્વોનો સાક્ષાત્કાર કરાવનાર, **ज्ञानेन**= જ્ઞાનથી, **बलीयसा** = દૃઢમૂલ, **वैराग्येण** = વૈરાગ્યથી, **तपःयुक्तेन** = તપના સંયોગવાળા, **योगेन** = યોગથી, **तीव्रेण** = તીવ્ર, **आत्म-समाधिना** = આત્માની સમાધિથી, **च** = અને ગુરુભક્તિથી, **पुरुषस्य** = પુરુષની, **प्रकृतिः** = પ્રકૃતિ, **इह** = અહીં, **तु** = ખરેખર, **अहर्निशम्** = રાતદિવસ, **दह्यमाना** = બળી રહેલી, **अग्नेः-योनिः** = અગ્નિને પ્રકટ કરનાર, **अरणिः इव** = અરણિ કાષ્ઠ જેમ બળે છે તેમ પ્રકૃતિ પણ, **शनकैः** = ધીમે ધીમે, **तिरोभवित्री** = તિરોધાન પામે છે. ૨૧-૨૩

અનુવાદ—નિષ્કામ કર્મથી, સ્વધર્મ અનુષ્ઠાનથી, વિશુદ્ધ અન્તઃકરણથી, દીર્ઘકાલ પર્યન્તના શ્રવણથી પરિપૂર્ણ બનેલી ભક્તિથી, તત્ત્વોનો સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાનથી, દૃઢ-

મૂલ વૈરાગ્યથી, તપઃસંયોગવાળા યોગથી, તીવ્ર એવી આંત્માની સમાધિથી, અને ગુરુભક્તિથી અહીં રાત-દિવસ બળી રહેલી પુરુષની પ્રકૃતિ, અગ્નિને ઉત્પન્ન કરનાર અરણિકાષ્ઠ જેમ અગ્નિથી બળે છે તેમ ધીરે ધીરે પ્રકૃતિ પણ ધીરે ધીરે તિરોધાન પામે છે. ૨૧-૨૩

તત્ત્વસુધા—अनिमित्त-निमित्तेन-ત્રણ શ્લોકોનું આ એક "ત્રિક" છે. બે શ્લોકોમાં ૧૦ પ્રકારનાં દૃઢ સાધનો વર્ણવે છે. જે સાધનો પ્રકૃતિના સંબંધનું સર્વથા તિરોધાન કરે છે. અને ત્રીજા શ્લોકમાં સાધનોથી નિપજતા પરિણામનું કથન કરે છે.

(૧) "अनिमित्त-निमित्तेन"-પ્રકૃતિ પુરુષના સંબંધમાં "કર્મ" જ નિમિત્ત છે. તેથી આ સ્થળે "કર્મ" માટે "निमित्त" શબ્દ વાપર્યો છે. સંપૂર્ણ વાકયનો અર્થ થશે "નિષ્કામ કર્મ," "ભગવદર્થ કર્મ" આ પ્રકારના કર્મથી પ્રકૃતિસંબંધ છૂટશે.

(૨) स्व-धर्मेण-સ્વધર્મ શબ્દથી વેદે દર્શાવેલા પોતાના વર્ણાશ્રમ ધર્મનું અનુષ્ઠાન પ્રકૃતિબંધન નિવારણ કારણ બને છે.

(૩) अमलात्मना-નિષ્કામ કર્મ અને વર્ણાશ્રમ ધર્માનુષ્ઠાનથી અન્તઃકરણ નિર્મલ બને છે તેથી પણ-પુરુષનો સંસાર નિવૃત્ત થશે.

(૪) तीव्रया भक्त्या-તીવ્ર એટલે વિઘ્નો આવે તોપણ ન હઠનારી દૃઢમૂલ ભક્તિ.

(૫) श्रुतसम्भृतया-નિત્ય સેવા અને નિત્ય કથાશ્રવણના પરિબલથી હૃદયમાં ખીચોખીચ ભરેલી ભક્તિ અથવા પરિપૂર્ણ ભક્તિ.

(૬) च-'ચ' અવ્યયથી ગુરુચરણ ભક્તિ લેવી. પ્રથમ શ્લોકમાં છ સાધન વર્ણવી બીજા શ્લોકમાં બીજા ચાર સાધનો દર્શાવે છે—

(૭) ज्ञानेन दृष्टतत्त्वेन-બધાં જ તત્ત્વોના સાક્ષાત્કારવાળું સાંખ્યના અનુભવવાળું જ્ઞાન પ્રકૃતિ તિરોધાન સાધન છે.

(૮) वैराग्येन बलीयसा-દૃષ્ટિ સામે અનંત વિષયો ઉપસ્થિત થાય તોપણ 'ચલાયમાન' ન થનારો દૃઢ વૈરાગ્ય પણ સાધન છે.

(૯) तपोयुक्तेन योगेन-યોગશાસ્ત્રમાં દર્શાવેલ અષ્ટાંગયોગ તપશ્ચર્યા સાથેનો હોય તો તે પણ સાધન છે.

(૧૦) आत्मसमाधिना-આત્માનો સાક્ષાત્કાર કરાવનાર સમાધિ પણ એક દૃઢ સાધન છે. કોઈ કુકલ્પના કરશે કે આ તો "પ્રાકૃત" સાધનો છે તેપ્રકૃતિનો નાશ કેમ કરશે? એના સમાધાન માટે ત્રીજા શ્લોકમાં દૃષ્ટાંત આપ્યું કે "અરણિકાષ્ઠ" છે તેમાંથી જ પ્રકટેલ અગ્નિ અરણિકાષ્ઠને ભસ્મ કરે છે તેમ આ સાધનો પ્રકૃતિનો નિઃસંકોચ નાશ કરશે. ૨૧-૨૩

भुक्तभोगा परित्यक्ता दृष्टदोषा च नित्यशः ॥
नेश्वरस्याशुभं धत्ते स्वे महिम्नि स्थितस्य च ॥ २४ ॥

અન્વયાર્થ—**भुक्तभोगा** = ભોગો ભોગવેલી, **परित्यक्ता** = પછી ત્યજેલી, **च** = અને, **नित्यशः** = નિરંતર, **दृष्टदोषा** = જેના દોષો જોવામાં આવેલ છે એવી તે પ્રકૃતિ, **ईश्वरस्य** = વશ રાખનાર, **च** = અને, **स्वे** = પોતાના, **महिम्नि** = મહિમામાં, **स्थितस्य** = રહેનારનું, **अशुभम्** = અશુભ, **न धत्ते** = નથી કરતી.

અનુવાદ ભોગ ભોગવીને, ત્યજી દીધેલી, વળી નિરંતર જેના દોષોને જોયેલ છે તે પ્રકૃતિ, વશ રાખવાને સમર્થ, તેમજ પોતાના મહિમામાં રહેલ પુરુષનું અશુભ કરતી નથી. ૨૪

તત્ત્વસુધા—भुक्तभोगा—પ્રકૃતિ કેમ ન પીડે, એનો નિર્ણય સમજાવતાં મહત્ત્વનાં બે કારણો દર્શાવતાં સ્પષ્ટ કર્યું છે કે ભુક્તભોગા પ્રથમ અતિશય પ્રમાણમાં ભોગવી જેથી સહજ રીતે રસહીન બની. પરિણામે વાસના ક્ષીણ થઈ ગઈ. તદુપરાંત નિત્ય ભોગવવા છતાં કોક વાર પાછી ભોગવૃત્તિ જાગી જાય એવો પણ સંભવ ન રહ્યો; કારણ કે એના નિરંતર દોષો જ વિચાર્યા છે કે આ દુઃખદાયિની છે, પીડનારી છે, એટલે સર્વથા તેના તરફ અભાવ ઉત્પન્ન થયેલ છે.

नेश्वरस्याशुभं धत्ते—જો પ્રકૃતિને પરવશ રહેનાર હોય તો પાછો જીવ તેને જ પરાધીન રહે; પરંતુ જે 'પ્રકૃતિને વશ રાખનાર છે, અને स्वे महिम्नि પોતાના સ્વરૂપમાં ગૌરવમાં નિત્ય રહેલ છે એવા પુરુષનું અનિષ્ટ કરવાનું પ્રકૃતિનું સામર્થ્ય નથી. પુરુષ પ્રકૃતિનો ગુલામ નથી. તે નિર્બળતાને ખંખેરી નાખે તો તેને તાબે રાખી શકે છે અને ત્યજી શકે છે. ૨૪

આ બે શ્લોકથી તત્ત્વવિદ્‌ને પ્રકૃતિની પીડા નથી એવું સ્પષ્ટ કરવામાં આવશે—

यथा ह्यप्रतिबुद्धस्य प्रस्वापो बह्वनर्थकृत् ॥
स एव प्रतिबुद्धस्य न वै मोहाय कल्पते ॥ २५ ॥
एवं विदिततत्त्वस्य प्रकृतिर्मयि मानसम् ॥
युञ्जतो नापकुरुत आत्मारामस्य कर्हिचित् ॥ २६ ॥

અન્વયાર્થ—हि यथा = ખરેખર જેમ, **अप्रति-बुद्धस्य** = ન જાગેલ પુરુષને, **प्रस्वापः** = નિદ્રા, **बह्वनर्थकृत्** = અતિશય અનર્થ કરનાર છે, **सः एव** = તે જ, **प्रतिबुद्धस्य** = જાગૃતને, **वै** = નિશ્ચયપૂર્વક, **मोहाय** = મોહને, **न कल्पते** = પેદા કરી શકતી નથી. **एवं** = આ જ પ્રકારે, **विदित-तत्त्वस्य**= તત્ત્વને જાણનાર, **मयि** = ભગવાનમાં, **मानसम्** = મનને, **युञ्जतः** = પરોવી રાખનાર, **आत्मारामस्य** = આત્મારામ પુરુષને, **प्रकृतिः** = પ્રકૃતિ, **कर्हिचित्** = કોઈ પણ દિવસ, **न-अपकुरुत** = પીડતી નથી. ૨૫, ૨૬

અનુવાદ—ખરેખર જેમ ન જાગેલ પુરુષને નિદ્રા-સ્વપ્ન અતિશય અનર્થ કરનાર બને છે તે જ નિદ્રા કે સ્વપ્ન જાગૃત થયેલને નિશ્ચયપૂર્વક મોહ-પીડાને પેદા કરી શકનાર નથી—આ જ પ્રકારે તત્ત્વને જાણનાર, ભગવાનમાં મનને પરોવીને રાખનાર, આત્મારામ. પુરુષને પ્રકૃતિ કોઈ પણ કાળે કલેશ આપી શકતી નથી. ૨૫, ૨૬

તત્ત્વસુધા—यथा ह्यप्रतिबुद्धस्य—આ શ્લોકમાં ઘણી જ સ્પષ્ટતાથી સમજાવે છે કે-નિદ્રામાં જ્યારે મનુષ્ય હોય ત્યારે એને અનેક સ્વપ્નો આવે છે, કેટલાંક કર્મજન્ય હોય છે, કેટલાંક વાસનાજન્ય હોય છે. આ સર્વ ભગવાનની માયાએ સરજ્યાં છે અને અસત્ય છે. પરંતુ નિદ્રાકાલમાં જ તે પીડા કરી શકે છે. જાગૃત થયા બાદ તેની વ્યથા સંભવતી નથી.

આ પ્રકારે અજ્ઞાન એક ગાઢ નિદ્રા છે અને તેથી ઉત્પન્ન થનાર સંસાર એક અનર્થકર સ્વપ્ન છે પરંતુ ત્રણ યોગ્યતા ધરાવનારને તે સંસાર સતાવી ન શકે. પ્રથમ તો—विदिततत्त्वस्य તત્ત્વને જાણનારને,

બીજું **मयि मानसं युञ्जतः**-સેવા શ્રવણ સ્મરણ આદિ દ્વારા ભગવાનમાં મન પરોવી રાખનારને, અને ત્રીજું **आत्मारामस्य**-આત્મામાં રમણ કરનારને કદી પણ સતાવશે નહીં. ૨૫, ૨૬

અધ્યાયની સમાપ્તિમાં ચાર શ્લોકથી ચાર વસ્તુઓનો નિર્દેશ કરે છે. સાધન, ફલ, ફલનું ફલત્વ અને વિઘ્નનો અભાવ એ ચાર શ્લોકથી ચર્ચશે.

यदैवमध्यात्मरतः कालेन बहुजन्मना ॥
सर्वत्र जातवैराग्य आब्रह्मभुवनान्मुनिः ॥ २७ ॥

मद्भक्तः प्रतिबुद्धार्थो मत्प्रसादेन भूयसा ॥
निःश्रेयसं स्वसंस्थानं कैवल्याख्यं मदाश्रयम् ॥ २८ ॥

प्राप्नोतीहाञ्जसा धीरः स्वदृशा छिन्नसंशयः ॥
यद् गत्वा न निवर्तेत योगी लिङ्गाद् विनिर्गमे ॥ २९ ॥

અન્વયાર્થ—यदा = જ્યારે, **एवम्** = આ રીતે, **बहुजन्मना** = અનેક જન્મવાળા, **कालेन** = સમયથી, **अध्यात्मरतः** = આત્મજ્ઞાનમાં અનુરાગવાળો, **आ ब्रह्म-भुवनात्** = બ્રહ્મલોક પર્યંતના સર્વ પદાર્થોમાં, **जात-वैराग्यः** = વૈરાગ્ય ઉત્પન્ન થયેલ, **मुनिः** = વિવેકી, **मद्-भक्तः** = મારો ભક્ત બની, **प्रतिबुद्ध अर्थः** = પુરુષાર્થને જાણી, **भूयसा** = પુષ્કળ, **मत्प्रसादेन** = મારા અનુગ્રહથી. **निःश्रेयसः** = પરમ કલ્યાણરૂપ, **कैवल्य-आख्यम्** = કૈવલ્ય નામના, **मद्-आश्रयम्** = આશ્રયવાળા, **स्वसंस्थानम्** = મારા ધામને. **इह** = આ દેહમાં, **अञ्जसा** = અનાયાસે, **प्राप्नोति** = પ્રાપ્ત કરે છે કે જે ધામમાં, **स्वदृशा** = પોતાની દૃષ્ટિથી, **छिन्न-संशयः** = સર્વ સંશયોનો નાશ થયેલ, **धीरः** = ધૈર્યસંપન્ન, **योगी** = યોગી, **लिङ्गात्** = લિંગ દેહથી, **विनिर्गमे** = વિખૂટો પડતાં-લિંગ દેહનો નાશ થતાં, **यद् गत्वा** = જે ધામમાં ગયેલ, **न निवर्त्तते** = પાછો વળતો નથી. ૨૯

અનુવાદ—જ્યારે આ પ્રકારે અનેક જન્મ પર્યન્ત આત્મજ્ઞાનમાં અનુરાગ સંપાદન કરેલ, વળી બ્રહ્મલોક પર્યન્તના સર્વ પદાર્થોમાં વૈરાગ્ય મેળવેલ વિવેકી-મારો ભક્ત બની, પુરુષાર્થને જાણી, મારા અતિશય અનુગ્રહથી, પરમ કલ્યાણરૂપ કૈવલ્ય નામના મારા આશ્રયવાળા મારા ધામને-આ દેહથી જ અનાયાસે મેળવે છે કે જે ધામમાં, પોતાની દૃષ્ટિથી સર્વ સંશયોનો નાશ કરનાર ધૈર્યસમ્પન્ન યોગી લિંગદેહ નાશ થતાં જ્યાં ગયા પછી પાછો ફરતો નથી. ૨૭-૨૯

તત્ત્વસુધા—**यदैवमध्यात्मरतः**-આ ૨૭ શ્લોકથી સાધનનું વર્ણન શરૂ કરતાં ભગવાન કપિલે માતાજીને નિવેદન કર્યું કે માતઃ! **यदैवम्**-એટલે ઉપરના શ્લોકોમાં દશ દશ પ્રકારનાં સાધનોનું અનેક જન્મમાં અનુષ્ઠાન થતાં અધ્યાત્મ જ્ઞાનમાં પ્રીતિ પ્રાપ્ત થઈ જાય છે. આ પ્રીતિની ફલ સ્વરૂપે **जातवैराग्यः**-બ્રહ્મલોક પર્યન્તના વૈભવ-સુખોમાં સહજ વૈરાગ્ય સિદ્ધ થાય છે.

ત્યાર પછી ધીમે ધીમે મારો ભક્ત બને છે. ભક્તિના ફલરૂપે "ભગવાન" એ જ પુરુષાર્થ છે. મોક્ષ-સ્વર્ગ આદિ પુરુષાર્થ નથી એવું અનુસંધાન મારી કૃપાથી પુરુષને સાંપડે છે. અને એના પરિણામ સ્વરૂપે-**अञ्जसा**-અનાયાસે આ દેહમાં જ તે ભગવાન સ્વરૂપ મોક્ષને મેળવે છે. અનાયાસ એટલે એને "બ્રહ્માંડ ભેદન"નો પ્રકાર આચરવો પડતો નથી, તેનું લિંગ શરીરથી વિશ્લેષણ-છૂટું પાડવું બને છે. ભગવદ્ધામમાં

તે જાય છે. સંશયો નિવૃત્ત થાય છે. ધૈર્ય એવામાં સહજ આવી જાય છે અને ભગવદ્ધામમાંથી એનું પુનરાવર્તન થતું નથી. ૨૭-૨૯

यदा न योगोपचितासु चेतो मायासु सिद्धस्य विषज्जतेऽङ्ग[1] ॥
अनन्यहेतुष्वथ मे गतिः स्यादात्यन्तिकी यत्र न मृत्युहासः ॥ ३० ॥

અન્વયાર્થ—यदा = જ્યારે, **सिद्धस्य** = સિદ્ધ પુરુષનું, **चेतः** = ચિત્ત, **योग-उप-चितासु** = યોગ દ્વારા સમીપમાં આવેલી, **अनन्य-हेतुषु** = અન્ય કોઈ પણ હેતુ વિનાની, **मायासु** = માયાઓમાં, **अथ न-विषज्जते** = જ્યારે સાચે જ આસક્ત નથી થતું, ત્યારે **अङ्ग** = હે અંગ, **यत्र** = જ્યાં, **मृत्यु-हासः** = મૃત્યુનો ગર્વ નથી રહેતો, એવી **मे** = મારી, **आत्यन्तिकी** = અંતિમ–પરમ ઉત્કૃષ્ટ, **गतिः** = ગતિ, **स्यात्** = તે પુરુષને પ્રાપ્ત થાય છે. ૩૦

અનુવાદ––જ્યારે સિદ્ધપુરુષનું ચિત્ત યોગ દ્વારા સમીપમાં આવેલી, અન્ય કોઇ પણ કારણ વિનાની માયાઓમાં ખરેખર આસક્ત નથી થતું ત્યારે હે અંગ, મૃત્યુનો ગર્વ રહેતો નથી એવી મારી પરમ ઉત્કૃષ્ટ ગતિ પુરુષને પ્રાપ્ત થાય છે. (ઉપજાતિવૃત્ત) ૩૦

તત્ત્વસુધા—यदा न આ શ્લોકમાં આત્યન્તિકી ગતિ મેળવતાં કેવી પરિસ્થિતિ બને છે તે વર્ણવતાં કહે છે કે યોગી જ્યારે ઉપાસના કરવા બેસે છે ત્યારે તેને યોગ ઉપાસનાના ફલ સ્વરૂપે અનેક मायासु સિદ્ધિઓ સાંપડે છે. આ સિદ્ધિઓ યોગ સિવાયના કોઈ પણ કારણ વિનાની હોય છે. આ સિદ્ધિઓમાં જ્યારે એનું મન આસક્ત ન થાય ત્યારે તે મૃત્યુને જીતી શકે છે. મૃત્યુનો ગર્વ ત્યાં રહી શકતો નથી. તેમજ તે ભગવાનના પરમ ઉત્કૃષ્ટ કૃપૈકલભ્ય ગતિને પામે છે. ૩૦

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૨૭મો અધ્યાય સમાપ્ત

---

[1] अम्ब इति प्रा. प.

નિર્બીજ યોગો ગીતાજીમાં [illegible] - [illegible] અધ્યાયોમાં કહ્યો છે. (જુઓ.)
(તત્ત્વસુધાના વાક્ય સાથે સંગતિ નથી.

અધ્યાય ૨૮ મો

આ અધ્યાયના ૪૪ શ્લોકો છે. એક "उवाच" છે. ૨૬ અનુષ્ટુપ શ્લોક છે. ૧૮ વસંતતિલકા છે. પ્રથમના ૨૫, ૨૬, ૨૭ ત્રણ અધ્યાયોમાં, ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યથી ચિત્ત ?અશુદ્ધ થઈ ભગવાનના સંબંધમાં આવે છે એવું નિરૂપણ કર્યું અને આ અઠ્ઠાવીસમા અધ્યાયમાં યોગ દ્વારા ચિત્તની શુદ્ધિનું વર્ણન કરે છે. અઠ્ઠાવીસમા અધ્યાયનો યોગ સબીજ યોગ છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનથી પરમ આનંદ પ્રાપ્ત થાય છે. એ વર્ણન ઘણું જ હૃદયંગમ આ અધ્યાયમાં છે.

श्रीभगवानुवाच—योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे ।।
मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ।। १ ।।

અન્વયાર્થ—नृप-आत्मजे = હે રાજપુત્રી ! **सबीजस्य** = બીજ સાથેના, **योगस्य** = યોગનું, **लक्षणम्** = લક્ષણ, **वक्ष्ये** = હું તમને કહીશ, **येन** = જે. **विधिना** = વિધિથી, **एव** = અવશ્ય, **मनः** = ચિત્ત, **प्रसन्नम्** = પ્રસન્ન થઈને, **सत्पथम्** = સન્માર્ગે, **याति** = જાય છે. ૧

અનુવાદ—હે રાજપુત્રી, બીજ સાથેના યોગનું લક્ષણ હું તમને કહીશ. જે યોગના વિધિથી મન પ્રસન્ન થઈને અવશ્ય સત્પથે જાય છે. ૧ .

તત્ત્વસુધા—"योगस्य लक्षणं वक्ष्ये"—અઠ્ઠાવીશમા અધ્યાયમાં ધ્યાન સાથેના યોગનું નિરૂપણ કરતાં શ્રી કપિલ ભગવાન "નિજજનની"ને नृपात्मजे સંબોધનથી ઉપદેશે છે. 'રાજકુમારી' હઠયોગ માટે યોગ્ય નથી, પરંતુ રાજયોગ માટે જ યોગ્ય છે અને હું ભક્તિપૂર્ણ ધ્યાનયોગ કહીશ એટલું સંબોધનથી જ કહી દીધું.

યોગો અનેક પ્રકારના છે. અષ્ટ સિદ્ધિઓ આપનારા, અષ્ટાદશ પ્રસિદ્ધિઓ આપનારા, સબીજ યોગો, નિર્બીજ યોગ આવા અનેક પ્રકારના છે, તે પૈકી ધ્યાન સાથેનો યોગ બે પ્રકારનો છે : એક સબીજ અને બીજો નિર્બીજ યોગ.

એકાદશ સ્કંધમાં અનેક પ્રકારના ધ્યાન સાથેના યોગનું ૧૫મા અધ્યાયથી ૩૦મા શ્લોક પર્યંત વર્ણન કર્યું છે. પરંતુ આ ધ્યાનમાં જુદા જુદા વિષયોનું ધ્યાન આવે છે. આ ધ્યાન ભગવાનમાં ચિત્ત પરોવવામાં કે ચિત્તશુદ્ધિ કરવામાં ઉપકારક ન બને.

જ્યારે ભગવાનનું ધ્યાન કરે ત્યારે જ તે સબીજ યોગ ચિત્તશુદ્ધિમાં અને ચિત્તના ભગવત્પ્રવેશમાં ઉપકારક બને છે; કારણ કે ભગવાન જ ચિત્તમાં પ્રવેશે છે એટલે ભગવાનની કૃપા તેના ઉપર થાય છે. આ # ૧ સબીજ યોગ ગીતાજીના ૬ઠ્ઠા અધ્યાયના ૨૬મા શ્લોકથી વર્ણવ્યો છે. આ માર્ગે ધ્યાન કરનારનું ચિત્ત "सत्पथम्" સન્માર્ગ સત્પથમાં જાય છે.

सत्पथ-એટલે, સત્પુરુષનો માર્ગ, આત્માનો માર્ગ, ભગવાનનો માર્ગ કે વેદમાં કહેલો માર્ગ આટલા ચાર અર્થો "સત્પથ" શબ્દના થાય છે. ૧

૨ જા શ્લોકથી ૭મા શ્લોક પર્યન્ત સબીજ યોગનાં ૨૫ સાધનોનું વર્ણન કરે છે—

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्त्तनम् ।।
दैवाल्लब्धेन संतोष आत्मविच्चरणार्चनम् ।। २ ।।

ग्राम्यधर्मनिवृत्तिश्च मोक्षधर्मरतिस्तथा ॥
मितमेध्याशनं शश्वत् विविक्तक्षेमसेवनम् ॥ ३ ॥
अहिंसा सत्यमस्तेयं यावदर्थपरिग्रहः ॥
ब्रह्मचर्यं तपः शौचं स्वाध्यायः पुरुषार्चनम् ॥ ४ ॥
मौनं सदासनजयः स्थैर्यं प्राणजयः शनैः ॥
प्रत्याहारश्चेन्द्रियाणां विषयान्मनसा हृदि ॥ ५ ॥
धिष्ण्यानामेकदेशेन मनसा प्राणधारणम् ॥
वैकुण्ठलीलाभिध्यानं समाधानं तथात्मनः ॥ ६ ॥
एतैरन्यैश्च पथिभिर्मनोदुष्टमसत्पथे ॥
बुद्ध्या युञ्जीत शनकैर्जितप्राणो ह्यतन्द्रितः ॥ ७ ॥

અન્વયાર્થ—**शक्त्या** = શક્તિ અનુસાર, **स्व-धर्म-आचरणम्** = પોતાના ધર્મનું અનુષ્ઠાન કરવું, **च** = અને, **विधर्मात्** = વિધર્મથી, **निवर्तनम्** = નિવૃત્ત થવું, **दैवात् लब्धेन** = દૈવ ઇચ્છાથી મળેલ વસ્તુથી, **संतोषः** = સંતોષ રાખવો, **आत्म-वित्** = આત્મવેત્તાનાં, **चरण-अर्चनम्** =ચરણની ચર્ચા કરવી. **ग्राम्य-धर्म-निवृत्तिः** = લૌકિક સુખકર ધર્મોથી દૂર રહેવું, **च** = અને, **मोक्षधर्म-रतिः** = મોક્ષકર ધર્મોમાં અનુરાગ કરવો, **तथा** = તેમજ, **शश्वत्** = નિરંતર, **मित-मेध्य-अशनम्** = મિતાહારી અને પવિત્રભોજી થવું, **विविक्त-क्षेम-सेवनम्** = એકાંત અને નિર્ભય સ્થાનમાં રહેવું. **अहिंसा** = અહિંસા પાળવી, **सत्यम्** = સત્યભાસી થવું, **अस्तेयम्** = ચોરી ન કરવી, **यावद्-अर्थ-परिग्रहः**= જરૂર પૂરતા જ પદાર્થોનું ગ્રહણ કરવું, **ब्रह्मचर्यम्**= બ્રહ્મચર્ય પાળવું, **तपः** = તપશ્ચર્યા કરવી, **शौचम्** = પવિત્રતા જાળવવી, **स्वाध्यायः** = વેદશાસ્ત્રનું અધ્યયન કરવું, **पुरुष-अर्चनम्** = ભગવત્સેવા કરવી, **मौनम्** = મૌનવ્રતી થવું, **सदा-आसन-जयः** = સદા આસનનો જય કરવો, **स्थैर्यम्** = સ્થિરતા રાખવી, **शनैः** = ધીમે ધીમે, **प्राणजयः** = પ્રાણનો વિજય કરવો, **च** = અને, **मनसा** = મનની સાથે, **इन्द्रियाणाम्** = ઇન્દ્રિયોનો, **विषयात्** = વિષયોમાંથી, **हृदि** = હૃદયમાં લાવી, **प्रति-आहारः** = સ્થાપન કરવું, **धिष्ण्यानाम्** = નાભિ વગેરે સ્થાનમાંના, **एकदेशेन** = એક પ્રદેશથી, **मनसा** = મનથી, **प्राणधारणम्** = પ્રાણોનું ધારણ કરવું, **वैकुण्ठ-लीला-अभि-ध्यानम्** = ભગવાનની લીલાઓનું ધ્યાન કરવું, **तथा** = વળી, **आत्मनः** = અન્તઃકરણનું, **समाधानम्** = સમાધાન કરવું. **जितप्राणः** = પ્રાણનો જય કરી, **हि** = ખરેખર, **अतन्द्रितः** = આલસ્ય ત્યજી, **असत्-पथे** = લૌકિક માર્ગમાં વિચરતા, **दुष्टम्** = દુષ્ટ, **मनः** = મનને, **एतैः** = આ, **च** = અને, **अन्यैः** = બીજા, **पथिभिः** = ઉપાયોથી, **बुद्ध्या** = બુદ્ધિ સાથે, **शनकैः** = ધીમે ધીમે, **युञ्जीत** = યોજવું. ૨-૭

અનુવાદ—શક્તિ અનુસાર સ્વધર્મનું અનુષ્ઠાન કરવું (૧), વિધર્મથી નિવૃત્ત થવું (૨), દૈવ ઇચ્છાથી મળેલ વસ્તુથી સંતોષ રાખવો (૩), આત્મવેત્તાઓનાં ચરણકમલને સેવવાં (૪), વળી લૌકિક સુખ દેનારા ધર્મોથી પાછા વળવું (૫), અને મોક્ષકર ધર્મોમાં અનુરાગ કરવો (૬), મિતાહારી થવું અને પવિત્ર ભોજન કરવું (૭), એકાન્ત અને નિર્ભય પ્રદેશમાં વસવાટ કરવો (૮), અહિંસા પાળવી (૯), સત્યવક્તા થવું (૧૦), ચોરી ન કરવી (૧૧), પ્રયોજન કરતાં વધુ સંગ્રહ ન કરવો (૧૨), અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવું (૧૩), તપશ્ચર્યા કરવી

(૧૪), शौचम्= પવિત્રતા જાળવવી (૧૫), स्वाध्यायः= વેદશાસ્ત્રનું અધ્યયન કરવું (૧૬), ભગવાનની સેવા કરવી (૧૭), મૌન રાખવું (૧૮), નિરંતર આસન વિજય મેળવવો—એકાસને સ્થિર થવું (૧૯), સ્થિરતા મેળવવી (૨૦), ધીમે ધીમે પ્રાણ વિજય કરવો (૨૧), મન સાથે ઇન્દ્રિયોને વિષય પ્રદેશમાંથી પાછી વાળી હૃદયમાં સ્થાપવી (૨૨), નાભિ વગેરે સ્થાનોમાંના એક પ્રદેશમાં મનથી પ્રાણોને ધારણ કરવા (૨૩), વૈકુંઠનાથની લીલાઓનું નિરંતર ધ્યાન કરવું (૨૪), અન્તઃકરણનું સમાધાન કરવું (૨૫), પ્રાણનો જય કરી, આલસ્યનો ત્યાગ કરી, લૌકિક સુખ દેશોમાં વિચરતા દુષ્ટ મનને આ અને આવા અન્ય ઉપાયોથી બુદ્ધિ સાથે ધીમે ધીમે જોડી દેવું. ૩-૭

તત્ત્વસુધા—(૧) स्वधर्माचरणं शक्त्या–કુલ ૭ શ્લોકો દ્વારા સબીજ યોગનું અનુષ્ઠાન કરતાં પૂર્વમાં ૨૫ સાધનોનું ક્રમથી સૂચન કરે છે. તેમાં પ્રથમ બીજા શ્લોકમાં ‘ચાર’ સાધનોનો ઉલ્લેખ કરે છે. ‘स्वधर्म’ શબ્દથી વર્ણધર્મ અને આશ્રમ ધર્મનો નિર્દેશ કર્યો છે. વર્ણાશ્રમધર્મ, વિશ્વના સંઘર્ષને–વિશ્વની અવ્યવસ્થાને રોકનારા છે તેમજ વિશ્વની આજીવિકાના પ્રશ્નને ઉકેલનારા છે. જ્યારે આજીવિકા અટવાય ત્યારે જ સંઘર્ષ થાય છે.

(૨) विधर्मात् निवर्तनम् च–‘વિધર્મ’ શબ્દનો અર્થ વ્યાસજીએ સપ્તમમાં કહ્યો છે કે ‘ધર્મનો બાધ’ કરે તે વિધર્મ કહેવાય. ગૃહસ્થ પરમહંસનો ધર્મ ન પાળી શકે. બ્રહ્મચારી ગૃહસ્થના ધર્મોથી ન જીવી શકે. પ્રત્યેક વ્યક્તિનાં નિયત થયેલાં કર્તવ્યો પ્રત્યેક આચરે.

(૩) दैवाल्लब्धेन संतोषः–કાર્યપરાયણ રહેતાં જીવનમાં જે સ્વાભાવિક રીતે અને હરિઇચ્છાથી તન, ધન, સ્વજન, સુખસામગ્રી મળે તેમાં સંતોષ રાખવો. અન્યથા અન્યનું અતિશય જોતાં આપણે વધુ ન પામ્યા હોઈએ તો બળવાનું થાય કે અસૂયા થાય જે શાંતિ ન મળવા દે.

(૪) आत्मविच्चरणार्चनम्–આત્મવિત્ એટલે હૃદયની પ્રસન્નતા અને મનની સમતુલા પામેલા પુરુષોની સેવા સાન્નિધ્ય રાખવાં.

(૫) ग्राम्यधर्मनिवृत्तिः–વિષયસુખ અને લૌકિક સુખમાંથી વિવેકપૂર્વક પાછા વળવું.

(૬) मोक्षधर्मरतिः–અહિંસા, સત્ય આ સર્વ મોક્ષ એટલે “સ્વાનન્દ”પ્રાપ્તિનાં સાધન ધર્મો છે તેનું પ્રેમથી સંપાદન કરવું.

(૭) मितमेध्याशनम्–મિત એટલે શરીરના પોષણ જેટલું એટલે નહિ ઓછું કે નહીં વધારે, મેધ્ય એટલે “પવિત્ર, પરિશ્રમ શુદ્ધ, પ્રભુનિવેદિત” એવું ભોજન કરવું.

(૮) विविक्त-क्षेम-सेवनम्–એકાન્ત અને નિર્ભય પ્રદેશનું સેવન કરવું.

(૯) अहिंसा–મન, વાણી અને ક્રિયાથી કોઈ પણ પ્રાણીને કષ્ટ ન પહોંચાડવું એ અહિંસાનું સ્વરૂપ છે. “હું નથી લેતો, હું ભિક્ષા નથી માગતો” એ જાતનો નિયમ જગતમાં પ્રસિદ્ધ કરેલો એ પણ એક પ્રકારે હિંસા છે. કારણ કે આવી પ્રસિદ્ધિથી લોકો એને બમણું આપી જાય અને બીજાને ન આપે તેની વૃત્તિ પડી ભાંગે, અને લેનારની લોકો નિંદા કરે એટલે આ પણ એક ભગવત્પ્રાપ્તિમાં બાધક હિંસા છે.

(૧૦) सत्यम्–જેવું જાણ્યું જોયું તે જ વદવું.

(૧૧) अस्तेयम्–અન્યની વસ્તુ લઈ લેવી નહીં.

(૧૨) यावदर्थपरिग्रहः–પ્રયોજન પૂરતા જ પદાર્થોનું ગ્રહણ કરવું.

(૧૩) ब्रह्मचर्यम्–અષ્ટાંગ સંયમ પાળવો.

(૧૪) तपः-દેહની શુદ્ધિ થાય તેવું તપશ્ચરણ કરવું.

(૧૫) शौचम्-અંદર અને બહારની શુદ્ધિ સાચવનારાં સાધનો આચરવાં.

(૧૬) स्वाध्यायः-વેદોનું અધ્યયન કરવું.

(૧૭) पुरुषार्चनम्-ભગવાનની સેવા કરવી.

(૧૮) मौनम्-આવશ્યક અને સત્ય બોલવું.

(૧૯) सदासनजयः-આસન ઉપર વિજય મેળવવો.

(૨૦) स्थैर्यम्-મનની સ્થિરતા રાખવી.

(૨૧)-शनैः प्राणजयः-ધીમે ધીમે પ્રાણાયામ કરી પ્રાણજય કરવો.

(૨૨) प्रत्याहारश्चेन्द्रियाणां मनसा हृदि च-મનના સહકારથી ઇન્દ્રિયોને પાછી વાળી તેના ઉપર વિજય મેળવી હૃદયમાં રાખવી.

(૨૩) धिष्ण्यानामेकदेशेन मनसा प्राणधारणम्-આ વાક્યમાં एकदेशेन-એ ત્રીજી વિભક્તિ સપ્તમીના અર્થમાં લીધી છે, એક દેશમાં મન સાથે પ્રાણોને ધારણ કરવા એવો અર્થ થાય છે.

(૨૪) वैकुण्ठलीलाऽभिध्यानम्-વૈકુંઠનાથ ભગવાનની લીલાઓનું ધ્યાન કરવું.

(૨૫) समाधानं तथात्मनः-અંતઃકરણનું સમાધાન.

एतैरन्यैश्च-આ અને આવા અનેક માર્ગોથી દુષ્ટ મનને બુદ્ધિ સાથે યોજવું. પરંતુ ધીમે ધીમે અને પ્રેમથી પ્રયોગ કરવો. ૩-૭

યોગાભ્યાસ માટે કેવા આસને અને સ્થાને બેસવું તે ચર્ચા આરંભે છે—

शुचौ देशे प्रतिष्ठाप्य विजितासन आसनम् ॥
तस्मिन् स्वस्तिकमासीन ऋजुकायः समभ्यसेत् ॥ ८ ॥

અન્વયાર્થ—**विजित-आसनः** = આસન ઉપર વિજય મેળવી ચૂકેલા સાધકે, **शुचौ** = પવિત્ર, **देशे**= પ્રદેશમાં, **आसनम्** = આસનને, **प्रतिष्ठाप्य** = વ્યવસ્થિત ગોઠવીને, **तस्मिन्** = તે આસન ઉપર, **ऋजुकायः**= કાયાને સીધી રાખીને, **स्वस्तिकम्** = સ્વસ્તિક આસનથી, **आसीनः** = બેઠેલ-બેસીને, **सम्-अभ्यसेत्** = યોગાભ્યાસ કરવો. ૮

અનુવાદ—આસન ઉપર વિજય મેળવી ચૂકેલા સાધકે, પવિત્ર પ્રદેશમાં આસન ગોઠવી. તે આસન ઉપર શરીરયષ્ટિને સીધી રાખીને સ્વસ્તિકાસને બેસી યોગાભ્યાસ કરવો. ૮

તત્ત્વસુધા—शुचौ देशे-યોગાભ્યાસ માટે માર્ગદર્શન આપતાં દેશ, આસન, બેઠક અને દેહયષ્ટિનો પ્રકાર આ ચાર વસ્તુનો ઉલ્લેખ કરે છે. આવો યોગ પણ અનેક જન્મ પર્યન્ત થોડે થોડે અંશે સાધનો કરતાં મન-ઇન્દ્રિય-પ્રાણ અને દેહ યોગાભ્યાસ માટે તત્પર બને ત્યારે જ યોગનો અભ્યાસ આચરવો—

આ અભ્યાસમાં પ્રથમ સ્થાનની શાંતિની પવિત્રતા અને નિર્ભયતા જોઈએ. ખાસ કરીને કેશ-કીટ અને અસ્થિ, ન હોય તે સ્થાનમાં જોવું જોઈએ. તેમાં પણ શ્રી ગંગા, યમુના કે ચન્દ્રભાગા આદિ તીર્થ હોય તો જ પવિત્રતા મનાય.

आसनम्-દર્ભ, મૃગચર્મ અને વલ્કલ એવા ત્રણ પ્રકારનું જ આસન વૈજ્ઞાનિક દષ્ટિએ યોગાભ્યાસ માટે અનુકૂલ માન્યું છે, (plastic etc.)

विजितासनः–યોગાભ્યાસ કરતાં પ્રથમ તો ૮૪ આસન્ શીખી લેવાં તદ્ઉપરાંત તેનો અભ્યાસ કરી તેના ઉપર પ્રભુત્વ મેળવવું.

ऋजुकायः–પ્રાણનું સંચરણ વ્યવસ્થિત થઈ શકે; ઉદરનો ભાગ દબાઈ ન જાય તે માટે તદ્દન સીધા છતાં શરીરે કોમળ થઈ બેસવું.

स्वस्तिकासनमासीनः–સ્વસ્તિક આસને પદ્માસને અથવા સિદ્ધાસને બેસવું. સ્વસ્તિકનું લક્ષણ છે કે " ऊरू जंघान्तराधाय पादाग्रे जानुमध्यमे । योगिनो यदवस्थानं स्वस्तिकं तद् विदुर्बुधाः ॥ ઊરુને બન્ને જાંઘાની વચમાં લાવી, પાદના અગ્ર ભાગને જાનુના મધ્યમાં રાખીને બેસવું એ સ્વસ્તિક આસન છે. આ પ્રકારના આસને બેસીને યોગાભ્યાસ કરવો. ૮

પ્રાણાયામનો પ્રકાર વર્ણવે છે—

प्राणस्य शोधयेन्मार्गं पूरकुम्भकरेचकैः ॥
प्रतिकूलेन वा चित्तं यथा स्थिरमचञ्चलम् ॥ ९ ॥

અન્વયાર્થ—**पूर-कुम्भक-रेचकैः** = પૂરક, કુંભક અને રેચકથી, **वा** = અથવા, **प्रतिकूलेन** = ઊલટી રીતથી, **यथा** = જે પ્રકારે, **चित्तम्** = ચિત્ત, **स्थिरम्** = સ્થિર અને, **अचञ्चलम्** = ચંચલતા વિનાનું બને તે રીતે, **प्राणस्य** = પ્રાણના, **मार्गम्** = માર્ગને, **शोधयेत्** = શુદ્ધ કરવો. ૯

અનુવાદ— પૂરક, કુંભક અને રેચકના ક્રમથી અથવા ઊલટા ક્રમથી પરંતુ જે રીતે ચિત્ત ચંચલતા ત્યજે અને સ્થિર બને એ પ્રકારે પ્રાણના માર્ગને શુદ્ધ કરવો. ૯

તત્ત્વસુધા—प्राणस्य मार्गं शोधयेत्–પ્રાણવાયુના માર્ગની શુદ્ધિ કર્યા પછી જ પ્રત્યાહારમાં જઈ શકાય. આ માટે પ્રાણાયામનો પ્રકાર સમજાવે છે. पूर એટલે જમણા નાસિકાછિદ્રને બંધ રાખી ડાબા નાસિકાછિદ્રથી એક મંત્રની સંખ્યા મનમાં ગણતાં વાયુને અંદર પૂરવો અથવા ડાબા નાક–છિદ્રને બંધ રાખી જમણા છિદ્રથી પૂરવો એ પૂરકનો પ્રકાર થયો.

પુનઃ વામ કે દક્ષિણ જે છિદ્રથી પ્રાણને પૂર્યો હોય તે છિદ્ર પણ બંધ કરી લેવું. જેટલી મંત્રસંખ્યામાં પ્રાણને પૂર્યો હોય તેટલી મંત્રસંખ્યા સુધી પ્રાણને બન્ને નાસિકાછિદ્ર બંધ રાખીને રોકી રાખવો. પુનઃ જે છિદ્રથી પ્રાણને પૂર્યો હોય તેથી બીજા છિદ્ર દ્વારા પ્રાણવાયુને ધીરે ધીરે બહાર છોડો. પ્રાણને બહાર છોડવાની પણ અવધિ પૂરવાના અને રોકવાના મંત્રસંખ્યાના માપની જ હોવી જોઈએ. આ ત્રણ ક્રિયાનું નામ ક્રમે પૂરક, કુંભક અને રેચક કહેવાય છે.

प्रतिकूलेन–ઉપર જે ક્રમ દર્શાવ્યો તેનાથી વિપરીત ક્રમ રેચક, કુંભક અને પૂરકનો પણ લઈ શકાય છે અને કેવલ કુંભક પણ કરી શકાય છે. અભ્યાસ અને અનુભવથી જે પ્રકાર સુખકર લાગે તે કરવો. પ્રાણાયામ કરતાં તે સહજ જ આવી જાય છે. પરંતુ પ્રાણશુદ્ધિ માટે ગોમૂત્રાદિપાન ન કરતાં દેહશુદ્ધિ માટે ગોમૂત્રપાન યોગ્ય છે. પ્રાણાયામ જ પ્રાણશુદ્ધિનું સાધન છે. ૯

પ્રાણાયામનું પરિણામ આ શ્લોકથી જણાવે છે—

मनोऽचिरात् स्याद् विरजं जितश्वासस्य योगिनः ॥
वाय्वग्निभ्यां यथा लोहं ध्मातं त्यजति वै मलम् ॥ १० ॥

અન્વયાર્થ—वायु-अग्निभ्याम् = વાયુ અને અગ્નિ દ્વારા, **ध्मातम्** = ધમેલું, **लोहम्** = લોહ વગેરે ધાતુ, **यथा** = જે રીતે, **मलम्** = મેલને, **त्यजति** = છોતી દે છે, **वै** = સાચે જ તે પ્રકારે, **जितश्वासस्य** = પ્રાણવાયુ ઉપર વિજય મેળવનાર, **योगिनः** = યોગીનું, **मनः** = મન, **अचिरात्** = વિના વિલંબે, **विरजम्** = નિર્મલ **स्यात्** = થાય છે. ૧૦

અનુવાદ--વાયુ અને અગ્નિ દ્વારા ધમેલી લોહ વગેરે ધાતુ જેમ મેલને છોડી દે છે તે જ પ્રકારે પ્રાણ ઉપર વિજય મેળવનાર યોગીનું મન વિના વિલંબે નિર્મલ થાય છે. ૧૦

તત્ત્વસુધા—वाय्वग्निभ्याम्-લોહમાં અને અન્ય ધાતુઓમાં પૃથ્વી આદિનો જે ભાગ હોય છે જ્યારે સુવર્ણકાર તે ધાતુને ભટ્ઠીમાં નાખી ધમે છે અને તપાવે છે ત્યારે તે વાયુ અને અગ્નિના સહયોગથી સર્વથા શુદ્ધ બની જાય છે. તે પ્રકારે પ્રાણાયામ કરવાથી અવશ્ય યોગીનું ચિત્ત રજોગુણ, તમોગુણ આદિના મળથી વિમુક્ત બની વિશુદ્ધ થઈ જાય છે. ૧૦

આ શ્લોકથી પ્રાણાયામ, ધારણા વગેરેમાં કાર્યો દર્શાવ્યાં છે—

प्राणायामैर्दहेद् दोषान् धारणाभिश्च किल्बिषान् ॥
प्रत्याहारेण संसर्गान् ध्यानेनानीश्वरान् गुणान् ॥ ११ ॥

અન્વયાર્થ—प्राणायामैः = પ્રાણાયામો દ્વારા, **दोषान्** = દોષોને, **दहेत्** = બાળવા, **धारणाभिः** = ધારણાઓ દ્વારા, **किल्बिषान्** = પાપોને બાળવાં, **प्रत्याहारेण** = પ્રત્યાહારથી, **संसर्गान्** = સંસર્ગજન્ય દોષોને બાળવા, **च** = અને, **ध्यानेन** = અને ધ્યાનદ્વારા, **अनीश्वरान्** = સંસાર સંપાદન કરાવનાર, **गुणान्** = ગુણોને બાળવા. ૧૧

અનુવાદ--પ્રાણાયામો દ્વારા દોષોને બાળવા, ધારણાથી પાપોને બાળવાં, પ્રત્યાહારથી સંસર્ગ દોષોને બાળવા અને ધ્યાન દ્વારા સંસર્ગજન્ય દોષોને બાળવા. ૧૧

તત્ત્વસુધા—ત્રણ પ્રકારનો દર્શાવેલ પ્રાણાયામ વાત, પિત્ત, કફ આદિ દોષોને બાળે છે. કામ-ક્રોધાદિના આ વાત-પિત્તાદિ જનક છે. કામાદિ દોષો પણ એક પ્રકારના રોગો છે, તે પ્રાણાયામથી દૂર કરી શકાય છે.

धारणाभिश्च किल्बिषान्-ધારણા એટલે ભગવાનનાં શ્રીવિગ્રહોનું ચિંતન. આ ચિંતનથી થતા અને પાપમૂલ વાસનાનો દાહ થઈ જાય છે. प्रत्याहारेण-ઇન્દ્રિયોને વિષયમાંથી પાછા વાળવાના કાર્યનું નામ પ્રત્યાહાર છે. આ પ્રત્યાહારથી ઇન્દ્રિયોના વિષય સંસર્ગજન્ય દોષોનું નિવારણ થાય છે.

ध्यानेन-ધ્યાન દ્વારા અનીશ્વર-પણું એટલે અજ્ઞાનથી ઉત્પન્ન થનાર અહંકાર આદિ ગુણોનું નિવારણ થાય છે. રાગદ્વેષ આદિ પણ "અનીશ્વર" ધર્મો છે. ધ્યાનથી તે સર્વ દૂર થાય છે, કારણ કે ધ્યાન દ્વારા ઈશ્વર ધર્મોનો આવિર્ભાવ થાય છે. ૧૧

ધ્યાનની સૂચના આ શ્લોકમાં આપે છે—

यदा मनः स्वं विरजं योगेन सुसमाहितम् ॥
काष्ठां भगवतो ध्यायेत् स्वनासाग्रावलोकनः ॥ १२ ॥

અન્વયાર્થ—**यदा** = જ્યારે, **स्वम्** = પોતાનું, **मनः** = મન, **विरजम्** = શુદ્ધ થાય અને, **योगेन** = યોગમાર્ગથી, **सु-समाहितम्** = સારી રીતે સ્થિર થાય, ત્યારે-**स्व-नासा-अग्र-अवलोकनः** = પોતાની નાસિકાના, અગ્રભાગ ઉપર નજર રાખી, **भगवतः** = ભગવાનની, **काष्ठाम्** = પ્રદેશનું, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૧૨

અનુવાદ—જ્યારે પોતાનું મન શુદ્ધ થાય અને યોગમાર્ગથી યોગ્ય રીતે સ્થિર થાય, ત્યારે પોતાની નાસિકાના અગ્રભાગ ઉપર નજર રાખી ભગવાનના પ્રદેશનું ધ્યાન કરવું. ૧૨

તત્ત્વસુધા—यदा मनः शुद्धम्-યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહાર દ્વારા જ્યારે મન શુદ્ધ તેમજ સ્થિર બને ત્યારે દૃષ્ટિને નાસિકાના અગ્રભાગ ઉપર રાખવી. જો નેત્ર બંધ થશે તો નિદ્રા આવશે અને નેત્ર ખુલ્લાં હશે તો બહિર્મુખતા વધશે માટે "નાસિકાના ટેરવે" દૃષ્ટિ રાખતાં એકાગ્રતા સિદ્ધ થશે. નાકના ટેરવે નજર રાખવાથી પણ ધ્યાન भगवतः काष्टाम्-ભગવાનના વૈકુંઠ લોકનું કરવાનું. કારણ કે काष्टा-નો અર્થ પ્રદેશ થાય છે. કાષ્ઠાનો અર્થ ભગવાનની મૂર્તિ-ભગવાનનું સ્વરૂપ પણ થાય. ૧૨

< ૧૩ થી ૧૬ શ્લોક પર્યન્ત ભગવાનન સ્વરૂપનું વર્ણન કરે છે—

શ્લોક ૨૩ થી ૩૩
અધ્ 3|33|23.
માતા દેવહૂતિ આજ
આગે સ્વરૂપ ધરે છે

प्रसन्नवदनाम्भोजं पद्मगर्भारुणेक्षणम् ॥
नीलोत्पलदलश्यामं शंखचक्रगदाधरम् ॥ १३ ॥
लसत्पङ्कजकिञ्जल्कपीतकौशेयवाससम् ॥
श्रीवत्सवक्षसं भ्राजत् कौस्तुभामुक्तकन्धरम् ॥ १४ ॥

અન્વયાર્થ—**प्रसन्न-वदन-अम्भोजम्** = પ્રસન્ન મુખકમલવાળા, **पद्म-गर्भ-अरुण-ईक्षणम्** = કમળના મધ્ય ભાગ જેવા રક્તવર્ણાં નેત્રવાળા. **नील-उत्पल-दल-श्यामम्** = નીલકમલ દલ સમાન શ્યામ સુંદર, **शंख-चक्र-गदाधरम्** = શંખ, ચક્ર અને ગદાને ધારણ કરતા, **लसत्-पङ्कज-किञ्जल्क-पीत-कौशेय-वाससम्** = દેદીપ્યમાન કમલના કેશર સમાન પીત રેશમી વસ્ત્ર-પીતાંબરને ધારણ કરતા, **श्री वत्स-वक्षसम्** = વક્ષસ્થલમાં શ્રી વત્સચિહ્નને ધારણ કરતા, **भ्राजत्-कौस्तुभ-अमुक्त-कन्धरम्** = કાંતિપૂર્ણ કૌસ્તુભમણિને કંઠમાં ધારણ કરતા. ૧૩, ૧૪

અનુવાદ—પ્રસન્ન મુખારવિંદવાળા, કમલના મધ્ય ભાગ સમાન લાલવર્ણાં લોચનવાળા, શ્યામ કમલદલ સમ શ્યામસુંદર, શંખ-ચક્ર-ગદાને ધારણ કરતા, કાન્તિમાન, કમલના કેશર સમાન પીત રેશમી વસ્ત્રને ધારણ કરતા, વક્ષઃસ્થળ ઉપર શ્રીવત્સ ચિહ્ન ધરાવતા, અને અત્યંત ઉજ્જ્વલ કૌસ્તુભ મણિને કંઠે ધારણ કરતા. ૧૩, ૧૪

તત્ત્વસુધા- ભગવાનનું ધ્યાન કરવું એવો ઉલ્લેખ ૧૨મા શ્લોકમાં કર્યો એટલે વિચાર આવ્યો કે "ભગવાનનું સ્વરૂપ કેવું હોય, કેવા સ્વરૂપનું ધ્યાન કરાય" એના સમાધાન માટે "૭" શ્લોકો આરંભ્યા. ષડ્ ઐશ્વર્યસમ્પન્ન ભગવાન મનાય છે. માટે ૭ શ્લોકોમાં ભગવાનનો પરિચય આપ્યો છે. તેમાં ભગવત્સ્વરૂપ વર્ણનમાં કુલ ૨૦ વિશેષણ છે. આ બે શ્લોકોમાં ૪ અને ૩ મળી સાત વિશેષણ આપ્યાં છે તેમાંનું પ્રથમ વિશેષણ—

(૧) प्रसन्नवदनाम्भोजम्-ભગવાનનું મુખારવિંદ પ્રસન્ન છે. બે શબ્દોથી મુખને વર્ણવ્યું પ્રસન્ન અને अम्भोज. "પ્રસન્નતા વરદાનતત્પરતા સૂચવે છે અને अम्भोज એટલે કમલ, પદથી દર્શનમાત્રથી સંતોષ અને રસ" આપનાર છે એમ કહ્યું.

(૨) "पद्मगर्भारुणेक्षणम्"–કમલના મધ્ય ભાગની કલિકા જેવાં રક્ત લોચન એવા વિશેષણથી પ્રસન્નતા, પ્રેમ, અને યોગસિદ્ધિ સૂચવ્યાં.

(૩) "नीलोत्पलदलश्यामम्"–"શ્યામકમલદલ સમાન શ્યામ" વિશેષણથી સૌન્દર્ય, શુદ્ધિ, સાત્ત્વિકતા, શૃંગારરસ પ્રધાનતા" એવા ચાર ગુણો દર્શાવ્યા.

(૪) शंखचक्रगदाधरम्–"શંખ" જલતત્ત્વની શુદ્ધિ માટે, "ચક્ર" તેજસ્તત્વની શુદ્ધિ માટે અને "ગદા" વાયુતત્ત્વની શુદ્ધિ માટે ધારણ કરે છે.

(૫) "लसत्पङ्कजकिञ्जल्कपीतकौशेयवाससम्"–ભગવાનના પીતાંબરનું કમલના કેશરના રંગ સમાન પીત વર્ણનું વર્ણન કર્યું છે. આ પીતાંબર, દેવો, વેદો, મુક્તોને ગ્રહણ કરીને રહેલ છે. પીતાંબરના પ્રાન્ત પ્રદેશના દોરા ઉપર મોતી ગૂંથ્યાં છે, તે મોતી મુક્ત જીવો છે. કૌશેય એટલે રેશમનું બનેલ છે તે રેશમ દેવો છે, સંપૂર્ણ વસ્ત્ર છે તે વેદ છે.

(૬) श्रीवत्सवक्षसम् – વક્ષસ્થલમાં શ્રીવત્સનું ચિહ્ન છે. શ્રીવત્સ બ્રહ્માનંદનું સ્વરૂપ છે. બ્રહ્માનંદ હૃદય ઉપર પ્રકાશે છે.

(૭) "भ्राजत्कौस्तुभामुक्तकन्धरम्"—કંઠમાં કૌસ્તુભને ધારણ કર્યો છે. મુક્ત અને ભક્ત જીવો કૌસ્તુભ સ્વરૂપે છે. ભગવાને પ્રયત્ન અને પ્રેમથી તેમને કંઠે લગાવીને રાખ્યા છે. ૧૩, ૧૪

मत्तद्विरेफकलया परीतं वनमालया ॥
परार्ध्यहारवलयकिरीटाङ्गदनूपुरम् ॥ १५ ॥
काञ्चीगुणोल्लसच्छ्रोणिं हृदयाम्भोजविष्टरम् ॥
दर्शनीयतमं शान्तं मनोनयनवर्धनम् ॥ १६ ॥

અન્વયાર્થ—मत्त-द्विरेफ-कलया = મદભર્યા મધુકરોની પંક્તિવાળી, **वन-मालया** = વનમાલાથી, **परीतम्** = વીંટાયેલા. **पर-अर्घ्य-हार–वलय–किरीट–अङ्गद-नूपुरम्** = અમૂલ્ય હાર, કંકણ, કિરીટ, અંગદ, નૂપુરને ધારણ કરતા, **काञ्ची-गुण-उत्-लसत्–श्रोणिम्** = કટિ મેખલાની સેરથી અત્યંત દીપતા નિતંબવાળા, **हृदय–अम्भोज–विष्टरम्** = હૃદયકમલના આસને બિરાજતા, **दर्शनीयतमम्** = અતિશય સુંદર, **शान्तम्** = શાંત સ્વરૂપ, **मनः-नयन-वर्धनम्** = મન અને નયનમાં પુનઃ પુનઃ દર્શનલાલસાને ઉત્પન્ન કરતા. ૧૫, ૧૬

અનુવાદ—મદઘેલા મધુકરોની પંક્તિવાળી વનમાલાને ધારણ કરતા, અમલ્ય હાર, કરણુકિરીટ અંગદ-બાજુબંધને અને નૂપુરને ધારણ કરતા કટિમેખલાની સેરથી શોભતા નિતંબવાળા, હૃદયકમલના આસને બિરાજતા, અતિ મનોહર, શાંત અને મનનયનની દર્શન લાલસાને વધારતા. ૧૫, ૧૬

તત્ત્વસુધા—(૮) मत्तद्विरेफ-कलया–ભગવાનની વનમાલામાં ભ્રમરોની શ્રેણી ગુંજ્યા કરે છે. વનમાલા ભગવાનની ભક્તવાત્સલ્ય-કારુણ્ય વગેરે કીર્તિ છે-યશ છે. ભ્રમરો ષડ્ દર્શનવેત્તા જ્ઞાનીઓ છે. ભ્રમરનું નામ ષટ્પદ છે. ષટ્ પદ એટલે છ દર્શન. આ ષડ્ દર્શનરસિકોએ જ્યારે હરિલીલામૃતનાં પાન કર્યાં ત્યારે દર્શનરસ લુખ્ખો લાગ્યો અને હરિયશઃ પાછળ મુગ્ધ બની ઘૂમવા લાગ્યા છે.

(૯) परार्ध्यहारवलयकिरीटाङ्गदनूपुरम्– ભગવાને ધારણ કરેલ શ્રી અંગ ઉપરનાં આભૂષણો પાંચ પ્રકારનાં આ વિશેષણમાં વર્ણવ્યાં છે. હાર ભક્તમાલા છે, વલય ભક્તોની સેવા છે–સેવામાર્ગ છે, કિરીટ ભગવત્સ્વરૂપનું જ્ઞાન છે, अङ्गद ભગવાનની ભક્તિ છે. નૂપુર પ્રભુના માર્ગની ગતિ છે.

(૧૦) काञ्चीगुणोल्लसच्छ्रोणिम्–નિતંબ ઉપર સુવર્ણ મેખલાની સેર શોભે છે. આ મેખલા સુવર્ણની છે અને સ્રીલિંગે છે. સ્રી અને ધનથી સંસારની ઉત્પત્તિનું સૂચન કર્યું છે.

(૧૧) " हृदयाम्भोजविष्टरम् "–ભગવાન પોતાનું ધ્યાન કરનાર ભક્તના હૃદયકમલને પોતાનું આસન માને છે અને ત્યાં બિરાજે છે.

(૧૨) " दर्शनीयतमम् "–અતિશય સુંદર સ્વરૂપ ભગવાનનું છે તેનું દર્શન પ્રપંચરસને વિસરાવશે.

(૧૩) शान्तम्–ભગવાન્ શાંતસ્વરૂપ છે એટલે 'જ્ઞાનમય' છે તે સર્વ કામાદિ દોષોને વિસરાવે છે.

(૧૪) मनोनयननवर्धनम्–મન અને નેત્રને પ્રભુ નિત્ય પોતાના દર્શનની અને સ્મરણની લાલસા આપ્યા કરે છે એટલા બધા દિવ્ય છે.

अपीच्यदर्शनं शश्वत्सर्वलोकनमस्कृतम् ॥
सन्तं वयसि कैशोरे भृत्यानुग्रहकातरम् ॥ १७ ॥
कीर्तन्यतीर्थयशसं पुण्यश्लोकयशस्करम् ॥
ध्यायेत् देवं समग्रागं यावन्न च्यवते मनः ॥ १८ ॥

અન્વયાર્થ—शश्वत् अपीच्य-दर्शनम् = સદા સર્વદા અતિશય સુંદર દર્શન, **सर्व-लोक-नमस्कृतम्** = સર્વ લોકથી નિરંતર વંદન કરાતા, **किशोरे** = કિશોર, **वयसि** = અવસ્થામાં, **सन्तम्** = રહેલા, **भृत्य-अनुग्रहकातरम्** = નિજજન ઉપર કૃપા કરવા ઉત્સુક, **कीर्तन्य-तीर्थ-यशसम्** = સદા કીર્તનીય તીર્થસ્વરૂપ યશવાળા, **पुण्यश्लोक-यशस्करम्** = પુણ્યશ્લોક પુરુષોને યશ આપનારા, **समग्र-अङ्गम्** = સર્વ અવયવોવાળા, **देवम्** = શ્રીકૃષ્ણનું, **यावत्** = જ્યાં સુધી, **मनः** = મન, **न च्यवते** = ચલિત ન થાય, ત્યાં સુધી, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૧૭, ૧૮

અનુવાદ—સર્વદા અતિશય સુંદર દર્શનવાળા, સર્વલોકથી નિરંતર નમસ્કાર પામતા, કાયમ કિશોર વયમાં બિરાજતા, નિજજન ઉપર કૃપા કરવા માટે ઉત્કંઠિત, નિરંતર કીર્તનીય તીર્થમય કીર્તિવાળા, પુણ્યશ્લોક પુરુષોને પણ યશ દેનારા, સર્વ અવયવોવાળા, શ્રીકૃષ્ણ દેવનું જ્યાં સુધી મન ચલિત ન થાય ત્યાં સુધી ધ્યાન કરવું. ૧૭, ૧૮

તત્ત્વસુધા—(૧૫) अपीच्य-दर्शनम् शश्वत् ભગવત્સ્વરૂપને વયોધર્મ નથી સ્પર્શતા. કોઈ પણ કાલમાં તે અત્યંત દર્શનીય સ્વરૂપવાળા જ હોય છે. સ્રી, પુરુષ માત્રને દર્શનથી જ મોક્ષ–પરમાનંદ ઉભયનું દાન કરે છે.

(૧૬) सर्वलोकनमस्कृतम्–સર્વ લોકમાં અને સર્વ લોકોથી વંદન પામતા હોવાથી જ તે ભગવાન છે.

(૧૭) सन्तं वयसि कैशोरे–કોઈ પણ કાલે ભગવાનનાં દર્શન કરીએ તો પણ વર્ષની વયથી આરંભી સોળ વર્ષની વયના જ લાગે છે.

(૧૮) भृत्यानुग्रहकातरम्–નિજ જન ઉપર નિરંતર કૃપા કરવા ઉત્સુક હોય છે.

(૧૯) कीर्तन्य–तीर्थयशसम्–ભગવાનનું યશઃ સ્વયં એક તીર્થ છે. તેમજ ભગવાનની કીર્તિ નિત્ય ગાવા જેવી મધુર છે.

(૨૦) पुण्यश्लोक–यशस्करम्—પૃથ્વીમાં ગણાતા પુણ્યશ્લોકોના યશને ભગવાન ઉત્કૃષ્ટ બનાવે છે.

ઉપરના ૭ શ્લોકોમાં ભગવાનનાં ૨૦ વિશેષણ અને ૨૧મો ભગવાનના ધ્યાનનો મહિમા વર્ણવ્યો છે. મનને ક્રમશઃ પ્રત્યેક અંગમાં પરોવી સમગ્ર અવયવોના અખંડ ધ્યાનમાં લઈ જવું. ૧૮

ધ્યાન અવસરના ધ્યેય ભગવાનના સ્વરૂપના પ્રકાર કહે છે—

स्थितं व्रजन्तमासीनं शयानं वा गुहाशयम् ॥
प्रेक्षणीयेहितं ध्यायेच्छुद्धभावेन चेतसा ॥ १९ ॥

અન્વયાર્થ—प्रेक्षणीय-ईहितम् = દર્શન કરવા યોગ્ય લીલાવાળા ભગવાનનું, **स्थितम्** = ઊભેલા ઠાઢા સ્વરૂપનું, **व्रजन्तम्** = વિચરતા સ્વરૂપનું, **आसीनम्** = બિરાજેલા સ્વરૂપનું, **वा** = અથવા, **गुहाशयम्** = પોઢેલા સ્વરૂપનું, **शुद्ध-भावेन** = શુદ્ધ ભાવવાળા, **चेतसा** = ચિત્તથી, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૧૯

અનુવાદ—દર્શનીય લીલાવાળા ભગવાનના ઊભેલા-ઠાઢા સ્વરૂપનું, બિરાજેલા સ્વરૂપનું કે પોઢેલા સ્વરૂપનું શુદ્ધસ્નેહ ભર્યા ચિત્તથી ધ્યાન કરવું. ૧૯

તત્ત્વસુધા—સ્થિતમ્ વગેરે ચાર પદો દ્વારા અવસ્થાવાળા ભગવાનના સ્વરૂપના ધ્યાનનું વર્ણન કરે છે. પરંતુ આવી ચારે અવસ્થાયુક્ત ભગવાનનું હૃદયમાં જ ધ્યાન કરવાનું છે. (આ ચાર પ્રકાર પૈકી स्थितम् એટલે "ઊભેલા" ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરતાં આ ભાવના ન ભૂલાય કે "શ્રી ઠાકોરજી ચારે તરફ કૃપા નજર કરી કોણ આર્ત છે કોણ પ્રપન્ન છે તે નિહાળી રહેલ છે. (શ્રી નાથ પ્રભુ, દ્વારકા, બદરીનાથ, રણછોડરાય, જગન્નાથ વગેરે ભગવાનનાં સ્વરૂપો ઊભેલાં છે એ એમ સૂચવે છે કે મારે ત્યાં દૂર દૂરથી આર્ત જીવ દોડી આવે તે સમયે મને બેસી રહેવું ક્યાં પોષાય ? વળી "સ્થિત" સ્વરૂપ ભક્તની પ્રતીક્ષા કરતું સ્વરૂપ જણાય છે.

व्रजन्तम्–દ્રૌપદીજી, શબરીજી, સુતીક્ષ્ણજી, શ્રુતદેવજી વગેરે ભક્તોનાં કાર્ય કરવા અને દર્શન દેવા સર્વત્ર વિચરી રહેલ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું.

आसीनम्–જ્યારે ભક્ત ભગવત્સેવા કરવા બેસે છે ત્યારે ભગવાન બાલમુકુન્દ સ્વરૂપે યશોદોત્સંગલાલિત સ્વરૂપે ભગવદીયની સેવાનો અંગીકાર કરવા બિરાજેલ છે એ સ્વરૂપનું ધ્યાન કરવું.

शयानम्–ભગવાનનાં પલનામાં પોઢેલા, શેષશાયી થઈ પોઢેલ આવા સ્વરૂપોનું ધ્યાન કરતાં ભાવના કરવી કે મારા હૃદયપલનામાં, મારા હૃદય-શેષ ઉપર હે નાથ ! પોઢો.

આ શ્લોકમાં બે પદ છે એક प्रेक्षणीयेहितं અને બીજું गुहाशयम् આ બન્ને પદોનું તાત્પર્ય છે કે ગોપ, ગોપીજન, ગોપબાલા, ગાયો વગેરે સાથેની ક્રીડાઓ કરતાં દર્શનીય પ્રભુનું ગુહા–હૃદયકુંજમાં સતત ચિંતન કરવું.

ભગવાનના પ્રત્યેક અંગના રસનું જ્ઞાન થાય માટે ધ્યાનનું વિધાન કરે છે—

तस्मिंल्लब्धपदं चित्तं सर्वावयवसंस्थितम् ॥
विलक्ष्यैकत्र संयुज्यादङ्गे भगवतो मुनिः ॥ २० ॥

અન્વયાર્થ—तस्मिन् = તે સંપૂર્ણ સ્વરૂપમાં, **लब्धपदम्** = સ્થિરતા પામેલ, **चित्तम्** = ચિત્ત, **सर्व-अवयव-संस्थितम्** = સર્વ અવયવોમાં વ્યવસ્થિત રહેલું, **विलक्ष्य** = જાણીને, **मुनिः** = ચિંતક મુનિ, **भगवतः** = ભગવાનના, **एकत्र** = એક, **अङ्गे** = અંગમાં, **संयुज्यात्** = જોડે. ૨૦

અનુવાદ—તે ભગવાનના સંપૂર્ણ સ્વરૂપમાં સ્થિરતા પામેલ ચિત્ત સર્વ અવયવોમાં સારી રીતે રહેલ જાણીને મુનિએ તે ચિત્તને ભગવાનના એક અંગમાં યોજવું. ૨૦

તત્ત્વસુધા—તસ્મિન્-ભગવાનમાં જ્યારે ચિત્ત સ્થિર થઈ જાય તે ચિત્ત ભગવાનના સર્વ અવયવોમાં સારી રીતે રહેલ છે એમ સમજાય છે. હવે તે ચિત્તને ભગવાનના પ્રત્યેક અંગનું રસમાધુર્ય પમાય માટે પ્રત્યેક અવયવોનું ધ્યાન કરવું. ૨૦

શ્લો ૨૧-૩૩

આ એકવીસમા શ્લોકથી આરંભી "તેર" શ્લોકોમાં ભગવાનનાં પ્રત્યેક સુમંગલ અંગોના રસમાધુર્યનું નિરૂપણ કરવાનો આરંભ કરે છે તેમાં આ પ્રથમ શ્લોક ચરણારવિંદના ચિહ્નોનું રહસ્ય વર્ણવે છે—

सञ्चिन्तयेद् भगवतश्चरणारविन्दं वज्राङ्कुशध्वजसरोरुहलाञ्छनाढ्यम् ॥
उत्तुङ्गरक्तविलसन्नखचक्रवालज्योत्स्नाभिराहतमहद्हृदयान्धकारम् ॥ २१ ॥×

[illegible]

અન્વયાર્થ—**वज्र-अङ्कुश-ध्वज-सरोरुह-लाञ्छन-आढ्यम्** = વજ્ર, અંકુશ, ધ્વજ, કમલ, આ ચાર ચિહ્નોથી સમૃદ્ધ, **उत्-तुङ्ग-रक्त-विलसत्-नख-चक्रवाल-ज्योत्स्नाभिः** = ઉપર ઊપસી આવેલ, રક્તવર્ણા, વિલસતા, દશનખ સમૂહની કાન્તિઓથી, **आहत-महद्-हृदय-अन्धकारम्** = સમર્થ પુરુષોના હૃદયના અંધકારનો નાશ કરતા, **भगवतः** = ભગવાનના, **चरणारविन्दम्** = ચરણારવિંદનું, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૨૧

અનુવાદ—વજ્ર, અંકુશ, ધ્વજ અને કમલ આ ચાર શુભ ચિહ્નોથી સમૃદ્ધ લાગતા, તેમજ ઉપરના મધ્યથી ઊપસી આવેલા, રકતવર્ણા, વિલસતા નખ સમૂહની કાન્તિથી સમર્થ પુરુષોના હૃદયના અંધકારનો નાશ કરતા ભગવાનના ચરણારવિંદનું ધ્યાન કરવું.(વસંતતિલકા)

તત્ત્વસુધા—ભગવાનના ચરણારવિંદનું ધ્યાન વર્ણવતાં પ્રથમ ક્રિયાપદ કહ્યું संचिन्तयेत् "स" સતત, સાદર, સાવધ રહીને ચરણના મહત્ત્વને જાણીને चिंतयेत् ધ્યાન કરવું.

"चरणारविन्दम्"-ભગવચ્ચરણનું ધ્યાન ભક્તિનું પ્રદાન કરે છે. ચરણ અરવિન્દ છે. अरवि એટલે અજ્ઞાન-અંધકાર द એટલે દૂર કરવું. દુઃખનું મૂલ અજ્ઞાન છે તેનું નિવારણ કરી દુઃખને પણ દૂર કરે છે એ ભાવ "अरविन्द" શબ્દથી કહ્યો. अरविन्द શ્વેત કમળની સંજ્ઞા છે.

"वज्राङ्कुशध्वजसरोरुहवाञ्छनाढ्यम्"-આ વાક્યમાં ચરણકમલને ચાર વિશેષણ આપ્યાં છે. પ્રથમ वज्रनु ધ્યાન સૂચવ્યું છે. છેદવાનું કાર્ય વજ્રથી થાય છે. ભગવત્સેવામાં, આવનારાં પર્વત જેવાં કઠોર પણ વિઘ્નોને છેદે છે. "પાપો" એ અચ્છેદ્ય પર્વતો છે. ચરણમાં બિરાજતા વજ્રના ધ્યાનથી પાપ-પર્વતો નાશ પામે છે. વજ્ર દક્ષિણ ચરણની કનિષ્ઠા અંગુલી નીચે આવેલ અંકુશની નીચે રહેલ છે. એટલે અંકુશ નીચે રહેલ વજ્રનું ધ્યાન કરવું.

अङ्कुश-મન મદસભર ગજેન્દ્ર છે. અંકુશ મદમતેલા હાથીને વશ કરે છે. શ્રી હરિચરણ કમલમાં કૃપા પૂર્ણ અંકુશ છે. પોતાના અનુગ્રહ અંકુશથી સદા ભક્ત મનને સ્વાધીન કરે છે.

ध्वज-ભકતને અખંડ કીર્તિ આપવાનું કાર્ય "ધ્વજ" કરે છે. તેમજ સર્વ ભયનું નિવારણ કરે છે. અંકુશ દક્ષિણ ચરણની કનિષ્ઠિકા અંગુલીની નીચે રહેલ છે. દક્ષિણ ચરણની અનામિકા નીચે કમલ અને કમલની નીચે ધ્વજ છે.

सरोरुह-ભગવાન સુખપૂર્વક સેવી શકાય છે. જરાપણ કષ્ટ પડશે નહીં એ सरोरुह શબ્દથી સૂચવ્યું.

× અહીંથી ૧૮ શ્લોકો વસંતતિલકા છંદના છે.

"સરોવર"માં સદા ઊગેલું રહેલું કમલ "सरोरुह" કહેવાય. તે કમલ કદી ન કરમાય. ભક્તચરણ અખંડ વિકસિત અને મકરન્દસભર છે. દક્ષિણ ચરણની અનામિકા નીચે "કમલ' છે.

लाञ्छनाढ्यम्–ભગવાનના ચરણ યુગલમાં કુલ "સોળ" લક્ષણ છે. દક્ષિણમાં નવ ચિહ્ન અને વામમાં "સાત" ચિહ્નો છે.

"બંશી નિનાદ રત વાંકે બિહારીના" દક્ષિણ ચરણારવિંદનું ધ્યાન લાગે છે. કારણ કે તે વામ ચરણ ઉપર વાંકો રાખેલ છે. દંડવત્ કરતાં તે પાદતલનાં દર્શન સુલભ છે, કારણ કે આ "ઊભા" સ્વરૂપનું ધ્યાન છે.

उत्तुङ्गरक्तविलसन् नखचक्रवालज्योत्स्नाभिः–પૂર્વાર્દ્ધમાં ચરણનું માધુર્ય અને ભજનીય ગુણોનું વર્ણન કરી ઉત્તરાર્ધમાં ચરણનું ઐશ્વર્ય તેમજ દોષનિવારક ગુણોનું વર્ણન કર્યું છે.

"उत्तुङ्ग"–શબ્દથી નખનું સ્વરૂપ દર્શાવ્યું છે. કચ્છપની પીઠ જેવા મધ્યમાં ઊપસેલા અને ચારે બાજુથી નમેલા નખ ઘણા જ ઉત્તમ માન્યા છે. યોગી, રાજા કે ભગવાનના જ તેવા નખ સંભવે.

ભક્તની ઇન્દ્રિયો દશ છે. આ દશે ઇન્દ્રિયમાં રહેલ મોહવિલાસ અજ્ઞાન અંધકાર છે. મહાન પુરુષના હૃદયમાં મહાન અંધકાર હોય છે જ્ઞાનીને મહાન કહેલ છે. દશેદશ ઇન્દ્રિયોમાં રહેલ તે અધિકારનું આ નખચન્દ્રની જ્યોત્સ્નાઓ નિવારણ કરે છે. न એટલે નથી ख એટલે આકાશ એવા "नखचन्द्र" એટલે આકાશમાં એક જ ચન્દ્ર છે પરંતુ ભગવાનના ચરણમાં દશ ચન્દ્ર છે. તેઓ उत्तुङ्ग હોવાથી મોટાઓનું અભિમાન હરે છે, रक्त હોવાથી અનુરાગ કરે છે. विलसत्–વિલાસ કરતા હોવાથી અભિમાન હરે છે, તોપણ આનંદ કરે છે. ૨૧

આ શ્લોકમાં ચરણના જલનો અને ઉપરના ભાગનો મહિમા વર્ણવે છે—

यच्छौचनिःसृतसरित्प्रवरोदकेन तीर्थेन मूर्ध्न्यधिकृतेन शिवः शिवोऽभूत् ॥
ध्यातुर्मनःशमलशैलनिसृष्टवज्रं ध्यायेच्चिरं भगवतश्चरणारविन्दम् ॥ २२ ॥

અન્વયાર્થ—मूर्ध्नि = મસ્તક ઉપર, **अधिकृतेन** = ધારણ કરેલા, **यत्-शौच-निःसृत–सरित्-प्र-वर-उदकेन** = જે બન્ને ચરણોને પ્રક્ષાલવામાં આવ્યા ત્યારે, પ્રકટ થયેલા, ગંગાજી સ્વરૂપ, ઉત્તમ જલથી, **तीर्थेन**= તીર્થથી, **शिवः** = શ્રી શિવજી, **शिवः** = શિવજી, **अभूत्** = થયા, **ध्यातुः** = ધ્યાન કરનારના, **मनःशमल-शैलनिसृष्ट-वज्रम्** = મનના મેલરૂપ પર્વત ઉપર વજ્રને નાખનાર, **भगवतः** = ભગવાનના, **चरण–अरविन्दम्**= ચરણારવિન્દનું, **चिरम्** = ચિરકાલ પર્યન્ત, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૨૨

અનુવાદ––મસ્તક ઉપર ધારણ કરેલા જે બન્ને ચરણકમલો પ્રક્ષાલવામાં આવ્યા ત્યારે પ્રકટ થયેલ ગંગાજી રૂપ જલરૂપ તીર્થથી, શ્રી શિવજી શિવ થયા. વળી ધ્યાન કરનારના મનના મેલરૂપ પર્વત ઉપર વજ્રને નાખનાર ભગવાનના ચરણકમલનું ચિરકાલ પર્યન્ત ધ્યાન કરવું (વસંતતિલકાવૃત્ત) ૨૨

તત્ત્વસુધા—"यच्छौचनिःसृतसरित्प्रवरोदकेन"–૨૧મા શ્લોકમાં ભગવાનના ચરણકમલના ચિહ્નોનો મહિમા ગાયા બાદ ૨૨મા શ્લોકમાં ચરણારવિંદનું યશોગાન કરે છે. પ્રભુનાં ચરણ યુગલમાં શ્રી ગંગાજી અને ભક્તિરસ એ બન્નેનો નિવાસ છે. ગંગાજીનું તો એવું અમોઘ ઐશ્વર્ય છે કે પ્રાયશ્ચિત્ત શાસ્ત્રે જે પાપોની શુદ્ધિ કરવાનું ન સ્વીકાર્યું એ "મહાપાપોને" શ્રી ગંગાજીએ અને ભક્તિરસે વિશુદ્ધ કર્યાં.

ગંગાજીમાં આ સામર્થ્ય બ્રહ્માજીએ અને બલિરાજાએ શ્રી વામન ભગવાનનાં ચરણકમલ યુગલને જ્યારે પ્રક્ષાલિત કીધાં ત્યારે ઉભય ચરણની રજનો જલને સ્પર્શ થયો. આ રજસ્પર્શવાળાં શ્રી ગંગાજી સદા શુદ્ધ શ્રી સદાશિવને શિરે બિરાજ્યાં. શિવજીએ એ જલસંસ્પર્શે પોતાને આધિદૈવિક પરમ શિવ માન્યા. અને બલિએ શ્રી વામન ચરણ પ્રક્ષાલિત કર્યાં ત્યારે તે જલનો સ્પર્શ નર્મદા ભગવતીજીને થતાં દર્શન માત્રથી નર્મદાજી સર્વને પાવન કરવા લાગ્યાં.

"ध्यातुर्मनः शमलशैलनिसृष्टवज्रम्"–પુનઃ ઉત્તરાર્ધમાં ભગવચ્ચરણ મહિમા ગાતાં ન અઘાતાં બાદરાયણ વદ્યા કે ભક્ત જ્યારે ભગવાનના ચરણકમલનું ધ્યાન કરે છે ત્યારે મનમાં રહેલી વાસના પાપોનાં પર્વતો ઉપર કૃપામય કૃષ્ણ સ્વચરણમાં બિરાજતા વજ્રને પટકે છે. પરિણામે પાપોનાં ચૂર્ણ થઈ જાય છે. માટે સતત ભગવાનના ચરણકમલનું જ ધ્યાન કરવું. જેથી મન પણ આધિદૈવિક બની જાય છે. ચરણકમલના ધ્યાન સમયે સંપૂર્ણ સ્વરૂપનું કે અન્ય અંગનું ધ્યાન ન કરવું. ચિત્તને ચરણના માહાત્મ્યનું ભાન કરાવવું. માટે વજ્ર સાથે અન્ય ચિહ્નોનું પણ ચિંતન કરવું.

वज्र- વિઘ્ન પર્વતને હણનાર છે, अंकुश મનોમાતંગ વશ કરનાર છે, कमलं મનઃ સરોવરને શોભાવનાર છે, ध्वज મનને સર્વોત્કૃષ્ટ સામ્રાજ્યનું દાન કરનાર છે, यव સર્વોત્કૃષ્ટ યશ દેનાર છે, छत्र ત્રિવિધ તાપ નિવારનાર છે, चक्र સર્વ દિશામાં રક્ષા કરનાર છે. ૨૨

આ શ્લોકમાં ભગવાનના ઢીંચણનું ધ્યાન છે—

जानुद्वयं जलजलोचनया जनन्या लक्ष्म्याऽखिलस्य सुरवन्दितया विधातुः ॥
उर्वोर्निधाय करपल्लवरोचिषा यत् संलालितं हृदि विभोरभवस्य कुर्यात् ॥ २३ ॥

અન્વયાર્થ—विभोः = સર્વ સામર્થ્યસમ્પન્ન, **अभवस्य** = સંસાર જે ચરણને લીધે નથી થતો એવા ભવરહિત, **विधातुः** = વિધાતા ભગવાનના, **जलज-लोचनया** = કમલનયના, **सुर-वन्दितया** = સર્વ દેવોથી વંદન કરાતાં, **अखिलस्य** = અખિલ વિશ્વનાં, **जनन्या** = જનની, **लक्ष्म्या** = શ્રી લક્ષ્મીદેવી, **उर्वोः** = સાથળ ઉપર ઉત્સંગમાં, **निधाय** = પધરાવીને, **कर-पल्लव-रोचिषा** = કરકમલની કાંતિથી, **संलालितम्** = લાલન કરેલા–સેવેલા, **यत् जानुद्वयम्** = જે બન્ને ઢીંચણ છે તેનું; **हृदि** = હૃદયમાં, **कुर्यात्** = સ્થાપન કરવું. ૨૩

અનુવાદ--સર્વ સમર્થ અને સર્વ સંસારને મટાડનાર, વિધાતા ભગવાનના, કમલલોચના દેવોથી વંદન કરાતાં અખિલ વિશ્વનાં જનની ભગવતી શ્રી લક્ષ્મીજીએ પોતાના ઉત્સંગમાં પધરાવીને કોમલ કરકમલથી સેવન કરાતા જે બન્ને ઢીંચણો છે તેનું હૃદયમાં સ્થાપન કરવું. (વસંતતિલકા) ૨૩

તત્ત્વસુધા-"लक्ष्म्या" લક્ષ્મીજીએ જે બન્ને ઢીંચણ પોતાના ઉત્સંગમાં પધરાવેલ છે તેનું ધ્યાન કરવાનું સૂચવે છે. હવે લક્ષ્મીજીને ત્રણ વિશેષણ આપ્યાં છે. એક "सुरवन्दिता" વિશેષણથી એક વિશેષતા સૂચવી કે "લક્ષ્મીજી" ભગવાનની પટરાણી છે. ભગવાન પિતા છે. લક્ષ્મીજી માતા છે. યોગીજનો માતા-પિતાનું દર્શન કરી શકે છે. કેવલ સ્ત્રીનું ધ્યાન યોગમાં બાધક હોવાથી નથી કરતા. આ ભગવતી લક્ષ્મીજીનું માતા તરીકે ધ્યાન કરવાનું છે આ સર્વ સમજ "सुरवन्दिता" વિશેષણે આપી.

जलजलोचनया–ભગવતીજીને "કમલનયના" તરીકે વર્ણવીને નેત્રમાં રહેલ રસ અને સૌન્દર્યનું નિરૂપણ કર્યું. આ લક્ષ્મીજી બ્રહ્માનંદ સ્વરૂપ છે. जले એટલે પાણીમાં જ એટલે જન્મેલ–રહેલ કમલ નિત્ય પ્રફુલ્લ હોય છે એ રીતે રસપૂર્ણ લક્ષ્મીજીનાં નેત્ર નિત્ય પ્રફુલ્લ છે.

अखिलस्य जनन्या–આ લક્ષ્મીજી અખિલ વિશ્વની માતા છે. માતા સંતાનો માટે નિર્વિકાર હોય છે. નિર્દોષ હોય છે. ભગવાનની સેવામાં આવી નિર્દોષ લક્ષ્મી જ રહી શકે છે.

उत्संनिधाय–લક્ષ્મીજીનો પીતવર્ણ છે, ભગવાનનો શ્યામ વર્ણ છે. જાણે સુવર્ણમાં મરકત મણિ મઢયા હોય તેમ ભગવાનના ઉભય ઢીંચણ જગદંબાના ઉત્સંગમાં દીપી રહ્યા છે. આવા સ્વરૂપનું ધ્યાન કરવું. આ ધ્યાન સંસારનું નિવારણ કરશે. ૨૩

આ શ્લોકમાં સાથળનું અને નિતંબનું ધ્યાન વર્ણવ્યું છે—

ऊरू सूपर्णभुजयोरधिशोभमानावोजोनिधी अतसिकाकुसुमावभासौ ॥
व्यालम्बिपीतवरवाससि वर्तमानकाञ्चीकलापपरिरम्भि नितम्बविम्बम् ॥ २४ ॥

અન્વયાર્થ—सुपर्ण-भुजयोः अधि = શ્રી ગરુડજીની બે ભુજાઓ ઉપર, **शोभमानौ** = શોભતા, **ओजः-निधी** = પ્રકાશના ભંડાર, **अतसिका-कुसुम-अवभासौ** = અળસીના કુસુમ જેવી કાંતિમાન, **ऊरू** = બે સાથળોનું, અને **व्यालम्बि-पीत-वर-वाससि** = નીચે સુધી લટકતા, પીતવર્ણા ઉત્તમ અંબર ઉપર, **वर्तमान-काञ्ची-कलाप-परिरम्भि** = રહેલી કાંચી–કંદોરાની સેરોને આલિંગન કરીને રહેલ, **नितम्ब-बिम्बम्** = નિતંબબિંબનું ધ્યાન કરવું. ૨૪

અનુવાદ––શ્રી ગરુડજીની બે ભુજાઓ ઉપર વિરાજતા, પ્રકાશના નિધિ અને અળસીના કુસુમોના જેવી શ્યામલ કાન્તિ ધરાવતા ભગવાનના બે સાથળોનું ધ્યાન કરવું, તેમજ પગની પાની પર્યન્ત લટકતા પીતવર્ણા ઉત્તમ પીતામ્બર ઉપર રહેલી કંદોરાની સેરોને લાગીને રહેલા નિતંબબિંબનું ધ્યાન હૃદયમાં કરવું. (વસંતતિલકાવૃત્ત) ૨૪

તત્ત્વસુધા—ऊरू-सुपर्ण-भुजयोः–શ્રી ગરુડજીના ખભા ઉપર ભગવાન સાથળ પધરાવી ગરુડજીની બન્ને ભુજાઓ ઉપર ચરણતલ પધરાવી બિરાજેલ, તેમજ નિતંબ પ્રદેશ ઉપર ધારણ કરેલા અને ચરણ પર્યન્ત લટકતા પીતાંબર ઉપર કંદોરાની સેરો શોભે છે એવા ભગવાનનાં "એક તો બે સાથળ અને બીજા બે નિતંબોનું" ધ્યાન હૃદયમાં કરવાનું આ શ્લોકમાં વર્ણવ્યું છે તેનું રહસ્ય નીચે પ્રમાણે છે—

सुपर्णभुजयोः–સુપર્ણ એ ગરુડજીનું નામ છે. ગરુડજીનાં સામવેદ, કાલ અને ભક્તિ એવાં ત્રણ સ્વરૂપો છે. આ સ્થાને "ગરુડજીનું કાલ સ્વરૂપ લીધું છે. કાલરૂપ ગરુડજીની બે પાંખો છે. તે પાંખો "કર્મ અને સ્વભાવ" સ્વરૂપે છે. ગરુડજી ઉપર બિરાજી ભગવાને "કાલરૂપ ગરુડ અને કર્મ ને સ્વભાવરૂપ પાંખો ઉપર વિજય મેળવ્યો છે. આવા ભગવાનના "કાલ, કર્મ, સ્વભાવના" વિજેતા બન્ને સાથળોનું ધ્યાન કરીએ તો ધ્યાન કરનાર આ ત્રણે વસ્તુ ઉપર વિજય મેળવી લે છે.

नितंबबिम्बम्–ભગવાનના નિતંબબિંબનું ધ્યાન કરવું, આ બન્ને નિતંબો પણ ગરુડજીની પાંખ ઉપર વિરાજમાન છે. પીતાંબર નિતંબ ઉપર દીપે છે. ચરણ પર્યન્ત તે લટકે છે. ત્રણ ચાર કે તેથી વધુ સેરો વાળો કંદોરો પીતાંબર ઉપર ધારણ કર્યો છે. પીતાંબર વેદ છે. કાલનું ઉલ્લંઘન કરનારા પ્રભુના સાથળો ઉપર પીતાંબર વીંટળાઈ ને રહેલ છે. એ સૂચવે છે કે વૈદિક કર્મો કાલધર્મનું ઉલ્લંઘન કરવામાં સહાય કરે છે. अग्निहोत्रથી રાત્રિદિવસનું ઉલ્લંઘન થાય છે, દર્શ અને પૂર્ણમાસ યાગથી માસ ધર્મોનું ઉલ્લંઘન થાય છે. चातुर्मास्य-યાગથી ઋતુનું ઉલ્લંઘન થાય છે. અને પશુયાગથી અયન–છ માસનું ઉલ્લંઘન થાય છે અને સોમયાગથી સંવસર કાલનું ઉલ્લંઘન કાર્ય થાય છે. જે કાલ, કર્મ અને સ્વભાવ ઉપર વિજય મેળવવા ચાહે તેણે "કાલ-

કર્મ સ્વરૂપ" વિજય મેળવનાર ભગવાનના બન્ને સાથળનું ધ્યાન કરવું. નિતંબનું ધ્યાન કરવાથી પુનર્જન્મ મટે છે. ૨૪

આ શ્લોકમાં ભગવાનની નાભિ અને સ્તનનું વર્ણન છે—

नाभिह्रदं भुवनकोशगुहोदरस्थं यत्रात्मयोनिधिषणाखिललोकपद्मम् ॥
व्यूढं हरिन्मणि[1]वृषस्यनयोरमुष्य ध्यायेद् द्वयं विशदहारमयूखगौरम् ॥ २५ ॥

અન્વયાર્થ—भुवन-कोश-गुहा-उदरस्थम् = ભુવનરૂપ કમલના કળીની ગુપ્ત સ્થાનરૂપ ઉદરમાં રહેલા, **नाभि-ह्रदम्** = નાભિ નામના સરોવરનું, **ध्यायेत्** = ધ્યાન કરવું કે **यत्र** = જે નાભિમાં, **आत्मयोनि-धिषणा-अखिल-लोक-पद्मम्** = બ્રહ્માજી, બ્રહ્માજીની બુદ્ધિ, અને અખિલ લોકરૂપ કમલ રહેલ છે, તે નાભિનું તેમજ **अमुष्य** = આમના, **हरित्-मणि-वृषस्तनयोः** = નીલવર્ણા બે મરતક મણિ એ ચિંતામણિ તુલ્ય બે સ્તનની મધ્યમાં, **व्यूढं** = પ્રવેશેલા, **विशद-हार-मयूख-गौरम्** = ઉજ્જવલ મુક્તાહારની કિરણાવલીથી ગૌરવર્ણા બનેલ, **द्वयम्** = બન્ને સ્તનોનું, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૨૫

અનુવાદ-- ચૌદ ભુવન રૂપ કમલની કળીના ગુપ્ત સ્થાન રૂપ ઉદરમાં રહેલા ભગવાનના નાભિસરોવરનું ધ્યાન કરવું. જે નાભિસરોવરમાં બ્રહ્માજી, બ્રહ્માજીની બુદ્ધિ અને અખિલ લોક રહેલ છે તેવી નાભિનું ધ્યાન કરવું. તેમજ નીલવર્ણા મરકત મણિ અને ચિંતામણિ તુલ્ય ભગવાનના બન્ને સ્તનની મધ્યમાં પ્રવેશેલા ઉજ્જવલ મુકતાહારની કિરણાવલીથી ગૌરવર્ણા બનેલ છે તેવા ભગવાનના બે સ્તનોનું ધ્યાન કરવું. (વ.તિ) ૨૫

તત્ત્વસુધા—नाभिह्रदम्-ભગવાનની નાભિ અખિલ ભુવનનો આધાર હોવાથી તેનું ધ્યાન વર્ણવે છે. ભગવાનની નાભિ ઘણી જ ઊંડી છે. જો ઉદર મોટું હોય તો નાભિ ઊંડી હોય છે. નાભિને 'ह्रदम्" "જલના ધરા"ની ઉપમા આપી છે તેથી ઉદર તુંદિલ અને નાભિ ઊંડી જણાય છે.

આ ભગવાનની નાભિમાં આધિદૈવિક બ્રહ્મા, આધ્યાત્મિક બુદ્ધિ, આધિભૌતિક લોકકમલ ત્રણે રહેલાં છે. ભગવાનની નાભિ, ઘણી ઊંડી છે તેવું ભગવાનનું ઉદર છે તેથી એક વસ્તુ એ પણ જણાય છે કે, કમળની કળીના અંદરના ભાગમાં જલ જઈ શકતું નથા અને કમળને પીડા કરી શકતું નથી તેમજ ભગવાનના ઉદરના ઊંડાણમાં રહેલા જીવોને જન્મમરણને ભોગવાવનાર સંઘાત-દેહ પ્રાપ્ત થતાં નથી. અને દેહાદિની પીડા થતી નથી.

हरिन्मणिवृषस्तनयोः-ભગવાનના વક્ષઃસ્થળમાં રહેલા સ્તનો નીલ મરકત મણિ અને ચિંતામણિ જેવા ભક્તોની કામનાને પૂરનાર છે અને ચિંતાને દૂર કરનાર છે, वृष શબ્દનો અર્થ ધર્મ પણ થાય છે. ધર્મ ચિંતામણિ છે અથવા ભગવાનના ગુણ ચિંતામણિરૂપ છે. તેનું ધ્યાન કરવું.

द्वयम्નો અર્થ વક્ષઃસ્થલ અને બે સ્તનની વચમાં રહેલો હાર એ બન્નેનું પણ ગ્રહણ કરે છે.

आत्मयोनिधिषणाखिललोकपद्मम्-આ પદનો અર્થ आत्मयोनिः બ્રહ્માજીનાં धिषणं સ્થાનરૂપ अखिल लोकपद्मम् અખિલ લોકના આધાર રૂપ કમલનું નિવાસસ્થાન ભગવાનની નાભિનો હ્રદ-ધરો છે. આવો પણ એક અર્થ થશે. વક્ષઃસ્થલ "શ્રીવત્સનું" સ્થાન છે. આ શ્રીવત્સ દક્ષિણ સ્તન ઉપર દક્ષિણાવર્ત શ્વેત રેખા સ્વરૂપે છે. "विशदहारमयूखगौरम्" આ વાકયમાં ગૌર શબ્દથી શ્રીવત્સનું પણ ધ્યાન સૂચવે છે. ૨૫

---

[1] मणिमुषः । मणिदृशः । इति प्रा. पा.

वक्षोऽधिवासमृषभस्य महाविभूतेः पुसां मनोनयननिर्वृतिमादधानम् ॥
कण्ठं च कौस्तुभमणेरधिभूषणार्थं कुर्यान्मनस्यखिललोकनमस्कृतस्य ॥ २६ ॥

અન્વયાર્થ—**महाविभूतेः** = શ્રી લક્ષ્મીજીના મહાવિભૂતિના, **अधिवासम्** = નિવાસ સ્થાનરૂપ, તેમજ **पुंसाम्** = પુરુષોનાં, **मनः-नयन-निर्वृतिम्** = મન અને નયનને આનંદ આપનારા, **ऋषभस्य** = શ્રી પુરુષોત્તમના, **वक्षः** = વક્ષઃસ્થલનું મનમાં ધ્યાન કરવું, **च** = અને **अखिल–लोक–नमस्कृतस्य** = અખિલ લોકે વંદન કરેલા ભગવાનના, **कौस्तुभ मणेः** = કૌસ્તુભમણિની, **अधिभूषण-अर्थम्** = અધિક શોભા વધારનારા, **कण्ठम्**= શ્રી કંઠનું મનમાં ધ્યાન કરવું. ૨૬

અનુવાદ—મહાવિભૂતિ શ્રી લક્ષ્મીજીના અધિવાસ બનેલા, વળી પુરુષોના મન અને નયનને પરમાનંદ દેનારા શ્રી પુરુષોત્તમના વક્ષઃસ્થલનું મનમાં ધ્યાન કરવું, તેમજ સર્વ લોકથી વંદન પામતા, કૌસ્તુભમણિની શોભામાં અધિકતા અર્પનારા શ્રીકંઠનું પણ મનમાં ધ્યાન કરવું. ૨૬

તત્ત્વસુધા—“वक्षोधिवासम्”–હવે વક્ષઃસ્થલનું અને કંઠનું ગૌરવ ગાય છે. ભગવાનને “**ऋषभ**” શબ્દથી વર્ણવ્યા છે. “ઋષભ”નો અર્થ સર્વોત્તમ થાય છે. પુરુષોત્તમ સર્વોત્તમ છે. “મહાન”–મહાનતા–જેવા તે હૃદયથી હોય છે તેવા જ તે બહારથી હોય, બહાર જેવા દેખાય તેવા જ હૃદયમાં–આંતરિક જીવનમાં પણ હોય જ.

પુરુષોત્તમના હૃદયમાં જેટલા ગુણો છે તે સર્વ વક્ષઃસ્થલના ગોલકમાં પણ દેખાય છે જ. આ છે ભગવાનના વક્ષઃસ્થલનું “સ્વરૂપ”માહાત્મ્ય. વક્ષઃસ્થલ જેમ સ્વરૂપથી સર્વોત્તમ છે તેમ કાર્યથી પણ સર્વશ્રેષ્ઠ છે. કાર્યથી મહત્ત્વ દર્શાવવાનું કામ महाविभूतेः એક પદથી અને मनोनयननिर्वृतिम्” એવા બીજા પદથી સૂચવ્યું. મહાવિભૂતિ એ લક્ષ્મીજીનું નામ છે. સ્ત્રી–પુત્ર આ લોકનાં સુખ છે. મહાવિભૂતિજીનાં દર્શન તે બન્ને સુખને આપે છે, આ આનંદ લૌકિક થયો. બીજો અલૌકિક આનંદ मनोनयननिर्वृतिરૂપે વર્ણવ્યો. આ આનંદ મનનો પણ છે અને નયનનો પણ છે. મનનો અંતરાનંદ છે બહારનો દર્શનાનંદ છે. વક્ષઃસ્થલ આનંદ આપવાનું કાર્ય કરે છે. ભગવાનના વક્ષઃસ્થલનું આ કાર્યથી ગૌરવ ગાયું આવા બન્ને પ્રકારની યોગ્યતા ધરાવતા “વક્ષઃસ્થલ”નું મનમાં ધ્યાન કરવું. તેમજ—

कण्ठम्–કંઠનું પણ ધ્યાન કરવું. જેમાં કૌસ્તુભમણિ બિરાજે છે. ભગવાનનો કંઠ કૌસ્તુભમણિને શોભાવે છે. ભગવાનનો આ કંઠ બે પ્રકારનો છે: “કૌસ્તુભમણિનો આશ્રય બનતો બહારનો કંઠ, અને વેદોને પ્રકટ કરતો જગદ્‌ગુરુ ગણાતો અંદરનો કંઠ” આવા કંઠનું મનમાં ધ્યાન કરવું. આ કૌસ્તુભમણિના અણમોલ આભૂષણને એટલા જ માટે કંઠમાં ધારણ કરેલ છે કે તે “ભક્ત અને મુકતો”ના તત્ત્વરૂપે બને છે. ભગવાનને ભક્ત અને મુકતો પ્રિય છે તેથી તો કંઠમાં લગાવ્યા છે. च અવ્યય પણ અહીં રહેલ છે તે સ્કંધનું ધ્યાન કરવાનું સૂચવે છે. ૨૬

बाहूंश्च मन्दरगिरेः परिवर्तनेन निर्णिक्तबाहुवलयानधिलोकपालान् ॥
सञ्चिन्तयेद् दशशतारमसह्यतेजः शङ्खं च तत्करसरोरुहराजहंसम् ॥ २७ ॥

અન્વયાર્થ—**च** = અને, **मन्दर-गिरेः** = મંદરાચલના, **परिवर्तनेन** = પરિવર્તનથી–ગોળ ફેરવવાથી, **निर्णिक्त-बाहु-वलयान्** = એક સાથે ચોંટી ગયેલ અથવા ઘર્ષણથી શ્વેત બનેલા વલયોવાળા, તેમ જ **अधि-**

लोक-पालान् = લોકપાલોને ધારણ કરનારા, **बाहून्** = ભગવાનના બાહુઓને, **च** = તેમજ, **असह्यतेजः** = અસહ્ય તેજસ્વી, **दश-शत-आरम्** = સહસ્ર ધાર સુદર્શન ચક્રના તેમજ, **तत्-कर-सरः-रुह-राजहंसम्** = શ્રીહરિના કરકમલમાં બિરાજતા રાજહંસ સમા, **शङ्खम्** = શંખનું, **सम्-चिंतयेत्** = ભાવ અને એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવું. ૨૭

અનુવાદ--મંદરાચલના પરિભ્રમણથી સજ્જડ ચોંટી ગયેલા અથવા તો ઘર્ષણથી શ્વેત બની ગયેલા કંકણ અને કેયૂરને ધારણ કરનારા ભગવાનના બાહુઓનું ધ્યાન કરવું. તેમજ સહસ્રધાર અસહ્ય તેજસ્વી સુદર્શન ચક્રનું ધ્યાન કરવું. વળી શ્રીહરિના કરસરોજમાં બિરાજતા રાજહંસ સમા શંખનું ધ્યાન કરવું. (વસંતતિલકા) ૨૭

તત્ત્વસુધા—बाहून्—ભગવાનના ચાર બાહુનું ધ્યાન સૂચવતાં કંકણ શોભતા કરકમલની કોમલ ઉપમા ન આપતાં મંદરાચલથી મહાકવિનું મંથન કરતા બાહુનું ધ્યાન સૂચવીને સંકેત કર્યો કે ભગવાનનો ભક્ત સક્રિય-સ્વાશ્રયી અને સતત શ્રમશીલ હોવો જોઈએ. ભગવાનની ચાર ભુજાઓમાં બિરાજતાં વલય-કંકણો ચાર પ્રકારના પુરુષાર્થોનું દર્શન કરાવે છે. એકધારું મંથન ચાલવાથી કાં તો કંકણ ગતિની એક સાથે સજ્જડ લાગી ગયાં છે અથવા તો પરસ્પરના ઘર્ષણથી વધુ તેજસ્વી બન્યાં છે. આવા પુરુષાર્થશીલ બાહુ છે તેથી તો દશ દિક્પાલોને ભગવાને પોતાના હાથે ધારણ કર્યા છે—તેમને આધાર આપ્યો છે.

सञ्चिन्तयेद् दशशतारम्—ભગવાનનાં ચાર આયુધોમાં પ્રથમ સુદર્શન ચક્રનું ધ્યાન સૂચવેલ છે. આ ચક્રને दश—એટલે દશ, અને शत—એટલે સેંકડો એવા "आरा" છે. આ સુદર્શન ચક્ર "કાલ"સ્વરૂપ છે. दश એ દશ પ્રાણો છે અને शत એ સેંકડો કાલના અવયવો છે. આ સુદર્શન કાલવિજેતા છે. સુદર્શનનું ધ્યાન કરનાર ભીષ્મ માફક "કાલવિજયી" બને છે.

शङ्खं च तत् करसरोरुह-राजहंसम्—ભગવાનના કરસરોજમાં રાજહંસ સમી શોભા ધરતા શંખને ભગવાને ધારણ કર્યો છે. આ શંખ સર્વ વેદોનો નિવાસ છે. શંખનું ધ્યાન અને સ્પર્શ કરવાથી, શંખમાંના જલનું પાન કરવાથી વેદોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જાણે આ શંખ કમલદલપુંજમાં બિરાજતા રાજહંસ સમાન લાગે છે. કમલમાં બેઠેલ હંસના ચરણ લાલ દેખાય, મુખાગ્ર ભાગ લાલ દેખાય. શંખ પણ પ્રભુના અધરોષ્ઠ સ્પર્શે મુખે લાલ અને પૂંઠે કરકમલ સ્પર્શે લાલ લાગે છે. ૨૭

આ શ્લોકમાં ગદા, વનમાલા અને કૌસ્તુભમણિનું ધ્યાન છે—

कौमोदकीं भगवतो दयितां स्मरेत दिग्धामरातिभटशोणितकर्दमेन ॥
मालां मधुव्रतसमूहगिरोपघुष्टां चैत्यस्य तत्त्वममलं मणिमस्य कण्ठे ॥ २८ ॥

અન્વયાર્થ—**अराति-भट-शोणित-कर्दमेन** = શત્રુઓનાં સુભટોના શોણિત જામેલા કાદવથી, **दिग्धाम्**= ખરડાયેલી, **भगवतः** = ભગવાનની, **दयिताम्** = અત્યંત પ્રિય, **कौमोद्कीम्** = કૌમોદકી નામની ગદાને, **स्मरेत** = યાદ કરે-સ્મરણ કરે, તેમજ **मधु-व्रत-समूह-गिरा** = વેદગાનના મધુર વ્રતવાળા મધુકર સમૂહના ગુંજન-વાણીથી, **उपघुष्टाम्** = ગાજતી, **मालाम्** = શ્રી વનમાલાજીનું સ્મરણ કરે, તેમજ **अस्य** = આ ભગવાનના, **कंठे** = કંઠમાં બિરાજમાન, **चैत्यस्य** = જીવના, **तत्त्वम्** = તત્ત્વસ્વરૂપ, **अमलं मणिम्** = નિર્મલ મણિનું સ્મરણ કરે. ૨૮

અનુવાદ—શત્રુઓના સુભટોના રુધિર જામેલા કાદવમાં રગદોળાયેલી ભગવાનની અત્યંતપ્રિય કૌમોદકી ગદાનું સ્મરણ કરવું. વળી વેદ-ગાનના મધુર વ્રતવાળા મધુકર પુંજની

ગુંજન વાણીથી ગાજતી શ્રી વનમાલાજીનું સ્મરણ કરવું. તેમ જ આ ભગવાનના કંઠમાં બિરાજમાન જીવના તત્ત્વસ્વરૂપ નિર્મલ મણિનું પણ સ્મરણ કરવું. (વસંતતિલકા) ૨૮

તત્ત્વસુધા—**કૌમોદકીમ્**–ત્રણ સામગ્રીનું વર્ણન કરતાં પ્રથમ ગદાનું વર્ણન કર્યું. ૨૭મા શ્લોકમાં ચક્ર, શંખનું સ્વરૂપ વર્ણવી आसन्य એટલે પ્રાણમયી ગદાનું સ્મરણ કરવાનું સૂચવ્યું. ગદા ભગવાનને અતિશય પ્રિય છે. દૈત્યોનો વધ ભગવાન દ્વેષ ભાવે નથી કરતા. પરંતુ ન્યાયાધીશના ન્યાયે નિષ્પાપ થઈ વધ કરે છે. ગદા આ કાર્ય કરતી હોવાથી ભગવાનને તે ઘણી જ પ્રિય છે. યુદ્ધ કરતાં શોણિત વહે પછી તે જામી જાય. ગદાથી વારંવાર પ્રહાર થાય તેથી શ્યામવર્ણી હોય તોપણ જામેલા કાદવથી રક્તવર્ણી લાગે.

मालाम्–વૈજયંતી માલા અનેક ભક્તકુસુમોથી બનેલી છે. ભગવાનના યશથી ભરેલી તે વૈજયંતી માલા છે. મધુવ્રત–એ ભ્રમરનું નામ છે. "વેદગાન, સામગાન, ભગવદ્ગુણગાન મધુવ્રત છે." આ મધુવ્રત ધારણ કરનારા મધુકરો છે. વનમાલા ઉપર વસીને તેઓ ભગવાનનો યશ ગાય છે. આ ગુણ ગાનારા મધુવ્રત ભકતો છે. ભકતથી દીપતી માલા કંઠમાં છે અને કંઠમાં चैत्यस्य એટલે चित्ते भवस्य ચિત્તમાં રહેલ चैत्य એટલે જીવનું જે તત્ત્વ તે કૌસ્તુભમણિ છે. આવા કંઠનું માલા કૌસ્તુભ સાથે ધ્યાન કરવું. ૨૮

भृत्यानुकम्पितधियेह गृहीतमूर्तेः सञ्चिन्तयेद् भगवतो वदनारविन्दम् ॥
यद् विस्फुरन्मकरकुण्डलमण्डितेन विद्योतितामलकपोलमुदारनासम् ॥ २९ ॥
यच्छ्रीनिकेतमलिभिः परिषेव्यमाणं भूत्या स्वया कुटिलकुन्तलवृन्दजुष्टम् ॥
मीनद्वयाश्रयमधिक्षिपदब्जनेत्रं ध्यायेन्मनोमयमतन्द्रितमुल्लसद् भ्रु ॥ ३० ॥

અન્વયાર્થ—**यत्** = જે, **विस्फुरत्-मकर-कुण्डल-मण्डितेन** = જે જવાજવલ્યમાન મકરાકૃતિ કુંડલોથી શોભિત હોવાને લીધે, **विद्योतित-अमल-कपोलम्** = તેજોમય બનેલ અમલ કપોલવાળા, **उदारनासाम्** = ઉદાર નાસિકાવાળું, **भृत्य-अनुकम्पित-धिया** = ભકતો ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી, **इह** = આ પૃથ્વીમાં, **गृहीतमूर्तेः** = મૂર્તિ ધારણ કરનારા, **भगवतः** = ભગવાનના, **वदन-अरविन्दम्** = મુખારવિંદનું, **सञ्चिन्तयेत्** = ધ્યાન કરવું, **यत्** = જે મુખારવિન્દ, **श्रीनिकेतम्** = લક્ષ્મીજીના નિવાસરૂપ છે, **अलिभिः** = ભ્રમરોથી, **परिषेव्यमाणम्** = સેવાયેલ છે, **स्वया** = પોતાની, **भूत्या** = કાન્તિથી પણ સેવાયેલ છે, **कुटिल-कुन्तल-वृन्द-जुष्टम्** = વાંકા કેશથી ભરપૂર છે, **मीनद्वय-श्रियम्** = બે મત્સ્યોની કાન્તિને, **अधि-क्षिपत्** = પોતાની કાન્તિથી તુચ્છ કરનાર, **अब्ज-नेत्रम्** = કમલ તુલ્ય નેત્રવાળા, **मनोमयम्** = મનથી ભરપૂર, **अतन्द्रितम्** = સાવધાનતા પૂર્વક, **उत्-लसद्-भ्रु** = વિલાસમય ભ્રુકુટિવાળા મુખારવિંદનું ધ્યાન કરવું. ૨૯, ૩૦

અનુવાદ––જાજરમાન મકરાકૃતિ કુંડલોથી શોભતું હોવાને લીધે તેજોમય બનેલા નિર્મલ કપોલથી શોભતા, ઉન્નત નાસિકાવાળા, ભકતો ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી આ ભૂતલ ઉપર અવતાર લેનારા ભગવાનના વદનકમલનું ધ્યાન કરવું. જે મુખારવિન્દ લક્ષ્મીજીના નિવાસરૂપ છે. ભ્રમરોથી સેવાયેલ છે. પોતાની સ્વતંત્ર કાંતિથી ઝળકે છે, વાંકોડિયા વાળથી વ્યાપ્ત છે, બે મત્સ્યની શોભાને ઉતારી પાડનાર કમલ તુલ્ય નેત્રને ધારણ કરનાર મનથી ભરપૂર સાવધાનતા સાથે ભ્રૂકુટિના વિલાસમય મુખારવિંદનું ધ્યાન કરવું.

તત્ત્વસુધા—सञ्चिन्तयेत्–ભગવાનના મુખારવિંદનું ધ્યાન કરવાનું વિધાન કર્યું છે. મુખારવિંદને નવ વિશેષણ આપ્યાં છે. આ નવ વિશેષણ નવધા ભકિતનું સૂચન કરનારાં છે. ભગવાનના મુખારવિંદમાં નવ રસો

રહેલ છે. મુખારવિંદ આનંદ સ્વરૂપ છે. ભૂમિ ઉપર ભગવાન અવતાર લે, પછી ભકતો તે સ્વરૂપનું અને મુખકમલનું દર્શન કરે એટલે તે મુખકમલ સર્વને જાણીતું થાય. પછી ભકતો તેનું ધ્યાન કરે. પણ જ્યારે જ્યારે ભકતો દુઃખી થાય ત્યારે ભગવાન અવતાર લે. આ શ્લોકમાં એ વાત લખી છે કે भृत्याऽनुकम्पित-धिया इह गृहीतमूर्तेः-ભૃત્ય એટલે સેવકોના દુઃખને નીરખી કરુણા હૃદયમાં પ્રકટતાં તે કરુણાથી સ્વરૂપ લઈ इह આ ભૂમિ ઉપર ભગવાન પધારેલ છે એમના वदनारविन्दम् મુખારવિંદનું દર્શન કરવું ખૂબ જ ચિંતન કરવું. વદનને अरविन्दની ઉપમા આપી સૂચન કર્યું કે સેવકનું દુઃખ દૃષ્ટિ માત્રથી દૂર કરશે. આ મુખના નવ વિશેષણમાં નવ ભકિત દર્શાવે છે–

यद्विस्फुरन्मकरकुण्डलमण्डितेन विद्योतितामलकपोलम्–આ વાક્યમાં લગભગ સાત જેટલાં વિશેષણ છે. ભગવાનનું સંપૂર્ણ મુખારવિંદનો ભકિતરસથી ભરપૂર છે. "રસમય ફલ" છે. ભગવાનના "ચરણયુગલ" ભક્તનું લક્ષ્ય છે. ભક્ત તે ચરણોને મેળવનાર છે. ભગવાનના બન્ને કર્ણમાં રહેલાં બે કુંડલોનું જે તેજ છે તે "સાંખ્ય અને યોગ" શાસ્ત્રનો પ્રભાવ છે. विद्योतित શબ્દથી તે તેજનો ઉલ્લેખ કર્યો છે. શ્રવણભક્તિ કાનથી થાય છે. કર્ણ શબ્દથી થતા જ્ઞાનને કરાવે છે. ભગવાનના અમલ ઉજ્જ્વલ કપોલમાં જે ઉજ્જવલતા છે તે સાંખ્યયોગનું પરસ્પર ગ્રહણ કરતા ભકતો છે.

(૨) उदारनासम्-ભગવાનની ઉન્નત મનોહર નાસિકા "કીર્તન" ભક્તિ છે. કીર્તન ભક્તિનું એ રીતે સામ્ય છે કે 'કીર્તન સર્વ પુરુષાર્થોને સિદ્ધ કરે છે, એ રીતે ભગવાનની નાસિકા પણ દર્શનકારની ભગવાનમાં સ્થિતિ કરાવી સર્વ પુરુષાર્થો આપે છે. માટે "નાસિકા કીર્તન ભક્તિ રસનું અંગ છે.

(૩) श्रीनिकेतम्-ભગવાનનું મુખકમલ શ્રી એટલે લક્ષ્મીજીનું निकेत ધામ છે. ભગવાનના મુખમાં લક્ષ્મીજીની "સ્થિતિ" "સ્મૃતિ ભક્તિ" રૂપ છે.

(૪) अलिभिः परिषेव्यमानम्–ભ્રમરો ચારે તરફ ભ્રમણ કરી સેવા કરી રહેલા सेव्यमान ધર્મ ભકતોની પાદ-સેવન ભક્તિ છે. પાદ-સેવનની વાંછા ધરાવતા ગુંજનના નિમિત્તે ભ્રમરો–ભકતો ચરણસેવા યાચી રહ્યા છે.

(૫) भूत्या स्वया–પોતાની વિભૂતિથી સેવન કરાય છે એ અર્ચન ભક્તિ છે.

(૬) कुटिल–कुन्तल–वृन्दजुष्टम्–વાંકા. વાળનાં ગુચ્છથી શ્રીમુખ વ્યાપ્ત છે. કેશનું વાંકાપણું એ વંદન ભક્તિ છે. વંદન કરતી વખતે વાંકા થઈ નમસ્કાર કરવો પડે છે.

(૭) मीनद्वयाश्रयमधिक्षिपदब्जनेत्रम्–દાસ્ય ભક્તિ તો પ્રત્યક્ષમાં કરવાની ને પરોક્ષમાં પણ કરવાની. ઘરમાં પણ કરવાની અને બહાર પણ કરવાની. ઘરમાંથી કચરો કાઢવો એ અંદરનું કાર્ય છે અને ઘરને સજાવવું એ બહારનું દાસ્ય કાર્ય છે. જલમાં રહેનાર મત્સ્ય જલની અંદર અને ઉપર બન્ને પ્રકારનો મલ દૂર કરે છે, તે રીતે ભગવાનનાં શ્રીસમ્પન્ન બન્ને નેત્રો, દાસજનોના પાપ અને અવિદ્યાનું નિવારણ કરે છે.

(૮) मनोमयम् "मनसा प्राचुर्यम्"–ભગવાનના મુખારવિન્દમાં ભકતોનાં મનનું રહેઠાણ છે આ સખ્ય ભક્તિનું પ્રતીક વિશેષણ છે.

(૯) अतन्द्रितमुल्लसदभ्रु–"બ્રહ્માજીનું સત્ય લોકનું સ્થાન" એ તો ભગવાનની ભ્રુકુટિનો વિલાસ છે, "ભ્રુકુટિનો વિલાસ" આત્મસમર્પણ છે. આમ નવ પ્રકારની ભક્તિરસનું અધિષ્ઠાન ભગવાનનું મુખારવિંદ હોવાથી ભકતે તેનું નિત્ય ધ્યાન કરે છે.

આ બે શ્લોકમાં પ્રથમ શ્લોકની બીજી પંક્તિમાં यद् विस्फुरन्मकरकुण्डल "वल्गितेन" એવો પણ પાઠ મળે છે. જ્યારે "વલ્ગિત" પાઠ લઈએ ત્યારે ભગવાનના કર્ણપ્રદેશનાં હાલતાં બે કુંડલ એવો અર્થ કરવો. ૩૦, ૩૧

પ્રભુની કૃપાદષ્ટિનું મહત્ત્વ ગાય છે—

तस्यावलोकमधिकं कृपयातिघोरतापत्रयोपशमनाय निसृष्टमक्ष्णोः ॥
स्निग्धस्मितानुगुणितं विपुलप्रसादं ध्यायेच्चिरं विततभावनया गुहायाम् ॥ ३१ ॥

અન્વયાર્થ—कृपया = કૃપાથી, **अति-घोर-तापत्रय-उप-शमनाय** = અતિશય ભયાનક ત્રણ પ્રકારના તાપોની સંપૂર્ણ શાન્તિ માટે, **अक्ष्णोः** = બે નેત્રોમાંથી, **निसृष्टम्** = પ્રકટેલ, **स्निग्ध-स्मित-अनु-गुणितम्**= સ્નેહાળ સહજ સ્મિત હાસ્યથી અનેકગણું બનાવેલ, **विपुल-प्रसादम्** – વિપુલ કૃપાથી ભરેલ, **तस्य** = તે, ભગવાનનું, **अवलोकम्** = અવલોકનનું-ભગવાનની દૃષ્ટિનું, **गुहायाम्** = હૃદયગુફામાં, **वितत-भावनया** = વિસ્તૃત ભાવનાથી, **चिरम्** = ચિરકાલ પર્યન્ત, **अधिकम्** = અધિક, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૩૧

અનુવાદ—પોતાની કૃપાથી, ભક્તોના અતિ ભયાનક ત્રણ પ્રકારના તાપોની સંપૂર્ણ શાંતિ માટે, બંને નેત્રોમાંથી પ્રકટેલ, તેમજ સ્નેહાળ સ્મિત હાસ્યથી અનેકગણું બનાવેલ, પુષ્કળ કૃપા ભર્યા ભગવાનના ઉપરના અવલોકનનું-ભગવાનની કૃપાનજરનું હૃદયગુફામાં વિસ્તૃત ભાવનાથી ચિરકાલ પર્યન્ત અધિક ચિંતન કરવું. (વસંતતિલકાવૃત્ત) ૩૧

તત્ત્વસુધા—कृपया —કૃપાપૂર્વક ભગવાન ભક્ત ઉપર નજર નાખે છે. પ્રભુની આ નજરનું પ્રભુ-અવલોકનનું બે પ્રકારનું ફલ છે.

अतिघोरतापत्रयोपशमनाय—અત્યંત ભયાનક ત્રણ પ્રકારના લૌકિક તેમ જ અલૌકિક તાપો છે. આમ બન્ને પ્રકારના તાપોનું સર્વથા નિવારણ કરવાનો ભગવાનનો દયામય સ્વભાવ છે. માટે—

अक्ष्णोः निसृष्टम्—ભગવાન પોતાનાં બંને નેત્રોથી અવલોકન કરે છે. આ અવલોકન कृपया કૃપાથી કરેલ છે. કૃપાનું કારણ ભક્તિ છે. ભક્તિ બે પ્રકારની છે. એક ભગવાનની કૃપાને ઉત્પન્ન કરનાર સાધન ભક્તિ છે. **अक्ष्णोः निसृष्टम्** બન્ને નયનમાંથી ફેંકેલ એવું અવલોકન. આ પદમાં કારણ ભક્તિ વર્ણવી હવે ફલ-ભક્તિનું વર્ણન કરતાં કહે છે—

स्निग्धस्मितानुगुणितं—ભગવાનની આ કૃપાનજર "સ્નેહમય સ્મિત હાસ્યને લીધે અનેકગણી બનેલ છે. અનેકગણી એટલે પહેલી એક પછી દશ, પછી સો એમ ગણતાં બનેલી અનેક ગણી કૃપાનજર છે. આ ભક્તિ જ્ઞાનશક્તિ સાથે રહેલી છે. આ સ્થાને ભક્તિ અને જ્ઞાનનો વિરોધ નથી પણ "સહકાર" છે.

विपुल-प्रसादम्—ભગવાનનાં બન્ને નેત્રોમાંથી પ્રકટેલ અને સાનુકૂલ સ્નેહાળ સ્મિતથી અતિગણું બનેલ "કૃપા પ્રસાદ ભર્યું" ભગવાનના અવલોકનનું ચિરકાલ પર્યન્ત ચિત્તમાં ચિંતન કરવું જેથી હૃદયમાં અન્ય કોઈનો વિચાર ન આવે. ૩૧

આ શ્લોકમાં ભગવાનનાં સ્મિત હાસ્ય અને ભ્રૂમંડલનાં દર્શન અને ધ્યાનનું વિધાન છે :

हासं हरेरवनताखिललोकतीव्रशोकाश्रुसागरविशोषणमत्युदारम् ॥
संमोहनाय रचितं निजमाययाऽस्य भ्रूमण्डलं मुनिकृते मकरध्वजस्य ॥ ३२ ॥

અન્વયાર્થ—अव-नत-अखिल-लोक-तीव्र-शोक-अश्रु-सागर-विशोषणम् = નમસ્કાર કરતા સમસ્ત લોકના તીવ્ર શોકાશ્રુસાગરને સૂકવી દેનાર, **अति-उदारम्** = અત્યંત ઉદાર, **मुनिकृते** = મુનિવૃન્દ માટે, **मकर-ध्वजस्य** = મકરને ધ્વજમાં રાખનાર-કામદેવને, **संमोहनाय** = મોહ કરવા, **निज-मायया** = પોતાની

માયાથી, **रचितम्** = રચેલ, **हरेः** = શ્રીહરિના, **हासम्** = હાસ્યનું અને, **अस्य** = આ શ્રીહરિના, **भ्रूमण्डलम्**= ભ્રુકુટિ મંડલનું, **ध्यायेत्** = ધ્યાન કરવું. ૩૨

અનુવાદ—નિજ ચરણમાં નમસ્કાર કરતાં સમસ્ત નિજજનના તીવ્ર શોકાશ્રુસાગરને સૂકવનારા પરમોદાર શ્રીહરિના હાસ્યનું ધ્યાન કરવું, તેમજ મુનિવરો માટે, મકરધ્વજ કામદેવને સંમોહન કરવા પોતાની માયાથી રચેલ શ્રીહરિના ભ્રૂમંડલનું પણ ધ્યાન કરવું. ૩૨

તત્ત્વસુધા—हरेः-ભગવાનને "હરિ" શબ્દથી કહ્યા. ભકતોનું હૃદય હરે, ભકતોની હરકતોને હરે, આવો અનેક રીતે દયાળુ સ્વભાવ છે તેથી તે શ્રીહરિ છે. આ હરિના હાસ્યનું ધ્યાન કરવું.

अनवताखिललोकतीव्रशोकाश्रुसागरविशोषणम्-આ વાકયનો અર્થ કરતાં "तीव्रशोकाश्रु" "તીવ્રશોક"નાં અશ્રુઓ એ શબ્દ ઉપર ધ્યાન દોરવું. આ તીવ્ર શોકાશ્રુઓ સંસારકલેશનાં નથી વર્ણવ્યાં. પરંતુ ભગવદ્-વિરહથી આવતાં તીવ્ર-ન ખાળી શકાય તેમ વહી જતાં "શોકાશ્રુઓને" હરિ સૂકવી નાખે છે. ભલે પછી તે સાગર જેટલાં વિપુલ હોય. પ્રભુનાં સ્મિત હાસ્ય પણ "અતિશય" ઉદાર છે માટે अत्युदारम् કહેલ છે. હવે ભગવાનના हास्यने ઉદાર-અત્યંત ઉદાર એવું એક વિશેષણ આપે છે. કારણ કે બીજા સ્કંધના વિરાટ વર્ણનમાં ભગવાનના "હાસ્ય"ને જનને "ઉન્માદ" કરનારી માયા કહી છે. આ માયા ભગવાનની માયા છે. કૃપામયી છે. નહિ કે "માયા" શબ્દથી વર્ણવાતી ભગવાનથી વિમુખ કરનારી એ અર્થમાં વપરાતી આ માયા છે. આ હાસ્યમયી માયા "ભગવત્સેવા નામના પરમ પુરુષાર્થને" બાધ કરનારી નથી, કારણ કે આ ભગવાનનું આ હાસ્ય "પરમઉદાર હાસ્ય" છે આ હાસ્ય તે માયાને અટકાવી ભક્તને અધિકાર આપી દુઃખમુક્ત કરશે. લૌકિક શોકાશ્રુને પણ આ હાસ્ય સૂકવી નાખશે જ.

संमोहनाय रचितम्-આ હાસ્ય "મકર એટલે મગરને ધ્વજમાં રાખનાર મકરધ્વજ કામદેવને સંમોહન કરનારું પણ છે. મુનિવરો જ્યારે ભગવાનનું ધ્યાન કરતા હોય છે ત્યારે ભગવાન સાથે રમણ કરવાની વૃત્તિ ઉત્પન્ન કરાવી મુનિના ધ્યાનમાં વિક્ષેપ નાખે છે. તે "ક્રૂર વિક્ષેપ નાખતા કામને સંમોહન કરી અટકાવનાર સ્મિત હાસ્ય છે.

भ्रूमण्डलम्-ભગવાનના ભ્રૂમંડલને સજ્જ કરેલ બાણસહિત ધનુષ્ય સ્વરૂપે જોવું, કારણ કે "નેત્રબાણથી" મકરધ્વજનું શાસન કરે છે. માટે ભ્રૂમંડલનું પણ ધ્યાન કરવું. ૩૨

ભગવાનના અટ્ટહાસ્યના ધ્યાનને વર્ણવે છે—

ध्यानायनं प्रहसितं बहुलाधरोष्ठभासाऽरुणायिततनुद्विजकुन्दपङ्क्ति ॥
ध्यायेत् स्वदेहकुहरेऽवसितस्य विष्णो भक्तयार्द्रयाऽर्पितमनाग् पृथग् दिदक्षेत् ॥ ३३ ॥

અન્વયાર્થ—**स्व-देह-कुहरे** = પોતાના દેહના આકાશમાં, **अवसितस्य** = બિરાજમાન **विष्णोः** = ભગવાન વિષ્ણુનું, **ध्यान-अयनम्** = સર્વ ધ્યાનોનું સ્થાન-અનાયાસે ધ્યાન કરી શકાતા એવા, **बहुल-अधर-ओष्ठ-भासा** = અતિશય અધર અને ઉપરના ઓષ્ઠની કાન્તિથી, **अरुण-आयित-तनु** = લાલવર્ણી બનેલ આકૃતિવાળા, **द्विज-कुन्द-पङ्क्ति** = દાંતરૂપ કુન્દપુષ્પોની પંક્તિવાળા, **प्रहसितम्** = હાસ્યનું, **आर्द्रया** = સ્નેહમયી, **भक्त्या** = ભક્તિથી, **अर्पित-मनाः** = મનને સમર્પણ કરતો, **ध्यायेत्** = ધ્યાન કરે, પરંતુ **पृथक्**= અન્ય બીજું કાંઈ, **न-दिदक्षेत्** = જોવાની કામના ન કરે. ૩૩

અનુવાદ—ભક્ત પોતાના દેહમાં રહેલા આકાશમાં, વિરાજમાન ભગવાન વિષ્ણુના

સર્વ ધ્યાનોના સ્થાનરૂપ અલ્પ પ્રયત્ને ધરી શકાતા, તેમજ ઉભય ઓષ્ઠના રક્તવર્ણી કાંતિથી, અંગપ્રભાને રક્તવર્ણી બનાવતા મોગરાની કળી સમાન દંતપંક્તિવાળા અટ્ટહાસ્યનુ સ્નેહમયી ભક્તિથી ધ્યાન કરવું. આ સમયે અન્ય કાંઈ જોવાની કામના ન કરવી. (વ.તિ) ૩૩

તત્ત્વસુધા—" स्वदेहकुहरे " ભગવાનના મધુર સ્મિતના ધ્યાનનું ૩૨મા શ્લોકમાં નિરૂપણ કરીને ૩૩મા શ્લોકમાં" અટ્ટહાસ્ય "નું મહત્ત્વ સમજાવી ધ્યાન કરવાનું વિધાન કરે છે. ધ્યાન કરનારે પ્રથમ તો " પોતાના " હૃદયઆકાશમાં ભગવાનનું ધ્યાન કરવું.

" बहुलाघरोष्ठभासा "—આ અટ્ટહાસ્યનું ધ્યાન કરતાં, ભગવાનના ઉપરના અને નીચેના બન્ને ઓષ્ઠોનું ધ્યાન કરવું. તેમજ द्विजकुन्दपंक्ति—ભગવાનથી મોગરાની કળી જેવી સ્વચ્છ દંતપંક્તિનું પણ ધ્યાન કરવું. અટ્ટહાસ્ય સમયે રક્તવર્ણા ઓષ્ઠોથી શ્રીઅંગની પ્રભા રક્ત વર્ણવાળી બની જાય છે. તે અનુરાગનું દર્શન કરાવે છે. વળી ઉપરનો ઓષ્ઠ, અધર અને દંતપક્તિ આ ત્રણનું દર્શન થતાં દેહ, ધન અને પુત્રની આસક્તિને હરે છે. તદુપરાંત " प्रहसितं " અટ્ટહાસ્યનું ધ્યાન કરતી વખતે " આવતાં સમસ્ત વિઘ્નોને " દૂર કરે છે. આ મનઃ મન ભગવાનને ચરણે ધરી સખ્ય સિદ્ધ કરવું, અને न पृथक् दिदृक्षेत्—અન્ય કોઈનું દર્શન કરવા ઈચ્છા ન કરવી એમ કહી આત્મનિવેદન સિદ્ધ કર્યું. ૩૩

एवं हरौ भगवति प्रतिलब्धभावो भक्त्याद्रवत् हृदय उत्पुलकः प्रमोदात् ॥
औत्कण्ठ्य–वाष्पकलया मुहुरर्द्यमानस्तच्चापि चित्तबडिशं शनकैर्वियुङ्क्ते ॥ ३४ ॥

અન્વયાર્થ—एवम् = આ પ્રકારે, **हरौ** = ભગવાનમાં, **प्रति–लब्ध–भावः** = પ્રેમ પ્રાપ્ત કરેલ, તેમજ **भक्त्या** = ભક્તિથી, **द्रवत्–हृदयः** = આર્દ્ર હૃદય થયેલ, **प्रमोदात्** = આનંદથી, **उत्पुलकः** = રોમાંચિત બનેલ, **औत्कण्ठ्य–वाष्प–कलया** = અતિશય ઉત્કંઠાથી ઉત્પન્ન થતી અશ્રુકલાથી, **मुहुः** = વારંવાર, **अर्द्यमानः** = આર્દ્ર બની જતો, ભક્ત, **तत्** = તે તે, **चित्त–बडिशम्** = ચિત્તને પકડી રાખનાર આંકડાને પણ, **शनकैः** = ધીરે ધીરે, **वियुङ्क्ते** = છોડે છે, છોડાવે છે. ૩૪

અનુવાદ—આ પ્રકારે ભગવાનમાં પ્રેમ પ્રાપ્ત કરેલ, તેમજ ભક્તિથી આર્દ્ર હૃદયવાળા, આનંદથી રોમાંચિત થયેલા, અત્યંત ઉત્કંઠાને લીધે ઉત્પન્ન થતી અશ્રુકલાથી વારંવાર આર્દ્ર બની જતો ભક્ત–તે તે ભક્તજન, ચિત્તને પકડી રાખનાર આંકડાને પણ ધીરે ધીરે છોડાવે છે–છોડે છે. (વસંતતિલકાવૃત્ત) ૩૪

તત્ત્વસુધા—" एवं हरौ "–૨૧મા શ્લોકથી ૩૩મા શ્લોક પર્યન્ત ભગવાનના સ્વરૂપના ધ્યાનનું વર્ણન કર્યું. ચરણારવિંદથી મસ્તક પર્યન્તનું ધ્યાન વર્ણવ્યું છે. છેલ્લા ત્રણ શ્લોકોમાં મુખારવિંદનું વર્ણન કર્યું. નવ પ્રકારનો ભક્તિયોગ ભગવાનના મુખારવિંદમાં સમજાવ્યો, હવે ધ્યાનના ફલ સ્વરૂપનો ઉલ્લેખ કરે છે—" हरि ", " શબ્દથી દુઃખને હરે છે, સર્વ પુરુષાર્થોને પૂર્ણ કરે છે " એવી બે વસ્તુ ભગવાનને માટે કહી. શ્રીહરિના સ્વરૂપમાં ધ્યાનથી ભક્તિભાવ પ્રકટે છે. ભક્તિભાવના ફલ સ્વરૂપે द्रवद्हृदयः–દ્રવીભૂત હૃદય બને છે, प्रमोदात् પ્રમોદથી રોમાંચ જાગૃત થાય છે. કંઠ ગદ્‌ગદ થઈ જાય છે. અશ્રુપરંપરા સરજાય છે. અને ભક્તિનો પૂર્ણ આવિર્ભાવ થાય છે. અંતે મનથી કલ્પેલું તે સ્વરૂપ પણ ચિત્ત પાસેથી ધીરે ધીરે છોડાવે છે ત્યારબાદ—

આ શ્લોકમાં પુરુષ આવરણ વિના ભગવાન એકનું દર્શન કરે છે એ સમજાવશે—

मुक्ताश्रयं यर्हि निर्विषयं विरक्तं निर्वाणमृच्छति मनः सहसा यथार्चिः ॥
आत्मानमत्र पुरुषो व्यवधानमेकमन्वीक्षते प्रतिनिवृत्तगुणप्रवाहः ॥ ३५ ॥

અન્વયાર્થ—**मुक्त-आश्रयम्** = આધાર ત્યજી દેનાર, **मनः** = મન, **यर्हि** = જ્યારે, **विरक्तम्** = વિરક્ત થઈ, **निर्विषयम्** = વિષય રહિત થાય છે ત્યારે, **यथा** = જેમ, **अर्चिः** = જ્વાલા, **यथा** = જે રીતે, **निर्वाणम्** = શાંત, **ऋच्छति** = થાય છે, તેમ તે, **मनः** = મન, **निर्वाणम् ऋच्छति** = લય પામે છે, ત્યારપછી, **प्रति-निवृत्त-गुण-प्रवाहः** = ગુણનો પ્રવાહ અટકી જતાં, **पुरुषः** = તે પુરુષ, **अत्र**—અહીં, **आत्मानम्** = આત્માને, **अव्यवधानम्** = આવરણ રહિત, **एकम्** = એકલાને, **अन्वीक्षते** = નિહાળે છે. ૩૫

અનુવાદ—આધાર ત્યજી દેનાર, મન જ્યારે વિરક્ત થઈ વિષય રહિત થાય છે, ત્યારે જેમ જ્વાલા શાંત થાય છે. તેમ, મન લય પામે છે. ત્યાર પછી ગુણનો પ્રવાહ અટકી જતાં તે પુરુષ આત્માને આવરણ રહિત એકલાને જુએ છે. (વસંતતિલકા) ૩૫

તત્ત્વસુધા—मुक्ताश्रयम्–"મુક્તાશ્રય" મનની સ્થિતિનું વર્ણન કરતાં કપિલ ભગવાને સ્પષ્ટતા કરી કે, મનના બે આશ્રય હતા. જ્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન શરૂ કર્યું, તેમાં રસોત્પત્તિ થઈ તેના ફલ સ્વરૂપે પૂર્વના લૌકિકવિષયો દૃષ્ટિથી દૂર થયા અને સ્વયં ભગવાનને શ્રીવિગ્રહ–મૂર્તિ વિષય બન્યાં. હવે તો તેને ભગવદ્રસનો જ સ્વાદ મળ્યો તેથી મૂર્તિમાં પણ તે મન વિરક્ત બની ગયું. આમ સંપૂર્ણ નિર્વિષય બની જતાં પોતાના જ કારણમાં લય પામી જાય છે. માટે मुक्ताश्रयं–निर्विषयं–विरक्तं એવાં ત્રણ વિશેષણ આપ્યાં—

મુક્તાશ્રય એટલે લૌકિક પદાર્થના વિષયો, તેમજ ભગવાનની પ્રતિમાના બન્ને વિષયોમાંથી મન વિખૂટું પડ્યું છે તેવા બન્ને આધારો હવે નથી રહ્યા. તેથી જ તે निर्विषयं–વિષય વિનાનું બન્યું છે. હવે તો તે મૂર્તિમાંથી પણ નીકળી ગયેલ છે કારણ "ભગવદ્રસાનુભૂતિ" થઈ છે તેથી તેને "विरक्तं" કહ્યું છે.

निर्वाणमृच्छतिनो અર્થ પોતાના કારણમાં લય પામવું એવો થશે. आत्मानमेकं એટલે અન્ય કોઈ પણ આવરણ વિનાના એક ભગવાનનું જ દર્શન થાય છે. ગુણોના પ્રવાહો બાધક નહીં બને? એવી શંકાનો ખુલાસો કર્યો કે प्रतिनिवृत्तगुणप्रवाहः–હવે તેના સાત્ત્વિક ગુણોથી ઉત્પન્ન થનારા પ્રીતિપ્રવાહો તેમજ ભગવદ્ગુણોથી ઉત્પન્ન થતા પણ વિષયો વિરમી જાય છે અને ભગવાનનું જ દર્શન થાય છે. ૩૫

सोऽप्येतया चरमया मनसो निवृत्त्या स्वस्मिन् महिम्न्यवसितः सुखदुःखबाह्ये ॥
हेतुत्वमप्यसति कर्तरि दुःखयोर्यत्स्वात्मन्यधत्त उपलब्धपरात्मकाष्ठः ॥ ३६ ॥

અન્વયાર્થ—**सः** = તે જીવ, **अपि** = પણ, **मनसः** = મનની, **चरमया** = અંતિમ, **निवृत्त्या** = નિવૃત્તિ વડે, **सुख-दुःख-बाह्ये** = સુખ અને દુઃખથી સર્વથા પર, **महिम्नि** = મોક્ષરૂપ, **स्वस्मिन्** = આત્મામાં, **अवसितः** = દૃઢ થાય છે, અને **दुःखयोः** = સુખદુઃખના, **हेतुत्वम्** = કારણને, **यत** **स्व-आत्मनि** = જે પોતાના આત્મામાં, **अधत्त** = રાખતો તે, **असति** = મિથ્યા, **कर्तरि** = કર્તાપણામાં હોવાનું જાણી, **उप-लब्ध-पर-आत्म-काष्ठः** = આત્માની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરનાર થાય છે. ૩૬

અનુવાદ—તે આત્માનો અનુભવ કરનાર આત્મા પણ મનની જે અંતિમ શાંતિથી, સુખદુઃખ વિનાના મોક્ષરૂપ આત્મામાં દૃઢ થાય છે અને સુખદુઃખનાં કારણને આત્મામાં જે પહેલાં રાખતો તે મિથ્યા કર્તૃત્વમાં–મિથ્યાકર્તાપણામાં રહેલ જાણીને આત્માની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર થાય છે. (વસંતતિલકાવૃત્ત) ૩૬

તત્ત્વસુધા—આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે—મનની છેવટની ભગવદાકાર સ્થિતિથી महिम्नि મોક્ષરૂપ આત્મામાં જ પોતે દૃઢ થાય છે. હવે તેને પહેલાંની પેઠેની સ્થિતિ પુનઃ નથી આવતી. પ્રથમની

સ્થિતિમાં, સુખ-દુઃખ હોય છે આ સ્થિતિમાં સુખ-દુઃખની અવસ્થા નથી હોતી.

વળી ચિત્તમાં રહેલ "કર્તૃત્વ" જો ચિત્તનો લય થતાં આત્મામાં આવે તો પણ સુખ-દુઃખ પાછાં થયા વિના ન રહી શકે એની પણ સ્પષ્ટતા ઉત્તરાર્ધથી કરવા માટે કહ્યું કે "दुःखयोर्हेतुत्वमात्मन्यधत्त" દુઃખસુખનું કારણ તો અન્તઃકરણમાં જ રહેલું, असति कर्तरि આત્મામાં તો તે રહેલ નથી તો પણ તે આત્મામાં રાખતો તે પણ હવે કારણ નથી રહ્યું તેથી તેને સુખ-દુઃખસ્થિતિ પુનઃ પ્રાપ્ત નથી થતી. કારણ કે ચિત્તમાં રહેલ સુખને અને દુઃખને ખોટી રીતે આત્મામાં માનેલ તેમજ રાખેલ તે હવે નથી રહેતું. આ શ્લોકમાં दुःखयोः શબ્દનો ઉલ્લેખ કરીને "સુખનું" પણ ગ્રહણ કર્યું છે તેથી દ્વિવચન છે. વળી "સુખ" પણ દુઃખરૂપ છે એવું પણ તેનું રહસ્ય છે. "હવે તો આત્માની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી છે" તેથી તેની ભૂમિકા દિવ્ય બની છે. ૩૬

સર્વ સામાન્ય મનુષ્ય કરતાં "આત્મરત"ની ભૂમિ ભિન્ન જ હોય છે એવું સૂચન આ શ્લોકથી કરે છે—

देहं तु तं न चरमः[1]स्थितमुत्थितं वा सिद्धो विपश्यति यतोऽध्यगमत् स्वरूपम् ॥
दैवादुपेतमथ दैववशादपेतं वासो यथा परिकृतं मदिरामदान्धः ॥ ३७ ॥

અન્વયાર્થ—**यथा** = જેમ, **मदिरा-मद-अन्धः** = મદિરાના મદથી ભાન ભૂલેલો મનુષ્ય, **परिकृतम्** = પરિધાન કરેલા, **वासः** = વસ્ત્રોને, **उपेतम्-अथ-अपेतम्** = ધારણ કરેલ છે કે પડી ગયેલ છે, **न विपश्यति** = નથી જાણતો, તેમજ, **चरमः सिद्धः** = ભગવલ્લીન આત્મજ્ઞાની પુરુષ, **तम् देहम्** = તે દેહને, **तु** = તો, **दैवात्** = દૈવથી, **स्थितम्**—આ સ્થાનમાં રહેલો, **वा** = અથવા, **उत्थितम्** = તે સ્થાનમાંથી ચાલ્યો ગયેલો અથવા આસન ઉપર રહેલો અથવા ઊભા થયેલો, **न विपश्यति** = નથી જાણતો, **यतः** = કારણ કે, **स्वरूपम्** = સ્વરૂપને, **अधि-अगमत्** = પ્રાપ્ત કર્યું. ૩૭

અનુવાદ—જેમ મદિરાના મદથી અંધ થયેલો મનુષ્ય પરિધાન કરેલા વસ્ત્રને તે ધારણ કરેલ છે કે પડી ગયેલ છે તે નથી જાણતો, તેમજ ભગવલ્લીન આત્મજ્ઞાની પુરુષ તે આત્મજ્ઞાની દેહને તો દૈવથી આ સ્થાનમાં રહેલ કે સ્થાનાંતરમાં ગયેલ છે, આસન ઉપર રહેલ છે કે આસન ઉપરથી ઊભો થયેલ છે તે નથી જાણતો. કારણ કે તેણે સ્વરૂપ પ્રાપ્ત કરેલ છે. ૩૭

તત્ત્વસુધા—"देहं तु तम्" આત્મરત જ્ઞાની ભૂમિકાનું નિરૂપણ કરતાં અવસ્થાનું વર્ણન કરે છે કે—જ્યારે "આત્મજ્ઞાની" દેહની "चरमः" ભૂમિકામાં મુકાય છે ત્યારે તેને દેહાસક્તિ વગેરે નથી હોતાં. તેની આ અવસ્થાનો चरमः દેહ છે. "ચરમ" એટલે પ્રથમ જે દેહને લાડ લડાવ્યાં હોય તે જ દેહ આજ "અવધૂત" ભૂમિમાં હોય છે. તે વખતની પરિસ્થિતિ "મદિરાના નશામાં રહેલ" મત્ત પુરુષ જેવી હોય છે. અતિશય નશો કરેલ મનુષ્ય વસ્ત્ર દેહ ઉપર છે કે કેમ અથવા આંખ સામે આ કઈ વસ્તુ છે એવું અનુસંધાન નથી ધરાવતો, તે જ પ્રકારે આ આત્મરત પુરુષને પણ કયા આસનમાં બેઠો છે? ઊભો છે? ફરે છે? કયા સ્થાનમાં છે? આવો કોઈ પણ ખ્યાલ નથી હોતો માટે જ ઉલ્લેખ કર્યો કે न स्थितं उत्थितं वा सिद्धो विपश्यति—સિદ્ધદશાનો આત્મા આવાં કોઈ પણ અનુસંધાન ન ધરાવે.

એક પ્રશ્ન ઊભો થશે તો પછી ઉન્મત્ત અવસ્થાના આ સિદ્ધને ગતિ વગેરે કોણ કરાવતું હશે? તેના ઉત્તર માટે લખ્યું કે "दैवात्" દૈવ જ એના પ્રત્યેક વ્યવહારો કરાવે છે. ૩૭

---

[1] नश्वरं

આત્મજ્ઞાનીના દેહની ભૂમિકા કેવી હશે તેનું સ્પષ્ટીકરણ કરે છે—

देहोऽपि दैववशगः खलु कर्म यावत् स्वारम्भकं प्रतिसमीक्षत एव सासुः ॥
तं सप्रपञ्चमधिरूढसमाधियोगः स्वाप्नं पुनर्न भजते प्रतिबुद्धवस्तुः ॥ ३८ ॥

અન્વયાર્થ—खलु = સાચે જ, **दैव-वशगः** = દૈવને આધીન, **देहः** = દેહ, **अपि** = પણ, **यावत्** = જ્યાં સુધી, **स्व-आरम्भकं** = પોતાનો આરંભ કરનારું, **कर्म** = કર્મ, હોય ત્યાં સુધી, **स-असुः** = પ્રાણને ધારણ કરતો, **एव** = જ, **प्रति-समीक्षत** = પ્રતીક્ષા કરે છે-રાહ જુએ છે, **अधि-रूढ-समाधि-योगः** = સમાધિ પર્યન્ત યોગ ઉપર આરૂઢ થયેલ, તેમજ **प्रति-बुद्ध-वस्तुः** = આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરેલ તે આત્મા તો, **सप्रपञ्चम्** = પ્રપંચસહિત, **स्वाप्नम्** = સ્વપ્ન જેવા, **तम्** = તે દેહને, **पुनः न भजते** = ફરીથી તે આદર નથી કરતો. ૩૮

અનુવાદ—સાચે જ, દૈવાધીન દેહ પણ જ્યાં સુધી પોતાનો આરંભ કરનારું કર્મ હોય ત્યાં સુધી પ્રાણને ધારણ કરતો જ પ્રતીક્ષા કરે છે. સમાધિ પર્યન્તના યોગ ઉપર આરૂઢ થઈ ચૂકેલ વળી આત્મસ્વરૂપનું જ્ઞાન મેળવી ચૂકેલ તે આત્મા તો પ્રપંચસહિત સ્વપ્ન જેવા તે દેહનો ફરીથી આદર નથી કરતો. (વસંતતિલકાવૃત્ત) ૩૮

તત્ત્વસુધા—देहोऽपि दैववशगः-યોગીનો દેહ દૈવવશ છે તેથી તે દેહ કાલ-કર્મ-સ્વભાવને અધીન છે. દેહનો પ્રારબ્ધ કર્મ સંયોગ જ્યાં સુધી હોય, ત્યાં સુધી તે सासुः એટલે પ્રાણ ધારણ કરે છે. એવો પણ નિર્ણય નથી કે તે દેહ તરત છૂટી જાય. લાંબા કાળ સુધી પણ તે દેહ ટકે છે. પરંતુ તે સિદ્ધ પુરુષ તે દેહનો આદર કરતો નથી. તે આ દેહને स्वप्नं-સ્વપ્ન જેવા સમજે છે. તે સમાધિ આચરતો જ રહેલ હોય છે. યોગી તે દેહ ઉપર દ્વેષ પણ નથી કરતો મોહ પણ નથી કરતો. ૩૮

यथा पुत्राच्च वित्ताच्च पृथङ् मर्त्यः प्रतीयते ॥
अप्यात्मत्वेनाभिमताद् देहादेः पुरुषस्तथा ॥ ३९ ॥

અન્વયાર્થ—आत्मत्वेन अभिमतात् = આત્મા તરીકે માનેલા એવા, **पुत्रात्** = પુત્રથી, **च** = અને, **वित्तात्** = વિત્તથી, **यथा** = જેમ, **मर्त्यः** = મનુષ્ય, **पृथक्** = ભિન્ન, **प्रतीयते** = દેખાય છે, **तथा** = તે પ્રકારે, **आत्मत्वेन-अभिमतात्** = આત્મા તરીકે માનેલા, **देहादेः** = દેહ વગેરેથી, **पुरुषः** = પુરુષ ભિન્ન છે. ૩૯

અનુવાદ—આત્મા તરીકે માનેલા એવા પુત્રથી અને વિત્તથી જેમ મનુષ્ય ભિન્ન દેખાય છે તે પ્રકારે આત્મા તરીકે માનેલા દેહ વગેરેથી પુરુષ ભિન્ન છે. ૩૯

તત્ત્વસુધા—यथा पुत्राच्च वित्ताच्च-સામાન્ય રીતે મનુષ્ય પુત્ર અને વિત્તને પોતાના આત્મા તરીકે ગણે છે, તોપણ પુત્ર અને વિત્તના રહેવા છતાં તેમને મૂકીને મનુષ્ય તો ચાલ્યો જાય છે, તેથી નક્કી જ થાય છે કે તે તેનાથી ભિન્ન છે, તે જ પ્રકારે પુરુષ દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણથી ભિન્ન જ છે. ૩૯

તર્કથી પૂરવાર કર્યું કે “આત્મા” દેહાદિથી જુદો છે છતાં દૃષ્ટાંતથી વધુ સ્પષ્ટ કરે છે—

यथोल्मुकाद्विस्फुलिङ्गाद् धूमाद्वापि स्वसम्भवात् ॥
[1]अप्यात्मत्वेनाभिमतात् तथापि पृथगुल्मुकात् ॥ ४० ॥

---

१. अग्न्यात्मत्वेनाभिमताद् इति प्रा. पा.

भूतेन्द्रियान्तःकरणात् प्रधानाज्जीवसंज्ञितात् ॥
आत्मा तथा पृथग् द्रष्टा भगवान् ब्रह्मसंज्ञितः ॥ ४१ ॥

અન્વયાર્થ—यथा स्व-सम्भवात् = જેમ પોતામાંથી ઉત્પન્ન થયેલા, **उल्मुकात्** = ઉંબાડિયાથી, **विस्फुलिङ्गात्** = તણખાથી, **धूमात् वा** = અથવા ધુમાડાથી, **अपि** = જો કે, **आत्मत्वेन-अभिमतात् अपि** = પોતા તરીકે–અગ્નિ તરીકે મનાએલા હોવા છતાં તે ઉંબાડિયું, તણખો અને ધૂમ, **उल्मुकात्** = બળતા તે લાકડાથી–ઉંબાડિયાથી, **पृथक्** = અગ્નિ ભિન્ન જ છે, **तथा** = તે જ પ્રકારે, **द्रष्टा** = દ્રષ્ટા, **आत्मा** = આત્મા, **भूत-इन्द्रिय-अन्तःकरणात्** = મહાભૂતો ઇન્દ્રિયો અને અંતઃકરણથી તેમજ, **जीव-संज्ञितात्** = જેની જીવ સંજ્ઞા છે એવા લિંગદેહ તરીકે ઓળખાતા, **प्रधानात्** = પ્રધાનથી, **पृथक्** = ભિન્ન છે. **तथा** = તે પ્રકારે તે આત્મા **ब्रह्म-संज्ञितः** = "બ્રહ્મ" શબ્દથી કહેવાતો, **भगवान्** = ભગવાનની પ્રકૃતિવાળો છે. ૪૦, ૪૧

અનુવાદ—જેમ પોતામાંથી ઉત્પન્ન થયેલા ઉંબાડિયાં, તણખા કે ધુમાડો, જો કે પોતા તરીકે એટલે અગ્નિ તરીકે મનાએલાં હોવા છતાં–તે તેમજ બળતાં કાષ્ઠથી અગ્નિ જુદો છે. તેમ દ્રષ્ટા આત્મા મહાભૂતોથી, ઇન્દ્રિયોથી, અંતઃકરણથી તેમજ લિંગ દેહ તરીકે ઓળખાતા પ્રધાનથી ભિન્ન છે. "બ્રહ્મ" તરીકે બોલાતો તે આત્મા ભગવાનની જ પ્રકૃતિવાળો છે. ૪૦,૪૧

તત્ત્વસુધા—स्व-सम्भवात्–આ પદમાં "स्व" શબ્દનો અર્થ અગ્નિ કરવો. તેમજ स्व શબ્દનો અર્થ "બ્રહ્મ' કરવો. અગ્નિમાંથી પ્રકટ થયેલાં ત્રણ તત્ત્વો उल्मुक એટલે ઉંબાડિયું, विस्फुलिङ्ग એટલે તણખો, धूम એટલે ધુમાડો અગ્નિ તરીકે માનેલ છતાં અગ્નિથી ભિન્ન છે. જો કાષ્ઠમાં અગ્નિનો સંબંધ ન થાય તો તે ત્રણે તેમાંથી સંભવે નહીં.

આ જ પ્રકારે બ્રહ્મમાંથી જ જીવ પ્રકટેલ હોવાથી તે પણ भूत–પંચમહાભૂતો, इन्द्रिय–ઇન્દ્રિયો, अन्तःकरण–અંતઃકરણ, प्रधानात्–પ્રધાન તત્ત્વથી ભિન્ન છે. પ્રધાનને વિશેષણ આપ્યું છે. जीव–संज्ञितात्–"જીવ" જેની એવા પ્રધાનથી પણ આત્મા ભિન્ન છે. આ સ્થાને "जीव" શબ્દ સૂક્ષ્મ શરીર–લિંગ દેહ માટે વાપર્યો છે.

પૂર્વ શ્લોકમાં "उल्मुक–विस्फुलिङ्ग–धूम"–એવાં ત્રણે દૃષ્ટાંતો આપ્યાં છે. તેનું કારણ છે કે ઉંબાડિયું તામસ છે, વિસ્ફુલિંગ સાત્ત્વિક છે, ધૂમ રાજસ છે. આત્મા તો આ ત્રણે ગુણોથી પર છે, તેથી તે ભિન્ન છે.

"આ શ્લોકમાં આત્મજ્ઞાનીએ સર્વત્ર આત્મદર્શન કરવું"—એવું વિધાન કરે છે :

सवभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ॥
ईक्षेतानन्यभावेन भूतेष्वपि तदात्मताम् ॥ ४२ ॥

અન્વયાર્થ—सर्व-भूतेषु = સર્વ પ્રાણીઓમાં, **आत्मानम्** = આત્માને, **च** = અને **आत्मनि**=આત્મામાં **सर्वभूतानि** = સર્વ ભૂતોને, **अनन्यभावेन** = અનન્યપણાથી, **ईक्षेत** = જોવાં, **च** = અને **भूतेषु** = ભૂતોમાં **अपि** = પણ, **तद्-आत्मताम्** = તે આત્માપણું જોવું ૪૨

અનુવાદ--સર્વ પ્રાણીઓમાં આત્માને અને આત્મામાં સર્વ પ્રાણીઓને અનન્ય ભાવથી જોવાં, તેમજ મહાભૂતોમાં પણ તે આત્માપણું જોવું. ૪૨

તત્ત્વસુધા—"सर्वभूतेषु चात्मानं"–આ શ્લોકમાં सर्वभूतेषु અને भूतेषु એવા બે શબ્દો છે. બન્નેના અર્થ જુદા જુદા છે. પ્રથમ भूत શબ્દનો અર્થ સર્વ પ્રાણીઓ અને બીજા भूत શબ્દનો અર્થ પૃથ્વી આદિ પંચમહાભૂતો સમજવા. આત્મા અણુ પરિમાણ છે તો પછી તે "હદ"વાળો છે. આવા હદવાળાના જ્ઞાનથી

જ્ઞાન પણ હદવાળું થશે તો પછી ફલ પણ “હદ”વાળું જ મળશે એવી કલ્પના કે શંકા ન કરવી. કારણ કે આત્મજ્ઞાની જીવે બ્રહ્મથી તૃણ પર્યન્ત જડ ચેતન પ્રાણીઓમાં પોતાનો આત્મભાવ કરવો. અને આત્મભાવથી જોવું. આ અનન્યપણાના અવલોકનથી “મિતજ્ઞાનેન” સ્થાને વાસ્તવિક જ્ઞાન થશે. જેમ આપણો સર્વ દેહ કોઈ પણ પ્રકારના સંબંધે આત્મામાં રહેલ છે તે પ્રકારે પ્રત્યેક પદાર્થસમૂહો પણ કોઈ પણ સંબંધથી આત્મામાં રહેલ છે એમ જોવું. ૪૨

આત્માનું અનેકત્વ, ભિન્નત્વ દર્શન કેમ થાય છે એનો ઉલ્લેખ આ શ્લોકમાં છે—

स्वयोनिषु यथा ज्योतिरेकं नाना प्रतीयते ॥
योनीनां गुणवैषम्यात् तथाऽऽत्माप्रकृतौ स्थितः ॥ ४३ ॥

અન્વયાર્થ—**यथा** = જેમ, **एकम्** = એક, **ज्योतिः** = અગ્નિ. **स्व-योनिषु** = પોતાની, ઉત્પત્તિનાં સ્થાનોમાં, **योनीनाम्** = યોનીઓના–સ્થાનોના, **गुण–वैषम्यात्** = ગુણના ભેદને લીધે, **नाना** = ભિન્ન ભિન્ન, **प्रतीयते** = દેખાય છે, **तथा** = તે પ્રમાણે, **प्रकृतौ** = પ્રકૃતિમાં, **स्थितः** = રહેલો, **आत्मा** = આત્મા જુદો જુદો દેખાય છે. ૪૩

અનુવાદ—જેમ એક અગ્નિ પોતાની ઉત્પત્તિનાં સ્થાનોમાં, યોનિઓના ગુણના ભેદને લીધે, ભિન્ન ભિન્ન દેખાય છે તે પ્રમાણે પ્રકૃતિમાં રહેલો આત્મા જુદો જુદો દેખાય છે. ૪૩

તત્ત્વસુધા—स्वयोनिषु यथा ज्योतिः-જ્યોતિ શબ્દ આ સ્થાને અગ્નિવાચક છે. કારણ કે આત્માને તેની ઉપમા આપવી છે. આત્મા જ્યોતિસ્વરૂપ છે. અગ્નિની જ્યોતિ કાષ્ઠના આકાર પ્રમાણે અને કાષ્ઠના માપ પ્રમાણે જ ભાસે છે. તે રીતે પ્રકૃતિમાં રહેલો આત્મા કારણોના ગુણવૈષમ્યથી ભિન્ન ભિન્ન ભાસે છે. ૪૩

સાંખ્યશાસ્ત્રનો ઉપસંહાર કરે છે—

तस्मादिमां स्वां प्रकृतिं दैवीं सदसदात्मिकाम् ॥
दुर्विभाव्यां पराभाव्य स्वरूपेणावतिष्ठते ॥ ४४ ॥

અન્વયાર્થ—**तस्मात्** = તેથી, **इमाम्** = આ, **सद्-असद्–आत्मिकाम्** = સદ્ અને અસદ્રૂપ, **दुर्विभाव्याम्** = ચિંતન કરી ન શકાય તેવી, **स्वाम्** = પોતાની, **दैवीम्** = દૈવી, **प्रकृतिम्** = પ્રકૃતિનો, **पराभाव्य** = પરાભવ કરીને, **स्वरूपेण** = પોતાના સ્વરૂપમાં **अवतिष्ठते** = રહે છે. ૪૪

અનુવાદ—તેથી આ સદ્ અને અસદ્રૂપ, ચિંતન ન કરી શકાય તેવી પોતાની દૈવી પ્રકૃતિનો પરાભવ કરીને પોતાના સ્વરૂપમાં રહે છે. ૪૪

તત્ત્વસુધા—तस्मात् ઉપસંહારમાં સ્પષ્ટતા કરી કે આ “પ્રકૃતિ” દૈવી છે તેથી ભગવાનની કૃપા વિના તે જીતી શકાય તેવી નથી, અથવા ભગવદ્ભાવ પ્રાપ્ત થયા વિના જીતી શકાય તેવી નથી. તેવી આ પ્રકૃતિનો પરાભવ કરી જીવ સ્વ–સ્વરૂપમાં રહે છે. તેથી ભગવાનના સ્વરૂપનું ધ્યાન વર્ણવ્યું છે. ભગવાનના અલૌકિક રસમય મંગલ સ્વરૂપનું અપાર સામર્થ્ય છે. તે પ્રકૃતિનો પરાભવ કરાવી શકે છે. આ પ્રકૃતિ “सदसदात्मिका” કાર્ય અને કારણાત્મિકા છે. તેમજ દુર્વિભાવ્યા બુદ્ધિથી ન સમજાય તેવી છે. છતાં ભગવાનની કૃપાથી તેનો પરાભવ થાય છે, આ સાંખ્ય શાસ્ત્રનું નિરૂપણ છે. ૪૪

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૨૮મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૨૯ મો

શ્લોક સંખ્યા : ૪૫

देवहूतिरुवाच—लक्षणं महदादीनां प्रकृतेः पुरुषस्य च ॥
स्वरूपं लक्ष्यतेऽमीषां येन तत्पारमार्थिकम् ॥ १ ॥
यथा सांख्येषु कथितं यन्मूलं तत्प्रचक्षते ॥

અન્વયાર્થ—**येन** = જેનાથી, **अमीषाम्** = આ મહતતત્ત્વાદિ, પ્રકૃતિ અને પુરુષનું, **पारमार्थिकम्** = વાસ્તવિક, **स्वरूपम्** = સ્વરૂપ, **लक्ष्यते** = સમજાય છે, **महद्-आदीनाम्** = મહત્ તત્ત્વ વગેરેનું, **च** = અને, **प्रकृतेः** = પ્રકૃતિનું તેમજ, **पुरुषस्य** = પુરુષનું, **लक्षणम्** = લક્ષણ, **कथितम्** = આપે કહ્યું, **तत्** = તે તેઓનું, **यथा** = જેવું, **सांख्येषु** = સાંખ્યમાં, **कथितम्** = કહેલું છે, **यन्मूलम्** = જેના મૂલને, **तत्** = તે સાંખ્ય, **प्रचक्षते** = કહે છે. ૧½

અનુવાદ—જે સાંખ્યજ્ઞાનથી, આ મહત્તત્ત્વ, પ્રકૃતિ, પુરુષનું સ્વરૂપ સમજાય છે, તે મહત્તત્ત્વ વગેરેનું અને પ્રકૃતિ તેમજ પુરુષનું લક્ષણ આપે કહ્યું છે. જેના મૂલને સાંખ્ય કહે છે, તેઓનું લક્ષણ સાંખ્યમાં જે વર્ણવ્યું છે તે પ્રમાણે આપે કહ્યું છે. ૧½

તત્ત્વસુધા—શ્રી દેવહૂતિજીએ કહ્યું કે ભગવન્ કપિલ! આપે જે મને પુરુષ, પ્રકૃતિ અને મહત્તત્ત્વ વગેરેનું જે લક્ષણ કહ્યું કે જે લક્ષણથી મહત્તત્ત્વ પુરુષ, પ્રકૃતિ વગેરેનું સ્વરૂપ સમજી શકાય છે, જે તત્ત્વજ્ઞાનના મૂલને સાંખ્ય કહે છે તે સાંખ્યજ્ઞાન આપે કહ્યું છે. ૧½

આ શ્લોકથી વૈરાગ્ય ઉત્પન્ન કરનારી ભક્તિ કેવી હોય એવો પ્રશ્ન કરે છે—

भक्तियोगस्य मे मार्गं ब्रूहि विस्तरतः प्रभो ॥ २ ॥
विरागो येन पुरुषो भगवन् सर्वतो भवेत् ॥
आचक्ष्व जीवलोकस्य विविधा मम संसृतीः ॥ ३ ॥

અન્વયાર્થ—**प्रभो** = હે પ્રભો! **मे** = મને, **भक्ति-योगस्य** = ભક્તિ યોગના, **मार्गम्** = માર્ગને, **विस्तरतः** = વિસ્તારપૂર્વક, **ब्रूहि** = કહો, કે, **येन** = જેનાથી, **भगवन्** = હે ભગવન્, **पुरुषः** = પુરુષ, **सर्वतः** = સર્વ બાજુએથી, **विरागः** = રાગ વિનાનો, **भवेत्** = થાય છે. તેમજ, **जीवलोकस्य** = જીવલોકની, **विविधा** = જુદા જુદા પ્રકારની, **संसृतीः** = સંસારના માર્ગોને, **मम** = મને, **आचक्ष्व** = કહો. ૨, ૩

અનુવાદ—હે પ્રભો, આપ મને ભક્તિયોગના માર્ગને સવિસ્તાર વર્ણવો કે જેનાથી હે ભગવન્! પુરુષ પ્રત્યેક બાજુએથી રાગરહિત બને છે. તેગ જ જીવલોકની જુદા જુદા પ્રકારની ગતિ પણ કહો. ૨, ૩

(f) **તત્ત્વસુધા**—પ્રભો સંબોધનથી કથાપ્રસંગ આરંભે છે. પ્રભુ તો સમર્થ અને સર્વજ્ઞ હોઈ સર્વ વસ્તુ કહી શકે છે. ભક્તિયોગનાં અનેક સાધન કહેવામાં આવે તો જીવસાધ્ય કોઈ પણ સાધન આચરી શકે માટે विस्तरतः વિસ્તારથી વર્ણવવા કહ્યું.

विरागो येन पुरुषः–વૈરાગ્ય તો અનેક પ્રકારે ઉત્પન્ન થાય, પરંતુ ભક્તિદ્વારા ઉત્પન્ન થતો વૈરાગ્ય સ્થિર હોય છે. માટે જ વિસ્તારથી ભક્તિનાં સાધનોનું વર્ણન કરવા વિનવ્યું.

जीवलोकस्य–જીવલોકને જન્મ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપ અનેક પ્રકારના સંસ્કારના માર્ગો પણ કહો.

આ શ્લોકથી કાલના સ્વરૂપની પૃચ્છા કરે છે—

कालस्येश्वररूपस्य परेषां च परस्य ते ॥
स्वरूपं बत कुर्वन्ति यद्धेतोः कुशलं जनाः ॥ ४ ॥

અન્વયાર્થ– **परेषां–परस्य** = મોટાઓને પણ સ્વાધીન કરનાર–પરથી પણ પર, **ईश्वर–रूपस्य** = ઈશ્વર તુલ્ય સ્વરૂપવાળા, **ते–कालस्य** = આપના રૂપ કાલનું, **स्वरूपम्** = સ્વરૂપ આપ કહો, **बत** = ખરેખર, **यद्–हेतोः** = જેને લીધે, **जनाः** = મનુષ્યો, **कुशलम्** = કુશળ, **कुर्वन्ति** = આચરે છે. ૪

અનુવાદ––સમર્થને પણ સ્વાધીન રાખનાર, ઈશ્વરતુલ્ય સ્વરૂપવાળા, આપના રૂપ એવા કાલનું સ્વરૂપ આપ વર્ણવો સાચે જ જે કાલને લીધે મનુષ્ય કુશળ કર્મનું આચરણ કરે છે. ૪

તત્ત્વસુધા—कालस्येश्वररूपस्य–કાલના ડરથી લોક કુશળ કેમ આચરે છે? આ કાલ परेषां परः બ્રહ્માદિ દેવોને પણ વશ રાખે છે. પ્રથમ परेषां પદનો અર્થ કરવો સર્વથી પર બ્રહ્મા છે. અને બીજા पर શબ્દનો અર્થ કરવો વશ કરનાર.

“बत”–અવ્યયથી વાત સ્પષ્ટ કરી કે જગતના જીવ માત્રને કાલનો જ ભય છે. ૪

આપ યોગભાસ્કર છો તેથી જ આપને પ્રશ્ન છે કે કાલ શું? તો આપ સમાધન કરો—

लोकस्य मिथ्याभिमतेरचक्षुषश्चिरं प्रसुप्तस्य तमस्यनाश्रये ॥
श्रान्तस्य कर्मस्वनुविद्धया धिया त्वमाविरासीः किल योगभास्करः ॥ ५ ॥

અન્વયાર્થ—**मिथ्या-अभिमतेः** = મિથ્યા અભિમાન ધરાવતા, **अचक्षुषः** = ચક્ષુ વિનાના, **अनाश्रये**= અવલંબન વિનાના, **तमसि** = અંધકારમાં, **चिरं** = દીર્ઘકાલ પર્યન્ત, **प्रसुप्तस्य** = સૂઈ રહેલા, **कर्मसु** = કર્મમાં, **अनुविद्धया** = રચીપચી રહેલી, **धिया**=બુદ્ધિને કારણે, **श्रान्तस्य** = થાકી ગયેલા, **लोकस्य**= લોકોને, **त्वम्** = આપ, **किल** = ખરેખર, **योग·भास्करः** = યોગનો પ્રકાશ કરનાર સૂર્ય, **आविरासीः** = પ્રકટ થયા છો. ૫

અનુવાદ— મિથ્યા અભિમાન ધરાવતા ચક્ષુ વિનાના, અવલંબન વિનાના અંધકારમાં ચિરકાલ પર્યન્ત સૂઈ રહેલા અને કર્મમાં રચીપચી રહેલી બુદ્ધિને કારણે થાકી ગયેલા લોકોને આપ જ ખરેખર અવલંબન છો. ૫

તત્ત્વસુધા—“त्वमाविरासीः किल योगभास्करः”–શ્રી કપિલ ભગવાનને “યોગશાસ્ત્ર”નું જ્ઞાન આપનાર સૂર્ય દર્શાવ્યા છે. તેથી अचक्षुषः કાલના સ્વરૂપને–ભગવાનના સ્વરૂપને ન સમજનારને “चक्षुः” સમજવાની ચક્ષુ–દષ્ટિ આપે છે એમ કહ્યું.

तमसि–અજ્ઞાન અંધકારમાં ડૂબેલાને भास्कर હોઈ પ્રકાશ–વિવેક આપે છે.

प्रसुप्तस्य–મોહનિદ્રામાં ગાઢ ઊંઘતાને કર્તવ્યપથમાં સતેજ કરે છે,

श्रान्तस्य-પ્રપંચનાં કાર્યોથી થાકેલાનો થાક ઉતારે છે. ભગવત્કાર્યમાં પરોવાયેલાનો થાક ઊતરે.

कर्मसु अनुविद्धया धिया-વ્યવહાર કાર્ય, અને સકામ ઉપાસનાઓમાં રચ્યાપચ્યાને ભાન કરાવી છોડાવે છે.

मिथ्याभिमतेः-આ સર્વ મારું, હું સર્વનો પાલક, ચાલક, આવાં અનેક અભિમાન મિથ્યા છે તેનું ભાન કરાવે છે.

अनाश्रये-ભગવાનનું અવલંબન અપાવી-આશ્રય અપાવી માયિક અવલંબનો છોડાવે છે.

चिरं प्रसुप्तस्य- લાંબા કાળથી સૂતેલાને અવિલંબે આપ જાગૃત કરો છો. ૫

मैत्रेय उवाच—इति मातुर्वचः श्लक्ष्णं प्रतिनन्द्य महामुनिः ॥
आबभाषे कुरुश्रेष्ठ प्रीतस्तां करुणार्दितः ॥ ६ ॥

અન્વયાર્થ—**मैत्रेय उवाच** = મહર્ષિ મૈત્રેયે કહ્યું કે, **कुरुश्रेष्ठ** = હે કુરુવર્ય ! **मातुः** = માતાનાં, **इति**= એ પ્રમાણે, **श्लक्ष्णम्** = મીઠાશવાળાં, **वचः** = વચનનું, **प्रतिनन्द्य** = સન્માન કરીને, **प्रीतः** = પ્રસન્ન થયેલા, **करुणा-अर्दितः** = કરુણાથી આર્દ્ર થયેલા, **महामुनिः** = મહાન મુનિ શ્રી કપિલ ભગવાન, **ताम्** = માતાને, **आ बभाषे** = કહેવા લાગ્યા. ૬

અનુવાદ—મહર્ષિ મૈત્રેયે કહ્યું, હે કુરુવર્ય ! માતા દેવહૂતિજીનાં આવાં મીઠાશભર્યાં વચનને સાંભળી-સન્માન કરી પ્રસન્ન થયેલ, કરુણાથી આર્દ્ર થયેલ ચિત્તવાળા મહામુનિ શ્રીકપિલ ભગવાને માતાજીને આ પ્રમાણે કહ્યું. ૬

તત્ત્વસુધા—ઉપરના પાંચમા શ્લોકમાં શ્રી દેવહૂતિજી માતાએ ભગવાન કપિલને કહ્યું કે બેટા ! તું યોગભાસ્કર છું. જગતના જડ અંધકારને હરનાર તો આકાશમાં સૂર્ય છે પરંતુ જનમનના અન્તસ્તિમિરની જડ છેદનાર તો તું જ્ઞાનસૂર્ય છું. માટે મને ભક્તિમાર્ગને સવિસ્તર સમજાવ-એવી અધ્યાયના આરંભથી પાંચમા શ્લોક પર્યન્ત વિનંતી કરી ત્યારે છઠ્ઠા શ્લોકે મહામુનિ કપિલે બોલવાનો આરંભ કર્યો. માતાનાં વચનનું ગૌરવ કર્યું. માતાનાં વચન સ્નેહભર્યાં હતાં. માતાના વચનોમાં જિજ્ઞાસા હતી. તેથી કપિલજીનું ચિત્ત આર્દ્ર થઈ ગયું અને બોલવાનું આરંભ્યું—

श्रीभगवानुवाच—भक्तियोगो बहुविधो मार्गैर्भामिनि[1] भाव्यते ॥
स्वभावगुणमार्गेण पुंसां भावो विभिद्यते ॥ ७ ॥

અન્વયાર્થ—**भामिनि** = હે ભામિનિ-હે માતાજી, **मार्गैः** = અનેક મતોને લીધે, **भक्तियोगः** = ભક્તિયોગ, **बहुविधः** = અનેક પ્રકારનો, **भाव्यते** = બને છે, લાગે છે. **स्वभाव-गुण-मार्गेण** = સ્વભાવ અને ગુણોના માર્ગથી, **पुंसाम्** = પુરુષોની, **मतिः** = મતિ, **विभिद्यते** = ભિન્ન પ્રકારની થાય છે. ૭

અનુવાદ--હે ભામિની ! અનેક મતોને કારણે ભક્તિયોગ અનેક પ્રકારનો બને છે. સ્વભાવ અને ગુણોના માર્ગથી પુરુષોની મતિ ભિન્ન પ્રકારની થાય છે. ૭

તત્ત્વસુધા—मार्गैः-શ્રી કપિલ ભગવાન મુખ્ય ભક્તિનું નિરૂપણ કરવા વિચારે છે. પરંતુ તે પૂર્વમાં-ગુણોથી અનેક ભેદવાળી થતી ભક્તિનો આ શ્લોકમાં ઉલ્લેખ કરે છે. भक्तियोगो बहुविधः-ભક્તિયોગ અનેક પ્રકારનો છે તેનાં અનેક કારણો બતાવે છે. એક તો मार्गैः એટલે અનેક "મતભેદો"થી ભક્તિયોગ ભિન્ન

---

[1] भाविनि इत्यपि प्रा. पाठः ।

પ્રકારનો છે. અને पुरुष-स्वभाव-भेदैः-જીવોના સ્વભાવભેદોથી પણ ભક્તિયોગ ભિન્ન પ્રકારનો બને છે. ત્રીજો गुणमार्गेण-ગુણભેદોથી પણ ભક્તિયોગ ભિન્ન પ્રકારનો છે

मार्गैः-માર્ગો એટલે જુદા જુદા મતો સગુણ, સકામ વગેરે ભક્તિઓને દર્શાવનારા છે. તેમજ અનેક દેવતાઓની આરાધના વર્ણવનારા છે તેથી ભક્તિના પ્રકારો અનેક ભાસે છે. આ માર્ગો જીવોના જુદા સ્વભાવોને લીધે પણ બન્યા છે. ભગવાનથી વિખૂટા પડેલા આત્માઓ વાસનાવાળા જુદા જુદા લિંગદેહોમાં પ્રવેશે છે ત્યારે જીવસંજ્ઞા થાય છે. આ રીતે વાસનાભેદથી જીવના સ્વભાવો પણ જુદા બને છે. અને સ્વભાવભેદથી પણ ભક્તિભેદ થાય. ગુણભેદથી પણ ભક્તિભેદ થાય છે. વર્ણ આશ્રમભેદથી અને દેશકાલના ભેદથી પણ ભક્તિભેદ થાય છે. ૭

ભક્તિના તામસ પ્રકારો વર્ણવે છે—

अभिसन्धाय यो हिंसां दम्भं मात्सर्यमेव वा ॥
सरम्भी भिन्नदृग्भावं मयि कुर्यात् स तामसः ॥ ८ ॥

અન્વયાર્થ—हिंसाम् = હિંસાને, **दम्भम्** = દંભને, **वा** = અથવા, **मात्सर्यम्-एव** = ઈર્ષ્યાને જ, **अभिसन्धाय** = લક્ષ્ય રાખીને, **यः-संरम्भी** = જે ક્રોધી અને. **भिन्नदृक्** = ભેદદૃષ્ટિવાળો, **मयि** = મારામાં, **भावम्** = ભાવ રાખે-ભક્તિ રાખે, **सः तामसः** = તે તામસ ભક્ત છે. ૮

અનુવાદ—હિંસાને, દંભને કે ઈર્ષ્યાને જ લક્ષ્ય બનાવી જે ક્રોધી ભિન્ન દૃષ્ટિવાળો થઈ ભગવાનમાં ભાવ રાખે-ભક્તિ કરે તે તામસ છે. ૮

તત્ત્વસુધા—"हिंसाम्-दम्भम्-मात्सर्यम्"-આ શ્લોકથી તામસ ભક્તની વધુ સ્પષ્ટતા કરી છે. भावं-શબ્દનો અર્થ ભક્તિ એટલે અનુષ્ઠાન, જપ, હોમ, તપ વગેરે સમજવાં. પરંતુ શ્રવણ, કીર્તન વગેરે ન સમજવાં.

હિંસાને લક્ષ્ય બનાવી અનુષ્ઠાનાદિ કરે તે તામસ તામસ છે, અન્યને ઠગવાનું લક્ષ રાખે તે રાજસ તામસ, છે, પારકાની બુદ્ધિ કે દ્રવ્યને હરી લેવાની વૃત્તિ રાખી ભક્તિ કરે તે તામસ છે, ઈર્ષ્યાથી કોઈની સરસાઈ ન સહન કરી શકે અને અનુષ્ઠાનાદિ કરે તે સાત્વિક તામસ છે.

આ પ્રસંગે એક વાત ધ્યાનમાં લેવાની છે કે, શ્રી નારાયણકવચમાં यथा हि भगवानेव वस्तुतः सदसच्च यत् । सत्येनानेन नः सर्वे यान्तु नाशमुपद्रवाः-જે ભગવાનની સ્તુતિ કરી છે તેને અને આ શ્લોકમાં વર્ણવેલા વિષયને સંબંધ નથી. નારાયણકવચમાં તો सत् કે असत् સર્વ વાસ્તવિક રીતે ભગવત્સ્વરૂપ છે. આ સત્યના અવલંબે સર્વ ઉપદ્રવો નાશ પામો એ ભાવનાથી સ્તુતિ કરવામાં આવી છે. તેમાં હૃદયમાં ભગવાનનું ધ્યાન છે. ઉપદ્રવો કરનાર માટે દ્વેષ, ઈર્ષ્યા વગેરે કાંઈ નથી, તેથી એ વિષયનો આ શ્લોક સાથે સંબંધ નથી. આ વસ્તુની સ્પષ્ટતા કરવા માટે "भिन्नदृक् संरम्भी" એવા બે શબ્દો વાપર્યા છે. ઉપરના શ્લોકમાં જે ઉપાસક છે તે તો "ભેદદૃષ્ટિવાળો તેમજ ક્રોધી છે." ૮

આ શ્લોકમાં રાજસ ભક્તિનો ઉલ્લેખ કરે છે—

विषयानभिसन्धाय यश ऐश्वर्यमेव वा ॥
अर्चादावर्चयेद्यो मां पृथग्भावः स राजसः ॥ ९ ॥

અન્વયાર્થ—विषयान् = વિષયોને, **यशः** = યશને, **वा** = અથવા, **ऐश्वर्यम्-एव** = ઐશ્વર્યને જ, **अभि-**

सन्धाय = લક્ષ્ય બનાવી, **यः** = જે, **पृथक् भावः** = ભિન્ન દષ્ટિવાળો સાધક, **अर्चादौ** = પ્રતિમા વગેરેમાં, **माम्** = મને, **अर्चयेत्** = આરાધે છે, **सः राजसः** = તે રાજસ છે. ૯

અનુવાદ--વિષયોને, યશને, ઐશ્વર્યને, લક્ષ્ય બનાવી જે ભિન્ન દષ્ટિવાળો સાધક પ્રતિમા વગેરેમાં મને આરાધે છે તે રાજસ સાધક છે. ૯

તત્ત્વસુધા—विषयानभिसन्धाय-ઉપરના શ્લોકમાં તામસ સાધકનું નિરૂપણ કરી આ શ્લોકમાં રાજસનું નિરૂપણ કરે છે. વિષય એટલે સુખસામગ્રીઓ, यशः એટલે લોકકીર્તિ, ऐश्वर्य એટલે ગૌરવ, ધન, માન, આ પદાર્થોને લક્ષ્ય બનાવીને કરાતી ઉપાસના રાજસ છે. આ ત્રણ પ્રકારો રાજસ તામસ, રાજસ રાજસ અને રાજસ સાત્વિક એમ સમજવા. एव અવ્યયે એમ સૂચવ્યું કે આ પદાર્થો જ ધ્યાનમાં રાખ્યા છે.वा અવ્યયથી એકાદ કે બધા વિષયો ધ્યાનમાં રાખ્યા છે એવો ભાવ છે. ૯

(3) આ શ્લોકમાં સાત્વિક ભક્તને ઉદ્દેશીને ઉલ્લેખ છે—

कर्मनिर्हारमुद्दिश्य परस्मिन् वा तदर्पणम् ॥
यजेद् यष्टव्यमिति वा पृथग् भावः स सात्विकः ॥ १० ॥

અન્વયાર્થ—**कर्म-निर्हारम्** = કર્મનો નાશ, **वा** = અથવા, **परस्मिन्** = ભગવાનમાં, **तद्-अर्पणम्** = તે કર્મના સમર્પણને, **उद्दिश्य** = લક્ષ્ય બનાવી, **वा** = અથવા તો, **यष्टव्यम् इति** = યજન કરવું જોઈએ એમ માનીને જ, **पृथक् भावः** = ભિન્ન દષ્ટિ રાખીને, **यजेत्** = અર્ચના કરે, **सः सात्विकः** = તે સાત્વિક સાધક છે. ૧૦

અનુવાદ--કર્મનો નાશ અથવા ભગવાનને તેનું સમર્પણ કરવું છે એવા આશયથી જે ઉપાસના કરે છે તે ભિન્ન દષ્ટિવાળો સાત્વિક સાધક છે. ૧૦

તત્ત્વસુધા—कर्मनिर्हारमुद्दिश्य-આ શ્લોકમાં સાત્વિક ભક્તિનો ઉલ્લેખ છે. "કર્મ" શબ્દથી વાસનાબદ્ધ થતાં કર્મ અને પાપકર્મ જાણે અજાણે થયેલાં હોય તે સમજવાં. આ કર્મની શુદ્ધિ કરવા માટે જે પુણ્ય કર્મ કરવામાં આવે અથવા ભગવાનનું અર્ચન કરવામાં આવે તે ઉપાસનાને સાત્વિક માની છે.

એમાં પણ વૈદિક કે તાંત્રિક પદ્ધતિથી કર્મ-પાપાદિ શુદ્ધિ, માટે જે કાંઈ અર્ચન કરાય છે તેને તામસ સાત્વિક માનેલ છે. શુદ્ધિ માટે કરેલ પ્રત્યેક સત્કર્મનું ભગવાનમાં સમર્પણ તે સત્કર્મને સાજસ સાત્વિક કહેલ છે. જ્યારે સંધ્યા વંદન વગેરે નિત્ય કર્મોની માફક ભગવાનની અર્ચના કરવી જ જોઈએ એ નિષ્ઠાથી જે અર્ચન કરે છે તે અર્ચનને સાત્વિક માનેલ છે. ૧૦

(4) આ અને પછીના શ્લોકોમાં નિર્ગુણ ભક્તિયોગની વ્યાખ્યા કહી છે—

मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये
मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ ॥
लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ॥ ११ ॥

અન્વયાર્થ—**मद्-गुण-श्रुति-मात्रेण** = મારા ગુણોના શ્રવણ માત્રથી, **सर्व-गुहा-आशये** = સર્વની હૃદય-ગુહામાં બિરાજતા, **मयि** = ભગવાનમાં, **गङ्ग-अम्भसः** = શ્રી ગંગાજીના જલની, **यथा** = જેમ. **अम्बुधौ** = મહાસાગરમાં, **अविच्छिन्ना** = અવિરત-અખંડિત ગતિ રહે છે તેવી, **मनोगतिः** = અખંડ મનોગતિ, **ते**

निर्गुणस्य = નિર્ગુણ, **भक्तियोगस्य** = ભક્તિયોગનું; **हि** = સાથે, **लक्षणम्** = લક્ષણ, **उदाहृतम्** = કહેલ છે.

અનુવાદ—મારા ગુણોના શ્રવણથી સર્વની હૃદયગુહામાં બિરાજતા ભગવાનમાં, શ્રી ગંગાજીની જેમ મહાસાગરમાં અવિરત ગતિ છે તેવો જ મનનો અવિરત પ્રવાહ વહ્યા કરે એને નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ માન્યું છે. ૧૧

તત્ત્વસુધા—मद्गुणश्रुतिमात्रेण–ભગવાનના દયા, દાક્ષિણ્ય વગેરે ગુણોનું શ્રવણ કરતાં જ સ્વાભાવિક રીતે ભગવાનમાં પ્રેમ પ્રકટે છે. પ્રત્યેકના હૃદયમાં ભગવાન બિરાજમાન છે. ભક્તના હૃદયમાં ગુણોના શ્રવણથી પ્રકટેલા પ્રેમના તે પ્રભુ સાક્ષી છે. પ્રકટેલી પ્રેમ મનોગતિ ગંગાજીના જલ જેવી પવિત્ર, શીતલ, સતત ગામિની, શીઘ્રગામિની અને પુષ્કળ પ્રમાણવાળી ભગવાન ચરણે વહેતી જ હોય. આ ભૂમિકા નિર્ગુણ "પ્રેમ-લક્ષણા" ભક્તિની છે.

લોક, વેદ, દેહ ગેહનાં સુખોમાં તે મનોગતિ વિરમી નથી. ગંગાજીના અખંડ પ્રવાહમાં આવતા દુર્ભેદ્ય પર્વતોને પણ તોડી ગંગાપ્રવાહ સાગર અભિમુખ પ્રયાણ કરે છે તેમ જ મનોગતિ જગતના બધાં જ આસક્તિ સ્થાનોને ભેદી ભગવાન તરફ ઢળે છે જ. ૧૧

अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ १२ ॥
सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ॥
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥ १३ ॥
स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृतः ॥
येनातिव्रज्य त्रिगुणं मद्भावायोपपद्यते ॥ १४ ॥

અન્વયાર્થ—**सालोक्य-सार्ष्टि-सामीप्यम्-सारूप्य-ऐकत्वम्** = સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, કે એકપણાને, **दीयमानम्** = આપવામાં આવે, **अपि–उत** = તોપણ, **जनाः** = મારા ભક્તજનો, **मत्सेवनम्** = મારી સેવાનો, **बिना** = ત્યજીને, **न गृह्णन्ति** = કાંઈ પણ સ્વીકારતા નથી, આવી, **पुरुष-उत्तमे** = પુરુષોત્તમ ભગવાનમાં, **अहैतुकी-अव्यवहिता** = અકારણ અને અખંડ, **भक्तिः** = જે ભક્તિ છે, **स एव** = તે જ, **आत्यन्तिकः** = અત્યંત ઉત્તમ, **भक्तियोग-आख्यः** = ભક્તિયોગના નામથી, **उदाहृतः** = કહેવામાં આવેલ છે, **येन** = જે ભક્તિયોગથી, **त्रिगुणम्** = ત્રણ ગુણોને, **अतिव्रज्य** = ઓળંગીને, **मद्-भावाय** = મારી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે, **उपपद्यते** = યોગ્ય બને છે. ૧૨-૧૪

અનુવાદ—સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અને સાયુજ્ય એટલે એકપણું ભગવાન આપે તો પણ મારા ભક્તો મારી સેવા વિના અન્ય કાંઈ પણ સ્વીકારે નહીં, પરંતુ પુરુષોત્તમમાં કોઈ પણ આશય વિનાની અને એકધારીં ચાલતી સેવા–ભક્તિને જ નિરંતર ભક્તિયોગ નામથી કહેલ છે. જે ભક્તિયોગના બળે ત્રણ ગુણનું ઉલ્લંઘન કરીને મારી સ્થિતિ પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે. ૧૨-૧૪

તત્ત્વસુધા—"आत्यन्तिक उदाहृतः"–આ બે શ્લોકોથી "આત્યન્તિક ભક્તિયોગનો" પરિચય કપિલ ભગવાને દેવહૂતિ માતાને આપ્યો છે. "આત્યન્તિક" શબ્દનો અર્થ થાય કોઈ પણ અંતર વિનાની ભક્તિ ભગવાન અને ભક્તની વચમાં કોઈ પણ બાધક ન હોય અને નિરંતર સેવા ચાલ્યા જ કરે.

ચાર પ્રકારની સમૃદ્ધિ પણ ભક્ત લેવા ચાહતો નથી. એટલે ભગવાનના વૈકુંઠમાં સ્થાન પ્રાપ્ત થાય તે પણ ન ચાહે. "सार्ष्टि" ભગવાનના જેટલી સત્તા પ્રાપ્ત થવી. "सामीप्य" ભગવાનના સાન્નિધ્યમાં નિત્ય નિવાસ મળવો. "सारूप्य" ભગવાનના જેવા ચતુર્ભુજ સ્વરૂપની પ્રાપ્તિ. આ ચારમાં એક પણ વસ્તુને ન ચાહે. "एकत्वम्" ભક્તને 'એકત્વ' સાયુજ્ય મળે તોપણ ન સ્વીકારે. ભક્ત ભગવાનની સાથે "એકત્વ" મળે તોપણ વાંછે નહીં. "એકત્વ" પ્રાપ્ત થાય તે તો ઘણું ઉત્તમ મનાય તોપણ ન સ્વીકારે એ ભાવ "उत" અવ્યયથી દર્શાવ્યો.

"विना मत्सेवनम्"–માત્ર તે ભગવાનની સેવાને જ સ્વીકારે છે. मत्सेवनम्–આ સમાસવાળો શબ્દ છે.

"मम सेवा–એમ કહી શકાય. પરંતુ જેમ "मत् અને सेवनं" એ બે સાથે જ રહેલ છે વચમાં પ્રત્યય વિભક્તિ ચાહતા નથી. તેમ ભક્ત ભગવાનની વચમાં કોઈ પણ અંતરાય ન ચાહે. ભક્તિ બે પ્રકારની "अहैतुकी અને अव्यवहिता" કોઈ પણ ફલની આશય વિનાની તેમજ એકધારી ભક્તિ થવી જોઈએ. ૧૪

૧૫મા શ્લોકથી આરંભી ૧૯મા શ્લોક પર્યન્ત ભક્તિમાં સાધનોનું નિરૂપણ કરે છે—

निषेवितेना निमित्तेण स्वधर्मेण महीयसा ॥
क्रियायोगेन शस्तेन नातिहिंस्रेण ानत्यजः ॥ १५ ॥

અન્વયાર્થ—निषेवितेन = સ્વસ્થતાપૂર્વક આચરેલા, **अनिमित्तेन** = કોઈ પણ કારણ વિનાના, **महीयसा**= અત્યંત ઉત્તમ એવા, **स्व-धर्मेण** = સ્વધર્મથી, **शस्तेन** = શાસ્ત્ર સંતથી સન્માનિત, **न-अति-हिंस्रेण** = સર્વથા હિંસાથી મુક્ત, **नित्यश:** = નિત્ય આચરવા, **क्रियायोगेन** = ક્રિયાયોગથી–પુરુષ ભગવાનને મેળવે છે. ૧૫

અનુવાદ—સ્વસ્થતાપૂર્વક આચરેલા, કોઈ પણ કારણ વિનાના અત્યંત ઉત્તમ પોતાના ધર્મથી, શાસ્ત્ર સંતથી સન્માનિત સર્વથા હિંસાથી મુક્ત નિત્ય આચરણ કરાતા ક્રિયાયોગથી શુદ્ધ થતા અન્તઃકરણવાળો પુરુષ ભગવાનને મેળવે છે. ૧૫

તત્ત્વસુધા—૧૫માંથી પાંચ શ્લોક પર્યન્ત અંતઃકરણ શુદ્ધિની સામગ્રી વર્ણવે છે. અંતઃકરણ સોળ કલાવાળું સોળ પાંખડીનું કમલ છે તેની શુદ્ધિ માટે કુલ સોળ સાધનો દર્શાવ્યાં છે. ૧૫મા શ્લોકમાં બે સાધનો કહ્યાં છે તેમાંનું પ્રથમ–

(૧) स्वधर्मेण–સ્વધર્મના અનુષ્ઠાનથી ભગવાન પ્રાપ્ત થાય છે. આ સ્વધર્મ કેવો હોવો જોઈએ તેની સ્પષ્ટતા કરતાં ત્રણ વિશેષણ આપ્યાં. પ્રથમ વિશેષણ निषेवितेन ઉત્તમ પ્રકારે વ્યવસ્થિત આચરેલો હોવો જોઈએ. अनिमित्तेन કોઈ પણ કારણ વિના આચરેલ હોવો જોઈએ. महीयसा આ ત્રીજું વિશેષણ છે. મહીયસના ઘણા અર્થ છે. "સેવાની ઉત્તમ સામગ્રી–શાસ્ત્રે દર્શાવેલ પદ્ધતિ–શ્રદ્ધા સહિત અને શાસ્ત્રોક્ત પ્રકાર–સજાતીય ઉત્તમ સામગ્રીના સમૂહથી" આવા ચાર અર્થ થાય.

(૨) હવે ઉત્તરાર્ધમાં क्रियायोगेन જે ક્રિયાયોગ વર્ણવ્યો છે તેનાં પણ બે વિશેષણ છે. नातिहिंस्रेणનો અર્થ થાય છે કે જે અર્ચનનો વિધિ કરવામાં તે "હિંસાપ્રચુર" ન હોવો જોઈએ. પશુવધ વગેરેથી થતી ક્રિયા આ સ્થાને કપિલ ભગવાનને સંમત નથી. પરંતુ યજ્ઞ કરતી વખતે અગ્નિ પ્રકટ કરતાં કે વૃક્ષની સમિધ છેદતાં તે હિંસાનો દોષ માન્યો છે તે તો વ્યર્થ અગ્નિ સળગાવતાં અને વ્યર્થ કાષ્ઠ કાપતાં દર્શાવ્યો છે. યજ્ઞ માટે કાષ્ઠછેદન અને અગ્નિપ્રાગટ્યથી હિંસા મનાતી નથી. शस्तेन લોકમાં શાસ્ત્રમાં જ કર્મગતિની પ્રશંસા કરવામાં આવી છે તે ક્રિયાયોગથી અંતઃકરણ શુદ્ધ થતાં ભગવાન પ્રસન્ન થાય છે. ૧૫

ઉપરના શ્લોકમાં સ્મૃતિ-શ્રુતિએ દર્શાવેલાં સાધનોથી અંતઃકરણશુદ્ધિ સમજાવી હવે તંત્રમાર્ગથી થતા સાધનોનું સોળમા શ્લોકમાં વર્ણન કરે છે—

मद्धिष्ण्यदर्शन–स्पर्श–पूजा–स्तुत्यभिवन्दनैः ॥
भूतेषु मद्भावनया सत्त्वेनासङ्गमेन च ॥ १६ ॥

અન્વયાર્થ—**मद् धिष्ण्य-दर्शन-स्पर्श-पूजा-स्तुति-अभिवन्दनैः** = મારાં ધામોનાં દર્શન, ચરણ સ્પર્શ, અર્ચન, સ્તવન, અને અભિવંદન આ પાંચ સાધનોથી, **भूतेषु** = પ્રાણીઓમાં, **मद् भावमया** = મારી ભાવના કરવાથી, **सत्त्वेन** = સત્ત્વ ગુણથી, **असङ्गमेन** = નિઃસંગપણાથી, **च** = સંગની ઇચ્છાના ત્યાગથી શુદ્ધ-ચિત્ત બની પુરુષ પુરુષોત્તમને પામે છે. ૧૬

અનુવાદ—મારાં લીલાધામોનાં દર્શન, ચરણસ્પર્શ, અર્ચન, સ્તવન અને અભિનંદન પાંચ સાધનોથી તેમજ પ્રાણીમાત્રમાં મારી ભાવના કરવાથી સત્વગુણથી નિઃસંગપણાથી અને સંગની ઇચ્છાનો ત્યાગ કરવાથી શુદ્ધ ચિત્ત બની પુરુષ પુરુષોત્તમને પામે છે. ૧૬

તત્ત્વસુધા(3)—**मद् धिष्ण्य**-ભગવાનનાં સ્વરૂપો જ્યાં જ્યાં બિરાજતાં હોય તે સ્થાનોનું અને સ્વરૂપનું ઘણું જ મહત્ત્વ માન્યું. मथुरा भगवान्यत्र नित्यं सन्निहितो हरिः શ્રી મથુરાજીમાં ભગવાન નિત્ય બિરાજે છે. આવાં પ્રમાણ વાક્યોવાળાં ભગવાનનાં સ્વરૂપોનાં અને સ્થાનોનાં दर्शन પ્રથમ કરવાં. स्पर्श શુદ્ધ બની ચરણ-સ્પર્શ કરવો. पूजा ભક્તિપૂર્વક અર્ચન કરવું, स्तुति ભાવવશ થઈ સ્તુતિ કરવી. अभिवन्दन સ્વાત્માર્પણ કરતું અભિવંદન કરવું. આ પાંચે પાંચ મળી એક સાધન ગણાય છે. તો પણ પ્રત્યેકમાં સામર્થ્ય છે.

(૮) **भूतेषु** ^૪^**मद्भावनया**-ભૂત માત્રમાં ભગવાનની ભાવના કરવી. (૫) ભગવાન સ્વયં આ સ્વરૂપ લઈ પ્રકટ થયા છે એવો ભાવ સ્થિર રહેવો જોઈએ એનું નામ ભાવના છે. सत्त्वेन સત્વગુણથી ભગવાન પ્રાપ્ત થાય છે. સત્વગુણ ત્રણ વસ્તુ કરાવે છે પ્રથમ સાત્વિક કર્મ કરાવે, સત્પુરુષોનું સ્વરૂપ અપાવે અને વિશુદ્ધ અન્તઃકરણ કરાવે આ ત્રણ પ્રકારે સત્વગુણ સાધન બને.

(૭) **असङ्गमेन**-નિઃસંગ થવાથી શુદ્ધ ચિત્ત બની પુરુષોત્તમને પામે. **च** અવ્યયથી સંગની ઇચ્છાનો પણ ત્યાગ કરવાનું સૂચવ્યું છે.

સંચય-૧૫માં અને સોળમા શ્લોકમાં મળી કુલ ૭ સાધનો ભગવત્પ્રાપ્તિ માટે બતાવ્યાં છે. તેમાં (૧) स्वधर्मेण-વર્ણાશ્રમાદિ ધર્મથી દેહશુદ્ધિ, (૨) क्रियायोगेन-ક્રિયાયોગથી આધ્યાત્મિક શુદ્ધિ-જલ આધ્યાત્મિક હોઈ જલશુદ્ધિ દર્શાવી, (૩) मद्धिष्ण्यदर्शन-ભગવત્સ્વરૂપોનાં દર્શનાદિ પાંચ કાર્યો દ્વારા અગ્નિની શુદ્ધિ ભગવત્સ્વરૂપો તેજોમય છે. તેની પાંચ ક્રિયાઓ પંચાગ્નિ ઉપાસના સમાન બની પંચતત્ત્વની શુદ્ધિ કરે છે. (૪) भूतेषु मद्-भावनया—ભૂતમાત્રમાં ભગવદ્ભાવનાથી વાયુ તત્ત્વની શુદ્ધિ કહી છે. વાયુ સર્વત્ર છે તેમ ભગવાન સર્વસ્વરૂપ છે, (૫) सत्त्वेन-સત્વથી આકાશતત્ત્વની શુદ્ધિ કહેવામાં આવી, (૬) असङ्गमेन-નિઃસંગપણાથી ઇન્દ્રિયશુદ્ધિ થાય છે. ૧૬

આ સત્તરમા શ્લોકમાં ૭, ૮, ૯, ૧૦, ૧૧ સાધનો દર્શાવે છે—

महतां बहुमानेन दीनानामनुकम्पया ॥
मैत्र्या चैवात्मतुल्येषु यमेन नियमेन च ॥ १७ ॥

અન્વયાર્થ—**महतां बहुमानेन** = શ્રેષ્ઠ પુરુષોનું પુષ્કળ સન્માન કરવું, **दीनानाम् अनुकम्पया** = દીન જનો ઉપર દયા કરવી, **च** = અને, **आत्म-तुल्येषु** = પોતાની સમાન કક્ષા વાળામાં, **मैत्र्या** = મૈત્રી કરવી, **यमेन** = યમનું પાલન કરવું, **नियमेन** = નિયમનું પાલન કરવું, **च** = અવ્યયથી અવાન્તર યમ-નિયમો પણ લઈ લેવા. ૧૭

અનુવાદ—શ્રેષ્ઠ પુરુષોનો પુષ્કળ સત્કાર કરવાથી, દીનજન ઉપર દયા કરવાથી, સ્વ-સમાન જનોનાં મૈત્રી કરવાથી, યમ અને નિયમોનું પાલન કરવું અને અવાન્તર યમનિયમોનું આચરણ કરવાથી ચિત્ત શુદ્ધ થતાં પુરુષ પુરુષોત્તમને પામે છે. ૧૭

તત્ત્વસુધા—(૭) महतां बहुमानेन-સમચિત્ત પ્રશાન્ત આવાં શ્રેષ્ઠ લક્ષણો ધરાવતા પુરુષોનું પુષ્કળ સન્માન કરવું. (૮) दीनानामनुकम्पया-આર્તજનોની પુષ્કળ સેવા કરવી. (૯) आत्मतुल्येषु-પોતાની કક્ષાના વર્ગમાં કે જનોમાં મોટે ભાગે સ્પર્ધા થાય છે તેને બદલે સ્નેહ કરવો. (૧૦) यमेन-અગીઆરમા સ્કંધના ૧૯મા અધ્યાયમાં ૩૩મા શ્લોકમાં યમ અને ૩૪મા શ્લોકમાં (૧૧) नियमेन-નિયમો વર્ણવ્યા છે તેનું આચરણ કરવું. યમ અને નિયમ બાર બાર દર્શાવ્યા છે. ૧૭

આ શ્લોકમાં ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ સાધનો વર્ણવે છે—

आध्यात्मिकानुश्रवणान्नामसंकीर्तनाच्च मे ॥
आर्जवेनार्यसङ्गेन निरहंक्रियया तथा ॥ १८ ॥

અન્વયાર્થ—**आध्यात्मिकानुश्रवणात्** = સાંખ્ય-યોગ વગેરે આધ્યાત્મિક શાસ્ત્રોનું શ્રવણ કરવું, **मे** = મારા, **नाम-संकीर्तनात्** = મારાં નામોનું સંકીર્તન કરવું, **च** અને ગુણો તેમજ લીલાઓનું પણ સંકીર્તન કરવું, **आर्जवेन** = સર્વત્ર સરલતા રાખવી, **आर्यसङ्गेन** = ઉત્તમ પુરુષોનો સંગ કરવો, **तथा** = તેમજ, **निरहंक्रियया** = અહંકારથી પર રહેવું. ૧૮

અનુવાદ—સાંખ્ય-યોગ આદિ આધ્યાત્મિક શાસ્ત્રનું શ્રવણ કરવાથી, ભગવાનનાં નામ ગુણલીલાનાં સંકીર્તન કરવાથી, સરલતાથી, આર્યજનના સંગથી અને અહંકારના ત્યાગથી શુદ્ધ અન્તઃકરણ બની ભગવાનને પામે છે. ૧૮

તત્ત્વસુધા—(૧૨) आध्यात्मिकानुश्रवणात्-શાસ્ત્રોનું વાંચન કરવાનો વાંધો નથી પરંતુ ગુરુમુખે શ્રવણ કરવાથી કર્ણશુદ્ધિ થાય છે. કારણ કે શુદ્ધાન્તઃકરણવાળા મુખમાંથી નીકળતા શબ્દો કર્ણદોષને દૂર કરે છે અને શાસ્ત્રોની અસર થાય છે.

(૧૩) नाम-संकीर्तनाच्च मे-मे પદથી ભગવાનના જ નામાદિનું શ્રવણ અન્યનું નહીં. च અવ્યયથી ભગવ-લીલા અને ગુણોના શ્રવણ સાથે નામસંકીર્તન કરવું. નામસંકીર્તન વાક્શુદ્ધિ કરે છે.

(૧૪) आर्जवेन-સર્વત્ર સરલતાથી વર્તવું. નમ્રતાથી અને નમનથી નાસિકાનો ભૂમિસ્પર્શ થતાં નાકની શુદ્ધિ થાય છે.

(૧૫) आर्यसङ्गेन-મહત્પુરુષોનો સંગ કરવાથી રસના-જિહ્વાની શુદ્ધિ થાય છે. કારણ કે, यमोत्तमश्लोकगुणानुवादः प्रस्तूयते ग्राम्यकथाविघातः-મહા પુરુષો સાથે મળતાં ભગવચ્ચર્ચા જ ચાલે, લોકચર્ચા વિરમે છે તેથી લોકગાથા વિરમે છે. એટલે જિહ્વા પવિત્ર થાય છે.

(૧૬) निरहंक्रियता-તથા અહંકાર ત્યાગથી અંતઃકરણ-મન શુદ્ધ થાય છે. આ રીતે ૧૫-૧૬-૧૭-૧૮ ચાર શ્લોકોમાં સોળ સાધન વર્ણવ્યાં છે.

આ શ્લોકમાં પ્રસંગનો ઉપસંહાર કરે છે—

मद्धर्माचरणैरेतैः परिशुद्धाश्रयः स्फुटम् ॥
[1]अञ्जसा पुरुषोऽभ्येति श्रुतमात्रगुणं हि माम् ॥ १९ ॥

અન્વયાર્થ—**मद्-धर्म-आचरणैः** = મારા ધર્મના આચરણથી ભરેલા, **एतैः** = આ ગુણોથી-સાધનોથી, **स्फुटम्** = સ્પષ્ટ પ્રકારે, **परिशुद्ध-आश्रयः** = શુદ્ધ અંતઃકરણવાળો, **पुरुषः** = પુરુષ, **अञ्जसा** = અનાયાસે, **श्रुत-मात्र-गुणम्** = મારા ગુણો માત્ર સાંભળતાં જ, **हि** = ખરેખર, **माम्** = મને, **अभ्येति** = પામે છે. ૧૯

અનુવાદ—મારા ધર્મના આચરણથી ભરેલા મારા આ ગુણોથી–સોળ સાધનોથી સ્પષ્ટ પ્રકારે પુરુષ શુદ્ધ અન્તઃકરણવાળો બનીને અનાયાસે મારા ગુણોનું શ્રવણ કરતાં જ મને અવશ્ય પામે છે. ૧૯

તત્ત્વસુધા—मद्-धर्माचरणैः–ઉપરના ચાર શ્લોકોમાં સોળ સાધનો વર્ણવ્યાં છે. એ સાધનોનું આચરણ કરતાં સર્વતઃ ચિત્તની શુદ્ધિ થાય છે, ત્યારે જ પુરુષને નિર્મળ ચિત્તમાં ભગવદ્‌ગુણોનું શ્રવણ કરતાં રસોત્પત્તિ થશે. એ રસોત્પત્તિ જ એને ભગવાનની પ્રાપ્તિ કરાવશે. વિદેશમાં વસેલા પુત્ર કે પતિના વિરહમાં મન સર્વ બાજુથી પતિ કે પુત્રના જ તરફ વિચારવાળું હોય છે અને તે પ્રિયના ગુણનું મિશ્રણ કરતાં તેમાં જ ઓતપ્રોત બની જાય છે એ જ પ્રકારે ભક્તનું મન ભગવાનમાં તદ્રૂપ બની જાય છે. ૧૯

આ શ્લોકમાં ભગવત્પ્રાપ્તિનું મુખ્ય સાધન બતાવ્યું છે—

यथा वातरथो घ्राणमावृङ्क्ते गन्ध आशयात् ॥
एवं योगरतं चेत आत्मानमविकारि यत् ॥ २० ॥

અન્વયાર્થ—**यथा** = જેમ, **वातरथः** = વાયુના રથવાળો, **गन्धः** = ગંધ-સુગંધ, **आशयातत्** = પુષ્પ વગેરે પોતાના સ્થાનમાંથી, **घ्राणम्** = ઘ્રાણેન્દ્રિય-નાક તરફ, **आवृङ्क्ते** = જાય છે, **एवम्** = એ પ્રકારે, **यत्** = જે, **अविकारि** = નિર્વિકાર, **योगरतम्** = યોગમાં રમણ કરતું, **चेतः** = ચિત્ત છે તે, **आत्मानम्** = આત્મા તરફ, **आवृङ्क्ते** = જાય છે. ૨૦

અનુવાદ—જેમ રથવાળો સુગંધ પુષ્પ વગેરે પોતાના સ્થાનમાંથી ઘ્રાણેન્દ્રિય તરફ જ ઢળે છે તે જ પ્રકારે જે નિર્વિકારી યોગમાં રચ્યુંપચ્યું ચિત્ત છે તે તો આત્મા તરફ જ જાય છે. ૨૦

તત્ત્વસુધા—यथा वातरथो गन्धः–ગંધ શબ્દ કે સુગન્ધ શબ્દ મૂલ સંસ્કૃતમાં પુલ્લિંગે છે ગુજરાતી ભાષા આ શબ્દને સ્ત્રીલિંગે વાપરે છે. ગન્ધના રથનું નામ વાયુ છે તેથી તેને "वातरथ" કહ્યો રહસ્ય એ છે કે વાયુ ઉપર જે ગંધ બેઠેલ હોય તે ગંધ ઘ્રાણેન્દ્રિય તરફ સ્વાભાવિક રીતે જ જાય છે ત્યાં વિધિવિધાનની જરૂર નથી.

एवं योगरतं चेतः–એ જ પ્રકારે યોગમાં રમણ કરતું ચિત્ત "योगरथ" બનીને આત્મા તરફ જ જાય છે. માત્ર તે ચિત્તને अविकारि નિર્વિકાર થવું જોઈએ. ઉપર દર્શાવેલાં સોળ સાધનો દ્વારા તે વિકારમુક્ત બને છે અને આત્મા તરફ જાય છે. ૨૦

---

[1] पुरुषस्याञ्जसाभ्येति प्रा. पा.

હવે ચાર શ્લોકથી સકામ ભક્તિને ગૌણ વર્ણવે છે. નિષ્કામ અહૈતુકી ભક્તિ જ ઉત્તમ છે એમ કહેવાનો આશય છે. પ્રથમ શ્લોકમાં ભક્તિને બદલે ભક્તિનુ માત્ર અનુકરણ કરે છે તે વર્ણવે છે—

अहं सर्वेषु भूतेषु भूतात्माऽवस्थितः सदा ॥
तमवज्ञाय मां मर्त्यः कुरुतेऽर्चाविडम्बनम् ॥ २१ ॥

અન્વયાર્થ—सर्वेषु = સર્વ, **भूतेषु** = ભૂતોમાં, **भूतात्मा** = પ્રાણીમાત્રનો આત્મા, **अहम्** = હું, **सदा**= નિત્ય, **अवस्थितः** = રહેલો છું, **मर्त्यः** = મરણશીલ માનવ, **तम्** = તેવા, **माम्** = મને, **अवज्ञाय** = અવગણીને, **अर्चा-विडम्बनम्** = પૂજાનું નાટન, **कुरुते** = કરે છે. ૨૧

અનુવાદ—સર્વ ભૂતોમાં પ્રાણીઓનો આત્મા હું સર્વદા રહેલ છું છતાં મરણશીલ મનુષ્ય સર્વવ્યાપી મારી અવગણના કરીને પૂજાનું નાટન કરે છે. ૨૧

તત્ત્વસુધા—अहं सर्वेषु भूतेषु-ભગવાન પ્રાણીમાત્રમાં રહેલા છે. એટલે ભગવાન પ્રાણીમાત્રમાં આત્મા તરીકે રહેલ છે. ૧-૪-૨૨ વ્યાસસૂત્રમાં "अवस्थितेरिति काशकृत्स्नः" "સ્થિતિ હોવાથી" એવો કાશકૃત્સ્નનો મત છે. એનું તાત્પર્ય છે કે હું જ सर्वभूतात्मा છું. સર્વ ભૂતના આત્મા એટલે "સર્વભૂતરૂપ, તત્ત્વરૂપ, જીવરૂપ અને દેહરૂપ" હું ભગવાન છું. सदाऽवस्थितः સદા રહેલા એટલે અંતર્યામીરૂપે રહેલા છે.

જો હું સર્વમાં-સર્વ ભૂતોમાં રહેલો છું તો પછી તે ભેદબુદ્ધિથી રાગદ્વેષ કરી મારી જ અવગણના કરે છે. ભેદબુદ્ધિ એટલે આ શત્રુ છે, આ મિત્ર છે એવી વૃત્તિ કરીને જે દ્વેષ-હિંસા વગેરે કરે છે તે મારી અવગણના છે. આવું કરનાર મનુષ્યને "मर्त्यः" કહ્યો છે. મર્ત્ય એટલે પોતે આત્મા છે-આનંદરૂપ છે તોપણ મરણશીલ સ્વભાવવાળા દેહ તરીકે જાણીને કેવલ અર્ચનનું નાટન કરે છે. ભગવાનનું પૂજન કરનાર તે ખરેખર અર્ચન નથી કરતો. અભિનેતા રામનો અભિનય કરે છે તે કેવલ નાટક છે સાચો રામના ગુણવાળો તે નથી થતો તેમ અર્ચન માત્ર અનુકરણ થઈ જશે ભક્તિ નહીં થાય. "અર્ચા" શબ્દનો અર્થ અર્ચન અને પ્રતિમા એવા બે અર્થ થાય છે. અહીં અર્ચા, પ્રતિમાના અર્થમાં નથી પરંતુ અર્ચન અર્થમાં છે. ૨૧

શાસ્ત્રોક્ત પ્રકારે ભગવાનના આકારને જાણનાર મનમાની કલ્પેલી આકૃતિમાં ભજનાર શ્રમ સમ્પાદન કરશે તેની ભક્તિ સિદ્ધ નહીં થાય એ વસ્તુનો નિર્દેશ આ શ્લોકમાં કરે છે—

यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् ॥
हित्वाऽर्चां भजते मौढ्याद् भस्मन्येव जुहोति सः ॥ २२ ॥

અન્વયાર્થ—यः = જે, **सर्वेषु-भूतेषु** = સર્વ ભૂતોમાં, **सन्तम्** = રહેલા, **आत्मानम्** = આત્માને, **माम् ईश्वरम्** = અને ઈશ્વર મને, **हित्वा** = ત્યજીને, **मौढ्यात्** = અજ્ઞાનથી, **अर्चाम्** = મૂર્તિની ભાવનાથી, **भजते**= અર્ચે છે, **सः** = તે, **भस्मनि एव** = ભસ્મમાં જ, **जुहोति** = હોમ કરે છે. ૨૨

અનુવાદ—જે સર્વ ભૂતોમાં રહેલા આત્માને ઈશ્વર મને ત્યજીને અજ્ઞાનથી મૂર્તિની ભાવનાથી મારું અર્ચન કરે છે તે ભસ્મમાં હોમ કરે છે. ૨૨

તત્ત્વસુધા—यो मां सर्वेषु भूतेषु-આ શ્લોકમાં એમ લાગશે કે મૂર્તિના અર્ચનનું ખંડન કરે છે પરંતુ એ પ્રમાણે નથી. માત્ર મૂર્તિને કાષ્ઠની કે શિલાની બુદ્ધિ અર્ચનાર અણસમજુ છે એ વાતની સ્પષ્ટતા કરી પાષાણબુદ્ધિ અર્ચનાં કરનારે ભસ્મમાં હોમ કર્યો છે એવું પ્રતિપાદન કર્યું છે.

यो मां सर्वेषु भूतेषु–વાક્યથી સ્પષ્ટ કરે છે કે ભગવાન સર્વ દેહમાં सन्तम्–आत्मानम्–ईश्वरम् આવા ત્રણ પ્રકારે રહેલ છે. પ્રથમ તો सन्तम् એટલે તે પ્રાણીના સ્વરૂપે રહેલા છે. બીજા आत्मानम् આત્મારૂપે રહેલા છે અને ત્રીજા ईश्वरम् અન્તર્યામી સ્વરૂપે રહેલા છે. આ રીતે સર્વ ભૂતમાં રહેલા ભગવાનને ન સમજતા કેવલ તે ભગવાનના શ્રીવિગ્રહને મૂર્તિ સ્વરૂપે સેવે છે તે જ તેનું અજ્ઞાન છે. તેનો શ્રમ ભસ્મમાં આપેલ આહુતિ સમાન નીવડશે. ૨૨

ભગવાનની પ્રતિમાનું અર્ચન કરતાં અન્ય કોઈનો પણ દ્વેષ કરનારના મનને શાંતિ મળશે નહીં એ વસ્તુ વર્ણવે છે—

द्विषतः परकाये मां मानिनो भिन्नदर्शिनः ॥
भूतेपु बद्धवैरस्य न मनः शान्तिमृच्छति ॥ २३ ॥

અન્વયાર્થ—परकाये = અન્ય દેહમાં, **माम्** = રહેલા મને, મારો, **द्विषतः** = દ્વેષ કરનારા, **मानिनः**= અભિમાની, **भिन्नदर्शिन:** = ભેદ નજરે જોનાર, તેમજ, **भूतेषु** = પ્રાણીઓમાં, **बद्धवैरस्य** = વૈર દાખવનાર મનુષ્યનું, **मनः** = મન, **शान्तिम्** = શાંતિને, **न ऋच्छति** = પામતું નથી. ૨૪

અનુવાદ—અન્યના દેહમાં રહેલા મારો દ્વેષ કરનાર, અભિમાની, ભેદ નજરે જોનાર અને પ્રાણીમાં વૈર બાંધનાર મનુષ્યનું મન શાંતિને પામતું નથી. ૨૩

તત્ત્વસુધા—द्विषतः परकाये मां–કર્મમાર્ગનું અને ભક્તિમાર્ગનું સૂક્ષ્મ વૈષમ્ય–તારતમ્ય આ શ્લોકમાં દર્શાવ્યું છે. શ્રુતિઓમા यं द्विष्यात् तं ध्यायेत्–જેનો દ્વેષ કરો–નાશ કરવાનો વિચાર કરો તં તેનું તમે મનમાં સ્વરૂપ ખ્યાલમાં રાખીને "પ્રયોગ કરો" यो मां द्वेष्टि यं च वयं द्विष्मः–यं द्विष्मस्तस्मिन् प्रतिमुञ्चामि पाशम्" જે મારો દ્વેષ કરે છે તેનો અમે દ્વેષ કરીએ છીએ, જેની સાથે મારો શત્રુતા છે તેના ઉપર પાશ છોડું છું" આવા વાક્યો મળે છે, આપ આ સ્થાને પરનો દ્વેષ–હિંસા કરનારનું મન શાંતિ નહીં પામે એવો ઉલ્લેખ કરી "વૈર–દ્વેષ" ભાવ કરવાનો નિષેધ કરો છો તો પછી શ્રુતિવાક્યો સાથે વિરોધ આવશે તેનું શું ?

આ શંકા કરવાની આવશ્યકતા નથી કારણ કે બન્ને પ્રસંગો–પ્રકરણો જુદાં જુદાં છે, ભક્તિમાર્ગના સિદ્ધાન્ત પ્રમાણે પ્રત્યેક પ્રાણીમાં અને પદાર્થમાં ભગવાન છે. પ્રત્યેક ભગવાનનું સ્વરૂપ છે. માટે જે વ્યક્તિમાં આપણે વૈર કરીએ છીએ તેમાં ભગવાન છે. તેનો જો દ્વેષ કરીશું તો પ્રતિમામાં રહેલા ભગવાન પ્રસન્ન નહીં થાય અને મનની શાંતિ આપશે નહીં. એક પ્રશ્ન એ ઉત્પન્ન થશે કે 'સામી વ્યક્તિ આપણો દ્વેષ કરે છે, હાનિ કરે છે તો પછી આપણે તેનો ઉત્તર વાળવો જોઈએ. આ વિચાર આવે એ સ્વાભાવિક છે તેનો પ્રત્યુત્તર છે કે "જે વ્યક્તિએ તમારી હાનિ હિંસા વગેરે કર્યાં તે પણ ભગવાનની જ ઇચ્છાથી કે પ્રેરણાથી કર્યાં છે માટે તમારે તે ભગવત્કૃત સમજી વૈર–હિંસા ન કરવાં.

પછી વિચાર આવશે કે તમારી રક્ષા કોણ કરશે તો તેનું સમાધાન છે કે વૈર–હિંસા કરતાં હિરણ્યકશિપુનો દ્વેષ પ્રહ્લાદજીએ કર્યો ન હતો અને પ્રહ્લાદજીની રક્ષા ભગવાને કરી હતી તેવી તે સર્વ ભગવાન કરશે માટે દ્વેષ ન કરવો. તો જ મૂર્તિની અર્ચના ફળશે.

યજ્ઞવિરોધીઓ કે લોકકલ્યાણ વિરોધીઓનો દ્વેષ થાય એટલે તેમનો નાશ થાય તે માટે શાસ્ત્રોનું यो मां द्वेष्टि અથવા यं च वयं द्विष्मः વગેરે વાક્યો છે. ત્યાં દ્વેષ કરવા માટે યજ્ઞો નથી થતા પરંતુ વેદનો-યજ્ઞનો, લોકકલ્યાણનો દ્વેષ કરનારના દ્વેષ સામે પ્રયોગો છે. ભગવાનનો તેમાં દ્વેષ નથી થતો. આ રીતે સમજીને આ શ્લોકનો અર્થ થતાં નક્કી થયું કે ભગવદ્વિગ્રહોનું ભક્તિથી અર્ચન કરનારે કોઈ પણ સાથે દ્વેષ ન કરવો. ૨૩

तात्पर्य–

આ શ્લોકમાં ભગવાન સ્વયં કહેશે કે દ્વેષ કરનારની કોઈ પણ અર્ચા-સામગ્રીથી હું રાજી નથી થતો—

अहमुच्चावचैर्द्रव्यैः क्रिययोत्पन्नयाऽनघे ॥
नैव तुल्येऽर्चितोऽर्चायां भूतग्रामावमानिनः ॥ २४ ॥

અન્વયાર્થ– **अनघे** = હે નિષ્પાપ માતાજી! **भूत-ग्राम-अव-मानिनः** = પ્રાણીઓના સમૂહનો તિરસ્કાર કરનારે, **उच्च-अवचैः द्रव्यैः** = નાની મોટા પ્રકારની, **द्रव्यैः** = સામગ્રીઓથી, **उत्पन्नया** = ઉત્પન્ન થયેલી, **क्रियया** = ક્રિયાથી, **अर्चायाम्** = પ્રતિમામાં, **अर्चितः** = પૂજાયેલ, **अहम्** = હું, **नैव तुष्ये** = કદી રાજી થાઉં નહીં. ૨૪

અનુવાદ—હે નિષ્પાપ માતાજી! પ્રાણીઓના સમૂહનો તિરસ્કાર કરનારે, નાની મોટી અનેક પ્રકારની પૂજાની સામગ્રીઓથી થતી ક્રિયાથી પ્રતિમામાં પૂજાયેલ હું કદી રાજી થાઉં નહીં. ૨૪

તત્ત્વસુધા—भूतग्रामावमानिनः-પ્રાણીમાત્રમાં ભગવાન છે જ. પ્રાણીમાત્રનો આદર જ કરવો, નહીં કે તિરસ્કાર કરવો જોઈએ. સુવર્ણ, રત્ન કે અન્ય શ્રેષ્ઠ કનિષ્ઠ સામગ્રીઓથી ભગવાનની પ્રતિમાનું અર્ચન કરનારે જો કોઈ પણ પ્રાણીની અવજ્ઞા કરી છે તો ભગવાનની પ્રસન્નના આવી જ જવાની. માટે દ્વેષ કદી કોઈનો ન કરવો અને ભગવાન સમજી આદર કરવો. ૨૪

તો શું અર્ચા-પ્રતિમાનાં અર્ચન ન કરવાં? એવી શંકાના સમાધાન માટે આ શ્લોક છે—

अर्चादावर्चयेत्तावदीश्वरं मां स्वकर्मकृत् ॥
यावन्न वेद स्वहृदि सर्वभूतेष्ववस्थितम् ॥ २५ ॥

અન્વયાર્થ—જ્યાં સુધી, **स्व-कर्म-कृत्** = પોતાનાં કર્મને કરનારો, **सर्व-भूतेषु** = પ્રાણીમાત્રમાં, **अवस्थितम्** = રહેલા, **माम्--ईश्वरम्** = મને પરમેશ્વરને, **स्व-हृदि** = પોતાના હૃદયમાં રહેલ છે એમ, **यावत्-न-वेद** = જ્યાં સુધી ન જાણે, **तावत्** = ત્યાં સુધી, **अर्चादौ** = પ્રતિમા વગેરેમાં, **अर्चयेत्** = અર્ચન કરે. ૨૫

અનુવાદ—જ્યાં સુધી પોતાનાં કર્મ કરનારો પ્રાણીમાત્રમાં રહેલા મને પરમેશ્વરને, પોતાના હૃદયમાં રહેલ છે એમ જાણે નહીં ત્યાં સુધી પ્રતિમા વગેરેમાં અર્ચન કરે. ૨૫

તત્ત્વસુધા—अर्चादावर्चयेत्-ઉપરના શ્લોકો ભગવાનની પ્રતિમાઓનાં અર્ચનનિષેધ માટે નથી. "ભૂત-દ્રોહ" ન કરવો અને સર્વત્ર ભગવદ્દર્શન કરવાં એવા તાત્પર્ય માટે વાક્યો છે.

सर्वभूतेष्ववस्थितम्-પ્રાણીમાત્રમાં ભગવાન છે એટલે "ભગવાન સર્વરૂપ" છે એમ ન જાણે ત્યાં સુધી અર્ચાવિગ્રહોનાં અર્ચન કરવાનાં જ છે. તેમનું જો અર્ચન ન કરે તો અપરાધ લાગે. અને પ્રતિષ્ઠિત દેવતાઓની પ્રતિમાઓનો સર્વથા ત્યાગ ન થાય એ શાસ્ત્રોની આજ્ઞા છે તેમજ ભગવાનની મૂર્તિના અર્ચનનાં શ્રુતિમાં વિધાન છે.

स्वकर्मकृत्-ईश्वरं-मामर्चयेत्-"સ્વકર્મને કરનાર" એ પદનો એવો અર્થ થાય છે કે "પોતાના નિત્ય કર્મનો સંધ્યા વંદનનો જેમ ત્યાગ ન થાય તેમ ભગવદર્ચા વિગ્રહનું અર્ચનં ત્યજાય નહીં. જો સગુણ ભક્તને પ્રાણીમાત્રમાં ભગવાનનું સ્વરૂપ જણાય અને તે જ ભગવાન પોતાના હૃદયમાં ન દેખાય તો પછી તેને પ્રતિમાનાં અર્ચન કરવાનાં જ રહ્યાં. પરંતુ જેવી ભગવાનમાં બુદ્ધિ છે એવી જ કીટ પતંગ સુધી પણ થઈ ગઈ

તો પછી પ્રતિમાપૂજન કરવાનું ન રહ્યું. કારણ કે તે પ્રત્યેક ભગવાનરૂપે જ ભજશે.

શાસ્ત્રમાં તો આજ્ઞા છે કે प्रतिष्ठितार्चा न त्याज्या यावज्जीवं समर्चयेत् । वरं प्राणपरित्यागः शिरसो वापि कर्तनम् ॥ ભગવાનની પ્રતિષ્ઠિત મૂર્તિનું જીવન પર્યન્ત અર્ચન કરવું. પ્રતિમાના અર્ચનનો ત્યાગ કરતાં "પ્રાણ પરિત્યાગ અને શિરચ્છેદ" બન્ને થાય તો સર્વશ્રેષ્ઠ છે, શ્રુતિનું પણ વિધાન છે કે—

अहं दासो न मीढुषेऽलंकराण्यहं देवाय भुर्णयेऽनामाः । अचेतदचितो देवोऽअर्यो गृत्सं राये कवितरों जुहाति ॥ શ્રુતિનો અર્થ થાય કે अनागाः નિર્દોષ આચરણવાન બનીને, अहं હું दासः न સેવક જેમ પોતાના સ્વામીને સર્વ સામગ્રીથી સેવે તે પ્રકારે હું પણ मीढुषे અઢળક ધન વૃષ્ટિ કરનાર, भुरि नयतीति भुर्णिस्तस्मै भुर्णये રાજા મહારાજા કરતાં પણ અધિક પોતાના ભક્તને દ્રવ્ય અર્પણ કરતાં देवाय નંદનંદન શ્રીકૃષ્ણ દેવને, अलंकराणि अहम् હું વિવધ પ્રકારના શૃંગાર સામગ્રીથી અર્ચના કરું. अर्यः ભુક્તિ અને મુક્તિની કામનાથી સમીપમાં ભજવા યોગ્ય જે દેવ, अचितः ચૈતન્યરહિત જીવોને अचेतयत् ચેતનાયુક્ત કરે છે. આવા શ્રીકૃષ્ણ રામચન્દ્રાદિ ભગવાનની પ્રતિમા સ્વરૂપે સર્વ કામનાઓને પુરુષાર્થોને પૂર્ણ કરનારા ભગવાન હોવા છતાં कवितरः બુદ્ધિમાન મનુષ્ય गृत्सं પ્રાણવાન રાજાને राये ધનપ્રાપ્તિ માટે जुहाति નાના પ્રકારનાં કાવ્યોથી ક્ષુદ્રપ્રભુની સ્તુતિ કરે છે. કાચ જેવા ધનના ક્ષુદ્ર ટુકડા માટે કમનીય વાણીથી કહી બતાવનાર નીચ ક્ષુદ્રનું સ્તવન શા માટે કરવું.

સર્વ ભગવાન છે એમ અનુભવ થયા પછી તો પ્રતિમા અર્ચન કરવાનું અવશિષ્ટ રહેશે નહીં એ વાત નીચેના શ્લોકથી કહે છે—

आत्मनश्च परस्यापि यः करोत्यन्तरोदरम् ॥
तस्य भिन्नदशो मृत्युर्विदधे भयमुल्बणम् ॥ २६ ॥

અન્વયાર્થ—**आत्मनः** = પોતાની, **च** = અને, **परस्य** = બીજાની, **अन्तरा** = મધ્યમાં, **यः** = જે કોઈ, **उदरम्-अपि** = અલ્પ પ્રમાણમાં પણ ભેદ, **करोति** = કરે છે, **तस्य** = તે, **भिन्नदशः** = ભેદ દષ્ટિવાળા પુરુષને, **मृत्युः** = મૃત્યુ સ્વરૂપ હું, **उल्बणम्** = તીવ્ર પ્રમાણમાં, **भयम्** = ભયને, **विदधे** = કરું છું. ૨૬

અનુવાદ—પોતાની અને બીજાની વચમાં જે કોઈ પણ અલ્પ પણ ભેદમતિ કરે છે તે ભેદ બુદ્ધિવાળા અર્ચક પુરુષને મૃત્યુસ્વરૂપ હું તીવ્ર પ્રમાણમાં ભય ઉત્પન્ન કરું છું. ૨૬

તત્વસુધા—"आत्मनश्च परस्यापि"–જ્ઞાન પ્રાપ્ત થયા પછી જો ભેદબુદ્ધિથી અર્ચન કરે તો ભય ઉત્પન્ન કરું છું. પરંતુ જ્ઞાન પ્રાપ્ત થયા બાદ ભગવદ્ભાવથી જો સર્વત્ર અર્ચન કરે તો ભય નથી, માત્ર એની દષ્ટિથી અર્ચન ન કરાય કે "यद्यन्यां देवतामुपास्ते अन्योऽसावन्योऽहमस्मीति यथा पशुरेवं स देवानां पशुः"–આ મારા દેવ જુદા છે અને તે તારા ભગવાનથી ભિન્ન છે એવી ભેદદષ્ટિથી અર્ચન કરનાર ભયનો અધિકારી છે. સર્વ દેવતાઓમાં ભગવત્સ્વરૂપે અર્ચન કરનાર કોઈ પણ દૂષિત નથી. આજ વસ્તુને સ્પષ્ટ કરવા માટે अन्तरा उदरम् એવા બે શબ્દોનો ઉલ્લેખ કર્યો. ઉપાસ્યદેવ અને ભગવાનની अन्तरा વચમાં उद्–अरम् અલ્પ પ્રમાણમાં પણ अरम् ભેદદષ્ટિ કરનાર ઉગ્ર ભયને પાત્ર બને છે. ૨૬

આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે જ્ઞાનપ્રાપ્તિના અભિલાષીએ અજ્ઞાન ભૂમિમાં પ્રતિમા પૂજન કરતાં પ્રાણીમાત્રમાં ભગવાનનું અર્ચન કરવું શ્રેષ્ઠ છે—

अथ मां सर्वभूतेषु भूतात्मानं कृतालयम् ॥
अर्हयेद् दानमानाभ्यां मैत्र्याऽभिन्नेन चक्षुषा ॥ २७ ॥

અન્વયાર્થ—**अथ** = તેમજ, **सर्व-भूतेषु** = સર્વ પ્રાણીઓમાં, **कृत-आलयम्** = નિવાસ કરી રહેલા, **भूत-आत्मानम्** = પ્રાણીઓના આત્મા એવા, **माम्** = મને, **अभिन्नेन** = ભેદ વિનાની, **चक्षुषा** = દૃષ્ટિથી, **दान-मानाभ्याम्** = દાન, માન અને, **मैत्र्या** = મૈત્રીથી, **अर्हयेत्** = સત્કારે. ૩૭

અનુવાદ—તેમજ સર્વ પ્રાણીઓમાં નિવાસ કરી રહેલા પ્રાણીઓના આત્મા મને ભેદરહિત દૃષ્ટિથી દાન, માન અને મૈત્રીથી સત્કારે—મારો સત્કાર કરે. ૨૭

તત્ત્વસુધા—अथ मां सर्वं-भूतेषु—ઉપરના શ્લોકમાં જ્ઞાનીની ભૂમિકા વર્ણવી આ શ્લોકમાં ભક્તે ભક્તિમાર્ગથી કેવી રીતે અર્ચન કરવું તે સમજાવ્યું છે કે सर्वं-भूतेषु પ્રત્યેક પ્રાણીઓમાં રહેલા પ્રાણીઓના આત્માને મારી દૃષ્ટિથી સત્કારવા. સાક્ષાત્ ભગવાન છે એ નજરે આદર કરવો. પ્રત્યેક જીવ ભગવાનનું ઘર છે. ભગવાને જીવને પોતાનું આલય-ઘર બનાવેલ છે, આ જીવ પ્રભુનું સ્વરૂપ છે એને દાન, માન આપવાં. અને એની સાથે મૈત્રી કરવી. નાનાને દાન આપવું, મોટાને માન આપવું અને સમાનની મૈત્રી કરવી. સનત્કુમારોને માટે ભગવાને કહેલ છે કે હે "જય-વિજય આ સનત્કુમારો મારા જ દેહ છે." ૨૭

હવે લગભગ સાડા છ શ્લોકથી ઉત્તરોત્તર અર્ચનની વિશેષતા સમજાવે છે—

जीवाः श्रेष्ठा ह्यजीवानां ततः प्राणभृतः शुभे ॥
ततः सचित्ताः प्रवरास्ततश्चेन्द्रियवृत्तयः ॥ २८ ॥

तत्रापि स्पर्शवेदिभ्यः प्रवरा रसवेदिनः ॥
तेभ्यो गन्धविदः श्रेष्ठास्ततः शब्दविदो वराः ॥ २९ ॥
रूपभेदविदस्तत्र ततश्चोभयतो दतः ॥
तेषां बहुपदाः श्रेष्ठाश्चतुष्पादस्ततो द्विपाम् ॥ ३० ॥

ततो वर्णाश्च चत्वारस्तेषां ब्राह्मण उत्तमः ॥
ब्राह्मणेष्वपि वेदज्ञो ह्यर्थज्ञोऽभ्यधिकस्ततः ॥ ३१ ॥
अर्थज्ञात् संशयछेत्ता ततः श्रेयान् स्वकर्मकृत् ॥
मुक्तलिङ्गास्ततो भूयानदोग्धा धर्ममात्मनः ॥ ३२ ॥

અન્વયાર્થ—**शुभे** = હે માતાજી! **हि** = ખરેખર, **अजीवानाम्** = નિર્જીવ કરતાં, **जीवाः** = જીવો, **श्रेष्ठः** = શ્રેષ્ઠ છે, **ततः** = જીવો કરતાં, **प्राण-भृतः** = પ્રાણ ધારણ કરનાર શ્રેષ્ઠ છે, **तत्र-अपि** = પ્રાણધારીઓમાં પણ, **सचित्ताः** = ચિત્તવાળા શ્રેષ્ઠ છે. **ततः** = ચિત્તવાળાઓમાં પણ, **इन्द्रिय-वृत्तयः** = ઇન્દ્રિયોની ક્રિયાવાળા, **प्रवराः** = શ્રેષ્ઠ માન્યા છે. **तत्र-अपि** = ઇન્દ્રિયોની ક્રિયાવાળાઓમાં પણ, **स्पर्श-वेदिभ्यः**=સ્પર્શ ઇન્દ્રિયના જ્ઞાનવાળા કરતાં, **रस-वेदिनः** = રસના જ્ઞાનવાળા, **प्रवराः** = ઉત્તમ છે, **तेभ्यः** = રસના જ્ઞાનવાળા કરતાં, **गन्धविदः** = ગંધના જ્ઞાનવાળા, **श्रेष्ठाः** = શ્રેષ્ઠ છે, **ततः** = ગંધ જ્ઞાનવાળાથી, **शब्द-विदः** = શબ્દજ્ઞાનવાળા, **वराः** = ઉત્તમ છે. **तत्र** = શબ્દ જ્ઞાનવાળાથી, **रूप-भेद-विदः** = રૂપના ભેદને જાણનારા શ્રેષ્ઠ છે, **ततः** = રૂપભેદના જાણકાર કરતાં, **उभयतः दत्तः** = બેવડી દંત પંક્તિવાળા શ્રેષ્ઠ છે, **तेषाम्** = બેવડી દંતપંક્તિવાળાઓમાં, **बहुपदः** = ઘણા પગવાળા શ્રેષ્ઠ છે, **ततः** = ઘણા પગવાળાઓમાં, **चतुष्पादः** = ચાર પગવાળા શ્રેષ્ઠ છે, **ततः** = ચાર પગવાળા કરતાં, **द्विपात्** = બે પગવાળા શ્રેષ્ઠ છે. **ततः** = બે પગવાળાઓથી, **चत्वारः**=

ચાર, **वर्णाः** = વર્ણો ઉત્તમ છે, **च** = અને, **तेषाम्** = ચાર વર્ણોમાં **ब्राह्मणः** = બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, **ब्राह्मणेषु अपि** = બ્રાહ્મણોમાં પણ, **वेदज्ञः** = વેદવેત્તા શ્રેષ્ઠ છે, **हि** = ખરેખર, **ततः** = વેદવેત્ કરતાં, **अर्थज्ञः** = અર્થ જાણનાર, **अभि-अधिकः** = વધુ શ્રેષ્ઠ છે. **अर्थज्ञात्** = અર્થ જાણકાર કરતાં, **संशय-छेत्ता** = સંશય છેદનાર શ્રેષ્ઠ, **ततः** = સંશયછેદી કરતાં, **स्वकर्मकृत्** = પોતાનું કાર્ય કરનાર, **श्रेयान्** = શ્રેષ્ઠ, **ततः** = તેના કરતાં, **मुक्तलिङ्गः** = દેહાભિમાન રહિત, **भूयान्** = શ્રેષ્ઠ છે, દેહાભિમાન રહિત કરતાં, **आत्मनः** = પોતાના, **धर्मम्** = ધર્મનું, **अदोग्धा** = દોહન કરનાર શ્રેષ્ઠ છે. ૨૮-૩૨

અનુવાદ—હે માતાજી, નિર્જીવો કરતાં જીવો શ્રેષ્ઠ છે, જીવો કરતાં પ્રાણધારી ઉત્તમ છે. પ્રાણધારીમાં ચિત્તવાળા ઉત્તમ છે, ચિત્તવાળાઓમાં ઇન્દ્રિયની ક્રિયાવાળા ઉત્તમ છે. ઇન્દ્રિયોની ક્રિયાવાળામાં પણ સ્પર્શના જ્ઞાનવાળા કરતાં રસના જ્ઞાનવાળા ઉત્તમ છે. સ્પર્શજ્ઞાનવાળા કરતાં ગંધના જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે. ગંધજ્ઞાનવાળા કરતાં શબ્દજ્ઞાનવાળા શ્રેષ્ઠ છે. શબ્દના જ્ઞાનવાળાથી રૂપના ભેદના જાણનાર શ્રેષ્ઠ છે. રૂપભેદના જાણકાર કરતાં બમણી દંતપંક્તિવાળા શ્રેષ્ઠ છે. બમણી દંતપંકિતવાળાઓમાં ઘણા પગવાળા શ્રેષ્ઠ છે. ઘણા પગવાળા કરતાં ચાર પગવાળા અને ચતુષ્પાદોમાં બે પગવાળા શ્રેષ્ઠ છે. બે પગવાળાઓમાં ચતુર્વર્ણ શ્રેષ્ઠ અને ચતુર્વર્ણમાં બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણોમાં પણ વેદવેત્તા ઉત્તમ છે. વેદવિદોમાં અર્થને જાણનાર શ્રેષ્ઠ છે. અર્થવેત્તાઓમાં સંશયછેદકોને ઉત્તમ માન્યા છે. સંશયછેદક કરતાં પોતાના નિત્ય કર્મમાં તત્પર રહેતા શ્રેષ્ઠ છે. કર્મનિષ્ઠ કરતાં દેહાભિમાન રહિત ઉત્તમ છે. દેહાભિમાન મુક્ત કરતાં સ્વધર્મનું દોહન કરનાર શ્રેષ્ઠ છે. ૨૮-૩૨

તત્ત્વસુધા—जीवाः श्रेष्ठा ह्यजीवानाम्—આ છ શ્લોકોમાં ઉત્તમપણું દર્શાવવાની પાછળ કોઈ પણ વસ્તુને કે વ્યક્તિને તુચ્છ ગણાવાનો આશય નથી પરંતુ પરોપકાર જ્ઞાન અને આત્મકલ્યાણમાં વધુ કોની કક્ષા યોગ્ય છે તે દર્શાવવાનું ધ્યેય છે. તેમાં અઠ્ઠાવીસમા શ્લોકમાં કુલ ચારનો ઉલ્લેખ છે. अजीव શબ્દથી નિર્જીવ પથ્થરનો ઉલ્લેખ કર્યો છે અને સજીવ શબ્દથી પ્રાણવાળાં વૃક્ષોનો નિર્દેશ કર્યો છે. વૃક્ષોને તો શ્રુતિમાં વૈષ્ણવ કહ્યા છે. પૂર્ણ રીતે તેઓ પરોપકાર આચરે છે. વૃક્ષો પ્રાણવાન છે.

પ્રાણવાન વૃક્ષોથી શ્વાસોચ્છ્વાસ લેનારા જંગમ જીવો શ્રેષ્ઠ છે. વૃક્ષો સ્થલાંતર કરી શકતાં નથી જ્યારે જંગમ સ્થલાંતર કરી શકે છે.

દેહ જડના કરતાં સ્થૂલ પ્રાણ શ્રેષ્ઠ છે. સ્થૂલ પ્રાણ કરતાં આસન્ય શ્રેષ્ઠ છે. આ રીતે “દેહ-પ્રાણ અને આસન્ય પ્રાણ” વધુ ઉત્તમ ગણાવ્યા. કારણ કે આ ત્રણમાં ક્રિયાશક્તિ પ્રધાન છે.

ततः सचिताः–ક્રિયાશક્તિ પ્રધાન ત્રણની ઉત્તરોત્તર ઉત્તમતા સમજાવી જ્ઞાનશક્તિ પ્રધાનની મહત્તા સમજાવે છે. ચિત્ત એટલે ચેતનાના આધારવાળું. અંતઃકરણ સમજવું. सचिताः શબ્દનો તેથી જ્ઞાનવાળા એવો અર્થ થયો. જ્ઞાનવાળા કરતાં इन्द्रियवृत्तयः વિષય સાથે ઇન્દ્રિયનું જ્ઞાન ધરાવનાર વધુ શ્રેષ્ઠ છે.

तत्रापि स्पर्शवेदिभ्यः–સ્પર્શનું જ્ઞાન ધરાવનાર કરતાં “રસવેદી”ને ઉત્તમ ગણ્યો છે. જ્ઞાન ધરાવતી પંચેન્દ્રિયોમાં સ્પર્શજ્ઞાન કરાવતી ઇન્દ્રિયને સામાન્ય કક્ષામાં મૂકી છે. કારણ કે સાકરનો સ્પર્શ અસર ન કરે તેથી વધુ સાકરનો સ્વાદ અસર કરે છે માટે સ્પર્શવેદી કરતાં રસવેદી શ્રેષ્ઠ છે.

तेभ्यो गन्धविद्–રસવેદી કરતાં ગન્ધવેદી ઉત્તમ છે કારણ કે જીભ ઉપર પદાર્થ આવે ત્યારે રસજ્ઞાન થાય છે જ્યારે દૂર-સુદૂર રહેલા ગંધનું ઘ્રાણેન્દ્રિયથી જ્ઞાન થાય છે તેથી તેને ઉત્તમ માની. જીવ જંતુને ઘણે

જોગે સ્પર્શનું જ્ઞાન છે. માછલાને રસનું-સ્વાદનું જ્ઞાન છે અને ભ્રમર વગેરેને ગંધનું જ્ઞાન છે પણ એ ત્રણેમાં વિવેક નથી. તેથી તેઓ ફસાય છે.

ततः शब्दविदः—આ ત્રણ કરતાં શબ્દનું જ્ઞાન ધરાવનાર ઉત્તમ છે. હરણને શબ્દનું જ્ઞાન છે. ગંધ કરતાં પણ ઘણે દૂરથી શબ્દ સંભળાય છે અને હરણ શબ્દ શ્રવણથી જ લલચાય છે.

रूपभेदविदस्तत्र—રૂપના ભેદને જાણનાર કાક વગેરે પક્ષીઓ છે તે ઘણે દૂરથી જોઈ શકે છે તેથી ચક્ષુવાળા કાકાદિને તેનાથી ઉત્તમ માન્યા છે.

ततश्चोभयतो दतः—કાકાદિ કરતાં બન્ને બાજુ દંતપંક્તિવાળા મર્કટ, ઉંદર વગેરેને ઉત્તમ માન્યા છે. મર્કટ, મૂષક વગેરે આહારને ઉદરમાં લઈ જઈ શકે છે.

तेषां बहुपदः—આ બધાં ખોરાક લઈ શકનારાં પ્રાણીઓમાં વધુ પગવાળા ઉત્તમ છે. "ગોજર" વગેરેને વધુ પગ હોય છે.

चतुष्पादस्ततः—આઠ પગવાળા અને અનેક પગવાળા કરતાં "ચારપગાં" પ્રાણીઓ શ્વાન, માર્જાર વગેરેને મોટાં ગણ્યાં છે.

ततो द्विपाद्—આ ચાર પગવાળા કરતાં મનુષ્યો અને પક્ષીઓ બે પગવાળાં છે તેમાં પણ મનુષ્યોને ઉત્તમ માન્યા છે કે તેઓ વિવેકશક્તિવાળા છે.

ततो वर्णाश्च चत्वारः—મનુષ્યોમાં ચાર વર્ણો શ્રેષ્ઠ છે કારણ કે તેમની પાસે "જીવવાનું બંધારણ" છે. તેમની પાસે ધર્મ અને વિવેક છે. જીવનની પદ્ધતિ છે.

तेषां ब्राह्मणः—ચારે વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. ધર્મજ્ઞાન અને ત્યાગ ધરાવી શકે તેવી કક્ષાના બ્રાહ્મણ હોવાથી તેને ઉત્તમ ગણ્યા.

ब्राह्मणेष्वपि—બ્રાહ્મણોમાં પણ વેદનો અભ્યાસ કરનાર વધુ ઉત્તમ છે કારણ કે તેને સર્વ જ્ઞાનના આધાર વેદને ધારણ કર્યો છે. ततो ह्यर्थज्ञः મૂલ વેદની રક્ષા સાથે અર્થથી શિક્ષાને પણ જાણનાર ઉત્તમ છે કારણ કે તે સમાજને વધુ ઉપયોગી છે.

संशयच्छेत्ता—અર્થ સમજી રહસ્ય અને તારતમ્ય કાઢી પ્રત્યેકના પ્રત્યેક સંશયોને નિવારનાર વધુ ઉપયોગી હોઈ વધુ ઉત્તમ માનેલ છે.

ततः स्वकर्मकृत्—પ્રત્યેકના સંશયોને દૂર કરે પણ જો સ્વયં ક્રિયા-યજ્ઞ સન્મુખ હોય તો સ્વોત્કર્ષ સાથે તે સર્વનો ઉત્કર્ષ સાધી શકશે. તેથી "સ્વકર્મ કર્તાને" ઉત્તમ ગણેલ છે.

ततो मुक्तलिङ्गः—કર્મનિરત ફલાસક્ત ન હોય તેમજ દેહાભિમાનથી મુક્ત હોય તો તે વળી સર્વ કરતાં વધુ શ્રેષ્ઠ છે.

ततो धर्ममदोग्धा—ધર્મ નામની કામદુઘાનું દૂધ ન દોહી લેનાર પરંતુ દોહન કરી સર્વને તેનું પાન કરાવનાર સ્વયં આ લોક અને પરલોકના સુખની લાલસાથી પર ઉત્તમ છે. ૨૮-૩૨

ફલમાં અનાસક્ત થઈ ભગવાનને ફલ સમર્પણ કરનાર ભક્ત સર્વશ્રેષ્ઠ છે એવું નિરૂપણ આ શ્લોકમાં કરે છે—

तस्मान्मय्यर्पिताशेषक्रियार्थात्मा निरन्तरः ॥
मय्यर्पितात्मनः पुंसो मयि संन्यस्तकर्मणाम् ॥
न पश्यामि परं भूतमकर्तुः समदर्शनात् ॥ ३३ ॥

અન્વયાર્થ—तस्मात् = ધર્મના ફલને ન લેનાર મુક્તલિંગ કરતાં, **मयि** = મારામાં—મને, **अर्पित-अशेष-क्रिया-अर्थ-आत्मा** = સમસ્ત ક્રિયાઓના અર્થ—ફલોનું અને આત્માનું સમર્પણ કરનાર, **निर्-अन्तरः**= ભેદદૃષ્ટિથી પર એવો પુરુષ શ્રેષ્ઠ છે, **मयि** = મારામાં, **सन्यस्त-कर्मणाम्** = સમસ્ત કર્મોને સમર્પણ કરનારાઓમાં પણ, **मयि** = મારામાં મને, **अर्पित-आत्मनः** = આત્માનું સમર્પણ કરનાર, **अकर्तुः** = કર્તાપણાના અભિમાનથી મુક્ત, તેમજ, **समदर्शनात्** = સમદૃષ્ટિવાળા, **पुंसः** = પુરુષથી, **परम्** = ઉત્તમ, **भूतम्** = પ્રાણીને, **न पश्यामि** = હું જોતો નથી. ૩૩

અનુવાદ—ધર્મ કરનાર ને ફલનું દોહન ન કરનારા કરતાં જેણે સમસ્ત કર્મનાં ફલોનું અને આત્માનું સમર્પણ કરેલ છે તેવો ભેદદૃષ્ટિથી પર પુરુષ શ્રેષ્ઠ છે. મને સમસ્ત કર્મોનું સમર્પણ કરનારાઓમાં પણ આત્માનું સમર્પણ કરનાર કર્તાપણાના અભિમાનથી મુક્ત, તેમજ સમદૃષ્ટિવાળા પુરુષથી હું ઉત્તમ કોઈ પ્રાણીને જોતો નથી. ૩૩

તત્ત્વસુધા—ઉપરના ૨૮મા શ્લોકના આરંભથી ૩૩મા શ્લોકના ઉપસંહાર સુધીના પ્રકરણમાં ક્રમશઃ ઉત્તમ પુરુષની ચર્ચા કરી છે. અન્ય શાસ્ત્રોમાં પણ ભિન્ન ભિન્ન પ્રકારે પુરુષો માટે ઉત્તમતા દર્શાવી છે. પરંતુ ભગવાન તો ત્રણ કક્ષાવાળી વ્યકિતને સર્વશ્રેષ્ઠ ગણે છે. કર્મનો નિરર્થક ત્યાગ કરવો તેના કરતાં (૧) "ભગવાનને સર્વકર્મફલનું અને આત્માનું સમર્પણ કરનાર, (૨) કર્તા તરીકેના અભિમાનથી મુક્ત રહેનાર (૩) અને સમાન દૃષ્ટિ ધરાવનાર" આવી ત્રણ પ્રકારની યોગ્યતા ધરાવનાર સર્વશ્રેષ્ઠ છે. આ અભિપ્રાય ભગવાનનો છે. ૩૩

કોઈ એમ ન સમજે કે જ્યારે આવા જ્ઞાનવાળો સ્વયં ભજન કરવા લાયક બન્યો. એનું જ લોકો ભજન કરે, એને કોઈનું ભજન કરવાનું રહ્યું જ નહીં તો પછી ભકિતશાસ્ત્ર કોને માટે સમાધાન કરે છે કે—

मनसैतानि भूतानि प्रणमेद् बहु मानयेत् ॥
ईश्वरो जीवकलया प्रविष्टो भगवानिति ॥ ३४ ॥

અન્વયાર્થ—भगवान्-ईश्वर = ભગવાન, ઈશ્વર, **जीव-कलया** = પોતાના જીવરૂપ અંશથી, **एतानि-भूतानि** = આ પ્રાણીઓમાં, **प्रविष्टः** = પ્રવેશ કરેલ હોવાથી, આ પ્રાણીઓને, **मनसा** = મનથી, **प्रणमेत्** = પ્રણામ કરવા અને, **बहु** = પુષ્કળ, **मानयेत्** = માન આપવું. ૩૪

અનુવાદ—ભગવાન ઈશ્વરે પોતાના જીવરૂપ અંશથી આ પ્રાણીઓમાં પ્રવેશ કરેલ છે માટે આ પ્રાણીઓને મનથી પ્રણામ કરવા અને બહુમાન આપવું. ૩૪

તત્ત્વસુધા—भगवान् ईश्वरः-પ્રાણીમાત્રમાં ભગવાન ઈશ્વરે જ પોતાના "જીવ"રૂપ અંશથી પ્રવેશ કરેલ છે. ભગવાને અંશ કલાથી પ્રવેશ કર્યો છે અથવા તો भगवान् શબ્દ હોવાથી છ ગુણો સાથે પ્રવેશ કરેલો છે માટે પ્રાણીઓને ભગવાનના સ્વરૂપે મનથી નમસ્કાર કરવા અને પુષ્કળ માન આપવું. દક્ષ પ્રજાપતિને ભગવાન શંકરે મનથી માન આપેલું અને નમસ્કાર કરેલા. જો જ્ઞાનવિશિષ્ટ કક્ષાને પ્રાપ્ત કરનાર પ્રાણીમાત્રને ન માન આપે તો ભગવાન તેવા જ્ઞાનીને તેની કક્ષામાંથી ભ્રષ્ટ કરે. ૩૪

અત્યાર સુધી પ્રકરણમાં ભકિત અને જ્ઞાનનું નિરૂપણ કર્યું અને ભકતે અને જ્ઞાનીએ સર્વમાં ભગવાનનાં દર્શન કરવાં, મનથી નમસ્કાર કરવા અને બહુમાન આપવું એટલું વિધાન કરી બે માર્ગમાંથી કોઈ એક દ્વારા ભગવાનને મેળવે એ વાત કહેશે—

भक्तियोगः योगश्च मया मानव्युदीरितः ॥
ययोरेकतरेणैव पुरुषः पुरुषं व्रजेत् ॥ ३५ ॥

અન્વયાર્થ—**मानवि** = મનુરાજ કુમારી માતા ! **मया** = મેં આપને, **भक्तियोगः** = ભક્તિયોગ, **च**= અને, **योगः** = યોગ, **च उदीरितः** = બન્ને કહ્યા, **ययोः** = જે બેમાંથી, **एकतरेण-एव** = એકનું જ આચરણ કરવાથી, **पुरुषः** = પુરુષ, **पुरुषम्** = પરમાત્માને, **व्रजेत्** = પામે છે. ૩૫

અનુવાદ—હે મનુરાજકુમારી માતા, મેં આપને ભક્તિયોગ અને યોગ એમ બંને કહ્યા છે. જે બેમાંથી કોઈ એકનું આચરણ કરવાથી ભગવાનને પુરુષ મેળવે છે. ૩૫

તત્ત્વસુધા—માનવિ-ભગવાન કપિલ માતાજીને મનુરાજપુત્રી એવા ભાવમાં માનવિ સંબોધન કરે છે, કારણ કે આ કક્ષાના જ્ઞાનને ધારણ કરવામાં યોગ્યતા છે તેથી જ્ઞાન વર્ણવ્યું છે. હવે એક પ્રશ્ન ઉત્પન્ન થશે કે જ્ઞાનયોગ અને ભકિતયોગ ઉભયનું વર્ણન આ પ્રકરણમાં કર્યું છે તો બન્નેનું આચરણ કરવું અનિવાર્ય છે ? બન્નેના આચરણે જ ભગવાન મળે ! જો આમ હોય તો શ્રમ ખૂબ પડે એના સમાધાનમાં કહ્યું કે બેમાંથી કોઈ પણ એકનું આચરણ કરવાથી પુરુષ ભગવાનને મેળવશે.

भक्तियोगः योगश्च—અષ્ટાંગ યોગજ્ઞાનના સંબંધમાં કહેલ છે. આ અષ્ટાંગિ યોગ પછીનું અંગ જ્ઞાન ભગવાનનો વારંવાર સાક્ષાત્ કરાવે તેમજ ભગવાનમાં પ્રવેશ થાય તે માટે ઉપયોગી છે તેથી જ્ઞાન એક સાધન તરીકે કહ્યું અને ભકિતયોગ પણ એક સાધન તરીકે કહ્યો છે. ૩૫

एतद् भगवतो रूपं ब्रह्मणः परमात्मनः ॥
परं प्रधानं पुरुषो दैवं कर्म विचेष्टितम् ॥ ३६ ॥
रूपभेदास्पदं दिव्यं काल इत्यभिधीयते ॥
भूतानां महदादीनां यतो भिन्नदृशां भयम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**परम्** = પ્રકૃતિ અને પુરુષના નિયામક, **प्रधानम्** = પ્રધાન–પ્રકૃતિ, **पुरुषः** = પુરુષ, **दैवम्**= દૈવ, **कर्म** = કર્મ, અને **विचेष्टितम्** = ભિન્ન ભિન્ન ચેષ્ટાવાળો સ્વભાવ, એવું **एतत्** = આ જગત, **ब्रह्मणः** = બ્રહ્મ, **भगवतः** = ભગવાન, **परमात्मनः** = પરમાત્માનું, **रूपम्** = રૂપ છે, **रूप-भेद-आस्पदम्** = જુદા જુદા આકારોનું સ્થાન એવું અને, **दिव्यम्** = દેખવામાં ન આવતું જગત, **कालः इति** = કાલ એ પ્રમાણે, **अभिधीयते** = કહેવામાં આવે છે, **यतः** = જેનાથી, **महद्-आदीनाम्** = મહત્‌તત્ત્વ વગેરે, **भिन्न-दृशाम्** = ભેદ જોનાર, **भूतानाम्** = ભૂતોને, **भयम्** = ભય થાય છે. ૩૬, ૩૭

અનુવાદ—પ્રકૃતિ પુરુષને વશમાં રાખનાર, પ્રકૃતિ અને પુરુષ, દૈવ, કર્મ અને ભિન્ન ભિન્ન ચેષ્ટાવાળો સ્વભાવ, એવું આ જગત બ્રહ્મ ભગવાન પરમાત્માનું સ્વરૂપ છે. જુદા જુદા આકારોનું સ્થાન અને ન દેખાતું એવું આ જગત કાલ એ પ્રમાણે કહેવાય છે કે જેનાથી મહત્તત્ત્વ વગેરે ભેદ જોનાર ભૂતોને ભય પ્રાપ્ત થાય છે. ૩૬, ૩૭

તત્ત્વસુધા—एतद् भगवतो रूपम्-આ બે શ્લોકોમાં કાલ સંબંધી ખ્યાલ આપવામાં આવે છે. કાલનો પરિચય ભક્તિમાં ઉપયોગી છે. વૈરાગ્ય ભક્તિનું અંગ છે. વૈરાગ્યની પ્રાપ્તિમાં કાલનો પરિચય ઉપકારક બને છે. માટે આ શ્લોકો "કાલનું કાર્ય અને કાલનું સ્વરૂપ" સમજાવશે. "ઉત્પત્તિ અને લય" એ બે કાલનાં કાર્યો છે. ઉત્પત્તિ અને લયના કાર્યમાં રહેલ જીવ પોતાના અધિકાર પ્રમાણે परથી આરંભી दिव्य સુધીનું કાલનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તેને પામેલો જીવ કાલરૂપ થાય છે. આ બે બાબતો ઉપરના બે શ્લોકોમાં સમજાવી છે—

एतद्—આ જગત, **ब्रह्मणः** भगवतः परमात्मनः—બ્રહ્મનું, ભગવાનનું, પરમાત્માનું રૂપ છે એવો આ શ્લોકમાં ઉલ્લેખ કરે છે. શ્રુતિમાં "आत्मैवेदं सर्वं ब्रह्मैवेदं सर्वम्" જગતનું "આત્મા" રૂપે અને "બ્રહ્મ" રૂપે નિરૂપણ કરે છે. આત્મા અને બ્રહ્મ બન્નેનું સ્વરૂપ આનંદ જ છે. તોપણ આત્મા પ્રકારવાળો છે અને બ્રહ્મ પ્રકારથી રહિત છે. अन्तर्यामी બ્રાહ્મણનાં यस्य पृथ्वी शरीरम् થી આરંભી यस्यात्मा शरीरम् પૃથ્વી જેનું શરીર છે–આત્મા જેનું શરીર છે વગેરે વાક્યોથી આત્માને પ્રકારવાળો વર્ણવ્યો છે. एकमेवाद्वितीयम् વાક્યથી પ્રકાર રહિત બ્રહ્મનું વર્ણન કર્યું છે. વળી આ રીતે પ્રકારવાળો આત્મા અને પ્રકાર રહિત બ્રહ્મનું નિરૂપણ કરીને, **इदं सर्वं यदयमात्मा सर्वं खल्विदं ब्रह्म** બે શ્રુતિઓ પણ એવું જ વર્ણન કરે છે. હવે એક શ્રુતિ છે કે **अयमात्मा ब्रह्म विज्ञानमयः**–"આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે, એ શ્રુતિથી આત્માને બ્રહ્મ કહેલ છે તેથી બન્ને આનંદમય છે. અને બન્ને પ્રકારના છે એટલે પ્રકાર રહિત છે અને પ્રકારવાળા પણ છે. આ રીતે જગત પણ ભગવાનનું સ્વરૂપ હોવાથી જગત પણ બે પ્રકારનું છે એક પ્રકારરહિત અને બીજું પ્રકારવાળું.

વળી આ શ્લોકમાં **ब्रह्मणः** भगवतः परमात्मनः એવાં ત્રણ પદો છે. જગત આ ત્રણેનું સ્વરૂપ છે, એમ સમજવું. (૧) भगवतः પદથી લોકમાં ઐશ્વર્ય વગેરે ગુણોવાળું હોવાથી જગત ભગવાન છે. (૨) परमात्मनः પદથી ભગવાનને ભિન્નરૂપે માનીને જગત आत्मा રૂપે છે, (૩) **ब्रह्मणः** પદથી જગત સતરૂપે છે એટલે નિત્ય છે તેથી બ્રહ્મરૂપ છે એમ ત્રણ પ્રકારની જગતમાં ભાવના દર્શાવી છે.

આ જગત ૮ પ્રકારનું છે એક તો परं એટલે પ્રકૃતિ–પુરુષને વશ રાખનાર કાલ, प्रधानं એટલે પ્રકૃતિ, पुरुषः એટલે પુરુષ–આત્મા, दैवं એટલે ભગવદિચ્છા, कर्म એટલે અદૃષ્ટ, विचेष्टितं એટલે સ્વભાવ रूपभेदास्पदम् એટલે દૃશ્યમાન સર્વ જગત दिव्यं અદૃશ્યમાન જગત–આ સર્વ જગત કાલનું જ સ્વરૂપ છે. કાલ ભગવાનનું સ્વરૂપ છે. ૩૬, ૩૭

योन्तः प्रविश्य भूतानि भूतैरत्त्यखिलाश्रयः ॥
स विष्ण्वाख्योऽधियज्ञोऽसौ कालः कलयतां प्रभुः ॥ ३८ ॥

અન્વયાર્થ—**यः** = જે, **भूतैः** = મહા ભૂતોની સાથે, **अन्तः प्रविश्य** = અંદર પ્રવેશ કરી, **अखिलाश्रयः** = સર્વનો આશ્રય બની, **भूतानि** = ભૂતોનું, **अत्ति** = ભક્ષણ કરે છે, **सः** = તે, **विष्णु-आख्यः**=વિષ્ણુ નામનો, **असौ** = આ, **अधियज्ञः** = યજ્ઞનો અધિપતિ, **कालः** = કાલ, **कलयताम्** = પ્રેરણા કરનારાઓને, **प्रभुः** = પ્રભુ છે. ૩૮

અનુવાદ—જે મહાભૂતોની સાથે અંદર પ્રવેશ કરી સર્વનો આશ્રય બની ભૂતોનું ભક્ષણ કરે છે, તે વિષ્ણુ નામનો આ યજ્ઞનો અધિપતિ કાલ પ્રેરણા કરનારાઓનો પ્રભુ છે. ૩૮

તત્ત્વસુધા—योऽन्तः प्रविश्य-પૂર્વ શ્લોકમાં જે ભગવાનને કાલરૂપે વર્ણવ્યા તે ભગવાન કયા? એવી જિજ્ઞાસા થાય, તેનો પ્રત્યુત્તર આપવા માટે આ શ્લોક છે योऽसौ **अधियज्ञो विष्णुः सः कालः**-જે યજ્ઞના અધિ-

ઠાતા વિષ્ણુ છે તે જ કાલ છે. શ્રુતિમાં यज्ञो वै विष्णुः-યજ્ઞને વિષ્ણુ કહેલ છે. તાત્પર્ય કે આ જે યજ્ઞના અધિષ્ઠાતા દેવનું જ નામ "કાલ' અને "વિષ્ણુ" છે.

यः भूतैः अन्तः प्रविश्य अखिलाश्रयः भवति सः विष्णुः-જે મહાભૂતો સાથે અંદર પ્રવેશ કરીને સર્વનો આધાર બને છે, તે वेवेष्टीति પ્રવેશીને રહેલા તે વિષ્ણુ છે અને कलयति એટલે ગણના કરે છે, જાણે છે અથવા ભક્ષણ કરે છે તે કાલ છે. આ કાલ ભગવાન कलयतां-પ્રેરણા કરનારા બ્રહ્માદિ દેવોનો પણ પ્રભુઃ નિયામક છે.

હવે કાલના ભયનું પાંચ શ્લોકથી વર્ણન કરે છે—

न चास्य कश्चिद् दयिता न द्वेष्यो न च बान्धवः ।।
आविशत्यप्रमत्तोऽसौ प्रमत्तं जनमन्तकृत् ।। ३९ ।।

અન્વયાર્થ—**न-च-अस्य कश्चित्-दयित** = આ ભગવાન કાલને ન તો કોઈ પ્રિયતમ છે કે, **न द्वेष्यः** = ન કોઈ દુશ્મન છે, **न-च-बान्धवः** = ન કોઈ બંધુ છે, **अन्तकृत्** = નાશ કરનાર, **असौः** = આ ભગવાન, **अप्रमत्तः** = સાવધાન રહીને, **प्रमत्तं जनम्** = પ્રમાદી મનુષ્યમાં, **आविशति** = પ્રવેશ કરે છે. ૩૯

અનુવાદ—આ કાલ ભગવાનને ન તો કોઈ પ્રિયતમ છે કે ન કોઈ દુશ્મન છે કે ન કોઈ બંધુ છે. નાશ કરનાર આ ભગવાન સાવધ રહીને પ્રમાદી મનુષ્યમાં પ્રવેશે છે. ૩૯

તત્ત્વસુધા—न चास्य कश्चिद्-આ કાલની કોઈ ઉપાસના કરતો હોય તે તેનો પ્રિય જ નથી. આ કાલનો કોઈ દ્વેષ કરે તો તેનો તે શત્રુ પણ નથી. સર્વનો તે ઉત્પન્ન કરનાર હોઈ તે ખાસ કોઈનો બંધુ પણ નથી પરંતુ પ્રમાદી મનુષ્યને જ વાઘની માફક સાવધ રહીને નાશ કરવા પ્રવેશ કરે છે. ૩૯

यद्भयाद् वाति वातोऽयं सूर्यस्तपति यद्भयात् ।।
यद्भयाद् वर्षते देवो भगणो भाति यद्भयात् ।। ४० ।।
यद्वनस्पतयो भीता लताश्चोषधिभिः सह ।।
स्वे स्वे कालेऽभिगृह्णन्ति पुष्पाणि च फलानि च ।। ४१ ।।

અન્વયાર્થ—**यद्-भयात्** = જે ભગવાનના ભયથી, **अयं-वातः** = આ વાયુ, **वाति** = વાય છે, **यद्-भयात्** = જેના ભયથી, **सूर्यः तपति** = સૂર્ય તપે છે, **यद्-भयात्** = જેના ભયથી, **देवः वर्षते** = દેવ વૃષ્ટિ કરે છે, **यद्-भयात्** = જેના ભયથી, **भगणः** = નક્ષત્રગણ, **भाति** = પ્રકાશે છે, **यद्** = જેનાથી, **भीताः** = ભયભીત થયેલી, **वनस्पतयः** = વનસ્પતિઓ, **लताः** = લતાઓ, **ओषधिभिः सह** = ઓષધિઓ સાથે, **स्वे-स्वे** = પોતપોતાના, **काले** = સમયે-મોસમમાં, **पुष्पाणि** = પુષ્પો, **च** = અને, **फलानि** = ફૂલો, **च** = સુગંધ વગેરેને ધારણ કરે છે. ૪૦, ૪૧

અનુવાદ—જે ભગવાનના ભયથી આ વાયુ વાય છે, જેના ભયથી સૂર્ય તપે છે, જેના ભયથી દેવ વૃષ્ટિ કરે છે, જેના ભયથી નક્ષત્રગણ પ્રકાશે છે, જેનાથી ભય પામેલી લતાઓ, વનસ્પતિઓ, ઔષધિઓ સાથે સમયે સમયે પુષ્પ, ફલ, રસ, ગંધ વગેરેને ધારણ કરે છે. ૪૦, ૪૧

તત્ત્વસુધા - यद्-भयात्-૪૦મા શ્લોકમાં પવન, પ્રકાશ, જલ અને નક્ષત્રના અધિકારી દેવો જે મહાન મનાય તે યોગ્ય સમયે પોતાનાં કાર્યો આપે છે. વાયુના સમયે વાયુ વાય, ઉત્તરા-ચિત્રા વગેરે નક્ષત્રોના

સમયે સૂર્ય તપે, મઘા રોહિણી સ્વાતિ વગેરે નક્ષત્રોના સમયે મેઘ વર્ષે. રક્ષણગણ પોતાના સમયે પ્રકાશે એ નિયામક કાલ સ્વરૂપ ભગવાનના શાસનને લીધે જ બને છે.

यद्-भीताः वनस्पतयः–વડ, પીપળો વગેરે વનસ્પતિઓ, કોળાં, તૂરિયાં વગેરે ફૂલ અને જૂઈ જાઈ વગેરે પુષ્પો આપનારી लताः લતાઓ, च પાન જેમાં મુખ્ય છે તેવી લતાઓ, અને ડાંગર વગેરે ओषधिभिः ઔષધિ નક્કી કરેલાં નક્ષત્રોમાં ફલે ફૂલે અને સુવાસ વગેરે સર્વ આપે છે. ૪૦, ૪૧

स्रवन्ति सरितो भीता नोत्सर्पत्युदधिर्यतः ॥
अग्निरिन्धे सगिरिभिर्भूर्न मज्जति यद्भयात् ॥ ४२ ॥
नभो दधाति श्वसतां पदं यन्नियमाददः ॥
लोकं स्वदेहं तनुते महान् सप्तभिरावृतः ॥ ४३ ॥

અન્વયાર્થ—यतः भीताः = જેનાથી ભય પામેલી, **सरितः** = સરિતાઓ, **स्रवन्ति** = વહન કરે છે, **यतः** = જે ભયથી, **उदधिः** = સાગર, **न उत्सर्पति** = છલકાતો નથી, **अग्निः** = અગ્નિ, **इन्धे** = પ્રજ્વલે છે, **यद्-भयात्** = જેના ભયથી, **सगिरिभिः** = પર્વતો સાથે, **भूः** = પૃથ્વી, **न मज्जति** = ડૂબતી નથી, **यत्-नियमात्** = જેના નિયમનથી, **नभः** = આકાશ, **श्वसताम्** = પ્રાણીઓના, **अदः पदम्** = પ્રસિદ્ધ સ્થાન સ્વર્ગ વગેરે, **दधाति** = ધારણ કરે છે, **सप्तभिः आवृतः** = સાત તત્ત્વોથી વીંટાએલ **महान्** = મહાન–મહતત્ત્વ, **लोकं–स्वदेहम्** = લોકરૂપ પોતાના દેહને, **तनुते** = વિસ્તારે છે. ૪૨, ૪૩

અનુવાદ—જેનાથી ભય પામેલી સરિતા વહ્યા કરે છે, જે ભયથી મહાસાગર માઝા મૂકતો નથી, અગ્નિ પ્રજ્વલિત રહે છે, પર્વતો સાથે પૃથ્વી ડૂબી નથી જતી. વળી જેના નિયમનથી આકાશ પ્રાણીઓના પ્રસિદ્ધ સ્વર્ગાદિ સ્થાનને ધારણ કરે છે, સાત તત્ત્વોથી વીંટાએલ મહત્તત્ત્વ લોકરૂપ પોતાના દેહને વિસ્તારે છે. ૪૨, ૪૩

તત્ત્વસુધા—ઉપરના બે શ્લોકોમાં દેવો અને મૂઢોની કાલે કાલે કાર્યવાહિતા દર્શાવીને આ બે શ્લોકોમાં જડ પદાર્થો અને તત્ત્વોની પણ કાર્યપરતા વર્ણવે છે. તેમાં પ્રથમ સરિતા, સાગર, અગ્નિ અને પૃથ્વીની કાર્યપરતા વર્ણવી છે. सरितः સદા વહેતી સરિતાઓ વિરમતી નથી, उदधिः–મહાસાગર છલકાતો નથી, અગ્નિ પ્રજ્વલિત રહે છે, કારણ કે અગ્નિનું ઘર તો કાષ્ઠ છે. કોઈ પોતાના ઉત્પત્તિસ્થાનને ન બાળે પરંતુ અગ્નિ કાષ્ઠને બાળે છે તે ભગવાનના શાસનનું પરિણામ છે. પૃથ્વી પર્વતો સાથે પાતાલે નથી ચાલી જતી એ પણ પ્રભુના શાસનનું પરિણામ છે. ૪૨

नभः આકાશમાં પણ સૃષ્ટિ છે એવું વેદોમાં વર્ણવેલું છે. આ આકાશ સ્વર્ગાદિ સ્થાનોને ધારણ કરે છે. પુરાણોમાં મહત્તત્ત્વની પણ સૃષ્ટિ વર્ણવેલી છે માટે महान् એટલે મહત્તત્ત્વ પૃથ્વી વગેરે પાંચ અને અહંકાર, પ્રકૃતિ મળી કુલ સાતથી વીંટાયેલ પોતાના લોકદેહને વિસ્તારે છે. ૪૩

गुणाभिमानिनो देवाः सर्गादिष्वस्य यद्भयात् ॥
वर्तन्तेऽनुयुगं येषां वश एतच्चराचरम् ॥ ४४ ॥
सोऽनन्तोऽन्तकरः कालोऽनादिरादिकृदव्ययः ॥
जनं जनेन जनयन् मारयन्मृत्युनाऽन्तकम् ॥ ४५ ॥

અન્વયાર્થ—**यद्-भयात्** = જેના ભયથી, **गुण–अभिमानिनः** = ગુણના અભિમાનવાળા, **देवाः** = દેવો, **एतत्-चर-अचरम्** = આ ચરાચર વિશ્વ, **येषां-वशे** = જેમને આધીન છે, તેઓ, **अस्य** = આ વિશ્વના, **सर्ग-आदिषु** = સૃષ્ટિ વગેરે કાર્યોમાં, **अनुयुगं वर्तन्ते** = પ્રત્યેક યુગમાં વશ રહે છે. **सः कालः** = તે કાલ, **अन्तकरः** = નાશ કરનારો હોઈ, **अनन्तः** = અનન્ત છે, **आदिकृत्** = આરંભ કરનારો હોઈ, **अनादिः**= આરંભ રહિત અને, **अव्ययः** = અવિનાશી છે, **जनेन-जनं-जनयन्** = જનથી જનને ઉત્પન્ન કરતાં, **अन्तकम्** = મારનારને, **मृत्युना** = મૃત્યુથી, **मारयन्** = મારતો બિરાજે છે. ૪૪, ૪૫

અનુવાદ—જેના ભયથી ગુણાભિમાની દેવો કે જેને આ ચરાચર વિશ્વ આધીન છે તેઓ વિશ્વનાં આ સૃષ્ટિ વગેરે કાર્યોમાં પ્રત્યેક યુગમાં વશ રહે છે. તે કાલ નાશ કરનારો હોઈ અનન્ત છે. આરંભ કરનારો હોઈ અનાદિ અને અવિનાશી છે, જનથી જનને ઉત્પન્ન કરતાં મારનારને મૃત્યુથી મારે છે. ૪૪, ૪૫

તત્ત્વસુધા—गुणाभिमानिनः–રજ, સત્વ, વગેરે ગુણોના અભિમાનવાળા દેવો પ્રત્યેક યુગમાં ઉત્પત્તિ–સ્થિતિ–લયને કાલના આદેશને અનુસરીને આચરે છે. જે દેવોને આ સ્થાવર–જંગમ વિશ્વ વશ છે તેઓ ભગવાનને વશ છે.

કાલ સ્વયં અનંત છે તેનો નાશ નથી પણ નાશ કરે છે તે અનાદિ અને અવિનાશી છે છતાં આરંભ કરે છે, પિતાથી પુત્રને ઉત્પન્ન કરતા એટલે जनं जनेन जनयन् જનથી જનને ઉત્પન્ન કરતા મારનારને મારે છે. આ કાલનું મહત્ત્વ વૈરાગ્યની ઉત્પત્તિમાં કારણ છે કે વૈરાગ્ય ભક્તિમાં આવશ્યક છે ભક્તને કોઈ ભય નથી.

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૨૯મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૦ મો

આ અધ્યાયના ૩૪ શ્લોક છે. અન્તર્મુખ અને ભગવત્સેવારત સુખી છે-નિર્ભય છે. બહિર્મુખને બન્ને લોકમાં અનેકવિધ દુઃખ અને ભય છે એ વિષય આ સ્કંધમાં આવે છે. ૧લા શ્લોકથી ૧૮મા શ્લોક સુધી જન્મથી લઈ મૃત્યુ પર્યન્ત દુઃખનું વર્ણન કર્યું છે. ત્યાર બાદ ૧૯મા શ્લોકથી ૩૪ શ્લોક પર્યંત ૧૬ શ્લોકોમાં પુનર્જન્મ પર્યંતના ક્લેશનું વર્ણન કર્યું છે. [illegible]

श्रीभगवानुवाच—तस्यैतस्य जनो नूनं नायं वेदोरुविक्रमम् ॥
काल्यमानोऽपि बलिनो[1] वायोरिव घनावलिः ॥ १ ॥

અન્વયાર્થ—श्रीभगवान्-उवाच = ભગવાને કહ્યું કે, **वायोः** = વાયુને, **इव** = જેમ, **घनावलिः** = મેઘમાલા વશ છે તે પ્રમાણે, **बलिनः-तस्य-एतस्य** = બળવાન એવા તે કાલને વશ, **अयं जनः** = આ પ્રાણી, **काल्यमानः-अपि** = કાલથી જ પ્રેરાય છે છતાં, **नूनम्** = સાચે જ, **उरु-विक्रमम्** = કાલના મહત્પરાક્રમને, **न-वेद** = નથી જાણતો. ૧

અનુવાદ—ભગવાને કહ્યું કે માતાજી! વાયુને જેમ મેઘમાલા વશ છે તે પ્રમાણે આ બલિષ્ઠ કાલને આ પ્રાણી વશ છે તેમજ તે કાલથી જ પ્રેરાય છે છતાં સાચે જ તે કાલના મહાન પરાક્રમને નથી જાણતો. ૧

તત્ત્વસુધા—तस्यैतस्य-કાલને પ્રાણી વશ છે. મેઘનું સંચાલન કરતો વાયુ ધારે છે ત્યાં મેઘને લઈ જાય છે તેમ જીવને પણ કાલ જન્મ-મરણની પરંપરામાં લઈ જાય છે. મેઘને જેમ ખબર નથી કે કોઈ પરાક્રમી પવન પોતાને લઈ જાય છે તેમ પરાક્રમપૂર્ણ કાલ પણ જીવને પોતાને વશ બનાવી રાખે છે. ૧

यं यमर्थमुपादत्ते दुःखेन सुखहेतवे ॥
तं तं धुनोति भगवान् पुमान् शोचति यत्कृते ॥ २ ॥

અન્વયાર્થ—सुख-हेतवे = સુખ મેળવવા, **पुमान्** = પુરૂષ, **दुःखेन** = દુઃખ વેઠીને, **यम्-यम्** = જે જે પદાર્થને, **उप-आदत्ते** = સ્વીકારે છે, **तं तम्** = તે તે વસ્તુનો, **भगवान्** = સમર્થ કાલ, **धुनोति** = નાશ કરે છે, **यत्-कृते** = જેને માટે, **पुमान्** = પુરુષ, **शोचति** = શોક કરે છે. ૨

અનુવાદ—સુખ મેળવવાની વૃત્તિથી પુરુષ જે જે પદાર્થને સ્વીકારે છે તે તે વસ્તુ-સમર્થ કાલ નાશ કરે છે જેને માટે પુરુષ શોક કરે છે. ૨

તત્ત્વસુધા—यं यमर्थमुपादत्ते-સુખ મેળવવાની વૃત્તિથી મનુષ્ય પ્રયત્ન કરે છે. તે માટે દુઃખ વેઠે છે. પ્રારબ્ધ કર્મના ફલભોગને માન આપવું જોઈએ તેથી તટસ્થ ભગવાન કાલ સ્વરૂપે તેનો નાશ કરે છે. મનુષ્ય તે નાશથી દુઃખ અનુભવે છે પરંતુ જો તે શોક ન કરે અને ભગવાનની ઈચ્છા માનીને મન પ્રસન્ન રાખે તો ભગવાન સમર્થ છે અને જીવના તે પદાર્થોની રક્ષા પણ કરે છે. ૨

यदध्रुवस्य देहस्य सानुबन्धस्य दुर्मतिः ॥
ध्रुवाणि मन्यते मोहात् गृहक्षेत्रवसूनि[2] च ॥ ३ ॥

---

[1] बलिना इति प्रा. पाठः [2] धनानि इति प्रा. पाठः

અન્વયાર્થ—**दुर्मतिः** = દુર્મતિ મનુષ્ય, **अध्रुवस्य** = અસ્થિર નાશશીલ, **स-अनुबन्धस्य** = પુત્રપરિવાર સાથેના, **देहस्य** = દેહનાં સંબંધવાળાં, **गृह-क्षेत्र-वसूनि** = ઘર-જમીન-સમ્પત્તિ વગેરેને, **च** = અને કીર્તિ વગેરેને **मोहात्** = મોહથી, **ध्रुवाणि** = સ્થાયી-નિત્ય માને છે. ૩

અનુવાદ—દુર્મતિ મનુષ્ય અસ્થિર એટલે નાશશીલ પુત્રપરિવાર સાથેના દેહની સાથે સંબંધ ધરાવતાં ઘર, જમીન, ધન વગેરેને તેમજ કીર્તિ વગેરેને નિત્ય માને છે તે જ દુઃખનું કારણ છે. ૩

તત્ત્વસુધા—दुर्मतिः-જીવને દુર્મતિ કહ્યો છે. શાસ્ત્રના પ્રમાણો પ્રમાણે માને ને વર્તે તે સન્મતિ. પરંતુ મોહવશ વ્યવહાર કરે તે દુર્મતિ છે. પદાર્થોને પ્રત્યક્ષ નષ્ટ થતાં જોવા છતાં નિત્ય માનનારને વૈરાગ્યોત્પત્તિ થાય માટે ભગવાન કાલ સ્વરૂપે તેનો નાશ કરે છે. ૩

કદાચ કલ્પી લો કે ધનપુત્રનો કાલ નાશ ન કરે અને ક્ષુદ્ર શ્વાન વગેરે યોનિમાં જન્મ આપે તો શું વૈરાગ્ય ન થાય એનો ઉત્તર આ શ્લોકમાં છે—

जन्तुर्वै भव एतस्मिन् यां यां योनिमनुव्रजेत् ॥
तस्यां तस्यां स लभते निर्वृतिं न विरज्यते ॥ ४ ॥

અન્વયાર્થ—**जन्तुः** = પ્રાણી, **वै** = સાચે જ, **एतस्मिन् भवे** = આ સંસારમાં, **यां यां योनिम्** = જે જે યોનિમાં, **अनु-व्रजेत्** = જાય છે, **तस्यां तस्याम्** = તે તે યોનિમાં, **सः** = તે જીવ, **निर्वृतिम्** = સુખને, **लभते** = મેળવે છે, **न विरज्यते** = વિરક્ત નથી થતો. ૪

અનુવાદ—પ્રાણી સાચે જ આ સંસારમાં જે જે યોનિમાં જાય છે તે તે યોનિમાં તે જીવ સુખને પામે છે તેથી તે વિરક્ત થતો નથી. ૪

તત્ત્વસુધા—जन्तुर्वै-જન્તુ શબ્દથી જીવની દુર્બળતા અને પરતંત્રતા વર્ણવ્યાં છે. તેને કોઈ પણ યોનિમાં જન્મ લઈને વૈરાગ્ય થતો જ નથી, કારણ કે ભવે આ સંસાર સ્વભાવથી ઉત્કૃષ્ટ કે ક્ષુદ્ર છે જ નહીં. અજ્ઞાન અને આસક્તિને લીધે જ એને પ્રત્યેક યોનિમાં આનંદ પડે જ છે. માટે જો તે તે પદાર્થોનો નાશ કરે તો જ વૈરાગ્ય થાય તેમજ ભક્તિ સધાય જ. નરકમાં ગયા પછી તો કષ્ટ ભોગવીને વૈરાગ્ય થશે જ પછી શા માટે પુત્રાદિનો વિયોગ કરાવી વૈરાગ્ય આપવો એનો ઉત્તર આ શ્લોકમાં આપે છે—

नरकस्थोऽपि देहं वै न पुमांस्त्यक्तुमिच्छति ॥
नारक्यां निर्वृतौ सत्यां देवमायाविमोहितः ॥ ५ ॥

અન્વયાર્થ—**नरकस्थः अपि** = નરકમાં રહેવા છતાં, **पुमान्** = પુરુષ **देव-माया-विमोहितः** = દેવમાયાથી મોહિત થયેલો, **नारक्याम्** = નારકીય, **निर्वृतौ** = દુઃખભર્યું સુખ, **सत्याम्** = હોવા છતાં, **देहम्** = નારકીય દેહને, **त्यक्तुम्** = ત્યજવા, **न इच्छति** = નથી ચાહતો. ૫

અનુવાદ—નરકમાં રહેવા છતાં પુરુષ દેવમાયાથી મોહિત થયેલો જે સુખ નરકનું છે અને દુઃખરૂપ છે તેને ભોગવતાં પણ દેહને ત્યજવા નથી ચાહતો. ૫

તત્ત્વસુધા—नरकस्थोऽपि જેમ મનુષ્ય દેહ છે, દેવ-પિતૃ દેહ છે તેવો જ યાતના દેહ અને નારકીય

દેહ છે. જ્યાં કીટ આદિ દેહ પણ હોય છે. પૃથ્વીના ખાબોચિયાની દુર્ગંધમાં અનેક કીડાઓ હોય છે. તેમાં તેમને સુખ દેખાય છે અને દેહ નથી ત્યજતા તેવા કુંભીપાક આદિ નરકોમાં પણ દેહ મળે છે. માંસ, મજ્જા, વસા વગેરેનું ભક્ષણ કરતા તે કીટ દેહો છે. જ્યાં સુખ જેવું છે જ નહીં તો પણ દેહમાયાના પ્રબલ મોહથી તે જીવને તેમાં સુખ જ લાગે છે અને તે દેહને નથી ત્યજવા ચાહતો. માટે જ મનુષ્ય દેહમાં જ વૈરાગ્ય આવે અને ભક્તિ કરે તો તેને ભગવાન મળે માટે જ વિયોગાદિ દુઃખો મળે છે. ૫

સંભવ છે કે સ્વજન સમાજ સંપત્તિ જન્ય દુઃખોથી જીવ વૈરાગ્ય પામે। એના ઉત્તરમાં આ શ્લોક છે કે એ રીતે પણ વૈરાગ્ય થવાની સંભાવના નથી—

आत्मजायासुतागारपशुद्रविणबन्धुषु ॥
निरूढमूलहृदय आत्मानं बहु मन्यते ॥ ६ ॥

અન્વયાર્થ—आत्मा-जाया-सुत आगार-पशु-द्रविण-बन्धुषु = દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, દ્રવ્ય, અને બંધુઓમાં, **निरूढ-मूल-हृदयः** = દૃઢ મૂલ હૃદયવાળો જીવ, **आत्मानम्** = પોતાની જાતને, **बहु** = ખૂબ જ નશીબદાર, **मन्यते** = ગણે છે. ૬

અનુવાદ—દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, દ્રવ્ય અને બંધુઓમાં દૃઢ મૂલ હૃદયવાળો જીવ, પોતાની જાતને ખૂબ જ નશીબદાર ગણે છે. ૬

તત્ત્વસુધા—आत्मजायासुतागार-आत्मा શબ્દ દેહવાચક છે. આ દેહ સાથે સ્ત્રી, પુત્ર, ઘર, ગાડી, ઘોડા, ધન, સ્વજન આ છ પદાર્થો સંબંધ ધરાવે છે. જેમ શરીરનાં હાથ, પગ, નાક વગેરે અંગો છે તેમ માનવે પોતાના દેહનાં આ છ અંગો જ બનાવ્યાં છે. આ સર્વની સંભાળમાં શ્રમ, મનઃક્લેશ વગેરે હોય છે તો પણ તેને તેનું અનુસંધાન જ નથી. એ તો પોતાની જાતને આ સર્વ સામગ્રીના સાન્નિધ્યમાં નશીબદારી-કૃતાર્થતા લાગે છે. અને સાનુકૂળ છે તેનો ગર્વ લે છે અને જો પ્રતિકૂળ કે પીડાકર હોય છે તો કહે છે એ તો મારાં છે તેની મને પીડા શી. આપણા શરીરના કોઈ અંગની પીડા થતાં ક્યાં તેને ત્યજીએ છીએ તેને તો સુવ્યવસ્થિત કરીએ છીએ તેમ આપણ આપણાં જ અંગ છે આવી સમજ ધરાવી વૈરાગ્ય મેળવતો જ નથી. ૬

સ્ત્રી-પુત્રાદિ દુઃખ આપે તોપણ વૈરાગ્ય નહીં આવે—

सन्दह्यमानसर्वाङ्ग एषामुद्वहनाधिना ॥
करोत्यविरतं मूढो दुरितानि दुराशयः ॥ ७ ॥

અન્વયાર્થ—एषाम् = આ દેહ-કુટુંબ વગેરેના, **उद्-वहन-आधिना**= સંભાળવાની-પોષવાની ચિંતાથી, **सन्दह्यमान-सर्व-अङ्गः** = સર્વાંગે બળતરા અનુભવતો, **दुर्-आशयः** = દુષ્ટ અંતઃકરણવાળો, **मूढः** = મૂઢ મનુષ્ય, **अविरतम्** = સદાય, **दुरितानि** = પાપોને, **करोति** = કર્યા જ કરે છે. ૭

અનુવાદ—આ દેહ, કુટુંબ વગેરેને સંભાળવાની-પોષવાની ચિંતાથી સર્વાંગે બળતરા અનુભવતો દુષ્ટ હૃદયવાળો મૂઢ મનુષ્ય સદા પાપો આચર્યાં જ કરે છે. ૭

તત્ત્વસુધા—एषाम्-શરીર ધારણ કર્યું એટલે શરીર સાથે સંબંધ ધરાવતાં સ્ત્રી-સંતાનોનું પોષણ તો કરવાનું હોય જ તે પોષણને उद्वहन શબ્દથી સમજાવે છે. તેના નિર્વાહ-નિભાવ માટે પાપ પ્રપંચ પણ કરે

છે. તોપણ તેમાંથી તેનું મન પાછું નથી વળતું, ઉત્તરોત્તર વધુ ને વધુ આસક્ત થતો જાય છે. તેમાં मूढः મૂઢતા અને दुराशयः દુષ્ટ હૃદય એવાં બે કારણો છે. ૭

બે શ્લોકથી જીવાત્માની આસક્તિનું નિરૂપણ કરે છે—

आक्षिप्तात्मेन्द्रियः स्त्रीणामसतीनां च मायया ॥
रहो रचितयालापैः शिशूनां कलभाषिणाम् ॥ ८ ॥
गृहेषु कूटधर्मेषु दुःखतन्त्रेष्वतन्द्रितः ॥
कुर्वन् दुःखप्रतीकारं सुखवन्मन्यते गृही ॥ ९ ॥

અન્વયાર્થ—असतीनाम् = અસદ્ આચારવાળી, **स्त्रीणाम्** = સ્ત્રીઓની, **रहः मायया** = એકાંતમાં કપટ લીલાથી, **रचितया** = રચેલી, **च** = અને, **कल-भाषिणाम्** = કાલી વાણી બોલતાં, **शिशूनाम्** = બાળકોના, **आलापैः** = કાલા શબ્દોથી, **आक्षिप्त-आत्मा-इन्द्रियः** = આકર્ષાયેલ મને અને ઇન્દ્રિયવાળો, **गृही** = ગૃહસ્થાશ્રમી, **कूट-धर्मेषु** = કૂટ ધર્મોવાળાં, અને **दुःख-तन्त्रेषु** = દુઃખની પરંપરાવાળા, **गृहेषु** = ઘરોમાં, **अतन्द्रितः**= સાવધાન થઈ ને, **दुःख-प्रतीकारम्** = દુઃખને દૂર કરવાના ઉપાયોને, **कुर्वन्** = કરતો, **सुखवत्** = સુખ જ, **मन्यते** = માને છે. ૮, ૯

અનુવાદ—અસદ્ આચારવાળી સ્ત્રીઓ સાથેના એકાંત ભાષણ અને કપટ વિલાસોથી તેમજ કાલું બોલતાં બાલકોની કાલી વાણીથી આકર્ષાયેલ મન અને ઇન્દ્રિયવાળો,—ગૃહી પુરુષ કૂટધર્મવાળાં અને દુઃખની પરંપરાવાળાં ઘરોમાં સાવધાન થઈને દુઃખને દૂર કરવાના ઉપાયોને કરતો સુખ જેવું માને છે. ૮, ૯

તત્ત્વસુધા—असतीनाम्—દુરાચાર અને દુર્વ્યસન બે મોટા દુશ્મન છે. દુરાચારિણી સ્ત્રીના સંગમાં આવતાં ઉભયલોકની હાનિ થાય છે. આ લોકની કીર્તિ અને પરલોકનું પુણ્ય ઉભય નાશ પામે છે. रहो रचयिता એટલે એકાંતમાં આચરેલી રહસ્ય ગોષ્ઠિઓમાં પરોવાયેલાં મનને અને ઇન્દ્રિયોને ભગવાનના ભજનમાં વાળવાં ઘણાં કઠિન છે. એકાંતમાં આચરેલી એ માયાનું એકાંતિક ભક્તિથી નિવારણ થઈ શકે. "એકાન્તિક" એટલે અનન્ય ભક્તિ અને એકાંતદેશનિવાસથી કપટાદિ દૂર થઈ શકે છે. પરંતુ તે ગૃહીથી નથી થતું તેમાં બાલકોની કાલી વાણીએ આસક્તિમાં વધારો કર્યો. આવાં કારણોથી જીવ બંધન જ પામે છે. ૮

गृहेषु कूटधर्मेषु—ઘરમાં રહેવાનો દોષ નથી. પરંતુ તે ઘરમાં રહીને કૂટ ધર્મોને આચરે છે. લોકમાં કીર્તિ મેળવવા હજારોનું દાન કરે પણ અનાથ આંગણે આવ્યો હોય તો પાણીનું ટીપું પણ ન આપીએ. આ બધાને કૂટ ધર્મ કહેવાય, આ સર્વમાં કષ્ટ પડે તોપણ સુખ જ છે એમ માને છે. ૮, ૯

ભલે બન્ને લોકમાં સુખ ન મળે તોપણ દુઃખ ન મળે દુર્ગતિ ન થાય એ તો સુખ છે ને? તેનો ખુલાસો કરે છે કે દુર્ગતિ થવાની જ—

अर्थैरापादितैर्गुर्व्या हिंसयेतस्ततश्च तान् ॥
पुष्णाति येषां पोषेण शेषभुग् यात्यधः पुमान् ॥ १० ॥

અન્વયાર્થ—इतः ततः च = જ્યાં ત્યાં આચરેલી, **गुर्व्या** = ઘણી ભારે, **हिंसया** = હિંસાથી, **आपादितैः अर्थैः** = મેળવેલાં દ્રવ્યથી—નાણાંથી, **पुमान्** = પુરુષ, **तान्** = તેમને, **पुष्णाति** = પોષે છે કે, **येषां**—

पोषेण = જેમના પોષણથી, **पुमान्** = મનુષ્ય, **शेषभुग्** = બચતને ભોગવતો, **अधः याति** = અધઃપતન પામે છે–નરક ભોગવે છે. ૧૦

અનુવાદ—જ્યાં ત્યાં મન ફાવે તેમ આચરેલી ઘણી મોટી હિંસાથી મેળવેલાં નાણાંથી પુરુષ તેમનું પોષણ કરે છે કે જેમનાં પોષણ કરતાં રહેલી બચતને ભોગવતો અધોગામી થાય છે. ૧૦

તત્ત્વસુધા—अर्थैरापादितैर्गुर्व्या–કુટુંબનિર્વાહ અને કુટુંબપોષણ એ ગૃહાસ્થાશ્રમનો ઉત્તમ ધર્મ છે. પરંતુ જ્યારે મોહવશ અને કુટુંબવિલાસવશ બને છે ત્યારે તેના વિલાસભોગોને પહોંચી વળવા માટે તે પુરુષ અનીતિ, હિંસા, અસત્યનો આશ્રય લઈ ધન સંપાદન કરે છે. કોઈને પણ કલેશ આપીને તેમજ બલનો આશ્રય લઈ આત્માને કષ્ટ આપીને મેળવેલ દ્રવ્ય હિંસાથી જ મેળવ્યું છે.

કોઈ પણ શાસ્ત્રોલ્લંઘન કરનારા રાજાનું અર્થ માટે અવલંબન કરનારો, તામસાદિ એકવીશ નરકોમાં જાય છે. તેમજ કુંભીપાક વગેરેમાં પાછાં ન ફરાય તેવાં નરકોમાં જાય છે. કદાચ તે પાપોમાંથી મુક્ત થવા તે તુલાપુરુષનું દાન કરે તોપણ ન છૂટે. આસક્તિ અને લોભ તો એવાં છે કે ઋષિમુનિના આશ્રમને નષ્ટ કરી ત્યાં સ્ત્રીપરિવાર માટે મલમૂત્ર સ્થાનો રચે છે. આવાં ક્રૂર કર્મ કરનાર ન તો ધન ભોગવે છે કારણ કે એને તો પરિવારનું પૂરું થાય પછી જ વાપરવાનું મળવાનું. પરિવાર તો પારાવાર સાગર છે તેનું પૂર્ણ થવાનું નહીં અને અંતે સ્વયં નરકગામી થવાનો. ૧૦

જીવનની નિષ્ફળતાનું સ્વરૂપ આ શ્લોકમાં સમજાવ્યું છે—

वार्तायां लुप्यमानायामारब्धायां पुनः पुनः ॥
लोभाभिभूतो निःसत्त्वे परार्थे कुरुते स्पृहाम् ॥ ११ ॥

અન્વયાર્થ—पुनः पुनः आरब्धायाम् = વારંવાર આરંભેલી, **वार्तायाम्** = આજીવિકા–વ્યાપાર ધંધો, **लुप्यमानायाम्** = તૂટી પડતાં, **लोभ–अभि–भूतः** = લોભવશ બનેલો, **निःसत्त्वः** = નિસ્તેજ–સત્ત્વહીન બનેલ માનવ, **पर-अर्थे** = પારકાના ધનને મેળવવાની, **स्पृहाम्** = લાલસા, **कुरुते** = સેવે છે. ૧૧

અનુવાદ—વારંવાર આરંભેલી આજીવિકા–વ્યાપારરોજગાર તૂટી પડતાં, લોભ પરવશ બનેલો નિઃસત્વ માનવ પરધનની પ્રાપ્તિ માટે પુનઃ પુનઃ લાલસા સેવે છે. ૧૧

તત્ત્વસુધા—"वातार्याम्"–મનુષ્યને વ્યવહાર તો આવશ્યક જ છે તેમાં પણ જ્યારે આજીવિકા તૂટી પડે છે, ત્યારે જ મોટી મુશ્કેલી ઊભી થાય છે. નોકરી કે ધંધો ખેતી કે વ્યાપાર દૈવસંયોગે વારંવાર તૂટી પડે ત્યારે શું કરવું? ધન ન હોય અને ઘર ન ચાલે, કદાચ હોય તોપણ પૂરતું ન હોય, એટલે લોભ થાય તે સ્વાભાવિક છે. આમ લોભથી પીડાયેલો તે જીવ પર ધનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. परार्थे ગુરુ માટે, દેવ માટે, કે શ્રેષ્ઠ દાનાદિ માટે પણ ધનની સ્પૃહા કરે છે. ૧૧

હવે આ શ્લોકમાં કહેશે કે પરાઙ્મુખ જીવ આ લોકના સુખ માટે પણ નિસાસા નાંખે છે તોપણ વૈરાગ્ય નથી આવતો—

कुटुम्बभरणाकल्पो मन्दभाग्यो वृथोद्यमः ॥
श्रिया विहीनः कृपणो ध्यायन् श्वसिति मूढधीः ॥ १२ ॥

અન્વયાર્થ—**कुटुम्ब-भरण-अकल्पः** = કુટુંબના ભરણપોષણ માટે અસમર્થ, **मन्द-भाग्यः** = અલ્પ ભાગી, **वृथा-उद्यमः** = વ્યર્થ ઉદ્યમવાળો, **श्रिया-विहीनः** = ધન વિનાનો, **मूढ-धीः** = મૂઢ મતિ, **कृपणः** = કૃપણ-લાચાર બનીને, **ध्यायन्** = ચિંતા કરતો, **श्वसिति** = નિસાસા નાખે છે. ૧૨

અનુવાદ—કુટુંબનું ભરણપોષણ કરવામાં અસમર્થ, અલ્પ ભાગી, વ્યર્થ ઉદ્યમી, ધન વિનાનો, મૂઢમતિ, લાચાર બની ચિંતા કરતો નિસાસા નાંખે છે. ૧૨

તત્ત્વસુધા—कुटुम्बभरणाकल्पः–મનુષ્ય પ્રયત્ન અને પ્રારબ્ધ બન્નેથી જ્યારે નિરાશ બને છે ત્યારે તેની સ્થિતિ દયાજનક બને છે મન્દભાગ્ય એટલે ભાગ્યની પણ યારી વિનાનો, અને "વૃથોદ્યમઃ" એટલે તેના આચરેલા પ્રત્યેક પ્રયત્નોમાં નિષ્ફળ આમ બન્ને રીતે કુટુંબનિર્વાહમાં નિષ્ફળ બને છે. પરિણામે श्रिया विहीनः મુખકાંતિથી શૂન્ય બને છે. कृपणः એટલે લાચાર બની વિચર્યા કરે છે અને પૂર્વે ભોગવેલા વિષયોનું સ્મરણ કરી નિસાસા નાંખ્યા કરે છે. ૧૨

આ શ્લોકથી સમજાવશે કે ધનશૂન્ય મનુષ્યનો કુટુંબીજન પણ અનાદર કરે છે તો પણ વૈરાગ્ય નથી ઉદ્‌ભવતો સંસાર એવો આસક્તિપ્રચુર છે—

एवं स्वभरणाकल्पं तत्कलत्रादयस्तथा ॥
नाद्रियन्ते यथापूर्वं कीनाशा इव गोजरम् ॥ १३ ॥

અન્વયાર્થ—**एवम्** = આ પ્રકારે, **स्व-भरण-अकल्पम्** = પોતાનું ભરણપોષણ કરવા માટે નિષ્ફળ બનેલા પુરુષને, **तत्-कलत्र-आदयः** = તેનાં સ્ત્રી, પુત્ર આદિ આપ્તજનો, **कीनाशाः** = કૃપણ કિસાનોની, **गोजरम्** = વૃદ્ધ બળદને, **इव** = જેમ, **नाद्रियन्ते** = નથી નભાવતાં, તેમ **यथापूर्वम्** = પૂર્વની માફક કુટુંબીજનો પણ, **तथा-न** = તે પ્રમાણે નથી સન્માન કરતાં. ૧૩

અનુવાદ—ઉપર કહ્યા પ્રમાણે કુટુંબપોષણમાં કામિયાબ ન નીવડેલા પુરુષને, તેનાં સ્ત્રી-પુત્ર આદિ આપ્તજનો, જેમ ઘરડા થયેલા બળદને કૃપણ કિસાનો નથી સંભાળતા તેમ તે આપ્તજનો પણ પૂર્વની માફક આદરથી નથી જોતા. ૧૩

તત્ત્વસુધા—एवं स्वभरणाकल्पम्—કોઈ પણ વ્યક્તિ કુટુંબનું પોષણ કરવા માટે સમર્થ રહે છે ત્યાં સુધી સ્વજનોનો આદર રહે છે. વાત પણ સાચી છે કે કુટુંબ પોતાનો વ્યવહાર શી રીતે ચલાવે! કદાચ એમ પણ બને કે પૂર્વાવસ્થામાં તેને સંપાદન કરેલું ઘરમાં ધન હોય પણ ખરું અને વર્તમાન સ્થિતિમાં તે ઉપાર્જન કરી ન શકતો હોય. કુટુંબીજનોનો સ્વાર્થવશ આદર શિથિલ થયો હોય તે સૂચવવા માટે कीनाशा इव गोजरम् દૃષ્ટાન્ત આપ્યું હોય. એક વાર ખેતરનું ખૂબ કામ કરનાર બળદને જરા સોંપડતાં હૃદય-કઠોર એવા કોઈક કિસાન તેનું પાલન ન કરે કે ન તો તેને છાયા કરી આપે. આ સ્થિતિ તે વૃદ્ધને પણ પ્રાપ્ત થાય છે તો પણ મન કુટુંબમાંથી કૃષ્ણમાં વળતું નથી, જો કૃષ્ણમાં વળે તો દાહ ટળે. ૧૩

વૈરાગ્ય દુર્લભ છે એવું નિરૂપણ આ શ્લોકમાં કરે છે—

तत्राप्यजातनिर्वेदो भ्रियमाणः स्वयं भृतैः ॥
जरयोपात्तवैरूप्यो मरणाभिमुखो गृहे ॥ १४ ॥

आस्तेऽवमत्योपन्यस्तं गृहपाल इवाहरन् ॥
आमयाव्यप्रदीप्ताग्निरल्पाहारोऽल्पचेष्टितः ॥ १५ ॥

અન્વયાર્થ—**तत्र-अपि** = તેવી સ્થિતિમાં પણ, **अजात-निर्वेदः** = વૈરાગ્ય ન થયેલ, **स्वयम्-भृतैः** = પોતે જ કુટુમ્બજનોથી, **म्रियमाणः** = પોષણ પામતો, **जरया** = વૃદ્ધાવસ્થાથી, **उप-आत्त-वैरूप्यः** = કદ્રૂપો બનેલો, **गृहपालः** = આંગણે પળાતા શ્વાનની, **इव** = માફક, **अवमत्या** = અનાદરથી. **उपन्यस्तम्** = નાંખેલા-ફેંકેલા, ટુકડાને, **आहरन्** = લઈ લેતો, **आमयावी** = રોગી, **अप्रदीप्त-अग्निः** = મંદાગ્નિ, **अल्पः-आहारः** = અલ્પ આહારવાળો, **अल्प-चेष्टितः** = શારીરિક ક્રિયાઓ કરવા અસમર્થ, **मरण-अभिमुखः** = મરણોન્મુખ બનેલો, **गृहे** = ઘરમાં, **आस्ते** = રહે છે. ૧૪, ૧૫

અનુવાદ—ઘરમાં અપમાન પામતી વિષમ સ્થિતિમાં પણ વૈરાગ્ય ન પામેલો, પોતાનાં પોષેલાં કુટુંબીજનોથી પોતે જ પોષણ પામતો, જરાવસ્થાથી કદ્રૂપકાય બનેલ, જાણે આંગણે પળાતા શ્વાનની માફક પળાતો હોય તેમ અનાદરથી નાંખેલા રોટલાના ટુકડાને લઈ લેતો રોગી, મંદાગ્નિ, અલ્પાહારી, શરીર ધર્મો કરવા અસમર્થ અને મરણોન્મુખ બની ઘરમાં રહે છે. ૧૪,૧૫

તત્ત્વસુધા—तत्रापि—મનુષ્યે વૈરાગ્ય પામવું જ જોઈએ, એવી ભૂમિકા જીવનમાં આવી પડી તો પણ નિર્વેદ સંસારમાંથી ઉપરામ વૃત્તિ ન થઈ. નિર્વેદનાં કારણો દર્શાવતાં પ્રથમ કારણ કહ્યું કે म्रियमाणः स्वयं-भृतैः આજ સુધી પોષક તરીકે જીવનાર પોષ્ય બન્યો તેનો પણ આઘાત તેને નથી લાગતો. બીજું કારણ जरयोपात्तवैरूप्यः—સહજ સુડોળ આકૃતિ કદરૂપી અને બિહામણી બની છે, જે મૃત્યુની સૂચના કરે છે તો પણ વૈરાગ્ય નથી થતો. ત્રીજું કારણ છે अवमत्या અવહેલનાથી મળતું ભોજન જે અસાધારણ તિરસ્કાર મનાય તો પણ મન હરિસન્મુખ નથી થતું. ચોથું કારણ आमयावी—રોગીપણું, મંદાગ્નિ છે એથી અલ્પાહારી થઈ દેહના ધર્મો કરવામાં અસથર્મ બને છે. ૧૪, ૧૫

દેહ છૂટતાં થતી કરુણ અવસ્થાનું વર્ણન કરે છે—

वायुनोत्क्रमतोत्तारः कफसंरुद्धनाडिना ॥
कासश्वासकृतायासः कण्ठे घुरघुरायते ॥ १६ ॥
शयानः परिशोचद्भिः परिवीतः स्वबन्धुभिः ॥
वाच्यमानोऽपि न ब्रूते कालपाशवशं गतः ॥ १७ ॥

અન્વયાર્થ—**कफ-संरुद्ध-नाडिना** = કફથી નાડીનો માર્ગ રોકી લેનાર અને, **उत्क्रमता** = ઊંચે જતા, **वायुना** = વાયુથી, **उत्तारः** = આંખના ડોળા ફાટી ગએલી પરિસ્થિતિવાળો, **कास-श्वास-कृत-आयासः** = ઉધરસ અને શ્વાસથી વધુ કષ્ટ ભોગવતો, **कण्ठे** = કંઠમાં, **घुरघुरायते** = ઘરેડાનો અવાજ કરે છે, **शयानः** = સૂતેલો, **परि-शोचद्भिः** = ચારે તરફ શોક કરતાં, **स्व-बन्धुभिः** = પોતાના બંધુજનોથી, **परिवीतः** = વીંટાએલ, **काल-पाश-वशं-गतः** = કાલના પાશને વશ બનેલ, **वाच्यमानः** = બોલવા છતાં, **अपि** = પણ, **न-ब्रूते** = નથી બોલી શકતો. ૧૬, ૧૭

અનુવાદ—કફને લીધે નાડીના માર્ગ રોકી લેનાર તેમજ ઉપર ગતિવાળા વાયુને

કારણે આંખના ડોળા ફાટી ગયેલ પરિસ્થિતિવાળો, ઉધરસ અને શ્વાસથી વધુ કષ્ટ ભોગવતો કંઠમાં ઘરેડાનો અવાજ કરે છે. તેમજ પથારીમાં સૂતેલ શોક કરતાં સ્વજનથી વીંટાળાએલ, કાલને પાશને આધીન બનેલ મરણાર્ત જીવ બોલાવવા છતાં બોલી શકતો નથી. ૧૬, ૧૭

તત્ત્વસુધા—**कफसंरुद्धनाडिना**–શરીરમાં પ્રાણવાયુ છૂટતાં થતી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે, કફ કંઠમાં આવી જાય છે ત્યારે નાકની અને મુખની નળીમાંથી બહાર જનાર શ્વાસવાયુ અટકી પડે છે. હવે વાયુને જવાને દ્વાર નથી મળતું એટલે તે કફ વિનાના માર્ગે બહાર નીકળવા ચાહે છે. તેમજ વાયુ પોતાની ગતિ શરૂ કરે છે. હવે તે વાયુ નેત્ર તરફ વળે છે. ઊંચે જતા આ વાયુથી ડોળા ફાટી જાય છે. વળી વ્યસન, અતિ ભોગ, તેલી પદાર્થનાં ભોજનોથી લાગેલી ઉધરસ અને દમના દર્દથી પીડાય છે. ગળામાં "ઘુર ઘુર" એવો અવાજ થાય છે. આ અવાજ ભૂંડના જેવો છે. આ અવાજ જીવની દુર્ગતિને સૂચવે છે.

परिवीतः स्वबन्धुभिः–પોતાની ચારે તરફ કુટુંબીજનો બેઠા હોય છે. જીવાત્મા પરવશ બની સૂતેલ હોય છે. એના આપ્તજનો એને માટે સમગ્ર ઉપાયો યોજે છે. પણ નિષ્ફળ નીવડે છે. છેવટે સ્વજનો તેને બોલાવવા પ્રયત્ન કરે છે. પણ તે સાંભળતો જ નથી તો બોલે ક્યાંથી? આવી સ્થિતિ ન આવે માટે પ્રાણાયામ, સંયમ અને પ્રભુસ્મરણની જીવનના આરંભથી જ ટેવ પાડવી. ૧૬, ૧૭

જીવનની સંભાળવા લાયક અવસ્થાનું કથન કરે છે—

एवं कुटुम्बभरणे व्यापृतात्माऽजितेन्द्रियः ॥
म्रियते रुदतां स्वानामुरुवेदनयाऽस्तधीः ॥ १८ ॥

અન્વયાર્થ—एवम् = આ રીતે, **कुटुम्ब-भरणे** = કુટુંબના ભરણ કાર્યમાં, **वि-आ पृत-आत्मा** = ચિત્ત પરોવી બેઠેલ, **अजितेन्द्रियः** = ઇન્દ્રિયો ઉપર વિજય ન મેળવનાર, **उरु-वेदनया** = ઘણી મોટી વેદનાથી, **अस्त धीः** = નાશ પામેલ મતિ વાળો જીવ-પ્રાણી, **स्वानाम्** = પોતાનાં સ્વજનો, **रुदताम्** = રડતાં હોય છે અને, **म्रियते** = મરણ પામે છે. ૧૮

અનુવાદ—આ રીતે કુટુંબના ભરણ કાર્યમાં ચિત્ત પરોવી બેઠેલ, ઇન્દ્રિયો ઉપર વિજય ન મેળવનાર, ઘણી મોટી વેદનાથી નાશ પામેલ મતિવાળો માનવ પોતાનાં સ્વજનો રડતાં રહે છે અને મરણ પામે છે. ૧૮

તત્ત્વસુધા—अस्त–धीः–આ શ્લોકમાં ખૂબ જ ધ્યાન ખેંચતો "अस्त–धीः" શબ્દ વાપર્યો છે. માનવની બુદ્ધિ જો નાશ પામી તો સર્વનાશ પામ્યું. अस्त–धीः શબ્દથી એમ સૂચવ્યું કે તે જીવે એવી પોતાની સ્થિતિ બનાવી મૂકી છે કે તેને "અઢાર વિદ્યામાંથી એક પણ વિદ્યા તારી શકે તેમ નથી. એક તો अजितेन्द्रियः એટલે આજીવન અસંયમી બનીને રહ્યો. તેથી જ્ઞાનતંતુ નષ્ટ થયા. વિષયવાસનાના પરમાણુઓ ક્ષયના જંતુની માફક એની ધી–બુદ્ધિમાં પકડ જમાવી બેઠા બીજું કુટુંબપોષણમાં પણ પોતાનું જીવન નષ્ટ કરી નાંખ્યું. તદુપરાંત "स्वानां रुदताम्" પાસે બેસીને રડતાં આપ્તજનો–કુટુંબીજનોએ પણ અહિતજનનું કામ કર્યું. ન તો તેઓએ હરિનામ કીર્તન કરી જીવને શાંતિ આપી, ન તો તેને ધૈર્ય આપ્યું, ન તો તેને હરિનામ લેવા દીધું અને જીવ ચાલ્યો ગયો. આવું ન બને માટે કુટુંબીજનોએ હરિકીર્તન કરી સ્વજન–કલ્યાણ સાધવું. ૧૮

આ શ્લોકમાં અશુદ્ધ દેહદશા વર્ણવી છે—

यमदूतौ तदा प्राप्तौ भीमौ सरभसेक्षणौ ॥
स दृष्ट्वा त्रस्तहृदयः शकृन्मूत्रं विमुञ्चति ॥ १९ ॥

અન્વયાર્થ—**तदा** = તે સમયે, **प्राप्तौ** = આવી ઊભેલા, **स-रभस-ईक्षणौ** = ક્રોધ ભરી આંખોવાળા, **भीमौ** = અત્યંત ભયાનક, **यम-दूतौ** = યમરાજાના દૂતોને, **दृष्ट्वा** = જોઈ ને, **त्रस्त-हृदयः** = ત્રાસી ઉઠેલ હૃદયવાળો, **नरः** = તે મનુષ્ય-પ્રાણી, **शकृत्-मूत्रम्** = મલમૂત્ર, **विमुञ्चति** = છોડે છે. ૧૯

અનુવાદ—તે સમયે આવી ઊભેલા, ક્રોધે ભરેલી આંખવાળા, અતિ ભયંકર, યમરાજના દૂતોને દેખીને હૃદયથી કંપી ઊઠેલ તે પ્રાણી મલ-મૂત્રને છોડે છે. ૧૯

તત્ત્વસુધા—त्रस्तहृदयः-ધર્મશાસ્ત્રનું સ્પષ્ટ મંતવ્ય છે કે દેહત્યાગ સમયે અને **દેહદાહ સમયે દેહ** શુદ્ધ હોવો જોઈએ. ગોમૂત્રથી વિશુદ્ધ અને ગોબરથી વિલેપિત ભૂમિ ઉપર ગંગાજલ પાનથી અંતઃ પવિત્ર અને ગંગાજલથી સ્નાત દેહનો અગ્નિસંસ્કાર થાય તો તે આત્મા કલ્યાણભાગી બને છે. પરંતુ જીવનના અશુદ્ધ કર્મથી આખરે તે સમીપે આવેલ યમદૂતોને નિહાળી ભયભીત બની જતાં મલ-મૂત્રને છોડે છે અને અગ્નિસંસ્કાર કાલે શુદ્ધિ નથી પામતો.

सरभसेक्षणौ-જીવન પર્યંત ભજન ન કર્યું અંતે પણ નામસ્મરણ ન કર્યું જેથી ધર્મરાજ દૂતો તેના ઉપર રોષે ભરાયા કે માનવદેહ મેળવી પ્રભુને ન ભજ્યો. લાલ આંખ પણ દૂતોની તેથી જ બની જાય છે માટે હરિસ્મરણ જીવન પર્યન્ત કરવું જોઈએ એ આ શ્લોકનો સાર છે. ૧૯

આ શ્લોકમાં દેહના ત્યાગ પછી યાતના દેહ મળે છે એ વિગતનું વર્ણન છે—

यातनादेह आवृत्य पाशैर्बद्ध्वा गले बलात् ॥
नयतो दीर्घमध्वानं दण्ड्यं राजभटा यथा ॥ २० ॥

અન્વયાર્થ—**यातना-देहे** = આ દેહ છૂટયા પછીના યાતના દેહમાં, **आवृत्य** = જીવને પૂરીને, **यथा** = જેમ, **दण्डयम्** = ગુનેગારને, **राज-भटाः** = રાજસેવકો, **नयतः** = લઈ જાય છે, તેમ **गले** = ગળામાં, **पाशैः** = પાશોથી, **बद्ध्वा** = બાંધીને, **दीर्घम्** = લાંબા, **अध्वानम्** = પંથે, **नयतः** = લઈ જાય છે. ૨૦

અનુવાદ—આ દેહ છૂટયા પછી આપેલા યાતનાદેહમાં જીવને પૂરીને, જેમ અપરાધીને રાજસેવકો લઈ જાય છે તે પ્રકારે ગળામાં પાશ બાંધીને દૂર પંથે તે જીવને લઈ જાય છે ૨૦

તત્ત્વસુધા—यातनादेहे आवृत्य-આ શ્લોકમાં મરણોત્તર બનતી દેહની ભૂમિનું વર્ણન કરે છે. જીવનો આ ભૌતિક દેહ છૂટી જાય છે પછી તેને યાતના દેહ આપવામાં આવે છે. गले बद्ध्वा જો કે તે આજ્ઞાને અનુસરીને જ વર્તે છે. તોપણ તેને ડરાવીને ગળે પાશ બાંધે છે. હજી તો તેને નરકમાં મોકલવાનો વિલંબ છે. કેવલ અપરાધી તરીકે તેને ગળે પાશ બાંધી લઈ જાય છે. વિવેક એટલો જ સમજવાનો છે કે જે જીવ શિક્ષાપાત્ર છે તેને જ બાંધીને લઈ જાય છે. હવે તેને મુક્તિ કે માનવ દેહ પામવા માટે दीर्घमध्वानम्-ચોરાસી લાખ યોનિનો લાંબો પંથ કાપવાનો છે. ૨૦

तयोर्निर्भिन्नहृदयस्तर्जनैर्जातवेपथुः ॥
पथि श्वभिर्भक्ष्यमाण आर्तोऽघं स्वमनुस्मरन् ॥ २१ ॥
क्षुत्तृट्परीतोऽर्कदवानलानिलैः सन्तप्यमानः पथि तप्तवालुके ॥
कृच्छ्रेण पृष्ठे कशया च ताडितश्चलत्यशक्तोऽपि निराश्रमोदके ॥ २२ ॥

અન્વયાર્થ—**तयोः** = તે બે યમદૂતોથી, **निर्भिन्न-हृदयः** = ભેદાએલ હૃદયવાળો, **तर्जनैः** = તિરસ્કાર

અને તાડનના ત્રાસથી, **जात-वेपथुः** = થરથરી ઉઠેલ, **पथि** = માર્ગમાં, **श्वभिः** = શ્વાનોથી, **भक्ष्यमाणः** = કરડાતો, **आर्तः** = પીડાએલ, **स्वम्** = પોતાના, **अघम्** = પાપનું, **अनुस्मरन्** = સ્મરણ કરતો, **क्षुध्-तृड्-परीतः** = ક્ષુધા અને તૃષાથી ઘેરાએલ, **तप्त-वालुके** = તપેલી રેતાળ, **पथि** = માર્ગમાં, **अर्क-दव-अनल-अनिलैः** = સૂર્ય, દાવાનળ, અગ્નિ અને પવનથી, **सन्तप्यमाणः** = સખત પીડાતો, **च** = અને, **पृष्ठे** = પીઠ ઉપર, **कशया** = ચાબૂકથી, **ताडितः** = માર મરાતો, **अशक्तः-अपि** = અશક્ત હોવા છતાં, **निर्-आश्रम-उदके** = આશ્રમ અને જલપાન વિનાના માર્ગે, **कृच्छ्रेन** = ઘણા કષ્ટથી, **चलति** = ચાલે છે. ૨૧, ૨૨

અનુવાદ--જીવાત્માને સાથે લઈ જનારા બે યમદૂતોની ભયાનકતાથી ચીરાએલ હૃદયવાળો, યમદૂતોના તિરસ્કાર અને તાડનના ત્રાસથી, થરથરી ઊઠેલ, માર્ગમાં શ્વાનોથી કરડાતો, પીડાએલ, પોતાના પાપનું સ્મરણ કરતો, ભૂખ અને તરસથી આકળવિકળ થયેલો, તપેલા રેતાળ પ્રદેશમાં સૂર્ય, દાવાનળ, અગ્નિ અને પવનથી સખત પીડાતો, પીઠ ઉપર ચાબૂકથી પ્રહાર કરાતો, ચાલવા અશક્ત છતાં આશ્રમ અને જલ વિનાના માર્ગે ઘણા કષ્ટથી ચાલે છે. (વંશસ્થ)

તત્ત્વસુધા—**तर्योर्निर्भिन्न-हृदयः**–દેહ છૂટયા પછી યાતના દેહમાં લઈ જવાતા પ્રાણીની સાથે બે ભયાનક દૂતો હોય છે. એક પુણ્યનો સાક્ષી છે, બીજો પાપનો સાક્ષી છે. બન્ને રોષે ભરાયેલા છે. એક પુણ્ય ન કરવાથી રુષ્ટ થયેલ છે. બીજો પાપાચરણથી રોષે ભરાયેલ છે. બન્નેનાં દર્શન ભયંકર છે. તેથી તે યાતના દેહવાળા જીવનું હૃદય તેમને જોઈને ચિરાય છે.

तर्जनैः–વાણીના કટુ તિરસ્કાર સાથે થતા પ્રહારથી તે ક્લેશ ભોગવે છે. **श्वभिर्भक्ष्यमाणः**–માર્ગમાં તેને શ્વાન કરડે છે તેનું પણ કારણ છે કે શ્વાન પાપના સાક્ષી દેવો છે. તેથી તેના જાણકાર તેને કરડે છે.

आर्तः स्वाघमनुस्मरन्–પાપના સાક્ષી દેવો સાથે હોઈ તેનાં પાપોનું સ્મરણ થતાં તે ખૂબ જ આર્ત બની જાય છે. દેહ છૂટવાના આરંભથી જ તેને દુઃખ શરૂ થાય છે.

યાતના માર્ગની મજલ કાપવામાં બહારનાં અને અંતરનાં દુઃખોને તે ભોગવે છે. "**क्षुध्-तृट्**-ક્ષુધા અને તૃષા" યાતના દેહી જીવને અપરાધના દંડ સ્વરૂપે ભોગવવાની હોય છે. તેને માટે માર્ગ પણ એવો જ નક્કી કરવામાં આવે છે કે જે પંથે જતાં આશ્રમ, વૃક્ષ કે જલાશય ન હોય. કેવલ રેતાળ રણ જ હોય. માર્ગમાં તેને ચાબૂકનો પ્રહાર પણ કરાય છે. આ વેદનાઓના શ્રવણથી વૈરાગ્ય આવતાં પણ માનવ જીવનના પરિવર્તનની શક્યતા છે. ૨૧, ૨૨

બે શ્લોકથી નારકી જીવની સ્થિતિનું વધુ વર્ણન કરે છે—

तत्र तत्र पतन् श्रान्तो मूर्च्छितः पुनरुत्थितः ॥
पथा पापीयसा नीतस्तरसा यमसादनम् ॥ २३ ॥
योजनानां सहस्राणि नवतिं नव चाध्वनः ॥
त्रिभिर्मुहूर्तैर्द्वाभ्यां वा नीतः प्राप्नोति यातनाः ॥ २४ ॥

અન્વયાર્થ—**तत्र-तत्र** = જ્યાં ત્યાં, **पतन्** = પડતું મૂકતો, **श्रान्तः** = થાકેલ, **मूर्च्छितः** = મૂર્છા પામતો, **पुनरुत्थितः** = પુનઃ પુનઃ ઊભો થતો, **यथा पापीयसा** = ક્રૂર પાપી જેમ, **तरसा** = શીઘ્ર ગતિથી લઈ જાય તેમ, **यम-सादनम्** = યમદ્વાર તરફ, **तरसा** = તેને, **नीतः** = લઈ જવાય છે. **नवतिं-च-नव** =

નેવું અને નવ એટલે નવાણું, **सहस्राणि** = હજાર, **योजनानाम्** = યોજનના, **अध्वानम्** = માર્ગે, **त्रिभिः-मुहूर्तैः** = ત્રણ મુહૂર્તથી, **वा** = અથવા, **द्वाभ्याम्** = બે મુહૂર્તથી, **नीतः** = લઈ જવાતો પ્રાણી, **यातनाः** = યાતનાઓને, **प्राप्नोति** = મેળવે છે, પામે છે. ૨૩, ૨૪

અનુવાદ—જ્યાં ત્યાં પડતો આખડતો, થાકેલો, મૂર્ચ્છા પામતો અને ફરી ફરી ઊભો થતો, કોઈ નિર્દય પાપી જેમ કોઈને વધેરવા જલદી લઈ જતો હોય તેમ તેને યમદ્વાર તરફ લઈ જવાય છે. તે નવાણું હજાર યોજનના માર્ગે ત્રણ કે બે મુહૂર્તમાં લઈ જવાતો યાતના-દેહી યાતનાઓને પામે છે. ૨૩, ૨૪

તત્ત્વસુધા—पापीयसा नीतः यथा યાતના દેહની ગતિ અને પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. સામાન્ય રીતે યાતના દેહને પીડા ભોગવવા માટે જ બનાવ્યો છે. રસ્તામાં ક્ષુધા-તૃષા-શ્રમને લીધે પડે, મૂર્ચ્છા પામે, ઊભો થાય અને આગળ ચાલે આમ અનેક યાતના ભોગવતો તે ચાલે છે.

કોઈ ક્રૂર પાપી કોઈને મારવા કે વધ કરવા ક્રૂરતા અને નિર્દયતાથી જેમ લઈ જાય તેમ આ, યાતના-દેહી જીવને બે કે ત્રણ મુહૂર્તમાં નવાણું હજાર યોજન લઈ જવામાં આવે છે. આ જે "नवतिं नव" નવાણું હજારનો માર્ગ બતાવ્યો તે કર્મભૂમિથી, એક લાખ યોજનના અંતરે પાપભોગ ભૂમિ આવેલ છે. તેમાં એક હજાર યોજનનો નરકલોક છે. જો તે અધિક પાપી ન હોય તો તેને ત્રણ મુહૂર્તમાં લઈ જવામાં આવે છે. પણ પુષ્કળ પાપી છે તો બે મુહૂર્તમાં લઈ જવાય છે. આ નરકનિરૂપણ વરાહકલ્પ અને બ્રહ્મકલ્પનું એક સરખું જ છે. ૨૩, ૨૪

आदीपनं स्वगात्राणां वेष्टयित्वोल्मुकादिभिः ॥
आत्ममांसादनं क्वापि स्वकृत्तं परतोऽपि वा ॥ २५ ॥
जीवतः स्वाङ्गाभ्युद्धारः श्वगृध्रैर्यमसादने ॥
सर्पवृश्चिकदंशाद्यैः स्मरद्भिश्चात्मवैशसम् ॥ २६ ॥

અન્વયાર્થ—**उल्मुक-आदिभिः** = ઉંબાડિયાં વગેરેથી, **वेष्टयित्वा** = વીંટી, **स्व-गात्राणाम्** = પોતાના દેહના ભાગોને, **आदीपनम्** = સળગાવવું, **क्व-अपि** = કોઈ ઠેકાણે, **स्वः कृत्तम्** = પોતાનું કાપેલું, **परतः अपि वा** = પારકાએ કાપેલું, **आत्म-मांस-अदनम्** = પોતાના માંસનું ખાવું. **यम-सादने** = યમલોકમાં, **श्व-गृध्रैः** = શ્વાન અને ગીધોએ **च** = અને, **आत्म-वैशसम्** = પોતાની કરેલી હિંસાને, **स्मरद्भिः** = સ્મરણ કરતાં, **सर्प-वृश्चिक-दंश-आद्यैः** = સર્પ, વૃશ્ચિક, તેમજ મોટા ડાંસ વગેરે, **जीवतः** = જીવતા એવાનાં, **स्व-अङ्ग-अभ्युद्धार** = પોતાનાં અંગોને ખેંચી કાઢવામાં આવે છે. ૨૫, ૨૬

અનુવાદ—સળગતાં ઉંબાડિયાં વગેરેથી વીંટી પોતાના શરીરના ભાગોને સળગાવવું, તો કોઈ સ્થળે પોતે કાપેલ, તો કોઈ સ્થળે અન્યે પણ કાપેલ; પોતાના માંસનું ખાવું, યમના ઘરમાં શ્વાનો અને ગીધોએ તેમજ પોતાની હિંસાનું સ્મરણ કરતાં સર્પો, વીંછીઓ અને મોટા મચ્છર-ડાંસ વગેરે પોતાનાં જીવતાં અંગોને બહાર ખેંચી કાઢે છે-તેમજ ૨૫, ૨૬

તત્ત્વસુધા—યમલોકની શિક્ષાઓના પ્રકાર વર્ણવ્યા છે. તેમાં એક પ્રકાર એવો છે કે **आदीपनं**-અપરાધીના દેહ ભાગો ઉપર સળગતાં ઉંબાડિયાં બાંધવામાં આવે છે. જેમણે પોતાના જીવનથી બીજાઓને સતાવ્યા છે તેમને આ શિક્ષા થાય છે. કેટલાંક એવાં ઉગ્ર પાપો છે કે યમયાતનામાં પોતાને હાથે જ પોતાના શરીરને

છેદી તેના માંસના ટુકડાઓ ખવડાવે છે અને કેટલાંક પાપોના ફળરૂપે કોઈ તેના દેહને છેદી તેના જ માંસ ટુકડાઓ તેને ખાવા આપે છે.

યમસાદને–એટલે યમરાજલોકમાં કડક શિક્ષાઓ કરવામાં આવે છે. જે પશુઓની હિંસા કરી હોય તે જ પશુ તે હિંસા કરનારના દેહમાંથી ટુકડાઓ કરી કરીને ત્રાસ આપે છે. સર્પ; વીંછી, માંકડ, મચ્છરની જેમણે હિંસા કરી હોય તે જ જીવ જંતુઓ તેનો બદલો લે છે. ૨૫, ૨૬

कृन्तनं वाऽवयवशो गजादिभ्यो निपातनम् ॥
पातनं गिरिशृङ्गेभ्यो रोधनं चाम्बुगर्तयोः ॥ २७ ॥
यास्तामिस्रान्धतामिस्रा रौरवाद्याश्च यातनाः ॥
भुङ्क्ते नरो वा नारी वा मिथः सङ्गेन निर्मिताः ॥ २८ ॥

અન્વયાર્થ—अवयवशः = અવયવોનું, **कृन्तनम्** = કાપવું, **वा** = અથવા, **गज-आदिभ्यः** = હાથી વગેરે પશુ પાસે, **निपातनम्** = શરીરને નાંખવું, અથવા **गिरिशृंगेभ्यः** = પર્વતના શિખરેથી, **पातनम्** = નીચે નાખવું–ફેંકવું, **च अम्बु-गर्तयोः** = જલમાં કે ખાડામાં, **रोधनम्** = ગાંધી રાખવું–આવી, **च** = અને, **याः** = જે, **तामिस्र–अन्धतामिस्र–रौरव–आद्याः** = તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, વગેરે જે, **यातनाः** = જે યાતનાઓ નક્કી કરેલ છે તે, **मिथः संगेन–निर्मिताः** = પરસ્પરના પાપપ્રસંગથી નક્કી કરવામાં આવી છે તે યાતનાઓ, **नरः वा–नारी–वा** = સ્ત્રી કે પુરુષ જે કોઈ હોય છે તે કર્માનુસાર ભોગવે છે. ૨૭, ૨૮

અનુવાદ—શરીરના અવયવોનું કાપવું, અથવા હાથી વગેરે ક્રૂર પશુ પાસે શરીરને નાંખવું, પર્વત ઉપરથી નીચે ફેંકી દેવું, પર્વતના શિખરો ઉપરથી નીચે ફેંકવું, જલમાં કે ખાડામાં ગાંધી રાખવું આવી અને અન્ય જે તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, વગેરે જે નરકયાતનાઓ સ્ત્રી-પુરુષના પરસ્પરના સંગથી ઉત્પન્ન થયેલ પાપકર્મની યાતનાઓને સ્ત્રી હોય કે પુરુષ હોય પરંતુ તે ભોગવે છે. ૨૭, ૨૮

તત્ત્વસુધા—આ બે શ્લોકોમાં નરકયાતના પ્રકરણનો ઉપસંહાર કર્યો છે. પાંચ પ્રકારની શિક્ષા આ શ્લોકમાં દર્શાવી છે. શેરડીના સાંઠાની માફક અંગપ્રત્યંગ છેદ, વાઘ–વરુને નીરણ, ભૃગુપાતન, જલમાં અને ખાડામાં ગૂંગળાવવું અને ડાટવું આવી અનેક શિક્ષાઓ થાય છે. આ શિક્ષાઓનો વધુ ઉલ્લેખ પાંચમા સ્કંધમાં ૨૬મા અધ્યાયમાં વર્ણવશે.

૨૧ અથવા અઠ્ઠાવીસ પ્રકારની આ યાતનાઓમાં તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ વગેરેમાં વર્ણન ૨૬મા અધ્યાયમાં પંચમ સ્કંધમાં સ્પષ્ટ સમજાવવાનું વિચારી આ સ્થાને પ્રસંગસમાપ્તિ કરી છે. ૨૭, ૨૮

अत्रैव नरकः स्वर्ग इति मातः प्रचक्षते ॥
या यातना वै नारक्यास्ता इहाप्युपलक्षिताः ॥ २९ ॥

અન્વયાર્થ—मातः = માતાજી, **अत्र एव** = આ લોકમાં જ, **स्वर्गः** = સ્વર્ગ અને **नरकः** = નરક છે, **इति** = એમ, **प्रचक्षते** = કહે છે, **याः** = જે, **नारक्यः** = નરકની, **यातनाः** = યાતનાઓ છે, **वै** = ખરેખર તે, **इह-अपि** = અહીં પણ, **उपलक्षिताः** = જોવામાં આવે છે. ૨૯

અનુવાદ—હે માતાજી! આ લોકમાં જ સ્વર્ગ અને નરક છે એમ કહે છે. જે નરકની પીડાઓ ગાઈ છે તે ખરેખર અહીં પણ જોવામાં આવે છે. ૨૯

તત્ત્વસુધા—अत्रैव–આ શ્લોકથી એક સ્પષ્ટતા કરી કે નરક કે સ્વર્ગ કોઈ કલ્પના નથી પરંતુ તેના જેવી જ જે પીડાઓ આ લોકમાં જોવામાં આવે છે એ ઉપરથી દેહ ત્યજવા પછીના અન્ય નરકલોકની યાતનાઓનું સ્વરૂપ સમજી શકાય છે. ૨૯

एवं कुटुम्बं बिभ्राण उदरम्भरिरेव च ॥
विसृज्येहोभयं प्रेत्य भुङ्क्ते तत्फलमीदृशम् ॥ ३० ॥

अन्वयार्थ—**एवम्** = એ પ્રમાણે, **कुटुम्बम्** = કુટુંબનું, **बिभ्राणः** = પોષણ કરનારો, **च** = તેમજ, **उदरंभरिः** = ઉદરનું જ પોષણ કરનારો, **उभयम्** = કુટુંબ અને ઉદર બન્નેને, **इह** = આ જ ભૂતલ ઉપર, **विसृज्य** = ત્યજીને, **प्रेत्य** = મરણ પામીને, **तत् फलम्** = તે કાર્યોના ફલને, **भुङ्क्ते** = ભોગવે છે. ૩૦

અનુવાદ—એ પ્રમાણે કુટુંબનું પોષણ કરનારો, તેમજ ઉદરનું જ પોષણ કરનારો, તે કુટુંબને અને ઉદરને અહીં જ ત્યજીને મરણ પામતો તે કાર્યોના ફલને ભોગવે છે. ૩૦

તત્ત્વસુધા—એ પ્રમાણે દેહલય પછીની સ્થિતિનો ઉલ્લેખ કરીને ઉપસંહાર કરતાં કહ્યું કે માનવની એક પ્રકૃતિ હોય છે કે તેનું કુટુંબ હોય કે ન હોય તોપણ કુટુંબ ઊભું કરવું અને દેહ કુટુંબ માટે સર્વ અનર્થો કરવા અને જીવવું અંતે જગતમાંથી ચાલ્યા જવું, પરિણામે તો ફલ તે જીવને જ ભોગવવાનું જ છે.

एकः प्रपद्यतेऽध्वान्तं हित्वेदं सकलेवरम् ॥
कुशलेतरपाथेयो भूतद्रोहेण यद्भृतम् ॥ ३१ ॥
दैवेनासादितं तस्य शमलं निरये पुमान् ॥
भुङ्क्ते कुटुम्बपोषस्य हतवित्त इवातुरः ॥ ३२ ॥

अन्वयार्थ—**भूत-द्रोहेण** = પ્રાણીઓના દ્રોહથી, **यत्** = જે, **भृतम्** = પ્રાપ્ત કરેલ છે-ભેગું કરેલ છે તે દ્રવ્યને, **इदं सकलेवरम्** = આ કલેવર-શરીર સાથે, **हित्वा** = ત્યજીને, **कुशल-इतर-पाथेयः** = કલ્યાણમય અથવા દુઃખમય ભાતાને-પાથેયને સાથે લઈને, **एकः** = એકલો જ, **अध्वानम्** = યમમાર્ગને, **प्रपद्यते** = પામે છે. **कुटुम्ब-पोषस्य** = કુટુંબ-પોષણ કરનાર, **तस्य** = તે ક્રિયાનું, **दैवेन-आसादितम्** = ભગવાનની ઇચ્છાથી આવેલું, **शमलम्** = પાપફલને, **हत वित्तः** = હરાએલ ધનવાળા, **आतुर** = રોગીની, **इव** = માફક **पुमान्** = પુરુષ, **निरये-भुङ्क्ते** = નરકમાં ભોગવે છે. ૩૧, ૩૨

અનુવાદ—પ્રાણીઓના દ્રોહથી પ્રાપ્ત કરેલ દ્રવ્યાદિને આ દેહ સાથે આ લોકમાં જ ત્યજીને, કલ્યાણમય કે દુઃખમય ભાતાને-પાથેયને સાથે લઈને એકલો જ યમમાર્ગને પામે છે. કુટુંબ પોષણ કરનાર પુરુષ ભગવાનની ઇચ્છાથી પ્રાપ્ત થએલ પોતાનાં પાપના ફલને, ધન નાશ પામેલ રોગીની માફક એકલો જ નરકમાં ભોગવે છે. ૩૧, ૩૨

તત્ત્વસુધા—भूतद्रोहेण यद् भृतम्–ધન, ઘર, વૈભવ કાંઈ પણ મેળવો પરંતુ કોઈને કદી ક્લેશ આપીને અથવા કોઈનો પણ દ્રોહ કરીને ન મેળવવું. તેમ કરવાથી મેળવેલ તો અહીં જ રહેશે અને કરેલા શુભાશુભના ફલને લઈને સાથે જશે. અને તેનો જ ભોગવવું પડશે. પાથેય એટલે માર્ગનું ભાતુ એવો અર્થ થાય છે.

देवेनासादितम्-યમલોકમાં પ્રાયશ્ચિતનો અવસર નથી. ત્યાં તો કબૂલાત જ હોય છે. તેમજ તેની તકરાર ચાલતી જ નથી. ભગવાનની ઇચ્છા જ નિયામક હોય છે. તેના શાસન પ્રમાણે જ વ્યવહાર ચાલે છે. ભગવાનની ઇચ્છા કોઈ ને દુઃખ આપનારી નથી. દુઃખ તો પોતાનાં આચરેલ અનિષ્ટ કર્મોનું જ ફલ છે. ૩૧,૩૨

केवलेन ह्यधर्मेण कुटुम्बभरणोत्सुकः ॥
याति जीवोऽन्धतामिस्रं चरमं तमसः पदम् ॥ ३३ ॥
अधस्तान्नरलोकस्य यावतीर्यातनादयः ॥
क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेच्छुचिः ॥ ३४ ॥

અન્વયાર્થ—केवलेन–अधर्मेण = માત્ર અધર્મથી જ, **कुटुम्ब-भरण-उत्सुकः** = કુટુંબનું પોષણ કરવા તત્પર રહેતો, **जीवः** = જીવ, **हि** = સાચે જ, **तमसः चरमं फलम्** = અંધકારના અંતિમ સ્થાન એવા, **अन्धतामिस्रम्** = અંધતામિસ્ર નરકને, **याति** = ભોગવે છે. **नरलोकस्य** = નરલોકની, **अधस्तात्** = નીચે, **यावतीः** = જેટલી, **यातनाद्यः** = નરકાદિ યાતનાઓ છે, **क्रमशः** = ક્રમે કરીને, **समनुक्रम्य** = તેમાં અનુક્રમે જઈ ને, **शुचिः** = પવિત્ર થઈ ને, **पुनः** = ફરીથી, **अत्र-आव्रजेत्** = અહીં આવે છે. ૩૩, ૩૪

અનુવાદ—કેવલ અધર્મથી કુટુંબનું પોષણ કરવામાં તત્પર રહેતો જીવ, અંધકારનાં અંતિમ સ્થાન ગણતા અંધતામિસ્ર નરકમાં જાય છે નરલોકની નીચે જેટલાં નરકો છે, તેમાં અનુક્રમે જઈ, ભોગવી શુદ્ધ થઈ પાછો અહીં આવે છે. ૩૩, ૩૪

તત્ત્વસુધા—અધર્મ, અન્યત્રાસ, અન્યાયથી ધન મેળવી કુટુંબનું પોષણ કરનાર "અંધતામિસ્ર" નામના નરકમાં જાય છે. આ અન્ધતામિસ્ર નરક નરકોમાં અંતિમ નરક છે. એ દર્શાવવા चरमं પદનો પ્રયોગ કર્યો છે. તે નરકમાં અંધકારનું સ્થાન છે.

अधस्तात्—નરકલોકની નીચે આ લોક આવેલ છે. ત્યા એક કલ્પ પર્યન્ત જીવ રહે છે. ત્યાં કર્મના ફલ દુઃખને ભોગવે છે. પુનઃ તે જીવ શુદ્ધ થઈને પુનઃ આવે છે. ૩૩, ૩૪

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધનો ૩૦મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૧ મો

આ એકત્રીસમા અધ્યાયમાં ૪૮ શ્લોક છે. વૈજ્ઞાનિક યંત્રોથી નક્કી ન કરી શકાય તે તત્ત્વોને યોગીઓ યૌગિક પ્રત્યક્ષ જ્ઞાનથી અનુભવી શકે છે તેનો ખ્યાલ "જીવનું ગર્ભમાં આગમન અને દસ માસ સુધીમાં" તેનું શરીર બંધારણ વગેરેનું દર્શન કરાવ્યું છે.

આરંભના ૧ શ્લોકથી ૧૦ શ્લોક પર્યન્ત માતૃકૂખમાં રહેલ ગર્ભની સ્થિતિ, ૧૧મા શ્લોકમાં જીવની સ્તુતિતત્પરતા, ૧૨મા શ્લોકથી ૨૧મા શ્લોક સુધી ૧૦ શ્લોકમાં ગર્ભસ્તુતિ, ૨૨મા શ્લોકથી બાલકની બાલ્ય-યુવા જરાવસ્થાના નિરૂપણ સાથે "પ્રમદાસંગ"થી પરમ પરવશતાનું કથન કરશે.

श्रीभगवानुवाच—कर्मणा दैवतन्त्रेण जन्तुर्देहोपपत्तये ॥
स्त्रियाः प्रविष्टः उदरं पुंसो रेतःकणाश्रयः ॥ १ ॥
कललं त्वेकरात्रेण पञ्चरात्रेण बुद्‌बुदम् ॥
दशाहेन तु कर्कन्धूः पेश्यण्डं वा ततः परम् ॥ २ ॥

અન્વયાર્થ—दैव-तंत्रेण = ભગવાનની ઇચ્છાને આધીન, **कर्मणा** = કર્મથી, **देह-उपपत्तये** = દેહ પ્રાપ્ત થાય માટે, **जन्तुः** = જીવ, **पुंसः** = પુરુષના, **रेतः-कण-आश्रय** = વીર્યના કણનો આશ્રય કરી, **स्त्रिया** = સ્ત્રીના, **उदरम्** = ઉદરમાં, **प्रविष्टः** = પ્રવેશ કરેલ-તે જીવ, **एकरात्रेण** = એક રાતમાં, **तु** = તો, **कललम्** = કલલ-માપે બને છે, **पञ्चरात्रेण** = પાંચ રાતમાં તો તે ગર્ભ, **बुद्-बुदम्** = પરપોટો બને છે, **दशाहेन** = દશ દિવસે તો તે, **कर्कन्धूः** = બોરના માપનો બને છે, **ततः परम्** = ત્યારપછી તો, **पेशी** = પેશી, **वा** = અથવા, **अण्डम्** = વૃષણ-અંડનો આકાર લે છે. ૧, ૨

અનુવાદ—ભગવાનની ઇચ્છાને આધીન કર્મથી, દેહ પ્રાપ્ત થાય માટે જીવ, પુરુષના વીર્યના કણનો આશ્રય કરી સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરીને,-એક રાત્રીમાં તે કલલનું માપ લે છે, પાંચ રાતમાં તો તે ગર્ભ પરપોટો બને છે, દશ દિવસમાં તો તે બોર જેવડું કદ લે છે અને ત્યાર પછી માંસની પેશી અથવા વૃષણ એટલે અંડનો આકાર લેશે. ૧, ૨

તત્ત્વસુધા— कर्मणा दैवतंत्रेण-કર્મ સ્વયં ફલ નથી આપતું પરંતુ ભગવાન તેના નિયામક છે. કારણકે કર્મ તો બીજા ક્ષણમાં નાશ પામે છે. ફલ તો ઘણા સમયે પણ મળે. ત્યારે વચમાં નિયામક કોઈ હોવો જોઈએ. ત્યાં ભગવાન નિયામક છે. જીવના પ્રવેશનો પ્રકાર બતાવે છે—

जन्तुर्देहोपपत्तये-જીવ દેહની પ્રાપ્ત કરવા માટે પ્રથમ નાસિકા અથવા તો મુખ દ્વારા ઉદરમાં પ્રવેશ કરે છે. હવે તેને કર્મને આધીન દેહ લેવાનો હોવાથી સ્ત્રીમાં આવેલા વીર્યમાં જીવ પ્રવેશ કરે છે. જીવને જ્યારે દેહ લેવાનો સમય આવે છે ત્યરે જીવનો પ્રવેશ અને વીર્યમાં ભળવનું એક સાથે જ બને છે.

વીર્યમાં જીવ ભળતાં એક રાતમાં તો તે 'કલલ' બની જાય છે. વીર્ય અને રજ ભેગાં થઈ જતાં તે કલલ બની જાય છે. પાંચ રાતમાં તો તે પરપોટાનો આકાર લે છે. દશ રાત્રીમાં તો બોરના જેવું બીજ બની જાય છે. ત્યાર પછી તે માંસની પેશી અથવા વૃષણનો આકાર લે છે. જો તે જીવ પુરુષ થવાનો હોય તો તે "વૃષણ" એટલે વડાના આકાર જેવો બને છે. પરંતુ ત સ્ત્રી કે નપુંસક થનાર હોય તો તે "પેશી" બને છે.

मासेन तु शिरो द्वाभ्यां बाह्वङ्घ्र्याद्यङ्गविग्रहः ॥
नखलोमास्थिचर्माणि लिङ्गछिद्रोद्भवास्त्रिभिः ॥ ३ ॥

અન્વયાર્થ—मासेन = મહિનામાં, **तु** = તો, **शिरः** માથું, **द्वाभ्याम्** = બે મહિનાનાં તો, **बाहु-अङ्घ्रि-आदि-अङ्ग-विग्रहः** = બે મહિનામાં તો બાહુ, પગ, વગેરે અંગવાળો દેહ બને છે, **त्रिभिः** = ત્રણ માસનો થતાં, **नख-लोम-अस्थि-चर्माणि** = નખ-કેશ-હાડકાં તેમજ, **लिङ्ग-छिद्र-उद्भवः** = લિંગ અને નવ છિદ્રોની ઉત્પત્તિ થાય છે. ૩

અનુવાદ—આ જીવના દેહને એક મહિનામાં તો મસ્તક, બે મહિનામાં તો બાહુ, પગ વગેરે અંગોવાળો દેહ બને છે અને ત્રણ માસનો થતાં નખ-કેશ-અસ્થિ તેમજ લિંગ અને નવ છિદ્રોની ઉત્પત્તિ થાય છે. ૩

તત્ત્વસુધા—એક મહિનામાં મસ્તકનો ભાગ બંધાય છે. બીજા મહિને તો હાથપગવાળો દેહ બંધાવા માંડે છે. ઠીક દેહની આકૃતિ જ બનવા માંડે છે. તેમજ તે જીવને દેહમાં અભિમાન પણ થાય છે. ત્રીજે મહિને તો નખ-કેશ-અસ્થિ-ચામડી બંધાઈ જાય છે જ. અને લિંગ પણ લઈ છે, તે સાથે સાથે નવ છિદ્રો પણ બને છે. ૩

શરીરના બંધારણનું નિરૂપણ આ બે શ્લોકમાં પૂર્ણ કરે છે—

चतुर्भिर्धातवः सप्त पञ्चभिः क्षुत्तृडुद्भवः ॥
षड्भिर्जरायुणा वीतः कुक्षौ भ्राम्यति दक्षिणे ॥ ४ ॥
मातुर्जग्धान्नपानाद्यैरेधद्धातुरसत्तमे[1] ॥
शेते विण्मूत्रयोर्गर्ते स जन्तुर्जन्तुसम्भवे ॥ ५ ॥

અન્વયાર્થ—चतुर्भिः = ચાર માસમાં, **सप्त-धातवः** = સાત ધાતુઓ, **पञ्चभिः** = પાંચ માસમાં તો, **क्षुध् तृड्-उद्भवः** = ક્ષુધા અને તૃષાની ઉત્પત્તિ થાય છે, **षड्भिः** = ૭ માસમાં, **जरायुणा** = ઓરથી, **वीतः** = વીંટાઈ, **दक्षिणे** = જમણી, **कुक्षौ** = કૂખમાં, **भ्राम्यति** = ભમે છે. **मातुः** = માતા, **जग्ध-अन्न-पान-आद्यैः** = ખાધેલાં અન્નપાન વગેરેથી, **एधत्-धातुः** = ધાતુઓ વધી રહેલ છે એવો, **जन्तु-संभवे** = જંતુઓના ઉત્પત્તિ-સ્થાનમાં, **असत्तमे** = કે જે અત્યંત ખરાબ, **विड्-मूत्रयोः** = વિષ્ઠા-મૂત્રના, **गर्ते** = ખાડામાં, **स-जन्तुः** = જંતુઓ સાથે, **शेते** = શયન કરે છે. ૪, ૫

અનુવાદ—ચાર માસમાં સાત ધાતુઓ, પાંચમા માસે ક્ષુધા અને તૃષા ઉત્પન્ન થાય છે. જ્યારે છઠ્ઠા માસે ઓરથી વીંટાઈ જમણી કૂખમાં ભમે છે. માતાના ખાધેલાં અન્ન અને પાન વગેરેથી ધાતુઓ જેની વધી રહેલ છે તેવો તે જીવ જેમાં જન્તુઓ ઉત્પન્ન થાય છે તેવા અત્યંત ખરાબ વિષ્ઠા અને મૂત્રના ખાડામાં તે જંતુઓ સાથે શયન કરે છે. ૪, ૫

તત્ત્વસુધા—चतुर्भिः-ગર્ભ જ્યારે ચાર મહિનાનો થાય ત્યારે તેના દેહમાં સાત ધાતુઓ પ્રવેશે છે. અને પાંચમા મહિનામાં તો ક્ષુધા અને તૃષા આરંભાય છે. છઠ્ઠો મહિનો આવતાં જ ગર્ભરક્ષણ માટે તેના ઉપર ઓર વીંટાઈ જાય છે. અને તે ગર્ભ દક્ષિણ કૂખમાં વિચરે છે. ૪, ૫

---

[1] १–धातुरसम्मते प्रा. पा.

"માતુર્જગ્ધાન્न"–નિત્યના આહારમાં વિવેકવૃત્તિ રાખવી જોઈએ. જો એ વાત ધ્યાનમાં રહે કે બાળક જ્યારે ઉદરમાં છે ત્યારે તેના દેહનું બંધારણ "માતા"ના આહારમાંથી જ બને છે. ત્યારે માતા સાત્વિક-પૌષ્ટિક અને પવિત્ર ભોજન કરે તેમજ અલ્પાહાર કરે. કારણ કે સાત ધાતુની રચના આહારમાંથી જ થવાની. શરીરમાં જેમ જેમ ધાતુ વિકાસ પામે તેમ દેહ પણ વિકાસ પામે જ છે. પરંતુ અન્નના અપચાથી, અસંયમથી ખાધેલા ખોરાકમાંથી જંતુઓ બને છે. અને "વિષ્ઠામૂત્ર"ના ખાડામાં જ આ બાળકને સૂવાનું બને છે. ત્યાં તે જંતુદાહ કે દંશનો અનુભવ કરે છે. ૪, ૫

[illegible]

ગર્ભવાસમાં થતા દેહના કષ્ટનું આ શ્લોકમાં વર્ણન છે—

कृमिभिः क्षतसर्वाङ्गः सौकुमार्यात्प्रतिक्षणम् ॥
मूर्च्छामाप्नोत्युरुक्लेशस्तत्रत्यैः क्षुधितैर्मुहुः ॥ ६ ॥

અન્વયાર્થ—**तत्रत्यैः** = ત્યાં રહેલાં, **क्षुधितैः** = ભૂખ્યાં, **कृमिभिः** = કીટાણુઓથી, **प्रतिक्षणम्** = પ્રતિ ક્ષણે, **क्षत-सर्व-अङ्ग** = સર્વ અંગોમાં કોચાતો–કોતરી ખવાતો, **सौकुमार्यात्** = ગર્ભના દેહની સુકુમારતાને કારણે, **मुहुः** = વારંવાર, **उरु-क्लेशः** = પુષ્કળ કલેશ પામતો, **मूर्च्छाम्** = મૂર્ચ્છાને, **आप्नोति** = પામે છે. ૬

અનુવાદ—ત્યાં રહેલાં ભૂખ્યાં કીટાણુઓ પ્રતિ ક્ષણે શરીરનાં સર્વ અંગોમાં કોચી ખાય છે. પરિણામે ગર્ભ દેહની પુષ્કળ કોમલતાને લીધે વારંવાર અત્યંત કલેશ પામતો મૂર્ચ્છા પામે છે. ૬

તત્ત્વસુધા—कृमिभिः– માતા અન્ન ભક્ષણ કરે છે. તેમાંથી અનેક કીટાણુઓ ઉત્પન્ન થાય છે. આ ભૂખ્યાં કીટાણુઓ ગર્ભ દેહના અંગોમાં કોચવાનું કામ કરે છે. ગર્ભશરીર તો અતિ સુકુમાર હોય છે. સોયના ઘા કરતાં વધુ તીક્ષ્ણ વેદના કીટાણુઓના કરડવાથી થાય છે. આ દુઃખને તે રોકી શકતો નથી માત્ર વેઠે છે અને તે સહન ન થતાં બેભાન બની જાય છે. ૬

આ શ્લોકમાં અન્તર્વેદનાનું નિરૂપણ કર્યું છે—

कटुतीक्ष्णोष्णलवणरूक्षाम्लादिभिरुल्बणैः ॥
मातृभुक्तैरुपस्पृष्टः सर्वाङ्गोत्थितवेदनः ॥ ७ ॥

અન્વયાર્થ—**मातृ-भुक्तैः** = માતાએ ખાધેલા, **कटु-तीक्ष्ण-उष्ण-लवण-रूक्ष-अम्लादिभिः** = તીખા, કઠોર, ગરમ, ખારા, લૂખા અને ખાટા વગેરે, **उल्बणैः** = તીવ્ર–ઉગ્ર ખોરાકની વસ્તુઓથી, **उपस्पृष्टः** = સ્પર્શ પામતો, **सर्व-अङ्ग-त्थित-वेदनः** = સર્વ શરીરના ભાગોમાં વેદના ભોગવે છે. ૭

અનુવાદ—માતાએ લીધેલા તીખા, કઠિન, ગરમ, ખારા, લૂખા, ખાટા વગેરે તીવ્ર આહારોના સ્પર્શથી ગર્ભમાં રહેલા બાળકના સર્વ શરીર ભાગોમાં પીડા ઉત્પન્ન થાય છે.

તત્ત્વસુધા—मातृभुक्तैः–આહાર ઉપર બાળકના દેહ, સ્વભાવ, બુદ્ધિના બંધારણનો આધાર રહે છે. સગર્ભા સ્ત્રીને મોટે ભાગે સાત્વિક આહાર રુચતો નથી. ઉદરમાં બાળકના હિત માટે "મધુરરસપ્રચુર" ખોરાક લેવો જોઈએ. જે સ્નિગ્ધ, પોષક અને સ્વચ્છ હોવો જોઈએ. ગાયનું દૂધ, દહીં, ઘઉં, ચોખા, જવ, મગ વગેરે સાત્વિક અન્ન લેવાં; તીખા, ખાટા, ખારા, લૂખા, કડવા પદાર્થો તો ન જ લેવા.

બાળકના મુખમાં પણ "જીવન દેનારી" નાડીથી રસ આવે છે એની અંદર અસર થાય છે, તેવી જ અંદર ગયેલા પદાર્થોના સ્પર્શથી પણ વેદના થાય છે. ૭

આ શ્લોકમાં ગર્ભની સ્થિતિ દર્શાવી છે—

उल्बेन संवृतस्तस्मिन्नन्त्रैश्च बहिरावृतः ॥
आस्ते कृत्वा शिरः कुक्षौ भुग्नपृष्ठशिरोधरः ॥ ८ ॥

અન્વયાર્થ—तस्मिन् = તે ગર્ભમાં રહેલો, **उल्बेन** = ઓરથી, **संवृतः** = વીંટાએલો, **च** = અને **बहिः अन्त्रैः** = બહાર આંતરડાંથી, **आवृतः** = ઘેરાએલો, **भुग्न–पृष्ठ–शिरः–धरः–** = વાંકી વળેલી પીઠ અને ડોકવાળો, **कुक्षौ** = કુખમાં, **शिरः** = મસ્તક, **कृत्वा** = મૂકીને, **आस्ते** = રહે છે. ૮

અનુવાદ—તે ગર્ભમાં રહેલો, ઓરથી વીંટાએલો તેમજ બહાર આંતરડાંથી ઘેરાએલો, કુખમાં માથું રાખી વાંકી વળેલી પીઠ અને ડોકવાળો પરવશ બનીને રહે છે. ૮

તત્ત્વસુધા—तस्मिन्–માતાના ઉદરમાં રહેલ બાળક બહાર ન નીકળે ત્યાં સુધીની સ્થિતિ ઘણી જ કરુણ છે. કારણ કે સાતમા માસથી તેને ચેતના પ્રાપ્ત થયેલ હોઈ વેદનાનો અનુભવ શરૂ થાય છે. અપરાધીને દોરડાંથી બાંધીને રાખવામાં આવે એ જ પ્રકારે આંતરડાંની વચમાં તે ગર્ભ રહેલ હોઈ મસ્તકને પેટ ઉપર રાખીને તે રહેલ હોય છે. વળી પીઠ અને ડોક પણ વળી ગએલાં હોય છે. આ સ્થિતિની વેદના જીવને અસહ્ય હોય છે. शिरः–મસ્તકને धरः–ધારણ કરે તે "**शिरोधरः**" એટલે "ડોક" કહેવાય. ૮

આ દોઢ શ્લોકથી ગર્ભની હાલતની વધુ સ્પષ્ટતા કરી છે—

अकल्पः स्वाङ्गचेष्टायां शकुन्त इव पञ्जरे ॥
तत्र लब्धस्मृतिर्दैवात् कर्म जन्मशतोद्भवम् ॥
स्मरन् दीर्घमनुच्छ्वासं शर्म[1] किं नाम विन्दते ॥ ९ ॥

અન્વયાર્થ—पञ्जरे = પિંજરમાં પૂરાએલા, **शकुन्त इव** = પંખી જેવો, **स्व–अङ्ग–चेष्टायां** = પોતાના અંગોના હલનચલનમાં, **अकल्पः** = અસમર્થ, **जन्म–शत–उद्–भवम्** = સેંકડો જન્મમાં આચરેલાં **कर्म** = કર્મનું, **स्मरन्** = સ્મરણ કરતો, **दैवात्** = ભગવાનની ઇચ્છાથી, **तत्र** = તે સ્થાનમાં, **लब्ध-स्मृतिः** = જ્ઞાનને પ્રાપ્ત કરતો, **दीर्घम्** = ઘણા લાંબા, **अनुच्छ्वासम्** = નિઃશ્વાસ લેતો, **किं नाम** = શું તે ખરેખર, **शर्म** = સુખશાંતિને, **विन्दते** = મેળવે છે ? ૯

અનુવાદ—પિંજરે પૂરાએલ પક્ષી જેવો તે જીવ પોતાના શરીરના અંગોનાં હલનચલનમાં સર્વથા અસમર્થ બને છે. અને પોતાના અનેક જન્મોમાં આચરેલાં કર્મનું સ્મરણ કરતો, ભગવાનની ઇચ્છાથી ત્યાં ગર્ભમાં તેને જ્ઞાન પ્રાપ્ત થતાં લાંબા નિઃશ્વાસ લેતો શું ખરેખર તે જીવ શાંતિને મેળવે છે ખરો ! ૯

તત્ત્વસુધા—अकल्पः स्वाङ्गचेष्टायाम्–જીવ સ્વયં અસમર્થ નથી. પરંતુ પોપટની માફક પરવશ બન્યો છે. આંતરડામાં બંધાયેલ ગર્ભ પાંજરાના સળિયામાં પૂરાયેલ પોપટ સરખો જ પરતંત્ર છે. આવી પરતંત્રતાની પીડા તો પ્રત્યેક જીવ ભોગવે છે. પરંતુ જે જીવની ઊર્ધ્વગતિ થનાર છે, તેને પોતાના અનેક જન્મનાં અનિષ્ટ આચરણોનું–પાપાચારનું ભાન થાય છે. તેમજ ભગવાનની સ્તુતિ કરવાની સન્મતિ પ્રાપ્ત થાય છે.

---

[1] संगात् किम् प्रा. पा.

અનેક જન્મનાં પાપોની સ્મૃતિ થતાં પરિતાપ થાય છે અને અનેક સુકૃતોનાં અનુસંધાનથી ભગવદ્ભાવ જાગૃત થતાં સ્તુતિ તરફ પ્રેરાય છે. પરંતુ જે જીવ ઉપર ભગવત્કૃપા હોય તેને જ આ પ્રમાણે ગર્ભજ્ઞાન થઈ શકે છે.

આ બે શ્લોકોમાં એક એવું નિરૂપણ કરે છે કે ભગવાનની કૃપાથી અનેક જન્મનાં ક્લેશોના સ્મરણથી વૈરાગ્ય જેમ ઉત્પન્ન થાય છે તેમ ભગવદિચ્છાથી જીવ અને બ્રહ્મના સ્વરૂપનું પણ જ્ઞાન ઉત્પન્ન થાય છે અને જ્ઞાનના ફલસ્વરૂપે સ્તુતિ કરે છે—

आरभ्य सप्तमान्मासाल्लब्धबोधोऽतिवेपितः[1] ॥
नैकत्रास्ते सूतिवातैर्विष्ठाभूरिव सोदरः[2] ॥ १० ॥
नाथमान ऋषिर्भीतः सप्तवध्रिः कृताञ्जलिः ॥
स्तुवीत तं विक्लवया वाचा येनोदरेऽर्पितः ॥ ११ ॥

અન્વયાર્થ—**सप्तमात्-मासात्** = સાતમા માસથી, **आरभ्य** = આરંભી, **लब्धबोधः** = જ્ઞાન પ્રાપ્ત કરેલ, **सूतिवातैः** = પ્રસૂતિના પવનોથી, **अति-वेपितः** = અતિશય ધ્રૂજતો, **विष्ठाभूः इव** = વિષ્ઠામાં જન્મેલ કીડાના જેવો, **सोदरः** = એક ઉદરમાં રહેલો, **न-एकत्र-आस्ते** = એક સ્થળે રહી શકતો નથી. **सप्तवध्रिः** = સાત બંધન વાળો, **नाथमानः** = પીડાતો-સ્તુતિ કરતો, **भीतः** = ભય પામેલો, **ऋषिः** = ઋષિ, **कृत-अञ्जलिः** = બન્ને હાથ જોડી, **येन्** = જે ભગવાને, **उदरे-कृतः** = ઉદરમાં મૂકેલો છે, **तम्** = તે પ્રભુને, **विक्लवया** = વિહ્વલ ગદ્ગદ, **वाचा** = વાણીથી, **स्तुवीत** = સ્તુતિ કરે છે. ૧૦, ૧૧

અનુવાદ—સાતમા માસથી આરંભી, જ્ઞાન પ્રાપ્ત કરેલ તે જીવ, પ્રસૂતિના પવનોથી પુષ્કળ કાંપતો, વિષ્ઠાના કીટની માફક એક જ ઉદરમાં રહેલો એક સ્થળે રહી શકતો નથી. સાત બંધનવાળો, પીડાતો-સ્તુતિ કરતો, ભયભીત તે ઋષિ-આત્મા, બન્ને કરની અંજલિ જોડી, જે ભગવાને ઉદરમાં મૂકેલ છે ને ભગવાનની ગદ્ગદ વાણીથી સ્તુતિ કરે છે. ૧૦, ૧૧

તત્ત્વસુધા – सप्तमान्मासात्–ઉદરમાં આવેલ આ જીવને સપ્તમ માસથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમજ તે જ્ઞાન જન્મ પર્યન્ત તેને રહે છે. પૂર્વનાં કર્મ, કર્મની પીડા, કાલનો પ્રભાવ, ગર્ભવાસની વ્યથા આ સર્વને લીધે તેમજ પ્રસૂતિના પવનોને કારણે તે અત્યંત કાંપી ઊઠે છે. વળી પ્રસૂતિપવન, તેને એક સ્થાને ઉદરમાં રહેવા પણ દેતો નથી. ગર્ભમાં જ્ઞાન પ્રાપ્ત થયેલ છતાં તે છૂટી તો શકતો જ નથી.

विष्ठाभूरिव સોદરઃ–સોદર શબ્દનો અર્થ એક જ ઉદરમાં બે વ્યક્તિનો વાસ થયો હોય તેને સોદર. એટલે સગાં ભાઈ–બહેનો કહેવાય છે. જે ઉદરમાં અન્નાદિમાંથી ઉત્પન્ન થયેલ કીટ વસે છે તે જ ઉદરમાં જીવ પણ વસેલ છે. જો કે જેની ઊર્ધ્વગતિ થવાની છે તે જીવનો કીટ સાથે વસવાટ ન સંભવે પરંતુ "જીવ આ વ્યથામાંથી મુક્ત થવા ભગવાનનું ભજન કરે એ એની પાછળ આશય છે. કારણ કે કેવલ જ્ઞાનમાત્રથી કાંઈ વળશે નહીં ભગવાનની કૃપા આવશ્યક છે. તેથી જીવ ભગવાનની સ્તુતિ કરે છે એ વાત અગિયારમા શ્લોકમાં વર્ણવે છે—

नाथमान –શબ્દના અનેક અર્થ થાય છે नाथृ–नाधृ याञ्चोपतापैश्वर्याशीषुः–યાચના, પીડા, ઐશ્વર્ય, આશીર્વાદ અર્થમાં ધાતુ વપરાય છે. તેથી नाथमानः–એટલે ગર્ભથી પીડાતો એવો અર્થ થાય અને "સ્તુતિ કરતો" એવો બીજો અર્થ પણ થાય છે.

---

१. प्रा. पा.–पि । २. प्रा. पा–सोऽचरत् ।

सप्तवध्रिः—सप्त वध्रयो यस्य सः- સાત બંધનવાળો જીવ ભગવાનની સ્તુતિ કરે છે. બંધનથી પીડાયેલ છે. ऋषिः-મંત્રોનું દર્શન પામેલ આત્માને "ऋषिः" કહેવાય છે. મંત્રદર્શન વિના સ્તુતિ સંભવી ન શકે. પરંતુ ભગવદ્દયાથી "જીવ" ઋષિ બન્યો-મંત્રદ્રષ્ટા બન્યો. પ્રત્યેક જીવને "મંત્રદર્શન" નથી થતું અનેકમાંથી એકને" જ મંત્રદર્શન થાય છે. આ જીવાત્મા જન્મ લીધા પછી પણ પ્રહ્લાદ સમાન પરમ ભાગવત બને છે સ્તુતિ કરતાં ભગવાનને ભેટ આપવા માટે તે સમર્થ નથી તેને कृताञ्जलिः અંજલિ જોડેલી છે અને "અંજલિ"ને જ ભેટ ગણવા પ્રભુને વિનવે છે. विह्वलया वाचा—ભગવત્કૃપાનું ભાન થયું છે તેથી વાણી પણ ગદ્ગદ બની ગઈ છે. હૃદયથી આર્દ્ર બન્યો છે અને ભગવાનની સ્તુતિ કરે છે. નિરુક્તમાં વર્ણવ્યું છે કે जीवाः त्रिविधाः एके पूर्वपूर्वजन्ममात्रं स्मरन्ति । एके सांख्ययोगादिकमभ्यस्यन्ति । एके तु परमपुरुषं भजन्ते । કેટલાક જીવો પૂર્વપૂર્વ જન્મનું સ્મરણ ધરાવે છે, કેટલાક જીવો સાંખ્યયોગનું ચિંતન કરે છે, ત્યારે કોઈ દિવ્યાત્મા પરમ પુરુષને ભજે છે. ૧૦, ૧૧

[1]जीव उवाच—तस्योपपन्नमवितुं[2] जगदिच्छयात्तनानातनोर्भुवि हि [3]लसच्चरणारविन्दम् ॥
सोऽहं व्रजामि शरणं [4]ह्यकुतोभयं मे, येनेदृशी गतिरदर्श्यसतोऽनुरूपा ॥ १२॥

અન્વયાર્થ—येन = જે ભગવાને, **असतः—मे** = દુષ્ટ અસજ્જન એવા મને, **अनुरूपा** = યોગ્ય, **ईदृशी**= એવી, **गतिः** = ગતિ, **जदर्शि** = દર્શાવી, **तस्य** = તે ભગવાનના, **उपपन्नम्** = ઉત્પન્ન કરેલા, **जगत** = જગતનું, **अवितुम्** = રક્ષણ કરવા માટે, **इच्छया** = ઇચ્છાથી, **भुति** = પૃથ્વીમાં, **आत्त-नाना-तनोः** = અનેક પ્રકારના અવતારોને ધારણ કરનાર, તે ભગવાનનાં, **हि** = ખરેખર, **अकुतोभयम्** = સર્વનો નિર્ભય, **लसत्-चरण-अरविन्दम्** = વિલસતાં ચરણકમલે, **सः अहम्** = તે હું, **शरणम्** = શરણે, **व्रजामि** = જાઉં છું. ૧૨

અનુવાદ—જે ભગવાને મારા જેવા કુપાત્રને યોગ્ય એવી ગતિ જણાવી, તેમજ પોતે જ ઉત્પન્ન કરેલા જગતનું રક્ષણ કરવાની ઇચ્છાથી ભૂમિ ઉપર અનેક પ્રકારના અવતારો-વિગ્રહો ધારણ કર્યા છે તે ભગવાનના સર્વતઃ નિર્ભય અને વિલાસપૂર્ણ ચરણકમલે, હું શરણે જાઉં છું. (વંશસ્થવૃત્ત) ૧૨ —

તત્ત્વસુધા—सोऽहं व्रजामि शरणम्-૧૨મા શ્લોકથી ૨૧મા શ્લોક પર્યન્ત દશ શ્લોકો દ્વારા જીવ ભક્તિ અને શરણાગતિ કરી રહેલ છે. તેમાં ક્રમશઃ ૧૨મા શ્લોકમાં શરણાગતિ, ૧૩મા શ્લોકમાં જીવ અને બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન, ૧૪મા શ્લોકમાં દીનપણે જીવનું પુરુષોત્તમને વંદન, ૧૫મા શ્લોકમાં મહાન પુરુષોનો અનુગ્રહ જ તારનાર છે, ૧૬મા શ્લોકમાં ભગવાનનું ભજન, ૧૭મા શ્લોકમાં ગર્ભમાંથી મુક્ત થવાની પ્રાર્થના, ૧૮મા શ્લોકમાં પ્રભુની કૃપાનું વળતર વાળવાનું અસામર્થ્ય, ૧૯મા શ્લોકમાં ભગવાન જ જ્ઞાનદાતા છે, ૨૦મા શ્લોકમાં સંસારની કઠોરતા, ૨૧મા શ્લોકમાં પુનઃ ગર્ભાવાસ ન થાય તેવી પ્રાર્થના" આટલી દશ ભાવનાઓ હૃદયમાં રાખી દશ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરે છે.

"तस्योपपन्नमवितुम्"—सः—એટલે પ્રભુની કૃપાથી પ્રભુનું જ્ઞાન પામેલો હું આપને ચરણે શરણે આવું છું. જીવની શરણાગત વૃત્તિ પૂર્વજન્મના ધર્માચરણથી જ ઉદ્ભવી છે. જીવનો ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી થતો તેથી તેને ભગવાનના અવતારોનો હેતુ ધ્યાનમાં નથી. તે એમ સમજે છે કે ભગવદવતારો જગતની રક્ષા માટે છે. પરંતુ ભગવાનના અવતારો તો ભક્તોના ચિત્તનો નિરોધ કરવા અને ચરિત્રો દ્વારા ભક્તિ રસદાન કરવા માટે થાય છે. હવે તે જીવને ભાન થાય છે કે હું ભગવાનની ભક્તિ કરું. તેથી તે પ્રભુને વિનવે છે કે હું

---

[1] प्रा. पा- जन्तुरुवाच । [2] प्रा. पा.—प्रसन्न । [3] प्रा. पा—चल । [4] प्रा. पा—न कुतो० ।

S.B.
3-44

"अकुतोभय उरुचरणारविन्दम्"-નિર્ભય અને રસાલ ચરણની શરણાગતિ સ્વીકારું છું. असतोऽनुरूपा-ગર્ભની વેદના અને કલેશમય અવસ્થા એ તો असतः દુર્માર્ગગામી જીવ માટે જ દર્શાવી છે. પરંતુ સન્માર્ગગામી ગર્ભ-વેદનાથી પર રહે છે અને સ્તુતિ કરે છે. ૧૨

હવે આ શ્લોકમાં જીવનું બદ્ધસ્વરૂપ અને ભગવાનના નિત્ય બોધસ્વરૂપ જાણીને જીવ ભગવાનને નમસ્કાર કરે છે તે વર્ણન આવશે—

यस्त्वत्र बद्ध इव कर्मभिरावृतात्मा भूतेन्द्रियाशय[1]मयीमवलम्ब्य मायाम् ॥
आस्ते विशुद्धमविकारमखण्डबोधमातप्यमानहृदयेऽवसितं नमामि ॥ १३ ॥

અન્વયાર્થ—**कर्मभिः** = કર્મોથી, **आवृत आत्मा** = ઢંકાએલ સ્વરૂપવાળો, **भूत-इन्द्रिय-आशय-मयीम्**= દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણરૂપ, **मायाम्** = માયાનું, **अवलम्ब्य** = અવલંબન કરી, **यः** = જે, **तु** = તો, **अत्र** = અહીં, **बद्धः इव** = પૂરાએલા જેવો, **आस्ते**-તે રહેલો છે તે હું, **आतप्यमान-हृदये** = ચારે બાજુથી તપેલા હ્રદયમાં, **अवसितम्** = વસેલા જણાતા, **विशुद्धम्** = અત્યંત પવિત્ર, **अविकारम्** = વિકારશૂન્ય, **अखण्डबोधम्** = અખંડ જ્ઞાનમય ભગવાનને, **नमामि** = નમસ્કાર કરું છું. ૧૩

અનુવાદ--કર્મોથી ઢંકાયેલા સ્વરૂપવાળો, દેહ-ઇન્દ્રિય-અન્તઃકરણરૂપ માયાનું અવલંબન કરીને અહીં માતાના ઉદરમાં જે હું પૂરાયેલ જેવો રહેલો છું, તે હું ચારે બાજુ તપેલા હ્રદયમાં વસેલા જણાતા તેમજ અત્યંત શુદ્ધ વિકારશૂન્ય અને અખંડ જ્ઞાનમય ભગવાનને નમસ્કાર કરું છું. ૧૩

તત્ત્વસુધા—यस्त्वत्र-આ શ્લોકમાં જીવનું અને ભગવાનનું સ્વરૂપ સમજાવ્યું છે. જીવને માટે ત્રણ વિશેષણ આપ્યાં છે ૧ बद्धः બંધાયેલો, ૨ कर्मभिः आवृतात्मा-કર્મથી છુપાએલો, ૩ भूतेन्द्रियाशयमयीम्-દેહ ઈન્દ્રિય-અંતઃકરણવાળી માયાને અવલંબીને રહેલો આવાં ત્રણ વિશેષણ આપ્યાં છે. એનું રહસ્ય એવું છે કે પ્રથમ તો જીવ પંક્ષીની માફક માતાના ઉદરપિંજરમાં પૂરાએલો છે. આવું ઉદર કેદનું કારણ कर्मभिः आवृतात्मा-કર્મથી જીવ ઘેરાએલો છે, તો પછી શા માટે કર્મ કરે છે એનું કારણ બતાવ્યું કે તેને ત્રણ બંધન છે. भूत-इन्द्रिय-आशय-પ્રથમ બંધન દેહ, બીજું ઇન્દ્રિયો, ત્રીજું અંતઃકરણ, આ ત્રણ જ્યાં સુધી રહે ત્યાં સુધી કર્મ ચાલુ જ રહે. અને કર્મ ચાલે ત્યાં સુધી બંધન પણ રહે. આ તો જીવની સ્થિતિ વર્ણવી.

પૂર્વાર્દ્ધમાં જીવના બંધનનાં કારણો વર્ણવી ઉત્તરાર્દ્ધમાં ભગવાનના સ્વરૂપનો ખ્યાલ આપે છે. જીવને मायामवलम्ब्य માયાનું અવલંબન છે તેથી જ પરતંત્ર છે. ભગવાન સ્વતંત્ર છે. માયાને આધીન જીવ હોઈ દેહ, ઇન્દ્રિય, અન્તઃકરણ અને કર્મજાલ જીવને વળગેલાં છે જ્યારે, ૧ विशुद्धम्-માયાના આશ્રયદાતા સ્વતંત્ર ભગવાન છે તેથી તેમને બંધન નથી, દેહનો સંબંધ નથી, ૨ अविकारम्-ભગવાનને વિકાર ન જ સંભવે કારણ કે ઇન્દ્રિયોનો સંબંધ ભગવાનને નથી. ૩ अखण्डबोधम्-ભગવાન નિત્યબોધ સ્વરૂપ છે તેમને અન્તઃકરણ-નો સંબંધ નથી. બંધન, દોષો અને વિકારો દેહ, ઇન્દ્રિય-અન્તઃકરણને લીધે જ સંભવે છે. જે ભગવાનને નથી તો પછી શા માટે ભગવાન હ્રદયમાં વસે છે. એનો ઉત્તર આપે છે કે—

तातप्यमानहृदयेऽवसितम्-જીવનુ હ્રદય વિવિધ તાપોથી સંતપ્ત છે. ભગવાન તે જીવના તાપને નિવારવા કરુણામય સ્વભાવને લીધે ભક્તના વાત્સલ્યથી વરી દર્શન આપી તાપવેદનામાંથી મુક્ત કરે છે તેથી કૃપામય ભગવાનને सोऽहं नमामि બંધનવાળો 'હું જીવ નમસ્કાર કરું છું.' એવી દીનતા પ્રકટ કરી. ૧૩

---

[1] प्रा० पा.-यांश्रय० ।

(ભગવાનનાં રચેલાં પંચમહાભૂતો ભગવાનની કૃપા વિના છૂટી નહીં શકે માટે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ ભગવાનની કૃપા પામવા નમસ્કાર કરે છે—

यः पञ्चभूतरचिते रहितः शरीरे छन्नो[1] यथेन्द्रियगुणार्थचिदात्मकोऽहम् ॥
तेनाविकुण्ठमहिमानमृषिं तमेनं वन्दे परं प्रकृतिपूरुषयोः पुमांसम् ॥ १४ ॥

અન્વયાર્થ—पञ्चभूत रचिते – પંચ મહાભૂતોએ રચેલા, **शरीरे** = શરીરમાં, **यः** = જે, **इन्द्रिय-गुण-अर्थ-चिदात्मकः** = ઇન્દ્રિય, ગુણો, પંચભૂત અને ચેતન સ્વરૂપ, **यथा** = ખરેખર, **छन्नः** = આચ્છાદિત થયેલો છે, **अहम्** = તે હું, **तेन** = તેથી તે શરીરથી, **रहितः** = બંધન વિનાના, **अविकुण्ठ-महिमानम्** = અસ્ખલિત મહિમાવાળા—અખંડ માહાત્મ્યવાળા, **प्रकृति-पुरुषयोः** = પ્રકૃતિ અને પુરુષના, **परम्** = નિયામક, **पुमांसम्** = પુરુષસ્વરૂપ, **तम्-एवम्** = વેદપ્રસિદ્ધ આ, **ऋषिम्** = ઋષિને, **वन्दे** = વંદન કરું છું. ૧૪

અનુવાદ—પંચભૂતના રચેલા શરીરમાં જે ઇન્દ્રિયો, ગુણ, પંચભૂત, અને ચેતન સ્વરૂપ ખરેખર ઢંકાએલો છે તે હું, જે તે દેહથી મુક્ત છે તેવા અમોઘ મહિમાવાળા, વળી પ્રકૃતિ-પુરુષને વશ રાખનારા, પુરુષરૂપ વેદપ્રસિદ્ધ આ ઋષિને વંદન કરું છું. (વંશસ્થ) ૧૪

તત્ત્વસુધા—"यः पञ्चभूतरचिते शरीरे छन्नः-तेन रहितः" એક જ દેહમાં જીવ અને ભગવાન બન્ને રહેલા છતાં બન્નેમાં એક અંતર છે તે બે શબ્દોથી વધુ સ્પષ્ટ કરેલ છે. જીવ પાંચભૌતિક દેહથી ઢંકાએલ છે જ્યારે ભગવાન તે બંધનથી રહિત છે. જીવ દેહથી આચ્છાદિત છે માટે જ इन्द्रिय-गुण-अर्थ-चिदात्मकः-તે કેવા દેહમાં આચ્છાદિત છે તે સમજાવ્યું કે ઇન્દ્રિયો, ગુણો, અર્થ-પંચભૂતો, આ ત્રણના સંઘાતમાં "ચેતનરૂપે" આ આત્માએ પ્રવેશ કરેલો છે. પરિણામે એને દેહ, ઇન્દ્રિય, ગુણો વગેરેનો અધ્યાસ છે અને તેમનો સંબંધ પણ છે. આવો સંબધ ભગવાનને નથી.

ભગવાન તો, तेन रहितः, તે પ્રકારના કારણથી રહિત છે તેમજ अकुण्ठमहिमानं-ભગવાનનો સ્વતંત્રતા, આનંદમય વગેરે મહિમા પ્રબલ છે તે કદી દેહમાં રહેવા છતાં ક્ષીણ નથી થયો. તદુપરાંત प्रकृतिपुरुषयोः परम्-પ્રકૃતિ અને પુરુષના નિયામક છે. વળી पुमांसम्-પુરુષાકાર છે—આકાર રહિત એવી માન્યતા ભ્રાન્તિ છે. અને ઋષિ છે. આ ભગવાનને વંદન કરું છું કે જે બંધનમાંથી મુક્ત કરાવે. ૧૪

यन्माययोरुगुणकर्मनिबन्धनेऽस्मिन् सांसारिके पथि चरंस्तदभिश्रमेण ॥
नष्टस्मृतिः पुनरयं प्रवृणीत लोकं युक्त्या कया महदनुग्रहमन्तरेण ॥ १५ ॥

અન્વયાર્થ—यत्-मायया = જે ભગવાનની માયાથી, **उरु-गुण-कर्म-निबन्धने** = ઘણા ગુણો અને કર્મના બંધનવાળા, **सांसारिके** = સંસારના, **अस्मिन्** = આ, **पथि** = માર્ગમાં, **चरन्** = ફરતાં, **तद्-अभिश्रमेण** = તેના શ્રમને લીધે, **नष्ट-स्मृतिः** = જેના જ્ઞાનનો નાશ થએલ છે તેવો, **अयम्** = આ જીવ, **महद्-अनुग्रहम्** = ભક્તના—મહાપુરુષોના અનુગ્રહ, **अन्तरेण** = વિના, **पुनः कया** = વળી કઈ, **युक्त्या** = યુક્તિથી, **लोकम्** = લોકનો, **प्रवृणीत** = નાશ કરે. ૧૫

અનુવાદ—જેમની માયાથી ઘણા ગુણ અને કર્મના બંધનવાળાં આ સંસારના માર્ગમાં ફરતાં તેના શ્રમને લીધે જેનાં જ્ઞાનનો નાશ થએલો છે તેવો આ જીવ મહાપુરુષોની કૃપા વિના વળી કઈ યુક્તિથી લોકને પાર ઊતરે. (વંશસ્થવૃત્ત) ૧૫

---

[1] प्रा. पा.–च्छन्नो

તત્ત્વસુધા--युक्त्या कथा महदनुग्रहमन्तरेण-આ પંદરમા શ્લોકમાં કેવલ "મહાન પુરુષનો અનુગ્રહ કે ભક્તની કૃપા એ એક જ બંધનમાંથી મુક્ત થવાની યુક્તિ છે. કારણ કે-જીવનું સ્વતંત્ર સામર્થ્ય અને શાસ્ત્રોક્ત ઉપાય સંસારબંધનને છોડાવી શકે. પરંતુ એ બન્ને હવે ગર્ભમાં ઉપયોગી થઈ શકનારા નથી. **नष्टस्मृतिः**-જન્મ-મરણની પરંપરા પ્રાપ્ત થતાં સ્વ-સ્વરૂપ અને ભગવત્ સ્વરૂપ જ્ઞાન નાશ પામેલ છે એટલે શાસ્ત્રીય ઉપાય જ્ઞાન પણ કામનો ન રહ્યો. તેમજ ક્રિયા પણ કરી શકે તેવી સ્થિતિ ન રહી. "જ્ઞાન અને ક્રિયા" આ રીતે તેને માટે ઉપકારક ન બન્યાં. આ સ્થિતિ થવાનું કારણ यन्मायया-उरुगुण-कर्म-निबन्धने-ભગવાનની માયાથી ગુણ અને કર્મનાં બંધનવાળા સંસારમાર્ગમાં ફર્યા કરવું પડે છે. તેથી જ જ્ઞાન નષ્ટ થઈ જાય છે. મુક્ત પુરુષ પણ નિરંતર સંસારમાં વિચરતાં થાકી જવાનો તો પછી બદ્ધ જીવ માટે તો પૂછવું શું? આવી ભૂમિકામાં महदनुग्रह-ભક્તની ભગવદીયની કૃપા જો થાય તો તે એક જ ઉપાય સંસાર તરણનું સાધન થઈ શકે. મહદનુગ્રહ એટલે "સત્સંગ" જ ભગવદનુરાગ જીવને ઉત્પન્ન કરાવી શકશે.

ભક્તના સંગથી ભગવદ્દભાવ ઉત્પન્ન થાય અને તેવા જીવ ઉપર ભગવાન અનુગ્રહ કરે એ આશય આ શ્લોકમાં છે-

ज्ञानं यदेतदद‌धात्कतमः[1] स देवस्त्रैकालिकं स्थिरचरेष्वनुवर्तितांशः ॥
तं जीवकर्मपदवीमनुवर्तमानास्तापत्रयोपशमनाय वयं भजेम ॥ १६ ॥

અન્વયાર્થ—**यत् एतत्** = જે આ, **त्रैकालिकम्** = ત્રણ કાલનું, **ज्ञानम्** = જ્ઞાન, **अददात्** = આપ્યું, **सः** = તે, **स्थावर-जङ्गमेषु** = સ્થાવર અને જંગમ પદાર્થ માત્રમાં, **अनु-वर्तित-अंशः** = પોતાના અંશને સ્થાપનાર, **देव** = જે દેવ છે તે, **कतमः** = પરબ્રહ્મ જ છે, અન્ય કોણ સંભવી શકે? **जीव-कर्म-पदवीम्** = જીવોના કર્મ માર્ગને અનુસરનારા, **वयम्** = અમે, **ताप-त्रय-उप-शमनाय** = ત્રણે પ્રકારના તાપોથી શાંતિ માટે, **तं** = તે દેવનું, **भजेम** = ભજન કરીએ છીએ. ૧૬

અનુવાદ--ત્રણે કાલનું મને જે આ જ્ઞાન આપ્યું તે જ્ઞાન આપનાર સ્થાવર અને જંગમ પદાર્થમાં પોતાના અંશને સ્થાપનારા જે દેવ છે તે પરબ્રહ્મ જ છે. -એ સમર્થ વિના અન્ય કોણ સંભવે. જીવોના કર્મમાર્ગને અનુસરનારા અમે ત્રણે પ્રકારના તાપોની શાંતિ માટે તે દેવનું ભજન કરીએ છીએ. ૧૬

તત્ત્વસુધા—ज्ञानं यदेतददात्-જીવને જ્ઞાન આપનાર કોણ? એ પ્રશ્નનો ખુલાસો આ શ્લોકથી કરે છે. જીવની ત્રણ અવસ્થા હોય છે. પ્રથમ દેહાવસ્થા બીજી જીવાવસ્થા અને ત્રીજી બ્રહ્માવસ્થા. આ ત્રણ સ્થિતિ પસાર થયા બાદ તે "ભગવદ્દાસ્યધર્મ"ની ઉત્તમ કક્ષા સિદ્ધ થાય છે.

જ્યારે "જીવાવસ્થા" સિદ્ધ થાય ત્યારે જ તેને જ્ઞાન આપી શકાય છે. આ જ્ઞાન "त्रैकालिकं ज्ञानं" ત્રણે કાલમાં રહેલી વસ્તુઓનું જ્ઞાન હોય છે. જીવોને આ જ્ઞાન ઇન્દ્રિયોના દેવો નથી આપતા. પરંતુ હૃદયમાં રહેલા ભગવાન અથવા અન્તર્યામીરૂપ રહેલા ભગવાન આપે છે. કારણ કે "જીવ" ભગવાનનો અંશ છે તે હૃદયમાં રહેલ છે. ભગવાન પણ હૃદયમાં રહેલ છે. દયાળુ છે તે પોતાના અંશને જ્ઞાન આપે છે. આ દેવ कतमः છે. अत्यन्तं कः इति कतमः परब्रह्मरूपः જે પરબ્રહ્મ સ્વરૂપ છે તે દેવ જ "कतम" છે. આ દેવનું વર્ણન વાણીથી પર છે.

जीवपदवीमनुवर्तमानाः-અમે સંસારમાર્ગને અનુસરનારાઓ છીએ. તે અમે બધા જીવો ત્રણ પ્રકારના

---

[1] प्रा० पा. दधा० ।

દુઃખોના નિવારણ માટે ભગવાનને શરણે આવીએ છીએ. ભગવાનનું ભજન કરીએ છીએ. બહુવચન અનેક જીવોને લક્ષ્યમાં રાખીને યોજેલ છે. ૧૬

देहान्यदेहविवरे जठराग्निनासृग् विण्मूत्रकूपपतितो भृशतप्तदेहः ॥
इच्छन्नितो विवसितुं गणयन् स्वमासान् निर्वास्यते कृपणधीर्भगवन् कदा नु ॥१७॥

અન્વયાર્થ—**अन्य-देह-विवरे** = માતાના દેહ વિવરમાં-કૂખમાં, **जठर-अग्निना** = જઠરાગ્નિથી, **भृश-तप्त-देहः** = અત્યંત સંતપ્ત દેહવાળો, **असृग्-विड्-मूत्र-कूप-पतितः** = રુધિર, મલ, મૂત્રના ગર્તમાં રહેલો, **देही** = દેહધારી-આત્મા, **इतः** = આ દેહમાંથી, **विवसितुम्** = બહાર નીકળવાને, **इच्छन्** = ચાહતો, **स्वमासान्** = પોતાના મહિનાઓને, **गणयन्** = ગણતો, **कृपणधीः** = હીનબુદ્ધિ જીવ, **हे भगवन्** = હે ભગવાન, **कदा नु** = ખરેખર ક્યારે, **निर्वास्यते** = આપના દ્વારા બહાર કઢાશે. ૧૭

અનુવાદ—માતાના દેહ વિવર-કૂખમાં રહેલા જઠરાગ્નિથી અત્યંત તપેલા શરીરવાળો, રુધિર-મલ-મૂત્રના ગર્ભમાં પડેલો દેહી-જીવ, આ સ્થાનમાં બહાર નીકળવા ચાહતો, પોતાના મહિનાઓને ગણી રહ્યો છે તો હે ભગવન્! આપ તે દીનમતિ જીવને ક્યારે બહાર લઈ આવશો ? (વંશસ્થવૃત્ત) ૧૭

તત્ત્વસુધા—देही अन्यविवरे-જીવ ગર્ભના દેહમાં છે. તેમજ દેહાભિમાનમાં પણ છે તેથી તેને "દેહી" કહ્યો. એક તો પોતાનો દેહ બંધન સ્વરૂપ છે જ. ત્યાં अन्यदेहविवरे-માતાના દેહની કૂખમાં-એટલે જ વિવરમાં રહેલ છે. તેથી એ જઠરાગ્નિ અંદર બહાર તપાવનારા બન્યા. પોતાના જઠરાગ્નિના તાપથી તે અંદર તપે છે અને માતાના જઠરની ઉષ્માથી શરીરનો બહારનો પિંડ પીડાય છે જઠરાગ્નિમાં રહેલો તે જીવ રુધિર-મલ-મૂત્રના ગર્ભમાં અતિશય સીદાય છે. માતાનો દેહ આધિભૌતિક પીડા સ્વરૂપ છે, સ્વયં કૃપણધી-દીનબુદ્ધિ હોવાથી આધ્યાત્મિક દુઃખ છે, તેમજ જઠરમાં રહેલા અગ્નિથી આધિદૈવિક પીડાથી પણ તે સંતપ્ત બન્યો છે. આ રીતે ત્રિવિધ તાપ પીડિત ભગવાનને વિનવે છે કે—

इच्छन्नितो विवसितुं गणयन् स्वमासान्-હજી ઉદરમાં કેટલા મહિના રહેવાનું છે તેની જાણ નથી અને નક્કી નથી. તેથી થઈ ગએલા માસો યાદ કરું છું. અને વિનવું છું કે આપ કૃપા કરીને કૃપાનાથ! ક્યારે મુક્ત કરશો. ૧૭

⟨પ્રભુએ આપેલા જ્ઞાનનો બદલો વાળવા માટે સમર્થ ન થતાં કેવલ ભગવાનની સામે અંજલિ જોડે છે—

येनेदृशीं गतिमसौ दशमास्य ईश सङ्ग्राहितः पुरुदयेन भवादृशेन ॥
स्वेनैव तुष्यतु कृतेन स दीननाथः को नाम तत्प्रतिविनाञ्जलिमस्य कुर्यात् ॥ १८ ॥

અન્વયાર્થ—**ईश** = હે સમર્થ ભગવન્, **येन भवादृशेन** = જે આપના જેવા, **पुरुदयेन** = પૂર્ણ દયાળુ ભગવાને, **असौ** = આ, **दश-मास्य** = દશ મહિનાનો આત્મા. **ईदृशीं-गतिम्** = આવા પ્રકારના જ્ઞાનને, **सङ्ग्राहितः** = પાત્ર બનાવ્યો છે, **सः** = તે, **दीननाथः** = દીનદયાળુ પ્રભુ, **स्वेन-एव** = પોતાના જ, **कृतेन** = સુકૃત્યથી, **तुष्यतु** = તુષ્ટ થાવ, **कः नाम** = ખરેખર કોણ એવો પુરુષ છે કે જે, **अस्य तत् प्रति** = આ પ્રભુના ઉપકારના બદલામાં, **अञ्जलिं विना** = અંજલિ જોડવા વિના, **कुर्यात्** = કાંઈ પણ શું કરી શકે ? ૧૮

અનુવાદ—હે પરમેશ્વર, જે આપના જેવા પૂર્ણકૃપાળુ ભગવાને આ દશ મહિનાનો આત્મા, આવા પ્રકારના જ્ઞાનને પાત્ર બનાવ્યો છે તે દીનદયાળુ પ્રભુ પોતાના સુકૃત્યથી

સંતુષ્ટ બનો. ખરેખર એવો કોણ પુરુષ છે કે જે પ્રભુના આ ઉપકારનાં બદલામાં અંજલિ જોડવા વિના કાંઈ પણ શું કરી શકે? (વંશસ્થવૃત્ત) ૧૮

તત્ત્વસુધા—येनेदृशीं गतिमसौ–આ શ્લોકમાં જીવની દીનતા છે. કરબદ્ધ અંજલિ જોડતો દીન જીવાત્મા પ્રભુને વિનવે છે કે दशमास्य–દશ માસની વયવાળા આ ગર્ભને જ્ઞાન કેમ સંભવી શકે? વળી पुरुदयेन–પૂર્ણ કૃપાળુ આપના વિના અન્ય આવી કૃપા કોણ કરે?

विनाञ्जलिमस्य कुर्यात्–માત્ર જીવથી અંજલિ જોડવાનું એક જ કામ કરી શકાય: ભગવાન તો દયાળુ છે પ્રભુની પ્રપત્તિ સ્વીકારે. કાદવકીચડમાં જો ગાય–વાછરડી ખૂંપી ગયાં હોય. ત્યાં કોઈ સુજનની દૃષ્ટિ પડે. પુનઃ તે ગાય–વાછરડીને કષ્ટમાંથી મુક્ત કરે. તેતી પણ તે સજ્જનને સંતોષ ન થાય તેના શરીરના કાદવ કીચડને સ્વચ્છ કરે અને ઘાસનો પૂરો ગાય–વાછરડીને નીરે. આ સર્વકાર્ય સમાપ્ત કર્યા પછી તે સજ્જન ગાય–વાછરડી આભાર માને એવી આશા નથી રાખતો. પરંતુ તે સુકૃતી નર પોતાના સુકૃત્યથી જ પ્રસન્ન થાય છે. તે પ્રકારે હે કરુણાનિધિ ભગવન્! આપે માતૃકૂખપંકમાંથી અને સંસારપંકમાંથી "જીવને" મુક્ત કરવાનું સુકૃત્ય કર્યું તે આપના દયાકૃત્યથી જ આપ પ્રસન્ન થાવ. ૧૮

જીવ કોની સ્તુતિ કરતો હશે એના ઉત્તર માટે આ શ્લોક છે—

पश्यत्ययं धिषणया ननु सप्तवध्रिः शारीरिके दमशरीर्यपरः स्वदेहे ॥
यत्सृष्टया स तमहं पुरुषं पुराणं पश्ये बहिर्हृदि च चैत्यमिव[1] प्रतीतम् ॥ ⑲ ॥

અન્વયાર્થ—**यत्-सृष्टया** = જે ભગવાને અર્પેલી, **धिषणया** = બુદ્ધિથી, **अयं** = આ, **दम-शरीरी** = સંયમશીલ શરીરવાળો, **ननु** = ખરેખર, **सप्तवध्रिः** = સાત બંધનવાળો હોવા છતાં, **पश्यति** = જુએ છે–જાણે છે કે, **शारीरके** = શરીરના સંબંધવાળા, **स्वदेहे** = પોતાના દેહમાં, **अपरः** = જે બીજો અંદર રહેલ છે, **सः** = તે પુરુષ, **चैत्यमिव** = જીવના જેવા, **प्रतीतम्** = જાણતા, **पुराणम्** = પુરાણ, **पुरुषम्** = પુરુષ એવા, **तम्** = તે ભગવાનને, **अहम्** = હું, **हृदि** = હૃદયમાં, **च** = અને, **बहिः** = બહાર, **पश्ये**–જોઉં છું. ૧૯

અનુવાદ—જે ભગવાને આપેલી સદ્‌બુદ્ધિથી, સંયમ સાધી શકાય એવા દેહવાળો, ખરેખર હું સાત પ્રકારના બંધનવાળો છું છતાં પણ જોઈ રહ્યો છું–જાણું છું કે શરીરના સંબંધવાળા પોતાના આ દેહમાં જે બીજા અંદર રહેલ છે તે જીવના જેવા જ જણાય છે તો પણ તે પુરાણ પુરુષ ભગવાન છે. તે ભગવાનને હું હૃદયમાં અને બહાર જોઉં છું. (વ.) ૧૯

તત્ત્વસુધા—पश्यत्ययं धिषणया–આ શ્લોકનું તાત્પર્ય એવું છે કે "જીવ ગર્ભમાં કોની સ્તુતિ કરે છે ત્યાં કોઈ તેને દેખાતો હશે!–આ પ્રકારના વિચારનો ઉત્તર આ શ્લોકથી આપતાં કહે છે કે अयं–આ દેહબંધનવાળો જીવ ભગવાને આપેલી બુદ્ધિથી अपरः–બીજો કોઈ પણ આ દેહમાં છે એવું જાણી શક્યો છે. કારણ કે सप्तवध्रिः–સાત પ્રકારના બંધનવાળો જીવ છે છતાં તે પશુ પક્ષીના દેહમાં નથી પરંતુ दमशरीरी–શમ–દમ–વિવેક વગેરે સાધન સાધી શકે તેવા "સાધક" માનવ દેહમાં છે. તદુપરાંત તેના ઉપર ભગવાનની કૃપા છે. ભગવાને પોતાને જાણી શકે તેવી બુદ્ધિનું દાન કર્યું છે.

अपरः–જીવને એવો અનુભવ થયો છે કોઈ अपरः પોતાનો નિયામક આ દેહમાં છે અને પોતે તો "નિયમ્ય–આધીન" છે તે शारीर એટલે શરીરમાં રહેલો જીવ शारीरिके–આજ શરીરમાં–પુરમાં પોતાના

---

[1] प्रा. प्रा.–दैवमिति प्रतीतः ।

આત્મારૂપ શરીરમાં જ प्रतीतं-पुराणं-पुरुषं-तं पश्ये-પ્રતીત થતા પુરાણ પુરુષને હૃદયમાં પણ જુએ છે **અને** બહાર પણ જુએ છે. **જીવનો આત્મા ભગવાનનો દેહ છે. ૧૯**

(આ શ્લોકમાં જીવને ભગવાનની કૃપાનો **અનુભવ** થવાથી દુઃખ ભરેલા ગર્ભાવાસમાં પણ સંસારરૂપ કરતાં વધુ શાંતિ છે એમ માનીને તે ગર્ભાવાસમાં જ વસવાની ભગવાનને પ્રાર્થના કરે છે—

भो गर्भान्न ब

विभो **सोऽहं वसन्नपि विभो बहुदुःखवासं गर्भान्न निर्जिगमिषे बहिरन्धकूपम्**[1] ॥
यत्रोपयातमुपसर्पति देवमाया मिथ्यामतिर्यदनुसंसृतिचक्रमेतत् ॥ २० ॥

અન્વયાર્થ—विभो = હે ભગવન્, **बहु-दुःख-वासम्** = અત્યંત દુઃખથી રહી શકાય તેવી રીતે, **सः अहम्** – તે હું અહીં, **वसन्-अपि** = રહેલ છું છતાં, **गर्भात्** = આ ગર્ભમાંથી, **बहिः** = બહાર, **अन्धकूपम्** – આ અંધારકૂપમાં, **न नि-र्जिगमिषे** = જવા નથી ચાહતો, કારણ કે, **यत्र** = જે સંસારકૂપમાં **उपयातम्** = જનારને–જતાં સાથે જ, **देवमाया** = દેવમાયા, **उपसर्पति** = ઘેરી વળે છે, **यदनु** = અને તે દેવમાયાની પાછળ, **मिथ्यामतिः** = મિથ્યા મતિ ઉત્પન્ન થાય છે, અને તેની પાછળ, **एतत्** = આ, **संसृति-चक्रम्** = સંસારચક્ર શરૂ થાય છે. ૨૦

અનુવાદ—હે ભગવન્! ઘણા જ કષ્ટથી રહી શકાય તેવી રીતે આ ગર્ભાવાસમાં રહેલ છું છતાં પણ આ ગર્ભાવાસમાંથી અંધાર કૂપ-સંસારમાં જવા નથી ચાહતો. કારણ કે એ સંસારકૂપમાં જતાં જ દેવમાયા આવી ઘેરી લે છે. એની પાછળ મિથ્યામતિ થાય છે અને સંસારચક્ર આરંભાય છે. (વસંતતિલકાવૃત્ત) ૨૦

તત્ત્વસુધા—सोऽहं वसन्नपि विभो–ભગવાનને "विभो" સંબોધન કરી વિનવે છે કે આપ ગર્ભમાંથી **બહાર કાઢવા સમર્થ છો**, ગર્ભમાં રાખવા પણ સમર્થ છો. આપનું સર્વવિધ સામર્થ્ય છે તો વિનવું છું કે મને ગર્ભાવાસમાં જ રાખો.

ભગવાને કહ્યું, શું તને ગર્ભાવાસમાં ખૂબ જ રસ પડ્યો છે? જીવે કહ્યું, ના નાથ! આ પણ કૂપ છે અને સંસાર પણ કૂપ છે છતાં બન્નેમાં અંતર છે કે ગર્ભાવાસકૂપમાં "વિવેક–પ્રકાશ" છે અને સંસાર તો "અંધારકૂપ" છે તો શા માટે તે અંધાર કૂપમાં મારે જવું. કારણ કે—

यत्रोपयातमुपसर्पति–જ્યાં જતાં જ માયા ઘેરી લેશે. અને અવિલંબે मिथ्यामतिः–ત્રણ પ્રકારની મિથ્યામતિ આવશે. પૂર્ણપુરુષ ભગવાનનું વિસ્મરણ અથવા સામાન્ય દેવ તુલ્ય જેવી બુદ્ધિ, ભગવાનના સેવક સ્વરૂપ આત્મામાં અન્યથાબુદ્ધિ, અને અનાત્મા પદાર્થોમાં આત્મબુદ્ધિ થશે. તેની જ સાથે संसृतिचक्रम्–સંસારની જન્મમરણપરંપરા લાધશે, તો વિવેકવાળો ગર્ભાવાસ જ ઘણો ઉત્તમ છે. ૨૦

तस्मादहं विगतविक्लव उद्धरिष्ये आत्मानमाशु तमसः सुहृदाऽऽत्मनैव ॥
भूयो यथा व्यसनमेतदनेकरन्ध्रं मा मे भविष्यदुपसादितविष्णुपादः ॥ २१ ॥

અન્વયાર્થ—तस्मात् = તેથી, **यथा** = જે રીતે, **उप-सादित-विष्णु-पादः** = શ્રી વિષ્ણુ ચરણકમલનો

---

[1] प्रा० पा. कूपे।

આશ્રય મેળવીને-હૃદયમાં પધરાવીને, **अहम्** = હું, **मे** = મને, **अनेकरन्ध्रम्** = અનેક છિદ્રવાળું-અનેક દોષવાળું, **व्यसनम्** = દુઃખ-ક્લેશ, **मा-अभविष्यत्** = પુનઃ ન થાવ, તે પ્રકારે, **विगत-विक्लवः** = વ્યાકુલતાથી રહેલો, **आत्मानम्** = પોતાને, **आशु** = અવિલંબે, **सुहृदा-आत्मना-एव** = મિત્ર બનેલા આત્માથી જ, **तमसः** = તમમાંથી, **उद्धरिष्ये** = ઉદ્ધાર કરીશ. ૨૧

અનુવાદ—માટે, શ્રી વિષ્ણુચરણકમલનો આશ્રય કરીને, જે રીતે હું, મને અનેક દોષોવાળાં દુઃખ-ક્લેશો ભવિષ્યમાં ન ભોગવવાં પડે તે પ્રમાણે, વ્યાકુલતાથી મુક્ત થઈ મારો પોતાનો, મિત્રરૂપ મારા આત્માથી જ અવિલંબે તમમાંથી-સંસારમાંથી ઉદ્ધાર કરીશ. ૨૧

તત્ત્વસુધા—तस्मात्-ઉપરના શ્લોકોના તાત્પર્યરૂપે ગર્ભાવાસની પુનઃ પુનઃ વેદના ન ભોગવવી પડે એ માટે હવે હું નિર્ણય ઉપર આવું છું કે આ ગર્ભાવાસમાં જ રહીને મારો પોતાનો ઉદ્ધાર કરીશ કે ફરીથી ગર્ભાવાસવેદના ન ભોગવવી પડે. તો શો ઉપાય કરવાથી પાર ઉતરાય એવી જો શંકા થાય તો ખુલસો છે કે સૌથી પ્રથમ તો उपसादितविष्णुपादः-શ્રીવિષ્ણુ ભગવાનનાં ચરણકમલનો આશ્રય કરીશ. તેના એક જ આશ્રયથી અનાયાસે દુઃખોનો સામનો કરી પાર ઊતરીશ.

આજે ગર્ભાવાસમાં તો ભગવાનની કૃપાથી ભગવાનનું સાન્નિધ્ય છે. વળી જ્ઞાનનું અનુસંધાન પણ છે. જ્યારે ગર્ભમાંથી બહાર આવ્યા બાદ કદાચ સ્મરણ રહે કે ન પણ રહે. એના કરતાં ઉદરમાં રહી સ્તુતિ કરતો પાર ઊતરીશ. આ પ્રમાણે ગર્ભસ્થ જીવે દશ શ્લોકમાં ભગવાનનો યશ ગાયો. ૨૧

ઉપરના દશ શ્લોકમાં ગર્ભઋષિએ સ્તુતિ કરી, તેનામાં સંસ્કારો પુષ્ટ થયા. તે જીવની અવશ્ય ઊર્ધ્વ ગતિ થવાની જ છે. હવે આવો સંસ્કારસમ્પન્ન જીવ જન્મ લે છે તે પ્રસંગ વર્ણવશે—

कपिल उवाच—एवं कृतमतिर्गर्भो दशमास्यः स्तुवन्नृषिः ॥
सद्यः क्षिपत्यवाचीनं प्रसूत्यै सूतिमारुतः ॥ २२ ॥

અન્વયાર્થ—**एवं-कृतमतिः** = આવા નિશ્ચય મતિવાળો, **दशमास्यः** = દશ માસની વયનો, **ऋषिः** = ઋષિ મંત્રદ્રષ્ટા બનેલો, **गर्भः** = ગર્ભ, **स्तुवन्** = સ્તુતિ કરતો હોય છે, ત્યાં જ તેને, **सूति-मारुतः** = પ્રસવ કરનાર પ્રસૂતિપવન, **प्रसूत्यै** = પ્રસવ માટે, **सद्यः** = વિના વિલંબે, **अवाचीनम्** = નીચે, **क्षिपति** = ધકેલે છે. ૨૨

અનુવાદ—આ પ્રમાણે નિશ્ચિત મતિવાળો, દશ માસની વયનો, મંત્રદ્રષ્ટા બનેલો ઋષિ એવો ગર્ભ સ્તુતિ કરતો હોય છે ત્યાં જ તેને પ્રસૂતિનો પવન પ્રસવ માટે પૃથ્વી ઉપર ધકેલે છે. ૨૨

તત્ત્વસુધા—एवं कृतमतिः-એ પ્રમાણે જીવનિર્ણય ઉપર આવ્યો કે માતાના ઉદરમાં જ વસવું અને ભગવાનની કૃપા સમ્પાદન કરી જન્મમરણના બંધનમાંથી મુક્ત થવું. એથી જ તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. હરિકૃપાથી તે મંત્રદ્રષ્ટા ઋષિ બન્યો. હવે આ જીવનનાં કર્મફલોનો ઉપભોગ બાકી હતો તેથી તેના ગર્ભમાં જ સંસ્કારો પુષ્ટ થયા. હવે તે જન્મ લેશે તોપણ ઊર્ધ્વગતિ જ થશે. ૨૨

तेनावसृष्टः सहसा कृत्वाऽवाक् शिर आतुरः ॥
विनिष्क्रामति कृच्छ्रेण निरुच्छ्वासो हतस्मृतिः ॥ २३ ॥

[1]पतितो भुवि विण्मूत्रे विष्ठाभूरिव चेष्टते ॥
रोरूयति गते ज्ञाने विपरीतां गतिं गतः ॥ २४ ॥

અન્વયાર્થ—**तेन** = તે પ્રસૂતિ પવનથી, **सहसा** = એકદમ, **अवसृष्टः** = ધકેલાએલો, **अवाक्-शिरः**= નતમસ્તક, **आतुरः** = દુઃખી થઈ, **निरुच्छ्वसः** = શ્વાસ ન લઈ શકતો, **हतस्मृतिः** = સ્મરણ નષ્ટ થતાં, **कृच्छ्रेण** = ઘણા શ્રમે, **विनिष्क्रामति** = બહાર નીકળે છે. **विड्-मूत्रे** = વિષ્ઠા-મૂત્રમાં, **भुवि** = પૃથ્વી ઉપર, **पतितः** = પડેલો, **विष्ठाम् इव** = વિષ્ઠાના કીટની માફક, **चेष्टते** = આળોટે છે. **ज्ञाने गते** = ગર્ભનું જ્ઞાન તિરોધાન પામતાં, **विपरीतां गतिम्** = ઊલટી ગતિને, **गतः** = પામેલો, **रोरूयति** = જીવ રડે છે. ૨૩, ૨૪

અનુવાદ—પ્રસૂતિના પવને એકાએક ધકેલાએલો, અને નત મસ્તકવાળો અતિ દુઃખી થઈ, શ્વાસ પણ ન લઈ શકતો, સ્મરણશૂન્ય બનેલો કષ્ટથી બહાર આવે છે. મલ-મૂત્રમાં ભૂમિ ઉપર પડેલો, વિષ્ઠામાં ઉત્પન્ન થયેલા કીટની માફક આળોટે છે, તેમજ ગર્ભજ્ઞાન નષ્ટ થતાં, વિપરીત દશાને પામેલો, અંતે રુદન કરે છે. ૨૩, ૨૪

તત્ત્વસુધા—तेनावसृष्टः—માતૃકૂખમાં રહેલ પુણ્યાત્મા જીવ ભગવદનુગ્રહથી જ્ઞાન સંપાદન કરે છે તેને પણ પ્રારબ્ધ કર્મ ભોગવવાનું છે એટલે તે બહાર આવે છે. તે પ્રકારે સામાન્ય જીવ પણ બહાર આવે છે. ઉદરમાંથી બહાર આવનાર જીવની એક સરખી જ પ્રક્રિયા હોય છે તેથી બહાર નીકળવાનો પ્રકાર વર્ણવે છે—

तेनावसृष्टः—સ્વયં તો નીકળવા સમર્થ નથી. પ્રસૂતિપવન તેને ધકેલે છે. अवाक्शिरः—મસ્તક નીચું હોય છે તેથી અનાયાસે પ્રસવ થાય છે. તેથી વિપરીત રીતે બહાર આવે તો વધુ શ્રમ અને જીવ જોખમમાં મુકાય છે. આ રીતે પણ બહાર આવવું કષ્ટ ભરેલું છે જ.

निरुच्छ्वासः—માતાના ઉદરમાં શ્વાસગતિ શક્ય નથી. हतस्मृतिः—સ્મરણ પણ પીડાથી નષ્ટ થઈ જાય છે. જો ગર્ભજ્ઞાનનું સ્મરણ રહે તો પછી શાસ્ત્રનું પ્રયોજન જ ન રહે. બહાર આવેલા વિસ્મૃતજ્ઞાન જીવને શાસ્ત્રથી જ્ઞાન મળે છે.

विण्मूत्रे पतितः—માતાના ઉદરમાંથી બહાર નીકળતો જીવ विण्मूत्रे વિષ્ઠા અને મૂત્રના ગર્તમાં પડેલ હોય છે. આ વિષ્ઠા ગર્ભની પોતાની જ છે અને મૂત્ર પ્રસવ સમયનું ગર્ભોદક છે. અન્યના મત પ્રમાણે असृङ्मूत्रे પાઠ છે. તેઓ બાળકની વિષ્ઠા નથી પરંતુ માતાના असृक् ઉદરના શોણિત અને મૂત્રમાં તે બાળક પડેલો હોય છે. विष्ठाभूरिव चेष्टते—વિષ્ઠામાં રહેલા "કીટ"ને ખ્યાલ નથી હોતો પણ તે મલમૂત્રમાં ચેતનાને લીધે આળોટે છે. તાત્કાલિક પ્રસવ પામેલો જીવ પણ તે જ પ્રકારે આળોટે છે.

विपरीतां गतिं गतः रोरूयति—પ્રથમ તો "જીવબુદ્ધિ" ગર્ભમાં તેની કૃપાથી થયેલી. તે ચાલી જતાં દેહબુદ્ધિ પાછી આવી અને રુદનનો આરંભ કર્યો. આ રુદન અવ્યક્ત શબ્દ છે. ૨૩, ૨૪

પ્રસવ પછીથી બાલકની વેદનાનું વર્ણન છે—

परच्छन्दं न विदुषा पुष्यमाणो जनेन सः ॥
अनभिप्रेतमापन्नः प्रत्याख्यातुमनीश्वरः ॥ २५ ॥
शायितोऽशुचिपर्यङ्के जन्तुस्वेदजदूषिते ॥
नेशः कण्डूयनेऽङ्गानामासनोत्थानचेष्टने ॥ २६ ॥

---

[1] पतितो भुव्यसृङ्मूत्रे । प्रा० पा०

અન્વયાર્થ—परच्छन्दम् = અન્યની ઇચ્છાને, **न-विदुषा** = ન જાણનાર, **जनेन** = મનુષ્યથી, **पुष्यमाणः** = પોષણ પામતો, **सः** = તે **अनभिप्रेतम्** = અણગમતી–અપ્રિય વસ્તુને, **आपन्नः** = પ્રાપ્ત કરે છે તેમજ, **प्रति-आख्यातुम्** = ના પાડવાને માટે, **अनीश्वरः** = સમર્થ નથી થતો, **जन्तु-स्वेदज-दूषिते** = જંતુઓ અને પરસેવાથી ઉત્પન્ન થયેલા માંકડ વગેરેથી દુઃખ દેનારા, **अशुचि-पर्यङ्के** = પ્રસૂતિના અપવિત્ર ખાટલામાં, **शायितः** = સૂવાડેલો, **अङ्गानाम्** = પોતાનાં અંગોને, **कण्डूयते** = ખણવામાં ખંજવાળવામાં, **आसन-उत्थान-चेष्टने** = બેસવામાં, ઊભા થવામાં કે પાસાં ફેરવવામાં, **न-ईशः** = સમર્થ નથી હોતો. ૨૫, ૨૬

અનુવાદ—અન્યની ઇચ્છાને ન સમજનાર મનુષ્યથી પોષણ પામતો બાલક, અણગમતી વસ્તુ આવી પડે છે તેને ભોગવે છે તેમજ ના પાડવા માટે તે સમર્થ થતો નથી. જંતુઓ-મચ્છર-માંકડના ઉપદ્રવથી ભરેલા, પ્રસૂતિના અપવિત્ર ખાટલામાં સૂવાડેલો, વળી પોતાનાં અંગોની બેસવા–ઊભા થવા કે પાસાં ફેરવવા કે હલનચલનની ક્રિયામાં પણ તે અસમર્થ હોય છે. ૨૫, ૨૬

તત્ત્વસુધા—“परच्छन्दं न विदुषा”–બાલકની વેદના શી છે તે સમજવું કઠિન છે. કારણ કે તેને વેદના થતી હોય કાંઈક બીજી અને એના ઉપચાર થતા હોય કાંઈ અન્ય જ. પેટમાં કૃમિ કરડતા હોય અને બાલક ભૂખ્યો છે માનીને અન્ન–દૂધ આપવામાં આવતું હોય. બાળક તે વસ્તુને રોકી પણ શકે નહીં.

“शायितोऽशुचिपर्यङ्के”–પ્રસૂતિ પછી અપવિત્ર ખાટલામાં પ્રથમ દશ દિવસ તેને આશોચમાં સુવાડવામાં આવ્યો હોય છે. જીવની આ સ્થિતિ સંપૂર્ણ દયાપાત્ર હોય છે. અપવિત્ર દેશમાં સૂઈ જવું, જ્ઞાન વગેરેનું ઉત્પન્ન ન થવું, મચ્છર માંકડથી પીડાવું, શરીર ઉપર ચળ આવે પણ ખંજવાળી ન શકવું, ઊભા થવું, ફરવું પાસું બદલવું કે બેસવું આ કાંઈ પણ થઈ ન શકે તે વેદના શરીરથી સર્વથા અસહ્ય છે. ૨૫, ૨૬

આ બે શ્લોકોમાં દેહને થતા કષ્ટોનું કથન છે—

तुदन्त्यामत्वचं दंशा मशकामत्कुणादयः ॥
रुदन्तं विगतज्ञानं कृमयः कृमिकं यथा ॥ २७ ॥
इत्येवं शैशवं भुक्त्वा दुःखं पौगण्डमेव च ॥
अलब्धाभीप्सितोऽज्ञानादिद्धमन्युः शुचार्पितः ॥ २८ ॥

અન્વયાર્થ—यथा = જેમ, **कृमयः** = કૃમિ–કીટ–મોટા કીટ, **कृमिकम्** = નાના કીટને, **तुदन्ति** = કરડે છે તેમ, **दंशाः** = ડાંસ, **मशकाः** = મચ્છર, **मत्कुण-आदयः** = માંકડ વગેરે, **आम-त्वचम्** = કુમળી ચામડીવાળા, **रुदन्तम्** = રુદન કરતા, **विगतज्ञानम्** = જ્ઞાન વિનાના તે બાળકને, **तुदन्ति** = કરડે છે. **इत्येवम्** = આ પ્રકારે, **शैशवम्** = બાલપણના, **च पौगण्डम्** = તેમજ પૌગંડ અવસ્થાના, **दुःखम्** = દુઃખને, **भुक्त्वा** = ભોગવીને, **अलब्ध-अभि-ईप्सितः** = વાંછેલી ઈષ્ટ વસ્તુઓ ન મળવાથી, **अज्ञानात्** = અબોધ અવસ્થાને કારણે, **इद्ध-मन्युः** = ક્રોધ વધી જતાં બાળક, **शुचा-अर्पित** = શોકાન્વિત બને છે. ૨૭, ૨૮

અનુવાદ—જેમ મોટા કીટો નાના કીટને કરડે છે તે પ્રકારે મોટા ડાંસ, મચ્છર, માંકડ વગેરે, કુમળી ત્વચાવાળા, રડતા અને બોધ વિનાના તે અબુધ બાળકને કરડે છે—આ પ્રકારે બાલપણાના તેમજ પૌગંડ વયના દુઃખને ભોગવીને મનમાનીતી વસ્તુઓ પ્રાપ્ત

ન થવાથી અબોધ વયને કારણે ક્રોધ વધી જતાં તે શોકાર્ત બને છે. ૨૭, ૨૮

તત્ત્વસુધા—“ तुदन्त्यामत्वचम् ”–આ બે શ્લોકોમાં બાળકના પ્રસવ પછીથી નવમા વર્ષ સુધીનાં દુઃખોનો ખ્યાલ આપ્યો છે. आमत्वच् એટલે હજી તો તાત્કાલિક પ્રસૂત બાલદેહની “ત્વચા” તદ્દન કાચી કુમળી છે. ત્યાં તો મચ્છરનો સ્પર્શ પણ સહ્ય નથી. જ્યારે એને મોટા મોટા ડાંસ અને માંકડ કરડે છે. આ સૂચનથી એમ લાગે છે કોઈ નરકનો જીવ તદ્દન ગરીબ અને ગંદા પ્રદેશમાં જન્મ્યો હશે. તેથી જ તેને ડાંસ, મચ્છર, માંકડવાળા પ્રદેશમાં જન્મ મળ્યો છે. પરિણામે જીવ જંતુઓના કરડવાથી તે રડ્યા કરે છે. कृमयः–કીડો જેમ નાના કીટને કરડે છે તેમ આ મશકો પણ આ બાલકને પોતાની જ જાતનો જંતુ સમજે છે. બાળક અને મચ્છર બન્ને અબુધ છે. ત્યાં દોષ પ્રારબ્ધકર્મનો.

इत्येवं शैशवं भुक्त्वा–એક વર્ષથી પાંચ વર્ષની વયે બાલ્યાવસ્થા છે અને પાંચ થી નવ વર્ષ પર્યન્તની વય “પૌગંડ” અવસ્થા છે. આ બન્ને વયમાં તે દુઃખો વેઠતો જ આવ્યો છે. બાળકને વાણી તો નથી. પણ ઇચ્છા છે. ઇચ્છાઓ પૂર્ણ ન થાય એટલે ક્રોધ જ થવાનો. બાળકે આ રીતે પૌગંડ કાલ ગાળ્યો. પાંચમા વર્ષથી નવમા વર્ષમાં “અધ્યયન” પણ શરૂ થાય છે તે પણ રુચિકર તો નથી જ તેથી પણ દુઃખ થાય છે.

વય વધતાં વિકારો વધે છે એ નિરૂપણ બે શ્લોકોથી કરે છે—

सह देहेन मानेन वर्धमानेन मन्युना ॥
करोति विग्रहं कामी कामिष्वन्ताय चात्मनः ॥ २९ ॥
भूतैः पञ्चभिरारब्धे देहे देह्यबुधोऽसकृत् ॥
अहं ममेत्यसद्ग्राहः करोति कुमतिर्मतिम् ॥ ३० ॥

અન્વયાર્થ—**देहेन-सह** = દેહની સાથે, **वर्धमानेन** = વધતા, **मानेन च** = અભિમાનથી, તેમજ **मन्युना** = ક્રોધથી, **कामी** = કામી પુરુષ, **आत्मनः** = પોતાના, **नाशाय** = નાશ માટે, **कामिषु** = કામીઓ સાથે, **विग्रहम्** = વિગ્રહ–વેર, **करोति** = કરે છે. **पञ्चभिः** = પાંચ, **भूतैः** = મહાભૂતોથી, **आरब्धे** = આરંભેલા, **देहे** = દેહમાં, **कुमतिः** = કુમતિ આ દેહ હું છે એવો, **असद्ग्राहः** = મિથ્યા આગ્રહી, **अबुधः** = અણસમજુ, **देही** = દેહી, જીવ, **अहम् मम इति** = હું અને મારું એવો, **मतिम्** = મતિને, **असकृत्** = વારંવાર **करोति** = કરે છે. ૨૯, ૩૦

અનુવાદ––વય જતાં દેહ વધતાંની સાથે અભિમાન અને ક્રોધને લીધે, કામી પોતાના નાશ માટે કામીઓ સાથે વૈર બાંધે છે. પંચમહાભૂતોથી બનેલા દેહમાં કુબુદ્ધિવાળો મિથ્યા આગ્રહ રાખનાર અબુધ એવો દેહી હું અને મારું એવી બુદ્ધિ વારંવાર કરે છે. ૨૯, ૩૦

phycologist

તત્ત્વસુધા—सह देहेन मानेग वर्धमानेन मन्युना-ભગવાન કપિલ ઉત્તમ માનસ ચિકિત્સક છે. તેઓ કહે છે કે માડી દેવહૂતિ ! અભિમાન, ક્રોધ, કામ વગેરે વય વધે છે તેમ સ્વાભાવિક વધે છે. તેમાં ક્રોધ તો દેહ વધે કે ન વધે પણ તે તો હોય છે જ. જ્યારે અભિમાન જેમ વય વધતી જાય છે તેમ વધતું જાય છે.

physia-thera-pist

करोति विग्रहं कामी–જેમ વયથી મોટો બન્યો તેમ કામનાઓ–ઇચ્છાઓ પણ વધી. તેથી જ તેને કામી એટલે ઇચ્છાવાળો કહ્યો. પુણ્ય વિના ઇચ્છાઓ ફળે જ ક્યાંથી ? વળી વસ્તુ એક હોય અને ચાહનારા અનેક હોય એટલે મેળવવા માટે તે विग्रहम् વૈર પણ બાંધવાનો જ. એમ કરતા પોતાનો જ નાશ તે વહોરી લે છે.

“अहंममेत्यसद्ग्राहः”-એવો વિચાર આવે કે “તે જ્ઞાન ન મેળવી ન શકે? અને વિવેકથી કામ-ક્રોધાદિને ન જીતી શકે? એના સમાધાનમાં कुमतिः-अबुधः-असद्ग्राहः કુબુદ્ધિ, અબુધ, અને મિથ્યાગ્રહી એવાં ત્રણ કારણો કહ્યાં છે. આ ત્રણ કારણો તેને વિવેકી નથી થવા દેતાં. આ ત્રણ કારણો ઊભાં થવાનો પણ એક હેતુ છે. પૃથ્વી વગેરે પાંચ તત્ત્વોના દેહમાં પ્રથમ તો તેનું અભિમાન છે તેથી તેને દેહી કહ્યો. પુનઃ अहं मम-હું અને મારું એવી મતિ ઉત્પન્ન થઈ. એ જાણે છે કે દેહથી હું ભિન્ન છું તોપણ એટલી બધી કુ એટલે શરીરમાં હું એવી મતિ છે તેથી તે જ્ઞાન વીસરી જાય છે. अबुधः આ પરિસ્થિતિમાં કોઈ ઉપદેશ કરે તેની અસર નથી થવાની. કારણ કે તે असद्ग्राहः ખોટો આગ્રહી છે તેથી ઉપદેશ નકામો જ જશે. ૨૯, ૩૦

જ્યારે શરીરમાં “હું અને મારું” એવી દૃઢ મતિ થાય છે ત્યારે એનું પરિણામ કેવું આવે તે સમજાવે છે—

तदर्थं कुरुते कर्म यद् बद्धो याति संसृतिम् ॥
योऽनुयाति ददत् क्लेशमविद्याकर्मबन्धनः ॥ ३१ ॥
यद्यसद्भिः पथि पुनः शिश्नोदरकृतोद्यमैः ॥
आस्थितो रमते जन्तुस्तमो विशति पूर्ववत् ॥ ३२ ॥
सत्यं शौचं दया[1] मौनं बुद्धि श्रीर्ह्री यशः क्षमा ॥
शमो दमो भगश्चेति यत्सङ्गाद्याति संक्षयम् ॥ ३३ ॥

અન્વયાર્થ—यद्-बद्धः = જે દેહથી બંધાએલો, **संसृतिम्** = સંસાર જન્મ-મરણને, **याति** = પામે છે, **यः** = જે દેહ, **क्लेशम्-ददत्** = ક્લેશને આપતો પાછળ આવ્યા જ કરે છે, **अविद्या-कर्म-बन्धनः** = અવિદ્યા અમે કર્મથી જે દેહનો સંબંધ થાય છે, **तदर्थम्** = તે દેહ માટે, **कर्म** = કર્મ, **कुरुते** = કરે છે, **यत्सङ्गात्** = જેના સંગથી, **सत्यम्** = સત્ય, **शोचम्** = પવિત્રતા, **दया** = દયા, **मौनम्** = મૌન, **बुद्धिः** = બુદ્ધિ, **श्री** = શ્રી, **ह्रीः** = લજ્જા, **यशः** = યશ, **क्षमा** = ક્ષમા, **शमः** = શમ, **दमः** દમ, **भगः** = ભાગ્ય-ઐશ્વર્ય, **संक्षयम् याति** = નાશ પામે છે. તેવા **शिश्न-उदर-कृत-उद्यमैः** = વિષયસુખ, ઉદરપૂર્તિ વગેરે માટે ઉદ્યમ કરનારા, **असद्भिः** = દુષ્ટજનોની સાથે, **आस्थितः** = રહેલો, **पुनः** = ફરીથી, **जन्तुः** = જંતુ, **पथि** = સંસાર પથમાં, **यत् रमते** = જે રમણ કરે છે, તેથી **पूर्ववत्** = પ્રથમની માફક, **तमः** = નરકમાં, **विशति** = પ્રવેશે છે. ૩૧-૩૩

અનુવાદ—જે દેહના બંધનથી જન્મ-મરણને પામે છે, જે દેહ ક્લેશ આપતો પાછળ આવ્યા જ કરે છે, અવિદ્યા અને કર્મથી જે દેહનો સંબંધ થાય છે તે દેહ માટે કર્મ કરે છે. વળી જે સંગથી સત્ય, પવિત્રતા, દયા, મૌન, બુદ્ધિ, શ્રી, લજ્જા, યશ, ક્ષમા, શમ, દમ, ભાગ્ય વગેરે ક્ષય પામે છે, તેવા વિષયસુખ અને ઉદરપૂર્તિ વગેરે માટે જ ઉદ્યમ કરનારા દુષ્ટ જનોની સાથે રહેલો જીવ, પુનઃ સંસારપથમાં જે રમણ કરે છે તેથી પ્રથમની માફક જ નરકમાં પ્રવેશે છે. ૩૧-૩૩

તત્ત્વસુધા—“तदर्थं कुरुते कर्म”-આ શ્લોકમાં એમ કહેવા માગે છે કે જીવાત્મા દેહથી છૂટવા માટે કર્મ કરતો નથી પરંતુ એવાં જ કર્મ કરે છે કે તેથી તેને “દેહપરંપરા” પ્રાપ્ત થાય જ. પ્રશ્ન થાય કે

---

[1] तपो मौनं बुद्धि ह्रीः श्रीर्यशः । प्रा० पा०

દેહ પ્રાપ્ત થાય તો શો વાંધો ? તેનો ઉત્તર આપે છે કે જો "સેવોપયોગી" દિવ્ય દેહ મળતો હોય તો સારું. પરંતુ આ તો જે દેહના બંધનથી કેવલ याति संसृतिम्–જન્મમરણને જ પામે છે, સેવા–સત્કર્મ સધાતાં નથી તે દેહ માટે પ્રયત્ન કરે છે. તેમજ જે દેહ क्लेशम् ददत्–કાયમ કલેશ આપતો આવેલ છે તેવા દેહ માટે પ્રયત્ન કરે છે, વળી अविद्या–પ્રથમ આરંભમાં અવિદ્યા આવે છે, ત્યાર બાદ काम–ઇચ્છા આવે છે, ત્યાર પછી कर्म–કર્મો આવે છે એવા જ દેહના બંધનવાળો બનીને રહે છે. તેવા જ દેહ માટે પ્રયત્ન કરે છે. (૩૨)

यद्यसद्भिः पथि पुनः–હવે આ બે શ્લોકોમાં એ વાત રજૂ કરે છે કે દેહ માટે તો તે પ્રયત્ન કરે છે પરંતુ દેહ મેળવ્યા પછી જો સત્સંગમાં રહે તોપણ કલ્યાણ પામે પરંતુ આ તો એવા કુસંગમાં રહે છે કે જેના ફલરૂપે તેના જીવનમાંથી બાર દિવ્ય ભગવદ્ધર્મો સર્વથા ક્ષય પામે છે. આ બાર ધર્મોમાં પ્રથમ છે सत्यम् સત્યનો નાશ. સત્યનાશ એટલે મન, વાણી અને કાયામાંથી પરમાર્થનો નાશ. (૧) शौचम्–અંદર અને બહારની પવિત્રતા નાશ. (૨) दया–અન્ય દુઃખને દૂર કરનારી દયા ભાવનાનો નાશ. (૩) मौनम्–નિરર્થક વિલાસવાર્તાથી મૌનનો પરિમિત ભાષણનો નાશ. (૪) बुद्धिः–ભગવદનુરાગવાળી કે સજ્જનાનુરાગવાળી બુદ્ધિનો નાશ, (૫) श्रीः–ધન અને શોભાનો નાશ. (૬) ह्री–લજ્જાનો નાશ અનુચિત કર્મ કરતાં થનારો સંકોચનો નાશ, (૭) यशः–શુભ કીર્તિ–પ્રતિષ્ઠાનો નાશ, (૮) क्षमा–શાંતિનો નાશ, (૯) शमः–મનોનિગ્રહનો નાશ. (૧૦) दमः ઇન્દ્રિય સંયમનો નાશ, भगः સદ્ભાગ્ય–પુણ્ય–ઐશ્વર્ય આ ત્રણને भगः કહેવાય. આ ત્રણે કુસંગથી નાશ પામે છે. કારણ કે शिश्नोदरकृतोद्यमैः–લંપટ પેટાભરા દુષ્ટજનોનો જ તે જીવને પ્રસંગ છે. તાત્પર્ય એ છે કે દેહ મેળવી કૃતાર્થતા માટે શ્રમ કરીને પણ કુસંગથી દૂર જ રહેવું. ૩૧, ૩૩

મોક્ષાભિલાષી–કલ્યાણકાંક્ષી દુઃસંગથી સદા દૂર રહે એ વાત કહેશે—

तेष्वशान्तेषु मूढेषु खण्डितात्मस्वसाधुषु ॥
सङ्गं न कुर्याच्छोच्येषु योषित्क्रीडामृगेषु च ॥ ३४ ॥

અન્વયાર્થ—**अशान्तेषु** = શાંતિરહિત, **मूढेषु** = મૂઢ–વિષયાસક્ત, **खण्डित-आत्मसु** = નષ્ટ થયેલ અંતઃકરણવાળા, **असाधुषु** = સદાચારી, **च योषित्-क्रीडा-मृगेषु** = અને સ્ત્રીઓનાં રમકડાં બનીને રહેલા, **शोच्येषु** = શોચનીય દશાવાળાઓનો, **सङ्गम्** = સંગ, **कुर्यात्** = કરે. ૩૪

અનુવાદ—મનની શાંતિ વિનના, મૂઢ, અન્તઃકરણનો નાશ કરી બેઠેલા, અસદાચારી, અને સ્ત્રી જનનાં રમકડાં બની બેઠેલા માટે શોચનીય દર્શાવતા દુર્જનોનો સંગ ન કરવો. ૩૪

તત્ત્વસુધા—सङ्गं न कुर्यात्–આ શ્લોકમાં દુઃસંગથી દૂર રહેવું એવું વિધાન કરતાં દુષ્ટના "૭" અસાધારણ દોષો બતાવે છે. સજ્જન જેમ "ષડ્ગુણ"સમ્પન્ન હોય છે. કારણ કે ભગવાન ષડ્ગુણપૂર્ણ છે તે ભગવાનનો પ્રસંગ હોવાથી ભગવદીય પણ ષડ્ગુણસમ્પન્ન જ હોય છે. તેરી વિપરીત "દુષ્ટજન" ૭ દોષથી સમ્પન્ન જ હોય છે એ વર્ણવતાં પ્રથમ દોષ કહ્યો.

अशान्तेषु–કામી-લોભી-ક્રોધીના અંતઃકરણમાં કદી શાંતિ નથી હોતી. કારણ કે "શાંતિ સત્ત્વગુણનું ફલ છે. અશાન્ત એટલે સત્ત્વગુણ વિનાનો જીવ" સંભવે છે.

मूढेषु–સત્ત્વગુણ ન હોય તેની પાસે શાસ્ત્રજ્ઞાન પણ નથી હોતું તેથી તે "મૂઢ" છે. મૂઢ જીવ રજોગુણથી પણ રહિત છે. જેથી સત્કર્મ કે પુણ્યકર્મ પણ ન કરે.

खण्डितात्मसु–વિષયાસક્ત બની અંતઃકરણનો નાશ કરી ચૂકેલ "ખંડિતાત્મ" જીવ કહેવાય. આવા "ખંડિત" જીવને સારાસારવિવેક ન સંભવે.

असाधुषु–ખંડિતાત્મ થવાથી સદાચાર પણ નષ્ટ થઈ જાય છે અને અંતે "અસદ્ વર્તન" કરનારો બની જાય છે.

शोच्येषु–દુર્વર્તનવાળો "શોચ્ય બને છે. શોચ્ય એટલે જ "હરિસેવા-કથા-સત્સંગ વિમુખજીવ. આ જીવ પાસે બુદ્ધિ છે છતાં પણ તે ભગવાનનો સ્વીકાર કરતો નથી માટે જ "શોચ્ય" છે

"योषित्-क्रीडामृगेषु"–આવા વિમુખ જીવો કોઈ વાર તરી જાય. પણ તેનો સંભવ એટલા માટે નથી કે તેઓ સ્ત્રી એટલે વિલાસિનીઓનાં રમકડાં બન્યા છે.

આ શ્લોકથી સ્ત્રીનિંદા કરી પરંતુ "વિષયી જીવ"ની સ્થિતિનું વર્ણન કર્યું છે. ૩૪

આ બે શ્લોકોમાં કામ બંધન અને મોહનું કારણ છે એ વાત સ્પષ્ટ કરે છે—

न तथाऽस्य भवेन्मोहो बन्धश्चान्य[1]प्रसङ्गतः ॥
योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गतः ॥ ३५ ॥
प्रजापतिः स्वां दुहितरं दृष्ट्वा तद्रूपधर्षितः ॥
रोहिद्भूतां सोऽन्वधावद् ऋक्षरूपी गतत्रपः[2] ॥ ३६ ॥

અન્વયાર્થ—**अस्य** = આ પુરુષને, **यथा योषित्–सङ्गात्** = જેવો સ્ત્રીસંગથી, તેમજ **यथा तत्-संगि-संगतः** = જેવો સ્ત્રીના સંગવાળાના સંગથી, **मोहः** = મોહ **च** = અને, **बन्धः** = બંધન, **भवेत्** = થાય છે, **तथा** = તેવો, **अन्य–प्रसंगतः** = અન્યના સંગથી નથી થતો. **प्रजापतिः** = બ્રહ્માજી, **स्वां दुहितरम्** = પોતાની પુત્રીને, **दृष्ट्वा** = નીરખીને, **तद्-रूप-धर्षितः** = તેના સ્વરૂપથી આકર્ષાઈ–વિવેકશૂન્ય બની ગયા, **रोहिद्भूताम्** = રોહિત રૂપ લઈ લીધેલ પુત્રીની, **अनु** = પાછળ, **गत-त्रपः** = લજ્જાશૂન્ય બનીને, **ऋक्ष-रूपी**= ઋક્ષનું સ્વરૂપ લઈ ને, **अधावत्** = દોડી ગયા. ૩૫, ૩૬

અનુવાદ—માયાવશ આ પુરુષને જેવાં સ્ત્રીસંગથી તેમજ જેવાં સ્ત્રીના પ્રસંગથી મોહ અને બંધન થાય છે, તેવાં કોઈ પણ અન્ય પ્રસંગથી નથી થતાં. સ્વયં પ્રજાપતિ, પોતાની પુત્રીને નિહાળી તેના સ્વરૂપથી આકર્ષાઈ વિવેકશૂન્ય બની ગયા. મૃગીરૂપ લઈ લીધેલ તે પુત્રીની પાછળ લજ્જા નેવે મૂકી ઋક્ષનું સ્વરૂપ લઈ પાછળ દોડી ગયા. ૩૫, ૩૬

તત્ત્વસુધા—न तथाऽस्य भवेन्मोहो–મનુષ્યને આસક્તિનાં સ્થાનો તરીકે ધન, ઘર, સ્વજન, માન, વૈભવ વગેરે અનેક છે છતાં અત્યાસક્તિ ઉત્પન્ન કરનાર સ્ત્રી છે એમ કહેવા ચાહે છે. "સ્ત્રી"થી તો કદાચ મુક્ત થઈ શકાય છે પણ "સ્ત્રીલંપટ"નો પ્રસંગ વધુ બંધન કરાવનારો છે.-સ્ત્રીલંપટ અને સ્ત્રીસંગ એ બન્ને મોહ ઉત્પન્ન કરે છે. ચિત્તની સ્ત્રીમયતા બની જાય અને પ્રસન્નતા ચાલી જાય તેથી કર્તવ્યભ્રષ્ટ થવાય છે તે મોહ છે. તેમજ સ્ત્રી પ્રસંગ બંધન કરાવે છે એટલે વિષયથી બાંધી રાખે છે એવું તાત્પર્ય છે.

प्रजापतिः स्वां दुहितरं–આ વિષયની દૃઢતા માટે પ્રજાપતિ વાણી તરફ આકર્ષાયા હતા. ત્યારે વાણી મૃગીનું સ્વરૂપ લઈ દૂર ભાગી જવા લાગ્યાં તે સમયે પ્રજાપતિ ઋક્ષ મૃગરૂપ લઈ પાછળ ચાલ્યા હતા. આ એક આધ્યાત્મિક ભાવની વૈદિક કથાને, "કામ"વિજય કઠિન છે, અનિવાર્ય છે, સત્સંગથી જિતાય છે એ આશયથી આ ભાવથી વર્ણવી છે. ૩૫, ૩૬

---

[1] चान्य [2] हतत्रपः । प्रा० पा०

तत् सृष्टसृष्टसृष्टेषु को न्वखण्डितधीः पुमान् ॥
ऋषिं नारायणमृते योषिन्मय्येह मायया ॥ ३७ ॥

वलं मे पश्य मायायाः स्त्रीमय्या जयिनो दिशाम् ॥
या करोति पदाक्रान्तान्[1] भ्रूविजृम्भेण केवलम् ॥ ३८ ॥

અન્વયાર્થ—**तत्-सृष्ट-सृष्ट-सृष्टेषु** = બ્રહ્માજીના સર્જેલા મરીચિ વગેરેએ. સર્જેલાએ ઉત્પન્ન કરેલાઓમાં, **नाराग्रणम्-ऋषिम्** = શ્રી નારાયણ ઋષિને, **ऋते** = છોડીને, **योषित्मय्या** = સ્ત્રીરૂપ, **मायया** = માયાથી, **नु** = ખરેખર, **अखण्डित-धीः** = જેની બુદ્ધિ અખંડિત રહી હોય એવા, **इह** = આ સૃષ્ટિમાં, **कः**- કયો, **पुमान्** = પુરુષ હશે. **यः** = મારી, **स्त्रीमय्याः** = સ્ત્રીમયી, **मायायाः** = માયાનું, **बलम्** = બલને, **पश्य** = જુઓ કે, **या** = જે, **दिशाम्** = દિશાઓના, **जयिनः** = વિજયી બન્યા છે, તેમને **केमलम्** = ફક્ત, **भ्रू-विजम्भेण** = એક ભ્રૂવિલાસી, **पदा-क्रान्तान्** = પગની ધૂળ ચાટતા, **करोति** = કરે છે. ૩૭, ૩૮

અનુવાદ—બ્રહ્માજીના રચેલાએ ઉત્પન્ન કરેલા સમૂહમાં ભગવાન નારાયણ ઋષિને છોડીને સ્ત્રી સ્વરૂપ માયાથી ખરે અખંડિત મતિ રહી શકે એવી કોણ વ્યક્તિ છે? મારી સ્ત્રીમયી માયાનું બલ તો જૂઓ, કે જે, દિશાઓના વિજયી બન્યા છે તેમને કેવલ એક ભ્રૂવિલાસથી પગની નીચે કચડી નાખે છે. ૩૭, ૩૮

તત્ત્વસુધા—तत्-सृष्ट-सृष्ट-सृष्टेषु-ઉપરના શ્લોકમાં પ્રજાપતિની કામવશતાનું કથન કરી અનુસંધાનમાં આ શ્લોકમાં આગળ કહ્યું કે तत्-એટલે પ્રજાપતિએ सृष्ट-ઉત્પન્ન કરેલા મરીચિ અને મરીચિએ सृष्ट-ઉત્પન્ન કરેલા કશ્યપાદિ, અને કશ્યપાદિએ सृष्टेषु-ઉત્પન્ન કરેલાં આ જગતનાં પ્રાણીઓ છે. આ બધા બ્રહ્માજીથી ચોથા પેઢીએ થયા. જો પ્રજાપતિ સ્વયં અવશ છે તો પ્રજાપતિની ચોથી પરંપરા પછીથી ઉત્પન્ન થયેલામાં કામવિજય ક્યાંથી સંભવે! માત્ર અપવાદમાં શ્રી નારાયણ ઋષિ એક જ છે કે જેઓ કામ અને ક્રોધ ઉભયના વિજયી છે. જો કે માયાવિજય શ્રી માર્કણ્ડેય મુનિ માટે પણ વર્ણવ્યો છે. છતાં કલ્પાન્તરમાં માર્કણ્ડેય માટે પણ માયાવશ્યત્વ વર્ણવ્યું છે.

ભગવાન કપિલ હવે ૩૮મા શ્લોકથી ધનમાનરૂપ પોતાની માયા કરતાં "સ્ત્રીરૂપ" પોતાની માયાં અતિશય અજેય છે એ દર્શાવવા વર્ણવે છે કે માતાજી पश्य-જુઓ આ "સ્ત્રીસ્વરૂપ" માયા એ મારું અમોઘ બલ છે. આ માયા દશદિગન્તવિજયી બની ચૂકેલાને કેવલ એક જ કટાક્ષથી ધરાધૂળ ચાટતા કરી મૂકે છે.

सङ्गं न कुर्यात् प्रमदासु जातु योगस्य पारं परमारुरुक्षुः ॥
मत्सेवया प्रतिलब्धात्मभावो[2] वदन्ति या निरयद्वारमस्य ॥ ३९ ॥

અન્વયાર્થ—**योगस्य** = યોગના, **परम्** = અન્તિમ, **पारम्** = પારને, **आरुरुक्षुः** = પામવા ચાહનાર, **मत्-सेवया** = મારી સેવાથી, **प्रति-लब्ध-आत्म-भावः** = ભગવદ્ભાવ સમ્પાદન કરી લઈને, **या** = જેને, **अस्य** = આ યોગનું, **निरयस्य** = નરકનું **द्वारम्** = દ્વાર, **वदन्ति** = કહેલ છે તેવી, **प्रमदासु** = સ્ત્રીઓમાં, **जातु** = કોઈ પણ સ્થિતિમાં, **सङ्गम्** = સંગ, **न-कुर्यात्** = ન કરે. ૩૯

---

१. सदायत्तान् भ्रू० प्रा० पा० । २. आत्मलाभो प्रा० पा०

અનુવાદ—યોગના અંતિમ પારને પામવા ચાહનાર પુરુષે, મારી સેવાથી ભગવદ્ભાવ સમ્પાદન કરી લઈને, જેને યોગના નરકના દ્વાર તરીકે કહેલ છે તેવી સ્ત્રીઓમાં કોઈ પણ સ્થિતિમાં સંગ ન સાધવો. (ઉપજાતિવૃત્ત) ૩૯

તત્ત્વસુધા—योगस्य पारं–યોગમાર્ગના અભ્યાસી માટે આ સંકેત છે કે प्रमदासु-જે અત્યંત મદ ભરેલી વિલાસિનીઓ છે, જેમનો સમ્પર્ક જ નહીં પણ ચિંતન પણ યોગ સાધનાની આડે જ આવનાર છે માટે કદી સંસર્ગ કરવો નહીં, આ ભૂમિકા સિદ્ધ કરવા ભગવાનની સેવા કરી आत्मभात्र:–આત્મભાવ સંપાદન કરી લેવો.

योपयाति शनैर्माया योषिद् देवविनिर्मिता ॥
तामीक्षेतात्मनो मृत्युं तृणैः कूपामिवामृतम् ॥ ४० ॥

અન્વયાર્થ—**देव-निर्मिता** = દેવે રચેલી, **माया** = માયાસ્વરૂપ, **योषित्** = સ્ત્રી, **या** = જે, **शनैः** = ધીરે ધીરે, **उपयाति** = સમીપ આવે છે. **ताम्** = તેને, **तृणैः–आवृतम्** = ઘાસથી ઢાંકેલા, **कूपम्-इव** = કૂવાની માફક, **आत्मनः** = પોતાના, **मृत्युम्** = મૃત્યુ સ્વરૂપે, **ईक्षेत** = જાણવી. ૪૦

અનુવાદ—દેવે રચેલી માયાસ્વરૂપ સ્ત્રી, જે સેવાને નિમિત્તે ધીરે ધીરે સમીપમાં આવે છે, તેને ઘાસથી ઢંકાએલ કૂપ સમાન પોતાના મૃત્યુસ્વરૂપ સમજવી. ૪૦

તત્ત્વસુધા—योपयाति शनैः–ધીરે ધીરે ગાઢ સંપર્ક સ્ત્રીનો થઈ જતાં તે હૃદયમાં સ્થાન મેળવે છે. હૃદય તો ભગવાનનું ધ્યાન કરવાનું સ્થાન છે. તે સ્ત્રીએ સ્વાધીન કર્યું તેથી પુરુષનો ધ્યાનયોગ અટકી ગયો. તેમજ ભગવાનનું હૃદયમાં સ્થાન ન રહેવાથી ભક્તિયોગ પણ અટકી ગયો. સ્ત્રીએ સમીપમાં આવી હૃદય ઉપર સ્થાન જમાવ્યું તો મોહ થવાનો જ. મોહાવસ્થા એ જ આસુરાવસ્થા છે. હાથીને પકડવા માટે ખાડો ખોદી તેના ઉપર ઘાસ છાઈ દેવામાં આવે છે. લીલા ઘાસની ભ્રાન્તિથી હાથી ગર્તમાં પડે છે. તેમ સમાજનો જ્ઞાની, તપસ્વી કે મહાન પુરુષ પણ સ્ત્રીમાં આસક્ત થઈને અધઃપતન પામે છે. ૪૦

यां मन्यते [1]पतिर्मोहात् मन्मायामृषभायतीम् ॥
स्त्रीत्वं स्त्रीसङ्गतः प्राप्तो वित्तापत्यगृहप्रदम् ॥ ४१ ॥
तमात्मनो विजानीयात् पत्यपत्यगृहात्मकम् ॥
दैवोपसादितं मृत्युं मृगयोर्गायनं यथा ॥ ४२ ॥

અન્વયાર્થ—**पतिः** = પુરુષ, **मोहात्** = મોહથી, **मन्मायाम् याम्** = મારી માયાસ્વરૂપ જેને પત્ની તરીકે, **मन्यते** = માને છે, જ્યારે, **स्त्री–सङ्गतः** = સ્ત્રીના સંગથી, **स्त्रीत्वम्** = સ્ત્રીપણાને પામેલ જીવ એટલે સ્ત્રી, **ऋषभायतीम्** = પુરુષ-પતિ તરીકે વ્યવહાર કરતી, **मन्मायाम्** = મારી માયાને, **वित्त–अपत्य–गृह–पदम्** = વિત્ત, સંતાન, ઘર વગેરે આપનાર પતિ તરીકે, **मन्यते** = જાણે છે. **यथा** = જેમ, **मृगयोः** = શિકારીનું, **गायनम्** = ગાયન જેમ હરણ માટે, **दैव-उप-सादितम्** – દૈવ પ્રેરેલ, **मृत्युम्** = મૃત્યુ માને છે તે પ્રકારે, **पति–अपत्य–गृह–आत्मकम्** = પતિ, પુત્ર, ગૃહમય, **तम्** = તેને, **आत्मनः** = પોતાના, **देव–उप–सादितम्** = દૈવે મોકલેલ **मृत्युम्** = મૃત્યુ તરીકે, **विजानीयात्** = જાણે. ૪૧, ૪૨

---

[1] पतिं प्रा० पा०

અનુવાદ—પતિ–પુરુષ, મોહવશ મારી માયારૂપ જેને સ્ત્રી તરીકે માને છે, તે જ રીતે, સ્ત્રીના સંગથી સ્ત્રીરૂપ બનેલો જીવ–એટલે સ્ત્રી, પુરુષ તરીકે આચરણ કરતી મારી માયાને, વિત્ત, પુત્ર, ગૃહ વગેરે આપનાર પતિ તરીકે જાણે છે. પરંતુ, જેમ શિકારીનું ગાયન હરણ માટે દૈવે મોકલેલ મૃત્યુ છે તેમ પતિ, પુત્ર, ઘરરૂપ દૈવે જ મોકલેલ પોતાનું મૃત્યુ જ જાણવું. ૪૧, ૪૨

તત્વસુધા—यां मन्यते અને तमात्मनो विजानीयात्–આ બે શ્લોકો એક સાથે મળીને બે પ્રકારની ભગવાનની માયાની સ્પષ્ટતા કરે છે. ભગવાનની માયાને પતિ માટે સ્ત્રીએ અને સ્ત્રી માટે પતિને ભગવત્પ્રાપ્તિમાં અને યોગસાધનામાં બાધક માની છે એ સ્પષ્ટ રીતે સમજાવશે. તેમાં પ્રથમ એક વાક્ય એવું કહે છે કે—

पतिर्मोहात् यां मन्मायाम् (भार्यां) मन्यते–પુરુષને યોગોપાસનાથી વિમુખ બનાવવા માટે માયાને સ્ત્રીનું રૂપ બનાવી બાધક તરીકે મૂકી છે. પરંતુ પુરુષ આ ભ્રાન્તિથી મુક્ત નથી થતો, તે તો આનંદનું સ્વરૂપ સમજીને વ્યવહાર કરે છે. આટલી વાત પુરુષ માટે એક વાક્યમાં કહી. હવે સ્ત્રીને માટે પતિ પણ યોગમાં બાધક માયાનું જ સ્વરૂપ છે એમ પોણા બે શ્લોકથી સમજાવે છે. જો કે સ્ત્રી કે પુરુષ એવો "जीव" માટે વ્યવહાર ન સંભવે કારણ કે તે તો ભગવાનનો અંશ છે છતાં પ્રકૃતિના સંસર્ગથી તેનામાં સ્ત્રીપણું અને પુરુષપણું આવ્યું છે.

"स्त्रीत्वं स्त्रीसङ्गतः प्राप्तः"–આ જીવ 'સ્ત્રી' ન હતો. પરંતુ સ્ત્રી સંગથી તેની સ્ત્રીમય વાસના બંધાઈ. સ્ત્રીનું ધ્યાન કર્યું અને સ્ત્રી બન્યો. આ "સ્ત્રી"રૂપ બનેલો જીવ वित्तापत्यगृहप्रदम्–પુરુષ રૂપે–પતિરૂપે આચરણ કરતી મારી માયાને "વિત્ત, પુત્ર, ઘર વગેરે આપનાર પતિ છે એમ માને છે, પરંતુ તેની તે સમજ યથાયોગ્ય નથી. તેણે તો એટલું જ સમજવું રહ્યું કે જંગલમાં જેમ હરણનો શિકાર કરવા मृगयो मायिनम् પારધી જેમ પાવો બજાવે છે અને હરણ લલચાય છે અને ફસાય છે તેમ જ તેનું મૃત્યુ જ બને છે તે પ્રકારે पत्यपत्यगृहात्मकं तम्–પતિ, પુત્ર, ગૃહમય તેને દૈવે મોકલેલ મહામૃત્યુ સમજી લે. અને સ્ત્રી–પુરુષ બન્ને વિષયસુખથી મુક્ત થઈ યોગ–અભિમુખ બને. ૪૧, ૪૨

देहेन जीवभूतेन लोकाल्लोकमनुव्रजन् ॥
भुञ्जान एव कर्माणि करोत्यविरतं पुमान् ॥ ४३ ॥

અન્વયાર્થ—**जीवभूतेन** = જીવનું સ્થાન પ્રાપ્ત કરેલા, **देहेन** = દેહથી, **पुमान्** = પુરુષ, **लोकात्** = એક લોકમાંથી, **लोकम्** = બીજા લોકમાં, **अनुव्रजन्** = જતાં, **कर्माणि** = કર્મોને, **भुञ्जानः एव** = ભોગ કરતાં જ, **अविरतं-कर्माणि** = નિત્ય–સર્વદા કર્મોને, **करोति** = કર્યા કરે છે. ૪૩

અનુવાદ—જીવનું સ્થાન લઈ લીધેલા દેહથી પુરુષ એક લોકમાંથી બીજા લોકમાં જતાં કર્મોનો ભોગ કરતાં જ નિત્ય કર્મોને આચર્યાં કરે છે. ૪૩

તત્વસુધા—देहेन जीवभूतेन–દેહ કેવલ જડ દેહ જ ન રહ્યો પરંતુ મોહની માયા વધી પડી અને દેહે જીવનું સ્થાન લઈ લીધું. એટલે દેહ જ આત્મા છે એવી ભૂમિકા જીવ માટે ઊભી થઈ ગઈ તેથી જ જીવને સંસાર ચાલ્યો. હવે દેહને लोकात्-लोकमनुव्रजन्–એક લોકમાંથી બીજા લોકમાં ભમ્યા કરવાથી અસ્થિર સ્થિતિ, कर्माणि भुञ्जानः–કર્મના ભોગોને અનિવાર્ય ભોગવવા, अविरतं करोति તેમજ સતત કર્માચરણની ધારાનું સંચલન આ ત્રણેય દુઃખકર સ્થિતિમાં મુકાયો. ૪૩

जीवस्य[1] ह्यनुगो देहो भूतेन्द्रियमनोमयः ॥
तन्निरोधोऽस्य मरणमाविर्भावस्तु संभवः ॥ ४४ ॥

અન્વયાર્થ—**भूत-इन्द्रिय-मनोमयः** = પંચ મહાભૂત, ઇન્દ્રિયો અને મનોમય, **देहः** = દેહ, **हि** = ખરે, **जीवस्य** = જીવની, **अनुगः** = પાછળ જનારો છે, **तत्-निरोधः** = તેનો નિરોધ **अस्य** = આનું, **मरणम्** = મરણ છે, **आविर्भावः तु** = આવિર્ભાવ તો, **संभवः** = જન્મ છે. ૪૪

અનુવાદ—પંચ મહાભૂત ઇન્દ્રિયો અને મનોમય દેહ ખરેખર જીવની પાછળ જનારો છે. તેનો નિરોધ આનું મરણ છે અને પ્રાકટ્ય જન્મ છે. ૪૪

તત્ત્વસુધા—"जीवस्य ह्यनुगो देहः"—પંચમહાભૂત, ઇન્દ્રિયો અને મનોમય આ દેહ છે. આ દેહમાં ચૈતન્ય નથી. ચૈતન્યરહિત દેહ શક્તિમાન ન હોઈ શકે. માટે જ તે દેહ ચૈતન્ય સ્વરૂપ જીવની પાછળ જાય છે. સ્વાભાવિક છે જડ દેહને ચૈતન્યની આવશ્યકતા પડે જ.

મરણ અને જન્મ એ બંને ધર્મો દેહના જ છે આત્માના નથી. તે વસ્તુ સમજાવવા કહ્યું કે तन्निरोधः अस्य मरणम्—તે દેહનો જે નિરોધ તે આનું મરણ છે. અને આના આવિર્ભાવને સંભવ—જન્મ કહેલ છે.

નાશ દેહનો કે જીવનો એવી શંકા થાય તેના સમાધાનમાં દેહનો જ નાશ થાય છે એ વાત બે શ્લોકમાં કહી છે—

द्रव्योपलब्धिस्थानस्य द्रव्येक्षाऽयोग्यता तदा ॥
तत्पञ्चत्वमहंमानादुत्पत्तिर्द्रव्यदर्शनात् ॥ ४५ ॥
यथाऽक्ष्णोर्द्रव्यावयवदर्शनायोग्यता यदा ॥
तदैव चक्षुषो द्रष्टुर्द्रष्टृत्वायोग्यतानयोः ॥ ४६ ॥

અન્વયાર્થ—**द्रव्य-उप-लब्धि-स्थानस्य** = પંચભૂતાદિ સર્વ દ્રવ્યોનો વ્યવહાર કરાવનાર દેહની, **द्रव्य-ईक्षा-अयोग्यता** = સર્વ પદાર્થોના વ્યવહાર કરવાની યોગ્યતા ચાલી જાય છે, **तत्** = તે, **अहं मानात्** = દેહાભિમાનને લીધે, **पञ्चत्वत्** = મરણ માન્યું છે, **द्रव्य-दर्शनात्** = દ્રવ્યોનો ઉપલંભ એટલે શ્વાસ લેવા વગેરે ક્રિયાઓનું થવું તે, **उत्पत्तिः** = ઉત્પત્તિ છે. **यथा** = જેમ, **अक्ष्णोः** = ચક્ષુ ઇન્દ્રિયને રહેવાનું સ્થાન ગોલોકોની **द्रव्य-अवयव-दर्शन-अयोग्यता** = દ્રવ્યના અવયવોને જોવાની યોગ્યતા નથી રહેતી, **तदैव** = ત્યારે જ **चक्षुषः** = ચક્ષુ ઇન્દ્રિય અને **द्रष्टुः** = દ્રષ્ટા—જોનાર, **अनयोः** = આ બન્નેની, **द्रष्टुत्व-अयोग्यता** = જોવાની અયોગ્યતા થાય છે. ૪૫, ૪૬.

અનુવાદ—સર્વ દ્રવ્યો—પંચભૂતોનો વ્યવહાર કરાવનાર દેહની સર્વ પદાર્થોનો વ્યવહાર કરવાની યોગ્યતા ચાલી જાય તે દેહનું મૃત્યુ છે અને તે અભિમાનથી જીવનું મનાય છે. દ્રવ્યોને ગ્રહણ કરવાની ક્રિયાઓનું થવું તેને ઉત્પત્તિ માની છે જેમ ચક્ષુઇન્દ્રિયોને રહેવાના સ્થાન ગોલકોની દ્રવ્યના અવયવોને જોવાની યોગ્યતા ચાલી જાય છે ત્યારે જ ચક્ષુ ઇન્દ્રિય અને દ્રષ્ટા આ બન્નેની યોગ્યતા નથી રહેતી. ૪૫, ૪૬

તત્ત્વસુધા—"द्रव्योपलब्धिस्थानस्य"—આ જે બે શ્લોકો છે ત્યાં પ્રત્યેક ટીકાકારોનું અંશતઃ માનવું છે

---

[1] १. जीवस्य ह्यस्यानुगो प्रा० पा.

કે આ એક જ શ્લોક છે. છતાં બંને શ્લોકો ઉપર ટીકા કરી છે અને બે શ્લોકોનો પાઠ સ્વીકાર્યો છે. આ બે શ્લોકોમાં મૃત્યુ શું છે અને કોનું થાય ! એ દિશાનો વિચાર કરે છે—

द्रव्योपलब्धिस्थानस्य–પૃથ્વી, જલ, તેજ વગેરે પાંચ દ્રવ્યો છે. આ સર્વનું એક સ્થાન–રહેઠાણ શરીર છે. આ દેહ જ્યારે આંખ, કાન, નાક વગેરે પ્રત્યેક વ્યવહાર કરવા યોગ્ય ન રહે, સર્વથા વ્યવહાર અને શ્વાસ આદિ ક્રિયાઓ અટકી જાય તે દેહનું " મરણ " છે. આત્માનું તો હોતું જ નથી. જીવ મરણ પામ્યો એવી ભ્રાન્તિ અહંમાન થી થઈ છે. હું દેહ છું એવા અજ્ઞાનથી થઈ છે.

उत्पत्तिर्द्रव्यदर्शनम्–દ્રવ્યોનો વ્યવહાર શરૂ થાય, શ્વાસાદિ ક્રિયાઓ શરૂ થાય તેને ઉત્પત્તિ–જન્મ મનાય. એ પણ દેહનો જ જન્મ–જીવનો ઔપચારિક વ્યવહાર છે. ૪૫

यथाक्ष्णोः–દૃષ્ટાન્તથી આ વાતનું સ્પષ્ટીકરણ કર્યું છે કે આંખમાં એટલે ચક્ષુ નામની ઇન્દ્રિયના ગોલક સ્થાનમાં " ફમળો-છારી–મોતીઓ " વગેરે આવી જાય એટલે સહજ રીતે તે જોવાનું કામ કરવા યોગ્ય ન રહી શકે તેમજ ચક્ષુઇન્દ્રિય જોઈ પણ ન શકે. જોનાર પુરુષ પણ જોવા માટે અયોગ્ય બની જાય છે. પરિણામે જોવાનું સાધન અને જોવાનું કાર્ય કરનાર બન્ને જોવા યોગ્ય નથી. તે પ્રકારે સંપૂર્ણ દેહ જ્યારે ક્રિયાયોગ્ય ન રહ્યો ત્યારે તેને મરણ કહ્યું. મૃङ्–" પ્રાણત્યાગ " અર્થમાં વપરાતા ધાતુ ઉપરથી આ શબ્દ બન્યો છે એટલે મરણનો અર્થ એવો થાય કે દેહ અને પ્રાણના વિખૂટા થવું એટલે મરણ કહેવાય. સૂક્ષ્મ દૃષ્ટિએ જોતા, પ્રાણ "ધારણ કરવાનો પ્રયત્ન ન હોવો " એ જ મૃત્યુ છે. ૪૬

દેહ ત્યજતાં નિર્ભય થવું એ વાર્તા કહે છે—

तस्मान्न कार्यः संत्रासो न कार्पण्यं न संभ्रमः ॥
बुद्ध्वा जीवगतिं धीरो मुक्तसङ्गश्चरेदिह ॥ ४७ ॥
सम्यग् दर्शनया बुद्ध्या योगवैराग्ययुक्तया ॥
माया विरचिते लोके चरेन् न्यस्य कलेवरम् ॥ ४८ ॥

અન્વયાર્થ—**तस्मात्** = માટે મૃત્યુથી, **त्रासः न-कार्यः** = ત્રાસ ન રાખવો, **कार्पण्य न** = લાચારી ન રાખવી, **संभ्रमः न** = વ્યાકુલ ન થવું, **जीवगतिम्** = જીવની ગતિને, **बुद्ध्वा** = જાણીને, **धीरः** = ધીર પુરુષ, **मुक्त-सङ्गः** = સંગમુક્ત બનીને, **इह** = અહીં, **चरेत्** = વિચરે. **सम्यग्-दर्शनया** = આત્મદર્શનના જ્ઞાનવાળી, **योग-वैराग्य-युक्तया** = યોગ અને વૈરાગ્યપૂર્ણ, **बुद्ध्या** = બુદ્ધિથી, **माया-विरचिते** = માયાથી રચેલા, **लोके** = લોકમાં, **कलेवरम्** = દેહને, **न्यस्य** = રાખીને, **चरेत** = વિચરવું. ૪૭, ૪૮

અનુવાદ—માટે ભય ન રાખવો, દીન ન થવું, વ્યાકુલ ન બનવું, પરંતુ જીવની ગતિ જાણીને ધીર પુરુષે સંગમુક્ત બનીને વિચરવું. આત્મદર્શનનું જ્ઞાન 'સમ્યગ્–દર્શન' થાય તેવી યોગ–વૈરાગ્યવાળી બુદ્ધિથી માયારચિત લોકમાં દેહને રાખીને વિચરવું. ૪૭, ૪૮

તત્ત્વસુધા—દેહ સાથે અનેક દુઃખો રહેલાં છે તેમજ ભગવત્પ્રાપ્તિમાં અનેક બાધક છે તેમ જાણીને न **त्रासः**–ત્રાસ કરવાની આવશ્યકતા નથી. વળી **कार्पण्यम्**–તદ્દન હૃદયના દુર્બલ–લાચાર ન બની જવું. **सम्भ्रमः** એટલે આકુલ–વ્યાકુલ પણ ન થવું. તાત્પર્ય કે " ભય–ગ્લાનિ–દીનતાથી દૂર રહેવું. અને પ્રત્યેક પ્રકારે પ્રયત્નથી " બાધક એવા દુઃસંગનો ત્યાગ કરી ભગવન્મય થઈ વિચરવું " એક સ્થાને રહેવું નહીં, નહિ તો આસક્તિ નહીં છૂટે.

सम्यग्-दर्शनया—આત્મદર્શન કરાવનારી બુદ્ધિને सम्यग्दर्शना "સમ્યગ્દર્શન" નામની બુદ્ધિ કહેવામાં આવે છે. સત્સંગ અને શાસ્ત્રચિંતનથી આવી બુદ્ધિ મળે છે. આ બુદ્ધિનાં યોગ—વૈરાગ્ય-યોગ અને વૈરાગ્ય એવાં બે અંગો છે. "પ્રત્યેક ઇન્દ્રિય મનોવૃત્તિઓનો ભગવાનમાં વિનિયોગ" એ છે યોગ અને "વિષયો તરફ અનાસક્તિ અને અનુરાગનો અભાવ" એ છે વૈરાગ્ય. આ બે અંગોવાળી "સમ્યગ્દર્શના" બુદ્ધિ સાથે માયાવિરચિત લોકમાં દેહને રાખીને વિચરવું. હવે તેનો દેહ લોકમાં રહેશે તો વિક્ષેપો નહીં આવે. કારણ કે "યોગ-વૈરાગ્યવાળી સમ્યગ્દર્શના" બુદ્ધિ તેની પાસે છે. અને તેનું છત્ર ભગવાન છે. તેના નેત્રમાં ભગવાનનું સ્વરૂપ છે અને એનું ગાત્ર ગોવિન્દ સેવામાં ઓતપ્રોત છે.

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ૩૨મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩૨ મો

૪૩ શ્લોકથી ૩૨ મા અધ્યાયનો પ્રારંભ કરે છે. ૩૦ મા ૩૧ મા અધ્યાયમાં ગર્ભ, જન્મ, જરા-મરણનું વર્ણન વૈરાગ્યોત્પત્તિ માટે કરવામાં આવ્યું. હવે આ અધ્યાયમાં ત્રણે પ્રકારના ધર્મના ફલનું વર્ણન કરે છે. વિસ્તાર સામાન્ય ધર્મ અને મધ્યમ ધર્મ વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે. ઉત્તમ ધર્મ ભક્તિ જેટલો મહત્ત્વનો છે. આ ઉત્તમ ધર્મનું આચરણ જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. તે જ્ઞાન દ્વારા બુદ્ધિનો સંસ્કાર કરે છે.

આ ઉપરાંત પ્રથમના અધ્યાયોમાં અધમગતિ અને મધ્યમગતિનું વર્ણન કર્યું છે. જ્યારે મોક્ષ અપાવનારી ઉત્તમ ગતિ વર્ણવાની અવશિષ્ટ રહી તે આ અધ્યાયમાં વર્ણવી છે—

આ બે શ્લોકોમાંથી પ્રથમ શ્લોકમાં "ધર્મ-અર્થ કામ" ત્રણ પુરુષાર્થો આચરે છે તે વસ્તુ કહ્યા પછી બીજા શ્લોકમાં મોક્ષના ઉત્તમ સાધન યજ્ઞ ધર્મનું વર્ણન કરે છે—

अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे ॥
काममर्थं च धर्मान् स्वान् दोग्धि भूयः पिपर्ति तान् ॥ १ ॥
स चापि भगवद्धर्मात् काममूढः पराङ्मुखः ॥
यजते क्रतुभिर्देवान् पितॄंश्च श्रद्धयान्वितः ॥ २ ॥

અન્વયાર્થ—अथ = હવે, **यः** = જે, **गृहे** = ગૃહમાં, **आवसन् एव** = રહીને જ, **गृहमेधीयान्** = ગૃહસ્થના, **धर्मान्** = ધર્મોને, **आवसन्** = સેવતો-આચરતો, **कामम्** = કામને, **च अर्थम्** = અર્થને-અર્થ પુરુષાર્થને, અને **स्वान्** = પોતાના, **धर्मान्** = ધર્મોને, **दोग्धि** = દોહે છે-પ્રાપ્ત કરે છે, **भूयः** = ફરી, **तान्** = તે ધર્મોને, **पिपर्ति** = પૂરે છે-વધારે છે. **सः च-अपि** = અને તે પણ, **काम-मूलः** = કામને લીધે મૂઢ થએલો, **भगवद्-धर्मात्** = ભગવાનના ધર્મોથી, **पराङ्मुखः** = વિમુખ થએલો-વિમુખ બનીને, **क्रतुभिः** = યજ્ઞોથી, **देवान्** = દેવોનું, **च** = અને, **पितॄन्** = પિતૃઓનું, **श्रद्धया-अन्वितः** = શ્રદ્ધાસમ્પન્ન-શ્રદ્ધા સાથે, **यजते** = પૂજન કરે છે. ૧, ૨

અનુવાદ—હવે જે પુરુષ ઘરમાં રહીને જ ગૃહસ્થના ધર્મોને સેવતો કામને, અર્થને અને પોતાના ધર્મોને પ્રાપ્ત કરે છે. અને ફરીથી તે જ ધર્મોને વધારે છે. અને તે પણ કામને લીધે મૂઢ બનેલો ભગવદ્ધર્મોથી વિમુખ બની યજ્ઞો દ્વારા દેવો ને પિતૃઓને શ્રદ્ધાપૂર્વક પૂજે છે. ૧, ૨

તત્ત્વસુધા—"अथ-અવ્યયથી" ૩૨ મા અધ્યાયનો પ્રારંભ કર્યો. માંગલ્યવાચક अथ અવ્યય છે. પ્રથમ પ્રસંગથી ભિન્ન પ્રસંગનું વર્ણન કરવા માટે પણ अथ અવ્યય છે. આગળ અધ્યાયમાં વર્ણવેલી "જીવની" ગર્ભગતિ અને નારકી ગતિ કરતાં આ અધ્યાયમાં "ઊર્ધ્વગતિ" વર્ણવવી છે. એ ખ્યાલ રાખીને પ્રસંગ શરૂ કરે છે. अथ यो गृहमेधीयान्—જે કોઈ ગૃહસ્થાશ્રમમાં રહીને ગૃહસ્થના ધર્મોનું આચરણ કરે છે તે સુખેથી ત્રણે ત્રણ પુરુષાર્થોને સાધે છે. અગ્નિહોત્ર, પંચયજ્ઞ, વૈશ્વદેવ, યાત્રા, વગેરે "ગૃહમેધ" ધર્મો છે. મેધ શબ્દનો અર્થ "યજ્ઞ" થાય છે ગૃહસ્થના ધર્મો એક "ગૃહયજ્ઞ" જ છે આ ગૃહમેધ ધર્મોને आवसन्-આચરનાર "ધર્મ-અર્થ-કામ" નામના ફલનું દોહન કરે છે. આ ધર્મો તો ખેતરમાં વાવેલા અન્ન જેવા છે, માનવ ખેતરમાંથી અન્ન પકવે છે, પુનઃ તે જ અન્નનો ઉપભોગ કરીને નવું અન્ન પકવે છે. વળી ગાયોને ચારીને દૂધ દોહી

વિષય

લઈ પુનઃ દૂધની આશાથી ગાયોને ચારે છે અને દૂધ મેળવે છે તે જ પ્રકારે ' ગૃહસ્થાશ્રમ " ધર્મો કામધેનુ ગાય જેવા જ છે. આ ધર્મોના અનુષ્ઠાનથી મરણ નામના મંદવાડમાંથી મુક્ત થાય છે.

स चापि भगवद्धर्मात्–ધર્માચરણ તો ઉત્તમ જ છે. પરંતુ " પ્રત્યેક ધર્માચરણ ભગવાનના જ પરિતોષ " માટે થવું જોઈએ. તે થતુ નથી. પરંતુ ભગવદ્વિમુખ થઈને ફલાકાંક્ષી બની ધર્માચરણ કરે છે. જો તે ભગવત્સન્મુખ થઈ ધર્માચરણ કરે તો ભગવાન તો "કામ"નો નાશ કરે. પરંતુ "કામનો નાશ" તેને પોષાતો નથી. તેથી તો તે કામનું રક્ષણ કરવા ભગવાનનો ત્યાગ કરે છે. અથવા "કામ" તેને વિવેકી બનવા નથી દેતો. અને અનેક પ્રકારના સકામ યજ્ઞો ધર્મોનું આચરણ કર્યે જ જાય છે. તે देवान्–દેવોને पितृन्–પિતૃઓને અર્ચે છે અને ફળ મેળવવાની ઇચ્છા કરે છે. ૧, ૨

ગૃહસ્થ દેવ-પિતૃ-યજનથી ચાન્દ્રલોકને પામે છે અને ભગવાન પોઢે ત્યારે તે લોક નાશ પામે છે એ વાત આ શ્લોકોમાં છે—

तच्छ्रद्धया क्रान्तमतिः पितृदेवव्रतः पुमान् ॥
गत्वा चान्द्रमसं लोकं सोमपाः पुनरेष्यति ॥ ३ ॥
यदैवा[1]हीन्द्रशय्यायां शेतेऽनन्तासनो हरिः ॥
तदा लोकाः क्षयं[2] यान्तित [3]एते गृहमेधिनाम् ॥ ४ ॥

અન્વયાર્થ—तत्–श्रद्धया = તેમના ઉપરની શ્રદ્ધાથી, **क्रान्त-मतिः** = નષ્ટ મતિ, **पितृ–देव–व्रतः** = પિતૃઓનાં અને દેવોનાં વ્રતો આચરનાર, **सोमपाः** = સોમરસનું પાન કરનાર, **पुमान्** = પુરુષ, **चान्द्रमसम्** = ચન્દ્રના, **लोकम्** = લોકમાં, **गत्वा** = જઈને, **पुनः** = પાછો, **एष्यति** = આવશે. **यदा** = જ્યારે, **अहि-इन्द्र-शय्यायाम्** = શેષ ભગવાનની શય્યામાં, **अनन्त–आसनः** = અનંત આસનવાળા, **हरिः** = હરિ ભગવાન, **शेते** = પોઢે છે, **तदा** = ત્યારે, **गृह-मेधिनाम्** = ગૃહસ્થાશ્રમીઓના, **एते** = આ, **ते** = તે, **लोकाः** = લોકો, **क्षयम्** = ક્ષય, **यान्ति** = પામે છે. ૩, ૪

અનુવાદ—તેમના ઉપરની શ્રદ્ધાથી નષ્ટમતિ પિતૃઓનાં ને દેવોનાં વ્રતોને આચરનાર સોમરસનું પાન કરનાર, પુરુષ ચન્દ્રના લોકમાં જઈને પાછો આવશે. જ્યારે શેષ ભગવાનની શય્યામાં અનંતાસન ભગવાન શ્રીહરિ પોઢે છે ત્યારે ગૃહસ્થાશ્રમીઓના તે લોકો–ચાન્દ્રમસ લોકો ક્ષય પામે છે. ૩, ૪

તત્ત્વસુધા—" तच्छ्रद्धया "–આ બે શ્લોકોમાં સકામ ઉપાસકની સ્થિતિનું વર્ણન કરે છે. " तत्श्रद्धया " તે તે દેવો ઉપર, પિતૃઓ ઉપર તે ઉપાસકનો અનુરાગ હોવાથી તેની બુદ્ધિ क्रान्तमति–ભગવાન ઉપર દૃઢ નથી પરંતુ દેવો અને પિતૃઓ ઉપર જ દૃઢ થયેલી છે તેથી क्रान्तमति–એટલે " નષ્ટમતિ ' બન્યો છે. વળી आक्रान्तमतिः–એવો પાઠ લઈએ તો દેવોના ઉપરની શ્રદ્ધાથી તેની મતિ દેવો અને પિતૃઓથી જ ઘેરાએલી છે એવો અર્થ કરવો. બન્ને પાઠનું તાત્પર્ય એક જ છે. દેવો અને પિતૃઓનાં વ્રત કરનારો ઉપાસક ચન્દ્રલોકમાં જઈને ત્યાંનાં સુખો ભોગવી સુકૃત ક્ષીણ થતાં પાછો આવશે. આ શ્લોકમાં सोमपाः એવું ગૃહસ્થને વિશેષણ આપ્યુ છે તેથી સમજાય છે કે " સોમયજ્ઞ ' કરનારને માટે આ ઉલ્લેખ છે. સોમયાજી ચન્દ્રલોકમાં જાય છે. શાસ્ત્રોનો આદેશ છે કે ईश्वरभक्तो भगवति सुकर्मा स्वर्गमेष्यति । अभक्तो निरयं याति सुकर्मापि न संशयः ॥

---

[1] यदा चा प्रा० पा० [2] लयं पा० पा० [3] तदेते–प्रा० पा०

સુકૃતી-સોમ વગેરે યજ્ઞાદિ આચરનાર પણ જો અલ્પ પણ ભક્ત હશે તો જ સ્વર્ગ પામશે પણ ભક્ત ન હોય તે સુકર્મ કરવા છતાં સ્વર્ગ નહીં પામે.

“अनन्तासनः शेते”–સ્વર્ગાદિ લોકોની સ્થિરતા કેટલી એનું સમાધાન કરે છે કે જ્યારે ભગવાન શેષ-શય્યા ઉપર પોઢે છે ત્યારે સ્વર્ગાદિ લોકનો ક્ષય થાય છે. માત્ર “જન-તપ-સત્ય” લોકનો ક્ષય નથી થતો. ભગવાનનું આ શયન નિદ્રા નથી, કેવલ પોઢવું જ છે. તે પોઢણ પણ સર્વ લોકને સુખ આપવા માટે જ છે. ભગવાન તો “અનન્ત”ના આસન ઉપર બિરાજે છે પ્રલય તો વર્ષના અંતે પણ થાય છે પણ તે વર્ષના અંતે ભગવાન “શેષશય્યા” ઉપર નથી પોઢતા. તેથી તે સમયે લોક ક્ષય નથી થતો. ૩, ૪

આ ત્રણ શ્લોકોમાં જે “સાત્ત્વિકો છે, તેમજ નિષ્કામ છે” તેમના ધર્મોનું વર્ણન છે—

ये स्वधर्मं[1] न दुह्यन्ति धीराः कामार्थहेतवे ॥
निःसंगाः न्यस्तकर्माणः प्रशान्ताः शुद्धमेधसः ॥ ५ ॥
निवृत्तिधर्मनिरता निर्ममा निरहंकृताः ॥
स्वधर्माख्येन सत्वेन परिशुद्धेन चेतसा[2] ॥ ६ ॥
सूर्यद्वारेण ते यान्ति पुरुषं विश्वतोमुखम् ॥
परावरेशं प्रकृतिमस्योत्पत्त्यन्तभावनम् ॥ ७ ॥

અન્વયાર્થ—ये = જે, **धीराः** = ધીર પુરુષો, **काम-अर्थ-हेतवे** = કામ અને અર્થને સાધવા માટે, **स्व-धर्मम्** = પોતાના ધર્મને, **न दुह्यन्ति** = દોહી નથી લેતા–તેવા, **निःसङ्गाः** = સંગ વિનાના, **न्यस्त-कर्माणः**= કર્મનો ત્યાગ કરનારા, **प्रशान्ताः** = ઘણા જ શાંત, **शुद्ध-मेधसः** = શુદ્ધ બુદ્ધિવાળા. **निवृत्ति-धर्म-निरताः**= નિવૃત્તિ ધર્મમાં આનંદ માનનારા, **निर्ममाः** = મમતા વિનાના, **निर्-अहम्-कृताः** = અહંકાર રહિત બનેલા, **स्व-धर्म-आख्येन** = પોતાના સ્વધર્મરૂપી, **सत्वेन** = અંતઃકરણથી, **परि-शुद्धेन** = પૂર્ણ પવિત્ર બનેલા, **चेतसा** = ચિત્તથી. **सूर्य-द्वारेण** = સૂર્યના દ્વારથી, **विश्वतोमुखम्** = સર્વ તરફ મુખવાળા, **पुरुषम्** = પુરુષરૂપ-**अस्य** = આ જગતના, **प्रकृतिम्** = સમવાયી કારણ, **उत्पत्ति-अन्त-भावनम्** = અને નાશના કારણ, **परावरेशम्** = નાના મોટા સર્વના ઈશ્વરને, **ते** = તે પુરુષો, **यान्ति** = પામે છે. ૫-૭

અનુવાદ—જે ધીર પુરુષો કામ અને અર્થની પ્રાપ્તિ માટે પોતાના સ્વધર્મને દોહી નથી લેતા તેવા નિઃસંગ, સકામ કર્મનો ત્યાગ કરનારા, અત્યંત શાંત, શુદ્ધ બુદ્ધિવાળા. નિવૃત્તિધર્મમાં આનંદ લેનારા, મમતા વિનાના, અહંકાર રહિત, પોતાના સ્વધર્મના સત્ત્વથી અત્યંત શુદ્ધ અંતઃકરણવાળા, સૂર્યમાર્ગથી સર્વતોમુખવાળા, તેમજ પુરુષરૂપ, આ જગતના સમવાયી કારણ, અને આ જગતની ઉત્પત્તિ અને નાશના નિમિત્ત કારણ, નાના-મોટા સર્વના સ્વામીને પ્રાપ્ત કરે છે. ૫-૭

તત્ત્વસુધા—“ये स्वधर्मं न दुह्यन्ति”–ધીર પુરુષો ‘કામ અને અર્થ’ આ બે પદાર્થોના પ્રાપ્તિ માટે ધર્મનું દોહન નથી કરતા. વર્ણાશ્રમાદિ ધર્મો કે યાગાદિ ધર્મોનું આચરણ કામ એટલે સ્વર્ગાદિ સુખપ્રાપ્તિ અને અર્થ એટલે ઐશ્વર્ય–ધનાદિ પ્રાપ્તિ માટે નથી આચરતા. પરંતુ ધર્મ માટે ધર્મનું આચરણ કરે છે.

---

[1] स्वधर्मान्न प्रा० पा० [2] चेतसः प्रा० पा०

અથવા વર્ણાશ્રમ ધર્મોનું અનુષ્ઠાન કામ કે અર્થના નિમિત્તે ન આચરતાં તે ભગવાનમાં જ સમર્પણ કરીને આચરે તો પણ ધર્મને દોહી લીધો ન કહેવાય. આવું સ્વધર્મનું દોહન ન કરનારા પુરુષોને આઠ વિશેષણો આપ્યાં છે.

धीराः–બુદ્ધિને વિવેકપૂર્ણ રીતે પ્રેરનારા, निःसङ्गः–સંગ વિનાના છે. નિવૃત્તિમાર્ગના ધર્મનું તેઓ આચરણ કરે છે. न्यस्तकर्माणः–નિઃસંગ અને ન્યસ્તકર્મ એ બંને સાપેક્ષ છે. જ્યારે મનુષ્ય બહિઃસંગનો ત્યાગ કરે ત્યારે જ બહારના સંબંધીઓનાં કર્મનો પણ ત્યાગ કરી શકે. માટે 'નિઃસંગ અને ન્યસ્તકર્મા' એકબીજાના આધારથી જ થઈ શકાય.

'न्यस्तकर्मा'નો ઘણા એવો પણ અર્થ કરે છે કે પોતાનાં સમસ્ત કર્મો ભગવાનમાં જ જેણે સ્થાપ્યાં છે એટલે બધાં જ કર્મ ભગવદર્થે જ કરે અને બધાં જ કર્મનાં ફળ ભગવાનને ચરણે ધરે તેને "ન્યસ્તકર્મા" પુરુષ કહેવાય.

प्रशान्ताः–અશાન્તિ ઇન્દ્રિયોની વ્યાકુલતાથી થાય છે. ઇન્દ્રિયોની વ્યાકુલતા પ્રપંચના સંપર્કથી થાય છે પરંતુ આ પુરુષો તો રજોગુણથી મુક્ત છે માટે ઇન્દ્રિયો પણ સ્વસ્થ અને પ્રસન્ન છે તેથી જ "પ્રશાન્ત" થવાય છે, વિષયસુખની લાલસાથી મુક્ત થાય તે જ પ્રશાન્ત બને.

शुद्धमेधसः–સારાનરસાનો વિવેક જ શુદ્ધ બુદ્ધિનું કારણ છે. સદ્‌વિવેક સત્સંગથી મળે. આ શ્લોકમાં ધીર પુરુષને ચાર વિશેષણ આપીને "ચાર સાધન સંપન્ન'. બતાવ્યો તેમાં "નિઃસંગ" શબ્દથી વૈરાગ્ય-સાધન કહ્યું, "ન્યસ્તકર્મ" શબ્દથી સંન્યાસસાધન દર્શાવ્યું, "પ્રશાન્ત" પદથી યોગસાધન કહ્યું જ્યારે "શુદ્ધમેધા" પદથી સાંખ્ય સાધન બતાવ્યું.

હવે છઠ્ઠા શ્લોકમાં ત્રણ વિશેષણ આપે છે. પ્રથમ તો કહે છે કે "निवृत्तिधर्मनिरताः"–આ ધીર પુરુષો નિવૃત્તિધર્મમાં આનંદ લેનારા છે. નિવૃત્તિધર્મો કયા હશે એમ જિજ્ઞાસા થાય તો, વૈરાગ્યનાં ચિહ્નો સેવા વગેરે ભગવદ્‌ધર્મોનું સેવન અને સંન્યાસના ચતુર્થાશ્રમના ધર્મોનું સેવન આ ત્રણ નિવૃત્તિ ધર્મમાં આનંદ આપનાર છે.

निर्ममा निरहंकृतयः–નિવૃત્તિધર્મો જે ઉપર વર્ણવ્યા તેઓ "અહંતા અને મમતા" નામના દોષોથી મુક્ત જ હોય છે. આવા ત્રણ યોગ્યતાવાળા ધીર પુરુષો स्वधर्माख्येन 'હું ભગવાનનો દાસ" છું એવા સ્વધર્મવાળા સત્ત્વગુણથી સર્વ પ્રકારે વિશુદ્ધ ચિત્તવાળા બન્યા જ હોય છે. તેના ફલસ્વરૂપે તેઓ પુરુષને પ્રાપ્ત કરે છે તે વાત હવે કહે છે—

सूर्यद्वारेण ते यान्ति–સૂર્યમાર્ગ એટલે જ્ઞાન અને કર્મનો માર્ગ છે. ઉપનિષદમાં તેને અર્ચિરાદિ માર્ગ કહ્યો છે. પરંતુ સૂર્ય જ્ઞાનાત્મક,છે તેમ જ પ્રત્યેક કર્મ સૂર્યની સાક્ષીમાં થવું જોઈએ માટે सूर्यद्वारेण–સૂર્યદ્વારા જાય છે. આ ધીર પુરુષો જે પુરુષને પામે છે, તે પુરુષ 'પ્રકૃતિના નિયંતા' છે. विश्वतोमुखम् એટલે બ્રહ્માંડ-રૂપ નહીં પરંતુ સાકાર સ્વરૂપને પામે છે. આ સાકારરૂપ ભગવાન પુરુષોત્તમ છે. જે બ્રહ્માના અને કાલના પણ નિયંતા છે. ૫–૭

આ તત્ત્વચિંતન ક્યાં સુધી અને ક્યાં રહેશે એનો ઉત્તર આ શ્લોકે આપ્યો છે—

द्विपरार्धावसाने यः[1] प्रलयो ब्रह्मस्तु ते ॥ ब्रह्मणस्तु
तावदध्यासते लोकं परस्य परचिन्तकाः ॥ ८ ॥

---

[1] सानो यः । प्रा. पा.

અન્વયાર્થ ब्रह्मणः = બ્રહ્માજીના, द्विपरार्धे-अवसाने – બે પરાર્ધ આયુષ્યના અંતે, यः = જે, प्रलयः = પ્રલય થાય છે, तावत् = ત્યાં સુધી, परचिंतकाः = પરતત્ત્વનું ચિંતકો, ते तु = તેઓ તો, परस्य= પરના, लोकम् = લોકમાં, अध्यासते = રહે છે. ૮

અનુવાદ—બ્રહ્માજીના બે પરાર્ધ આયુષ્યના અંતે જે પ્રલય થાય છે ત્યાં સુધી તે પરચિંતકો તો પરના લોકમાં રહે છે. ૮

તત્ત્વસુધા—તે परचिंतकाः-આ ધીર પુરુષો પુરુષોત્તમના ચિંતકો છે, તે ચિંતકો બ્રહ્માના આયુષ્ય પર્યંત परस्य એટલે બ્રહ્માના લોકમાં રહે છે. બ્રહ્માનું આયુષ્ય "બે પરાર્ધનું" માન્યું છે. तु શબ્દ કલ્પાંતરની વ્યાવૃત્તિ માટે છે. ૮

ભગવાનના ભક્તોને જ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય અન્યને નહીં એ શ્લોકનું તાત્પર્ય છે—

क्ष्माम्भोऽनलानिलावियन्मनइन्द्रियार्थभूतादिभिः परिकृतं[1] प्रतिसञ्जिहीर्षुः ॥
अव्याकृतं विशति यर्हि गुणत्रयात्मा कालं पराख्यमनुभूय पुनः[2] स्वयंभूः ॥ ९ ॥

અન્વયાર્થ—क्ष्मा-अम्भः-अनल-अनिल-वियत्-मन-इन्द्रिय-अर्थ-भूत-आदिभिः = પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, ઇન્દ્રિયો, વિષયો, અહંકાર વગેરેથી. परिकृतम् = સંપૂર્ણ પ્રકારે રચેલા જગતને, यर्हि= જ્યારે, प्रति-सम्-जिहीर्षुः = લય કરવા ચાહે છે, गुण-त्रय-आत्मा = ત્રણ ગુણોથી ભરપૂર, આત્મા, स्वयंभूः = બ્રહ્મા, पर-आख्यम् = 'પર' નામની સંજ્ઞાવાળા, कालम् = કાલને, अनुभूय = અનુભવીને, पुनः = પુનઃ, अव्याकृतम् = પ્રકૃતિમાં, विशति = પ્રવેશે છે. ૯

અનુવાદ—પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, ઇન્દ્રિયો, વિષયો, અહંકાર વગેરેથી સંપૂર્ણ પ્રકારે રચેલા જગતને જ્યારે લય કરવા ચાહે છે ત્યારે ત્રણ ગુણોથી ભરપૂર એવા બ્રહ્મા પરસંજ્ઞાવાળા કાલને અનુભવીને પ્રકૃતિમાં પ્રવેશે છે. (વસંતતિલકાવૃત્ત) ૯

તત્ત્વસુધા—प्रतिसञ्जिहीर्षुः-ભગવાન જ્યારે પ્રતિકૂલ થઈ લય કરવાને ચાહે છે, ત્યારે "સ્વયંભૂ" એટલે બ્રહ્માજી अव्याकृतं એટલે પ્રકૃતિમાં પ્રવેશ કરે છે. વ્યાકૃત એટલે વિકૃત અને અવ્યાકૃત એટલે અવિકૃત એવો અર્થ થાય છે. આ બ્રહ્મા गुणत्रयात्मा-ત્રણ ગુણોથી ભરેલા છે. ભગવાનના તે ભક્ત નથી. આ બ્રહ્માજી પોતાના આયુષ્યના સો વર્ષના કાલને ભોગવે છે. पराख्यं कालंનો અર્થ "पर" નામના એટલે બ્રહ્માજીના આયુષ્યની "પર" સંજ્ઞા છે તે कालं આયુષ્યને ભોગવીને पुनः પ્રકૃનિમાં પ્રવેશે છે. આ શ્લોકમાંનો पुनः શબ્દ એમ સૂચવે છે કે પૂર્વમાં બ્રહ્મા આવા જ હતા. આ બ્રહ્માંડ क्ष्माऽम्भोनलानिल પૃથ્વી જલ, અગ્નિ, વાયુ અને આકાશ આ પંચ મહાભૂતોનું તેમજ મન, ઇન્દ્રિયો, अर्थ વિષયો, भूतादिः ભૂતોના આદિ અહંકારથી સંપૂર્ણ રીતે રચેલું છે. આ શ્લોકમાં परिकृतं અને परिश्रुतं એવા બે પાઠ છે. कृतंનો અર્થ રચેલું અને श्रुतंનો અર્થ વીંટાએલું થાય છે ૯

બ્રહ્માજીના સહચરો પણ પ્રકૃતિમાં લય પામે છે આ વસ્તુ આ શ્લોકથી કહેશે—

एवं परेत्य भगवन्तमनुप्रविष्टा ये योगिनो जितमरुन्मनसो विरागाः ॥
तेनैव साकममृतं पुरुषं पुराणं ब्रह्म प्रधानमुपयान्त्यगताभिमानाः ॥ १० ॥

---

१. परिश्रुतं प्रा. पा., २. परः प्रा. पा.

અન્વયાર્થ—**एवम्** = એ પ્રમાણે, **परेत्य** = દેહ ત્યજીને, **ये-योगिनः** = જે યોગીઓ, **भगवन्तम्** = ભગવાનમાં, **अनु-प्र-विष्टाः** = પ્રવેશ્યા છે, અને **ये** = જે યોગીઓ, **जित-मरुत्-मनसः** = પ્રાણવાયુ અને મન ઉપર વિજય મેળવેલા, **विरागाः** = વૈરાગ્ય સમ્પન્ન છે, તે યોગીઓ, **अगत-अभिमानाः** = અભિમાનરહિત નથી થયા તેથી, **तेन-एव** = તેમની જ, **साकम्** = સાથે, **अमृतम्** = અમૃતરૂપ, **प्रधानम्** = પ્રધાન, **पुराणं पुरुषम्** = પુરાણપુરુષ, **ब्रह्म** = બ્રહ્મને, **उपयान्ति** = પામે છે. ૧૦

અનુવાદ—એ પ્રમાણે દેહ ત્યજીને જે યોગીઓ ભગવાનમાં પ્રવેશ્યા છે, તેમજ વાયુ અને મન ઉપર વિજય મેળવેલા વૈરાગ્યસમ્પન્ન જે યોગીઓ છે, તેઓ અભિમાનરહિત ન હોવાથી તેમની સાથે અમૃતમય પ્રધાન પુરાણપુરુષ બ્રહ્મને પામે છે. ૧૦

તત્ત્વસુધા—૧૦ મા શ્લોકનો મર્મ એવો છે કે જે બ્રહ્માજીની સાથે વિચરનાર યોગીઓ છે તે પણ અક્ષરબ્રહ્મને પામે છે. પુરુષોત્તમને નથી પામતા. અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ એક જ છે છતાં અંશતઃ અંતર ઉભયમાં રહેલ છે તે અહીં સમજાવે છે—

"एवं परेत्य ये योगिनः"—યોગીઓ બે પ્રકારના છેઃ भगवन्तमनुप्रविष्टाः—ભગવાનમાં પ્રવેશ કરીને રહેલા નારદાદિ યોગીઓ એક પ્રકારના છે. બીજા जितमरुन्मनसः—પ્રાણાયામાદિ યોગસાધનોથી પ્રાણવાયુને અને મનને જીતનારા છે. આ બીજા પ્રકારના યોગીઓ યોગના અધિકારીઓ છે.

विरागाः—આ બન્ને પ્રકારના યોગીઓને યોગનું ફલ "વૈરાગ્ય" મળ્યું છે. તેમજ વૈરાગ્યનું ફલ બ્રહ્માજીની સાથે વિચરણ અને અન્ય લોકોમાં યથેચ્છ ગમન એવાં બે ફલ મળ્યાં છે. આમ "વિરાગ અને બ્રહ્મા સાથે વિહાર" બે ફલ બતાવવા યોગીઓ માટે "વિરાગ" વિશેષણ યોજ્યું છે. તેઓ લગભગ બ્રહ્માની સમાન મનાયા છે. તેથી જ તેઓ અક્ષરબ્રહ્મને પામે છે. આ અક્ષરબ્રહ્મનો પરિચય નીચેનાં વિશેષણોથી આપે છે.

अमृतम्—અમૃતમય અક્ષરબ્રહ્મને "અમૃત" શબ્દ વાપર્યો છે. આ અક્ષરબ્રહ્મ અમૃત સ્વરૂપ જ છે.

प्रधानम्—આ પ્રધાન શબ્દ "પ્રકૃતિ"વાચક નથી. પરંતુ જગતનું મૂલ બનેલાં પ્રકૃતિ અને પુરુષને ઉત્પન્ન કરનાર બ્રહ્મને માટે "પ્રધાન" શબ્દ વાપર્યો છે. પ્રધાન એટલે પ્રકૃતિ પુરુષના મૂલ. प्रकर्षेण धीयते प्रकृतिः पुरुषश्च यस्मिन् तत् प्रधानम्—"પ્રકૃતિ અને પુરુષ રૂપ ગર્ભ" જેમાં સારી રીતે મૂકેલ છે. પ્રધાન અક્ષર બ્રહ્મ.

पुरुषम्-પુરુષ એટલે સાકારસ્વરૂપ. નિરાકારરૂપ અક્ષર બ્રહ્મ નહીં પરંતુ પુરુષાકાર બ્રહ્મ.

पुराणम्—વળી આ પુરુષ "ક્ષર" પુરુષ નથી પણ અક્ષર પુરુષ છે તે સમજવા માટે "પુરાણ" વિશેષણ આપ્યું છે.

ब्रह्म—એટલે અક્ષરબ્રહ્મ. આ અક્ષરબ્રહ્મને અમૃત-પ્રધાન-પુરુષ-પુરાણ એવાં ચાર વિશેષણ આપ્યાં છે.

આ રીતે સમજાવેલા અક્ષરબ્રહ્મને યોગીઓ પામે છે. પરંતુ તેઓ अगताभिमानः—અભિમાન રહિત નથી બન્યા. ભગવાન કર્તા છે પરંતુ તેઓ પોતાને કર્તા માને છે. તેથી અક્ષરબ્રહ્મને પામે છે. પુરુષોત્તમને પામવા અભિમાનથી મુક્ત થવું પડે છે. ૧૦

આ શ્લોકમાં દેવહૂતિ માતાજીને સર્વભાવથી શરણે જવાની વિનંતી કરે છે—

अथ तं सर्वभूतानां हृत्पद्मेषु कृतालयम् ॥
श्रुतानुभावं शरणं व्रजभावेन भामिनि[1] ॥ ११ ॥

અન્વયાર્થ—**हे भामिनि** = હે માતાજી ! **अथ** = હવે, **सर्व-भूतानाम्** = સર્વ પ્રાણીઓના, **हृत्-पद्मेषु** = હૃદય કમલમાં, **कृत-आलयम्** = નિવાસ કરી બિરાજતા, **श्रुत-अनुभावम्** = આપે સાંભળેલ મહિમા-વાળા, **तम्** = તે ભગવાનને, **भावेन** = ભાવપૂર્વક, **शरणं व्रज** = શરણે જાઓ. ૧૧

અનુવાદ—હે માતાજી, હવે આપ સર્વ પ્રાણીઓના હૃદયકમલમાં નિવાસ કરી બિરાજતા તેમજ આપે મારી પાસેથી સાંભળેલા માહાત્મ્યવાળા તે ભગવાનને ભાવપૂર્વક શરણે જાઓ. ૧૧

તત્ત્વસુધા—भामिनि ! ભગવાન દેવહૂતિ માતાને " भामिनि " સંબોધન કરે છે. ઉત્તમ કોટિની સ્ત્રી જ શરણાગતિ કરી શકે છે માટે " ભામિની " કહ્યું. માતાને સર્વાત્મભાવથી ભજન કરવાનું સૂચવ્યું છે. તે પણ હૃદયમાં રહેલા ભગવાનનું ભજન કરવાનું સૂચવ્યું. ૧૧

आद्यः स्थिरचराणां यो वेदगर्भः सहर्षिभिः ॥
योगेश्वरैः कुमाराद्यैः सिद्धैर्योगप्रवर्तकैः ॥ १२ ॥
भेददृष्ट्याऽभिमानेन निःसङ्गेनापि कर्मणा ॥
कर्तृत्वात्सगुणं ब्रह्म पुरुषं पुरुषर्षभम् ॥ १३ ॥
स संसृत्य पुनः काले कालेनेश्वरमूर्तिना ॥
जाते गुणव्यतिकरे यथापूर्वं प्रजायते ॥ १४ ॥

અન્વયાર્થ—**स्थिर-चराणाम्** = સ્થાવર અને જંગમના, **यः** = જે, **आद्यः** = પ્રથમ છે-ઉત્પન્ન કરનારા છે, તે **वेदगर्भः** = બ્રહ્માજી, **ऋषिभिः** = ઋષિઓ, **योगेश्वरैः** = યોગેશ્વરો, **कुमार-आद्यैः** = કુમાર વગેરે, **सिद्धैः** = સિદ્ધો તેમજ, **योग प्रवर्तकैः** = યોગના પ્રવર્તકોની, **सह** = સાથે, **भेद-दृष्ट्या** = ભેદદૃષ્ટિને લીધે, **अभिमानेन** = અને અભિમાનને લીધે, **निःसंगेन अपि** = યદ્યપિ નિસ્સંગપણે, **कर्मणा** = કર્મ કરતા હોવા છતાં, **कर्तृत्वात्** = કર્તા તરીકેના અભિમાનને લીધે, **पुरुष-ऋषभम्** = ઉત્તમ પુરુષરૂપ **सगुणं ब्रह्म** = સગુણ બ્રહ્મને, **संसृत्य** = પ્રાપ્ત કરીને, **सः** = તે, **ईश्वर-मूर्तिना** = ભગવાનની મૂર્તિરૂપ, **कालेन** = કાલદ્વારા, **गुण-व्यतिकरे** = ગુણોનો ખળભળાટ, **जाते** = ઉત્પન્ન થાય છે, ત્યારે **काले** = તે સમયે, **यथापूर्वम्** = પહેલાંની જેમ, **प्रजायते** = ઉત્પન્ન થાય છે. ૧૨-૧૪

અનુવાદ—સ્થાવર-જંગમના ઉત્પાદક આદ્ય બ્રહ્માજી, ઋષિઓ, યોગેશ્વરો, સનત્કુમારાદિ સિદ્ધો અને યોગપ્રવર્તકો સાથે ભેદવાળી દૃષ્ટિ હોવાથી, તેમજ પોતે કર્તા હોવાના અભિમાનથી, અનાસક્ત થઈ કર્મ કરતા છતાં, કર્તૃત્વના અભિમાનને લીધે ઉત્તમ પુરુષરૂપ સગુણ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ સારી રીતે પરિભ્રમણ કરી જ્યારે ઈશ્વરની મૂર્તિરૂપ કાલથી ગુણોમાં ક્ષોભ થાય છે તે સમયે પૂર્વની માફક બ્રહ્મા ઉત્પન્ન થાય છે. ૧૨-૧૪

---

[1] भाविनि प्रा. पा.

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકોમાં એક વાત સ્પષ્ટ કરી કે "ભગવાનનું અનન્ય ભાવે **દૃઢ ભજન**" જ સંસારના પુનરાગમન વગેરેમાંથી બચાવે છે. માટે અવશ્ય ભગવત્સેવા કરવી. હવે **પ્રથમ એટલે ૧૨ મા** શ્લોકમાં બ્રહ્માજીનું ગૌરવ વર્ણવે છે.

आद्यः–वेदगर्भः=બ્રહ્માજીને બે વિશેષણો આપ્યાં. સ્થાવર જંગમ પદાર્થના आद्यः સ્વયં **રચનાર** એટલે સ્વયં "ઉત્તમ" છે. તેમજ "वेदगर्भ" શબ્દથી જ્ઞાન વગેરે **સાધનોથી** સમ્પન્ન છે. **આમ સ્વતઃ "ઉત્તમ અને જ્ઞાનસંપન્ન" આ બે યોગ્યતા કરી સંગથી ઉત્તમપણું નીચેના પદોથી વર્ણવે છે.**

ऋषिभिः–મરીચિ, અત્રિ, અંગિરા વગેરે ઋષિઓ છે. તેમજ "कुमारैः" **સનત્કુમાર વગેરે** योगेश्वरैः–યોગેશ્વરો છે. આ કુમારોને "યોગેશ્વર" વિશેષણ એટલા માટે આપ્યું છે કે "**તેઓ યોગનું ફલ" આપવા સમર્થ છે. વળી કુમાર શબ્દથી તેઓનો** 'કાલધર્મ' ઉપર વિજય બતાવ્યો છે. **વયની દૃષ્ટિએ** તેઓ બ્રહ્માજીની વયના ૫૦ વર્ષના થયા છે. તોપણ "**કુમાર" અવસ્થામાં જ છે. તેમને કાલના ધર્મો ઉપર** પ્રભુત્વ મેળવ્યું છે. सिद्धैः–આ **ઉપરાંત સનત્કુમારો સિદ્ધ છે.** સિદ્ધિઓ ઉપર વિજયવાળા છે.

योगप्रवर्तकैः–યોગની પ્રવૃત્તિ કરાવવી અને "પોતાની પાસે યોગનું જેટલું ફળ છે તેટલું **તેઓ** બીજાને પણ આપવા સમર્થ છે. આ પ્રકારે "**ઋષિ એટલે આર્ષદ્રષ્ટા, (૧) યોગેશ્વર એટલે યોગ ફલદાતા, (૨) કુમાર** એટલે કાલવિજેતા, સિદ્ધ એટલે સિદ્ધિના વિજેતા, યોગપ્રવર્તક એટલે સ્વ સમાન યોગ ફલ **પ્રદાતા" હોવા છતાં પુનરાગમન કેમ સંભવે ? એવી શંકાનું સમાધાન ૧૩ મા શ્લોકમાં કરે છે.**

"भेददृष्ट्याभिमानेन"–**બે પ્રકારના દોષો પુનરાગમન અને ગમનમાં "અમે મુક્ત પુરુષો છીએ. અન્ય** જીવો બદ્ધ છે" આ **ભેદદૃષ્ટિ એક દોષ છે. અથવા** ભગવાનને માયાશબલિત બ્રહ્મ છે. **એવી ભેદદૃષ્ટિથી** જુએ છે. એટલે **સર્વસમર્થ** સર્વસ્વતંત્ર પરબ્રહ્મને માયાની **પરતંત્રતાવાળા સમજ્યા છે તે ભેદદૃષ્ટિ છે.** "અભિમાન" **અમે યોગાદિના કર્તા–પ્રવર્તક ફલદાતા છીએ** એવું **અભિમાન અથવા અમે બ્રહ્મના સાકાર રૂપનો નિષેધ કરી નિરાકાર રૂપને સમજાવનારા છીએ** આ બે અભિમાનથી **પુનરાવૃત્તિ થવાની છે. કારણ કે** તેઓ "**અક્ષરબ્રહ્મ**"ને પામ્યા છે. તે જ્યારે ભગવાનની "મૂર્તિ" **કાલમાં ક્ષોભ ઉત્પન્ન થાય ત્યારે નારાયણની નાભિમાંથી નીકળેલા** કમલમાંથી પૂર્વની માફક **પ્રકટ થાય છે. ૧૨-૧૪**

આ શ્લોકથી સિદ્ધોનું પુનરાગમન વર્ણવ્યું છે—

ऐश्वर्यं पारमेष्ठ्यं [1]तत्तेषां धर्मेण निर्मितम् ॥
निषेव्य पुनरायान्ति गुणव्यतिकरे सति ॥ १५ ॥

અન્વયાર્થ—तेषां-धर्मेण = તેઓના નિવૃત્તિધર્મની, **निर्मितम्** = નિર્માણ કરેલા, **तत्** = તે, **पारमेष्ठ्यम्** = બ્રહ્માના, **ऐश्वर्यम्** = ઐશ્વર્યને, **निषेव्य** = ભોગવીને, **गुण-व्यतिकरे सति** = ગુણોનો **ક્ષોભ થાય** ત્યારે, **पुनः आयान्ति** = પાછા આવે છે. ૧૫

અનુવાદ—તેઓના નિવૃત્તિધર્મથી નિર્માણ કરેલા તે **બ્રહ્માના ઐશ્વર્યને ભોગવીને** ગુણોનો ક્ષોભ થાય ત્યારે પાછા આવે છે. ૧૫

તત્ત્વસુધા—सति–આ શ્લોકમાં सति શબ્દ શ્રી દેવહૂતિજીનો **સંબોધન** તરીક છે અથવા **सति સપ્તમી** છે. આ સિદ્ધ પુરુષો બ્રહ્માજીની **સભામાં** જે જાણીતાં ઐશ્વર્યો છે તેને ભોગવે છે. આ **ઐશ્વર્યો નિવૃત્તિ ધર્મ**માંથી મેળવ્યાં છે. તે ભોગવીને પુનઃ પરત થાય છે. ૧૫

---

[1] च तेऽपि धर्म-, तु तेऽपि धर्म-प्रा. पा.

હવે લગભગ છ શ્લોકોમાંથી ત્રણ શ્લોકોમાં રાજસ જીવો અને ત્રણ શ્લોકોમાં તામસ જીવો હરિભજન વિમુખ હોઈ પુનરાવર્તનના ચક્કરમાં પડે છે તે વાત વર્ણવે છે—

વિષય

ये त्विहासक्तमनसः कर्मसु श्रद्धयान्विताः ॥
कुर्वन्त्यप्रतिषिद्धानि नित्यान्यपि च कृत्स्नशः ॥ १६ ॥
रजसा कुण्ठमनसः कामात्मानोऽजितेन्द्रियाः ॥
पितॄन्यजन्त्यनुदिनं गृहेष्वभिरताशयाः ॥ १७ ॥
त्रैवर्गिकास्ते पुरुषा विमुखा हरिमेधसः ॥
कथायाः[1] कथनीयोरुविक्रमस्य मधुद्विषः ॥ १८ ॥

અન્વયાર્થ—**तु** = પરંતુ, **ये** = જેઓ, **इह** = આ સંસારમાં, **आसक्त-मनसः** = આસક્ત મનવાળા છે, **कर्मसु** = કર્મમાં, **श्रद्धया-अन्विताः** = શ્રદ્ધા સમ્પન્ન છે, **च** = તેમજ, **अप्रतिषिद्धानि** = શાસ્ત્રે નિષેધ ન કર્યો હોય તેવાં, **नित्यानि** = નિત્યકર્મોને પણ, **कृत्स्नशः** = સંપૂર્ણપણે, **कुर्वन्ति** = કરે છે. **रजसा** = રજોગુણથી, **कुण्ठ-मनसः** = રુંધાએલા મનવાળા—કુંઠિત મનવાળા, **काम-आत्मानः** = કામમાં ચિત્તવાળા કામાધીન અંતઃકરણવાળા, **अजित-इन्द्रियाः** = ઇન્દ્રિયો ઉપર વિજય વિનાના, **गृहेषु** = ઘરોમાં—ઘરકાર્યોમાં, **अभिरत-आशयाः** = અંતઃકરણના આનંદને અનુભવતા, **त्रैवर्गिकाः** = ધર્મ—અર્થ—કામ એ ત્રણને જ પુરુષાર્થ માનનારા, **ते पुरुषाः** = તે પુરુષો, **अनुदिनम्** = રાતદિવસ, **पितृन्** = પિતૃઓને જ, **यजन्ति** = અર્ચે છે, **हरि-मेधसः** = સર્વનાં દુઃખોને હરણ કરનારી બુદ્ધિવાળા, **मधुद्विषः** = મધુ દૈત્યનો દ્વેષ કરનારા, **कथनीय-उरु-विक्रमस्यः** = વર્ણવવા લાયક અનંત પરાક્રમશીલ ભગવાનની, **कथायाः** = કથાઓથી, **विमुखाः** = વિમુખ જીવો, **पितृन्** = પિતૃઓનું, **यजन्ति** = યજન કરે છે. ૧૬–૧૮

અનુવાદ—પરંતુ જેઓ સંસારમાં આસક્ત ચિત્તવાળા છે, કર્મમાં શ્રદ્ધાસમ્પન્ન છે, વળી શાસ્ત્રે નિષેધ ન કર્યાં હોય તેવાં નિત્યકર્મોને સંપૂર્ણપણે આચરે છે—વળી રજોગુણથી કુંઠિત મનવાળા છે, કામપરવશ અંતઃકરણવાળા છે, ગૃહ—સંસારમાં જ અંતઃકરણના આનંદને માનનારા છે, ધર્મ-અર્થ-કામ એ ત્રિવર્ગને જ પુરુષાર્થ તરીકે સ્વીકારે છે, તે પુરુષો, સર્વમાં દુઃખને હરવાની બુદ્ધિવાળા, વર્ણન કરવા યોગ્ય, અત્યંત પરાક્રમશીલ, મધુ દૈત્યનો દ્વેષ કરનારા ભગવાનની કથાથી વિમુખ જીવો પિતૃઓનું અર્ચન કરે છે. ૧૬–૧૮

તત્ત્વસુધા—ये तु—પૂર્વના શ્લોકોમાં સમર્થ સિદ્ધો, યોગીઓ વગેરે પણ જો ભગવાનથી વિમુખ હોવાથી પુનરાગમન પામે છે તો પછી જેઓ સ્વાભાવિક રીતે જ સંસારાસક્ત છે તેઓને મોક્ષ ક્યાંથી મળે ? પરંતુ તેમની કક્ષા અમુક રીતે ઘણી સારી છે તેથી તેઓની અધોગતિ તો નથી જ થતી. હવે તેનાં કારણો સમજાવે છે કે इह એટલે સંસારમાં મન રહેલ હોવાથી પુનઃ સંસારમાં આવશે જ. બીજું "कर्मसु श्रद्धयान्वितः" કર્મમાર્ગમાં તેમને પુષ્કળ શ્રદ્ધા હોવાથી શાસ્ત્રે દર્શાવેલાં અગ્નિહોત્રાદિ, ચાતુર્માસ્ય યાગાદિ સકામ કર્મો કરે છે. આ બધાં નિત્ય કર્મો છે. આ સર્વ કર્મોને કરવાની પાછળનો આશય રજોગુણથી બુદ્ધિ ઘેરાએલી છે. कामात्मानः—સંસારભોગમાં અંતઃકરણવાળા છે તદુપરાંત अजितेन्द्रियाः—તેઓ અજિતેન્દ્રિય છે ? ગૃહસુખોમાં અનુરાગવાળા છે. તેમને એક મોટો ભય રહે છે કે જો તેઓ "ભગવાનની કથા"માં રસવાળા થાય તો તેમની

---

[1] कथायां प्रा. पा.

“ધર્મ, અર્થ અને કામ” સુખોની અભિરુચિને ભગવાનની કથા દૂર કરી નાખે. તેમનો આનંદ તો ધર્માદિ ત્રિવર્ગ ફલોમાં જ છે. તેથી જ તેઓ કથામાં રસ નથી લેતા. કારણ કે ભગવાન “हरिमेधाः” છે-જીવોના દુઃખોને હરવાની મેધા-બુદ્ધિવાળા છે. વળી મધુદ્વિટ્ છે એટલે મધુ દૈત્યનો વધ કરનારા છે. જો ભગવાન મધુ દૈત્યનો નાશ ન કરે, બ્રહ્માજી બ્રહ્માંડ ન રચી શકે તો આપણે માનવ દેહ લઈ આવી ન શકીએ તો હરિસેવા કરી જ ક્યાંથી શકીએ. માટે મધુનો ભગવાને નાશ કર્યો અને બ્રહ્માંડ રચાયું. તો આપણે ભગવાનનું ભજન કરવું જ જોઈએ. વળી कथनीयोरुविक्रमः-મોટા યોગી અને જ્ઞાનીઓથી વર્ણવવાલાયક પરાક્રમ-વાળા છે. આવી ત્રણ યોગ્યતાવાળા હોવા છતાં ત્રણ વર્ગમાં રસ ધરાવનારા કદી કથામાં રસ નહીં લેવાના તેથી પુનર્જન્મ પામવાના. ૧૬-૧૮

नूनं दैवेन निहता[1] ये चाच्युतकथासुधाम् ॥
हित्वा शृण्वन्त्यसद्गाथाः पुरीषमिव विड्भुजः ॥ १९ ॥

અન્વયાર્થ—ये अच्युत-कथा-सुधाम् = જેઓ ભગવાન અચ્યુતની કથાસુધાનો, **हित्वा** = ત્યાગ કરીને, **विड्-भुजः** = વિષ્ઠા ખાનારો, **पुरीषम्-इव** = વિષ્ઠાને જેમ ગ્રહણ કરે છે તેમ, જેઓ **असद्-गाथाः शृण्वन्ति** = વિષયીઓની ગાથાઓનું શ્રવણ કરે છે તેઓ, **नूनम्** = ચોક્કસ વાત છે કે, **दैवेन** = દૈવે જ, **निहताः** = હણ્યા છે. ૧૯

અનુવાદ—જેઓ અચ્યુત ભગવાનની કથાસુધાનું પાન કરવાનું મૂકીને, જેમ સૂકરો-ભૂંડો, મલનું ભોજન કરે છે તે જ પ્રકારે, તેઓ દુષ્ટ ગાથારૂપ મલનું શ્રવણ કરનારાં દૈવથી જ નાશ પામ્યા છે. ૧૯

તત્વસુધા—नूनं दैवेन निहताः-આ શ્લોકમાં દૈવથી નાશ પામેલાની ચર્ચા કરે છે. રાજસ એવાં યજ્ઞાદિ કાર્યો કરતા હોય તોપણ તેઓ ધર્મનિષ્ઠ તો હોત જ. એક દિવસ તેઓ ભગવન્નિષ્ઠ અવશ્ય બનત. પરંતુ विड्भुजः-પ્રાણીના મલ-વિષ્ઠાને જ ખાવા ટેવાયેલા સૂકરો-ભૂંડો મલ વિના રસ્તામાંથી અન્ય કાંઈ નથી લેતા. તે પ્રકારે ક્ષુદ્ર વિષયી જીવો દુષ્ટ વાર્તામાં જ રસ લે છે. જે વાર્તા કેવલ કામરસ અને નિંદારસથી ભરેલી હોઈ સર્વથા જીવનું પતન કરે છે. તે કરતાં તો તેઓ અંધ-બધિર-મૂક હોય તો ભગવાનના કૃપાપાત્ર બનતે અને તેમને ભજન ન કરવાની ક્ષમા મળને, જ્યારે આ તો સર્વ શિક્ષાને જ પાત્ર છે. ૧૯

આ શ્લોકમાં સંસ્કારો પામેલા જીવોની ગતિનું વર્ણન કર્યું છે—

दक्षिणेन पथाऽर्यम्णः पितृलोकं व्रजन्ति ते[2] ॥
प्रजामनु प्रजायन्ते श्मशानान्तक्रियाकृतः[3] ॥ २० ॥

અન્વયાર્થ—श्मशान-अन्त-क्रियाकृतः = જેમના શ્મશાન પર્યંતના સંસ્કારો-ક્રિયાઓ થઈ છે, **ते** = તે જીવો, **अर्यम्णः** = અર્યમાના, **दक्षिणेन-पथा** = દક્ષિણમાર્ગથી, **पितृलोकं** = પિતૃલોકમાં, **व्रजन्ति** = જાય છે, અને **प्रजाम्** = પ્રજાને ત્યાં, **अनु** = પાછળ, **प्रजायन्ते** = પોતે જન્મ લે છે. ૨૦

અનુવાદ—જેમના શ્મશાનાન્ત સંસ્કારો થયા છે તે જીવો અર્યમાના દક્ષિણ માર્ગથી પિતૃલોકમાં જાય છે, ત્યાર બાદ તેઓ પ્રજાને ત્યાં પ્રજા થઈને જન્મ લે છે. ૨૦

---

[1] विहृता प्रा. पा. [2] वै-प्रा. प्रा. । [3] -न्तकृतक्रियाः पा. प्रा. ।

તત્ત્વસુધા—दक्षिणेन पथा—દક્ષિણ માર્ગો અનેક પ્રકારના હોવાથી આ સ્થાને अर्यम्णः એટલે અર્યમા-યમના દક્ષિણ માર્ગથી આ બધા જીવો પિતૃલોકમાં જાય છે. કારણ કે તેઓ श्मशानान्तक्रियाः—ગર્ભમાં આવ્યા ત્યારથી શ્રાદ્ધ પર્યન્તના સંસ્કારો પામ્યા છે. અન્ય જીવો કરતાં તે ઉત્તમ છે. તેમના અપરાધોના શિક્ષા માટે દંડ તો અવશ્ય થાય છે. ત્યાં નરક કે અધોગતિ નથી. આ દંડ કરનાર अर्यमा છે. અર્યમા યમરાજાના અધિકાર ઉપર થોડા સમય માટે નિયુક્ત થાય છે. કારણ કે કોઈ વાર કોઈ કારણવશ યમરાજા-ધર્મરાજાને પોતાના અધિકારથી થોડા સમય માટે દૂર કરે છે ત્યારે તે શાસન "અર્યમા"ને સોંપાય છે. "ધર્મરાજ" તો વૈષ્ણવ છે એટલે ભયાનક કલેશ જીવોને ન આપે. પરંતુ નિયુક્ત અર્યમા દંડ કરવાના સ્વભાવવાળા છે. આ दक्षिणेन पथा—દક્ષિણ માર્ગ જે પિતૃલોકમાં જાય છે ત્યાં "अग्निष्वात्त" પિતૃઓ રહે છે. જેઓએ "આજીવન" અગ્નિહોત્ર આચરેલ, પરંતુ અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞક્રિયાઓ કરેલી નહીં, તેઓને 'अग्निष्वात्त" નામના પિતૃઓ કહ્યા છે.

प्रजामनु प्रजायन्ते—શ્રાદ્ધ પામેલાઓ તો મોક્ષાધિકારી છે એવું શ્રાદ્ધ માહાત્મ્યમાં છે. વળી સુદરિદ્રના ઉપાખ્યાનમાં આવું વર્ણન પણ આવે છે. તો પછી આ જીવો प्रजामनु એટલે પોતાના પુત્રોને ત્યાં પુત્રાદિ થઈને જન્મે છે એવું કેમ સંભવે! તેઓનો મોક્ષ તો થયો નહીં. તેનો હવે ખુલાસો કરે છે કે શ્રુતિમાં કહ્યું છે કે "प्रजामनु प्रजायन्ते तदु ते मर्त्यामृतम्" તેઓનો પુત્રગૃહે જન્મ જ મોક્ષ છે. આ જન્મથી તે ઉત્તરોત્તર જ્ઞાની અને ભક્ત થઈ ભગવાનને પામશે. ૨૦

ततस्ते क्षीणसुकृताः पुनर्लोकमिमं सति ॥
पतन्ति विवशा देवैः सद्यो विभ्रंशितोदयाः ॥ २१ ॥

અન્વયાર્થ—हे सति = દેવી દેવહૂતી, **ततः** = ત્યારબાદ, **क्षीण-सुकृताः** = પુણ્ય-ભાથાનો ક્ષય પામેલા, ક્ષીણ પુણ્ય બનેલા, **देवैः** = દેવોએ, **सद्यः** = તત્ક્ષણે જ, **विभ्रंशित-उदयाः** = વૈભવ ભ્રષ્ટ કરેલા, **विवशाः**= પરવશ બનીને-નિરુપાય બનેલા, **ते** = તે જીવો, **पुनः** = ફરીથી, **इमम्** = આ લોકમાં, **पतन्ति** = પડે છે. ૨૧

અનુવાદ—હે સતી માતા, પિતૃલોકમાં ગયા બાદ ભોગથી પુણ્યક્ષીણ થએલા, દેવોએ તાત્કાલિક વૈભવોથી ભ્રષ્ટ કરેલા, પરવશ બનેલા તે આત્માઓ પુનઃ આ લોકમાં આવે છે.

તત્ત્વસુધા—पतन्ति विवशाः देवैः—પિતૃલોકમાં ગએલાની ઊર્ધ્વગતિ નથી. તેઓને ઊર્ધ્વગતિ પામવા પુનઃ માનવ દેહમાં જ આવવું પડે છે. તેઓ પુનઃ પિતૃલોકમાંથી આવવા ચાહતા તો નથી પરંતુ કરે શું?

"क्षीणसुकृताः"—તેમનાં સુકૃતો સર્વ ક્ષીણ થયાં છે. विवशाः—હવે ભાથું ન હોવાથી લાચાર છે विभ्रंशितोदयाः—તેમને વૈભવોથી પણ ભ્રષ્ટ કરે છે. કારણ કે "સુકૃતશૂન્ય" જો પિતૃલોકમાં રહે તો ત્યાંના દેવોનું તે સુકૃત ભોગવી જાય. તે દેવોને કેમ પોષાય માટે सद्यः—શીઘ્ર જ તેમને આ લોકમાં મોકલે છે. ૨૧

પુણ્યક્ષીણ આત્માઓ પુનઃ પૃથ્વીલોકમાં આવે છે તેનું કથન આ શ્લોકમાં છે—

तस्मात्त्वं सर्वभावेन भजस्व परमेष्ठिनम् ॥
तद्गुणाश्रयया भक्त्या भजनीयपदाम्बुजम् ॥ २२ ॥

અન્વયાર્થ—तस्मात् = માટે, **भजनीय-पद-अम्बुजम्** = સેવવા લાયક ચરણકમલવાળા, **परमेष्ठिनम्**=

પરમાત્માને, **तद्-गुण-आश्रयया** = તેમના ગુણોના આશ્રયવાળી, **भक्त्या** = ભક્તિથી, **त्वम्** = તમે, **सर्व भावेन** = સર્વાત્મભાવથી, **भज** = સેવો. ૨

અનુવાદ—માટે સેવવા યોગ્ય ચરણારવિંદવાળા પરમાત્માને તેમના ગુણોના આશ્રયવાળી ભક્તિથી તમે સર્વાત્મભાવે સેવો. ૨૨

તત્ત્વસુધા—"तस्मात् त्वं सर्वभावेन"–ભગવાન દેવહૂતિ માતાને આગ્રહપૂર્વક નિવેદન કરે છે કે હે માતાજી! આપ તો ભગવચ્ચરણની જ શરણાગતિ સ્વીકારો. ભલે અન્ય જીવો તે પ્રપત્તિને ન વરે પરંતુ આપ તો મારાં માતાજી છો.

सर्वभावेन–જે જે ભાવોથી અન્યત્ર ભજતા હોઈએ તે તે ભાવોથી ભગવાનને જ ભજવા. આ લોક અને પરલોકનાં સાધનરૂપ જે જે સ્વરૂપોને ભજીએ છીએ, તેમજ દેહથી લઈ ઈશ્વર પર્યન્ત જેટલા જે જે ભાવોથી ભજવા યોગ્ય છે તે સર્વ ભાવથી ભગવાનનું ભજન કરવું. તે તે સર્વ ભાવો ભગવાનમાં જ કરવા.

परमेष्ठिनम्–"પરમેષ્ઠી" શબ્દ પુરુષોત્તમ ભગવાનનો વાચક છે. કારણ કે "સર્વશ્રેષ્ઠ" સ્થાનમાં જે બિરાજે છે તે પરમેષ્ઠી છે. તે ભગવાનનું तद्गुणाश्रयया भक्त्या–ભગવદ્‌ગુણોના આશ્રયવાળી ભક્તિથી ભજન કરવું. ભગવદ્‌ગુણોનો આશ્રય માત્ર અભિમાનથી પર છે. તે ગુણોનો આશ્રય પુનરાગમનમાંથી બચાવે છે. ભગવાન भजनीयपदाम्बुजम्-સેવવા યોગ્ય ચરણારવિંદવાળા છે. જે પ્રભુનું ચરણ જોતાં જ સર્વને સેવવા યોગ્ય લાગે તેવું સર્વ દોષનિવારક અને સર્વ ગુણદાયક છે. ૨૨

ભક્તિ, વૈરાગ્ય વગેરે ક્રમશઃ આઠે વસ્તુઓ સ્વયં સિદ્ધ થાય છે તેની ચર્ચા આરંભી છે—

वासुदेवे भगवति भक्तियोगः प्रयोजितः ॥
जनयत्याशु वैराग्यं ज्ञानं यद् ब्रह्मदर्शनम् ॥ २३ ॥

અન્વયાર્થ—**भगवति** = ભગવાન, **वासुदेवे** = વાસુદેવમાં, **प्रयोजितः** = યોજેલો, **भक्तियोगः** = ભક્તિયોગ, **आशु** = અવિલંબે, **वैराग्यम्** = વૈરાગ્યને, **जनयति** = ઉત્પન્ન કરે છે તેમજ, **यद्** = જેમાં, **ब्रह्मदर्शनम्** = બ્રહ્મનું દર્શન છે, એવું **ज्ञानम्** = જ્ઞાન પણ ઉત્પન્ન કરે છે. ૨૩

અનુવાદ—ભગવાન વાસુદેવમાં પ્રયોજેલો ભક્તિયોગ વિનાવિલંબે વૈરાગ્યને ઉત્પન્ન કરે છે, તેમજ જેમાં બ્રહ્મદર્શન રહેલ છે એવા જ્ઞાનને પણ ઉત્પન્ન કરે છે. ૨૩

તત્ત્વસુધા—वासुदेवे भगवति भक्तियोगः प्रयोजितः–ભગવાન વાસુદેવમાં યોજેલા ભક્તિયોગથી પ્રાપ્ત થતી "આઠ" વસ્તુઓ યથાક્રમ વર્ણવે છે તેમાં ભક્તિથી (૧) જ્ઞાન વૈરાગ્યની ઉત્પત્તિ, (૨) જ્ઞાનની કસોટી, (૩) નિરહંકારપણું, (૪) જ્ઞાનનું ભગવત્સ્વરૂપત્વ, (૫) વૈરાગ્યનું મહત્ત્વ, (૬) વૈરાગ્યની ઉત્પત્તિની યુક્તિ, (૭) વૈરાગ્યોત્પત્તિ માટે જ જગત્‌ઉત્પત્તિ, (૮) વૈરાગ્ય થતાં સર્વ નિશ્ચય—ઉપરોક્ત આઠ સ્થિતિ થાય છે તેનું ૨૩ મા શ્લોકથી ૩૦ મા શ્લોક પર્યન્ત નિરૂપણ છે.

जनयत्याशु वैराग्यम्–વૈરાગ્ય તો વિષાદમાંથી પણ આવે છે, નિષ્ફળતામાંથી આવે છે, વિરહમાંથી આવે છે. પરંતુ ભક્તિમાંથી આવતો જ વૈરાગ્ય આનંદ આપે છે. ભગવાન વાસુદેવમાં ભક્તિ થતાં જ "જ્ઞાન અને વૈરાગ્ય" આવે છે. આ ઉત્પન્ન થતું જ્ઞાન "બ્રહ્મનું દર્શન કરાવનાર જ્ઞાન અથવા બ્રહ્મના દર્શનરૂપ" જ્ઞાન છે. જે જ્ઞાન થતાં બ્રહ્મ પ્રકટ થાય છે તે "દેવતારૂપ" જ્ઞાન. અથવા મનનાદિ સાધન દ્વારા થતો સાક્ષાત્કાર.

૨૪ શ્લોકમાં જ્ઞાન થયુ છે કે કેમ તેની કસોટી બતાવે છે, ૨૫ મા શ્લોકમાં નિરંહકાર સ્થિતિ જે જ્ઞાનનું ફલ છે તે બતાવે છે—

यदाऽस्य चित्तमर्थेषु समेष्विन्द्रियवृत्तिभिः ॥
न विगृह्णाति वैषम्यं विप्रियं[1] प्रियमप्युत ॥ २४ ॥
स तदैवात्मनात्मानं निःसङ्गं[2] समदर्शनम् ॥
हेयोपादेयरहितमारूढं पदमीक्षते ॥ २५ ॥

અન્વયાર્થ—જ્યારે **अस्य** = આનું, **चित्तम्** = ચિત્ત, **इन्द्रिय-वृत्तिभिः** = ઇન્દ્રિયોની વૃત્તિથી, **समेषु-अर्थेषु** = સમાન પદાર્થોમાં, **वैषम्यम्** = ભેદને, **विप्रियम्** = અપ્રિય, **उत** = અથવા, **प्रियम्** = પ્રિય વસ્તુને, **न विगृह्णाति** = ગ્રહણ નથી કરતું. **तदा** = ત્યારે, **एव** = જ, **सः** = તે, **आत्मना** = આત્માથી, **आत्मानम्**= આત્માને, **निःसङ्गम्** = સંગરહિત, **समदर्शनम्** = સમાન દર્શનવાળા, **हेय-उप आदेय रहितम्** – ત્યજવા અથવા ગ્રહવાયોગ્ય કાંઈ નથી તેવા, **पदम्** = પદને-સ્થાનને, **आरूढम्-ईक्षते** = આરૂઢ થએલ જુએ છે. ૨૪,૨૫

અનુવાદ—જ્યારે આનું ચિત્ત ઇન્દ્રિયોની વૃત્તિથી સમાન પદાર્થોમાં ભેદ, અપ્રિય, અથવા પ્રિયને ગ્રહણ નથી કરતું. ત્યારે જ તે આત્માથી આત્માને સંગરહિત, સમાન દર્શન વાળા, ત્યજવા અથવા ગ્રહવા યોગ્ય કાંઈ નથી તેના સ્થાનને આરૂઢ થએલો જુએ છે. ૨૪,૨૫

તત્ત્વસુધા—यदाऽस्य चित्तमर्थेषु–આ જ્ઞાનના અધિકારીના "ચિત્ત"ની પરીક્ષા કેવી રીતે થાય. તેવા ખુલાસો કરે છે અને કહે છે કે—પાંચભૌતિક પદાર્થો બધાં ભગવાનનો આધારવાળા છે તેથી, અથવા समेषु ભગવદ્રૂપ છે તેથી તે પદાર્થોમાં તેની જ્યારે વૈષમ્ય બુદ્ધિ નથી થતી ત્યારે તેની યોગ્યતા નક્કી થાય છે. ઇન્દ્રિયની વૃત્તિઓને બધા જ પદાર્થો समेषु ભગવદ્રૂપ જ લાગે પરંતુ ઇન્દ્રિયની વૃત્તિ ભેદ ન લાગે આ ભૂમિકા બનતાં જ્ઞાનનો અધિકારી બન્યો. આ પ્રમાણે સર્વત્ર ભગવદ્રૂપ દર્શનનું જ્ઞાન થાય ત્યારે—

"स तदैवात्मनात्मानम्"–ઉપરોક્ત શ્લોકમાં વર્ણવેલ દર્શન જ્યારે આત્માને થાય છે ત્યારે તે પોતાના આત્મજ્ઞાનથી પોતાને નિઃસંગ, સમદર્શી, ત્યજવા સ્વીકારવાલાયક ગુણદોષ રહિત, સ્વરૂપે જુએ છે. અને સર્વ શાસ્ત્રોમાં જેનો નિર્ણય થયેલ છે તેવા સ્થાનને તે જુએ છે. ૨૪, ૨૫

૨૬ મા શ્લોકમાં જ્ઞાનનું સ્વરૂપ ગાયું છે. ૨૭ મા શ્લોકમાં વૈરાગ્યની પ્રતિષ્ઠા છે-

ज्ञानमात्रं परं ब्रह्म परमात्मेश्वरः पुमान् ॥
दृश्यादिभिः पृथग्भावैर्भगवानेक ईयते[3] ॥ २६ ॥
एतावानेव योगेन समग्रेणेह योगिनः ॥
पूज्यतेऽभिमतो ह्यर्थो यदसङ्गस्तु सर्वतः[4] ॥ २७ ॥

અન્વયાર્થ—ज्ञानमात्रम् = જ્ઞાનમાત્ર, **परं ब्रह्म** = પરબ્રહ્મ, **परमात्मा** = પરમાત્મા, **ईश्वरः** = ઈશ્વર, **पुमान्** = અને પુરુષ છે, **एकः भगवान्** = એક એવા ભગવાન, **दृश्यादिभिः** = જોવું વગેરે, પદાર્થોના **पृथक्-भावैः** = જુદા જુદા વિચારોથી, **पृथक्** = જુદા જ, **ईयते** = ભાસે છે, દેખાય છે. **इह** = આ લોકમાં, **समग्रेण-योगेन** = સમગ્ર યોગથી, **योगिनः** = યોગીનું, **अभिमतः** = ઈચ્છેલું, **तु** = તો, **एतावान्-एव-अर्थः**=

---

[1] प्रियमप्रियमित्युत । प्रा. पा. [2] निःसङ्गः समदर्शनः । प्रा. पा. [3] ईक्षते प्रा. पा. [4] छन्दस्तनशः प्रा. पा.

આટલું જ ફલ, **युज्यते** = પ્રાપ્ત થાય છે કે, **यत्** = જેથી તે, **सर्वतः** = સર્વ તરફથી, **हि** = ખરેખર, **असङ्गः** = અસંગ બને છે. ૨૬, ૨૭

અનુવાદ—જ્ઞાન માત્ર, પરબ્રહ્મ પરમાત્મા ઈશ્વર અને પુરુષ છે. ભગવાન એક જ જોવા વગેરે પદાર્થોના ભિન્ન ભિન્ન વિચારોથી ભિન્ન જુદા જ ભાસે છે. આ લોકમાં સમગ્ર યોગથી યોગીનું ઇચ્છેલું તો આટલું જ ફલ પ્રાપ્ત થાય છે કે, તે યોગી સર્વ તરફથી ખરેખર અસંગ બને છે. ૨૬, ૨૭

તત્ત્વસુધા—ज्ञानमात्रम्–જ્ઞાન સંબંધી વિચાર રજૂ કરતાં ભગવાન કપિલ બોલ્યા કે માતાજી, જ્ઞાન ખરેખર ઉપનિષદથી જ જાણી શકાય તેવું પ્રકટ થએલ સદાનું ચૈતન્ય છે.

આ જ્ઞાનને બ્રહ્મ પ્રકરણમાં બ્રહ્મ કહ્યું છે. તેને જ પોતાની ઈચ્છાથી પ્રકટ કરેલ ઐશ્વર્યવાળું હોવાથી ઈશ્વર કહેલ છે. શારીર, બ્રાહ્મણ અને મૈત્રેય બ્રાહ્મણોનાં ઉપાખ્યાનોમાં આ જ્ઞાનને પરમાત્મા કહેલ છે. તેને જ પુરુષ પણ કહે છે. સર્વનું મૂલ બનેલ આ જ્ઞાન પ્રકટ થાય ત્યારે સર્વ સુસંગત જ છે.

एतावानेव योगेन–આ શ્લોકનો યોગ શબ્દ યોગશાસ્ત્રના પ્રસિદ્ધ અર્થવાળો છે. યોગશાસ્ત્રમાં કર્મ–જ્ઞાન–ભક્તિ એ ત્રણેને યોગ શબ્દથી જ ઓળખાવે છે. આ ત્રણે યોગનું એક મહત્ત્વનું ફળ વૈરાગ્ય છે. વૈરાગ્ય ઉત્પન્ન થયા વિના જ્ઞાન પ્રાપ્ત ન થાય. કવચિત્ જ્ઞાન પ્રાપ્ત થાય તો તે સ્વયં દોષ મુક્ત ન થતાં નિષ્ક્રિય જ રહે છે. તેથી યોગનું સર્વોત્કૃષ્ટ ફલ સર્વતઃ અસંગત્વપ્રાપ્તિ છે. ૨૬, ૨૭

વૈરાગ્ય સ્વરૂપતઃ પણ શ્રેષ્ઠ છે તે ૨૮ મા શ્લોકમાં કહેશે અને જ્ઞાનના ભેદો જે ભાસે છે, તે ગુણો સાથે જ્ઞાન થવાથી ભાસે છે એ વાત કહેશે–

ज्ञानमेकं [1]पराचीनैरिन्द्रियैर्ब्रह्म निर्गुणम् ॥
अवभात्यर्थरूपेण भ्रान्त्या शब्दादिधर्मिणा ॥ २८ ॥
यथा महानहंरूपस्त्रिवृत् पञ्चविधः स्वराट् ॥
एकादशविधस्तस्य वपुरण्डं जगद्यतः ॥ २९ ॥

અન્વયાર્થ—**निर्गुणम्** = નિર્ગુણ. **ब्रह्म** = બ્રહ્મરૂપ, **एकम्** = એક, **ज्ञानम्** = જ્ઞાન, **पराचीनैः** = પ્રાકૃત, **इन्द्रियैः** = ઇન્દ્રિયો લીધે, **भ्रान्त्या** = ભ્રાન્તિથી, **शब्द–आदि–धर्मिणा** = શબ્દ વગેરે ગુણોવાળા, **अर्थ–रूपेण**= પદાર્થોના રૂપે, **अव-भाति** = ભાસે છે. **यथा** = જેમ, **महान्** = મહાન, **त्रिवृत्–अहंरूपः** = ત્રણ પ્રકારનો અહંકાર, **पञ्चविधः** = પાંચ પ્રકારનો, **स्वराट्** = સ્વરાટ, **एकादशविधः** = અગિયાર પ્રકારનો, **तस्य वपुः**= તેમનો દેહ, **अण्डम्** = બ્રહ્માંડ અને **जगत्** = જગત, **यतः** = જેને લીધે ભાસે છે, તેમ જ્ઞાન ભાસે છે. ૨૮, ૨૯

અનુવાદ—નિર્ગુણ બ્રહ્મરૂપ એક જ્ઞાન પ્રાકૃત ઇન્દ્રિયોને કારણે ભ્રાન્તિથી શબ્દ વગેરે ગુણોવાળા પદાર્થોના આકારે ભાસે છે. જેમ એક ભગવાન મહત્તત્ત્વ, ત્રણ પ્રકારનો અહંકાર, પાંચ પ્રકારનો સ્વરાટ, અગીઆર પ્રકારનો તેમનો દેહ, બ્રહ્માંડ અને જગત જેને લીધે ભાસે છે તેમ જ્ઞાન (વિવિધરૂપે) ભાસે છે. ૨૮, ૨૯

તત્ત્વસુધા—"ज्ञानमेकम्"–એક બ્રહ્મરૂપ જે નિર્ગુણ જ્ઞાન છે, તે ઇન્દ્રિયોથી ગ્રહણ કરાતા શબ્દાદિ-

---

[1] पराधीनै–प्रा पा.

ગુણેવાળા પદાર્થોના સ્વરૂપે ભ્રાન્તિ ભાસે છે એ વાતને સ્પષ્ટ રીતે સમજાવે છે-

ખરી રીતે "આ જગત" જ્ઞાનના અન્વય વ્યતિરેકને અનુસરતું હોવાથી માત્ર જ્ઞાનરૂપ છે એવો નિશ્ચય થાય છે. यत्सत्वे यत्सत्वमन्वयः-જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય જ, એ અન્વયવ્યાપ્તિ, જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમ ન હોય તે અભાવવ્યાપ્તિ-વ્યતિરેકવ્યાપ્તિ, આ વસ્તુને જરા સ્પષ્ટ કરીએ. દુનિયાના પદાર્થો માનવ છે, પિતા છે, પૃથ્વી છે, આકાશ છે. આ વ્યવહારો બધા જ પદાર્થોમાં "છે." એટલે "સત્"નો વ્યવહાર જેમ થાય છે, આ અન્વયથી બધા પદાર્થો જેમ સદ્રુપ છે તેમજ બધા પદાર્થો જ્ઞાનના અન્વયથી "જ્ઞાનરૂપ" છે.

તમે એવી શંકા કરો કે, "જ્ઞાનનો વ્યવહાર થાય છે પણ તે ભાસતો નથી, તેથી તેનો પણ સતમાં જ સમાવેશ થાય છે, જ્ઞાનતાં થતો નથી," તો આ શંકાના ખુલાસા માટે એક દૃષ્ટાંતથી સમજીએ કે,- જેમ જલમાંથી ઉત્પન્ન થએલા તરંગોનો સમાવેશ સાગરમાં થાય છે, તેથી તરંગમાંથી ઉત્પન્ન થતાં ફીણ પણ સમુદ્રફીણ કહેવાય છે, પરંતુ જલફીણ કે તરંગફીણ એવું નથી કહેતા તે જ પ્રકારે બધા વ્યવહારો સત્‌માંથી ઉત્પન્ન થાય છે અને તેમાં સમાઈ જાય છે, છતાં પણ જ્ઞાન વિના સત્‌નો પણ વ્યવહાર થવાનું સંભવતું ન હોવાથી બધાનો જ્ઞાનમાં જ સમાવેશ થાય છે તેથી મૂલનું જ્ઞાન અને સત્ બન્ને એક જ છે એવો નિશ્ચય થાય છે. એક જ જ્ઞાન પ્રાકૃત ઇન્દ્રિયોને લીધે સર્વત્ર રહેલું અને વૃદ્ધિ પામતું હોવાથી- નિર્ગુણ છે અને તે ગુણો જ્ઞાનથી જુદા ન હોવાથી ભ્રાન્તિથી ઘટ, પટ, વગેરે પદાર્થના સ્વરૂપે ભાસે છે.

આ ભાસતો પદાર્થ; છીપમાં જણાતા રજતની માફક ભાસતો હોવાથી વિચાર કરતાં પણ તેમાં આસક્તિ કરવી યોગ્ય નથી. કારણ કે પ્રાકૃત પુરુષો પોતાની બુદ્ધિ પ્રમાણે જ તે વસ્તુને ગ્રહણ કરે છે.

"यथा महानहंरूपः -"તત્ત્વ" શબ્દથી વ્યવહાર કરાતા "મહત્તત્ત્વ, પૃથ્વીતત્ત્વ, જલતત્ત્વ" વગેરેને "તત્ત્વ" કેમ કહેવામાં આવે છે તેનો ખુલાસો "तत्त्वानां तद्भावापन्नत्वेन तत्त्वशब्दवाच्यत्वोपपत्तिः" તત્ત્વો તેમની "સ્થિતિ" પ્રાપ્ત કરતાં હોવાથી "તત્ત્વ" શબ્દથી ઓળખાય તે યોગ્ય છે, જેમકે "મહત્તત્ત્વ" વગેરે "પ્રાકૃત ધર્મોને" લીધે "તત્ત્વ" શબ્દથી ઓળખાય તેવાં થાય છે. ખરી રીતે તો જ્ઞાન જ બીજાના ગુણવાળું થતાં તે તે શબ્દથી ઓળખાય છે. આ જણાતાં તત્ત્વોમાં (૧) महान्-મહત્તત્ત્વ, (૨) अहंरूपः શબ્દનો અર્થ છે અહંકાર, આ સ્થાને વિકાર થાય કે अहंकार કહેવામાં શો વાંધો હતો તે अहंरूपः કહ્યું તો તેનું સમાધાન છે કે अहं એટલે "હું" એવો અર્થ થાય છે અને "હું" એવા પદથી આત્મા જણાય છે. તો આ સ્થાને आत्मा ન લેવાય માટે अहंपदः એવો પ્રયોગ કર્યો. વળી अहंकार પણ અનેક પ્રકારનો છે એ મૂંઝવણ ટાળવા માટે अहंपदः એવો પ્રયોગ કર્યો. આ અહંકાર त्रिवृत्-ત્રણ પ્રકારનો છે. આ ત્રણ પ્રકારના અહંકારમાંથી-पञ्चविधः પાંચ તન્માત્રા, પંચ મહાભૂત, પંચ મહાપ્રાણ વગેરે પાંચ પ્રકારના પદાર્થો, અને एकादशविधः ઇન્દ્રિયરૂપ અગીઆર પ્રકારનો પદાર્થ જણાય છે. પાંચ પ્રકારના પદાર્થ અને એકાદશ પ્રકારના પદાર્થની મધ્યમાં "स्वराट्" એટલે "પુરુષ નારાયણ" જણાય છે. પુરુષ નારાયણને ઇન્દ્રિયોની આવશ્યકતા નથી તેથી એમને એકાદશ ઇન્દ્રિયોના પહેલાં લીધા. तस्य वपुः-તેમનો સ્વરાટનો वपुः-દેહ વિરાટ અને તે વિરાટને ઢાંકનાર अण्डम्-બ્રહ્માંડ, અને તેની વચ્ચેનું जगत्-કાર્ય જગત, यतः જેનાથી ભાસે છે એટલે ગુણો સાથે જ જ્ઞાનનું ભાન થવાથી ભાસે છેઃ એટલે અન્યના ગુણનો સંબંધ થવાથી ભાસે છે. ૨૮, ૨૯

"વૈરાગ્યનું ફલ" ઉપરના યુક્તિ-વિચારોથી સિદ્ધ કરી આ શ્લોકમાં દર્શાવે છે...

एतद् वै श्रद्धया भक्त्या योगाभ्यासेन नित्यशः ॥
समाहितात्मा निःसङ्गो विरक्तः[1] परिपश्यति ॥ ३० ॥

અન્વયાર્થ—**एतद् वै** = આ ઉપર કહેલ વસ્તુને, **विरक्तः** = વિરક્ત પુરુષ, **श्रद्धया** = શ્રદ્ધાથી, **भक्त्या**= ભક્તિથી, **नित्यशः** = સદા, **योग-अभ्यासेन** = યોગના અભ્યાસથી, **सम्-आहित-आत्मा** = શાંત અંતઃકરણ વાળો બનીને, **निसङ्गः** = નિસંગ થઈને, **परिपश्यति** = જુએ છે. ૩૦

અનુવાદ—આ ઉપર કહેલ વસ્તુને વિરક્ત પુરુષ શ્રદ્ધાથી ભક્તિથી નિત્ય યોગાભ્યાસ આચરીને શાંત અંતઃકરણ બનતાં નિઃસંગ થઈને જોઈ શકે છે. ૩૦

તત્ત્વસુધા—एतद् वै श्रद्धया-ભગવાન કપિલે કહ્યું, માતાજી ઉપરના આઠ શ્લોકોમાં તર્ક પ્રમાણ વગેરેથી સિદ્ધ કરેલ સર્વ બ્રહ્માત્મક છે. એ રહસ્યને વૈરાગ્યસમ્પન્ન પુરુષ જોઈ શકે છે. આ વૈરાગ્યનો અર્થ ભગવાનના છ ઐશ્વર્યોમાંનું છઠ્ઠું ઐશ્વર્ય સમજવાનો છે. વૈરાગ્ય નામના ભગવાનના ઐશ્વર્યથી જોઈ શકાય છે. "વૈરાગ્ય ઐશ્વર્યની પૂર્વમાં પાંચ જે ઐશ્વર્યો છે તે પણ સાથે હોવાં જોઈએ તેથી "પાંચ સાધનોનો સહ યોગ" ક્રમશઃ દર્શાવે છે કે-

(૧) श्रद्धया-શ્રદ્ધાથી જુએ છે. આ શ્રદ્ધા શબ્દનો અર્થ થાય છે "આસ્તિક બુદ્ધિ", (૨) બીજું સાધન भक्त्या-ભક્તિથી જુએ છે. ભક્તિ એટલે ભગવાનમાં બુદ્ધિ, (૩) ત્રીજું સાધન બતાવે છે योगाभ्यासेन नित्यशः-નિયમિત રીતે અષ્ટાંગ યોગનું અનુષ્ઠાન, (૪) ચોથું સાધન समाहितात्मा-શાંત અંતઃકરણ, (૫) પાંચમું સાધન, निःसङ्ग-સંગરહિત બનવું. આ પાંચ ભગવાનના પૂર્વ ગુણો, છઠ્ઠો વૈરાગ્ય ગુણ, અને સર્વત્ર જ્ઞાન" આ સાત પ્રકારનો ભાગવત શાસ્ત્રનો અર્થ દર્શાવ્યો. ૩૦

પ્રકરણનો ઉપસંહાર કરતાં ભગવાન કપિલ માતૃભાવથી દેવહૂતિજીને કહે છે—

इत्येतत् कथितं गुर्वि ज्ञानं यद्[2] ब्रह्मदर्शनम् ॥
[3]येनावबुध्यते तत्त्वं प्रकृतेः पुरुषस्य च ॥ ३१ ॥

અન્વયાર્થ—**गुर्वि** = હે પૂજ્ય માતા, **यद्** = જેનાથી, **ब्रह्मदर्शनम्** = બ્રહ્મદર્શન થાય છે, તેમજ **येन**= જેનાથી, **प्रकृतेः** = પ્રકૃતિના, **च** = અને, **पुरुषस्य** = પુરુષના, **तत्त्वम्** = તત્ત્વને, **अव-बुध्यते** = જાણે છે, જણાય છે, **एतत्** = આ જ્ઞાન, **इति** = એ પ્રમાણે, **कथितम्** = આપને કહ્યું છે. ૩૧

અનુવાદ—હે પૂજ્ય માતાજી, જેનાથી બ્રહ્મદર્શન થાય છે, તેમજ જેનાથી પ્રકૃતિ અને પુરુષના તત્ત્વનો અવબોધ થાય છે, એવું આ જ્ઞાન આ પ્રમાણે મેં આપને કહ્યું. ૩૧

તત્ત્વસુધા—गुर्वि-ગુરુ શબ્દનું સ્ત્રીલિંગે સંબોધનનું એકવચન गुर्वि થાય છે. એનું એ તાત્પર્ય છે કે આપને સાંખ્ય શાસ્ત્ર મેં વર્ણવી સંભળાવ્યું, પરંતુ હું "ગુરુ નથી. ગુરુ તો માતાજી આપ જ છો.

इति-અવ્યય છે. સાંખ્ય જ્ઞાનના પ્રકરણની સમાપ્તિના સૂચન માટે इति અવ્યયનો ઉપયોગ કર્યો છે.

एतत् कथितम्-આ સર્વ જ્ઞાન જ કહ્યું છે. આ જ્ઞાનથી ब्रह्मदर्शनम्-બ્રહ્મનું દર્શન થાય છે માટે આ જ્ઞાન શ્રવણનું ફલ "બ્રહ્મદર્શન" છે.

---

[1] विरक्त्या प्रा. पा., [2] तद् प्रा. पा., [3] येनानु० प्रा. पा.

"प्रकृतेः पुरुषस्य"–પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન શું છે એવો પ્રશ્ન ૨૬ મા અધ્યાયમાં છઠ્ઠા શ્લોકમાં આપે કરેલો એના અનુસંધાનમાં આ વર્ણન કર્યું છે. આ પ્રકારે સાત પ્રકારનું "જ્ઞાનશાસ્ત્ર" કહ્યું. આ સાત પ્રકાર ૩૦ મા શ્લોકમાં ઉપસંહારમાં કહ્યા છે. ૩૧

ભગવન્નિષ્ઠ જ્ઞાનયોગ અને ભક્તિયોગ આ બન્નેનો અર્થ એક જ થાય છે તે વાત કહે છે—

ज्ञानयोगश्च मन्निष्ठो नैर्गुण्यो भक्तिलक्षणः ॥
द्वयोरप्येक एवार्थो भगवच्छब्दलक्षणः ॥ ३२ ॥

અન્વયાર્થ—मन्निष्ठः = મારા આધારવાળો, **ज्ञानयोगः** = જ્ઞાનયોગ, **च** = અને, **निर्गुणः** = નિર્ગુણ, **भक्ति-लक्षणः** = ભક્તિયોગ, **द्वयोः** = બન્નેનો, **भगवत्-शब्द-लक्षणः** = "ભગવાન" શબ્દથી જણાવતો, **एकः एव-अर्थः** = એક જ અર્થ છે. ૩૨

અનુવાદ—મારા આશ્રયવાળો જ્ઞાનયોગ અને નિર્ગુણ ભક્તિયોગ બન્નેનો "ભગવાન" શબ્દને જણાવતો એવો એક જ અર્થ થાય છે. ૩૨

તત્ત્વસુધા—ज्ञानयोगश्च मन्निष्ठः–૩૧ મા શ્લોક પર્યંત સાત પ્રકારનું જ્ઞાનશાસ્ત્ર કહ્યું. આ સાત પ્રકાર ૩૦ મા શ્લોકમાં કહ્યા છે. આ જ્ઞાનશાસ્ત્રથી ભક્તિશાસ્ત્ર ભિન્ન છે. વળી તેના પ્રકારો પણ અનેક છે. આ ભક્તિશાસ્ત્રમાં વર્ણવેલા ભગવાનમાં ક્રિયા મુખ્ય છે. આ ભગવાનનાં સ્વરૂપ, ગુણો અને કર્મો હોય છે. તેમાં સ્વરૂપ જણાવનારું વૈદિક શાસ્ત્ર છે, ગુણો જણાવનારાં છ દર્શન શાસ્ત્રો છે અને ક્રિયા જણાવનાર ભક્તિશાસ્ત્ર છે. આ બધાનાં ફલો જુદાં છે. તે પૈકી સ્વરૂપ અને મુખ્ય ભક્તિ જણાવનારાં શાસ્ત્રોનું ફલ એક છે. કારણ કે, "मन्निष्ठभक्तियोगः"–ભગવાનની નિષ્ઠાવાળો જ્ઞાનયોગ અને નિર્ગુણ ભક્તિયોગ બંને એક જ છે, કારણ કે ભક્તિથી ષડૈશ્વર્યસમ્પન્ન પ્રાપ્ત થાય છે. અને મુખ્ય જ્ઞાનથી પણ ભગવાન જ પ્રાપ્ત થાય છે. ૩૨

यथेन्द्रियैः पृथग्द्वारैरर्थो बहुगुणाश्रयः ॥
एको नानेयते तद्वद् भगवान् शास्त्रवर्त्मभिः ॥ ३३ ॥

અન્વયાર્થ—यथा = જેમ, **पृथक्-द्वारैः** = ભિન્ન ભિન્ન દ્વારવાળી, **इन्द्रियैः** = ઇન્દ્રિયોથી, **बहु-गुण-आश्रयः** = ઘણા ગુણોના આશ્રયવાળો, **एकः** = એક, **अर्थः** = પદાર્થ, **नाना** = અનેક પ્રકારનો, **ईयते**=દેખાય છે, **तत्** = તેથી, **शास्त्र-वर्त्मभिः** = શાસ્ત્રના માર્ગોથી, **भगवान्** = ભગવાન દેખાય છે. ૩૩

અનુવાદ—જેમ જુદા જુદા માર્ગવાળી ઇન્દ્રિયોથી અનેક ગુણના આશ્રયવાળો એક પદાર્થ અનેક પ્રકારનો દેખાય છે તેમ શાસ્ત્રના ભિન્ન માર્ગોથી ભગવાન જુદા જુદા પ્રકારના ભાસે છે. ૩૩

તત્ત્વસુધા—"यथा"–જેમ એક પદાર્થ રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળો, જુદી જુદી ઇન્દ્રિયોને લીધે જુદો જુદો ભાસે છે. ચક્ષુ રૂપનો આદર કરી પદાર્થનું ગ્રહણ કરે છે, રસના રસનો આદર કરી પદાર્થને ગ્રહણ કરે છે; એવી રીતે અનેક ગુણવાળા ભગવાન જુદા જુદા ગુણનો આદર કરી વર્ણવવામાં આવતા હોવાથી બધાંએ શાસ્ત્રોમાં એક જ ભગવાન જુદા જુદા ગુણોના મુખ્યપણાને લીધે જુદા જુદા પ્રકારે ભાસે છે. ૩૩

સર્વ સાધનો દ્વારા એક જ ભગવાન પ્રાપ્ત થાય છે એ હવે ત્રણ શ્લોકમાં કહે છે—

क्रियया क्रतुभिर्दानैस्तपःस्वाध्यायमर्शनैः[१] ॥
आत्मेन्द्रियजयेनापि संन्यासेन च कर्मणाम् ॥ ३४ ॥
योगेन विविधाङ्गेन भक्तियोगेन चैव हि ॥
धर्मेणोभयचिह्नेन यः प्रवृत्तिनिवृत्तिमान् ॥ ३५ ॥
आत्मतत्त्वावबोधेन वैराग्येन दृढेन च ॥
ईयते भगवानेभिः सगुणो निर्गुणः स्वदृक् ॥ ३६ ॥

અન્વયાર્થ—**क्रियया** = ક્રિયાથી, **क्रतुभिः** = યજ્ઞોથી, **दानैः** = દાનોથી, **तपः-स्वाध्याय-मर्शनैः** = તપ વેદાધ્યયન, મીમાંસાથી, **अपि आत्मा-इन्द्रिय जयेन** = વળી અંતઃકરણ અને ઇન્દ્રિયોના વિજયથી, **च** = અને **कर्मणाम्** = કર્મોના, **संन्यासेन** = સંન્યાસથી, **विविध-अंगेन** = અનેક અંગવાળા, **योगेन** = યોગથી, **च-एक-हि** = અને વળી ખરેખર, **यः-प्रवृत्ति-निवृत्तिमान्** = પ્રવૃત્તિનિવૃત્તિવાળો જે ધર્મ છે, તે **उभय-चिह्नेन** = બન્ને સ્વરૂપવાળા, **धर्मेण** = ધર્મથી, **आत्म-तत्त्व-अवबोधेन** = આત્માનાં અને તત્ત્વોના જ્ઞાનથી, **च दृढेन** = અત્યંત દૃઢ, **वैराग्येण** = વૈરાગ્યથી, **एभिः** = આ બધાં સાધનોથી, **सगुणः** = સગુણ, **निर्गुणः** = નિર્ગુણ અથવા, **स्वदृक्** = સ્વદૃક્, **भगवान्** = ભગવાન, **ईयते** = પમાય છે. ૩૪-૩૬

અનુવાદ—ક્રિયાથી, યજ્ઞોથી, ધનથી, તપથી, વેદાભ્યાસથી, મીમાંસા-પરામર્શથી, તેમજ અંતઃકરણ અને ઇન્દ્રિયોના વિજયથી અને કર્મોના સંન્યાસથી, અનેક પ્રકારના અંગવાળા યોગથી, તેમજ ભક્તિયોગથી, પ્રવૃત્તિ અને નિવૃત્તિ લક્ષણવાળો જે ધર્મ છે તે બન્ને પ્રકારના ધર્મથી આત્મા અને તત્ત્વોના વિવેકજ્ઞાનથી, વળી દૃઢ વૈરાગ્યથી, આ દર્શાવેલાં સાધનોથી સગુણ, નિર્ગુણ અથવા સ્વદૃક્ ભગવાન પમાય છે. ૩૪-૩૬

તત્ત્વસુધા—આ ત્રણ શ્લોકોમાં ભગવાનને મેળવવાનાં સાધનો કહ્યાં છે. તેમાં પ્રથમ (૧) क्रियमाण-સ્મૃતિ ગ્રન્થોમાં કહેલ તીર્થાદિ સ્નાન વગેરે ક્રિયાઓ, (૨) क्रतुभिः-યજ્ઞાનુષ્ઠાનોથી, (૩) दानैः-તુલાદાન-અન્ન-વસ્ત્ર રત્નાદિદાનોથી, (૪) तपः-તપશ્ચર્યાથી, (૫) स्वाध्यायः-વેદાધ્યયન, (૬) अवमर्शः-વેદના અર્થોનો પરામર્શ એટલે મીમાંસાથી, (૭) आत्मजय-અન્તઃકરણના વિજયથી, (૮) इन्द्रियजय-ઇન્દ્રિયોના વિજયથી, (૯) संन्यासेन-હું અને એવી મમતાનો ત્યાગ, (૧૦) कर्मणा योगेन विविधाङ्गेन-ષડંગ કે અષ્ટાંગ એવા આવશ્યક કર્મોના યોગથી, (૧૧) भक्तियोगेन-ભક્તિયોગથી, (૧૨) उभयचिह्नेन यः प्रवृत्तिनिवृत्तिमान् धर्मः क्रियते तेन-વૈરાગ્યથી આચરવામાં આવતો નિવૃત્તિલક્ષણ ધર્મ અને આસક્તિથી આચરવામાં આવતો પ્રવૃત્તિલક્ષણ ધર્મ આ બન્ને પ્રકારના ધર્મથી, (૧૩) आत्मावबोधेन-આત્માના અવબોધથી, (૧૪) तत्त्वावबोधेन-તત્ત્વોના જ્ઞાનથી, (૧૫) वैराग्येन दृढेन-વૈરાગ્ય જણાવનારા શાસ્ત્રથી, ભગવાન પમાય છે. આ ભગવાન सगुणः-કલ્યાણગુણપૂર્ણ, निर्गुणः-દોષોથી રહિત, स्वदृक्-સ્વપ્રકાશ ભગવાન પમાય છે. ૩૪-૩૬

प्रावोचं भक्तियोगस्य स्वरूपं ते चतुर्विधम् ॥
कालस्य चाव्यक्तगतेर्योऽन्तर्धावति जन्तुषु ॥ ३७ ॥

---

[१] दर्शनैः -प्रा. पा.

અન્વયાર્થ—**भक्तियोगस्य** = ભક્તિયોગનું, **चतुर्विधम्** = ચાર પ્રકારનું, **स्वरूपम्** = સ્વરૂપ, **च** = અને, **अव्यक्त-गतेः** = સમજી ન શકાય તેવી ગતિવાળા, **कालस्य** = કાલનું, કે **यः** = જે કાલ, **जन्तुषु** = પ્રાણીઓમાં, **अन्तः** = અંદર, **धावति** = ઘૂમે છે તેનું, **स्वरूपम्** = સ્વરૂપ, **प्र-अवोचम्** = પ્રયત્નપૂર્વક કહ્યું. ૩૭

અનુવાદ—ભક્તિયોગનું ચાર પ્રકારનું સ્વરૂપ અને સમજી ન શકાય તેવી ગતિવાળા કાલનું સ્વરૂપ માતાજી આપને કહ્યું, કે જે કાલ પ્રાણીઓમાં અંદર ઘૂમે છે ૩૭

તત્ત્વસુધા—भक्तियोगस्य चतुर्विधम्—આ શ્લોકમાં કહે છે કે ભક્તિશાસ્ત્રમાં પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોનો આદર કરીને ત્રણ પ્રકારનો ભક્તિયોગ કહ્યો. વર્તમાન કાલમાં ભક્તિ કરનારાઓ, અનુક્રમે તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણના ભેદવાળા વિષ્ણુ સ્વામીના સેવકો, તત્ત્વવાદીઓ, રામાનુજ સેવકો અને પુષ્ટિ સમ્પ્રદાયના સેવકોએ દર્શાવેલ નિર્ગુણ ભક્તિયોગ કહ્યો. ૩૭

जीवस्य संसृतीर्बह्वीरविद्याकर्मनिर्मिताः ॥
यास्वनुप्रविशन्नात्मा न वेद गतिमात्मनः ॥ ३८ ॥

અન્વયાર્થ—**अविद्या-कर्म-निर्मिता** = અવિદ્યા અને કર્મથી થતા, **जीवस्य** = જીવથી, **बह्वीः** = ઘણી, **संसृतीः** = જન્મો છે, **यासु** = જેમાં, **अनुप्रविशन्** = પ્રવેશ કરતાં, **आत्मा** = જીવ, **आत्मनः** = પોતાની, **गतिम्** = ગતિને, **न वेद** = જાણતો નથી. ૩૮

અનુવાદ—અવિદ્યા અને કર્મથી થતા જીવના ઘણા જન્મો છે. જેમાં પ્રવેશ કરતાં આત્મા પોતાની ગતિને જાણતો નથી. ૩૮

તત્ત્વસુધા—जीवस्य संसृतीः बह्वीः—જીવોના સંસાર એટલે જન્મો સત્વાદિ ગુણથી અથવા પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના ભેદથી ત્રણ પ્રકારના હોય છે અને એના અવાન્તર ભેદો તો અગણિત હોય છે. આ संसृतयः એટલે જન્મો अविद्या એટલે અજ્ઞાનથી કરવામાં આવતાં કર્મોને લીધે થાય છે. આ જન્મોને લેતાં કર્મોને લીધે જીવાત્માને ખ્યાલ પણ નથી હોતો કે પોતાની ગતિ શી છે? જો તે જન્મમાં પ્રવેશ ન જ કરે તો આત્મગતિ પ્રાપ્ત કરી શકે. ૩૮

ભગવાનની આ સર્ગલીલાના ઉપદેશના અનધિકારીઓનો આ શ્લોકોમાં ઉલ્લેખ કરે છે—

नैतत् खलायोपदिशेत् नाविनीताय कर्हिचित् ॥
न स्तब्धाय न भिन्नाय नैव धर्मध्वजाय च ॥ ३९ ॥
न लोलुपायोपदिशेन्न गृहारूढचेतसे ॥
नाभक्ताय च मे जातु न मद्भक्तद्विषामपि ॥ ४० ॥

અન્વયાર્થ—**एतत्** = આ ઉપદેશ, **खलाय न** = ખલને ન આપવો, **अविनीताय-** = અવિનયીને, **कर्हिचित् न** = કોઈ પણ કાલે ન આપવો, **स्तब्धाय** = ગર્વિષ્ઠ-ઘમંડી-મૂઢને, **न** = આપવો, **भिन्नाय** = ભિન્ન મતવાળાને, **न एव** = ન કરવો, **च** = અને, **धर्म-ध्वजाय** = પાખંડીને ન કરવો. **लोलुपाय** = લોભીને, ન **उपदिशेत्** = ન આપવો, **गृह-आरूढ-चेतसे** = ઘરમાં દૃઢ ચિત્તવાળાને, **न** = આપવો નહીં, **च** = અને, **मे**

अभक्ताय = મારા અભક્તને-ભક્ત ન હોય તેને, **न** = કદી ન આપવો, તેમજ, **मे** = મારા, **भक्त-द्विषाम्** = ભક્તોનો દ્વેષ કરનારાઓને, **जातु-न** = કદી પણ ન આપવો. ૩૯, ૪૦

અનુવાદ—આ ઉપદેશ ખલને ન આપવો, અવિનયીને કોઈ પણ કાલે ન આપવો, ગર્વિષ્ઠ-ઘમંડીને ન આપવો, ભિન્ન મતાનુયાયીને ન જ આપવો તેમજ પાખંડીને ન આપવો. વળી આ ઉપદેશ લોભીને ન આપવો, ઘરમાં જ ચિત્તવાળાને ન આપવો, અભક્તને ન આપવો, તેમજ મારા ભક્તોનો દ્વેષ કરનારને કદી પણ ન આપવો. ૩૯, ૪૦

તત્ત્વસુધા—नैतत् खलायोपदिशेत्-હવે આ બે શ્લોકોમાં નવ જણ ઉપદેશના અધિકારી નથી એ જણાવ્યું છે. खलाय न-આ ઉપદેશ ખલ પુરુષને ન કરવો. "ખલ" શબ્દ દુર્જનવાચક અથવા "ગુપ્તચર" માટે વપરાયો છે. ખલ મર્મવેધી વાક્ય બોલનારનું પણ નામ છે.

अविनीताय-અવિનયીને ન કરવો. કારણ કે તે ઉદ્ધત છે. જ્ઞાન ઉદ્ધતને ન અપાય. न स्तब्धाय-સ્તબ્ધ એટલે મૂઢ છે, જે શ્રદ્ધારહિત છે અથવા ગર્વિષ્ઠ છે કે ઘમંડી છે તેને જ્ઞાન ન આપવું. न भिन्नाय-મતાન્તરવાદી અથવા નાસ્તિક મતાનુયાયીને પણ ન આપવો કારણ કે તે નિષ્ફળ જવાનો છે. धर्मध्वजाय न-ધર્મનો ડોળ કરતો હોય તેવાં દંભીને પણ આ જ્ઞાન ન આપવું. लोलुपाय न-લોલુપ શબ્દ અજિતેન્દ્રિય માટે વાપર્યો છે. गृहारूढचेतसे-એટલે ઘરનાં જ કાર્યોમાં અતિશય રચ્યાપચ્યા રહેતા જીવને પણ ઉપદેશ અસર નહીં કરે.

अभक्ताय च न-અભક્ત હૃદયનાને પણ ઉપદેશ ન અપાય. એથી એનો અનુરાગ સિદ્ધ નહીં થાય.

"मद्भक्तद्विषामपि"-મારા ભક્તોનો દ્વેષ કરનારને પણ ઉપદેશ ન કરાય. દ્વેષી દોષદર્શી જ થવાનો તેને ગુણોમાં દોષ દેખાશે. ૩૯, ૪૦

આ બે શ્લોકોમાં અગીઆર ઉપદેશના અધિકારીઓ ને જણાવે છે—

श्रद्दधानाय भक्ताय विनीतायानसूयवे ॥
भूतेषु कृतमैत्राय शुश्रूषाभिरताय य ॥ ४१ ॥
बहिर्जातविरागाय शान्तचित्ताय दीयताम् ॥
निर्मत्सराय शुचये यस्याहं प्रेयसां प्रियः ॥ ४२ ॥

અન્વયાર્થ—**श्रद्दधानाय** = શ્રદ્ધાસમ્પન્નને, **भक्ताय** = ભક્તને, **विनीताय** = વિનયીને, **अनसूयवे** = ઇર્ષ્યાથી પર હોય તેને, **भूतेषु-कृतमैत्राय** = પ્રાણીઓના મિત્ર બનેલને, **शुश्रूषा-अभिरताय** = સેવામાં સતત અનુરાગવાળાને, **च** = અને, **बहिः जातविरागाय** = બહારના પદાર્થોમાં વૈરાગ્ય પ્રાપ્ત કરેલાને, **शान्त-चित्ताय** = શાંત ચિત્તવાળાને, **निर्मत्सराय** = કોઈનો દ્રોહ ન કરનારને, **शुचये** = પવિત્રને, **यस्य** = જેને. **अहम्** = હું, **प्रेयसां-प्रियः** = સર્વ કરતાં અધિક પ્રિય હોઉં તેમને, **दीयताम्** = ઉપદેશ આપવો. ૪૧, ૪૨

અનુવાદ—શ્રદ્ધાસમ્પન્નને, ભક્તને, વિનયીને, ઈર્ષ્યાથી મુક્ત હોય તેને, પ્રાણી માત્ર સાથે સ્નેહ કરનારને, અને સેવામાં અનુરાગ રાખનારને. તેમજ, બહારના પદાર્થો ઉપર વૈરાગ્ય ધરાવનારને, શાંત ચિત્તવાળાને, કોઈનો દ્રોહ ન કરનારને, પવિત્રને અને જેને હું સર્વ કરતાં અધિક પ્રિય છું તેને ઉપદેશ કરવો. ૪૧, ૪૨

તત્ત્વસુધા—श्रद्दधाय-આસ્તિક્ય બુદ્ધિવાળાને ઉપદેશ કરવો જેથી ઉપદેશની સફળતા થાય. भक्ताय-ભગ-

વાનનો, ગુરુજનોનો ભક્ત હોય તેને, विनीताय–ઉપદેશક ઉપર ભાવના અને નમ્રતાવાળાને ઉપદેશ કરાય. अनसूयवे–કોઈના પણ ઉપર જેની અસૂયા ન હોય તેને જરૂર ઉપદેશ ફળે છે. भूतेषु कृतमैत्राय–દયાળુ એટલે પ્રાણીમાત્રનો મિત્ર પણ ઉપદેશ પાત્ર છે.

शुश्रूषाभिरताय–સેવામાં આલસ્ય વિનાનો પણ ઉપદેશને યોગ્ય છે.

बहिर्जातविरागाय–સંસારના પદાર્થોમાંથી મન ઊઠી ગયેલ હોય તેને જલદી અસર થાય છે. शान्तचित्ताय શાંત ચિત્તવાળાને ઉપદેશ આપવો. તે ઉપદેશ સ્થિર રહે છે. निर्मत्सराय કોઈનો પણ દ્રોહ ન કરે તેને પણ ઉપદેશ અસર કરે. शुचये–પાપમુક્તને પણ અવશ્ય ઉપદેશ ફળે છે. શુચિ એટલે જ શુદ્ધ. यस्याहं प्रेयसां प्रियः જેને ભગવાન સર્વથી વધુ પ્રિય છે તેને ઉપદેશ ફળે છે. ૪૧, ૪૨

શ્રોતા વક્તાને કથાના શ્રવણનું ફળ સંભળાવે છે—

य इदं शृणुयादम्ब श्रद्धया पुरुषः स्वदृक्[१] ॥
योऽवाभिधत्ते मच्चित्तः स ह्येति पदवीं च मे ॥ ४३ ॥

અન્વયાર્થ—**अम्ब** = માતાજી, **यः** = જે **स्वदृक् पुरुषः** = આત્મદર્શન કરનાર પુરુષ, **इदम्** = આ વિષયને, **श्रद्धया** = શ્રદ્ધાથી, **शृणुयात्** = સાંભળે, **वा च** = અને, **मच्चित्तः** = મારામાં મન રાખીને, **अभिधत्ते** = કહે, **सः** = તે પુરુષ, **मे पदवीम्** = મારા સ્થાનને, **हि एति** = અવશ્ય પામે છે. ૪૩

અનુવાદ—હે માતાજી, જે આત્માનું દર્શન કરનાર પુરુષ શ્રદ્ધાથી આ વિષયનું શ્રવણ કરે અને જે મારામાં મન રાખીને કહે તે મારા પદને અવશ્ય પામે છે. ૪૩

તત્ત્વસુધા—य इदं शृणुयादम्ब–પ્રસંગનો ઉપસંહાર કરતાં ભગવાન કપિલ માતાજીને अम्ब સંબોધન કરીને માતૃભક્તિનું સૂચન કરે છે. આ જ્ઞાનને સાંભળનાર પુરુષ જોઈએ. પુરુષ એટલે કામવિજયી વિવેકી સમજવો. તદુપરાંત स्वदृक् આત્મદર્શી હોવો જોઈએ. ખાસ કરીને તત્ત્વજ્ઞાનનો શ્રોતા અન્તર્મુખ હોય એ વધુ જરૂરી છે.

मच्चित्तः योऽभिधत्ते–વક્તા પણ ભગવાનનો ભક્ત અને ભગવાનમાં ચિત્તવાળો હોય અને ગુણાનુવાદથી ભગવાનમાં ભાવ જગાડતો હોય અને પોતે ભગવદ્દ્રેષ્ટા ન હોય તે જ વક્તા તરીકે ઘટે. આ બન્ને શ્રોતા વક્તા હરિચરણને પામી શકે છે. ૪૩

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ૩૨ મો અધ્યાય સમાપ્ત

---

[१] स्वकृत् प्रा. प.

અધ્યાય ૩૩ મો

આ અધ્યાયના ૩૭ શ્લોક છે. શ્રી "દેવહૂતિ માતાજીની સ્તુતિ, શ્રી કપિલ ભગવાનની કૃપા અને માતાજીની મુક્તિ" આ ત્રણ વિષયો આ અધ્યાયમાં મુખ્ય છે. "સ્ત્રી"ની મુક્તિ થાય છે એ અધ્યાયનો વિષય છે. પૂર્વના આઠ અધ્યાયમાં મુખ્ય ભક્તિ, સાંખ્ય, જ્ઞાન, યોગ અને વૈરાગ્યનાં ચાર અંગ મળી આઠ મતો મુક્તિના હેતુ તરીકે વર્ણવ્યા છે.

આ સ્કંધના ૩૩ અધ્યાયમાં ૩૩ તત્ત્વોની અને ૩૩ દેવોની સૃષ્ટિ છે. તેમાં ૧૯ દેવો બંધસૃષ્ટિમાં વર્ણવ્યા છે. ૧૪ દેવો મુક્તિલીલામાં કારણભૂત વર્ણવ્યા છે.

મુક્તિ કોઈ પણ પ્રકારના સંબંધ કે અન્ય સાધનોથી સંભવતી નથી. તે કેવલ ભગવાનની કૃપાથી જ થાય છે. કૃપા પણ ભગવાન પ્રસન્ન થાય ત્યારે જ થાય છે. કૃપા ભગવાનમાં ભક્તિથી જ થાય છે.

ભગવતી દેવહૂતિ માતા મોહપટલ દૂર થતાં ભગવાન કપિલને પ્રણામ કરે છે અને સ્તુતિ કરે છે—

मैत्रेय उवाच—एवं निशम्य कपिलस्य वचो जनित्री सा कर्दमस्य दयिता किल देवहूतिः ॥
विस्रस्तमोहपटला तमभिप्रणम्य तुष्टाव तत्त्वविषयाङ्कितसिद्धिभूमिम् ॥ १ ॥

અન્વયાર્થ—एवम् = એ પ્રમાણે, **कपिलस्य** = કપિલ ભગવાનનું, **वचः** = વચન, **निशम्य** = સાંભળીને, **सा** = તે, **जनित्री** = કપિલજનની, **कर्दमस्य** = કર્દમ ઋષિનાં, **दयिता** = પત્ની, **किल** = ખરેખર, **देवहूति** = દેવહૂતિજી, **विस्रस्त-मोह-पटला** = મોહપટ સરી જતાં, **तत्त्व-विषय-अङ्कित-सिद्धि-भूमिम्** = તત્ત્વવિષયનું પતિપાદક સાંખ્યશાસ્ત્રના જ્ઞાનની આધાર ભૂમિ, **तम्** = શ્રી કપિલ ભગવાનને, **अभिप्रणम्य** = પ્રણામ કરીને, **तुष्टाव** = સ્તુતિ કરવા લાગ્યાં. (વસંતતિલકાવૃત્ત) ૧

અનુવાદ—આ પ્રમાણે કપિલ ભગવાનનું વચન સાંભળીને, કપિલ પ્રભુનાં જનની કર્દમ ઋષિનાં પત્ની દેવહૂતિનો મોહનો પડદો ચિરાઈ ગયો, અને પોતે, તત્ત્વપ્રતિપાદક સાંખ્યશાસ્ત્રના જ્ઞાનની આધારભૂમિ ભગવાન કપિલને પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યાં. ૧

તત્ત્વસુધા—एवं निशम्य–સામાન્ય એવો ધારો છે કે "શાસ્ત્રનું જ્ઞાન કરાવનાર પુરુષની કૃપા વિના જ્ઞાનનાં સાધન અને ફલ પ્રાપ્ત થતાં નથી. આવો જે નિયમ છે તેનું જ્ઞાન દેવહૂતિ માતાજીને થયું છે. ત્યાં પ્રશ્ન થયો કે દેવહૂતિ માતાજીમાં એવો કયો ગુણ હતો કે આવી "દિવ્ય મતિ" ઉત્પન્ન થઈ? તેના ઉત્તરમાં કહે છે કે—દેહૂવતિજીની યોગ્યતા દર્શાવનાર "પાંચ વિશેષણો છે તેમાં પ્રથમ (૧) जननी એટલે "કર્દમ ઋષિનાં માતા" કહ્યાં છે. જો કપિલ જેવા પ્રભુ પુત્ર થઈ અવતરે તો તેમની ભૂમિ દિવ્ય હોવી જોઈએ. (૨) सा એટલે સ્વયં પોતાના ગુણોથી પણ ઉત્તમ યોગ્યતાવાળાં છે. તેમજ (૩) कर्दमस्य दयिता–સિદ્ધ અને મુક્ત મહર્ષિ કર્દમનાં પત્ની હોવાથી પતિની મુક્તિ થાય તેના પરિવારની પણ મુક્તિ થાય તો પછી પત્નીની પણ યોગ્યતા પણ હોય જ, (૪) વળી किल–નિશ્ચયવાચક કિલ અવ્યયથી પણ સૂચવ્યું કે દેવહૂતિજી ઉત્તમ મતિવાળાં છે જ, (૫) देवहूतिः–દેવોનું નિમંત્રણ જેમનાથી થાય છે તેવી ભૂમિવાળાં શ્રી દેવહૂતિજી હતાં એવું એમના નામથી નક્કી થતું હોવાથી પાંચેપાંચ ગુણવાળાં દેવહૂતિ માતા જો જ્ઞાનદાતા ભગવાનની સ્તુતિ કરવી જોઈએ એવી બુદ્ધિ ધરાવે તો નવાઈ ન કહેવાય.

विस्रस्तमोहपटला–દેવહુતિ માતાજીનો મોહપટ ચિરાઈ ગયો છે તેથી તો "કપિલ ભગવાન છે પુત્ર નથી." એવું અનુસંધાન થયું અને પ્રણામ કર્યા તેમજ સ્તુતિ પણ કરી. હવે ભગવાન છે તે કેમ સમજાય તેના સમાધાન માટે કપિલ પ્રભુને વિશેષણ આપે છે—

तत्त्वविषयाङ्कितसिद्धिभूमिम्–આ વાક્યમાં પાંચ શબ્દોથી ભગવાન કપિલને "જ્ઞાનકલાના અવતાર છે એવું સમજાવશે. સંપૂર્ણ વાક્યનો "તત્ત્વના વિષયના ચિહ્નવાળી ભૂમિના આધાર કપિલ પ્રભુને" એવો અર્થ થાય છે.

હવે આ વાક્યનો ત્રણ પ્રકારે અર્થ સ્પષ્ટ થાય છે. (૧) તત્ત્વરૂપ વિષયના ચિહ્નવાળા જે સિદ્ધિ એટલે સાંખ્યશાસ્ત્ર તેના ભૂમિ એટલે આધાર કપિલ ભગવાનને પ્રણામ કર્યો.

(૨) तत्त्वविषयाङ्किता–એટલે તત્ત્વના વિષયના ચિહ્નવાળું જે શાસ્ત્ર અને તે શાસ્ત્રથી પ્રાપ્ત થતા જ્ઞાનના આધાર ભગવાન કપિલને પ્રણામ કર્યા. હવે ત્રીજો અર્થ થાય છે કે तत्त्वविषय–તત્ત્વના વિષયવાળું જ્ઞાન તે તત્ત્વજ્ઞાન, તેના अङ्किता–એટલે ચિહ્નવાળી सिद्धिः એટલે ભગવાનની જ્ઞાનકલા, તેની भूमिः એટલે તે જ્ઞાનકલાના અવતાર ભગવાનને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યાં. ૧

આ શ્લોકમાં દેવહૂતિજીને દર્શન થાય છે તે અનુગ્રહનું જ કારણ છે— ૨ અ ૮ - સ્તુતિ

देवहूतिरुवाच—अथाप्यजन्तोः सलिले शयानं भूतेन्द्रियार्थात्ममयं वपुस्ते ॥
गुणप्रवाहं सदशेषबीजं दध्यौ स्वयं यज्जठराब्जजातः ॥ २ ॥

અન્વયાર્થ—अजः = અજન્મા, **अपि** = હોવા છતાં, **स्वयम्** = પોતે, **यत्–जठरअब्ज–जातः** = જેમના ઉદરમાંથી પ્રકટેલા કમલમાંથી પ્રકટેલા, બ્રહ્માજીએ, **अन्तः–सलिले** = જલની અંદર, **शयानम्** = પોઢેલા, **भूत–इन्द्रिय–अर्थ–आत्ममयम्** = મહાભૂતો, ઇન્દ્રિયો, તન્માત્રાઓ, અને આત્માના બનેલા, **गुण–प्रवाहम्** = ગુણોના પ્રવાહવાળા, **सत्** = પ્રકટેલ, **अशेष–बीजम्** = સમસ્ત વિશ્વના બીજરૂપ, **ते** = આપના, **वपुः** = શ્રીવિગ્રહનું, **दध्यौ** = ધ્યાન કરેલું છે. (ઉપજાતિવૃત્ત) ૨

અનુવાદ—જન્મથી પર હોવા છતાં પોતે જે ભગવાનના ઉદરમાંથી પ્રકટેલા કમલમાંથી પ્રકટેલા બ્રહ્માજીએ, જલમાં પોઢેલા, મહાભૂત–ઇન્દ્રિયો–તન્માત્રાઓ–અને આત્માના બનેલા ગુણોના પ્રવાહવાળા, પ્રકટ એવા સર્વ વિશ્વના બીજરૂપ આપના દેહનું ધ્યાન કરેલું છે. ૨

તત્ત્વસુધા—"अथाऽप्यजन्तोः सलिले शयानम्"–આ બીજા શ્લોકથી આરંભી કુલ ૭ શ્લોકોમાં દેવહૂતિજી માતા સ્તુતિ કરે છે. માતાજી આ શ્લોકમાં કહેવા ચાહે છે કે જે બ્રહ્માજી यज्जठराब्जजातः–જે ભગવાનના ઉદરમાંથી પ્રકટેલ કમળમાંથી પ્રકટ થયેલ છતાં દર્શન ન કરી શક્યા જ્યારે હું કેવલ માતાપણાના નાતાથી આપનાં દર્શન પામી શકી એ જ આપનો મહદનુગ્રહ છે. "अजः"–અજન્મા બ્રહ્માજીને દર્શન ન થાય અને જન્મ લેનાર દેવહૂતિને દર્શન થાય એ કેવું સૌભાગ્ય!

सलिले शयानम्–જલમાં પોઢેલા ભગવાનનાં દર્શન થયાં. ભગવાન જાગતા હોય ત્યારે તો અનેક કાર્યાન્વિત હોય તેથી દર્શન ન થાય. જ્યારે પોઢેલા હોય તો દર્શન સર્વ કરી શકે છે. બ્રહ્માજીને આ સ્વરૂપનાં દર્શન થવાં જોઈતાં હતાં. કારણ કે દર્શનની અનેક પ્રકારની યોગ્યતા બતાવે છે—

"भूतेन्द्रियार्थात्ममयम्"–મહાભૂત, ઇન્દ્રિય, अर्थाः શબ્દથી તન્માત્રાઓ, आत्मा શબ્દથી મન–બુદ્ધિ–ચિત્ત–અહંકારના સમૂહથી ઓળખાતું અંતઃકરણ વગેરે તત્ત્વોથી બનેલ સ્વરૂપ હોવાથી દર્શન યોગ્યતા છે જ.

अशेषबीजम्–અશેષ જગતનું કારણ હોવાથી પણ દર્શનયોગ્ય છે. सत् શબ્દથી પ્રકટ કહેલ હોવાથી પણ દર્શનયોગ્ય છે જ. આમ છતાં કેવલ કૃપાથી જ દર્શન થયાં. ૨

આ શ્લોકમાં કપિલ બ્રહ્મરૂપ છે એવું પ્રતિપાદન કરશે.

स एव विश्वस्य भवान् विधत्ते गुणप्रवाहेण विभक्तवीर्यः ॥
सर्गाद्यनीहोऽवितथाभिसन्धिरात्मेश्वरोऽतर्क्यसहस्रशक्तिः ॥ ३ ॥

અન્વયાર્થ—स एव = તે જ આપ, **अनीहः** = ચેષ્ટા વિનાના, **अवितथ-अभि-सन्धिः** = સત્ય સંકલ્પવાળા, **अतर्क्य-सहस्र-शक्तिः** = કલ્પનામાં ન આવી શકે તેવી હજારો શક્તિને ધરાવતા, **आत्मा** = આત્મા, તેમજ, **ईश्वरः** = ઈશ્વર, **गुण-प्रवाहेन** = ગુણોના પ્રવાહથી વહેંચાયેલ. વીર્યવાળા થઈ, **विश्वस्य** = વિશ્વના, **भावान्** = ઉત્પત્તિ વગેરેને, **विधत्ते** = આચરો છો. ૩

અનુવાદ—તે જ આપ, ચેષ્ટા વિનાના અન્ય સંકલ્પવાળા, કલ્પનામાં ન આવી શકે તેવી અનંત શક્તિ ધરાવતા, આત્મા તેમજ ઈશ્વર ગુણોના પ્રવાહથી વહેંચાયેલ વીર્યવાળા થઈ વિશ્વની ઉત્પત્તિ વગેરે આચરો છો. (ઉપજાતિવૃત્ત) ૩

તત્ત્વસુધા—ભગવાન સ્વયં સૃષ્ટિના કર્તા છે પરતંત્ર નથી આ વિષયનું નિરૂપણ કરતાં માતાજી દેવહૂતિજી બોલ્યાં કે, स एव-આપ તે જ છો. "તે" એટલે બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ માટે જે ભગવાનનું ધ્યાન કરેલ 'તે' જ આપ છો. આપ—

"विश्वस्य भवान् विधत्ते" भवान्-આપ જગતના ઉત્પત્તિ-સ્થિતિ વગેરે કરો છો. જગતનું કર્તાપણું આપનામાં છે. મનમાં એવી શંકા થાય કે જગત જેમ ભગવાનના વિશ્વરૂપમાં દેખાય છે તેવું કપિલ ભગવાનમાં ક્યાં દેખાય છે તો તેના સમાધાન માટે પછીનું પદ કહ્યું—

गुणप्रवाहेण विभक्तवीर्यः-બ્રહ્માદિ દેવોમાં સૃષ્ટિકર્તાપણું લાગે છે પરંતુ વાસ્તવિક રીતે બ્રહ્માદિ ત્રણ દેવોમાં ઉત્પત્તિ-પાલન વગેરે ગુણોના પ્રવાહથી આપ જ વિભાગ પામેલા વીર્યવાળા છે તેથી વિશ્વ આપનામાં જ રહેલું છે. જો ભગવાન કર્તા થયા તો લૌકિક પુરુષના જેવા આપ કર્તા હશો ને ! એવી શંકાના સમાધાન માટે કહે છે કે—

अनीहः-ચેષ્ટા વિનાના છો એટલે કર્તા હોવા છતાં લૌકિક પુરુષના જેવા કર્તા નથી પરંતુ કલ્પતરુ ચિંતામણિ જેવા કર્તા છો. વળી શંકા થશે. કલ્પતરુ કે ચિંતામણિ તો સામો ઇચ્છા કરે તે પ્રમાણે ફળે, એ રીતે આપ પણ અન્ય ઇચ્છાને આધીન થઈ સૃષ્ટિ કરો તો પછી અન્યને આધીન થયા ને ? એનો ખુલાસો કર્યો કે

अवितथाभिसन्धिः-આપ સત્ય સંકલ્પવાળા-સત્ય ઇચ્છાવાળા છો. अभिसन्धिः શબ્દ ઇચ્છાવાચક છે એટલે ભગવાન પોતાની ઇચ્છાથી જ સૃષ્ટિ કરે છે. તો શું ભગવાન નિમિત્ત કારણ છે. તેનું સમાધાન કર્યું કે-

आत्मा-ના, ભગવાન સ્વયં સમવાયીકારણ છે. તંતુઓ સ્વયં વસ્ત્ર બને છે તેમ ભગવાન સ્વયં ઉપાદાન કારણ છે. અને નિમિત્ત કારણ છે. એક જ વસ્તુ સમવાયી કારણ અને નિમિત્તકારણ બની શકે ! તેનો ઉત્તર વાળ્યો કે—

ईश्वरः-ભગવાન ઈશ્વર છે એટલે સમર્થ છે. સમર્થ હોવાથી બન્ને કારણ થઈ શકે છે. વળી શંકા કરી કે જેમ પૃથ્વીમાં રાજા ઈશ્વર તો છે તોપણ યુક્તિ સંગત કાર્ય કરે છે તો ઈશ્વરે પણ યુક્તિ સંગત જ કરવું રહ્યું ને ! તેનો ઉત્તર આપ્યો કે—

अतर्क्यसहस्रशक्तिः-ભગવાન કલ્પનામાં ન આવી શકે તેવા અમોઘ શક્તિસમ્પન્ન છે માટે આપ કપિલનો આ દેહ બ્રહ્મ જ છે. તે બ્રહ્મનાં દર્શન બ્રહ્માદિને ધ્યાનથી થયાં જે મને સાક્ષાત્ થયાં એથી અધિક સદ્ભાગ્ય શું અને આશ્ચર્ય શું ?

વધુ એક આશ્ચર્ય કે આપ મારા ઉદરમાં વસ્યા હતા એવું આ શ્લોકમાં વર્ણવે છે—

स त्वं भृतो मे जठरेण नाथ कथं नु यस्योदर एतदासीत् ॥
विश्वं युगान्ते वटपत्र एकः शेते स्म मायाशिशुरङ्घ्रिपानः ॥ ४ ॥

અન્વયાર્થ—यस्य = જે ભગવાનના, **उदरे** = ઉદરમાં, **नु** = ખરેખર, **एतत्** = આ વિશ્વ, **आसीत्** = હતું, **नाथ** = હે નાથ ! **सः** = તેવા, **त्वम्** = આપ, **मे** = મારા, **जठरेण**=ઉદરથી, **कथं** = કેવી રીતે, **भृतः** = ધારણ કર્યા ? **युग-अन्ते** = યુગના અંતમાં, **माया-शिशुः** = માયાથી બાળક બનેલા, **एकः** = આપ એકલા, **अङ्घ्रिपानः** = પગના અંગૂઠાનું પાન કરનારા, **वटपत्रे** = વડના પાનમાં, **शेते** = પોઢો છો. ૪

અનુવાદ—જેમના ઉદરમાં ખરેખર આ વિશ્વ વસ્યું છે તેવા આપને હે નાથ ! મેં મારા ઉદરથી કેવી રીતે ધારણ કર્યા ! યુગના અંતે માયાથી બાલક બનેલ આપ એકલા ચરણના અંગૂઠાને ધાવતા વટપત્રમાં પોઢો છો. (ઉપજાતિવૃત્ત) ૪

તત્ત્વસુધા—"सत्वं भृतो मे जठरेण"–માતા દેવહૂતિજીએ આગળ વધીને નિવેદન કર્યું કે ભગવન્ ! આપ કદાચ એમ બચાવ કરશો કે यस्योदर एतदासीत्–જે ભગવાનના હૃદયમાં આ અખિલ બ્રહ્માંડ વસેલ છે તે ભગવાન તમારા ઉદરમાં ન સમાઈ શકે માટે તમે જે ભગવાન તરીકે મને વર્ણવો છો તે હું નથી. હું તો સામાન્ય છું. તો પ્રભુ આપ આવી રીતે મને સમજાવશોને. આપ જ ભગવાન છો કારણ કે નાથ–આપ નાથ છો–સ્વામી છો. આપના વિના જગતના સ્વામી થવાને અન્ય કોઈ યોગ્ય નથી જ.

જ્યારે મારા ઉદરમાં હતા ત્યારે પણ વિશ્વના આધારરૂપ આપ આ બ્રહ્મ જ હતા, કે જે બ્રહ્મમાં एतद् આ વિશાળ બ્રહ્માંડ સમાયેલ છે.

ભગવાન કપિલે કહ્યું કે ક્ષણભર માની લઈએ કે હું બ્રહ્મ છું જ પરંતુ વિરોધ આવે કે ગર્ભમાં રહેલા તે મારા નાના સ્વરૂપમાં આ બ્રહ્માંડ કેવી રીતે સમાય આવું માનીએ તો વિરોધ આવે તો ભગવાન એ એ વિરોધ માટે હું પ્રશ્ન કરું છું કે

वटपत्र एकः शेते–આપ યુગાન્ત કાલમાં બાલક સ્વરૂપ લઈ બ્રહ્માંડને પોતાનામાં સમાવી એક વટપત્રમાં પોઢો છો ત્યાં વિરોધ ક્યાં ગયો ? તો પછી મારું ઉદર તો વટપત્ર કરતાં મોટું છે પછી વિરોધ શાને આવશે ?

मायाशिशुरङ्घ्रिपानः–ગૃહસ્થ માનવો બાલકના લાલનપાલનમાં રસવાળા છે તેથી તે પ્રમાણે ટેવાયેલા સંસારી જીવો મારું ધ્યાન કરવા યોગ્ય બનશે એવું સમજી કરુણાવત્સલ ભગવાન "બાલ સ્વરૂપ" બન્યા. વળી બધા જ ભક્તો સર્વ સુખોને ત્યજીને મારા ચરણમાધુર્યમાં જ નિમગ્ન બને છે તો હું પણ તે ચરણમાધુર્ય કેવું છે તેનું આસ્વાદન કરું એમ સમજીને પાદાંગુષ્ઠપાન કરતા હશે. ૪

ભગવાન કપિલ કદાચ ક્ષણભર માતાજી પાસે બચાવ કરે કે "ભગવાન"પણું તો સચ્ચિદાનંદાત્મક બ્રહ્મમાં જ ઘટે, દેહધારી મારામાં કેમ ઘટે ? એનું સમાધાન કરતાં કહેશે કે આપનો દેહ સચ્ચિદાનંદરૂપ છે—

देहतन्त्रः प्रशमायपाप्मनां निदेशभाजां च विभो विभूतये ॥
यथावतारास्तव सूकरादयस्तथाऽयमप्यात्मपथोपलब्धये ॥ ५ ॥

અન્વયાર્થ—विभो = હે ભગવન્ ! **पाप्मनाम्** = પાપીઓના, **प्रशमाय** = નાશ કરવા માટે, **च** = અને **निदेश-भाजाम्** = આજ્ઞાનું પાલન કરનારાઓના, **विभूतये** = કલ્યાણ માટે, **त्वम्** = આપ, **देह-तन्त्रः** = દેહને

સ્વીકારો છો, **यथा** = જેમ, **सूकर-आदयः** = વરાહ વગેરે, **तव** = આપના, **अवताराः** = અવતારો છે, **तथा**= તે પ્રકારે, **अयम् अपि** = આ અવતાર પણ, **आत्म-पथ-उप-लब्धये** = આત્મપથના જ્ઞાનના બોધ માટે થએલ છે. ૫

અનુવાદ—હે ભગવન પાપીઓનો નાશ કરવા તેમજ આજ્ઞાંકિત જીવોનું કલ્યાણ કરવા માટે આપ દેહને સ્વીકારો છો. જેમ વરાહ વગેરે આપના અવતારો છે તે પ્રકારે આ અવતાર પણ આત્મપથના જ્ઞાનના બોધ માટે થયેલ છે. (ઇંદ્રવંશાવૃત્ત) ૫

તત્ત્વસુધા—વિભો-દેવહૂતિ માતાજીનું કહેવું છે કે ભગવન્! આપ સ્વેચ્છાથી દેહ સ્વીકારો છો તેમજ આપનો દેહ પણ "સચ્ચિદાનંદરૂપ" જ છે. દૃષ્ટાંતથી પૂરવાર કરે છે કે "સૂકર" જેવો અવતાર આપે સ્વીકાર્યો છે, તે ક્રિયા અવતાર છે. એ પ્રકારે આપનો આ કપિલ જ્ઞાનાવતાર છે. આ અવતાર આત્મપથના કપિલ [illegible] જ્ઞાનનો બોધ કરાવવા માટે છે. આપના અવતારનાં બે પ્રયોજન છે. પ્રથમ પ્રયોજન સત્પુરુષરક્ષા અને અધર્મ નાશ. બીજું પ્રયોજન ભગવાનના માર્ગનો બોધ કરાવવો. ૫

ઉપરના બે શ્લોકોમાં ભગવાનના સ્વરૂપનું મહત્ત્વ ગાયું હવે બે શ્લોકોમાં ભગવાનના નામનું મહત્ત્વ ગાય છે—

यन्नामधेयश्रवणानुकीर्तनाद् यत्प्रह्वणाद् यत्स्मरणादपि क्वचित् ॥
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कुतः पुनस्ते भगवन्नु दर्शनात् ॥ ६ ॥

અન્વયાર્થ—**यत्-नामधेय-श्रवण-अनु-कीर्तनात्** = જે ભગવાનના નામનું શ્રવણ કર્યા પછી કીર્તન કરવાથી, **यत्-प्रह्वणात्** = જે પ્રભુનાં નામને પ્રણામ કરવાથી, **यत्-स्मरणात्** = અને જે ભગવાનનાં નામનું સ્મરણ કરવાંથી, **अपि** = પણ, **क्वचित्** = કોઈકવાર, **श्वाद्-अपि** = શ્વાનભક્ષી પણ, **सद्यः** = શીઘ્ર, **सवनाय**= યજ્ઞ કરવા માટે, **कल्पते** = યોગ્ય બને છે, **पुनः** = તો પછી, **भगवन्** = હે ભગવન્, **नु** = ખરેખર, **ते दर्शनात्** = આપના દર્શનથી યોગ્ય બને તેમાં, **कुतः** = કહેવાનું રહ્યું જ કયાંથી. ૬

અનુવાદ—જે ભગવાનના નામનું શ્રવણ કર્યા પછી કીર્તન કરવાથી, જે પ્રભુનાં નામને પ્રણામ કરવાથી, અને જે ભગવાનના નામનું સ્મરણ કરવાથી, પણ કોઇક વાર શ્વાનભક્ષી પણ યજ્ઞ કરવા માટે યોગ્ય બને છે તો પછી હે ભગવન્ ખરેખર આપના દર્શનથી યોગ્ય બને તેમાં કહેવાનું રહ્યું જ કયાંથી. (ઇંદ્રવંશાવૃત્ત) ૬

તત્ત્વસુધા—"यन्नामधेयश्रवणानुकीर्तनात्"-શ્રવણ-કીર્તન-સ્મરણ આ ત્રણ ભગવાનના નામનાં જ સંભવે અને શોભે. ભગવાનના નામનું ગુરુ પાસેથી શ્રવણ કર્યા બાદ કરવામાં આવતા કીર્તનથી શ્વાનનું ભોજન કરનાર ચાંડાલ પણ શુદ્ધ બની જાય છે એટલું જ નહીં પણ તે "सवनाय" સોમયજ્ઞ કરવા માટે યોગ્ય બની જાય છે. આ વાકયમાં श्रवणानुकीर्तनात्-શ્રવણ પછીનું કીર્તન કહેલું છે તેનું તાત્પર્ય, કે ચાંડાલ ગુરુ પાસે ગયો. ભગવાનના નામનો મહિમા સાંભળી તેણે વૈષ્ણવ દીક્ષા લીધી એમાં ભગવાનના નામનું મંત્રરૂપે પ્રથમ દીક્ષામાં શ્રવણ કર્યું. ત્યારપછી તે મંત્રોનું પુનઃ કીર્તન કર્યું. તે પવિત્ર થયો. સોમયજ્ઞ કરવાની પણ યોગ્યતા સિદ્ધ થઈ. આ છે નામની અમોઘ શક્તિ. કારણ કે ચાંડાલનો દેહ અધર્મના સંસ્કારવાળા અમુક મહાભૂતોથી બનેલ છે, જ્યારે બ્રાહ્મણનો દેહ તો ઉત્તમ ધર્મના સંસ્કારવાળા મહાભૂતોથી બનેલ છે. આવા ચાંડાલ દેહને ભગવાનનાં લીધેલ નામથી અથવા દીક્ષાથી પ્રાપ્ત થયેલા નામના કીર્તનથી સર્વ સ્વાભાવિક દોષોને દૂર કરી તે મહાભૂતોને ઉત્તમ સંસ્કારોથી પવિત્ર બનાવી દે છે એ છે "હરિનામનો મહિમા."

यत्प्रह्वणात्–यत्स्मरणात्–अपि–क्वचित्–આ શ્લોકના આ પદો ઉપર લક્ષ્ય દોરવા જેવું છે. પ્રહ્વણનો અર્થ પ્રણામ થાય છે. ભગવાનના નામને નમન કરવાથી પણ પવિત્રતા સિદ્ધ થાય છે. તેમજ स्मरणात्–સ્મરણ કરવાથી પણ યોગ્યતા સિદ્ધ થાય છે. વાલ્મીકિજી નામસ્મરણથી જ મહર્ષિ થયા છે. તેઓ ચાંડાલ તો ન હતા બ્રાહ્મણ જ હતા. પરંતુ સંસર્ગથી તેમ બન્યું હતું. क्वचित्–અવ્યય ખાસ ધ્યાન દોરે છે. ભગવાનનું નામ અને સ્વરૂપ પોતાની શક્તિ પ્રકટ કરે ત્યાં જ એવું બને છે. એવો "કવચિત્" અવ્યયનો ભાવ નથી. પરંતુ क्वचित् કોઈ વાર પણ નામમાહાત્મ્યમાં અયોગ્યતા નથી પણ સર્વથા યોગ્યતા છે જ.

"कुतः पुनस्ते भगवन्नु दर्शनात्"–જો નામમાં આ સામર્થ્ય છે તો પછી ભગવાનના સ્વરૂપના દર્શનનો મહિમા શી રીતે ગાવો. ૬

આ શ્લોકમાં ભગવાનના નામનું માહાત્મ્ય દર્શાવતી યુક્તિનું વર્ણન છે—

अहो बत श्वपचोऽतो गरीयान् यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम् ॥
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृह्णन्ति ये ते ॥ ७ ॥

અન્વયાર્થ—अहो = ખરેખર, **श्वपचः** = ચાંડાલ, **यत्-जिह्वा-अग्रे** = કે જેની જિહ્વા ઉપર, **नाम** = નામ, **तुभ्यम्** = આપના માટે, **वर्तते** = વસે છે, તે પણ, **अतः** = આ નામના ઉચ્ચારણ કારણથી, **बत-गरीयान्** – ખરેખર મહાન છે જ. **ये** = જેઓ, **तपः** = તપ, **तेपुः** = તપ્યા છે, **जुहुवुः** = યજ્ઞો કર્યા છે, **सस्नुः** = તીર્થસ્નાન કર્યાં છે, **आर्याः** = આર્ય બની, **ब्रह्म-आनूचुः** = બ્રહ્મનો ઉપદેશ કર્યો છે, **ते** = તે પુરુષો **ते नाम** = આપનું નામ, **गृह्णन्ति** = લે છે. ૭

અનુવાદ—ખરેખર જે ચાંડાલ કે જેની જિહ્વાના અગ્ર ભાગ ઉપર આપનું નામ આપને માટે વસે છે તે પણ આજ કારણથી મહાન છે. ખરી રીતે જેઓએ તપ તપ્યાં છે, યજ્ઞો આચર્યા છે, તીર્થસ્નાનો કરેલ છે, અને આર્યો થઈને બ્રહ્મનો ઉપદેશ કરેલ છે તેઓ આપનું નામ લઈ શકે છે. (ઇંદ્રવંશાવૃત્ત) ૭

તત્ત્વસુધા—"अहो बत श्वपचः"–આ શ્લોકથી દેવહૂતિજી આત્મસંતોષ પ્રકટ કરશે. તેમના હૃદયમાં બ્રાહ્મણ દેહની મહત્તાનું સ્મરણ હતું. ઋષિ કર્દમજી વિપ્ર હતા. પોતે ક્ષત્રિયતનયા હતાં, તેનો તેમના હૃદયમાં રંજ હતો. પરંતુ તેમને એક સંતોષ સાંપડયો કે "જિહ્વા ઉપર અખંડ હરિનામ રટણ થતાં કોઈ પણ જાતિનો દેહ ઉત્તમ બને છે એટલે પોતાના ક્ષત્રિય દેહનો અસંતોષ ન રહ્યો.

એમનું માનવું છે કે બ્રાહ્મણ દેહ મેળવી હરિનામરટણવિમુખ સ્થિતિ સારી નથી. પરંતુ હરિસ્મરણ–રટણવાળું હૃદય અને રસના જો હોય તો ચાંડાલ દેહ પણ પવિત્ર બનતાં ઉત્તમ જ ગણાશે. પરંતુ એથી આ શ્લોકનું એવું તાત્પર્ય નથી કે બ્રાહ્મણ કરતાં, ચાંડાલ જાતિથી, આચારથી કે કર્મથી ઉત્તમ છે. ચાંડાલનું ઉત્તમત્વ તો કેવલ જિહ્વા ઉપર અખંડ હરિનામનિવાસથી જ છે.

કારણ કે બ્રાહ્મણ નામસ્મરણ તો કરવાનો પરંતુ કોઈ સમયે બ્રાહ્મણત્વનો–બ્રાહ્મણના કર્મનો ગર્વ પણ થવાનો. ત્યારે નામરટણરહિત થવાનો. જ્યારે ચાંડાલ તો દીનતાનું ભાન હોવાથી સતત રટણ કરવાનો આટલું અંતર ઉભયની વચમાં રહેવાનું.

वर्तते नाम तुभ्यम्- ભગવાનની "નામ" એટલે કથા ભગવાનને માટે જ જેની જિહ્વા ઉપર વસી છે નહીં કીર્તિ કે ધન વગેરેની પ્રાપ્તિ માટે વસી છે.

હવે ઉત્તરાર્ધથી એક વાત ખૂબ જ સ્પષ્ટ કરે છે કે "ભગવાનનું નામ લેવું" એ સરલ નથી. જેઓ સહજરૂપે લઈ શકતા હોય તેઓને માટે એમ સમજવું કે-પૂર્વ જન્મમાં.—

ये तपः तेपुः–જેઓએ અનન્ત તપ આચર્યાં તેથી શુદ્ધ વિપ્રદેહ સાંપડયો. ત્યારબાદ जुहुवुः–પુષ્કળ યજ્ઞ કર્યા તેથી બ્રાહ્મણમાં પણ ઉત્તમ યોનિમાં જન્મ્યા, અને सस्नुः–અનેક તીર્થોમાં સ્નાન કર્યાં. પુનઃ आर्याः–આર્યો બન્યા. આર્ય એટલે વેદ-વેદાર્થ-વેદાંગ શાસ્ત્રોમાં તેઓ નિષ્ણાત બન્યા. અને બ્રહ્મનો ઉપદેશ કરી શકયા. આવા જ પુરુષો વ્યાસ-શુક-વાલ્મીકિ-પરાશર તુલ્ય મહર્ષિઓની રસના ઉપર ભગવાનનું નામ-યશ રમ્યાં કરે છે. આ રીતે જો કોઈ ચાંડાલ જિહ્વા ઉપર નામ રટતો હશે તો અનેક જન્મનો તે ઉત્તમકર્મા હશે પરંતુ કોઈ અલ્પ પાપના ભોગ માટે ભગવાનની ઇચ્છાથી નામનું માહાત્મ્ય પ્રકટ કરવા તે ચાંડાલ બન્યો છે. પરંતુ ચાંડાલ યોનિમાં જન્મેલો આ મહાપુરુષ જ છે. માટે નામનો મહિમા પૂર્વાર્દ્ધમાં ગાયો તે યોગ્ય જ છે. ૭

ઉપરના ચાર શ્લોકોમાં નામ અને સ્વરૂપથી હરિમહિમાનું ગાન કરીને અભીષ્ટ પ્રાપ્તિ માટે માતાજી નમસ્કાર કરે છે—

तं त्वामहं ब्रह्म परं पुमांसं प्रत्यक् स्रोतस्यात्मनि संविभाव्यम् ॥
स्वतेजसा ध्वस्तगुणप्रवाहं वन्दे विष्णुं कपिलं वेदगर्भम् ॥ ८ ॥

અન્વયાર્થ—**तम्** = તે, **त्वाम्** = આપ, **परं ब्रह्म** = પરબ્રહ્મ, **पुमांसम्** = પુરુષને, **प्रत्यक्–स्रोतसि** = અન્તર્મુખ – અંદર પ્રવાહ વાળેલા, **आत्मनि** = ચિત્તમાં, **संविभाव्यम्** = ચિંતન કરવા યોગ્ય, **स्व–तेजसा** = પોતાના તેજથી, **ध्वस्त–गुण–प्रवाहम्** = ગુણોના પ્રવાહને નાશ કરનારા, **वेद–गर्भम्** = વેદને પોતાનામાં રાખનારા, **विष्णुम्** = તે વિષ્ણુ એવા, **कपिलम्** = ભગવાન કપિલને, **वन्दे** = પ્રણામ કરું છું. ૮

અનુવાદ—તે આપ પરબ્રહ્મ પુરુષ, અંતર્મુખ ચિત્તમાં ચિંતન કરવા યોગ્ય, પોતાના તેજથી ગુણોના પ્રવાહનો નાશ કરનાર, વેદને હૃદયમાં રાખનાર, વિષ્ણુ એવા કપિલ ભગવાનને પ્રણામ કરું છું. (ઇંદ્રવંશાવૃત્ત) ૮

તત્ત્વસુધા—"तं त्वामहं कपिलं वन्दे"–આ શ્લોકમાં કપિલ ભગવાનને નમસ્કાર કરતાં નવધા ભક્તિના પ્રતીક સ્વરૂપ નવ વિશેષણથી અથવા અષ્ટાંગ યોગથી પર ભક્તિયોગથી પ્રાપ્ત થતા હોવાથી નવ વિશેષણથી વંદન કરે છે.

तम्–શ્રુતિપ્રસિદ્ધ ભગવાનને तम् સર્વનામથી કહ્યા. त्वाम् આપ મનના વિષય નહીં પરંતુ "નેત્રગોચર" છો એ બતાવવા "त्वाम्" કહ્યું. परंब्रह्म વિશેષણથી આપ પુત્ર નથી પરંતુ પરબ્રહ્મ છો તેથી હું માતા છું તો પણ પ્રણામ કરી શકું છું કારણ કે પિતા, માતા, પુત્ર એ જીવધર્મની મર્યાદા છે. જીવધર્મમાં માતા પુત્રને ન નમી શકે. આપ તો પરબ્રહ્મ છો માટે નમન કરવાનો કોઈ પણ બાધ નથી.

पुमांसम्—એટલે પુરુષસ્વરૂપ છો તેથી ઉપાસ્ય છો. શ્રુતિ પણ એમ જ કહે છે કે "कश्चिद्‌ धीरः प्रत्यगात्मानमैक्षत्"–કોઈક ધીર જ આત્માનું–પુરુષનું દર્શન કરી શકે છે. આ દર્શન કરવા માટે प्रत्यक् स्रोतसि आत्मनि–જે ચિત્તનો પ્રવાહ વિષયો તરફ છે તેનો ઇન્દ્રિયો સાથે ભગવાનમાં વાળવો જોઈએ. स्वतेजसा ध्वस्तगुणप्रवाहम्–પોતાના તેજથી એટલે ચિત્તશક્તિથી પ્રકટ કરેલા જ્ઞાનથી ગુણપ્રવાહ દેહ વગેરેના અધ્યાસો દૂર કરી દેનાર ભગવાનનો આપ અવતાર છો. वेदगर्भम् પદથી વેદો આપના શ્વાસ છે, તે વેદો પ્રમાણ શાસ્ત્ર છે.

આપ પ્રમેય છો છતાં પ્રમાણની રક્ષા કરો છો. विष्णुम्-વેદના અર્થસ્વરૂપ અથવા મૂલસ્વરૂપ ભગવાન कपिलम्-કપિલને વંદું છું. ૮

<માતાજીની સ્તુતિથી ભગવાન પ્રસન્ન થયા અને આગળના શ્લોકમાં ભગવાને વચનામૃત કર્યાં એ વાત આ શ્લોકમાં કહી છે—

मैत्रेय उवाच—ईडितो भगवानेवं कपिलाख्यः परः पुमान् ॥
वाचा विक्लवयेत्याह मातरं मातृवत्सलः ॥ ९ ॥

અન્વયાર્થ—मैत्रेय उवाच = મૈત્રેય મુનિએ કહ્યું કે વિદુરજી, **एवम्** = આ પ્રકારે, **ईडितः** = સ્તુતિ કરાએલા, **मातृ-वत्सलः** = માતા ઉપર પ્રેમ રાખનાર, **कपिल-आख्यः** = કપિલ નામના, **परः-पुरुषः** = પરમ પુરુષ, **भगवान्** = ભગવાન, **विक्लवया** = ગદ્ગદ, **वाचा** = વાણીથી, **मातरम्** - માતાને, **इति-आह** = આ પ્રમાણે કહેવા લાગ્યા. ૯

અનુવાદ—મૈત્રેય મુનિએ કહ્યું કે વિદુરજી, આ પ્રકારે સ્તુતિ કરાએલા માતા ઉપર પ્રેમ રાખનાર, કપિલ નામના પરમ પુરુષ ભગવાને ગદ્ગદ વાણીથી માતાજીને આ પ્રમાણે કહ્યું. ૯

તત્ત્વસુધા—ईडितो भगवानेवम्–જો દેવહૂતિજી માતાજી ભગવાનની સ્તુતિ કરે તો તે સર્વથા યોગ્ય જ છે કારણ કે પોતે નામથી જ કપિલ છે કે પુત્ર છે પરંતુ વાસ્તવિક રીતે ભગવાન જ છે એટલે તો परः पुमान् भगवान् એવાં વિશેષણો આપ્યાં. કેવલ ખૂબ જ દયાળુ છે તેથી विक्लवया वाचा ગદ્ગદ વાણીથી ભગવાન બોલ્યા. ભગવાનનું ગદ્ગદપણું કૃપાને આભારી છે. તેમજ પ્રસન્નતાનું સૂચક છે. ભગવાનની આ પ્રસન્નતા પુત્ર તરીકેની મર્યાદાની નથી, પરંતુ કૃપાથી ભરેલી પ્રસન્નતા છે. કારણ કે ભગવાન मातृवत्सलः–માતૃવત્સલ એટલે માતાજી ઉપર પ્રેમ રાખનારા છે. ૯

<ભગવાને પોતાના માર્ગનું મહત્ત્વ અને પોતાની કૃપા વર્ણવ્યાં—

कपिल उवाच—मार्गेणानेन मातस्ते सुसेव्येनोदितेन मे ॥
आस्थितेन परां काष्ठामचिरादवरोत्स्यसि ॥ १० ॥

અન્વયાર્થ—मातः = માતાજી, **सु-सेव्येन** = તે આપનાથી સુખેથી કરી શકાય તેવા, **अनेन** = આ, **मे-उदितेन** = મારા કહેલા **मार्गेण-आस्थितेन** = માર્ગના આચરવાથી, આપ, **अचिरात्** = અલ્પ સમયમાં જ, **पराम्-काष्ठाम्** = ઉત્તમ ગતિને, **अवरोत्स्यसि** = પ્રાપ્ત કરી શકશો. ૧૦

અનુવાદ—માતાજી આપ સુખેથી આચરી શકો તેવો મેં માર્ગ આપને બતાવ્યો છે. આ માર્ગના આચરવાથી આપ અલ્પ સમયમાં જ ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત કરી શકશો. ૧૦

તત્ત્વસુધા—मातः–સંબોધન કરી માતાજીને ગૌરવ અને સંતોષ આપ્યાં. ભગવાને વધુ સ્પષ્ટતા કરી કે માતાજી જો આ "સુસેવ્ય" એટલે સરલતાથી આચરી શકાય તેવો માર્ગ કહ્યો છે. આ માર્ગનું આચરણ કરવાથી અલ્પ સમયમાં જ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી શકાશે. આ માર્ગ મેં પોતે જ કહ્યો છે જેથી અન્ય શ્રવણની આવશ્યકતા નથી રહેતી. આ માર્ગના આચરણથી "परां काष्ठाम्" એટલે આત્મા સિવાય કોઈનું અનુસંધાન ન રહે તેવી સમાધિ અને ભગવાન સાથેનું સાયુજ્ય અવિલંબે મળશે એવું મારું વરદાન છે.

श्रद्धत्स्वैतन्मतं मह्यं जुष्टं यद् ब्रह्मवादिभिः ॥
येन मामभवं यायान्मृत्युमृच्छन्त्यतद्विदः ॥ ११ ॥

અન્વયાર્થ—एतत् = આ, **मह्यम्** = મારું, **मतम्** = મન્તવ્ય છે, **यत्** = જેને, **ब्रह्मवादिभिः** બ્રહ્મવાદીઓએ, **जुष्टम्** = સ્વીકાર્યું છે, **श्रद्धत्स्व** = આ મન્તવ્ય ઉપર શ્રદ્ધા રાખો, **येन** = જે મતથી, **अभयम्** = ભય રહિત, **माम्** = મને, **यायात्** = પામે છે, **अतद्-विदः** = તે મતને ન જાણનાર, **मृत्युम्** = મૃત્યુને, **ऋच्छन्ति** = પામે છે. ૧૧

અનુવાદ—માતાજી! આ મારો જે મત છે તેને બ્રહ્મવાદીઓએ સ્વીકારેલો છે. મારા આ મત ઉપર શ્રદ્ધા રાખો. જે મતથી ભયરહિત થઈ મને પામે છે. આ મતને ન જાણનાર મૃત્યુને પામે છે. ૧૧

તત્ત્વસુધા—एतन्मतं मह्यम्—આ મત મારા સંબંધવાળો છે તેથી તે પ્રામાણિક છે. તે પ્રામાણિક છે માટે જ ब्रह्मवादिभिः जुष्टम्—બ્રહ્મવેત્તાઓએ આ મતને સેવ્યો છે. આ મતનું ચિંતન કરવાથી અને ભગવદ્દર્શન સેવન યોગના અનુષ્ઠાનથી "અભય સ્વરૂપ" મને પામે છે. આ મતને ન જાણનારા મૃત્યુને પામે છે. માતાજી મારા આ મતમાં દૃઢ શ્રદ્ધા રાખી આચરણ કરો. મંત્ર માત્ર શ્રદ્ધાથી ફળે છે. ૧૧

માતાજી દેવહૂતિજી જ્ઞાન પામી કૃતાર્થ થયાં છે એમ ભગવાને જાણ્યું એટલે ભગવાન ત્યાંથી પધારી ગયા—

मैत्रेय उवाच—इति प्रदर्श्य भगवानुशती[१]मात्मनो गतिम् ॥
स्वमात्रा ब्रह्मवादिन्या कपिलोऽनुमतो ययौ ॥ १२ ॥

અન્વયાર્થ—इति = એ પ્રમાણે, **आत्मनः** – આત્માની, **उशतीम्** = ઉત્તમ, **गतिम्** = ગતિનું, **प्रदर्श्य** = જ્ઞાન કરાવી, **ब्रह्म-वादिन्या** = બ્રહ્મવાદિની, **मात्रा** = માતાએ, **अनुमतः** = રજા આપેલા, **भगवान्-कपिलः** = શ્રીકપિલ ભગવાન, **ययौ** = પધારી ગયા. ૧૨

અનુવાદ—આ પ્રમાણે આત્માની સુંદર ગતિનું જ્ઞાન કરાવ્યું. માતાજીએ જવા માટે અનુમોદન આપ્યું એટલે કપિલ ભગવાન પધારી ગયા. ૧૨

તત્ત્વસુધા—"इति प्रदर्श्य भगवान्"–આ આત્મતત્ત્વનો ઉપદેશ ભગવાને સ્વયં કર્યો. ભગવાન પોતે જ ફલસ્વરૂપ છે. પોતાના સ્વરૂપનું પોતાને જ જ્ઞાન છે. આ આત્મજ્ઞાનનો ભગવાને જ ઉપદેશ કર્યો એટલે ઉપદેશકના માહાત્મ્યથી જ શાસ્ત્રના અર્થનું જ્ઞાન માતાજીને થઈ ગયું. આ જ્ઞાનથી स्वमात्रा ब्रह्मवादिन्या–માતાજી સ્વયં બ્રહ્મવાદિની થયાં. માતાજી મોહમુક્ત થયાં માટે જ કપિલ ભગવાનને પધારવા માટે અનુમોદન આપ્યું. ભગવાન જે પ્રદેશમાં પધાર્યા તે જાણે છે તોપણ મૈત્રેય માતાજીની મુક્તિ વર્ણવ્યા પછી તે દેશનો નિર્દેશ કરશે ૧૨

આ શ્લોકમાં "યમ" નિરૂપણ છેઃ

सा चापि तनयोक्तेन योगादेशेन योगयुक् ॥
तस्मिन्नाश्रम आपीडे सरस्वत्याः समाहिता ॥ १३ ॥

---

[१] सतीं तामात्मनो प्रा पा.

અન્વયાર્થ—**च** = અને, **सा-अपि** = તે દેવહૂતિ માતા પણ, **तनय-उक्तेन** = પુત્રે કહેલા, **योग-आदेशेन** = યોગના ઉપદેશાનુસાર, **सरस्वत्याः** = સરસ્વતીજીના, **आपीडे** = મુકુટ સમાન, **तस्मिन्** = તે, **आश्रमे** = આશ્રમમાં, **योग-युक्** = યોગને આચરનારાં થઈ, **समाहिता** = સાવધાન મનવાળાં થયાં. ૧૩

અનુવાદ—અને તે માતા દેવહૂતિજી પણ પુત્રે કહેલા યોગના ઉપદેશાનુસાર સરસ્વતીજીના મુકુટ સમાન તે આશ્રમમાં યોગને આચરનારાં થઈ સાવધાન મનવાળાં થયાં. ૧૩

તત્ત્વસુધા—सा चापि-તે દેવહૂતિજી માતા હવે યોગાનુષ્ઠાનપરાયણ બન્યા. "ત્યાગ" યોગનો અનિવાર્ય ભાગ નથી. કેવલ ઉત્તમ પ્રદેશ જોઈએ. ઘર કે ઘરની બહાર પણ યોગ સાધી શકાય છે. દેવહૂતિજીને યોગને સાનુકૂળ सरस्वत्याः आपीडे-આશ્રમે સરસ્વતીના મુકુટ સમાન સિદ્ધ આશ્રમ હતો. તેથી આ સ્થાન યોગ માટે યોગ્ય જ હતું. समाहिता શબ્દથી અષ્ટાંગયોગનું પ્રથમ અંગ "યમ" દર્શાવ્યું. યમનું પાલન પ્રથમ જરૂરી છે. ૧૩

આ શ્લોકમાં યોગના દ્વિતીય અંગ "નિયમ"નું નિરૂપણ છે—

अभीक्ष्णावगाह कपिशान् जटिलान् कुटिलालकान् ॥
आत्मानं चोग्रतपसा बिभ्रती चीरिणं कृशम् ॥ १४ ॥

અન્વયાર્થ—**अभीक्ष्ण-अवगाह-कपिशान्** = વારંવાર સ્નાન કરવાથી પીળા પડી ગએલા, **जटिलान्** = ભરાવદાર ગુંચળાવાળા, **कुटिला-अलकान्** = વાંકડિયા વાળને, **च** = અને, **उग्रतपसा** = ઉગ્ર-તીવ્રતપથી, **- कृशम्** = સુકાઈ ગએલા, **चीरिणम्** = ચીંથરાળ, **आत्मानम्** = દેહને, **बिभ्रती** = ધારણ કરતાં હતાં. ૧૪

અનુવાદ—વારંવાર સ્નાન કરવાથી માતાજીના ગુચ્છેદાર વાંકડિયા વાળ ગૂંચળાંવાળા થઈ ગયા અને પીળા પડી ગએલા હતા. તેમજ ઉગ્ર તપશ્ચર્યાથી સુકાઈ ગએલા ચીંથરાળ દેહને પણ ધારણ કરતાં હતાં. ૧૪

તત્ત્વસુધા—अभीक्ष्णावगाह-યોગી ત્રિકાલ સંધ્યાની માફક સ્નાન પણ ત્રિકાલ કરે. શ્રી દેવહૂતિ માતાજીના કેશ સુંવાળા સુંદર ભરાવદાર વાંકડિયા અને મનોહર હતા. તેમાં તેલ નાંખવાનું ત્યજ્યું અને વાળ ઓળવાનું પણ ત્યજ્યું તેથી કેશ પીળા પડી ગયા અને ગૂંચળાંવાળાં થઈ ગયા. તદુપરાંત તીવ્ર તપ આચરવાથી કાયા પણ કૃશ બની ગઈ છે. કાયા ઢાંકવા પૂરતાં કેવલ ચીથરાં જ કાયા ઉપર ધર્યાં છે. આવું દૃઢ તપ માતાજીએ આચર્યું છે. ૧૪

આ શ્લોકમાં મહર્ષિ કર્દમના વૈભવશાલી ઘરતું વર્ણન છે—

प्रजापतेः कर्दमस्य तपोयोगविजृम्भितम् ॥
स्वगार्हस्थ्यमनौपम्यं प्रार्थ्यं वैमानिकैरपि ॥ १५ ॥

અન્વયાર્થ—**प्रजापतेः** = પ્રજાપતિ, **कर्दमस्य** = શ્રી કર્દમ ઋષિનાં, **तपः-योग-विजृम्भितम्** = તપ અને યોગના ફળ સ્વરૂપ, **अनौपम्यम्** = તુલનામાં ન આવી શકે તેવું, **वैमानिकैः अपि** = વિમાનમાં વિચરનારાઓથી પણ, **प्रार्थ्यम्** = પ્રાર્થના કરવા લાયક, **स्व-गार्हस्थ्यम्** = પોતાના ગૃહસ્થાશ્રમને ત્યજી દઈને. ૧૫

અનુવાદ—પ્રજાપતિ શ્રીકર્દમ ઋષિનાં તપ અને યોગના ફળસ્વરૂપ તુલનામાં ન

આવી શકે તેવા, વિમાનમાં વિચરનારાએ પણ પ્રાર્થના કરવા લાયક પોતાના ગૃહસ્થાશ્રમના વૈભવને ત્યજી પુત્રવિરહમાં કંઈક ઉદાસીન થયાં. ૧૫

તત્ત્વસુધા—“ प्रजापतेः कर्दमस्य ”–હવે પાંચ શ્લોકોથી મહર્ષિ કર્દમના વૈભવનું વર્ણન કરે છે. પુત્રવિયોગથી સહજ રીતે આંતર વૈરાગ્ય ઉત્પન્ન થયો. આ વૈભવનું એક અનુપમ ગૌરવ હતું. કારણ કે કર્દમ ઋષિને પ્રજાપતિ કહ્યા. પ્રજાપતિ બ્રહ્માજીનું નામ છે. તેથી કર્દમની યોગ્યતા બ્રહ્માજીના જેટલી જ છે. કર્દમને મળેલા વૈભવો–ભોગો તપ અને યોગના ફલસ્વરૂપ હતા. તેમજ વિવાહ પણ તપ અને યોગના પ્રભાવથી જ થએલ છે. આ રીતે ભગવાનની કૃપાપસાદીરૂપે હોવાથી તે દિવ્ય હતા. તેમનો ત્યાગ જરૂરી ન હતો. મહર્ષિ કર્દમના “ ગાર્હસ્થ્યને ” વિમાનવિહારી દેવો પણ ચાહતા હતા. આવો અલૌકિક ગૃહસ્થાશ્રમ અને સામગ્રી કોઈને દર્શનસુલભ ન હતાં તે કેવલ ઋષિવરની કૃપાસુલભ હતાં. પુત્રપ્રેમથી સર્વ ત્યજ્યાં. મોટું સૌભાગ્ય એ હતું કે પુત્ર ભગવાન હતા. “ मदर्थं सर्वत्यागः ”–એ ભગવાનની આજ્ઞાનું યથાર્થ પાલન માતાજીએ કર્યું. ૧૫

पयःफेननिभाः शय्या दान्तारुक्मपरिच्छदा ॥
आसनानि च हैमानि सुस्पर्शास्तरणानि च ॥ १६ ॥

અન્વયાર્થ—**पयःफेन-निभाः** = દૂધના ફીણ જેવી શ્વેત અને કોમલ, **शय्याः** = શય્યાઓ, **रुक्म-परिच्छदाः** = ઉપરના ભાગે સુવર્ણ મઢેલા, **दान्ताः** = હાથીદાંતના પલંગો, **च** = અને, **हैमानि** = સોનાનાં, **आसनानि** = આસનો, **च सु-स्पर्श-आस्तरणानि** = કોમલ સ્પર્શવાળી ચાદરોને પણ ત્યજી દીધાં. ૧૬

અનુવાદ—દૂધના ફીણ જેવી કોમલ અને શ્વેત શય્યાઓ, ઉપરના ભાગમાં સોને મઢેલા હાથીદાંતના પલંગો, વળી સુવર્ણનાં આસનો અને સુખકર સ્પર્શવાળી કોમળ ચાદરોને પણ ત્યજી દીધાં. ૧૬

તત્ત્વસુધા—पयः फेननिभाः शय्याः–મહર્ષિ વ્યાસ મુનિ કર્દમની ગૃહસામગ્રીનું વર્ણન કરતાં કહી રહ્યા છે કે દૂધના ફીણ જેવી શ્વેત અને કોમલ શય્યાઓ એવી હતી કે એકવાર તેમાં સૂતા કે ઊઠવાનું મન જ ન થાય. તદુપરાંત સુવર્ણે મઢેલા હાથીદાંતના છત્રપલંગો પણ એવા હતા કે જ્યાં મન રાચી જાય. ભોજન વગેરેનાં પાત્રો પણ તેવાં જ હતાં કે મનને હરી લે. આસનો પણ સુવર્ણનાં જ રચેલાં હતાં. શય્યા ઉપરની ચાદરો પણ કોમલ અને ચિત્તને ચોરી લે તેવી હતી. આ સર્વ પુત્રસ્નેહે ત્યજી દીધું. ૧૬

स्वच्छस्फटिककुड्येषु महामारकतेषु च ॥
रत्नप्रदीपा आभान्ति ललनारत्नसंयुताः ॥ १७ ॥

અન્વયાર્થ—**महा-मारकतेषु** = ઘણા અમૂલ્ય, મરકત મણિઓ જેમાં મઢેલા છે એવી અને, **स्वच्छ-स्फटिक-कुड्येषु** = અત્યંત નિર્મળ સ્ફટિક મણિથી બનાવેલી ભીંતોમાં, **रत्न-प्रदीपाः** = રત્નના પ્રદીપો, **आभान्ति** = શોભે છે, તેમજ **रत्न-संयुताः** = રત્નના અલંકારોવાળી, **ललनाः** = સ્ત્રીઓ પણ, **आभान्ति** = શોભે છે. ૧૭

અનુવાદ—અણમોલ મરકત મણિઓથી મઢેલી તેંમજ અત્યંત નિર્મલ સ્ફટિક મણિઓની બનાવેલી ભીંતોમાં રત્નના દીપકો શોભે છે તેમજ રત્નના અલંકારોવાળી સ્ત્રીઓ પણ શોભે છે. ૧૭

તત્ત્વસુધા—स्वच्छस्फटिककुड्येषु-મહર્ષિ કર્દમના ભુવનની દીવાલો અને પરસાળ, ઓરડા, રવેશીઓ વગેરે નેત્રોને સુખ આપે તેવા પ્રકારે સ્ફટિક મણિઓ અને મરકત મણિઓની બનેલી હતી. આ ભીંતોમાં રત્નના દીપકો પણ મઢેલા હતા.

ललनारत्नसंयुताः-લલનાઓ ગૃહના અલંકારો છે. અનેક રાચ-રચીલાં ભરેલાં પણ ભુવનો "લલના" સ્વરૂપ અલંકારો વિનાનાં નિરતેજ અને નીરસ છે. તેમાં પણ સૌન્દર્યવિલાસ યુક્ત સ્ત્રીઓને લલના કહેવાય. લલનાઓ પણ રત્નાલંકારથી અતિ સુશોભિત હતી. ૧૭

गृहोद्यानं कुसुमितै रम्यैर्बह्वमरद्रुमैः ॥
कूजद्-विहंगमिथुनं गायन्मत्तमधुव्रतम् ॥ १८ ॥

અન્વયાર્થ—**गृह-उद्यानम्** = ઘરમાં ઉદ્યાન પણ, **कुसुमितैः** = ખીલેલાં અનન્ત પુષ્પોવાળાં, **रम्यैः** = રમણીય એવાં, **बहु-अमर-द्रुमैः** = અસંખ્ય દેવ તરુવરોથી શોભતો હતો-તેમજ ઉદ્યાનમાં, **कूजद्-विहग-मिथुनम्** = મધુર કૂજન કરતી પક્ષીઓની જોડીઓ હતી, અને **गायन्-मत्त-मधुव्रतम्** = ગુંજન કરતા મદોન્મત્ત ભમરો પણ હતા. ૧૮

અનુવાદ—ગૃહોદ્યાન પણ પુષ્કળ લચેલાં પુષ્પોવાળાં રમણીય દેવતરુવરોથી શોભતો હતો. ઉદ્યાનમાં મધુર કૂજન કરતી પંખીઓની બેલડી હતી તેમજ ગુંજન કરતા મદોન્મત ભ્રમરો પણ હતા. ૧૮

તત્ત્વસુધા—गृहोद्यानम्-એટલે ફૂલવાડી પણ રમણીય કલ્પતરુવરોથી દીપતી હતી. તરુવરો પુષ્પોથી લચેલાં હતાં. પક્ષીની બેલડીઓ કૂજન કરતી હતી. જ્યારે ફૂલવાડીમાં મદમત્ત ભ્રમરવૃન્દ ગુંજન કરતાં હતાં. ૧૮

यत्र प्रविष्टमात्मानं विबुधानुचराः जगुः ॥
वाप्यामुत्पलगन्धिन्यां कर्दमेनोपलालितम् ॥ १९ ॥

અન્વયાર્થ—**यत्र** = જે ઉદ્યાનમાં, **प्रविष्टम्-आत्मानम्** = પ્રવેશેલાં પોતાને-દેવહૂતિજીને, **विबुध-अनुचराः** = દેવોના સેવકો, **जगुः** = ગાતા હતા, તેમજ **उत्पल-गान्धिन्याम्** = કમલની સુગંધવાળી, **वाप्यम्** = વાવમાં, **कर्दमेन** = મુનિવર કર્દમે, **उप-लालितम्** = લાડ લડાવેલી દેવહૂતિજીને દેવાનુચરો ગાતા હતા. ૧૯

અનુવાદ—જે ફૂલવાડીમાં પ્રવેશેલાં દેવહૂતિજીનું તેમજ કમલના સુગંધવાળી વાવમાં કર્દમ મહર્ષિએ લાડ લડાવેલાં દેવહૂતિજીનું દેવાનુચરો ગાન કરતાં હતાં. ૧૯

તત્ત્વસુધા—यत्र प्रविष्टमात्मानम्-પતિસન્માનિત સ્ત્રીનું પ્રત્યેક સન્માન કરે છે. શ્રી દેવહૂતિજી જ્યારે પોતાના નિવાસની પુષ્પવાટિકામાં વિહાર કરતાં ત્યારે ગન્ધર્વો તેમનું ગાન કરતા. વળી જલવાપિકામાં વિચરતાં ત્યારે દેવાનુચરો પણ તેમનું ગુણગાન કરતા. મહર્ષિ કર્દમે રાજકુમારી તરીકે હૃદયને જરાય ઓછું ન આવે એ પ્રકારે દેવહૂતિજીને લાડ લડાવ્યાં હતાં. ૧૯

हित्वा तदीप्सिततममप्याखण्डलयोषिताम् ॥
किञ्चिच्चकार वदनं पुत्रविश्लेषकातरम् ॥ २० ॥

અન્વયાર્થ—**आखण्डल-योषिताम्** = ઇન્દ્રની અર્ધાંગનાઓ, **अपि** = પણ, **ईप्सितम्** = જેની લાલસા

સેવે એવા, **तत्** = તે દિવ્ય ભુવનને, **हित्वा** = ત્યજીને, **किञ्चित्** = કોઈક અંશમાં, **वक्त्रम्** = મુખારવિંદને, **पुत्र–विश्लेष–कातरम्** = પુત્રવિયોગથી વ્યાકુલ, **चकार** = બનાવ્યું. ૨૦

અનુવાદ—રાજા ઇન્દ્રની અર્ધાંગનાઓ પણ જેની લાલસા સેવે એવા દિવ્ય વિમાન-ભુવનને ત્યજીને શ્રી દેવહૂતિજીએ કંઈક અંશમાં મુખકમલને પુત્રવિયોગ થવાથી વ્યાકુલ કર્યું. ૨૦

તત્ત્વસુધા—हित्वा–શ્રી દેવહૂતિજી જે વિમાન અને વૈભવને ત્યજે છે તે સામાન્ય ન હતા. કોઈ પણ કાળમાં કે પરિસ્થિતિમાં જ્ઞાનીનો પણ તેને છોડતાં જીવ ન ચાલે તેવા તે હૃદયંગમ હતા. ઇન્દ્રાણી સમાં દેવાંગનાઓ પણ તે વૈભવોની સ્પૃહા કરતી. પરંતુ ભગવતી દેવહૂતિજીને વૈભવને ત્યજતાં જરાયં ક્લેશ નથી થયો. પરંતુ પુત્રવિયોગની ઉરવ્યથાને તે છુપાવી ન શક્યાં. તેમનું વદનકમલ મ્લાન બની વ્યાકુલ બની વિયોગવ્યથાને સૂચવી દેતું હતું. ૨૦

वनं प्रव्रजिते पत्यावपत्यविरहातुरा ॥
ज्ञाततत्त्वाऽप्यभून्नष्टे वत्से गौरिव वत्सला ॥ २१ ॥

અન્વયાર્થ—**पत्यौ** = પતિદેવ કર્દમ, **प्रव्रजिते वनम्** = સંન્યાસ દીક્ષા લઈ વનમાં પધાર્યા, ત્યારે, **अपत्य–विरह–आतुरा** = પુત્રવિયોગથી પીડાયેલી, **वत्सला** = વાત્સલ્યમયી માતા, **ज्ञात–तत्त्वा अपि** = તત્ત્વજ્ઞા હતી તોપણ **वत्से-नष्टे** = વાછરડાને ગુમાવતાં. **वत्सला–गौः इव** = **अभूत्** = વાત્સલ્યભરી ગાય જેવી, **अभूत**–વ્યથિત થઈ. ૨૧

અનુવાદ—મહર્ષિ કર્દમ સંન્યાસદીક્ષા લઈ વનમાં પધાર્યા, અને પુત્ર કપિલ પણ ચાલ્યા ગયા ત્યારે વિરહદુઃખથી પીડાતી વાત્સલ્યમયી માતા દેવહૂતિ, જો કે તત્ત્વજ્ઞા હતી તો પણ વાછડો ગુમ થતાં વહાલસોયી ગાયની માફક વ્યથિત બની. ૨૦

તત્ત્વસુધા—"वनं प्रव्रजिते पत्यौ"–મહર્ષિ કર્દમે સંન્યાસ દીક્ષા સ્વીકારી અને વનવાસ લીધો. વાત એમ છે કે સંન્યાસ એટલે લોકનો સર્વથા ત્યાગ કરવો અને વનમાં જ વસવું. સંન્યાસ આશ્રમમાં રહી ભિક્ષા લેવાની હોય છે પણ તેના નિયમો હોય છે. પૂર્વાન્નનો, પછીનું અન્ન મળે એટલે ત્યાગ કરવો જોઈએ. પરંતુ કર્દમ મહર્ષિએ સ્વતંત્ર રીતે સર્વ ત્યાગ કરેલ હોઈ વનમાં જ ચાલ્યા ગયા છે કે કદી જનસમ્પર્કમાં ભિક્ષા માટે પણ આવશે નહીં. આ કારણે દેવહૂતિજી પતિવિરહમાં તો મુકાયાં જ છે પરંતુ પુત્રવિરહે તેમાં વધુ પુષ્ટિ કરી. પતિવિયોગની માફક પુત્રવિયોગ પણ કાયમનો જ થયો છે. આ પ્રકારે દુઃખ દ્વિગુણિત થયું.

[illegible]

ज्ञाततत्त्वाऽपि–જ્ઞાનીને વિયોગવ્યથા ન સતાવે. જ્ઞાન દેહાધ્યાસ મુકાવે છે. જ્ઞાન પ્રાપ્ત થતાં પુત્ર–પતિ–પત્ની આવો અધ્યાસ દેહમાં નથી રહેતો. દેવહૂતિજી તો "જ્ઞાતતત્ત્વા" છે તેથી વિરહપીડા નહીં થાય એના ઉત્તરમાં કહ્યું કે જ્ઞાનસમ્પન્ન છતાં "वत्सला" માતા વાત્સલ્યનું મંદિર છે તેથી વાછડાના વિયોગમાં જે દશા ગાયની થાય તે દશા દેવહૂતિ માતાની થઈ છે. ૨૧

तमेव ध्यायती देवमपत्यं कपिलं हरिम् ॥
बभूवाचिरतो वत्स निःस्पृहा तादृशे गृहे ॥ २२ ॥

અન્વયાર્થ — **तम्–एव** = તે જ, **देवम्** = દેવસ્વરૂપ, **अपत्यम्** = પુત્ર, **हरिम्** = સાક્ષાત્ હરિ,

कपिलम् = શ્રી કપિલનું, **ध्यायती** = ધ્યાન કરતાં, **वत्स** = હે વિદુર, **अचिरत:** = અલ્પ સમયમાં જ, **तादृशे**= દેવદુર્લભ, **गृहे** = ઘરવૈભવમાં **नि:स्पृहा** = સ્પૃહારહિત, **बभूव** = બન્યાં. ૨૨

અનુવાદ—તે જ દેવસ્વરૂપ પુત્ર સાક્ષાત્ હરિ શ્રીકપિલનું ધ્યાન કરતાં માતાજી હે વિદુરજી! અવિલંબ વૈભવ ભરેલા તે ઘરમાં સ્પૃહારહિત બન્યાં. ૨૨

તત્ત્વસુધા—वत्स-એ વિદુરજીનું સંબોધન છે. મહર્ષિ મૈત્રેયે વિદુરજીને પણ હસ્તિનાપુરનાં ઐશ્વર્યભર્યા ભુવનને ત્યજીને આવેલા હોઈ ભાવાવેશમાં સંબોધન કર્યું કે વિદુર શ્રી દેવહૂતિ માતાજીએ ભગવાનના માધ્યમથી, ભગવાનના અનન્ય અનુરાગથી અવિલંબે વૈભવશાલી કર્દમ ઋષિના વિમાનભવનમાં નિઃસ્પૃહતા કેળવી. એ પદાર્થોની ઇચ્છા સરખી પણ મનમાં ન રહી. કેવલ શ્રીહરિની કૃપા જ તેમાં કારણ છે. તમે પણ તેવા જ નિઃસ્પૃહ છો અને નિઃસ્પૃહ રહો. “ઇચ્છા” જ દુઃખનું મૂલ છે તે જો હરિદર્શનની–હરિમિલનની ઇચ્છાના રૂપમાં પલટાઈ જાય તો તે જ ઇચ્છા સુખમય બની જાય. ૨૨

ध्यायती भगवद्रूपं यदाह ध्यानगोचरम् ॥
सुतं प्रसन्नवदनं समस्तव्यस्तचिन्तया ॥ २३ ॥

અન્વયાર્થ—**ध्यान-गोचरम्** = ધ્યાનમાં પ્રકટ થતું, **यद्** = જે, **भगवद्-रूपम्** = ભગવાનનું સ્વરૂપ, **आह** = ભગવાન કપિલે કહ્યું હતું તેવા, **प्रसन्नवदनम्** = પ્રસન્ન મુખકમલવાળા, **सुतम्** = કપિલ ભગવાનને, **समस्त-व्यस्त-चिन्तया** = સમગ્ર અને છૂટાંછવાયાં ચિંતનથી, **ध्यायती बभूव** = ધ્યાન કરતાં થયાં. ૨૩

અનુવાદ—ધ્યાનમાં પ્રકટ થતાં જે ભગવદ્રૂપનું ભગવાન કપિલે નિરૂપણ કર્યું હતું તેવા પ્રસન્ન મુખવાળા કપિલ ભગવાનનું સમગ્ર અને છૂટાંછવાયાં ચિંતનથી ધ્યાન કરતાં થયાં. ૨૩

તત્ત્વસુધા—આ શ્લોકમાં सुतની જગ્યાએ सुतः એવો પાઠ છે. જો કે કપિલ ભગવાન પુત્ર છતાં ભગવાન જ હતા. તે ભગવાને ૨૮ મા અધ્યાયમાં ૧૩ થી ૨૦ શ્લોકોમાં અને ૨૧ થી ૩૩ શ્લોકોમાં ભગવાનનાં સમગ્ર અને પૃથક્ પૃથક્ અંગોનું જે ધ્યાન બતાવ્યું હતું તેનું જ માતાજી ધ્યાન કરવા લાગ્યાં. આ ધ્યાનમાં પ્રસન્ન થયેલા ભગવાન પ્રકટ થયા અને માતાજીનું કાર્ય ફળીભૂત થયું. ૨૩

૨૪ અને ૨૫ બન્ને શ્લોકોમાં ચિત્તશુદ્ધિનું સાધન અને ચિત્તશુદ્ધિનું કાર્ય વર્ણવ્યું છે:

भक्तिप्रवाहयोगेन वैराग्येण बलीयसा ॥
युक्तानुष्ठानजातेन ज्ञानेन ब्रह्महेतुना ॥ २४ ॥
विशुद्धेन तदात्मानमात्मना विश्वतोमुखम् ॥
स्वानुभूत्या तिरोभूतमायागुणविशेषणम् ॥ २५ ॥

અન્વયાર્થ—**भक्ति-प्रवाह-योगेन** = ભક્તિના પ્રવાહસ્વરૂપ યોગથી, **बलीयसा-वैराग्येण** = અતિ સુદૃઢ વૈરાગ્યથી, **युक्त-अनुष्ठान-जातेन** = યોગ્ય વિશુદ્ધ આચરણના સમૂહથી, **ब्रह्म-हेतुना** = બ્રહ્મને પ્રાપ્ત કરાવનાર, **ज्ञानेन** = જ્ઞાનથી, **तदा** = તે જ ક્ષણે, **विशुद्धेन** = અત્યંત શુદ્ધ થયેલા, **आत्मना** = ચિત્તથી, **विश्वत:-मुखम्** = સર્વત્ર રહેલા, **स्व-अनुभूत्या** = પોતાના અનુભવથી, **तिरोभूत-माया-गुण-विशेषम्** = માયાની

ગુણો અને કર્મો જેમાંથી તિરોહિત થયેલા છે એવા, **आत्मानम्** – આત્માનું, **ध्यायती बभूव** = ધ્યાન કરવા લાગ્યા. ૨૪, ૨૫

અનુવાદ—ભક્તિના પ્રવાહસ્વરૂપ **યોગથી**, અતિ સુદૃઢ **વૈરાગ્યથી**, યોગ્ય વિશુદ્ધ આચરણ **સમૂહથી**, બ્રહ્મને પ્રાપ્ત કરનાર **જ્ઞાનથી**, સર્વત્ર રહેલા પોતાના **અનુભવથી**, માયાના ગુણો અને કર્મો જેમાં તિરોહિત થયેલાં છે એવા આત્માનું ધ્યાન કરવા લાગ્યાં. ૨૪, ૨૫

તત્ત્વસુધા—भक्तिप्रवाहयोगेन--દેવહૂતિ માતાજીએ ક્રમશઃ ઉત્તમ સ્થિતિ મેળવી. આ સ્થિતિ મેળવવી દુર્લભ છે તોપણ આવશ્યક છે. ભગવાનની કૃપાથી તે સ્થિતિ સંભવે. ક્રમ એવો છે કે-આરંભમાં ભક્તિનો પ્રવાહ થયો. પ્રવાહ એટલે અખંડ ભક્તિ. આ અખંડ ભક્તિ જ યોગ બની. પરિણામે પ્રથમ દૃઢ ભક્તિયોગ થયો. ભક્તિયોગના પ્રભાવથી बलीयसा वैराग्येण-બલવત્તર વૈરાગ્ય સિદ્ધ થયો. ક્લેશથી, નિરાશાથી, હતાશાથી આવેલ વૈરાગ્ય એ તો વિષાદ છે, કાયમ નથી રહેતો. ભક્તિનો જ પુત્ર વૈરાગ્ય સ્થિર બને છે. ભગવાનમાં શ્રદ્ધા હોવાથી युक्त પરલોક માટે યોગ્ય अनुष्ठानजातेन ચરિત્રનો સમૂહ સાંપડયો. આ ત્રણ સાધનોથી "બ્રહ્મપ્રાપ્તિ" કરાવનાર જ્ઞાન મળ્યું. આ જ્ઞાનથી ચિત્ત શુદ્ધ થયું.

જેવી ઉત્કટ પ્રકારે ચિત્તની શુદ્ધિ થઈ કે અવિલંબે જ પોતાના આત્માનું ધ્યાન કરવા લાગ્યાં. પ્રથમ સંસારાવસ્થામાં રહેલ આત્માનું ધ્યાન કર્યું. પ્રથમ આત્મા હૃદય તરફ વળેલો શરીર ઉપર આસક્તિવાળો હતો. પરંતુ વિશુદ્ધ ચિત્તના ફલસ્વરૂપે "विश्वतोमुखम्" સર્વત્ર રહેલા આત્માનું-વિશુદ્ધ આત્માનું ધ્યાન કર્યું. આ આત્માનુભવથી માયા એટલે પ્રકૃતિ, ગુણ સત્વાદિ ગુણો त्रिशेषाः હદ વગેરે ગુણોમાં કાર્યો આ સર્વ વસ્તુ ચાલી ગઈ. ૨૪, ૨૫

આ શ્લોકમાં આત્મજ્ઞાન પ્રકટ થતાં માયા, માયાના ગુણો, માયાનાં કાર્યોનો લય થઈ જવાથી અવિદ્યા અને અવિદ્યાનાં કાર્યોનો લય થઈ જવાથી દેવહૂતિ માતાની આત્માની બ્રહ્મમાં સ્થિતિ થઈ એ વર્ણન છે:

ब्रह्मण्यवस्थितमतिर्भगवत्यात्मसंश्रये ॥
निवृत्तजीवभावत्वात्क्षीणक्लेशाप्तनिर्वृतिः ॥ २६ ॥

नित्यारूढसमाधित्वात् परावृत्तगुणभ्रमा ॥
न सस्मार तदात्मानं स्वप्नदृष्टमिवोत्थितः ॥ २७ ॥

અન્વયાર્થ—**आत्म-संश्रये** = આત્મામાં સારી રીતે રહેલાં એવાં, **भगवति** = ભગવાન, **ब्रह्मणि** = બ્રહ્મમાં, **अवस्थित-मतिः** = દૃઢ મતિવાળાં, તેમજ **निवृत्त-जीव-भावत्वात्** = જીવભાવ દૂર થઈ ગયેલ હોવાથી, **क्षीण-क्लेश-आप्त-निर्वृतिः** = ક્લેશ દૂર થઈ ગયેલ છે અને આનંદ પ્રાપ્ત કરેલ છે તેવાં, **नित्य-आरूढ-समाधित्वात्** = સદા સમાધિમાં રહેવાથી, **परावृत्त-गुण-भ्रमा** = ગુણોના ભ્રમો દૂર થઈ ગયેલાં તેવાં દેવહૂતિ માત.ને, **उत्थितः इव** = જેમ સ્વપ્નમાંથી જાગેલ, **स्वप्नदृष्टम्** = સ્વપ્નમાં અનુભવેલા દેહનું, **न-सस्मार** = સ્મરણ રહેતું નથી તેમ, **तदा** = ત્યારે, **आत्मानम्** = દેહનું, **न सस्मार** = સ્મરણ ન હોય.

અનુવાદ--આત્મામાં સારી રીતે રહેલા એવા ભગવાન બ્રહ્મમાં દૃઢ મતિવાળાં થયેલાં, વળી જીવભાવ ચાલ્યો ગયેલ હોવાથી ક્લેશરહિત અને આનંદયુક્ત થયેલાં,-તેવાં, સદા સમાધિમાં આરૂઢ હોવાથી ગુણોના ભ્રમો દૂર થયેલાં એવાં શ્રી દેવહૂતિ માતાજીને, સ્વપ્ન-

માંથી ઊઠેલાને સ્વપ્નમાં જોયેલા દેહનું સ્મરણ નથી રહેતું તેમ ત્યારે (દેવહૂતિજીને પણ) આત્માનું–દેહનું સ્મરણ ન રહ્યું. ૨૬, ૨૭

તત્વસુધા—શ્રી દેવહૂતિ માતાજીને હવે એ ખ્યાલ આવ્યો કે બ્રહ્મ પહેલાં જેનું ધ્યાન કરેલ તે ભગવાન જ છે. ત્યારબાદ आत्मसंश्रये–ભગવાન તો પોતાની અંદર જ રહેલા તેમને ધ્યાનની જરા પણ દરકાર નથી એવું અનુસંધાન થતાં જ જીવભાર દૂર થઈ ગયો. હવે તો આધાર અને આધેય ભાવ પણ ચાલ્યો ગયો. તાત્પર્ય એ હતું કે "આત્મા" તો જીવદશામાં હદવાળો હોય છે તેથી જ એનો આનંદ પણ તિરોહિત–ગુપ્ત છે. આ છે जीवभाव એટલે જીવની સ્થિતિ. એ જ્યારે ભગવાનનું ધ્યાન થતાં પ્રકટિત આનંદ થાય છે ત્યારે પોતે જ ભગવાન છે એવો ખ્યાલ થાય છે ત્યારે निवृत्तजीवभावत्वात्–તેનો જીવભાવ ચાલ્યો જાય છે. આ રીતે જીવભાવ દૂર થતાં જ અવિદ્યા વગેરે બધાં દુઃખોનો નાશ થાય છે. દુઃખોનો નાશ થાય ત્યારે ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. તેથી સૂચવ્યું કે क्षीणक्लेशाप्तनिर्वृत्तिः–ક્લેશો ગયા અને આનંદ થયો. આ સ્થિતિને ब्रह्मणि भगवत्यवस्थितमतिः–ભગવાનનું સ્વરૂપ પ્રાપ્ત થયું એમ કહેવાય અથવા બ્રહ્મમાં સ્થિતિ કહેવાય. "બ્રહ્મમાં સ્થિતિ"નો ઉલ્લેખ કર્યો છે તેથી પાછા ફરવાનું તો કહ્યું જ.

પાછા ફરવાનું ન થાય માટે દેવહૂતિજીએ नित्यारूढसमाधित्वात् સમાધિમાં સદા માટે આરૂઢ થયાં એટલે દઢ સમાધિનિષ્ઠ થયાં. આવી દઢ સમાધિના ફલસ્વરૂપે परावृत्तगुणभ्रमा–ત્રણ ગુણોથી ઉત્પન્ન થતા ભ્રમો ચાલ્યા ગયા. આ ત્રણ ગુણોથી ત્રણ પ્રકારની અસર થાય છે. તમોગુણથી આનંદનો તિરોભાવ, રજોગુણથી જીવની મર્યાદાવાળી સ્થિતિ, સત્ત્વગુણથી ભેદ—આ ત્રણે ભ્રમો દઢ સમાધિથી દૂર થયા. જ્યારે આવી આરૂઢ સમાધિની સ્થિતિમાં દેવહૂતિ માતા આવ્યાં ત્યારે સર્વ દોષના કારણરૂપ જ અધ્યાસનો આધાર બનેલ જે દેહ છે તેનું પણ ભાન ન રહ્યું. સ્વપ્નમાંથી જાગેલા આત્માને સ્વપ્નમાં અનુભવેલા દેહનું ભાન નથી થતું તેમ આરૂઢ સમાધિવાળા જીવને પણ દેહનું અનુસંધાન નથી રહેતું. માતાજીની પણ આ જ સ્થિતિ બની ગઈ છે. ૨૬, ૨૭

શ્રી દેવહૂતિજીના દેહનું દુર્લભપણું ન થયું એનું કારણ વર્ણવે છે. શંકા થશે કે દેહનું અનુસંધાન ન રહે તો દેહ કેમ નભે? તો તેનું સમાધાન કરતાં કહેશે કે અંદરના જ્ઞાનના પ્રકાશને લીધે તે દેહ પ્રકાશે છે—

तद्देहः परतः पोष्योऽप्यकृशश्चाध्यसम्भवात् ॥
बभौ मलैरवच्छन्नः सधूम इव पावकः ॥ २८ ॥

અન્વયાર્થ—**तद्-देहः** = તે દેહ, **परतः** = બીજાથી, **पोष्यः अपि** = પોષાતો હોવા છતાં પણ, **आधि-असंभवात्** = માનસિક પીડા ન હોવાને લીધે, **अकृशः** = દુર્બલ થતો ન હતો, **च** = તેમજ, **मलैः** = મેલથી, **अवच्छन्नः** = ઢંકાયેલો હોવાથી, **सधूमः** = ધૂમ સહિત, **पावकः इव** = અગ્નિ જેવો, **बभौ** = બન્યો.

અનુવાદ—તે દેહ અન્યથી પોષણ પામવા છતાં માનસિક કલેશ ન હોવાના કારણે કૃશ બન્યો ન હતો તેમજ મૂળથી લદાયેલો છતાં સધૂમ અગ્નિ સમાન બન્યો. ૨૮

તત્વસુધા—तद् देहः परतः पोष्यः–શ્રી કર્દમ મહર્ષિએ યોગશક્તિ દ્વારા અનેક સ્ત્રીઓ ઉત્પન્ન કરી હતી તે શ્રી દેવહૂતિજીનું પોષણ કરતી હતી. આ પોષણ બહિરંગ હતું તેથી કાયા કૃશ થવી જોઈએ. અંદરનું પોષણ તો બંધ હતું. કારણ કે દેવહૂતિ પુત્રવિરહમાં અને ધ્યાનમાં હતાં. છતાં "आध्यसम्भवात्"– આધિનો

સંભવ ન હતો. માનસિક પીડાનો જરા પણ સંભવ ન હતો તેથી કાયા દૂબળી ન બની. વળી જ્ઞાન અને ભગવાનના ધ્યાનનું તેજ હતું તેથી મુખકાંતિ પણ મ્લાન નથી બની. સધૂમ અગ્નિ જેમ તેજસ્વી લાગે તેવી જ મલાચ્છન્ન કાયા તેજોમય બની. ૨૮

સમાધિથી ઉપરામ પામતી દશામાં દેહાનુસંધાન રહેતું કે કેમ? તેનું સમાધાન કરે છે—

स्वाङ्गं तपोयोगमयं मुक्तकेशं गताम्बरम् ॥
दैवगुप्तं न बुबुधे वासुदेवप्रविष्टधीः ॥ २९ ॥

અન્વયાર્થ—वासुदेव-प्रविष्ट-धीः = વાસુદેવમાં પ્રવિષ્ટ બુદ્ધિવાળાં દેવહૂતિજી. **तपो-योग-मयम्** = તપશ્ચર્યા અને યોગથી ભરપૂર, **दैव-गुप्तम्** = દૈવરક્ષિત, **मुक्त-केशम्** = છૂટા કેશવાળ., **स्व-अङ्गम्** = પોતાના દેહને, **गत-अम्बरम्** = વસ્ત્રરહિત છે કે કેમ તે, **न बुबुधे** = જાણતાં ન હતાં. ૨૯

અનુવાદ—ભગવાન. વાસુદેવમાં પ્રવિષ્ટ બુદ્ધિવાળાં શ્રી દેવહૂતિજી, તપ અને યોગથી ભરપૂર દૈવથી રક્ષણ પામતા પોતાના દેહને છૂટા કેશવાળો છે કે વસ્ત્ર વિનાનો છે એવું કાંઈ પણ જાણતાં નથી. ૨૯

તત્ત્વસુધા—वासुदेवप्रविष्ट-धीः–ભગવાન વાસુદેવમાં મતિ સર્વથા પરોવાયેલ હતી. જેને પરિણામે સમાધિમાંથી ઉપરત થવાનો સંભવ જ નથી. ભગવન્મય સ્થિતિ થવાથી દેહનું કોઈ પણ ભાન નથી. સ્વયં જાણતાં જ નથી કે કેશપાશ છૂટો છે કે વસ્ત્રો દેહ ઉપરથી સરકી ગયાં છે કેમ? આમ છતાં દેહરક્ષણ તો દૈવરક્ષાથી થતું જ હતું. દૈવસુરક્ષિત સર્વત્ર રક્ષિત જ હોય છે. ૨૯

एवं सा कपिलोक्तेन मार्गेणाचिरतः परम् ॥
आत्मानं ब्रह्मनिर्वाणं भगवन्तमवाप ह ॥ ३० ॥

અન્વયાર્થ—ह = અહો, **एवम्** = એ પ્રમાણે, **कपिल-उक्तेन** = ભગવાન કપિલે કહેલા, **मार्गेण** = માર્ગથી, **सा** = શ્રી દેવહૂતિજી. **अचिरतः** = અલ્પ સમયમાં જ, **परम्-आत्मानम्** = પરમાત્મા. **ब्रह्म-निर्वाणम्** = બ્રહ્માનંદ રૂપ, **भगवन्तम्** = ભગવાનને, **अवाप** = પ્રાપ્ત કર્યા. ૩૦

અનુવાદ—અહો, આ રીતે ભગવાન કપિલે કહેલા માર્ગથી દેવહૂતિજીએ અલ્પ સમયમાં જ પરમાત્મા બ્રહ્માનંદરૂપ ભગવાનને પ્રાપ્ત કર્યા. ૩૦

તત્ત્વસુધા—एवं सा कपिलोक्तेन–શ્રી કપિલ ભગવાને ભક્તિ, જ્ઞાન અને યોગરૂપ માર્ગથી, નહિ જેવા સમયમાં જ સર્વશાસ્ત્રોમાં વર્ણવેલા પરમાત્મા બ્રહ્માનંદરૂપ ભગવાનને પ્રાપ્ત કર્યા એ વાત સુનિશ્ચિત છે સ્ત્રીની મુક્તિ થઈ શકે છે જ એ સ્પષ્ટ કરવા હ અવ્યયનો પ્રયોગ કર્યો. ૩૦

तद् वीरासीत् पुण्यतमं क्षेत्रं त्रैलोक्यविश्रुतम् ॥
नाम्ना सिद्धपदं यत्र सा संसिद्धिमुपेयुषी ॥ ३१ ॥

અન્વયાર્થ—वीरः = હે વીર, **यत्र** = જ્યાં, **सा** = તે દેવહૂતિજી, **संसिद्धिम्** = ઉત્તમ સિદ્ધિને, **उपेयुषी** = પામ્યાં, **तत्** = તે, **पुण्यतमं-क्षेत्रम्** = તે અતિશય પવિત્ર ક્ષેત્ર, **सिद्धपदम्-नाम्ना** = 'સિદ્ધસ્થલ' નામથી, **त्रैलोक्य-विश्रुतम्** = ત્રણ લોકમાં જાણીતું થયું. ૩૧

અનુવાદ—હે વીર, જ્યાં શ્રી દેવહૂતિજી ઉત્તમ સિદ્ધિને પામ્યાં, તે પવિત્ર ક્ષેત્ર સર્વત્ર સિદ્ધસ્થલ-સિદ્ધપુર નામથી ત્રણ લોકમાં પ્રસિદ્ધ થયું. ૩૧

તત્વસુધા—વીર—વીર શબ્દ શ્રી વિદુરજીનું સંબોધન છે. ભગવાનનાં ષડ્ ઐશ્વર્યમાં "વીર્ય" નામનું એક ઐશ્વર્ય છે. ભગવાને મુક્તિ મેળવવાનું વીર્ય માતાજી દેવહૂતિજીને આપ્યું હતું તેથી આ ચરિત્ર વીર્યવાળું છે. પોતાના ધર્મનું આચરણ વિદુરજી પણ કરીને શ્રી દેવહૂતિજીની કક્ષાને મેળવે માટે 'વીર' સંબોધન કર્યું. આ ચરિત્ર યથાર્થ છે એવી શ્રદ્ધા રહે માટે પણ "વીર" સંબોધન કર્યું છે. શ્રી દેવહૂતિજીએ સિદ્ધિ સંપાદન કરેલી હોવાથી આ સ્થાન ત્રણે લોકમાં "સિદ્ધ" સ્થાન નામથી ઓળખાય છે. અન્ય તીર્થો પુણ્ય કહેવાય જ્યારે આ તીર્થસ્થળ પુણ્યતમ કહેવાય છે. જ્યાં ભગવાનનું પ્રાકટ્ય છે. મહર્ષિ કર્દમનું તપ છે, ભક્તિ છે. દેવહૂતિજી માતાજીની ભગવત્પ્રાપ્તિ છે. ૩૧

(સિદ્ધપુર)

तस्यास्तद्योगविधुतमार्त्यं मर्त्यमभूत् सरित् ॥
स्रोतसां प्रवरा सौम्य सिद्धिदा सिद्धसेविता ॥ ३२ ॥

અન્વયાર્થ—**सौम्य** = હે સાધુશીલ પુરુષ વિદુર ! **तस्याः** = તે શ્રી દેવહૂતિજીનો, **योगविधुतमार्त्यम्**= યોગશાસ્ત્રના પ્રયોગથી મૃત્તિકાનો-માટીનો અંશ જેમાંથી દૂર કરી દીધેલ છે એવો, **तत् मर्त्यम्** = તે દેહ, **स्रोतसां-प्रवरा** = સરિતાઓમાં શ્રેષ્ઠ, **सिद्ध-सेविता** = સિદ્ધો દ્વારા સેવાએલી, **सिद्धिदा** = સિદ્ધિ આપનારી, **सरित्** = સરિતા, **अभूत्** = થઈ. ૩૨

અનુવાદ—હે સાધુશીલ વિદુર, તે શ્રી દેવહૂતિજીનો, યોગના પ્રયોગથી માટીનો અંશ અલગ કરી દેવાથી તે દેહ, સરિતાઓમાં શ્રેષ્ઠ, સિદ્ધોથી સેવાએલી, સિદ્ધિ આપનારી સરિતા બની. ૩૨

શ્રીદેવહૂતિ જલ બાળા

તત્વસુધા—"तद्योगविधुतमार्त्यम्"—પંચભૂતોના ઉત્પત્તિ ક્રમમાં જલમાંથી માટી બને છે. જલનો જામેલો ભાગ એ માટી છે. દાખલા તરીકે બરફ, કરા, મીઠું, સિંધવ આ બધાં જલસ્વરૂપ જ છે. એના અવયવોનું વિશ્લેષણ કરતાં તે પાણી બને છે. શ્રી દેવહૂતિજીના દેહની પણ એ જ ભૂમિકા સિદ્ધ થઈ. સમગ્ર દેહ જલ બની ગયો. જલ બનીને સરસ્વતીના જલમાં ભળી સરસ્વતી થયો. કપિલ આશ્રમની સરસ્વતી ત્યારથી તે જ સ્થળે સિદ્ધિ આપનારાં બન્યાં. સિદ્ધ લોકો પણ તે સ્થાનને સેવવા લાગ્યા. ૩૨

અત્યાર સુધીમાં દેવહૂતિજીની મુક્તિ વર્ણવી હવે પછીના ત્રણ શ્લોકોમાં કપિલ ભગવાનની કથા છે—

कपिलोऽपि महायोगी भगवान् पितुराश्रमात् ॥
मातरं समनुज्ञाप्य प्रागुदीचीं दिशं ययौ ॥ ३३ ॥

અન્વયાર્થ—**महायोगी** = સમર્થ યોગી, **भगवान् कपिलः-अपि** = કપિલ ભગવાન પણ, **मातरम्** = માતાજીની, **समनुज्ञाप्य** = અનુમતિ મેળવીને **पितुः आश्रमात्** = પિતાજીના આશ્રમથી, **प्राग् उदीचीम् दिशम्** = ઈશાન દિશામાં, **ययौ** = પધારી ગયા ૩૩

અનુવાદ—મહાન યોગી સમર્થ કપિલ ભગવાન પણ માતાજીની અનુમતિ લઈને પિતાજીના આશ્રમમાંથી ઈશાન દિશામાં પધારી ગયા. ૩૩.

તત્વસુધા—कपिलोऽपि—ભગવાન કપિલે ઈશાન દિશામાં પ્રયાણ કર્યું. શ્રી કપિલ પ્રભુ, **महायोगी**—મહા-

યોગી હોવાથી તેમની યથેચ્છ ગતિ સંભવી શકે છે. યોગશક્તિથી ક્ષણવારમાં દૂર-સુદૂર જઈ શકે છે. **मातरम् समनुज्ञाप्य**—ભગવાન હોવા છતાં માતાની આજ્ઞા લઈ ને જ પધાર્યા છે. વેદના "मातृदेवो भव"—પદની એ રીતે પ્રતિષ્ઠા રાખી છે અને માતૃભક્તિ પ્રકટ કરી છે. भगवान् એટલે સર્ગના નિયામક છે. ઈશાન દિશા સાચે જ દેવ-મનુષ્યોની શાંત દિશા છે. ૩૩

કપિલ ભગવાનનો માર્ગમાં જતાં આદર થયો છે—

सिद्धचारणगन्धर्वैर्मुनिभिश्चाप्सरोरगैः[1] ॥
स्तूयमानः समुद्रेण दत्तार्हणनिकेतनः ॥ ३४ ॥

અન્વયાર્થ—सिद्ध-चारण-गन्धर्वैः = સિદ્ધ-ચારણ-ગન્ધર્વો, **मुनिभिः** = મુનિઓ, **च** = અને, **अप्सरोरगैः** = અપ્સરાઓ તેમજ સર્પોથી, **स्तूयमानः** = સ્તુતિ કરતા હતા. તેમજ **समुद्रेण** = સમુદ્રે, **दत्त-अर्हण-निकेतनः** = અર્ચન અને નિવાસસ્થાન આપ્યાં. ૩૪

અનુવાદ—સિદ્ધ-ચારણ-ગન્ધર્વો-મુનિઓ-અપ્સરાઓ અને સર્પોએ કપિલ ભગવાનની સ્તુતિ કરી તેમજ અર્ચન કર્યું અને નિવાસસ્થાન પણ આપ્યું. ૩૪

તત્ત્વસુધા—सिद्धचारण-સિદ્ધો, ચારણો, ગન્ધર્વો, મુનિઓ, અપ્સરાઓ અને સર્પો આ છ જણા સિદ્ધિઓની ઇચ્છાવાળા હોય છે. ભગવાન કપિલ મહાયોગી છે તેથી સિદ્ધિઓના સ્વામી છે. સિદ્ધ ગન્ધર્વો વગેરે સિદ્ધિની કામનાવાળા છે તેઓ માર્ગમાંથી પસાર થવા ભગવાનની સ્તુતિ કરે છે.

समुद्रेण स्तूयमानः—મહાસાગરે પણ તેમની સ્તુતિ કરી, અર્ચન કર્યું અને નિવાસસ્થાન આપી પોતાની કૃતાર્થતા અનુભવી. ૩૪

શ્રી કપિલપ્રભુ સમુદ્રકિનારે બિરાજી સર્વ મંગલ કામના આચરે છે તે પ્રસંગ વર્ણવે છે—

आस्ते योगं समास्थाय साङ्ख्याचार्यैरभिष्टुतः ॥
त्रयाणामपि लोकानामुपशान्त्यै समाहितः ॥ ३५ ॥

અન્વયાર્થ—सांख्य-आचार्यैः = સાંખ્યના આચાર્યો દ્વારા, **अभिष्टुतः** = સ્તુતિ પામેલા, **योगम्** = યોગને. **समास्थाय** = સારી રીતે આચરીને, **त्रयाणामपि** = ત્રણે **लोकानाम्** = લોકોના, **उपशान्त्यै** = પૂર્ણ શાંતિ માટે, **समाहितः** = ચિંતન કરતા, **आस्ते** = બિરાજતા હતા. ૩૫

અનુવાદ—સાંખ્યાચાર્યો દ્વારા સ્તુતિ પામેલા, યોગનું સારી રીતે આચરણ કરતા ખરેખર ત્રણે લોકમાં શાંતિ પ્રવર્તે માટે ચિંતન કરતા બિરાજતા હતા. ૩૫

તત્ત્વસુધા—आस्ते योगं समास्थाय-ભગવાન કપિલ સાગરકિનારે બિરાજી, સાંખ્ય મતની પ્રવૃત્તિ-પ્રચાર અને ત્રણે લોકમાં શાંતિ પ્રવર્તે માટે મંગલ કામના આમ બન્ને કાર્યો આચરતા હતા. યોગનું સારી રીતે આચરણ પણ કરતા હતા, સાંખ્યાચાર્યો કપિલ ભગવાનની સ્તુતિ કરતા હતા. ૩૫

एतन्निगदितं तात यत्पृष्टोहं त्वयानघ ॥
कपिलस्य च संवादो देवहूत्याश्च पावनः ॥ ३६ ॥

અન્વયાર્થ— **तात** = હે તાત, **अनघ** = હે નિષ્પાપ વિદુર, **त्वया अहम्** = તમે મને, **यत् पृष्टः** =

---

[1] १.-चाप्सरोगणैः इति प्रा. पा.

જે પૂછેલ, **एतत्** = તે મેં, **निगदितम्** = કહ્યું, **च** = અને **देवहूत्या च** = શ્રી દેવહૂતિજીનો અને **कपिलस्य** = કપિલ ભગવાનનો, **पावनः** = પવિત્ર, **संवादः** = સંવાદ પણ કહ્યો. ૩૬

અનુવાદ—હે તાત, હે નિષ્પાપ વિદુર, તમે મને જે પૂછેલ તે મેં તમને કહ્યું તેમજ શ્રીદેવહૂતિ અને કપિલનો પવિત્ર સંવાદ પણ કહ્યો ૩૬

તત્ત્વસુધા—ભગવાનો ચરિત્ર અને સંવાદનો ઉપસંહાર કરતાં શ્રી વિદુરજીને તાત અને અનઘ એવાં બે સંબોધનો કરે છે. શ્રોતા તરફ ઢળતો ભાવ અને આદર આ બન્ને સંબોધનોમાં મૈત્રેયજીનો સ્પષ્ટ દેખાય છે. "ચરિત્ર અને સંવાદ" બન્ને મંગલમય છે. શ્રી કપિલચરિત્રમાં કર્દમ ઋષિ, દેવહૂતિજી અને કપિલનો સમાવેશ થાય છે. તેમજ સંવાદમાં ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનું નિરૂપણ થાય છે. ૩૬

આ શ્લોકમાં ભગવચ્ચરિત્ર શ્રવણનો મહિમા ગાય છે—

य इदमनुशृणोति योऽभिधत्ते कपिलमुनेर्मतमात्मयोगगुह्यम् ॥
भगवति कृतधीः सुपर्णकेतावुपलभते भगवत्पदारविन्दम् ॥ ३७ ॥

અન્વયાર્થ—**कपिलमुनेः** = કપિલ મુનિના, **आत्म-योग-गुह्यम्** = આત્માની પ્રાપ્તિના ઉપાયરૂપ ગુહ્ય, **इदम्** = આ, **मतम्** = મતને, **यः** = જે, **अनुशृणोति** = સાંભળે છે તેમજ, **यः** = જે, **अभिधत्ते** = વર્ણવે છે તેઓ, **सुपर्णकेतौ** = ગરુડધ્વજ એવા, **भगवति** = ભગવાનનાં, **कृतधीः** = દૃઢબુદ્ધિ ધરાવતો, **भगवत्-पदारविन्दम्** = ભગવાનના ચરણકમલને, **उपलभते** = મેળવે છે. ૩૭

અનુવાદ—કપિલ મુનિના આત્માની પ્રાપ્તિના ઉપાયરૂપ ગુહ્ય આ કપિલ ભગવાનના મતને જે કોઈ સાંભળે છે, વળી જે કોઈ વર્ણવે છે, તેઓ ગરુડધ્વજ ભગવાનમાં દૃઢબુદ્ધિ ધરાવીને ભગવાનના ચરણકમલને મેળવે છે. (પુષ્પિતાગ્રા વૃત્ત) ૩૭

તત્ત્વસુધા—य इदमनुश्रणोति–ભગવચ્ચરિત્ર પીયૂષ છે. તેનું પાન અમૃતપાનથી ઉત્તમ છે. આ कपिलमुनेः–કપિલ ભગવાનના ચરિત્રને સાંભળવાથી ભક્તિ પ્રાપ્ત થાય છે. તેમજ कपिलमुनेर्मतम्–કપિલના સાંખ્ય મત-સિદ્ધાન્તને સાંભળવાથી પણ ભક્તિ પ્રાપ્ત થાય છે. આ મત "आत्मयोगगुह्यम्"–આત્મપ્રાપ્તિના ઉપાયોમાં ગુહ્ય મત છે. ગુહ્ય એટલે કોક ભાગ્યે જ જાણે છે. આ ચરિત્ર અને મતના શ્રોતા અને વક્તા બન્ને દૈન્ય ભાવવાળા હોવા જોઈએ. यः अनुश्रणोति જે શિષ્ય ભાવથી સાંભળે છે તેના જ હૃદયમાં ભગવાન બિરાજે છે. જે अभिधत्ते–હૃદયમાં ભગવાનને પધરાવી દૈન્ય ભાવથી વર્ણવે છે તેના મુખમાંથી નીકળતા ચરિત્ર અને સિદ્ધાંતની અસર થાય છે.

ભગવાનને "सुपर्णकेतौ" ગરુડધ્વજ કહ્યા. "ગરુડજી" કાલનું, વેદનું અને ભક્તિનું સ્વરૂપ છે. ભગવાને ધ્વજમાં ગરુડજીને સ્થાન આપીને આશ્રિત જીવોને કાલભયમાંથી મુક્ત કર્યા છે અને સમસ્ત શાસ્ત્રોનું જ્ઞાન અપાવ્યું છે. આ મતનું શ્રવણ કરનારને પણ ભક્તિ પ્રાપ્ત થાય છે તેમજ ભગવચ્ચરણકમલની પણ પ્રાપ્તિ થાય છે. કેવલ શ્રી કપિલચરિત્રશ્રવણથી ભક્તિ મળે છે તો પછી સંપૂર્ણ સર્ગલીલાના શ્રવણફલના માહાત્મ્ય માટે શું કહેવું ? ૩૭

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો ૩૩ મો અધ્યાય સમાપ્ત

તૃતીય સ્કંધ સમાપ્ત

શ્રીમદ્ ભાગવત તૃતીયસ્કન્ધના શ્લોકોનો અધ્યાયના ક્રમથી અકારાદિ
અનુક્રમ

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
	अ-१०७			
१	अज्ञातशत्रोः प्रतियच्छ	१	११	१२
२	अन्यानि चेह	१	२३	२०
३	अपिस्विदास्ते	१	३४	२६
४	अपिस्विदन्ये	१	३५	२७
५	अपि स्वदोर्भ्यां	१	३६	२७
६	अहो पृथाऽपि	१	४०	२९
७	अजस्य जन्मोत्पथ	१	४४	३१
८	अहोबकीयं	२	२३	४५
९	अयाजयद्गोसवेन	२	३२	४८
१०	अथ ते भ्रातृपुत्राणां	३	१२	५५
११	अयाजदधर्मसुत	३	१८	५८
१२	अन्नं चोरुरसं तेभ्यो	३	२८	६१
१३	अथ ते तदनुज्ञाता	४	१	६३
१४	अहं चोक्तो भगवता	४	४	६४
१५	अथापि तदभिप्रेतं	४	५	६४
१६	अद्राक्षमेकमासीनं	४	६	६५
१७	अस्माल्लोकादुपरते	४	३०	७५
१८	अथ ते भगवल्लीला	५	२२	८९
१९	अहं तत्त्वाद्विकुर्वाणाद्	५	३०	९२
२०	अनिलोऽपि विकुर्वाणो	५	३३	९३
२१	अनिलेनान्वितं ज्योतिः	५	३४	९४
२२	अथ तस्याभितप्तस्य	६	११	१०७
२३	अथापि कीर्तयाम्यद्ध	६	३६	११२
२४	अतो भगवतो माया	६	३९	११८
२५	अप्राक्षीद् भगवान्	७	४	१२१
२६	अशेषसंक्लेशसमं	७	१४	१२६
२७	अर्थाभावं विनिश्चित्य	७	१८	१२८
२८	अनुव्रतानां शिष्याणां	७	३६	१३०
२९	अहन्यापृतार्तकरणा	९	१०	१६९
३०	अथाभिप्रेतमन्वीक्ष्य	९	२७	१७२
३१	अहमात्माऽऽत्मनां धातः	९	४२	१७८
३२	अन्तर्हिते भगवति	१०	१	१८०
३३	अर्वाक् स्रोतसु नवमः	१०	२५	१९०
३४	अतः परं प्रवक्ष्यामि	१०	२९	१९२
३५	अणुर्द्वौ परमाणू	११	५	१९५
३६	अयने चाहनी	११	१२	१९७
३७	अन्तः स तस्मिन्	११	३१	२०६
३८	अयं तु कथितः	११	२६	२०७
३९	अलं प्रजाभिः	१२	१७	२१६
४०	अथाभिध्यायतः	१२	२१	२१८
४१	अथात्रापीतिहासोऽयं	१४	६	२६८
४२	अथ मे कुरु कल्याण	१४	१४	२७२
४३	अथापि काममेतं ते	१४	२१	२७५
४४	अथोपस्पृश्य	१४	३१	२८०
४५	अप्रायत्यादात्मनस्ते	१२	३७	२८३
४६	अलम्पटः शीलधरो	१४	४८	२८८
४७	अन्तर्बहिश्चामल	१४	४९	२७९
४८	अत्रोपसृष्टमिति	१५	४२	३१७
४९	अथ तस्योशतीं देवी	१६	१३	३३२
५०	अथ ते मुनयो दृष्ट्वा	१६	२७	३४८
५१	अन्तर्ग्रामेषु	१७	९	३५०
५२	अधुनैषोऽभिजिन्नाम	१८	२७	३७६
५३	अवधार्य विरिञ्चस्य	१९	१	३७८
५४	अथोरुधासृजन्मायां	१९	१७	३८७
५५	अन्येषां पुण्यश्लोकानां	१९	३४	३९६
५६	अन्योन्यश्लेषयोत्तुङ्ग	२०	३०	४१५
५७	अहो रूपमहो धैर्यम्	२०	३२	४१६
५८	अहो एतज्जगत्स्रष्टः	२०	५१	४२३
५९	अथ संप्रास्थिते	२१	३५	४४५

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
६०	अथोटजमुपयातं	२१	४८	४५१
६१	अधर्मश्च समेधेत	२१	५५	४५३
६२	अथापि पृच्छे	२१	५६	४५४
६३	अतो ह्यन्योन्य	२२	४	४५७
६४	अहं त्वा शृणवं	२२	१४	४६२
६५	अतो भजिष्ये समयेन	२२	१९	४६७
६६	अशक्नुवंस्तद्विरहं	२२	२५	४६८
६७	अयातयामः	२२	३६	४३५
६८	अन्ये पुनर्भगवतो	२३	८	४८३
६९	अङ्गं च मलपङ्केन	२३	२५	४९०
७०	अथादर्शं स्वमात्मानं	२३	३०	४९३
७१	अतः सा सुषुवे	२३	४८	५०१
७२	अवादयंस्तदा व्योम्नि	२४	७	५१०
७३	अतस्त्वमृषिमुख्येभ्यो	२४	१५	५१३
७४	अयं सिद्धगणाधीशः	२४	१९	५१४
७५	अथर्वणे ददाच्छान्ति	२४	२४	५१६
७६	अहो पापच्यमानानां	२४	२७	५१८
७७	अथ मे देव सम्मोह	२५	१०	५३२
७८	अहं ममाभिमानोत्थैः	२५	१६	५३५
७९	असेवयायं प्रकृतेर्गुणानां	२५	२७	५४१
८०	अनिमित्ता भागवती	२५	३३	५४४
८१	अथो विभूतिं मम	२५	३७	५४७
८२	अथ ते सम्प्रवक्ष्यामि	२६	१	५५२
८३	अनादिरात्मा	२६	३	५५३
८४	अन्तः पुरुषरूपेण	२६	१८	५६०
८५	अर्थाश्रयत्वं शब्दस्य	२६	३३	५६७
८६	अक्षिणी चक्षुषा	२६	६४	५८०
८७	अर्थे ह्यविद्यमानेऽपि	२७	४	५८५
८८	अत एव शनैश्चित्तं	२७	५	५८५
८९	अकर्तुः कर्मबन्धोऽयं	२७	१९	५९२
८०	अनिमित्तनिमित्तेन	२७	२१	५९३
९१	अहिंसा सत्यमस्तेयं	२८	४	५९९
८२	अपं च्यदर्शनं शश्वत्	२८	१७	६०६
८३	अभिसंधाय यो हिंसां	२९	८	६२८
८४	अहं सर्वेषु भूतेषु	२९	२१	६३५
९५	अहमुच्चावचैर्द्रव्यैः	२९	२४	६३६
८६	अर्चादावर्चयेत्	२९	२५	६३७
८७	अथ मां सर्वभूतेषु	२९	२७	६३८
९८	अर्थज्ञात्संशयच्छेत्ता	२९	३२	६३९
९९	अर्थै राज्ञादितैः	३०	१०	६५१
१००	अत्रैव नरकः स्वर्ग	३०	२९	६५९
१०१	अधस्तान्नरलोकस्य	३०	३४	६६१
१०२	अकल्पः स्वाङ्गचेष्टायां	३१	९	६६५
१०३	अथ यो गृहमेधीयान्	३२	१	६८७
१०४	अथ तं सर्वभूतानां	३२	११	६९३
१०५	अथाप्यजोऽन्तः	३३	२	७०९
१०६	अहो बत स्वपचो	३३	७	७१३
१०७	अभीऽक्ष्णावगाहकपिशान्	३३	१४	७१७

आ-२९

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१०८	आसां मुहूर्त्त	३	८	५४
१०९	आत्मानं च कुरुश्रेष्ठ	४	३५	७७
११०	आत्मानं चास्य	६	२५	११२
१११	आत्यन्तिकेन सत्वेन	६	२८	११३
११२	अत्मानोऽवसितो	९	३८	११८
११३	आसीनमुर्व्यां	८	३	१३८
११४	आयामतो विस्तरतः	८	२५	१४९
११५	आयुर्वेदं धनुर्वेदं	१२	३८	२२६
११६	आन्वीक्षिकी त्रयी	१२	४४	२२६
११७	आकूतिं रुचये	१२	५६	२३३
११८	आदेशेऽहं भगवतो	१३	१४	२४२
११९	आहैनमेह्यत्र	१८	३	२६२
१२०	आसन्नशौण्डी	१८	२१	३७३
१२१	आगस्कृद्भयकृद्	१८	२३	३७३
१२२	आह चायुधमाधत्स्व	१९	१०	३८४
१२३	आतमग्रामसिता	२१	२७	४४१
१२४	आमन्त्र्य तं मुनिवरम्	२२	२६	४७०
१२५	आस्थाभिपृच्छेऽथ	२४	३४	५२१
१२६	आत्मानं सर्वभूतेषु	२४	४६	५२६
१२७	आध्यात्मिकानुश्रवणान्	२९	१८	६३३
१२८	आत्मनश्च परस्यापि	२९	२६	६३८

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१२९	आत्मजायासुतागार	३०	९	६५०
१३०	आक्षिप्तात्मेन्द्रियः	३०	८	६५१
१३१	आस्तेऽवमत्यो	३०	१४	६५४
१३२	आदीपनं स्वगात्राणां	३०	२५	६५८
१३३	आरभ्य सप्तान्	३१	१०	६६६
१३४	आद्यस्थिरचराणां	३२	१२	६९३
१३५	आत्मतत्त्वाववोधेन	३२	३६	७०४
१३६	आस्ते योगं समास्थाय	३३	३६	७२७

इ–३४

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१३७	इत्यूचिवांस्तत्र	१	१४	१४
१३८	इत्थं व्रजन्भारतमेव	१	२०	१८
१३९	इति भागवतः पृष्टः	२	१	३३
१४०	इङ्गितज्ञा पुरुप्रौढा	२	९	३७
१४१	इमं लोकममुं	३	२१	५९
१४२	इत्यादृतोक्तः	४	१४	६९
१४३	इत्यावेदितहार्दाय	४	१९	७१
१४४	इत्युद्धवादुपाकर्ण्य	४	२३	७३
१४५	इति सह विदुरेण	४	२७	७४
१४६	इति तासां स्वशक्तीनां	५	१	१०३
१४७	इति ते वर्णितः क्षत्तः	२१	१	२१०
१४८	इति तस्य वचः	१२	९	२१४
१४९	इत्यादिष्टः स गुरुणा	१२	१५	२१६
१५०	इतिहासपुराणानि	१२	३९	२२६
१५१	इति ब्रुवाणं विदुरं	१३	५	२२७
१५२	इत्यभिध्यायतो	१३	१८	२४४
१५३	इति मीमांसतस्तस्य	१३	२३	२४७
१५४	इत्युपस्थीयमानस्तै	१३	४६	२६२
१५५	इष्ट्वाग्निजिह्वं	१४	८	२६९
१५६	इति तां वीर मारीच	१४	१५	२७२
१५७	इति तद् गृणतां	१६	१	३२४
१५८	इति कौषारवाख्याताम्	१९	३३	३९५
१५९	इति सायन्तनीं संध्याम्	२०	३७	४१८
१६०	इत्यव्यलीकं	२१	२२	४३८
१६१	इन्द्रियार्थेषु सज्जन्त्या	२३	५४	५०४
१६२	इमा दुहितरः सभ्य	२४	१४	५१२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१६३	इच्छाद्वेषविहीनेन	२४	४७	५१८
१६४	इति स्वमातुर्निरवद्यम्	२५	१२	५३३
१६५	इमं लोकं तथैवामुम्	२५	३९	५४९
१६६	इन्द्रियाणि दश श्रोत्रं	२५	१३	५५८
१६७	इति मातुर्वचः श्लक्ष्णं	२९	६	६२७
१६८	इत्येव शैशवं भुक्त्वा	३१	२८	६७६
२६९	इत्येतत्कथितं	३२	३१	७१२
१७०	इति प्रदर्श्य भगवान्,	३३	१२	७१६

ई–२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१७१	ईदृग्गृहं तत्पश्यन्ती	२३	२२	४८९
१७२	ईडितो भगवानेवं	३३	९	७१५

उ–१०

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१७३	उत्तराया धृतः	३	१७	५७
१७४	उदाप्लुतं विश्वमिदं	८	१०	१४१
१७५	उत्सङ्गान्नारदो	१२	२३	२१९
१७६	उत्क्षिप्तवालः	१३	२७	२४८
१७७	उत्पाता बहवस्तत्र	१७	३	३४७
१७८	उद्धसत्तडिदम्भोद	१७	६	३४९
१७९	उद्यतस्य हि कामस्य	२२	११	४६१
१८०	उभयोर्ऋषिकुल्यायाः	२२	२७	४७१
१८१	उपर्युपरि विन्यस्त	२३	१६	४८७
१८२	उल्बेन संवृतस्तस्मिन्	३१	८	६६५

ऊ–३

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१८३	ऊष्माणमिन्द्रियाण्याहुः	१२	४७	२३०
१८४	ऊर्जस्वन्तं मन्यमान	२१	४२	४२०
१८५	उरू सुपर्णभुजयो	२८	२४	६११

ऋ–२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१८६	ऋषिमाद्यं न बध्नाति	९	३५	१७५
१८७	ऋग्यजुः सामाथर्वाख्यान्	१२	३७	२२५

ए–७२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१८८	एवमेतत्पुरा पृष्टो	१	१	५
१८९	एवं सञ्चिन्त्य भगवान्	३	१६	५७
१९०	एवं त्रिलोकगुरुणा	४	३२	७६
१९१	एते देवाः कला विष्णोः	५	३७	९५
१९२	एव ह्यशेषसत्वानाम्	६	८	१०६

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१९३	एते वर्णाः स्वधर्मेण	६	३४	११६
१९४	एतत्क्षत्तर्भगवतो	६	३५	११६
१९५	एकान्तलाभं	६	३७	११७
१९६	एवं ब्रुवाणं मैत्रेयं	७	१	१२०
१९७	एतस्मिन् मे मनो	७	७	१२३
१९८	एतेषामपि वंशांश्च	७	२६	१३०
१९९	एतान् मे पृच्छतः	७	४०	११५
२००	एष प्रसन्नवरदो	९	२३	१७०
२०१	एवं सम्बोदितस्तेन	१०	३	१८१
२०२	एतावाञ्जीवलोकस्य	१०	९	१८३
२०३	एवं कालोऽप्यनुमितः	११	३	१९४
२०४	एष दैनन्दिनः सर्गो	११	२५	२०४
२०५	एवं विधैरहोरात्रैः	११	३२	२०६
२०६	एवमात्मभुवाऽऽदिष्टः	१२	२०	२१८
२०७	एतावत्यात्मजैर्वीर	१३	१०	२४०
२०८	एव मां त्वत्कृते विद्वन्	१४	९	२७०
२०९	एष तेऽहं विधास्यामि	१४	१६	२७३
२१०	एषा घोरतमा वेला	१४	२२	२७५
२११	एतस्यां साध्वि सन्ध्यायां	१४	२३	२७६
२१२	एष देव दितेर्गर्भं	१५	१०	२९५
२१३	एवं तदैव भगवान्	१५	३७	३१३
२१४	एतौ तौ पार्षदौ	१६	२	३२५
२१५	एतौ सुरेतरगति	१६	२६	३४०
२१६	एतत्पुरैव निर्दिष्टं	१६	३०	३४२
२१७	एते वयं न्यासहरा	१८	११	३६८
२१८	एवं गदाभ्यां गुर्वीभ्यां	१८	१८	३७१
२१९	एष ते देव देवानाम्	१८	२२	३७३
२२०	एषा घोरतमा सन्ध्या	१८	२६	३७५
२२१	एतौ तौ पार्षदावस्य	१९	२९	३९३
२२२	एवं हिरण्याक्षमसह्य	१९	३८	३९४
२३३	एतन्महापुण्यमलं	१९	३८	३९८
२२४	एवमुग्रश्रवाः पृष्ट	२०	७	४०४
२२५	एकः स्वयं सञ्जगतः	२१	१९	४३६
२२६	एवं तमनुभाष्याथ	२१	३३	४४४
२२७	एवमाविष्कृताशेष	२२	१	४५५

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
२२८	एतद् आदिराज्यस्य	२२	३९	४७७
२२९	एवं ब्रुवाणमबला	२३	९	४८४
२३०	एवं योगानुभावेन	२३	४६	५००
२३१	एतावतालं कालेन	२३	५३	५०३
२३२	एतावत्येव शुश्रूषा	२४	१३	५१२
२३३	एष मानवि ते	२४	१८	५१४
२३४	एतन्मे जन्म	२४	३७	५२२
२३५	एष आत्मपथो	२४	३७	५२२
२३६	एवं समुदितस्तेन	२४	४१	५२४
२३७	एतावानेव लोकेस्मिन्	२५	४४	५५१
२३८	एवं पराभिध्यानेन	२६	६	५५५
२३९	एतावानेव सङ्ख्यातो	२६	१५	५९६
२४०	एतान्यसंहृत्य यदा	२६	५०	५७५
२४१	एतदण्डं विशेषाख्यं	२६	५२	५७६
२४२	एते ह्यभ्युत्थिता देवा	२६	६२	५८०
२४३	एवं त्रिवृदहङ्कारो	२७	१३	५८९
२४४	एवं प्रत्यवमृश्या सा	२६	१५	५९०
२४५	एवं विजिततत्त्वस्य	२६	२६	५९५
२४६	एतैरन्यैश्च पथिभि	२८	७	५९९
२४७	एवं हरौ भगवति	२८	३४	६१९
२४८	एतद्भगवतो रूपं	२९	३६	६४३
२४९	एवं स्वभरणाकल्पं	३०	१३	६५३
२५०	एवं कुटम्बभरणे	३०	१८	६५५
२५१	एवं कुटुम्बं बिभ्राण	३०	३०	६६०
२५२	एकः प्रपद्यते ध्वान्तं	३०	३१	६६०
२५३	एवं कृतमतिर्गर्भो	११	२१	६७४
२५४	एवं परेत्य भगवन्तम्	३२	१०	५९१
२५५	एतावानेव योगेन	३२	२७	६९९
२५६	एतद्वै श्रद्धया	३२	३०	७००
२५७	एवं निशम्य	३३	१	७०८
२५८	एवं सा कपिलोक्तेन	३३	३०	७२४
२५९	एतन्निगदितं तात	३३	३६	७२६

ऐ-१

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
२६०	ऐश्वर्यं पारमेष्ठ्यञ्च	३२	१५	६८४

क-७९

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
२६१	कुत्र क्षत्तुर्भगवता	१	३	७
२६२	क एनमत्रोप	१	१५	१५
२६३	कच्चित्पुराणौ पुरुषौ	१	२६	२२
२६४	कच्चित्कुरूणां परम	१	२७	२२
२६५	कच्चिद्वरूथाधिपति	१	२८	२३
२६६	कच्चित्सुखं सात्वत	१	२९	२४
२६७	कच्चिद्धरेः सौम्य	१	३०	२४
२६८	कच्चिद् बुद्धः	१	३२	२५
२६९	कच्चिच्छिवं	१	३३	२५
२७०	किं वा कृताघेष्व	१	३७	२८
२७१	कच्चिद्यशोधा	१	३८	२८
२७२	कृष्णद्युमणि	२	७	३६
२७३	कोऽवा अमुष्या ङ्घ्रि	२	१८	४२
२७४	कौमारी दर्शयंश्चेष्टां	२	२८	४७
२७५	ककुद्मतोऽविद्धनसो	३	४	५१
२७६	कालमागधशाल्वादीन्	३	१०	५४
२७७	कियान् भुवोऽयं	३	१४	५६
२७८	कोन्वीश ते	४	१५	६९
२७९	कर्माण्यनीहस्य	४	१६	७०
२८०	कालिन्द्याः कतिभिः	४	३६	७८
२८१	करोति कर्माणि	५	५	८१
२८२	क्रीडन् विधत्ते	५	७	८२
२८३	कस्तृष्णुयात	५	११	८४
२८४	कालवृत्त्या तु	५	२६	९१
२८५	कालमायांशयोगेन	५	३२	९३
२८६	कालसंज्ञां तदा देवीं	६	२	१०३
२८७	कर्णावस्य विनिर्भिन्नौ	६	१७	१०९
२८८	क्रीडायामुद्यमोऽर्भस्य	७	३	१२१
२८९	क एष योऽसावह	८	१८	१४५
२९०	कालेन सोऽजः	८	२२	१४७
२९१	कदम्बकिञ्जल्क	८	२६	१५१
२९२	कालद्रव्यगुणैरस्य	१०	१४	१८५
२९३	कङ्कगृध्रवट	१०	२४	१९०
२९४	कृतं त्रेता द्वापरं च	११	१८	२०१
२९६	कालोऽयं द्विपरार्धाख्यो	११	३९	२०८
२९५	कालोऽयं परमाण्वादि	११	३८	२०८
२९७	कदाचिद् ध्यायतः	१२	३४	३२४
३९८	कस्य रूपमभूद्	१२	५२	२३२
२९९	किमेतत्सौकरव्याजं	१३	२१	२४६
३००	कः श्रद्दधीतान्	१३	४४	२६१
३०१	को नाम लोके	१३	५०	२६४
३०२	कृतशोकानुतापेन	१४	४३	२८६
३०३	को व मिहैत्य	१५	३२	३०९
३०४	कृत्स्नप्रसादसुमुखं	१५	३९	३१४
३०५	कामं भवः स्ववृजिनै	१५	४९	३२२
३०६	करालदंष्ट्रश्चक्षुर्भ्यां	१९	८	३८३
३०७	किमन्वपृच्छन्मैत्रेयं	३०	४	४०३
३०८	कासि कस्यासि	२०	३४	४१६
३०९	किरीटिनं कुण्डलिनं	२१	१०	४३०
३१०	कृत्वा दयां च जीवेषु	२१	३१	४४३
३११	कदम्बचम्पकाशोक	२१	४२	४४८
३१२	कारण्डवैः प्लवैः हंसैः	२१	१९	४४९
३१३	काकः स भूयान्	२२	१६	४६४
३१४	कुशाः काशास्त	२२	३०	४७२
३१५	कुशकाशं वयंबार्हि	२२	३१	४७३
३१६	कायेन भूयसा क्षामां	२३	४	४८०
३१७	किं दुरापादनं तेषां	२३	४२	४९५
३१८	कपिलस्तत्त्वसंख्याता	२५	१	५३२
३१९	काचित्त्वय्युचिता भक्तिः	२५	२८	५४५
३२०	कार्यकारणकर्तृत्वे	२८	८	५५६
३२१	कर्तृत्वं करणत्वं च	२६	२६	५६४
३२२	कषायो मधुरस्तिक्तः	२६	४२	५७२
३२३	क्लेदनं पिण्डनं तृप्तिः	२६	४३	५७२
३२४	करम्भपूतिसौरम्य	२६	४५	५७३
३२५	क्वचित्त्वावमर्शेन	२७	२०	५९३
३२६	काञ्चीगुणोल्लसच्	२८	१६	६०५
३२७	कीर्तन्यतीर्थयशसं	२८	१७	६०६
३२८	कौमोदकीं भगवतो	२८	२८	६१४

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
३२९	कालेस्येश्वररूपस्य	२९	४	६२६
३३०	कर्मनिर्हारमुद्दिश्य	२९	१०	६२९
३३१	कुटुम्बभरणाकल्पो	३०	१२	६५२
३३२	कृन्तनं चावयवशो	३०	२७	६५९
३३३	केवलेन ह्यधर्मेण	३०	३३	६६१
३३४	कर्मणा दैवनेत्रेण	३१	१	६६२
३३५	कललं त्वेकरात्रेण	३१	२	६६२
३३६	कृमिभिः क्षतसर्वांगः	३१	६	६६४
३३७	कटुतीक्ष्णोष्णलवण	३१	७	६६४
३३८	क्रियया क्रतुभिर्दानै	३२	३४	७०४
३३९	कपिलोऽपि महायोगी	३३	३३	७२६
	ख ३			
३४०	खरोऽश्वोऽश्वतरो	१०	२३	१८९
३४१	खुरैः क्षुरप्रैर्दरयंस्तदाप	१३	३०	२५१
३४२	खराश्च कर्कशैः क्षतः	१७	११	३५०
	ग–२१			
३४३	गां पर्यटन् मे	१	१९	१८
३४४	गुदं पुंसो विनिर्भिन्नं	६	२०	११०
३४५	गुणावतारैर्विश्वस्य	७	२८	१३२
३४६	गुणव्यतिकराकारो	१०	११	१८४
३४७	गौरजो महिषः कृष्णः	१०	२१	१८९
३४८	ग्रहर्क्षताराचक्रस्थः	११	१३	१९९
३४९	गृहाणैतानि नामानि	१२	१४	२१६
३५०	गावोऽत्रसन्नसृग्	१७	१३	३५१
३५१	ग्रहान् पुण्यतमानन्ये	१७	१४	३५१
३५२	गदायामपविद्धायां	१९	५	३८१
३५३	गिरयः प्रत्यदृश्यन्त	१९	२०	३८९
३५४	गूहन्तीं व्रीडयात्मानं	२०	३१	४१५
३५५	गृहीतार्हणमासीनं	२१	४९	४५१
३५६	गते शतधृतौ क्षत्तः	२४	२१	५१५
३५७	गच्छ कामं मया	२४	३८	५२२
३५८	गुणैर्विचित्राः सृजतीं	२६	५	५५४
३५९	गुदं मृत्युरपानेन	२६	६६	५८०
३६०	ग्राम्यधर्मनिवृत्तिश्च	२८	३	५९०
३६१	गुणाभिमानिनो देवाः	२९	४४	६४६
३६२	गृहेषु कूटधर्मेषु	३०	९९	६५१

क्रम	श्लोक.	अध्यायः	श्लोकांक	पृष्ठांकः
३६३	गृहोद्यानं कुसुमितैः	३६	१८	७१९
	घ–२			
३६४	घ्राणेन पृथ्व्याः पदवीं	१३	२९	२५०
३६५	घ्राणाद्वायुरभिद्येताम्	२६	५८	५७७
	च–१४			
३६६	चतुर्युगानां च	८	१२	१४३
३६७	चराचरौको भगवन्	८	३०	१५३
३६८	चतुर्थः ऐन्द्रियः सर्गो	१०	१६	१८६
३६९	चरमः सद्विशेषाणाम्	११	१	१९३
३७०	चत्वारि त्रीणि द्वे	११	१९	२०२
३७१	चातुर्होत्रं कर्मतन्त्रम्	१२	३५	२२४
३७२	चरितं तस्य राजर्षेः	१३	३	२३७
३७३	चुक्रोश विमना	१७	७	३४९
३७४	चक्रे हिरण्यकशिपुः	१७	१९	३५४
३७५	चक्षुष्मत्पद्मरागा	२३	१९	४८७
३७६	चेतः खल्वस्य बन्धाय	२५	१५	५३५
३७७	चालनं व्यूहनं	२६	३७	५७०
३७८	चित्तेन हृदयं चैत्यः	२६	७०	५८२
३७९	चतुर्भिर्धातवः सप्त	३१	४	६६३
	छ–१			
३८०	छायायाः कर्दमो जज्ञे	१२	२७	२२१
	ज–१४			
३८१	जनस्य कृष्णाद्	५	३	८०
३८२	ज्योतिषाम्भोऽनु	४	३५	८४
३८३	जघान रुन्धानमसह्य	१३	३२	२५२
३८४	जितं जितं ते जितः	१३	३५	२५४
३८५	जग्राह त्रिशिखं शूलं	१९	१३	३८३
३८६	जगृहुस्तद्विसृष्टां तां	२१	४१	४१९
३८७	जातहर्षोऽपतन्मूर्ध्ना	२१	१२	४३०
३८८	जुष्टं बतादाखिले	२१	१३	४३२
३८९	जानुद्वयं जलजलोचनया	२८	२३	६१०
३९०	जीवाः श्रेष्ठा ह्यजीवानां	२९	२८	६३९
३९१	जन्तुर्वै भव एतस्मिन्	३०	४	६४९
३९२	जीवतश्चान्त्राभ्युद्धारः	३०	२६	६५८
३९३	जीवो ह्यस्यानुगो देहो	३१	४४	६८६

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
३९४	जीवस्य संसृतीर्बह्वी	३२	३८	७०५

त–२१४

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
३९५	तत्राथ शुश्राव	१	२०	१९
३९६	तस्यां त्रितस्योशनसो	१	२२	१९
३९७	ततस्त्वतिव्रज्य सुराष्ट्र	१	२४	२१
३९८	तस्य प्रपन्नाखिल	१	४५	३२
३९९	तथैव चान्ये नरलोकवीरा	२	२०	४३
४००	तत्तस्य कैङ्कर्यमल	२	२२	४४
४०१	ततो नन्दव्रजमितः	२	२६	४६
४०२	ततः स आगत्य	३	१	५०
४०३	तत्राहृतास्ता	३	७	५३
४०४	तास्वपत्यान्यजनयद्	३	९	५४
४०५	तस्यैवं रममाणस्य	३	२२	५९
४०६	ततः कतिपयैर्मासैः	३	२५	६१
४०७	तत्र स्नात्वा पितॄन्	३	२६	६१
४०८	तेषां मैरेयदोषेण	४	२	६३
४०९	तस्मिन्महाभागवतो	४	९	६७
४१०	तस्यानुरक्तस्य मुनेः	४	१०	६७
४११	तत्साधुवर्यादिश वर्त्म	५	४	८०
४१२	ताञ्छोच्यशोच्यानविदो	५	१४	८६
४१३	तदस्य कौशारव	५	१५	८६
४१४	ततो भवन्महत्तत्त्व	५	२७	९१
४१५	तैजसानीन्द्रियाण्येव	५	३१	९३
४१६	तान्येव त्वसद्वृत्तिभि	५	४४	९९
४१७	तथापरे चात्मसमाधि	५	४६	१००
४१८	तत्ते वयं लोकसिसृक्षयाद्य	५	४७	१००
४१९	त्वं नः सुराणामसि	५	४९	१०१
४२०	ततो वयं सत्प्रमुखा	५	५०	१०२
४२१	तस्याग्निरास्यं निर्भिन्नं	६	१२	१००
४२२	त्वचमस्य विनिर्भिन्नां	६	१८	११०
४२३	तातीयेन स्वभावेन	६	२९	११३
४२४	तेषां संस्थां प्रमाणञ्च	७	२७	१३१
४२५	तिर्यङ्मानुषदेवानां	७	२७	१३१
४२६	तत्त्वानां भगवंस्तेषां	७	३७	१३४
४२७	तस्यार्थसूक्ष्माभिनिविष्ट	८	१३	१४३
४२८	तल्लोकपद्मं स उ एव	८	१५	१४४
४२९	तस्यां स चाम्भोरुह	८	१६	१४५
४३०	तस्माद् युगान्तश्वसना	८	१७	१४५
४३१	तमस्यपारे विदुरात्मसर्गं	८	२०	१४६
४३२	ततो निवृत्तोऽप्रतिलब्धकायः	८	२१	१४७
४३३	तर्ह्येव तन्नाभिसरः	८	३२	१५४
४३४	तद्वा इदं भुवनमङ्गल	९	४	१५८
४३५	तावद्भयं द्रविणगेह	९	६	१५९
४३६	त्वं भावयोगपरिभावित	९	११	१६३
४३७	तिर्यङ्मनुष्यविबुधादिषु	९	१९	१६७
४३८	तत आत्मनि लोके च	९	३१	१७४
४३९	तुभ्यं मद्विचिकित्सायाम्	९	३७	१७९
४४०	तस्मा एवं जगत्स्रष्ट्रे	९	४४	१७९
४४१	तद्विलोक्याब्जसम्भूतो	१०	५	१८१
४४२	तपसा ह्येधमानेन	१०	६	१८२
४४३	तद्विलोक्य वियद्व्यापि	१०	७	१८२
४४४	तिरश्चामष्टमः सर्गः	१०	२०	१८८
४४५	त्रसरेणुत्रिकं भुङ्क्ते	११	६	१९५
४४६	तयोः समुच्चयो मासः	११	११	१९७
४४७	त्रिलोक्या युगसाहस्रं	११	२२	२०३
४४८	तमोक्यामात्रामुपादाय	११	२७	२०५
४४९	तमेवान्यपि धीयन्ते	११	२८	२०५
४५०	त्रिलोक्यां क्ष्यमानायां	११	२९	२०५
४५१	तावत्त्रिभुवनं सद्यः	११	३०	२०५
४५२	तस्यैव चान्ते कल्पो	११	३५	२०७
४५३	तदाहुरक्षरं ब्रह्म	११	४१	२०८
४५४	तान् बभाषे स्वभूः	१२	५	२१२
४५५	तप आतिष्ठ भद्रं ते	१२	१८	२१७
४५६	तपसैव परं ज्योति	१२	१९	२१७
४५७	तमधर्मे कृतमतिं	१२	३९	२२२
४५८	तेजीयसामपि ह्येतन्	१२	३१	२२३
४५९	तस्मै नमो भगवते	१२	३२	२२३
४६०	तस्योष्णिगासील्लोमभ्यो	१२	४५	२३०
४६१	ततोऽपरामुपादाय	११	४९	२३१
४६२	तदा मिथुनधर्मेण	१२	५४	२३३

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
४६३	त्वमेकः सर्वभूतानां	१३	७	२३८
४६४	तद्विधेहि नमस्तुभ्यं	१३	८	२३९
४६५	तस्याभिपश्यतः स्वस्थ	१३	१९	२४५
४६६	तेषां सतां वेदवितान	१३	२६	२४८
४६७	तमालनीलं सितदन्तकोट्या	१३	३३	२५३
४६८	त्रयोमयं रूपमिदं च	१३	४१	२६०
४६९	तस्मिन्प्रसन्ने सकलाशिषां	१३	४९	२६४
४७०	तेनव तु मुनिश्रेष्ठ	१४	२	२६६
४७१	तस्य चोद्धरतः क्षोणीं	१४	३	२६७
४७२	तद्भव.न् दह्यमानायां	१४	१०	२७०
४७३	तदा विश्वेश्वरः क्रुद्धो	१४	४०	२८४
४७४	तम एतद्विभो वेत्थ	१५	३	२९२
४७५	तेषां सुपक्वयोगानां	१५	७	२९३
४७६	त एकदा भगवतो	१५	१३	२९६
४७७	तद्विश्वगुर्वधिकृतं	१५	२६	३०५
४७८	तस्मिन्नतीत्य मुनयः	१५	२७	३०५
४७९	तान् वीक्ष्य वातरशनां	१५	३०	३०७
४८०	ताभ्यां मिषत्स्वनिमिषेषु	१५	३१	३०८
४८१	तद्धाममुष्य परमस्य	१५	३४	३११
४८२	तेषमितीरितमुभाववधार्य	१५	३५	३११
४८३	तं त्वागतं प्रति हृतौपयिकं	१५	३८	३१४
४८४	तस्यारविन्दनयनस्य	१५	४३	३१७
४८५	ते वा अमुष्य	१५	४४	३१८
४८६	तं त्वां विदाम भगवन्	१५	४७	३२१
४८७	तद्वः प्रसादयाम्यद्य	१६	४	३२६
४८८	तन्मे.स्वभर्तुरवसाय	१६	१२	३३१
४८९	ते योगमाययाऽऽरब्ध	१६	१५	३३३
४९०	त्वत्तः सनातनो धर्मो	१६	१८	३३४
४९१	तरन्ति ह्यञ्जसा मृत्युं	१६	१९	३३५
४९२	ततोऽनभीष्टमिव सत्व	१६	२४	३३९
४९३	तौ तु गीर्वाणऋषभौ	१६	३३	३४३
४९४	तदा विकुण्ठाधिषणात्	१६	३४	३४४
४९५	तावेव ह्यधूना प्राप्तौ	१६	३५	३४४
४९६	तयोरसुरयोरद्य तेजसा	१६	३६	३४४
४९७	तावादिदैत्यौ सहसा	१७	१६	३५२
४९८	तं वीक्ष्य दुःसहजवं	१७	२१	३५५
४९९	ततो निवृतः क्रीडिष्यन्	१७	२४	३५६
५००	तस्मिन् प्रविष्टे वरुणस्य	१७	२५	३५६
५०१	तत्रोपलभ्यासुरलोकपालकं	१७	२७	३५७
५०२	त्वं लोकपालोऽधिपति	१७	२८	३५८
५०३	तं वीरमारादभिपद्य	१७	३१	३५८
५०४	तदेवमाकर्ण्य जलेश	१८	१	३६०
५०५	त्वं नः सपत्नैरभवाय	१८	४	३६३
५०६	त्वयि संस्थिते गदया	१८	५	३६३
५०७	तं निःसरन्तं सलिलादनु	१८	७	६६५
५०८	त्वं पद्मथानां किल	१८	१२	३६९
५०९	ततश्च गदया राति	१८	१७	३७१
५१०	तयोः स्पृधेस्तिग्मगदा	१८	१९	३७८
५११	ततः सपत्नं मुखतश्चरन्तम्	१९	२	३७९
५१२	तं व्यग्रचक्रं दिति	१९	६	३८१
५१३	तां स आपततीं वीक्ष्य	१९	११	३८४
५१४	तदोजसा दैत्यमहाभटा	१९	१४	३७५
५१५	तेनेत्थमाहतः क्षत्त	१९	१६	३८७
५१६	तदा दितेः समभवत्	१९	२३	३००
५१७	तं मुष्टिभिर्विनिघ्नन्तं	१९	२५	३९१
५१८	तं सुखाराध्यमृजुभि	१९	३६	३८७
५१९	तयोः संवदतोः सूत	२०	५	४०३
५२०	ता नः कीर्तय भद्रं ते	२०	६	४०४
५२१	तानि चैकैकशः स्रष्टु	२०	१४	४०९
५२२	तस्य नाभेरभूत् पद्मं	२०	१६	४०९
५२३	ततो हसन् स भगवान्	२०	२४	४१३
५२४	त्वमेकः किल लोकानां	२०	२७	४१४
५२५	तां क्वणच्चरणाम्भोजां	२०	२९	४१५
५२६	त आत्मसर्गं तं कायं	२०	४३	४२८
५२७	ते तु तज्जगृहू रूपं	२०	४६	४२१
५२८	तेभ्यः सोऽत्यसृजत्स्वीयं	२०	५०	४८३
५२९	तपसा विद्यया युक्तो	२०	५२	४८४
५३०	तेभ्यश्चैकैकशः स्वस्य	२०	५३	४८४
५३१	तस्य वै दुहिता ब्रह्मन्	२१	३	४८७
५३२	तस्यां स वै महायोगी	२१	४	३२७

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
५३३	ततः समाधियुक्तेन	२१	७	४२९
५३४	तावत्प्रसन्नो भगवान्	२१	८	४२९
५३५	तथा स चाहं परिवोढुकामः	२१	१५	४३३
५३६	तं त्वानुभूत्योपरतक्रियार्थं	२१	२१	४३७
५३७	त्वं च सम्यगनुष्ठाय	२१	३०	४४८
५३८	तस्मिन् सुधन्वन्नहनि	२१	३७	४४६
५३९	तद्वै बिन्दुसरो नाम	२१	३९	४४७
५४०	तथैव हरिणैः क्रोडैः	२१	४४	४४९
५४१	तदैव सेतवः सर्वे	२१	५४	४४९
५४२	तत्त्राणायासृजच्च	२२	३	४५१
५४३	तव संदर्शनादेव	२२	५	४५७
५४४	तत्प्रतीच्छ द्विजाग्र्ये	२२	११	४५९
५४५	तां प्रार्थयन्तीं	२२	१८	४५१
५४६	तमायान्तमभिप्रेत्य	२२	२८	४५६
५४७	तुष्टोऽहमद्य तव	२३	६	४७१
५४८	तत्रेतिकृत्यमुपशिक्ष	२३	११	४८१
५४९	तत्र तत्र विनिक्षिप्त	२३	१७	४७५
५५०	तां दृष्ट्वा सहसोत्थाय	२३	२७	४९१
५५१	तस्मिन्नलुप्तमहिमा	२३	३८	४९५
५५२	तेनाष्टलोकपविहार	२३	३९	४९६
५५३	तस्मिन् विमान उत्कृष्टां	२३	४५	५००
५५४	तस्यामाधत्त रेतस्तां	२३	४७	५०१
५५५	तस्यां बहुतिथे काले	२४	६	५०२
५५६	तत्कर्दमाश्रमपदं	२४	९	५१०
५५७	त्वया मेऽपचितिस्तात	२४	१२	५११
५५८	तावाश्वास्य जगत्स्रष्टा	२४	२०	५१५
५५९	ततस्त ऋषयः क्षतः	२४	२५	५१७
५६०	तान्येव तेऽभिरूपाणि	२४	३१	५१९
५६१	त्वंसूरिभिस्तत्त्व	२४	३२	५१९
५६२	तमासीनमकर्माणं	२५	६	५३०
५६३	तस्य त्वं तमसो	२५	८	५०१
५६४	तं त्वा गताहं शरणं	२५	११	५३२
५६५	तमिमं ते प्रवक्ष्यामि	२५	१४	५३५
५६६	तदा पुरुष आत्मानं	२५	१७	५३५
५६७	तितिक्षवः कारुणिकाः	२५	२१	५३७
५६८	त एते साधवः साध्वि	२५	२४	५३९
५६९	तदेतन्मे विजानीहि	२५	३०	५४३
५७०	तैर्दर्शनीयावयवैरुदार	२५	३६	५४७
५७१	तदस्य संस्कृतिर्बन्धः	२६	७	५५५
५७२	तैजसात्तु विकुर्वाणाद्	२६	२९	५६५
५७३	तैजसानीन्द्रियाण्येव	२६	३१	५६७
५७४	तामसाच्च विकुर्वाणाद	२६	३२	५६७
५७५	तेजोगुणविशेषोऽर्थो	२६	४८	५७४
५७६	ततस्तेनानुविद्धेभ्यो	२६	५९	५७५
५७७	त्वयं रोमभिरोषध्यो	२६	६५	५८०
५७८	तमस्मिन् प्रत्यगात्मनं	२६	७२	५८२
५७९	तेन संसारपदवीम्	२७	३	५८४
५८०	तस्मिँल्लब्धपदं चित्तं	२८	२०	६०७
५८१	तस्यावलोकमधिकं	२८	३१	६१७
५८२	तस्मादिमां स्वां	२८	४४	६२४
५८३	तत्रापि स्पर्शवेदिभ्यः	२९	२९	६३८
५८४	ततो वर्णाश्च चत्वारः	२९	३१	६३९
५८५	तस्मान्मय्यर्पिताशेष	२९	३३	६४२
५८६	तस्यैतस्य जनो नूनं	३०	१	६४८
५८७	तत्राप्यजातनिर्वेदो	३०	१४	६५३
५८८	तयोर्निर्भिन्नहृदयः	३०	२१	६५३
५८९	तत्र तत्र पतञ्छ्रान्तो	३०	२३	६६७
५९०	तस्योपसन्नमवितुं	३१	१२	६६७
५९१	तस्मादहं विगतविक्लव	३१	२	६७३
५९२	तेनावसृष्टः सहसा	३१	२३	६७४
५९३	तुदन्त्यामत्वचं दंशा	३१	२७	६६
५९४	तदर्थं कुरुते कर्म	३१	३१	६७८
५९५	तेष्वशान्तेषु मूढेषु	३१	३४	६७९
५९६	तत्सृष्टसृष्टसृष्टेषु	३१	३७	६८१
५९७	तामात्मनो विजानीयात्	३१	४२	६८२
५९८	तस्मान्न कार्यः सन्त्रासो	३१	४७	६८५
५९९	तच्छ्रद्धयाक्रान्तमतिः	३२	३	६८८
६००	त्रैवर्गिकास्ते पुरुषा	३२	१८	६९५

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
६०१	ततस्ते क्षीणसुकृताः	३२	२१	६९७
६०२	तस्मात्त्वं सर्वभावेन	३२	२२	६९७
६०३	त्वं देहतन्त्रः प्रशमाय	३३	५	७११
६०४	तं त्वामहं ब्रह्म परं पुमांसं	३३	८	७१४
६०५	तमेव ध्यायती देवम्	३३	२२	७२०
६०६	तद्देहः परतः पोषो	३३	२८	७२३
६०७	तद्वीरासीत्पुण्यतमं क्षेत्रं	३३	३१	७२४
६०८	तस्यास्तद्योगविधुत	३३	३२	७२५

द-५७

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
६०९	द्यूते त्वधर्मेण जितस्य	१	८	१०
६१०	दुर्भगो बत लोकोऽयं	२	८	३६
६११	देवस्य मायया स्पृष्टा	२	१०	३७
६१२	दुनोति चेतः स्मरतो	२	१७	४१
६१३	दृष्ट्वा भवद्भिर्ननु	२	१९	४३
६१४	दैवाधीनेषु कामेषु	३	२३	६०
६१५	देहन्यासं च तस्यैवं	४	३४	७७
६१६	द्वारि द्युनद्या ऋषभः	५	१	७९
६१७	देशतः कालतो योऽसा	७	५	१२२
६१८	दुरापा ह्यल्पतपसः	७	२०	१२९
६१९	दानस्य तपसो वापि	७	३४	१३३
६२०	दैवेन ते हतधियो	९	७	१७०
६२१	द्वितीयस्त्वहमो यत्र	१०	१५	१८५
६२२	देवसर्गश्चाष्टविधो	१०	२७	१९१
६२३	द्वादशार्धपलोन्मानं	११	९	१९५
६२४	दशोत्तराधिकैर्यत्र	११	४०	२०८
६२५	दृष्ट्वा पापीयसी सृष्टिं	१२	३	२११
६२६	दृष्टोऽङ्गुष्ठशिरोमात्रः	१३	२३	२४६
६२७	दीक्षानुजन्मोपसदः	१३	३८	२५६
६२८	दंष्ट्राग्रकोट्या भगवन्	१३	४१	२५९
६२९	दितिर्दाक्षायणी क्षत्त	१४	७	२६९
६३०	दितिस्तु व्रीडिता तेन	१४	३२	२८१
६३१	देवदेव जगद्धात	१५	४	२९२
६३२	द्वार्येतयोर्निविविशु	१५	२९	३०७
६३३	द्वाःस्थावादिश्य भगवान्	१६	३२	३३४
६३४	दिभिस्तु भर्तुरादेशात्	१७	२	३४७
६३५	दृष्ट्वान्यांश्च महोत्पातान्	१७	१५	३५२
६३६	दिविस्पृशौ हेमकिरीट	१७	१७	३५७
६३७	ददर्श दत्राभिजितं	१८	२	३६१
६३८	दैत्यस्य यज्ञावयवस्य	१८	२०	३७२
६३९	दिष्ट्या त्वां विहितं	१८	२८	३७६
६४०	द्यौर्नष्टभगणाभ्रौघैः	१९	१९	३८८
६४१	द्वैपायनादनवरो	२०	३	४०२
६४२	दैवेन दुर्वितर्क्येण	२०	१२	४०७
६४३	देवस्तानाहसंविग्नो	२०	२१	४१२
६४४	देवताः प्रभया माया	२०	२२	४१२
६४५	देवो देवाज्ञघनतः	२०	२३	४१३
६४६	देहेन वै भोगवता	२०	४७	४२२
६४७	दिष्ट्या मे भगवान्	२२	६	४५८
६४८	दिष्ट्या त्वयानुशिष्टोऽहं	२२	७	४५९
६४९	दिव्योपकरणोपेतं	२३	१४	४८५
६५०	द्वाःसुविद्रुमदेहल्या	२३	१८	४८८
६५१	देवहूत्यपि संदेशं	२४	५	५०९
६५२	द्वैपायनसखस्त्वेवं	२५	४	५२९
६५३	देवानां गुणलिङ्गानां	२५	३२	५४४
६५४	दैवात्क्षुभितधर्मिण्यां	२६	१९	५६१
६५५	द्रव्याकृतित्वं गुणता	२६	३९	५७१
६५६	द्योतनं पचनं पानम्	२६	४०	५७१
६५७	देहं च तं न चरमः	२८	३७	६२१
६५८	देहोऽपि दैववशगः	२८	३८	६२२
६५९	द्विषतः परकायेमां	२९	२३	६३६
६६०	दैवेनासादितं तस्य	३०	३२	६६०
६६१	देह्यन्यदेहविवरे	३१	१७	६७१
६३२	देहेन जीवभूतेन	३१	४३	६८३
६६३	द्रव्योपलब्धिस्थानस्य	३१	४५	६८४
६६४	द्विपरार्धावसाने यः	३२	८	६९०
६६५	दक्षिणेन यथार्यम्णः	३२	२०	६९५

ध-१०

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
६६६	धातर्यन् दस्मिन भव	५	३९	८५
६६७	धर्मार्थकाममोक्षाणां	७	३२	१३३
६६८	धर्मश्चतुष्पान्मनुजान्	११	२१	२०२

क्रम	श्लोक	अध्याय	श्लोकांक	पृष्ठांकः
६६९	धिया निगृह्यमाणोऽपि	१२	७	२१३
६७०	धीर्वृत्तिरुशनोमा च	१२	१३	२१२
६७१	धर्मः स्तनाद् दक्षिण	१२	२५	२२०
६७२	धर्मस्य ते भगवतः	१६	२२	३३७
६७३	धृतव्रतासि भद्रं ते	२४	३	५०८
६७४	ध्यानायनं प्रहसितं	२८	३३	६१८
६७५	ध्यायती भगवद्रूपं	३३	२३	७२१

न–७४

क्रम	श्लोक	अध्याय	श्लोकांक	पृष्ठांकः
६७६	न ह्यल्पार्थोदयस्तस्य	१	४	७
६७७	नूनं नृपाणां त्रिमदोत्	१	४३	३१
६७८	ननु ते तत्त्वसंराध्य	४	२६	७४
६७९	निधनमुपगतेषु	४	२८	७५
६८०	नोद्धवोऽण्वपि मन्न्यूनो	४	३१	६६
६८१	नैतच्चित्रं त्वयि	५	१९	८८
६८२	ननाम ते देव	५	३८	९५
६८३	निर्भिन्नं तालु	६	१३	१०७
६८४	निर्भिन्ने अश्विनौ	६	१४	११४
६८५	निर्भिन्ने अक्षिणी	६	१५	१०९
६८६	निर्भिन्नान्यस्य चर्माणि	६	१६	१०९
६८७	निमित्तानि च तस्येह	७	३९	१३५
६८८	निवीतमाम्नाय	८	३१	१५३
६८९	नातः परं परम	९	३	१५७
६९०	नाति प्रसीदति तथोपचितो	९	१२	१५९
६९१	नाभिहृदादिह सतो	९	२४	१७०
६९२	नानाकर्मवितानेन	९	३४	१७५
६९३	निमेषस्त्रिलवो ज्ञेयः	११	७	१७६
६९४	निशावसान आरब्धो	११	२३	२०३
६९५	नैतत्पूर्वैः कृतं त्वद्य	१२	३०	२२२
६९६	न ह्येधन्ते प्रजा नूनं	१२	५१	२३२
६९७	निशम्य वाचं वदतो	१३	१	२३३
६९८	निशम्यते घर्घरितं	१३	२५	२४७
६९९	नमो नमस्तेऽखिल	१३	३९	२५८
७००	निशम्य कौषारविणो	१४	१	२६४
७०१	न वयं प्रभवस्तां त्वाम्	१४	२०	२३४
७०२	न यस्य लोके स्वजनः	१४	२५	२५९
७०३	नमो रुद्राय महते	१४	३४	२८२
७०४	न ब्रह्मदण्डदग्धस्य	१४	४२	२८५
७०५	नमो विज्ञान वीर्याय	१५	५	२९३
७०६	न ह्यन्तरं भगवतीह	१५	२३	३०२
७०७	नात्यन्तिकं विगणयन्त्यपि	१५	४८	३२१
७०८	नाहं तथाद्मि यजमान	१६	८	३२८
७०९	न वयं भगवन् विद्मः	१६	१६	३३३
७१०	न त्वं द्विजोत्तमकुलं	१६	२३	३३८
७११	निशाम्यात्मभुवा	१७	१	३४५
७१२	न यावदेष वर्धेत	१७	२५	३७२
७१३	नमो नमस्तेऽखिल	१९	३०	३९३
७१४	नैकत्र ते जयति	२०	३६	४१७
७१५	न तेऽजराक्षभ्रमि	२१	१८	२३५
७१६	नैतद्बताधीश पदं	२१	२०	४३७
७१७	न वै जातु मृषैव	२१	२४	४३९
७१८	निरीक्षतस्तस्य	२१	३४	४४५
७१९	नूनं चङ्क्रमणं देव	२१	५०	४५२
७२०	न यदा रथमास्थाय	२१	५२	४५३
७२१	निष्णातं योगमायासु	२२	३४	४७५
७२२	निमज्ज्यास्मिन् ह्रदे	२३	२३	४९०
७२३	नेह यत्कर्म धर्माय	२३	५६	५०५
७२४	निर्वेदवादिनीमेवं	२४	१	५०७
७२५	निरहंकृतिर्निर्ममश्च	२४	४४	५२५
७२६	नह्यस्य वर्ष्मणः पुंसां	२५	२	५२८
७२७	निर्विण्णां नितरां	२५	७	५०१
७२८	न युज्यमानया भक्त्या	२५	१९	५३६
७२९	नैकात्मतां मे स्पृहयन्ति	२५	३४	५४५
७३०	न कर्हिचिन्मत्परा	२५	३८	५४८
७३१	नान्यत्र मद्भगवतः	२५	४१	५५०
७३२	नभसः शब्दतन्मात्रात्	२६	३५	५६९
७३३	नभो गुणविशेषोऽर्थो	२६	४७	५७९
७३४	निरभिद्यतास्य प्रथमं	२६	५४	५७७
७३५	निर्बिभेद विराजस्त्वग्	२६	५६	५७८
७३६	नाड्योऽस्य निरभिद्यन्त	२६	५९	५८६
७३७	निवृत्तबुद्ध्यवस्थानो	२७	१०	५८६

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
७३८	नाभिह्रदं भुवनकोश	२८	२५	६१२
७३९	निषेवितेनानिमित्तेन	२९	१५	६३५
७४०	न चास्य कश्चित्	२९	३९	६४५
७४१	नभो ददाति श्वसतां	२९	४३	६४६
७४२	नरकस्थोऽपि देहं वै	३०	५	६४९
७४३	नाथमान ऋषिर्भीतः	३१	११	६६६
७४४	न तथास्य भवेन्मोहा	३१	३५	६७०
७४५	निवृत्तिधर्मनिरता	३२	६	६८९
७४६	नूनं दैवेन विहता	३२	१९	३९६
७४७	नैतत्खलायोपदिशेत्	३२	३९	७०५
७४८	न लोलुपायोपदिशेत्	३२	४०	७०५
७४९	नित्यारूढसमाधित्वात्	३३	२७	७२२

प–९०

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
७५०	पार्थस्तु देवो	१	१२	१२
७५१	पुरेषु पुण्योपवनाद्रि	१	१८	१७
७५२	पुलकोद्भिन्नसर्वांगो	२	५	३५
७५३	प्रदर्श्यातप्ततपसाम्	२	१०	३८
७५४	परीतो वत्सपैः	२	२७	४७
७५५	प्रयुक्तान् भोजराजेन	२	३०	४८
७५६	प्रियं प्रभुर्ग्राम्य इव	३	५	५२
७५७	पुर्यां कदाचित्	३	२४	५०
७५८	पुरा मया प्रोक्तमजाय	४	१३	६७
७५९	परावरेषां भगवन्	५	१०	८३
७६०	पानेन ते देव कथासुधायाः	५	४५	९९
७६१	प्रावुद्धकर्मा देवेन	६	४	१०४
७६२	परेण विशतास्वस्मिन्	६	५	१०४
७६३	पादावस्य विनिर्भिन्नौ	६	२२	१११
७६४	पद्भ्यां भगवतो जज्ञे	५	२३	११५
७६५	प्रजापतीनां स	७	२५	१३०
७६६	पाखण्डपथवैषम्यं	७	३१	१३३
७६७	पुरुषस्य च संस्थानं	७	३८	१३३
७६८	प्रोक्तं किलैतद्	८	७	१४०
७६९	प्रोवाच मह्यं स	८	९	१४१
७७०	प्रेक्षां क्षिपन्तं	८	२४	१४९
७७१	पुंसां स्वकामाय	८	२६	१५०

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
७७२	परार्ध्यकेयूरमणि	८	२९	१५२
७७३	पुंसामतो विविधकर्मभि	९	१३	१६४
७७४	प्रीतोऽहमस्तु भद्रं ते	९	३९	१७६
७७५	पूर्तेन तपसा यज्ञै	९	४१	१७७
७७६	पद्मकोशं तदाऽऽविश्य	१०	८	१८२
७७७	पितृदेवमनुष्याणाम्	११	१६	२०१
७७८	पूर्वस्यादौ परार्धस्य	११	३४	२०७
७७९	पुलहो नाभितो जज्ञे	१२	२४	२१९
७८०	प्रियव्रतोत्तानपादौ	१२	५५	२३३
७८१	प्रीतस्तुभ्यमहं तात	१३	९	२३९
७८२	परं शुश्रूषणं मह्यं	१३	१२	२४१
७८३	परमेष्ठी त्वपां मध्ये	१३	१६	२४३
७८४	पुरा पिता नो भगवान्	१४	१२	२७१
७८५	प्राणिनां हन्यमानानां	१४	३९	२८४
७८६	पुत्रस्यैव तु पुत्राणां	१४	४४	२८६
७८७	प्राजापत्यं तु तत्तेजः	१५	१	२९१
७८८	पारावतान्यभृतसारस	१५	१८	२९९
७८९	पीतांशुके पृथुनितम्बिनि	१५	४०	३१५
७९०	पुंसां गतिं मृगयतामिह	१५	४५	३१९
७९१	प्रादुश्चकर्थ यदिदं	१५	५०	३२३
७९२	प्रजापतिर्नाम तयो	१७	१८	३५३
७९३	पश्यामि नान्यं	१७	३०	३५८
७९४	परानुषक्तं तपनीयो	१८	९	३६६
७९५	पुनर्गदां स्वामादाय	१८	१६	३७१
७९६	पदा सव्येन तां	१९	९	३८३
७९७	प्रववुर्वायवश्चण्डाः	१९	१८	३८८
७९८	प्रादुष्कृतानां मायानाम्	१९	२२	३८९
७९९	पजापतिपतिः सृष्ट्वा	२०	९	४०५
८००	पाहि मां परमात्मंस्ते	२१	२६	४४०
८०१	प्रहस्य भावगम्भीरं	२०	३८	४१८
८०२	प्रियव्रतोत्तानपादौ	२१	२	४२६
८०३	प्रजाः सृजेति भगवान्	२१	६	४२८
८०४	प्रजापतेस्ते वचसा	२१	१६	४३४
८०५	प्रजापतिसुतः सम्राद्	२१	२५	४४०
८०६	पुण्यद्रुमलताजालैः	२१	४०	४४८

क्रमः श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
८०७ प्रविश्य तन्तीर्थवरम्	२१	४५	४४९
८०८ प्रांशुं पद्मपलाशाक्षं	२१	४७	४४९
८०९ प्रियव्रतोत्तानपदोः	२२	९	४५०
८१० प्रत्तां दुहितरं सम्राट्	२२	२४	४६९
८११ पितृभ्यां प्रस्थिते	२३	१	४७९
८१२ प्रियायाः प्रियमन्विच्छन्	२३	१२	४८६
८१३ प्रेक्षयित्वा भुवो गोलं	२३	४३	४९९
८१४ पतिं सा प्रव्रजिष्यन्तं	२३	४९	५०२
८१५ पेतुः सुमनसो दिव्याः	२४	८	५१०
८१६ पुलहाय गतिं युक्तां	२४	२३	५१६
८१७ परं प्रधानं पुरुषं	२४	३३	५२०
८१८ पितरि प्रस्थितेऽरण्यं	२५	५	५३०
८१९ प्रसङ्गमजरं पाश	२५	२०	५३७
८२० पश्यन्ति ते मे	२५	३५	५४६
८२१ प्रकृतेः पुरुषस्यापि	२६	९	५५६
८२२ पञ्चभिः पञ्चभिर्ब्रह्म	२६	११	५५८
८२३ प्रभावं पौरुषं प्राहुः	२६	१६	५५९
८२४ प्रकृतेर्गुणसाम्यस्य	२६	१७	५६०
८२५ परस्य दृश्यते धर्मो	२६	४९	५७५
८२६ प्रकृतिस्थोऽपि पुरुषो	२७	१	५८३
८२७ पुरुषं प्रकृतिर्ब्रह्मन्	२७	१७	५९१
८२८ प्रकृतिः पुरुषस्येह	२७	२३	५९३
८२९ प्राप्नोतीहाञ्जसा	२७	२९	५९६
८३० प्राणस्य शोधयेन्मार्गं	२८	९	६०२
८३१ प्राणायामैर्दहेद्दोषान्	२८	११	६०३
८३२ प्रसन्नवदनाम्भोजं	२८	१३	६०४
८३३ पश्यत्ययं धिषणया	३१	१९	६७२
८३४ पतितो भुव्यसृङ्मूत्रे	३१	२४	६७५
८३५ परच्छन्दं न विदुषा	३१	२५	६७५
८३६ प्रजापतिः स्वां दुहितरं	३१	३६	६८०
८३७ प्रावोचं भक्तियोगस्य	३२	३७	७०४
८३८ प्रजापतेः कर्दमस्य	३३	१५	७१०
८३९ पयः फेननिभाः शय्याः	३३	१६	७१८

ब–१९

क्रमः श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
८४० ब्रह्मशापापदेशेन	४	२९	७५
८४१ बुद्धि चास्य विनिर्भिन्नां	६	२३	१११
८४२ बाहुभ्योऽवर्तत क्षत्रं	६	३१	११४
८४३ ब्रह्मन् कथं भगवतः	७	२	१२०
८४४ ब्रह्माणं हर्षयामास	१३	२४	२४७
८४५ ब्रह्मादयो यत्कृतसेतुपाला	१४	२८	२७९
८४६ ब्रह्मणस्य परं दैवं	१६	१७	३३४
८४७ बहुभिर्यक्षरक्षोभिः	१९	२१	३८९
८४८ ब्रह्मसृजत्स्वमुखतो	२२	२	४५६
८४९ बाढमुद्वोढुकामोऽहं	२२	१५	४६३
८५० बर्हिष्मती नाम पुरी	२२	२९	४७९
८५१ बर्हिष्मतीं नाम विभुर्यां	२२	३२	४७२
८५२ ब्रह्मन् दुहितृभिस्तुभ्यं	२३	५२	५०३
८५३ बहुजन्मविपाकेन	२४	२८	५१८
८५४ बुद्ध्या ब्रह्मापि हृदयं	२६	६९	५८१
८५५ बाहूंश्च मन्दरगिरेः	२८	२७	६१३
८५६ बलं मे पश्य मायायाः	३१	३८	६८१
८५७ बहिर्जातविरागाय	३२	४२	७०६
८५८ ब्रह्मण्यवस्थितमति	३३	२६	७२२

भ–३१

क्रमः श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
८५९ भगवानपि विश्वात्मा	३	१९	५८
८६० भगवान् स्वात्ममायाया	४	३	६३
८६१ भवान् भगवतो नित्यं	५	२१	८८
८६२ भगवानेक आसेदम्	५	२३	८९
८६३ भूतानां नभआदीनां	५	३६	९४
८६४ भगवानेक एवैष	७	६	१२२
८६५ भूयस्त्वं तप आतिष्ठ	९	३०	१७३
८६६ भूतप्रेतपिशाचाश्च	१०	२८	१९१
८६७ भगवान् वेद कालस्य	११	१७	२०१
८६८ भर्तर्याप्तोरुमानानां	१४	११	२७१
८६९ भविष्यतस्तवाभद्रा	१४	३८	२८३
८७० भूयादघोनि भगवद्	१५	३६	३१२
८७१ भगवन्तं परिक्रम्य	१६	२८	३१४
८७२ भगवाननुगावाह	१६	२९	३१८
८७३ भगवांस्तु गदावेगं	१८	१५	६७०
८७४ भूषणानि परार्घ्यानि	२३	२९	४४२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांक
८७५	भर्तुः पुरस्तादात्मानं	२३	३५	४४५
८७६	भ्राजिष्णुना विमानेन	२३	४१	४९१
८७७	भगवतं परं ब्रह्म	२४	१०	५१०
८७८	भवत्तया पुमाञ्जात	२५	२६	५४०
८७९	भूतानां छिद्रदातृत्वं	२६	३४	५६८
८८०	भावनं ब्रह्मणः स्थानं	२६	४६	५७४
८८१	भूतसूक्ष्मेन्द्रियमनो	२७	१४	५८९
८८२	भुक्तभोगा परित्यक्ता	२७	२४	५९४
८८३	भृत्यानुकम्पितधियेह	२८	२९	६१५
८८४	भूतेन्द्रियान्तःकरणात्	२८	४१	६२३
८८५	भक्तियोगे बहुविधो	२९	७	६२७
८८६	भक्तियोगश्च योगश्च	२९	३५	६४३
८८७	भूतैः पञ्चभिरारब्धे	३१	३०	६७७
८८८	भेददृष्ट्याभिमानेन	३२	१३	६९३
८८९	भक्तिप्रवाहयोगेन	३३	२४	७२१

म–६०

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांक
८९०	मां खेदयत्येतदजस्य	२	१६	४१
८९१	मन्येऽसुरान् भगवतां	२	२४	४५
८९२	मिथो यदैषां भविता	३	१५	५७
८९३	मन्त्रेषु मां वा उपहूय	४	१७	७०
८९४	मनिर्विवक्षुर्भगवद्गुणानां	५	१२	८५
८९५	माण्डव्यशापाद् भगवान्	५	२०	८८
८९६	महतत्त्वाद्विकुर्वाणाद्	५	२९	९२
८९७	मार्गन्ति यत्ते मुखपद्म	५	४०	९७
८९८	मेढ्रं तस्य विनिर्भिन्नं	६	१९	११०
८९९	मुखतोऽवर्तत ब्रह्म	६	३०	११४
९००	मुहुर्गृणन्तो वचसा	८	६	१३९
९०१	मृणालगौरायतशेष	८	२३	१४८
९०२	मुखेन लोकार्तिहरस्मितेन	८	२७	१५१
९०३	मा वेदगर्भ गास्तन्द्रीं	९	२९	९३०
९०४	मन्वन्तरेषु भगवान्	११	२६	२०४
९०५	मन्युर्मनुर्महिनसो	१२	१२	२१५
९०६	मरीचिरत्र्यङ्गिरसौ	१२	२२	२१८
९०७	मज्जायाः पङ्क्तिरुत्पन्ना	१२	४६	२३०
९०८	मरीचिप्रमुखैर्विप्रैः	१३	२०	२४५

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
९०९	मा मे गर्भमिमं ब्रह्मन्	१४	३३	२८१
९१०	मानसा मे सुता	१५	१२	२९६
९११	मन्दारकुन्दकुरवो	१५	१९	३००
९१२	मतद्विरेफवनमालिकया	१५	२८	३०६
९१३	मयि संरम्भयोगेन	१६	३१	३४२
९१४	मुहुः परिधयोऽभूवन्	१७	८	३४९
९१५	मनोवीर्यवरोत्सिक्त	१७	२२	३५५
९१६	मैनं मायाविनं दृप्तं	१८	२४	३७४
९१७	मया यथानूक्तमवादि	१९	३२	३९५
९१८	महीं प्रतिष्ठामध्यस्य	२०	१	४००
९१९	मनुः स्यन्दनमास्थाय	२१	३६	४४६
९२०	मतद्विजगणैर्घृष्टं	२१	४१	४४८
९२१	मा खिदो राजपुत्रीत्थम्	२४	२	५०७
९२२	मरीचये कलां	२४	२२	५११
९२३	मया प्रोक्तं हि लोकस्य	२४	३५	५२१
९२४	मामात्मानं स्वयज्योतिः	२४	३९	५२३
९२५	मात्रा आध्यात्मिकीं विद्यां	२४	४०	५२३
९२६	मनो ब्रह्मणि युञ्जानो	२४	४३	५२५
९२७	मय्यनन्येन भावेण	२५	२२	५३८
९२८	मदाश्रयाः कथामृष्टाः	२५	२३	५३८
९२९	मद्भयाद्वाति वातोऽयं	२५	४२	५५०
९३०	महाभूतानि पञ्चैव	२६	१२	५५८
९३१	मनोबुद्धिरहङ्कार	२६	१४	५५९
९३२	महतत्त्वाद्विकुर्वाणाद्	२६	२३	५६२
९३३	मृदुत्वं कठिनत्वञ्च	२६	३६	५६९
९३४	मनसश्चन्द्रमा जातो	२६	६१	५७९
९३५	मुक्तलिङ्गं सदाभास	२७	११	५८८
९३६	भव्यमानस्तदात्मान	२७	१५	५९०
९३७	मद्भक्तः प्रतिबुद्धार्थो	२७	२८	५९६
९३८	मौनं सदाऽऽसनजय	२८	५	५९९
९३९	मनोऽचिरात्स्याद्विरजं	२८	१०	६०२
९४०	मत्तद्विरेफकलया	२८	१५	६०५
९४१	मुक्ताश्रयं यर्हि	२८	३५	६१९
९४२	मद्गुणश्रुतिमात्रेण	२९	११	६२९
९४३	मद्धिष्ण्यदर्शनस्पर्श	२९	१६	६३२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
९४४	महतां बहुमानेन	२९	१७	६३२
९४५	मद्धर्मणो गुणैरेतैः	२९	१९	६३४
९४६	मनसैतानि भूतानि	२९	३४	६४२
९४७	मासेन तु शिरो	३१	३	६६३
९४८	मातुर्जग्धान्नपानाद्यैः	३१	५	६६३
९४९	मार्गेणानेन मातस्ते	३३	१०	६६६
	य-१४४			
९५०	यदा ह्ययं मन्त्रकृद्वो	१	२	५
९५१	यदा तु राजा	१	६	९
९५२	यदा सभायां कुरुदेव	१	९	१०
९५३	यदा च पार्थ प्रहित	१	९	११
९५४	यदोपहूतो भवनं	१	१०	१२
९५५	यमावृतस्त्वित्	१	३९	२९
९५६	यः पञ्चहायनो	२	२	३३
९५७	यन्मर्त्यलीलौपयिकं	२	१२	३८
९५८	यद्धर्मसूनोर्बत	२	१३	३९
९५९	यस्यानुरागप्लुत	२	१४	४०
९६०	यत्र नारायणो देवो	४	१२	७२
९६१	यथा पुनः स्वे ख	५	६	८१
९६२	यैस्तत्त्वभेदैः	५	८	८२
९६३	यच्छ्रद्धया श्रुतवत्या	५	४१	९७
९६४	यत्सानुबन्धेऽसति	५	४३	९८
९६५	यावद्बलिं तेऽज	५	४८	१०१
९६६	यतोऽप्राप्यन्य	६	४०	११८
९६७	यदर्थेन विनामुष्य	७	१०	१२४
९६८	यथा जले चन्द्रमसः	७	११	१२७
९६९	यदेन्द्रियोपरामोऽथ	७	१३	१२५
९७०	यश्च मूढतमो लोके	७	१७	१२७
९७१	यत्सेवया भगवतः	७	१९	१२८
९७२	यमाहुराद्यं पुरुषं	७	२२	१२९
९७३	यस्मिन्दशविधः	७	२३	१२९
९७४	यत्र पुत्रैश्च पौत्रैश्च	७	२४	१३०
९७५	यज्ञस्य च वितानानि	७	३०	१३२
९७६	येन वा भगवान्	७	३५	१३४
९७७	ये तु त्वदीयचरणाम्बुज	९	५	१५८

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
९७८	यावत्पृथक्त्वमिद	९	९	१६१
९७९	यस्यावतारगुण	९	१५	१६५
९८०	यो वाऽहं च	९	१६	१६६
९८१	यस्माद्बिभेम्यहमपि	९	१८	१६७
९८२	योऽविद्ययानुपहतो	९	२०	१६८
९८३	यन्नाभिपद्मभवना	९	२१	१६९
९८४	यदा तु सर्वभूतेषु	९	३२	१७४
९८५	यदा रहितमात्मानं	९	३३	१७४
९८६	यच्चकर्थाङ्ग	९	३८	१७५
९८७	य एतेन पुमान्	९	४०	१७७
९८८	ये च मे भगवन्	१०	२	१८०
९८९	यदात्थ बहुरूपस्य	१०	१०	१८३
९९०	यथेदानीं तथाग्रे च	१०	१३	१८५
९९१	यामाश्चत्वारश्चत्वारो	११	१०	१९७
९९२	यः सृज्यशक्तिमुरुधो	११	९५	२००
९९३	यदर्धमायुषस्तस्य	११	३३	२०७
९९४	यदरोदीः सुरश्रेष्ठ	१२	१०	२१४
९९५	यस्तु तत्र पुमान्	१२	५३	२३२
९९६	यदा स्वभार्यया साकं	१३	६	२३८
९९७	येषां न तुष्टो भगवान्	१३	१३	२४२
९९८	यदोकः सर्वसत्त्वानां	१३	१५	२४३
९९९	य एवमेतां हरिमेधसो	१३	४८	२६३
१०००	ययोत्तानपदः पुत्रो	१४	५	२६८
१००१	यामाहुरात्मनो	१४	१८	२७४
१००२	यामाश्रित्येन्द्रिया	१४	१९	२७४
१००३	यस्यानवद्याचरित	१४	२६	२७८
१००४	योगैर्हेमेव दुर्वर्णं	१४	४५	२८७
१००५	यत्प्रसादादिदं	१४	४७	२८८
१००६	ये त्वानन्येन	१५	६	२९३
१००७	यस्य वाचा प्रजाः	१५	८	२९४
१००८	यत्र चाद्य पुमान्	१५	१५	२९७
१००९	यत्र नैःश्रेयसं नाम	१५	१६	२९८
१०१०	यत्संकुलं हरिपदा	१५	२०	३००
१०११	यत्र व्रजन्त्यघभिदो	१५	२३	३०२
१०१२	येऽभ्यर्थितामपि च	१५	२४	३०३

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१०१३	यच्च व्रजन्त्यनिमिषा	१५	२५	३०४
१०१४	योऽन्तर्हितो हृदि गतो	१५	४६	३२०
१०१५	यस्त्वेतयोर्धृतो दण्डो	१६	३	३२५
१०१६	यन्नामानि च गृह्णाति	१६	५	३२६
१०१७	यस्यामृतामलयश	१६	६	३२६
१०१८	यत्सेवया चरणपद्म	१६	७	३२७
१०१९	येषां बिभर्म्यंह	१६	९	३२९
१०२०	ये मे तनोर्द्विजवरान्	१६	१०	३३०
१०२१	ये ब्राह्मणान्मयि	१६	११	३३०
१०२२	यं वै विभूते	१६	२०	३३५
१०२३	यस्तां विविक्त	१६	२१	३३७
१०२४	यं वानर्योदम	१६	२५	३३९
१०२५	यं योगिनो योग	१९	२८	३४१
१०२६	यो गजेन्द्रं झष	१९	३५	३९५
१०२७	यो वै हिरण्याक्ष	१९	३७	३९७
१०२८	ये मरीच्यादयो	२०	१०	४०७
१०२९	या वा काचित्त्वमबले	२०	३५	४१७
१०३०	चेऽहीयन्तामुतः	२०	४८	४२२
१०३१	ये मायया ते	२१	१४	४४२
१०३२	यात आत्मभूतं	२१	२९	४४२
१०३३	यस्मिन्भगवतो	२१	३८	४४६
१०३४	योऽर्केन्द्वग्नीन्द्र	२१	५१	४५२
१०३५	यदा तु भवतः शील	२२	१०	४७०
१०३६	च उद्यतमनादृत्य	२२	१३	४७२
१०३७	यां हर्म्यपृष्ठे	२२	१७	४८५
१०३८	थतो भवद्भिश्च	२२	२०	४७७
१०३९	यः पृष्टो मुनिभिः	२२	३८	४७७
१०४०	ये मे स्वधर्मनिरतस्य	२३	७	
१०४१	यदा सस्मार ऋषभ	२३	३४	४८४
१०४२	यद्यद्विधत्ते भगवान्	२५	३	५२८
१०४३	य आद्यो भगवान्	२५	९	५३१
१०४४	योग आध्यात्मिकः	२५	१३	५४२
१०४५	यो योगो भगवद्बाणो	२५	२९	५५७
१०४६	यत्तत्त्रिगुणमव्यक्तं	२६	१०	५३१
१०४७	यत्तत्सत्वगुणं	२६	२१	५६४

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१०४८	यद्विदुर्ह्यनिरुद्धाख्यं	२६	२८	५८२
१०४९	यथा प्रसुप्तं पुरुषं	२७	७१	५८६
१०५०	यमादिभिर्योगयथैः	२६	६	५८६
१०५१	यदृच्छयोपलब्धेन	२७	८	५८९
२०५२	यथा जलस्थ आभास	२७	१२	५९२
१०५४	यथा ह्यप्रतिबुद्धस्य	२७	२५	५९५
१०५५	यदैवमध्यात्मरतः	२७	२७	५९६
१०५६	यदा न योगोपचितासु	२७	३०	५९७
१०५७	योगस्य लक्षणं	२८	१	५९८
१०५८	यदा मनः स्वं विरजं	२८	१२	६०३
१०५९	यच्छौचनिःसृत	२८	२२	६०९
१०६०	यच्छ्रीनिकेतन	२८	३०	६१५
१०६१	यथा पुत्राच्च वित्ताच्च	२८	३९	६२२
१०६२	यथोल्मुकाद्	२८	४०	६२२
१०६३	यथा सांख्येषु कथितं	२९	२	६२५
१०६४	यथा वातारथो घ्राण	२९	२०	६३५
१०६५	यो मां सर्वेषु भूतेषु	२९	२२	६४४
१०६६	योऽन्तः प्रविश्य भूतानि	२९	३८	६४४
१०६७	यद्भयाद्वाति वातोऽयं	२९	४०	६४५
१०६८	यद्वनस्पतयो भीतो	२९	४१	६४५
१०६९	यं यमर्थमुपादत्ते	३०	२	६४८
१०७०	यदध्रुवस्य देहस्य	३०	३	६४८
१०७१	यमदूतौ तदा प्राप्तौ	३०	१९	६५५
१०७२	यातनादेह आवृत्य	३०	२०	६५६
१०७३	योजनानां सहस्राणि	३०	२४	६५७
१०७४	यास्तामिस्रांधतामिस्रा	३०	२८	६५९
१०७५	यस्त्वत्र बद्ध इव	३१	१३	६६८
१०७६	यः पञ्चभूतरचिते	३१	१४	६६९
१०७७	यन्माययोरुगुणकर्म	३१	१५	६६९
१०७८	येनेदृशीं गतिमसौ	३१	१८	६७१
१०७९	यद्यसद्भिः पथि पुनः	३१	३२	६७८
१०८०	योपयाति शनैर्माया	३१	४०	६८२
१०८१	यां मन्यते पतिं	३१	४१	६८२
१०८२	यथाक्ष्णार्द्रव्यावयव	३१	४६	६८४
१०८३	यदा चाहीन्द्रशय्यायां	३२	४	६८८
१०८४	ये स्वधर्मान्न दुह्यन्ति	३२	५	६८९

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१०८५	येत्विहासक्तमनसः	३२	१६	६९५
१०८६	यदास्य चित्तमर्थेषु	३२	२४	६९९
१०८७	यथा महानहंरूप	३२	२९	७००
१०८८	यथेन्द्रियैः पृथग्	३२	३३	७०३
१०८९	योगेन विविधाङ्गेन	३२	३५	७०४
१०९०	य इदं श्रृणुयादम्ब	३२	४३	७०७
१०९१	यन्नामधेयश्रवणा	३३	६	७१२
१०९२	यत्र प्रविष्टमात्मानं	३३	१९	७१९
१०९३	य इदमनुश्रृणोति	३३	३७	७२७

र-१४

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१०९४	रूपं यदेतदवबोधरसोदयेन	९	२	१५६
१०९५	रजोभाजो भगवतो	१०	१८	१८७
१०९६	रुद्राणां रुद्रसृष्टानां	१२	१६	२१६
१०९७	रूपं तवैतन्ननु	१३	३५	२५४
१०९८	रुदन्तो रासभत्रस्ता	१७	१२	३५१
१०९९	रजः प्रधानान्महतः	२०	१३	४०८
११००	रुचिर्यो भगवान्	२१	५	४२८
११०१	राद्धं बत द्विजवृषैतद	२३	१०	४८४
११०२	रूपमात्राद्विकुर्वाणाद्	२६	४१	५७२
११०३	रसमात्राद्विकुर्वाणाद्	२६	४४	५७३
११०४	रेतस्तस्मादाप आसन्	२६	५७	५७८
११०५	रूपभेदविदस्तत्र	२९	३०	६३९
११०६	रूपभेदास्पदं दिव्यं	२९	३७	६४३
११०७	रजसा कुण्ठमनसः	३२	१७	६९५

ल-१०

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
११०८	लोको विकर्मनिरतः	९	१७	१६६
११०९	लोकसंस्थानविज्ञान	९	२८	१७२
१५००	लघूनि वै समाम्नाता	११	८	१९६
११११	लोके तेन हता लोके	१५	२	२९१
१११२	लोकांश्च लोकानुगतान्	२१	१७	४३४
१११३	लिखन्त्यधोमुखी भूमिं	२३	५०	५०२
१११४	लसत्पङ्कजकिञ्जल्क	२८	१४	६०४
१११५	लक्षणं महदादीनां	२९	१	६२५
१११६	लोकस्य मिथ्या	२९	५	६२७
१११७	लक्षणं भक्तियोगस्य	२९	१२	६३०

व-५९

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१११८	वसुदेवस्य देवक्यां	२	२५	४६
१११९	विग्लान् विषपानेन	२	३१	४८
११२०	वर्षतीन्द्रे व्रजः	२	३३	४९
११२१	वाम ऊरावधिश्रित्य	४	८	६५
११२२	वेदाहमन्तर्मनसि	४	११	६७
११२३	विदुरोप्ययुद्धवाच्	४	३३	७६
११२४	वैकारिकस्तैजसश्च	५	३०	९२
११२५	विश्वस्य जन्मस्थिति	५	४२	९८
११२६	विशोऽवर्तन्त तस्यो	६	३२	११५
११२७	वर्णाश्रमविभागांश्च	७	२९	१३२
११२८	विरिञ्चोऽपि तथा	१०	४	१८१
११२९	विश्वं वै ब्रह्मतन्मात्रं	१०	१२	१८४
११३०	वनस्पत्योषधिलता	१०	१९	१८७
११३१	वैकृतास्त्रय एवैते	१०	२६	१९०
११३२	विकारैः सहितो	११	३९	२०८
११३३	वाचं दुहितरं तन्वीं	१२	२८	२२१
११३४	विद्यादानं तपः शौचं	१२	४१	२२७
११३५	वैखानसा वालखिल्यो	१२	४३	२२८
११३६	विधुन्वता वेदमयं	१३	४४	२६१
११३७	वधं भगवता साक्षात्	१४	४१	२८५
११३८	वसन्ति यत्र पुरुषाः	१५	१४	२९७
११३९	वैमानिकः सललनाः	१५	१७	२९८
११४०	वापीषु विद्रुमतटा	१५	२२	३०२
११४१	विद्युत्क्षिपन्मकर	१५	४१	३१६
११४२	विश्वस्य यः स्थिति	१६	३७	३४५
११४३	ववौ वायु सुदुःस्पर्शः	१७	५	३४८
११४४	वृकणे स्वशूले	१९	१५	३५२
११४५	विनष्टासु स्वमायासु	१९	२४	३९०
११४६	विससर्जात्मनः कायं	२०	१९	४११
११४७	वितर्कयंतो बहुधा	२०	३३	४१६
११४८	विससर्ज तनुं तां वै	२०	३९	४१८
११४९	विन्यस्तचरणाम्भोज	२१	११	४३०
११५०	विदित्वा तव चैत्यं मे	२१	२३	४३९
११५१	विद्योतमानं वपुषा	२१	४६	४४९

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
११५२	विश्रम्भेणात्मशौचेन	२३	२	४७९
११५३	विसृज्य कामं दम्भं च	२३	३	४७९
११५४	विहारस्थानविश्राम	२३	२१	४८९
११५५	विद्याधरीसहस्रेण	२३	३७	४९६
११५६	वैश्रम्भके सुरसने	२३	४०	४९७
११५७	विभज्य नवधाऽऽत्मानं	२३	४४	४९९
११५८	वेदाहमाद्यं पुरुषं	२४	१६	५१३
११५९	व्रतं स आस्थितो	२४	४२	५२४
११६०	वासुदेवे भगवति	२४	४५	५२६
११६१	विदित्वार्थं कपिलो	२५	३१	५४३
११६२	विसृज्य सर्वानन्यांश्च	२५	४०	५४९
११६३	विश्वमात्मगतं	२६	२०	५६१
११६४	वैकारिकस्तैजसश्च	२६	२४	५६३
११६५	वैकारिकाद्विकुर्वाणात्	२६	२७	५६४
११६६	वायोश्च स्पर्शतन्मात्राद्	२६	३८	५७०
११६७	वह्निर्वाचा मुखं भेजे	२६	६३	५८०
११६८	विष्णुर्गत्यैव चरणौ	२६	६७	५८०
११६९	वक्षोऽधिवासमृषभस्य	२८	२६	६१३
११७०	विरागो येन पुरुषो	२९	३	६२५
११७१	विषयानभिसन्धाय	२९	९	६२८
११७२	वार्तायां लुप्तमानायां	३०	११	६५२
११७३	वायुनोत्क्रमतोत्तारः	३०	१६	६५४
११७४	वासुदेवे भगवति	३२	२३	६९८
११७५	वनं प्रव्रजिते पत्या	३३	२१	७२०
११७६	विशुद्धेन तदाऽऽत्मान	३३	२५	७२१

श २१

११७७	शनकैर्भगवल्लोकान्	२	६	३५
११७८	शरच्छशीकरैर्मृष्टं	२	३४	४९
११७९	शम्बरं द्विविदं बाणं	३	११	५५
११८०	श्यामावदातं विरजं	४	८	६५
११८१	शीर्ष्णोऽस्य द्यौर्धरा	६	२७	११३
११८२	श्राद्धस्य च विधिं	७	३३	१३३
११८३	शश्वत्स्वरूपमहसैव	९	१४	१६५
११८४	श्वा सृगालो वृको	१०	२३	१८९
११८५	शब्दब्रह्मात्मनस्तस्य	१२	४८	२३१
११८६	श्रुतस्य पुंसां सुचिरश्रमस्य	१३	४	२३७
११८७	श्मशानचक्रानिल	१४	२४	२७७
११८८	श्रुत्वा भागवतं	१४	५०	२९०
११८९	श्रीरूपिणी क्वणयती	१५	२१	३०१
११९०	शतरूपा महाराज्ञी	२२	२३	४६९
११९१	शारीरा मानसा दिव्या	२२	३७	४७६
११९२	श्रोण्योरध्यस्तया	२३	३२	४९३
११९३	शुचौ देशे प्रतिष्ठाय	२८	८	६०१
११९४	शयानः परिशोचद्भिः	३०	१७	६५४
११९५	शापितोऽशुचिपर्यङ्के	३१	२६	६७५
११९६	श्रद्धानाय भक्ताय	३२	४१	७०६
११९७	श्रद्धत्स्वैतन्मयं मण्यं	३३	११	७१६

ष-२

११९८	षष्ठस्तु तमसःसर्गो	१०	१६	१८६
११९९	षोडश्युक्थौ पूर्ववक्त्रात्	[illegible]	४०	२२७

स-१७६

१२००	स एवमृषिवर्योऽयं	१	५	८
१२०१	स एष दोषः पुरुषद्विडास्ते	१	१२	१२
१२०२	स इत्थमत्युल्बणकर्ण	१	१६	१५
१२०३	स निर्गतः कौरवपुण्य	१	१७	१६
१२०४	स वासुदेवानुचरं	१	२५	२१
१२०५	सौम्यानुशोचे तमधः	१	४१	३०
१२०६	सोऽहं हरेर्मर्त्यविडम्बनेन	१	४२	३०
१२०७	स कथं सेवया तस्य	२	३	३४
१२०८	स मुहूर्तमभूत्तूष्णीं	२	४	३४
१२०९	स्वशान्तरूपेष्वितरैः	२	१५	४०
१२१०	स्वयं त्वसाम्यातिशय	२	२१	४४
१२११	स एव गोधनं लक्ष्म्याः	२	२९	४८
१२१२	सान्दीपनेः सकृत्	३	२	५०
१२१३	समाहुता भीष्मक	३	३	५१
१२१४	सुतं मृधे खं वपुषा	३	६	५३
१२१५	स कर्णदुःशासन	३	१३	५५
१२१६	स्निग्धस्मितावलोकेन	३	२०	५९
१२१७	स एव साधो चरमो	४	१२	६८
१२१८	स एवमाराधितपाद	४	२०	७१
१२१९	सोऽहं तद्दर्शनाह्लाद	४	२१	७२

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१२२०	स तं महाभागवतं	४	२४	७३
१२२१	सुखाय कर्माणि करोति	५	२	७९
१२२२	सा श्रद्धानस्य	५	१३	८५
१२२३	स विश्वजन्मस्थिति	५	१६	८७
१२२४	साधु पृष्टं त्वया साधो	५	१८	८७
१२२५	स एवं भगवान्	५	१७	८७
१२२६	स वा एष तदा द्रष्टा	५	२४	९०
१२२७	सा वा एतस्य संद्रष्टुः	५	२५	९०
१२२८	सेऽप्यंशगुणकालात्मा	५	२८	९२
१२२९	सोऽनुप्रविष्टो	६	३	१०४
१२३०	स वै विश्वसृजां	६	७	१०५
१२३१	साध्यात्मः साधिदैवश्च	६	९	१०६
१२३२	स्मरन् विश्वसृजामीशो	६	१०	१०७
१२३३	सत्वं चास्य विनिर्भिन्नं	६	२६	११२
१२३४	स इत्थं चोदितः क्षत्त्रा	७	९	१२३
१२३५	सेयं भगवतो माया	७	९	१२३
१२३६	स वै निवृत्तिधर्मेण	७	१२	१२५
१२३७	संछिन्न संशयो मह्यं	७	१५	१२६
१२३८	साध्वेतद् व्याहृतं	७	१६	१२७
१२३९	सृष्ट्वाग्रे महदादीनि	७	२१	१२९
१२४०	सर्वे वेदाश्च यज्ञाश्च	७	४१	१३६
१२४१	स इत्थमापृष्टपुराण	७	४२	१३६
१२४२	सत्सेवनीयो बत	८	१	१३७
१२४३	सोऽहं नृणां क्षुल्लसुखाय	८	२	१३७
१२४४	स्वमेव धिष्ण्यं बहु	८	४	१३८
१२४५	स्वर्धुन्युदाग्रैः	८	५	१३९
१२४६	सांख्यायनः पारमहंस्य	८	८	१४०
१२४७	सोऽन्तः शरीरेऽर्पित	८	११	१४२
१२४८	स पद्मकोशः सहसो	८	१४	१४४
१२४९	स इत्थमुद्वीक्ष्य	८	१९	१४६
१२५०	स कर्मबीजं रजसो	८	३३	१५४
१२५१	सोऽयं समस्तजगतां	९	२२	१६९
१२५२	सोऽसावदभ्रकरुणो	९	२५	१७१
१२५३	स्वसम्भवं निशाम्यैवं	९	२५	१७२
१२५४	सर्ववेदमयेनेदं	९	४३	१७८
१२५५	सत एव पदार्थस्य	११	२	१९३
१२५६	स कालः परमाणुर्वै	११	४	१९४
१२५७	संवत्सरः परित्सर	११	१४	१९९
१२५८	संध्यांशयोरन्तरेण	११	२०	२०२
१२५९	स्वं स्वं कालं मनु	११	२४	२०४
१२६०	ससर्जाग्रेऽन्धतामिस्र	१२	२	२१०
१२६१	सनकं च सनन्दं च	१२	४	२११
१२६२	सोऽवध्यातः सुतैरेवं	१२	६	२१२
१२६३	स वै रुरोद देवानां	१२	८	२१३
१२६४	स इत्थं गृणतः पुत्रान्	१२	३३	२२३
१२६५	सवै विश्वसृजामीशो	१२	३६	२२५
१२६६	सावित्रं प्राजापत्यं च	१२	४२	२२८
१२६७	स वै स्वायंभुवः सम्राद्	१३	२	२३६
१२६८	स त्वमस्यामपत्यानि	१३	११	२४१
१२६९	सृजतो मे जिनिर्वार्भि	१३	१७	२४३
१२७०	स वज्रकूटाङ्गनिपात	१३	२९	२५०
१२७१	स्वदंष्ट्रयोद्धृत्य महीं	१३	३१	२५१
१२७२	स्रुक्तुण्ड आसीत्स्रुव	१३	३६	२५५
१२७३	सोमस्तु रेतः सवनान्य	१३	३८	२५८
१२७४	संस्थापयैनां जगतां	१३	४२	२६०
१२७५	स वै बतभ्रष्टमतिः	१३	४५	२६२
१२७६	स इत्थं भगवानुर्वी	१३	४७	२६३
१२७७	साधु वीर त्वया	१४	४	२६७
१२७८	स विदित्वाऽऽत्मजानां	१४	१३	२७१
१२७९	सर्वाश्रमानुपादाय	१४	१७	२१७
१२८०	सैवं (एवं) संविदितेभर्त्रा	१४	२९	२८०
१२८१	सविदित्वाथ भार्यायास्तं	१४	३०	२८०
१२८२	स नः प्रसीदतां भामो	१४	३५	२८२
१२८३	स्वस्वर्गस्याशिषं	१४	३६	२८३
१२८४	स वै महाभागवतो	१४	४७	२८८
१२८५	स त्वं विधित्स्वशं	१५	९	२९५
१२८६	स प्रहस्य महाबाहो	१५	११	२८५
१२८७	सतीं व्यादाय शृण्वन्तो	१६	१४	३३२
१२८८	सहाचला भुवश्चेलु	१७	४	३४८
१२८९	सङ्गीतवद्रोदनवद्	१७	१०	३५०

B.
49

क्रमः	श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१२९०	स वै तिरोहितान् दृष्ट्वा	१५	२३	३५७
१२९१	स वर्षपूगानुदधौ	१७	२६	३५७
१२९२	स एवमुत्सिक्तमदेन	१७	२९	३५८
१२९३	स तुद्यमानोऽरि	१८	६	३६४
१२९४	स गामुदस्तात्	१८	८	३६६
१२९५	सत्यं वयं भो	१८	१०	३६७
१२९६	साऽधिक्षिप्तो भगवता	१८	१३	३६९
१२९७	सृजन्नमर्तिषः श्वासान्	१८	१४	३७०
१२९८	सा हता तेन गदया	१९	३	३७९
१२९९	स तदा लब्धतीर्थोऽपि	१९	४	३८०
१३००	स तं विशाम्यात्तरथा	१९	७	३८२
१३०१	स्वपौरुषे प्रतिहते	१९	१२	३८५
१३०२	स आहतो विश्वजिता	१९	२६	३९१
१३०३	सद्वितीया: किमसृजन्	२०	११	४०७
१३०४	सोऽशयिष्टाब्धि	२०	१५	४०९
१३०५	सोऽनुविष्टो भगवतो	२०	१७	४०९
१३०६	ससर्जच्छायया विद्यां	२०	१८	४१०
१३०७	स उपव्रज्य वरदं	२०	२५	४१३
१३०८	सोऽवधार्यास्य कार्पण्यं	२०	२८	४१४
१३०९	सृष्ट्वा भूतपिशाचांश्च	२०	४०	४१९
१३१०	सिद्धान् विद्याधरांश्चैव	२०	४४	४२१
१३११	सकिन्नरान् किम्पुरुषान्	२०	४५	४२१
१३१२	स आत्मानं मन्यमानः	२०	४९	४२३
१३१३	स्वायम्भुवस्य च	२१	१	४२६
१३१४	स तं विरजमर्काभं	२२	९	४२९
१३१५	स चेह विप्रराजर्षि	२१	२६	४४०
१३१६	समाहितं ते हृदयं	२१	२८	४४२
१३१७	सहारं स्वांशकलया	२१	३२	४४३
१३१८	स्वसैन्यचरणक्षुण्णं	२१	५४	४५३
१३१९	स भवान्दुहितृस्नेह	२२	८	४५९
१३२०	स उग्रधन्वन्नियदेवा	२२	२१	४६८
१३२१	सोऽनुज्ञात्वा व्यवसितं	२२	२२	४६९
१३२२	सभार्यः सप्रजः कामान्	२२	३३	४७४
१३२३	स एवं स्वान्तरं विनये	२२	३६	४७५
१३२४	स वै देवर्षिवर्यस्तां	२३	४	४८०
१३२५	सर्वकामदुघं दिव्यं	२३	१३	४८६
१३२६	स्रग्भिर्विचित्र	२३	१५	४८६
१३२७	सा तद्भर्तुः समादाय	२३	२४	४९०
१३२८	सान्तः सरसि	२३	२६	४९१
१३२९	स्नाने तां महार्हेण	२३	२७	४९२
१३३०	स्नातं कृतशिरःस्नानं	२३	३१	४९३
१३३१	सुदता सुभ्रुवा श्लक्ष्ण	२३	३३	४९३
१३३२	स तां कृतमलस्नानां	२३	३३	४९६
१३३३	सर्वं तद्भगवान्	२३	५१	५०३
१३३४	सङ्गो यः संसृते-	२३	५५	५०४
१३३५	साहं भगवतो नूनं	२३	५७	५०५
१३३६	स त्वयाऽऽराधितः	२४	४	५०८
१३३७	स भावयन् विशुद्धेन	२४	११	५१०
१३३८	स चावतीर्णंत्रियुग	२४	२६	५१७
१३३९	स एव भगवानद्य	२४	२९	५१८
१३४०	स्वीयं वाक्यमृतं कर्तुम्	२४	३०	५१९
१३४१	सतां प्रसङ्गान्मम	२५	२५	५४०
१३४२	स एष प्रकृतिं सूक्ष्मां	२६	४	५५४
१३४३	स्वच्छत्वमविकारित्वं	२६	२२	५६२
१३४४	सहस्रशिरसं साक्षाद्	२६	२५	५६३
१३४५	संशयोऽथ विपर्यासो	२६	६०	५६४
१३४६	स एष यर्हि प्रकृते	२७	२	५८३
१३४७	सर्वभूतसमत्वेन	२७	७	५८६
१३४८	सानुबन्धे च देहे	२७	९	५८६
१३४९	स्वधर्माचरणं शक्त्या	२८	२	५९८
१३५०	स्वधिष्ण्यानामेकदेशे	२८	६	५९९
१३५१	स्थितं व्रजन्तमासीनं	२८	१९	६९७
१३५२	सञ्चिन्तयेद्भगवतः	२८	२१	६०८
१३५३	सोप्येतया चरमया	२८	३६	६२०
१३५४	सर्वभूतेषु चात्मानं	२८	४३	६२३
१३५५	स्वयोनिषु यथाज्योति	२८	४२	६२४
१३५६	सालोक्यसार्ष्टिसामीप्य	२९	१३	६३०
१३५७	स एव भक्तियोगाख्य	२९	१४	६३०
१३५८	स्रवन्ति सरितो भीता	२९	४२	६४६
१३५९	सोऽनन्तोऽन्तकरः	२९	४५	६४५

क्रमः श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१३६० सन्दह्यमानसर्वाङ्गः	३०	७	६५०
१३६१ सोऽहं वसन्नपि विभो	३१	२०	६६४
१३६२ सह देहेन मानेन	३१	२९	६७८
१३६३ सत्यं शौचं दया	३१	३३	६७८
१३६४ सङ्गं न कुर्याद्	३१	३९	६८१
१३६५ सम्यग्दर्शनया बुद्ध्या	३१	४८	६८५
१३६६ स चापि भगवद्	३२	२	६८७
१३६७ सूर्यद्वारेण ते यन्ति	३२	७	६८९
१३६८ स संसृत्य पुनः काले	१८	१४	६९३
१३६९ स तदैवात्मनाऽऽत्मानं	३२	२५	६९९
१३७० स एव विश्वस्य भवान्	३३	२	७०९
१३७१ स त्वं भृतो मे जठरेण	३३	४	७११
१३७२ सा चापि तनयोक्तेन	३३	१३	७१७
१३७३ स्वच्छस्फटिककुड्येषु	३३	१७	७१८
१३७४ स्वाङ्गं तपोयोगमयं	३३	२९	७२४
१३७५ सिद्धचारणगन्धर्वैं	३३	३४	७२६
ह-१४			
१३७६ हिरण्यं रजतं शय्यां	३	२७	६१
१३७७ हिरण्मयः स पुरुषः	६	६	१०५
१३७८ हस्तावस्य विनिर्भिन्ना	६	२१	१११
१३७९ हृदयं चास्य निर्भिन्नं	६	२४	१११
१३८० हृदिन्द्रियाण्यसुर्व्योम	१२	११	२१४
१३८१ हृदि कामो भुवः क्रोधो	१२	२६	२२०
१३८२ हसन्ति यस्या चरितं	१४	२७	२२१
१३८३ हिरण्याक्षोऽनुजस्तस्य	१७	२०	३५४
१३८४ हरेर्धृतक्रोडतनोः	२०	८	४०५
१३८५ हंसपारावतव्रातैः	२३	२०	४८८
१३८६ हिरण्मयाद्‌ण्डकोशाद्	२६	५३	५७६

क्रमः श्लोकः	अध्यायः	श्लोकांकः	पृष्ठांकः
१३८७ हस्तौ च निरभिद्येताम्	२६	५८	५७८
१३८८ हासं हरेरवनताखिल	२८	३२	६१७
१३८९ हित्वा तदीप्सिततमम्	३३	२०	७१९
क्ष-९			
१३९० क्षेमं स कच्चिद्	१	३१	२५
१३९१ क्षुत्तृट्त्रिधातुभि	९	८	१६०
१३९२ क्षितौ शयानं	१९	२७	३९२
१३९३ क्षत्ता महाभागवतः	२०	२	४०१
१३९४ क्षुतृड्भ्यामुपसृष्टास्ते	२०	२०	४११
१३९५ क्षुत्पिपासे ततः स्यातां	२६	६०	५७८
१३९६ क्षुतृड्भ्यामुदरं	२६	६८	५८१
१३९७ क्षुतृट्परीतोऽर्के	३०	२२	६५६
१३९८ क्ष्माम्भोऽनलानिल	३२	९	६९१
ज्ञ-१२			
१३९९ ज्ञानं परं स्वात्मरहः	४	१८	७१
१४०० ज्ञानं परं स्वात्मरहः	४	२५	७३
१४०० ज्ञातोऽसि मेऽद्य	९	१	१५६
१४०२ ज्ञातोऽहं भवता त्वद्य	९	३६	१७६
१४०३ ज्ञात्वा तद्धृदये	१२	५०	२३१
१४०४ ज्ञानविज्ञानयोगेन	२४	१७	५१३
१४०५ ज्ञानवैराग्ययुक्तेन	२५	४३	५५०
१४०६ ज्ञानंनिःश्रेयसार्थाय	२६	२	५५२
१४०७ ज्ञानेन दृष्टतत्त्वेन	२७	२२	५९३
१४०८ ज्ञानं यदेतददधात्	३१	१६	६७०
१४०९ ज्ञानमात्रं परं ब्रह्म	३२	२६	६९९
१४१० ज्ञानमेकं पराचीनैः	३२	२८	७०७
१४११ ज्ञानयोगश्च मन्निष्ठो	३२	३२	७०३

* *

તૃતીયસ્કંધની શ્લોકસંખ્યા

अध्याय	पद्यसंख्या	अनु.संख्या	उवाचसंख्या
१	४५	६०	४
२	३४	३९	२
३	२८	३१।	१
४	२६	४१॥	८
५	५०॥	६१।	५
६	३९	३९॥	१
७	४२॥	४३।	६
८	३३	४५॥	१
९	४४	५२॥।	४
१०	२९॥	२९॥	५
११	४१॥	४२।	३
१२	५६॥	५६॥	४
१३	५०॥	६२	९
१४	५०	५३॥।	११
१५	५०	७५॥	६
१६	३७	४८।	६
१७	३१	३५॥	१
१८	२८	३४॥।	१
१९	३८	४४	४
२०	५३॥	५४॥।	४
२१	६६॥	६१	६
२२	३९॥	४१॥।	४
२३	५७	६३	५
२४	४७	४८	७
२५	४४	४८॥	९
२६	७३	७३	३
२७	३०	३०।	३
२८	४४	५७॥	१
२९	४५॥	४६	३
३०	३४	३४॥	१
३१	४८॥	५६॥	२
३२	४३	४४॥	१
३३	३७	४१।	५
	१४१६॥	१६०६॥	१४०

શ્રીનાથજીબાવા



अहो बकीयं स्तनकालकूटं
जिघांसयापाययदप्यसाध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं
कं वा दयालुं शरणं व्रजेम ॥
स्कं. ३. अ. २. श्लो. २३

ये तु त्वदीयचरणाम्बुजकोशगन्धं
जिघ्रन्ति कर्णविवरैः श्रुतिवातनीतम् ।
भक्त्या गृहीतचरणः परया च तेषाम्
नापैषि नाथ हृदयाम्बुरुहात् स्वपुंसाम् ॥
स्कं ३, अ. ९, श्लो. ५

મુદ્રક : ગુજરાત ઓફસેટ પ્રા. લી. વટવા, અમદાવાદ.
ફોન : ૫૮૩૧૯૧૫, ૫૮૩૧૭૭૮